कर्नल जेम्स टॉडप्रणीत

# राजस्थाननो इतिहास

## ग्रंथ १ लो

મેવાડ અથવા ઉદયપુરરાજ્યનો વૃત્તાંત

सस्तुं साहित्य वर्धक कार्यालयने माटे
અનુવાદક સ્વ૦ રત્નસિંહ દીપસિંહ પરમાર-ડભોઈ
સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ
સ્થળ અમદાવાદ અને મુંબઈ

આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૭૭૬; પ્રત ૨૩૦૦, કુલપ્રત ૪૫૦૦, સં. ૧૯૮૨
મૂલ્ય અમદાવાદમાં પાંચ રૂપિયા, માર્ગખર્ચ જૂદું
અન્ય સ્થળોના વેચનાર ગૂ. સાંકળચંદ શેઠ

અમદાવાદમાં 'શ્રી સસ્તું સાહિત્ય મુદ્રણાલય'માં
ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

# પ્રકાશકનું નિવેદન

આ ગ્રંથની પહેલી આવૃત્તિ સં૰૧૯૭૨માં છપાઇ હતી. એની સઘળી પ્રતો ખપી જવાને લીધે કેટલાંક વર્ષોથી ગ્રંથ મળી શકતો નહિ. સ્વતંત્ર પ્રેસ વગેરેની અનુકૂળતાના યોગે આજે તેની બીજી આવૃત્તિ વાચકવર્ગની સેવામાં સપ્રેમ રજુ થાય છે.

રાજસ્થાનના ઇતિહાસના આ પહેલા ગ્રંથમાં મેવાડ અથવા ઉદયપુરરાજ્યનો વૃત્તાંત અપાયલો છે; અને તેના બીજા ગ્રંથમાં રાજપૂતાનાનાં બીજાં સાત રાજ્યોનો વૃત્તાંત સમાયલો છે. એ બીજો ગ્રંથ પણ પહેલા ગ્રંથના જેવોજ રસપ્રદ અને મહત્ત્વપૂર્ણ હોઇને અનુવાદ પણ તેનો પહેલા ગ્રંથની લગોલગજ તૈયાર થઇ ચૂકેલો હતો. સંયોગોના અભાવે તે અત્યારસુધી પડી રહેલો, તે પણ ઇશ્વરકૃપાથી હવે પહેલા ગ્રંથની આ બીજી આવૃત્તિની સાથે સાથે પ્રસિદ્ધ થઇ ચૂકયો છે.

આશા છે કે આ પ્રમાણે હવે રાજસ્થાનના ઇતિહાસના આ બન્ને ગ્રંથો એકસાથે મેળવવાની જે સગવડ થઈ છે, તેને લઇને ગુજરાતી વાચકવર્ગ તેનો લાભ વધારે છૂટથી લેશે. જેઓ આગલી આવૃત્તિસમયે પહેલો ગ્રંથ લઇ ચૂકયા હોય તેઓ માત્ર બીજો ગ્રંથ પણ ખરીદી શકશે.

આજથી બાર વર્ષ ઉપર આ ગ્રંથની પહેલી આવૃત્તિ તે સમયની લાગતને અનુસરીને રૂ. ૨॥ માં નીકળી હતી. હવે પૂંઠાં, કાગળ, છપાઇ અને બીજો ખર્ચ એકંદરે બમણાથી પણ વધુ આવે છે; એટલે મૂલ્ય બેવડું આવે એમાં આશ્ચર્ય નથી. મૂલ્યાદિની ગણના બીજા ગ્રંથમાં અપાયલી જણાશે.

શેઠ જીવણલાલ અને કંપની તરફથી અમુક સમયને માટે વગરવ્યાજે રૂા. દશ હજારની રકમ વાપરવા મળવાથી આ બે મોટા ગ્રંથો એકસાથે પ્રસિદ્ધ કરવામાં જે સુગમતા મળી છે તેને માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

આ ગ્રંથની યોજના ઇ૰ ને લગતી હકીકતો હવે પછીનાં પૃષ્ઠોમાં અપાયલા આગલી આવૃત્તિના નિવેદન, હિંદી અનુવાદકની ભૂમિકા અને કર્નલ ટૉડની પ્રસ્તાવનામાં સમાયલી જણાશે.

આ ગ્રંથ સાથે શુદ્ધિપત્ર પણ જોડેલું છે. તે મુજબ સુધારી લીધા પછીજ ગ્રંથ વાંચવો ઘટે.

સંવત ૧૯૮૧, વિજયાદશમી.

# पहेली आवृत्तिना निवेदननो सारांश

લોકહિતાવહ સાહિત્યમાં ઐતિહાસિક સાહિત્યનું સ્થાન પણ ઉંચું છે. ચઢતીપડતીના કાળચક્રમાં આવી ગયેલા દેશો અને પ્રજાઓએ એક સમયે ભોગવેલી જાહોજલાલી કેવી હતી અને તે કયાં સાધનો અને કારણો વડે તેમણે મેળવી હતી તથા ટકાવી રાખી હતી; અને શાં કારણોથી તેનો નાશ થયો; એ સર્વ બાબતો ઇતિહાસ થીજ જાણી શકાય છે, અને તે ઉપરથી અત્યંત હિતપ્રદ બોધ ગ્રહણ કરી શકાય છે. તેમાં પણ ભારતના સૌભાગ્યદુર્ભાગ્યનો ઇતિહાસ તો તેનાં સંતાનોમાટે ઘણોજ ઉપદેશપ્રદ અને માર્ગસૂચક છે; કેમકે ઉન્નતિ અને અવનતિનાં સાધક અને બાધક તત્ત્વો એમાંથી સ્પષ્ટરૂપે જોઇ શકાય છે.

આ ગ્રંથને અંગ્રેજીમાં રચનાર કર્નલ ટૉડ સાહેબનું ચરિત્ર તથા તેમણે લખેલી પ્રસ્તાવના પણ આ સાથે અપાઇ છે. એ સર્વ ઉલ્લેખોમાં મળીને આ ગ્રંથસાથે સંબંધ ધરાવતી અનેક જાણવા-યોગ્ય બાબતોનો સમાવેશ થઇ જતો હોવાથી અહીં એટલુંજ જણાવીશું કે, કર્નલ ટૉડ સાહેબે આ ગ્રંથની રચના કરીને આ દેશપર જે ઉપકાર કર્યો છે તે કદિપણ ભૂલી શકાશે નહિ. રાજસ્થાનમાં આવેલાં રાજ્યોનો આ ઉત્તમ ઇતિહાસ જેટલા સદ્ભાવ અને પ્રયત્નવડે તેમજ જેવી રસિક શૈલીમાં ટૉડ સાહેબે લખ્યો છે, તે જોતાં તેમને માટે રાજસ્થાનમાં, સમગ્ર ભારતમાં તેમજ યુરોપ અને અમેરિકાદિ દેશોમાં જે સદ્ભાવ છે તેને તેઓ યોગ્યજ છે.

હિંદી ભાષામાં 'રાજસ્થાન' ના અનુવાદ ત્રણ સ્થળેથી નીકળવા શરૂ થયા છતાં બે સ્થળોના હજી અધુરા હોઈ સંપૂર્ણ અનુવાદ તો માત્ર મુંબઇના શ્રી વેંકટેશ્વર પ્રેસ તરફથીજ નીકળેલો છે. આ અનુવાદ સંપૂર્ણ અને સચિત્ર હોવા સાથે તે મૂળ અંગ્રેજી ગ્રંથ તથા બીજી ભાષાઓમાં નીકળેલા અનુવાદોને આધારે મુરાદાબાદનિવાસી સ્વ૦ પંડિત બલદેવપ્રસાદ મિશ્રને હસ્તે છટાદાર હિંદી ભાષામાં તૈયાર થયેલો છે. ઉપરાંત તેમાં ટૉડ સાહેબની ભૂલો સુધારનારી તેમજ મતભેદ જેવું જણાય ત્યાં તેવી સૂચના આપનારી અનેક ટિપ્પણીઓ આપીને તેની ઉપયોગિતા વધારવામાં આવી છે. શેઠ ક્ષેમરાજજી જેવા ઉત્સાહી પ્રકાશકે એ અનુવાદ તૈયાર થયા પછી ઇતિહાસના એક ખાસ અભ્યાસી જોધપુરનિવાસી વયોવૃદ્ધ મુન્શી દેવીપ્રસાદજી પાસે એક ખાસ મનુષ્ય રોકીને તેનું સંશોધન કરાવ્યું હતું; તેમજ પંડિત જ્વાલાપ્રસાદ મિશ્રને હાથે પણ તેનું સંશોધન થયું હતું. આ પ્રમાણે એ હિંદી ગ્રંથને સંશોધન, ટિપ્પણી, ચિત્ર ઇ૦ દરેક પ્રકારે ઉત્તમ બનાવવા પાછળ બનતો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેથી સસ્તાસાહિત્ય તરફથી પ્રકટ થતો આ ગુજરાતી અનુવાદ પણ વિશેષભાગે એ હિંદી ગ્રંથનેજ આધારે તૈયાર કરાવવાનું યોગ્ય ગણ્યું છે. વેંકટેશ્વર પ્રેસના અધિપતિ શેઠ ક્ષેમરાજ શ્રીકૃષ્ણદાસજી જેમણે સ્વપુરુષાર્થથી આગળ વધી સહસ્રાવધિ ગ્રંથો પ્રકટ કરીને હિંદી બોલનારી પ્રજાપર અતુલ્ય ઉપકારો કર્યા છે, તેમણે એ પ્રમાણે કરવાની પરવાનગી ઉદારતાથી આપી છે, તે બદલ તેમને જે કાંઇ ધન્યવાદ આપવામાં આવે તે થોડો છે.

મૂળ અંગ્રેજી ગ્રંથમાં શરૂઆતમાં ગ્રંથકર્તાની ભૂમિકા આપ્યા પછી રાજસ્થાનની ભૂગોળ આપેલી છે. એ પછીનાં આઠ પ્રકરણોમાં પુરાણો ઇ૦ ને આધારે રાજપૂત જાતિનાં પ્રાચીન રાજ્યો તથા રાજધાનીઓનો ઇતિહાસ, વંશાવળીઓ તથા જૂદાં જૂદાં રાજકુળોનું વર્ણન આપી તે પછીનાં પાંચ પ્રકરણોમાં રાજપૂત જાતિના આચારવિચાર આપવામાં આવ્યા છે. પછી ૧૮ પ્રકરણમાં કનકસેનથી લઇને ટૉડ સાહેબના સમકાલીન મહારાણા ભીમસિંહસુધીનો મેવાડના રાજ્યનો ઇતિહાસ; ૧૯ થી ૨૪ સુધીનાં ૭ પ્રકરણમાં રાજસ્થાનમાં પ્રચલિત રીતરિવાજ, ઉત્સવ, ધર્મક્રિયાઓ, શાસનપદ્ધતિ ઇ૦ વિષયોસંબંધી વર્ણન અને વિવેચન; તથા ૨૫ થી ૩૦સુધીનાં ૭ પ્રકરણમાં ટૉડ સાહેબે મેવાડ તથા મારવાડમાં કરેલા પ્રવાસનું વર્ણન અને તે દરમિયાન તેમની જાણમાં આવેલી ઐતિહાસિક

બાબતોનો સમાવેશ છે. છેવટે દાનપત્રો તથા કંપનીસરકાર સાથેના કરારપત્રની હકીકત આપી પ્રથમ ગ્રંથની સમાપ્તિ કરવામાં આવી છે.

ઉક્ત અંગ્રેજી ગ્રંથમાં ગોહિલ અને બાપ્પાના વૃત્તાંત પછી આપેલું થોડાં પૃષ્ઠનું એક પ્રકરણ કે જેમાં મેવાડના રાણાના વંશનો ઇરાનના વંશ સાથે તેમજ એક ક્રિશ્ચિયન રાજકુંવરી સાથે સંબંધ હોવા વિષેના કેટલાક વિલક્ષણ વિચારો આપેલા છે; તે પ્રકરણને બાદ કરતાં ઉક્ત હિંદી રાજસ્થાનમાં ઉપલી સર્વ બાબતોનો સમાવેશ કરવામાં આવેલો છે. વિશેષમાં ટૉડ સાહેબે આ ગ્રંથ લખ્યા પછીથી તે વર્તમાન હિંદુકુલદિવાકર મહારાણા શ્રી ફતેસિંહજી બહાદૂરસુધીના સંક્ષિપ્ત વૃત્તાંતનાં ચાર પ્રકરણ એમાં નવીન ઉમેરીને આ ગ્રંથમાંના ઇતિહાસને વર્તમાન સમયસાથે જોડવામાં આવ્યો છે.

અંગ્રેજી ગ્રંથમાં જે ક્રમથી વિષયો અને પ્રકરણો અપાયાં છે તે ક્રમમાં તથા પ્રકરણોની સંખ્યામાં વિશેષ અનુકૂળતાને ખાતર એ હિંદી ગ્રંથમાં કેટલોક ફેરફાર કરાયલો છે. જેના ખુલાસા દાખલ તેના લેખક સ્વ૦ પંડિત બળદેવપ્રસાદ મિશ્ર એવા ભાવનું લખે છે કેઃ–"રાજપૂતજાતિનો ઇતિહાસ અત્યંત ચિત્તાકર્ષક હોવાથી પાઠકોના વાંચવામાં તે પ્રથમ આવશે; તેપછી તેમના મહોત્સવો, શાસનપ્રણાલી ઇત્યાદિ વિષયો પણ તેઓ રુચિપૂર્વક વાંચશે; માટે તેવી બાબતો પાછળથી આપવામાં આવી છે અને સર્વથી પાછળના અધ્યાયોમાં પરિશિષ્ટતરિકે રાજપૂતજાતિનો પ્રાચીન ઇતિહાસ આપવામાં આવ્યો છે. આ પ્રાચીન ઇતિહાસનું અવલોકન કરવાથી પાઠકોને ઘણી નવીન બાબતોનું જ્ઞાન થશે."

પંડિત બલદેવપ્રસાદજીની એ યોજના ઠીક જણાયાથી આમાં પણ લગભગ તે ગ્રંથનુંજ ધોરણ રાખવામાં આવ્યું છે અને રાજસ્થાનની ભૂગોળનો વિષય આમાં શરૂઆતને બદલે છેવટે આપેલો છે. આ સાથે જોડાયલી અનુક્રમણિકા પ્રથમ જોઇ જવાથી કયો વિષય પ્રથમ વાંચવો અને કયો પછી વાંચવો, એનો નિર્ણય દરેક પાઠક પોતપોતાની રુચિને અનુસરીને પણ કરી શકશે.

કર્નલ ટૉડ સાહેબે આ ગ્રંથ લખવાપૂર્વે ઐતિહાસિક વિષયોની યથાસાધ્ય શોધખોળ, અભ્યાસ અને ચોકસી કરવામાં તેમજ પ્રાપ્તહકીકતો યથામતિ વિચાર, અનુમાન કે નિર્ણયોસહિત સાદર કરવામાં કસર રાખી નથી; તોપણ આ વિષયપર દિવસાનુદિવસ જે વિશેષ પ્રકાશ પડતો જાય છે; અને તેથી આગલાં અનુમાનો અને માન્યતાઓમાં જે સુધારણા થતી જાય છે; તેની માહિતી પણ પાઠકો માટે ઓછી અગત્યની નથી.

બાંકીપુરના ખડ્ગવિલાસ પ્રેસ તરફથી રાજસ્થાનનો જે હિંદી અનુવાદ પ્રકટ થયેલો છે તેના સંપાદક પંડિત શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝા ઉક્ત ઐતિહાસિક બાબતોના ખાસ અભ્યાસી અને જાણકાર હોવાથી, તેમજ અજમેરખાતે ના૦ સરકાર તરફથી ચલવવામાં આવતા ઐતિહાસિક બાબતોની શોધખોળ અને જાળવણી કરનારા એક ખાતાના તેઓ અધિકારી હોવાથી, કર્નલ ટૉડ સાહેબે આપેલી હકીકતોમાં જ્યાં પણ ફેરફાર કે મતભેદ જેવું અથવા તો ખુલાસો, સુધારણા કે વિશેષ માહિતી ઉમેરવા જેવું તેમને જણાયું, ત્યાં ત્યાં તે સર્વ ટિપ્પણીઓરૂપે એ ગ્રંથમાં તેમણે આપ્યું છે. એ પ્રકારે નાની મોટી સેંકડો નવીન ટિપ્પણીઓ ઉમેરીને તેમજ કર્નલ જેમ્સ ટૉડ સાહેબનું ઉત્તમ ચરિત્ર ઉમેરીને તે ગ્રંથની ઉપયોગિતામાં તેમણે જે વધારો કર્યો છે તે પ્રશંસાપાત્ર છે.

ઉપર પ્રમાણેના સુધારાવધારાસાથે રાજસ્થાનના આઠ અધ્યાયો ટૉડ સાહેબના જીવનચરિત્રસહિત પ્રસિદ્ધ કરવાનું માન ખડ્ગવિલાસ પ્રેસના અધિપતિ બાબુ રામરણવિજયસિંહે મેળવ્યું છે. જો કે આ આઠ અધ્યાયો સંપૂર્ણ ગ્રંથના એક નાના ભાગ જેટલાજ છે; તોપણ સંપૂર્ણ ગ્રંથ એ પ્રકારે શોધિત વર્ધિત થઇ પ્રકટ થશે તો દેશભરમાં તે અદ્વિતીય ગણાશે એ નિર્વિવાદ છે.

ઉક્ત ગ્રંથઉપરથી ટૉડ સાહેબનું જીવનચરિત્ર તેમજ કેટલાંક અગત્યનાં ટિપ્પણો આમાં લેવા માટેની પરવાનગી માગવામા આવતાં, પંડિત ગૌરીશંકરજીએ, તેમજ ખડ્ગવિલાસ પ્રેસના મેનેજર મહાશયે, પૂર્ણ પ્રસન્નતા અને નિષ્કામતાપૂર્વક તે આપી છે; જે બદલ આ સ્થળે એ સજ્જનોનો પણ પ્રેમપૂર્વક આભાર માની ઇચ્છીશું કે એ ગ્રંથને સંપૂર્ણરૂપમા પ્રકટ કરી જનસમાજપ્રત્યેના પોતાના આભારને સંપૂર્ણ બનાવવાને તેઓ સત્વર શક્તિવાન થાય.

આ ગ્રંથને ગુજરાતીમાં અનુવાદિત કરનાર રા૦ રા૦ રત્નસિંહ દીપસિંહ પરમારનો પરિચય હવે ખાસ કરીને કરાવવો પડે તેમ નથી. બૃહદ્ ગ્રંથમાળાનું પ્રથમ પુસ્તક 'શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા' તેમજ આ સંસ્થા તરફથી વિવિધ તથા ચરિત્રમાળાઓદ્વારા નીકળેલા કેટલાંએક પુસ્તકોના અનુવાદકતરિકે તેમનું નામ ગુર્જર વાચકોમાં પ્રસિદ્ધજ છે. આ ગ્રંથના અનુવાદનું કાર્ય પણ તેમણે બનતી ખંતથી અને સતતપણે કરી આપેલું હોવાથીજ ધારેલા સમયે તે છાપવા આપી શકાયો છે.

આ ગ્રંથમાં પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝાકૃત જે જે ટિપ્પણો લેવામાં આવ્યાં છે તે દરેકની છેવટે " ગૌ૦ હી૦ ઓઝા " એવું ચિહ્‌ન કરેલું છે. પંડિત બળદેવપ્રસાદ મિશ્રનાં ટિપ્પણોની છેવટે " હિંદી અનુવાદક " એવું ચિહ્‌ન કરેલું જણાશે. અત્ર તરફનું ક્વચિત્ કોઇ ટિપ્પણ હશે તેની છેવટે "મંત્રી સ૦ સા૦ "એવું ચિહ્‌ન હશે. આ સિવાય કશા ચિહ્‌નવિનાનાં બીજાં જે ટિપ્પણો આપેલાં જણાય તેમાંનાં ઘણાંખરાં ખુદ કર્નલ ટૉડ સાહેબનાંજ સમજવાનાં છે. જો કે એવામાંનાં કેટલાંક ટિપ્પણો વાંચવાથી તે ટિપ્પણ ટૉડ મહાશયનાં નહિ પણ હિંદી અનુવાદક યા બીજા કોઇએ લખેલાં હોય એમ પણ જણાય છે; પરંતુ વેંકટેશ્વરના હિંદી રાજસ્થાનમાં એવે સ્થળે 'હિંદી અનુવાદક' એવું ચિહ્‌ન ભૂલથી કરવું, રહી ગયું હશે કે પછી બીજા સંશોધકે તે ટિપ્પણ લખેલું હોઇને તેના તરફનું ચિહ્‌ન કરવું રહી ગયું હશે, તે નહિ સમજાયાથી એ બાબતમાં એ ગ્રંથ પ્રમાણેજ આમાં પણ જેમનું તેમ કાયમ રાખવું પડયું છે.

મૂળ હિંદી ગ્રંથ જૂદી જૂદી દૃષ્ટિથી ચારેક વખત જોઇ જઇને કેટલીક સામાન્ય ભૂલોમાટે તેમજ અન્ય આવશ્યક બાબતોની સુધારણા અને સૂચનાઓસાથેજ તે અનુવાદમાટે આપવામાં આવ્યો હતો. તેમજ અનુવાદ તૈયાર થઇ આવ્યા પછી પણ બનતું ધ્યાન, તેપર અપાયા પછીજ છાપવા અપાયો હતો. આ બંને ક્રિયાઓ કરવા સમયે ઘણાંખરાં પૃષ્ઠોમાં થોડુંઘણું કંઇ ને કંઇ કરવાનું નીકળતુંજ.

ક્ષત્રિય રાજવંશનાં બે વંશપત્રો પણ આ પુસ્તક સાથે આપવામાં આવ્યાં છે. જેમાંનું એક ઇક્ષ્વાકુ અને બુધથી માંડીને શ્રીરામચંદ્ર અને શ્રીકૃષ્ણચંદ્રસુધીના સૂર્યવંશ તથા ચંદ્રવંશને દર્શાવનારૂં છે, તથા બીજું વંશવૃક્ષ મહાભારતના યુદ્ધસમયથી માંડીને ઇ૦ સ૦ ૭૨૦ પર્યંતનું છે. આ બંને વંશપત્રોનો સંબંધ આ પુસ્તકમાંના બીજા પરિશિષ્ટ સાથે છે.

એ વંશપત્રોમાં તે વિષયની ટૉડ સાહેબની ટિપ્પણીઓ ઉપરાંત પંડિત બલદેવપ્રસાદની ટિપ્પણીઓ પણ આપેલી જણાશે. પંડિત ગૌરીશંકર ઓઝાનાં જે ટિપ્પણો એ ઉપરાંતનાં જણાયાં છે તે પણ તેમના નામ સાથે તેમાં આપ્યાં છે.

પરિશિષ્ટો પછી આપેલી મુખ્ય સરદારોની નોંધ સ્વ૦ રાં૦ બ૦ ગોપાળરાવ હરિ દેશમુખકૃત મરાઠી ગ્રંથને આધારે આપી છે.

ગરીબ તેમ સારી સ્થિતિવાળાઓની સુગમતામાટે આ પુસ્તકની આવૃત્તિ ત્રણ પ્રકારની રાખવામાં આવી છે. (૧) રફ કાગળો તથા બોર્ડપટ્ટાના મજબૂત પૂંઠાવાળી મૂલ્ય રૂ. ૨ ( ૨ ) ૫૦ રતલી મજબૂત કાગળો તથા કપડાના પાકા પૂંઠાવાળી મૂલ્ય રૂ. ૨॥ (૩) સો રતલી મજબૂત કાગળો તથા સુશોભિત સોનેરી પાકા પૂંઠાંવાળી મૂલ્ય રૂ ૩॥.

આ કે હરકોઈ પુસ્તકમાટે દરેક સંપૂર્ણતાનો લેશ પણ દાવો ન સમજતાં તેમાં રહી ગયેલી ખામીઓ તેમજ સુધારા વધારા માટે જે કાંઇ ઉપયોગી સામગ્રી શુભેચ્છક અનુભવીઓ તરફથી પૂરી પાડવા કૃપા થશે, તેનો આભારસહિત બનતો લાભ પુનરાવૃત્તિ પ્રસંગે લેવાશેજ.

આ વાર્તા પણ જણાવવી જોઇએ કે 'રાજસ્થાનના ઇતિહાસ' નો આ ગ્રંથ ગુજરાતી ભાષામાં પ્રથમજ નીકળતો હોય એમ કોઇએ ભૂલમાં માની લેવાનું નથી. ઇ૦ સ૦ ૧૯૧૧ માં શ્રી. પુરુષોત્તમદાસ ગીગાભાઇએ સંક્ષિપ્ત બંગાળી રાજસ્થાનના અનુવાદરૂપે બે ભાગમાં થઇને ૯૦૦) પૃષ્ઠનો આ ગ્રંથ "ટૉડ રાજસ્થાન" એ નામથી રૂ. ૧૦) માં પ્રકટ કર્યો હતો. એ પછી શ્રી. ભગુભાઇ ફતેહચંદ કારભારીએ ઘણું કરીને એજ સંક્ષિપ્ત રાજસ્થાનનો બીજો અનુવાદ કુલ ૧૦૦૦ પૃષ્ઠના બે ભાગોરૂપે ઇ૦ સ૦

૧૯૧૨ માં રૂ. ૧૦) થી પ્રકટ કર્યો હતો.

એ સિવાય એક મહત્ત્વનું પુસ્તક એ બંને ગ્રંથોથી ઘણું અગાઉ એટલે કે ઇ૦ સ૦ ૧૮૯૧માં ભાદરવાનિવાસી રા૦ રા૦ અમૃતલાલ ગોવર્ધનદાસ શાહ બાપાવાળા તથા કાશીરામ ઉત્તમરામ પંડ્યા એ મળીને પ્રકટ કરેલું છે. એના આઠસો પૃષ્ઠ જેટલા કદમાં રાજસ્થાનનાં રાજ્યોના ઇતિહાસને લગતો ભાગ જો કે સારરૂપે માત્ર દોઢસો પૃષ્ઠમાંજ સમાવેલો છે; તોપણ તેમાં ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, પંજાબ વગેરે હિંદના ઘણાખરા દેશોનાં રાજ્યોનો સંક્ષિપ્ત ઇતિહાસ સમાવેલો હોવાથી ગુજરાતના ઐતિહાસિક સાહિત્યમાં તેણે સારૂં સ્થાન મેળવેલું છે. ખરીદવા ઇચ્છનારની જાણમાટે તેનું મૂલ્ય રૂ. ૧૦) છે.

આ પ્રમાણે ઉક્ત ત્રણે ગ્રંથોદ્વારા ગુર્જર પ્રજાની જે ઉત્તરોત્તર સેવા બજાવવામાં આવી છે તે બદલ એ સર્વ સજ્જનો ધન્યવાદને યોગ્ય છે. એ સજ્જનોનેજ રસ્તે ચાલીને એજ ગ્રંથ વિશેષ સંક્ષેપ કે કાપકુપ કર્યાવિના તેમજ યથાપ્રાપ્ત ટિપ્પણીઓ, ચિત્રો, વંશપત્રો, ટૉડ સાહેબનું ચરિત્ર ઇત્યાદિ વિશેષતાઓ સાથે તથા ભાષાની બને તેટલી સરળતા, રસિકતા અને શુદ્ધિસાથે અત્ર તરફથી પ્રકટ થાય છે. વિશેષમાં મૂલ્ય બની શકે તેટલું ઓછું રાખી ગરીબ તેમ મધ્યમ વર્ગો તેનો છૂટથી લાભ લઇ શકે તેમ કરવું, એ તેનો સર્વથી મુખ્ય ઉદ્દેશ છે.

હરકોઇ ઉત્સાહી સજ્જન ધારે તો આવા ગ્રંથો હજી પણ વિગતોમાં, ચિત્રોમાં, શુદ્ધિમાં અને બીજી તેવી અનેક બાબતોમાં અનેક વિશેષતાઓ સાથે અને આ કરતાં પણ સ્વલ્પ મૂલ્યે પ્રકટ કરી અધિક લોકહિત સાધી શકે તેમ છે. ઉદારતા, સેવાવૃત્તિ, ઉત્સાહ, ખંત, મહેનત અને નિષ્કામતાની દેશભરમાં દરેક દિશામાં અત્યંત આવશ્યકતા પ્રકટજ છે. આ લખનારે તો માત્ર દેશમાંના સામાન્ય અને ગરીબ જનસમાજને માટે પ્રાપ્ત સ્વલ્પ શક્તિ, સાધનો અને સંયોગોને અનુસરીને જે કંઇ જેવું બની શક્યું તેવું લોકસેવામાં સાદર કરવાનો રંક યત્ન કર્યો છે. એક હાથપર અમુક વ્યક્તિઓનો અમુક સ્વાર્થ અને બીજા હાથપર હજારોનું હિત એ ઉભયનો વિચાર પણ આવાં કાર્યો હાથ ધરવા સમયે થાય છેજ; પણ અનેકના હિતના પક્ષપાસે પરિણામે આ લખનારને પરાજીત થવું પડે છે.

આવા ગ્રંથોને ખરીદવાથી જૂજ કિંમતમાં એક લાભદાયક વસ્તુ મેળવવા સાથે તેનો ખરીદનાર અન્ય એવાં અનેક ઉપયોગી પુસ્તકો પ્રકટ થવાના માર્ગમાં પણ સહાયક અને ઉત્સાહવર્ધક બને છે એ વાત ભૂલવા જેવી નથી. ગુર્જરપ્રજામાં આ પ્રકારે હિતાવહ વાંચન અને અન્ય ઉપકારક સાધનો પ્રત્યેનો પ્રેમ અધિકાધિક પ્રવર્તો તેનું અને ભૂતમાત્રનું સર્વપ્રકારે સત્યહિત થાઓ એમ ઇચ્છી ॐ તત્ સત્

આશ્વિન કૃષ્ણ ચતુર્દશી વિ૦ સં૦ ૧૯૬૯ }<br>
આક્ટોબર ઇ૦ સ૦ ૧૯૧૩. }

ભિક્ષુ—અખંડાનંદ

# अनुक्रमणिका

મોગલોના ત્રાસમાંથી મેવાડનો ઉદ્ધાર–મારવાડમાં ભયંકર યુદ્ધ–સિસોદીઆ અને રાઠોડોની એકત્રિત થયેલી શક્તિથી સુલ્તાન અકબરનો પરાજય–રાજપૂતોની પ્રપંચજાળ–ઔરંગઝેબને પદભ્રષ્ટ કરી અકબરને સિંહાસનપર બેસાડવાનો તેમણે કરેલો વિચાર–આ વિચારનું નિષ્ફળ થવું–રાણાની સાથે મોગલસમ્રાટને સંધિ કરવાનો વિચાર અને સંધિ થવી–ભયંકર આઘાતથી થયેલું રાણાનું મૃત્યુ–રાણાનું ચરિત્ર અને ઔરંગઝેબનું ચરિત્ર–એ ઉભયની સમાલોચના–સમંદ સરોવર–ભયંકર દુર્ભિક્ષ અને મહામારી.

અધ્યાય ૧૩ મો–( પૃષ્ઠ ૨૩૨ થી ૨૪૭ ) રાણા જયસિંહ અને તેમના સમકાલીન ભ્રાતા સંબંધે ચાલતી એક વાત–રાણા અને રાજકુમાર અજીમની વાત–સંધિ થવી–સંધિ તૂટી જવી–રાણાજીએ બંધાવેલું જયસમંદ સરોવર–સાંસારિક લડાઈઝઘડા–યુવરાજ અમરસિંહનો વિદ્રોહ–રાણાનું મૃત્યુ –અમરસિંહનો રાજ્યાભિષેક–ઔરંગઝેબના ઉત્તરાધિકારી સાથે તેમને થયેલી સંધિ–યુદ્ધ સંબંધે કરેલો વિચાર–જજીઆવેરો નાખવો–ઔરંગઝેબના પંજામાંથી રાજપૂતોની થયેલી મુક્તિ–ઔરંગઝેબનું મૃત્યુ–રાજ્યમાં ઝઘડો–મોગલસિંહાસનપર બહાદુરશાહનો અભિષેક–શીખોએ સ્વતંત્ર થવાને કરેલો પ્રયાસ–મેવાડ અને અંબરરાજ્ય વચ્ચે થયેલી એકતા–તેમનું પરસ્પર વૈર–બહાદુરશાહનું મૃત્યુ–ફર્રૂખશીઅરનો અભિષેક–મારવાડની રાજકુમારી સાથે થયેલો તેનો વિવાહ–ભારતવર્ષમાં બ્રિટિશ પ્રબળતાનો સૂત્રપાત–પાદશાહની સાથે રાણાજીએ કરેલી સંધિ–જાટોની સ્વાધિનતા–રાણા અમરસિંહનો સ્વર્ગવાસ–તેમનું ચરિત્ર.

અધ્યાય ૧૪ મો–( પૃષ્ઠ ૨૪૮ થી ૨૬૯ ) રાણા સંગ્રામસિંહ–મોગલ શહેનશાહતની અવનતિ–નિઝામ ઉલ્ મુલ્કે કરેલી હૈદ્રાબાદ રાજ્યની સ્થાપના–સમ્રાટ ફર્રૂખશીઅરની હત્યા–જજીઆવેરાનું રદ થવું –મહમદશાહનો રાજ્યાભિષેક–સૈયદખાંદ્વારા અયોધ્યાની પ્રાપ્તિ–મેવાડની શાસનપદ્ધતિ–રાણા સંગ્રામસિંહનું પરલોકગમન–રાણા સંગ્રામસિંહવિષે ચાલતી કેટલીક વાતો–રાણા (દ્વિતીય) જગતસિંહનું સિંહાસનપર આરૂઢ થવું–મારવાડ અને અંબર સાથે સંધિ–મહારાષ્ટ્રીઓનું માળવા અને ગુજરાતપર આક્રમણ અને અધિકાર–નાદિરશાહનું આક્રમણ–દિલ્હીનું સત્યાનાશ–રાજપૂતોની તે સમયની અવસ્થા–મેવાડની સીમા–રાજપૂતોનો સંપ–બાજીરાવનું મેવાડપર આક્રમણ–રાણાજીપર વાર્ષિક કર લગાડવો–અંબરનું સિંહાસન માધોસિંહને મળવામાં ઝઘડો–રાજમહલનું યુદ્ધ–રાણાનો પરાજય–મલ્હારરાવ હોલ્કર સાથે તેમણે કરેલી સંધિ–વિષપાનથી અંબરના ઈશ્વરીસિંહનો પ્રાણત્યાગ–રાણાનો પરલોકવાસ–તેમનું ચરિત્ર.

અધ્યાય ૧૫ મો–( પૃષ્ઠ ૨૭૦ થી ૨૮૬ ) દ્વિતીય પ્રતાપસિંહ–દ્વિતીય રાજસિંહ–રાણા અરિસિંહ–મેવાડપર હોલ્કરનું આક્રમણ અને તેણે લીધેલો કર–રાણાને પદચ્યુત કરવાને રચાયેલું ષડ્યંત્ર–વિદ્રોહી સરદારોએ ઉપસ્થિત કરેલો એક નામધારી રાણો–કોટાના જાલિમસિંહ-સિંધિઆની સાથે નામધારી રાણાનું મળી જવું–આ ઉભયની એકત્રિત સેનાપર રાણાએ કરેલું આક્રમણ–રાણાનો પરાજય–સિંધિઆએ મેવાડપર કરેલું આક્રમણ અને ઉદયપુરપર ઘેરો–રાણાએ મંત્રીતરીકે અમરચંદની કરેલી નિમણુક–અમરચંદની તેજસ્વિતા-સિંધિઆ સાથે કરેલી સંધિ-સિંધિઆનું ચાલ્યા જવું-મેવાડરાજ્યની ક્ષીણતા-વિદ્રોહી સરદારોનું રાણાને શરણે આવવું–ગદવાડ પ્રાંતપરના અધિકારનો લોપ–રાણાજીનો ગુપ્ત વધ–રાણા હમીરસિંહનો રાજ્યાભિષેક–રાજમાતા અને અમરચંદની વચ્ચે કલહ–અમરચંદની મહાનુભાવતા–તેનું મૃત્યુ, સ્વભાવ, ગુણ ઇત્યાદિ-મેવાડરાજ્યનો ક્ષય.

અધ્યાય ૧૬ મો—(પૃષ્ઠ ૨૮૭ થી ૩૨૬) રાણા ભીમસિંહ–શિવગઢનો ઝઘડો–ગયેલી ભૂમિ રાણાએ પાછી મેળવવી–અહલ્યાબાઈનું આક્રમણ–રાણાનો પરાજય–ચંદાવતસરદારનો વિદ્રોહ–મંત્રી સોમજીનો વધ–વિદ્રોહીઓનો ચિતોડપર અધિકાર–રાણાએ માધોજી સિંધિઆ પાસે માગેલી સહાય–ચિતોડપર આક્રમણ–વિદ્રોહીઓનું રાણાને શરણે આવવું–જાલિમસિંહનો મેવાડના અધિકારનો મનોરથ–અંબાજીએ તે મનોરથ નિષ્ફળ કરવો–અંબાજીનું સૂબેદાર બનવું–લખવાની સાથે તેણે કરેલો ઝઘડો–ઝઘડાનું ફળ–જાલિમસિંહને થયેલી જિહાજપુરની પ્રાપ્તિ–મેવાડપર હોલ્કરનું આક્રમણ–નાથદ્વારાના પુરોહિતોને બંદીવાન કરવા–કોટારિયાના ઠાકોરનું શૌર્ય–લખવાનું મૃત્યુ–મહારાષ્ટ્રીય સેનાનીઓપર રાણાનું આક્રમણ–જાલિમસિંહે ઉક્ત સેનાનીઓનું કરેલું રક્ષણ–હોલ્કરે પુનઃ ઉદયપુરમાં આવી સ્થાપિત કરેલો કઠોર કર–સિંધિઆનું આક્રમણ–કૃષ્ણાકુમારીના પાણિગ્રહણ માટે રાજપૂતોમાં વિગ્રહ–પરસ્પર યુદ્ધ–કૃષ્ણાકુમારીનું આત્મવિસર્જન–મીરખાં અને અજીતસિંહ–તેનો દુરાચાર-ઉદયપુરમાંની સિંધિઆની રાજસભામાં બ્રિટિશ દૂતનું આગ-

મન–અપમાનિત થવાથી અંબાજીએ આત્મહત્યા કરવાનો કરેલો પ્રયાસ–મીરખાં અને બાપુ સિંધિઆએ મેવાડની કરેલી પાયમાલી–અંગ્રેજોની સાથે રાણાએ કરેલી સંધિ.

**અધ્યાય ૧૭ મો**—(પૃષ્ઠ ૩૨૭ થી ૩૪૯) લુંટફાટની નિવૃત્તિ–રાજપૂત રાજાઓની સાથે અંગ્રેજોની મિત્રતા–મેવાડમાં અંગ્રેજીદૂતનું આગમન–બ્રિટિશ પ્રતિનિધિની નિમણુક–રાણાએ તેને આપેલું માન–રાણાના ચરિત્રનું વર્ણન–સ્વદેશની શ્રીવૃદ્ધિઅર્થે રાણાએ કરેલો પ્રયાસ–હદપાર કરેલા લોકોને પાછા બોલાવવા–વ્યાપારીઓને કરેલું આમંત્રણ–ભીલવાડાની સ્થાપના–સરદારોનો સંપ–અધિકારપત્રનું દઢીકરણ–ભૂમિનું પુનર્ગ્રહણ–બર્ઝો સરદારોવિષે કેટલુંક વિવેચન–બેદનૂર, ભદેશ્વર અને અમાઇત–મેવાડની જમીનદારી–ગામ ખાતાના નિયમો–મેવાડની બાપોતા ભૂમિ–ભોમિયા કિંવા સ્વતંત્ર સરદારો–તેમની સાથે કરેલો કરાર–તેમનો અધિકાર–ફરમાનનું મોટું રજીષ્ટર–ભૂમિઅધિકારવિષે પૂર્વ દષ્ટાંતો–પટેલ, તેનું મૂળ અને તેનું કર્તવ્ય–મહેસૂલના નિયમો–સામાન્ય પરિણામ.

**અધ્યાય ૧૮ મો**—( પૃષ્ઠ ૩૫૦ થી ૩૫૩ ) મહારાણા જવાનસિંહ–તેનું ચરિત્ર–મેવાડની શાસનપ્રણાલી–માહિરવાડાના સંબંધમાં બ્રિટિશસરકારની સાથે મહારાણાને થયેલી નવીન સંધિ–રાણાનો અપરિમિત વ્યય–ઋણવૃદ્ધિ–રાજધનની ન્યૂનતા–બ્રિટિશસરકારને ખંડણી આપવામાં રાણાનું અસામર્થ્ય–કોર્ટ ઑફ ડાયરેક્ટર્સની આજ્ઞા–રાણા જવાનસિંહનું અવસાન–રાણા સરદારસિંહ–સામંતોની સાથે તેમને થયેલી તકરાર–નવીન સંધિ–ઉદયપુરમાં બ્રિટિશ સેના રાખવાની રાણાની પ્રાર્થના–તે વિષે બ્રિટિશસરકારનો અસ્વીકાર–રાણા સરદારસિંહનું મૃત્યુ.

**અધ્યાય ૧૯ મો**—( પૃષ્ઠ ૩૫૪ થી ૩૬૦) મહારાણા સ્વરૂપસિંહ–રાજ્યમાં અશાંતિ–સામંતોની સાથેનો વિવાદ–નવીન સંધિપત્ર–બ્રિટિશસરકારને ખંડણી આપવામાં ત્રુટિ–સામંતોની સાથે પુનઃ વિવાદ–સાલુંબર તથા દેવગણના સરદારોની ભૂમિના ઘણા ભાગપર મહારાણાનો અધિકાર–ઉભય સામંતોએ પુનઃ તેપર સ્થાપિત કરેલો પોતાનો અધિકાર–બ્રિટિશસરકારની મધ્યસ્થતા–ઉભય વચ્ચે નવીન સંધિ–પુનઃ વિવાદ–પુનઃ બ્રિટિશ સરકારની મધ્યસ્થતા–વિવાદભંજન–સ્વરૂપસિંહનો પરલોકવાસ.

**અધ્યાય ૨૦ મો**—( પૃષ્ઠ ૩૬૧ થી ૩૬૨ ) મહારાણા શંભુસિંહ–શાસનસમિતિની સ્થાપના–શાસનકર્તાઓનો અત્યાચાર–શાસનસમિતિનો ભંગ–પોલિટિકલ એજંટના હાથમાં આવેલો મેવાડનો અધિકાર–મેવાડમાં શાંતિની સ્થાપના–મહારાણા શંભુસિંહને આપેલી રાજ્યશાસનની શિક્ષા–બ્રિટિશસરકારે મહારાણાને દત્તક પુત્ર લેવાનો આપેલો અધિકાર–મહારાણાને મળેલી ઉપાધિ–મહારાણા શંભુસિંહને મળેલો રાજ્યાધિકાર–તેમનું અકાળ મૃત્યુ.

**અધ્યાય ૨૧ મો**—(.પૃષ્ઠ ૩૬૩ થી ૩૬૭ ) મહારાણા સજ્જનસિંહ–મેવાડની શાસનવ્યવસ્થા–શિક્ષણની આવશ્યકતા–ભારતના ભાવી સમ્રાટની સાથે મહારાણાની મુલાકાત–મહારાણી વિક્ટોરિયાનું "ભારતેશ્વરી" પદ ધારણ કરવું અને તે વખતની દરબારમાં મહારાણાની હાજરી–વર્તમાન મેવાડનું સંક્ષિપ્ત વર્ણન–મહારાણા ફતેહસિંહનું રાજ્યશાસન–ઉપસંહાર.

**અધ્યાય ૨૨ મો**—( પૃષ્ઠ ૩૬૮ થી ૩૯૦ ) સ્ત્રીઓ પ્રત્યે રાજપૂતોની ભક્તિ તથા સન્માન–રણવાસની રીતિ–રાજપૂતસ્ત્રીઓની અસીમ પતિભક્તિ–તેનાં ઉદાહરણ–રાજપૂતસ્ત્રીઓની ઉદારતા, સાહસ અને સમયોચિત વર્તન–માલિનીદેવીનું વૃત્તાંત–રાજપૂતસ્ત્રીઓની પ્રધાનતા અને તેનાં ઐતિહાસિક પ્રમાણો–અન્ય જાતિની સ્ત્રીઓની સાથે આર્યસ્ત્રીઓની તુલના.

**અધ્યાય ૨૩ મો**—( પૃષ્ઠ ૩૯૧ થી ૪૦૩–કર્નલ ટૉડનો મારવાડનો પ્રવાસ ) કર્નલ ટૉડનું મારવાડ તરફ ગમન–તુષ શિખરપર વિશ્રામ–યાત્રારંભ–દૂરથી ઉદયપુરનું દૃશ્ય–દેવપુર–જાલિમસિંહ–પુલાનો–રામસિંહ મહેતા–માણિકચંદ–નરસિંહગઢનો ભૂતપૂર્વ રાજા–પુલાનોથી ગમન–પુલનોની પ્રાચીનતા–નાથદ્વારાનો ઉચ્ચ માર્ગ–નાથદ્વારામાં આગમન –મંદિરના અધ્યક્ષ સાથે મેળાપ–અસુરવાસ ગામમાં જવું–જ્યાં હાથીનું પતન–એક સંન્યાસી–સુમાઇચા તરફ પ્રયાણ-શિરોનામા–તીડશીતલ વાયુ–રાજધાની કેલવાડા તરફ ગમન–મહારાજા દોલતસિંહ–કમલમેર દુર્ગનું વિવેચન અને તેના ધ્વંસાવશેષનો ઇતિહાસ–મારવાડ તરફ પ્રયાણ–માર્ગસંકટ–અશ્વારોહીસંપ્રદાયના આશ્રમમાં વિશ્રામ.

**અધ્યાય ૨૪ મો**—(પૃષ્ઠ ૪૦૪ થી ૪૨૨)આહીર વા મીરાજાતિ, તેનો ઇતિહાસ અને આચાર-વ્યવહાર–ગોકુલગઢના લૂંટારા–ગાનોરાના સામંત અજિતસિંહ–મારવાડનો સપાટ પ્રદેશ–રૂપનગરના સામંત–દૈસુરીસંબંધી ઇતિહાસ–મેવાડના સિસોદીઆઓની સાથે મારવાડના રાઠોડોની તુલના–રાજપૂતોનો પરંપરાગત ઇતિહાસ–ગાનોરા–રાણાના દૂત કૃષ્ણદાસ–મારવાડ અને મેવાડ વચ્ચે સ્થાનિક વિભિન્નતા–પ્રાચીન વિવાદનું કારણ–આંવલ અને બાવલ–નાંદોલ–ચૌહાણજાતિની શ્રેષ્ઠતા–ભટંડલા ગોગા–અજમેરના લાક્ષા–નાંદોલનો પ્રાચીન દુર્ગ–જૈનલોકોનાં સ્મરણચિન્હો–શિલાલેખ–નાંદોલનો પ્રાચીન ઇતિહાસ–ઇંદુરિ–વાણિજ્યપ્રધાનનગર પાલી–તે સ્થળના જૈનોનાં સ્મરણચિન્હો–હિંદુઓનું પ્રાચીન તોરણ–પુણ્યગિરિ–કંકની–વાણિજ્યદ્રવ્ય લઇ જનારા બે સમુદાયમાં વિવાદ–ભાટોનો ભયંકર આત્મનાશ–ઝાલામંદ–જોધપુરની યાત્રા–પોકર્ણ અને નિમાજના સામંતોએ કરેલો સત્કાર–ઉભય સામંતોનાં જીવનચરિત્ર–નિમાજના સુરતાનનો આત્મભોગ–રાજધાનીમાં નાખેલી છાવણી–જોધપુરના દરબારતરફના સત્કારવિષે ચર્ચા.

**અધ્યાય ૨૫ મો**—(પૃષ્ઠ ૪૨૩ થી ૪૩૮) રાજધાની જોધપુર–રાજા માનસિંહે કરેલો સત્કાર–રાજા માનસિંહનું ચરિત્ર–તેમનો ઇતિહાસ–રાજા ભીમસિંહનું મૃત્યુ–મારવાડનો પ્રધાન પુરોહિત દેવનાથ–તેમની હત્યા-તે પછી બનેલી ઘટના–રાજા વિરુદ્ધ પ્રપંચ–ધોકલસિંહે મારવાડના સિંહાસનપર કરેલો દાવો–રાજાની ખરી વા ખોટી ઉન્મત્તતા–તેમના કુમારને થયેલી રાજ્યપ્રાપ્તિ–રાજા માનસિંહે પુનઃ લીધેલો રાજ્યભાર–પ્રાચીન રાજધાની મંદોરતરફ ગમન–રાઠોડલોકોનાં સ્મારકમંદિરો–મંદિરની મોટી હવેલીઓ–નગરપ્રકાર–પ્રાસાદનો ધ્વંસાવશેષ–જયતોરણ–થાનાપીરનું સ્થાન–પુસકુંડની ખીણ–પર્વતપર કોતરેલી પ્રતિમા–મંદોરનું વન– એક સંન્યાસી–રાજમહાલયમાં ઉત્સવ–અંગ્રેજ દૂતની સાથે રાજાની મુલાકાત–જોધપુરનો ત્યાગ.

**અધ્યાય ૨૬ મો**—( પૃષ્ઠ ૪૩૯ થી ૪૫૭ કર્નલ ટૉડના મારવાડથી પાછા વળવાનું વૃત્તાંત )
નાદોલા–બિસલપુર–એક પ્રાચીન નગરનો ધ્વંસાવશેષ (ખંડિયેરો)–પાંચકુલ્લા વા બિચકુલ્લા–શિલાલેખ–પીપલનગર–મેવાડના પ્રાચીન ઇતિહાસસંબંધી શિલાલેખ–સાંપુસરોવરવિષેની જનકથા–લાખોફુલાણી–માદ્રીય–ભૂરંડા–વદનસિંહ અને તેમનું વીરત્વ–પ્રતાપસિંહનું સ્મારક–ઇંદુવર–જાટકૃષિકારો–મેડતા–ઓરંગઝેબે બાંધેલી મસ્જીદ–ચૌકલસિંહ–રાઠોડવીર જયમલ અને તેમનું વીરત્વ–મેડતાનગરનું વર્ણન–સમાધિમંદિર–રાજા અજિતસિંહ–તેમના બે પુત્રોએ તેમનો કરેલો વધ–મારવાડમાં ફેલાયલો વિદ્રોહ–અજીતસિંહનો પરિવાર–રાઠોડોની દત્તકપુત્ર લેવાની વિચિત્ર પદ્ધતિ–રામસિંહ–સામંતોપ્રત્યે તેનો અશિષ્ટાચાર–માંહોમાંહેનો વિગ્રહ–રામસિંહ અને વખ્તસિંહનું યુદ્ધ–રામસિંહનો પરાજય અને મેડતિયારાજપૂતકુલનો નાશ–મેડતાના તાબાના મિથરિના સામંત–સમરક્ષેત્રનું વર્ણન–રામસિંહે પોતાના રાજ્યમાં મહારાષ્ટ્રીઓને કરેલું આમંત્રણ–વખ્તસિંહનો મારવાડના સિંહાસનપર અધિકાર–મારવાડેશ્વરનો ઘાત–તેના પુત્ર વિજયસિંહનો રાજ્યાભિષેક–જયાપ્પા સિંધિઆ અને રામસિંહનું મારવાડપર આક્રમણ–વિજયસિંહનો પરાજય–તેનું નાગોરમાં નાસી જવું અને શત્રુઓનો ઘેરો–શત્રુઓની છાવણીમાં થઇને તેણે કરેલું પલાયન–તેની બિકાનેર અને જયપુરના રાજાઓ પ્રત્યે સહાય માટે પ્રાર્થના–જયપુરાધીશનો વિશ્વાસઘાત–રિયાના સામંતે તેનો કરેલો પરાજય–સિંધિઆનો વધ.

**અધ્યાય ૨૭ મો**—(પૃષ્ઠ ૪૫૮ થી ૪૭૩) માધોજી (મહાદજી) સિંધિઆ–રાઠોડ અને કુશાવહ લોકોમાં સંપ–તેમણે મહારાષ્ટ્રીઓની સામે કરેલું યુદ્ધ–ઇસ્માઇલ બેગ અને હામદાનીએ તેમને કરેલી સહાય–તંગાનું યુદ્ધ–સિંધિઆનો પરાજય–રાઠોડોનો અજમેર ઉપર પુનઃ અધિકાર–ખંડણી આપવાની કરેલી શરતનો ભંગ–ડિવાઇનની સહાયથી માધોજીએ કરેલો સેનાનો સંગ્રહ–જયપુરની સરહદમાં રાજપૂતસેનાનો થયેલો સાક્ષાત્કાર–રાજપૂતોમાં પ્રસરેલો જાતિદ્વેષ–દ્વેષજનક કાવ્યથી રાઠોડો અને કુશાવહોમાં થયેલો કુસંપ–પાટણનું યુદ્ધ–જયપુરની સેનાએ બતાવેલી કૃતઘ્નતાથી થયેલો રાઠોડોનો પરાજય–કુશાવહકવિની કવિતા–વિજયસિંહે સંધિ કરવાને કરેલી માગણી–મારવાડના સામંતોએ આ કાર્યપ્રત્યે પ્રદર્શિત કરેલી અસંમતિ અને મારવાડેશ્વરે મહાસંગ્રામની કરેલી તૈયારી–કૃષ્ણગઢના રાઠોડ

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૩ | ૨૭ | કોટાન | કોટાના |
| ૨૩ | ૩૯ | ચાહાણુ | ચૌહાણુ |
| ૨૭ | ૬ | સારાષ્ટ્રના | સૌરાષ્ટ્રના |
| ૨૭ | ૬ | સારાષ્ટ્રના | સૌરાષ્ટ્રના |
| ૨૮ | ૨૨ | સેનાાએ | સેનાએ |
| ૨૫ | ૧૧ | થાય છે.[1] | થાય છે.* |
| ૩૫ | ૯ | પરિધના | પરિધાન |
| ૩૬ | ૧૭ | **घद्यं** | **शट्टयं** |
| ૩૬ | ૧૭ | **प्रगद्यं** | **प्रगट्टयं** |
| ૩૬ | ૩૪ | **आवसे** | **होईसे** |
| ૩૬ | ૩૬ | **दलनाद सुंदल** | **दलनादसुं दल** |
| ૩૭ | ૭ | **पाटइं** | **पाटवं** |
| ૩૭ | ૧૩ | પચ્ચીસ | પચ્ચાસ |
| ૩૭ | ૨૬ | એક વર્ષપર્યંતમહા | મહા |
| ૩૭ | ૨૭ | પછી | પછી બસો વર્ષબાદ |
| ૩૯ | ૨૮ | **राजत्य** | **राजत्व** |
| ૪૧ | ૩૫ | **फाट्यो** | **फट्यो** |
| ૪૧ | ૩૮ | **चढे** | **चंद** |
| ૪૧ | ૩૯ | **राज** | **राय** |
| ૪૨ | ૩૮ | હોયે | હોય |
| ૬૪ | ૯ | થવાથી | જવાથી |
| ૮૫ | ૧૭ | કુંભામેરુના | કુંભમેરુના |
| ૮૯ | છેલ્લી | થાય છે. | થાય છે. એને "માલારી" પણ કહે છે. ક્ષત્રીઓ યુદ્ધમાં જતાં પોતાના ભાલાપર બેસવાથી તેને વિજયસૂચક માને છે. |
| ૯૦ | ૪ | કાધિત | કોધિત |
| ૯૨ | ૧૧ | અશ્વરપર | અશ્વપર |
| ૯૪ | છેલ્લી | ઉપલબ્ધ | ઉપલબ્ધ થાય છે. |
| ૧૦૫ | ૩૦ | સનિકો | સૈનિકો |
| ૧૦૯ | ૩૬ | અશ્વરપર | અશ્વપર |
| ૧૧૧ | ૩૮ | સાથી | સૌથી |
| ૧૪૬ | ૨ | ધણાની | કૃષ્ણાની |
| ૧૪૭ | ૧૭ | બાપ્પ રાવલનો | બાપ્પા રાવલનો |
| ૧૬૨ | ૨૩ | અંગોમ | અંગોમાં |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૬૨ | છેલ્લી | રાણાજીએ | રાણાજી એ |
| ૧૭૨ | ૨૧ | સ્થત | સ્થળ |
| ૧૭૨ | ૨૪ | ત્યાળે | ત્યારે |
| ૧૭૨ | ૩૦ | સહિરે- | સહિત |
| ૧૮૬ | ૯ | કણુસિંહના | કર્ણસિંહના |
| ૨૦૦ | ૨૯ | નીશ | નાશ |
| ૨૦૩ | | આ પૃષ્ઠમાંની ૨ જી અને ૩ જી લીટી ૨૯ મી લીટીપછી વાંચવી. | |
| ૨૦૮ | ૪૨ | જવાય | જવા |
| ૨૧૫ | ૩૫ | પરથી | અશ્વપરથી |
| ૨૩૮ | ૪૦ | પૃથક્ થઈ | પૃથક્ |
| ૨૩૯ | ૩૨ | જિકાદની | જિલ્કાદની |
| ૨૪૨ | ૩૪ | છપાલા | છપાયલા |
| ૨૪૮ | ૧ | **૧૩ મો** | **૧૪ મો** |
| ૨૫૦ | ૨૫ | નહિ નહિ, તો | નહિ, નહિ તો |
| ૨૬૮ | ૪૩ | ગતુિ | ગતિ |
| ૨૭૦ | ૧૩ | દિવસે | દિવસ |
| ૨૮૮ | ૬ | અને અને | અને |
| ૨૯૮ | ૧૬ | ચંદાવ | ચંદાવત |
| ૩૨૨ | છેલ્લી | ૨ | દૂર |
| ૩૨૯ | ૪૨ | ઈ૦ સ૦ | ૨ ઈ૦ સ૦ |
| ૩૪૮ | ૩૫ | ૧ | ૨ |
| ૩૫૪ | ૬ | સરકારન | સરકારની |
| ૩૬૮ | ૨૪ | **मार्वाचीनं** | **मार्वाचीनं** |
| ૩૬૮ | ૨૫ | **मार्वार्चानः** | **मार्वाचीनः** |
| ૩૬૯ | ૭ | પારલૌનીકિક | પારલૌકિક |
| ૩૬૯ | ૮ | મોક્ષન | મોક્ષની |
| ૩૬૯ | ૨૧ | છે કરી | કરી છે |
| ૩૭૨ | ૨૫ | **सौभाग्याय** | **सौभाग्या** |
| ૩૭૨ | ૨૭ | **तर्नास्ति** | **नास्ति** |
| ૩૭૯ | ૫ | કયા | કર્યા |
| ૩૭૯ | ૨૬ | માત્ર | માતા |
| ૩૮૨ | ૩૮ | આપ | આપને |
| ૩૮૩ | ૨૦ | ગાનોરપર ૨ | ગાનોરપર. |
| ૩૮૩ | છેલ્લી | ચંદકવિના૧ | ચંદકવિના |
| ૩૮૪ | ૩૧ | રીલિ | રીતિ |
| ૩૯૩ | ૨૨ | મરવાડના | મારવાડના |
| ૩૯૫ | ૨૭ | વશ્વાસઘાત | વિશ્વાસઘાત |
| ૩૯૯ | ૩૦ | બદલીનામે છે | બદલી નાખે છે |
| ૪૦૭ | ૨૮ | વર્ણવામાં | વર્ણવવામાં |
| ૪૨૮ | ૪૦ | હતો. | હતા. |
| ૪૩૩ | ૨૯ | પ્રતિપ્રેમ | પતિપ્રેમ |
| ૪૩૫ | ૧૭ | ન હરરાવ | નાહરરાવ |
| ૪૪૨ | ૧૯ | અંતરપદ | અંતરપર |
| ૪૬૪ | ૧૫ | ત્યા | ત્યારે |
| ૪૬૫ | ૩૧ | ગારવ | ગારવ |
| ૫૦૬ | ૧૩ | સમલોચના | સમાલોચના |
| ૫૦૬ | ૩૬ | અધમાં | અધમમાં |
| ૫૧૩ | ૨૮ | અને અને | અને |
| ૫૧૬ | ૪ | શઠોડે | શઠોડો |
| ૫૧૮ | ૫ | છેત, થાપિ | છે. તથાપિ |
| ૫૨૦ | ૬ | ચાંદસેં | ચાદસેં |
| ૫૨૨ | ૩૫ | સ્વીકારે | સ્વીકાર |
| ૫૨૮ | ૨૨ | અને અને | અને |
| ૫૨૮ | ૨૮ | મહરાષ્ટ્રીઓના | મહારાષ્ટ્રીઓના |
| ૫૩૩ | છેલ્લી | **घमस्य** | **धर्मस्य** |
| ૫૩૫ | ૯ | ન્યૂતતા | ન્યૂનતા |
| ૫૪૦ | ૪ | બોલવે | બોલાવે |
| ૫૪૦ | ૩૧ | રજસ્થાનમાં | રાજસ્થાનમાં |
| ૫૫૭ | ૩૬ | ૨ | ૧ |
| ૫૬૩ | ૩૫ | ૨ | ૧ |
| ૫૬૫ | ૭ | રાજતપૂ | રાજપૂત |
| ૫૬૫ | ૩૫ | પડશે | પડશે ? |
| ૫૬૭ | ૧૮ | અનુવાદક | અનુવાદક) |
| ૫૭૭ | ૨૯ | એ છે | એ છે કે |
| ૫૮૧ | ૪૦ | હરસિંગાર | હારસિંગાર |
| ૫૮૩ | ૧૮ | વિશ્વાસુ હતા. | વિશ્વાસુ હતા.૩ |
| ૫૯૨ | ૨૨ | સૌથ | સૌથી |
| ૫૯૨ | ૨૩ | પદવીા | પદવી |
| ૫૯૮ | ૧૦ | વર્ણવ્યસ્થા | વર્ણવ્યવસ્થા |
| ૫૯૮ | ૧૨ | વશ્વામિત્ર | વિશ્વામિત્ર |
| ૫૯૮ | ૨૪ | મેળીવી | મેળવી |
| ૬૦૩ | ૩૬ | અને અને | અને |
| ૬૦૪ | ૩૨ | 'ચાચનામા | 'ચચ્ચનામા' |
| ૬૦૭ | ૪૫ | ૩૦૫૦ | ૩૦૪૪ |
| ૬૦૭ | ૪૭ | ૩૧૦૭ | ૩૧૦૧ |
| ૬૦૯ | ૨૮ | ।જતેન્દ્રય | જિતેન્દ્રિય |
| ૬૧૧ | ૭ | થાય છે. | થાય છે. ૩ |
| ૬૧૧ | ૨૦ | ધૂરોપ | યૂરોપ |
| ૬૧૨ | ૧૩ | હતો, | હતા, |
| ૬૧૮ | ૩૨ | ૩૦૫૦ | ૩૦૪૪ |
| ૬૧૮ | ૪૦ | ।દ્વતીય | દ્વિતીય |
| ૬૩૦ | ૨૮ | લાકોએ | લોકોએ |
| ૬૪૧ | ૩૦ | ગુહદવતા | ગુહદેવતા |
| ૬૪૪ | ૩૭ | મધને | મઘને |
| ૬૪૫ | ૨ | રીને | કરીને |
| ૬૬૦ | ૪૦ | મી લીટી ઉપરનો લીટો ૩૮ મી લીટી ઉપર જોઇએ. | |
| ૬૬૩ | ૧૨ | અતિહાસિક | ઐતિહાસિક |
| ૬૬૪ | ૭ | પૂર્વજોન | પૂર્વજોનાં |
| ૬૬૪ | ૧૯ | (જામનગર | (જામનગર |
| ૬૭૦ | ૭ | ચાહાણ | ચાહાણ |
| ૬૭૨ | ૧૫ | આગ્નકુંડ | અગ્નિકુંડ |

# चित्रोनो अनुक्रम


## આ ગ્રંથમાં ચોઢેલાં આર્ટપેપરવાળાં ચિત્ર



## ગ્રંથના અંતર ભાગમાં લખાણુ ભેગાં છપાયલાં ચિત્ર



## ગ્રંથ બીજામાં ચોઢેલાં આર્ટ પેપરવાળાં ચિત્ર



મૂળ ગ્રંથકર્તા ભારત પ્રેમી કર્નલ ટોડ અને તેમના ગુરૂ યતિજ્ઞાન ચંદ્ર

# कर्नल जेम्स टॉडनुं जीवनवृत्त

**'कर्नल टॉड कुलीन बीन क्षत्रिय यश क्षय होत'** (ફાર્બસ જીવનચરિત્ર)

ક્ષત્રિયોના સાચા મિત્ર અને તેમની વીરતાના ઉજ્જવલ યશને ભૂમંડલમાં ફેલાવનાર કર્નલ જેમ્સ ટૉડ, સ્કૉટલેંડના નિવાસી મહાશય જેમ્સ ટૉડના દ્વિતીય પુત્ર અને હેન્રી ટૉડના પૌત્ર હતા. તેમનો જન્મ તા. ૨૦ મી માર્ચ ઇ૦ સ૦ ૧૭૮૨ માં ઈંગ્લાંડનાં ઇસ્લિંગ્ટન નામના સ્થાનમાં થયો હતો. તેમના પૂર્વજો પૈકી જૉન ટૉડ નામની વ્યક્તિએ સ્કૉટલેંડના પાદશાહ રૉબર્ટ ધી બ્રૂસના સંતાનોને ઈંગ્લાંડના કારાગૃહમાંથી મુક્ત કર્યાં હતા. આ અમૂલ્ય સેવાના બદલામાં પાદશાહની તરફથી તેમને નાઇટ 'બૅરોનેટ'ની પદવી અને શૃંગાલનું[1] ચિન્હ ધારણ કરવાનું સન્માન પ્રાપ્ત થયું હતું.

મહાશય ટૉડના મામા પૅટ્રિક હિટ્લી બંગાળામાં સિવિલિયન હતા. તેમના વસીલાથી તેઓ બંગાળામાં ઇ૦ સ૦ ૧૮૦૦ ના જાન્યુઆરીની ૯ મી તારીખે અઢાર વર્ષની વયે બીજા નંબરની યૂરોપીઅન રેજીમેંટમાં જોડાયા. આ સમયે મોલોક્કોમાં લડાઇમાં જનારી જલસેનામાં જવાના વિચારથી તેમણે લૉર્ડ વૅલેસ્લીને વિનતિ કરીને પોતાની બદલી તે સેનામાં કરાવી. આ સેના તો બિલકુલ મોકલવામાં આવી નહિ;પરંતુ તે પ્રસંગે તેમને અલ્પસમય માટે એક જહાજપર જલસેનાસંબંધી કામ કરવું પડ્યું, જેથી સ્થલસૈન્ય અને જલસૈન્યસંબંધી ઉભય કામોનો તેમને અનુભવ થઇ ગયો. સને ૧૮૦૦ માં તેઓ ૧૪ નંબરની દેશી પાયદલ સેનામાં લેફ્ટનન્ટતરિકે નિયુક્ત થઇ થોડાજ દિવસોમાં પોતાના ઉત્તમ સ્વભાવથી ઉક્ત સેનાના સમસ્ત અધિકારીઓના પ્રાતિપાત્ર બની ગયા.તે સમયથીજ તેમની તીવ્ર બુદ્ધિ તેમની ભાવી ઉન્નતિની સૂચના આપતી હતી.ત્યારપછી તેમની કલકત્તાથી હરિદ્વાર અને ત્યાંથી દિલ્લીમાં બદલી થઇ.

તેઓ એન્જીનિયરીંગના કામમાં કુશળ હોવાથી ઇ૦ સ૦ ૧૮૦૧ માં સરકારે તેમને દિલ્લીની પાસેની પુરાણી નહેરની તપાસ કરવાનું કામ સોંપ્યું હતું, જે તેમણે ઉત્તમ પ્રકારે પાર પાડ્યું. ઇ૦ સ૦ ૧૮૦૫ માં મહાશય ગ્રીમ મર્સર સરકારની તરફથી રાજદૂત અને રેસિડેંટસ્વરૂપે નિયત થઇ દોલતરાવ સિંધિઆના દરબારમાં જવાના હતા. હિંદુસ્થાનના ભિન્નભિન્ન પ્રદેશો અને ત્યાંના રાજાઓના દરબારના વૈભવ આદિ જોવાની ઉત્કંઠા થવાથી મહાશય ટૉડે તેમની સાથે જવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. મહાશય મર્સર તેમના સ્વતંત્ર સ્વભાવથી સારી રીતે પરિચિત હોવાથી તેમણે સરકારની આજ્ઞા લઈ તેમને પોતાની સાથે રહેનારી સરકારી સેનાના અધિકારી નિયત કરી દીધા: અહીંઆંથીજ તેમની ભાવી અસાધારણ કીર્તિનો પ્રારંભ થયો.

તે સમયે સિંધિઆનો મુકામ મેવાડમાં હોવાથી મહાશય મર્સરને આગ્રાથી જયપુરની દક્ષિણ સીમામાં થઈ ઉદયપુરમાં પહોંચવાનું હતું. ઇ૦ સ૦ ૧૭૯૧ માં સરકારનો રાજદૂત કર્નલ પામર પૂર્વે જે માર્ગથી ગયો હતો, તેનો એક ઉત્તમ નકશો ડૉક્ટર હંટરનો બનાવેલો મહાશય મર્સરની પાસે હતો.આ માર્ગમાં આગ્રા, નર્વર, દતિયા, ઝાંસી, ભોપાલ, સારંગપુર, ઉજ્જયિની, બૂંદી,કોટા, રામપુરા અને બિઆના આવ્યાં હતાં. કર્નલ ટૉડ પરમ સાહસિક અને પોતાનો સમય કોઇ ને કોઇ ઉપયોગી કાર્યમાં વ્યતીત કરનાર હતા, તેથી તેમણે આગ્રાથી ઉદયપુરને માટે નીકળવાના દિવસથીજ પોતાનાં શોધખોળનાં હથીઆરો સંભાળ્યાં અને ડૉક્ટર હંટરે નિયત કરેલાં ઉપર્યુક્ત સ્થાનોને આધારભૂત ગણીને તપાસ કરતા કરતા તેઓ ઇ૦ સ૦ ૧૮૦૬ ના જૂન માસમાં ઉક્ત રાજદૂતની સાથે ઉદયપુરમાં જઇ પહોંચ્યા.આગ્રાથી ઉદયપુરપર્યંત જતાં કેવલ પોતાના વિદ્યાનુરાગથી તેમણે જે કાર્ય કર્યું, તેના સંબંધમાં મહાશય મર્સરે

---

1 સ્કૉટલૅંડની ભાષામાં શૃગાલને ટૉડ કહે છે, તેથીજ ઉક્ત વંશ 'ટૉડ' ના નામથી પ્રસિદ્ધ થયો.

લખ્યું છે કેઃ-"લેફ્ટેનન્ટ ટૉડે પોતાના શરીરની અસ્વસ્થતા હોવા છતા અને પોતાની પાસે શોધખોળની સામગ્રી ઉત્તમ નહિ હોવા છતાં શોધનું કામ પૂર્ણ પરિશ્રમપૂર્વક એવી ઉત્તમરીતે કર્યું કે, અમે તેવી શ્રેષ્ઠરીતે શોધ કર્યા છતાં પણ તેમાં ક્વચિતજ સુધારો થઇ શકે."

ઉદયપુરપર્યંત શોધ કર્યા પછી કર્નલ ટૉડને એવી ઇચ્છા થઇ કે, રાજપૂતાના અને તેની આસપાસના પ્રદેશોનો પણ એક ઉત્તમ નકશો માપસહિત તૈયાર કરવો જોઇએ. આથી ઉક્ત રાજદૂતની સાથે તેમને જ્યાં જ્યાં થોભવાનું થતું, ત્યાં ત્યાં તેઓ પોતાનો ઘણો વખત આ ઉપયોગી કામમાં વ્યતીત કરતા અને તેની સાથે સાથે તેઓ તે પ્રદેશોનો ઇતિહાસ,જનશ્રુતિ તથા શિલાલેખ આદિનો પણ યથા-સાધ્ય સંગ્રહ કરતા જતા હતા. તેમની અચલ કીર્તિસ્વરૂપ "રાજસ્થાન" ગ્રંથની સામગ્રી પણ આજ સમયથી સંગ્રહિત થવા લાગી.

સિંધિઆની સેનાની સાથે સાથે કર્નલ ટૉડ પણ ઉદયપુરથી ચિતોડગઢના માર્ગે માળવામાં થઇ બુંદેલખંડની સીમાપર આવેલા કમલાસામાં જઇ પહોંચ્યા. આ ૭૦૦ માઇલની યાત્રામાં કર્નલ પામરના માર્ગદ્વારા તેઓ બે વાર ગયા અને પોતાનાં નિયત કરેલાં સ્થાનો ડૉકટર હંટરનાં આપેલાં સ્થળોની સાથે મળવાથી તેમને પરમ હર્ષ ઉત્પન્ન થયો અને તેમનો ઉત્સાહ અધિક વૃદ્ધિંગત થયો. ઇ૦ સ૦ ૧૮૦૭માં સિંધિઆની સેનાએ રાહટગઢપર ઘેરો નાખ્યો. આ સમયે કર્નલ ટૉડ થોડાક સિપાઈઓસહિત બેટવા નદીના કિનારાની નિકટથી જઈ ચંબલપર્યંતનાં અજ્ઞાત સ્થળોમાં પહોંચ્યા અને ત્યાંથી પશ્ચિમ તરફ કોટાસુધી ગયા. ત્યારપછી તેઓ દક્ષિણમાં વહેતી સમસ્ત નદીઓનો માર્ગ શોધી ચંબલની સાથે કાલી-સિંધ, પાર્વતી, બનાસ વગેરે મુખ્ય મુખ્ય નદીઓના સંગમનો પત્તો કાઢી આગ્રામાં જઈ પહોંચ્યા. તે સમય આજના જેવો શાંતિનો નહોતો; પરંતુ તે સમયે પુષ્કળ લૂંટફાટ ચાલતી હતી. કર્નલ ટૉડને અર્ધી રાતે પોતાના તંબુ ઉઠાવી કૂચ કરવી પડતી હતી. કેટલીકવાર તેમને લૂંટી પણ લેવામાં આવ્યા હતા અને કેટલીક ઘટના તો એવી પણ બની હતી કે, જે અદ્દ્ભુત કિસ્સાકહાણીનું સ્મરણ કરાવે છે. આગ્રાથી પાછા ફર્યા પછી તેમને સિંધિઆની સેના રાહટગઢમાંજ પ્રાપ્ત થઇ. તેમને જણાયું કે, હજી ઘણા દિવસસુધી તેનો મુકામ ત્યાંજ રહેવાનો છે,તેથી તેઓ પોતાના ઉદ્યોગનું ક્ષેત્ર વધારવાની ઇચ્છાથી પશ્ચિમ તરફ ભરતપુર, કઠુમર અને સેંતરી થઇને જયપુરમાં પહોંચ્યા અને ત્યાંથી ટોંક, ઇંદ્રગઢ, ગૂગલ, છપરા, સધુગઢ, અરોન, કુરવા અને ભારોસાના માર્ગથી સાગરમાં જઇ પહોંચ્યા અને ત્યાંથી પાછા રાહટગઢમાં આવી સિંધિઆની સેનાને મળ્યા.

ઇ૦ સ૦ ૧૮૧૨ માં દોલતરાવસિંધિઆ ભ્રમણ કરતો કરતો ગ્વાલિયરમાં પહોંચ્યો,ત્યાંસુધી કર્નલ ટૉડ પણ તેની સાથે રહીને શોધખોળ કરતા રહ્યા હતા.

રાજપૂતાના અને તેની આસપાસના પ્રદેશોનો ઇતિહાસ, ભિન્ન ભિન્ન નગરોની વચ્ચેનું અંતર અને માર્ગ તથા ત્યાંના રીતરિવાજો વગેરે જાણવાને માટે ત્યાંના નિવાસીઓપૈકી યોગ્ય અને વિજ્ઞ મનુષ્યોને તેઓ પ્રીતિ અથવા પારિતોષિકદ્વારા કે કોઇ પણ પ્રકારે પોતાની પાસે બોલાવતા. ઇ૦ સ૦ ૧૮૧૨ થી ૧૮૧૭ પર્યંત તેઓ ગ્વાલિયરમાં રહ્યા; ત્યારે પણ સિંધ,ધાટ, ઉમરસુમરાનું રણ તથા રાજપૂતાનાના પ્રત્યેક ભાગમાંથી વાકેફગાર મનુષ્યો બહુધા તેમની પાસે રહ્યા કરતા હતા; તેમજ કાસદો અને પત્રો પહોંચાડનાર હલકારાઓને પણ તેઓ રસ્તાઓ અને શહેરોની લંબાઇ તથા અંતરવિષે સદા પૂછપરછ કરતા રહેતા હતા અને ભિન્ન ભિન્ન દેશોના કોશનું શુદ્ધ માપ જાણી લીધા પછી તેઓ તે લોકોનાં બતાવેલાં અંતરને માપેલાં અંતર સાથે મેળવી લેતા હતા.

આ પ્રકારે અલ્પ અવધિમાં તેમણે આ વિસ્તીર્ણ પ્રદેશના અનેક માર્ગોની રેષા ખેંચીને એટલા તો નકશા તૈયાર કર્યા કે, તેના મોટા મોટા ૧૧ ગ્રંથો બન્યા. ત્યાર પછી તેમણે સીમાપરનાં અને મધ્ય ભાગનાં કેટલાંક સ્થાનો નિર્દિષ્ટ કરીને એક પૂર્ણ નકશો બનાવ્યો. પોતાના દશ વર્ષના અસાધારણ પરિ-શ્રમથીતૈયાર કરેલો આ નકશો તેમણે ઇ૦ સ૦ ૧૮૧૫ માં હિંદુસ્થાનના ગવર્નર જનરલ માર્કિવસ ઑફ હેસ્ટિંગ્સને ભેટ કર્યો. જેમણે તેમના મહાન શ્રમની પરમ પ્રશંસા કરી અને તે નકશાની એક નકલ કરાવી પોતાના હસ્તાક્ષરસહિત તે કર્નલ ટૉડપર મોકલી આપી. આમ કરવામાં તેમનો હેતુ એ હતો કે, ભવિ-ષ્યમાં કોઇ એવો દાવો કરે કે, આ નકશો માર્કિવસ ઑફ હેસ્ટિંગ્સે તૈયાર કર્યો છે, તો તેનું ખંડન

કરવાને માટે પ્રમાણુતરિકે તે કર્નલ ટૉડની પાસે જળવાઇ રહે. થોડા સમય પછી તે નકશો સરકારને અતિ ઉપયોગી થઇ પડયો. ઇ૦ સ૦ ૧૮૧૭માં પિંઢારાઓની સાથે યુદ્ધ થતાં બ્રિટિશસરકારે આજ નકશાની સહાયથી યુદ્ધનું સ્થળ નિર્માણ કર્યું હતું.આ નકશાની નાની નાની કેટલીક નકલો તૈયાર કરાવીને સરકારે તે યુદ્ધક્ષેત્રમાં મુખ્ય મુખ્ય અમલદારોની પાસે મોકલી આપી, જેથી તેમને તે અજ્ઞાતપ્રદેશમાં કામ કરવું અતિ સુગમ થઇ પડયું. આજ નકશાની નકલો યૂરોપમાં પણ પહોંચી અને તદનુસારજ હિંદુસ્થાનના નવીન નકશામાં રાજસ્થાનનો વિભાગ બતાવવામાં આવ્યો. પિંઢારાઓની સાથે યુદ્ધ ચાલતું હતું તે સમયે કર્નલ ટૉડે માળવાનો એક નાનો નકશો બનાવી ગવર્નર જનરલને ભેટ કર્યો. આ નકશામાં વિંધ્ય પર્વતશ્રેણી, તેમાંથી નીકળતી નદીઓનાં મૂળ, માર્ગ અને ઘાટા તથા તે પ્રદેશનાં ભિન્નભિન્ન રાજ્યોની સીમા યથાર્થ રીતે દર્શાવવામાં આવી હતી. પેશ્વાનું રાજ્ય વિભક્ત કરવામાં અને પિંઢારાઓ સાથેની લડાઇમાં તે નકશો પરમ સહાયક થઇ પડયો. આ પ્રકારે પોતાની ભૂગોલસંબંધી શોધથી કર્નલ ટૉડે અચલ કીર્તિ સંપાદન કરી. પછી જ્યારે તેઓ રાજપૂતાનામાં પોલિટિકલ એજંટ થયા, તે સમયે પણ તેઓ કેટલાંક અજ્ઞાત સ્થળો શોધી કાઢી તેને નકશામાં નિર્દિષ્ટ કરતા ગયા અને ઇ૦ સ૦ ૧૮૨૯ માં જ્યારે તેમણે 'રાજસ્થાન' નો પ્રથમ ભાગ છપાવ્યો ત્યારે તેમણે તેના પ્રારંભમાં તે નકશો આપ્યો અને પોતાનું સંગ્રહ કરેલું રાજસ્થાનનું ભૌગોલિક વૃત્તાંત પણ તેમાં સંક્ષેપમાં લખ્યું.

ઇ૦ સ૦ ૧૮૧૦ માં મહાશય મર્સરની જગ્યાએ મહાશય રિચર્ડ સ્ટ્રેચી સિંધિઆના દરબારમાં રેસિડેંટ નિયત થયા. એમની સાથે કર્નલ ટૉડને પ્રથમથીજ પરિચય હતો. ઇ૦ સ૦ ૧૮૧૦ ના ઑક્ટોબર માસમાં કર્નલ ટૉડને કૅપ્ટનનું પદ મળ્યું અને ઇ૦ સ૦ ૧૮૧૫ ના ઑક્ટોબરમાં તેઓ ઉક્ત રેસિડેંટના દ્વિતીય આસિસ્ટંટતરિકે નિયુક્ત થયા અને અહીંઆંથીજ તેમનો પોલિટિકલ વિભાગમાં પ્રવેશ થયો.

આ સમયે રાજસ્થાનમાં મરાઠાઓનું જેર ઘણું વધી પડયું હતું અને ત્યાંના સામંતો, રાજાઓ તથા સરદારોમાં પરસ્પર કુસંપ ચાલતો હતો. મરાઠાઓનો પગપેસારો રાજસ્થાનમાં સુગમતાથી થવાનું કારણુ ત્યાંના રાજપૂતોનો અંતઃકલહજ હતો. કોઇ રાજા પોતાને પોતાના પ્રતિપક્ષી કરતાં નિર્બળ જેતો કે તરતજ તે મરાઠાઓને પોતાની કુમકે બોલાવતો; અને મરાઠાઓ મનમાન્યું ધનતેની પાસેથી મદદના બદલામાં લેતા. પરંતુ ધીમે ધીમે તેમનો ઉપદ્રવ એટલો બધો વધી ગયો કે દેશની પરમ દુર્દશા થવા લાગી, હોલ્કર અને સિંધિઆની લૂંટથી મુલક વેરાન થતો ચાલ્યો અને રાજા તથા પ્રજાનું સુખ જતું રહ્યું. રાજપૂતાનામાં પગ મૂકતાંની સાથેજ તે દેશની આવી દુર્દશા થયેલી જેઇ કર્નલ ટૉડના ચિત્તમાં પરમ ખેદ ઉત્પન્ન થયો અને તેમણે એવો સંકલ્પ કર્યો કે આ દેશને બ્રિટિશસરકારના સંરક્ષણુ હેઠળ લાવી તેનો યથાસાધ્ય ઉદ્ધાર કરવો જેઇએ; પરંતુ તે દેશને થોડા સમય સુધી આપત્તિગ્રસ્ત રાખવાની ઇશ્વરની ઇચ્છા હતી. ઈ૦ સ૦ ૧૮૦૭ થી ૧૮૧૩ પર્યંત લૉર્ડ મિન્ટો હિંદુસ્થાનના ગવર્નર જનરલ રહ્યા. તેમણે દેશી રાજ્યોની અંતર્વ્યવસ્થામાં હસ્તક્ષેપ નહિ કરવાની રાજનીતિ રાખી હતી, આથી મરાઠાઓનો ઉપદ્રવ વિશેષ વૃદ્ધંગત થયો. પિંઢારાઓએ પણ પુષ્કળ ધામધુમ મચાવી અને રાજપૂતાના લૂંટારાઓનું ઘર બની ગયું. આવા સમયમાં પ્રજાનાં ધન અને જીવનનો રક્ષક એકમાત્ર ઇશ્વરજ હતો. લોકો પોતાનાં ઘરબાર છોડી નાસવા લાગ્યા અને કેટલેક સ્થળે માર્ગમાં ઘાસ ઉગ્યું. આ અવસ્થાનું યથાર્થ જ્ઞાન તો કર્નલ ટૉડનો 'રાજસ્થાન' ગ્રંથ સંપૂર્ણ રીતે વાંચવાથી થશે; પરંતુ નિમ્નલિખિત એક ફકરાપરથી પણ તે દેશનું દિગ્દર્શન થઇ શકે એમ છે. "જ્યાં જ્યાં મરાઠાઓનો મુકામ પડતો ત્યાં ત્યાં નાશ અવશ્ય થતો હતો. વિધ્વંસ કરવો એ તો તેમની પ્રકૃતિજ હતી. હરકોઇ સમૃદ્ધિશાળી સ્થાનનો વિધ્વંસ થવાને માટે ૨૪ કલાક બસ થતા હતા. ભસ્મ થયેલાં ગામો અને વિધ્વસ્ત થયેલાં ક્ષેત્રાથી તેમના પ્રયાણુનો માર્ગ મહિનાના મહિના સુધી દૃષ્ટિગોચર થતો હતો."

રાજપૂતાનાના એક મોટા વિભાગનીજ માત્ર આવી દુર્દશા થઈ હતી એમ નહિ; પરંતુ મરાઠાઓની સહાયથી પિંઢારાઓએ બ્રિટિશસરકારના ઇલાકાઓમાં પણ છાપા મારવા શરૂ કરી દીધા હતા. આથી બ્રિટિશસરકારની પ્રજા પણ દુઃખી થવા લાગી. આ ઘટના જેઇ ઇ૦ સ૦ ૧૮૧૭ માં માર્કિવસ ઑફ હેસ્ટિંગ્સે પિંઢારાઓને નષ્ટ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો અને તેમનીઉપર ચોતરફથી સેના મોકલી. આ સમયે કર્નલ ટૉડના નકશાએ ઘણી સહાય કરી. ઇ૦ સ૦ ૧૮૧૪-૧૫માં તેમણે પિંઢારાઓની ઉત્પત્તિ, ઉન્નતિ

અને વર્તમાનસ્થિતિપર એક નિબંધ લખી સરકારપર તે નિબંધ મોકલી આપ્યો અને થોડા દિવસ પછી પોતાનો તૈયાર કરેલો રાજપૂતાના અને તેની આસપાસના પ્રદેશોનો ઉપર્યુક્ત નકશો, ત્યાંનું આવશ્યકીય વૃત્તાંત અને પિંઢારાઓની લડાઇસંબંધી પોતાના અભિપ્રાયસહિત સરકારપર મોકલી આપ્યો. તેમની યોજના પ્રમાણેજ પિંઢારાઓની સાથે યુદ્ધ કરવાનો પ્રબંધ કરવામાં આવ્યો. બ્રિટિશ સરકારે ઉક્ત નકશા વગેરેને માટે કર્નલ ટૉડને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપ્યો હતો.

પિંઢારા સાથેની લડાઇમાં દાખલ થવા માટે કર્નલ ટૉડે બ્રિટિશ સરકારપર એક નિવેદનપત્ર મોકલ્યો, જેને સરકારે પરમ પ્રસન્નતાપૂર્વક સ્વીકાર્યો; કારણ કે તે સમયે પ્રસ્તુત યુદ્ધ સાથે સંબંધ ધરાવતા પ્રદેશોનું પૂર્ણ જ્ઞાન ધરાવનાર બીજો કોઇ પણ માણસ તેમના જેવો નહોતો. લૉર્ડ હેસ્ટિંગ્સે પ્રથમ તો કર્નલ ટૉડને મેજર જનરલ સર ઑક્ટર લોનીના તાબાની સેનામાં નિયત કરવાનો વિચાર કર્યો; પરંતુ પાછળથી તેમને હાડૌતીમાં રાંવટા નામના સ્થાનપર રાખ્યા, જ્યાંથી તેઓ જનરલ ડૉન્કિન, જનરલ માર્શલ, જનરલ ઍડમ્સ અને જનરલ બ્રાઉનની નર્મદાની ઉત્તરે રહેલી સેનાને આવશ્યક ખબર પહોંચાડતા હતા અને તેમની સલાહાનુસારજ ઉક્ત સેના હિલચાલ કરતી હતી. જ્યારે તેમને એવી ખબર મળી કે કરીમખાં પિંઢારાનો પુત્ર ૧૫૦૦ માણસોની સેના સહિત રાંવટાથી ૩૦ માઇલના અંતરપર કાલીસિંધની નિકટ આવી પહોંચ્યો છે, ત્યારે કર્નલ ટૉડે કોટાની સહાયક ફોજના ૨૫૦ સિપાઇઓ અને પોતાની સાથેની અંગ્રેજી ફોજના ૮૨ સિપાઇઓને તેનો પ્રતીકાર કરવાને માટે મોકલ્યા. તેઓ શત્રુની સેનાના પ્રાયઃ ૧૫૦ માણસોનો વધ કરીને પિંઢારાઓનો પુષ્કળ માલઅસબાબ, ઉંટ, હાથી વગેરે લૂંટી લાવ્યા. આ લૂંટના દ્રવ્યથી કર્નલ ટૉડે કોટાથી છ માઇલના અંતરપર બોરખંડી ગામની નિકટ ચંદ્રભાગા નદીપર એક પ્રચંડ પૂલ બંધાવ્યો અને તેનું નામ 'હેસ્ટિંગ્સ બ્રીજ' રાખ્યું. કરીમખાંની સાથેના પુષ્કળ પિંઢારાઓનો નાશ કરીને ચિતુના પ્રચંડ સૈન્યને વિચ્છિન્ન કરવાને માટે કર્નલ ટૉડે પોતાની લિખિત યોજનાઓની નકલ કરાવી નર્મદાની ઉત્તર તરફની સેનાના અમલદારો સર ટૉમસ હિસ્લોપ, સર વિલિયમ ગ્રૅન્ડ કેર, સર આર. ડૉન્કિન અને કર્નલ ઍડમ્સપર મોકલી. જો કે તે સમયે તેમના પ્રસ્તાવાનુસાર કાર્ય કરવામાં આવ્યું નહિ, તથાપિ પાછળથી જણાયું કે કર્નલ ટૉડની યોજનાજ યથાર્થ હતી; કારણ કે તેમના અનુમાનપ્રમાણેજ શત્રુઓની કુચ અને મુકામ થયા હતા. આ યોજનાને માટે પણ માર્કિવસ ઓફ હેસ્ટિંગ્સે તેમને ધન્યવાદ આપ્યો. આ યુદ્ધમાં કર્નલ ટૉડે પોતાના ખર્ચથી શત્રુઓની ખબર મેળવવાનો એવો ઉત્તમ પ્રબંધ કર્યો હતો કે, પ્રતિદિન દશવીસ સ્થળેથી લિખિત ખબર તેમની પાસે પહોંચતી હતી, જેનો સારાંશ પ્રત્યેક અમલદારની પાસે મોકલવાથી તેમને શત્રુઓની સર્વ હીલચાલ જ્ઞાત રહેતી હતી. યુદ્ધની સમાપ્તિ થયા પછી લૉર્ડ હેસ્ટિંગ્સે કર્નલ ટૉડની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કેઃ—"આ યુદ્ધમાં વિજય પ્રાપ્ત થયો તેનું એક મુખ્ય કારણ કર્નલ ટૉડની સહાય હતી. યુદ્ધમાં ભાગ લેનાર સર્વ જનરલોએ મુક્તકંઠે સ્વીકાર કર્યો છે કે આ યુદ્ધમાં કર્નલ ટૉડે પથદર્શક તરિકે ઉત્તમ કાર્ય કર્યું છે."

યશવંતરાવ હોલ્કરનું મરણ થયા પછી તેમના બાળપુત્રને સિંહાસનપર અધિષ્ઠિત કરવામાં આવ્યો અને યશવંતરાવની વિધવા રાણી તુલસીબાઈ સર્વ રાજકાર્ય પોતાના પ્રધાનોની સલાહથી કરવા લાગી. તેણે બ્રિટિશસરકારના રક્ષણ હેઠળ આવવાની પોતાની ઇચ્છા પ્રકટ કરી, જેથી સરકારે આ મામલો કર્નલ ટૉડના હાથમાં સમર્પણ કર્યો. ઈ૦ સ૦ ૧૮૧૭માં આ વિષયપર ચર્ચા થતી હતી, એટલામાં પેશ્વા અને ભોંસલેએ બ્રિટિશસરકારની સાથેની સંધિનો ભંગ કર્યો અને પેશ્વાએ હોલ્કરને પણ પોતાના પક્ષમાં લેવાને માટે તેના દરબારમાં એક દૂત મોકલ્યો. આ હકિકત જાણવામાં આવતાં કર્નલ ટૉડને હોલ્કર વિષે સંદેહ ઉત્પન્ન થયો, જેથી તેમણે સરકારની પણ પરવાનગી લીધા વિના પોતાનાજ જોખમે તુલસીબાઇને કહેવરાવી મોકલ્યું કેઃ—"જો હોલ્કરદરબારને બ્રિટિશસરકારની સાથે યથાર્થ મિત્રતા હોય તો ૩૬ કલાકની અંદર પેશ્વાના દૂતને તમારા રાજ્યમાંથી હાંકી કાઢવો અને બ્રિટિશસરકારની સાથે તમારે મિત્રતા છે એમ સાર્વજનિક રીતે પ્રસિદ્ધ કરવું. જો એમ નહિ કરવામાં આવે તો હોલ્કરને બ્રિટિશસરકારના શત્રુ ગણવામાં આવશે." ૩૬ કલાક વ્યતીત થઇ ગયા પછી કર્નલ ટૉડે પોતાના દૂતને હોલ્કરના દરબારમાંથી બોલાવી લીધો અને સર જૉન માલ્કમને લખી જણાવ્યું કે, મારા અભિપ્રાયપ્રમાણે હોલ્કરની સેનાપર તત્કાળ હુમલો કરવો ઉચિત છે; પરંતુ સર માલ્કમે

તેમ નહિ કરતાં પોતાનું વર્તન કાંઈક નમ્ર રાખ્યું, જેનું પરિણામ એ આવ્યું કે હોલ્કરની સેનાના પિંઢારાઓની સાથે મળી ગયેલા અમલદારોએ બ્રિટિશસરકારની સાથે વિરોધ કરી તુલસીબાઈને મારી નાંખી અને બ્રિટિશસરકારને હોલ્કરની સેના સાથે મોટી લડાઈ કરવી પડી. આ પ્રસંગે પણ લૉર્ડ હેસ્ટિંગ્સે કર્નલ ટૉડે આપેલી સૂચનામાટે તેમનાપ્રત્યે પ્રસન્નતા અને સર માલ્કમપ્રત્યે અપ્રસન્નતા પ્રકટ કરી.

કોટાના મહારાવ ઉમેદસિંહના મુસાહિબ ઝાલા જાલિમસિંહ કર્નલ ટૉડના મિત્ર હતા અને પિંઢારાઓ તથા મરાઠાઓની સાથેના યુદ્ધમાં તેમણે કોટાની સેનાદ્વારા બ્રિટિશસરકારને સહાય કરી હતી, તેથી હોલ્કરની સાથેની લઢાઇ સમાપ્ત થયા પછી કર્નલ ટૉડે સરકારને ડીગ, પંચપહાડ, આહોર અને ગંગરાડ એ ચારપ્રગણાં જાલિમસિંહને આપવા ભલામણ કરવાથી લૉર્ડ હેસ્ટિંગ્સે તે પ્રગણાં કોટા-રાજ્યને અર્પણ કર્યાં.

પિંઢારા અને મરાઠાઓનો ઉપદ્રવ નિવૃત્ત થયા પછી બ્રિટિશસરકારે રાજપૂતાનાનાં રાજ્યોની સાથે સંધિ કરવાનો આરંભ કર્યો અને કર્નલ ટૉડને ઉદયપુર, જોધપુર, કોટા, બુંદી અને જેસલમીરના રાજ્યોના પોલિટિકલ એજંટતરિકે નિયુક્ત કર્યા. ઈ૦ સ૦ ૧૮૧૮ ના ફેબ્રુઆરી માસમાં તેઓ ઉદય-પુરમાં આવ્યા. ઉદયપુરને તેમના સદર મુકામતરિકે નિશ્ચિત કરવામાં આવ્યું હતું. આ સમયે મેવાડની દશા તેમને અગાઉ (ઈ૦ સ૦ ૧૮૦૬) કરતાં વિશેષ ખરાબ જણાઇ. પૂર્વે ભીલવાડામાં ૬૦૦૦ ઘરોની વસ્તી હતી; પરંતુ આ સમયે તેમને ત્યાં એક પણ મનુષ્ય દૃષ્ટિગોચર થયું નહિ. પુષ્કળ માણસો મરાઠાઓના અત્યાચા-રથી પીડિત થઇ મેવાડનો ત્યાગ કરી માળવા, હાડૌતી આદિ પ્રદેશોમાં ચાલ્યાં ગયાં હતાં. રાજ્યની ઉપજ ઘણી ઘટી ગઇ હતી. સરદારોએ ખાલસાભૂમિનાં ઘણાં ગામો દબાવી લીધાં હતાં અને રાજ્યપ્રબંધ શિથિલ થઇ ગયો હતો. આવા સમયમાં મેવાડરાજ્યનું મરાઠાઓના અત્યાચારમાંથી મુક્ત થવું અને બ્રિટિશસરકાર-ના પ્રતિનિધિનું ત્યાં આવવું, એ સૂકાઈ જતા છોડપર જલવૃષ્ટિસમાન થયું.મહારાણા ભીમસિંહજીએ આદર-પૂર્વક કર્નલ ટોડને રામપ્યારીની વાડીમાં મુકામ આપ્યો અને પોતાના સમસ્ત સરદારો તથા ઉમરાવોને બોલાવીને એક દિવસ મોટો દરબાર ભરી, કર્નલ ટોડને આવકાર આપ્યો. તેમા કર્નલ ટોડે ઉભા થઇને જ-ણાવ્યું કે:–"મહારાણાસાહેબ ! જે સરદારો આપની આજ્ઞાથી પ્રતિકૂળ ચાલતા હોય તે મને બતાવો. સરકાર તેમને પૂરેપૂરો દંડ આપવાને તૈયાર છે." મહારાણાએ ઘણી બુદ્ધિપૂર્વક પોતાની મહત્તાને શોભે એવોજ ઉત્તર આપ્યો કે:–"અત્યાર પૂર્વેના સર્વના અપરાધ મેં ક્ષમા કર્યા છે; પરંતુ અત્યારપછી જો કોઈ તેમ કરશે તો તેની ખબર આપને આપવામાં આવશે." મહારાણાના આ ઉત્તરનો સરદારોપર ઘણો પ્રભાવ પડ્યો. તે સમયમાં બ્રિટિશસરકારના વિજય અને ગૌરવની વાતો સાંભળીને મૂર્ખલોકોના મનમાં એવી છાપ પડી ગઇ હતી કે, અંગ્રેજ લોકો જાદુગર છે, તેઓ પોતાના ખીસ્સામાં અતિ પ્રચંડ સેના છુપાવીને લઇ જાય છે અને યુદ્ધમાં કાગળના સિપાઇઓથી કામ લે છે. આ નિર્મૂળ વાતોની અસર એવી થઇ કે, જંગલી લૂંટારાઓનાં ટોળેટોળાં અંગ્રેજનું નામ સાંભળતાંજ થર થર કંપવા લાગ્યાં અને દેશમાં જ્યાં ત્યાં શાંતિ પ્રસરવા લાગી. કર્નલ ટોડ પોતાના ઉત્તમ સ્વભાવથી અલ્પ સમયમાં મહારાણા ભીમસિં-હજીના પૂર્ણ વિશ્વાસપાત્ર અને મુખ્ય સલાહકાર થઇ ગયા હતા. મહારાણાએ તેમની સલાહથી સૂચનાપત્ર મોકલી માળવા, હાડૌતી વગેરે પ્રદેશોમાંથી પોતાની પ્રજાને પાછી બોલાવી લીધી, દાણનો નવીન પ્રબંધ કર્યો, વાણિજ્યકર અલ્પ સમયને માટે માફ કરી ભવિષ્યને માટે તેને અગાઉ કરતાં કમી કર્યો અને તેમના તાબાના સામંતોએ જે ગામો ખાલસાભૂમિમાંથી દબાવી લીધાં હતાં, તે તેમની પાસેથી છોડાવી લીધાં. દેશમાં શાંતિ સ્થાપન થવાથી રાજ્યની ઉપજ એકદમ વધી ગઈ. ત્રણ વરસની અંદર ઉદયપુરનગરની આબાદી ત્રણગણી વધી ગઈ. ઉજ્જડ ગામો પુનઃ વસ્યાં, બહારથી વ્યાપારીઓ આવીને મેવાડમાં વસવા લાગ્યા અને થોડાજ સમયમાં રાજ્યની દશા સર્વથા પરિવર્તિત થઇ ગઇ. ઉદયપુરનો આ ઉદય કર્નલ ટોડને લીધેજ થયો હતો.

ઈ૦ સ૦ ૧૮૧૮ના ઑક્ટોબર માસમાં કર્નલ ટોડ જોધપુર તરફ રવાના થયા અને નાથદ્વારા, કુંભલગઢ, ઘાણેરાવ, નાંદોલ વગેરે સ્થળોમાં થઈ ત્યાં પહોંચી ગયા.

મહારાજા માનસિંહજીએ તેમનો ઘણો સારો આદરસત્કાર કર્યો અને 'વિજયવિલાસ', 'સૂર્ય-પ્રકાશ' તથા 'મારવાડકી ખ્યાત' આદિ જોધપુરરાજ્યના ઇતિહાસસંબંધી છ પુસ્તકો તેમને આપ્યાં.

તેના બદલામાં કર્નલ ટોડે પાછળથી 'ફારસીકી તવારીખ' 'ફિરિસ્તા' તથા 'ખુલાસે ઉત્તવારીખ' નામનાં પુસ્તકોની નકલ કરાવીને મહારાજાની ઉપર તે નકલો મોકલી આપી. જોધપુરથી તેઓ પડિહાર રાજપૂતોની પ્રાચીનરાજધાની મંદોર જોવાને ગયા. તે પછી પુષ્કર, અજમેર આદિ પ્રાચીન સ્થળો જોતા જોતા તેઓ ડિસેમ્બરમાં પાછા ઉદયપુરમાં ગયા. પુષ્કર તથા અજમેરમાંથી તેમણે કેટલાક પ્રાચીન સિક્કા મેળવ્યા હતા.

ઈ૦ સ૦ ૧૮૨૦ ના જાન્યુઆરી માસમાં તેમણે કોટા તરફ પ્રયાણ કર્યું અને ચાર માસપર્યંત ત્યાં રહીને બૂંદીમાં થઈ તેઓ ઑક્ટોબરમાં પાછા ઉદયપુરમાં પહોંચ્યા. આ સમયે કોટામાં જ્વરની બિમારી ભયંકર રીતે પ્રસરી રહી હતી. કર્નલ ટોડના સાથીઓમાંથી ઘણા જણ ત્યાં બિમાર થઈ ગયા અને તેમને પોતાને પણ જ્વર આવવા લાગ્યો તથા તેમની તલ્લી વધી ગઇ. માર્ગમાં જહાજપુરના મુકામે તેમને મકાઇનો રોટલો ખાવાની ઇચ્છા થઇ. તેમણે તેના બે કટકા પણ ખાધા નહિ એટલામાં તેમનું મસ્તક ફરવા લાગ્યું, તેમની જીભ ભારે થઈ ગઇ અને કંઠ રૂંધાઈ ગયો; તે છતાં પણ તેમનું ધૈર્ય તેવું ને તેવુંજ રહ્યું. ડૉક્ટર ડંકને આવી તેમને તત્ક્ષણ ઔષધિ પાઇ, જેથી તેમને જોસભેર વમન થયું અને તેમની પ્રકૃતિ કાંઇક ઠીક થઇ. આ બિમારીનું કારણ મકાઇના રોટલામાં વિષ હોવાનું ડૉક્ટરે ધાર્યું હતું; પરંતુ તેમને તેની વાતપર વિશ્વાસ આવ્યો નહિ. જહાજપુરથી નીકળી તેઓ મંડલગઢમાં આવ્યા. આ સ્થળે તેમની તલ્લી ફુલેલી જોઇને તેમના કોઇ દેશી મિત્રે એવો અભિપ્રાય દર્શાવ્યો કે, જો આપ તલ્લી-પર જળો વળગાડો તો તે બેસી જાય એવો સંભવ છે; તેથી તેમણે પ્રાયઃ ૬૦ જળો તત્ક્ષણ મંગાવી અને તે સ્થળે લગાડી દીધી. આ જળો જે સમયે તેમનું રુધિર પી રહી હતી તે સમયે તેઓ ચારપાઇ (ખાટલા) ઉપર આડા પડીને બ્રાહ્મણો અને પટેલોને તે પ્રદેશની હકિકત પૂછીને તેને કાગળપર ટપકાવી લેતા હતા.

તેઓ ઉદયપુરમાં પાછા ગયા તે સમયે ડૉક્ટર ડંકને તેમના શરીરની નિર્બળતા જોઇ તેમને વિલાયત જવાની સલાહ આપી અને સ્પષ્ટરીતે કહી દીધું કેઃ—" જો આપ આ દેશમાં બીજા ૭ માસ સુધી રહેશો તો અવશ્ય મરણ પામશો." તેમણે પોતાના આરોગ્યને માટે થોડા સમયપછી સ્વદેશમાં જવાનો નિશ્ચય કર્યો હતો; એવામાં તેમના મિત્ર બૂંદીના રાવ રાજા બિશનસિંહનો બિમારીથી અકસ્માત દેહાંત થઈ ગયો. તેઓ મરણશય્યાપરથી એમ કહી ગયા હતા કે, "મારો બાળપુત્ર અને બૂંદીનું રાજ્ય કર્નલ ટૉડને ભરોંસે છે." આ ખબર સાંભળતાંજ કર્નલ ટોડે સર્વ કામ છોડી એક વાર બૂંદી જવાનો નિશ્ચય કર્યો અને તા૦ ૨૪ મી જુલાઇને દિવસે વરસતા વરસાદમાં ઉદયપુરથી રવાના થઈ તેઓ તા૦ ૩૦ મીએ બૂંદીમાં પહોંચ્યા. તેઓ પોતાનો શોક દર્શાવવાને માટે સીધા મહાલયમાં ગયા અને રાવ રાજા રામસિંહજી આદિને ધૈર્ય આપી પોતાના તંબુમાં પાછા આવ્યા. તેઓ હજી પ્રવાસનાં વસ્ત્રો ઉતારવા પણ પામ્યા નહોતા એવામાં રામસિંહજીની માતાએ એક બ્રાહ્મણની સાથે દેશી ભોજન અત્યંત પવિત્રતાપૂર્વક મોકલ્યું, જેદ્વારા તેમણે પોતાની ક્ષુધા શાંત કરી. તે પછી સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદ ૩ ને દિવસે મોટી ધામધૂમસહિત રાવ રાજા રામસિંહજીને રાજતિલક કરવાનો ઉત્સવ થયો; તેમાં કર્નલ ટોડ પણ શામિલ હતા. રાવરાજાની માતાએ કર્નલ ટોડની ઉપર રાખી મોકલીને તેમને પોતાના બંધુ બનાવ્યા. તે પછી થોડા દિવસપર્યંત બૂંદીમાં રહ્યા પછી તેમણે કોટા તરફ પ્રયાણ કર્યું.

મહારાવ ગુમાનસિંહજીના રાજ્યમાં ઝાલાજાલિમસિંહ કોટાના મુસાહિબતરિકે નિયત થયા હતા અને મહારાવ ઉમેદસિંહજીના રાજ્યમાં તેમનો અધિકાર એટલે સુધી વૃદ્ધિંગત થયો કે મહારાવ તો નામમાત્રના રાજા રહ્યા. આ ઉપરાંત બ્રિટિશસરકાર અને મહારાવની વચ્ચે જે સંધિ તારીખ ૨૫મી ડિસેમ્બર ઈ૦સ૦ ૧૮૧૭ને રોજ દિલ્હીમાં થઇ હતી, તેમાં તા ૨૦ મી ફેબ્રુઆરી ઈ૦ સ૦ ૧૮૧૮ ને દિવસે જાલિમસિંહના લાભની એવા આશયની એક શરત ઉમેરવામાં આવી કેઃ—"ઉભય પક્ષ ( બ્રિટિશસરકાર અને મહારાવ) સ્વીકારે છે કે, મહારાવ ઉમેદસિંહની પછી કોટાનું રાજ્ય તેમના જ્યેષ્ઠકુમાર કિશોરસિંહ અને તેમના વંશજોને ક્રમશઃ સદા મળશે અને રાજ્યનાં કામોનો કુલ પ્રબંધ રાજરાણા જાલિમસિંહ તથા તેમની પછી તેમના જ્યેષ્ઠકુંવર માધવસિંહ તથા તેમના વંશજોના હાથમાં ક્રમશઃ સદાને માટે રહેશે." આ શરત કોટારાજ્યને માટે હાનિકારક અને ઝાલાવાડના નવીન રાજ્યના મૂળરૂપ થઇ. આનું મુખ્ય કારણ કર્નલ ટૉડને માનવામાં આવે છે, કારણ કે જાલિમસિંહની સાથે તેમને ઘણી મિત્રતા હોવાથી તેઓ સદા તેમનો ઉદય ચાહતા હતા; પરંતુ પિંઢારાઓ અને મરાઠાઓનો ઉપદ્રવ નિવૃત્ત કર-

વાને માટે જાલિમસિંહની તરફથી જે સહાય બ્રિટિશસરકારને મળી હતી, તેનું આ પ્રત્યક્ષ ફળ હતું. મહારાવ ઉમેદસિંહજીની પછી તેમના પુત્ર મહારાવ કિશોરસિંહનું દબાણ અરુચિકર હોવાથી ઉભયની વચ્ચે વિરોધ વૃદ્ધિંગત થવા લાગ્યો.મહારાવે કર્નલ ટૉડને લખી જણાવ્યુંકેઃ–"જ્યારે બ્રિટિશસરકારે મને રાજ્યનો સ્વામી કર્યો છે,ત્યારે રાજ્યનો સર્વ અધિકાર પણ મારાજ હાથમાં રહેવો જોઇએ;" પરંતુ બ્રિટિશસરકારે સંધિના કરારની વિરુદ્ધ જાલિમસિંહના હાથમાંથી અધિકાર છીનવી લેવાનો પ્રયત્ન કર્યો નહિ. આથી વિરોધાગ્નિ વિશેષ પ્રદીપ્ત થયો, જેને શાંત કરવાને માટે કર્નલ ટૉડને કોટામાં જવું પડયું.

ત્યાં જઇ તેમણે મહારાવને નિવેદન કર્યું કેઃ–"પૃથ્વીસિંહ[1] અને ગોવર્ધનદાસને કાઢી મૂકો, કારણ કે તેઓ આ વિરોધને પ્રદીપ્ત કરનાર છે;" પરંતુ મહારાવે આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો નહિ. કર્નલ ટૉડ અને ઉક્ત ઉભય માણસોની વચ્ચે મહારાવની સન્મુખ એટલે સુધી બોલચાલ વધી ગઈ કે તે ઉભયે પોતાની તલવારપર હાથ નાખ્યો. આથી કર્નલ ટોડે તે ઉભયને બંદીવાન કરવાનો પ્રયત્ન કર્યો. આથી બખેડો વિશેષ વધી ગયો અને જાલિમસિંહે મહારાવના કિલ્લાપર તોપના ગોળા છોડવા માંડયા.

મહારાવ પોતાના પ્રાણુની રક્ષાને માટે કિલ્લો છોડી બૂંદીમાં ચાલ્યા ગયા અને થોડા દિવસપર્યંત ત્યાં વિશ્રામ કરી વૃંદાવનમાં ગયા. ત્યાંથી તેઓ હાડૌતી તરફ પાછા ફરતા હતા તે સમયે માર્ગમાં તેમને પ્રાયઃ ૩૦૦૦ હાડારાજપૂતો જઇ મળ્યા. મહારાવે કર્નલ ટોડપર પત્ર લખી આઠ શરતોનો સ્વીકાર થાય તો ઝઘડો નિવૃત્ત કરવાને જણાવ્યું; પરંતુ કર્નલ ટૉડે તે શરતો કબૂલ કરી નહિ. જાલિમસિંહને લીધે મહારાવની આ દશા થયેલી જોઇ લોકો તેમની નિંદા કરવા લાગ્યા અને ૭૦૦૦ હાડાઓએ પોતાના માલિકને ખાતર પ્રાણાર્પણ કરવાની પ્રતિજ્ઞા કરી.જાલિમસિંહની પાસે કોટાની સમસ્ત ફોજ અને તોપખાનું હતું અને બ્રિટિશસરકારે પણ પોતાની સેના અને તોપખાનું તેમને સહાય કરવાને માટે મોકલી આપ્યું હતું. તા ૧ લી ઑક્ટોબરને દિવસે લડાઇ શરૂ થઈ, જેમાં કર્નલ ટોડ પણ સામિલ હતા. જાલિમસિંહની પાસે ૪૦ તોપો હતી અને મહારાવના પક્ષના હાડારાજપૂતોની પાસે એક પણ તોપ નહોતી; તોપણ હાડાઓ એવી વીરતાપૂર્વક લડીને રણમાં પડયા કે, ખુદ કર્નલ ટોડે પણ પોતાના 'રાજસ્થાન'માં તેમની વીરતાની પરમ પ્રશંસા કરી છે. ત્યાંથી પરાસ્ત થઇને મહારાવ નાથદ્વારામાં જઇ રહ્યા. અંતે કર્નલ ટૉડે મધ્યસ્થ થઇ આ વિરોધ એવી શરતે નિવૃત્ત કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી કેઃ–"મહારાવનો વાર્ષિક ખર્ચ ૧૫૪૦૦૦ રૂપિયા નિયત કરવામાં આવે અને મહારાવના ખાનગી કામમાં મુસાહિબ હસ્તક્ષેપ નહિ કરે તથા તેમનાં રાજ્યસંબંધી કામોમાં મહારાવ હસ્તક્ષેપ નહિ કરે." આ શરતનો સ્વીકાર થયા પછી કર્નલ ટોડે તા. ૧૯ મી ડિસેમ્બરને દિવસે મહારાવને પુનઃ કોટાના સિંહાસનપર અધિષ્ઠિત કર્યા.

કોટાથી કર્નલ ટોડ બાડોલીમાં આવ્યા. આ સ્થળનાં પ્રાચીન જીર્ણશીર્ણ થઇ ગએલાં મંદિરોનાં ઉત્તમ કોતરકામ જોઇને તેનાં ચિત્ર લેવાની ઇચ્છાથી તેઓ ત્યાં થોડાક દિવસપર્યંત થોભી ગયા અને વિ૰ સં૰ ૯૮૧ નો એક શિલાલેખ પણ તેમને ત્યાંથી મળ્યો. બાડોલીથી ભાનપુરા થઇ માલવામાં ધુમ્નારની ગુફા આદિ પ્રાચીન સ્થળો જોતા જોતા તેઓ ઝાલરાપાટણમાં આવ્યા. અહીંઆં ચંદ્રાવતી નગરીનાં ખંડિયેરોમાં તેમને કેટલાક શિલાલેખો પ્રાપ્ત થયા, જેમાંનો સૌથી પ્રાચીન વિ૰ સં૰ ૭૪૬ નો રાજા દુર્ગગણના સમયનો હતો. અહીંઆંથી તેઓ ઉત્તમોત્તમ કોતરકામના અનેક નમુના અર્થાત્ દેવમૂર્તિઓ પોતાની સાથે લઈ ગયા. આ વખતે તેમને કોટાથી થોડા અંતરપર આવેલા કંસવા (કણ્વાશ્રમ) ના મંદિરમાં બ્રાહ્મણરાજા શિવગણના સમયનો વિ૰ સં૰ ૭૯૫નો લેખ પ્રાપ્ત થયો. આ લેખ તેમના ગુરુથી યથાર્થ રીતે વાંચી શકાયો નહોતો. ત્યારપછી તેઓ કોટા અને બૂંદીમાં થઇ બીજોલીમાં પહોંચ્યા. અહીંઆં તેમને રાજપૂતાનાના પ્રાચીન ઇતિહાસને માટે એક પરમ ઉપયોગી લેખ પ્રાપ્ત થયો. આ લેખ ચાહાણરાજા સોમેશ્વરના સમયનો અર્થાત્ વિ૰ સં૰ ૧૨૨૬ નો એક મોટો લેખ હતો. આ લેખ એક પાષાણપર કોતરવામાં આવ્યો છે. ત્યાંથી મેનાલનગરનાં ખંડિયેરો જોતા જોતા તા ૨૪ મી ફેબ્રુઆરી ઇ૰ સ૰ ૧૮૨૨ ને દિવસે તેઓ બેગૂમાં પહોંચ્યા. કર્નલ ટોડ આ સમયે હાથી ઉપર આરૂઢ થયા હતા. બેગૂનો દરવાજો (રાવત કાલામેઘનો બંધાવેલો) એટલો બધો ઉંચો નહોતો કે જેથી હાથી હોદ્દા-

[1] પૃથ્વીસિંહ મહારાવ કિશોરસિંહના બંધુ અને ગોવર્ધનદાસ ઝાલા જાલિમસિંહની રખાતનો પુત્ર હતો.

સહિત સુગમતાથી તેની અંદર જઈ શકે. આથી માવતે દરવાજામાં હાથીને લઈ જવાનું ઉચિત ધાર્યું નહિ; પરતુ કર્નલ ટોડે પહેલાં એક હાથીને અંદર જતો જોઇને માવતની વાતપર લક્ષ્ય નહિ આપતાં તેને તે હાથીને દરવાજામાંથી લઇજવાની આજ્ઞા કરી. ખાઇપરના પૂલપર જતાજ હાથી ભડકી ઉઠયો. માવતે તેને રોકવાનો બહુ પ્રયત્ન કર્યો; પરંતુ તે અટકયો નહિ અને દરવાજા તરફ પણ ગયો નહિ. કર્નલ ટોડે પોતાનું સંરક્ષણ કરવાને માટે ઘણો પ્રયત્ન કર્યો; પરંતુ હોદ્દો તૂટી ગયો તેથી તેઓ પૂલપર પડી ગયા. ત્યાંથી તેમને બેહોશ અવસ્થામાં ઉંચકીને તંબુમાં લઇ જવામાં આવ્યા. બે દિવસ પછી તેમની પ્રકૃતિ સુધરી ત્યારે તેઓ રાવતજીને મળવા ગયા. આ વખતે તેઓ ઉક્ત દરવાજાને તોડી પાડેલો જોઇ અત્યંત દુઃખિત થયા; કારણ કે કોઇ પ્રસિદ્ધ પુરુષનું સ્મરણચિન્હ નષ્ટ થાય એ તેમને અસહ્ય થઈ પડતું. પછી ત્યાંથી ચિતોડ જઈ તેઓ તા. ૮ મી માર્ચને દિવસે ઉદયપુરમાં પહોંચ્યા.

કર્નલ ટોડને સ્વદેશ છોડયે ૨૨ વર્ષ થઈ ચૂકયાં હતાં; જેમાંનાં ૧૮ વર્ષોપર્યંત તેઓ પૃથક્ પૃથક્ પદવીઓપર નિયુક્ત થઇ રાજપૂતોની સાથેનો તેમનો સંબંધ ચાલુ રહ્યો હતો. તેઓ જ્યાં જ્યાં રહ્યા, ત્યાં ત્યાં પોતાની સરલ પ્રકૃતિ અને સૌજન્યથી સર્વપ્રિય બની ગયા હતા. તેમને રાજપૂતાના અને ત્યાંના નિવાસીઓની સાથે એવો સ્નેહ બંધાઇ ગયો હતો કે પોતાનું શેષ આયુષ્ય ત્યાંજ વ્યતીત કરીને રાજપૂતોની વીરભૂમિને પોતાનાં અસ્થિ અર્પણ કરવાની તેમને ઇચ્છા હતી; પરંતુ બે કારણોને લીધે તેમને આ દેશ છોડવાની ફરજ પડી. એક તો તેમની પ્રકૃતિ ઠીક નહિ રહેવાથી ડૉકટરોની સલાહથી તેમને સ્વદેશમાં જવું પડયુ; અને બીજું કારણ એ હતું કે દેશીરાજાઓની સાથે અધિક મેળાપ રાખવાથી બ્રિટિશસરકારને તેમની પ્રમાણિકતાવિષે સંદેહ ઉત્પન્ન થવા લાગ્યો હતો, જેથી અપ્રસન્ન થઇ તેમણે સરકારી નોકરી છોડી દેવાનો સંકલ્પ કર્યો.

જે દિવસે તેમણે રાજપૂતાનામાં પગ મૂકયો, તેજ દિવસથી તેમણે પોતાનો સમય ભાગોલિક શોધમાં વ્યતીત કરવા માંડયો. તેમણે સાહસ અને પોતાના પદરના ખર્ચથી ભૂગોળસંબંધી શોધ કરી સરકારની અને વિદ્વાનવર્ગની જે સેવા કરી છે તેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે. ત્યારપછી તેઓ રાજપૂતાનાના ઇતિહાસનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી ઐતિહાસિક શોધમાં પ્રવૃત્ત થયા. આ કાર્યમાં તેમની અભિરુચિ એટલી પ્રબળ હતી કે તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં વૃદ્ધપુરુષો અને વાકેફગાર માણસોને બોલાવી તેમને ઇતિહાસસંબંધી, ક્ષત્રીઓની વીરતાસંબંધી અને ભિન્ન ભિન્ન જાતિઓની રીતભાત અથવા ધર્મસંબંધી વૃત્તાંત પૂછતા.તેઓ પ્રત્યેક પ્રાચીન મંદિર, મહાલય વગેરે ઇમા-રતોના બંધાવનારનો યથાસાધ્ય પત્તો મેળવતા અને તેઓ યુદ્ધમાં પડેલા વીરનો ચબુતરો જોતા તો તેપરનો લેખ વંચાવી વા તે સંબંધે લોકોને પૂછપરછ કરી તેની હકીકત એકત્ર કરતા. તેઓ પોતાના ગુરુ યતિજ્ઞાનચંદ્રને[1] તથા બીજા એકાદબે પંડિતોને સદા પોતાની સાથે રાખતા હતા. યતિ જ્ઞાનચંદ્ર તેમને માટે સંસ્કૃત લેખો વાંચતા હતા અને તેનો અનુવાદ કરતા હતા. તેઓ જ્યાં વિશ્રામ કરતા ત્યાંનાં સર્વ સ્થળો તેઓ જાતે જોતા અને તેની હકિકત પૂછી ટિપ્પણ કરી લેતા હતા. દૂર દૂરનાં સ્થાનોના પ્રાચીન શિલાલેખોનો પત્તો મેળવવાને માટે તેઓ પોતાના ગુરુને તથા પંડિતોને મોકલી દેતા અને કોઈ વિશેષ મહત્ત્વના લેખની ખબર મળતી તો તેઓ સ્વયં ત્યાં જઇને તેની તપાસ કરતા. જો તે લેખ પોતાની સાથે લેવાયોગ્ય જણાતો તો તેઓ તેને ઉંટપર નખાવી પોતાની સાથે લઇ લેતા. તેઓ સ્થળે સ્થળે ચારણો અને ભાટોને પોતાની પાસે બોલાવતા; તેમના મુખથી ક્ષત્રીઓની વીરતાની વાતો, ગીત, દોહા આદિ પરમ પ્રેમપૂર્વક સાંભળતા; તેમાંથી જે વિશેષ મહત્ત્વના જણાતા તેને લખાવી લેતા અને ભાટચારણોનું સન્માન કરતા. તેઓ જેવા ઇતિહાસપ્રેમી હતા, તેવા

---

૧ કર્નલ ટૉડની સામેનું ચિત્ર તેમના ગુરુ યતિ 'જ્ઞાનચંદ્ર'નું છે. તેઓ જયપુરનિવાસી ' ખરતર ' ગચ્છના યતિ અમરચંદ્રના શિષ્ય હતા. ભાષાકવિતાના ઉત્તમ જ્ઞાતા હોવા ઉપરાંત તેમને સંસ્કૃતનું પણ જ્ઞાન હતું, તેથી ટૉડસાહેબે પરમ સત્કારસહિત તેમને પોતાની સાથે રાખ્યા હતા, જેથી આ ગ્રંથ રચવામાં તેમને ઘણી સહાયતા મળી હતી. ઉદયપુરના મહારાણા ભીમસિંહજીએ તેમને ' માંડલ ' ગ્રામમાંની કેટલીક જમીન અર્પણ કરી હતી, ત્યારથી તેઓ તે ગામમાં રહેવા લાગ્યા. જ્ઞાનચંદ્રના શિષ્ય શિવચંદ્ર હતા અને તેમના શિષ્ય ગણેશચંદ્ર છે, જેઓ વર્તમાન સમયમાં વિદ્યમાન છે. (ગૌ૦ હી૦ ઓઝા)

તેમના એક સંબંધી ચિત્રવિદ્યામાં પરમ નિપુણ હતા. એમનું નામ કેપ્ટન વૉગ(વાઘ) હતું અને તેઓ કર્નલ ટૉડની સાથે રહેતી સરકારી સેનાના સેનાપતિ હતા. તેઓ તેમને માટે પ્રાચીન મંદિરો, મહાલયો, કિલ્લા, મૂર્તિ વગેરે ભારતીય શિલ્પના ઉત્તમોત્તમ નમુનાઓનાં ચિત્ર પરમ દક્ષતાપૂર્વક આલેખતા હતા. કર્નલ ટૉડના 'રાજસ્થાન'ના પહેલીવાર છપાયેલા અંગ્રેજી પુસ્તકમાં જે ઉત્તમોત્તમ ચિત્રો વિદ્યમાન છે, તેમાંનાં અધિકતર ચિત્રો પ્રસ્તુત કેપ્ટન વૉગનીજ કલમનાં છે. કેપ્ટન વૉગસિવાય ઘાસી નામનો એક દેશી ચિત્રકાર પણ તેમની સાથે રહેતો હતો. શિલ્પનાં કેટલાંક ઉત્તમોત્તમ કામોનાં ચિત્રો તેણે તૈયાર કર્યાં હતાં. તેનાં ચિત્રોમાંનાં પણ કેટલાંક 'રાજસ્થાન' માં છપાયાં છે. આ પ્રકારે તેઓ રાજાઓ અને પ્રસિદ્ધ પુરુષોનાં હિંદી ચિત્રો, સંસ્કૃત, અરબી, ફારસી વગેરે ભાષાઓમાં લખાયેલા ઐતિહાસિક તથા અન્યાન્ય વિષયોના ગ્રંથો, પ્રાચીનતામ્રપત્રો તથા સિક્કાઓનો સંગ્રહ કરતા હતા. પ્રાચીન સિક્કાઓને માટે તેમણે મથુરા વગેરે શહેરોમાં પોતાના આડતિયા નિયુક્ત કર્યાં હતા, જેઓ ગ્રીક, શક આદિ પ્રાચીન રાજવંશીઓના સિક્કા એકત્ર કરી તેમની પાસે મોકલી આપતા હતા. જૈનમંદિરોમાંના રાજાઓની પાસેના તથા પ્રતિષ્ઠિત પંડિતોના પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોના સંગ્રહ તેઓ અત્યંત રુચિપૂર્વક જોતા અને તેમાંથી પોતાના ઉપયોગનાં પુસ્તકો લઈ લેતા વા તેમની નકલ કરાવી લેતા. તેમની ગુણ-ગ્રાહકતાને લીધે આવી સામગ્રી સદા તેમની પાસે પહોંચતી રહેતી હતી. મહારાણા ભીમસિંહજીએ ઇતિ-હાસસંબંધી સામગ્રી એકત્રિત કરવામાં કર્નલ ટૉડને ઘણી સહાય કરી અને પોતાની પાસેના સરસ્વતી-ભંડારમાંથી પુરાણ, મહાભારત, રામાયણ, પૃથ્વીરાજરાસા આદિ અનેક ઐતિહાસક પુસ્તકો કઢાવી પંડિતોદ્વારા તેમાંથી સૂર્ય અને ચંદ્રવંશી રાજાઓની વંશાવળી તૈયાર કરાવી આપી. આ અમૂલ્ય સહાય-ના સ્મરણમાં કર્નલ ટૉડે 'રાજસ્થાન' ના પ્રથમ વૉલ્યુમમાં ઉક્ત મહારાણાની સ્વારીનું મનોહર ચિત્ર આપી તેમની સાથેની પોતાની દઢમૈત્રીનો પરિચય કરાવ્યો છે.

આ પ્રકારે પોતાના સતત શ્રમથી કર્નલ ટૉડે સ્વદેશ જવા પૂર્વે પુરાણ, રામાયણ, મહાભારત, રાજપૂતાના અને તેની બહારનાં અનેક રાજ્યો તથા રાજવંશીઓની ખ્યાતો, પૃથ્વીરાજરાસા, ખુમાન-રાસા, હમીરરાસા, રતનરાસા આદિ અનેક રાસાઓ અને વિજયવિલાસ, સૂર્યપ્રકાશ, જગતવિલાસ, જયવિલાસ, રાજપ્રકાશ, રાજપ્રશસ્તિ, નવસાહસાંકચરિત્ર, કુમારપાલચરિત્ર, માનચરિત્ર, હમીરકાવ્ય, રાજાવલી, ઉભય રાજતરંગિણી, જયપુરના મહારાજા જયસિંહજીના આશ્રયથી તૈયાર થયેલો જયસિંહ-કલ્પદ્રુમ નામનો ગ્રંથ તથા તેમની તૈયાર કરાવેલી રાજવંશોની વંશાવલી આદિ કેટલાક ઇતિહાસ-સંબંધી પુસ્તકોનો સંગ્રહ કરી લીધો હતો. મહાકવિ ચંદ બરદાયીકૃત પૃથ્વીરાજરાસાના ૩૦૦૦૦ છંદોનો તેમણે અંગ્રેજીમાં અનુવાદ કર્યો. આ ગ્રંથ તેમને અત્યંત પ્રિય હતો. ઉપર્યુક્ત પુસ્તકોસિવાય કાવ્ય, નાટક, વ્યાકરણ, કોશ, જ્યોતિષ, શિલ્પમાહાત્મ્ય તથા જૈનધર્મસંબંધી અનેક પુસ્તકો તથા અરબી અને ફારસીભાષાનાં કેટલાંક હસ્તલિખિત ઐતિહાસિક પુસ્તકો પણ તેમણે એકઠાં કર્યાં હતાં. વળી તેમણે અનેક પ્રાચીન સ્થળો, રાજાઓ તથા પ્રસિદ્ધ પુરુષોનાં ચિત્રો ચિતોડગઢ, મેનાલ, બીજોલી, ભિંસરોરગઢ, બાડોલી, માંડલગઢ, કુંભલગઢ, આહતપુર, અહાડ, નાંદોલ, કંસવા આદિ અનેક સ્થળોના શિલાલેખો તથા તામ્રપત્રોની નકલો અથવા મૂળ લેખ, અનેક પ્રાચીન મૂર્તિઓ અને પ્રાયઃ ૨૦૦૦૦ પ્રાચીન સિક્કાઓ એકત્રિત કર્યાં હતા. રાજપૂતાનામાં રહીને તેમણે આજ સમૃદ્ધિ મેળવી હતી અને તેનેજ તેઓ પોતાનું જીવન–સર્વસ્વ માનતા હતા.

સ્વદેશ જવાને માટ ઉપડવાનો દિવસ નિયત કરી પંદર દિવસપૂર્વે તેઓ પોતાની આ અમૂલ્ય સમૃદ્ધિ લઈ ડબોકના બંગલાથી ઉદયપુરમાં આવ્યા અને 'સહેલિયોંકિ વાડી'માં તેમણે વિશ્રામ કર્યો. ત્યાં તેઓ પોતાનો સામાન પેક કરાવી રહ્યા હતા, તે સમયે મહારાણા ભીમસિંહજી તેમને રૂખસતની મુલાકાત આપવાને માટ આવ્યા અને કર્નલ ટૉડને કાગળપત્રો તથા શિલાલેખો વગેરેની વચ્ચે બેઠેલા જોઇને તેમને હસવું આવ્યું. તેઓ પોતાની સાથે આવેલા સરદારો તરફ ફરીને બોલ્યાઃ–"મહાશય ટૉડે પાંચ વર્ષપર્યંત મેવાડની સેવા કરી છે અને તેને આપત્તિમાંથી બચાવ્યો છે; પરંતુ જતીવખતે તેઓ આ ભૂમિની એક ચપટી મટોડી પણ પોતાની સાથે લઈ જતા નથી." કર્નલ ટૉડની ઐતિહાસિક સામગ્રી એટલી બધી વધી ગઇ હતી કે, વિલાયત પહોંચતાં તેમને ૭૨ પૌંડ જકાતના આપવા પડ્યા હતા.

તા ૧ લી જુન ઇ૦ સ૦ ૧૮૨૨ ને દિવસે તેમણે સ્વદેશ જવાને માટે ઉદયપુરથી પ્રયાણ કર્યું. તેમણે આ સમયપૂર્વેજ પોતાના ગ્રંથ 'રાજસ્થાન'ની રૂપરેખા તૈયાર કરી મૂકી હતી. તેમને રાજપૂતોના ઇતિહાસનો પૂર્ણ પરિચય હોવાથી મેવાડના મહારાણાનું ગૌરવ તેમના હૃદયપર સારી રીતે અંકિત થઇ ગયું હતું, જેથી તેઓ તેમનો ઇતિહાસ સવિસ્તર લખવાની ઇચ્છા રાખતા હતા. રાણાઓનું રાજ્ય પ્રથમ સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) માં હતું. સૌરાષ્ટ્રની રાજધાની વલ્લભીપુરમાંથી તેઓ મેવાડમાં ગયા હતા. આ કારણથી કર્નલ ટોડે ત્યાં શોધ કરીને ત્યાંનું કાંઇક અધિક વૃત્તાંત પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તે દેશમાં થઇને વિલાયત જવાનો નિશ્ચય કર્યો.

ઉદયપુરથી ગોગૂંદા, બિજાપુર આદિ સ્થાનોમાં થઇ તા૦ ૯ મી જુનને દિવસે તેઓ શિરોહીમાં પહોંચ્યા. ત્યાંના રાવ શિવસિંહજીએ તેમનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું. શિરોહીરાજ્યના સ્વાતંત્ર્યની રક્ષા કર્નલ ટોડેજ કરી હતી. જોધપુરના મહારાજા માનસિંહજીએ બ્રિટિશસરકારની સાથે સંધિ થઇ ગયા પછી શિરોહીરાજ્યને જોધપુરની આધીનતામાં લાવવાનો યત્ન કર્યો અને તે માટે બ્રિટિશસરકારની સાથે પત્રવ્યવહાર કરી તેને જણાવ્યું કે, શિરોહીનું રાજ્ય પ્રથમથીજ જોધપુરરાજ્યને આધીન છે; માટે હમણાં પણ તે તેમજ રહેવું જોઇએ. આ વિષયમાં તેમણે પોતાની તરફથી કેટલાંક પ્રમાણો પણ રજુ કર્યાં. આ કામ કર્નલ ટોડદ્વારા થતું હતું, કારણ કે તે સમયે જોધપુરના પોલિટિકલ એજંટ તેઓજ હતા; પરંતુ તેઓ એટલેસુધી નિષ્પક્ષપાત રહ્યા હતા કે તેમણે પૂરેપૂરી સાબીતીવિના જોધપુરનો દાવો સ્વીકાર્યો નહિ. જોધપુરના વકીલે એમ સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, "મહારાજા અભયસિંહજીના સમયથી શિરોહીના રાજા જોધપુરની સેવા કરતા અને ખંડણી ભરતા આવ્યા છે." પરંતુ કર્નલ ટોડના જેવા ઇતિહાસવેત્તાની આગળ ભૂતકાળની સત્ય વાત શી રીતે ગુપ્ત રહી શકે? તેમણે ઉત્તર આપ્યો કેઃ—"જોધપુરના મહારાજાઓના યુદ્ધમાં શિરોહીની સેના લડી છે અને ગુજરાતનાં યુદ્ધોમાં અભયસિંહજીની સાથે રહીને દેવડાઓએ અસાધારણ વીરતા બતાવી છે, એ વાત સત્ય છે; પરંતુ જોધપુરના ઇતિહાસપરથી પ્રતીત થાય છે કે, તે સમયે અભયસિંહજી જોધપુરના મહારાજા નહોતા; પરંતુ પાદશાહી ફોજના સેનાપતિ હતા અને શિરોહીની સેના પણ પાદશાહીઝુંડાની નીચે રહી લડી હતી." આજ પ્રકારે તેમણે શિરોહીરાજની પાસેથી ખંડણી લેવાનાં પ્રમાણો પણ નિર્મૂળ કરી દીધાં. જોધપુર તરફથી શિરોહીના રાવ ઉદયભાણના હસ્તાક્ષરવાળો એક પત્ર રજુ કરવામાં આવ્યો. જેમાં ઉક્ત રાવે કેટલીક શરતોથી જોધપુરની આધીનતા સ્વીકારી હતી એવો ઉલ્લેખ હતો. જો આ સમયે કોઈ બીજો અંગ્રેજ હોત તો તે જોધપુરનો દાવો યથાર્થ માની લેત; પરંતુ કર્નલ ટોડને તો ઉક્ત પત્રસંબંધી સર્વ હકીકત સારી રીતે વિદિત હતી, તેથી તેમણે સ્પષ્ટરીતે કહ્યું કેઃ—" રાવ ઉદયભાણ ગંગાજી તરફ જતા હતા, ત્યારે જોધપુરવાળાઓએ માર્ગમાં જોરજુલમથી આ પત્ર તેમની પાસે લખાવી લીધો હતો, તેથી દેવડાસરદાર એને રદ્દી કાગળસમાન સમજે છે." આ પ્રકારે જોધપુરવાળાઓનાં સર્વ પ્રમાણો નિર્મૂળ કરી તેમણે તે દાવો રદ કરી દીધો. આથી મહારાજા માનસિંહજી કર્નલ ટોડપ્રત્યે અત્યંત અપ્રસન્ન થયા; પરંતુ કર્નલ ટોડ કેવળ સત્યના પક્ષપાતી હોવાથી તેમણે ઉક્ત મહારાજાની પ્રસન્નતા કે અપ્રસન્નતાની કિંચિત્ પણ સ્પૃહા રાખી નહિ.

તેઓ શિરોહીથી આબુ ગયા, જ્યાં તેમની પૂર્વે કોઈ પણ યૂરોપીઅન ગયો નહોતો. ત્યાં તેમને કેટલાક શિલાલેખો પ્રાપ્ત થયા, જેમાંનો મુખ્ય વિ૦ સં૦ ૧૨૬૫[1] નો, પરમાર રાજા ધારાવર્ષના સમયનો હતો. દેલવાડાગામમાં વિમલશાહ અને વસ્તુપાલ તેજપાલનાં બંધાવેલાં મંદિરોનું નકશીકામ જોઇ તેઓ પરમ પ્રસન્ન થયા અને તેની ઉત્તમતાવિષે તેમણે જે કાંઇ લખ્યું છે, તે આ દેશની શિલ્પવિદ્યાનું મહત્વ પ્રકટ કરે છે. આ મંદિરોનું નકશીકામ કર્નલ ટૉડને કેટલું બધું પસંદ પડયું હતું, તેની પ્રતીતિ નિમ્નલિખિત વાતપરથી ઉત્તમ પ્રકારે થશે. તેઓ વિલાયત ગયા ત્યારપછી મિસિસ વિલિયમ હંટર બ્લેર નામની એક સન્નારી તેમને મળી. આ સ્ત્રી હિંદુસ્થાનનો પ્રવાસ કરીને ત્યાં ગઈ હતી. તેણે પોતાનું તૈયાર કરેલું વસ્તુપાલના મંદિરનું ચિત્ર કર્નલ ટૉડને આપ્યું. આથી કર્નલ ટૉડને એટલો બધો હર્ષ થયો અને તેમણે તે સન્નારીની એટલી બધી કદર કરી કે, તેમણે તેને પોતાનું 'ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા' નામનું

૧ આ લેખ આબુપર્વતપર ઓરિયા ગામની નિકટ કનખલતીર્થના શિવમંદિરમાં વિદ્યમાન છે.

પુસ્તક અર્પણ કર્યું અને તેના પ્રારંભમાં ઉક્ત ચિત્ર આપ્યું. વળી તેમણે તેને જણાવ્યું હતું કેઃ—" તમે માત્ર આબુપર ગયાં છો એટલુંજ નહિ, પરંતુ આબુને ઈંગ્લાંડમાં લાવ્યાં છો. "

આબુથી પરમાર રાજાઓની પ્રસિદ્ધ રાજધાની ચંદ્રાવતી નગરીનાં ખંડિયેરો જોઇને તેઓ પાલનપુર, સિદ્ધપુર, અણહિલપુર, અમદાવાદ, વડોદરા આદિ સ્થાનોમાં થઈ ખંભાતમાં પહોંચ્યા. ત્યાંથી તેઓ સમુદ્રમાર્ગે થઈ સોરાષ્ટ્રના દક્ષિણ તટપર ઘોઘાબંદરમાં ઉતર્યા. ત્યાંથી તેઓ સોરાષ્ટ્રના ગોહિલોની વર્તમાન મુખ્ય રાજધાની ભાવનગરની સમૃદ્ધિ જોઈ શિહોર થઇને વલ્લભીપુરમાં પહોંચ્યા. આ શહેર માટીની નીચે પ્રાયઃ ૭ ફીટસુધી દટાયેલું હતું, તેથી તેમને અત્યંત ખેદ થયો. ત્યાંથી જૈનોના પ્રસિદ્ધ તીર્થ શત્રુંજય આગળથી થઈ તેઓ દેવપાટણ (સોમનાથ)માં ગયા. આ વખતે સોમનાથના પ્રાચીન વૈભવનું નામનિશાન પણ નહોતું. ત્યાંના પ્રાચીન મંદિરનો મસ્જીદના આકારમાં કેટલોક ભાગ છિન્નભિન્ન અવસ્થામાં શેષ રહ્યો હતો. ત્યાંથી એક કોશના અંતરપર આવેલા વેરાવળ નામના સ્થાનના એક નાના મંદિરમાં ગુજરાતના રાજા અર્જુનદેવના સમયનો એક અતિ ઉપયોગી લેખ તેમને પ્રાપ્ત થયો. આ લેખમાં હિજરી સન ૬૬૨, વિક્રમસંવત ૧૩૨૦, વલ્લભી સંવત ૯૪૫ અને સિંહસંવત ૧૫૧ આપવામાં આવ્યો હતો. આ લેખ મળવાથી તેમને સૌરાષ્ટ્રની યાત્રાનો શ્રમ સફળ થયેલો લાગ્યો અને તેઓ વલ્લભી અને સિંહ સંવતના પ્રથમ શોધક તથા નિર્ણયકર્તા ઠર્યા. સોમનાથથી ભ્રમણ કરતા કરતા તેઓ જૂનાગઢમાં પહોંચ્યા. આ સ્થળે 'કોડિયા ખાપરા'ની પ્રસિદ્ધ પ્રાચીન બૌદ્ધગુફાઓના અને ગિરનારના માર્ગની પાસે એક મોટા પાષાણપર અશોકની ધર્માજ્ઞાઓની સાથે ક્ષત્રપવંશના રાજા રુદ્રદામાના[1] તથા ગુપ્તરાજા સ્કંદગુપ્તના[2] પ્રાચીન લેખો તેમણે જોયા; પરંતુ તે સમયે તેમની પાસે આ લેખો વાંચી બતાવનાર કોઇ નહોતું, તેથી તેનો ભાવાર્થ તેઓ જાણી શક્યા નહિ, તેટલા માટે તેમને પરમ ખેદ થયો. ગિરનાર પર્વતપર જૈન અને હિંદુઓનાં મંદિરો અને ચૂડાસમા ( યાદવ ) રાજાઓના મહાલય આદિ જોઇ જેઠવાઓની પ્રાચીન રાજધાની ઘૂમલી આદિ સ્થાનોમાં થઈ તેઓ દ્વારિકાં ગયા, જ્યાંથી તેઓ બેટમાં જઈ સમુદ્રમાર્ગે પ્રયાણ કરી કચ્છરાજ્યના મુખ્ય બંદર માંડવીમાં ઉતર્યા. ત્યાંથી ભૂજમાં જઈ જાડેજાઓના રાજ્યની સમૃદ્ધિ જોઇ અને ત્યાંથી પાછા માંડવીમાં આવી જહાજપર ચઢ્યા અને તા. ૧૪ મી જાન્યુઆરી સને ૧૮૨૩ને રોજ તેઓ મુંબઇમાં પહોંચી ગયા. આ યાત્રામાં પણ તેમણે કેટલાક પ્રાચીન લેખો, સિક્કાઓ, ઐતિહાસિક પુસ્તકો ઇત્યાદિ વસ્તુઓ એકત્રિત કરી હતી. આ યાત્રાનું સવિસ્તર વૃત્તાંત તેમણે પોતાના "ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા" (પશ્ચિમ હિંદુસ્થાનની યાત્રા) નામના મોટા પુસ્તકમાં આપ્યું છે. આ પુસ્તક પ્રત્યેક વિદ્યાનુરાગી તથા ઇતિહાસપ્રેમીને વાંચવાયોગ્ય છે. પ્રાયઃ ત્રણ અઠવાડીઆં સુધી મુંબઇમાં રહીને તેમણે સ્વદેશ તરફ પ્રયાણ કર્યું. જ્યાંસુધી જહાજપરથી તેમને ભારતભૂમિનો કિનારો દેખાયો ત્યાંસુધી તેઓ અનિમિષનેત્રે તે તરફ જોતા રહ્યા. આ અરસામાં તેમના મનમાં આ દેશમાં પુનઃ આવી રાજપૂતોમાં વસી તેમનું હિત કરવાના વિચારો ઘોળાયા કરતા હતા.

કર્નલ ટૉડ ઇંગ્લાંડમાં પહોંચ્યા તેની થોડા દિવસપૂર્વે (ઇ૦ સ૦ ૧૮૨૩ના માર્ચ માસમાં) લંડન શહેરમાં 'રૉયલ એશિયાટિક સોસાયટી' નામની એક સંસ્થા સ્થાપન થઇ હતી. તેઓ ત્યાં પહોંચતાંની સાથેજ વિદ્યાનુરાગથી ઉક્ત સંસ્થાના સભાસદ થયા અને અલ્પ સમયમાં તેમને તેના લાયબ્રેરિયન બનાવવામાં આવ્યા; અને જ્યાંસુધી તેમનું શરીર નીરોગી રહ્યું ત્યાંસુધી તેઓ તે પદપર રહ્યા હતા. ઇ૦ સ૦ ૧૮૨૪માં તેમણે હાંસીહિસારના કિલ્લામાંથી મળેલા ચૌહાણરાજા પૃથ્વીરાજના[3] સમયના વિ૦ સં૦ ૧૨૨૪ માઘ સુદ ૭ના લેખપર ઉક્ત સભાસમક્ષ એક નિબંધ વાંચ્યો, જેથી વિદ્વાનવર્ગમાં તેમની પરમ પ્રશંસા થઇ; કારણ કે તે સમયપર્યંત યૂરોપિયનલોકો રાજપૂતોના ઇતિહાસથી સર્વથા અપરિચિત હતા. ચૌહાણોના સંપૂર્ણ ઇતિહાસની પૂરી સામગ્રી તેમની પાસે નહિ હોવાથી તેમણે ઉક્ત લેખમાંના પૃથ્વીરાજને શાહબુદ્દીન ઘોરીની સામે યુદ્ધ કરનાર પ્રસિદ્ધ પૃથ્વીરાજ માની લીધો અને તેમની આ

1 ક્ષત્રપવંશના રુદ્રદામાનો લેખ શક સંવત ૭૨ (વિ૦ સં૦ ૨૦૭)થી કંઇક પાછળનો છે.

2 સ્કંદગુપ્તનો લેખ ગુપ્ત સંવત ૧૩૮ ( વિ૦ સં૦ ૫૧૪ ) નો છે.

3 આ લેખ શાહબુદ્દીન ઘોરીની સામે યુદ્ધ કરનાર સુપ્રસિદ્ધ પૃથ્વીરાજના સમયનો નહિ; પરંતુ અર્ણોરાજ ( આનાજી, આનલદેવ )ના જ્યેષ્ઠપુત્ર જગદેવના પુત્ર પૃથ્વીરાજના સમયનો છે.

મૂલ આજપર્યંત યૂરોપિયન તથા દેશીશોધકોમાં એકસરખી રીતે ચાલી આવે છે. તેજ વર્ષના જૂન માસમાં તેમણે ઉજ્જનથી મળેલા પરમારરાજાઓના ત્રણ તામ્રપત્રો અને મધુકર ગઢમાંથી મળેલો તેજ વંશનો એક શિલાલેખ ઉક્ત સભાને ભેટ કર્યો અને તે વિષે એક નિબંધ વાંચ્યો, જેથી માળવાના પરમારરાજાઓના પ્રાચીન ઇતિહાસનો ઘણો ભાગ પ્રસિદ્ધિમાં આવ્યો.

કર્નલ ટૉડ તા. ૧ લી મે ઈ૦ સ૦ ૧૮૨૪ ને દિવસે મેજર અને તા૦ ૨ જી જૂન ઇ૦ સ૦ ૧૮૨૬ ને રોજ લેફ્ટેનન્ટ કર્નલ થયા.પોતાની ત્રણ વર્ષની રજા સમાપ્ત થયા પછી તેમણે પોતાના પૂર્વસંકલ્પાનુસાર તા. ૨૮ મી જૂન ઇ૦ સ૦ ૧૮૨૫ ને દિવસે સરકારની સેવાનો પરિત્યાગ કર્યો.[1] તેમના રાજપૂત-મિત્રો નિરંતર તેમના આગમનની પ્રતીક્ષા કરતા હતા; પરંતુ તેમનું શરીરસ્વસ્થ નહિ રહેવાને લીધે તેમને પુનઃ હિંદુસ્થાનમાં આવવાનો વિચાર છોડી દેવો પડ્યો હતો.

તેઓ અહીંઆંથી પોતાનીસાથે જે પ્રાયઃ ૨૦૦૦૦ પ્રાચીન સિક્કાઓ લઇ ગયા હતા તેમાંના કેટલાક ગ્રીક, શક તથા હિંદુરાજાઓના સિક્કાવિષે તેમણે એક નિબંધ લખીતે રૉયલ એશિયાટિક સોસાયટીની સન્મુખ વાંચ્યો, જેની ગણના સર્વોત્તમ નિબંધોમાં થઇ. આ નિબંધથી સમસ્ત યૂરોપખંડના સાક્ષરવર્ગમાં તેમની વિદ્વત્તાની પરમ પ્રશંસા થઇ અને એજ નિબંધ હિંદુસ્થાનમાં રહેતા યૂરોપિયન વિદ્વાનોનો પ્રાચીન સિક્કાઓ એકત્ર કરવાનો શોખ વધારવામાં કારણભૂત થયો, જેથી આ દેશની પ્રાચીન ઇતિહાસસબંધી કેટલીક નવીન વાતો પ્રકાશમાં આવી અને હજી પણ આવતી જાય છે. આ સિક્કાઓમાંથી ગ્રીક અને શક રાજાઓના સિક્કાપર ફ્રેંચ વિદ્વાન એમ૦ ડબ્લ્યુ૦ વાનશીગલે પણ એક નિબંધ તૈયાર કરી પૅરિસ નગરની એશિયાટિક સોસાયટીસન્મુખ વાંચ્યો હતો.

તા. ૧૬ મી નવેમ્બર ઈ૦ સ૦ ૧૮૨૬ ને દિવસે તેમણે ૪૪ વર્ષની વયે લંડન નગરના ડૉક્ટર ક્લટર વકની પુત્રીની સાથે વિવાહ કર્યો અને થોડા દિવસ પછી તેઓ પોતાની તબિયતના સુધારા માટે યૂરોપના દેશોનો પ્રવાસ કરવાને નીકળ્યા. આ યાત્રામાં તેમને સિંધિઆના પ્રસિદ્ધ ફ્રેંચ જનરલ કાઉંટ ડીબાઇનનો મેળાપ થયો હતો. ઉક્ત ફ્રેંચ સેનાપતિની તૈયાર કરેલી સેનાએ ઇ૦ સ૦ ૧૭૯૦ માં મેડતાની લડાઇમા અનેક સહસ્ર રાઠોડોનો નાશ કર્યો હતો. બે દિવસપર્યંત તેઓ ઉક્ત જનરલને ઘેર અતિથિસ્વરૂપે રહી મિલાન તરફ ઉપડી ગયા અને ત્યાં કેટલાક દિવસસુધી રહ્યા. આ સમયે તેઓ દમના વ્યાધિથી પીડાતા હતા; છતાં પણ તેમણે " બાલ્ટિક સમુદ્રના તટપર રહેતી સ, સુડિ, સુઓનીસ, આસિ, યૂટ, જટ તથા ગૉથ વગેરે યૂરોપની પ્રાચીન જાતિઓનું મૂળ સ્થાન એશિયા હતું " એ વિષયપર ફ્રેંચ ભાષામાં એક નિબંધ લખી પૅરિસ નગરની એશિયાટીક સોસાયટીપર મોકલી આપ્યો,જે ઇ૦ સ૦ ૧૮૨૭ ના મે માસના 'જર્નલ એશિયાટિક'માં પ્રસિદ્ધ થયો. ઈ૦ સ૦ ૧૮૨૮ માં 'મેવાડના પર્વોત્સવો' અને 'ઇલોરાની ગુફાઓની કેટલીક મૂર્તિઓપર વિચાર' એ બે નિબંધો તેમણે રૉયલ એશિયાટિક સોસાયટીની સન્મુખ વાંચ્યા હતા.

સ્કૉટલેન્ડના મોંટ્રોઝ નગરની પાસેનું એક સ્થાન ખોદતાં તેમાંથી એક મુદ્રિકા નીકળી હતી. આ મુદ્રિકા કાઉન્ટેસ ઑફ કૅસિલીએ કર્નલ ફિટ્ઝ કલેરન્સ ( અર્લ ઑફ મન્સ્ટ્રૉ ) ને બતાવી. આ મુદ્રિકાને તેમણે હિંદુશૈલીની ધારી તેને કર્નલ ટૉડની ઉપર મોકલી તેમને લખી જણાવ્યું કેઃ-"આપ હિંદુસ્થાનના ઇતિહાસ અને પ્રાચીન વિષયોના મહાન જ્ઞાતા છો; માટે આપ આ મુદ્રિકાસંબંધી આપનો અભિપ્રાય સોસાયટીમાં પ્રકટ કરશો." આ મુદ્રિકા જોઇ કર્નલ ટૉડે ધાર્યું કેઃ-" બે નંદિની ઉપર જલાધારીસહિત શિવલિંગ અને તેની આસપાસ સર્પ વિંટળાયેલો હોવાથી અવસ્ય એ કોઈ શિવભક્તની હશે." ત્યારપછી તેમણે ઇ૦ સ૦ ૧૮૩૦ માં ઉક્ત મુદ્રિકાસંબંધે તથા "ગ્રીસના હર્ક્યુલિસ અને હિંદુસ્થાનના બલદેવની સમાનતા" એ વિષયપર નિબંધો વાંચ્યા હતા.

ઇ૦ સ૦ ૧૮૨૯માં તેમણે રાજપૂતોની કીર્તિના વિજયસ્તંભરૂપ આ વિરાટ "રાજસ્થાન" ગ્રંથનો પ્રથમ ભાગ પોતાના ખર્ચથી છપાવી પ્રતાપી બ્રિટિશરાજ્યના સાર્વભૌમ શ્રીમાન ચતુર્થ જ્યૉર્જને અને ઈ૦ સ૦ ૧૮૩૨માં એનો બીજો ભાગ છપાવી તેને શ્રીમાન ચતુર્થ વિલિયમને અર્પણ કર્યો. આ પુસ્તક

1 કર્નલ ટૉડને મેજરની પદવી તેઓ રજાપર હતા તે અરસામાં મળી હતી અને લેફ્ટેનન્ટ કર્નલની પદવી તેમના સરકારી સેવામાંથી મુક્ત થયાપછી મળેલી કે વર્ષ લખવામાં ભૂલ છે તે અહીં સમજાતુ નથી. (મંત્રી સ૦ સા૦)

પ્રકટ થવાથી યૂરોપ, અમેરિકા અને હિંદુસ્થાનના સાક્ષરવર્ગમાં તેમની પરમ પ્રશંસા થઇ અને તેની સાથેજ રાજપૂતોની કીર્તિ કે જે માત્ર હિંદુસ્થાનમાં સીમાબદ્ધ રહી હતી તે સર્વ ભૂમંડલમાં પ્રસરી ગઇ. આ પુસ્તક પ્રકટ થયાપૂર્વે રાજપૂતાનાના ઇતિહાસનો કોઇપણ ગ્રંથ રચાયો નહોતો અને અત્યાર સુધીમાં પણ રાજપૂતાનાના ઇતિહાસસંબંધી જે કેટલાંક નાનાં મોટાં પુસ્તકો હિંદી, ગુજરાતી, ઉર્દુ, મરાઠી, બંગાલી, અંગ્રેજી આદિ ભાષાઓમાં પ્રકટ થયાં છે તે બહુધા કર્નલ ટૉડના "રાજસ્થાન"ની છાયારૂપ છે. કર્નલ ટૉડ કૃત "રાજસ્થાન" અદ્યાપિ એક પ્રામાણિક ગ્રંથ ગણાય છે. હાલમાં બ્રિટિશ-સરકારની મોટી સહાયતા તથા દેશી અને વિદેશી વિદ્વાનશોધકોના શ્રમથી ભારતવર્ષના પ્રત્યેક ભાગના પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસસંબંધી સામગ્રી અધિકાંશે પ્રસિદ્ધિમાં આવી ચૂકી છે, જેથી ઇતિહાસપ્રણેતાઓ અલ્પ શ્રમથી ઘણું કાર્ય કરી શકે છે; પરંતુ કર્નલ ટૉડે તો પોતાનો અપૂર્વ ગ્રંથ એવા સમયમાં લખ્યો હતો કે, જ્યારે કોઇપણ પ્રકારની સામગ્રી તૈયાર મળવાની સંભાવના નહોતી. તે સમયે 'એશિયાટિક રિસર્ચીસ'ના માત્ર ૧૫ ભાગો છપાયા હતા, જેમાં રાજપૂતાનાના ઇતિહાસમાં ઉપ-યોગી થઇ પડે એવા કેવળ ત્રણ લેખ પ્રસિદ્ધ થયા હતા. આ લેખો દિલ્હીના પ્રસિદ્ધ ફીરોઝશાહના સ્તંભ-પર કોતરવામાં આવ્યા હતા અને તે ચૌહાણરાજા આન્નલદેવ (આનાજી, અર્ણોરાજ)ના દ્વિતીયપુત્ર વીસલદેવના સંબંધમાં હતા; પરંતુ આ લેખો શુદ્ધ રીતે વાંચી નહિ શકાયાથી તે ઉલટા ભ્રાંતિકારક થઇ પડયા હતા. આવી દશામાં તેમણે આ અપૂર્વ ગ્રંથને માટે સમસ્ત સામગ્રી સ્વશ્રમથીજ એકત્રિત કરી હતી અને એમાં જે લેખો, દાનપત્રો વગેરેનો સાર ઉધ્ધૃત કરવામાં આવ્યો છે, તે સર્વના પ્રથમ શોધક પણ કર્નલ ટૉડજ હતા. આજપર્યંત કોઇપણ યૂરોપિયન અથવા દેશીશોધક ઐતિહાસિક સામગ્રી એકત્રિત કરવામાં તેમની બરાબરી કરવાને ભાગ્યશાળી થઇ શકયો નથી; માટે તેમના શ્રમની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી થોડી છે.

તેઓ રાજપૂતાનામાં રહ્યા હતા, તેથી ત્યાંની ભાષા તેમને સારી રીતે અવગત થઇ ગઈ હતી; પરંતુ તેમને સંસ્કૃતનું જ્ઞાન નહિ હોવાથી સંસ્કૃત પુસ્તકો, લેખો અને તામ્રપત્રોનો સારાંશ તૈયાર કરવામાં તેમને પોતાના ગુરુ યતિ જ્ઞાનચંદ્રપર વિશ્વાસ રાખવો પડતો હતો. જ્ઞાનચંદ્ર પ્રાકૃતભાષાની કવિતાના પ્રેમી અને જ્ઞાતા હતા; પરંતુ તેઓ પ્રાચીન લેખો સારી રીતે વાંચી શકતા નહોતા અને તેમનું સંસ્કૃતનું જ્ઞાન પણ સાધારણજ હતું. આથી કર્નલ ટૉડ પોતાની એકત્રિત કરેલી સામ્રગીમાંથી સંસ્કૃત પુસ્તકો તથા લેખો આદિનો અધિક ઉપયોગ કરીશકયા નહોતા અને જે લેખો આદિ જ્ઞાનચંદ્રે વાંચ્યા હતા તેમાં ઘણી અશુદ્ધિઓ રહી ગઇ હતી, જે હજી " રાજસ્થાન " માં જેમની તેમ ઉભી છે. "રાજસ્થાન" ના પ્રથમ ભાગના અંતમાં જે સાત લેખોનો અનુવાદ છપાયો છે તેમાંના ચાર લેખો ઉપલબ્ધ થયા છે. જે પરથી પ્રતીત થાય છે કે, તે લેખો જેટલા પ્રાચીન છે તેટલીજ અશુદ્ધિઓ તેમને વાંચવામાં થઈ છે;તેમાં કંસવા-નો લેખ કે જે સૌથી અધિક પ્રાચીન છે તે યથાર્થ રીતે વાંચી નહિ શકાયાથી તેમાં જાટોનું કાંઇ નામ-નિશાન પણ નહોતું; તે છતાં કર્નલ ટૉડે તેને જાટોનો લેખ ઠેરવી દીધો છે. તેના તેરમા શ્લોકમાં "**वेणिर्णामि तपस्याणी धर्मपत्नी द्विजोद्भवा**" આ શબ્દો કોતરવામાં આવ્યા છે; આમાંનો '**द्विजोद्भवा**' શબ્દ ભૂલથી '**यदुद्भवा**' વંચાયો તેથી જાટોનો રાજપૂતોની સાથે વિવાહસંબંધ કલ્પી જાટોની ગણના રાજપૂતોમાં કરવામાં આવી છે. આવી મોટી ભૂલ ઉક્ત લેખનું શુદ્ધ ભાષાંતર નહિ થયાથી થઇ છે. લેખાદિના શુદ્ધ ભાષાંતરના અભાવને લીધે આ પુસ્તકમાં આવી અનેક અશુદ્ધિઓ થઇ છે. સંસ્કૃતનું જ્ઞાન નહિ હોવાથી તેમણે કેટલાક શબ્દોનો ફાવે તેમ અર્થ કર્યો છે; કેટલાંક પ્રસિદ્ધ સ્થાનોનાં પ્રાચીન નામ કલ્પિત લખ્યાં છે અને રાજપૂતો અને મધ્ય એશિયા તથા યૂરોપની પ્રાચીન જાતિઓના રીતિરિવાજાદિની સમાનતા દર્શાવવામાં ખેંચતાણ કરી છે. વળી દૃષ્ટિદોષથી અને નકલ કરવામાં ભૂલ થવાથી પણ કેટલીક અશુદ્ધિઓ આ ગ્રંથમાં રહી ગઇ છે. કેટલાંક સ્થળોપર તેમણે અનિશ્ચિત દંત-કથાઓને પ્રસિદ્ધ ઐતિહાસિક ઘટના માની લીધી છે અને આ સિવાય પણ કેટલીક બીજી અશુદ્ધિઓ પ્રાપ્ત થાય છે; તે છતાં પણ તેમનું પુસ્તક અપૂર્વ છે અને તેમાં રાજપૂતોપ્રત્યેનો તેમનો સદ્ભાવ એટલે સુધી પ્રકટ થાય છે કે જો કોઇ અપરિચિત મનુષ્ય કર્તાનું નામ જોયા વિના એને વાંચી જાય તો એ કોઈ રાજ-પૂતનું લખેલું છે, એમ તે અવશ્ય ધારી લે! એની ઉત્તમ લેખનશૈલી પણ પાઠકોને મુગ્ધ કરી દે છે.

ઈંગ્લાંડમાં જ્યારે કર્નલ ટૅાડ રહેતા હતા ત્યારે તેમનું સ્વાસ્થ્ય સારૂં નહોતું; તે છતાંપણ તેઓ પોતાનો સમય વિદ્યાનુરાગમાં વ્યતીત કરતા હતા. 'રાજસ્થાન' છપાઇ ગયા પછી તેમણે ચંદબરદાયીના પૃથ્વીરાજરાસાનો અંગ્રેજી અનુવાદ છપાવવાના ઇરાદાથી નમુનાતરીકે ઉક્ત મહાકાવ્યના ૫૦ મા પ્રકરણના 'સંયોગતા નેમ'નો કવિતાબદ્ધ અંગ્રેજી અનુવાદ કરી, યૂરોપિયનવિદ્વાનો હિંદીકાવ્યનો યથાર્થ ભાવ તથા તેની ઉત્તમતા સમજી શકે તે માટે આવશ્યકીય ટિપ્પણીસહિત તેને છપાવી પોતાના મિત્રમંડળમાં વહેંચ્યો, જે તેમને ઘણોજ પસંદ પડયો અને 'એશિયાટિક જર્નલ'ના પચ્ચીસમા ભાગમાં તે બીજીવાર છપાયો. આ કામ પણ ઘણા કાળ અને વ્યયનું હતું, તે છતાંપણ તેઓ તેને પૂર્ણ કરવાને કટિબદ્ધ થયા હતા; પરંતુ તેમનું આકસ્મિક મૃત્યુ થવાથી એ કાર્ય અપૂર્ણજ રહી ગયું.

ઇ૦ સ૦ ૧૮૩૪ના શીતકાળમાં રોમનગરમાં રહી તેમણે 'પશ્ચિમહિંદુસ્થાનની યાત્રા' નામના પોતાના બીજા ગ્રંથનો ઘણો ભાગ લખી કાઢયો અને ઈ૦ સ૦ ૧૮૩૫ ના સપ્ટેમ્બર માસમાં પાછા ફરી પોતાની માતાને મળવાના નિમિત્તથી તેઓ હેમ્પશાયરમાં ગયા, જ્યાં ઉક્ત પુસ્તક તેમણે સમાપ્ત કર્યું. તેમણે લંડન નગરના 'રિજંટ પાર્ક' નામના મહોલ્લામાં એક મકાન ખરીદી લીધું હતું. ત્યા રહીને પોતાનો નવીન ગ્રંથ[1] છપાવવાની ઇચ્છાથી તેઓ નવેમ્બરની ૧૪ મી તારીખે લંડન નગરમાં આવ્યા. તે સમયે તેમનું સ્વાસ્થ્ય સારૂં હતું; પરંતુ એજ દિવસમાં અર્થાત્ તા. ૧૬ મી નવેમ્બર ઇ૦ સ૦ ૧૮૩૫ને દિવસે લૅામ્બર્ડ સ્ટ્રીટના શાહુકાર મેસર્સ રૅાબર્ટ એન્ડ કંપનીના મકાનમાં તેઓ પોતાના લેણદેણનો હિસાબ કરી રહ્યા હતા તે વખતે એકાએક તેમનાપર બિમારીનું આક્રમણ થયું અને ૨૭ કલાકપર્યંત મૂર્ચ્છિત રહ્યા પછી તા. ૧૭મી નવેમ્બરને દિવસે ૫૩ વર્ષની વયે તેઓ પોતાની સ્ત્રી, બે બાળકપુત્રો અને એક પુત્રીને મૂકી આ અસાર સંસારમાંથી પ્રયાણ કરી ગયા.

તેમનું કદ મધ્યમ પંક્તિથી કાંઇક મોટું હતું. તેઓ શરીરે હૃષ્ટપુષ્ટ અને બળવાન, સદા પ્રસન્ન ચિત્તે રહેનાર અને ચહેરાથી પ્રભાવશાળી દેખાતા હતા. હિંદુસ્થાન અને રાજપૂતાનાસંબંધી શાસ્ત્રીય વિષયોપર વાદવિવાદ કરતી વખત તેમની મુખમુદ્રાપર અપૂર્વ ઉલ્લાસ ઝળકી ઉઠતો હતો. તેઓ શોધકવર્ગના અગ્રણી, બહુશ્રુત, યૂરોપ અને એશિયાખંડના ઇતિહાસના મહાપ્રેમી, અસાધારણ વિદ્વાન, વિદ્યારસિક, વીરતાની કદર કરનાર અને ક્ષત્રિયપ્રકૃતિના નિરભિમાન પુરુષ હતા. તેમનો સ્વભાવ ઘણોજ સરળ હતો. તેઓ દેશીઓની સાથે એટલા પ્રેમથી વર્તતા હતા અને એટલા હળીમળીને રહેતા હતા કે, માત્ર થોડાજ સમયમાં તેમણે રાજાથી રંકપર્યંતનાં સર્વ માણસોનાં મન આકર્ષી લીધાં હતાં. તેઓ જ્યાં જ્યાં જતા અથવા વિશ્રામ કરતા ત્યાં ત્યાં લોકોની ઠઠ જામી જતી હતી અને તેઓ પણ તેમની વચ્ચે બેસીને, પરમ પ્રેમપૂર્વક તેમની સર્વની સાથે વાર્તાલાપ કરતા હતા. પ્રવાસમાં તેમની સાથેના ભીલ, મીના, મેર વગેરે લોકો રાત્રિએ અગ્નિ સળગાવી તેની આસપાસ બેસીને શીત નિવારણ કરતા ત્યારે તેઓ પણ તેમની સાથે બેસતા અને તેમના રીતરિવાજાદિવિષે પૂછપરછ કરતા. માર્ગમાં જો તેઓ કોઇ દુઃખિયારાને જોતા તો તેને સુખદુઃખનું વૃત્તાંત પૂછી સહાય કરતા. તેઓ અધિક વખત મેવાડમાં રહ્યા હતા, ત્યાં તેઓ એટલા બધા લોકપ્રિય બની ગયા હતા કે જ્યારે તેઓ કોઇ ગામમાં જતા, ત્યારે લોકોનાં ઝુંડનાં ઝુંડ તેમનો સત્કાર કરવાને આવતાં અને કેટલાંક ગામોમાં તો દેશીરિવાજ પ્રમાણે સ્ત્રીઓ ગીત ગાતી ગાતી તેમનો સત્કાર કરતી હતી. આ પ્રેમપૂર્ણ સન્માનથી કર્નલ ટૅાડ એટલા પ્રસન્ન થઈ ગયા હતા કે તેમણે તે સંબંધે કેટલેક સ્થળે આદરસહિત વર્ણન કર્યું છે. પાદરી હૅબર કર્નલ ટૅાડ ઈંગ્લાંડમાં ગયા પછી રાજપૂતાનામાં આવ્યા હતા. તેઓ લખે છે કેઃ—" અહીંઆંના લોકો કર્નલ ટૅાડને અત્યંત સંભારતા હતા અને તેઓ કયારે પાછા ફરશે તે વિષે મને પ્રશ્ન કરતા હતા. જ્યારે હું તેમને કહેતો કે, હવે કર્નલ ટૅાડ આ દેશમાં આવે એવો સંભવ નથી, ત્યારે તેમને ઘણો ખેદ થતો હતો."

કર્નલ ટૅાડને પોતાની પ્રસિદ્ધિની લેશ પણ તૃષ્ણા નહોતી. પિંઢારાઓની સાથેના યુદ્ધમાંથી તેમને જે અસબાબ હસ્તગત થયો હતો, તેના મૂલ્યથી કોટાથી છ માઇલના અંતરપર ચંદ્રભાગાનદીપર પૂલ બંધાવવાનો નિશ્ચય કરવામાં આવ્યો. લોકોની ઇચ્છા તે પૂલનું નામ "કર્નલ ટૅાડનો પૂલ" એવું રાખ-

[1] કર્નલ ટૅાડનો નવીન ગ્રંથ " ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઈન્ડિયા" ( પશ્ચિમ હિંદુસ્થાનની યાત્રા ) તેમના દેહાંત પછી ઈ૦ સ૦ ૧૮૩૯માં છપાયો હતો.

વાની હતી; પરંતુ તેમણે આ વાતનો સ્વીકાર નહિ કરી તેનું નામ "હૅસ્ટિંગ્સ બ્રિજ" રાખ્યું. નવાબ જમશેદખાંના[1] અત્યાચારથી ભીલવાડા ઉજ્જડ થઇ ગયું હતું; પરંતુ કર્નલ ટૅાડે મેવાડમાં આવ્યા પછી મહારાણા ભીમસિંહજીને ભલામણ કરી ત્યાં પાછા આવનાર વ્યાપારીઓને અલ્પ સમયપર્યંત વાણિજ્ય-કરમાંથી મુક્ત કરાવી તેમને હરેક પ્રકારે સગવડ કરી આપી અને ઉક્ત શહેર પુનઃ વસાવ્યું. જ્યારે તેઓ બીજી વખત ત્યાં ગયા, ત્યારે ત્યાંના લોકોએ તેમને પરમ સન્માન આપ્યું અને ભીલવાડાનું નામ "ટૅાડ ગંજ" રાખવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી; પરંતુ તેમણે તેનો અસ્વીકાર કરી જણાવ્યું કેઃ-" આ નગરનો પુનરુદ્ધાર કેવળ મહારાણાસાહેબની કૃપાથી થયો છે." ઇ૦ સ૦ ૧૮૧૮ માં જ્યારે અજમેરપર બ્રિટિશસરકારનો અધિકાર સ્થાપિત થયો, ત્યારે સરકારતરફથી મહાશય વીલ્ડરને તે પ્રાંતનો પ્રબંધ કરવાને અને લૂંટારાઓનો નાશ કરવાને નિયત કરવામાં આવ્યા. આ અવસરે મેવાડ અને મારવાડના રાજાઓએ પણ અજમેર અને મેરવાડાનાં પોતાનાં રાજ્યોમાં આવેલા ઇલાકાઓમાં સારો પ્રબંધ રાખી અંગ્રેજસરકારને સહાય આપવાનો સ્વીકાર કર્યો હતો. આ કામને માટે મેવાડ તરફથી કર્નલ ટૅાડે મેવાડને લગતા મેરવાડાપ્રદેશમાં જઇ ત્યાં એક ગઢ બંધાવી ફોજ રાખી હતી. પાછળથી આ ગઢનું નામ ટાડગઢ (ટૅાડગઢ) પડયું અને તે તેમનું એક ચિરસ્થાયી સ્મારકચિન્હ બની ગયું.

પાઠકોને આશ્ચર્ય લાગશે કે, આવા શોધક, રાજનીતિજ્ઞ અને વીરપુરુષને સરકારની તરફથી કોઇ ખિતાબ શામાટે મળ્યો નહિ ? પરંતુ વાસ્તવમાં તે સમયે આજની પેઠે ખિતાબોનો સુકાળ નહોતો. વળી તેમની અધિક પ્રસિદ્ધિ તેમનાં અપૂર્વ પુસ્તકોથી થઇ હતી અને તેમની પ્રસિદ્ધ થયા પૂર્વે તેમણે સરકારી નોકરી છોડી દીધી હતી; તે છતાં પણ હિંદના ગવર્નરજનરલે તથા હિંદુસ્તાનનો પ્રબંધ કરનાર 'કૅાર્ટ ઑાફ ડાયરેક્ટર્સ' નામની સભાએ પ્રસંગોપાત તેમની ઘણી પ્રશંસા કરી હતી; એટલુંજ નહિ પણ હિંદુસ્તાનના પ્રબંધસંબંધી વિચાર કરતી વખત કર્નલ ટૅાડને પશ્ચિમ હિંદુસ્તાનનો અપૂર્વ અનુભવ હોવાથી પાર્લામેન્ટે તેમની સલાહ માગી હતી, જેથી તેમણે એક ઉત્તમ નિબંધ લખી મોકલ્યો હતો. આ નિબંધ પાર્લામેન્ટની કમિટિના રિપોર્ટમાં છપાયો છે.

દેશીઓના રીતરિવાજો તથા ધર્મસંબંધી વિચારોની વિરુદ્ધ તેઓ કદિ કોઇ પણ કામ કરતા નાહ. જો કદિ ધર્મસ્થાનોમાં તેઓ જતા તો સદા ત્યાંના લોકોને પ્રસન્ન રાખવાને પ્રયત્ન કરતા હતા. જ્યારે તેઓ નાથદ્વારા અને કાંકરોલીમાં ગયા હતા, ત્યારે ત્યાંના મુખીઆ તેમનેવાસ્તે ઠાકોરજીનો પ્રસાદ લાવ્યા હતા. આ પ્રસાદ તેમણે પરમ પ્રસન્નતાથી આરોગી ત્યાં જીવહિંસા કરી નહોતી; એટલુંજ નહિ પરંતુ ભવિષ્યમાં પણ કોઇ યૂરોપીઅન ત્યાં હિંસા કરે નહિ એટલા માટે તેમણે પરવાના લખી આપ્યા હતા. તેઓ નાથદ્વારાથી આગળ ગયા ત્યારે તેમના ભોજનને માટે મોરનો શિકાર કરવામાં આવ્યો. આ વખતે તેમણે મોરનાં પીછાં એવા હેતુથી રેતીમાં દટાવી દીધાં હતાં કે તેને જોઇને કોઇ ધર્મનિષ્ઠ હિંદુયાત્રાળુનું દિલ દુઃખાય નહિ. તેઓ એક દિવસ કોટાની પાસેના એક તળાવમાં મત્સ્ય પકડતા હતા; એટલામાં એક માણસે આવીને તેમને કહ્યું કે, અહીંઆં મત્સ્ય પકડવાની મનાઇ છે. આ શબ્દ સાંભળતાંજ તેમણે તે કાર્ય બંધ કર્યું.

તેઓ રાજપૂતોના વીરતાદિ સદ્‌ગુણોની યોગ્ય પ્રશંસા કરતા હતા; તે છતાં પણ તેમનું એકથી અધિક સ્ત્રી સાથે લગ્ન કરવું, અફીણના બૂરા છંદમાં ફસાઇ આલસ્યમાં લીન થવું આદિ દુર્ગુણોની અનિષ્ટતા દર્શાવી તેમાંથી બચવા માટે તેમને સદા ઉપદેશ આપતા હતા.

પાઠકગણ ! ઉપર જણાવ્યા પ્રમાણે કાળ રૂપી વિકાળ ચક્રે કર્નલ ટૅાડના જેવા પુરુષાર્થી, વિદ્યાનુરાગી તથા સર્વપ્રિય પુરુષના જીવનનો તાંતણો તોડી નાખ્યો અને તેમની એકત્રિત કરેલી ઇતિહાસસંબંધી સર્વ સામગ્રી રૅાયલ એશિયાટિક સોસાયટીને સમર્પણ થઇ. જો આવા મહાપુરુષનું સવિસ્તર જીવન-ચરિત્ર લખવામાં આવે તો એક મોટું પુસ્તક ભરાય; તથાપિ આ થોડાં પૃષ્ઠોમાં તેમના જીવનનાં જે મુખ્ય મુખ્ય કાર્યો સંક્ષેપમાં દર્શાવ્યાં છે, તે પરથી સ્પષ્ટરીતે પ્રતીત થાય છે કે સત્તર વર્ષની કિશોર વયથીજ તેમણે સંસારરૂપી વિષમ સમુદ્રમાં પ્રવેશ કરી તેના પ્રચંડ તરંગોના અનેક ધક્કા સહન કર્યા

૧ જમશેદખાં ટૅાંકના રાજ્યની સ્થાપના કરનાર નવાબ અમીરખાંનો અમલદાર અને જમાવા હતો.

છતાં પણ પૂર્ણ સાહસ અને અથાગ પરિશ્રમપૂર્વક ૩૬ વર્ષના અલ્પ કાળમાં પોતાની કર્તવ્યરૂપી નૌકાને ઉત્તમ પ્રકારે પાર પહોંચાડી હતી. તેમને જીવનના પ્રત્યેક વિભાગમાં યશ અને પ્રતિષ્ઠાએ સાથ દીધો હતો.

તેમણે જલ અને સ્થલ એ ઉભય પ્રકારની સૈનિકશિક્ષામાં પૂર્ણ અનુભવ પ્રાપ્ત કર્યો હતો અને સિંધ, રાજપૂતાના તથા મધ્યહિંદુસ્તાનના પ્રદેશોનું પૃથક્કરણ કરી તેના યથાર્થ નકશા તૈયાર કરી સ્વદેશની ભારે સેવા કરી હતી. વાસ્તવમાં તેમણે પોતાની પાછળ આવનાર પોતાના દેશીબાંધવોને માટે ઉક્ત પ્રદેશોનાં દ્વાર ખોલી દઇને તેમાં પ્રવેશ કરવાનો માર્ગ સુગમ બનાવી દીધો હતો. રણક્ષેત્રમાં પણ તેમણે અસાધારણ વીરતા અને બુદ્ધિ પ્રકટ કરી હતી અને તેમની સાથે રાજનૈતિક તથા રાજ્યવ્યવસ્થાનાં કાર્યોમાં પણ એવી ચતુરતા દાખવી હતી કે, તેમની રાજનીતિજાળના ફંદામાં ફસાઇને દેશના શત્રુઓ આપોઆપ નાશ પામ્યા હતા. કર્નલ ટૉડનો સમય વર્તમાનસમયથી અત્યંત ભિન્ન હતો; તે છતાં પણ તેઓ મનુષ્યમાત્રપ્રત્યેની દયા અને પ્રતિનાં શુદ્ધ આચરણથી ઇતર દેશવાસીઓના પરમપ્રિય મિત્ર થઇ પડયા હતા. યુદ્ધવૃત્તિના ક્ષત્રિયવીરોના તો તેઓ મહા શુભચિંતક હતા. ભારતના ક્ષત્રિયોનો પુરુષાર્થ અને કીર્તિ કે જે પૂર્વે અંધકારમાં લીન થઈ હતી, તેને તેઓ પોતાના મહાન શ્રમથી પ્રકાશમાં લાવ્યા અને તેમના યશનો પ્રવાહ તેમણે સમસ્ત જગતમાં રેલાવી દીધો. આ દેશના રાજપૂતોના યથાસાધ્ય શુદ્ધ ઇતિહાસના પ્રથમ લેખક કર્નલ ટૉડજ હતા. તેમણે પોતાના મહાન ઉદ્યોગથી ભારતવાસીઓને પોતાના દેશના ઇતિહાસનું જ્ઞાન સંપાદન કરવામાં સહાય આપી; એટલુંજ નહિ પરંતુ યૂરોપિયનોની રુચિ પણ આ દેશમાં આકર્ષી ભવિષ્યમાં આ અપૂર્ણ ભંડારને પૂર્ણ કરવાનો માર્ગ ખોલી દીધો. આ પરિસ્થિતિમાં જો કર્નલ ટૉડને ભારતસંબંધી ઇતિહાસના પિતા કહેવામાં આવે તો તે અનુચિત નથી.

રાજભક્ત, દેશભક્ત તથા પ્રસિદ્ધ પુરુષોનાં સ્મારકચિન્હો તેમની પ્રતિમા આદિદ્વારા જાળવી રાખવામાં આવે છે. જો કે કર્નલ ટૉડના જેવા ન્યાયશીલ, વિદ્વાન, બુદ્ધિમાન તથા ક્ષત્રિયોના પરમ-હિતૈષી મહાશયનું એવું કોઈ સ્મારકચિન્હ નહિ હોવાથી લોકોને તેમનું સ્મરણ કરાવનાર કોઈ સાધન રહ્યું નથી; તથાપિ તેમનો " રાજસ્થાન " ગ્રંથ એવો અપૂર્વ છે કે તે તેમનું નામ અમર કરનાર અચળ સાધન છે.



# महोदय टॉड प्रणीतभूमिका

ભારતવર્ષનો ઇતિહાસ સર્વાંગસંપૂર્ણ પ્રાપ્ત નહિ થવાથી યૂરોપમાં અત્યંત નિરાશા પ્રસરી હતી. સૌથી પ્રથમ જ્યારે સર વિલિયમ જૉન્સે સંસ્કૃત સાહિત્યની મહા ખાણનાં પડ ઉકેલવા માંડ્યાં ત્યારે ભારતવર્ષનો ઘણો ઇતિહાસ પ્રાપ્ત થશે એવી આશા રાખવામાં આવી હતી; પરંતુ અદ્યાપિ એ આશા પૂર્ણ ન થતાં તેનું સ્થાન નિરાશાએ લીધું છે અને ભારતવર્ષનો ઇતિહાસ શોધવામાં વિદ્વાનોમાં ઉત્સાહને બદલે ઉદાસિનતા જણાઇ છે. ઘણા લોકો તો દઢતાપૂર્વક માને છે કે, ભારતવર્ષનો જાતીય ઇતિહાસ છેજ નહિ; પરંતુ અમે આ માન્યતાની વિરુદ્ધમાં એક ફ્રેંચ વિદ્વાનના શબ્દો મૂકીશું. તે ચાતુર્યપૂર્વક પ્રશ્ન કરે છે કેઃ—"ભારતમાં ઇતિહાસ નથી તો પછી હિંદુઓનો પ્રાચીન ઇતિહાસ લખવાને માટે અબુલફઝલે સામગ્રી ક્યાંથી પ્રાપ્ત કરી હતી"? વળી મહાશય વિલ્સને કાશ્મીરના રાજતરંગિણી નામના ઇતિહાસનો અનુવાદ કરીને આ પ્રશ્નનો ઉત્તર અધિકાંશે આપી દીધો છે. રાજતરંગિણી વાંચવાથી સિદ્ધ થાય છે કે, નિયમબદ્ધ ઇતિહાસ લખવાની પરિપાટી હિંદુસ્થાનમાં નહોતી એવું કાંઈ નથી. વળી ભારતવર્ષમાં કોઈ સમયે વર્તમાન સમય કરતાં પણ અધિક ઐતિહાસિક પુસ્તકો પ્રાપ્ત થતાં હતાં, એ વાતનાં અનેક સંતોષદાયક પ્રમાણો ઉપલબ્ધ થાય છે. જો વિશેષ પ્રયત્ન કરવામાં આવે તો અધિક ઐતિહાસિક સામગ્રી મળવાનો સંભવ છે. જો કે કોલબ્રુક, વિલ્કિન્સ, વિલ્સન વગેરે વિદ્વાનોએ આ દેશના પ્રાચીન સાહિત્યનો અભ્યાસ કરી તેના વિદ્યાભંડારનાં ગુપ્ત રત્નોનો પ્રકાશ યૂરોપમાં પ્રસરાવી દીધો છે, છતાં એટલું કરીને પણ તે વિદ્વાનો ભારતવર્ષના ઇતિહાસરૂપી મહાલયના દ્વારસુધીજ પહોંચવા સિવાય અધિક કશું કરી શક્યા નથી અને એટલા માટેજ અમારે શોકસહિત સ્વીકારવું પડે છે કે, ભારતવર્ષનો ઇતિહાસ શાસ્ત્રીય પદ્ધતિથી હજી લખાયો નથી. ભારતવર્ષના ભિન્નભિન્ન ભાગોમાં મોટાં મોટાં પુસ્તકાલયો મુસલમાનોના સંહારક હસ્તથી બચવા પામ્યાં છે. જેસલમીર અને પાટણના ગ્રંથભંડાર, એ ઉભય સ્થાનોપર અલ્લાઉદ્દીને આક્રમણ કરી તેમને જીતી લેવા છતાં અદ્યાપિ સુરક્ષિત સ્થિતિમાં છે. ઉમરે સિકંદરીઆના[1] પુસ્તકાલયપ્રત્યે જે પ્રકારનું વર્તન કર્યું હતું, તેવું વર્તન જો અલ્લાઉદ્દીન ઉક્ત સ્થાનપરનાં પુસ્તકાલયોપ્રત્યે કરત તો આજે આપણે ઘણો અમૂલ્ય સાહિત્યથી વંચિત રહ્યા હોત. ભારતવર્ષમાં ઉક્ત ઉભય સ્થળોસિવાય મધ્યપ્રાંત અને પશ્ચિમ પ્રદેશમાં બીજાં અનેક નાનાં નાનાં પ્રાચીન પુસ્તકાલયો વિદ્યમાન છે. આ પુસ્તકાલયોમાં સહસ્રાવધિ

---

૧ ખલીફા ઉમરના સેનાપતિ અમ્ર ઇબ્નુલ આસે ઇ૦ સ૦ ૬૪૦માં મિસરનું પ્રસિદ્ધ નગર એલેકઝાંડ્રિયા જીતી લીધું તે સમયે તેણે ત્યાંનું પ્રસિદ્ધ પુસ્તકાલય કે જેમાં અનેક રાજ્યોનાં એકત્રિત કરેલાં લાખો પુસ્તકો હતાં, તે ખલીફાની આજ્ઞાથી બાળીને ભસ્મીભૂત કરી દીધું હતું. જો કે આ સંબંધે કેટલાક યૂરોપિયન વિદ્વાનો સંદેહ કરે છે, પરંતુ મુસલમાનોના ઈતિહાસમાંથી આ વાતની સત્યતાવિષે કાંઇપણ શંકા લાવવાનું કારણ મળી શકતું નથી. 'નાસિખુત્તવારિખ' માં એનો હેવાલ યાહિયા નામના વિદ્વાનના વૃત્તાંતમાં વિસ્તારપૂર્વક આપવામાં આવ્યો છે, જેણે અમ્ર ઇબ્નુલ આસને ઉક્ત પુસ્તકાલયપર હસ્તક્ષેપ નહિ કરવાની પ્રાર્થના કરી હતી અને અમ્રે તેની પ્રાર્થનાપરથી ખલીફા ઉમરને લખ્યું હતું; પરંતુ ખલીફાએ એવો ઉત્તર આપ્યો કે, જો એ કિતાબોમાં જે કાંઈ લખેલું છે તે કુરાન પ્રમાણે હોય તો આપણને આ અનેક ભાષાના અસંખ્ય અનુવાદોની કાંઇ આવશ્યકતા નથી, કુરાનજ બસ છે; અને જો એનો આશય કુરાનની વિરુદ્ધ હોય તો એ ઘણી ખરાબ વાત છે, માટે સર્વને નાશ કરી નાખો. ખલીફાની આ આજ્ઞા પ્રાપ્ત થતાં અમ્રે તે પુસ્તકોને એલેકઝાંડ્રિયાના હમામખાનામાં મોકલી પાણી ગરમ કરવામાં બળતણતરીકે બાળી નખાવ્યાં. આ પુસ્તકોનો સંગ્રહ એટલો મોટો હતો કે છ માસપર્યંત તે દ્વારા પાણી ગરમ થઇ રહ્યું હતું. (ગો. હી. ઓઝા)

ગ્રંથો છે. આ પુસ્તકાલયોમાં કેટલાંક દેશીરાજાઓની તથા કેટલાંક જૈનલોકોની માલિકીનાં છે.[1]

જો આપણે મહમૂદ ગઝનવીએ હિંદુસ્તાનપર કરેલાં આક્રમણથી પ્રારંભ કરીને ભારતવર્ષમાં આજપર્યંત થયેલાં રાજ્યપરિવર્તનો તથા ધર્મવિપ્લવો વગેરે બાબતો લક્ષમાં લઇએ તો આપણને આ દેશના જાતીય ઇતિહાસની ત્રુટિનાં કારણો સુવિદિત થઇ જશે. જે વિષયને સર્વ લોકો ઉન્નતિનું મુખ્ય સાધન માને છે, તે પ્રતિ ભારતવાસીઓનું દુર્લક્ષ્ય હોય એ વાત અમે માની શકતા નથી. સદ્‌વિદ્યાના મહાન પ્રચારક, શિલ્પ, સંગીત વગેરે કલાઓનું અન્ય પ્રજાઓને શિક્ષણ આપનાર તથા પ્રત્યેક જાતિને માટે ઉત્તમોત્તમ નિયમો બાંધનાર હિંદુલોકો, પોતાના રાજામહારાજાઓના આચારવિચાર તથા રાજ્યશાસનનાં કાર્યો લખવાની પ્રણાલી કિંચિત્ પણ ન જાણતા હોય અને જે દેશમાં અત્યંત અદ્‌ભુત બુદ્ધિમત્તાનાં ચિન્હો દૃષ્ટિગોચર થાય છે તે દેશમાં મહાન પુરુષોનાં મહાન્ કાર્યો લખવાની પરિપાટી ન હોય, એ વાત જરાપણ માની શકાય તેવી નથી. હસ્તિનાપુર, અણુહિલપુર તથા ઇંદ્રપ્રસ્થ જેવાં નગરોનાં ખંડિયેરો, ચિતોડ અને દિલ્હીના વિજયસ્તંભો, ગિરનાર તથા આબુપર્વતપર આવેલાં મંદિરો જેવાં મંદિરો તથા એલીફન્ટા અને ઇલોરાની ગુફાઓ એ સર્વ ભારતવર્ષના ઇતિહાસનાં પ્રત્યક્ષ પ્રમાણો છે; માટે આવી ઉત્તમ કારીગરીના સમયમાં કોઇ પણ ઇતિહાસપ્રણેતા ભારતવર્ષમાં વિદ્યમાન નહોતો એ વાત અમે માની શકતા નથી. આર્યાવર્તમાં ઇતિહાસવેત્તાઓ હતા એ વાત સંપૂર્ણ રીતે સત્ય છે, તોપણ મહાભારતના યુદ્ધથી લઇને સિકંદરના આક્રમણસુધીનો અને ત્યારથી મહમૂદ ગઝનવીના સમયસુધીનો કાંઇ પણ ઇતિહાસ ઉપલબ્ધ થતો નથી. દિલ્હીના અંતિમ હિંદુરાજાનો અદ્‌ભુત પરાક્રમથી ભરેલો ઇતિહાસ કે જે તેમના કવિ ચંદે લખ્યો હતો, તે વાંચવાથી આપણને વિદિત થાય છે કે, મહમૂદ અને શાહબુદ્દીનના સમય (ઇ૦ સ૦ ૧૦૦૦–૧૧૯૩) પૂર્વે ભારતવર્ષમાં ઐતિહાસિક ગ્રંથો વિદ્યમાન હોવા જોઇએ અને યવનરાજાઓએ તેમનો નાશ કર્યો હોવો જોઇએ.

આઠસો વર્ષપર્યંત હિંદુઓના સાહિત્યની પ્રધાનભાષા (સંસ્કૃત) થી સર્વથા અજ્ઞાત એવા પરધર્મી વિજેતાઓની અત્યંત દુઃખદાયક આધીનતામાં રહ્યા પછી અને પ્રાયઃ પ્રત્યેક રાજધાની અનેકવાર અસભ્ય, ક્રૂર અને અત્યંત ક્રુદ્ધ શત્રુઓદ્વારા લૂંટાઇ અને પાયમાલ થઇ ચૂકી હતી, એવી અવસ્થામાં દેશના સાહિત્યને અન્ય ઉપયોગી વસ્તુઓની સાથે અતિ ભારે હાનિ નહિ પહોંચી હોય એવી આશા કદાપિ રાખી શકાતી નથી. રાજસ્થાનના ઇતિહાસની અપૂર્ણ દશાપર કરેલી મારી ટીકાનો યથાર્થ ઉત્તર નિમ્નોક્ત વચનોમાં અનેક વાર મળ્યો છેઃ—"જ્યારે અમારા રાજામહારાજાઓને રાજધાની છોડીને એક દુર્ગથી બીજા દુર્ગમાં નાસવું પડતું અને પ્રાયઃ તેમને પર્વતગુફામાં નિવાસ કરવો પડતો હતો તથા સામે પીરસેલી થાળી પણ છોડવી પડશે એવી શંકા રહેતી હતી, તે સમય શું એવો હતો કે ઐતિહાસિક ઘટનાઓ લેખબદ્ધ કરવાનો વિચાર કરવામાં આવે ? "

---

૧ જૈનલોકોનાં કેટલાંક પુસ્તકો મારી પાસે હતાં, તે પાંચથી આઠ શતાબ્દીપૂર્વે લખાયેલાં હતાં. આ પુસ્તકો મને જેસલમીરમાંથી પ્રાપ્ત થયાં હતાં. આ પુસ્તકો મેં રૉયલ એશિયાટિક સોસાયટીને અર્પણ કરી દીધાં. પાટણ તથા જેસલમીરના ગ્રંથો અતિ પ્રાચીન કાળના છે. જે લોકોની પાસે આ પુસ્તકો છે તેઓ પણ તેને વાંચીને સમજી શકતા નથી. માત્ર તેમનો મુખ્ય ધર્માધ્યક્ષ અથવા તેના દીક્ષિત થયેલા શિષ્યોજ તેને ઉકેલી શકે છે. આમાંનું એક તંત્રવિદ્યાનું પુસ્તક તો એટલું પવિત્ર માનવામાં આવે છે કે તેને સદા જેસલમીરના ચિંતામણિ મંદિરમાં સાંકળ સાથે બાંધીને લટકાવી રાખવામાં આવે છે અને તેને માત્ર નવું પૂઠું ચઢાવવા સમયે અથવા નવા મુખ્ય આચાર્યને નિયુક્ત કરવા સમયેજ નીચે ઉતારવામાં આવે છે. એમ કહેવાય છે કે, ઉપર્યુક્ત ગ્રંથ સોમાદિત્ય સુરિએ રચેલો છે. આ સોમાદિત્ય સુરિ પ્રાચીન સમયમાં એક યતિ હતા. યવનો સિંધુનદી ઉતરીને આ પાર આવ્યા તે પૂર્વે તે વિદ્યમાન હતા. આ યતિએ સિંધુનદીને પેલે પાર દૂર સુધી પોતાના ધર્મનો પ્રચાર કર્યો હતો. આ યતિનું જાદુઇ વસ્ત્ર પણ અદ્યાપિ વિદ્યમાન છે. જ્યારે નવો આચાર્ય ગાદીપર બેસે છે, ત્યારે તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપર્યુક્ત પુસ્તકમાંના અક્ષરો ગોળ માથાવાળા પાલીભાષાના અક્ષરસમાન જણાય છે. જો અમે પંડિતવર મોન્સ્યોર ( મહાશય ) ઇ. બર્નેફ તથા તેમના સાથી ડૉકટર લેસનને ઉક્ત મંદિરમાં મોકલી શકત તો ઉક્ત દુર્બોધ ગ્રંથનું કાંઇક તાત્પર્ય જાણી શકાયું હોત એમ કહેવાય છે કે, એક જૈનઆચાર્યએ ઉપર્યુક્ત ગ્રંથનો સાર જાણવાની પાપી ચેષ્ટા કરીને પોતાની આંખ ખોઈ હતી; પરંતુ તે પ્રમાણે આ પંડિતો પોતાની આંખ ગુમાવત નહિ.

યૂનાન અને રોમમાં જેવાં ઐતિહાસિક પુસ્તકો છે, તેવાંજ ઐતિહાસિક પુસ્તકો જેઓ હિંદુ જેવા લોકોની પાસેથી પ્રાપ્ત કરવાની આશા રાખે છે, તેઓ ભારતવાસીઓના જે ગુણો તેમને અન્ય દેશવાસીઓથી પૃથક્ કરે છે તથા તેમના સર્વ વિદ્યાસંબંધી ગ્રંથોને પાશ્ચાત્યલોકો ઉક્ત ગ્રંથોથી અત્યંત વિલક્ષણ બનાવે છે, તે ગુણોની ઉપેક્ષા કરવામાં તેઓ ઘણી મોટી ભૂલ કરે છે. તેમનું દર્શનશાસ્ત્ર, તેમની કવિતા અને તેમના શિલ્પશાસ્ત્રથી તેમની સ્વતંત્ર રચનાના ગુણ પ્રકટ થાય છે અને એજ વાત તેમના ઇતિહાસમાં પણ હોવાની આશા રાખી શકાય છે; કારણકે તેની રચના પણ ઉપર્યુક્ત વિદ્યાઓની પેઠે તેમના ધર્મની સાથે ગાઢ સંબંધ રાખે છે. એની સાથે આ વાત પણ સ્મરણમાં રાખવી જોઇએ કે જ્યાંસુધી ઇંગ્લાંડ અને ફ્રાન્સના સાહિત્યની શૈલી યૂરોપના પ્રાચીન સાહિત્યના ગ્રંથોના પઠનપાઠનથી સુધારવામાં આવી નહોતી ત્યાંસુધી ઉક્ત ઉભય દેશોના ઇતિહાસ તો શું, પણ યૂરોપની સંપૂર્ણ સભ્ય જાતિઓના ઇતિહાસ પણ પ્રાચીન રાજપૂતોના ઇતિહાસના જેવાજ અનઘડ, અવ્યવસ્થિત અને શુષ્ક હતા.

નિયમબદ્ધ અને વાસ્તવિક ઐતિહાસિક લેખોનો અભાવ હોવા છતાં પણ બીજા કેટલાક દેશીય ગ્રંથો એવા છે ( અને કહી શકાય છે કે આવા ગ્રંથો પુષ્કળ છે) કે જે જો કોઈ ચતુર અને દૃઢપ્રતિજ્ઞ ઇતિહાસશોધકના હાથમાં પડે તો ભારતવર્ષના ઇતિહાસને માટે કાંઇ થોડી સામગ્રી એકત્રિત થાય નહિ. આ ગ્રંથોમાં સૌથી પ્રથમ પુરાણ અને રાજાઓનાં વંશવર્ણન છે કે જે ધાર્મિક કથાઓ, રૂપકો અને અસંભવિત વૃત્તાંતોની સાથે મળી જવાથી પ્રાયઃ અસ્પષ્ટ થઇ ગયાં છે; તથાપિ તેમાં પુષ્કળ સત્ય વાતો એવી છે કે જે ઇતિહાસવેત્તાને તેની ઐતિહાસિક શોધમાં પથદર્શકતરિકે ઉપયોગી થઇ પડે. મહાશય હ્યુમે [1]સેક્સન સપ્તરાજ્યોના ઇતિહાસો અને ઇતિહાસ લેખકોના વિષયમાં જે વચનો કહ્યાં છે તે રાજપૂતોનાં સપ્તરાજ્યોના[2] વિષયમાં યથાર્થ રીતે ઘટી શકે છે; અર્થાત્ "તેમાં નામો પુષ્કળ છે પરંતુ ઘટનાઓનો અત્યંત અભાવ છે; અથવા તેઓ કાંઇ પણ કાર્યકારણસંબંધવિના પરસ્પર એવી રીતે ગુંથાએલાં છે કે પરમ્ વિદ્વાન અને વાક્યવિશારદ લેખક પણ તેમને પાઠકોને માટે રુચિકર વા શિક્ષાપ્રદ બનાવવામાં અવશ્યમેવ નિરાશ થઈ જશે. ખ્રિસ્તીસાધુઓ (જેને બદલે રાજપૂતોના સંબંધમાં 'બ્રાહ્મણ' સમજવા જોઇએ ) કે જેઓ સાંસારિકકાર્યોથી અલિપ્ત રહેતા હતા તેઓ લૌકિક વ્યવહારોને પારલૌકિક કાર્યોથી ન્યૂન ગણતા હતા અને તેમને એક પ્રકારની શીઘ્ર વિશ્વાસકતા, આશ્ચર્યકારક ઘટનાઓપ્રત્યે પ્રેમ અને પ્રપંચ કરવાનો સ્વભાવ પડી ગયો હતો."

ભારતવર્ષનાં યુદ્ધસંબંધી કાવ્યો એ ઇતિહાસનું બીજું સાધન છે. ભાટોને મનુષ્યજાતિના આદિ ઇતિહાસલખકો ગણવા જોઇએ. જ્યાંસુધી કાવઓનું ધ્યાન કલ્પિત કથાઓ તરફ આકર્ષિત થવા લાગ્યું નહોતું અથવા જ્યાંસુધી ઇતિહાસનું ક્ષેત્ર એવી શ્રેણીના લેખકોએ સમુન્નત કર્યું નહોતું કે જેમણે તેને સાહિત્યનો એક પૃથક્ વિભાગ બનાવી લીધો, ત્યાંસુધી ભાટલોકો વાસ્તવિક ઘટનાઓ લખવાના અને વિદ્યમાન પુરુષોની ખ્યાતિ અજરામર કરવાના કાર્યમાં લાગેલા હતા. વ્યાસજી કે જેઓ જૉબના સમકાલીન હતા, તેમના સમયથી ભારતવર્ષના કવિઓમાં કૅલિઓપીની પૂજા મેવાડના વર્તમાન ખ્યાતિ લેખક બેનીદાસના સમયપર્યંત થતી ચાલી આવી છે. કવિલોકો પાશ્ચાત્ય ભારતના મુખ્ય ઇતિહાસલેખકો છે, જોકે તેમના સિવાય બીજા કોઈ નથી એમ કહી શકાતું નથી અને ત્યાં તેમનો ટોટો પણ નથી. હા, કેવલ એટલી કસર છે કે; તેઓ પોતાની એક પ્રકારની ખાસ બોલી બોલે છે, જેનો સમજાઈ શકે એવી સરલ ભાષામાં અનુવાદ કરવાની આવશ્યકતા છે; પરંતુ તેમની વાચાળતા અને અસ્પષ્ટતાની પૂર્તિ તેમની સ્વતંત્ર લેખિનીથી થઈ જાય છે. રાજપૂતરાજાઓની કઠોરતાનો પ્રભાવ કવિઓના કાવ્યપર પડતો નથી. તેમના કાવ્યની ધારા અસ્ખલિત રીતે વહેતી ચાલી જાય છે; પરંતુ અલબત્ત, છંદ ભુજંગના નિયમની બેડી તેને રોકે છે, જે ઇતિહાસલેખકની સ્વતંત્રતાના અવરોધને માટે કમ સમજવી નહિ જોઇએ. વળી રાજા અને કવિની વચ્ચે એક

૧ રોમન લોકો ઇંગ્લાંડનો પરિત્યાગ કરી ચાલ્યા ગયા ત્યારપછી ઍંગ્લો સેક્સન જાતિએ તે દેશપર આક્રમણ કરી ત્યાં પોતાનાં સાત રાજ્યો સ્થાપિત કર્યાં. આ રાજ્યો ઇ૦ સ૦ ૪૫૭ થી ૮૨૭ પર્યંત રહ્યાં. આ રાજ્યો સેક્સન હેપ્ટાર્કીના નામથી અંગ્રેજોના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ મેવાડ, મારવાડ, અંબર, બિકાનેર, જેસલમીર, કોટા અને બૂંદી.

પ્રકારની સમજુત વા સ્વાર્થ રહેલો હોય છે અર્થાત્ કવિ પોકળ પ્રશંસાના બદલામાં પુષ્કળ ધન પ્રાપ્ત કરી લે છે, જેથી પણ ઐતિહાસિક કાવ્યોની સત્યતામાં કાંઇક દોષ આવી જાય છે. ભાટલોકોના કહેવા પ્રમાણે આ 'સુખ્યાતિ'નો સોદો રાજસ્થાનના કવિરાજો અને ઇતિહાસલેખકોના હાથમાં તે સમય-પર્યંત સતત રહેશે કે જ્યાંસુધી સમાજમાં પૂર્ણ શિક્ષિત અને સ્વતંત્ર લોકોની એક એવી શ્રેણી પ્રકટ નહિ થાય કે જે સાહિત્યવિષયક વ્યવસાયને માટે સર્વસાધારણમાં સંમાનિત થવા સિવાય બીજા કોઇ પારિતોષિકની ઇચ્છા રાખશે નહિ.

તે છતાં પણ આ ઇતિહાસલેખકો કોઈ કોઇ વખત એવી સત્ય વાત કહેવાનું સાહસ કરી બેસે છે કે જે તેમના સ્વામીઓને અત્યંત અપ્રિય લાગે છે. જ્યારે તેમનું હૃદય દુઃખિત થાય છે વા સાત્વિકતાને લીધે અનીતિ જોઇને તેમનો ક્રોધ વૃદ્ધિંગત થઇ જાય છે ત્યારે તેઓ પરિણામ શું આવશે તેનો લેશ પણ ભય રાખતા નથી; અને જે વ્યક્તિ તેમને ક્રોધનું કારણ આપે છે તેનું અકલ્યાણ થાય છે. અનેક હઠીલા પુરુષોને તેમનાં નિંદોપહાસક કાવ્યોના ફટકાએ સદાને માટે ઉપહાસના પાત્ર બનાવી દીધા છે. જો તેમણે તેમને ક્રુદ્ધ કર્યા ન હોત તો તેમના નામપર અપકીર્તિનું લાંછન લાગત નહિ. રાજપૂતો શત્રુઓના શસ્ત્રની અપેક્ષાએ કવિઓની વિષમયી વાણીથી અધિક ડરે છે.

રાજપૂતોના દરબારમાં સાર્વજનિક વ્યવહારસંબંધી વાતો પૈકી કોઇ પણ ભેદની વાત ગુપ્ત રહેતી નથી. તેમાં સરદારોથી લઇને નગરના દ્વારપાળપર્યંતની પ્રત્યેક વ્યક્તિ ભાગ લે છે, તેથી ઘટનાઓનો ઉલ્લેખ કરનારને ઘણો લાભ થાય છે. દેશની અવ્યવસ્થિત દશાના સમયમાં જ્યારે અત્યંત ગંભીર વિષયોની વાત ગુપ્ત રાખવાનું આવશ્યક જણાવાથી કોઇએ ઉદયપુરના રાણાને નિવેદન કર્યું કે, આ વાત ગુપ્ત રાખવી આવશ્યક છે, ત્યારે તેમણે ઉત્તર આપ્યો કેઃ-"આ [1]ચૌમુખી રાજ્ય છે. એકલિંગજી એના સ્વામી છે. હું તેમનો પ્રતિનિધિ છું. તેમનાપર મને શ્રદ્ધા છે અને હું મારાં બાલબચ્ચાં (પ્રજા) થી કોઇ વાત ગુપ્ત રાખતો નથી." સર્વ પ્રકારની સાર્વજનિક એકતા હોવા છતાં પણ આ પ્રકારના ગુપ્ત ભેદોનું પ્રગટ થવું, એ શત્રુઓની સામે થવામાં ન્યૂનતા રહેવાનું એક કારણ ગણી શકાય છે; પરંતુ એથી રાજ્યશાસનમાં એક પ્રકારનો પૈતૃકભાવ ઉત્પન્ન થાય છે અને લોકોના હૃદયમાં જો પૂર્ણ રાજભક્તિ અને દેશભક્તિ પ્રકટ ન થાય તોપણ તેવોજ ભાવ હૃદયમાં અવશ્ય ઉપસ્થિત થાય છે.

એક અતિ મહાન ન્યૂનતા આ કવિઓના લખેલા ઇતિહાસોમાં એ છે કે, તેમાં પ્રાયઃ તેમના વીર યોદ્ધાઓની વીરતા અને રણભૂમિના રણરંગનુંજ વૃત્તાંત હોય છે. આ ઇતિહાસ વીરજાતિના વિનોદાર્થે લખવામાં આવેલા હોવાથી ગ્રંથકર્તાઓ તેમાં રાજ્યવ્યવસ્થા, કળાકૌશલ્ય અને શાંતિમય જીવનયાત્રાના સંબંધમાં કાંઇ પણ ઉલ્લેખ કરતા નથી. પ્રેમ અને યુદ્ધ એજ તેમના પ્રિય વિષયો હોય છે. ચંદ કે જે ભારતના નામાંકિત કવિઓ પૈકી અંતિમ કવિ હતો, તે પોતાના ગ્રંથની ભૂમિકામાં લખે છે કેઃ-"હું રાજ્યશાસનના નિયમો, વ્યાકરણ અને વાક્યરચનાનાં સૂત્રો તથા દેશી અને વિદેશી રાજદૂતોના વ્યવહારસંબંધે ઉલ્લેખ કરીશ " અને તે પોતાનો સંકલ્પ તે ગ્રંથમાં અનેક સ્થળોપર ઉપાખ્યાનોમાં તે વિષયોની વ્યાખ્યાની યોજના કરીને પૂરો કરે છે.

આ સિવાય કવિઓ રાજ્યશાસનની પ્રત્યેક કાર્યવાહીના ગુપ્તસ્રોતોથી અભિજ્ઞ હોવા છતાં પણ માંહોમાંહેના ઝઘડાબખેડા તેમજ દરબારનાં નિંદિત કાર્યો અને પ્રપંચોમાં એટલા બધા લિપ્ત રહે છે કે તેઓ રાજકીયવિષયોપર યથાર્થ મત પ્રકટ કરવાને ભાગ્યેજ શક્તિવાન થાય છે.

આ સર્વ દોષો હોવા છતાં પણ ભટ્ટકવિઓના કાવ્યગ્રંથોદ્વારા સત્ય ઘટના, ધાર્મિક વિચાર તથા રીતરિવાજસંબંધી અનેક મહત્ત્વની વાતો પ્રાપ્ત થાય છે; જેમાંની કેટલીક પક્ષપાતવિના લખવામાં આવેલી હોવાથી એવી છે કે, તેની સત્યતાવિષે ઓછો સંદેહ છે. ચંદે પોતાના રચેલા પૃથ્વીરાજના વીરત્વમય ઇતિહાસમાં તેની લડાઇઓના વર્ણનમાં પુષ્કળ ઐતિહાસિક અને ભૌગોલિક વાતોનું વૃત્તાંત આપ્યું છે. આ લડાઈઓ તેણે સ્વયં પોતાની આંખોથી જોઈ હતી; કારણ કે તે મહારાજા પૃથ્વીરાજનો મિત્ર, રાજદૂત અને એલચી હતો અને અંતે તેણે અત્યંત શોકમય કાર્ય એ કર્યું કે તે મહારાજાને અપમાનથી બચાવવાને માટે તેના મૃત્યુમાં પણ કારણભૂત થયો હતો. મેવાડના (મહારાણા) મહાન અમર-

૧ અર્થાત્ ચાર મુખવાળી ઈષ્ટદેવ (એકલિંગ)ની મૂર્તિનું રાજ્ય

સિંહ કે જેઓ સાહિત્યના પુરસ્કર્તા, શૂરવીર અને નીતિજ્ઞ હતા, તેમણે ચંદના રચેલા કવિતાબદ્ધ ઇતિહાસોને એકત્રિત કર્યા હતા.

બીજા એક પ્રકારનું ઐતિહાસિકવૃત્તાંત મંદિરોનાં દાન, ભેટ તથા તેમનાં જીર્ણોદ્ધારસંબંધી લેખોમાંથી પ્રાપ્ત થાય છે. આ લેખોને બ્રાહ્મણો લખી રાખે છે, તેમાં પ્રસંગવશાત્ ઇતિહાસ અને વંશાવળી-ઓનું વર્ણન પણ પ્રાપ્ત થાય છે. તીર્થ અને ધર્મસ્થાનોમાં માહાત્મ્યસંબંધી પુસ્તકોમાં ધર્મક્રિયા-ઓ, શાસ્ત્રવિધાનો તથા સ્થાનિક રીતરિવાજો અને ધર્મની સાથે સંબંધ ધરાવતી ઘટનાઓ સંકલિત હોય છે. જૈનોના વિવાદોમાંથી પણ પુષ્કળ ઐતિહાસિક વાતો પ્રાપ્ત થાય છે. આ વાતો વિશેષતઃ ગુજરાત અને નેહરવાલાના સંબંધની અને ચૌલુક્યવંશના સમયની છે. જૈનોનાં પુસ્તકો જો વિચાર-પૂર્વક લક્ષ દઇને વાંચવામાં આવે તો હિંદુઓના ઇતિહાસની ઘણી ત્રુટિ પૂર્ણ થઇ શકે. આ ગ્રંથો-માં પ્રાચીન જૈન મતાવલંબીઓ જે જે વિદ્યા જાણતા હતા, તે સકલ વિદ્યાસંબંધે ઉલ્લેખ છે. ભારતના પ્રતિપક્ષી મતાવલંબીઓનો પક્ષપાત નિઃસંદેહ ઇતિહાસની શુદ્ધતાનો દ્વેષી હતો અને જેના આધારે બ્રાહ્મણોએ પોતાની પ્રધાનતા (અન્ય જાતિઓપર) સ્થાપિત કરી, તે દેશવાસીઓનું અજ્ઞાનજ હતું. એમ પ્રતીત થાય છે કે, ભારતવર્ષમાં તેમજ મિસરમાં પણ પ્રાચીનકાળના ધર્માચાર્યો અને રાજાઓની વચ્ચે એક પ્રકારનો એવો સંપ હતો કે જેથી તેઓ એક થઇને સમસ્ત દેશના સર્વ-સાધારણ લોકોને અજ્ઞાનાંધકારમાં અને પોતાની આધીનતામાં રાખી મૂકે.

ભિન્નભિન્ન લેખો અર્થાત્ ઐતિહાસિક અને ભૌગોલિક વૃત્તાંતમિશ્રિત પુસ્તકો કે જેનું અસ્તિત્વ મને જ્ઞાત છે; રાસા અર્થાત્ રાજાઓના છંદોબદ્ધ વૃત્તાંતો કે જે મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. સ્થાનિક પુરાણો, ધર્મસંબંધી લેખો અને લોકપ્રચલિત દૂહાઓ;[1] અને એવાં પ્રમાણો કે જેની સર્વતોભાવ સત્યતાવિષે થોડોજ સંદેહ છે; અર્થાત્ શિલાલેખો, સિક્કાઓ અને તામ્રપત્રો કે જેમાં અધિકારની સનંદો લખેલી હોય છે અને જેદ્વારા અનેક મુખ્ય મુખ્ય વાતો ઝળકે છે—આ સર્વ કે જેનું વર્ણન મેં કર્યું છે, તે ઇતિહાસલેખકને માટે કાંઈ ઓછી સામગ્રી નથી. તે સિવાય તે પ્રાચીન મૂર્તિપૂજકો અને પાછળના મુસલમાનલેખકોદ્વારા પુષ્ટ થતાં સમકાલીન વૃત્તાંતોની પણ સહાય લઇ શકે તેમ છે.

જે સમયથી આ મનોહર દેશની સાથે મારો રાજકીય સંબંધ થયો, તે સમયથી હું તેના પ્રાચીન ઐતિહાસિક લેખોને એકત્રિત કરવાને અને શોધવાને પ્રવૃત્ત થયો હતો. આમ કરવામાં મારો હેતુ એ હતો કે, જે જાતિનું વૃત્તાંત અદ્યાપિ યૂરોપિયનલોકોને કિંચિત્ પણ જ્ઞાત નથી તથા જેનો ઇંગ્લાંડની સાથેનો રાજકીયસંબંધ ઉભયપક્ષને લાભદાયક થાય તેવી રીતે વૃદ્ધિંગત થતો મને પ્રતીત થયો છે, તે જાતિવિષે કાંઇક નામ પ્રાપ્ત કરવું. રાજપૂતોના ઇતિહાસના છિન્નભિન્ન રહેલા અવશેષને એકત્રિત કરીને જે રૂપમાં તેઓ તેને હાલમાં જુએ છે, તે રૂપમાં તેને તેમની સમક્ષ સાદર કરવાને હું શી રીતે સમર્થ થયો છું, તેનું જો હું વિસ્તૃત વર્ણન કરૂં તો પાઠકોને તે નીરસ લાગશે. મેં મારા કાર્યનો પુરાણોમાં આપેલી પૂજનીય વંશાવલીથી આરંભ કર્યો; પછી મહાભારત અને ચંદની કવિતા (કે જે તેના સમયનો સંપૂર્ણ ઇતિહાસ છે) તપાસી; ત્યારપછી જેસલમીર, મેવાડ અને મારવાડનાં મોટાં મોટાં ઐતિહાસિક કાવ્યોમાંર[2]

---

1 મહમૂદ ગઝનવી અને શાહબુદ્દીનની વચ્ચેના સમયમાં જે પાદશાહોએ હિંદુસ્થાનપર આક્રમણ કર્યું હતું અને જેમનાં નામો મુસલમાન ઇતિહાસલેખક ફિરિસ્તાએ આપ્યાં નથી તેમનાં નામ આમાંના કેટલાક દૂહાઓમાં પ્રાપ્ત થાય છે. એનાજ દ્વારા આપણને અજમેરના આક્રમણનો અને યાદવ રાજાઓની રાજધાની બયાનાની જીતનો પત્તો લાગે છે.

2 મારવાડનાં એ તદ્ સિકકાવ્યોમાં 'વિજયવિલાસ', 'સૂર્યપ્રકાશ' અને ખ્યાતિ અથવા આખ્યાયિકાઓ-સિવાય ભિન્ન ભિન્ન રાજાઓની કારકીર્દિનાં વૃત્તાંતનો કેટલોક ભાગ હતો. મેવાડના ઇતિહાસના વિષયમાં 'ખુમાન રાસા' નામનો એક નવીન ગ્રંથ છે, જે પુરાતન સામગ્રીઓથી બનેલો છે અને તે સામગ્રીનો હાલમાં પત્તો લાગતો નથી. આ ગ્રંથમાં મહમૂદે ચિતોડપર આક્રમણ કર્યું તે સમયથી વર્ણન આપવામાં આવ્યું છે. ઉક્ત મહમૂદ ઇસ્લામધર્મના અતિ પ્રાચીનકાળમાં સિંધનિવાસી કોઈ કાસિમનો પુત્ર હતો એમ પ્રતીત થાય છે. વળી મેવાડમાં 'જગતવિ-લાસ', 'રાજપ્રકાશ' તથા 'જયવિલાસ' કાવ્ય પણ છે, જે ઉક્ત નામના રાજાઓના સમયમાં રચાયાં હતાં; પરંતુ તે કાવ્યોમાં સાધારણ રીતે પ્રાચીન ઐતિહાસિકવૃત્તાંત સંક્ષેપમાં લખવામાં આવ્યું છે. આ સિવાય જયપુરના રાજવંશના ઇતિહાસનો કેટલોક ભાગ ત્યાંનાં દફતરોમાંથી પ્રાપ્ત થયો છે. વળી 'માનચરિત્ર' અર્થાત્ રાજા માનસિંહનો ઇતિહાસ પણ છે.

શોધ કરી; અને ત્યારપછી ખીચીઓ તથા કોટા અને બૂંદીના હાડારાજાઓના તેમના ભાટોના લખેલા ઇતિહાસો વગેરે જોયા. અંબર વા જયપુરના મહારાજા જયસિંહે (કે જેઓ અર્વાચીન હિંદુરાજાઓમાં વિદ્યાના સર્વથી મહાન ઉત્તેજક હતા) પોતાની જાતિનો ઇતિહાસ રચવાને માટે પુષ્કળ સામગ્રી એકત્રિત કરી હતી, તેમાંનો એક ભાગ મને હાથ લાગ્યો હતો. મને વિશ્વાસ છે કે, ત્યાં બીજી પણ ઘણી સામગ્રી પ્રસ્તુત હતી, જેને કદાચ તેમના વિષયલંપટ ઉત્તરાધિકારી સ્વર્ગવાસી મહારાજા જગતસિંહજીએ પોતાનું રાજ્ય એક વેશ્યાને વહેંચી આપતી વખત રાજ્યનાં પુસ્તકાલયની વહેંચણીમાં તેને આપી દીધી હશે. ઉક્ત પુસ્તકાલય સમસ્ત રાજસ્થાનમાં સર્વોત્તમ સંગ્રહ હતો. તૈમૂરના વંશના કેટલાક પ્રસિદ્ધ પાદશાહોની પેઠે મહારાજા જયસિંહ પણ દિનચર્યાનું પુસ્તક રાખતા હતા. આ પુસ્તકનું નામ 'કલ્પદ્રુમ' હતું. તેમાં તેઓ સર્વ ઘટનાઓનું વિવરણ લખતા હતા. આવા મનુષ્યના હાથનો અને આવા ઉત્તમ સમયમાં લખેલો ગ્રંથ પ્રાપ્ત થાય તો તે ઇતિહાસને માટે બહુમૂલ્ય થઈ પડે. દતિયાના મહારાજાની પાસેથી મેં તેમના એક પૂર્વજના દિનચર્યાના પુસ્તકની એક નકલ પ્રાપ્ત કરી હતી. તેમણે (પૂર્વજે) ઔરંગઝેબની સેનાના મોટા મોટા રાજાઓની વચ્ચે અતિ પ્રશંસનીય કાર્ય કર્યું હતું. તેમના ઉક્ત પુસ્તકમાંથી સ્કૉટે પોતાના દક્ષિણના ઇતિહાસમાં ઘણી હકિકત ઉદ્ધૃત કરી છે.

દશ વર્ષપર્યંત હું એક વિદ્વાનજૈનની સહાયથી, જેમાંથી રાજપૂતોના ઇતિહાસની કોઇપણ વાત કે ઘટના પ્રાપ્ત થઈ શકે અથવા જેમાંથી તેમની રીતભાત અને વ્યવહારવિષે કાંઇપણ જ્ઞાન પ્રાપ્ત થઇ શકે એવા પ્રત્યેક પુસ્તકમાંથી સાર કાઢવામાં પ્રવૃત્ત રહ્યો. મારો જૈન સહાયક આ પ્રકારના સર્વ ગ્રંથોનો સારાંશ કાઢી કાઢીને આ જાતિઓની સરલ બોલી (જે સંસ્કૃતમાંથી નીકળી છે)માં તેનો અનુવાદ કરતો જતો હતો કે જે બોલીમાં દીર્ઘકાળપર્યંત તેમની સાથે રહેવાથી હું સુગમતાપૂર્વક વાતચિત કરી શકતો હતો. મેં ઘણો વ્યય અને પ્રતિદિન કલાકોપર્યંત પરિશ્રમ (કે જેને માટે કેવલ સાધારણ ઉત્સાહ બસ નહોતો) કરીને માત્ર તેમનો ઇતિહાસ પ્રાપ્ત કરવાનોજ પ્રયત્ન કર્યો નહિ; પરંતુ તેમના ધાર્મિક અને સાધારણ વિચારો તથા તેમના લાક્ષણિક આચારોનું જ્ઞાન તેમના સરદારો તથા તેમના ઇતિહાસવેત્તા કવિઓની સાથે રહીને અને તેમની લોકપ્રસિદ્ધ આખ્યાયિકાઓ તથા આલંકારિક કવિતાઓ ધ્યાનપૂર્વક સાંભળીને પ્રાપ્ત કર્યું. જેમ જેમ મારી શોધની સીમા વૃદ્ધિંગત થતી જતી હતી, તેમ તેમ હું આ વિષયોનું અધિક જ્ઞાન પ્રાપ્ત કરતો જતો હતો; પરંતુ મારી અસ્વસ્થ પ્રકૃતિએ મને આ સુખદાયક પણ પરિશ્રમી કાર્યનો પરિત્યાગ કરવાની અને મારી જન્મભૂમિમાં પાછા ફરવાની ફરજ પાડી અને તે પણ તેજ વખતે કે જ્યારે હું હિંદુઓની મિનર્વા (સરસ્વતી) દેવીના મંદિરમાં પ્રવેશ કરવાની આજ્ઞા પ્રાપ્ત કરી ચૂકયો હતો; તે છતાં પણ હું મારી સાથે થોડાંક પ્રાચીન પુસ્તકાદિ લાવ્યો છું, જેની શોધખોળનું કામ હવે હું અન્ય શોધકોપર છોડું છું. પ્રાચીન સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓનાં હસ્તલિખિત પુસ્તકોનો જે મોટો સંગ્રહ હું ઇંગ્લાંડમાં લાવ્યો હતો, તે મેં રૉયલ એશિયાટિક સોસાયટીને ભેટ કર્યો છે અને તે હાલમાં તેના પુસ્તકાલયમાં વિદ્યમાન છે. તેમાંનાં ઘણાં પુસ્તકોની તપાસ અદ્યાપિ થઈ નથી; પરંતુ તપાસ થતાં સંભવ છે કે, તેમાંથી ભારતના પ્રાચીન ઇતિહાસની બીજી પણ નવીન વાતો પ્રાપ્ત થશે. હું માત્ર એટલાજ યશનો ભાગી છું કે, મેં યૂરોપિયનવિદ્વાનોને તેથી પરિચિત કરી દીધા છે. હું આશા રાખું છું કે આથી અન્ય લોકોને આ પ્રકારનો યત્ન કરવાનો ઉત્સાહ થશે.

યૂરોપિયનલોકોને જે થોડું યથાર્થ વૃત્તાંત આ રાજપૂતરાજ્યોનું અત્યારસુધીમાં પ્રાપ્ત થયું છે, તેદ્વારા તે લોકોને ભારતના આ વિભાગના મહત્ત્વવિષે ભ્રમપૂરિત કલ્પના ઉત્પન્ન થઇ છે અર્થાત્ તેઓ એને અન્ય ભાગો કરતાં ન્યૂન મહત્ત્વનો ગણે છે. જો એમ માનવામાં આવે કે કવિઓએ અતિશયોક્તિભરેલું વર્ણન કર્યું છે, તોપણ રાજપૂતરાજ્યોનો વૈભવ ઉક્ત દેશના પ્રાચીન ઇતિહાસના સમયમાં મહાન હતો એમાં લેશ પણ શંકા નથી. ઉત્તરીયભારત અત્યંત પ્રાચીન કાળથી ધનવાન હતો. તેનો સિંધુ નદીના ઉભય તટપરનો ભાગ, દારાના અધિકારમાંનાં સંસ્થાનોમાં સૌથી અધિક સમૃદ્ધિશાલી સંસ્થાન હતું. તેમાં ઇતિહાસની સામગ્રી પૂરી પાડે એવી અનેક અદ્ભુત ઘટનાઓ બની છે. રાજસ્થાનમાં કોઈ પણ નાનું રાજ્ય એવું નથી કે જેમાં થર્મોપિલીસમાન રણભૂમિ નહિ હોય અને કોઈ પણ નગર એવું નથી કે જેમાં લિયોનિડાસસમાન વીરપુરુષ ઉત્પન્ન થયો નહિ હોય; પરંતુ ઇતિહાસવેત્તાની જાદુઇ લેખિનીએ

જે ઘટનાએ પ્રશંસાપાત્ર બનાવી હોત તેને કાલના પડદાએ છુપાવી દીધી છે. સોમનાથની તુલના ડેલ્ફસની સાથે કરવામાં આવી હોત; હિંદની લૂંટનો માલ લીબિયનસમ્રાટની સમૃદ્ધિની બરાબર ગણાત; અને જો પાંડવોના સેનાસમુદાયની તુલના[1] ઝર્કસિસની સેનાની સાથે કરવામાં આવી હોત તો તેની(ઝર્કસિસની) સેના તેમની સેનાની આગળ 'કુછ બિસાત'માં નહિ ગણાત;પરંતુ કાં તો હિંદુઓમાં હિરોડૉટસ અને ઝેનોફનસમાન ઇતિહાસલેખકો થયા નહિ અથવા થયા હશે તો અભાગ્યવશ તેમના ગ્રંથો લુપ્ત થઇ ગયા હશે.

જો ઇતિહાસની અસરનું અવલંબન લોકોના મનમાં તે દ્વારા ઉત્પન્ન થતી સહાનુભૂતિપર હોય, તો આ પ્રદેશોનો ઇતિહાસ લોકોનાં મન આકર્ષિત કરવાને માટે અત્યંત મનોરંજક થશે. એક વીરજાતિનું સતત કેટલીક પેઢીઓસુધી સ્વાધીનતાને માટે રણરંગ મચાવતા રહેવું, પોતાના પૂર્વજોના ધર્મની રક્ષાને અર્થે પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુઓની પણ હાનિ સહન કરવી અને કોઈ પણ પ્રકારના પ્રલોભનમાં નહિ ફસાઇ શૌર્યપૂર્વક પ્રાણાર્પણ કરીને પણ પોતાના હક્ક અને જાતીયસ્વતંત્રતાની રક્ષા કરવી-આ સર્વ મળીને એક એવું ચિત્ર બનાવે છે કે જેને મનમાં આણવાથી આપણાં રોમાંચ ખડાં થઈ જાય છે. જ્યાં આ ઘટનાઓ બની હતી ત્યાં ઉભા રહીને ગત કાલની આખ્યાયિકાઓ સાંભળવાથી મને જે ઉત્સાહયુક્ત આનંદ થતો, તેનો એક અંશ પણ જો હું મારા પાઠકોના હૃદયમાં ઉત્પન્ન કરી શકું તો હું તે ઉદાસિનતાપર વિજય પ્રાપ્ત કરવામાં હતાશ થઇશ નહિ, કે જેથી ભારતસંબંધે અધિક જ્ઞાન પ્રાપ્ત કરવાને મારા દેશવાસીઓ કાંઈપણ ઉદ્યોગ કરતા નથી અને જે શબ્દો હિંદુઓને માટે કર્ણપ્રિય અને સાર્થક તથા યૂરોપિયનોને માટે કર્ણકટુ અને નિરર્થક છે, તે શબ્દો સાંભળીને યૂરોપિયનલોકો ગભરાશે એવી પણ મને શંકા નથી; કારણ કે આ વાત સ્મરણમાં રાખવી જોઇએ કે પ્રાયઃ સમસ્ત પૂર્વીયદેશોના શબ્દો કોઇ ને કોઈ શારીરિક વા માનસિક ગુણોના બોધક છે. પ્રાચીનનગરોનાં ખંડિયેરોમાં બેસીને મેં તેમના વિધ્વંસસંબંધી જનશ્રુતિઓ ધ્યાન દઇને સાંભળી છે અથવા તેમના વીરરક્ષકોનાં સ્મારકચિન્હોની નિકટ ઉભા રહીને તેમના સંતાનોના મુખથી તેમની વીરતાની પ્રશંસા સાંભળી છે. ગૅાથલોકોના જેવા મરાઠાઓ જે સમયમાં આ દેશને નષ્ટભ્રષ્ટ કરી રહ્યા હતા, તે સમયમાં તેમની સાથે રહીને મેં અહીંઆંનાં એવાં ઘણાં સ્થાનોમાં નિવાસ અને ભ્રમણ કર્યું છે કે જ્યાં યુદ્ધો થયાં હતાં, માંહોમાંહેના ઝઘડા થયા હતા અને વિદેશી શત્રુઓનાં આક્રમણ થયાં હતાં. આમ કરવામાં મારો હેતુ યુદ્ધમાં મરણ પામેલા વીરોનાં ગ્રામ્યસ્મારકોપરથી તેમનાં નામો અને તેમના ઇતિહાસનો થોડો અંશ પ્રાપ્ત કરવાનો હતો. આવી જનશ્રુતિઓ અને લેખો તેમના ઇતિહાસ અને રીતિરિવાજની અનેક વાતો દર્શાવે છે. કોઈ વિજયસ્તંભ વા કોઈ મંદિરનું બંધાવું અથવા તેનો જીર્ણોદ્ધાર થવો એ સંબંધી કવિતા પણ ગતકાલવિષે આપણા જ્ઞાનની કાંઇક વૃદ્ધિ કરી શકે છે.

હાલમાં મધ્ય અને પશ્ચિમભારતપર જે રાજવંશો શાસન કરે છે, તેની પ્રાચીનતાના વિષયમાં આપણને કેવલ બે કુટુંબો એવાં પ્રાપ્ત થાય છે કે જેની ઉત્પત્તિ ઐતિહાસિક સંભાવનાની સીમાની બહાર છે. શેષ રાજ્યોની વર્તમાન સંસ્થાપના મુસલમાનોની તલવાર ઉછળતી હતી તે સમયે થયેલી હોવાથી તેમના ઇતિહાસની પુષ્ટતા તેમના વિજેતા (મુસલમાનો) ના ઇતિહાસદ્વારા થાય છે. મેવાડ, જેસલમીર અને મરુસ્થળનાં કેટલાંક નાનાં નાનાં રાજ્યોસિવાય વર્તમાન કાળના સમસ્ત રાજવંશો વાસ્તવમાં મુસલમાનોના આક્રમણ પછી પોતપોતાનાં વર્તમાન સ્થાનોપર સ્થિત થયા છે અને ઈતર મોટા મોટા રાજવંશો જેવા કે પરમાર અને સોલંકી કે જેઓ ધાર અને અણહિલપુરમાં રાજ્ય કરતા હતા તેઓ લુપ્ત થઈ ગયા છે.

મેં રાજસ્થાન અને પ્રાચીન યૂરોપની વીરજાતિઓ એક મૂળમાંથી નીકળી છે એમ માનવાનો અને સિદ્ધ કરવાનો આગ્રહપૂર્વક પ્રયત્ન કર્યો છે. જે સામંતશાસનપ્રણાલી પ્રાચીન કાળમાં યૂરોપ

---

૧ એ ઇરાનનઃ પાદશાહ દારા (પ્રથમ) નો પુત્ર હતો. એણે ઈ૦ સ૦ પૂ૦ ૪૮૫ થી ૪૬૫ પર્યંત રાજ્ય કર્યું હતું. તેણે ઈ૦ સ૦ પૂ૦ ૪૮૦ ની વસંત ઋતુમાં પોતાની જલ અને સ્થલની સેનાના ૨૬૪૧૪૬૦ સનિકોને પોતાની સાથે લઈ યુનાન 'દેશપર આક્રમણ કર્યું. આ પ્રસંગે તેણે થર્મોપિલીના યુદ્ધમાં અત્યંત કઠિનતાથી વિજય પ્રાપ્ત કરી એથેન્સ તરફ કૂચ કરવા માંડી, પરંતુ સાલેમિસના યુદ્ધમાં તેની જલસેનાનો પરાભવ થવાથી તેને સ્વદેશમાં પાછું ફરવું પડ્યું. તે પોતાની અંગરક્ષક સેનાના સેનાપતિના હાથથી માર્યો ગયો હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

ખંડમાં પ્રચલિત હતી અને જેના કેટલાક બચેલા અંશો અદ્યાપિ આપણા લોકોના શાસનનિયમમાં પ્રાપ્ત થાય છે,તેજ પ્રકારની સામંતપ્રથા ભારતવર્ષમાં વિદ્યમાન છે,એમ સિદ્ધ કરવાને માટે મેં ઘણું લખ્યું છે.હું જાણું છું કે આ પ્રકારનાં અનુમાનોની સત્યતાપર સંદેહ ધારણ કરવામાં આવે છે અને કદિ કદિ લોકો તેનો ઉપહાસ પણ કરે છે. આ વિષયોપર મેં વિચારો પ્રકટ કર્યાં છે અને આ ગ્રંથમાં અનેક સ્થળે જેનો ઉલ્લેખ કર્યો છે, તેના સંબંધમાં મેં કાંઇ દુરાગ્રહ વા પક્ષપાત કર્યો નથી. હવે જગતના લોકો એવા બુદ્ધિમાન થઇ ગયા છે કે, તેઓ ગમે તેવા ચતુર અનુમાનદર્શી ગ્રંથકારના લેખોથી વિચલિત થતા નથી; પરંતુ પ્રાયઃ એમ પ્રતીત થાય છે કે, જે સમગ્રે મિથ્યા સિદ્ધાંતોનું પોકળ ખોલી દીધું છે, તેને લીધે આપણે ઉલટા ભ્રમમાં પડ્યા છીએ અને પૂર્વ તથા પશ્ચિમદેશોના નિવાસીઓની ઉત્પત્તિ એકજ વંશમાંથી થઇ છે એ વિષે સંદેહ ધરવા લાગ્યા છીએ; તોપણ હું તો માત્ર મારાં પ્રમાણો નિષ્પક્ષપાતપૂર્વક જનસમાજની સમક્ષ સાદર કરૂં છું. ઉભય જાતિઓની સમાનતા મેં પ્રમાણિત કરી છે. જો કે એમાં વિવાદની સંભાવના છે, તોપણ એને વિચારપૂર્વક વાંચવાથી પાઠકોનો શ્રમ નિષ્ફળ જશે નહિ. તેમને વિશેષ શોધ કરવાની આકાંક્ષા ઉત્પન્ન થશે. મને આશા છે કે, બુદ્ધિમાન લોકો મારા પ્રયાસપ્રત્યે સહાનુભૂતિ ધરાવશે. મને આશા છે કે, વિસ્મૃત કથાઓ અને અપૂર્ણ લેખોના મંદ પ્રકાશથી અત્યંત તિમિરમય ભૂતકાળના પડદા ભેદીને આ વિષયપર લખવાનો મેં જે યત્ન કર્યો છે તે પ્રત્યે પાઠકો સહાનુભૂતિ પ્રકટ કરશે.

મને વિદિત છે કે, આ ગ્રંથમાં એવી ઘણી વાતો છે કે જેને માટે પાઠકોએ મને ક્ષમા આપવી પડશે અને આ ત્રુટિઓને માટે એકજ કારણ દર્શાવીને હું પાઠકોની ક્ષમા યાચું છું. આ કારણ એ છે કે, મારૂં સ્વાસ્થ્ય બગડી ગયું હતું અને એ કારણથી મારા સંગ્રહિત ગ્રંથોને આ અપૂર્ણસ્વરૂપમાં પણ પાઠકોની સમક્ષ સાદર કરવાનું કાર્ય માત્ર અત્યંત કઠિનજ નહિ, પરંતુ જોખમભરેલું થઈ પડ્યું હતું. અહીંઆં એમ કહેવું અનુચિત નહિ થઇ પડે કે રાજનીતિજ્ઞ તથા જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને જાણવાયોગ્ય અનેક બાબતો પડી મૂકવી પડે એવી કઠિન ઐતિહાસિકશૈલીમાં આ ગ્રંથ રચવાનો ઉદ્દેશ મેં રાખ્યો નથી. હું આ ગ્રંથને ભવિષ્યના ઇતિહાસપ્રણેતાઓમાટે ઐતિહાસિકસામગ્રીના એક બૃહદ્ સંગ્રહસ્વરૂપે સાદર કરૂં છું. આ પુસ્તક રચવામાં ગ્રંથ મોટો થઈ જશે એવી ચિંતા ન રાખતાં સમાજને લાભદાયક હોય એવી કોઇ પણ બાબત તેમાંથી રહી ન જાય તેની મેં કાળજી રાખી છે.

હવે હું આ ભૂમિકાને આગળ લંબાવવા ઇચ્છતો નથી, તોપણ મારા મિત્ર અને આપ્ત મેજર વૉગને ધન્યવાદ આપ્યા સિવાય હું આ ભૂમિકાની પરિસમાપ્તિ કરી શકતો નથી; કારણ કે જે સુંદર ચિત્રોએ આ પુસ્તકને અલંકૃત કર્યું છે, તે ચિત્રોના નમુનાને એમણે પરમ ચાતુર્ય અને ઉત્તમ કારીગરીથી તૈયાર કર્યાં છે.



# हिंदी अनुवादकनी भूमिकानो सारांश

આજે અમે અમારા દેશવાસીઓસન્મુખ (રાજસ્થાનના ઇતિહાસરૂપે) એક એવી વસ્તુ સાદર કરીએ છીએ કે જેનો આપણા દેશની ઉન્નતિ વા અવનતિ સાથે ઘાડો સંબંધ છે. આ દેશનું સૌભાગ્ય તેમ દુર્ભાગ્ય અલૌકિકજ છે. દેશમાં દરેક વસ્તુપર પાશ્ચાત્યશિક્ષાનો પ્રભાવ પડી રહ્યો છે તેની સાથે સાથે જો વિશેષ વિચાર કરવામાં આવે તો યથાયોગ્ય ઇતિહાસના શિક્ષણની પણ બહુજ આવશ્યકતા છે. સર્વ બુદ્ધિમાનો આ વિષયમાં એકમત છે કે, ઇતિહાસની શિક્ષાપર પણ દેશની અવનતિનો આધાર છે. જો સમયાનુસાર ઉત્તમ અને સત્ય ઇતિહાસ દેશવાસીઓને વાંચવા અને શ્રવણ કરવાને મળે તો તેનો ઉત્તમ અને ખરો પ્રભાવ દેશપર પડ્યા વિના રહેતો નથી. તેની સાથે આ વાર્તા પણ એટલીજ સત્ય છે કે પક્ષપાતથી અને વ્યંગ ભાષામાં લખાયલા ઇતિહાસથી જનસમાજને લાભ થવાને બદલે ઉલટી ખરાબ અસર થાય છે.

વર્તમાન પ્રચલિત ઇતિહાસો વિશેષકરીને અંગ્રેજલેખકોએ લખેલા અને પ્રગટ કરેલા છે. આવશ્યકતાનુસાર તેના અનુવાદ પણ દેશી ભાષાઓમાં થયેલા છે. કંઇક ભાગો મુસલમાનબંધુઓદ્વારા પ્રગટ થયેલા પણ વિદ્યમાન છે, જેમાંના કોઈ કોઈ તો ફારસીમાં લખેલા હોઇ બહુ પુરાણા ઇતિહાસવેત્તાઓના પરિશ્રમના ફળરૂપ છે; પરંતુ સત્ય ઇતિહાસની આવશ્યકતાની દૃષ્ટિથી જોતાં આ સર્વ ઇતિહાસો અનેક કારણસર કોઈ ને કોઈ અંશે અપૂર્ણજ છે.

અંગ્રેજલેખકોએ લખેલા અનેક ઐતિહાસિકગ્રંથોનું અવલોકન કરવાનો લાભ મને મળ્યો છે. આ ગ્રંથોમાં જ્યાં ત્યાં ભેદ પ્રાપ્ત થાય છે. એક લેખક પોરસની હકીકત એક પ્રકારે લખે છે અને બીજો બીજે પ્રકારે લખે છે. એક લેખક સિકંદરની સેના આગળ નહિ ગઈ તેનું કારણ રાજદ્રોહભંગ બતાવે છે તો બીજો વર્ષાઋતુના આગમનને તેનું પ્રધાન કારણ દર્શાવે છે.

આ પ્રમાણે અવિશ્રાંત પ્રયત્ન કરનાર સાહસિક અંગ્રેજ લેખકો આ દેશની ખરી સ્થિતિ, આચાર, વિચાર, ધર્મ, કર્મ, રીતિ, રિવાજ ઇત્યાદિથી અજ્ઞાત હોવાને લીધે તથા અન્ય મતાવલંબી હોવાને લીધે આપણા દેશનો ઇતિહાસ યથાર્થ રીતે લખી શક્યા નથી.

દેશી ભાષાઓમાં માત્ર આંગળીના વેઢાપર ગણી શકાય એટલા જે ઐતિહાસિકગ્રંથો છે, તેમાંનો મોટો ભાગ તો ઉપર જણાવ્યા જેવા અંગ્રેજીમાં લખાયલા ઇતિહાસના અનુવાદરૂપજ છે. આ ગ્રંથોનો અનુવાદ જો કે દેશી ગૃહસ્થોએ કર્યો છે, પરંતુ તેઓ સંસ્કૃત તથા પાલી વગેરે પ્રાકૃતભાષાઓથી અનભિજ્ઞ હોવાને લીધે આપણા સત્ય ઇતિહાસને ન્યાય આપી શક્યા નથી. વળી સંસ્કૃત ભાષા નિરુત્સાહી માણસોના હાથમાં રહી છે, તેથી તે પણ આપણને કાંઈ લાભ આપી શકતી નથી, જેથી આપણા વર્તમાન દેશી ઇતિહાસપ્રણેતાઓનો મુખ્ય આધાર અંગ્રેજ ઇતિહાસવેત્તાઓપર રહે અને તેથી દેશનો સત્ય ઇતિહાસ કેટલોક થોડાઘણા અંશમાં ગુપ્ત રહે એ સ્વાભાવિકજ છે.

પ્રાચીન તથા અર્વાચીન મુસલમાનલેખકોના લખેલા ઇતિહાસનું અવલોકન કરતાં તેની પણ આવીજ સ્થિતિ છે, એમ કહ્યા વિના ચાલતું નથી.

જો આપણા દેશના ઇતિહાસના પ્રણેતાઓ પોતપોતાનાં અનુમાનોની સાથે આ દેશના પ્રાચીન રીતરિવાજો, શાસનપ્રણાલી તથા આચારવિચારનું જ્ઞાન મિશ્રિત કરીને ઐતિહાસિકગ્રંથો લખત તો આજે અમે યથાર્થ ઇતિહાસથી વંચિત રહેત નહિ. ભારતવર્ષમાં ઇતિહાસની સર્વ સામગ્રીઓ પ્રસ્તુત છે, માત્ર ખરા શોધકોનીજ ખામી છે.

વિદેશી ઇતિહાસવેત્તાઓમાંના મોટા ભાગનો એવો અભિપ્રાય છે કે, આ દેશના પ્રાચીન વિદ્વાનો ઇતિહાસ લખતાજ નહોતા. મોટી મોટી સભાઓમાં તેમણે એવો આક્ષેપ કર્યો છે કે:–"ભારતવર્ષમાં ઐતિહાસિક સાહિત્ય અતિ અલ્પ છે." પોતાના આ મતના સમર્થનમાં તેઓ જણાવે છે કે:–"પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં ઇતિહાસ લખવાનો રિવાજજ નહોતો અને તેનું પ્રત્યક્ષ પ્રમાણ તે દેશનો પ્રાચીન ઇતિહાસ પ્રાપ્ત થતો નથી એ છે." તેમની આ વાત ગ્રાહ્ય કરવી એ આપણા ઇતિહાસવેત્તાઓના ભગ્નોત્સાહની પ્રથમ સીડી છે.

પ્રાચીન સમયનો શૃંખલાબદ્ધ તથા ક્રમિક ઇતિહાસ ઉપલબ્ધ થતો નથી તેનું કારણ આ દેશના નિવાસીઓની ઇતિહાસ લખવાની અજ્ઞાનતા વા આલસ્ય નથી; પણ દુર્ભાગ્યવશાત્ આ દેશના ઉત્તર-પશ્ચિમ ભાગના ઉપર વિદેશોમાંથી જે ઉપરાછાપરી ચઢાઇઓ થતી રહી, તેથી તેનો નાશ થયો હતો, એજ ખરૂં કારણ છે. દેશને લુંટવો, શિલ્પકળાના અદ્ભુત અને અદ્વિતીય નમુનાઓરૂપ અનેક વિશાળ ધાર્મિક સ્થળોનો નાશ કરવો, બળાત્કાર કરીને અને લાખો મનુષ્યોનો રક્તપાત કરીને લોકોને પોતાના ધર્મમાં લાવવા, વિજ્ઞાનના શિક્ષણની મોટી મોટી શાળાઓ અને ઉત્તમોત્તમ યંત્રોનો તેમજ દેશની સંસ્કૃત ઇ૦ ભાષામાં લખાયલા ગ્રંથોનો નાશ કરવો, એ આ ઘણાખરા વિધર્મી વિજેતાઓનાં મુખ્ય કાર્યો હતાં, જેથી ઉક્ત દરેક પ્રકારથી દેશને મહાહાનિ પહોંચવા સાથે લાખો ઉત્તમોત્તમ ગ્રંથોનો નાશ થયો હતો.

પ્રાચીન આર્યોએ ઉન્નતિના શિખરપર ચઢી પોતાના ધર્મને ચિરસ્થાયી બનાવવા સાથે પોતાનાં પુસ્તકોને પણ સુરક્ષિત રાખવાનો ઉદ્યોગ કર્યો હતો. તેમણે પોતાના ગ્રંથોને ચિરકાળપર્યંત જગતમાં સુરક્ષિત રાખવાને માટે તામ્રપત્ર તથા શિલાઓ ઉપર અક્ષરો કોતરાવ્યા હતા. ભારતવર્ષપર શત્રુઓએ આક્રમણ કરવા માંડ્યાં, ત્યારે તેમણે આવાં પુસ્તકોના ભંડાર પહાડોની અગમ્ય ગુફાઓમાં અથવા ભોંયરાંઓમાં દાટી દીધા હોય એ સંભવિત છે. કેટલાંક દેવમંદિરોમાં તથા નવીન પદ્ધતિનાં સંગ્રહસ્થાન આદિમાં અનેક શિલાલેખો અને તામ્રપત્રો વિદ્યમાન છે. વળી બૌદ્ધોના સમયનો ઇતિહાસ તે કાળની છિન્નભિન્ન થઇ ગયેલી ધર્મશાળાઓ, વિજયસ્થંભો તથા મંદિરોમાંથી પ્રાપ્ત થાય છે. જૈનલોકોના ગ્રંથભંડારમાંથી પણ તેમનાં અનેક પુસ્તકો ઉપલબ્ધ થાય છે.

આ પ્રકારે અનેક આપત્તિઓ સહન કરી પોતાનું સર્વસ્વ ગુમાવી દેનાર આર્યાવર્ત પોતાનો પ્રાચીન ઇતિહાસ શી રીતે પ્રકટ કરી શકે ? જ્યારે આર્યલોકોના વેદમાં ઇતિહાસ શબ્દ વિદ્યમાન છે ( **तामितिहासश्च पुराणञ्च** ), તો આ દેશમાં પ્રાચીનકાળમાં ઐતિહાસિકગ્રંથો લખાયા ન હોય એ વાત શી રીતે સંભવે ? જે કાંઇ ઐતિહાસિક સામગ્રી શેષ રહી છે, તે પ્રાચીન કાળમાં આ દેશના લોકો ઇતિહાસ જેવા આવશ્યક શાસ્ત્રથી અનભિજ્ઞ નહોતા, એ વાત સિદ્ધ કરવાને પૂરતી છે. આર્યલોકોનો પ્રાચીન મહાભારતના નામનો અદ્વિતીય ગ્રંથ આજપર્યંત ઇતિહાસતરીકે પ્રસિદ્ધ છે, જેથી ભારતવાસીઓપર લગાડવામાં આવેલું આલસ્યનું કલંક દૂર થાય છે અને એવાં ભયંકર આક્રમણોમાંથી પણ તેમણે જે કાંઇ બચાવી રાખ્યું છે, તે બદલ ઉલટો તેમને ધન્યવાદ આપવો જોઇએ.

હવે આપણે યૂરોપીય ઇતિહાસ તરફ દૃષ્ટિ કરીશું તો યૂરોપના સમસ્ત ઇતિહાસનું કેંદ્ર પણ જીસસ ક્રાઇસ્ટજ છે, એમ કહેવું અતિશયોક્તિભરેલું ગણાશે નહિ; કારણ કે જીસસ ક્રાઇસ્ટથી ૨૦૦૦ વર્ષ પૂર્વનોજ શૃંખલાબદ્ધ ઇતિહાસ યૂરોપના પ્રત્યેક દેશના લોકો બતાવી શકે છે. આજથી ૪૦૦૦ કિંવા ૫૦૦૦ વર્ષપૂર્વેનો તેમનો ઇતિહાસ પણ જગતમાંથી લુપ્તજ થઇ ગયો છે. ભારતવર્ષના ઇતિહાસની છેક આવી દશા થઈ નથી. ઉપર્યુક્ત સમય કરતાં પ્રાચીનતર સમયનો ભારતવર્ષનો ઇતિહાસ ઉપલબ્ધ થાય છે. પાંચ હજાર વર્ષ તો મહારાજા યુધિષ્ઠિરનેજ થયાં છે. યુધિષ્ઠિરનો સંવત તેમના રાજસૂયયજ્ઞ પછી ચાલ્યો હતો. આ સંવતનાં ૩૦૪૪ વર્ષ વ્યતીત થયા પછી વિક્રમનો સંવત ચાલ્યો છે. આ હિસાબે વિ૦ સં૦ ૧૯૬૨માં યુધિષ્ઠિરના સમયને ૫૦૦૬ વર્ષો થાય છે. યુધિષ્ઠિરના સમય પછી ભારતવર્ષમાં જેમણે રાજ્ય કર્યું તેમની સૂચિ પણ અમે નીચે ઉધ્ધૃત કરીએ છીએ. *

કુરુવંશમાં યુધિષ્ઠિર અંતિમ ચક્રવર્તી રાજા થયા છે. તેમની પૂર્વે અનેક નૃપતિઓ થઇ ગયા હતા; તો પછી કેવળ પાંચ હજાર વા ચાર હજાર વર્ષથી ઇતિહાસનો આરંભ ગણવો એ માત્ર ભ્રમજ નથી, પરંતુ મહાભ્રમ છે.

જે વિસ્તૃત ગ્રંથની પ્રસ્તુત ભૂમિકા લખવામાં આવે છે,તે ગ્રંથ પણ જો કે અંગ્રેજીનો અનુવાદજ છે, તોપણ મૂળ અંગ્રેજી ગ્રંથના પ્રણેતાએ પચ્ચીસ ત્રીસ વર્ષપર્યંત આ દેશના આચારવિચારનું અવલોકન કર્યા પછી આ ગ્રંથ લખ્યો છે. તેઓ પોતાની ભૂમિકામાં લખે છે કે, ભારતવર્ષનો ઇતિહાસ મેળવવાનાં અનેક સાધનો છે. વેદ, સ્મૃતિ, મહાભારત, અષ્ટાદશ પુરાણ, રાજ્યવંશાવળી, સ્થાનિક જનશ્રુતિ, ભાટોએ લખેલાં ચરિત્રો, કાવ્યો, શિલાલેખો વગેરે વસ્તુઓમાંથી આવશ્યક પરિશ્રમ કરવાથી ઐતિહાસિક તત્ત્વજ માત્ર નહિ; પરંતુ શૃંખલાબદ્ધ ઇતિહાસ પ્રાપ્ત થવાનો સંભવ છે.

કર્નલ ટૉડે જેવી શ્રદ્ધા અને ભક્તિથી આર્યકુલની ક્ષત્રિયજાતિનો ઇતિહાસ લખ્યો છે, તેવી શ્રદ્ધા અને ભક્તિ બીજા કોઈપણ અંગ્રેજલેખકમાં પ્રાપ્ત થતી નથી. કર્નલ ટૉડે જેવો સત્ય ઇતિહાસ લખ્યો છે તેવો બીજા કોઈપણ અંગ્રેજલેખકે લખ્યો નથી; અને એજ કારણથી એમનો રાજસ્થાન ગ્રંથ આપણા દેશમાં સર્વમાન્ય અને સર્વગ્રાહ્ય થયો છે. આ ગ્રંથમાં મેવાડના વીરોનાં ચરિત્રો વાંચવાથી, તેમના આચારવિચાર ધ્યાનમાં લેવાથી, તેમની ધર્મપરાયણતા જાણવાથી, ત્યાંની સ્ત્રીઓની પતિભક્તિથી પરિચિત થવાથી જાણે આ સર્વ વૃત્તાંત આપણી દૃષ્ટિસમીપ તાદૃશ્ય થઈ જાય છે અને આપણા મનમાં કરુણા તથા પ્રેમનો ઉદ્ભવ થાય છે. મેવાડના ઇતિહાસમાં બાપ્પારાવલથી લઇને મહારાણા ભીમસિંહપર્યંતના સર્વ રાજાઓનું વૃત્તાંત અત્યંત રસિક છે. આ બૃહત્ ગ્રંથની ભૂમિકામાં ટૉડ સાહેબે એક સ્થળે બ્રાહ્મણોની વિરુદ્ધમાં જણાવ્યું છે કેઃ–"લોકોની અજ્ઞાનતાને લીધે બ્રાહ્મણો સર્વોચ્ચ બની બેઠા હતા. ઇ૦ ઇ૦" તેનું કારણ તેઓ અન્ય મતાવલંબી હતા એજ છે. જો કર્નલ ટૉડ હિંદુ હોત તો તેઓ કદિ પણ આર્ય લોકોને ઉન્નતિના શિખરપર પહોંચાડનાર, કર્તવ્યપરાયણ તથા હિંદુઓને બ્રહ્મવાદી બનાવનાર ઋષિગણોપર આવો આક્ષેપ કરત નહિ. વળી તેમણે રાજાઓપર પણ એક ગંભીર આરોપ મૂકયો છે. હિંદુરાજાઓ પ્રજાને આધીન રાખવાને માટે તેને અજ્ઞાનાંધકારમાં રાખે છે, એવો જે આરોપ તેમણે તેમનાપર મૂકયો છે, તે તેમનાજ નિમ્નલિખિત કથનની વિરુદ્ધ છે. તેઓ એક સ્થળે જણાવે છે કેઃ—

"રાજપૂતરાજાઓ સાર્વજનિક કાર્યમાં કોઇપણ પ્રકારનો ગુપ્તભેદ રાખતા નથી. પ્રધાનથી લઇને દ્વારપાલસુધી સર્વ જણ રાજકીય વિષયમાં ભાગ લે છે. આ વાત ઐતિહાસપ્રણેતાને ઘણી ઉપયોગી છે." વળી તેઓ આ કથનના સમર્થનમાં મેવાડના એક રાણાનું દૃષ્ટાંત પણ આપે છે. કોઈ વ્યક્તિએ મહારાણાને અમુક વાત ગુપ્ત રાખવાને કહ્યું ત્યારે મહારાણાએ પ્રત્યુત્તર આપ્યો કેઃ–"આ એકલિંગજીનું રાજ્ય છે અને હું તો કેવળ તેમનો પ્રતિનિધિ છું; માટે હું આ દેશની પ્રજાથી કોઈપણ વાત ગુપ્ત રાખી શકતો નથી." જે રાજાની વર્તણુક આવી હોય તે રાજા પોતાની પ્રજાને અજ્ઞાનાંધકારમાં રાખવાનો પ્રયત્ન કરે એ શી રીતે માની શકાય? તે છતાં ટૉડ મહોદયને ન્યાય આપવાને ખાતર કહેવું જોઇએ કે, તેમણે અધિકાંશે પક્ષપાતરહિત વિવેચન કર્યું છે. પુરાણ એ એક અતિ ગહન વિષય છે અને તેમાંથી સત્ય તારવી કાઢવું એ કાંઈ સાધારણ વાત નથી, માટે કર્નલ ટૉડે પુરાણમાં પારંગત હોય એવા એક હિંદુપંડિતની સહાય લેવી જોઇતી હતી; પરંતુ તેમને એક અન્ય મતાવલંબી પંડિતની સહાય પ્રાપ્ત થઈ હતી. આથી પ્રથમ ખંડમાં ઘણો ગોટાળો થયો છે. તેમની ભૂલો અમે બન્યું ત્યાં ત્યાં ટિપ્પણીમાં બતાવી છે. ભરત શકુંતલાનો પતિ હતો, વિચિત્રવીર્યની કન્યાઓને વ્યાસજીએ શિક્ષણ આપ્યું હતું તથા તેમની સાથે વિવાહ કર્યો હતો, અશ્વમેધયજ્ઞ એ પ્રાચીન આર્યોનો શીતકાલની સક્રાંતિનો તહેવાર હતો, મેરુની પુત્રીનું નામ મેરા હતું, આવી આવી જે વાતો કર્નલ ટૉડે જણાવી છે, તે સર્વથા ખોટી છે. વળી તેમણે આ દેશનાં દેવદેવીઓની અન્ય દેશોનાં દેવદેવીઓની સાથે એકતા સિદ્ધ કરવાને માટે અનેક શબ્દો પોતે રચ્યા છે તથા વ્યાસજીને શાંતનુના પુત્ર કહ્યા છે. આવા આવા અનેક દોષો તેમણે કર્યા છે. જો તેમણે દીર્ઘદૃષ્ટિ વાપરી હોત તો આવા દોષો તેમના હાથથી થાત નહિ; તે છતાં પણ તેમણે મહાપરિશ્રમ કરીને રાજસ્થાનનો ઇતિહાસ લખ્યો છે, એમ કહ્યા વિના ચાલે એમ નથી અને એમના લખેલા ઇતિહાસમાંથી આપણને ઘણી ઉપયોગી બાબતો પ્રાપ્ત થાય છે.

ભારતવર્ષમાં એવા માણસો ઘણા થોડા વસે છે કે, જેમને ઇતિહાસ ઉપર પ્રેમ હોય. આપણા દેશના લોકો વારંવાર પુરાણાદિ સાંભળે છે; પરંતુ તેઓ આપણા પૂર્વજોની વંશપરંપરા જાણવાના હેતુથી કદિપણ તેનું શ્રવણ કરતા નથી. તપાસ કરતાં અમને ઇક્ષ્વાકુથી લઇને મહારાજ રામચંદ્રજી સુધીના ૫૮

રાજાઓની વંશાવલી પ્રાપ્ત થઈ છે; પરંતુ એ વંશાવલીમાં આવેલાં કેટલાંક નામોમાં પણ ભેદ જણાય છે, તોપછી એમ પણ શી રીતે કહી શકાય કે ઇક્ષ્વાકુથી રામચંદ્રજીના સમયસુધીમાં કેવળ ૫૮ રાજાઓજ થયા હતા? મારી માન્યતા એવી છે કે, જે વંશાવલી પુરાણમાં પ્રાપ્ત થાય છે, તેમાં કેવળ મુખ્ય મુખ્ય રાજાઓનાંજ નામ આવે છે; કારણ કે સર્વ રાજાઓનાં નામ લખવાનું કામ તો અસંભવિતજ થઈ પડે એમ છે. વાલ્મીકિની આપેલી વંશાવલીમાં કેવળ ૩૭ રાજાઓનાં નામોજ ઉપલબ્ધ થાય છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે, કેવળ મુખ્ય મુખ્ય રાજાઓનાં નામોજ તેમણે લખ્યાં છે. પાંચ સહસ્ર વર્ષમાં કેવળ ૫૮ રાજાઓજ થયા હોય એ શી રીતે માની શકાય? હાલમાં વૈવસ્વત મન્વતરનો ૨૮ મો કલિયુગ ચાલે છે અને તેનાં ૫૦૦૮ વર્ષો વ્યતીત થઇ ચૂક્યાં છે.

પ્રાચીન કાળના અનેક રાજાઓએ પુષ્કળ વર્ષો રાજ્ય કર્યું છે, તેનું સમાધાન એ છે કે તેઓ તપ અને યોગદ્વારા દીર્ઘાયુ બન્યા હતા. પરીક્ષિતની પછી પણ કેટલાક રાજાઓએ ૮૦ વર્ષપર્યંત રાજ્ય કર્યું હતું. કર્નલ ટૉડે પ્રત્યેક રાજાનો સરાસરી શાસનકાળ ૨૦ વર્ષનો માન્યો છે. અમે નીચે જે વંશાવલી ઉધ્ધૃત કરી છે તેમાં યુધિષ્ઠિરથી યશપાલસુધીના ૧૨૪ રાજાઓએ ૪૧૫૭ વર્ષપર્યંત રાજ્ય કર્યું છે. આની સરાસરી કાઢવાથી ૩૩॥ વર્ષ પ્રત્યેક રાજાને ભાગે આવે છે. આ સુચિ જોવાથી કર્નલ ટૉડે પરીક્ષિતથી જે વંશ આપ્યો છે, તેનાં નામોમાં કેટલો ભેદ છે તે પણ પ્રતીત થાય છે. દિલ્હીમાં રાજા યુધિષ્ઠિરથી યશપાલપર્યંત ૧૨૪ રાજાઓ થયા છે અને તેમનો શાસનકાળ ૪૧૫૭ વર્ષ ૯ માસ તથા ૧૪ દિવસનો થાય છે. કર્નલ ટૉડે આપેલી વંશાવલી તથા અમારી આ વંશાવલીમાં ઘણો ભેદ છે. કર્નલ ટૉડે યુધિષ્ઠિરથી રાજપાલસુધી ૬૬ રાજાઓનાં નામ લખ્યાં છે; પરંતુ અમારી સુચિમાં યુધિષ્ઠિરથી રાજપાલ સુધી ૬૯ રાજાઓ થાય છે. વળી નામોમાં પણ ઘણો અંતર છે. અમારી સુચિ નીચે પ્રમાણે છેઃ—

| | રાજા | વર્ષ | માસ | દિવસ | | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | યુધિષ્ઠિર | ૩૮ | ૮ | ૨૫ | ૧૬ | શુચિરથ | ૪૨ | ૧૧ | ૨ |
| ૨ | પરીક્ષિત | ૬૦ | ૦ | ૦ | ૧૭ | દ્વિતીય શૂરસેન | ૫૮ | ૧૦ | ૮ |
| ૩ | જન્મેજય | ૮૪ | ૭ | ૨૩ | ૧૮ | પર્વતસેન | ૫૫ | ૮ | ૧૦ |
| ૪ | અશ્વમેધ | ૮૨ | ૮ | ૨૨ | ૧૯ | મેધાવી | ૫૨ | ૧૦ | ૧૦ |
| ૫ | દ્વિતીય રામ | ૮૮ | ૨ | ૮ | ૨૦ | સોનચીર | ૫૦ | ૮ | ૨૧ |
| ૬ | છત્રમલ | ૮૧ | ૧૧ | ૨૦ | ૨૧ | ભીમદેવ | ૪૭ | ૯ | ૨૦ |
| ૭ | ચિત્રરથ | ૭૫ | ૩ | ૧૮ | ૨૨ | નૃહરિદેવ | ૪૫ | ૧૧ | ૨૩ |
| ૮ | દુષ્ટશૈલ્ય | ૭૫ | ૧૦ | ૧૪ | ૨૩ | પૂર્ણમલ | ૪૪ | ૮ | ૭ |
| ૯ | ઉગ્રસેન | ૭૮ | ૭ | ૨૧ | ૨૪ | કર્દવી | ૪૪ | ૧૦ | ૮ |
| ૧૦ | શૂરસેન | ૭૮ | ૭ | ૨૧ | ૨૫ | અલ્પમિક | ૫૦ | ૧૧ | ૮ |
| ૧૧ | ભુવનપતિ | ૬૯ | ૫ | ૫ | ૨૬ | ઉદયપાલ | ૩૮ | ૯ | ૦ |
| ૧૨ | રણજિત | ૬૫ | ૧૦ | ૪ | ૨૭ | કુવનમલ | ૪૦ | ૧૦ | ૨૬ |
| ૧૩ | રૂપક | ૬૪ | ૭ | ૪ | ૨૮ | દમાત | ૩૨ | ૦ | ૦ |
| ૧૪ | સુખદેવ | ૬૨ | ૦ | ૨૪ | ૨૯ | ભીમપાલ | ૫૮ | ૫ | ૮ |
| ૧૫ | નરહરિદેવ | ૫૧ | ૧૦ | ૨ | ૩૦ | ક્ષેમક | ૪૮ | ૧૧ | ૨૧ |

આ બધી મળીને ૩૦ પેઢી થઇ અને તેણે ૧૭૭૦ વર્ષ, ૧૧ માસ અને ૧૦ દિવસપર્યંત રાજ્ય કર્યું. રાજા ક્ષેમકના પ્રધાન વિશ્રવાએ ક્ષેમકને મારીને સિંહાસન હસ્તગત કર્યું. એના વંશમાં ૧૪ પેઢી સુધી રાજ્ય રહ્યું. આ કુલના રાજાઓએ એકંદર ૫૦૦ વર્ષ, ૩ માસ અને ૧૭ દિવસપર્યંત રાજ્ય કર્યું હતું. આ કુલના રાજાઓની સુચિ નીચે પ્રમાણે છેઃ—

| રાજા | વર્ષ | માસ | દિવસ | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ વિશ્રવા | ૧૦ | ૩ | ૨૯ | ૪ અનંગશાયી | ૪૭ | ૮ | ૨૩ |
| ૨ પુરસેની | ૪૨ | ૧ | ૨૧ | ૫ હરિજિત | ૩૫ | ૯ | ૧૭ |
| ૩ વીરસેની | ૫૨ | ૧૦ | ૮ | ૬ પરમસેની | ૪૪ | ૨ | ૨૩ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭ સુખપાતાલ | ૩૦ | ૨ | ૨૧ | ૧૧ અમીપાલ | ૨૨ | ૧૧ | ૨૫ |
| ૮ [illegible] | ૪૩ | ૯ | ૩૪ | ૧૨ [illegible] | ૩૫ | ૪ | ૧૩ |
| ૯ સંજ્જ | ૩૨ | ૨ | ૧૪ | ૧૩ વીરસાલ | ૩૧ | ૮ | ૧૧ |
| ૧૦ અમરચૂડ | ૨૭ | ૩ | ૧૬ | ૧૪ વીરસાલસેન | ૪૭ | ૦ | ૧૪ |

આ વીરસાલસેનને તેના પ્રધાન વીરમહાએ મારીને રાજસિંહાસન પોતાના હાથમાં લીધું હતું. એના વંશમાં ૧૬ પેઢી સુધી સિંહાસન રહ્યું હતું અને એ વંશના સર્વ રાજાઓએ એકંદરે ૪૪૫ વર્ષ ૫ માંસ અને ૩ દિવસપર્યંત રાજ્ય કર્યું હતું. આ વંશની સુચિ નીચે પ્રમાણે છે:—

| રાજા | વર્ષ | માસ | દિવસ | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ વીરમહા | ૩૫ | ૧૦ | ૮ | ૯ તેજપાલ | ૨૮ | ૧૧ | ૧૦ |
| ૨ અજિતસિંહ | ૨૭ | ૭ | ૧૯ | ૧૦ માણિક્યચંદ | ૩૭ | ૭ | ૨૧ |
| ૩ સર્વદત્ત | ૨૮ | ૩ | ૧૦ | ૧૧ કામસેની | ૪૨ | ૫ | ૧૦ |
| ૪ ભુવનપતિ | ૧૫ | ૪ | ૧૦ | ૧૨ શત્રુમર્દન | ૮ | ૧૧ | ૧૩ |
| ૫ વીરસેન | ૨૧ | ૨ | ૧૩ | ૧૩ જીવનલોક | ૨૮ | ૯ | ૧૭ |
| ૬ મહીપાલ | ૪૦ | ૮ | ૭ | ૧૪ હરિરાવ | ૨૬ | ૧૦ | ૨૯ |
| ૭ શત્રુશાલ | ૨૬ | ૪ | ૩ | ૧૫ દ્વિતીય વીરસેન | ૩૫ | ૨ | ૨૦ |
| ૮ સંઘરાજ | ૧૭ | ૨ | ૧૦ | ૧૬ આદિત્યકેતુ | ૨૩ | ૧૧ | ૧૩ |

આદિત્યકેતુને પ્રયાગના રાજા ધંધરે મારી નાખ્યો હતો. એણે તથા એના વંશજોએ એકંદર નવ પેઢીસુધી રાજ્ય કર્યું હતું. તેમનો રાજ્યકાળ ૩૭૪ વર્ષ ૧૧ માસ અને ૨૬ દિવસસુધી ચાલ્યો હતો. તેની સુચિ નીચે પ્રમાણે છે:—

| રાજા | વર્ષ | માસ | દિવસ | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ ધંધર | ૪૨ | ૭ | ૨૪ | ૬ જીવનરાજ | ૪૫ | ૨ | ૫ |
| ૨ મહર્ષિ | ૪૧ | ૨ | ૨૯ | ૭ રુદ્રસેન | ૪૭ | ૪ | ૨૮ |
| ૩ સનરચ્ચી | ૫૦ | ૧૦ | ૧૯ | ૮ આરીલક | ૫૨ | ૧૦ | ૮ |
| ૪ મહાયુદ્ધ | ૩૦ | ૩ | ૮ | ૯ રાજપાલ | ૩૬ | ૦ | ૦ |
| ૫ દૂરનાથ | ૨૮ | ૫ | ૨૫ | | | | |

રાજપાલને તેના સામંત મહાનપાલે મારીને સિંહાસન પોતાના તાબામાં લીધું હતું. એના વંશનો રાજા માત્ર એ પોતેજ હતો.

| | | | |
|---|---|---|---|
| ૧ મહાનપાલ | ૧૪ | ૦ | ૦ |

આ રાજાપર ઉજ્જયિનીથી મહારાજા વિક્રમાદિત્યે આક્રમણ કર્યું હતું. તેમણે તેનો વધ કર્યો અને તેનું સિંહાસન હસ્તગત કર્યું. એમના વંશમાં માત્ર એમણેજ રાજ્ય કર્યું.

| | | | |
|---|---|---|---|
| ૧ વિક્રમાદિત્ય | ૯૩* | ૦ | ૦ |

વિક્રમાદિત્યને શાલિવાહનના સામંત સમુદ્રપાલે મારી નાખ્યા અને તેમનું સિંહાસન હસ્તગત કર્યું. એના કુળમાં ૧૬ પેઢીસુધી રાજ્ય રહ્યું. એ કુળના સર્વ રાજાઓએ એકંદર ૩૭૨ વર્ષ ૪ માસ અને ૨૭ દિવસપર્યંત રાજ્ય કર્યું. એની સુચિ નીચે પ્રમાણે છે:-

| રાજા | વર્ષ | માસ | દિવસ | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ સમુદ્રપાલ | ૫૪ | ૨ | ૨૦ | ૫ નરસિંહપાલ | ૧૮ | ૦ | ૨૦ |
| ૨ ચંદ્રપાલ | ૩૬ | ૫ | ૪ | ૬ સામપાલ | ૨૭ | ૧ | ૧૭ |
| ૩ સહાયપાલ | ૧૧ | ૪ | ૧૧ | ૭ રઘુપાલ | ૨૨ | ૩ | ૨૫ |
| ૪ દેવપાલ | ૨૭ | ૧ | ૨૮ | ૮ ગોવિંદપાલ | ૨૭ | ૧ | ૧૭ |

*પરીક્ષિતથી વિક્રમાદિત્ય સુધી ૩૦૬૬ વર્ષો થાય છે. જો વિક્રમાદિત્યનો સંવત તેમની ૩૦ વર્ષની વયથી ચાલ્યો એમ માની લઇએ તો સંવત ૧૯૯૪ સુધીમાં ૫૦૬૦ વર્ષો થાય છે. આમાં યુધિષ્ઠિરનાં ૩૮ વર્ષો મેળવવાથી ૫૦૯૮ વર્ષો થાય છે. વિક્રમનું રાજ્ય ૯૩ વર્ષનું લખ્યું છે તેમાં કાંઈક ભૂલ છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૯ અમૃતપાલ | ૩૬ | ૧૦ | ૧૩ | (ભીમપાલ) | ૧૧ | ૧૦ | ૧૩ |
| ૧૦ બલીપાલ | ૧૨ | ૫ | ૨૭ | ૧૪ મદનપાલ | ૧૭ | ૧૦ | ૧૯ |
| ૧૧ મહીપાલ | ૧૩ | ૮ | ૪ | ૧૫ કર્મપાલ | ૧૬ | ૨ | ૨ |
| ૧૨ હરિપાલ | ૧૪ | ૮ | ૪ | ૧૬ વિક્રમપાલ | ૨૪ | ૧૩ | ૧૩ |
| ૧૩ સીસપાલ | | | | | | | |

મલુકચંદ નામના રાજાએ વિક્રમપાલને મારી તેનું સિંહાસન પ્રાપ્ત કર્યું. તેના વંશમાં ૧૦ પેઢીસુધી રાજ્ય રહ્યું. તે વંશના સર્વ રાજાઓએ એકંદર ૧૯૧ વર્ષ ૧ માસ અને ૧૬ દિવસપર્યંત રાજ્ય કર્યું.

| રાજા | વર્ષ | માસ | દિવસ | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ મલુકચંદ | ૫૪ | ૨ | ૧૦ | ૬ કલ્યાણચંદ | ૧૦ | ૫ | ૪ |
| ૨ વિક્રમચંદ | ૧૨ | ૭ | ૧૨ | ૭ ભીમચંદ | ૧૬ | ૨ | ૯ |
| ૩ અમીનચંદ (માનકચંદ) | ૧૦ | ૦ | ૫ | ૮ લોવચંદ | ૨૬ | ૩ | ૨૨ |
| | | | | ૯ ગોવિંદચંદ | ૩૧ | ૭ | ૧૨ |
| ૪ રામચંદ | ૧૩ | ૧૧ | ૮ | ૧૦ રાણી પદ્માવતી | ૧ | ૦ | ૦ |
| ૫ હરિચંદ | ૧૪ | ૯ | ૨૪ | | | | |

પદ્માવતી ગોવિંદચંદની રાણી હતી. જ્યારે તેનું અવસાન થયું, ત્યારે મંત્રીઓએ તથા સામંતોએ રાજવંશમાં કોઇ પણ માણસ વિદ્યમાન નહિ હોવાથી હરિપ્રેમ નામના એક વૈરાગીને રાજસિંહાસનપર અધિષ્ઠિત કર્યો અને તેના નામથી તેઓ રાજ્યવ્યવસ્થા ચલાવવા લાગ્યા. આ વંશમાં ૪ પેઢીસુધી રાજ્ય રહ્યું. આ ચાર રાજાઓએ એકંદર ૫૦ વર્ષ અને ૨૧ દિવસપર્યંત રાજ્ય કર્યું.

| રાજા | વર્ષ | માસ | દિવસ | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ હરિપ્રેમ | ૭ | ૫ | ૧૬ | ૩ ગોપાલપ્રેમ | ૧૫ | ૭ | ૨૮ |
| ૨ ગોવિંદપ્રેમ | ૨૦ | ૨ | ૮ | ૪ મહાબાહુ | ૬ | ૮ | ૨૯ |

આ મહાબાહુ રાજ્ય છોડી અરણ્યમાં તપ કરવાને ચાલ્યો ગયો. આ સમાચાર સાંભળી બંગાળાના રાજા આધિસેને દિલ્હીમાં રાજ્યાધિકાર સ્થાપિત કર્યો. એના વંશમાં ૧૫૧ વર્ષ ૧૨ માસ અને ૧૧ દિવસપર્યંત રાજ્ય રહ્યું. એની સૂચિ નીચે પ્રમાણે છેઃ—

| રાજા | વર્ષ | માસ | દિવસ | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ આધિસેન | ૧૮ | ૫ | ૨૧ | ૭ કલ્યાણસેન | ૪ | ૮ | ૨૧ |
| ૨ વિલાવસેન | ૧૨ | ૪ | ૨ | ૮ હરિસેન | ૧૨ | ૦ | ૨૫ |
| ૩ કેશવસેન | ૧૫ | ૭ | ૧૨ | ૯ ક્ષેમસેન | ૮ | ૧૧ | ૧૫ |
| ૪ માધસેન | ૧૨ | ૪ | ૨ | ૧૦ નારાયણસેન | ૨ | ૨ | ૨૯ |
| ૫ મયૂરસેન | ૧૦ | ૧૧ | ૨૭ | ૧૧ લક્ષ્મીસેન | ૨૬ | ૧૦ | ૦ |
| ૬ ભીમસેન | ૫ | ૧૦ | ૯ | ૧૨ દામોદરસેન | ૧૧ | ૫ | ૧૯ |

દામોદરસેને પોતાના ઉમરાવોપર અત્યંત અત્યાચાર કર્યો તેથી દીપસિંહ નામના સામંતે સેના એકત્રિત કરી તેનો વધ કર્યો અને તેનું સિંહાસન હસ્તગત કર્યું. એના વંશમાં ૬ પેઢીસુધી રાજ્ય રહ્યું. સર્વ રાજાઓએ એકંદર ૧૦૭, વર્ષ ૬ માસ અને ૨૨ દિવસપર્યંત રાજ્ય કર્યું એની સૂચિ નીચે પ્રમાણે છેઃ—

| રાજા | વર્ષ | માસ | દિવસ | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ દીપસિંહ | ૧૭ | ૧ | ૨૬ | ૪ નરસિંહ | ૪૫ | ૭ | ૧૫ |
| ૨ રાજસિંહ | ૧૪ | ૫ | ૦ | ૫ હરિસિંહ | ૧૩ | ૨ | ૨૯ |
| ૩ રણસિંહ | ૯ | ૮ | ૧૧ | ૬ જીવનસિંહ | ૮ | ૦ | ૧૪ |

જીવનસિંહે અલ્પકાળપર્યંત પોતાની સેના ઉત્તર તરફ મોકલી હતી. વિરાટના રાજા પૃથ્વીરાજ ચૌહાણે આ સમાચાર સાંભળી તેનાપર આક્રમણ કર્યું અને જીવનસિંહનો વધ કરી ઈંદ્રપ્રસ્થના સિંહાસનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. આ વંશમાં પાંચ પેઢી સુધી રાજ્ય રહ્યું. સર્વ રાજાઓએ એકંદર ૮૬ વર્ષ અને ૧૦ દિવસ સુધી રાજ્ય કર્યું.

| રાજા | વર્ષ | માસ | દિવસ | રાજા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ પૃથ્વીરાજ | ૧૨ | ૨ | ૧૯ | ૪ ઉદયપાલ | ૧૧ | ૭ | ૩ |
| ૨ અભયપાલ | ૧૪ | ૫ | ૧૭ | ૫ યશપાલ | ૩૬ | ૪ | ૨૭ |
| ૩ દુર્જનપાલ | ૧૧ | ૪ | ૧૪ | | | | |

આ રાજાપર શાહબુદ્દીનઘોરીએ આક્રમણ કર્યું અને તેને પકડીને સંવત ૧૨૪૯ માં પ્રયાગના કિલ્લામાં કેદ કર્યો. શાહબુદ્દીને દિલ્હીનું સિંહાસન હસ્તગત કર્યું. તેના વંશમાં ૫૩ પેઢીસુધી રાજ્ય રહ્યું. સર્વ પાદશાહોએ એકંદર ૭૪૫ વર્ષ ૧ માસ અને ૧૭ દિવસસુધી રાજ્ય કર્યું. આ યવન વંશની સૂચિ અનેક ગ્રંથોમાં લખવામાં આવેલી છે, તેથી તે અહીં લખવી આવશ્યક નથી. સર્વ ઇતિહાસજ્ઞો તેથી પરિચિત છે. (આ સર્વ વંશાવલી હરિશ્ચંદ્રચંદ્રિકા તથા મોહનચંદ્રિકા નામના ચોપાનીઆમાં પ્રકટ થઈ હતી. આ વંશાવલી સંવત ૧૭૮૨ માં લખાયલા એક પુસ્તકમાંથી સંગ્રહિત કરવામાં આવી હતી અને તે ઉપર્યુક્ત ચોપાનીઆના સંવત ૧૯૩૯ માર્ગશીર્ષ શુકલપક્ષના ૧૯–૨૦ અંકોમાં પ્રસિદ્ધ થઇ હતી.)

આ પ્રકારે જો પુરાણો અને ઇતર પ્રાચીન ગ્રંથોમાં વિશેષ તપાસ કરવામાં આવે તો પ્રાચીન રાજવંશોસંબંધી ઘણી હકીકત બહાર આવી શકે એમ છે. આમ થવાથી એક મોટો આક્ષેપ દૂર થઇ શકશે. ભારતવાસીઓ જો પ્રાચીન ઇતિહાસની શોધ કરવા તરફ વળે તો ઘણી શોધ થઈ શકે એમ છે; પરંતુ દુર્ભાગ્યવશાત્ આ કાર્યમાં તેઓ દત્તચિત્ત થતા નથી. જો ભારતવાસીઓ પોતાના પ્રાચીન ગ્રંથોમાથી સત્ય ઇતિહાસ શોધી કાઢે તો તેમને અંગ્રેજીગ્રંથોપર આધાર રાખવો પડે નહિ. સુભાગ્યવશાત્ કેટલાક શિક્ષિત પુરુષો આ કાર્ય તરફ વળ્યા છે; પરંતુ તેમની સંખ્યા અતિ અલ્પ છે. જેમ જેમ સંસ્કૃતભાષાનો અધિક પ્રચાર થતો જશે, તેમ તેમ પ્રાચીન ઇતિહાસની શોધ થતી જશે. દીર્ઘકાળ પછી ભારતવાસીઓની નિદ્રા હવે દૂર થવા લાગી છે, એ પરમ હર્ષની વાત છે. આપણને કેટલી હાનિ થઇ છે, આપણો કેટલો માલ લૂંટાઇ ગયો છે અને કયા ઉપાયથી આપણી બાકીની સામગ્રી બચી શકશે એ સુભાગ્યવશાત્ ભારતવાસીઓ હવે જાણવા લાગ્યા છે. હવે તેઓ ગયેલો માલ પાછો મેળવવાને માટે ઉદ્યોગ કરવા લાગ્યા છે, એ સુભાગ્યનું ચિન્હ છે. જો તેઓ આ પ્રકારનો પરિશ્રમ સતત ચાલુ રાખશે તો મને આશા છે કે, તેઓ એક દિવસ સફળમનોરથ થશે. જો ભારતવાસીઓ પોતાના પૂર્વજોના આચારવિચાર તથા નીતિરીતિનો પૂર્ણ અભ્યાસ કરે, જે કર્મથી તેમની ઉન્નતિ થઇ હતી તેવિષે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે, તેમની અધોગતિનાં પણ કારણ જાણે અને ત્યારપછી સદુપાયોનું અવલંબન કરે તો અવશ્ય તેઓ ઉન્નત થઈ શકે. રાજપૂતોમાં કેવો સ્વદેશપ્રેમ હતો તે આ રાજસ્થાનનો ઈતિહાસ સ્પષ્ટ રીતે દર્શાવે છે. રાજપૂતો જનની-જન્મભૂમિને સ્વર્ગથી પણ અધિક માનતા હતા અને તેના પ્રત્યે અપૂર્વ ભક્તિ ધરાવતા હતા. તેમણે પોતાના દેશ અને ધર્મની રક્ષા કરવાને માટે પોતાના પ્રાણ વિસર્જન કર્યાં હતા. રાજસ્થાનની સ્ત્રીઓ પાતિવ્રત્યના આદર્શરૂપ થઇ ગઇ છે, તેમાં પ્રાતઃસ્મરણીય મહારાણી પદ્માવતી સર્વની શિરોમણિ છે. આજે પણ ચિતોડગઢ ક્ષત્રિયોની લીલાભૂમિના વિજયસ્તંભતરીકે વિદ્યમાન છે. શરણાગતવત્સલતા, એકતા, કૃતજ્ઞતા, માનમર્યાદાની રક્ષાને માટે ભીષણ ઉદ્યોગ, નિર્ભયતા, સાહસિકતા, ન્યાયપરાયણતા, બંધુત્વ, આસ્તિકતા વગેરે ગુણો જેમ રાજસ્થાનના પ્રાચીન કાળના રાજપૂતોમાં વિદ્યમાન હતા, તેમ તે આજે પણ ત્યાંના રાજપૂતોમાં વર્તમાન છે. તેમની ભાષા, વેષ, ભોજન અને તેમના હૃદયનો ભાવ–આ સર્વ વસ્તુઓ અનેક શતાબ્દીઓ થયાં તેવી ને તેવીજ રહી છે. આ સર્વ વાતો રાજસ્થાનનો ઇતિહાસ પ્રત્યક્ષ કરે છે. આ ઇતિહાસ વાંચતી વખતે પાઠકોના હૃદયમાં કોઇ અપૂર્વ ભાવનો ઉદય થશે એવી મને સંપૂર્ણ આશા છે. આ ઇતિહાસ એકાદ ઉપન્યાસના જેવી સરલ અને રુચિકર ભાષામાં લખાયલો છે અને એ પાઠકની દૃષ્ટિસન્મુખ સત્ય ઘટનાઓનું તાદૃશ્ય ચિત્ર ખડું કરશે એ વિષે મને લેશ પણ શંકા નથી.

આ ગ્રંથમાં જ્યાં જ્યાં ધર્મસંબંધી ચર્ચા આવી છે, ત્યાં ત્યાં અમે પાઠકોની અનુકૂળતાને માટે આપણા ધર્મશાસ્ત્રમાંથી કેટલાક શ્લોકો પણ ઉધ્ધૃત કરીને મૂકયા છે અને મૂળગ્રંથકર્તાની જે વાતો ભૂલભરેલી જણાઈ છે, તેની નીચે 'અનુવાદક' ની સંજ્ઞાસહિત ટિપ્પણી આપી છે.

સર્વ બુદ્ધિમાન માણસો આ વાતનો સ્વીકાર કરશે કે, રાજપૂતજાતિનો શૃંખલાબદ્ધ ઇતિહાસ

આ ગ્રંથસિવાય બીજે કયાંઇ પણ પ્રાપ્ત થતો નથી. તેમના શૃંખલાબદ્ધ ઇતિહાસનો સર્વોત્તમ ગ્રંથ આજ છે. સત્કર્મો કરવાથી દેશની ઉન્નતિ થાય છે અને વિષયવાસના તથા કુસંપને લીધે દેશ હીન-દશાને પ્રાપ્ત થાય છે, એ આ ગ્રંથનું પરિશીલન કરવાથી ઉત્તમ રીતે સમજાય છે. સાહસિકતાથી મનુષ્ય શું નથી કરી શકતો ? આ વાતનું પ્રત્યક્ષ ઉદાહરણ મહારાણા પ્રતાપસિંહ છે. પ્રતાપસિંહ જેવા સાહસિક વીરો હાલમાં કયાં છે ? પાઠક મહાશયો ! મેવાડના સૂર્યવંશી રાજાઓનાં ચરિત્રો વાંચવાથી આપ મુગ્ધ થઈ જશો અને જનની જન્મભુમિની સેવા કરવાની આપના હ્રદયમાં લાગણી ઉત્પન્ન થશે. આ એક અપૂર્વ ગ્રંથ છે. આ એક મહાગ્રંથ છે. એમાં મનુષ્યનું જીવન સુધારી શકે એવી અનેક વાતો છે. આમાંથી જે બોધ પ્રાપ્ત થાય છે, તે ગ્રહણ કરવાથી મનુષ્ય સુશિક્ષિત થાય છે અને તે પ્રમાણે વર્તન કરવાથી તે સન્માનને પાત્ર થાય છે. મેં હ્રદયના કેવા ભાવથી તથા દેશહિતૈષિતાથી આ ગ્રંથનો અનુવાદ કર્યો છે, તે આ ગ્રંથનું પરિશીલન કરવાથી આપને સમજાશે. મને આશા છે કે, આ ગ્રંથ હિંદી ભાષાભંડારમાં એક ઉપયોગી પુસ્તક થઇ પડશે. વળી આ પુસ્તક વાંચવાથી ભારતના ઇાતહાસની શોધ કરવા તરફ વિદ્વાનોની રુચિ વધશે અને સમય આવતાં તેઓ ભારતનો સત્ય ઇતિહાસ શોધી કાઢી તેને પ્રકટ કરી ભારતને કપાળે ચોંટેલું એક મોટું કલંક દૂર કરવાને સમર્થ થાય તો તેમાં પણ કાંઈ આશ્ચર્ય નથી. મને આશા છે કે, ' ભારતવાસીઓ ઇતિહાસ લખવાની કળાથી અનભિજ્ઞ હતા અને તેઓ ઐતિહાસિક ગ્રંથોપ્રત્યે અભિરુચિ ધરાવતા નહોતા' એવું જે કલંક મારા દેશબંધુઓને લાગ્યું છે, તેને નિવૃત્ત કરવાનો તેઓ પ્રયત્ન કરશે.

મારાથી જ્યાંસુધી બની શકયું ત્યાંસુધી મેં એનો અનુવાદ અતિ સરલ અને સર્વ જણ સમજી શકે એવી હિંદીભાષામાં કર્યો છે. જો આ પુસ્તક પાઠક મહોદયોને રુચિકર લાગશે તો હું મારો પરિશ્રમ સફળ થયેલો માનીશ. મને આશા છે કે, પાઠકો આ પુસ્તક વાંચી અવશ્ય પ્રસન્ન થશે. મેં જાણી જોઇને મૂળગ્રંથકર્તાનો કોઇપણ વિષય છોડી દીધો નથી; પરંતુ આમાં જો કાંઈ ત્રુટી રહી હોય તો તે વિષે સૂચના મળવાથી આગામી આવૃત્તિમાં અવશ્ય તેને દૂર કરવામાં આવશે.


એક બે સ્થળે મૂળ ગ્રંથથી જે કાંઈ વિશેષ લખવામાં આવ્યું છે તે નિષ્પ્રયોજન નથી. તે પૃથ્વીરાજરાસા તથા ઈતર ઐતિહાસિક ગ્રંથોમાંથી ઉધ્ધૃત કરીને ઉમેરવામાં આવ્યું છે.

આ પ્રકારે આ ગ્રંથ સર્વ વિષયોથી અલંકૃત કરી સર્વ પ્રકારના સત્ત્વસહિત પરમોદાર સર્વગુણ-સંપન્ન જગદ્વિખ્યાત શેઠજી શ્રીયુત ખેમરાજ શ્રીકૃષ્ણદાસજી મહોદયને સમર્પણ કરવામાં આવ્યો છે કે જેમણે સંસ્કૃત તથા હિંદી ગ્રંથો પ્રકટ કરી દેશપર મહદ્ ઉપકાર કર્યો છે.

હવે હું મારા મિત્રોને ધન્યવાદ આપી આ ભૂમિકા પૂર્ણ કરી જગદીશ્વરપ્રત્યે પ્રાર્થના કરૂં છું કેઃ- "આપ સર્વપર કૃપાદષ્ટિ કરી દેશનું કલ્યાણ કરશો તથા જગતમાં શાંતિ સ્થાપશો." ॐ तत्सत्

દિનદારપુરા, મુરાદાબાદ, } સજ્જનોનો કૃપાભિલાષી,
સંવત ૧૯૬૨ } બળદેવપ્રસાદ મિશ્ર





| | | | | | |
|---|---|---|---|---|---|
| १. उदयसिंह | १५९१ | ८. अमरसिंह दूसरे | १७०० | १५. भीमसिंह | [illegible] |
| २. प्रतापसिंह | १५७१ | ९. संग्रामसिंह | १७११ | १६. जवानसिंह | [illegible] |
| ३. अमरसिंह | १५६७ | १०. जगतसिंह दूसरे | १७३४ | १७. सरदारसिंह | [illegible] |
| ४. करणसिंह | १६२१ | ११. प्रतापसिंह दूसरे | १७५२ | १८. स्वरूपसिंह | [illegible] |
| ५. जगतसिंह | १६२५ | १२. राजसिंह दूसरे | १७५५ | १९. शम्भूसिंह | [illegible] |
| ६. राजसिंह | १६६१ | १३. अरिसिंह | १७६१ | २०. सज्जनसिंह | [illegible] |
| ७. जयसिंह | १६८१ | १४. हमीरसिंह | [illegible] | २१. महाराणा सर फतहसिंह [illegible] | |

મેવાડના ૨૧ રાજાઓ

Lakshmi Art, Bombay, 8.

# राजस्थाननो इतिहास

## ग्रंथ पहेलो-मेवाड का उदयपुरराज्य

### अध्याय १ लो

**રાજસ્થાનના વિભાગ-પ્રમાણને માટે અનેક ઐતિહાસિક ગ્રંથો તથા શિલાલેખોનું વર્ણન-કનકસેન-સૌરાષ્ટ્રદેશમાં કનકસેનનો પ્રવેશ-વલ્લભીપુર-શિલાદિત્ય-વલ્લભીપુર ઉપર વિદેશીઓનું આક્રમણ-વલ્લભીપુરનો તેમણે કરેલો ધ્વંસ.**

વિશાળ રાજસ્થાન (રાજપૂતાના) આઠ ભાગોમાં વિભક્ત છે. (૧) મેવાડ વા ઉદયપુર, (૨) મારવાડ વા જોધપુર, (૩) બિકાનેર વા કિશનગઢ, (૪) કોટા, (૫) બૂંદી (કોટા તથા બૂંદી ઉભય "હારાવતી" એવા એકજ નામથી પણ ઓળખાય છે), (૬) આમેર વા જયપુર, (૭) જેસલમીર અને (૮) ભારતવર્ષની મરુભૂમિ.

આ અષ્ટ ભાગમાં વિભક્ત થયેલા રાજસ્થાનમાં મેવાડ અને જેસલમીર આ ઉભય રાજ્યોજ પ્રાચીનતા તથા ગૌરવને માટે વિશેષ પ્રસિદ્ધ છે. જે દિવસે ભારતવર્ષે પોતાની સ્વાધીનતા ગુમાવી તે દિવસથી આજસુધીમાં પ્રાયઃ આઠસેં વર્ષો વ્યતીત થઇ ગયાં છે. આ દીર્ઘકાળની પરાધીનતામાં અનેક રાજપરિવર્તનો થઇ ગયાં છે. અનેક વિદેશી તથા વિજાતીય ભૂપાળોએ ભીષણ ગર્વ ધારણ કરીને ભારતસંતાનોના ભાગ્યચક્રને ભસ્મીભૂત કરી દીધું છે અને ભારતના હૃદયના રુધિરને ચૂસી લીધું છે. તેમના કઠોર શાસનદંડના પ્રહારથી ભારતવર્ષનાં અનેક રાજ્યો એકદમ ચૂર્ણવિચૂર્ણ થઇને માટીમાં મળી ગયાં છે. કેટલાંક રાજ્યોનાં નામનિશાન પણ આજે દૃષ્ટિગોચર થતાં નથી. આ દીર્ઘ સમયમાં ભારતવર્ષનાં અન્ય રાજ્યોની સાથે મેવાડના રાજ્યને પણ અનેક ભયંકર શત્રુઓના કઠોર પ્રહાર સહન કરવા પડ્યા છે, આથી અનેકવાર તેની દુર્દશા થઈ છે. અનેક વિદેશીવિધર્મી લોકોએ તેનાપર આક્રમણ કરીને તેનાં ધન, રત્ન, માલ, ખજાના લૂંટયાં છે અને તેમાં આવેલાં નગરો તથા ગામોને ઉજજડ કરી દીધાં છે; પરંતુ આ રાજ્યનો વિસ્તાર જેટલો તે વખતમાં હતો તેટલોજ હમણાં પણ છે, તેમાં કાંઇ ન્યૂનાધિકતા થઇ નથી. એક વખત મેવાડ પોતાના મહાન ગૌરવબળથી સમસ્ત રાજસ્થાનના શિખરે વિરાજમાન થયું હતું. જે સમયે મેવાડ આ પ્રકારે પોતાના ગૌરવથી દીપી રહ્યું

હતું તે સમયથી ઘણા કાળ પૂર્વે મહા પરાક્રમી મહમુદ ગિઝનવી સિંધુ નદીનું 'નીલવર્ણું જલ[1]' ઉતરીને ભારતવર્ષપર ચઢી આવ્યો હતો. તે સમયને આઠસો વર્ષ વ્યતીત થઇ ગયાં છે અને આજે મેવાડ શોચનીય દશામાં આવી પડ્યું છે; તોપણ તેનો વિસ્તાર તેટલો ને તેટલોજ છે. ત્યાં વસતાં મનુષ્યો પણ તેવાં ને તેવાંજ છે. જે પ્રાચીન ગ્રંથોમાં મેવાડરાજ્યનો ઇતિહાસ થોડોઘણો લખાયો છે તે સર્વમાં "જયવિલાસ" "રાજરત્નાકર" તથા "રાજવિલાસ" વિશેષ પ્રસિદ્ધ તથા વિશ્વાસપાત્ર છે. તે સિવાય "ખુમાનરાયસા" "મામદેવ પરિશિષ્ટ" તથા અનેક જૈન અને ઐતિહાસિક ગ્રંથોમાં મેવાડનું કેટલુંક વૃત્તાંત ઉપલબ્ધ થાય છે. આ ગ્રંથોમાં અનેક ભિન્ન ભિન્ન મતો જણાય છે; પરંતુ સારી રીતે વિચાર કરવાથી આ પૃથક્ પૃથક્ પુસ્તકોમાંથી એક સામાન્ય ઐતિહાસિક સત્ય પ્રકટ થાય છે. અમે આવાં સામાન્ય ઐતિહાસિક સત્યની સહાયથીજ મેવાડનો ઇતિહાસ લખવામાં પ્રવૃત્ત થયા છીએ.

રાજસ્થાનના ભટ્ટકવિઓ રાજા કનકસેનનેજ મેવાડના સ્થાપક તરિકે જણાવે છે. તેમનો અભિપ્રાય એવો છે કે કનકસેન ભારતવર્ષના ઉત્તર ભાગમાં આવેલા કોઈ દેશમાં (બહુધા લોહકોટમાં) રહેતા હતા. કાળના પરિવર્તનથી તેઓ તે દેશનો ત્યાગ કરીને સંવત ૨૦૦ (ઈ૦ સ૦ ૧૪૪) માં સૌરાષ્ટ્રના રાજ્યમાં આવ્યા.ભટ્ટલોકોનો આ મત જયપુરાધીશ મહારાજા જયસિંહે સ્વીકાર્યો છે. પંડિતવર જયસિંહે પોતાના બનાવેલા ઇતિહાસમાં આ મતને પુષ્ટિ આપી છે અને સૂર્યવંશમાંથી મેવાડના રાજવંશની ઉત્પત્તિ થએલી જણાવી છે.[2]

મહારાજા કનકસેન લોહકોટનું રાજ્ય (આ લોહકોટજ કદાચ આધુનિક લાહોર હોવાનો સંભવ છે.) છોડીને સૌરાષ્ટ્ર દેશમાં આવી વસ્યા હતા એમાં લેશ પણ સંદેહ નથી; પરંતુ તેઓ કયે માર્ગે દક્ષિણમાં ગયા હતા તે કહેવું કઠિન છે; કારણ કે ભટ્ટલોકોના ગ્રંથોમાં તે વિષે કાંઈ વર્ણન ઉપલબ્ધ

---

૧ કર્નલ ટોડ લખે છે કે:-" પાણીનો રંગ નીલ હોવાથી મિસર દેશમાં આવેલા મોટા નદને " નીલનદ " કહેવામાં આવે છે. " સિંધુ " શબ્દની સાથે તાતારના અને ચીનના એકાદ બે શબ્દોની તુલના કરીને તેઓ જણાવે છે કે, તાતાર લોકોના સીન અને ચૈન શબ્દો નદીના સૂચક છે અને એજ કારણથી સિંધુ નદીના ઉત્તર કિનારા પર રહેતા લોકો તેને 'આવેસીન' અર્થાત્ 'શ્રેષ્ઠ નદ' કહેતા હતા. તો શું આજ કારણથી અરબસ્તાનના લોકો આફ્રિકા ખંડમાં આવેલા નીલ નદના પેલા કિનારા તરફના વિશાલ પ્રદેશને આવેસીનિયા ( એબિસીનિયા ) કહેતા હશે ! "

૨ શ્રીમાન્ ટોડ મહાશયને મેવાડનો ઇતિહાસ રચવામાં જે જે ગ્રંથોમાંથી સહાય મળી હતી તે વિષે અધિક વર્ણન અહીંઆં કરીએ છીએ. એ ઉપરથી જ્ઞાત થશે કે તેમને પ્રસ્તુત ગ્રંથ રચવામાં કેટલો પરિશ્રમ કરવો પડયો છે.

ઉદયપુરની રાજસભામાં તેઓ ગયા તેની અનેક વર્ષો પૂર્વે ભટ્ટલોકોની પાસેથી તેમને મેવાડના રાજાઓની વંશપત્રિકાના કેટલાક ખરડાઓ મળ્યા હતા. તે સિવાય ઈતર વંશપત્રિકાઓ પણ તેમને મળી હતી. તેમણે રાણાની સમ્મતિથી તેમના પુસ્તકાલયના જૂના ખરડાઓ વાંચ્યા હતા અને જે જે મહત્ત્વના ગ્રંથો જણાયા તેમની તેમણે નકલ ઉતારી હતી. આમાંના કેટલાક ગ્રંથોનાં નામ નીચે લખવામાં આવે છે:—

( ૧ ) ખુમાનરાયસા-જો કે આ ગ્રંથ કેટલેક અંશે આધુનિક સમયનો છે તથાપિ તે સર્વથી વિશેષ પ્રસિદ્ધ અને મહત્ત્વનો છે. શ્રીરામચંદ્રજીથી લઈને આ ગ્રંથ રચવામાં આવ્યો ત્યાંસુધીના સર્વ સૂર્યવંશી રાજાઓનું ક્રમાનુસાર વર્ણન આ ગ્રંથમાં લખવામાં આવેલું છે.

( ૨ ) રાજવિલાસ—આ સમગ્ર ગ્રંથ માનકુવેશ્વરે વ્રજભાષામાં લખ્યો છે.

( ૩ ) રાજરત્નાકર-સદાશિવભટ્ટે આ ગ્રંથ રચ્યો છે. આ તથા રાજવિલાસ એ ઉભય કાવ્યગ્રંથો રાણા રાજસિંહના સમયમાં રચવામાં આવ્યા હતા.

( ૪ ) જયવિલાસ-રાજસિંહના પુત્ર રાણા જયસિંહના સમયમાં આ ગ્રંથ રચવામાં આવ્યો હતો. મેવાડના રાણાઓની બહાદુરી તથા સંગ્રામના પૂર્વસમયની વાતોવિષે આ ગ્રંથમા વર્ણન છે.

( ૫ ) મામદેવ પરિશિષ્ટ-કમલમીરના દેવમંદિરમાં જે શિલાલેખો સંગ્રહી રાખવામાં આવ્યા છે તે સર્વનું આ ગ્રંથમાં વર્ણન છે.

થતું નથી. એમ કહેવાય છે કે જ્યારે તેઓ સૌરાષ્ટ્રમાં પહોંચ્યા ત્યારે તે દેશ પવાર વંશના કોઈ રાજાના અધિકારમાં હતો. રાજા કનકસેને તે પવારરાજાને પરાજિત કર્યો અને તેઓ તેના સિંહાસનપર બેઠા. ત્યાર પછી તેમણે શીઘ્ર પોતાના રાજ્યને દૃઢ કરવામાં ચિત્ત પરોવ્યું. વળી તેમણે ઈ૦ સ૦ ૧૪૪માં વીરનગર નામક એક શહેર વસાવ્યું.

કનકસેનની પછી તેમની ચોથી પેઢીએ વિજયસેન (આમેરના રાજા ગયાસિંહે વિજયસિંહને નોશેરવાં લખ્યો છે.) નામનો એક રાજા થયો હતો. એમ કહેવાય છે કે આ વિજયસેનેજ વિજયપુરની સ્થાપના કરી હતી. ઘણા લોકો એવું અનુમાન કરે છે કે સૌરાષ્ટ્રના ઉત્તર ભાગમાં વિજયપુરની સ્થાપના થઈ હતી. કાળે કરીને આ નગર ઉજ્જડ થઈ ગયું. આ નગરનાં ખંડીએરોપર વર્તમાન ધોળકા નગરી સ્થાપિત થઈ છે. ભટ્ટલોકોના ગ્રંથોપરથી વિદિત થાય છે કે મહારાજા વિજયસેને વલ્લભીપુર અને વિદર્ભ (હાલમાં આને શિહોર કહેવામાં આવે છે. બીજી વિદર્ભનગરી હાલ મોટા નાગપુર કહેવાય છે. અહીંઆં દમયંતીનો જન્મ થયો હતો.) નામની બીજી પણ બે નગરીઓ વસાવી હતી. ઉક્ત નગરોમાં વલ્લભીપુર વિશેષ પ્રસિદ્ધ છે. સૂક્ષ્મ શોધને પરિણામે એવો નિશ્ચય થઈ શક્યો છે કે વર્તમાન સમયે ભાવનગરથી વાયવ્ય દિશામાં પાંચ કોશના અંતરે "વળા" નામક ગામ છે તેજ પ્રાચીન વલ્લભીપુરનો બચેલો ભાગ છે. " શત્રુંજય માહાત્મ્ય" નામના એક જૈનધર્મના ગ્રંથમાં આ વાતની સત્યતાને પ્રમાણ મળે છે.

ઘણા લોકો એમ કહે છે કે ઉક્ત વલ્લભીપુરથીજ મેવાડના રાજવંશની ઉત્પત્તિ થઈ છે. આ વાત સત્ય છે કે નહિ તેનો નિર્ણય કરવાને માટે પૂર્વે અનેક લોકોના મત લેવામાં આવ્યા હતા; પરંતુ તેથી સંતોષકારક પરિણામ આવ્યું નહિ. કેટલોક કાળ વ્યતીત થઈ ગયા પછી મેવાડના રાજ્યના પૂર્વ ભાગમાં આવેલા એક તૂટેલા શિવાલયમાંથી એક શિલાલેખ નીકળ્યો. આ શિલાલેખમાં મેવાડના રાજકુલનું પૂર્વવર્ણન સંક્ષેપમાં લખેલું છે. લિપિકર્તાએ પોતાના જ્ઞાન પ્રમાણે સર્વ વાતોનું વર્ણન કરીને પોતાના લખેલા વૃત્તાંતની સત્યતા સિદ્ધ કરવાને માટે એક સ્થળે લખ્યું છે કેઃ–"આ વાત સત્ય છે કે નહિ તેના પ્રત્યક્ષ સાક્ષીઓ વલ્લભીની દીવાલો છે." આ સિવાય રાણા રાજસિંહના સમયના વૃત્તાંતનો આધાર લઇને જે એક ગ્રંથ રચવામાં આવ્યો છે તેની અવતરણિકામાં પણ એવો ઉલ્લેખ છે કેઃ–"પશ્ચિમમાં સૌરાષ્ટ્ર નામનો એક સુપ્રસિદ્ધ દેશ છે. વિદેશીઓએ આ દેશપર આક્રમણ કરીને બાળકનાથોને જીતી લીધા હતા. જે સમયે આ પ્રમાણે વલ્લભીપુરનો નાશ થયો હતો તે વખતે બાલકનાથરાજની પુત્રી સિવાય સર્વ માણસો માર્યા ગયાં હતાં." બીજા એક કુલાખ્યાન ગ્રંથમાં એવો ઉલ્લેખ છે કેઃ–"વલ્લભીપુરનો વિધ્વંસ થયા પછી ત્યાંનાં નિવાસીઓ મારવાડમાં નાસી ગયાં અને ત્યાં તેમણે વલ્લી, સંદેરી તથા નાંદોલ નામનાં ત્રણ નગરો વસાવ્યાં." આ ત્રણે નગરો હાલ વિદ્યમાન છે. ઇસ્વીસનની છઠ્ઠી શતાબ્દીના પ્રારંભમાં જે વખતે વિદેશીઓએ વલ્લભીપુરનો નાશ કર્યો તે વખતે ત્યાં જૈનધર્મનો પ્રચાર હતો અને આજે ઓગણીસમી શતાબ્દીના પાછલા ભાગમાં ત્યાં તે પ્રાચીન જૈનધર્મ તેજ પ્રકારે ચાલતો જણાય છે. અનેક ગ્રંથોમાં આ ત્રણ નગરો સિવાય બીજા એક નગરનું નામ પણ ઉપલબ્ધ થાય છે. આ નગર તે ગાયિની[3]

(૧) શત્રુંજયમાહાત્મ્ય–આ એક જૈનગ્રંથ છે.

ઉપલા સર્વ ગ્રંથો હસ્તલિખિત છે. એ સિવાય ભટ્ટલોકોના કેટલાક અપ્રસિદ્ધ ગ્રંથો, વંશપત્રિકાઓ, શિલાલેખો, તામ્રપત્રો, જૈનગ્રંથો, આઇન–ઈ–અકબરી, શાહનામા, જહાંગીરનામા, તવારિખ ફિરિસ્તા આદિ અનેક ફારસી તથા અરબી ગ્રંથોદ્વારા મેવાડની ઐતિહાસિક વાતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

૩ ગાયનિ વા ગજનિ એ ખંભાતનું પ્રાચીન નામ છે. વર્તમાન ખંભાત નગરની દક્ષિણે ત્રણ માઈલપર ગાયનિનાં ખંડિયેરો અદ્યાપિ વિદ્યમાન છે. ભટ્ટલોકોના ગ્રંથમાં આ પ્રકારે બીજાં પણ પ્રાચીન અને લુપ્ત નગરોનાં નામ ઉપલબ્ધ થાય છે. આ નગરોનું વર્ણન વાંચવાથી જણાય છે કે એક સમયે બાલકરાયોએ ભરતખંડના દક્ષિણ ભાગમાં રાજ્ય કર્યું હતું. ભટ્ટલોકોના કાવ્યગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે, વર્તમાન દેવગઢ પ્રાચીનકાળમાં વિલવિલપુરપટ્ટનના નામથી ઓળખાતું હતું અને ત્યાં મેવાડાધિપતિના પૂર્વજો રાજ્ય કરતા હતા; પરંતુ કર્નલ ટૉડે આ નગરનું સત્ય વૃત્તાંત શોધી કાઢ્યું છે કેઃ–એ વિલવિલપુરપટ્ટન સૌરાષ્ટ્રમાં છે. (ગુર્જર વાચકો આ સ્થળને સરળતાથી " વેરાવળ " તરીકે જાણી શકશે.) અં૦ગ્રી૦

છે. એમ કહેવાય છે કે વલ્લભીપુરાધીશ મહારાજા શિલાદિત્યનાં સંતાનો છેલ્લી વખત સૌરાષ્ટ્રથી નાસીને આ ગાયિનીનગરમાં જઈ વસ્યાં હતાં. ભટ્ટલોકોના બીજા એક કાવ્યગ્રંથની ભૂમિકામાં એવો ઉલ્લેખ છે કે:–"મ્લેચ્છ લોકોએ મહારાજા શિલાદિત્યના ગાયિનીનગરને જીતી લીધું. આ નગરીની રક્ષા કરતાં મહારાજાના સહકારી પ્રધાન પ્રધાન વીરગણ સમરભૂમિમાં પડ્યા. વંશ નિર્મૂલ થઈ ગયો. માત્ર આ વીરોનાં નામ શેષ રહી ગયાં.

કયી વિદેશી [1]જાતિએ વલ્લભીપુરનો વિધ્વંસ કર્યો હતો તે કહેવું કઠિન છે. એ લોકો પુરાણમાં જણાવેલા શાકદ્વીપમાં રહેતા હોવા જોઇએ; પરંતુ કોઈ પણ ઇતિહાસવેત્તા તેઓ કયી જાતિના હતા તે નિશ્ચયપૂર્વક કહી શકતા નથી. પ્રાચીન ઐતિહાસિક ગ્રંથો વાંચવાથી જ્ઞાત થાય છે કે ઇસ્વીસનની બીજી શતાબ્દીમાં સિંધુ નદીના કિનારાપર વસેલા શ્યામનગરમાં થોડાક પારદલોકો રહેતા હતા. આ લોકોએ વલ્લભીપુરપર આક્રમણ કર્યું હોય એવો સંભવ જણાય છે. એમ કહેવાય છે કે પ્રાચીન યાદવલોકોએ આ શ્યામનગરમાં ઘણા કાળપર્યંત રાજ્ય કર્યું હતું. પંડિત એરિયને શ્યામનગરને મીનગઢ[2] જણાવ્યું છે અને અરબસ્તાનના ભૂગોળવેત્તાઓએ તેને મનકર જણાવ્યું છે.

સિંધુ નદીના કિનારાપર આવેલા જે વિશાળ પ્રદેશમાં પારદલોકો નિવાસ કરતા હતા તે અત્યારસુધી અનેક વિદેશી આક્રમણકારોને માટે ખુલ્લા દ્વાર સમાન બની રહ્યો હતો. આ ખુલ્લા દ્વારમાં પ્રવેશ કરી અનેક જાતિઓએ પવિત્ર ભારતભૂમિમાં આવીને તેનો નાશ કરી નાખ્યો. જિત, હૂન, કામારિ, કાઠી, મકવાહન, બલ્લ તથા અશ્વારિયા ઇત્યાદિ જે જે આક્રમણકારોએ આવીને સૌરાષ્ટ્ર દેશમાં અધિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી તે સર્વ આ ખુલ્લા દ્વારમાંથીજ આવ્યા હતા. એ સમય આ આક્રમણકારોને માટે તો ખરેખરો સુવર્ણયુગજ હતો. તેઓ એશિયાની ઉચ્ચ ભૂમિ છોડીને એકજ સમયે યૂરોપ તથા ભારતભૂમિ તરફ ચાલવા લાગ્યા હતા. પ્રસિદ્ધ પરિવ્રાજક કાસમસ ચીનનરેશ જસ્ટીનિયનના સમયમાં ભારતવર્ષમાં હતો. તે વલ્લભીરાજ્યનું કલ્યાણનગર જોવાને ગયો હતો. તેણે પોતાના પ્રવાસ-ગ્રંથમાં લખ્યું છે કે:–"વલ્લભીપુર નષ્ટ થયું તે સમયમાં કેટલાક હૂન લોકો સિંધુનદના કિનારાપર વસવા લાગ્યા હતા. તે વખતે તેમનો જે સરદાર અથવા રાજા હતો, તેનું નામ ગોલસ હતું."

આ તરફ એરિયનના વર્ણનપરથી કાંઇ બીજીજ વાત પ્રતીત થાય છે. ઇસ્વીસનની બીજી શતાબ્દીમા મહાશય એરિયન વરના (ભરૂચનગર)માં આવ્યા હતા. તેઓ જણાવે છે કે:–"હાલમાં સિંધુ નદી અને નર્મદાની વચ્ચેના વિશાળ દેશમાં પારદોનું વિસ્તૃત રાજ્ય છે. મીનગઢ આ રાજ્યનું પાટનગર છે." હવે કાસમસે જણાવેલા હૂનલોકો પારદજ હતા, કિંવા હૂનોએ પારદોને કાઢી મૂકીને ઉક્ત પ્રદેશમાં રાજ્ય

૧ આ નગર તથા મ્લેચ્છજાતિના સંબંધમાં અનેક મતો પ્રચલિત છે. કર્નલ ટૉડે આ જાતિને પારદ તથા વાર્ડન ઇન્દુવક્રય તરીકે જણાવી છે; પરંતુ ઇતિહાસવેત્તા ઍલ્ફીન્સ્ટન એને પારસી જણાવે છે. ઍલ્ફીન્સ્ટને જે પ્રમાણો દર્શાવ્યા છે તે માનવાયોગ્ય છે. આથી આને પારસીઓનું આક્રમણજ કહેવું ઉચિત થઈ પડશે. વિશેષત: જૈન પરિવ્રાજકોનાં લખાણોમાં તથા પારસી તવારીખોમાં એવાં પ્રમાણો ઉપલબ્ધ થાય છે કે ઇસ્વીસનની છઠ્ઠી શતાબ્દીના આરંભકાળમાં પાદશાહ નોશેરવાને સિંધુદેશપર આક્રમણ કર્યું હતું. જો કે ઇતિહાસમાં ક્યાય પણ વલ્લભીપુરના ધ્વંસસંબંધે કોઇ લેખ ઉપલબ્ધ થતો નથી તોપણ કેટલાક લેખ ઉપરથી એમ પ્રતીત થઇ શકે છે કે જ્યારે પારસી લોકોએ સિંધદેશપર આક્રમણ કર્યું હતું ત્યારથીજ તેમની આંખોમાં સંપત્તિશાલી વલ્લભીપુર ખટક્યું હતું. બીજી વાત એ છે કે વલ્લભીપુરપર આક્રમણ થયાનો કાળ અને નોશેરવાનદ્વારા સિંધદેશપર આક્રમણ થયાનો સમય એકજ છે. (ઇ૦ સ૦ ૫૮૪)

૨ યૂરોપીય વિદ્વાનોના લેખોદ્વારા મીનગઢના સંબંધમાં ઘણી વાતો પ્રકાશમાં આવી છે. ડેન્વીલથી લઈને પોટિન્જરસુધીના સર્વ વિદ્વાનોએ આ નગરનું સ્થાન નિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છે અને કેટલાક વિદ્વાનો તેમાં કૃતાર્થ પણ થાય છે. ખલીફા મન્સૂર (અબ્બાસી) ના સેનાપતિ ઉમરે સિંધદેશ જીતી તેનું નામ મન્સૂરગઢ પાડ્યું. પછી ઘણા દિવસસુધી તેનું નામ એજ રહ્યું. ડેન્વીલે તેને ૨૯°ની નિકટ અને હલગબેગ તેને ૨૯°૪૦' ની ઉત્તરે થોડે દૂર જણાવે છે. ગમે તેમ હો; પરંતુ કર્નલ ટૉડે એરિયન, ટોલમી, અલ્બીરૂની, ઍડ્રીસી, ડેન્વીલ વગેરે પુરાતન તત્ત્વવેત્તાઓના ભિન્ન ભિન્ન મતોમાંથી સાર કાઢી અંતે એમ નિશ્ચિત કર્યું છે, કે મીનગઢ સિંધુનદીના કિનારાપર ૨૯° ૧૧' પર સ્થિત છે.

સ્થાપિત કર્યું હતું તે નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી; પરંતુ આ વાત તો અવશ્ય માનવીજ પડશે કે આ ઉભય જાતિમાંની ગમે તે એકે વલ્લભીપુરનો વિધ્વંસ કર્યો.

સૂર્યવંશી મહારાજા કનકસેનથી આઠમી પેઢીએ શિલાદિત્ય નામનો એક રાજા થયો. આના સમયમાં મ્લેચ્છોએ આક્રમણ કરીને વલ્લભીપુરને નષ્ટ કરી દીધું હતું. રાજા શિલાદિત્યના સંબંધમાં એક વિચિત્ર દંતકથા કર્ણગોચર થાય છે. તેનો જેટલો ભાગ શિલાદિત્યના જન્મ સાથે તથા તેની બાલ્યાવસ્થા સાથે સંબંધ ધરાવે છે, તેને અગત્યનો ધારી અમે અહીંઆં લખીએ છીએ. તે નીચે પ્રમાણે છે:—

"ગુર્જર દેશમાં કૈયર નામક એક નગર હતું. આ નગરમાં દેવાદિત્ય નામનો બ્રાહ્મણ રહેતો હતો. આ બ્રાહ્મણ વેદવેદાંગનો જ્ઞાતા હતો. તેને એક સુભગા નામની કન્યા હતી. દેવાદિત્યે પોતાની કન્યાનો વિવાહ કર્યો; પરંતુ તે અભાગિની કન્યા વિવાહની રાત્રેજ વિધવા થઈ. સુભગાના ગુરુએ તેને બીજમંત્ર આપ્યો હતો. એક દિવસ તેણે ભાન ભૂલી તે મંત્રનો ઉચ્ચાર કર્યો. આથી તરતજ સૂર્ય ભગવાને પ્રકટ થઇ તેને આલિંગન દીધું અને તત્ક્ષણજ અંતર્ધાન થઈ ગયા. થોડાજ દિવસમાં સુભગાને ગર્ભનાં લક્ષણો જણાયાં. આ વાતની દેવાદિત્યને ખબર પડતાં તે અત્યંત વ્યાકુળ થયો; પરંતુ યોગબળથી જ્યારે તેણે મૂળ કારણ જાણ્યું ત્યારે તેનો સમસ્ત શોક વિલુપ્ત થયો. તે છતાં પણ તેણે સુભગાને પોતાને ઘેર ન રાખતાં એક દાસીની સાથે વલ્લભીપુર મોકલી દીધી. આ નગરમાં સુભગાને એક પુત્ર તથા એક પુત્રીની પ્રાપ્તિ થઇ. સુભગાનો પુત્ર મોટો થયો ત્યારે તેને ભણાવવાને માટે વિદ્યાલયમાં મોકલવામાં આવ્યો. તેના મિત્રો તેનું ગૂઢ જન્મવૃત્તાંત જાણી તેને "ગુપ્ત" નામથી બોલાવી તેનાપર અનેક પ્રકારના અત્યાચાર કરતા હતા. આથી "ગુપ્ત" ને અત્યંત દુઃખ થતું. તેને શયન અથવા ભોજન કરતી વખત પણ કોઈ પ્રકારનું સુખ થતું નહોતું. તેને સ્વપ્નમાં પણ સુખ નહોતું. તેને અત્યંત ચિંતા થતી. તેને અનેક પ્રકારની શંકા થતી. જ્યારે તેના સહાધ્યાયીઓ તેના પિતાનું નામ પૂછતા ત્યારે તે નિરુત્તર બની જતો. આ શું ઓછા દુઃખની વાત છે? જે પિતાદ્વારા તે ઉત્પન્ન થયો તેને તે ઓળખતો નહોતો. તેણે તેને એક વાર પણ દીઠો નહોતો. તેણે તેને એક વાર બોલાવ્યો ન હતો. આથી તે બાળકના હૃદયમાં અત્યંત શોક થયો. થોડા સમયમાંજ તે બાલકનું કોમળ હૃદય ચિંતારૂપી વિષથી જર્જર થઇ ગયું. તેના સહાધ્યાયીઓ તેના પિતાનું નામ પૂછીને તેનો જીવ અત્યંત બાળતા હતા. તે મનનું દુઃખ મનમાંજ છુપાવીને ઘેર ચાલ્યો આવતો અને પોતાની માતાને પોતાના પિતાનું નામ વારંવાર પૂછતો; પરંતુ સુભગા કાંઇ ઉત્તર આપતી નહિ. તે પોતાના પુત્રને ગોદમાં લઇને સમજાવીપટાવી શાંત રાખતી. આ પ્રકારે ઘણા દિવસ વ્યતીત થઇ ગયા; પરંતુ ગુપ્તને પોતાના પિતાવિષે કાંઇ માહિતી મળી નહિ.

અંતે એક દિવસ "ગુપ્ત" ને તેના સહાધ્યાયીઓએ ખૂબ સતાવેલો હોવાથી તે અત્યંત ક્રોધાયમાન થઇ પોતાની માતા પાસે આવ્યો અને તેણે સિંહસમાન ગર્જના કરી કઠોર અવાજથી કહ્યું: "જો હમણાં તું મારા પિતાનું નામ નહિ બતાવે તો હું તારો પ્રાણ લઇશ." "ગુપ્ત" ના આ ભયદાયક શબ્દો પૂરા થયા તે પૂર્વે સૂર્ય ભગવાન તેની આગળ પ્રકટ થયા અને તેને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. ત્યારપછી તેઓ "ગુપ્ત" ના હાથમાં એક પાષાણનો ટુકડો આપીને બોલ્યા: "આ પાષાણનો ટુકડો હાથમાં લઇને તું જેને સ્પર્શ કરશે તે તત્ક્ષણ પતન પામશે." "ગુપ્તે" આ પાષાણના ટુકડાથી પોતાના સર્વ સહાધ્યાયીઓને પરાજિત કર્યાં. થોડા વખતમાં આ સમાચાર વલ્લભીપુરના રાજાના સાંભળવામાં આવ્યા. રાજાએ "ગુપ્ત" ને પોતાની સમક્ષ બોલાવીને તેને અનેક પ્રકારની ધમકી આપી. આથી "ગુપ્તે" એ ઉક્ત પાષાણના ટુકડાવતી રાજાને પરાજિત કર્યો અને તેના સિંહાસનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો.

હવેથી તે "ગુપ્ત" શિલાદિત્યના નામથી ઓળખાવા લાગ્યો.[1]

વલ્લભીપુરના રાજા શિલાદિત્યના સંબંધમાં આ પ્રકારની બીજી પણ અદ્ભુત અને મનોહર દંતકથાઓ સાંભળવામાં આવે છે. એમ કહેવાય છે કે વલ્લભીપુરમાં તે વખતે 'સૂર્યકુંડ' હતો. જે વખતે સંગ્રામનો

૧ ભારતવર્ષના ઇતિહાસમાં એક બીજા શિલાદિત્યનું નામ પણ ઉપલબ્ધ થાય છે; પરંતુ તે વૈશ્ય હતો અને ઇસ્વીસનની સાતમી શતાબ્દીના મધ્ય ભાગમાં કનોજના સિંહાસનપર વિરાજમાન હતો. પ્રસિદ્ધ ચિનનિવાસી હ્યુએન્શાંગ આ શિલાદિત્યના શાસનકાળમાંજ કનોજમાં ગયો હતો. (જુઓ. 'ટ્રાવેલ્સ ઑફ હ્યુએન્શાંગ' પૃ૦ ૨૧૫)

પ્રસંગ આવી પડતો તે વખતે રાજા શિલાદિત્ય તે કુંડની સમીપ જતા અને ભગવાન ભાસ્કરની પ્રાર્થના કરતા. આ પ્રાર્થના સાંભળી સૂર્યનો રથ ખેંચનાર સપ્તાશ્વ નામનો એક પ્રચંડ અશ્વ તે કુંડમાંથી બહાર નીકળતો.આ અશ્વને પોતાના રથ સાથે જોડી મહારાજા શિલાદિત્ય શત્રુઓને પરાજિત કરતા;પરંતુ પાછળથી તેમના કોઇ દુષ્ટ મંત્રીએ વિશ્વાસઘાત કર્યો, તેથી શિલાદિત્યનું સૌભાગ્ય નષ્ટ થયું. તેમના ઉક્ત દુષ્ટ મંત્રીએ તેમના શત્રુને આ ભેદ જણાવી દીધો અને તેને સલાહ આપી કેઃ-" આ પવિત્ર કુંડમાં ગૌરક્ત નાખો એટલે શિલાદિત્યનો સૌભાગ્યસૂર્ય નષ્ટ થશે." આ સલાહાનુસાર યવનોએ તે સૂર્યકુંડમાં ગૌરક્ત નાખ્યું. સૂર્યકુંડ અપવિત્ર બન્યો એટલે મહારાજા શિલાદિત્યનો સૌભાગ્યસૂર્ય અસ્ત થવા લાગ્યો, તેમના નાશનો આરંભ થયો અને મ્લેચ્છો પ્રચંડ બળસહિત આવી વલ્લભીપુરને ઘેરી ગગનભેદી સિંહનાદથી વારંવાર દિશાઓ ગજાવવા લાગ્યા.

આ વખતે મહારાજા શિલાદિત્ય શીઘ્ર સૂર્યકુંડની સમીપ ગયા અને દીનસ્વરે પોતાના ઇષ્ટદેવની વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા; પરંતુ તેમની પ્રાર્થના વ્યર્થ ગઇ. અતિ કરુણાજનક સ્વરથી વિનયપૂર્વક અનેક વાર પ્રાર્થના કર્યા છતાં પણ સપ્તસુખવાળો અશ્વ દૃષ્ટિગોચર થયો નહિ. ઘોર નિરાશાના પ્રચંડ પ્રહારથી શિલાદિત્યનું અંતઃકરણ વિદીર્ણ થઇ ગયું. તેમને ચારે દિશામાં અંધકાર દેખાવા લાગ્યો; તથાપિ તેઓ પોતાના સામર્થ્યપર શ્રદ્ધા રાખી પોતાની સેનાસહિત ભયંકર શત્રુઓની સામા થયા. શત્રુઓ અધિક બળવાન હોવાથી શિલાદિત્ય પોતાની સેનાસહિત સમરશાયી થયા. મહારાજા શિલાદિત્યના શોચનીય મૃત્યુની સાથે વલ્લભીપુરમાંથી તેમનું વંશવૃક્ષ જડમૂળમાંથી ઉખડી ગયું.[1]

---

૧ શક અને પારસીઓના ગ્રંથોમાં પણ આવા સૂર્યકુંડનું વર્ણન ઉપલબ્ધ થાય છે. હાલમાં ઉપર્યુક્ત સૂર્યકુંડનું વૃત્તાંત કલ્પનાની મહાજાળથી આવૃત્ત છે. આ આવરણ દૂર કરવાથી સત્ય વાત જ્ઞાત થશે કે, શત્રુઓએ મહારાજાના દુર્ગની ખાઇમાં વિષ ભેળવી દીધું હતું. આ વિષમય જળ પીવાથી સેનાનો નાશ થતો જોઈ મહારાજા દુર્ગનું દ્વાર ખોલી શત્રુઓની સામે થયા. આવો ક્રૂર ઉપાય કરવાથી અનેક નૃપતિઓને વિજય મળ્યો છે. અલ્લાઉદ્દીને પણ આવો દુષ્ટ ઉપાય કરી અજયસિંહનો દુર્જય દુર્ગ જીતી લીધો હતો; પરંતુ કોના આક્રમણથી વલ્લભીપુરનો વિધ્વંસ થયો હતો તે જાણી શકાતું નથી. આના સંબંધમાં અનેક મતો પ્રચલિત છે. કર્નલ ટૅાડ પારદ અથવા હૂન લોકોથી એનો નાશ થયેલો જણાવે છે.

પરંતુ વાડન તેને ઇન્દુવક્ષ્ય અને એલ્ફીન્સ્ટન તેને પારસી જણાવે છે. આ મતોમાં કોને સત્ય સમજીને ગ્રહણ કરવો તેનો નિશ્ચય કરવો કાંઇ સહજ નથી. આ સર્વ મતોની સમાલોચના કરતાં એલ્ફીન્સ્ટનના મતને સૌથી ઉચ્ચ આસન આપી શકાશે. પોતાનો મત સત્ય ઠરાવવાને માટે એલ્ફીન્સ્ટને પુષ્કળ પ્રમાણો આપ્યાં છે. આથી તેનો મત સંભવિતતરિકે ગ્રહણ કરવામાં આવે છે. એલ્ફીન્સ્ટનનો મત એવો છે કે જે મ્લેચ્છજાતિએ વલ્લભીપુરનો વિધ્વંસ કર્યો હતો, તેને કર્નલ ટૅાડે પારદ અને વાડને ઈન્દુવક્ષ્ય જણાવી છે; પરંતુ વિચારપૂર્વક જોવ થી તેને પારદ કહી શકાતી નથી, તેને પારસી કહેવામાં આવે તો કાંઈ અનુચિત ગણાશે નહિ. નોશેરવાને ૬૦ સ૦ ૫૩૧થી ૫૭૯ પર્યંત રાજ્ય કર્યું હતું. સર જૉન મ લકમે અનેક પારસી ગ્રંથોનાં પ્રમાણો લઈ પ્રતિપાદન કર્યું છે કે ઉક્ત પારસી સુર (નોશેરવાન) ઉત્તરમાં ફરગના સુધી અને પૂર્વમાં ભારતવર્ષપર્યંત પોતાની વિજયી સેના લઈ ગયો હતો. ચીનાઇ ભાષાના અનેક ગ્રંથોમાં નોશેરવાનના પ્રથમ આક્રમણવિષે ઉલ્લેખ છે. સર હેન્રી પૉટિન્જર અતિ સૂક્ષ્મ અને સંભવિત પ્રમાણો આપીને કહે છે કે નોશેરવાને શિકારને નદીના કિનારાપરથી આવીને હિંદુસ્થાનપર આક્રમણ કર્યું હતું. વલ્લભીપુર સિંધદેશની અતિ નિકટ હોવાથી આપણને સહજ વિશ્વાસ ઉત્પન્ન થાય છે કે નોશેરવાને સિંધથી આવીને વલ્લભીપુરનો નાશ કર્યો હશે.

# अध्याय २ जो

**ગોહનું જન્મવૃત્તાંત–ઈડરરાજ્યની પ્રાપ્તિ– 'ગિહલોત' શબ્દની ઉત્પત્તિ–બાપ્પારાવળનો જન્મ–ગિહલોત લોકોની પ્રાચીન પૂજાવિધિ–બાપ્પાનું વૃત્તાંત–અગુણા પાનોર–બાપ્પાનું શૈવમંત્રગ્રહણ–ચિતોડરાજ્યની પ્રાપ્તિ–બાપ્પાનો આશ્ચર્યકારક રીતે આવેલો અંત–બીજી અને અગીઆરમી શતાબ્દીના મધ્યભાગના મેવાડના ઇતિહાસના ચાર પ્રધાન કાળનું નિરૂપણ.**

મહારાજા શિલાદિત્ય વિશ્વાસઘાતક મંત્રી અને દુષ્ટ યવનોના ભોગ થઇ પડયા. તેમનું વલ્લભીપુર પણ વિધ્વસ્ત થઇને સ્મશાનભૂમિસમાન બની ગયું. તેમના ઇષ્ટ મિત્ર, બંધુઓ વગેરે સર્વ જણ શત્રુઓ સામે શસ્ત્ર ધારણ કરી સમરશાયી થયા.

મહારાજા શિલાદિત્યને પુષ્કળ રાણીઓ હતી. તેમાંની પુષ્પવતીસિવાય સર્વ રાણીઓ તેમની સાથે સતી થઇ ગઈ. વિંધ્યાચળ પર્વતની તળેટીમાં ચંદ્રાવતી નામની એક નગરી છે. આ નગરીમાં તે વખતે પરમારવંશના રાજાઓ રાજ્ય કરતા હતા. રાણી પુષ્પવતીનો જન્મ આ પરમારવંશમાંજ થયો હતો. ઉક્ત અનર્થકારક ઘોર સંગ્રામ થયો તે પૂર્વે રાણીને ગર્ભનાં લક્ષણો પ્રતીત થયાં હતાં. ઉક્ત રાણીએ પુત્રવાંચ્છનાથી અનેક દેવદેવીઓની પૂજા કરી હતી. ખાસ કરીને તેના પિતાના રાજ્યમાં જગદંબા દેવી ભવાની હતાં, તેમની તેણે વિશેષ પૂજા કરી હતી. જે વખતે ઉક્ત ઘોર સંગ્રામ ચાલતો હતો, તે વખતે પુત્રકામનાની સિદ્ધિનાં સર્વ લક્ષણો પ્રતીત થયેલાં હોવાથી રાણી પુષ્પવતી ષોડશોપચારથી માતા ભવાનીની પૂજા કરવાને માટે પોતાના પિતાને ઘેર આવી હતી. પૂજાવિધિ સમાપ્ત કરીને જે વખતે તે પોતાના પતિના ઘર તરફ પાછી ફરતી હતી, તે વખતે તેણે માર્ગમાં ઉક્ત યુદ્ધના સમાચાર સાંભળ્યા. આ વર્તમાન સાંભળતાંની સાથેજ જાણે રાણી પુષ્પવતીના મસ્તકપર વજ્રપ્રહાર થયો હોય તેવો તેને આઘાત થયો. તેની સર્વ આશા નષ્ટ થઈ ગઇ, તે શોકનો વેગ સહન કરી શકી નહિ, તેથી તે મૂર્ચ્છિત થઇને ભૂમિપર તૂટી પડી. અભાગિની પુષ્પવતીને આશા હતી કે હું રાજમાતા થઇશ, પરંતુ તે આશા સફળ થઇ નહિ.

શું આ સામાન્ય દુઃખની વાત છે ? મૂર્ચ્છિત થયેલી રાણીને તેની સખીઓએ સારીપેઠે શુશ્રૂષા કરીને સચેત કરી. રાણી વારંવાર વિલાપ કરીને પોતાના ભાગ્યને ધિક્કારવા લાગી. તેની આશા સફળ થઇ નહિ, તે માટે તેને લેશ પણ શોક થતો નહોતો; પરંતુ તેનો શોકમાત્ર એટલોજ હતો કે:–" જેના આશ્રયે હું જીવી છું તે પ્રાણાધારને નિષ્ઠુર કાળે પોતાના મુખમાં સ્વાહા કર્યા છે." આ દુઃખ તેનાથી લેશ પણ સહન થઇ શકતું નહોતું. જો તે ગર્ભવતી ન હોત તો તત્કાળ સતી થઇને પોતાના પતિની પાસે પહોંચી જાત; પરંતુ શું કરે? તે બિચારી નિરુપાય બની હતી તેથી તે સંતાનોત્પત્તિ થાય ત્યાંસુધી જીવન ધારણ કરવાના ઉદ્દેશથી મલિયાનામની શૈલમાળાની એક ગુફામાં જઈ વસી. ત્યાં તેને યોગ્યકાળે એક પુત્રરત્નની પ્રાપ્ત થઈ.

આ મલિયાનામની શૈલમાળાની નિકટમાંજ વીરનગર નામનું એક સાધારણ ગામ હતું. આ ગામમાં કમળાવતી નામની એક બ્રાહ્મણ સ્ત્રી રહેતી હતી. રાણી પુષ્પવતીએ આ બ્રાહ્મણમહિલાના

હાથમાં પોતાના બાળકુમારને સોંપ્યો અને તે પોતે સ્વામીનું અનુગમન કરવાને માટે ચિતાના પ્રદીપ્ત અગ્નિમાં પ્રસન્નતાપૂર્વક પ્રવેશ કરીને અનંત ધામમાં ચાલી ગઇ. જે દિવસે તે સતી થવાની હતી, તે દિવસે પ્રાતઃકાળમાં તેણે કમળાવતીના ચરણ ગ્રહી તેને વિનયપૂર્વક કહ્યું: 'હે દેવિ! હું મારા રત્નરૂપ પ્રાણાધિક પુત્રને તમારા હાથમાં સોંપું છું. હવે તમેજ એની માતા થાઓ. તમે એને પોતાનો પુત્ર ગણીને એનું લાલનપાલન કરજો. વળી મારી એક બીજી પ્રાર્થના છે કે, એ પુત્રને બ્રાહ્મણોચિત શિક્ષા આપજો અને યોગ્યકાળે રાજપૂત કન્યાની સાથે એનો વિવાહ કરજો.'

રાણી પુષ્પવતીએ સતી થતી વખતે ઉક્ત બ્રાહ્મણસ્ત્રીને જે પ્રાર્થના કરી હતી, તેને તે વિસરી ગઇ નહિ. તેનાં વિનયભરેલાં વચનો તેના કાનમાં દેવતાની પેઠે ગુંજારવ કરવા લાગ્યાં. તેણે પુષ્પવતીના કુમારનું લાલનપાલન કરવામાં કશી વાતની મણા રાખી નહિ. કમળાને પણ ગર્ભધારણની ઘોર યાતનાનો એક વખત અનુભવ થયો હતો, તેથી પુત્ર એ કેવી પ્યારી વસ્તુ હોય છે, તે તે સારી પેઠે જાણતી હતી. તે પુષ્પવતીના કુમારને પોતાના પુત્રવત્ ગણી તે અનાથ રાજકુમારનું ઉત્તમ પ્રકારે લાલનપાલન કરવા લાગી. તેનો જન્મ ગુહામાં થયો હતો, તેથી કમળાએ તેનું નામ ગોહ પાડયું. જો કે કમળા ગોહને પુત્રવત પાળતી હતી, તથાપિ ગોહદ્વારા તેને એક ક્ષણ પણ સુખ મળતું નહોતું; કારણ કે ગોહ અતિ સાહસિક અને ચંચળ વૃત્તિનો થઇ ગયો હતો. જેમ જેમ તેની વય વધતી ગઇ, તેમ તેમ તેની સાહસિકતા અને ચંચળતા પણ વૃદ્ધિંગત થતી ગઇ. તે કમળાની આજ્ઞાનું ઉલ્લંઘન કરી પોતાના સમવયસ્ક રાજપૂતકુમારોની સાથે રાત્રીદિવસ ખેલતો ફરતો. તે વિદ્યાભ્યાસ કરવામાં જરા પણ ચિત્ત લગાડતો નહિ. તે કોઇ કોઇ વખત પક્ષીઓનો શિકાર કરતો અને કોઇ કોઈ વખત ઘોર જંગલમાં પ્રવેશ કરી પશુઓને મારતો. આ પ્રકારે રાજકુમારની વય અગીઆર વર્ષની થઇ. હવે તેની ઉચ્છૃંખલતાની પરાકાષ્ઠા થઇ. તે પોતાની પાલકમાતાની આજ્ઞામાં જરા પણ રહ્યો નહિ. આના સંબંધમાં એક ભટ્ટકવિએ જણાવ્યું છે તે પ્રમાણે માત્ર એટલુંજ કહેવું બસ થશે, કે સૂર્યનું તેજ કાંઇ છુપું રહે છે ?

મેવાડની દક્ષિણે આવેલી પર્વતમાળાઓમાં ઇડર નામનું એક સ્થળ છે. આ સ્થળે તે વખતમાં માંડલિક નામનો એક ભીલ રાજા રાજ્ય કરતો હતો. ગોહ ઇડરના ભીલ લોકોની સાથે રાત્રિદિવસ ભ્રમણ કર્યાં કરતો હતો. ભીલ લોકોની સાહસિક વૃત્તિની સાથે ગોહનો સ્વભાવ બરોબર મળી ગયો હતો, તેથી તે શાંત સ્વભાવના બ્રાહ્મણોની સંગતિ છોડીને ભીલ લોકોની સાથે રહેવાનું વિશેષ પસંદ કરતો હતો. ભીલ લોકો પણ તેનાપર અત્યંત પ્રીતિ રાખતા હતા. ક્રમશઃ આ વનપુત્રોનો તેનાપર એટલો બધો અનુરાગ વધી પડયો કે તેમણે ઇડરની ડુંગરા અને ઝાડીવાળી સમગ્ર ભૂમિ તેના હાથમાં સમર્પણ કરી દીધી. અબુલફજલ અને ભટ્ટકવિઓ આ ઘટનાનું વર્ણન આ પ્રમાણે કરે છેઃ—

"એક સમયે રાજપૂતકુમાર ગોહની સાથે ભીલના છોકરાઓ રમતા હતા. તે વખતે રમતાં રમતાંજ ઉક્ત ભીલબાળકોએ એવો વિચાર કર્યો કે આપણામાંથી કોઇને રાજા બનાવીએ. તે વખતે ત્યાં જેટલા છોકરાઓ હતા તે સર્વને ગોહને રાજા બનાવવો એ સર્વ પ્રકારે ઉચિત લાગ્યું. તદનુસાર તત્કાળ એક ભીલબાળકે પોતાની અંગુલિ છેદી તેના રુધિરથી નૂતન રાજાના કપાળપર રાજતિલક કર્યું. તે દિવસે ઉક્ત ઘોર જંગલમાં રમત રમતાંજ ગોહના કપાળપર ભીલ બાળકોએ જે રાજતિલક કર્યું તેને ત્યાર પછી કોઇ પણ ભૂંસી શક્યું-નહિ. વૃદ્ધ ભીલરાજા માંડલિકે આ વૃત્તાંત સાંભળી અતિ પ્રસન્નતાપૂર્વક ગોહને રાજ્યભાર સોંપ્યો અને પોતે વૃદ્ધાવસ્થાને લીધે રાજકાર્યથી નિવૃત્ત થયો; પરંતુ આ ઘટનાનો અંત અતિ કરુણાજનક અને ખરાબ આવ્યો. ગોહના કપાળમાં કૃતઘ્નતા અને વિશ્વાસઘાતનું ઘોર કલંક લાગેલું છે. એમ કહેવાય છે કે જે ભીલરાજાએ પોતાનું સિંહાસન પોતાના પુત્રને ન આપતાં સ્વેચ્છાથી પ્રસન્નતાપૂર્વક ગોહને આપ્યું, તેનોજ ગોહે સંહાર કર્યો." શા કારણથી ગોહે આ કઠોર કામ કર્યું હશે તેનો નિર્ણય કરવો કઠિન છે. અબુલફજલ અને ભટ્ટકવિઓ પણ આનું કાંઇ કારણ દર્શાવતા નથી. ગોહનું નામ તેના વંશજોનું ગોત્ર બની ગયું અને તેના વંશજો 'ગહિલોત' વા 'ગિહલોત' કહેવાવા લાગ્યા.

ગહિલોતોના સંબંધમાં ઘણું થોડું વર્ણન ઉપલબ્ધ થાય છે.આ અલ્પ વૃત્તાંતપરથી પ્રતીત થાય છે કે ગોહની આઠમી પેઢી સુધી ઉક્ત શૈલમાલામાં આવેલા ઇડર પ્રદેશમાં ગહિલોતોનું રાજ્ય રહ્યું હતું. તેની આઠમી પેઢી સુધી સ્વાધીનતાપ્રિય ભીલ લોકોએ રાજપૂતોના હાથમાં પોતાની સ્વાધીનતારૂપ

રત્નને વેચીને સુખદુઃખથી વિજાતીય લોકોની પરાધીનતા સહન કરી; પરંતુ તેઓ સ્વાધીનતાના પૂર્ણ ઉપાસક હતા. સ્વાધીનતા તેમને સદા પ્રિય હતી. તેમના પૂર્વજો સ્વાધીનતાનું સ્વર્ગીય સુખ ભોગવતા હતા. કેટલાક કાળથી તેમનાં કોઇક પાપનો ઉદય થવાથી તેઓ તે સુખથી પરાઙ્મુખ થયા હતા અને તેમણે પરાધીનતાની બેડી પહેરી હતી. હવે ભીલ લોકો આ બેડી સહન કરી શક્યા નહિ. ગોહની આઠમી પેઢીએ નાગાદિત્ય નામનો રાજા થયો. એક વખત આ રાજા વનમાં શિકાર કરવા ગયો અને એક હરિણની પાછળ પડયો. આ ભીલ લોકોએ પ્રચંડ બળની સાથે આવીને આ રાજાને ઘેરી લીધો અને તેનો ત્યાંને ત્યાંજ વધ કરીને ઇડરના રાજ્યપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો.

જ્યાં નાગાદિત્યનો આ પ્રમાણે અંત આવ્યો કે તરતજ તેના કુટુંબમાં હાહાકાર વર્તી રહ્યો. વિપતની વિકટમૂર્તિ સર્વના હૃદયમાં ભયનો સંચાર કરવા લાગી. ચારે તરફ ભીલ, ભીલ ને ભીલજ દષ્ટિગોચર થવા લાગ્યા. રાજપૂત રાજકુટુંબનાં માણસો નાસીને પણ ક્યાં જાય ? ક્રોધથી ઉન્મત્ત બનેલા ભીલલોકોના હાથમાંથી રાજકુટુંબનું સંરક્ષણ કોણ કરી શકે ? ગોહનો વંશ આ વખતે નિર્મૂળ થઈ જશે કે શું એવો ભય ઉત્પન્ન થયો હતો. સર્વ રાજપૂતો અત્યંત ચિંતાતુર થયા. આ વખતે નાગાદિત્યને એક બાપ્પા નામનો ત્રણ વર્ષનો પુત્ર હતો. આ રાજપુત્રને લીધે રાજકુટુંબના માણસોની ચિંતામાં અત્યંત વધારો થયો; પરંતુ પરમાત્માની કૃપાથી થોડા વખતમાં રાજકુમારનું સંરક્ષણ થયું. વીરનગરની જે કમળાવતીએ ગોહના જીવનનું સંરક્ષણ કર્યું હતું, તેનાજ વંશજોએ સંકટના સમયમાં મહારાજા શિલાદિત્યના વંશજોનું રક્ષણ કરવાને માટે પુનઃ કમ્મર કશી. તેમણે નિશ્ચય કર્યો કે ગમે તો હૃદયપર હજારો વજ્ર પડે તો શું થયું; પરંતુ રાજકુમારનું રક્ષણ તો અવશ્ય કરીશુંજ. આ લોકો ગહિલોતરાજવંશના કુલપુરોહિત થયા હતા. આજે તેઓ પુરોહિતપણું સાર્થક કરવાને માટે પોતાના પ્રાણ જોખમમાં નાખી રાજકુમાર બાપ્પાની રક્ષા કરવાને માટે તત્પર થયા હતા. આ સત્યપરાયણ બ્રાહ્મણોએ રાજકુમાર બાપ્પાને લઇને ભાંડર[1] નામના કિલ્લા તરફ ગમન કર્યું, ત્યાં એક યદુવંશી ભીલે તેમને આશ્રય આપ્યો; પરંતુ આ સ્થળે રાજબાળક સર્વ પ્રકારે નિરાપદ નથી એમ ધારી તેને પરાશર નામના સ્થાનમાં લઈ જવામાં આવ્યો. અહીંઆં ઘોર જંગલ હતું અને તેમાં અસંખ્ય પ્રચંડ વૃક્ષો આવી રહ્યાં હતાં. આ દીર્ઘ વૃક્ષશ્રેણીનાં નિબિડ શાખાપત્રોને ભેદીને ત્રિકૂટ પર્વત ઉંચું મસ્તક કરી ઉભો રહ્યો હતો. ત્રિકૂટગિરિની તળેટીમાં નાગેન્દ્ર[2] નામનું એક સાધારણ નગર છે. આ નગરમાં શિવોપાસક બ્રાહ્મણો પરમ સુખશાંતિપૂર્વક નિવાસ કરતા હતા. બાપ્પાને આ શાંત પ્રકૃતિના બ્રાહ્મણોના હાથમાં સોંપવામાં આવ્યો. ઉક્ત નિબિડ મહાવનની ગંભીર શાંતિમય, શીતલ છાયામાં અને ઉચ્ચ પર્વતમય વિશાળ ભૂમિમાં ભગવદ્ભક્ત શાંતચિત્ત બ્રાહ્મણોના આશ્રય નીચે સુરક્ષિત રહી રાજકુમાર બાપ્પા સ્વચ્છંદતાથી ભ્રમણ કરવા લાગ્યો.[3]

આ પરાશર મહાવન કે જ્યાં વિરાટ ત્રિકૂટી પર્વતની ઘોર કંદરો આવી રહી છે, જ્યાં ઉચ્ચ પર્વતશૃંગો વાદળાંઓ સાથે મળી જઇને શોભાયમાન બની રહેલ છે અને જ્યાંથી અનેક નદીઓ નીકળી છે ત્યાં અનેક પ્રાચીન દેવમંદિરો દષ્ટિગોચર થાય છે. પ્રકૃતિનું સૌંદર્ય અહીંઆં પોતાના પૂર બહારમાં ખીલી નીકળેલ છે. આ ઘોર વનમાં પ્રવેશતાંની સાથેજ મનુષ્યના હૃદયમાં ભગવદ્ભક્તિ, ભય અને આનંદમિશ્ર લાગણી ઉત્પન્ન થાય છે. આ પવિત્ર વનમાં રહેતા લોકો પ્રાચીનકાળમાં માત્ર શિવનીજ પૂજા કરતા હતા; તે એટલે સુધી કે વનકુમાર અસભ્ય ભીલો પણ શિવની ભુજંગભૂષિત મૂર્તિને તથા તેમના વાહન વૃષભને અતિ પવિત્ર માનીને ભક્તિપૂર્વક તેમની પૂજા કરતા હતા.

---

૧ આ કિલ્લો જરોલીના નૈઋત્ય કોણમાં ત્યાંથી ૧૫ માઈલપર આવેલો છે.

૨ લોકભાષામાં આ નગરને નાગદા કહેવામાં આવે છે. આ નગર ઉદયપુરની ઉત્તરે દશ માઇલપર આવેલું છે. આ નગરને અદ્યાપિ પર્યંત તીર્થસ્થાન માનવામાં આવે છે. કર્નલ ટૉડને આ નગરમાંથી ગહિલોત કુલના ઇતિહાસના ઘણા શિલાલેખો મળ્યા હતા.

૩ એનું લાડકું નામ બાપ્પા હતું. એ કુમારનું ખરૂં નામ શૈલાધીશ હતું એમ કહેવાય છે.

આ શાંત અને ગંભીર વનમાં ભૂતભાવન ભગવાન મહાદેવની પૂજા ઘણા કાળથી કરવામાં આવે છે. જો કે સાંપ્રતમાં મેવાડરાજ્યની શોચનીય સ્થિતિમાં તેમની પૂજાનો આડંબર બહુ ઓછો થઈ ગયો છે,તથાપિ શિવરાત્રિ ઇત્યાદિ મહોત્સવોમાં ઉદયપુરમાં કરવામાં આવતી શિવપૂજા જોવાલાયક હોય છે; તે એટલે સુધી કે ભિન્ન ધર્માવલંબી જૈનો અને પૃથક મતાવલંબી વૈષ્ણવો સુદ્ધાં આ ઉત્સવોમાં મહા હર્ષ અને ઉત્સાહથી ભાગ લે છે. આજપર્યંત મેવાડના રાણાઓ પોતાને 'એકલિંગના દિવાન' કહે છે અને તેમાં મહાન ગૌરવ માને છે. ગંગાયમુનાની આસપાસના પ્રદેશમાં અનેક દેવદેવીઓની ઉપાસનાનો પ્રચાર ન હોત તો કદાચિત્ શિવપૂજા અત્યારપર્યંત પોતાના પૂર્ણ પ્રતાપસહિત ચાલુ રહેત. ગહિલોતકુલના સર્વશ્રેષ્ઠ પ્રધાન ઉપાસ્યદેવતા ભગવાન એકલિંગની પૂજા અદ્યાપિ પર્યંત મોટા સમારંભથી કરવામાં આવે છે. ઉદયપુરમાં પ્રવેશ કરવાના એક નાના ગિરિમાર્ગઉપર ભગવાન એકલિંગજીનું પવિત્ર મંદિર છે. આ મંદિર ઘણું મોટું અને દર્શન કરવા યોગ્ય છે. તે સંગેમરમરનું છે. અંદરના ભાગમાં કોતરકામ પણ ઘણું સારૂં કરવામાં આવ્યું છે. આ મંદિરનાં દર્શન થતાંજ વિદિત થાય છે કે એને બાંધવામાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કરવામાં આવ્યો છે. નિઃસંદેહ આ મંદિર દર્શનીય છે; પરંતુ હિંદુદ્વેષી મ્લેચ્છો આ માર્ગથી પણ મેવાડ ઉપર આક્રમણ કરતા હતા. તેમણે આ મંદિરના ઘણા ભાગો તોડીફોડી નાખ્યા છે. મંદિરના આંગણામાં વેદિકા બનાવવામાં આવી છે. વેદિકાની ઉપર ભગવાન એકલિંગની બરાબર સામે ધાતુની બનાવેલી વૃષભની એક મૂર્તિ વિરાજે છે. આ મૂર્તિ અંદરથી પોકળ છે. તેનું અંગ અતિ સુંદર છે; પરંતુ મુસલમાનોએ દ્રવ્ય નીકળવાની લાલચે કઠિન ગદાના પ્રહાર કરી આ વૃષભની મૂર્તિપર પણ એક બે સ્થળે છેદ પાડયા છે.

જે પ્રકારે નવીન કુળની સ્થાપના કરનાર મહાત્માઓના સંબંધમાં અનેક અદ્ભુત વાતોનો પ્રચાર થાય છે તે પ્રમાણે બાપ્પાના સંબંધમાં પણ બન્યું છે. જે બ્રાહ્મણો બાપ્પાનું લાલનપાલન કરતા હતા તેમની ગાયોને બાપ્પા ચારતા હતા. ગાયોને ચારવામાં આ રાજપૂતબાળકને અપૂર્વ આનંદ થતો હતો. સૂર્યવંશી મહારાજ શિલાદિત્યના વંશજ આ વખતે ગોપકાર્ય કરતા હતા. આ વખતે ભાગ્યમાં શું લખેલું હતું તેની કલ્પના પણ કોઇને નહોતી. બાપ્પાની શાંતિમય બાલ્યાવસ્થાના સંબંધમાં ભટ્ટલોકોએ અનેક સુંદર વાતો લખી છે. શારદીય ઝુલનોત્સવ એ રાજપૂતોનો એક વિખ્યાત મહોત્સવ છે. આ મહોત્સવનો સમય આવતાં સર્વ બાળકો આનંદોન્મત્ત બની ઝુલનલીલાના મેળામાં ભાગ લે છે. આપણે જે સમયની ચર્ચા કરીએ છીએ તે સમયમાં નાગેંદ્રનગરમાં એક સોલંકીવંશનો રાજા રાજ્ય કરતો હતો. ઝુલનોત્સવનો પ્રસંગ આવતાં ઉક્ત રાજાની કુંવરી પોતાની સાહેલીઓને પોતાની સાથે લઇ કુંજ વનમાં વિહાર કરવા ગઇ; પરંતુ ત્યાં હીંચકા નાખવાનું દોરડું નહોતું તેથી સર્વ જણીઓ આમ તેમ તેની શોધ કરવા લાગી. એટલામાં રાજકુમાર બાપ્પા ત્યાં આવી પહોંચ્યા. તેઓ ત્યાં આવ્યા કે તરતજ સર્વ કુમારિકાઓએ તેની પાસે દોરડું માગ્યું. કુમાર ચપળ અને હસમુખા હતા. તેમણે પ્રત્યુત્તર આપ્યો "જો તમે પ્રથમ મારી સાથે વિવાહ કરો તો હું તમને દોરડું આણી આપીશ." તમાસો જોવાની લાલસાથી સર્વ રાજપૂતબાલિકાઓએ આ વાતનો સ્વીકાર કર્યો. સોલંકીવંશની રાજકુમારીની સાડી સાથે બાપ્પાનો પટકો બાંધવામાં આવ્યો અને તેની સાથે સર્વ બાલિકાઓ એક બીજાનો હાથ પકડી એક પ્રચંડ આમ્રવૃક્ષની પ્રદક્ષિણા કરવા લાગી. આ શારદીય ઝુલનોત્સવને દિવસે ઉક્ત પ્રચંડ આમ્રવૃક્ષની નીચે જે નકલી વિવાહ થયા હતા તે અલ્પકાળમાં સત્ય વિવાહ બની જશે એવી કલ્પના પણ આ વખતે બાપ્પાના મસ્તકમાં આવી નહોતી પરંતુ આ સમયથી બાપ્પાનો ભાગ્યોદય થવા લાગ્યો અને ઉક્ત સર્વ રાજપૂતકુમારિકાઓ બાપ્પાની પત્નીઓ બની. આ બાલિકાના વંશજો અદ્યાપિપર્યંત આ લીલાવિવાહનું સ્મરણ પૂજ્યભાવથી કરે છે અને પોતાને બાપ્પાકુલથી ઉત્પન્ન થયેલા જણાવે છે.

તમાસો સમાપ્ત થયો. રાજપૂતબાલિકાઓ પોતાપોતાને ઘેર જઇ ઉક્ત વૃત્તાંત વિસરી ગઇ. વિધાતાએ બાપ્પાની સાથે તેમનો ચિરસંબંધ જોડયો હતો, એ વાતની કલ્પના પણ તેમના મનમાં નહોતી. કેટલાક દિવસ વ્યતીત થયા પછી સોલંકીરાજકુમારી વિવાહ યોગ્ય થઇ. તેના પિતાએ તેને માટે વર શોધી કાઢી વિવાહની સર્વ તૈયારી કરી. એટલામાં વરપક્ષના એક જ્યોતિષી બ્રાહ્મણે આવીને રાજકુમારીનો હાથ જોઇ કહ્યું "આ કુંવરીનો વિવાહ તો ક્યારનો થઇ ચૂકયો છે." તેની આ અદ્-

ભૂત વાત સાંભળી રાજભુવનમા ચારે તરફ કોલાહલ મચી રહ્યો.સર્વ જણ દિગ્મૂઢ બની ગયા. આ નાટકનું અભિનયચાતુર્ય કોણે દર્શાવ્યું તે જાણવાની સર્વને ઉત્કંઠા થઇ અને ચારે તરફ ગુપ્તચર મોકલવામાં આવ્યા. આ વર્તમાન રાજકુમાર બાપ્પાના સાંભળવામાં પણ આવ્યા.તેમણે વિચાર કર્યો કે જો આ વાત જરા પણ રાજાના સાંભળવામાં આવશે, તો હું મોટી વિપત્તિમાં આવી પડીશ.આથી તેમણે પોતાના સખા ગોપલોકોને પોતાના હાથમાં લીધા. ગોપલોકોની બાપ્પા ઉપર જેવી ભક્તિ હતી તથા બાપ્પાની ગોપલોકોપર જેવી પ્રભુતા હતી તે પરથી ઉક્ત વાત પ્રકાશિત થવાનો જરા પણ સંભવ નહોતો; તથાપિ રાજકુમાર બાપ્પાએ તેમને એક ભીષણ પ્રતિજ્ઞાથી બદ્ધ કરી લીધા. આ પ્રતિજ્ઞા આ પ્રમાણે હતીઃ–બાપ્પાએ એક નાનો ખાડો ખોદ્યો અને પોતાના હાથમાં એક નાનો પત્થર લઇ ધીરગંભીર સ્વરે ગોપલોકોપ્રત્યે કહ્યું: “ તમે પ્રતિજ્ઞા કરો કે અમે સુખદુઃખ અને સંપદ્‌વિપદ્‌માં બાપ્પાની સાથે રહીશું. અમારા પ્રાણ જતાં પણ અમે તમારી કોઇ વાત કોઇને કહીશું નહિ. અન્યની સર્વ વાત તમને કહીશું. જો આ પ્રતિજ્ઞાનુસાર નહિ વર્તીએ તો અમારા પિતૃઓનાં સત્કર્મો આ પત્થરની પેઠે ધોબીના કૂવામાં પડશે.”[1] એમ કહીને બાપ્પાએ પોતાના હાથમાંનો પત્થર આ ખાડામાં ફેંકી દીધો. સર્વ ગોપ લોકોએ તત્કાળ એકમત થઇને બાપ્પાના કહેવા મુજબ પ્રતિજ્ઞા કરી.પાછળથી તેમણે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કદિપણ કર્યો નહોતો; પરંતુ જે ગુહ્ય વાતની સાથે ઓછામાં ઓછી છસેં રાજપૂતબાલાઓના ભાગ્યનો સંબંધ હતો તે ક્યાંસુધી ગુપ્ત રહી શકે ? આથી થોડા દિવસમાં આ વાતનો સર્વ ભેદ સોલંકી રાજાના જાણવામાં આવ્યો. તેની ખાત્રી થઇ ગઇ કે આ બધું કરતુક બાપ્પાનું છે.

આ તરફ રાજકુમારના સાથીઓએ આ ખબર જાણી તેનું સર્વ વૃત્તાંત તેમને કહી સંભળાવ્યું.કુમારે ધાર્યું કે મારાપર અવશ્ય વિપત્તિ આવી પડશે. આવો વિચાર કરી તેઓ પર્વતમાળાઓમાં આવેલા એક ગુપ્ત સ્થાનમાં જઇ વસ્યા. આ ગુપ્તસ્થાનમાં માણસનો જરા પણ સંચાર નહોતો. બાપ્પાના વંશજો આ ગુપ્ત સ્થાનમાં અનેકવાર આવીને છુપાયા હતા. બાપ્પાની સાથે “બાલીય”અને“દેવ”નામના બે ભીલબાળકો આ ગુપ્ત સ્થાનમાં ગયા હતા. બાલીય ઉંદ્રીનો રહીશ હતો અને દેવ અગુણાપાનોરનો રહીશ હતો. ઉક્ત ઉભય ભીલપુત્રોએ સુખ, દુઃખ, સંપદ્, વિપદ્‌માં ક્ષણભર પણ બાપ્પાનો પરિત્યાગ કર્યો નહોતો. તેમનું જીવન બાપ્પાની સાથે જોડાઇ રહ્યું હતું.જ્યારે ભાગ્યલક્ષ્મીની પ્રસન્નતાથી રાજકુમાર બાપ્પાએ ચિતોડના સિંહાસનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો ત્યારે બાલીય અને દેવે પોતાના રુધિર-વતી બાપ્પાના કપાળપર રાજતિલક કર્યું હતું.

બાલીય અને દેવ જો કે અસભ્ય ભીલજાતિમાં ઉત્પન્ન થયા હતા; તોપણ તેમનાં હૃદય જે પવિત્ર-ભાવથી પરિપૂર્ણ હતાં તે ભાવ કેટલાક સભ્ય મનુષ્યોનાં જ્ઞાનપ્રકાશિત હૃદયમાં પણ નથી હોતો. આ ઉભય ભીલોએ જે પવિત્ર ચારિત્ર્ય દર્શાવ્યું છે તેમના જેવું ચારિત્ર્ય કેટલા પુરુષોએ બતાવ્યું છે ?તેમણે જે પ્રતિજ્ઞા કરી હતી તેનું અક્ષરશઃ પાલન કર્યું.પ્રતિજ્ઞા પાલનને માટે તેમણે ઇષ્ટ મિત્રોનો સંગ, શરીર-સુખ વગેરે સર્વનો પરિત્યાગ કરી રાજકુમાર બાપ્પાની સાથે કષ્ટ સહન કરી વનવાસ સ્વીકાર્યો.

તેમના ઉપર અનેક વિપત્તિઓ આવી પડી હતી, તેમને અનેકવાર આખી રાત જાગૃત રહેવું પડ્યું હતું; તથાપિ પ્રતિજ્ઞાપાલનથી વંચિત થવાનો વિચાર સુદ્ધાં તેમના મનમાં આવ્યો નહોતો. બાપ્પાના જીવનસખા અને સુખદુઃખના સાથી આ ભીલકુમારોજ હતા. જો તેમને આવા મિત્રો ન મળ્યા હોત તો તેમના ભાગ્યનું ચક્ર કયી તરફ ફર્યું હોત તે કહી શકાતું નથી. તેઓ કદાચ અજ્ઞાતવાસમાં રહીને ચિતોડનું રાજસિંહાસન પ્રાપ્ત કરી શકત નહિ અને કદાચ તેમનું નામ વીરકુળના આદર્શતરિકે ગણાત નહિ. આ ઉભય સદાચારી ભીલોએ રાજકુમારપર જે ઉપકાર કર્યા હતા તેને રાજકુમાર કદિ પણ વિસરી ગયા નહિ. તેમની સાથે રહેવાથી તેઓ પોતાને સન્માનિત અને સુખી માનતા હતા અને તેમણે તેમના પ્રત્યે અનેકવાર અને અનેક પ્રકારે કૃતજ્ઞતા દર્શાવી હતી.આજે પણ તે પવિત્ર કૃતજ્ઞતાનાં ચિન્હો મેવાડમાં અટલ પ્રકારે વિરાજમાન છે. જે વખતે વીરકેસરી રાજકુમાર બાપ્પાએ આ ભીલોની સાથે રહી કાળક્રમણ કર્યું હતું તે વખત ભૂતકાળના ગર્ભમાં વિલય પામી ગયો છે. જે ચિતોડના સુવર્ણમય

---

૧ રાજપૂતો ધોબીના કૂવાને અત્યંત અપવિત્ર ગણી તેની ઘૃણા કરે છે. આ કૂવા નદીતટપર ખોદવામાં આવે છે.

સિંહાસનપર વિરાજમાન થઇને મહારાણા બાપ્પાએ અંતઃકરણપૂર્વક આ ઉભય ભીલોએ કરેલું રાજતિલક સ્વીકાર્યું હતું, તે ચિતોડ આજે ખંડિયેર બની ગયું છે. કાળના ભીષણ પ્રહારથી તે આજે છિન્નવિચ્છિન્ન થઇને ધૂળમાં મળી ગયું છે. એક સમયે જે ભૂમિ જગન્માન્ય રાજકુળની લીલાભૂમિ હતી તે આજે જંગલના હિંસક પશુઓનું વિહારસ્થાન બની ગયેલ છે.

જો કે કાળચક્રનું આટલું બધું પરિવર્તન થઇ ગયું છે તોપણ બાપ્પાના વંશજો આજે પણ ઉક્ત બાલીય અને દેવના વંશજોના હાથનું રાજતિલક આનંદપૂર્વક ગ્રહણ કરે છે;તેમાં તેઓ સન્માન માને છે.[1]

સમગ્ર ભારતવર્ષમાં કેવળ અગુણાપાનોરના ભીલોજ એક પ્રકારની સ્વાભાવિક સ્વતંત્રતા ભોગવે છે. તેઓ કોઇ પણ રાજાની સાથે સંબંધ રાખતા નથી. તેમનો સ્વામી 'રાણા'ની ઉપાધિ ધારણ કરીને પર્વતમાળાઓથી વિભૂષિત બનેલાં ઓછામાં ઓછાં હજાર ગામો ઉપર પોતાનો અધિકાર ચલાવે છે. અગત્ય પડે તો ઓછામાં ઓછા પાંચ સહસ્ર ધનુર્ધારી ભીલોની સેના લઇને તે સમરભૂમિમાં ઉપસ્થિત થઇ શકે છે.ભીલોના વીર્યથી સોલંકી રાજકુમારીઓના ગર્ભમાંથી આ લોકોના પૂર્વજો ઉત્પન્ન થયા હતા; તેથી તેઓ પોતાને રાજપૂત કહે છે. અગુણાપાનોરના આ ભીલકુળમાંજ દેવનો જન્મ થયો હતો. અગત્ય લાગવાથી મૂળ વાત છોડી ઉપલો ઉલ્લેખ કરવો પડયો છે.હવે પુનઃ બાપ્પા તરફ વળીએ.

વિચાર કરવાથી બાપ્પાનું ગુપ્ત સ્થાનમાં નાસી જવાનું કારણ સ્વાભાવિક લાગે છે; પરંતુ ભટ્ટલોકોના કાવ્યગ્રંથોમાં એથી સર્વાંશે ભિન્ન પ્રકારનુંજ વર્ણન ઉપલબ્ધ થાય છે. ભટ્ટલોકોએ કાંઇક ઉચ્ચ શ્રેણીનું અનુસરણ કરીને વર્ણન કર્યું છે.તેઓ જણાવે છે કે દેવની આજ્ઞાથીજ તેમણે નાગેંદ્રનગરનો પરિત્યાગ કર્યો હતો. આ વાત સત્ય છે કે જગતના અતિ પ્રાચીન મહાપુરુષોનું વૃત્તાંત અનેક પ્રકારની કલ્પનાજાળથી આવૃત્ત હોય છે; પરંતુ વીરવર બાપ્પાના સંબંધમાં તેમ બનવાનો સંભવ નથી. મહારાણા બાપ્પા શતાવધિ આર્યનૃપતિઓના મૂળપુરુષ હોઇ દેવની સમાન પૂજાતા હતા. તેમનામાં અલૌકિક વીરતા હોવાથી શત્રુઓ તેમનું નામ સાંભળી થરથર કંપતા હતા. જેમની દેહ સ્થૂલ પરમાણુમાં વિલીન થઇ ગયા છતાંપણ હજી જેમને "ચિરંજીવ" કહેવામાં આવે છે, એવા અનુપમ વીરરાજપૂતકુલતિલક મહારાણા બાપ્પાનું જીવનચરિત્ર તથા અભ્યુદયવૃત્તાંત શું કલ્પનાજાળથી આવૃત્ત થવાનો સંભવ છે? ભટ્ટલોકોએ બાપ્પાની ઉન્નતિનું વૃત્તાંત જે અલંકારોથી વિભૂષિત કર્યું છે, તે પર મેવાડના લોકોનો એટલો બધો અનુરાગ છે કે જો તેને દૂર કરવામાં આવે તો તેઓ તેને દેવનું અપમાન કરવાનું પાપ થવા તુલ્ય માને! ભટ્ટકવિઓ જણાવે છે કે રાજકુમાર બાપ્પા ગોપને વેશે નાગેંદ્રનગરના વિસ્તૃત જંગલમાં પોતાના પાલક બ્રાહ્મણોની ગાયો ચારતા હતા. સૂર્યવંશી મહારાજા શિલાદિત્યના વંશજ ગોપનું તુચ્છ કાર્ય કરીને સુખપૂર્વક કાળક્રમણ કરતા હતા; પરંતુ એટલામાં તેમના સુખમાં એક વિઘ્ન નડયું. રાજકુમાર જે ગાયો ચારતા હતા, તેમાંની એક ગાય ઘણું દૂધ દેતી હતી, પણ થોડા વખત પછી એવો બનાવ બન્યો કે જ્યારે તે ઘેર આવતી ત્યારે તેના સ્તનમાંથી જરાપણ દૂધ નીકળતું નહિ. આથી બ્રાહ્મણોના મનમાં મોટો સંદેહ પડયો. તેમણે ધાર્યું કે કુમાર બાપ્પા પોતેજ ગુપ્તરીતે ગાયનું દૂધ પી જાય છે. ધીમે ધીમે આ શંકા તેમના હૃદયમાં દૃઢ થવા લાગી અને તેઓ સાવધાનતાપૂર્વક બાપ્પાની વર્તણુક ઉપર દેખરેખ રાખવા લાગ્યા. કુમારના જાણવામાં આ વાત આવી; પરંતુ તે શું કરે? તેમણે જ્યાંસુધી આ સંદેહ દૂર કરવાનો યથાર્થ ઉપાય ન જડે ત્યાંસુધી મનનું દુઃખ મનમાંજ શમાવી ધૈર્યપૂર્વક પોતાનું કામ કરવાનો નિશ્ચય કર્યો. રાજકુમાર બાપ્પાએ એ ગાયપર વિશેષ દૃષ્ટિ રાખવા માંડી. એક દિવસ જ્યારે ગાયો જંગલમાં ચરવા ગઈ, ત્યારે રાજકુમાર એ ગાયની પાછળ પાછળ ગયા. તે જ્યાં જતી ત્યાં તેઓ પણ જતા. કેટલોક સમય આ પ્રમાણે વ્યતીત થયા પછી તે ગાય એક નિર્જન ગિરિકંદરામાં પ્રવેશી. બાપ્પા પણ તેની પાછળ ગયા. આ વખતે એક અદ્ભુત દૃશ્ય તેમના જોવામાં આવ્યું. આ ગાય એક લતાપત્રોના સમૂહપર દૂધની ધારા છોડી રહી હતી. આથી કુમારના આશ્ચર્યનો પાર

---

૧ અભિષેક કરતી વખત દેવનો વંશજ રાજાનો હસ્ત ગ્રહણ કરી તેને રાજસિંહાસનપર બેસાડે છે અને બાલીયનો વંશજ ચોખાનો લોટ તથા દહીંનું પાત્ર હાથમાં લઇને ઉભો રહે છે. જ્યારે મેવાડનો ઉન્નતિ દિનકર મધ્યાહ્નમાં હતો ત્યારે અભિષેકના ઉત્સવમાં મેવાડના રાજ્યની એક વર્ષની ઉપજ ખર્ચાઈ જતી હતી; પરંતુ હાલમાં આડંબર અતિ ઓછો થાય છે. રાણા જગતસિંહના અભિષેક પછી આ પ્રથામાં ન્યૂનતા જણાતી આવી છે.

રહ્યો નહિ. તેમણે તેની નિકટ જઇને જોયું તો ત્યાં એક શિવલિંગ[૧] તેમને દષ્ટિગોચર થયું. એ શિવલિંગ ઉપરજ ગાયના દૂધની ધારા પડતી હતી.

હવે ઘેર ગાય દૂધ દેતી નહોતી તેનું ખરૂં કારણ રાજકુમારને સમજાયું. વળી તેમણે શિવલિંગની નિકટ બીજું એક અદ્દભુત દસ્ય જોયું. ત્યાં એક યોગી વિરાજમાન હતા. તેઓ સમાધિમાંથી તરતના-જ જાગૃત થયેલા જણાતા હતા. રાજકુમાર આ કંદરામાં પ્રવેશ્યા કે તરતજ તેમની સમાધમાં ભંગ પડયો; પરંતુ આ કરુણાનિધાન તપસ્વીએ ધ્યાન ભંગ કરનાર કુમારને કાંઇ પણ કહ્યું નહિ.

આ ગિરિકંદરા અતિ નિર્જન છે, ત્યાં સંપૂર્ણ શાંતિનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું છે, પ્રાચીન કાળના તપસ્વીઓ અને યોગીઓવિના કોઇ પણ મનુષ્યે તે પવિત્ર સ્થાનનું દર્શન કર્યું નહોતું; પરંતુ કુમાર મહાભાગ્યવાન હતા, નહિ તો અનાયાસે તેઓ તે પવિત્ર સ્થાનનું દર્શન શી રીતે કરી શકત? આ તપસ્વીનું નામ હારીત હતું. યોગીવર હારીત પણ ઉક્ત ગાયનું દૂધ પીતા હતા.

કુમારે યોગીવરના ચરણપર પડી તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. યોગીએ આશીર્વાદ દઇ નામઠામ પૂછયું. રાજકુમાર પોતાના સંબંધી જેટલું વૃત્તાંત જાણતા હતા, તેટલું તેમણે અકપટભાવથી તેમને નિવેદન કર્યું. તે પછી તેઓ મુનિવરનો આશીર્વાદ ગ્રહણ કરી પોતાની ગાયને લઇ પોતાના આશ્રમે ચાલ્યા ગયા. બીજા દિવસથી તેઓ પ્રતિદિન આ યોગીની પાસે જવા લાગ્યા. તેઓ નિત્ય તેમના ચરણ ધોતા, તેમને પીવાને માટે દૂધ આપતા અને પૂજાને માટે પુષ્પો આણી આપતા. કુમારની આવી અકપટ ભાવવાળી ભક્તિ જોઇ તપોનિધિ હારીત પરમ પ્રસન્ન થયા અને તેમને એક વિદ્યા શિખવવા લાગ્યા. આ પ્રકારે કેટલોક સમય વ્યતીત થયો અને યોગી રાજકુમારપર એટલા બધા પ્રસન્ન થયા કે તેમને તેમણે શૈવમંત્રની દીક્ષા આપી યજ્ઞોપવીત ધારણ કરાવ્યું અને પરમ ગૌરવના ચિન્હસ્વરૂપ "એક-લિંગના દિવાન" ની ઉપાધિ આપી. રાજકુમાર બાપ્પાની અકપટ ભક્તિ અને અનન્યભાવથી કરેલી શિવપૂજા જોઇને ભગવતી ભવાની પણ તેમનાપર અતીવ પ્રસન્ન થયાં. તેઓ તેમને આશીર્વાદ આપ-વાને માટે સ્વયં સિંહાસનારૂઢ થઈ તેમની સમક્ષ પ્રકટ થયાં અને તેમને ખુદ વિશ્વકર્માનાં બનાવેલાં શૂલ, ધનુષ, બાણ, તરકસ તથા એક પ્રચંડ ખડ્ગ ઈત્યાદિ દિવ્ય શસ્ત્રાસ્ત્રો આપ્યાં.

આ પ્રકારે મહાદેવના પવિત્ર મંત્રથી દીક્ષિત થવાથી તથા ભગવતી ભવાનીનાં આપેલાં દિવ્ય શસ્ત્રાસ્ત્રોથી સજ્જિત થવાથી રાજકુમાર બાપ્પા અજિત બન્યા. હવે તેમના ગુરુ હારીતે શિવલોકમાં જવાનો વિચાર કર્યો. તેમણે પોતાનો વિચાર બાપ્પાને નિવેદન કરી તેમને જણાવ્યું કે:–"જે દિવસે હું શિવલોકપ્રતિ ગમન કરૂં તે દિવસે તમે અહીંઆં આવજો;" પરંતુ જે વખતે તેમણે શિવલોકપ્રતિ ગમન કર્યું તે વખતે કુમારને પ્રગાઢ નિદ્રા આવી ગઇ હતી અને તેથી તેઓ યોગ્ય સમયપર ત્યાં જઇ શકયા નહોતા. તેઓ જરા મોડેથી ત્યાં પહોંચ્યા ત્યારે તેમણે યોગીશ્રેષ્ઠ હારીતને અપ્સરાઓદ્વારા ખેંચવામાં આવતા રથપર આરૂઢ થઇને આકાશમાર્ગે પ્રયાણ કરતા જોયા. મહર્ષિ હારીતે પોતાના પરમ પ્રિય શિષ્યને અંતિમ આશીર્વાદ આપવાને માટે રથની ગતિ રોકી અને કુમાર બાપ્પાને ઉંચા થઇને પોતાની સમીપ આવવાને કહ્યું. જોતજોતામાં બાપ્પાનું શરીર એકદમ વીસ હાથ વધી ગયું;[૨] તોપણ તેઓ ગુરુની સમીપ પહોંચી શકયા નહિ. ત્યારે મુનિરાજે તેમને મુખ પહોળું કરવાને કહ્યું. બાપ્પાએ તત્કાળ તે આજ્ઞા શિરોધાર્ય કરી. પછી હારીત થુંકયા; પરંતુ બાપ્પા ગુરુનો આ પ્રમાણે થુંકવાનો ખરો હેતુ નહિ સમજી શકવાથી એક અમૂલ્ય વર ગુમાવી બેઠા. ઘૃણા છૂટવાથી તેમણે પોતાનું મુખ બંધ કરી દીધું. આથી ગુરુનું થુંક તેમના મુખમાં પડવાને બદલે તેમના ચરણપર પડયું. જો રાજકુમાર પોતાના ગુરુના સ્નેહોપ-હારનો અનાદર ન કરત તો અવશ્ય તેઓ અમર થઇ જાત; પરંતુ અમરત્વ તેમના ભાગ્યમાં નહોતું. જો કે તેઓ અમર થઇ શકયા નહિ, તોપણ તેમની દેહ અભેદ્ય બની. કોઇ પણ પ્રકારનાં શસ્ત્રાસ્ત્રો

૧ બરાબર આજ સ્થળે એકલિંગજીનું મંદિર બંધાવવામાં આવ્યું છે. કર્નલ ટૉડના સમયમાં આ મંદિરમાં જે પૂજારી હતો તે મહર્ષિ હારીતની ૬૬મી પેઢીએ થયો હતો. તેણે કર્નલ ટૉડને શિવપુરાણની એક હસ્તલિખિત પ્રત પણ આપી હતી.

૨ આવી આવી અનેક વાતો બાપ્પાના સંબંધમાં સાંભળવામાં આવે છે. એમ કહેવાય છે કે તેમનું વસ્ત્ર પ્રાયઃ પાંચસેં હાથ લાંબું હતું. ભગવતી ભવાનીએ જે અસિ તેમને આપી હતી તેનું વજન ૩૨ શેર હતું.

તેમના શરીરને ભેદી શકતાં નહિ. આ પણ કાંઈ ઓછા ભાગ્યની વાત નહોતી. હવે હારીત ધીમે ધીમે આકાશમંડલમાં ચઢી ગયા. થોડીવારમાં તેમનું વિમાન અદૃશ્ય થઇ ગયું.

જે દિવસે ઉપલી આનંદદાયક ઘટના બની, તે દિવસથી બાપ્પાનો ભાગ્યોદય થવા લાગ્યો.તેમણે પોતે ચિતોડના સૂર્યવંશી રાજાના ભાણેજ હોવા સંબંધી વાત પોતાની માતાના મુખથી સાંભળી હતી. તેમની માતાના કહેવા પ્રમાણે આ વખતે તેમના મામા ચિતોડનું રાજ્યાસન ભોગવતા હતા. આથી રાજકુમાર બાપ્પાને અતિ ઉત્સાહ ઉત્પન્ન થયો અને તેમને પશુઓના જેવું પ્રમાદી જીવન ગાળવા પ્રત્યે અત્યંત ઘૃણા પેદા થઇ. તેઓ પોતાના કેટલાક સાથીઓને પોતાની સાથે લઈ નિર્જન વનવાસ છોડી વસ્તીમાં આવ્યા. આ વખતે મોટાં નગરનું દર્શન તેમને પહેલવહેલુંજ થયું. મોટું નગર કેવું થાય છે તે તેઓ અત્યાર પૂર્વે જાણતા નહોતા. નાગરિકોનું ઉદ્યોગમય જીવન જોઇને તેમના ઉત્સાહમાં બમણો વધારો થયો. જો મનુષ્યનું ભાગ્ય બળવાન હોય છે તો તેને સર્વ કાર્યમાં સફળતા મળે છે. નિબિડ જંગલમાંથી બહાર નીકળતી વખત માર્ગમાં તેમને નાહરા મગરા[1] નામના ગિરિકૂટની તળેટીમાં પ્રસિદ્ધ ગોરખનાથ સિદ્ધનાં દર્શન થયાં. ગોરખનાથ સિદ્ધે રાજકુમારને એક બે ધારવાળી તલવાર અર્પણ કરી. આ તલવારમાં એવો ગુણ હતો કે મંત્ર ભણીને જો પહાડપર તેનો પ્રહાર કરવામાં આવે તો પહાડના બે ભાગ થઇ જાય. કુમાર બાપ્પાના સૌભાગ્યનો માર્ગ નિષ્કંટક થઇ ગયો હતો. જે કાંઇ વિઘ્નો શેષ હતાં તે પણ આ સિદ્ધે આપેલી તલવારની સહાયતાથી દૂર થઇ ગયાં. હવે તેમને અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થઇ, એમ કહીએ તોપણ ચાલે.[2]

મૌર્યવંશ પણ પરમારકુળની શાખા છે. પરમારવંશના રાજાઓ પૂર્વે માળવાદેશના સિંહાસનપર વિરાજમાન હતા. તેઓ ભારતવર્ષના ચક્રવર્તી રાજા હતા. જે વખતે કુમાર બાપ્પાનું ચિતોડમાં આગમન થયું તે વખતે તે નગરમાં મૌર્યવંશનો માનસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો.મહારાજા માનસિંહે પોતાના ભાણેજનો ઉત્તમ પ્રકારે આદરસત્કાર કર્યો અને તેમને પોતાના સામંત બનાવી તેમના ભરણપોષણને માટે થોડી ભૂમિ આપી. મૌર્યવંશી રાજા માનસિંહના સમયના શિલાલેખ નીકળ્યા છે તે વાંચવાથી વિદિત થાય છે કે તે સમયમાં રાજસ્થાનમાં જાગીરદારીપદ્ધતિ (ફ્યુડલ સીસ્ટમ) નો અધિક પ્રચાર હતો. રાજપૂતસામંતોને જે જાગીરો આપવામાં આવી હતી, તેના બદલામાં તેઓ પ્રસંગ આવતાં રાજાને સહાય કરવાને માટે સમરભૂમિમાં આવીને ઉપસ્થિત થતા હતા. બાપ્પા ચિતોડમાં ગયા તે પૂર્વે માનસિંહના સામંતો પોતાના રાજાપ્રત્યે અત્યંત ભક્તિભાવ રાખતા હતા અને માનસિંહ પણ તેમનાપર અતીવ પ્રસન્ન હતો; પરંતુ બાપ્પાના ગયા પછી તેણે પોતાના સામંતોપર અનુરાગ કરવો છોડી દીધો. સર્વ સામંતો સમજી ગયા કે બાપ્પાજ સર્વ અનર્થનું કારણ છે; તેથી તેઓ તેમનાપર અતિ દ્વેષ રાખવા લાગ્યા અને તેમનું અનિષ્ટ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

આવા સમયમાં એક વિદેશી શત્રુએ આક્રમણ કરીને ચિતોડને ઘેરો ઘાલ્યો. રાજા માનસિંહે પોતાના સામંતોને શત્રુની સામે બાથ ભીડવાની આજ્ઞા કરી; પરંતુ તેમણે પોતાની ભૂમિના પટા અત્યંત અભિમાનસહિત રાજાની સન્મુખ ફેંકી દીધા અને તેઓ બોલ્યા કેઃ "મહારાજ ! આપ આપના પ્રિય સેનાપતિ બાપ્પાને યુદ્ધમાં મોકલો." બાપ્પાએ આ વાત સાંભળી; પરંતુ તેથી તેમના હૃદયમાં જરા પણ ભય અથવા શંકાનો આવિર્ભાવ થયો નહિ. ઉલટા તેઓ બમણા ઉત્સાહથી એકલાજ ચિતોડના શત્રુની સામે યુદ્ધ કરવાને ચાલ્યા ગયા. દ્વેષી સામંતોએ પોતાની જાગીરનો ત્યાગ તો કર્યો; પરંતુ તેઓ લજ્જાના માર્યા બાપ્પાની પાછળ ગયા. રાજકુમાર બાપ્પાના અતુલ પરાક્રમની સામે શત્રુઓ ટકી શક્યા નહિ.તેઓ સર્વ પરાજિત થયા. રાજકુમાર બાપ્પા વિજય મેળવીને ચિતોડમાં આવ્યા નહિ; પરંતુ પોતાના પૂર્વજોની રાજધાની ગજનીમાં ચાલ્યા ગયા. આ વખતે ગજનીનગરમાં એક મુસલમાન રાજાનું રાજ્ય હતું.

---

૧ ઉદયપુરની પૂર્વે જે પહાડી માર્ગ છે તેનાથી ૭ માઈલના અંતરપર મગરા અર્થાત્ બ્રાહ્મમેરૂ આવેલો છે.

૨ એમ સાંભળવામાં આવ્યું છે કે મેવાડના રાણા અદ્યાપિ ઉક્ત બે ધારવાળી તલવારની પૂજા ભક્તિપૂર્વક કરે છે. કર્નલ ટોડને રાણાકુલના પ્રધાન બ્રહ્મોએ આ વાત કહી હતી. તેમણે આ વાત કહેતી વખત ખડ્ગશુદ્ધિનો જે મંત્ર ઉચ્ચાર્યો હતો તે આ પ્રમાણે છેઃ—

"ગુરૂ ગોરક્ષનાથ, દેવદેવ, એકલિંગ, તક્ષક, મહર્ષિ હારીત અને ભગવતી ભવાનીની આજ્ઞાથી આઘાત કર."

આ રાજાનું નામ સલીમ હતું. બાપ્પાએ તેને પદભ્રષ્ટ કર્યો અને તેના સિંહાસનપર એક સૂર્યવંશી સામંતને આરૂઢ કર્યો. તે પછી તેઓ પોતાનું સૈન્ય લઇ ચિતોડમાં આવ્યા અને પોતાના શત્રુ સલીમની પુત્રી સાથે લગ્ન કર્યું.

દ્વેષથી વ્યથિત થયેલા સામંતો ચિતોડના રાજા માનસિંહથી અત્યંત અસંતુષ્ટ થઇ તેનો પરિત્યાગ કરી ચાલ્યા ગયા. રાજાને આથી અત્યંત શોક થયો. રાજાએ સામંતોને બોલાવવાને માટે અનેકવાર પોતાના દૂતોને મોકલ્યા; પરંતુ તેને સફળતા મળી નહિ. દ્વેષાંધ બનેલા સામંતોએ દૂતના કહેવાપર લક્ષ આપ્યું નહિ. તેમણે તેને જણાવ્યું કેઃ-"અમે રાજા માનસિંહનું નિમક ખાધું છે, માટે એક વર્ષપર્યંત તેની સામે થઇશું નહિ. પછીને માટે સાવધાન રહેજો." એક વર્ષ પૂરૂં થયા પછી તેમણે પોતાના ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી રાજા માનસિંહપ્રત્યેનો દ્વેષાગ્નિ શાંત કરવાને માટે એક યોગ્ય સરદારની શોધ કરવા માંડી. જે બાપ્પાને લીધેજ પ્રાધાન્યતઃ તેમના હૃદયમાં દ્વેષાગ્નિ પ્રદીપ્ત થયો હતો, તેજ વીર-પુરુષના અલૌકિક શૌર્યાદિ ગુણોથી મોહિત થઇ તેમણે તેમને સન્માનસહિત પોતાનો સરદાર બનાવ્યો. રાજ્યલોભ કેવો ભયંકર છે! એની મોહિનીમાં જે માણસ લુબ્ધ થાય છે, તેને હિતાહિતનું ભાન રહેતું નથી. તેનું ધર્મજ્ઞાન નષ્ટ થાય છે અને તે કૃતજ્ઞતાના મસ્તકપર લત્તાપ્રહાર કરી પોતાનાપર ઉપકાર કરનાર મિત્રનું સર્વ નાશ કરવામાં પણ સંકોચ પામતો નથી. દુરાકાંક્ષી બાપ્પાના સંબંધમાં પણ તેમજ બન્યું. જે મૌર્યવંશી રાજા કુમાર બાપ્પાનો મામો હતો, જેનો અનુગ્રહજ તેના સૌભાગ્યનું મુખ્ય દ્વાર બન્યું હતું અને બાપ્પાને લીધે જે પોતાના સામંતોને અપ્રિય થઇ પડયો હતો, તેજ માણસના સમસ્ત ઉપકારોને વિસરી જઇ તેને નિર્દયતાથી બાપ્પાએ પદભ્રષ્ટ કર્યો અને જે સામંતો પૂર્વે તેમનાપર દ્વેષ રાખતા હતા, તેમનીજ સહાયથી ચિતોડનું સિંહાસન પ્રાપ્ત કર્યું. આ સંબંધે વર્ણન કરતાં ભટ્ટકવિઓ કહે છે કેઃ-"બાપ્પાએ મૌર્યવંશી રાજાના હાથમાંથી ચિતોડ ખુંચવી લીધું અને પોતે તે દેશના 'મૌર' અર્થાત્ મુકુટસ્વરૂપ બની ગયા." તેમણે ચિતોડના સિંહાસનપર આરૂઢ થઇ સર્વ લોકોની સંમતિથી "હિંદુસૂર્ય" "રાજગુરુ" તથા "ચક્કવૈ" (સાર્વભૌમ) આ ત્રણ ઉપાધિઓ ધારણ કરી.

મહારાણા બાપ્પાને ઘણાં સંતાન હતાં. તેમાંનાં કેટલાંક સંતાન પોતાના પૂર્વજોના મૂળદેશ સૌરાષ્ટ્રમાં ચાલ્યા ગયા અને ત્યાં સમય જતાં તેમણે ઘણાં પરાક્રમો કર્યાં. આઇન-ઇ-અકબરી વાંચવાથી જણાય છે કે સૌરાષ્ટ્રદેશના બાપ્પાના વંશના પચાસ હજાર વીર પુરુષો અકબરના સમયમાં અત્યંત પ્રભાવશાળી થઇ ગયા હતા. બાપ્પાના ઇતર પુત્રોમાંથી પાંચ મારવાડ દેશમાં જઇ વસ્યા. ત્યાં તેઓ ગોહિલ કહેવાયા; પરંતુ થોડા વખતમાં તેમને તે દેશમાંથી હદપાર કરવામાં આવ્યા અને હાલમાં તેઓ વલ્લભીપુરની આસપાસના ઉજ્જડ પ્રદેશમાં અતિ દીન અવસ્થામાં પોતાનો સમય વ્યતીત કરે છે. તેઓ હાલમાં પોતાનું પવિત્ર કુલગૌરવ વિસરી ગયા છે અને આરબ લોકોની સાથે વ્યાપાર કરીને પોતાનો નિર્વાહ કરે છે.

મહારાજાધિરાજ બાપ્પાના અંતિમ જીવનનું વર્ણન અત્યંત અદ્ભુત છે. રાજપૂતો આ અદ્ભુત વૃત્તાંત ગુપ્ત રાખવાની તીવ્ર અભિલાષા રાખે છે. જે સમયે મહારાણા બાપ્પાની વય પ્રાયઃ પચાસ વર્ષની થઈ તે સમયે તેઓ પોતાની માતૃભૂમિ, પોતાની સંતતિ અને ઇષ્ટમિત્રોનો પરિત્યાગ કરીને ખુરાસાન રાજ્યમાં ચાલ્યા ગયા અને તેમણે તે તરફના પ્રદેશો જીતી લઇને ત્યાંની અનેક મ્લેચ્છ સ્ત્રીઓ સાથે વિવાહ કર્યા. આ સ્ત્રીઓના ઉદરથી પણ તેમને અનેક પુત્રપુત્રીઓની પ્રાપ્તિ થઇ.[1]

પૂરાં સો વર્ષનું આયુષ્ય ભોગવીને વીરકેસરી મહારાણા બાપ્પાએ પરમધામ પ્રતિ પ્રયાણ કર્યું. દેલવાડાનરેશની પાસે એક પ્રાચીન ગ્રંથ છે. તે પરથી વિદિત થાય છે કે મહારાણા બાપ્પાએ ઇસ્પહાન, કંદહાર, કાશ્મીર, ઇરાક, ઇરાન, તૂરાન, કાફરિસ્તાન વગેરે હિંદની પશ્ચિમ તરફ આવેલા દેશો જીતી ત્યાંની સ્ત્રીઓ સાથે વિવાહ કર્યાં હતા. અંતે તેમણે તપસ્વીની પેઠે રહી મેરુ પર્વતની તળેટીમાં પોતાનું જીવન વ્યતીત કર્યું હતું. એમ કહેવાય છે કે બાપ્પા રાવળે જીવંત અવસ્થામાંજ સમાધિ ગ્રહણ કરી હતી. આ સર્વ સ્ત્રીઓદ્વારા તેમને ૧૩૦ પુત્રો થયા હતા. તેમના આ પુત્રો ઇતિહાસમાં નૌશેરા પઠાણના

---

૧ આ વાત અસત્ય છે. પ્રાચીન પુસ્તક 'એકલિંગમાહાત્મ્ય'દ્વારા વિદિત થાય છે કે બાપ્પા રાવળે સંવત ૮૧૦ માં અર્થાત્ ઇ૦ સ૦ ૭૫૪ માં સંન્યાસ લીધો હતો.

નામથી પ્રસિદ્ધ થયા છે. તેમના એક એક પુત્રે એક એક રાજવંશની સ્થાપના કરી હતી. બાપ્પા રાવળને હિંદુ સ્ત્રીઓના ઉદરથી ૯૮ પુત્રો થયા હતા. આ સર્વ "અગ્નિ ઉપાસક સૂર્યવંશી"ના નામથી પ્રસિદ્ધ થયા હતા.

ભટ્ટલોકોના ગ્રંથોમાં બીજું પણ એક અદ્ભુત વૃત્તાંત ઉપલબ્ધ થાય છે. એમ કહેવાય છે કે મહારાણા બાપ્પા જ્યારે પરમધામમાં ગયા ત્યારે મુસલમાનો કહેવા લાગ્યા કે:–' અમે એમના શરીરને ભૂમિદાહ કરીશું" અને હિંદુઓ કહેવા લાગ્યા કે ' અમે એમને અગ્નિદાહ કરીશું.' આ કારણથી ઉભય પક્ષો વચ્ચે મોટો વાદવિવાદ ઉપસ્થિત થયો. સર્વ પોતપોતાના પક્ષનું સમર્થન કરવા લાગ્યા. ઘણીવાર સુધી કાંઈ નિર્ણય થઇ શકયો નહિ. અંતે તેમણે મહારાણા બાપ્પાના અંગપર ઓઢાડેલું વસ્ત્ર ઉઘાડીને જોયું તો ત્યાં તેમને નાશવાન પંચતત્ત્વના મૃત શરીરને બદલે શ્વેત રંગનાં કેટલાંક વિકાસત કમલો દૃષ્ટિગોચર થયાં. આ કમળોને ત્યાંથી ઉખેડી માનસરોવરમાં મૂકવામાં આવ્યાં. ઇરાન દેશના નોશેરવાન પાદશાહના સંબંધમાં પણ બરાબર આવુંજ વૃત્તાંત સાંભળવામાં આવે છે.

મેવાડના રાજવંશના આદ્યપુરુષ વીરવર બાપ્પા રાવળનું સંક્ષિપ્ત જીવનચરિત્ર અત્રે સમાપ્ત થાય છે. હવે તેઓ કયા સમયમાં થઇ ગયા તે વિષે મીમાંસા કરીશું. આગળ લખવામાં આવ્યું છે કે મહારાજા શિલાદિત્યના શાસનકાળમાં અર્થાત્ સંવત ૨૦૫ માં વલ્લભીપુરનું પતન થયું હતું અને તેમની નવમી પેઢીએ બાપ્પા રાવળનો જન્મ થયો હતો; પરંતુ આશ્ચર્યની વાત છે કે મેવાડના રાણાના મહાલયોમાં જે ઐતિહાસિક ગ્રંથો રાખવામાં આવ્યા છે તે પરથી વિદિત થાય છે કે સંવત ૧૯૧ માં અર્થાત્ ઇ૦ સ૦ ૧૩૫ માં બાપ્પા રાવળનો જન્મ થયો હતો. વળી એક શિલાલેખ[૧] પરથી જણાય છે કે સંવત ૭૭૦ માં અર્થાત્ ઇ૦ સ૦ ૭૧૪ માં ચિતોડમાં મૌર્યવંશી માનસિંહ રાજાનો અધિકાર હતો. રાણાના રાજભુવનમાં જે ઐતિહાસિક ગ્રંથો છે તે સ્પષ્ટાક્ષરથી પ્રકાશિત કરે છે કે બાપ્પા રાવળ રાજા માનસિંહના ભાણેજ હતા. જ્યારે બાપ્પા રાવળની વય પંદર વર્ષની હતી, ત્યારે તેમના મામાએ તેમને પોતાના સામંતતરીકે નિયત કર્યા હતા. મહારાણા બાપ્પાએ ચિતોડના સામંતોની સહાયથી માનસિંહને પદભ્રષ્ટ કર્યા અને ચિતોડના સિંહાસનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. હવે આપણે સમજી શકતા નથી કે આમાંથી કયી વાત સત્ય માનવી? જો બાપ્પાને રાજા માનસિંહના ભાણેજ અને તેમના સમકાલીન માનવામાં આવે તો તે પણ સયુક્તિક નથી. સૌરાષ્ટ્રમાં સોમનાથના[૨] મંદિરમાંથી એક શિલાલેખ મળ્યો છે, તે દ્વારા સર્વ શંકા દૂર થાય છે. ઉકત શિલાલેખમાં એક સ્વતંત્ર સંવત વિષે થોડોક ઉલ્લેખ છે. આ સંવત વિક્રમ સંવતથી ૩૭૫ વર્ષ પાછળ પ્રચલિત થયો છે.

---

૧ ચિતોડના સુપ્રસિદ્ધ માનસરોવરના તટપર એક વિજયસ્તંભ છે, તેમાંથી આ શિલાલેખ નીકળ્યો હતો. આ લેખમાં એક સ્થળે એવો ઉલ્લેખ છે કે મહારાજા માનસિંહ નગરમાં ભ્રમણ કરતા હતા, તે વખતે એક અતિ વૃદ્ધ માણસ ધીમે ધીમે તેમની પાસેથી ચાલ્યો ગયો. આ વૃદ્ધ પુરુષને જોઇને માનસિંહના હૃદયમાં એક ગંભીર ભાવનો ઉદય થયો. તેમને વિચાર આવ્યો કે મનુષ્યનું જીવન ક્ષણભંગુર છે, કમળની પાંખડીપરના જળબિંદુવત્ આપણું જીવન ચંચળ છે અને રાજ્ય, દ્રવ્ય, રત્નો વગેરે સર્વ ક્ષણભંગુર છે. આ પ્રકારના અનેક વિચારો તેમના મનમાં ઉદ્ભવ્યા, તેથી તેમણે પોતાનું નામ અક્ષય રાખવાને માટે આ વિશાળ સરોવર ખોદાવ્યું. આ સરોવરથી મહારાજા માનસિંહનું નામ અમર થયું છે.

૨ આ સંબંધે નિશ્ચય કરવાને માટે કર્નલ ટોડે પુષ્કળ ઉદ્યોગ કર્યો. અંતે તેમને પોતાના પરિશ્રમમાં સફળતા પ્રાપ્ત થઇ. શિલાલેખ, તામ્રપત્ર, પ્રાચીન મુદ્રા, કોતરેલા સ્તંભો વિગેરે મેવાડસંબંધી સાધનો જ્યાં જ્યાં મળવાનો સંભવ હતો ત્યાં ત્યાં તેઓ જાતે ગયા અને પુષ્કળ પરિશ્રમ કરીને તેમને તપાસ્યાં. સત્ય વૃત્તાંત જાણવાને માટે આ પ્રકારે ખોજ કરતાં કરતાં છ વર્ષો વ્યતીત થઈ ગયાં; પરંતુ કાંઈપણ ફળ પ્રાપ્ત થયું નહિ. આખરે તેઓ સંદેહ અને ચિંતામાં નિમગ્ન થઇને ઉદયપુર છોડી સારાષ્ટ્રમાં ચાલ્યા ગયા. ગિહલોત કુળના આ પ્રાચીન સ્થાનમાં એકવાર શોધ કરી જોવાના ઉદ્દેશથી તેઓ ત્યાં ગયા હતા. સદ્ભાગ્યવશાત્ ત્યાં જવાથી તેમનો મનોરથ અને પરિશ્રમ સફળ થયા. ભગીરથ પરિશ્રમ કર્યા પછી સોમનાથના પ્રસિદ્ધ મંદિરમાં તેમને ઉપલો શિલાલેખ પ્રાપ્ત થયો. આ શિલાલેખમાં શિવસિંહ સંવતનો એક બીજો પણ લેખ ઉપલબ્ધ થાય છે. આ સંવત વિક્રમ સંવતની ૧૧૬૯ ની સાલમાં પ્રચલિત થયો હતો.

ઉપર જણાવવામાં આવ્યું છે કે સંવત ૨૦૫ માં વલ્લભીપુરનો નાશ થયો હતો. આ પરથી સિદ્ધ થાય છે કે સંવત ૨૦૫ એ વલ્લભી સંવત હતો. ૨૦૫ માં ૩૭૫ ઉમેરવાથી ૫૮૦ થાય છે અર્થાત્ વિક્રમ સંવત ૫૮૦ માં (ઇ૦ સ૦ ૫૨૪ માં) મ્લેચ્છોએ વલ્લભીપુરનો નાશ કર્યો હતો.

આ તરફ મૌર્યવંશી રાજાઓના શાસનસંબંધી શિલાલેખપરથી વિદિત થાય છે કે બાપ્પાનો જન્મ વિક્રમ સંવત ૭૭૦ માં થયો હતો. ૭૭૦ માંથી ૫૮૦ બાદ કરવામાં આવે તો ૧૯૦ બાકી રહે છે. આમાં માત્ર ૧ નો ઉમેરો કરવામાં આવે તો ભટ્ટકવિઓનું જણાવેલું વર્ષ મળી રહે છે. ભટ્ટોએ લખ્યું છે કે સંવત ૧૯૧ માં બાપ્પાનો જન્મ થયો હતો. આ રીતે એક વર્ષનો અંતર એ કાંઇ હિસાબમાં નથી.

જ્યારે બાપ્પા રાવળ સિંહાસનપર આરૂઢ થયા ત્યારે તેમની વય પંદર વર્ષની હતી; પરંતુ આ વાત સિદ્ધ કરવામાં આવી છે કે મૌર્યશિલાલેખમાં જણાવેલાં વર્ષ કરતાં તેમનો જન્મ એક વર્ષ પૂર્વે થયો હતો; અર્થાત્ સંવત ૭૬૯ મા તેમનો જન્મ થયો હતો. આ રીતે ગણતાં ૭૬૯+૧૫ ૭૮૪ (ઇ૦ સ૦ ૭૨૮) માં તેમણે ચિતોડનું સિંહાસન પ્રાપ્ત કર્યું હતું અને એજ વર્ષથી ગિહ્લોત કુળના[1] આધિપત્યનો પ્રારંભ થયો હતો. આ સમયથી ૧૧૦૦ વર્ષ સુધીમાં ૫૯ રાજાઓ મેવાડના સિંહાસનપર બેઠા.

ગિહ્લોતકુલતિલક વીરશ્રેષ્ઠ બાપ્પા રાવળના જન્મનો કાળ નિશ્ચિત કર્યો અને તેમની પ્રાચીનતા પણ પ્રમાણિત થઇ. બાપ્પા રાવળ પોતાના સમયના પૃથ્વીના અન્યાન્ય વીર પુરુષોમાં સર્વથી પ્રથમ જન્મ્યા હતા, એ કાંઈ થોડા હર્ષની વાત નથી. તે વખતે "કાર્લોવિંજ" વંશના વીરપુરુષો પ્રચંડ બળ પ્રાપ્ત કરી ધીમે ધીમે પોતાનાં વિરાટ મસ્તક ઉન્નત કરી રહ્યા હતા અને "ખલીફા વલીદ"ની વિજયશાળી સેના ઇબ્રી નદીને કિનારે પોતાની લીલા રંગની ધ્વજા ફરકાવી સમસ્ત યૂરોપને કંપાયમાન કરી રહી હતી.

મેવાડરાજ્યમાં આયુતપુર નામક એક પ્રાચીન સમૃદ્ધિશાળી નગર હતું. આ નગર હાલમાં અતિ છિન્નવિચ્છિન્ન અવસ્થામાં છે. અસંખ્ય ભીલો અને જંગલી શ્વાપદોનો હાલમાં ત્યાં નિવાસ છે. ઘણા લોકો હાલમાં આ નગરનું નામ પણ જાણતા નથી. આ નગરનાં ખંડિયેરોમાંથી એક શિલાલેખ મળી આવ્યો છે. આ શિલાલેખમાં મહારાણા શક્તિકુમાર સુધીના મેવાડના ચૌદ રાજાઓનું વંશવિવરણ ઉપલબ્ધ થાય છે. ઉક્ત શિલાલેખમાં વીરકેસરી મહારાણા બાપ્પાનું વર્ણન શૈલ નામથી કરવામાં આવ્યું છે. ભટ્ટલોકોના ગ્રંથો તથા રાજકુળની પત્રિકાઓમાં જે વર્ણન આવે છે, તેમાં અને ઉક્ત શિલાલેખમાં આવેલા વર્ણનમાં પ્રાયઃ એકતા છે. માત્ર તેમાં એક નામનોજ ફરક આવે છે.

મહાશય હ્યુમ જણાવે છે કે:–" જો કે કવિલોકો પોતાની કલ્પનાના પ્રાબલ્યથી સત્ય ઇતિહાસને પણ ક્લિષ્ટ બનાવી દે છે, જો કે તેઓ પોતાની ઇચ્છાથી સત્ય વાતને અદ્ભુત અલંકારોથી શૃંગારે છે; તોપણ તેઓ પ્રાચીન જગતના એકલા ઇતિહાસકાર છે અને તેમના અનેક રંગોથી રંગેલાં વૃત્તાંતમાં સત્ય વાર્તા સદા મૂળભાવે વિરાજમાન રહે છે." આ ઉત્તમ વાક્ય આ સ્થળે સંપૂર્ણરીતે ચરિતાર્થ થાય છે; કારણ કે નિર્જન અને વિધ્વસ્ત આયુતપુરનાં ખંડિયેરોની સાથે જેમનાં નામો ધીમે ધીમે મનુષ્યોની દૃષ્ટિ આગળથી લુપ્ત થતાં જતાં હતાં, તે સર્વ નામો મેવાડના ભટ્ટકુલની મોહક કલ્પનામાં ગુપ્તરીતે સદા વિરાજમાન છે. વીરવર બાપ્પાના સમયમાં પણ મુસલમાન લોકો સિંધુ નદી ઉતરી ભારતભૂમિમાં આવ્યા હતા. હીઝરી સંવત ૯૫ માં સમ્રાટ વલીદનો સેનાપતિ મહમદ બીન કાસિમ સિંધ દેશ જીતી ગંગાના કિનારા સુધી જઇ પહોંચ્યો હતો. આ વૃત્તાંત આરબ લોકોની તવારિખમાં લખવામાં આવ્યું છે. જો કે "એલ્મેકિન"ના ગ્રંથમાં મુસલમાનોએ સિંધ દેશપર આક્રમણ કર્યું હતું એટલીજ વાત ઉપલબ્ધ થાય છે, તથાપિ વિચાર કરવાથી વિદિત થશે કે તે સમયે ભારતવર્ષનાં અનેક રાજ્યો વિદેશી લોકોના આક્રમણથી ઉજ્જડ થઇ ગયાં હતાં. અજમેરના રાજા માણુકરાયનું રાજ્ય ઇસ્વીસનની આઠમી શતાબ્દીમાં વિદેશીઓએ લઈ લીધું હતું. એમ કહેવાય છે કે આ વિદેશી શત્રુઓ જહાજમાં બેસીને આવ્યા હતા અને અંજાર નામના બંદરે ઉતર્યા હતા. આ વિદેશી શત્રુઓ કાસિમ અને તેના સૈનિકો હતા, એ વાતપર જો કોઈ સંદેહ ધારણ કરે તો સિંધરાજ દાહિરનું વૃત્તાંત વાંચવાથી તેની શંકા

[1] ગિહ્લોત કુળના પંદર રાજાઓ આ પ્રમાણે છે:—ગ્રહાદિત્ય, ભોજ, મહેન્દ્ર, નાગાદિત્ય, શૈલ (બાપ્પા), અપરાજિત, મહેન્દ્ર, ખલભોજ, ખુમાન, ભર્તૃપાદ, સિંહજી, શ્રીલલિત, નરવાહન, શાલિવાહન, શક્તિકુમાર.

નિવૃત્ત થઇ જશે. અબ્દુલફજલ[1] લખે છે કે હીઝરી સન ૯૫ માં (ઇ૦ સ૦ ૭૧૩ માં) કાસિમે દાહિર રાજાનો વધ કર્યો હતો અને તેનો પુત્ર નાસીને ચિતોડના મૌર્યવંશી રાજા પાસે ગયો હતો.

[2] બાપ્પાથી લઇને શક્તિકુમાર સુધીમાં ( બે શતાબ્દીઓમાં ) ચિતોડના સિંહાસનપર દશ રાજાઓ બેઠા. આ વંશમાં ચાર રાજાઓ મહાપરાક્રમી નિવડયા. આ ચાર ધુરંધર રાજાઓએ ચાર પ્રધાન યુગનો આરંભ કર્યો હતો. પહેલા કનકસેન, ઇ૦ સ૦ ૧૪૪; બીજા શિલાદિત્ય, ઇ૦ સ૦ ૫૨૫, એમના સમયમાં વલ્લભીપુરનો નાશ થયો; ત્રીજા બાપ્પા ઇ૦ સ૦ ૭૨૮; અને ચોથા શક્તિકુમાર, ઇ૦ સ૦ ૯૬૮.



૧ આ વખતે મુહમ્મદ બીન કાસિમ ચિતોડ તરફ ચઢી આવ્યો હતો; પરંતુ બાપ્પાએ તેને પરાજિત કર્યો હતો.

૨ ૧ ગોહિલ, ૨ ભોજ, ૩ શીલ, ૪ ખલભોજ, ૫ ભતૃં, ૬ આધિસિંહજી, ૭-સુબાયકજી, ૮ ખુમાનજી, ૯ આલ્લટજી અને ૧૦ નરવાહજી.

# अध्याय ३ जो

**બાપ્પા અને સમરસિંહની વચ્ચેના રાજાઓનું વૃત્તાંત-બાપ્પાનાં સંતાનો-ભારતવર્ષ ઉપર આરબ લોકોનું આક્રમણ-ચિતોડનું રક્ષણ કરવાને સમરક્ષેત્રમાં ઉપસ્થિત થયેલા રાજપૂત રાજાઓનું સંક્ષિપ્ત વૃત્તાંત.**

પૂર્વે જણાવવામાં આવ્યું છે કે ગિહલોતકુલતિલક મહારાણા બાપ્પા સંવત ૭૮૪ માં અર્થાત્ ઇ૦ સ૦ ૭૨૮ માં ચિતોડના સિંહાસનપર બેઠા હતા. તેઓ ચિતોડરાજ્યનો પરિત્યાગ કરીને ઈરાનમાં ચાલ્યા ગયા, તે સમયથી મહારાણા સમરસિંહના શાસનકાળપર્યંતનો ઇતિહાસ ભટ્ટલોકોના ગ્રંથમાંથી તારવી કાઢી અત્ર આપવામાં આવે છે. આ સમયમાં સમસ્ત મેવાડમાં તો શું પરંતુ સમગ્ર ભારતવર્ષમાં નવીન યુગનો આરંભ થયો હતો. જે વખતે મુસલમાનવીરોના ગગનભેદી સિંહનાદથી આર્યોની ભાગ્યલક્ષ્મી ચંચલ થઇ, ભારતવર્ષનો રાજમુકુટ ભારતીય આર્યનૃપતિના મસ્તકપરથી ઉતરી મુસલમાન બાદશાહના શિરપર સ્થાપિત થયો; તે વખતે સમસ્ત આર્યાવર્તમાં એક નવીન યુગનો આરંભ થયો હતો, એ વાતનો સ્વીકાર કોણ નહિ કરે ? વીરવર બાપ્પા રાવળનું ઇરાન પ્રતિ ગમન અને સમરસિંહનો રાજ્યાભિષેક એ બેની વચ્ચે ચાર શતાબ્દીઓ વ્યતીત થઇ ગઇ. આ ચાર શતાબ્દીઓમાં મેવાડના સિંહાસનપર બધા મળીને અઢાર રાજાઓ બેઠા હતા. આ સર્વ રાજાઓની કારકીર્દિનો યથાર્થ ઇતિહાસ જો કે ભટ્ટલોકોના કાવ્ય-ગ્રંથોમાંથી ઉપલબ્ધ થતો નથી; તથાપિ જે કાંઇ થોડો પ્રાપ્ત થાય છે, તેપરથી વિદિત થાય છે કે આ રાજાઓ ખરેખર બાપ્પાના વંશજોજ હતા. તેમની અલૌકિક કીર્તિકથા આજે પણ રાજસ્થાનના અનેક ગિરિઓમાં ગુંજી રહી છે.

આયુતપુરમાંથી પ્રાપ્ત થયેલા શિલાલેખની સહાયથી આગળ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે મહારાણા બાપ્પા અને સમરસિંહની વચ્ચે શક્તિકુમાર નામનો એક રાજા સંવત ૧૦૨૪ ( ઈ૦ સ૦ ૯૬૮ )માં મેવાડના સિંહાસનપર આરૂઢ થયો હતો. વળી એક પ્રાચીન વિશ્વસનીય જૈનગ્રંથપરથી વિદિત થાય છે કે મહારાણા શક્તિકુમારથી ચાર પેઢી પૂર્વે સંવત ૯૨૨ ( ઈ૦ સ૦ ૮૬૬ )માં બીજો એક પ્રતિભાવાન રાજા ચિતોડના સિંહાસનપર વિરાજમાન હતો. આ રાજાનું નામ અક્ષટજી હતું. ખુમાનરાસા નામના એક પ્રાચીન ગ્રંથપરથી જણાય છે કે બાપ્પા અને સમરસિંહની વચ્ચેના કાળમાં મેવાડરાજ્યપર એક વાર મુસલમાનોએ આક્રમણ કર્યું હતું. ખુમાનરાણાના સમયમાં આ આક્રમણ થયું હતું. મહારાણા ખુમાને ઇ૦ સ૦ ૮૧૨ થી ઇ૦ સ૦ ૮૩૬પર્યંત રાજ્ય કર્યું હતું.

તે સમયમાં ભારતવર્ષનો ઇતિહાસ ગાઢ અંધકારથી આવૃત્ત હતો. આ અંધકારમય કાળના ગર્ભમાં પ્રવેશ કરી ભારતવર્ષના તે સમયના ઇતિહાસનો ઉદ્ધાર કરવો કઠિન છે; તથાપિ ભટ્ટકવિઓના ગ્રંથો, આઇન-ઈ-અકબરી, ફરિસ્તા વગેરે જે ગ્રંથો આ અંધકારમાં દીપકવત પ્રકાશે છે તેમની સહાયતાથી અમે અમારી શક્તિઅનુસાર મેવાડના ઇતિહાસનો ઉદ્ધાર કરીશું. હાલ પ્રથમ અમે બાપ્પાનાં

સંતાનોવિષે વર્ણન કરીએ છીએ.

ગિહલોત કુલમાં સર્વ મળીને ચોવીસ શાખાઓ છે. આ ચોવીસ શાખાઓમાંની કેટલીક મહારાણા બાપ્પાદ્વારા ઉત્પન્ન થઈ હતી. ચિતોડ વશ કર્યા પછી થોડા દિવસે મહારાણા બાપ્પા સૌરાષ્ટ્રદેશમાં ગયા હતા. સૌરાષ્ટ્રદેશની નિકટ જે દીવબંદર છે તેમાં તે વખતે ઇસ્પગુલ[1] નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજાને એક પુત્રી હતી. મહારાણા બાપ્પાએ આ કન્યાની સાથે લગ્ન કર્યું અને તેઓ તેને ચિતોડમાં લઈ આવ્યા. તે સમયે દીવબંદરમાં બાણ માતા નામની એક મૂર્તિ હતી. બાપ્પા રાવલ પોતાની પત્નીની સાથે બાણમાતાની પ્રતિમાને પણ ચિતોડમાં લઈ ગયા. તેમણે જે પવિત્ર મંદિરમાં તે માતાની પ્રતિષ્ઠા કરી હતી તેજ મંદિરમાં તે આજપર્યંત તેવી ને તેવી દશામાં વિરાજમાન છે; અને આજે પણ મેવાડના ઇષ્ટદેવ એકલિંગની પેઠે તે પૂજાય છે. દીવબંદરના રાજા ઇસ્પગુલની પુત્રીના ગર્ભથી બાપ્પા રાવળને અપરાજિત નામનો એક પુત્ર થયો. ઇસ્પગુલની પુત્રી સાથે લગ્ન કર્યું તે પૂર્વે તેમણે દ્વારકાની નિકટ વસેલા કાલીવાવ નગરના પરમાર રાજાની પુત્રી સાથે લગ્ન કર્યું હતું. તેના ગર્ભથી તેમને એક અસીલ નામના પુત્રની પ્રાપ્તિ થઈ હતી. અસીલ તેમનો જ્યેષ્ઠ પુત્ર હતો; પરંતુ તે પિતાનું રાજ્ય છોડીને પોતાના મામાને ત્યાં રહેતો હતો. આથી તેને ચિતોડનો રાજમુકુટ પ્રાપ્ત થયો નહિ. બાપ્પાની પછી તેમના સિંહાસનપર અપરાજિત બેઠો હતો.[2] અસીલ જો કે પોતાના પિતાના સિંહાસનપર બેઠો નહિ, તોપણ તેણે સૌરાષ્ટ્રમાં એક રાજ્યની સ્થાપના કરી. તેના વંશજો "અસીલ ગહિલોત" કહેવાયા. સમય જતાં આ રાજપૂતો એટલા પ્રતાપી થયા કે મુગલકુલતિલક પાદશાહ અકબરના સમયમાં તેઓ પચાસ હજાર યોદ્ધાઓ રણાંગણમાં લાવી શક્યા હતા. અપરાજિતના શાસનકાળનું કાંઇ વર્ણન કરવા લાયક વૃત્તાંત ઉપલબ્ધ થતું નથી. અપરાજિતને બે પુત્રો હતા; ખલભોજ અને નંદકુમાર. ઉત્તરાધિકારની પ્રાચીન પ્રણાલીઅનુસાર તેમના જ્યેષ્ઠ કુમાર ખલભોજને સિંહાસન પ્રાપ્ત થયું. નાગદાની ખીણમાં કર્નલ ટૉડને એક શિલાલેખ પ્રાપ્ત થયો હતો. આ શિલાલેખપરથી જે હકીકત પ્રાપ્ત થઈ છે તે દ્વારા સિદ્ધ થાય છે કે અપરાજિત એક શૌર્યવાન રાજા હતો. તેમના કનિષ્ઠ પુત્ર નંદકુમારે દોદા વંશના રાજા ભીમસેનનો સંહાર કરી દક્ષિણમાં આવેલું દેવગઢ નામક રાજ્ય હસ્તગત કર્યું હતું.

મહારાજા [3]ખલભોજનો સ્વર્ગવાસ થયા પછી પ્રસિદ્ધ મહારાણા ખુમાન ચિતોડના સિંહાસનપર બેઠા. મેવાડના ઇતિહાસમાં મહારાણા ખુમાન અત્યંત પ્રસિદ્ધ છે. મહારાણા ખુમાન રાજસિંહાસનપર બેઠા કે તરતજ મુસલમાનોએ ચિતોડપર આક્રમણ કર્યું. સ્વતંત્રતાની લીલાભૂમિ પવિત્ર ચિતોડપુરીને બળવાન મુસલમાનોએ ઘેરી લીધી. આવી સ્થિતિ જોઇ તે સમયના ક્ષત્રિય રાજાઓ પોતપોતાની સેના લઇને ચિતોડનું સંરક્ષણ કરવાને માટે આવ્યા. તેમની સહાયતાથી મહારાણા ખુમાને જે અદ્દભુત વીરતાપૂર્વક કઠોર શત્રુઓની ગતિ રોકી હતી તેનું વર્ણન ખુમાનરાસામાં ઉત્તમ પ્રકારે કરવામાં આવ્યું છે. કવિની ચૈતન્યોત્પાદક કવિતાશક્તિના પ્રભાવથી તે સમયના વૃત્તાંતની મૂર્તિ અત્યંત તેજસ્વી બની છે. આ ગ્રંથનું પઠન કરવાથી એમ જ્ઞાત થાય છે કે જાણે હમણાં આપણી સામેજ સંગ્રામ ચાલી રહ્યો છે. એમ કહેવાય છે કે બળવાન શત્રુઓએ ચિતોડને ઘેરી લઈ ખુમાનની પાસે કર માગ્યો. આથી મહારાણાને અત્યંત ક્રોધ ચઢયો. તેમના રોમેરોમમાંથી ક્રોધાગ્નિ ઝરવા લાગ્યો અને તેમણે આ તિરસ્કરણીય માગણી અભિમાન તથા અનાદરપૂર્વક સાંભળીને પ્રચંડ ઘોષથી રણશિંગું ફૂંકાવ્યું. તત્ક્ષણ તેમના યોદ્ધાઓ તૈયાર થઈ પરમ ઉત્સાહથી શત્રુઓની સામે લડવાને માટે રણાંગણમાં ગયા. વીરવર

૧ ઇતિહાસમાં એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે ચોલ રાજ્યમાં ઇસ્પગુલનો અધિકાર હતો. અનેક લોકો એને બાણ રાજાનો પિતા કહે છે.

૨ જે પ્રાચીન લેખપરથી આ વૃત્તાંત લખવામાં આવ્યું છે. તેમાં એક સ્થળે જણાવવામાં આવ્યું છે કે અસીલે પોતાના નામપરથી એક કિલ્લાનું નામ અસીલગઢ પાડયું હતું. અસીલના પુત્રનું નામ વિજયપાલ હતું. વિજયપાલ ખંભાત રાજ્યપર પોતાનો અધિકાર સ્થાપિત કરવાનો પ્રયાસ કરતાં તે દેપીવંશીય લોકોના હાથથી માર્યો ગયો હતો.

૩ ખલભોજનું બીજું નામ કર્ણ હતું. એણેજ મહર્ષિ હારીતના આશ્રમમાં ભગવાન એકલિંગના પવિત્ર મંદિરની પ્રતિષ્ઠા કરી હતી.

બાપ્પાની વિજયવતી ધ્વજા ગર્વસહિત ઉઠાવી સર્વ રાજપૂતો શત્રુઓ સામે યુદ્ધ કરવા લાગ્યા. ખરેખર મુસલમાનોએ ખરાબ મુહૂર્તમાંજ ચિતોડપુરીપર ઘેરો ઘાલ્યો હતો, તેમણે ખરાબ પળે ગર્વથી ઉન્મત્ત થઈ ખુમાનની પાસે કર માગ્યો હતો. તેઓને મહારાણાના કરેલા અપમાનનું ફળ બરાબર મળ્યું. ક્ષત્રિયોએ એવી બહાદુરી બતાવી કે મુસલમાનસેનાનો મોટો ભાગ કપાઇ ગયો અને બચ્યા તેઓ જીવ લઇને નાસી ગયા; પણ ખુમાને તેમનો કેડો છોડયો નહિ. રાજપૂતોએ મુસલમાનસેનાપતિ મહમૂદને પકડી લીધો અને તેઓ તેને ચિતોડમાં લઇ આવ્યા. આ મહમૂદ કોણ હતો ? એ પ્રશ્ન અહીંઆં વિચારવા યોગ્ય છે. જે પરાક્રમી મુસલમાનવીર ગિઝનીના પહાડી પ્રદેશથી ભારતવર્ષમાં આવ્યો હતો, તેના નામની સાથે આનું નામ મળે છે; પરંતુ ભિન્ન ભિન્ન વ્યક્તિઓનું નામ એક હોઇ શકે છે. ઉપલો મહમૂદ કોણ હતો, તે પ્રશ્નનો નિર્ણય કરવાને માટે અમે તે સમયમાં ભારતવર્ષ અને અરબસ્તાન વચ્ચે કેવો સંબંધ હતો, તે જણાવવાને પ્રવૃત્ત થઇએ છીએ.

ભારતવર્ષનો ધનભંડાર અને રત્નભંડાર વિદેશી મુસલમાનોની આંખમાં ખટકવાથી તેઓ યમદૂતોની પેઠે ચઢી આવી ભારતવર્ષની લક્ષ્મી લૂંટી જવા લાગ્યા. ભારતસંતાનોને એ વિદેશીઓના હાથથી કાંઇ થોડું દુઃખ સહન કરવું પડયું નથી. ભારતવર્ષનાં કાંઇ થોડાં નગરો અને ગામો તેમના હાથથી નાશ પામ્યાં નથી. જે વખતે ખલીફા ઉમ્મર બગદાદના સિંહાસનપર હતો, તે વખતમાંજ મુસલમાન લોકો પહેલવહેલા હિંદુસ્થાનમાં આવ્યા હતા. તે સમયે વાણિજ્યને માટે ભારતવર્ષમાં બે પ્રદેશો વિખ્યાત હતા. ગુજરાત અને સિંધ. આ ઉભય સંપત્તિશાળી પ્રદેશોનો વ્યાપારી માલ હસ્તગત કરવાને માટે ખલીફા ઉમ્મરે ટાઇગ્રીસ નદીના તટપર બસરા શહેર વસાવ્યું. ભારતના વ્યાપારની સંપૂર્ણ ઉન્નતિ જોઇ તેની દુરભિલાષા ધીમે ધીમે વધતી ગઇ. વ્યાપારી માલ હસ્તગત કરીને તે સંતુષ્ટ થયો નહિ. આ સુવર્ણભૂમિમાં અમૂલ્ય રત્નો અને વ્યાપારી વસ્તુઓ શી રીતે ઉત્પન્ન થાય છે તે જોવાને માટે તેણે અબ્બુલ આયાસ નામના સેનાપતિને એક પ્રચંડ સૈન્ય આપીને ભારતવર્ષમાં મોકલ્યો. અબ્બુલ આયાસ પોતાની સેના લઈને સિંધદેશમાં આવ્યો; પરંતુ હજી આર્યોનું વીરત્વ નષ્ટ થયું નહોતું. મુસલમાનોએ ભારતવાસીઓપર અત્યાચાર કરવાથી આર્યોનું વીરત્વ "આરોર" નામના સ્થાનમાં પ્રચંડ જ્વાળા સાથે પ્રદીપ્ત થયું. આયાસ આ વીરત્વરૂપી અગ્નિની જ્વાળામાં બળીને ભસ્મ થયો. ખલીફા ઉમ્મરના મૃત્યુ પછી ખલીફા ઉસ્માન તેના સિંહાસનપર બેઠો. તેણે સિંહાસનપર બેસી તરતજ ભારતવર્ષની અંતઃસ્થિતિનું નિરીક્ષણ કરવાને માટે દૂત મોકલ્યો અને ભારતવર્ષપર આક્રમણ કરવાને માટે તે પ્રચંડ સેનાની તૈયારી કરવા લાગ્યો; પરંતુ ઉસ્માનની ઇચ્છા મનમાં ને મનમાંજ રહી ગઈ!

ખલીફાઅલી બગદાદના સિંહાસનપર બેઠો ત્યારે તેના સેનાપતિઓએ સિંધ દેશ જીતી લીધો હતો; પરંતુ તેઓ પણ દીર્ઘસમયપર્યંત તે દેશપર પોતાનો અધિકાર સ્થિત રાખી શકયા નહોતા. ખલીફાના મૃત્યુ પછી તેમનાપર એવી વિપત્તિઓ આવી પડી કે તેમને વ્યાકુળ થઇ ભારતવર્ષનો ત્યાગ કરવો પડયો. તદુપરાંત ખલીફા અબ્બુલમલિક અને ખોરાસાનના પાદશાહ યઝીદના સમયમાં પણ આ પ્રકારે ભારતવર્ષને જીતવાની તૈયારીઓ થયેલી; પરંતુ તે નિષ્ફળ ગઇ હતી. આ પ્રકારે કેટલોક સમય વ્યતીત થઇ ગયો. હવે ભારતવર્ષની દુર્દશાનો સમય નિકટ આવતો ગયો. ખલીફા વલીદ પોતાના સિંહાસનપર બેઠો અને તરતજ તે પોતાના પ્રચંડ સૈન્યને સજ્જ કરીને ભારતવર્ષપર ચઢી આવ્યો. તેની ગતિને કોઇ રોકી શકયું નહિ. તેણે સિંધ અને તેની પાસેનો થોડો દેશ જીતી લીધો. એમ કહેવાય છે કે ગંગાના પશ્ચિમ કિનારાપર આવેલા પ્રદેશના રાજાઓ પણ વિજયી વલીદના અપૂર્વ પરાક્રમની આગળ મસ્તક નમાવી તેના પંજામાંથી મુક્ત થવાને માટે તેને કર આપવા લાગ્યા હતા. મુસલમાનોનો તે સુવર્ણયુગ હતો, એમ કહીશું તોપણ ચાલશે; કારણ કે તેમના પરાક્રમરૂપી અગ્નિને રોકવાને જે જે રાજાઓ તૈયાર થયા, તેઓ ઉલટા તેજ અગ્નિમાં પતંગની પેઠે ભસ્મ થઇ ગયા. મુસલમાનોની વીરતા અને તેમના ઉત્સાહનું વૃત્તાંત વાંચવાથી આપણાં હૃદય ધડકવા લાગે છે. અધિક શું કહીએ ! મુસલમાનોએ એકજ સમયમાં પૂર્વ અને પશ્ચિમનાં બે વિશાળ રાજ્યોને અપૂર્વ વીરતાથી જડમૂળથી ઉખેડી નાખ્યાં હતાં. આ

તરફ સિંધુ નદીની પાસેના દાહિરના રાજ્યની અવનતિ થતાંની સાથે ભારતવર્ષનો નાશ થવાની સૂચના થઇ અને પશ્ચિમ તરફ અંતિમ ગૅાથ વીરવર રૅાડરિકના 'અંદલુસ' રાજ્યની પરિસમાપ્તિ થઇ.

ઉક્ત ઉભય ભયાનક ઘટનાઓ મુસલમાનોના અપૂર્વ વીરત્વનું અક્ષય ઉદાહરણ બતાવતી જગતના ઇતિહાસમાં રુધિરના અક્ષરથી સદા અંકિત રહેશે.

ખલીફા વલીદના સેનાપતિ મહમૂદ બિન કાસિમે હીજરી સન ૯૯ (ઇ૦ સ૦ ૭૧૮)ના પ્રારંભમાં ભારતભૂમિમાં આવી સિંધના રાજા દાહિરપર આક્રમણ કર્યું હતું. મુસલમાનવીરોના કરાલ ગ્રાસમાંથી દેશનું સંરક્ષણ કરવાને માટે દાહિરે ઘોર સંગ્રામ કર્યો; પરંતુ તે કોઈ પણ પ્રકારે દેશની રક્ષા કરી શક્યો નહિ. આ મુસલમાન સેનાપતિના પંજામાં ફસી તે રાજાને પોતાનું રાજ્ય, ધન, ગૌરવ અને અંતે પ્રાણની પણ આહુતિ આપવી પડી. વિજયી કાસિમે જય અને લૂંટના માલની સાથે આ ક્ષત્રિય રાજાની બે લાવણ્યમયી કન્યાઓને પણ પોતાના ખલીફાની પાસે ભેટતરીકે મોકલી દીધી; પરંતુ આ ઉભય વીરકન્યાઓદ્વારાજ કાસિમનો નાશ થયો. આઇન–ઇ–અકબરી અને ફરિસ્તામાં એવો ઉલ્લેખ છે કે જ્યારે આ કન્યાઓ દમાસ્કસ નગરમાં પહોંચી, ત્યારે ખલીફાએ તેમના રૂપલાવણ્યની પુષ્કળ પ્રશંસા સાંભળી. રણાંગણમાં વિજય મળવાથી તેનું હૃદય અત્યંત પ્રફુલ્લિત થયું હતું અને આ કન્યાના સૌંદર્યની પ્રશંસા સાંભળી તેના આનંદમાં બમણો વધારો થયો. આ ઉભય સુંદરીઓના અનુપમ લાવણ્યનો ઉપભોગ લેવાને માટે તેનું હૃદય ઉછાળા મારવા લાગ્યું. તેની પાપવૃત્તિ ઉશ્કેરાઇ આવી. વિહારભુવનમાં આવીને તેણે જ્યેષ્ઠ કન્યાને પોતાની સમક્ષ તેડી લાવવાની પોતાના દાસોને આજ્ઞા કરી. આ આજ્ઞાનું શીઘ્ર પાલન થયું. ક્ષત્રિયકુલની કમલિનીને કામથી ઉન્મત્ત બનેલા હાથીસમાન નિર્દય યવનની સમક્ષ લઈ જવામાં આવી.

નિરાધાર અનાથ રાજપૂતબાળાને મ્લેચ્છની વિષયવાંચ્છના તૃપ્ત કરવાને માટે કઠોર સ્થાનમાં મોકલવામાં આવી. આ સ્થળે તેનું રક્ષણ કરનાર કોણ હતું ? સિંધના અધિપતિ દાહિરના પવિત્ર કુલને ચિરકલંકથી કોણ બચાવી શકે એમ હતું? આજે રાજપૂતગૌરવ, કુલાભિમાન નષ્ટ થવાની અણીપર હતું! જ્યેષ્ઠ રાજકુમારીએ પોતાના સતીત્વરત્નની રક્ષા કરવાનો બીજો કોઈ ઉપાય ન જોઇ ચતુરાઇથી પોતાનો ઉદ્દેશ સાધ્ય કર્યો. ખલીફા તેની પાસે આવ્યો કે તરતજ તે રોવા લાગી અને બોલી:–"ખુદાવિંદ' પાદશાહ સલામત ! આપ મુઝકો ન છુએં, યહ જિસ્મ આપકે દસ્ત મુબારકસેં છુએ જાનેકે કાબિલ નહીં હૈ. નાલાયક કાસિમને જબરદસ્તી કરકે પહિલેહિ હમ દોનોંકી ઇજ્જત લે લી હૈ." આ અદ્ભુત વાત સાંભળી ખલીફાના ક્રોધનો પાર રહ્યો નહિ. તેના રોમેરોમમાંથી ક્રોધાગ્નિની ચિણગારીઓ નીકળવા લાગી. તેણે તરતજ કાસિમને કઠોર દંડ આપવાની આજ્ઞા કરી. તે બોલ્યો:–"કાસિમને જીવંત દશામાજ કાચી દુર્ગંધી ખાલમાં શીવીને અહીંઆં લઇ આવો" પાદશાહની આ આજ્ઞા પ્રમાણે તરતજ અમલ કરવામાં આવ્યો. હતભાગ્ય કાસિમે ખલીફાના ક્રોધાગ્નિમા પતિત થઇ પોતાની પ્રતિષ્ઠા અને પ્રાણ ઉભય ગુમાવ્યાં. પવિત્ર રાજપૂતસતીએ ચતુરાઇથી પોતાના શિયળનું સંરક્ષણ કર્યું. ખલીફા સત્ય વાત જાણી શક્યો નહિ.

ઉપલી ઘટના બન્યા પછી થોડા વખતમાં મુસલમાનોએ ભારતવર્ષમાં આવીને કોઈ હિંદુરાજ્ય ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો કે નહિ તે વિષે ઐતિહાસિક ગ્રંથોમાં કશો ઉલ્લેખ ઉપલબ્ધ થતો નથી. કેવળ એટલુંજ જણાય છે કે વલીદની પછી મન્સૂરના શાસનકાળમાં તેના સેનાપતિ યઝિદે રાજદ્રોહ કર્યો અને તે પોતાના સમ્રાટના ક્રોધાગ્નિમાંથી બચવાને માટે સિંધદેશમાં નાસી ગયો. આ વાત ઘણીજ સાધારણ છે, તેથી તેનું વિશેષ સંશોધન કરવાની કાંઇ જરૂર નથી. જે વખતે આ મન્સૂર સ્વયં ખલીફા નહિ, પરંતુ ખલીફા અબ્બાસનો પ્રતિનિધિ હતો, ત્યારે સિંધદેશ અને ભારતવર્ષના પશ્ચિમ ભાગનાં અન્યાન્ય રાજ્યો તેના તાબામાં હતાં. એના સમયમાંજ વીરવર બાપ્પા રાવળ સ્વદેશનો ત્યાગ કરી ઇરાનમાં ગયા હતા.

## ગિહ્‌લોત રાજાઓ અને તેમના સમકાલીન મુસલમાન પાદશાહોની સંક્ષિપ્ત સૂચિ

| ગિહ્‌લોત | રાજ્યકાળ | | મુસલમાન રાજા | રાજ્યકાળ | |
|---|---|---|---|---|---|
| | સંવત | ઇ. સ. | બગદાદના ખલીફા | હીઝરી સન | ઇ. સ. |
| બાપ્પાનો જન્મ | ૭૬૯ | ૭૧૩ | વલીદ (૧૧ મો) | ૮૬ થી ૯૬ | ૭૦૫થી૭૧૫ |
| ચિતોડમાં અધિકાર | ૭૮૪ | ૭૨૮ | બીજો ઉમ્મર (૧૩મો) | ૯૦ થી ૧૦૨ | ૭૧૮થી૭૨૧ |
| મેવાડશાસન | ,, | ,, | | | |
| ચિતોડત્યાગ | ૮૨૦ | ૭૬૪ | હસન (૧૫ મો) | ૧૦૪થી ૧૨૫ | ૭૨૩થી૭૪૨ |
| અપરાજિત | ,, | ,, | મન્સૂર (૨૧ મો) | ૧૩૬થી ૧૫૮ | ૭૫૪થી૭૭૫ |
| ખલભોજ | ૮૬૨થી | ,, | | | |
| ખુમાન | ૮૯૨સુધી | ૮૧૨થી ૮૩૬સુધી | હારૂન રશિદ (૨૪ મો) | ૧૭૦થી ૧૯૩ | ૭૮૬થી૮૦૯ |
| ભર્તૃભાટ | ,, | ,, | મામૂન (૨૬ મો) | ૧૯૮થી ૨૧૮ | ૮૧૩થી૮૩૩ |
| ઉલ્લુટ | ,, | ,, | | | |
| નરવાહન | ,, | ,, | | | |
| શાલિવાહન | ,, | ,, | ગિઝનીના નૃપતિ | | |
| શક્તિકુમાર | ૧૦૨૪ | ૯૬૮ | અલપ્તગીન | ૩૫૦ | ૯૫૭ |
| અંબાપ્રસાદ | ,, | ,, | | | |
| નરવર્મ | ,, | ,, | સબક્તગીન | ૩૬૭ | ૯૭૭ |
| યશોવર્મ | ,, | ,, | મહમૂદ | ૩૮૭થી ૪૧૮ | ૯૯૭ થી ૧૦૨૭ |

જગતપ્રસિદ્ધ નૃપતિ ખુમાનના સમકાલીન ખલીફા હારૂન રશિદે જ્યારે પોતાના પુત્રોને પોતાનું રાજ્ય વહેંચી આપ્યું ત્યારે તેણે પોતાના દ્વિતીય પુત્ર અલમામૂનને ખોરાસાન, જબુલીસ્તાન, કાબુલ, સિંધ અને ભારતવર્ષ એટલા દેશો આપ્યા હતા. ખલીફાના મૃત્યુથી થોડા દિવસ પછી શાહજાદા મામુને પોતાના જ્યેષ્ઠ બંધુને સિંહાસનપરથી પદભ્રષ્ટ કર્યો અને ઇ૦ સ૦ ૮૧૩ માં તે પોતે ખલીફા બની બેઠો. મામુને ઇ૦ સ૦ ૮૩૩ પર્યંત રાજ્ય ભોગવ્યું. એના શાસનકાળમાં મહારાણા ખુમાન ચિતોડના સિંહાસનપર વિરાજમાન હતા. ઉદયપુરના રાજભુવનમાં ભટ્ટલોકોના જે ગ્રંથો રાખવામાં અવ્યા છે તે વાંચવાથી જણાય છે કે ખોરાસાનાધિપતિ મહમૂદે જબુલીસ્તાનથી આવીને ચિતોડપર આક્રમણ કર્યું હતું. આ આક્રમણનો જે સમય નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે, તે સમયે ખોરાસાનમાં કોઈ મહમૂદ નામના પાદશાહનો અધિકાર નહોતો. આ પરથી જણાય છે કે ઇતિહાસવેત્તાઓએ મામૂનને ઠેકાણે ભૂલથી મહમૂદ શબ્દ વાપર્યો છે.

આ ઘટના પછી ૨૦ વર્ષપર્યંત અતિ પરાક્રમી મુસલમાનોએ પુનઃ ભારતવર્ષપર આક્રમણ કર્યું નહોતું. આ વખતે ધીમે ધીમે તેમનો પ્રભાવ મંદ થવા લાગ્યો હતો. ભારતવર્ષના જે દેશોપર તેમણે પોતાની સત્તા સ્થાપિત કરી હતી, તેમાંના સિંધસિવાયના સર્વ દેશો તેમની સત્તાનીચેથી નીકળી ગયા. હારૂન–અલ–રશિદનો પૌત્ર મુતાવિકેલ ઇ૦ સ૦ ૮૫૦ માં બગદાદના સિંહાસનપર બેઠો હતો. મુતાવિકેલના મરણ પછી તેના પૂર્વજોની પ્રાચીન શહેનશાહત કંપાયમાન થવા લાગી. આ રાજ્યના અધઃપતનની વાત સાંભળી આપણને પણ શોક થાય છે. જે બગદાદના ખલીફાઓએ પોતાની વીરતાથી એક વખત યૂરોપ અને એશિયામાં ખળભળાટ મચાવી મૂક્યો હતો, તે બગદાદના રાજ્યનું એક સાધારણ વ્યાપારના સોદાની પેઠે ખુલ્લી બજારમાં લીલામ કરવામાં આવ્યું. જેણે અધિક મૂલ્ય આપ્યું તેણે તેને ખરીદ્યું.

આવી તેની સ્થિતિ થઇ ગઇ હતી.

જે સમયે બગદાદની આવી શોચનીય સ્થિતિ થઇ તે સમયથી ખલીફાઓનો હિંદુસ્થાનની સાથેનો રહ્યોસહ્યો સંબંધ પણ તૂટી ગયો. આ વખતથી હિંદુસ્થાન મુસલમાનોના આક્રમણથી મુકત બન્યો; પરંતુ દુર્ભાગ્યવશાત્ તેની આ મુક્તિ માત્ર થોડા દિવસોજ ટકી. થોડા વખતમાં ભારતના ભાવી નાશનું બીજારોપણ કરવાને માટે ખુરાસાનનો શાસક[1] સબકતગીન પોતાનું સૈન્ય લઇને ભારતવર્ષપર ચઢી આવ્યો. હીઝરી સન ૩૬૫ માં અર્થાત્ ઇ૦ સ૦ ૯૭૫ માં તેણે સિંધુ નદી ઉતરીને ભારતવર્ષમાં પ્રવેશ કર્યો. આ વખતે તેના અતુલ પરાક્રમની આગળ સેંકડો હિંદુઓ બળીને ભસ્મ થઈ ગયા અને સેંકડો હિંદુઓ પોતાનો શુદ્ધ સનાતન ધર્મ છોડી મુસલમાન બન્યા. એજ શતાબ્દીના અંતિમ ભાગમાં સબક્તગીને પુનઃ એકવાર ભારતવર્ષપર આક્રમણ કર્યું. આ વખતે પણ તેના સૈનિકોએ એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર ગ્રહણ કરી ભારતવાસીઓને અસહ્ય દુઃખ દીધું અને પોતાની ઘોર નીચતા તથા કઠોરતાનો પરિચય કરાવ્યો.

આ વખતે મુસલમાનોએ ભારતવાસીઓની જે ખરાબી કરી હતી, તેનો વિચાર આવતાં આજે પણ હૃદયમાં શોકાગ્નિ પ્રદીપ્ત થાય છે.સબક્તગીને બીજી વાર જ્યારે ભારતવર્ષપર આક્રમણ કર્યું, ત્યારે તેની સાથે તેનો પુત્ર–ભારતવર્ષનો પ્રચંડ રાહુ–મહમૂદ પણ તેની સાથે આવ્યો હતો. આ વખતે મહમૂદની ઉંમર ઘણી નાની હતી; પરંતુ આટલી નાની વયમાં તે પોતાના પિતાના અનર્થકારી મંત્રનો જપ કરવા શીખી ગયો હતો. ભારતનાં રત્નો હરી જઇ તેનું સત્યાનાશ કરવાની કલ્પના તે કાળથીજ તેના હૃદયમાં ઉત્પન્ન થઈ હતી. પિતાનું સિંહાસન પ્રાપ્ત થતાજ મહમૂદે પોતાના વિચારને અમલમાં લાવવાનો નિશ્ચય કર્યો. મહમૂદની આ રાક્ષસી કલ્પના સિદ્ધ થવાથી ભારતવર્ષનું જે અનિષ્ટ થયું તેનાં શોચનીય ચિન્હો અદ્યાપિ આર્યાવર્તમાં સ્થળે સ્થળે વિદ્યમાન છે. સોમનાથ, ચિતોડ અને ગિરનારનાં દેવમંદિરો તેના પાશવ અત્યાચારની સાક્ષી હજીસુધી જગતને આપે છે. મહમૂદ ભારતવર્ષપર બાર વાર ચઢી આવ્યો હતો. તેણે સંપત્તિ લૂંટી; નગરો, ગામો અને મંદિરોને બાળીજાળી, લૂંટી, તોડીફોડી છિન્નભિન્ન કરી ધૂળમાં મેળવી દીધાં. આખા ભારતવર્ષને તેણે શ્મશાનસમાન બનાવી મૂકયો એમ કહીશું તોપણ ચાલશે. ઉપરા-છાપરી બારવાર આક્રમણ કરવાથી ભારતના હૃદયમાં જે ભયંકર ઘાવ પડયા છે, તે અદ્યાપિ કોઇપણ ચિકિત્સકની ઔષધિથી રૂઝાયા નથી. જે વખતે આ હિંદુદ્વેષી મુસલમાનોએ સર્વસંહારકમંત્રનો જપ કરી પિશાચના જેવી નિર્દયતા, સ્વાર્થતા અને કઠોરતાનો જગતને પરિચય કરાવ્યો હતો, તે વખત ભૂત-કાળના ગર્ભમાં કોણ જાણે કયાં અદૃશ્ય થઇ ગયો છે! મહમૂદ આજે કયાં પડયો છે તે કોઇ જાણતું પણ નથી! જે ગિઝની નગરીને શૃંગારવાને માટે તે ભારતવર્ષની ઇંદ્રપુરીસમાન અનેક નગરીઓના અલંકાર લૂંટી ગયો હતો, તે એક વખત બનીઠનીને યવનરાજની શિરતાજ બની ગઇ હતી; પરંતુ આજે તેજ ગિઝની નગરીની અત્યંત ઘોર દુર્દશા થઇ છે. જાણે કે તેનાં ખંડિયેરોમાંથી પ્રકૃતિ દેવી ઉચ્ચ અને ગંભીર સ્વરે એમ ન કહેતી હોય કે:–"**હે માનવીઓ ! મનુષ્યનું જીવન કેટલું તુચ્છ છે ! તમારો વૈભવ કેવો ચંચલ છે! તમારો ગર્વ કેટલા કાળ સુધી નિભશે !**"

હિઝરી સનની પ્રથમ શતાબ્દીથી ચતુર્થ શતાબ્દીના અંતપર્યંતના ખલીફાઓ અને મેવાડના રાજાઓનું જે અલ્પ વર્ણન પ્રાપ્ત થયું તેની સંક્ષિપ્ત સમાલોચના કરવામાં આવી. અગત્ય જણાવાથી અમે મૂળ વાતને મૂકી ઘણે દૂર નીકળી ગયા હતા; પરંતુ હવે અમે પુનઃ મૂળ વૃત્તાંતપર આવીએ છીએ.

૧ કર્નલ ટૉડ જણાવે છે કે સબક્તગીનના પિતાનું નામ અલપ્તગીન હતું; પરંતુ ડિગાયન ડિ હારબિલટ અને બ્રિગ વિગેરે ઈતિહાસવેત્તાઓના મતનું અવલંબન કરીને મહાશય એલ્ફીન્સ્ટન લખે છે કે વાસ્તવમાં તે અલપ્તગીનનો વેચાતો લીધેલો ગુલામ હતો. તુર્કસ્તાનના કોઇ સોદાગર પાસેથી તેણે તેને ખરીદી લીધો હતો. પછી તેના ઉત્તમ ગુણો જોઇને તેને ઉચ્ચ પદવીપર ચઢાવ્યો અને પાછળથી પોતાની કન્યા સાથે તેનો વિવાહ કરી દીધો. અબુલફીદા જણાવે છે કે અલપ્તગીને સબક્તગીનની સાથે પોતાની પુત્રીનો વિવાહ કરીને, તેણે પોતે તેને પોતાના રાજ્યનો ઉત્તરાધિકારી બનાવ્યો હતો; પરંતુ ફરિસ્તા કાંઈ બીજીજ વાત જણાવે છે. તે જણાવે છે કે અલપ્તગીનને ઇસહાક નામનો એક પુત્ર હતો. તે પોતાના પિતાના અવસાન પછી ગાદીએ બેઠો હતો; પરંતુ અલ્પકાળમાં તે મૃત્યુ પામ્યો, તેથી સબક્તગીને તેની ગાદીપર બેસી તેની ભગિનીની સાથે વિવાહ કર્યો.

પૂર્વે કહેવામાં આવ્યું છે કે મૌર્યવંશી ચિતોડાધિપતિ માનસિંહના શાસનકાળમાં મ્લેચ્છોએ તેનાપર આક્રમણ કર્યું હતું અને તેજ વખતમાં રાજકુમાર બાપ્પાની ઉન્નતિનો આરંભ થયો હતો. એમ જણાય છે કે કાં તો યઝીદ આજ મુસલમાનોનો અગ્રેસર હતો અથવા તો મહમૂદ બીન કાસિમે સિંધ દેશ જીત્યા પછી ચિતોડપર આક્રમણ કર્યું હતું; પરંતુ આ બેમાંથી કોણે ચિતોડપર આક્રમણ કર્યું હતુ તેનો નિર્ણય કરવો અતિ કઠિન છે; કારણ કે મુસલમાન લોકોના ઇતિહાસમાં આ સંબંધે કાંઇ પણ ઉલ્લેખ ઉપલબ્ધ થતો નથી. જે યુદ્ધામાં ખલીફાઓએ અથવા મુસલમાનસેનાના નાયકોએ હિંદુઓને પરાજિત કર્યાં હતા, તેજ યુદ્ધાવિષે મુસલમાની તવારિખોમાં વર્ણન ઉપલબ્ધ થાય છે. ખલીફાના જે સેનાપતિઓ અથવા વિદ્રાહીલોકો હિંદુસ્થાનપર ચઢી આવતા હતા તેમનેવિષે કાંઇ પણ વર્ણન મુસલમાની ઇાતહાસમાં નથી. કદાચ તેમણે પોતાના જાતિબંધુઓની માનહાનિ છુપાવવાને માટે આ પ્રકારનું વર્ણન નહિ કર્યું હોય. આ પ્રકારનું વર્ણન માત્ર ભટ્ટલોકોના કાવ્યગ્રંથોમાંજ ઉપલબ્ધ થાય છે.[1] જો કે આ ગ્રંથોમાં અતિશયોક્તિ બહુ છે તથાપિ શોધ કરવાથી ઘણું ઐતિહાસિક વૃત્તાંત સંગ્રહિત થઈ શકે છે. ખલીફાઓના સમયમાં હિંદુસ્થાનમાં ભારે અશાંતિ મચી રહી હતી. અનેક અભાગી રાજાઓને સિંહાસનપરથી ઉતારી મૂકવામાં આવ્યા હતા, અનેકને જાનથી મારી નાખવામાં આવ્યા હતા, ચારે તરફથી ‘મારો મારો’ એવા ધ્વનિ સંભાળતા હતા અને ચારે તરફથી પ્રજા ‘ હાય હાય ’ કરતી હતી. કોઇના જીવને શાન્તિ નહોતી. જે મુસલમાનવીરે ભારતવર્ષમાં આ પ્રકારનો કોલાહલ મચાવી મૂકયો હતો, તેનું વર્ણન હિંદુઐતિહાસિક ગ્રંથોમાં અનેક પ્રકારે ઉપલબ્ધ થાય છે. હિંદુ ઇતિહાસવેત્તાઓએ આ હિંદુદ્વેષી યવનને કયાંક દૈત્ય, કયાંક રાક્ષસ અને કયંક જાદુગર કહ્યો છે. કોઇક સ્થળે તેને સિંધ દેશથી આવેલો અને કોઇક સ્થળે તેને જહાજમાં બેસી સમુદ્રમાર્ગે આવેલો જણાવ્યો છે. ભારતની શાંતિનો નાશ કરનાર આ પ્રચંડ વૈરી કોણ હતો ? તેના સંબંધમાં ભિન્ન ભિન્ન મતો આપવામાં આવ્યા છે.

ગિહલોત, ચોહાણુ અને જાદવલોકોના ઐતિહાસિક ગ્રંથોપરથી જણાય છે કે સંવત ૭૫૦ થી ૭૮૦ સુધી અર્થાત્ ઇ૦ સ૦ ૬૯૪ થી ૭૨૪ સુધી ઉપલાં નૃપકુલોનાં રાજ્યોમાં મહાકોલાહલ મચી રહ્યો હતો; પરંતુ આ કોલાહલ કોણે મચાવ્યો હતો તે કાંઇ સમજાતું નથી. એમ કહેવાય છે કે હીઝરી સન ૭૫ માં અર્થાત્ સંવત ૭૫૦ માં એક યદુવંશી ભટ્ટરાજાને તેની રાજધાની શાલપુરથી નસાડી મૂકવામાં આવેલો હોવાથી તેણે શતદ્રુ નદીની પૂર્વે આવેલી મરુભૂમિમાં આશ્રય લીધો હતો. જે શત્રુએ ઉક્ત રાજાને આવી શોચનીય દશામાં આણી મૂકયો હતો, તેનું નામ ભટ્ટલોકોના ગ્રંથોમાં ફરીદ જણાવવામાં આવ્યું છે. વળી બીજી તરફ એવો ઉલ્લેખ છે કે અજમેરનો ચોહાણુ રાજા માણેકરાય બરાબર આજ સમયે શત્રુદલથી ઘેરાઇ ગયો હતો અને તેણે પોતાના દેશની રક્ષા કરવાનો પ્રયત્ન

* ભટ્ટલોકોના કાવ્યગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે રોશનઅલી નામના એક ફકીરે ગઢવિષ્લી (અજમેરનું પ્રાચીન નામ ) માં આવીને ત્યાંના રાજાના નવનીતપાત્રમાં એકદમ હાથ ઘાલી દીધો. રાજાની આજ્ઞાથી તેની આંગળીઓ કાપી નાખવામાં આવી. આ કપાઇ ગયેલી આંગળીઓ આકાશમાં ઉડતી ઉડતી મકકામાં પહોંચી ગઈ. જ્યારે તે આંગળીઓને ખલીફાની સમક્ષ લાવવામાં આવી ત્યારે તેણે શીઘ્ર તે આંગળીઓને ઓળખી અને હિંદુરાજાના આ અત્યાચારનો બદલો લેવાને માટે સૈન્યને તૈયાર કરવાની આજ્ઞા કરી. કેટલાક સ્વારોએ સોદાગરનો વેષ લઈ અજમેર જઈ તેને ઘેરી લીધું. આ કથાનકના કલ્પનાવાળા ભાગને છોડી દેવામાં આવે તો આપણુને જ્ઞાત થશે કે મુસલમાનધર્મનો પ્રચારક રોશનઅલ્લી જ્યારે હિંદમાં પહેલીવાર આવ્યો ત્યારે અજમેરના મહારાજાએ તેનું કાંઇ અપમાન કર્યું હશે આથી ખલીફાએ અજમેરપર આક્રમણ કરવાને માટે પોતાનાં માણસો મોકલી આપ્યાં. મુસલમાનોના આ આક્રમણના સમયમાં અજમેરમાં અજયપાલ નામનો એક રાજપૂતરાજા રાજ્ય કરતો હતો. જહાજમાં બેસીને આવતા યવનોના વર્તમાન મળતાંજ અજયપાલ કચ્છમાં આવેલા અંજાર નામના નગરમાં સેનાસહિત ચાલ્યો ગયો. આ સ્થળે ઉભય દળો વચ્ચે ઘોર સંગ્રામ થયો. રાજા અજયપાલ મુસલમાનોની ગતિ રોકી શકયો નહિ અને તે તેજ સ્થળે માર્યો ગયો. આ સંગ્રામસ્થળે એક વેદી બનાવવામાં આવી. આ વેદી ઉપર મહારાજા અજયપાલની એક પાષાણમૂર્તિ સ્થાપિત થઈ. મહારાજાને એક અશ્વ ઉપર આરૂઢ થયેલા અને ભાલો ફેંકતા જણાવવામાં આવ્યા છે. આ સંગ્રામસ્થળે “ અજયપાલનો મેળો ” એ નામનો એક મેળો પ્રતિવર્ષે ભરાય છે. આ મેળામાં હજારો માણુસો એકઠાં થાય છે.

કરતાં સમરભૂમિમાં પ્રાણ ખોયા હતા.[૧]

પંજાબદેશનો સિંધુસાગર નામનો દુઆબ તે વખતે ખીચીવંશના પ્રથમ રાજાના અધિકારમાં હતો અને હારસકુલના પૂર્વજો ગોલકુંડામાં રહેતા હતા. આ ઉભયને પોતપોતાના દેશમાંથી એકજ વખતે કાઢી મૂકવામાં આવ્યા હતા. જે શત્રુએ તેમને નસાડી મૂકયા હતા તેને ભટ્ટલોકોએ દાનવ નામ આપ્યું છે. તેનું નામ "ગૈર–આરામ" અર્થાત્ અશાન્ત હતું. એમ કહેવાય છે, કે ગંગોત્રીની નિકટના "ગજલીવંદ ગજારણ્યરાય" નામના કોઇ પહાડી દેશમાંથી આ શત્રુ ભારતવર્ષમાં આવ્યો હતો. વળી પાટણનગરના સ્થાપકના પૂર્વજોને પણ આ ભયંકર સમયમાંજ સૌરાષ્ટ્રમાં આવેલા દીવબંદરથી કાઢી મૂકવામા આવ્યા હતા. એક આશ્ચર્યની વાત છે કે એકજ સમયે ભારતવર્ષના ભિન્ન ભિન્ન ભાગો કોઇ વિદેશીની આંખમાં ખટકવા લાગ્યા હતા. ભારતવર્ષમાં આ મહાઉપદ્રવ મચાવી ભારતસંતાનોને સુખ-શાંતિમાંથી વંચિત કરનાર કોણ હશે? હિંદુઇતિહાસકારો આનો કાંઇ ખુલાસો આપતા નથી. મુસલમાની તવારીખપરથી જ્ઞાત થાય છે કે યઝીદ બરાબર આજ સમયે ખલીફાના પ્રતિનિધિતરીકે ખોરાસાન રાજ્યમાં રહેતો હતો. વળી આ સમયે ખલીફા વલીદની વિજયિની સેના ગંગાજીના કિનારાસુધી ચાલી ગઇ હતી. આ સમયમાં આ સિવાય બીજા કોઇ મુસલમાન પાદશાહની ચઢાઇનું વર્ણન કોઇ ગ્રંથમાં ઉપલબ્ધ થતું નથી. આ પરથી જ્ઞાત થાય છે કે યઝીદ, કાસિમ અથવા વલીદ એમાંના કોઇના પ્રતિનિધિ અથવા સેનાપતિએ ભારતવર્ષપર આક્રમણ કરીને ઉપદ્રવ કરી મૂકયો હતો. મુસલમાનોની સર્વ તવારિખોમાં યઝીદ અને કાસિમનાં અન્યાન્ય આક્રમણોની હકિકત પણ ઉપલબ્ધ થાય છે. આ પરથી નિઃશંકરીતે સિદ્ધ થાય છે કે યઝીદ અને કાસિમેજ ઉપર લખેલા સમયે ભારતવર્ષના રાજાઓને સતાવ્યા હતા. મૌર્યવંશી ચિતોડાધિપતિ માનસિંહને સહાય કરવાને માટે જે રાજાઓએ અસિ ગ્રહણ કરી હતી, તેમનાં નામો વાંચવાથી આ વાત સંપૂર્ણરીતે સત્ય લાગશે. મહારાજા માનસિંહ મૌર્યવંશી હતા, એ તથા તેના સંબંધી બીજી વાતો અગાઉ જણાવવામાં આવી છે. વળી મૌર્યવંશી પરમાર રાજાઓ તે વખતે ભારતવર્ષના ચક્રવર્તી રાજાઓ હતા, એ વાત પણ પૂર્વે જણાવવામાં આવી છે. ભટ્ટલોકોના ગ્રંથોપરથી વિદિત થાય છે કે પરમાર રાજાઓ કોઈ કોઇ વખત ઉજ્જયિની નગરીમાં પોતાની રાજ-સભા ભરતા હતા.[૨]

આ ભયંકર ઉપદ્રવના સમયમાં પોતાની સ્વાધીનતાની લીલાભૂમિ ચિતોડપુરીની રક્ષા કરવાને માટે જે રાજાઓ માનસિંહને સહાય કરવાને ગયા હતા તેમનાં નામો નીચે પ્રકટ કરવામાં આવે છેઃ–

અજમેર, સૌરાષ્ટ્ર અને ગુજરાતના નૃપતિઓ, હૂનોનો અધિપતિ અંગટસી, ઉત્તર દેશાધિપતિ બૂસા, જાડેજાઓનો સરદાર શિવ, જંગલદેશાધિપતિ જોહિયા અને અશ્વરિયા, શ્રીપત, કુલ્હર, માલૂન, ઓહિર, હૂલ વગેરે રાજાઓ અત્યંત ઉત્સાહથી પોતાની સેના લઇ વૈરીઓની સામે લડવાને સંગ્રામભૂમિમાં ગયા હતા. આ સિવાય અન્ય રાજાઓનાં નામ પણ ઉપલબ્ધ થાય છે; પરંતુ હાલમાં તેમના વંશો સંપૂર્ણતઃ લુપ્ત થઇ ગયા છે. આ સર્વ રાજાઓમાં "દેવિલ વંશનો દાહિર રાજા વિશેષ પ્રસિદ્ધ હતો." લેખકોએ ભૂલથી દેવિલને બદલે તુંવારવંશના નૃપતિઓની રાજધાની દિલ્લી લખી છે; તોપણ

---

૧ ઈતિહાસમાં એવું વર્ણન ઉપલબ્ધ થાય છે કે મુસલમાનોએ જ્યારે આક્રમણ કર્યું, ત્યારે માણેકરાયનો પુત્ર લોટ કે જેની ઉંમર ઘણી નાની હતી તે કિલ્લાની દિવાલપર રમતો હતો. આ બાળકને જોઈ કોઈ મુસલમ ને તેનાપર તીર છોડી તેને નીચે તોડી પાડયો. આ વખતે રાજકુમારના પગમાં એક પ્રકારનો ચાંદીનો અલંકાર હતો. આ વખતથી ચૌહાણો તે જાતનો અલંકાર પહેરતા નથી. રાજપૂતબાળકોનું અકાળમૃત્યુ થાય છે ત્યારે "પુત્રક" નામના દેવતામાં તેમની ગણના થાય છે. લોટ પણ પુત્રક ગણાયો. રાજપૂત સ્ત્રીઓ અદ્યાપિ લોટની પૂજા કરે છે.

૨ મૌર્યરાજાની સભામાં જે સામંતો હાજર રહેતા હતા તેમનું વૃત્તાંત વાંચવાથી જણાય છે કે મહાકવિ ચંદે રામ પરમારને આધીન રહેતા સામંતોનું જે વર્ણન કર્યું છે તે સત્ય છે; કારણ કે તે વખતે પરમારોજ ભારતના ચક્રવર્તી રાજા હતા. સિલીયુકસના સમયના ગ્રીક ઇતિહાસવેત્તાઓના ગ્રંથો વાંચવાથી આ વાતની સત્યતા સુવિદિત થશે. એમ કહેવાય છે કે ગ્રીકના રાજા સિલીયુકસે મૌર્યવંશી ચંદ્રગુપ્તની સાથે પોતાની પુત્રીનો વિવાહ કરીને તેની સાથે ગાઢ મિત્રતા કરી હતી. મહારાજ ચંદ્રગુપ્તની પાસે અનેક ગ્રીક સિપાઈઓ નોકરી કરતા હતા, એવું સ્પષ્ટ વર્ણન ગ્રીક ઐતિહાસિક ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે.

સેનાપતિ કાસિમના યુદ્ધવૃત્તાંતથી આ દાહિરના રાજ્યવિષે વિશેષ હકિકત ઉપલબ્ધ થાય છે. જ્યારે સિંધ દેશના રાજા દાહિરનો કાસિમે વધ કર્યો, ત્યારે તેના પુત્રે ચિતોડગઢમાં આશ્રય લઇને પોતાના પિતાના ઘાતકની સાથે યુદ્ધ કર્યું હતું.

મ્લેચ્છોએ જ્યારે ચિતોડપર આક્રમણ કર્યું ત્યારે વીરરાજકુમાર બાપ્પાએજ સૌથી વિશેષ પરાક્રમ દર્શાવ્યું હતું. કેવળ આ રાજકુમારની વીરતાથીજ શત્રુઓ પરાજિત થઇને સૌરાષ્ટ્ર તથા સિંધ દેશમાં નાસી ગયા હતા. વિજયી બાપ્પા રાવળ શત્રુઓની પૂંઠ પકડી પોતાના પૂર્વજોની રાજધાની ગજની સુધી ગયા હતા. અગાઉ જણાવવામાં આવ્યું છે કે ગજનીના સિંહાસનપર આ વખતે સલીમ નામનો એક મુસલમાન પાદશાહ હતો. બાપ્પાએ આ પાદશાહને પદભ્રષ્ટ કર્યો અને પોતાના ભાણેજને તેને સ્થાને સ્થાપિત કર્યો. વળી તેઓ મુસલમાન પાદશાહની શાહજાદી સાથે લગ્ન કરી તેને પોતાની સાથે ચિતોડ લઈ ગયા હતા.

હવે અમે મહારાણા ખુમાનના શાસનકાળમાં યવનોએ જે ઉપદ્રવ કર્યો તેની સમાલોચના કરીએ છીએ. આ હકિકત ઇ૦ સ૦ ૮૧૨ થી ઇ૦ સ૦ ૮૩૬ સુધીની છે. જો કે આ ભયંકર આક્રમણ કરનાર ખોરાસાનનો પાદશાહ 'મહમૂદ' હતો એમ કહેવામાં આવ્યું છે; તથાપિ તે તેજ હતો કે કોઈ બીજો તેની આપણે યથાર્થ ખોજ કરવી જોઇએ. આ ભયંકર આક્રમણથી ચિતોડપુરીની રક્ષા કરવાને માટે જે હિંદુ નૃપતિઓ ગયા હતા, તેમનાં નામોની સૂચિ વાંચવાથી જ્ઞાત થાય છે કે "ખોરાસાનપતિ મહમૂદ" સબક્તગીનના પરાક્રમી પુત્ર મહમૂદથી બે શતાબ્દીપૂર્વે જન્મ્યો હતો. વળી બરાબર આજ સમયે ખલીફા હારૂન અલ રશિદે પોતાના પુત્રોને પોતાનું રાજ્ય વહેંચી આપ્યું હતું. તેણે પોતાના દ્વિતીય પુત્ર મામૂનને ખોરાસાન, સિંધુ દેશ તથા સમસ્ત ભારતીય યવનરાજ્ય આપ્યું હતું. આ મામૂન ખુમાનના સમયમાં થઇ ગયો છે, તેથી સૂક્ષ્મ વિચાર કરવાથી જણાશે કે નકલ કરનાર લહીઆઓએ 'મામૂન'ને બદલે 'મહમૂદ' શબ્દ લખી દીધો હતો. ઇતિહાસમાં આ સમયનું ઘણું થોડું વર્ણન ઉપલબ્ધ થાય છે. જે કાંઇ પ્રાપ્ત થાય છે તે પણ નીરસ છે; કારણ કે તેમાં માત્ર થોડા હિંદુરાજાઓનાં નામો મળી આવે છે તે નીરસ અને અરુચિકર હોવા છતાં પણ આવશ્યક જણાવાથી અમે તેનો ઉલ્લેખ કરીએ છીએ.

" ગજનીના ગિહલોત, અસીરના ટાક, નાદોલના ચૌહાણ, રાહિરગઢના ચાલુક્ય, [1]સેતબંદરના જિરકેડા, [2]મંડારના ખૈરાવી, માંગરોલના મકવાણા, જેતગઢના જોડિયા, તારાગઢના ખેડ, નીરવરના કછવાહ, સંચોરના કાલમ, જૂનાગઢના યાદવ[3], અજમેરના ગૌડ, લોદરગઢના ચંદાણા, કસોદીના ડોડર[4], દિલ્લીના તુંવાર[5], પાટણના ચાવડા, માલોરના સોનગડે[6], શિરોહીના દેવરા, ગાગરોનના ખીચી, પાટડીના ઝાલા, જૈનગઢના દુસાના, કનોજથી રાઠોડ, છોટિયાલાથી ગુહ્લ, પીરનગઢથી ગોહિલ,

૧ સેતબંદર મલબારકિનારે છે; પરંતુ તેના સ્વામી જિરકેડાવિષે કાંઇ પણ વર્ણન ઉપલબ્ધ થતું નથી.

૨ મંડોરથી આવેલા ખૈરાવીના સંબંધમાં જે વર્ણન ઉપલબ્ધ થાય છે તે પરથી જણાય છે કે તે પરમારકુળની એક શાખા છે.

૩ જૂનાગઢ (ગિરનાર) થી જે જાદવરાજા આવ્યા હતા તેના વંશજોએ દીર્ઘકાળપર્યંત આ દેશમાં રાજ્ય કર્યું હતું.

૪ ડોડર અને તેમનો રાજધાની કસોદીના સંબંધમાં જે કાંઈ વૃત્તાંત પ્રગટ થયું છે તે પરથી કેવળ એટલુંજ જાણી શકાય છે કે આ નગર ગંગાજીને કિનારે કનોજથી કેટલેક અંતરે દક્ષિણ દિશામાં હતું.

૫ આ કાંઇ ઓછા દુઃખની વાત નથી કે કોઇ પણ ભટ્ટના ગ્રંથમાં દિલ્હીના તુંવારરાજાનું નામ ઉપલબ્ધ થતું નથી; પરંતુ વિચાર કરવાથી સ્પષ્ટરીતે સમજાય છે કે ઉક્ત યુદ્ધ થયું તેથી સો વર્ષપૂર્વે અનંગપાળે પુનઃ દિલ્હીની પ્રતિષ્ઠા કરી હતી.

૬ માલોરથી જે સોનગડે રાજા આવ્યા હતા તે ચૌહાણકુળની શાખામાં ઉત્પન્ન થયા હતા; પરંતુ તે વંશે એ દુર્ગપર કેટલા સમયપર્યંત રાજ્ય કર્યું હતું તે કહી શકાતું નથી.

જેસલમીરથી ભાટી, લાહોરથી[1] બુસ, રોનીજાથી[2] સંકલા, ખેરલીગઢથી[3] શિહટ, મંડલગઢથી નિકુમ્ભ, રાજોડથી બડગૂજર, [4]દુરનગઢથી ચંદેલ, સીકરીથી સીકરવાર, ઓમરગઢથી જેતવા, પલ્લીથી વારેગોત, ખુનતરગઢથી જાડેજા, જિરગાંથી ખેરવરે અને કાશ્મીરથી પુરીહર[5] પરિહાર આવ્યા હતા.

જ્યારે ખોરાસાનના પાદશાહે ચિતોડનગરપર ચઢાઇ કરી, ત્યારે ચિતોડાધિપતિ ખુમાનને સહાય કરવાને માટે આ સર્વ હિંદુરાજાઓ સ્વદેશપ્રેમથી ઉન્મત્ત બની અત્યંત ઉત્સાહથી પોતપોતાની સેના લઇને ચિતોડનગરમાં આવ્યા હતા. હિંદુસ્થાનના શત્રુ ક્રૂર મુસલમાનોના ભયંકર પંજામાંથી ચિતોડનું રક્ષણ કરવાને માટે તેમણે જે અનુપમ પરાક્રમ, અદ્દભુત રણચાતુર્ય અને અલૌકિક આત્મોત્સર્ગ બતાવ્યો હતો, તે હજી ભારતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરથી અંકિત છે. મહારાણા ખુમાન શસ્ત્રાસ્ત્રથી સજ્જિત થઇને શત્રુઓની સામે રણક્ષેત્રમાં ચોવીસવાર ગયા હતા. આ સર્વ યુદ્ધોમાં તેમણે જે અદ્દભુત વીરતા દર્શાવી હતી, તેથી તેમનું નામ રોમન સમ્રાટ સીઝરના જેવું ગૌરવયુક્ત થયું હતું. આજે પણ તેમના વંશજો તેમના નામનું સ્મરણ અભિમાન સાથે કરે છે. તેમના જાતિબંધુઓ તેમના અલૌકિક સદ્દગુણોથી એવા મોહિત થયા છે, કે, આજસુધી તેઓ પ્રાતઃકાળમાં અનેક રાજાઓની પવિત્ર નામાવલીની સાથે તેમના નામનું પણ સ્મરણ કરે છે.

---

૧ લાહોરથી જે બુસ આવ્યા હતા તેના કુળનું યથાર્થ વર્ણન કોઇપણ ગ્રંથમાં ઉપલબ્ધ થતું નથી. ફરીસ્તાપરથી બહુધા એવો સાર નીકળે છે કે જે વખતે મુસલમાનોએ હિંદુસ્તાનપર પ્રથમ આક્રમણ કર્યું તે વખતે લાહોરમાં એક હિંદુરાજાનું રાજ્ય હતું; પરંતુ તેનું નામ શું હતું તે કાંઇ તેમાં જણાતું નથી. ખલીફા અલમન્સૂરના વખતમાં (ઇ૦ સ૦ ૭૬૧ માં ) પેશાવરમાં અને કારમાનમાં અફઘાનો એટલા બધા વધી ગયા હતા કે તેમણે સિંધુ નદીને પાર ઉતરાં લાહોરના હિંદુ રાજા પાસેથા ઘણું રાજ્ય છીનવી લીધું હતું. આ વખત સુધી અફઘાનોએ ઇસ્લામધર્મનો સ્વીકાર કર્યો નહોતો. જે સમયે લાહોરના રાજા સાથે તેમને યુદ્ધ થયું ત્યારે ખલીફાના સેનાધિપતિઓ તેમને સહાય કરવાને માટે જબાલિસ્તાનથી આવ્યા હતા. લાહોરના હિન્દુ રાજાને તેમણે એટલો બધો સંતપ્ત કર્યો હતો કે પાંચ માસથી કાંઇક અધિક સમયમાં તેને તેમની સાથે ૨૭ વાર યુદ્ધ કરવું પડ્યું હતું. અંતિમ યુદ્ધ વખતે અફઘાનોએ પરાજિત થઇને રાજાની સાથે સંધિ કરી. સંધિપત્રમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે સિંધુ નદીના પશ્ચિમ ભાગમાં આવેલો સમસ્ત દેશ અફઘાનોને આપી દેવો અને વિદેશીઓને ભારતવર્ષપર એકદમ આક્રમણ કરતા અટકાવવાને માટે કોહેગિરહામન માર્ગમાં એક પ્રચંડ કિલ્લો બંધાવી તેમાંજ રક્ષકતરિકે રહેવું. આ ઠરાવ અનુસાર આ ગિરિમાર્ગપર પ્રખ્યાત ખૈબરદુર્ગ બંધાવવામાં આવ્યો. અફઘાનોએ લાહોરના રાજાની સાથે આ સંધિ દીર્ઘકાળ પર્યંત અચળ રાખી હતી; તે એટલે સુધી કે ઇ૦ સ૦ ૯૭૬ પર્યંત અર્થાત્ અલપ્તગીનના શાસનકાળ પર્યંત તેઓ પરસ્પર મિત્ર રહ્યા. અલબિરોના નામના એક ઇતિહાસવેત્તાના ઉલ્લેખ ઉપરથી પ્રતીત થાય છે કે, ઇ૦ સ૦ ની દશમી શતાબ્દીમાં એક હિન્દુ રાજવંશ કાબૂલ અને લાહોરમાં રાજ્ય કરતો હતો. સામંત નામનો બ્રાહ્મણ ઉક્ત ઉભય રાજ્યોનો સ્વામી હતો. તેના ઉત્તરાધિકારીઓમાં કેટલાક રાજપૂતોનાં નામો ઉપલબ્ધ થાય છે; તેમાં એક જયપાળ પણ છે. જયપાળના પુત્ર અનંગપાળે ચલાવેલા સિક્કાપર ઉપલા સામંતનું નામ પણ ઉપલબ્ધ થાય છે; પરંતુ મહારાજા ખુમાનના શાસનકાળથી સોથી અધિક વર્ષ પછી (ઇ૦ સ૦ ૯૭૬ માં) જયપાલ થયો હતો. આ પરથી જ્ઞાત થાય છે કે મહારાજ સામંતના રાજકુલનેજ બુસ કહેવામાં આવ્યું હશે.

૨ સંકલા અને રોનીજા સુપ્રસિદ્ધ છે. સંકલા એ પરમારકુળની શાખા છે અને રોનીજા મારવાડમાં સ્થિત છે.

૩ ખેરલીગઢથી જે શિહટ આવ્યા હતા તે સિંધુ નદીના કિનારાપર રાજ્ય કરતા હતા. વિશેષતઃ તેમનું વૃત્તાંત ભટ્ટલોકોના પ્રાચીન ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. ભટ્ટલો.કે.ની સાથે શિહટ કુલના વિવાહનું વર્ણન પણ ઉપલબ્ધ થયું છે. કર્નલ ટોડે તેને યદુકુલની શાખા જણાવી છે.

૪ દુરનગઢથી જે ચંદેલ આવ્યા હતા, તેના નિવાસસ્થાનનું આધુનિક નામ બુંદેલખંડ છે.

૫ આ ભયંકર ઉપદ્રવના સમયમાં જે હિંદુ રાજાઓએ મહારાણા ખુમાનને સહાય કરવાને માટે શત્રુઓની સાથે સંગ્રામ કર્યો હતો, તેની સૂચી આ પ્રમાણે છે. ગજનીથી ગહિલોત રાજાઓ આવ્યા હતા. આ રાજાઓનું વર્ણન પૂર્વે વિસ્તારપૂર્વક લખવામાં આવ્યું છે, તેથી અમે આ સ્થળે રાજા તક્ષકના સંબંધમાં કાંઇ પણ ઉલ્લેખ કરીશું નહિ. જે અસીરગઢમાં તક્ષકરાજાનું રાજ્ય હતું તે હાલમાં બ્રિટિશસરકારના રાજ્ય સાથે સંયુક્ત થઇ ગયું છે. નાંદોલથી ચોહાણો આવ્યા હતા. ચોહાણો અજમેરના રાજકુલની એક શાખામાં ઉત્પન્ન થયા હતા ઝાલોરના સોનગડે એ તેમનું ગોત્ર છે અને શિરોહીના દેવરાગઢમાં તેમનો જન્મ થયો હતો.

જો ઉદયપુરમાં કોઇ માણુસ ઠોકર ખાઇને નીચે પડી જાય છે અથવા નીચે પડવાની અણીપર હોય છે તો તેની નિકટ ઉભેલો માણુસ તેને ઉચ્ચ સ્વરે એમ કહીને આશીર્વાદ આપે છે કે:–"ખુમાન તમારી રક્ષા કરો." બ્રાહ્મણોની સલાહથી મહારાણા ખુમાને રાજ્યભાર પોતાના કનિષ્ઠ પુત્ર જગરાજને સોંપી દીધો હતો; પરંતુ અલ્પકાળમાં તેમની મનોવૃત્તિ બદલાઈ ગઇ અને તેમણે પુનઃ રાજ્યની લગામ પોતાના હાથમાં લેવાનો સંકલ્પ કર્યો. જે બ્રાહ્મણોએ જગરાજને રાજ સોંપવાની સલાહ આપી હતી, તેમનો વધ કરીને તેમણે પોતાના પુત્રના હાથમાંથી રાજ્ય લઇ લીધું. તેઓ બ્રાહ્મણ લોકો ઉપર એટલા અપ્રસન્ન થયા હતા કે તેમનાં નામપર સો સો ફિટકાર આપતા હતા. તેમણે સમસ્ત બ્રાહ્મણોને પોતાના રાજ્યમાંથી કાઢી મૂકયા. ખુમાનને આ પાપનું ફળ શીઘ્ર મળ્યું.

નિર્દોષ બ્રાહ્મણોનાં રુધિરથી પોતાના હાથ કલંકિત કરીને ખુમાન જે સિંહાસનપર બેઠા હતા, તે પર તે દીર્ઘકાળપર્યંત ટકી શકયા નહિ. થોડા વખતમાં તેમને તેમના મંગલ નામના પુત્રે મારી નાખ્યા અને તે ગાદીપર ચઢી બેઠો. જો કે મંગલે સિંહાસનપ્રાપ્તિને માટે પોતાના પિતાનો વધ કર્યો હતો, તોપણ તે, તે સિંહાસનને દીર્ઘકાળપર્યંત ભોગવી શકયો નહિ. મેવાડના સામંતોએ મળીને તેને પદભ્રષ્ટ કર્યો. મંગલ દેશપાર થઇ ઉત્તરમેરુના મેદાનમાં જઇ વસ્યો અને લોદડવા નામના સ્થાનપર અધિકાર સ્થાપિત કરી ત્યાં રાજ્ય કરવા લાગ્યો. આ લોદડવા પાટણમાં તેના વંશજોને માંગલીય ગહિલોત કહેવામાં આવે છે.

પિતૃઘાતક મંગલ દેશપાર થયા પછી ભર્તૃભાટ ચિતોડના સિંહાસનપર બેઠા. તેમની પછી જે રાજાઓ થયા તેમના સમયમાં ચિતોડરાજ્યની સીમા અતિ વધી ગઇ. મહાનદીને કિનારે અને આબુ પર્વતની તળેટીમાં આવેલા વિશાળ મેદાનમાં જે અસભ્ય લોકો રહેતા હતા તે સર્વ ચિતોડના રાજાઓના પ્રચંડ પ્રતાપથી પરાજિત થઇ તેમને આધીન થયા હતા. આ વિસ્તૃત વનમાં જે કિલ્લાઓ બાંધવામાં આવ્યા હતા તેમાંના ધરનગઢ અને અજરગઢ આંજપર્યંત વિદ્યમાન છે. મહારાણા ભર્તૃભાટે માલવા અને ગુર્જર દેશનાં ૧૩[૧] સ્વતંત્ર રાજ્યો પોતાના ૧૩ પુત્રોને સોંપ્યાં હતાં. આ વખતથી તેમના આ સર્વ પુત્રો "ગાટેરા ગહિલોત" કહેવાવા લાગ્યા. મહારાણા ખુમાનની પાછળ પંદર પેઢી સુધી ચિતોડના સિંહાસનપર જે રાજાઓ બેઠા, તેમના સમયમાં વર્ણન કરવાલાયક ઘટનાઓ ઘણી થોડી બની છે, તેથી અહીંઆં તે સમયનું વિસ્તૃત વર્ણન કરવામાં આવતું નથી. આ વખતમાં ચિતોડના ગિહલોતો અને અજમેરના ચૌહાણો વચ્ચે કોઇ વખત મૈત્રી, તો કોઈ વખત દારુણ વૈર થતું હતું. કોઈ વખત તેઓ એકતાના દૃઢ બંધનમાં બંધાઇને સામાન્ય વૈરી યવનોના પંજામાંથી માતૃભૂમિની રક્ષા કરવાને માટે સમરભૂમિમાં એકત્રિત થતા તો કોઇ વખત એકબીજાનું રુધિર વહેવરાવવાને પણ તૈયાર થઇ જતા. ચિતોડાધિપાત વીરસિંહે કોવારિવ નામના સમરક્ષેત્રમાં ચૌહાણ રાજા દુર્લભનો સંહાર કર્યો હતો; પરંતુ રાજપૂતજાતિનું માહાત્મ્ય અપૂર્વ છે. દુર્લભના પુત્ર મહારાજા વિસલદેવે પિતૃવધનો શોક ભૂલી જઈ સ્વદેશપ્રેમના સ્વર્ગીય મંત્રથી વિદ્વેષભાવ નિવૃત્ત કરી પોતાના પિતાના ઘાતક વીરસિંહના ઉત્તરાધિકારી રાવલ તેજસિંહની સાથે ગાઢ મૈત્રી કરી હતી અને હિંદુદ્વેષી યવનોની તીવ્ર ગત રોકવાને માટે સમરભૂમિમાં તેની સાથે એક થયા હતા. ઉદાર રાજપૂતોના આ અલૌકિક ગુણનું વર્ણન કેવળ ભટ્ટલોકોનાજ ગ્રંથોમાં ઉપલબ્ધ થતું નથી; પરંતુ અનેક શિલાલેખોમાં પણ તેનું ઉજ્જવલ વર્ણન પ્રાપ્ત થાય છે. શિલાલેખો અને ઐતિહાસિક ગ્રંથોમાં તેમનાં આચરણનું જે વર્ણન ઉપલબ્ધ થાય છે તે પરથી જણાય છે કે તેઓ નિરક્ષર પરંતુ તેજસ્વી હતા. યૌવનકાળમાં તેઓ પ્રચંડ મૂર્તિ ધારણ કરી પરદારાદિ હરણ કરી લાવતા અને આવાં પાપોની નિવૃત્તિ કરવાને માટે વૃદ્ધાવસ્થામાં મંદિરાદિ બંધાવતા. હથિયાર, અશ્વ અને મૃગયા એ તેમની પ્રિય વસ્તુઓ હતી. હથિયાર વાપરવામાં, ઘોડા કુદાવવામાં અને મૃગયા ખેલવામાં તેઓ પોતાનો અધિક સમય વ્યતીત કરતા હતા. શત્રુઓનાં આક્રમણથી મુકત થઇ જ્યારે તેમને સુખશાંતિ ભોગવવાનો સમય પ્રાપ્ત થતો ત્યારે તેઓ સહકારી સામંતોની સાથે અકારણ ઝગડા કરી સુખશાંતિથી પરાઙ્મુખ રહેતા.

---

૧ તેમણે ત્રયોદશ રાજ્યો સ્થાપન ર્ક્યાં હતાં. તેમાંથી કેવળ અગીઆરનાં નામો ઉપલબ્ધ થાય છેઃ–કૂલાનગર, ચમ્પાનેર, ચોરેતા, ભોજપુર, કુનાર, નીમખોર, સોદાક, જોધગઢ, મંદપુર, આહતપુર અને ગંગાલાવ.

# अध्याय ४ थो

## મહાકવિ ચંદલિખિત ઐતિહાસિક વૃત્તાંત–અનંગપાલ–સમરસિંહ–તાતારવાસીઓનો ભારતવર્ષપર અધિકાર–સમરસિંહની વંશાવલી–રાહુપ તથા તેમના ઉત્તરાધિકારીઓ.

સંવત ૧૨૦૬ માં સમરસિંહનો જન્મ થયો. જો કે સમરસિંહના જીવનચરિત્રનું ચિતોડના રાજભટ્ટકવિઓએ ઉત્તમ પ્રકારે વર્ણન કર્યું છે, તોપણ અમે મહાકવિ ચંદે નિરૂપિત કરેલા તેમના જીવનચરિત્રપરથીજ તેની સમાલોચના કરીશું;[1] પરંતુ તેમ કર્યાં પૂર્વે અમે એક અત્યુપયોગી ઐતિહાસિક વૃત્તાંતની સમાલોચના કરીએ છીએ. પ્રસિદ્ધ દિલ્લીનગરમાંથી જ્યારે પરાક્રમી તુંવાર રાજવંશનો લોપ થઇ ગયો, તે સમયે ભારતવર્ષની રાજકીય પરિસ્થિતિ કેવી હતી અને તેમાંનો કયો દેશ કોના અધિકારમાં હતો તેનો વિચાર કરવો આવશ્યક છે. કવિકુલમણિ ચંદબારોટના ગ્રંથમાંથી આ હકિકત ઉદ્ધૃત કરવામાં આવે છે.આ વખતે લોહાંગી ચૌલુક્યરાજ ભોળાભીમ પાટણ નગરમાં રાજ્ય કરતા હતા. આબુપર્વતપર પરમારવંશીય જીતનો આધકાર હતો અને મેવાડમાં દિલ્લીશ્વરના ભીષણ શત્રુઓનો માર્ગ રોકનાર પરાક્રમી સમરસિંહની સત્તા હતી. મરુદેશમાં પ્રબલ પ્રતાપી અને અત્યંત તેજસ્વી નાહૂર રાજા હતા. દિલ્લીનગરમાં સર્વના સ્વામી મહારાજાધિરાજ અનંગપાલ વિરાજમાન હતા. તેમની આજ્ઞા શિરોધાર્ય કરી મંદોર, નાગોર, સિંધ, જલાવત તથા તેની નિકટના પેશાવર, લાહોર, કાંગડા વગેરે પ્રદેશો અને કાશી, પ્રયાગ તથા દેવગિરિના રાજાઓ અતિ વિનીતભાવથી આજ્ઞા પાલન કરવાને માટે તૈયાર રહેતા હતા. સીમરના રાજાઓ પણ તેમના પ્રચંડ પરાક્રમથી ભય પામી સદા વિપત્તિની આશંકાથી ડરતા હતા. આ પ્રમાણે એ વખતમાં દિલ્લીના રાજા અનંગપાળ સર્વના સમ્રાટ હતા.

જે વખતે ભટ્ટગણો જબુલિસ્તાનથી નાસીને હિંદુસ્તાનમાં આવ્યા ત્યારથી થોડા સમયમાં તેમણે પંજાબનાં શાલિવાહનપુર તથા તન્નોટ અને મારવાડનું લાદડવા એ નગરોને પોતાના અધિકારમાં લીધાં. તે પછી તેઓએ દેરયાલ નગરી સ્થાપન કરી અને તેઓ પ્રસિદ્ધ જેસલમીર નગરીની સ્થાપના કરવાનો યત્ન કરવા લાગ્યા. જે વખતે ચૌહાણવીર પૃથ્વીરાજ દિલ્લીના સિંહાસનપર હતા, તે વખતે ભાટી(ભટ્ટ)લોક જેસલમીર સ્થાપિત કરવાને ઉદ્યુક્ત થયા હતા. જેસલમીર વસાવ્યા પૂર્વે ઘણા સમયપર તેઓ આ અપ્રસિદ્ધ ભૂભાગમાં રહીને આરોરમાં રહેતા ખલીફાના સેનાપતિઓની સાથે ઘોર સંગ્રામ કરતા હતા. આ રીતે ઉભય પક્ષોવચ્ચે જે યુદ્ધ થતાં તેમાં બહુધા ભાટીલોકોને વિજય મળતો હતો. તેઓ સિન્ધુનદીના કિનારાપર આવેલા તક્ષક રાજ્યની રાજધાનીપર્યંત આવીને પોતાના પૂર્વજોના રાજ્યનો પુનરુદ્ધાર કર્યાં કરતા હતા.

---

૧ કવિવર ચંદબારોટપ્રણીત બરદાઇરાસા એક ઉત્તમ ગ્રંથ છે. કાવ્યની અસાધારણ મોહક પ્રતિભાના આવરણનીચે તેમણે ઐતિહાસિક રત્નો ટાંક્યાં છે. આ કાવ્યગ્રંથ વાંચવાથી આપણું હૃદય અપૂર્વ ભક્તિ, પ્રીતિ અને કૃતજ્ઞતારસથી પરિપૂર્ણ થઇ જાય છે. આ ગ્રંથમાં ૬૯ સર્ગો છે. રાજસ્થાનના પ્રાયઃ સમસ્ત વંશોનું વૃત્તાંત એ ગ્રંથમાં ઉપલબ્ધ થાય છે.

જે વખતે મુસલમાનોના ઘોર પરાક્રમના પ્રભાવથી મહા ઉપદ્રવ થઇ રહ્યો હતો, તે વખતે ભાટીલોકો જેસલમીરના નાનકડા રાજ્યમાં રહીને ઉન્નતિના ઉચ્ચ શિખરે ચઢયા હતા. ચોહાણવીર મહારાજા પૃથ્વીરાજના સમયમાંજ તેમની ઉન્નતિનો આરંભ થયો હતો. તે સમયથી તેમનું પરાક્રમ દિવસાનુદિવસ વૃદ્ધિંગત થતુંજ ગયું. પૃથ્વીરાજના હાથનીચે અરવલેશ નામનો એક પ્રસિદ્ધ સેનાપતિ હતો. એમ કહેવાય છે કે આ સેનાપતિ ભાટીલોકોના રાજાનો સહોદર હતો.

પૂર્વે જણાવવામાં આવ્યું છે કે આ સમયમાં મહારાજા અનંગપાલ ભારતવર્ષના ચક્રવર્તી રાજા હતા; મહારાજા અનંગપાલ દિલ્લીના પ્રથમ તુંવારરાજા બિલ્હનદેવની ૧૯મી પેઢીએ થયા હતા. ભારતવર્ષની પ્રધાન રાજધાની જ્યારે મહારાજા વિક્રમાદિત્યે ઉજ્જયિની નગરીમાં સ્થાપિત કરી ત્યારે યુધિષ્ઠિરની લીલાભૂમિ સેંકડો વર્ષોપર્યંત શ્મશાનવત્ શોચનીય દશામાં પડી રહી. ઘણાં વર્ષો સુધી તે આ પ્રકારે ઉજ્જડ રહ્યા પછી તેનો જેણે પુનરુદ્ધાર કર્યો તેનું નામ બિલ્હન હતું. ઉક્ત મહારાજાએ અસાધારણ યત્ન અને પુષ્કળ પરિશ્રમ કરીને દિલ્લીની પૂર્વશોભા પાછી આણી. તેમના ઉત્તરાધિકારીઓના રાજત્વકાળમાં અજમેરના ચોહાણો દિલ્લીપતિના તાબામાં સામંતોની પેઠે રહેતા હતા; પરંતુ અજમેરના ચોહાણોમાં વિશળદેવ અતીવ પરાક્રમશાળી થવાથી આ અધીનતા નામમાત્રની શેષ રહી. કાળના અપૂર્વ મહિમાથી હવે આ અધીનતા ચોહાણોને લેશ પણ કષ્ટદાયક થતી નહોતી. આ સમયથી ચોહાણોનું ભાગ્યાકાશ સૌભાગ્યલક્ષ્મીના કૃપાકટાક્ષથી નિર્મળ થતું ગયું અને અંતે તેમણે ભારતવર્ષનું સાર્વભૌમત્વ પણ ભોગવ્યું.

જે સમયે દિલ્લીના સિંહાસનને માટે ત્યાંના અંતિમ તુંવારરાજા અનંગપાલ અને કનોજના રાઠોડોની વચ્ચે ઘોર સંગ્રામ થયો તે સમયે અજમેરના સિંહાસનપર સોમેશ્વર નામનો એક ચોહાણ રાજા હતો. આ વખતે મહારાજા સોમેશ્વરે અનંગપાલને સહાય કરી. આથી તેઓ તેમનાપર અત્યંત પ્રસન્ન થયા અને તેમની સાથે તેમણે પોતાની પુત્રીનો વિવાહ કર્યો. આ કન્યાના ગર્ભથી પૃથ્વીરાજનો જન્મ થયો. આ પૂર્વે મહારાજા અનંગપાલે પોતાની એક કન્યાનો વિવાહ કનોજના રાજા વિજયપાલની સાથે કર્યો હતો. નરાધમ સ્વદેશદ્રોહી જયચંદ આ વિવાહનું વિષમય ફળ હતું. જયચંદ અને પૃથ્વીરાજ એ ઉભય દિલ્લીશ્વરના દોહિત્ર હતા. વીરશ્રેષ્ઠ પૃથ્વીરાજ કરતાં જયચંદની ઉમ્મર મોટી હતી. આ ઉભય પોતાના માતામહને અત્યંત પ્રિય હતા.દુર્ભાગ્યવશાત્ જયચંદ માતામહના પ્રેમથી વંચિત થયો. તેઓ વૃદ્ધાવસ્થામાં અપુત્ર મરણ પામ્યા. તેમણે પોતાના પ્રાણાધિક પ્રેમપાત્ર પૃથ્વીરાજને પોતાનું વિશાળ રાજ્ય સોંપી દીધું.

. જયચંદ હતાશ થયો. બાલ્યાવસ્થાથી તેને પોતાના માતામહનું સિંહાસન પ્રાપ્ત કરવાની આશા હતી. ન્યાયદૃષ્ટિથી જોતાં જયચંદનેજ આ સિંહાસન મેળવવાનો અધિકાર હતો; કારણ કે તે અનંગપાલની જ્યેષ્ઠ કુંવરીનો પુત્ર હતો; પરંતુ ભાગ્યની આગળ કોઇનું શું ચાલી શકે છે ? અનંગપાલનું મૃત્યુ થયું ત્યારે પૃથ્વીરાજની વય ૮ વર્ષની હતી. તે છતાં તેને ભારતવર્ષનું વિસ્તૃત રાજ્ય મળ્યું અને જયચંદ તેથી વંચિત રહ્યો. આ અન્યાયયુક્ત પક્ષપાત જયચંદથી સહન થઇ શક્યો નહિ. તેના હૃદયમાં દારુણ દ્વેષાગ્નિ પ્રદીપ્ત થયો. આ વિષમ હૃદયાગ્નિ શાંત કરવાને માટે તેણે પોતાનાજ પગમાં કુહાડો માર્યો અને સમસ્ત ભારતવર્ષનું સત્યાનાશ વાળ્યું. મહારાજા પૃથ્વીરાજ દિલ્લીના સિંહાસનપર બેઠા, પરંતુ જયચંદે તેમનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું નહિ અને તે દુરાચારી દિલ્લીનું સિંહાસન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. મંદોરના પરિહારો અને પાટણના ચોલુક્યો ચોહાણકુલના ચિરશત્રુ હતા. આથી તેમણે આ વખતે જયચંદનો પક્ષ લીધો અને તેને પૃથ્વીરાજની વિરુદ્ધ ઉશ્કેરી મૂક્યો. પૃથ્વીરાજના જાણવામાં આ વાત આવી તોપણ તેઓ પ્રથમ પરિહાર અને ચોલુક્ય રાજાની સાથે કાંઇ બોલ્યા નહિ; પરંતુ પુનઃ એ રાજાઓએ મહારાજા પૃથ્વીરાજનું એવું અપમાન કર્યું કે જેથી પૃથ્વીરાજને તેમની વિરુદ્ધ શસ્ત્રો ગ્રહણ કરવાં પડ્યાં. જ્યારે મહારાજા પૃથ્વીરાજ સિંહાસનપર બેઠા ત્યારે મંદોરના રાજાએ પોતાની કન્યાનો વિવાહતેમની સાથે કરવાની માગણી કરી હતી અને ઉદારહૃદયના પૃથ્વીરાજે તેની આ માગણીનો સ્વીકાર પણ કર્યો હતો; પરંતુ વિવાહની તૈયારી થવા લાગી ત્યારપછી મંદોરના દુષ્ટ રાજાએ પોતાનો વિચાર ફેરવ્યો અને પૃથ્વીરાજને

પોતાની કન્યા આપવાની ના પાડી.આ ઘોર અપમાન પૃથ્વીરાજથી સહન થઇશક્યું નહિ. તેઓ આ અપમાનનો બદલો લેવાને માટે તૈયારી કરવા લાગ્યા.ઉભયપક્ષો વચ્ચે યુદ્ધ થયું. તેમાં પૃથ્વીરાજનું ભાવીગૌરવ બીજાવસ્થામાં પ્રત્યક્ષરીતે જણાયું. ધીમે ધીમે પૃથ્વીરાજની તેજસ્વિતા અધિકાધિક પ્રકાશિત થવ લાગી. તેમની ઉન્નતિ જયચંદના હૃદયમાં વિશેષ અને વિશેષ ખટકવા લાગી. તે પૃથ્વીરાજની ઉન્નતિની ગતિ રોકવાને માટે તેમના રણચતુર સૈનિકોને લલચાવી તેમને પોતાના સૈન્યમાં દાખલ કરવા લાગ્યો. આ કાર્યથી જયચંદની અવનતિનું બીજારોપણ થયું અને તેનું ભાવી ભાગ્યાકાશ શ્યામ અભ્રોથી આચ્છાદિત થયું. તેણે પોતાની દુરભિલાષા સિદ્ધ કરવાને માટે જે કૂટ ઉપાય યોજ્યા તેથી તેનું એકલાનુંજ નહિ, પરંતુ સમસ્ત ભારતવર્ષનું સત્યાનાશ થઈ ગયું. હિંદુવેરી ક્રૂર મહમૂદ ઘોરી આ ગૃહકલહનો લાભ લઈ, આ એક ઉત્તમ સંધિ હસ્તગત થઈ છે એમ ધારી ભારતવર્ષપર ચઢી આવ્યો અને હિંદુસ્થાનની સ્વતંત્રતા છીનવી લઇ તેના પવિત્ર હૃદયમાં ઇસ્લામની પતાકા ઠોકી બેસાડી.

ચિતોડના રાજા સમરસિંહે દિલ્હીશ્વર પૃથ્વીરાજની ભગિની પૃથાનું પાણિગ્રહણ કર્યું હતું. આ મંગલમય સંબંધને દૃઢીભૂત કરવાને માટે તે ઉભય મિત્રતાની એવી વજ્રમય ગ્રંથિથી જોડાયા કે તેને સહસ્રાવધિ આપત્તિઓ પણ તોડી શકી નહિ. તેમણે આમરણાંત કદિ પણ એકબીજાની વિરુદ્ધ વર્તન કર્યું નથી. જ્યારે તેઓ પરમ ધામમાં પહોંચ્યા ત્યારેજ તેમનો સંબંધ છૂટો થયો; પરંતુ તેઓ પરમ ધામમાં એકત્રિત ન થયા હોય એમ કોણ કહી શકે છે? જે ખરાબ પળે ભારતવર્ષમાં કુસંપનું બીજારોપણ થયું,જે ખરાબપળે અભાગી ભારતવાસીઓએ પોતાના જાતિબંધુઓનું રુધિર વહેવરાવવા માંડયું ત્યારથીજ ભારતવર્ષની અધોગતિનો પ્રારંભ થયો—ત્યારથીજ સુખનું વિશ્રામસ્થાન ભારતવર્ષ અસીમ દુઃખનો કારાગાર અને અમર્યાદ યંત્રણાનો અંધ નરકકૂપ બની ગયો છે. કુરુક્ષેત્રની ભયંકર શ્મશાનભૂમિ આર્યગણોની ગૃહફૂટનો રુધિરમય આદર્શ બતાવી રહી છે. સર્વ પ્રકારનું ઉત્તમ જ્ઞાન ધરાવનાર ભારતવાસીઓ જાણી જોઇને માંહોમાંહે વિગ્રહ શામાટે કરે છે, તે કાંઇ સમજી શકાતું નથી. ભારતવર્ષ કુસંપનું ચિરનિવાસસ્થાન બની ગયું છે. કુસંપની મોહિનીમાં પડી આજસુધીમાં કોણ જાણે કેટલા ભારતવાસીઓ અકાળ મૃત્યુના મુખમાં સપડાયા છે! ગૃહકલહાગ્નિથી દગ્ધ થઇને કેટલા ભારતવાસીઓ પોતાનુંજ સત્યાનાશ વાળી બેઠા છે તેની ગણત્રી કોણ કરી શકે એમ છે? ભારતવર્ષના કુસંપના અનેક આદર્શો આજે પણ વિદ્યમાન છે; પરંતુ ભારતવર્ષના ગૃહકલહમાં પણ એક પ્રકારની વિચિત્રતા જણાય છે. આ ગૃહકલહો કદિ સદાને માટે અથવા એકસરખી પ્રચંડતાથી ચાલ્યા નથી. આ વિગ્રહો કદિ પ્રચંડ જ્વાલાથી ભભુકી ઉઠતા હતા, કદિ શાંત થઈ જતા હતા અને કદિ મંદ મંદ રીતે પ્રદીપ્ત રહેતા હતા. જ્યારે આ કલહાગ્નિ પુષ્કળ તેજથી ભભુકી ઉઠતો ત્યારે ભટ્ટગણો પરસ્પર કલહ કરનાર રાજાઓની વચમાં પડતા અને તેમનાં કુલોની પ્રશંસા કરી ઉભયપક્ષને શાંત કરી દેતા. તેઓ કલહાગ્નિમાં શાંતિરૂપી જળનું સિંચન કરી શત્રુભાવને મિત્રતામાં બદલી નાખતા અને ઉભયપક્ષને અત્યંત દૃઢ પ્રીતિબંધનથી બાંધી દેતા; પરંતુ શોકની વાત છે કે આ મિત્રભાવ બે પેઢીથી અધિક ટક્યો નહિ. પુનઃ પ્રચંડ વૈર ચાલુ થતું! એકબીજાપર ઘોર દ્વેષ રાખવામાં આવતો! પુનઃ ઉભય પક્ષ પિશાચિની મૂર્તિ ધારણ કરી એકબીજાના રુધિરનું પાન કરવાને માટે તૈયાર થઇ જતા. ભારતવર્ષના રાજાઓની આજ રાજનીતિ પરાપૂર્વથી ચાલી આવી છે. ભારતમાતાના લલાટમાં વિધિએ આ કુસંપનાં ફળ ભોગવવાનુંજ લખ્યું છે. ભારતવાસીઓએ આ દુરાચારને વશ થઇ પોતાનાજ પગમાં કુહાડો માર્યો અને પોતાનાજ સૌભાગ્યના માર્ગમાં કંટક નાખ્યા. તેમનાં આ કુકર્મને લીધેજ ભારતભૂમિ વિજાતીય શત્રુઓના ગ્રાસમાં આવી પડી. નંદનવન શ્મશાન બની ગયું!! આજ કારણથી પરશુરામ, કાર્તવીર્યાર્જુન, ભીષ્મ, દ્રોણ, અર્જુન, ભીમ, કર્ણ વગેરે પ્રાતઃસ્મરણીય ભારતવીરગણોની માતા પરતંત્રતાથી ભીષણ જંજીરમાં જકડાઇ ગઇ!

મહારાજા પૃથ્વીરાજના પ્રચંડ શત્રુઓ—પાટણ અને કનોજના રાજાઓ મહારાણા સમરસિંહની સાથે પણ શત્રુતા રાખતા હતા. આથી મહારાણા સમરસિંહને પણ તેમની સામે ખડ્ગ ધારણ કરવું પડ્યું. આ પ્રસંગસિવાય પણ સમરસિંહે પોતાના પ્રિયમિત્ર પૃથ્વીરાજને અનેકવાર સહાય કરી હતી. નગરકોટમાં આવેલા એક સ્થળેથી સપ્તકોટિ રૂપિયા નીકળ્યા. એમ કહેવાય છે કે આ ખજાનો

પ્રાચીનકાળથી ઉક્ત સ્થળે દટાયેલો હતો. મહારાજા પૃથ્વીરાજે આ રૂપિયા પોતાના કબજામાં લીધા તેથી કનોજ અને પાટણના રાજાને તેમનાપર અત્યંત દ્વેષ ઉત્પન્ન થયો અને હવે તેનાપર વૈર લેવામાં સફળ થઇશું નહિ, એવી શંકા પણ ઉત્પન્ન થઇ. એક તો મહારાજા પૃથ્વીરાજ પાસે સૈન્ય પ્રચંડ હતું અને તેવામાં વળી આટલો મોટો દ્રવ્યભંડાર હસ્તગત થયો; આથી પૃથ્વીરાજના પ્રચંડ બળની ગતિ રોકવામાં પોતાને અસમર્થ માની તેમણે તે કાર્ય સિદ્ધ કરવાને માટે શાહબુદ્દીન ઘોરીની સહાયતા માગવાનો વિચાર કર્યો. જે દિવસે તેમના દુષ્ટ હૃદયમાં આ ઘોર કલ્પના ઉત્પન્ન થઇ, તેજ દિવસે ભારતવર્ષની અધોગતિનું બીજારોપણ થયું. એકાએક મહારાજા પૃથ્વીરાજનું સિંહાસન વારંવાર કંપાયમાન થવા લાગ્યું. આ સમયની પૂર્વથીજ શાહબુદ્દીનની લોભી આંખો ભારતવર્ષપર લાગી રહી હતી અને તે પોતાની અભિલાષા પૂર્ણ કરવાની સંધિ શોધ્યા કરતો હતો. આ અવસર તેને અનાયાસેજ પ્રાપ્ત થઈ ગયો, તો પછી તે તેનો લાભ લીધા વિના કેમ રહે ? તે રાજા જયચંદની સાથે મળી શીઘ્ર પ્રચંડ સૈન્ય સજ્જિત કરી હિંદુસ્થાનપર ચઢી આવ્યો.

મહારાજા પૃથ્વીરાજને ખબર પડી ગઇ કે જયચંદ મારા રાજ્યનો નાશ કરવા ઇચ્છે છે. તેની અભિલાષા નિષ્ફળ કરવાને અને તેના પાપનું પ્રાયશ્ચિત્ત આપવાને મહારાજાએ પણ તૈયારી કરવા માંડી. તેમણે આ બાબતની સમરસિંહને ખબર આપવાને માટે તેમનાપર દૂતો મોકલ્યા. મહારાજા પૃથ્વીરાજની પાસે જે સામંતો રહેતા હતા, તેમાં ચંડપુંડીર નામનો સામંત અત્ત પરાક્રમી હતો. તેનાં ભીષણ પરાક્રમ, અદ્‌ભુત સ્વદેશહિતૈષિતા તથા અત્યંત પરિશ્રમનું વૃત્તાંત મહાકવિ ચંદે પોતાની અસ્ખલિત વાણીથી ઉત્તમ રીતે કર્યું છે. જે દિવસથી આ મહા પ્રતિષ્ઠિત વીરપુરુષને દૂતતરિકે નિયુક્ત કરવામાં આવ્યો તેજ દિવસથી તે ભારતના ઇતિહાસમાં મહાન પુરુષતરિકે પ્રસિદ્ધ થયો છે. તેણે સ્વદેશને માટે આત્મોત્સર્ગ કર્યો હતો. જે વખતે શાહબુદ્દીન ઘોરી પ્રચંડ સૈન્ય લઇને ભારતવર્ષપર ચઢી આવ્યો તે વખતે સૌથી પ્રથમ રાજપૂતવીર ચંડપુંડીરજ તેની પ્રબળ ગતિ રોકવાને માટે રાવી નદીના કિનારાપર ઉદ્યુક્ત થયો હતો. જો કે તે પોતાની મનોકામના સિદ્ધ કરી શક્યો નથી; પરંતુ તે સમયે તેણે જે વીરત્વ દર્શાવ્યું છે તેથી તે પોતાનું નામ ભારતવર્ષના ઇતિહાસમાં અમર કરી ગયો છે.

દૂતશ્રેષ્ઠ ચંડપુંડીર દિલ્લીશ્વરના તરફથી મોટું પારિતોષિક મેળવીને મોટી ધામધૂમ સાથે ચિતોડમાં આવ્યો. મહારાજા સમરસિંહે તેનો ઉત્તમ પ્રકારે આદરસત્કાર કર્યો અને તેને વિશ્રામ કરવાને માટે ઉત્તમ મહાલય આપ્યો. થોડો સમય વિશ્રાંતિ લીધા પછી તેણે મહારાજાને મળવાની ઇચ્છા પ્રદર્શિત કરી. શીઘ્ર તેની મનોકામના પૂર્ણ થઇ. સમરસિંહે આ દૂતને પોતાની સમક્ષ બોલાવ્યો. આ વખતે તેઓ પોતાના વિશ્રામગૃહમાં વ્યાઘ્રચર્મપર બેઠા હતા. તેમણે લાલ વસ્ત્રો પરિધાન કર્યાં હતાં, સર્વાંગે વિભૂતિ ચોળી હતી, મસ્તકપર જટા વધારી હતી અને ગળામાં રુદ્રાક્ષની માળા પહેરી હતી. દૂત આવતાંની સાથે તેમણે તેને ક્ષેમકુશળતાના સમાચાર પૂછ્યા અને સામેજ બેસવાને માટે આસન આપ્યું. મહારાજા સમરસિંહની અપૂર્વ શાંતિ, ગંભીર મૂર્તિ, તપસ્વી સમાન વેષ અને અત્યંત ઉદાર વ્યવહાર જોઇને દૂતના મનમાં તેમનાપ્રત્યે અપૂર્વ ભક્તિ ઉત્પન્ન થઈ. તેણે મહારાજાને યોગીન્દ્ર કહીને સંબોધ્યા અને ભક્તિપૂર્ણ ગદ્‌ગદ્ સ્વરે કહ્યું: “ આપ નિઃશંક મહાદેવજીના પ્રતિનિધિ છો. ” આ સમયે પરસ્પર થયેલી સર્વ વાતચીત ચંદબરદાયીએ પોતાના ગ્રંથમાં અત્યંત તેજસ્વી ભાષામાં વર્ણવી છે.

પોતાના પ્રિયમિત્ર તથા આપ્તનું આમંત્રણ સ્વીકારી એકાદ બે દિવસમાં મહારાજા સમરસિંહ પોતાની સેના લઇને દિલ્લી તરફ ચાલ્યા. દિલ્લીશ્વરે સામા આવી આદરસહિત તેમનું સ્વાગત કર્યું અને કુશળતાના સમાચાર પૂછ્યા. તે પછી કર્તવ્યકર્મસંબંધી વિચાર થવા લાગ્યો. શીઘ્ર બે કાર્યો કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો. પાટણનરેશનો ગર્વ ઉતારવો અને મુસલમાનોના આક્રમણના માર્ગમાં વિઘ્ન ઉપસ્થિત કરવું. સમરસિંહ પાટણનરેશની સાથે વૈવાહિક સંબંધથી બંધાયેલા હતા, તેથી તેઓ તેની સામે નહિ જતાં મુસલમાનોના આક્રમણની ગતિ રોકવાને માટે દિલ્લીમાંજ રહ્યા. પૃથ્વીરાજ પોતાની સેના લઇ પાટણ તરફ ગયા. સમરસિંહના રાજપૂતસૈનિકો ગગનભેદી ભયંકર નાદ કરી

અત્યુત્સાહથી મુસલમાનોની સામે થયા. ઉભય સૈન્યોની વચ્ચે દારુણ યુદ્ધ થવા લાગ્યું; પરંતુ આ યુદ્ધમાં કોઇ પક્ષનો જયપરાજય થયો નહિ. આ પ્રકારે ઘણાં યુદ્ધો થયાં; પરંતુ વિજયલક્ષ્મી કોઇની પણ અંકશાયિની થઈ નહિ. આ તરફ મહારાજા પૃથ્વીરાજ પાટણનરેશનો ગર્વ ઉતારી આનંદપૂર્ણ બની સમરસિંહને આવી મળ્યા. હવે ઉભયવીરોનું બળ એક થવાથી તેણે અતિ પ્રચંડ અને ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. તેમના શૌર્યરૂપી અગ્નિમાં અસંખ્ય મુસલમાનો બળીને ભસ્મ થયા. શાહબુદ્દીન મહામુશ્કેલીથી જીવ લઇને નાસી છૂટયો. તેના સેનાપતિને રાજપૂતોએ કેદ કરી લીધો.

આ પ્રકારે મહારાજા પૃથ્વીરાજને વિજય મળ્યો. તેમનાં સર્વ વિઘ્નો દૂર થઇ ગયાં. નગરકોટની ભૂમિમાંથી જે દ્રવ્યભંડાર તેમને મળ્યો હતો, તેમાંનો અર્ધ ભાગ તેમણે સમરસિંહને આપી દીધો; પરંતુ સમરસિંહે તે દ્રવ્ય સ્વયં ન લેતાં પોતાના સૈનિકોને વહેંચી આપ્યું. મહારાજા પૃથ્વીરાજે સમરસિંહના સૈનિકોને બીજું પણ પુષ્કળ દ્રવ્ય વહેંચી આપ્યું. તે પછી મહારાજા સમરસિંહ વિદાય થઇ પોતાની રાજધાનીમાં ચાલ્યા ગયા.

ત્યારપછી પાંચ વર્ષો સુખશાંતિમાં વ્યતીત થઇ ગયાં. સાધારણ વિગ્રહો થતા તેમાં પૃથ્વીરાજ અને સમરસિંહને સદા વિજય મળતો; પરંતુ હવે ભારતવર્ષના અધઃપતનનો સમય પ્રતિદિન પાસે અને પાસે આવતો જતો હતો. પાટણનરેશના ઉપર વિજય મેળવ્યાથી મહારાજા પૃથ્વીરાજને લાગ્યું હતું કે આવાજ સુખમાં અમારા દિવસો જશે. તેઓ પોતાની પ્રિયપત્ની સંયુક્તા[1]ની સાથે આનંદપૂર્વક કાળક્રમણ કરવા લાગ્યા. પૃથ્વીરાજ આળસુ તથા અસાવધ બની ગયો છે, એમ જાણી શાહબુદ્દીન અત્યંત પ્રચંડ સેના લઇ ભારતવર્ષપર પુનઃ ચઢી આવ્યો. મુસલમાનવીરોના સિંહનાદથી ભારતભૂમિ પુનઃ કંપવા લાગી. મહારાજા પૃથ્વીરાજનું સિંહાસન પણ તેની સાથે ડોલાયમાન થવા લાગ્યું, એમ કહીએ તોપણ ચાલે. હવે પૃથ્વીરાજની નિદ્રા નિવૃત્ત થઈ. તેઓ આ સંકટમાંથી મુક્ત થવાના યોગ્ય ઉપાય શોધવા લાગ્યા. તેમણે પુનઃ પોતાના પ્રિયમિત્ર સમરસિંહની સહાય માગી. જે મનમોહિનીના અનુપમ પ્રેમથી મુગ્ધ થઇને આજપર્યંત તેઓ સર્વથૈવ આલસ્યમાં દિવસ નિર્ગમન કરતા હતા, તે મનમોહિની પણ હવે સાવધ બની ખડી થઇ ગઇ અને વીરનારીના ધર્મનું અવલંબન કરી તેણે પોતાના પ્રાણપતિને સંગ્રામભૂમિમાં જવાને પ્રાર્થના કરી. મહાત્મા ચંદે આ પ્રસંગનું જે વર્ણન કર્યું છે તેનો યથાસ્થિત અનુવાદ નીચે કરવામાં આવ્યો છે.

અંતિમવાર શાહબુદ્દીન પૃથ્વીરાજ ઉપર જે દિવસે સેનાસહિત ચઢી આવ્યો, તેજ દિવસની રાત્રિએ મહારાજાને એક ભયંકર સ્વપ્ન આવ્યું હતું. આથી તેમનું હૃદય વ્યાકુલ થઈ ગયું અને તેમના મનમાં અત્યંત ચિંતા પેદા થઈ. પ્રાતઃકાળ થતાંજ તેઓ પોતાની પ્રાણપ્યારી સંયુક્તાને પોતાને આવેલા સ્વપ્નનું વૃત્તાંત આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—

“ ગત રાત્રિએ જ્યારે હું નિદ્રાના મૃદુ ખોળામાં વિશ્રાંતિ લેતો હતો, તે વખતે રંભાના જેવી એક પરમ લાવણ્યવતી સ્ત્રીએ આવી કર્કશ રીતે મારો હાથ પકડી લીધો. તે પછી તેણે તમારાપર આક્રમણ કર્યું. તમે તમારૂં રક્ષણ કરવાને માટે અનેક પ્રકારના યત્નો કરવા લાગ્યાં; એટલામાં–અહો ! અત્યંત ભયાનક !–એક પ્રચંડ રાક્ષસના જેવો મહાકાય મદોન્મત્ત હાથી પોતાની સૂંઢ હલાવતો હલાવતો મારી તરફ આવ્યો. ભયથી મારી નિદ્રા ઉડી ગઈ; હું ભયગ્રસ્ત અને ચકિત થઇ ચારે તરફ જોવા લાગ્યો, તો મેં તે રંભાને પણ જોઇ નહિ અને તે હાથીને પણ જોયો નહિ. મારૂં હૃદય કંપવા લાગ્યું, સર્વાંગે કાંટા ભોંકાવા લાગ્યા, દબાયેલાકંઠે મિષ્ટ વાણીથી “હર હર” કહી હું ઉઠી

---

૧ સંયુક્તા કનોજના રાજા જયચંદની પુત્રી હતી. જયચંદે પોતાની પુત્રીના સ્વયંવરમાં ભારતવર્ષના સર્વ રાજાઓને આમંત્રણ કરીને બોલાવ્યા હતા; પરંતુ તેની સાથે વેરભાવ હોવાથી પૃથ્વીરાજ તથા સમરસિંહ તેની સભામાં ગયા નહોતા. જયચંદે આ ઉભય રાજાઓની સુવર્ણમય પ્રતિમા તૈયાર કરાવી અને તેમાંની પૃથ્વીરાજની મૂર્તિને દ્વારપાળના સ્થાને મૂકાવી હતી. સ્વયંવરમાં જેટલા રાજાઓ આવ્યા હતા તેમાંના કોઈ પણ રાજાના ગળામાં સંયુક્તાએ માળા પહેરાવી નહિ; પરંતુ પૃથ્વીરાજની સુવર્ણમય મૂર્તિના ગળામાં તે પહેરાવી. પૃથ્વીરાજ આ સમયે રાજભુવનથી થોડેજ દુર છુપાયલા હતા. આ ઘટના જોઇ શીઘ્ર તેઓ રાજસભામાં આવ્યા અને રાજકુમારી સંયુક્તાને લઈ પોતાના પાટનગરમાં ચાલ્યા ગયા. સભામાં બેઠેલા કોઈપણ રાજા તેમની પ્રબળ ગતિ રોકી શકયા નહિ.

ઓઠો થયો. જુઓ, અદ્યાપિ આ હૃદય કંપે છે. અદ્યાપિ રોમ ખડાં છે. પ્રભુ જાણે આપણા ભાગ્યમાં શું લખ્યું છે ? "

આ સ્વપ્નની વાત સાંભળી મહારાણી સંયુકતાના વિકસિત કમળતુલ્ય વદનમંડળપર એક અપૂર્વ જ્યોતિ પ્રકાશી નીકળી અને તેણે મૃદુ તથા ગંભીરસ્વરે કહ્યું: " હે ચૌહાણકુલના ગૌરવસૂર્ય ! આ જગતમાં આપના જેટલી સંપત્તિ, આપના જેટલું સુખ અને આપના જેટલું ઐશ્વર્ય કોણ ભોગવે છે ? તથાપિ આપની તૃષ્ણા શાંત કયાં થઈ છે ? આપ એક સાધારણ સ્વપ્ન જોઇ ભાવીની શંકાથી શામાટે વ્યાકુલ થઇ રહ્યા છો ? હે પ્રાણનાથ ! મૃત્યુ તો સર્વને માટે છે. આ અનિવાર્ય મૃત્યુના પંજામાંથી તો દેવના પણ મુકત થઈ શકતા નથી. જીર્ણ વસ્ત્રોનો ત્યાગ કરીને નવાં વસ્ત્રો પરિધાન કરવાની ઇચ્છા કોને નથી થતી ? પરંતુ હે નાથ ! વિચાર કરીને જુઓ કે જે શ્રેષ્ઠકાર્યમાં પોતાના પ્રાણ સમર્પણ કરી દે છે, જે ગૌરવની સાથે મૃત્યુને આલિંગન દે છે, તે મૃત્યુપામીને પણ સદા જીવંત રહે છે. હું તો અલ્પ બુદ્ધિવાળી સ્ત્રી છું.આપને બોધ આપવાને હું કાંઇ યોગ્ય નથી. આપ સ્વાર્થને હૃદયમાં સ્થાન આપશો નહિ, અને આપ એવું કામ કરો કે જેથી મૃત્યુલોકમાં આપનું નામ અમર થઇ જાય. આ કરાલ અસિ લઈને શત્રુઓનો સંહાર કરો. મારી ચિંતા જરા પણ કરશો નહિ. હું અત્યારથી એવું કાર્ય કરવાની તૈયારી કરૂં છું કે જેથી હું આપની અર્ધાંગિનીતરિકે ગણાવાને પાત્ર થાઉં. "

મહારાજા પૃથ્વીરાજે રાજસભામાં આવી ભટ્ટકવિને બોલાવીને તેને સમસ્ત વૃત્તાંત કહી સંભળાવ્યું. આ સ્વપ્નનો અર્થ ભટ્ટકવિએ પૃથ્વીરાજને કહી સંભળાવ્યો અને રાજકુલગુરુએ એક મંત્ર લખી આપ્યો. દિલ્લીશ્વરે આ મંત્રવાળા પત્રને પોતાની પાઘડીમાં મૂકયો. વળી તેમણે નવ ગ્રહને પ્રસન્ન રાખવાને માટે ઉત્તમ અને શુદ્ધ દૂધ સહસ્ર કળશોમાં ભરીને ચંદ્રદેવતાને અર્પણ કર્યું.

દશ દિક્પાલને પ્રસન્ન રાખવાને માટે દશ પાડાઓનો ભોગ આપવામાં આવ્યો અને દીનદરિદ્ર માણસોને ચાંદીસુવર્ણ આપવામાં આવ્યું; પરંતુ રુધિર અને દૂધનાં દાન અથવા ધ્યાન ભવિતવ્યની ગતિ રોકી શકયાં નહિ. જો તેમ થઇ શકતું હોત તો નળ અને પાંડવાદિપર કદિ પણ કઠોર વિપત્તિઓ પડી ન હોત.

વિષમ સંકટમાં ફસાયાથી પૃથ્વીરાજે પોતાના પ્રિયમિત્ર સમરસિંહની સહાયતા માગી. સમરસિંહ આ દુઃખકારક વર્તમાન સાંભળી શીઘ્ર સેના લઇને દિલ્લીતરફ કૂચ કરવા લાગ્યા.આ તરફ મહારાજા પૃથ્વીરાજે પોતાના સામંતો અને સેનાપતિઓને બોલાવ્યા અને તેઓ તેમની સાથે યુદ્ધવિષે વિચાર કરવા લાગ્યા. આ ભયંકર પ્રસંગે ભારતવર્ષના સમસ્ત રાજાઓએ એકસંપ કરી દેશવૈરી યવનોના આક્રમણથી દેશનું રક્ષણ કરવું જોઇતું હતું; સ્વદેશાનુરાગથી ઉત્સાહિત બની પૃથ્વીરાજને સહાય કરવાને માટે શસ્ત્રો ગ્રહણ કરવાં જોઇતાં હતાં; પરંતુ તેમણે આથી વિપરીત વર્તન કર્યું. ભારતવર્ષના ઘણા રાજાઓ મૌન ધારણ કરીને બેસી રહ્યા. ખાસ કરીને કનોજ, પાટણ અને ધારાનગરીના રાજાઓ તુચ્છ જનોની પેઠે દ્વેષને વશ થઇ પોતાના મનમાં પૃથ્વીરાજનો નાશ ઇચ્છતા હતા અને તે પરિણામ લાવવાને માટે પ્રયત્ન પણ કરતા હતા. જે રાજપૂતકુલકલંક રાજાઓએ દ્વેષને વશ થઇ કાપુરુષોચિત કાર્ય કર્યું, તેમને પણ શીઘ્ર તેનું વિષમ ફળ ભોગવવું પડયું. શીઘ્ર તેઓ સર્વ યવનોના દાસત્વની મજબૂત બેડીથી જકડાઇ ગયા.

સમરસિંહ પોતાના રાજ્યનો ભાર પોતાના કનિષ્ઠ પુત્ર કર્ણસિંહના હાથમાં સોંપી પોતાના મિત્રો તથા સામંતોને લઇ દિલ્લી આવ્યા.[૧] ચિતોડ છોડતી વખત એકાએક તેમનું હૃદય કંપવા લાગ્યું હતું. જાણે કોઇએ અચાનક આવી તેમના કાનમાં કહ્યું કે: " એકવાર મનની તૃપ્તિ થાય ત્યાંસુધી ચિતોડને જોઈ લો. હવે તમે આ નગરને પુનઃ જોઇ શકશો નહિ " એવો તેમને ભાસ થવા લાગ્યો. સમરસિંહ ચકિત થયા; પરંતુ તેમણે પોતાના હૃદયમાં ચાલતો ખળભળાટ બહાર દેખાવા દીધો નહિ. તેમણે પોતાના ઇષ્ટદેવતાનું સ્મરણ કર્યું અને દિલ્લી તરફ પ્રયાણ કરવા માંડયું. ચંદ બરદાયીએ મહા-

૧ રાજાનો પોતાના નાના પુત્ર કર્ણસિંહપર આવો અયુક્ત અનુરાગ જોઈ તેમનો જ્યેષ્ઠ કુમાર કુંભકર્ણ પોતાના પિતાપર અત્યંત અપ્રસન્ન થયો અને તે પોતાના કેટલાક સાથીઓને સાથે લઇ પિતાનું રાજ્ય છોડી દક્ષિણમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે વિદેર નામના એક હબસી નવાબનો આશ્રય ગ્રહણ કરી એક નવા રાજ્યની સ્થાપના કરી.

સમર નામના અંતિમ સર્ગમાં મહારાજા સમરસિંહ આ છેલ્લી વખત દિલ્હીમાં આવ્યા તે સમય વર્ણન ઉત્તમ પ્રકારે કર્યું છે, જે નીચે પ્રમાણે છેઃ-

મહારાજા પૃથ્વીરાજે સમરસિંહના આગમનની ખબર સાંભળી દરબારમાં જઇ સર્વ સરદારો બોલાવી મંગાવ્યા અને ઉત્સાહનો ડંકો વગડાવ્યો. સર્વ સરદારો એકત્રિત થયા પછી તેમની સ્વારી દિલ્હી બહાર નીકળી. મહારાજા પૃથ્વીરાજ આ વખતે બહુધા એકાંત મહાલયોમાંજ રહ્યા કરતા હતા તેઓ બહાર કવચિત્‌જ નીકળતા; તે છતાં પણ આ વખત તેઓ મિત્રનો સત્કાર કરવાને માટે બહાર નીકળ્યા. ઘણા દિવસ પછી પોતાના મહારાજાનાં દર્શન થયાથી પ્રજા આનંદોન્મત્ત બની ગઇ.ઘેર ઘેર દીપક પ્રકાશવા લાગ્યા અને સ્થળે સ્થળે વાજાં વાગવા લાગ્યાં. દિલ્હીની શોભા અપૂર્વ બની ગઇ.મહારાજા પૃથ્વીરાજ સમરસિંહનો ઉત્તમ પ્રકારે આદરસત્કાર કરીને તેમને પોતાની સાથે તેડી લાવ્યા પછી મોટો દરબાર ભરવામાં આવ્યો. આ દરબારમાં મહારાજા પૃથ્વીરાજ અને સમરસિંહને જોડાજોડ બેઠેલા જોઇને પ્રજા અતીવ પ્રસન્ન થઇ. આ વખતે વાજાં એટલાં જોરથી વાગતાં હતાં કે કાને પડયે અવાજ પણ સંભળાતો નહતો.

આ પ્રકારે ત્યાં આનંદનું સામ્રાજ્ય છવાઇ રહ્યું હતું. એવામાં એકાએક દરબારની વચ્ચે આવેલ શિલા તૂટી ગઇ અને અંદરથી સદાશિવનો વીરભદ્ર નામનો ગણ બહાર નીકળ્યો.કવિવર ચંદે અહીંઆ આ પ્રમાણે વર્ણન કર્યું છેઃ—

रंग राग बागन थटयं, घनघोर सोर प्रगटयं;
सुनि अलख वीर सजग्गयं, सिरपलट ऊंधिम पग्गयं.
लम्बी असीं गज सज्जग्यं, पञ्चास चौडिय गज्जयं;
दश गज सुदल परमानयं, तिहीं गुफा खुली अमानयं.
रुद्राक्ष मुद्रा धारयं, मुख शंभु शंभु उचारयं;
कर खड्ग खप्पर राखयं, मुख शंभु शंभु भाखयं.
पृथिराज कीन्ह प्रणामयं, बोल्यो न वीर सतामयं;
तहां देव रावल समरसी, छंडयो न आसन रघुवँसी.
पूछँत चंद सुवाचियं, कहो होनहार सुकात्थियं;
यह होनहार स होयहे, दिल्ली न थिरता सोयहे.
पुनि म्लेच्छ दलबल जोरहे, अर शहर दिल्लीय तोरहै;
पृथिराज युद्ध न जीतहे, रणसमय रावल बीतहे.
चामुंडराय गुरु रामही, कट परही भारत कामही;
पृथिराज बंधही पावही, खट मास विपति विहावही.
नृप शाह चंद्रह तीनयं, रहे एक ठौर सुलीनयं;
गोरी सुदिल्ली आनयं, पुनि वरत हिंदुसथानयं.
तिहि दुर्ग देवल भाजयं, अति आनरत्थ स साजयं;
बरते स वरसां दोयसे, तो पीछ चकता आवसे.
हिंदवान दंड भरावही, नृप घरघरही घिय ब्यावही;
दख नाद सुंदल आवही, तिहि तखत दिल्ली न पावही.
ता पीछे टोपी आवही, बहु इल्म कलम चलावही;

नारी सुराजा बज्जसी, हिंदू तुरक सब भज्जसी.
इहि तखत दिल्लीय आवही, नृप वेरघरही सुख पावही;
वह धर्मराज जमावही, प्रतिपाल न्याय कहावही.
जब न्यायबंधन छूटसी, तब आव पेटा फूटसी;
मिलि बलक काबुल थट्टियं, तीजी सभूपत भट्टियं.
विध्वंस दिल्ली याटहं, रहि वरस खट पर नाटयं;
सीसोद दिल्ली आवही, शिर राण छत्र धरावही.
पैंतीस वरस प्रमानही, भोगवे हिंदु संथानही;
अजमेर पीर सजग्गही, पुनि तखत दिल्ली भंगही.
तुंवरस दिल्ली घेरही, पुनि आण दिल्लिय फेरही;
राठोर दिल्ली आवही, फिर धर्मनीति चलावही.

ભાવાર્થઃ--આ વખતે જે શિલા ફાટી તે એંશી હાથ લાંબી, પચ્ચીસ હાથપહોળી અને દશ હાથ જાડી હતી. તેની નીચે એક ગુફા હતી તેમાંથી રુદ્રાક્ષની માળા ધારણ કરી, હાથમાં ખડ્ગ લઇ 'શંભુ,શંભુ'એવો ઉચ્ચાર કરતો વીરભદ્ર બહાર નીકળ્યો.પૃથ્વીરાજે આગળ વધીને આ ભયંકરમુદ્રાવાળા પુરુષને પ્રણામ કર્યો; પરંતુ તે પુરુષ એક શબ્દ પણ બોલ્યો નહિ. ત્યારે સદાશિવના ભક્ત મહારાજા સમરસિંહે આગળ વધીને તેને પ્રણામ કર્યા. હવે ચંદે વીરભદ્રને કહ્યું: " ભવિષ્યમાં શું શું થશે તે મહારાજાને કહી સંભળાવવાની કૃપા કરો."ત્યારે વીરભદ્ર સર્વની સમક્ષ કહેવા લાગ્યોઃ " મેં દક્ષપ્રજાપતિના યજ્ઞનો ભંગ કરી આપણા પિતા મહાદેવજીનો ક્રોધ શાંત કર્યો. ત્યારપછી તેમની આજ્ઞા લઇને અહીંઆં નિશ્ચિત થઈ વિશ્રાંતિ લેવાને માટે આવ્યો છું. હું પ્રગાઢ નિદ્રામાં હતો; પરંતુ તમારા વિલક્ષણ કોલાહલથી મારી નિદ્રાનો ભંગ થઇ ગયો અને હું અતિ દુઃખિત થયો. મહાદેવજીએ મને એવો વર આપ્યો હતો કે જે તારી નિદ્રાનો ભંગ કરશે તેનો નાશ થશે. આથી હવે તમારો નાશ થશે. હવે મ્લેચ્છ લોકો પ્રબલ થઇને દિલ્લી જીતી લેશે. પૃથ્વીરાજનો પરાજય થશે. આ વખતે રાવલ સમરસિંહ ઘણા ઉપયોગમાં આવશે. ચામુંડરાય તથા રામગુરુ યુદ્ધમાં કપાઇ જશે. પૃથ્વીરાજ પરાજિત થઇને ૭ માસપર્યંત બંદીવાન રહેશે અને દુઃખ પામશે. શાહબુદ્દીન ઘોરી પ્રબલ થઇને હિંદુસ્થાનમાં અત્યંત ઉપદ્રવ મચાવશે અને હિંદુસ્તાનીઓના કિલ્લાઓ તથા મંદિરો છિન્નભિન્ન કરશે. આ પ્રકારે એક વર્ષપર્યંત મહા ભારે અનર્થ રહેશે. તે પછી હિંદુસ્તાનપર મુગલો આક્રમણ કરશે અને તેઓ પણ અત્યંત ઉપદ્રવ કરશે. તેઓ રાજાઓના ઘરમાં ઘુસીને તેમની કન્યાઓની સાથે વિવાહ કરશે. તે પછી દક્ષિણમાંથી કેટલાક સૈનિકો તેમને પરાજિત કરવાને માટે બહાર પડશે. આ સૈનિકોથી તેમનો કાંઇ પ્રબંધ થઇ શકશે નહિ.પછી ટોપીવાળા આવશે. તેમના રાજ્યની સ્વામિની રાણી થશે અને તે સર્વ હિંદુમુસલમાનોને વશ કરશે.તે દિલ્લીના તખ્તપર અભિષિક્ત થશે. તેના રાજ્યમાં સર્વ પ્રજાને સુખ મળશે. તે ધર્માનુસાર રાજ્ય કરીને ન્યાયપૂર્વક પ્રજાનું રક્ષણ કરશે; પરંતુ ભવિષ્યમાં જ્યારે તેનું ન્યાયબંધન તૂટી જશે ત્યારે કાબૂલ તથા બલખના શાહો તથા એક ભટ્ટીરાજા એકત્ર થઇને દિલ્લીપર પોતાનો અધિકાર સ્થાપિત કરશે.તેમનો અમલ દિલ્લીમાં ૭ વર્ષપર્યંત રહેશે. તે પછી ઉદયપુરના સીસોદિયા ચક્રવર્તી રાજા થશે.તેઓ ૩૫ વર્ષપર્યંત રાજ્ય કરશે. ત્યાર પછી અજમેરનો પીર ઉઠશે. તે પછી તુંવાર અને તુંવાર પછી રાઠોડ-વંશના રાજાઓનો અધિકાર સ્થાપન થશે અને તેઓ ધર્મનીતિ સ્થાપિત કરશે. "

વીરભદ્રની ભવિષ્યવાણી સાંભળીને પૃથ્વીરાજને અત્યંત શોક થયો. ત્યારે વીરભદ્ર કહેવા લાગ્યોઃ " હે રાજન્ ! કોઇપણ વાતનો શોક કરવો જોઇએ નહિ. આ વસુધા સદા કોઇ પાસે રહી નથી. એનાપર અધિકાર કરનારાઓની વારંવાર ફેરબદલી થયા જ કરે છે. રાજા વેન,વિશ્વંભર, સુરરાજ,હિરણ્યાક્ષાદિ

અનેક રાજાઓ થઈ ગયા છે; પરંતુ પૃથ્વી કોઇની થઇ નથી. મહાન યાજ્ઞિક બળિરાજા થયો, પરંતુ વામને તેને પાતાળમાં પહોંચાડી દીધો. તેજ પ્રમાણે માન્ધાતા અને જાલંધર રાજા થયા;પણ તેમની કેવી દશા થઇ ? સાક્ષાત્ ભગવાનના અવતાર પૃથુરાજા પણ થઇ ગયા. પરશુરામે અવતાર લઈ એકવીશ વાર ક્ષત્રિયોનો સંહાર કરી બ્રાહ્મણોને પૃથ્વીનું રાજ્ય આપ્યું. શિવભક્ત મહાબળવાન પરાક્રમી લંકાપતિ રાવણ પણ જતો રહ્યો ! દુર્યોધન કેવો બળવાન યોદ્ધો હતો ? પરંતુ તે પણ પાંડવોની સામે લડી પોતાની અષ્ટાદશ અક્ષૌહિણી સેનાસહિત માર્યો ગયો. એક કવિએ કહ્યું છે કેઃ—

**दातासों दिलीप मानधातासों महीप भयो, जाके गुण द्वीप द्वीप अजहूंलों छाये हैं;**
**बलि एसो बलवान को भयो जहान बीच, रावण समान को प्रतापी जग जाये हैं.**
**बानकी कलानमें सुजान द्रोण पारथसे, जाके गुण दीनदयाल भारतमें गाये हैं।**
**कैसे कैसे शूर रचे चातुरी विरंचि जूने फेर चकचूर कर धूरमें मिलाये हैं.**

સારાંશ એ છે કે જે વીરો રણક્ષેત્રમાં લડે છે તેમને કદિ જય મળે છે અને કદિ મોત મળેછે. ધન, દોલત, ઇષ્ટમિત્ર, સર્વ મિથ્યા છે. કેવળ કીર્તિજ સદા અમર રહે છે.” આ પ્રમાણે બોલી વીરભદ્ર અંતર્ધાન થઇ ગયો. જે શિલા તુટી ગઇ હતી, તે પુનઃ અખંડ બનીને જ્યાં હતી ત્યાં ચોંટી ગઇ. ત્યાં આગળની ભૂમિ સાફ બની ગઇ.

થોડીવાર સુધી વિશ્રાંતિ લઇને સમરસિંહે પોતાના પ્રિયમિત્ર પૃથ્વીરાજની આગળ સંગ્રામની વાત છેડી અને તેમને પૂછ્યું કેઃ “ શત્રુઓનો માર્ગ રોકવાને માટે અત્યારસુધી તમે શું ઉપાય કર્યો છે ?” પૃથ્વીરાજે કહ્યું કેઃ “ અત્યારસુધી મેં કાંઈ પણ ઉપાય કર્યો નથી; તેમજ તે સંબંધે કાંઈ વિચાર પણ કર્યો નથી અને કોઇને કાંઇ પૂછ્યું પણ નથી.” ચિતોડાધિપતિ આ વાત સાંભળી વિસ્મિત થયા અને મિષ્ટ વચનથી દિલ્લીશ્વરને તેમણે ઠપકો આપ્યો. પછી તેમણે તેમને યવનોનો પ્રતિરોધ કરવાનો કોઇ ઉત્તમ ઉપાય શોધી કાઢવાને કહ્યું. મહાકવિ ચંદે આ પ્રસંગનું વર્ણન એવા મનોવેધક પ્રકારે કર્યું છે કે પ્રત્યેક મનુષ્યનું હૃદય રાજપૂતવીરોના મહાન ચારિત્ર્યપ્રતિ આકર્ષાયા વિના રહેતું નથી.

ઉત્તમ પ્રકારે યુદ્ધની તૈયારી કરવામાં આવી. મહારાણા સમરસિંહની આજ્ઞાથી રાજપૂતોની પ્રચંડ સેના ડુંગરાળ પ્રદેશમાંથી વહેતી પ્રચંડ નદીના પ્રવાહની પેઠે દિલ્લીના દરવાજામાંથી બહાર નીકળી આગળ વધવા લાગી. હથિયારોનો ખણખણાટ, મદોન્મત્ત હાથી અને ઘોડાના ભીષણ ધ્વનિ અને રણોન્મત્ત રાજપૂતવીરોની વીરહાકથી પૃથ્વી વારંવાર કંપાયમાન થતી હતી અને કાયરના મનમાં મહાભય ઉત્પન્ન થતો હતો. કયા માર્ગથી, કયી દિશામાં અને કેવા પ્રકારે શ્રેણીબદ્ધ થઇને રાજપૂતવીરોએ આગળ વધવું તથા માર્ગમાં કયા કયાં વિશ્રામ કરવો, આવી જાતનાં સર્વ કાર્યોનો પ્રબંધ મહારાણા સમરસિંહ કરતા હતા. મહારાણા સમરસિંહની સલાહવિના મહારાજા પૃથ્વીરાજ કાંઇ પણ કાર્ય કરતા નહોતા. મહાકવિ ચંદ બારોટે સમરસિંહને રાજપૂતસેનાના યુલિસીસ કહ્યા છે. તેઓ ધીરવીર, સાહસિક અને સુચતુર હતા. વળી તેઓ ધર્મનિષ્ઠ, સત્યપ્રિય અને શુદ્ધ ચારિત્ર્યવાન હતા. શૃગાલ-વિહંગાદિની બોલી તથા ઇતર લક્ષણો જોઇને કોઇ જ્યોતિષી તેમના જેવી ઉત્તમ રીતે ભવિષ્ય ભાખી શકતો નહોતો. સમરસિંહના આ અનુપમ ગુણોને લીધે ગિહલોત, ચૌહાણ વગેરે કુલના સર્વ સૈનિકો તથા સામંતો તેમનાપર અત્યંત શ્રદ્ધા રાખતા હતા. સાયંકાળે જ્યારે યુદ્ધની સમાપ્તિ થતી, ત્યારે રાજપૂતસૈનિકો તથા સામંતો તેમના શિબિરમાં તેમને મળવાને જતા. તેઓ તેમની સાથે સ્નેહ તથા આદરસહિત સંભાષણ કરતા અને અનેક પ્રકારની નીતિનો બોધ આપતા. આ મનોહર બોધ તથા વક્તૃત્વ સાંભળીને સર્વ રાજપૂતગણોને પરમ આનંદ પ્રાપ્ત થતો. મહાકવિ ચંદે મુક્તકંઠે સ્વીકાર્યું છે કેઃ “ મારા મહાકાવ્યમાં જેટલી રાજનીતિ છે તેનો અધિક ભાગ મેં મહારાણા સમરસિંહના ઉપદેશથી લખ્યો છે. વળી ધર્મનીતિ, રાજનીતિ, સમાજનીતિ, મંત્રીકર્મ,દૂતકર્મ, રાજપૂતધર્મ, સુંદર ઉપાખ્યાન તથા રૂપકાલંકાર જે જે મારા કાવ્યમાં ઉપલબ્ધ થાય છે તે સર્વના વક્તા ચિતોડાધિપતિ સમરસિંહ છે.”

પુણ્યભૂમિ બ્રહ્માવર્તના મેદાનમાં વહેતી પવિત્ર જલમયી દૃષદ્વતી (હાલમાં આ નદીને કગ્ગર કહેવામાં આવે છે ) ના તટપર ક્ષત્રિયો અને યવનો વચ્ચે ઘોર સંગ્રામ થયો. આ સંગ્રામ સતત ત્રણ દિવસ સુધી ચાલ્યો. પ્રથમના બે દિવસપર્યંત તો કોઈ પણ પક્ષને જયકે પરાજય મળવાનાં ચિન્હો દૃષ્ટિગોચર

થયાં નહિ. ભારતવર્ષની પૂર્વદિશામાં ત્રીજે દિવસે બાલસૂર્ય ઉદિત થયો. રાજપૂતગણ દૃષદ્વતીના પવિત્ર જળમાં સ્નાન કરી પ્રાતઃકર્મો .સમાપ્ત કરવા લાગ્યા.ભગવાન સૂર્યનારાયણ ભારતનું ગૌરવ છેલ્લીવારને માટે જોઈ લેવાને ધીમે ધીમે ઉદયાચલપર વિરાજમાન થયા. આ તરફ મહારાજા પૃથ્વીરાજ પોતાની પ્રિય પત્ની સંયુક્તાની પાસે ઉભા રહી વિદાય માગવા લાગ્યા.

મહારાણી સંયુક્તા પોતાના પ્રાણનાથને પોતાના હાથથી સમજાવવા લાગી. તેણે તેમને બખ્તર પહેરાવીને કમ્મરમાં ખડગ બાંધી દીધું. એટલામાં રણમાં વાગતાં વાજાંનો નાદ ગગનમંડલને વિદીર્ણ કરવા લાગ્યો. આ ગંભીર નાદ હજી આકાશમાં પહોંચ્યો ન પહોંચ્યો એટલામાં રાજપૂતવીરોએ સિંહનાદ કરી તેનો પ્રત્યુત્તર આપ્યો.

મહારાજા પૃથ્વીરાજ વિસ્મિત થયા. વિશ્વાસઘાતી યવનો પ્રાતઃકાળમાંજ રણવાદ્યો વગાડશે એમ તેમણે ધાર્યું નહોતું. રણવાદ્યનો અવાજ સાંભળી તેઓ તરતજ રણાંગણમાં પહોંચ્યા.આ અંતિમ યુદ્ધમાં ભારતના ગૌરવના આ અંતિમ પ્રસંગે આર્યાવર્તના અનુપમ વીર મહારાજા સમરસિંહ[1] તથા તેમના પુત્ર કલ્યાણસિંહ મરણ પામ્યા. આ યુદ્ધમાં તેમણે મહાન પરાક્રમ દર્શાવી શત્રુની પુષ્કળ સેનાનો સંહાર કર્યો હતો. તેઓ અલૌકિક સ્વદેશપ્રેમ અને અદ્ભુત વીરતાનાં જ્વલંત ઉદાહરણો બતાવી ગયા હતા. તેમની સાથે ૧૩૦૦૦ રાજપૂત સૈનિકો તથા સામંતો સમરભૂમિમાં ચિરનિદ્રામાં સૂતા. તે દિવસે દૃષદ્વતીના રુધિરમય જળમાં ભારતવર્ષનો ગૌરવસૂર્ય સદાને માટે ડૂબી ગયો અને ભારતવર્ષની સર્વ આશા નષ્ટ થઈ ગઈ. વીરશિરોમણિ સમરસિંહની પતિવ્રતા પત્ની પૃથાએ જ્યારે એવા ભયંકર વર્તમાન સાંભળ્યા કે વીરરત્ન સમરસિંહ ક્રૂર યવનોના કપટભોગ થઇ પડયા છે, પ્રિયભ્રાતા પૃથ્વીરાજ લોહાના જંજીરથી બદ્ધ થઇને કારાગૃહમાં પડયા છે અને ભારતની આશાસ્વરૂપ રાજપૂતવીરો દૃષદ્વતીના કિનારા-

---

૧ ઉદયપુરના કવિરાજ શ્યામલદાસજીએ :પૃથ્વીરાજરાસાની વિરુદ્ધ એક નાનું સરખું પુસ્તક છપાવ્યું હતું. આ પુસ્તકમાં એવો ઉલ્લેખ છે કે ચિતોડના રાવળ સમરસિંહ પૃથ્વીરાજના સમયમાં થયા નહોતા; પરંતુ તેઓ તેમનાથી પ્રાયઃ સો વર્ષ પછી થયા હતા. જો આ ઉલ્લેખને સત્ય માનવામાં આવે તો તેમને પૃથ્વીરાજના બનેવી પણ માની શકાય નહિ અને તેઓ પૃથ્વીરાજની સાથે શાહબુદ્દીન ઘોરીની સામે સંગ્રામ કરવા ગયા હતા એમ પણ માની શકાય નહિ; પરંતુ મથુરાના પંડિત મોહનવિષ્ણુપંડ્યાજી (જેઓ મેવાડ રાજ્યની કાઉન્સીલના સેક્રેટરી હતા ) એ તેમના પુસ્તકની વિરુદ્ધ એક ગ્રંથ છપાવ્યો છે અને તેમાં લખ્યું છે કેઃ "રાજસમંદપર એક મોટો શિલાલેખ છે. આ શિલાલેખ સંવત ૧૭૨૨ ના માઘ સુદી પૂર્ણિમાને દિવસે કોતરવામાં આવ્યો હતો. આ શિલાલેખમાં નિમ્નલિખિત શ્લોક છેઃ-

> तत: समरसिंहाख्यः पृथ्वीराजस्य भूपतेः ।
> पृथाख्याया भगिन्यास्तु पतिरित्यातिहार्दतः ॥ २४ ॥
> गोरीशाहबुद्दीनेन गज्जनीशेन संगरम् ।
> कुर्वतोऽखर्वगर्वस्य महासामंतशोभिनः ॥ २५ ॥
> दिल्लीश्वरस्य चौहाननाथस्यास्य सहायकृत् ।
> स द्वादशसहस्रैः स्वैर्वीराणां सहितो रणे ॥ २६ ॥

(અર્થ) સમરસિંહ ભૂપતિ પૃથ્વીરાજની ભગિની પૃથાના પતિ હોવાથી તેમણે અતિ પ્રેમપૂર્વક ૧૨૦૦૦ વીરોની સાથે જઈ ચૌહાણનાથ (પૃથ્વીરાજ) દિલ્હીના અધિપતિ કે જેઓ મોટા મોટા સામંતોથી સુશોભિત હતા તેમને ગિજનીના પાદશાહ શાહબુદ્દીન ઘોરીની સામે યુદ્ધ કરવામાં સહાય કરી.

ભીખારાસામાં એવો ઉલ્લેખ છે કે સમરસિંહ પૃથ્વીરાજના સમયમાં વિદ્યમાન હતા. તેમણે અંતિમ ચૌહાણ રાજેશ્વર પૃથ્વીરાજની ભગિની સાથે વિવાહ કર્યો હતો અને શાહાબુદ્દીનઘોરીની સાથે કરેલા યુદ્ધમાં પોતાના સાળાને સહાય કરી હતી **बद्धवा गौरिपतिं दैवात् स्वर्यांतः सूर्यबिंबमित् ॥ २७ ॥ भीखारासा पुस्तकेऽस्य युद्धस्योक्तस्तु विस्तरः** સમરસિંહ વિષે પ્રકાશ નાખનારો આ શ્લોક એક હસ્ત લિખિત પુસ્તકમાં હતો. એને પંડિત મોહનલાલ પંડ્યાજીએ હાડૌતી અને ટોંકના એજન્ટના અનુરોધથી પ્રાપ્ત કર્યો હતો. સર જૉન મિયરે આ ગ્રંથ ઝાલાવાડના ભાટ પાસેથી ૧૫ રૂપિએ ખરીદ્યો હતો.

પરના સમરક્ષેત્રમાં સદાને માટે સૂતા છે, ત્યારે તેમણે જરા પણ વિલંબ કર્યા વિના ચિતાગ્નિમાં પોતાનું શરીર સમર્પણ કર્યું.તેમનાં આપ્તોએ અને નાગરિકોએ તેમને પતિની પાછળ આ લોકનો ત્યાગ ન કરવાને માટે બહુએ સમજાવ્યાં; પરંતુ તેમણે તેમની એક પણ વાતપર લક્ષ આપ્યું નહિ.

જેના પવિત્ર તટપર બેસીને ભારતભૂષણ આર્યમહર્ષિગણ પોતાના સુધામય સામગાનથી દેવતા લોકોને પ્રસન્ન કરતા હતા અને જેના જલતરંગો તેમના વેદગાન સાંભળીને આનંદથી ઉછાળા મારતા હતા, તે દૃષદ્વતીની આસપાસની પુણ્યભૂમિ આજે ભયંકર શ્મશાનવત્ બની ગઈ છે. તે ભૂમિ ઉપર આજે અગણિત શૃગાલો અને શ્વાનો ભયંકર તથા ઉચ્ચ સ્વરે શોકધ્વનિ કરી રહ્યાં છે. તે ભૂમિનું સ્વચ્છ હૃદય આજે નરરુધિરથી ખરડાઇ ગયું છે. આ ભયંકર રણાંગણમાં વિજેતા મુસલમાનો પિશાચની પેઠે હાથ પ્રસારી આર્યવીરોનાં મૃત શરીરોપરથી વસ્ત્રાભૂષણો હરવા લાગ્યા. આ પિશાચોની તીવ્ર ગતિને રોકનાર ત્યાં કોણ હતું? સ્વદેશપ્રેમના પવિત્ર મંત્રથી પ્રેરિત થઇ હસ્તમાં ખડ્ગ ધારણ કરી ત્યાંથી. તેમને હઠાવનાર કોણ હતું? કોઇ નહિ. સમસ્ત જગત કર્કશ સ્વરે કહેવા લાગ્યું: "કોઇ નહિ." ભારતની રાજ્યલક્ષ્મી યવનોની જંજીરમાં જકડાઇને 'હાય! હાય!' કરતી બોલી: "કોઇ નહિ." ભારતભૂમિ આજે અનાથ અપુત્ર બની મુસલમાનોના પંજામાં સપડાઇ.

આ ભયંકર શ્મશાનભૂમિની ભયંકરતામાં વૃદ્ધિ કરતો તથા રણાંગણમાં પડેલા રાજપૂતવીરોનાં કપાઇ ગયેલાં મસ્તકોને ઠોકરથી ઉરાડતો શાહબુદ્દીન દિલ્લી તરફ ચાલ્યો. દિલ્લીનું સંરક્ષણ કરતાં વીર. શિરોમણિ પૃથ્વીરાજનો પરાક્રમી કુંવર રણસિંહ રણમાં પડ્યો. તેના શોચનીય મૃત્યુથી દિલ્લી અનાથ બની. યવન લોકોએ રક્ષકહીન શ્મશાનસદૃશ દિલ્લીનગરમાં પ્રવેશ કરી મહારાજા યુધિષ્ઠિરનું પવિત્ર સિંહાસન પોતાના તાબામાં લીધું. ક્ષત્રિયકુલકલંક કાયર જયચંદને પણ હવે તેના વિશ્વાસઘાતનું તથા દેશદ્રોહનું યથોચિત ફળ મળ્યું. મુસલમાનોએ જ્યારે તેના કનોજનગરને પોતાના અધિકારમાં લીધું ત્યારે તે દુષ્ટ નાવમાં બેસીને ગંગા નદીના જળમાર્ગે નાસી જવાનો પ્રયત્ન કરતો હતો; પરંતુ એટલામાં તે નાવ ડુબી ગઈ અને તેની સાથે દુષ્ટ જયચંદ પણ ડુબી મુઓ. કેવો આ દૈવી પ્રકોપ? કેવું આ સ્વદેશદ્રોહનું ફળ? હિંદુદ્વેષી મુસલમાનોએ ભારતવર્ષનું સત્યાનાશ વાળવાનો જે પ્રારંભ કર્યો, તેનું વૃત્તાંત ઇતિહાસપટપર ભારતસંતાનોના રુધિરથી લખાઇ રહ્યું છે.

કારાગૃહમાં પડયા પછી મહારાજા પૃથ્વીરાજનું શું થયું? આ સંબંધે બે મત છે. કર્નલ ટૉડ જણાવે છે કે: "શત્રુઓએ પૃથ્વીરાજને પકડીને મારી નાખ્યા અને તેની પ્રિય પત્ની સંયુક્તા તેમની પાછળ સતી થઇ." રાજા શિવપ્રસાદ બનારસી પણ આ વાત માને છે. બીજો મત એવો છેકે માત્ર પૃથ્વીરાજને કેદ કરવામાં આવ્યા હતા, તેમને તત્કાળ મારી નાખવામાં આવ્યા નહોતા.તેમના ગળામાં સો મણની સાંકળ તથા તેમના હાથપગમાં બેડી નાખીને તેમને ગિઝનીના કારાગૃહમાં રાખવામાં આવ્યા હતા; અને તેજ સ્થળે શાહબુદ્દીન, કવિ ચંદ તથા રાજા પૃથ્વીરાજનાં મૃત્યુ એકસાથે થયાં. એમ કહેવાય છે કે જે સમયે યુદ્ધ ચાલતું હતું તે સમયે ચંદ બરદાયી દેવીના મંદિરમાં ગયા અને ત્યાં 'રાસા' ગ્રંથ સંપૂર્ણ કર્યો. પછી તેમણે મંદિરની બહાર આવી જોયું તો સમસ્ત દિલ્લી ઉજ્જડ જણાયું અને તેમના સાંભળવામાં આવ્યું કે યવનો મહારાજા પૃથ્વીરાજને કેદ કરીને ગિઝની લઇ ગયા છે. ચંદે વિચાર કર્યો કે કોઇ પણ ઉપાયથી રાજાને અવશ્ય છોડાવવાજ જોઇએ. પછી તેમણે ગિઝની જઇ અત્યંત ચતુરાઇથી પાદશાહની પાસેથી રાજા પૃથ્વીરાજને મળવાની રજા મેળવી લીધી. પૃથ્વીરાજને કારાગૃહમાં જોતાંવેંત તેમને જણાયું કે દુષ્ટ યવનોએ રાજાની બન્ને આંખો ફોડી તેમને અંધ બનાવ્યા છે અને તેમના ગળામાં સો મણની સાંકળ પડી છે. આ દૃશ્ય જોઇ ચંદને અત્યંત દુઃખ થયું. પોતાને મળવાને કવિવર ચંદ આવ્યા છે, એ વાત જ્યારે પૃથ્વીરાજના જાણવામાં આવી ત્યારે તેમને અવર્ણનીય આનંદ થયો. સાંકળના બોજાથી અને અંધ થયાથી પૃથ્વીરાજ અત્યંત દીન થઇ ગયા હતા; પરંતુ ચંદ તેમની નિકટ ગયા એટલે તેમનામાં અત્યંત ઉત્સાહ આવ્યો અને તેઓ સર્વ દુઃખ તથા વિપત્તિઓને ભૂલી જઇને અતિ પ્રેમથી પોતાના પરમ સ્નેહીને મળ્યા. પછી બેઉ સુખદુઃખની વાત કરવા લાગ્યા. શાહબુદ્દીનના જાસુસે આ સર્વ સમાચાર પાદશાહને કહ્યા. જ્યારે શાહબુદ્દીને જાણ્યું કે સો મણની સાંકળને ગણકાર્યાવિના પૃથ્વીરાજ ચંદને ભેટયો,ત્યારે તેણેવિશેષ વજનદાર સાંકળ તેના ગળામાં

નાખવાની આજ્ઞા કરી;પરંતુ ચંદે પાદશાહ પાસે જઈ પ્રાર્થના કરી કે: "દષ્ટિહીન થયાથી રાજા કાંઇ કરી શકે એમ નથી. હવે એને અધિક પીડા આપવી એ આપના જેવા વીરનું ભૂષણ નથી." આ પ્રકારની ઉત્તમ અને મધુર વાણી સાંભળીને પાદશાહે દોઢસો મણની બેડી નાખવાનો વિચાર માંડી વાળ્યો.તેપછી ચંદે પાદશાહને કહ્યું: "હું રાજાને દુઃખમાં આરામ આપવાને અહીંઆં આવ્યો છું; પરંતુ ચક્ષુરહિત બન્યાથી રાજા સર્વથા દીનહીન બની ગયો છે અને ભારે વજનની બેડીઓએ તેના દુઃખમાં અત્યંત વધારો કર્યો છે; માટે આપ કૃપા કરી રાજાને કારાગૃહમાંથી મુકત કરો અને તેની પાસેથી મોટા મોટા ચમત્કાર શીખો. રાજા અત્યંત ગુણવાન છે. એ શબ્દવેધ કરી જાણતો હોવાથી ઉત્તમ પ્રકારે શરસંધાન કરી શકે છે. એ અંધ થઇ ગયો છે તે છતાં પણ સો સો મણના એક ઉપર એક મૂકેલા સાત તવાનો એ અવશ્ય વેધ કરશે. આ અદ્ભુત ચમત્કાર શીખવાયોગ્ય છે." શાહબુદ્દીને આ ચમત્કાર જોવાની પોતાની ઇચ્છા જ્યારે પ્રદર્શિત કરી ત્યારે ચંદે તેને કહ્યું: "હમણાં પૃથ્વીરાજ અશકત થઇ ગયો છે,માટે એના હાથપગની બેડી કઢાવી નખાવીને એને પુષ્ટિકારક ખોરાક આપતા જાઓ તો એ ઉત્તમ રીતે પોતાના ચમત્કાર બતાવી શકશે." ચંદનાં આ વચનો શાહબુદ્દીનને ગળે ઉતર્યાં અને તેણે તેના કહ્યા પ્રમાણે પૃથ્વીરાજની બેડી કઢાવી નખાવી અને તેમને પુષ્ટિકારક ભોજન આપવાની આજ્ઞા કરી. ઉત્તમ ભોજન મળવાને લીધે પૃથ્વીરાજ શીઘ્ર પૂર્વવત્ સામર્થ્યવાન થઇ ગયા.તે પછી ચમત્કારબતાવવાને માટે દિવસ મુકરર કરવામાં આવ્યો. નિયત કરેલા દિવસે પૃથ્વીરાજના હાથમાં ધનુષ્યબાણ આપવામાં આવ્યાં અને સર્વ પ્રકારની તૈયારીઓ કરવામાં આવી. રાજા પૃથ્વીરાજે ધનુષ્ય હાથમાં લઇને બાણ ચઢાવી ખેંચ્યું કે તરતજ તે તૂટી ગયું.તરતજ તેમને બીજું ધનુષ્ય આપવામાં આવ્યું; તે પણ તૂટી ગયું; આ પ્રકારે સાત આઠ ધનુષ્યો તૂટી ગયાં. પછી શાહબુદ્દીને સ્વયં ખાસ હુકમ કરીને ખુદ પૃથ્વીરાજનું પ્રચંડ ધનુષ્ય મંગાવ્યું.આ ધનુષ્ય તાતારખાં લાવ્યો હતો અને તેને ગિઝનીના શસ્ત્રભંડારમાં રાખવામાં આવ્યું હતું.આ વખતે પૃથ્વીરાજને અગાઉની પેઠે હાથપગમાં ૧૦૦ મણની બેડીઓ પહેરાવી હતી. આ વેધકાર્ય સર્વ જનોને માટે ખુલ્લું હતું. સર્વને તે જોવાને આમંત્રણ કરવામાં આવ્યું હતું. તે જોવાને માટે દરબારમાં પુષ્કળ ભીડ થઈ હતી. શાહબુદ્દીન એક સુશોભિત ઉચ્ચ આસનપર બેઠો હતો. એક બાજુ સાત તવા એક ઉપર એક એ પ્રમાણે મૂકવામાં આવ્યા.એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે શાહબુદ્દીને તવાપર કાંકરો મારી અવાજ કરવો અને " શાબાશ, શાબાશ " કહીને પૃથ્વીરાજને ઉત્સાહ આપવો અને પૃથ્વીરાજે શરસંધાન કરીને તે તવાનો વેધ કરવો. પૃથ્વીરાજના હાથપગમાં જંજીરો નાખીને તેમને સભામાં આણવામાં આવ્યા.તેમની જમણી બાજુએ કવિશ્રેષ્ઠ ચંદ ઉભા રહ્યા.તેમની આસપાસ શાહબુદ્દીનના પહેરેગીરો શસ્ત્રસજ્જિત થઇને ઉભા હતા. શરસંધાન કર્યા પૂર્વે કવિ ચંદે મહારાજા પૃથ્વીરાજને પોતાની માતૃભાષામાં નીચે પ્રમાણેનાં કાવ્યોથી ઉત્તેજિત કર્યા:-

**दोहा**

**चार वंश चौवीस गज, अंगुल अष्ट प्रमान;**<br>
**एते पर सुलतान है, मत चूके चहुआन.**

આ ઉપરાંત તેમણે કહ્યું:—

**इही बाण चहुआन, राम रावण उत्थप्यो;**<br>
**इही बाण चहुआन, कर्ण शिर अर्जुन काटयो.**<br>
**इही बाण चहुआन, शंभु त्रिपुरासुर संघ्यो;**<br>
**इही बाण चहुआन, अमर लछमन कर वेध्यो.**<br>
**सो बाण आज तो कर चढयो, चढे विरद सांचो चवे;**<br>
**चहुआन राज संभर धनी, मत चूके मोटे तवे.**

ચંદની કવિતાનો ભાવાર્થ મહારાજા પૃથ્વીરાજ તત્કાળ સમજી ગયા. જ્યાં શાહબુદ્દીને તવાપર કાંકરો મારીને અત્યંત ઉત્સાહથી પોતાના આસનપરથી લાંબું ડોકું કરી " શાબાશ, શાબાશ " ના ધ્વનિથી

પૃથ્વીરાજને ઉત્તેજિત કર્યા કે તરતજ પૃથ્વીરાજે તે શબ્દ જે દિશામાંથી આવતો હતો તે દિશામાં શર ફેંકી શાહબુદ્દીનનું મસ્તક વીંધી નાખ્યું. પાદશાહ તરતજ અચેત થઇ પોતાના આસનપરથી તૂટી પડયો અને તત્કાળ મરણ પામ્યો.

પાદશાહનું મૃત્યુ થતાં આખા દરબારમાં હાહાકાર થઇ ગયો. શાહબુદ્દીનના સિપાઇઓ તરતજ પૃથ્વીરાજપર ચઢી આવ્યા. ચંદ અને પૃથ્વીરાજ એ ઉભયે અગાઉથીજ વિચાર કરી રાખ્યો હતો કે: ' મ્લેચ્છોના હાથથી મરવાથી આપણને સદ્દગતિ મળનાર નથી, માટે એમના હાથથી મરવું નહિ.' મહારાજા પૃથ્વીરાજનું ખડ્ગ ચંદના મસ્તકપર અને ચંદનું ખડ્ગ પૃથ્વીરાજના મસ્તકપર આ પ્રમાણે ઉભય ખડ્ગો એકસાથે પડયાં. આ પ્રકારે ભારતના આ ઉભય મહાવીર એક સાથે મૃત્યુ પામ્યા.

આ રીતે આ નાટકનો છેલ્લો અંક સમાપ્ત થયો. કર્નલ ટૉડના ઇતિહાસમાં અને અન્ય ઇતિહાસોમાં જે ભેદ છે તે ઉપર જણાવવામાં આવ્યો છે. આ ભેદનાં કારણ એ છે. કર્નલ ટૉડનો ઇતિહાસ અધિકાંશે મુસલમાની તવારિખની સહાયથી બનાવવામાં આવ્યો છે. એમ જણાય છે કે મુસલમાનોએ ઉપલું ઐતિહાસિક વૃત્તાંત પોતાના જાતિબંધુનું અપમાન થયેલું ગણાશે, એમ ધારી છુપાવ્યું છે. ભટ્ટલોકોના ગ્રંથોમાં એ ઐતિહાસિક વૃત્તાંત ઉપલબ્ધ થાય છે અને જયપુરમાં આ વૃત્તાંતનાં ચિત્રો પણ આલેખવામાં આવે છે. અમે ઉભયપક્ષના મતો પાઠકની સન્મુખ સાદર કર્યા છે, સત્યાસત્યનો નિર્ણય કરવાનું પાઠકોને સોંપીએ છીએ.

યવનલોકોએ ભારતવર્ષનાં સુશોભિત નગરો, ગામો અને મંદિરોનો નાશ કર્યો અને હિંદનું ધન લૂંટી લીધું-ભારતસંતાનોનાં હૃદયનું રક્ત ચૂસી લીધું. સમસ્ત ભારતવર્ષ એક વિસ્તૃત શ્મશાન બની ગયું. પ્રત્યેક ઘરમાં વિપત્તિરૂપી પિશાચિની પ્રવેશી સૌને ભયભીત કરવા લાગી. જે પવિત્ર વસ્તુઓને મુસલમાનો સ્પર્શ પણ કરી શકતા નહોતા, તે વસ્તુઓને તોડી ફોડીને હવે તેઓ ઠોકરથી ઉરાડવા લાગ્યા. જે સુંદર વસ્તુઓ ભારતવર્ષનાં શિલ્પીકામના આદર્શસમાન ગણાતી હતી, તે સર્વનો કઠોરહૃદયી મુસલમાનોએ ધ્વંસ કરી નાખ્યો. જાણે ભારતનો પ્રલયકાળ પાસે આવી પહોંચ્યો છે કે શું ? એવો ભાસ થવા લાગ્યો; પરંતુ આ ભયંકર પ્રલયકાળના કઠોર અત્યાચાર સહન કરીને પણ રાજપૂતો પોતાનું જાતીય જીવન ટકાવી શકયા અને યોગ્ય સમય આવતાં અત્યાચારીઓને તેમના અત્યાચારનો બદલો તેઓએ સારી રીતે આપ્યો. રાજપૂતોનું અપૂર્વ તેજ કોઇ પણ પ્રકારે નષ્ટ થયું નહિ. જો કે આજે તેઓ અત્યંત તેજહીન થઇ ગયા છે, તોપણ કોણ કહે છે કે તેઓ કાલે બમણા તેજથી પ્રકાશિત નહિ થાય? પાશ્ચાત્ય લોકોની વીરતા અને સ્વાધીનતાની લીલાભૂમિ રોમ તથા ગ્રીસ પતિત થયાં હતાં;પરંતુ તેનું જાતીય જીવન નષ્ટ થયું નહોતું;તેથીજ તે ઉભય આજે પુન: ઉન્નત થયાં છે, તો શું વીરતા, સત્યતા અને સ્વાધીનતાની આદ્યજનની ભારતભૂમિ પુનઃ ઉન્નત નહિ થશે ? શું આ એક સ્વપ્ન છે ? શું આ ઉન્માદપ્રલાપ છે ?

હવે મૂળ વિષયપર આવીએ. હાથમાં ધનુષ્યબાણ ગ્રહણ કરી, બેડી પ્હેરીને મહારાજા પૃથ્વીરાજ યવનદરબારની વચ્ચે ઉભા છે. શાહબુદ્દીન ઘોરીએ તેમને અંધ બનાવી દીધા છે. મહારાજાની સામે હાથમાં ભાલો લઇને કવિવર ચંદ વિરાજમાન છે. પૃથ્વીરાજની સામે તેમના ડાબા હાથ તરફ લોહના સાત તવા ટાંગવામાં આવ્યા હતા. તેને બાણ મારીને તેનો વેધ કરવાનો હતો. પૃથ્વીરાજની સામે ઉચ્ચ સ્થાનપર શાહબુદ્દીન ઘોરી પોતાના દરબારીઓની સાથે બેઠો હતો. પૃથ્વીરાજનું બાણ શાહબુદ્દીનના મસ્તકપર લાગ્યું અને તેથી તે પોતાના આસનપરથી નીચે તૂટી પડયો અને પૃથ્વીરાજચૌહાણ અને કવિવર ચંદ એકબીજાને ખડ્ગ મારી શત્રુઓથી મુકત થયા. અહિં સુધીનું વર્ણન ઉપર આવીગયું. રાજપૂતો સ્વભાવથીજ તેજસ્વી હોય છે. તેમનાં હૃદય ધીરતા, ગંભીરતા ઇત્યાદિ ગુણોથી વિભૂષિત હોય છે. આજ કારણથી તેઓ ભીષણ અત્યાચાર સહન કરીને પણ શત્રુપર વૈર વાળવાનો અવસર શોધ્યા કરે છે. રાજપૂતોએ કદિ પ્રચંડ ઉદ્યોગ અને ભીષણ વીરતાથી શત્રુકુલનો સંહાર કર્યો છે અને કદિ નિરુપાય અને નિરાશ્રિત બની ધૈર્યથી ભીષણ અત્યાચાર પણ સહન કર્યા છે. તેમની વીરતાથી મુસલમાનોનાં સેંકડો પાટનગરો નાશ પામ્યાં હતાં અને અસંખ્ય મુસલમાનોના વંશો છેક નિર્મૂળ થઇ ગયા હતા; તથાપિ તે સ્થાને પુનઃ નવાં રાજ્યો સ્થાપિત થઇ ગયાં હતાં. વિશેષતઃ મુસલમાનનૃપતિઓ અત્યંત

અત્યાચારી થયા હતા. તેમાંના સર્વ જણે હિંદુઓ સાથે વૈરભાવ રાખ્યો હતો. તેમની ધર્માંધતા અને લોભવૃત્તિને લીધે તેમનાં હૃદય અધિકાધિક કઠોર બનતાં ગયાં. લોભવૃત્તિનાં કુટિલ નેત્રો પાપપુણ્ય, ધર્માધર્મ અને ન્યાયાન્યાય કાંઇ જોઇ શકતાં નથી. નરહત્યાને તેઓ પવિત્ર કાર્ય માનતા હતા અને પરધન તથા પરદારાહરણને ન્યાયી કાર્ય માનતા હતા. આ ભયંકર દુર્નીતિને અનુસરી તેમણે ભારતવર્ષના પવિત્ર હૃદયપર જે જે ભયંકર ઉત્પાત કર્યાં હતા, તેના સર્વસંહારક પ્રભાવથી હિંદુરાજ્યો અને હિંદુરાજવંશો કાળના અનંતસાગરમાં કોણ જાણે કયાં ડૂબી ગયાં છે ? આજે તેમનાં નામો પણ સાંભળવામાં આવતાં નથી ! !

પૃથ્વીપર એવી કયી જાતિ છે કે જે વીરતા, ધીરતા, મહાનતા અને સહનશીલતામાં રાજપૂતોની બરાબરી કરી શકે ? બીજી એવી કયી જાતિ છે કે જેણે સેંકડો વર્ષોપર્યંત દાસત્વમાં રહી, અનેક અત્યાચારો સહન કરી પોતાના પૂર્વજોની તેજસ્વિતા, સભ્યતા તથા આચારવ્યવહારની યથાર્થ રક્ષા. કરી હોય ? જો કે સાધારણ રીતે રાજપૂતોનો સ્વભાવ ઉગ્ર અને નીડર હોય છે તોપણ તેઓ અગત્ય જણાય તો સહનશીલતા ધારણ કરી અત્યાચાર સહન કરે છે અને વૈર લેવાને માટે યોગ્ય સંધિ શોધ્યા કરે છે. નરહત્યા અને જગતનો સંહાર કરવાની ધાર્મિક છૂટ માનનાર પાષાણ–હૃદયી વિજેતાઓ જે પ્રકારના અત્યાચાર કરી શકે છે તે અત્યાચારને રક્તમાંસનું બનેલું મનુષ્યનું હૃદય ક્યાંસુધી સહન કરી શકે છે, તે જાણવું હોય તેણે રાજસ્થાનનો ઇતિહાસ જોવો. આ વિશાળ પૃથ્વીપર રાજસ્થાનજ માત્ર એક એવો દેશ છે કે જ્યાંના લોકોએ એવા ભયંકરમાં ભયંકર અત્યાચારો સહન કર્યા છે. એ અત્યાચારોથી રાજસ્થાનનાં અનેક નગરો તથા અનેક ગામો સર્વથા શ્મશાનતુલ્ય બની ગયાં છે, અને અનેક રાજપૂતકુલોનાં નામનિશાન સુદ્ધાં લુપ્ત થયાં છે;છતાં રાજપૂતોએ પોતાનાં જાતીયજીવનનું રક્ષણ કર્યું છે. અનેક અત્યાચારો સહન કર્યા છતાં પણ તેમણે સ્થિતિસ્થાપક પદાર્થની પેઠે પોતાનું સ્વત્વ જાળવી રાખ્યું છે. વિઘ્ન, વિપત્તિ અને અત્યાચારરૂપી શિલા સાથે તેમનું સાહસરૂપી શસ્ત્ર ઘસાવાથી તેની ધાર ઉલટી અધિકજ તીક્ષ્ણ થઈ છે. રોમન લોકોના એકજ આઘાતથી પ્રાચીન બ્રિટનો ઘોર અવનતિને પ્રાપ્ત થયા હતા. ત્યારે એ દારુણ અવનતિમાંથી નીકળીને ઉન્નતિ પ્રાપ્ત કરવાને માટે તથા રોમન લોકોના ભયંકર પંજામાંથી પોતાના પ્રાચીન ધર્મનું તથા પોતાની પ્રાચીન નીતિરીતિનું સંરક્ષણ કરવાને માટે તેમણે ભીષણ પરિશ્રમ કર્યો હતો; પરંતુ તેમનો તે પરિશ્રમ સર્વથા નિષ્ફળ થયો હતો. રોમન લોકોની સત્તારૂપી બેડીમાંથી તેઓ મુક્ત થાય એટલામાંજ તેમને સૅક્સન લોકોએ પરાધીનતાની બેડી પહેરાવી દીધી હતી અને તે પછી દીનામાર લોકોએ આવી તેમનાં બદ્ધશરીરને વધારે જકડી લીધાં હતાં. વળી જેતા અને પરાજિત લોકોના સંયોગથી જે કેટલીક સંકર જાતિઓ ઉત્પન્ન થઈ હતી તે સર્વને બળવાન નૉર્મન લોકોએ દેશની બહાર હાંકી કાઢી હતી.આ પ્રમાણે માત્ર એકજ યુદ્ધમાં તેમનું અધઃપતન થઈ ગયું. તેઓને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા તેથી તેઓ બીજા દેશોમાં જઇ વસ્યા અને તેમની રીતિનીતિ તથા ધર્મ તેમના જેતાની નીતિરીતિ તથા ધર્મમાં લય પામ્યાં; પરંતુ આર્યવીર રાજપૂતોની સાથે તેમની તુલના કરી જોશો તો તેઓ કોઇ પણ પ્રકારે રાજપૂતોની બરાબરી કરી શકતા નથી., એમ તમને જણાશે. રાજપૂતો પોતાનાં રાજ્યોથી છૂટા પડી ગયા છે અને તે રાજ્યો રાજપૂતાનાના નકશામાંથી સદાને માટે નીકળી ગયાં છે; તથાપિ તેમણે પોતાના પૂર્વજોનો ધર્મ તથા આચારવિચારનો તલભાર પણ ત્યાગ કર્યો નથી.

જાતિવૈર તથા સ્વદેશદ્રોહનું વિષમય ફળ કનોજના ગર્વિત રાઠોડોને તથા અણહિલવાડના ચૌલુક્યોને પણ ભોગવવું પડ્યું છે. આજે તેમનાં નામજ માત્ર શેષ રહ્યાં છે. માત્ર એકલા મેવાડેજ અતુલ પરાક્રમ અને પવિત્રધર્મના અટલ દુર્ગમાં રહી સેંકડો ઉપદ્રવો સહન કર્યા છે, પોતાનું સંરક્ષણ કર્યું છે અને પોતાનું પ્રાચીન ગૌરવ ટકાવી રાખ્યું છે. મહાપુણ્યના બળથી આજપર્યંત મેવાડ દૃઢતાપૂર્વક વિરાજમાન રહ્યું છે. જે દિવસે આર્યવીર સમરકેસરી મહારાજા સમરસિંહે સ્વદેશભક્તિના સ્વર્ગીય મંત્રને સિદ્ધ કરવાને માટે સંગ્રામભૂમિમાં પ્રાણાર્પણ કર્યું, તે દિવસથી આજપર્યંત તેમના વંશજો પોતાનાં કુલગૌરવ, ધર્મ તથા સ્વાધીનતાના[૧] સંરક્ષણને માટે પોતાના હૃદયના રુધિરની ધારા

૧ સમરસિંહનો જ્યેષ્ઠ કુમાર કલ્યાણસિંહ તો તેમની સાથે સમરમાં માર્યો ગયો હતો. બીજો કુંભકર્ણ પોતાના પિતાનું રાજ્ય છોડી દક્ષિણમાં જઈ બિદોર નિકટ વસ્યો હતો. ત્રીજાએ ભારતના ઉત્તર પ્રદેશમાં જઈ ગોરક્ષકુલની સ્થાપના કરી અને સર્વથી નાનો પુત્ર કર્ણસિંહ ઘેર રહ્યો હતો.

એકસરખી રીતે વહેવડાવતા આવ્યા છે.

મહારાણા સમરસિંહના મૃત્યુ પછી તેમની વિધવા રાણી કર્મદેવીએ થોડા દિવસસુધી રાજતંત્ર ચલાવ્યું. જ્યાંસુધી રાજકુમાર કર્ણસિંહ રાજ્ય ચલાવવાને સમર્થ થયા નહિ ત્યાંસુધી રાજ્યનો ભાર મહારાણી કર્મદેવીના હાથમાંજ રહ્યો. તેમનો જન્મ પાટણના રાજવંશમાં થયો હતો. તેમનો વિવાહ જે કુળમાં થયો હતો તે તેમના પિતાના કુળ કરતાં પણ મહાન હતું. વીરનારી, વીરદુહિતા તથા વીરવધૂ કર્મદેવીએ પોતાના પતિ તથા પોતાના પિતાના ગૌરવની રક્ષા કરવામાં જરા પણ પ્રમાદ કર્યો નહિ. રાજપુત્રની બાલ્યાવસ્થામાં જ્યારે રાજ્યનો ભાર મહારાણીના હાથમાં હતો, તે સમયે તેમણે જે અદ્‌ભુત વીરતા દર્શાવી હતી, તેથી તેમનું નામ વીરરાજપૂતમહિલાઓનું શિરોમણિ બન્યું છે. મહારાણી કર્મદેવીના અપૂર્વ પરાક્રમની પ્રભાથી વીરવર કુતુબુદ્દીન ઘાયલ તથા હેરાન થઇને મહામુશ્કેલીથી પોતાનો પ્રાણ લઈ નાસી છૂટયો હતો. મેવાડપર આક્રમણ કરવાને માટે મુસલમાનસેનાપતિ આવે છે, એવા વર્તમાન કર્મદેવીએ સાંભળ્યા કે તરતજ તેમના રોમે રોમમાં ઘૃણા, રોષ અને વૈરનો અગ્નિ પ્રદીપ્ત થઈ ગયો. તે સેનાપતિને તેના દુષ્કૃત્યનું ફળ આપવાને માટે મહારાણી કર્મદેવીએ પોતાના સામંતો તથા સૈનિકોને બોલાવી તેમને યુદ્ધની તૈયારી કરવાની આજ્ઞા આપી અને પોતે પણ તૈયાર થયાં. મહારાણીએ પોતાના સુકુમાર શરીર ઉપર લોહબખ્તર પરિધાન કર્યું. જે કોમળ હસ્તોમાં મણિમુક્તાજડિત કંકણો શોભતાં હતાં, તે હસ્તોએ વજ્રરૂપ ધારણ કરી લોહનાં શસ્ત્રો પકડયાં. કેશ છૂટા મૂકી, ભયંકર સ્વરૂપ ધારણ કરી અશ્વારૂઢ થઈ મહારાણી કર્મદેવી રણચંડીના વેષથી શત્રુસંહારાર્થે સંગ્રામભૂમિમાં આવ્યાં. નવક્ષત્રિય રાજાઓ, રાવતો તથા એકાદશ ઉપાધિધારી સામંતો તેમને સહાય કરવા અર્થે તેમની સાથે આવ્યા હતા. મહારાણી કર્મદેવીએ અંબરની નિકટ કુતુબુદ્દીનની સેનાને જોઈ કે તરતજ પોતાની સેનાને સાવધ કરી અને યુદ્ધ કરવાની તૈયારી કરી. ઉભયપક્ષો વચ્ચે સંગ્રામ ચાલવા લાગ્યો. કુતુબુદ્દીન ઘાયલ થયો અને તેની સેના છિન્નભિન્ન થઇને જ્યા માર્ગ જડયો ત્યાં નાસી ગઈ. મહામુશ્કેલીથી કુતુબુદ્દીનનો પ્રાણ બચ્યો. કુમાર કર્ણસિંહ યોગ્ય વયના થઇ સંવત ૧૨૪૯ ( ઇ૦ સ૦ ૧૧૯૩ ) માં પોતાના સિંહાસનપર બેઠા; પરંતુ દૈવની વિલક્ષણતાથી તેમના વંશજો મેવાડનું સિંહાસન ભોગવી શકયા નહિ.[1] બહુધા સર્વ ભટ્ટગ્રંથોપરથી વિદિત થાય છે કે કર્ણસિંહને માહુપ અને રાહુપ એ નામના બે પુત્રો હતા; પરંતુ વિશેષ વિચાર કરતાં આ વાતની પુષ્ટિમાટે કાંઇ પ્રમાણ જડતાં નથી. મહારાણા સમરસિંહના સૂર્યમલ્લ નામના એક ભ્રાતા હતા. તેમને ભરત નામનો એક પુત્ર હતો. સમરસિંહના પુત્ર કર્ણસિંહનો વિવાહ ચૌહાણવંશની એક રાજકુમારીની સાથે થયો હતો. આ રાજકુમારીના ગર્ભથી માહુપનો જન્મ થયો હતો. જ્યારે કર્ણસિંહ મેવાડના રાજસિંહાસનપર બેઠા ત્યારે સામંતોએ પ્રપંચ રચી ભરતને મેવાડમાંથી હદપાર કર્યો. ભરત સિંધદેશ તરફ ચાલ્યો ગયો. સિંધદેશના આરોર નામના નગરમાં તે વખતે એક મુસલમાન રાજ્ય કરતો હતો. આ મુસલમાને ભરતને આરોરનું રાજ્ય અર્પણ કરી દીધું. પુંગલ ભટ્ટરાજની કન્યા સાથે ભરતનો વિવાહ થયો. આ શુભ વિવાહનું ફલ રાહુપ હતો. મહારાણા કર્ણસિંહ ભરતના ઉપર પુત્ર કરતાં પણ વિશેષ પ્રેમ રાખતા હતા. ભરત કર્ણસિંહનું રાજ્ય છોડી ગયો તે વખતથી તેમનું હૃદય અત્યંત દુઃખિત રહેતું હતું. વળી તેમના ઉપર એક બીજી માનાસક પીડા પણ આવી પડી. તેમનો પુત્ર માહુપ સર્વાંશે નિરુપયોગી માણસ હતો. તે નિરંતર પોતાના મામાને ઘેર પડી રહેતો હતો. એક તો ભરતના વિયોગથી તેમના હૃદયમાં અત્યંત પીડા થતી હતી, તેવામાં વળી તેમના પુત્રની આ દશા હતી ! આ દુઃખથી મહારાણા કર્ણસિંહનું હૃદય દિનપ્રતિદિન અધિકાધિક દુર્બળ થવા લાગ્યું અને અંતે તેઓ આ લોકોનો પરિત્યાગ કરી સર્વ દુઃખોથી મુક્ત થયા.

મહારાણા કર્ણસિંહે પોતાની એકનીએક પુત્રીનો વિવાહ કાલોરનાસોનગઢા વંશના સરદારનીસાથે કર્યો હતો. આ રાજકુમારીને રણધવલ નામનો એક પુત્ર થયો. સોનગઢા સરદારને પોતાના પુત્ર રણધવલને ચિતોડના સિંહાસનપર સ્થાપિત કરવાની પ્રબળ ઇચ્છા હતી. તેઓ આ અભિલાષા પૂર્ણ કરવાને માટે નિરંતર શુભ યોગની રાહ જોતા હતા; એટલામાં તેમને એક પ્રસંગ મળ્યો. મહારાણા કર્ણસિંહ પર-

૧ મહારાજ કર્ણસિંહના શ્રીવાન નામના એક વંશજે વણિક્‌વૃત્તિ ધારણ કરી હતી. જેના વંશજો શ્રીમાનિયા નામથી ઓળખાય છે.

લોકમાં પધાર્યા અને તેમનું સિંહાસન ખાલી પડયું.આ સર્વ વર્તમાન સાંભળ્યા છતાં પણ રાહુપ સિંહાસનપર અધિકાર સ્થાપિત કરવાને માટે આવ્યો નહિ. આ સમયે કાલોરના સરદારે ચિતોડના મુખ્ય મુખ્ય સામંતોનો વધ કરીને પોતાના પુત્રને સિંહાસનારૂઢ કર્યો. ગિહલોતકુલકેસરી મહારાણા બાપ્પાનું સિંહાસન એક સાધારણ સરદારના હાથમાં ગયું ! શું આ સિંહાસન સદા તેના અધિકારમાં રહેશે ? શું અધર્મ અને અનીતિનો જય થશે ? જો આમ થશે તો મેવાડની સાથે ગિહલોત કુલનું નામ પણ લુપ્ત થઇ જશે ! એવી ગંભીર ચિંતા રાજકુલના એક વૃદ્ધ ભટ્ટના મનમાં ઉત્પન્ન થઇ. આ ભાવી અનર્થનો પ્રતીકાર કરવાને માટે તે વૃદ્ધ ભરતની પાસે ગયો અને તેને સર્વ વર્તમાન કહી પ્રાર્થના કરી કે:"આપ મેવાડના રાજ્યમાં ચાલો." ભરતે શીઘ્ર પોતાની સેના પોતાના પુત્રને આપી તેને ચિતોડ મોકલ્યો. આ તરફ સોનગઢાસરદારના જાણવામાં જ્યારે આ વાત આવી ત્યારે તે રાહુપનો પ્રતીકાર કરવાને માટે સેના લઇ સામો આવ્યો. માર્ગમાં પલ્લીનામક સ્થાને ઉભય દલો વચ્ચે હાથોહાથની ઝપાઝપી ચાલી. વિજયલક્ષ્મી રાહુપની અંકશાયિની થઇ. આ શુભ વર્તમાન સાંભળી ચિતોડના સામંતો અત્યંત આનંદ પામ્યા અને તેઓ સર્વ રાહુપની જયપતાકા નીચે એકત્રિત થયા. પછી તેમણે રાહુપને પોતાના ઉદ્ધારક માની તેમને ચિતોડના સિંહાસનપર અભિષિક્ત કર્યા. રાજ્યપદપર આરૂઢ થતાંજ રાહુપે પોતાનાં માતપિતાને ચિતોડમાં લાવવાને માટે સિંધદેશમાં દૂત મોકલ્યો.

સંવત ૧૨૫૭ (ઈ. સ. ૧૨૦૧) માં મહારાણા રાહુપ ચિતોડના સિંહાસનપર આરૂઢ થયા. રાજ્યાધિકાર પ્રાપ્ત થયા પછી થોડા દિવસમાં તેમણે મુસલમાનસેનાપતિ શમ્શુદ્દીનની સાથે ઘોર સંગ્રામ કર્યો. આ સંગ્રામ નગરકોટના મેદાનમાં થયો હતો. આ યુદ્ધમાં રાહુપની જીત થઇ. રાહુપના રાજત્વકાળમાં મેવાડમાં બે મહાન ફેરફાર થયા. અત્યારસુધી તો મેવાડના રાજકુલને કેવળ ગિહલોતકુલ કહેવામાં આવતું હતું, પરંતુ હવે તેને ગિહલોતને બદલે સિસોદિયા[1] નામ પ્રાપ્ત થયું. બીજો ફેરફાર એ થયો કે અત્યારસુધી મેવાડના રાજાઓની ઉપાધિ રાવલ હતી, પરંતુ હવે તેમને રાણાની ઉપાધિ લાગુ પડી. આ નવીન નામો તેમને શી રીતે પ્રાપ્ત થયાં તેનું વર્ણન નીચે લખવામાં આવે છે.

મુંદરાધિપતિ પરિહાર રાણો રાજમુકુલ રાહુપનો એક પ્રચંડ શત્રુ હતો.તેના દુરાચારથી અત્યંત પીડિત થઇ રાહુપે સેનાસહિત તેના રાજ્યપરઆક્રમણ કર્યું અને તેનો પૂર્ણ પરાજય કરી તેને તેની રાજધાનીમાંજ કેદ કર્યો. રાણા મુકુલે પોતાની મુક્તિના બદલામાં પોતાની રાજ્યોપાધિ તથા "ગદવાડ" નામનો સમસ્ત દેશ વિજયી રાહુપને આપી દીધો.તે પછી મહારાજા રાહુપે પોતાના પાટનગરમાં આવી વિજયના ચિન્હરૂપ 'રાણા'ની ઉપાધિ ધારણકરી. ત્યારથી ગિહલોતકુળના રાજાઓ રાણાકહેવાવાલાગ્યા. મહારાણારાહુપ આડત્રીસ વર્ષપર્યંત રાજ્ય કરીને પરલોકમાં પધાર્યા. તેમણે મેવાડના નષ્ટ થયેલા ગૌરવનો ઉદ્ધાર કરી ઘોર સંકટના સમયમાં અતિ ચાતુર્યથી રાજકારભાર ચલાવ્યો હતો. આ ઉપરથી તેઓ રાજકાર્યમાં કેવા નિપુણ હતા તે ઉત્તમ પ્રકારે વિદિત થાય છે.

મહારાણા રાહુપની નવમી પેઢીએ રાણા લક્ષ્મણસિંહ[2] થયા. આ નવ પેઢીઓ અર્ધશતાબ્દીમાં થઈ. તેમાંના છ મહાપુરુષોએ સંગ્રામભૂમિમાં પ્રાણાર્પણ કર્યું હતું. મુસલમાનોના પંજામાંથી પવિત્ર ગયાતીર્થનો ઉદ્ધાર કરવાને માટે તે પવિત્રસ્થાનમાં મહારાણારાહુપનાવંશજે પોતાના શરીરનું બલિદાન આપ્યું હતું.આ છ રાજપૂતવીરોમાંથી જેમણે પોતાના હૃદયનું રુધિર વહેવરાવીને પવિત્ર ગયાનો ઉદ્ધાર કર્યો તેનું નામ પૃથ્વીમલ્લ હતું. તેમનો સ્વદેશપ્રેમ તથા સ્વધર્માનુરાગ અને આત્મોત્સર્ગ જોઇને મુસલમાનો ભયભીત તથા સ્તબ્ધ થઇ ગયા અને તેમણે પૃથ્વીમલ્લના આત્મોત્સર્ગ પછી ઘણા કાળપર્યંત હિંદુધર્મપર હાથ નાખ્યો નથી. ત્યારપછી હિંદુધર્માવલંબીઓએ દીર્ઘકાળપર્યંત અર્થાત્—અલ્લાઉદ્દીનના સમયસુધી નિર્વિઘ્નતાપૂર્વક શાંતિથી કાળક્રમણ કર્યું હતું; પરંતુ આ શાંતિમય સમયમાં પણ એકવાર ચિતોડ-

૧ સિસોદા નામના એક નગરપરથી સિસોદીઆ નામની ઉત્પત્તિ થઈ છે. આ સિસોદા નગર મેવાડની પશ્ચિમે આવેલી પર્વતમાળામાં વસેલું છે. એમ કહેવાય છે કે મેવાડના કોઇ પદભ્રષ્ટ થયેલા રાજાએ દીર્ઘસમયપર્યંત એક શશક (સસલા)ની પાછળ પડીને ઉક્ત સ્થળ આગળ તેનો વધ કર્યો હતો. તેના સ્મારકરૂપે તેણે તે સ્થાને શશક (સિસોદા) નામનું એક નગર વસાવ્યું હતું.

૨ મેવાડનિવાસીઓ લોકભાષામાં એમને રાણા લખમસી કહે છે.

નગર સિસોદીઆવંશના હાથમાંથી ચાલ્યું ગયું હતું. ભટ્ટલોકોના ગ્રંથોપરથી વિદિત થાય છે કે રાહુપ અને રાણા લક્ષ્મણસિંહની વચ્ચેના કાળમાં સિંહ[1] નામના એક સિસોદીઆ નૃપતિએ પોતાના પૂર્વજોના પાટનગર ચિતોડનો પુનરુદ્ધાર કરીને પ્રજાને પોતાની"રાણા" ઉપાધિનો સ્વીકાર કરવાની બળાત્કારે ફરજ પાડી હતી. આ ઉપરથી સ્પષ્ટરીતે વિદિત થાય છે કે એ રાજાના સમયપૂર્વે ચિતોડ કોઇ અન્ય રાજવંશના અધિકારમાં હતું. મહારાજા રાહુપ અને રાણા લક્ષ્મણસિંહની વચ્ચેના કાળમાં જે નવ રાજાઓ થયા તેમના રાજત્વકાળમાં વર્ણન કરવા યોગ્ય માત્ર બે ઘટનાઓ બની હતી. તે સિવાયનો તે સમયનો ઇતિહાસ વાંચવાથી વિદિત થાય છે કે તે રાજાઓને અનેક પ્રકારના ઉપદ્રવો, ઝગડા અને કલહોની સામે થવું પડયું હતું.આ સિવાય કાંઇ વિશેષ વર્ણન કરવા યોગ્ય વસ્તુ ઉપલબ્ધ નહિ થવાથી અમે મેવાડના ઇતિહાસના બીજા પ્રસિદ્ધ વંશની સમલોચના કરવાને પ્રવૃત્ત થઇએ છીએ. જો કે આ વૃત્તાંત સર્વથૈવ ઐતિહાસિક છે, તોપણ તે આદિથી અંતપર્યંત એવી ઔપન્યાસિક સુંદરતાથી શોભાયમાન છે કે તે વાંચવાથી જાણે આપણે ઉપન્યાસજ ન વાંચતા હોઇએ! તેવો ભાસ થાય છે.



૧ભાનસિંહના દ્વિતીયપુત્રને ચંબલ નદીને કિનારે એક ભૂમિવૃત્તિ મળી હતી. એના વંશજો ચંદાવત નામથી પ્રસિદ્ધ છે. આ વંશના લોકો મેવાડના પરાક્રમી સામંતો ગણાય છે. તેમને રામપુર (ભાનપુર)ની જાગીર મળેલી છે. આ જાગીરની વાર્ષિકઉપજ નવ લાખ રૂપિયા છે.

# अध्याय ५ मो

રાણા લક્ષ્મણસિંહ–ચિતોડપર અલ્લાઉદ્દીનનું આક્રમણ–અલ્લાઉદ્દીનની દગલબાજી–ભીમસિંહને મુક્ત કરવાને માટે ચિતોડના સામંતોનું શસ્ત્ર ધારણ–રાણાજી તથા તેમના પુત્રોનો અપૂર્વ આત્મોત્સર્ગ–યવનોએ ચિતોડનો કરેલો નાશ–રાણા અજયસિંહ–હમીરસિંહ–હમીરસિંહની–ચિતોડ પ્રાપ્તિ મેવાડની પ્રસિદ્ધિ–શ્રી વૃદ્ધિનું વર્ણન–ક્ષેત્રસિંહ–લાક્ષ.

રાણા લક્ષ્મણસિંહ સંવત ૧૩૩૧ (ઈ૦ સ૦ ૧૨૭૫)માં ચિતોડના સિંહાસનપર બેઠા. અહીંઆં એમ કહેવું ઉચિત થઇ પડશે કે આ સમયથી ચિતોડમાં નવયુગનો પ્રારંભ થયો હતો; કારણ કે જે ચિતોડ પૂર્વે વીરતા અને સ્વાધીનતાનો અજિત દુર્ગ હતો, ભારતનાં અન્ય નગરો જોકે યવનોના ભીષણ અત્યાચારથી ઉજ્જડ થઇ ગયાં હતાં તોપણ આજપર્યંત જે ચિતોડ સુરક્ષિત રહ્યું હતું, તે ચિતોડ આજે નિર્દય,દુરાચારી, કઠોર અલ્લાઉદ્દીનના ક્રોધાગ્નિમાં સર્વથા ભસ્મીભુત થઈ ગયું છે. આ હિંદુદ્વેષી પાદશાહે ચિતોડપર બે વાર આક્રમણ કર્યું હતું. પ્રથમવારના આક્રમણમાં ચિતોડના મુખ્ય મુખ્ય સામંતોની આહુતિ અપાઇ હતી, તોપણ અલ્લાઉદ્દીન ચિતોડને હસ્તગત કરી શકયો નહોતો. તે સમયે તેના સર્વસંહારક ગ્રાસથી ચિતોડ મુકત રહ્યું હતું. તે પછી અલ્લાઉદ્દીને ચિતોડપર બીજીવાર આક્રમણ કર્યું. આ સમયે ચિતોડ મુસલમાનોના હાથથી નાશ પામ્યું–ઉજ્જડ થઇ ગયું–તેની સર્વ સુંદરતા નષ્ટ થઈ ગઇ.

રાણા લક્ષ્મણસિંહની બાલ્યાવસ્થામાંજ તેમના પિતા મૃત્યુ પામ્યા હતા. જ્યાંસુધી તેઓ યોગ્ય વયના થયા નહોતા, ત્યાંસુધી તેમના કાકા ભીમસિંહ રાજકારભાર ચલાવતા હતા. રાણા ભીમસિંહે લોકવિખ્યાત રાણી પદ્મિનીની સાથે લગ્ન કર્યું હતું. મહારાણી પદ્મિની ચોહાણકુળમાં ઉત્પન્ન થઈ હતી. તેમના પિતાનું નામ હમીરશંખ હતું. હમીરશંખ સિંહલદ્વીપના રાજા હતા. રાણી પદ્મિનીની જગદ્વિખ્યાત સુંદરતાજ સિસોદીઆકુળને માટે અમંગલદાયક થઇ. તેમની લાવણ્યતા તથા સુંદરતાની કીર્તિ એટલે સુધી પ્રસરી હતી કે સમસ્ત ભારતવર્ષમાં રાણી પદ્મિનીનેજ સર્વાંગસુંદર માનવામાં આવતી હતી. આ પવિત્ર નામનું ગૌરવ રાજપૂતલોકોમાં એકસરખી રીતે વૃદ્ધિંગત થતું ગયું છે. આજ સુધી અનેક રાજપૂતો પોતાની કન્યા અને ભગિનીનું નામ પદ્મિની રાખતા આવ્યા છે. દેવાંગનાસમાન મહારાણી પદ્મિનીનાં સુંદરતા, ગુણ, ગૌરવ, મહિમા અને મૃત્યુવિષેનું વૃત્તાંત રાજસ્થાનમાં અતિ પ્રસિદ્ધ છે. ભટ્ટલોકોના ગ્રંથોમાં એવું વર્ણન છે કે અલ્લાઉદ્દીને પદ્મિનીને પ્રાપ્ત કરવાને માટેજ ચિતોડપર આક્રમણ કર્યું હતું. તેણે રાજપૂતોનું રાજ્ય લેવાને આક્રમણ કર્યું નહોતું. એમ કહેવાય છે કે તેણે ચિતોડપર ઘેરો ઘાલીને એવો ઢંઢેરો પીટાવ્યો કે પદ્મિની મળતાંજ હું મારા પાટનગરમાં ચાલ્યો જઇશ; પરંતુ કેટલાક ગ્રંથોપરથી એમ વિદિત થાય છે કે ઘણા દિવસ સુધી ચિતોડપર ઘેરો રહ્યા,છતાં પણ જ્યારે સફળતા મળી નહિ,ત્યારે તેણે એ ઢંઢેરોપીટાવ્યો હતો. પાદશાહનો આ ઢંઢેરો સાંભળી રાજપૂત લોકો ક્રોધથી ઉન્મત્ત બની ગયા.શું ભીમસિંહની પ્રાણાધિક ગૃહલક્ષ્મી યવનની અંકશાયિની થશે ? શું દેવકન્યાને એક પાપિષ્ટ પાદશાહ ભોગવશે? શું રાજપૂતો આ

દૃશ્ય જોયા કરશે? શું તેઓ આ કાર્યને અનુમોદન આપશે? શું રાજપૂતો વીર નથી? શું તેમનાં શરીર નિર્જીવ માંસપિંડવતજ છે? શું તેમની નાડીઓમાં પવિત્ર આર્યશોણિત વહેતું નથી? શું તેઓ અલ્લાઉદ્દીનની દુષ્ટ માગણીનો સ્વીકાર કરશે? કદિ નહિ. દુરાચારી અલ્લાઉદ્દીનની આ દુરભિલાષા સફળ થઇ નહિ; તથાપિ તે રાણી પદ્મિનીનું ધ્યાન પોતાના હૃદયમાંથી દૂર કરી શકયો નહિ. છેવટે તેણે એવો ઢંઢેરો પીટાવ્યો કે જો રાણી પદ્મિનીનો પડછાયો પણ મને દર્પણમાં બતાવવામાં આવશે તો હું ચિતોડથી કૂચ કરી પાછો જઇશ. રાણા ભીમસિંહે તેમ કરવાનો સ્વીકાર કર્યો.

અલ્લાઉદ્દીનને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે રાજપૂતો કદિ પણ અસત્ય બોલતા નથી, કિંવા વિશ્વાસઘાત કરતા નથી. આ શ્રદ્ધાના બળથી તે કેટલાક અંગરક્ષકોને લઇને ચિતોડ નગરમાં ગયો અને રાણી પદ્મિનીનો પડછાયો દર્પણમાં જોઇને પોતાના શિબિરે પાછો આવ્યો. જે દુરાચારી શત્રુદ્વારા ચિતોડને અત્યંત હાનિ પહોંચી હતી અને જેણે રાજપૂતકુળને ઘોર કલંક લગાડવાનો પ્રયત્ન કર્યો હતો, તેનો આજે અતિથિતરિકે સત્કાર કરવામાં આવ્યો. તે અતિથિ હોવાને લીધેજ આજે માત્ર થોડાજ અંગરક્ષકોની સાથે ચિતોડનગરમાં જઈ શકયો હતો. વીરહૃદય તેજસ્વી રાજપૂતરાજાએ તેના સર્વ અપરાધો ક્ષમા કરી ઇષ્ટમિત્રતરિકે તેનો આદરસત્કાર કર્યો. જ્યાંસુધી શત્રુ અતિથિતરિકે હોય ત્યાંસુધી તે મિત્રથી પણ અધિક પ્રિય હોય છે; એ સજ્જનોની નીતિ છે. આજ કારણથી મહારાણા ભીમસિંહે અલ્લાઉદ્દીનનું આદરાતિથ્ય ઉત્તમ પ્રકારે કર્યું અને તેને વિદાયગીરીનું માન આપવાનેમાટે તેએ સિંહપોરી સુધી ગયા. આ વખતે અલ્લાઉદ્દીને પણ ભીમસિંહને પોતાનો અપરાધ ક્ષમા કરવાની પ્રાર્થના કરી. આ પ્રકારે ઉભય વચ્ચે અનેક પ્રકારનો વાર્તાલાપ થાય છે અને મહારાણા ભીમસિંહ અલ્લાઉદ્દીનની સાથે ચાલ્યા જાય છે; એટલામાં એક ગુપ્ત સ્થાનેથી કેટલાક શસ્ત્રાસ્ત્રસજ્જિત યવનોએ બહાર નીકળી આવી અસાવધ રાજપૂતોને બંદીવાન બનાવ્યા અને તેઓ તેમને શીઘ્ર પોતાના શિબિરમાં લઇ ગયા! અહા! દુરાચારી, વિશ્વાસઘાતી યવનોએ રાજપૂતોના પવિત્ર અને ગાઢ વિશ્વાસનો આવોજ બદલો આપ્યો? સરલ હૃદયના ભીમસિંહજી કપટી બાદશાહના કપટાચરણમાં ફસાઇ ગયા! આ બનાવ પછી દુરાચારી બાદશાહે એવો ઢંઢેરો પીટાવ્યો કે: "પદ્મિની મળશે તોજ ભીમસિંહને મુક્ત કરવામાં આવશે; નહિ તો નહિ."

"મહારાણા ભીમસિંહજી યવનોના હાથમાં બંદીવાન બન્યા" એ શોચનીય સમાચાર શીઘ્ર ચિતોડનગરમાં પ્રસરી ગયા. ચિતોડનિવાસીઓ આ ભયંકર સમાચાર સાંભળી નિરાશાથી દિંગ્મૂઢ અને ભગ્નહૃદય થઇ ગયા. શું તેઓ ભીમસિંહજીની મુક્તિને માટે મહારાણી પદ્મિનીનો ત્યાગ કરશે? કે અમર્યાદ સાહસનો આશ્રય લઇ ખડ્ગની ધારથી તેમને મુક્ત કરશે? રાણાના સામંતો એકત્રિત થઇ વિચાર કરવા લાગ્યા કે:"જોઆપણે કરેલા પ્રયત્નો વિફળ જશે તો શું કરીશું? પ્રાણાર્પણ કર્યા છતાં પણ ભીમસિંહની મુક્તિ નહિ થશેતો શું કરીશું? આવી પરિસ્થિતિમાં શું પદ્મિની મ્લેચ્છોના હાથમાં નહિ જશે?" આવા અનેક વિચારો તેમણે કર્યાં, પરંતુ તેઓ કોઇ પણ વાતનો નિશ્ચય કરી શક્યા નહિ. આ તરફ મહારાણી પદ્મિનીએ પણ આ વર્તમાન સાંભળ્યા. મહારાણીનો પોતાનો આ બાબતનો શું વિચાર છે તે જાણવાની સર્વને ઉત્કંઠા થઇ. મહારાણીએ જણાવ્યું કે: "હું સ્વયં રાણાજીને યવનોના હાથમાંથી મુક્ત કરવાને માટે પાદશાહની પાસે જઇશ." આ સમાચાર સાંભળી સર્વ લોકો અત્યંત વિસ્મિત થયા. તેઓ એવું અનુમાન કરવા લાગ્યા કે: "શું તેમણે પાદશાહની નિંદ્ય માગણીનો સ્વીકાર કરવો ધાર્યો છે? શું તેઓ ખરેખર પાપી યવનોના હાથમાં સ્વર્ગીય સતીત્વધનને સમર્પણ કરી દેશે?" યથાર્થ વાત એ છે કે મહારાણીએ તે વખતે પોતાનો ગૂઢ વિચાર ખુલ્લી રીતે પ્રકાશિત કર્યો નહિ. તેના પિયેરના બે માણસો ચિતોડમાં રહેતા હતા. તેમાંના એક પદ્મિનીના કાકા હતા. તેમનું નામ ગોરા હતું અને બીજા તેમના બાદલ નામના ભ્રાતા હતા. આ ઉભય પુરુષો વીર હોવા ઉપરાંત મંત્રણાકુશલ પણ હતા. મહારાણીએ તે ઉભયને પોતાની પાસે બોલાવ્યા અને તેમની સાથે ગુપ્ત મસલત કરી. આ ગુપ્ત મસલતનો પ્રધાન ઉદ્દેશ એ હતો કે મહારાણીએ પોતાના પાતિવ્રત્યધર્મનું રક્ષણ કરી મહારાણાને મુક્ત કરવા. આનંદની વાત છે કે તેમનો આ ઉદ્દેશ સફળ થયો. ઉક્ત ઉભય રાજપૂતવીરોએ જે સલાહ આપી તેથી સતી સાધ્વી પદ્મિનીના પાતિવ્રત્યધર્મને લેશ પણ કલંક લાગ્યું નહિ અને મહારાણા ભીમસિંહજી અલ્લાઉદ્દીનના પંજામાંથી મુક્ત થયા.

ઉપર પ્રમાણે મસલત થયા પછી તરતજ અલ્લાઉદ્દીનની પાસે દૂત મોકલવામાં આવ્યો. ઉક્ત દૂતે પાદશાહની પાસે જઇ મસ્તક અવનત કરી તેને નિવેદન કર્યું કેઃ “ ખુદાવિંદ ! આપ જે સમયે ચિતોડ-પરનો ઘેરો ઉઠાવી લેશો તે વખતે તરતજ મહારાણી પદ્મિની હુઝુરની પાસે આવીને હાજર થશે. ” વળી દૂતે તેને જણાવ્યું કેઃ “ હુઝુર ! આપ ખુદ પાદશાહ છો અને મહારાણી પણ રાજપૂતના ખાનદાન કુટુંબમાં જન્મેલાં છે; માટે બન્ને તરફની મહેમાનદારી તથા ખાતિરદારીમાં કોઇ પણ પ્રકારની ત્રુટિ થવી જોઇએ નહિ. મહારાણી પોતાની સર્વ સાહેલીઓ અને દાસીઓની સાથે હુઝુરની કદમબોસી હાંસિલ કરશે. જે રાજપૂતમહિલાઓ તેમની સાહેલીઓ છે તેઓ તેમનાં દર્શન કર્યાં વિના એક ક્ષણ પણ જીવી શકતી નથી. તેઓ મહારાણીને જીવનપર્યંતની વિદાયગીરી આપવાને આ દેરા સુધી આવશે. વળી જે દાસીઓ મહારાણીની સાથે દિલ્હીમાં જશે તેઓ પણ તેમની સાથે અહીંઆં આવશે. એ સર્વ ખાનદાનકુલની ઓરતો છે, તેમણે કદિ ઘરની બહાર પગ પણ મૂકયો નથી; પરંતુ હુઝુરના હુકમને માન આપવાને માટે તેઓ પોતાનો પ્રાચીન રિવાજ છોડીને પણ અહીંઆં આવશે.

હુઝુર ! હવે માત્ર એટલીજ પ્રાર્થના છે કે જે રીતે તેઓ જહાંપનાહને ખુશ કરવાને માટે પોતાના ખાનદાન કુટુંબનો રિવાજ છોડીને અહીંઆં આવે છે, તે રીતે હુઝુરે પણ તેમની આબરૂઇજ્જતનો ખ્યાલ કરવો જોઇએ. કોઇ નિર્લજ્જ બનીને હાસ્યવિનોદ કરવાને માટે તેમની પાલખીની પાસે ન જઇ શકે એવો બંદોબસ્ત આપ ખુદાવિંદે રાખવો જોઇએ. જો આમ ન થાય તો તેમની માનહાનિ થશે. આ વાત સાંભળી અલ્લાઉદ્દીન પરમ પ્રસન્ન થયો. મોહમયી આશાના દગલબાજ ચક્રમાં સપડાઇ તેણે ક્ષણમાત્ર પણ વિચાર ન કર્યો કે પતિવ્રતા હિંદુલલનાઓ સ્વહસ્તથી પોતાનાં હૃદયને છેદી શકે છે અને હસતી હસતી અગ્નિજ્વાળામાં નિજપ્રાણનું બલિદાન આપી શકે છે; પરંતુ પોતાના પ્રાણથી તેમજ પુત્રથી પણ અધિક પ્રિય એવા સતીત્વધનનો તેઓ કદિ પણ ત્યાગ કરતી નથી.

પદ્મિનીના આગમનને માટે જે દિવસ નિયત કરવામાં આવ્યો હતો તે આવી પહોંચ્યો. જોતજોતામાં ૭૦૦ પાલખીઓ ચિતોડના દ્વારમાંથી બહાર નીકળી પાદશાહના શિબિર તરફ આવવા લાગી. ભોઇનો વેષ ધારણ કરી ૭ ૭ સૈનિકો પ્રત્યેક પાલખીને ઉંચકીને ચાલતા હતા અને તેમણે પોતાનાં વસ્ત્રોમાં હથિયારો સંતાડયાં હતાં. વળી એક એક પાલખીમાં ચિતોડનો એક એક સાહસિક વીર ગંભીર ભાવથી બેઠો હતો. આ ૭૦૦ પાલખીઓ ધીમે ધીમે પાદશાહના તંબુની નિકટ આવી પહોંચી. સર્વ પાલખીઓની આસપાસ પડદા નાખેલા હતા.

ભીમસિંહને અને મહારાણી પદ્મિનીને વાતચીત કરવાને માત્ર અર્ધા કલાકનો વખત આપવામાં આવ્યો હતો. ભીમસિંહ તે પાલખીઓની પાસે આવ્યા કે તરતજ તેમને સાવધાનતાથી ગુપ્ત રીતે પાલખીમાં બેસાડી દેવામાં આવ્યા અને તત્કાળ તે પાલખીને ચિતોડનગર તરફ રવાના કરવામાં આવી. તેની સાથે બીજી પણ કેટલીક પાલખીઓ ગઇ. જે સૈનિકો ત્યાં રહ્યા તે સર્વ ધીર અને ગંભીર ભાવથી પાલખીમાં બેસી અલ્લાઉદ્દીનની માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યા. અર્ધો કલાક વ્યતીત થઇ ગયો. હવે ભીમસિંહને પાછા ફરેલા નહિ જોઇને અલ્લાઉદ્દીન અત્યંત સંતપ્ત થયો. સંતાપથી સંદેહ અને સંદેહથી ક્રોધ ઉત્પન્ન થયો. આખરે ક્રોધ સહન નહિ થઇ શકવાથી તે મૂર્ખ પાલખીઓની નિકટ આવ્યો. તે આવ્યો કે તરતજ રાજપૂતવીરોએ પાલખીઓમાંથી છલંગ મારી બહાર કૂદી પડી તેનાપર આક્રમણ કર્યું; પરંતુ અલ્લાઉદ્દીનનાં ઘણાં માણસો પાસે હતાં, તેથી તે સુરક્ષિત રહ્યો. ઉભય પક્ષો વચ્ચે ભયંકર યુદ્ધ ચાલવા માંડયું. વળી ભીમસિંહને પકડવાને માટે એક દલ ચિતોડ તરફ દોડયું; પરંતુ રાજપૂતવીરોએ તે યવનદલને ઘેરી તેના માર્ગમાં વિઘ્ન નાખ્યું અને તેની સાથે લડી તેને આગળ વધવા દીધું નહિ. આ રાજપૂતવીરોમાંથી જ્યાંસુધી એક જણ પણ જીવિત રહ્યો ત્યાંસુધી મહારાણા ભીમસિંહને પકડવાને મુસલમાનો આગળ વધી શકયા નહિ. મહારાણા ભીમસિંહને માટે એક શીઘ્રગામી અશ્વ તૈયાર હતો. આ અશ્વપર આરૂઢ થઇને તેઓ નિર્વિઘ્નતાથી ચિતોડમાં આવી પહોંચ્યા. આ તરફ મુસલમાની સેનાએ દુર્ગની નિકટ આવી સિંહદ્વારપર આક્રમણ કર્યું. ચિતોડના પ્રધાન પ્રધાન વીરો આ આક્રમણનો પ્રતિરોધ કરવાને માટે આ શત્રુસેનાની સાથે દારુણ યુદ્ધ કરવા લાગ્યા. આ ભયાનક સંગ્રામમાં વીરવર ગોરા અને તેના ભત્રીજા યુવક વીર બાદલે સૌથી અધિક વીરતા દર્શાવી હતી.તેમની

વીરતા અને તેજસ્વિતા જોઇને રાજપૂતસેના પણ અત્યંત ઉત્સાહથી ભીષણ પરાક્રમપૂર્વક યુદ્ધ કરવા લાગી.

બાર વર્ષની વયના રાજપૂત બાલક બાદલનું અદ્‌ભુત રણકૌશલ્ય જોઇ યવનસેના વિસ્મિત અને ચકિત થઇ. તેની અસિ તથા ભાલાએ અનેક શત્રુઓને પરલોકમાં પહોંચાડી દીધા. તેના અપૂર્વ રણચાતુર્યથી અનેક રણવિશારદ હિંદુ તથા યવનોનો ગર્વ નાશ પામ્યો. પદ્મિનીના પાતિવ્રત્યનું અને સીસોદીઆકુળના ગૌરવનું રક્ષણ કરવું, એજ બાદલનો મૂળમંત્ર હતો. તેનાજ વીરમંત્રથી ઉત્સાહિત થઇને રાજપૂતવીરો પ્રચંડ વેગથી શત્રુની સામે થયા હતા. તે મહાસમરમાં વીરવર ગોરાએ અદ્‌ભુત વીરતા દર્શાવી અનંતકાળને માટે શસ્ત્રશય્યાપર શયન કર્યું. અનેક રાજપૂતો તેની સાથે સૂતા. આ ભયાનક સંગ્રામથી કેવળ બાદલ અને બીજા કેટલાક રાજપૂત સૈનિકો બચીને ચિતોડમાં પાછા આવી શકયા. રાજપૂતોનો પ્રચંડ ઉદ્યમ અને ભીષણ વીરતા તથા પોતાની સેનાનો સંહાર જોઇને અલ્લાઉદ્દીને કેટલાક દિવસ સુધી ભારે યુદ્ધ કરવાનું મુલતવી રાખ્યું.

આ ઘોર સંગ્રામમાં વીર ગોરાનો પ્રાણોત્સર્ગ થયો. તેનો ભત્રીજો બાદલ ઘાયલ થઇ રુધિરથી તરબોળ થઇને પોતાની કાકી પાસે આવ્યો. તેને એકલો આવતો જોઇ તે રાજપૂતમહિલાના મનમાં મોટો ધ્રાસકો પડયો; પરંતુ તેને આ વાતનું ધૈર્ય હતું કે તેના પતિએ સ્વદેશ તથા રાજપૂતકુળના ગૌરવની રક્ષાર્થે સંગ્રામભૂમિમાં પોતાના પ્રાણ આપ્યા હતા. વીરબાળક બાદલને પોતાની સન્મુખ મૌન ધારણ કરી ઉભેલો જોઇ ગોરાની શોકાકુલ ભાર્યાએ ધીમેથી કહ્યું: "બાદલ ! તમે બીજું શું કહેવાના છો? હું સર્વ જાણી ગઈ છું. હવે હું જે પૂછું તેનો ઉત્તર આપો. વારૂ, મારા પ્રાણેશ્વરે કેવા પ્રકારની વીરતા દર્શાવી દેહનો ત્યાગ કર્યો હતો ? કહો બેટા ! આ વાત શ્રવણ કરવાથી મને શાંતિ મળશે." આ વચનો સાંભળી બાદલનાં નેત્રોમાં અશ્રુ ભરાઇ આવ્યાં. તેના ઘાવોમાંથી રુધિર તો અસ્ખલિતરીતે વહેતુંજ હતું. તે બોલ્યો:"માતાજી ! મારા કાકાની વીરતાનું શું વર્ણન કરૂં ? આજે કેવળ તેમના પરાક્રમથીજ સિસોદીઆકુલના ગૌરવની રક્ષા થઈ છે. શત્રુના અગણિત સૈનિકોને તેમણે ઘાસની માફક કાપી નાખ્યા હતા. મેં તો માત્ર તેમની પાછળ પાછળ ભમીને શત્રુઓના શરીરના ટુકડાને ઘાવ કર્યા છે. તેમના ભયંકર પંજામાંથી જે બેચાર મુસલમાનો બચવા પામ્યા હતા, તેનોજ સંહાર મેં તો કર્યો છે. આ પ્રકારની અલૌકિક વીરતા દર્શાવીને તેઓ યુદ્ધની રક્તભૂમિપર શત્રુઓના મૃતશરીરોની શય્યા બનાવી તેપર અનંત નિદ્રામાં સૂતા છે ! તેમના તકિયાને સ્થાને એક યવનરાજકુમારનું દ્વિખંડિત શરીર છે." તે રાજપૂતમહિલાએ પુનઃ પૂછ્યું: "બેટા બાદલ ! મારા પ્રાણપ્યારાએ સંગ્રામભૂમિમાં કેવા પ્રકારની વીરતા દર્શાવીને પ્રાણત્યાગ કર્યો હતો, તે પુનઃ કહો." બાદલ પુનઃ બોલ્યો: "માતાજી ! હવે હું અધિક શું કહું ? તેમની અસીમ વીરતાનું કેટલું વર્ણન કરૂં ? તેમની અદ્‌ભુત વીરતા જોઇને શત્રુઓએ પણ ભયભીત તથા ચકિત થઇને અનેક પ્રકારે તેમની પ્રશંસા કરી હતી ! આજે તેમનામાંનો એક પણ માણસ બચ્યો નથી." વીરવર ગોરાની ભાર્યાએ હસીને બાદલની પાસેથી વિદાય લીધી અને "વિલંબ કરવાથી પ્રાણેશ્વર મારો તિરસ્કાર કરશે" એમ કહી પ્રદીપ્ત અગ્નિકુંડમાં કૂદી પડી તેણે પોતાના પ્રાણની આહુતિ આપી.

બહુધા મેવાડનિવાસીઓ "મને ચિતોડનો નાશ કરવાનું પાપ લાગે" એવા સોગન ખાય છે. આ લોકોના કહેવાથી જણાય છે કે સાડાત્રણવાર ચિતોડનો નાશ થયો હતો. એક વાર તેઓ ચિતોડનો અર્ધો નાશ થયેલો જણાવે છે. જો કે ઉપલા મહાસંગ્રામમાં ચિતોડ સર્વથૈવ ઉજ્જડ થયું નહોતું, કિંવા શત્રુઓએ તેનાપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો નહોતો; પરંતુ આ સંગ્રામમાં ચિતોડના જે સાહસિકવીરોએ પ્રાણત્યાગ કર્યો હતો તેથી સિસોદીઆકુળને ભારે હાનિ થઇ હતી. આથી તેને ચિતોડનો અર્ધો નાશ કહી શકાતો નથી. પ્રસિદ્ધ ખુમાનરાસા ગ્રંથમાં આ સંગ્રામનું વર્ણન અત્યંત તેજસ્વિની ભાષામાં કર્યું છે.

આ ભયંકર ખોટ પૂરાઇ ન પૂરાઈ એટલામાં યવનોએ ચિતોડપર પુનઃ આક્રમણ કર્યું. આ વખતે રક્ષા થવાનો સંભવ નહોતો. આ સમયે બળવાન અલ્લાઉદ્દીન પ્રચંડ સેના લઇને ચઢી આવ્યો હતો. આ આક્રમણમાંથી ચિતોડપુરીનું રક્ષણ કોણ કરશે ? સ્વદેશપ્રેમનો મહામંત્ર ભણી મુસલમાનસેનાની ગતિ રોકવાને માટે આજે કયો વીર સમરભૂમિમાં વિરાજમાન થશે ? ચિતોડના મહાપરાક્રમી પ્રચંડકાય-વીરશિરોમણિગણ તો અંતિમ યુદ્ધમાં સ્વદેશરક્ષાર્થે પ્રાણ આપી ચૂકયા હતા. હમણાં ચિતોડ નિરાધાર

છે. આ ભયંકર અવસ્થામાં ચિતોડપર અલ્લાઉદ્દીને પુનઃ આક્રમણ કર્યું.ભટ્ટકવિઓ જણાવે છે કે સંવત ૧૩૪૬ (ઇ૦ સ૦ ૧૨૯૦) માં આ મહાસંગ્રામ થયો હતો; પરંતુ ફરિસ્તા નામના ગ્રંથમાં તેનો સમય કાંઇ બીજોજ જણાવ્યો છે. અસ્તુ! યવનસમ્રાટ અલ્લાઉદ્દીને દક્ષિણમાં જીત મેળવીને આ ગિરિકૂટપર પોતાની છાવણી નાખી અને તેની ચારે તરફ ખાઇ ખોદાવી. ચિતોડનિવાસીઓ હાલમાં પણ દૂરથી આ ખાઇ બતાવે છે અને મેવાડપર ગુજરેલી મહાવિપત્તિનું સ્મરણ કરી દીર્ઘ નિઃશ્વાસ મૂકે છે. આ સંગ્રામ થયા પછી જેમણે જેમણે આક્રમણ કર્યું હતું, તેમણે ત્યાં એટલી ખાઇઓ બનાવી દીધી છે કે અલ્લાઉદ્દીને ખોદાવેલી ખાઇ કયી તે નિશ્ચિત કરવું કઠિન થઇ પડે છે.નિષ્ઠુરહૃદય અલ્લાઉદ્દીને સિસોદીઆકુલપર મહાસંકટ પડયું હતું, તેજ સમયે આવીને ચિતોડનગરને પુનઃ ઘેરી લીધું; પરંતુ શી ચિંતા છે? હજી પણ ચિતોડપુરી વીરશૂન્ય થઇ નથી. શું વિગ્રહ કર્યા વિના નિર્વિઘ્નેજ સ્વાધીનતાની લીલાભૂમિ ચિતોડપર શત્રુસમ્રાટ અધિકાર કરી શકશે? નહિ, એમ કદિ પણ બનશે નહિ. જ્યાંસુધી વીર્યવાન રાજપૂતોની નાડીમાં રુધિરનું એક પણ બિંદુ રહેશે, જ્યાંસુધી તેમના દેહમાં પ્રાણ રહેશે, ત્યાંસુધી તેઓ કદિ પણ ઘરના ખૂણામાં ભરાઇ રહેશે નહિ–ત્યાંસુધી તેઓ કદિ પણ અત્યાચારી દેશવૈરીની વિરુદ્ધ રણક્ષેત્રમાં ખડ્ગ ધારણ કરવાથી વિમુખ થશે નહિં. આ વખતે અલ્લાઉદ્દીને ચિતોડપુરીને જે પ્રકારે ઘેરી તેને લીધે ચિતોડના સર્વ વીરગણ અત્યંત ક્રોધિત બની તેનો બદલો લેવાને માટે ખડ્ગ ધારણ કરી તૈયાર થયા.

ખુમાનરાસાના લેખકે આ ભયાનક સંગ્રામનું વૃત્તાંત પોતાની મોહક લેખનશક્તિથી રંગબેરંગી રીતે વર્ણવ્યું છે. આ રંગોમાંથી એક રંગ તો સર્વોત્તમ રીતે ચઢયો છે. તે હવે વર્ણવીશું.

દિવસે ઘોર સંગ્રામ કર્યા પછી એકવાર અર્ધરાત્રિને સમયે મહારાણા લક્ષ્મણસિંહ પોતાના વિશ્રાંતિગૃહમાં બેઠા હતા. તેઓ આ વખતે ઘોર ચિંતામાં પડયા હતા. રાત્રિનો બીજો પ્રહર વ્યતીત થવા આવ્યો હતો. સમગ્ર જગત નિદ્રાદેવીના અંકમાં શયન કરી રહ્યું હતું. કયાંય જરાપણ અવાજ થતો નહોતો. કેવલ નિશાનો સમીર ઘૂ ઘૂ અવાજ કરતો પ્રચંડ વેગથી આવી વિશ્રાંતિગૃહની બારીઓ સાથે અથડાયા કરતો હતો. કદિ કદિ શૃગાલોનો ઘોર શબ્દ રાત્રીની શાંતિમાં વિઘ્ન કરતો હતો. આ ગંભીર રાત્રિના સમયે મહારાણા લક્ષ્મણસિંહ વિશ્રાંતિગૃહમાં એકલા બેસીને ચિતોડના ભવિતવ્યનો ગૂઢ લેખ ઉકેલી રહ્યા હતા. "ચિતોડના મુખ્ય મુખ્ય સરદારો પ્રચંડ યવનાક્રમણથી ચિતોડની રક્ષા કરવાને માટે પ્રતિદિન સંગ્રામભૂમિમાં શયન કરતા જાય છે.ચિતોડની રાજ્યલક્ષ્મી શોકાકુલ થઇ ચિતોડનો ત્યાગ કરવાની તૈયારી કરી રહી છે. ચારે તરફ સંકટો અને વિપત્તિઓ દૃષ્ટિગોચર થાય છે. ચારે તરફ ભય જણાય છે. હવે ચિતોડપુરીનું રક્ષણ કોણ કરશે? આ ઘોર સંકટના સમયમાં સિસોદીઆકુલના ગૌરવનું રક્ષણ કોણ કરશે? આ મહાસંકટના સર્વસંહારક ગ્રાસમાંથી મહારાણાના બાર પુત્રોમાંથી રાજબીજતરીકે એકાદ જણ પણ શું બચી શકશે?"

મહારાણા આ પ્રકારે અનેક વિચાર કરતા હતા;એટલામાં તે ઘોર રાત્રિની ગંભીર શાંતિનો ભંગ કરીને કોઈ ગંભીર સ્વરથી બોલી ઉઠયું: "હું ભૂખી છું:" મહારાણા ચકિત થયા. તે શબ્દ જે તરફથી આવ્યો હતો તે તરફ તેમણે જોયું તો એક આશ્ચર્યકારક દૃશ્ય તેમને દગ્ગોચર થયું.દીપકના ક્ષીણ પ્રકાશથી તેમને જણાયું કે પાષાણના સ્તંભોની વચ્ચે ચિતોડની અધિષ્ઠાત્રી દેવી ભયંકર રૂપથી પ્રકટ થઈ છે. ભગવતીને જોતાંજ મહારાણાનું હૃદય ખિન્નતા અને વિષાદથી ચૂર્ણ થઇ ગયું.

તેમણે ખિન્નતાપૂર્વક મોટેથી કહ્યું:–"હજીસુધી તમારી ક્ષુધાની શાંતિ નથી થઇ? થોડાજ સમયપર અમારા રાજવંશના આઠ હજાર વીરપુરુષોએ સંગ્રામભૂમિમાં પ્રાણાર્પણ કરી તમારૂં ભયંકર ખપ્પર પૂર્ણ કર્યું છે. શું તેથી પણ તમારી દારુણ રુધિરપિપાસા નિવૃત્ત થઇ નથી?" "હું રાજબલિ માગું છું. જો રાજમુકુટધારી બાર રાજકુમારો ચિતોડની રક્ષા કરવાને માટે સંગ્રામભૂમિમાં પ્રાણ નહિ આપે તો મેવાડનું રાજ્ય સિસોદીઆકુળના હાથમાંથી જતું રહેશે." દેવી આટલા શબ્દો કહીને અંતર્ધાન થઇ ગઇ.

મહારાણા મહાસંકટમાં આવી પડયા. તેમને તે રાત્રે ક્ષણમાત્ર પણ નિદ્રા આવી નહિ. પ્રભાત થતાંજ તેમણે સર્વ સરદારોને પોતાની સમક્ષ બોલાવ્યા અને રાત્રિનું અદ્ભુત વૃત્તાંત તેમને સંભળાવ્યું.

પરંતુ કોઇ પણ સરદારને મહારાણાના કથનપર વિશ્વાસ આવ્યો નહિ.સર્વ એમજ સમજ્યા કે મહારાણા ભ્રમમાં પડયા છે. મહારાણા બોલ્યાઃ-" તમે મારા કથનપર અવિશ્વાસ લાવો છો, પરંતુ આજે રાત્રિને સમયે એ ઘરમાં રહીને જુઓ કે દેવી પુનઃ આવે છે કે નહિ?" સરદારોએ આ વાત સ્વીકારી અને તેઓ નિયત કરેલા સમયે રાણાજીના મહાલયમાં એકત્રિત થઈ ગયા. દેવી પુનઃ પ્રકટ થયાં અને બોલ્યાં: " પ્રતિદિન એક એક હજાર યવનો સંગ્રામભૂમિમાં શયન કરે છે, પરંતુ તેથી કાંઇ મારી ક્ષુધાની તૃપ્તિ થાય એમ નથી. પાંચ પાંચ દિવસે એક એક રાજકુમારને રાજ્યાસનપર અભિષિકત કરો.મુકુટ છત્ર અને ચમ્મરથી સજાવી તેને યથાયોગ્ય રાજ્યસન્માનથી સન્માનિત કરો; ત્રણ દિવસપર્યંત તેની આજ્ઞાનું પાલન થવું જોઇએ અને ચોથે દિવસે તેણે સંગ્રામભૂમિમાં જઇ પોતાના ભાગ્યને તાબે થવું જોઇએ. આ પ્રકારે બાર રાજકુમારો સંગ્રામભૂમિમાં પ્રાણ આપે તો હું ચિતોડમાં રહીશ. "

આ પ્રમાણે કહી દેવી અંતર્ધાન થઈ ગયાં. આ વચનો સાંભળી ચિતોડના સરદારો અત્યંત આશ્ચર્ય-ચકિત થયા. વીરહૃદય રાજપૂતલોકોને આ પ્રકારે દેવીનાં દર્શન થવાં અશકય નથી. તેઓ દેવદેવીપર દૃઢ વિશ્વાસ રાખે છે. તેમનો વિશ્વાસ કોઈ પણ પ્રકારે નષ્ટ થતો નથી. જો કે દેવીની આજ્ઞા કઠોર હતી તોપણ સ્વદેશપ્રેમી અને તેજસ્વી રાજપૂતો તેનું પાલન કરવાને ઉત્કંઠિત થયા. તેઓ જીવંત હોવા છતાં દુરાચારી શત્રુઓ ચિતોડપુરીમાં પ્રવેશ કરી તેનું સર્વસ્વ લૂંટી લે તથા તેમની પ્રાણાધાર સ્ત્રીઓનું સતીત્વ ભ્રષ્ટ કરે, એ દશા તેઓ કદિપણ સહન કરી શકે એમ નહોતું. આથી સમસ્ત રાજપૂતો ભગવાન એકલિંગના સોગંદ ખાઈ દેવી ચતુર્ભુજાની આજ્ઞાનું પાલન કરવાને માટે સંગ્રામભૂમિમાં આવ્યા અને તેમણે પ્રતિજ્ઞા કરી કે:-" જ્યાંસુધી અમારા દેહમાં પ્રાણ રહેશે ત્યાંસુધી અમે મુસલમાનોને કોઇ પણ રીતે ચિતોડમાં પ્રવેશ કરવા દઇશું નહિ. "

હવે રાણાજીના બાર પુત્રો એવો તર્કવિતર્ક કરવા લાગ્યા કે સૌથી પ્રથમ કોણે દેવીની આજ્ઞાનું પાલન કરવું? કુમાર અરિસિંહ સૌથી જ્યેષ્ઠ હતા, તેથી તેઓ તે કારણ દર્શાવી પ્રથમ રાજ્યાસનપર બેઠા. તેઓ ત્રણ દિવસપર્યંત રાજ્યસન્માન પ્રાપ્ત કરી ચોથે દિવસે શત્રુ સાથેના સંગ્રામમાં ભયંકર તેજસ્વિતા દર્શાવી સદાને માટે આ નાશવંત સંસારમાંથી વિદાય થયા. તે પછી તેમના કનિષ્ઠ બંધુ અજયસિંહ પોતાના જ્યેષ્ઠ ભ્રાતાનું અનુકરણ કરવાને તત્પર થયા; પરંતુ મહારાણા સર્વ પુત્રો કરતાં અજયસિંહપર અધિક પ્રેમ રાખતા હતા,તેથી તેમણે તેમને સંગ્રામભૂમિમાં જતાં અટકાવ્યા. અજય-સિંહે રણભૂમિમાં જવાને માટે બહુ આગ્રહ કર્યો, પરંતુ મહારાણાએ તેમને પરવાનગી આપી નહિ. આથી તેમણે નિરુપાય થઇ પોતાના કનિષ્ઠ બંધુઓને દેવીની આજ્ઞાનું પાલન કરવાને કહ્યું.આ પ્રકારે અગીઆર રાજકુમારોએ સંગ્રામભૂમિમાં જઇ સ્વદેશપ્રેમનાં ઉત્કટ ઉદાહરણ દર્શાવી હર્ષસહિત જન્મભૂમિ-પરથી પોતાના પ્રાણ ઓવારી નાખ્યા. માત્ર અજયસિંહજ બાર રાજપુત્રોમાંથી શેષ રહ્યા. મહારાણાને અજયસિંહ પ્રાણથી પણ અધિક પ્યારા છે. તેઓ પ્રાણ જાય તો તેને જવા દેવો, પરંતુ પ્રાણ હોવા છતાં પુત્ર અજયસિંહને પ્રાણાર્પણ કરવા જવા દેવા નહિ,એવી હઠ લઇ બેઠા કે:-" હાય ! અજયસિંહ સંગ્રામ-ભૂમિમાં જતાં સિસોદીઆકુળ નિર્મૂળ થઇ જશે. બાપ્પા રાવળના પવિત્ર પૂર્વજોના કોઇપણ વંશજ જીવિત રહેશે નહિ તો પછી શું થશે? મુસલમાનોના ભયંકર આક્રમણથી ચિતોડપુરીનું રક્ષણ કોણ કરશે? ગિહલોતકુલને સંપૂર્ણ નાશમાંથી કોણ બચાવશે?" આવા આવા વિચાર કરી મહારાણાએ અજયસિંહને સંગ્રામમાં જવાની પરવાનગી આપી નહિ. પછી તેમણે સર્વ સામંતોને પોતાની નિકટ બોલાવી કહ્યું:-" હવે મારો અંત આવ્યો છે હવે હું ચિતોડની રક્ષા કરવાને માટે સંગ્રામભૂમિમાં પ્રાણાર્પણ કરીશ. "

મહારાણા પ્રાણાર્પણ કરી દેવીનું ખપ્પર પૂર્ણ કરવાની તૈયારી કરવા લાગ્યા; પરંતુ યવનોની સાથે અંતિમ વારનો ભયંકર સંગ્રામ કર્યા પૂર્વે એક ભયંકર કાર્ય કરવું આવશ્યક માનવામાં આવ્યું.

આ ભયંકર કાર્યને " જુહાર " કિંવા "જુહારવ્રત" કહેવામાં આવે છે. રાજપૂતકુલમહિલા-ઓને પ્રજ્વલિત અગ્નિકુંડમાં નાખીને વિજયી શત્રુઓના પંજામાંથી તેમના સતીત્વ અને સ્વાધીનતાની રક્ષા કરવાને માટે આ ભયંકર "જુહારવ્રત" કરવામાં આવતું હતું. જ્યારે રાજપૂતોને શત્રુના પ્રચંડ આક્રમણથી પોતાના દેશની અથવા પોતાની સ્વાધીનતાની રક્ષા કરવાનો કોઇ ઉપાય જણાતો નહિ,

જ્યારે તેમની સર્વ આશા નષ્ટ થતી ત્યારે રાજપૂતો આ ભયંકર વ્રતનું અનુષ્ઠાન કરવાને ઉદ્યુક્ત થતા. ચિતોડપર આ વખતે આવો ભયંકર પ્રસંગ આવી પડયો હતો. હવે ચિતોડની રક્ષાનો કોઇ ઉપાય શેષ રહ્યો નહોતો,તેથી આ ભયંકર વ્રતનું અનુષ્ઠાન કરવું આવશ્યક ગણાયું.રાજમહાલયના અંતઃપુરની વચ્ચોવચ ભૂમિમાં એક મોટું ભોંયરૂં હતું.દિવસને સમયે પણ તેમાં ઘોરઅંધકાર છવાઇ રહેતો હતો.આ ભયંકર ભોંયરામાં કાષ્ઠ નાખી ચિતા પ્રજ્વલિત કરવામાં આવી.જોતજોતામાં અગણિત રાજપૂતબાળાઓ બાલ ખુલ્લા મૂકી હૃદયવિદારક શોકસંગીતથી ચિતોડપુરીને ગજાવી મૂકતી તે ભયંકર ભોંયરા તરફ ચાલવા લાગી. સર્વ રૂપવતી અને લાવણ્યવતી ક્ષત્રિયાણીઓ કે જેને જોવાથી દુરાચારી શત્રુગણોની પાશવવૃત્તિ ઉત્તેજાવાનો સંભવ હતો–તેઓ પ્રાણાર્પણ કરવાને તૈયાર થઇ. આ સર્વ લલનાઓની પાછળ મનમોહિની મહારાણી પદ્મિની ચાલવા લાગી. ચિતોડની વીરમંડલી મૌન ધારણ કરીને ઉભી રહી હતી. સર્વ વીરરાજપૂતો પોતાનાં હૃદયને વજ્રસમાન સખ્ત બનાવી આ ભયંકર કાર્ય ઉભા ઉભા જોતા હતા. તેમની હૃદયેશ્વરીઓ, માતાઓ, ભગિનીઓ તથા કન્યાઓ સદાને માટે વિદાય લઈ તેમનીસામે તેમની આંખોની સામે પ્રબલ અગ્નિમાં પડી પ્રાણ ત્યાગવાને માટે જતી હતી; તથાપિ તેમની આંખોમાંથી અશ્રુનું એક પણ બિંદુ સ્રવતું નહોતું. આજે તેમનાં નેત્રો સૂકાઇ ગયાં. તેમનાં નેત્રો આરક્ત બની ગયાં હતાં. તેમજ તેમનાં નેત્રોમાંથી સમસ્ત જગતને પ્રજાળી નાખનાર વીરધર્મરૂપી અગ્નિની જ્વાળાઓ આજે વરસી રહી હતી. એક વખતે જે હૃદયોમાંથી પ્રેમના ઝરા વહેતા હતા,તે હૃદયો એ ધર્માજ્ઞાથી આજે શ્મશાનવત ઉજ્જડ બની ગયાં હતાં અને તેથીજ આ ભયંકર વ્રતનું અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. ધીમેધીમે સર્વ સ્ત્રીઓ તે ભોંયરાના દ્વારપર આવી પહોંચી. સામે સીડીઓ પણ તૈયારજ હતી.એક એક કરતાં સર્વ સ્ત્રીઓ ધીમે ધીમે નીચે ઉતરી.તત્કાળ ઉપરથી ભોંયરાનું પ્રચંડ અને ભયાનક લોહદ્વાર ભયંકર અવાજ સાથે બંધ થયું. એક ક્ષણમાં અગણિત હતભાગી મહિલાઓનો કરુણાજનક નાદ તેમાં વિલીન થઇ ગયો. બીજો કાંઇ પણ ધ્વનિ કર્ણગોચર થયો નહિ. હાય ! રૂપ, યૌવન, લાવણ્ય, ગૌરવાદિ–એ સર્વ સંહારક અગ્નિમાં ભસ્મ થઈ ગયું.[1]

આ ભયંકર અને કઠોર જુહારવ્રતનું અનુષ્ઠાન કરીને મહારાણા સ્વયં યુદ્ધમાં જવાની તૈયારી કરવા લાગ્યા; પરંતુ તેમના પ્રિય પુત્ર અજયસિંહે તેમના માર્ગમાં વિઘ્ન નાખ્યું. કોઇ પણ પ્રકારે મહા-

---

૧ " હમલએ ચિતોર " નામના નાટકમાં સ્ત્રીઓ ચિતામાં ભસ્મ થાય છે તે પ્રસંગનું વર્ણન અત્યંત મનોહરતાથી કર્યું છે. રાજપૂતલલનાઓ ચિતામાં ભસ્મ થતી વખત આ પ્રમાણે ગાય છેઃ–

( રાગ પીલુ )

અગન અબ રાખો લાજ હમારી. (ટેક)
હમ સબ બાળા નિપટ બિહાલા, પતિ બિન પરમ દુઃખારી;
બેગ ચિતાધકિ ભસ્મ કરો પ્રભુ, હમ સબ સખા તિહારી. અગન૦ ૧
સુન રે યવન અધમ ચંડાલા, હૃદય દિયો તુમ જારી;
સાખી સૂર પ્રતિફલ પાઓગે, ભોગોગે દુઃખ ભારી. અગન૦ ૨

કેહિ સુખ લાગી રાખત પ્રાન, પિતા પુત્ર પતિ રનમેં જૈહેં અબ હૈં કહાં કલ્યાન.
દુગ્ધ ભયો હિયે તનહૂમેં સોઈ, શોક કરે સોઈ પાન– " " ૧
દુર હો ભૂષન વસન રતન સબ, પતિબિન આજ પયાન– " ૨
ખોલ કેશ પરવેશ અગનકર, અબ સુખ નાહીં આન–કેહિ સુખ લાગી રાખત પ્રાન–અબહૈ૦ ૩
અગન સહાય હોઉ યાહી છિન, પતિનસોં કરહુ મિલાન;
અસહાયા અબલા દુઃખ બૂડીં, કૃપા કરો ભગવાન– અબ હૈ કહાં કલ્યાન૦ ૪

જગ દેખ ખોલકર નયના, હમ પતિવ્રતધર્મ તજેંના;
રવિ શશિ અગન સકલ સુર દેખો, દેખો યવન અપૈના;
તૃણસમ પ્રાણ અનલમેં દહતી, સતી ધર્મતે ટરેંના.

જ્યારે સર્વ સ્ત્રીઓ ચિતામાં ભસ્મ થઈ ગઈ ત્યારે અલ્લાઉદ્દીન પાદશાહ રાજપૂતોને મારીને શહેરમાં આવ્યો; પરંતુ તેને સર્વત્ર ચિતાના ધુમ્રસિવાય કોઈ પણ વસ્તુ દૃષ્ટિગોચર થઈ નહિ, ત્યારે તે અફસોસ કરી હાથ ચોળી કહેવા લાગ્યોઃ––

રાણાને યુદ્ધમાં જવા દેવા નહિ, એવી અજયસિંહની ઇચ્છા હતી. પિતાપુત્ર વચ્ચે દીર્ઘકાળપર્યંત વાદવિવાદ ચાલ્યો; પરંતુ અંતે રાણાનોજ વિજય થયો.નિરુપાય થઇ અજયસિંહને પિતાની આજ્ઞા માનવી પડી અને તેમણે ચિતોડનો ત્યાગ કર્યો. તેઓ પોતાના કેટલાક સૈનિકોને પોતાની સાથે લઇ શત્રુ-ઓના શિબિરોની વચ્ચે થઇને બેધડક કેલવાડા દેશમાં જઇ પહોંચ્યા. હવે રાણાજીને કોઇ પણ વાતની ચિંતા રહી નહોતી. પૂર્વજોનો વંશ રાખવા માટે પુત્ર વિદ્યમાન હતો. બાપ્પા રાવલના વંશનો લોપ થવાનો ભય નહોતો તો હવે શી ચિંતા?

મહારાણા નિશ્ચિંત અને નિઃશંક બની રણભૂમિમાં પ્રાણ ત્યાગવાને ઉત્સાહિત થયા અને પ્રચંડ રણભેરી વગાડી પોતાના સરદારોને પોતાની નિકટ બોલાવ્યા. આ વખતે સર્વ સામંતો મસ્ત બની રહ્યા હતા. તેમની દેહની ચિંતા નષ્ટ થઇ હતી. તેમણે જીવનની મમતા છોડી દીધી હતી. તેઓ કિલ્લા-નો દરવાજો ખોલી પોતાના સ્વામીની પાસે ગયા અને કેસરીઆં કરી મહાન પરાક્રમથી શત્રુસેનામાં કૂદી પડયા. રણોન્મત્ત ભયંકર રાજપૂતોની તીક્ષ્ણ અસિથી અનેક હતભાગી મુસલમાનો કપાઇ મુઆ. પાણીનો પરપોટો જે પ્રમાણે પાણીમાં સમાઇ જાય છે, તે પ્રમાણે વિશાળ સમુદ્રવત પ્રચંડ યવનસેનામાં થોડા રાજપૂતવીરો કોણ જાણે કયાંય સમાઈ ગયા! આજે ચિતોડપુરી જીવનશૂન્ય બની ગઇ. આજે આ અલૌકિક નગરીએ સ્મશાનનું સ્વરૂપ ધારણ કર્યું. જ્યાં ત્યાં અગણિત મૃતદેહો પડયા છે. સર્વ સ્થાનો મનુષ્યના રુધિરથી આવૃત બન્યાં છે. કોઇના હાથપગ કપાઈ ગયા છે અને કોઇનું મસ્તક ધડથી પૃથક્ થયું છે. કોઇ કોઇ રાજપૂત શત્રુસૈનિકોના મુખપર પોતાના તીક્ષ્ણ દાંતો લગાડી પડયા છે. જાણે તેઓ દુશ્મનોપર ભયંકર વૈર લેવાને માટે તેમને કરડી ખાવાને તૈયાર ન હોય! તેવો ભાસ થતો હતો. આ હૃદયવિદારક મહા ભયંકર સ્મશાનના ભયંકર રૂપને શતપટ અધિક ભયંકર બનાવતી યવનસેના પિશાચ-ની પેઠે મરજી પ્રમાણે ભ્રમણ કરવા લાગી. પિશાચબુદ્ધિ બાદશાહ અલ્લાઉદ્દીને જીવશૂન્ય સ્મશાનસમાન ચિતોડપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. પછી તરતજ તે જેને માટે અત્યંત વિહ્વલ બન્યો હતો તે મહારાણી પદ્મિનીની શોધ કરતો ઉન્મત્તની પેઠે આમતેમ ફરવા લાગ્યો! હા મૂર્ખ! હજી પણ તારો ભ્રમ દૂર ન થયો? રે! દુરાચારી! તેં હજીસુધી પદ્મિનીની આશા છોડી નહિ? પદ્મિની કયાં છે? તારા જેવા રાક્ષસના ચિત્તને મોહિત કરનારી પ્રફુલ્લિત સરોજિની સતી સાધ્વી પદ્મિની હવે કયાં છે? નૃશંસ, પાપી અને નરકના અધિકારીના પૈશાચિક પીડનથી તે સતીશિરોમણિ સુરસુંદરી તો આજે વિશ્વને રોવરા-વીને, ચિતોડપુરીને સ્મશાન બનાવીને આ પાપી સંસારનો ત્યાગ કરી ગઇ છે! ભોંયરામધ્યેની જે પ્રચંડ ચિતામાં તે દેવકુમારીની સજીવ પવિત્ર દેહ ભસ્મ થઇ છે, તેમાંથી હજી ધૂમ્ર નીકળ્યા કરે છે. જાણે જવાળામુખી પર્વતમાંથી ધાતુનો ઉષ્ણ રસ ન નીકળતો હોય! તેના જેવો ભાસ થઇ રહ્યો છે. આ પવિત્ર ધૂમ્ર સ્વર્ગીય સામગ્રીથી પરિપૂર્ણ છે અને તે અનુપમ સૌંદર્ય, સતીત્વ અને ગુણભંડારના પરમાણુઓને સૂર્યલોકમાં લઇ જાય છે! આ ધૂમ્રરાશિનો સ્પર્શ થવાથી તે ભયંકર ભોંયરું તે શોચનીય દિવસથી પવિત્ર ગણાવા લાગ્યું. તે દિવસથી કોઇ પણ માણસ કોઇપણ પ્રકારે તેમાં પ્રવેશ કરી શકતું નથી. આ ભોંયરામાં ભયંકર અજગરોના શ્વાસોચ્છ્વાસથી દૂષિત બનેલા વાયુને લીધે દીપક તત્કાળ બૂઝાઇ જાય છે.[1]

---

આયેથે ગુલકે બાસ્તે બસ ખાર લે ચલે; હિજરાંકા પદ્મિની કે યહ આજાર લે ચલે. ૧
દિલકી જો થી હવિસ વો ન નિકલી હજાર હૈફ; ગો જેવરો જબાહર બેશુમાર લે ચલે. ૨
ઈસ હૈચ જિંદગીકે લિયે હાય કયા કિયા; જખ્મી બનાકે લાખોંકો નાચાર લે ચલે. ૩
બસ ચાર ગજ કફનકે સિવા ગંજેદહરસે; હમરાહ અપને કુછભી નજરદાર લે ચલે. ૪
બસ્લે પદ્મકી દિલમેં નિહાયત આરજુ; બદલે ખુશીકે હસરતે દીદાર લે ચલે. ૫
હસરત પુકારતી હૈ યહ કુસ્તોપૈ: ફૌજકે; ચિત્તોરકી બહાર યહ સરદાર લે ચલે. ૬
કિસ જિન્દગી પૈ શહર યહ વીરાના કર દીયા; અફસોસ બાજ કત્લકા અર્વાર લે ચલે. ૭

૧ કર્નલ ટૉડે આ ભોંયરામાં જવાનો વિચાર કર્યો હતો; પરંતુ અનેક પ્રકારના વિષધર સર્પો તથા પ્રાણનાશક વાયુના ભયથી તેઓ પોતાની ઈચ્છા પરિતૃપ્ત કરી શકયા નહોતા. જો તેઓ તેની અંદર જાત તો તેમના ઉપર મહાકષ્ટ આવી પડત.

આ પ્રકારે ઇંદ્રપુરીતુલ્ય ચિતોડપુરી ઇ૦ સ૦ ૧૩૦૩માં અલ્લાઉદ્દીનના ભયંકર અત્યાચારથી અર્ધી ઉજ્જડ થઇ ગઇ! ચિતોડનગરને પોતાના અધિકારમાં લઇને અલ્લાઉદ્દીને તેના શાસનનો ભાર ઝાલોરના સોનગઢા વંશીય માલવદેવ નામના એક સરદારને સોંપ્યો. અલ્લાઉદ્દીન એક તેજસ્વી અને પરાક્રમી પાદશાહ હતો. હેતુની સિદ્ધિમાં કપટ એ એક સિદ્ધ સાધન છે. આ સાધન વાપરવામાં પાદશાહ અલ્લાઉદ્દીન પરમ ચતુર હતો. આજ કારણથી તેને બહુધા સર્વ કાર્યોમાં વિજય મળતો હતો. કપટના વિષયમાં તેને ઇતિહાસવેત્તાઓએ ઔરંગઝેબની કોટિનો ગણ્યો છે. અલ્લાઉદ્દીને તખ્તપર બેસતાંજ "સિકંદરસાની" (દ્વિતીય સિકંદર)ની ઉપાધિ ધારણ કરી. આ ઉપાધિ તેણે પોતાના સિક્કાપર અંકિત કરાવી.તેની આ ઉપાધિ નિરર્થક થઈ નહોતી. તેના કઠોર હાથના ભયંકર પ્રહારથી રાજસ્થાનનાં સેંકડો નગરો તથા ગ્રામો ઉજ્જડ થઈ ગયાં હતાં. ગર્વિત અણહિલવાડ, પ્રાચીન ધારાનગરી અવંતીપુરી, સુંદર નગરો તથા દેવગઢાદિ ગૌરવશાળી નગરો કે જેમાં એક વખત સોલંકી,પરમાર, પરિહાર તથા તક્ષકાદિ વંશના રાજાઓનાં પવિત્ર સિંહાસન વિરાજમાન હતાં,તે સર્વને અલ્લાઉદ્દીને ઉજ્જડ કરી નાખ્યાં. અગ્નિકુળમાં ઉત્પન્ન થયેલા જે રાજાઓની ભ્રૂકુટિવિલાસ માત્રથી એક વખત સમસ્ત ભારતવર્ષનું ભાગ્ય ચલાયમાન થતું હતું, તેનાં નામનિશાન સુદ્ધાં આજે મુસલમાનસૈનિકોના અત્યાચારથી ભુંસાઇ ગયાં છે. જે જેસલમીર, ગાગ્રૌન તથા બુંદીને ભટ્ટલોકો ખીચી તથા હારવંશના રાજાઓની લીલાભૂમિ કહેતા હતા, તેની દશા આજે અલ્લાઉદ્દીનના અત્યાચારથી અત્યંત હીન થઇ ગઇ છે; પરંતુ કાળના પ્રભાવથી આ સર્વ રાજ્યો તે અવનત અવસ્થામાં પુનઃ ઉન્નત થયાં છે. જે સમયે અલ્લાઉદ્દીનના ભયંકર અત્યાચારથી રાજસ્થાન ઉજ્જડ થઇ ગયું હતું, તે સમયે મારવાડના રાઠોડો અને અંબરના કુશાવહ લોકો ભારતવર્ષના ઇતિહાસમાં સ્વલ્પજ દેખાયા હતા. તે કાળમાં રાઠોડ લોકો પરિહાર રાજાઓના તાબામાં સામંત બનીને રહેતા હતા. આવા પરતંત્ર જીવનમાં પણ તેઓ ધીમે ધીમે પોતાનાં મસ્તક ઉન્નત કરતા જતા હતા; પરંતુ કુશાવહજાતિ આ સમય સુધી ઘોર અવદશામાં પડી રહી હતી. તેમને આવી હીન અવસ્થામાં પડેલા જોઇને અસભ્ય મીનાલોકો તેમનાપર આક્રમણ કરી તેમને વારંવાર સતાવતા હતા. કુશાવહલોકો મીનાલોકોને પોતાનાપર અત્યાચાર કરતા અટકાવી શક્યા નહોતા. 'આ તરફ અલ્લાઉદ્દીન વિજયોત્સવમાં લીન બની કેટલાક દિવસપર્યંત ચિતોડમાં રહ્યો. પાદશાહે ચિતોડનાં શોભાયમાન મહાલયો, સુંદર દેવમંદિરો, રમ્ય મકાનો વગેરે તોડાવી નખાવ્યાં હતાં; પરંતુ માત્ર મહારાણી પદ્મિનીનો મહાલય તેના સર્વસંહારક હસ્તપ્રહારથી બચી ગયો હતો. એમ જણાય છે કે અલ્લાઉદ્દીનનો મહારાણી પદ્મિનીપર અનુરાગ હોવાથી તેણે તેને તોડાવી નખાવ્યો નહોતો.

આ ભયંકર સંગ્રામ થયા પછી સિસોદીઆકુલને પિંડદાન આપવાને માટે માત્ર અજયસિંહ જીવિત રહ્યા. પૂર્વે જણાવ્યું છે કે રાજકુમાર અજયસિંહ કેલવાડા દેશમાં ગયા હતા. મેવાડની પશ્ચિમ દિશામાં અરવલ્લી પર્વતમાળાની તળેટીમાં શેરોનલ્લ નામનો એક સમૃદ્ધિશાળી દેશ છે. આ પર્વતમાળામાંજ કેલવાડા દેશ આવેલો છે. આ પહાડી પ્રદેશોમાં દેશપાર થયેલા માણસની પેઠે રહી મહારાણા અજયસિંહ ધૈર્ય ધારણ કરી પોતાના પૂર્વજોના રાજ્યનો ઉદ્ધાર કરવાને માટે સુસંધિની રાહ જોવા લાગ્યા. જે ચિતોડ તેમના પૂર્વજોની લીલાભૂમિ હતી, તેજ ચિતોડમાં આજે એક સામંત રાજ્ય કરતો હતો; આજે તેજ ચિતોડ પરકીય બની ગયું હતું. આવી આવી અનેક ચિંતાઓથી ગ્રસ્ત થયા છતાં મહારાણા અજયસિંહ લેશ પણ હતાશ વા નિરુત્સાહી થયા નહિ. તેઓ બમણા ઉત્સાહથી પોતાનું કાર્ય સિદ્ધ કરવાને માટે આવશ્યક તૈયારીઓ કરવા લાગ્યા. જે સમયે મહારાણા લક્ષ્મણસિંહ સંગ્રામમાં જવાને તૈયાર થયા તે સમયે તેમણે અજયસિંહને કહ્યું હતું કે: " તારા પછી તારા જ્યેષ્ઠ બંધુ અરિસિંહનો પુત્ર સિંહાસનપર બેસે એવો પ્રબંધ કરજે." પોતાના પિતાનાં આ વચન તેમને સારી રીતે સ્મરણમાં હતાં. સૂતાં, બેસતાં અને આપત્તિનાં સમયે પણ તેઓ અરિસિંહના પુત્રને વિસરતા નહોતા; પરંતુ અરિસિંહના પુત્રનો ક્યાંય પણ પત્તો લાગતો નહોતો અને અજયસિંહનો પુત્ર કાંઈ કામનો નહોતો. વળી તેમની વૃદ્ધાવસ્થા પણ પ્રાયઃ નિકટ આવી પહોંચી હતી. આવી દશામાં અજયસિંહ એમજ માનતા કે પિતાનાં વચન સિદ્ધ થશે! અને થયું પણ તેમજ! અરિસિંહના પુત્રનું નામ હમીર હતું.

આ હમીરેજ સિસોદીઆકુળના નષ્ટ ગૌરવનો ઉદ્ધાર કર્યો. મેવાડના ભટ્ટલોકોના કાવ્યગ્રંથોમાં હમીરના જન્મવિષે તથા તેની બાલ્યાવસ્થાવિષે અતિ વિસ્તૃત વર્ણન છે.

લક્ષ્મણસિંહના જ્યેષ્ઠ પુત્ર અરિસિંહ કેટલાક યુવાન સરદારોની સાથે અન્દવા નામના વનમાં મૃગયા ખેલવાને ગયા હતા. ત્યાં એક વરાહને જોઇને તેમણે તેના ઉપર બાણ છોડ્યું; પરંતુ નિશાન ચૂકી જવાથી વરાહ નાસીને એક જુવારના ક્ષેત્રમાં ભરાઇ ગયું. અરિસિંહ પણ તેની પાછળ પાછળ તે ક્ષેત્રમાં ગયા. તે ક્ષેત્રમાં એક માળો હતો અને તેનાપર એક બાળા બેઠી હતી. અરિસિંહે અને બાળાએ એકબીજાને જોયાં. અરિસિંહને જોઈ તે બાળા માળાપરથી નીચે આવી અને નમ્ર વાણીથી બોલીઃ- 'હવે આપને પરિશ્રમ કરવાની અગત્ય નથી. હું હમણાં વરાહને પકડી લાવું છું." આ ક્ષેત્રમાં જુવારના સાંઠા સાત આઠ હાથ લાંબા હતા. એ બાળા રાજપૂતકન્યા હતી. તેણે એક જુવારનો સાંઠો ઉખેડ્યો અને તેના એક છેડાને અણીદાર બનાવ્યો. પછી તે પોતાના માળાપર ચઢી અને આ જુવારના સાંઠાને ધનુષ્યપર ચઢાવી એવા વેગથી તેને ફેંક્યો કે તે વરાહને લાગતાંજ તત્કાળ તે વરાહ મરણ પામ્યું. પછી તે મૃત વરાહને ઉંચકી લાવી અને રાજકુમારને સોંપી પોતાને કામે ચાલી ગઈ. વીર્યવાન રાજપૂતબાળાઓની અપૂર્વ વીરતા અને પ્રચંડ બાહુબળ રાજકુમારને સુવિદિત હતાં; પરંતુ તેણે એક રાજપૂતબાળાનું આવું અદ્ભુત કાર્ય કદિ પણ જોયું નહોતું. તે કાર્ય જોઇને રાજકુમાર અરિસિંહ અને તેના સાથીઓ અત્યંત વિસ્મિત થયા અને તે રાજપૂતબાળાના પરાક્રમવિષે વાતો કરતા કરતા એક નદીને કિનારે જઇ પહોંચ્યા. અહીંઆં તેઓ ભોજનની તૈયારી કરવા લાગ્યા.

ભોજન તૈયાર થઇ રહ્યા પછી તે સર્વ ભોજન કરવા લાગ્યા. જમતાં જમતાં તેઓ આ રાજપૂતબાળાના બાહુબળની પ્રશંસા કરતા હતા. આ વખતે આ જુવારના ખેતર તરફથી એક માટીનું ઢેફું આવીને રાજકુમારના ઘોડાને લાગ્યું. ઢેફું લાગતાંવેંતજ તે ઘોડો નીચે તૂટી પડ્યો. સર્વ જણે ચકિત થઇ તે ખેતર તરફ જોયું તો તેમને જણાયું કે આ રાજપૂતબાળા માળાપર ચઢીને ગોફણવતી ગોળા ફેંકી પક્ષીઓને ઉરાડે છે. હવે સર્વ જણની ખાત્રી થઇ કે રાજપૂતબાળાએ ફેંકેલા ગોળાથીજ અશ્વનો પગ તૂટી ગયો છે. આ સ્ત્રીને આ ઘટનાની ખબર પડતાં તે તરત માળાપરથી ઉતરી પોતાના અપરાધની ક્ષમા માગવાને માટે રાજકુમારની પાસે આવી. તેની નીડરતા, સભ્યતા તથા શીલ જોઇને રાજકુમાર તથા તેના સાથીઓ આશ્ચર્યચકિત થયા. એક સાધારણ કૃષિકારની કન્યામાં શું આ પ્રકારના અપૂર્વ ગુણો હોઇ શકે? ક્ષમા કરવાની વાત તો દૂર રહી; પરંતુ તેના કાર્યને તેમણે દોષતરિકે માન્યુંજ નહોતું. હવે રાજકુમારનું હૃદય આ યુવતીપ્રત્યે આકર્ષાયું.

મૃગયા ખેલી રહી રાજકુમાર પોતાના સાથીઓસહિત રાજભુવન તરફ જતા હતા, એટલામાં માર્ગમાં તે યુવતી તેમને પુનઃ મળી. આ વખતે તે રાજપૂતબાળા પોતાના મસ્તકપર દૂધનું વાસણ મૂકી પોતાના બે હસ્તવતી બે પાડીઓને દોરીને લઇ જતી હતી. અરિસિંહના એક સાથીએ કૌતુકને માટે તેના મસ્તકપરથી દૂધનું વાસણ નીચે ઢોળી પાડવાના ઉદ્દેશથી તેની તરફ પોતાનો અશ્વ હાંક્યો. આ રાજપૂતબાળા તે માણસના મનનો ઉદ્દેશ સમજી ગઇ અને તેને પોતાની પાસે આવતો જોઇ ચાલાકીથી એક પાડીને તેના ઘોડાની સાથે એવી રીતે અથડાવી દીધી કે આ કૌતુકાભિલાષી રસિકવર રાજપુત્રનો સખા ઘોડાની સાથે ભૂમિપર પડી ગયો. તપાસ કરતાં રાજપુત્રને જણાયું કે, ચંદાની કુલના[1] એક ગરીબ રાજપૂતને ઘેર આ રાજપૂતબાળાનો જન્મ થયો છે. તે રાજપૂતબાળા હોવાથી રાજપુત્રની સાથે તેનો વિવાહ થવામાં કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ નહોતો. એક દિવસ રાજપુત્ર પોતાના સાથીઓને લઇને મોટા મળસ્કામાં તે બાળાના પિતાને ઘેર ગયા અને તેમણે તે રાજપૂતને મળવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. કુમારનો એક સખા તે વૃદ્ધ રાજપૂતના ઘરમાં ગયો અને તેણે કુમારની ઇચ્છા જણાવી. તે વૃદ્ધ રાજપૂત તત્કાળ કુમારને મળ્યો. કુમાર તેને પોતાના મહાલયમાં તેડી લાવ્યો અને આદરસહિત

૧ આ ચોહાણકુલની એક શાખા છે.

તેને બેસવાને માટે આસન આપ્યું. વૃદ્ધ રાજપૂત તે આસનપર ન બેસતાં કુમારના આસનનાજ એક ખુણાપર બેસી ગયો. તેનું આવું વિવેકહીન વર્તન જોઇને કુમારના સાથીઓ હસવા લાગ્યા; પરંતુ રાજકુમારને જ્યારે તેમણે તેના આવા વર્તનથી જરાપણ અપ્રસન્ન ન થતાં તેની પુત્રીની સાથે પોતાનો વિવાહ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરતાં જોયા ત્યારે તેઓ વિસ્મિત થયા; પણ જ્યારે આ વૃદ્ધ રાજપૂતે કુમારની આ માગણીનો અસ્વીકાર કર્યો ત્યારે તો તેમના આશ્ચર્યનો પારજ રહ્યો નહિ. અરિસિંહ આથી અતિ નિરાશ થયા; પરંતુ વિધિના લેખ કોણ મિથ્યા કરી શકે છે? આ વૃદ્ધ રાજપૂતે પોતાને ઘેર આવી સર્વ વૃત્તાંત પોતાની સ્ત્રીને કહી સંભળાવ્યું. તેની સ્ત્રી વિશેષ બુદ્ધિવાન હતી. તેના સ્વામીએ જે મહા ભૂલ કરી હતી, તે માટે તેણે તેને ખૂબ ઠપકો આપ્યો અને તેને કુમારને મળી તેની ક્ષમા માગવાને કહ્યું. ભાર્યાના ઠપકાથી તે રાજપૂતની બુદ્ધિ ઠેકાણે આવી અને તેણે શીઘ્ર કુમારની પાસે આવીને તેને પોતાની કન્યા આપવાની હા પાડી. અલ્પકાળમાં કુમાર અરિસિંહનો વિવાહ તે બળવાન સ્ત્રીની સાથે થયો. આ શુભ સંયોગનું ફળ કુમાર હમીર થયો. જ્યારે ચિતોડમાં અલ્લાઉદ્દીનની સાથેના મહાસંગ્રામની તૈયારી થઇ રહી હતી, ત્યારે હમીરની વય માત્ર બાર વર્ષની હતી. આ સમયે ચિતોડમાં તેના નિકટનાં આપ્તજનોસિવાય અન્ય કોઇ પણ તેને ઓળખતું નહોતું. આ વખતે તે કૃષિકારના જીવનનું સુખ અનુભવતો પોતાના મામાને ઘેર આનંદપૂર્વક રહેતો હતો; પરંતુ આ શાંતિ તે અધિક દિવસપર્યંત ભોગવી શક્યો નહિ. તેની સન્મુખ કઠોર કાર્યક્ષેત્ર ઉપસ્થિત થતું હતું. તેણે ભયંકર તલવાર હાથમાં લઇ ચિતોડના નષ્ટ ગૌરવનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો.

મુસલમાનસેનાના પદપ્રહારથી મેવાડની ભૂમિ કંપાયમાન થઇ રહી હતી. વિજયોન્મત્ત તાતારસેનાનો ભયંકર કોલાહલ ચિતોડના કિલ્લામાં સંભળાતો હતો. સ્વર્ગપર દાનવસેનાએ અધિકાર સ્થાપિત કર્યો હતો. નિષ્ઠુર હૃદયના માણસોએ આર્યભૂમિને જકડીને બાંધી લીધી હતી અને તેને ક્રૂરતાથી પીડિત કરી હતી. આ અવસ્થામાંથી ચિતોડનો ઉદ્ધાર કોણ કરશે? એવો કયો વીર છે કે જે સ્વદેશપ્રેમના મહામંત્રથી ઉત્સાહિત થઇ નિરાશ્રિત આર્યભૂમિનો ઉદ્ધાર કરશે? કેવળ મહારાણા અજયસિંહપરજ આ વિષયમાં થોડી આશા બાંધી શકાય તેમ છે; પરંતુ તેઓ એકલા શું શું કરશે? તેમની પાસે નથી કોઇ પ્રકારનું બળ કે નથી કાંઈ સંપત્તિ. એક તરફ મુસલમાનોના ગ્રાસમાંથી ચિતોડનો ઉદ્ધાર કરવો જોઇએ અને બીજી તરફ પહાડી ભીલસરદારોના અત્યાચારનો પ્રતિરોધ કરવો જોઇએ; તો પ્રથમ એમાંનું કયું કામ કરવું? મહારાણા કોઈ પણ ચોક્કસ નિર્ણય ઉપર આવી શક્યા નહિ.

ભીલસરદારોમાં મુંજા વલૈચા નામનો એક મહાવીર હતો. અજયસિંહની સાથે તે અત્યંત શત્રુતા રાખતો હતો. આ ભીલે રાણાજીના શૈરોનલ્લ સ્થાનપર આક્રમણ કર્યું હતું અને રાણાની સાથે દ્વંદ્વયુદ્ધ કર્યું હતું. આ દ્વંદ્વયુદ્ધમાં રાણાજીએ તે ભીલના મસ્તકપર ભાલાનો પ્રહાર કર્યો હતો. રાણાજીને બે પુત્રો હતા. જ્યેષ્ઠ આજિમસિંહ અને કનિષ્ઠ સુજનસિંહ. એકની ઉંમર સોળ વર્ષની અને બીજાની પંદરની હતી. આટલી તરુણ વયમાંજ રાજપૂતોનું વીરચરિત્ર દેખાઈ જાય છે; પરંતુ અજયસિંહને આ વિપત્તિકાળમાં તે પુત્રો ઝાઝા ઉપયોગમાં આવ્યા નહોતા. અંતે અજયસિંહે આ સંકટના સમયમાં પુષ્કળ શોધ કરાવીને હમીરને તેના મામાને ઘેરથી તેડાવી મંગાવ્યો. બાર વર્ષનો રાજપૂતકુમાર શાંતિમય જીવન છોડી સ્વદેશનો ઉદ્ધાર કરવાને માટે સમરભૂમિમાં આવ્યો. સૌથી પહેલાં અજયસિંહે કુમાર હમીરસિંહને પોતાના પ્રચંડ વૈરી ભીલસરદાર મુંજા ઉપર આક્રમણ કરવાને મોકલ્યો. કુમાર અસ્ત્રશસ્ત્રથી સજ્જિત થઈ અસભ્ય શત્રુનો સંહાર કરવાને માટે ચાલ્યો. વિદાય લેતી વખતે કુમારે પોતાના કાકાના ચરણને સ્પર્શ કર્યો અને કહ્યું:–"જો હું મુંજાનું મસ્તક કાપી લાવીશ તોજ દેશમાં આવીશ; નહિ તો નહિ." થોડાજ દિવસોમાં કુમાર હમીરસિંહ મુંજાના કપાયેલા મસ્તકને ભાલાની અણીપર લઇ પોતાના અશ્વપર આરૂઢ થઇ કેલવાડાના પર્વતમાર્ગે આવતો દૃષ્ટિગોચર થયો. તેણે ધીર અને નમ્રભાવે પોતાના વિજયની ભેટ કાકાના ચરણમાં ધરી અને કહ્યું:–" પિતાજી! આપના શત્રુનું મસ્તક ઓળખી લ્યો." અજયસિંહ પરમાનંદ પામ્યા. તત્કાળ તેમને રાણા લક્ષ્મણસિંહની ભવિષ્યવાણી યાદ આવી. તેઓ સમજી ગયા કે વિધાતાએ હમીરના ભાગ્યમાંજ રાજ્યપ્રાપ્તિ લખી છે. તેમણે પરમ પ્રસન્નતાથી પોતાના



ભત્રીજાના વદનપર ચુંબન કર્યું અને પોતાના મૃતશત્રુના કપાયેલા મસ્તકપરથી રુધિર લઇ કુમારના લલાટપર રાજતિલક ખેંચ્યું. આ વખતે અજયસિંહના પુત્રોની આશા નષ્ટ થઈ. તેઓ સમજી ગયા કે અમને રાજ્ય મળનાર નથી, અમારે પરાશ્રિત રહી જીવન વ્યતીત કરવું પડશે. આ ભયંકર ચિંતાથી દુર્બળ થઈ જ્યેષ્ઠકુમાર આજિમસિંહે કેલવાડામાં દેહત્યાગ કર્યો અને અજયસિંહે સુજનસિંહને બીજા રાજ્યમાં મોકલી દીધો કે જેથી તેને કોઇ પણ પ્રકારના રાજવિગ્રહમાં પડવું પડે નહિ. આથી અત્યંત દુઃખિત થઇ સુજનસિંહે દક્ષિણમાં જઈ પોતાનું વંશવૃક્ષ સ્થાપન કર્યું. ભવિષ્યમાં આજ વંશમાં એક મહાવીરે જન્મ લીધો હતો. આ મહાવીરના પ્રચંડ પ્રતાપથી એક વખત સમસ્ત ભારતવર્ષ કંપાયમાન થઈ ગયો હતો. આ મહારાષ્ટ્રકુલતિલક યવનદર્પહારી મહાવીરનું નામ શિવાજી મહારાજ હતું.[1]

સંવત ૧૩૫૭ (ઇ૦ સ૦ ૧૩૦૧) માં વીરશ્રેષ્ઠ હમીરસિંહનો મેવાડરાજ્યમાં અભિષેક થયો; પરંતુ તેમનું રાજ્ય, ધન તથા તેમની સર્વ જાતની સંપત્તિપર શત્રુનો અધિકાર હતો. જે દિવસે રાણા અજયસિંહે પોતાના ભત્રિજાના કપાળપર રાજતિલક ખેંચ્યું, તે દિવસથી ચોસઠ વર્ષની અવધિમાં રાણા હમીરસિંહે મેવાડના નષ્ટ થયેલા ગૌરવનો ઉત્તમ પ્રકારે ઉદ્ધાર કર્યો. રાજસ્થાનમાં "ટીકાદોડ" નામનો એક રિવાજ અદ્યાપિ પ્રચલિત છે. રાજપૂતનૃપતિઓ પોતાના પિતાના રાજ્યમાં અભિષિક્ત થતાંવેંતજ પોતાના સૈન્ય તથા સામંતોને લઇને નિકટના અથવા દૂરના કોઇ શત્રુરાજ્યપર આક્રમણ કરે છે. જો દેશમાં ચારે તરફ શાંતિનું સામ્રાજ્ય પથરાઇ રહેલું હોય છે, કોઇની સાથે શત્રુતા અથવા દ્વેષભાવ હોતો નથી તો નવીન રાજા શાંતિનો ભંગ કરતો નથી. આવી પરિસ્થિતિમાં તે માત્ર નકલી આક્રમણથીજ પોતાના પૂર્વજોના પ્રાચીન વીરોચિત રિવાજનું પાલન કરે છે.[2] પરંતુ જે સમયે મહારાણા હમીરનો અભિષેક થયો તે સમયે શાંતિ નહોતી. તે સમયે તો શત્રુઓ મસ્તક ઉપર ગાજી રહ્યા હતા; તેથી તેમણે રાજ્યાભિષેક થતાંની સાથેજ યુદ્ધની સામગ્રી તૈયાર કરવા માંડી. સૌથી પહેલાં તેમણે પોતાના કાકાના દુશ્મન "વલૈચા"ના રાજ્યપર આક્રમણ કર્યું અને તેના "સૈલિઓ" નામના ગિરિદુર્ગપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. આ ટીકાદૌડના રિવાજનું પાલન કરતી વખતે મહારાણા હમીરસિંહે જે પ્રચંડ વીરતા પ્રકાશિત કરી તે પરથી સર્વ લોકોને વિદિત થઇ ગયું કે આ મહાવીર ચિતોડના નષ્ટગૌરવનો અવશ્ય ઉદ્ધાર કરશે.

ભટ્ટલોકોના ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કેઃ-" જે દિવસે અજમલ્લે (અજયસિંહે) પરલોકમાં પ્રયાણ કર્યું, તે દિવસથી હમીરસિંહ રાણાનું નગ્ન થયેલું ખડ્ગ પુનઃ મ્યાન થયું નહોતું." વાસ્તવમાં હમીરસિંહનું સમગ્ર જીવન પ્રચંડ દેશવૈરીની સામે ખડ્ગ ધારણ કરવામાંજ વ્યતીત થયું હતું. અમે ઉપર જણાવ્યું છે કે અલ્લાઉદ્દીન ચિતોડનું રાજ્ય માલવદેવને સોંપી ગયો હતો. આ માલવદેવ દિલ્લીની સેના સાથે ચિતોડમાં રહેતો હતો.

હમીરસિંહ રાણાને સહાય કરવાને માટે જે લોકો તૈયાર હતા તેમની સંખ્યા મુઠ્ઠીભર હતી, એમ કહીએ તો અતિશયોક્તિ નથી; તો પછી તેઓ મુઠ્ઠીભર માણસોને લઇને દિલ્લીના પ્રચંડ સૈન્યની સામે

---

૧ મેવાડના ભટ્ટલોકોના ગ્રંથોમાં શિવાજીના વંશનું વર્ણન વિસ્તારપૂર્વક ઉપલબ્ધ થાય છે. આવશ્યક જણાવાથી અહીંઆં તે સંક્ષેપમાં લખવામાં આવે છે. અજયસિંહ, સુજનસિંહ, દિલીપજી, શિવજી, તૈરવજી, દેવરાજ, ઉગ્રસેન, માહુલજી, ખેલજી, જનકજી, સત્યજી, શંભુજી, શિવાજી (મરાઠા સામ્રાજ્યના સ્થાપક). એમના પુત્ર રાજારામની પછી મહારાષ્ટ્રનું સિંહાસન પેશ્વાલોકોના અધિકારમાં ગયું હતું.

મહારાજા શિવાજીછત્રપતિના સવિસ્તર જીવનચરિત્રના પુસ્તકની બીજી આવૃત્તિ હાલમાં આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલ છે. તેનાં પૃષ્ઠ ૫૨૮, તથા મૂલ્ય રૂપિયા ૨ા છે.

૨ જ્યારે જયપુરના રાજાએ દિલ્લીના પાદશાહને પોતાના કુલની પ્રતિષ્ઠા અને સ્વાધીનતા વેચી નાખી ત્યારે મેવાડના રાજા અંતરમાં તેના પ્રત્યે ઘૃણા ધારણ કરવા લાગ્યા અને આજ કારણથી તેમણે મેવાડની સરહદપર આવેલા જયપુરના રાજાના તાબાના માલપુર પ્રદેશને 'ટીકાદોડ' માટેનું મુખ્ય સ્થાન બનાવી દીધું હતું.



છત્રપતિ શિવાજી મહારાજ.

યુદ્ધ કરવાને શી રીતે જઈ શકે ? આવી પરિસ્થિતિમાં તેમણે એક એવા માર્ગનું અવલંબન કર્યું કે જેથી તેમનું કાર્ય ઉત્તમ પ્રકારે સિદ્ધ થયું. તેઓ કિલ્લાકોટવાળાં નગરોને છોડી ગામડાંઓને ઉજ્જડ કરવા લાગ્યા. વળી તેમણે એવો ઢંઢેરો પીટાવી દીધો કેઃ–" જે લોકો મહારાણા હમીરસિંહને પોતાના સ્વામી માનતા હોય તેમણે પોતપોતાના નિવાસસ્થાનનો ત્યાગ કરી સપરિવાર પૂર્વ અને પશ્ચિમ દિશામાં આવેલા ગિરિમાર્ગમાં આવી વસવું; નહિ તો તેમને દેશના શત્રુ માનવામાં આવશે અને તેમનાઉપર અત્યંત કષ્ટ આવી પડશે." આ ઢંઢેરો સાંભળી લોકોનાં ઝુંડનાં ઝુંડ પોતપોતાનાં ઘરબાર છોડી અરવલ્લી પર્વતમાં જઈ નવાં ઘર બંધાવી રહેવા લાગ્યાં. હમીરસિંહે મુસલમાનોને કનડવામાં પણ કસર રાખી નહિ. જ્યારે પ્રજા મેવાડની વસ્તી છોડી ગઇ, ત્યારે મુસલમાનસૈનિકોને જવું આવવું અતિ કઠિન થઇ પડ્યું.મેવાડમાંથી જવાઆવવા સમયે તેમના ઉપર મહારાણા હમીરસિંહ પોતાના દલની સાથેતૂટી પડતા અને તેમનો સંહાર કરીને પાછા પોતાના ગુપ્ત વાસમાં ચાલ્યા જતા.મહારાણા હમીરસિંહ આ પ્રકારની રાજનીતિ ગ્રહણ કરી ધીમે ધીમે શત્રુઓનો સંહાર કરવા લાગ્યા.શત્રુઓએ તેમને પકડવાને બહુ બહુ પ્રયત્નો કર્યા, પરંતુ દુર્ગમ વનના ઘારોમાં કોઈપણ પ્રકારે કયાંય પણ તેમનો પત્તો લાગતો નહિ.આ પ્રકારે શત્રુના પુષ્કળ સૈનિકો માર્યા ગયા. મહારાણાની આ પ્રકારની રાજનીતિથી મેવાડભૂમિ શ્મશાનવત બની ગઇ.જે પ્રદેશમાં લીલાંછમ ક્ષેત્રો દૃષ્ટિગોચર થતાં હતાં, તે પ્રદેશ આ વખતે જંગલસમાન બની ગયો. વ્યાપાર, રોજગાર, બજાર, હાટ–સર્વ શૂન્ય થઇ ગયાં.મકાનો ભાગીતૂટીને ખંડિયેર થઈ ગયાં.મહારાણા હમીરસિંહે ગ્રહણ કરેલી પરમ ચાતુર્યપૂર્ણ રાજનીતિ ગિહલોતકુલને માટે પરમ લાભદાયક નીવડી.ઇસ્વીસનની દશમી શતાબ્દીના મધ્યભાગમાં જે સમયે મહમૂદ ગિઝનવીના ભયથી સમસ્ત ભારતભૂમિ કંપાયમાન થઈ રહી હતી, તે સમયથી અઢારમી શતાબ્દીમાં દિલ્લીશ્વર મહમદના સમયપર્યંત મેવાડના રાજાઓ યવનોના મહા અત્યાચારથી ગિહ્લોતકુલની પ્રતિષ્ઠાની રક્ષા કરવાને માટે કોઇ કોઇ વખત આ પ્રકારની રાજનીતિનું પણ અવલંબન કરતા હતા. મેવાડના ઇતિહાસમાં તેનું વિસ્તૃત વર્ણન ઉપલબ્ધ થાય છે.

મહારાણા હમીરસિંહ કેલવાડામાંજ રહેવા લાગ્યા. જે [1]કેલવાડાને અત્યાર સુધી સૂનો પહાડી દેશ કહેવામાં આવતો હતો, તે હવે મહારાણા હમીરસિંહના અદ્ભુત ચાતુર્યથી મનુષ્યોથી પરિપૂર્ણ ભરેલું સ્થાન બની ગયું. મહારાણા હમીરસિંહની પ્રજા મેવાડદેશનો ત્યાગ કરીને એક એવા દેશમાં આવી વસી કે જ્યાં વસવાની કોઇનીઇચ્છા નહોતી.આવા સંકટના સમયમાં મહારાણા હમીરસિંહે પરમ ચાતુર્ય વાપરીને દુર્ગમ સ્થાનમાં માણસની વસ્તી કરી. આ દેશ અસંખ્ય પહાડોની વચમાં આવેલો છે. આ પહાડોમાં બે ચાર ગુપ્ત માર્ગો પણ છે. કોઈ કોઈ વખત વિદેશી મુસાફરો આ ગુપ્તમાર્ગો ઉલ્લંઘી આ દેશમાં જઇ ચડે એવું પણ બનતું હતું. કેલવાડા દેશ પહાડના શિખરપર આવેલો છે. ઉપલી ઘટના બન્યાને ઘણો કાળ વ્યતીત થઈ ગયા પછી આ શૈલશિખરપર કમલમેરનો પ્રસિદ્ધ કિલ્લો બાંધવામાં આવ્યો હતો. કેલવાડા અતિ મનોહર દેશ છે. તેની ચારે તરફ ઘાડું જંગલ આવેલું છે. વચ્ચે વચ્ચે અસંખ્ય નદીઓ ખળખળ અવાજ કરતી વહે છે. આ સ્થળે પ્રકૃતિનો દેખાવ અતિ રમ્ય લાગે છે. સ્થળે સ્થળે પ્રચંડ ક્ષેત્રો શોભી રહેલાં છે. અહીંઆં જાતજાતનાં કંદ,મૂળ અને ફળ પેદા થાય છે.આ દેશનો વિસ્તાર પચ્ચીસ કોશનો છે.આ દેશ પૃથ્વીથી આઠસેં ફીટ અને સમુદ્રની તળેટીથી બેહજાર ફીટ ઉંચો છે.આ ઉચ્ચ પર્વતની ચારેતરફ અગણિત ગુપ્તમાર્ગો આવેલા છે. આ ગુપ્તમાર્ગોદ્વારા ત્યાંના લોકો ગુર્જરપ્રાંત,મારવાડ તથા પશ્ચિમ તરફના ભીલલોકોના પ્રદેશમાં આવજા કરતા અને આવશ્યકતા જણાતાં પ્રસંગોપાત તેઓ ભીલ લોકોની સહાય પણ મેળવતા. "અગુણા પાનોર " ના ભીલલોકો તરફથી ગિહ્લોતકુલના રાજાઓને અસંખ્ય વાર સહાય મળી હતી. રાણાઓની રક્ષા કરવાને માટે ભીલલોકોએ પ્રસન્નમુખે પોતાના પ્રાણ આપ્યા છે. પોતે ભૂખ્યા રહી, આખી રાત જાગરણ કરી તથા અત્યંત કષ્ટ વેઠીને તેમણે ગિહલોતકુલને માટે ખાનપાનની સામગ્રી પહોંચાડી છે અને હાથમાં ધનુષ્યબાણ ધારણ કરી તેમને અનેક વાર રણક્ષેત્રમાં સહાય કરી છે. આ પ્રકારે તેઓ સર્વ વિપત્તિઓમાંથી રાજપરિવારની રક્ષા કરતા હતા. આથીજ મેવાડના રાજાઓ તેમની સાથે કૃતજ્ઞતાની ગ્રંથીથી બંધાયેલા છે. આ બંધન કોઈપણ કારણથી

[1] આ સ્થળે મહારાણા હમીરસિંહે એક તળાવ બંધાવ્યું અને તેનું નામ [illegible]. આજ તળાવની પાસે મેવાડની અધિષ્ઠાત્રીદેવીનું એક મંદિર પણ બંધાવવામાં આવ્યું.

શિથિલ થઇ શકાતું નથી.આ મહોપકારનો યથાર્થ બદલો વાળી શકાય એમ નથી.આ મહોપકાર પવિત્ર અને સ્વર્ગીય છે. મેવાડના પૂર્વભાગમાં આવેલી વિશાળ પર્વતમાળાઓમાંનાં ધાડાં જંગલોમાં તથા નિર્જન કંદરાઓમાં કેટલાક મેવાડનિવાસીઓ આશ્રય ગ્રહણ કરી રહ્યા હતા. તેઓ થોડા વખત સુધી અલ્લાઉદ્દીનના અત્યાચારમાંથી બચ્યા હતા; પરંતુ પાછળથી તે ક્રૂર પાદશાહે બારિક તપાસ કરીને તેમને પણ પાયમાલ કર્યા હતા.

જે સમયે મેવાડની આ દશા હતી, જે સમયે એ દેશના કિલ્લાઓ તથા ઉત્તમોત્તમ નગરો શત્રુઓના અધિકારમાં હતાં,જે સમયે ત્યાંનાં ક્ષેત્રો તથા શાંતિમય સ્થાનો રાણા હમીરસિંહની સખ્ત રાજનીતિથી ભયાનક શ્મશાનવત બની ગયાં હતાં તેજ સમયમાં ચિતોડના રાજા માલવદેવે પોતાની કન્યાનું લગ્ન રાણા હમીરસિંહની સાથે કરવાની માગણી કરી.આ સંગ્રામના સમયમાં માલવદેવે શા હેતુથી પોતાના પ્રચંડ શત્રુ હમીરસિંહની સાથે પોતાનીપુત્રીનો વિવાહ કરવાની ઇચ્છા કરી હતી, તે કાંઇ સમજી શકાયું નહિ. રાણાહમીરના મંત્રીઓ આ વિષે અનેક પ્રકારની શંકાઓ કરવા લાગ્યા; પરંતુ રાણા હમીરસિંહે તેમની એકપણ વાત માની નહિ અને માલવદેવની કન્યાસાથે વિવાહ કરવાનો સ્વીકાર કર્યો. આ ભયંકર સંગ્રામના સમયમાં માલવદેવે શા હેતુથી વિવાહની માગણી કરનારૂં શ્રીફળમોકલ્યું છે તેવિષે રાણા હમીરસિંહે લેશપણ વિચાર કર્યો નહિ. રાણાના ઇષ્ટમિત્રો એવી શંકા કરવા લાગ્યા કે શું મહારાણાને વિપત્તિમાં નાખવાને માટે આ કાર્ય કરવાનો માલવદેવનો વિચાર હશે? પરંતુ મહારાણા તો નિશ્ચિંત રહ્યા. ઇષ્ટમિત્રોએ અનેકવાર કહ્યું કે આ સંબંધ નહિ થાય તો સારૂં; પરંતુ મહારાણા તો ધીર અને ગંભીરભાવથી એટલોજ ઉત્તર આપતા કેઃ-"ભાવીની ચિંતાથી તમે શામાટે વ્યાકુળ થાઓ છો? માલવદેવનો અંતઃસ્થ હેતુ ગમે તે હો; પરંતુ આપણને શ્રીફળનો સ્વીકાર કરતાં શી હાનિ છે? જો તે કપટ રમતો હશે તોપણ તેનો મને કાંઈ ભય નથી. આ વિવાહથી એટલો લાભ તો થશેજ કે જે સ્થાને મારા પૂર્વજો નિવાસ કરતા હતા, તેનાં દર્શન થશે. કોટયવધિ વિપત્તિઓ માથે આવી પડે તોપણ તે સર્વ સહન કરવાને રાજપૂતોએ હૃદય ખુલ્લું કરીને ઉભું રહેવું જોઇએ. રાજપૂતો સાહસથી કમ્મર કસી મૂળમંત્રને હૃદયમાં ધારણ કરી કાર્ય સિદ્ધ કરવાને ઉદ્યુક્ત થશે તો વિજયલક્ષ્મી અવશ્ય આવીને વરશેજ. એમ ધારો કે આપણે સંગ્રામમાં ઘાવ સહન કરીશું અને સ્થાનભ્રષ્ટ થઇશું તોપણ સ્મરણમાં રાખજો કે બીજેજ દિવસે આપણે વિજયમુકુટ ધારણ કરી સિંહાસનપર વિરાજમાન થઇશુંજ." મહારાણાનો આવો અડગ નિશ્ચય જોઇ પુનઃ તેમને તે વિષે કોઇએ કાંઈ પણ કહ્યું નહિ.

વિવાહની તૈયારી થઇ. મહારાણા હમીરસિંહ ૫૦૦ અશ્વારોહીઓને પોતાની સાથે લઈ પોતાના પૂર્વજોના પાટનગર તરફ ચાલ્યા. વિવાહનું તો માત્ર નિમિત્ત છે; પરંતુ હૃદયમાં ચિતોડનો ઉદ્ધાર કરવાનો મૂળમંત્ર જપવામાં આવે છે. તેમણે મનમાં ને મનમાં પ્રતિજ્ઞા કરી કેઃ "કાં તો મંત્રનું સાધન કરીશું અને નહિ તો ચિતોડમાંજ પ્રાણાર્પણ કરીને પૂર્વજોને જઇ મળીશું.

જાન ધીમે ધીમે ચિતોડ નિકટ પહોંચી ગઇ.દૂરથી શહેરનો ઉચ્ચ દરવાજો દષ્ટિગોચર થવા લાગ્યો. ચોહાણના પાંચ પુત્રોએ આગળ આવી તેમનો આદરસત્કાર કર્યો; પરંતુ નગરના સિંહદ્વારપર તોરણ[1] અથવા બીજું કોઇપણ વિવાહસૂચક ચિન્હ ન જણાયાથી મહારાણા હમીરસિંહના મનમાં મહાશંકા ઉત્પન્ન થઇ. તેમની ખાત્રી થઈ કે આપણા ઇષ્ટમિત્રો કહેતા હતા તે વાત સત્યજ હતી; તે છતાં પણ તેમણે

૧ તોરણ એ રાજપૂતોના વિવાહનું પ્રસિદ્ધ ચિન્હ છે. સમબાહુ ત્રિભુજના આકારના કાષ્ઠના ત્રણ સમાન દાંડા ઉપર તે વિરાજે છે. તેનાપર એક પ્રકારની ગાંઠ હોય છે. આ ચિન્હ કન્યાના ઘરની બહારના દ્વારપર રાખવામાં આવે છે. કન્યાની સાહેલીઓ આ તોરણની રક્ષા કરવાને માટે તે બારણાના ઉંબરા ઉપર ઉભી રહે છે. વર જે વખતે અશ્વારૂઢ થઈને આવે છે ત્યારે તે ભાલો ઉંચકીને તોરણને તોડવાનો પ્રયત્ન કરતો જણાય છે. આ સમયે ત્યાં ઉભી રહેલી સ્ત્રીઓ સમયોચિત ગીત ગાય છે અને અબિલગુલાલ છાંટી વરની સાથે નકલી યુદ્ધ કરે છે. જ્યારે તે તોરણ તૂટી જાય છે ત્યારે તે વીરનારીઓ યુદ્ધમાં પરાજિત થઈને નાસી જાય છે. યૂરોપના ઉત્તર ભાગમાં આવેલા પ્રદેશોમાં પણ આ પ્રકારનો રિવાજ પ્રચલિત છે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે પ્રાચીનકાળના પુરુષો પરાક્રમની સહાયથીજ સ્ત્રીરત્ન પ્રાપ્ત કરતાં હતા. ભારતીય આર્યલોકોમાં પણ આ પ્રથા દીર્ઘકાળથી પ્રચલિત છે. જગજ્જનની જાનકી અને મહારાણી દ્રૌપદીના સ્વયંવરનું વૃત્તાંત વાંચવાથી આ વાત સ્પષ્ટરીતે સમજાશે.

હૃદયનું ધૈર્ય છોડયું નહિ. તેમણે માલવદેવના પુત્રોને આનું કારણ પૂછયું. તેમને જે પ્રત્યુતર મળ્યો તેથી તેમના સંદેહનું સંપૂર્ણ સમાધાન તો ન થયું, પરંતુ કેટલેક અંશે તેની નિવૃત્તિ થઇ. ધીમેધીમે જાન ચિતોડનગરના મધ્યભાગમાં ચાલી ગઈ. મહારાણા હમીરસિંહે પોતાના પૂર્વજોની અસીમ વીરતા તથા અનંત ગૌરવની વિશાલ સ્તંભશ્રેણી આજે પ્રથમવારજ જોઇ. તેને જોતાં મહારાણાના હૃદયમાં એકદમ સેંકડો સુખદુ:ખનું સ્મરણ થયું. તેમના હૃદયમાં આ પ્રકારે વ્યગ્રતા પ્રસરી રહી હતી, એવી અવસ્થામાં તેઓ પોતાના પૂર્વજોની અટારીઓમાં પહોંચ્યા.ત્યાં માલવદેવ તથા તેના પુત્ર વનવીરે મહારાણા તથા તેમના સર્વ સામંતોની સાથે હાથ મેળવીને તેમનો આદરસત્કાર કર્યો. કુમાર વિવાહમંડપમાં આવ્યા; પરંતુ ત્યાં પણ વિવાહની કાંઇ ધામધૂમ જણાઈ નહિ. માલવદેવે શીઘ્ર પોતાની પુત્રીને આણી હમીરને સમર્પણ કરી; પરંતુ વિવાહની કાંઈ રીત થઈ નહિ. કેવળ છેડાગાંઠ અને હસ્તમેળાપ કરવામાં આવ્યો. પછી કુલપુરોહિતે ધીર અને નમ્ર વાણીથી કહ્યું: “ ધૈર્ય ધારણ કરશો. આવતી કાલે આપની સર્વ કામનાઓ પરિપૂર્ણ થશે.” મહારાણા આ વચનોનો મર્મ સમજી શકયા નહિ. તેમના હૃદયમાં અનેક પ્રકારની શંકાઓ અને ખટકાઓ ઉદિત થવા લાગ્યાં. તે પછી વરકન્યાને એકાંતગૃહમાં લઈ જવામાં આવ્યાં; પરંતુ મહારાણાને આ વખતે ચિંતાગ્રસ્ત અને શોકાકુલ જોઇને નવવધૂ તેમના ચરણે પડી આર્તસ્વરે બોલી: “પ્રાણપતિ ! હૃદયનાથ ! આ દીનદાસીનો અપરાધ ક્ષમા કરશો. આપની વ્યાકુળતાનું કારણ હું જાણી ગઇ છું. મારા પિતાએ શા કારણથી આ દાસીને ગુપ્તરીતે આપના ચરણોમાં સમંર્પિત કરી છે તે હું સારી રીતે જાણું છું. જો આજ્ઞા હોય તો શ્રીચરણોમાં નિવેદન કરૂં.” હમીરસિંહે તે બાલિકાના મુખ તરફ દૃષ્ટિપાત કર્યો. તેનું મુખ સુકુમાર અને સરલતાનું દ્યોતક હતું. તે પર વિમલ પ્રકાશની પ્રભા વિરાજમાન હતી.મહારાણાએ આદર અને પ્રેમથી પોતાની ભાર્યાને જમીનપરથી ઉંચકી પોતાના હૃદયસરસી દાબી અને અભયવચન આપી તેનું ગુહ્ય વૃત્તાંત પ્રકટ કરવાની તેને આજ્ઞા કરી.તે રાજપૂત બાળા બોલી: “ પ્રાણપતિ ! આપ વિસ્મિત થશો નહિ. હું વિધવા છું; પરંતુ આ દાસીની આપ ઘૃણા કરશો નહિ. છેક અલ્પ વયમાં કોઇ ભટ્ટવંશીય રાજકુમારની સાથે મારો વિવાહ કરવામાં આવ્યો હતો. તે સમયે હું એટલી નાની હતી કે તે સમયનો વિવાહસમારંભ પણ મારા સ્મરણમાં નથી. વળી મારા સ્વામી કેવા હતા તે પણ હું જાણતી નથી; પરંતુ મારી માતાના મુખેથી તે વિષે મેં જે કાંઈ સાંભળ્યું છે, તે હું આપને નિવેદન કરીશ. વિવાહ થયા પછી થોડા દિવસમાં મારા સ્વામી યુદ્ધમાં માર્યા ગયા. ત્યારથી હું અભાગિની વિધવા તથા અનાથ થઈ છું. આજે આપ મળ્યા છો તેથી મારા હૃદયનું દુ:ખ દૂર થયું છે; પરંતુ હજી મારા ભાગ્યમાં શું લખ્યું છે તે હું કહી શકતી નથી.” બાળાથી વિશેષ બોલી શકાયું નહિ. તે સરલહૃદયા બાલિકા પોતાના પ્રાણપતિના હૃદય આગળ પોતાનું મુખ છુપાવી રોવા લાગી. તેની સરલતા, સત્યપ્રિયતા તથા ગાઢ પ્રેમ જોઇને મહારાણાએ તેનાં અશ્રુ લૂછ્યાં અને તેને સમજાવીપટાવી તેના હૃદયની ધાસ્તી દૂર કરી. વળી તેમનો પોતાનો સંદેહ પણ દૂર થયો. તે વખતના રાજપૂતો વિધવાવિવાહને અતિ ઘૃણિત અને અપમાનકારી માનતા હતા.:હમણાં માલવદેવે જાણીજોઇને મહારાજા હમીરસિંહનું જે અપમાન કર્યું હતું, તે તેજસ્વી રાજપૂતે કેવળ ભાર્યાનું મુખ જોઇને સહન કર્યું.[1] તે પતિવ્રતા રાજપૂતબાળાએ સ્વયં આ અપમાનનું વૈર લેવાને માટે મહારાણાને ઉત્તેજિત કર્યા અને ચિતોડનો ઉદ્ધાર કરવાનો માર્ગ બતાવ્યો. સ્ત્રીની સલાહઅનુસાર મહારાણાએ

---

૧ વિવાહ થઈ ગયા પછી મહારાણા હમીરસિંહે મૌન સ્વીકાર્યું તેનાં અનેક કારણો છે. તેમણે ધાર્યું કે: “હવે જો આપણે તકરાર કરીશું તો પ્રતિષ્ઠા જશે અને ઉપહાસ થશે. વળી આ બાલિકાનો પ્રથમ વિવાહ એવા સમયમાં થયો હતો કે જે વખતે તે પતિનો અર્થ પણ સમજતી નહોતી. વળી કદાચ હું આ સંબંધથી ચિતોડનો પુનરુદ્ધાર પણ કરી શકીશ.” આવા આવા અનેક વિચારોથી તેમણે તેનો સ્વીકાર કરવામાં આનાકાની કરી નહિ. જો કે નિકૃષ્ટ પંક્તિના રાજપૂતોમાં વિધવાવિવાહની પ્રથા પ્રચલિત છે, તોપણ તેનું મૂળ આ હમીરના વિવાહથીજ ઉત્પન્ન થયેલું જણાવવામાં આવે છે. વિધવાવિવાહનો રિવાજ જે રાજપૂતોમાં પ્રચલિત છે તેમને ‘નાતરિયા રાજપૂતો’ કહેવામાં આવે છે.વિધવાની સાથે વિવાહ નહિ,પરંતુ ‘નાતરૂં’થાય છે.જે રાજપૂતોમાં નાતરૂં થતું નથી તેઓ ‘નાતરિયા રાજપૂતો’ને કાંઇક નીચા ગણે છે; પરંતુ થોડો કાળ વ્યતીત થયા પછી તેઓ ઉંચાઓના સમાન ગણાય છે. ‘નાતરિયાની ત્રીજી પેઢી ગઢ ચઢે ’ અર્થાત નાતરિયા રાજપૂતની પૌત્રી વા પ્રપૌત્રી ગઢપતિ (ઉંચ કુળવાળા ) સાથે વરે છે. આ રીતે તેમનો ભેદ નિવૃત્ત થઈ જાય છે; પરંતુ રાજપૂતો આ પ્રથાને શાસ્ત્રસંમત માનતા નથી.

પોતાના શ્વસુર માલવદેવની પાસેથી પહેરામણીમાં જલધર નામના એક સામંતને માગી લીધો, મહેતા-વંશીય જલધર ચિતોડનો અતિ ચતુર કર્મચારી હતો.માલવદેવ પોતાના જમાતાની માગણીનો અસ્વીકાર કરી શકયો નહિ. પંદર દિવસ પછી મહારાણા હમીરસિંહ પોતાની પત્ની તથા જલધરને પોતાની સાથે લઇને કેલવાડા નગરમાં આવ્યા અને ચિતોડના ઉદ્ધારને માટે સાવધાનતાપૂર્વક સુસંધિની વાટ જોતા કાળક્રમણ કરવા લાગ્યા.

કેટલોક કાળ વ્યતીત થઇ ગયા પછી હમીરસિંહને માલવદેવની પુત્રીના ગર્ભથી એક પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. આ આનંદોત્સવના પ્રસંગે માલવદેવે પોતાના જમાતાને તે તરફનો પોતાનો સર્વ પહાડીપ્રદેશ આપી દીધો. કુમાર ક્ષેત્રસિંહ જ્યારે બાર માસનો થયો, ત્યારે કેલવાડામાં એક જ્યોતિષી આવ્યો અને તેણે ગણત્રી કરીને કહ્યું કે: "આ કુમારપર ચિતોડના પુત્રક દેવતા ક્ષેત્રપાળની કુદૃષ્ટિ પડી છે, માટે જો તેની નિવૃત્તિ કરવામાં નહિ આવે તો રાજકુમારનું અમંગલ થવા સંભવ છે." હમીરની રાણીએ આ કુઅવસરને સુઅવસર બનાવી દેવાનો વિચાર કર્યો. તેણે ચિતોડમાં જઇ પોતાના પ્રાણપતિનો મનોરથ સિદ્ધ કરવામાં સહાય કરવાનો નિશ્ચય કર્યો. આ ઉદ્દેશથી તેણે પોતાના પિતાપર એવો પત્ર લખ્યો કે કુમારના રક્ષણને માટે ચિતોડમાં ગ્રહશાંતિ કરવી જોઇએ.આ પત્ર મળતાંજ માલવદેવે પોતાની પુત્રી તથા દૌહિત્રને તેડી લાવવાને માટે કેટલાક હથિયારબંધ સિપાઇઓને મોકલ્યા. આ માણસોની સાથે મહારાણી પોતાના પિતાને ઘેર ગઈ. ચિતોડમાં પહોંચ્યા પછી તેને જણાયું કે માલવદેવ "માદ્રેરિયા" ના મીરલોકોનું દમન કરવાને માટે રાજ્યના મુખ્ય મુખ્ય સામંતોને પોતાની સાથે લઇને ગયો છે.મહા-રાણીએ ધાર્યું કે ચિતોડનો ઉદ્ધાર કરવાનો આ સુઅવસર છે. ચિતોડના જે સરદારો માલવદેવની સાથે ગયા નહોતા; પરંતુ પાટનગરમાંજ હતા,તેમને મહારાણીએ જલધરની સહાયતાથી શીઘ્ર પોતાના પક્ષમાં લઇ લીધા. આ તરફ મહારાણા હમીરસિંહ પણ સૈન્ય લઇને ચિતોડની નિકટ આવી પહોંચ્યા.મહારાણીએ ચિતોડમાં જે કાર્ય કર્યું હતું, તે વિષેની હકિકત તેમને "વાગોર" મુકામે કર્ણગોચર થઈ હતી. આથી તેમણે વિલંબ કર્યા વિના એકદમ ચિતોડનગરમાં પ્રવેશ કર્યો; પરંતુ શત્રુપક્ષનાં માણસોએ તેમની ગતિ પ્રબળતાથી રોકી. જો આ સમયે તેમને વિજય ન મળત તો તેમના જીવનને જોખમ લાગવાનો સંભવ હતો અને તેમનો ઉદ્દેશ આકાશકુસુમવત્ થઈ જાત; પરંતુ તેમણે કેવળ અસાધારણ ઉત્સાહના બળથીજ હાથમાં ખડ્ગ લઇ સર્વ વિઘ્નોનો નાશ કર્યો અને પોતાના પ્રાચીન સ્થાનપર અધિકાર સ્થાપિત કર્યો. તેમણે ચિતોડ પોતાના તાબામાં લીધું કે તરતજ નગરનાં આબાલવૃદ્ધ સર્વજનોએ પ્રતિજ્ઞા લઇ તેમની આધીનતાનો સ્વીકાર કર્યો.

સોનગઢા માલવદેવ પોતાના શત્રુઓને જીતી શીઘ્ર ચિતોડમાં આવ્યો; પરંતુ ત્યાંની સ્થિતિ જોઇ તેના શોકનો પાર રહ્યો નહિ. માલવદેવને ચિતોડમાં પ્રવેશ કરતો જોઇ સરદારોએ એક ફટાકો છોડી તેનું સન્માન કર્યું.આ પ્રકારની ઉપહાસકારી સલામી જોઇ માલવદેવના મનમાં શંકા ઉત્પન્ન થઇ.નગરમાં પ્રવેશ્યા પછી તેને સર્વ વર્તમાન વિદિત થયા. હવે તેની સર્વ આશાનો અંત આવ્યો.ચિતોડના સર્વ સામંતો હમીરસિંહના પક્ષમાં ભળી ગયા હતા, તેથી માલવદેવને પુનઃ સિંહાસન પ્રાપ્ત કરવાની લેશ પણ આશા રહી નહિ. આથી તે નિરુપાય બની અલ્લાઉદ્દીનના ઉત્તરાધિકારી મહમ્મદ[1] ખિલજીની આગળ

૧ તવારિખ ફરિશ્તામાં આ યુદ્ધનું વૃત્તાંત ઉપલબ્ધ થતું નથી; તેથી આ મહમ્મદ કોણ હતો તે જાણવું કઠિન થઈ પડે છે. હિંદુસ્તાનના ઈતિહાસમાં એવો ઉલ્લેખ છે કે અલ્લાઉદ્દીન ખિલજીની પછી ખીલજી વંશનો માત્ર એકજ પાદશાહ દિલ્લીના તખ્તપર બેઠો હતો. તેનું નામ મુબારક હતું. તે મુબારક અલ્લાઉદ્દીનનો ત્રીજો પુત્ર હતો. મુબારકનું મૃત્યુ થયા પછી ખિલજીવંશનો અધિકાર દિલ્લીપરથી નષ્ટ થયો. હવે અહીંઆં આ પ્રશ્ન ઉદ્ભવે છે કે આ મહમ્મદ કોણ હતો ? મહાશય એલ્ફીન્સ્ટન લખે છે કે, અલ્લાઉદ્દીનના મૃત્યુપૂર્વે રાણા હમીરસિંહે (ઇ૰ સ૰ ૧૩૧૨ માં) ચિતોડપર અધિકાર સ્થાપિત કર્યો હતો. ઈ૰ સ૰ ૧૩૧૬ના ડિસેમ્બરની ૧૯ મી તારીખે અલ્લાઉદ્દીન પરલોકવાસી થયો. જો આ વાત સત્ય માનવામાં આવે તો આપણને સ્પષ્ટરીતે જ્ઞાત થાય છે કે અલ્લાઉદ્દીનના મૃત્યુની ચાર વર્ષપૂર્વે રાણા હમીરસિંહે ચિતોડ હસ્તગત કર્યું હતું; પરંતુ હમીરસિંહના હાથમાંથી પુનઃ

પોતાનું દુઃખ રોવાને દિલ્હી તરફ ચાલતો થયો. આજ રાણા લક્ષ્મણસિંહની ભવિષ્યવાણી પૂર્ણ થઇ. અરિસિંહના પુત્ર હમીરસિંહ તેમની ભવિષ્યવાણી પૂર્ણ કરી ચિતોડના સિંહાસનપર વિરાજમાન થયા. ચિતોડનિવાસીઓના આનંદનો પાર રહ્યો નહિ. દુરાચારી શત્રુઓના ભીષણ પંજામાંથી મેવાડભૂમિનો ઉદ્ધાર થયેલો જોઇ ચિતોડનગરનાં સર્વ જનો મહોત્સવ કરવા લાગ્યાં. સિસોદીઆકુલના રાજકુમારે આજે તે કુલના નષ્ટગૌરવનો તથા ગતસ્વાધીનતાનો પુનરૂદ્ધાર કર્યો છે, આજે પુનઃ બાપ્પા રાવળની વિજય વૈજયંતી પતાકા ચિતોડદુર્ગપર ફરકવા લાગી છે; તેને જોઇ કમલનેરના જંગલમાં રહેતાં પ્રજાજનો અત્યંત હર્ષિત થઇને જંગલનો ત્યાગ કરી ચિતોડનગરમાં આવવા લાગ્યાં. આજે સર્વનાં હૃદય આનંદથી પરિપૂર્ણ છે.આ રીતે હમીરસિંહને મેવાડના ઉદ્ધારક માની તે દેશના લોકોનાં ઝુંડનાં ઝુંડ તેમની પતાકાનીચે એકત્રિત થવા લાગ્યાં. મહારાણા હમીરસિંહનો મનોરથ સિદ્ધ કરવાને માટે તેઓ માલવદેવની સામે યુદ્ધ કરવાને તૈયાર થયાં. રાણા હમીરે આ સુયોગ હાથથી જવા દીધો નહિ. પ્રજાના બળથીજ રાજા રાજ્યની રક્ષા કરી શકે છે અને મેવાડની પ્રજા આ વખતે હમીરસિંહને માટે પ્રાણ આપવાને પણ તૈયાર થઈ રહી હતી. બુદ્ધિવાન લોકો આવો સુઅવસર કદિ ગુમાવતા નથી. આ વખતે તેમને એવા વર્તમાન મળ્યા કે માલવદેવની સલાહથી મહમદ ખિલજી પોતાનું સૈન્ય લઇને ચિતોડપર ચઢી આવે છે. આ વર્તમાન સાંભળી હમીરસિંહે પણ શીઘ્ર પોતાની સેના તૈયાર કરી. તેઓ પોતાની સેના તથા પોતાના સામંતોને લઇને પાદશાહની ગતિ રોકવાને માટે તેની સામે ગયા.મહમ્મદ ખરાબ મુહૂર્તમાં ચિતોડ તરફ આવતો હતો; કારણ કે જ્યારે તેને હમીરસિંહનો ભેટો થયો ત્યારે રાણાને જીતવાની વાત તો દૂર રહી, પરંતુ તે સ્વયં રાણાનો બંદીવાન બની ગયો હતો. પોતાની દુર્બુદ્ધિના વિષમ ભ્રમમાં પતિત થઇ તે મેવાડના પૂર્વભાગમાં આવેલા દુર્ગમ માર્ગોદ્વારા પોતાની સેનાને લઇ આવતો હતો. આથી તેને અત્યંત હાનિ થઇ. આ પ્રદેશ એટલો બધો નીચ ઝાડીવાળો હતો કે પાદશાહના અસંખ્યસૈનિકો તેમાંથી બહારનીકળી શકયા નહિ. કેટલાક સૈનિકો નિરુપયોગી થઇ પડયા અને ઘણા સૈનિકો મરણ પામ્યા. આ પ્રમાણે અનેક કષ્ટો અને સંકટો સહન કરીને પાદશાહે મેવાડમાં આવી શિંગૌલી નામના સ્થળે છાવણી નાખી. મહારાણાની સેનાએ આજ સ્થળે તેની સાથે સંગ્રામ કર્યો. ઉભયપક્ષો વચ્ચે દારુણ યુદ્ધ ચાલ્યું. મહારાણા હમીરસિંહ પ્રચંડ કેસરીની પેઠે એકલાજ યવનસેનાને દલિત કરવા લાગ્યા. આ સ્થળે મહારાણા હમીરસિંહે માલવદેવના પુત્ર હરિસિંહની સાથે ઘોર દ્વંદ્વયુદ્ધ કર્યું; પરંતુ આ દ્વંદ્વયુદ્ધમાં પ્રથમ સપાટેજ અભાગી હરિસિંહ માર્યો ગયો.

માલવદેવની મીઠી મીઠી વાતોથી લોભાઇને પાદશાહે ચિતોડપર આક્રમણ કર્યું હતું; પરંતુ જે ઉદ્દેશથી તેણે આક્રમણ કર્યું હતું, તે ઉદ્દેશ સફળ થયો નહિ. હમીરસિંહના પ્રચંડ બાહુબળ આગળ હારીને પાદશાહને રાણાના કેદી બનવું પડયું. હમીરસિંહને વિજય મળ્યો. તેમણે પાદશાહને બંદીવાન બનાવી ચિતોડના કારાગૃહમાં પૂરી દીધો. આ કારાગૃહમાં ત્રણ માસપર્યંત અત્યંત કષ્ટ સહન કરી અંતે અજમેર, રણથંભોર, નાગોર, શુઆ તથા શિવપુર આટલા કિલ્લાઓ, પચાસ લાખ રૂપીઆ તથા સો હાથી રાણાને આપી પાદશાહે કારાગૃહમાંથી મુક્તિ મેળવી. ખીલજી પાદશાહને વિદાય કરતી વખત તેજસ્વી હમીરસિંહે કહ્યું: "એમ ન સમજશો કે આપને દિલ્હીના પાદશાહ જાણી ડરથી મુકત કરવામાં આવ્યા છે. આપના જેવા સેંકડો દુશ્મનોનાં આક્રમણોનો પ્રતીકાર કરવાને માટે મારી સમશેર સદા તૈયાર રહેશે. આપ નાહક મગરૂર થઇ ચિતોડને આપની નાચીજ દોલત સમજી ફોજ લઇને આવ્યા તેથીજ આપના આ હાલ કરવામાં આવ્યા. આપ ખૂબ હેરાન થયા છો એમાં તો કાંઈ શક નથી. આપનામાં હજી પણ કાંઇ દમ

ચિતોડ જીતી લેવાની કાંઈ ચેષ્ટા અલ્લાઉદ્દીને કરી કે નહિ તે વિષે કાંઇ ઉલ્લેખ ઉપલબ્ધ થતો નથી. ઇતિહાસમાં માત્ર એટલુંજ લખવામાં આવેલું છે કે આ વર્તમાન તથા બીજી પણ આપત્તિઓની ખબર સાંભળી અલ્લાઉદ્દીનની બિમારી વધી અને તે શીઘ્ર આ દુનિયા છોડી ગયો. આ ઉપરથી એમ જણાય છે કે અહીંઆં અલ્લાઉદ્દીનના પુત્રનેજ મહમદ લખવામાં આવ્યો છે. જે સમયે મુબારકે ગુજરાત તથા દક્ષિણપર આક્રમણ કર્યું હતું, તે વખતે તેણે ચિતોડ હસ્તગત કરવાની પણ ચેષ્ટા કરી હતી, એવું અનુમાન કરી શકાય છે. એમ જણાય છે કે તવારિખ ફરિસ્તામાં આ વૃત્તાંત ઉપલબ્ધ નહિ થવાથી મહાશય એલ્ફીન્સ્ટને પોતાના ઈતિહાસમાં તે નહિ લખ્યું હોય.

હોય તો પુનઃ મારા રાજ્યપર ચઢી આવજો. હમીરસિંહ હમેશાં આપની ખાતિરદારી કરવાને માટે ચિતોડના દરવાજાપર ઉભેલોજ જણાશે.

જ્યારે માલવદેવનો સર્વ પરિશ્રમ નિષ્ફળ થયો ત્યારે તેના જ્યેષ્ઠપુત્ર વનવીરે રાણાની આધીનતા સ્વીકારી. હમીરસિંહે તેનો આદર કરી નીમચ, જીરણ, રતનપુર, કૈવારાદિ કેટલાક પ્રદેશ તેને આપી દીધા, કે જેથી તેમના શ્વસુરપક્ષનાં માણસો માનમર્યાદાસહિત પોતાનો નિર્વાહ ચલાવે. આ ભૂમિવૃત્તિના દાનપત્રપર હસ્તાક્ષર કરતી વખત મહારાણા હમીરસિંહે પોતાના સાળાને કહ્યું: "વિશ્વાસપાત્ર બની મારી સેવા કરો અને તમારો નિર્વાહ ચલાવો. એક વખત તો તમે મુસલમાનોના દાસ હતા; પરંતુ આજે સ્વધર્મી હિંદુના દાસ થયા છો. તમારા પિતાનું રાજ્ય જવાથી તમને દુઃખ થયું હશે એ વાત સત્ય છે, પરંતુ જરા વિચાર કરીને તો જુઓ કે એ (મેવાડ) રાજ્ય કોનું છે? મેં કોના રાજ્યપર અધિકાર સ્થાપિત કર્યો છે? એ તો મારૂંજ રાજ્ય છે. બસ, હવે તો તમારે એમજ સમજવું જોઇએ કે ખરા હક્કદારને પોતાનો હક્ક મળ્યો. જે મેવાડના પર્વતોપર અમારા પૂર્વજોનું રુધિર ચોંટી રહ્યું છે, તેજ મેવાડ હમણાં સૌભાગ્યલક્ષ્મીની કૃપાથી મને મળ્યું છે અને અમારી સૌભાગ્યલક્ષ્મી અમને સર્વ સંકટોમાંથી બચાવશે. તમે એમ ન સમજશો કે આ રાજ્ય અને આ સંપત્તિને હું રમણીની પૂજા કરવામાં સ્વાહા કરી દઇશ." પોતાના બનેવીનાં આ બોધવચનો વનવીરના હૃદયમાં અંકિત થઇ ગયા. તેણે આ ઉપદેશાનુસાર ચિતોડના રાજ્યને વધારવાનો સંકલ્પ કર્યો અને થોડા દિવસમાં ભિનસરોર શહેરપર આક્રમણ કરી તેને જીતી લીધું. વીરવર હમીરસિંહના અનંતપ્રભાવથી મેવાડના ગૌરવનો પુનરુદ્ધાર થયો. આવી સ્થિતિ જોઈ રાજસ્થાનના સર્વ રાજાઓ પરમાનંદથી ઉન્મત્ત બની વિધિવિધાનથી મહારાણા હમીરસિંહની પૂજા કરવા લાગ્યા અને આવશ્યકતા પડતાં પોતાની સેના મોકલી તેમને સહાય પણ કરવા લાગ્યા.

તે કાળમાં સમસ્ત ભારતવર્ષમાં માત્ર એક મહારાણા હમીરસિંહજ પ્રબળ પરાક્રમી રાજા હતા. ભારતના પ્રાચીન રાજવંશો બહુધા મુસલમાનોના અત્યાચારથી નાશ પામ્યા હતા. મારવાડ અને જયપુરના વર્તમાન રાજાઓના પૂર્વજો તથા બુંદી, ગ્વાલિયર, ચંદેરી, સરેસીન, સીકરી, કાલ્પી તથા આબુ આદિ પ્રદેશોના રાજાઓ અતિવિનીત ભાવથી ચિતોડના ચક્રવર્તી નરેશ મહારાણા હમીરસિંહની પૂજા કરીને તેમની આજ્ઞાને દેવવાકય ગણી તેનું પાલન કરતા હતા અને તેમને સહાય કરવાને માટે પોતપોતાની સેના લઇ આવી તેમના શત્રુઓની સામે સંગ્રામ કરતા હતા.

જે દિવસથી ભારતના સ્વામિત્વરૂપ વરમાળા મુસલમાનોના કંઠમાં વિરાજમાન થઇ, તે દિવસથી મેવાડરાજ્યનો પૂર્વપ્રતાપ બહુધા મંદ થઇ ગયો હતો; પરંતુ વીર હમીરસિંહના સમયમાં મેવાડનું રાજ્ય પુનઃ દૃઢ થયું અને બાબરના સમય સુધી તે દૃઢ રહ્યું. આ સમયમાં મોટા મોટા પ્રતિષ્ઠિત રાજાઓ મેવાડના સિંહાસનપર બેઠા હતા. જો કે આ રાજાઓ નિષ્કંટક રાજ્ય કરી શકયા નહોતા, જો કે માળવા, ગુર્જરદેશ અને દિલ્લીના મુસલમાનપાદશાહો તેમની સાથે વારંવાર વિગ્રહ કર્યા કરતા હતા, તથાપિ ચિતોડની દૃઢ પ્રભુતા કોઇ પણ પ્રકારે ખંડિત થઇ નહોતી. ચિતોડના રાજાઓ ક્રમે ક્રમે શત્રુઓનાં આક્રમણ નિષ્ફળ કરવા લાગ્યા. ખાસ કરીને જ્યારે ખિલજી, લોદી અને સુરવંશના પાદશાહો દિલ્લીના સિંહાસનને માટે માંહોમાંહે વિગ્રહ કરતા હતા, ત્યારે મેવાડની સ્થિતિ અત્યુત્તમ થઇ હતી; કારણ કે તેમના આ માંહોમાંહેના વિગ્રહના લાભ લઇ મેવાડના રાજાઓએ પોતાની પ્રભુતા બમણી દૃઢ કરી લીધી હતી. તે વખતના મેવાડના રાજાઓ દેશવૈરીઓનાં આક્રમણનો પ્રતીકાર કરીનેજ મૌન ધારણ કરી બેસી રહેતા નહોતા; પરંતુ પોતાની વિજયિની સેનાને લઇ દિગ્વિજય કરવાને માટે પણ જતા હતા. તેઓ એક તરફ નગરકોટના પહાડપર અને બીજી તરફ દિલ્લીના સિંહદ્વારપર પોતાના વિજયની છાપ મારતા હતા. તે વખતે મેવાડરાજ્યે કેવળ શાંતિજ ભોગવી નહોતી, પરંતુ સૌભાગ્યલક્ષ્મીના પ્રસાદથી તે દેશના લોકો અત્યંત શ્રીમંત બની ગયા હતા. તે સમયે મેવાડરાજ્યમાં જે કેટલાંક વિશાળ મંદિરો અને સ્તંભો બંધાવવામાં આવ્યાં હતાં. તેના ખર્ચના અડસટ્ટા ઉપરથી અમારા કથનની સત્યતા સ્પષ્ટરીતે સમજાશે. આ પ્રકારના જયસ્તંભો બંધાવવામાં એક રાજાને પોતાના રાજ્યકાળની સમગ્ર ઉપજ ખરચી નાખવી પડતી હતી. તે વખતની મેવાડરાજ્યની દશ વર્ષની ઉપજદ્વારા પણ એક જયસ્તંભ બંધાવો મુશ્કેલ હતો. પૂર્વે અમે જણાવી ગયા છીએ કે અલ્લાઉદ્દીને મહારાણી પદ્મિનીના મહાલયસિવાયનાં સર્વ

સુંદર મકાનોનો નાશ કર્યો હતો;પરંતુ એક જૈનમંદિર તેના કરાલગ્રાસમાંથી બચી ગયું હતું.જૈનધર્માવલંબી પ્રતિષ્ઠિત સજ્જનોએ આ મંદિર બંધાવ્યું હતું. એમ જણાય છે કે જૈનધર્માવલંબીઓને એકેશ્વરવાદી જાણીને અલ્લાઉદ્દીને તેમના પવિત્ર ધર્મમંદિરનો નાશ કર્યો નહોતો. આવાં સુંદર મકાનો જોવાથી સ્પષ્ટરીતે વિદિત થાય છે કે સિસોદીઆકુલના રાજાઓ શિલ્પશાસ્ત્રના અત્યંત અનુરાગી હતા.તે વખતના હિંદુરાજાઓને જમીનની મહેસુલસિવાય બીજી કાંઇ ઉપજ નહોતી; માત્ર ભૂમિની મહેસુલદ્વારા તેઓ પોતાની વિશાળ સેનાનો નિર્વાહ શી રીતે કરતા હતા, તેનો વિચાર કરતા હૃદય વિસ્મિત થાય છે. એટલી વાત તો નિશ્ચિતજ છે કે સિસોદીઆકુલના રાજાઓએ ધીરતા,ચતુરાઇ અને સુપ્રબંધથી દીર્ઘકાળપર્યંત પ્રજાપાલન કર્યું છે.

જો તેઓ પોતાનું રાજ્ય ઉત્તમ પ્રકારે ચલાવી ગયા ન હોત તો તેમની મહાન કીર્તિ કોઇપણ પ્રકારે પ્રસ્થાપિત થાત નહિ.આ ઉચ્ચ અને સંપત્તિયુક્ત અવસ્થામાં મેવાડની પ્રજાએ પણ પોતાનો ઉત્તમ કીર્તિસ્તંભ સ્થાપિત કર્યો હતો; પરંતુ કાળના કઠોર અને પ્રચંડ પ્રહારથી તે સમગ્ર કીર્તિસ્તંભ આજે તુટીને તેનો નાશ થયો છે.રાજસ્થાનના નિર્જન પ્રદેશમાં અદ્યાપિ તેનાં ખંડિયેરો દૃગ્ગોચર થાય છે.

ગૌરવ અને સંપત્તિના ઉચ્ચ આસનપર વિરાજમાન થઇ મહારાણા હમીરસિંહે વૃદ્ધાવસ્થામાં પરલોકયાત્રા કરી. મહારાણા હમીરસિંહ અતિ ધીર, તેજસ્વી, સાહસિક અને ચતુર હતા.તેમના અલૌકિક ગુણોનું વર્ણન મેવાડના નિવાસીઓ અદ્યાપિ કરે છે. મેવાડવાસીઓ ગિહલોતકુળના અન્ય પવિત્ર તથા માનનીય રાજાઓનાં નામની સાથે વીરધીર હમીરસિંહના નામનો જપ પણ અદ્યાપિ કરે છે.

મહારાણા હમીરસિંહ પરલોકવાસી થયા પછી તેમના જ્યેષ્ઠ કુમાર ક્ષેત્રસિંહ.( ખેતસિંહ ) વિશાળ મેવાડરાજ્ય પ્રાપ્ત કરી સંવત ૧૪૨૧ (ઈ૦ સ૦ ૧૩૬૫)માં ચિતોડના સિંહાસનપર બેઠા. ક્ષેત્રસિંહે પોતાના ચાતુર્ય અને બુદ્ધિના પ્રભાવથી શીઘ્ર પોતાના પિતાના જેવી કીર્તિ પ્રાપ્ત કરી. અલ્પકાળમાં તેમણે પોતાના પિતાની પ્રચંડ વીરતા અને તેજસ્વિતાનું અનુકરણ કરી અજમેર તથા જહાજપુર જીત્યાં અને મંડલગઢ, દસૂરી તથા ચંપનને પોતાના વિશાળ રાજ્યમાં સંયુક્ત કરી દીધાં. "વકરોલ" નામના સ્થળે દિલ્લીશ્વર હુમાયૂની સાથે તેમને યુદ્ધ થયું.[1] આ યુદ્ધમાં તેમણે દિલ્લીની વિશાળ ફોજનો સંપૂર્ણ પરાજય કર્યો;પરંતુ દુર્ભાગ્યવશાત્ આ ગૌરવ, વિજય, વીરતા અને તેજસ્વિતાના ભંડારનો અતિ સાધારણ વાતમાં અંત આવ્યો.તેમના અમૂલ્ય અને પવિત્ર જીવનનો અકાળે નાશ થયો.મેવાડમાં જે "બનોદા"નામનું સ્થાન છે ત્યાંના હાડાવંશીય સામંતની પુત્રી સાથે ક્ષેત્રસિંહની સગાઇ કરવામાં આવી હતી; પરંતુ દુર્ભાગ્યવશાત તેમનો વિવાહ થાય તે પૂર્વે તે હાડાસરદારે ક્ષેત્રસિંહનો ગુપ્તરીતે વધ કરાવ્યો. આ દુરાચારી સામંતે કયી પાશવવૃત્તિની તૃપ્તિ કરવાને માટે પોતાના રાજાનો વધ કરાવ્યો તેનો ભેદ કાંઇ સમજી શકાયો નહિ.

આ પ્રકારે ક્ષેત્રસિંહનું અકાળમૃત્યુ થયા પછી રાણા લાક્ષ (લાખા) સંવત ૧૪૩૯ (ઇ૦ સ૦ ૧૩૮૩ ) માં ચિતોડના સિંહાસનપર બેઠા. સિંહાસનપર બેસતાંવેંતજ તેમણે મેરવાડા નામનો પહાડી દેશ જીતી લીધો અને ત્યાંનો પ્રસિદ્ધ વિરાટગઢનો નાશ કરી તેનાં ખંડિયેરપર વિદનોર નામનો પ્રખ્યાત દુર્ગ બંધાવ્યો. રાણા લાક્ષે બીજું પણ એક અતિ મહાન કાર્ય કર્યું. આ કાર્યથી તેઓ અતિ પ્રસિદ્ધ થયા અને તેમના રાજ્યમાં પણ વધારો થયો. રાણા ક્ષેત્રસિંહે ભીલોનો "ચપ્પન"નામનો દેશ જીતી લીધો હતો. આ દેશમાં આવેલા "જાવડા" નામના સ્થાનમાં ચાંદી અને કલાઇની એક ખાણ નીકળી હતી.

૧ આ હુમાયુ કોણ હતો ? હિંદુસ્તાનના ઇતિહાસમાં ઈ૦ સ૦ ૧૩૬૫ થી ઈ૦ સ૦ ૧૩૮૩ પર્યંત કોઈ પણ હુમાયુનું નામ ઉપલબ્ધ થતું નથી; તો પછી કર્નલ ટૉડે કયા હુમાયુવિષે આ ઉલ્લેખ કર્યો છે ? મુગલકુટુંબનો હુમાયુ સર્વ ઇતિહાસવેત્તાઓને સુવિદિત છે. આ પાદશાહ ઇસ્વીસનની સોળમી શતાબ્દીમાં થયો હતો. આ પરથી સ્પષ્ટરીતે જણાય છે કે અહીંઆં તે હુમાયુનું વર્ણન નથી. મહાશય એલ્ફીન્સ્ટને પોતાના રચેલા ભારતના ઇતિહાસમાં લખ્યું છે કે દિલ્લીશ્વર નસીરૂદ્દીન તઘલખને હુમાયુ નામનો એક પુત્ર હતો. તે ઈ૦ સ૦ ૧૩૯૩ માં પોતાના પિતાની પછી સિંહાસનપર આરૂઢ થયો હતો. જો કે સમયનો સહેજ અંતર પડે છે; પરંતુ બીજી સર્વ બાબતોમાં તે કર્નલ ટૉડના જણાવેલા હુમાયુને મળતો આવે છે. આ હુમાયુને વૃદ્ધાવસ્થામાં દિલ્લીનું તખ્ત પ્રાપ્ત થયું હતું અને તે ગાદીપર બેઠા પછી દોઢ માસની અવધિમાં પરલોકવાસી થયો હતો. એમ જણાય છે કે કર્નલ ટૉડે આજ હુમાયુનું નામ આ સ્થળે લખ્યું છે. જો કે તેને ઈ૦ સ૦ ૧૩૯૪ પૂર્વે સિંહાસન પ્રાપ્ત થયું નહોતું; પરંતુ તે ઇ૦ સ૦ ૧૩૬૫માં જીવંત હતો, એ વાત લેશ પણ સંશયિત નથી.

એમ કહેવાય છે કે આ ખાણમાંથી સપ્ત ધાતુ[1] નીકળતી હતી, પરંતુ હાલમાં તેમાંથી સપ્તધાતુ નીકળતી નથી.આ ખાણમાંથી સુવર્ણ તો લેશ પણ નીકળતું નથી. અલબત્ત, તેમાંથી બહુધા ચાંદી, કલઈ, તાંબું, સીસું અને રસાંજન નીકળે છે.પૂર્વે ચાંદી અને કલઇની મિશ્ર ધાતુમાંથી ચાંદી પુષ્કળ નીકળતી હતી; પરંતુ હાલમાં તેમાંથી ચાંદી ઘણી થોડી નીકળે છે.[2]

લાક્ષરાણાના શાસનકાળમાં મેવાડમાં લક્ષ્મીની અત્યંત વૃદ્ધિ થઈ હતી અને મહારાણાનું ગૌરવ પણ ઘણું વધ્યું હતું. અંબરદેશના નગરાચલ નામના સ્થાનમાં શંકલાવંશના કેટલાક રાજપૂતો વસતા હતા. રાણા લાક્ષે તેમને પણ પરાજિત કર્યા.તેમણે કેવળ પોતાની જાતિની વિરુદ્ધજ ખડ્ગ ધારણ કર્યું નહોતું; પરંતુ દિલ્લીના લોદીવંશના પાદશાહની સામે પણ સંગ્રામ કર્યો હતો અને "વિદનૌર" નામના સ્થાન આગળ પાદશાહની સારી પેઠે ખબર લીધી હતી.આ સંગ્રામ થયા પછી થોડા દિવસમાં પુણ્યભૂમિ ગયાપર મુસલમાનોએ આક્રમણ કર્યું. મુસલમાનો ગયાપર આક્રમણ કરે અને આ ધર્મ-સંકટના સમયમાં હિંદુ ધર્માવલંબીઓ ચુપચુપ બેસી રહે એ બનેજ કેમ ? ગયાપર શત્રુએ ઘેરો ઘાલ્યો છે, એ વાત જાણી સમસ્ત ભારતવર્ષના આર્યભૂપાળો અત્યંત ક્રોધિત થયા. ક્ષત્રિયવીરો યવનોના ભીષણ અત્યાચારમાંથી પુણ્યભૂમિનો ઉદ્ધાર કરવાને માટે પોતપોતાની સેના લઇ ચાલ્યા. સિસોદીઆવીર રાણા લાક્ષ પણ પોતાની સેના લઇને આ ધર્મયુદ્ધમાં ગયા હતા.આ યુદ્ધમાં તેમણે અનુપમ વીરતા દર્શાવી પ્રાણાર્પણ કર્યું. સ્વધર્માનુરાગ તથા સ્વદેશપ્રેમને માટે તેમનું નામ મેવાડના સુપ્રસિદ્ધ માનનીય પ્રાતઃસ્મરણીય રાજાઓની પવિત્ર નામાવલીમાં ઉચ્ચ સ્થાને વિરાજે છે.મહારાણા લાક્ષ જેવા સ્વદેશાનુરાગી હતા, તેવાજ શિલ્પપ્રેમી પણ હતા.તેમણે પોતાના દેશની શોભા વૃદ્ધિંગત કરવાને માટે જે શિલ્પકાર્યો કરાવ્યાં છે, તે અદ્યાપિ વર્તમાન રહી તેમની ઉત્કટ શિલ્પપ્રિયતાની સાક્ષી આપી રહ્યાં છે.તેમણે પોતાના રાજ્યમાં મોટી મોટી ઇમારતો અને સરોવરો બંધાવ્યાં હતાં;જે ખાણનું વર્ણન અમે આગળ કરી ગયા છીએ તેમાંથી જે ઉપજ થતી તે સર્વ તેઓ દેશોન્નતિના કાર્યમાં ખરચતા હતા. વિશેષતઃ દુષ્ટ અલ્લાઉદ્દીને જે સુંદર મકાનો તથા દેવમંદિરો તોડાવી નખાવ્યાં હતાં, તે સર્વને મહારાણા લાક્ષે આ વિપુલ સંપત્તિની સહાયથી પુનઃ બંધાવ્યાં હતાં. મહારાણી પદ્મિનીના મહાલયના જેવોજ બીજો એક મનોહર મહાલય રાણા લાક્ષે બંધાવ્યો.આ મહાલયનો કેટલોક ભાગ અદ્યાપિ વિદ્યમાન છે. આ સિવાય મહારાણા લાક્ષે વિપુલ દ્રવ્ય ખરચીને બ્રહ્માનું એક વિશાળ મંદિર બંધાવ્યું હતું.આ અદ્વિતીય મંદિર એકેશ્વરદેવ બ્રહ્માને સમર્પણ કરવામાં આવેલું હોવાથી તેમાં કોઇ પણ પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી નથી. હિંદુદ્વેષી આક્રમણકારોના પ્રચંડ વિદ્વેષાનલમાંથી આ મંદિરનું રક્ષણ થયું તેનું કારણ આજ હોવું જોઇએ; નહિ તો આજ સુધીમાં તેનો પણ નાશ થયો હોત.

રાણા લાક્ષને પુષ્કળ સંતાનો થયાં હતાં.આગળ જતાં આ સર્વ સંતાનોએ રાજસ્થાનના ભિન્નભિન્ન ભાગોમાં પોતપોતાના નામનું એક એક ગોત્ર સ્થાપિત કર્યું હતું. તેમાંના " લૂનાવત " અને " કુલાવત " સુપ્રસિદ્ધ છે. આજે પણ અગુણાપાનોરની પાસે વસતા લોકો અને અરવલ્લીના અન્ય પ્રદેશોમાં રહેતા સ્વતંત્ર જમીનદારો પોતાને કુલાવત અને લૂનાવતતરીકે ઓળખાવે છે.[3] મહારાણા લાક્ષના જ્યેષ્ઠ પુત્રનું નામ ચંદ્ર હતું. તે સૌથી જ્યેષ્ઠકુમાર હોવા છતાં પણ પોતાના પિતાના સિંહાસનપર બેઠા નહિ.પ્રાચીનકાળથી ચાલતા આવેલા રિવાજમાં આ સ્ખલન કેવી રીતે થયું તથા તેથી મેવાડરાજ્યમાં કેવા કેવા અનર્થો થયા, તેનું યથાર્થ વર્ણન છઠ્ઠા અધ્યાય આવે છે.

---

૧ स्वर्णं रौप्यञ्च ताम्रञ्च रंगं पारद एव च । सीसं लौहञ्च सप्तैते धातवो गिरिसम्भवाः॥
ભાવપ્રકાશ એમ કહે છે કે સપ્ત ધાતુઓની સાથે સપ્ત ગ્રહોનો પણ વિશેષ સંબંધ છે.

૨ દીર્ઘકાળથી આ ખાણોને મનુષ્યોએ તજી દીધી છે. હવે ત્યાં માત્ર દુર્ગમ જંગલજ દૃષ્ટિગોચર થાય છે. કોઈની ત્યાં જવાની હિમ્મત થતી નથી. ત્યાં રહેતા લોકોએ આ ખાણોની અધિષ્ઠાત્રી દેવીઓનાં જે મંદિરો બંધાવ્યાં હતાં તે પણ ચૂર્ણવિચૂર્ણ અને છિન્નભિન્ન થઈ ગયાં છે. હવે કોઇ પણ માણસ તેનાપર પુષ્પ ચઢાવીને તેની પૂજા કરતું નથી. ત્યાં રહેતા જંગલી ભીલો આ પ્રાચીન દેવીઓને છોડીને નવા નવા દેવતાઓની પૂજા કરે છે.હવે ત્યાં ભગવતી લક્ષ્મીજીની પૂજા થતી નથી; પરંતુ શીતલાદેવીની પૂજા થાય છે.

૩ ચપ્પનની નિકટ આવેલા કાનૂરના સાયંગદેવલ સરદાર તથા સિંધુ નદીના તીરે આવેલા ઘોડવારના સામંત રાણા લાક્ષનાજ વંશજો છે.

# अध्याय ६ ठो

રાજપૂતોનો સ્ત્રીવિષયક શિષ્ટાચાર-જ્યેષ્ઠકુમારને સિંહાસનારૂઢ કરવાની રીતિમાં પરિવર્તન-ખરા ઉત્તરાધિકારી ચંદ્રને બદલે તેમના કનિષ્ઠ ભ્રાતા મુકુલજીને સિંહાસનપ્રાપ્તિ-મેવાડમાં રાઠોડલોકોના અન્યાયી રાજ્યપ્રબંધથી અનેક પ્રકારના ઝગડાની ઉત્પત્તિ-તેમને ચિતોડમાંથી હાંકી કાઢી વીરવર ચંદ્રે કરેલી મંદારનગરની પ્રાપ્તિ-મેવાડ અને મારવાડવચ્ચેનો સંબંધ-મુકુલજીનું રાજ્યશાસન અને તેનો વધ

હાલમાં કેટલાક લોકો કહે છે કે જે લોકો સ્ત્રીજાતિના વિશેષ અનુરાગી હોય છે, તેઓ સર્વથી વિશેષ સભ્ય હોય છે. જો આ સિદ્ધાંત માનવામાં આવે, જો સ્ત્રીજાતિપ્રત્યેના અનુરાગ તથા શિષ્ટવ્યવહારના પ્રમાણમાં જાતીયસભ્યતાનું માપ કાઢવામાં આવે તો રાજપૂતોને અવશ્ય સભ્યતાના અગ્રણી ગણવા જોઇએ. રાજપૂતો પોતાના હૃદયમાં આરાધ્યદેવીની પેઠે સ્ત્રીની પૂજા કરે છે. જો આ દેવીનું લેશ પણ અપમાન થાય, જો તેના સન્માન અથવા શિષ્ટાચારમાં જરા-પણ ત્રુટિ થાય તો તેજસ્વી રાજપૂતોનાં હૃદયમાં ક્રોધાગ્નિનો ભભુકો ઉઠે છે અને જ્યાંસુધી તેઓ અપમાન કરનારના રુધિરથી પોતાનો તે અગ્નિ શાંત કરતા નથી ત્યાંસુધી તેમને જરાપણ ચેન પડતું નથી. આગળપાછળનો વિચાર કર્યા વિના સ્ત્રીઓની સહેજ મશ્કરી કરનાર બંધુને પણ રાજપૂતો ભયંકર શત્રુ માનતા હતા. જે રાઠોડો અને કુશાવહ લોકો દીર્ઘકાળથી અભિન્ન સંબંધથી જોડાએલા હતા, તેઓ માત્ર એક શિષ્ટાચારવિરુદ્ધ વાકયથી એકબીજાના શત્રુ થઈ પડયા. આ શત્રુતાથી ઉભયપક્ષને ઘણી મોટી હાનિ થઇ. જ્યારે તેઓ મિત્રભાવથી રહેતા હતા, ત્યારે તેમનું એકત્ર બળ અજિત મનાતું હતું; તે એટલે સુધી કે પ્રચંડ મરાઠાઓ પણ તેમનાથી પરાભવ પામ્યા હતા; પરંતુ જ્યારે માંહેમાંહેના વિવાદથી તેઓ એકબીજાના શત્રુ થઈ ગયા, ત્યારે મહારાષ્ટ્રીઓએ તે તકનો લાભ લઈ ઉભયને પરાજિત કરી તેમને ભારે હાનિ પહોંચાડી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે રાજપૂતોમાં રમણીવિષયક શિષ્ટાચાર એ કાંઇ સાધારણ વાત નથી. સ્ત્રીના સંબંધમાં મેવાડના સ્વામી મહારાણા લાક્ષે એક અતિ સાધારણ ઉપહાસ કરીને પોતાના પુત્ર ચંદ્રના હૃદયમાં જે અગ્નિ પ્રદીપ્ત કર્યો હતો, તે સહેલાઇથી બુઝાયો નહોતો. તે બુઝાવવામાં રાજ્યની એક પ્રાચીન પદ્ધતિ ફેરવવી પડી અને તેમ કરવાથી મેવાડનું જેટલું અનિષ્ટ થયું તેટલું અનિષ્ટ મુસલમાનો અથવા મહારાષ્ટ્રીઓનાં આક્રમણથી પણ થઇ શકયું ન હોત.

સુખદુઃખથી પોતાનું જીવન વ્યતીત કરી મહારાણા લાક્ષ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ્યા. હવે તેઓ અનર્થકારિણી વિષયચિંતાને તિલાંજલિ આપી પરમાર્થચિંતનમાં ચિત્ત પરોવી પોતાનો સમય શાંતિથી વ્યતીત કરવા ઇચ્છતા હતા. તેમના પુત્રો યથાયોગ્ય ભૂમિસંપત્તિ પ્રાપ્ત કરી પરમાનંદથી સમય વ્યતીત કરતા હતા. હવે મહારાણા લાક્ષને કોઈ પણ પ્રકારની ચિંતા નહોતી. હવે તેઓ જ્યેષ્ઠકુમાર ચંદ્રને રાજ્યભાર સોંપી નિશ્ચિંત થઈ ભગવાનનું ભજન કરવા ઇચ્છતા હતા; પરંતુ વિધાતાએ તેમના પ્રતિ વક્રદૃષ્ટિ કરી તેમને પુનઃ સંસારરૂપી નદીના વમળમાં નાખ્યા. રાણાના પરમાર્થચિંતનમાં વિઘ્ન થયું. શાંતિના માર્ગમાં કંટક આવી પડયો. તેઓ વિષમય સંસારચિંતામાંથી કોઇ પણ પ્રકારે મુક્ત થઇ શકયા નહિ.

એક દિવસ રાણા લાક્ષ પોતાના મંત્રીઓ, સભાસદો અને સામંતોની સાથે પોતાની રાજસભામાં બેઠા હતા; એટલામાં મારવાડના રાજા રણમલ્લનો મોકલેલો એક દૂત શ્રીફળ લઇને ત્યાં આવી પહોંચ્યો. રાણાએ આ દૂતનું યથાયોગ્ય સન્માન કરી મારવાડના રાજાના ક્ષેમકુશળના સમાચાર પૂછ્યા. પછી તેમણે દૂતને આગમનનું કારણ પૂછ્યું. દૂત બોલ્યોઃ " મહારાજ! આપના જ્યેષ્ઠ કુમાર ચંદ્રની સાથે પોતાની પુત્રીનો વિવાહ કરવાના ઉદ્દેશથી રણમલ્લે આ શ્રીફળ મોકલ્યું છે." ચંદ્ર આ સમયે રાજસભામાં નહોતો; તેથી મહારાણા બોલ્યાઃ–"થોડી વાર સુધી થોભો. હમણાં ચંદ્ર આવીને વિવાહના સંબંધમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરશે." પછી તેઓ પોતાની દાઢીપર હાથ ફેરવી હસતા હસતા બોલ્યાઃ "હું જાણું છું કે મારા જેવા સફેદ દાઢીમૂછવાળા માણસને માટે આપ આ પ્રકારના ખેલની સામગ્રી લાવતા નથી!" રાણા લાક્ષનાં આ કૌતુકમય વચનો સાંભળી સર્વ સભાસદો પરમ પુલકિત થયા અને તે વચનો વારંવાર સંભારી હસવા લાગ્યા.

એટલામાં કુમાર ચંદ્રે સભામાં આવી આ સમાચાર સાંભળ્યા. પિતાએ જે સંબંધને હાસ્યમાં જરાવાર માટે પોતાનો માન્યો છે, તે સંબંધને પુનઃ પુત્ર પોતાનો શી રીતે કરી શકે? ચંદ્રના હૃદયમાં આ જ્વલંત ચિંતા પ્રજળવા લાગી. ઘણીવાર વિચાર કરીને ચંદ્રે નિશ્ચય કર્યો કે આ લગ્નમાં હું કદિ કોઇ પણ પ્રકારે ભાગ લઇશ નહિ. ચંદ્રના હૃદયની આ વાત શીઘ્ર રાણાના જાણવામાં આવી. તેમણે ચંદ્રનો નિશ્ચય ફેરવવાને માટે તેમને વારંવાર સમજાવ્યા, પરંતુ ચંદ્રે રાણાની એક પણ વાત માની નહિ. મહારાણા ચંદ્રનો દૃઢ સંકલ્પ કોઈ પણ પ્રકારે તોડી શકયા નહિ. રાણાને બન્ને તરફનું દુઃખ થયું. એક તરફ ચંદ્રની ભીષણ પ્રતિજ્ઞા અને બીજી તરફ મારવાડના રાજાનું અપમાન. મહારાણાએ ચંદ્રને બહુ બહુ સમજાવ્યો, પરંતુ તે જરા પણ ડગ્યો નહિ. તેમનો ઉપદેશ, સ્નેહવચન, અનુરોધ–એ સર્વ નિષ્ફળ થયાં. દૃઢપ્રતિજ્ઞ ચંદ્રે તે વિવાહમાં કોઇ પણ પ્રકારે ભાગ લેવાની ધસીને ના પાડી; આથી મહારાણા ચંદ્રપર અત્યંત અપ્રસન્ન થયા અને રણમલ્લનું અપમાન ન થાય એટલા માટે તેઓ સ્વયં તેની કન્યા સાથે લગ્ન કરવાને તૈયાર થયા. તેમણે વૃદ્ધાવસ્થામાં સંસારકાર્ય છોડી અંતસમય શાંતિમાં વ્યતીત કરવાનો વિચાર રાખ્યો હતો; પરંતુ તેમને પુનઃ સંસારચક્રમાં પતિત થવું પડયું જે પુત્ર તેમને પ્રાણથી પણ અધિક પ્રિય હતો અને જેને રાજ્યભાર સોંપીને તેમણે સંસારનો ત્યાગ કરવાની તૈયારી કરી હતી, તેજ પુત્રનું આવું આચરણ તેમનાથી સહન થઇ શકયું નહિ. ચંદ્રે પુત્ર થઇ પિતાના સુખદુઃખનો લેશ પણ વિચાર કર્યો નહિ. તેમણે પિતાના મુખ તરફ જોયું નહિ; તો પછી તે પુત્ર શા કામનો? રાણા આવો વિચાર કરી તેમનાપર અત્યંત કોપ્યા. તેમણે ક્રોધાવેશમાં આવી જઇ પુત્રનો પુષ્કળ તિરસ્કાર કર્યો. તેજસ્વી ચંદ્ર મૌન રહ્યા. તેમને ધૈર્યથી પિતાનાં સર્વ તિરસ્કારવચનો સહન કર્યાં. દારુણ અપમાનથી તેમનું હૃદય ઉછાળા મારતું હતું; પરંતુ તેમણે મુખથી એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યો નહિ. પછી મહારાણા ગંભીર સ્વરે બોલ્યાઃ–"ઠીક, હુંજ તેજ સ્ત્રીનું પાણિગ્રહણ કરૂં છું; પરંતુ જો તે સ્ત્રીના ગર્ભથી પુત્ર થાય તો તારો રાજ્યાસનપરનો અધિકાર નષ્ટ થાય, આ વાતનું તું મને પ્રતિજ્ઞાપૂર્વક વચન આપ." આ કઠોર વચન સાંભળી તેજસ્વી ચંદ્રનો એક વાળ પણ હાલ્યો નહિ. તેઓ અચલ-અટળ–સ્થિર રહી ધીરભાવથી બોલ્યાઃ "ઠીક, પિતાજી! હું ભગવાન એકલિંગના સોગંદ ખાઇને કહું છું કે તે સ્ત્રીના ગર્ભથી પુત્ર થશે તો હું સ્વયં રાજ્યાસનપરનો મારો અધિકાર છોડી દઇશ."

વિધાતાનો લેખ કોણ મિથ્યા કરી શકે છે? બાર વર્ષની કન્યા સાથે પચાસ વર્ષના મહારાણાનો વિવાહ થયો. આ વિચિત્ર સંયોગથી એક પુત્રની ઉત્પત્તિ થઇ. તેનું નામ મુકુલજી રાખવામાં આવ્યું. જ્યારે મુકુલજી પાંચ વર્ષના થયા ત્યારે 'મુસલમાનોએ પુણ્યતીર્થ ગયાપર આક્રમણ કર્યું છે' એ સમાચાર મહારાણાના સાંભળવામાં આવ્યા. આ દુરાચારીઓના હાથમાંથી તે પવિત્રક્ષેત્રનું રક્ષણ કરવાના ઉદ્દેશથી ભારતવર્ષના સર્વ આર્યરાજાઓ તે તરફ પોતપોતાનાં સૈન્ય લઇને જતા હતા. રાણા લાક્ષે પણ આ કઠિન ધર્મકાર્ય કરી પોતાના અંતકાળને પવિત્ર કરવાનો સંકલ્પ કર્યો. ભારતવર્ષના હિંદુધર્માવલંબી રાજાઓ શ્રદ્ધાપૂર્વક માને છે કેઃ–"રાજ્ય કરવાથી રાજાને અનંત પાપના ભાગી થવું પડે છે અને અંતસમયે રાજ્ય, ધન તથા વિષયવાસનાનો ત્યાગ કરી કઠોર મુનિવ્રત ધારણ કરી વ્રતાનુષ્ઠાન, પરમાર્થચિંતન, તીર્થગમન તથા દાનાદિ પુણ્યકર્મનું અનુષ્ઠાન ન કરવામાં આવે તો આ પાપમાંથી કોઇ પણ

પ્રકારે મુક્ત થઇ શકાતું નથી." મહારાણા લાક્ષ પણ આવી શ્રદ્ધા હૃદયમાં ધારણ કરી આ ભીષણ સંગ્રામમાં આત્મોત્સર્ગ કરવાને તત્પર થયા. જે વખતથી ઇસ્લામધર્માવલંબીઓ હિંદુઓના સનાતન-ધર્મને કલંકિત કરવાને તૈયાર થયા અને જે વખતથી તેઓ પોતાનું આ કાર્ય સિદ્ધ કરવાને માટે ખડ્ગ ધારણ કરવા લાગ્યા, તે વખતથી હિંદુરાજાઓએ શાંતિમય જીવનનો ત્યાગ કરી તેમની સાથે બાથ ભીડવા માંડી.તેમણે શતદ્રુ અને દૃષદ્વતી નદીના વિશાલ કિનારા રક્તથી રંગી નાખ્યા અને ગયાતીર્થનો ઉદ્ધાર કરવો એ તેમનું મુખ્ય કાર્ય થઇ પડયું. તેમને દૃઢ શ્રદ્ધા હતી કે જો અમે પાપિષ્ઠ યવનોના કલુષિત ગ્રાસમાંથી પુણ્યતીર્થ ગયાનો ઉદ્ધાર કરીશું તો પુનર્જન્મના ફેરામાંથી મુક્ત થઇશું અને અમને અપ્સ-રાઓ દિવ્ય વિમાનમાં બેસાડીને સ્વર્ગલોકમાં લઇ જશે. શ્રદ્ધા એજ કાર્યનું મૂળ છે. એજ શ્રદ્ધાને લીધે મહારાણા લાક્ષ વૃદ્ધાવસ્થામાં બળવાન મુસલમાનોની સાથે સંગ્રામ કરવાને તત્પર થયા.આ કઠોર વ્રતનું પાલન કર્યા પૂર્વે તેમણે પોતાના રાજ્યની સુવ્યવસ્થા કરવાનો વિચાર કર્યો.રાજ્યમાંથી વિદાય લીધા પછી તેમાં કોઈ પણ પ્રકારનો ઝગડો ન થાય એવી વ્યવસ્થા કરવી એ મારૂં પરમ કર્તવ્ય છે, એમ તેમણે ધાર્યું. તે વખતે મહારાણાએ ચંદ્રને રાજ્યનો ઉત્તરાધિકારી કોણ થશે તે વિષે કાંઈ પણ કહ્યું નહિ. તેઓ માત્ર એટલુંજ બોલ્યા કેઃ-" હું જે કઠોરવ્રતનું પાલન કરવા જાઉં છું તેમાંથી બચીને પાછો દેશમાં આવીશ એવી મને આશા નથી. જો હું આવી શકું નહિ તો પછી મુકુલની ઉપજીવિકા-નો શું પ્રબંધ કરવામાં આવશે ? મુકુલને શી સંપત્તિ આપવામાં આવશે ?" તેજસ્વી ચંદ્રે સ્થિર-ભાવથી ઉભા થઇ ધીર અને ગંભીરસ્વરે ઉત્તર આપ્યોઃ-" ચિતોડનું રાજસિંહાસન." વળી મહારાણા-ના મનમાં લેશ પણ સંદેહ ન રહે એટલા માટે બુદ્ધિમાન ચંદ્રે પિતાજી ગયા તરફ જાય તે પૂર્વેજ મુકુલનો અભિષેક કરવાનો વિચાર કર્યો. ચંદ્રની દૃઢ પ્રતિજ્ઞા અને અદ્ભુત આત્મત્યાગનો પરિચય થયા છતાં પણ રાણાના મનમાં શંકા હોવાથી તેમણે પણ યુદ્ધમાં જવા પૂર્વેજ મુકુલજીનો અભિષેક કરવાનો નિશ્ચય કર્યો.અભિષેકની સામગ્રી શીઘ્ર તૈયાર કરવામાં આવી.પાંચ વર્ષના બાળક મુકુલજીને રાજસિંહા-સનપર વિરાજમાન કરી ચંદ્રે સૌથી પહેલાં તેના તરફ રાજસન્માન તથા આદર પ્રદર્શિત કર્યાં અને તેની સમક્ષ સેવક તથા વિશ્વાસુ રહેવાની પ્રતિજ્ઞા કરી.આ મહાન સ્વાર્થત્યાગના બદલામાં તેમને મંત્રીઓમાં સર્વોચ્ચ પદ આપવામાં આવ્યું અને જે કોઇ સામંતને ભૂમિવૃત્તિ પ્રદાન કરવામાં આવે તેના દાનપત્રપર રાણાના હસ્તાક્ષરની ઉપર ચંદ્રના ખડ્ગનું ચિન્હ કરવામાં આવે,એવો પ્રબંધ વિધિપૂર્વક કરવામાં આવ્યો. ચિતોડના રાણાઓએ તે દિવસ પછી જે જે ભૂમિવૃત્તિ આપી છે તેનાં દાનપત્રોપર [1]સાલુમ્બ્રાપતિના ખડ્ગનું ચિન્હ દૃષ્ટિગોચર થાય છે.

આ મહાન સ્વાર્થત્યાગથી રાજકુમાર ચંદ્રનું મહત્ત્વ, વીરતા, સહનશીલતા તથા ઉદારતા સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે.પિતાજીના ગયા પછી તેઓ લઘુ ભ્રાતા મુકુલના તથા સમગ્ર મેવાડના કલ્યાણ માટે તથા શ્રીવૃદ્ધિને માટે પરમ ચાતુર્યથી પ્રયાસ કરવા લાગ્યા; પરંતુ મુકુલની માતા તેમનાપ્રત્યે અત્યંત અપ્ર-સન્ન હતી. મુકુલ યોગ્ય વયનો થાય ત્યાંસુધી રાજકારભાર ચલાવવાની તેની પોતાની ઇચ્છા હતી; પણ તેની આ આશા પૂર્ણ થઇ નહોતી.આથી તેને મહા દુઃખ થતું હતું. દ્વેષથી તેનું ચિત્ત ચલાયમાન થયું હતું. તેના હૃદયમાં કૃતજ્ઞતાને સ્થાન મળ્યું નહોતું. તેનું હૃદય પશુના જેવું થઇ ગયું હતું. ચંદ્રના સ્વાર્થત્યાગવિના તે "મેવાડની રાજમાતા" થઈ શકી ન હોત; પરંતુ તે હૃદયપર પાષાણ મૂકી રાક્ષસી તથા પિશાચિની બની ચંદ્રના અલૌકિક ગૌરવને ભૂલી ગઈ અને તેમનુંજ અકલ્યાણ કરવાનો પ્રયાસ કરવા લાગી. વીરવર ચંદ્રના પ્રત્યેક કાર્યને તે રાજમાતા દ્વેષ તથા ઘૃણાની દૃષ્ટિથી જોવા લાગી.અંતે કોઇ પણ પ્રકારનું છિદ્ર પ્રાપ્ત ન થવાથી કેવળ અમૂલક સંદેહ અને દુષ્ટ સ્વભાવને વશ થઇ ચંદ્રના સરલ કાર્યોમાં પણ દોષારોપણ કરી તે બોલીઃ "રાજકાર્ય કરવાના નિમિત્તથી ચંદ્ર પોતેજ રાજા બની ગયો છે. જો કે તે પોતાને રાણાતરિકે ઓળખાવતો નથી, પરંતુ તે એ ઉપાધિને નામમાત્રજ રાખવા ઇચ્છે છે." આ સર્વ વાતો ધીમે ધીમે ચંદ્રના સાંભળવામાં આવી. તેઓ પોતાના હૃદયની સરલતા અને પવિત્રતા ઉત્તમ રીતે જાણતા હતા.પોતાના કનિષ્ઠબંધુના કલ્યાણને માટેજ તેમણે રાજસન્માનનો

૧ ચંદ્રના વંશજો ચંદાવત કહેવાય છે. તેમના સ્વામી અને સરદારનું નિવાસસ્થાન સાલુમ્બ્રા છે. મેવાડના સરદારોની સભામાં સાલુમ્બ્રાપતિને સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે.

ત્યાગ કર્યો હતો; પરંતુ શું તેમને આ કાર્યનો બદલો આવોજ મળ્યો હતો ? ચંદ્રે જાણ્યું કે રાજમાતાનું મન પોતાના પુત્રના હિતને માટે સદા વ્યાકુળ અને શંકાશીલ રહે છે; પણ તેમાં તેઓ શું કરી શકે ? હિતકારી મનુષ્યની સરલતા, ઉદારતા તથા સ્વાર્થત્યાગ જો કુટિલકાપટયની ગણનામાં આવે તો જગતમાં કોઇ પણ મનુષ્ય સત્યમાર્ગે વિચરી શકેજ નહિ.

ચંદ્રના ઉદાર હૃદયપર પ્રચંડ પ્રહાર પડયો. તેમણે ધાર્યું કે હવે રાજ્યપ્રબંધમાં હાથ રાખવો ઉચિત નથી. શત્રુની ભયંકર છરી હૃદયમાં ગ્રહણ કરી શકાય,પરંતુ આ પ્રકારનો અન્યાય અને કલંક એક ક્ષણવાર પણ સહન થઇ શકે નહિ. આ અન્યાય, અપકીર્તિ તથ સંદેહને માટે ચંદ્રે મિષ્ટવચનથી રાજમાતાને ઠપકો આપી કહ્યું:-" આપની સમજમાં ફેર છે. જો મને ચિતોડના સિંહાસનપર બેસવાની અભિલાષા હોત તો આજે તમને "રાજમાતા" કહીને કોણ બોલાવત ? ઠીક, એમાં મને કાંઇ હાનિ નથી અને એથી મને દુઃખ પણ થતું નથી.મને માત્ર અફસોસ એટલોજ થાય છે કે મારે ચિતોડનો પરિત્યાગ કરવો પડે છે. ચિતોડના ભાગ્યમાં ભયંકર વિપત્તિઓ લખેલી છે, એ વિચાર આવતાંજ મારા હૃદયમાં દુઃખ થાય છે. ઠીક,હું જાઉં છું.રાજ્યનો સમસ્ત પ્રબંધ આપ આપના હાથમાં લ્યો.હવે કેવળ આપના ઉપરજ રાજ્યનાં સુખ, દુઃખ, સમ્પત્તિ, વિપત્તિ ઇત્યાદિ સર્વ બાબતો નિર્ભર કરૂં છું. જોજો, સિસોદીઆકુલનું ગૌરવ નષ્ટ થાય નહિ." ચંદ્ર ચિતોડનો ત્યાગ કરી માંડુરાજ્ય તરફ ચાલ્યા ગયા. ત્યાંના રાજાએ ઉત્તમ પ્રકારે તેમનો આદરસત્કાર કરી તેમને પોતાને ત્યાં રાખ્યા અને તત્કાળ તેમને હલ્લર નામનું સ્થાન ભૂમિવૃત્તિમાં આપી દીધું.

પૃથ્વીમાં કૃતજ્ઞતા કયાં છે ? કૃતજ્ઞતા એ સ્વર્ગીય રત્ન છે. દ્વેષ, સ્વાર્થપરતા અને વિશ્વાસઘાતના નરકકૂપમાં એ સ્વર્ગીય રત્ન રહી શકતું નથી. જેના હૃદયમાં આ દિવ્ય રત્ન વિરાજમાન હોય છે તે મનુષ્ય હોવા છતાં પણ દેવતા છે; તે અતિ સાધારણ માણસ હોવા છતાં પણ સમસ્ત જગતનો પૂજનીય છે. કુમાર ચંદ્રે એકદમ સ્વાર્થનો ત્યાગ કરી પોતાનો મુકુટ પોતાના હાથથી પોતાના કનિષ્ઠબંધુના મસ્તકપર મૂકયો. જે તેમનો દાસ થવાને પણ લાયક નહોતો તેનીજ સેવા તેમણે પોતે કરી.આવી ઉદારતા અને મહાનતા કેટલાં માણસોના ચરિત્રમાં દૃષ્ટિગોચર થાય છે ? આ અદ્‌ભુત સ્વાર્થત્યાગના બદલામાં તેમને શું મળ્યું ? દ્વેષ, સ્વાર્થપરતા અને વિશ્વાસઘાતના ભંડારરૂપ આ સંસારમાં તેમને કોણે ઉત્તમ કાર્યનો ઉત્તમ બદલો આપ્યો ? તેઓ પોતાના પૂર્વજોનું રાજ્ય છોડીને ચાલ્યા ગયા. દુષ્ટ રાજમાતાએ તેમને રોકવાને માટે જરા પણ આગ્રહ કર્યો નહિ અને એક વાર પણ તેમને મનાવી લાવવાની ચેષ્ટા કરી નહિ; પરંતુ તેમના જવાથી ઉલટી તે આનંદ પામી. વિશેષતઃ તેના પિતા, ભ્રાતા અને પિયરપક્ષના અન્ય કુટુંબીજનોના આનંદની સીમા રહી નહિ. ધીમે ધીમે તેઓ મંદોરનગરને છોડી ચિતોડમાં આવવા લાગ્યાં. સૌથી પહેલાં મુકુલના મામા જોધરાવે ( એણે જોધપુર વસાવ્યું હતું ) મારવાડની મરુભૂમિ છોડી મેવાડની શીતળભૂમિમાં આવી વિશ્રામ કર્યો. કેટલાક દિવસ પછી જોધરાવનો પિતા રણમલ્લ પોતાના અગણિત સેવકોને લઇને આવ્યો. મારવાડમાં જુવારના રોટલા ખાઇ ખાઇને જેનાં ગળાં છોલાઇ ગયાં હતાં, તેઓ હવે મેવાડના ઘઉંની રોટલી ખાઈ પરમાનંદપૂર્વક બાળક મુકુલનો જયજયકાર કરવા લાગ્યાં.

ક્રૂર અને કપટી માણસોના હૃદયનો ભાવ જાણી શકે એવાં કેટલાં માણસો જગતમાં અસ્તિત્વ ધરાવે છે ? મારવાડના તપ્ત રેતીના રણમાં બેસીને જે લોકો તે સ્થાનને સ્વર્ગીય સુખનો ભંડાર માનતા હતા તે મહાનુભાવ વીરગણ આજે **स्वर्गादपि गरीयसि** જન્મભૂમિનો ત્યાગ કરીને મેવાડની ભૂમિમાં શામાટે આવ્યા છે ? કોણ જાણે તેમના હૃદયમાં શો વિચાર ઉદિત થયો છે ? આવા વિચાર કોઇ પણ મેવાડવાસી કરતું નહોતું. રણમલ્લ પોતાના દૌહિત્રને ખોળામાં લઇને બાપ્પારાવળના સિંહાસનપર વિરાજમાન થવા લાગ્યો. રાણાના છત્રચમ્મરનો ઉપભોગ તે લે છે.તેના મનમાં સુખના અનેક તરંગો ઉઠયા કરતા હતા. તે મનમાં ને મનમાં અનેક સુખસ્વપ્નો જોયા કરતો હતો. જે સમયે બાળક મુકુલ રમવાને માટે રાજસભામાંથી ચાલ્યો જતો હતો, તે સમયે રણમલ્લ એકલોજ સિંહાસનપર બેસી રહેતો હતો. સર્વ રાજચિન્હો તે વખતે પણ તેના મસ્તકપર શોભતાં હતાં. આ ઘટના જોયા છતાં પણ સર્વ તે તરફ આંખમિંચામણાં કરતાં હતાં. કોઇ પણ માણસ સાહસ કરીને આ સંબંધે તેને કાંઇ પૂછતું નહોતું; પરંતુ માત્ર એક જણ આનો મર્મ સમજી ગયું હતું. રાઠોડસરદારનો આ વ્યવહાર જોઈ

તેના મનમાં અત્યંત દુઃખ ઉત્પન્ન થયું. આ માણસ તે સિસોદીઆકુળની એક વૃદ્ધ ધાત્રી[1] હતી. રાજકુમારની રક્ષાનો ભાર આ ધાત્રીનાજ હાથમાં હતો. તે મનમાં બોલીઃ-"શું બાપ્પારાવળના સિંહાસનપર રાઠોડ લોકો અધિકાર કરશે ? શું દુર્જનના વિશ્વાસઘાતથી સિસોદીઆકુલ સદાને માટે રસાતળમાં જશે ?" ધાત્રીના મનમાં આ પ્રકારની ગૂઢ ચિંતા થવા લાગી.

દારુણ દુઃખ, ઘૃણા તથા અભિમાનથી જર્જરિત થઇને તેણે મુકુલની માતા પાસે જઈ તેને કહ્યુંઃ "શું તમે કાંઇ જોતાં નથી ? શું તમારી સમજમાં કાંઇ અવતું નથી ? શું તમારા પિતા અને તેનાં માણસો તમારા બાળકને ચિતોડના સિંહાસનથી દૂર કરશે તે તમે શાંતિથી જોયા કરશો ?" આ હિતૈષી ધાત્રીના મુખથી આ વાત સાંભળી રાજમાતાને અત્યંત સંદેહ ઉત્પન્ન થયો. અત્યારસુધી આવો સંદેહ તેને સ્વપ્નમાં પણ આવ્યો નહોતો. અત્યારપર્યંત તે સર્વથા નિશ્ચિંત હતી; પરંતુ હવે તે સમજી કે અમારી દશા સંકટમય છે. હવે તેને આ વિપત્તિમાંથી મુક્ત થવાની ચિંતા થવા લાગી; પરંતુ હવે શો ઉપાય હતો ? બુદ્ધિભ્રમમાં પડીને તેણે પોતે પોતાને હાથેજ પોતાના પગમાં કુહાડી મારી હતી. જો કુમાર ચંદ્ર ચિતોડમાં હોત તો આ વિપત્તિ તેનાપર કદિ કોઇપણ પ્રકારે આવી પડત નહિ; પરંતુ તેણે પિશાચિની બનીને પોતાને હાથેજ પોતાનું સત્યાનાશ વાળ્યું હતું. વિપત્તિમાંથી મુક્ત થવાનો કોઇ ઉપાય નહિ જડવાથી રાજમાતા પોતાના પિતાની પાસે ગઈ અને તીવ્ર અભિમાનથી તેણે તેને ઉપલા પ્રકારના વ્યવહારનું કારણ પૂછ્યું. ઉત્તરમાં તેણે જે સાંભળ્યું તેથી તેનું હૃદય વ્યાકુળ થયું, તેનું મસ્તક ફરવા લાગ્યું અને તેની સંપૂર્ણ ખાત્રી થઇ ગઇ કે મારો પિતા રણમલ્લ મારા બાળક મુકુલનું ખૂન કરીને સ્વયં રાજ્ય પ્રાપ્ત કરવા ઇચ્છે છે. આ વિપત્તિકાળમાં રાજમાતાના સાંભળવામાં આવ્યું કે રણમલ્લે ચંદ્રના બીજા બંધુ રઘુદેવને ગુપ્તરીતે મારી નખાવ્યો છે. આ અશુભ સમાચાર સાંભળતાંજ રાજમાતા અત્યંત વ્યાકુળ થઇ ગઇ. રઘુદેવને કેલવાડા અને કવેરી ગામની ભૂમિવૃત્તિ મળી હતી. રઘુદેવ કેલવાડામાંજ રહેતા હતા. એક સમયે રણમલ્લે રઘુદેવ ઉપર સન્માનના ચિન્હતરીકે એક પોશાક મોકલ્યો. રાજપૂતો સન્માનનો પોશાક મળતાં તરત તેને પરિધાન કરે છે. આ તેમનો એક ખાસ શિષ્ટાચાર છે. રઘુદેવ ઉક્ત પોશાક પરિધાન કરતા હતા તે વખતે દુષ્ટ રણમલ્લના એક ગુપ્તચરે તેમને છૂરીથી મારી નાખ્યા. રઘુદેવ અત્યંત શ્રીમાન, ધર્મપરાયણ તથા સાહસિક યુવક હતા. તેમના અનુપમ ગુણ તથા સૌંદર્યથી મોહિત થઇ રાજપૂતો તેમનાપ્રત્યે એટલી પ્રીતિ રાખતા હતા કે તેમના મૃત્યુથી મેવાડના સર્વ રાજપૂતો અત્યંત શોકાકુળ થયા. મૃત્યુ પછી તેઓ "પિતૃદેવતા" ની ગણનામાં આવ્યા હતા તે વખતથી મેવાડનાં સર્વ મનુષ્યો પોતાના ઘરમાં તેમની મૂર્તિ સ્થાપન કરી ભક્તિપૂર્વક તેમની પૂજા કરવા લાગ્યા. મેવાડમાં પ્રતિવર્ષે બેવાર રઘુદેવની પૂજા મોટી ધામધૂમ સાથે થાય છે. આ પ્રસંગે રાણાથી લઇને રાજ્યના ભિક્ષુકપર્યંત સર્વ લોકો આ ધામધૂમમાં ભાગ લે છે.[2]

હવે રાજમાતાની શંકા અને ચિંતાની સીમા રહી નહિ. તે સંપૂર્ણરીતે સમજી ગઈ કે જ્યારે આ દુરાચારીએ રઘુદેવને મારી નાખ્યા છે, તો હવે એ મુકુલનો સંહારકરવાનો પ્રબંધ શીઘ્રજ કરશે. તે આ વિપત્તિમાંથી બચવાનો ઉપાય શોધવા લાગી. તે જે તરફ જોતી તે તરફ તેને સંકટ અને સંકટજ દૃષ્ટિગોચર થતાં હતાં. તેને ચારે તરફ શત્રુઓજ જણાતા હતા. રણમલ્લનાં માણસો સર્વત્ર સ્થિત હતાં. ચિતોડમાં જેટલાં ઉચ્ચ પદ હતાં તે સર્વપર રણમલ્લનાં માણસો વિરાજમાન હતાં. વળી ચિતોડના એક

---

૧ કર્નલ ટૅાડ જણાવે છે કે હિંદુરાજકુળમાં તે ધાત્રીનો વિશેષ આદર હતો. તેનાં સંતાનોને એક એક રાજપૂતરાજાની સાથે 'ધાઈભાઇ'નો સંબંધ રાખવો પડે છે. આ લોકોને યાવચ્ચંદ્રદિવાકરૌ ભૂમિવૃત્તિ આપવામાં આવે છે. હિંદુરાજાઓ તેમને મોટાં મોટાં કાર્યોમાં નિયુક્ત કરે છે.

૨ દશેરાને દિવસે મેવાડમાં એક ઉત્સવ થાય છે. આ ઉત્સવને દિવસે તથા પ્રતિમાસની દશમને દિવસે મેવાડના પ્રત્યેક ઘરમાં રઘુજીની વેદી સાફ કરવામાં આવે છે. તેમની મૂર્તિને સ્નાન કરાવી તે વેદીપર મૂકવામાં આવે છે. રાજપૂતસ્ત્રીઓ તે વેદીની પૂજા કરીને પોતાના પુત્રોના મંગલનું ચિંતન કરે છે-અને રાજપૂતપુરુષો પુત્રકામના કરે છે. રઘુજીને દેવત્વ પ્રાપ્ત થયા પૂર્વે બાપ્પારાવળનો કુવેશ નામનો એક પુત્ર મેવાડના પુત્રકદેવતાતરીકે પૂજાતો હતો; પરંતુ હમણાં કોઇ તેની પૂજા કરતું નથી. હાલમાં તો ક્ષેત્રપાલદેવ અને રઘુદેવજ મેવાડવાસીઓના પ્રધાન ઉપાસ્ય દેવતા છે. રઘુદેવની પૂજાવિધિ સાથે ગ્રીસના એડોનિસ દેવતાની પૂજાવિધિ ઘણે અંશે મળતી આવે છે.

સર્વોચ્ચ આસનપર જેસલમીરનો એક ભટ્ટીરાજપૂત વિરાજમાન હતો.

રણમલ્લે સર્વને વશ કરી લીધાં હતાં; તે સર્વને પૂતળાંની પેઠે નચાવતો હતો; તો પછી આ વખતે રાણીના પક્ષમાં ઉભો રહી સિસોદીઆકુળના ગૌરવનું વહાણુ ન ડૂબવા દે એવો ત્યાં કોણ હોય? બાપ્પારાવળે રોપેલા વંશવૃક્ષને આ વિપત્તિમાંથી કોણ બચાવશે? કોઇ નહિ. કેવળ ઉદારહૃદય વીરવર ચંદ્રજ એક તેનું રક્ષણ કરી શકે એમ હતું. ધીમે ધીમે રાણીની આશા નષ્ટ થવા લાગી. તે ચારે તરફ અંધકાર જોવા લાગી. આ સંકટમાં તેને ચંદ્રનું સ્મરણ થયું. ચંદ્રની ભવિષ્યવાણી તેના કાનમાં ગુંજારવ કરવા લાગી. જેમ જેમ સમય વ્યતીત થતો ગયો તેમ તેમ રાણીનું હૃદય બહેર મારતું ગયું. રાણીને પુષ્કળ પશ્ચાત્તાપ થયો અને જ્યારે તેનાથી હૃદયદુઃખ સહન થઇ શક્યું નહિ, ત્યારે તેણે ચંદ્રને પોતાનું સમસ્ત વૃત્તાંત કહેવરાવી મોકલ્યું. જો કે આ સમયે ચંદ્ર દૂર હતો, તોપણ ચિતોડના સર્વ વર્તમાન પ્રતિદિન તેના જાણવામાં આવતા હતા. તેઓ પ્રથમથીજ જાણતા હતા કે મુકુલની માતા અનુતાપ કરીને પાછળથી મારી સહાયતા માગશે. દુરાચારી રાઠોડલોકોના ગ્રાસમાંથી ચિતોડનો ઉદ્ધાર કરવાને માટે તેઓ પહેલેથીજ તૈયાર હતા અને એવામાં તેમને પોતાની સાવકીમાતાનો પત્ર પ્રાપ્ત થયો. આથી તેઓ શીઘ્ર ચિતોડનગર તરફ ચાલ્યા. જ્યારે ચંદ્રે ચિતોડનો ત્યાગ કર્યો હતો, ત્યારે ૨૦૦ અહેરિયાભીલો પોતાના પરિવારને ચિતોડમાં મૂકીને તેમની સાથે ચાલ્યા ગયા હતા. આ વખતે તેઓ પણ ચંદ્રની અનુમતિ લઇ પોતાના બંધુઓ તથા સ્ત્રીપુત્રોને મળવાને માટે ચિતોડમાં આવ્યા. દુર્ગમાં પ્રવેશ કરી તેઓ દ્વારપાલોની સેવા કરવામાં રોકાયા. આ પ્રમાણે દ્વારપાલોની સેવા કરી તેઓ સાવધાનતાપૂર્વક પોતાના કાર્યમાટેના અવસરની પ્રતીક્ષા કરવા લાગ્યા. આ તરફ ચંદ્રે પોતાની સાવકીમાતાને કહેવરાવી મોકલ્યું કેઃ-"ચિતોડની આસપાસનાં ગ્રામોનાં લોકોને ઉજાણી કરાવવાને માટે પુષ્કળ નોકરોને મોકલજો અને તેમની સાથે અવસર મેળવી મુકુલને લઇને તમે પણ જજો. ધીમે ધીમે ચિતોડથી દૂર ને દૂર જતાં જજો; પરંતુ આ વાત બરાબર લક્ષમાં રાખજો કે દીવાળીને દિવસે તમારે ગોમુંડા નગરમાં[1] આવવાનું છે. જો આ ટાણું ચૂકશો તો પુનઃ કોઈ પણ ઉપાય સફળ થનાર નથી."

આ યોગ્ય ઉપદેશ સાંભળી મુકુલની માતા સાવધાન થઇ. ચંદ્રની આજ્ઞાનું પાલન કરવામાં તેણે એક ઘડીનો પણ વિલંબ કર્યો નહિ; પરંતુ તે બમણા ઉત્સાહ અને બમણી સાવધાનીથી કાર્ય કરવા લાગી. થોડા દિવસમાં દીવાળીના તહેવાર આવ્યા. આ વખતે મુકુલની માતા પોતાનાં માણસોને લઇને ચિતોડથી ગોમુંડાનગરમાં ગઈ. રાજમાતા આખો દિવસ નગરવાસીઓને ઉત્તમોત્તમ ભોજન કરાવી રાત્રિ પડવાની પ્રતીક્ષા કરવા લાગી. ધીમે ધીમે સંધ્યાનો સૂક્ષ્મ અંધકાર સમસ્ત જગતમાં પ્રસરી ગયો; તથાપિ ચંદ્રનું આગમન થયું નહિ. પછી કૃષ્ણપક્ષની ચતુર્દશીનો ગાઢ અંધકાર સર્વત્ર ફેલાઇ ગયો; તથાપિ કુમાર ચંદ્રનાં દર્શન થયાં નહિ. પુરોહિત,ધાત્રી તથા તેમની સાથે આવેલાં બીજાં માણુસો નિરાશ થવા લાગ્યાં.અંતે તે સર્વ રાજકુમારને લઈ ચિતોડી નામના કોટની નિકટ પહોંચ્યાં. ત્યાં પહોંચ્યાં કે તરતજ પાછળથી ઘોડાની પડઘી સંભળાવવા લાગી. આ ધ્વનિ સાંભળી સર્વના હૃદયમાં આશાનો સંચાર થયો. જોતજોતામાં ચાળીસ અશ્વારોહીઓ અતિ શીઘ્રતાથી ઘોડા ચલાવી તેમની આગળથી ચાલ્યા ગયા. આ અશ્વારોહીઓમાં સર્વથી આગળ રાજકુમાર ચંદ્ર હતા. તેમણે પોતાનો વેશ બદલી નાખ્યો હતો. તેમણે પોતાના લઘુભ્રાતા મુકુલને જોઇને તેમને સંકેતથી નૃપોચિત માન આપ્યું. તેઓ પોતાનાં માણુસોને લઇને શીઘ્ર ચિતોડના સિંહદ્વાર પર પહોંચ્યા. જે માણુસો પાછળ રહ્યાં હતાં તેઓ પણ તેમની પાછળ પાછળ જવા લાગ્યાં. કોઇએ પણ ચંદ્રની ગતિ રોકી નહિ. પછી "રામપોલ" નામના[2] દ્વારપર તેઓ પહોંચ્યા કે તરતજ દ્વારપાલોએ તેમની સામે આવી તેમને પૂછ્યું:-"આપ લોકો કોણ છો?" કુમાર ચંદ્રે ઉત્તર દીધોઃ-"અમે સર્વ રાજપૂત-સરદારો છીએ અને ચિતોડની આસપાસના ગામમાં રહીએ છીએ. અમે રાજકુમારની સાથે ગોમુંડા ગયા હતા અને હવે તેમને ચિતોડમાં પહોંચાડવાને આવ્યા છીએ." આ સર્વ ઉત્તર સાંભળ્યા પછી કોઇના હૃદયમાં કાંઈ સંદેહ રહ્યો નહિ અને ચંદ્ર તથા તેમના કેટલાક માણુસો નિર્વિઘ્ને કિલ્લાની અંદર

૧ ચિતોડથી માળવા જવાને માટે જે એક સુંદર માર્ગ છે,તેના ઉત્તરે ચિતોડથી સાત માઈલ દૂર ગોમુંડાનગર છે.

૨ તોરણદ્વારમાં ગયા પછી તરતજ 'રામપોલ' દ્વાર આવે છે.

ગયા; પરંતુ જ્યારે પાછળ રહેલા માણસો આવી પહોંચ્યા ત્યારે દ્વારપાલોનો સંદેહ વધી ગયો અને તેઓ વિચાર કરવા લાગ્યા કે આ શી ધાડ છે? હવે તેઓ સમજી ગયા કે શીઘ્ર અમારૂં સત્યાનાશ વળી જશે. આથી સર્વ દ્વારપાળો અસિ લઇને રાજકુમાર ચંદ્રની સામા થયા. કુમાર પણ હાથમાં ખડ્ગ લઈ સિંહની પેઠે ક્રોધથી તેમનાપર તૂટી પડ્યા. ઉભય પક્ષો વચ્ચે ઘોર સંગ્રામ થવા લાગ્યો. ચંદ્રનો ગંભીર સિંહનાદ સાંભળી તેમના અનુચર બીજા પણ દ્વારપાળોનો સંહાર કરવા લાગ્યા. ચતુર ચંદ્રે કિલ્લેદાર ભટ્ટીસરદારને પકડી કેદ કર્યો. તે અત્યંત ક્રોધિત થઈ ચંદ્રની સામે આવ્યો; પરંતુ તેમના અશ્વારોહીઓની ગતિ તે રોકી શક્યો નહિ. તેણે દૂરથી ચંદ્રપર પોતાની તલવાર ફેંકી; તે તલવાર ચંદ્રને વાગી અને ઘાવમાંથી રુધિર નીકળવા લાગ્યું; પરંતુ તેજસ્વી ચંદ્રે તરતજ દોડીને તેનાપર આક્રમણ કર્યું અને તેને નીચે તોડી પાડયો. ચંદ્રની સેનાએ સર્વ દ્વારપાળોનો સંહાર કરી નાખ્યો. ચંદ્રના અનુચરો સર્વ રાઠોડોને તેમના નોકરચાકર સાથે તેમનાં ગુપ્ત સ્થાનોમાંથી પકડી લાવ્યા અને તેમનો સંહાર કરવા લાગ્યા.

ચતુર્દશીની તે ભયંકર રાત્રિએ માત્ર બે ચાર રાઠોડોજ ચંદ્રના પંજામાંથી બચ્યા હશે; પરંતુ દુર્ભાગી રણમલ્લના મૃત્યુનું વૃત્તાંત સાંભળી શોકને બદલે હાસ્ય ઉત્પન્ન થાય છે. તે દુરાચારીએ તે દિવસે પોતાની પુત્રીની એક અતિ સુંદર દાસીપર મોહિત થઇ તેનાપર બળાત્કાર કરી પોતાની કામવૃત્તિ તૃપ્ત કરી હતી. બહાર શું થાય છે તે તે જાણતો નહોતો. શત્રુઓ તેના ઇષ્ટમિત્રો તથા બંધુ વગેરેનો સંહાર કરીને તેની પાસે આવતા હતા, તે પણ તે જાણતો નહોતો. મદિરા, અફીણ વિગેરે માદક પદાર્થોનું સેવન કરી તથા વિષયોન્મત્ત બની તે વૃદ્ધપુરુષ પોતાની પ્રિય કામિનીના ગળામાં હાથ નાખી અચેતનવત્ પડયો હતો. નીચ કામવૃત્તિને વશ થઈ દુષ્ટ રણમલ્લે સતી સ્ત્રીનું અમૂલ્ય રત્ન લુંટી લીધું અને તે હતભાગી સ્ત્રીના પવિત્ર ચરિત્રને કલંક લગાડયું; પરંતુ તે સ્ત્રીના શાપાગ્નિમાં તે શીઘ્ર ભસ્મ થઈ જનાર હતો. આજે તે આ લોક છોડી નરકની અનંત જ્વાળામાં પડવાનો હતો. તે રાજપૂતલલનાના સ્વર્ગથી પણ ઉત્તમ સતીત્વ ધનનું તે દુષ્ટે હરણ કર્યું હતું. તે રાજપૂતબાળા અપમાનિત અને પદદલિત થઇને શું તેને ક્ષમા કરશે? કદિ નહિ. રણમલ્લના પાપાચારનો બદલો તેણે લીધો. તેણે ધીમે રહીને શય્યામાંથી ઉઠી તે દુષ્ટ[1] મારવાડીની પાઘડી ખોલી અને તેવતી તેને પલંગની સાથે સારી રીતે જકડીને બાંધી દીધો. તેને બાંધ્યા છતાં પણ તેની નિદ્રા ખુલી નહિ. આ પ્રકારે દુષ્ટ રણમલ્લને તેના ભાગ્યને સોંપી તે રાજપૂતલલના ત્યાંથી ચાલી ગઇ. થોડી વારમાં ચંદ્રના યમદૂત જેવા સૈનિકો તે મહાલયમાં પહોંચ્યા. આ વખતે પણ તે દુષ્ટ જાગૃત થયો નહોતો; પરંતુ જ્યારે તે સિપાઇઓએ ગગનભેદી સિંહનાદ કર્યો ત્યારે તે પાપીની સર્વ ઉન્મત્તતા નષ્ટ થઈ ગઇ. આંખ ખોલીને તેણે જોયું તો તેને ખબર પડી કે આપણાપર મહાસંકટ આવી પડયું છે. તેણે રણોન્મત્ત સૈનિકોથી સમગ્ર મહાલય પરિપૂર્ણ થયેલો જોયો. સર્વ સૈનિકો તલવાર ઉંચકી તીવ્ર વેગથી તેની સામે ધસી આવતા હતા. ક્રોધથી તેનું શરીર બળવા લાગ્યું અને તે અભાગીએ શીઘ્ર ઉઠવાની ચેષ્ટા કરી; પરંતુ તેની મનમોહિનીની કઠોર પ્રેમજંજીરે તેને તેમ કરતાં રોકયો. તેણે ઉઠવાને માટે ઘણું બળ કર્યું, તે છતાં પણ તે ઉઠી શકયો નહિ —કઠોર પ્રેમબંધનથી તે મુક્ત થઇ શકયો નહિ. પછી તે અભાગી પલંગની સાથેજ ખડો થઇ ગયો. પલંગ તેની પીઠપર એવો શોભાયમાન લાગતો હતો કે જાણે તે કાચબાની પીઠજ ન હોય! નિકટમાંજ એક પિત્તળનો મદ્યપ્યાલો પડયો હતો; બીજું કોઇ પણ અસ્ત્ર નહિ જડવાથી રણમલ્લે નિરુપાયે તે પ્યાલો પોતાના શત્રુઓની સામે ફેંકયો. એટલામાં શીઘ્ર તેને બંદુકની એક[2] ગોળી વાગી અને તેથી તે તત્કાળ મરણ પામ્યો. રણમલ્લનો જોધરાવ નામનો પુત્ર આ

૧ મારવાડી પાઘડી પ્રાયઃ ૬૦ હાથ લાંબી હોય છે.

૨ ઘણા લોકોનો એવો મત છે કે ભારતવાસીઓ પૂર્વે બંદુક અને તોપ જેવાં અસ્ત્રોથી પરિચિત નહોતા અને પુરાણાદિ ગ્રંથોમાં આગ્નેયાસ્ત્ર વગેરે જે વર્ણન છે તે કવિની કલ્પનાસિવાય અન્ય કાંઇ નથી; પરંતુ અમે નિશ્ચયપૂર્વક કહીએ છીએ કે આ તેમની મોટી ભૂલ છે. તેમણે ભારતવર્ષનો ઈતિહાસ લેશ પણ વાંચ્યો નથી એમજ જણાય છે. અન્યના મુખેથી આ વાત સાંભળી લોકો તેમનાપર અંધશ્રદ્ધા રાખે છે, એ અતિ દુઃખની વાત છે. આથી તેઓ ભ્રમ અને ભ્રાંતિમાં ગોથાં ખાય છે. જેમની જેવી ઈચ્છા! પરંતુ અમે તો નિઃસંકોચે અને નિશ્ચયપૂર્વક કહીએ છીએ કે ભારતવાસીઓ અતિ પ્રાચીન કાળથી તોપ અને બંદુક જેવાં આગ્નેયાસ્ત્રોથી પણ સુપ-

વખતે ચિતોડના દક્ષિણ ભાગમાં હતો. તે પોતાના પિતા તથા ઇષ્ટમિત્રોની આવી ગતિ થયેલી જાણી પોતાના શત્રુના પંજામાંથી મુક્ત થવાને માટે એક શીઘ્રગામી અશ્વપર આરૂઢ થઇ ત્યાંથી નાસી છૂટયો. કપટી તથા દુરાચારી રાઠોડોને વિશ્વાસઘાત તથા અત્યાચારનું યથોચિત ફળ મળ્યું અને તે સર્વ સિસોદીઆવીરોના ક્રોધાગ્નિમાં બળીને ભસ્મ થઇ ગયા.

આટલું કર્યા છતાં પણ કુમાર ચંદ્રનો ક્રોધ લેશ પણ શાંત થયો નહિ. જોધરાવને પકડવાને માટે તેઓ તેની પાછળ મંદોરનગર તરફ ચાલ્યા. જોધરાવ ચંદનું પ્રચંડ બળ કોઇ પણ પ્રકારે સહન કરી શકયો નહિ. તેણે મંદોરનગરનો ત્યાગ કરી હરવા શંકલ નામના એક પરાક્રમી રાજપૂતનો આશ્રય ગ્રહણ કર્યો. આ તરફ વીર ચંદ્રે સાવધાનીથી મંદોરનગરપર અધિકાર કર્યો અને જયાંસુધી મુંજાજી તથા કંટોજી નામના તેમનાબે પુત્રો સૈન્ય લઇને આવ્યા નહિ, ત્યાંસુધી તેઓ તે નગરને છોડીને ગયા નહિ. જે દિવસે રાઠોડોને તેમના વિશ્વાસઘાત તથા કપટાચારનું યથોચિત ફળ આપવામાં આવ્યું તે દિવસથી બાર વર્ષપર્યંત મંદોરનગર સિસોદીઆકુલના અધિકારમાં રહ્યું. બાર વર્ષ પછી રાઠોડોએ પુનઃ તેને પોતાના અધિકારમાં લીધું. હવે અહીંઆં રણમલ્લના પુત્ર જોધરાવે મંદોરનગરપર પોતાનો અધિકાર શી રીતે સ્થાપિત કર્યો તેનું વર્ણન કરવામાં આવે છે. આ વર્ણન અત્રે ન કરતાં મેવાડના ઇતિહાસનેજ વળગી રહેવાનો વિચાર હતો, પરંતુ તેમ કરવાથી એક મહત્ત્વનો વિષય રહી જતો હતો. સિસોદીઆ અને રાઠોડકુલની વચ્ચે જે ભયંકર વૈર બંધાયું તેમાં કેટલીક વાતો એવી રીતે સમ્મિલિત થઈ છે કે એક વાતને છોડી દેવાથી બીજી વાતની રમણીયતા અને સંબંધ તૂટી જાય છે; તેથીજ અહીંઆં જોધારાવની કેટલીક હકીકત આપવામાં આવે છે. સિંસોદીઆ લોકોએ "ગોદાર" દેશ કેવી રીતે પ્રાપ્ત કર્યો હતો તથા રાઠોડવીર જોધરાવે શી રીતે મંદોરનગરપર પુનઃ પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો, તેનું વર્ણન આગળ કરવામાં આવે છે. આ વર્ણન થઇ ગયા પછી મુકુલજીના રાજ્યનો ઇતિહાસ લખવામાં આવશે.

વિપત્તિ સદા સુફળ આપે છે. વિપત્તિ એજ સંપત્તિની માતા છે. જે મનુષ્ય વિપત્તિના સમયમાં ધૈર્ય ધારણ કરી કાર્ય કરે છે, તેને શીઘ્ર સંપત્તિ પ્રાપ્ત થાય છે અને પુનઃ કદિ પણ તેનાપર વિપત્તિ આવતી નથી. મહાવીર જોધરાવનું રાજ્ય જતું રહ્યું, તેના સર્વ ઇષ્ટમિત્રો માર્યા ગયા; પરંતુ આ વિપત્તિએજ તેને સંપત્તિ આપી. જો જોધરાવ કાયર પુરુષની પેઠે મૂઢ અને વ્યાકુળ થઇ જાત તો રાઠોડકુલનું શું થાત તે કહી શકાતું નથી. જો તેણે ધૈર્ય છોડી દીધું હોત તો પછી રાઠોડના કીર્તિસ્તંભ-

---

રિચિત હતા અને તેને વાપરવામાં પૂર્ણ નિષ્ણાત હતા. નીચે શુક્રનીતિના શ્લોકો આપવામાં આવ્યા છે. આ શ્લોકો વાંચવાથી જણાશે કે બંદુક અને તોપને પ્રાચીનકાળમાં નાલીક અને બૃહન્નાલીક કહેતા હતા.

"नालीकं द्विविधं ज्ञेयं बृहत्क्षुद्रविभेदतः । तिर्यगूर्ध्वच्छिद्रमूलं नालं पंचवितस्तिकम् ॥
मूलाग्रयोर्लक्ष्यभेदि तिलबिन्दुयुतं सदा । यन्त्राघाताग्निकृद्ग्रावचूर्णधृक्कर्णमूलकम् ॥
सुकाष्ठोपाङ्गबुध्नञ्च मध्यांगुलिबिलान्तरम् । स्वान्तेऽग्निचूर्णसंधात्रृ शलाकासंयुतं दृढम् ॥
लघु नालीकमप्येतत् प्रधार्यं पत्तिसादिभिः । यथायथा तु त्वक्सारं यथास्थूलबिलान्तरम् ॥
यथा दीर्घं बृहद्गोलं दूरभेदि तथा तथा । मूलकीलभ्रमाल्लक्ष्यसमसंधानभाजि यत् ॥
बृहन्नालीकसंज्ञन्तत्काष्ठबुध्न-विवर्जितम् । प्रवाह्यं शकटाद्यैस्तु सुयुतं विजयप्रदम् ॥"

અર્થઃ-બંદુક બે જાતની હોય છે મોટી અને નાની. જેના મુખમાં વાંકું તથા ઉંચું છિદ્ર હોય, જેની નળી અઢી હાથ લાંબી હોય, જેના કાન તથા મુખની આગળ નિશાન તાકવાનું તિલપુષ્પ-માખી હોય, ઘોડાનો મારો લાગવાથી જેમાં અગ્નિ ઉત્પન્ન થતો હોય, જેના કાનમાં દારૂ ભરવામાં આવતો હોય, જેના લોઢાના અવયવોનો છેડો ઉત્તમ લાકડાની સાથેજ જડેલો હોય, જેની નળી એક આંગળ પહોળી હોય અને તેમાં દારૂ ભરવામાં આવતો હોય તથા પાછળના ભાગમાં ગજ રાખવામાં આવતો હોય અને જે દૃઢ હોય તે અસ્ત્ર બંદુકના નામથી પ્રખ્યાત છે. પાયદળોએ અને ઘોડેસ્વારોએ આ નાની બંદુકને પણ હમેશાં સાથે રાખવી. બંદુક જેમ જેમ મજબૂત પતરાંની, મોટા મુખવાળી, લાંબી અને મોટી ગોળી ખાઈ શકતી હોય તેમ તેમ દુરના નિશાનને મારે છે. કઠણ પતરાંની બનાવેલી, લાકડાના કુંદાની સાથે જડેલી અને મૂળ ખીલો ફેરવવાથી નિશાનના સન્મુખ ઉભી રહેનારી બંદુકને મોટી તોપ કહે છે. આ તોપને ગાડાં વગેરેમાં મૂકીને સમરાંગણમાં લઈ જવી. આ તોપને વાપરવાં આવશે તો તે જયાવહ છે.

(શુક્રનીતિ અ० ૪ થો, શ્લો० ૧૯૫-૨૦૦)

રૂપી જોધપુરની સ્થાપના તે શી રીતે કરી શકત ? તેની ઉપર સર્વ પ્રકારની વિપત્તિઓ પડી રહી હતી; પરંતુ તે એક ક્ષણવાર પણ નિરાશ થયો નહિ. અનંત સાહસ, ભીષણ પરિશ્રમ અને સપ્ત ઉદ્યમ કરવાથીજ તે મહાન સંપત્તિશાળી થયો.

પૂર્વે જણાવવામાં આવ્યું છે કે વિપત્તિઓથી ઘેરાઇને જોધરાવે હરવા શંકલ નામના એક પરાક્રમી રાજપૂતનો આશ્રય ગ્રહણ કર્યો હતો. રાજસ્થાનમાં એક ઉત્તમ સંપ્રદાય છે. આ સંપ્રદાયના અનુયાયીઓ કુંવારા રહે છે. તેઓ ક્ષત્રિયો હોય છે. તેઓ ક્ષત્રિયોચિત વીરધર્મનું પાલન કરી સાથે સાથે તાપસ-ધર્મ પણ પાળે છે અને તેદ્વારા પોતાનું જીવન પરમ પવિત્ર બનાવે છે. અતિથિસેવા અને પરોપકાર કરવો એ તેમના ધર્મનો મૂળ મંત્ર છે. જો અર્ધી રાત્રે પણ કોઇ અતિથિ આવે તો તેઓ ઉત્તમ પ્રકારે તેનો આદરસત્કાર કરી તત્કાળ તેના ભોજનપાનનો પ્રબંધ કરે છે. અતિથિનો સત્કાર કરતાં કદાચિત્ તેમને ભૂખ્યા રહેવું પડે તોપણ આ તાપસગણ તેથી દુઃખ માનતા નથી. જો કોઇ કટ્ટો શત્રુ પણ તેમનો શરણાગત થઇ જાય તો તેઓ સમગ્ર વૈર અને દ્વેષને ભૂલી જઇ આદરપૂર્વક તેને આશ્રય આપે છે અને તેને બચાવવાને માટે પોતાના પ્રાણને પણ સંકટમાં નાખે છે. ઉક્ત હરવા શંકલ રાજપૂત પણ આજ પ્રકારનો ક્ષત્રિયસંન્યાસી હતો. આ સંપ્રદાયની શાખાઓ અદ્યાપિ રાજસ્થાનનાં અનેક સ્થાનોમાં દૃષ્ટિગોચર થાય છે. પહાડોનાં ઉંચાં ઉંચાં શિખરોપર, હિંસક શ્વાપદોથી ભરેલાં ધાડાં જંગલોમાં, શ્મશાનોમાં અથવા શાંતિદાયક મનોહર તપોવનમાં આ મહાત્માઓના પવિત્ર આશ્રમો દૃગ્ગોચર થાય છે. તેમનું આતિથ્ય 'સદાવ્રત' ના નામથી સુપ્રસિદ્ધ છે. આ સદાવ્રત કેવળ ઉક્ત સંપ્રદાયના મનુષ્યોની સહાયથીજ ચાલતું નથી; પરંતુ રાજા, પ્રજા, સરદાર, સામંત તથા અન્ય સંપ્રદાયોના અનુયાયીઓ પણ તેમાં સહાયતા કરે છે. મેવાડની વર્તમાન શોચનીય દશામાં પણ ત્યાંના રાણા અને પ્રજાજનો આ સદાવ્રતમાં સહાય કરવામાં કિંચિત્ કસર રાખતા નથી. ઘણા લોકો એમ કહે છે કે મનુષ્ય પ્રાણી પોતાની અર્ધસભ્ય અવસ્થાથીજ અતિથિસત્કાર કરતું આવ્યું છે. જો કુટિલકાપટ્ય અને સ્વાર્થપરાયણતાનેજ સભ્યતાનાં ફળ માનવામાં આવે, જો પોતાના ભ્રાતાને ભોજનાદિ ન આપી પોતાનું ઉદર ભરવાથીજ સભ્યતા પ્રકાશિત થતી હોય તો એવી સભ્યતા ગ્રહણ કરવાથી શો લાભ ? ભલેને જગત સદા એ સભ્યતાના ખોળામાં પડીને સૂઇ રહે; પરંતુ અમે આવી સભ્યતાનો સ્વીકાર કરીશું નહિ. જો હરવા શંકલના જેવા શ્રેષ્ઠ અને વિશ્વપ્રેમી સંતપુરુષોને પણ અર્ધસભ્ય ગણવામાં આવે તો પછી જગતમાં સભ્ય કોણ ગણાય ? ઉત્તમ વસ્ત્રાભૂષણ પરિધાન કરવાથી જો મનુષ્ય સભ્ય ગણાતો હોય; અનાથ, દીન, દરિદ્ર અને ભિક્ષુકોને પોતાની પાસેથી દૂર નસાડી મૂકવામાં જો સભ્યતાનો વાસ હોય; તો તેને પશુસભ્યતાજ ગણવી જોઇએ. હરવા શંકલના જેવા પરમ દયાવાન મહાપુરુષો સ્વાર્થને તિલાંજલિ આપી, લોભનો પરિત્યાગ કરી, લોકોપર મહદુપકાર કરી જે સ્વર્ગસુખનો અનુભવ કરી ગયા છે તે આજકાલના સ્વાર્થી, કપટાચારી, સભ્ય મહોદયો એક ક્ષણવાર પણ અનુભવી શકે છે ? આ અમૃતનો આસ્વાદ આવાં દુષ્ટ માણસોના ભાગ્યમાં ક્યાંથી હોય !

અર્ધરાત્રિનો સમય થયો છે; સદાવ્રતનું કાર્ય સમાપ્ત કરી હરવા શંકલ શયન કરવાને માટે વિશ્રાંતિભુવનમાં ગયા છે; આ સમયે ૧૨૦ અનુચરોને પોતાની સાથે લઇ જોધરાવ તેમના આશ્રમમાં ગયા. હરવાએ ઉઠી ઉત્તમ પ્રકારે સર્વનો આદરસત્કાર કર્યો. સર્વને આસન ઉપર બેસાડયા. હવે આ લોકોનાં ભોજનપાનાદિનો શો પ્રબંધ કરવો તે વિષે હરવાને ચિંતા થઇ. આશ્રમમાં સર્વ સામગ્રી ખૂટી ગઇ હતી. નિકટમાં કોઇ ગ્રામ વા નગર નહોતું, કે ત્યાંથી પણ શીઘ્ર સામાન આણવામાં આવે. વિચાર કરતાં કરતાં થોડી વારમાં એક નિશ્ચય કરવામાં આવ્યો. તે સમયે ત્યાં મુજદ[1] નામનું એક પ્રકારનું કાષ્ઠ હતું. આ

૧ સોલોમને " અલમુજ " નામના કાષ્ઠથી પોતાના ઉપાસ્ય દેવતા જિહોવાનું દેવળ બંધાવ્યું હતું. કર્નલ ટૉડ કહે છે કે આ શબ્દમાં અલ ઉપસર્ગનો વિશેષણતરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતના પ્રાચીન ઇતિહાસપરથી જણાય છે કે ત્યાંનું આદિનાથનું મંદિર પણ મુજના કાષ્ઠથી બાંધવામાં આવ્યું હતું; તો શું આ ઉભય મંદિરો એકજ જાતના કાષ્ઠથી બાંધવામાં આવ્યાં હતાં ? આ ઘટના સંભવિત છે; કારણ કે જગતના ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે ફિનિશિયા અને મિસર દેશના સોદાગરો માલ ખરીદવાને માટે ભારતવર્ષમાં આવ-

કાષ્ઠ બાળવાને માટે ત્યાં રાખવામાં આવેલું હતું. દીન મારવાડીઓ દુષ્કાળ અને અન્નની તંગીના સમયમાં આજ કાષ્ઠ ખાઇને પોતાના પ્રાણનું સંરક્ષણ કરે છે. ઉક્ત આશ્રમમાં અન્ન નહિ હોવાથી હરવા શંકલને તે વખતે આ કાષ્ઠનોજ ઉપયોગ કરવો પડયો. આ કાષ્ઠના ટુકડાઓનો ભૂકો કરી તેની સાથે લોટ ખાંડ વગેરે મિશ્રિત કરી તેને ચૂલાપર ચઢાવી રાંધવામાં આવ્યો. તે ભૂકાનું ભોજન અતિ ઉત્તમ થયું. હરવા શંકલે આ ભોજન જોધરાવ તથા તેનાં માણસોની આગળ પીરસી વિનીતભાવે કહ્યું:– "ભિક્ષા માગીને જે અન્ન પ્રાપ્ત કર્યું હતું તેનો અધિકાંશ વપરાઇ ગયો છે. જે લોટ શેષ રહ્યો હતો તેને મુજદના ભૂકાની સાથે મિશ્રિત કરી તેનું ભોજન બનાવ્યું છે અને તે હું આપની આગળ સાદર કરૂં છું. રાત્રિનો ઘણો સમય વ્યતીત થઇ જવાથી હું બીજું કાંઇ કરી શકયો નથી. કૃપા કરી આજે આ ભોજનથીજ સંતુષ્ટ થાઓ. કાલે પ્રભાત થતાંજ ખાવાપીવાનો ઉત્તમ પ્રબંધ કરવામાં આવશે." સંન્યાસીની નમ્રતા તથા સુશીલતા જોઇ સર્વ લોકો પરમ પ્રસન્ન થયા અને તેમના આદરાતિથ્યની વારંવાર પ્રશંસા કરી ભોજન કરવા લાગ્યા. પછી તેઓ શય્યાવશ થઇ અલ્પ સમયમાં પ્રગાઢ નિદ્રામાં પડયા અને ચિતોડની સર્વ વાત ભૂલી ગયા.

રાત્રે મુજદના કાષ્ઠથી જોધરાવ તથા તેનાં માણસોની દાઢીમૂછ રંગાઈ ગઇ હતી. પ્રભાતમાં જ્યારે તેઓ ઉઠયા ત્યારે તેઓ એકબીજાની રંગેલી દાઢીમૂછ જોઈ અત્યંત વિસ્મિત થયા; પરંતુ તે શાથી રંગાઇ હતી તે કોઇ સમજી શકયું નહિ. ચતુર સંન્યાસીએ તેનું ગૂઢ કારણ છુપાવી તેમને ઉત્સાહ આપવાને માટે કહ્યું:–"વૃદ્ધાવસ્થાના શ્વેત કેશોએ જે પ્રમાણે નવીન જીવનની ઉષાથી નવીન રંગ ધારણ કર્યો છે, તે પ્રમાણે હું નિશ્ચયપૂર્વક કહું છું કે આપના જીવનને નવીન જીવન પ્રાપ્ત થશે અને આપ પુનઃ મંદોરનગરપર અધિકાર સ્થાપિત કરી શકશો."

હરવા શંકલનાં આ ઉત્સાહભરેલાં વચનો સાંભળી તેમણે તેમને પણ પોતાના દલમાં મેળવી લીધા. તેઓ તેમને પોતાની સાથે લઇને મીવો નામના સ્થાનના સરદારની પાસે ગયા. મીવોના સરદારની પાસે ચુંટી કાઢેલા ઉત્તમોત્તમ ૧૦૦ અશ્વો હતા. મીવોનો સરદાર અને બીજો એક પવનજી નામનો રાજપૂત સરદાર જોધરાવના દલમાં ભળ્યો. પવનજીની પાસે "અંગારકૃષ્ણ"[૧] નામનો એક અશ્વ હતો. આ અશ્વપર તે આ વખતે આરૂઢ થયો હતો. આ પ્રકારે બીજા પણ બે ચાર રાજપૂતસરદારોની સહાય મેળવી જોધરાવે પોતાના પૂર્વજોના રાજ્યનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો અને તે પોતાનું દળ લઇ મંદોરનગર તરફ ચાલ્યો. ચંદ્રના ઉભયપુત્રોને આ ઘટનાની લેશ પણ ખબર નહોતી. તેઓ નિશ્ચિંત થઇ રાજ્ય કરતા હતા, એવામાં જોધરાવે પોતાની સેનાસહિત ત્યાં પહોંચી તેમનાપર આક્રમણ કર્યું. જો કે તેણે ગુપ્તરીતે અકસ્માત્ આક્રમણ કર્યું હતું, તોપણ સિસોદીઆવીરો જરાપણ ગભરાયા વિના ઉત્સાહપૂર્વક પોતાના શત્રુઓની સામે ઘોર યુદ્ધ કરવા લાગ્યા. કંટોજીએ જરા પણ વિચાર ન કર્યો કે જોધરાવનું બળ કેટલું છે અને કયા કયા સરદારો તેને સહાય કરવાને આવ્યા છે. તેઓ જોધરાવની સેનાને તુચ્છ માની તેની સામે સંગ્રામ કરવાને ધસ્યા. આ અદૂરદર્શિતા તથા મૂર્ખતાનું ફળ તેમને તત્કાળ પ્રાપ્ત થયું. કંટોજી જોધરાવના આક્રમણ આગળ ટકી શકયા નહિ. તેઓ પોતાના પુષ્કળ માણસોની સાથે યુદ્ધક્ષેત્રમાં માર્યા ગયા. તેમના લઘુભ્રાતા મુંજ બચવાનો કોઈપણ ઉપાય નહિ જોઇ એક શીઘ્રગામી અશ્વપર આરૂઢ થઇ નાઠા; પરંતુ તેઓ જોધરાવના કરાલગ્રાસથી મુક્ત થઈ શકયા નહિ. તેઓ ગોદ્દારરાજ્યની સીમાપર પહોંચ્યા એટલામાં વિજયી જોધરાવે તેમને પકડી પાડયા અને ત્યાં તેમનો વધ કરાવ્યો. આ પ્રકારે જોધરાવે સિસોદીઆકુલપર વૈર લીધું; પરંતુ યથાર્થ વિચાર કરવાથી જણાશે કે ઉભયપક્ષોની હિંસા સમાન થઇ નહોતી; કારણ કે મંદોરના એક રાજપૂતસરદારના બદલામાં ચિતોડના બે રાજકુમારોનો વધ કરવામાં આવ્યો હતો. પૂર્વજોના રાજ્યનો પુનરુદ્ધાર અને શત્રુપક્ષનાં અસંખ્ય માણસોનો સંહાર કર્યા છતાં પણ જોધરાવના મનનો ભય નિવૃત્ત થયો નહિ. તેના હૃદયમાં રાત્રિદિવસ એવોજ

---

ના કરતા હતા. કદાચિત્ આ લોકોજ અલમુજ કાષ્ઠ સુરતથી લઈ ગયા હશે. ઘણા લોકોનો એવો મત છે કે આ કાષ્ઠ કોઈ પણ રીતે નષ્ટ થતું નથી. તે એટલે સુધી કે આગથી પણ નાશ પામતું નથી. તેનો રંગ તામ્રસમાન હોય છે.

૧ કોયલાસમાન કાળો

ફ્રારકો રહેતો હતો કે ચંદ્ર ભયંકરમૂર્તિ ધારણ કરીને મારી પાછળ આવે છે. આ પ્રકારની ચિંતા કરતાં તેણે એકવાર પોતાની સ્થિતિનો યથાર્થ વિચાર કર્યો તો તેને સમજાયું કે મારી અને ચંદ્રની અવસ્થામાં આસ્માનજમીનનું અંતર છે. હું પારકી સેના અને પારકા બળની સહાયથી આ ભીષણ કાર્ય કરવાને સમર્થ થયો છું. ધારો કે મિત્રોએ એકવાર અથવા બેવાર સહાય કરી; પરંતુ જ્યારે મેવાડની પ્રચંડ સેના મારાપર ચઢી આવશે ત્યારે હું શી રીતે મારૂં રક્ષણ કરીશ ? મેવાડના રાજકુટુંબની સાથે ઝગડો થયો તેમાં મારા પિતા રણમલ્લનો અધિક અપરાધ છે અને તેઓજ આ ઝગડાનું કારણ હતા; પરંતુ તેઓ તો આ લોકનો ત્યાગ કરી ગયા છે. ત્યારે હવે મેવાડની સાથે વૈર રાખવાથી શો લાભ ? માટે આવી પરિસ્થિતિમાં ઝગડો મટાડી દેવો એજ આવશ્યકીય કાર્ય છે. તેના મનમાં આ વિચાર અનેકવાર ઘોળાયા પછી તેણે મેવાડની સાથે સંધિ કરવાનો નિશ્ચય કર્યો અને ચંદ્રના ઉપર સંધિપત્ર મોકલી આપ્યો. તેણે આ પત્રમાં ચંદ્રને જણાવ્યું હતું કે, [1]મુંડકાટિમાં અર્થાત્ રુધિરના બદલામાં દંડ તરિકે સમસ્ત ગોદ્વારદેશ તમને આપીશું.

ચંદ્રના દ્વિતીય પુત્ર મુંજ જે સ્થાને પડયા હતા, તે સ્થાનને મારવાડ અને મેવાડરાજ્યની સીમા માનવામાં આવી. આ પ્રકારે સંધિ થવાથી ઉભય જૂનું વૈર ભૂલી ગયા અને થોડા સમયસુધી એકબીજાના ધાડા મિત્ર બન્યા. આ સંધિથી ગોદ્વારદેશ મેવાડના રાણાના અધિકારમાં આવ્યો. આ દેશ મેવાડના રાણાઓએ ત્રણસેં વર્ષપર્યંત પોતાના અધિકારમાં રાખ્યો. સદાથી ચાલતી આવેલી ઉત્તરાધિકારની પદ્ધતિમાં પરિવર્તન થવાથીજ ગોદ્વારદેશ મેવાડના રાણાના તાબામાં આવ્યો હતો અને ત્રણસેં વર્ષ પછી તેજ કારણથી એ દેશ તેમના અધિકારમાંથી નીકળી ગયો હતો.

મુકુલનો સૌભાગ્યસૂર્ય ઉદારચરિત વીરવર ચંદ્રની અસીમ સહાયથીજ ઉદિત થયો હતો, પરંતુ તે દીર્ઘકાળપર્યંત પ્રકાશિત રહ્યો નહિ. તે મધ્યાહનના ઉચ્ચ આકાશમાં પહોંચ્યો ન પહોંચ્યો એટલામાં અકસ્માત રાહુએ તેને ગ્રસ્ત કર્યો. જો કે અલ્પ વયથીજ મહારાણા મુકુલ નૃપોચિત ગુણોથી ભૂષિત થઇને મેવાડનું રાજ્ય ચલાવવાને સમર્થ થયા હતા; પરંતુ વિધાતાએ તેમને તે ગૌરવ દીર્ઘકાળપર્યંત ભોગવવા દીધું નહિ. ઈ૦ સ૦ ૧૩૯૮ માં જ્યારે તેઓ ચિતોડના સિંહાસનપર બેઠા ત્યારે સમસ્ત ભારતવર્ષમાં એક નવીન યુગનો આરંભ થયો હતો. તે વખતે ભારતવર્ષનો ઐતિહાસિક પ્રવાહ એક નવી દિશામાં વહી રહ્યો હતો. વીરકેસરી તૈમુર પોતાની વિજયી સેનાને લઇને ભારતવર્ષપર ચઢી આવ્યો હતો. તેના ભયંકર આક્રમણથી દિલ્લીનું સિંહાસન ચૂર્ણ થઇ ગયું હતું; પરંતુ તેના આક્રમણથી મેવાડને લેશ પણ હાનિ પહોંચી નહોતી. ભટ્ટલોકોના ગ્રંથોમાં કેવળ એટલોજ ઉલ્લેખ છે કે દિલ્લીના પાદશાહ ફીરોજશાહે આ વખતે એક વાર મેવાડપર આક્રમણ કરવાની તૈયારી કરી હતી; પરંતુ વિચાર કરવાથી જ્ઞાત થશે કે ભટ્ટલોકોએ જેને ફીરોજશાહ કહ્યો છે તે વસ્તુતઃ ફીરોજશાહનો પૌત્ર હતો. આ સ્થળે ભટ્ટલોકોએ ભૂલ કરી છે.[2] ભારતનો ઇતિહાસ વાંચવાથી અમારા આ ઉલ્લેખની સત્યતા સમજાશે. તૈમુરનું ભયંકર આક્રમણ સહન ન કરી શકવાથી ફીરોજશાહનો પૌત્ર દિલ્લીનો ત્યાગ કરી ગુજરાત તરફ નાસી ગયો હતો. કદાચ તેણે મેવાડદેશમાંથી જતી વખત તે પર આક્રમણ કરવાનો વિચાર કર્યો હોય એ સંભવિત લાગે છે. ગમે તેણે મેવાડની શાંતિનો ભંગ કરવાનો પ્રયત્ન કર્યો હોય; પરંતુ રાણા મુકુલ પ્રથમથીજ તેના મનનો ઉદ્દેશ સમજી ગયા હતા અને તેથી તેમણે શત્રુની ફોજનો પ્રતિરોધ કરવાને માટે અરવલ્લી શૈલમાળામાં આવેલા રામપુર નામના સ્થાનપર પોતાની સેના તૈયાર રાખી હતી. અહીંઆં તેમણે શત્રુની સામે સંગ્રામ કર્યો. આ સંગ્રામમાં તેમણે એવી અદ્ભુત વીરતા પ્રદર્શિત કરી કે તેમનાથી પરાજિત થઇને પાદશાહની સેના છિન્નભિન્ન થઈ ગઇ. નાસવાથી પણ સૈનિકોનું રક્ષણ થયું નહિ. રાણાએ તેમની પાછળ પડી પુષ્કળ માણસોનો સંહાર કર્યો. વળી તેમણે સાંભર નામનો દેશ તથા તેની લવણની ખાણ પોતાના અધિકારમાં લીધી. અહીંઆં જણાવવું જોઇએ કે તૈમુરના આક્રમણથી સમસ્ત ભારતવર્ષમાં ભયંકર ખળભળાટ થઇ રહયો હતો, તેથી મહારાણા મુકુલના

[1] શ્રેષ્ઠકુળના રાજપૂતનો વધ કરનારને જે દંડ આપવો પડે છે તેને રાજસ્થાનની સાધારણ ભાષામાં 'મુંડકાટિ' કહેવામાં આવે છે. આ રીતિ પ્રાચીનજર્મનો અને સૅક્સનોમાં પણ પ્રચલિત હતી.

[2] એનું નામ મહમદ તઘલખ હતું. એ ફિરોજશાહના જ્યેષ્ઠ કુમાર નસીરૂદ્દીનનો નાનો પુત્ર હતો.

સૌભાગ્ય અને પ્રતિષ્ઠાનો માર્ગ બહુધા કંટકહીન થઈ ગયો હતો. આ અવસરનો લાભ લઇ મહારાણા મુકુલે પોતાનું રાજ્ય અને પોતાની સેના દૃઢ કરવાને માટે બીજા પ્રદેશોમાં પણ પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. તેમણે અનેક મહાલયો અને મંદિરો પણ બંધાવ્યાં હતાં. આમાંનો લાક્ષભુવન નામનો રાણાનો મહાલય[1] અને ચતુર્ભુજા દેવીનું મંદિર વિશેષ પ્રસિદ્ધ છે.

રાણા મુકુલને ત્રણ પુત્રો અને એક પરમ રૂપવતી કન્યા થઇ. કન્યાનું નામ લાલબાઇ હતું. ગાગરોનના ખીચી વંશના સરદારની સાથે લાલબાઇનો વિવાહ કરવામાં આવ્યો હતો. આ સરદારે લગ્ન કરતી વખતે રાણાને સોગંદ ખવરાવી તેમની પાસે પ્રતિજ્ઞા કરાવી કે:–"જે વખતે શત્રુઓ તમારા રાજ્યપર આક્રમણ કરે તે વખતે મારે તમને સહાય કરવી." આ વિવાહ થયા પછી કેટલેક વર્ષે માળવાના શાસનકર્તા હુસંગે ગાગરોનપર આક્રમણ કર્યું. ખીચીસરદારનો પુત્ર ધીરજ આ વખતે રાણાની પાસે સહાય લેવાને આવ્યો; પરંતુ આ વખતે મહારાણા માદેરિયાના પહાડી લોકોનો વિદ્રોહ શાંત કરવાને માટે સેના લઈ ચાલ્યા ગયા હતા. ધીરજ ત્યાં જઇ રાણાને મળ્યો અને ઉપયોગપૂરતી સેના લઇને પાછો પોતાને દેશ ગયો. માદેરિયા એ રાણા મુકુલના જીવનરૂપી નાટકની અંતિમ રંગભૂમિ હતી. આ વખતની રંગભૂમિમાં બે ક્રૂર વિશ્વાસઘાતકોદ્વારા તેમની સંસારલીલા સમાપ્ત થઈ. આ ઉભય દુષ્ટ માણસોનાં નામ ચાચા અને મેર હતાં. આ ઉભય રાણાના કાકા હતા. આ ઉભય દુરાચારીઓએ નિર્દોષ, શીલવાન તથા નીતિવાન રાણા મુકુલનો સંહાર કર્યો.

રાણા મુકુલના દાદા ક્ષેત્રસિંહની કોઇ નીચ કુલની રખાતના ગર્ભથી ઉક્ત ઉભય દુરાચારીઓનો જન્મ થયો હતો. ઘણા લોકો એમ કહે છે કે તે રખાત સુતારની પુત્રી હતી. મેવાડમાં આવા પુત્રોને 'પાંચવાં પુત્ર' કહેવામાં આવે છે. રાજાના વીર્યથી પેદા થવા છતાં પણ આવા લોકો કોઇ પણ પ્રકારનું રાજસન્માન પ્રાપ્ત કરી શકતા નથી. જો કે રાજાઓ તેમનાપર અનુગ્રહ કરીને કદિ કદિ તેમને પોતાના કાર્યમાં નિયુક્ત કરી દે છે, તથાપિ તે અભાગીઆઓને મેવાડના બીજા વર્ગના સરદારોની પંક્તિમાં પણ ગણવામાં આવતા નથી. ચાચા અને મેરની પ્રતિષ્ઠા પણ તેમની પંક્તિના માણસોથી અધિક વધી નહોતી. મેવાડના શુદ્ધ રક્તના રાજપૂતસરદારો તેમનાપ્રત્યે આંતરિક ઘૃણા રાખતા હતા; તથાપિ રાણા મુકુલ તેમનાપર અનુગ્રહ કરી તેમને સાતસેં સવારોના નાયક બનાવીને પોતાની સાથે માદેરિયામાં લઈ ગયા હતા. દાસીપુત્રોપર રાણાનો આ પ્રકારનો અનુગ્રહ જોઇ સરદારો અતિ ખિન્ન થયા. તેઓ ધારતા હતા કે ચાચા અને મેરને તેમની યોગ્યતા કરતાં મોટાં પદ આપવામાં આવ્યાં છે; આથી તેમણે તેમને અપમાનિત કરવાનો લાગ જોવા માંડયો. ઇશ્વરીસંકેતથી તેમની મનઃકામના સિદ્ધ થવાનો સુયોગ તેમને પ્રાપ્ત થયો; પરંતુ તેમાં રાણા મુકુલના પ્રાણ ગયા. જે વખતે માદેરિયામાં ભયંકર યુદ્ધ ચાલી રહ્યું હતું, તે સમયે એક દિવસ રાણા પોતાના સરદાર સામંતોની સાથે એક પ્રમોદકુંજમાં બેઠા હતા. આ વખતે તેમણે તે વનમાં એક નવીન વૃક્ષ જોયું. આ વૃક્ષનું નામ તેમને જ્ઞાત નહોતું. ત્યાં જેટલા સરદારો બેઠા હતાં, તે સર્વને તેમણે ઉક્ત વૃક્ષનું નામ પૂછયું. ચોહાણસામંત તેમની નિકટજ બેઠા હતા. તેઓ આ વૃક્ષનું નામ જાણતા હતા; તે છતાં પણ તેમણે અજાણ થઇ મહારાણાને ધીમેથી કહ્યું:–'મહારાજ ! એ વૃક્ષનું નામ હું કહી શકતો નથી. આપ આ ઉભય બધુઓમાંથી એકને એનું નામ પૂછો. એ તેનું નામ સારી પેઠે જાણતા હશે.' સરલ સ્વભાવના રાણાએ ચૌહાણ સરદારના કુટિલ અને ગૂઢ વાકયનો મર્મ જાણ્યા વિના સરલતાપૂર્વક તેમાંના એકને પૂછયું: "કાકા ! આ વૃક્ષનું નામ શું છે ?" રાણાનો આ કપટહીન પ્રશ્ન સાંભળી ચાચા અને મેરના હૃદયમાં જાણે તીર વાગ્યું હોય તેવી ચોટ લાગી. તેમણે ધાર્યું કે સુતારની કન્યાના ઉદરથી અમારો જન્મ થયો છે, તેજ કારણથી રાણાએ અપમાન કરવાના ઉદ્દેશથી અમને આ પ્રશ્ન પૂછયો છે. આથી તેઓ ક્રોધોન્મત્ત બની ગયા. એક દિવસ સંધ્યાકાળે સંધ્યાકૃત્ય સમાપ્ત કરીને રાણા ભગવાનના નામની માળા જપતા હતા; એટલામાં ઉક્ત પાપીઓએ તલવારવતી તેમનો વધ કર્યો. આ ઉભય પિશાચો સરલ હૃદયના રાણા

૧ લાક્ષ રાણાએજ આ મહાલય બંધાવવાનો પ્રારંભ કર્યો હતો. આ મહાલયનો થોડો ભાગ બંધાયો એટલામાં તેમનો પરલોકવાસ થયો. હાલમાં આ મહાલય સર્વથા ચૂર્ણવિચૂર્ણ થઈ ગયો છે. તે ખંડિયેર બની ગયો છે, તોપણ અદ્યાપિ તેમાં મેવાડના ગૌરવનાં ચિન્હો ઉપલબ્ધ થાય છે.

મુકુલનો વધ કરી પોતાના અશ્વોપર આરૂઢ થઈ ચિતોડ તરફ ગયા. તેમને આ વખતે ચિતોડપર અધિકાર સ્થાપિત કરવાની અભિલાષા હતી; પરંતુ તેમણે ચિતોડના દુર્ગનિકટ પહોંચતાં તેનો દરવાજો બંધ દીઠો.

સામાન્યરીતે જોતાં એક વૃથા પ્રશ્ન સિવાય રાણા મુકુલના શોચનીય મૃત્યુનું બીજું કાંઇ કારણ જણાતું નથી; પરંતુ વાસ્તવમાં દીર્ઘકાળથી રાણાની વિરુદ્ધ પ્રપંચ રચાતો હતો. રાણા મુકુલના પુત્ર કુંભને કોઇ પ્રકારે આ પ્રપંચની ખબર થઇ ગઇ હતી અને તેથીજ તેમણે ચાચા અને મેર ચિતોડમાં પ્રવેશ કરે તે પૂર્વે તે નગરનો દરવાજો બંધ કરી દીધો હતો. જ્યારે તે હત્યારાઓની આશા પૂર્ણ થઇ નહિ ત્યારે તેઓ માદેરીઆની નિકટના કિલ્લામાં ચાલ્યા ગયા. આ તરફ બાળક કુંભને આ વિપત્તિમાંથી બચવાનો બીજો કોઇ ઉપાય નહિ જડવાથી તેમણે મારવાડીઓની મિત્રતા અને દયાપર આધાર રાખ્યો.

રાજપૂતોનો મહિમા અવર્ણનીય છે. જે સિસોદિયાઓએ રાઠોડરાજાનો વધ કર્યો હતો અને રાઠોડરાજાનું રાજ્ય ખૂંચવી લીધું હતું તેજ સિસોદિયા વંશના રાજા કુંભે વિપત્તિના સમયમાં રાઠોડોની સહાય માગી. ઉદારબુદ્ધિના રાઠોડરાજાએ ગત વૈર પોતાના હૃદયમાંથી સંપૂર્ણતઃ દૂર કર્યું અને તત્કાળ પ્રતિજ્ઞા કરી કેઃ-"જ્યાંસુધી ઉક્ત ઉભય રાજઘાતકોને સંપૂર્ણરીતે દંડ આપીશ નહિ અને જ્યાંસુધી રાજકુમાર કુંભને ચિતોડના સિંહાસનપર આરૂઢ કરીશ નહિ, ત્યાંસુધી મસ્તકપરથી પાઘડી ઉતારીશ નહિ અને શય્યાપર શયન કરીશ નહિ. વાસ્તવમાં રાજપૂતોનાં જીવનચરિત્રોમાં આ પ્રકારની ઉદારતા અને સત્યપ્રતિજ્ઞાનાં અનેક ઉદાહરણો ઉપલબ્ધ થાય છે. રાજપૂતો સ્વભાવથીજ તેજસ્વી અને ઉદ્યમી હોય છે. તેમનું હૃદય માત્ર એકજ ચોટથી વિદીર્ણ થઇ જાય છે. જ્યાંસુધી તેઓ પોતાને ચોટ લગાડનારને ચોટ મારતા નથી ત્યાંસુધી તેમનું હૃદય કોઇ પણ પ્રકારે શાંત થતું નથી. તેમનો સ્વભાવ ક્ષુદ્ર ઝગડાથી ઉગ્ર થઇ જાય છે અને તેઓ ક્ષુલ્લક કારણથી વૈર લેવાની પ્રતિજ્ઞા કરી બેસે છે. તેઓ જ્યાંસુધી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરતા નથી ત્યાંસુધી તેમને શાંતિ થતી નથી; પરંતુ જ્યાં એક વખત તેમની પ્રતિજ્ઞા પૂર્ણ થઇ જાય છે કે પછી તેમની વૈરપિપાસા શાંત પડી જાય છે અને તેઓ ગત વૈરભાવ ભૂલી જઇને આગલા શત્રુના મિત્ર બની જાય છે. રાજપૂતોમાં જ્યારે વિવાહ થાય છે, ત્યારે વરકન્યાનો હસ્તમેળાપ થતી વખતે ભટ્ટલોકો ઉભયકુલની કીર્તિ ગાય છે. ભટ્ટલોકોના મુખથી પોતાના પૂર્વજોના ગૌરવની પ્રશંસા સાંભળી રાજપૂતો પરમ આનંદ પામે છે.

રાજપૂતોમાં દીર્ઘકાળથી આ રીતિ પ્રચલિત છે અને જ્યાંસુધી તેમનામાં શૌર્યની એક ચિણગારી પણ શેષ રહેશે ત્યાંસુધી તેમની એ રીતિનો નાશ થનાર નથી.

રાજા મુકુલના બાલકપુત્ર કુંભે ભયંકર વિપત્તિમાં આવી પડવાથી મારવાડ રાજાની સહાય માગી. રાઠોડરાજાએ દુરાચારીનું દમન કરવાને માટે પોતાના પુત્રને સેનાપતિ બનાવી સેનાસહિત ચિતોડ મોકલ્યો. ઉક્ત દુરાચારીઓ તે વખતે મેવાડના રાજ્યની સીમાપર હતા. રાઠોડસેનાપતિએ તેમને ઘેરી લીધા. મેવાડ અને મારવાડના મહાવીરોનું પ્રચંડ આક્રમણ સહન ન કરી શકવાથી ચાચા અને મેર પોતાનો કિલ્લો છોડી 'પાઇ' નામના સ્થાનમાં નાસી ગયા. "પાઇ" અરવલ્લી પર્વતમાળાના મધ્ય ભાગમાં આવેલું છે. તેની નિકટમાંજ 'રાતાકોટ' નામનો એક ઉચ્ચ ગિરિશૃંગ છે. તે દુષ્ટોએ આ શિખરપર એક દુર્ગ બાંધી ત્યાં સાવધાનતાપૂર્વક રહેવાનો વિચાર કર્યો. ઉદયપુરની ચારે તરફ જે વિશાળ ગિરિવ્રજ ગોળાકારમાં વિરાજમાન છે તેના શિખરપર ઉક્ત રાતાકોટ નામના દુર્ગનું ખંડિયેર અદ્યાપિ દૃષ્ટિગોચર પણ થાય છે.

ઉક્ત રાતાકોટમાં જઇ તેઓ પોતાને નિર્વિઘ્ન માની નિશ્ચિંત થઇ રહેવા લાગ્યા. તેમણે ધાર્યું કે આ સ્થળે અમારાપર કોઇ આક્રમણ કરી શકનાર નથી; પરંતુ તે દુષ્ટોએ લેશ પણ એવો વિચાર ન કર્યો કે રાઠોડસેનાપતિ અને સિસોદીઆનૃપ એ ઉભયનો પ્રચંડ ક્રોધ ભયંકર દાવાનલની પેઠે બળી આ દુર્ગમ સ્થાનમાંજ અમને ભસ્મ કરી દેશે. તેઓ ત્યા નિશ્ચિત થઇને વારંવાર પાપ કરવા લાગ્યા. અંતે આ પાપને લીધેજ તેમનો નાશ થયો. સુજાન નામક એક ચૌહાણની સુંદર કન્યાને પકડીને તેઓ બળાત્કારે આ દુર્ગમાં લઇ આવ્યા. સુજાન ક્રોધિત થઇ આ અપમાનનું વૈર લેવાને માટે કેટ-

લોક મજુરોની સાથે ગુપ્ત રીતે મળીને રાતાકોટમાં ગયો અને તેમાં પ્રવેશ કરવાના સર્વ માર્ગો ઉત્તમ પ્રકારે જોઇ આવ્યો. પોતાનો પ્રચંડ ક્રોધ શાંત કરવાને માટે તે આ પ્રકારે ઉત્તમ રીતે સજ્જ થઇને પોતાના રાજાની પાસે જતો હતો,એવામાં દૂરથી તેણે રાઠોડરાજકુમાર તથા રાણા કુંભની સેના જોઇ. આથી તેની આશા વિશેષ પ્રદીપ્ત થઇ. તે પોતાના ઉભય હસ્તોથી મુખ ઢાંકીને રોવા લાગ્યો અને તેણે ઉભય રાજકુમારોને પોતાના કલંકની વાત સ્પષ્ટ રીતે કહી સંભળાવી. આ પાશવઅત્યાચારની વાત જેણે જેણે સાંભળી તે સર્વને અત્યંત ક્રોધ ચઢયો. આ રાતાકોટ દુર્ગથી થોડે દૂર કેલવાડા નામનું એક સ્થાન છે. આ સ્થાનપર ઉક્ત સેનાએ દિવસનો સમય વ્યતીત કર્યો. રાત્રી પડતાંજ સર્વ વીરગણ ઉક્ત દુર્ગપર ચાલ્યા. તેમણે અતિ સાવધાનીથી કિલ્લાની નીચે પહોંચી તેની ઉપર ચઢવાનો વિચાર કરવા માંડયો. વિચાર કરી તેમણે પર્વતમાં મોટા મોટા ખીલા ઠોકવા માંડયા અને તેની સહાયથી તેઓ ઉપર ચઢવા લાગ્યા. તદુપરાંત ધીચ વૃક્ષોની શાખાઓ, જાડી લતાઓ વગેરેની પણ સહાય તેમને લેવી પડી. આ પ્રકારે અતિ ધૈર્ય અને સાવધાનીથી રાજપૂતવીરો ઉક્ત કિલ્લાપર ચઢવા લાગ્યા. રાત્રિ ઘોર અંધકારમય હતી. જે અગણિત તારાઓ અંધકારને દૂર કરવાનો પરિશ્રમ કરતા હતા તેમનો મંદ પ્રકાશ કદિ કદિ તે ધાડા જંગલમાં આવેલાં ધીચ વૃક્ષોનાં પત્રોને ભેદીને તે વીરોની પાસે આવતો હતો. આ ઘોર અંધકારના વિશાળ પડદાને ભેદીને રાઠોડ અને સિસોદીઆ વીરગણ એકબીજાનાં અંગરખાં પકડીને ધીમે ધીમે ઉત્સાહ તથા ક્રોધપૂર્વક ઉપર ચઢતા હતા. શત્રુપર વૈર લેવાને માટે ચૌહાણવીર અત્યંત આવેશયુક્ત અને ઉતાવળો થઈ ગયો હતો; તેથી તે સર્વની આગળ ચાલી તેમને માર્ગ બતાવતો હતો. સુજાણ પર્વતના ઉચ્ચસ્થાનપર ચઢી ગયો ત્યારે પ્રકાશની બે તીવ્ર રેખાઓએ તેનું ધ્યાન ખેંચ્યું. તેણે ચકિત થઇ લક્ષપૂર્વક જોયું તો તેને જણાયું કે એક વાઘણનાં પ્રકાશિત નેત્રોમાંથી ઉક્ત કિરણો નીકળતાં હતાં. સુજાન ગભરાયો અને પોતાની નિકટ ઉભેલા એક રાજપૂતને ઇશારાથી તે વાઘણ બતાવી પાછળ હઠવા લાગ્યો.

ઉક્ત રાજપૂતે સુજાનને ભયભીત થયેલો જોઇ તત્કાળ તે વાઘણને પોતાની અસિથી કાપી નાખી. રાજપૂતો આવી ઘટનાને શુકન ગણે છે. આ શુકન થયાથી સર્વ રાજપૂતોનો ઉત્સાહ બમણો વધી ગયો. ધીમે ધીમે સર્વ રાજપૂતો રાતાકોટની નિકટ પહોંચી ગયા. કેટલાક વીરો દુર્ગની દિવાલપર ચઢી ગયા હતા અને કેટલાક ચઢતા હતા; એવામાં સર્વથી આગળ જનાર ભાટનો પગ લપસી જવાથી તે દિવાલપરથી નીચે તૂટી પડયો. આ વખતે તેના[1] ઢોલમાંથી મોટો ધ્વનિ નીકળ્યો. આ અવાજ સાંભળી ચાચાની નિદ્રાગ્રસ્ત પુત્રી જાગૃત થઇ. તે કન્યાને પુનઃ સુવાડી દેવાના ઉદ્દેશથી ચાચાએ કહ્યું:–"કેમ શું ડર છે ? કોનો ભય છે ? ઇશ્વરનું નામ લઇ સૂઈ જા. ભાદરવામાસનો મેઘગર્જના કરી રહ્યો છે અને વર્ષાદ પણ આવે છે તેથી આવો અવાજ થાય છે; બીજું કાંઇ નથી. આપણા શત્રુઓ હમણાં કેલવાડામાં છે. તેમના તરફનો ડર રાખવાનું કાંઈ પ્રયોજન નથી." ચાચા આ પ્રમાણે બોલતો હતો એવામાં કિલ્લામાં મહા કોલાહલ થવા લાગ્યો. રાઠોડ અને સિસોદીઆ વીરગણ કિલ્લામાં આવીમહાભયંકર સિંહનાદ કરવા લાગ્યા. આ સિંહનાદ સાંભળી ચાચાનું હૃદય કંપાયમાન થવા લાગ્યું. તે શીઘ્ર શય્યામાંથી ઉઠયો અને શસ્ત્ર લઇને બહાર આવતો હતો, એવામાં ચંદાના સરદારે પ્રચંડ મૂર્તિ ધારણ કરી તેને ઘેરી લીધો અને ત્યાંજ તેના બે ટુકડા કરી નાખ્યા. ભાઇને ભૂમિ ભેગો થયેલો જોઇને દુષ્ટ મેર નાસવા જતો હતો, પરંતુ રાઠોડરાજકુમારે તેને પણ પકડીને જમીનની ધૂળભેગો કર્યો. આ પ્રકારે ઉક્ત ઉભય પાપીઓને પ્રાણદંડ આપવામાં આવ્યો અને રાઠોડ તથા સિસોદીઆ વીરગણ તે કિલ્લાનું દ્રવ્ય લૂંટી જયગાન કરતા કરતા પોતાના દેશમાં ચાલ્યા ગયા.

---

[1] રાજપૂતસેનાની સાથે ભટલોકો પણ જયકીર્તન કરવાને માટે જાય છે. આ લોકો પોતાની સાથે એક એક નગારૂં પણ લેતા જાય છે. યુદ્ધમાં વિજય મળે છે તે વખતે તેઓ તેને વગાડે છે અને સમગીતો ગાય છે.

# अध्याय ७ मो

કુંભનું રાજ્યપદારોહણ-માલવપતિ મહમ્મદને જીતી, કેદ કરી ચિતોડમાં લાવવો-રાણા કુંભના ગૌરવની વૃદ્ધિ-પુત્રદ્વારા રાણા કુંભનો ગુપ્ત વધ-પિતૃઘાતકને દૂર કરી રાયમલ્લનું સિંહાસનપર આરૂઢ થવું-દિલ્લીના પાદશાહનું મેવાડપર આક્રમણ-રાયમલ્લનો વિજય-ગૃહકલહ-રાયમલ્લનું મૃત્યુ.

સંવત ૧૪૭૫ ( ઈ૦ સ૦ ૧૪૧૯ ) માં રાણા કુંભ ચિતોડના સિંહાસનપર આરૂઢ થયા. તેમના શાસનકાળમાં ચિતોડ ઉન્નતિના શિખરપર પહોંચી ગયું હતું. તેઓ હજારો વિઘ્નો સહન કરીને પોતાની પ્રજાનું લાલનપાલન કરતા હતા; પરંતુ જો તેમને મારવાડના[1] રાજાની સહાય મળી ન હોત તો તેઓ ઉન્નત થઇ શકત કે નહિ એ વિષે શંકા છે. બાલ્યાવસ્થામાં તેમનાપર જે સંકટો આવી પડયાં હતાં, તેમાંથી તેમનું રક્ષણ કરવાને માટે મરુદેશાધિપતિ જો તેમને સહાય ન કરત તો મેવાડનો ઇતિહાસ કોણ જાણે કેવો લખાત. રાઠોડરાજાએ રાણા કુંભને અત્યંત સહાય કરી હતી. આ સહાય કરવાનાં અનેક કારણો છે; પરંતુ તેમાંનું મુખ્ય કારણ એ છે કે રાણા કુંભે તેમની પાસે સહાય માગી હતી. જો તેઓ રાણા કુંભની પ્રાર્થનાનો સ્વીકાર ન કરત તો તેમની અપકીર્તિનો પાર રહેત નહિ. બીજું કારણ એ છે કે રાણા કુંભ રાઠોડરાજાના ભાણેજ હતા. આથી તેમણે કેટલેક અંશે કર્તવ્ય માનીને અને કેટલેક અંશે સ્નેહમમતાને વશ થઇને કુંભના હિતને માટે આટલો પરિશ્રમ કર્યો હતો અને આટલું કષ્ટ સહન કર્યું હતું.

મેવાડનું રાજ્ય જે રીતે ચતુર અને તેજસ્વી રાજાઓથી વિભૂષિત બન્યું છે,તેવી રીતે દીર્ઘકાળપર્યંત કોઇ પણ રાજ્ય વિભૂષિત બન્યું નથી. રાણા કુંભના સમયમાં મેવાડનું ગૌરવ મધ્યાહ્નકાળના સૂર્યસમાન તેજસ્વી બની રહ્યું હતું. હિંદુદ્વેષી મુસલમાનોના ઘોર અત્યાચારથી પૂર્વકાળમાં મેવાડનાં નગરો અને ગામો નાશ પામીને ખંડિયેર બની ગયાં હતાં; પરંતુ રાણા કુંભના સમયમાં તે ઘોર અત્યાચાર બંધ પડયો હતો.જે પ્રચંડ મુસલમાનવીરે ભારતની સ્વાધીનતા છીનવી લીધી હતી તેનું શરીર સો વર્ષ થયાં મહત્તત્ત્વમાં મળી ગયું હતું. એમ કહેવું ઉચિત થઇ પડશે કે આ સો વર્ષોમાં મેવાડમાં એક નવીન યુગનો પ્રચાર થયો હતો. વીરવર સમરસિંહની સાથે જે રાજપૂતવીરો સંગ્રામભૂમિમાં સૂતા હતા તેમની ભસ્મમાંથી અગણિત સિસોદીઆવીરો ઉત્પન્ન થવા લાગ્યા. આ વખતમાં મેવાડમાં કોઇ વસ્તુની ન્યૂનતા નહોતી. બળ, વીર્ય, ગૌરવ, પ્રતિષ્ઠા વગેરે સર્વ શોભાઓથી મેવાડ શોભાયમાન હતું; તથાપિ મેવાડના મહારાણા કુંભ મેવાડનું ભાવી ભાગ્ય ઉકેલવા લાગ્યા તો તેમને કોકેસસ પર્વતમાલાઓનાં ઉચ્ચ શિખરોપરથી અને તેની નીચે વહેતી કૉકેસસ નદીના કિનારાપરથી ભયંકર વાદળ ભારતવર્ષ તરફ આવતું જણાયું, આ ભયંકર વાદળના ગર્ભમાં રહેલી પ્રચંડ વિજળી અલ્પકાળમાં મેવાડ ઉપર તૂટી પડશે, એમ તેઓ જાણી ગયા હતા. આથી તેઓ તે વિજળીના વિશ્વદાહક અગ્નિને રોકવાને માટે

---

૧ રણચરણકે પોતાના રચેલા 'રાજરત્ન' નામના કાવ્યગ્રંથમાં એવો ઉલ્લેખ કર્યો છે કે, મારવાડના મંડોરરાવ રાણા મુકુલના પ્રધાન મંત્રી હતા અને તેમણે નાવા તથા દિહાના નામનાં બે સ્થાનો જીતી લઇને તેમને મેવાડ સાથે સંયોજી દીધાં હતાં.

ઉચિત ઉપાયો કરવા લાગ્યા. આ અગ્નિનું બળ અટકાવવાને માટે તેમણે અત્યંત પરિશ્રમ કર્યો હતે તેમણે હમીરની તેજસ્વિતા તથા કાર્યકુશલતા અને રાણાલાક્ષની શિલ્પપ્રિયતા કરતાં પણ અધિ ઉત્તમ ગુણોનો પરિચય કરાવ્યો હતો; તે એટલે સુધી કે રાણા કુંભે સમરસિંહની સંગ્રામભૂમિ કગ્ગ નદીના કિનારાપર પણ "મેવાડનો લાલ ઝુંડો " ફરકાવી દીધો હતો. હવે તેઓ આવતા શત્રુઓથ બચવાના ઉપાય શોધવા લાગ્યા. અત્રે અમે હિંદુરાજાઓની પ્રજાહિતસાધક રાજનીતિની સાથે વખતના મુસલમાનોની જુલ્મી રાજનીતિની સમાલોચના કરીશું. જે દિવસે યવનવીર શાહબુદ્દીને ભ રતના સ્વાધીનતારત્નને ખુંચવી લીધું, જે દિવસે સમરકેસરી સમરસિંહે તે રત્નના રક્ષણને માટે દષદ્વ નદીને કિનારે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું, તે દિવસથી મહારાણા કુંભના સમય સુધીનાં ૨૨ વર્ષમાં બે મોટા યવનરાજવંશોમાં ૨૪ પાદશાહો થયા. તેમાં એક બેગમ પણ સિંહાસનપર બેઠી હતી વિદ્રોહ તથા પદચ્યુતિના કુટિલ ચક્રમાં ચગદાઇને આ સર્વ પાદશાહો ધીમે ધીમે અનંતકાળમાં વિલી થઇ ગયા. યવનશહેનશાહતની મેવાડસલ્તનતની સાથે તુલના કરવામાં આવે તો ઉભય વચ્ચે મોટો ભે જણાશે. આટલા સમયમાં મેવાડના સિંહાસનપર માત્ર ૧૧ રાણાઓ આરૂઢ થયા હતા. તેમાંના કેટલા તો એવા હતા કે જેમણે માતૃભૂમિનું અથવા કોઇ પ્રાચીનતીર્થનું રક્ષણ કરવાને માટે સંગ્રામક્ષેત્રમ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. આપરથી સ્પષ્ટરીતે જ્ઞાત થાય છે કે જે રાજાઓ પ્રજાહિત કારી રાજનીતિથી રાજ્ય ચલાવે છે, તેઓ દીર્ઘકાળપર્યંત સિંહાસનપર વિરાજમાન રહે છે.

જે વખતે દિલ્હીમાં ખિલજીવંશનો અંતિમ પાદશાહ રાજ્ય કરતો હતો, તે વખતે વિજયપુ ગોવળકોંડા, માળવા, ગુજરાત, જુવાનપુર અને કાલ્પી આદિ પ્રદેશોના રાજાઓ દિલ્હીશ્વરને અયોગ્ય પાદ શાહ જાણી પોતાની આધીનતારૂપી શૃંખલા તોડી નાખીને પૃથક્ પૃથક્ સ્વતંત્ર રાજ્યોની સ્થાપન કરવા લાગ્યા. જે વખતે રાણા કુંભને સિંહાસન પ્રાપ્ત થયું તે વખતે માળવા અને ગુજરાતના નવાબ પોતપોતાની સેના વૃદ્ધિંગત કરી પોતાનાં રાજ્યો વધારતા જતા હતા. તેઓ મેવાડરાજ્યની ઉન્નતિ જોઈ રાણાકુંભપર દ્વેષ રાખવા લાગ્યા. તે ઉભય પરસ્પર મળી ગયા અને તેમણે સંવત ૧૪૯૬ (ઈ સ૦ ૧૪૪૦)માં અતિ પ્રચંડ સેના લઇને મેવાડપર આક્રમણ કર્યું.

રાણાકુંભને આ વાતની ખબર થતાં તેમના ક્રોધનો પાર રહ્યો નહિ. તેમણે ઉભય નવાબો સારીરીતે દંડ આપવાનો નિશ્ચય કર્યો. તેઓ એક લાખ ઘોડા અને પાયદળ તથા ૧૪૦૦ હાથીઓ લઇ ને તે ઉભય યવનનવાબોની સામાં થયા. ઉભય સેનાઓ વચ્ચે દારુણ યુદ્ધ થયું. રાણાની સેના આગળ યવનસેના ટકી શકી નહિ. રાણા કુંભ માળવાના મહમ્મદ ખિલજીને બાંધીને ચિતોડમાં લઈ આવ્યા

અબુલફઝલે પણ પોતાના લખેલા ઇતિહાસમાં રાણાકુંભના આ વિજયનું વર્ણન કર્યું છે. ઇતિહાસવેત્તા મુસલમાન હોવા છતાં પણ તેણે આ રાજાના માહાત્મ્યથી તથા તેમની ઉદારતાથી મોહિત થઈને વારંવાર તેમની પ્રશંસા કરી છે. તેણે લખ્યું છે કે:"ઉદાર હૃદયના રાણા કુંભે કોઈપણ પ્રકારન જામીનગીરી લીધા વિના મહમ્મદને છોડી દીધો; એટલુંજ નહિ પરંતુ તેમણે તેને અનેક પ્રકારની ભેટે આપી આદરમાનસહિત તેના રાજ્યમાં પહોંચાડયો. " હિંદુજાતિનું ચરિત્ર આવું ઉદાર હોય તેમ લેશ પણ શંકા નથી. વિનીત શત્રુપર દયા કરીને તેને છોડી દેવો એજ હિંદુવીરોનો સનાતન ધર્મ છે હિંદુવીરો અનાદિકાળથી આ ધર્મનું પાલન કરતા આવ્યા છે. ભટ્ટલોકોના ગ્રંથોમાં મહમ્મદખિલજીન મુક્તિવિષે આથી ભિન્નપ્રકારનું વર્ણન ઉપલબ્ધ થાય છે. તેમાં એવો ઉલ્લેખ છે કે મહમ્મદખિલ જીને મહારાણાએ છ માસપર્યંત કારાગૃહમાં રાખીને છોડી દીધો હતો. વળી એમ પણ કહેવાય છે રાણાએ વિજયચિન્હતરીકે મહમ્મદની અન્ય વસ્તુઓની સાથે તેના તાજને પણ પોતાની પા રાખ્યો હતો. વીરવર બાબરને રાણાસંગના પુત્રે આ તાજ નજર કર્યો હતો. બાબરે આ વાત પોતાન જીવનચરિત્રમાં લખી છે. રાણાકુંભનું આ કાંઇ સાધારણ પરાક્રમ ગણાય નહિ; પરંતુ તે સર્વ કરત એક બીજું સ્મૃતિચિન્હ દીર્ઘકાળથી તેમના વિજયનું વિશેષ ગાન કરી રહ્યું છે. આ વિજયના સ્મારક તરીકે મહારાણા કુંભે એક વિજયસ્તંભ બંધાવ્યો હતો; તેનાપર એક લેખ છે તેનો આરંભ આ વાકયથી થાય છે:-"ઉલટી આવેલા મહાસાગરસમાન પ્રચંડ સેનાને પોતાની સાથે લઇને પૃથ્વી

ક્ષેપાયમાન કરી ગુજરાત તથા માળવા આ બે દેશના નવાબોએ [1] મધ્યપાટપર આક્રમણ કર્યું." ત્યાર પછી ઉકત યુદ્ધનું સર્વ વર્ણન તે વિજયસ્તંભપર લખવામાં આવ્યું છે. ઉકત યુદ્ધ થયા પછી એકાદશ વર્ષે રાણાએ આ વિજયસ્તંભ બંધાવવા માંડયો હતો. આ વિજયસ્તંભ બંધાવતાં દશ વર્ષ લાગ્યાં હતાં. જે વિજયસ્તંભ આજે મેરુ પર્વત તરફ ઘૃણાની દૃષ્ટિથી જુએ છે, તે દશ વર્ષમાં તૈયાર થઇ ગયો. એ કુંભરાણાની કાર્યતત્પરતા સૂચવે છે. ઇશ્વરપ્રત્યે અમે એવી પ્રાર્થના કરીએ છીએ કે આ વિજયસ્તંભ સદા અચળ રહી મેવાડના રાજાઓનું ગૌરવ પ્રદર્શિત કરે. રાણાકુંભની ઉદારતા અને મહાનતાથી મોહિત થઇ માળવાનો નવાબ તેમનો મિત્ર બની ગયો હતો. ભટ્ટલોકોના ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે રાણાકુંભને એકવાર દિલ્લીશ્વરની સેનાસાથે "ઝુંઝનૂ" નામના સ્થળે યુદ્ધ થયું હતું, તે વખતે મહમ્મદ ખિલજી પોતાનું સૈન્ય લઇને રાણાને સહાય કરવાને આવ્યો હતો. આ પ્રસંગે રાણાને વિજય મળ્યો હતો. આ વખતે દિલ્હીનો પાદશાહ એટલો બધો અશકત થઇ ગયો હતો કે મસ્જીદમાં મુલ્લાંઓ રાત્રિદિવસ 'દિલ્લીના શહેનશાહની ઇજ્જત બરકરાર રહે' એવી બંદગી કર્યાં કરતા હતા. એક વખત એકલા માળવાના નવાબેજ દિલ્લીના સુલ્તાન ઘોરીનો પરાજય કર્યો હતો.

વિદેશીલોકોના આક્રમણથી મેવાડભૂમિની રક્ષા કરવાને માટે તે દેશમાં જે ૮૪ દુર્ગો બંધાવવામાં આવ્યા હતા તેમાંના ૩૨ તો એકલા મહારાણા કુંભેજ બંધાવ્યા હતા. આ ૩૨ કિલ્લાઓમાં માત્ર કુંભમેરુ કમલમેરદુર્ગજ સૌથી વિશેષ પ્રસિદ્ધ છે. આ કિલ્લો ઉત્તમ સ્થાનપર સ્થિત છે તથા એની આસપાસ અતિ ઉંચી દિવાલો છે, તેથીજ એ મેવાડના અન્ય દુર્ગો કરતાં શ્રેષ્ઠ ગણાય છે. એ કિલ્લો જે સ્થળપર સ્થિત છે,ત્યાં પૂર્વે એકપ્રાચીન કિલ્લો હતો. આ પ્રાચીન કિલ્લો દીર્ઘકાળથી પહાડી ભીલલોકોના અધિકારમાં હતો. મહારાણા ચંદ્રગુપ્તના વંશમાં સંપ્રીત નામનો એક જૈન રાજા ઇસ્વીસનની બીજી શતાબ્દીમાં થયો હતો. ઘણા લોકો કહે છે કે આ રાજાએ તે કિલ્લાને બંધાવ્યો હતો. આ પ્રાચીન દુર્ગની નિકટ જે જૈનમંદિરો દૃષ્ટિગોચર થાય છે, તેનું અત્યુત્તમ શિલ્પકામ જોવાથી આ વાત સત્ય હોય એમ લાગે છે.આ કુંભમેરુ દુર્ગના એક પ્રધાન દ્વારનું નામ "હનુમાનદ્વાર"છે.આ દ્વારપર વીરશિરોમણિ મહાવીરની એક વિરાટ મૂર્તિ વિરાજમાન થઇ તેનું રક્ષણ કરે છે. જે સમયે રાણાકુંભે નગરકોટ જીત્યું ત્યારે તેઓ ત્યાંના સુંદર કમાડની સાથે હનુમાનની મૂર્તિ પણ પોતાના નગરમાં લાવ્યા હતા. આબુ પર્વતના એક શિખરપર પરમારોનો એક મોટો કિલ્લો હતો.મહારાણા કુંભે ત્યાં એક વિશાળ મહાલય બંધાવ્યો. બહુધા તેઓ આજ મહાલયમાં રહેતા. આ વિશાળ દુર્ગનો શસ્ત્રભંડાર તથા રક્ષકગૃહ અદ્યાપિ મહારાણા કુંભના નામથી પ્રસિદ્ધ છે. મેવાડનિવાસીઓનાં અનેક કાર્યોથી વિદિત થાય છે કે મહારાણા કુંભ અત્યંત લોકપ્રિય હતા. આબુપર્વતના શિખરપર આવેલા આ કિલ્લામાં કેટલાંક મંદિરો દૃગ્ગોચર થાય છે. તેમાંના એક મંદિરમાં રાણા કુંભ તથા તેમના પિતાની મૂર્તિ વિદ્યમાન છે. મેવાડનિવાસીઓ અદ્યાપિ તેમને દેવતાસમાન માનીને તેમની મૂર્તિઓની પૂજા કરે છે. જે સમયે મહારાણા કુંભે ઉકત પહાડી કિલ્લામાં વિશ્રામ કર્યો હતો,તેને આજે સેંકડો વર્ષ થઈ ગયાં છે, તેમના પરાક્રમી વંશજો પણ અનંતકાળમાં લય પામી ગયા છે; પરંતુ તેમણે કરેલાં કાર્યોનું સ્મરણ થતાં અનાયાસે મેવાડના પૂર્વગૌરવનું સ્મરણ થઇ આવે છે. મેવાડના પશ્ચિમ ભાગને અને આબુપર્વતપર આવેલા માર્ગોને કિલ્લાકોટ આદિથી દૃઢ કરીને મહારાણા કુંભે "ભાનશિરોહી"ની નિકટ વસંતી નામનો એક કિલ્લો બંધાવ્યો. તદુપરાંત અરવલ્લીમાં વસતા મેરલોકોના આક્રમણથી દેવગઢ તથા "શેરોનલ્લ"ની રક્ષા કરવાને માટે પણ તેમણે એક કિલ્લો બંધાવ્યો હતો. આ કિલ્લાનું નામ માચીન છે. વળી જારોલ તથા પાનોરનો દુર્ધર્ષપ્રદેશ અને ત્યાંના ભીલોપર પોતાની સત્તા સ્થાયી રાખવા તેમણે આહોર વિગેરે બીજા પ્રાચીન કિલ્લાઓની મરામત કરાવી અને પોતાના રાજ્યની સીમા નિશ્ચિત કરી.

આ સિવાય રાણાકુંભે અનેક મહાન ધાર્મિક કાર્યો કર્યાં હતાં. તેમાંનાં છ કાર્યો વિશેષ પ્રસિદ્ધ છે. તેમાંનું એક કુંભસ્યામ છે. કુંભસ્યામ આબુપર્વતપર આવેલું છે. જો તે કોઇ અન્ય સ્થાનપર બંધાવવામાં આવ્યું હોત તો તેની સુંદરતાને લીધે તે જગતમાં પ્રસિદ્ધ થઇ જાત; પરંતુ આ સ્થળે અનેક સુંદર ઇમારતો હોવાથી તેનું મહત્ત્વ ઘટી ગયું છે. તેમની બીજી ઇમારત અટારી છે. આ ઇમારત અતિ

[1] મેવાડનું પ્રાચીન નામ મધ્યપાટ છે.

પ્રચંડ છે. આ ઇમારત બંધાવવામાં દશ કરોડથી પણ થોડા વધારે રૂપિયાનો ખર્ચ થયો હતો. રાણાએ ખાસ પોતાના કોષમાંથી આ ઇમારત બંધાવવાને માટે આઠ લાખ રૂપિયા આપ્યા હતા. આ વિશાળ અટારી મેવાડના પશ્ચિમ ભાગમાં આવેલા માદ્રિ નામક પહાડીમાર્ગમાં છે. રાણા કુંભે શ્રીઋષભદેવના[1] નામપર આ અટારી સમર્પણ કરી હતી. આ અટારી પર્વતના દુર્ગમ માર્ગપર આવેલી હોવાથી મુસલમાન લોકોના સર્વસંહારક હાથો તેને તોડી શકયા નહોતા; પરંતુ શોકની વાત છે કે હાલમાં તે સર્વથા નિર્જન બની ગઇ છે. ઋષભદેવના જે મંદિરને એક વખત મેવાડનું પવિત્ર સ્થાન માનવામાં આવતું હતું, જ્યાં પ્રતિદિન અગણિત નરનારીઓનો સંચાર હતો, ત્યાં આજે મનુષ્યનું નામ પણ રહ્યું નથી; ત્યાં માત્ર નિર્જન જંગલજ આવી રહ્યું છે. હાલમાં જંગલનાં હિંસક પશુઓએ તે અટારીના ઓરડાને પોતાનાં નિવાસસ્થાન બનાવી તે દુર્ગમ પ્રદેશને એક અધિક દુર્ગમ બનાવી દીધો છે. રાણાકુંભ જેવા વીર અને શિલ્પપ્રિય હતા, તેવાજ તેઓ કવિ પણ હતા. રાજસ્થાનના અન્ય કવિઓની કવિતા કરતાં રાણાકુંભની કવિતા વિશેષ પ્રસિદ્ધ છે; કારણ કે રાણાકુંભે પોતાની બુદ્ધિ તથા કવિત્વશક્તિ પોતાના પરાક્રમના વર્ણનમાં કિંવા પોતાની પ્રાણપ્યારીઓની સુંદરતાની પ્રશંસામાં ખર્ચી નાખી નહોતી; તેમણે તો આધ્યાત્મિક રસનો આસ્વાદ લેનારા કવિઓની વિશુદ્ધ ભાવનાનું અનુકરણ કરીને અમૃતમય "ગીતગોવિંદનું" એક સુંદર પરિશિષ્ટ બનાવ્યું છે.

મારવાડના મેડતાવાસી શ્રેષ્ઠ રાઠોડસરદારની મીરાંબાઈ નામની કન્યાની સાથે મહારાણા કુંભનું લગ્ન થયું હતું.[2] મીરાંબાઇ અત્યંત સુંદર અને ધાર્મિક વૃત્તિની હતી. તેના સદ્દગુણોની બરાબરી તે વખતે કોઈ પણ રાજકુમારી કરી શકતી નહોતી. મીરાંબાઈ કાવ્યરચના કરવામાં પરમ પ્રવીણ હતી. તેણે શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિનાં અનેક પદો રચ્યાં છે. વૈષ્ણવપંથીઓને તેનાં પદો અત્યંત પ્રિય હતાં. અદ્યાપિ અનેક રાજકુલોમાં મીરાંબાઇનાં પવિત્ર ભજનો આદરપૂર્વક ગાવામાં આવે છે. અદ્યાપિ[3] વૈષ્ણવો મીરાંબાઇનાં સુંદર ભજનો ગાતા ગાતા પ્રેમાનંદમાં નિમગ્ન થઇ જાય છે. રાણાકુંભ પણ ઉત્તમ કવિ હતા; પરંતુ મીરાંબાઇએ તેમની પાસેથી કાવ્યનું જ્ઞાન મેળવ્યું હતું, એમ કહી શકાતું નથી. સ્વધર્મપરાયણા મીરાંબાઇનું જીવનચરિત્ર ઉપન્યાસ જેવું રસિક લાગે છે. યમુનાના કિનારાથી દ્વારિકાપુરીસુધી શ્રીકૃષ્ણ ભગવાનનાં જેટલાં મંદિરો હતાં તે સર્વનાં દર્શન મીરાંબાઇ કરી આવી હતી. તે પુરુષના જેવું વર્તન રાખતી હોવાથી તેને અનેક કલંકો લગાડવામાં આવ્યાં છે; પરંતુ તે સર્વ મિથ્યા છે.

રાણાકુંભ જેવા વીર હતા તેવા રસિક પણ હતા. શૃંગાર અને વીરરસના અપૂર્વ મિશ્રણથી તેમનું હૃદય અતિ ઉત્કૃષ્ટ બની ગયું હતું. ઝાલાવાડના સ્વામીની પુત્રીની સાથે એક રાઠોડરાજકુમારનો વિવાહ ઠરાવવામાં આવ્યો હતો; પરંતુ આ વિવાહ થાય તે પૂર્વે રાણાકુંભે તે રાજકુમારીનું હરણ કર્યું. આ ઘટના બન્યા પૂર્વે રાઠોડ તથા સિસોદીઆ કુળની વચ્ચે જે મિત્રતા બંધાઇ હતી, તે મહારાણા કુંભના આ વર્તનથી તૂટી ગઇ. પુનઃ ઉભય કુળો વચ્ચેનું પ્રાચીન વૈર જાગૃત થયું. પ્રેમવિમૂઢ રાઠોડરાજકુમારે પોતાની પ્રાણપ્રિયાને કુંભના પંજામાંથી મુક્ત કરવાને માટે ઘણી ચેષ્ટા કરી; પરંતુ દુર્ભાગ્યવશાત્ તેનો સર્વ પરિશ્રમ નિષ્ફળ થયો, તે છતાં પણ તે રાજકુમારે ઉક્ત લાવણ્યવતી સ્ત્રીને પ્રાપ્ત કરવાની આશા

---

૧ રાણાનો એક મંત્રી જૈનધર્માવલંબી હતો. તે રાઠોડકુલમાં જન્મ્યો હતો. આજ મંત્રીએ ઇ૦ સ૦ ૧૪૩૮ માં ઉક્ત મંદિર બંધાવ્યું હતું. આ મંદિર બાંધવામાં સર્વ પ્રજાએ પણ સહાય કરી હતી. આ મંદિરના ત્રણ ખંડો છે. એના સ્તંભો અનેક છે. પ્રત્યેક સ્તંભ ૪૦ ફીટથી અધિક ઉંચો છે. એમાંની કારીગરી જોવાલાયક છે. સ્થળે સ્થળે અનેક પ્રકારનાં ચિત્રો આલેખવામાં આવ્યાં છે. પ્રસિદ્ધ જૈનસંન્યાસીઓની મૂર્તિઓ આ મંદિરના નીચલા ભાગમાં સ્થિત છે.

૨ દેવીપ્રસાદજી મુન્સીફ, જોધપુર, પોતાના રચેલા "મીરાંબાઇના જીવનચરિત્ર"માં લખે છે કેઃ-" કર્નલ ટૉડે કર્ણોપકર્ણ સાંભળેલી અફવાઓપર શ્રદ્ધા રાખીને મીરાંબાઈને રાણા કુંભાજીની રાણી જણાવવામાં ભૂલ કરી છે.........મીરાંબાઇ જોધપુરના રાઠોડકુલમાં જન્મી હતી અને ઉદયપુરના સિસોદીઆકુલના રાણા સાંગાજીના કુમાર ભોજની સાથે તેનો વિવાહ કરવામાં આવ્યો હતો. તેનો વિવાહ સંવત ૧૫૭૩ માં થયો હતો. તે રાજદૂદાજીના મેડતિયા રાઠોડ રતનસિંહની પુત્રી હતી."

૩ મુંબઇના સુપ્રસિદ્ધ શ્રી વેંકટેશ્વર પ્રેસમાં હિંદીભાષામાં મુદ્રાંકિત થયેલ મીરાંબાઈ નાટક વાંચવાયોગ્ય છે.

છોડી નહિ. તે રાત્રિદિવસ મંદોરના મહાલયના સૂના ઓરડામાં બેસીને ઉકત સુંદરીના સૌંદર્યનું ધ્યાન ધરતો. વરસાદ પડી ગયા પછી જ્યારે આકાશ નિર્મળ થઇ જતું, ત્યારે કુંભના ઉચ્ચ પ્રાસાદની અગાશીપરથી મંદોરનો કિલ્લો સ્પષ્ટરીતે દેખાતો હતો. આ વખતે ઉકત રાઠોડરાજકુમાર પોતાની પ્રાણપ્રિયાના નિવાસસ્થાનનું દર્શન કર્યા કરતો, અનેક ચિંતા તથા અનેક વિચારો તેના હૃદયમાં ઉત્પન્ન થતા, કદિ સુખ તો કદિ દુઃખ,કદિ આશા તો કદિ નિરાશા તેના હૃદયપર અધિકાર સ્થાપિત કરતી, કોઇ કોઇ વખત તે વિરહવ્યથા સહન કરી કરીને અતિ અધીરો બની જતો; તથાપિ તે મોહિની આશાનો ત્યાગ કરી શકતો નહોતો અને તે એકાંતસ્થાન પણ છોડી શકતો નહોતો. રાત્રિદિવસ તે કુંભમેરુના મહાલયનુંજ દર્શન કર્યા કરતો. કુંભમેરુના દીપકનો ઉજ્જવળ પ્રકાશ દૂરથી તેને તારાના પ્રકાશસમાન લાગતો હતો. તે ધ્યાનપૂર્વક તેનેજ જોયા કરતો. ઘણા જણ એવું અનુમાન કરે છે કે કુંભમેરુના મહાલયમાં જે દીપક રાત્રે પ્રદીપ્ત કરવામાં આવતો હતો, તે ઝાલાવાડકુમારીના પ્રેમનું ચિન્હ હતું. તેણે રાઠોડરાજકુમારનેજ પોતાનું જીવન સમર્પણ કરી દીધું હતું. મહાન કુળમાં પ્રવેશ કર્યા છતાં પણ તે રાજકુમારી બાલ્યાવસ્થાની પ્રીતિ ભૂલી શકી નહોતી. તેના પિતાએ દ્રવ્યની લાલચથી તેને તેના પ્રણયપાત્રના શત્રુની સાથે પરણાવી દીધી હતી. તેણે પોતાની પુત્રીના સુખદુઃખનો લેશ પણ વિચાર કર્યો નહિ. તે રાજપૂતબાળા રાત્રિદિવસ પોતાના ભાગ્યને ધિક્કારતી હતી. આ રીતે કેટલાંક વર્ષો વ્યતીત થઇ ગયાં. વિરહથી વ્યથિત થયેલા રાજકુમારે તેને પ્રાપ્ત કરવાની ઘણી ચેષ્ટા કરી, પરંતુ કોઇ પણ પ્રકારે તે તેનું દર્શન કરી શકયો નહિ. અંતે એક દિવસ તે કુંભામેરુના પશ્ચિમ ભાગમાંથી આવીને કિલ્લાપર ચઢી ગયો. ભટ્ટકવિઓ આ સંબંધે કહે છે કે: "રાજકુમાર ઝાલવનમાંથી તો ચાલ્યો આવ્યો, પરંતુ તે કોઇ પણ પ્રકારે ઝાલણીની પાસે આવી શકયો નહિ."

ઉત્તમ પ્રકારના પ્રજાપાલનપૂર્વક અખંડ પ્રતાપસહિત ૫૦ વર્ષપર્યંત રાજ્ય ભોગવી રાણા કુંભ વૃદ્ધ થયા. તેમની જાતના તથા દેશના શત્રુઓ તેમના પ્રચંડ પરાક્રમની આગળ મૌન ધારણ કરી બેઠા છે. તેમણે અનેક કિલ્લાઓ તથા મંદિરો બંધાવી પોતાના રાજ્યને દૃઢ તથા શોભાયમાન કર્યું છે. આ રીતે તેમણે જન્મભૂમિનું ગૌરવ તથા પોતાની કીર્તિ ચોતરફ પ્રસરાવી દીધી છે. મેવાડના આવા ઉન્નતિના સમયમાં રાણાના જીવનરૂપ મજબૂત વૃક્ષના થડમાં એક ક્રૂર નરપિશાચે કઠોર કુહાડો માર્યો.જે વર્ષ મેવાડદેશને માટે અતુલ આનંદ અને ઉત્સવના પર્વસમાન ગણાતું હતું, તે આ નરરાક્ષસના કુકર્મથી શોકના ઉદધિરૂપ બની ગયું. આ વખતે જે કુકર્મ થયું તેથી ભારતના ઇતિહાસનો એક અધ્યાય કલંકની શાહીથી કલુષિત થઇ ગયો. પરમ સદ્ગુણી મહારાણા કુંભ દીર્ઘકાળથી શાંતિનો ઉપભોગ કરતા કરતા વૃદ્ધાવસ્થામા પ્રવેશ કરતા જતા હતા; પરંતુ એવામાં તેમનો પવિત્ર પ્રાણ એક નરપિશાચની કાતિલ છુરીથી અકાળે આ લોકમાંથી પ્રયાણ કરી ગયો. આ ઘાતકી પિશાચ કોઇ પરકીય માણસ નહોતો; પરંતુ મહારાણાનો પોતાનો પુત્ર હતો. તે રાજપૂતકુળકલંક નરરાક્ષસેજ આ ભયંકર કાર્ય કર્યું હતું.

આ પ્રકારે સંવત ૧૫૨૫ (ઇ૦ સ૦ ૧૪૬૯) નું વર્ષ આ ભયંકર કાર્યથી કલંકિત થયું. જે નરરાક્ષસે પોતાના હાથથી પોતાના જન્મદાતા પિતાનો સંહાર કર્યો તેનું પાપી નામ આર્યરાજકુળના પવિત્ર ઇતિહાસમાં લખવા યોગ્ય નથી. આપણા મુખથી તેના નામનો ઉચ્ચાર કરવો એ પણ પાપ છે. આ પાપી પિતૃઘાતકનું નામ ઉદો (ઉદયસિંહ) હતું. રાજસ્થાનના ભટ્ટકવિઓ આ નિંદ્ય તથા હતભાગી નરપિશાચને "હત્યારો" તથા "નરહંતા" કહે છે. જે રાજ્યના લોભથી તેણે આવું દુષ્ટ કાર્ય કર્યું તે રાજ્યને તે ઘણા અલ્પ સમયપર્યંત ભોગવી શકયો હતો અને આ સ્વલ્પ કાળમાં પણ તેણે એક ક્ષણ પણ સુખાનુભવ કર્યો નહોતો. ક્ષણે ક્ષણે પોતાના જાતિબંધુઓના દ્વેષરૂપી વિષનું પાન કરીને તે પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો. આપ્તજનો, શુભચિંતકો, ઇષ્ટમિત્રો તથા બંધુઓ એ સર્વ જણે તેનો ત્યાગ કર્યો. આ ઘૃણિત અવસ્થાએ પહોંચી જ્યારે તે દુરાચારીએ પોતાના સંરક્ષણનો કાંઈ ઉપાય ન જોયો, ત્યારે તેણે એક નીચ પુરુષની સાથે મિત્રતા કરી.કપટમય મિત્રતાથી પોતાની જાળમાં ફસાવાને માટે પાપી ઉદાએ દેવડા નામના માંડલિક રાજાને આબુ પર્વતપર સ્વતંત્ર રાજાતરિકે સ્થાપિત કર્યો. વળી તેણે જોધપુર[1]ના રાજાને સાંભર, અજમેર તથા તેની નિકટનાં કેટલાંક પ્રગણાં-

1 આ ભયંકર ઘટનાની ૧૦ વર્ષપૂર્વે અર્થાત સંવત્ ૧૫૧૫ માં જોધરાવે જોધપુર વસાવ્યું હતું.

ઓ આપી દીધાં; તેછતાં પણ તે દુષ્ટના હૃદયનો ખટકો ગયો નહિ.ઉદાએ દ્રવ્ય અને સંપત્તિ આપીને તેના બદલામાં મિત્રતા વેચાતી લીધી હતી; પરંતુ તેણે જે ઉદ્દેશ પાર પાડવાને માટે તેમ કર્યું હતું તે ઉદ્દેશ તેથી પાર પડયો નહિ. તેના મનમાં એવી અભિલાષા હતી કે મારા મિત્રો મને ખોટાં કર્મો કરવામાં સહાય આપશે;પરંતુ તેની તે અભિલાષા પરિપૂર્ણ થઇ નહિ. અરે, તે મુખ ખોલીને ખોટાં કામોને માટે તેમની પાસે સહાય માગી શકયો નહિ. જો તેણે તેમની પાસે તે પ્રકારની સહાય માગી હોત તોપણ તે મળી હોત કે કેમ એ વિષે શંકા છે.તે મનમાં ને મનમાં અત્યંત મુંઝાવા લાગ્યો અને દુઃખ પામવા લાગ્યો. તેણે પોતાની પ્રજાપર ભયંકર અત્યાચાર કરવા માંડયો.તેના અત્યાચાર અને કુકર્મથી ધીમે ધીમે પ્રજાની પાયમાલી થવા લાગી અને રાજ્યનો નાશ થવા લાગ્યો.મહારાણા કુંભે અનેક વર્ષોપર્યંત પરિશ્રમ કરીને જે મેવાડને ઉન્નતિના શિખરપર પહોંચાડયું હતું, તેને ઉદાએ માત્ર પાંચ વર્ષોમાંજ અવનતિના કૂપમાં ડૂબાવી દીધું.તે દુષ્ટના ભાગ્યમાં શાંતિ લખેલીજ નહોતી.તેના મિત્રોએ તેનો ત્યાગ કર્યો. તેમણે તેની સાથે લેશ પણ સંબંધ રાખવો બંધ કર્યો; ત્યારે તે હતભાગી પોતાના રક્ષણનો બીજો કોઇ ઉપાય નહિ જોઇ દિલ્લીના યવનપાદશાહની પાસે ગયો અને તેને પોતાની પુત્રી આપવાનું વચન આપી તેની સહાય માગી; પરંતુ ભગવાને આ દ્વિગુણ દુરાચારને દૂર કરી ભયંકર કલંકથી બાપ્પા રાવળના વંશની રક્ષા કરી અને ઉદાને સારી પેઠે તેના પાપનું ફળ આપ્યું. જ્યારે ઉદો પાદશાહની પાસેથી વિદાય લઇ દિવાનખાનામાથી બહાર આવતો હતો, ત્યારે તેનાપર વિજળી પડી અને તત્કાળ તે પાપી પૃથ્વીપર તૂટી પડી યમદ્વારે પહોંચી ગયો. આ પ્રકારે ભયંકર પાપનું કઠોર ફળ તેને મળ્યું. આ પાપી જીવનના નાટકનો પડદો સદાને માટે પડયો. આ ભયંકર કાર્યમાં ભટ્ટવંશના એક માણસે પણ ઉદાને સહાય કરી હતી. આજ કારણથી ભટ્ટલોકો પોતાના જાતિબંધુની દુષ્ટતા છુપાવવાને માટે આ વૃત્તાન્ત અતિ સાધારણ રીતે વર્ણવે છે.

રાજસ્થાનના બ્રાહ્મણ, યતિ,ચારણ અને ભાટલોકો કે જે યાચકવૃત્તિ કરે છે તેમને 'મંગતા' કહેવામાં આવે છે. આ લોકો પરસ્પર અત્યંત દ્વેષ રાખે છે. તેમને એકબીજા ઉપર પ્રભુતા સ્થાપિત કરવાની તથા હુકમ ચલાવવાની મોટી અભિલાષા હોય છે. વીરવર હમીરના સમયમાં આ સર્વ યાચકોમાં ચારણોનું પ્રાબલ્ય વિશેષ હતું.મહારાણા કુંભને એક જ્યોતષીએ કહ્યું હતું કે આપનું મૃત્યુ એક ચારણને હાથે થનાર છે.બ્રાહ્મણની આ ભવિષ્યવાણીપૂર્વે પણ મહારાણા કુંભ કાંઇક કારણથી ચારણોની ઉપર અત્યંત અપ્રસન્ન થયા હતા અને એવામાં ઉક્ત જ્યોતિષીએ તેમને આવી ભવિષ્યવાણી કહી; આથી ચારણોપ્રત્યેના તેમના ક્રોધનો પાર રહ્યો નહિ. તેમણે ચારણલોકોની સર્વ સંપત્તિ જપ્ત કરી અને તેમને પોતાના રાજ્યમાંથી હાકી કાઢયા. ચારણોને આ પ્રકારનો કઠોર દંડ કર્યો તે મહારાણાનું અદૂરદર્શી કાર્ય હતું, એમાં કાંઈ શક નથી; કારણ કે અદ્યાપિ બ્રાહ્મણો અને ચારણોને કોઇએ આવો ભીષણ દંડ કરવાની હિંમત કરી નથી, પરંતુ ચારણલોકોને આ દેશનિકાલનો કઠોર દંડ દીર્ઘકાળપર્યંત ભોગવવો પડયો નહિ. યુવરાજ રાયમલ્લના ઉદ્યોગથી થોડા વખતમાં તેમને પુનઃ મેવાડના રાજ્યમાં વસવાની પરવાનગી મળી. યુવરાજ રાયમલ્લે એક વખત એક ગૂઢ પ્રશ્ન પૂછયો.[1] આથી મહારાણા કુંભે તેમને પણ દેશપાર કર્યા.આ વખતે તેઓ ઇડરના રાજ્યમાં ચાલ્યા ગયા.અહીંઆં એક ચારણે તેમને ઘણી સહાય કરી.આ ચારણે પોતાના ચાતુર્યથી તેમને પ્રસન્ન કરી રાણાનો અનુગ્રહ અને પોતાની ભૂમિસંપત્તિ પુનઃ પ્રાપ્ત કરી હતી;પરંતુ જે કુટિલ જ્યોતિષીએ મહારાણાને પૂર્વોક્ત ભવિષ્યવાણી કહી હતી,તેનું મસ્તક જો કાપી લેવામાં આવત અને તેની વાતપર લક્ષ આપવામાં ન આવત તો મહારાણાનું વિશેષ કલ્યાણ થાત.[2]

---

૧ અક વખત રાણાને ઝુંઝન નામના સ્થળે યવનરાજના ઉપર વિજય મળ્યો. તેને બીજે દિવસથી રાણાએ એવો નિયમ કર્યો કે કોઇ પણ આસનપર બેઠા પૂર્વે એક મંત્ર ભણી પોતાના મસ્તકપર પોતાના ખડ્ગને ત્રણવાર ફેરવવું રાયમલ્લે એ વાર આમ કરવાનું કારણ પૂછ્યું. આથી રાણાએ તેમનાપર ક્રોધિત થઇને તેમને પોતાના રાજ્યની બહાર કાઢી મૂકયા હતા.

૨ ઇ૦ સ૦ ૧૮૨૦ની વર્ષાઋતુમાં એકવાર કર્નલ ટૅાડ ઉદયપુરમાં ગયા હતા. અહીંના રાણાને આ સમયે એક મહાદુષ્ટ રોગ થયો હતો. પ્રતિવર્ષ વર્ષાઋતુમાં તેમને આ રોગ ઉભરી આવતો હતો. રાણાજીના વ્યાધિના વર્તમાન સાંભળી કર્નલ ટૅાડ તેમની ખબર પૂછવાને મહાલયમાં ગયા. રોગનું યથાર્થ કારણ અને તેમની તે વણ-

પોતાના પરાક્રમ અને સામર્થ્યના પ્રભાવથી રાણા રાયમલ્લ સંવત ૧૫૩૦ (ઇ૦ સ૦ ૧૪૭૪) માં રાણા કુંભના સિંહાસનપર બેઠા.સિંહાસનારૂઢ થયા પૂર્વે તેમણે પિતૃઘાતક ઉદાની વિરુદ્ધ ખડ્ગ ધારણ કર્યું હતું. દુષ્ટ ઉદો આ યુદ્ધમાં પરાજિત થઇ દિલ્હીના પાદશાહની પાસે ગયો અને તેને પોતાની કન્યા આપવાનું વચન આપ્યું; પરંતુ વિધાતાએ તેના વચનનું પાલન થવા દીધું નહિ.ઉદાને સિંહેશમલ્લ અને સૂરજમલ્લ નામના બે પુત્રો હતા. હતભાગી ઉદાનું મૃત્યુ થયા પછી દિલ્હીનો પાદશાહ તેના ઉક્ત ઉભય પુત્રોને લઇને ચિતોડપર ચઢી આવ્યો. હાલ જેને નાથદ્વારા કહેવામાં આવે છે, તે તે વખતે શિયાર્હ નામથી પ્રસિદ્ધ હતું. પાદશાહ આ સ્થળે પોતાની છાવણી નાખીને પડયો. ચિતોડના સરદારો અને સામંતોએ રાયમલ્લનો પક્ષ ગ્રહણ કર્યો હતો; કારણ કે તેઓ રાણા રાયમલ્લને ચિતોડના રાજ્યના ખરા હક્કદાર સમજતા હતા. રાણાની પતાકાની નીચે સરદારો અને સામંતોનાં ઝુંડનાં ઝુડ એકત્રિત થવા લાગ્યા. આબુનો રાજા તથા ગિરનારનરેશ એ ઉભય પણ રાણા રાયમલ્લને સહાય કરવાને આવ્યા. અગીઆર હજાર પાયદલ તથા અઠ્ઠાવનહજાર અશ્વારોહીઓની સેના લઇને રાણા રાયમલ્લે ઘોસા નામના સ્થાનપર પાદશાહ સામે દારુણ યુદ્ધ કર્યું. પિતૃઘાતક ઉદાના ઉભય પુત્રો ભીષણ પરાક્રમ દર્શાવી રાણા રાયમલ્લની સામે લડવા લાગ્યા. નદીના આસપાસનો પ્રદેશ મનુષ્યના રુધિરથી ભીંજાઈ ગયો.રાણા રાયમલ્લના અદ્ભુત બળની સામે મુસલમાનસેના ટકી શકી નહિં; અંતે પાદશાહ પરાજિત થઇને રાણાને શરણે આવ્યો. રાણાએ તેનો સર્વ અપરાધ ક્ષમા કરી આદરસહિત તેનો સ્વીકાર કર્યો. પાદશાહ આ સમરમા એવો સખ્ત પરાભવ પામ્યો હતો કે તેણે જીવનપર્યંત પુનઃ મેવાડમાં પગ મૂકયો નહિ.

રાણા-રાયમલ્લને બે કન્યા અને ત્રણ ધુરંધર પુત્રો હતા.તેમણે પોતાની એક કન્યાને ગિરનારના યદુવંશીય રાજા સૂરજી અન બાજીને શિરોહીના દેવરારાજ્યનાજયમલનીસાથેપરણાવીહતી.રાણાએ જયમલ્લનેપહેરામણીમા આબુપર્વત પણ આપી દીધો હતો. રાણાએ પોતાના પૂર્વજોના ગૌરવનું ઉત્તમ પ્રકારે રક્ષણ કર્યું.માળવાના સુલ્તાન ગ્યાસુદ્દીનનીસાથે રાણાને ભીષણ વૈર થયું હતું; આથી તેની સાથે રાણાને અનેક યુદ્ધો કરવાં પડયાં હતાં; પરંતુ તે સર્વમાં રાણાનો વિજય થયો હતો. રાણાએ પોતાના ભત્રીજા સિંહેશમલ્લ અને સૂરજમલ્લનો અપરાધ ક્ષમા કરી તેમને પોતાની પાસે રાખ્યા હતા. રાણાને ગ્યાસુદ્દીનની સાથેની લડાઇમાં તેમના આ ભત્રીજાઓના પરાક્રમથીજ વારંવાર વિજય મળ્યો હતો. અંતે ગ્યાસુદ્દીનને વિજય મળવાની જરા પણ આશા રહી નહિ, ત્યારે તેણે પોતાનું અભિમાન મૂકી રાણાની સાથે સંધિ કરવાની પ્રાર્થના કરી. ઉદાર હૃદયના રાણા રાયમલ્લે તેની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને તેની સાથે સંધિ કરી. હવે તેઓ નિર્વિઘ્ને મેવાડનું રાજ્ય ભોગવી ઉત્તમ રીતે પ્રજાપાલન કરવા લાગ્યા; કારણ કે આ સમયે સમગ્ર ભારતવર્ષમાં એવો કોઇ પાદશાહ અથવા રાજા નહોતો કે જે રાણા રાયમલ્લના પ્રચંડ પ્રતાપની સમક્ષ એક ઘડીભર પણ ટકી શકે. હવે દિલ્હીના સિંહાસનપર લોદીવંશના પાદશાહો અધિષ્ઠિત થવા લાગ્યા. મેવાડના ઉત્તરભાગને માટે રાણાને તેમની સાથે કેટલીકવાર સંગ્રામમાં ઉતરવું પડયું હતું.

પૂર્વે અમે જણાવી ચૂક્યા છીએ કે રાણાને ત્રણ પુત્રો હતા. તેમનાં નામ સંગ, પૃથ્વીરાજ અને જયમલ્લ હતાં. આ ત્રણે પુત્રો મહાપરાક્રમી હતા. તેમાંના સંગ અને પૃથ્વીરાજ વિશેષ પ્રસિદ્ધ થયા.

---

તની સ્થિતિ જાણીને કર્નલ ટૉડ અત્યંત વિસ્મિત થયા. રાજદરબારમાં એક કુટિલ બ્રાહ્મણ જ્યોતિષી અને ચિકિત્સકના કાર્યપર નિયુક્ત થયેલો હતો. વળી રાણાજીની મોટી ભગિનીની સંપત્તિનો પ્રબંધ પણ તેજ કરતો હતો. આ કપટી બ્રાહ્મણે રાણાજીની જન્મપત્રિકામાં એમ લખ્યું હતું કે: 'ઇ૦ સ૦ ૧૮૨૦ માં રાણાને એક દુષ્ટ રોગ થશે. આ રોગ નિવૃત્ત થવો અતિ કઠિન છે.' આશ્ચર્યની વાત તો એ છે કે આ વખતે વૈદ્યનું કામ પણ ઉક્ત બ્રાહ્મણજ કરતો હતો. આથી તે બ્રાહ્મણ પોતાની ભવિષ્યવાણી સફળ કરવાને માટે રોગ નિવૃત્ત કરનારી ઔષધિ આપતો નહોતો, પરંતુ સપ્તધાતુમિશ્રિત દવા આપતો હતો. આ દવા વિષમય હતી. કર્નલ ટૉડે ઉક્ત દવાની પરીક્ષા કરીને રાણાજીને નિવેદન કર્યું: "મહારાજ! આપ આ કપટીના કાપટ્યના ભોગ થયા છો, આપને ઔષધિને બદલે વિષ ખવરાવવામાં આવે છે. આથી આપના શરીરને કેવી હાનિ થશે તે સહેજે સમજાય એમ છે; માટે આ ઝેરનો ત્યાગ કરો અને સારી ઔષધિ પ્રાશન કરી આરોગ્ય પ્રાપ્ત કરો." કર્નલ ટૉડનાં આ વચનોએ મહારાણાપર પૂરી અસર કરી; તેમનાં અંતશ્ચક્ષુ ખુલી ગયાં અને તેઓ સમજી ગયા કે ઉક્ત કપટી બ્રાહ્મણેજ પોતાની ભવિષ્યવાણી સફળ કરવાને માટે વિષમય ઔષધિ આપી છે. એ પછી રાણાએ ડંકન નામના એક હુશીઆર ડોકટરની દવા કરી તેથી તેમને શીઘ્ર આરોગ્ય પ્રાપ્ત થયું. ઉક્ત બ્રાહ્મણને નોકરીપરથી બરતરફ કરવામાં આવ્યો.

સંગે વીરવર બાબરની સાથે સંગ્રામ કર્યો હતો અને પૃથ્વીરાજ તે સમયમાં સમસ્ત ભારતવર્ષમાં એક અદ્વિતીય મહાવીર ગણાતા હતા. નાના પુત્ર જયમલ્લ પણ વીરતામાં તેમનાથી ઉતરે એવા નહોતા. જો તે ત્રણે બંધુ સંપ કરીને જનની-જન્મભૂમિનું હિત સાધત તો આજે ભારતવર્ષનું ભાગ્યચક્ર કોણ જાણે કયી તરફ ફરી ગયું હોત; પરંતુ ભારતભૂમિના ભાગ્યમાં વિદેશીઓના પદથી દલિત થવાનું લખેલું હતું તે શી રીતે મિથ્યા થઇ શકે ? આથી ઉક્ત ત્રણે બંધુઓમાં કુસંપ થયો અને તેઓ એકબીજાનું રુધિર પીવાને તૈયાર થઈ ગયા. તેમના માંહોમાંહેના કલહથી રાણા રાયમલ્લ અસંત દુઃખી થયા અને તેમને ચારે તરફથી વિપત્તિઓ આવી પડતી જણાઇ. તેમના સુખમાં આ મહાન વિઘ્ન આવી પડયું. તેઓ પોતાના પુત્રોપર અત્યંત ક્રોધિત થયા. તેમણે ત્રણેને અપરાધી ગણી પોતાના રાજ્યમાં અબાધિત શાંતિ રાખવાને માટે તેમને દેશપાર કરવાનો વિચાર કર્યો. જ્યેષ્ઠકુમાર (સંગ) આ ભયંકર કલહ અને કોલાહલમાંથી પોતાનું રક્ષણ કરવાને માટે સ્વયં મેવાડનો ત્યાગ કરીને ચાલ્યા ગયા. પૃથ્વીરાજને રાણાએ દેશનિકાલ કર્યા અને નાના જયમલ્લનું એક અન્યાયી કાર્ય કરવાથી મૃત્યુ થયું. રાજપૂતોના ગૃહકલહનો અભ્યાસ કરવાથી જ્ઞાત થાય છે કે જ્યારે તેમની તલવારના પ્રહાર સહન કરવાને માટે વિજાતીય દેશશત્રુ સમીપ હોતા નથી ત્યારે કેટલાક પ્રસંગે તેઓ મૂર્ખતાથી માંહોમાંહે લડીને એકબીજાનો નાશ કરે છે. સંગ અને પૃથ્વીરાજ સગા ભાઇ હતા. તેમની માતા ઝાલાવંશની હતી. જયમલ્લ તેમના સાવકા ભાઈ હતા. દિલ્હીના ચૌહાણરાજા પૃથ્વીરાજનું નામ પાઠકોના સ્મરણમાં હશેજ. ચૌહાણ પૃથ્વીરાજ ને સિસોદીઆ પૃથ્વીરાજ અનેક પ્રકારે મળતા આવતા હતા. તેમના અપૂર્વ માહાત્મ્યનું સ્મરણ થતાં અત્યાનંદ પ્રાપ્ત થાય છે. ઉભય પૃથ્વીરાજવચ્ચે એટલી બધી સમાનતા હતી કે જો તેમને એકબીજાનું સ્વરૂપ કહેવામાં આવે તો તે અનુચિત ગણાય નહિ. સિસોદીઆવીર પૃથ્વીરાજની વીરતાથી મેવાડનિવાસીઓ એટલા બધા મુગ્ધ છે કે મેવાડની વર્તમાન અધઃપતિત દશામાં પણ તેઓ તેમની વીરતાનું સ્મરણ કરી પોતાનાં સર્વ કષ્ટો ભૂલી જાય છે અને ચિંતામાંથી મુક્ત થઇ શાંતિ પ્રાપ્ત કરે છે. મૃગયા ખેલીને ઘેર આવી જ્યારે સિસોદીઆલોકો સાથે જમવા બેસીને અથવા ગ્રીષ્મઋતુમાં સંધ્યાકાળે શીતલ હવાનું સેવન કરવાને માટે કોઇ ઉચ્ચ સ્થાનપર ગાલિચો બિછાવી, કસુંબો પી, પાન ચાવતા ચાવતા એકાદ ભાટને મુખેથી પૃથ્વીરાજની વીરતાનું વર્ણન સાંભળે છે, ત્યારે તેમના આનંદનો પાર રહેતો નથી. સંગ અને પૃથ્વીરાજના સ્વભાવમાં મોટું અંતર હતું. જો કે ઉભય વીરતા અને સાહસિકતામાં સમાન હતા, પરંતુ સંગ વિચારપૂર્વક યુદ્ધમાં ઉતરતા હતા અને પૃથ્વીરાજ પ્રતિક્ષણે યાહોમ કરીને રણમાં ઝુકાવવાને તત્પર રહેતા હતા. તેમને એક ક્ષણવાર પણ પોતાની અસિ મ્યાન કરવાની વાત પસંદ નહોતી. તેઓ વારંવાર કહેતા કેઃ "ઇશ્વરે મને મેવાડનું શાસન કરવાનેજ ઉત્પન્ન કર્યો છે." સંગ તેમના જ્યેષ્ઠબંધુ હતા અને તેઓ પાટવીકુમાર હોવાથી પિતાના પછી મેવાડના સિંહાસનપર તેમનોજ અધિકાર હતો. આથી ઉક્ત ઉભય બંધુઓ પિતાની પછી મેવાડનું સિંહાસન કોના અધિકારમાં જશે, એ વિષયપર તકરાર કરવા લાગ્યા અને તેઓ પોતાના મનની અભિલાષા પૂર્ણ કરવાને માટે ઉદ્યોગ કરવા લાગ્યા.

એક દિવસે ઉભય બંધુઓ પોતાના કાકા સૂરજમલ્લની પાસે બેસીને ઉત્તરાધિકારના સંબંધમાં વાદવિવાદ કરતા હતા. થોડી વારે સંગે ધીમેથી કહ્યું: "ન્યાયદૃષ્ટિથી જોતાં તો મેવાડનાં દશહજાર નગરોનો ઉત્તરાધિકારી હુંજ છું; પરંતુ તમે મારા વિરોધી થાઓ છો તો હવે આ ઝગડાનો નિવેડો સહજ આવી શકશે નહિ. જો તમે "નાહરા મુગરા"ની ચારણીદેવીની વાતપર શ્રદ્ધા રાખતા હો તો હમણાં આ બાબતનો ફડચો થઈ જાય એમ છે. જો તમારી મરજી હોય તો તેની પાસે ચાલો." આ વાતનો સર્વ જણે સ્વીકાર કર્યો. તેઓ સર્વ ચારણીદેવીના ભુવનપર ગયા. તે ભુવન નિર્જન પર્વતકંદરામાં આવેલું હતું. ત્યાં જઇને પૃથ્વીરાજ તથા જયમલ્લ એક ખુરસીપર બેસી ગયા અને તેમની સામે પાથરેલા એક વ્યાઘ્રચર્મપર સંગ બેઠા; અને તેમના કાકા સૂરજમલ્લ પણ તે વ્યાઘ્રચર્મપર પોતાનું એક ઘુંટણ ટેકવી બેઠા. પૃથ્વીરાજે જ્યારે તે દેવીની સંન્યાસિની સેવિકાને મેવાડનો ઉત્તરાધિકારી કોણ થશે એવો પ્રશ્ન કર્યો ત્યારે તેણે પોતાની અંગુલિ ઉઠાવી તેવતી વ્યાઘ્રચર્મ તરફ ઇશારો કર્યો. આથી સ્પષ્ટરીતે સમજાયું કે સંગ મેવાડના ઉત્તરાધિકારી થશે અને તેમના કાકા સૂરજમલ્લ પણ મેવાડના ભાગના થોડા ભાગપર રાજ્યાધિકાર ભોગવશે. આ વાત જાણી પૃથ્વીરાજે તત્કાળ સંગનો શિરચ્છેદ કરવાને તલવાર ઉગામી પણ

સૂરજમલ્લે વચમાં પડી તેમનો પ્રયત્ન નિષ્ફળ કર્યો.

હવે ચારણીદેવીની સેવિકાઓ પોતાના પ્રાણનું રક્ષણ કરવાને માટે નાસી ગઈ. પૃથ્વીરાજ સંગ અને સૂરજમલ્લ ઉભયના ઉપર અસિપ્રહાર કરવા લાગ્યા. કેમે કરતાં યુદ્ધ શાંત થયું નહિ. સંગ તથા સૂરજમલ્લને અગણિત ઘાવો લાગ્યા અને તેથી તેઓ નિર્બળ થઇ ગયા. તેમના ઘાવોમાંથી પુષ્કળ રુધિર નીકળ્યું. સંગની આંખમાં એક તીર વાગ્યું, તેથી તેઓ સદાને માટે કાણા બન્યા. તેમને અસિના પાંચ પ્રહાર લાગ્યા હતા. અંતે તેઓ પૃથ્વીરાજનો માર સહન નહિ કરી શકવાથી ત્યાંથી ચતુર્ભુજદેવીના મંદિર તરફ નાઠા. તેમણે શિવાન્તિ નામના નગરમાંથી પસાર થતાં વિદા નામક એક રાજપૂતને ઘેર આશ્રય ગ્રહણ કર્યો. આ રાજપૂતનો જન્મ ઉદાવત વંશમાં થયો હતો. વિદા વિદેશ જવાની તૈયારીમાંજ હતો, એવામાં ઘાયલ અને રુધિરથી વ્યાપ્ત થયેલા સંગે આવી તેની સહાય માગી. તે ઉદાર રાજપૂતે શીઘ્ર તેમને અશ્વપરથી ઉતાર્યા, એટલામાં જયમલ્લ પોતાનો અશ્વ દોડાવતા દોડાવતા ત્યાં આવી પહોંચ્યા અને તેમણે સંગપર આક્રમણ કર્યું. શરણાગતનું રક્ષણ કરવાને માટે વિદા જયમલ્લની સામે થયો. ઉભય વચ્ચે યુદ્ધ થતાં વિદાનો પ્રાણ ગયો. આ દરમ્યાન સંગ ત્યાંથી ચાલ્યા ગયા.

યુદ્ધમાં પૃથ્વીરાજને પણ ઘાવ થયા હતા. જ્યારે તેમને જરા આરામ થયો ત્યારે તેઓ સંગની શોધ કરવા લાગ્યા. સંગને આ વાતની ખબર થઇ અને તેઓ પોતાના પ્રાણનું રક્ષણ કરવાને માટે ગુપ્ત સ્થાનોમાં ભ્રમણ કરવા લાગ્યા. આ અજ્ઞાતવાસના સમયમાં તેમને અત્યંત કષ્ટ સહન કરવું પડયું હતું. વિશાળ મેવાડરાજ્યના યુવરાજ પોતાના પ્રાણની રક્ષા કરવાને માટે અનાથની પેઠે દીન બની સ્થળે સ્થળે ભ્રમણ કરવા લાગ્યા, જ્યારે તેમને પ્રાણરક્ષાનો કાંઈપણ ઉપાય સૂઝયો નહિ ત્યારે તેઓ નિરુપાયે એક ભરવાડની પાસે ગયા અને તેનાં બકરાંના ગોવાળ બન્યા. તેમને બકરાં ચારવાની આવડત નહિ હોવાથી કોઇ કોઈ વખત ભરવાડ તેમનાપર અપ્રસન્ન થઇને તેમને પોતાને ત્યાંથી કાઢી મૂકતો હતો. જ્યારે સંગ તેને દીનતાપૂર્વક અત્યંત આજીજી કરતા ત્યારે તે તેમને પોતાને ત્યાં રાખતો. ભરવાડે તેઓ બકરા ચારવામાં પ્રવીણ નથી એમ જાણી તેમને રોટલા ઘડવાના કામપર નિયુક્ત કર્યા. તેઓ રોટલા ઘડવાના કાર્યથી પણ અજ્ઞાત હતા. આથી ભરવાડો તેમને વારંવાર 'ખાતાં તો આવડે છે, ત્યારે રાંધતાં કેમ નથી આવડતું ?' એવાં વચનો કહીને તેમનો તિરસ્કાર કરતા હતા. આ પ્રકારની દીનદશામાં કુમાર પોતાનો સમય વ્યતીત કરતા હતા. એક વખત કેટલાક રાજપૂતો ત્યાં આવ્યા અને તેમણે રાજકુમારને કેટલાંક શસ્ત્રાસ્ત્રો તથા એક અશ્વ આપ્યો. આટલી સામગ્રી લઇને તેઓ [1]શ્રીનગરના રાવ કરમચંદ નામના એક સરદારની પાસે ગયા. આ સરદાર પરમાર વંશનો હતો અને તે લૂંટફાટ કરીને પોતાનો નિર્વાહ કરતો હતો. સંગને પણ તેણે પોતાના દલમાં લઈ લીધા. હવે સંગ પણ તેની સાથે લૂંટફાટ કરવા લાગ્યા. એક દિવસ કુમાર સંગ આખો દિવસ લૂંટફાટ કરીને વિશ્રામ કરવાને માટે એક વટવૃક્ષની નીચે આવી પોતાના અશ્વપરથી ઉતરી પડયા અને પોતાની તલવાર પોતાના મસ્તકનીચે રાખીને તે વૃક્ષની છાયાનીચે સૂઇ ગયા.તેમને શીઘ્ર નિદ્રા આવી ગઈ,ત્યાંથી થોડે દૂર જયસિંહ, વાલિયા અને જૈમૂ નામના તેમના વિશ્વાસુ સેવકો તેમને માટે ભોજન તૈયાર કરવા લાગ્યા.તે ત્રણે જણના અશ્વો નિકટમાં ચરવા લાગ્યા. સૂર્યનું એક તીક્ષ્ણ કિરણ તે પ્રચંડ વૃક્ષની ઘનઘટાને ભેદીને સંગના મુખમંડલપર પડીને સહેજ હાલતું હતું. આ વખતે એક પ્રચંડ સર્પે આવીને પોતાની વિશાળ ફેણ ઉંચી કરી સંગના મસ્તકપર છાયા કરી. આ દેખાવ જોઇ દેવી[2] નામનું પક્ષી ઉચ્ચ સ્વરે ટહુકા કરવા લાગ્યું. આ પક્ષીના શબ્દો શુભ શુકનવાળા ગણાય છે. મારુ નામના એક ભરવાડે આ ઘટના જોઇ. આ ભરવાડ શુકન જાણતો હતો; તેથી સંગ સૂઇને ઉઠયા કે તરતજ તેણે તેમને રાજસન્માન આપ્યું; પરંતુ ચતુર સંગે તેનાપર અપ્રસન્ન થવાનો ડોળ કરી, તેના આદરમાનનો અસ્વીકાર કર્યો. મારુએ કરમચંદને આ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. સરદાર કરમચંદે આ સર્વ વાત ગુપ્ત રાખી અને સંગની સાથે પોતાની પુત્રીનો વિવાહ કર્યો. પછી જ્યાંસુધી સંગને સિંહાસન પ્રાપ્ત થયું નહિ ત્યાંસુધી કરમચંદે તેમને પોતાને ઘેરજ રાખ્યા.

૧ આ શ્રીનગર અજમેરની પાસે છે.

૨ આ પક્ષી ખંજનપક્ષીના જેવું થાય છે.

કેટલાક દિવસ વ્યતીત થયા પછી રાણા રાયમલ્લને આ વર્તમાન કર્ણગોચર થયા. તેઓ જાણી ગયા કે પૃથ્વીરાજ મારા ઉત્તરાધિકારીનો સંહાર કરવા ઇચ્છતા હતા. તેઓ પૃથ્વીરાજપર અત્યંત ક્રોધિત થયા અને તેમને પોતાની સામે બોલાવીને પુષ્કળ ઠપકો આપતાં બોલ્યા: "તું મારા રાજ્યમાંથી ચાલ્યો જા, તું તારો નિર્વાહ સહેલાઇથી કરી શકશે; કારણ કે તું રણચતુર છે અને લડાઇટંટાને બહુ પસંદ કરે છે." પૃથ્વીરાજે પોતાના પિતાની આજ્ઞા ધીરજથી સાંભળી. આ આજ્ઞા સાંભળી તેમના મનમાં જરા પણ ગભરાટ કે ચંચળતા ઉત્પન્ન થઇ નહિ. તે કેવળ પાંચ અશ્વારોહીઓને પોતાની સાથે લઇને [1] પોતાના પિતાના રાજ્યનો પરિત્યાગ કરી બાલિયોહ નામના નગર તરફ ચાલ્યો. આ નગર ગોદ્વાર દેશમાં આવેલું હતું.

એક તો રાણાકુંભના અકાળમૃત્યુથી મેવાડની શાંતિ નષ્ટ થઇ હતી અને વળી એવામાં આ ગૃહકલહ જાગ્યો. આથી સમસ્ત રાજ્યમાં ખળભળાટ મચી રહ્યો. વાસ્તવમાં મેવાડનાં સર્વ પ્રગણાંઓ અરક્ષિત દશામાં હતાં. ખાસ કરીને ગોદ્વાર દેશ તો સંપૂર્ણરીતે અરક્ષિત હતો. અરવલ્લી પર્વતની નિકટજ ગોદ્વાર દેશ છે; તેથી એ પર્વતમાં વસતા જંગલી 'મીના' લોકો આ દેશની વસ્તીમાં આવીને તેને લૂંટતા હતા. ગોદ્વારની રાજધાની નાદૌલનગરમાં જે સેના હતી તેનો મિના લોકોની આગળ કાંઇ હિસાબ નહોતો. આ સેના મીનાલોકોની પ્રચંડ ગતિ રોકી શકી નહિ. પૃથ્વીરાજે આ વર્તમાન સાભળી બાલિયોહ તરફ જતી વખત થોડા કાળસુધી નાદૌલનગરમાં વિશ્રામ કરવાનો વિચાર કર્યો અને તેઓ આવશ્યક દ્રવ્ય લાવવાને માટે પોતાની એક વીંટી ત્યાંના ઓઝા નામના વ્યાપારીને ત્યાં ગીરો મૂકવાને ગયા. ઇશ્વરના મહિમાનો પાર કોઇ પામી શકે એમ નથી. આજ વ્યાપારીએ કુમારને ઉક્ત વીંટી આપી હતી. તેણે તત્કાળ તેમને ઓળખ્યા અને તેમનું ગુપ્ત વેશ ધારણ કરવાનું કારણ સારી રીતે જાણી લઇ પ્રતિજ્ઞા કરી કે હું આપને જોઇતી દરેક પ્રકારની સહાય કરીશ. વીર પૃથ્વીરાજે આ વ્યાપારીને પણ પોતાના દળમાં લઈ લીધો અને તેઓ તેની સલાહથી મીનાલોકોનું દમન કરી ગોદ્વાર દેશમાં શાંતિ સ્થાપિત કરવાનો પ્રયાસ કરવા લાગ્યા. પૃથ્વીરાજ વીર, તેજસ્વી અને સાહસિક હતા. તેમને તેમના પિતાએ પોતાના રાજ્યમાંથી દેશપાર કર્યાં હતા;પરન્તુ શું તેમની વીરતા નષ્ટ થઇ હતી ? તેમને ખાત્રી હતી કે હું પુરુષાર્થથી રાજમુકુટ ધારણ કરી શકીશ. તેમના પિતાએ તેમને કાઢી મૂકયા હતા તોપણ તેમણે પોતાના પુરુષાર્થથી કેટલાક માણસો એકઠા કર્યાં હતા. તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે કોઈની સહાય નહિ મળે તોપણ હું મારો મૂળ મંત્ર સિદ્ધ કરીશ. આવી પ્રતિજ્ઞા કરી તેઓ દુરાચારી મીના લોકોના કરાલગ્રાસમાંથી ગોદ્વારદેશને મુક્ત કરવાને માટે યોગ્ય સંધિની પ્રતીક્ષા કરવા લાગ્યા. મીનાલોકો પ્રથમથીજ આ પર્વતમાં રહેતા હતા. આ સર્વ પ્રગણાંઓ પ્રથમ તેમના અધિકારમાંજ હતાં. પાછળથી રાજપૂતોએ યોગ્ય સંધિ મળતાં તે પર આક્રમણ કરીને તેમને પોતાના અધિકારમાં લીધાં હતાં.

જે વખતે કુમાર પૃથ્વીરાજ નાદૌલ નગરમાં પહોંચ્યા તે વખતે "રાવત" ઉપાધિધારી મીનારાજા નદાલય નામના નગરને પોતાની રાજધાની બનાવી ત્યાં રાજ્ય કરતો હતો. તે એટલો પ્રભાવશાળી રાજા હતો કે કેટલાક રાજપૂતો પણ તેની સેવા કરતા હતા. ઓઝાની સલાહાનુસાર પૃથ્વીરાજે પોતાના દલસહિત ઉક્ત મીનારાજાને ત્યાં નોકરી સ્વીકારી રાજપૂત હોવા છતાં પણ તેમણે પોતાની જાતિ છુપાવી અને તેઓ એક અસભ્ય રાજાની નોકરી કરવા લાગ્યા. તેઓ ગોદ્વારરાજ્યનો ઉદ્ધાર કરવાની સુસંધિ તપાસતા રહ્યા. સુભાગ્યવશાત્ આ સંધિ આપોઆપ આવી મળી. મીનાલોકો અહેરિયા અથવા શવરોત્સવ નામનો એક મોટો ઉત્સવ કરે છે. આ ઉત્સવના સમયમાં નોકરચાકરોને કેટલાક દિવસોપર્યંત રજા મળે છે. આ રીતે જ્યારે ઉત્સવ આવ્યો ત્યારે પૃથ્વીરાજને પણ કેટલાક દિવસની રજા મળી. આ અવસરનો લાભ લઇ કુમારે પોતાની અભિલાષા પૂર્ણ કરવાનો વિચાર કર્યો. નગરની બહાર જઇ તેમણે પોતાના દલના રાજપૂતોને બોલાવ્યા અને તેમને તે વખતે મીનારાજ્યપર આક્રમણ

[1] આ પાંચ અશ્વારોહીઓનાં નામ નીચે પ્રમાણે હતાં:—સજસિંહલ, સંગમ, અભય, જન્નુ અને પાંચમાનું નામ ઇતિહાસમાં ઉપલબ્ધ થતું નથી. તેના સંબંધમાં માત્ર એટલી હકીકત પ્રકાશમાં આવી છે કે તે બાદેલ રાઠોડગોત્રમાં ઉત્પન્ન થયો હતો.

રવાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાંજ સર્વ રાજપૂતો જેવી રીતે ક્રોધિત સિંહ મૃગસમૂહપર તૂટી પડે છે તેવી રીતે મીનાલોકો ઉપર તૂટી પડયા. નગરમાં હાહાકાર વર્તી રહ્યો. મહાબળવાન રાજપૂતોનો માર ખાઇ મીનાલોકો ભયગ્રસ્ત થઇ આમતેમ નાસવા લાગ્યા. કુમાર પૃથ્વીરાજ નગરની બહાર ઉભા રહી આ રીતે આ સંગ્રામ જોયા કરતા હતા. ધીમે ધીમે આ સંગ્રામે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. મીનાલોકોનો રાજા ભયભીત થઇ અશ્વારૂઢ થઇને નગર છોડી નાઠો. તે નાસતો હતો તે વખતે રાજકુમાર પૃથ્વીરાજે તેની પાછળ પડી તેને પકડી લીધો. પછી તેમણે તેને એક જંગલના વૃક્ષની સાથે બાંધ્યો અને પોતાની અસિવતી તેનો શિરચ્છેદ કર્યો. મીનાલોકોના રાજાને તેના અત્યાચારનું યથોચિત ફળ મળ્યું. તદુપરાંત રાજકુમાર પૃથ્વીરાજે નદાલય તથા તેની પાસેનાં નગરો, ગામો તથા નાની નાની વસ્તીઓમાં આગ લગાડી અને મીનાલોકોનો સંહાર કર્યો. મીનાલોકો અગ્નિમાં ભસ્મીભૂત થઈ જવાના ડરથી વ્યાકુલ થઇ ચારે તરફ નાસવા લાગ્યા; પરંતુ કોઇ પણ પ્રકારે તેમના પ્રાણ બચ્યા નહિ. કુમાર પૃથ્વીરાજ તથા તેમના પરાક્રમી રાજપૂતોએ પ્રાયઃ સર્વ મીનાલોકોનો નાશ કર્યો. આ પ્રકારે કેવળ એક કિલ્લા સિવાયનો સર્વ પ્રદેશ પૃથ્વીરાજના અધિકારમાં આવ્યો. આ શેષ રહેલા કિલ્લાનું નામ દેસૌડી હતું. આ વખતે તે કિલ્લામાં ચૌહાણ માદ્રેચા લોકો રાજ્ય કરતા હતા.

મીનાલોકોના હાથમાંથી ગોદ્વારરાજ્યનો ઉદ્ધાર કરીને પૃથ્વીરાજે તે રાજ્ય ઓઝા તથા સદ્દા નામના એક સોલંકી રાજપૂતને આપી દીધું. સદ્દાસોલંકીએ આ વખતે સોદગઢપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો. પાટણનગરનો ધ્વંસ થયા પછી સદ્દાસોલંકીના કોઇ પૂર્વજે આ પર્વતમાં આશ્રય લીધો હતો. સદ્દાનો વિવાહ માદ્રેચા ચૌહાણની કન્યા સાથે થયો હતો. આથી તેણે પોતાના શ્વસુરનું સ્થાન છોડી પૃથ્વીરાજની પાસે આવવાનું પસંદ કર્યું નહિ; પરંતુ જ્યારે વિજયી રાજકુમારે તેને દેસૌડી નગર તથા તેના તાબાનાં પ્રગણાંઓ[1] તેના નિર્વાહને માટે સદાને માટે આપી દીધાં ત્યારે નિરુપાયે તેને રાજકુમારની પાસે આવવું પડ્યું.

આ સમાચાર શીઘ્ર રાણા રાયમલ્લને કાને પહોંચ્યા. આથી તેમણે તેમનાપર પ્રસન્ન થઇ તેમને પોતાના રાજ્યમાં પાછા બોલાવી લીધા.

કુમાર પૃથ્વીરાજ પુનઃ ચિતોડમાં પહોંચ્યા. જયમલ્લનું અવસાન થયેલું હોવાથી આ વખતે તેમને માર્ગ વિશેષ નિષ્કંટક થઈ ગયો હતો. અહીંઆં આવશ્યકતા જાણી જયમલ્લના મૃત્યુનું વૃત્તાંત લખવામાં આવે છે. પ્રાચીન તક્ષશિલા[2] નગરીને હાલમાં તોડાતંક કહેવામાં આવે છે. તે વખતમાં આ નગરી રાય શૂરથાન નામના એક રાજપૂતના અધિકારમાં હતી, જે ચૌલુક્યવંશના રાજાઓએ દીર્ઘકાળપર્યંત અણહિલપુર પાટણમાં રાજ્ય કર્યું હતું, તેજ વંશમાં રાય શૂરથાનનો જન્મ થયો હતો. ઇસ્વીસનની તેરમી શતાબ્દીમાં યવનવીર અલ્લાઉદ્દીનના પ્રચંડ બાહુબળના પ્રભાવથી શૂરથાનના પૂર્વજોને પાટણનો ત્યાગ કરવો પડયો હતો. તેમણે મધ્ય દેશમાં જઇને આશ્રય લીધો. ત્યાં વાસ કરીને તેમણે પ્રાચીન તક્ષકકુલના તક્ષશિલાનગરપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો; પરંતુ તેમના વંશજો દીર્ઘકાળપર્યંત તે નગરનું રાજ્ય ભોગવી શકયા નહિ. લીલ અફઘાને રાય શૂરથાનને ત્યાંથી હાંકી કાઢયો. શૂરથાન નિરૂપાયે અરવલ્લીની તળેટીમાં વસેલા બેદનોર નગરમાં આવ્યો અને ત્યાં સુખેદુઃખે પોતાના દિવસ નિર્ગમન કરવા લાગ્યો. તેને તારાબાઈ નામની એક પરમ સુંદર કન્યા હતી. આ કન્યાને માટેજ તે દેહ ધારણ કરી રહ્યો હતો. કોઇ કોઇ વખત જ્યારે તે માનસિક દુઃખોથી અત્યંત વ્યથિત થતો ત્યારે આ હૃદયાનંદદાયિની કન્યાનું મુખકમળ જોઇને સર્વ દુઃખ ભૂલી જતો, જો તારાબાઇને તેના પ્રાણ કિંવા તેની આશા કહેવામાં આવે તો તે અનુચિત ગણાશે નહિ. તારાનું સમગ્ર જીવન દુઃખમાં વ્યતીત થયું હતું. તે રાજકુમારી હતી અને સમર્થ તથા પવિત્ર સોલંકીકુળની કમલિની હતી; પરંતુ દુર્ભાગ્યવશાત્ આજે

૧ આ ભૂમિવૃત્તિના દાનપત્રમાં પૃથ્વીરાજે પોતાના વંશજોને સોગંદ આપીને જણાવ્યું હતું કે આ ભૂમિવૃત્તિ પાછી લઇ લેવી નહિ. તેમના વંશજોએ આ આજ્ઞા યથાર્થ રીતે પાળી હતી.

૨ પ્રાચીન તક્ષક લોકો શિલ્પના કામમાં અતિ પારંગત હતા. તેમણે સ્થાપિત કરેલી તક્ષશિલા નગરીનાં રાજમહાલયમાં તેમની એ કળાનાં પ્રમાણો મળે છે. જો કે એ નગરી હાલમાં નષ્ટ થઈ ગઇ છે, તોપણ શેષ રહેલાં ચિન્હોથી પૂર્વગૌરવનો પૂર્ણ પરિચય મળે છે.

તેનાપર પૂર્વગૌરવનું એક ચિન્હ પણ શેષ રહ્યું નહોતું. બાલક તારાને ખોળામાં લઇને શૂરથાન તેને પોતાના મહાન પૂર્વજોની કીર્તિ સંભળાવતો.તારા આ કીર્તકથા લક્ષપૂર્વક સાંભળતી.બાલ્યાવસ્થામાં સાંભળેલી આ મનોહર કથાઓ તેના હૃદયમાંથી કદિપણ લુપ્ત થઈ નહિ. જ્યારે તે મોટી થઈને થોડુંઘણું સમજવા લાગી ત્યારે તે પોતાના પૂર્વજોની સ્થિતિસાથે પોતાની સ્થિતિની તુલના કરતી.તારા પોતાની વર્તમાન અવસ્થાથી સંતુષ્ટ નહોતી. સુકુમાર અવસ્થાથીજ તેના હૃદયમાં ચિંતા થવા લાગી. કોઇ કોઈ વખત આ કારણથી તેની ધીરજ પણ ખૂટી જતી. તેણે સેંકડોવાર પોતાના ભાગ્યને ધિક્કાર આપ્યો. અલ્પવયથીજ તેને સ્ત્રીના સાધારણ આચારવિચાર અને વસ્ત્રાલંકારના આડંબરપ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઇ. અશ્વપર સ્વારી કરતાં તથા બાણ ફેંકતાં તે ઉત્તમ રીતે શીખી હતી. આ ઉભયકળા તેને એવી ઉત્તમ રીતે અવગત થઇ ગઇ હતી કે તે શીઘ્રતાથી અશ્વ ચલાવી ધારેલા નિશાનપર બાણ મારી શકતી હતી. શૂરથાને જેટલીવાર તોડાતંકનો ઉદ્ધાર કરવાને માટે સંગ્રામ કર્યો હતો તે દરેક પ્રસંગે આ વીરબાળા પ્રચંડ કાઠિયાવાડી અશ્વરપર આરૂઢ થઇને પોતાના પિતાની સાથે યુદ્ધમાં ગઇ હતી. તેનું અદ્દભુત પરાક્રમ જોઇને મોટા મોટા વીરોએ પણ પોતાનાં મસ્તક અવનત કર્યાંહતાં. અનેક મુસલમાનો તેના તીક્ષ્ણબાણના ભોગ થઇ પડયા હતા. ધીમે ધીમે સમસ્ત રાજસ્થાનમાં આ યુવતીની વીરતાનો યશ ફેલાઇ ગયો. અનેક રાજપૂતોને આ રત્ન પ્રાપ્ત કરવાની અભિલાષા ઉત્પન્ન થઇ; પરંતુ શૂરથાનની ભીષણ પ્રતિજ્ઞા સાંભળી સર્વની આશા નષ્ટ થઇ ગઇ. રાય શૂરથાને પ્રતિજ્ઞા કરી હતી કેઃ—" જે રાજપૂત યવનોના હાથમાંથી તોડાતંકનો ઉદ્ધાર કરશે તેની સાથે તારાનો વિવાહ કરવામાં આવશે. "આ વાત સાંભળી કુમાર જયમલ્લ બેદનોરમાં આવ્યા અને તેમણે તારાના હાથની માગણી કરી; પરંતુ વીરબાળા તારાએ અભિમાનથી તેમને કહ્યું કેઃ—"પ્રથમ તોડાતંકનો ઉદ્ધાર કરો અને પછી મારી સાથે વિવાહ કરો." જયમલ્લે આ વાતનો સ્વીકાર કર્યો; પરંતુ તેમણે એક એવું કુકર્મ કર્યું કે જેથી તેમનો નાશ થયો. તારાના રૂપથી તે એવા મોહિત થઇ ગયા હતા કે તેમણે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કર્યાં પૂર્વેંજ પુનઃતારાના હાથની માગણી કરી. આથી શૂરથાને તેમનાપર ક્રોધિત થઈ તેમનો વધ કર્યો. ભટ્ટલોકોએ આ સંબંધે એવું વર્ણન કર્યું છે કેઃ—"જયમલ્લના ભાગ્યાકાશને માટે તારા મંગલદાયક તારો થઇ નહિ."

જયમલ્લનું મૃત્યુ થયું તે વખતે સંગ ગુપ્તવેષે રહેતા હતા. પૃથ્વીરાજ પણ આ સમયે દેશનિકાલની સજા ભોગવતા હતા. રાણા જયમલ્લનેજ ઉત્તરાધિકારી કરવાની ઇચ્છા રાખતા હતા; પરંતુ દુર્ભાગ્યવશાત્ તે શૂરથાનના હાથથી માર્યા ગયા. રાણા રાયમલ્લને આથી શૂરથાનપર ક્રોધ ચઢવો જોઈતો હતો. સભાસદોએ મહારાણાને એવો આગ્રહ કર્યો કે પુત્રવધને માટે શૂરથાનપર વૈર લેવું જોઇએ; પરંતુ મહારાણા રાયમલ્લે ઉદારતાથી એવો ઉત્તર આપ્યો કેઃ " જે મૂર્ખે કુકર્મ કરી એક પ્રતિષ્ઠિત સજ્જન અને વિપત્તિમાં પડેલા રાજપૂતને-અપમાન કરવાનો ઇરાદો રાખ્યો હતો, તેને તેની કરણીનું યોગ્યજ ફળ મળ્યું છે." રાણા રાયમલ્લ આટલું કહીનેજ બેસી રહ્યા નહિ; પરંતુ તેમણે તે સોલંકીસરદારને બેદનોરનો પ્રદેશ પારિતોષિકતરીકે આપી દીધો.

કુમાર જયમલ્લનું મૃત્યુ થયું તે વખતે પૃથ્વીરાજ દેશનિકાલની શિક્ષા ભોગવતા હતા;પરંતુ દીર્ઘકાળ-પર્યંત તેમને તે શિક્ષા ભોગવવી પડી નહિ. તેમણે મીનાલોકોનું દમન કર્યું તેથી મહારાણા તેમનાપર પ્રસન્ન થયા અને તેમને પાટનગરમાં બોલાવી લીધા. કુમાર પૃથ્વીરાજની વીરતાનો યશ સમસ્ત દેશમાં પ્રસરી ગયો હતો. કુમાર દેશમાં આવ્યા છે એ વાત જાણી તારાના આનંદનો પાર રહ્યો નહિ. આ તરફ પૃથ્વીરાજે પણ દેશમાં આવીને તારાના રૂપગુણની પ્રશંસા સાંભળી. તારાને કુમાર પૃથ્વીરાજને પોતાના પ્રાણનાથતરીકે સ્વીકારવાની અભિલાષા ઉત્પન્ન થઇ અને તે મનમાં તેમનાજ નામનો જપ કરવા લાગી.પૃથ્વીરાજને પણ તારારત્ન પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા થઇ.પોતાની હૃદયેશ્વરીના મુખનું દર્શન કરવાને માટે તેઓ બેદનોરમાં ગયા. રાય શૂરથાને અત્યંત આદરપૂર્વક તેમનું સન્માન કર્યું અને મનોહર તારા પણ તેમની સમક્ષ આવીને ઉભી રહી. ઉભયે એકબીજાંનાં મુખનું મનની તૃપ્તિ થાય ત્યાંસુધી દર્શન કર્યું. હવે ઉભયનાં મનમાં અનેક આશાઓ અને ચિંતાઓ ઉત્પન્ન થઇ. પૃથ્વીરાજ શૂરથાનને કહેવા લાગ્યાઃ "આપ કાંઈ ચિંતા રાખશો નહિ.હું તોડાતંકમાંથી મુસલમાનોને શીઘ્ર હાંકી કાઢીશ. આપ જોશો કે એક અઠવાડીઆ પછી તોડાતંકમાં મુસલમાનોનું નામ પણ શેષ રહેશે નહિ. " વિદાય લેતી વખત કુમાર તારાને મળ્યા અને પ્રેમભક્તિ

મનોહર વાણીથી તેને કહ્યું: "હે સુંદરિ ! તમને પ્રાપ્ત કરવાની અભિલાષાથીજ હું આ ભીષણ કાર્ય કરવાને તત્પર થયો છું, તો મને કદિ પણ આપ નિરાશ કરશો નહિ." તારાએ નમ્રતાથી ઉત્તર આપ્યો "હે વીરવર ! આ હૃદય આપનુંજ છે. અનેક વિપત્તિઓ અને કષ્ટ સહન કરીને માત્ર આપની આશાથીજ આ હૃદય ટકી રહ્યું છે તો હવે આપને એટલીજ પ્રાર્થના છે કે જે પ્રચંડ કાર્ય કરવાની આપે પ્રતિજ્ઞા કરી છે તેને પાર પાડવાનો ઉદ્યોગ કરી યથાર્થ ક્ષત્રિયતાનો પરિચય કરાવો." પૃથ્વીરાજ વિદાય લઇને બેદનોરથી ચાલ્યા ગયા અને પોતાના કાર્યની સિદ્ધિને માટે યોગ્ય અવસરની પ્રતીક્ષા કરવા લાગ્યા. ઇશ્વરની કૃપાથી શીઘ્ર તેમને યોગ્ય સંધિ પ્રાપ્ત થઇ. મુસલમાનોનો મોહરમનો તહેવાર નિકટ આવ્યો હતો. આ વખતે પૃથ્વીરાજ પાંચસે ચુંટી કાઢેલા સ્વારોને પોતાની સાથે લઇને તોડાતંક તરફ ચાલ્યા. વીરનારી તારા પણ તેમની સાથેજ હતી. તે રણચંડીનો વેષ ધારણ કરી મુસલમાનોનો સંહાર કરવાને જતી હતી.

જ્યારે સર્વ રાજપૂતો તોડાતંકમાં પહોંચ્યા તે વખતે મુસલમાનો તાજીયા ઠંડા કરવાને દુર્ગની બહાર નીકળતા હતા. પૃથ્વીરાજ પણ પોતાના માણસોની સાથે તેમાં ભળી ગયા. પ્રથમ તો તેમને જોઇને મુસલમાનોને વિશેષ સંદેહ ઉત્પન્ન થયો નહિ, આથી પૃથ્વીરાજને પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં અનુકૂળતા મળી. ધીમે ધીમે તાજીયા નગરની બહાર આવેલા નવાબના મહાલયની નિકટ પહોંચ્યા. આ વખતે નવાબ પોતાના મહાલયના ઓટલાપર ઉભો રહીને વસ્ત્રાભૂષણ પરિધાન કરતો હતો. અજાણ્યા સ્વારોને જોઇને તે પોતાના મનમાં વિવિધ પ્રકારની ચિંતા કરવા લાગ્યો. પછી તેને મહાન સંદેહ ઉત્પન્ન થયો. તે આ સ્વારોનાં નામઠામ પૂછવા જતો હતો, એટલામાં વીરનારી તારાએ તાકીને તેનાપર એક તીર છોડયું. પછી તરતજ પૃથ્વીરાજે તેને ભાલો મારીને ભૂમિભેગો કર્યો. અફઘાનસરદાર નીચે પડતાંની સાથે મુસલમાનોમાં હાહાકાર વર્તી રહ્યો. સર્વ જણ ડરના માર્યા આમતેમ નાસવા લાગ્યા. પૃથ્વીરાજ પોતાના માણસોની સહાયથી તેમનો સંહાર કરવા લાગ્યા. આ પ્રકારે મારફાડ કરતાં કરતાં તેઓ નગરના દરવાજા સુધી પહોંચ્યા; પરંતુ નિર્વિઘ્નતાથી નગરમાં પ્રવેશ કરી શકયા નહિ; કારણકે એક પ્રચંડ હાથી દરવાજામાં ઉભો રહીને આમતેમ પોતાની સૂંઢ હલાવ્યા કરતો હતો. તારાએ તરતજ એક ફરસીવતી તે હાથીની સૂંઢ કાપી નાખી. હાથીને દારુણ દુ:ખ થવાથી તે ચીસ પાડતો પાડતો દૂર નાસી ગયો. આ વખતે મુસલમાનો પણ પ્રાણ તથા સંપત્તિપરનો મોહ છોડી રાજપૂતો ઉપર તુટી પડયા. શીઘ્ર ઉભય દલો વચ્ચે દારુણ યુદ્ધ થવા લાગ્યું. કુમાર પૃથ્વીરાજ ક્રોધિત થયેલા સિંહની પેઠે શત્રુદલને દલિત કરવા લાગ્યા. મુસલમાનો પરાજિત થયા અને પોતાનો મોર્ચો છોડી આમતેમ નાસવા લાગ્યા; પરંતુ નાસીને જાય કયાં ? પૃથ્વીરાજના પ્રચંડ ક્રોધની આગળ કોણ બચી શકે એમ હતું ? તેઓ જે જે દિશામાં નાઠા તે તે દિશામાં પૃથ્વીરાજના માણસો તેમની પાછળ દોડયા અને તેમને ઘેરી લઇ તેમનો સંહાર કરવા લાગ્યા. આ પ્રકારે અસંખ્ય યવનોનો વધ કરી પૃથ્વીરાજે તોડાતંક હસ્તગત કર્યું અને તેમની પ્રતિજ્ઞા પૂર્ણ થવાથી તારા તેમની પત્ની બની.

જે ઝગડાના પ્રબળ તરંગમાં પડી સંગ અને પૃથ્વીરાજ તથા જયમલ્લ એકબીજાના પ્રચંડ શત્રુ બની ગયા હતા, તેનો ઉત્પાદક ચતુર સૂરજમલજ હતો જે દિવસે ચારિણીદેવીની પરિચારિકાના કહેવાથી તેને જણાયું કે મને પણ ચિત્તોડ રાજ્ય પ્રાપ્ત થવાનો સંભવ છે, તે દિવસથી એક નવી આશાએ તેના હૃદયમાં જડ ઘાલી. આ આશા એક ક્ષણવાર પણ તેના હૃદયમાંથી દૂર થતી નહોતી. તે આશા તેને નિરંતર આનંદિત અને ઉત્સાહિત રાખતી હતી. આ આશાએ તેને એટલે સુધી ઉત્તેજિત કર્યો કે અંતે તે પોતાની મનઃકામના સિદ્ધ કરવાને માટે પોતાના મસ્તકપર વિપત્તિઓ ઝીલવાને પણ તૈયાર થઇ ગયો; પરંતુ કુમાર પૃથ્વીરાજનું દેશમાં પુનરાગમન થયું તેથી તેના માર્ગમાં એક મોટું વિઘ્ન આવી પડેલું તેને જણાયું. આ કંટકને દૂર કરવાનો બીજો કોઇ પણ ઉપાય સૂરજમલને સૂઝયો નહિ ત્યારે તે સારંગદેવ નામના એક રાજપૂતની સાથે મળીને માળવાના નવાબ મુજફ્ફરની પાસે ગયો. નવાબે સૂરજમલને સહાય કરવાને માટે પોતાની સેના તેની સાથે મોકલી. આ સેના લઇને સૂરજમલે મેવાડના દક્ષિણ ભાગપર આક્રમણ કર્યું અને અલ્પ કાળમાં સાદી, વાટુરો, નાઇ તથા નીમચની વચ્ચે આવેલા એક મોટા પ્રગણાને પોતાના અધિકારમાં લઇ લીધું. આ પછી તે ચિતોડપર પોતાનો અધિકાર સ્થાપિત કરવાની ચેષ્ટા કરવા લાગ્યો હવે રાણા રાયમલ્લથી સૂરજમલની આ ઉચ્છૃંખલતા સહન થઇ શકી નહિ. તેઓ પોતાના થોડા માણ-

સેનેને લઇને શીઘ્ર તે રાજદ્રોહીને દંડ આપવાને માટે તેની સામે ગયા. ચિતોડની નિકટમાં વહેતી ગંભીરી નદીના કિનારાપર ઉભય સેના ગર્વસહિત એકબીજાની સામે ઉભી રહી. દારુણ યુદ્ધ થવા લાગ્યું. રાણા સ્વયં હાથમાં ખડ્ગ લઇને સાધારણ સિપાઇની પેઠે યુદ્ધ કરવા લાગ્યા. તેમના શરીરમાં બરાબર બાવીસ ઘાવ લાગ્યા. સમગ્ર શરીર ઘાવોથી ભરાઇ ગયું. ઘાવોમાંથી રુધિરધારા છૂટવા લાગી; તથાપિ મહારાણાએ વિશ્રામ કર્યો નહિ. ધીમે ધીમે તેમને શિથિલતા પ્રાપ્ત થતી ગઇ. તેઓ મૂર્ચ્છા પામવાની અણીપર આવી પહોંચ્યા. આ સમયે પૃથ્વીરાજ એક હજાર અશ્વારોહીઓને લઇને તેમની કુમકે આવ્યા. તેમણે રાણાને સંગ્રામભૂમિમાં યુદ્ધ કરતા રોકયા અને તેઓ પોતે ભીષણ પરાક્રમથી શત્રુદલ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેઓ સૂરજમલને શોધવા લાગ્યા. યુદ્ધનિપુણ સૂરજમલ તેમની સામે આવ્યો. પૃથ્વીરાજે શીઘ્રતાથી તેનાપર આક્રમણ કર્યું. ઉભય વચ્ચે ઘોર દ્વંદ્વ યુદ્ધ થવા લાગ્યું. સૂરજમલના શરીરમાં અગણિત ઘાવ લાગ્યા; પરંતુ તેણે પાછળ પગ મૂકયો નહિ. દીર્ઘકાળસુધી સંગ્રામ ચાલ્યો; પરંતુ ઉભય સેનામાંથી એકે પાછી હઠી નહિ. સંગ્રામ બંધ થયો અને સર્વ સૈનિકો પોતપોતાની છાવણીમાં ચાલ્યા ગયા.

છાવણીમાં પહોંચ્યા પછી રણપરિશ્રમનો પરિહાર કરીને પૃથ્વીરાજ પોતાના કાકાને મળવાને માટે તેના તંબૂમા ગયા. આ સમયે તેમની વચ્ચે જે વાર્તાલાપ થયો* તે વાંચવાથી રાજપૂતજાતિના અનંત માહાત્મ્યનો પ્રત્યક્ષ પરિચય થાય છે. રાજપૂતોના જેવું ઉત્તમ ચારિત્ર્ય પૃથ્વીપરની અન્ય કોઈ પણ જાતિ દર્શાવી શકી નથી. જે દિવસે રાજપૂતોનું આ માહાત્મ્ય લુપ્ત થશે તે દિવસે રાજપૂતોનું નામ પણ પૃથ્વીપરથી નષ્ટ થશે. રાજપૂતોના ઉત્તમ ચારિત્ર્યનું સ્મરણ થવાથી આપણું હૃદય આનંદથી ઉભરાઇ જાય છે અને આંખમાંથી આનંદાશ્રુ ઝરે છે. અસ્તુ, પૃથ્વીરાજ પોતાના કાકાના તંબુમાં ગયો તે વખતે તે એક સાધારણ શય્યાપર સૂતા હતા અને તેના ઘાવોમાંથી રુધિર નીકળતું હતું. એક હજામ તે ઘાવોને ધોઇ ધોઇને સીવી લેતો હતો અને તેપર પાટા બાંધતો હતો. જે ભત્રીજો તેનો પ્રચંડ વિરોધી હતો. ભીષણ શત્રુ હતો, જેનાદ્વારા તેને આ દુર્દશાની પ્રાપ્તિ થઇ હતી, જેનો સંહાર કરવાને માટે તેણે સંગ્રામભૂમિમાં અતુલ પરિશ્રમ કર્યો હતો, તે આ વખતે તેની પાસે આવ્યો હતો. તેને આવતો જોઇને વીર સૂરજમલ પોતાની શય્યામાંથી ઉઠયા અને ઉત્તમ પ્રકારે તેને આદરમાન આપીને બેસવાને માટે આસન આપ્યું. ઉભયની રીતભાતપરથી તે વખતે એમ જણાતું હતું કે જાણે તેમની વચ્ચે કદિ પણ લડાઇટંટો થયોજ નહોતો. સૂરજમલના મુખપરથી એમ જણાતું હતું કે તેને જાણે કાંઇ વેદનાજ થતી નહોતી. શય્યાપરથી તે ઉઠયા તેથી તેના સીવેલા ઘાવ પુનઃ તુટી ગયા અને તેમાંથી રુધિર નીકળવા લાગ્યું. આ દેખાવ જોઇ પૃથ્વીરાજના હૃદયમાં ઘણી લાગણી થઇ આવી. સૂરજમલના મુખપર તો કષ્ટનું જરા પણ ચિન્હ જણાતું નહોતું. પૃથ્વીરાજ આસનપર બેઠા પછી ઉભય વચ્ચે વાર્તાલાપ થવા લાગ્યો.

પૃથ્વીરાજ બોલ્યો: " કાકાજી ! તમને કેમ છે ?"

સૂરજમલ:— બેટા ! તમને જોઇને મારૂં સર્વ દુઃખ નષ્ટ થયું છે.

પૃથ્વીરાજ:— કાકાજી ! હું હમણાં દિવાનજીને[1] મળ્યો નથી. આપને મળવાને શીઘ્ર અહીંઆં ચાલ્યો આવ્યો છું; પરંતુ હમણાં મને ક્ષુધા બહુ વ્યાકુળ કરી રહી છે. આપની પાસે કાંઇ ભોજનની સામગ્રી છે ?

સૂરજમલે અત્યંત પ્રસન્ન થઇ શીઘ્ર ભોજન મંગાવ્યું. ઉભયે સાથે બેસીને ભોજન કર્યું. સૂરજમલની સાથે ભોજન લેતાં પૃથ્વીરાજને લેશપણ સંદેહ આવ્યો નહિ. તેણે વિદાય લેતી વખત પાન[2] ખાધું ત્યારે પણ તેમણે જરાએ સંકોચ ધારણ કર્યો નહિ કિંવા જરા પણ તપાસ કરી નહિ. કાકાની પાસેથી વિદાય લેતી વખત પૃથ્વીરાજ નમ્રતાથી બોલ્યો: " કાકાજી ! કાલે પ્રભાતકાળે મારી અને તમારી વચ્ચે દ્વંદ્વયુદ્ધ થયા પછી તેના પરિણામ સાથે આપણી સેનાના સંગ્રામનો પણ અંત આવવો જોઇએ."

* સૂરજમલના ઉત્તરાવસ્થામાં ઝાલાસરદારને સાદરીનું રાજ્ય મળ્યું હતું. તેમના પુસ્તકાલયમાંથી એક હસ્તલિખિત પુસ્તકની પ્રત મળી છે, તેમાં આ વિષે વિસ્તૃત વર્ણન છે.

૧ રાણા એકલિંગજીના દિવાન હોવાથી તેમને બહુધા દિવાનજ કહેવામાં આવે છે.

૨ વિશ્વાસઘાતી લોકો ખાસ કરીને પાનની સાથે ઝેર મેળવીને આપે છે. આવાં ઉદાહરણો અનેક ઉપલબ્ધ

સૂરજમલઃ—ઠીક, પ્રભાત થતાંજ ચાલ્યા આવજો.

રાત્રિ વ્યતીત થઇ ગઇ અને પ્રાતઃકાળ થયો. ઉષાનો મનોહર રક્તવર્ણ દૂર થાય તે પૂર્વે પૃથ્વીરાજ અને સૂરજમલ દારુણ યુદ્ધ કરવાને માટે સુસજ્જ થઇને સંગ્રામભૂમિમાં આવ્યા. યુદ્ધ કરતી વખતે ભત્રીજાએ કાકાની શરમ રાખી નહિ કિંવા કાકાએ ભત્રીજાપર દયા કરી નહિ. માયા, મમતા, દયા, પ્રીતિ-સર્વને તિલાંજલિ આપીને પોતાપોતાનો મનોરથ સિદ્ધ કરવાને માટે ઉભય જીવને સાટે લડવા લાગ્યા. તે દિવસે સૂરજમલે સૌથી અધિક વીરતા પ્રદર્શિત કરી. સૂરજમલને સર્વ મળીને ૩૫ ઘાવ લાગ્યા. આ ભયંકર સંગ્રામમાં ઉભયપક્ષના અસંખ્ય માણસો મરણ પામ્યા. પ્રાયઃ સર્વ સૈનિકો નાશ પામ્યા; દોઢ કલાકમાં તલવાર, શેલ, શૂળ અને ભાલાના ઢગલા ને ઢગલા દેખાવા લાગ્યા. જો કે સૂરજમલના પક્ષના માણસોનું પરાક્રમ કાંઇ ઓછું નહોતું, તોપણ તેઓ પૃથ્વીરાજની સેના આગળ ટકી શકયા નહિ. અંતે તેઓ પરાજિત થઇને સાદરીનગર તરફ નાઠા. કુમાર પૃથ્વીરાજ વિજયગૌરવના હેમમુકુટને શિરપર ધારણ કરી પાટનગરમાં ચાલ્યો આવ્યો. આ સંગ્રામમાં કુમારને સાત ઘાવ લાગ્યા હતા. પરાજિત થયા છતાં પણ વિદ્રોહી સૂરજમલ આશાને તિલાંજલિ આપી શકયો નહિ. જે આશાના મોહિનીમંત્રથી મુગ્ધ થઇને તેણે ભીષણ કષ્ટો તથા વિપત્તિઓ સહેલાઇથી સહન કરી હતી, જે આશા સફળ કરવાને માટે આજે તે પ્રાણ સુદ્ધાં આપવાને તૈયાર થઇ ગયો હતો તે આશાને-તે પ્રાણાધિક આશાને તે શી રીતે છોડી શકે ? તે લેશ પણ હતાશ થયા વિના ચિતોડને લેવાની અભિલાષાથી પુનઃ યુદ્ધની તૈયારી કરવા લાગ્યો.

આ પ્રકારે અનેક દિવસો વ્યતીત થઇ ગયા. કાકાભત્રીજાએ અનેકવાર યુદ્ધ કર્યું, પરંતુ કાંઇ પરિણામ આવ્યું નહિ. સૂરજમલની આશા છૂટી નહિ. તેને પૃથ્વીરાજની સાથે જયારે જ્યારે મેળાપ થતો, ત્યારે ત્યારે પૃથ્વીરાજ કહેતા કેઃ-" જ્યાંસુધી મારા શરીરમાં રક્તનું એક બિંદુ પણ રહેશે ત્યાંસુધી એક સોયના નાકા જેટલી પણ મેવાડની ભૂમિ તમને આપીશ નહિ."સૂરજમલ પણ તેવાંજ કઠોર વેણ કહેતા કેઃ-"તમને શયન કરવાને માટે જેટલી ભૂમિની અગત્ય હશે, તેથી એક તિલભાર પણ અધિક ભૂમિપર તમે અધિકાર સ્થાપિત કરી શકશો નહિ." સૂરજમલની આશા માત્ર આશાજ રહી. તેજસ્વી ભત્રીજાના ભયથી તેને સદા અહીં તહીં નાસવું પડતું હતું. તે જ્યાં નાસી જતો ત્યાં પૃથ્વીરાજ પણ તેની પુંઠ પકડીને જતા.આ રીતે નાસતાં નાસતાં એક વાર સૂરજમલે બાટોરી નામના ઘોર જંગલમાં આશ્રય લીધો અને ત્યાં એક પર્ણકુટી બનાવીને રહેવાનો વિચાર કર્યો.જંગલની અંદર તેના માણસો અને અશ્વો પણ રહેવા લાગ્યા. એક દિવસ તે સારંગદેવની સાથે સગડી પાસે બેસીને તાપતો હતો અને તેની સાથે વાર્તાલાપ કરી રહ્યો હતો; એવામાં અસંખ્ય અશ્વોની પડઘી અને હણહણાટ તેમના સાંભળવામાં આવ્યો. તેમની વાતચીત એકદમ બંધ થઇ ગઇ. સૂરજમલે ભયભીત થઈ સારંગદેવની તરફ જોઈ કહ્યું: "આ કોઈ બીજું નથી, પૃથ્વીરાજજ આવે છે." તેઓ આ શબ્દ પૂરા કરે તે પૂર્વે પૃથ્વીરાજ પોતાની સેના સાથે ત્યાં આવી પહોંચ્યો.ત્યાં અત્યંત કોલાહલ થવા લાગ્યો. અસ્ત્રશસ્ત્રની ફેંકાફેંક અને શૂર સૈનિકોના સિંહનાદથી આખું વન ગાજી રહ્યું. પૃથ્વીરાજ છલંગ મારીને પોતાના અશ્વપરથી નીચે ઉતર્યો અને તેણે પોતાના કાકાને ઘેરી લીધા.કુમારના એકજ આઘાતથી સૂરજમલ પૃથ્વીપર તૂટી પડયા. આ સમયે સારંગદેવ તે ઉભયની વચ્ચે આવ્યો અને સૂરજમલને બચાવી લઇ પૃથ્વીરાજને કહેવા લાગ્યો: " આ સમયની એક મુક્કી પૂર્વના વીસ પ્રહારો કરતાં અધિક અસહ્ય છે." હવે સૂરજમલ બોલ્યો: " અને તે પણ મારા ભત્રીજાના હાથની પડે ત્યારે તો તે સૌથી અધિક અસહ્ય થઇ પડે." અસ્તુ ! તે દિવસે સૂરજમલની સાથે યુદ્ધ કરવામાં આવ્યું નહિ.પછી તેણે ધીમેથી પૃથ્વીરાજને કહ્યું:"બેટા ! જો હું માર્યો જઇશ તો કાંઇ હાનિ થવાની નથી;કારણ કે મારા પુત્રો રાજપૂત છે, તેઓ દેશમાં લૂંટફાટ કરીને પણ પોતાનો નિર્વાહ કરશે;પરંતુ તમે માર્યા જશો તો ચિતોડની દશા શી થશે? વળી મને તેથી કલંક લાગશે.પછી હું લોકોને મુખ શી રીતે બતાવીશ ? મને સદાની અપકીર્તિ લાગશે."

યુદ્ધ બંધ થયું. કાકાભત્રીજાએ પોતપોતાની તલવારો મ્યાન કરી.થોડી વારને માટે ઉભય શત્રુતા ભૂલી ગયા અને ઉભયે એકબીજાને દઢાલિંગન કર્યું. પછી પૃથ્વીરાજે સૂરજમલને કહ્યું: " કાકાજી ! હું આવ્યો ત્યારે તમે શું કરતા હતા ?"

સૂરજમલે સ્નેહપૂર્વક ઉત્તર આપ્યો: " બેટા ! બીજું શું કરતો હોઉં ? ભોજનાદિ કરીને અહીંતહીંની

વાતો કરી રહ્યો હતો."

પૃથ્વીરાજઃ— કાકાજી ! મારા જેવો શત્રુ માથાપર ભમતો હતો તોપણ તમે નિશ્ચિંત શી રીતે થઇ ગયા હતા ?

સૂરજમલઃ—બેટા ! તો પછી શું કરૂં ? તમે તો એકદમ મારો નાશ કરી નાખ્યો છે, તેથી હવે ગમે તેમ કરી મારા દિવસ નિર્ગમન કરૂં છું.

થોડીવાર સુધી ઉભય મૌન રહ્યા. સરદારો, સામંતો અને સૈનિકો વિશ્રાંતિ લેવાનો પ્રયત્ન કરવા લાગ્યા. થોડી વાર પછી પૃથ્વીરાજ બોલ્યાઃ "કાકાજી ! આ વનની નજીકમાં જે કાલિકાદેવી છે તેનો મહિમા ઘણો પ્રબળ છે, તેથી મેં કાલે પ્રાતઃકાળમાં ઉઠીને તેની પૂજા કરવાનો નિશ્ચય કર્યો છે.આપ મારી સાથે ચાલશો ? અથવા આપના પ્રતિનિધિતરિકે સારંગદેવને મોકલશો ?"

સૂરજમલે ક્ષણવાર વિચાર કરી નિષ્કપટભાવે પ્રત્યુત્તર આપ્યોઃ"મારૂં શરીર અત્યંત દુર્બળ છે, તેથી મારાથી આવી શકાય એમ નથી; તેટલા માટે આપ ખોટું લગાડશો નહિ. હું મારા પ્રતિનિધિતરિકે સારંગદેવને મોકલીશ." પૃથ્વીરાજે આ વાતનો સ્વીકાર કર્યો.પ્રાતઃકાળ થતાં સર્વ જણ પૂજાની તૈયારી કરીને કાલિકાદેવીના મંદિરમાં ગયા. કાલિકાદેવીને એક પાડાનો ભોગ આપવામાં આવ્યો અને એક બકરાનો ભોગ આપવાની તૈયારી થતી હતી, એવામાં પૃથ્વીરાજે ખડ્ગ લઇ સારંગદેવપર ઉગામ્યું. સારંગદેવની પાસે પણ તલવાર હતી.ઉભયની વચ્ચે દારુણ યુદ્ધ થવા લાગ્યું.ઉભયને ઘણા ઘાવ પડયા. અંતે પૃથ્વીરાજનો જય થયો અને સારંગદેવ પરાજિત થયો. પૃથ્વીરાજે તેનું મસ્તક કાપી કાલિકાને બલિદાન આપ્યું.પછી તેમણે સૂરજમલની પર્ણકુટી તોડી નાખી અને તેનો સર્વ અસબાબ લૂંટી લીધો. આ પછી તેમણે શીઘ્ર બાટોરનગરમાં જઇને ત્યાં પોતાનો ઝુંડો રોપ્યો.

હવે સૂરજમલના દુઃખની સીમા રહી નહિ.તે હવે હતાશ થયો. તેને પુષ્કળ સંકટો સહન કરવાં પડયાં હતાં; પરંતુ તેની કામના પૂર્ણ થઇ નહોતી. તેને ઇષ્ટમિત્રો, બાંધવો વગેરે સર્વનો પરિત્યાગ કરવો પડયો અને તે સદાને માટે રાજદ્રોહી કહેવાયો; તે છતાં પણ તેની આશા પૂર્ણ થઈ નહિ.પોતાના પ્રાણની રક્ષાનો કોઇ પણ ઉપાય નહિ જડવાથી સૂરજમલ સાદરી તરફ નાસી ગયો. ત્યાં પહોંચ્યા પછી તેના હૃદયમાં એક નવીન આશાનો સંચાર થયો. તેણે પ્રથમથી એવી પ્રતિજ્ઞા કરી હતી કે જો હું સ્વયં સાદરીની સંપત્તિ ભોગવી શકીશ નહિ તો તે એવા માણસોને આપી જઇશ કે જેની પાસેથી રાજા પણ તેને છીનવી લઇ શકે નહિ.હવે આ પ્રતિજ્ઞા તેણે પાળી અને બ્રાહ્મણો તથા ભટ્ટલોકોને સાદરી દાનમાં આપીને મેવાડની ભૂમિનો ત્યાગ કર્યો.[1] સૂરજમલ બનયલ નામના મહાવનમાં ફરતો હતો, તે વખતે તેણે એક વરૂને એક બકરીના બચ્ચાને લઇ જવાને ચેષ્ટા કરતો જોયો; પરંતુ ! બકરી તે બચ્ચાને મજબૂત રીતે પકડી રહી હતી, તેથી વરૂ તેને લઇ જઇ શકતો નહોતો.આ ઘટના જોતાંજ સૂરજમલને ચારિણીદેવીની સેવિકાએ કહેલી વાતનું સ્મરણ થયું. સૂરજમલને હવે લાગ્યું કે હું અહીંઆં રહીશ તો મારો અધિકાર કોઇ પણ છીનવી શકશે નહિ. આવો વિચાર કરી તે ત્યાંજ થોભી ગયા-અને ત્યાંના જંગલી માણસોને તાબે કરીને તે સ્થળે દેવલ નામનો કિલ્લો બંધાવ્યો.આ કિલ્લાની આસપાસનાં એક હજાર ગામો તેણે પોતાના અધિકારમાં લીધાં.આ પ્રકારે પ્રતાપગઢ દેવળની સ્થાપના થઇ હતી. કુમાર પૃથ્વીરાજ પાટનગરમાં ચાલ્યા આવ્યા. રાણા રાયમલ્લને હવે તે અત્યંત પ્રિય થઇ પડયા હતા.એક વખત પૃથ્વીરાજ મહારાણાને અત્યંત અપ્રિય થઈ પડયા હતા,પરંતુ હવે મહારાણા તેમનું મુખ જોઇને પ્રમુદિત થતા હતા. તેઓ પુત્રનું મુખ જોઇ સુખથી દિવસ નિર્ગમન

[1] હિંદુશાસ્ત્રમાં એવું વિધાન છે કે જે કોઇ બ્રાહ્મણની વસ્તુ છીનવી લે છે, તેને ૬૦,૦૦૦ વર્ષપર્યંત વિષ્ઠાના કીડા થઈને રહેવું પડે છે. ભાગવતમાં એવો ઉલ્લેખ છે કેઃ-

"स्वदत्तां परदत्तां वा ब्रह्मवृत्तिं हरेत्तु यः । षष्टिवर्षसहस्राणि विष्टायां जायते कृमिः ॥

સૂરજમલની અર્પણ કરેલી આ ભૂમિ ભિક્ષાજીવી બ્રાહ્મણોની ભિક્ષા માગવાની વૃત્તિથી ઉજ્જડ થઈ ગઈ છે; તેમાંની એકજ નગરી ૧૨૦૦૦ વીઘાં ફળદ્રૂપ જમીન ધરાવતી હતી; પરંતુ તે નષ્ટ થઇ ગઈ છે. આ પ્રકારની અજ્ઞાનતાથીજ હાલમાં મેવાડવાસીઓની આવી દુર્દશા થઈ રહી છે.

કરવા લાગ્યા; પરંતુ વિધાતાની વક્રદૃષ્ટિથી મહારાણા આ પ્રકારનું પુત્રસુખ ઝાઝા દિવસ ભોગવી શકયા નહિ. પૃથ્વીરાજ થોડા દિવસમાં કષ્ટનો ભોગ થઇ પડયા. પોતાના કાકા સૂરજમલના ઉપર વિજય પ્રાપ્ત કરીને કુમાર પૃથ્વીરાજ ચિતોડમાં આવ્યા અને ત્યાં તેમણે થોડા દિવસ વિશ્રાંતિ લીધી. પછી તેઓ પોતાના કમલમેર દુર્ગમાં ચાલ્યા ગયા. ત્યાં રહી તેઓ પોતાના જ્યેષ્ઠ બંધુની તપાસ કરવા લાગ્યા અને પોતાની પ્રાણપ્રિયા તારાની સાથે આનંદપૂર્વક દિવસ નિર્ગમન કરવા લાગ્યા.એક દિવસે કુમારને પોતાની ભગિનીના તરફથી એક પત્ર મળ્યો.તેમની ભગિનીને શિરોહીના રાજા [1]પાભૂરાયની સાથે પરણાવવામાં આવી હતી.આ પાભૂરાય કેફી વસ્તુનું સેવન પુષ્કળ કરતો હતો. તે પ્રતિદિન રાત્રિના સમયે મદ્ય અથવા અફીણનું સેવન કરીને મસ્ત થઇ આવતો અને પોતાની પત્નીને અનેક પ્રકારે સતાવતો. તે કોઇ વખત તેને ગાળ દેતો,કોઇ વખત માર મારતો અને કોઇ વખત આખી રાત ભૂમિપર સૂવાડી રાખતો.પુષ્પના જેવી સુકુમાર રાજકુમારીને આ દુઃખો અસહ્ય લાગ્યાં, પરંતુ ઉક્ત દુરાચારીને પોતાની પત્નીપર લેશ પણ દયા આવતી નહોતી. તે રાજપૂતબાળા તેને અનેક પ્રકારે નમ્ર વચનથી સમજાવતી,આજીજી કરતી અને કુમાર્ગેથી સુમાર્ગે લાવવાને પ્રયત્ન કરતી; પરંતુ તેના સર્વ પ્રયત્નો નિષ્ફળ થયા.આથી તેણે નિરૂપાયે પોતાના બંધુપર એક પત્રમાં આ સર્વ વૃત્તાંત લખી મોકલ્યું.

પૃથ્વીરાજે પોતાની ભગિનીનો પત્ર સાદ્યંત વાંચ્યો.આ પત્ર વાંચતાં તેમને પુષ્કળ ક્રોધ ચઢયો અને તેઓ ઉક્ત પાપીને દંડ આપવાને માટે શિરોહી તરફ ચાલ્યા. તેઓ રાત્રિના સમયે શિરોહીમાં પહોંચ્યા. પોતાના બનેવીના મહાલયની નિકટ જતાં તેમને જણાયું કે દરવાજો બંધ છે.આથી તેઓ દિવાલપર ચઢીને પોતાની ભગિનીના શયનમંદિરમાં ગયા; ત્યાં તેમણે પોતાની ભગિનીની દુર્દશા સ્વ-ચક્ષુથી જોઇ. તે સુકુમાર રાજકુમારી નીચે સૂતી હતી, તેને નિદ્રા આવતી નહોતી; મુખપર જરાપણ સુખ કિંવા આનંદનું ચિન્હ દૃષ્ટિગોચર થતું નહોતું અને આંખોમાંથી અશ્રુધારા ચાલી રહી હતી. જ્યારે પૃથ્વીરાજ તેની પાસે ગયા ત્યારે પોતાના બંધુને જોઇને તેનું હૈયું ભરાઈ આવ્યું, તેનો કંઠ રૂંધાઇ ગયો અને તે ડુસકે ડુસકે રોવા લાગી. પૃથ્વીરાજે તેના મનનું સાંત્વન કરી પોતાનું ખડ્ગ કાઢયું અને તે પાભૂરાયના ગળાપર મૂકયું; પરંતુ પતિવ્રતા રાજપૂતબાળા પોતાના બંધુના ચરણ પકડી રોતી રોતી બોલીઃ—"મારી એક યાચના સ્વીકારો. મને વિધવા ન કરો. મેં વિધવા થવાને માટે તમને બોલાવ્યા નથી." પાભૂરાય પણ ભયભીત થઇને નમ્રતાપૂર્વક પોતાના પ્રાણની ભિક્ષા માગવા લાગ્યો. પૃથ્વીરાજે પોતાના બનેવીને કહ્યુંઃ—"જો તમે મારી ભગિનીની મોજડીઓ તમારા મસ્તકપર ધારણ કરો તો હું તમને ક્ષમા કરીશ. જો તમે એને પગે પડો તો હું તમને માફ કરીશ." પાભૂરાયે તેમ કરવાનું કબૂલ કર્યું. પૃથ્વીરાજે તેમના સર્વ અપરાધો માફ કર્યા. પોતાના મનનો ઉદ્દેશ સફળ થવાથી અને પોતાની ભગિનીના દુઃખનો અંત આવવાથી તેમના આનંદનો પાર રહ્યો નહિ. પૃથ્વીરાજને લાગ્યું કે પાભૂરાય પોતાને થયેલું અપમાન ભૂલી ગયો હશે; પરંતુ આ ભ્રમ હતો. આ ભ્રમથીજ તેમનો પ્રાણ ગયો. પાભૂરાયનું કાપટ્ય તેઓ સમજી શકયા નહિ. પોતાનો બનેવી કપટી, કુટિલ અને વિશ્વાસઘાતી હશે એમ તેમણે ધાર્યું નહોતું. પાભૂરાયે પૃથ્વીરાજને પાંચ દિવસપર્યંત પોતાને ઘેર થોભવાનો આગ્રહ કર્યો અને પૃથ્વીરાજે પણ આનંદપૂર્વક તે માગણીનો સ્વીકાર કર્યો. પૃથ્વીરાજ આનંદપૂર્વક શિરોહીમાં પાંચ દિવસપર્યંત રહ્યા. છઠ્ઠો દિવસ થતાં પૃથ્વીરાજ પોતાની ભગિની અને પોતાના બનેવીની પાસેથી વિદાય લઇને કમલમેર તરફ ચાલ્યા. શિરોહીમાંથી નીકળતી વખત તેમના બનેવીએ તેમને કેટલાક લાડુ આપ્યા. પૃથ્વીરાજને કિંચિત્ પણ ખબર નહોતી કે આ પાપીએ લાડુમાં વિષ નાખ્યું છે. તેમને તે પ્રકારનો જરાપણ સંદેહ આવ્યો નહોતો, કમલમેરની નિકટ આવતાં તેમણે પોતાના બનેવીએ આપેલા લાડુમાંથી એક લાડુ ખાધો, તરતજ તેમનું મસ્તક ફરવા લાગ્યું. તેમના શરીરના સર્વ ભાગો શિથિલ થઈ ગયા. તેઓ મહાકષ્ટથી દેવીના મંદિર સુધી પહોંચ્યા; એ પછી તેમનાથી એક ડગલું પણ આગળ ભરી શકાયું નહિ. લાચાર થઈ તેઓ ત્યાંજ પડી રહ્યા અને તેમણે પોતાની પ્રાણપ્રિયાને આ વાતની ખબર કરવાને માટે એક માણસ મોકલ્યો; પરંતુ તેઓ તારાના મુખનું દર્શન કરી શકયા નહિ. તારા નગરમાંથી આવે તે પૂર્વે તેમણે સ્વર્ગારોહણ કર્યું. ભારતવર્ષનું એક પ્રકાશમાન નક્ષત્ર તૂટી પડીને

[1] ચોહાણવંશની દેવરાશાખામાં પાભૂરાયનો જન્મ થયો હતો. એને જયમલ્લ પણ કહેવામાં આવતો હતો.

મહાગંભીર સમુદ્રના નીરમાં ડૂબી ગયું. સર્વ માણસો તેમના મૃત્યુની વાત સાંભળી રોવા લાગ્યાં. જાણે ત્રૈલોક્યમાં હાહાકાર વર્તી રહ્યો હોય તેવો દેખાવ થઇ રહ્યો. પોતાના પ્રાણનાથને અચેત પડેલા જોઇને તારાને કેટલું દુઃખ થયું હશે, તેનું વર્ણન કોણ કરી શકે એમ છે? પૃથ્વીરાજના શબને હૃદયની સાથે દાબીને તે જીવતીજ ચિતામાં બળીને ભસ્મ થઈ.

રાણા રાયમલ્લના હૃદયને આ મહાવજ્રાઘાત થયો. જેનું મુખ જોઇને તેઓ સંગના ચાલ્યા જવાનું દુઃખ ભૂલી ગયા હતા તથા જયમલ્લના વધનો શોક વિસરી ગયા હતા અને જેની અતુલ વીરતાને તેઓ પોતાનું ગૌરવ માનતા હતા, તે પૃથ્વીરાજનું આ રીતે અકાળમૃત્યુ થયેલું જોઈ તેમનાપર જાણે આકાશ તૂટી પડ્યું હોય તેવું દુઃખ તેમને થયું. પુત્રના મૃત્યુનો શોક તેમનાથી સહન થઇ શક્યો નહિ અને તેઓ પણ પૃથ્વીરાજની પાછળ સ્વર્ગમાં ચાલ્યા ગયા. મેવાડના રાજ્યમાં મહા હાહાકાર વર્તી રહ્યો. પૃથ્વીરાજ અને રાણાના મૃત્યુને લીધે પ્રજાજનને અત્યંત શોક થયો અને તેઓ રાત્રિદિવસ વિલાપ કરવા લાગ્યા.

જો કે રાણા રાયમલ્લ પોતાના પૂર્વજોના જેટલા પરાક્રમી નહોતા, તે છતાં પણ તેમણે સારી કીર્તિ સંપાદન કરી હતી. મોટાં મોટાં કષ્ટો અને સંકટો સહન કરીને તેમણે પોતાની પ્રજાનું લાલન-પાલન કર્યું હતું અને પોતાના પૂર્વજોના ગૌરવનું રક્ષણ કર્યું હતું. આથી તેમને બુદ્ધિવાન અને ગુણ-નિધાન રાણા કહેવામાં કાંઇ હરકત નથી. તેમની પ્રજા તેમનાથી સંતુષ્ટ હતી અને તેમનાપર સંપૂર્ણ ભક્તિભાવ રાખતી હતી. આથીજ તેમના મૃત્યુથી સર્વને શોક થયો હતો.



# अध्याय ८ मो

રાણા સંગ્રામસિંહનું રાજ્યારોહણ–મુસલમાનોના રાજ્યનું વૃતાંત–મેવાડનું ગૌરવ–સંગ્રામસિંહનો વિજય–ભારતવર્ષપર બાબરનું આક્રમણ–દિલ્હીના પાદશાહનો બાબરદ્વારા પરાજય અને વધ–રાણા સંગ્રામસિંહપર બાબરનું આક્રમણ–કનૂઆસ્થાનનું યુદ્ધ–સંગ્રામસિંહનો પરાજય–સંગ્રામસિંહના મૃત્યુનું વર્ણન તથા તેમનું ચરિત્ર–રાણા રત્નનું રાજ્યપદારોહણ–તેમનું મૃત્યુ–રાણા વિક્રમાજિત–વિક્રમાજિતનું આચરણ-સરદારોની સાથે વૈર-ચિત્તોડપર માળવાના નવાબનું આક્રમણ-ચિત્તોડનો નાશ-જુહારવ્રત-મુસલમાનોએ ચિત્તોડમાં કરેલી મોટી લૂંટ–ચિત્તોડના રક્ષણને માટે હુમાયુનું આગમન–ચિત્તોડનો ઉદ્ધાર કરીને વિક્રમાજિતને પુન:રાજ્યપદપર આધષ્ઠિત કરવા–સરદારોદ્વારા વિક્રમાજિતનું પદભ્રષ્ટ થવું–વનવીરને રાણા બનાવવા–વિક્રમાજિતનો વધ.

સંવત ૧૫૬૫ (ઈ૦ સ૦ ૧૫૦૯)માં રાણા સંગ્રામસિંહ ચિતોડના સિંહાસનપર વિરાજમાન થયા. તેમની ઉત્તમ રાજનીતિથી મેવાડનું રાજ્ય ઉન્નતિના શિખરે ચઢ્યું હતું. ભટ્ટલોકોએ તે સંબંધે વર્ણન કરતાં લખ્યું છે કે:–"મહારાણા સંગ મેવાડની ઉન્નતિના સર્વોચ્ચ કલશ હતા;" પરંતુ અફસોસની વાત છે કે મેવાડરાજ્ય આ ઉન્નતિનો ઉપભોગ દીર્ઘકાળપર્યંત કરી શક્યું નહિ. રાણા સંગની સાથેજ આ ઉન્નતિનો અંત આવી ગયો. જો કે રાણા સંગ્રામસિંહના મૃત્યુ પછી મેવાડની ઉન્નતિનાં બે ચાર ચિન્હો દૃષ્ટિગોચર થયાં હતાં; પરંતુ તે અસ્ત પામતા સૂર્યનાં અંતિમ કિરણોની પેઠે માત્ર અલ્પ સમયપર્યંતજ રહ્યાં હતાં.

ઇંદ્રપુરીસમાન જે ઇંદ્રપ્રસ્થ નગરી પાંડવોની લીલાભૂમિ હતી, જ્યાં તુંવારવંશના રાજાઓએ દીર્ઘકાળપર્યંત અખંડ પ્રતાપસહિત રાજ્ય કર્યું હતું અને જે હિંદુ ચક્રવર્તી પૃથ્વીરાજ ચૌહાણની રાજધાની હતી તે નગરી વિધાતાની વક્રદૃષ્ટિથી ગિઝની, ઘોરી, ખિલજી અને લોદીવંશના યવનભૂપાલોના પ્રચંડ પદાઘાત સહન કરતી આવી છે, સમયના પરિવર્તનથી તે છિન્નભિન્ન થઇ ગઇ છે, તેના અનેક ટુકડા થઇ ગયા છે અને તેના આધકારમાં આવેલો પ્રદેશ નાનાં નાનાં રાજ્યોમાં વિભક્ત થઇ ગયો છે. આ સર્વ રાજ્યોના શાસનકર્તાઓ અત્યંત નિર્દય અને હિંદુઓના શત્રુઓ હતા; પરંતુ તેમનામાં કાંઇ બળ કે પરાક્રમ નહોતું; તેથી મેવાડના રાજાઓ તેમને લેશ પણ બિસાતમાં ગણતા નહોતા. આ સમયે દિલ્હી અને કાશીની વચ્ચેના પ્રદેશોમાં ચાર સ્વતંત્ર રાજ્યો સ્થાપિત થયાં હતાં;[1] પરંતુ સંગ્રામસિંહ તે

[1] દિલ્હી, બીના, કાલ્પી અને જાનપુર

રાજ્યોના શાસનકર્તાઓને રાજાતરિકે માનતા નહોતા, જ્યારે મેવાડમાં ગૃહકલહ ચાલતો હતો ત્યારે ગુજરાત અને માળવાના રાજાઓ ઇવ્રાહીમની સાથે મળી ગયા હતા; પરંતુ તેઓ મેવાડના રાજાને કાંઈ હાનિ કરી શક્યા નહોતા. જ્યારે વીરવર સંગ્રામસિંહે મેવાડના વીર પુત્રોને સંગ્રામભૂમિમાં મોકલ્યા ત્યારે ઉક્ત ઉભય નવાબો તેમની સામે ટકી શકયા નહોતા. રાણા સંગ્રામસિંહ તે વખતે ભારતના ચક્રવર્તી રાજા ગણાતા હતા. મારવાડ અને અંબર[1]ના રાજાઓએ તેમને ભેટ આપીને તથા તેમની પૂજા કરીને તેમનું ગૌરવ વધાર્યું હતું. ગ્વાલિયર, અજમેર, સિકરી, રાઇસીન, કાલ્પી, ચંદેરી, બુંદી, ગાગરૌન, રામપુર તથા આબુ આદિ પ્રદેશોના "રાવ" ઉપાધિધારી રાજાઓ તેમના માંડલિક બનીને તેમની સેવા કરતા હતા. વાસ્તવમાં મહારાણા સંગ્રામસિંહ મહાપ્રતાપી હતા. એંશીહજાર અશ્વારોહીઓ, ઉચ્ચશ્રેણીના સાત નૃપતિઓ, નવ રાવો અને 'રાવલ' તથા 'રાવત' ઉપાધિધારી ૧૦૪ સરદારો પાંચસેં રણોન્મત્ત હાથીઓની સાથે મહારાણા સંગ્રામસિંહને સહાય કરવાને આવ્યા હતા.

વિપત્તિના સમયમાં જેમણે મહારાણા સંગ્રામસિંહને સહાય કરી હતી, તેમને સંપત્તિના સમયમાં તેઓ ભૂલી ગયા નહોતા. તેમણે પોતાના સર્વ સહાયકોને કાંઇ ને કાંઇ પ્રત્યુપકાર કરીને પોતાની કૃતજ્ઞતા પ્રદર્શિત કરી હતી. તેમણે શ્રીનગરના કરમચંદને અજમેરમાં એક જાગીર આપી. આ કરમચંદને જગમલ નામનો એક પુત્ર હતો. ચંદેરીપર અધિકાર સ્થાપિત કરતી વખત જગમલે રાણાને સહાય કરી હતી. આથી રાણાએ તેને રાવની ઉપાધિ આપી હતી.

ગૃહકલહ ચાલતો હતો તે સમયમાં રાજ્યમાં પણ અશાંતિ ફેલાઇ રહી હતી. રાણા સંગ્રામસિંહ સિંહાસનપર બેઠા કે તરતજ પુનઃ શાંતિની સ્થાપના થઈ ગઇ અને સર્વ વિગ્રહોનો અંત આવ્યો. રાણા સંગ્રામસિંહ શૌર્યવાન અને સાહસિક નૃપતિ હતા, એમાં લેશ પણ સંદેહ નથી. કોઈ એમ કહે, કે જો તેઓ શૌર્યવાન પુરુષ હતા તો પોતાનો હક્ક છોડીને જંગલેજંગલ ભટકતા શામાટે ફર્યા? આ પ્રશ્નના ઉત્તરમાં માત્ર એટલુંજ કહી શકાય એમ છે કે આથી કાંઇ કાયરતા અથવા અસાહસિકતાનો પરિચય થતો નથી; પરંતુ એથી તો દૂરદર્શિતા, ધીરતા અને સહનશીલતાનો પરિચય થાય છે. જો તેઓ મેવાડની થનારી સ્થિતિનો વિચાર ન કરત, જો તેઓ આગળપાછળનો વિચાર કર્યા વિના કેવળ સ્વાર્થ સાધવાને પ્રકટ વિરોધ કરત તો નિઃસંદેહ મેવાડને મોટું નુકસાન થાત.

સંગ્રામસિંહ સમરવિશારદ નૃપ હતા. તેમણે પોતાના સૈનિકોને રણનીતિનું ઉત્તમ શિક્ષણ આપ્યું હતું. તેમણે પોતાના કેળવાયેલા સૈનિકોને સાથે લઇને બાબરની સાથે સંગ્રામ કર્યાપૂર્વે દિલ્લી અને માળવાના પાદશાહોની સાથે અઢારવાર યુદ્ધ કર્યું હતું અને તેમને સર્વ સંગ્રામમાં જય મળ્યો હતો. દિલ્લીનો ઇબ્રાહીમલોદી મહારાણાની સાથે બે વાર લડયો હતો; પરંતુ તેણે બન્નેવાર મહારાણાના ભીષણ પરાક્રમની આગળ પોતાનું મસ્તક અવનત કર્યું હતું; વિશેષતઃ અંતિમવાર થયેલા ઘાટોલી આગળના સંગ્રામમાં મુસલમાનોનો એવો સખ્ત પરાજય થયો હતો કે માત્ર એકાદ બે સૈનિકોજ રણમાંથી જીવ બચાવીને નાસી છૂટયા હતા. પાદશાહના એક આપ્તને પણ આ વખતે સંગ્રામસિંહ કેદ કરી લાવ્યા હતા. આ વખતે મેવાડરાજ્યની સીમા ઘણે દૂર સુધી ફેલાઇ ગઇ હતી. ઉત્તરમાં વીના[2] પ્રાંતમાં વહેતી પીલખાલ, પૂર્વમાં સિંધુ નદી, દક્ષિણે માળવા અને પશ્ચિમમાં મેવાડની નિબિડ અને દુર્ગમશૈલમાળાસુધી મેવાડરાજ્યનો વિસ્તાર હતો. આ પ્રકારે આ વિસ્તૃત દેશનું શાસન સંગ્રામસિંહ કરતા હતા. વિશાળ રાજસ્થાનના મોટા ભાગ મેવાડના સિંહાસનપર તેઓ વિરાજમાન થઇને સ્વદેશી અને સ્વજાતિના રાજાઓની પૂજા સ્વીકારી પ્રતિષ્ઠાની સર્વોચ્ચ પંક્તિએ પહોંચ્યા હતા; એટલામાં યવનવીર બાબરનો ભયંકર સિંહનાદ ભારતવર્ષના પશ્ચિમદ્વારપર સંભળાયો. આ ભયંકર સિંહનાદ સાંભળતાંનીસાથે ભારતવર્ષ કંપાયમાન થઈ ગયો. જો વીરવર બાબર પોતાની સાથે અક્ષુ અને ઝક્ષરતીસના કિનારાપર

૧ આ સ્થળે અંબરના જે રાજાનું વર્ણન છે તેનું નામ પૃથ્વીરાજ હતું. અદ્યાપિ અંબરના રાજાઓને રાવ કહેવામાં આવે છે. પૃથ્વીરાજના બાર પુત્રોદ્વારા (કછવાહાકુળનાં) બાર ગોત્રો ઉત્પન્ન થયાં. મોગલપાદશાહ હુમાયુના સમયથી કછવાહા લોકોને રાજસભામાં માનપાન મળવા લાગ્યું.

૨ આગ્રાથી પાંચ માઈલ દક્ષિણે વીના વસેલું છે.

રહેતા ભયંકર ઉસ્બેક[1] અને તાતારલોકોની સેના લઇને હિંદુસ્થાનમાં આવ્યો ન હોત અને ભારતના ક્ષણુજીવી નૃપો તેની પતાકા નીચે એકત્રિત થયા ન હોત તો આજે ભારતના શાસનનો ભાર કોણુ જાણે કોના હાથમાં હોત! જો દેશદ્રોહી રાજાઓ તેને સહાય ન કરત તો ભારતવર્ષનો રાજમુકુટ પુનઃ હિંદુઓના મસ્તકપર મૂકવામાં આવત. ભારતની વિજયવૈજયંતી ઇંદ્રપ્રસ્થથી ઉતરી ચિતોડના ઉચ્ચ દુર્ગપર ફરકતી હોત; પરંતુ હતભાગી ભારતસંતાનોનાં ભાગ્યમાં આ સુખ લખેલું નહોતું.

એશિયાના મધ્યભાગમાં વસતા લોકો અનાદિથી ભારતવર્ષના વૈરી છે. તેઓ સદા આ દેશને અત્યંત હાનિ કરતા આવ્યા છે. તેમણે ભારતવર્ષને કરેલી હાનિનાં પ્રમાણો ભારતવર્ષના ઇતિહાસમાં વિદ્યમાન છે. આ ઉપરથી એક વાત સિદ્ધ થાય છે કે ભારતવર્ષમાં કદિપણ ઉત્તમ પ્રકારે ઐકય થયું નથી. માંહોમાંહે વિગ્રહ ચાલતા હોવાથી અનેક નાનાં નાનાં રાજ્યો સ્થપાઇ ગયાં. કોઇ કોઇ વખત યવનોનાં રાજ્યોએ એકબીજાને સહાય કરી છે અને વિદેશીલોકોના આક્રમણથી એક રાજ્યની રક્ષા કરવાને માટે બીજા રાજ્યે ખડ્ગ ધારણ કર્યાં છે. સિંકદરે હિંદુસ્થાનપર આક્રમણ કર્યું ત્યારે પણ આ પ્રકારના ઐકયનું ઉદાહરણ દૃષ્ટિગોચર થયું હતું. જ્યારે ઉક્ત મહાવીર ભારતવર્ષપર ચઢી આવ્યો હતો તે વખતે એકલા પંજાબમાંજ અનેક નાનાં નાનાં રાજ્યો હતાં અને અનેક સ્થળે પ્રજા તંત્રપ્રણાલી પ્રચલિત હતી. સિકંદરની પછી ઇરાનવાસીઓ ભારતવર્ષપર ચઢી આવ્યા હતા. એમ કહેવાય છે કે દારાયુએ પોતાના અધિકારનીચેના સર્વ દેશોમાં ભારતવર્ષનેજ ઉત્તમ અને દ્રવ્યવાન દેશ માન્યો હતો. આ પ્રકારે તક્ષક, જિત, પારદ, હૂન, કાતિ, ગ્રીક, યૂનાની, તાતારી, ઘોરી અને ચકતઇ, વિગેરે બળવાન લોકો ક્રમશઃ પ્રચંડ સેના લઇને વારંવાર ભારતવર્ષપર ચઢી આવતા હતા અને ભારતના ધનરત્નને લૂંટીને ચાલ્યા જતા હતા.

એક જાતિ ભયંકરસેના લઇને ભારતવર્ષપર ચઢી આવતી, થોડા સમયપર્યંત આ દેશમાં રાજ્ય કરતી અને પછી કોણ જાણે કયાં ચાલી જતી; પરંતુ રાણા સંગ્રામસિંહના પ્રબળ શત્રુ વીરવર બાબરે હિંદુસ્થાનને પરતંત્રતાની જે બેડી પહેરાવી તે દીર્ઘકાળપર્યંત રહી. એ પછી બ્રિટનવીરોએ આવીને મીર, પારદ તથા તાતારલોકોની સલ્તનતને અસ્તવ્યસ્ત કરી નાખી, તેથી હવે ભારતની ઉન્નતિની આશા રાખી શકાય છે. સદા કોઇના દિવસો એકસરખા રહેતા નથી. સુખની પછી દુઃખ અને દુઃખની પછી સુખ આવવું એ કુદરતનો નિયમ છે. આ નિયમાનુસાર જગતનાં બીજાં અનેક રાજ્યો હીન દશાએ પહોંચી ગયાં છે. કેટલાંક પુનઃ ઉન્નતિ પ્રાપ્ત કરતાં જાય છે અને કેટલાંક ઘોર નિશામાં ડૂબી રહ્યાં છે; પરંતુ અન્ય સર્વ દેશોની સાથે ભારતવર્ષની તુલના કરવામાં આવે તો ભારતવર્ષની એક વિશેષતા દૃષ્ટિગોચર થાય છે. અન્ય દેશોમાં વિજાતીય અને વિધર્મી વિજેતાઓ અને શાસનકર્તાઓના કઠોર અત્યાચારથી મૂળ પ્રજાના ધર્મો પણ વિનષ્ટ થઇ ગયા છે અને તેની પ્રાચીન જાતિનો નાશ થઇને અનેક સંકર જાતિઓ ઉત્પન્ન થઇ છે, તેના પૂર્વજોનાં નામો ઇતિહાસનાં પૃષ્ઠોપરથી ભુંસાઇ ગયાં છે; પરંતુ પૃથ્વીના આ ભાગમાં ભાગીરથીના પવિત્ર જળથી ધોવાતા આ પવિત્ર ભારતવર્ષમાં કાંઇ બીજીજ વસ્તુસ્થિતિ જોવામાં આવે છે. ભારતવર્ષે વિજાતીય અને વિધર્મી લોકોના જેટલા પાદપ્રહાર સહન કર્યા છે તેટલા અન્ય કોઇ પણ દેશે સહન કર્યા નહિ હોય; તથાપિ તેનાં ધર્મ અને રાજનીતિ અદ્યાપિ અવિકૃતજ રહ્યાં છે. ભારતના રાજપૂતવીરગણોએ અગણિત કષ્ટો સહન કરીને, કઠોર દાસત્વ સહન કરીને આજપર્યંત પોતાનો ધર્મ સાચવી રાખ્યો છે. તેમણે અદ્યાપિ પોતાના પ્રાચીન આચારવિચારોને તિલાંજલિ આપી નથી. જે સમયે મહાવીર સિકંદર ભારતવર્ષપર ચઢી આવ્યો હતો તે સમયને આજે બેહજાર વર્ષો વ્યતીત થઇ ગયાં છે; તે છતાં પણ તે સમયે ભારતવર્ષમાં જે ધર્મ, જે આચારવિચાર અને જે રીતિનીતિનો પ્રચાર હતો, તેજ અદ્યાપિ પ્રચલિત છે. આ રક્ષકનીતિ છે કે નહિ તેની મીમાંસા વિજ્ઞાન કરી લેશે.

---

૧ ઉસ્બેક લોકો સંકર જાતિ છે. તુર્ક, મોગલ તથા ફિનિક વગેરે અનેક મુસલમાનજાતિઓના મિશ્રણથી ઉસ્બેકોની ઉત્પત્તિ થઈ છે. આ લોકો દેખાવમાં તુર્કના જેવા જણાય છે. પૂર્વે તેમણે સાઇબિરિયાના એક મોટા ભાગપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો. હાલમાં આ લોકો અકસસ નદીના કિનારાપર વસે છે. ઇ૦ સ૦ ૧૩૪૦ માં આ લોકો પોતાના સરદાર ઉસ્બેકખાંની સાથે મુસલમાન થઇ ગયા. ઘણા લોકો એવું અનુમાન કરે છે કે ઉસ્બેકખાંથીજ એમને ઉસ્બેક નામ પ્રાપ્ત થયું હતું.

ભવિષ્યપુરાણમાં ભારતના દુર્ભાગ્યનું વર્ણન આ પ્રમાણે છે:-"સૂર્ય તથા ચંદ્રવંશના પ્રાચીન વૈરી તક્ષકલોકો તથા યવનો અને બીજા અનાર્ય લોકો ભારતવર્ષના શાસનકર્તા થશે." શાકદ્વીપના



બાબર

અક્ષુ અને જક્ષરતીસ નદીઓના કિનારાપર વસતા, પુરાણમાં વર્ણવેલા તક્ષકલોકોના વંશજ બાબરે આ ભવિષ્યવાણી પૂર્ણ કરી. તે પ્રથમ ફરગનાના[1] રાજ્યનો શાસનકર્તા હતો. તેનું રાજ્ય જક્ષરતીસ નદીના બન્ને તટપર હતું. આ અતિ ઉત્તમ સ્થાન છે. અહીંઆં જિતલોકોની તૈમીરીનામની રાણી રહેતી હતી. આ સ્થળે અનેક મહાવીરોએ જન્મ લીધો હતો. ભારતવર્ષના વાયવ્ય કોણમાં આવેલા ભાગમાં એક વખત તેમનીજ વિજય-પતાકા ઉડતી હતી અને એક વખત તેમનીજ તલવારથી યૂરોપ તથા એશિયા કંપાયમાન થઇ ગયાં હતાં. તેઓ પોતાનું મૂળ સ્થાન છોડીને ચારે તરફ ફેલાઇ ગયા હતા. એક વખત આ જિતલોકોએ એટિલા, એલારિક ઇત્યાદિ વીરોના પ્રચંડ પરાક્રમથી ભૂમધ્યસમુદ્રના સર્વ દેશોને કંપાયમાન કરી મૂકયા હતા. આ વીરોના શૌર્યનો વિચાર કરવાથી આપોઆપ એ દેશના મહિમાનું જ્ઞાન થઇ જાય છે. આ દેશોમાંથી ઘણા વીરલોકો જનસંખ્યાના બાહુલ્યથીવા રાજ્યલોભથી યૂરોપ અને એશિયામાં ફેલાઇ ગયા હતા. આ વખતે ભાગ્ય તેમને અત્યંત અનુકૂળ થયું. બાબર ૨૦૦૦ અનુચરોને લઇને ભારતવર્ષપર ચઢી આવ્યો અને ભાગ્યના બળથી તેણે પાંડવોના સિંહાસનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો.

પાદશાહ બાબરે સંગ્રામસિંહના જેવોજ અનુભવ મેળવ્યો હતો. રાજપૂતવીર સંગની પેઠે તે પણ સદા મુશીબતમાં રહ્યો હતો અને તે પણ વિપત્તિના વિદ્યાલયમાં રાણાની પેઠે પરિણામદર્શિતાનો પાઠ શીખ્યો હતો. ઉભયનું જીવન અનેક પ્રકારનાં સાહસોમાં વ્યતીત થયું હતું. બાબરે સંગની પેઠે કદિ પણ પોતાની બહાદુરી વા તેજસ્વિતાપર વિશ્વાસ રાખીને પોતાના પ્રાણને વિપત્તિમાં નાખ્યો નહોતો. તે હમેશાં દીર્ઘદૃષ્ટિથી કાર્ય કરતો હતો. ઇ૦ સ૦ ૧૪૯૪ માં બાબર ફરગનાની ગાદીપર બેઠો. આ વખતે પાદશાહની ઉંમર કેવળ બાર વર્ષનીજ હતી. આ નાની ઉંમરથીજ તેની વીરતાનાં લક્ષણો દૃષ્ટિગોચર થવા લાગ્યાં હતાં. ગાદીપર બેઠા પછી ચાર વર્ષબાદ તેણે અનેક પાદશાહોને જીત્યા અને ત્યાર પછી તેણે સમરકંદ તાબે કર્યું. તત્પશ્ચાત્ બે વર્ષ પછી સમરકંદ તેના અધિકારમાંથી જતું રહ્યું; પરંતુ તેણે અત્યંત પરિશ્રમ કરી પુનઃ તેને પોતાના કબજામાં લીધું. આ પ્રકારે સંપદ્‌વિપદ્ અને જયાજયનું અપૂર્વ મિશ્રણ બાબરના જીવનમાં થયું હતું. તે કદિ અક્ષુ નદીના કિનારાપર વસેલા દેશોમાં રાજ્ય કરતો અને કદિ ત્યાંથી પલાયન કરી આમતેમ રખડતો. કદિ જીતતો તો કદિ પરાજિત થઇને પોતાના પ્રાણનું રક્ષણ કરવાને માટે કોઇ દૂરના દેશમાં નાસી જતો. કોઇ કોઈ વખત તેને પોતાની કામના પરિપૂર્ણ કરવાને માટે ખડ્ગ ધારણ કરીને શત્રુઓની સાથે એકલાજ લડવું પડતું અને કોઇ કોઇ વખત પરાજય, તાડન તથા પીડા પામીને તે કોઇ પણ સહાયવિના એકલો અહીંતહીં ભ્રમણ કર્યા કરતો હતો. બાબરે એક વખતે શત્રુપક્ષના પાંચ પહેલવાનોને એકસાથે મારી નાખ્યા હતા; પરંતુ જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ તેના શત્રુઓ પ્રબળ થતા ગયા. જ્યારે તેને જીવનરક્ષાના અન્ય કોઇ ઉપાયની સૂઝ નહિ પડી ત્યારે તેણે ફરગનાનો ત્યાગ કર્યો અને હિંદુકુશની શૈલમાળા ઓળંગી ઇ૦ સ૦ ૧૫૧૯માં તે સિંધુ નદીને આ પાર આવ્યો. પછી તેણે જેમ તેમ કરીને પંજાબ અને કાબૂલની વચ્ચે સાત વર્ષ વ્યતીત કર્યા. આ અરસામાં તે પોતાની ઉન્નતિના ઉપાયો યોજ્યાજ કરતો હતો. ઉદ્યોગી અને સાહસિક પુરુષો હજારો કષ્ટ સહન કરીને પણ સૌભાગ્યલક્ષ્મીને પ્રાપ્ત કરે છે. જે માણસ એક વિસ્તૃતરાજ્યનો શાસનકર્તા હતો, જેની

૧ હાલમાં આ પ્રદેશને કોકન કહેવામાં આવે છે. આ પ્રદેશ જક્ષરતીસ નદીને કિનારે આવેલો છે.

આજ્ઞા સાંભળી હજારો માણસો પ્રાણાર્પણ કરવાને તૈયાર થઇ જતા હતા, તે આજે ઘરબારવગરનો, પીડિત તથા દુઃખિત બની દેશવિદેશમાં ટકાનો ત્રણશેર થઇને ફરતો હતો, કોઇ તેનો ભાવ પૂછતું નહોતું; પરંતુ એક ક્ષણવાર પણ તેણે ધૈર્ય અને સાહસને તિલાંજલિ આપી નહોતી, તેમ તે પોતાનો મૂળમંત્ર પણ ભૂલી ગયો નહોતો. અંતે તે દિલ્હીના પાદશાહ ઇબ્રાહીમલોદીપર ચઢી આવ્યો. સૌભાગ્યલક્ષ્મીએ પ્રસન્ન થઇ તેના શિરપર વિજયમુકુટ પહેરાવ્યો. સંગ્રામમાં ઇબ્રાહીમ માર્યો ગયો, તેની સેના નાસી ગઇ અને દિલ્લી તથા આગ્રાના નાગરિકોએ નગરના દરવાજા ખોલી તેનો આદરસત્કાર કર્યો. કરુણાનિધાન ભગવાનના આ અનુગ્રહથી બાબરને આશ્ચર્ય ઉત્પન્ન થયું અને તે કૃતજ્ઞતાપૂર્ણ, ભક્તિયુક્ત હૃદયથી કહેવા લાગ્યોઃ–"હે જગદીશ્વર ! આ મારો જય નથી, પરંતુ તારોજ જય છે, તારી અપાર કરુણાનો જય છે.[1]"

દિલ્હીપર વિજય પ્રાપ્ત કર્યા પછી એક વર્ષ બાદ બાબરે પોતાની વિજયી સેનાને મહારાણા સંગ્રામસિંહની સાથે યુદ્ધ કરવાને મોકલી. આ વખતે તેને સમાન વીરની સાથે યુદ્ધ કરવાનું હતું. આજપર્યંત તેણે જેના ઉપર પોતાનું ખડ્ગ ઉગામ્યું હતું તે સર્વ મહારાણા સંગ્રામસિંહની આગળ તુચ્છ હતા; તેના તે પૂર્વશત્રુઓને વીર કહેવા ઉચિત નથી. બાબર જેવો શૌર્યવાન હતો તેવાજ તેના સૈનિકો પણ હતા. મેચાચલપ્રદેશના પરાક્રમી તાતારો તેના સહાયક હતા; તે છતાં પણ આર્યવીર સંગ્રામસિંહના ભયંકર પરાક્રમથી તેઓ નાશ પામવાની અણીપર આવી પડયા હતા. બાબર હતાશ થયો. તેની સેના નિરાશ થઈ ગઇ. બાબરે વારંવાર તેને ઉત્સાહિત અને ઉત્તેજિત કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તે નિષ્ફળ થયો. અંતે તેને પોતાના સૈનિકોને ઉત્સાહિત કરવામાં જે સફળતા મળી તે બળ વા ચાતુર્યથી મળી નહોતી; પરંતુ એક ભારતવાસી, વિશ્વાસઘાતી, પાપી નરાધમનીજ સહાયથી તેને તે કામમાં સફળતા પ્રાપ્ત થઇ હતી. જો ઉક્ત ભારતવાસીએ તેને સહાય કરી ન હોત તો બાબરને પોતાની સેનાની સાથે પીત તરંગિણીના[2] તટપર સમરભૂમિમાં શયન કરવું પડત અને તેનું મુકુટશોભિત મસ્તક શૃંગાલ તથા શ્વાનની અડફટમાં અથડાત. આ વખતે તેના સૈનિકો એવા ઉદાસ અને નિરાશ થઇ ગયા હતા કે બાબરે પોતાના ગ્રંથમાં આ પ્રસંગવિષે લખતાં જણાવ્યું છે કેઃ–"આ સંકટના સમયમાં એક પણ માણસ મર્દાનીની વાત કહીને સાહસ તથા શૌર્ય ઉત્પન્ન કરે એવો નહોતો."

ચિતોડનાથ રાણા સંગ્રામસિંહનું બળ રોકવાને માટે બાબર આગ્રા છોડી પોતાની સેના લઇ સિકરી તરફ ચાલ્યો.[3] આ તરફ રાજપૂતકુલશિરોમણિ વીરચૂડામણિ મહારાણા સંગ્રામસિંહ પણ પોતાની સેના લઇ બાબરની સામે ચાલ્યા. રાજસ્થાનના પ્રાયઃ સર્વ રાજાઓ મહારાણાને સહાય કરવાને માટે તેમની પતાકાનીચે એકત્રિત થયા હતા. સંવત ૧૫૮૪ ( ઇ૦ સ૦ ૧૫૨૮ ) ના કાર્તિક વદ ૫ ને દિવસે[4] રાણા કનવા તથા વિયાના નામના સ્થાન આગળ બાબરની સામે થયા. આ વખતે બાબરના ૧૫૦૦ તાતારો તેમની સામે લડયા. રાણાએ આ સર્વ સૈનિકોનો સંહાર કર્યો. જે બે ચાર મુસલમાનો બચ્યા હતા, તેમણે જઇને બાબરની મુખ્ય સેનાને આ સર્વ વર્તમાન પહોંચાડયા. આ સમાચાર સાંભળી બાબરના સર્વ સૈનિકો ઉત્સાહહીન થઇ ગયા. તેઓ પોતાની છાવણીની ચારે તરફ ખાઇ ખોદીને સશંક અવસ્થામાં કાળ નિર્ગમન કરવા લાગ્યા. આ સાહસહીન તથા ધૈર્યહીન દલને સહાય કરવાને માટે બીજી સેના આવી, તે પણ સંગ્રામસિંહની પ્રચંડ સેનાને રોકવાને અસમર્થ નિવડી અને પોતાની છાવણી તરફ નાસી ગઇ. વિજયી રાજપૂતોએ આ નાસતી સેનાની પૂંઠ પકડી અને અનેક સૈનિ-

---

૧ મહાશય આર્સ્કિને બાબરના જીવનચરિત્રનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. અંગ્રેજો અતિ પ્રેમથી આ પુસ્તક વાંચે છે.

૨ પીતતરંગિણી, પીલીખાલ વા પીલુ નદી વિયાનાની નિકટ વહે છે. બાબરે આ નદીને કિનારેજ પોતાની છાવણી નાખી હતી.

૩ હાલમાં એને ફતેપુરસિક્રી કહે છે. એ નગર આગ્રાથી દશ કોશના અંતરપર આવેલું છે. એની પાસેના કનવા નામના સ્થાનપર રાણા સંગ્રામસિંહની સાથે બાબરે ઘોર સંગ્રામ કર્યો હતો. આ સમરને ફતેપુરસિક્રીના યુદ્ધના નામથી ઓળખવામાં આવે છે.

૪ બાબરના જીવનચરિત્રમાં એવો ઉલ્લેખ છે કે કનવાનું યુદ્ધ ઇ૦ સ૦ ૧૫૨૭ ના જાન્યુઆરીની ૧૧ મી તારિખે થયું હતું.

કોને પકડીને મારી નાખ્યા. બાબર ઘોર સંકટમાં આવી પડયો; પરંતુ ક્ષણભર પણ તેનો ઉત્સાહ નષ્ટ થયો નહિ. બાલ્યાવસ્થાથી કષ્ટો સહન કરી કરીને તેને સહનશીલતા ધારણ કરવાનો અભ્યાસ પડી ગયો હતો અને તેનો પ્રમાદ પણ નાસી ગયો હતો. આ વખતે તે વિપત્તિમાંથી બચવાને માટે સહનશીલતા ધારણ કરી ઉપાય શોધવા લાગ્યો.બાબરે પોતાની છાવણીની ચારે તરફ મોટા મોટા બંધ બંધાવ્યા અને તેની સાથે પોતાની તોપો ગોઠવી દીધી; પરંતુ આ ઉપાયથી પણ તેને કાંઈ લાભ થયો નહિ. તે જે જે તરફ દૃષ્ટિ ફેંકતો હતો તે તે તરફ તેને વિપત્તિજ દૃષ્ટિગોચર થતી હતી. તેને સર્વત્ર વીરકેસરી સંગ્રામસિંહની ભયંકર ભ્રૂકુટી દેખાવા લાગી. તે સમયે એક તાતારજ્યોતિષીએ બાબરને જણાવ્યું કે :-" મંગલનો ગ્રહ પશ્ચિમમાં છે,તેથી જે લોકો પૂર્વમાંથી આવીને યુદ્ધ કરે તે પરાજિત થાય એવો યોગ છે." આથી બાબરને મહા ચિંતા થવા લાગી. તેણે ધાર્યું કે:" કદાચ જ્યોતિષીની વાત સત્ય પણ હોય. કદાચ આપણો પરાજય પણ થાય." ઉક્ત જ્યોતિષીની ભવિષ્યવાણીવિષે તે જેમ જેમ અધિક વિચાર કરવા લાગ્યો તેમ તેમ તેને અધિક દુઃખ થવા લાગ્યું.આહા ! કયાં તેનું ફરગના અને કયાં દિલ્લી ! અને હજી પણ તેની આશા મોટી હતી ! પરંતુ આ સમયે શું તેની આશા પરિપૂર્ણ થશે ? અથવા શું તેનો સર્વ પરિશ્રમ અને યત્ન નિષ્ફળ થશે ? બાબર કોઇ પણ પ્રકારે સંગ્રામસિંહના પ્રચંડ બળને રોકી શકયો નહિ,તે કોઇ પણ રીતે પોતાના સૈનિકોના હૃદયમાં ઉત્સાહ ઉત્પન્ન કરી શકયો નહિ. તેને પોતાના મનમાં અત્યંત દુઃખ થયું. તે મનમાં ને મનમાં મુંઝાવા લાગ્યો.આ પ્રકારે ચિંતામાં ને ચિંતામાં પંદર દિવસ વ્યતીત થઇ ગયા;પરંતુ તેને કોઈ પણ ઉપાય જડયો નહિ.હવે બાબર માનવીનો તુચ્છ આશ્રય છોડીને ઇશ્વરઉપર શ્રદ્ધા રાખી પોતાનાં પાપો ક્ષમા કરવાને માટે ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો. બાબરે પોતાના પ્રાયશ્ચિત્તનું વિસ્તૃત વૃત્તાંત પોતાના જીવનચરિત્રમાં ઉત્તમ પ્રકારે લખ્યું છે.

પ્રાયશ્ચિત્ત થયા પછી બાબરને લાગ્યું કે,હવે મારો મનોરથ સિદ્ધ થશે એમાં લેશ પણ શંકા નથી; પરંતુ તેનાં કાર્યથી પ્રથમ તો તેના ધાર્યા કરતાં વિપરીત પરિણામ આવ્યું. " હવે હું શરાબનું સેવન કરીશ નહિ " એવી પ્રતિજ્ઞા કરીને તેણે મદ્યના સર્વ શીશાઓ ઢોળાવી નાખ્યા,તેથી તો તેના સૈનિકોનો રહ્યો સહ્યો ઉત્સાહ પણ જતો રહ્યો. યવનસૈનિકો સંગ્રામ કરવાને કોઈ પણ પ્રકારે ખુશી નહોતા. ત્યારે બાબરે પોતાના સર્વ સૈનિકોને ધર્મભાવ (જિહાદ) થી ઉત્તેજિત કરવાની ચેષ્ટા કરી.જો કે તેમનાં હૃદયો નિરાશાના ઘોર અંધકારથી આવૃત હતાં, તથાપિ બાબરે વીરોચિત શૌર્ય તથા ઉત્સાહથી એક તેજસ્વી ભાષણ આપ્યું તેથી સૈનિકો કેટલેક અંશે ઉત્તેજિત બન્યા.જ્યારે બાબરની ખાત્રી થઇ કે હવે કાંઇક સફળતા મળી શકશે ત્યારે તેણે પ્રત્યેક યવનવીરના હાથમાં કુરાન આપીને ગંભીરસ્વરે કહ્યું:-" પ્રતિજ્ઞા કરો, કુરાનને સ્પર્શ કરી ખુદાનું નામ લઇ કસમ ખાઓ કે, યા તો ફતેહ કરીશું,નહિ તો આ જંગમાં અમારા પ્રાણ આપી દઇશું." આ વચનો સાંભળી સર્વનાં હૃદય ઉત્સાહિત થયાં.સર્વ યવનવીરો બાબરની આજ્ઞા માન્ય કરી ભયંકર સિંહનાદ કરવા લાગ્યા.સેનાનો ઉત્સાહ જોઇને બાબરે શીઘ્ર પોતાની છાવણી ઉઠાવી અને લેશ પણ વિલંબ કર્યા વિના પોતાની સેનાની સાથે એક કોશ સુધી આગળ ચાલ્યો ગયો. રાજપૂતોનાં ઝુંડનાં ઝુંડ યવનોપર તૂટી પડયાં.

બાબરને નિરુપાયે તેજ સ્થળે પોતાની છાવણી નાખવી પડી;પરંતુ સીમાદંડ[1]ની પાસે તોપો રહેવાથી

---

૧ સીમા નિશ્ચિત કરવાને માટે છાવણીની ચારે તરફ જે કાષ્ઠના દંડા જમીનમાં ઠોકવામાં આવે છે તેને સીમાદંડ કહેવામાં આવે છે.

બાબરે પોતાના જીવનચરિત્રમાં લખ્યું છે કઃ-" હીજરી સન ૯૩૩ ના પહેલા જમાદીની તેરમી તારીખ અને સોમવારને દિવસે અશ્વારૂઢ થઇ હું મારી ફોજ જોવાને ગયો. માર્ગમાં મને ઘણી ચિંતા થઈ. હું પ્રતિજ્ઞા કરી ચૂકયો હતો કે પ્રતિકૂળ કાર્યમાં હું કદિ પણ હાથ ઘાલીશ નહિ અને મારાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરીશ. આ પ્રતિજ્ઞાનું પાલન આજપર્યંત થઈ શક્યું નથી." આ ઉપરાંત તેણે જે લખ્યું છે તેનો ભાવાર્થ એ છે કઃ-" હે દિલ ! તું ક્યાંસુધી પાપનિમગ્ન રહેશે ? પશ્ચાત્તાપ કડુ નથી; તેનો આસ્વાદ લે. હે મૂર્ખ ! તું પાપમાં પડીને કેટલો નિકૃષ્ટ થઈ ગયો છે ! એમાં તેં શું સાર કાઢયો ? કેટલા દિવસ સુધી તું ઐશ્વર્યનો દાસ બની રહ્યો ? તારા જીવનનો કેટલો સમય વ્યર્થ ગયો ? હવે તારે ધર્મમાર્ગપર ચાલવું જોઇએ, કે જેથી મરણ પછી તને શીઘ્ર મુક્તિ મળે મોક્ષ પ્રાપ્ત

છાવણીની ચારે તરફ શત્રુઓનો પ્રતિરોધ કરવાને માટે કાંઈ સાધન રહ્યાં નહિ.આથી બાબરને ઘણી અગવડ નડી અને તેને ખટકો પણ ઘણો રહ્યો; પરંતુ બાબરના ગ્રહ સારા હતા તેથી સંગ્રામસંહે તે વખતે તેનાપર આક્રમણ કર્યું નહિ. વિપત્તિમાં પડેલા શત્રુને ઘેરી લેવો એ સંગ્રામસિંહના જેવા રણ-

કરવાને માટે જે માણસ પોતાના જીવનનો ભોગ આપે છે, તેજ મહાન છે અને તેને મુક્તિ સહજ મળે છે; માટે હે મૂર્ખ મન ! તેને પ્રાપ્ત કરવાને માટે સર્વ ખરાબ ભોગવિલાસ અને સર્વ ખરાબ વાસનાઓનો ત્યાગ કર. તારાં સર્વ કુકર્મ છોડી દે. ” આ તુર્કભાષામાં રચેલી કવિતાનો અનુવાદ છે.

આ પ્રકારે પશ્ચાત્તાપ કરીને બાબરે પ્રતિજ્ઞા કરી કે, ‘આજથી હું કદિ પણ મદ્યપાન કરીશ નહિ.’ પછી તેણે પોતાના સેવકોને સોનાચાંદી અને સીસાનાં સઘળાં વાસણો લાવવાની આજ્ઞા કરી અને તે આવતાંજ તેને ભાંગી નખાવ્યા. આ વાસણોના ટુકડા તેણે દીન ભિક્ષુક લોકોમાં વહેંચી દીધા. તે જણાવે છે કેઃ—“ પાપનું પ્રાયશ્ચિત્ત કરી ભવિષ્યમાં તેથી અલિપ્ત રહેવામાં મારૂં અનુકરણ જેણે સાથી પ્રથમ કર્યું તેનું નામ અસ્સસ છે. વળી મારી પેઠે તેણે પણ દાઢી ન મુંડાવવી એવી પ્રતિજ્ઞા કરી હતી. બીજે દિવસે દરબાર અને સેનાનાં ૩૦૦ માણસોએ મારી પેઠે પ્રાયશ્ચિત્ત કરી મન શુદ્ધ કરવાનું પણ લીધું. મેં મારી પાસેનો દારૂ ઢોળી દીધો અને બાબાદોસ્ત કે જે થોડો મદિરા લાવ્યો હતો તેને તેમાં મીઠું ભેળવી સરકો બનાવવાનું કહ્યું. જ્યાં મદિરાને ઢોળી દેવામાં આવ્યો હતો ત્યાં પાષાણનો એક સ્તંભ અને એક યતીમખાનું બંધાવવાની આજ્ઞા કરી. હીજરી સન ૯૩૫ ના મોહરમના દિવસોમાં જ્યારે હું ધોલપુરથી સિકરી જતાં ગ્વાલિયર જોવા ગયો હતો, ત્યારે મને ઉક્ત સ્તંભ તૈયાર થઈ ગયેલો જણાયો હતો. થોડા દિવસ પૂર્વે મેં એવી પ્રતિજ્ઞા કરી હતી કે જો મને રાણા સંગની સાથેના યુદ્ધમાં વિજય મળશે તો હું મુસલમાનોપરનો સ્ટાંપકર રદ કરીશ. પ્રાયશ્ચિત્ત કરતી વખતે મુહમ્મદ સર્વાન અને શેખ કે જેમણે મને આવી બુદ્ધિ આપી હતી તેમને મેં ધન્યવાદ આપ્યો.” “મારા રાજ્યમાં જેટલા મુસલમાનો છે તેમની પાસેથી હું સ્ટાંપકર લઈશ નહિ.” એમ કહી તેણે પોતાના કારભારીને બોલાવ્યો અને આ ફરમાન પ્રજાને જાણ કરવાની આજ્ઞા કરી.

યુદ્ધના સંબંધમાં લખતાં તે જણાવે છે કે, હું પૂર્વે જણાવી ચુકયો છું કે યુદ્ધમાં પરાજય મળવાનો સંભવ જણાયાથી નાનામોટાં સર્વ માણસો ભયભીત અને ઉત્સાહહીન બની ગયાં હતાં. કોઈના પણ મુખમાંથી પુરૂષાર્થ અને સાહસની વાત નીકળતી નહોતી. કોઈ લેશ પણ ઉત્સાહ વા ઉત્તેજન આપતું નહોતું. સારી સલાહ આપવી એ જે મંત્રીઓનું પ્રધાન કર્તવ્ય છે અને જે મંત્રીઓ તથા અમીરોને મોટી મોટી જાગીરો અર્પણ કરવામાં આવી હતી, તેઓ પણ એવા દીનહીન બની ગયા હતા કે તેમનામાં જરા પણ સાહસ, દ્રઢતા વા પુરૂષાર્થ રહ્યાં નહોતાં; પરંતુ ખલીફા નામના એક પુરૂષે આદિથી અંતપર્યંત સર્વ કાર્યોનો ઉત્તમ પ્રબંધ કરવાને માટે અવિશ્રાંત પરિશ્રમ કર્યો હતો. જો કે તે સર્વાંશે કૃતકાર્ય થઇ શક્યો નહોતો, તથાપિ તેનો ઉદ્યોગ અને પરિશ્રમ પ્રશંસનીય છે. અંતે સર્વને નિરાશ થઈ ગયેલા જોઇ ચિત્ત સ્થિર કરી હું વિચાર કરવા લાગ્યો કે હવે શું કરવું? પછી મેં સર્વ ઉમરાવો તથા સૈનિકોને બોલાવીને કહ્યું:—“ માનનીય સજ્જનો અને સૈનિકો ! જે માણસ આ સંસારમાં આવ્યો છે તેને મૃત્યુની આગળ પોતાનું મસ્તક અવનત કરવું પડ્યું છે. જ્યારે આપણે આ અસાર સંસારમાંથી ચાલ્યા જઇશું અને કોઇપણ પ્રાણી આ સંસારમાં રહેશે નહિ, ત્યારે ઈશ્વરસિવાય આપણો આશ્રયદાતા બીજો કોઇ થશે નહિ. આ સંસાર જીવનનું ઉત્સવસ્થાન છે. આ ઉત્સવમાં ભાગ લેવાને માટે જે અહીંઆં આવે છે તે ઉત્સવ સમાપ્ત થયા પૂર્વેજ અહીંઆંથી ચાલ્યા જાય છે. આ સંસાર દુઃખનો સાગર છે, નાશના મુસાફરખાનાસમાન છે. આ સંસારમાં જે અનેક પ્રવાસીઓ આવે છે, તેમને અવશ્ય એક દિવસ અહીંઆંથી વિદાય થવું પડે છે; પરંતુ શું આપણે એ પરથી એમ માની લેવું કે મનુષ્યના જીવનનો કાંઈ ઉદ્દેશજ નથી ? શું કલંક અને અપકીર્તિમાં પડીને આપણું જીવન વ્યતીત કરવું જોઈએ? શું પશુઓની પેઠે ઈંદ્રિયોનો ઉપભોગ લેવાને માટે અને સદા આલસ્યમાં રહેવાને માટે આપણને કૃપાળુ ઇશ્વરે આ જગતમાં મોકલ્યા છે? શું આપણે કીર્તિ, માન કે મર્યાદાનો ઉપભોગ નહિ લઇ શકીએ? વિચાર કરીને જુઓ કે કલંક અને અપકીર્તિથી દબાઈ ગયેલાં મસ્તકને ધારણ કરી જીવવા કરતાં, સન્માન અને પ્રતિષ્ઠાનો સુવર્ણમુકુટ શિરપર ધારણ કરી જીવન વિસર્જન કરવું, એ કેટલું અધિક પ્રશંસનીય છે ! આ દેહ અનિત્ય છે, જગતમાં કોઈ કોઇનું સગું નથી, સર્વ મૃત્યુને આધીન છે. માન, જ્ઞાન, ગર્વ, યશ—એ સર્વનો એક દિવસ નાશ થશે. સર્વ એક દિવસ કાળના ગર્ભમાં વિલીન થઇ જશે. જ્યારે મરવુંજ છે, ત્યારે યશ સાથે શામાટે ન મરવું? કે જેથી હૃદયમાં કોઇ પ્રકારનું દુઃખ રહે નહિ ! અહો ! જીવન જાય તેની કાંઈ દરકાર નથી; પરંતુ કલંક દૂર કરી યશ સાથે દેહત્યાગ કરો. કૃપાળુ ઇશ્વર આપણાપર સદા પ્રસન્ન છે. જો તેણે આપણને આ ઘોર સંકટમાં નાખ્યા છે તો અવશ્ય આપણે વિજય પ્રાપ્ત કરી ગૌરવની સાથે પુનઃ એમાંથી બહાર પણ નીકળીશું. હું મારો નિશ્ચય તમને જણાવું છું કે, હું શત્રુઓને અવશ્ય તેમનાં કર્મોનું ફળ ચખાડીશ અને જો તેમ ન કરી

વિશારદ ક્ષત્રિયને જાતિવિરુદ્ધ કાર્ય લાગ્યું હોય એમ જણાય છે;પરંતુ તેથી સંગ્રામસિંહને પોતાનેજ હાનિ થઇ. અરે તેમનું મૃત્યુ થયું અને તેમના સૈન્યનો નાશ થયો.બાબર વિપત્તિમાં છે એમ જાણ્યા છતાં પણ તેઓ જેટલો વિલંબ કરતા હતા તેટલું તેમનુંજ અકલ્યાણ થતું હતું અને શત્રુઓ વિશેષ બળવાન થતા જતા હતા. જો સંગ્રામસિંહની સેના વીરધર્મનું અવલંબન કરીને સંગ્રામભૂમિમાં વિરાજમાન થઇ હોત, જો સંગ્રામસિંહની પેઠે સૈનિકોનાં હૃદય પણ સ્વદેશપ્રેમ અને વીરધર્મથી પરિપ્લુત હોત તો ચિતોડને કોઇપણ પ્રકારે નુકશાન થયું ન હોત;પરંતુ ભારતવર્ષના દુર્ભાગ્યથી આથી વિપરીત પરિણામ આવ્યું. રાણા સંગ્રામસિંહ ઉદાર હતા. તેમણે પોતાના સામંતો અને સરદારોને સારી રીતે ઓળખ્યા નહોતા. તેમણે એમ ધાર્યું નહોતું કે આ લોકો કેવળ ભૂમિની અભિલાષા રાખનારા લોભી જીવ છે.આથીજ તેઓ તેમનાપર સંપૂર્ણ વિશ્વાસ રાખતા હતા. તેમણે એમ ધાર્યું કે શત્રુઓ ગમે તેવી તૈયારી કરશે તોપણ શૂરા રાજપૂતો તેમનો સંહાર કર્યા વિના રહેશે નહિ; પરંતુ આ વિશ્વાસજ તેમને કાળરૂપ નિવડયો.તેઓ તૈયાર થઇ પાદશાહની તરફ કૂચ કરવાની અણીપર હતા એટલામાં બાબરનો એક દૂત સંધિનો પ્રસ્તાવ લઇને તેમની પાસે આવ્યો.રાણાજીએ તેનો ઉત્તમ પ્રકારે આદરસત્કાર કર્યો. સંધિ કરવાની વાત જાણી રાણા અત્યંત આશ્ચર્યચકિત થયા; કારણ કે બાબર સંધિ કરવાને તૈયાર થાય એ વાત તેઓ માની શકતા નહોતા.તેમણે એલચીને પ્રશ્ન કર્યો:-" પાદશાહ સંધિના શા કરારો રાખવા માગે છે ?" એલચીએ નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો:-" આપ જે કરારો કરાવવા ઇચ્છતા હો તે તેમને શિરસામાન્ય છે." આ વખતે શિલાદિત્ય નામનો એક રાજપૂત રાઈસીનનો હાકેમ હતો. સંગ્રામસિંહ તેનાપર અત્યંત સ્નેહ રાખતા હતા અને મહત્ત્વની બાબતોમાં તેની સલાહ પણ લેતા હતા. આ વખતે રાણાએ તેને બોલાવ્યો અને પૂછયું કે:-"આપણે પાદશાહની સાથે શા શા કરારો કરીને સંધિ કરવી ?" તર્કવિતર્ક પછી નિશ્ચય થયો કે દિલ્લી અને તેના તાબાનો સર્વ પ્રદેશ બાબરના હાથમાં રહેવા દેવો અને વીનાના મેદાનમાં વહેતી પીલીખાલ નદીને મોગલરાજ્ય તથા મેવાડરાજ્યની સીમા ગણવી. વળી બાબરે મેવાડરાજ્યને પ્રતિવર્ષે કેટલીક ખંડણી આપવી. બાબરના જીવનચરિત્રમાં આ વૃત્તાંત ઉપલબ્ધ થતું નથી; પરંતુ ભટ્ટલોકોના ગ્રંથોમાં એનું વિસ્તૃત વર્ણન છે; પણ આ સંધિ થઈ શકી નહિ. એક સ્વદેશદ્રોહી, જાતિદ્રોહી અને વિશ્વાસઘાતી રાજપૂતે આ સંધિ થવા દીધી નહિ. આ ક્રૂર રાજપૂત બીજો કોઈ નહિ, પરંતુ તુંવાર શિલાદિત્ય હતો.

બાબરે સંધિ કરવાનો પ્રયત્ન કર્યો હતો,પરંતુ સંધિ થઇ નહિ.ઉભય સૈન્યો સંગ્રામ કરવાને માટે તૈયાર થયાં. માર્ચની સોળમી તારીખે રાજપૂતોએ યુદ્ધની ઘોષણા કરીને યવનોપર આક્રમણ કર્યું. તેમણે પ્રચંડ વીરતા સાથે દક્ષિણદિશા તરફથી યવનોપર ચઢાઈ કરી હતી. ઘણીવાર સુધી ઉભય દલોની વચ્ચે દારુણ યુદ્ધ ચાલ્યું. અશ્વોનો હણહણાટ, હાથીઓની ગર્જના અને પ્રચંડ વીરોના ભયંકર સિંહનાદથી સંગ્રામભૂમિ વારંવાર કંપાયમાન થવા લાગી. વચ્ચે વચ્ચે તોપોની ભયંકર ગર્જના પણ કાનના પડદાને વારંવાર ફોડી નાખવા લાગી. તોપોમાંથી એટલો ધૂમાડો નીકળ્યો કે સંગ્રામસ્થળમાં અંધકાર છવાઇ ગયો. આ અંધકારરાશિને ભેદીને અગ્નિમય ગોળાઓ રાજપૂતસેના તરફ દોડવા લાગ્યા. આ ભયંકર ગોળાઓના પ્રહારથી સેંકડો રાજપૂતો નાશ પામવા લાગ્યા; તથાપિ રાણા સંગ્રામસિંહ અટલ રહ્યા. જો કે યવનલોકોના ગોળાના મારથી અનેક રાજપૂતસૈનિકો માર્યા ગયા,તથાપિ રાણાજી શત્રુદલના વ્યૂહને ભેદવાને માટે પ્રચંડ પરાક્રમથી અત્યંત ઉત્સાહસહિત આગળ વધવા લાગ્યા. ભયંકર યુદ્ધ થવા લાગ્યું. મહારાણાએ રાજપૂતકુલકલંક શિલાદિત્યપર વિશ્વાસ રાખીને તેને સેનાના અગ્રભાગે રાખ્યો હતો. તેને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે શિલાદિત્ય અંતપર્યંત લડીને શત્રુઓને પરાજિત કરશે. પ્રથમ શિલાદિત્ય અગાધ વીરતા અને પ્રચંડ પરાક્રમથી તાતારલોકોની સાથે યુદ્ધ કરવા લાગ્યો,તેથી મહારા-

શકયો તો પ્રાણાર્પણ કરીશ. પ્રાણાર્પણ કરવું એ પણ ઠીકજ છે; કારણ કે એથી જગતમાં સદા નામ અમર રહેશે. બસ આવો, આપણે ઇશ્વરનું નામ લઈ પ્રતિજ્ઞા કરીએ કે, જે થવાનું હો તે થાઓ; પરંતુ યુદ્ધમાં અમે શત્રુઓને પીઠ દેખાડીશું નહિ. જ્યાંસુધી દેહમાં પ્રાણનો જરાપણ અંશ રહેશે ત્યાંસુધી અમે અમારા ઉદ્દેશમાં સફળ થવાને માટે પરિશ્રમ કરતાં લેશ પણ પાછા હઠીશું નહિ. મારાં વચનોનો સર્વ જણે સ્વીકાર કર્યો અને હાથમાં કુરાન લઈ સોગંદ લીધા. અંતે અમારો ઉદ્દેશ પાર પડ્યો અને અમારા વિજયના વર્તમાન દિગંતમાં પ્રસરી ગયા."

ણાનો વિશ્વાસ વધુ દૃઢ થયો; પરંતુ પાછળથી તેમના વિશ્વાસનો અંત આવ્યો. દુરાચારી શિલાદિત્ય ધીમે ધીમે આગળ વધીને બાબરની સેના સાથે ભળી ગયો. તાતારલોકો તેને પોતાના સૈન્યમાં આવેલો જોઇને આનંદથી પ્રચંડ સિંહનાદ કરવા લાગ્યા. મુસલમાનોની તોપો પુનઃ એક વાર ગગનભેદી શબ્દથી ગર્જી ઉઠી; સમરભૂમિમાં ભયંકર અંધકાર છવાઈ ગયો. જાણે પ્રલયકાળ આવ્યો હોય તેવો ભાસ થવા લાગ્યો. રાણા સંગ્રામસિંહનું હૃદય અચાનક કંપાયમાન થવા લાગ્યું. ધુમ્ર દૂર થતાં મહારાણાને જણાયું કે વિશ્વાસઘાતી શિલાદિત્ય શત્રુપક્ષમાં ભળી ગયો છે. તે પાપીનું આ દુષ્કૃત્ય જોઇને તેમનાં આશ્ચર્ય અને વ્યાકુલતાનો પાર રહ્યો નહિ. તેમના હૃદયમાં અત્યંત દુઃખ થયું, તેમને ચારે તરફ અંધકાર દૃષ્ટિગોચર થવા લાગ્યો.

અફસોસ ! વિશ્વાસનું ફળ આજ ! રાણાજીએ શિલાદિત્યપર વિશ્વાસ રાખીને તેને સેનાના અગ્રભાગે નિયુક્ત કર્યો હતો, પરંતુ તે પાપીએ વિશ્વાસનું પ્રતિફળ આ આપ્યું. તે નરાધમ, ભયંકર વિશ્વાસઘાતી, દેશવૈરી, સ્વજાતિનો દ્રોહ કરી પોતાના કપાળે શ્યામ કલંક લગાડી હિંદુદ્વેષી યવનોને જઈ મળ્યો. દુઃખ અને શોકથી વ્યથિત થઇને મહારાણા સંગ્રામસિંહ સંગ્રામભૂમિમાંથી ચાલ્યા ગયા. જે રાજપૂતવીરો સ્વદેશપ્રેમના પવિત્ર મંત્રથી ઉત્સાહિત થઇને પોતાની સેના સાથે તેમને સહાય કરવાને માટે આવ્યા હતા, તે સર્વ વીરો સ્વદેશને માટે આત્મોત્સર્ગ કરીને શસ્ત્રશય્યાપર અનંત નિદ્રા લેવાને સૂઈ ગયા. તેમણે સ્વદેશપ્રેમનાં ઉત્તમ ઉદાહરણ દર્શાવ્યાં. ડુંગરપુરના રાવલ ઉદયસિંહ[1] અને તેમના બસેં રણચતુર સૈનિકો, સાલુંબ્રાના રાજા રત્નસિંહ અને તેમના ત્રણસેં ચંદાવત યોદ્ધાઓ, મારવાડના રાઠોડરાજકુમાર રાયમલ્લ અને તેમના મેડતાનિવાસી સાહસિક વીર ક્ષેત્રસિંહ તથા રત્નસિંહ, સોનગઢા સરદાર રામદાસરાવ, ઝાલાપતિ ઓઝા, પરમારવીર ગોકુલદાસ, મેવાડના ચૌહાણ માણિકચંદ તથા ચંદ્રભાન અને ઇતર અનેક રાજપૂતવીરો, સામંતો તથા સરદારોએ આ સમરમાં આત્મોત્સર્ગ કર્યો. તદુપરાંત બે મુસલમાનવીરો મહારાણા સંગ્રામસિંહને સહાય કરવાને માટે આવ્યા હતા, તેમણે પણ આ યુદ્ધમાં પ્રાણાર્પણ કર્યું હતું. તેમાંનો એક હતભાગી ઇબ્રાહીમ લોદીનો એકનો એક પુત્ર હતો અને બીજો મેવાતનો સ્વામી હુસેનખાં હતો.

આ સર્વ વીરો પોતપોતાની સેનાસહિત રણભૂમિમાં વીરત્વ પ્રકાશિત કરીને અનંત નિદ્રામાં સુતા; તેમનાં પ્રચંડ વીરતા અને અગાધ પરાક્રમની આગળ શત્રુઓની વિશ્વદાહક તોપો અનેકવાર નિષ્ફળ થઈ હતી અને તેમના હાથથી અસંખ્ય યવનો યમદ્વાર પહોંચી ગયા હતા; પરંતુ અંતે હિંદુઓને વિજય મળ્યો નહિ. જો ઉક્ત દુરાચારી વિશ્વાસઘાત ન કરત તો વીરવર બાબરનું મસ્તક પીલુના કિનારાપર ધૂળમાં રોળાત નહિ, એમ કોઇ કહી શકે છે ? પરંતુ ભવિષ્યપુરાણની કઠોર ભવિષ્યવાણી સત્યજ પડવાની હશે ! નહિ તો રાજપૂત થઇને, પવિત્ર તુંવારકુળમાં જન્મ લઇને કયો માણસ દુરાચારી શિલાદિત્યની પેઠે પોતાના દેશનું સત્યાનાશ વાળે ? રણભૂમિમાં પડેલા રાજપૂતોનાં કપાયેલાં મસ્તકો એકત્ર કરીને વિજયી બાબરે સંગ્રામભૂમિમાં કેટલાક મોટા મોટા ઢગલા બનાવ્યા અને સંગ્રામભૂમિની સામે આવેલા એક પર્વતના શિખરપર મરણ પામેલા રાજપૂતોની ખોપરીઓનો એક ડુંગર બનાવ્યો. કપટાચારી, રાજપૂતકુલકલંક નરાધમના વિશ્વાસઘાતનો પ્રચંડ વિજયસ્તંભ રાજપૂતોનાં મસ્તકોથી બનાવવામાં આવ્યો. બાબરે વિજયથી પ્રમુદિત બની 'ગાઝી' નામની ઉપાધિ ધારણ કરી. ત્યાર પછી બાબરના વંશજો પણ આજ ઉપાધિ ધારણ કરતા હતા.

મહારાણા સંગ્રામસિંહ દારુણ માનસિક પીડાથી પીડિત થઇ મેવાડની શૈલમાળા તરફ જતા રહ્યા. તેમની ચિંતાનો પાર નહોતો. તેમને કર્તવ્યાકર્તવ્યનું કાંઇ ભાન રહ્યું નહિ. તેઓ ચિતોડમાં ગયા નહિ. તેમણે પ્રતિજ્ઞા કરી હતી કેઃ-"જો સમરક્ષેત્રમાં મુસલમાનોનો ગર્વ ઉતારવાને સમર્થ નહિ થાઉં તો ત્યાંજ વાસ કરીશ અને આકાશમંડળજ મારો ચંદરવો થશે." તેમણે આ પ્રતિજ્ઞાપ્રત્યે દુર્લક્ષ્ય કર્યું નહિ. તેઓ રણમાં પરાજિત થઇને ચિતોડ તરફ ગયા નહિ; પરંતુ તેમણે અરણ્ય

૧ બાબરના જીવનચરિત્રના અનુવાદમાં ઉદયસિંહને 'મુલ્કના વાલી' કહેવામાં આવ્યા છે; પરંતુ યથાર્થમાં આ ઉપાધિ સાંગાના ઉત્તરાધિકારી રાણા ઉદયસિંહને આપવામાં આવી હતી, એમ મૂળ ગ્રંથમાં લખેલું છે; તો પછી ડુંગરપુરના રાજા રાવલ ઉદયસિંહને આ ઉપાધિ શી રીતે મળી શકે ?

તરફનો માર્ગ પકડ્યો. જો સિસોદીઆકુળના ગૌરવનું રક્ષણ નહિ કરી શકાય તો અરણ્યવાસમાંજ જીવન સમાપ્ત કરવું એમ તેમણે નિશ્ચય કર્યો હતો.

જો મહારાણા સંગ્રામસિંહ થોડા દિવસ વધુ જીવ્યા હોત તો અવશ્ય તેઓ સિસોદીઆકુલના ગૌરવનું રક્ષણ કરત; પરંતુ વિધાતાના કઠોર લેખાનુસાર જે વર્ષમાં તેમનો પરાજય થયો તેજ વર્ષમાં તેમના પવિત્ર જીવનનો અંત આવ્યો. મેવાડનો ગૌરવરવિ વસવા નામના સ્થાનપર અકાલે અસ્ત થઇ ગયો. ઘણા લોકોનું એવું અનુમાન છે કે મંત્રીઓએ વિષ દઇને મહારાણાને મારી નાખ્યા હતા. આ અનુમાન સત્ય હોય એ વિષે શક છે. આ વૃત્તાંત જે પ્રકારે જણાવવામાં આવે છે તે વાંચતાં હૃદય કંપી ઉઠે છે. અંતઃકરણ વિદીર્ણ થઇ જાય છે. એમ કહેવાય છે કે દુરાચારી મંત્રીઓએ શાંતિ અને સ્વચ્છંદતાનો ઉપભોગ કરવાની આશાથી રાણાનો નાશ કર્યો હતો. જો તેમણે આ પૈશાચિકકાર્ય એવોજ હેતુ સિદ્ધ કરવાને માટે કર્યું હોય તો તેમને, તેમની શાંતિને અને તેમની સ્વચ્છંદતાને સહસ્રવાર ધિક્કાર છે. પ્રજાવત્સલ, સ્વદેશપ્રેમી દેવતુલ્ય રાજાના પ્રાણનો નાશ કરીને જે નરાધમ શાંતિ ખરીદવાની ઇચ્છા કરે તે ખરેખર મૃગતૃષ્ણાજ ધારણ કરે છે. તેમણે આ ભયંકર પાપ કરીને પોતાના કપાળપર જે કાળું કલંક લગાડ્યું છે તેને જો સાત સમુદ્રનાં પાણીથી ધોવામાં આવે તોપણ તે ધોવાનાર નથી.

અનેક સ્ત્રીઓ પરણવાનો રિવાજ અત્યંત અનિષ્ટકારક છે. એ કુપ્રથાથી લોકોનું-ખાસ કરીને રાજાઓનું ઘણુંજ અકલ્યાણ થાય છે. જે જે રાણીને પુત્ર થાય છે તે સર્વ એવીજ ઇચ્છા કરે છે કે મારો પુત્ર સિંહાસનપર બેસે તો ઠીક. આ ઇચ્છા પૂર્ણ કરતાં તેમને હિતાહિતનું ભાન રહેતું નથી. રાણા સંગ્રામસિંહનું અવસાન થતાં તેમની રાણીઓ પરસ્પર કલહ કરવા લાગી. પ્રત્યેક રાણી પોતાના પુત્રને સિંહાસનારૂઢ કરવાને પ્રયત્ન કરવા લાગી. એક રાણી તો પોતાના પુત્રને સિંહાસનપર બેસાડવાને માટે એટલી બધી ઉત્કંઠિત થઇ કે બીજો કોઇ ઉપાય નહિ જડવાથી તે બાબરની સાથે મળી ગઇ. તેની અભિલાષા એ હતી કે બાબર ખરા ઉત્તરાધિકારીને રદ કરીને મારા પુત્રને સિંહાસનપર અધિષ્ઠિત કરશે. આ રાણીએ પોતાનો હેતુ સિદ્ધ કરવાને માટે બાબરને રણથંભોરનો કિલ્લો અને રાજભંડારમાં પડેલો માલવરાજનો તાજ પણ સમર્પણ કર્યો.

રાણા સંગ્રામસિંહના શરીરનો બાંધો મધ્યમ હતો. તેમના શરીરમાં પુષ્કળ સામર્થ્ય હતું. તેમની આંખો મોટી અને વર્ણ ગૌર હતો. તેમનું શરીર જોતાંજ માણસને પ્રતીતિ થતી હતી કે તેઓ મહાપરાક્રમી વીર છે. અનેક યુદ્ધો કરીને તેમણે પોતાના શરીરના કેટલાક ભાગો ગુમાવ્યા હતા.[1] તેઓ અત્યંત શૌર્યશાળી હતા. માળવાના નવાબને કેદ કરીને તેમણે પોતાની વીરતાનો ઉત્તમ રીતે પરિચય કરાવ્યો હતો. આ ઉપરાંત રણથંભોરનો કિલ્લો હસ્તગત કરતી વખત તેમણે જે અદ્ભુત વીરતા પ્રદર્શિત કરી હતી તેથી તેમની સુકીર્તિ દૂર દૂરના દેશો સુધી પ્રસરી ગઇ હતી. સંગ્રામસિંહમાં આવા આવા ઉત્તમ સદ્ગુણો હતા તેથી બાબરે પણ તેમની પ્રશંસા કરી છે. બાબર રાણાજીપ્રત્યે માનનીય દૃષ્ટિથી જોતો હતો અને તેમનાથી ડરતો પણ હતો. આથીજ મહારાણાની સાથે બીજીવાર યુદ્ધ કરવાનું સાહસ તે કરી શકયો નહોતો. જો કે બાબરે પોતાના જીવનચરિત્રમાં સંગ્રામસિંહને "બૂતપરસ્ત" જણાવ્યા છે અને તેમની સાથે કરેલા યુદ્ધને "જહાદ" ગણ્યું છે; પરંતુ તે મેવાડનું વર્ણન કરતાં જણાવે છે કેઃ-" રાણા સંગે પોતાના અસીમ પરાક્રમ અને અસિના જોરથીજ સન્માન તથા પ્રતિષ્ઠાની પ્રાપ્તિ કરી હતી." આ ઉલ્લેખપરથી વિદિત થાય છે કે બાબર મહારાણા સંગ્રામસિંહના સદ્ગુણો ઉત્તમ રીતે જાણતો હતો. તેઓ દીર્ઘજીવન ગાળી શકયા નહિ એ શોકની વાત છે. રાણાના મૃત્યુથી પ્રજાને અત્યંત શોક થયો. પ્રજાએ પોતાના હૃદયની ભક્તિ અને કૃતજ્ઞતાના ચિન્હતરિકે તેમની ચિતા આગળ એક મંદિર બંધાવ્યું. મહારાણા સંગ્રામસિંહને સાત પુત્રો હતા. તેમાંના બે જ્યેષ્ઠ પુત્ર તો બાલ્યાવસ્થામાંજ મૃત્યુ પામ્યા હતા. આથી

૧ તેમની એક આંખ તો પૃથ્વીરાજની સાથે યુદ્ધ કરતાં જતી રહી હતી; દિલ્હીશ્વર ઇબ્રાહીમ લોદીની સાથે સંગ્રામ કરતાં તેમનો એક હાથ અને એક તોપનો ગોળો લાગવાથી તેમનો એક પગ તૂટી ગયો હતો; એ વિના પણ તેમના શરીરમાં શસ્ત્રોના બીજા એંશી ઘાવ હતા.

તેમના ત્રીજા પુત્ર રત્નસિંહ તેમના ઉત્તરાધિકારી થયા.

સંવત ૧૫૮૬ ( ઈ૦ સ૦ ૧૫૩૦ ) માં રાણા રત્નસિંહ ચિતોડના સિંહાસનપર બેઠા. ધીરતા, વીરતા આદિ ગુણોમાં રત્નસિંહ પણ પોતાના પિતાસમાન હતા. તેમણે પણ પોતાના પિતાની પેઠે પ્રતિજ્ઞા કરી હતી કે હું રાજધાનીને છોડીને યુદ્ધક્ષેત્રમાંજ રહીશ. તેઓ ચિતોડનાં સિંહદ્વાર રાત્રિ-દિવસ–સતત ખુલ્લાં રખાવતા હતા. તેઓ ગર્વસહિત કહેતા કે:–" એક તરફ દિલ્હી અને બીજી તરફ ચિતોડનાં દ્વાર છે. " જો રાણા રત્નસિંહ વીરકેસરી સંગની પેઠે કાર્ય કરત, જો તેઓ યૌવનોચિત પ્રગલ્ભતા અને તેજસ્વિતાને અંકુશમાં રાખત તો તેઓ ભારતવર્ષના ચક્રવર્તી રાજા થાત; પરંતુ દુર્ભાગ્યવશાત્ તેઓ યુવાવસ્થાના પ્રારંભમાંજ આ લોકથી પ્રયાણ કરી ગયા. રાજપૂતોનો યુવાવસ્થાનો સમય અત્યંત ભયાનક હોય છે. આ સમયમાં તેઓ વ્યર્થ લડાઈટંટા કરી પોતાનો જાન જોખમમાં નાખી દે છે. આવા ઝગડાઓથી અનેક રાજપૂતોએ અત્યંત નુકસાન સહન કર્યાં છે. આવા ભયંકર ઝગડાઓમાં અનેક રાજાઓએ આ લોકથી પ્રયાણ કર્યું છે. રાણા રત્નસિંહનો અંત પણ આજ રીતે આવ્યો હતો, એમ લખતાં અમને અત્યંત શોક થાય છે.

રાણા રત્નસિંહે ગુપ્ત રીતે અંબરના રાજા પૃથ્વીરાજની પુત્રી સાથે વિવાહ કર્યો હતો. કન્યાની યોગ્ય વય થતાં રાજા પૃથ્વીરાજ તેનું લગ્ન કરવાની તૈયારી કરવા લાગ્યા. તેમણે બુંદીના હાડાવંશી રાજા સૂરજમલની સાથે પોતાની કન્યાનો વિવાહ કરવાનો ઠરાવ કર્યો. થોડા વખતમાં આ વિવાહ થઈ પણ ગયો. તે રાજપૂતબાળાએ શરમથી પોતાના પ્રથમ વિવાહની વાત કોઇને કરી નહિ. આથી કોઇએ તેના બીજીવારના વિવાહમાં પ્રતિરોધ કર્યો નહિ; પરંતુ અલ્પકાળમાં આ વિવાહ એક મહાન અનર્થનું કારણ થઇ પડયો. આ વિવાહની ખબર સાંભળી રાણા રત્નસિંહના હૃદયમાં વજ્રાઘાત થયો અને સૂરજમલના ઉપર તેઓ અત્યંત ક્રોધિત થયા. તેની ઉપર વૈર લેવાને માટે તેઓ અધીરા થઈ ગયા અને સંધિની વાટ જોવા લાગ્યા. સૂરજમલની સાથે રાણા રત્નસિંહને નિકટ સંબંધ હતો. રાણાજીએ તેની ભગિનીની સાથે વિવાહ કર્યો હતો; તે છતાં પણ તેમણે આ અપમાનનું વૈર લેવાના આવેશમાં સંબંધના બંધનને તોડી નાખ્યું. અહેરિયા (વસંત ઋતુની મૃગયા)નો ઉત્સવ આવતાં તેમને વૈર લેવાની સારી સંધિ મળી. તેઓ પોતાના સરદારો અને સામંતોને લઇને મૃગયા ખેલવાને જંગલમાં ગયા. આ વખતે બુંદીના રાજ સૂરજમલ પણ તેમની સાથે હતા. બુંદીના હાડા લોકો મેવાડની પૂર્વતરફ આવેલા પહાડી પ્રદેશમાં રહેતા હતા. જો કે તેમનું રાજ્ય મેવાડના તાબામાં નહોતું તે છતાં તેમનો સ્વામી મેવાડના રાણાની પૂજા કરતો હતો. બુંદીનો અધિપતિ યુદ્ધમાં રાજચિન્હ ધારણ કરીને આવતો અને મેવાડના પક્ષમાં રહીને પ્રાણાંતપર્યંત લડતો. જે દિવસે યવનવીર શાહબુદ્દીનના પ્રચંડ આક્રમણનો પ્રતિરોધ કરવાને માટે આર્યવીર સમરસિંહે પવિત્ર દષદ્વતીના કિનારાપર પ્રાણાર્પણ કર્યું તે દિવસે હાડાવંશી યુદ્ધવિશારદ હમીરે પણ ભારતભૂમિને ખાતર આત્મોત્સર્ગ કર્યો હતો. આ હમીર સૂરજમલનો પૂર્વજ હતો. તે સમયથી ગિહલોતકુલની સાથે હમીરના વંશજોને ગાઢો સંબંધ થયો; પરંતુ રાણા રત્નસિંહની કુબુદ્ધિથી બુંદીની સાથે મેવાડને જે વૈરભાવ થયો તેથી ઉભય રાજ્યોનું મિત્રતાનું બંધન કેટલાક સમયને માટે ઢીલું પડી ગયું.

મૃગયા ખેલવાને માટે રાણા રત્નસિંહ એક ગાઢા જંગલમાં ગયા. તેમના સાથીઓ પાછળ રહી ગયા હતા; કેવળ સૂરજમલજ તેમની સાથે હતો. સંધિ જોઇ રાણાએ અકસ્માત્ સૂરજમલપર અસિનો પ્રહાર કર્યો. તરતજ રાજા સૂરજમલ પોતાના અશ્વરપરથી નીચે તૂટી પડયો; પરંતુ મરણ પામ્યો નહિ. તે થોડી વારપર્યંત બેશુદ્ધ રહ્યો, પરંતુ પછી તે સચેત થયો અને પોતાના પટકામાંથી એક કટકો ફાડીને તેણે પોતાના ઘાવપર પાટો બાંધ્યો. તેણે રાણા રત્નસિંહપર આક્રમણ કરવાને માટે તીક્ષ્ણદષ્ટિથી ચારે તરફ જોયું તો રાણાને દૂર નાસતા જોયા. આથી સૂરજમલે દુઃખ અને ક્રોધથી અત્યંત પીડિત થઇને કહ્યું:–"અરે કાયર પુરુષ! નાસ, નાસ, હમણાં તો તું નાસી જા; પરંતુ તારી આ કાયરતાથી અને તારા આ નિંદ્યઆચરણથી મેવાડના ગૌરવને સદાને માટે કલંક લાગ્યું છે." રત્નસિંહે આ વચનો સાંભળ્યાં; તે ધારતા હતા કે સૂરજમલ મરી ગયો હશે, પરંતુ તે તો જીવંત જણાયો. તેથી તેમણે પુનઃ તેનાપર આક્રમણ કર્યું; પરંતુ આ કુબુદ્ધિનું ફળ તેમને શીઘ્ર મળ્યું. રાણાને શીઘ્રતાથી

પોતાનાપર આક્રમણ કરતા જોઇ સૂરજમલ ક્રોધિત સિંહની પેઠે તેમનાપર તૂટી પડયો અને તેમને ભૂમિપર નાખી તેમની છાતીપર ચઢી બેસી તેમના હૃદયમાં તલવાર મારી. એકજ તલવારના પ્રહારથી રાણાનો અંત આવી ગયો.

રાણા રત્નસિંહે કેવલ પાંચ વર્ષપર્યંત રાજ્ય કર્યું હતું; તથાપિ આ અલ્પકાળમાં પણ તેમણે રાજ્યની સારી ઉન્નતિ કરીહતી.મુસલમાનો તો એમના શાસનકાળમાં ચિતોડની સીમાપર પણ આવી શકયા નહોતા. રાણાના અકાળમૃત્યુથી કેટલાક દિવસ પછી તેમનો બંધુ વિક્રમાજિત ચિતોડના સિંહાસનપર બેઠો.

સંવત ૧૫૯૧ (ઇ૦સ૦ ૧૫૩૫) માં વિક્રમાજિતને ચિતોડનું સિંહાસન પ્રાપ્ત થયું. રાણા રત્નસિંહમાં જેટલા નૃપોચિત ગુણો હતા તેમાંનો એકપણ ગુણ વિક્રમાજિતમાં નહોતો. તેણે પોતાના જ્યેષ્ઠ બંધુના સદ્‌ગુણોને તિલાંજલિ આપી હતી અને તેમના દુર્ગુણોને ગ્રહણ કર્યા હતા. મહારાણા રત્નસિંહની ઉચ્છૃંખલતા, ઉગ્રતા અને અપરિણામદર્શિતા વિક્રમાજિતના ચરિત્રમાં સંપૂર્ણ રીતે વિરાજમાન હતી. આ ઉપરાંત તે ક્ષમાહીન અને ક્રૂર પણ હતો. તેના આ દુર્ગુણો દિવસાનુદિવસ એટલા વધી પડયા કે મેવાડના સર્વ સામંતો અને સરદારો તેનાથી અસંતુષ્ટ થઇ ગયા. તેમના અસંતોષનું એક બીજું પણ કારણ હતું. રાણો સામંતોની સાથે કદિપણ બેસતો નહોતો. તે રાત્રિદિવસ પહેલવાનોની કુસ્તી અને વિવિધ પ્રકારની કસરતો જોયા કરતો હતો. જે સન્માન રાજપૂતઅશ્વારોહીઓને મળેલું હતું તે તેણે તેમની પાસેથી છીનવી લઇને હલકા દરજ્જાવાળા 'પાઇક' (પાયદળ)ને તથા મલ્લોને અર્પણ કરવા માંડયું. આ અપમાનથી રાજપૂતસરદારોના હૃદયમાં દારુણ દુઃખ થયું.

આ પ્રકારે તેણે ઉચ્ચદરજ્જાના સરદારોના અધિકારો છીનવી લઈ તે હલકા દરજ્જાના પાયદલના સૈનિકોને આપ્યા. કદાચ મુસલમાનોદ્વારા તે આ રાજનીતિ શીખ્યો હશે. તે મુસલમાન પાઇકોનો ઉત્તમ પ્રકારે આદરસત્કાર કરતો અને રાજપૂતોપ્રત્યે અત્યંત ઘૃણાની દૃષ્ટિથી જોતો હતો. કોઇ કિલ્લાને ઘેરી લેતી વખતે અથવા અશ્વપરથી ઉતરી ગાલીચો બિછાવી શ્રમ પરિહાર કરતી વખતે રાજપૂતોને પાયદલ પાસે કામ કરાવવું પડતું હતું. તે સિવાય કોઇ વખત તેઓ પાયદલને કાંઇ કષ્ટ આપતા નહોતા. મુસલમાનો પ્રથમથીજ પાયદલ રાખતા હતા; પરંતુ જ્યારથી પાયદલના સૈનિકો સંગ્રામ ચાલતી વખતે તોપો છોડવા લાગ્યા, ત્યારથી તેમનું માન વધી ગયું. ત્યારથીજ તેઓ અશ્વારોહીઓને તુચ્છ ગણવા લાગ્યા; કારણ કે પાયદલના સૈનિકો સુગમતાથી તોપનો મારો ચલાવી શકે છે; પરંતુ રાજપૂતોએ પોતાની પ્રાચીનપદ્ધતિ છોડી નહિ. પ્રાચીનકાળથીજ તેઓ અશ્વ, ખડ્ગ અને ભાલાને પ્રાણથી પણ અધિક ગણતા આવ્યા છે. તેઓ તેને ધર્મયુદ્ધની પ્રધાન સામગ્રી ગણીને આજે પણ તેને પ્રાણાધિક લેખે છે. નવી સભ્યતા અને નવા પ્રકાશના આ યુગમાં વિવિધ પ્રકારનાં અસ્ત્રશસ્ત્રો અને ચતુરાઇથી યુદ્ધ કરવાનાં સાધનો શોધી કાઢવામાં આવ્યાં છે, તેના પ્રતિ બાહુબળના ઉપર ભરોંસો રાખનારા રાજપૂતો ઘૃણાની દૃષ્ટિથી જુએ છે. તેઓ નિશ્ચયપૂર્વક માને છે કે યુદ્ધનાં તોપ વિગેરે સાધનોથી બાહુબળનો લેશ પણ પરિચય થઈ શકતો નથી. આ પ્રકારનાં અસ્ત્રશસ્ત્રની સહાયથી જે વિજય પ્રાપ્ત થાય તેને રાજપૂતો ખરો વિજય કહેતાજ નથી.

અપમાનિત થયેલા સરદારોના હૃદયમાં ધીમે ધીમે દ્વેષાગ્નિ પ્રદીપ્ત થયો. રાણાપરની સર્વપ્રીતિ અને મમતા તેમના હૃદયમાંથી નષ્ટ થઈ; તે છતાં પણ વિક્રમાજિતનાં નેત્રો ખુલ્યાં નહિ. તેણે પોતાનાપર આવી પડનારી વિપત્તિવિષે જરા પણ વિચાર ન કર્યો. રાણાનાં પ્રમાદ અને દુષ્ટતાને લીધે મેવાડરાજ્યમાં ઘોર અરાજકતા છવાઈ ગઇ. પહાડોમાં વસતા અસભ્ય લોકો પહેરેદારોથી કિંચિત્ પણ નહિ ડરતાં ચિતોડના દરવાજા પાસેથી ઢોરોને બળાત્કારે છીનવી લઈ જતા હતા. પ્રજાના જાનમાલનું રક્ષણ થવું મુશ્કેલ થઈ પડયું. સર્વ પ્રજા અત્યંત પીડિત થઇને આર્તસ્વરે પોકારવા લાગી કે પુનઃ પોપાબાઇનું[1] રાજ્ય ચાલવા લાગ્યું છે. રાણાએ પોતાના સરદારોને બોલાવીને તેમને પહાડીલોકોનું દમન કરવાને કહ્યું ત્યારે સમસ્ત સરદારો એક સાથે બોલી ઉઠયા કેઃ–"મહારાજ! આપ આપના "પાઇક" લોકોને મોકલો."

થોડા વખતમાં મેવાડરાજ્યમાં પૂર્ણ અરાજકતા પ્રસરી રહી. ગુજરાતના સુલતાને ધાર્યું કે વૈરનો

૧ અતિ પ્રાચીનકાળમાં પોપાબાઈ નામની એક રાજપૂત રાણી હતી. તેના શાસનકાળમાં પ્રજામાં અત્યંત અરાજકતા છવાઈ ગઈ હતી; તે વખતથી રાજપૂતલોકો રાજ્યનીગેરવ્યવસ્થાને પોપાબાઈનું રાજ્ય કહે છે.

બદલો લેવાને માટે આ ઉત્તમ સંધિ છે. સિસોદિયાકુલભૂષણ કુમાર પૃથ્વીરાજ ગુજરાતના સુલ્તાન મુજફ્ફરને પરાજિત કરીને તેને કેદ કરી ચિતોડમાં લાવ્યા હતા; પરંતુ હવે ચિતોડની અરાજકતાનો લાભ લઇ ગુજરાતના સુલ્તાને એ ઘોર અપમાનનું વૈર લેવાનો નિશ્ચય કર્યો. ગુજરાત અને માળવામાં જેટલી રણવિશારદ સેના હતી તે સર્વ સેનાસાથે ઉકત સુલ્તાને રાણાપર આક્રમણ કર્યું. રાણો વિક્રમાજિત આ વખતે બુંદીરાજ્યમાં આવેલા લૈચા નામના સ્થાનમાં હતો. સુલ્તાને પોતાના પ્રચંડ સૈન્યની સહાયથી રાણાને ત્યાંજ ઘેરી લીધો. સુલ્તાનની આ પ્રચંડ સેનાને સમુદ્રની પેઠે ઉલટી આવતી જોઇને વીરવર રાણા સંગ્રામસિંહના પુત્ર રાણો વિક્રમાજીત ભય પામે એવો સંભવ નહોતો. તેની રકતવાહિનીઓમાં રાણા સંગ્રામસિંહનું રક્ત પ્રચંડ વેગથી વહી રહ્યું હતું. શું તેઓ કદિ પણ કાયર થશે ? શું તેઓ દેશવૈરી યવનની પ્રચંડ સેનાનો પ્રતિરોધ કરવાનો પ્રયાસ નહિ કરે? ના, એમ કદિ પણ બનવાનો સંભવ નથી. તે કાંઇ કાપુરુષ નહોતો કે શત્રુને આવતા દેખીને નિશ્ચિંત બેસી રહે. તેણે નીડર થઇ સુલ્તાનની સામે બાથ ભીડી. ઉભય સૈન્યો વચ્ચે દારુણયુદ્ધ થવા લાગ્યું; પરંતુ મહારાણાના 'પાઇક' સૈનિકો મુસલમાનોના પ્રચંડ આક્રમણને રોકી શકયા નહિ, આથી વિક્રમાજિત ઘોર સંકટમાં આવી પડયો. તેના સામંતો અને ઇષ્ટમિત્રોએ તેને સહાય કરી નહિ. તેઓ વિક્રમાજિતને તેની મૂર્ખતાનું ઉચિત ફળ ભોગવાવવાને ત્યાંનો ત્યાંજ છોડીને સંગ્રામસિંહના કનિષ્ઠ પુત્ર ઉદયસિંહની તથા ચિતોડની રક્ષા કરવાને માટે પાટનગરમાં ચાલ્યા ગયા.

ચિતોડનગરનો મહિમા ખરેખર અપૂર્વ છે. ગત યુદ્ધમાં વીરવર સંગ્રામસિંહની સાથે અગણિત વીરો પોતાના દેશના ગૌરવનું રક્ષણ કરવાને માટે સમરભૂમિમાં પડયા હતા, તેથી ચિતોડપુરી વીરશૂન્ય થઇ ગઇ હતી; પરંતુ જ્યાં સુલ્તાન બહાદૂરે ચિતોડપર ઘેરો ઘાલ્યો કે તરતજ તે વીરોની ચિતાભસ્મમાંથી પુનઃ અગણિત વીરો ઉત્પન્ન થયા. પૂર્વે જે રાજપુતરાજાઓ મેવાડના પ્રચંડ શત્રુ હતા, તેઓ પણ આજે શત્રુતા છોડી પ્રાણાંતપર્યંત ચિતોડની રક્ષા કરવાને માટે આવી પહોંચ્યા. પુષ્કળ કષ્ટ સહન કર્યા છતાં પણ જ્યારે સૂરજમલને ચિતોડની પ્રાપ્તિની આશા ન રહી ત્યારે તેમણે જંગલમાં જઇ દેવલનગર વસાવ્યું હતું, એ અમે આગળ કહી ગયા છીએ. આ પ્રસંગે તેમના વંશજ મહારાણા વાઘજી પોતાના પૂર્વજોના મૂળસ્થાન ચિતોડની રક્ષા કરવાને માટે આનંદપૂર્વક આવ્યા, તેજ પ્રમાણે બુંદીના રાજકુમાર પણ અતિ તેજસ્વી ૫૦૦ હાડાવીરોને લઇને આવી પહોંચ્યા. તદુપરાંત સોનગઢા, દેવર તથા અન્યાન્ય રાજપુતવીરો પણ મેવાડની રક્ષા કરવાને માટે ખડ્ગ ધારણ કરીને આવ્યા હતા.

મધ્યપ્રાંતના મુસલમાનનવાબોએ ચિતોડપર જેટલાં આક્રમણ કર્યાં હતાં તેમાં આ આક્રમણ સૌથી વિશેષ ભયંકર હતું. આ ભયંકર આક્રમણમાં એક ચતુર યૂરોપીઅન ગોલંદાજ પણ ગુજરાતના સુલ્તાનને સહાય કરવાને માટે આવ્યો હતો.[1] ભટ્ટલોકોએ આ ગોલંદાજને "ફિરંગાનનો લાબ્બીખાં" કહ્યો છે. આ લાબ્બીખાંની[2] સહાયથીજ સુલ્તાને ચિતોડનો નાશ કરીને પોતાનું જૂનું વૈર લીધું હતું.

---

૧ અમે પૂર્વેજ એક ટિપ્પણીમાં જણાવ્યું છે કે પ્રાચીનકાળમાં આર્ય લોકો બંદુક અને તોપોનો ઉપયોગ કરી જાણતા હતા. પુરાણોનાં તત્વોને નહિ જાણનારા લોકો ભલે ફાવે તેમ બકયા કરે. આપણને તેની સાથે કાંઈ સંબંધ નથી. આપણને સુવિદિત છે કે પ્રાચીનકાળમાં આર્યલોકોએ 'વિજ્ઞાનના અદ્ભુત બળથી અનેક પ્રકારનાં શસ્ત્રાસ્ત્રો બનાવ્યાં હતાં. પુરાણોનો યથાર્થરીતે અભ્યાસ કરવાથી આ વાતનાં અનેક પ્રમાણો ઉપલબ્ધ થશે. મહાકવિ ચંદ બારોટે પણ પોતાના ગ્રંથમાં બંદુકનું વર્ણન કર્યું છે. તેમણે તેનું નામ 'નલગોળા' જણાવ્યું છે; પરંતુ મુસલમાનો તોપ અને બંદુકનો ઉપયોગ કરતાં કયારથી શીખ્યા એ વાતનો નિર્ણય કરવો કઠિન છે. એમ કહેવાય છે કે પાદશાહ અલ્લાઉદ્દીને કિલ્લાપર આક્રમણ કરતી વખત 'મુજનિક' 'નામના અસ્ત્રનો ઉપયોગ કર્યો હતો, પરંતુ ઉકત અસ્ત્ર તોપ વા બંદુક જેવું નહોતું. અમે માત્ર એટલું કહી શકીએ છીએ કે મુસલમાનોમાં સૌથી પહેલાં બાબરે તોપનો ઉપયોગ કર્યો હતો. રૂમીખાં નામનો એક ગોલંદાજ તેની તોપો ચલાવતો હતો. આ રૂમીખાં કોણ હતો ? કર્નલ ટૉડ તેને સિરિયા દેશનો રહીશ જણાવે છે.

૨ કર્નલ ટૉડે આ લાબ્બીખાંને પોર્ટુગીઝવીર વાસ્કોડી ગામની ફોજનો એક સૈનિક જણાવ્યો છે, પરંતુ જે વખતે (ઈ૦ સ૦ ૧૫૩૩ માં) બહાદુરે ચિતોડપર આક્રમણ કર્યું, તે પૂર્વે ઘણાં વર્ષપર વાસ્કોડીગામા મરી ગયો હતો. આથી એમ જણાય છે કે આ લાબ્બીખાં વાસ્કોડીગામાની પછીના કોઈ ઈતર પોર્ટુગીઝ નાવિકના હાથનો હશે.

હૈયામાં રાણા વિક્રમાજિતને પરાજિત કરીને વિજયી બહાદૂર પોતાની સેનાસહિત ચિતોડપર ચઢી આવ્યો. આજે ચિતોડપર ઘોર વિપત્તિ આવી પડી છે. આ સંકટમાંથી ચિતોડની રક્ષા કોણ કરશે ? આજે સિસોદીઆકુળના ગૌરવની રક્ષા કોણ કરશે ? સ્વદેશપ્રેમના મંત્રથી ઉત્તેજિત થઇને જે રાજપૂતો ચિતોડનું રક્ષણ કરવાને માટે ખડ્ગ ધારણ કરી આવ્યા હતા તે બહાદૂરની સેનાના પ્રમાણમાં ઘણા થોડા હતા, બલ્કે તેની આગળ તેઓ કાંઈ બિસાતમાં નહોતા. તેઓ બહાદૂરના સૈન્યની આગળ સમુદ્રની આગળ બિંદુસમાન લાગતા હતા; તથાપિ ભગવાન એકલિંગજીના સોગંદ ખાઇને તેમણે પ્રાણાંતપર્યંત યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરી અને પ્રચંડ રણભેરી વગાડીને શત્રુઓને કંપાયમાન કરી મૂકયા. તેમની રણભેરીનો ગંભીર નાદ આકાશમાં ગુંજી રહ્યો હતો, એટલામાં બહાદૂરની કરાળ કાળ જેવી તોપો જાણે સમસ્ત જગતનો સંહાર કરવાને પ્રવૃત્ત થઈ ન હોય તેવી રીતે ભયંકર નાદ કરવા લાગી. પ્રકૃતિ સ્તંભિત થઈ ગઇ. આ અવાજ સાંભળી રાજપૂતો દ્વિગુણ ઉત્સાહથી સિંહનાદ કરવા લાગ્યા અને તાકી તાકીને મુસલમાનોપર તીર છોડવા લાગ્યા. પુનઃ મુસલમાનોની તોપો ગોળા ફેંકવા લાગી; તેમાંથી નીકળતા ધુમ્રથી સંગ્રામભૂમિમાં અંધકાર છવાઇ ગયો, સૂર્યભગવાનનાં તીવ્ર કિરણોનો પ્રકાશ લુપ્ત થયો, સર્વત્ર અંધકાર છવાઇ ગયો. આ રીતે ઘણીવારસુધી દારુણ યુદ્ધ ચાલ્યું. ઉભયપક્ષના અગણિત યોદ્ધાઓ મરણ પામ્યા. બહાદૂર કોઇપણ પ્રકારે ચિતોડપર પોતાનો અધિકાર સ્થાપિત કરી શકયો નહિ. ચતુર લાબીખાંએ વીકા પહાડની નીચે એક મહાપ્રચંડ સુરંગ ખોદી અને તેમાં દારૂ ભરીને આગ લગાડી દીધી. હજારો વજ્રાઘાતના જેવો અવાજ કરતો દારૂ સળગી ઉઠયો અને કિલ્લાની જમીન ૪૫ હાથ ઉંડી ગઈ. આ સ્થાનપર ઉભા રહી હાડારાજકુમાર અર્જુનરાવ પોતાના ૫૦૦ સિપાઇઓસહિત મુસલમાનોની સામે યુદ્ધ કરતા હતા તેથી તેઓ પોતાની સેનાસહિત માર્યા ગયા. ચિતોડના કિલ્લાની દિવાલ કેટલેક સ્થળેથી તૂટી ગઇ. કિલ્લામાં જે છિદ્રો પડયાં હતાં તે દ્વારા નગરમાં પ્રવેશ કરવાને માટે યવનો દોડયા; પરંતુ ચિતોડપુરી હજીસુધી વીરશૂન્ય થઇ નહોતી. હજી રાજપૂતો જીવતા હતા. જ્યાંસુધી રાજપૂતોના શરીરમાં પ્રાણ હશે, જ્યાંસુધી તેમના શરીરમાં રક્તનું એક બિંદુ પણ હશે ત્યાંસુધી શું તેઓ પોતાની માતૃભૂમિને શત્રુના હાથમાં જવા દેશે ? કદિ નહિ. જોતજોતામાં વીરવર દુર્ગારાવ તથા "સત્તો" અને "દુદુ" નામના બે ચંદાવત સરદારો પોતાના માણસોની સાથે ત્યાં આવીને અચલ, અટલ પહાડની પેઠે ઉભા રહ્યા. તેઓ પ્રાણાંતસુધી ત્યાંથી પાછા નહિ હઠવાના નિશ્ચય સાથેજ ત્યાં ઉભા હતા. મુસલમાનોનાં ઝુંડનાં ઝુંડ નગરમાં પ્રવેશ કરવાને દોડયાં, પરંતુ વીરવર દુર્ગારાવ તથા તેમના શૌર્યવાન સાથીઓ જ્યાંસુધી જીવિત રહ્યા ત્યાંસુધી મુસલમાનોની કામના સિદ્ધ થઈ નહિ; પરંતુ માત્ર થોડા રાજપૂતો મુસલમાનોની પ્રચંડ સેનાને ક્યાંસુધી રોકી શકે ? ઘણીવાર સુધી અદ્ભુત પરાક્રમ દર્શાવી રાજપૂતવીરોએ તે છિદ્રોની પાસેજ પ્રાણાર્પણ કર્યું. રણોન્મત્ત યવનવીરો સિંહનાદ કરવા લાગ્યા અને તેઓ અતિ શીઘ્રતાથી તે છિદ્રોની છેક નિકટ આવ્યા; પરંતુ તેઓએ ત્યાં આવીને જે અદ્ભુત દૃશ્ય જોયું તેથી તેઓ સર્પની પેઠે મંત્રમુગ્ધ બની ત્યાંજ સ્તંભિત થઈ ગયા. કેશ છૂટા મૂકી, રણચંડીનું ભીષણ સ્વરૂપ ધારણ કરી, હાથમાં ભયંકર ભાલો ધારણ કરી એક સ્ત્રી અંદરના ભાગમાં ઉભી રહી હતી. આ સ્ત્રી અન્ય કોઇ નહિ, પરંતુ રાઠોડકુળમાં જન્મેલી અને સિસોદીઆકુળમાં પરણેલી મહારાણી જવાહીરબાઇ હતી. વીરનારી જવાહીરબાઇ ,રણચંડીનો વેષ ધારણ કરીને છિદ્રમાર્ગ રોકી ઉભી રહી. મુસલમાનોને આગળ વધતા જોઇ મહારાણી એકદમ દોડીને તેમની નિકટ આવી. આ વીરાંગનાના ભાલાથી અસંખ્ય મુસલમાનોનો સંહાર થયો; પરંતુ મુસલમાનોને રોકી શકાયા નહિ. ઉલટેલા સમુદ્રની પેઠે મુસલમાનસૈનિકો મહારાણીની ઉપર તૂટી પડ્યા; તથાપિ તે વીરબાળાનો ઉત્સાહ કમી થયો નહિ. તે અપૂર્વ વીરતા પ્રદર્શિત કરી મુસલમાનોની સામે લડવા લાગી. આ વખતે તે વીરનારી થોડા રાજપૂતોસહિત મુસલમાનોની સામે લડતી હતી. તેણે અગણિત યવનોની સામે બાથ ભીડી હતી. બહાદૂર હાથીપર બેસીને દૂરથી આ કૌતુક જોતો હતો. આ અદ્ભુત ઘટના જોઇને તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે વીરલલનાની અદ્ભુત વીરતા જોઇને યવનો સ્તબ્ધ થયા; પરંતુ સમુદ્રમાં તૃણના શા આશરા ? અંતે ચિતોડની રક્ષાનો કાંઈ ઉપાય નહિ જોઇને વીરનારી

જવાહીરબાઇએ તીવ્ર વેગથી પોતાનો અશ્વ ચલાવી યવનસેનાની વચમાં પ્રવેશ કર્યો અને ત્યાંજ પોતાના શરીરનો ત્યાગ કર્યો. આ રીતે મહારાણી જવાહીરબાઇ આ જગતમાં સ્ત્રીપરાક્રમનું એક ઉત્તમ ઉદાહરણ દર્શાવી ગયેલ છે.

મહાશક્તિ પણ ચિતોડનો બચાવ કરી શકી નહિ. હવે ચિતોડની રક્ષા કોણ કરશે? સરદારોએ દષ્ટિ ફેંકીને જોયું તો ચિતોડના ભાગ્યમાં મહાસંકટજ તેમને જણાયું. હવે તેમને ચિતોડના રક્ષણની લેશ પણ આશા રહી નહિ. આ સમયે કોઇએ ગંભીરસ્વરે ચિતોડના ઉચ્ચ કિલ્લાપરથી જાણે એમ કહ્યું હોય નહિ કે, "રાજબલિની તૈયારી કરો" તેવા ભણકારા વાગવા લાગ્યા. શું ચિતોડની અધિષ્ઠાત્રીદેવીને માનવરુધિરનું પાન કરવાની દારુણ તૃષા લાગી હતી? રાજબલિ ક્યાંથી લાવવો? માત્ર સંગ્રામસિંહના પુત્ર ઉદયસિંહ રાજકુટુંબમાં શેષ હતા; પરંતુ તેઓ તો બાળક હતા. તે ખડ્ગ ધારણ કરીને સંગ્રામભૂમિમાં શી રીતે જઇ શકે? હવે દેવીની આજ્ઞાનું પાલન શી રીતે કરવું? સરદારો આ પ્રકારની અનેક ચિંતાઓ કિલ્લામાં બેસીને કરવા લાગ્યા; એટલામાં દેવલાધિપતિ વાઘજી તેમની સમક્ષ આવીને ઉચ્ચસ્વરે બોલ્યાઃ-" શું આ હૃદયમાં સિસોદીઆકુલનું પવિત્ર રક્ત વહેતું નથી? આપ રાજબલિને માટે શા સારૂ ચિંતા કરી રહ્યા છો? આજે હું પ્રાણાર્પણ કરીને દેવીની આજ્ઞાનું પાલન કરીશ." આ શબ્દો સાંભળી સર્વની ચિંતા નિવૃત્ત થઇ. જે સૂરજમલે પૃથ્વીરાજની સામે ચિતોડને માટે ભયંકર સંગ્રામ કર્યો હતો તેમનાજ વંશમાં વાઘજી ઉત્પન્ન થયા છે; તેઓ પણ સિસોદીઆકુલનું ભૂષણ છે અને તેઓ આજે પ્રાણાર્પણ કરવાને તત્પર થયા છે. તેમને સિંહાસનપર અધિષ્ઠિત કરવામાં આવ્યા. તેમણે થોડીવાર સુધી મેવાડનું રાજ્ય ભોગવ્યું. મેવાડનાં છત્રચમ્મર અને કિરણ થોડીવાર સુધી તેમના મસ્તકપર વિરાજમાન થયાં. પછી તેમણે કેસરિયાંવસ્ત્રો પરિધાન કર્યા; તેમની સાથે અનેક રાજપૂતોએ પણ કેસરિયાં વસ્ત્રો પહેર્યાં. અંતકાળનો વીરવેષ પહેરાઇ રહ્યો. સરદારો, સામંતો અને મુખ્ય મુખ્ય સેનાપતિઓએ સદાને માટે એકબીજાની વિદાય લીધી. પછી વાઘજીરાવલના મસ્તકપર વિજયવૈજયંતી તથા ઉજ્જવલ છેંગી[1] ધરીને રાજપૂતો મહાગર્વસહિત ગગનભેદી વીરનાદ કરતા શત્રુઓની સામા ગયા. આ તરફ રાજકુમાર ઉદયસિંહને બુંદીના વિશ્વાસપાત્ર રાજા શરથાનને સોંપવામાં આવ્યા. તે દિવસે વીરવર બાપ્પા રાવળની હેમમંડિત વિજયવૈજયંતી દેવલપતિના મસ્તકપર અપૂર્વ તેજથી શોભતી હતી. રાજબલિના ઉષ્ણરુધિરથી ચિતોડની અધિષ્ઠાત્રીદેવીનું ખપ્પર પૂર્ણ કર્યાં પૂર્વે ભયંકર 'જુહારવ્રત'-નું કાર્ય પૂરૂં કરવામાં આવ્યું. શત્રુઓ છિદ્રમાર્ગે ધીમે ધીમે નગરમાં ચાલ્યા આવતા હતા. હવે રાજપૂતોને ચિતા બનાવવાનો વખત રહ્યો નહોતો. રાજપૂતસરદારોએ આ ભયંકર વ્રત શીઘ્ર સમાપ્ત કરવાનો એક ઉપાય શોધી કાઢયો. દુર્ગની અંદર તેમણે એક મોટો ખાડો ખોદાવ્યો અને તેમાં દારૂ તથા ઇતર દાહક પદાર્થો નાખી અગ્નિ પ્રદીપ્ત કરાવ્યો. અગ્નિની પ્રચંડ જ્વાળાઓ ભડભડ બળવા લાગી. મહારાણી કર્ણવતી તેર હજાર રાજપૂતબાળાઓની સાથે પ્રસન્નવદને તે અગ્નિમાં કૂદી પડી. એક ક્ષણમાં તેરહજાર વીરબાળાઓ આ અસાર સંસારનો ત્યાગ કરી ગઇ. કોઇનું કાંઇ ચિન્હ પણ શેષ રહ્યું નહિ. રૂપ, યૌવન, લાવણ્ય, ગૌરવ-એ સર્વનો એક પળમાં અંત આવ્યો. કાંઇ પણ શેષ રહ્યું નહિ. હવે સર્વ સરદારો નિશ્ચિત થયા. હવે તેમને કોઇ પણ બાબતની ચિંતા રહી નહિ. જેમને માટે તેમને ચિંતા થાય તે પ્રીતિદાયિની, આનંદમયી ભગિની, પત્ની અને કન્યાઓ અનલમાં પ્રવેશ કરી ચૂકી હતી. બાળકરાજકુમાર ઉદયસિંહ પણ નિઃશંક સુરક્ષિત હતા.[2] હવે તેમને કયી બાબતનો ડર રહ્યો? હવે તેમને કોનો શોચ-વિચાર રહ્યો? ચિતોડના વીરગણો રણોન્મત્ત થઇને વારંવાર સિંહનાદ કરવા લાગ્યા. તેઓ ભેરીના નાદથી પૃથ્વીને કંપાયમાન કરવા લાગ્યા અને તેમનાં અન્ય રણવાદ્યો પણ પુનઃ વાગી ઉઠયાં. હાથમાં નગ્ન તલવાર લઇ રણોન્મત્ત વાઘજી કિલ્લાનું દ્વાર ખોલીને ચિતોડના બચેલા વીરોની સાથે ત્વરાથી યવનસેનાની વચમાં પ્રવેશ્યા; પરંતુ પ્રચંડ સેનામાં તેમનો શું પત્તો લાગે? આ થોડા

૧ છેંગી એ મહારાજ બાપ્પારાવળનું એક રાજચિન્હ છે. એક કાષ્ઠદંડ ઉપર પ્રાયઃ બે હાથ લાંબુ એક ચામડું બાંધેલું હોય છે, તેના ઉપલા ભાગપર શુતરમુર્ગ અને વચમાં સુવર્ણનો સૂર્ય હોય છે.

૨ જે વિશ્વાસુ રાજપૂતે આવા ભયંકર સમયમાં ઉદયસિંહની રક્ષા કરી હતી તેમનું નામ સુકાસેન ઘુડેસ હતું. આવા મહાત્માનું નામ અવશ્ય ઇતિહાસમાં સંગ્રહી રાખવું જોઇએ.

રાજપૂતો યવનસેનારૂપી અગાધ સમુદ્રમાં પાણીના બિંદુ પેઠે વિલીન થઇ ગયા.

આજે બહાદૂરશાહે ચિતોડપર સંપૂર્ણ રીતે વૈર લીધું.[1] તેણે રાજપૂતનરનારીઓના હૃદયના રુધિરથી પોતાના હૃદયની કઠોર જ્વાળા શાંત કરી. તે પોતાના કાર્યનું પરિણામ જોવાને માટે સ્મશાનવત્ ઉજ્જડ ચિતોડનગરીમાં ગયો; પરંતુ તેણે ત્યાં જઇને જે દૃશ્ય જોયું તેથી તે સ્તબ્ધજ થઈ ગયો. પોતાનું દુષ્કૃત્ય જોઇને તેના હૃદયમાં પણ કરુણા ઉત્પન્ન થઇ હશે. તેના કઠોર હૃદયપર પણ વજ્રઘાત થયો હશે. ચિતોડની પ્રત્યેક ગલીમાં મનુષ્યનું રુધિર વહેતું હતું. સ્થળે સ્થળે કપાઇ ગયેલા અગણિત હાથ-પગ તથા લોહીલુહાણ થયેલાં મસ્તકો દૃષ્ટિગોચર થતાં હતાં. કોઇ કોઈ સ્થળે મનુષ્યો અધમુઆં થઇને પડયાં હતાં. મૃત્યુસમયનાં કઠોર કષ્ટો સહન કરી રહ્યાં હતાં. તેઓ આર્તનાદ કરતાં હતાં અને નિઃશ્વાસ નાખતાં હતાં. તેઓ યવનોને વારંવાર શાપ દેતાં હતાં. કેટલાંક અપમાન અને કારાગૃહવાસમાં નહિ સપડાવાને માટે વિષપાન કરવાની તૈયારીમાં હતાં. કેટલાંક તીક્ષ્ણ કટારી પોતાના હૃદયમાં મારતાં હતાં. ચિતોડમાં આજે પ્રલયકાલ આવી પહોંચ્યો હતો. કોઈ પણ મનુષ્ય શેષ રહ્યું નહોતું. આબાલવૃદ્ધ, સ્ત્રી વગેરે સર્વ જણાંએ પ્રાણાર્પણ કર્યું હતું. ચિતોડપુરી નિર્જન બની ગઈ હતી. રાજસ્થાનનાં મુખ્ય મુખ્ય નગરો રક્ષકહીન થઇ ગયાં. પ્રધાન વીરવંશ નિર્મૂલ થઈ ગયા. આ ભયંકર સંગ્રામમા સર્વ મળીને ૩૨૦૦૦ રાજપૂતવીરોએ આત્મોત્સર્ગ કર્યો હતો. આ ચિતોડનો બીજીવારનો વિધ્વંસ હતો.

બહાદૂરશાહે ચિતોડમાં પંદર દિવસપર્યંત રહીને અનેક પ્રકારના આનંદોત્સવો કર્યા; એટલામાં એવા સમાચાર મળ્યા કે મોગલવીર હુમાયૂ ચિતોડનો ઉદ્ધાર કરવાને માટે પોતાની સેના લઇને ચાલ્યો આવે છે. આ વર્તમાન સાંભળી બહાદૂરશાહ ભયથી થરથર કંપી ઉઠયો. તેણે તરતજ પોતાના દેશમાં પાછા જતા રહેવાની તૈયારી કરી. હુમાયૂ બંગદેશને વશ કરવાનું કામ છોડી દઇને ચિતોડમાં શામાટે આવતો હતો તે કહી શકાતું નથી. એમ કહેવાય છે કેઃ–' એક પવિત્ર બંધનને લીધેજ વીરહુમાયૂ બહાદૂરશાહના કરાલગ્રાસમાંથી ચિતોડનો ઉદ્ધાર કરવાને માટે આવ્યો હતો. ' ઉદયસિંહની માતા રાણી કર્ણવતીએ હુમાયૂને ધર્મભ્રાતા કર્યો હતો. રાજપૂતો આ પવિત્ર ભ્રાતૃત્વબંધનને " રાખીબંધન " કહે છે.

ભટ્ટલોકોના ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે ચિતોડના ભયંકર સંગ્રામમાં જ્યારે વીરનારી જવાહિરબાઇએ પ્રાણાર્પણ કર્યું, ત્યારે રાણી કર્ણવતીએ પોતાના બાળકપુત્રના પ્રાણની રક્ષાનો કોઇ યોગ્ય ઉપાય નહિ સૂઝવાથી નિરુપાયે હુમાયૂની સહાય માગી અને તેનાપર પવિત્ર " રાખીબંધન " મોકલી આપ્યું. વીરધર્મનું અવલંબન કરીને હુમાયૂએ આ મિત્રતાનું પવિત્ર બંધન આનંદથી સ્વીકાર્યું અને તે પોતાની ધર્મભગિનીનું વિપત્તિમાંથી રક્ષણ કરવાને માટે સેના લઇને ચિતોડતરફ ચાલ્યો. જો હુમાયૂ થોડીવાર વહેલો આવ્યો હોત તો બહાદૂરશાહ ચિતોડનો નાશ કરી શકયો ન હોત અને દિલ્લીશ્વરે પોતાની ધર્મભગિનીનું રક્ષણ કરવાની જે પ્રતિજ્ઞા કરી હતી તે પણ પૂર્ણ થઈ હોત; પરંતુ રાણી કર્ણવતીના ભાગ્યમાં આ સુખ જોવાનું નહોતું. જો તેમ હોત તો તે રાખીબંધન મોકલવામાં વિલંબ શામાટે કરત ?[2]

' રાખી ' નો ઉત્સવ વસંતકાળમાં થાય છે. રાજપૂતબાળાઓ આ પ્રસંગે પોતાના બંધુઓના ઉપર ' રાખી ' મોકલે છે. જગત્પ્રસિદ્ધ ભારતેશ્વર અકબરનો પુત્ર જહાંગીર, પાદશાહ શાહજહાન અને પાદશાહ ઔરંગઝેબ પણ[3] આ પવિત્ર બંધનથી પોતાને કૃતાર્થ થયેલા માનતા હતા.[4] કદિ કદિ રાજપૂતોની કુંવારી કન્યાઓ પણ રાખી મોકલે છે; પરંતુ તેમનાપર ભયંકર સંકટ આવી પડે છે અને જ્યારે કાંઇ અત્યંત મહત્ત્વનું કામ હોય છે, ત્યારેજ તેઓ આ કાર્ય કરે છે. જેનાપર રાખી મોકલવામાં આવે તેને

૧ સંવત ૧૫૮૯ (ઈ૦ સ૦ ૧૫૩૩) ના જયેષ્ઠમાસના કૃષ્ણપક્ષની દ્વાદશીને દિવસે ચિતોડનો આ ધ્વંસ થયો હતો.

૨ એમ કહેવાય છે કે હુમાયૂએ બહાદુરશાહની સામે આવી તેની સાથે મર્મભેદી વાગ્યુદ્ધ કર્યું હતું.

૩ જે હિંદુવૈરી ઔરંગઝેબ રાજપૂતોપર કઠોર અત્યાચાર કર્યા કરતો હતો, તેણે પણ ઉદયપુરની રાજમાતાએ મોકલેલી રાખી પરમાનંદથી સ્વીકારી હતી. ઔરંગઝેબે તેમનાપર જે કેટલાક પત્રો મોકલ્યા હતા તેનું લાલિત્ય અને તેની પવિત્રતા જોઈને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. કર્નલ ટૉડને તેમાંથી બે પત્રો મળ્યા હતા. આ પત્રોમાં ઔરંગઝેબે રાજમાતાને " ધર્મભગિની " શબ્દથી સંબોધ્યાં છે.

૪ હાલમાં ઉત્તરપશ્ચિમાદિ પ્રદેશમાં તો શ્રાવણમાસની પૂર્ણિમાને દિવસે રાખીનો ઉત્સવ કરવામાં આવે છે; કદાચ રાજપૂતોમાં આ નામનો કોઈ બીજો ઉત્સવ વસંતઋતુમાં થતો હશે.

રાજપૂતલલનાઓ ધર્મભ્રાતા કહે છે. આ પ્રકારે જે પુરુષો ધર્મભ્રાતા બને છે તે પોતાની ધર્મભગિનીના સંકટનું નિવારણ કરવાને માટે પ્રાણોત્ક્રમણ સુદ્ધાં કરે છે. તે કદિ પણ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યાં વિના રહેતા નથી; પરંતુ આ વીરધર્મમાં પણ એક વિચિત્ર નિયમ પાળવો પડે છે. ધર્મભ્રાતા પોતાની ધર્મભગિનીને માટે ભલે પ્રાણસુદ્ધાં ગુમાવી દે તોપણ તે કદિ પણ ઉક્ત લલનાના લાવણ્યમય મુખનું દર્શન કરી શકતો નથી, તે તેની સાથે કોઇ પણ પ્રકારનો પ્રત્યક્ષ સંબંધ રાખી શકતો નથી; પરંતુ આ પવિત્ર બંધનમાં કોઇ એવી મોહકશક્તિ છે કે તેના પ્રભાવથી વીરગણ મોહિત થઇને સદા ધર્મભ્રાતા બનવાને તત્પર રહે છે. જે રાખી આટલી પવિત્ર વસ્તુ છે અને જેને પ્રાપ્ત કરવાને માટે મોટા રાજામહારાજાઓ પણ લલચાય છે, તેને બનાવવામાં કાંઇ વિશેષ કષ્ટ પડતું નથી કે વધુ ખર્ચ થતો નથી. સર્વ જણ પોતપોતાની શક્તિઅનુસાર તેને બનાવી શકે છે. કોઇ પોતાના ધર્મભ્રાતાપર રાખી-તરિકે રત્નનો હાર મોકલે છે, કોઈ સુવર્ણમાળા મોકલે છે અને કોઇ સાધારણ રેશમની દોરી મોકલે છે. રાખી પ્રાપ્ત થતાં ધર્મભ્રાતા પોતાની ધર્મભગિની ઉપર ચોળી, સાટિન અથવા મુક્તાજડિત જરીની એક ચાદર[1] મોકલે છે અથવા કદિ કદિ એકાદ પ્રગણું પણ આપી દે છે. પાદશાહ હુમાયૂને જ્યારે રાણી કર્ણવતીના તરફથી રાખી મળી ત્યારે તેણે આનંદપૂર્વક તેનો સ્વીકાર કર્યો અને તે બોલ્યોઃ—"કર્ણવતીને હું સર્વ પ્રકારની સહાય કરીશ. જો તેને રણથંભોરના કિલ્લાની ઇચ્છા હશે તો હું તે પણ તેને આપી દઇશ." સમ્રાટે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને માટે ઉત્તમ પ્રકારે યત્ન કર્યો. તે પોતાની ધર્મભગિની અને ભાણેજને વિપત્તિમાંથી બચાવવાને માટે બંગાળાનું આક્રમણ છોડીને ચિત્તોડમાં આવ્યો. [2]હુમાયૂ અવશ્ય સહાય કરશે એમ જાણીનેજ રાણીએ તેનાપર રાખી મોકલી હતી. હુમાયૂમાં વીરતા, ઉદારતા તથા સત્યપ્રિયતા આ ત્રણ ગુણો સંપૂર્ણરીતે વિરાજમાન હતા. તેણે પોતાના પિતા બાબરની સાથે રહીને બિયાના વગેરે સ્થળે જે વીરતા પ્રદર્શિત કરી હતી તેનું ઉત્તમ વર્ણન ભારતના ઇતિહાસમાં ઉપલબ્ધ થાય છે અને બાબરે પણ પોતાના જીવનચરિત્રમાં તે વાત જણાવી છે. હુમાયૂએ ઉત્તમ પ્રકારે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. તેણે બહાદૂરશાહને ચિતોડમાંથી નસાડી મૂકયો અને માળવાના નવાબ પાસેથી તેનું પાટનગર માંડુ પણ છીનવી લીધું. આ નગર છીનવી લેવાનું કારણ એ હતું કે માળવાના નવાબે બહાદૂરશાહને સહાય કરી હતી.

અનેક દુઃખો અને અનેક વિપત્તિઓ સહન કરીને વિક્રમાજિતે ચિતોડનું સિંહાસન પુનઃ પ્રાપ્ત કર્યું; પરંતુ તે છતાં પણ તેની વર્તણુક સુધરી નહિ. સંકટોથી પણ તેના હૃદયમાં જ્ઞાનનો સંચાર થયો નહિ. થોડા દિવસમાં તેનો સ્વભાવ પુનઃ કઠોર થઇ ગયો અને પુનઃ તે પોતાના સરદારોપર અત્યાચાર કરવા લાગ્યો. ધીમે ધીમે તેની દુષ્ટતા ઘણી વધી ગઈ. જે કરમચંદે તેના પિતાને વિપત્તિના સમયમાં સહાય કરી હતી અને જે હમણાં અત્યંત વૃદ્ધ થઇને સંસારમાંથી વિદાય લેવાની તૈયારીમાં હતા, તે માનનીય વૃદ્ધ કરમચંદ પરમારપર પણ તેણે ભરસભામાં પ્રહાર કર્યો. આ અન્યાય અને દારુણ અપમાન જોઈને સર્વ સરદારો પોતપોતાના આસનપરથી ઉઠયા અને સામંતશિરોમણિ ચંદાવંત વીર કર્ણસિંહ ક્રોધસહિતે મોટેથી બોલ્યાઃ—" ભાઇઓ ! અત્યારસુધી તો આપણને પુષ્પની ગંધ આવતી હતી, પરંતુ હવે તો આપણને તેનાં ફળ પણ ચાખવાં પડશે." આ શબ્દો બોલાઇ રહ્યા કે તરતજ અપમાનિત વીર કરમચંદ અત્યંત ક્રોધપૂર્વક બોલ્યાઃ—'કાલેજ આ ફળનો આસ્વાદ માલૂમ પડશે.' તત્કાળ સર્વ સરદારો દરબારમાંથી ઉઠીને ચાલ્યા ગયા.

રાજપૂતો પોતાના રાજાને આરાધ્યદેવ ગણે છે. આર્યધર્મશાસ્ત્રોમાં પણ રાજાને શુદ્ધભાવથી

---

૧ એમ જણાય છે કે અપમાન અને વિપત્તિઓમાંથી ધર્મભગિનીઓને બચાવવાને માટેજ આ પ્રકારની ચાદરો મોકલવામાં આવે છે.

૨ કર્નલ ટૉડ જણાવે છે કેઃ—"રાખીબંધનના સંબંધમાં બીજાં પણ અનેક કથાનકો સાંભળવામાં આવે છે." કર્નલ ટૉડ પ્રતિષ્ઠિત, ઉચ્ચપદવીપર અને અત્યંત સરલ હતા તેથી અનેક રાજપૂતબાળાઓએ તેમનાપર રાખી મોકલીને તેમને "ધર્મબંધુ" બનાવ્યા હતા. ઉકત રાજપૂત સ્ત્રીઓમાં ઉદયપુર, બુંદી અને કોટાની રાણીઓ તથા રાણાજીની ભગિની ચાંદબાઈ વિશેષ પ્રસિદ્ધ છે. આ સાધારણ રાખીઓને કર્નલ ટૉડ અમૂલ્ય અને અપાર્થિવ રત્ન ગણીને તેનો સ્વીકાર કરતા હતા. ( ધન્ય છે રાજપૂતબાન્ધવ ટૉડને ! )

પૂજવાની આજ્ઞા છે. વળી તેમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આ આજ્ઞાનું જે ઉલ્લંઘન કરે છે તે ઇહલોક અને પરલોકના સુખથી વંચિત થાય છે; પરંતુ આ આજ્ઞાની પણ સીમા છે. પ્રસંગવશાત્ તેનું પણ ઉલ્લંઘન કરવું પડે છે; રાજા દુરાચારી હોય અથવા તેનાદ્વારા પ્રજાનું કાંઈ મોટું અકલ્યાણ થતું હોય તો પછી તેને દેવસમાન માનવામાં આવતો નથી, ત્યારે પ્રજાજનો તેને સાધારણ મનુષ્ય માનીને રાજ્યના હિતને માટે તેને પદભ્રષ્ટ કરે છે. રાજપૂતોના ઇતિહાસમાં આવાં અનેક ઉદાહરણો ઉપલબ્ધ થાય છે; પરંતુ રાજપૂતનૃપતિ પ્રજાપર અત્યાચાર કરે એવો પ્રસંગ ક્વચિતજ આવે છે; કારણ કે રાજાની સાથે પ્રજાનું કેવું દૃઢ બંધન હોય છે તે રાજપૂતરાજા સારીપેઠે સમજે છે અને આ બંધન તોડીને તે કદિ પણ પ્રજાપર અત્યાચાર કરતો નથી. જે અગણિત નરનારીઓના ભાગ્યની દોરી તેના હાથમાં હોય છે, જે માણસો રાજાને પિતા તથા દેવસમાન સમજીને તેની ભક્તિ કરે છે, તેનાપર રાજા પાષાણહૃદયી થઇને અત્યાચાર શી રીતે કરી શકે ?

ક્રોધિત સરદારગણ રાજભુવનને છોડી વીરવર પૃથ્વીરાજની ઉપપત્નીના ગર્ભદ્વારા ઉત્પન્ન થયેલા રાજકુમાર વનવીરની પાસે ગયા અને તેમણે તેને સર્વ સમાચાર કહીને તેને ચિતોડના સિંહાસનપર અભિષિક્ત કરવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. પ્રથમ તો વનવીરને આ કાર્ય પસંદ પડ્યું નહિ. રાજાને પદભ્રષ્ટ કરી તેના સિંહાસનપર આરૂઢ થવું એ તેને ભયંકર કુકર્મ લાગ્યું; પરંતુ જ્યારે તેણે મેવાડની શોચનીય દશાનો વિચાર કર્યો, જ્યારે તેણે જોયું કે સરદારોની વાત નહિ માનવાથી મેવાડને મોટી હાનિ થશે, ત્યારે તેણે સિંહાસનનો સ્વીકાર કરવાની અનુમતિ આપી. હતભાગી વિક્રમાજિતને સિંહાસનપરથી પદભ્રષ્ટ કરવામાં આવ્યો. આ ઘોર અપમાન થયા પછી તેના જીવનરૂપી નાટકનો અંતિમ અંક સમાપ્ત કરવામાં આવ્યો અને વનવીરના અભિષેકના આનંદધ્વનિમાં વિક્રમાજિતના મૃત્યુથી રણવાસમાં થયેલો શોકધ્વનિ લય પામી ગયો.



# अध्याय ९ मो

વનવીરનું શાસન–સંગ્રામસિંહના બાળકપુત્ર ઉદયસિંહને મારી નાખવાને માટે વનવીરનો ઉદ્યોગ–ઉદયસિંહના પ્રાણની રક્ષા–દીર્ઘકાળપર્યંત તેમનો ગુપ્ત વાસ– સરદારોએ તેમનો રાણા-તરિકે કરેલો સ્વીકાર–ન્નાનું વર્ણન–ઉદયસિંહે કરેલી ચિતોડની પ્રાપ્તિ–વનવીરનું પદભ્રષ્ટ થવું–નાગપુરના ભોંસલેની ઉત્પત્તિનું વર્ણન– રાણા ઉદયસિંહના રાજ્યનું વર્ણન–તેમની અયોગ્યતા–હુમાયૂનું પદભ્રષ્ટ થવું–અકબરનો જન્મ–હુમાયૂએ બીજીવાર કરેલી રાજ્યપ્રાપ્તિ –હુમાયૂના પરલોકવાસ પછી અકબરનું તખ્તપર બેસવું–ઉદયસિંહ અને અકબરનાં ચરિત્રોનો મુકાબલો–ચિતોડપર અકબરનું આક્રમણ અને ઉદયસિંહનું ચિતોડમાંથી પલા-યન–ચિતોડની રક્ષાને માટે રાજપૂતોએ કરેલું યુદ્ધ–જયમલ અને પત્ત–વીરનારી–જુહારવ્રત–હિંદુમુસલમાનો વચ્ચે તુમુલ યુદ્ધ–અકબરનો વિજય–નગરવાસીઓની હત્યા–ઉદયસિંહે ઉદયપુરની કરેલી સ્થાપના–ઉદયસિંહનો પરલોકવાસ.

રાજ્ય અને સંપત્તિમાં શું મોહિની છે, તે રાજા અથવા ધનવાનસિવાય કોણ જાણી શકે છે? જે વનવીરે, પોતાને સિંહાસનારૂઢ કરવાની સરદારોએ કરેલી માગણી સ્વીકારતાં આનાકાની કરી હતી, જેણે વિક્રમાજિતને પદભ્રષ્ટ કરીને મેવાડનું સિંહાસન પોતાના અધિકારમાં લેવું એને ઘોર પાપકર્મ માન્યું હતું, તે વનવીર માત્ર થોડા કલાકપર્યંત સિંહાસનપર બેઠો, એટલે તેનું મન સંપૂર્ણરીતે બદલાઇ ગયું. તે રાજ્યસામર્થ્યનેજ સર્વ સુખો કરતાં ઉત્તમ માનવા લાગ્યો. તેણે પ્રથમ રાજવેષ ધારણ કર્યો તે વખતે તે મનમાં બહુ ગુંચવાયો હતો. વિક્રમાજિતને માટે તેને બહુ દુઃખ લાગ્યું હતું અને તેણે તેને માટે અનેકવાર ખેદ પ્રદર્શિત કર્યો હતો; પરંતુ આ વખતે તેની મૃદુ લાગણી કોણ જાણે ક્યાં જતી રહી! ભગવાન એકલિંગજીની પૂજા કરી તે વારંવાર કહ્યા કરતો કે:–"હે ભગવન્! આપનીજ કૃપાથી મને મેવાડનું સિંહાસન પ્રાપ્ત થયું છે. હે મહાદેવ! મને ધર્મથી વિમુખ થવા દેશો નહિ;" પરંતુ હવે વનવીર રાજ્યની મોહિનીના ફંદામાં ફસીને એટલો ભ્રમિત થઇ ગયો કે તે કોનું રાજ્ય ભોગવતો હતો એ વિષે તેણે લેશ પણ વિચાર કર્યો નહિ. જો કે સરદારોએ વિક્રમાજિતને પદભ્રષ્ટ કરીને વનવીરને સિંહાસનપર આધિષ્ઠિત કર્યો છે તોપણ શું તે સદા તે પદપર અવિચળ રહેશે કે? શું વનવીરને આ વાતની ખબર નહોતી કે સંગ્રામસિંહનો બાળકપુત્ર ઉદયસિંહ ચંદ્રમાની પેઠે દિવસાનુદિવસ મોટો થતો જાય છે? અને શું તે જાણતો નહોતો કે ઉદયસિંહ યોગ્ય વયનો થશે એટલે તે મને પદભ્રષ્ટ કરશે? મેવાડના સામંતોએ ચિરકાળને માટે વનવીરને સિંહાસન આપ્યું હોય એમ લાગતું નથી. ઉદયસિંહ યોગ્ય વયનો થાય ત્યાંસુધીને માટે તેમણે તેને સિંહાસનારૂઢ કર્યો હશે; પરંતુ ભટ્ટલોકોના ગ્રંથોમાં આ સંબંધે કાંઇ ઉલ્લેખ નથી.

સિંહાસનપર બેસતાંજ વનવીરનું મન ફરી ગયું. તત્કાળ તેણે પ્રતિજ્ઞા કરી કે મારા માર્ગમાં જે કંટકરૂપ હોય તે સર્વને દૂર કરીશ. પહેલા અને મોટા કંટકરૂપ તો ૭ વર્ષના બાળક રાજકુમાર ઉદય-સિંહજ હતા. આ કંટકને દૂર કરવાને માટે ક્રૂર વનવીર રાત્રિની વાટ જોવા લાગ્યો. રાત્રિ પડતાં કુમાર ઉદયસિંહને ભોજન કરાવી સૂવાડી દેવામાં આવ્યા. તેમની ધાત્રી તેમની શૈય્યાપર બેસીને તેમની

સેવા કરવા લાગી, થોડીવાર પછી તેણે રણવાસમાં ઘોર આર્તનાદ અને રોદનસ્વર સાંભળ્યો. આ ધ્વનિ સાંભળી ધાત્રી પન્ના વિસ્મિત થઇ.તે ભયભીત થઇને ઉઠવાની તૈયારીમાં હતી એટલામાં હજામ રાજકુમારનું ઉચ્છિષ્ટ અન્ન ઉઠાવવાને ત્યાં આવ્યો અને વ્યાકુલતાપૂર્વક કહેવા લાગ્યોઃ-"બહુ ખોટું કામ થયું ! સત્યાનાશ થઈ ગયું ! વનવીરે વિક્રમાજિતને મારી નાખ્યા." આ શબ્દો સાંભળી ધાત્રીનું હૃદય કંપાયમાન થયું અને તે સમજી ગઇ કે નિષ્ઠુર વનવીર કેવળ વિક્રમાજિતનેજ મારીને શાંત રહેશે નહિ,પરંતુ તે ઉદયસિંહને પણ મારવા આવશે. જાણે કોઇ અદૃશ્ય દેવેજ પોતાના કાનમાં આ વાત ના કહી હોય ! તેમ તેને લાગ્યું. તેણે રાજકુમારને બચાવવાનો ઉપાય અતિ શીઘ્રતાથી કર્યો.ત્યાં આગળ ફ્લાદિ રાખવાનો એક મોટો ટોપલો પડેલો હતો,તેમાં તેણે નિદ્રિત રાજકુમારને ઘણી સાવધાનીથી મૂકી દીધો અને વૃક્ષપત્રોથી તેને ઢાંકી દઇને ઉક્ત હજામને તે ટોપલો આપીને કહ્યુંઃ-"હવે તું આ ટોપલો લઇને આ નગરમાંથી નાસી જા." વિશ્વાસુ હજામે તત્કાળ આ આજ્ઞાનું પાલન કર્યું.તે ધાત્રીએ પોતાના બાળકને ઉદયસિંહની શય્યાપર સૂવાડયો;એટલામાં વનવીર રુધિરથી ખરડાયેલા હાથસહિત ત્યાં આવ્યો અને ઉદયસિંહની શોધ કરવા લાગ્યો. ભયથી ધાત્રીના તો હોશજ ઉડી ગયા; તેનો કંઠ રૂંધાઇ ગયો. એક પણ શબ્દ બોલ્યા વિના કંપતાં કંપતાં તેણે રાજકુમારની શય્યા તરફ અંગુલિનિર્દેશ કર્યો.પછી તેણે ભય અને વ્યાકુળતાથી તે તરફ દૃષ્ટિ કરી તો તેને જણાયું કે નિષ્ઠુર વનવીરે તે શય્યામાં સૂતેલા પોતાના બાળકના હૃદયમાં કાતિલ છૂરી ઘોચી દીધી છે ! બાળકે કેવળ એક ચિચિયારી પાડી ! પછી તે તરફડવા લાગ્યો. તરતજ તે નિર્જીવ થઇ ગયો ! સુકુમાર પુષ્પ કરમાઇ ગયું ! હતભાગિની ધાત્રીની દૃષ્ટિ સમીપ તેના હૃદયનો દીપક બુઝાઇ ગયો;તથાપિ તેણે પોતાના પુત્રને માટે જરા-એક વાર પણ હૃદયનો ભાર ઓછો થાય ત્યાંસુધી રોદન કર્યું નહિ. તે ગુપચુપ અશ્રુ સારતી પોતાના પુત્રને અગ્નિદાહ કરવાને ગઇ અને તે સંસ્કાર સમાપ્ત થઇ ગયા પછી તે કિલ્લાની બહાર નીકળી ગઈ.રણવાસમાંની રાણીઓને ધાત્રી પન્નાના આ મહાન કાર્યની જરાપણ ખબર નહોતી.તેમણે ધાર્યું કે વનવીરે મહારાણા સંગ્રામસિંહના કનિષ્ઠ પુત્ર ઉદયસિંહનો વધ કર્યો છે. આથી તેઓ પુષ્કળ વિલાપ કરવા લાગી.તેમને જરા પણ ખબર નહોતી કે ધાત્રી પન્નાએ ચિતોડના ભાવી રાણાને બચાવવાને માટે પોતાના પ્રાણાધિક પુત્રનો નાશ કર્યો છે.ઇતિહાસમાં અવશ્ય આ પવિત્ર ધાત્રીનું નામ સુવર્ણાક્ષરથી સદા અંકિત રહેશે. ખીચીરાજપૂતકુળમાં આ પન્નાનો જન્મ થયો હતો. જયાંસુધી પૃથ્વીપર રાજપૂતોનું નામ રહેશે ત્યાંસુધી પન્નાના પવિત્ર નામનું સર્વ મનુષ્યોને સ્મરણ રહેશે.

પ્રાણાધિક પુત્રના ચિતાગ્નિને પોતાના ઉષ્ણ અશ્રુઓથી બુઝાવીને અભાગિની પન્ના ઉક્ત હજામની શોધ કરવાને કિલ્લાની બહાર નીકળી.ચિતોડની પશ્ચિમ દિશામાં બેરિસ નામની નદી છે. આ નદીના જનશૂન્ય કિનારાપર ઉક્ત હજામ રાજકુમારને લઇને બેઠો હતો.સુભાગ્યવશાત્ ચિતોડનગરમાં ઉદયસિંહ નિદ્રામાંથી જાગૃત થયા નહોતા. પન્ના ઉક્ત નદીના તટપર જ્યાં હજામ બેઠો હતો ત્યાં ગઈ અને રાજકુમારને પોતાની સાથે લઇને વાઘજીના પુત્ર સિંહરાવ પાસે ગઇ તેમજ ત્યાં પોતાને રહેવા દેવાની તેને પ્રાર્થના કરી.વનવીરના ભયથી તેણે પન્નાની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો નહિ અને તે અત્યંત શોકાકુળ થઇને બોલ્યોઃ-"રાજકુમારની રક્ષા કરવાની મારી અતિ ઉત્કટ ઇચ્છા છે;પરંતુ વનવીર આ વાત જાણીને મારો વંશસહિત નાશ કરશે. તેની સાથે યુદ્ધ કરવાનું મારામાં સામર્થ્ય નથી." હવે પન્ના દેવલનો ત્યાગ કરીને ડુંગરપુર નામના નગરમાં ગઇ અને ત્યાંના રાણા યશકર્ણને રાજકુમાર ઉદયસિંહની રક્ષા કરવાની પ્રાર્થના કરી;પરંતુ તેણે પણ વનવીરના ડરથી રાજકુમારની રક્ષા કરવાની ચોખ્ખી ના પાડી.ત્યારપછી પન્ના વિશ્વાસુ અને શુભેચ્છક ભીલોને પોતાની સાથે લઇ અરવલ્લીની દુર્ગમ શૈલમાળા તથા ઇડરના કૂટ માર્ગો ઓળંગીને રાજકુમારસહિત કમલમેરદુર્ગમાં જઇ પહોંચી.પન્નાના ચાતુર્યથી અહીંઆં તેનો ઉદ્દેશ સિદ્ધ થયો.દિપ્રા નામના વણિકકુળમાં ઉત્પન્ન થયેલો આશાશાહ નામનો એક જૈનરાજપૂત તે સમયમાં કમલમેરમાં રાજ્ય કરતો હતો.પન્નાએ તેને મળવાની ઇચ્છા પ્રદર્શિત કરી.રાજાએ તેને પોતાના વિશ્રામગૃહમાં બોલાવી.ત્યાં જઇને ધાત્રી પન્નાએ બાળક રાજકુમારને આશાશાહના ખોળામાં મૂકી દીધો અને નમ્રતાપૂર્વક તેની પ્રાર્થના કરીઃ-"આપના રાજાનો પ્રાણ બચાવો;" પરંતુ આશાશાહ ભયભીત થયો અને પન્નાપર અપ્રસન્ન થઈ તેણે રાજપુત્રને પોતાના ખોળાપરથી ઉતારી મૂકવાની ચેષ્ટા કરી;પણ તેનાં

માતુશ્રી ત્યાંજ ઉભાં હતાં.તેમણે પોતાના પુત્રની આવી કાયરતા જોઇને તેને ખૂબ ઠપકો આપ્યો અને પછી તેને બોધ આપી કહ્યું:–" સ્વામીના શુભેચ્છકો તેમનું હિત સાધવાને માટે કોઇ પણ વિપત્તિ અથવા વિઘ્નથી ડરતા નથી.રાણા સમરસિંહના પુત્ર તારા સ્વામી છે. આજે તે વિપત્તિમાં આવી પડવાથી તારો આશ્રય માગે છે.તે તેને આપવાથી તને ભગવાનનો આશીર્વાદ પ્રાપ્ત થશે અને તારા ગૌરવની વૃદ્ધિ થશે." માતાનાં બોધદાયક વચનોથી આશાશાહના સર્વ સંદેહો દૂર થઇ ગયા.તેણે રાજકુમારને પોતાના ભત્રિજા તરીકે જણાવ્યા અને ઉત્તમપ્રકારે તેમનું લાલનપાલન કરવા માંડયું.પન્નાની મનઃકામના પૂર્ણ થઈ. શ્રાવકને ત્યાં રહેવાથી કોઇ શંકા લાવશે એમ ધારી પન્ના કમલમેરનો ત્યાગ કરી ત્યાંથી ચાલી ગઇ.

આશાશાહને ત્યાં રહીને ઉદયસિંહ કાળક્રમણ કરવા લાગ્યા.આશાશાહે કુમારને પોતાના ભત્રિજા તરિકે જણાવ્યા; તથાપિ લોકોના મનમાં અનેક પ્રકારની શંકાઓ ઉત્પન્ન થવા લાગી. આશાશાહના પિતાની શ્રાદ્ધતિથિ આવી તે દિવસે તેને ત્યાં ઘણાં માણસોની ભીડ થઇ. રાજપૂતોને પણ નિમંત્રણ કરેલું હોવાથી તેઓ પણ ત્યાં મોટી સંખ્યામાં આવ્યા.સર્વ સામગ્રી તૈયાર થતાં સમસ્ત લોકો ભોજન લેવાને બેઠા. અનેક પ્રકારનાં ભોજનો પીરસવામાં આવ્યાં.અંતે દહિં પીરસવાનો વારો આવ્યો ત્યારે રાજકુમાર ઉદયસિંહે એક પીરસનારના હાથમાંથી દહિંનું વાસણ ઝુંટવી લીધું.કુમારનું આ અયુક્ત વર્તન જોઇને સર્વ વિસ્મિત થયા.સાત વર્ષના બાળકની આવી અપૂર્વ તેજસ્વિતા જોઇ સર્વ માણસો ચકિત થયા.તેમને ઘણા સમજાવવામાં આવ્યા,ડર પણ બતાવ્યો; પરંતુ તેમણે દહિંનું વાસણ છોડયું નહિ. આ પ્રકારે આશાશાહને ત્યાં ઉદયસિંહ ગુપ્ત રહ્યા; પરંતુ સત્ય કેટલા દિવસ સુધી ગુપ્ત રહી શકે છે ? તે પછી રાજકુમારના સમાચાર આપોઆપ પ્રકટ થઇ ગયા.ઝાલોરના સોનગઢાસરદારો કોઇ કામ પ્રસંગે આશા-શાહની પાસે આવ્યા. આશાશાહે તેમનો આદરસત્કાર કરવાને માટે ઉદયસિંહને નિયુક્ત કર્યા.રાજકુમારે આ કાર્ય એટલી ઉત્તમ રીતે પરિપૂર્ણ કર્યું કે ઉક્ત સરદારોને તેમને વિષે એકદમ સંદેહ ઉત્પન્ન થયો. તેમની સંપૂર્ણ ખાત્રી થઇ ગઇ કે આ આશાશાહનો ભત્રિજો છેજ નહિ.ધીમે ધીમે આ વર્તમાન ચોતરફ પ્રસરી ગયા. મેવાડના સામંતો અને સરદારોજ માત્ર નહિ;પરંતુ આર્યાવર્તના ઈતર પ્રદેશોના રાજાઓ પણ આનંદિત થઈ રાજકુમાર ઉદયસિંહને પ્રણામ કરવાને માટે ત્યાં આવવા લાગ્યા.ચંદ્રના પ્રતિનિધિ સાલુમ્બ્રાધિપતિ સાહીદાસ; કૈલવાપતિ જાગો તથા બાગોરનાથ સંગ વિગેરે ચંદાવત ગોત્રના અન્યાન્ય સામંતગણ; કોટારિયા અને બેદલાના ચૌહાણ; વિજોલીના પરમાર; સંચોરપતિ પૃથ્વીરાજ અને જેતાવત લૂણકરણ; આ સર્વ રાજાઓ આનંદપૂર્વક કમલમેરમાં આવ્યા.પછી પન્ના અને ઉક્ત હજામે ઉદય-સિંહના રક્ષણની સર્વ હકિકત કહીને સર્વના મનનો સંદેહ નિવૃત્ત કર્યો.

એક દિવસ કમલમેરના સભાગૃહમાં એક મોટો દરબાર ભરવામાં આવ્યો.આશાશાહે સર્વ સભા-સદોની સમક્ષ રાજકુમારવિષે યથાર્થ વર્ણન કરીને તેમને મેવાડના વૃદ્ધ ચૌહાણ સામંતના હાથમાં સોંપી દીધા. આ સામંત રાજકુમાર વિષેની સર્વ ગુપ્ત વાત સારી રીતે જાણતા હતા,તેથી તેમને સંદેહ ધારણ કરવાનું કાંઇ પ્રયોજન નહોતું.કુમાર આશાશાહને ત્યાં રહ્યા હતા તેથી કદાચ કોઈ રાજપૂત તેમને વિષે શંકા ધારણ કરે એવો સંભવ હતો. આથી ઉક્ત ચૌહાણસરદારે રાજકુમારની સાથે એક પાત્રમાં ભોજન કર્યું.હવે સર્વ જણની સંપૂર્ણ ખાત્રી થઇ.વીરવર સંગ્રામસિંહના પુત્રને જીવંત જોઇને સર્વ આનંદમાં નિમગ્ન થઇ ગયા.તેમનો આનંદધ્વનિ અનંત ગગનને માર્ગે થઇ પર્વતશૃંગોપર અથડાતો અથડાતો ચિતોડ-નગરમાં પહોંચ્યો. ચિતોડના સિંહાસનપર બેઠેલા દુષ્ટ વનવીરે આ ધ્વનિ સાંભળ્યો.તેનું હૃદય કંપાયમાન થવા લાગ્યું. તેને લાગ્યું કે હવે આપણા હાથમાં સિંહાસન રહેનાર નથી. સોનગઢા સરદાર અખિલરાવે ઉદયસિંહની સાથે પોતાની કન્યાનો વિવાહ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી. પ્રથમ તો રાજકુમાર ઉદયસિંહે તેની આ માગણીનો અસ્વીકાર કર્યો; કારણ કે સોનગઢા માલવદેવે જે દિવસે રાણા હમીરની સાથે પોતાની કન્યાનો વિવાહ કર્યો હતો તે દિવસે રાણા હમીરસિંહે કહ્યું હતું કેઃ–"આજથી કોઇ ગિહલોત સોનગઢા ગોત્રમાં વિવાહ કરશે નહિ." તેમનાં આ વચનો આ સમયપર્યંત પાળવામાં આવ્યાં હતાં; પરંતુ પાછ-ળથી ઉદયસિંહે પોતાનો પ્રથમનો વિચાર ફેરવી નાખ્યો અને પોતાના પૂર્વજોના ચાલતા આવેલા નિયમનું ઉલ્લંઘન કરીને ઉક્ત સરદારની કન્યા સાથે વિવાહ કરવાનો સ્વીકાર કર્યો. વિવાહનો દિવસ નિયત થઈ અન્ય સર્વ વ્યવસ્થા થયા પછી મહારાણા કુંભાજીના કિલ્લામાં મેવાડના મુખ્ય મુખ્ય સરદારો અને

સામંતોએ ઉદયસિંહની પૂજા કરી તેમના કપાળમાં રાજતિલક કર્યું.

આ સમાચાર શીઘ્ર વનવીરને કર્ણગોચર થયા. તે એકદમ હતાશ થઇ ગયો. તેણે વિચાર કર્યો કે:-"મેં મારા હાથે કુમારનો વધ કર્યો છે અને તેને તરફડતો દીઠો છે, તો પછી કયા દેવતાના પ્રસાદથી તથા કયા સંજીવનમંત્રના પ્રભાવથી ઉદયસિંહ જીવિત થઇ ગયો?" તે આ સંબંધે કાંઇ સમજી શક્યો નહિ. વનવીરને દીર્ઘકાળપર્યંત રાજ્યસુખ ભોગવવાની મોટી આશા હતી અને પોતાની આશા પરિપૂર્ણ કરવાને માટે તે દિનરાત એકલિંગજીની પ્રાર્થના કરતો હતો; પરંતુ તેની સર્વ આશા નષ્ટ થઇ. તેણે પળવાર પણ એવો વિચાર કર્યો નહોતો કે આ રાજ્યપર કોઇ બીજાનો અધિકાર થશે. તેનો તો દૃઢ નિશ્ચય થઇ ગયો હતો કે હવે હું નિષ્કંટક છું. આથીજ તે સિંહાસનપર બેસીને સરદારોપર અનેક પ્રકારના અત્યાચારો કર્યા કરતો હતો. તેને રાજમદ એટલો બધો ચઢી ગયો હતો કે તે પોતાના માતૃપક્ષની કુળહીનતા ભૂલી જઇને મેવાડના શુદ્ધ રાજાઓના જેટલું સન્માન બળાત્કારે પ્રજાતરફથી પ્રાપ્ત કરવા લાગ્યો. એક વખતે ચંદ્રના એક તેજસ્વી વંશજે તેનું "દૂના" અર્થાત્ ઉચ્છિષ્ટ અન્ન ન ગ્રહણ કર્યું તેટલા માટે વનવીરે તેનું ઘોર અપમાન કર્યું હતું.

રાજાના ઉચ્છિષ્ટ પ્રસાદને "દૂના" (પડીઓ-પ્રસાદનો પડીઓ) કહેવામાં આવે છે. આ પ્રસાદ પ્રાપ્ત કરવાને માટે સરદારો અને સામંતો પ્રાર્થના કરે છે; પરંતુ સર્વની આ કામના પૂર્ણ થતી નથી. રાણાજીની સાથે એક પંક્તિમાં બેસીને ભોજન કરવાનો જે સરદારોને અધિકાર હોય છે તેમનામાંના કોઇને કોઇ કોઇ વખત આ "દૂના" આપવામાં આવે છે. કોઇ ઉત્સવને પ્રસંગે અથવા કોઇ બીજા પ્રસંગે રાણાજી પોતાના ભોજનગૃહમાં ઉચ્ચ દરજ્જાના સરદારોની સાથે ભોજન કરવા બેસે છે. આ વખતે સરદારો પોતપોતાની યોગ્યતા પ્રમાણે પંક્તિમાં બેસે છે. આ સમયે રાણાજી ગંભીરતા છોડીને સાદાઇથી પોતાના સરદારોની સાથે વાર્તાલાપ કરે છે. તે દિવસે જેનું ભાગ્ય બળવાન હોય છે તેનેજ રાજપ્રસાદ મળે છે. રસોઇઆની સાથે આ "દૂના" રાણાએ જે સરદારને પસંદ કર્યો હોય તેની પાસે મોકલવામાં આવે છે. આ માણસ તરફ અન્ય સર્વ સરદારોની દષ્ટિ આકર્ષિત થાય છે અને તેને વારંવાર ધન્યવાદ આપવામાં આવે છે. આ દૂના પ્રાપ્ત કરવામાં રાજપૂતરાજાઓ પણ પોતાની કૃતાર્થતા માને છે. એક વખતે મહારાજા માનસિંહને વીરશ્રેષ્ઠ રાણા પ્રતાપસિંહનું "દૂના" નહિ પ્રાપ્ત થવાથી મેવાડમાં જે મહાઅનર્થ થયો હતો તેનેજ મેવાડની શોચનીય દશાનું કારણ માનવામાં આવે છે.

શીતલસેની નામની એક દાસીના ઉદરે વનવીરનો જન્મ થયો હતો;આથી તેને મેવાડની પ્રાચીન પ્રણાલી અનુસાર "પંચમપુત્ર" કહેવામાં આવતો હતો. મહાસંકટમાં આવી પડવાથીજ મેવાડના સરદારોએ તેને રાજગાદી આપી હતી; પરંતુ તેથી શું તેઓ તેનું "દૂના" ગ્રહણ કરે? શું પૃથ્વીરાજનો દાસીપુત્ર મેવાડના ઉચ્ચકુળના રાજાઓના જેટલું સન્માન પ્રાપ્ત કરી શકશે? વનવીરની ઇચ્છા તો એવીજ હતી; પરંતુ તેની તે ઇચ્છા કોણ પૂર્ણ કરે? એવો કોણ છે કે જે પોતાની કુળમર્યાદાને તિલાંજલિ આપીને દાસીપુત્રનું ઉચ્છિષ્ટ અન્ન ખાશે? પૂર્વોક્ત ચંદાવતસરદારને રાણાએ જ્યારે "દૂના" આપ્યું ત્યારે તેને પાછું ફેરવીને તેણે કહ્યું:-"બાપ્પારાવલના શુદ્ધ વંશજના હાથથી આ "દૂના" મળત તો આ પ્રસાદને ગૌરવનો વિષય માનવામાં આવત; પરંતુ શીતલસેનીદાસીના પુત્રના હાથથી તેને ગ્રહણ કરવું એ મહા ઘોર અપમાન સિવાય બીજું શું હોઇ શકે?" વસ્તુતઃ સરદારો ધીમે ધીમે વનવીરથી એટલા બધા અસંતુષ્ટ થઇ ગયા હતા, કે તેઓ ઉદયસિંહનો રાજ્યાભિષેક કરવાને માટે કમલમેરદુર્ગ તરફ ચાલ્યા. આ લોકો અરવલ્લીના ગિરિમાર્ગદ્વારા જતા હતા એવામાં પાંચસેં અશ્વો અને દશ સહસ્ર બળદો તેમને દષ્ટિગોચર થયા. આ પશુઓની પીઠપર અતિ મૂલ્યવાન વસ્તુઓ લાદેલી હતી. એક સહસ્ર ધરવાલરાજપૂતો તેના રક્ષકો હતા. ગુપ્ત રીતે પૂછપરછ કરવાથી તેમને વિદિત થયું કે આ સર્વ મૂલ્યવાન વસ્તુઓ વનવીરની કન્યાની પહેરામણીમાં કચ્છદેશથી આવતી હતી. આ વર્તમાન સાંભળી સરદારોના આનંદનો પાર રહ્યો નહિ. સિંહ મૃગસમૂહ ઉપર તૂટી પડે છે તે પ્રમાણે તેઓ શીઘ્રતાથી ઉક્ત ધરવાલરાજપૂતોના ઉપર તૂટી પડ્યા. સર્વ રક્ષકો માર્યા ગયા. મેવાડના સરદારો ઉક્ત સર્વ વસ્તુઓ લૂંટીને પ્રસન્ન મનથી ઉદયસિંહની પાસે લાવ્યા. લૂંટેલી આ સર્વ સામગ્રી શ્રેષ્ઠ કાર્યમાં ઉપયોગમાં આવી. ઝાલોરના સોનગઢાસરદારની કન્યા સાથે ઉદયસિંહનો વિવાહ થયો તે પ્રસંગે

આ સર્વ સામગ્રી ઠીક ઉપયોગમાં આવી ગઈ. જો કે વીરવર હમીરની આજ્ઞાનું ઉલ્લંઘન થયું હતું તોપણ મેવાડનું એક મહાકાર્ય સિદ્ધ થયું. જે માલવદેવે ગિહલોતકુળમાં કલંક લગાડયું હતું તેનાજ વંશજે આજે રાષ્ટ્રાપહારક સિસોદીઆવનવીરના ગ્રાસમાંથી મેવાડનો ઉદ્ધાર કરીને તે કલંક દૂર કર્યું. ઝાલોરપ્રદેશમાં "બલ્હિ" નામનું સ્થાન છે ત્યાં આ શુભ વિવાહ થયો. આ પ્રસંગે માત્ર બે સામંતો સિવાય રાજસ્થાનના સર્વ સામંતો હાજર થયા હતા અને તેમણે વિવિધ પ્રકારની ભેટો પણ મોકલી હતી. જે બે સરદારો આ શુભ પ્રસંગે આવ્યા નહોતા તેમાંના એકનું નામ માલોજી હતું અને બીજો સોલંકીકુળમાં જન્મ્યો હતો. આનું નામ ઇતિહાસમાં લખવામાં આવ્યું નથી. જે વિવાહમાં રાજસ્થાનના સમસ્ત મોટા મોટા સરદારો આવ્યા હતા તેમાં આ બે સરદારો કેમ નહિ આવ્યા ? અવશ્ય આમાં કાંઇ ભેદ હશે. તેમણે આ રીતે રાણાનું અપમાન કર્યું એટલા માટે સરદારોએ તેમનાપર આક્રમણ કર્યું. પોતાની રક્ષાનો કાંઇ ઉપાય નહિ જડવાથી તેઓ વનવીરને શરણે ગયા. વનવીર ઉક્ત ઉભય સરદારોની રક્ષા કરવાને માટે પોતાની સેના લઇને ગયો; પરંતુ તે અભાગી સરદારોની રક્ષા થઇ શકી નહિ. માલોજી માર્યો ગયો અને બીજો સોલંકી સરદાર કોઇ ઉપાય નહિ જોઇને ઉદયસિંહને તાબે થયો. ધીમે ધીમે વનવીરનું બળ ઘટતું ગયું. તેના સહાયકો ઓછા થતા ગયા. બંધુઓ, ઇષ્ટમિત્રો, સર્વ તેને છોડી ગયા, તેનું ભાગ્યાકાશ ધીમે ધીમે ઘનઘોર વાદળથી આવૃત થઇ ગયું; તથાપિ જીવનદાયિની આશા તૂટી નહિ. ઉદયસિંહની સર્વ તૈયારીઓ અને યોજનાઓને નિષ્ફળ કરવાને માટે વનવીર રાજધાનીમાં અડગ રહ્યો; પરંતુ તેને અંતે સંપૂર્ણ નિષ્ફળતા મળી. મંત્રીએ નવી સેનાનો સંગ્રહ કરવાનું બહાનું કાઢીને રાજકુમારના એક હજાર યોદ્ધાઓને દુર્ગમાં બોલાવી લીધા. દુર્ગમાં પ્રવેશ કરતાંની સાથે તેમણે દ્વારપાલોપર આક્રમણ કર્યું અને તેમનો વધ કરીને કિલ્લાના શિખરપર ઉદયસિંહની વિજયવૈજયંતી ફરકાવી દીધી. શીઘ્ર દૂત અને નગરવાસીલોકો વારંવાર ઉદયસિંહની જય પોકારવા લાગ્યા; પરંતુ કોઇએ વનવીર પર અત્યાચાર કર્યો નહિ. તે પોતાની પુષ્કળ સંપત્તિ અને પરિવારને લઇને નિર્વિઘ્નતાપૂર્વક કિલ્લામાંથી નીકળી ગયો અને દક્ષિણદેશમાં જઇ વસ્યો. વખત જતાં તેના વંશજો નાગપુરના ભોંસલે કહેવાયા.

સંવત ૧૫૯૭ (ઇ૦ સ૦ ૧૫૪૧-૪૨)માં મેવાડના સરદારોએ ઉદયસિંહને ચિતોડના સિંહાસનપર બેસાડયા. તેમના અભિષેક પ્રસંગે સમસ્ત પ્રજાને અપૂર્વ આનંદ થયો. ઘેરેઘેર નૃત્ય અને ગાયન થવા લાગ્યાં. કમલમેરના[1] જે શાંતિમય શૈલશિખરપર ઉદયસિંહની બાલ્યાવસ્થા ગુપ્ત રીતે વ્યતીત થઇ હતી ત્યાંથી વિદાય લઇને હવે તેઓ પોતાની રાજધાનીમાં આવ્યા. કુંભમેરુની કોકિલ કંઠવાળી રાજપૂતબાળાઓએ મધુરસ્વરથી ગીતો ગાઇ ત્યાંથી રાજકુમારને વિદાય આપી, અને ચિતોડમાં સ્તુત કરનારા ભટ્ટકવિગણો તથા બંદીજનોએ મનોહર કાવ્યોથી તેમનો આદરસત્કાર કર્યો. આ મહોત્સવપ્રસંગે જે ગીતો ગાવામાં આવ્યાં હતાં તે આજપર્યંત સાંભળવામાં આવે છે. આજે પણ ભગવતી ઇશાનીના વાર્ષિકોત્સવપ્રસંગે રાજપૂતબાળાઓ એકત્રિત થઇને આ ગીતો ગાય છે; પરંતુ વીરવર સંગ્રામસિંહના શોચનીય પરાજયની સાથે જે નિશા ભારતવર્ષમાં આવી હતી તે અદ્યાપિ સમાપ્ત થઇ નહોતી. રાણા રત્નસિંહનું અવિચાર સાહસ, વિક્રમાજિતની મૂર્ખતા અને વનવીરની અયોગ્યતાથી આ રાત્રિ અધિક અંધકારમય થઇ ગઈ. અંતે ઉદયસિંહે પોતાની કાયરતાથી અંધકારની પરાકાષ્ઠા કરી. આ મેવાડને એક મોટું કલંક થયું; એથી મેવાડનો એક પ્રાચીન નિયમ તૂટી ગયો.મેવાડમાં અનેક રાજાઓ થયા; પરંતુ અત્યારપર્યંત કદિ પણ ચિતોડનું સિંહાસન સૂનું થયું નહોતું. એક વર્ણસંકરની પછી એક કાયર પુરુષ મેવાડની ગાદીપર બેઠો હોય એવું અત્યાર સુધી કદી બન્યું નહોતું; પરંતુ આજે તેજ વખત આવી પહોંચ્યો હતો. ઉદયસિંહ કાપુરુષ હતા. મેવાડના સિંહાસનપર બેસવાની તેમની યોગ્યતા નહોતી. જો રાણા રત્નસિંહ અને વિક્રમાજિતના દુર્ગુણોની રાણા ઉદયસિંહની કાપુરુષતા સાથે તુલના કરવામાં આવે તો તેમના દુર્ગુણો ઉદયસિંહની કાયરતા આગળ સદ્‌ગુણોજ માની શકાય. ઉદયસિંહની અયોગ્યતાને લીધે મેવાડનું

[1] એને કુંભલમેર પણ કહેવામાં આવે છે.

જાતીયજીવન સદાને માટે નષ્ટ થઇ ગયું. અત્યારસુધી જે મેવાડને અજિત માનવામાં આવતું હતું, તેના દરવાજા હવે શત્રુઓને માટે સર્વથા ખુલ્લા થઇ ગયા.

મહાકવિ ચંદે કહ્યું છે કેઃ-" સ્ત્રી અથવા બાળક જે દેશમાં સિંહાસનારૂઢ થાય છે, તે દેશ વિપત્તિના પંજામાં સપડાય છે;" પરંતુ અભાગિની મેવાડભૂમિને તો દુર્ભાગ્યવશાત્ આ ઉભય અનિષ્ટકારક વ્યક્તિઓ એક સાથે પ્રાપ્ત થઈ હતી. આથી તે ભૂમિમાં સર્વત્ર અમંગળ દૃષ્ટિગોચર થવા લાગ્યું. જે સાહસ અને જે પ્રચંડ પ્રતાપ ગિહ્લોતકુળના પ્રધાન ગુણો છે તેનો એક પરમાણુ પણ ઉદયસિંહમાં નહોતો. ઉદયસિંહ રાત્રિદિવસ વિલાસ અને પ્રમાદને વશ રહેતો હતો. જો તે હુમાયૂના સમયમાં અથવા પઠાણોના રાષ્ટ્રવિપ્લવકાળમાં આ પ્રકારે પોતાનું જીવન વ્યતીત કરત તો મેવાડને કાંઇ હાનિ થાત નહિ; પરંતુ સમસ્ત મેવાડના દુર્ભાગ્યથી તેમ બન્યું નહિ. જે વર્ષમાં ઉદયસિંહના અભિષેકજન્ય આનંદધ્વનિથી કમલમેરના મહાલયો ગુંજી ઉઠયા હતા તેજ વર્ષમાં મેવાડનાં ઉચ્ચ પર્વતશૃંગોપર રાજલક્ષ્મીનો ઘોર વિલાપ સંભળાયો. આ વિલાપથી રાજપૂતદર્પહારી અકબરનું નામ સમસ્ત ભારતવર્ષમાં સુપ્રસિદ્ધ થઇ ગયું, તેથી સમસ્ત ભારતવર્ષ કંપાયમાન થઇ ગયો. મેવાડનાં પ્રત્યેક ઘરમાંથી હાય હાય અને રોદનનો ધ્વનિ સંભળાવા લાગ્યો. દીર્ઘકાળપર્યંત આ રોદનધ્વનિ બંધ પડયો નહિ. અકબરે પ્રચંડ ધૂમકેતુની પેઠે વધીને સમગ્ર ભારતવર્ષને જે કઠોર જંજીરથી બાંધી લીધો તે જંજીર દીર્ઘકાળપર્યંત તૂટી શકી નહિ. મેવાડ અકબરના અધિકારમાં આવવાથી ત્યાંના હિંદુઓને ભીષણ અત્યાચાર સહન કરવા પડયા-તે દેશનો નાશ થઇ ગયો. આ શોચનીય વિધ્વંસ થયા પછી ભારતવર્ષમાં પુનઃ ઉઠવાની શક્તિ રહી નહિ. જો કે કાળના સર્વસંહારક કરાલ હસ્તપ્રહારથી તે જંજીર આજે અતિ નિર્બળ બની ગઈ છે; તોપણ તેનાં ઘોર સંઘર્ષણથી હિંદુજાતિના અંગમાં અગણિત ઘાવો થયા છે. આ ઘાવો રુઝાયા નથી, પરંતુ ત્વચાને ભેદીને હૃદયસ્થાનપર્યંત ઉંડા ઉતરી ગયા છે. શું આ રુધિરમય ઘાવોને રુઝાવી નાખી આરોગ્ય પ્રાપ્ત કરી ભવિષ્યમાં કોઇ વખત ભારતસંતાનો આનંદથી વિહાર કરશે? ભારતસંતાનોના ભાવીભાગ્યમાં શું લખ્યું છે તે શી રીતે કહી શકાય? જે જાતિ દીર્ઘકાળપર્યંત ગૌરવ અને સ્વાધીનતા ભોગવીને એકવાર દુર્દશાને પ્રાપ્ત થાય છે તે શું પુનઃ જાગૃત થઇ શકે છે? જે પવિત્ર વીર્યાગ્નિના પ્રભાવથી રાજપૂતોએ ચિતોડના કિલ્લાની અને ગ્રીકોએ થર્મોપોલીના ગિરિમાર્ગની રક્ષા કરી હતી તે વીર્યાગ્નિ શું પુનઃ તેમના દાસત્વપીડિત નિર્જીવ હૃદયમાં પ્રચંડ જ્વાલા સાથે પ્રદીપ્ત થઇ ઉઠશે? એ વિષે કાંઇ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. એનો યોગ્ય ઉત્તર માત્ર ઇતિહાસજ આપશે.

ભારતવર્ષની વિશાળ મરુભૂમિના મધ્ય ભાગમાં આવેલા એક વૃક્ષકુંજમાં અમરકોટ નગર વસેલું છે. સિકંદરે જેને પ્રાચીન શકલોકોનું[1] મૂળ સ્થાન કહ્યું છે તેજ આ અમરકોટ છે. આજ સ્થળે અકબરનો જન્મ ઇ૦ સ૦ ૧૫૪૨ માં થયો હતો. અકબરના જન્મ વખતે હુમાયૂ દુર્દશાની પરાકાષ્ઠાએ પહોંચી ગયો હતો. તે તે સમયે રાજ્ય છોડીને અહીં તહીં ભ્રમણ કરતો હતો. તેને પુનઃ રાજ્ય પ્રાપ્ત કરવાની લેશ પણ આશા નહોતી. તખ્તપર બેસતાંની સાથેજ તેને ઝગડામાં ઉતરવું પડયું. બરાબર દશ વર્ષપર્યંત તેને પોતાના બંધુઓની સાથે ઘોર ઝગડા કરવા પડયા. તેના સર્વ બંધુઓ પૃથક્ પૃથક્ રાજ્યના સ્વામી હતા; પરંતુ તેથી પણ તેઓ સંતુષ્ટ થયા નહિ. તેમણે દુરાકાંક્ષાને વશ થઇ પોતાના જ્યેષ્ઠ બંધુ હુમાયૂના હાથમાંથી દિલ્હીનું તખ્ત ખુંચાવી લેવાનો પ્રયાસ કરવા માંડયો; પરંતુ આ દુરભિલાષાનું ફળ તેમને શીઘ્ર મળ્યું. પઠાણવીર શેરશાહે પ્રચંડ બળથી આવીને સર્વનું દમન કર્યું અને મોગલોનું સિંહાસન ઝુંટવી લઇને તેપર પઠાણોનો અધિકાર સ્થાપિત કર્યો.

જે દિવસે કનોજના યુદ્ધમાં ભારતનો રાજમુકુટ હુમાયૂના મસ્તકપરથી પતિત થયો તે દિવસથી તેના પર ભયંકર વિપત્તિઓનો આરંભ થયો. શત્રુઓ તેની પાછળ પડી તેને વારંવાર સતાવવા લાગ્યા. હુમાયૂને ક્યાંય પણ વિશ્રાંતિ મળી નહિ. તે નાસીને જ્યાં જ્યાં જતો હતો ત્યાં ત્યાં શત્રુઓ તેની પૂંઠે પડીને તેને સતાવતા હતા. યમુનાના કિનારાપર વસેલા સુંદર આગ્રાનગરને છોડીને હુમાયૂ લાહોર ગયો. ત્યાં

૧ પરમારકુલની શાખાના સોઢાલોકોનું પણ આજ નામ છે.

પણ તેને વિશ્રામ મળ્યો નહિ. ભીષણ શત્રુઓ ત્યાં પણ તેની પૂઠે ગયા. અંતે નિરુપાય થઇ પોતાના કેટલાક વિશ્વાસુ નોકરોને તથા પોતાના પરિવારને લઇ તે સિંધના રાજ્યમાં ગયો. માર્ગમાં તેનાપર અત્યંત કષ્ટ પડ્યું. અનાહાર રહેવાથી તથા કઠોર પરિશ્રમ કરવાથી હુમાયૂ અત્યંત વ્યાકુળ થયો. દૂરના દેશમાં તેને કોઇએ પણ આશ્રય આપ્યો નહિ. હિંદુ રાજાઓએ તેને એકાદ બે દિવસપર્યંત પોતાને ત્યાં રાખ્યો; પરંતુ પાછળથી તેને કાઢી મૂક્યો. ધીમે ધીમે હુમાયૂની વિપત્તિઓ ઘણી વધી પડી, તથાપિ તે નિરુત્સાહ થયો નહિ. તેણે ઇશ્વરપર શ્રદ્ધા રાખીને મુલતાનથી સમુદ્રતટપર્યંતના સિંધુનદીના કિનારાપર આવેલા સર્વ કિલ્લાઓ હસ્તગત કરવાની ચેષ્ટા કરી; પરંતુ તેનો સર્વ પરિશ્રમ વૃથા ગયો. શનિગ્રહના વિશ્વદાહી વિદ્વેષાગ્નિમાં તેનો સર્વ યત્ન અને સમસ્ત ઉત્સાહ ભસ્મ થઈ ગયો. વળી તેના પર એક વધુ ભીષણ વિપત્તિ આવી પડી. તેના કેટલાક સૈનિકો અને સરદારોએ તેની સામે વિદ્રોહ કર્યો; ત્યારે તો હુમાયૂને ચારેતરફ અંધકાર દેખાવા લાગ્યો. જે લોકો આટલા દિવસ સુધી કષ્ટ ભોગવીને પાદશાહની સાથે



હુમાયુ

રહ્યા હતા તથા જેમણે સદા તેની આજ્ઞા પાળી હતી, તેને વિદ્રોહી થયેલા જોઇને હુમાયૂને અત્યંત દુઃખ થયું. વિદ્રોહી થયેલા માણસોએ આગળ જવાની ના પાડી. નિરુપાયે તેમને ત્યાંજ છોડીને ઇશ્વરઉપર શ્રદ્ધા રાખીને તે આગળ ચાલ્યો. વિદ્રોહીલોકો પોતાની ઇચ્છા અનુસાર વિવિધ સ્થળે ચાલ્યા ગયા. કેટલાક તો ક્ષુધા, તૃષા અને પ્રવાસના પરિશ્રમથી વ્યથિત થઇને માર્ગમાંજ મરી ગયા;અને કેટલાકોએ હિંદુરાજાઓપાસે જઇને તેમની નોકરી સ્વીકારી; પરંતુ હુમાયૂનું શું થયું ? એક સમયે જે સમસ્ત ભારતવર્ષનો અધીશ્વર હતો, એક સમયે અગણિત નરનારીઓનું ભાગ્યસૂત્ર જેના હસ્તમાં હતું, તેજ માણસ આજે પોતાના જીવનનું રક્ષણ કરવાને માટે અનાથની પેઠે દ્વારે દ્વારે અથડાવા લાગ્યો. ધન્ય છે! વિધાતા, તારાં કૂટવિધાનને ધન્ય છે! તારા કુટિલ લેખઅનુસાર આજે સમસ્ત હિંદુસ્થાનનો પાદશાહ માર્યો માર્યો ફરે છે!

જ્યારે લેશ પણ આશા ન રહી ત્યારે હુમાયૂએ જેસલમીર અને જોધપુરના મહારાજાઓને પોતાને આશ્રય આપવાની પ્રાર્થના કરી; પરંતુ શોકની વાત છે, કે આ ઉભય રાજાઓમાંથી કે પણ હુમાયૂની પ્રાર્થનાપર લક્ષ્ય આપ્યું નહિ. આશ્રય આપવો તો દૂર રહ્યો, પરંતુ જોધપુરના ક્રૂર રાજા માલદેવે આ વિપત્તિકાળમાં હુમાયૂને કેદ કરવાની ચેષ્ટા કરી હતી. આ વાત ક્યાંસુધી સત્ય છે, તે અમે કહી શકતા નથી; કારણ કે મહાગ્રંથોમાં એ વિષે કાંઈ ઉલ્લેખ નથી. માત્ર તવારીખ ફરિસ્તામાંજ એ વિષે વિસ્તૃત વર્ણન ઉપલબ્ધ થાય છે.અસ્તુ.ગમે તેમ હો.બુદ્ધિવાન હુમાયૂએ પોતાના અદ્ભુત ચાતુર્યથી ઉકત હિંદુરાજાની કપટજાળ ભેદી ભયંકર મારવાડની ભૂમિમાં પ્રવેશ કર્યો. અહીંઆં તો તેનાં સંકટની પરાકાષ્ઠા થઇ. તેની સુકુમાર પત્ની પણ અત્યંત પીડિત થવાં લાગી.જો તેને એકલાનેજ કષ્ટ સહન કરવું પડતું હોત તો તે લેશ પણ ગભરાત નહિ,કારણ કે તેણે પોતાના પિતાની પાસે રહી કષ્ટ સહન કરવાનો અભ્યાસ કર્યો હતો; પરંતુ સુકુમાર લલનાપર આપત્તિ આવી પડ્યાથી તે તેનાથી સહન થઈ શકી નહિ. જેને તે પ્રાણ કરતાં પણ અધિક ચાહતો હતો, જેણે પૂર્વે કદિ સૂર્યભગવાનનું કિરણ પણ જોયું નહોતું, જેની આગળ સદા પાણી માગવાથી દૂધ આવી પડતું હતું, તેજ કોમલાંગી બેગમને દુર્ભાગ્યવશાત્ આજે તપ્તરેતીપર ઉઘાડે પગે ચાલવું પડ્યું હતું, તેનેજ આજે ભયંકર કષ્ટ સહન કરવું પડ્યું હતું. બેગમની આ દશા જોઈ કોનું હૃદય વિદીર્ણ નહિ થઇ જાય?હુમાયૂની આ સ્થિતિ જોઇ કોણ અશ્રુબિંદુ નહિ પાડે? જો હુમાયૂએ આ સમયે ધૈર્યનો ત્યાગ કર્યો હોત તો મારવાડમાંજ પરિવારસહિત તેનો નાશ થઇ ગયો હોત; પરંતુ તેનામાં ધીરતા આદિ વીરોચિત ગુણો વિદ્યમાન હતા, તેથીજ મોટાં મોટાં સંકટોમાંથી તે મુક્ત થયો હતો.

હુમાયૂના ગુણો જ્યારે આપણે સંભારીએ છીએ ત્યારે આપણને તેની વિપત્તિ જોઇને અધિક દુઃખ થાય છે. તવારિખ ફરિસ્તામાં આ શોચનીય દુર્દશાનું ઝળહળતું[1] ચિત્ર આલેખવામાં આવ્યું છે. આ તવારિખમાં એવો ઉલ્લેખ છે કે મોગલવીર હુમાયૂની અસંત કષ્ટમયસ્થિતિ જોઇને અમરકોટના સોદા-રાજને પરમ દુઃખ થયું અને તેણે તેને આદરપૂર્વક આશ્રય આપ્યો.

આ અમરકોટના વૃક્ષકુંજમાં મોગલકુલતિલક અકબરનો જન્મ થયો. અકબરનો જન્મ થયા પછી થોડા દિવસમાં હુમાયૂ સોદારાજનો આશ્રય છોડી ઇરાનમાં ચાલ્યો ગયો. એમ કહેવાય છે કે

૧ હૂમાયુ અર્ધી રાત્રે અશ્વારૂઢ થઇને અમરકોટ તરફ નઠો. આ અમરકોટ ઠાટા (ઠઠ્ઠા) નગરીથી સો કોશ દુર છે. ઘણે દુર સુધી પ્રવાસ કરવાથી અત્યંત દુઃખિત થઈને પાદશાહનો અશ્વ તો માર્ગમાંજ મરણ પામ્યો. ત્યારે હૂમાયુએ પોતાની દરબારના તુર્દીબેગ નામના એક સભાસદની પાસે તેનો અશ્વ માગ્યો; પરંતુ તે વખતે હૂમાયુનું માન એટલું ઘટી ગયું હતું કે ઉક્ત અમીરે પાદશાહની આજ્ઞાનો અનાદર કર્યો. તેનાં કઠોર હૃદયમાં લેશપણ દયા ઉત્પન્ન થઈ નહિ. આ તરફ શત્રુઓ હૂમાયુની અત્યંત નિકટ આવી પહોંચ્યા. હવે પોતાની રક્ષાનો બીજો કોઈ ઉપાય નહિ જડવાથી પાદશાહ ઊંટપર આરૂઢ થયો. એવામાં " નાદિમ કોકા " નામના એક માણસે પોતાની વૃદ્ધમાતાને અશ્વપરથી ઉતારી મૂકીને તે અશ્વ હૂમાયુને આપી દીધો. તેણે પોતાની માતાને ઊંટપર આરૂઢ કરી અને તે પોતેજ પગે ચાલવા લાગ્યો. માર્ગ અત્યંત ભયંકર અને રેતાળ હતો, પાણીનું નામ નહોતું, તૃષાથી સિપાઈ-ઓને દારુણ કષ્ટ થવા લાગ્યું, કેટલાક સિપાઈઓ બેહોશ થઇ ગયા અને કેટલાક મરણ પામ્યા. ચારે તરફ હાહાકાર પ્રવર્તી રહ્યો. પ્રત્યેક દિશામાંથી તૃષાને લીધે આર્તનાદ અને રોદન સંભળાવા લાગ્યાં; એટલામાં શોક અને દુઃખમાં વૃદ્ધિ કરનારા સમાચાર મળ્યા, અર્થાત્ શત્રુઓ અત્યંત નિકટ આવી પહોંચ્યા છે એવા વર્તમાન મળ્યા. આ વર્ત-માન પ્રાપ્ત થતાં હૂમાયુ લેશપણ ગભરાયા વિના ઉત્સાહપૂર્વક પોકારી ઉઠ્યો:-" જેનામાં લડવાની શકિત હોય તે અહીંઆં રહો અને બીજાઓ શેષ સર્વ સામાન તથા ઓરતોને લઇને આગળ ચાલો;" પરંતુ શત્રુઓના આગમનનાં કાંઇ ચિન્હો જણાયાં નહિ, તેથી પાદશાહ સર્વ માણસોને પોતાની સાથે લઇને આગળ ચાલવા લાગ્યો. આ વિપત્તિના સમયમાં અંધકારમયી રાત્રિ કાલસ્વરૂપ ધારણ કરીને જગતમાં આવી પહોંચી. એટલો બધો અંધકાર છવાઈ ગયો કે હૂમાયુના જે માણસો પાછળ રહી ગયા હતા તેઓ રસ્તો ચૂકીને ભટકવા લાગ્યા. પ્રભાત થતાંજ તેમને શત્રુઓએ ઘેરી લીધા. તેમાં શેખઅલી નામનો એક સાહસિક માણસ હતો. શેખઅલીએ કેવળ વીસ માણસોની સહાયથી શત્રુઓની ગતિ રોકવાની પ્રતિજ્ઞા કરી અને "જંબાજીકા દાવઁા" એવા પોકાર કરીને તે શત્રુઓની સામે થયો. તેણે કેવળ એકજ તીર મારીને શત્રુઓના સેનાપતિને ભૂમિપર તોડી પાડયો. પોતાના સરદારને નીચે પડેલો જોઈ શત્રુઓ છિન્નભિન્ન થઈ ગયા. વિજયી મોગલોએ દુશ્મનોની પાછળ પડી તેમના અશ્વો અને ઊંટો છીનવી લીધાં. પછી તેઓ પોતાને માર્ગે ચાલવા લાગ્યા. તેઓ થોડે દુર ગયા એટલે તેમણે હૂમાયુને એક કૂવાપર બેઠેલો દીઠો. ઘણી તપાસ કર્યા પછી હૂમાયુને આ કૂપ જડયો હતો. શેખઅલી હૂમાયુને જોઈને પરમ પ્રસન્ન થયો અને તેને પોતાનું સમગ્ર વૃત્તાંત આદ્યોપાંત કહી સંભળાવ્યું.

બીજે દિવસે એ કૂપને છોડી હૂમાયુ પોતાની સેનાસહિત અમરકોટ તરફ ચાલ્યો; પરંતુ માર્ગમાં બે દિવસ સુધી કોઇ જલાશય નહિ મળવાથી તેમને પહેલાં કરતાં બમણું કષ્ટ પડયું. ત્રીજે દિવસે પુનઃ એક કૂવો પ્રાપ્ત થયો; પરંતુ તે એટલો ઉંડો હતો કે પાણી ભરતાં બહુ વાર લાગતી હતી. તેમની પાસે આ વખતે માત્ર એકજ ડોલ હતી, તેથી ઢોલ વગાડીને તત્કાળ એવી સૂચના આપવામાં આવી કે સર્વ માણસોને નંબરવાર પાણી પાવામાં આવશે, પણ આ સૂચનાને સાંભળે કોણ ? સર્વ માણસો તૃષાથી વ્યાકુલ બની ગયાં હતાં. સર્વ માણસો પોતેજ પ્રથમ જળ પીવા માગતાં હતાં. જ્યાં કૂવામાંથી ડોલ બહાર નીકળતી કે તરતજ દશ બાર માણસો તેનાપર તૂટી પડતાં અને પાણી ખલાસ કરી નાખતાં; એટલામાં ડોલનું દોરડું તૂટી ગયું અને કેટલાંક માણસો તેની સાથેજ કૂવામાં પડીને મરણ પામ્યાં. આ ભયંકર દુર્ઘટના બનવાથી સર્વત્ર હાહાકાર પ્રસરી રહ્યો; સર્વ માણસો અત્યંત શોકથી રોદન કરવા લાગ્યાં. કેટલાંક માણસો પોતાની જીભ બહાર કહાડીને તપ્ત રેતીનાં મેદાનમાં આળોટવા લાગ્યાં. કેટલાંક માણસો ઉન્મત્ત થઇ જઈ કૂવામાં પડીને મરણ પામ્યાં. આ હૃદયવિદારક દૃશ્ય જોઈને હૂમાયુને કેટલું કષ્ટ થયું હશે ?

તેપછી બીજે દિવસે તેમને એક બીજું જલાશય પ્રાપ્ત થયું. દુર્ભાગ્યવશાત્ આથી તેમના દુઃખમાં વૃદ્ધિ થઈ. અનેક દિવસોથી ઊંટ પ્રવાસ કરતાં હતાં અને તેમને ઘણા દિવસથી પાણીનું એક બુંદ પણ પ્રાપ્ત થયું નહોતું. આ વખતે નિકટ જલાશય જોઈને તેઓ સર્વ તેમાં કૂદી પડયાં અને એટલું પાણી પી ગયાં કે તત્કાળ સર્વ મરણ પામ્યાં. ઊંટને મરતાં જોઈને કોઈપણ માણસ ગભરાયું નહિ. તેમણે ઈચ્છાનુસાર પાણી પીધું; પરંતુ થોડીવારમાં અકસ્માત્ તેમના ઉદરમાં ભયંકર પીડા થવા લાગી અને જોતજોતામાં અર્ધા કલાકમાં અનેક માણસો ત્યાં આગળ પરલોકવાસી થઈ ગયાં.

આ શોચનીય વિપત્તિમાંથી શેષ રહેલા વિશ્વાસુ સેવકોને પોતાની સાથે લઈને શોકાકુલ હૂમાયુ અમરકોટનગરમાં

હુમાયૂને જ્યોતિષવિદ્યા ઉત્તમ પ્રકારે આવડતી હતી.કોઇ જ્યોતિષી પણ તેના જેવું જ્યોતિષ જોઈ શકતો નહોતો; પરંતુ શોકની વાત એટલીજ છે કે તેણે તે શાસ્ત્રના જ્ઞાનનો પોતાના કોઇ કામમાં ઉપયોગ કર્યો નહિ. જો તેણે તે વિદ્યાનો પોતાનાં કામમાં ઉપયોગ કર્યો હોત, જો તેણે આ વિદ્યાની સહાયથી પોતાના ભાવીના પડદામાં પ્રવેશ કર્યો હોત, તો જે ઘટનાએ તેના સૌભાગ્યાકાશને આવૃત કર્યું હતું તે શીઘ્ર ઉડી જાત અને તેને કદિ પણ ઇરાન તરફ જવું પડયું ન હોત.

પોતાના પિતાની પાસે રહીને હુમાયૂએ વિપત્તિના વિદ્યાલયમાં સંસારનીતિનું જે શિક્ષણ લીધું હતું તેજ શિક્ષણ આ વખતે અકબરને પણ તેણે આપવા માંડયું.ભાગ્યચક્રના અપરિહાર્ય પરિવર્તનથી પદચ્યુત થઇને હુમાયૂ દીર્ઘકાળપર્યંત કોઇ પણ એક સ્થળે સ્થિર રહી શકયો નહિ. ભારતવર્ષથી ઉઠાંતરી કર્યાપછી બરાબર બાર વર્ષપર્યંત તે પૃથક્ પૃથક્ દેશોમાં ભ્રમણ કરતો રહ્યો. કોઈ વખત તે ઈરાનની રાજસભામાં,તો કોઈ વખત પોતાના પૂર્વજોના પ્રાચીન રાજ્યમાં; કદિ કંદહારના પહાડી પ્રદેશમાં, તો કદિ કાશ્મીરના ઉચ્ચ ગિરિમાર્ગોમાં તે દષ્ટિગોચર થતો. ભાગ્યની કઠોર આજ્ઞા માની ધીર અને અડગ મનથી તે અહીંતહીં ભ્રમણ કર્યા કરતો હતો. આ બાર વર્ષદરમ્યાન ભારતના સિંહાસનને માટે પઠાણોમાં ઘોર ઝગડો ચાલ્યો. ક્રમશઃ ૭ પઠાણ પાદશાહો અલ્પ સમયપર્યંત રાજ્ય કરીને ઇહલોકથી વિદાય થઇ ગયા. આ સમયમાં ઉત્તરાધિકારની પ્રાચીનવિધિ સંપૂર્ણ રીતે પલટાઇ ગઇ. જેનું બળ અધિક હોય તે સિંહાસનપર બેસે એવી પ્રથા ચાલી. 'જેની લાઠી તેની ભેંસ' અને ' બળીઆના બે ભાગ' એ વદંતી પૂર્ણ રીતે ચરિતાર્થ થઇ.જે સમયે વીરવર હુમાયૂ કાશ્મીરની નિકટ પહોંચ્યો તે સમયે સિકંદર દિલ્લીના સિંહાસનપર બેસીને પોતાના બંધુઓનીસાથે ઝગડો કર્યા કરતો હતો. સિકંદરને ગૃહકલહમાં પડેલો જોઇને હુમાયૂએ ધાર્યું કે આપણું કાર્ય સિદ્ધ કરવાની આ ઉત્તમ સંધિ છે. ગૃહકલહથી સિકંદરને નિર્બળ થયેલો જોઇને તત્કાળ હુમાયૂ સિંધુનદી ઉતરીને આવ્યો અને તેની સામે તેણે બાથ ભીડી. તેની રણતુરીના પ્રચંડ ઘોષથી હતભાગી પઠાણપાદશાહનાં જ્ઞાનનેત્રો ખુલ્લી ગયાં; તે સારી પેઠે સમજી ગયો કે અનર્થકારી ગૃહકલહજ આ વિપત્તિનું કારણ છે.હુમાયૂના આગમનથી પાદશાહ હતાશ થયો નહિ, પરંતુ તેણે પોતાના શત્રુની ગતિ રોકવાને માટે પ્રચંડ સેના એકત્રિત કરી અને તે તેની સામે થયો. સરહિંદ નામના સ્થાન આગળ ઉભય સૈન્યો વચ્ચે દારુણ યુદ્ધ થયું. આ યુદ્ધમાં હુમાયૂએ પોતાના તરુણપુત્ર અકબરને સેનાપતિ બનાવ્યો હતો. એક તરફ સમુદ્ર સમાન પઠાણસેનાનો ગંભીર નાદ અને બીજી તરફ સમરવિશારદ મોગલવીરોનો અદ્દભુત રણરંગ ! તરુણવીર અકબરની તેજસ્વિતાથી ધીમે ધીમે સમરભૂમિ અત્યંત ભયંકર બની ગઇ. અકબર આ સમયે કેવળ બાર વર્ષનો બાળક હતો. રણપંડિત વૃદ્ધ વીરગણોએ પ્રથમ તો તેની વીરતા અને તેજસ્વિતાને કેવળ ઉન્મત્તતા ધારી હતી;પરંતુ જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ મોગલવીરની અદ્દભુત વીરતા મહા વેગથી વૃદ્ધિંગત થવા લાગી, તેની વીરતા જોઈ સર્વનાં હૃદય પ્રફુલ્લિત થયાં. તેની અપૂર્વ વીરતાથી ઉત્સાહિત થઇને સર્વ વીરગણો રણોન્મત્ત પુરુષોની પેઠે શત્રુની વિશાળ સેના તરફ પ્રચંડ વેગથી ધસવા લાગ્યા. માત્ર ગણ્યા ગાંઠયા મોગલોની પ્રચંડ વીરતા આગળ અગણિત પઠાણો પરાજિત થઇ કપાઇને ભૂતલશાયી થવા લાગ્યા.


અકબરને વિજયલક્ષ્મી પ્રાપ્ત થઇ.આ પ્રસંગે તેણે જે વીરતા દર્શાવી,તેથી તે ભવિષ્યમાં મહા પરાક્રમી થશે એમ સર્વને લાગ્યું. આટલી નાની વયમાં તેણે જે અસીમ વીરતા દર્શાવી તેથી તે તેના દાદા બાબરના જેટલી પ્રસિદ્ધિ પામ્યો. વીરવર બાબર પણ બરાબર આટલીજ સુકુમાર વયે અગણિત ભયંકર વિઘ્નો અને વિપત્તિઓ સહન કરીને પોતાના પૂર્વજોના ફરગણા રાજ્યના સિંહાસનપર દૃઢ અટલ રહ્યો હતો. હુમાયૂનો પિતા જેવો પરાક્રમી હતો તેવોજ તેનો પુત્ર પણ હતો અને તેથીજ તેને આ

---

ગયો. અમરકોટનો રાજા અત્યંત દયાળુ હતો. તેણે અતિ આદરસહિત હુમાયુને પોતાની પાસે રાખ્યો અને સર્વનું દુ:ખ નિવૃત્ત કરવાને તે યત્ન કરવા લાગ્યો.

હીજરીસન ૯૪૯ રજ્જબમાસના રવિવારને દિવસે હમીદાબેગમને ઉદરે રાજકુમાર અકબરનો જન્મ થયો. પુત્રનું મુખકમળ જોઈને હુમાયુનું સમસ્ત દુ:ખ દૂર થઈ ગયું. તેણે પરમ કૃપાળુ પરમેશ્વરનો પાડ માન્યો અને અમરકોટના રાજાના શરણમાં પોતાના પરિવારને મૂકીને તેનીજ સેના લઈને વિકાસ્ની સાથે યુદ્ધ કરવાને ચાલ્યો.


વખતે વિજય મળ્યો હતો. સરહિંદના સમરક્ષેત્રમાં પોતાના પુત્રના વિજયગૌરવથી ગૌરવાન્વિત થઇને તેણે પુનઃ દિલ્લીના સિંહાસનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો; પરંતુ દુર્ભાગ્યવશાત્ તે આ ગૌરવ ઝાઝા દિવસ પર્યંત ભોગવી શક્યો નહિ. દિલ્લીનું સિંહાસન હસ્તગત કર્યા પછી થોડા દિવસમાંજ હુમાયૂ પોતાના પુસ્તકાલયના ઉચ્ચ પગથિયાપરથી પડી જવાથી પરલોકવાસી થયો. તેના શોચનીય મૃત્યુનું કારણ તપાસવાથી પાશ્ચાત્યપ્રજાનો એક મોટો ભ્રમ સ્હેલાઇથી દૂર થઇ જશે. ઘણા યૂરોપીઅન વિદ્વાનો પ્રાચ્યરાજાઓને મૂર્ખ અને વિલાસી ધારીને તેમના તરફ ઘૃણાની દૃષ્ટિથી જુએ છે; પરંતુ વાસ્તવમાં આ તેમનો એક મોટો ભ્રમ છે. આ પંડિતો પ્રાચ્ય રાજાઓની અંતઃસ્થિતિનો વિચાર કર્યા વિનાજ આવાં ઘોર અજ્ઞાનને પોતાના હૃદયમાં સ્થાન આપે છે. હુમાયૂ પોતાના કુલના રાજાઓની પેઠે માત્ર વિદ્યાનુરાગીજ નહોતો; પરંતુ ઉત્તમ વિદ્વાન હતો. તેની પ્રગલ્ભવિદ્વત્તાનાં અનેક પ્રમાણો ઉપલબ્ધ થાય છે. જો આ શાક્તીય વંશના રાજાઓની વિદ્વત્તાની સાથે યૂરોપના તે સમયના રાજાઓના પાંડિત્યની તુલના કરવામાં આવે, તો પૂર્વોક્ત રાજાઓની તે વિષયમાં શ્રેષ્ઠતા સિદ્ધ થશે. ભુવનવિદિત મહારાણી ઇલિઝાબેથ અને ફ્રાન્સના સુપ્રસિદ્ધ રાજા ચતુર્થ હેન્રીની વિદ્યાપ્રિયતા સુવિખ્યાત છે; પરંતુ યથાર્થ વિચાર કરવાથી જણાશે કે ઉક્ત ઉભય પણ પ્રાચ્યરાજાઓની બરાબરી વિદ્યાના વિષયમાં કરી શકે એમ નથી. ખાસ કરીને ઝક્ષરતીસને કિનારે જે નૃપતિગણ ઉત્પન્ન થયા હતા, તે અનેક વિદ્યાઓમાં પારદર્શી હતા. ઇતિહાસ, પુરાણતત્ત્વ, કાવ્ય; જ્યોતિષ, સમાજનીતિ,ધર્મનીતિ અને રણનીતિરાજનીતિવગેરે ગમે તે વિદ્યા લઇએ તો તે સર્વમાં તે રાજાઓ પ્રવીણ હતા. તેમની અદ્દ્ભુત વિદ્વત્તાનું સ્મરણ થતાં આપણા હૃદયમાં તેમના પ્રત્યે ભક્તિ અને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.


અકબર

પોતાના પિતાના શોચનીય મૃત્યુ પછી થોડે દિવસે અકબર સિંહાસનપર બેઠો;પણ એ પછી થોડાજ દિવસમાં તેના શત્રુઓએ તેના હાથમાંથી દિલ્હી અને આગ્રા એ નગરો ખુંચવી લીધાં અને તેને બહાર હાંકી કાઢ્યો. અકબરે નિરુપાયે પંજાબના એક સ્થાનમાં જઇ આશ્રય લીધો. સુભાગ્યવશાત્ તેની દુર્દશા થોડા સમયમાં દૂર થઇ ગઇ. બહેરામખાંએ તેના શત્રુઓના હાથમાંથી તેના રાજ્યનો ઉદ્ધાર કર્યો. આ બહેરામખાંને ભારતીય સલી[1] પણ કહેવામાં આવે છે. તેનાં અસીમ પરાક્રમ અને તેના ચાતુર્યના પ્રભાવથી અકબરનું રાજ્ય પર્વતસમાન દૃઢ થયું હતું. કાલ્પી, ચંદેરી, કાલિંજર, સમસ્ત બુંદેલખંડ અને માલવા આ દેશો થોડા સમયમાંજ તેના હાથમાં આવી ગયા. અઢારવર્ષનો તરુણયુવક પોતાના વિશાળ રાજ્યનું શાસન ઉત્તમ પ્રકારે કરવા લાગ્યો.

આ વિશાળ ભારતસામ્રાજ્યપર અધિકાર સ્થાપિત કર્યા પછી થોડાજ વખતમાં શહેનશાહ અકબરે રાજપૂતોની વિરુદ્ધ યુદ્ધઘોષણા કરી અને તે સૌથી પહેલાં મારવાડરાજ્યની તરફ પોતાની સેના લઇને ગયો. જે સમયે હુમાયૂને તેના દુર્ભાગ્યે ઘેરી લીધો હતો અને જે સમયે તેનાપર વિપત્તિ ઉપર વિપત્તિ આવી પડી હતી તે સમયે દુષ્ટ માલદેવે તેને કારાગૃહમાં નાખવાનો પ્રયત્ન કર્યો હતો. કદાચ અકબરે

૧ મોગલસમ્રાટ અકબર અને ફ્રાન્સનો ચતુર્થ હેન્રી, તથા બહેરામખાં અને ફ્રાન્સનો મંત્રી સલી, આ ચારે પુરુષો એકજ વખતે વિદ્યમાન હતા. આ એક અદ્દ્ભુત ઘટના છે કે ઉક્ત ઉભય રાજાઓ અને ઉક્ત પ્રધાનોનાં ચરિત્રો પ્રાયઃ સમાન છે; પરંતુ સલી અને બહેરામખાંના ચરિત્રમાં કેટલોક ભેદ જણાય છે. બહેરામખાં અત્યંત તેજસ્વી અને ન્યાયપરાયણ હતો. તેણે આત્મભોગ આપીને મોગલરાજ્યને સુદૃઢ કર્યું હતું અને અંતે તે પોતેજ તેનો વિદ્રોહી બન્યો હતો. આ અપરાધને માટે તેને દેશનિકાલ કરવામાં આવ્યો હતો. આ વખતે એક ગુપ્તઘાતકની કાતિલ કટારથી તેનો પ્રાણ ગયો. બહેરામખાંનું જીવનચરિત્ર વાંચવાલાયક છે.



નવરત્નો સહિત સમ્રાટ અકબર

Lakshmi Art, Bombay, 8

પોતાના પિતાનું વૈર લેવાને માટે પણ મારવાડપર આક્રમણ કર્યું હોય એવો સંભવ છે. મારવાડ-રાજ્યમાં મેડતા નામનું એક સમૃદ્ધ નગર છે. સંપત્તિના વિષયમાં તે નગર મારવાડમાં બીજે નંબરે છે. મોગલશહેનશાહે આ નગરપર અત્યંત ઉપદ્રવ કર્યો. શહેનશાહનો અખંડ પ્રતાપ અને તેજ જોઇને અંબરનો રાજા ભારમલ્લ અત્યંત ડર પામ્યો અને ભાવીયુદ્ધથી બચવાની આશાથી તે પોતાના પુત્ર ભગવાનદાસની સાથે અકબરનો સામંત બન્યો. કાયર અંબરાધિપતિએ કેવળ પોતાની સ્વાધીનતાજ વેચી એટલુંજ નહિ;પરંતુ સમ્રાટની પ્રસન્નતા પ્રાપ્ત કરવાને માટે તેણે પોતાના પવિત્ર કુલગૌરવ ઉપર પણ પાણી ફેરવ્યું અને પોતાની કન્યાને શાક્તીયયવનરાજના હાથમાં સમર્પિત કરી દીધી. પવિત્ર કુલગૌરવ અને સ્વર્ગીય સ્વાધીનતા વેચીને જે રાજપ્રસાદ અને શાંતિ ખરીદવામાં આવે તે શા કામની ? અનંત કાળપર્યંત યંત્રણામય અશાંતિ અને વિપત્તિરૂપી અંકુશના આઘાત સહન કરવા સારા છે; પરંતુ આ પ્રકારનો તુચ્છ રાજપ્રસાદ અનાવશ્યક છે. સુભાગ્યની વાત છે કે ભારમલ્લ અને રાઠોડરાજ પરાધીનતારૂપી બેડી દીર્ઘકાળપર્યંત સહન નહિ કરી શકવાથી સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના પ્રયાસ કરવા લાગ્યા એટલામાં અકબરના ઉસ્બેકયોદ્ધાઓએ વિદ્રોહ કર્યો. અકબરને સૌથી પહેલાં આ વિદ્રોહને પાદાક્રાંત કરવાનો પ્રયત્ન કરવો પડયો, તેથી રાજસ્થાન જીતી લેવાની તેની પ્રબળ ઇચ્છા થોડા દિવસને માટે મુલતવી રહી. આ વિઘ્ન દૂર કર્યા પછી અકબરે ચિતોડપર આક્રમણ કર્યું હતું.

જે રાજાનું રાજ્ય શ્રેષ્ઠ નિયમપ્રમાણે ચાલે છે,જે કોઇ પ્રકારની દુરાકાંક્ષા કે દુર્વાસનાને વશ હોતો નથી, જે વિદ્વાન અને ઉત્તમ ચારિત્ર્યવાળા મંત્રીઓની સહાયથી શુદ્ધ રાજનીતિદ્વારા પોતાનાં ગૌરવ, સન્માન અને મર્યાદાની રક્ષા કરી શકે છે, તેજ " પ્રજાપ્રતિપાલ " નામનો યથાર્થ અધિકારી છે અને તેનુંજ રાજ્ય સ્વર્ગીય સુખનું સ્થાન તથા શાંતિનું ધામ છે; પરંતુ જે રાજા સ્વેચ્છાચારી હોય છે, જે પ્રજાનાં સુખદુઃખનો જરા પણ વિચાર કરતો નથી, સ્વાર્થપરાયણતા એ જેનો મૂળમંત્ર હોય છે, પ્રજાનું રુધિર ચૂસવું એનેજ જે યથાર્થ રાજધર્મ માને છે, તેને અધર્મી રાજા માનવો જોઇએ. " પ્રજાપ્રતિપાલ " નામને તે કલંકરૂપ છે. તે પાપી, સ્વાર્થી, પિશાચ છે. તેનું પદ ઘડીઆળના કાંટાની પેઠે સદા ચંચળ હોય છે. તે ઘડીમાં હોય છે, ઘડીમાં નાશ પામે છે; તે અસ્થિર અને પતનશીલ હોય છે. વસ્તુતઃ જ્યાં રાજાની ઇચ્છાનેજ કાયદો માનવામાં આવતો હોય ત્યાં કોઈ પણ પ્રકારનું સુખ સંભવી શકતું નથી. સુભાગ્યવશાત્ જે દેશનો રાજા પ્રજાહિતૈષી હોય છે તે ઉન્નતિના શિખરે અવશ્ય પહોંચી જાય છે; પરંતુ આ ઉન્નતિ ચિરસ્થાયી રહે એ સર્વથા શંકાસ્પદ છે. કાલચક્રના અપરિહાર્ય પરિવર્તનથી તે પ્રજાહિતૈષી રાજાનો ઉત્તરાધિકારી પ્રજાપીડક અને સ્વાર્થી નિવડે છે. આમ બને છે ત્યારે સુખી દેશ અવશ્ય શ્મશાન અને અંધકૂપસમાન બની જાય છે. આ નિયમ સર્વત્ર એકસરખી રીતે લાગુ પડે છે. અકબર અને ઉદયસિંહના રાજ્યમાં આ ઉભય ચિત્રો પૃથક્ પૃથક્ દષ્ટિગોચર થશે.

અકબર અને ઉદયસિંહ સમાન વયેજ સિંહાસનપર બેઠા હતા.[1] હુમાયુના મૃત્યુ પછી અકબરને તેર વર્ષની વયે જે દિવસે ભારતવર્ષનું સિંહાસન પ્રાપ્ત થયું તેજ દિવસે શાક્તીયકુલનું ભાવી ભાગ્યાકાશ ઉજ્જ્વલ પ્રકાશથી પ્રકાશમાન થઇ ગયું; પરંતુ પ્રથમ અકબરને કાંઇ થોડાં વિઘ્નો નડયાં નહોતાં, આ સર્વ વિઘ્નો દૂર કરીને નિષ્કંટક અને નિર્ભય રીતે રાજ્ય ચલાવી શકાશે કે નહિ તે વિષે અકબર સાશંક હતો. કોટયવધિ મનુષ્યોનાં ભાગ્યની દોરી જેના હાથમાં હતી તે માણસ પણ પોતાના ભાગ્યવિષે ચિંતા કરવા લાગ્યો; પરંતુ વિધાતા એકાંતમાં બેસીને તેની જે ભાગ્યલિપિ લખતી હતી અને આશાપુરી ભગવતી સિદ્ધિદાયી આનંદમૂર્ત ધારણ કરીને તેને જે આશીર્વાદ આપતી હતી તે શહેનશાહ અદ્યાપિ જાણતો નહોતો. વિધાતાના અપૂર્વ વિધાનથી અકબરની જન્મરાત્રિએ અમરકોટના મેદાનમાં જે નક્ષત્રનો પ્રકાશ પડયો હતો, તેનીજ પ્રકાશિત પ્રભાથી મહાનુભાવ બહેરામખાં અને પંડિતતથા ધર્માત્મા અબ્બુલફઝલના જેવા ચતુર મંત્રીઓ તેને પ્રાપ્ત થયા. અકબર અને ઉદયસિંહ જોકે એકજ વયે સિંહાસનપર અધિષ્ઠિત થયા હતા; પરંતુ ઉભયનાં ચરિત્રોમાં લેશપણ સમાનતા હતી નહિ. અકબર જન્મથીજ વિપત્તિના ખોળામાં રહ્યો હતો. અસ્થિર ભાગ્યચક્રના અપરિહાર્ય પરિવર્તનથી તેણે બાલ્યાવસ્થામાંજ સંસારનાં નવાં નવાં અનેક ચિત્રો જોયાં અને તેને સંસારના કેટલાક પ્રચંડ તરંગોની ચોટ ખાવી પડી. આથી તેણે અનુ-

[1] સિંહાસનારૂઢ થતી વખતે અકબર અને ઉદયસિંહની વય તેર તેર વર્ષની હતી.

બ્યની પ્રકૃતિનાં ગૂઢ તત્ત્વોનો જે અભ્યાસ કર્યો હતો તેની ઝાંખી ઉદયસિંહને થઈ નહોતી. ઉદયસિંહ બાલ્યાવસ્થામાં એકાંતવાસમાં ઉછર્યા હતા. કમલમેરની શૈલમાલાના શિખરસિવાય અન્ય પ્રકારનું પ્રકૃતિ-સૌંદર્ય તેમના જોવામાં આવ્યું નહોતું. તેઓ પહાડના શિખરપર આવેલા મહાલયમાં વસતા હતા તેથી બહારના કાંઈ પણ વર્તમાન તેમના સાંભળવામાં આવતા નહોતા.

આથી સંસારનીતિનું કોઇપણ સૂત્ર ઉદયસિંહને જ્ઞાત નહોતું. જેઓ પોતાના જન્મનું વૃત્તાંત પણ જાણતા નહોતા, બાલ્યાવસ્થાથીજ પરાયા ઘરમાં અને એકાંતવાસમાં જેમનું આદરસહિત પોષણ થયું હતું, જેઓ એક ક્ષણવાર પણ વિપત્તિરૂપી અંકુશના આઘાતથી પીડિત થયા નહોતા અને જેમણે એક ક્ષણવાર પણ સંસારની કૂટનીતિની ભયંકર ભ્રકુટિ જોઇ નહોતી તેમને સંસારવ્યવહારમાં ચાતુર્ય શી રીતે પ્રાપ્ત થઇ શકે ? સંસારનો વ્યવહાર નહિં જાણવાને લીધેજ પાછળથી રાણાને અત્યંત કષ્ટ ભોગવવું પડયું હતું. તેમણે ધાર્યું હતું કે આવાજ સુખમાં મારૂં સમગ્ર જીવન વ્યતીત થશે. આ અનર્થકારક વિચારથીજ તેમનું મન રાજકાર્યપરથી ઉઠી ગયું હતું; પરંતુ રાજ્ય એ શું વિલાસલોલુપતાની તૃપ્તિ કરવાનું સાધન છે? જે રાજ્યની સાથે હજારો માણસોનાં સુખદુઃખ ભળેલાં છે તે શું માત્ર બાળકોની રમત જેવું છે ? રાજગુણોથી યુક્ત અને વિદ્વાન એવો કયો રાજા આવો વિચાર નથી કરતો ? પરંતુ રાજપૂતકુલકલંક ઉદયસિંહને આ વિષે જરા પણ વિચાર નહોતો અને તેથીજ તેઓ અત્યંત અનાચાર કરતા હતા. જો કે યવનોની પ્રબળ સમરપિપાસા શાંત કરવાને માટે યુદ્ધમાં જઇને ચિતોડના ચતુર મંત્રીઓએ પોતાના પ્રાણ ખોયા હતા; તથાપિ જો રાણાની ઇચ્છા હોત તો તે શેષ રહેલા કોઇ ચિતોડનિવાસી રાજનીતિવિશારદની પાસેથી રાજનીતિ શીખી શકત. કોઈ ચતુર રાજનીતિવિશારદનાં ઉત્સાહ, ઉદ્દીપન અને સુશિક્ષાથી તેમના હૃદયનો અંધકાર દૂર થઇ ગયો હોત. જો આમ થયું હોત તો પછી ઉદયસિંહને કોઇ કાયરપુરુષ કહી શકત નહિ; પરંતુ દુર્ભાગ્યવશાત્ વિધાતાએ તેમને રાજગુણોથી ભૂષિત કર્યા નહોતા. નહિ તો તેમનામાં આ કુબુદ્ધિ ક્યાંથી ઉત્પન્ન થઇ હોત ? અને તેમણે શામાટે ચતુર મંત્રીઓની સલાહપર લક્ષ્ય આપ્યું ન હોત?ઉદયસિંહ કાયર હતા. તેઓ રાજા થયા તેથી શું થયું ? જે રાજામાં નૃપોચિત ગુણો ન હોય તે રાજા શા કામનો ?ઉદયસિંહમાં એ ઉપલા ગુણોને બદલે અનર્થકારક દુર્ગુણો ભરેલા હતા. તેમના વિચારનું તંત્ર એક વેશ્યાદ્વારા ચાલતું હતું. આ વેશ્યાજ ઉદયસિંહની સલાહકાર, જીવનસહચરી અને વિદ્યા, બુદ્ધિ તથા બોધદાયિની સ્વામિની હતી. રાણા તેના એવા દાસ બની ગયા હતા કે તેમનાં ભાગ્યસૂત્રને તે પિશાચિની પોતાના હાથમાં ગ્રહણ કરી રહી હતી. મહારાણા ઉદયસિંહ–ગિહલોતકુલકેસરી વીરવર બાપ્પારાવલના વંશજ–મેવાડના સ્વામી–રાણા સંગ્રામસિંહના પુત્ર–હતભાગી ઉદયસિંહ, પાપિની વેશ્યાની આજ્ઞાનુસાર ચાલતા હતા. આજે ગણિકા અભાગી ઉદયસિંહનાં ભાગ્યસૂત્રની અને મેવાડભૂમિના શાસનની ચાલક બની ગઇ છે. મૂર્ખ ઉદયસિંહ તેનાપરજ શ્રદ્ધા રાખીને વિલાસિતાના પાપપંકમાં ડુબી ગયા છે. રાણાને આ પ્રકારે પ્રમાદી અને વિલાસનિમગ્ન થયેલા જોઇને ચતુર અકબર પોતાનો ઇષ્ટ હેતુ સિદ્ધ કરવાને માટે આ ઉત્તમ સંધિ છે એમ ધારી તૈયાર થઇ ગયો. તેના વિદ્વેષાગ્નિની ચિણગારીથી ચિતોડનો ગૌરવસ્તંભ ભસ્મીભૂત થઇ ગયો; ઉદયસિંહને પોતાના અનાચારનું યોગ્ય પ્રાયશ્ચિત્ત મળ્યું.

દૂર આવેલી ઝક્ષરતીસનદીના કિનારાપર આવેલા ફરગણાના રાજ્યને છોડી મોગલકુલતિલક બાબરે સ્વર્ગીય નદી ભાગીરથીના પવિત્ર જલથી ધોવાતા પુણ્યક્ષેત્ર ભારતવર્ષમાં આવીને જે નાના બીજનું રોપણ કર્યું હતું તે એક વખત મહાપ્રચંડ વૃક્ષ થઇ જશે એમ કોણે ધાર્યું હતું ? કોણે ધાર્યું હતું કે એક વખત તે વૃક્ષનાં મૂળ દૂર સુધી ફેલાઈ જઇને ભારતવાસીઓને જકડી લેશે !બાબરનું રોપેલું બીજ હુમાયૂના યત્નથી અંકુરિત થયું હતું; પરંતુ જો અકબર તેને જલસિંચન ન કરત તો અવશ્ય તેનો અંકુર સુકાઇ જાત. આથી એમજ કહેવું વિશેષ યુક્ત ગણાશે કે અકબરદ્વારાજ ભારતવર્ષમાં મોગલસામ્રાજ્યનાં મૂળ નખાયાં. અકબરજ રાજપૂતરાજ્યોના સૌભાગ્યસૂર્યનો રાહુ થયો. રાજપૂતોની સ્વાધીનતારૂપી ઇમારતપર અકબરજ વજ્ર થઇ પડયો. અત્યારસુધી ઉક્ત ઇમારતને કોઇ પણ યવન મૂળમાંથી તોડી પાડી શકયો નહોતો; પરંતુ આજે અકબરે તેને જડમૂળથી ખોદાવીને ફેંકી દીધી. આજે અકબરના ભયંકર વજ્રપ્રહારથી ઉક્ત ઇમારત છિન્નભિન્ન થઈ ગઇ. અભાગી હિંદુજાતિને

સ્વાધીનતાના ઉચ્ચ આસનપરથી ઉતારીને અકબરે તેને દુઃખના અંધકારમય કૂપમાં નાખી દીધી અને કઠોર દાસત્વની બેડીથી જકડી લીધી. અકબરના કયા ગુણના પ્રભાવથી, કયા મહામંત્રના બળથી રાજપૂતોએ આ જંજીરના ભારને હલકો માન્યો હતો, તે અમે સમજી શકતા નથી. અકબરના ક્યા ગુણથી મોહિત થઇને રાજપૂતોએ તેની પહેરાવેલી કઠોર જંજીરને વારંવાર ધારણ કરી હતી, તે અમે કહી શકતા નથી. આ વિષયનું ગૂઢ રહસ્ય સમજવું એ કાંઇ સહેલી વાત નથી, વિશેષ તપાસ કરવાથી અકબરના અંગમાં એકાદ ગુણ તો અવશ્ય દેખાઇ આવશેજ. આ ગુણ એ હતો કે અકબર મનુષ્યના હૃદયની વાત જાણવામાં મહાચતુર હતો; તે એટલે સુધી કે મનુષ્યની ગુપ્તમાં ગુપ્ત વાત પણ તેને વિદિત થઇ જતી હતી તથા જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે તે સર્વને સંતુષ્ટ કરી દેતો હતો. આ અનુપમ ગુણની સહાયથીજ અકબરે હિંદુજાતિના હૃદયમાં તેનાપ્રત્યે પ્રીતિ અને ભકિત ઉત્પન્ન કરી હતી. આજ કારણથી એકવાર વિજિત હિંદુઓએ આનંદોન્મત્ત થઇ તેને "જગદ્‌ગુરુ" અને "**दिल्लीश्वरो वा जगदीश्वरो वा**" એવી ઉપાધિ અર્પણ કરી હતી; પરંતુ આ અભિમાનોત્પાદક અને ગૌરવશાલી ઉપાધિ પ્રાપ્ત કર્યા પૂર્વે તેણે પોતાના હાથથી અસંખ્ય ભારતસંતાનોનાં હૃદય ક્રૂર રીતે ચીરી નાખ્યાં હતાં અને સનાતનધર્મનાં અનેક પવિત્ર મંદિરોને ચૂર્ણ કરી નાખીને તેને સ્થળે મસ્જીદો બંધાવી હતી. ભારતના અગણિત વીરવંશો તેના કઠોર અને ભયંકર હસ્તપ્રહારથી એકદમ નાશ્ પામી ગયા હતા અને તેના સ્વેચ્છાચારથી અનેક આર્યસંતાનોનાં ગૌરવાન્વિત મુખોપર કલંકની કાળી શાહી લાગી ગઇ હતી. પોતાના અપૂર્વ જ્ઞાનચાતુર્યના પ્રભાવથી તેણે જ્યાંસુધી પરાજિત, દાસત્વની પ્રચંડ જંજીરથી જકડાયેલા, હતભાગી અને ભ્રમથી અંધ થયેલા ભારતસંતાનના હૃદયના પ્રેમનો ઉપહાર મેળવ્યો નહોતો, ત્યાંસુધી તે શાહબુદ્દીન અને અલ્લાઉદ્દીન વિગેરે નિષ્ઠુર હિંદુવિદ્વેષી પાદશાહોને પણ શિરતાજ ગણાતો હતો. વિચાર કરવાથી અવસ્ય જ્ઞાત થશે કે આવું કલંકિત નામ તેને અન્યાય અને અવિચારથી આપવામાં આવ્યું નથી; પરંતુ આ કલંક તેના કપાલપર સદાને માટે વાસ કર્યો નહોતો. યૌવનના ભયંકર મદથી ઉન્મત્ત બનીને અકબરે પોતાની કઠોર દુરાકાંક્ષા તૃપ્ત કરવાને માટે હિંદુઓના હૃદયમાં જે ભીષણ પ્રહારો કર્યા હતા તે ધાવો તેણે પોતાની વૃદ્ધાવસ્થામાં રુઝાવી નાખ્યા હતા અને કોટયવધિ ભારતવાસીઓના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

રાજધર્મહીન અને કર્મહીન ઉદયસિંહના હાથમાં મેવાડનો રાજ્યભાર આવ્યો. બાપ્પા,: સમ આદિ રાજનીતિવિશારદ અને શાસ્ત્રજ્ઞ રાજાઓએ જે રાજ્ય ચલાવ્યું હતું તેજ રાજ્ય હવે ઉદયસિંહના હાથમાં આવ્યું. બાપ્પા વિગેરે રાજાઓ અત્યંત ચતુર અને કાર્યકુશલ હતા તથા રાજકાર્યને અત્યંત મહત્ત્વનું કામ માનીને સદા સાવધાન રહેતા હતા. ઉદયસિંહ આ કાર્યને અત્યંત સુગમ અને સરલ સમજ્યા. આજકારણથી મેવાડપર દુઃખના ડુંગરો તૂટી પડયા. સિસોદીઆકુલની અધિષ્ઠાત્રી દેવીએ પ્રતિજ્ઞા કરી છે કેઃ—"જ્યાંસુધી બાપ્પારાવલના વંશજો મારી આજ્ઞાનું પાલન કરશે ત્યાંસુધી હું કોઇ પણ પ્રકારે ચિતોડનો ત્યાગ કરીને જઇશ નહિ." બાપ્પારાવલના વંશજોએ આટલા દિવસ પર્યંત તેને સંતુષ્ટ કરવાને માટે પોતાના હૃદયનું રુધિર અર્પણ કર્યું હતું. આથી મહાદેવી સંતુષ્ટ રહી હતી. સ્વદેશની સ્વાધીનતાનું રક્ષણ કરવાને માટે ગિહલોતવંશના રાજાઓએ આત્મોત્સર્ગનું જે પ્રકાશમાન ઉદાહરણ આપ્યું હતું તેનું સ્મરણ થતાં આપણને અતિ આશ્ચર્ય થાય છે. આહાહા! મેવાડનો કયો વીર પોતાના દેશની સ્વાધીનતાનું રક્ષણ કરવાને માટે ભગવતી ચતુર્ભુજાના આગળ આત્મવિસર્જન કરવાને તૈયાર ન થાય! જે દિવસે હિંદુવિદ્વેષી કઠોર હૃદયી અલ્લાઉદ્દીનના વિદ્વેષાગ્નિની ચિણગારીઓથી સુવર્ણમયી ચિતોડનગરી ભસ્મીભૂત થઇને શ્મશાનવત્ બની ગઇ તે દિવસે બાર રાજકુમારોએ પોતાના રુધિરથી ચિતોડની અધિષ્ઠાત્રીદેવીની તીવ્ર પિપાસા શાંત કરી હતી અને આ રીતે વીરવર બાપ્પારાવલની વિજયવૈજયન્તી મુસલમાનોના કરાલગ્રાસથી બચાવી હતી. આ વખતે રાજપૂતોપર જો કે વિપત્તિ આવી પડી હતી, તોપણ રાજપૂતવીરોના ગૌરવનું કેવી સરસ રીતે રક્ષણ થયું હતું અને તે વખતે રાજપૂતવીરોએ કેવો અનુપમ ઉદ્યોગ કર્યો હતો; તેનું એ પ્રથમ પ્રકાશિત ઉદાહરણ છે. તે પછી જે દિવસે મેવાડની દક્ષિણસીમામાં આવેલી શૈલરાજિને ભેદીને દુષ્ટ બહાદૂરશાહની વિજયવતી સેના મહાભરતીની પેઠે પ્રચંડ વેગથી મેવાડના આહ્‌લાદકારક ક્ષેત્રોમાં આવી પહોંચી.તે દિવસે પણ બાપ્પા-

રાવલના વંશજ વીરવર વાઘજીએ આત્મોત્સર્ગનું પ્રદીપ્ત ઉદાહરણ બતાવી ભગવતી ચતુર્ભુજાની કઠોર આજ્ઞાનું પાલન કર્યું હતું. મેવાડના રાજવંશનું આ બીજું અલૌકિક ઉદાહરણ હતું.

પરંતુ આ ત્રીજી વખતે, ચિતોડપર આવેલા આ ત્રીજા ઘોર સંકટપ્રસંગે, સિસોદીઆકુળપર આવી પડેલા આ ત્રીજા અપરિહાર્ય સંકટકાળે, બાપ્પારાવલનો કયો વંશજ પ્રાણાંતનો દાવ ખેલીને ચિતોડની અધિષ્ઠાત્રીદેવીને સંતુષ્ટ કરશે? ભગવતી ચામુંડા આ પ્રસંગે કયા વીરના હૃદયનું રુધિર પીને સંતુષ્ટ થઇ ચિતોડપુરીની રક્ષા કરશે? આ વખતે ભયંકર સંગ્રામભૂમિમાં કોઇપણ સિસોદીઆવીર આવ્યો નહિ. હવે શું થશે? કાંઈ પણ ઉપાય રહ્યો નહિ. ચિતોડનું શોચનીય અને ભીષણ અધઃપતન થવાનું છે, ચિતોડનો સ્વાધીનતારૂપી સૂર્ય આ વખતે સદાને માટે અસ્ત થવાનો છે. મોહમયી મહામાયા અંતર્ધાન થઇ ગઇ! જે ગૂઢ ભાગ્યસૂત્રે ગિહલોતકુલને આટલા દીર્ઘકાળપર્યંત બાંધી રાખ્યું હતું, તે સૂત્ર પણ સદાને માટે તૂટી ગયું. જે મહાદેવીએ ભયંકર વિપત્તિના સમયમાં સમરસિંહની ઉભય આંખો ખોલીને ગંભીરસ્વરથી કહ્યું હતું કેઃ-"હિંદુગૌરવ લુપ્ત થવાની અણીપર છે." જેણે ચિંતાના વમળમાં પડેલા લક્ષ્મણસિંહની સન્મુખ પ્રગટ થઇને બાર રાજકુમારોનો બલિ માગ્યો હતો, તે ચિતોડની મૂર્તિમંત સ્વાધીનતાલક્ષ્મી-દેવી ચતુર્ભુજા હતભાગી ઉદયસિંહની કાયરતા જોઇને સદાને માટે ચિતોડનો પરિત્યાગ કરી ગઇ! તેની સાથે રાજપૂતજાતિની એક મહાન શ્રદ્ધા નાશ પામી! જે શ્રદ્ધાબળથી તે લોકો ચિતોડપુરીને પવિત્ર સનાતનધર્મ અને સ્વાધીનતાનો દુર્જયદુર્ગ માનતા હતા તે મહાન શ્રદ્ધા હવે તેમના હૃદયમાંથી લુપ્ત થઇ ગઈ! હવે તેઓ તેને માત્ર એક મિથ્યા કલ્પના ગણવા લાગ્યા.

આ પ્રકારનો પવિત્રવિશ્વાસ એ રાજપૂતોની અપૂર્વ દેવભકિત, જીવનશકિત અને દેશરક્ષાની મહાશકિત છે. આ મહામંત્રથી દીક્ષિત થઇને અનેક દેશના રાજાઓએ સ્વદેશની રક્ષાને માટે રણક્ષેત્રમાં પ્રસન્નમુખથી આત્મવિસર્જન કર્યું હતું. આવાં અનેક દૃષ્ટાંતો જગતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરથી અંકિત છે. જાતીયજીવનનાં જે કેટલાંક આત ઉજ્જ્વલ ચિત્રો ઇતિહાસમાં દૃષ્ટિગોચર થાય છે તે સર્વના મૂળમાં આ મહાન વિશ્વાસ અને આ અપૂર્વ દેવભકિત બીજરૂપે વર્તમાન છે. રાજપૂતોની આ શ્રદ્ધાને તેમની સ્વાતંત્ર્યેષણા સાથે શો સંબંધ છે, તેનો વિચાર કરવાનું કામ અમે વિદ્વાનોના હાથમાં સોંપીએ છીએ. ઇતિહાસમાં અનેકવાર તેમના અસીમ ગુણોની પ્રશંસા કરવામાં આવી છે અને અમે માનીએ છીએ કે આ વિશ્વાસજ સદા તેમના વિજયની કૂંચીરૂપ હતો.

અકબરે ચિતોડપર બેવાર આક્રમણ કર્યું હતું; પરંતુ તવારિખ ફરિસ્તામાં તેના કેવળ એક વારના આક્રમણનુંજ વૃત્તાંત લખ્યું છે. જે વખતે તેના પ્રચંડ ક્રોધાગ્નિમાં ચિતોડનો નાશ થઇ ગયો તે વખતના આક્રમણનુંજ વૃત્તાંત ફરિસ્તામાં ઉપલબ્ધ થાય છે; પરંતુ જે વખતે તે પરાજિત અને હતાશ થઇ સંગ્રામભૂમિમાંથી નાસી ગયો હતો તે સમયનું કિંચિત્ પણ વૃત્તાંત ઉકત તવારિખમાં જડતું નથી. પરાજયના અપમાનથી પોતાના શહેનશાહને બચાવવાને ખાતર મુસલમાનઇતિહાસવેત્તા આ વાત ચાવી ગયો હતો, એ સ્પષ્ટ જણાય છે. ભટ્ટલોકોના ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે અકબરે ચિતોડપર પ્રથમ આક્રમણ કર્યું ત્યારે તેને પરાજિત થઇને નાસી જવું પડયું હતું. ઉદયસિંહની પરાક્રમશાળી ઉપપત્નીના શૌર્યથી પરાજિત થઇને અકબરે મેવાડમાંથી પલાયન કર્યું હતું. સમ્રાટઅકબરે આ વખતે પોતાની વિજયશાળી સેના લઇને ચિતોડપર પ્રચંડ બલપૂર્વક આક્રમણ કર્યું હતું. આ વખતે પ્રથમ તો કાયર ઉદયસિંહે અકબરની સામે બાથ ભીડી નહિ; પરંતુ સરદારોએ ઠપકો આપવાથી તથા રાજ્ય ખોવાના ભયથી નિરુપાયે તેઓ સંગ્રામભૂમિમાં ગયા. તેમના હૃદયમાં સાહસ નહોતું-પ્રતિજ્ઞા નહોતી-દૃઢતા નહોતી; તો પછી તેઓ કયા બળથી મોગલસમ્રાટનો પરાજય કરે? ચિતોડની સેનાએ દીર્ઘકાળપર્યંત અકબરની ભયંકર મોગલસેના સાથે યુદ્ધ કર્યું; પરંતુ પોતાના રાજાના તરફથી ઉત્સાહ અને ઉત્તેજન મળ્યા સિવાય સેના કયાંસુધી યુદ્ધ કરી શકે? અંતે લાચાર થઇ રાજપૂતોની સેના નાઠી. હતભાગી ઉદયસિંહ અકબરના હાથમાં કેદ પકડાયા. વીરજનની મેવાડભૂમિના કપાળે આ ઘણું ખરાબ કલંક લાગ્યું. જે ઘટના આજપર્યંત મેવાડમાં બની નહોતી, તે અસંભવિત ઘટના કાયર ઉદયસિંહને લીધે આજે સંભવિત બની. આ કાંઈ સાધારણ શોકની વાત નથી. ઉદયસિંહ બંદીવાન બનવાથી રાજમહાલયમાં અત્યંત હાહાકાર વર્તી રહ્યો. રાણાને કારાગૃહમાંથી મુકત કરવાનો કાંઇ ઉપાય કોઇને સૂઝયો નહિ.



ચિત્તોડગઢ ફત્તસિંગના મહાલસહિત

ikshmi Art Bombay 8

સરદારોએ ઉદયસિંહને મુકત કરવાની કિંચિત્ ચેષ્ટા પણ કરી નહિ.અધિક વર્ણન શું કરવું ? બસ,આટલુંજ કહેવું પૂરતું થઇ પડશે કે ચિતોડપુરી સર્વથા નિસ્તેજ બની ગઇ. સરદારોની આવી બેદરકારી અને નિસ્તેજભાવ જોઇને ઉદયસિંહની ઉપપત્નીના હૃદયમાં મહદ્ અભિમાન અને અત્યંત ક્રોધ ઉત્પન્ન થયાં. તે પોતાના મનમાં શોચવા લાગી કે:—" શું ચિતોડપુરી આજે વીરવિહીન થઈ ગઇ છે ? શું વીરમાતા મેવાડભૂમિએ આજે એકદમ પોતાનું તેજ ગુમાવી દીધું છે ? જે અસંખ્ય માણસો આ ચિતોડપુરીમાં વસે છે તેઓ સર્વ શું નિર્જીવ છે ? શું તેઓ કેવળ માંસના પિંડાજ છે ? શું ક્ષત્રિયબાળાઓએ નિર્જીવ માંસપિંડોનેજ જન્મ આપ્યો છે ? ક્ષત્રિયોના સાહસ, વીરતા, તેજસ્વિતા અને આત્માભિમાન, એ ગુણો શું એકદમ આ લોકમાંથી પ્રયાણ કરી ગયા છે ? જો આમ ન હોય તો તેઓ પોતાની આંખોથી પોતાના રાજાનું અપમાન અને કારાગૃહવાસ જોયા છતાં નિર્જીવ અને નિશ્ચિંત થઇને કેમ બેસી રહે ?" ઉક્ત વીરનારીએ દારુણ ક્રોધ અને શત્રુઓનો વધ કરવાની ઉત્કટ અભિલાષાથી ઉન્મત્ત થઇને પોતાના કોમળ અંગપર કઠિન લોહબખ્તર ધારણ કર્યું અને હાથમાં ધનુષ્યબાણ તથા તલવાર લઇને તે અશ્વારૂઢ થઇ સમરભૂમિ તરફ ચાલી. ચિતોડની નિર્જીવતા અને મૌન દૂર કરાવીને રાજપૂતોની સેનાને નવીન ઉત્સાહથી ઉત્સાહિત કરી કાપુરુષ ઉદયસિંહની વીર ઉપપત્ની રાજપૂતસેના સાથે ભયંકર વેગથી મોગલસેના તરફ ગઇ અને તેનાપર એકદમ છાપો માર્યો. તેના હાથમાં જે ભયંકર ભાલો હતો તેના ભીષણ આઘાતથી તથા બાણથી પુષ્કળ યવનો માર્યા ગયા.થોડી વાર સુધી યુદ્ધ થયા પછી યવનો પાછળ હઠવા લાગ્યા. રુદ્રચંડી રાજપૂતરમણી અત્યંત ઉત્સાહ અને ભીષણ પરાક્રમથી યવનોને નસાડતી નસાડતી અકબરની મુખ્ય છાવણી તરફ જવા લાગી. વીરનારીની આ અદ્દભુત વીરતા જોઇ અકબર વિસ્મિત થયો અને અનેક પ્રકારની વિપત્તિઓના ભયથી તે રણભૂમિ ત્યજીને પલાયન કરી ગયો. સ્ત્રીની વીરતાથી—કેવળ એક સ્ત્રીની વીરતાથી આજે ભારતસમ્રાટ મોગલવીર અકબરશાહ પરાજિત થઇ ગયો. એક સ્ત્રીના પરાક્રમથી આજે વિજયવતી મોગલસેના છિન્નભિન્ન થઇ ગઇ. રાજપૂત રમણીની અસામાન્ય વીરતાનું આ એક અતિ પ્રકાશિત ઉદાહરણ ઇતિહાસપટપર સુવર્ણાક્ષરે લખાયું છે.

ઉદયસિંહ અકબરના કારાગૃહમાંથી છૂટયા અને તેમણે ચિતોડમાં આવીને પોતાની ઉપપત્નીની અનંત પ્રશંસા કરી. તેમણે તેની વીરતાને સહસ્રવાર ધન્યવાદ આપ્યો અને તે ભરસભામાં ગદ્ ગદ્ કંઠે કહેવા લાગ્યા કે:—" વીરનારીની બહાદુરીથી મારી મુક્તિ થઇ છે." રાણાના મુખે આ વખતે ઉક્ત સ્ત્રીની બહાદુરીની પ્રશંસા થતી સાંભળી ચિતોડના સરદારોને અત્યંત ધૃણા ઉત્પન્ન થઇ. તેમનું અભિમાન ઉશ્કેરાઇ આવ્યું અને તેઓ અત્યંત ક્રોધાન્વિત બની ગયા. તેઓ પોતાનાં મસ્તક અવનત કરી રાજસભામાંથી ચાલ્યા ગયા. તેમણે વિચાર કર્યો કે:—" કોઇને કોઇ પ્રકારે આ વેશ્યાને મારી નાખવી જોઇએ." આવો વિચાર કરી તેઓ તેનો વધ કરવાની સંધિ અને ઉપાય શોધતા રહ્યા. અગણિત સરદારોના ક્રોધ અને દ્વેષમાંથી માત્ર એકજ સ્ત્રી શી રીતે બચી શકે ? તે બિચારી શીઘ્ર તેમના પંજામાં ફસાઇને મરણ પામી.

અકબરપર વિજય પ્રાપ્ત કરવાને લીધે સરદારો અને સામંતોને આનંદ પ્રાપ્ત થવો જોઇએ, તેને બદલે તેમને શોક ઉત્પન્ન થયો અને માંહોમાંહેના કલહથી રાજ્યમાં ભયંકર અશાંતિ ઉત્પન્ન થઈ. ચિતોડની આવી અશાંતિનું વૃત્તાંત સાંભળી અકબર પોતાના અપમાનનું સંપૂર્ણ વૈર લેવાને તૈયાર થયો અને એક મહાપ્રચંડ સૈન્ય લઇને ફરીથી ચિતોડતરફ ચાલ્યો. આ સમયે અકબરની વય પચીસ વર્ષની હતી. તેના શરીરમાં વિપુલ બળ હતું અને તેના હૃદયમાં અત્યંત ઉત્સાહ હતો. તેના અખંડ પ્રતાપથી પ્રાયઃ સમસ્ત ભારતવર્ષ તેને શરણે હતું; અનેક દુર્જયદુર્ગો તેના ભયંકર પરાક્રમથી વિધ્વંસ પામી છિન્નભિન્ન થઈ ગયા હતા; અનેક રાજપૂતરાજાઓ તેની આજ્ઞાનું પાલન કરવાને માટે હાથ જોડી તેની સમક્ષ ખડા રહેતા હતા; તો પછી મેવાડનું મસ્તક શી રીતે ઉન્નત રહી શકે ? મેવાડનો ગર્વ શી રીતે અચળ રહી શકે ? મેવાડના રાજપૂતો શામાટે તેને વશ ન થાય ? મોગલસમ્રાટની પ્રચંડ સેના તીવ્ર વેગથી આવીને મેવાડમાં પ્રવેશી. ચિતોડની નિકટના [1]પંડોલી નામના ગામથી બસ્સી જતાં જે પાંચ કોશનો રાજમાર્ગ

૧ કર્નલ ટૉડ જણાવે છે કે, પંડોલી નામનાં બે ગામો છે. તેમાંનું એક ગામ ચિતોડના સુપ્રસિદ્ધ મેદાન-

આવે છે, તેના અગ્રભાગેજ મોગલસમ્રાટ અકબરની મહા પ્રચંડ છાવણી પડી. આ સ્થળે સંગેમરમરનો એક શુંડાકાર સ્તંભ પણ વિરાજમાન છે. આ સ્તંભને "અકબરકા દીવા" અર્થાત "અકબરનો દીપક"[1] કહેવામાં આવે છે. આજપર્યંત પ્રવાસીઓ મેવાડના અધઃપતનના તે ભયંકર સ્મૃતિસ્તંભને દૂરથી જોઇનેજ ચિતોડની ગત દુર્દશાનો વિચાર કરતા કરતા અશ્રુધારા છોડતા ચાલ્યા જાય છે.

ભટ્ટલોકોના ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે મેવાડનું સત્યાનાશ કરવાના ઉદ્દેશથી ભયંકર મૂર્તિ ધારણ કરી જેવો અકબર ચિતોડ તરફ આવ્યો કે તરતજ કાયર અને બીકણ ઉદયસિંહ પોતાનું પાટનગર છોડીને નાસી ગયા. રાણાના પલાયનથી પણ ચિતોડ રક્ષકહીન બન્યું નહિ. જો કે ચિતોડના કાપુરુષ રાણા તેનો ત્યાગ કરીને નાસી ગયા; પરંતુ ચિતોડ એ નામની બલિહારી એવી છે કે કોણ જાણે ક્યાંથી સાહસિક અને પરાક્રમી અગણિત વીરો નગ્ન અસિ પોતાના હાથમાં ગ્રહણ કરીને ચિતોડની રક્ષા કરવાને માટે યવનોની સામે ઝુઝવાને આવી પહોંચ્યા ! જાણે કોઈ ગુપ્ત દેવતાના મૃતસંજીવનમંત્રના પ્રભાવથી ચિતોડની:સમરભૂમિમાં પડેલા વીરગણોની ભસ્મમાંથી અગણિત વીરોની સૃષ્ટિ ઉત્પન્ન થઈ ન હોય ! રાજસ્થાનનાં ભિન્ન ભિન્ન રાજ્યોમાંથી સરદારો અને સામંતો પોતપોતાની સેના લઇને ચિતોડની રક્ષા કરવાને માટે આવી પહોંચ્યા. વીરવર સહીદાસ અનેક તેજસ્વી અને સાહસિક ચંદાવતોને પોતાની સાથે લઇને ચિતોડના પ્રધાન તોરણદ્વાર 'સૂર્યદ્વાર' પર આવીને ઉભા રહ્યા. મંદોરિયાપતિ રાવત દૂદા સંગાવતોની[2] સેનાને પોતાની સાથે લઇને રણસંગ્રામમાં આવી પહોંચ્યા. બૈદલા અને કટોરિયા નામનાં બે રાજ્યોમાંથી બે બળવાન રાજાઓ આવ્યા. આ રાજાઓ દિલ્હીશ્વર હિંદુચક્રવર્તી મહારાજા પૃથ્વીરાજના વંશજો હતા. વળી વિજોલીના પરમાર અને માદ્રીના ઝાલાપતિ વગેરે વીરપુરુષો અત્યંત ઉત્સાહસહિત સંગ્રામભૂમિમાં આવી પોતપોતાની સેનાના વીરોચિત રણાભિનયથી આગળ કુચ કરાવવા લાગ્યા. આમાંના ઘણા રાજાઓ મેવાડરાજ્યના માંડલિક હતા; પરંતુ માંડલિકસિવાય ઇતર રાજપૂતરાજાઓ અન્ય પ્રદેશમાંથી પણ અકબરની સામે યુદ્ધ કરવાને આવ્યા હતા. તેમાં દેવલપતિ વાઘજીનો વંશજ, ઝાલોરપતિ સોનગઢા, ઇશ્વરદાસ રાઠોડ, કરમચંદ કછવાહા તથા ગ્વાલિયરના તુવારરાજ વિશેષ પ્રસિદ્ધ છે. આ રાજાની અદ્ભુત વીરતા તથા રણનૈપુણ્યનું વૃત્તાંત ઇતિહાસમાં સુવર્ણાક્ષરથી અંકિત છે.

ધીમે ધીમે હિંદુમુસલમાનો વચ્ચે યુદ્ધ થવા લાગ્યું. યવનસેના ભયંકર નાદ કરતી, સમરભૂમિને કંપાવતી, પ્રચંડ વેગથી ચિતોડના સૂર્યદ્વાર તરફ ધસી. આ તરફ રણોન્મત્ત રાજપૂતો પણ પ્રચંડ સિંહનાદ કરી આકાશને વિદારી નાખતા એકદમ ધનુષ્યબાણ લઇ તૈયાર થઇ ગયા. ચંદાવતવીર સહીદાસ ગંભીર અને પ્રચંડ હુંકારો કરી યવનસેનાપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. સૂર્યદ્વારમાં થઇને ચિતોડમાં પ્રવેશ કરવાને માટે મોગલોની સેના સમુદ્રની પેઠે ઉલટીને તે દ્વાર તરફ આવવા લાગી. બંદુકની ગોળીઓ મારી મારીને મોગલો અનેક ચંદાવતવીરોને નીચે તોડી પાડતા આગળ વધવા લાગ્યા. વીરવર સહીદાસે પોતાનો પગ જરા પણ પાછળ હઠાવ્યો નહિ. એક એક કરતાં તેમના ઘણા સૈનિકો રણમાં પડયા; તથાપિ તેમનો ઉત્સાહ તો જેવો ને તેવો કાયમજ રહ્યો. જ્યાંસુધી તેમના શરીરમાં પ્રાણ રહ્યા, જ્યાંસુધી તેમની રક્તવાહિનીઓમાં રુધિરનું એક પણ બિંદુ રહ્યું અને જ્યાંસુધી તેમનો વજ્રસમાન કર શિથિલ થયો નહિ, ત્યાંસુધી શત્રુઓ કોઇપણ પ્રકારે તોરણદ્વારમાં પ્રવેશ કરી શકયા નહિ.

---

શેવરના કિનારાપર વસેલું છે. આ માનસરોવરના કિનારાપર બંધાવવામાં આવેલા કેટલાક પ્રાચીન સ્તંભોમાંથી તેમને જે એક શિલાલેખ ઉપલબ્ધ થયો હતો, તેની સહાયથીજ તેમણે ગિહલોતકુલના ઉત્પત્તિકાળનો નિર્ણય કર્યો હતો.

૧ કર્નલ ટૉડ જણાવે છે કે, આ દીપમાલ અદ્યાપિ સર્વાંગ સંપૂર્ણ દશામાં વિદ્યમાન છે. તેને સર્વથા ચૂનાના પત્થરથી બનાવવામાં આવી છે. તેની ઉંચાઇ ૩૦ ફીટ અને તેનો શિરોભાગ ૪ ફીટનો હશે. તેની ઉપર ચઢવાને માટે એક સીડી છે. એક મોટી સગડીમાં અગ્નિ પ્રદીપ્ત કરીને તે પ્રતિ રાત્રિએ તેના શિખરપર રાખવામાં આવતી હતી. યાત્રાળુઓ તેનેજ ચિન્હ સમજતા હતા. આ દીપમાળ એક પ્રકારની મૂર્તિ સમાન બનાવવામાં આવી હતી. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી કિંવા યાહુદી, કોઈના પણ ઉપાસનામંદિરને તે મળતી આવતી નહોતી; પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં સર્વ જાતિઓનાં દેવાલયનાં ચિન્હો તેમાં જણાય છે.

૨ આ સંગાવતલોકો રાણા સંગ ( સંગ્રામસિંહ ) ના વંશજો નથી. વીરવર ચંડના વંશમાં સંગ નામનો જે એક વીર થયો હતો તેના વંશજો આ લોકો છે.

ચંદાવતવીર સહીદાસની આ અદ્ભુત વીરતા જોઈ અન્ય રાજપૂતો પણ પ્રચંડ ઉત્સાહ સાથે શત્રુઓનો સંહાર કરવા લાગ્યા; પરંતુ જે બે મહાવીરોએ દુર્દાન્ત યવનોનો ગર્વ ખંડિત કરવાને માટે, અદ્ભુત વીરતા તથા રણુનિપુણુતા પ્રકટ કરી હતી તેમનાં નામ જયમલ તથા પત્તે[1] હતાં. આ ઉભય રાજપૂતવીરોએ મેવાડના શોકાચ્છાદિત ભાગ્યાકાશને થોડીવાર સુધી ઉજ્જ્વલ પ્રકાશથી ચમકાવી મૂક્યું હતું અને તેમના અદ્ભુત પરાક્રમનું વૃત્તાંત તે વખતના મેવાડના તિમિરમય ઇતિહાસમાં ઉજ્જ્વલ જ્યોતિ-સમાન હતું. અરે, તેમની વીરતા તથા રણુનિપુણુતા અનંતકાળપર્યંત અક્ષત રાખવાને માટે સ્વયં અકબરે તેમનું વૃત્તાંત પ્રસિદ્ધ કર્યું છે. જયમલ બેદનોરનો રાજા હતો. મારવાડના સાહસિક સામંતોમાં જયમલ સુપ્રસિદ્ધ હતો. તેનો જન્મ રાઠોડકુલની મેડતિયા નામની શાખામાં થયો હતો. પત્તે કેલવાડાનો સ્વામી હતો. તે ચંદાવત કુલની શાખામાં જન્મ્યો હતો. તેનું ગોત્ર જગવત હતું. અદ્યાપિ રાજપૂતલોકો આ ઉભય મહાવીરોના નામનો જપ કરે છે.રાજપૂતો પ્રાતઃકાળમાં જે મહાપુરુષોના નામનું સ્મરણ કરે છે,તેમાં આ ઉભય વીરોનાં નામ પણ આવે છે. રાજપૂતસ્ત્રીઓ અદ્યાપિ સંધ્યાકાળની આરતી કરતી વખત જયમલ અને પત્તેનું સ્મરણ કરીને પોતાની સંતતિના મંગલની કામના કરે છે અને ગૃહસ્થની પુત્રીઓ પણ ઘંટી ફેરવતાં ફેરવતાં ભટ્ટકવિઓએ તેમની વીરતાસંબંધે રચેલાં ગીતો સુંદર સ્વરે ગાય છે. જ્યાંસુધી આ જગતમાં વીરતાનો આદર રહેશે, જ્યાંસુધી આર્યવીર રાજપૂતલોકોના હૃદયમાં ગતકાલની વીરતાનો એક તણુખો પણ શેષ રહેશે, જ્યાંસુધી ગત ચિત્રની એક રેષા પણ તેમના સ્મૃતિરૂપી પટપર અંકિત રહેશે, ત્યાંસુધી જયમલ અને પત્તેનાં નામ કોઇપણ પ્રકારે આ સંસારમાંથી લુપ્ત થશે નહિ. કોઇનામાં પણ એવું સામર્થ્ય નથી કે જે આ વીરોનાં નામનો લોપ કરી શકે.

જયમલ અને પત્તેએ કોઇની પાસેથી ઉત્સાહ વેચાતો લીધો નહોતો, કોઇના ઉત્તેજનથી—કોઇના ચઢાવવાથી તેઓ સમરોન્મત્ત બનીને ચિતોડમાં પ્રાણ આપવાને આવ્યા નહોતા. તેમનાં મહાન અને ઉદાર હૃદયેજ પોતાના સ્વદેશની રક્ષાને માટે યુદ્ધ કરવાની પ્રેરણા કરી હતી. તેઓ કીર્તિલોભ અથવા સ્વાર્થ-સાધનની નીચવૃત્તિને વશ થઇને યવનોની સાથે સંગ્રામ કરવાને માટે તૈયાર થયા નહોતા. આ ભયાનક સંગ્રામમાં કેવળ પુરુષોજ આવ્યા નહોતા; પરંતુ અંતઃપુરમાં રહેનારી અનેક રાજપૂતલલનાઓ પણ પડદાનો ત્યાગ કરીને પોતાના મૃદુ શરીરપર લોહબખ્તર ધારણ કરી, ઢાલતલવાર લઇ ચિતોડની રક્ષાને માટે સમરભૂમિમાં ઉપસ્થિત થઈ હતી.

જે વખતે સાલુંબ્રાપતિ ચંદાવતવીર સહીદાસે સૂર્યદ્વારપર પ્રાણ આપ્યો, તે વખતે વીરવર પત્તેએ શેષ રહેલા ચંદાવતવીરોની સરદારી ગ્રહણ કરી. આ વખતે પત્તેની વય કેવળ સોળ વર્ષની હતી. તેના પિતા ગતયુદ્ધમાં માર્યા ગયા હતા. પિતાનું મૃત્યુ થયું ત્યારે પત્તેની વય ઘણી નાની હતી. તેની માતા પોતાના પતિની પાછળ સતી થઈ નહિ;પરંતુ પુત્રનું લાલનપાલન કરવાને માટે જીવિત રહી. તે કેલવાપતિનો એકલો વંશજ હતો અને તેનું મરણ થતાં જગતમાંથી જગવતગોત્રના નામનો લોપ થવાનો સંભય હતો.આવી સ્થિતિમાં તેનું જીવન કેટલું મૂલ્યવાન હતું તે સહજ સમજાય એમ છે;પરંતુ તેની માતા વીરપત્ની હતી.પુત્રના પ્રાણ કરતાં પણ ચિતોડના ગૌરવને તેણે અધિક મહત્ત્વનું માન્યું અને તેને પીતવસ્ત્રો પરિધાન કરાવીને ચિતોડની રક્ષાને માટે મોકલી આપ્યો. તે વીરપત્ની અને વીરજનની હોવા ઉપરાંત વીરનારી પણ હતી. પુત્રનું મૃત્યુ થતાં મહાન જગવતકુલ પણ અનંતકાળને માટે લુપ્ત થઇ જશે એ ચિંતાએ ક્ષણુભર પણ તેને વ્યાકુલ કરી નહિ. માતૃભૂમિને માટે પુત્રોનો પ્રાણ જાય એટલાથી તે વીરમાતા સંતુષ્ટ થઇ નહિ.તેણે પોતાના પ્રિય પુત્રને પ્રાણ હોમવાને માટે સંગ્રામમાં મોકલ્યો અને પોતે પણ વીરજનનીનું કર્તવ્ય કરવાને માટે તૈયાર થઈ. તેણે પોતાના સુકુમાર શરીરપર લોહબખ્તર પરિધાન કર્યું અને શસ્ત્રો ધારણ કર્યાં.સંગ્રામની તૈયારી કરતી વખત તેને એક બીજી પણ ચિંતા થઇ. ઘરમાં નાની વયની સુકુમાર પુત્રવધૂ હતી. ઉક્ત વીરમાતાએ વિચાર કર્યો કેઃ—"પુત્રનો અને મારો સંગ્રામમાં વધ થયા પછી આ વધૂદ્વારા જગવતકુલને કલંક લાગવાનો સંભવ છે." આથી તેણે તે સુકુમાર બાળાને પણ વીરવેષ પહેરાવ્યો. તેના સર્વ અલંકારો તેણે ઉતારી લીધા અને તેના શરીરપર કઠોર લોહકવચ પહેરાવ્યું અને હાથમાં તીક્ષ્ણ શૂલ આપીને તેને પોતાની સાથે લીધી. અન્ય રાજપૂત-

૧ એનું યથાર્થ નામ પ્રતાપ હતું, પરંતુ એને સાધારણ રીતે પત્ત કહેવામાં આવતો હતો.

લલનાઓએ પણ પત્તેની માતાનો ઉત્સાહ જોઇને સમરવેષ ધારણ કર્યો અને રણભૂમિતરફ પ્રયાણ કર્યું. તે સર્વ રણવાદ્યોના ભયંકર ધ્વનિસહિત વીરરસપૂર્ણ ગીત ગાતાં ગાતાં પર્વતપરથી નીચે આવ્યાં અને યવનોપર આક્રમણ કર્યું.

ચિતોડના વીરો સ્તબ્ધ થઇ ગુપચુપ ઉભા રહી વિસ્મિત થઇને અનિમિષ નેત્રે ઉકત વીરનારીઓની અલૌકિક વીરતા જોવા લાગ્યા. જેમણે કોઈ પણ વખત અંતઃપુરનો ત્યાગ કર્યો નહોતો,આટલા દિવસપર્યંત મૃદુ કાર્યો કરવાં એજ જેના જીવનનો મુખ્ય ઉદ્દેશ હતો, તે સર્વ આજે સ્નેહ, મમતા અને સકલ સુકુમાર કર્મોને તિલાંજલિ આપીને અશ્વારૂઢ થઇ સ્વદેશની રક્ષાને માટે પ્રચંડ મોગલસેનાની સાથે સંગ્રામ કરી રહી છે. વીરવર પત્તેની માતા પોતાની પુત્રવધૂ તથા ઇતર રાજપૂતરમણીઓની સાથે સમરમાં ઘુમવા લાગી અને અનેક મોટા મોટા મોગલવીરોનો તેણે વધ કર્યો. પછી જ્યારે રાજપૂતલલનાઓએ જોયું કે હવે યવનોના હાથમાંથી છૂટવાનો બીજો કોઇ ઉપાય નથી ત્યારે તેમણે પોતાને હાથે કટાર ખાઇ સંગ્રામભૂમિમાં પ્રાણાર્પણ કર્યું.

પોતાની કન્યા, ભગિની અને પત્નીઓને અદ્દ્ભુત પરાક્રમ દર્શાવી પ્રાણોત્ક્રમણ કરતાં જોઈ રાજપૂતવીરો સમસ્ત સંસારીબંધન તથા માયામમતાને તિલાંજલિ આપીને રણોન્મત્ત બની ગયા અને પ્રચંડ વેગથી શત્રુસેનાપર તૂટી પડયા. મોગલોની વિશાલ સેના પ્રચંડ વેગથી ઉલટેલા સમુદ્રની પેઠે મહાપરાક્રમથી ચિતોડના કિલ્લાતરફ ધસવા લાગી. પ્રલયકાળના વાયુની પેઠે તેમની પ્રચંડ તોપો અગ્નિમય ગોળા છોડીને ભૈરવસિંહનાદથી ગાજી ઉઠી. આ ગોળાએ સેંકડો રાજપૂતોને ખંડિત કરીને ઉંચે ઉડાડી દીધા અને સેંકડો રાજપૂતોની વજ્રમુષ્ટિમાંથી ધનુષ્યબાણ છૂટાં પડી ગયાં. આ રીતે ધીમે ધીમે રાજપૂતોની સેના ઓછી થતી ગઈ; તે છતાં પણ તેઓ નિરુત્સાહ થયા નહિ. કોઇપણ પ્રકારે શત્રુઓને શરણે જવાની તેમની ઇચ્છા નહોતી. શરણ ? ક્ષત્રિયના કુળમાં ઉત્પન્ન થઇને શત્રુનું શરણ ગ્રહણ કરવું ? રાજપૂતો આ ધૃણિત અને નીચ કાર્ય કરવાને પ્રવૃત્ત થયા નહિ. શરણે જવું તો દૂર રહ્યું પરંતુ તે અધમ કલ્પના પણ રાજપૂતોના હૃદયમાં ઉત્પન્ન થઇ નાહ. સ્વદેશરક્ષા અને આત્મોત્સર્ગના વીરમંત્રથી ઉત્સાહિત થઇને તેઓ ઉન્મત્ત જેવા બની ગયા અને તેમણે પોતાના હાથમાં પકડેલી તલવારવતી શત્રુના એકાદ બે ગોળાઓ પણ કાપી નાખ્યા. તેઓ રણોન્મત્ત બની વારંવાર સિંહનાદ કરવા લાગ્યા; પરંતુ તેમનો સકળ પ્રયત્ન વ્યર્થ થયો. તેઓ આ પ્રમાણે પ્રબળ શકિતપૂર્વક યુદ્ધ કરી રહ્યા હતા એટલામાં એક ગોળી આવીને મુખ્ય સેનાપતિ જયમલના હૃદયમાં વાગી. ગોળી વાગવાથી જયમલ અશ્વપરથી નીચે તૂટી પડયો. ભયંકર ક્રોધ અને શત્રુઓનો નાશ કરવાની પ્રબળ ઇચ્છાથી તેનું વીરહૃદય ઉન્મત્ત બની ગયું. કાપુરુષ શત્રુઓએ દૂરથી એક નીચ ઉપાયની સહાયથી તેને માર્યો. આ વિચાર આવતાં કયા સહૃદયના હૃદયમાં દુઃખ ઉત્પન્ન નહિ થાય ?

આ ભયંકર સંકટના સમયમાં, ચિતોડની આ અપરિહાર્ય દુર્દશાના સમયમાં ઘાયલ થયેલો સેનાપતિ જયમલ ચિતોડની ભાવીદશાનો વિચાર કરી ચિંતાગ્રસ્ત થયો. તેને લાગ્યું કે અરક્ષિત ચિતોડની રક્ષા કરવાનો હવે કાંઇ ઉપાય શેષ રહ્યો નથી. દારુણ વેદનાથી તેનું હૃદય વિદીર્ણ થઇ ગયું. તેનાં આરક્ત નેત્રોમાંથી એકાદબે અશ્રુબિંદુઓ નીચે પડયાં. વિકટ ક્રોધ અને વૈરપિપાસાથી તે વીર દાંત પીસી પીસીને અકબરને વારંવાર ધિક્કાર દેવા લાગ્યો. ધીમે ધીમે તેનો કરાલકાળ નિકટ આવી પહોંચ્યો. આ વખતે જયમલની દૃષ્ટિસમીપ ચિતોડની ભાવીદુર્દશાની નિબિડ છાયા વારંવાર ભ્રમણ કરવા લાગી. તે વીરે પોતાનું જીવન દર્પ અને ગૌરવસહિત ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરી અને પોતાના હાથનીચેના રાજપૂતસૈનિકોને પણ તેમ કરવાની આજ્ઞા કરી. શીઘ્ર જુહારવ્રતનું અનુષ્ઠાન કરવામાં આવ્યું. આઠ હજાર રાજપૂતો એકસાથે બીડું[1] ઉઠાવી અંતસમયનાં પીત વસ્ત્રો ધારણ કરી એકબીજાની વિદાય લઈ સહાસ અને ઉત્સાહની સાથે મોગલસેનાપર તૂટી પડયા. દુર્ગનું દ્વાર ખોલી નાખવામાં આવ્યું. પ્રાણનો મોહ છોડી ઉન્મત્ત રાજપૂતગણ પ્રચંડ સમુદ્રતરંગની પેઠે નીકળીને શત્રુઓ તરફ ધસી ગયો અને તેમનો સંહાર કરવા લાગ્યો. ઉભયપક્ષના અગણિત સૈનિકો માર્યા ગયા; પરંતુ મોગલસેના તો અગાધ હતી. ગમે તેટલા સૈનિકો મરે તેથી તેને એવડી મોટી શી હાનિ થવાની હતી? એક મોગલ મરતાં

[1] વિદાય થતી વખત રાજપૂતો 'બીડું' અથવા તાંબૂલ ગ્રહણ કરે છે.

તેની જગ્યાએ સો જણ આવીને ઉભા રહેતા; પરંતુ રાજપૂતોની સંખ્યા અલ્પ હતી, તેથી તેઓ સર્વ માર્યા ગયા. આથી ચિતોડની દારુણ દુર્દશા થઇ. આ દુર્દશામાંથી પુનઃ મસ્તક ઉન્નત કરવાનું ચિતોડમાં સામર્થ્ય રહ્યું નહિ.

આ સંકટના સમયમાં પીતવસ્ત્રવાળા કોઇપણ રાજપૂતે પોતાનું રક્ષણ કરવાને માટે શત્રુનું શરણ ગ્રહણ કર્યું નહિ. કોઇપણ રાજપૂતે પવિત્ર પીતવસ્ત્રને કલંકિત કર્યાં નહિ. કોઈપણ રાજપૂતે રાજપૂતકુલગૌરવ અને રાજપૂતમાહાત્મ્યને તિલાંજલિ આપી નહિ. વીરજનની ચિતોડપુરી આજે વીરરહિત થઇને સ્મશાનના જેવી ભયંકર બની ગઈ. કનકનગરીની આજે શોચનીય દુર્દશા થઇ ગઇ.આજે ત્રીસ હજાર રાજપૂતવીરોએ હૃદયનું રુધિર આપી "જગદ્‌ગુરુ" "નરપાલ" અકબરની રુધિરાપપાસા શાંત કરવાનો યત્ન કર્યો અને તેઓ તેના પ્રચંડ વિદ્વેષાનલમાં પતંગવત્ ભસ્મ થઈ ગયા. અગણિત નરનારીઓનાં રક્તથી ચિતોડનાં સર્વ સ્થાનોમાં કાદવકીચડ થઈ રહ્યો અને તેથી તે નગર અત્યંત ભયંકર દેખાવા લાગ્યું. સ્થળે સ્થળે છિન્નભિન્ન થઇ ગયેલા અગણિત મૃતદેહો પડયા છે, નિષ્ઠુર પાષાણહૃદય અકબર રુધિરમય કીચડમાં પોતાના પગ ખરડતો, છિન્નભિન્ન થઇને પડેલાં મૃતશરીરોને ઠોકર મારતો ચિતોડમાં આમતેમ ફરવા લાગ્યો અને તેની ભયંકરતામાં વૃદ્ધિ કરવા લાગ્યો. દેશપરદેશના અનેક રાજપૂતસરદારો તથા સામંતોએ તથા રાણાજીના અતિ નિકટના ૧૭૦૦આપ્તોએ તે દારુણવિપત્તિના સમયમાં ચિતોડની રક્ષા કરવાને માટે આત્મવિસર્જન કર્યું. કેવળ ગ્વાલિયરના તુંવારરાજાએજ ચિતોડના ભાવીદુર્દશાકાળે ઉપયોગી થઈ પડવાને માટે આ ભયંકર સમરમાંથી પોતાનો પ્રાણ બચાવી લીધો હતો. નવ રાણીઓ, પાંચ રાજકુમારીઓ, બે બાળકો અને સમસ્ત સરદારકુલની સ્ત્રીઓએ તે કઠોર કાળમાં જુહારવ્રતનું અનુષ્ઠાન કરીને રણમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. આ ભયંકર વખતે ચિતોડનું જે સત્યાનાશ થયું તે કદિપણ વિસરી શકાશે નહિ. જ્યાંસુધી આ જગતમાં "હિંદુ" નામ કાયમ રહેશે ત્યાંસુધી આ વિધ્વંસની કથા લોકોના સ્મરણમાંથી જશે નહિ. જે દિવસે ચિતોડની ઉપર આ વિધ્વંસક વિપત્તિ આવી પડી તે દિવસેજ રાજપૂતોની સ્વાધીનતારૂપી મહાદેવી ચિતોડપુરીનો ત્યાગ કરીને ચાલી ગઈ. તે પવિત્ર "આદિત્યવાર" (રવિવાર) અગીઆરસને[1] દિવસે પવિત્ર ગિહલોતકુલના અત્યંત પૂજનીય દેવતા ભુવનપ્રકાશક સૂર્ય ભગવાને અંતિમવાર ચિતોડઉપર પોતાનાં ગૌરવયુક્ત કિરણો નાખી પોતાનાં નેત્રો સદાને માટે બંધ કરી દીધાં. તે દિવસથી આજપર્યંત પુનઃ કદિ પણ તેમણે ચિતોડપર સગૌરવ રશ્મિપાત કર્યો નથી. જે ચિતોડને આજપર્યંત સ્વાધીનતા અને સનાતનધર્મના અભેદ કિલ્લારૂપ માનવામાં આવતું હતું, તેની આજે દારુણ દુર્દશા થઇ. જેની શોભા અને સુંદરતા એક સમયે ઇંદ્રપુરી અમરાવતીને લજાવતી હતી, તેને આજે નિષ્ઠુર અકબરે ભૂતપ્રેતોના તાંડવનૃત્યનું સ્થાન બનાવી દીધું. સુશોભિત મહાલયો અને સુંદર મંદિરોને ચૂર્ણવિચૂર્ણ કરીને ધૂળમાં ભેળવી દીધાં. જે નગારાંઓના ભીષણ ગંભીર નાદથી ગિહલોતકુલના રાજાઓનો પુરપ્રવેશ સૂચિત થતો હતો, જે મહામૂલ્યવાન અને સુશોભિત દીપવૃક્ષ ભગવતી વિશ્વમાતા ચતુર્ભુજાદેવીના મંદિરમાં વિમળ પ્રકાશ વિસ્તારિત કરતાં હતાં અને જે દર્શનીય દ્વારો ચિતોડમાં સિંહદ્વારને શોભા આપતાં હતાં તે સર્વને પાષાણહૃદય અકબર,પોતાના ભાવી અકબરાબાદ નગરને શોભાવવાને માટે ઉપાડી લઈ ગયો.[2]

---

૧ સંવત ૧૬૨૪ના ચૈત્ર સુદી અગીઆરસ અને રવિવારને દિવસે ( ઈસ૦૧૫૬૮માં ) આ ભયંકર સંગ્રામ થયો હતો.

૨ " તિન્ને શાખા ચિતોરરા" અર્થાત્ "ચિતોરના ત્રીજીવારના ધ્વંસ " થી અકબર હિંદુદ્વેષી અને મહાજુલ્મી હતો એમ સિદ્ધ થાય છે; કારણ કે અલ્લાઉદ્દીન અને બહાદુરશાહના ક્રોધાગ્નિમાંથી પણ જે સુંદર રાજમહાલયો, મંદિરો અને સ્તંભો બચ્યા હતા તે સર્વને અકબરે ધૂળભેગા કરી દીધા હતા. કેટલાક લોકો કહે છે કે અકબર અત્યંત શિલ્પાનુરાગી અને મનુષ્યપ્રેમી હતો; પરંતુ તેણે ચિતોડપર કરેલા અત્યાચારપરથી ઉક્ત ઉભય વાતો મિથ્યા જણાય છે. અલ્લાઉદ્દીનના આક્રમણથી કાંઇ ચિતોડની આવી પાયમાલી થઈ નહોતી; કારણ કે તેણે દુર્ગરક્ષાનો ભાર એક હિંદુ રાજાનેજ સોંપ્યો હતો. બહાદુરશાહને પોતાની દુરભિલાષા તૃપ્ત કરવાને ઘણો થોડો સમય મળ્યો હતો. તે સમયમાં રાજપૂતો વિશેષતઃ પોતાનાં જીર્ણમંદિરોનો ઉદ્ધાર કરતા હતા; પરંતુ અકબરના સમય પછી તેમનો આ ભાવ નષ્ટ થઈ ગયો. અકબરની પૂર્વના કાળનો ઇતિહાસ વાંચવાથી આ વાતની સત્યતા સમજાશે અકબરના સમય પછી તો રાજપુતોને પોતાના જાનની રક્ષાનીજ ચિંતા રહેતી હતી; તો પછી તેમને મંદિરો બંધાવવાનો કે તેની

અકબરે પોતાના હાથથી જયમલનો સંહાર કર્યો હતો. જે બંદુકની સહાયથી તેણે આ કાયર પુરુષને યોગ્ય કાર્ય કર્યું હતું, તેનું નામ તેણે "સંગ્રામ" રાખ્યું હતું. અબુલફઝલ અને પાદશાહ જહાંગીર-નાં વચનો આ વૃત્તાંતની સત્યતા સિદ્ધ કરે છે.[1] જો કે અકબરે અધર્મી ઉપાયથી જયમલનો સંહાર કર્યો હતો, તોપણ તે તેના ગુણોને સારી પેઠે જાણતો હતો. જયમલને મારી અકબર પોતાને કૃતકૃત્ય સમજ્યો હતો; તે એટલે સુધી કે વીરવર જયમલ અને વીરબાલક પત્તેની અદ્ભુત વીરતા અચલ રાખવાને માટે તેણે દિલ્હીમાં પોતાના કિલ્લાના સિંહદ્વાર ઉપરના એક ઉંચા ચબુતરાપર ઉક્ત ઉભય વીરોની પાષાણમૂર્તિઓની પ્રતિષ્ઠા કરી હતી.[2]

કાર્થેજનગરના જગદ્વિખ્યાત મહાવીર હાનિબલના પ્રચંડ પ્રતાપથી કના નામની સમરભૂમિમાં રોમના જે સ્વારોએ પ્રાણત્યાગ કર્યો હતો, તેની મુદ્રિકાઓ તોળીને હાનિબલે પોતાના વિજયનું પરિમાણ નિશ્ચિત કર્યું હતું. તેજ પ્રમાણે અકબરે મૃતરાજપુતોની યજ્ઞોપવીતોને તુલામાં તોળીને પોતાના જયનું માપ કાઢયું હતું! આ સર્વ યજ્ઞોપવીતો તોલમાં ૭૪॥ મણ થઈ હતી.[3] ચિતોડની શોચનીય દુર્દશાનું આ પ્રકાશિત ઉદાહરણ તે સમયથી 'તિલક' અથવા શપથતરિકે વપરાવા લાગ્યું અર્થાત્ ૭૪॥નો અંક સોગંદતરિકે ગણાવા લાગ્યો. વણિક, શેઠ, શાહુકારો, આશકો વિગેરે આ શોણિતમય ૭૪॥ના અંકને પોતાના ગુપ્તપત્રના પાછલા ભાગમાં અથવા શિરનામાવાળા ભાગના એક ખૂણામાં લખવા લાગ્યા. આ સાધારણ તિલકાંકની અંદર જે કઠોર શપથ ગુપ્તભાવે વર્તમાન છે તેનો અનાદર કોઇપણ મેવાડનિવાસી કરી શકતો નથી. જે પત્રપર ૭૪॥નો અંક લખેલો હોય તેને જે માણસ-પર તે મોકલવામાં આવ્યો હોય તે સિવાય કોઇપણ માણસ ખોલી શકતો નથી. જે આ શપથનો ભંગ કરે તેને ચિતોડનો ધ્વંસ કરવાનું પાપ લાગે એવી લોકોની માન્યતા છે. જો કે આવું વૃત્તાંત ઇતિહાસને માટે અધિક ઉપયુકત નથી, તથાપિ એની અંદર જે નૈતિકતત્ત્વ છે તેને માટેજ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ નૈતિકતત્ત્વ સામાન્ય નથી. આ ૭૪॥ના સામાન્યઅંકના ગર્ભમાં જે ગુપ્ત ગંભીર

---

મરામત કરાવવાનો અનુરાગ ક્યાંથી રહે? દેશની રંકાવસ્થામાં શિલ્પની ઉન્નતિ કદિ પણ થઇ નથી. અમુક દેશના લોકો શિલ્પકળામાં સંપૂર્ણ રીતે પારંગત હોય તે છતાં પણ જ્યાંસુધી તેમને પુરતી સહાય અને શ્રેયસંત્રિ પ્રાપ્ત થતી નથી ત્યાંસુધી તેઓ શિલ્પકળાની લેશ પણ ઉન્નતિ કરી શકતા નથી આજ કારણથી ચિતોડની પૂર્વશોભા અને સુંદરતાનો ઉદ્ધાર થયો નહોતો.

૧ "અકબરે જે બંદુકથી જયમલનો સંહાર કર્યો હતો, તેનું નામ તેણે 'સંગ્રામ' રાખ્યું હતું. સંગ્રામ અત્યુત્તમ બંદુક હતી. આ બંદુકવતી અકબરે ત્રણ હજારપક્ષીઓનો વધ કર્યો હતો." (જહાંગીરનામા)

૨ બસેંપચાસ વર્ષપૂર્વે ઈતિહાસવેત્તા બર્નિયરે ભારતવર્ષમાં પ્રવાસ કરવાને માટે આવ્યો હતો. તેણે આ બન્ને મૂર્તિઓ જોઇ હતી. તેણે ભારતવર્ષના સંબંધમાં પોતાના સ્વદેશી મિત્રોને જે પત્રો લખ્યા હતા તેમાંના ઘણા પત્રો ઈ૦ સ૦ ૧૬૮૪ માં લંડનનગરમાંછપાઈને બહાર પડયા હતા. જયમલ અને પત્તેની મૂર્તિનો ઉલ્લેખ જે પત્રમાં છે તે પત્ર ઈ૦ સ૦ ૧૬૬૩ ના જુલાઈની ૧ લી તારીખે લખેલો હતો. તે પત્રમાં બર્નિયર જણાવે છે કે, "સિંહદ્વારમાં પ્રવેશ કરતાંની સાથે દ્વારની બન્ને બાજુએ ઉભા રહેલા બે હાથીઓના જેવું જોવાલાયક બીજું કાંઈ નથી. આમાંના એક હાથીની ઉપર ચિતોડના રાજા જયમલની અને બીજાની ઉપર તેના બંધુ પત્તેની મૂર્તિ છે. આ ઉભય સાહસિકવીરોએ પોતાની વીરમાતાની સાથે સંગ્રામમાં જઈ પ્રચંડ વીરતા પ્રદર્શિત કરી હતી. આ ઉભય એવા વીર અને સાહસિક હતા કે તેમણે પ્રાણાંતસુધી શત્રુને પોતાનાં મસ્તક નમાવ્યાં નહોતાં. તેમનાં ગૌરવના સ્મારકચિન્હતરિકે તેમના શત્રુએ તેમની મૂર્તિઓ સ્થાપિત કરી છે. આ ઉભય ગજારૂઢ મૂર્તિઓનું દર્શન કરવાથી મારા મનમાં એક અપૂર્વ ભાવ ઉદિત થયો-ભય, ભક્તિ અને આનંદમિશ્રિત એક ઉચ્ચ અને અલૌકિક ભાવ ઉદિત થયો."

બર્નિયર રાજપૂતોનો ઈતિહાસ સારી રીતે જાણતો નહોતો, નહિ તો તે જયમલને ચિતોડનો રાજા અને તેને જયમલનો બંધુ શામાટે જણાવત? કેવલ આ ઉભયવીરોની પાષાણમૂર્તિ જોઈનેજ બર્નિયરના હૃદયમાં એવો ઉચ્ચ અને ગંભીર ભાવ ઉત્પન્ન થયો હતો ત્યારે જેણે અત્યંત કષ્ટ અને પરિશ્રમ સહન કરીને રાજપૂતજાતિના ઈતિહાસનો ઉદ્ધાર કર્યો છે, જેણે જયમલ અને પત્તેના લીલાક્ષેત્રને સ્વદૃષ્ટિથી જોઈને તેમની ચિતાવેદી ઉપર ભક્તિસહિત પુષ્પો ચઢાવ્યાં હતાં અને રાજપૂતોના હિતને માટે જેણે મોટો આત્મભોગ આપ્યો હતો, તે ટૉડ મહોદયના હૃદયમાં કેવો ઉચ્ચ પૂજ્યભાવ ઉત્પન્ન થયો હશે, તેનો વિચાર કરવાનું કાર્ય અમે સુજ્ઞ પાઠકોનેજ સોંપીએ છીએ.

૩ આ મણ પાકા ચાર શેરનો હતો. કર્નલ ટૉડે એને ૪૦ શેરનો મણ જણાવવામાં ભૂલ કરી છે.

ભાવ વિરાજમાન છે, તેનું સ્મરણ થતાં ક્યા ભારતવાસીનું હૃદય એક પ્રકારની તીક્ષ્ણ ચિંતાથી ઉદ્વિગ્ન નથી થતું ? એવો માણસ કોણ છે કે જ્યારે તે વર્તમાનને ભૂલીને ભૂતકાળના અંધકારમય ગર્ભમાં પ્રવેશ કરે ત્યારે આ દુર્દિનનું–આ રુધિરથી રંગેલાં ચિત્રનું સ્મરણ થતાં શોકાકુલ ન થાય

ઉદયસિંહ ચિતોડનો ત્યાગ કરીને ગોહિલલોકની પાસે ચાલ્યા ગયા. આ ગોહિલલોકો રાજપીપ્પલી નામના ગંભીર વનમાં રહેતા હતા. તેઓ ત્યાં થોડા દિવસસુધી અત્યંત કષ્ટ સહન કરી ગિહલોત નામના સ્થાનમાં ચાલ્યા ગયા. આ સ્થાન અરવલ્લી શૈલમાલાની અંદર છે. ચિતોડ જીત્યા પૂર્વે ઉદયસિંહના પૂર્વજ વીર બાપ્પારાવલે આ સ્થાનની નિકટમાંજ ગુપ્તવાસ કર્યો હતો. આ વખતે ચિતોડનો નાશ થયો તેથી કેટલાક સમયપૂર્વે ઉક્ત ગિરિની ખીણના મધ્યભાગમાં ઉદયસિંહે એક વિશાલ સરોવર બંધાવ્યું હતું અને તેનું નામ ઉદયસાગર રાખ્યું હતું. આ શૈલમાલાના વિશાળ હૃદયને ધોતી અનેક નાની નાની નદીઓ કલકલ નાદ કરતી વક્રાકારે વહેતી ચાલી જાય છે. ઉદયસિંહે તેમાંની એક નદીમાં એક વિશાલ બંધ બાંધીને તેનો પ્રવાહ રોકી લીધો અને તેની નિકટના ગિરિશૃંગ ઉપર " નવચોકી "* નામનો એક નાનો સુંદર મહાલય બંધાવ્યો. તે પછી થોડા વખતમાં આ મહાલયની આસપાસ અનેક મોટા મોટા મહાલયો બંધાઇ ગયા અને અલ્પ કાળમાં તે એક સુંદર નાનું નગર બની ગયું. આ રીતે બીજો થોડો કાળ જતાં તે એક મોટું વિશાળ શહેર બની ગયું. ઉદયસિંહે પોતાનુંજ નામ આ નગરને અર્પણ કર્યું. હવે ઉદયપુર મેવાડનું પાટનગર ગણાવા લાગ્યું.

ચિતોડનો ધ્વંસ થયા પછી હૃદયભગ્ન ઉદયસિંહે ગોગુંડા નામના સ્થાનમાં ૪૨ વર્ષની ઉંમરે ઇહલોકનો ત્યાગ કર્યો. ઉદયસિંહ જે વખતે પરલોકવાસી થયા તે વખતે તેમના પચ્ચીસ પુત્રો જીવંત હતા. તેમના આ પુત્રો " રાણાવત " નામથી વિખ્યાત થઈ વખત જતાં વિશાલ શાખાપ્રશાખાઓમાં વિભક્ત થઈ ગયા. આજના રાણાવત, પુનાવત અથવા કનૌત તેમના વિસ્તૃત વંશવૃક્ષની શાખાપ્રશાખા છે. અંતસમયે ઉદયસિંહ પ્રાચીનકાળથી ચાલતી આવેલી ઉત્તરાધિકારીની પ્રણાલીનું ઉલ્લંઘન કરીને પોતાના પુત્રોમાં પરસ્પર વિગ્રહનું બીજ વાવી ગયા. તેમણે પોતાના પ્રિય નાના પુત્ર જગમલને રાજ્યનો સ્વામી ઠરાવ્યો. આથી ઝગડાનો સૂત્રપાત થયો. રાણાના મૃત્યુ પછી તેમની આજ્ઞાનુસાર જગમલ રાજસિંહાસનપર બેઠો. મેવાડના એક રાણાનો અંત્યેષ્ટિસંસ્કાર અને બીજા રાણાનો રાજ્યાભિષેક અલ્પકાળમાં સમાપ્ત થઈ જાય છે. એક તરફ રાજકુટુંબનાં માણસો કુલપુરોહિતને ઘેર જઇને શોક કરે છે અને બીજી તરફ નવીન ભૂપતિનો અભિષેકોત્સવ કરવાને માટે પરિજન, પુરજન તથા મંત્રીગણ રાજભુવનને ઉત્તમ પ્રકારે સુશોભિત કરે છે. ફાલ્ગુન માસની વાસંતી પૂર્ણિમાને દિવસે જગમલના ભ્રાતાઓ પોતાના પિતાનો અંત્યેષ્ટિસંસ્કાર કરવાને ગયા તે વખતે આ તરફ જગમલ મેવાડના સિંહાસનપર બેઠો; પરંતુ વિધાતાએ તેના ભાગ્યમાં રાજ્યભોગ લખ્યો નહોતો. જે વખતે સ્તુતિપાઠકોએ અને દૂતોએ જગમલના રાજ્યાભિષેકની ઘોષણા કરી તે વખતે શ્મશાનભૂમિમાં તેના પિતાની ચિતાની ચારે તરફ મેવાડના સરદારો એકત્રિત થઈને ગુપ્ત મસલત કરતા હતા. આ ગુપ્ત મસલતનું ફળ શીઘ્ર સર્વના જાણવામાં આવ્યું. પાઠક આ વાત જાણે છે કે રાણા ઉદયસિંહે સોનગઢાસરદારની પુત્રીનું પાણિગ્રહણ કર્યું હતું. આ રાજકુમારીના ઉદરે વીરશ્રેષ્ઠ પ્રતાપનો જન્મ થયો હતો. પ્રતાપના મામા ઝાલોરરાવ પોતાના ભાણેજને મેવાડના સિંહાસનપર અભિષિક્ત કરવાને માટે અતિ વ્યગ્ર થયા અને તેમણે મેવાડના મુખ્ય સામંત ચંદાવતશિરોમણિ કૃષ્ણજીને પ્રશ્ન કર્યો કે:–" પ્રતાપ ખરા વારસ હોવા છતાં પણ તેમને સિંહાસન પ્રાપ્ત થયું નથી. આપ જીવંત હોવા છતાં પણ આ અવિચારી કાર્યમાં શામાટે સમ્મત થયા ?" આ વચનો સાંભળી સામંતશિરોમણિ કૃષ્ણજી નમ્ર વચનથી બોલ્યા:–"જો રોગી અંતસમયે થોડું દૂધ પીવા માગે તો શું તેને દૂધ નહિ આપવું જોઇએ ?" કૃષ્ણજીનો સ્વર ક્રમશઃ ગંભીર થતો ગયો અને તેઓ પુનઃ બોલ્યા:– " આપના ભાણેજનેજ ગાદી આપવાનો મેં નિશ્ચય કર્યો છે. હું પ્રતાપના પક્ષમાં ખડો રહીશ. "

---

પ્રતાપસિંહ મેવાડનો ત્યાગ કરવાને માટે પોતાનો અશ્વ સજ્જ કરતા હતા, એટલામાં ગ્વાલિયરના પદચ્યુત નરેશને પોતાનીસાથે લઇનેરાવત કૃષ્ણજી દરબારમાં આવ્યા. પ્રવેશ કરતાંની સાથેજ ઉભયે સિંહાસનની નિકટ જઇ જગમલના ઉભય હસ્તની બાંયો પકડી અને તેને નિકટના નીચા આસનપર

બેસાડી દીધો. જગમલને રાજ્યાસનપરથી નીચે ઉતારતી વખત સામંતશિરોમણિ રાવત કૃષ્ણજી ધીર અને માર્મિક ભાવે બોલ્યા:-"મહારાજ ! આપ ભૂલ્યા છો. આ આસનપર બેસવાને તો માત્ર પ્રતાપ-સિંહજ અધિકારી છે." પછી સાલુમ્બ્રાપતિએ પ્રતાપસિંહને રાજવેષ અને દેવીએ આપેલા ખડ્ગથી સજાવી રાજ્યાસનપર સ્થાપિત કર્યાં તથા ત્રણવાર પૃથ્વીને સ્પર્શ કરી તેમને મેવાડના રાણાતરીકે વંદન કરી તેમના નામનો જયઘોષ કર્યો . ત્યા બીજા પણ જેટલા સરદારો અને સામંતો ઉપસ્થિત હતા તે સઘળાએ રાવત કૃષ્ણજીના કાર્યને અનુમોદન આપ્યું.આ મંગલકારક કાર્ય સમાપ્ત થતાંજ નવીન રાણા પ્રતાપસિંહે સર્વ લોકોને બોલાવીને કહ્યું:-"આહેરિયાનો ઉત્સવ આવી પહોંચ્યો છે; માટે ચાલો આપણે સર્વ અશ્વારૂઢ થઇને જંગલમાં જઇએ અને મૃગયા ખેલીએ તથા ભગવતી ગૌરીને વરાહનો બલિ આપી આગામી વર્ષનું ફલાફલ જાણીએ." પરમાનંદથી પુલકિત થઇ સર્વ જણ મૃગયા ખેલવાને ગયા. સર્વ જણે મળી અગણિત વરાહોનો સંહાર કર્યો.આ વખતે તેમને જય મળવાથી મેવાડના ભાવી સુભાગ્યની આશા સર્વના મનમાં ઉદ્ભવી.





ક્ષાત્રકુલ તિલક અડગટેકી મહારાણા પ્રતાપ

Lakshmi Art, Bombay 8.

મહારાણા પ્રતાપનો વિરોધી રાજા માનસિંહ



પોતાનો જીવ આપી મહારાણા પ્રતાપનો જીવ
બચાવનાર ઝાલાપતિ માનસિંહ

# अध्याय १० मो

મહારાણા પ્રતાપસિંહનું રાજ્યારોહણ–અકબર સાથે રાજપૂતરાજાઓનું મળી જવું–પ્રતાપસિંહની દીનાવસ્થા–યુદ્ધની તૈયારીઓ–માલદેવનું અકબરને આધીન થવું–પ્રતાપસિંહનો રાજપૂતરાજાઓ સાથેનો સંબંધ છૂટવો–અંબરનો રાજા માનસિંહ–સલીમનું મેવાડપર આક્રમણ–હલદીઘાટનું યુદ્ધ–સલીમની સામે પ્રતાપસિંહનું ઘોર યુદ્ધ–પ્રતાપસિંહનું ઘ.યલ થવું–ઝાલાસરદારે કરેલું પ્રતાપસિંહનું રક્ષણ–પ્રતાપસિંહના ભ્રાતા શક્તસિંહ અને પ્રતાપસિંહનો મેળાપ તથા પ્રીતિદર્શન–અકબરે કમલમેરદુર્ગ મેળવ્યો–મોગલસેનાનો ઉદયપુરપર અધિકાર–મોગલસેનાપતિ ફરીદનો સેનાસહિત પ્રતાપસિંહે કરેલો નાશ–ભીલોદ્વારા પ્રતાપસિંહના પરિવારની થએલી રક્ષા–ખાનખાનાન–પ્રત.પસિંહપર મહાન સંકટ-અકબરની સ.થે સંધિ કરવાની પ્રત.પસિંહની માગણી–બિકાનેરના રાજકુમાર પૃથ્વીસિંહ–ખુશરોઝનું વૃત્તાંત–પ્રતાપસિંહનું સિંધુનદી તરફ ગમન–તેમના મંત્રીની સ્વામિભક્તિ–પ્રતાપસિંહનું પાછા મેવાડમાં આવવું–પ્રતાપસિંહનું મોગલોપર એકાએક આ.ક્રમણ–કમલમેર અને ઉદયપુરનો પુનરુદ્ધાર–પ્રતાપસિંહનું વિજયગૌરવ–તેમને થયેલી પીડા અને તેમના મૃ.યુનું વૃત્તાંત.



મહારાણા પ્રતાપસિંહ

સિસોદીઆકુલની મહાન માનમર્યાદા અને રાજ્યપદવીને પ્રાપ્ત કરી મહારાણા પ્રતાપસિંહ મેવાડનું રાજ્ય ભોગવવા લાગ્યા; પરંતુ તેમની પાસે દ્રવ્યબલ .કે સાધનબળ નહોતું. તેમના સામંતો પણ વિપત્તિઓથી હતાશ અને નિસ્તેજ થઇ ગયા હતા; છતાં તેજસ્વી પ્રતાપસિંહ આથી કિંચિત્ પણ ભયભીત થયા નહિ. તેમના હૃદયમાં પૂર્વજોનો વીરમંત્ર અને અંગમાં પૂર્વજોની તેજસ્વિતા સંપૂર્ણ ભરેલાં હતાં. આ અપૂર્વ રાજગુણોથી યુક્ત હોવાથી તેમને રાત્રિ-દિવસ ચિંતા થયા કરતી હતી કે ચિતોડના નષ્ટ થયેલા ગૌરવનો પુનરુદ્ધાર શી રીતે કરવો ? આપણા પૂર્વજોનું બળ પ્રાપ્ત કરી આપણને અપમાન કરનારા શત્રુઓને તેમના અત્યાચારોનું ફળ શી રીતે આપવું? આ ચિંતા જેમ જેમ પ્રબળ થવા લાગી તેમ તેમ તેમનું હૃદય નવીન નવીન સાહસ અને ઉત્સાહથી દૃઢ થવા લાગ્યું અને તેઓ પોતાના મહામંત્રની સિદ્ધિ કરવાનો ઉપાય શોધવા લાગ્યા. તેઓ નિશ્ચયપૂર્વક જાણતા હતા કે અનેક બુદ્ધિવાન માણસો મારી યોજનાની વિરુદ્ધ છે. તેઓ સારી રીતે જાણતા હતા કે મારી પાસે

સહાય, સેના અથવા દ્રવ્ય કાંઇ પણ નથી અને મોગલપાદશાહ અકબર વિપુલ બલસંપન્ન છે; છતાં પણ તેમણે અકબરની સામે દ્વિગુણ ઉત્સાહથી ખડ્ગ ધારણ કર્યું.

ભટ્ટલોકોના કાવ્યગ્રંથોમાં પોતાના પૂર્વજોની અલૌકિક વીરતા અને મહત્તાનું વૃત્તાંત વાંચવાથી પ્રતાપસિંહને જ્ઞાત થયું હતું કે ગિહલોતકુલના કોઇપણ રાજાએ કોઇ પણ વખત શત્રુની સમક્ષ પોતાનું મસ્તક અવનત કર્યું નથી. ભીષણ વિપત્તિઓ શિરપર આવી પડયા છતાં પણ સિસોદીઆકુલના કોઈ રાજાએ શત્રુના શરણનો સ્વીકાર કર્યો નથી. જો કે શાહબુદ્દીનાદિ નિષ્ઠુર મુસલમાનોના વિદ્વેષથી ચિતોડનગર કેટલીકવાર ઉજ્જડ થઇ ગયું હતું, તથાપિ તે કદિપણ તેમના અધિકારમાં ગયું નહોતું. તેનાપર મુસલમાનોનો અધિકાર થવો તો દૂર રહ્યો; પરંતુ ઉલટપક્ષે કેટલાક મુસલમાન નૃપતિઓને ચિતોડની કારાગૃહની હવા ખાવી પડી હતી; તો શું એ ચિતોડપુરીનો ઉદ્ધાર નહિ થાય? શું ચિતોડવિજેતા અકબરનો પ્રચંડ ગર્વ કદિ ચૂર્ણ નહિ થાય? પ્રતાપસિંહને પૂર્ણ વિશ્વાસ હતો કેઃ–"જોકે હાલ ચિતોડ શત્રુના ગ્રાસમાં છે, જો કે આજે અકબરને મહાન વિજય પ્રાપ્ત થયો છે, તોપણ પ્રયાસ અને પરિશ્રમ કરવાથી એક દિવસ અવશ્ય ચિતોડનો ઉદ્ધાર થશે અને અદૃષ્ટચક્રના અપરિહાર્ય પરિવર્તનથી મોગલ પાદશાહ ઉચ્ચસિંહાસનપરથી પતિત થઇ પાતાળમાં જશેજ; અને કદાચ હુંજ અકબરના સિંહાસનને ડામાડોળ કરી નાખીશ." પ્રતાપસિંહના આ વિચારમાં તેજસ્વિતા અને શૌર્યનું દર્શન કોને નહિ થાય ? પરંતુ દુર્ભાગ્યવશાત્ જે અગણિત વિઘ્નો ધીમે ધીમે તેમની સામે ઉપસ્થિત થતાં જતાં હતાં અને ચતુર અકબર તેમનો ઉદ્યોગ નિષ્ફળ કરવાને માટે ગુપ્તરીતે જે પ્રયાસ કરતો હતો, તે તેમને વિદિત નહોતો.જે સમયે પ્રતાપસિંહ પોતાના મનમાં ને મનમાં આશાવલ્લીને વધારી રહ્યા હતા, તેજ સમયે તેમનો પ્રચંડ વૈરી અકબર, તેમનો સમસ્ત ઉદ્યમ નિષ્ફળ કરવાને. માટે તેમના જ્ઞાતિબંધુઓને–કિંબહુના તેમના આપ્તોને–સહોદરને લાલચમાં ફસાવી તેમનીજ સામે યુદ્ધ કરવાને ઉશ્કેરી રહ્યો હતો. મારવાડ, અંબર અને બિકાનેરના રાજાઓ–અરે ! બુંદીના રાજા પણ મુસલમાનપાદશાહે બતાવેલી લાલચમાં ફસાઇ સ્વદેશ અને સ્વજાતિની વિરુદ્ધ ખડ્ગ ધારણ કરવાને માટે તૈયાર થઇ ગયા. સૌથી અધિક દુઃખની વાત તો એ છે કે પ્રતાપસિંહનો બંધુ સાગરજી[1] (શકતસિંહ) પણ ઉકત સ્વદેશદ્રોહી પુરુષોની પેઠે પોતાના ભ્રાતાનું સત્યાનાશ વાળવાને તૈયાર થયો હતો. સાગરજીએ પોતાના બંધુપ્રત્યે વિશ્વાસઘાત કરીને તેના બદલામાં પાદશાહની પાસેથી પોતાના પૂર્વજોની પ્રાચીનરાજધાની અને રાજ્યોપાધિ પ્રાપ્ત કરી હતી.

આ અશુભ સમાચાર પ્રતાપસિંહને પણ કર્ણગોચર થયા. જ્યારે તેમણે જાણ્યું કે સ્વદેશ અને સ્વજાતિના લોકો તથા ખુદ સહોદર પણ મુસલમાનોના પક્ષમાં ભળીને મારી સાથે સંગ્રામ કરવાને તત્પર થયા છે, ત્યારે તેમના શોકનો પાર રહ્યો નહિ. તેઓ વારંવાર તે લોકોને ધિક્કાર દેવા લાગ્યા. તેઓ પોતાનો મૂળમંત્ર અને પોતાની પ્રતિજ્ઞા એક ક્ષણવાર પણ વિસર્યા નહિ. તેમનો ઉત્સાહ અધિકાધિક વૃદ્ધિંગતજ થતો ગયો. તેમનાપર જેમ જેમ મોટી વિપત્તિઓ પડવા લાગી તેમ તેમ તેમનું હૃદય અધિકાધિક દૃઢ થતું ગયું અને તેઓ શત્રુના ગર્વનો પરિહાર કરવાને માટે વિશેષ વિશેષ પ્રયત્નો કરવા લાગ્યા. પ્રતાપસિંહની પ્રતિજ્ઞા એવી હતી કેઃ–"હું માતાનું દૂધ કદિપણ કલંકિત થવા દઇશ નહિ." તેમણે આ પ્રતિજ્ઞાનું સંપૂર્ણરીતે પાલન કર્યું હતું. આ પ્રતિજ્ઞાના બળથી બળવાન થઇને તેઓ એકલા પચ્ચીસ વર્ષપર્યંત મુસલમાનોની સામા થયા અને તેમણે તેમના અગણિત સૈનિકોને યમદ્વારે પહોંચાડી દીધા. આ મહાન કાર્ય કરવામાં તેમને અનેક સંકટો સહન કરવાં પડયાં હતાં. તેમને નિદ્રા અને ભોજનવિના અનેક દિવસો નિર્ગમન કરવા પડયા હતા. આ દીર્ઘ સમયમાં તેઓ કોઈ વખત પ્રચંડ પરાક્રમથી દેશના દેશ ઘેરીને ઉજ્જડ કરી નાખતા અને કોઈ વખત એક પર્વતપરથી બીજા પર્વતપર

---

૧ કંધર નામનો દુર્ગ સાગરજીના અધિકારમાં હતો. એના સંતાનો સાગરૌતના નામથી પ્રસિદ્ધ થયા છે. એમણે અંબરના વિખ્યાત રાજા જયસિંહના સમયપર્યંત કંધરદુર્ગને પોતાના અધિકારમાં રાખ્યો હતો. સવાઈ જયસિંહના સમયમાં તેમણે અંબરના કુશાવહકુલની સાથે વૈવાહિક સંબંધ જોડવો બંધ કર્યો; આથી અંબરરાજે તેમની પાસેથી એ દુર્ગ ખુંચવી લીધો. મધ્યહિંદુસ્થાનમાં આ લોકોએ અસંખ્ય પ્રગણાંઓ પોતાના અધિકારમાં લીધાં હતાં. આ પ્રગણાંઓમાં ઉમરી, બદ્દોડા, ગ્રેશગંજ અને હિંગદોલી વિશેષ પ્રસિદ્ધ છે.

અને એક વનમાંથી બીજા વનમાં નાસી જઇને પોતાનો પ્રાણ બચાવતા. કોઇ કોઇ વખત તેઓ અસાવધ શત્રુસેનાપર તૂટી પડીને તેનો ધ્વંસ કરી નાખતા અને કોઈ વખત ઘટ્ટજંગલોમાં જઇને ત્યાં છુપાઇ રહેતા. આ વિપત્તિકાળમાં તેમના પરિવારને અત્યંત કષ્ટ સહન કરવું પડયું હતું. રાજકુલોચિત ખોરાક નહિ મળવાથી તેમને કેવળ કડવા, તૂરા કે ખાટા, મીઠા, કંદમૂલપર અને ફળફૂલપર નિર્વાહ કરવો પડયો હતો. જેમણે કદિ રાજભુવનની બહાર પગ મૂકયો નહોતો તેઓ ઉઘાડે પગે જંગલેજંગલ ભટકતા હતા અને કાંટાથી તેમના પગ લોહીલુવાણ થઈ જતા હતા. અહા! આથી અધિક દુ:ખ શું હોઇ શકે? ભાગ્યની આવી કઠોરતા અને આવી વિપત્તિ કોણ સહન કરી શકે છે? એવો કયો મનુષ્ય છે કે જે બરાબર પચ્ચીસ વર્ષપર્યંત કોઇ વખત સુકોલુખો આહાર કરીને અને કોઈ વખત સર્વથા નિરાહાર રહીને દેશોદ્ધારનો પવિત્ર મંત્ર સાધી શકે! પ્રતાપસિંહ દેવ હતા! મનુષ્યમાં દેવ હતા! મુસલમાનોના ગ્રાસમાંથી આ પુણ્યક્ષેત્ર ભારતવર્ષનો ઉદ્ધાર કરવાને માટેજ ભૂતળપર પ્રતાપસિંહનો અવતાર થયો હતો. જો કે તેમનો આ પવિત્ર ઉદ્દેશ સર્વથા સિદ્ધ થયો નહોતો, જો કે જનની-જન્મભૂમિનાં સર્વ દુઃખો તેમનાથી દૂર થઇ શક્યાં નહોતાં, તોપણ તે કાર્ય સિદ્ધ કરવાને માટે તેમણે જે ભીષણ પ્રયત્નો કર્યાં હતા, જે અદ્દભુત વીરતા પ્રદર્શિત કરી હતી અને જે અલૌકિક આત્મત્યાગ દર્શાવ્યો હતો, તેથીજ તેમને સ્વદેશપ્રેમીઓમાં સર્વથી ઉચ્ચ આસન આપવામાં આવે છે. ભયંકર સંકટોમાં પડયા છતાં તેમણે પોતાના મૂળમંત્રની વિસ્મૃતિ કરી નહોતી અને એક પળવાર પણ અકબરનો અનુગ્રહ પ્રાપ્ત કરવાને તેની પ્રાર્થના કરી નહોતી. વીરવંશ બાપ્પારાવલના વંશજે મોગલસમ્રાટ આગળ પોતાનું મસ્તક અવનત કરી તેના અનુગ્રહની કામના કરી નહોતી. અનેક ચિંતાઓ પ્રતાપસિંહના હૃદયના ટુકડે ટુકડા કરી નાખતી હતી. પ્રતાપસિંહનું અગાધ પરાક્રમ રોકી નહિ શકાવાથી અકબરે અનેકવાર સંધિને માટે કહેણ મોકલ્યું હતું; પરંતુ વીરવર પ્રતાપસિંહે ઘૃણાસહિત તેનો અસ્વીકાર કરીને કહ્યું હતું કે, "શું સંધિ? અમારી સ્વાધીનતા લુંટી લેનાર મોગલલૂંટારૂઓની સાથે સંધિ? આ સંધિનો અર્થ શું? શું દાસત્વ અને પરાધીનતા એજ એ સંધિનો અર્થ નથી થતો?" અર્થાત્ પ્રતાપસિંહે કોઇપણ પ્રકારે સંધિનો સ્વીકાર કર્યો નહિ. તેમના જાતિબંધુ રાજપૂતકુલકલંકોએ પોતાની ભગિની અને કન્યાઓ યવનોને સમર્પણ કરીને તેમનો અનુગ્રહ પ્રાપ્ત કર્યો હતો. જો કે અકબરની પાસે પ્રચંડ સેના હતી, ધન પણ પુષ્કળ હતું, તથાપિ વીરવર પ્રતાપસિંહ તેની કોઇપણ માગણીને સ્વાધીન થયા નહિ; એટલુંજ નહિ પરંતુ જે રાજપૂતોએ મોગલોની સાથે વૈવાહિક સંબંધ સ્થાપિત કર્યો હતો તેમનો સંબંધ પણ પ્રતાપસિંહે છોડી દીધો હતો. મહારાણા પ્રતાપસિંહનું અદ્દભુત વીરત્વ અને અલૌકિક કાર્યોનું સ્મરણ અદ્યાપિ મેવાડના પ્રત્યેક ગૃહમાં કરવામાં આવે છે. પ્રત્યેક રાજપૂતના હૃદયમાં તેમની અપ્રતિમ પ્રતિમા અદ્યાપિ વિરાજમાન છે. આજપર્યંત રાજપૂતલોકો ભક્તિપૂર્ણ હૃદયથી તેમના મહામંત્રનું ધ્યાન કરે છે. આ પૃથ્વીમાં એવો કયો માણસ હશે કે જેના હૃદયપર પ્રતાપસિંહની અનુપમ વીરતા અને મહત્તાની છાપ ન પડતી હોય? પ્રતાપસિંહ એવા ગુણસંપન્ન ભૂપાલ હતા કે શત્રુઓએ પણ પોતાના ગ્રંથોમાં તેમની પ્રશંસા કરી છે. જો કોઈ પુણ્યક્ષેત્ર મેવાડમાં જઇને ત્યાંના વર્તમાન સામંતો અને સરદારોને પ્રતાપસિંહનાં અદ્દભુત વીરત્વ અને મહત્ત્વનું વૃત્તાંત પૂછે તો તેઓ આજે પણ ઉત્સાહપૂર્વક તેની પ્રશંસા કરતાં કરતાં આંખોમાંથી અશ્રુધારા વહેવડાવે છે. જે લોકોએ તે પવિત્રભૂમિનું દર્શન કર્યું નથી, જેમણે શ્રેષ્ઠસ્વદેશભક્ત પ્રતાપસિંહની પવિત્ર લીલાભૂમિમાં ભ્રમણ કર્યું નથી, એવા માણસો તો પ્રતાપસિંહનાં પ્રાતઃસ્મરણીય કામોનાં વૃત્તાંતને ઉપન્યાસજ સમજશે.

જો કે અનેક રાજપૂતોએ લોભવશ થઇને મુસલમાનોનો પક્ષ ગ્રહણ કર્યો હતો, તથાપિ પ્રતાપસિંહ સર્વથા સહાયહીન થયા નહોતા. તેમને ઘણી ઉચ્ચ સહાય મળી હતી. વિપુલ સંપત્તિ આપવાથી અથવા લોભ બતાવવાથી પણ જે સહાય ન મળી શકે તેવી અતુલ સહાય પ્રતાપસિંહને મળી હતી. તે સહાય પવિત્ર અને સ્વર્ગીય હતી. તે પવિત્ર હૃદયની પવિત્ર સહાનુભૂતિ હતી. પ્રતાપસિંહના ઉપર અનુરાગ રાખનાર સામંતોએ અને સરદારોએ તેમનાપ્રતિ સહાનુભૂતિ દર્શાવીને તે સહાય આપી હતી. અકબરે ઉક્ત સરદારો અને સામંતોને પ્રતાપસિંહનો સંગ છોડી દેવા બહુ બહુ લાલચ બતાવી હતી. કેટલાક સરદારોને ધન આપવાની અને કેટલાકને રાજ્ય આપવાની લાલચ દર્શાવી હતી; પરંતુ તેનો આ

પ્રયત્ન સફળ થયો નહિ. કોઇએ પણ આવા લોભ તરફ લક્ષ્ય આપ્યું નહિ. ચંદ્ર, જયમલ તથા ફતેહસિંહ વગેરે વીરોના વંશજોએ ભીષણ સંકટો સહન કરીને પણ પ્રતાપસિંહની છાયામાં ખડા રહીને પ્રસન્નતાપૂર્વક પોતાના હૃદયનું રુધિર સમર્પણ કર્યું હતું. તેમની વીરતા, તેમનું માહાત્મ્ય અને તેમનો સ્વાર્થત્યાગ મેવાડના ઇતિહાસમાં અત્યંત ગૌરવમય ગણાય છે.

ચિતોડનગરની જે કાંઇ સુંદરતા હતી તે સર્વ અકબરના ક્રોધાગ્નિમાં ભસ્મ થઈ ગઇ હતી. ચિતોડની આવી દીનદશા જોઇને ભટ્ટકવિઓએ તેને "વસ્ત્રાલંકારવિનાની વિધવા" કહી છે. જે રીતે માતાનો સ્વર્ગવાસ થવાથી પુત્રો આનંદવિલાસનો ત્યાગ કરી દે છે, તે પ્રમાણે સ્વદેશભક્ત પ્રતાપસિંહે પણ જનની-જન્મભૂમિની પરાધીનતાના શોકથી અત્યંત પીડિત થઇને સર્વ પ્રકારના ભોગવિલાસનો ત્યાગ કર્યો હતો. ભોજનપાન કરતી વખતે જે સોનાચાંદીનાં વાસણોનો ઉપયોગ કરવામાં આવતો હતો તેને દૂર ફેંકી દઇને તેઓ વૃક્ષનાં પત્રોની ઉપર ભોજન કરવા લાગ્યા અને સુખદાયી કોમલશય્યાને છોડીને કઠિન તૃણશય્યાપર શયન કરવા લાગ્યા. માત્ર પોતેજ આ પ્રકારના સર્વ વિલાસોનો ત્યાગ કરીને તેઓ અટક્યા નહિ; પરંતુ પોતાના વંશજોને પણ એવી આજ્ઞા ફરમાવી ગયા હતા કે:-"જ્યાંસુધી ચિતોડપુરીનો પુનરુદ્ધાર થાય નહિ, જ્યાંસુધી ચિતોડ આપણા અધિકારમાં આવે નહિ, જ્યાંસુધી ચિતોડની દુર્દશા દૂર થાય નહિ, ત્યાંસુધી પ્રત્યેક સિસોદીઆ રાજપૂતે આ શોકચિન્હ ધારણ કરવાં જોઇએ અને સર્વ સુખોનો પરિત્યાગ કરવો જોઈએ." આ ઉપરાંત ચિતોડનું શોકાવહ દુર્ભાગ્યચિત્ર મેવાડવાસીઓના હૃદયમાં ઉત્તમ પ્રકારે જાગૃત રહે એટલા માટે તેમણે એક બીજો ઉપાય શોધી કાઢ્યો. મેવાડની ઉક્ત દુર્દશા થયા પૂર્વે રણવાદ્યો સેનાના અગ્રભાગે વગાડવામાં આવતાં હતાં; પરંતુ હવે પ્રતાપસિંહે આજ્ઞા કરી કે, "રણવાદ્યો સેનાના પાછલા ભાગમાં વગાડવાં;" તોપણ વિધાતાના કઠોર લેખથી મેવાડના પૂર્વગૌરવનો ઉદ્ધાર થઇ શક્યો નહિ; પરંતુ ઉક્ત આજ્ઞાનું પરિપાલન તો હજીસુધી પણ થાય છે. આજે પણ શોકવાદ્યોની પેઠે આ વાદ્યો સેનાના પાછલા ભાગમાં વગાડવામાં આવે છે. આજપર્યંત રાજપૂતો પોતાની દાઢીપર અસ્તરાનો સ્પર્શ થવા દેતા નથી. મેવાડના વીરરાજપૂતો દિવસાનુદિવસ શ્રદ્ધાહીન થતા ચાલ્યા છે, તેઓ સોનાચાંદીનાં વાસણોનો ઉપયોગ કરે છે, મૃદુશય્યાપર શયન કરે છે; પરંતુ તેઓ ઉપલી આજ્ઞા તો હજી પણ પાળે છે. હજી પણ વીરવર પ્રતાપસિંહના વંશજો સોનાચાંદીના વાસણની નીચે એક તરુપત્ર અને મૃદુશય્યાની નીચે એક તૃણાંકુર રાખે છે.

માતૃભૂમિની આવી શોચનીય દુર્દશા જોવાથી વીરકેસરી પ્રતાપસિંહ અત્યંત વ્યાકુલ થઇને વારંવાર એમ કહેતા હતા કે:-"જો ઉદયસિંહ ઉત્પન્ન ન થયા હોત અથવા સંગ્રામસિંહ અને મારી વચ્ચે સિસોદીઆકુળમાં કોઇ ઉત્પન્ન થયું ન હોત તો કોઇ પણ મુસલમાન રાજસ્થાનને પરાધીનતાની બેડી પહેરાવી શક્યો ન હોત." આ વાક્ય ઉપરથી પ્રતાપસિંહની ઉત્કટ સ્વદેશભક્તિ આપણને સંપૂર્ણ રીતે પ્રતીત થાય છે. પ્રતાપસિંહનો રાજ્યાભિષેક થયા પૂર્વેનાં સો વર્ષોમાં હિંદુજાતિએ એક નવીન સ્વરૂપ ધારણ કર્યું હતું. ગંગા અને યમુનાના તટથી લઇને અરવલ્લીની શૈલમાલાપર્યંતનો જે સમસ્ત દેશ, મુસલમાનોના કઠોર અત્યાચારથી ઉજ્જડ થઇ ગયો હતો, તે પ્રતાપસિંહના અભિષેકપૂર્વેનાં સો વર્ષોમાં નવીન બળથી બળવાન થઇને ધીમે ધીમે પોતાનું મસ્તક ઉઠાવી રહ્યો હતો. અંબર અને મારવાડ એ બન્ને રાજ્યો પણ આ વિશાળ પ્રદેશમાંજ આવેલાં છે. આ ઉભય રાજ્યના રાજાઓ ધીમે ધીમે એટલા બધા બળવાન થઇ ગયા હતા કે એકલા મારવાડના રાજાએજ અન્ય કોઈ પણ રાજપૂતરાજાની સહાયવિના દિલ્લીશ્વર શેરશાહની વિરુદ્ધ ખડ્ગ ધારણ કર્યું હતું. આ ઉભય દેશસિવાય ચંબલનદીના ઉત્તર તરફના તટપર વસેલાં અનેક નાનાં નાનાં રાજ્યો પણ બલસંચય કરી ઉન્નતિ કરી રહ્યાં હતાં. ઉપર જણાવ્યા પ્રમાણે આ સર્વ રાજ્યોમાં હિંદુઓનો અધિકાર હતો. તેઓ સ્વજાતિની ઉન્નતિ કરવા અને ભારતવર્ષની લક્ષ્મી વધારવાને પ્રયાસ કરતા હતા. તે સર્વનું બળ અત્યંત વધી ગયું હતું; પરંતુ તેમનામાં એક ન્યૂનતા હતી. જો તેમનામાં આ ન્યૂનતા ન હોત તો તેઓ અવશ્ય ભારતનો રાજમુકુટ યવનોને મસ્તકેથી ઉતારીને હિંદુઓને મસ્તકે સ્થાપન કરી પોતાની જાતિને ઉન્નતિને શિખરે સ્થાપી શક્યા હોત. સાહસ, બળ, પરાક્રમ, ધન એ સર્વ તેમની પાસે હતાં; પરંતુ

આ સર્વ શક્તિઓને એકત્રિત કરીને એક મહાશક્તિ ઉત્પન્ન કરી ચતુરાઇભરી રાજનીતિઅનુસાર તે શક્તિનો શત્રુની સામે ઉપયોગ કરનાર એક સેનાપતિનોજ માત્ર અભાવ હતો. એમ કહેવું ઉચિત થઇ પડશે કે વીરશ્રેષ્ઠ સંગદ્વારા આ ન્યૂનતા પૂરાઈ ગઇ હતી. સંગ્રામસિંહનું ઉચ્ચકુલ, વિશાળરાજ્ય અને તેમના વીરોચિત ગુણોને ધ્યાનમાં લેતાં કહેવું પડે છે કે તેઓ આ કાર્યને માટે સર્વ પ્રકારે યોગ્ય હતા. જે ગુણોનો પરિચય થતાં મનુષ્યના હૃદયમાં આપોઆપ પ્રીતિ અને ભક્તિ ઉત્પન્ન થાય છે, તે સર્વ ગુણો સંગ્રામસિંહમાં વર્તમાન હતા. હિમાલયથી લઇને સેતુબંધ રામેશ્વરપર્યંત સર્વ જણે રાણાના ગુણોની પ્રશંસા કરી હતી. સર્વ ભારતસંતાનો તેમને ઉદ્ધારક ધારીને આશાપૂર્ણ બન્યાં હતાં; પરંતુ તેમની સર્વ આશા નિષ્ફળ થઇ. અભાગિની ભારતભૂમિના ભાગ્યમાં દીર્ઘકાળપર્યંત મુસલમાનોના દાસત્વનો લેખ લખાયલો હતો, જેથી મહારાણા સંગ્રામસિંહ અકાળે મૃત્યુ પામ્યા અને સંચિત થયેલું બળ, પરાક્રમ અને જાતીયજીવન ધીમેધીમે નષ્ટ થઈ ગયું. આર્યલોકો પોતાના પૂર્વજોનાં રાજ્ય ખોઇ બેઠા. ભવિષ્યપુરાણનો કઠોર લેખ ચરિતાર્થ થયો. ભારતસંતાનોના પગમાં સદાને માટે ભીષણ બેડીઓ ઠોકાઇ ગઈ. જો સંગ્રામસિંહની પછી ઉદયસિંહ ચિતોડના સિંહાસનપર બેઠા ન હોત; પરંતુ તેની પછી તત્કાળ પ્રતાપસિંહજ ચિતોડના સિંહાસનપર આવ્યા હોત અથવા ભારતવર્ષનો પાદશાહ અકબરના કરતાં ઓછી શક્તિવાળો હોત તો આર્યાવર્તની આવી દુર્દશા કદિ ન થાત.

અકબરની પાસે અતિ પ્રચંડ સેના હતી અને પ્રતાપસિંહની સેના ઘણી નાની હતી. આથી આટલી નાની સેનાના બળે અકબરની સાથે શી રીતે યુદ્ધ કરવું ? કયો ઉપાય કરવાથી આપણું કાર્ય વધારે સારી રીતે સિદ્ધ થશે ? વગેરે બાબતનો નિર્ણય કરવાને માટે પ્રતાપસિંહે પોતાના બુદ્ધિવાન સરદારોને બોલાવ્યા અને તેમની સલાહ લીધી. નિર્ણય થયા પછી તેમણે કાર્ય કરવાનો આરંભ કર્યો. શું શું કાર્યો કરવાનાં છે, તે જણાવીને તેઓ સામંતોને નવી નવી ભૂમિવૃત્તિ અર્પણ કરવા લાગ્યા. કમલમેરને પાટનગર બનાવવું ઉચિત જણાયાથી તેમ કર્યું અને કમલમેરની સાથે સાથે ગોગુંડા તથા અન્ય પહાડી કિલ્લાઓની પણ મરામત કરાવી લીધી. અલ્પ સેના હોવાથી મેવાડની સમતલ ભૂમિમાં તેની રક્ષા થઇ શકશે નહિ, એમ પ્રતાપસિંહને લાગ્યું. આથી તેમણે પોતાના પૂર્વજોની શ્રેષ્ઠ રીતિનું અનુસરણ કરીને ઘાડાં અને દુર્ગમ પહાડી સ્થાનોમાં પોતાની સેનાના મોર્ચા જમાવ્યા. પછી તેમણે શીઘ્ર એવો ઢંઢેરો પીટાવ્યો કેઃ—"જેઓ અમારો અધિકાર સ્વીકારવા ઇચ્છતા હોય તેમણે તત્કાળ પોતાના આવાસ છોડી સપરિવાર પર્વતોમાં વાસ કરવો. જેઓ પર્વતમાં વાસ નહિ કરે, તેમને દેશશત્રુ માનવામાં આવશે અને તેમને પ્રાણદંડ થશે." આ આજ્ઞાનો પ્રચાર થતાંજ પ્રજાનાં ઝુંડનાં ઝુંડ પોતપોતાનાં ઘરબાર છોડી પર્વતોમાં જઇ વસવા લાગ્યાં. અગણિત માણસો આ રીતે મેવાડપ્રદેશમાંથી ચાલ્યાં જવાથી તે પ્રાંત ઉજ્જડ બની ગયો અને પર્વતમાર્ગો તથા ઘાટો માણસોથી ઉભરાઈ ગયા. થોડા દિવસમાંજ મેવાડનાં ઘણાં પ્રગણાં ઉજ્જડ થઈ ગયાં; તે એટલે સુધી કે બુનાસ અને બેરિસ નદીના નિર્મળ જલથી સિંચિત થયેલો મેવાડનો ફળદ્રૂપ અને વિશાળ ભૂભાગ સંપૂર્ણતઃ "બેચિરાગ" અર્થાત્ નિસ્તેજ બની ગયો.

પ્રતાપસિંહે પોતાની પ્રજાની પાસે આ કઠિન આજ્ઞાનું પાલન કરાવવાને માટે જે ભીષણ કઠોરતા વાપરી હતી તેનું ઘણું વર્ણન ભટ્ટલોકોના ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. તેઓ પોતાની આજ્ઞાનું યથાર્થ રીતે પાલન થાય છે કે નહિ તેની તપાસ કરવાને માટે પોતાની સાથે કેટલાક અશ્વારોહીઓને લઇને એકાંત ગિરિનિવાસ છોડી પર્વતની નીચે આવતા અને સર્વ સ્થાનોને ઉત્તમ પ્રકારે તપાસીને પુનઃ દુર્ગમ પર્વતવાસમાં ચાલ્યા જતા. પૂર્વે જે સ્થાનો મનુષ્યોના કોલાહલ અને આનંદધ્વનિથી સદા ગુંજી રહેતાં હતાં અને ચૈતન્યમય જણાતાં હતાં તે આજે નિસ્તબ્ધ, નિર્જીવ અને મરુભૂમિસમાન બની ગયાં. પૂર્વે જે સ્થાનો મહિલાઓના વિમલ હાસ્યથી જ્યોતિસમાન ઉજ્જવલ રહેતાં હતાં, તે સ્થાનો હવે નિર્જન બની ગયાં. પૂર્વે જે ક્ષેત્રો લીલાંછમ હોઇ ચક્ષુને અપૂર્વ આનંદ આપતાં હતાં તે સર્વ સૂકાં ઘાસથી પરિપૂર્ણ બની ગયાં. પૂર્વે જે વિશાલ રાજમાર્ગો મનુષ્યોના સમૂહથી પરિપૂર્ણ રહેતા હતા તેપર હવે કાંટાવાળા બાવળનાં વૃક્ષો ઉગી નીકળ્યાં. મેવાડની સુંદરતાનો સર્વથા લોપ થયો. જે સુંદરતાના પ્રભાવથી મેવાડભૂમિ મનમોહક નંદનવનસમાન સુખકર બની ગઇ હતી, તેની સર્વ સુંદરતા હવે નષ્ટ થઇ ગઇ. સુખ-

દાયક નંદનવન આજે શોકપ્રદ શ્મશાનરૂપ બની ગયું. મેવાડના જે મહાલયોમાં દેવસુંદરીઓ સમાન સ્ત્રીઓ વસતી હતી તેમાં હવે હિંસકપશુઓ રહેવા લાગ્યાં; મેવાડભૂમિની આવી સૂક્ષ્મ તપાસ મહારાણા પ્રતાપસિંહ કરવા લાગ્યા. એક વખત તેઓ પોતાના અનુચરોને લઇને બનાસનદીના તીરપર વસેલા "અન્તલ્લા" નામના સ્થાનમાં ભ્રમણ કરતા હતા. અહીંઆં કેટલાંક ફળદ્રુપ ક્ષેત્રો હતાં અને એક ભરવાડ નિર્ભય બનીને તેમાં પોતાનાં બકરાં ચારતો હતો. તે હતભાગી ભરવાડે ધાર્યું હતું કે મને કોઇ જોનાર નથી. આથીજ તે પોતાના રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને નિર્ભયતાપૂર્વક તે સ્થળે ઘુમતો હતો. રાણાએ તે ભરવાડને રાજાજ્ઞાનો અનાદર કરવાના સંબંધમાં બેચાર પ્રશ્નો પુછ્યા અને પછી તત્કાળ તેને પ્રાણદંડ આપ્યો. તેપછી રાજદ્રોહીઓને આ પ્રકારની શિક્ષા થાય છે એમ બતાવવાને માટે તેમણે તેના મૃતદેહને એક વૃક્ષની સાથે ટાંગી દીધો. પ્રતાપસિંહની આ કઠોર આજ્ઞાથી મેવાડની સુંદર ભૂમિ શ્મશાનવત્ બની ગઇ. આથી હવે આ શ્મશાનભૂમિપર મોગલોની દૃષ્ટિ પડવાની આશંકા રહી નહિ. અર્થપ્રાપ્તિના સર્વ ઉપાયો પ્રતાપસિંહે છોડી દીધા હતા; પરંતુ હવે તેમને દ્રવ્યની આવશ્યકતા જણાઇ, કારણ કે અકબરની સામે તેમને પ્રચંડ બળથી બાથ ભીડવાની હતી. તેમની પાસે અધિક દ્રવ્ય હતું નહિ; આથી તેમના સરદારોએ તેમને એક ઉપાય સૂચવ્યો. તે સમયમાં મોગલો યૂરોપવાસીઓની સાથે સારો વ્યાપાર ચલાવતા હતા અને મેવાડના પ્રદેશમાં થઇને સુરત તથા અન્ય બંદરો તરફ વાણિજ્યના પુષ્કળ પદાર્થો લઇ જતા હતા. પ્રતાપસિંહનાં માણસો સંધિ મળતાં મેવાડમાંથી જતા વ્યાપારી લોકોના માલને લૂંટવા લાગ્યા.

હવે હિંદુઓ અને મુસલમાનો વચ્ચે પ્રચંડ વિદ્વેષાગ્નિ પ્રદીપ્ત થયો. એક તરફ યવનસમ્રાટ અકબરની મહાપ્રચંડ સેના અને બીજી તરફ માત્ર થોડા માણસો સાથે એકલા પ્રતાપસિંહ! પ્રાયઃ સર્વ રાજપૂતસરદારો અને રાજાઓએ તથા સમસ્તભારતવાસીઓએ અકબરના ચરણમાં પોતાનાં મસ્તક અવનત કરી દીધાં હતાં. હતભાગી રાજપૂતોનો પુનરુદ્ધાર કરવાની ઇચ્છાથી વીરકેસરી પ્રતાપસિંહે કોઇની પણ સહાયવિના મોગલોની સામે યુદ્ધ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. પ્રતાપસિંહની સેનાની તુલના જો અકબરના અત્યંત પ્રચંડ સન્યની સાથે કરવામાં આવે તો તે પાદશાહના સૈન્યની આગળ કાંઇ વિસાતમાં નહોતી; પરંતુ તે થોડા રાજપૂતસૈનિકોની રક્તવાહિનીઓમાં આર્યરક્ત વિદ્યુત્પ્રવાહની પેઠે વહી રહ્યું હતું. તેમના હૃદયમાં જે મહામંત્રનો જપ થયા કરતો હતો તે સાધારણ નહોતો. આ મહામંત્રથી ઉત્તેજિત થઇને સર્વ રાજપૂતો સ્વદેશને માટે પ્રાણાર્પણ કરવાને તત્પર થઈ ગયા હતા. અકબર પોતાની મુખ્યસેનાને અજમેરમાં મૂકીને પ્રતાપસિંહની સામે યુદ્ધ કરવાને આવ્યો. અકબરે યુદ્ધની એવી પ્રચંડ તૈયારીઓ કરી હતી કે તેને દેખીને મારવાડના રાજા માલદેવ પણ અંબરના રાજા ભગવાનદાસની પેઠે તેને શરણે ગયા હતા. જેમણે પૂર્વે શેરશાહના પ્રચંડબળને વ્યર્થ કર્યું હતું, જેમણે મૈડતા અને જોધપુરપર અકબરપાદશાહે કરેલા આક્રમણને નિષ્ફળ કરવાની ચેષ્ટા કરી હતી, જેમને અત્યારપર્યંત એક ખરા રાજપૂત બચ્ચાતરીકે માનવામાં આવતા હતા, તેમનું સમસ્ત સાહસ અને સમસ્ત તેજ દુર્ભાગ્યવશાત્ કોણ જાણે કયાં ચાલ્યું ગયું! એટલુંજ નહિ પણ તેમણે પોતાના પુત્ર ઉદયસિંહને વિવિધ પ્રકારની ભેટો આપીને પાદશાહની પાસે મોકલ્યો.[1] આ વખતે અકબર અજમેર તરફ જતો હતો. માર્ગમાં નાગોર નામના સ્થળે ઉદયસિંહને પાદશાહનો મેળાપ થયો. અકબરે અત્યંત આદરસહિત ભેટોનો સ્વીકાર કર્યો અને રાજકુમાર ઉદયસિંહને રાજાની પદવી આપી. આ સમયથી મારવાડના રાવો 'રાજા' કહેવાવા લાગ્યા. એમ કહેવાય છે કે રાઠોડ ઉદયસિંહનું શરીર અત્યંત સ્થૂલ હતું, તેથી રાજપૂતો તેને "મોટા રાજા" કહેતા હતા. અહીંઆં જણાવવું ઉચિત છે કે રાઠોડોની રાજદ્વારી ઉન્નતિનો પાયો આ સમયથી નખાયો." આ વખતથીજ તેઓ પાદશાહના "જમણા હાથ" તરફ આસન પ્રાપ્ત કરવા લાગ્યા; પરંતુ પવિત્ર કુલમર્યાદાપર પાણી ફેરવીને મારવાડના રાજાએ જે સન્માન વેચાતું લીધું હતું, તે શું તેમની મૂળ સ્થિતિની બરાબરી કરી શકશે?

1 હિજરી સન ૯૭૭ ( ઈ૦ સ૦ ૧૫૬૯ )

આ ઉપરાંત સ્થૂલશરીરના ઉદયસિંહે સૌથી પહેલાં એક તિરસ્કરણીય કાર્ય કર્યું હતું. તેણે રાજપૂત થઇને સૌથી પહેલાં યવનસમ્રાટની સાથે પોતાની જોધબા નામની કન્યા પરણાવી.[1] જોધબા આપવાના બદલામાં રાજપૂતકુલકલંક ઉદયસિંહને ચાર પ્રગણાંઓ મળ્યાં. આ પ્રગણાંઓની ઉપજ ઘણી મોટી હતી.[2] આ ચાર પ્રગણાંઓ પ્રતિવર્ષે વીસ લાખ રૂપિયાની ઉપજ આપતાં હતાં. આ પ્રગણાંઓ પ્રાપ્ત થવાથી મારવાડરાજ્યની આમદાની પહેલાં કરતાં બમણી વધી ગઈ. અંબર અને મારવાડના કાયર રાજાઓએ જે ઘૃણિત કાર્ય કર્યાં તેમનું અનુકરણ અલ્પ સમયમાં અન્ય અનેક રાજપૂતરાજાઓ કરવા લાગ્યા. ઉક્ત ઉભય રાજાઓનો અનર્થકારક ચેપ અનેક રાજપૂતરાજાઓને લાગ્યો. તેઓ શીઘ્ર મોગલોને આધીન થઇ ગયા. ઉપાધિ અને સાધારણ સન્માનના બદલામાં તેમણે અમૂલ્ય સ્વાધીનતારત્ન વેચી દીધું અને પોતાના હાથથી પરાધીનતારૂપી જંજીર ગળામાં પહેરી લીધી. આ પ્રકારે રાજસ્થાનના રાજાઓમાંનો મોટો ભાગ અકબરને આધીન થયો અને તેમનાં વિશાળ રાજ્યો મોગલસામ્રાજ્યમાં લીન થઇ ગયાં. આ સર્વ હિંદુઓએ મોગલસમ્રાટપર એટલો મોટો ઉપકાર કર્યો હતો કે મુસલમાન તવારીખલેખકોએ તેમને "મોગલરાજ્યના સ્તંભ અને ભૂષણ" કહ્યા છે.



જોધબા

પાદશાહ અકબરે આ સર્વ રાજપૂતરાજાઓને પોતાની સાથે લઇને વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહની વિરુદ્ધ ખડ્ગ ધારણ કર્યું. પૂર્વે જે લોકોના પૂર્વજોએ મેવાડને માટે પ્રાણાર્પણ સુદ્ધાં કર્યું હતું, તેજ લોકો આજે મેવાડભૂમિનો ધ્વંસ કરવાને માટે કુલાંગાર બની મુસલમાનોના પક્ષમાં ભળી ગયા. પ્રતાપસિંહની સામે યુદ્ધ કરવાને માટે તેઓ આવ્યા હતા તેનું એક બીજું પણ કારણ હતું. યવનોના હાથમાં કુલમર્યાદા વેચાવાથી આપણી દારુણ દુર્દશા થઈ છે એમ તેઓ સારી પેઠે જાણતા હતા; પરંતુ પોતાની સર્વની કુલમર્યાદા જાય અને માત્ર પ્રતાપસિંહ ગૌરવના ઉચ્ચઆસનપર વિરાજમાન રહે એ તેમનાં દુષ્ટ હૃદય સહન કરી શક્યાં નહિ. તેમના અંતઃકરણમાં પ્રબળ દ્વેષાગ્નિ પ્રદીપ્ત થઈ ગયો. આ કારણથીજ તે કુલાંગારોએ વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહની સામે યુદ્ધ કરવાનો વિચાર કર્યો હતો. આ પ્રકારે રાજસ્થાનના પ્રાયઃ સર્વ હિંદુરાજાઓ અકબરના પક્ષમાં ભળી ગયા. કેવળ બુંદીના હાડારાજ[3] આ દુર્દશામાંથી મુક્ત રહ્યા હતા. તેમના સિવાયના અકબરના પક્ષમાં ગયેલા સર્વ રાજપૂતરાજાઓની સાથેનો સર્વ સંબંધ પ્રતાપસિંહે તોડી નાખ્યો અને તેઓ દિલ્હી, પાટણ, મારવાડ તથા ધારાનગરીના પ્રાચીન રાજપૂતોની સાથે વ્યવહાર ચાલુ કરી તેમની સાથેજ સર્વ પ્રકારનો સંબંધ રાખવા લાગ્યા. તે વખતે પ્રતાપસિંહે જે નિયમ સ્થાપિત કર્યો તેનો અનાદર તેમના કોઇપણ વંશજે કદિ કર્યો નથી. કોઇપણ સિસોદીઆવીરે પોતાની કન્યા અથવા ભગિની મોગલોને આપી નહિ. કન્યા આપી કુલગૌરવહીન થયેલા રાજપૂતોપ્રત્યે સિસોદીઆવીરો એટલી ઘૃણા ધરાવતા કે મોગલોની અવનતિના સમયમાં સુદ્ધાં તેઓ મારવાડ અથવા અંબરના રાજકુલની સાથે વૈવાહિક સંબંધથી આબદ્ધ થતા નહોતા. આપરથી પ્રતાપસિંહની માનમર્યાદા કેટલી વૃદ્ધિંગત થઇ હતી તે સહજ પ્રતીત થાય છે. ધન તથા માનની તુચ્છ લાલસાથીજ પોતાની કન્યા તથા ભગિનીને મોગલોના હાથમાં અર્પણ કરીને અંબર, મારવાડ તથા અન્ય દેશોના રાજાઓ કુલહીન તથા ગૌરવહીન

૧ જોધબાના ગર્ભથી જહાંગીરનો જન્મ થયો હતો. જોધબાનો મકબરો આગ્રાની નિકટ સિકંદ્રાબાદમાં આવેલો છે. અનેક વિદ્વાનોનું એવું કથન છે કે રાજપૂતરાજાઓએ પોતાની રાણીના ગર્ભથી ઉત્પન્ન થયેલી એક કન્યા મુસલમાનપાદશાહોને આપી નહોતી; પરંતુ દાસીપુત્રીઓને આપી હતી.

૨ આ ચાર પ્રગણાંઓની વાર્ષિક ઉપજ આ પ્રમાણે હતીઃ–ગદવાડ ( ગોઢાર ) ૯૦૦૦૦૦, ઉજ્જયિની ૨૪૯૯૧૪; દેવલપુર ૧૮૨૫૦૦; અને બુદનાવર ૨૫૦૦૦૦.

૩ બુંદીના હાડારાજની કુલમર્યાદા અદ્ભુત રીતે મોગલોના પ્રચંડ ગ્રાસમાંથી બચી હતી. આ વિષે રાજસ્થાનના ઇતિહાસના દ્વિતીય ગ્રંથમાં બુંદીના ઈતિહાસમાં સારી રીતે વર્ણન કરવામાં આવશે.

બની ગયા. તેમનું પ્રાચીનગૌરવ સર્વથા નષ્ટ થઈ ગયું. રાજપૂતો તેમનાપ્રતિ ઘૃણાની દૃષ્ટિથી જોતા હતા, એ વાત તેઓ સારીપેઠે જાણતા હતા અને તેથી તેમનાં અંતઃકરણો વિદીર્ણ થઇ જતાં હતાં. જે વખતે તેમનામાં આ ચિંતા ઉદિત થતી, જે સમયે તેઓ પોતાના કલંકનું સ્મરણ કરતા, તે વખતે તેમને અસંત દુઃખ થતું. આ વાતની સત્યતા મારવાડ અને અંબરના બે મુખ્ય રાજાઓના પત્ર વાંચવાથી ઉત્તમપ્રકારે પ્રતીત થાય છે. ઉક્ત ઉભય રાજાઓનાં નામ ભક્તિસિંહ અને જયસિંહ હતાં.

આ ઉભય રાજાઓએ મોગલપાદશાહના પ્રસાદથી એક વખત મહાશક્તિ પ્રાપ્ત કરી હતી. એક વખતે ઉક્ત ઉભય રાજાઓ રાજસ્થાનમાં શ્રેષ્ઠ મનાતા હતા; પરંતુ જે વખતે તેમના હૃદયમાં કુલહીનતાજન્ય ચિંતા ઉદિત થતી હતી ત્યારે તેમને અમર્યાદ માનસિક દુઃખ થતું અને તેઓ રાજસન્માનને સેંકડોવાર ધિક્કાર દઇને શિર કૂટતા હતા. તેઓ સિસોદીઆકુલની સાથે વૈવાહિક સંબંધ જોડવાને માટે રાણા પ્રતાપસિંહને અનેક પ્રકારની આજીજી કરતા અને કહેતા કેઃ–"હે મહારાજ! અમે કલંકિત થયા છીએ, અધઃપતિત થયા છીએ, રાજપૂતકુલની માનમર્યાદાથી ભ્રષ્ટ થયા છીએ; માટે આપ અમારાપર અનુગ્રહ કરીને અમને પાવન કરો, વિધિપૂર્વક અમને પવિત્ર કરો અને અમને યથાર્થ રાજપૂતતારેકે ગ્રહણ કરો."

સિસોદીઆકુલચૂડામણિ સમરકેસરી મહારાણા પ્રતાપસિંહે સિસોદીઆકુલના ગૌરવની રક્ષા કરવાને માટે કેવાં કેવાં મહાન કાર્યો કર્યાં હતાં તે નિમ્નલિખિત વૃત્તાંતપરથી સારી પેઠે સમજાશે.

અંબરના કછવાહ રાજાઓમાં રાજા માનસિંહ વિશેષ પ્રસિદ્ધ હતો અને તેના અભિષેકકાળથીજ અંબરરાજ્યની ઉન્નતિનો પ્રારંભ થયો હતો. વીરવર બાબરે નવા જીતેલા ભારતસામ્રાજ્યને અચળ રાખવાને માટે જે યુક્તિ નિયત કરી હતી-તેનો સર્વથી પહેલો ભોગ અંબરનો રાજા માનસિંહજ થઈ પડયો. રાજપૂતોમાંથી માનસિંહેજ સૌથી પ્રથમ પોતાની ભગિનીને અકબરની સાથે પરણાવીને બાબરનું ભાવી દર્શન સફળ કર્યું; અર્થાત્ મોગલસામ્રાજ્યની ઉન્નતિ અને દૃઢતા કરવામાં રાજપૂતજાતિમાં સૌથી પ્રથમ માનસિંહેજ સહાય આપી. પૂર્વે કહેવામાં આવ્યું છે કે હુમાયૂએ ભગવાનદાસની કન્યા સાથે પોતાના પુત્ર અકબરનો વિવાહ કર્યો હતો. આથી અકબર માનસિંહનો બનેવી હતો. આ સંબંધ થયા પછી સાળાબનેવી ઉભયને એકબીજાપ્રત્યે વિશેષ પ્રીતિ ઉત્પન્ન થઇ હતી. માનસિંહ સાહસિક, ચતુર અને સમરવિશારદ રાજપૂત હતો. આથી તે અકબરના આશ્રયમાં આવ્યા પછી અલ્પસમયમાંજ મોગલસામ્રાજ્યના સેનાપતિઓમાં સૌથી વિશેષ પ્રસિદ્ધ થઇ ગયો.

માનસિંહ

અકબરે તેનાજ બાહુબળની સહાયથી પોતાનું અર્ધું રાજ્ય જીત્યું હતું. અનંત તુષારમંડિત કૉકેસસની શૈલમાલાથી લઇને 'કનકચર્સનીસ' ના કિનારાપર્યંતનો વિશાલ ભૂભાગ એક સમયે માનસિંહનાં પરાક્રમોથી ખળભળી રહ્યા હતો અને તેના ચરણમાં આવીને પડયો હતો. તેણે પોતાના બાહુબળથી અકબરનું રાજ્ય ઘણું વધારી મૂક્યું હતું. આ વિષયનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આપણું મન એકદમ તેની પ્રશંસા કરવા મંડી જાય છે. કછવાહાભટ્ટકવિઓએ તેનાં અસીમ પરાક્રમ અને અનુપમ વીરત્વનું વૃત્તાંત અતિ તેજસ્વિની ભાષામાં કર્યું છે. એક તરફ કાબૂલ અને સિકંદરની પારોપમીઝન શૈલમાળા, બીજી તરફ કાનનકુંતલા, આરાકાનભૂમિ એ ઉભયની વચ્ચેના વિશાળ પ્રદેશમાં રાજ્ય કરતા પ્રાયઃ સર્વ રાજાઓ માનસિંહના પરાક્રમથી પરાજિત થઇને મોગલસામ્રાજ્યમાં મળી ગયા હતા. માનસિંહ સિંધુનદી ઉતરીને યવનલોકોના દેશોમાં ગયો હતો તેનું કારણ માણસોનાં હૃદય પારખી, તેમને પ્રસન્ન કરી પોતાનું કામ કાઢી લેવાનું અકબરનું ચાતુર્યજ હતું. આ અપૂર્વકળાના પ્રભાવથીજ પાદશાહ અકબરે ઘણાં મહાન કાર્યો પાર પાડયાં હતાં.[1]

---

૧ આ વખતે કાબૂલનું રાજ્ય મોગલરાજ્યને તાબે હતું. અકબરનો નાનો બંધુ મીરજા હાકિમ ત્યાંનો સૂબો

સોલાપુરના યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી રાજા માનસિંહ પાટનગર દિલ્હી તરફ જતો હતો, તે વખતે તેણે મહારાણા પ્રતાપસિંહની ઉપર એવો સંદેશો મોકલ્યો કે:—"હું આપની પાસે અતિથિતરીકે આવું છું." આ વખતે મહારાણા કમલમેરમાં હતા. અંબરનાથનો સંદેશો મળતાંજ તેઓ તેને આદરમાન સાથે લેવાને માટે ઉદયસાગર સુધી ગયા. ઉક્ત સરોવરપરના કિનારાપર શેત્રંજીઓ પાથરી દેવામાં આવી અને રાજા માનસિંહને માટે ત્યાં અનેક પ્રકારના ખાદ્યપદાર્થો તૈયાર કરવામાં આવ્યા. ભોજન તૈયાર થતાં અંબરનાથ માનસિંહને બોલાવવામાં આવ્યો. માનસિંહે ત્યાં આવીને મહારાણા પ્રતાપસિંહને મળવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી; પરંતુ પ્રતાપસિંહ તેને મળી શક્યા નહિ. તેથી તેના મનમાં મહાસંદેહ ઉત્પન્ન થયો અને અમરસિંહને તેનું કારણ પૂછ્યું. અમરસિંહે નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો:—"પિતાજીના મસ્તકમાં દર્દ થાય છે, તેથી તેઓ અહીંઆં આવી શક્યા નથી." આ શબ્દો સાંભળી માનસિંહનો સંદેહ અધિક વૃદ્ધિંગત થયો. તેણે ઉચિત ગર્વ અને આત્મમાનસહિત કહ્યું:—"રાણાજીને કહો કે આપના મસ્તકના દર્દનું કારણ હું સમજી ગયો છું. જે કાંઈ થનાર હતું તે થઇ ગયું. હવે તેનો કાંઇ ઉપાય નથી; અને આપ જો મારી સાથે ભોજન નહિ કરો તો બીજો કોણ કરશે?" પ્રતાપસિંહે અનેક નિમિત્તો કાઢી આ પ્રસંગ ટાળવાનો પ્રયત્ન કર્યો; પરંતુ માનસિંહનો સંદેહ દૂર થયો નહિ અને તેણે એકલા ભોજન કરવાની હા પાડી નહિ. ત્યારે મહારાણા પ્રતાપસિંહે કહેવરાવી મોકલ્યું કે:—"જે રાજપૂતે મોગલના હાથમાં પોતાની ભગિની સમર્પણ કરી છે, તેણે મોગલની સાથે ભોજન પણ કર્યું હશે. સૂર્યવંશી બાપ્પરાવલનો વંશજ તેની સાથે ભોજન કરી શકશે નહિ." રાજા માનસિંહે હાથે કરીને આ અપમાન માગી લીધું હતું. તેને કાંઈ પ્રતાપસિંહે આમંત્રણ કર્યું નહોતું. માનસિંહ રાણાની પ્રતિજ્ઞા કેવી અડગ હોય છે તે સારીપેઠે જાણતો હતો અને તે એમ પણ જાણતો કે રાણાએ અમારી સાથેનો સર્વ સંબંધ તોડી નાખ્યો છે; તો પછી તેણે શામાટે રાણાજીનું આદરાતિથ્ય ગ્રહણ કરવાનું સાહસ કર્યું હતું તે સમજી શકાતું નથી. જો મહારાણા પ્રતાપસિંહ સ્વયં આમંત્રણ કરત તો તેમનું આ આચરણ દોષપાત્ર ગણાત; પરંતુ તેમણે તેને નિમંત્રણ કર્યું નહોતું તેથી આ પ્રકારના આચરણમાં તેમનો લેશ પણ દોષ નથી.

રાજા માનસિંહે એક પણ ગ્રાસ ગ્રહણ કર્યો નહિ. તેણે કેટલાક ગ્રાસ ઇષ્ટદેવને અર્પણ કર્યા અને તેને પાઘડીમાં બાંધીને ત્યાંથી તે ઉઠયો. માનસિંહને આસનપરથી ઉઠેલો જોઇને પ્રતાપસિંહ ત્યાં આવ્યા; તેમને જોઇને માનસિંહે કહ્યું:—"આપની માનમર્યાદા સુરક્ષિત રાખવાને માટેજ અમે અમારા માનગૌરવને તિલાંજલિ આપીને અમારી કન્યાઓ અને ભગિનીઓને મોગલોને સમર્પણ કરી છે. આમ કર્યા છતાં પણ જો આપનામાં અને અમારામાં વિષમતા રહી, તો હવે આપની સ્થિતિમાં ન્યૂનતા આવશે. જો આપની ઇચ્છા સદાસર્વદા વિપત્તિમાં રહેવાની હોય તો તેમાંજ રહો; કારણ મેવાડભૂમિ હવે આપને પોતાના હૃદયપર રાખી શકશે નહિ." તે પછી તે પોતાના અશ્વપર આરૂઢ થઇ પ્રતાપસિંહ તરફ કઠોર દૃષ્ટિથી જોઇ બોલ્યો:—"જો હું તમારૂં આ અભિમાન ચૂર્ણ નહિ કરી નાખું તો મારૂં નામ માનસિંહ નહિ." પ્રતાપસિંહે તિરસ્કારસહિત ઉત્તર આપ્યો:—"ઠીક, ઠીક, હું આપના વચનથી પ્રસન્ન થયો છું. સંગ્રામભૂમિમાં આપનાં દર્શન થવાથી મને પરમ સંતોષ થશે."

---

હતો. મીરજાંએ સ્વયં આ રાજ્ય પચાવી પાડવાનો નિશ્ચય કર્યો અને સ્વાધીનતાનો ઝુંડો ખડો કરી દીધો. અકબરશાહે આ વિદ્રોહનું દમન કરવાને માટે માનસિંહને સેનાસહિત કાબૂલ મોકલ્યો. હિંદુસ્થાનથી કાબૂલ જતાં માર્ગમાં સિંધુ(અટક)નદી આવી. હિંદુશાસ્ત્રમાં આ નદીપાર જવાનો નિષેધ કર્યો છે એમ તે માનતો હતો. આથી મહારાજા માનસિંહ ત્યાંજ અટકી પડયો અને અકબર ઉપર પત્ર લખી તેને જણાવ્યું કે હવે મારાથી આગળ જઈ શકાશે નહિ. આ વખતે વાણીવિશારદ અકબરે નિમ્નલિખિત દોહરો માનસિંહપર લખી મોકલ્યો:—

સબી ભૂમિ ગોપાલકી, વામેં અટક કહા ? જાકે મનમેં ખટકહે, સોહી અટક રહા.

આ ઉત્તમ ભાવપૂર્ણ કવિતા વાંચી માનસિંહે પાદશાહની આજ્ઞા મસ્તકે ચઢાવી અને તે અટકને ઉલ્લંઘી કાબૂલમાં ગયો. અકબર માનસિંહનું હૃદય સારીપેઠે જાણતો હતો, તેથી તેણે તેને ખુશ રાખીને પોતાનું કાર્ય સિદ્ધ કરી લીધું; નહિ તો ભીતિ અથવા બીજા કોઈ ઉપાયથી માનસિંહ પાદશાહનું કાર્ય કરે એવો નહોતો.

( પંજાબના રાજા રણજિતસિંહ સિંધુ ઉતરીને કાબૂલમાં ગયા હતા, તેમના સંબંધમાં પણ ઉપલી કિંવદન્તી સાંભળવામાં આવે છે. અટકની પેલી તરફ જવાથી હિંદુઓ ભ્રષ્ટ થાય છે, એવું પ્રમાણ શાસ્ત્રમાં ઉપલબ્ધ થતું નથી.)

તેજ વખતે મહારાણા પ્રતાપસિંહનો એક માણસ બોલી ઉઠયો:–"તમારા બનેવી અકબરને પણ સાથે લઇ આવજો." જે સ્થાનપર માનસિંહને માટે ભોજન પીરસવામાં આવ્યું હતું, તેને અપવિત્ર ગણીને ખોદી નાખવામાં આવ્યું અને તેપર ગંગાજલ છંટાવવામાં આવ્યું. પાત્રોને ભાંગી નાખવામાં આવ્યાં. જે સરદારો તથા સામંતોએ જાતિભ્રષ્ટ માનસિંહને નજરે જોયો તે બધાએ તેને પતિત ગણીને તેને જોવામાં પણ પાપ માન્યું અને તે પાપથી ઉદ્ધાર પામવાને માટે તત્કાળ સ્નાન કર્યું; તથા વસ્ત્રાદિ બદલી નાખ્યાં. તે દિવસે ઉદયસાગરના કિનારાપર જે જે કાર્યો થયાં તે સર્વનું વૃત્તાંત અકબરના જાણવામાં આવ્યું. માનસિંહને થયેલા અપમાનથી પોતાનુંજ માન ખંડિત થયેલું તેણે માન્યું. પાદશાહનો ક્રોધાગ્નિ સળગી ઉઠયો. અકબરની એવી માન્યતા હતી કે રાજપૂતોએ પોતાના પ્રાચીન સંસ્કારો છોડી દીધા હશે; પરંતુ હવે તેને તેની ભૂલ જણાઈ. માનસિંહના અપમાનનો બદલો લેવાને માટે અકબરે યુદ્ધની તૈયારી કરી. આ પ્રસંગે અકબર અને પ્રતાપસિંહની વચ્ચે જે દારુણ યુદ્ધ થયું તેમાંજ વીરકેસરી પ્રતાપસિંહે પોતાનું નામ અમર કર્યું હતું. આ યુદ્ધમાં પ્રચંડ વીરતા દર્શાવવાથીજ પ્રતાપસિંહનું નામ સ્વદેશભક્ત સંન્યાસીઓની નામાવલીમાં અગ્રસ્થાને વિરાજમાન થયું છે. જે યુદ્ધમાં પ્રતાપસિંહનો પ્રતાપ દશે દિશામાં પ્રસરી ગયો તે "હલદીઘાટનું યુદ્ધ" કહેવાય છે. જ્યાંસુધી મેવાડનું રાજ્ય એક સિસોદીઆવીરના હાથમાં રહેશે, અથવા પ્રતાપસિંહની પ્રશંસા કરવાને માટે એક પણ કવિ જીવિત રહેશે ત્યાંસુધી પુણ્યક્ષેત્ર હલદીઘાટનું નામ કદિ પણ વિસ્મૃત થશે નહિ.

પ્રથમ તો દિલ્લીશ્વર અકબરનો પુત્ર, મોગલસામ્રાજ્યનો ઉત્તરાધિકારી યુવરાજ સલીમ પ્રચંડ સૈન્ય લઇને પ્રતાપસિંહની સાથે યુદ્ધ કરવાને આવ્યો. રાજા માનસિંહ તથા સાગરજીનો જાતિભ્રષ્ટ સુપ્રસિદ્ધ પુત્ર મહોબ્બતખાન એ યુદ્ધના સંબંધમાં સલાહસૂચનાદિ આપવાને માટે યુવરાજની સાથે આવ્યા હતા. આ વખતે વીરકેસરી પ્રતાપસિંહની પાસે કેટલા યોદ્ધાઓ હતા? માત્ર ૨૨૦૦૦ રાજપૂતો અને કેટલાક ભીલો; પરંતુ તેમનો સૌથી મોટો સહાયક તેમના હૃદયનો પ્રચંડ ઉત્સાહ હતો. આજ સહાય ઉપર અવલંબન કરીને પ્રતાપસિંહે મોગલોની વિરાટ સેના સામે બાથ ભીડી. પ્રથમ રાણાની સેના અપૂર્વ ઉત્સાહથી અરવલ્લીની બહારના પહાડી પ્રદેશમાં ગઈ. પછી તે વિકટ પર્વતના પશ્ચિમ ભાગમાં ગઇ. આ ભાગમાં જતાં સેનાને વિશેષ મુશ્કેલી નડી નહિ. તે પછી તે અરવલ્લીની પર્વતમાળાના મુખ્ય મુખ્ય ગિરિમાર્ગોમાં જઈ પહોંચી.

અરવલ્લી શૈલમાલાનાં આ દુર્ગમ સ્થાનોમાં વીરવર પ્રતાપસિંહના સૈનિકો સાવધાનતાપૂર્વક ઉભા રહ્યા. આ સ્થાનો નવાનગર અને ઉદયપુરની પશ્ચિમદિશામાં આવેલાં હતાં. તેની લંબાઈ ૪૦ કોશ હતી અને પહોળાઇ પણ તેટલીજ હતી. આ સમચતુષ્કોણ વિશાળ પ્રદેશ કેવળ પહાડો અને જંગલોથી ભરેલો છે. વચમાં નાની નાની નદીઓ વક્રાકારમાં વહી રહી છે. જો ઉદયપુરને આ દુર્ગમ ગિરિપ્રદેશનું કેંદ્ર કહેવામાં આવે તો તેમાં પણ કાંઇ અયુક્ત નથી. ઉદયપુરથી જે માર્ગ આ પ્રદેશમાં જાય છે, તે અત્યંત દુર્ગમ અને કઠિન છે. આ માર્ગ એટલો બધો સાંકડો છે કે એ ગાડીઓ પણ મહામુશ્કેલીથી તેપર આવાગમન કરી શકે છે. આ નિબિડ, દુર્ગમ અને કૂટમાર્ગપર ઉભા રહી જે દિશા તરફ દૃષ્ટિ ફેંકવામાં આવે તે તરફ પર્વતનાં ઉંચાં ઉંચાં શિખરો અને ઘાડાં જંગલોસિવાય બીજી કોઇ વસ્તુ દૃષ્ટિગોચર થતી નથી. આજ સ્થાનનું નામ હલદીઘાટ છે. આ હલદીઘાટનાં ઉચ્ચ મનોહર શિખરોપર તથા તળેટીઓપર દૃષ્ટિ રાખી રાજપૂતવીરો શસ્ત્ર ધારણ કરી કરી ખડા થઇ ગયા. તદુપરાંત વિશ્વાસુ ભીલો પણ હાથમાં ધનુષ્યબાણ ધારણ કરીને પર્વતનાં ઉચ્ચ શિખરોપર ઉભા રહ્યા. આ ભીલોની પાસે લાખો પાષાણો પડેલા હતા. શત્રુઓ અહીં આવે તે વખતે તેમનાપર પાષાણો ફેંકવાને ભીલો તૈયાર થઇ રહ્યા હતા. કાં તો બાણોવતી કે કાં તો પાષાણોવતી યવનોનો નાશ કરવા સર્વ તૈયાર હતા.

હલદીઘાટના આ ભયંકર જંગલમાં મેવાડના મુખ્ય મુખ્ય વીરોને પોતાની સાથે લઇને મહારાણા પ્રતાપસિંહ ઉભા રહ્યા અને શત્રુના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા. સંવત ૧૬૩૨ (ઈ૦ સ૦ ૧૫૭૬) ના શ્રાવણ માસની શુક્લ ષષ્ઠી અને સપ્તમીને દિવસે ઉભય દલો સામસામે આવીને ઘોર સંગ્રામ કરવા લાગ્યાં. સ્વાધીનતાની રક્ષા કરવાને માટે આવો પ્રચંડ ઉત્સાહ ધારણ કરી

આવાં ભયંકર યુદ્ધો ભારતવર્ષ અને ગ્રીસની ભૂમિસિવાય બીજા કોઇપણ દેશમાં થયાં નથી. યવનોના કરાલગ્રાસમાંથી મેવાડભૂમિની સ્વાધીનતા અને ગૌરવનું સંરક્ષણ કરવાને માટે પ્રતાપસિંહ પોતાના રાજપૂતવીરોને સાથે લઇને ઉત્કટ ઉત્સાહથી ઉત્સાહિત થઇ પ્રચંડ પરાક્રમથી મોગલસેના તરફ ચાલ્યા. નીડર પ્રતાપસિંહ સિંહનાદ કરતા કરતા સેનાના અગ્રભાગે રહ્યા અને શત્રુની સેનાનો વ્યૂહ તોડવાને પ્રયત્ન કરવા લાગ્યા. મહારાણાનું અદ્ભુત સાહસ, અલૌકિક પરાક્રમ અને રણનિપુણતાથી ઉન્મત્ત થઇને સરદારો અને સામંતો સિંહ જે પ્રકારે પોતાના શિકારપર તૂટી પડે છે તે પ્રમાણે મોગલસેનાપર તૂટી પડયા. પ્રતાપસિંહનો યત્ન સફળ થયો. તેમના પ્રચંડ પરાક્રમથી શત્રુનો મોર્ચો તૂટી ગયો. મોગલો છિન્નભિન્ન થઇ ગયા. તેમને દલિત, પરાજિત અને ભયભીત કરીને પ્રતાપસિંહ અત્યંત ક્રોધપૂર્વક રાજપૂતકુલકલંક માનસિંહને શોધવા લાગ્યા; પરંતુ તેનો પત્તો લાગ્યો નહિ. મહારાણાની કરાલ અસિથી સેંકડો મોગલવીરો ખંડિત થઇને પૃથ્વીપર પડયા અને અનેક હતભાગીયવનો તેમના ભાલાની તીક્ષ્ણ અણીથી વીંધાઇને ધરાશાયી થયા. પ્રતાપસિંહનો પ્રચંડ વેગ કોઇ રોકી શક્યું નહિ. પોતાના પ્રચંડ શત્રુ માનસિંહની શોધ કરતા કરતા પ્રતાપસિંહ સલીમની નિકટ પહોંચી ગયા. હિંદુવૈરી પાદશાહના પાટવી કુંવરને પોતાની સન્મુખ જોઇ પ્રતાપસિંહના ઉત્સાહ અને સાહસમાં દ્વિગુણ વૃદ્ધ થઈ. તેમણે ભયંકર ખડ્ગ ઉગામી પોતાના પ્રિય તુરંગ ચેતકને સલીમ તરફ ચલાવ્યો. તેમની ભયંકર તલવારના પ્રચંડ આઘાતથી સલીમના રક્ષકો તો અલ્પકાળમાંજ કપાઈ કપાઇને પૃથ્વીપર પડયા. પછી મેવાડનાથે સલીમના મદોન્મત્ત રણમાતંગ ઉપર પોતાના પ્રિય અશ્વ ચેતકને ચલાવ્યો. ચેતક પોતાના સ્વામીની અદ્ભુત વીરતાથી અત્યંત બલિષ્ઠ બની આવેશમાં આવી ગયો હતો. પોતાના સ્વામીના ઘોર શત્રુ સલીમના પ્રચંડ રણમાતંગની સૂંઢને દબાવી ચેતકે તેના મસ્તકપર પોતાના આગલા બે પગો મૂક્યા. તત્કાળ રાણાએ સલીમ ઉપર પોતાનો ભયંકર ભાલો માર્યો. સલીમના સુભાગ્યે તેના હાથીનો હોદ્દો લોહનાં જાડાં પતરાંથી મઢેલો હતો. તેપર રાણાનો ભાલો અથડાયો અને શાહજાદો બચી ગયો; નહિ તો અવશ્ય તેનો સંહાર થાત એમાં લેશ પણ શંકા નથી. જો કે પ્રતાપસિંહનો ભાલો સલીમનો સંહાર કરી શકયો નહિ, તોપણ તે સર્વાંશે નિષ્ફળ થયો નહિ. હોદ્દાપર મઢેલાં લોઢાનાં પતરાં સાથે અથડાઇને તે બમણા જોરથી માવતને લાગ્યો; જેથી માવત તત્કાળ ભૂમિ ભેગો થયો. માવત નીચે પડયો કે તરતજ હાથી નિરંકુશ બની સલીમને લઇને સંગ્રામભૂમિમાંથી નાસી ગયો.

સલીમ ગયો; પરંતુ પ્રતાપસિંહે તેની પૂંઠ છોડી નહિ. નાસતા હાથીની પાછળ પ્રતાપસિંહે પણ પોતાના ચેતકને દોડાવ્યો. આ વખતે ઉભય દલોવચ્ચે દારુણ સંગ્રામ થવા લાગ્યો. એક તરફ અગણિત મુસલમાનો શાહજાદાને બચાવવાને માટે ખડ્ગ ચલાવવા લાગ્યા; અને બીજી તરફ નીડર તથા મહાપરાક્રમી રાજપૂતો પ્રતાપસિંહના પ્રતાપની રક્ષા કરવાને માટે તથા મોગલોનું અભિમાન તોડવાને માટે જીવપર આવી જઇ ઘોર યુદ્ધ કરવા લાગ્યા. સેંકડો મુસલમાનો તેમના હાથથી કપાઇને મરણ પામ્યા; તોપણ શું થયું? જેઓ મરતા હતા તેમના સ્થાનપર બીજા સૈનિકો આવીને ઉભા રહેતા હતા. આ વખતે અનેક રાજપૂતવીરોએ પ્રતાપસિંહની રક્ષા કરવાને માટે પોતાના પ્રાણની આહુતિ આપી દીધી. ધીમે ધીમે પ્રતાપસિંહનો પક્ષ નિર્બળ થવા લાગ્યો; પરંતુ રાણાજી તેથી જરાપણ ચિંતાતુર થયા નહિ. રાજપૂતકુલકલંક માનસિંહની શોધ કરતા કરતા તેઓ યવનસેનામાં ભ્રમણ કરવા લાગ્યા; પરંતુ તેમના મસ્તકપર મેવાડનું રાજછત્ર વિરાજમાન હતું, તેથી મોગલો તેમનાપર તાકી તાકીને અસ્ત્ર ફેંકતા હતા. હવે પ્રતાપસિંહ મોગલોની વચ્ચે ઘેરાઇ ગયા. રાજચિન્હો ધારણ કરવાને લીધે પૂર્વે પણ ત્રણ વાર તેમના પ્રાણ સંકટમાં આવી પડયા હતા; પરંતુ તે વખતે તેમણે પોતાના અપૂર્વ પરાક્રમથી પોતાની જાતનું સંરક્ષણ કર્યું હતું, તે વખતે પણ તેમણે રાજચિન્હોનો પરિત્યાગ કર્યો નહોતો અને આ સમયે પણ તેમ કરવાની તેમની ઇચ્છા નહોતી; પરંતુ આ વખતે અધિક પ્રચંડ સંકટ આવી પડયું; તેઓ યુદ્ધ કરતા કરતા શત્રુઓની વચ્ચે આવીને ફસી પડયા; તેમની નિકટમાં તેમના કોઈપણ સરદારો અને સામંતો નહોતા. તેઓ જે તરફ જોતા હતા તે તરફ તેમને શત્રુઓનાં અગણિત મસ્તકોજ દષ્ટિગોચર થતાં હતાં અને સર્વ શત્રુઓ તેમના ઉપરજ આક્રમણ કરતા હતા. મહારાણા સંપૂર્ણ રીતે સમજી ગયા કે હું

શત્રુઓની વચમાં ઘેરાઇ ગયો હું; તથાપિ તેમનો ઉત્સાહ લેશ પણ ન્યૂન થયો નહિ. ભીષણ પરિશ્રમ, મહાન ઉત્સાહ અને ખડ્ગ ચલાવવામાં અપૂર્વ હસ્તકૌશલ્યથી તેઓ શત્રુસેનાને કાપતા કાપતા મદોન્મત્ત ગજરાજની પેઠે સંગ્રામભૂમિમાં અહીંતહીં ભ્રમણ કરવા લાગ્યા. શત્રુઓના અસ્ખલિત અસ્ત્રપ્રહારથી તેમના અંગમાં સાત ઘાવ થયા.[1] રુધિરસ્રાવથી તેમનાં વસ્ત્રો ભીંજાઇ ગયાં, તથાપિ રાણાજીના મનમાં લેશપણ શોકનો સંચાર નહોતો; પરંતુ તેઓ એકલા ક્યાંસુધી યુદ્ધ કરી શકે ? તેઓ ચેતી ગયા કે હવે અધિક સમયપર્યંત હું યુદ્ધ કરીશ તો અહીંઆંજ મારા પ્રાણ નીકળી જશે. આથી તેઓ અદ્‌ભુત રણનિપુણતા સાથે ત્યાંથી નીકળવાનો પ્રયાસ કરવા લાગ્યા. તત્કાળજ "જય, રાણા પ્રતાપસિંહની જય " એવો ધ્વનિ સાંભળવામાં આવ્યો. તેમનું હૃદય દ્વિગુણ ઉત્સાહિત બન્યું અને તેઓ સગર્વ સિંહનાદ કરવા લાગ્યા. ઉક્ત પ્રચંડ જયનાદ આકાશમાં ગુંજી રહ્યો હતો,એવામાં ઝાલાપતિ મન્નાજી (માનસિંહજી)પોતાની સેનાને લઇને તીવ્ર વેગથી ત્યાં આવી પહોંચ્યા. મન્નાજીએ આ વખતે પ્રાણવિસર્જનનું ઉદાત્ત ઉદાહરણ જગતને બતાવ્યું અને તેમ કરીને પોતાના સ્વામીના પ્રાણ બચાવ્યા. મન્નાજીએ રાણાજીના મસ્તકપરથી મેવાડનાં રાજચિન્હોને ઉતારી લઇ પોતાના શિરપર ધારણ કર્યાં અને તેઓ સુવર્ણમંડિત વિજયવૈજયંતીને લઇને શત્રુઓની સામે લડવા લાગ્યા. તેમના મસ્તકપર રાજચિન્હો જોઇને શત્રુઓ તેમને રાણા સમજ્યા અને ચારે તરફથી તેમનાપર શસ્ત્રાસ્ત્રના પ્રહાર કરવા લાગ્યા. મન્નાજીએ પોતાના અનેક સૈનિકોની સાથે ત્યાંજ પ્રાણાર્પણ કર્યું. આ દશ્ય પ્રતાપસિંહે દૂરથી જોયું. આ અપૂર્વ પ્રાણવિસર્જનના બદલામાં ઝાલાપતિ મન્નાજીના વંશજો અદ્યાપિ મેવાડનાં રાજચિન્હોથી યુક્ત થઇને રાણાજીની જમણી બાજુએ બેસે છે.[2] જો કે વીરકેસરી પ્રતાપસિંહનું પ્રચંડ વીરત્વ જોઇને રાજપૂતો બમણા ઉત્સાહથી યુદ્ધ કરવા લાગ્યા, તોપણ તેમને વિજય મળ્યો નહિ. તેનું પ્રથમ કારણ એ હતું કે મોગલસેના રાજપૂતોની સેનાથી ચારગણી અધિક હતી. વળી મોગલો તોપબંદુક વિગેરે આગ્નેયાસ્ત્રોથી યુદ્ધ કરતા હતા; તો પછી રાણાજીની અલ્પ સેના તેમની આગળ ક્યાંસુધી ટકી શકે? અને તેમના તરફથી આવતા ગોળાઓ તથા ગોળીઓની ગતિ ક્યાંસુધી રોકી શકે ? રાજપૂતોના મોટા ભાગે સ્વદેશની રક્ષાને માટે અહીંઆંજ પ્રાણાર્પણ કર્યું; તે વખતે જે ૨૨૦૦૦ રાજપૂતો સંગ્રામ કરવાને માટે ગયા હતા તેમાંથી કેવળ ૮૦૦૦ જ રણભૂમિમાંથી પાછા આવ્યા હતા.

હલદીઘાટનો પ્રથમ દિવસનો ભયાનક સંગ્રામ સમાપ્ત થયા પછી મહારાણા પ્રતાપસિંહ ચેતકપર આરૂઢ થઇને એકલા રણભૂમિમાંથી ચાલ્યા ગયા. તેમના સર્વ શરીરમાંથી રુધિરધારા છૂટી રહી હતી અને તેઓ શત્રુસેનાનો સંહાર કરતા કરતા શ્રમિત થયા હતા. ચેતકની પણ આજ દશા થઈ હતી; તે છતાં પણ તે પોતાના સ્વામીને પોતાની પીઠપર ધારણ કરીને નિબિડ પર્વત તરફ ચાલ્યો; પરંતુ આ વખતે પણ રાણા નિરાપદ નહોતા. તેમને ગુપ્તરીતે ચાલ્યા જતા જોઇને બે મોગલો તેમની પાછળ પડ્યા. તેમાંનો એક મુલતાની અને બીજો ખુરાસાની હતો. તેઓ શીઘ્રતાથી પોતાના અશ્વો ચલાવી પ્રતાપસિંહની પૂંઠે પૂંઠે પહાડી પ્રદેશમાં વહેતી એક નદીના કિનારાપર આવી પહોંચ્યા. તુરંગરાજ ચેતક એકજ છલંગની સાથે પોતાના સ્વામીને નદી પાર લઈ ગયો. પ્રતાપસિંહ આ રીતે આગળ નીકળી ગયા; પરંતુ ઉક્ત ઉભય મોગલોના અશ્વો ચેતકની પેઠે છલંગ મારી શક્યા નહિ. આથી થોડી વાર સુધી તેમની ગતિ રોકાઇ ગઇ; પણ ચેતકના સર્વાંગમાં પુષ્કળ ઘાવો લાગ્યા હતા, તેથી તે અગાઉની પેઠે ત્વરાથી ચાલી શકતો નહોતો. આથી ઉભય મોગલો પ્રતાપસિંહની અત્યંત નિકટ પહોચી ગયા. આજ વખતે દૂરથી બંદુકનો અવાજ આવતો સંભળાયો અને તરતજ કોઇએ રાણાજીની માતૃભાષામાં ગંભીરસ્વરે કહ્યું: "હો ! નીલ ઘોડારા અશ્વાર " પ્રતાપસિંહ ચકિત થયા અને તેમણે પાછળ મુખ ફેરવીને જોયું તો તેમનો ક્રોધ દ્વિગુણ વૃદ્ધિંગત થયો. તેમણે પોતાની પાછળ આવતા માત્ર એકજ સ્વારને જોયો અને તે તેમનો ભ્રાતા શક્તસિંહ હતો.

---

૧ ભાલાના ત્રણ, ગોળીનો એક અને તલવારના ત્રણ; આ રીતે મહારાણાને સાત ઘાવ લાગ્યા હતા.

૨ કર્નલ ટૉડ જણાવે છે કે મન્નાજીના વંશજો અદ્યાપિ સાંઢી પ્રગણું અને પ્રતાપસિંહની આપેલી અન્યાન્ય જાગીરો ભોગવે છે. તેમનું નગારૂં રાજભુવનના દ્વારસુધી તેમની સાથે વાગતું વાગતું જાય છે. આ સન્માન બીજા કોઇને પણ મળતું નથી. આ ઉપરાંત તેમને " રાજ " ની ઉપાધિ પ્રાપ્ત થઇ છે.

પોતાના બંધુની સાથે ટંટો કરીને શક્તસિંહ તેમના સંબંધથી છુટો પડી ગયો હતો, તેણે મેવાડ-ભૂમિનો ત્યાગ કરીને અકબરનો પક્ષ ગ્રહણ કર્યો હતો. પોતાના ભ્રાતાનો નાશ કરીને એક દિવસ પોતાના હૃદયનો ક્રોધાગ્નિ શાંત કરવો એવો તેનો ઉદ્દેશ હતો. હલદીઘાટના શોણિતમય સમરક્ષેત્રમાં અકબરની સેનાના વ્યૂહમાંથી ઉંચા થઇને તેણે જોયું કે પ્રતાપસિંહ નીલવર્ણા અશ્વપર આરૂઢ થઇને એકલા સંગ્રામભૂમિમાંથી ચાલ્યા જાય છે. જ્યેષ્ઠભ્રાતાનાં પ્રાણ અને સ્વાધીનતાપર સંકટ આવેલું જોઇ શક્તસિંહ નિશ્ચિંત રહી શકયો નહિ; સહસા તેનું કઠોરહૃદય વિદીર્ણ થઇ ગયું, તેનો ક્રોધ નષ્ટ થઈ ગયો. પહેલાંની વાત યાદ કરી તે અત્યંત દુઃખિત થયો અને આ વિપત્તિમાંથી પોતાના ભ્રાતાનું રક્ષણ કરવાને માટે તત્કાળ મોગલસેનાનો ત્યાગ કરી તેમની પાછળ ચાલ્યો. માર્ગમાં પ્રતાપસિંહની પાછળ પડેલા મોગલોનો સંહાર કરીને વીરવર શક્તસિંહ પોતાના જ્યેષ્ઠ ભ્રાતાની નિકટ જઇ પહોંચ્યો. દૂરથી શક્તસિંહને આવતો જોઇને રાણાજીને પ્રબલ શંકા ઉત્પન્ન થઇ. તેમના હૃદયમાં ક્રોધ અને અભિમાન ઉછળી આવ્યું. તેઓ વિચાર કરવા લાગ્યાઃ—" શું શક્તસિંહ વૈર લેવાને માટે આવે છે? મારી અસહાય અવસ્થામાં શું તે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને આવે છે ?" ઘાયલ થયેલા સિંહની પેઠે પ્રતાપસિંહ ગર્જના કરી ઉઠયા અને પોતાની કરાલ અસિ ગ્રહી શક્તસિંહની પ્રતીક્ષા કરવા લાગ્યા; પરંતુ શક્તસિંહનું દીન, મ્લાન અને ક્ષીણ મુખ જોઇને તેમના મનનો સંદેહ દૂર થયો અને જ્યારે તે સિસોદીઆવીરે પોતાના ભ્રાતાના ચરણમાં મસ્તક મૂકી, અશ્રુપૂર્ણ નયનસહિત દીનવાણીથી ક્ષમાની પ્રાર્થના કરી; ત્યારે પ્રતાપસિંહના હૃદયમાં સ્વર્ગીય આનંદનો સંચાર થયો. આજે તે ઉભય ભ્રાતાઓ એકબીજાને આલિંગન દઇ બેઠા અને દારુણદુઃખ તથા માનસિકપીડા ભૂલી ગયા.

આજે પ્રતાપસિંહના અશ્રુથી શક્તસિંહનું અને શક્તસિંહના અશ્રુથી પ્રતાપસિંહનું હૃદય ભીંજાઇ ગયું. આ અપૂર્વ આનંદના સમયે પ્રતાપસિંહના પ્રિય અશ્વ ચેતકે પોતાના પ્રાણ ત્યાગ કર્યા. ચેતક સર્વ પ્રકારે પ્રતાપસિંહને યોગ્યજ હતો. તેની સહાયથીજ રાણાજી આજે મોગલોની પ્રચંડ સેનામાંથી સુરક્ષિત આવી શકયા હતા. તેઓ ચેતકને પોતાનો પ્રાણરક્ષક ગણતા હતા. આ સમયે આ પ્રિય અશ્વને પ્રાણ ત્યજી પૃથ્વીપર પડતો જોઇને રાણાજીને અત્યંત શોક થયો. અહો ! તેમના આનંદજળમાં કોણે વિષ મેળવી દીધું હશે ? શક્તસિંહે પોતાના ભ્રાતાને પોતાનો અશ્વ આપી દીધો. નિરુપાયે પ્રતાપસિંહે તે અશ્વને ગ્રહણ કર્યો અને તેઓ તેનાપર આરૂઢ થયા. જે સ્થાને તુરંગરાજ ચેતકે પ્રાણ છોડયા હતા ત્યાં એક ચબુતરો બાંધવામાં આવ્યો હતો.[1]

દીર્ઘકાળ પછી જ્યારે આપ્તજનનો મેળાપ થાય છે, ત્યારે તે પ્રસંગ પરમ સુખદાયી લાગે છે; પરંતુ પ્રતાપસિંહ અને શક્તસિંહના ભાગ્યમાં આ સુખ વિશેષ સમય લખ્યું નહોતું. સલીમના મનમાં કદાચ કોઇ પ્રકારનો સંદેહ આવશે, એવા ભયથી શક્તસિંહે પુનઃ મોગલસેના તરફ પ્રયાણ કર્યું. જ્યેષ્ઠભ્રાતાના ચરણને સ્પર્શ કરી વિદાય લેતી વખત તેણે તેમને ધૈર્ય આપી કહ્યું કેઃ—"અવસર પ્રાપ્ત થતાં હું શીઘ્ર આપની પાસે પાછો આવીશ." શક્તસિંહે જે બે મોગલોને મારી નાખ્યા હતા તેમાંના ખુરાસાની મોગલના અશ્વપર આરૂઢ થઇને તે સલીમની પાસે ગયો; પરંતુ તેના મનમાં જે ભય ઉત્પન્ન થયો હતો તેજ આગળ આવ્યો. તેને આવતાં વિલંબ થયો તથા તેના વદનપર વિકાર જણાયો તેથી સલીમના હૃદયમાં તત્કાળ સંદેહ આવ્યો. શાહજાદાએ શક્તસિંહને ખુરાસાની અને મુલતાનીસૈનિકની હકીકત પૂછી, તો તેણે એવો ઉત્તર આપ્યો કેઃ—" તે ઉભય પ્રતાપસિંહના હાથથી માર્યા ગયા છે. પ્રતાપસિંહે માત્ર તેમનેજ માર્યા નહિ, પરંતુ મારા અશ્વને પણ મારી નાખ્યો છે. આથી નિરુપાયે હું ખુરાસાનીસૈનિકના અશ્વપર આરૂઢ થઇને અહીંઆં આવ્યો છું." શક્તસિંહનો ઉત્તર અસત્ય સમજી શાહજાદાએ તેને અભયદાન આપીને કહ્યું કેઃ—" જો તમે સાચેસાચી વાત કહી દેશો તો હું તમારો ગુન્હો માફ કરીશ." સલીમનું વાક્ય પૂરૂં થયું ન થયું એટલામાં શક્તસિંહનું વદન ગંભીર થઇ ગયું અને તેણે નીડરતાપૂર્વક પ્રત્યુત્તર આપ્યો કેઃ—" મારા જ્યેષ્ઠભ્રાતાની સ્કંધપર એક વિશાલ રાજ્યનો ભાર છે,

1 આ ચબુતરો અદ્યાપિ " ચૈતકનો ચબુતરો " એ નામથી પ્રસિદ્ધ છે. આ ચબુતરો વર્તમાન આલોરની અત્યંત નિકટ આવેલો છે. ઉપલું વૃત્તાંત વાંચવાથી જ્ઞાત થાય છે કે ચેતક પ્રતાપસિંહનો જીવનસહચર અને અત્યંત પ્રિય અશ્વ હતો. મેવાડના પ્રત્યેક ઘરમાં પ્રતાપસિંહના ચિત્રની સાથે ચૈતકનું ચિત્ર પણ વિદ્યમાન હોય છે.

હજારો માણુસોનાં સુખદુઃખ કેવળ તેમના ઉપરજ નિર્ભર છે. હમણાં તેઓ સંકટમાં છે. તો આવા સમયમાં તેમને સંકટમાંથી મુકત કર્યા વિના હું શી રીતે નિશ્ચિત રહી શકું ?" સલીમે પ્રથમથીજ શકતસિંહને અભયવચન આપ્યું હતું, તેથી તેણે તેને કાંઇ પણ કહ્યું નહિ; પરંતુ તેને પોતાને ત્યાંથી રવાના કરી દીધા. આથી શકતસિંહને લાભજ થયો. તે શીઘ્ર ઉદયપુર જઈને પોતાના ભ્રાતા પ્રતાપસિંહને મળ્યા. પછી તેણે 'ભિસરોર' નામના દુર્ગપર આક્રમણ કરીને તેને જીતી લીધો. આ કિલ્લો તેણે પોતાના જયેષ્ઠભ્રાતા પ્રતાપસિંહને 'નજર' કરી તેમના ચરણને વંદન કર્યું. ઉદાર પ્રતાપસિંહે આ નવો જીતાયેલો દુર્ગ પોતાના ભ્રાતાને ભૂમિવૃત્તિમાં અર્પણ કરી દીધો. શકતસિંહના વંશજોએ આ કિલ્લાને દીર્ઘકાળપર્યંત પોતાના અધિકારમાં રાખ્યો હતો.[1] ઉકત ભયંકર વિપત્તિના સમયમાં પ્રતાપસિંહનો પ્રાણ બચાવવાને માટે શકતસિંહની ઘણી પ્રશંસા થઇ અને તેનું માન પણ ઘણું વધી ગયું. તેના આ મહાનગૌરવનું વર્ણન અદ્યાપિ ભટ્ટલોકોના મુખથી સાંભળવામાં આવે છે. આજ પણ ત્યાંના ભટ્ટલોકો તેના કોઈ વંશજને જોતાંજ આનંદોન્મત્ત થઈ કહે છે કેઃ-"ખુરાસાની મુલતાનીકા અગ્ગલ."[2]

સંવત ૧૬૩૨ ( ઇ૦ સ૦ ૧૫૭૬ ) ના શ્રાવણ માસની શુકલ સપ્તમી આર્યકુલની વીરતાનો એક પ્રસિદ્ધ દિવસ છે. તે આર્યગૌરવનો એક પવિત્ર દિવસ થઇ ગયો છે. જ્યાંસુધી મનુષ્ય વીરતા અને મહત્તાની પૂજા કરશે, જ્યાંસુધી જગતમાં રાજપૂતજાતિ રહેશે; ત્યાંસુધી એ દિવસનું વૃત્તાંત મનુષ્યજાતિના ઇતિહાસમાં પ્રકાશમાન રકતાક્ષરોથી આલેખાઇ રહેશે. તે દિવસે પુણ્યભૂમિ હલદીઘાટના સર્વ પહાડીમાર્ગો અને પહાડીસ્થાનો મેવાડના સાહસિક પુત્રોના પવિત્ર શોણિતથી ભીંજાઇ ગયાં. જે ચૌદહજાર રાજપૂતોએ આત્મોત્સર્ગના મહામંત્રથી ઉત્સાહિત થઇને ઉકત ભયંકર સંગ્રામમાં પોતાના પ્રાણ આપ્યા હતા, તે સર્વનાં નામ અત્રે લખવાને સ્થળાવકાશ નથી; પરંતુ તેમાં જેઓ પ્રસિદ્ધ હતા તેમનું સંક્ષિપ્ત વૃત્તાંત અત્રે સાદર કરવામાં આવે છે. રાણા પ્રતાપસિંહના અતિ નિકટના ૫૦૦ કુટુંબીજનો, ગ્વાલિયરના પદચ્યુત રાજા રામશા[3] તથા તેમના પુત્ર ખાંડેરાવે સાડીત્રણસો પરાક્રમી તુંવારવીરોની સાથે સંગ્રામભૂમિમાં પ્રાણ આપીને પોતાની કૃતજ્ઞતાનો ઉત્તમ પરિચય કરાવ્યો હતો. વીરવર મન્નાજીની વીરતા તો સર્વથી અધિક અલૌકિક હતી. સર્વનું વૃત્તાંત છોડીને માત્ર તેમનીજ અદ્‌ભુત વીરતા અને પ્રાણોત્ક્રમણનો વિચાર કરવામાં આવે તોપણ તે દિવસે રાજપૂતોએ પોતાનું અતુલનીય ગૌરવ અચળ રાખ્યું હતું, એમ કહી શકાશે. જે સમયે ઝાલાપતિ મન્નાજી ૧૫૦ સામંતોની સાથે સાગરસમાન મોગલસેનાની અંદર પ્રવેશ કરીને મહોત્સાહથી યુદ્ધ કરવા લાગ્યા, જે સમયે તેઓ માત્ર મુઠીભર સૈનિકોની સાથે અનેક મોગલોનો સંહાર કરી, અગાધ મુસલમાનસેનાને ત્રાસિત કરીને આલોકનો ત્યાગ કરી ગયા, તે સમયે જેમણે રાજપૂતોનું અલૌકિક સામર્થ્ય અને અદ્‌ભુત રણુનિપુણતા જોયાં હતાં તેમણે તેમની પ્રશંસા કરી છે. તે દિવસની વાત અદ્યાપિ કોઇ ભૂલી ગયું નથી. તે વખતે મેવાડના સર્વ વીરવંશો નિર્વંશ થઇ ગયા હતા. અનેક વીરબાલાઓનું સૌભાગ્ય નષ્ટ થઇ ગયું હતું.

વિજયાનંદથી ઉન્મત્ત થઇને યુવરાજ સલીમ હલદીઘાટના પહાડી સ્થાનને છોડીને ચાલ્યો ગયો. વર્ષાઋતુ આવી, નદીઓ ભરાઇ ગઇ તથા પહાડીસ્થાનો દુર્ગમ થઇ ગયાં; તેથી પ્રતાપસિંહના શત્રુઓના કાર્યમાં વિઘ્નો ઉપસ્થિત થયાં. આ સમયમાં પ્રતાપસિંહને થોડા સમયમાટે વિશ્રાંતિ મળી; પરંતુ વસંતના

૧ શકતસિંહની માતા "બાઈજીરાજ" અથવા રાજમાતા હતી; પરંતુ તે પોતાના જયેષ્ઠકુમાર પ્રતાપસિંહને છોડીને પોતાના પ્રિય પુત્ર શકતસિંહની સાથે ભિંસરોર નામના દુર્ગમાં રહેતી હતી. આ પરથી જણાય છે કે, તે રાજમાતાને લાયકનાં સર્વ સન્માન પ્રાપ્ત કરતી નહોતી. પવિત્ર પુત્રસ્નેહને ખાતર તેણે રાજસન્માનને તિલાંજલિ આપી હતી.

૨ "ખુરાસાની મુલતાનીકા અગ્ગલ" નો અર્થ "ખુરાસાની અને મુલતાનીના ભીષણ પ્રતિરોધક સ્વરૂપ" એવો થાય છે.

૩ બાબરે રામશાના પૂર્વજોને ગ્વાલિયરમાંથી હાંકી કાઢયા હતા, તેથી તેઓ મેવાડમાં આવીને વસ્યા હતા. રાણાજીએ આદરસત્કારસહિત તેમને ગ્રહણ કર્યા અને તેમના ભરણપોષણને માટે પ્રતિદિન ૮૦૦ રૂપિયા નિયત કર્યા. આ વખતથી આ લોકો મેવાડમાંજ રહેતા હતા.

આગમનથી પુનઃ જ્યારે માર્ગાદિ સ્વચ્છ થયાં ત્યારે મોગલસેના પુનઃ ચિતોડપર ચઢી આવી. દુર્ભાગ્ય-વશાત્ આ યુદ્ધમાં પણ રાણાજી પરાજિત થયા અને તેમણે ઉદયપુરનો ત્યાગ કરીને કમલમેરમાં પોતાની છાવણી નાખી;[1] પરંતુ ત્યાં પણ તેઓ નિશ્ચિંત રહી શક્યા નહિ. પાદશાહના સેનાપતિ કોકાશહબાઝખાંએ શીઘ્ર ઉક્ત પહાડીકિલ્લાને ઘેરી લીધો. મોગલોની પ્રબળ અને ભયંકર ગતિને રોકી પ્રતાપસિંહ ઘણા દિવસ-પર્યંત કમલમેરમાં અટલ રહ્યા; પરંતુ સ્વદેશદ્રોહી દેવરાજની શત્રુતાથી તેમને તે આશ્રયસ્થાન પણ તજવું પડયું. કમલમેરમાં “ નાગન ” નામનો એક કૂપ હતો. સર્વ લોકો આ કૂપમાંથીજ પાણી પીતા હતા. દુષ્ટ દેવરાજે આ ગૂઢ વૃત્તાંત મોગલોને જણાવી દીધું અને વિષધર ભુજંગદ્વારા તે કૂપનું જલ દૂષિત કરવાની તેમને સલાહ આપી. મોગલોએ તેની સલાહ અનુસાર તે કૂપનું પાણી વિષમિશ્રિત બનાવી દીધું. પ્રતાપસિંહને જલની તંગીથી ઘણું કષ્ટ પડવા લાગ્યું; આથી તેઓ કમલમેરનો ત્યાગ કરી ચોંડ[2] નામના ગિરિદુર્ગમાં ચાલ્યા ગયા. મોગલસેનાએ ઉક્ત સ્થાનને પણ ઘેરી લીધું. સોનગઢાસરદાર ભાનાસંહે મોગલસેનાના કરાલગ્રાસમાંથી ચોંડનો ઉદ્ધાર કરવાને માટે અપૂર્વ વીરતા દર્શાવી હતી અને અંતે પ્રાણ સુદ્ધાં આપ્યો હતો. આ કઠોર યુદ્ધમાં મેવાડનો મુખ્ય ભટ્ટકવિ માર્યો ગયો હતો. તેનાં હૃદયોત્તેજક સમરસંગીત અને અદ્ભુત રણનિપુણતા જોઇને રાજપૂતો અત્યંત ઉત્તેજિત થઇ ગયા અને સ્નેહ, મમતા તથા સર્વ પ્રકારની મૃદુ વૃત્તિઓને તિલાંજલિ આપીને “નિર્દય મોગલરાજ” ના કઠોર આક્રમણને નિષ્ફળ કરવાને પ્રવૃત્ત થયા હતા. ચોંડપર આક્રમણ થયું તે સમયે ઉક્ત ભટ્ટકવિએ પોતાના રાજાની વીરતાની સ્તુતિનાં જે કેટલાંક તીક્ષ્ણ કાવ્યો બનાવ્યાં હતાં તેને પ્રત્યેક મેવાડવાસી આજપર્યંત ઉત્સાહ સાથે ગાય છે;પરંતુ ઉક્ત કવિના પરલોકવાસની સાથે વીરકેસરી પ્રતાપસિંહના અલૌકિક વીરત્વની સ્તુતિનાં કાવ્યો રચાતાં બંધ પડયાં નહોતાં. પ્રતાપસિંહની વીરતાનાં એટલાં બધાં કાવ્યો રચાયાં હતાં કે જે હિંદુ કિંવા મુસલમાન કાવ્ય રચવાની કિંચિત્ પણ શક્તિ ધરાવતો તે સર્વોત્તમ સ્વદેશભક્ત, પુણ્યશ્લોક પ્રતાપસિંહવિષે કાંઇ ને કાંઇ કવિતા રચી ગયો છે.જેના હૃદયમાં કિંચિત્ પણ કવિત્વ હતું તે પ્રતાપસિંહના ગુણ ગાવામાં એકબીજાને પરાજિત કરવાનો પ્રયત્ન કરતા હતા. સ્વાભાવિક રીતેજ પ્રતાપ-સિંહવિષેની કવિતા એવી વીરરસપ્રધાન થતી હતી કે તે સાંભળીને નિર્જીવ અને ડરપોક માણસ પણ નવું બળ અને નવીન ઉત્સાહથી ચૈતન્યમય થઇ જતો હતો. વીરહૃદય રાજપૂતોને આ કવિતાઓ કેટલી અસર કરતી હતી તે સર્વને સહજ સમજાય તેમ છે.

કમલમેર લીધા પછી રાજા માનસિંહે રમેતી અને ગોગુંડા નામના બે પહાડી કિલ્લાઓપર અધિકાર સ્થાપિત કર્યો. વળી મહોબતખાને ઉદયપુર જીતી લીધું. અમીશાહ નામના એક શાહજાદાએ ચોંડ અને અગુણાપાનોરના મધ્યભાગમાં સ્થિત થઇને ભીલોની સાથે પ્રતાપસિંહનો જે સંબંધ હતો તેને તોડી નાખ્યો. બીજી તરફ ફરિદખાં નામનો મોગલસેનાપતિ ચપ્પનને ઘેરી દક્ષિણ તરફ ચોંડમાં રાણા પ્રતાપસિંહ હતા ત્યાંસુધી ચાલ્યો ગયો. ચોંડને ચારે તરફથી શત્રુઓએ ઘેરી લીધું. પ્રતાપસિંહ પણ ચોતરફથી ઘેરાઇ આશ્રયહીન બની ગયા. જે મેવાડભૂમિપર એક વખત તેમનું અક્ષત રાજ્ય હતું, જ્યાં તેમના પૂર્વજો પ્રાચીનકાળથી રાજ્ય કરતા આવ્યા હતા,તેજ ભૂમિમાંના પ્રત્યેક નગર,ગ્રામ અને પહાડીદુર્ગપર પણ આજે શત્રુઓનો અધિકાર સ્થાપિત થઇ ગયો છે. આજે તેજ મેવાડભૂમિ ખુદ તેના આગલા રાજાને રહેવાને માટે સ્થાન આપી શકતી નથી. આજે મોગલો આ વિશાળ મેવાડરાજ્યની સર્વે ગુફાઓ, સર્વ જંગલો અને સકળ પર્વતશૃંગોપર ભ્રમણ કરી કરીને તે પ્રચંડ રાજપૂતની પૂંઠ પકડવા લાગ્યા; પરંતુ આશ્ચર્યની વાત એ છે કે તે રાજપૂતવીરને કોઇ પકડી શક્યું નહિ. મોગલોને એમજ ભાસવા લાગ્યું કે પ્રતાપસિંહ કોઈ ઇન્દ્રજાલના પ્રભાવથી અમારી આંખોમાં ધૂળ નાખીને મન ચહાય ત્યાં ફરે છે.પ્રતાપસિંહ કાંઇ પ્રાણ જવાના ભયથી પલાયન કરી ગયા નહોતા,પરંતુ તેઓ ગુપ્તરીતે શત્રુઓની હીલચાલ તપાસતા હતા અને જ્યારે શત્રુઓ અસાવધદશામાં જણાતા ત્યારે એકદમ

૧ સંવત ૧૬૩૩ ઈ૦ સ૦ ૧૫૭૭ ના માઘ માસના શુક્લપક્ષની સપ્તમીને દિવસે આ યુદ્ધ થયું હતું.

૨ મેવાડના નૈઋત્યકોણમાં આવેલા ડુંગરાળ પ્રદેશમાં ચપ્પન નામનું એક ભીલરાજ્ય છે. ચોંડ એ આ ભીલરા-જ્યમાં એક સાધારણ નગર છે. ચપ્પનરાજ્યમાં પ્રાયઃ ૩૫૦ નગરો તથા ગામો છે. આ સર્વ સ્થાનોમાં ભીલલો-કોની વસ્તી છે.

તેમનાપર આક્રમણ કરીને જડમૂળથી તેમનો સંહાર કરી નાખતા હતા. જે વખતે શત્રુઓ અમુક વનમાં તેમને છુપાયેલા જાણીને તેમની તપાસ કરતા તે વખતે તેઓ પોતાના સર્વ સરદારોને એકત્રિત કરીને પહાડના કોઇ ઉચ્ચ શિખરપર ચઢીને મસલત ચલાવતા હતા. આ પ્રકારે નાનાં નાનાં યુદ્ધો કરતાં કરતાં ઘણા દિવસ વ્યતીત થઇ ગયા. શત્રુઓ કોઈ પણ પ્રકારે વીરવર પ્રતાપસિંહને પકડી શક્યા નહિ. તેને પકડવાનું તો રહ્યું પરંતુ ઉલટા તેઓમાંના અનેક જણ રાણાના ક્રોધાગ્નિમાં ભસ્મ થઇ ગયા. સેનાપતિ ફરિદખાં ચોંડને ઘેરો ઘાલી વિચારવા લાગ્યો કે પ્રતાપસિંહને આ વખતે હું અવશ્ય પકડી લઇશ; પરંતુ તેની આ આશા નિરાશામાં ફેરવાઇ ગઇ. તેનું વિપુલ સેનાબળ તથા તેની ચાલાકી પ્રતાપસિંહની રણચાતુરી આગળ નિષ્ફળ ગઈ. આ વખતે રાણાજીએ આ સમસ્ત સેનાને એક ગિરિમાર્ગમાં ઘેરીને તેનો સંપૂર્ણતઃ નાશ કરી નાખ્યો. આ પ્રકારે પ્રતાપસિંહના તીક્ષ્ણ ખડ્ગથી અનેક યુદ્ધવિશારદ પ્રચંડ મોગલવીરો ધરાશાયી થયા; પરંતુ પ્રતાપસિંહને કોઈ પણ મોગલ પકડી શક્યો નહિ. આ પ્રકારે વેતન-ભોગી મોગલસેનાનું સાહસ ક્રમશઃ ઘટતું ગયું. રાજપૂતવીરની સાથે યુદ્ધ કરવાનું સામર્થ્ય તેમનામાં રહ્યું નહિ. તેમનો ઉત્સાહ મંદ પડી ગયો. આ તરફ વર્ષાની અસ્ખલિત ધારાથી નદીનાળાં ઉભરાઇ ગયાં, ગિરિમાર્ગો અને ઘાટો દુર્ગમ બની ગયા અને સર્વ પહાડીસ્થાનોમાંથી એક પ્રકારની વિષમય હવા નીકળીને સમસ્ત દેશમાં વિસ્તારિત થઇ ગઇ. નિરુપાય થઇ પ્રતાપસિંહના શત્રુઓએ યુદ્ધકાર્ય બંધ કરી દીધું. આ પ્રકારે જ્યારે વર્ષાઋતુનું આગમન થતું ત્યારેજ મહારાણા પ્રતાપસિંહને થોડા દિવસ-પર્યંત વિશ્રાંતિ પ્રાપ્ત થતી.

ક્રમશઃ અનેક વર્ષો વ્યતીત થઇ ગયાં. જગતમાં અનેક પરિવર્તનો થયાં;પરંતુ પ્રતાપસિંહનો ટેક અડગ રહ્યો. મોગલો કોઇપણ પ્રકારે તેને પકડી શક્યા નહિ; પરંતુ કાળના પ્રભાવથી મહારાણાનાં આશ્રયસ્થાન એકપછી એક મોગલોના અધિકારમાં જવા લાગ્યાં. તેમનું દુઃખ વૃદ્ધિંગત થતું ગયું,તેમનો પરિવારજ તેમના વિશેષ દુઃખનું કારણ થઇ પડયો.શત્રુઓના હાથમાંથી બચવાના ઉપાય તો તેમને કવચિત્ કવચિતજ શોધવા પડતા હતા; પરંતુ તેમને આ ચિંતા તો સતત ભસ્મ કરતી હતી કે મારાં પુત્રકલત્રાદિ તો કદાચ શત્રુઓના હાથમાં નહિ ફસાઇ પડે અને સિસોદીઆકુલને તો કાંઇ કલંક નહિ લાગી જાય ! તેમની આ ચિંતા અમૂલક નહોતી; કારણ કે અનેક વખત તેમનો પરિવાર શત્રુઓના હાથમાં જઈ પડયો હતો. એકવાર તો તે સંપૂર્ણતઃ શત્રુઓના પંજામાં ફસાયો હતો; પરંતુ ગિહલોતકુલના સનાતન મિત્ર વિશ્વાસુ ભીલોએ તેનો ઉદ્ધાર કર્યો હતો. તે વખતે કાબાનિવાસી ભીલલોકોએ રાણાજીના પરિવારને ટોપલાઓની અંદર મૂકીને જાવરાની ખાણમાં છુપાવી દીધો હતો. આ ખાણમાંથી કલાઈ નીકળે છે. પરમ હિતકારી ભીલો સ્વયં ભૂખ્યા રહેતા હતા અને તેમને ભોજન આપતા હતા તથા સાવ-ધાનતાપૂર્વક તેમની રક્ષા કરતા હતા: તેમના આ મહદુપકારનાં ચિન્હો આજપર્યંત જાવરા અને ચોંડના નિર્જન અરણ્યનાં વિશાલવૃક્ષોની ઉચ્ચ શાખાઓપર અગણિત ખીલાઓ તથા લોહનાં કડાંઓરૂપે દષ્ટિગોચર થાય છે. આ ખીલાઓ તથા કડાંઓની સાથે નેતરના ટોપલા ટાંગીને ભીલો તેમાં રાજપૂતોને રાખતા હતા. મોગલોથી તથા હિંસકપશુઓથી પણ ભીલો તેમની રક્ષા કરતા હતા. રાણા પ્રતાપસિંહનાં બાલબચ્ચાં નેતરના ટોપલામાં બેસીને કડવાંમીઠાં કંદમૂલ, ફળ વગેરે ખાઇને પોતાના પ્રાણ ધારણ કરતાં હતાં.ઉત્તમોત્તમ ભોજન કરવાથી અને રાજમહાલયમાં રહેવાથી પણ જેમને તૃપ્તિ થતી નહોતી, તેઓ અનાથ અને ઘરબારવગરનાં માણસોની પેઠે કંદમૂલ અને ફળફૂલ ખાઇને ક્ષુધાની નિવૃત્તિ કરતાં હતાં અને વૃક્ષોની સાથે બાંધેલા ટોપલામાં બેસીને હિંચકા ખાતાં હતાં. આ અવસ્થા જોયા છતાં પણ મહારાણા પ્રતાપસિંહનું સાહસ કમી થતું નહોતું.

ક્રમશઃ વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહની વીરતા, ધીરતા, સહનશીલતા તથા મહાન શકિતના સમાચાર શહેનશાહ અકબરના સાંભળવામાં આવ્યા. અકબરે વારંવાર રાણાજીની પ્રશંસા કરી; તથાપિ સાંભળેલી વાતનું સત્યાસત્ય જાણવાને માટે અકબરે પ્રતાપસિંહના ગૂઢ નિવાસસ્થાનમાં એક ગુપ્ત-દૂત મોકલ્યો. આ ગુપ્તચરે ત્યાં જઈ દૂર ઉભા રહીને જોયું તો નિમ્નલિખિત દશ્ય તેના જોવામાં આવ્યું.

પ્રતાપસિંહ પોતાના સરદારો અને સામંતોથી વિંટાઇને એક પ્રચંડવૃક્ષનીચે તૃણાસનપર બેસી ભોજન કરતા હતા. વળી તેઓ યોગ્ય સરદારોને આનંદસહિત "દૂના" (રાજપ્રસાદ) આપતા હતા. જો કે

આ રાજપ્રસાદ જંગલના કંદમૂળ અને ફળનોજ હતો તથાપિ તે પ્રાપ્ત થવાથી સરદારો પોતાને કૃતાર્થ માનતા હતા. જે વખતે પ્રતાપસિંહ ઉદયપુરના મહાલયમાં રહીને સરદારોને ઉત્તમોત્તમ ભોજ્ય પદાર્થના "દૂના," આપતા હતા તે વખતે તેઓ જેવા આનંદથી તે રાજપ્રસાદ ગ્રહણ કરતા હતા, તેવાજ આનંદથી આ વખતે પણ તેઓ તેનો સ્વીકાર કરતા હતા."ઉક્ત ગુપ્તચરે પાછા દિલ્લીના દરબારમાં જઇને આ સમાચાર અકબરને કહ્યા.આ સમાચાર સાંભળી સર્વ સભાસદોના હૃદયમાં પ્રતાપસિંહપ્રત્યે અત્યંતઆદર ઉત્પન્ન થયો. સર્વજણ પ્રતાપસિંહના અસીમ મહિમાથી મુગ્ધ થઇને તેમની પ્રશંસા કરવા લાગ્યા,તે એટલેસુધી કે જે રાજપૂતોએ પોતાની કુલમર્યાદાને તિલાંજલિ આપીને દિલ્લીશ્વરના ચરણમાંઆત્મસમર્પણ કર્યું હતું,તેઓ પણ વારંવાર પ્રતાપસિંહના ગુણોની પ્રશંસા કરવા લાગ્યા. ભટ્ટગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે દિલ્લીશ્વરનો મુખ્યસામંત ખાનખાનાન[1] પ્રતાપસિંહના મહિમાપર એટલો મોહિત થઇ ગયો હતો કેતેણે નીચેનાશબ્દોમાં રાણાજીની પ્રશંસા કરી હતીઃ-"આ જગતમાં સર્વ વસ્તુઓ અનિત્ય અને ચંચળ છે.રાજ્ય અને ધન એ સર્વ પદાર્થો લોપ થઈ જનાર છે. એક મહાપુરુષની અસીમ કીર્તિજ સદા અમર રહેશે. પ્રતાપસિંહે પોતાનું રાજ્ય, ધન, ઇત્યાદિ સર્વ પદાર્થોનો ત્યાગ કર્યો છે; પરંતુ તેમણે કદિ કોઇની આગળ પોતાનું શિર ઝુકાવ્યું નથી. ભારતવર્ષના સર્વ રાજકુમારોમાં કેવળ તેઓજ પોતાના પવિત્ર ક્ષત્રિયકુલના ગૌરવની રક્ષા કરી શકયા છે. "

મોટી મોટી વિપત્તિઓમાં આવી પડયા છતાં પણ પ્રતાપસિંહનો ઉત્સાહ નાશ પામ્યો નહોતો; પરંતુ જેમને તેઓ પ્રાણથી અધિક પ્રિય ગણતા હતા, જેમના સન્માનની રક્ષા કરવાને માટે તેઓ મોટાં મોટાં કષ્ટો પણ સહન કરી શકતા હતા,તેમની અત્યંત દુર્દશા જોઇને કદિ કદિ તેઓ ઉન્મત્ત થઇ જતા હતા. પ્રતાપસિંહનાં રાણી વીચ જંગલમાં રાણાજીથી છૂટાં પડયાં હતાં.તેમના પ્રાણપ્રિય કુમારો રાજ-સુખ ભોગવવાને બદલે કંદમૂલ અને ફળ ખાઇને પ્રાણ ધારણ કરતા હતા. દુર્ભાગ્યવશાત્ કોઇ કોઇ વખત તેમને કંદમૂલ તથા ફળના પણ વાખા પડતા હતા અને કદિ કદિ તે પ્રાપ્ત થયા છતાં તેમને ભોજન કરવાનો સમય મળતો નહોતો.કઠોર મોગલોએ તેમની એવી રીતે પૂંઠ પકડી હતી કે એક દિવસે પાંચવાર ભોજન તૈયાર કરવામાં આવ્યું; પરંતુ પાંચેવાર શત્રુઓએ આવીને તેમને ઘેરી લીધા.એક વખત શત્રુઓના આક્રમણથી થોડા સમયપર્યંત કાંઇક મુક્તિ મેળવી રાણાજી સહકુટુંબ એક નિર્જનવનમાં વિશ્રામ લેતા હતા. મહારાણીએ તથા તેમની પુત્રવધુએ'મોલ'નામના ઘાસના બીજની કેટલીક રોટલી બનાવી અને તેમાંનો અર્ધો ભાગ છોકરાછોકરીઓને વહેંચી આપ્યો અને અર્ધોભાગ બીજીવારને માટે ઢાંકી રાખ્યો. રાણા પ્રતાપસિંહ નિકટમાં તૃણશય્યાપર પડીને પોતાના દુર્ભાગ્ય તથા ભારતવર્ષની ભાવીદુર્દશાસંબંધે વિચાર કરી રહ્યા હતા;એટલામાં તેઓ પોતાની એક કુમારીનું મર્મભેદક રોદન સાંભળી સ્તબ્ધ થઈ ગયા.તત્કાલ તેમનું લક્ષ તે બાલિકાની માગણી તરફ ખેંચાયું.તે રોતી કુમારીની દુર્દશા જોઇને તેમનું હૃદય ફાટી ગયું. એક જંગલી બિલાડો તે કન્યાની અર્ધી રોટલી લઇને નાસી ગયો હતો,તેથી તે બાલિકા રોતી હતી.

પ્રતાપસિંહનું મસ્તક ફરી ગયું. તેમને ચારે તરફ અંધકાર દૃષ્ટિગોચર થવા લાગ્યો.આ ઘટના પહેલાં તેમનું સાહસ અને નિશ્ચય કિંચિત્ પણ કમી થયાં નહોતાં.ભયંકર સમરભૂમિમાં તેમના પ્રિય પુત્રોએ અને કુટુંબીજનોએ તેમની સમીપેજ સ્વદેશને માટે યુદ્ધ કરતાં કરતાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યા છતાં તેઓ કિંચિત્ પણ વ્યાકુલ થયા નહોતા. તેઓ જાણતા હતા કે કર્તવ્ય કરવાને માટેજ મનુષ્યનો જન્મ થાય છે; તો પછી પુત્રો અને મિત્રોના દેહ સ્વકર્તવ્યનું પાલન કરતા કરતા સમરભૂમિમાં પડે તો તેમાં દુઃખની વાત શું છે ?

વીરકેસરી પ્રતાપસિંહ આવા દૃઢહૃદયના અને ઉચ્ચ નિશ્ચયના હોવા છતાં આજે ભોજનના અભાવથી પ્રાણપ્રિય કન્યાને રોતી જોઇને તેમનું અંતઃકરણ એકાએક અધીર બની ગયું, તેમની મનોવૃત્તિ ચંચલ થઈ ગઇ અને તેઓ પોકારી ઉઠયા કેઃ-"જો આ પ્રકારની પીડા સહીને રાજમર્યાદાની-કુળમર્યાદાની રક્ષા કરવી પડે તો તે મર્યાદાને સોવાર ધિક્કાર હો." આવા આવા વિચાર કરીને થોડા દિવસ પછી પ્રતાપસિંહે આ પીડા દૂર કરવાને માટે સંધિની પ્રાર્થનાનો એક પત્ર અકબરપર મોકલી આપ્યો.

પ્રતાપસિંહનો ઉક્ત પ્રાર્થનાપત્ર પ્રાપ્ત થતાંજ અકબરના આનંદનો પાર રહ્યો નહિ.આ હર્ષનો

1 બહેરામખાંના પુત્ર મીરઝાખાંને "ખાનખાનાન"ની પદવી મળી હતી. આ પદવી અતિ ઉચ્ચ કોટીની ગણાય છે.

ઉભરો બતાવવાને માટે તેણે પોતાના રાજ્યમાં નૃત્ય,ગાયન અને ઉત્સવો કરાવવા માંડયા.ઘેરે ઘેર આનંદ-સૂચક વાજાં વાગવા લાગ્યાં. મોગલકુલનાં આબાલવૃદ્ધ સર્વ અત્યંત આનંદમાં નિમગ્ન થઇ ગયાં. પાદશાહ અકબરે અત્યંત હર્ષિત થઇને પ્રતાપસિંહનો ઉક્ત પત્ર પૃથ્વીરાજ નામના એક સામંતને બતાવ્યો.

પૃથ્વીરાજ બિકાનેરના રાજાના કનિષ્ઠ ભ્રાતા હતા.આ વખતે તેઓ અકબરના દરબારમાં તેના સામંતતરિકે વિરાજતા હતા.જે વર્ષમાં (બ૦ સ૦ ૧૫૧૫ માં) રાઠોડવીર જોધરાવે મંદોરથી પોતાના વસાવેલા જોધપુરમાં મારવાડનું સિંહાસન લઇ જઇને ત્યાં તે સ્થાપિત કર્યું, તેજ વર્ષમાં તેના એક પુત્ર બિકાજીએ મારવાડમાં બિકાનેર નામનું શહેર વસાવ્યું હતું.બિકાજીના વંશજોએ પોતાના પરાક્રમના પ્રભાવથી અલ્પ સમયમાં બિકાનેરના રાજ્યને ઉન્નતિના શિખરપર ચડાવી દીધું હતું;પરંતુ એ શહેર વિસ્તૃત અને અવરોધહીન મરુભૂમિમાં આવેલું હોવાથી ત્યાંના રાજા રાયસિંહે પણ પોતાના સ્વામી મારવાડના અધિપતિ માલદેવની પેઠે ઘૃણિત ઉદાહરણ દર્શાવ્યું હતું. પૃથ્વીરાજ ઉક્ત રાજાનાજ ભ્રાતા હતા.જો કે દુર્ભાગ્ય-વશાત્ તેઓ મોગલોના પંજામાં સપડાયા હતા; તોપણ તેમનું હૃદય અસીમ વીરતા,મહાનતા અને સ્વદેશ-પ્રેમથી પ્રકાશિત હતું.તેઓ માત્ર એક વીરજ નહોતા; પરંતુ એક ઉત્તમકવિ પણ હતા. આ તેજસ્વી ગુણોથી ભૂષિત હોવાને લીધે તેઓ પોતાની તેજસ્વિની કવિતાદ્વારા મનુષ્યનું હૃદય ઉન્માદિત કરી શકતા હતા; અર્થાત્ તેઓ વીર પણ હતા અને કવિ પણ હતા. તથા રાજસ્થાનમાં આ ઉભય ગુણોને માટે તેઓ સુપ્રસિદ્ધ હતા.ઉત્તમ કાવ્યો રચીને તેમણે રાજસ્થાનના સર્વ ભટ્ટકવિઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો.પ્રતાપસિંહની વીરતા,ઉદારતા તથા માહાત્મ્ય જાણીને રાજપુતકવિ પૃથ્વીરાજ બાલ્યાવસ્થાથી તેમને પુજનીય દેવ ગણતા હતા. આથીજ્યારે તેમના સાંભળવામાં આવ્યું કે રાણાજીએ સંધિ કરવાની માગણી કરી છે ત્યારે તેમને અત્યંત કષ્ટ થયું. ચિંતાનો વિષમય દંશ લાગવાથી તેમના હૃદયમાં અતીવ પીડા થવા લાગી.પ્રતાપસિંહે પોતે આ પ્રાર્થનાપત્ર મોકલ્યો હોય તે વિષે તેઓ શંકાશીલ બન્યા. પૃથ્વીરાજે પોતાની આ ભાવિક સરલતા અને નીડરતા સાથે શહેનશાહને કહ્યું:-"આ પત્ર પ્રતાપસિંહનો નથી.હું તેમને સારી રીતે ઓળખું છું. જો આપ આપનો રાજમુકુટ પણ તેમના મસ્તકપર મૂકી દો તોપણ તે દિલ્લીના તખ્તની આગળ શિર ઝુકાવનાર નથી." પછી પૃથ્વીરાજે પાદશાહની આજ્ઞાથી એક પત્ર લખ્યો[૧] અને તેને એક દૂતના હાથમાં આપી રાણાજીની પાસે જવાની આજ્ઞા કરી. આ પત્રમાં પૃથ્વીરાજે પ્રતાપસિંહને "આપ શા કારણથી પાદશાહની આગળ શિર ઝુકાવવા માગો છો?" એવો પ્રશ્ન કર્યો હતો. વળી તેમાં એક બીજો બોધ પણ ગુપ્ત રીતે આપવામાં આવ્યો હતો.પૃથ્વીરાજે પ્રતાપસિંહને આ અપમાનથી બચવાને માટે અનુરોધ કર્યો હતો.આ પત્રમાંની કવિતા એટલી તો તેજસ્વિની અને હૃદયગ્રાહિણી છે કે આજપર્યંત પણ રાજપુતો તેને વાંચીને આનંદનિમગ્ન થાય છે. પાઠકોની જાણને માટે આ પત્ર નીચે ઉદ્ધૃત કરવામાં આવે છેઃ-

" હિંદુઓની સર્વ આશા અને વિશ્વાસ હિંદુઓ ઉપરજ નિર્ભર છે;તથાપિ મહારાણા તે સર્વને તિલાંજલિ આપવાને તત્પર થયા છે. જો પ્રતાપસિંહ ન હોત તો અકબર સર્વને સમાન ભૂમિકાપર લાવી

---

૧ પૃથ્વીરાજના પત્રની સંપૂર્ણ નકલ ઉપલબ્ધ થતી નથી; પરંતુ ઠાકુર પૂર્ણસિંહજીલિખિત 'મેવાડનો ઇતિહાસ' એ નામના પુસ્તકના ૧૭૩ મા પૃષ્ઠમાં કેટલાક દોહા,સોરઠા આવેલા છે. તે અત્રે સાદર કરવામાં આવે છેઃ-

સોરઠા—અકબર સમદ અથાહ, સૂરાપણ ભરિયો સજલ; મેવાડો તિન માહિં, પોયણ ફૂલ પ્રતાપસી. ૧
અકબર એકણ બાર, દાગલકી સારી દુની; અણદાગલ અસવાર રહિયો, રાણ પ્રતાપસી. ૨
અકબર ઘોર અંધાર, ઊંઘાણા હિંદુ અવર; જાગે જુગ દાતાર, પોહરે રાણ પ્રતાપસી. ૩
હિંદુપતિ પરતાપ, પતિ રાખો હિંદુઆણરી; સહે વિપત્તિ સંતાપ, સત્ય શપથ કર આપણી. ૪
ચોથો ચીતોડાહ, બાંટો બાજંતી તણું; દીસે મેવાડાહ, તો શિર રાણ પ્રતાપસી. ૫
ચમ્પો ચિતોડાહ, પોરસતણો પ્રતાપસી; સોરભ અકબરશાહ, અડિયલ આ ભડિયા નહિ. ૬
પાતલખાગ પ્રમાણ, સાચી સાંગાહરતણી; રહી સદા લગરાણ, અકબરસૂં ઊભી અણી. ૭
દોહા—માઇ જણુ અહડા જણા, જહડા રાણ પ્રતાપ; અકબર સૂતો ઓઝકે, જાણ સિરાણે સાંપ. ૮
સોરઠા—રાખો અકબરિયાહ, તેજ તિહારો તુરકડા; નમ નમ નીસરિયાહ, રાણ વિના સહ રાવજી. ૯
સહ ગાવડિયેં સાથ, યેકણ વાડે બાડિયાં; રાણા ન માની નાથ, તાડે રાણ પ્રતાપસી. ૧૦
સોયો સો સંસાર, અસુરપ ઢોલે ઊપરે; જાગે જગ દાતાર, પોહરે રાણ પ્રતાપસી. ૧૧
દોહા—ઘર વાંકી દિન પાંતરા, મરદ ન મૂકે માણ; ઘણે નરિન્દ્ર ઘેરિયા, રહે ગિરેન્દાં રાણ. ૧૨

મૂક્ત; કારણ કે આપણા રાજાલોકો જાતીયવીરતા ખોઇ બેઠા છે. આપણી સ્ત્રીઓનું પવિત્ર સતીત્વ, સન્માન અને ગૌરવ નષ્ટ થયું છે. રાજપૂતકુલરૂપી વિશાળ બજારમાં કેવળ અકબરજ ક્રેતા(ખરીદદાર) છે. કેવળ ઉદયસિંહના પુત્રસિવાય સર્વને પાદશાહે ખરીદી લીધા છે; પરંતુ પ્રતાપસિંહ અમૂલ્ય છે. એવો કયો સાચો રાજપૂતબચ્ચો છે કે જે નૌરોઝને માટે પોતાના કુળની મર્યાદાનો ત્યાગ કરે ? તથાપિ અનેક રાજપૂતોએ તેમ કર્યું છે. ક્ષત્રિયોના સર્વ કિંમતી પદાર્થો વેચાઇ ગયા છે, તો શું હવે ચિતોડ પણ તે હાટમાં વેચાવાને આવશે ? રાજ્ય, ધન, સુખ, સંપત્તિ સર્વને પત્તે[1] છોડી દીધાં; તથાપિ તેમણે અદ્યાપિ પોતાનું અમૂલ્ય ધન ત્યજ્યું નથી. એવા તો અનેક છે કે જે નિરુપાય અને અસહાય થઇને આ બજારમાં આવી પોતાનાં નેત્રોથી પોતાનું અપમાન જુએ છે. કેવળ હમ્મીરના વંશજોજ આ અપમાનથી દૂર રહી શક્યા છે. જગતના લોકો પ્રશ્ન કરે છે કે પ્રતાપસિંહ આ અપમાનથી શી રીતે દૂર રહી શક્યા છે ? પોતાની સમશેર અને મહાપ્રતિજ્ઞાના બળવડે તેમણે ક્ષત્રિયકુળગૌરવની ઉત્તમ પ્રકારે રક્ષા કરી છે. મનુષ્યોની પેંઠ (બજાર) નો આ વ્યાપારી કાંઇ ચિરંજીવી તો છેજ નહિ. તેને એક દિવસ આ લોકમાંથી જવું તો પડશેજ. અમારા કુળના ગૌરવનો ભાર તે સમયે પ્રતાપસિંહના હાથમાંજ સોંપાશે અને તે સમયે અમારાં ત્યજી દાધેલાં ક્ષેત્રોમાં પ્રતાપસિંહજ રાજપૂતબીજને વાવશે, જેથી અમારી કુળમર્યાદાની રક્ષા થશે અને તેની પવિત્રતા ઝળકવા લાગશે; માટે સર્વ લોકો ઉત્કંઠાસહિત પ્રતાપસિંહની તરફ અનિમિષ નેત્રે જોઇ રહ્યા છે."

રાહોડવીર પૃથ્વીરાજની તેજસ્વિની કવિતાવાળો પત્ર વાંચીને પ્રતાપસિંહ પ્રચંડ ઉત્સાહથી ઉત્સાહિત બની ગયા. જાણે દશહજાર રાજપૂતોએ આવીને તેમને સહાય કરી ન હોય તેવો આનંદ તેમને થયો. પત્રમાંની કવિતાના પ્રકાશિત પ્રભાવથી ક્ષીણ પ્રતાપસિંહનું હૃદય પુનઃ નવીન બળથી બળવાન બની ગયું અને તેઓ પોતાનું ભીષણ કાર્ય પાર પાડવાને માટે પુનઃ તત્પર થઇ ગયા. જ્યારે સમગ્ર હિંદુઓ સ્વદેશ-ગૌરવના રક્ષણાર્થે પ્રતાપસિંહના મુખ તરફ જોઈ રહ્યા છે, ત્યારે શું પ્રતાપસિંહ નિશ્ચિંત રહી શકે ?

" એવો કયો સાચો રાજપૂતબચ્ચો છે કે જે નૌરોઝને માટે પોતાના કુળની મર્યાદાનો ત્યાગ કરે ?" આ ગૂઢ વાકયમાં અંતર્ભૂત થયેલા " નૌરોઝ "શબ્દના ગુહ્ય અર્થનો પ્રકાશ કરવો અત્રે અત્યંત આવશ્યક છે. જે સમયે ભગવાન ભાસ્કર મેષરાશિમાં પ્રવેશ કરે છે, તે સમયે પૌર્વાત્ય મુસલમાનો "નૌરોઝ" (વર્ષનો નવો દિવસ)નો ઉત્સવ કરે છે; પરંતુ વીરવર પૃથ્વીરાજે પોતાના પત્રમાં તે અર્થમાં " નૌરોઝ " શબ્દનો ઉપયોગ કર્યો નથી. પંડિતવર અબુલફઝલનો ઇતિહાસ વાંચવાથી " નૌરોઝ" શબ્દનો અર્થ સમજાશે.

આ ' નૌરોઝ ' વર્ષનો નવો દિવસ નથી; પરંતુ એક બીજો ઉત્સવ છે. અકબરે સ્વયં આ ઉત્સવની સ્થાપના કરી હતી અને પોતાની ઇચ્છાનુસાર તેણે તેને 'ખુશરોઝ' (આનંદનો દિવસ) એવું નામ આપ્યું હતું. પ્રતિમાસનો મુખ્ય ઉત્સવ થઇ ગયા પછી નવમા દિવસે ઉક્ત "નૌરોઝ"નો ઉત્સવ થતો હતો. આ આનંદ દિવસ મુસલમાનોનો એક પ્રસિદ્ધ ઉત્સવ છે. મોગલસામ્રાજ્યની સર્વ રૈયત તે દિવસે પરમાનંદમાં નિમગ્ન રહેતી હતી. દુઃખ અથવા વિષાદની કાલિમા કોઇના પણ વદનમંડલપર રહેતી નહોતી. તે દિવસે રાજદરબારમાં જવાને કોઇને પ્રતિરોધ નહોતો. બેગમસાહિબા પણ દરબારમાં ભારે ઠાઠમાઠથી વિરાજમાન થતી હતી. પ્રતિષ્ઠિત મુસલમાનો અને રાજપૂતસામંતોની સ્ત્રીઓ પણ તે દિવસે દરબારમાં આવતી હતી. વળી આ ખુશરોઝ બીજી એક વાતને માટે પણ પ્રસિદ્ધ હતો. આ પ્રસંગે રાજમંદિરના એક ગુપ્તસ્થાનમાં એક મેળો ભરવામાં આવતો હતો. આ મેળામાં પુરુષો પ્રવેશ કરી શકતા નહોતા—માત્ર સ્ત્રીઓજ જઇ શકતી હતી. રાજપૂત અને મુસલમાન વ્યાપારીઓની સ્ત્રીઓ અનેક દેશોની કારીગીરીના પદાર્થો લાવીને આ મેળામાં વેચવા બેસતી હતી.[2] અને રાજકુટુંબની સ્ત્રીઓ ત્યાં જઇને પોતાને પસંદ પડે તે પદાર્થો ખરીદતી હતી.

૧ પ્રતાપસિંહને પ્રચલિત ભાષામાં ' પત્ત ' કહેવામાં આવતા હતા.

૨ રાજકુળમાં ઉત્પન્ન થયેલા પુરુષો તથા સ્ત્રીઓ કારીગરી બનાવીને આ પ્રદર્શનમાં લાવતાં હતાં. તેઓ તેને વેચીને પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કરતાં હતાં. ઘણા લોકો આ વાત જાણતા નહિ હોય કે એશિયા ખંડના અનેક રાજાઓ અનેક પ્રકારનાં કારીગરીનાં કામો કરતા હતા. ઉદાહરણતરિકે અમે એમનાં નામ આપીશું. ઔરંગઝેબ ટોપીઓ બનાવીને નૌરોઝના મેળામાં વેચતો હતો. આ ધંધામાંથી તેને જે દ્રવ્ય પ્રાપ્ત થતું હતું તે ફક્તજ તેની અંત્યેષ્ટિ-

અબુલફઝલ લખે છે કેઃ–" પાદશાહ પણ વેષ બદલીને ત્યાં જતો અને અહીં તહીં ભ્રમણ કરતો. આ વખતે તે વ્યાપારના પદાર્થોનું યથાર્થ મૂલ્ય તથા રાજા અને રાજકર્મચારીઓવિષે પ્રજામત કેવો છે તે જાણી લેતો. "

પ્રત્યેક બુદ્ધિમાન પાઠક આ વાત સારીપેઠે સમજી શકશે કે આ ઉત્સવના મૂળમાં એક પ્રકારની કુપ્રવૃત્તિનું બીજ ગુપ્તરીતે રહેલું હતું. ચાલાક અબુલફઝલે અકબરને પ્રાપ્ત થતી આ દુરભિસંધિને એક બીજું સ્વરૂપ આપી જગતની આંખમાં ધુળ નાખવાની ચેષ્ટા કરી છે; પરંતુ આનંદની વાત છે કે તેની આ ચેષ્ટા ફળીભૂત થઇ નથી. સમયના અસીમ માહાત્મ્યથી સત્યનો પ્રકાશ આપોઆપ પ્રકટ થઇ ગયો. શું અકબર સર્વ ભાષાઓનો જ્ઞાતા હતો ? વારૂ, અભણમુસલમાન અને રાજપૂત-સ્ત્રીઓ જે કઠિન અને મિશ્રભાષામાં વાર્તાલાપ કરતી હતી, તે સમજીને શું અકબર તેદ્વારા પ્રજામત જાણી શકતો હતો ? કોઇપણ બુદ્ધિવાન પાઠક ચાલાક અબુલફઝલના ચાતુર્યથી ભ્રમમાં પડી શિર ઝુકાવી પ્રસન્ન હૃદયથી તેની એ વાત સ્વીકારશે નહિ અને અકબરની આ કુપ્રવૃત્તિને ધન્યવાદ આપશે નહિ. જેને સાધારણ જ્ઞાન છે, જે સારાસારનો વિચાર કરી શકે છે, તે અવશ્ય આ વાતનો સ્વીકાર કરશે કે અકબરે પોતાની દુર્વાસના તૃપ્ત કરવાને માટેજ આ અનર્થકારક " નૌરોઝ " નો ઉત્સવ પ્રસ્થાપિત કર્યો હતો. આ પાપમય " નૌરોઝ " ના ઉત્સવમાં અનેક રાજપૂતકુળોની પવિત્ર મર્યાદા કલંકિત થઈ છે, અનેક અભાગી રાજપૂતબાળાઓને લાચાર થઇ યવનના હાથે પોતાનું સતીત્વ નષ્ટ થવા દેવું પડયું છે. ભટ્ટ-લોકોના કાવ્યગ્રંથોમાં આ ગુપ્ત અત્યાચારોનું વર્ણન ઉત્તમ પ્રકારે કરવામાં આવ્યું છે. રાઠોડવીર પૃથ્વીરાજે આજ " નૌરોઝ " વિષે પોતાના પત્રમાં નિર્દેશ કર્યો છે.

જે અકબરે " જગદ્‌ગુરુ " " દિલ્લીશ્વરો વા જગદીશ્વરો વા " ઈત્યાદિ પવિત્ર અને સન્માન સૂચક ઉપાધિઓ પ્રાપ્ત કરી હતી, ઇતિહાસ જેને ઉત્તમ પ્રજાપાલક કહે છે, મુસલમાન ઇતિહાસવેત્તાઓ જેને સત્યનો ભંડાર, ધર્માત્મા અને વિશુદ્ધહૃદય નૃપતિ કહીને વંદન કરે છે, તે અકબર–તેજ ભુવન-વિદિત ' ધર્મધુરંધર અકબર ' પોતાની પ્રભુતાનો દુરુપયોગ કરીને ખરાબ અને નિંદિતમાર્ગમાં ભ્રમણ કરતો હતો. ઉપલી વાતપર શ્રદ્ધા રાખતાં અમે અચકાઇએ છીએ, તે વાતનો વિચાર કરવાથી અમારૂં હૃદય વારંવાર કંપાયમાન થાય છે. દુર્ભાગ્યતરંગમાં ફસાઇને અનેક રાજપૂતોએ પોતાની સ્વાધીનતા જે પાદશાહને વેચી દીધી હતી તે પાદશાહ રાજધર્મના મસ્તકપર ચરણપ્રહાર કરી મૂર્ખ મનુષ્યની પેઠે કામવિમૂઢ થઇને રાજપુતોની પ્રાણપ્રિય પત્નીઓનું સતીત્વ લૂંટતો હતો; આ વાતનું જ્યારે સ્મરણ થાય છે, ત્યારે તેને ભારતનો ઉત્તમ સમ્રાટ, મોગલકુલતિલક અને "જગદ્‌ગુરુ " શી રીતે કહી શકીએ એવો પ્રશ્ન હૃદયમાં ઉદ્‌ભૂત થાય છે. આ વાતનું સ્મરણ થતાં તો તેને કપટ, સ્વાર્થપરાયણતા અને વિશ્વાસઘાતકતાનો મૂર્તિમંત પિશાચજ કહેવાની ઇચ્છા થાય છે. પાદશાહના આ પાપમય " નૌરોઝ" ના ઉત્સવમાં કેટલાં પવિત્ર રાજકુલોને કલંક લાગ્યું હતું તેની ગણત્રી થઇ શકે તેમ નથી. ફક્ત બિકા-નેરના રાજકુમાર પૃથ્વીરાજની ભાર્યાએજ પોતાની અસીમ વીરતા અને ધર્મબળના પ્રભાવથી આ દારુણ અને શોચનીય કલંકથી પોતાની કુલમર્યાદાની રક્ષા કરી હતી. પૃથ્વીરાજની ભાર્યા પવિત્ર સિસોદીઆ-કુળમાં જન્મી હતી. તે વીરવર શક્તસિંહની પુત્રી હતી. આ વીરબાળા પ્રતિષ્ઠિત વંશમાં ઉત્પન્ન થયેલી હોવાથી અત્યંત ગુણવાન હતી. આ વીરલલના જેવી સર્વાંગસુંદર રમણી તે સમયે રાજ-સ્થાનમાં કોઇકજ દૃષ્ટિગોચર થતી હતી. કુમાર પૃથ્વીરાજને મહા પુણ્યબળથી આવી ભાર્યા પ્રાપ્ત થઇ હતી એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.

---

ક્રિયા કરવામાં આવી હતી. મહમદ ખીલજી પણ ખાનગી ધંધો કરતો હતો. એમ કહેવાય છે કે તે સાહિત્યનો વ્ય-વસાય કરતો હતો. તેના હસ્તાક્ષર પરમ મનોહર હતા. તે ગ્રંથ લખીને પોતાના અમીરઉમરાવોને વેચી દેતો અને આ રીતે પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કરતો. એક વખત આ પાદશાહ પોતાના અમીરઉમરાવોની સાથે બેસીને નજમ નામના ફારસી પુસ્તકની નકલ કરતો હતો. આ વખતે તે સભામાં બેઠેલા એક મુલ્લાંએ ફક્ત પુસ્તકમાંની એક ટુક કાઢી નાખી તેને બદલે પોતાની બનાવેલી એક ટુક દાખલ કરવાની પ્રાર્થના કરી. પાદશાહે તત્કાળ તે પ્રમાણે કર્યું; પરંતુ જ્યારે તે મુલ્લાં સભામાંથી ઉઠીને ચાલ્યો ગયો ત્યારે તેણે તે ટુક છેકી નાખી. એક અમીરે પાદશા-હને આમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે પ્રત્યુત્તર આપ્યો કેઃ " એક મિથ્યાભિમાની પંડિતની શેર ( ટુક ) દાખલ કરી પુસ્તકને કલંક લગાડવા કરતાં અક્ષરની સુંદરતામાં કલંક આવવા દેવું એ ઘણે અંશે સારું છે. "

દુર્ભાગ્યવશાત્ પૃથ્વીરાજ જો કે અકબરના આશ્રિત થયા હતા; તેમનાં સુખદુઃખ અકબરપરજ નિર્ભર હતાં; તોપણ તેમને અકબરનો પ્રસાદ પ્રાપ્ત કરવાની લોલુપતા નહોતી; અને તેમણે અકબરને શિર પણ ઝુકાવ્યું નહોતું. સર્વગુણસંપન્ન ભાર્યાના પવિત્ર પ્રેમાલાપથી તેઓ પરાધીનતાનું સર્વ દુઃખ વિસરી ગયા હતા. તેમની ભાર્યાની સર્વાંગસુંદરતા તથા સર્વગુણસંપન્નતાનું પ્રમાણ નિમ્નલિખિત ઘટનાપરથી પ્રતીત થાય છે. આ વૃત્તાંતથી તે વીરબાળાના અદ્ભુત સતીત્વની પરાકાષ્ઠા પ્રતીત થશે.

એક વખત દિલ્હીશ્વર અકબર "ખુશરોઝ" ના બજારમાં ગુપ્તવેશે ભ્રમણ કરતો હતો. એવામાં પૃથ્વીરાજની સ્ત્રીની સ્વર્ગીય સુંદરતાનું પ્રતિબિંબ તેનાં નેત્રોમાં પડયું. આ અપૂર્વ રૂપલાવણ્ય જોઇને પાદશાહ એકદમ મોહિત થઇ ગયો. તે ચિત્રવત્ સ્થિર અને સ્તબ્ધ રહીને અનિમિષનેત્રે તે રૂપસુધાનું પાન કરવા લાગ્યો. દિલ્હીશ્વરના હૃદયમાં પાપવૃત્તિ બળવતી થઇ. તે વિશ્રામભવનમાં આવીને પોતાનો મનોરથ પૂર્ણ કરવાની સંધિ શોધવા લાગ્યો. તેની ઘૃણિત પાશવવૃત્તિ ઉશ્કેરાઇ આવવાનાં બે મુખ્ય કારણો હતાં. એક તો પોતાની કામવાસના તૃપ્ત કરવી અને બીજું મેવાડના કુલમાં કલંક લગાડવું. આ ઉભય ઉદ્દેશો સિદ્ધ કરવાને માટે મોગલસમ્રાટ ચાતુરીથી ઉક્ત સુંદરીને હસ્તગત કરવાની ચેષ્ટા કરવા લાગ્યો. રક્ષકજ ભક્ષકનું કાર્ય કરવાને તત્પર થયો. જેના ઉપર સર્વ પ્રજાનાં સુખદુઃખ, ધર્માધર્મ, જીવન, મૃત્યુ–એ સકલ નિર્ભર હતાં, તેજ આજે નિષ્ઠુર અને કઠોર થઇને પાશવ આચરણ કરવાને તત્પર થયો હતો. જેને સાક્ષાત્ ધર્મનો અવતાર કહીને પૂજવામાં આવતો હતો તેજ આજે અધર્માચરણ કરવાને પ્રવૃત્ત થયો હતો. આ ભીષણ સંકટ–આ દારુણ વિપત્તિ–આ કઠોરકસોટીના સમયમાં પ્રતિવ્રતાના સતીત્વની રક્ષા કોણ કરશે?

બજાર ઉઠયા પછી પૃથ્વીરાજની લાવણ્યમયી પત્નીએ મેળામાંથી સ્વગૃહતરફ જવાનો વિચાર કર્યો. જે માર્ગથી તે સદા આવજા કરતી હતી તેજ માર્ગદ્વારા તે જવાને નીકળી. થોડીવાર ચાલ્યા પછી તેને જણાયું કે સર્વ દ્વારો બંધ છે; બહાર જવાનો બીજો કોઈ માર્ગ નથી. તે અત્યંત વિસ્મિત થઈ, ક્રમશઃ તેના હૃદયમાં અનેક પ્રકારના સંદેહો ઉદ્ભૂત થવા લાગ્યા. એકાએક એક તરફનું દ્વાર ખુલી ગયું અને તે દ્વારા દિલ્હીશ્વર અકબર ધીમે ધીમે ચાલ્યો આવ્યો. તે કામોન્મત્તભાવથી પોતાના ઉભય હાથ પ્રસારી તેની સામે ખડો રહ્યો અને અનેક પ્રકારની વાતો કહીને તે વીરબાળાને લાલચ દેખાડવા લાગ્યો. દારુણ ક્રોધથી સતીનું મસ્તક ફરી ગયું. તેણે તત્કાળ પોતાની કમરમાંથી એક કટારી કહાડી અને તેને અકબરની છાતીપર રાખીને કહ્યું કેઃ–"પ્રભુના નામથી શપથ લે કે, હું આજ પછી કોઇ રાજપૂતકુલને કલંક લગાડવાની ઇચ્છા કરીશ નહિ. આ શપથ લે, નહિ તો હમણાં આ તીક્ષ્ણ કટાર તારા હૃદયના રુધિરથી સ્નાન કરશે." રાજપૂતસતીનું આ અદ્ભુત સાહસ જોઇને પાદશાહ ચિત્રવત્ સ્તબ્ધ રહી ગયો. જાણે તેનાપર વજ્રાઘાત થયો હોય તેમ તે ભયથી થરથર કંપવા લાગ્યો. તેની પાપવૃત્તિ કોણ જાણે ક્યાંય ચાલી ગઈ. તેના મોહાંધ હૃદયમાં જ્ઞાનનો સંચાર થયો. પાદશાહે તરતજ તે વીરબાળાની આજ્ઞાનું પાલન કર્યું. ભટ્ટલોકોના ગ્રંથોમાં એવો કલ્પનામિશ્રિત ઉલ્લેખ છે કે તે વખતે મેવાડની અધિષ્ઠાત્રી માતા તે અધમ વિલાસભવનમાં વ્યાઘ્રપર આરૂઢ થઇને પહોંચી ગઈ હતી અને તેણેજ પાતિવ્રત્યના રક્ષણને માટે તે વીરબાળાના હૃદયમાં સાહસ ઉત્પન્ન કર્યું હતું અને તેના કરકમળમાં કટાર આપી હતી. આ રાજપૂતસતીના અસીમ સાહસ અને પરમ વિશુદ્ધ ચરિત્રના સંબંધમાં ભટ્ટલોકોના ગ્રંથોમાં અનેક પ્રકારનાં સુંદર સુંદર ઉપાખ્યાનો ઉપલબ્ધ થાય છે. દુર્ભાગ્યવશાત્ પૃથ્વીરાજના જ્યેષ્ઠ ભ્રાતા રાયસિંહને આવી ગુણવતી ભાર્યા પ્રાપ્ત થઇ નહોતી. સતીત્વપ્રત્યે તેને થોડો આદર હોવાથી અથવા કાયરતાથી, તે અકબરે બતાવેલી લાલચમાં ફસાઇ ગઇ હતી. તે જ્યારે અમૂલ્ય સ્વર્ગીયરત્ન વેચીને બદલામાં સાધારણ સ્થુલ રત્નાભૂષણ લઈ પતિને ઘેર પાછી ગઇ ત્યારે તેજસ્વી પૃથ્વીરાજે મર્મભેદક વાણીથી પોતાના જ્યેષ્ઠ ભ્રાતાને કહ્યું કેઃ–"સુવર્ણ અને મણિના અલંકારોથી પાપી શરીરને મંડિત કરી મનોરંજક વાણીદ્વારા ચારે દિશાઓને પ્રતિધ્વનિત કરતી આપની પ્રાણપ્રિયા ગૃહલક્ષ્મી પાછી ઘેર આવે છે; પરંતુ બંધુ! આ શું? આપના ભૂષણરૂપ દાઢી અને મૂછ કોણે ચોરી લીધી?"[1]

---

1 દાઢી અને મૂછને રાજપૂતો ગૌરવનું ચિન્હ માને છે.

પુણ્યશ્લોક પ્રતાપસિંહના જીવનચરિત્રનું દિગ્દર્શન કરતાં અમારે પ્રયોજનવશાત્ "નૌરોઝ" નું વર્ણન કરવું પડયું. હવે અમે પુનઃ પ્રતાપસિંહની અમરકીર્તિનું વર્ણન કરવાને પ્રવૃત્ત થઇએ છીએ.

પૃથ્વીરાજની તેજસ્વિની કવિતા વાંચી વીરકેસરી પ્રતાપસિંહને નવું જીવન પ્રાપ્ત થઇ ગયું. તેઓ મહા પ્રચંડશત્રુઓના અત્યાચારનો બદલો લેવાની તૈયારી કરવા લાગ્યા. આણીતરફ મુસલમાન સેનાપતિઓ પ્રતાપસિંહને વિજીત ગણીને અત્યાનંદથી ઉત્સવ કરવા લગ્યા હતા. આ રીતે શત્રુઓ આનંદમાં નિમગ્ન હતા એવામાં પ્રતાપસિંહે પોતાની સેનાસાથે તેમનાપર આક્રમણ કર્યું. અનેક જણ માર્યા ગયા, અનેક જીવ લઇને નાઠા; પરંતુ આથી રાણાજીને કાંઈ લાભ થયો નહિ. જે મુસલમાનસેના મારી ગઇ તેના બદલામાં તેથી બમણી, ત્રણગણી સેના દિલ્હીથી આવી. યવનોની સંખ્યા દિનપ્રતિદિન વૃદ્ધિંગત થવા લાગી. પ્રતાપસિંહનું મસ્તક પુનઃ ઉન્નત થયેલું જોઇને મુસલમાનો પુનઃ પર્વતની ગુફામાં અને જંગલે જંગલે તેમની પૂંઠ પકડવા લાગ્યા; પરંતુ કોઇ તેમના એક વાળને પણ સ્પર્શ કરી શકયું નહિ. તેઓ પોતાનાં ગુપ્તસ્થાનમાં છુપાઇ રહેતા અને સુયોગ તથા અનુકૂળતા પ્રાપ્ત થતાં નાની નાની મોગલસેનાપર છાપા મારી જડમૂળથી તેનો સંહાર કરતા હતા આ પ્રકારે દીર્ઘકાળ વ્યતીત થઈ ગયો. નિરાહાર, અર્ધાહાર તથા અનિદ્રાનો કઠોર ક્લેશ સહન કરીને પણ વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહે દીર્ઘકાળપર્યંત મુસલમાનોની સામે યુદ્ધ કર્યું. ક્રમે ક્રમે તેમનાં સાધનો ખૂટવા લાગ્યાં.તેઓ જે કંદમૂળ, ફળ, વૃક્ષપત્રો,તૃણબીજ વગેરે પદાર્થોનું ભક્ષણ કરીને જેમ તેમ પોતાનો નિર્વાહ કરતા હતા, તે પદાર્થો પણ ધીમે ધીમે ખૂટતા ગયા. વૃક્ષોપર ફળ રહ્યાં નહિ; કંદમૂલ પૂરાં થયાં; તૃણરાજિમાં બીજનું નામ રહ્યું નહિ. હવે શું કરવું? શું હવે ભોજનવિના પશુવત્ મરવું પડશે! મરવામાં તો કાંઇ હાનિ નથી; કારણ કે મૃત્યુ તો સર્વ પ્રાણીને માટે સરજાએલું જ છે; પરંતુ દુર્દશામાં મરવું ! ભોજનવિના મરવું ? અફસોસ ! આ ચિંતા પ્રતાપસિંહનું હૃદય ફોલી ખાતી હતી, પરંતુ તેમણે જે **'स्वर्गादपि गरीयसी'** માતૃભૂમિને માટે આટલા દિવસપર્યંત ઘોર કષ્ટ સહન કરીને શત્રુઓની સામે દારુણ યુદ્ધ કર્યાં અને જે જન્મભૂમિને મનુષ્યોના રુધિરથી સ્નાન કરાવ્યું, તે જન્મભૂમિની શી અવસ્થા થશે? જે ઉદ્દેશથી તેમણે પોતાના રાજ્યને સ્મશાનવત્ બનાવી દીર્ઘકાળપર્યંત વનવાસનો કઠોર ક્લેશ સહન કર્યો હતો, તે ઉદ્દેશ શું સફળ થયો છે? તેમની અર્ધાંગના પણ કષ્ટ અને દારુણ ચિંતાથી હીન,દીન, ક્ષીણ અને દુર્બળ બની ગઇ હતી. તેમના પુત્રો તથા પુત્રીઓને સારી રીતે આહાર નહિ મળવાથી તેઓ પણ ક્ષીણ થઇ ગયાં હતાં. આવી અવસ્થામાં રાણાજી કયાંસુધી શત્રુઓની સામે બાથ ભીડી શકે?સર્વ સહાય બંધ થઈ અને હવે સ્વાધીનતાનો પણ નાશ થવાનો વારો આવ્યો. જે સ્વાધીનતાની રક્ષાને માટે અત્યારસુધી તેમણે આટલાં બધાં કષ્ટો સહન કર્યાં હતાં તે સ્વાધીનતા જો નષ્ટ થાય તો પછી બીજી શી વસ્તુ તેમની પાસે રહે? બાપ્પારાવલના પવિત્રકુલમાં કલંક લાગવાનો વખત આવી પહોંચ્યો હતો. આથી બીજો કાંઇ ઉપાય નહિ જડવાથી વીરકેસરી પ્રતાપસિંહે સ્વદેશનો ત્યાગ કરી , જન્મભૂમિને તિલાંજલિ આપી. મોહમાયા છોડી સિંધુનદીના કિનારાપર આવેલાં શગદીરાજ્યમાં પોતાનો ઝુંડો રોપવાનો નિશ્ચય કર્યો. પ્રવાસની સર્વ તૈયારીઓ કરવામાં આવી. જે સરદારો સુખ, દુઃખ, સંપદ્વિપદમાં મહારાણાની સાથે રહ્યા હતા તેઓ સર્વ આ વખતે પણ તેમની સાથે જવાને તૈયાર થઇ ગયા. આ સરદારોને તથા પોતાનાં પત્ની, પુત્ર, પુત્રી વગેરેને પોતાની સાથે લઇને પ્રતાપસિંહ શોકસહિત અરવલ્લીના શિખરપર ચઢયા. તેમણે સદાને માટે એક વાર મનની તૃપ્તિ થાય ત્યાંસુધી ચિતોડનાં દર્શન કરવાને માટે તે તરફ દૃષ્ટિપાત કર્યો. આ વખતે તેમના શોકાચ્છન્ન હૃદયમાં અનેક ચિંતાઓ અને અનેક વિષાદોના તરંગો ઉદ્‌ભવીને લય પામવા લાગ્યા. તેમણે વિચાર કર્યો કે "હવે કદાચ મારા જીવનમાં ચિતોડનો ઉદ્ધાર થઈ શકશે નહિ. અમરાવતીસમાન મેવાડભૂમિમાંથી અમે શત્રુઓને દૂર કરી શકીશું નહિ. બાલ્યાવસ્થાની લીલાભૂમિ ! જીવનાધાર આશાના વિલાસક્ષેત્રરૂપ પવિત્ર મેવાડભૂમિ! હવે મારી આ અંતિમ વિદાય છે." આ પ્રકારની અનેક ચિંતાઓ રાણાજીના હૃદયને વ્યાકુળ કરવા લાગી. આ ચિંતાઓના આઘાતથી તેમનું હૃદય છિન્નભિન્ન થઇ ગયું; પરંતુ અલ્પકાળમાં વિધાતાની અપૂર્વ કૃપાથી તેમની સર્વ ચિંતાઓ એકદમ નિવૃત્ત થઇ ગઇ. સૌભાગ્યલક્ષ્મીએ હવે શીઘ્ર પ્રસન્નમૂર્તિ ધારણ કરીને ભારતના આ અનુપમ મહાવીરને પોતાનાં ખોળામાં લઇ લીધા.

રાણાજીને પોતાની જન્મભૂમિમાંથી વિદાય લેવાની જરૂર પડી નહિ. અરવલ્લીના શિખરપરથી ઉતરીને તેઓ મરુભૂમિની સીમાપર આવ્યા, તે વખતે તેમના પરમ વિશ્વાસુ મંત્રી ભામાશાએ અસીમ ધનરાશિ (ધનનો ઢગલો) મહારાણાને સમર્પણ કરી દીધો.એકલા ભામાશાએજ આ વિપુલ ધન ઉપાર્જિત કર્યું નહોતું. તેમના પૂર્વજો અનેક પેઢીઓથી મેવાડના મંત્રી થતા આવ્યા હતા, તે સર્વનો આ ધનરાશિમાં હિસ્સો હતો. સચિવ ભામાશાએ આ ધન લાવી પ્રતાપસિંહના ચરણોમાં સમર્પણ કર્યું. આ ધન એટલું બધું વિપુલ હતું કે જેથી બાર વર્ષપર્યંત પચ્ચીસ હજાર સૈનિકોનો નિર્વાહ થઇ શકે. આ મહાન ઉપકારને લીધે ભામાશા "મેવાડના ઉદ્ધારક" કહેવાયા છે.આ વિપુલ સહાય મળવાથી મહારાણા પ્રતાપસિંહે પોતાના સરદારો અને સામંતોને એકત્રિત કર્યા અને તેઓ અલ્પ કાળમાંજ જે રીતે ક્રોધિત કેસરી પોતાના શિકારપર તૂટી પડે છે, તે પ્રમાણે મોગલસેનાપતિ શાહબાઝખાં ઉપર તૂટી પડયા. પ્રતાપસિંહને શિથિલ જોઇને મોગલોએ ધાર્યું હતું કે તેઓ મારવાડ તરફ નાસી ગયા છે; પરંતુ શીઘ્ર તેમના આ આનંદસ્વપ્નનો નાશ થયો.મોગલસેનાપતિ શાહબાઝખાં દેવીર નામના સ્થાનપર છાવણી નાખીને પડયો હતો અને નિશ્ચિંત બનીને પોતાના દિવસો નિર્ગમન કરતો હતો; પરંતુ એટલામાં પ્રતાપસિંહનો ભયંકર સિંહનાદ તેના સાંભળવામાં આવ્યો.બાણુ લાગવાથી સૂતેલો સિંહ જે પ્રમાણે પ્રચંડ બળથી આક્રમણ કરનાર ઉપર તૂટી પડે છે, તેજ પ્રમાણે વીરેન્દ્ર પ્રતાપસિંહે અમર્યાદ વીરતાથી મોગલોને ઘેરી લીધા. દેવીરના મેદાનમાં દીર્ઘકાળપર્યંત ઉભય સેનાઓની વચ્ચે દારુણ યુદ્ધ થયું. બલથી ગર્વિત બનેલો શાહબાઝખાં દેવીરના યુદ્ધમાં પોતાના અનેક માણસોની સાથે પ્રતાપસિંહના હસ્તથી માર્યો ગયો.અનેક યવનો સમરભૂમિમાંથી જીવ લઇને આમેર નામના સ્થાને નાસી ગયા. આ સ્થાને યવનોની બીજી સેના પડાવ નાખીને પડેલી હતી. પ્રતાપસિંહ આ નાઠેલા યવનોની પૂંઠ પકડીને ઉક્ત સ્થાનપર પહોંચી ગયા અને ત્યાંના સર્વ સૈનિકોનો સંહાર કરી નાખ્યો. આ સમાચાર સાંભળી મોગલોને અત્યંત ગભરાટ થયો અને તેઓ પ્રતાપસિંહને તેમની સેના સાથે પકડીને કેદ કરવાનો વિચાર કરવા લાગ્યા. દિલ્લીમાં પ્રતાપસિંહને પાદાક્રાંત કરવા માટે સેનાની તૈયારી કરવામાં આવતી હતી એવામાં રાણાજીએ કમલમેરમાં પડેલી મોગલસેનાને ઘેરી લીધી અને તેના સેનાપતિ અબદુલ્લાને તેના સમસ્ત દલસહિત મારી નાખ્યો. આ પ્રકારે અલ્પ સમયમાંજ આ વીરે ૩૨ કિલ્લાઓ પોતાના સ્વાધીનમાં લીધા. આ બત્રીસ કિલ્લાઓમાંજેટલા મુસલમાનો હતા, તે સર્વ રાણાજીના હાથથી માર્યા ગયા. આ પ્રકારે પ્રતાપસિંહે અલ્પકાળમાં ચિતોડ, અજમેર અને મંડલગઢ સિવાયની સમસ્ત મેવાડભૂમિ હસ્તગત કરી લીધી. જે માનસિંહ પ્રતાપસિંહનો ભયંકર શત્રુ હતો, જેના દ્વેષથી તેમને આટલું બધું કષ્ટ સહન કરવું પડયું હતું અને મોટી મોટી વિપત્તિઓ ભોગવવી પડી હતી, જેને પોતાના હાથથી મારવાને માટે પ્રતાપસિંહે પોતાના જીવનની મમતા એકવાર છોડી દીધી હતી, તે રાજપૂતકુલકલંક, સ્વદેશદ્રોહી માનસિંહને વિજયગૌરવથી ઉન્મત્ત થઇને નિશ્ચિત બેઠેલો જોઈ પ્રતાપસિંહને ક્રોધ ઉછળી આવ્યો અને તેને સ્વદેશદ્રોહનું પ્રતિફલ સારીરીતે આપવાને માટે તેમણે અંબરના રાજ્યપર આક્રમણ કર્યું તથા ત્યાંના સુપ્રસિદ્ધ વાણિજ્યસ્થાન માલપુરનો નાશ કરીને તેઓ પોતાના રાજ્યમાં પાછા ચાલ્યા આવ્યા.

તેમણે થોડા વખતમાં ઉદયપુરને પણ પોતાના અધિકારમાં લઈ લીધું. આ નગર જીતવામાં રાણાજીને અધિક પરિશ્રમ કરવો પડયો નહિ. શત્રુગણ સંગ્રામ કર્યાવિનાજ ઉદયપુરમાંથી પલાયન કરી ગયા. કેટલાકો એમ કહે છે કે જ્યારે પ્રતાપસિંહે ઉદયપુરની આસપાસના પ્રદેશમાં પોતાનો અધિકાર પ્રસ્થાપિત કર્યો, ત્યારે પાદશાહના માણસો નિરુપાય બની તે નગર છોડીને ચાલ્યા ગયા; પરંતુ ભટ્ટગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે પ્રતાપસિંહનો અપૂર્વ પ્રતાપ, સાહસ, વીરત્વ અને અસીમ ઉત્સાહ જોઇને પાદશાહના હૃદયમાં દયાનો સંચાર થયો અને તેણે કરુણા ધારણ કરી રાણાજીને દુઃખ દેવાનો વિચાર છોડી દીધો.

પાદશાહે અનુગ્રહ કરીને પ્રતાપસિંહને શાંતિ ભોગવવા દીધી; પરંતુ શું રાણાજી આ કાર્યથી પ્રસન્ન થઇ શકે? શું તેમને સુખ અને શાંતિ ભોગવવાની સ્થિતિ પ્રાપ્ત થઈ હતી? મેવાડભૂમિને શ્મશાનવત્ બનાવીને અકબર સુખે દિલ્લીમાં રાજ્ય કરતો હતો. શું આ રાણાજીને માટે આનંદની વાત હતી? તેમના મનમાં સતત આ વિચાર આવ્યા કરતો હતો કેઃ-" શત્રુઓને તેમના અન્યાયનો બદલો હજી સારીરીતે આપવામાં આવ્યો નથી, જે ઉદ્દેશથી રાજ્યદ્રવ્ય સર્વ છોડીને જંગલેજંગલ ભ્રમણ કરીને આટલું

દુઃખ સહન કર્યું છે, તે ઉદ્દેશ શું ફળીભૂત થયો છે ?" આ ચિંતા સદા તેમની શાંતિ હરી લેતી હતી. સ્વદેશનો ઉદ્ધાર કરવાને માટે જો પ્રતાપસિંહને જીવનપર્યંત શત્રુની સાથે યુદ્ધ કરવાનું હોત તો-પણ તેઓ એમ કરતાં જરાપણ ગભરાત નહિ. પ્રતાપસિંહને સ્વપ્નમાં પણ વિચાર આવ્યો નહોતો કે જે શત્રુએ મને આટલા દિવસ સુધી સતાવ્યો, જેણે મેવાડભૂમિમાં વીસ હજાર રાજપૂતોનું રુધિર વહેવરાવ્યું તે અંતે યુદ્ધ બંધ કરી દેશે અને પોતાનાં માણસોને મેવાડમાંથી બોલાવી લેશે. હજી ચિતોડદુર્ગ જીતવાનો બાકી હતો. આ મનોરથ પૂર્ણ નહિ થવાથી તેમના શોકની સીમા રહી નહિ. મનની આશા મનમાંજ રહી ગઇ. ચિતોડનો ઉદ્ધાર થયો નહિ, પ્રતાપસિંહ પ્રચંડશત્રુઓને દંડ આપી શકયા નહિ. જે ચિતોડ તેમના પૂર્વજોનું પ્રાચીન નિવાસસ્થાન હતું, જે સ્થાનમાં તેઓએ પ્રાયઃ સહસ્રવર્ષપર્યંત અખંડ પ્રતાપથી રાજશાસન ચલાવ્યું હતું, તેજ ચિતોડ આજે પ્રતાપના અધિકારથી અલિપ્ત હતું, તેજ ચિતોડ આજે તેમની દૃષ્ટિથી દૂર થઇ ગયું હતું. આ દારુણ ચિંતા રાતદિન રાણાજીના રકતનું શોષણ કરતી હતી. કોઇ કોઈ વખત તો તેઓ અત્યંત વ્યાકુળ થઇ જતા હતા. અકબરની એવી માન્યતા હતી કે મેં દયા કરીને યુદ્ધ બંધ કર્યું છે, તેથી પ્રતાપસિંહ સંતુષ્ટ થશે; પરંતુ આ પ્રમાણે માનવામાં અકબરની ભૂલ હતી. અકબરે યુદ્ધ બંધ કરી દીધું તેથી પ્રતાપસિંહને હર્ષને બદલે મહાશોક થયો. શત્રુનો અનુગ્રહ જેટલો કોમળ હોય છે, તેટલોજ તે વીરના હૃદયમાં સાલે છે. અકબર જો જન્મ-પર્યંત પ્રતાપસિંહને યુદ્ધની પીડા આપત તો તેઓ ક્ષણભર પણ દુઃખિત થાત નહિ; પરંતુ શત્રુના આ અનુગ્રહથી-આ મૃદુ પુષ્પના પ્રહારથી તેઓ અત્યંત વ્યાકુલ થયા અને અકબરને તથા અનર્થકારક રાજસન્માનને સહસ્રવાર ધિક્કાર આપવા લાગ્યા.

પ્રતાપસિંહ હવે વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂકયા હતા, તેમને ઘડપણ જલદી પ્રાપ્ત થયું. યુવા-વસ્થાનો સંપૂર્ણ ઉત્સાહ ઘડપણમાં લુપ્ત થયો. જીવનની આ અવસ્થામાં અન્ય મનુષ્યને કેવા પ્રકારનાં સુખદુઃખ મળે છે, તે અમે કહી શકતા નથી; પરંતુ વીરચૂડામણિ પ્રતાપસિંહને તો આ અવસ્થામાં લેશ પણ સુખ મળ્યું નહિ. ચિંતા, કલેશ અને સંસારનાં કઠોર કષ્ટોના પ્રહારથી પ્રતાપસિંહને જલ્દી ઘડપણ પ્રાપ્ત થયું. તેમના સમગ્ર અંગોમાં શસ્ત્રોનાં ચિન્હ હતાં, તેમનું હૃદય ચિંતાગ્નિથી સતત બળતું હતું. શરીર દુર્બળ થતું ગયું તોપણ હૃદય તો તેજસ્વીજ રહ્યું. જે એક વખતે તેજસ્વિની આશાના મોહકમંત્રથી ઉત્સાહિત થઇને સંસારરૂપી વનમાં પ્રબળ માતંગની પેઠે ઘુમતા હતા તે હવે શિથિલ બની ગયા છે. તેમની આશા ફળવતી થઇ નહિ; તથાપિ તેઓ તેને છોડી શકયા નહિ. ચિતોડનો ઉદ્ધાર તેમનાથી થયો નહિ, તે છતાંપણ તેનો ઉદ્ધાર કરવાની આશા તેમના હૃદયમાંથી નષ્ટ થઇ નહિ. ઉદયપુરમાં ઉંચા શૈલશિખરપર બેસીને તેઓ બહુધા ચિતોડના ગગન-ભેદી સ્તંભોની તરફ અનિમિષનેત્રે જોયા કરતા. ચિતોડના વિજયી પુરુષોએ વિજય પ્રાપ્ત કરીને તેના સ્મારકતરિકે ઉકત સ્તંભો બંધાવ્યા હતા. શત્રુઓના હાથમાંથી તેમને બચાવવાને માટે અનેક ગિહલોત વીરોએ પોતાનાં હૃદયનું રુધિર અર્પણ કર્યું હતું; પરંતુ "મેં શું કર્યું? કઠોર ઉદ્યોગ અને ભીષણ પરિશ્રમ કર્યો તથા હજારો કષ્ટ સહન કર્યાં, પણ ચિતોડનો ઉદ્ધાર કરી શકયો નહિ" આ ભયંકર ચિંતાથી પ્રતાપસિંહ દિનરાત વ્યાકુલ રહેતા હતા. તેઓ એકાગ્રચિત્તે ચિતોડના ઉચ્ચ કોટ અને જયસ્થંભોનાં દર્શન કર્યા કરતા. અનેક વિચારો ઉત્પન્ન થઇને તેમના હૃદયને ડામાડોળ કરી નાખતા. આ વિચારોના ભયંકર પ્રહારથી કદિ તેઓ ઉન્માદિત બની જતા, કદિ તેઓ ઉત્તેજિત બનતા અને કોઇ કોઇ વખત થોડીવાર સુધી બેભાન બની જતા. આ ભયંકર ચિંતામાં ને ચિંતામાં તેઓ વધુ અને વધુ નિકટ જતા ચાલ્યા.

ભટ્ટલોકોના ગ્રંથોમાં નીચે પ્રમાણે એક ઉલ્લેખ છે. એક વખત ગ્રીષ્મઋતુમાં સંધ્યાસમયે પ્રતાપસિંહ ઉચ્ચ શૈલશિખરપર બેસીને એકાગ્રચિત્તે ઉક્ત સ્તંભો તરફ જોતા હતા, સૂર્ય ભગવાન આખો દિવસ પરિભ્રમણ કરી કરીને પરિશ્રમિત થયેલા હોવાથી અસ્તાચલપર આરોહણ કરી રહ્યા હતા, તેમની રક્ત કિરણમાલા નાનાં નાનાં વાદળોમાં વિસ્તરિત થઇને અનિર્વચનીય શોભા આપી રહી હતી અને અનંત ગગનનું આ મનોહર ચિત્ર ચિતોડના ઉચ્ચ કોટપર, સ્તંભના શિખરપર અને નીચેના ભૂમિપ્રદેશ-પર પડીને અધિક મનોહર દેખાતું હતું. રાણાજીએ કિરણમાળાના રક્તવર્ણથી રંજિત થયેલા ચિતોડદુર્ગને

અને તેના સ્તંભરાશિને અનિમિષનેત્રે જોતા હતા; પરંતુ તેઓ પ્રકૃતિનું આ સૌંદર્ય જોતા નહોતા.તેમનાં નેત્રો ખુલ્લાં તો રહેતાં, પણ તેઓ પોતાનું કર્તવ્ય બજાવતાં નહોતાં.તેમની દૃષ્ટિ બંધ થઇ ગઇ હતી, તેમનાં અંતર્ચક્ષુ ખુલ્યાં હતાં અને તેઓ બાહ્યસંસારને છોડીને અનંતજીવનનું વિશાળ ચિત્ર જોઇ રહ્યા હતા.બાહ્યનેત્રો ભૌતિક બાધા અને સ્થૂલજગતના પડદાને ભેદીને ઉંડાણમાં ઉતરી શકતાં નથી;પરંતુ અંતર્ચક્ષુની ગતિ કોણ રોકી શકે છે ? પ્રતાપસિંહનાં બાહ્યનેત્રો ચિતોડપર લાગ્યાં હતાં;પરંતુ તેઓ અંતર્ચક્ષુદ્વારા અનંત અંતર્જગતનાં અનેક ચિત્રો અને ઘટનાઓ જોઈ રહ્યા હતા.તેમણે અંતર્ચક્ષુદ્વારા જોયું કે યુવક બાપ્પારાવળે મૌર્યવંશી માનરાજાના મસ્તકપરથી રત્નમંડિત રાજમુકુટ ઉતારીને પોતાના મસ્તકપર ધારણ કર્યો.તેમણે હેમમંડિત "છેંગી" પણ પોતાના શિરપર ધારણ કરી. તદુપરાંત વીરકેસરી સમરસિંહ યવનોના હાથમાંથી ભારતમાતાનો ઉદ્ધાર કરવાને માટે તૈયાર થયા અને દેશરક્ષા કરવાને માટે પોતાના પ્રાણનું બલિદાન આપીને વીરવર પૃથ્વીરાજની સાથે દૃષદ્વતીને કિનારે અનંતનિદ્રામાં શયન કરી ગયા;એટલામાં ક્યાંકથી કાળી અંધકારમય ઘટા આવીને ચિતોડપર છવાઇ ગઈ. આ નિબિડ મેઘમાલાને છિન્નભિન્ન કરીને ચિતોડની અધિષ્ઠાત્રી દેવીની દીપ્તિમાન મૂર્તિ ચિતોડના ઉચ્ચશિખરપર વિરાજમાન થઇ. અકસ્માત્ ભયંકર સિંહનાદથી સમગ્ર મેવાડભૂમિ કંપાયમાન થઈ ગઇ. આ વિકટ ધ્વનિનો પ્રતિધ્વનિ કરીને રાણા લક્ષ્મણસિંહના બાર પુત્રોએ હૃદયનું રુધિર સમર્પણ કરી ચામુંડાદેવીનું ભયંકર ખપ્પર પૂર્ણ કર્યું. ક્રમશઃ આ ભયંકર ચિત્ર અધિક ભયંકર થઇ ગયું;એટલામાં દેવલપતિ વાઘજી, વીરવર જયમલ,પત્તે, પત્તેની માતા અને તેની વીરવધૂએ પ્રચંડ રણતુરંગપર સ્વાર થઇને રણરૂપી સમુદ્રમાં ડુબકી મારી.પછી સહસા ચિતોડનો ચૈતન્યભાવ લુપ્ત થઇ ગયો અને અનેક કાળી કરાલ ઘટાઓએ મેવાડને સંપૂર્ણતઃ છાઈ દીધું. આ મેઘમાલાને લક્ષાવધિ વિદ્યુત્કિરણથી છિન્નભિન્ન કરીને ચિતોડની અધિષ્ઠાત્રી દેવી ચામુંડા કરુણામય શબ્દ કરતી ચિતોડનો ત્યાગ કરી ગઇ.તેના ગયા પછી અંધકાર ઘણો વધી ગયો. જોતજોતામાં નિર્બલહૃદય ઉદયસિંહ સ્વાધીનતાની લીલાભૂમિ ચિતોડદુર્ગનો ત્યાગ કરીને નાસી ગયો.આ વખતે પ્રકૃતિ નિસ્તેજ જણાવા લાગી અને ચારે તરફ દારુણ હાહાકાર વર્તી રહ્યો. જાણે પ્રલયકાળ આવી પહોંચ્યો હોય તેવો ભાસ થવા લાગ્યો. વિસ્મય,શોક અને માનસિક કષ્ટથી પીડિત થઇને પ્રતાપસિંહ થરથર કંપવા લાગ્યા.ઉક્ત સર્વ દૃશ્ય તેમની દૃષ્ટિસમીપથી ક્ષણભરમાં અદૃશ્ય થઇ ગયું.તેમને ચૈતન્ય પ્રાપ્ત થયું. વિસ્મય અને શોકથી પરિપૂર્ણ થઇને તેમણે બાહ્યજગતમાં મન પરોવ્યું. આ વખતે તેમને જણાયું કે સૂર્યભગવાન છુપાઇ જવાની અણીપર છે અને શ્યામ મેઘમાલાઓથી સમસ્ત જગત છવાઈ ગયું છે.પવન ભયંકર રીતે ફુંકાય છે. આ ભયંકર પવનના પ્રચંડ પ્રહારથી મેઘમાલા છિન્નભિન્ન થઇ વારંવાર વિદ્યુત્પ્રકાશ ફેલાવતી આકાશના એક ભાગપરથી બીજા ભાગપર દોડી રહી છે. અર્ધજાગૃત, અર્ધનિદ્રિત અવસ્થામાં નિહાળેલું સ્વપ્ન લય પામ્યા પછી પ્રતાપસિંહ પુનઃ શુદ્ધિમાં આવ્યા અને તેમણે તે સ્વપ્નવિષે વિચાર કર્યો કે તરતજ તેમના મનમાં નવી નવી ચિંતાઓનો ઉદ્ભવ થયો. શત્રુઓપર વૈર લેવાની તેમની પ્રબળ આકાંક્ષા જાગૃત થઇ, ક્રોધથી તેમનું શરીર કંપી ઉઠયું અને તેઓ પોતાની જાતને ઘણો ધિક્કાર દેવા લાગ્યા. તેઓ ક્રોધથી દાંત કચકચાવી, ઉન્મત્ત જેવા બની ભયંકર સિંહનાદ કરી ઉઠયા. શત્રુએ દયા કરીને યુદ્ધ બંધ કર્યું; પરંતુ શું પ્રતાપસિંહ જેવો વીરપુરુષ આવો દયાભાવ સહન કરી શકે ! યવનોની દયાનો વિચાર આવતાં રાણાજીના હૃદયમાં જે કઠોર પીડા થતી હતી, તે ખરેખર અવર્ણનીય હતી.એના કરતાં તો શત્રુઓ ઉપહાસ, ઘૃણા અથવા અત્યાચાર કરતા હોય તો તે સારૂં એમ પ્રતાપસિંહને લાગતું.ખરેખર અત્યંત ભીષણ અત્યાચાર કરતાં કુસુમપ્રહાર વધુ ભયંકર હોય છે.વીરશિરોમણિ પ્રતાપસિંહ પીડાદાયક બાણશય્યાપર યુગોના યુગો સુધી શયન કરી શક્યા હોત;પરંતુ શત્રુનો અનુગ્રહ તેમનાથી એક ક્ષણભર પણ સહન થઈ શકતો નહોતો.

એ દિવસે વીરચૂડામણિ પ્રતાપસિંહના હૃદયમાં જે ઘાવ લાગ્યો તેની પીડા કોઇ પણ પ્રકારે નિવૃત્ત થઈ નહિ. દિવસાનુદિવસ તેમનું દુઃખ વૃદ્ધિંગતજ થતું ગયું.તેમનું હૃદય છિન્નભિન્ન થઇ ગયું. જે હૃદય એક વખતે અત્યંત કઠોર પીડા સહન કર્યા છતાં પણ અક્ષુબ્ધ રહી શકતું હતું,તેના આજે ટુકડે ટુકડા થઇ ગયા. આ ચૂર્ણવિચૂર્ણ હૃદયની સાથે પ્રતાપસિંહ આ સંસારમાં ઝાઝા દિવસ સુધી

રહી શક્યા નહિ. તેઓ પોતાના જીવનના મધ્યાહ્નકાળમાંજ આ લોકનો ત્યાગ કરીને ચાલ્યા ગયા. તેમના અંતકાળનું વૃત્તાંત વાંચવાથી પાષાણ પણ પીગળી જાય, તો પછી મનુષ્યની આંખમાંથી અશ્રુધારા પડે એમાં તો આશ્ચર્યજ શું છે? તેઓ જે પ્રકારે અલૌકિક વીરતા અને મહત્તા સાથે જીવ્યા હતા, તેજ પ્રકારે તેઓ અદ્દ્ભુત વીરત્વ અને મહત્તાની સાથે મરણ પામ્યા. તેઓ ખરેખર ક્ષત્રિયોના ગૌરવ અને માહાત્મ્યના આદર્શ હતા. રાજકુલમાં જન્મ લેનાર કોઇ પણ મનુષ્યને તેમના જેવાં સંકટો સહન કરવાં પડયાં નહિ હોય. તેમની પેઠે કોઇએ પણ દીર્ઘકાળપર્યંત ભયંકર સંકટો અને વિઘ્નો સહન કરીને શત્રુની સામે યુદ્ધ કર્યું નથી. કોઇએ પણ તેમના જેવો સ્વદેશાનુરાગ, સ્વજાતિપ્રેમ અને સ્વાર્થત્યાગ દર્શાવ્યો નથી. આ કારણથીજ તેમને "પ્રતાપદેવ" કહેવામાં આવ્યા છે. ખરેખર તેઓ મનુષ્યયોનિમાં સાક્ષાત્ દેવજ હતા. મુસલમાનોના ગ્રાસમાંથી આ અભાગિની ભારતભૂમિનો ઉદ્ધાર કરવા, હતભાગી આર્ય-જાતિના અધઃપતનનો પ્રતીકાર કરવા અને પ્રાણાર્પણનું પ્રકાશિત ઉદાહરણ જગતને બતાવવા માટેજ આ પાપમય સંસારમાં પ્રતાપસિંહનો જન્મ થયો હતો; નહિ તો એક ઉત્તમ રાજકુલમાં જન્મ લઇ વૈભવ અને સૌભાગ્યસંપત્તિના અધિકારી હોવા છતાં સ્વેચ્છાથી રાજ્યસુખને કોણે તિલાંજલિ આપી છે? એવો કોણ થયો છે કે જેણે વિશાલરાજ્યના અધીશ્વર હોવા છતાંપણ પોતાનાં કુળગૌરવ અને ટેકને માટે દીન ભિક્ષુકની પેઠે જંગલો અને પર્વતની ગુફાઓમાં, દુર્ગમ ગિરિમાર્ગો અને તપ્તરેતીનાં રણોમાં બરાબર પચ્ચીસ વર્ષપર્યંત પરિભ્રમણ કર્યું હોય?

ઉત્તમોત્તમ મહાલયો છોડીને રાણા પ્રતાપસિંહે પેશોલાસરોવરના તટપર કેટલીક પર્ણકુટીઓ બંધાવી હતી.[૧] આ પર્ણકુટીઓમાંજ પોતાના સર્વ સરદારોનીસાથે રહીને રાણાજી કાળનિર્ગમન કરતા હતા. આજે અંતકાળે પણ મહારાણા તેમાંની એક સાધારણ પર્ણકુટીમાં સૂતા છે અને કઠોર કાળની આજ્ઞાની વાટ જોઇ રહ્યા છે. વિશ્વાસુ સરદારો તેમની આસપાસ બેઠા છે અને મહારાણાની પ્રકૃતિ તપાસે છે; એટલામાં મહારાણાનું સમગ્ર શરીર કંપાયમાન થયું અને તેમના ગળામાંથી દીર્ઘ શ્વાસ નીકળ્યો. આ સમયે સમસ્ત સરદારો અત્યંત દુઃખિત થયા અને તેમની આંખમાંથી અશ્રુધારા ચાલવા લાગી. થોડી વાર પછી સાલુમ્બ્રાપતિએ મહારાણાને પૂછ્યું:-"મહારાજ! કયા દારુણદુઃખથી આપનો પવિત્ર આત્મા દુઃખી થઈ રહ્યો છે? આપની શાંતિનો ભંગ શાથી થયો છે?" ક્ષણવાર પછી રાણાજીએ ધીમે ધીમે ઉત્તર આપ્યો:-"મારા પ્રિય સામંતો! હજી મારો પ્રાણ નીકળતો નથી! એ માત્ર એકજ ધૈર્યવચન સાંભળીને સુખપૂર્વક આ દેહને છોડીને ચાલ્યો જશે. આ ધૈર્યવચન આપની પાસે છે. આપ સર્વ મારી સમક્ષ પ્રતિજ્ઞા કરીને કહો કે:-'જ્યાંસુધી અમારા શરીરમાં પ્રાણ રહેશે ત્યાંસુધી અમારી માતૃભૂમિને શત્રુના હાથમાં જવા દઇશું નહિ.' આ શબ્દો સાંભળતાંજ હું સુખપૂર્વક નેત્રો બંધ કરી દઇશ. પુત્ર અમરસિંહ અમારા પૂર્વજોના ગૌરવનું રક્ષણ કરી શકનાર નથી. એ મુસલમાનોના ગ્રાસમાંથી માતૃભૂમિનું રક્ષણ કરી શકનાર નથી. એ વિલાસી છે, માટે એ કષ્ટ સહન કરી શકશે નહિ." આ પ્રમાણે બોલતાં બોલતાં મહારાણાનું પીળું વદન ગંભીર બની ગયું અને પછી તેમણે અમરસિંહની બાલ્યાવસ્થાની એકાદ બે વાતો કહી સંભળાવી. તેઓ બોલ્યા:-"એકવાર કુમાર અમરસિંહ આ નીચી કુટીરમાં પ્રવેશ કરતી વખત પોતાના મસ્તકની પાઘડી ઉતારવી ભૂલી ગયો હતો; આથી તેની પાઘડી દ્વારના વાંસમાં ભેરવાઇને નીચે પડી ગઇ. અમરસિંહે લેશ પણ વિચાર કર્યો નહિ અને બીજે દિવસે તેણે મને કહ્યું કે:-'આ સ્થળે મોટા મોટા મહાલયો બંધાવી દો.' આ વાત કરતાં કરતાં પ્રતાપસિંહનું વદન પૂર્વ કરતાં પણ અધિક ગંભીર બની ગયું. તેમણે પુનઃ દીર્ઘશ્વાસ લીધો અને બોલ્યા:-"અહીંઆં આ કુટીઓને બદલે રમણીય મહાલયો બની જશે. મેવાડની દુર્દશા ભૂલી જઇને અમરસિંહ અહીંઆં અનેક પ્રકારના ભોગવિલાસ કરશે. તેનાથી આ કઠોરવ્રતનું પાલન થશે નહિ. અફસોસ! અમરસિંહ વિલાસી હોવાથી સિસોદીઆકુલનું ગૌરવ અને માતૃભૂમિની સ્વાધીનતા નાશ પામશે. જે ઉદ્દેશ સાધ્ય કરવાને માટે મેં પચ્ચીસ વર્ષપર્યંત જંગલે જંગલે અને પહાડે પહાડે સતત ભ્રમણ

૧ આ પર્ણકુટીઓને બદલે હાલમાં આ સરોવરના તટપર સંગેમરમરના મહાલયો શોભી રહ્યા છે. આ મહાલયો મેવાડની અધોગતિના સમયમાં બંધાવવામાં આવ્યા હતા. અધોગતિના સમયમાં પણ આવા મહાલયો બંધાવી શકાયા તે પરથી વિદિત થાય છે કે મેવાડની સંપત્તિ અગાધ હતી.

કરીને વનવાસના કઠોરવ્રતનું પાલન કર્યું, જેને માટે મેં સર્વ પ્રકારની સંપત્તિને તિલાંજલિ આપી, તે ઉદ્દેશ અમરસિંહથી પાર પડી શકશે નહિ. તે પોતાના સુખને માટે સ્વાધીનતાના ગૌરવને તિલાંજલિ આપશે અને તમે સર્વ એના અનર્થકારક ઉદાહરણનું અનુસરણ કરીને મેવાડના પવિત્ર અને શ્વેત યશમાં કલંક લગાડશો." પ્રતાપસિંહનાં આ વચનો પૂરાં થતાંની સાથે મેવાડના સર્વ સરદારો એકસાથે બોલી ઉઠ્યાઃ-"મહારાજ ! અમે બાપ્પારાવલના પવિત્ર સિંહાસનના સોગંદ ખાઇને કહીએ છીએ કે જ્યાંસુધી અમારામાંથી એક પણ માણસ જીવિત રહેશે, ત્યાંસુધી કોઇપણ શત્રુ મેવાડભૂમિપર અધિકાર સ્થાપિત કરી શકશે નહિ અને જ્યાંસુધી અમે મેવાડની ગયેલી સ્વાધીનતાનો સંપૂર્ણરીતે ઉદ્ધાર કરીશું નહિ, ત્યાંસુધી અમે આ કુટીરોમાં રહીશું." આ સંતોષદાયક વચનો સાંભળી રાણાજી પ્રસન્ન થયા.તેમનાં સર્વ ચિંતા, સર્વ કષ્ટ અને સર્વ શંકાઓનું નિવારણ થઇ ગયું અને તેમણે પરમ આનંદસહિત પરલોકની યાત્રા કરી. સંવત ૧૬૫૩ (ઇ૦ સ૦ ૧૫૯૭) માં રાણા પ્રતાપસિંહે આ સંસારમાંથી વિદાય લીધી.


આ રીતે ભારતના ભાગ્યાકાશમાંથી એક પ્રકાશિત નક્ષત્ર તૂટી પડ્યું. પ્રતાપસિંહના મૃત્યુના સમાચાર સાંભળી સમસ્ત ભારતભૂમિ કંપાયમાન થવા લાગી.ચારે તરફથી હૃદયવિદારક શોકધ્વનિ કર્ણગોચર થવા લાગ્યો. સર્વ આર્યો રોદન કરવા લાગ્યા; આબાલવૃદ્ધ વનિતા, શ્રીમંત, નિર્ધન, યુવક, યુવતી સર્વજણ અત્યંત રોદન કરવા લાગ્યાં. તે દુર્દિનને સેંકડો વર્ષ વ્યતીત થઇ ગયાં છે, ભારતવર્ષના વિશાળ હૃદયઉપર અનેક વિદેશી અને વિજાતીય શત્રુઓ ભીષણ ચરણપ્રહાર કરી ચૂક્યા છે, અભાગી ભારતસંતાનો અનેક કષ્ટો સહન કરી ચૂક્યાં છે; પરંતુ અદ્યાપિ મહાત્મા પ્રતાપસિંહનું નામ કોઇ ભૂલી ગયું નથી.

રાજપૂતકુલતિલક વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહનું જીવનચરિત્ર ભારતવાસીઓએ સારી રીતે વાંચવું જોઇએ અને તેનું મનન કરવું જોઇએ. જે લોકો પોતાની જાતિપ્રત્યે પ્રેમ ધરાવે છે, જે લોકો સ્વદેશ અને સ્વજાતિની હીનાવસ્થા જોઇને શોકાકુલ થાય છે, જે લોકો જન્મભૂમિનું માહાત્મ્ય જાણે છે તે સર્વ જણે વીરકેસરી પ્રતાપસિંહનું જીવનચરિત્ર વાંચવું ઉચિત છે. પ્રતાપસિંહના જેવો મહાવીર જગતના કોઇપણ દેશમાં કોઇપણ સમયે ઉત્પન્ન થયો હોય એ વિષે અમને સંપૂર્ણ સંદેહ છે. પ્રતાપસિંહની વીરતા, મહાનતા અને તેમના સ્વાર્થત્યાગનું સ્મરણ થતાં આજે પણ દીનહીન ભારતવાસીઓના હૃદયમાં એક પ્રચંડ શકિતનો ઉદ્ભવ થાય છે. જે અકબરને તે સમયમાં ભારતવર્ષનો શહેનશાહ માનવામાં આવતો હતો, જેની પ્રચંડ સેના આગળ ઝરક્ષસની મોટી સેના પણ સાધારણ ગણાતી હતી, તેજ અકબરની સામે રાજપૂતવીરવર પ્રતાપસિંહે માત્ર થોડાક સૈનિકો અને થોડાક સામંતોની સાથે બરાબર પચ્ચીસ વર્ષપર્યંત યુદ્ધ કર્યું હતું. જો મેવાડમાં એક થુસિડાઇટસ[1] અથવા જિનોફન[2] ઉત્પન્ન થયો હોત અને તેણે મેવાડનો ઇતિહાસ લખ્યો હોત તો પિલોપોનિસસના મહા સમરનું વૃત્તાંત અથવા 'દશહજારની દુર્દશા' નું શોચ-

૧ થુસિડાઇટસ નામે ગ્રીસનો એક પ્રખ્યાત ઇતિહાસકર્તા થઈ ગયો છે. એનો જન્મ ગ્રીસના ઍથેન્સ નગરમાં ક્રાઇસ્ટના જન્મપૂર્વે ૪૭૧ વર્ષપર થયો હતો. એક વખત આ ઇતિહાસવેત્તા ગ્રીસની સેનાનો સેનાપતિ હતો; પરન્તુ એકવાર તે શત્રુઓદ્વારા પરાજિત થયો તેથી રાજદંડના ભયથી સ્વદેશનો ત્યાગ કરી તેણે ૨૦ વર્ષપર્યંત અજ્ઞાતવાસ કર્યો હતો. ઇસ્વીસન પૂર્વે ૪૦૩ ના વર્ષમાં આ ઇતિહાસકાર પોતાના સ્વદેશમાં પાછો આવ્યો અને ત્યાર પછી થોડાજ દિવસોમાં તેનું મૃત્યુ થયું. "પિલોપોનીસસ"ના યુદ્ધનો પ્રથમ કાંડ પણ તેણેજ રચ્યો હતો.

૨ જિનોફન પણ ગ્રીકઇતિહાસકાર અને સેનાનાયક હતો. તે સૉક્રેટિસનો શિષ્ય હતો.જ્યારે ઈરાનના વિખ્યાત રાજા સાઇરસે પોતાના ભ્રાતાની સાથે સંગ્રામ કર્યો, ત્યારે જે દશ સહસ્ર ગ્રીકસૈનિકો સાઇરસને સહાય કરવાને ગયા હતા તેમાં આ જિનોફન પણ હતો. ઇ૦ સ૦ પૂર્વે ૪૦૧માં જ્યારે કુનાકસ નામના સ્થળે સાઇરસ પોતાના ભ્રાતાના હાથથી માર્યો ગયો ત્યારે ઉક્ત વિજયી પુરુષે નિર્દયતાપૂર્વક ગ્રીકસૈનિકોનો સંહાર કરવા માંડયો. આ સંકટના સમયમાં જિનોફન અપૂર્વ રણદક્ષતા અને અદ્ભુત રણકૌશલ્ય પ્રદર્શિત કરી શેષ દશહજાર સૈન્યને લઇને અત્યંત કષ્ટ સહન કરી રણભૂમિમાંથી નાસી ગયો હતો. એનો જન્મ ઍથેન્સ નગરમાં થયો હતો; પરંતુ જ્યારે ઍથેન્સની સાથે સ્પાર્ટાને ભીષણ યુદ્ધ થયું તે વખતે તેણે પોતાની જન્મભૂમિની વિરુદ્ધ ખડ્ગ ધારણ કર્યું હતું. એણે પુષ્કળ ગ્રંથો રચ્યા છે. તે સર્વમાં "સાઇરસની યુદ્ધયાત્રા" "સાઇરસનું જીવનચરિત્ર" અને "સૉક્રેટિસનું જીવનચરિત્ર" વિશેષ પ્રસિદ્ધ છે. "સાઇરસની યુદ્ધયાત્રા"માંજ સુપ્રસિદ્ધ "દશહજારની દુર્દશા"નું વર્ણન સવિસ્તર અને અત્યંત મનોહરભાષામાં લખવામાં આવ્યું છે.

-નીય વૃત્તાંત મેવાડના વીરોના વૃત્તાંતની બરાબરી કરી શકત નહિ. રાણા પ્રતાપસિંહ અલૌકિક વીરતા, અદ્ભુત પરાક્રમ તથા ઉત્સાહ અને સ્વદેશાનુરાગથી ભૂષિત હતા; તેથીજ તેઓ પરાક્રમી અકબરની દુરાકાંક્ષા તથા ધર્માંધતાનો પ્રતીકાર કરવાને માટે આટલા દીર્ઘકાળપર્યંત ઝુઝયા હતા. આજ કારણથી પ્રબળ પ્રયત્નો કર્યા છતાં પણ અકબર પ્રતાપસિંહનું મન પલટાવી શક્યો નહોતો. હલદીઘાટના સમરમાં મહાવીર પ્રતાપસિંહના અનુપમ ગુણો ઉત્તમ રીતે પ્રકાશિત થયા. પુણ્યતીર્થ હલદીઘાટના પહાડી પ્રદેશમાં કોઈપણ એવું સ્થાન નથી કે જે પ્રતાપસિંહની વીરતાથી ગાજી રહ્યું ન હોય. આ સંસારમાં જ્યાંસુધી વીરતાનો આદર રહેશે, જ્યાંસુધી ઇતિહાસ આર્યજાતિની ભૂતઘટનાઓનું વર્ણન કરતો રહેશે, ત્યાંસુધી પ્રતાપસિંહનાં વીરતા, માહાત્મ્ય અને ગૌરવ જગતમાં અડગ રીતે વિરાજમાન રહેશે અને ત્યાંસુધી હલ-દીઘાટ મેવાડનું થર્મોપોલી[1] તથા દેવીરક્ષેત્ર મેવાડનું મારાથૉન[2] કહેવાશે.



૧ થર્મોપોલી એ ગ્રીસદેશમાં આવેલો એક નાનો ગિરિમાર્ગ છે. આજ ગિરિમાર્ગમાં લિયોનિડાસે ઈ૦ સ૦ પૂર્વે ૪૮૦ માં કેટલાક સૈનિકોસાથે ઇરાનના બાદશાહ ઝરક્ષસની પ્રચંડ સેનાની ગતિ રોકી હતી.

૨ ગ્રીસદેશના અટિકા નામના ભાગમાં 'મારાથૉન' એક નાનું ગામ છે. પ્રસિદ્ધ ગ્રીકવીર મિલટિયાડીસે એથેન્સની સેના લઈ આ મારાથૉનના મેદાનમાં ઈરાનના બાદશાહની એક સેનાનો ઈ૦ સ૦ પૂર્વે ૪૯૦ માં સંહાર કરી નાખ્યો હતો.

# अध्याय ११ मो

**અમરસિંહનો રાજ્યાભિષેક–રાજા માનસિંહપર વિષપ્રયોગ કરતાં અકબરનું પોતાનું મૃત્યુ–પિતાની સમક્ષ કરેલી પ્રતિજ્ઞા પાળવામાં અમરસિંહની આનાકાની–સાલુમ્બ્રાસરદારનું આચરણ–અમરસિંહદ્વારા સમ્રાટ્ના સૈન્યનો પરાજય–ચિતોડમાં સુગાજી (સાગરજી) નો રાજ્યાભિષેક–સાગરજીનું અમરસિંહને ચિતોડ સમર્પણ કરી દેવું–નવીન નવીન જય–ચંદ્રવતો અને શકતવતોના માંહોમાંહેના ઝગડા–શકતાવતોની ઉત્પત્તિનું વૃત્તાંત–રાણાની વિરુદ્ધ પાદશાહના પુત્ર પર્વેજની યુદ્ધ માટેના તૈયારી–રાણાએ કરેલો તેનો પરાજય–મહોબતખાનનો પરાજય–સુલતાન ખુશરોએ મેવાડપર કરેલું આક્રમણ–અમરસિંહની નિરાશા–ઇંગ્લાંડથી આવેલો દૂત–અમરસિંહનો વનવાસ અને પરલોકગમન.**

રાજપૂતકુલગૌરવ રાણા પ્રતાપસિંહના સત્તર પુત્રોમાં અમરસિંહ સર્વથી જ્યેષ્ઠ હોવાથી તે સિંહાસનપર અધિષ્ઠિત થયા.[1] આઠ વર્ષની વયથી તે પોતાના પિતાનું અવસાન થયું ત્યાંસુધીના સર્વ સમયમાં તેઓ પોતાના પિતા પ્રતાપસિંહની પાસે રહ્યા હતા. પિતાજીના સંકટના અથવા કઠોર પરિશ્રમના સમયમાં પણ તેઓ તેમની પાસેજ રહ્યા હતા અને તેમણે તેમના મહાન ચારિત્ર્યનું અનુકરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમનો આ પ્રયાસ સફળ પણ થયો હતો. વીરવર પ્રતાપની વીરતાના ઉદાહરણથી ઉત્સાહિત બનીને અને તેમના અતિ પવિત્ર મહામંત્રથી દીક્ષિત થઇને અમરસિંહે પોતાની ભરયુવાવસ્થામાં મેવાડનો રાજ્યભાર ગ્રહણ કર્યો હતો. આ વખતે તેમને પણ કેટલાક પુત્રો થયા હતા. આ પુત્રો બાલ્યાવસ્થામાં હોવા છતાં પણ અત્યંત બળવાન અને તેજસ્વી હતા; તદુપરાંત તેઓ રાજકાર્યમાં પણ ચતુર થયા હતા.

મહારાણા પ્રતાપસિંહનો પરલોકવાસ થયા પછી આઠ વર્ષે તેમના ભયંકર શત્રુ અકબરે પણ આ લોકમાંથી પ્રયાણ કર્યું. જે આશાલતાને હૃદયમાં ઉછેરીને પાદશાહ અકબરે ધનનો અનંત ભંડાર ખર્ચી નાખ્યો હતો, અત્યંત પરિશ્રમ કર્યો હતો તથા હજારો મનુષ્યોનું રુધિર રેડ્યું હતું, તે આશા ફળવતી થઇ નહિ. શહેનશાહનો અસીમ ઉદ્યોગ અને ઉત્સાહ સર્વાંશે નિષ્ફળ થયો. પ્રતાપસિંહે કોઇ પણ પ્રકારે તેની 'ઇતાયત' (આધીનતા) સ્વીકારી નહિ; આથી તથા વિશેષ યત્ન નિષ્પ્રયોજન ધારી તેણે આ કાર્યની ઇતિશ્રી કરી દીધી. મેવાડનું દગ્ધ રેતાળ શ્મશાન પુનઃ શાંતિરૂપી જલનાં બિંદુઓથી સારી રીતે શાંત થઇ ગયું. અકબરની ઉત્તરવયમાં અમરસિંહે સારી રીતે શાંતિસુખનો ઉપભોગ લીધો. જો અમરસિંહની ઇચ્છા હોત તો તેઓ આ શાંતિમાં વિઘ્ન ઉપસ્થિત કરીને પોતાના કુલના માર્ગમાં કાંટા વાવી દેત; પરંતુ તેમની પરિપક્વ બુદ્ધિએ આ કાર્ય ઉચિત ધાર્યું નહિ. આથી તેમણે મોગલોની વિરુદ્ધ ખડ્ગ ધારણ કર્યું નહિ.

પચાસ વર્ષપર્યંત ઉત્તમ પ્રકારે રાજ્ય કરીને પાદશાહ અકબરે આ નાશવંત સંસારમાંથી વિદાય

1 સંવત ૧૬૫૩ (ઈ૰ સ૰ ૧૫૯૭) માં અમરસિંહ રાજસિંહાસનપર બેઠા હતા.

લીધી. આ અરસામાં તેણે પોતાના વિશાળ રાજ્યને પોતાની ઉત્તમ રાજનીતિથી દઢ પાયાપર સ્થાપિત કર્યું, તેથીજ તે રાજ્ય દીર્ઘકાળપર્યંત અચળ રહ્યું હતું. આ ઉત્તમ રાજગુણોસંબંધે વિચાર કરતાં જણાય છે કે તે સમયના યૂરોપીયસમ્રાટો પણ અકબરની બરાબરી કરી શકતા નહોતા. યૂરોપના નૃપતિઓમાં ફ્રાંસના ચતુર્થ હેન્રી, સ્પેનના પંચમ ચાર્લ્સ અને ઈંગ્લાંડેશ્વરી ભુવનપ્રસિદ્ધ મહારાણી ઇલિઝાબેથ-એ ત્રણેને અકબરની સમાન માનવામાં આવ્યાં છે. રાણી ઈલિઝાબેથની સાથે તો અકબર પત્રવ્યવહાર પણ ચલાવતો હતો. રાણી ઇલિઝાબેથે અકબરની પાસે એક દૂત[1] મોકલીને બંધુભાવ કરવાનો પ્રયત્ન કર્યો હતો. ભાગ્યની પ્રસન્નતાથી અકબરને પણ હેન્રી તથા ઇલિઝાબેથના મંત્રીઓ જેવા મંત્રીઓ પ્રાપ્ત થયા હતા. ફ્રાંસનો રાજમંત્રી સુપ્રસિદ્ધ સલી જેમ ધર્મનિષ્ઠ, ઉત્તમ રણપાંડિત્ય અને નીતિજ્ઞાનમાં પારદર્શી હતો, તે પ્રમાણે મોગલમંત્રી બહેરામખાં પણ ઉત્તમ યોદ્ધો, મહાન ધર્મનિષ્ઠ અને મોટો પંડિત હતો. જો કે સલી બહુદર્શિતામાં અબ્બુલફઝલની બરાબરી કરી શકતો હશે; પરંતુ ધર્મપરાયણતા અને ઉદારતાના સંબંધમાં તે મુસલમાન રાજદ્વારીપુરુષોની સાથે એક આસનપર બેસવાને યોગ્ય નથી. અબ્બુલફઝલ અને બહેરામખાંની નિસ્સીમ બહુદર્શિતાની સાથે મોગલસમ્રાટનું બળ મળવાથી એક પ્રચંડ શક્તિ ઉત્પન્ન થઇ ગઇ હતી. શોકની વાત છે કે આ પ્રચંડ શક્તિને અકબરે મેવાડનો નાશ કરવામાંજ વાપરી હતી. જો કે અકબરે મેવાડને ધૂળમાં મેળવી દીધું હતું, તથાપિ નિષ્પક્ષપાતી ઉદારચરિત ભટ્ટલોકોએ તેના ગુણોની સ્તુતિ કરી છે. તેના રાજગુણોથી મોહિત થઇને તેમણે તેને પોતાના રાજાની સાથે એક આસનપર બેસાડયો છે. અકબર મહાન રાજનીતિજ્ઞ, સમરવિશારદ, મહાનુભાવ અને દૂરદર્શી હતો એ વાતનો કોઇ અસ્વીકાર કરી શકે એમ નથી; પરંતુ તેનું હૃદય કેટલું ઉદાર, સરલ અને ઉચ્ચ હતું, તે વિષે ઘણા લોકો શંકા કરે છે. ખાસકરીને બૂંદીના ભટ્ટકવિઓએ તેના અંતિમ કાર્યનું જે વર્ણન કર્યું છે, તે વાંચવાથી તો હૃદયમાં ચોટ લાગી જાય છે અને તેને સ્વાર્થપરતા, કપટતા અને વિશ્વાસઘાતકતાનો ભંડાર કહેવાને જીવ લલચાય છે. જે અકબર પોતાના વિપુલબલના પ્રભાવથી તે સમયના સર્વ નૃપતિઓનો શિરોમણિ ગણાતો હતો; જેની સમાન દૃષ્ટિ, સૂક્ષ્મદર્શિતા અને ન્યાયપરાયણતાનાં અનેક પ્રમાણો ઉપલબ્ધ થાય છે; જેને "જગદ્‌ગુરુ" કહેવામાં આવ્યો છે; જેને "દિલ્લીશ્વરો વા જગદીશ્વરો વા "મરાઠીની ઉપાધિ મળી હતી; તેજ અકબરે-અફસોસ ! લખતાં લેખિની પણ કંપાયમાન થાય છે (!) માનસિંહને વિષ દઈને મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. આ પ્રયત્નનું પરિણામ ઉલટું આવ્યું. આ ક્રૂર કર્મથી સ્વયં પાદશાહનો નાશ થયો. બૂંદીના ભટ્ટકવિઓએ પોતાના ગ્રંથોમાં પ્રકટ રીતે આ વૃત્તાંત લખ્યું છે. કર્નલ ટૉડ બૂંદીના કવિઓનું આ વૃત્તાંત સંપૂર્ણતઃ સત્ય માને છે.

એ કાવ્યગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે અંબરના રાજા માનસિંહનો પ્રતાપ દિવસાનુદિવસ એટલો બધો વૃદ્ધિંગત થતો ગયો કે અકબરના હૃદયમાં તેનાપ્રત્યે દ્વેષ ઉત્પન્ન થયો. દ્વેષના વિષમય દંશથી જર્જર થઇને પ્રતિક્ષણે તેને એજ શંકા થવા લાગી કે માનસિંહ મને સિંહાસનપરથી પદભ્રષ્ટ કરવાની ચેષ્ટા કરી રહ્યો છે. માનસિંહના તીવ્ર દૃષ્ટિપાતથી જાણે દિલ્લીનું સિંહાસન કંપાયમાન થઇ રહ્યું છે. તેને દ્વેષથી ચિંતા, ચિંતાથી શંકા અને અંતે માનસિંહનો વધ કરવાની ઈચ્છા થઇ. અકબરે ગુપ્ત રીતે માનસિંહનું કાસળ કાઢવાનો નિશ્ચય કર્યો. આ જગતમાં એવું કોઈ પણ કાર્ય નથી કે જે ક્રૂર માણસો પાર ન પાડી શકે. અકબર પાદશાહ હતો અને રાજા માનસિંહ ગમે તેવો પણ તેનો સેવક હતો. કાળની વિચિત્ર ગતિથી સ્વામીએ સેવકનો ગુપ્ત રીતે સંહાર કરવાનો નિશ્ચય કર્યો. અકબરે "માજુમ" અર્થાત્ એક પ્રકારની મિઠાઇ બનાવી અને તેના અર્ધ ભાગમાં માનસિંહને માટે વિષ મેળવ્યું; પરંતુ મારનાર કરતાં જીવાડનાર મોટો હોય છે! દૈવની વિચિત્ર ગતિથી અકબરે ભૂલાવો ખાઇને વિષમય "માજુમ" પોતેજ ખાધી-તેને પાપનું પ્રાયશ્ચિત્ત મળ્યું. નિરપરાધી, શ્રદ્ધાયુક્ત તથા સ્વામિભક્ત સેવકના પ્રાણ લેવાનો પ્રયત્ન કરતાં સ્વયં શહેનશાહે પોતાના પ્રાણ ગુમાવ્યા. જોકે માનસિંહે પાદશાહના યથાર્થ ઉત્તરાધિકારી સલીમને બદલે પોતાના ભાણેજ ખુશરોને રાજસિંહાસનપર બેસાડવાની ચેષ્ટા કરી હતી, એ વાત અમે કબૂલ કરીએ છીએ; પરંતુ તેણે શહેનશાહ અકબરને પદભ્રષ્ટ કરવાનો પ્રયાસ કદિપણ કર્યો નહોતો. તે

1 સર ટૉમસ રો બ્રિટિશ એલચી થઇને આવ્યો હતો. રાણી ઈલિઝાબેથે તેને હિંદ મોકલવાની તૈયારી કરી હતી; પરંતુ તેના પરલોકવાસ પછી રાજા જેમ્સના શાસનકાળમાં તે હિંદુસ્થાનમાં આવ્યો હતો.

છતાં પણ અકબરે આવો ગુપ્ત પ્રપંચ રચ્યો તે કાર્ય તેને માટે ઘટિત નહોતું; કારણ કે જો તેણે ધાર્યું હોત તો તે પોતાની સત્તાથી પ્રકટરીતે માનસિંહની વિરુદ્ધ કોઇપણ કાર્ય કરી શકયો હોત. જો તેની ઇચ્છા હોત તો તે રણમાં પણ માનસિંહને પરાજિત કરી શકત; તો પછી તેણે પોતાના વિમલ ચરિત્રમાં કલંક લગાડવાને માટે આવું કામ શામાટે કર્યું ? તેના હૃદયમાં શું હતું તે કોણ કહી શકે એમ છે?[1]

ગમે તે હો ! આપણે હવે પુનઃ મેવાડના ઇતિહાસ તરફ દૃષ્ટિ ફેરવીશું. રાજસિંહાસનપર બેસતાંજ અમરસિંહે જેદ્વારા રાજ્યનું હિત સાધી શકાય એવા નિયમોનું પાલન કરવા માંડયું. સર્વ ક્ષેત્રોની બે વાર માપણી કરી અને તેનાપર પુનઃ નવીન મહેસુલ ચઢાવ્યું. વળી તેમણે પોતાના સામંતો અને સરદારોને નવી નવી જાગીરો આપી. આ ઉપરાંત તેમણે બીજા પણ કેટલાક નવીન નિયમોનો પ્રચાર કર્યો હતો; જેમાં એક નવીન ઢબની પાઘડી બાંધવાનો રિવાજ વિશેષ પ્રસિદ્ધ છે.[2] અમરસિંહે પ્રચલિત કરેલા નવીન નિયમો અને નવીન રીતરિવાજોનું વૃત્તાંત હાલમાં મેવાડરાજ્યના સ્તંભોના શિલાલેખોમાં ઉપલબ્ધ થાય છે.

દૂરદર્શી અમરાત્મા મહારાણા પ્રતાપસિંહને જે શંકા થઇ હતી, તે શીઘ્રજ ફલવતી થઇ. વસ્તુતઃ ભોજવિલાસ અને શાંતિ અંતે અમરસિંહને અનર્થકારી થઇ પડયાં. પિતાની પવિત્ર આજ્ઞાનો અનાદર કરીને અમરસિંહ અત્યંત આલસ્યને વશ થઇ ગયા. તેમણે પેશોલા સરોવરને તટે બંધાવેલી પર્ણકુટીઓનો ત્યાગ કરીને ત્યાં એક મહાલય બંધાવ્યો અને તેનું નામ “ અમરમહેલ ” રાખ્યું. આ મહાલયની અંદર વાણીમિત્ર–મધુરભાષી સખાઓની સાથે બેસી તેઓ નિશ્ચિંતતાપૂર્વક દિવસ નિર્ગમન કરવા લાગ્યા; પરંતુ તેઓ આ પ્રકારનું સુખ દીર્ઘકાળપર્યંત ભોગવી શકયા નહિ. અલ્પ કાળમાંજ જહાંગીર પાદશાહનાં રણવાદ્યોએ મેવાડની સીમાપર શબ્દ કરીને પ્રમાદી અમરસિંહને વિલાસની તંદ્રામાંથી જાગૃત કર્યાં. હજી તો દિલ્લીના તખ્તપર બેઠાને પૂરાં ચાર વર્ષ પણ થયાં નહોતાં તે પૂર્વે જહાંગીરે સર્વ ગૃહકલહોનો અંત આણીને મેવાડપર આક્રમણ કર્યું. ‘ આ વિસ્તૃત ભારતવર્ષના એક છેડાથી બીજા છેડા સુધી જ્યારે સર્વ રાજાઓએ દિલ્લીશ્વરની આધીનતાનો સ્વીકાર કર્યો છે ત્યારે શું માત્ર એકલો સિસોદીઆવશંજ તેનો વિરોધી રહી શકે ? શું રાણાજીની સેના પાદશાહની સેના સામે ટકી શકે તેમ છે ? તો પછી આટલો ગર્વ શો ? આટલો દર્પ શો ? આટલો અહંકાર શો ? આ ગર્વ, આ દર્પ, આ અહંકાર

---

૧ આ વાત તો સત્યજ છે કે દુષ્ટમાણસનું હૃદય કોઈપણ વખત પાપવૃત્તિથી અવશ્ય ચલાયમાન થાય છે. કપટી મનુષ્યો બહારથી સાધુત્વ બતાવી પોતાની દુષ્ટ મનોવાંચ્છના સિદ્ધ કરી લે છે; પરંતુ સર્વ માણસો કાંઇ આવા દુષ્ટ હોતા નથી. ગમે તેવો પણ અકબર આખરે માણસજ હતો. તેના હૃદયમાં પાપવૃત્તિએ પ્રવેશ કર્યો એ કાંઈ આશ્ચર્યજનક વાત નથી. તેણે પોતાના પદનું મહાન ગૌરવ ભૂલી જઈને આ જે પિશાચસમાન કાર્ય કર્યું, તે સત્ય માનવાની આપણને ઇચ્છા થતી નથી. આ વળી સત્ય છે કે અકબરની પાછલી વયમાં ઉત્તરાધિકારના સંબંધમાં માનસિંહ અને પાદશાહની વચ્ચે વૈમનસ્ય પેદા થયું હતું; પરંતુ માનસિંહનાજ બાહુબળથી અકબરને પોતાનું અર્ધું રાજ્ય મળ્યું હતું. માનસિંહ તેના દરબારનું રત્ન અને રાજ્યનો અલંકાર ગણાતો હતો અને અકબર તેને સગર્વ પોતાનો જમણો હાથ ગણતો હતો; પરંતુ તેણે કૃતઘ્નતાના મસ્તકપર લાત મારીને માનસિંહને મારી નાખવાનો વિચાર કર્યો અને તેને વિષ આપવાનો પ્રયત્ન કર્યો એ જાણી આપણને અત્યંત શોક થાય છે. આ કૂટ અને ગંભીર બાબતનો નિર્ણય કરવો એ કાંઈ સહજ વાત નથી. જો માત્રઅનુમાનથીજ એનો નિર્ણય કરવામાં આવે તો ઈતિહાસના શુકલ યશમાં કલંકની કાલિમા લાગ્યા વિના રહે નહિ; પરંતુ કર્નલ ટૅાડે બૂંદીના બહુલોકોના કથનોને સંપૂર્ણતઃ વિશ્વાસપાત્ર માન્યા છે, તો પછી આપણે તેમને શામાટે વિશ્વસનીય નહિ માનીએ ? આપરથી સિદ્ધ થાય છે કે અકબરે ખરેખર આ પૈશાચિક કાર્ય કર્યું હતું. મનુષ્યની અધમતાનો પાર પામવો અત્યંત કઠિન છે. જે કોઈ અમીર અથવા રાજસભાસદની સાથે અકબરને વૈમનસ્ય થતું હતું તેને તે આજ પ્રકારે મારી નાખતો હતો. તે બે પ્રકારની ગોળીઓ રાખતો હતો. વિષમય અને વિષરહિત. આ બેની વચ્ચેનો ભેદ તે પોતેજ જાણતો હતો. જેનું કાસળ કાઢવાનો તેણે ઈરાદો રાખ્યો હોય તેની પાસે બેસીને તેને વિષમય ગોળી ખવરાવતો હતો અને પોતે વિષરહિત ગોળી ખાતો હતો. આ રીતે તેણે ઘણા જણને મારી નાખ્યા હતા; પરંતુ અંતે તે પોતે પણ પોતાના ખોદેલા ખાડામાં પડયો હતો.

૨ આ ઢબની પાઘડી “અમરસાહી પગડી ” ના નામથી પ્રસિદ્ધ છે. રાણાજી તથા મેવાડના ઘણા સરદારો અદ્યાપિ આ ઢબની પાઘડી બાંધે છે.

અવશ્ય ચૂર્ણ કરવો જોઇએ.' મંત્રીઓએ જહાંગીરને આ પ્રમાણે અમરસિંહની વિરુદ્ધ ઉત્તેજિત કરવાથી જહાંગીર ક્રોધાન્વિત થયો અને મેવાડપર ચઢી આવ્યો.

રાણા અમરસિંહ મહાસંકટમાં આવી પડયા. એક તરફ તેમને તુચ્છ વિલાસવાસના કઠિન અને ઉચિત કાર્ય કરવામાં પ્રતિરોધ કરવા લાગી અને બીજી તરફ યશની ઇચ્છા પણ ઉદ્ભવી. યશની ઇચ્છાથી તેમના હૃદયમાં થોડા સાહસનો સંચાર થયો; પરંતુ શોકની વાત છે કે આ સાહસ તેમના અંતઃકરણમાં દીર્ઘકાળપર્યંત રહ્યું નહિ અને કુભાવનાઓએ ઉદ્ભૂત થઈને પુનઃ તેમના હૃદયને આલસ્યપૂર્ણ બનાવી દીધું. હવે શું કરવું તે તેમને સુઝયું નહિ. આ વખતે તેમના કેટલાક ખુશામતખોર સખાઓ તેમને સમજાવવા લાગ્યા કેઃ—" મહારાજ ! સંગ્રામ કરવાથી શું ફળનિષ્પત્તિ થનાર છે ? આપ જાણી જોઇને વિપત્તિને શામાટે આમંત્રણ કરો છો ? જ્યારે ભારતવર્ષના સર્વ હિંદુમુસલમાન નૃપતિઓ અને નવાબો મોગલોના પ્રચંડ બાહુબલથી પરાજિત થઇ ગયા છે, તો શું આપ તેમની સામે ટકી શકશો ? આપની પાસે નથી ધન કે નથી સેના. તેમની સાથે સંધિ કરવાથી જો સર્વ પ્રકારની અનુકૂલતા આપણને પ્રાપ્ત થતી હોય તો પછી સંધિ કરવામાં શી હાનિ છે ? સંધિ કરવાથી આપનું રાજ્ય, ધન અને ગૌરવ ચિરકાળપર્યંત અચળ રહેશે અને વળી પાદશાહ આપનાપર સંતુષ્ટ થઇને આપના રાજ્યની વૃદ્ધિ કરી આપે એવો પણ સંભવ છે. " કાયર અને ભીરુલોકોનાં આ વચનો સાંભળીને થોડીવાર સુધી રાણા અમરસિંહનું હૃદય સંતપ્ત રહ્યું; પરંતુ આ વખતે તેઓ એટલા બધા પ્રમાદી થઈ ગયા હતા કે તેમની ઇચ્છા હોવા છતાંપણ તેઓ આ સલાહનું ખંડન કરી શકયા નહિ. રાણાને વિમૂઢ થઇ ગયેલા અને ઉત્સાહહીન અવસ્થામાં સમય વ્યતીત કરતા જોઇને મેવાડના સરદારો અત્યંત દુઃખિત થયા, તેઓ સર્વ એકત્રિત થઇને " અમરમહેલ"માં ગયા અને રાણાને વિપત્તિના આગમનની ખબર કરી. સામંતશિરોમણિ ચંદાવતવીરે અમરસિંહની સન્મુખ આવી ધીર ગંભીર સ્વરથી તેમને કહ્યું કેઃ—" મહારાજ ! શું આપ આ પ્રકારેજ આપના પવિત્ર કુલગૌરવને અચળ રાખશો ? વિચારી જુઓ કે આપનો જન્મ કયા કુળમાં થયો છે ? કોનું રક્ત આપની નાડીઓમાં વહે છે ? આપનો પ્રચંડ શત્રુ જહાંગીર સર્વસંહારક સ્વરૂપ ધારણ કરીને આપની સમક્ષ આવ્યો છે અને આપ તો ખુશામતીઆ મિત્રોની વચ્ચે ઘેરાઇને ભયભીત અને કાયરની પેઠેજ આપનો સમય વ્યતીત કર્યે જાઓ છો. આપની આંખ આગળ મુસલમાનલોકો મેવાડનું સત્યાનાશ કરી દેશે, પ્રજાને સતાવશે અને રાજપૂતબાલાઓને પોતાના અપવિત્ર હાથથી સ્પર્શ કરીને તેમના સતીત્વનો ભંગ કરશે; તો પછી આ અત્યાચારો જોઇને આપ શી રીતે નિશ્ચિંત બેસી રહેશો ? જો આપનામાં પૂર્વજોના પવિત્ર યશને અચળ રાખવાનું સામર્થ્ય નહિ હોય તો આપના રાજ્યને, આપના ઐશ્વર્યને અને આપના ઉચ્ચ કુલગૌરવને શતશઃ ધિક્કાર છે ! જો આપનામાં પૂર્વજોની કીર્તિ અચલ રાખવાની શકિત નહોતી તો આપે સિસોદીઆકુલમાં શામાટે જન્મ લીધો ? "

સાલુમ્બ્રાસરદારનાં આ તેજસ્વી વાકયો સાંભળી સર્વ સરદારોનાં હૃદય ઉત્સાહથી પરિપૂર્ણ થઈ ગયાં; પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આ આવેશમય વાકયો સાંભળ્યા છતાં અમરસિંહની જડતા તો જેવી ને તેવી અચળજ રહી. દારુણ ક્રોધ અને અભિમાનથી ચંદાવતવીરના હૃદયમાં આગના ભણુકા ઉઠયા. સભાગૃહની સમીપમાંજ યૂરોપમાં બનેલું એક મોટું દર્પણ પડયું હતું. ક્રોધિત સાલુમ્બ્રાસરદારે પોતાની પાસે બીજી કાંઈ ચીજ નહિ જોઇને ગાલીચાના એક ખુણાપર એક પિતળની સાંકળ પડેલી હતી તે ઉઠાવીને દર્પણની તરફ ફેંકી. તત્કાળ તે દર્પણના ટુકડેટુકડા થઇ ગયા. પછી તે ચંદાવતવીરે અકસ્માત્ રાણા અમરસિંહનો હાથ પકડીને તેમને સિંહાસનપરથી નીચે ઉતારી પાડયા અને ગંભીર વાણીથી કહ્યુંઃ— " સરદારો ! પ્રતાપસિંહના પુત્રને શીઘ્ર અશ્વારૂઢ કરીને કલંકથી બચાવો." સાલુમ્બ્રાપતિનું આવું વર્તન જોઇને રાણાજી મનમાં અત્યંત દુઃખિત થયા અને તેમને "રાજદ્રોહી" તથા "રાજાપમાનકારી" કહીને વારંવાર તેમનો તિરસ્કાર કરવા લાગ્યા; પરંતુ સુજ્ઞ ચંદાવતસરદાર અમરસિંહના આ અનુચિત વર્તનથી લેશ પણ દુઃખિત થયા નહિ. તેમને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે કર્તવ્યને ખાતર મારે આવું વર્તન કરવું પડયું છે, તેમાં દોષ શું છે ? વસ્તુતઃ સાલુમ્બ્રાપતિએ પોતાનું કર્તવ્યજ બજાવ્યું હતું. જો તે સરદાર આવું વર્તન ન કરત તો અમરસિંહની અતિ ભયંકર દુર્દશા થાત. બીજા સરદારો પણ ચંદાવતવીરની કર્તવ્યપરાયણતા જોઇને અતીવ પ્રસન્ન થયા. સર્વજણે એકમત થઇ રાણાજીને અશ્વારૂઢ થવાને કહ્યું. આ વખતે રાણાજીના

હૃદયમાં ક્રોધાગ્નિ સળગી રહ્યો હતો અને ક્રોધને લીધે તેમની આંખમાંથી અશ્રુધારા ચાલી રહી હતી. થોડે દૂર ગયા પછી તેમને કિંચિત્ સાવધાનતા આવી. મેવાડના તેજસ્વી સરદારો અને સામંતો રાણાજીના માનસિક વિકારની લેશ પણ સ્પૃહા રાખ્યા વિના સેનાસહિત પર્વતપરથી નીચે ઉતરવા લાગ્યા. મેવાડભૂમિમાં આવેલ. શ્રીજગન્નાથજીના મંદિર આગળ આવ્યા એટલે રાણાજીનો મનોવિકાર સર્વથા દૂર થઇ ગયો. ધીમે ધીમે તેમનાં જ્ઞાનનેત્રો ખુલી ગયાં અને તેમને યથાર્થ સમજ પડી કે આમાં જે કાંઈ દોષ છે તે મારોજ છે. આ પ્રકારે રાણાજીના મનનો ભ્રમ દૂર થઇ તેમને સત્યજ્ઞાન થયું ત્યારે તેઓ પોતાની જાતને શતશઃ ધિક્કાર દેવા લાગ્યા. તરતજ મેવાડની ખરી અવસ્થાનું પ્રતિબિંબ તેમના મનરૂપી દર્પણપર પડી ગયું. તેમના મસ્તકપર કરાલશત્રુ સિંહનાદ કરતો હતો અને તેઓ નિદ્રાગ્રસ્ત હતા. જે સિસોદીઆકુળના ગૌરવનું રક્ષણ કરવાને માટે રાણા પ્રતાપે દીર્ઘકાળપર્યંત અગાધ કષ્ટ સહન કર્યું હતું, તેજ ગૌરવ આજે નષ્ટ થવાની અણીપર હતું. આવી સ્થિતિમાં શું નિશ્ચિત રહેવું અમરસિંહને માટે ઉચિત છે ? અમરસિંહ સારીપેઠે સમજી ગયા કે કર્તવ્યથી વિમુખ થઇ મેં અનુચિત કાર્ય કર્યું છે; પરંતુ જે થયું તે થયું. ગઇ વાતમાં કોઇનું કાંઇ ચાલતું નથી. હવે તેવિષે શોક કરવાથી શો લાભ ? હમણાં વિપત્તિ આવી પડી છે,માટે ઉત્સાહથી પરિશ્રમ કરવો, એવો તેમણે નિશ્ચય કર્યો. ઉત્સાહપૂર્વક પરિશ્રમ કર્યા વિના આ વિપત્તિમાંથી તેમનું રક્ષણ થાય એમ નહોતું. રાણાજીએ ધાર્યું કે:—"જો કે અમારી પાસે સૈનિકો થોડા છે, તોપણ તેમના હૃદયમાં ઉત્સાહ પરિપૂર્ણ છે. તેમના હૃદયને જો મારા તરફથી ઉત્તેજન મળશે તો તેઓ ઉત્તમ કાર્ય કરશે." માત્ર આટલો વિચાર કરીનેજ તેઓ નિશ્ચિંત રહ્યા નહિ; પરંતુ તેમણે પોતાનો અપરાધ ક્ષમા કરવાને સર્વ સરદારોને પ્રાર્થના કરી અને સાલુમ્બ્રાપતિને સંબોધીને કહ્યું:—"સાલુમ્બ્રાસરદાર ! આપ વાસ્તવમાં સિસોદીઆકુળના હિતકારી છો. મને મોહનિદ્રામાંથી જાગૃત કરીને આપે ખરેખર આપનું વીરત્વ દર્શાવી આપ્યું છે. આપનો આ ઉપકાર હું કદિપણ વિસરીશ નહિ. પ્રતાપસિંહ તો સ્વર્ગવાસી થઈ ગયા છે; પરંતુ પ્રતાપસિંહનો પુત્ર અદ્યાપિ જીવિત છે;માટે ચાલો, સમરભૂમિમાં શત્રુની સામે ચાલો અને જુઓ કે અમરસિંહ પ્રતાપસિંહનો યોગ્ય પુત્ર છે કે નહિ." રાણાજીનો ઉત્સાહ જોઇને સર્વ સરદારોના હૃદયમાં બમણો ઉત્સાહ આવ્યો. તેઓ સર્વ ગગનવિદારક ભયંકર સિંહનાદ કરી મેવાડના પર્વતોને કંપાયમાન કરવા લાગ્યા અને શત્રુઓની સમીપ જવા લાગ્યા. શત્રુઓ આ વખતે દેવીર નામના સ્થાનમાં પડેલા હતા. રણોન્મત્ત રાજપૂતોએ એકદમ તે સ્થાનપર પહોંચીને પ્રબલ વેગથી તેમનાપર આક્રમણ કર્યું. આ વખતે ખાનખાનાનનો ભ્રાતા સેનાપતિ થઇને આવ્યો હતો. દેવીરના પહાડી પ્રદેશમાં રાજપૂતો અને મુસલમાનો વચ્ચે દારુણ યુદ્ધ થવા લાગ્યું. રાજપૂતોને આગળ ધસી આવતા જોઇને મોગલસેનાપતિએ પણ પોતાની સેનાને આગળ ચલાવી. રાણા અમરસિંહના ઉત્તેજનથી ઉત્તેજિત થઇને રાજપૂતગણ સ્વદેશના ગૌરવની રક્ષા કરવાને માટે અદ્ભુત વીરતા પ્રદર્શિત કરી યુદ્ધ કરવા લાગ્યા. દીર્ઘકાળપર્યંત ઘોર સંગ્રામ ચાલ્યો. બન્ને પક્ષનાં અગણિત માણસો માર્યાં ગયાં; પરંતુ કયા પક્ષને વિજય મળશે તે હજી નિશ્ચયપૂર્વક કહી શકાતું નહોતું. મધ્યાહ્નકાળ વ્યતીત થઈ ગયો.સૂર્ય ભગવાન ગગનના મધ્યભાગને છોડીને ધીમે ધીમે પશ્ચિમ તરફ પ્રયાણ કરવા લાગ્યા; પરંતુ તેમની તીક્ષ્ણતા કિંચિત્ પણ ન્યૂન થઈ નહોતી. તેમનું પ્રચંડ તેજ હજી પણ અગ્નિકણ વરસાવી રહ્યું હતું.મોગલોની તોપો ભયંકર ગર્જના કરી રહી હતી અને તેમાંથી નીકળતા ધૂમ્રથી આસપાસ અંધકાર ફેલાઇ રહ્યો હતો. જાણે પ્રલયકાળની મેઘમાળાથી ત્રૈલોક્ય અંધકારમય થઈ રહ્યું હોય તેવો ભાસ થતો હતો. થોડીવારસુધી તો મનુષ્યોને કોઇપણ પદાર્થ દૃષ્ટિગોચર થતો નહોતો. રણવીર રાજપૂતો આ ઘનઘોર ધૂમ્રરાશિને ન ગણકારતાં સિંહનાદ કરતા મોગલો તરફ ધસવા લાગ્યા. તેમની પ્રચંડ ગતિ રોકી નહિ શકાયાથી મોગલો પીઠ દેખાડીને રણમાંથી નાસવા લાગ્યા. તેમના અનેક માણસો રાજપૂતોના હાથથી માર્યાં ગયા. આ પ્રકારે આખો દિવસ યુદ્ધ કરીને રાણા અમરસિંહે યવનસેનાને પરાજિત કરી અને તે પછી તેઓ ગૌરવસહિત પોતાના પાટનગર તરફ ચાલ્યા ગયા.

સંવત ૧૬૬૪ (ઇ૦ સ૦ ૧૬૦૮)માં સુપ્રસિદ્ધ દેવીરક્ષેત્રમાં આ મહાસંગ્રામ થયો હતો. જે રણવિશારદ રાજપૂતવીરોના અદ્ભુત પરાક્રમથી મુસલમાનો પરાજિત થયા હતા, તે સર્વમાં રાણાજીના

કાકા વીરવર કર્ણસિંહ અત્યંત પરાક્રમી હતા. તેમનાજ બાહુબલ અને અપૂર્વ રણકૌશલથી અમરસિંહને વિજય પ્રાપ્ત થયો હતો.વીરવર કર્ણસિંહથીજ વિશાલ કર્ણાવત ગોત્રની ઉત્પત્તિ થઇ છે. જો કે રાજપૂતોના બાહુબળથી અગણિત મોગલસૈનિકો પરાજિત થયા હતા, તથાપિ આ પરાજયથી પાદશાહનો ઉત્સાહ કિંચિત્ પણ ન્યૂન થયો નહિ. ઉલટપક્ષે તેને રાજપૂતોપર પહેલા કરતાં બમણો ક્રોધ ચઢયો. એક વર્ષ પછી અર્થાત્ સંવત ૧૬૬૫ની વસંતઋતુમાં યુદ્ધની ભયંકર તૈયારી કરીને તેણે અબ્દુલ્લા નામના સેનાપતિને એક મહા પ્રચંડ સૈન્ય આપી મેવાડ જીતવા મોકલ્યો. અબ્દુલ્લા પોતાની વિશાલ સેના જોઇને અત્યંત આશાન્વિત થઇ રાણા અમરસિંહની સાથે સંગ્રામ કરવાને ચાલ્યો. રાણાજી પણ તેના આગમનના વર્તમાન સાંભળી પોતાની સેના લઇ આગળ વધ્યા. રણપુર નામના ગિરિમાર્ગપર ઉભય દલો વચ્ચે ઘોર સંગ્રામનો આરંભ થયો. રણવિશારદ તેજસ્વી રાજપૂતો સ્વદેશપ્રેમના પવિત્ર મંત્રથી દીક્ષિત થઇને અદ્‌ભુત પરાક્રમથી મોગલસેનાનો મોર્ચો તોડવાનો પ્રયાસ કરવા લાગ્યા. તેમનો આ પ્રયાસ ફળીભૂત થયો. મોગલલોકોનો વિરાટ વ્યૂહ છિન્નભિન્ન કરીને તેમનો સંહાર કરતા કરતા રાજપૂતો ક્રમશઃ આગળ વધવા લાગ્યા. પ્રાયઃ સર્વ મોગલો માર્યા ગયા. ઘણા થોડાજ નાસી જઇને પોતાના પ્રાણ બચાવી શકયા. ફાલ્ગુન શુક્લા સપ્તમીને દિવસે આ ભયંકર સંગ્રામ થયો હતો.[1] તે દિવસે સિસોદીઆકુલનો બુઝાઈ જતો શૌર્યાગ્નિ પુનઃ એકવાર પ્રચંડતાથી સળગી ઉઠયો. મેવાડના ગૌરવે પુનઃ એકવાર પ્રકાશમાન જ્યોતિથી ઝળકી ઉઠી પ્રકાશમાન શોભા ધારણ કરી. ગિહલોતકુલની વીરતાના પ્રકાશનો તે એક પ્રસિદ્ધ દિવસ થયો. ગિહલોતકુલકેસરી વીરવર બાપ્પારાવલની વિજયપતાકા પુનઃ એક વાર રાજ્યની ચારે સીમાપર ફરકાવવામાં આવી.જે રાજપૂતવીરોએ સ્વદેશપ્રેમના પવિત્ર મંત્રથી દીક્ષિત થઈને તે દિવસે પુણ્યતીર્થ રણપુરક્ષેત્રમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું, તેમની નામાવલી સ્વદેશભકતોની સૂચિમાં આદરસહિત સ્થાન પામવાને યોગ્ય છે.[2]

દેવીર અને રણપુર એ બેઉ મેવાડનાં અતિ પવિત્ર સ્થાન માનવામાં આવે છે. આ ઉભય સ્થલ સંપૂર્ણ પરાજય પ્રાપ્ત થવાથી પાદશાહને અસંત શોક થયો. માત્ર થોડા રાજપૂતો તેના અગણિત સૈનિકોને શી રીતે પરાજિત કરી શકતા હતા, તે તે સમજી શકયો નહિ; પરંતુ હજી રાજપૂતોની સામે બાથ ભીડવાનો તેનો ઉત્સાહ કમી થયો નહોતો. જ્યારે જ્યારે તેને ઉક્ત પરાજયનું સ્મરણ થતું, ત્યારે ત્યારે તેને અત્યંત ક્રોધ ચઢતો અને તેના જીવને જરાપણ ચેન પડતું નહિ. હવે તેણે એક અતિ પ્રચંડ સેના તૈયાર કરવાનો વિચાર કર્યો. આ પ્રચંડ સેના મેવાડમાં મોકલ્યા પૂર્વે જહાંગીરે એક અદ્‌ભુત ચાલાકી વાપરી રાણાજીને બળહીન કરવાનો વિચાર કર્યો. પાદશાહ જહાંગીર હિંદુઓના પ્રાચીન સંસ્કારો સારીપેઠે જાણતો હતો. આગળ આવતો એક ઉલ્લેખ વાંચવાથી પાઠકો આ વાત યથાર્થ રીતે સમજી શકશે; પરંતુ રાજપૂતોની આગળ પાદશાહની કાંઇ પણ ચાલાકી ચાલી નહિ. રાણાજીનું બળ ક્ષીણ કરવાને માટે પાદશાહ જહાંગીરે ચિતોડનગરમાં એક બીજા રાજપૂતને 'રાણા'ની ઉપાધિસહિત અભિષેક કર્યો. આ રાજપૂતનું નામ સાગરજી હતું. સાગરજીનું કેટલુંક વૃત્તાંત પૂર્વે આવી ગયું છે. આ નીચ રાજપૂતકુલાંગારે સિસોદીઆકુલને કલંક લગાડીને અકબર પાદશાહનો પક્ષ ગ્રહણ કર્યો હતો. જહાંગીરે પોતાના હાથે સાગરજીનો અભિષેક કર્યો અને તેને ચિતોડનું રાજ્ય તથા એક ખડ્ગ અર્પણ કર્યું. નવીન રાણા પાદશાહના સૈન્યથી રક્ષિત થઇને ચિતોડના ધ્વંસરાશિમાં રાજ્ય કરવાને આગળ વધ્યા. યવન લોકોના કઠોર ગ્રાસમાંથી ચિતોડનો જે થોડો ભાગ શેષ રહ્યો હતો, તે પણ કાંઈ સાધારણ નહોતો. સંધ્યાસમયના ગગનની શેષ રશ્મિરેખાસમાન ચિતોડના તે નષ્ટગૌરવના ક્ષીણ અવશેષનું જે વર્ણન સર

---

૧ તવારીખ ફરિસ્તામાં બીજો સમય લખવામાં આવ્યો છે;તેમાં એવો ઉલ્લેખ છે કેઃ-"સુલતાન ખુર્રમ યુદ્ધમાં ગયો તેથી થોડા સમય પૂર્વે આ મહાસંગ્રામ થયો હતો;" પરંતુ કર્નલ ટૉડને આ વાત માન્ય નથી.

૨ આ વીરોનાં નામ અત્રે લખવામાં આવે છેઃ-દેવગઢના ઠાકોર દુર્ગો સંગાવત, નારાયણદાસ, સૂરજમલ અને ચરાકર્ણ. આ સર્વ જણ સિસોદીઆકુલના મુખ્ય અને પ્રથમ શ્રેણીના સરદારો હતા. શક્તાવતસરદાર ભાનુસિંહનો પુત્ર પૂર્ણમલ્લ રાઠોડહરિદાસ, સાદીના ભૂપતિ ઝાલા, કહિરદાસ કુશાવહ, બેદલાના ચોહાણ કેશવદાસ, મુકુંદદાસ રાઠોડ અને જયમલ્લોત ( જયમલ્લના વંશજ ) એમણે પણ આ સમરમાં પ્રાણાર્પણ કર્યું હતું.

ટૅામસ રો નામના સુપ્રસિદ્ધ અંગ્રેજ પ્રતિનિધિએ પોતાની યાત્રાના વૃત્તાંતમાં કર્યું છે, તે વાંચવાથી આપણે આશ્ચર્યચકિત થઇ જઇએ છીએ.[1]

રાજપૂતકુલાંગાર સાગરજીએ પોતાના પૂર્વજોના નષ્ટ થયેલા ગૌરવની ભસ્મપર ક્ષણભંગુર સિંહાસન સ્થાપિત કર્યું. શ્મશાનસમાન ચિતોડ એક પ્રકારના અસ્થિર સૌંદર્યથી સુશોભિત થયું; પરંતુ પાદશાહે સાગરજીને જે આશાથી ચિતોડનું સિંહાસન સમર્પણ કર્યું હતું, તે આશા સફળ થઈ નહિ. તેનું કારણ એ હતું કે કોઈ પણ મેવાડનિવાસીએ રાણા અમરસિંહનો પક્ષ છોડયો નહિ. કોઇ કુતૂહલને માટે પણ સાગરજીનું મુખ જોવાને ગયું નહિ. અત્યંત કષ્ટ અને માનસિક વેદના સહન કરીને સાગરજીએ સાત વર્ષપર્યંત ચિતોડમાં રાજ્ય કર્યું. તે સ્વયં પોતાની દુર્દશાનો વિચાર કરીને ખિન્ન થયા કરતો કેઃ–"જે ચિતોડપુરીને મારા પૂર્વજોએ પોતાના બાહુબલથી પ્રાપ્ત કરી હતી, તેમાં આજે શત્રુઓના અનુગ્રહથી મારો અધિકાર સ્થાપિત થયો છે; પરંતુ તેથી મને ફળ શું મળ્યું? મારે ડગલે ડગલે મારા જાતિબંધુઓની ઘૃણા અને દ્વેષરૂપી વિષ પ્રાશન કરીને જીવવું પડે છે. સ્વતંત્રતા, સામર્થ્ય અને ઉત્સાહ એમાંનું કાંઈ મારામાં નથી. મોગલપાદશાહના પ્રતાપથી આ સિંહાસન મને પ્રાપ્ત થયું છે અને એક સર્પની પેઠે મારે એની રક્ષા કરવી પડશે; તો પછી આ સિંહાસન પ્રાપ્ત કરવાથી મને શો લાભ થયો?" આ પ્રકારની અનેક ચિંતાઓથી પીડિત હોવાને લીધે સાગરજી એક ક્ષણભર પણ સુખ ભોગવી શકયો નહિ. તે એક ક્ષણસુધી પણ ક્યાંય સ્થિર થઇને રહી શકતો નહોતો. ચિતોડની જે વસ્તુ તે જોતો તેથી તેના હૃદયમાં અનેક પ્રકારની ચિંતા થતી. આ ચિંતાઓના વિષમય દંશોથી તેને અત્યંત પીડા થતી હતી. તે પોતાની કાયરતા અને રાજસન્માનને માટે પોતાની જાતને શતશઃ ધિક્કાર આપતો. મહાલયમાં શાંતિ નહિ મળવાથી તે કોઇ કોઈ વખત અગાશીમાં જતો; પરંતુ તે હતભાગીને ત્યાં પણ શાંતિ મળતી નહિ. અગાશીમાં જવાથી તો તેની માનસિક પીડા બમણી વધી જતી. તે જ્યારે ઉંચી અગાશીપર જઇને ચિતોડના ગૌરવસ્તંભોને જોતો ત્યારે તેના શોકનો પાર રહેતો નહોતો, તેને શુદ્ધિ રહેતી નહોતી. તેને સમસ્ત જગતમાં શૂન્યતા અને અંધકાર જણાતો હતો. તે મનમાં બોલતો કેઃ–"મારા પૂર્વજોએ મુસલમાનોપર વિજય પ્રાપ્ત કરીને આ ગૌરવસ્થંભો બંધાવ્યા હતા. તેમણે અનેકવાર આ સ્થંભોનું રક્ષણ કરવા માટે પોતાના હૃદયનું રુધિર અર્પણ કર્યું છે; પરંતુ આજે હું મારા પૂર્વજોના યશને કલંકિત કરવાનો ઉદ્યોગ કરી રહ્યો છું. શું આ થોડા અફસોસની વાત છે?" આ પ્રકારના અનુભવથી સાગરજીનું હૃદય દિનરાત બળતું હતું. તે જે તરફ જોતો હતો, તે તરફ તેને પોતાના મહાન પૂર્વજોની ભ્રુકુટી દૃષ્ટિગોચર થતી હતી. તે જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં તે અનેક મસ્તકોને પદદલિત કરીને જતો ન હોય! તેમ તેને લાગતું. આ પ્રકારનાં અનેક માનસિકકષ્ટોથી તે ઉન્મત્ત જેવો બની ગયો. ભટ્ટલોકોએ પોતાના ગ્રંથોમાં એવો ઉલ્લેખ કર્યો છે કે એક વખત જ્યારે સાગરજીનું ચિત્ત આ રીતે ગભરાઈ રહ્યું હતું, ત્યારે ગંભીર રાત્રીના સમયમાં પ્રચંડમૂર્તિ ભૈરવનાથ તેની સમક્ષ પ્રગટ થયા અને તેમણે કઠોર વાણીથી કહ્યુંઃ–"હે દુરાચારી રાજપૂતકુલકલંક ! આ પાપરાજ્યને તું છોડી દે; નહિ તો કોઇ પણ પ્રકારે તારૂં મંગળ થનાર નથી." ગમે તે કારણ હો, પરંતુ સાગરજી ઘણા દિવસ સુધી ચિતોડમાં રહી શકયો નહિ. તેણે પોતાના ભત્રીજા અમરસિંહને બોલાવીને તેમને સમસ્ત રાજ્યભાર સોંપી દીધો

૧ ચિતોડ એક પ્રાચીન મહાનગરી છે, એ નગરી ઉચ્ચ પર્વતશિખર ઉપર આવેલી છે. એની ચારે તરફ કોટ આવેલો છે. કોટનો વ્યાસ દશ માઈલનો છે. આજપર્યંત આ નગરીમાં સેંકડો ખંડિત મંદિરો અને મનોહર મહાલયો દૃગ્ગોચર થાય છે. જો કે આ સર્વ જીર્ણાવસ્થામાં અને ખંડિતાવસ્થામાં છે, તોપણ તેના ધ્વંસરાશિમાં તેનાં પ્રાચીનગૌરવનાં ચિન્હો ઉપલબ્ધ થાય છે. પાષાણના અગણિત સ્તંભો આ ખંડિયેરોમાં સ્થિત છે. સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં જણાય છે કે ચિતોડમાં પાષાણની ઓછામાં ઓછી એક લાખ ઈમારતો છે. નગરના ઉચ્ચભાગ ઉપર ચઢવાને માટે સીડીઓ બંધાવવામાં આવી છે. આ સીડીઓ એક બાજુપર બંધાવેલી છે. ચાર દરવાજાઓમાં થઇને આ સીડીઓ ઉપર જવાય છે. આજકાલ ચિતોડમાં જંગલનાં પશુપક્ષીઓ વસે છે. ઉન્નતિના સમયમાં ચિતોડનું જે સૌંદર્ય અને ગૌરવ હતું, તેનાં ચિન્હો આજે પણ તેનાં ખંડિયેરોમાં જણાય છે. ઉદયસિંહ રાણાના હાથમાંથી ચિતોડ મોગલોના તાબામાં ગયું હતું અને ઉદયસિંહે પર્વતશિખરપર નાસી જઈ ત્યાં ઉદયપુરની સ્થાપના કરી હતી. ઘણા દિવસો સુધી ઘેરો રહ્યાથી જ્યારે નગરવાસીઓ અધમુઆ થઈ ગયા ત્યારેજ મોગલસમ્રાટ તેને લઈ શકયો હતો, નહિ તો ચિતોડ કદિપણ તેના અધિકારમાં જાત નહિ.

અને તે સ્વયં સર્વ સંગપરિત્યાગ કરીને કંધાર [1] ગિરિશૃંગપર જઈ વિશ્રાંતિ લેવા લાગ્યો; પરંતુ ત્યાં પણ તેને શાંતિ મળી નહિ. થોડો સમય વ્યતીત થયા પછી તે પાદશાહની આજ્ઞાથી દિલ્હીની રાજસભામાં ગયો. અહીંઆં જહાંગીરે તેનો અત્યંત તિરસ્કાર કર્યો. આ કઠોર તિરસ્કાર તેના હૃદયમાં બાણની પેઠે લાગ્યો. ભયંકર માનસિક પીડાથી તેનું ધૈર્ય ખૂટી ગયું અને તેથી તેણે ભરસભામાં સર્વના દેખતાં પોતાના હૃદયમાં કટાર મારી પાદશાહની સમક્ષ આપઘાત કર્યો. સ્વદેશદ્રોહીને પોતાના પાપનું યોગ્ય પ્રાયશ્ચિત્ત મળ્યું. [2] ધરણીમાતાના હૃદયપરથી એક ભારે બોજો ઓછો થયો.

અમરસિંહને પોતાનું પ્રિય નગર ચિતોડ પ્રાપ્ત થયું; પરંતુ તેમની પાસે એટલું મોટું સૈન્ય કિંવા એટલું બધું દ્રવ્ય નહોતું કે જેથી ચિતોડની રક્ષા થઇ શકે, તેથી હવે તેનું રક્ષણ શી રીતે કરવું તેની ચિંતામાં તેઓ પડયા. રાણાજીને ચિતોડની પ્રાપ્તિ થવાથી જે આનંદ થયો હતો, તે દીર્ઘકાળપર્યંત પહોંચ્યો નહિ. ચિતોડની સ્વાધીનતા પુનઃ લુપ્ત થઈ અને રાણાજીનો આનંદ પણ નાશ પામ્યો. જો તેઓ ચિતોડપર અધિક વિશ્વાસ ન રાખત, જો તેઓ પ્રતાપસિંહની પ્રણાલીનું અવલંબન કરી સંકટ-સમયે ચિતોડનો ત્યાગ કરી પર્વતોનાં દુર્ગમ સ્થાનોમાં ચાલ્યા જાત અને ત્યાં રહીને શત્રુઓને સતાવત, તો તેમનું સ્વાધીનતારૂપી રત્ન ગુમ થાત નહિ; અને કદાચિત તે જાત તોપણ રાણા અમરસિંહ પોતાના પૂજ્ય પિતાના જેવા ગૌરવસહિત પોતાનું જીવન વ્યતીત કરી શકત; પરંતુ તેમણે તેમ કર્યું નહિ. દૂરદર્શી અંતરાત્મા પ્રતાપસિંહનું ભાવીદર્શન શીઘ્ર ચરિતાર્થ થયું ! ગિહલોતકુળની પવિત્ર સ્વાધીનતા સદાને માટે નષ્ટ થઇ ! ચિતોડની પ્રાપ્તિ કરીને મહારાણા અમરસિંહે ઓછામાં ઓછા એંશી કિલ્લાઓ અને નગરો પોતાના અધિકારમાં લીધાં હતાં. આમાંના અન્તલા (અન્ટીલા)દુર્ગને તેમણે શી રીતે લીધો હતો તેનું વૃત્તાંત આવશ્યક જાણી નીચે લખવામાં આવે છે. આ કિલ્લો લેતી વખત મેવાડનાં બે શ્રેષ્ઠ સામંતકુલો વચ્ચે જેવો ઘોર વિવાદ થયો હતો તેવો કદિ પણ થયો નથી.

જહાંગીરના ત્રીજીવારના આક્રમણના વર્તમાન સાંભળી રાણા અમરસિંહ યથાસંભવ સેના એકઠી કરવા લાગ્યા; પરંતુ મોગલોને આવવાની હજી વાર છે એવો વિચાર કરી તેમણે તે અરસામાં કેટલાંક નગરો અને ગામો તેમના કબજામાંથી ખુંચવી લેવાનો નિશ્ચય કર્યો. યુદ્ધની સર્વ તૈયારી થઈ ચૂકી હતી એવામાં સેનાના અગ્રભાગની રક્ષા કોણે કરવી એ વિષે ચંદાવતો અને શક્તાવતો વચ્ચે ઘોર વિવાદ થયો. ચંદાવતસરદાર મોટા હોવાથી અત્યારપર્યંત તેમનેજ આ સન્માન મળતું હતું; પરંતુ આ વખતે શક્તાવતો પોતાના પરાક્રમની શ્રેષ્ઠતાનું કારણ દર્શાવી ‘ હિરોલ’ [3]ની રક્ષા કરવાનો અધિકાર પ્રાપ્ત કરવાને તૈયાર થયા. રાણાજી મહાગુંચવણમાં પડયા. આ સન્માન કોને આપવું અને કોને ન આપવું તે વિષે કાંઇપણ નિર્ણયપર તેઓ આવી શકયા નહિ. તેમને લાગ્યું કે જો એક દલને એ સન્માન આપવામાં આવશે તો બીજો પક્ષ નારાજ થઇને ચાલ્યો જશે.

આ ઉભય દલ સાથે મળીને જ્યાંસુધી સહાય ન કરે, ત્યાંસુધી કાર્ય પાર પડવાનો સંભવ નહોતો. રાણાજીએ અનેક તર્કવિતર્કો કર્યાં; પરંતુ તેમને કાંઇ પણ ઉપાય જડયો નહિ. જ્યારે મહારાણા મૌન રહ્યા ત્યારે અંતે ઉભય પક્ષો ખડ્ગની સહાયથી આ કૂટ પ્રશ્નનો નિર્ણય કરવાનો વિચાર કરવા લાગ્યા. હવે રાણાજી ઉચ્ચ અને ગંભીર સ્વરથી બોલ્યાઃ—“ અંતલાદુર્ગમાં જે દલ પ્રથમ પહોંચશે તેને હિરોલની રક્ષાનો અધિકાર આપવામાં આવશે.” રાણાજીના મુખમાંથી આ વાક્ય નીકળ્યું કે તરતજ ચંદાવતો અને શક્તાવતો સર્વ પ્રકારનો વાદવિવાદ છોડી અંતલાદુર્ગ તરફ ચાલવા લાગ્યા.

રાજધાનીથી નવ કોશપર પૂર્વ દિશામાં અંતલાદુર્ગ આવેલો છે. આ દુર્ગ ઉચ્ચભૂમિપર બંધાવવામાં આવેલો છે. તેની ચારે તરફ પાષાણની દિવાલ છે. તેના ઉપલા ભાગપર વચ્ચે વચ્ચે એક એક ગોળાકાર રક્ષકશાળા આવેલી છે. એક નદી કોટના પાયાની સાથે અથડાતી અથડાતી ચાલી જાય છે. આ દુર્ગના

૧ કંધાર નામનો ખંડશૈલ (ટેકરી) પાર્વતી અને ચંબલના સંગમસ્થાન આગળ છે. એ ટેકરી રણથંભોરના કિલ્લાની નિકટ છે.

૨ આજ સાગરજીના કુલાંગાર પુત્રે હિંદુધર્મ છોડી યવનધર્મ ગ્રહણ કર્યો હતો. આ પુત્રનું નામ મહોબતખાં હતું. જહાંગીરના સમયમાં મહોબતખાંજ અતિ સાહસિક સેનાપતિ ગણાતો હતો.

૩ સેનાના અગ્રભાગને હિરોલ અથવા હરોલ કહેવામાં આવે છે.

મધ્યભાગમાં દુર્ગરક્ષકનો મહાલય છે. આ મહાલયની ચારે તરફ ખાઇ ખોદેલી છે.[1] કોટની અંદર પ્રવેશ કરવાને માટે કેવળ એકજ દ્વાર છે. ઉષાનાં રક્ત કિરણો પૂર્વદિશાના ગગનને રંગી નાખે તે પૂર્વે ઉપર્યુક્ત ઉભયપક્ષો અંતલા-કિલ્લા તરફ ચાલ્યા. આજપર્યંત જે લોકો પરાક્રમ પ્રકાશિત કરવામાં એકબીજાના પ્રતિદ્વંદ્વી હતા, તેઓ આજે યશની લાલસાથી ઉત્સાહિત થઇને પોતાના શૌર્યનો પૂરેપૂરો પરિચય કરાવવાને માટે ભીષણ કાર્ય કરવા ચાલ્યા. ઉક્ત દુર્ગપર યવનોનો અધિકાર હતો. આજે જે વીર દુર્ગરક્ષક યવનનો સંહાર કરીને અંતલાનો ઉદ્ધાર કરશે, તેજ ગૌરવમુકુટ ધારણ કરશે અને તેનેજ મેવાડના સૈન્યના અગ્રભાગનું રક્ષણ કરવાનો અધિકાર પ્રાપ્ત થશે. પ્રચંડ ઉમંગથી અને વિજય પ્રાપ્ત કરવાની લાલસાથી ઉત્સાહિત થઇને આજે મેવાડનાં બે સામંતકુળો મેવાડનાથની કઠોર પ્રતિજ્ઞાનું પાલન કરવાને ચાલ્યાં જાય છે. ભટ્ટકવિઓ વીણા સાથે સુંદર સ્વરે મંગળકાવ્યો ગાવા લાગ્યા. રાજપૂતસુંદરીઓ પણ તેમના સ્વરમાં પોતાના કોકિલકંઠનો આલાપ મેળવીને રાજપૂતવીરોને બમણો ઉત્સાહ આપવા લાગી.

સૂર્યદેવ ઉદિત થઈ ચૂકયા છે. તેનાં કિરણો વૃક્ષોની ટીશીઓપર તથા પર્વતનાં શૃંગોપર ક્રીડા કરી રહ્યાં છે. આ સમયે શક્તાવતગણ અન્તલાના દ્વારની નિકટ પહોંચ્યા અને શત્રુઓને અસાવધાન જોઇને તેમનાપર આક્રમણ કર્યું; પરંતુ યવનો રાજપૂતોને જોઇ તથા તેમનો ઉદ્દેશ સમજી જઈ અલ્પ કાળમાં શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઇ ગયા અને કિલ્લાપર ચઢી ગયા. આ વખતે ઉભય દલો વચ્ચે ઘોર સંગ્રામ થવા લાગ્યો. આ તરફ ચંદાવતો માર્ગ ભૂલીને એક વિશાળ જલમય પ્રદેશમાં જઈ પડયા. આ દુર્ગમ ભૂમિમાંથી બહાર નીકળવાનો માર્ગ નહિ જડવાથી તેઓ અહીંતહીં ભ્રમણ કરતા હતા, એવામાં એક ભરવાડ તેમને મળ્યો. આ ભરવાડે તેમને માર્ગ બતાવ્યો, એટલે તેઓ શીઘ્ર અંતલાદુર્ગની નિકટ આવી પહોંચ્યા. ચંદાવતો પોતાની બુદ્ધિ ચલાવી પોતાની સાથે કેટલીક સીડીઓ લઇ આવ્યા હતા. આ સીડીઓને કોટની સાથે લગાડી તેઓ તેપર ચઢવા લાગ્યા. મુસલમાનોએ એક ગોળો છોડયો. આ ગોળો ચંદાવતસરદારને લાગ્યો અને તે સીડીપરથી નીચે તૂટી પડયો. વિધાતાએ તેન. ભાગ્યમાં હિરોલનું રક્ષણ કરવાનો અધિકાર લખ્યો નહોતો. ધીમે ધીમે ઉભય દલોની પ્રચંડ ગતિ રોકાઇ ગઈ. ચંદાવતો અને શક્તાવતો ક્ષણભર સ્થિર રહી, પછી તરતજ ભયંકર બળપૂર્વક શત્રુઓનો પરાજય કરવાનો પ્રયાસ કરવા લાગ્યા. શક્તાવતસરદાર એક પ્રચંડ હાથીપર આરૂઢ થયો હતો. બીજો કાંઇ ઉપાય નહિ જડવાથી તેણે દુર્ગનાં બંધ દ્વારપર હાથીને છોડયો. ભયંકર નાદ કરી તે પ્રચંડ ગજરાજ અત્યંત બળપૂર્વક દ્વાર તરફ દોડયો; પરંતુ દ્વારમાં લોઢાના અત્યંત તીક્ષ્ણ ખીલા જડેલા હતા, તેથી હાથીનું કાંઇ જોર ચાલ્યું નહિ. તે કોઇપણ પ્રકારે તે દ્વાર તોડી શકયો નહિ. તે દ્વાર તોડતાં અનેક શક્તાવતવીરો મરણ પામ્યા; પરંતુ દ્વાર તૂટી શકયું નહિ.તે છતાં પણ શક્તાવતસરદાર હતાશ થયો નહિ. તેનો ઉત્સાહ જેવો ને તેવો કાયમજ રહ્યો. અકસ્માત્ ચંદાવતોના તરફથી ગગનમંડલને ભેદી નાખતો પ્રચંડ જયજયકારધ્વનિ સંભળાવા લાગ્યો. આથી શક્તાવતસરદારનું હૃદય કંપાયમાન થઇ ગયું. બીજો કાંઇ ઉપાય નહિ જણાયાથી તે પોતાના હાથીપરથી નીચે ઉતર્યો અને દ્વારની સાથે લાગેલા તીક્ષ્ણ ધારાવાળા ખીલાઓપર ચઢી ગયો. પછી તેણે ઉન્મત્ત બની માવતને પોકારીને કહ્યું:—"હાથીને મારા ઉપર દોડાવ,નહિ તો હમણાં તારૂં શિર કાપી નાખીશ." માવતે પોતાના સ્વામીની આજ્ઞાનું પાલન કર્યું. તે પ્રચંડ ગજરાજે અંકુશની ભયંકર પીડાથી અત્યંત દુઃખિત થઈ ઘોર શબ્દ કરી ભીષણ બળથી દુર્ગદ્વારપર ટક્કર મારી. આ પ્રચંડ પ્રહાર સહન ન થઇ શકવાથી બન્ને બારણાં તૂટી ગયાં અને શક્તાવતસરદાર પણ ગતપ્રાણ થઇ નીચે તૂટી પડયો. આ ઘટનાપર સૈનિકોએ લેશ પણ લક્ષ આપ્યું નહિ. સરદાર માર્યો ગયો,તેનું શબ પૃથ્વીપર પડયું; પરંતુ રાજપૂતવીરોએ તે તરફ દૃષ્ટિપાતસુદ્ધાં કર્યો નહિ. તેઓ તે મૃતશરીરપર પગ મૂકીને પ્રચંડ વેગથી ખુલેલા દ્વારની અંદર ચાલ્યા ગયા. શક્તાવતસરદારે આત્મોત્સર્ગનું આવું અપૂર્વ ઉદાહરણ દર્શાવ્યું તે છતાં પણ શક્તાવતોને તે દિવસે હિરોલનું રક્ષણ કરવાનું સન્માન મળ્યું નહિ. શક્તાવતો દુર્ગમાં પહોંચ્યા ત્યારે તેમણે ચંદાવતસરદારનો મૃતદેહ

૧ કર્નલ ટાડ જણાવે છે કે,હાલમાં આ દુર્ગનો વિધ્વંસ થઈ ગયો છે.માત્ર કેટલીક દિવાલો અને એકાદ બે મહાલય હજીસુધી વિદ્યમાન છે.

કિલ્લા ઉપર પડેલો જોયો. શક્તાવતસરદારે આત્મોત્સર્ગ કર્યો તે પૂર્વે તેમણે ચંદાવતોનો જે જયધ્વનિ સાંભળ્યો હતો, તે ચંદાવતોએ કિલ્લામાં પ્રવેશીને કર્યો હતો.શત્રુના મારેલા ગોળાથી જ્યારે ચંદાવત-સરદાર સીડીપરથી નીચે તુટી પડયો,તે વખતે તરતજ એક ચંદાવતઠાકોર પોતાના પક્ષના સેનાપતિ બન્યા. આ ઠાકોર પ્રથમના સેનાપતિની નીચેની પદવી ભોગવતા હતા. એમનું નામ વાંદાઠાકોર હતું.જે વીરો અતિ ઘોર વિપત્તિથી જરા પણ ગભરાતા નથી, જરૂર પડતાં જે લોકો વ્યાઘ્રની સાથે પણ કુસ્તી કરવાને તૈયાર થાય છે, જેમને માયામોહ લેશ પણ અસર કરી શકતો નથી, એવા પ્રકારના વીરોમાં વાંદા ઠાકોરની ગણત્રી હતી. વીરતા, તેજસ્વિતા અને નીડરતા તો તેમના હૃદયમાં મૂર્તિમંતજ હતી. જે વખતે ચંદાવતસરદારનો મૃતદેહ સીડીપરથી નીચે પડયો, તે વખતે તરતજ વાંદા ઠાકોરે તેને પોતાના દુપટ્ટાવતી પોતાની કમ્મર સાથે બાંધી દીધો અને પછી તેઓ કોટપર ચઢવા લાગ્યા. તે વીર પોતાના હાથમાં લીધેલા ભયંકર ભાલાવતી યવનોનો સંહાર કરતા ધીમે ધીમે આગળ વધ્યા અને તેમણે સરદારના મૃતશરીરને કિલ્લાપર મૂકી દીધું.

તત્ક્ષણ તે વિજયોન્મત્ત બનેલા ચંદાવતઠાકોર પ્રચંડ શબ્દથી પોકારી ઉઠયાઃ–' હિરોલ ! હિરોલ! ચંદાવતવીરોને હિરોલનું સન્માન મળ્યું છે !" આ શબ્દ અંતલાદુર્ગના પ્રત્યેક શિખરપર ગુંજારવ કરતો કરતો આગળ વધી આકાશને ભેદી નાખવા લાગ્યો. તેનાથી જાણે સમગ્ર વિશ્વ કંપાયમાન થઇ ઉઠયું. વાંદા ઠાકોરે પોતાના પ્રચંડ બાહુબળથી મોગલોને પરાજિત કર્યા. જે બે ચાર માણસો પ્રાણ લઇને નાસી ગયા, તેજ માત્ર બચવા પામ્યા. મેવાડની જયપતાકા શીઘ્ર અંતલાદુર્ગના શિખરપર ફરકવા લાગી.[૧] શક્તાવતવીરો શિર ઝુકાવી પાછા ફર્યા. " હિરોલ " ની રક્ષાનો ભાર ચંદાવત ઠાકોરના ઉપર રહ્યો. આ પ્રચંડ ગૃહકલહમાં–આ ભયંકર જાતિદ્વેષમાં ઉભયપક્ષના અનેક સૈનિકો અને સરદારો માર્યા ગયા. અહીંઆં આવશ્યકતા જણાયાથી શક્તાવતઠાકોરોની ઉત્પત્તિનું વર્ણન લખવામાં આવે છે.

રાણા ઉદયસિંહને ચોવીસ પુત્રો થયા હતા. તેમાં શક્તસિંહ બીજા પુત્ર હતા. બાલ્યાવસ્થાથીજ તેઓ તેજસ્વી અને નીડર હતા. તેમણે આ સુકુમારાવસ્થામાંજ યૌવનની તેજસ્વિતા અને નીડરતાનો પૂર્ણ પરિચય કરાવ્યો હતો. એમ કહેવાય છે કે શકતસિંહની જન્મપત્રી બનાવતી વખત જ્યોતિષીએ કહ્યું હતું કે તે મેવાડને કલંકરૂપ નિવડશે. જ્યોતિષીનું આ ભવિષ્યકથન ખરૂં પડયું. આ વખતથીજ રાણા ઉદયસિંહનો પ્રેમ શકતસિંહ ઉપરથી ઉઠી ગયો હતો; તે છતાં પણ આખરે તે પોતાનોજ પુત્ર હતો. પુત્રપરનો મોહ કોણ છોડી શકયું છે? આથી તેમણે તેમને કાંઇ ઇજા કરી નહિ. કાલની ગતિ વિચિત્ર છે. કાલની ગતિથી નીડર શકતસિંહ પિતાની આંખમાં ખટકવા લાગ્યા. આ કારણથી રાણા ઉદયસિંહ પુત્રપરની માયામમતા વિસરી જઇને એક વખત તેમનો શિરચ્છેદ કરાવવાને તૈયાર થઇ ગયા હતા.

શકતસિંહ બાલ્યાવસ્થામાં પણ અત્યંત નીડર હતા. આ વાત નિમ્નલિખિત હકીકતપરથી સ્પષ્ટરીતે સમજાશે. બાલ્યાવસ્થામાં તેઓ એક દિવસ પોતાના પિતાની પાસે બેસીને ખેલતા હતા; એટલામાં એક લુહાર એક નવી બનાવેલી કટાર લઇને ત્યાં આવ્યો. રૂનાં બારીક પડ બનાવીને તે પર શસ્ત્રની ધારની પરીક્ષા કરવાનો રિવાજ છે. આ રિવાજ પ્રમાણે તે કટારની ધારની પરીક્ષા કરવાની તૈયારી ચાલતી હતી; એટલામાં બાળક શકતસિંહે લુહારના હાથમાંથી કટાર ઝુંટવી લઇ કહ્યું: " પિતાજી!

૧ સંગાવતસરદારોનો ભટ્ટકવિ અમરચંદ કર્નલ ટૉડનો મિત્ર હતો. ટૉડે પોતાના મિત્રના મુખેથી આ યુદ્ધના સંબંધમાં એવી વાત સાંભળી હતી કે જ્યારે રાજપૂતોએ અંતલાદુર્ગપર અધિકાર સ્થાપિન કર્યો, તે વખતે મોગલોના સેનાપતિ શેત્રંજ ખેલવામાં મશગુલ થઈ ગયા હતા. પહેરેદારોએ તેમને આ વિપત્તિના સમાચાર કહ્યા તે વખતે તે ઉક્ત રમતમાં એટલા તો લીન થઈ ગયા હતા કે તેમણે તે સમાચારપર કિંચિત્ પણ લક્ષ્ય આપ્યું નહિ. હવે રાજપૂતોનો વિજયઘોષ આકાશપટલને ભેદી નાખવા લાગ્યો; પરંતુ તે છતાં પણ મોગલસેનાપતિ સાવધાન થયા નહિ. વારંવાર ચેતવણી મળ્યા છતાં તેમણે લક્ષ્ય આપ્યું નહિ. હવે રાજપૂતો ત્યાં આવી પહોંચ્યા અને શસ્ત્ર ઉગામી શત્રુપર પ્રહાર કરવાને તત્પર થયા. એ વખતે મોગલસેનાપતિએ રાજપૂતોને સવિનય પ્રાર્થના કરી કેઃ–" બાજી ખતમ હોને તક આપ લોગ મહેરબાની કરેં " રાજપૂતોએ પ્રથમ તો તેમની આ પ્રાર્થના સ્વીકારી; પરંતુ દીર્ઘકાળસુધી જ્યારે તેમની બાજી ખતમ થઇ નહિ ત્યારે તેમણે તેમનો સંહાર કર્યો.

શું આ કટાર અસ્થિ અને માંસ કાપવાને માટે બનાવવામાં આવી નથી ?" આ પ્રમાણે બોલી કુમારે પોતાના કોમળ હાથમાં જોરથી ઉક્ત કટારનો પ્રહાર કર્યો. હાથમાંથી તીવ્ર વેગથી લોહી નીકળવા લાગ્યું. મહારાણાનું આસન પણ શક્તસિંહના રુધિરથી ભીંજાઇને લાલ બની ગયું; પરંતુ કુમારના સુકુમાર મુખમંડલપર શોક કિંવા દુઃખની કિંચિત્ પણ છાયા જણાઇ નહિ. સર્વ માણુસો કુમારની આવી સાહસિકતા અને તેજસ્વિતા જોઇને અત્યંત વિસ્મિત થયા. શક્તસિંહની નીડરતા જોઇને સર્વ લોકો અનેક પ્રકારના તર્કવિતર્કો કરવા લાગ્યા; પરંતુ રાણા ઉદયસિંહના મનમાં જે ભાવ ઉત્પન્ન થયો તે તો સ્વયં તેઓજ જાણતા હશે. કાયરતાથી હો વા જ્યોતિષીની ભવિષ્યવાણીથી હો, પરંતુ તેમણે તત્કાળજ કુમાર શક્તસિંહનો શિરચ્છેદ કરવાની આજ્ઞા કરી. આ કઠોર આજ્ઞાનું પાલન કરવાની તૈયારી થવા લાગી. કુમારને ભયંકર વધસ્થળે લઇ જવામાં આવ્યા; પરંતુ એટલામાં સાલુમ્બ્રાસરદારે રાણાની સમક્ષ આવી સવિનય નિવેદન કર્યું:—"મહારાજ! કૃપા કરીને આ દીન માણુસની એક વાત સાંભળો. મારાપર પ્રસન્ન થઇને આપે અનેકવાર મને વરદાન આપવા ઇચ્છા પ્રદર્શિત કરી છે; પરંતુ યોગ્ય પ્રસંગ પ્રાપ્ત નહિ થયાથી મેં આપને કાંઇ પ્રાર્થના કરી નહોતી. આ વખતે યોગ્ય પ્રસંગ મળ્યો છે માટે કૃપા કરીને આ દીન માણુસની એક કામના પૂર્ણ કરો." રાણાજીએ અકપટભાવે ઉત્તર આપ્યો:—" સાલુમ્બ્રાનાથ ! આપની શી અભિલાષા છે ? જે હોય તે સ્પષ્ટરીતે કહો. હું તરતમાંજ તમારી અભિલાષા પૂર્ણ કરીશ." સામંતશિરોમણિ સાલુમ્બ્રાપતિના હૃદયમાં આશાનો સંચાર થયો. તેમણે પુનઃ સાહસ અને નમ્રતાપૂર્વક કહ્યું:—" મહારાજ ! ધન, ગૌરવ વા ઉચ્ચ પદવીની મને અભિલાષા નથી. કેવલ આ એકજ પ્રાર્થના છે કે દયા કરીને રાજકુમાર શક્તસિંહનો પ્રાણદંડ રદ કરો. મારે પુત્રપુત્રી કાંઈ નથી. મારી વિપુલ ધનસંપત્તિનો અને ઉચ્ચ કુલગૌરવનો કોઇ પણ ઉત્તરાધિકારી નથી; માટે મેં હમણાં રાજકુમાર શક્તસિંહને ધર્મપુત્રવત્ ગ્રહણ કરીને ચંદાવતગોત્રને સંપૂર્ણ વિનાશના પંજામાંથી બચાવવાની ઇચ્છા કરી છે. જો આપ કૃપા કરીને આ રંક માણુસની આ પ્રાર્થનાનો સ્વીકાર કરશો તો મારા કુળની રક્ષા થશે." ઉદયસિંહે સાલુમ્બ્રાપતિને વચન આપેલું હોવાથી શક્તસિંહને પ્રાણદંડમાંથી મુક્ત કર્યા. સાલુમ્બ્રાપતિએ તેમને ધર્મપુત્રવત્ ગ્રહણ કરીને પૂર્ણ જતન તથા આદરસહિત તેમનું લાલનપાલન કર્યું; પરંતુ આ સરદારને વૃદ્ધાવસ્થામાં એક પુત્ર તથા એક કન્યાની પ્રાપ્તિ થઇ. હવે સાલુમ્બ્રાપતિ એક પ્રકારના સંકટમાં આવી પડયા. દત્તકપુત્ર શક્તસિંહને શી સંપત્તિ આપવી તેનો તેઓ નિર્ણય કરી શકયા નહિ; પરન્તુ એ અરસામાં પ્રતાપસિંહના તરફથી એક દૂત આવ્યો અને તેણે સાલુમ્બ્રાપતિને નિવેદન કર્યું કે:—"પ્રતાપસિંહે પોતાના ભ્રાતા શક્તસિંહને સંભાર્યા છે." પોતાના પાલકપિતા ચંદાવતસરદારની અનુમતિ લઇને શક્તસિંહ પોતાના જ્યેષ્ઠ ભ્રાતાની સાથે રહી પરમ સુખથી કાળ નિર્ગમન કરવા લાગ્યા; પરંતુ દુર્ભાગ્યવશાત્ આ સહોદરતા ઝાઝા દિવસપર્યંત ટકી નહિ. એક વખત મૃગયા ખેલતાં ઉભય બંધુઓવચ્ચે નિશાનના સંબંધમાં ઘોર કલહ થયો. ઉભય કહેવા લાગ્યા કે:—'મારાજ બાણે નિશાન ભેદ્યું છે.' ઘણીવારસુધી આ તકરાર ચાલી, પરંતુ કાંઇ નિર્ણય થઇ શકયો નહિ, ત્યારે પ્રતાપસિંહે પોતાની ભ્રૂકુટી ચઢાવી પોતાના લઘુભ્રાતા તરફ જોયું અને હાથમાંનો ભાલો ઉઠાવી ગંભીરવાણીથી કહ્યું:—" આવ, હવે કોના બાણથી નિશાન ભેદાયું છે, તેનો નિર્ણય બરાબર રીતે થઇ શકશે." શક્તસિંહને લેશ પણ ભય ઉત્પન્ન થયો નહિ. તેમને જરા પણ કંપ થયો નહિ. તેમણે નીડરતાપૂર્વક ઉત્તર આપ્યો:—" ઠીક, જોઇ લઇશ, આવી જાઓ." તત્કાળ ઉભય બંધુઓ ભાલા ઉછાળવા લાગ્યા, વીરોની પ્રથાનુસાર શક્તસિંહે પોતાના જ્યેષ્ઠ ભ્રાતાના ચરણોને વંદન કરીને તેમની ધૂળ પોતાના મસ્તકપર ચઢાવી અને પ્રતાપસિંહે તેમને આશીર્વાદ આપ્યો, પછી તેમણે પોતપોતાના ભાલા ઉઠાવી એકબીજાપર આક્રમણ કર્યું. ત્યાં આગળ ઉભેલા ઇતર સર્વ માણુસો સિસોદીઆકુળનો નાશ થતો જોઇને જાણે વજ્રાઘાત થયો હોય તદ્દત્ સ્તબ્ધ થઇ ગયા. તેમાંનો કોઇ પણ માણુસ તેમને રોકવાનું અથવા તેમની વચ્ચે પડવાનું સાહસ કરી શકયો નહિ. ગિહલોતકુલના પરમ પવિત્ર પુરોહિતે દૂરથી આ ઘટના જોઇ. તેઓ તત્કાળ તેમની પાસે ત્વરાથી દોડીને આવી પહોંચ્યા અને બોલ્યા:—"મહારાજ ! આ શું કરો છો ! આ શું કરો છો ! આવું કાર્ય કરશો માં." આ પ્રમાણે કહીને તેઓ ઉભય બંધુઓની વચ્ચે ઉભા રહ્યા, તેમણે ઉભય બંધુઓને અનેક પ્રકારે સમજાવ્યા; પરંતુ તેમનો સર્વ પ્રયત્ન

વ્યર્થ ગયો. બીજો ઉપાય નહિ હોવાથી પુરોહિતે પોતાના ઉદરમાં કટાર ઘોંચી દીધી અને વિગ્રહ કરનાર ઉભય ભ્રાતાઓની વચ્ચે તેઓ શબ થઇને પડ્યા. તેમની સમક્ષજ બ્રહ્મહત્યા થઇ,પુરોહિતના પવિત્ર રુધિરથી ઉભય રાજકુમારોના નિર્મળ ચરિત્રમાં કલંક લાગ્યું, તેમના કપાળે બ્રહ્મહત્યાનું મહાપાતક ચોંટયું, ત્યારે તે ભ્રમિત પુરુષોની આંખો ખુલી. અમારી અજ્ઞાનતાથી આ બિચારો બ્રાહ્મણ માર્યો ગયો, એમ ધારી બન્ને જણ શસ્ત્ર ફેંકી દઇ સ્તબ્ધ થઇ ઉભા. પ્રતાપસિંહે શક્તસિંહને મેવાડનો ત્યાગ કરવાની આજ્ઞા કરી. તેજસ્વી શક્તસિંહે જ્યેષ્ઠભ્રાતાની આજ્ઞા શિરસાવંદ્ય કરી, તેમના ચરણમાં શિર ઝુકાવી તત્કાળ મેવાડનું રાજ્ય છોડી પ્રયાણ કર્યું. તેમણે દિલ્લી જઇને પોતાના જ્યેષ્ઠભ્રાતાપર બદલો લેવાને માટે અકબરનો પક્ષ ગ્રહણ કર્યો. પ્રતાપસિંહે વિધિઅનુસાર ઉક્ત બ્રાહ્મણની અંત્યેષ્ટિ ક્રિયા કરી અને તેના પુત્રને 'યાવચ્ચંદ્રદિવાકરૌ' એક જાગીર પ્રદાન કરી. ઉક્ત પુરોહિતના વંશજો અદ્યાપિ તે જાગીર ભોગવે છે. એ શ્રેષ્ઠ બ્રાહ્મણે પોતાના રાજાના પરમ હિતને માટે જે સ્થળે આત્મોત્સર્ગ કર્યો હતો, તે સ્થળે એક સ્મારકસ્તંભ બંધાવવામાં આવ્યો. ઉક્ત બ્રહ્મરુધિરથી રાતા થયેલા સ્થળે અદ્યાપિ તે સ્તંભ ઉભો રહીને તે બ્રાહ્મણશ્રેષ્ઠનો અદ્ભુત આત્મભોગનો પ્રત્યક્ષ પરિચય આપે છે. તે દિવસે ઉભયબંધુઓ એકબીજાથી પૃથક્ થયા. દીર્ઘકાળપર્યંત ઉભય વચ્ચે શત્રુતા રહી. પછી જે દિવસે શક્તસિંહે પોતાના જ્યેષ્ઠભ્રાતાના પ્રાણ બચાવ્યા તે દિવસથી ઉભય બંધુઓ ભ્રાતૃત્વના સાચા બંધનથી બંધાયા અને ત્યારપછી તે બંધન કદિપણ તુટયું નહિ.

શક્તસિંહને ૧૭ પુત્રો હતા; પરંતુ તેઓના હૃદયમાં એકતા અથવા બંધુતાનું નામ પણ નહોતું. જે દિવસે વીરવર શક્તસિંહ આ લોકમાંથી વિદાય થયા,તે દિવસે તેમના પુત્રોનો ધુંધવાઇ રહેલો વિદ્વેષાગ્નિ પ્રચંડ તેજથી ભભકી ઉઠયો અને એકબીજાનો નાશ કરવા લાગ્યો. પિતાજીની ઉત્તરક્રિયા કરવાને માટે કેવલ જ્યેષ્ઠ પુત્ર ભાનુજી સિવાય સર્વ પુત્રો નદીતટે ગયા.વિધિવિધાનપૂર્વક સર્વ કાર્ય સમાપ્ત કરીને તેઓ સર્વ ભીંસરોર કિલ્લામાં પાછા આવ્યા; પરંતુ તેઓ દુર્ગમાં પ્રવેશ કરી શકયા નહિ. તેમના આગમનપૂર્વેજ તેમના જ્યેષ્ઠભ્રાતા ભાનુજીએ દુર્ગનાં દ્વાર બંધ કરી દીધાં હતાં. તેમણે વારંવાર પોકાર કર્યો;પરંતુ દ્વાર ખોલવામાં આવ્યાં નહિ. જ્યારે તેમણે આ અન્યાયી આચરણનું કારણ પૂછયું ત્યારે ભાનુજીએ દુર્ગમાં રહીને પ્રત્યુત્તર આપ્યો:-"તમે કોઇ ઇતર સ્થળે આશ્રય લ્યો. અહીંઆં તમારે માટે સ્થાન નથી. મારે ઘણાં માણસોનાં ઉદર ભરવાં પડશે." શક્તસિંહના બીજા પુત્ર અચલસિંહે જ્યેષ્ઠભ્રાતાના આ અન્યાયી કાર્યથી અત્યંત ખિન્ન થઇ કોઈ પણ પ્રકારનો પ્રતિવાદ કર્યા વિના નમ્રતાપૂર્વક તેમને જણાવ્યું કે:-"જો આપની આવીજ ઇચ્છા છે તો હું આપનો પ્રતિવાદ કરવા માગતો નથી.હમણાં એકવાર કિલ્લાનાં દ્વાર ખોલી દો એટલે અમે અમારાં સ્ત્રીપુત્ર, અશ્વ તથા શસ્ત્રાસ્ત્રો વગેરેને લઇને ભિંસરોર દુર્ગથી વિદાય થઇએ." કિલ્લાનું એક દ્વાર ખોલવામાં આવ્યું. અચલસિંહે પોતાના પંદર ભ્રાતાઓની સાથે દુર્ગમાં પ્રવેશ કર્યો અને તે સર્વ અશ્વ, શસ્ત્રાસ્ત્ર, પરિવાર વગેરેને લઇ ઇડરરાજ્ય તરફ ચાલ્યા ગયા. ઇડર આ વખતે મારવાડના રાઠોડોના અધિકારમાં હતું. અચલસિંહ પોતાની ગર્ભવતી સ્ત્રીને લઇને અત્યંત સાવધાનીથી ચાલતા હતા. તે સર્વ પાલૌડ નામના સ્થાનની નિકટ પહોંચ્યા એટલામાં અચલસિંહની સ્ત્રી પ્રસવપીડાથી અત્યંત પીડિત થઈ. આથી તેઓ આગળ જઇ શકયા નહિ. તેમણે પાલૌડના સોનગઢાસરદારની પાસે આશ્રય માગ્યો; પરંતુ શોકની વાત છે કે આવા વિપત્તિકાળમાં તે દુરાચારીએ તેમને આશ્રય આપ્યો નહિ. નિકટમાંજ શ્રીગંગાજીનું એક જીર્ણ મંદિર હતું. [1] બીજો ઉપાય નહિ હોવાથી અચલસિંહે આ મંદિરમાં આશ્રય લીધો. તેમની ગર્ભવતી સ્ત્રી મંદિરના એક ખુણામાં જઇ સૂતી.આ વખતે પ્રચંડવેગથી મુસળધાર વરસાદ વરસવા લાગ્યો. જોસબંધ વરસાદ વરસવાથી મંદિર વારંવાર કંપાયમાન થવા લાગ્યું. તેની દિવાલનો એક મહાપ્રચંડ પાષાણ છૂટો પડી ગયો અને તે ઉકત ગર્ભવતીપર પડવાની તૈયારીમાં હતો એવામાં અચલસિંહના કનિષ્ઠ ભ્રાતા બલ્લે ત્યાં આગળ જઇ તેને પોતાના મસ્તકપર ઝીલી લીધો. અચલસિંહના એક બીજા બંધુ નિકટના વનમાંથી એક બાવળનું વૃક્ષ કાપી લાવ્યા અને તેનાવતી ઉક્તપાષાણને ટેકો આપ્યો. જ્યાંસુધી બાવળના વૃક્ષનો ટેકો આપવામાં આવ્યો નહોતો, ત્યાંસુધી બલ્લ તે પાષાણને ઝીલી રહ્યા હતા.

૧ આ મંદિરમાંથી કર્નલ ટૉડને અણહિલપુરપાટણના પ્રસિદ્ધ રાજા કુમારપાળની કારકીર્દિના સંબંધમાં એક શિલાલેખ મળ્યો હતો. પાલૌડ નિમ્હેરા પ્રગણામાં આવેલું છે. હાલમાં એ પ્રગણું મેવાડથી સ્વતંત્ર છે.

ભગવતી ગંગાજીના ભગ્ન મંદિરમાં ભયંકર વિપત્તિના સમયમાં શક્તાવત વીર અચલસિંહની સ્ત્રીએ એક નવકુમારને જન્મ આપ્યો. આ કુમારનાં લક્ષણાદિ જોઇને સમસ્ત વીરગણ અનેક પ્રકારની આશા ધારણ કરવા લાગ્યા; અને તે કારણથી સર્વ જણે એકમતે તેને "આશા" નામ આપ્યું. પુત્રપ્રસવના આનંદાવેશથી ઉક્ત નવપ્રસૂતા સ્ત્રીના શરીરમાં નવીન બળ આવ્યું અને પોતાના સ્વામી તથા દિયરોની સાથે તેણે ઇડર તરફ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચતાં ત્યાંના નરેશે પરમ આદરપૂર્વક તેમનું સ્વાગત કર્યું અને તેમના ભરણપોષણનો બંદોબસ્ત કરી આપ્યો.

ઇડરનરેશ રાઠોડરાજના સરલ અને સાદર વ્યવહારથી અચલસિંહ પરમ સંતુષ્ટ થયા અને પોતાના ભ્રાતાઓની સાથે ત્યાં પરમ સુખથી રહેવા લાગ્યા. આ સમયમાં એકવાર રાણાજીના મુખ્ય મંત્રીએ સુપ્રસિદ્ધ જૈનધામ શત્રુંજય[1] ગિરિથી પાછા ફરતાં ઇડરમાં વિશ્રામ કર્યો. તેઓ સ્વકુટુંબસહિત પોતાના તંબુમાં આરામ લેતા હતા, એવામાં અર્ધરાત્રીએ પ્રચંડ વાવાઝોડું થયું. આ વખતે મંત્રીનો તંબુ ઉડી જવાની અણીપર આવી પહોંચ્યો. ડરથી મંત્રીનો જીવ ઉડી ગયો. બચવાનો કાંઇ પણ ઉપાય તેને સૂઝ્યો નહિ. આ વખતે પરમ પરમાર્થી બલ્લ અને જોધે પોતાના કેટલાક ભ્રાતાઓની સાથે ત્યાં જઇને રાજમંત્રીની રક્ષા કરી. તેમનો આ પરમોપકાર જોઈ મંત્રીવર પરમ પ્રસન્ન થયો અને ઉભય હસ્ત જોડીને તેમની ખબર પૂછી. કુશળતાના સમાચાર પ્રાપ્ત થયા પછી તેઓ નમ્રતાપૂર્વક બોલ્યાઃ—"આપ અહીંઆં રહો છો તેમાં આપની શોભા નથી. ચાલો, ઉદયપુર ચાલો. હું નિશ્ચયપૂર્વક કહું છું કે મહારાજા આપને ઉચિત સ્થાનપર સ્થિત કરશે." ઉક્ત વીરોએ મંત્રીનાં આ વચનોનો સ્વીકાર કર્યો નહિ. તેમણે કહ્યું:—"રાજાના આમંત્રણવિના ત્યાં જવું ઠીક નથી; તેથી જ્યાંસુધી તેઓ સ્વયં અમને બોલાવશે નહિ ત્યાં-સુધી આ સ્થળેજ અમારો નિવાસ ઉચિત છે." તેમને દીર્ઘકાળપર્યંત ઇડરમાં રહેવું પડ્યું નહિ. દિલ્લીશ્વરની વિરુદ્ધ ખડ્ગ ધારણ કરવાને માટે રાણા અમરસિંહ આ વખતે પહાડી લોકોને એકઠા કરતા હતા. મંત્રીદ્વારા પોતાનાં આપ્તોનાં પરાક્રમ અને હિતૈષિતા જાણીને રાણાજીએ શીઘ્ર તેમની પાસે પોતાનો દૂત મોકલ્યો. દૂતની સાથે ઉક્ત સમસ્ત વીરો પણ ચાલ્યા આવ્યા અને રાણા અમરસિંહે પરમ આદર-પૂર્વક તેમનો સ્વીકાર કર્યો.

ઉદયપુરમાં આવીને રાજભક્ત શક્તાવતોએ જે કાર્ય કર્યું તે જો કે સાધારણ હતું, તથાપિ તેદ્વારા તેમની સહાય અને રાજભક્તિનો પૂર્ણ પરિચય આપણને થાય છે. યવનોની સાથે સંગ્રામ ચાલતો હતો તે સમયે એકવાર રાત્રિએ રાણાજીએ એક પહાડીસ્થાનમાં પોતાના સૈન્યની છાવણી નાખી હતી. આ સમય શિયાળાનો હતો અને પર્વતપર બરફ પડતો હતો; જેથી કષ્ટનો પાર નહોતો. રાણાજીના કષ્ટનો વિચાર કરી બલ્લ અને જોધ જંગલમાંથી પુષ્કળ કાષ્ઠ લઇ આવ્યા અને અગ્નિ પ્રદીપ્ત કરી રાત્રિની દારુણ ઠંડીથી રાણાજીની રક્ષા કરી. ભટ્ટકવિઓના ગ્રંથોમાં આ શક્તાવતવીરોની—વિશેષતઃ બલ્લ અને જોધની વીરતા, પરાક્રમ તથા સહૃદયતાનું વિપુલ વર્ણન ઉપલબ્ધ થાય છે. જે દિવસે હરોલના સંરક્ષણના સન્માનમાટે રાણાના સામંતોમાં માંહેમાંહે ભયંકર ઝગડો થયો હતો, જે દિવસે શક્તાવત અને ચંદા-વતોએ અંતલાદુર્ગપર આક્રમણ કર્યું હતું, તે દિવસે બલ્લજ શક્તાવતોની સેનાના સેનાપતિ થયેલા હતા. જો કે તેમનો જ્યેષ્ઠ બંધુ ભાનુજી પણ આ સમરમાં આવ્યો હતો, જો કે ગૌરવ પ્રાપ્ત કરવાને માટે તેણે પણ પ્રાણનો દાવ લગાડીને પ્રયાસ કર્યો હતો, પરંતુ તે દિવસે જે વીરના અદ્દભુત પ્રાણોત્સર્ગના મહિમાથી શક્તાવતકુલનો યશ દિગંતમાં પ્રસરી ગયો હતો, તે વીર બલ્લસિંહજ હતા. જે વખતે મહા-વીર બલ્લે અંતલાદુર્ગપર પ્રાણાર્પણ કર્યું, જે વખતે તે વિશાલ દુર્ગ મુસલમાનોના હાથમાંથી છૂટી ગયો તે વખતે બાકરોલનો સામંત આ શુભ સમાચાર રાણાજી પાસે લઇ ગયો. રાણાજીએ સામંતરાજપર પ્રસન્ન થઇ તેને સારું પારિતોષિક આપ્યું અને તેઓ સ્વયં પણ શીઘ્ર અંતલાદુર્ગમાં ગયા. રાણા અમર-સિંહ જ્યારે અંતલાદુર્ગપર પહોંચ્યા તે વખતે વીરવર બલ્લસિંહનો અંતકાળ સમીપ આવી પહોંચ્યો હતો. રાણાજીને સન્મુખ જોઇને વીરવર બલ્લસિંહ ઉત્સાહપૂર્વક બોલી ઉઠયાઃ—

"દૂના દાતાર, ચૌગુના જુઝાર; ખુરાસાની મુલતાનીકા અગ્ગલ[2]"

---

[1] શત્રુંજય જૈનલોકોના પાંચ પવિત્ર પર્વતોમાંનો એક પર્વત છે.

[2] "દૂનાદાન, ચૌગુના પ્રાણદાન" આ વાક્ય વારંવાર વાપરવામાં આવે છે. એનો અર્થ એવો છે કે "રાજા

બળવાન શક્તાવતવીરનાં આ ઉત્સાહપૂર્ણ તેજસ્વી વચનો સાંભળીને રાણાજી અત્યાનંદથી પુલકિત થયા અને અંતઃકરણપૂર્વક તે વીરને આશીર્વાદ દઇને નગર તરફ ચાલ્યા ગયા. વીરવર બલ્લનાં આ અંતિમ વચનો અદ્યાપિ ભટ્ટલોકોના મુખથી સાંભળવામાં આવે છે. જો કે શક્તાવતલોકોની વીરતા અને તેજસ્વિતા હાલમાં બહુધા ક્ષીણ થઇ ગઇ છે, જો કે આલસ્ય અને અફીણસેવનથી તે લોકો અત્યંત દીન અને કર્તવ્યહીન થઇ ગયા છે, તથાપિ તેઓ હજી આ સન્માનસૂચક અભિનંદનથી સંપૂર્ણતઃ વિમુખ થયા નથી. આજે પણ કોઇ શક્તાવતસરદાર રાણાજીની રાજસભામાં જાય છે અથવા સામંતોની સાથે બેસે છે, ત્યારે ભટ્ટકવિઓ તેમને ઉચ્ચસ્વરથી વીરવર બલ્લનાં ઉક્ત અંતિમ વચનોથી સંબોધે છે. આ વીરત્વ અને મહત્ત્વસૂચક વાક્ય સાંભળતાંની સાથેજ આધુનિક દીનહીન શક્તાવતો પણ નવીન બલ અને ઉત્સાહથી બળવાન બની જાય છે અને વર્તમાનની વાત ભૂલી જઇને ભૂતકાળના ગૌરવમય પ્રદેશમાં વિચરે છે. " જાણે તેજ અંતલાક્ષેત્ર–તે માંહોમાંહેના વિગ્રહનું પ્રચંડસ્થાન તેમની દષ્ટિસમીપ ખડું થાય છે. વિશાળ અંતલાદુર્ગ આગળ વીરવર બલ્લ પ્રચંડ ગજરાજ ઉપર આરૂઢ થાય છે, પછી તે પરથી ઉતરી દુર્ગદ્વારની લગોલગ જઈ હાથીની ટક્કર સહન કરી પ્રાણોત્ક્રમણ કરે છે, તેમના ચાર ભ્રાતા અચલેશ, જોધસિંહ, દલસિંહ અને છત્રભાણ તેની સાથેજ પ્રાણાર્પણ કરી પોતાનું જીવન સફળ કરે છે. આવું હૃદયને ઉશ્કેરનારૂં પ્રકાશમાન ચિત્ર તેમની દષ્ટિસમીપ તરે છે. આ પ્રસંગે તેઓ પોતાની દાઢીમૂછ ચઢાવી ચઢાવીને એકબીજાપ્રતિ દષ્ટિપાત કરે છે. શક્તસિંહના જયેષ્ઠપુત્ર ભાનુજીપ્રત્યે આ સમયપૂર્વે કોઇ કારણથી રાણાજી અપ્રસન્ન થયા હતા. આથી તે સદા દુઃખી રહેતો હતો; પરંતુ તેને આ દુઃખમાં દીર્ઘકાળપર્યંત રહેવું પડયું નહિ. સદ્‌ભાગ્યવશાત્ રાણાજી અલ્પ સમયમાં તેનાપ્રત્યે પ્રસન્ન થયા. એક વાર ભિંદરના રાઠોડોએ રાણાજીનું અપમાન કર્યું, તેથી તેજસ્વી શક્તાવત સરદાર ભાનુજીએ પોતાની સેના સાથે તેમનાપર આક્રમણ કર્યું અને તેમનો દુર્ગ જીતી લીધો. રાઠોડો ત્યાંથી નાસી ગયા. ભાનુજીએ રાણાજીનું અપમાન કરનારાઓને આવો ભીષણ દંડ આપ્યો, ત્યારે રાણાજીએ તેનાપર પરમ પ્રસન્ન થઇને તેને પારિતોષિકમાં ભિંસરોરની સાથે ભિંદરદુર્ગ સંપોજી આપ્યો. વીરવર શક્તસિંહથી પ્રારંભીને વર્તમાનસમયપર્યંત શક્તાવતકુલના દશ સામંતોએ અનુક્રમે રાજ્ય કર્યું છે.[1] અલ્પ કાળમાં તેમનો વંશ એટલો બધો ફેલાઇ ગયો હતો કે શક્તસિંહની બે ચાર પેઢી થઈ એટલામાંજ મેવાડના રાણા આવશ્યકતા પડતાં દશ હજાર શક્તાવતવીરોને સંગ્રામમાં મોકલી શક્યા હતા; પરંતુ ઘોર ગૃહકલહ અને કાલના કઠોર પ્રભાવથી શક્તાવતગોત્રના વીરોનો અધિક ભાગ આ સંસારમાંથી પ્રયાણ કરી ગયો. જે શક્તાવતસભાને એક સમયે મેવાડની શ્રેષ્ઠ અને વિશાલ સમિતિ માનવામાં આવતી હતી, તે આજે અત્યંત દીન અને હીન થઈ ગઇ છે. જે લોકો સંગ્રામભૂમિને રમતનું મેદાન અને અસ્ત્રશસ્ત્રાદિને ખેલવાના દડા ગણતા હતા, તેમના વર્તમાન વંશજો આજે અસ્ત્રશસ્ત્રોને સ્પર્શ કરતાં અને રણની સીમાપર જતાં પણ ભયથી થર થર કંપી ઉઠે છે. સમયની બલિહારી! પણ સમયને એમાં શું લાગેવળગે છે? આળસ, પ્રમાદ, દ્વેષ અને દુર્વ્યસનનાજ એ સર્વ પ્રતાપ છે.

---

જેટલું અધિક પારિતોષિક આપશો, તેટલો સેવકોનો આત્મોત્સર્ગ વિશેષ થશે."

"દશ હજાર મેવાડકા બડા કિવાડ" એવું ચંદાવતલોકોનું પણ એક ગૌરવમય વાક્ય છે. આનો અર્થ "મેવાડનાં દશ સહસ્ર નગરનાં સિંહદ્વાર" એવો થાય છે. એમ કહેવાય છે કે ચંદાવતઠાકોરોનું આ ગૌરવયુક્ત વાક્ય સાંભળી શક્તસિંહને દ્વેષ ઉત્પન્ન થયો અને તે ભટ્ટલોકોની પાસે જઈ શોકસહિત બોલ્યોઃ–" તોપછી અમારી પાસે શું રહ્યું?" ભટ્ટલોકોએ પ્રત્યુત્તર આપ્યો કેઃ–" આપ તો કિવાડ ( સિંહદ્વારો )ના અગલ છો."

૧ શક્તસિંહના ૧૭ પુત્રોમાંના એક પુત્રની વંશાવળી

|


ભાનજી

| | | | |
|---|---|---|---|---|
| દયાળસિંહ | વીરસિંહ | માનસિંહ | ગોકુલદાસ | પુરૂ |

(પુરૂ પછીના નીચે પ્રમાણે અનુક્રમે રાજાઓ થયા.)

સુબલસિંહ, મોકમસિંહ, અમરસિંહ, પૃથ્વીરાજ, જૈત, ઉમેદસિંહ, ખુશાલસિંહ, જોરાવરસિંહ.

આવશ્યકતા જણાયાથી મૂળ વાત છોડીને દૂર જવું પડ્યું હતું. હવે પુનઃ આપણે મુખ્ય વિષય-પર આવીશું. રાણા અમરસિંહદ્વારા ત્રણ ચાર વાર પરાજિત થવાથી પાદશાહ જહાંગીર અત્યંત ડર પામ્યો અને તે રાજપૂતોનો ગર્વ શી રીતે ઉતારવો તે વિષે વિચાર કરવા લાગ્યો. શીઘ્ર એક પ્રચંડ મોગલસેના તૈયાર થઇ મેવાડપ્રદેશ ભેદીને રાણાપર આક્રમણ કરવા ચાલી. જહાંગીરે ઉક્ત સેનાની પરીક્ષા પોતે કરી હતી અને પોતાના પુત્ર પર્વેઝને તેનો સેનાપતિ બનાવ્યો હતો. આ સેના અજમેરમાં એકત્રિત થઇ હતી. અહીંઆં જહાંગીરે પોતાના પ્રિય પુત્ર પર્વેઝને પોતાની નિકટ બોલાવ્યો અને તેને કહ્યું:–" બેટા ! આ તમારી બહાદુરીની કસોટીનો પ્રસંગ છે. આ વખતે તમે અતિ મગરૂર રાજપૂતોનો ગર્વ ખંડિત કરી શકો છો કે કેમ તે જોવાનું છે. મારી આટલી વાત સ્મરણમાં રાખજો કે રાણા અમરસિંહ અથવા તેનો જ્યેષ્ઠકુમાર કર્ણસિંહ પોતાની ફોજને દૂર રાખીને તમારી મુલાકાત કરવા આવે તો તમે માન-પૂર્વક તેમનો સત્કાર કરજો. યાદ રાખજો કે પાદશાહ પાદશાહની સાથે જે પ્રકારની અદબ, નિયમ અને વર્તન રાખે છે, તેમાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા તેઓ સાથેના વર્તનમાં થવા પામે નહિ. વળી આ વાત પણ સ્મરણમાં રાખજો કે તમારી ઉન્મત્ત ફોજ મારવાડની સલ્તનતને કોઇ પ્રકારનું નુકશાન કરે નહિ." સમ્રાટની આશા આકાશકુસુમવત્ નિષ્ફળ થઇ. પોતાની સેનાની અધિકતા અને દઢતા જોઇ તેને એમ લાગ્યું હતું કે આ વખતે મેવાડનો રાજા ભયભીત થઇને સલાહ કરશે; પરંતુ આ તેની ભ્રમણા હતી. સંધિની વાત તો એક બાજુએ રહી, પરંતુ અમરસિંહના મનમાં સંધિ કર-વાની કદિ કલ્પના પણ ઉદ્ભવી હોય એ વિષે શંકા છે. દેશવૈરી યવન પોતાની વિશાલ સેના લઇને મેવાડપર આક્રમણ કરે છે, એવી ખબર સાંભળતાંજ અમરસિંહ પૂર્ણ ઉત્સાહથી ઉત્સાહિત થયા અને પોતાના સામંતોને તથા સરદારોને એકત્રિત કરીને મોગલોની સામે ગયા. અરવલ્લીમાં પ્રવેશવા માટેના દ્વારસ્વરૂપ એક પ્રસિદ્ધ ગિરિમાર્ગ હતો, ત્યાં ઉભય દલોવચ્ચે સંગ્રામ થયો.[1] આ ગિરિમાર્ગનું નામ ખામનોર હતું. આ સ્થળે અનેક રાજપૂતોએ હિંદુદ્વેષી યવનોના આક્રમણ-માંથી સ્વદેશની રક્ષા કરવાને માટે પ્રસન્નતાપૂર્વક પ્રાણાર્પણ કર્યું હતું, તેથી આ સ્થાન પવિત્ર છે. ખામનોરના આ પવિત્ર ક્ષેત્રમાં[2] રણકેસરી અમરસિંહે પોતાના રણવિશારદ સામંતો તથા સરદારોને લઇને મોગલસેના સામે પોતાનું પ્રચંડ ખડ્ગ ઉઠાવ્યું. ઉભયદલોવચ્ચે ઘોર સંગ્રામ થયો.



જહાંગીર

મોગલોની પ્રચંડ સેના, મુઠ્ઠીભર રણનિપુણ રાજપૂતોની ગતિ રોકી શકી નહિ. રાજપૂતોનાં ભીષણ પરાક્રમથી યવનસેનાના મોર્ચા છિન્નભિન્ન થઇ ગયા, મોગલો પીઠ બતાવી નાસવા લાગ્યા અને તેમાંના અનેક રાજપૂતોના હાથથી માર્યા ગયા. શેષ રહેલા યોદ્ધાઓ અજમેર તરફ નાસી ગયા. આ દિવસ મેવાડનો શુભ દિન ગણાયો. મોગલઇતિહાસવેત્તાઓએ પણ તે દિવસને સ્પષ્ટરીતે મેવાડના પ્રકાશમય ગૌરવનો દિવસ જણાવ્યો છે. તે દિવસ સિસોદીઆકુલની વીરતાનું મહા પર્વ હતું. તે પર્વના દિવસેજ ભ્રમથી અંધ બનેલો જહાંગીર પાદશાહ સફલતાના સ્વપ્નથી વિમુક્ત થયો હતો. તેની અતિ પ્રચંડ સેનાનો વિધ્વંસ થઇ ગયો અને તેનો પ્રિય પુત્ર પર્વેઝ મરતો મરતો બચ્યો હતો. અબ્બુલફઝલે લખ્યું છે કે:–"રાજકુમાર પર્વેઝ યુદ્ધમાંથી નાસતાં પહાડીમાર્ગમાં જઇ પડયો. અહીંઆં તેનાપર ઘોર વિપત્તિ આવી પડી. તેના સૈનિકોને અનેક કષ્ટો સહન કરવાં પડયાં, તેથી તેમણે પુષ્કળ ઝગડા કર્યા હતા. શાહજાદો નવી સેના પણ એકત્રિત કરી શકયો નહોતો. તે મહામુશ્કેલીથી

[1] ઇ૦ સ૦ ૧૬૧૧ માં આ સંગ્રામ થયો હતો.

[2] કર્નલ ટૉડે ભૂલથી ખામનોરને બદનપુર કહ્યું છે અને તેને દક્ષિણમાં આવેલું જણાવ્યું છે. તવારિખ ફરિસ્તાના અંગ્રેજી અનુવાદમાં આવી ભૂલ થયેલી છે.

પોતાના પ્રાણ બચાવીને નાસી છૂટયો હતો." આ પ્રકારે રાજપૂતોએ મોગલસેનાના મોટા ભાગને પરલોકમાં પહોંચાડી દીધો હતો; પરંતુ જહાંગીરપાદશાહે પોતાની નિત્યનોંધની પોથીમાંથી આ સત્ય વાત એકદમ ઉડાવી દીધી છે. તે લખે છે કે:-"મેં મારા પુત્ર પર્વેઝને હુકમ કર્યો કે તું મને લાહોરમાં એકદમ આવીને મળી જા; અને રાણાની હિલચાલ ઉપર દેખરેખ રાખવાને માટે મેં તેના એક પુત્રને કેટલાક સરદારોની સાથે ત્યાં રહેવાનો હુકમ કર્યો." ધન્ય છે જહાંગીરની સત્યપ્રિયતાને! તેણે પોતાનું અપમાન છુપાવવાને માટે સત્યને ઉડાવી દઇ દુનિયાની આંખમાં ધૂળ નાખવાની ચેષ્ટા કરી હતી; પરંતુ સત્ય કાંઇ છુપું રહે છે? તે તો કોઇ ને કોઈ વખત સ્વયં બહાર આવે છેજ!

જ્યારે પર્વેઝ પરાજિત થઇને પાદશાહની પાસે ગયો, ત્યારે જહાંગીરે પર્વેઝના પુત્રને સેનાપાત બનાવીને રાણાની સામે મોકલ્યો. વારંવાર પરાજિત થવાથી તેનો દ્વેષ અને ક્રોધ બમણો વૃદ્ધિંગત થયો હતો. આથીજ તેણે આ વખતે પોતાના પૌત્રની સાથે યવનવીર મહોબતખાંને પણ મોકલ્યો હતો. મહોબતખાં એક પ્રચંડ વીર હતો. એની સહાયથી પાદશાહને અનેકવાર વિજય પ્રાપ્ત થયો હતો, તેથી આ વખતે પણ મને વિજય મળશે એવી ઉત્કટ આશા તેને ઉત્પન્ન થઇ હતી; પરંતુ તેની તે આશા ફલવતી થઇ નહિ. રાજપૂતોના પ્રચંડ બાહુબળની આગળ એ બલગર્વિત મોગલસેનાપતિ પણ પરાજિત થયો. પર્વેઝનો પુત્ર પણ પોતાની સેના સાથે રણભૂમિમાં માર્યો ગયો;પરંતુ તેજસ્વી પાદશાહનો ઉત્સાહ રતિભર પણ ન્યૂન થયો નહિ. તેની પ્રચંડ સેના કિંચિત્ પણ ઘટી નહિ. એક સેનાનો નાશ થતાં બે ત્રણ સેના પાદશાહ ઉભી કરતો; પરંતુ રાણાજીએ આ સર્વ આક્રમણોને નિષ્ફળ કર્યાં.પાદશાહનું કાંઇ વળ્યું નહિ.

બીજી તરફ રાણાજીની સ્થિતિનું અવલોકન કરીએ. જે રણદક્ષ રાજપૂતવીરોની સહાયથી રાણા અમરસિંહે વારંવાર પાદશાહના અગણિત સૈનિકોનો સંહાર કર્યો હતો, તેઓ હવે એકની પાછળ એક એમ રણભૂમિમાં શયન કરી ગયા હતા. ક્રમશઃ રાણાજીની સેના ન્યૂન થવા લાગી હતી. વીર અને ધીર પુરુષો માર્યા ગયા હતા. જે થોડા સૈનિકો બચ્યા હતા તે સમરચતુર નહોતા; પરંતુ ધીમે ધીમે તેમને પણ રણનીતિનું શિક્ષણ આપીને મહારાણા અમરસિંહે જહાંગીરની સામે બાથ ભીડી હતી. પ્રચંડ ઉત્સાહથી ઉત્સાહિત થઇને તથા રાણાજીના ઉદાત્ત ઉદાહરણનું અનુકરણ કરીને એ થોડા રાજપૂતોએ પણ યવનોના અગાધ સેનાસાગરમાં ડૂબકી મારી હતી. તેમના વિશ્વદાહી તેજરૂપ અગ્નિના પ્રબળ પ્રકાશથી શત્રુનો તે સેનાસાગર સૂકાઇ ગયો; પરંતુ માત્ર બેચાર રાજપૂતોજ પોતાના પ્રાણ બચાવીને અક્ષત દેહે તે સેનાસાગરમાંથી બહાર નીકળી શકયા હતા. વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહના પરલોકવાસ પછી રાણા અમરસિંહે આ રીતે સત્તરવાર સમરભૂમિમાં યવનોનો સંહાર કર્યો હતો અને એ દરેકે દરેક સમયે સત્તરેવાર-તેમનેજ વિજયલક્ષ્મી પ્રાપ્ત થઈ હતી.

પરંતુ હમણાં ચિતોડપર ભયંકર સંકટ આવી પડયું છે. પાદશાહે ક્રોધિત થઇને અઢારમી વખત પોતાના ચતુર પુત્ર ખુર્રમને રાણાજીની સામે મોકલ્યો.આ ખુર્રમજ પાછળથી શાહજહાન નામ ધારણ કરીને દિલ્હીના તખ્તપર બેઠો હતો. નાની વયમાંજ તે અસ્ત્રવિદ્યામાં સંપૂર્ણરીતે પારંગત થઇ ગયો હતો. પાશાહે જે વખતે આ વીરને સેનાપતિ બનાવીને મોકલ્યો, તે વખતે સિસોદીઆકુળના ભાગ્યાકાશપર ભયંકર વાદળ છવાઈ ગયું. સમગ્ર મેવાડભૂમિપર દારુણ વિપત્તિ આવી પડી.આ ભયંકર સંકટમાંથી હવે ચિતોડપુરીનું રક્ષણ કોણ કરશે? આ વખતે પ્રચંડ મોગલસેનાની સામે ઉભો રહીને ખુર્રમની ભયંકર ગતિ કોણ રોકશે? અમરસિંહે એક વખત શાંતચિત્તથી મેવાડની વર્તમાન દશાનો વિચાર કર્યો તો તેને જણાયું કે તે અત્યંત શોચનીય છે. કોષમાં દ્રવ્ય હતું નહિ, દુર્ગમાં સેના હતી નહિ, શસ્ત્રાસ્ત્ર પણ હતાં નહિ અને આ ન્યૂનતાઓ પૂરી દેવાને માટે સમય પણ રહ્યો નહોતો, તેથી આ વખતે મેવાડનું રક્ષણ થવાની આશા નહોતી; તે છતાં પણ શું રાજપૂતો સંગ્રામ કર્યા વિનાજ માતૃભૂમિને યવનોના હાથમાં સોંપી દેશે? શું મોગલપાદશાહ સહેલાઇથી સર્વ મેવાડનિવાસીઓને બકરાં અને ઘેટાંની પેઠે જંજીરથી બાંધી લેશે? મેવાડના વીરો પાછળ સત્તર યુદ્ધોમાં રણભૂમિમાં શયન કરી ચૂકયા છે, તો પછી હમણાં જે અસંખ્ય માણસો મેવાડના વિશાળ હૃદયપર વસે છે,તે સર્વ શું નિર્જીવ છે? શું તેઓ નિર્જીવ માંસપિંડ છે? શું વીરજનની મેવાડભૂમિએ માંસપિંડ ઉત્પન્ન કર્યાં છે? જ્યાંનાં બાળકો અને સ્ત્રીઓ પણ વીરતાનાં અનુપમ દૃષ્ટાંતો જગતને દર્શાવી ગયાં છે,તેજ મેવાડભૂમિ શું આજે પરાધીનતાં-

રૂપી શૃંખલા પોતાના હાથમાં પહેરશે? કદિ નહિ.મેવાડના સમરવિશારદ વીરગણ સમરમાં શયન કરી ચૂક્યા છે એ વાત સત્ય છે;પરંતુ હજી જે અગણિત નરનારીઓ મેવાડમાં વિદ્યમાન છે, તેઓ પોતાનું કર્તવ્ય ભૂલ્યાં નથી. તેઓ હજી પ્રતાપસિંહની ઉજ્જ્વલ કીર્તિને વિસરી ગયાં નથી. શત્રુ ભયંકર સ્વરૂપ ધારણ કરી મસ્તકપર ઉભો છે. તે હમણાં મેવાડનો નાશ કરશે, રાજપૂતોની પ્રાણપ્રિયાઓપર અત્યાચાર કરશે. તેઓ આ ભયંકર કાર્ય શી રીતે પોતાની દૃષ્ટિથી જોઈ શકશે ? મેવાડનાં આબાલવૃદ્ધ સર્વ આજ પ્રકારની ચિંતા કરવા લાગ્યાં. સર્વ જણે પ્રતિજ્ઞા કરી કેઃ—"જ્યાંસુધી આપણા જીવમાં જીવ છે ત્યાંસુધી કોઇ પણ પ્રકારે મેવાડભૂમિને શત્રુના હસ્તમાં જવા દઇશું નહિ. આપણે સમરભૂમિમાં શત્રુઓને હાથે મરીશું; પરંતુ જીવિતદશામાં મેવાડની અધોગતિ જોઈશું નહિ." આ પ્રકારે પ્રતિજ્ઞા કરી સર્વ માણસો ટોળાબંધ અમરસિંહની પતાકાનીચે આવ્યાં. સર્વ માણસો પોતપોતાની શક્તિઅનુસાર રાજકોષમાં દ્રવ્ય મોકલવા લાગ્યાં. સ્ત્રીઓએ પોતાના અલંકારો વેચી નાખ્યા, ખેડુતોએ પોતાનાં હળ અને બળદો ગીરે મૂકી દીધાં અને વણિક લોકોએ પોતાની કમાઇ ખુશીથી રાજકોષમાં ભરી દીધી. આ રીતે ધીમે ધીમે રાજકોષ પરિપૂર્ણ ભરાઇ ગયો. આ ધનની સહાયથી રાણાજીએ અલ્પ સમયમાં આવશ્યક અસ્ત્રશસ્ત્રો તૈયાર કરાવી લીધાં. પછી તેઓ પોતાના પુત્ર તથા પ્રસ્તુત સેનાને પોતાની સાથે લઇને મોગલસેનાની સામે ચાલ્યા. શીઘ્ર ઉભયસેનાઓ વચ્ચે દારુણ યુદ્ધ થયું. રણવિદ્યાહીન રાજપૂતવીરો દેહની મમતા છોડી મોગલપાદશાહના અગણિત રણકુશળ વીરોની સામે યુદ્ધ કરવા લાગ્યા. જેમણે આ સંગ્રામપૂર્વે કદિ પણ શસ્ત્ર ધારણ કર્યું નહોતું, જેમણે અગાઉ કોઇપણ વખત રણગમન કર્યું નહોતું, એવા રાજપૂતો આજે મહારણચતુર સૈનિકોની પેઠે રણમાં ઝૂઝવા લાગ્યા; પરંતુ તેઓ ક્યાંસુધી નભી શકે? સમુદ્રસમાન ઉલટેલી મોગલસેનાની ગતિ રાજપૂતો ક્યાંસુધી રોકી શકે ? આથી આખરે ભયંકર પરિણામ આવ્યું. આ ભયંકર ઘટનાનું વર્ણન કરતાં અમારી લેખિની પણ કંપે છે. અમારા હૃદયમાં શોક સમાઈ શકતો નથી. વીરપૂજ્ય બાપ્પા રાવલની જે પ્રચંડ વિજયવૈજયંતી આઠસેં વર્ષથી પણ અધિક સમય થયાં ગિહલોતરાજાઓના ગર્વોન્નત મસ્તકપર ફરકતી હતી, તે વિજયપતાકા આજે સુલ્તાન ખુર્રમની આગળ નમી ગઇ. આ દુર્દૈવનું વૃત્તાંત—સિસોદીઆકુળની આ શોચનીય કથા—અમારાથી લખી શકાતી નથી. જહાંગીરે પોતે પોતાની રોજનિશીમાં તેનું જે વૃત્તાંત લખ્યું છે, તેનોજ અનુવાદ અમે નીચે ઉદ્ધૃત કરીએ છીએ.

"મારી કારકીર્દિના આઠમા વર્ષમાં અર્થાત્ હિજરીસન ૧૦૨૨ (સને ૧૬૧૩)માં મેં વિચાર કર્યો કે હું અજમેર જઈને તરતજ મારા ભાગ્યવાન પુત્ર ખુર્રમને મારાથી પહેલાં રાણાની સામે મોકલી આપીશ; ત્યારપછી સફરની સર્વ વ્યવસ્થા કરવામાં આવશે. આ વખતે મેં તેને વિધવિધ પ્રકારની મૂલ્યવાન વસ્તુઓ, એક હાથી, એક અશ્વ, એક અસિ, એક ઢાલ અને એક કટાર ઇનામમાં આપ્યાં. તેના અધિકારનીચે, જે સેના હતી તે સિવાય ૧૨૦૦૦ સૈનિકો તેને વધુ આપવામાં આવ્યા અને અજીમખાંને તેનો સહાયક સેનાપતિ નિયુક્ત કરવામાં આવ્યો. વળી સર્વ અમલદારોને પણ તેમની યોગ્યતાનુસાર પારિતોષિક આપવામાં આવ્યાં."

" તે પછી મારી કારકીર્દિના નવમા વર્ષના પ્રથમ દિવસે ( હિજરીસન ૧૦૨૩ અને ઇ૦ સ૦ ૧૬૧૪ માં ) હું મારા તખ્તપર બેઠો હતો, એવામાં મારા પુત્ર તરફથી કેટલીક વસ્તુઓ ભેટતરિકે આવી. 'આલમગુમાન' હાથીની સાથે બીજા અઢાર હાથીઓ તથા કેટલાંક સાધારણ માણસો મારી પાસે ભેટતરિકે આવ્યાં. આ હાથીઓ તથા માણસો તેને લડાઇમાંથી પ્રાપ્ત થયાં હતાં. બીજે દિવસે આલમગુમાન હાથીપર બેસીને હું શહેરમાં ફરવા નીકળ્યો અને મેં પુષ્કળ મહોરો લૂંટાવી દીધી. "

"તે પછી મને એવી ખુશખબર મળી કે રાણા અમરસિંહે સુલેહનો પેગામ મોકલ્યો છે અને તે મારો માંડલિકરાજા બનવાને ખુશી છે. મારા ભાગ્યવાન શાહજાદાએ રાણાના રાજ્યમાં જ્યાં ત્યાં પોતાનાં થાણાં બેસાડી દીધાં છે અને તેનાજ માણસો તેનો બંદોબસ્ત કરે છે. તે દેશની આબોહવા ખરાબ છે અને સમસ્ત દેશ ઉજ્જડ છે. તે દેશના રસ્તા અતિ ખરાબ છે, તેથી સમસ્ત દેશને કબજે કરવાનો વિચાર રદ કર્યો હતો; પરંતુ મારી ફોજે ખરાબ રસ્તાથી જરા પણ પાછળ હઠ્યા વિના ગરમી અને વરસાદની લેશ પણ દરકાર રાખ્યા વિના કુલ મેવાડને કબજે કર્યો અને ત્યાંના કેટલાક સરદારોની તથા સાધારણ લોકોની સ્ત્રીઓને અને છોકરાંઓને પણ કેદ કર્યાં. આથી રાણા અમરસિંહ અતિ

નાઉમેદ થયો અને તેણે થોડા દિવસસુધી જો આવો અત્યાચાર ચાલુ રહેશે તો કાં તો દેશનો ત્યાગ કરવો પડશે કે કાં તો કેદી બનવું પડશે, એવો વિચાર કરી સુલેહની દરખાસ્ત કરી. રાણાએ સૂપકર્ણ અને હરિદાસ ઝાલા એ ઉભય સરદારોને ખુર્રમની પાસે મોકલીને એમ કહેવરાવ્યું કે:–"જો આપ ક્ષમા કરીને મારો આદરસત્કાર કરશો તો હું પણ આપને સન્માન આપીશ અને ઇતર હિંદુરાજાઓ જે પ્રમાણે આપની સેવા કરે છે, તે પ્રમાણે આપની સેવા કરવાને માટે હું મારા પુત્ર કર્ણસિંહને આપની પાસે મોકલીશ; પરંતુ વૃદ્ધાવસ્થાને લીધે હું સ્વયં આપની પાસે રહી શકીશ નહિ. એ માટે આપ મને ક્ષમા કરશો. આ સર્વ વૃત્તાંત મારા નેત્રમણિ–પુત્રે શુક્રઉલ્લા અફજલખાંદ્વારા મારાપર કહાવી મોકલ્યું હતું."

"મારા શાસનકાળમાં મેવાડનો રાણો મારો માંડલિક બન્યો અને મેવાડદેશ મોગલસામ્રાજ્યમાં જોડાયો તેથી મને અત્યંત આનંદ ઉપજ્યો અને મેં હુકમ કર્યો કે મેવાડ તેના પ્રાચીન રાજવંશનાજ હાથમાં રહેશે. મને પક્કી ખાત્રી છે કે રાણા અમરસિંહ અને તેના પૂર્વજોને પોતાના આત્મબળપર પૂર્ણ ભરોસો હતો; તેમજ તેમના પહાડીપ્રદેશોપર કોઇનો પણ હાથ ચાલે તેમ નહોતું. તેઓ પોતાની કોમના નામને માટે પૂરા મગરૂર હતા, તેઓ હિંદુસ્થાનના કોઇ રાજાને પોતાના ઉપરિ સમજતા નહોતા,ન તો તેમણે કોઇની આગળ શિર ઝુકાવ્યું હતું. આ ઉત્તમ પ્રસંગ હાથથી જવા દેવો મને ઠીક લાગ્યો નહિ. આથી મેં તરતજ મારા પુત્રને વકીલ મુકરર કરીને મોકલ્યો અને રાણાને માફી આપી. મેં એવું ફરમાન લખી મોકલ્યું કે આપ મારા તરફથી કાંઇ પણ અંદેશો રાખશો નહિ. મારી સરલતા સિદ્ધ કરવાને માટે મેં મારા ફર્માનપર મારો પંજો[1] પણ મુદ્રિત કર્યો. વળી મેં મારા પુત્રપર એમ પણ લખી જણાવ્યું કે હરેક તરેહથી એ માનવંત રાણાની સાથે માનમરતબાથી વર્તી તેની ઇચ્છાનુસાર કાર્ય કરજો."

"મારા દીકરાએ આ ફર્માન અને ચીઠ્ઠી સૂપકર્ણ અને હરિદાસની સાથે રાણાપર મોકલી અને ઉક્ત ઉભય સરદારોની સાથે શુક્રઉલ્લા તથા સુંદરદાસને પણ મોકલી આપ્યા. તેણે રાણાપર એવું કહેણ મોકલ્યું કે, 'અમારી સરલતા તથા નેકીપર વિશ્વાસ કરી પાદશાહના દસ્તખતવાળો આ પરવાનો કબૂલ કરજો.' તે પછી ૨૬ મી તારીખે રાણા શાહજાદા પાસે આવશે એવા સમાચાર મળ્યા."

"શિકાર ખેલવાને માટે જ્યારે હું અજમેર ગયો, ત્યારે શાહજાદા ખુર્રમનો મહમ્મદબેગ નામનો નોકર મારી પાસે આવ્યો અને તેણે ખુર્રમના દસ્તખતની એક ચીઠ્ઠી મને આપીને કહ્યું કે રાણાએ શાહજાદાની મુલાકાત લીધી હતી."

"આ ખબર સાંભળતાંજ મેં મહમ્મદબેગને એક હાથી, એક ઘોડો અને કટાર ઇનામમાં આપ્યાં અને તેને 'જુલફિકારખાં'ની પદવી આપી."

રાણા અમરસિંહ તથા રાજકુમાર કર્ણસિંહની સાથે સુલતાન ખુર્રમની મુલાકાત તથા બેગમ નૂરજહાંએ કર્ણસિંહને આપેલા હોદ્દાનું બ્યાન પાદશાહ જહાંગીરના શબ્દોમાં આ પ્રમાણે છે.

"રાણા અમરસિંહે તા૦ ૨૬ ઇકશંબાને દિવસે મોગલ શહેનશાહતના ઇતર માંડલિક રાજાઓની પેઠે ઇજ્જત અને લિયાકત સાથે શાહજાદાની સાથે મુલાકાત કરી. મુલાકાતપ્રસંગે રાણાએ શાહજાદા ખુર્રમને એક અમૂલ્ય પદ્મરાગ, અનેક સુશોભિત રત્નજડિત હથિયારો, મોટી કિંમતના સાત હાથી અને નવ ઘોડા ભેટતરિકે આપ્યા. શાહજાદાએ પણ રાણાનો માનઆબરૂ સાથે સત્કાર કર્યો. તે પછી રાણાએ શાહજાદાના ઘુંટણ પકડીને માફી માગી. ખુર્રમે પણ તેમનું મસ્તક ઉંચકી પોતાના તરફથી કોઈપણ જાતની આશંકા ન રાખવાની ખાત્રી આપી. તેમને એક હાથી, કેટલાક ઘોડા, એક તલવાર વગેરે યોગ્ય પારિતોષિક આપ્યાં. રાણાની સાથે જે રાજપૂતો આવ્યા હતા, તેમાંના એકસોવીસ જણ માટે પોશાક, પચાસ ઘોડા અને રત્નજડિત બાર શિરપેચ મોકલાવવામાં આવ્યા. અગર જો કે આ લોકોમાં સો આદમી-

૧ સામાના હૃદયમાં વિશ્વાસ ઉત્પન્ન કરવાને માટે હાથમાં હાથ આપવો અથવા પોતાના હાથથી લખેલા પત્રપર પોતાના હાથનો પંજો મુદ્રિત કરવો. આ રીતિ અતિ પ્રાચીન કાળથી સભ્યલોકોમાં પ્રચલિત છે. હિંદુઓ માત્ર હાથમાં હાથજ આપે છે. શક અને તાતારલોકો સંધિપત્ર તથા સ્વીકારપત્રપર પોતાના હાથનો પંજો મુદ્રિત કરે છે. કર્નલ ટૉડ જણાવે છે કે, જહાંગીર પાદશાહે રાણા અમરસિંહની સાથે સંધિ કરીને સંધિપત્રપર જે પંજો મુદ્રિત કર્યો હતો, તે રાણાના દફતરમાં અદ્યાપિ વિદ્યમાન છે. કંકુથી પાંચ આંગળીઓ ભીંજવી તે સંધિપત્રપર મુદ્રિત કરવામાં આવી હતી. અદ્યાપિ તે લાલ રંગનો પંજો સ્પષ્ટ રીતે દેખાય છે.

એથી વધારે માણસો ઇનામ પ્રાપ્ત કરવાને લાયક નહોતા, તોપણ આ સર્વ સામાન તેઓની વચ્ચે વહેંચી આપવામાં આવ્યો. આ રાજલોકોમાં એક એવો રિવાજ ચાલ્યો આવે છે કે બાપદીકરો બન્ને જણા એકસાથે મુલાકાત લેતા નથી. રાણાએ પણ આ રિવાજ પ્રમાણેજ કર્યું. તેઓ પોતાની સાથે પોતાના પુત્રને લાવ્યા નહોતા.[1] તે દિવસે સુલતાન ખુર્રમે અમરસિંહને રજા આપી દીધી. વિદાય લેતી વખત કર્ણસિંહને મોકલવાનું કહ્યું હતું અને તેમના ગયા પછી કર્ણસિંહ આવ્યો. હાથી, તલવાર તથા કટાર વગેરે જાતજાતનાં ઇનામ તેને અપાવવામાં આવ્યાં. તેજ દિવસે તે શાહજાદાની સાથે મારી મુલાકાત લેવાને આવ્યો. "

"સુલતાન ખુર્રમે મારીસાથે મુલાકાત કરીને મને કહ્યું કે:–" જો હજુરનો હુકમ હોય તો રાજકુમાર કર્ણસિંહ આપની કદમ બોસી હાંસીલ કરે." મેં તેને તેડી લાવવાને હુકમ કર્યો. તે આજીજી અને અદબની સાથે આવ્યો. તે પછી સુલતાન ખુર્રમની સિફારસથી મેં તેને મારી જમણી બાજુએ બેસાડયો અને તેને એક ઉત્તમ બક્ષિસ આપી. રાજકુમાર તો શરમાતો હતો. તેણે કહ્યું કે:–"હું પહાડી મુલકનો રહીશ છું, તેથી દરબારના કાયદાથી માહિતગાર નથી અને અયશઆરામની વસ્તુઓથી સર્વાંશે અજ્ઞાત છું." તેણે દરબારનો દબદબો કદિ પણ જોયો નહોતો. તે ઘણું ઓછું બોલતો હતો અને અમારી સાથે ઘણો ઓછો ભળાતો હતો. રાજકુમાર કર્ણસિંહની અતડાઇ દૂર કરવાને, તેમ અમારી સાથે હળી જાય એમ કરવાને માટે હું દરરોજ તેની સાથે મુહબ્બતભરેલું વર્તન રાખતો હતો. તે જે દિવસે સેવામાં મુકરર થયો તેને બીજે દિવસે મેં તેને જવાહિરથી જડેલી એક કટાર અર્પણ કરી અને ત્રીજે દિવસે એક ઘોડો અર્પણ કર્યો. તેજ દિવસે હું તેને બેગમ નૂરજહાંની પાસે લઈ ગયો. નૂરજહાંએ પણ રાજકુમારને ઉત્તમ શૃંગારયુક્ત હાથી, ઘોડા, તલવાર વગેરે ઘણી ચીજો ભેટતરિકે આપી."

"તેજ દિવસે મેં તેને મોતીનો એક અમૂલ્ય હાર અર્પણ કર્યો અને બીજે દિવસે તેને માન સાથે એક હાથી અર્પણ કર્યો. રાજકુમારને ઉમદા ઉમદા સામાન અર્પણ કરવામાં આવે એવી મારી વિશેષ ઇચ્છા હતી. મને જે કોઇ ખૂબસુરત અને ઉમદા વસ્તુ મળી આવતી તે હું રાજકુમારને આપી દેતો. એકવાર મેં તેને ત્રણ બાજ અને ત્રણ તુરા જાનવર આપી દીધાં. આ પક્ષીઓ એટલાં હળી ગયાં હતાં કે હાથ પ્રસારતાંની સાથેજ તેઓ તેનાપર આવીને બેસતાં હતાં. એક સજ્જેવા અને એક ઉમદા વીંટી પણ તેને અર્પણ કરવામાં આવી તથા તેજ મહિનાની અંતિમ તારીખે કેટલાક ગલીચા, જરીથી મઢેલી ખૂબસુરત આરામખુરશીઓ, અત્તરની સીશીઓ, સોનાનાં વાસણો તથા બે ગુજરાતી બળદ આપ્યા."

"દશમી સાલ–હવે કર્ણસિંહને તેની જાગીરમાં[2] જવાને માટે રજા આપવામાં આવી. વિદાયગીરીવેળાએ એક હાથી, એક અશ્વ અને એક મોતીનો હાર તેને અર્પણ કરવામાં આવ્યો. આ મોતીના હારની કિંમત રૂ.૫૦૦૦૦ હતી. આ વખતે રાજકુમાર કર્ણસિંહ જેટલો વખત મારા દરબારમાં રહ્યો તેટલા વખતમાં તેને જેટલો સામાન મારી પાસેથી મળ્યો તેની કિંમત રૂપિયા દશ લાખથી અધિક હતી. વળી ૧૧૦ ઘોડા, પાંચ હાથી અને શાહજાદા ખુર્રમે તેને જે ભેટ આપી હતી તેની કિંમત આમાં ગણવામાં આવી નથી. મેં મુબારકખાંને કર્ણસિંહની સાથે રવાના કર્યો અને તેની સાથે મિત્રભાવપૂર્ણ સંદેશા રાણા ઉપર મોકલ્યા. વળી એક હાથી તથા ઘોડો અને બીજાં પણ કેટલાંક નજરાણાં મોકલ્યાં. "

"હીજરી સન ૧૦૨૪ના સફર માસની આઠમી તારીખે રાજકુમાર કર્ણસિંહને પાંચ હજારની મનસબદારી આપવામાં આવી.[3] આ વખતે મેં તેને એક હાર પણ ઇનામમાં આપ્યો. આ હારમાં પાનાના હીરા જડવામાં આવેલા હતા."

---

૧ કર્નલ ટૉડ જણાવે છે કે મુસલમાનોના વિશ્વાસઘાતથી શંકિત થઇને હિંદુરાજાઓ પોતાના કુમાર સાથે તેમના દરબારમાં જતા નહોતા.

૨ અફસોસ ! સ્વાધીનતાની લીલાભૂમિ પવિત્ર ચિતોડપુરીના સ્વામી બાપ્પા રાવળના વંશજોને આજે જાગીરદાર ગણવામાં આવ્યા !

૩ લહલોકોના ગ્રંથોપરથી જણાય છે કે આ મનસબદારીની સાથે મહારાણાને બેસાર, ફુલીઆ, બેદનૂર, મંડલગઢ, જિરન, નીમચ અને ભિંસરોર વિગેરે પ્રગણાં મળ્યાં હતાં. આ ઉપરાંત તેમને દેવલા અને ડુંગરપુરપર પણ અધિકાર પ્રાપ્ત થયો હતો.

"ત્યાર પછી મુહર્રમની ૨૪ મી તારીખે (ઈ૦ સ૦ ૧૬૧૫ માં) કુમાર કર્ણસિંહનો પુત્ર જગતસિંહ કે જેની ઉંમર બાર વર્ષની હતી તે દરબારમાં આવ્યો. તેણે અદબસાથે કુર્નિસ બજાવી પોતાના પિતા અને દાદાની અરજી સાદર કરી. આલીખાન્દાનમાં થએલા તેના જન્મનાં સ્પષ્ટ ચિન્હો તેના વદનપર પ્રકાશિત થઇ રહ્યાં હતાં.[1] તેની સાથે સમસ્ત વર્તન મહેરબાનીપૂર્વક કરવામાં આવ્યું અને હું તેને તરેહ તરેહની બક્ષિસો આપીને ખુશ કરવા લાગ્યો."

" શ્રાવણ સુદી દશમને દિવસે જગતસિંહ મારી રજા લઇને પોતાના મુલકમાં ગયો. રૂખ્સત પ્રસંગે મેં તેને ૨૦૦૦૦ રૂપિયા, એક ઘોડો, હાથી અને તરેહ તરેહની પહેરામણી આપી. રાજકુમાર કર્ણસિંહના શિક્ષક હરિદાસ ઝાલાને ૫૦૦૦ રૂપિયા, એક ઘોડો અને કેટલીક પહેરામણી આપી અને તેની મારફતે રાણાની ઉપર સુવર્ણની છ મૂર્તિઓ મોકલી."[2]

"તા૦ ૨૮ મી રવિ-ઉલ-અવ્વલ. આજે મારી સલ્તનતનું અગીઆરમું વર્ષ છે. મારા હુકમથી રાણા અને તેના પુત્ર કર્ણસિંહની બે મૂર્તિઓ બનાવવામાં આવી. આ મૂર્તિઓ સંગેમરમરની બનાવવામાં આવી હતી. જે દિવસે આ ઉભય મૂર્તિઓ તૈયાર કરીને મારી સમક્ષ લાવવામાં આવી, તેજ દિવસની તારીખ તેનાપર કોતરાવીને તેને આગ્રાના બાગમાં મેં મૂકવાનો હુકમ કર્યો."

" મારી સલ્તનતના અગીઆરમા વર્ષે એતમાદખાંએ મારાપર લખી મોકલ્યું કે સુલતાન ખુર્રમ રાણાના દેશમાં ગયા છે. રાણા અને તેના પુત્રે તેને સાત હાથી, સત્તાવીસ ઘોડા, જવાહિર અને અલંકારો વગેરે ચીજો નજરાણામાં આપી. આ ચીજોમાંથી ખુર્રમે કેવળ સાત ઘોડા રાખીને બાકીની સર્વ ચીજો રાણાને પાછી આપી દીધી. તે દિવસે એવો કરાર કરવામાં આવ્યો કે રાજકુમાર કર્ણસિંહે પંદરસેં રાજપૂતોને સાથે લઇને શાહજાદા ખુર્રમની પાસે રહેવું."

" મારી સલ્તનતના તેરમા વર્ષમાં જ્યારે મેં મારો દરબાર સંદલામાં ભર્યો હતો, તે વખતે રાજકુમાર કર્ણસિંહે આવીને મારી મુલાકાત કરી. મને દક્ષિણમાં જે ફતેહ હાંસિલ થઇ હતી, તેને માટે પોતાની ખુશી જાહેર કરી કર્ણસિંહે ૧૦૦ મહોર, ૧૦૦૦ રૂપિયા, ૨૧૦૦૦ રૂપિયાની કિંમતના સોનાચાંદીના અલંકારો તથા અનેક હાથી, ઘોડાઓ વગેરે તરેહ તરેહનું નજરાણું કર્યું. હાથીઘોડા પાછા આપીને શેષ સર્વ નજરાણું મેં લઈ લીધું. બીજે દિવસે મેં તેને પહેરામણી આપીને ફતેહપુરથી પાછા ફરી જવાનો હુકમ કર્યો, રૂખ્સતપ્રસંગે મેં તેને એક હાથી, એક ઘોડો, તલવાર, કટાર તથા તેના પિતાને માટે એક ઉમદા ઘોડો આટલો સામાન અર્પણ કર્યો."

" ચૌદમું વર્ષ-હીજરીસન ૧૦૨૯ ના રવિ-ઉલ-અવ્વલની ૧૭ મી તારીખે મેં અમરસિંહના બહિસ્તનશીન (પરલોકવાસ) થવાની ખબર સાંભળી. રાણાનો પુત્ર ભીમસિંહ અને પૌત્ર જગતસિંહ એ ઉભય આ ખબર લઇને મારી પાસે આવ્યા હતા. તેમને મેં તરેહ તરેહની પહેરામણી આપી અને રાજા કિશોરીદાસની મારફતે કર્ણસિંહપર એક પત્ર, કેટલાક ઉમદા ઘોડા તથા તખ્તનશીન થવાને માટે આવશ્યક સામાન મોકલી આપ્યો. પત્રમાં તેને તખ્તનશીન થવાની રજા આપવામાં આવી હતી. વળી મેં તેને ' રાણા'ની ઉપાધિ અર્પણ કરી હતી. ૭ મી સવ્વાલને રોજ બિહારીદાસ બર્મનની

---

૧ સર ટૉમસ રો ઇગ્લાંડના રાજા પ્રથમ જેમ્સના તરફથી દૂતતરિકે જહાંગીરના દરબારમાં આવ્યો હતો. તેણે હિંદુસ્થાનના પાદશાહ અને રાજાઓ વિષે જે પત્રો ઇગ્લાંડમાં મોકલ્યા હતા, તે પરથી પુષ્કળ ઐતિહાસિક વાતો ઉપલબ્ધ થાય છે. કૅન્ટરબરીના પ્રધાન ધર્માચાર્યપર તેણે ઈ૦ સ૦ ૧૬૧૫ ના જાનેવારીની ૨૯ મી તારીખે જે પત્ર મોકલ્યો હતો, તેમાંના કેટલાક ભાગનો અનુવાદ અત્રે પ્રયોજન સમજીને આપવામાં આવે છે. તે લખે છે કે:-" મહારાજ પુરુના પરમ ધાર્મિક વંશજો મોગલોની રાજસભામાં સામંતોતરિકે વિરાજે છે. ગતવર્ષપૂર્વે કોઇ તેમને પરાજિત કરી શક્યું નહોતું અને અહીંઆં હમણાં પણ વાસ્તવમાં તેમને મૂલ્ય આપીનેજ બેસાડવામાં આવ્યા છે. તેમણે મોગલોની આધીનતા સ્વીકારી તે કાંઇ અસિબલનો પ્રભાવ નથી; પરંતુ ઉપહારાદિ મોહિનીનો પ્રભાવ છે."

૨ કર્નલ ટૉડ જણાવે છે કે:-"આ પ્રકારની મૂર્તિઓનું વૃત્તાંત તો ઉપલબ્ધ થાય છે, પરંતુ એ મૂર્તિઓ કોની હતી અને મૂલ્ય શું હતું તે કાંઈ જાણી શકાતું નથી."

મારફતે એક ફરમાન મોકલવામાં આવ્યું. આ ફરમાનપત્ર ઉપર મારો પંજો હતો. આ ફરમાન એવું હતું કે તમારા પુત્રને મુકર્રર ફોજની સાથે અહીંઆં મોકલી આપો."

સમ્રાટ જહાંગીરના હસ્તાક્ષરનો આ યથાર્થ અનુવાદ છે. અત્રે આવશ્યકતા જણાયાથી તેની લાંબી સમાલોચના કરવામાં આવશે. જહાંગીરનું હૃદય અતિ ઉદાર અને મહાન હતું, એમ તેમના ઉકત ઉલ્લેખ-પરથી સિદ્ધ થાય છે. આ વૃત્તાંતની પ્રત્યેક પંકિત અને પ્રત્યેક શબ્દપરથી તેમની મોટાઇનો અને તેના ઉદાર હૃદયનો પૂર્ણ પરિચય મળે છે. વીરકેસરી પ્રતાપસિંહના વીરપુત્રપર વિજય પ્રાપ્ત કરવાથી તેમને જે અસીમ આનંદ ઉત્પન્ન થયો હતો, તે દ્વારા તેના મહત્ત્વમાં અધિક વૃદ્ધિ થઈ હતી. આનંદાતિરેકથી જહાંગીરનું હૃદય વિચલિત થયું નહોતું. તેમણે પોતાનું સ્વાભાવિક મહત્ત્વ છોડયું નહોતું. જો કે તેમણે સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કર્યું હતું અને નિષ્પક્ષપાતથી વર્ણન કર્યું હતું,તથાપિ તેમણે એક બે સ્થળે ભૂલ કરી હતી. ગિહલોતવંશના રાજાઓ યવનોનાં આક્રમણ કયી મહાશકિતના પ્રભાવથી નિષ્ફળ કરતા હતા તે જહાંગીરને વિદિત નહોતું. આ કારણથી પાદશાહ જહાંગીરે ભ્રમવશ થઇને મેવાડના રાણા તેમને શરણે આવ્યા તેનું બીજું કારણ નિર્દિષ્ટ કર્યું છે; તેમ કર્યા છતાં પણ તેમણે સિસોદીઆવીર અમરસિંહના ગર્વનું ખંડન કિંવા તેમનું અપમાન કર્યું નથી. પાદશાહ જહાંગીર, રાણા અમરસિંહમાં વીરોચિત ગર્વ હતો એમ સારીપેઠે જાણતા હતા. રાણા અમરસિંહે વીરોચિત ગર્વથીજ એવા ઉદ્‌ગાર કાઢયા હતા કેઃ—" કાં તો સ્વદેશનો ત્યાગ કરવો પડશે કે કાં તો બંદીવાન થવું પડશે." આવી સ્થિતિમાં આવી પડવાથીજ અંતે તેમણે દિલ્લીપતિને શિર ઝુકાવ્યું હતું. હૃદયભગ્ન, નિરુપાય અને આશ્રયહીન રાજપૂતકેસરીની દારુણ હૃદય-પીડાથી જહાંગીરના હૃદયમાં પણ કરુણા ઉત્પન્ન થઇ હતી અને તેથીજ તેમણે રાણાની સાથે વિનયભરેલું વર્તન રાખ્યું હતું. જ્યારે રાણા અમરસિંહ સર્વ પ્રકારે હતાશ થઇ ગયા, ત્યારેજ તેમણે પાદશાહને મસ્તક નમાવ્યું હતું અને ત્યારેજ તેમણે ઇતર હિંદુરાજાઓની પેઠે પાદશાહના દરબારમાં રહીને તેમની સેવા કરવાનો સ્વીકાર કર્યો હતો. જો કે તેમણે પાદશાહની સેવા સ્વીકારી હતી, તોપણ મારાથી આ કઠોર અપમાન સહન થઇ શકશે નહિ એવો વિચાર કરીને તેમણે પોતાના પુત્ર કર્ણસિંહને પાદશાહના દર-બારમાં મોકલ્યા હતા અને પોતે પાદશાહની ક્ષમા માગી લીધી હતી. પાદશાહ સારી રીતે સમજી ગયા હતા કે રાણા અમરસિંહે મહામુશ્કેલીથી આ અપમાન સહન કર્યું છે. વાસ્તવમાં આ વિપત્તિથી તેમનું હૃદય છિન્નભિન્ન થઈ ગયું છે. જે ગિહલોતવીરો સહસ્ર વર્ષોથી સ્વાધીનતાનું સુખ ભોગવતા આવ્યા હતા, જેમણે પરાધીનતાનું નામ પણ સાંભળ્યું નહોતું, તેમના વંશમાં જન્મ લઇને આજે ભાગ્યહીન અમરસિંહને વિધિના કઠોર લેખથી સ્વર્ગીયસ્વાધીનતાથી અલિપ્ત થવું પડે, એ શું સામાન્ય દુઃખની વાત છે? પાદશાહ જહાંગીરે પોતાના હાથથી તેમના ગળામાં પરાધીનતાની જંજીર પહેરાવી હતી, તેમણે પોતાના હાથથી તેમને ગૌરવમય આસનપરથી ઉતારીને પાતાળમાં ફેંકી દીધા હતા. જે રીતે મંત્રથી પરિબદ્ધ થયેલો અજગર નિરુપાય બની જાય છે, તેજ પ્રમાણે અમરસિંહે પણ લાચાર થઇને જે અપમાન રાજપૂતો કદિ પણ સહન કરી શકતા નથી, તે અપમાન સહન કર્યું. નિરુપાય બનવાથી તેમને તે અપમાન સહન કરવું પડયું. તેમના પ્રત્યેક અંગોપાંગમાં જે તીક્ષ્ણ અગ્નિ બળતો હતો, તેમની પ્રત્યેક નસમાં જે તીક્ષ્ણ ઘાવ લાગ્યા હતા, તેની પીડા બીજો કોઈ પણ માણસ સહન કરી શકત નહિ. તેમને સ્થાને જો કોઈ બીજો માણસ હોત તો નિઃસંશય તેનું હૃદય ફાટી જાત, તત્ક્ષણ તે મરણને શરણ થઇ જાત, તેના દલિત અને પીડિત પ્રાણ આપોઆપ શરીરમાંથી વિદાય થઈ જાત. અમરસિંહના હૃદયમાં અત્યંત કષ્ટ હતું; પરંતુ તેમણે કેવળ અદ્‌ભુત સહનશીલતાના બળથીજ તે કષ્ટ સહન કર્યું હતું; કારણ કે તેઓ જાણતા હતા કે મનુષ્ય થઇને જે સહનશીલતા ન શીખ્યો તે મનુષ્ય નામને યોગ્ય નથી. માનવદેહ ધારણ કરવો એ કેવળ તેની વિડંબનાજ છે. આ ગુણ કેવળ અમર-સિંહમાંજ નહોતો; પરંતુ પવિત્ર ગિહલોતવંશમાં પરંપરાથી ચાલ્યો આવે છે.

આ ગુણ અમરસિંહે વ્યવહારમાં દર્શાવ્યો. તેમણે આ વખતે અપૂર્વ સહિષ્ણુતાની પરાકાષ્ઠા બતાવી. સ્વાધીનતાનો લોપ થવાથી તેમના હૃદયમાં ભીષણ પીડા થઇ છે, એમ પાદશાહ પણ સમજ્યા હતા. આથી સમ્રાટનું હૃદય પણ વ્યથિત થયું હતું. આથીજ તેમણે રાણાના ગૌરવનું રક્ષણ કરવાને માટે

હરેક પ્રકારે તેમની ઇચ્છાનુસાર માનભરેલી વર્તણુક ચલાવવામાં કસુર ન આવે, એવો હુકમ કર્યો હતો.[1]

વીરકેસરી પ્રતાપસિંહના પુત્ર અમરસિંહપર વિજય પ્રાપ્ત કરીને જહાંગીર આનંદિત થયા હતા, એ વાત સત્ય છે; પરંતુ તેને આનંદાતિશય થયો નહોતો. હલકા મનુષ્યોની પેઠે તે આનંદોન્મત્ત થઇ ગયા નહોતા. તેમનો આનંદ શાંત અને સરલ હતો. તેમણે પોતાના સામ્રાજ્યમાં ઘેર ઘેર આનંદોત્સવ કરવાનો હુકમ બહાર પાડયો નહોતો; પરંતુ તેમણે કેવળ રાણાના પ્રિય હાથી આલમગુમાનપર સ્વાર થઇને દીન, દરિદ્રી લોકોને દ્રવ્ય વહેંચ્યું હતું. આપરથી તેમના ગંભીર અને શાંત આનંદની પ્રતીતિ થાય છે. રાણાપર વિજય પ્રાપ્ત થવાથી તેમણે પોતાને ગૌરવાન્વિત માન્યો હતો; કારણ કે તેમને વિદિત હતું કે સિસોદીઆવંશના રાજાઓજ સર્વ રાજપૂતોમાં શ્રેષ્ઠ છે. આ વીરપૂજ્ય શ્રેષ્ઠરાજકુળપર વિજય પ્રાપ્ત કરવાને માટે તેમના પૂર્વજોએ અત્યંત પરિશ્રમ કર્યો હતો; પરંતુ પુષ્કળ દ્રવ્ય અને અગણિત સૈનિકોનો ભોગ આપ્યા છતાં પણ તેમની ચેષ્ટા ફલવતી થઈ નહોતી. જહાંગીરે આ કાર્ય પાર પાડયું તેથી તેમણે પોતાને ગૌરવાન્વિત માન્યો. જે કાર્ય ખડ્ગબળથી થઇ શકયું નહોતું;નૃશંસતા, સ્વાર્થપરતા અને અત્યાચારના પાપમંત્રથી દીક્ષિત થઇને પાશવ અસિબલના પ્રયોગથી તેમના બાપદાદા જે કાર્ય સિદ્ધ કરી શકયા નહોતા; જે કાર્ય તેઓ સ્વયં સત્તર વખત ભયંકર સંગ્રામભૂમિમાં આવી અગણિત હિંદુમુસલમાનોનું રુધિર વહેવરાવ્યા છતાં પાર પાડી શકયા નહોતા; તેજ કાર્ય આ વખતે તેના પુત્ર સુલતાન ખુર્રમે સદાચરણ અને સદ્‌વ્યવહારથી સિદ્ધ કર્યું.તેઓ સારીપેઠે જાણતા હતા કે ભારતવર્ષના આર્યલોકો પાશવબળ અથવા ખડ્ગની સહાયથી મસ્તક નમાવે એવા નથી. આ ગૂઢ સત્ય તેમને પરિચિત હતું તેથીજ તેમણે વિનયથી રાજપૂતોને સ્વાધીન કરી લીધા હતા. ભારતવર્ષ પાશવબળ કિંવા અસિબળથી શાસિત થઇ શકનાર નથી, એ તત્ત્વ વિદેશી મોગલબાદશાહે સારી રીતે જાણ્યું હતું. ભૂતકાળનો ઇતિહાસ મોગલોની ઉદારતાનું વર્ણન અસંખ્ય મુખોથી કરી રહ્યો છે. સૂક્ષ્મદર્શી નિરપેક્ષ જહાંગીરની પવિત્ર લેખિની આજે સભ્ય જગતમાં એક નવીન સત્યનો જયજયકાર કરી રહી છે—એક નવીન સત્યનો ઢંઢેરો પીટી રહી છે.

પાદશાહ જહાંગીરે મેવાડના રાણાને પરાજિત કરીને પોતાને ગૌરવાન્વિત માન્યો. આજ કારણથી તેમણે રાણા અમરસિંહના પુત્ર કર્ણસિંહને પોતાના જમણા હાથપર આસન આપ્યું;અર્થાત્ ભારતવર્ષના સમસ્ત રાજાઓથી ઉચ્ચ આસન આપ્યું.પાદશાહે રાણાની સાથે જે જે પ્રકારનું વર્તન ચલાવ્યું છે,તે સર્વનો વિચાર કરવાથી તેમની ઉદારતા, વીરોચિત ગૌરવ અને શિષ્ટાચારનો સારો પરિચય મળે છે. સિસોદીઆકુળનાં માનમર્યાદાની રક્ષા કરવાને તથા સિસોદીઆરાણાને સુખમાં રાખવાને જાણે જહાંગીરને સદૈવ ચિંતા થયા કરતી હતી; પરંતુ એક સ્થળે જહાંગીરની ભૂલ થઈ છે. તેમણે મંત્રાધીન બાળનાગસમાન, કર્ણસિંહના હૃદયનો ભાવ નહિ સમજી ભૂલથી કહ્યું છે કેઃ—"કર્ણ શરમાળ છે;" પરંતુ વિચાર કરવાથી જ્ઞાત થાય છે કે કર્ણસિંહની તે 'શરમ' એક અધિક ગૌરવમય અભિધાનને યોગ્ય હતી. રાજકુમાર કર્ણસિંહે સુપ્રસિદ્ધ અને પરમ પવિત્ર ગિહલોતકુળમાં જન્મ લીધો હતો. તેમના પિતા મહા બળવાન રાજાના પુત્ર હતા. તેમની જન્મભૂમિ આર્યગૌરવ અને સ્વાધીનતાની લીલાભૂમિ હતી. વીરપ્રસૂતા મેવાડભૂમિમાં જન્મ લઇ જગત્પૂજ્ય વીરવંશમાં ઉત્તમ પિતાદ્વારા ઉત્પન્ન થઇ તેઓ મોગલસમ્રાટના દાસ બન્યા હતા. તેમના પૂર્વજોના શરીરમાં પ્રાણ હતા, ત્યાંસુધી તેમણે મોગલોને મેવાડભૂમિની સીમામાં પગ મૂકવા દીધો નહોતો અને તેમની સાથે જે રાજપુતોએ સંબંધ રાખ્યો, તે માટે તેમણે પોતાના જાતિબંધુઓનો ત્યાગ કર્યો હતો. જે લોકોને તેમણે "દૈત્ય" " દાનવ " આદિ ઘૃણાસૂચક નામો આપ્યાં હતાં, તેમનીજ સેવા વિધાતાના લેખથી આ વખતે તેમને કરવી પડતી હતી. સહાય, આશ્રય, ઉપાય—સર્વથી રહિત બની આજે મહારાણા યવનોની આધીનતારૂપી જંજીરથી બદ્ધ થયા હતા. આ દુર્દશા જોઈ કર્ણસિંહ જેવા તેજસ્વી રાજકુમારનું હૃદય છિન્નભિન્ન થઇ જાય તેમાં શું આશ્ચર્ય ? રાજકુમાર કર્ણસિંહ પણ પવિત્ર સિસોદીઆકુળના યોગ્ય રાજપુત્ર હતા. આથી પરાધીનતારૂપી બેડીથી તેમનું હૃદય ભગ્ન થઈ ગયું હોય તેમાં કાંઇ શક નથી. જે માણસને તલભાર પણ સ્વાધીનતા ન હોય અને જેની માતૃભૂમિની દુર્દશા થઇ ગઇ હોય, તેનું હૃદય ક્ષુબ્ધ થઇ જાય તેમાં શું નવાઇ? આવી દુર્દશા જોઇ જેના હૃદયમાં દુઃખ ઉત્પન્ન થાય નહિ તે માણસ કહેવાવાને યોગ્ય નથી—તેમાં મનુષ્યત્વનું નામ

1 પાદશાહની આ આજ્ઞાનું યથાર્થ પ્રકારે પાલન થયું હતું.

નથી. રાજકુમાર કર્ણસિંહ રાજપૂત હોવા છતાં પણ સ્વાધીનતા ખોઇ બેઠા હતા. વીરત્વ, ગૌરવ અને સ્વાધીનતાની ખાણુસ્વરૂપ મેવાડભૂમિ કે જેમાં તેમના પૂર્વજો સ્વતંત્ર રાજ્યાધિકાર ભોગવી ગયા હતા, તે ભૂમિને જે શત્રુએ આ શોચનીય દશાએ પહોંચાડી હતી, તે શત્રુની સાથે તે હળીમળીને વાર્તાલાપ શી રીતે કરી શકે ? શત્રુએ તેમની આધીનતારૂપી જંજીરનો ભાર ઓછો કરી તેમને સંતુષ્ટ રાખવાનો પ્રયત્ન કર્યો હતો. તેમને સર્વ હિંદુરાજાઓના કરતાં ઉચ્ચ આસનપર સ્થાપિત કર્યા હતા. મેવાડના રાજ્યથી અલગ થયેલા ગોદ્વારરાજ્યને પુનઃ તેની સાથે સંયોજી દીધું હતું. તેમને પાંચહજારી મનસબદારી સોંપી હતી. આ સર્વ વાત સત્ય છે, આ સર્વ રાજ્યચાતુર્ય ઉત્તમ છે; પરંતુ તેના બદલામાં કર્ણસિંહનું જે અમૂલ્ય ધન ખોવાઇ ગયું હતું, તેની આગળ તો ઇંદ્રની અમરાવતી અને કુબેરનો ભંડાર પણ તુચ્છ છે. **'स्वर्गादपि गरीयसी'**એવી જનનીજન્મભૂમિના અમૂલ્ય સ્વાધીનતારત્નથી કર્ણસિંહ વંચિત થયા. આ રત્નનો ઉદ્ધાર કરવાનો હવે કોઇ ઉપાય રહ્યો નહોતો, તેથી તેઓ મૌન ધારણ કરી રહ્યા હતા. આથીજ પાદશાહે તેમને ' શરમાળ ' અને ' થોડાબોલા ' કહ્યા છે.

ઉદારહૃદય જહાંગીરે રાણા અમરસિંહને જેવું માન આપ્યું હતું, તેમનું જેવું ગૌરવ રાખ્યું હતું, તેવું માન અને ગૌરવ અન્ય કોઇ પણ પરાજિત રાજાએ સમ્રાટતરફથી પ્રાપ્ત કર્યું હોય એ વિષે અમને સંપૂર્ણ શક છે; પરંતુ તેજસ્વી અમરસિંહના હૃદયમાં આ સન્માન અને ગૌરવ કંટકની પેઠે ખુંચતાં હતાં. પાદશાહે આપેલાં સન્માન અને ગૌરવવિષે જેમ જેમ તેઓ વિચાર કરતા હતા, તેમ તેમ તેમના હૃદયમાં કંટક ભોંકાતા હતા. આ દારુણ કષ્ટના પ્રચંડ પ્રહારથી કોઇ કોઈ વખત તેઓ ઉન્મત્ત જેવા બની જઇને ખુર્રમની મહાનતા અને ઉદારતા તથા જહાંગીરનાં સન્માન અને સદ્‌વ્યવહારને સહસ્રાવધિ ધિક્કાર આપ્યા કરતા હતા. સુલતાન ખુર્રમ રાજપૂતબાળાના ઉદરથી ઉત્પન્ન થયેલો હોવાથી તે રાજપૂતવીરોનો અત્યંત આદરસત્કાર કરતો હતો.[1] રાજપૂતોપ્રત્યેના તેના આ નિષ્કપટ પ્રેમ અને આદરથી મોહિત થઇને તેજસ્વી અમરસિંહે જહાંગીરની આધીનતા સ્વીકારી હતી અને તેઓ તેની સાથે મિત્રભાવ ચાલુ રાખવાને સમ્મત થયા હતા; નહિ તો તેઓ સમગ્ર જીવનપર્યંત સમરસાગરમાં ડુબતા રહેવા છતાં અને કઠોર અત્યાચારથી પીડિત થવા છતાં મોગલસમ્રાટની આધીનતા સ્વીકારત નહિ. ખુર્રમનો સ્વભાવ અત્યંત સરલ અને ઉદાર હતો, તેમજ તેનાં વચનો પણ તેવાંજ સરલ અને મનોહર હતાં. ખુર્રમની વાક્યાવલી અમરસિંહના કર્ણમાં જાણે અમૃતની વૃષ્ટિ કરતી હતી. શાહજાદા ખુર્રમે રાણાને સંધિ કરવાને માટે પ્રાર્થના કરી હતી અને જો સંધિ કરવામાં આવશે તો મિત્રતા બાંધવામાં આવશે, એવું વચન આપ્યું હતું. તેનું "જો આપ એકવખત શહેરની બહાર આવી પાદશાહના પંજાવાળા ફર્માનપત્રનો સ્વીકાર કરશો તો તરતજ હું સર્વ મુસલમાનોને મેવાડમાંથી દૂર કરી બીજા મુકામપર મોકલી દઇશ; પછી આપને મેવાડમાં મુસલમાનોની ગંધસુદ્ધાં આવશે નહિ. " આ વાક્ય સાંભળી રાણાનું હૃદય પ્રચંડ તેજસ્વિતાથી ઉભરાઇ ગયું. તેમણે શાહજાદાની માગણીનો સ્વીકાર કર્યો નહિ. 'શું હું વીરકેસરી પ્રતાપસિંહનો પુત્ર થઇ રાજપૂતોની સ્વાધીનતાનું હરણ કરનાર મોગલોનું દાસત્વ સ્વીકારીશ? જ્યાંસુધી મારા દેહમાં પ્રાણ રહેશે, ત્યાંસુધી મારાથી આ કાર્ય થઇ શકશે નહિ.' આ વિચાર અમરસિંહના હૃદયમાં ઘુમવા લાગ્યો. જો કે ખુર્રમે એક મિત્ર બનવાની માગણી કરી હતી, તોપણ મહારાણાએ તેનો સ્વીકાર કર્યો નહિ—દર્પસહિત ના કહેવરાવી.

જે દિવસે સુલતાન ખુર્રમે ઉક્ત માગણી કરી તેજ દિવસે મહારાણાએ રાજ્યભાર છોડી શાંતિમય મુનિવૃત્તિ ધારણ કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી. આ પ્રતિજ્ઞાનું પાલન થવામાં ઝાઝો વિલંબ થયો નહિ. ખુર્રમની સાથે મુલાકાત કરીને જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે તેમણે સર્વ સરદારોને પોતાની સમક્ષ બોલાવ્યા અને તેમની આગળ પોતાની પ્રતિજ્ઞા પ્રકટ કરી. પછી તેમણે પુત્રના મસ્તકપર રાજતિલક કરી રાજ્યથી વિદાય લીધી.[2] વિદાય લેતી વખત તેમણે સિંહાસનારૂઢ થયેલા પોતાના પુત્રના મસ્તકે ચુંબન

૧ અંબરના કુશાવહવંશની રાજકુમારીના ઉદરથી ખુર્રમનો જન્મ થયો હતો. આથીજ ચતુર બહુવિજ્ઞોએ તેને કચ્છપકુલોત્પન્ન કુર્મ કહ્યો છે.

૨ સંવત ૧૬૭૨ (ઈ૦ સ૦ ૧૬૧૬ ) માં રાણા અમરસિંહે પોતાના પુત્રને રાજ્યભાર સમર્પણ કર્યો હતો;

કરી ધીર ગંભીર સ્વરે તેમને કહ્યું:–"બેટા! જોજે, મેવાડનું સન્માન અને ગૌરવ હવે તમારાપરજ નિર્ભર છે." આમ કહીને તેઓ રાજધાનીનો ત્યાગ કરી રાજનચૌકીની[1] ગિરિગુહામાં ગયા અને ત્યાં સુખદુઃખથી પોતાનું શેષ જીવન વ્યતીત કરવા લાગ્યા. તે વખત પછી તેમણે કદિ પણ પોતાનો સંન્યસ્તાશ્રમ છોડયો નહોતો. ત્યારપછી તેઓ કદિ પણ રાજધાનીમાં આવ્યા નહોતા. જ્યારે સંવત ૧૬૭૭ (ઈ૦ સ૦ ૧૬૨૧) માં તેમનો પવિત્રાત્મા આ લોક છોડી સ્વર્ગમાં ચાલ્યો ગયો, જ્યારે તેમનું શરીર પંચતત્ત્વોમાં મળી ગયું ત્યારે તેમના દિવ્યદેહની પવિત્ર ભસ્મ તેમના પૂર્વજોના ભસ્મરાશિની સાથે રાખવાને માટે રાજભુવનમાં લાવવામાં આવી.

અમરસિંહના દિવ્ય ચરિત્રની વિશેષ શું સમાલોચના કરીએ વારૂ? તેઓ વીરકેસરી પ્રતાપસિંહના યોગ્ય પુત્ર અને પવિત્ર ગિહલોતકુલના પરમ પવિત્ર રાજા હતા. જે શારીરિક અને માનસિક ગુણોને વીરપુરુષોનાં ભૂષણ માનવામાં આવે છે, તે સર્વ ગુણો અમરસિંહના અંગમાં વિદ્યમાન હતા. મેવાડના સર્વ રાજાઓ કરતાં તેઓ અધિક ઉંચા હતા. તેઓ અત્યંત બળવાન હતા; પરંતુ મેવાડના ગત રાજાઓની પેઠે રાણા અમરસિંહનો વર્ણ ગૌર નહોતો. તેમના મુખમંડળપર બહુધા શોક અને ગંભીરતાની કાલિમા દૃષ્ટિગોચર થયા કરતી હતી; પરંતુ તેમનામાં આ ભાવ પ્રકૃતિગત નહોતો. એમ જણાય છે કે જીવનપર્યંત વિપત્તિઓદ્વારા પીડિત હોવાથી તેમના વદનમંડળપર આ શોકની છાયા છવાઈ ગઈ હતી. ઉદારતા, વીરતા, દયા તથા ન્યાયપરાયણતા એ રાજપૂતરાજાઓના પ્રધાન ગુણ માનવામાં આવે છે. અમરસિંહમાં આ સર્વ ગુણો વિદ્યમાન હોવાથી સૈનિકો, સામંતો, ઇષ્ટમિત્રો તથા પ્રજાજનો દેવ પ્રમાણે તેમની પૂજા કરતા હતા. રાણા અમરસિંહના અપૂર્વ ગુણોનું અદ્દભુત વૃત્તાંત બહુધા ભટ્ટલોકોના ગ્રંથો, રાજસ્થાનના અનેક સ્તંભો તથા પહાડોપર અંકિત થયેલું ઉપલબ્ધ થાય છે.



પરંતુ તવારિખફરિસ્તાના અનુવાદક મહાનુભાવ ડૅા૦ સાહેબ જણાવે છે કે સંવત ૧૬૬૯ (ઈ૦સ૦ ૧૬૧૩) માં તેમણે પોતાના કુમારને રાજ્ય સમર્પણ કર્યું હતું.

૧ કર્નલ ટૅાડ જણાવે છે કે ઉક્ત સ્થાનપરજ સુલતાન ખુર્રમે રાણાજીની સાથે મુલાકાત કરી હતી. નગરની ઉત્તર દિશાએ એક ગિરિમાલાની ઉપર અદ્યાપિ રાજનચોકીનું ખંડિયેર પડેલું છે. એને રાણા ઉદયસિંહે બંધાવી હતી.

# अध्याय १२ मो

**કર્ણસિંહદ્વારા ઉદયપુરનું દૃઢ થવું તથા તેની શોભાની વૃદ્ધિ થવી–સમ્રાટની સભામાં જવાની ફરજમાંથી રાણાની મુક્તિ–સમ્રાટને સહાય માટે આપેલી સેનાના સરદારતરિકે ભીમસિંહનું નિયુક્ત થવું–સુલતાન ખુર્રમ અને ભીમસિંહે મળી પર્વેઝની વિરુદ્ધ રચેલી પ્રપંચજાળ–રાજદ્રોહીઓ ઉપર જહાંગીરનું આક્રમણ–ભીમસિંહનો વધ–ખુર્રમનું ઉદયપુરમાં નાસી જવું–રાણાએ સન્માનપૂર્વક તેનો કરેલો સ્વીકાર–રાણા કર્ણસિંહનો પરલોકવાસ–રાણા જગતસિંહનો રાજ્યાભિષેક–જહાંગીરનું મૃત્યુ–શાહજહાં નામ ધારણ કરી ખુર્રમનું સિંહાસનારૂઢ થવું–મેવાડમાં પ્રસરેલી ગંભીર શાંતિ–પેશોલોના દ્વીપોમાં રાણાએ મહાલય બંધાવવો–ચિતોડની પુનઃ કરેલી મરામત–જગતસિંહનું મૃત્યુ–રાણા રાજસિંહનો રાજ્યાભિષેક–શાહજહાંને પદભ્રષ્ટ કરી ઓરંગઝેબનું સિંહાસનારૂઢ થવું–જહાંગીર અને શાહજહાં હિંદુઓપર પ્રેમ રાખતા હતા તેનાં યથાર્થ કારણ–ઓરંગઝેબના ચારિત્ર્યનું વર્ણન–રાજપૂતોઉપર ઓરંગઝેબે નાખેલો જજીઆવેરો–રૂપનગરની રાજકુમારી સાથે ઓરંગઝેબે વિવાહ કરવા માટે કરેલો પ્રયાસ–તેને હરણ કરી રાજસિંહનું પોતાના નગરમાં આવવું–સમ્રાટની સામે યુદ્ધ કરવાનો તેમણે કરેલો ઉદ્યોગ–ઓરંગઝેબનું યુદ્ધ કરવા માટે આવવું–ગીરવાની ખીણ–રાજકુમાર અકબરનો પરાજય–તેનું ગિરિસંકટમાં ફસાઇ પડવું–રાણાના જ્યેષ્ઠકુમારે આ સંકટમાંથી અકબરનો કરેલો ઉદ્ધાર–દિલેરખાંનો પરાજય–રાણા અને તેમના સહાયક રાઠોડોએ ઓરંગઝેબનું કરેલું અપમાન–યુદ્ધભૂમિમાંથી ઓરંગઝેબનું નાસી જવું–રાજકુમાર ભીમસિંહનું ભયંકર આક્રમણ–રાણાના મંત્રીઓએ માળવાની કરેલી લૂંટ–રાજપૂતદલે એકત્રિત થઈ અજીમને પરાજિત કરી ચિતોડમાંથી તેને નસાડી મૂકવો–મોગલોના ગ્રાસમાંથી મેવાડનો ઉદ્ધાર–મારવાડમાં ભયંકર યુદ્ધ–સિસોદીઆ અને રાઠોડોની એકત્રિત થયેલી શક્તિથી સુલતાન અકબરનો પરાજય–રાજપૂતોની પ્રપંચજાળ–ઓરંગઝેબને પદભ્રષ્ટ કરી અકબરને સિંહાસનપર બેસાડવાનો તેમણે કરેલો વિચાર–આ વિચારનું નિષ્ફળ થવું–રાણાની સાથે મોગલસમ્રાટને સંધિ કરવાનો વિચાર અને સંધિ થવી–ભયંકર આઘાતથી થયેલું રાણાનું મૃત્યુ–રાણાનું ચારિત્ર્ય અને ઓરંગઝેબનું ચારિત્ર્ય–એ ઉભયની સમાલોચના–સમંદ સરોવર–ભયંકર દુર્ભિક્ષ અને મહામારી.**

મેવાડરાજ્યના અંતિમ સ્વતંત્ર નૃપતિ મહારાણા અમરસિંહના જ્યેષ્ઠ કુમાર કર્ણસિંહ સંવત ૧૬૭૭ (ઇ૦ સ૦ ૧૬૨૧) માં પોતાના પિતાના સિંહાસનપર અધિષ્ઠિત થયા. નંદનવનના જેવી સ્વાધીનતાની લીલાભૂમિ મેવાડમાં આજે આગલું ગૌરવ અને આગલો પ્રકાશ રહ્યો નથી. જે ગૌરવથી એક વખત તે સભ્ય જગતની શિરોમણિ બની હતી, તે ગૌરવ આજે નષ્ટ થયું છે. એકવાર સૂર્યવંશી બાપ્પા રાવલના વંશજોએ સૂર્યના ઉગ્ર તેજસમાન જે તેજસ્વિતા ધારણ કરી હતી, તે તેજસ્વિતા આજે મેવાડમાંથી લુપ્ત થઈ છે. આજે મેવાડની ભૂમિ વિષાદને લીધે સ્મશાનવત્ બની

ગઈ છે. સૂર્યપ્રભા જેવા મેવાડના રાજપૂતો, પોતાની પ્રખર જ્યોતિ ગુમાવીને સામાન્ય નક્ષત્રોના જેવા ક્ષીણતેજ બની ગયા છે. ભારતના હિંદુરાજાઓની આવી દુર્દશા થઇ ગઇ હતી, તેમનામાં તેજ રહ્યું નહોતું, જ્યોતિ રહી નહિ, કાંતિ રહી નહિ. તે લોકો પોતાની શક્તિ ખોઈ અન્યની શક્તિથી આકર્ષિત થઈ પોતાને ભૂલી જઈ મોગલસમ્રાટરૂપી સૂર્યની આસપાસ ફરવા લાગ્યા. જે શક્તિ એક વખતે હિંદુ રાજાઓના રોમમાંથી નીકળી સમગ્ર હિંદુસ્થાનમાં પોતાની પ્રભા ફેલાવતી હતી, તે આજે મોગલસૂર્યથી નષ્ટ પામી. મોગલસૂર્યના પ્રચંડ તેજની ગતિ રોકવાનું સામર્થ્ય કોઇપણ હિંદુરાજામાં રહ્યું નહિ. કાળની ગતિથી આજે મોગલોને શક્તિ અને તેજ પ્રાપ્ત થયાં છે, કાળની ગતિથીજ તે પુનઃ નષ્ટ થશે. પરિવર્તન એ જગતનો નિયમજ છે. આ નિયમનું ઉલ્લંઘન કદિપણ થઈ શકે એમ નથી. આ અચળ નિયમને વશ થઇનેજ હિંદુસૂર્ય બાપ્પા રાવળના વંશજો હવે તેજોહીન થઈ ગયા છે. જો કે તેઓ મોગલોની પ્રચંડ શક્તિને આકર્ષે છે તો ખરા, પરંતુ નિયમિત રીતે તેને આકર્ષી શકતા નથી. તેઓ કોઇ કોઈ વખત સ્થાનભ્રષ્ટ થઇને બળહીન બની જાય છે.

જો કે વીરશ્રેષ્ઠ બાપ્પારાવલના વંશજો પોતાની આગલી શક્તિ અને તેજ ખોઈ બેઠા હતા, તોપણ તેઓ પોતાના પ્રાચીન વૈભવની વાત ભૂલી શકતા નહોતા. પ્રાચીન વૈભવની સ્મૃતિ એજ તેમનું જીવન હતું. તેના નાશની સાથે તેમનો પોતાનો નાશ થવાનો સંભવ હતો. રાજપૂત નામ પૃથ્વીના પટપરથી નીકળી જવાનો સંભવ હતો. જે દિવસે વીરકેસરી મહારાજ કનકસેને સૌરાષ્ટ્રમાં પોતાની વિજયવૈજયંતી ફરકાવી હતી, તે દિવસથી લઇને આ સમયપર્યંતમાં દોઢ હજાર વર્ષો વ્યતીત થઇ ગયાં હતાં. આ દીર્ઘકાળમાં અદૃષ્ટચક્રથી આ વીરવંશની જે દશા થઈ હતી, તેનું યથાર્થ વર્ણન અમે કર્યું છે. આ અવસ્થા પ્રકાશિત થઇને અદ્યાપિ ચિત્રની પેઠે અમારાં નેત્રોસમક્ષ સાંગોપાંગ દેખાય છે. ઇસ્વીસનની બીજી શતાબ્દીમાં સૂર્યવંશના રાજા કનકસેને લોહકોટનો પરિત્યાગ કરી સૌરાષ્ટ્રની સીમાપર પોતાનો ઝુંડો સ્થાપિત કર્યો હતો. તેમના વંશજોએ ત્યાં અનેક શતાબ્દીઓપર્યંત રાજ્ય કર્યું. પછી શિલાદિત્યના સમયમાં અસભ્ય પારદ લોકોએ આક્રમણ કર્યું. આ આક્રમણની ગતિ રોકી નહિ શકાયાથી મહારાજા શિલાદિત્યનો સહકુટુંબ નાશ થયો. તેમની નંદનવનસમાન સુંદર સૌરાષ્ટ્રભૂમિ યવનલોકોએ ઉજ્જડ કરી નાખી. આ ભયંકર સમયમાં સૂર્યવંશના વૃક્ષને જીવિત રાખવાને માટે કેવળ રાણી પુષ્પવતીજ બચી હતી. તેને ઉદરે ગ્રહાદિત્યનો જન્મ થયો. તેનાદ્વારા ગિહલોતકુલની સ્થાપના થઈ, તેને ઈડરના રાજ્યની પ્રાપ્તિ થઈ, ભીલોના ક્રોધથી તેને ઇડરનો ત્યાગ કરવો પડયો, વીરકેસરી બાપ્પા રાવલનો જન્મ થયો, તેમણે ચિતોડપર અધિકાર સ્થાપિત કર્યો. પછી ઉદયપુરની સ્થાપના થઇ, સિસોદીઆકુલના ગૌરવનો નાશ થયો, તે દીનહીન અવસ્થાને પ્રાપ્ત થયું, બાપ્પાની વિજયવૈજયંતીએ મુસલમાનોની સામે પોતાનું મસ્તક અવનત કર્યું. આ સર્વ ચિત્રો આપણી નજરસન્મુખ તર્યા કરે છે. આ ચિત્રોનું વર્ણન કરવામાં અમે અમારી શક્તિઅનુસાર કાંઈપણ ત્રુટિ કરી નથી. હવે મેવાડમાં એક નવીન યુગનો આરંભ થયો છે. સાત સમુદ્ર પાર શ્વેતદ્વીપ (ઈંગ્લાંડ) થી કેટલાક અંગ્રેજો આ દીનહીન અવસ્થામાંથી સિસોદીઆકુલનો ઉદ્ધાર કરવાને માટે આ ભારતભૂમિમાં આવ્યા છે. તેમના આગમનથી ભારતવર્ષમાં કેવું એક નવીન ચૈતન્ય સ્ફૂરી રહ્યું છે, ભારતવાસીઓના જીવનનો સ્રોત કેવી રીતે નવીન માર્ગમા વહેવા લાગ્યો છે, તેનો હવે આગળ વિચાર કરવામાં આવશે.

મહારાણા કર્ણસિંહનું ચરિત્ર સર્વ પ્રકારે વીરોચિત હતું. સહનશીલતા, તેજસ્વિતા વગેરે જે ગુણો રાજપૂતોના ભૂષણતરિકે માનવામાં આવે છે, તે સર્વ ગુણો રાણા કર્ણસિંહમાં વિદ્યમાન હતા. આઉપરાંત તેમનાં સાહસ અને કર્તવ્યનિષ્ઠા અદ્ભુત હતાં. ગત યુદ્ધોથી મેવાડના ખજાનામાં જ્યારે દ્રવ્યનું નામ પણ રહ્યું નહિ, ત્યારે મહારાણા કર્ણસિંહે જે ઉપાય યોજીને પુનઃ ભંડાર ભરી દીધો હતો તેપરથી તેમના ગુણોનો વિશેષ પરિચય મળે છે. વારંવાર યુદ્ધ થવાથી મેવાડનો દ્રવ્યકોશ સર્વથા ખાલી થઈ ગયો હતો. જ્યારે રાજ્યમાંથી દ્રવ્યસંચય કરવાનો કોઇ પણ ઉપાય રહ્યો નહિ, ત્યારે મહારાણાના હૃદયમાં એક નવીન કલ્પના ઉત્પન્ન થઇ. તેમણે એક નવીન ઉપાય શોધી કાઢયો અને તેદ્વારા તેમણે પુનઃ પોતાનો કોષ ભરી નાખ્યો. તેમણે કોઇને એક શબ્દ પણ કહ્યા વિના પોતાની સાથે કેટલાક ઘોડેસ્વારોને લીધા અને તેઓ શત્રુઓની વચ્ચે થઈ સુરતમાં જઇ પહોંચ્યા. તેમણે પોતાની વીરતાની સહાયથી શત્રુઓની

સેનાને ભયભીત તથા ત્રાસિત કરી. સુરત શહેર લૂંટી તેમણે પોતાના દેશ તરફ કૂચ કરી. સંચિત કરેલા આ વિપુલ ધનથી મહારાણા કર્ણસિંહે પોતાના દેશની હીન દશા દૂર કરી.

અમે પૂર્વેજ જણાવી ગયા છીએ કે મહારાણા કર્ણસિંહ એક સાહસિક અને શૌર્યવાન રાજા હતા; પરંતુ શોકની વાત એ છે કે અવસર નહિ મળ્યાથી તેઓ પોતાના એ ઉચ્ચ રાજગુણોનો પરિચય કરાવી શક્યા નહોતા. ઘણા લોકો અહીંઆં એવો પ્રશ્ન કરશે કે જ્યારે તેમના ઉત્તમ ગૌરવ અને સ્વાધીનતાની લીલાભૂમિ મેવાડને યવનોએ "જાગીર" નામ અર્પણ કર્યું હતું, ત્યારે મહારાણા કર્ણસિંહે મૌન ધારણ કરીને આ અપમાન શામાટે સહન કર્યું હતું ? અને તેમણે પોતાના અસિબલથી શત્રુઓએ લગાડેલા આ ભયંકર કલંકનો બદલો લેવાને શામાટે આગળ પગલાં ભર્યાં નહોતાં ? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં અમે કેવલ એટલુંજ કહી શકીએ છીએ કે જો કે પાદશાહે મેવાડભૂમિને "જાગીર" કહી હતી, તોપણ તેમણે કદિ પણ મહારાણાની સાથે જાગીરદારતરિકેનો વ્યવહાર રાખ્યો નહોતો; પરંતુ તેઓ તેમને પોતાનો મોટો મિત્ર માનતા હતા. સરલતાપૂર્વક મિત્રભાવ રાખીને તેણે પોતાના રાજ્યમાં શાંતિ સ્થાપિત કરી હતી. આથી મહારાણા કર્ણસિંહે શાંતિમાં ઉપદ્રવ કરવાનું યોગ્ય ધાર્યું નહિ હોય અને તેઓ ઉપદ્રવ કરત તોપણ તેમની અભિલાષા પૂર્ણ થવાનો સંભવ નહોતો, તેથીજ તેમણે મૌન ધારણ કર્યું હતું. જો ઉપદ્રવ કરવાથી તેમની અભિલાષા પૂર્ણ થવાનો સંભવ હોત તો તેઓ તેમ કરવાને પ્રવૃત્ત થાત, એમાં લેશ પણ સંશય નથી. જો તેઓ ઉપદ્રવ કરત તો સિસોદીઆકુલનું ગૌરવ અને અસ્તિત્વ એકદમ લુપ્ત થઇ જાત. દેશ, કાળ અને પાત્રનો વિચાર કરીને આચરણ કરવું એ સર્વનું કર્તવ્ય છે અને જે આ નિયમનું ઉલ્લંઘન કરે છે, તે આ સંસારમાં કદિપણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકતો નથી. આ નિયમ મહારાણા સારી રીતે સમજતા હતા, તેથીજ તેમણે પોતાની પરિસ્થિતિનો વિચાર કરી મૌન ધારણ કરવાનું ઉચિત ધાર્યું હતું. દેશકાળનો વિચાર કરી તેમણે ઉત્તમ કાર્યો કરવામાં પોતાનું ઉચિત્ત એકાગ્ર કર્યું હતું. મહારાણા કર્ણસિંહે ઉદયપુરની ચારે તરફ કોટ બંધાવ્યો અને કોટની આસપાસ ખાઇ ખોદાવી. પેશોલાસરોવરના પાણીને રોકવાને માટે જે બંધ બાંધવામાં આવ્યો હતો, તેને તેમણે અધિક લાંબો બનાવ્યો. વળી તેમણે અંતઃપુરની એક વાટિકા બનાવી. આ વાટિકામાં સિસોદીઆકુલની રાણીઓ અદ્યાપિ સ્વતંત્રતાપૂર્વક હવા ખાઇ શકે છે.

ગિહલોતવંશના રાજાઓ દોઢ હજાર વર્ષથી ભારતભૂમિના સમસ્ત રાજાઓથી ઉચ્ચ આસને વિરાજી મેવાડભૂમિપર રાજ્ય કરતા આવ્યા હતા. જો કે આ સમયે મહારાણા કર્ણસિંહ આ ઉચ્ચ ગૌરવથી નીચે પડયા છે, તે છતાં પણ તેઓ સર્વાંશે તે ઉચ્ચ આસનથી રહિત થયા નથી. પાદશાહે તેમની સ્વાધીનતા હરી લીધી હતી;તથાપિ તેઓ તેમની સાથે સામંતતરિકેનો વ્યવહાર રાખતા નહોતા.મેવાડના રાજાને કોઇ પણ પ્રકારે અપમાન લાગે નહિ એટલા માટે પાદશાહે રાણા અમરસિંહની સાથે સંધિ કરી હતી અને તેમાં એવો કરાર કર્યો હતો કે સિસોદીઆરાજાનો પાટવીકુમાર જ્યાંસુધી રાજસિંહાસનપર અભિષિક્ત થાય નહિ ત્યાંસુધી તેમને પાદશાહના દરબારમાં હાજર રહેવું; પરંતુ જે દિવસે તેમને "રાણા" ની ઉપાધિ પ્રાપ્ત થાય તે દિવસથી તેઓ એ ફરજમાંથી મુક્ત થશે, અને આનંદની વાત છે કે આજ નિયમાનુસાર પાદશાહે મેવાડના રાજકુલની સાથે વ્યવહાર રાખ્યો હતો. રાજકુમાર કર્ણસિંહ જ્યાંસુધી પોતાના પિતાના સિંહાસનપર અભિષિક્ત થયા નહોતા, ત્યાંસુધી તેમને પાદશાહની રાજસભામાં હાજર રહેવું પડતું હતું; પરંતુ જે દિવસે અને જે પળે તેઓ "રાણા" નામથી પ્રસિદ્ધ થયા, તે દિવસથી અને તે પળથી તેઓ એ ફરજમાંથી વિમુક્ત થયા હતા. પછી રાણા કર્ણસિંહના યુવરાજ પોતાના પિતાના સ્થાનપર નિયુક્ત થયા. આ રીતે સિસોદીઆકુલના રાજાઓ પોતાના પૂર્વજોના ઉચ્ચ ગૌરવથી નીચે પડયા હતા, તોપણ તેઓ સર્વથા તેનાથી વંચિત થયા નહોતા. પાદશાહની રાજસભામાં સિસોદીઆરાજકુમાર ભારતવર્ષના સર્વ હિંદુરાજાઓથી અગ્ર સ્થાને વિરાજતા હતા. સિસોદીઆરાજકુમારની સાથે સિસોદીઆ સામંતોનું સન્માન પણ વધવા લાગ્યું. તેઓ અન્ય રાજપૂતસરદારો કરતાં વિશેષ સન્માન પ્રાપ્ત કરવા લાગ્યા. મોગલોને સ્વાધીન થયા પછી અલ્પ સમયમાંજ સિસોદીઆવંશના સરદારોને અન્ય સરદારો કરતાં વિશેષ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ. આ સર્વ સિસોદીઆ સરદારોમાં મહારાણા કર્ણસિંહનાલઘુ ભ્રાતા ભીમસિંહ વિશેષ પ્રસિદ્ધ થયા હતા. પાદશાહને સહાયતરિકે મહારાણાને જે સેના આપવી પડી હતી તેના સેનાપતિ ભીમસિંહ હતા. તેઓ અતિ

સાહસિક અને તેજસ્વી હતા. સુલતાન ખુર્રમની સાથે તેમને ગાઢી મિત્રતા થઈ ગઇ હતી અને તેમની સલાહ લીધા વિના શાહજાદો કોઇપણ કાર્ય કરતો નહોતો.ભીમસિંહની નિષ્કપટ મૈત્રી જોઇ ખુર્રમ દિન-પ્રતિદિન તેનાપર અધિકાધિક પ્રસન્ન થતો ગયો અને અંતે તેણે પોતાના પિતાને ભીમસિંહની પદવી વધારવાની ભલામણ કરી. પાદશાહે પોતાના પ્રિય પુત્રની અભિલાષા પૂર્ણ કરી.પાદશાહે ભીમસિંહને રાજાની ઉપાધિ આપી બુનાસ નદીના તટપર એક નાનું રાજ્ય અર્પણ કર્યું. આ રાજ્યની રાજધાની ટોડા છે. આ રાજ્યની પ્રાપ્તિ થયા છતાં પણ ભીમસિંહની અભિલાષા શાંત થઈ નહિ. તેઓ પોતાનું નામ અમર કરવાનો ઉપાય શોધવા લાગ્યા. પછી તેમણે બુનાસનદીના તટપર એક નવીન નગરીની સ્થાપના કરી. આ નગરી રાજમહલ નામથી પ્રસિદ્ધ થઈ. આ રાજમહલનગરી દીર્ઘકાળપર્યંત ભીમસિંહના વંશજોના અધિકારમાં રહી હતી; પરંતુ પાછળથી તેનો વિધ્વંસ થઈ ગયો. હાલમાં પણ તે વિધ્વંસ પામેલી રાજમહલ નગરીનાં ખંડિયેરો તે નગરીનું પ્રાચીન ગૌરવ દર્શાવી રહ્યાં છે. આ સ્મારકચિન્હોપરથી પ્રતીત થાય છે કે એક સમયે તે નગર અતિ સમૃદ્ધિશાળી અને શોભાયમાન હતું; પરંતુ દુર્જય કાળના કઠોર કરપ્રહારથી તે રાજમહલનગર આજે ચૂર્ણવિચૂર્ણ થઇને ધૂળમાં મળી ગયું છે. નાશ પામેલ મહાલયોનાં ખંડિયેરોમાં પ્રકૃતિદેવી મૃદુ સ્વરથી કહે છે કેઃ—"મનુષ્ય કેટલાક દિવસ સુધી દોડાદોડ કરશે ? આ શોભા અને સુંદરતા કેટલા દિવસ સુધી પહોંચનાર છે ? આ ગૌરવ, દર્પ, ગરિમા, અહંકારનું આયુષ્ય કેટલું છે ? દિવસ પછી દિવસ, મહિના પછી મહિના અને વર્ષ પછી વર્ષ અસ્ખલિત ગતિથી વહી જઇને અનંત કાળના સમુદ્રમાં લીન થાય છે. ભાગ્યનું ચક્ર સદોદિત અખંડ ગતિથી ફર્યાજ કરે છે અને મનુષ્યને ઘડીમાં સુખ તો ઘડીમાં દુઃખ આપે છે." એક વખત પાદશાહનો પાટવીકુંવર જે રાજપૂતપર અત્યંત પ્રસન્ન થયો હતો અને જેમનું અમૃતમય સંભાષણ સાંભળવામાં તે પરમ સુખ માનતો હતો, તેજ રાજપૂતના હતભાગી વંશજો આજે દુર્ભાગ્યની હલકામાં હલકી પંક્તિપર આવીને એક દિવસના એક રૂપિયાના સાધારણ પગારે શાહપુરરાજની નોકરી કરે છે.

ભીમસિંહ તેજસ્વી અને નીડર હતા. તુચ્છ રાજ્ય અને રાજાની ઉપાધિ પ્રાપ્ત કરવાને માટે તેમણે પોતાનું ગૌરવ અને પુરુષત્વ ગુમાવ્યું નહોતું. ભીમસિંહને પોતાના અધિકારમાં લેવાને માટે જહાંગીરે જે પ્રયત્ન કર્યાં તે સિદ્ધ થયા નહિ. પાદશાહે ભીમસિંહને શતાવધિ પ્રલોભનો બતાવ્યાં અને તેમનાપર ઘણી કૃપાદૃષ્ટિ રાખી; પરંતુ તેઓ તેમને પોતાના કાબુમાં લાવી શકયો નહિ. ખાસ કરીને શાહજાદા ખુર્રમનો તેમનાપર અધિક સ્નેહ જોઇને પાદશાહ જાત જાતની શંકા કરવા લાગ્યા. પાછળથી રાજ્યમાં એકાદ ભયંકર ઉપદ્રવ થવા પામે નહિ એટલા માટે બળવાન ભીમસિંહને ખુર્રમની પાસેથી દૂર કરવાનો વિચાર કરી પાદશાહે તેમને ગુજરાતના સુબાતરિકે નિયુક્ત કર્યા; પરંતુ ભીમસિંહે આ પદવીની જરાપણ સ્પૃહા રાખ્યાવિના ખુર્રમની પાસે રહેવાનો દૃઢ સંકલ્પ કર્યો. પાદશાહને શંકા આવી હતી તે વાસ્તવમાં સત્ય હતી. ખુર્રમ પોતાના જ્યેષ્ઠ ભ્રાતા પર્વેઝનો હક્ક રદ કરી પોતાના પિતાનું સિંહાસન પોતાના અધિકારમાં લેવાનો પ્રયાસ કરવા લાગ્યો; પરંતુ તેની આ અભિલાષા ફળીભૂત થાય તે પૂર્વે રાજ્યમાં એક ભયંકર ઉપદ્રવ ઉપસ્થિત થયો અને તે પ્રજ્વલિત અગ્નિની જ્વાળામાં હતભાગી પર્વેઝ પતંગની પેઠે ભસ્મ થઈ ગયો.

તેજસ્વી ભીમસિંહે પાદશાહની આજ્ઞાનો પ્રકટ અનાદર કર્યો હતો તેનું એક ગૂઢ કારણ હતું. તે પર્વેઝપ્રત્યે અંતઃકરણમાં ઘૃણા ધરાવતો હતો. પર્વેઝ સિસોદીઆવંશનો પરમ શત્રુ હતો અને રાજપૂતોનું સર્વ નાશ કરવામાં તે સદા તત્પર રહેતો હતો. તેણે પૂર્વે મેવાડપર આક્રમણ કરીને તે દેશનું ઘોર અનિષ્ટ કર્યું હતું. ખુર્રમના જીવમાં જીવ હોય ત્યાંસુધી પર્વેઝ દિલ્હીના તખ્તપર બેસે એ ભીમસિંહથી જોઈ શકાય એમ નહોતું; તેથી તેઓ જેદ્વારા પર્વેઝના હાથમાં ભારતવર્ષનો રાજ્યકારભાર જતો અટકે તેવા ઉપાય કરવાને તત્પર થયા. તેમણે આ કાર્ય સિદ્ધ કરવાને માટે સુલતાન ખુર્રમની સાથે સલાહ કરી. અંતે એવો નિશ્ચય કરવામાં આવ્યો કે જો ખુર્રમે પાદશાહ થવું હોય તો વિનાવિલંબે પ્રકટ શત્રુતા ધારણ કરી પર્વેઝનો સંહાર કરવો. સુલતાન ખુર્રમે હવે વિલંબ કર્યો નહિ. તેણે પોતાના કેટલાક અનુચરોને લઇ પર્વેઝપર હુમલો કર્યો. આ આક્રમણમાં હતભાગી પર્વેઝ માર્યો ગયો. હવે ખુર્રમે પોતાના પિતાની વિરુદ્ધ પ્રકટ વિદ્રોહ કર્યો. તેના સંકલ્પની સિદ્ધિને માટે અનેક રાજપૂતો તેને સહાય કરવાને

તૈયાર હતા. આ સહાયકોમાં મારવાડનો રાજા ગજસિંહ અધિક પ્રસિદ્ધ છે. રાઠોડરાજ ગજસિંહ ખુર્રમનો માતામહ હતો. આ કાર્યમાં તેનોજ મુખ્ય હાથ હતો, એમ કહીએ તો તે અનુચિત નથી; પરંતુ પાદશાહને કાંઈ આશંકા આવે નહિ એટલા માટે તે ચાતુર્યથી કામ કરતો હતો.

આ વિદ્રોહાગ્નિ શાંત કરવાને માટે સ્વયં પાદશાહ સેના લઈને આગળ વધ્યા. રાઠોડરાજા ગજસિંહ વિદ્રોહીના દલમાં ગુપ્તરીતે મળેલો છે એવો સંદેહ પાદશાહને પ્રથમથીજ હતો. આ સંદેહની સત્યતા વા અસત્યતાનાં કાંઇ ચોક્કસ પ્રમાણો તેમને મળ્યાં નહોતાં, તોપણ તેમણે ગજસિંહપર વિશ્વાસ ન રાખતાં જયપુરના રાજાને સેનાપતિ બનાવ્યો. આ વખતે ગજસિંહે તટસ્થ રહેવાનું પસંદ કર્યું; પરંતુ ભીમસિંહ તેનું આ કાર્ય સહન કરી શક્યા નહિ. 'ગજસિંહ ખુર્રમના માતામહ છે અને આ વિદ્રોહાગ્નિ પ્રદીપ્ત કરવામાં પ્રધાન કારણ તેજ છે; તે છતાં પણ આ વખતે તે ચાતુર્ય વાપરી અલિપ્ત રહે છે, એ ઉચિત નથી.' એવો વિચાર કરી ભીમસિંહે ગજસિંહને બેમાંથી એક પક્ષ પ્રકટરીતે ગ્રહણ કરવાની ફરજ પાડવાનો નિશ્ચય કર્યો. પ્રથમ તો તે કાંઇ બોલ્યા નહિ. અલ્પકાળપર્યંત પ્રતીક્ષા કરી; પરંતુ જ્યારે ઉભય દલો સંગ્રામભૂમિમાં આવી યુદ્ધ કરવાને માટે સામસામાં ઉભાં રહ્યાં ત્યારે પણ ગજસિંહ આવ્યા નહિ; ત્યારે ભીમસિંહે તેનાપર કહેવરાવી મોકલ્યું કેઃ—"આ રીતે આપ મૌન ધારણ કરી તટસ્થ રહો છો તે ઠીક નથી. આ વખતે કાં તો આપને પ્રકટ રીતે અમારા પક્ષમાં ભળવું પડશે કે કાં તો અમારી સાથે શત્રુની પેઠે આચરણ કરવું પડશે." તેજસ્વી ભીમસિંહનાં આ વચનો સાંભળી ગજસિંહના હૃદયમાં વજ્રાઘાત લાગ્યો અને તેણે પોતાની સેના સાથે પ્રકટરીતે ભીમસિંહની સામે ખડ્ગ ધારણ કર્યું. સિસોદીઆવીર ભીમસિંહ આથી લેશ પણ ભયભીત થયા નહિ; પરંતુ તેઓ પહેલાં કરતાં દ્વિગુણ ઉત્સાહથી યુદ્ધ કરવા લાગ્યા; તે છતાં પણ તેમને સફળતા મળી નહિ. તેમની સેના છિન્નભિન્ન થઇ ગઇ અને તેઓ આજ યુદ્ધમાં માર્યા ગયા.[૧] હવે સુલતાન ખુર્રમ બીજો કાંઈ પણ ઉપાય નહિ જડવાથી પોતાના સેનાપતિ મહોબતખાંની સાથે ઉદયપુરમાં નાસી ગયો.

ઉદયપુરરૂપી શાંતિપ્રદાયક વૃક્ષની નીચે સુલતાને થોડા દિવસોપર્યંત વિશ્રામ લીધો. રાણાએ સુલતાન ખુર્રમને પોતાના મહાલયનો એક ભાગ સોંપી દીધો. આ સ્વતંત્ર સ્થાનમાં સુલતાન ખુર્રમ પોતાના ઇષ્ટમિત્રોની સાથે રહીને કાળ નિર્ગમન કરવા લાગ્યો; પરંતુ પોતાના અનુચરોને રાજપૂતોના રીતરિવાજોની ઉપેક્ષા કરતા જોઇ તે અત્યંત લજ્જીત થયો અને તેણે તે મહાલય છોડી અન્ય સ્થળે રહેવા જવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. ખુર્રમનો આ ઉદારભાવ જોઈ રાણા તેનાપર પરમ પ્રસન્ન થયા અને પેશોલા સરોવરના મધ્યભાગમાં આવેલા દ્વીપમાં શીઘ્ર તેના નિવાસનેમાટે એક સુંદર મહાલય બંધાવી આપ્યો.

---

૧ શક્તાવતસરદાર માનસિંહ અને તેમના ભ્રાતા ગોકુલદાસ એ ઉભય ભીમસિંહના સલાહકાર હતા. તેમણે મહોબતખાંની સાથે મળીને જહાંગીરની વિરુદ્ધ પ્રપંચજાળ રચી હતી. ખૈરારરાજ્યનું સનવાર નગર માનસિંહના હાથમાં હતું. મહાવીર માનસિંહે અમરસિંહની સાથેના યુદ્ધમાં રાણાના પક્ષમાં રહી જે વીરતા પ્રદર્શિત કરી હતી તેથી તેઓ તે સમયથી સિસોદીઆકુલના મહાયોદ્ધા ગણાવા લાગ્યા. તેમના સર્વાંગમાં એંશી ઘાવ લાગ્યા હતા. મુસલમાનોની સાથેના યુદ્ધમાં તેમનું સમગ્ર શરીર ઘાવોથી છિન્નભિન્ન થઈ ગયું હતું; પરંતુ તેછતાં પણ તેઓ યુદ્ધથી પાછા હઠતા નહોતા. માનસિંહ ભીમસિંહના પરમ મિત્ર હતા. તે ઉભયની વચ્ચે અપૂર્વ પ્રેમ થઈ ગયો હતો. એક જણ બીજાનું દુઃખ જરાપણ સહન કરી શકતા નહોતા. જ્યારે ભીમસિંહ મરણ પામ્યા ત્યારે તેમના મરણની વાત માનસિંહથી ગુપ્ત રાખવામાં આવી હતી. આ સમયે તેઓ ઘાવો લાગવાથી શય્યાવશ થયા હતા. તેમનું સમગ્ર શરીર ઘાવ લાગવાને લીધે પાટાઓથી બાંધેલું હતું. તેમના શરીરમાંથી પુષ્કળ રુધિર વહી જવાને લીધે તેઓ અત્યંત ક્ષીણ અને દુર્બળ થઈ ગયા હતા. એમ કહેવાય છે કે ઉક્ત ઉભય મિત્રો સાથેજ ભોજન કરતા હતા; પરંતુ ભીમસિંહનું મરણ થયેલું હોવાથી રસોઇઓ જ્યારે એકલા તેમને માટે ભોજન લાવ્યો ત્યારે તેમને અનેક પ્રકારના સંશયો આવવા લાગ્યા. તેમણે રસોઈઆને ભીમસિંહની ગેરહાજરીનું કારણ પૂછ્યું; પરંતુ તેણે સત્ય કારણ દર્શાવ્યું નહિ. રસોઈઆને વાત ઉડાવી દેતો જોઈ ભીમસિંહના મરણવિષે માનસિંહનો સંદેહ દૃઢ થયો. તેઓ પોતાના દાંત પીસીપીસીને પ્રચંડ બળપૂર્વક શરીરપરના ઘાવોની પટીઓ ખોલી ખોલીને ફેંકવા લાગ્યા અને તત્ક્ષણ પોતાના પ્રાણ તજી દીધા. માનસિંહના કનિષ્ઠબંધુ ગોકુલદાસ પણ એક સુપ્રસિદ્ધ યોદ્ધા થયા. ભટ્ટકવિઓએ રાણા કર્ણસિંહના શાંતિમય રાજ્યનું વર્ણન કરતાં કહ્યું છે કે, કર્ણસિંહના ચરાની વેલી ધીમે ધીમે સુકાતી જતી હતી. પરંતુ ગોકુલદાસે તેનાં મૂળમાં પોતાના રુધિરની ધારાનું સિંચન કરીને તેને પુનઃ જીવિત કરી હતી.

આ મહાલયને નાના પ્રકારની શોભાયમાન સામગ્રીથી સુસજ્જિત કરવામાં આવ્યો. તેની ઉપર ઇસ્લામધર્મ-સૂચક ચંદ્રાકાર ધ્વજાઓ ફરકી તેની શોભામાં સહસ્રગણી વૃદ્ધિ કરવા લાગી. તેની શોભાનો પાર રહ્યો નહિ. આ મનોહર મહાલય બંધાવતી વખત તેના આંગણામાં મદારશાહ ફકીરના સ્મારકતરિકે એક ચોતરો બંધાવવામાં આવ્યો. પેશોલા સરોવરના પવિત્ર જળથી ધોવાતા આ મહાલયમાં પોતાના અનુચરોની સાથે જઇ સુલતાનખુર્રમ દીર્ઘકાળપર્યંત તેમાં રહ્યો. પછી નાના પ્રકારની ચિંતાઓ અને શંકાઓથી દુઃખિત થઇ તે ભારતવર્ષનો ત્યાગ કરી ઇરાનમાં ચાલ્યો ગયો.[1] જો કે વિધિના કઠોર લેખથી મેવાડની સ્વાધીનતા મોગલોને ત્યાં વેચાઇ ગઇ હતી, તોપણ વિજિતલોકો સાથે વિજેતાઓ જે પ્રકારનું વર્તન ચલાવે છે તે પ્રકારનું વર્તન જહાંગીર વા તેના પુત્ર ખુર્રમે કદિ પણ મેવાડના રાણાની પ્રત્યે કર્યું નહોતું. સુલતાનખુર્રમ મહારાણા કર્ણસિંહને પોતાના સગા બંધુતરિકે ગણતો હતો અને કર્ણસિંહ પણ તેના પ્રત્યે બંધુ સમાનજ વર્તન રાખતા હતા. તેમનો પરસ્પરનો બંધુભાવ તેમના મરણની સાથેજ લુપ્ત થયો હતો. સુલતાન ખુર્રમે મેવાડભૂમિ છોડી તેથી મહારાણા કર્ણ અત્યંત શોકાકુલ થયા. તેમને એવી અભિલાષા હતી કે સુલતાન ખુર્રમને સર્વથી પહેલાં આ દ્વીપભુવનમાંજ પાદશાહ નામથી બોલાવવો અને મારે જાતે તેને તેના સિંહાસનપર અધિષ્ઠિત કરવો; પરંતુ તેમની તે આશા પરિપૂર્ણ થઇ નહિ. આ આશા પરિપૂર્ણ નહિ થવાથી કર્ણસિંહને અત્યંત દુઃખ થયું. તેઓ સુલતાન ખુર્રમને પોતાના સગા બંધુ સમાન માનતા હતા. આ વાતનાં પ્રમાણ અદ્યાપિ ઉપલબ્ધ થાય છે. ખુર્રમે તેમના ઉપર જે અગણિત ઉપકારો કર્યા હતા તેનો બદલો આપવાને માટે હમણાં રાણા સર્વ પ્રકારે સમર્થ હતા અને તેમણે તે બદલો ઉત્તમ પ્રકારે વાળી આપ્યો; પરંતુ આ બદલો સાધારણ પાર્થિવપદાર્થનો નહતો. તે એક સ્વર્ગીય વસ્તુજ હતી અને તે એજ કે ખુર્રમે તેમને પાઘડી આપી હતી.[2] આ પાઘડી ગ્રહણ કરતી વખતે મહારાણાના હૃદયમાં જે ભાવ હતો તે ભાવ તેમના હૃદયમાં ચિરસ્થાયી રહ્યો હતો. જે મહાલયના લીસા અને આલ્હાદકાર દિવાનખાનામાં બેસીને તેમણે પાદશાહનો આ ઉપહાર ગ્રહણ કર્યો હતો, તે મહાલયના અનેક ભાગો આજે ચૂર્ણવિચૂર્ણ થઈ ગયા છે તોપણ હજી મદારશાહની સમાધિનું મંદિર સ્વચ્છ રાખવામાં આવે છે. આ મંદિરની શોભામાં વૃદ્ધિ કરનારો દીપક એકવાર તેલ નહિ હોય તોપણ બુઝાઈ જતો નથી. મેવાડની આધુનિક દીનહીન અવસ્થામાં પણ સિસોદીઆવંશના રાજાઓ આ દીપકમાં તેલ પૂરવાનું ભૂલી જતા નથી. મહારાણા કર્ણસિંહ સંવત ૧૬૮૪ ( ઇ૦ સ૦ ૧૬૨૮ )માં પોતાના પ્રિય પુત્ર જગતસિંહના હાથમાં સમસ્ત રાજ્યકારભાર સોંપી આ લોકથી વિદાય થઈ સ્વર્ગમાં પોતાના પૂર્વજોને જઇ મળ્યા. તેમણે આઠ વર્ષપર્યંત રાજ્ય કર્યું હતું. તેમની કારકીર્દિનાં આઠ વર્ષો ગંભીર શાંતિમાં વ્યતીત થયાં હતાં. તેમના મરણ પછી અલ્પ કાળમાં પાદશાહ જહાંગીર પરલોકવાસી થયો. આ વખતે ખુર્રમ સુરતમાં હતો. મહારાણા જગતસિંહના પિતાએ તથા કાકાએ પ્રાણપ્યારા સુહૃદય ખુર્રમને જે સિંહાસનપર સ્થાપિત કરવાને માટે પ્રાણની પણ સ્પૃહા રાખી નહોતી, તે સિંહાસન આજે સૂનું પડયું છે. જહાંગીરના મૃત્યુની સાથેજ શાહજાદા ખુર્રમનું ભાગ્યાકાશ સ્વચ્છ અને નિર્મળ બની ગયું હતું. મહારાણા જગતસિંહે આ કલ્યાણકારક શુભ સમાચાર પોતાના પિતાના પરમપ્રિય મિત્ર શાહજાદા ખુર્રમને શીઘ્ર પહોંચાડયા. તેમણે ક્ષણમાત્રનો પણ વિલંબ કર્યાવિના પોતાના બંધુને સેનાસહિત સુરત મોકલ્યા. સુલતાન

---

૧ કેટલાક ઈતિહાસવેત્તાઓ જણાવે છે કે તે ગોલકોંડામાં ગયો હતો.

૨ રાજપૂતોમાં પાઘડી એ ધર્મબંધુ થવાનું ચિન્હ છે. આ પાઘડીને હજી પણ પૂજ્યભાવથી સાચવી રાખવામાં આવી છે અને તેવાજ પૂજ્યભાવથી આજપર્યંત મદારશાહની સમાધિમાં દીપક બાળવામાં આવે છે. કર્નલ ટૉડે સ્વયં પોતાનાં નેત્રોવતી આ ધર્મબંધુત્વસૂચક પાઘડી અને મદારશાહની સમાધિ જોઈ હતી. તેઓ જણાવે છે કેઃ–" રાજપૂતોએ કૃતજ્ઞતાનું પવિત્ર ચિન્હ રાખવાને માટે પોતાના મહાલયમાં ઉક્ત મુસલમાનની સમાધિ બંધાવી હતી. જ્યારે પાદશાહના વંશજોએ સિસોદીઆકુળપર અત્યાચાર કર્યો, ત્યારે પણ તેઓ તેની પવિત્રતા અને કૃતજ્ઞતા ભૂલી ગયા નહોતા. આવી પવિત્ર મિત્રતા અને કૃતજ્ઞતા બીજે ક્યાંય પણ દૃષ્ટિગોચર થતી નથી. આ જાતિમાં આવી પવિત્ર મિત્રતાનો ભાવ કેવી રીતે પ્રગટ થયો તે સમજી શકાતું નથી. અમારૂં હૃદય તો અંધકારથી આવૃત થયેલું છે અને તેથી અમે આ પવિત્ર ભાવ અમારા હૃદયમાં ઉત્પન્ન કરવાને સર્વથા અસમર્થ છીએ." ભારતહિતૈષી કર્નલ ટૉડના હૃદયમાં આવો ભાવ ઉત્પન્ન થવો કાંઈ દુર્ઘટ નહોતો. તેઓ ભારતવર્ષનું ગૌરવ અને માહાત્મ્ય સારી રીતે જાણતા હતા, તેથી તેમનું હૃદય તેમની દીનહીન અવસ્થા જોઈ બળતું હતું.

ખુર્રમ, મહારાણાના બંધુના મુખથી સંપૂર્ણ વૃત્તાંત સાંભળી તત્કાળ ઉદયપુરમાં જઈ જગતસિંહને મળ્યા.[1] આ વખતે ઉદયપુર જાતજાતના શોભાયમાન અલંકારોથી અલંકૃત થયું હતું. તેની અપૂર્વ શોભા જોવાને માટે રાજસ્થાનના અનેક રાજાઓ આવ્યા હતા. સૌથી પ્રથમ આ શોભાયમાન ઉદયપુરના "બાદલ મહલ"માં દિલ્હીના સામંતો તથા માંડલિક રાજાઓએ ખુર્રમને "શાહજહાં" નામથી બોલાવ્યો. સિસોદીઆવંશના રાણા તથા સરદારોની દીર્ઘકાળથી ધારણ કરેલી આશા તે દિવસે ફળીભૂત થઈ. આ મંગળમય અવસરે ઉદયપુરના પ્રત્યેક ઘરમાં નૃત્ય, ગાયન તથા જાતજાતના ઉત્સવો થવા લાગ્યા.

બીજા કોઈપણ મુસલમાન પાદશાહના રાજ્યાભિષેકપ્રસંગે હિંદુઓએ આવો આનંદોત્સવ કર્યો નહોતો. ધર્માત્મા શાહજહાં અલ્પકાળપર્યંત પોતાના મિત્રને ત્યાં રહી પછી ઉદયપુરથી ચાલ્યો ગયો. પોતાના પાટનગરમાં ગયા પૂર્વે તેણે જગતસિંહને પાંચ પ્રગણાંઓ અર્પણ કર્યાં. વળી તેણે મહારાણાને એક મહામૂલ્યવાન મણિ ઉપહારતરીકે આપીને ભલામણ કરી કે ચિતોડના મહાલયોનો જીર્ણોદ્ધાર કરો.



શાહજહાં

રાણા જગતસિંહે છવ્વીસ વર્ષપર્યંત રાજ્ય કર્યું. આ છવ્વીસ વર્ષો અપૂર્વ શાંતિમાં વ્યતીત થયાં હતાં. આ દીર્ઘ કાળમાં શાંતિનો ભંગ લેશ પણ થયો નહોતો, કિંવા જરા પણ વિઘ્ન ઉપસ્થિત થયું નહોતું; પરંતુ ભટ્ટલોકોના કોઇ પણ ગ્રંથમાં જગતસિંહનાં શાસનકાળનું વિસ્તૃત વર્ણન ઉપલબ્ધ થતું નથી. આનું કારણ અન્ય કાંઇપણ નહિ; પરંતુ માત્ર એટલુંજ છે કે મેવાડના ભટ્ટલોકોને કેવળ વીરરસજ પ્રિય હતો. તેઓ વીરહૃદયને સ્તંભિત કરી નાખનાર વીરરસનું વર્ણન કરવામાંજ શૂરા હતા. જે કાવ્યથી હૃદય ઉત્સાહિત, ઉન્માદિત અને સ્તંભિત થઇ જાય તેવાં કાવ્યોની રચના કરવાનું કામજ તેમને પ્રિય લાગતું હતું. આ લોકો વીરરસનાં કાવ્યો રચવામાં અદ્ભુત ચાતુર્ય દર્શાવતા હતા. જગતસિંહના શાંતિપૂર્ણ રાજ્યકાળમાં શિલ્પકળાની અધિક ઉન્નતિ થઇ હતી. તેમના શાસનકાળમાં ઉચ્ચ શિલ્પકળા કરતાં પણ ઇમારતી બાંધકામની ઉન્નતિ અધિક થઇ હતી. ઉદયપુરમાં જે જે મહાલયો અને હવેલીઓ મહારાણા જગતસિંહે બંધાવી હતી તેની પરમ સુંદરતા અદ્યાપિ તેવીને તેવીજ છે. તેની મનોહર શોભા અને આહ્લાદકારક સુંદરતા તથા તે બાંધવામાં વાપરેલી કુશળતા અને ચતુરાઈ જોઈ આપણું હૃદય આનંદથી પ્રફુલ્લિત બની જાય છે. આથી પુનઃ એવો પ્રશ્ન સહજ ઉદ્ભવે છે કે કઠોર ઉત્પાત, ભયંકર વિપત્તિ તથા દારુણ ઉપદ્રવ સહન કર્યા છતાં પણ મેવાડના રાજાઓએ આ વિપુલ ખર્ચવાળાં કામો શી રીતે કર્યાં હશે? આ પ્રશ્નની મીમાંસા પૂર્વે અમે અનેક સ્થળે કરી આવ્યા છીએ, તેથી હવે એ વિષયના સંબંધમાં વિશેષ કહેવું નિરર્થક છે. અહીંઆં કેવળ એટલુંજ કહેવું પૂરતું છે કે પ્રજાહિતૈષિતા, ઉત્તમ રાજનીતિ અને ન્યાયાનુસાર રાજ્યપ્રબંધ ચલાવવાથી સેંકડો વિપત્તિઓ તથા વિઘ્નો નિવૃત્ત થઇ જાય છે અને રાજ્યસુખના સર્વોચ્ચ શિખરપર સ્થિત થઇ શકાય છે.

મહારાણા જગતસિંહે અનેક ઇમારતો બંધાવી હતી. તેમાંની જગનિવાસ અને જગમંદિર એ બે ઇમારતો અતિ પ્રસિદ્ધ છે. પેશોલાસરોવરના દ્વીપપર જગમંદિર આવેલું છે અને તેના ઉચ્ચતટપર જગનિવાસ સ્થિત છે. આ ઉભય મહાલયો સુંદર અને નેત્રોને તૃપ્ત કરે એવા છે. આ મહાલયોના સર્વ ભાગો સંગેમરમરથી બંધાવવામાં આવેલા છે. તેના સ્તંભો, સ્નાનગૃહો, જલગૃહો, જલયંત્રો વગેરે સર્વ ભાગો નેત્રોને મોહિત કરી દે એવા છે. આ ઉભય રાજમહાલયોનાં બારીબારણાં સાથે જાતજાતના કાચ જડવામાં આવેલા છે, તેથી તેની શોભામાં અત્યંત વૃદ્ધિ થઇ છે. જે સમયે સૂર્યભગવાનનાં ઉજ્જ્વલ કિરણો તેનાં દ્વારોપર પડે છે, તે સમયે દિવાનખાનાની દિવાલોપર અગણિત મેઘધનુષ્યો દૃષ્ટિગોચર થાય છે. આ અનુપમ રાજભુવનોની સુંદરતાનું વર્ણન કરવાની અમારી લેખિનીમાં શક્તિ નથી.

---

૧ આ સંબંધે ફરિશ્તામાં જે વર્ણન ઉપલબ્ધ થાય છે તે યથાર્થ નથી; પરંતુ ભટ્ટલોકોનાં ટિપ્પણો યથાર્થ છે. ભટ્ટલોકો જણાવે છે કે મહોબત અબદુલ્લા, ખાનજહાન અને તેનો કાર્યાધ્યક્ષ શાહુલ્લાખાં રાજછત્ર વગેરે વસ્તુઓ ઉદયપુરમાં લાવ્યા હતા.

એની દિવાલો ઐતિહાસિક ચિત્રોથી શોભાયમાન છે. જો કે કાળના પરિવર્તનથી તેમાંના કેટલાક ભાગો શ્યામ પડી ગયા છે અને કેટલાક ભાગોનો રંગ ઝાંખો થઈ ગયો છે, તોપણ આ સર્વ ચિત્રો જોવાથી એવો આભાસ થાય છે કે જાણે તે જીવિત થઇને હમણાં બોલશે.મહારાજા કનકસેનના સમયથી મહારાણા કર્ણસિંહના વિવાહોત્સવપ્રસંગ સુધીમાં જે જે ઘટનાઓ બની હતી, તે સર્વનાં ચિત્રો ઉક્ત ઉભય રાજમહાલયો તથા ઉદયપુરના મુખ્ય મુખ્ય રાજમહાલયોની દિવાલપર આલેખવામાં આવ્યાં છે. ઉક્ત ઉભય રાજમહાલયોની ચારે તરફ નાનાપ્રકારનાં ફળફૂલવાળાં વૃક્ષો આવી રહ્યાં છે. આ વૃક્ષોની ઘટા એકબીજા સાથે મળી જવાથી વચ્ચેવચ્ચે આનંદપ્રમોદને માટે કુંજો બની ગઇ છે.દશબાર નાળયેરીઓ તથા તાડો આકાશને સ્પર્શ કરવાની ઇચ્છાથી એકબીજાની ઈર્ષ્યા કરી પોતપોતાનાં મસ્તક ઉન્નત કરી ઉભાં છે. કેટલેક સ્થળે આમ્રવૃક્ષો,આમલીઓ,જાંબુડાઓ વગેરે વૃક્ષો પોતાની ઘન છાયા પ્રસારી પોતાની શાખાઓ એકબીજામાં ભેરવી ગંભીરતાપૂર્વક ઉભાં રહ્યાં છે. કેટલેક સ્થળે કેળ અને સોપારીનાં વૃક્ષોની મનોહર નાની કુંજો બની છે. આ કુંજોમાં માણસોને બેસવાને માટે કાષ્ઠનાં આસનો મૂકવામાં આવેલાં છે. પેશોલાસરોવરના તટપર સરદાર તથા સામંતલોકોને માટે અનેક શોભાયમાન ઘાટો બાંધવામાં આવ્યા છે. આ સર્વ ઘાટો સંગેમરમરના બનાવવામાં આવ્યા છે. આ ઘાટ ઉપર ઉભા રહેવાથી કુંજવાટિકાના જેવોજ આનંદ પ્રાપ્ત થાય છે; કારણ કે તેની ઉપર ચંદરવા બાંધી દીધેલા હોય છે. સામેજ ઓવારાનાં પગથીઆં પણ આવી રહ્યાં છે. ગ્રીષ્મઋતુના મધ્યાહ્નકાળમાં સૂર્યનાં તીક્ષ્ણ કિરણોથી વ્યાકુળ થઇને સરદારલોકો શાંતિ પ્રાપ્ત કરવાને માટે આ ઘાટોપર જાય છે અને કસુંબો પી શીતળ પાષાણપર આડા પડી ભટ્ટલોકોનાં મુખથી રાજપૂતોની વીરતાની પ્રશંસા સાંભળે છે. મધ્યાહ્નકાળનો પવન સરોવરમાં તરંગો ઉત્પન્ન કરી શીતલ જલબિંદુઓ બહાર ફેંકે છે. આ જલબિંદુઓ વાતાવરણમાં મળી જઈ આસપાસ શીતલતા પ્રસારે છે. વળી પવન સરોવરમાં ખીલેલાં કમળોનો પરાગ પ્રસારી સરદારોને મંદ મંદ ગતિથી પંખો નાખે છે. આ શીતલ, મંદ અને સૌગંધ્યયુક્ત પવનનો અંગે સ્પર્શ થવાથી તથા ભટ્ટલોકોના સુમધુર સ્વરથી ગવાતાં ગાયનોનું શ્રવણ થવાથી સરદારોને મીઠી નિદ્રા આવી જાય છે. આ નિદ્રાથી તેમને જે સુખની પ્રાપ્તિ થાય છે તે અવર્ણનીય છે. જ્યાંસુધી સૂર્યભગવાન અસ્તાચલમાં જતા નથી, ત્યાંસુધી સરદારોની નિદ્રાનો ભંગ થતો નથી. જ્યારે કસુંબાનો નિશો ધીમે ધીમે ઉતરી જાય છે, ત્યારે તેઓ ધીમે ધીમે પોતાનાં નેત્રો ખોલે છે; નયન ખુલતાં પોતાની સમક્ષ તેઓ જે મનોહર ચિત્રનું દર્શન કરે છે તેથી તેમને યથાર્થ સ્વર્ગસુખનો અનુભવ થાય છે. નિદ્રામાંથી જાગૃત થઇ તેઓ જ્યારે આ મનોહર ચિત્ર જુએ છે, ત્યારે જાણે આપણે સ્વપ્નાવસ્થામાં તો નથી એવો તેમને આભાસ થાય છે. તેઓ જે તરફ પોતાની નજર ફેંકે છે તે તરફ તેમને અનુપમ સૌંદર્યનું દર્શન થાય છે. અસ્તાચલમાં જતા સૂર્યભગવાનનાં કિરણો પેશોલાસરોવરના પવિત્ર જલપર, તેના તટપર આવેલાં વૃક્ષોપર, સામે આવેલા અરવલ્લીપર્વતપર તથા તેની નિકટમાં આવેલી બ્રહ્મપુરીપર પડીને અનેક પ્રકારના ચિત્રવિચિત્ર રંગો ધારણ કરે છે અને આ સર્વ દૃશ્યનું પ્રતિબિંબ પેશોલાસરોવરના નિર્મળ જળમાં પડી અપૂર્વ શોભા ધારણ કરે છે. આ વખતે પેશોલાસરોવરના નીલવર્ણા જલમાં જાણે હજારો રેશમી વસ્ત્રો પાથરી દેવામાં આવ્યાં ન હોય તેવો દેખાવ થઇ રહે છે. નિદ્રામાંથી જાગૃત થયેલા સરદારો આ અનુપમ સૌંદર્ય અનિમિષનેત્રે જોયા કરે છે. આ શોભા જ્યાંસુધી દૃષ્ટિગોચર થાય છે, ત્યાંસુધી તેઓ પેશોલાના પવિત્ર તટને છોડતા નથી. આ શોભાના દર્શનથી તેમના હૃદયમાં અપૂર્વ આનંદનો સંચાર થાય છે તથા તેમની સર્વ ચિંતા નિવૃત્ત થાય છે અને ભટ્ટલોકોનાં કાવ્યોથી ગિહલોતકુલના વીરોની વીરતાનું ચિત્ર તેમના મનમાં સંપૂર્ણ રીતે અંકિત થઇ જાય છે. ધીમે ધીમે અસ્તાચલમાં જતા સૂર્યભગવાન જ્યારે જગતની સુંદરતાનું હરણ કરી સર્વથા અંતર્ધાન થઈ જાય છે, ત્યારે આ સરદારો સંધ્યાવંદનાદિ કર્મો સમાપ્ત કરીને પોતપોતાને ઘેર ચાલ્યા જાય છે. આ સમયે તેઓ શસ્ત્રોના ઝણકાર તથા મદોન્મત્ત વીરોના સિંહનાદને બદલે શાંતિપ્રદાયક મનોહર શબ્દો શ્રવણ કરી નિશ્ચિંતતા તથા વિશ્રાંતિનો અનુભવ કરે છે.

મહારાણા જગતસિંહ અતીવ સન્માનનીય રાજા હતા. મુસલમાનોની કઠોરતાથી મેવાડનિવાસીઓના હૃદયમાં જે કષ્ટદાયક પ્રહારો થયા હતા, તે રાણા જગતસિંહે પોતાના ઉત્તમ સ્વભાવ તથા ઉત્કૃષ્ટ પ્રકારના પ્રજાપાલનથી રુઝાવી નાખ્યા હતા. આ ઘાવના કષ્ટદાયક સ્મરણને જગતસિંહ રાજપૂતોના

હૃદયમાંથી સંપૂર્ણ રીતે દૂર કર્યું હતું. સરલ સ્વભાવ, મહત્તા, ઉદારતાયુક્ત વ્યવહાર તથા મનોહર મધુર સંભાષણથી તેઓ શત્રુઓનાં હૃદય પણ જીતી લેતા હતા. જેઓ તેમની સાથે એકવાર વાર્તાલાપ કરતા, તેઓ જીવનપર્યંત તેમને કદિ વિસરતા નહિ. તેમની સરલતા, ઉદારતા અને મહાનતાનું વર્ણન મુસલમાન ઇતિહાસવેત્તાઓએ પણ પોતાના ગ્રંથોમાં કર્યું છે. સ્વયં પાદશાહે પોતાના જીવનચરિત્રમાં અને ઈંગ્લાંડના દૂત સર ટૉમસ રોએ પોતાના ગ્રંથમાં તેમના ગુણોની અતીવ પ્રશંસા કરી છે. ગિહલોત-કુલની ગૌરવભૂમિ ચિતોડપુરી કે જે એક વખત શોચનીય અવસ્થાને પ્રાપ્ત થઇ શ્મશાનવત્ બની ગઈ હતી, તેનો મહારાણા જગતસિંહે ઉત્તમ પ્રકારે પુનરુદ્ધાર કર્યો. મહારાણા જગતસિંહે શ્રેષ્ઠ રાજનીતિ ગ્રહણ કરી ઉત્તમ પ્રકારે પ્રજાપાલન કર્યું હતું. વળી તેમણે માલબુર્જ સિંહદ્વાર,[1] ક્ષત્રકોટ, ઇત્યાદિ અને ચૂર્ણવિચૂર્ણ થઇ ગયેલાં સ્થાનોની મરામત કરાવી તેમનો જીર્ણોદ્ધાર કર્યો હતો.

મહારાણા જગતસિંહે મારવાડના રાજાની કન્યા સાથે વિવાહ કર્યો હતો. આ પત્નીના ઉદરથી તેમને બે પુત્રોની પ્રાપ્તિ થઇ હતી. તેમના આ ઉભય પુત્રોમાંથી જ્યેષ્ઠ પુત્ર રાજસિંહ મેવાડના સિંહાસનપર અધિષ્ઠિત થયા. હવે કાળચક્રના પરિવર્તનથી મેવાડની સ્થિતિ સંપૂર્ણ રીતે બદલાઇ ગઈ. મેવાડ-રાજ્યમાં જે ગંભીર શાંતિ પ્રવર્તી રહી હતી, તે મહારાણા રાજસિંહના રાજ્યાભિષેકની સાથેજ એકદમ વિલય પામી ગઇ. જોતજોતામાં ઘોર અશાંતિ ભયંકર મૂર્તિ ધારણ કરી મેવાડમાં ભ્રમણ કરવા લાગી. માંહોમાંહેના વિગ્રહ તથા મુસલમાનોની સાથેના ઝગડા પુનઃ પ્રદીપ્ત થયા અને તેથી માત્ર પવિત્ર મેવાડ-ભૂમિજ નહિ; પરંતુ સમસ્ત રાજસ્થાન ઉપદ્રવની જ્વાલાથી ઘેરાઇ ગયું. જો કે આ સર્વ વિપત્તિઓ સેંકડો કારણોથી ઉત્પન્ન થઇ હતી, તોપણ અધિક વિચાર કરવાથી જણાય છે કે મેવાડના રાણા રાજ-સિંહજ આ સર્વ ઉપદ્રવોના પ્રધાન કારણ હતા. આ સર્વ ઉપદ્રવો ઉત્પન્ન કરવામાં મુખ્યત્વે કરીને તેમનો-જ હાથ હતો. ધર્મપરાયણ શાહજહાં વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂક્યો હતો. તેના પછી ઉત્તરાધિકાર પ્રાપ્ત કરવાને માટે તેના પુત્રો પરસ્પર વિગ્રહ કરવા લાગ્યા. પિતા જીવંત હોવા છતાં પણ દુષ્ટબુદ્ધથી તેઓ રાજ-સિંહાસન હસ્તગત કરવાના પ્રયત્નો કરવા લાગ્યા. આ માંહોમાંહેના વિગ્રહથી મોગલસામ્રાજ્યમાં જે ભયંકર આગ ઉત્પન્ન થઇ તેથી સમસ્ત ભારતભૂમિ તપ્ત થઇ ગઇ અને અનેક માણસો પતંગની પેઠે તેમાં પડીને ભસ્મ થઈ ગયા. પોતપોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાની અભિલાષાથી પાદશાહના ચારે પુત્રો રાજસ્થાનના સર્વ રાજાઓની પાસે સહાય માગવા લાગ્યા. આ ઉપદ્રવના સમયમાં પાદશાહના ચારે પુત્રોએ એકજ સમયે મહારાણા રાજસિંહની સહાય માગી; પરંતુ તેમણે કેવળ દારાનો પક્ષ ગ્રહણ કર્યો. દારા સર્વમાં જ્યેષ્ઠ હતો. અનાદિથી ચાલી આવેલી પ્રણાલીઅનુસાર તેજ પોતાના પિતાના સિંહાસનનો અધિકારી હતો. તેના અધિકારનું સમર્થન તથા મંડન કરવાને માટે રાજસિંહનું અનુકરણ કરી રાજસ્થાનના સર્વ રાજાઓ દારાની પતાકાનીચે આવી એકત્રિત થયા; પરંતુ ઔરંગઝેબ તેમનો પ્રબળ શત્રુ હતો. તેમણે ખરાબ મુહૂર્તમાં આરંગઝેબની સામે ખડ્ગ ધારણ કર્યું હતું. દારાને સિંહાસન અપાવવાની તેમની અભિ-લાષા સફળ થઇ નહિ. ફતેહાબાદની રણભૂમિમાં કેવળ એકલા ઔરંગઝેબના બાહુબળથી દારાનો ઉદ્યોગ સંપૂર્ણ રીતે નિષ્ફળ થયો. આ સમયે દારા, સુજા અને મુરાદ એ ત્રણે ભ્રાતાનો સંપૂર્ણ પરાજય થયો.

ફતેહાબાદના યુદ્ધમાં વિજયલક્ષ્મી ઔરંગઝેબને વરી. તેના સૌભાગ્યનો માર્ગ ઉત્તમ રીતે સાફ થઈ ગયો. જે લોકો તેના માર્ગમાં કંટકસમાન હતા, તેને પોતાના ખડ્ગદ્વારા દૂર કરવાની ઔરંગઝેબે પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રતિજ્ઞા શીઘ્ર પૂર્ણ થઇ. તેણે પોતાના પિતા, ભ્રાતા અને પુત્રસુદ્ધાંના કંટક પોતાના માર્ગમાંથી દૂર કરવામાં જરાપણ કસર રાખી નહિ. ભયંકર દુરાકાંક્ષા તથા રાજ્યલોભને વશ થઇ તેણે જે ઘૃણિત અને પૈશાચિક કાર્યો કર્યાં હતાં તેનું સ્મરણ થતાં આપણું હૃદય કંપી ઉઠે છે. તે દારુણ કુબુદ્ધિથી ઉત્તેજિત થયેલો હોવાથી તેણે પોતાના દેહની ક્ષણભંગુરતાનો લેશ પણ વિચાર કર્યો નહિ; તેણે મોગલસામ્રાજ્યની ભાવીદુર્દશાનો ક્ષણભર પણ વિચાર કર્યો નહિ. જો તેણે તેવિષે કિંચિત્ પણ વિચાર કર્યો હોત તો અવશ્ય તે જાણી શકત કે હું જાણીજોઇને મારા પોતાના હાથથી મોગલ-સામ્રાજ્યરૂપી વૃક્ષના મૂળમાં કુહાડાનો પ્રહાર કરૂં છું.

[1] ચિતોડનો ત્રીજી વાર ધ્વંસ થયો તે વખતે અકબર પાદશાહે આ માલબુર્જ સિંહદ્વારને દારૂગોળાથી ઉડાવી દીધું હતું.

તૈમૂરવંશાવતંસ બાબરે પોતાના રાજ્યની રક્ષા કરવાને માટે જે ઉત્તમ રાજનીતિ ગ્રહણ કરી હતી, તે રાજનીતિ જો ઔરંગઝેબ પોતાના અહંકારનો પરિત્યાગ કરી સ્વીકારત તો અલ્પ સમયમાંજ મોગલસામ્રાજ્યની ભયંકર દુર્દશા થાત નહિ. જો તેણે પોતાના શ્રેષ્ઠ પૂર્વજોની રાજનીતિ ગ્રહણ કરી હોત તો ધર્માત્મા અને પ્રજાવત્સલ શાહજહાંનું સુશોભિત "મયૂરાસન" ( તખ્તે તાઉસ ) અદ્યાપિ દિલ્હીના રાજમહાલયમાં વિરાજમાન રહેત; પરંતુ દુરાચારી ઔરંગઝેબે પાપકર્મો કરી, જાણીજોઇને પોતાને હાથે પોતાનાજ પગમાં કુહાડી મારી. તે એકજ પાપી પાદશાહના દુરાચારથી સમસ્ત મોગલ-સામ્રાજ્યનો નાશ થઈ ગયો. મોગલોની દુર્દશાનું કારણ ઔરંગઝેબજ હતો. મોગલકુલતિલક અકબરે પોતાના પિતામહની રાજનીતિજ ગ્રહણ કરી હતી. આજ કારણથી તે અસંખ્ય વિઘ્નોની વચ્ચે પણ પોતાનું રાજ્ય સુદૃઢ રાખવાને સમર્થ થયો હતો. એક સમયે પ્રાચ્ય અને પાશ્ચાત્ય નૃપતિઓમાં અકબરજ ઉચ્ચ આસનપર સ્થાપિત થયો હતો. તેણે પોતાના પુત્ર જહાંગીરને આ ઉત્તમ નીતિનું ફળ ઉત્તમ પ્રકારે સમજાવ્યું હતું. ચતુર જહાંગીરે પણ આજ નીતિનું અવલંબન કર્યું. તેના પુત્રરત્ન શાહજહાંએ પણ પોતાના પૂર્વજોની રાજનીતિ ચાલુ રાખી. શાહજહાં પણ યોગ્ય પિતાનો યોગ્ય પુત્ર નિવડયો. પોતાના પિતાની પાસેથી તે જે રાજનીતિ શીખ્યો હતો, તેને વ્યવહારમાં તે વિસરતો નહોતો. આજ કારણથી તેણે હિંદુ રાજાઓની સાથે સાચી મિત્રતા બાંધી અતિ દુર્ઘટ કાર્યો પાર પાડયાં હતાં. આ પવિત્ર નીતિના મૂળમાં જે મહાન બળ રહેલું હોય છે, તે મનુષ્યને સહજ સમજાય એમ છે; પરંતુ શોકની વાત છે કે ભારતવર્ષના ઇતિહાસવેત્તાઓએ આ મહાન બલના સંબંધમાં કાંઈ પણ વિચાર કર્યો નથી. આ પરથી જ્ઞાત થાય છે કે આ રાજનીતિનો મર્મ તેઓ જાણતા નહોતા. પરાસ્ત હિંદુ-રાજાઓની સાથે વિવાહસંબંધ કરીને વિજયી મોગલપાદશાહોએ પોતાનું બળ વધાર્યું અને આ પ્રચંડ બળની સહાયથી તેઓ અસંખ્ય આપત્તિઓ દૂર કરીને મોગલકુલની પતાકા અડગ રાખવાને સમર્થ થયા. ચતુર જહાંગીર અને ન્યાયપરાયણ શાહજહાંના સમયમાં સમગ્ર ભારતવર્ષમાં જે વિમલ શાંતિ વિરાજમાન હતી, તેનો લાભ લઇ હિંદુરાજાઓએ શ્રેષ્ઠ રાજનીતિથી ધીમે ધીમે પોતાનાં રાજ્યને દૃઢ અને પુષ્ટ કરી દીધાં. ઇતર વિદેશી નૃપતિઓના શાસનકાળમાં હિંદુજાતિ કદિ પણ આવી ઉન્નતિએ પહોંચી નહોતી. જહાંગીર અને શાહજહાં એ ઉભય પાદશાહો અંતઃકરણપૂર્વક હિંદુઓપર પ્રેમ રાખતા હતા અને તેમનું હિત કરવાને માટે સદાસર્વદા તત્પર રહેતા હતા. બાબરની રાજનીતિ ગ્રહણ કરવાથી આ પાદશાહો શાંતિ ફેલાવી શકયા હતા. જહાંગીર અને શાહજહાં એ ઉભય મારવાડરાજની પુત્રીના ઉદરથી જન્મ્યા હતા, તેથી તેઓ સદા હિંદુઓનું કલ્યાણ કરવાને પ્રયત્ન કરતા હતા. આથી રાજપૂત-લોકો તેમનાથી સંતુષ્ટ થઈ તેમને માટે પ્રાણોત્સર્ગ કરવાને પણ વિલંબ કરતા નહોતા; પરંતુ જે દિવસે આ ઉત્તમ રાજનીતિનો નીશ થયો, જે દિવસે હિંદુ પ્રત્યેના મોગલોના દ્વેષની જડ પુનઃ ઢીલી થઈ, તે દિવસથી હિંદુ અને મુસલમાનો વચ્ચેનો ઉત્તમ સંબંધ નાશ પામ્યો; અને ત્યારપછી તેઓ એક-બીજાનો નાશ કરવાના પ્રયત્ન કરવા લાગ્યા. આ અનિષ્ટનું મૂળ કારણ હિંદુઓનો પ્રચંડ વૈરી ક્રૂર ઔરંગઝેબ હતો. ઔરંગઝેબ તાતારી સ્ત્રીના ગર્ભથી ઉત્પન્ન થયો હતો. તેના શરીરની નસોમાં તાતારીરુધિર વહેતું હતું. તે રાજપૂતોને જરા પણ દાદ આપતો નહોતો અને તેમનું જરા પણ હિત કરતો નહોતો; તેથી રાજપૂતો તેને કિંચિત્ પણ સહાય કરતા નહોતા. તેણે પોતાના બંધુઓ અને કુટુંબીઓના રક્તનું પાન કર્યું હતું અને તે પોતાના ધર્માત્મા પિતાને પદભ્રષ્ટ કરી સ્વયં રાજ-સિંહાસનપર અધિષ્ઠિત થવાને પ્રયત્ન કરતો હતો, તેથી રાજપૂતોએ તેને લેશ પણ સહાય કરી નહિ. સહાય કરવાની વાત તો દૂર રહી, પરંતુ તેના ઉદ્યોગ વ્યર્થ કરવાને માટે સમસ્ત રાજસ્થાનના રાજાઓ તેની સામે યુદ્ધ કરવાને રણક્ષેત્રમાં આવી ઉપસ્થિત થયા હતા. તેના પ્રત્યે રાજપૂતોની વિરુદ્ધતાનું કારણ ઇતર કાંઈ નહિ; પરંતુ કેવળ તેની દુષ્ટ રાજનીતિજ હતી. ઔરંગઝેબ પોતે પણ આ વાત સારીરીતે સમજી ગયો હતો. આ ખામીને લીધેજ મારા રાજ્યમાં ભયંકર વિદ્રોહાગ્નિ સળગી ઉઠયો છે, એમ તે સમજ્યો હતો અને તેથીજ તેણે પોતાની કારકીર્દિના અંતિમ ભાગમાં રસ્તો બદલ્યો હતો. શાહઆલમ, આઝમ અને કામબક્ષ પ્રજાપ્રેમી નીવડયા હતા; પરંતુ ઔરંગઝેબના કઠોર અત્યાચારનું ફળ તેમને ભોગવવું પડયું હતું.

પિતાનું સિંહાસન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ઉક્ત ચારે ભ્રાતાઓએ સમગ્ર ભારતવર્ષમાં જે પ્રચંડ અગ્નિ ફેલાવ્યો હતો, તેનું વર્ણન અત્રે અપ્રસ્તુત છે. મેવાડના ઇતિહાસમાં તેનું વર્ણન અપ્રયોજનીય જણાવાથી તે સંબંધે વિસ્તાર કરવો બંધ રાખ્યો છે. આ વૃત્તાંત ઇતિહાસના સર્વ પાઠકો જાણતાજ હશે. ઔરંગઝેબના ક્રોધાગ્નિમાં હતભાગી દારાની મહત્તા, મુરાદની તેજસ્વિતા અને સુજાનું રાજ્યચાતુર્ય ભસ્મીભૂત થઈ ગયાં. આ વાત સર્વ ઇતિહાસજ્ઞોને સુવિદિત હોવાથી હવે અમે એને છોડી આગળ વધીએ છીએ.

પાદશાહ ઔરંગઝેબના સમયમાં હિંદુસ્થાનમાં અનેક સુપ્રસિદ્ધ રાજાઓ એકસાથે ઉત્પન્ન થયા હતા. આ ઘટના ભારતવર્ષના ઇતિહાસમાં એક નવીનજ ચિત્ર રજુ કરે છે. સમસ્ત ભારતવર્ષના ઇતિહાસમાં-ના કોઇ પણ અધ્યાયમાં આવું ચિત્ર દૃષ્ટિગોચર થતું નથી. આઠ ભાગોમાં વિભક્ત થયેલા વિશાળ રાજસ્થાન-ના પ્રત્યેક રાજ્યમાં એક એક સાહસિક અને પરાક્રમી રાજપૂતરાજા વિરાજમાન હતો. આ સર્વ રાજાઓ તેજસ્વી, વીર્યવાન અને રાજકળામાં ચતુર હતા. અંબરના રાજા જયસિંહ, મારવાડના જસ-વંતસિંહ અને તેમના તાબાના બૂંદીકોટાના હાડાવંશી રાજા, બિકાનેરના રાઠોડ, ઉચ્છાં તથા દતિયાના રાજાઓ, આ સર્વ અત્યંત બળવાન હતા. જો અહંકારી ઔરંગઝેબ ધર્માંધ બની રાજપૂતોના પ્રાચીન રીતરિવાજોની આડે આવ્યો ન હોત, જો તેણે હિતાહિતનો વિચાર કરી રાજ્યપ્રબંધ ચલાવ્યો હોત તો મોગલોનું સામર્થ્ય અવશ્ય અટલ રહેત. તેની દુર્દશા આટલી શીઘ્ર થાત નહિ, પરંતુ અહંકાર અને ધર્માંધતાથી તેનો નાશ થઇ ગયો; એટલુંજ નહિ પરંતુ તેના વંશજોનો પણ નાશ થઇ ગયો. તેણે અહંકાર ધારણ કરી જાણીજોઇને પોતાના હાથથીજ પોતાના પગમાં કુહાડી મારી પોતાના સૌભાગ્યના માર્ગમાં પોતાનાજ હાથથી કાંટા વાવ્યા. જે રાજપૂતોનો અનુરાગ અને સહાય પ્રાપ્ત કરવાને માટે તેના પૂર્વજો સદા તત્પર રહેતા હતા; જે રાજપૂતોને સંતુષ્ટ કરવા, એ તેઓ પોતાનું મુખ્ય કાર્ય સમજતા હતા; તેજ રાજપૂતોના ઉત્તમ ગુણો ભૂલી જઇને આ વખતે ઔરંગઝેબ ધર્માંધ બનીને તેમના-પર અત્યાચાર કરવા લાગ્યો. અંતે આ ઘૃણિત વ્યવહારથી તેનો નાશ થયો. સર્વ હિંદુઓ તેના પ્રત્યે ક્રોધપૂર્ણ દૃષ્ટિથી જોવા લાગ્યા અને તેનો નાશ કરવાને તૈયાર થઇ ગયા. હિંદુવૈરી ઔરંગઝેબના પંજા-માંથી હતભાગી હિંદુઓનું રક્ષણ કરવાને માટે વીરશ્રેષ્ઠ શિવાજી મહારાજ ઉત્પન્ન થયા અને તેમણે સૂર્ય-સમાન અત્યંત તેજસ્વી પ્રભા પ્રસારી. તેમણે પોતાના અપૂર્વ યુદ્ધકૌશલ્યથી માત્ર અલ્પ સમયમાંજ મોગલ પાદશાહને તેના કઠોર અત્યાચારનો બદલો આપી દીધો.

જે મુસલમાનપાદશાહોના હાથમાં એક વખત સમસ્ત ભારતવર્ષનું ભાગ્યચક્ર હતું, તેમાંનો કોઇ પણ પાદશાહ કપટતા, સત્યપરાયણતા, શૌર્ય, વિદ્યા અને અભિમાનમાં[1] ઔરંગઝેબની બરાબરી કરી શકતો

---

૧ યૂરોપીય વિદ્વાનો એશિયાના રાજાઓને અસભ્ય, મૂર્ખ અને જ્ઞાનહીન કહીને તેમનાપ્રત્યે ઘૃણા કરતા હતા; પરંતુ મહાત્મા ટૉડે તેમનાં ભ્રમાંધ નેત્રો જ્ઞાનરૂપી સળીથી ખોલી દીધાં છે. પૌર્વાત્ય દેશના રાજાઓ યૂરોપના રાજાઓ કરતાં ઘણા જ્ઞાની અને બહુદર્શી હતા. પાદશાહ ઔરંગઝેબ જો કે કઠોર હૃદયનો હતો, તોપણ તે મહાપંડિત હતો. ઔરંગઝેબે લખેલા વિસ્તૃત પત્ર વાંચવાથી આ વિધાનની સત્યતા સારી રીતે જણાય છે. જ્યારે ઔરંગઝેબ પાદ-શાહના પદપર અધિષ્ઠિત થયો, ત્યારે તેના બાલ્યાવસ્થાના શિક્ષક મુલ્લાં સાહેબે ઉચ્ચ પદવી પ્રાપ્ત કરવાની આશાથી તેનાપર એક વિસ્તૃત પત્ર લખ્યો હતો અને તે પોતે પાદશાહ પાસે ગયો હતો. આ પત્રમાં તેણે પાદશાહની અ-ત્યંત ખુશામત કરી હતી; પરંતુ પાદશાહે ક્રોધિત થઇને તેને જે પ્રત્યુત્તર આપ્યો હતો તે અથ-ઇતિ અત્રે સાદર કરવામાં આવે છે. બર્નિયરે ભારતમાં ભ્રમણ કરતી વખત આ પત્ર તથા બીજા પણ અનેક પત્રોનો સંગ્રહ કર્યો હતો. આ પત્રમાં જે હકીકત લખી હતી તેનો અનુવાદ નીચે પ્રમાણે છે:—

"મુલ્લાંજી! મારી પાસેથી આપ શી આશા રાખો છો? શું આપ ન્યાયપૂર્વક કહી શકો છો કે આપને મારી રાજસભામાં એક ઉચ્ચ આસનપર સ્થાપિત કરવા ઉચિત છે? કર્તવ્યવશાત્ મારે કહેવું પડે છે કે જો આપ મને યોગ્ય શિક્ષણ આપત તો હું આપને ઉચ્ચ પદવી આપત. કારણ કે હું શ્રદ્ધાપૂર્વક માનું છું કે મનુષ્ય જેટલો પોતાના પિતાનો ઋણી છે, તેટલોજ તે ઉપયુક્ત શિક્ષણ આપનાર ગુરુનો પણ ઋણી છે; પરંતુ તેવું શિક્ષણ તો કાંઈ તમે મને આપ્યું નથી. ભૂગોળનું શિક્ષણ આપતી વખત તમે મને કહ્યું હતું કે જેને ફરંગિસ્તાન કહેવામાં આવે છે તે અત્યંત સામાન્ય દેશ છે; પરંતુ હું સમજી શકતો નથી કે તે સામાન્ય કેમ છે? આપે તે દેશમાં આવેલા પોર્ટુગાલના રાજાને એક રાજતરિકે બતાવ્યો હતો અને ઇંગ્લાંડ તથા હૉલૅન્ડના રાજા-ઓને તેથી નિકૃષ્ટ પંક્તિના જણાવ્યા હતા. વળી આપે ફ્રાન્સ અને અંદુલુશિયા આદિ દેશોને નાનાં રાજ્યો જણા-

નહોતો. આ સર્વ ગુણદોષો તેના હૃદયમાં એક સાથે વિરાજમાન હતા. જે વિદ્યા અને વીરતા પરોપકાર કરવામાં તથા પીડિતલોકોનું સંરક્ષણ કરવાના કામમાં આવે છે, તેનો ઉપયોગ ઔરંગઝેબ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાં કરતો હતો. જગતમાં કોઇ પણ માણુસ ઉપર તેને વિશ્વાસ નહોતો. તે પોતાના પ્રિય મિત્રોને પણ પોતાના અભિપ્રાય દર્શાવતો નહોતો. તેની દુરાકાંક્ષા તો અત્યંત પ્રબળ હતી. અંતે આ દુરાકાંક્ષાએજ તેનો નાશ કર્યો. ઔરંગઝેબે શતાવધિ, સહસ્રાવધિ પાપો કર્યાં હતાં કે જેનું સ્મરણ થતાં આપણું હૃદય કંપી ઉઠે છે. જો તે બુદ્ધિપૂર્વક પોતાનું બળ વાપરત તો અવશ્ય તે તે સમયના રાજાઓનો શિરોમણિ બની જાત; પરંતુ અફસોસ! તેની કુબુદ્ધિએ તેને પાપના પંકમાં નાખી દીધો અને તેથીજ અંતે તેનો નાશ થયો. તેનું અસીમ સામર્થ્ય તેનો પોતાનોજ નાશ કરવા લાગ્યું.

ઔરંગઝેબે ધાર્યું હતું કે હું મારા પોતાના બાંધવોનાં અને આપ્તોનાં તથા મિત્રોનાં હૃદય પોતાનાજ

---

ગ્યાં હતાં. આપે જે શિક્ષા આપી હતી તે પરથી મને માત્ર એટલુંજ જણાયું હતું કે ઉક્ત રાજાઓ કરતાં હિંદુસ્થાનના સર્વ પાદશાહો શ્રેષ્ઠ હતા અને તેમાં પણ હુમાયૂ, અકબર, જહાંગીર અને શાહજહાં તો સર્વથી અધિક સૌભાગ્યવાન, મહાનુભાવ, વિશ્વવિજયી અને પૃથ્વીપાલક હતા; તથા ઇરાન, ઉસ્બેક, કાસગર, તાતાર, કાત, પેગુ, ચીન અને મહાચીનના પાદશાહો પણ હિંદુસ્થાનના પાદશાહનું નામ સાંભળી થરથર કંપતા હતા. વાહ, શું ભૂગોળ છે! એના કરતાં મને એવું શિક્ષણ આપવામાં આવ્યું હોત કે જે દ્વારા મને પૃથક્ પૃથક્ દેશોવિષે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થઇ શકત અને જે દ્વારા મને સમસ્ત રાજાઓની યુદ્ધનીતિ, આચારવ્યવહાર, ધર્મ, પ્રજાપાલન અને અર્થનીતિનું જ્ઞાન થઈ શકત, તો કેવું સારૂં થાત! જો આપ મને ઈતિહાસનો સાર સમજાવી રાજ્યની સ્થાપના, ઉન્નતિ અને પતન શી રીતે થાય છે, રાજ્યમાં શા કારણથી અશાંતિ અને વિપ્લવ થાય છે, એ વિગેરે બાબતોનું યથાર્થ શિક્ષણ આપત તો કેવું સારૂં થાત! વારૂ. આ વાત હવે દૂર રહેવા દો, અમારા પૂજનીય પિતા અને પિતામહ કે જેઓ આ રાજ્યના અધીશ્વર હતા અને જેમણે મોગલરાજ્યની સ્થાપના કરી હતી, તેમણે કેવી રીતે આવા મોટા સામ્રાજ્યનું શાસન ચલાવ્યું હતું, તે વિષે પણ ઉચિત શિક્ષા આપે મને આપી નથી, એમ મારે દિલગીરી સાથે જણાવવું પડે છે. અધિક શું કહું? આપે મારા પૂર્વજોનાં પૂરાંપાત્રરાં નામ પણ મને બતાવ્યાં નહોતાં. આપની ઈચ્છા મને માત્ર અરબીભાષા લખતાંવાંચતાં શીખવવાની હતી. આ ભાષા શીખતાં મને દશબાર વર્ષ લાગ્યાં હતાં. આ ભાષા શીખવવામાં આપે આપનો આટલો બધો સમય રોકયો તે માટે નિઃસંદેહ હું આપનો આભારી છું!! જે લોકોની સાથે રાજાને સંબંધ હોય, જેની સાથે રાત્રિદિવસ નિવાસ કરવાનો હોય અને જેના વિના એક ક્ષણ પણ વ્યવહાર ચાલી શકતો ન હોય, તેની ભાષા શીખવાની અધિક આવશ્યકતા છે? કે જેની સાથે અમારે કિંચિત્ પણ સંબંધ નહિ હોય તે ભાષા શીખવાની વિશેષ જરૂર છે? આપ તો એમજ ધારતા હતા કે વ્યાકરણ અને વાચનલેખન શીખવાથીજ રાજકુમાર સંપૂર્ણ જ્ઞાની બની જશે.

જેનો સમય અત્યંત મૂલ્યવાન હોય છે અને જેના મસ્તકપર અત્યંત મોટું કાર્ય મૂકવામાં આવેલું હોય છે, તેને શું ઉપયુક્ત જ્ઞાનની જરૂર નથી? આપજ કહો. આપની શિક્ષાસંબંધે વિચાર કરવાથી હું તો અચંબામાંજ પડી ગયો છું. મહોદય! શું આપ જાણતા નથી કે બાલ્યાવસ્થામાં આપણી બુદ્ધિ કેવી તીક્ષ્ણ હોય છે? આજ કારણથી મનુષ્યને જો સુકુમાર અવસ્થામાં ઉત્તમ શિક્ષણ આપવામાં આવે તો તેનું હૃદય ઉચ્ચ ભાવને ધારણ કરે છે અને તે ઉત્તમ કાર્યો કરી શકે છે. આપે મને અરબીભાષામાં જે વ્યવહારનીતિ, ઉપાસનાપદ્ધતિ અને વિજ્ઞાનશાસ્ત્રની શિક્ષા આપી હતી, તે શિક્ષા શું અમારી માતૃભાષામાં નહિ આપી શકાય એમ હતું? મારા વાલિદ શાહજહાંએ આપને કહ્યું હતું કે ઔરંગઝેબને વિજ્ઞાનશાસ્ત્રનું શિક્ષણ આપજો અને મને પણ આ વાત સારી રીતે સ્મરણમાં છે કે આપે મને ઘણા વર્ષોસુધી કેટલાક શુષ્ક વિષયોનું શિક્ષણ આપ્યું હતું. આ વિષયો કાંઈ પણ માલવગરના હતા. આ સર્વ વિષયો શીખવાથી મને જરા પણ સંતોષ થયો નહોતો. આ વિષયો સર્વથા શુષ્ક અને સત્વવગરના હતા; તેથી મનુષ્યને કિંચિત્ પણ લાભ થવાનો સંભવ નહોતો. વાસ્તવમાં આ સર્વ વિષયો કાંઈ પણ કામના નહોતા. તે બિલકુલ સમજાતા નહોતા; પરંતુ ઘણી સહેલાઈથી વિસ્મૃત થઇ જતા હતા. જે પ્રશ્નોનું નિરાકરણ કરતાં મહાબુદ્ધિમાન મનુષ્યોની બુદ્ધિ પણ નષ્ટ થઈ જાય તે પ્રશ્નોનું આપે મને શિક્ષણ આપ્યું હતું. આ વિષયોથી હૃદયમાં જે ખરાબ સંસ્કારો પડતા હતા, તેથી મને અત્યંત દુઃખ થતું હતું. આપે ઘણા દિવસ સુધી મને વિજ્ઞાનશાસ્ત્રનું શિક્ષણ આપ્યું હતું. (કેટલા સમય સુધી આ શિક્ષણ આપે મને આપ્યું હતું તે મારા સ્મરણમાં નથી.) આમાંથી મને જે યાદ રહ્યુ તે માત્ર સત્વવિનાના દુર્બોધ અને જટિલ શબ્દોજ છે. આ શબ્દોમાં શ્રેષ્ઠ પંડિતો પણ ગોથાં ખાય છે અને જે આપના જેવા જ્ઞાનવાન હોય છે અને જે પોતાને સર્વશાસ્ત્રોના જ્ઞાતા માને છે, તેમની ધૂર્તતા અને મૂર્ખતાને ઢાંકવાને માટે આ સર્વ શબ્દો ઉત્પન્ન થયા છે, એમ હું નિશ્ચયપૂર્વક કહી શકું છું. પરંતુ જે વિજ્ઞાનશાસ્ત્રના શિક્ષણથી મનુષ્યને આર્થિક લાભ થાય, જેથી મનુષ્યપર વિપત્તિ આવી પડે નહિ, જેથી મનુષ્ય વિપત્તિમાં વ્યાકુળતા અને સંપત્તિમાં આનંદાતિરેકને પ્રાપ્ત થાય નહિ અને જેથી મનુષ્ય ચિરકાળપર્યંત સ્થિર, અચળ અને અટલ

મુસલમાન કરવામાં આવશે" એવો ઢંઢેરો સમગ્ર મોગલસામ્રાજ્યમાં પીટાવવાનો તેમને હુકમ કર્યો. આ મહાભયંકર દુઃખદાયક રાજાજ્ઞા સાંભળી સમસ્ત મોગલરાજ્યમાં હાહાકાર વર્તી રહ્યો. હત-હાથથી ચીરી નાખીને નિષ્કંટક રાજ્ય ચલાવી શકીશ; પરંતુ તેની એ આશા વિફળ થઇ. જે મનવડે તે નિષ્કંટક રહેવાની આશા બાંધતો હતો, તે મનજ તેના સ્વાધીનમાં નહોતું. જો તે પોતાના ચિત્તની વૃત્તિ રોકત તો તેની સર્વ વિપત્તિઓ દૂર થાત. તે ભયંકર કુબુદ્ધિના પંકમાં ડૂબી ગયો હતો, તે મનુષ્ય થઇને ક્રૂર હિંસક શ્વાપદોની પેઠે વર્તન કરતો હતો, તેથીજ તેણે મોગલસામ્રાજ્યની અવનતિ કરી. તેણે પોતાના પિતાને કારાગૃહમાં પૂરી અને પોતાના બંધુઓનો વધ કરી નિશ્ચિંત રહેવાની જે આશા બાંધી હતી તે વિડંબનામાત્ર હતી. તેને શાંતિ મળી નહિ. નિશ્ચિંતતા પ્રાપ્ત કરવાની તેની સર્વ આશા નષ્ટ-ભ્રષ્ટ થઇ ગઇ. ક્ષણે ક્ષણે અનેક પ્રકારની ચિંતાઓ ઉદ્‌ભવીને તેને ભયંકર પીડા આપવા લાગી. તેના હૃદયની શાંતિ કોણ જાણે કયાંય નાસી ગઈ. એક તો તે જગતમાં કોઇનો વિશ્વાસ કરતો નહોતો અને વળી તેની મનોવૃત્તિ દુષ્ટ હતી. આ ઉભયનો સંયોગ થતાં અવિશ્વાસ ઘણો વધી ગયો. તેના હૃદયની અશાંતિ તેને ભયંકર પીડા કરવા લાગી. ક્ષણે ક્ષણે વિવિધ પ્રકારની ચિંતાઓ અને શંકાઓ તેના હૃદયમાં ઉત્પન્ન થઇને તેના સુખને હરી લેવા લાગી. તે જગતના સર્વ લોકોને પોતાના શત્રુ માનવા લાગ્યો. મારા ઇષ્ટમિત્રો અને મંત્રીઓ પણ મારી વિરુદ્ધ કપટજાળ રચી રહ્યા છે, એવો તેને ભાસ થવા લાગ્યો. આવી આવી ચિંતાઓ જેમ જેમ વૃદ્ધિંગત થતી ગઈ તેમ તેમ તે અધિક વ્યાકુલ થતો ગયો. આવી સ્થિતિમાં જીવન વ્યતીત કરવું એ કેવળ વિડંબનાજ હતી. બુદ્ધિમાન ઔરંગઝેબ આ વાત સારી-પેઠે સમજી ગયો હતો. આથી હવે તે હૃદયની શાંતિ પ્રાપ્ત કરવાને પ્રયાસ કરવા લાગ્યો. ઘણો વિચાર કર્યા પછી તે એવા નિર્ણયપર આવ્યો કે જો હું મારી જાતના લોકોને સંતુષ્ટ રાખીશ તો નિશ્ચિંતતા-પૂર્વક રાજ્યસુખ ભોગવી શકીશ અને મારી સર્વ વિપત્તિઓ તથા વિઘ્નો દૂર જઇ જશે.

જે પળે ઔરંગઝેબના હૃદયમાં આ વિચાર આવ્યો, તે પળથીજ તેનું ભાગ્યાકાશ શ્યામ અભ્રોથી આચ્છાદિત થઈ ગયું! જાણે આ વખતે હીરાજડિત રાજમુકુટ તેના મસ્તકપરથી નીચે પડી ગયો! તે સમજી શકયો નહિ કે હું મારે હાથેજ મારો નાશ કરવાને તત્પર થયો છું! સારાંશ, ઔરંગઝેબ આ વખતે એટલો ભ્રમિત ચિત્તનો થઇ ગયો હતો કે તે પોતાનું હિતાહિત ભૂલી ગયો. તેના આવા અધમ વિચારનું વર્ણન કરતાં લેખિની અટકી પડે છે–હૃદય કંપે છે.

ઔરંગઝેબે પોતાના મનમાં એવો વિચાર કર્યો કેઃ–"મેં મારા બંધુઓ તથા આપ્તોનો સંહાર કરીને જે હાથોને કલંકિત કર્યા છે, તેને હવે હિંદુઓના રુધિરથી ધોઇને, એ કલંકમાંથી મુક્ત થઇશ; અને મારા જાતિબંધુઓ, મારા સ્વધર્મીઓ, મારાપર પ્રસન્ન અને સંતુષ્ટ થશે." જે વખતે તેના મનમાં આ વિચાર ઉત્પન્ન થયો તેજ વખતે તેણે પોતાના ઇષ્ટમિત્રોને બોલાવ્યા અને "અમારા રાજ્યમાં વસતા સર્વ હિંદુઓને મુસલમાન થવું પડશે. જે લોકો આ આજ્ઞાનો અનાદર કરશે તેમને બળાત્કારે

રહે, તે વિજ્ઞાનશાસ્ત્રનું શિક્ષણ જો આપ મને આપત અને હું કોણ છું, ક્યાંથી આવ્યો છું અને ક્યાં જઇશ, આ બ્રહ્માંડનું મૂળ તત્ત્વ શું છે, આ બ્રહ્માંડ કેટલું વિશાળ છે અને એ કેટલા ભાગોમાં વિભક્ત છે તથા એના સર્વ ભાગો ક્યી શક્તિથી ચાલે છે, આ ગૂઢ વિષયોનું શિક્ષણ જો આપ મને આપત તો સિકંદર અરસ્તુનો જેટલો ઋણી હતો, તેથી અધિક હું આપનો ઋણી થાત અને આપને હું ઉત્તમ પુરસ્કાર આપત. નિકૃષ્ટ, ઘૃણિત અને શુષ્ક વિષયોનું શિક્ષણ આપવાને બદલે શું મને રાજનીતિ અને મનુષ્યના યથાર્થ કર્તવ્ય વિષે શિક્ષા આપવાની આવશ્યકતા નહોતી? પ્રજાપ્રત્યે રાજાનું શું કર્તવ્ય છે, પ્રજાનો રાજાપ્રત્યે શું ધર્મ છે, તે વિષેની શિક્ષા મને આપવી એ શું આપનું કર્તવ્ય નહોતું? અમારૂં જીવન રાજમુકુટને માટે છે, તો એક વખત અમારા હાથમાં સમશેર ગ્રહણ કરી અમારા પોતાના બંધુઓની સામે સમરભૂમિમાં યુદ્ધ કરવાને તૈયાર થવું પડશે, એ વિષેનો વિચાર કરવો શું આપને ઉચિત નહોતો? હિંદુસ્તાનના રાજકુમારોના ભાગ્યમાં શું આવી ઘટના બહુધા લખેલી નથી હોતી? વારૂ, શત્રુઓના કિલ્લાપર કેવી રીતે ઘેરો ઘાલવો અને સમરભૂમિ-માં સેનાનો વ્યૂહ કેવી રીતે રચવો, તે વિષેનું શિક્ષણ આપવાનો શું આપે પ્રયત્ન કર્યો હતો? કદિ નહિ! હું ભાર મૂકીને કહું છું કે કદિ નહિ! આ સર્વ શિક્ષણને માટે હું બીજા માણસોનો ઋણી છું; પરંતુ આપનો તો કિંચિત્ પણ ઋણી નથી. આપ જ્યાંથી આવ્યા હો ત્યાં પાછા ચાલ્યા જાઓ. આ વાત લક્ષમાં રાખજો કે આપ કોણ છો અને આપનું શું થયું છે તે કોઇ જાણી શકે નહિ."

ભાગી હિંદુઓ નિઃસહાય અને આશ્રયહીન બની ભયથી ત્રાસિત થઇ આમતેમ નાસાનાસ કરવા લાગ્યા. સ્વધર્મની રક્ષાનો કોઇ પણ ઉપાય રહ્યો નહિ. અનેક હિંદુઓ વ્યાકુલ થઈ મોગલરાજ્ય છોડી અતિ શીઘ્રતાથી દક્ષિણ તરફ ચાલવા લાગ્યા. અનેક હિંદુઓ પાદશાહના દૂતોના અત્યાચાર સહન નહિ કરી શકાયાથી ઉન્મત્ત બની પોતાના હાથથીજ પોતાના હૃદયમાં કટાર ઘોંચી દઈ પોતાનો નાશ કરવા લાગ્યા. નિઃસહાય હિંદુઓ પ્રથમ પ્રાણાધિક પુત્ર, સ્ત્રી તથા પરિવારનો પોતાનાજ હાથથી વધ કરી પાછળથી પોતાના હૃદયમાં કટાર મારી પોતાના પ્રાણની આહુતિ આપવા લાગ્યા. સમસ્ત હિંદુઓમાં ભયંકર શોકાનલ પ્રસરી રહ્યો. સમસ્ત રાજ્ય રાજાવિનાની ભૂમિસમાન થઇ પડ્યું. ચારે તરફથી હાહાકારનો ધ્વનિ સંભળાવા લાગ્યો. દુઃખી હિંદુઓનો હૃદયભેદક આર્તનાદ, તેમજ નિરુપાય અને નિઃસહાય હિંદુઓનો હૃદયવિદારક શોકધ્વનિ ક્ષણે ક્ષણે સંભળાવા લાગ્યો. હિંદુઓનાં માન અને મર્યાદા લૂંટાઇ ગયાં. કુલધર્મ અને જાતિગૌરવ પાતાળમાં પ્રવેશી ગયાં. ભારતવર્ષમાં પ્રલયકાળ આવી પહોંચ્યો. અફસોસ! આ પ્રલયકાળમાંથી હિંદુઓની રક્ષા કોણ કરશે? આ ધર્મોધ મોગલસમ્રાટના જુલમી હાથમાંથી હિંદુઓનો ઉદ્ધાર કોણ કરશે? કોઇ નહિ! જ્યારે રક્ષકજ ભક્ષક થઇ જાય, ત્યારે પ્રજાનું રક્ષણ કોણ કરે? જેના ઉપર પ્રજાનો આધાર છે, જેના ઉપર સર્વ લોકોનું પાલન કરવાનો ભાર છે, તેજ જો સજાતીય અને વિજાતીય લોકોને ભિન્ન ભિન્ન નેત્રોથી જુએ અને પોતાના હૃદયપર પાષણ મૂકી પોતાની પ્રજાને તથા આશ્રિતોને પીડે તો નિઃસહાય પ્રજા કોની આગળ જઇ રક્ષણ માગે? તે કોના આશ્રયનીચે જશે? આ મારૂં અને આ પરકીય, આ સજાતીય અને આ વિજાતીય એવો વિચાર નહિ કરી સર્વને એક દૃષ્ટિથી જોવાં એ રાજાનું આવશ્યક કર્તવ્ય છે અને જે આ કર્તવ્યથી વિમુખ થાય છે તે "રાજા" નામને યોગ્ય નથી.તેના સ્પર્શથી રાજસિંહાસન ભ્રષ્ટ થાય છે.જે રાજા રાજસિંહાસનપર બેસીને રાજ્યના હિતાહિતનો વિચાર કરતો નથી અને જેના હૃદયમાં ગર્વ, મોહ, ક્રોધ તથા અહંકાર આ દુર્ગુણો ભરેલા હોય છે તથા જે પોતાની વિવેકબુદ્ધિનો ત્યાગ કરી પ્રજાપર ક્રૂરતા વાપરે છે તે રાજા નથી; પરંતુ રાજા નામને કલંકિત કરનાર નરાધમ છે. તે પ્રજાના સુખરૂપી સૂર્યને ઘેરનાર રાહુ છે, તે દેશના ભાગ્યાકાશને આચ્છાદિત કરી નાખનાર પ્રચંડ ધૂમકેતુ છે. તેનાં અસંખ્ય પાપોથી તેનું રાજ્ય શીઘ્ર પાતાળમાં જાય છે. વિધાતાના ક્રોધથી તે અત્યાચારીના પાપી મસ્તકપર યમરાજનો કઠોર દંડ પડે છે.

મોગલકુલકલંક ઔરંગઝેબના ભીષણ અત્યાચારથી સમસ્ત રાજ્યમાં અરાજકતા પ્રસરી રહી. પીડિત હિંદુઓની નાસભાગ તથા તેમની આત્મહત્યાથી નગરો, ગ્રામો અને કસ્બાઓ ઉજ્જડ થઇ ગયાં. જ્યાં બજાર હતાં ત્યાં અરણ્ય બની ગયાં. સર્વ સ્થળો શ્મશાનવત્ દેખાવા લાગ્યાં. વણિકલોકો નાસી જવાથી તેમની દુકાનોમાં ચોરોએ નિવાસ કર્યો અને બજારો શૂન્ય બની ગયાં. ખેડુતો નાસી જવાથી ક્ષેત્રો જંગલવત્ બની ગયાં. આ ભયંકર ઉપદ્રવના સમયમાં રાજ્યની અનેક પ્રકારે દુર્દશા થઈ ગઇ. ખજાનો ખાલી થઇ ગયો. રાજકર્મચારીઓ કર ઉઘરાવી શક્યા નહિ. જ્યાં માણસોજ અધમુઆ જેવાં પડ્યાં હોય ત્યાં કર કોણ આપે? તસ્કરોના અત્યાચારથી ગામોનાં ગામો અને શહેરોનાં શહેરો ઉજ્જડ થઇ ગયાં. જ્યારે પાપી ઔરંગઝેબને દ્રવ્યોપાર્જન કરવાનો કોઈ પણ ઉપાય સૂઝ્યો નહિ, ત્યારે તેણે પોતાના રાજ્યની સર્વ હિંદુપ્રજાપર જજીઆવેરો નાખ્યો. આ ભયંકર અત્યાચારના વર્તમાન સાંભળી સમસ્ત ભારતવર્ષપર જાણે વજ્રાઘાત થયો ન હોય તેમ સર્વ હિન્દુપ્રજા ખળભળી ઉઠી. આ ભયંકર વિપત્તિમાંથી શી રીતે મુક્ત થઈ શકાય,તે કોઇને સૂઝ્યું નહિ. સર્વ હિંદુઓ હતાશ, નિરુત્સાહ તથા નિરુપાય બની હાહાકાર કરવા લાગ્યા. હિંદુઓના હૃદયવિદારક હાહાકારધ્વનિથી પાપી ઔરંગઝેબનું હૃદય કિંચિત્ પણ ભયભીત થયું નહિ. અભાગી હિંદુઓની શોચનીય દશા તે શાંતચિત્તે જોવા લાગ્યો.તેના કઠોર હૃદયમાં કિંચિત્ પણ દયાનો સંચાર થયો નહિ. સુપ્રસિદ્ધ અર્મ મહાશયે લખેલા વૃત્તાંતપરથી વિદિત થાય છે કે, જે તીવ્ર ચિંતા અને શંકામાંથી મુક્ત થવાની ઇચ્છાથી તેણે આવાં પૈશાચિક કાર્યો કર્યાં હતાં, તે ચિંતા અને શંકામાંથી મુક્ત થવાની વાત તો દૂર રહી; પરંતુ તેથી ઉલટું તેને વધારે દુઃખ થયું. જેમ જેમ દિવસો વ્યતીત થતા ગયા, તેમ તેમ તેના દુઃખમાં વૃદ્ધિ થતી ગઈ. વિષમય ચિંતાની તીક્ષ્ણતા જેટલી વૃદ્ધિંગત થવા લાગી તેટલી તેની ધીરજ ખૂટવા લાગી. ધીમે ધીમે તેની ચિંતા એટલી પ્રબળ થઇ ગઈ કે તેની શાંતિનો સર્વથા લોપ થયો. નિદ્રામાં કે સ્વપ્નમાં, સુષુપ્તમાં કે જાગ્રદવસ્થામાં

તે લેશ પણ નિશ્ચિંત રહી શકતો નહોતો. બે પ્રહર રાત્રિ વ્યતીત થયા પછી તે એકદમ જાગી ઉઠતો અને તેને પોતાના પિતા, ભ્રાતા તથા કુટુંબીજનોની છાયા દૃષ્ટિગોચર થતી. તેને એવો ભાસ થતો કે જાણે હું તેમનો હૃદયવિદારક ધ્વનિ સાંભળું છું. જાણે તે પીડિત આત્માઓ તીક્ષ્ણ સ્વરથી કહેતા હોય કેઃ–"હે પાપી! અમને મારીને શું તું નિશ્ચિંતતાપૂર્વક રાજ્યસુખ ભોગવી શકશે? જો, દુરાચારી! તારા મસ્તકપર તૂટી પડવાને માટે ભયંકર યમરાજાનો દંડ તૈયાર છે" એમ તેને લાગતું. આ સમયે ઔરંગઝેબ આશ્ચર્યચકિત થઈ જતો અને પોતાની શય્યામાંથી ઉઠી ગૃહની બહાર જવાની ચેષ્ટા કરતો; પરંતુ તે બહાર જઇ શકતો નહિ. તે પાછો આવીને પોતાની શય્યામાં સૂઈ જતો. કાળની ગતિથી ધીમે ધીમે જ્યારે તેની વૃદ્ધાવસ્થા નિકટ આવવા લાગી, જ્યારે ભયંકર યમરાજાનો દંડ ધીમે ધીમે તેની સમીપ આવવા લાગ્યો ત્યારે તેને મહાકષ્ટ થવા લાગ્યું. હવે તેને બચવાનો કોઇ પણ ઉપાય સૂઝયો નહિ. એક વખત તે હતાશ થઈ સહસા પોકારી ઉઠયો કેઃ–" આ શું છે ? જે તરફ જોઉં છું તે તરફ કેવળ દાનવોજ જણાય છે. "[1]

હવે અમે રાજસિંહના શાસનકાળવિષે વર્ણન કરીશું. રાજ્યાભિષેકપ્રસંગે રાજપૂતરાજાઓ જે વિધિ પાળે છે, તે સર્વમાં ' ટીકાદોર' વિશેષ પ્રસિદ્ધ છે. આ વિધિ દીર્ઘકાળથી બંધ થઇ ગઇ હતી;

---

૧ ઔરંગઝેબ એક વિદ્વાન પાદશાહ હતો. આ વાત તેના લખેલા બે પત્રોપરથી સારીપેઠે સમજાશે. આ પત્રો નીચે સાદર કરવામાં આવે છે. આ પત્રો તેણે પોતાના મૃત્યુપૂર્વે બએક દિવસપર પોતાના પ્રિય પુત્રોને લખ્યા હતા. આ પત્રોમાં તેણે પોતાના જીવનનું યંત્રણામય શોકોદ્દીપક ચિત્ર આલેખ્યું છે. ઔરંગઝેબ જેવા પાદશાહે અનુતાપથી પીડિત થઈને સંસારની અનિત્યતાનું વર્ણન કર્યું છે એમ જાણી આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. આ પત્રો વાંચી ગમે તેવા પાપીનું હૃદય પણ કંપિત થાય છે. જો અનર્થકારક દુર્બુદ્ધિ ઔરંગઝેબના હૃદયમાં ઉત્પન્ન થઇ ન હોત તો તે જગતને ઘણો ઉપયુક્ત થઈ પડત.

તેણે શાહઆલમને લખેલો પત્ર આ પ્રમાણે છેઃ—

" હે પુત્ર ! હું તમને આશીર્વાદ આપું છું કે તમે ક્ષેમકુશળ રહો. ઘણા દિવસથી મારૂં મન તમારામાં લાગ્યું છે. હવે હું વૃદ્ધ થઈ ગયો છું, દિવસે દિવસે જ્વર મને અધિકાધિક દુર્બલ કરતો જાય છે, શાંતિ અને સામર્થ્ય ધીમે ધીમે શરીરને છોડતાં જાય છે. હું એકલોજ અપરિચિત મનુષ્યની પેઠે આ સંસારમાં આવ્યો અને હું એકલોજ અપરિચિત મનુષ્યની પેઠે આ સંસારમાંથી વિદાય લઉં છું. હું કોણ છું? હું કયાંથી આવ્યો છું ?અને કયાં જવાનો છું તે હું કાંઇ પણ જાણતો નથી. જે સમય સામર્થ્યની ધામધૂમમાં વ્યતીત થઇ ગયો છે તે કેવળ યંત્રણાનેજ પાછળ રાખી ગયો છે. આ પાદશાહી મારા હાથમાં સોંપવામાં આવી નહોતી અને મેં એની રક્ષા પણ કરી નથી. અફસોસ ! મારો આટલો બધો અમૂલ્ય વખત વૃથાજ ગયો ! મારા હૃદયમંદિરમાં એક વિવેક નામનો રક્ષક હતો; પરંતુ હું હતભાગી છું કે, હું આ અંધ નેત્રોથી તેની પ્રજ્વલિત પ્રભાને જોઈ શકયો નહિ. જીવન કદિ પણ સ્થાયી રહેતું નથી. પ્રાણવાયુ ચાલ્યો જાય છે, એટલે કાંઈ પણ શેષ રહેતું નથી અને સર્વ આશા–અભિલાષા નાશ પામી જાય છે. જો કે હાલમાં મને જ્વર આવતો નથી, તોપણ આ શરીરમાં હાડ અને માંસસિવાય કાંઇ પણ રહ્યું નથી. તમારો ભાઈ કામબક્ષ વિજયપુર તરફ ગયો છે અને તે નિકટજ છે; પરંતુ હે વત્સ ! તમે સર્વથી અધિક નિકટ છો. શાહઆલમ ઘણે દૂર છે અને મારો પૌત્ર આજિમહુસેન વિધાતાની વિધિથી ભારતવર્ષની નિકટ આવી પહોંચ્યો છે. તેની સેના અને અનુચર એ સર્વ મારી પેઠે નિઃસહાય અને શંકાશીલ છે. તેઓ મારી પેઠે પીડિત અને કણુતરની પેઠે ચંચલ છે. તેઓ પોતાના સ્વામીથી છૂટા પડી ગયા છે. હમણાં તેમનો કોઈ સ્વામી છે કે નહિ તેની કોઇને ખબર નથી.

હું આ સંસારમાં કોઇ પણ વસ્તુ મારી સાથે લઈને આવ્યો નહોતો અને માનવહૃદયની દુર્બલતાસિવાય કોઈ પણ વસ્તુ મારી સાથે લઈ જનાર નથી. મારી મુક્તિ થશે કે નહિ એ વિચારથી હું કેટલી પીડા પામું છું તે હું વર્ણવી પણ શકતો નથી. જો કે જગદીશ્વરની દયા, દાક્ષિણ્ય અને કરુણા ઉપર મને શ્રદ્ધા છે; પરંતુ આ પીડા મારા હૃદયથી દૂર થઈ શકતી નથી. શું કરૂં ? મારા મૃત્યુ પછી મારી કાંઇ પણ સ્મૃતિ રહેશે નહિ. જે ભાગ્યમાં હશે તે થશે ! મારા શરીરરૂપી નૌકા અનંતકાળના સમુદ્રમાં ડૂબતી જાય છે. હવે ઈશ્વર એની રક્ષા કરશે, તોપણ આ ઉપસ્થિત અવસ્થાનો વિચાર કરતાં દૃઢરીતે પ્રતીત થાય છે કે હાલમાં મારા પુત્રોએ કાંઈ પણ ઉદ્યોગ કરવો અત્યંત આવશ્યક છે. મારો અંતિમ આશીર્વાદ મારા પૌત્ર બેદરબખ્તને કહેશો. હું હમણાં તેને મળી શકયો નથી પરંતુ તેનું દર્શન કરવાની અભિલાષા મારા હૃદયમાં અત્યંત કઠોરતા ઉત્પન્ન કરી રહી છે. એમ જણાય છે કે તેની પુત્રી બેગમને બહુ દુઃખ થાય છે, પરંતુ તે વિષે હું કાંઈ પણ અભિપ્રાય આપી શકતો નથી. માત્ર ઇશ્વરજ અંતઃ

પરંતુ મહારાણા રાજસિંહે સિંહાસનપર બેસતી વખત આ પ્રાચીન વિધિનો પુનરુદ્ધાર કર્યો. અજમેરના તાબામાં એક માલપુર નામનું નગર છે. મહારાણા રાજસિંહે આ વિધિનું પાલન કરવાને માટે આ માલપુર ઉપર આક્રમણ કર્યું અને ઉત્તમ પ્રકારે પોતાની અપૂર્વ વીરતાનો પરિચય કરાવી તે નગરને લૂંટી લઇ તેઓ પોતાના પાટનગરમાં પાછા ચાલ્યા આવ્યા. આ ઘટના બન્યા પછી અલ્પ કાળમાં તેના વર્તમાન શાહજહાંના કાનપર પહોંચ્યા. મંત્રીઓએ આ સમાચારને વિવિધ પ્રકારના રંગોથી રંગીને પાદશાહનો ક્રોધ ઉત્તેજિત કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ પાદશાહે ઉદાર બુદ્ધિથી જણાવ્યું કેઃ–" મારો ભત્રિજો[1] બાળક છે, તેથી તેણે અજ્ઞાનથી આ કાર્ય કર્યું છે."

રાજપૂતકુલગૌરવ વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહની સાથેજ મેવાડની વીરતા એક રીતે લુપ્ત થઇ ગઇ હતી; પરંતુ મહારાણા રાજસિંહ મેવાડના સિંહાસનપર બેઠા કે તરતજ તે વીરતાનો પુનઃ પૂર્ણ પ્રકાશ ફેલાઈ ગયો. સિસોદીઆકુલના સરદારો શાંતિનું મૃદુ આસન છોડી, હાથમાં સમશેર ધારણ કરી

---

ષ્યના હૃદયનો ભાવ જાણી શકે છે. સ્ત્રીઓના હૃદયમાં ઉત્પન્ન થયેલી ચિંતા કેવલ નિરાશાનેજ જન્મ આપે છે. રૂખ્સત ! રૂખ્સત !"

તેણે પોતાના પુત્ર કામબક્ષપર નીચે પ્રમાણે પત્ર લખ્યો હતોઃ—

" મારા હૃદયની નિકટ વસતા મારા પ્યારા પુત્ર ! સત્તાના ઉચ્ચ શિખરપર થઈ જગતપતિ જગદીશ્વરની આજ્ઞાથી મેં તમને ઘણો બોધ આપ્યો છે અને તમારી સાથે રહી મેં કઠોર ક્લેશ પણ ભોગવ્યો છે. હાલ હું એક વિદેશી અપરિચિત મનુષ્યની પેઠે આ સંસારમાંથી વિદાય લઉં છું અને મારી તુચ્છતાનો વિચાર કરી શોકાતુર થઈ ગયો છું. તમે કહેશો કે શોક કરવાથી લાભ શું ? પરન્તુ હું એટલુંજ કહું છું કે સર્વ મનુષ્યો અપૂર્ણ છે. આજે હું આ અપૂર્ણતા અને કરેલાં પાપોનું ફળ લઈને આ સંસારમાંથી ચાલ્યો જાઉં છું. હાય ! ઈશ્વરની લીલા કેવી વિચિત્ર છે! આ સંસારમાં હું એકલોજ આવ્યો હતો અને એકલોજ વિદાય થાઉં છું. આ મહાયાત્રાનો માર્ગદર્શક મને છોડીને ચાલ્યો ગયો છે. બાર દિવસથી જે જ્વર મને પીડા આપી રહ્યો હતો તે પણ હમણાં મારા શરીરને છોડીને ચાલ્યો ગયો છે. હમણાં હું જે તરફ દૃષ્ટિપાત કરું છું, તે તરફ મને દાનવસિવાય કાંઈ જણાતું નથી. હું મારી સેના અને સેવકોવિષે વિચાર કરી શંકાશીલ બની ગયો છું. અફસોસ ! મારૂં શું થશે તે હું જાણી શકતો નથી. દુર્બળતા પુષ્કળ વધી જવાથી મારી કમ્મર ઝુકી ગઇ છે અને પગમાં ચાલવાની શક્તિ રહી નથી. દમ વધી ગયો હતો તે હમણાં બિલકુલ નથી. અફસોસ ! મને જરા પણ આશા રહી નથી. મેં અસંખ્ય પાપો કર્યાં છે; તેનું ફળ કેવું મળશે તે હું કહી શકતો નથી. આ વિશાળ માનવસમાજ ઈશ્વરે મારા પુત્રના હાથમાં સોંપી છે. આજિમશાહ હમણાં મારી નિકટજ છે. જોજો, સાવધાન રહેજો. તમારા રાજ્યમાં કોઇ ધર્માત્મા મુસલમાન માર્યો જાય નહિ. જો એમ થશે તો સર્વ પાપો એકત્રિત થઈને મારાજ મસ્તકપર તૂટી પડશે. હું હવે અનંત ધામમાં જાઉં છું. તમને, તમારી માતાને અને તમારા પુત્રોને હું ઈશ્વરના હાથમાં સોંપીને જાઉં છુ. ધીમે ધીમે મને ભયંકર પીડાએ ગ્રસ્ત કર્યો છે. બહાદૂરશાહ જ્યાં હતો, ત્યાંજ તે હજી પણ છે. તેનો પુત્ર હિંદુસ્થાનની નિકટ આવી પહોંચ્યો છે. બેદરબખ્ત ગુજરાતમાં છે. હયાતુલનિશાએ પૂર્વે કદિ સંકટ જોયું નથી; પરંતુ હવે તેને કષ્ટ ભોગવવું પડશે. બેગમની સંભાળ રાખશો. તમારી માતા ઉદયપુરી (બેગમ)* મારા દુઃખની ભાગિયણ હતી અને હમણાં તે મારી સાથે આવવાની અભિલાષા રાખે છે; પરંતુ સર્વ કાર્યોને માટે ઉપયુક્ત સમય નિયત થાય છે. નોકરો અને રાજકર્મચારીઓ ગમે તેટલા કપટી અને દુરાચારી હોય; પરંતુ તેમનાપ્રત્યે દુર્વર્તન કરવું ઉચિત નથી. ચાતુર્યથી તમારૂં કામ સિદ્ધ કરજો. મર્યાદાની બહાર પગ મૂકશો નહિ......હું હવે જાઉં છું. મેં જે કાંઈ પાપપુણ્ય કર્યાં છે તે સર્વ તમારે માટેજ કર્યાં છે. જોજો, વિપરીત વિચાર અને વર્તન કરશો નહિ. જે સેનાને પગાર મળ્યો નથી, તેની પ્રાર્થનાનો હજી કાંઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. દારાશિકોહ ન્યાયી અને ચતુર હતો તેણે માણસોને મોટાં મોટાં પારિતોષિક આપ્યાં હતાં; પરંતુ તેમને નિયત સમયે પગાર નહિ મળવાથી તેઓ તેનાથી સંતુષ્ટ રહેતા નહોતા. તમારાપ્રત્યે મેં જે કાંઈ અન્યાય કર્યો હતો તે સર્વ હવે તમે ભૂલી જજો. જોજો, પુત્ર ! અત્યાર પછી તમારાવિષેનો મારો અભિપ્રાય બદલવો પડે નહિ. કોઈ પણ માણસ પોતાના આત્માને પોતાના શરીરમાંથી નીકળતો જોઇ શકતો નથી; પરંતુ હું હમણાં જોઉં છું કે મારો આત્મા મારા શરીરનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે."

૧ મહાત્મા ટૉડ જણાવે છે કે શાહજહાં રાણા કર્ણસિંહનો ધર્મબંધુ હતો.

---

*ઓર્મ જણાવે છે કે આ સ્ત્રી (ઉદયપુરી બેગમ ) કાશ્મીરની હતી. તે ઉદયપુરના રાણાના કુળમાં ઉત્પન્ન થઈ નહોતી. કદાચ તેણે શાહપુર અથવા બુનરાના રાજવંશમાં જન્મ લીધો હોય એ સંભવિત છે. તેણે ઔરંગઝેબની સાથે મરવાની ઈચ્છા કરી તેથી તે અવશ્ય રાજપૂતકુલમાં ઉત્પન્ન થઇ હશે.

આગળ વધ્યા. હવે સમશેરના ઝણુઝણાટ અને મદોન્મત્ત બનેલા વીરોના સિંહનાદથી મેવાડભૂમિ વારંવાર કંપાયમાન થવા લાગી. મહારાણા રાજસિંહ બાપ્પારાવળના યોગ્ય વંશજ હતા. તેઓ સિસોદીઆકુલના યોગ્ય વીર હતા. તેઓ અત્યંત તેજસ્વી હતા. ભટ્ટલોકોના ગ્રંથોમાં પોતાના પૂર્વજોની અલૌકિક વીરતાનું વર્ણન વાંચી તેમણે શત્રુઓના હાથમાંથી પોતાના દેશનો અને સિસોદીઆકુલના ગૌરવનો પુનરુદ્ધાર કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. યુવાવસ્થાના પ્રચંડ ઉત્સાહથી ઉન્મત્ત થઇને તેઓ આ સંકલ્પ સિદ્ધ કરવાના ઉપાય શોધવા લાગ્યા. જ્યારે સંકલ્પ, પ્રતિજ્ઞા અને સાહસથી હૃદય ખળભળી ઉઠે છે, ત્યારે કાર્ય સિદ્ધ થતાં કાંઈ વિલંબ લાગતો નથી. રાજસિંહનું હૃદય પણ સાહસ અને પ્રતિજ્ઞાથી ખળભળી ઉઠયું હતું. આથી તેમની મનોવાંચ્છના પૂર્ણ થઇ. તેઓ અત્યાચારી ઔરંગઝેબપ્રત્યે હૃદયમાં ઘૃણા ધરાવતા હતા અને તેના નામપર હજારો ધીટકાર આપતા હતા. જ્યારથી ઔરંગઝેબ દિલ્લીના તખ્તપર બેઠો ત્યારથીજ તેમણે ખડ્ગ ધારણ કરી તેના પંજામાંથી મેવાડભૂમિનો ઉદ્ધાર કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી હતી. જે દિવસે તેમણે આ મહાન પ્રતિજ્ઞા પોતાના હૃદયમાં ધારણ કરી તે દિવસપછી તેમને મોગલોની સાથે અનેક યુદ્ધો કરવાં પડયાં. આ સર્વ યુદ્ધોમાં મહારાણાની અસીમ વીરતા અને અપૂર્વ તેજસ્વિતા ઉત્તમ પ્રકારે પ્રકાશિત થઇ હતી. અધિક સૈનિકોની સહાયથી અત્યંત બળવાન બનેલો ઔરંગઝેબ પણ આ યુદ્ધોમાં કેટલીકવાર પરાજિત થયો હતો. કેટલીક વાર તો તેનો પ્રાણ પણ સંકટમાં આવી પડયો હતો. તે પોતાના કયા પુણ્યના પ્રભાવથી કારાગૃહના બંધનમાંથી મુક્ત રહી શકયો હતો, તેજ કહી શકાતું નથી. ઔરંગઝેબની સામે પોતાની તીક્ષ્ણ અને પ્રચંડ સમશેર ધારણ કરવાનું મહારાણાને પ્રથમ જે કારણ મળ્યું હતું, તેનું વર્ણન નીચે સંક્ષેપમાં લખવામાં આવે છે.

મારવાડના રાઠોડકુલની અનેક શાખાઓ થઇ ગઇ હતી. તેમાંના કેટલાક રાજકુમારો પોતાનું પ્રાચીન રાજ્ય છોડી રૂપનગરમાં આવી વસ્યા હતા. રૂપનગર મોગલસામ્રાજ્યની અંતર્ગત હતું, તેથી ત્યાંના રાઠોડો મોગલોના તાબામાં સાધારણ સામંતોની પેઠે રહેવા લાગ્યા. જે સમયે ઔરંગઝેબના મસ્તકપર ભારતવર્ષનો રાજમુકુટ મૂકવામાં આવ્યો, તે સમયે રૂપનગરના માંડલિક રાજાના ઘરમાં પ્રભાવતી નામની કન્યા દિનપ્રતિદિન શશિકલાની પેઠે વિકાસ પામતી હતી. અલ્પ કાળમાં પરમ લાવણ્યમયી પ્રભાવતીના રૂપસૌંદર્યનું વૃત્તાંત દુષ્ટ ઔરંગઝેબને કાને પહોંચ્યું. આ વૃત્તાંત સાંભળી ઔરંગઝેબને તેના પ્રત્યે મોહ ઉત્પન્ન થયો અને તેને તે સ્ત્રીરત્નને પ્રાપ્ત કરવાની અભિલાષા થઇ. તેણે તેની સાથે વિવાહ કરવાની માગણી કરી. ઔરંગઝેબે ધાર્યું હતું કે હું સમ્રાટ છું, તેથી આ માગણી પ્રભાવતી અને તેનો પિતા ખુશીથી સ્વીકારશે અને કિંચિત્ પણ વિલંબ કર્યા વિના મારી સાથે આ સંબંધ જોડવાને તત્પર થશે; પરંતુ તેનો આ મનોરથ શીઘ્ર વિફળ થયો. તેને તેની પાપવૃત્તિનું યોગ્ય પ્રતિફળ મળ્યું. તેણે આ માગણી કરતી વખત પોતાના બે સહસ્ર અશ્વારોહીઓને રૂપનગર મોકલ્યા હતા; પરંતુ તેનો આ સર્વ આડંબર વ્યર્થ ગયો.

યોગ્ય સમયે ઉક્ત બે સહસ્ર સ્વારો રૂપનગરમાં પહોંચ્યા. ઔરંગઝેબના દૂતે પ્રભાવતીના પિતાને પાદશાહનો સંપૂર્ણ સંદેશો કહી સંભળાવ્યો. આ વૃત્તાંત સાંભળતાંની સાથેજ ઉક્ત માંડલિક રાજા ભયથી વ્યાકુળ થઇ ગયા. તેઓ કોઈ પણ નિર્ણયપર આવી શકયા નહિ. શું કરવું તે તેમને કાંઈ સૂઝયું નહિ. થોડી વારે પ્રભાવતીના કાને પણ આ સમાચાર પહોંચ્યા. તે પોતાના પિતાની નિકટ આવીને બોલી: “ પિતાજી ! આ વિપત્તિમાંથી બચવાનો કાંઇ ઉપાય કરવો જોઇએ;” પરંતુ તેના પિતા એટલા હતાશ થઈ ગયા હતા કે તેમને તત્કાળ કાંઈ ઉપાયજ સૂઝયો નહિ. પિતાને મૌનદશામાં જોઇ પ્રભાવતીએ પોતેજ ઉપાય શોધી કાઢવાની પ્રતિજ્ઞા કરી. પ્રથમ તો તેણે પોતાની વર્તમાન સ્થિતિનો વિચાર કર્યો તો તેને જણાયું કે તેનો કોઈ સહાયક પણ નહોતો અને તેની પાસે પાદશાહનો પ્રતીકાર કરવાને માટે કાંઇ બળ પણ નહોતું. તેનો પિતા એક સાધારણ માંડલિક હતો. ત્યારે શું મારવાડના રાજા પાસે જઇ સહાયને માટે પ્રાર્થના કરવી ? પરંતુ શું તે સહાય કરશે? મારવાડના રાજાને પાદશાહનો પગારદાર નોકર કહેવામાં આવે તોપણ તે અનુચિત ગણાય નહિ. આવી સ્થિતિમાં શું કરવું તેનો તે વિચાર કરવા લાગી:— “ હવે મારી રક્ષા કોણ કરશે ? કયો વીર હાથમાં ખડ્ગ ધારણ કરી પાદશાહની સામે યુદ્ધ કરવાને તત્પર થશે ! હવે કાંઇ ઉપાય રહ્યો નથી.” મ્લેચ્છના ગ્રાસમાંથી રાજપૂતજાતિના ધર્મની રક્ષા

થવી કઠિન હતી. વિષ, કટારી, અગ્નિ કે ફાંસીને આધીન થવાથીજ આ વિપત્તિમાંથી મુક્તિ મળવાની આશા હતી. પ્રભાવતીએ ધાર્યું કેઃ–"જો ઇતર કોઇ ઉપાય નહિ મળે તો પછી એનોજ આશ્રય લઇશ;" પરંતુ તેને આ કઠોર ઉપાય ગ્રહણ કરવાનો પ્રસંગ આવ્યો નહિ. તેને આ ભયંકર ઉપાયનો આશ્રય લેવો પડયો નહિ. જે સમયે તે આવા વિચારો કરતી હતી, તે સમયે તેના હૃદયમાં એક નવીન વિચારનો પ્રાદુર્ભાવ થયો. જાણે કોઇ આકાશના દેવે મંદસ્વરે તેના કાનમાં કહ્યું ન હોય કેઃ–" નિરાશ થશો માં. તમારૂં રક્ષણ મેવાડના રાણા રાજસિંહ કરશે, " એવો તેને ભાસ થયો. પ્રભાવતીનું વ્યાકુળ હૃદય શાંત થયું. તેણે તેજ વખતે રાણા રાજસિંહનો આશ્રય લેવાનો દઢ નિશ્ચય કર્યો અને તેને વિશ્વાસ પણ આવ્યો કે મહારાણા અવશ્ય મારૂં રક્ષણ કરશે.

પ્રભાવતી પ્રથમથીજ મહારાણા રાજસિંહના ગુણોનું વૃત્તાંત સાંભળી ચુકી હતી. આથી તેના હૃદયમાં દઢ વિશ્વાસ ચોંટી ગયો. તે જાણતી હતી કે મહારાણા રાજસિંહ વીર છે અને રસિક છે તથા ખાસ કરીને સ્ત્રીઓપ્રત્યે તો તેમને અત્યંત પ્રેમ અને માન છે. રાજસિંહના ગુણોનું સ્મરણ થતાં પ્રભાવતીનું હૃદય ધીમે ધીમે તેમનાપર આસક્ત થવા લાગ્યું. પછી કિંચિત્ પણ વિલંબ કર્યા વિના તેણે તેમનાપર કહેવરાવી મોકલ્યું કે જો મારાપર આવી પડેલા સંકટમાંથી આપ મારૂં રક્ષણ કરશો તો હું અવશ્ય આપને મારા પ્રાણનાથ બનાવીશ. જો મારી આ કામના પરિપૂર્ણ કરવાને આપ સમર્થ થશો તો આ દાસી આપનીજ છે. પ્રભાવતીએ ઇતર કોઇ પણ માણસપર વિશ્વાસ ન રાખતાં પોતાના પુરોહિતને બોલાવ્યો અને તેને પોતાનું સર્વ વૃત્તાંત સંભળાવી મહારાણા રાજસિંહને ઉક્ત સંદેશો પહોંચાડવાને મોકલ્યો. રાજકુમારીના કાયથી પરમહિતૈષી પુરોહિત અત્યંત આનંદિત થયો અને એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તે મેવાડ તરફ ચાલ્યો. યોગ્ય સમયે તે મહારાણા રાજસિંહના દરબારમાં પહોંચ્યો અને પ્રભાવતીએ આપેલો પત્ર મહારાણાના હાથમાં મૂકયો. આ પત્ર આદિથી અંતપર્યંત સુંદર હૃદયભાવથી પરિપૂર્ણ હતો. પાઠકોની જાણને માટે તેમાંનો થોડાક ભાગ અમે નીચે ઉદ્ધૃત કરીએ છીએ. તે પત્રમાં આદિથી અંતપર્યંત ઉક્ત બાલિકાના હૃદયનો ભાવ પરિપૂર્ણ ભરેલો હતો. તેણે પ્રથમ લખ્યું હતું કેઃ–"મહારાજ ! શું રાજહંસિની બગલાની સહચારિણી થશે ? શું પવિત્ર રાજપૂતકુલકામિની મોગલની અંકશાયિની થશે ? મહારાજ ! હું નિશ્ચયપૂર્વક કહું છું કે આ સંકટમાંથી જો આપ મારો ઉદ્ધાર નહિ કરો તો હું અવશ્ય આત્મઘાત કરી મારા પ્રાણનો ત્યાગ કરીશ." આ ઉત્કૃષ્ટ સૂત્રનો ગંભીર ભાવ સમજી જઇ મહારાણા રાજસિંહ ઘાયલ થયેલા સિંહની પેઠે એકદમ શત્રુ પર તટી પડવાને તૈયાર થઈ ગયા. દારુણ ક્રોધથી તેમનું શરીર કંપવા લાગ્યું. તેમના શરીરની પ્રત્યેક નસમાં જાણે કોઇએ તપાવેલા લોઢાનો રસ રેડયો ન હોય, તેમ તેમનું સમગ્ર અંગ ક્રોધથી બળવા લાગ્યું. એક રાજપૂતકુલની કન્યા ઉપર યવનોનો આવો અત્યાચાર થતો જોઈ કયા રાજપૂતનું હૃદય ક્રોધથી ઉન્મત્ત થયા વિના રહે ? આવા પ્રસંગે એવો કયો રાજપૂત હોય કે જે એક રાજપૂતબાલાનું સંરક્ષણ કરવાને માટે પોતાના પ્રાણની આહુતિ ન આપે ? અને જ્યારે એક ધર્મપરાયણ બાલા પોતાની રક્ષા કરવાને માટે આર્તસ્વરથી સહાય માગે, ત્યારે કોઈ પણ વીર તેને સહાય કર્યા વિના શી રીતે રહી શકે ? અમે પૂર્વે જણાવીજ ગયા છીએ કે અત્યાચારી ઔરંગઝેબનાં ભયંકર કુકર્મોનું યોગ્ય પ્રતિફળ આપવાને માટે મહારાણા રાજસિંહ યોગ્ય સંધિની વાટજ જોયા કરતા હતા. આ વખતે યોગ્ય સંધિ આપોઆપ મળી, તેથી તેઓ અત્યંત આનંદિત થયા અને તેમનાં સાહસિકતા, ઉત્સાહ તથા તેજસ્વિતામાં સહસ્રગણો વધારો થઇ ગયો. પછી તેમણે જરાપણ વિલંબ કર્યા વિના દુરાચારી મોગલસમ્રાટની વિરુદ્ધ ખડ્ગ ધારણ કર્યું. તેમના પૂર્વજોના અસીમ ગૌરવને મોગલોએ નષ્ટ કર્યું હતું. તેમની પ્રાણાધિક પ્રિય અને સ્વાધીનતાની લીલાભૂમિ મેવાડભૂમિને યવનોએ " જાગીર " કહીને કલંકિત કરી હતી, તેમના કપાળપર પરાધીનતાનું કઠોર કલંક લાગ્યું હતું; પરંતુ આજે રાણા રાજસિંહ હાથમાં ખડ્ગ ધારણ કરી લુપ્ત થયેલા ગૌરવનો પુનરુદ્ધાર કરવાને માટે તત્પર થઇ ગયા. તેમના સર્વ સરદારો તથા સૈનિકો તેમનો અપૂર્વ ઉત્સાહ જોઈ અત્યંત આનંદિત થયા અને બાપ્પા રાવલની પ્રચંડ વિજયપતાકા ઉઠાવી રાણા રાજસિંહની સાથે રણભૂમિમાં જવાય તૈયાર થયા. અસ્ત્રશસ્ત્રોના ઝણકારથી તથા પ્રચંડ વીરોના સિંહનાદથી મેવાડભૂમિ પુનઃ ચૈતન્યયુક્ત બની ગઇ. પ્રભાવતીનું રક્ષણ

કરવું એ આપણો મુખ્ય ધર્મ છે, એમ સમજી મહારાણા રાજસિંહ સૈનિકોને સાથે લઈ રૂપનગર તરફ કૂચ કરવા લાગ્યા. આ નગર અરવલ્લીની શૈલમાલાની તળેટીમાં આવેલું છે. મહારાણા રાજસિંહ આ વિસ્તૃત પ્રદેશને ઓળંગી જઇ પ્રચંડ પરાક્રમસહિત ઔરંગઝેબની સેના ઉપર તૂટી પડ્યા. ઘણીવાર સુધી ઉભયદલો વચ્ચે યુદ્ધ ચાલ્યું. મોગલો મહારાણા રાજસિંહનું પ્રચંડ પરાક્રમ સહન કરી શક્યા નહિ. તેમનો સંપૂર્ણ પરાજય થયો. તેમના અનેક સૈનિકો પોતાના પ્રાણ બચાવવાને માટે રણભૂમિનો ત્યાગ કરી નાસી ગયા. આ રીતે બે હજાર મોગલસ્વારો માત્ર થોડા રાજપૂતવીરોના હાથથી દલિત અને પરાજિત થઈ વિધ્વંસ પામ્યા. મહારાણા રાજસિંહને આ પરાક્રમના પારિતોષિકતરીકે પ્રભાવતીની પ્રાપ્તિ થઈ. તેઓ અત્યંત આનંદિત થઇ પ્રભાવતીને પોતાની સાથે લઇ ઉદયપુરમાં ચાલ્યા આવ્યા. તેમની આ વિપુલ વીરતાનું વૃત્તાંત સાંભળી સર્વ રાજપૂતો મહારાણાને ધન્યવાદ આપવા લાગ્યા અને તેમના તરફ પ્રેમદૃષ્ટિથી જોવા લાગ્યા. સર્વ લોકો રાજસિંહને પ્રતાપસિંહના યોગ્ય વંશજ કહી તેમને વારંવાર ધન્યવાદ આપવા લાગ્યા. આ પ્રકારે રાજસિંહે મહા બળવાન ઔરંગઝેબની સાથે પ્રથમ યુદ્ધ કર્યું હતું. મેવાડનિવાસીઓ તેમને વિજય મળેલો જોઇ અત્યંત પ્રમુદિત થયા અને અનેક આશાઓનો તેમના હૃદયમાં સંચાર થયો.

કુમાર હનુમંતસિંહ તથા પૂર્ણસિંહે 'મેવાડકા ઈતિહાસ' એ નામનો ગ્રંથ લખ્યો છે તેમાં રાજસિંહે પ્રભાવતીના કરેલા રક્ષણવિષે જે વિસ્તૃત વર્ણન આપવામાં આવેલું છે, તે ઉપયોગી જણાયાથી અત્રે અમે તેને ઉદ્ધૃત કરીએ છીએ.

"રાજકુમારી પ્રભાવતી રાજમહાલયથી દૂર આવેલા એકાંત સ્થાનમાં રહેતી અને ભગવદ્‌ભક્તિ, પૂજાઅર્ચા, ગીતાપઠન તથા હરિકથામાં પ્રવૃત્ત રહી પોતાનો કાળ નિર્ગમન કરતી હતી. આ રાજકુમારી ભગવદ્‌ભક્તિમાં એટલી લીન થઈ ગઇ હતી કે તેને સ્વપ્નમાં પણ વિવાહનું સ્મરણ થતું નહોતું. પોતાના નિવાસસ્થાનમાં તે પુરુષની છાયાનો પણ પ્રવેશ થવા દેતી નહોતી. તે વૈરાગ્યદશામાં રહી પોતાનો કાળ નિર્ગમન કરતી હતી. તે કોઇપણ મનુષ્યને પોતાની પાસે બોલાવતી નહોતી, કિંવા તે કોઇની પાસે જતી પણ નહોતી. વૈષ્ણવધર્મની મર્યાદાનુસાર તે કોઇની સાથે પોતાની જાતનો સ્પર્શ પણ થવા દેતી નહોતી. જો ભૂલથી કોઇની સાથે સ્પર્શ થઇ જાય તો તે તરતજ સ્નાન કરતી હતી. આવી પવિત્ર વૃત્તિથી રાજકુમારી રહેતી હતી; પરંતુ તે પરમ સૌંદર્યવાન હોવાથી ઔરંગઝેબને તેની સાથે વિવાહ કરવાની લાલસા ઉત્પન્ન થઈ હતી. જ્યારે આ વાત સર્વત્ર ફેલાઈ ગઇ, ત્યારે એક દિવસે રાજમહાલયની દાસીઓ કૂવાપર એકઠી થઇ પરસ્પર વાત કરતી કરતી પ્રભાવતીની દાસીપ્રત્યે બોલી:–"બહેન! તું પણ તારી બાઇની સાથે દિલ્હી જશે કે?" આ વચનો સાંભળી દાસીએ કાંઇપણ પ્રત્યુત્તર આપ્યો નહિ; પરંતુ તે પાણી ભરીને ઘેર ગઈ અને સાંભળેલી સર્વ વાત પ્રભાવતીને કહી. આ વાત સાંભળી પ્રભાવતી અત્યંત શોકાતુર થઈ અને તે વિચાર કરવા લાગી:–"હવે શું કરવું? પંદર દિવસમાં પાદશાહ અહીંઆં આવીને ઉભો રહેશે. જો હું તેની માગણીનો અસ્વીકાર કરીશ તો શું તે બળાત્કારથી લઇ ગયા વિના રહેશે? હવે શું કરૂં અને ક્યાં જાઉં? હવે હું મારા દુઃખની વાત કોને કહું? તુર્કોપ્રત્યે તો હું સદા ઘૃણા ધરાવતી આવી છું. જે તુર્કોને હું અસ્પૃશ્ય ગણું છું તે ધર્મશત્રુ તુર્કોનો હવે મારે સ્પર્શ કરવો પડશે. અફસોસ! મારે એક તુર્કની સાથે વિવાહ કરવો પડશે! અરેરે! મારા આ જીવનને કોટિ કોટિ ધિક્કાર છે! હાય! હાય! આ દુર્ભાગ્ય મારે માટે ક્યાં છુપાઇ રહ્યું હતું, જો હું અભાગિની ન હોત તો આ સમાચાર મારે સાંભળવા પડયા હોત? હે ઇશ્વર! તારી શી ઇચ્છા છે? હે અનાથના નાથ! આ સંકટમાં મારી લજ્જા રાખનાર કેવળ આપજ છો. મારે શું કરવું અને ક્યાં જવું, તે બતાવવાને આપજ સમર્થ છો. આ ધિક્કારપાત્ર તુર્કની સાથે હું કદિપણ લગ્નવિધિથી જોડાઇશ નહિ, એ વાત તો નિશ્ચિતજ છે. હે ઘટઘટના સ્વામિ! જો કોઇપણ પ્રકારે મારૂં રક્ષણ નહિ થાય તો હું આત્મઘાત કરીને આપના શરણમાં આવીશ. જ્યાંસુધી આ દેહમાં પ્રાણ છે, ત્યાંસુધી તુર્કની સાથે વિવાહ કરી અપવિત્ર થવા ઇચ્છતી નથી; માટે કોઇપણ ઉપાય શીઘ્ર બતાવો. પંદર દિવસમાં તો જાન ચઢીને આવશે. એટલા અવકાશમાં રક્ષણનો ઉપાય કરવો જોઇએ." પછી રાજકુમારીએ પોતાના કાકાને બોલાવીને તેમને કહ્યું:–"હું સંસારનો ત્યાગ કરી એકાંતવાસમાં રહી ઇશ્વરભક્તિમાં મારો સમય નિર્ગ-

મન કરૂં છું અને પરપુરુષનું મુખસુદ્ધાં જોતી નથી. હું પૂજાપાઠમાંજ મારા દિવસ નિર્ગમન કરૂં છું; પરંતુ હાલમાં મારાપર આ ભયંકર સંકટ આવ્યું છે. મારા સાંભળવામાં આવ્યું છે કે મોગલપાદશાહ ઔરંગઝેબ અલ્પકાળમાં મારી સાથે વિવાહ કરવાને આવનાર છે. આ સમાચાર આજેજ મારા સાંભળવામાં આવ્યા છે. મને મારા રક્ષણનો કોઇપણ ઉપાય સૂઝતો નથી. હું તેનું મુખ પણ જોવા ઇચ્છતી નથી. હું પ્રાણત્યાગ કરીશ; પરંતુ યવનપાદશાહની સાથે વિવાહ કરીશ નહિ. જો તમે કાંઇ ઉપાય નહિ કરો તો હું અવશ્ય આત્મઘાત કરીશ." આ વાત સાંભળી તેના કાકાએ કહ્યું:-"મારા ધ્યાનમાં બે વાત છે. એક તો એ કે મારા સ્વાધીનમાં જે સેના છે તેની સહાયથી હું મરતાંસુધી યથાશક્તિ તારૂં સંરક્ષણ કરીશ; પરંતુ મારી સેના પાદશાહની સેના આગળ સાગરમાંના બિંદુ સમાન છે, માટે અમારો નાશ અવશ્ય થશે; પરંતુ તારા સતીત્વનું રક્ષણ કરતાં મારા પ્રાણ જશે તો મને અત્યંત આનંદ પ્રાપ્ત થશે, તે છતાં પણ પાછળથી તારૂં સંરક્ષણ કોણ કરશે? અમારા મૃત્યુ પછી પણ તારે આત્મઘાત તો અવશ્ય કરવોજ પડશે. બીજો માર્ગ વધારે સારો છે અને તે એ છે કે, તું હિંદુપતિ મહારાણા રાજસિંહની સાથે વિવાહ કર. જો તું મહારાણા રાજસિંહની સાથે વિવાહ કરવાનો સ્વીકાર કરે અને મહારાણા જાન લઇને આવે તો આપણું કાર્ય સિદ્ધ થાય. આજે સમસ્ત ભરતખંડમાં એવો કોઇ પણ વીર નથી કે જે પાદશાહની સાથે વૈર કરે. કેવળ ઉદયપુરના મહારાણા રાજસિંહજ શરણાગતની રક્ષા કરે એવા છે. તેઓ નિર્ભયતાપૂર્વક પાદશાહની સાથે વૈર કરી શકશે; માટે જો તારી ઇચ્છા હોય તો આજેજ સાંઢણીસ્વાર સાથે ઉદયપુર પત્ર મોકલું." આ શબ્દો સાંભળી પ્રભાવતી બોલી:-"કાકાજી! ઉદયપુરના મહારાણાની સાથે વિવાહ કરવાની હું શી રીતે ના પાડી શકું? આવી પવિત્ર અને નિષ્કલંક ગાદીના સ્વામી મને બીજા કોણ મળી શકે એમ છે? જેણે આજ સુધી મ્લેચ્છોની સાથે સંબંધ જોડયો નથી એવા રાજકુલમાં વિવાહ કરવાની જો હું ના પાડું તો મારા જેવી મૂર્ખ બીજી કયી સ્ત્રી હોઇ શકે? હું મારી પ્રતિષ્ઠાની રક્ષા કરવાને માટે તથા આત્મઘાતના પાપથી મુક્ત રહેવાને માટે રાણાજીની સાથે લગ્ન કરવાને ખુશી છું. આપ એક પત્ર લખો અને એક પત્ર હું પણ લખું છું." આ પ્રકારે વાર્તાલાપ થયા પછી ઉભયે એક એક પત્ર લખ્યો અને પુરોહિતને તે ઉભય પત્રો આપી ઉદયપુર તરફ રવાના કર્યો. બીજે દિવસે પુરોહિત ઉદયપુરમાં પહોંચી ગયો અને સીધો રાણાજીના દરબારમાં ચાલ્યો ગયો.

દરબારમાં રાણાજી પોતાના જાગીરદારો અને સરદારોની સાથે વિરાજમાન થયા હતા. ચૂડાવત, શક્તાવત, રાણાવત, દૂદાવત, ઝાલા, પરમાર, હાડા, રાઠોડ ઈત્યાદિ ભિન્ન ભિન્ન કુલના સરદારો સભામાં વિદ્યમાન હતા. સભામાં વિવિધ વિષયો ઉપર વાર્તાલાપ ચાલી રહ્યો છે; એટલામાં પુરોહિતે ઉક્ત ઉભય પત્રો રાણાજીના હાથમાં મૂકી દીધા. રાણાજી આ પત્રો વાંચી વિચાર કરવા લાગ્યા કે:-"હવે શું કરવું?" પુરોહિત ઉત્તર સાંભળવાની રાહ જોઈ ઉભો; પરંતુ રાણાજી તો ગંભીર વિચારમાં લીન થઇ ગયા હતા. મહારાણાને ચિંતામાં પડેલા જોઈ પાસે બેઠેલા ચૂડાવતસરદાર બોલ્યા:-"મહારાજ? શું છે? પત્ર વાંચીને ચૂપ કેમ થઇ ગયા?" એક શબ્દ પણ બોલ્યા વિના મહારાણાએ ઉક્ત ઉભય પત્રો ચૂડાવતના હાથમાં મૂકી દીધા. ચૂડાવત બોલ્યા:-"શું આ પત્રો વાંચવાની મને રજા છે?" રાણાજી બોલ્યા: "એમાં કાંઈ ગુપ્ત વાત નથી. સર્વ સામંતો અને સરદારો સાંભળે તેવી રીતે વાંચો." ચૂડાવતે તરતજ તે પત્રો વાંચી સંભળાવ્યા.

આ પત્રો વાંચી રહ્યા પછી ચૂડાવતસરદાર બોલ્યા:-"મહારાણાને આ સંબંધે વધુ વિચાર કરવાની કાંઇ અગત્ય નથી. આ પત્રો વાંચી આપ શી ચિંતામાં નિમગ્ન થયા હતા? આ બિચારી અબળા મનથી આપને વરી ચૂકી છે. જો આપ એની સાથે વિવાહ નહિ કરો, જો આપ એની રક્ષા નહિ કરો તો શું આપ એને મ્લેચ્છના હાથમાં જવા દેશો? શું જગતમાંથી ક્ષાત્રધર્મનો લોપ થયો છે? જે કન્યા આપની સાથે મનથી વરી ચૂકી છે, તેને શું તુર્ક લઇ જશે? અને શું તે હિંદુપતિની પ્રતિષ્ઠા ખુંચવી લેશે? જે પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાને માટે આપણા લાખો પૂર્વજોએ આત્મભોગ આપ્યા છે, તે પ્રતિષ્ઠાનો શું આજે લોપ થશે? શું મેવાડના અધીશ્વર પોતાની રાણીને પાદશાહના હાથમાં જવા દેશે? શું આપ શરણાગત અબળાને આત્મઘાત કરવા દેશો? જે મેવાડના પૂર્વ અધિપતિઓ શરણાગતની રક્ષા કરવાને અને પોતાની પ્રતિષ્ઠાની રક્ષા કરવાને માટે લાખો ક્ષત્રિયોનું બલિદાન દેતા હતા,

પોતાના પ્રાણસુદ્ધાં અર્પણ કરી દેતા હતા, રાજ્ય છોડી જંગલમાં ભટકતા હતા અને અનેક પ્રકારનાં કષ્ટો સહન કરતા હતા; તેજ મેવાડના આજના અધિપતિ શું શરણે આવેલી એક સજાતીય અબલાને મ્લેચ્છને હાથ જવા દેશે ? શું પૃથ્વીપરથી ક્ષત્રિયત્વનો નાશ થયો છે ? શું ક્ષત્રાણીઓ આજે વીર બાલકોને જન્મ આપતી બંધ પડી છે ? શું તેઓ હવે કાયરપુરુષોનેજ જન્મ આપે છે ? શું મેવાડ-પતિ પાદશાહથી ડરશે ? અથવા શું તે જંગલમાં ભટકતા ફરવાની સ્થિતિથી ડરશે ? અથવા શું તે યુદ્ધના ભયથી મહાલયમાં છુપાઈ રહેશે ? મહારાજ ! આ પત્રોનો ઉત્તર આપતાં આપને શો સંકોચ થાય છે ? મનુષ્યમાત્રને એકવાર મરવું તો છેજ. શું આપણા બાપદાદા મૃત્યુ પામ્યા નથી કે આપણે અમર રહીશું ? આ શરીર તો નાશવંતજ છે. ઘરમાં અથવા બહાર, નગરમાં અથવા રણક્ષેત્રમાં-ગમે ત્યાં પણ મરવું તો પડશેજ. તો પછી પ્રતિષ્ઠા ગુમાવીને શામાટે મરવું જોઇએ ? પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાને માટે સાચા ક્ષત્રિયબચ્ચાની પેઠે આપણે શામાટે નહિ મરીએ કે જેથી સ્વર્ગ મળે ?"

રાણાજી બોલ્યાઃ-"વીર ચૂડાવત ! આવી ઉતાવળ કરી અવિચારી વચનો ઉચ્ચારો નહિ. હું રાઠોડની કન્યા સાથે લગ્ન કરવાને નાખુશ નથી. જે પ્રમાણે મારા પૂર્વજો મૃત્યુ પામ્યા તે પ્રમાણે મારે પણ મરવું છે. રાણા હમીર, સાંગાજી, કુંભાજી અને પ્રતાપસિંહની પેઠે નામ અમર કરીને મરવાની મારી પણ ઇચ્છા છે, પરંતુ આપ અને હું, ઉભય યુવાવસ્થામાં છીએ. હજી આપણને સંસારનો અનુભવ નથી. પાછળથી કોઇ એમ ન કહે કે રાજસિંહે બાલિશતા વાપરી અને પાદશાહની સાથે લઢીને રાજ્ય ગુમાવી બેઠો, એ વાત આપણે ધ્યાનમાં રાખવી જોઇએ. રાજ્ય વધારવાની વાત તો દૂર રહી; પરંતુ રાજ્ય ગુમાવી બેસવાનો પ્રસંગ ન આવે, તે લક્ષમાં રાખવું જોઇએ. આપણે પાદશાહની સાથે વૈર બાંધવું છે, માટે કોઇ વૃદ્ધપુરુષની સલાહ લેવી જોઇએ." ચૂડાવત બોલ્યાઃ-" મહારાજ! આપનું કહેવું યથાર્થ છે. આપણા પૂર્વજો રાજબારોટ વા રાજકવિની સલાહ લેતા હતા, માટે જો કોઇની સમ્મતિ લેવાની આપની ઇચ્છા હોય તો વૃદ્ધ, અનુભવી અને બુદ્ધિમાન બારોટોને બોલાવો." મહારાણાએ વૃદ્ધ રાજકવિઓને બોલાવ્યા અને તેમના હાથમાં ઉક્ત પત્ર આપી 'હવે શું કરવું?' એવો પ્રશ્ન કર્યો. મુખ્ય રાજકવિએ આ પ્રમાણે ઉત્તર આપ્યોઃ-

"રાણાજી ! આપ યુવક છો તોપણ આપના વંશની રીતિ જાણો છો, તોપછી જાણીજોઇને શું કરવા મારી મશ્કરી કરવાને માટે મને આ પ્રશ્ન પૂછો છો? આપના પૂર્વજોએ કદિ પણ નિષેધાત્મક શબ્દનો ઉચ્ચાર કર્યો નથી. બાપ્પારાવલના વંશજો ગમે તેવી વિપત્તિઓમાં આવી પડે તોપણ તેઓ મુખથી "ના" શબ્દનો ઉચ્ચાર કરતા નથી. આપની ગાદીની પ્રતિષ્ઠા તથા પ્રતાપસિંહના પ્રતાપી નામની પ્રતિષ્ઠાનું સ્મરણ કરી કર્તવ્યપાલન કરવાને માટે સજ્જ થાઓ. કર્તવ્યપાલનથી તો પૃથ્વી ચાલે છે, સૂર્ય પ્રકાશે છે, ગંગા વહે છે અને વિશ્વનો વ્યવહાર ચાલે છે. જો સાંગાના વંશજ શરણાગતનું રક્ષણ નહિ કરે તો પૃથ્વી રસાતલમાં ચાલી જશે, સૂર્ય પશ્ચિમમાં ઉગશે, બ્રહ્માંડ નષ્ટ થઈ જશે અને આકાશપાતાળ એક થઇ જશે. જેમણે તુર્કોને કદિ પણ કન્યા નહિ આપવાની પ્રતિજ્ઞા કરી હતી, જેમણે લાખો સિસોદીઆઓનો ભોગ આપ્યો, જેમણે સગાંવહાલાંઓને અને પુત્રપુત્રીઓને પોતાની નજરે રણભૂમિમાં મરતાં દીઠાં, જેઓ રાજપાટ છોડી જંગલે જંગલ ભટક્યા અને જેમણે કંદ, ફળ, ફૂલપર નિર્વાહ કર્યો, જેમણે વૃક્ષશાખાઓની વચ્ચે ટોપલાઓમાં પોતાનાં છોકરાંઓને મૂકી તેમનું રક્ષણ અને પાલનપોષણ કર્યું, જેઓ ભીલોની વચ્ચે ભીલોની પેઠે રહ્યા, જેમણે પોતાનાં સંતાનોને ભિક્ષુકોનાં બાળકની પેઠે રોટલાના ટુકડાને માટે રોદન કરતાં દીઠાં, અને જેમને અસંખ્ય શત્રુઓ પાછળ પડેલા હોવાથી આ પહાડપરથી પેલા પહાડપર નાસભાગ કરવી પડી, તે પ્રતાપસિંહના વંશજ પોતાને અંતઃકરણથી વરી ચૂકેલી રાજપૂતબાળાને દેશશત્રુ અને ધર્મશત્રુ મુસલમાનોના હાથમાં જવા દે એ શું સંભવિત છે ? હું વૃદ્ધ છું અને મારા શરીરમાં બળ રહ્યું નથી, તેથી આપ એમ સમજ્યા હશો કે હું આપને મૌન ધારણ કરવાની સલાહ આપીશ; પરંતુ હું વૃદ્ધ થઇ ગયો છું તેથી શું થયું ? હજીસુધી મારી રક્તવાહિનીઓમાં સાંગાજી, પ્રતાપસિંહ અને કુંભાજીની પ્રતાપીઆદીના અન્નનું રક્ત વહે છે. હે અન્નદાતા ! હું આપનુંજ અન્ન ખાઉં છું; તોપછી વૃદ્ધાવસ્થામાં પણ મારામાં કાયરતા શી રીતે પ્રવેશી શકશે ? હું દેખાવમાં વૃદ્ધ છું, મારો દેહ વૃદ્ધ છે, પરંતુ મારો આત્મા તો યુવાન છે; માટે વૃથા વિલંબ શામાટે કરો છો ?

રૂપનગરથી આવેલા માણુસને સ્વીકારાત્મક ઉત્તર આપીને વિદાય કરો અને સૈનિકોને સજ્જ કરી રાજ-કુમારીને પરણી લાવો. શું રાજહંસિની રાજહંસને છોડીને ગીધની પાસે જશે ? માટે ઉઠો, સજ્જ થાઓ અને જાન લઇ જઇને રાજકન્યાને પરણી લાવો. હવે વિલંબ કરવામાં સાર નથી.”

આ શબ્દો સાંભળી રાણાજી ચૂડાવતસરદાર તરફ દૃષ્ટિપાત કરી બોલ્યા: “રાજકવિએ જે કહ્યું તે યોગ્ય છે. આપણે આપણી પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાને માટે અવશ્ય જવું જોઇએ; પરંતુ એક વિઘ્ન આપણી સામે છે તેનો શો ઉપાય કરવો ? આપણે આપણી સેનાને લઇને રાઠોડકન્યાને લેવા જઇશું તો ખરા; પરંતુ એટલામાં પાદશાહ પોતાની પ્રચંડ સેનાને લઇને આવી પહોંચશે અને આપણે તેની સાથે ઘોર યુદ્ધ કરવું પડશે તથા યુદ્ધમાં પાદશાહની પ્રચંડ સેનાની આગળ આપણે સર્વ ખપી ગયા તો આપણો મનોરથ સફળ થવાનો નથી. આવી સ્થિતિમાં રાઠોડકન્યાને આત્મઘાત કરવો પડશે; માટે આ બાબત-નો શો પ્રબંધ કરવો ?” ચૂડાવતસરદાર બોલ્યા: “ મહારાજ ! મારો વિચાર આપના વિચારથી ભિન્ન છે. આપ થોડા માણુસો લઇને રાઠોડકન્યાને વરવાને માટે રૂપનગર જાઓ અને હું સર્વ સિસોદીઆ-સૈનિકોને લઇને પાદશાહને રોકવાને માટે રૂપનગરથી આગળ નીકળી જાઉં. હું પાદશાહને આગ્રા અને રૂપનગરની વચ્ચે રોકીશ. હું પ્રતિજ્ઞા કરીને કહું છું કે જ્યાંસુધી આપ લગ્ન કરીને ઉદયપુર પાછા આવશો નહિ, ત્યાંસુધી હું પાદશાહને રૂપનગરનો દરવાજો જોવા દઇશ નહિ.” રાણાજી બોલ્યા: “ જો એમ થાય તો પછી ચિંતાજ શી રહી ? મારા પ્રિય સરદાર ! તમારી વીરતા અને બુદ્ધિને ધન્ય છે. તમે જે ઉપાય બતાવ્યો છે તે ઉત્તમ છે. એ ઉપાય સફળ થવો ન થવો એ એકલિંગજીને હાથ છે.” સર્વ સામંતોએ તથા રાજકવિએ પણ ચૂડાવતસરદારની સલાહને અનુમતિ આપી. સર્વ સેના લઇ પાદશાહની ગતિ રોકવા જવાનો નિશ્ચય કરવામાં આવ્યો. રાણાજીએ રૂપનગરથી આવેલા પુરોહિતને પત્ર લખી આપ્યો અને તેને વિદાય કર્યો. ચૂડાવતસરદાર પોતાની રાજધાનીમાં ગયા અને લડાઇનો ડંકો વગડાવ્યો. આ ડંકો સાંભળી સર્વ ચૂડાવતસૈનિકો રણમાં જવાને સજ્જ થયા.

બીજે દિવસે ચૂડાવતસરદાર યુદ્ધમાં જવાને તૈયાર થયા, એટલામાં તેમણે પોતાની રાણીને ઝરૂખા-માં ઉભેલી જોઈ. ચૂડાવતસરદારની વય કેવળ સત્તર અઢાર વર્ષની હતી અને તે થોડા વખતપરજ પરણ્યા હતા. હજી હાથનાં મીંઢળ પણ છૂટયાં નહોતાં: તેમની પરમ રૂપવતી રાણીની વય સોળ વર્ષની હતી. ચૂડાવતે ચોકમાં આવી ઝરૂખા તરફ દૃષ્ટિ ફેંકી તો રાણીનું મુખ એવું સુંદર જણાયું કે જાણે નભમાં ચંદ્રજ ન પ્રકાશી રહ્યો હોય ! રાણીના મુખનું દર્શન થતાંજ તેનો યુદ્ધમાં જવાનો ઉમંગ કાંઇક મંદ પડી ગયો અને તેની મુખાકૃતિ સહેજ મ્લાન થઇ. તે નિઃસ્તેજ મુખસહિત ઝરૂખામાં ગયા. ચતુર રાણી પોતાના પ્રાણુનાથનું મુખ ઉતરી ગયેલું જોઈ તેનું કારણ સમજી ગઈ. તે બોલી: “ આ શું થયું? શું કાંઇ અશુભ સમાચાર આપના સાંભળવામાં આવ્યા કે જેથી આપના મુખની કાંતિ ફીક્કી પડી ગઇ છે ? આપ જ્યારે પૂર્ણ ઉમંગથી ચોકમાં આવ્યા ત્યારે આપના મુખપર જે તેજ દીપી રહ્યું હતું, તે તેજ હમણાં કયાં જતું રહ્યું છે ? યુદ્ધને માટે આપે જે ઉત્સાહથી ડંકો વગડાવ્યો તે ઉત્સાહ હમણાં શામાટે મંદ પડી ગયો છે ? શું શત્રુની સામે લડવા જતાં નિરુત્સાહ થવાનું કાંઇ પ્રયોજન છે? યુદ્ધના સમાચાર સાંભળી ક્ષત્રિયબચ્ચાને તો ઉમંગ ચઢે છે, માટે આપને પણ તે આવેશ ચઢવો જોઇએ; પરંતુ આપ તો ઉલટા શિથિલ થઇ ગયા છો. શિથિલ થવાનું કાંઇ કારણ છે ? જો આપ એ કારણ ન બતાવો તો આપને મારા સમ છે.”

ચૂડાવતે ઉત્તર આપ્યો કે:–“રૂપનગરની રાઠોડકન્યાને બળાત્કારે પરણવાને માટે દિલ્હીનો પાદશાહ ચઢી આવે છે અને તે રાજકન્યા અંતઃકરણથી આપણા મહારાણાને વરી ચૂકી છે, તેથી કાલે પ્રાતઃકાળમાં-જ મહારાણા તેને વરવાને માટે રૂપનગર જશે. હવે પાદશાહની ગતિ રોકવાને માટે મેવાડની સમસ્ત સેના મારી સાથે જવાની છે. પાદશાહની સાથે અમારે ઘોર સંગ્રામ થશે અને અમને ત્યાંથી પાછા ફર-વાની આશા નથી; કારણ કે પાદશાહની સેનાની આગળ અમારી સેના ઘણી થોડી છે. મને મૃત્યુનો તો લેશ પણ ડર નથી અને તેનો શોક પણ નથી, કારણ કે પ્રત્યેક માણુસને એકવાર મરવાનું તો હોય છેજ. જો હું મરણથી ડરૂં તો મારી માતાની કુખને કલંગ લાગે અને મારા પૂર્વજ ચૂડાજીના નામને પણ કલંક લાગે. મરવાથી તો હું ડરતો નથી. આ જગતમાં અમર કોઇ રહ્યું નથી અને કોઇ રહેવાનું

પણ નથી. વહેલું કે મોડું એક વખત સૌને મરવું તો છેજ; પરંતુ મને કેવળ તમારી ચિંતા છે. તમારાં લગ્ન હમણાંજ થયાં છે અને તમે લગ્નનું કિંચિત્ પણ સુખ જોયું નથી તથા હું તો આજે મરવાને માટે જાઉં છું. તમારાવિશેના વિચારથી હું વ્યાકુલ બની ગયો છું. ચોકમાં આવીને મેં તમારૂં મુખ જોયું કે તરતજ મારૂં કઠિન હૃદય મૃદુ બની ગયું."

આ વચનો સાંભળી રાણી બોલી: "મહારાજ! આપ આ શું બોલો છો? જો આપ રણક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરશો તો એનાથી અધિક સુખ આ સંસારમાં મને બીજું શું મળવાનું હતું? અંતકાળ આવી પહોંચતાં મનુષ્ય ચાલતાં ચાલતાં, ઉભાં ઉભાં, બેઠાં બેઠાં અથવા વાત કરતાં કરતાં અચાનક મરણ પામે છે. તેને એજ વખતે સંસારનું સર્વ સુખ છોડીને ચાલ્યા જવું પડે છે. જેનો અંતકાળ સમીપ આવ્યો હોતો નથી તે રણક્ષેત્રમાંથી પણ બચીને ઘેર આવે છે અને જેનો અંતકાળ આવી પહોંચ્યો હોય છે તે સુખશાંતિપૂર્ણ ઘરમાં પણ બચી શકતો નથી. ઘરમાં જ્યારે કાળ આવીને માણસનો ગ્રાસ કરે છે ત્યારે તેને કોણ બચાવે છે? માટે યુદ્ધમાં જતી વખત કોઈ પ્રત્યે મોહ ધરવો અથવા સાંસારિકસુખની વાસના ધારણ કરવી ઉચિત નથી. આપ કોઇ પણ વસ્તુપ્રત્યે આસક્તિ રાખ્યા વિના સુખપૂર્વક યુદ્ધમાં સિધાવો અને નિશ્ચિંતતાપૂર્વક આપણા સ્વામીનું કાર્ય પાર પાડો. આયુષ્ય હશે અને ઈશ્વરેચ્છાથી યુદ્ધમાં વિજય મળશે તો આપણે સંસારનાં સર્વ સુખો ભોગવી શકીશું અને જો કદાચિત્ આપ રણમાં ખપી જશો તો સ્ત્રીનું કર્તવ્ય શું છે તે હું સારીપેઠે જાણું છું. રણક્ષેત્રમાં જો આપનું મૃત્યુ થશે તો આપણે અનંતકાળપર્યંત સ્વર્ગમાં રહી દામ્પત્યસુખ ભોગવીશું; માટે હે પ્રાણનાથ! આપ સહર્ષ રણક્ષેત્રમાં પધારો. કાં તો જય પ્રાપ્ત કરીને ઘેર પાછા આવો અને કાં તો વીરતાપૂર્વક યુદ્ધમાં ખપી જાઓ. આપણો ઉભયનો સંયોગ સ્વર્ગમાં થશે. આપ યુદ્ધમાં આપના ઉત્તમ કુલનું ગૌરવ જાળવજો અને ક્ષત્રાણીનો ધર્મ શું છે તે તો મને સુજ્ઞાત છે. આપની પાછળ હું મારા ધર્મનું પાલન કરવામાં કોઇ પણ પ્રકારની ત્રુટિ વા વિલંબનું સેવન કરીશ નહિ."

આ પ્રકારે બોલીને હાડીરાણી મૌન રહી. ચૂડાવતસરદાર વિદાય લેવાની તૈયારીમાં હતા એવામાં હાડીરાણી પુનઃ બોલી: "મહારાજ! વિજય પ્રાપ્ત કરી શીઘ્ર પાછા ઘેર આવજો. આપના કુલનો ધર્મ શું છે તે આપ જાણો છો માટે વિજય પ્રાપ્ત કરવાની કામનાથી આપ યુદ્ધમાં પ્રવૃત્ત થશો, કોઇ ઈતર વસ્તુમાં ધ્યાન રોકશો નહિ. રણક્ષેત્રમાં કેવળ શત્રુનો સંહાર કરવામાંજ ચિત્ત રાખશો."

ચૂડાવતસરદાર બોલ્યા: "હાડી! જય પ્રાપ્ત કરી પાછા ફરવાની તો કાંઈ આશાજ નથી. મરણ તો નિશ્ચિતજ છે. શત્રુને પીઠ દેખાડી પાછા આવવાની વાંચ્છના નથી; માટે આ તમારો ને મારો અંતિમ સંયોગ છે. તમે સમજુ છો, માટે આપણા કુલધર્મનું રક્ષણ કરજો અને જો હું રણક્ષેત્રમાં ખપી જાઉં તો પછી તમે તમારા કર્તવ્યનું પાલન કરજો."

હાડીરાણીએ ઉત્તર આપ્યો: "મહારાજ! આપ મારા તરફથી તો નિશ્ચિંતજ રહેજો. આપ આપનો ધર્મ સંપૂર્ણ રીતે પાળજો. હું મારા ધર્મમાં ત્રુટિ આવવા દઈશ નહિ. આ વાત આપ નિશ્ચયપૂર્વક માનજો." આ પ્રકારે હાડીરાણીએ ચૂડાવતસરદારને આશ્વાસન આપ્યું તે છતાં પણ તેને સંતોષ થયો નહિ. તેમના મનમાં એ શંકા રહી કે મારા મૃત્યુ પછી હાડી સતી થશે કે નહિ. ચૂડાવત સરદાર શ્રદ્ધાપૂર્વક માનતા હતા કે મારા મરણ પછી જો હાડી સતી થશે તો હું સ્વર્ગમાં નિરંતર સુખ ભોગવી શકીશ; પરંતુ તેમના મનમાં એવો સંદેહ આવ્યો કે મારી રાણી હજી તરુણાવસ્થાના ઉંબરાપર ઉભી છે, હજી એને સંસારનાં સુખનો લ્હાવો મળ્યો નથી, તેથી એ સતી થશે એમ નિશ્ચયપૂર્વક શી રીતે માની શકાય? રાણીને બોધ આપી ચૂડાવત ચાલવા લાગ્યા; પરંતુ દાદર ઉતરતાં ઉતરતાં પુનઃ તેને કહ્યું: "હું તો જાઉં છું, તમારો ધર્મ તમે ચૂકશો નહિ." ચોકમાં ગયા પછી યુદ્ધને માટે પુનઃ ડંકો વગડાવી ચૂડાવત સરદારે પોતાના એક સેવકને હાડીજીની પાસે મોકલ્યો અને તેને કહેવરાવી મોકલ્યું કે "તમારો ધર્મ ચૂકશો નહિ."

હવે હાડીજીને નિશ્ચયપૂર્વક લાગ્યું કે મારા સ્વામીનું ચિત્ત મારાપ્રત્યે લાગ્યું છે અને જ્યાંસુધી એમનું ચિત્ત મારાપ્રત્યે રહેશે ત્યાંસુધી એમનાથી રણક્ષેત્રમાં કાંઇ પણ પરાક્રમ કરી શકાવાનું નથી; અને એઓ જે કાર્યને માટે જાય છે તે કાર્ય નિષ્ફળ જશે. પછી હાડીજીએ સેવકને જણાવ્યું: "ઉભા

રહો, હું મારું શિર તમને આપું છું તે તમેં તમારા સ્વામીને આપજો અને કહેજો કે હાડી પ્રથમથીજ સતી થઇ છે અને આપનાપર આ ભેટ મોકલી છે. આ ભેટ આપ આનંદપૂર્વક રણક્ષેત્રમાં લઈ જાઓ અને વિજય પ્રાપ્ત કરી આપનો મનોરથ સફળ કરો. બીજી કોઈ પણ પ્રકારની ચિંતા રાખશો નહિ." એમ કહી તેણે તરતજ ખડ્ગથી પોતાનું મસ્તક કાપી ધડથી જૂદું કર્યું. ઉક્ત સેવક હાડીજીનું મસ્તક લઈ પોતાના સ્વામીની પાસે ગયો અને તેમને મસ્તક અર્પણ કર્યું. પછી તેણે હાડીજીનાં કહેલાં સર્વ વચનો તેમને કહી સંભળાવ્યાં હાડીજીનું મસ્તક જોઇ ચૂડાવત સરદાર પરમ પ્રસન્ન થયા. એક ગ્રંથકાર આ સંબંધે લખતાં જણાવે છે કેઃ–" તેમણે હાડીજીના ચોટલાના બે ભાગ કરી તેને પોતાના ગળામાં ધારણ કર્યા. આથી જાણે શિવજી રૂંડમાલા ધારણ કરી ઉભા ન હોય તે પ્રમાણે તેઓ શોભવા લાગ્યા. !"

આ પ્રકારે ચૂડાવતસરદારની ઘર તરફની ચિંતા નિવૃત્ત થઇ ગઇ; હવે તેમને માત્ર એટલીજ ચિંતા રહી કે શત્રુઓને શીઘ્રતાથી મારીને જહન્નમમાં કેવી રીતે પહોંચાડું ? શત્રુઓનો સંહાર કરીને ચૂડાવત સરદારને હવે સ્વર્ગમાં જઇ હાડીજીને મળવાનીજ કામના હતી, તેમને સંસારમાં રહેવાની ઇચ્છા નહોતી. "હાડીજી મારે માટે વ્યાકુલ બની રહી હશે. હું જઇને તેને ક્યારે મળીશ ?" આજ જપ તેમના અંતઃકરણમાં ચાલ્યા કરતો હતો. હવે તેઓ સિંહવત્ ક્રોધાયમાન બની મુસલમાનોનો સંહાર કરવાને ચાલ્યા. સર્વ ચૂડાવતસૈનિકો પણ તેમની સાથે ચાલવા લાગ્યા. ઇતર સામંતો પણ પોતાની સેના લઇ તેમને આવી મળ્યા.

આ તરફ રાણાજી પ્રાતઃકાળ થતાં સ્નાનસંધ્યા, નિત્યકર્મ કરી ભોજન આટોપી શસ્ત્રથી સજ્જ થઈ અશ્વપર આરૂઢ થઈ રૂપનગર તરફ કૂચ કરવા લાગ્યા. તેમણે પોતાની સાથે ચુંટી કાઢેલા પંદરસો સૈનિકો લીધા હતા. ઉદયપુરના દરવાજા બહાર ચૂડાવતસરદાર સાથે તેમની મુલાકાત થઇ. થોડીવાર સુધી ઉભય દલો સાથે સાથે ચાલ્યાં; પરંતુ ત્યારપછી બન્ને માર્ગ પૃથક્ થયા અને રાણાજીને ચૂડાવતસરદારનો વિયોગ થયો. રાણાજી સીધા રૂપનગર તરફ ગયા અને ચુડાવત પૂર્વ દિશા તરફ કૂચ કરી ગયા.

આ વખતે ચૂડાવતના હાથનીચે પચાસ હજાર રાજપૂતો હતા. આ સર્વ સૈનિકોના અગ્રભાગે ચૂડાવતસરદાર ચાલતા હતા. આ પ્રમાણે કૂચ કરતા કરતા અંતે તેઓ નિયત સ્થાનપર પહોંચ્યા. આ સ્થાન આગ્રાથી રૂપનગર જવાના માર્ગમાં રૂપનગરથી થોડા અંતરપર હતું. અહીંઆં :માર્ગમાંજ સર્વ સૈનિકો છાવણી નાખીને વિશ્રાંતિ લેવા લાગ્યા. તંબુઓ નાખી દીધા પછી ચૂડાવતસરદારે પાદશાહની સેનાની તપાસ કરવાને માટે કેટલાક માણસોને મોકલ્યા. આ માણસોએ થોડીવાર પછી પાછા આવીને એવા સમાચાર સંભળાવ્યા કે પાદશાહ હાથીપર બેસીને આવે છે અને તેની સાથે અતીવ પ્રચંડ દલ છે. આ વર્તમાન સાંભળતાંની સાથેજ ચૂડાવતસરદારે પોતાના સૈનિકોને શસ્ત્રથી સજ્જ થઇ અશ્વારૂઢ થવાની આજ્ઞા કરી. આ આજ્ઞાનુસાર સર્વ સૈનિકો પાદશાહની સામે બાથ ભીડવાને તૈયાર થઈ ગયા.

થોડીવારમાં પાદશાહ પોતાના સૈન્યની સાથે આવી પહોંચ્યો. માર્ગમાં સૈન્ય ખડું રહેલું જોઇ તેણે તપાસ કરાવી કે એ કોનું સૈન્ય છે અને કોનો માર્ગ રોકવાને ઉભું છે. જ્યારે તેને ખબર પડી કે એ મેવાડના રાણાનું દલ છે અને ચૂડાવતસરદાર તેના સેનાપતિ છે,ત્યારે પાદશાહે તેમનાપર કહેવરાવી મોકલ્યું કેઃ–"આપ અમને જવા દો.અમે લડવાને આવ્યા નથી.અમારે ઉદયપુર જવું નથી.અમે ઇતર સ્થળે જઇએ છીએ.આપને અમારો માર્ગ રોકવામાં કાંઇલાભ મળવાનો નથી."ચૂડાવતસરદારે પ્રત્યુત્તર વાળ્યો કેઃ–"એમ માર્ગ મળી શકનાર નથી. અમે ક્ષત્રિય છીએ. અમે તમારાથી ડરતા નથી. તમારે આગળ જવું હોય તો અમને ભેદીને સુખેથી ચાલ્યા જાઓ." પાદશાહે પુનઃ કહેણુ મોકલ્યું કેઃ"તમે મિથ્યા અમારા કાર્યમાં વિઘ્ન શામાટે નાખો છો? અમે તમને કાંઇ પણ હાનિ પહોંચાડયા વિના જવાનું કહીએ છીએ.જેમ દીપકપર પતંગીઆ વૃથા તૂટી પડે છે,તેમ તમે નિષ્પ્રયોજન બળતી આગમાં શામાટે ઝંપલાવો છો ? તમારા હજારો શૂરવીરરાજપૂતોનું રુધિર વ્યર્થ શામાટે ગુમાવવાને તૈયાર થયા છો ?" પરંતુ આ ધમકીથી ચૂડાવત કાંઇ ડરે એવા હતા? તેઓ તો પાદશાહની ગતિ રોકવાને માટેજ આવ્યા હતા, તો શું તેઓ પાદશાહને નિર્વિઘ્ને રૂપનગરમાં જવા દેશે? જ્યારે પાદશાહની એક પણ પ્રાર્થનાપર ચૂડાવત સરદારે લક્ષ આપ્યું નહિ, ત્યારે પાદશાહે તેને માર્ગપરથી હટાવવાની પોતાના સેનાપતિને આજ્ઞા કરી.પાદશાહની આજ્ઞા થતાંજ મુસલમાનસૈનિકો યુદ્ધ કરવાને સજ્જ થઇ ગયા. આ તરફ ચૂડાવતસરદારે તો પ્રથમથીજ પોતાની સેનાને તૈયાર કરી રાખી હતી. ઉભય

દલો વચ્ચે યુદ્ધ થવા લાગ્યું. સાયંકાળપર્યંત કોઇ પણ પક્ષની હાર થઇ નહિ. સિસોદીઆસૈનિકો પર્વતની પેઠે અડગ રહ્યા અને ઉત્તમ રણનિપુણતા બતાવી મુસલમાનસૈનિકોનો વિધ્વંસ કરતા રહ્યા.

આગલા ભાગમાં જે સિસોદીઆસૈનિકો મરતા તેને સ્થાને બીજા આવીને ઉભા રહેતા. ઉભય પક્ષ તરફના કોઈ પણ સૈનિકો પાછા હઠયા નહિ. હવે સાયંકાળ થયો, પૃથ્વીપર અંધકાર છવાઈ ગયો તેથી યુદ્ધ બંધ થયું.

પ્રાતઃકાળ થતાં પુનઃ પાદશાહે કહેવરાવ્યું કે:-"તમે વ્યર્થ શામાટે માર્ગ રોકી રહ્યા છો ? હજી પણ તમે હઠી જશો તો બચશો;" પરંતુ ચૂડાવતસરદારે તેના શબ્દોપર કિંચિત્ પણ લક્ષ આપ્યું નહિ. તેઓ જરા પણ પાછા હઠયા નહિ. પાદશાહને તેમણે જરાપણ માર્ગ આપ્યો નહિ. આથી પુનઃ યુદ્ધનો આરંભ થયો. સૂર્યાસ્ત થયો ત્યાંસુધી તુમુલ્ યુદ્ધ ચાલ્યું. ઉભય પક્ષના હજારો મનુષ્યો માર્યા ગયા; પરંતુ કોઇ પણ પક્ષના વીરો મંદ પડયા નહિ. પાદશાહનું મુહૂર્ત ચાલ્યું જશે એવા ભયથી મુસલમાનો યુદ્ધ શીઘ્ર સમાપ્ત કરવાને માટે અત્યંત ઉત્સાહથી અને પ્રચંડ વેગથી લડવા લાગ્યા અને રાજપૂતો પોતાના મહારાણા વિવાહ કરીને સુખપૂર્વક ઉદયપુર પહોંચી જાય ત્યાંસુધી પાદશાહને માર્ગમાં રોકી રાખવાના ઉદ્દેશથી અપૂર્વ ઉત્સાહથી લડવા લાગ્યા. તેઓ અત્યંત આવેશથી મુસલમાનોપર તૂટી પડી તેમનો સંહાર કરતા હતા. રાત્રિ પડી ત્યાંસુધી કોઈ પણ પક્ષ શિથિલ થયો નહિ. રાત્રિ પડવાથી પુનઃ યુદ્ધ બંધ થયું. હવે ત્રીજા દિવસનો પ્રારંભ થયો. તે દિવસે તો સૂર્યોદય થયા પૂર્વેજ સર્વ જણ લડવાને તૈયાર થઇ ગયા. રાત્રિના સમયે રાજપૂતો શસ્ત્રાબદ્ધ થઇને સૂતાહતા; કારણ કે મુસલમાનો અચાનક છાપો મારે અથવા ગુપ્ત રીતે રૂપનગર તરફ ચાલ્યા જાય એવી તેમને આશંકા હતી. આ રાત્રિ રાજપૂતોએ અત્યંત સાવધાનતાપૂર્વક વ્યતીત કરી હતી. મુસલમાનોએ પૂર્વે એક બે વાર કપટાચરણ કર્યું હતું, તેથી ચૂડાવતસરદાર આ રાત્રિએ અતિ સાવધાન રહ્યા હતા. ત્રીજા દિવસના યુદ્ધમાં મુસલમાનો એવા પરાક્રમથી લડયા કે ઘણા રાજપૂતો માર્યા ગયા. રાજપૂતોની સંખ્યા ક્રમે ક્રમે ઘટતી જતી હતી. જો કે રાજપૂતો કરતાં બમણા ત્રણગણા મુસલમાનો માર્યા ગયા હતા; પરંતુ તેમની વિપુલ સંખ્યામાં કાંઇ ન્યૂનતા જણાતી નહોતી અને મુસલમાનો કરતાં રાજપૂતોનો ઘટાડો અધિક સ્પષ્ટ રીતે જણાતો હતો. હવે ઘણા થોડા રાજપૂતવીરો શેષ રહ્યા હતા. હવે ચૂડાવત સરદારે ધાર્યું કે:-"જો આ વખતે મુસલમાનો પ્રબળ વેગથી આક્રમણ કરશે તો તેઓ આપણી બચેલી સેનાને ભેદીને ચાલ્યા જશે." આ વખતે તેમને રાણાજીને આપેલું વચન યાદ આવ્યું, તેથી તેઓ અત્યંત આવેશથી મુસલમાનોની સામે ઝુઝવા લાગ્યા. ઘોર યુદ્ધ થવા લાગ્યું. તેઓ પ્રચંડ પરાક્રમથી લડતા લડતા પાદશાહના હાથીની સમીપ પહોંચ્યા અને તેમણે પાદશાહ તરફ પોતાનો ભાલો ઉગામ્યો. પાદશાહ બોલ્યો: "વ્યર્થ શામાટે મારી નાખો છો? વિવાહની ઘડી અહીંઆંજ પૂરી થઇ જશે કે શું ?" ચૂડાવત સરદાર બોલ્યા:-"હું જે માગું તે કુરાનના સોગંદ ખાઈ આપવાની પ્રતિજ્ઞા કરો; નહિ તો આ ભાલો હમણાંજ તમારા શરીરમાં ચાલ્યો જશે." પાદશાહે પોતાના પ્રાણને જોખમમાં આવી પડેલો જોઇ ચૂડાવત સરદારની માગણી સ્વીકારી. ચૂડાવત સરદાર બોલ્યા કે:-"આજથી દશ વર્ષ સુધી તમારે ઉદયપુરપર આક્રમણ કરવું નહિ. પછી તમારી ઇચ્છામાં આવે તેમ કરશો." પાદશાહે કુરાનના સોગંદ ખાઇ ચૂડાવત સરદારનાં વચનો સ્વીકાર્યાં. ત્યારે ચૂડાવત સરદારે પોતાનો અશ્વ પાછો ફેરવ્યો. આ અરસામાં તેમના શરીરપર એટલા બધા ઘાવો લાગ્યા હતા કે તેઓ અશ્વપર સાવધાન રહી શકયા નહિ. પરથી ઉતરતાંની સાથેજ તેઓ પ્રસન્નવદને સુરપુરમાં સિધાવ્યા. આ દિવસ વૈશાખની પૂર્ણિમાનો હતો અને રૂપનગર ઉકત સ્થળેથી ત્રણ દિવસની મજલપર આવેલું હતું.

ચૂડાવતસરદારનું મૃત્યુ તો થયું; પરંતુ તેઓ પોતાનું કાર્ય સિદ્ધ કરી ગયા. પચાસ હજાર રાજપૂતોમાંથી ભાગ્યેજ પાંચ હજાર રાજપૂતો બચ્યા હતા. આ રાજપૂતો હવે ઉદયપુરમાં ચાલ્યા ગયા. ચૂડાવતસરદારનું મૃત્યુ થતાં પાદશાહે યુદ્ધ બંધ કર્યું અને શેષ રહેલા રાજપૂતોને મૃત સરદારોના શરીરને અગ્નિસંસ્કાર કરવાને કહ્યું. પછી પાદશાહ રૂપનગર તરફ કૂચ કરવા લાગ્યો.

આ તરફ રાણાજી બરાબર પૂર્ણિમાને દિવસેજ રૂપનગર પહોંચી ગયા હતા. તેમણે રાજકુમારી પ્રભાવતીની સાથે તે દિવસે લગ્ન કરી વૈશાખ વદી પ્રતિપદાને દિવસે રૂપનગરથી વિદાય લીધી અને સુખસ્વરૂપે તેઓ ઉદયપુર પહોંચી ગયા. ત્યાં ગયા પછી તેમને ચૂડાવત સરદારસંબંધી સર્વ વર્તમાન યુદ્ધમાંથી બચીને આવેલા

રાજપૂતોદ્વારા પ્રાપ્ત થયા. ચૂડાવતે કેવા પરાક્રમથી યુદ્ધ કર્યું હતું તથા પાદશાહ પાસેથી કેવું વચન લીધું હતું, તે સર્વ વર્તમાન મહારાણાના જાણવામાં આવ્યા. પછી તેમણે લગ્નવિધિ-સમાપ્ત કરી નવીન રાણી પ્રભાવતી સાથે રાજભુવનમાં પ્રવેશ કર્યો. ”

મહારાણા પ્રભાવતીને મુસલમાનોના પંજામાંથી બચાવીને ઉદયપુરમાં લાવ્યા ત્યાર પછી થોડા વખતમાં રાજસ્થાનમાં જે મહાન ઘટનાઓ બની તેનું સ્પષ્ટ વૃત્તાંત રાજસ્થાનના કોઇ પણ ગ્રંથમાં ઉપલબ્ધ થતું નથી. આ કારણથી તે ઘટનાઓના સંબંધમાં સંદેહને અવકાશ રહે છે; પરંતુ ઉંડો વિચાર કરવાથી સંદેહની નિવૃત્તિ થઈ જાય છે અને ઐતિહાસિક સત્ય આપોઆપ પ્રકાશિત થાય છે. પાદશાહ ઔરંગઝેબના હૃદયમાં હિંદુદ્વેષની જે પ્રબલ આગ પ્રદીપ્ત થઇ હતી તેથી તેણે નાનાપ્રકારનાં પૈશાચિક કાર્યો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી; પરંતુ તેની આ પ્રતિજ્ઞા દીર્ઘકાળપર્યંત સિદ્ધ થઈ નહિ. આનું કારણ એ હતું કે બે વીરો તેના માર્ગમાં વિઘ્નરૂપ હતા.તેમાંના એક વીર જયપુરના રાજા જયસિંહ અને બીજા મારવાડના રાજા જસવંતસિંહ હતા. જયસિંહ અને જસવંતસિંહ પાદશાહના પગારદાર અમલદારો હતા તે છતાં પણ તેમણે પોતાના ક્ષત્રિયધર્મને તિલાંજલિ આપી નહોતી. આ ઉભય રાજાઓ અત્યંત તેજસ્વી હતા તેથી પાદશાહે અનેકવાર ચેષ્ટા કર્યા છતાં પણ તેમની શક્તિનું તે હરણ કરી શક્યો નહોતો. પાદશાહે ધાર્યું હતું કે હું મારા રાજ્યબળથી આ ઉભય રાજાઓનું સામર્થ્ય છીનવી લઇને તેમને મારા હાથમાં કાષ્ઠની પુતળીની પેઠે બનાવી મૂકીશ; પરંતુ તેની આ આશા સર્વથા નષ્ટ થઇ ગઇ. જો ઔરંગઝેબ તેમની સાથે કાંઇ પણ અયુક્ત વ્યવહાર કરત તો તેઓ ઘાયલ થયેલા સિંહની પેઠે ક્રોધપૂર્વક ગર્જના કરી પ્રચંડ વેગથી તેની સામે બાથ ભીડત. ઔરંગઝેબ પોતાના હૃદયમાં તેમનો નાશ કરવાની યુક્તિઓ રચ્યા કરતો હતો; પરંતુ પ્રકટરીતે તે તેમને કાંઇ પણ કહી અથવા કરી શકતો નહોતો. આ ઉભય રાજપૂતરાજાઓને સ્વદેશ અને સ્વજાતિ ઉપર પ્રગાઢ પ્રેમ હતો, તેથી પાદશાહ હિંદુઓને પીડિત કરવાનું સાહસ એકાએક કરી શકતો નહોતો. જો કે આ ઉભય રાજાઓ મોગલસમ્રાટને આધીન હતા; તોપણ તેમનામાં પ્રચંડ સામર્થ્ય હતું, તેમને અસંખ્ય હિંદુઓની સહાય હતી અને મોગલસૈન્યનો ઘણો ભાગ પણ તેમને આધીન હતો, આથી પાદશાહને એ ડર હતો કેઃ–“ જો હું એમના દેખતાં એમના જાતિબંધુઓપર કાંઇ અત્યાચાર કરીશ તો કદાચિત્ તેઓ મારા વિરોધી થઈ જશે અને જો એમ થશે તો એમના હાથનીચેની મોગલસેના પણ એમના પક્ષમાં જઇ મારી સામે શસ્ત્ર ઉઠાવશે. વળી રાજપૂતો તો સર્વ એમનેજ સહાય કરશે. તદુપરાંત રાજ્યમાં ભયંકર ઉપદ્રવ ઉત્પન્ન થશે.” આ પ્રકારની નાનાવિધ ચિંતાઓથી ઔરંગઝેબ પોતાનો મનોરથ દીર્ઘકાળપર્યંત સિદ્ધ કરી શક્યો નહિ. અંતે પાદશાહે ઉક્ત ઉભય રાજાઓને ગુપ્ત રીતે મારી નખાવાનો વિચાર કર્યો. મારવાડના રાજા જસવંતસિંહ કાબૂલમાં રહેતા હતા અને જયપુરના રાજા જયસિંહ દક્ષિણમાં હતા. ઔરંગઝેબે પોતાના ગુપ્ત દૂતો મોકલી ઉભય રાજાઓને વિષ દેવરાવી મારી નખાવ્યા. આ રાજાઓ વિશ્વાસપાત્ર અને ધર્મપરાયણ હતા. તેઓ અકાળ મૃત્યુ પામ્યા. ધર્મના મસ્તકપર અધર્મે લત્તાપ્રહાર કર્યો. તેમને સ્વામીભક્તિ અને કૃતજ્ઞતાનું વિપરીત ફળ મળ્યું. આ હૃદયભેદક પૈશાચિક કર્મ કર્યા પછી દુષ્ટાત્મા ઔરંગઝેબે ધાર્યું હતું કે હવે મારો સંકલ્પ સિદ્ધ થશે; પરંતુ આનંદની વાત છે કે તેનો ઘૃણિત મનોરથ સિદ્ધ થયો નહિ. સ્વદેશપ્રેમી વીરકેસરી રાજસિંહની ભીષણ વીરતાની આગળ તેનો સંકલ્પ શીઘ્ર છિન્નભિન્ન થઈ ગયો અને તેને તેનાં દુષ્કર્મોનું પ્રતિફળ મળ્યું.

પૈશાચિક કાર્યો કરવાથી પાપીઓને શાંતિલાભ થતો નથી; પરંતુ તેમના હૃદયની કઠોરતા બમણી વધી જાય છે. પાદશાહે કાપુરુષની પેઠે અત્યંત નીચ કામ કરી ભારતવર્ષના બે મુખ્ય રાજાઓના રુધિરથી પોતાના હાથ કલંકિત કર્યા; પરંતુ તેથી તે નરપિશાચનું હૃદય કિંચિત્ પણ શાંત થયું નહિ. આ મહા અનર્થકારક પાપ કર્યા પછી તેણે જસવંતસિંહનાં નિરપરાધી અને નિઃસહાય નાનાં બાળકોને કેદ કરવાની અભિલાષા થઈ. પોતાની આ અભિલાષા પૂર્ણ કરવાને માટે તે શીઘ્ર પોતાનાથી બનતા ઉપાયો કરવા લાગ્યો; પરંતુ તેની આ પૈશાચિક અભિલાષા સિદ્ધ થઇ નહિ. કારણ કે રાઠોડરાજા જસવંતસિંહના સામંતો પાદશાહની મનોવૃત્તિ સંપૂર્ણ રીતે જાણી ગયા હતા. રાઠોડના સામંતો પોતાના સ્વામીનાં બાળકોની ઉત્તમ પ્રકારે રક્ષા કરવાને ઉદ્યત થયા. તેઓ સારી રીતે જાણતા હતા કે તીવ્ર ઉત્સાહ અને આત્મોત્સર્ગ વિના જસવંતસિંહની વિધવા રાણી અને તેમનાં અનાથ બાળકોની રક્ષા દુષ્ટ

પાદશાહના હાથમાંથી થઈ શકનાર નથી; અને તેઓ તેમને માટે પ્રાણોત્ક્રમણ કરવાને પણ તૈયાર હતા. મારવાડના રાજા જસવંતસિંહને ઘણા પુત્રો હતા. તેમાંના જ્યેષ્ઠ પુત્રનું નામ અજિતસિંહ હતું. જે સમયે મહારાજા જસવંતસિંહ ઔરંગઝેબના તીક્ષ્ણ વિદ્વેષાગ્નિમાં પતંગની પેઠે બળીને ભસ્મ થઈ ગયા, તે વખતે અજિતસિંહની વય ઘણી નાની હતી; પરંતુ તેમની વિધવામાતાએ દૃઢ નિશ્ચય કર્યો હતો કેઃ—"હું અજિતસિંહને મારવાડના સિંહાસનપર અભિષિક્ત કરીને રાજકારભાર ઉપર દેખરેખ રાખીશ." આવીજ અભિલાષાથી તેઓ મહારાણા જસવંતસિંહની પાછળ સતી થયાં નહોતાં; પરંતુ વિધાતાની કઠોર દૃષ્ટિથી તેમની તે આશા મનમાં ને મનમાંજ રહી ગઇ. પાદશાહની દુષ્ટવાંચ્છનાવિષે તેમને સમાચાર મળતાં તેઓ વિવિધ પ્રકારની ચિંતાઓથી દગ્ધ થવા લાગ્યાં કેઃ—"હજી સ્વામીનાથના મૃત્યુનો શોક તો શમ્યો નથી તે પહેલાં દયિતપુત્રથી પણ વંચિત થવું પડશે કે શું ? જે પુત્રના રક્ષણને માટે પતિના ભયંકર શોકને હૃદયમાંજ દાબી મૂકયો છે, તે પુત્રને પણ હવે ખોવો પડશે કે શું? હજીપણ નિર્દય વિધાતા શાંત થઇ નથી શું?" આવી આવી અનેક ચિંતાઓથી અજિતસિંહનાં માતા દગ્ધ થવા લાગ્યાં. તેમની વ્યાકુલતાનો પાર રહ્યો નહિ. અંતે તેમણે ઈતર કાંઈ પણ ઉપાય નહિ સૂઝવાથી રાણા રાજસિંહનો આશ્રય લેવાનો વિચાર કર્યો. તેમણે ધાર્યું કે ઉચ્ચ સિસોદીઆકુળના મહારાણા અવશ્ય મારૂં રક્ષણ કરશે. આવો વિચાર કરી તેમણે વીરશ્રેષ્ઠ રાજસિંહની પાસે પોતાના કેટલાક દૂતોને મોકલ્યા.

રાણા રાજસિંહ મારવાડની વિધવારાણીની હકીકત જાણી અત્યંત શોકાકુલ થયા અને તેમણે તેમનો ઉદ્ધાર કરવાનો નિશ્ચય કર્યો. તેમણે મારવાડના રાજકુમારોને મેવાડમાં આવવાનું આમંત્રણ કર્યું અને તેમના નિવાસને માટે ઉત્તમ પ્રકારનો પ્રબંધ કરવાનું વચન આપ્યું. કુમાર અજિતસિંહ પોતાની સાથે બે હજાર સૈનિકો લઇને ઉદયપુર તરફ જવાને નીકળ્યા. અરવલ્લીની દુર્ગમ શૈલમાલા ઓળંગતા ઓળંગતા અજિતસિંહ જતા હતા એવામાં તે કૂટગિરિના એક સાંકડા માર્ગમાંથી બે હજાર મોગલસૈનિકોએ અતિ વેગથી નીકળી આવી તેમને ઘેરી લીધા. તેઓ તરતજ અજિતસિંહને હસ્તગત કરવાની ચેષ્ટા કરવા લાગ્યા. દુરાચારી મોગલોનો આવો ભયંકર અત્યાચાર જોઇ રાઠોડરાજપૂતો ક્રોધથી ઉન્મત્ત બની ગયા અને શત્રુઓનો સંહાર કરવાને માટે શસ્ત્રપ્રહાર કરવા લાગ્યા. આ સાંકડા ગિરિમાર્ગમાં રાજપૂતો અને મોગલોની વચ્ચે દીર્ઘકાળપર્યંત ભયંકર યુદ્ધ ચાલ્યું. આ યુદ્ધ ચાલતું હતું તે અરસામાં રાજકુમાર અજિતસિંહ પોતાના અંગરક્ષકોને લઈ ઉદયપુર તરફ સુગમતાથી પ્રયાણ કરી ગયા. મહાપરાક્રમી રાઠોડોએ યવનસેનાને સંપૂર્ણ રીતે પરાસ્ત કરી. યવનો અજિતસિંહની પૂંઠ પકડી શક્યા નહિ. રાજકુમાર અજિતસિંહનું આગમન થતાં મહારાણા રાજસિંહે પ્રસન્નતાપૂર્વક આદરમાનસહિત તેમને પોતાને ત્યાં રાખ્યા. તેમના નિર્વાહને માટે કૈલવાનું રાજ્ય તેમને અર્પણ કર્યું. દુર્ગાદાસ નામના એક સાહસિક વીર તેમના રક્ષણને માટે નિયુક્ત થયા. આ મહાપરાક્રમી રાજપૂતના રક્ષણનીચે રાજકુમાર અજિતસિંહ કૈલવામાં આનંદપૂર્વક રહેવા લાગ્યા. અજિતસિંહનાં માતા મારવાડમાં ગયાં અને વિશ્વાસઘાતી મોગલપાદશાહના અત્યાચારોનો બદલો લેવા માટે યોગ્ય સંધિની પ્રતીક્ષા કરવા લાગ્યાં. તેમના હૃદયમાં દારુણ ક્રોધાગ્નિ ભડકી રહ્યો હતો. તેમણે આ અગ્નિ શાંત કરવાને માટે એક મહાન કાર્ય હાથમાં લીધું; અર્થાત્ તેમણે રાજસ્થાનના મુખ્ય મુખ્ય રાજપૂતસરદારોને એકત્રિત કરવા માંડ્યા. મહારાણી આ મહાન કાર્ય સિદ્ધ કરવાને માટે તનમનધનથી પ્રયાસ કરવા લાગ્યાં. શીઘ્ર મેવાડ, મારવાડ અને અંબરના રાજાઓ સહાનુભૂતિના સૂત્રમાં બદ્ધ થઇ મોગલપાદશાહની વિરુદ્ધ યુદ્ધ કરવાને તત્પર થયા. પૂર્વે કદિ પણ રાજપૂતોમાં આ પ્રકારનો સંપ થયો નહોતો; પરંતુ દુઃખની વાત છે કે આ એકતાની ગ્રંથિ દીર્ઘકાળપર્યંત અચળ રહી નહિ. સિસોદીઆ, રાઠોડ અને કુશાવહલોકોમાં પાછલો વૈરભાવ અતિ શીઘ્રતાપૂર્વક પુનઃ જાગૃત થયો. આ સમયે જેવો સંપ થયો હતો તેવો સંપ જો શત વર્ષપર્યંત અડગ રહેત, જો રાજપૂતો એકત્રિત થઇ શત વર્ષપર્યંત પોતાના ક્ષત્રિયધર્મનું પાલન કરત તો ભારતવર્ષમાંથી દુઃખની રાત્રિ નષ્ટ થઇ જાત અને ભારતનો રાજમુકુટ મુસલમાનોના મસ્તકપરથી પડી જઇને હિંદુઓના મસ્તકપર સ્થાપિત થાત.

પાદશાહ ઔરંગઝેબે રાજધર્મથી પરાઙ્‌મુખ થઇ અત્યાચાર અને પ્રજાપીડનની પરાકાષ્ઠા દર્શાવી. એ [illegible] પાદશાહે પોતાના બે પરમ વિશ્વાસુ રાજપૂતરાજાઓને ગુપ્ત રીતે મારી નખાવ્યા; પરંતુ તેનું [illegible]

પૈશાચિક કર્મ અતિ અલ્પ કાળમાં પ્રસિદ્ધ થઈ ગયું. ઉક્ત ઉભય વીરપુરુષો ઔરંગઝેબના માર્ગમાં કંટક-સમાન હતા, તે દૂર થતાં શીઘ્ર તે પોતાની અભિલાષા પૂર્ણ કરવાને પ્રવૃત્ત થયો;પરંતુ બીજો એક વીર ઔરંગઝેબના માર્ગમાં કાંટા પાથરતો હતો. આ તેજસ્વી વીરપુરુષ કોણ હતો ? મહારાણા રાજસિંહજીજ તેની વિરુદ્ધ થયા હતા ! પાદશાહે પોતાને નિષ્કંટક માની જજીઆવેરો સ્થાપિત કર્યો. આ ભયંકર કરનો બોજો સહન નહિ થઈ શકવાથી સમસ્ત હિંદુપ્રજા હાહાકાર કરવા લાગી. હિંદુપ્રજાનો આર્તનાદ સાંભળી પરાક્રમશાળી રાજસિંહ સાવધ થયા અને તેઓ પોતાના મનને પ્રશ્ન કરવા લાગ્યાઃ—“ શું ભારતવર્ષ-માંથી ભીષ્મ, કર્ણ અને ભીમ જેવા વીરપુરુષોનો લોપ થયો છે ? શું વીરપ્રસૂતા ભારતભૂમિ ક્ષત્રિયોથી વંચિત થઇ ગઇ છે ? શું વિધાતાએ આ દુરાચારી ઔરંગઝેબને અમર કરીને આ જગતમાં મોકલ્યો છે ? ના, ના, તેણે તેમ કર્યું નથી. વીરક્ષત્રિયો હજી ભારતમાંથી નાશ પામ્યા નથી. આ ઔરંગઝેબને તેનાં પાપીકર્મોનું પ્રતિફળ આપવુંજ જોઇએ. ઔરંગઝેબના જેવો પાપિષ્ઠ પાદશાહ ઇતર કોઇપણ થયોજ નથી. કેટલાએ અત્યાચારી મુસલમાનોએ હિંદુસ્થાનપર ભયંકર જુલમો કરી તેને સત્ત્વહીન બનાવી દીધું હતું, છતાં તેમાંના કોઇએ પણ ક્રૂર ઔરંગઝેબના જેવા અત્યાચાર કદિપણ કર્યા નહોતા. શું હિંદુઓ આવા કઠોર અત્યાચાર મૂંગેમોઢે સહન કરશે ?” આ પ્રકારની ચિંતા મહારાણાને થવા લાગી. પછી તેમણે પાદશાહના આ કૃત્યની વિરુદ્ધ પોતાનો અભિપ્રાય જાહેર કરવાનો નિશ્ચય કર્યો. તેમણે ઉગ્ર ભાષામાં એક મોટો પત્ર લખી અતિ શીઘ્રતાથી પાદશાહપર મોકલી આપ્યો. આ પત્રમાં જનકલ્યાણને માટે ઉદાર રાજનીતિ ગ્રહણ કરવાની પાદશાહને ભલામણ કરવામાં આવી હતી. આ પત્ર ઉત્તમ રાજનીતિના આદર્શસ્વરૂપ હતો. આવો પત્ર સમસ્ત જગતમાં કોઇની પણ લેખિનીથી ભાગ્યેજ લખાયો હશે. આ પત્ર વાંચવાથી મનુષ્ય આનંદથી મુગ્ધ બની જાય છે.[1]

તેજસ્વી ભાષામાં લખાયેલા આ પત્રે ઔરંગઝેબના ક્રોધાગ્નિમાં ઘીનું કામ સાર્યું. મહારાણા રાજ-સિંહે રૂપનગરની રાજકન્યાનું હરણ કરીને ઔરંગઝેબના હૃદયમાં ગુપ્ત રહેલા ક્રોધાગ્નિને પ્રદીપ્ત કરી મૂકયો

---

૧ઓમી૦ આ પત્ર સૌથી પ્રથમ યૂરોપમાં પ્રસિદ્ધ કર્યો હતો;પરંતુ શોકની વાત છે કે તેણે ભૂલથી રાજસિંહ-ને બદલે મારવાડના રાજા જસવંતસિંહના હાથથી આ પત્ર લખાયેલો જણાવ્યો હતો. મહોદય ટૉડ જણાવે છે કેઃ—“આ પત્ર કદિ પણ જસવંતસિંહે લખેલો હોય એમ માની શકાતું નથી; કારણ કે એમાં જે જજીઆવેરાનું વૃત્તાંત પ્રાપ્ત થાય છે, તે કર જસવંતસિંહ જીવંત હતા ત્યાંસુધી સ્થાપિત થયો નહોતો. આ પરથી સ્પષ્ટરીતે પ્રતીત થાય છે કે આ પત્ર મહારાણા રાજસિંહેજ લખ્યો હતો.” કર્નલ ટૉડ વિશેષ જણાવે છે કેઃ—“મારા કારકુન-ને અસલ પત્ર મળ્યો હતો. આથી તે રાજસિંહનો લખેલો હતો એ વિષે મને લેશ પણ શંકા રહેતી નથી. આ પત્રના પ્રારંભમાંજ લખ્યું હતું કે, “ મહારાણા શ્રી રાજસિંહની તરફથી ઔરંગઝેબપર આ પત્ર મોકલવામાં આવ્યો હતો. ” આ પત્ર નીચે પ્રમાણે છેઃ—

“ સર્વ પ્રકારની પ્રશંસા સર્વશક્તિમાન ઈશ્વરને ઉચિત છે અને આપનો મહિમા પણ સ્તુત્ય છે. આપની ઉદારતા અને સમદૃષ્ટિ ચંદ્ર અને સૂર્યની પેઠે દીપ્તિમાન થઈ રહી છે. જો કે હાલમાં હું આપનાથી પૃથક્ થયો છું, કિંતુ આપની જે સેવા મારાથી થઇ શકે તે કરવાને અંતઃકરણપૂર્વક હું સદા તૈયાર છું. મારી સદા એવી ઈચ્છા હોય છે કે હિંદુસ્થાનના પાદશાહ, અમીરો, મિર્જા તથા રાજા અને ઈરાન, તુરાન, રૂમ અને શામના પાદશાહો તથા સરદારો અને સાત પાદશાહતના નિવાસીઓ તથા જલ અને સ્થળના માર્ગથી યાત્રા કરનારાં સર્વ યાત્રાળુઓ, એ સર્વ મારી અભેદબુદ્ધિથી કરેલી સેવાનો લાભ લે.

આ વખતે હું આપની એવી ઉત્તમ સેવા કરવાને તત્પર થયો છું કે જેમાં આપને કિંચિત્ પણ દોષ જ-ણાશે નહિ. મારા પૂર્વજોએ ભૂતકાળમાં આપની જે સેવા કરી છે, તે પરથી હું નીચે લખેલી બાબતોપર આપનું લક્ષ્ય ખેંચવાને ઉત્તેજિત થયો છું અને એ કાર્ય મને અત્યંત આવશ્યક જણાય છે. એમાં રાજાપ્રજા ઉભયનો લાભ સમાવિષ્ટ થયેલો છે. મને એવા સમાચાર મળ્યા છે કે આપે મારા જેવા એક શુભચિંતકની વિરુદ્ધ એક સેના તૈયારી કરી છે. વળી મારા સાંભળવામાં એમ પણ આવ્યું છે કે, આવી સેનાઓ તૈયાર કરવાથી આપના ખજાનામાં જે ખોટ પડી છે, તેને પૂરવાને માટે આપે પ્રજા ઉપર નાનાપ્રકારના કર લગાડયા છે.

આપના પ્રપિતામહ જલાલુદ્દીન અકબર કે જેમનું સિંહાસન હાલ સ્વર્ગમાં છે, તેમણે પોતાનું રાજ્ય બાવન વર્ષપર્યંત એવી સાવધાની અને ઉત્તમતાથી ચલાવ્યું હતું કે સર્વ જાતના લોકોને તેમના શાસનકાળમાં સુખ અને શાંતિનો લાભ થયો હતો. તેમના રાજ્યમાં ઇસાઈ (ખ્રિસ્તી), મુસાઇ, યાહુદી, મુસલમાન, બ્રાહ્મણ, નાસ્તિક વગેરે સર્વને એકસરખો ન્યાય આપવામાં આવતો હતો અને તેમણે એકસરખીરીતે શાંતિ અને

હતો. તદુપરાંત તેમણે અજિતસિંહને આશ્રય આપીને તેમાં ઘી હોમ્યું હતું અને આ વખતે શિખામણ આપનારો પત્ર મોકલી તેને અધિક પ્રદીપ્ત કરી દીધો. ઔરંગઝેબ તીક્ષ્ણ પ્રતિવાદથી ભરેલો આ પત્ર વાંચી પોતાના ક્રોધાનલને રોકી શક્યો નહિ.હવે તેનાથી રાજસિંહનું વર્તન સહન થઈ શક્યું નહિ. આટલા દિવસ-પર્યંત તે જેમ તેમ મહાપ્રયાસે પોતાનો ક્રોધાગ્નિ દાબી રહ્યો હતો; પરંતુ હવે તેની જ્વાળાએ પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યું. તેણે આ વખતે અત્યંત ક્રોધિત થઇ મેવાડપર આક્રમણ કરવાની પ્રતિજ્ઞા કરી અને શીઘ્ર ભયંકર સંગ્રામ કરવાને માટે પોતાની સેનાને તૈયાર થવાનો હુકમ ફરમાવ્યો. જે દિવસે રાજસિંહનો પત્ર તેને પહોંચ્યો હતો, તેજ દિવસે તેણે પોતાની સેના સજ્જ કરી. જાણે કોઇ મહાબળવાન સમ્રાટને જીતવા જવાનું હોય તેમ પાદશાહે પ્રચંડ સેના તૈયાર કરી. ઔરંગઝેબના સામ્રાજ્યની આગળ મેવાડનું રાજ્ય એક સાધારણ જાગીરસમાન હતું. રાજસિંહની પાસે સેનાનું બળ પણ કાંઇ વિશેષ નહોતું. ઔરંગઝેબની

---

સુખ ભોગવ્યું હતું. આથી સર્વ લોકોએ એકમતથી તેમને "જગદ્ગુરુ" ની પદવી આપી હતી.

શહેનશાહ નૂરૂદ્દીન જહાંગીર કે જેઓ આજે અમરાપુરીમાં વિરાજે છે, તેમણે પણ આજ પ્રકારે ૨૨ વર્ષ-પર્યંત રાજ્ય કર્યું હતું. તેમણે પોતાના રાજ્યની શીતલ છાયાનીચે સર્વ પ્રજાજનોને સુખી કર્યાં હતા અને પોતાના આશ્રિત તેમજ ઇતર રાજાઓને પણ પ્રસન્ન રાખ્યા હતા તથા પોતાના બાહુબળથી શત્રુઓનું દમન કર્યું હતું.

તેમના શાહજાદા અને આપના પરમ પ્રતાપી પિતા શાહજહાંએ પણ આજ પ્રકારે ૩૨ વર્ષપર્યંત રાજ્ય કરીને પોતાનું નામ અમર કર્યું છે.

આપના પૂર્વજોની આવી કીર્તિ છે. તેમના વિચારો એવા ઉદાર અને મહાન હતા કે તેઓ જ્યાં પગ મૂકતા ત્યાં વિજયલક્ષ્મી હાથ જોડી તેમની સન્મુખ ઉભી રહેતી. તેમણે ઘણા દેશો અને પુષ્કળ લક્ષ્મી પ્રાપ્ત કર્યાં હતાં; પરંતુ આપના શાસનકાળમાં તેમના પ્રાપ્ત કરેલા દેશો મોગલસામ્રાજ્યથી છૂટા પડવા લાગ્યા છે અને જે ચિન્હો દષ્ટિગોચર થાય છે તે પરથી દિનપ્રતિદિન આપના રાજ્યનો ક્ષય થતો જશે એમ માની શકાય છે. આપની પ્રજા અત્યાચારથી અત્યંત પીડિત છે, સર્વ લોકો દુર્બલ થઈ ગયા છે, ચારે તરફથી વસ્તીઓ ઉજ્જડ થઈ જવાના અને અનેક પ્રકારનાં સંકટોના સમાચાર સાંભળવામાં આવે છે. રાજમહાલયમાં મૂર્તિમંત દારિદ્રય દષ્ટિગોચર થાય છે. જ્યારે પાદશાહો અને શાહજાદાઓની આવી દશા છે, ત્યારે પ્રજાની દુર્દશાની તો વાતજ શી કરવી ? શૌર્ય તો કેવળ જીહ્વામાંજ આવી વસ્યું છે, ચારે તરફ વ્યાપારીઓ રોદન કરી રહ્યા છે, મુસલમાનો અવ્યવસ્થિત થઈ રહ્યા છે, હિંદુઓ મહા દુઃખી છે, પ્રજાનું દુઃખ એટલું બધું વધી ગયું છે કે તેને સંધ્યાકાળે ભોજન પણ મળતું નથી અને દિવસે સર્વ પ્રજાજનો દુઃખથી પોતાનું શિર કૂટે છે.

આવા પાદશાહનું રાજ્ય કેટલા દિવસ સુધી સ્થિર રહી શકે ? જેણે ભારે કરથી પોતાની પ્રજાની આવી દુર્દશા કરી મૂકી છે તેનું રાજ્ય કેટલા વખત સુધી સ્થાયી રહેશે ? પૂર્વથી પશ્ચિમસુધી સર્વ લોકો એમ કહે છે કે હિંદુસ્થાનનો પાદશાહ હિંદુઓપ્રત્યે એટલો દ્વેષ રાખે છે કે, તે રંક બ્રાહ્મણ, યોગી, વેરાગી અને સંન્યાસી પાસેથી પણ કર લે છે અને આ ધનહીન, નિરૂપદ્રવી તથા ઉદાસીન લોકોને દુઃખ દઈને પોતાના તૈમૂરવંશને કલંકિત કરે છે. જેને આપ ઇશ્વરપ્રણિત કિતાબ (કલામ-અલ્લાહ-અર્થાત્ ઇશ્વરનાં વચનો) કહો છો, તે કિતાબપર જો આપને શ્રદ્ધા હોય તો તેમાં જુઓ. તેમાં ઈશ્વરને મનુષ્યમાત્રનો સ્વામી કહ્યો છે. માત્ર મુસલમાનોનોજ સ્વામી કહ્યો નથી. તેની આગળ હિંદુ અને મુસલમાન ઉભય સમાનજ છે. મનુષ્યમાત્રને તેણે જીવનદાન આપ્યું છે. ભિન્નભિન્ન રંગનાં માણસો તેણેજ પોતાની ઇચ્છાથી પેદા કર્યા છે. આપની મસ્જીદમાં તેના નામનોજ ઘોષ થાય છે અને હિંદુઓનાં દેવમંદિરોમાં પણ તેનાજ નામનો ઘંટાનાદ થાય છે. સર્વ માણસો તેનુંજ સ્મરણ કરે છે, માટે કોઈ પણ જાતિને દુઃખ દેવું એ ઈશ્વરને અપ્રસન્ન કરવા સમાન છે. જ્યારે એકાદ ચિત્ર આપણા જોવામાં આવે છે, ત્યારે આપણને તેના ચિતારાનું સ્મરણ થાય છે. હવે જો આપણે એ ચિત્રને બગાડીએ તો ચિત્રકાર આપણાપર અપ્રસન્ન થશે. એક કવિ કહે છે કે આપણે જ્યારે પુષ્પની સુગંધ લઈએ છીએ ત્યારે આપણને તેના સ્રષ્ટાનું સ્મરણ થાય છે; માટે ચિત્ર વા પુષ્પને બગાડવું ઇષ્ટ નથી.

સારાંશ હિંદુઓપર આપે જે કર નાખવાનો વિચાર કર્યો છે, તે અત્યંત ન્યાયવિરુદ્ધ છે અને રાજ્યપ્રબંધને નષ્ટ કરનારો છે. આ કર્મ ઉત્તમ રાજ્યાધીશ્વરને શોભતું નથી. આ કાંઈ સારા રાજાનું લક્ષણ નથી. એથી તમારા સામર્થ્યનો ક્ષય થશે. આ કર્મ હિંદુસ્થાનની નીતિરીતિથી અત્યંત વિરુદ્ધ છે. જો આ કર્મથી પરાવૃત્ત નહિ થવાનો આપનો આગ્રહ હોય તો પ્રથમ હિંદુઓના અગ્રેસર રાજસિંહની પાસેથી આ કર લો અને પછી આપનો એ શુભચિંતક શું કહે છે તે સાંભળો. આ કર પ્રજાપીડક છે અને વીરધર્મ તથા ઉદારતાની વિરુદ્ધ છે. આપના મંત્રીઓમાંથી કોઈએ આવા અનિષ્ટકારક કરના સંબંધમાં યોગ્ય સલાહ આપી નહિ, એ અતિ આશ્ચર્યકારક વાત છે."

સેના આગળ તેમની સેના સાગરમાં બિંદુસમાન હતી. આવા એક સાધારણ રાજાને વશ કરવાને માટે ઔરંગઝેબે મહાપ્રચંડ સેના સજ્જ કરી. તેણે પોતાના મુખ્ય મંત્રીને પોતાની પાસે બોલાવી તેને કહ્યું કેઃ-"મારા રાજ્યમાં જેટલી સેના છે તે સર્વને એકત્રિત કરી એક મહા ભયંકર અત્યંત પ્રચંડ દલ બનાવો." આ આજ્ઞા સાંભળતાંજ પ્રધાને સમસ્ત મોગલસામ્રાજ્યની સર્વ સેના એકત્રિત કરી. મોગલસામ્રાજ્યમાં જેટલા સામંતો અને સરદારો હતા તે સર્વ પાદશાહની શોભાયમાન પતાકાની નીચે એકત્રિત થયા. રાણાની સામે અતિ દારુણ યુદ્ધ કરવાને માટે રાજકુમાર અકબરને બંગરાજ્યમાંથી અને અજિમને કાબૂલરાજ્યમાંથી બોલાવવામાં આવ્યા. પાદશાહનો ઉત્તરાધિકારી મોઆઝિમ પણ દક્ષિણમાં મહારાષ્ટ્રસિંહ શિવાજીની સાથે યુદ્ધ કરવાનું છોડી દઇ પોતાની અતિ પ્રચંડ સેના લઇને દિલ્હી આવ્યો. આ સર્વ દલ એકત્રિત કરી દુષ્ટ ઔરંગઝેબ મેવાડ તરફ ચાલ્યો.

ઉછળેલા સમુદ્રના જેવી અગ્રીમ મોગલસેનાની વિકટ ગર્જના તથા કોલાહલનો ધ્વનિ દૂરથીજ મહારાણાના સાંભળવામાં આવ્યો. તે સાંભળતાંજ મહારાણા રાજસિંહના વીરહૃદયમાં પ્રબળ ઉત્સાહ ઉત્પન્ન થયો. તેમણે તત્કાળ તેજસ્વિની ભાષાથી પોતાના સામંતો તથા સરદારોને ઉત્તેજિત કર્યા. મોગલોની સામે યુદ્ધ કરવાને માટે તેમણે પોતાની સમસ્ત સેના સજ્જ કરવાની આજ્ઞા આપી. પોતાની પાસે સેનાબળ ઘણું થોડું હોવાથી તેમણે ગિહલોતકુળની પ્રાચીન રીતિઅનુસાર પોતાના સૈનિકોને પહાડી સ્થાનોમાં સ્થિત કરી દીધા. તદુપરાંત મેવાડની પ્રજા પણ નીચેનો સપાટ પ્રદેશ છોડીને અરવલ્લીની તળેટીમાં જઈ વસી. આ રીતે મેવાડનો સર્વ સપાટ પ્રદેશ ખાલી થઇ ગયો. દુષ્ટ ઔરંગઝેબે આ સર્વ નિર્જન સપાટપ્રદેશ પોતાના અધિકારમાં લઈ લીધો. આ પ્રકારે અલ્પ અવધિમાં ચિતોડ, મંડળગઢ, મંદસૌર તથા જિરન વગેરે દુર્ગો અને પ્રાંતો મોગલોના હાથમાં ચાલ્યા ગયા. પાદશાહ ઔરંગઝેબે તત્કાળ આ કિલ્લાઓમાં તથા પ્રાંતોમાં પોતાનાં થાણાં સ્થાપિત કરી દીધાં. પછી તેણે રાજસિંહને પકડવાને માટે અરવલ્લીના ડુંગરાળપ્રદેશમાં પ્રવેશ કર્યો. યવનોની સેનાના ભારથી મેવાડભૂમિ વારંવાર કંપાયમાન થવા લાગી. મેવાડનાં નિવાસીઓ અત્યાચાર તથા મરણના ભયથી આમતેમ નાસવા લાગ્યાં. રાજસિંહને ભય લાગ્યો કેઃ-'આ પ્રસંગના ભયંકર યુદ્ધથી સિસોદીઆકુલનું માન અને ગૌરવ નષ્ટ થશે; એટલુંજ નહિ પરંતુ રાજપૂતજાતિનો પ્રાચીન ધર્મ અને રીતિરિવાજો પણ નાબૂદ થશે. જે ધર્મનું-મ્લેચ્છોના ભયંકર ગ્રાસમાંથી રક્ષણ કરવાને માટે મારા પૂર્વજોએ પોતાના પ્રાણ વિસર્જન કર્યાં છે, તે શુદ્ધ, પરમ પવિત્ર ધર્મનો આ પ્રસંગે લોપ થશે. રાજપૂતોના જીવનનું પણ જીવન અને સ્ત્રીઓનું સ્વર્ગીયરત્ન જે સતીત્વ તે પાપી દુરાચારી મોગલોના હાથથી ખંડિત થશે.' આવું સંકટ મસ્તકપર ઝઝુમતું જોઇ શું રાજપૂતવીરો નિર્બળ અને નિઃસહાયની પેઠે મૂક બની ઘરમાં બેસી રહેશે? જેના શિષ્ટાચારમાં કિંચિત્ પણ ત્રુટિ થાય તો તેમના હૃદયમાં વજ્રાઘાત થતો હતો, મ્લેચ્છોના કઠોર સ્પર્શથી રક્ષા કરવાને માટે જેમને તેઓ પોતાના હાથથી મારી નાખતાં અથવા અગ્નિજ્વાળામાં હોમી દેતાં કિંચિત્ પણ અચકતા નહોતા, તે વીરબાળાઓનું સતીત્વ દુરાચારી શત્રુના હાથથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવતાં કયો રાજપૂત પોતે જીવંત હોવા છતાં મૌન ધારણ કરી બેસી રહેશે? આવા પ્રસંગે રાજપૂત કદિ પણ મૌન ધારણ કરીને બેસી રહે નહિ. ઔરંગઝેબના પ્રચંડ બળને રોકવાને માટે સમસ્ત રાજપૂતવીરો રાણા રાજસિંહની લાલ પતાકાનીચે એકત્રિત થયા. મેવાડના પશ્ચિમ ભાગમાં રહેતા જંગલી પલિંદ[1] અને પલિપત લોકો પણ ધનુષ્યબાણ ગ્રહણ કરી રાણા રાજસિંહને સહાય કરવાને માટે આવ્યા. મેવાડના ગૌરવની રક્ષા કરવાને માટે તે દેશના સર્વ વીરો ઉન્મત્ત થઇ રાણા રાજસિંહની પાસે એકઠા થયા. દીર્ઘકાળ વ્યતીત થયા પછી વીરશિરોમણિ બાપ્પારાવલની પ્રચંડ 'છેંગી' પ્રચંડ દર્પસહિત ગિહલોતરાજના મસ્તક ઉપર શોભિત થઇ. તેમની તેજસ્વી કાંતિ જોઇ અત્યંત ઉત્સાહથી ઉત્સાહિત થઇ સર્વ રાજપૂતો ગંભીર સ્વરથી તેમનો જયજયકાર પોકારવા લાગ્યા. આ જયધ્વનિ અરવલ્લી પર્વતની ગુફાઓમાં પ્રતિધ્વનિત થઈ ઘણે દૂર સુધી પહોંચ્યો. મોગલસેનાએ પણ "અલ્લા-હો અકબર"

૧ તે દેશની લોકભાષામાં તે ગિરિપ્રદેશને પલ કહેવામાં આવે છે. આ કારણથી તેમને પલીન્દ અથવા પલપતિ કહેવામાં આવે છે. પલિંદ અને પલિપત ઉપર્યુક્ત શબ્દોનાજ અપભ્રંશ છે.

એવો ધ્વનિ કરી રાજપૂતોને પ્રત્યુત્તર આપ્યો. આ પ્રકારે રાજપૂત અને મોગલસેના અત્યંત ઉત્સાહથી ઉત્સાહિત થઇ એકબીજાની સામે દારુણયુદ્ધ કરવાને માટે આગળ કૂચ કરવા લાગી.

પછી રાણા રાજસિંહે પોતાની સમસ્ત સેનાના ત્રણ ભાગ કર્યાં અને તેને યોગ્ય સેનાપતિના અધિકારમાં સોંપી ભિન્ન ભિન્ન સ્થાનોપર સ્થાપિત કરી દીધા. જ્યેષ્ઠ રાજકુમાર જયસિંહે પોતાની સેના અરવલ્લીના શિખરપર ઉભી રાખી. આમ કરવામાં તેમનો ઉદ્દેશ શત્રુની સેનાનું આક્રમણ બન્ને તરફથી રોકવાનો હતો. ગુજરાત તથા તેની આસપાસના પ્રદેશમાં રહેતા ભીલલોકોની સાથેનો સંબંધ સ્થાયી રાખવાને માટે રાજકુમાર ભીમસિંહ તે તરફના પહાડીપ્રદેશની રક્ષા કરવા લાગ્યા. રાણા રાજસિંહ સ્વયં પોતાની સેના લઇ "નાયન" નામના ગિરિપ્રદેશમાં આવી વિરાજમાન થયા. આ સ્થાન અભેદ્ય હતું. રાણા રાજસિંહે આ વિકટ પ્રદેશમાં પોતાની સેના એવી ચતુરાઇથી ગોઠવી હતી કે જેથી શત્રુઓ તેમાં પ્રવેશ કરે કે તરતજ તેમને ઘેરી લઇ શકાય. આ પ્રકારે સેનાના ત્રણ ભાગોને ત્રણ પૃથક્ પૃથક્ સ્થાનોમાં સ્થિત કરી મહારાણા રાજસિંહ પ્રબળ ઉત્સાહસહિત શત્રુની સેનાના આગમનની વાટ જોતા ઉભા રહ્યા.૧ ઔરંગઝેબ 'નાયન' ગિરિમાર્ગમાં પ્રવેશ કરત તો તે અવશ્ય પોતાની સેનાસહિત માર્યો જાત; પરંતુ તેનાં સુભાગ્યે તે તે ગિરિમાર્ગમાં પ્રવેશ્યો નહિ. તે બહારના ભાગપર કૂચ કરીને દેવારી નામના ભીલરાજ્યમાં થોભ્યો. બુદ્ધિમાન તહવ્વરખાંની સલાહથી તેણે પચાસ હજાર સૈનિકોસહિત પોતાના પુત્ર અકબરખાંને ઉદયપુર તરફ મોકલ્યો અને તે પોતે તો પોતાની સેના સાથે ઉપલે સ્થાનેજ સ્થિત રહ્યો તે જે સ્થાને થોભ્યો હતો, તે અંડાકાર હતું. ઉદયપુરના ઉચ્ચ મહાલયોપર ચઢીને જોવાથી તેની અંડાકૃતિ ઉત્તમ પ્રકારે જોઈ શકાય છે. તે સ્થાન ઉત્તરદક્ષિણ લાંબું અને પૂર્વપશ્ચિમ સાંકડું છે. તેની લંબાઇ ચૌદ માઇલ અને પહોળાઈ પ્રાયઃ અગીઆર માઇલ છે. અરવલ્લી પર્વતના વિશાલ શરીરમાંથી નીકળેલી અનેક શાખાઓએ આ અંડાકાર ગિરિપ્રદેશના દેહને પુષ્ટ કર્યો છે. આ શાખાઓ પૈકી કોઇનું શિખર ભૂમિથી ૬૦૦ હાથ અને કોઇનું શિખર ૮૦૦ હાથ ઉંચું છે. એક તરફ પેશોલા નદી પ્રવાહિત થઇને તે પ્રદેશની સુંદરતા સહસ્રગણી વધારી રહી છે. અનિબિડ ભૂમિમાંથી બહાર નીકળીને તેના પૂર્વ ભાગની વસ્તીમાં આવવાને માટે તેમાં માત્ર ત્રણ માર્ગોજ વિદ્યમાન છે. પહેલો માર્ગ ઉત્તર દિશામાં છે. આ માર્ગ દેલવાડાની નિકટ છે, બીજો માર્ગ દેવારીની પાસે છે અને ત્રીજો માર્ગ દુર્ગમ ચપ્પન પ્રદેશ તરફ આવેલો છે. આ ત્રીજા માર્ગનું નામજ નાયન છે. મહારાણા રાજસિંહે આજ ગિરિમાર્ગમાં પોતાની સેના સ્થાપિત કરી હતી. આ ત્રણ ગિરિમાર્ગ પૈકી જે સૌથી સુગમ છે, તેદ્વારાજ પાદશાહ ગયો અને ત્યાં આગળ આવેલા સરોવરને કિનારે પોતાની છાવણી નાખી.

પોતાના પિતાની આજ્ઞાનુસાર રાજકુમાર અકબર પોતાના પચાસ હજાર સૈનિકોને લઈ રાજધાની તરફ ચાલ્યો. કોઈ પણ માણસ તેની ગતિ રોકી શક્યો નહિ. તેને અનેક મહાલયો, ઉદ્યાનો તથા સરોવરો દૃષ્ટિગોચર થયાં; પરંતુ તેને કોઈ પણ પ્રાણીનું ચિન્હસુદ્ધાં જણાયું નહિ. સર્વ ભૂમિ નિર્જન અને ઉજ્જડ બની ગઈ હતી. અકબરે પોતાની સેના થોભાવી. અત્યાચારી શત્રુસેનાના પ્રચંડ આક્રમણથી પોતાની રક્ષા કરવાને માટે મેવાડની પ્રજા પોતાનાં ઘરબાર છોડી પર્વતમાં જઈ રહી હતી. આ વાત અકબર જાણતો હતો, તેથી સર્વ પ્રદેશ નિર્જન જોઇ તેને કાંઇ આશ્ચર્ય થયું નહિ. તેણે પોતાનો માર્ગ નિષ્કંટક જોઇ નિશ્ચિંત થઇ વિશ્રામ કર્યો; પરંતુ તેની આ નિશ્ચિંતતા દીર્ઘકાળપર્યંત સ્થાયી રહી નહિ. થોડાજ વખતમાં રાણાજીના પાટવીકુંવર જયસિંહે પ્રચંડ પરાક્રમથી તેનાપર છાપો માર્યો. આ સંબંધે વર્ણન કરતાં ભટ્ટકવિઓ લખે છે કેઃ—'આ વખતે કેટલાક લોકો નિમાજ પઢી રહ્યા હતા, કેટલાક લોકો ભોજન કરતા હતા, કોઇ કોઇ શેતરંજ ખેલતા હતા અર્થાત્ તે લોકો ચોરી કરવા આવ્યા હતા; પરંતુ આલસ્ય અને પ્રમાદમાં નિમગ્ન થઇ ગયા હતા. વીરનંદન જયસિંહે તેમનાપર અચાનક છાપો મારી તેમનો પૂર્ણ પરાભવ કર્યો. અનેક યવનો રાજપૂતોનાં શસ્ત્રાસ્ત્રોથી માર્યા ગયા અને જે શેષ રહ્યા તે પોતાના પ્રાણ બચાવવાને

૧ એમ કહેવાય છે કે ચંદાવતલોકોના નાયક ગરિબદાસેજ ઉત્તમ કુશળતાથી આ વખતે સેના ગોઠવી હતી. ઔરંગઝેબને સેનાસહિત આવતો જોઇ તેણે પોતાની સમસ્ત સેનાસન્મુખ જે તેજસ્વી ભાષણ આપ્યું હતું, તેનું વિસ્તૃત વર્ણન ભાટલોકોના ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે.

માટે આમતેમ નાસભાગ કરવાની ચેષ્ટા કરવા લાગ્યા; પરંતુ ચારે તરફથી માર્ગ ઘેરાઇ ગયેલા જોઇ તેઓ હતાશ થયા. રાજપૂતોના તીક્ષ્ણ પ્રહારથી તેમનો નાશ થવા લાગ્યો. અકબર ભયભીત થઈ પાદશાહની સહાય મેળવવાની અભિલાષાથી દેવારી તરફ જવાની ચેષ્ટા કરવા લાગ્યો;પરંતુ રાણા જયસિંહે પોતાની સેના તે ગિરિમાર્ગમાં ઉભી રાખીને સમ્રાટના પુત્રની સર્વ ચેષ્ટા નિષ્ફળ કરી. હવે સંકટગ્રસ્ત અકબર પોતાની રક્ષાનો કોઇ પણ ઉપાય નહિ જોઇ, ગોગુંડા પ્રદેશમાં પ્રવેશ કરી મારવાડમાં થઇ નાસી જવાનો પ્રયત્ન કરવા લાગ્યો; પરંતુ તેણે વિપત્તિથી મૂઢ બની ભયંકર વિષમય વૃક્ષને ભ્રમથી ચંદનનું વૃક્ષ માની તેનો આશ્રય લીધો. અહીંઆં તેને પુષ્પોને બદલે કંટકનીજ પ્રાપ્તિ થઈ તેણે સંકટમાંથી મુક્ત થવાની અભિલાષાથી જે માર્ગ ગ્રહણ કર્યો હતો, તે માર્ગ દારુણ સંકટથી ભરેલો હતો, પર્વતમય પ્રદેશમાં રાજપૂતસામંતો પોતાની સેનાસહિત અકબરનો માર્ગ ઘેરી ઉભા હતા. કેટલાક રાજપૂત સૈનિકો સાંકડા ગિરિમાર્ગ ઉપર કાષ્ઠનો કોટ બનાવી પર્વતશિખર ઉપર ચઢી શત્રુઓની ઉપર પાષાણો તથા તીક્ષ્ણ તીરોની વૃષ્ટિ કરવા લાગ્યા. રાજકુમાર જયસિંહે અકબરની પૂંઠ પકડી તેને પાછો ફરતાં અટકાવ્યો. આ પ્રકારે ચારે તરફથી ઘેરાઇ સમ્રાટનો પુત્ર અકબર મહાસંકટમાં આવી પડયો. તે જે તરફ દૃષ્ટિપાત કરતો તે તરફ તેને મૃત્યુ ભાતભાતનાં ભયંકર સ્વરૂપો ધારણ કરીને ઉભેલું દૃષ્ટિગોચર થતું. આ પ્રકારે ભયંકર સંકટમાં ઘેરાઇ શાહજાદા અકબરે કેટલાક દિવસ નિર્ગમન કર્યા. હવે જેમ જેમ દિવસ વ્યતીત થતા. ગયા, તેમ તેમ તેની વિપત્તિ વૃદ્ધિંગત થતી ગઈ. અંતે ભયંકર દુર્ભિક્ષની વિકટ મૂર્તિ તેની સામે આવીને ખડી રહી. પોતાની રક્ષાનો કોઈ પણ ઉપાય નહિ જોઇ તેણે રાજકુમાર જયસિંહને પોતાના ઉપર અનુગ્રહ કરવાની પ્રાર્થના કરી અને તેમને સંતુષ્ટ કરવાને માટે પોતાના પિતા પાસે યુદ્ધ બંધ કરાવવાનું જણાવ્યું. ઉદારહૃદય જયસિંહે તેનાં વચનોપર વિશ્વાસ મૂકયો અને તેની દુર્દશા જોઈ તેનાપર દયા કરી તેને છોડી મૂકયો. અરે ! એટલુંજ નહિ પણ તેને માર્ગ બતાવવાને માટે પોતાના કેટલાક સેવકોને જિલવાડાના ગિરિમાર્ગપર્યંત મોકલ્યા. આ રાજપૂતોની સહાયથી પાદશાહનો પુત્ર અકબર અગમ્ય ગિરિમાર્ગમાંથી બહાર નીકળી નિર્વિઘ્ને ચિતોડના કિલ્લામાં આવ્યો.[1]"

પ્રસિદ્ધ યવનવીર દિલેરખાંએ મોગલસેના પોતાની સાથે લઈ દુર્ગમ દેસુરી ગિરિમાર્ગમાં પ્રવેશ

---

૧ સુપ્રસિદ્ધ અર્મે ઔરંગઝેબનું વૃત્તાંત પોતાના ગ્રંથમાં આપ્યું છે. તેણે જણાવ્યું છે કે ઔરંગઝેબ સ્વયં પણ પોતાની સેનાસહિત એવી વિપત્તિમાં આવી પડયો હતો અને તેણે પણ રાજપૂતોની વીરોચિત ઉદારતાને લીધેજ પોતાની મુક્તિ મેળવી હતી. આવશ્યકતા જણાવાથી અત્રે તે સંબંધે કેટલુંક વર્ણન આપીએ છીએ:—

"મોગલોની સેના પહાડોની અંદર થઇ અત્યંત પરિશ્રમપૂર્વક આગળ ચાલવા લાગી; પરંતુ ઔરંગઝેબની સાથે જે સેના હતી તે એટલી અજ્ઞાન હતી કે તે થોડે દૂર ગઇ એટલામાં નાના પર્વતોએ તેની ગતિ અકસ્માત્ રોકી દીધી. આ તરફ રાજપૂતોએ રાતમાંજ તેની પાછળનો ભાગ લાંબી લાંબી વૃક્ષશાખાઓથી ઘેરી લીધો. જ્યારે મોગલો આ પ્રમાણે ઘેરાઈ ગયા ત્યારે ઔરંગઝેબ મહાસંકટમાં આવી પડયો. આ સાંકડા ગિરિમાર્ગમાંથી મુક્ત થવાને માટે તેણે પ્રયત્ન તો કર્યો, પરંતુ રાજપૂતવીરોએ પર્વતશૃંગપર ચઢીને અસ્ત્રપ્રહારોથી તેની સર્વ ચેષ્ટા નષ્ટ કરી દીધી. જે મોગલો બહાર હતા તેમણે પણ રાજપૂતોના પંજામાંથી ઔરંગઝેબને મુકત કરવાના ઘણા પ્રયાસ કર્યા; પરંતુ તેઓ પણ સફળ થયા નહિ. રાજપૂતોના દૃઢ કોટને કોઇ પણ ભેદી શકયું નહિ. ઔરંગઝેબની પ્રિય બેગમ પણ આ વખતે તેની સાથે આવી હતી; તે આ વખતે પોતાના -રક્ષકોની સાથે પર્વતના એક ભાગમાં થોભી હતી; પરંતુ રાજપૂતોએ તેને પણ કેદ કરી લીધી. બેગમના રક્ષકો ભયભીત થઇ રાજપૂતોને શરણે થયા. ઔરંગઝેબની બેગમ રાણા રાજસિંહની પાસે ગઈ. ઉદારચિત્ત, બુદ્ધિવાન રાણા રાજસિંહે તેને ઉચિત સન્માન આપી વિશ્રામને માટે સ્થાન આપ્યું. દુષ્ટબુદ્ધિ ઔરંગઝેબને ઉચિત ફળ આપવાને માટે રાણા રાજસિંહે તેની બેગમને બે દિવસ સુધી કેદ રાખી અને પાદશાહને પણ ઘોર સંકટમાં નાખ્યો. જો તે આવી દુઃખિત અવસ્થામાં થોડા વધુ દિવસ રહ્યો હોત તો અવશ્ય તેને મૃત્યુના મુખમાં જવું પડત; પરતુ મહારાણા રાજસિંહે ત્રીજે દિવસે પોતાના રાજપૂતસૈનિકોને બોલાવીને ઔરંગઝેબનો માર્ગ સાફ કરવાની આજ્ઞા કરી. જ્યારે ઔરંગઝેબ આ ભયંકર વિપત્તિમાંથી છૂટી ગયો ત્યારે મહારાણા રાજસિંહે તેની બેગમને પોતાના સૈનિકોની સાથે તેની પાસે મોકલી દીધી અને તેનાપર આવો સંદેશો મોકલ્યો કે:—"મને આના બદલામાં બીજું કાંઈ જોઈતું નથી. હું માત્ર એટલુંજ માગું છું કે તમને માર્ગમાં ગૌ વગેરે મળે તો તેનો વધ કરવો નહિ; આથી હું આપનો આભારી થઈશ." પરંતુ દુરાચારી ઔરંગઝેબે આ માગણીપર કિંચત્ પણ લક્ષ આપ્યું નહિ અને તે કહેવા લાગ્યો કે:—'ભાવી યુદ્ધમાંથી મુકિત મેળવવાની આશાથી રાણાએ મને છોડયો છે.'"

કર્યો હતો. ઘણા લોકો એવું અનુમાન કરે છે કે ઉક્ત સેનાપતિ અકબરનો ઉદ્ધાર કરવાને માટેજ તે પ્રદેશમાં ગયો હતો. પ્રથમ તો કોઇપણ તે યવનસેનાપતિની ગતિ રોકી શક્યું નહિ; પરંતુ જે વખતે તે ઉક્ત પ્રચંડ ગિરિમાર્ગના મધ્યભાગમા પ્રવેશ્યો, ત્યારે વિક્રમસિંહ સોલંકી[1] તથા ગોપીનાથ રાઠોડે[2] પ્રચંડ પરાક્રમપૂર્વક તેનાપર આક્રમણ કર્યું. તે સ્થળે દીર્ઘકાળપર્યંત હિંદુમુસલમાન ઉભય દલવચ્ચે ઘોર યુદ્ધ ચાલ્યું; પરંતુ હતભાગી દિલેરખાં રાજપૂતવીરોના પ્રચંડ બળની ગતિ રોકી શકયો નહિ. તે પોતાની સેનાસહિત તેજ સ્થળે માર્યો ગયો. પરાજિતમોગલોનાં હથીઆર તથા તંબુઓ વિપુલ સંખ્યામાં વિજયી રાજપૂતોના હાથમાં આવ્યાં.

આ યુદ્ધપ્રસંગે રાજપૂતોએ પરમ રણનિપુણતા દર્શાવી હતી. અકબર તથા દિલેરખાંનો પરાભવ થયા પછી તત્કાળ રાણા રાજસિંહે ઔરંગઝેબ ઉપર આક્રમણ કર્યું. ઔરંગઝેબ અકબર તથા દિલેરખાંના યુદ્ધનું પરિણામ જાણવાને માટે પોતાના પુત્ર આજિમની સાથે દેવારી ગામમાંજ થોભ્યો હતો. તેના હૃદયમાં આશાના અનેક તરંગો ઉભરાતા હતા, આશાલહરિથી આનંદોન્મત્ત થઇ તે અનેક સુખદાયી સ્વપ્નોનો અનુભવ લેતો હતો; પરંતુ તેનાં આ સર્વ સ્વપ્નો શીઘ્ર નષ્ટ થઈ ગયાં, શીઘ્ર તે વીરકેસરી રાજસિંહના પ્રચંડ આક્રમણમાંથી બચવાના ઉપાય શોધવા લાગ્યો. દેવારીના ગિરિમાર્ગમાં રાજપૂતો તથા મુસલમાનોવચ્ચે દારુણ યુદ્ધ થયું. રાજપૂતો રાણા રાજસિંહની અપૂર્વ વીરતાથી ઉત્સાહિત થઈ મોગલસેનાનો મહા પ્રચંડ વ્યૂહ ભેદવાને માટે પ્રચંડ પરાક્રમથી તેના તરફ કૂચ કરવા લાગ્યા. સાહસિક રાઠોડવીર દુર્ગાદાસે પોતાની ભયંકર વૈરતૃષ્ણા શાંત કરવાને માટે પોતાના મહાપરાક્રમી રાઠોડોને ઔરંગઝેબની સામે મોકલ્યા. જે દુષ્ટાત્માએ રાઠોડકુલના સર્વસ્વનો નાશ કર્યો હતો, જે પિશાચે પરમ શાંત, શ્રેષ્ઠ ધાર્મિક રાઠોડરાજાને વિષ દઇને મારી નાખી રાઠોડોના હૃદયમાં ભયંકર શોકાનલ પ્રદીપ્ત કર્યો હતો, તે નરરાક્ષસપર વૈર લેવાને માટે પોતાના હૃદયમાં પ્રદીપ્ત થયેલા અગ્નને શાંત કરવાને માટે રાઠોડવીરો મોગલોનાં પ્રચંડ વ્યૂહની સામે ધસવા લાગ્યા. આ વખતે ઔરંગઝેબ મહાસંકટમાં ફસાઇ પડયો હતો. જેણે પોતાના હૃદયપર પાષાણ મૂકી નિષ્ઠુર તથા દુરાચારી બની હિંદુઓનું લોહદંડથી શાસન કર્યું હતું, જેણે તેમનું સત્યાનાશ વાળવાને દૃઢ પ્રતિજ્ઞા લીધી હતી અને જેણે હિંદુકુલપતિ મેવાડરાજને પાદાક્રાંત કરવાને માટે આ ભયંકર યુદ્ધ શરૂ કર્યું હતું, તે દુષ્ટ ઔરંગઝેબને તેનાં દુષ્કૃત્યોનું યોગ્ય ફળ આપ્યા વિના રાજપૂતો શું શાંત થશે? કદિ નહિ. ગમે તો પાદશાહની સેના હમણાં હતી તેથી સહસ્રપટ વિશેષ હોત તો શું થયું; પરંતુ જ્યાંસુધી રાજપૂતના જીવમાં જીવ હોય ત્યાંસુધી તે પોતાના સામર્થ્યાનુસાર પાદશાહપર વૈર લીધા વિના કદિ રહે નહિ.

ધીમે ધીમે હિંદુમુસલમાનોવચ્ચે ચાલતું યુદ્ધ ભયંકર સ્વરૂપ ધારણ કરવા લાગ્યું. રણવિશારદ મુસલમાનો તરફથી ફિરંગી ગોલંદાજોએ તોપો છોડવા માંડી. તેમાંથી ધૂમાડાના ગોટેગોટ નીકળવા લાગ્યા અને તેનો ધ્વનિ પણ મહાપ્રચંડ થવા લાગ્યો હૃદયને સ્થંભિત કરી નાખનાર ભયંકર ધ્વનિ શ્રવણ કરી રાજપૂતો રણોન્મત્ત થઇ, ઘોર સિંહનાદ કરી, અપૂર્વ ઉત્સાહસહિત મોગલસેનાપર તૂટી પડયા. તોપમાંથી નીકળેલા ધૂમ્રથી સમસ્ત આકાશ આવૃત થઈ ગયું. તોપના દિગ્દાહક ગોળાઓદ્વારા અનેક રાજપૂતોનો સંહાર થયો. અનેક રાજપૂતો અનંત આકાશમાં મળી ગયા; પરંતુ આથી રાજપૂતોનો ઉત્સાહ કિંચિત્ પણ મંદ થયો નહિ. તેમનો ઉત્સાહ બમણો વૃદ્ધિંગત થવા લાગ્યો. તોપમાંથી નીકળેલા ધૂમ્રના વિસ્તૃત આવરણને ભેદીને રાજપૂતો મહાપરાક્રમથી મુસલમાનોની ઉપર તૂટી પડયા. તેમની તીક્ષ્ણ તલવારોના ભયંકર પ્રહારથી ફિરંગી ગોલંદાજો કપાઇ મુઆ. તોપોની સાંકળો છિન્નભિન્ન કરી નાખવામાં આવી. હવે ધીમે ધીમે મોગલોનો વ્યૂહ તૂટી ગયો. રણવીર રાજપૂતો છિન્નભિન્ન થઇ ગયેલી મોગલસેના ઉપર તૂટી પડી મદોન્મત્ત ગજરાજની પેઠે તેને દલિત અને ત્રાસિત કરવા લાગ્યા. અત્યારસુધી ઔરંગઝેબના જે સૈનિકો બચ્યા હતા તે આ વખતે રાજપૂતોની સમશેરના ભયંકર પ્રહારથી નાશ પામ્યા. હવે ઔરંગઝેબને પોતાની રક્ષાનો કાંઇ પણ ઉપાય નહિ જડવાથી તે પોતાના થોડા શેષ રહેલા સૈનિકોને પોતાની સાથે લઈ રણભૂમિમાંથી નાસી ગયો. તેની તોપો, તેનાં અસંખ્ય શસ્ત્રાસ્ત્રો, તેની ધ્વજા, તેના અનેક

૧ રૂપનગરનો સ્વામી ૨ ગાનોર નગરનો રાજા

હાથીઓ અને શિબિરમાં રહી ગયેલું પુષ્કળ દ્રવ્ય, એ સર્વ સામગ્રી વિજયી રાજપૂતોના હાથમાં આવી. આ ભયંકર યુદ્ધ—રાજપૂતોના ધર્મ અને ગૌરવનું આ મહાન સ્મૃતિચિન્હ—સંવત ૧૭૩૬ ના ફાલ્ગુન માસમાં ઇ૦ સ૦ ૧૬૮૦ના માર્ચમાં (વસંત ઋતુમાં) થયું હતું. જો કે વીરશ્રેષ્ઠ રાણા રાજસિંહને આ યુદ્ધમાં વિજય પ્રાપ્ત થયો હતો, તોપણ તેના બદલામાં તેમને મેવાડના પુષ્કળ રાજપૂતવીરોનો ભોગ આપવો પડયો હતો.

ઔરંગઝેબને પોતાનો પરાજય તથા અપમાન થવાથી અત્યંત દુઃખ થયું; પરંતુ તે ક્ષણવાર પણ નિરુત્સાહી બન્યો નહિ. આ ભયંકર પરાભવ અને અપમાનનો બદલો લેવાની અભિલાષાથી તેણે પોતાની સેના ચિતોડના કિલ્લા આગળ એકત્રિત કરી અને પોતાના પુત્ર સુલતાન મોઆઝિમને દક્ષિણમાંથી બોલાવ્યો. આ સમયે મોઆઝિમ દક્ષિણમાં મહારાષ્ટ્રકેસરી મહાવીર શિવાજીની સાથે યુદ્ધ કરી રહ્યો હતો; પરંતુ ઔરંગઝેબે દક્ષિણમાં શિવાજીની સ્વાધીનતા ખુંચવી લેવા કરતાં ઉત્તરમાં નષ્ટ થયેલા ગૌરવને પુનર્જીવિત કરવાનું કાર્ય વધારે આવશ્યક ગણી પોતાના પુત્રને શીઘ્ર મેવાડમાં આવવાની આજ્ઞા કરી; પરંતુ તે તેને સહાય કરી શકયો નહિ. વીરવર જયમલના વંશજ શ્યામલદાસે પોતાની સેનાસહિત જઇ ચિતોડ અને અજમેર એ ઉભય નગરોને છિન્નભિન્ન કરી નાખ્યાં અને મોગલસેનાપર ભયંકર આક્રમણ કરીને તેને ભયભીત કરી દીધી. તેની રણચતુરાઇ જોઇ ઔરંગઝેબ અત્યંત ભયભીત થયો. અંતે તે પોતાની સ્વાધીનતા અને જીવનને પણ સંકટમાં આવી પડેલાં જોઇ કષ્ટદાયી રણભૂમિનો ત્યાગ કરવાનો વિચાર કરવા લાગ્યો. તેનો વૈરાગ્નિ શાંત થયો નહિ. તેણે જે ઉદ્દેશથી મેવાડપર આક્રમણ કર્યું હતું, તે ઉદ્દેશ સફળ થયો નહિ. તેનો તે મનોરથ સફળ થવો તો દૂર રહ્યો, પરંતુ તેને પોતાનેજ પરાજિત અને અપમાનિત થઇ રણભૂમિમાંથી નાસી જવું પડયું. આથી પાદશાહના દુઃખની સીમા રહી નહિ. તેના હૃદયમાં અસહ્ય ઘાવ લાગ્યો; પરંતુ તે શું કરી શકે? પોતાની રક્ષાનો કોઇ પણ ઉપાય નહિ જોઇ તેણે યુદ્ધનો ભાર પોતાના પુત્ર અકબર અને આજિમના હાથમાં સોંપ્યો તથા જ્યાંસુધી બીજી સેના આવી મળે નહિ ત્યાંસુધી કેમ કરવું તે વિષે સલાહ આપી તે પોતે અજમેર તરફ ચાલ્યો ગયો. તેણે પોતાના ઉભય પુત્રોને સહાય કરવાને માટે પુષ્કળ સૈનિકો મોકલ્યા. વળી તેણે રાઠોડવીર શ્યામલદાસની વિરુદ્ધ "ખાંરોહિલા" નામના સેનાપતિને બાર હજાર સૈનિકો આપીને ચિતોડ નગર તરફ મોકલ્યો. યુદ્ધવિશારદ અને ચતુર શ્યામલદાસે ખાંરોહિલાનેસેનાસહિત આવતો જોઇને મારવાડની સેનાસહિત પુરમંડલ નામના સ્થળે શીઘ્ર શત્રુસેના ઉપર આક્રમણ કર્યું અને તેનો પૂર્ણ પરાભવ કરીને તેને પુનઃ અજમેર તરફ નસાડી મૂકયો. આ યુદ્ધમાં મોગલસેનાને ભારે હાનિ થઇ હતી.

વીરકેસરી મહારાણા રાજસિંહ અને તેમના ઉત્તરાધિકારી તથા ઇતર રાજપૂતસૈનિકો અને સામંતોને ઉપર જણાવેલા અરવલ્લીના યુદ્ધમાં વિજય પ્રાપ્ત થવાથી પરમાનંદ થયો. રાજકુમાર ભીમસિંહ પોતાની સેના લઇને પર્વતના પશ્ચિમ ભાગમાં એક નવીન યુદ્ધમાં રોકાયા. યુદ્ધની શાંતિનો કોઈ ઇતર ઉપાય નહિ જોઈ તેમણે ગુર્જરરાજ્ય ઉપર આક્રમણ કર્યું. ઇડરનગરનો ધ્વંસ કરી તેમણે ત્યાંના યવન નવાબ હુસેનને તથા તેની સેનાને ત્યાંથી હાંકી કાઢી. પછી તેઓ વડનગરની વચ્ચે થઈ સહસા પાટણમાં જઇ પહોંચ્યા. આ વખતે પાટણ ગુર્જરદેશનું પાટનગર હતું. સિસોદીઆ રાજકુમાર ભીમસિંહે આ નગરી લૂંટી અને સિદ્ધપુર, મોડાસા વગેરે નગરોની પણ આવીજ અવસ્થા કરી. તેમનું કઠોર આક્રમણ સહન ન કરી શકાયાથી આ નગરીઓના સર્વ નાગરિકો પોતાના પ્રાણ બચાવવાને માટે ચારે તરફ નાસી જવા લાગ્યા. તેઓ અત્યંત ભયભીત થઇ રાણાની પાસે ક્ષમા માગવાને ગયા. તેમની દીન દશા જોઇ કૃપાળુ તથા ઉદારહૃદય રાજસિંહે પોતાના પુત્રને પાછા આવવાની આજ્ઞા કરી. આ વખતે ભીમસિંહ વિજયોત્સાહથી ઉત્સાહિત થઇને સુરત તરફ જતા હતા; પરંતુ પિતાની આજ્ઞા સાંભળી કે તરતજ તેમણે આગળ જવું માંડી વાળી મેવાડભૂમિ તરફ પ્રયાણ કર્યું.

---

પરાસ્ત થયેલા શત્રુપ્રત્યે ક્ષમા દર્શાવવી એ વીરહૃદય રાજપૂતોનો એક મુખ્ય ધર્મ છે. રાજપૂતો પોતાનો આ ધર્મ કદિ પણ ચૂકતા નહોતા; પરંતુ આ વખતે ઔરંગઝેબના કઠોર અત્યાચારથી પીડિત થઇને તેમણે આ ધર્મવિરુદ્ધ કાર્ય કર્યું.

દુરાચારી ઔરંગઝેબ જેવો નિષ્ઠુર હતો, તેવોજ તે કૃતઘ્ન પણ હતો. ઉદારહૃદય રાણાએ અનુગ્રહ કરીને તેને તથા તેના પુત્રને બંધનથી મુક્ત કર્યા હતા. દુષ્ટમતિ ઔરંગઝેબ આ ઉપકાર ભૂલી ગયો અને તેણે પુનઃ તેમને સતાવવા માંડયા; પરંતુ તેનો ઉદ્દેશ સફળ થયો નહિ તેમ તેણે પોતાનું દુષ્ટ કાર્ય છોડયું પણ નહિ. ઔરંગઝેબની કૃતઘ્નતા રાજપૂતોનાં હૃદયમાં અસંત સાલતી હતી. તેમણે ઔરંગઝેબપર વૈર લેવાનો નિશ્ચય કર્યો. રાણાજીનો દયાલદાસ નામનો એક અત્યંત સાહસિક અને કાર્યચતુર દિવાન હતો. તેના હૃદયમાં મોગલોપર વૈર લેવાની ઇચ્છા સદા ઉદ્ભવ્યા કરતી હતી. તેણે શીઘ્રગામી ઘોડેસ્વારોને પોતાની સાથે લઇ નર્મદા તથા બિટવા નદીપર્યંત વિસ્તાર પામેલા માળવારાજ્યને લૂંટી લીધું. તેમના પ્રચંડ બાહુબળની સામે કોઇ પણ ટકી શકયું નહિ. સારંગપુર, દેવાસ, સરોંજ, માંડુ, ઉજ્જન તથા ચંદેરી આ સર્વ નગરો તેણે પોતાના બાહુબલથી જીતી લીધાં અને તેને લૂંટી લઇને ત્યાંની સર્વ શત્રુ-સેનાનો સંહાર કર્યો. આ પ્રકારે તેમના હાથથી અનેક નગરો તથા ગામો ઉજ્જડ થઇ ગયાં. તેમના ભયથી મુસલમાનો એટલા વ્યાકુલ થઈ ગયા હતા કે તેમને પોતાના બંધુ તથા આપ્તોપર પ્રેમ રહ્યો નહિ. તેઓ પોતાની પ્રિય પત્ની અને સંતાનોનો ત્યાગ કરીને આત્મરક્ષણ કરવાને માટે ફાવે તેમ નાસી જવા લાગ્યા. જે વસ્તુઓ તેઓ પોતાની સાથે લઇ શકયા નહિ તે સર્વને તેમણે અગ્નિમાં ભસ્મીભૂત કરી દીધી. અત્યાચારી ઔરંગઝેબ હૃદયપર પાષાણ મૂકી નિરાધાર રાજપૂતોપ્રત્યે હિંસક પશુના જેવું આચરણ કરતો હતો, તેથી આ વખતે રાજપૂતોને ઉત્તમ સંધિ મળેલી હોવાથી તેમણે તેનાપર વૈર લેવામાં કિંચિત્ પણ ત્રુટિ કરી નહિ. અરે ! તેમણે હિંદુધર્મપ્રત્યે દ્વેષ રાખનાર પાદશાહના ધર્મપર પણ વૈર લીધું. તેમણે કાઝીઓના હાથપગ બાંધી તેમની દાઢીમુછ મૂંડાવી નાખી અને તેમનાં કુરાનોને કૂવામાં ફેંકી દીધાં. દયાલદાસનું હૃદય એટલું કઠોર બની ગયું હતું કે તેણે બનતાં સુધી કોઇ પણ મુસલમાનને ક્ષમા કરી નહિ. તેણે મુસલમાનોના માળવારાજ્યને તો એકવાર મરુભૂમિસમાનજ બનાવી દીધું. આ પ્રકારે માળવાપ્રદેશ લૂંટીને તેણે જે વિપુલ ધન સંચિત કર્યું, તે પોતાના સ્વામીના રાજકોષમાં અર્પણ કરી દીધું અને પોતાના દેશની અનેક પ્રકારે અભિવૃદ્ધ કરી.

વિજયોત્સાહથી ઉત્સાહિત થઇને દયાલદાસે રાજકુમાર જયસિંહ સાથે મળી ચિતોડની નિકટ પાદશાહના પુત્ર અજિમની સાથે ભયંકર સંગ્રામ કરવા માંડયો. આ દારુણ યુદ્ધમાં મેવાડના વીરોના ઉત્સાહમાં તેમના સહકારી[1] રાઠોડ તથા ખીચીવીરોનો ઉત્સાહ એકત્ર થવાથી અજિમની સેના પૂર્ણ પરાભવ પામી. અજિમ ભયંકર રીતે પરાસ્ત થઈ પોતાના પ્રાણનું રક્ષણ કરવાને માટે રણથંભોર તરફ નાસી ગયો; પરંતુ તે નગરમાં પહોંચ્યા પૂર્વે તેની ભારે ખુવારી થઈ હતી; કારણ કે વિજયી રાજપૂતોએ તેની પૂંઠ પકડી તેની પુષ્કળ સેનાનો સંહાર કર્યો હતો. જે અજિમ આગલે વર્ષે સહસા ચિતોડનગરી હસ્તગત કરી તેનો સ્વામી બની ગયો હતો, તેને આ વખતે ત્યાંથી નાસી જવું પડયું.

પરંતુ હજીએ રાજપૂતકેસરી રાણા રાજસિંહની વૈરતૃષા શાંત થઇ નહિ. જે દુષ્ટ મોગલોએ તેમના અસંખ્ય હિંદુબાંધવોને ભયંકર રીતે પીડિત કર્યા હતા, જેમણે સુવર્ણની મેવાડભૂમિને શ્મશાનસમાન બનાવી દીધી હતી, જેમણે હિંદુધર્મને પદલિત કર્યો હતો, તેમના ઉપર ગમે તેવું ભયંકર વૈર લેવામાં આવે તોપણ તે અપૂર્ણજ ગણાય, એમાં શું શક છે? જ્યાંસુધી પવિત્ર મેવાડભૂમિ પાછી મ્લેચ્છોના અપવિત્ર ચરણના ભારથી પીડિત રહે, જ્યાંસુધી મોગલસમ્રાટનો એક પણ સિપાઇ મેવાડભૂમિમાં રહે ત્યાંસુધી રાણાનો ક્રોધ શાંત શી રીતે થઈ શકે? ત્યાંસુધી તેમનું હૃદય શાંત શી રીતે થઇ શકે? તેમણે મેવાડમાંથી મોગલોનો જડમૂળથી નાશ કરવાની પ્રતિજ્ઞા કરી અને તે પ્રતિજ્ઞા અલ્પ સમયમાં પૂર્ણ કરી તેઓ શાંતિસુખ ભોગવવા લાગ્યા; પરંતુ તેઓ દીર્ઘકાળપર્યંત આ સુખ ભોગવી શકયા નહિ. શીઘ્ર તેમને અજિતસિંહના હિતની રક્ષા કરવાને માટે પુનઃ ખડ્ગ ધારણ કરી મોગલોની વિરુદ્ધ યુદ્ધ કરવું પડયું.

રાઠોડકુલચૂડામણિ ધર્મપરાયણ શ્રેષ્ઠ વીર જસવંતસિંહ પાપી ઔરંગઝેબના પ્રચંડ વિદ્વેષાગ્નિમાં

[1] તેમના સહકારી વીરોનાં નામ નીચે પ્રમાણે છે:–મેવાડના મુખ્ય સામંત મોહકમ અને ગંગા, શકતાવત, સલુંબર (સાલુમ્બ્રા) ના રતનસિંહ, ચૂડાવત, સાદ્રીના ચંદ્રસેન ઝાલા, બેદલાના સબળસિંહ ચોહાણ અને બિજોલીના વેરીસાલ પરમાર હતા. મોગલોની સાથે યુદ્ધ કર્યા પહેલાં શક્ત વીરોમાંના ચાર જણે તેજસ્વિની ભાષામાં સેનાસન્મુખ ભાષણ આપ્યાં હતાં. આ ભાષણોવિષે સંપૂર્ણ વર્ણન લહિયોકોના ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે.

બળીને ભસ્મ થયા. જે દિવસે ઔરંગઝેબે પિતાના મૃત્યુથી શોકાકુલ થયેલા રાજકુમાર અજિતસિંહને કેદ કરવાની અભિલાષા કરી, તે દિવસથી મારવાડરાજ્યનો ભાર ત્યાંની રાજમાતાએ પોતાના હાથમાં લીધો. રાજમાતા પરમ રાજ્યચાતુર્ય તથા બુદ્ધિપૂર્વક રાજ્યશાસન ચલાવવા લાગી. અનેક વાર તેને વિપત્તિઓ અને સંકટો સહન કરવાં પડયાં હતાં; પરંતુ તેણે તેજસ્વિતા અને રાજ્યચાતુર્યથી તે સર્વમાંથી મુક્તિ પ્રાપ્ત કરી હતી. વળી તેણે શત્રુઓના હાથમાંથી પોતાનો ઘણો પ્રદેશ પાછો ખુંચવી લીધો હતો. તે વીર સ્ત્રી હતી. તે બાપ્પારાવલના પવિત્ર વંશમાં જન્મી હતી. વીર સ્ત્રીમાં જે ગુણોની આવશ્યકતા હોય તે સર્વ ગુણો તેનામાં વિદ્યમાન હતા અને આ સર્વ ગુણોની સહાયથીજ તે પોતાના પુત્રના હિતની રક્ષા કરવાને સમર્થ થઇ હતી; પરંતુ હવે કઠોરહૃદય ઔરંગઝેબે તેનાપર એવા ભીષણ અત્યાચાર કરવા માંડયા કે જે તેનાથી સહન થઇ શકયા નહિ. આથી મેવાડના રાણા રાજસિંહ તેનો પક્ષ ગ્રહી મારવાડ અને મેવાડની સર્વ સેના એકત્રિત કરી ગોદ્વાર (ગોડવાળ) પ્રદેશના મુખ્ય નગર ગનોરા આગળ પાદશાહની સામે યુદ્ધ કરવાને તૈયાર થયા. રાજકુમાર ભીમસિંહ એકલાજ રાઠોડ અને સિસોદીઆ-વીરોની સેના લઈ અકબર અને તહવ્વરખાંની સામે થયા. શીઘ્ર ઉભય દલો વચ્ચે દારુણ યુદ્ધ થવા લાગ્યું. મોગલો રણવિશારદ રાજપૂતોનું પ્રચંડ પરાક્રમ સહન કરી શકયા નહિ. તેઓ આ યુદ્ધમાં સખ્ત પરાભવ પામ્યા. એમ કહેવાય છે કે એક બુદ્ધિમાન રાજપૂતના અપૂર્વ ચાતુર્યથીજ આ યુદ્ધમાં રાજકુમાર ભીમસિંહને વિજય પ્રાપ્ત થયો હતો. રાજપૂતોએ મોગલોના કબજામાંથી પાંચસેં ઉંટો ખુંચવી લીધાં અને રાત્રિના સમયે તેમની પીઠપર પ્રદીપ્ત મશાલો મૂકી પાદશાહની સેનામાં તેમને છોડી મૂકયાં. રાત્રિના ઘોર અંધકારમાં પ્રદીપ્ત મશાલો જોઈ મોગલસેના ભયભીત બની આમતેમ નાસવા લાગી. આ ઉત્તમ સંધિનો લાભ લઇ રાજપૂતોએ મોગલસેનાપર આક્રમણ કર્યું અને તેનો સંપૂર્ણ રીતે પરાભવ કર્યો.

ઔરંગઝેબનો ઉદ્દેશ ફળીભૂત થયો નહિ. ઉત્તમ સાધનો અને વિપુલ સેનાનું બળ હોવા છતાં પણ તે રાજપૂતોનાં પ્રચંડ પરાક્રમની ગતિ રોકી શકયો નહિ. મહારાણા રાજસિંહ તથા તેમની સાથે મિત્રભાવ રાખનારા રાજપૂતરાજાઓ અને સામંતોએ ઔરંગઝેબને અનેકવાર પરાજિત કર્યો. વળી તેમણે તેને પદભ્રષ્ટ કરી તેના પુત્ર અકબરને સિંહાસનારૂઢ કરવાનો પણ વિચાર કર્યો હતો. તેમણે પોતાનો આ વિચાર ગુપ્તરીતે અકબરને દૂતમારફતે જણાવ્યો. પરમ ધાર્મિક વૃદ્ધ શાહજહાંને પદભ્રષ્ટ કરી પિતૃદ્રોહી દુષ્ટ ઔરંગઝેબે જગતમાં જે અત્યંત ઘૃણિત ઉદાહરણ સ્થાપિત કર્યું હતું, તદનુસાર રાજકુમાર અકબર પણ ચાલવાને તૈયાર થયો. તેણે અત્યંત આનંદપૂર્વક રાજપૂતોની આ સલાહ માન્ય કરી. આ શુભ કાર્ય સિદ્ધ કરવાને માટે મેવાડના રાણાએ એક વિશ્વાસુ રાજપૂતને શાહજાદા અકબરની પાસે મોકલી આપ્યો. શીઘ્ર સર્વ રાજપૂતરાજાઓ પોતપોતાની સેના લઈ પાદશાહને પદભ્રષ્ટ કરવાને તૈયાર થઇ ગયા. જ્યોતિષીએ આવીને અકબરના અભિષેકનું મુહૂર્ત નિશ્ચિત કર્યું. ગુપ્ત રીતે સર્વ તૈયારી થવા લાગી; પરંતુ શાહજાદાની અસાવધાનતાથી શીઘ્ર સમસ્ત તૈયારી નિષ્ફળ થઇ અને રાજપૂતોનો ઉદ્દેશ પણ વ્યર્થ થયો. જે ચતુરાઇ અને તીવ્ર બુદ્ધિથી ઔરંગઝેબનું કાર્ય સિદ્ધ થયું હતું, તેનો અલ્પ-સ્વલ્પ અંશ પણ શાહજાદા અકબરમાં હોત તો તેની અભિલાષા શીઘ્ર ફળીભૂત થાત. જે જ્યોતિષીએ તેના અભિષેકનું મુહૂર્ત નિશ્ચિત કર્યું હતું તે કેવો કપટી અને વિશ્વાસઘાતી હતો તે જો અકબરે કિંચિત્ પણ જાણ્યું હોત તો તેની આશા સફળ થાત. ઉક્ત જ્યોતિષીએ જ્યારે જોયું કે અકબરના અભિષેકની સર્વ તૈયારીઓ થઇ રહી છે અને હવે માત્ર સિંહાસનપર અધિષ્ઠિત થવાનું કાર્યજ શેષ છે, ત્યારે તે કપટાચારી પાદશાહ ઔરંગઝેબની પાસે ગયો અને તેને સંપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવ્યું. આ વૃત્તાંત સાંભળી ઔરંગઝેબ એક ક્ષણવાર સુધી તો સ્થંભિતજ થઈ ગયો; પરંતુ તે જરાપણ ભયભીત કિંવા નિઃસ્તેજ થયો નહિ. તેણે પોતાની અવસ્થાનો વિચાર કર્યો તો તેને જણાયું કે તેની પાસે પોતાના અંગરક્ષકોસિવાય બીજાં કોઇ પણ માણસ હતાં નહિ. મોઆઝિમ અને અજિમ ઘણે દૂર હતા. અકબર માત્ર થોડા અંતરપર હતો. અજમેર માત્ર એકજ દિવસની મજલપર આવેલું હતું. "હવે શું કરવું? અકબરના પંજામાંથી મારૂં રક્ષણ કોણ કરશે? અકબરની સાથે યુદ્ધ કરવું પડશે; પરંતુ અહીંઆં તો કોઇ મોગલવીર હાજર નથી. માટે હવે શો ઉપાય કરવો? એક દિવસ કરતાં અધિક સમય પણ નથી." આવા આવા વિચારો તેને પરમ વ્યાકુળ કરવા લાગ્યા. આવા સંકટના સમયમાં એક એક ક્ષણ તેને એક એક દિવસ જેવી લાગતી

હતી; પરંતુ ચતુર ઔરંગઝેબે એક પળ પણ વ્યર્થ ગુમાવી નહિ. તે શીઘ્ર પોતાની રક્ષાનો ઉપાય શોધવા લાગ્યો. તેને ઉપાય જડ્યો. આ ઉપાય અત્યંત સરલ હતો. આ ઉપાયથી મનુષ્યોની હત્યા થવાનો કિંવા મનુષ્યનું રુધિર વહેવાનો સંભવ નહોતો. આ ઉપાયદ્વારા પાદશાહ ઉત્તમ પ્રકારે પોતાની રક્ષા કરી શક્યો. તેણે અકબરપર એક પત્ર લખ્યો અને પોતાના એક ગુપ્તચરને તે પત્ર આપી તેને રાજપૂતોના સેનાપતિ દુર્ગાદાસના શિબિરમાં નાખવાની આજ્ઞા કરી. આ પત્ર લખવામાં તેનો ઉદ્દેશ રાજતપૂવીરોના હૃદયમાં અકબરપ્રત્યે સંદેહ ઉત્પન્ન કરવાનોજ હતો. ચતુર પાદશાહે આ યુક્તિથી પોતાનો મનોરથ સિદ્ધ કરી લીધો. આ પત્રમાં અકબરની પ્રશંસા કરીને પાદશાહે લખ્યું હતું કે:-"હે વત્સ! તમારી આ ચતુરાઇનું વૃત્તાંત જાણી હું પરમ સંતુષ્ટ થયો છું; પરંતુ સાવધાન રહેજો. રાજપૂતો આપણો આ ગુપ્ત પ્રપંચ જાણી જાય નહિ, તે ધ્યાન રાખજો. તેઓ જ્યારે મારી સામે યુદ્ધ કરવા માંડે ત્યારે તમે તમારી સેનાની સહાયથી તેમનો સંપૂર્ણ સંહાર કરી નાખજો. આમ કરવાથી આપણી અભિલાષા પૂર્ણ થશે." આ પ્રકારની કૂટનીતિનું અવલંબન કરીનેજ કપટાચારી શેરશાહે માલદેવના હાથમાંથી પોતાનું સંરક્ષણ કર્યું હતું અને હમણાં અમે જે કાળનું વર્ણન કરીએ છીએ તે કાળમાં મહારાષ્ટ્રવીર શિવાજીની વિરુદ્ધ પણ આજ કૂટનીતિ સફળ થઇ હતી. ઔરંગઝેબનો આ કપટમય પત્ર દુર્ગાદાસના હાથમાં ગયો.[1] અકબરનું શિરનામું અને પાદશાહની મહોર જોઇ તે વીરને અત્યંત શંકા ઉત્પન્ન થઇ અને તેમણે તે પત્ર ખોલી અથથી ઇતિપર્યંત વાંચ્યો. હવે તેમની વ્યાકુલતાનો પાર રહ્યો નહિ. ઔરંગઝેબના છળથી પરિચિત નહિ હોવાને લીધે દુર્ગાદાસે તે પત્રને સત્યજ માની લીધો. તેમણે પોતાના મનને પ્રશ્ન કર્યો:-"જે અકબરને પાદશાહ બનાવવાને માટે મેં આટલો પ્રયત્ન કર્યો છે, તે શું વિશ્વાસઘાતી છે?" "કદાચ હોય" એવો તેમને મનદ્વારા પ્રત્યુત્તર મળ્યો. આવી વાતપર સહસા વિશ્વાસ મૂકવો ઉચિત નથી, પરંતુ રાઠોડવીર દુર્ગાદાસે તે વાતપર વિશ્વાસ મૂકયો; કારણ કે તેઓ સારીપેઠે જાણતા હતા કે કપટાચરણ અને વિશ્વાસઘાત એ તો યવનજાતિનો ધર્મજ છે અને અકબર પણ યવનજ છે, તેથી તે કપટી અને વિશ્વાસઘાતી નિવડે એમાં કાંઈ સંશય નથી. દુર્ગાદાસનો અકબરપરનો સંદેહ પૂર્ણ રીતે દૃઢ થઇ ગયો. તેઓ અત્યંત દુઃખિત થયા અને યવનજાતિને હજારો વાર ધિક્કાર આપી પોતાની સેના લઇને પાછા ફર્યા. રાજપૂતો સહસા બદલાઇ ગયા તેનું કારણ અકબર સમજી શકયો નહિ અને પોતાનું દુર્ભાગ્યજ તેનું કારણ હશે એમ વિચારી તે અત્યંત શોકાકુલ થયો. તેનો પરમ વિશ્વાસુ તહવ્વરખાં દારુણ દુઃખથી વ્યાકુલ થવા લાગ્યો. અકબરને તખ્તપર બેઠેલો જોવાની તેના અંતઃકરણની ઇચ્છા હતી. આ વખતે તેની આ ઇચ્છા પૂર્ણ થવાની અણીપર હતી, પરંતુ તેમાં વિઘ્ન આવી પડયું. તેના શોકની સીમા રહી નહિ. દુઃખ અને નિરાશાએ તેને ઘેરી લીધો. આથી તેનું હૃદય પાષાણવત્ બની ગયું અને તેણે અકબરનો માર્ગ સાફ કરવાને માટે પાદશાહને વિષ દઇને મારી નાખવાનો વિચાર કર્યો; પરંતુ તેનો આ વિચાર પણ નિષ્ફળ થયો. અંતે તહવ્વરખાંના જીવનનો પણ અંત આવ્યો. ઔરંગઝેબની કૂટનીતિ પ્રકાશમાં આવી તે પૂર્વે મોઆઝિમ અને અજિમ તેની પાસે આવી પહોંચ્યા. હવે ઔરંગઝેબ નિર્ભય બની ગયો; તેનો માર્ગ નિષ્કંટક બની ગયો. અકબરે અત્યંત ભયભીત થઇ રાજપૂતોની પાસે આવી તેમનો આશ્રય લીધો. રાજપૂતો હવે સારી પેઠે પાદશાહની ચતુરાઇ સમજી ગયા હતા તેથી તેમણે આદરસહિત તેને પોતાની પાસે રાખ્યો; પરંતુ તે છતાં પણ અકબર નિશ્ચિંત રહી શકયો નહિ. તે જ્યાં જ્યાં જતો હતો, ત્યાં ત્યાં તેને પોતાના પિતાનો ક્રોધાગ્નિ પાછળ પડેલો દૃષ્ટિગોચર થતો હતો. તે પોતાના પિતાનાં દુષ્કૃત્યો તથા તેનો દુષ્ટ સ્વભાવ સારીપેઠે જાણતો હતો. આથી તેને દ્વિગુણ ભય ઉત્પન્ન થયો. અંતે પોતાની રક્ષાનો

[1] મહાત્મા કર્નલ ટૉડને આ રાઠોડવીર દુર્ગાદાસનું ચિત્ર મળ્યું હતું. દુર્ગાદાસ લુણી નદીના તટપર આવેલા દુરનાર નામના સ્થાનના અધીશ્વર હતા. તેમણેજ કુમાર અજિતસિંહને દુરાચારી ઔરંગઝેબના પંજામાંથી મુક્ત કરી તેના અત્યાચારમાંથી તેમની રક્ષા કરી હતી. તેમણે પોતાના દેશની સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત કરવાને માટે પાદશાહની સામે અગણિત યુદ્ધો કર્યાં હતાં. તેઓ જે સમયે અકબરનો સંકટમાંથી ઉદ્ધાર કરી તેને લઇને જતા હતા, તે સમયે અજીમે તેનાપર ચાલીસ હજાર મોહરો નજરતરિકે મોકલી હતી. રુશ્વત આપવાનો ઉદ્દેશ સ્પષ્ટ હતો; પરંતુ અજીમે પોતાનો તે ઉદ્દેશ સ્પષ્ટ રીતે જણાવ્યો નહોતો. દુર્ગાદાસે આ મહોરોને તિરસ્કારસહિત પગની ઠોકર મારી હતી, એ કહેવાની કંઈ આવશ્યકતા નથી. આ "વીર દુર્ગાદાસ"ના જીવનચરિત્રની બીજી આવૃત્તિ હમણાંજ આ સંસ્થા તરફથી બહાર પડી છે. મૂલ્ય રૂ ૦॥।

કોઇ પણ ઉપાય નહિ જોઇ તેણે કોઈ ઇતર સ્થાને જવાનો વિચાર કર્યો. રાઠોડવીર દુર્ગાદાસ તેની આ અભિલાષા પૂર્ણ કરવાને માટે પાંચસે રાજપૂતોની સેના લઇ તેને પાલવગઢમાં મહારાષ્ટ્રવીર સંભાજીની પાસે લઇ જવાને મેવાડ અને ડુંગરપુરના ગિરિમાર્ગને ઉલ્લંઘી દક્ષિણ તરફ ચાલ્યા. માર્ગમાં તેમની પ્રચંડ ગતિને રોકનાર કાંઇપણ વિઘ્ન ઉપસ્થિત થયું નહિ. અકબર થોડા દિવસપર્યંત પાલવગઢમાં રહ્યો અને ત્યાર પછી તે ઇગ્લાંડના એક વહાણમાં બેસી ફ્રાન્સદેશમાં ચાલ્યો ગયો.

પંડિતવર અર્મ જણાવે છે કેઃ–" પોતાના ભ્રાતા સુજાને પઠાણોની વચ્ચે જોઇને ઔરંગઝેબને જેવી ચિંતા થઇ હતી તેવીજ ચિંતા તેને 'અકબર સંભાજી પાસે ગયો છે' એવા સમાચાર સાંભળીને થઈ." વળી અકબરને રાજપૂતોની સાથે મિત્રતા થઈ, તેથી ઔરંગઝેબનું દુઃખ અત્યંત વધી પડયું. અકબરને રાજપૂતોની સાથે મિત્રતા થઇ તેના કરતાં જો પાદશાહને તેમની સાથે યુદ્ધ કરવું પડત તો તેથી તેને એટલી બધી ચિંતા થાત નહિ. રાજપૂતો ઔરંગઝેબનો પ્રાણ લેવાની ઇચ્છા રાખતા નહોતા, તેઓ માત્ર તેને પદભ્રષ્ટ કરવાજ માગતા હતા; તે છતાં પણ ઔરંગઝેબને ભારે ત્રાસ થયો. રાજપૂતોની સાથે અકબરે મિત્રતા બાંધી તેથી તેણે ભયભીત થઇ તેમની સાથે સંધિ કરવાનો વિચાર કર્યો; પરંતુ પોતાની મર્યાદાનો વિચાર કરી તેણે સ્વયં સંધિની માગણી કરી નહિ. મોગલસેનાપતિ દિલેરખાંના હાથનીચે એક વિચક્ષણ રાજપૂતસૈનિક હતો. આ રાજપૂત યોદ્ધાની પ્રતિષ્ઠા ઘણી ભારે હતી. આ વખતે આજ રાજપૂતે આ સંકટમાંથી પાદશાહનું રક્ષણ કર્યું. તેણે પોતાના દેશમાં જવાનું નિમિત્ત કરી પોતાની સેનાનો ત્યાગ કર્યો અને જાણે સહેજ મુલાકાત કરવા જતો હોય તેમ તે મહારાણાને મળ્યો. ઉભયવચ્ચે થોડો વાર્તાલાપ થયો. વાતમાં ને વાતમાં યુદ્ધનો પ્રસંગ પણ નીકળ્યો. આ પ્રસંગ નીકળતાં મહારાણાએ જણાવ્યું કે પાદશાહની સાથે વારંવાર યુદ્ધમાં ઉતરવું પડે છે તે માટે સર્વ રાજપૂતો અત્યંત દિલગીર છે. એમ જણાય છે કે મહારાણા આ વાત ખરા અંતઃકરણપૂર્વકજ બોલતા હતા. મહારાણાનાં આવાં વચનો સાંભળી ઉક્ત રાજપૂતે આ એક ઉત્તમ સંધિ જાણી પોતાના મનનો ઉદ્દેશ પ્રકટ કર્યો તે બોલ્યોઃ–" જો કે ઔરંગઝેબ સ્વયં સંધિની માગણી કરી શકતો નથી,પરંતુ જો તેની પાસે આ માગણી કરવામાં આવશે તો તેનો તે સ્વીકાર કરી લેશે." ઉક્ત રાજપૂતનાં આ વચનો સાંભળી મહારાણાએ પ્રસન્ન થઇ કહ્યું:—"તો આપજ અમારા તરફથી સંધિની માગણી કરો." આ વૃત્તાંત મેવાડના ભટ્ટકવિઓએ પોતાના ગ્રંથોમાં લખ્યું છે. તેમણે આ મધ્યસ્થ રાજપૂતને બિકાનેરના રાજા શ્યામસિંહ જણાવ્યા છે.

શ્યામસિંહદ્વારા રાણાના મનનો ભાવ જાણી લઇ ચતુર ઔરંગઝેબ પોતાના સ્વભાવ પ્રમાણે કપટ કરવાને ચૂકયો નહિ. રાણાજી સંધિ કરવાને તૈયાર છે, એ વાત જાણી તેણે આ ઉત્તમ તકનો લાભ લેવાનો વિચાર કર્યો. ઔરંગઝેબે ચતુરાઇથી રાણાને યુદ્ધથી વિમુખ રાખ્યા અને તે પોતે ધીમે ધીમે યુદ્ધની તૈયારી કરવા લાગ્યો. વર્ષાઋતુ વ્યતીત થયા પછી દુષ્ટ ઔરંગઝેબે પોતાની સેના સાથે લઇ રાણા ઉપર આક્રમણ કર્યું; પરંતુ આ સમયે ઉભયની વચ્ચે સંધિ થઈ ગઇ. દુઃખની વાત એ છે કે આ સમયે લખવામાં આવેલા સંધિપત્રમાં જજીઆવેરો બંધ કરવા સંબંધે કાંઇ કરાર નથી. અરે તેનું નામ પણ આ સંધિપત્રમાં આવ્યું નથી. કેવળ તેમાં એટલુંજ લખવામાં આવ્યું છે કેઃ–" રાણા રાજસિંહને ચિતોડનો પ્રદેશ પાછો આપી દેવો. " આ સંધિપત્રમાં જોધપુરવિષે પણ નિર્દેશ છે; આ સંધિનું વૃત્તાંત અર્મે ઉત્તમ પ્રકારે લખ્યું છે; આ સંધિપત્રનો અનુવાદ વાંચવાથી તેનો અર્થ બરાબર રીતે સમજાશે. ૧

પરંતુ આ સર્વ કાર્ય રાણા રાજસિંહના ઉત્તરાધિકારી જયસિંહના સમયમાં થયું તેથી અત્રે તે સંબંધે વિશેષ વિવેચન કરવું યુક્ત નથી. સંધિની તૈયારી સમાપ્ત થઇ તે પૂર્વે રાજપૂતવીરકેસરી વીરશ્રેષ્ઠ મહારાણા રાજસિંહ આ અસાર સંસારનો ત્યાગ કરી ચાલ્યા ગયા. જ્યારથી મહારાણા રાજસિંહ સિંહાસનારૂઢ થયા ત્યારથી તેમણે પોતાના મૃત્યુપર્યંત ઔરંગઝેબની સાથે પુષ્કળવાર યુદ્ધ કર્યું. આથી તેમના અંગમાં અનેક ઘાવ લાગ્યા હતા. આ ઘાવની વેદનાથીજ તેમનું સ્વાસ્થ્ય બગડયું હતું. એક તો

૧ મહારાણાતરફથી શૂરસિંહ ( રાણા રાજસિંહના કાકા ) અને નરહરભટ્ટે પાદશાહની સાથે સંધિ કરી હતી. પાદશાહને પત્રદ્વારા જણાવવામાં આવ્યું હતું કે આપ મહાનુભાવની અભિલાષા તથા આમંત્રણાનુસાર આપના બે સેવકો નીચે લખેલા પ્રસ્તાવો નિવેદન કરવાને માટે મહારાણાની તરફથી શ્રીમાનની પાસે આવ્યા છે. આશા છે કે આ પદ્મસિંહ આપને જે નિવેદન કરશે તેને આપ સમ્મતિ આપશો.

તેમને હૃદયની ચિંતા રાત્રિદિવસ બાળતી હતી અને તેવામાં આ ઘાવોની ભયંકર પીડા તેમને અત્યંત દુઃખિત કરતી હતી. વીરશ્રેષ્ઠ રાજસિંહ અંતે આ ભયંકર પીડામાંથી મુક્ત થઇ સ્વર્ગમાં જઈ પોતાના પૂર્વજોને મળ્યા (સંવત ૧૭૩૭–ઇ૦સ૦ ૧૬૮૧).વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહ જે દિવસે સ્વદેશપ્રેમ અને ત્યાગવૃત્તિની પરાકાષ્ઠા બતાવી આ લોકમાંથી વિદાય થયા, તે દિવસથી મેવાડભૂમિ જે વિષાદરૂપી ભયંકર અંધકારથી આવૃત થઇ ગઇ હતી, તે અંધકારને અમરસિંહ,કર્ણસિંહ અને જગતસિંહ, એમાંનો કોઈ પણ રાજા દૂર કરી શક્યો નહોતો; પરંતુ વીરકેસરી રાજસિંહે પોતાનાં અદ્ભુત પરાક્રમ અને સોજ્જ્વલ સ્વદેશપ્રેમના બળથી તે અંધકાર સંપૂર્ણ રીતે દૂર કરી મેવાડના નષ્ટ થયેલા ગૌરવનો પુનરુદ્ધાર કર્યો. જે અવિશ્રાંત પરિશ્રમ અને અપૂર્વ પરાક્રમથી તેમણે દુષ્ટ ઔરંગઝેબની વિરુદ્ધ ખડ્ગ ધારણ કરી તેનો અંધકાર ચૂર્ણ કર્યો હતો, તે પરથી તેમના ઉત્કટ સ્વદેશપ્રેમનો સ્પષ્ટ પરિચય મળે છે. રાણા રાજસિંહ વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહના યોગ્ય વંશજ હતા. તેમણે ભારતના આ ભયંકર પ્રલયકાળમાં હતભાગી, પીડિત ભારતસંતાનોનો ઉદ્ધાર કરવાને માટે પોતાનું તીક્ષ્ણ ખડ્ગ ઔરંગઝેબની વિરુદ્ધ ઉઠાવ્યું હતું. જો તેઓ ભારતની આ ભયંકર દુર્દશાના કાળમાં ઉત્પન્ન થયા ન હોત તો હિંદુસંતાનો તથા હિંદુધર્મ શીઘ્ર લોપ થઇ જાત. તેમના દેવચરિત્રની સાથે પાપી ઔરંગઝેબના ચરિત્રની જરા પણ તુલના થઇ શકે એમ નથી; કારણ કે તેનું ચરિત્ર તેમના ઉત્તમ ચરિત્રથી સર્વાંશે વિપરીતજ હતું. વિસ્તૃત એશિયાખંડમાં જે રાજાઓ થયા છે, તે સર્વમાં ઔરંગઝેબના જેવો પાપી કોઇ પણ રાજા નહોતો. ઔરંગઝેબના જેવી પશુવૃત્તિ કોઇ પણ રાજામાં નહોતી. અન્ય લોકોની સાથે અન્યાયપૂર્વક વર્તવું એ તેની જાતિ અને તેનાં કુટુંબીઓનો મુખ્ય ધર્મ હતો અને ઔરંગઝેબે આ ધર્મની દીક્ષા અને શિક્ષા સારીપેઠે ગ્રહણ કરી હતી. તેનું હૃદય અત્યંત કઠોર હતું. તેણે કદિ ઉલ્લાસ પામીને પોતાનું હિત કરનારપર પણ તિલભર અનુગ્રહ કર્યો નથી. જે ગુણોથી મનુષ્ય મનુષ્યનામને પાત્ર બને છે, તેમાંના એક પણ ગુણને ઔરંગઝેબના હૃદયમાં સ્થાન મળ્યું નહોતું. અરે! તે શરણાગત શત્રુપર પણ દયા કરતો નહોતો. જે શત્રુ તેને શરણે આવતો તેને તે પિશાચ તત્કાળ પાદાક્રાંત કરીને તેનાપર વેર લેતો. ગોલકુંડાના રાજાને તેણે અત્યંત પીડિત કર્યો હતો; પરંતુ ઉદારહૃદય રાજપૂતોનું ચરિત્ર તેના ચરિત્રથી સર્વાંશે ઉલટા પ્રકારનું છે. નૃશંસ પાદશાહ હૃદયપર પાષાણ મૂકીને મહાઅનિષ્ટ કરવાને જરા પણ અચકાતો નહોતો; પરંતુ દયાનિધાન રાણા

સ્વહસ્તલિખિત " મંજુરી " શબ્દની સાથે બાદશાહનો પંજો




" મંજુરી " સ્વીકાર !

આ પ્રસ્તાવો નીચે પ્રમાણે છેઃ—

(૧) ચિતોડની અંતર્ગત અને તેની નિકટનો પ્રદેશ પાછો સોંપવો.

(૨) હિંદુઓનાં અનેક મંદિરો તોડીને તેને સ્થાને મસજીદો બંધાવવામાં આવી છે. જે ઘટના બની ગઈ છે તેના સંબંધમાં અમારે કાંઇ કહેવાનું નથી; પરંતુ ભવિષ્યમાં આવું ઘૃણિત કાર્ય કરવું નહિ.

(૩) રાણાજી જે પ્રકારે પાદશાહની મરજી સાચવે છે, તે પ્રમાણેજ તેઓ કરતા રહેશે; પરંતુ અધિકને માટે દાવો કરવો નહિ.

(૪) અમને આશા છે કે સ્વર્ગસ્થ રાજા જસવંતસિંહના પુત્ર અને તેમનાં કુટુંબીઓ પોતપોતાનાં કાર્ય કરવાને શક્તિવાન થાય ત્યારે તેમનું રાજ્ય તેઓ પાછું મેળવી શકશે.

(રાણા રાજસિંહે મારવાડના રાજકુમાર અજિતસિંહને રાજ્ય અપાવવાને અને જજીઆવેરો બંધ કરાવવાને માટેજ ખડ્ગ ધારણ કર્યું હતું. પ્રસ્તુત સમયે અજિતસિંહ મહારાણાની પાસેજ હતા.)

પોતાની મર્યાદાનો વિચાર કરી કોઈ પણ પ્રકારનું નિકૃષ્ટ કાર્ય કરવાની અભિલાષા નહિ રાખતાં આપ ભુવનપ્રકાશક ભગવાન દિવાકરની કિરણમાલાની પેઠે પોતાની સૌભાગ્યજ્યોતિ દિનપ્રતિદિન અધિકાધિક પ્રસારો અને કોઇ પણ દિવસ તેનો અસ્ત થાઓ નહિ, એવી ઈચ્છા રાખતા શ્રીમાનના સેવક શૂરસંહ અને નરહરદાસની વિનીત પ્રાર્થના.

રાજસિંહે તેને અસંખ્યવાર ક્ષમા કરી હતી. રાજસિંહનું હૃદય દયા, દાક્ષિણ્ય, ક્ષમા ઇત્યાદિ ગુણોથી વિભૂષિત હતું. આજ કારણથી ઔરંગઝેબને અનેકવાર ક્ષમા મળી હતી. જો તેઓ ધારત તો ઔરંગઝેબનો સેનાસહિત સંહાર કરી નાખત; પરંતુ તેમણે તેનાપર દયા કરી પોતાના પુત્ર જયસિંહને સમરભૂમિમાંથી પાછો બોલાવી લીધો હતો.તેઓ યુદ્ધવિશારદ સેનાપતિ અને તેજસ્વી વીર હતા અને તેમણે અનેકવાર અપૂર્વ રણનિપુણતા તથા પ્રચંડ પરાક્રમ પ્રદર્શિત કર્યું હતું. તેમની વીરતા અને રણપારંગતતા અવર્ણનીય હતી, એમ કહીએ તો તે પણ અનુચિત નથી. તેમણે દુઃખી અને પીડિત ભારતસંતાનોનો ઉદ્ધાર કરવાને માટે જે અસીમ વીરતા અને મહાનતાનો પરિચય કરાવ્યો હતો, તે અનુપમ છે. તેઓ મહા વિદ્વાન અને પ્રજાવત્સલ નૃપતિ હતા. તેમણે ઔરંગઝેબના ઉપર જજીઆવેરો દૂર કરવાને માટે જે પત્ર લખ્યો હતો, તે પરથી તેમની વિદ્વત્તા અને પ્રજાવાત્સલ્યનો ઉત્તમ પરિચય આપણને મળી આવે છે. તેમને મહાન રાજનીતિજ્ઞો અને મહાત્માઓમાં ઉચ્ચ સ્થાન આપવામાં આવે છે. વળી તેઓ શિલ્પપ્રિય પણ હતા. તેમની શિલ્પપ્રિયતાનું મહાન ઉદાહરણ તેમનું બંધાવેલું વિશાળ રાજસમંદ છે. આ રાજસમંદ સરોવર બંધાવવાનું કારણ અને તે સંબંધી સર્વ વૃત્તાંત યથાર્થ રીતે નિર્દિષ્ટ કરીને અમે મેવાડના ઇતિહાસનો આ દીપ્તિમાન અધ્યાય સમાપ્ત કરીશું.

રાજપૂતોના ગૌરવનું અને કીર્તિનું મહાન પ્રમાણ આ રાજસમંદ સરોવર છે. આ સરોવર રાજધાનીથી સાડાબાર કોશપર ઉત્તર દિશામાં છે. તે અરવલ્લી પર્વતની તળેટીથી એક કોશના અંતરપર છે. ગોમતી નામની એક સર્પાકારે વહેતી પહાડી નદીના પ્રવાહને એક મહાપ્રચંડ બંધથી ઘેરીને આ સરોવર બનાવવામાં આવ્યું છે. મહારાણાએ પોતાના નામપરથી આ સરોવરને 'રાજસમંદ' નામ આપ્યું હતું. ઇશાન તથા વાયવ્યકોણસિવાયની સર્વ દિશામાં બંધ બાંધવામાં આવ્યો છે. આ સરોવર અતિ વિસ્તૃત છે. એનો ઘેરાવો પ્રાયઃ ૭ કોશ અર્થાત્ બાર માઇલનો હશે. એનો બંધ સંગેમરમરનો બાંધવામાં આવ્યો છે. છેક શિખરથી નીચેસુધી રમણીય પગથીઆં કરવામાં આવ્યાં છે.

જો રાજસિંહ થોડો વધુ વખત જીવંત રહ્યા હોત તો તેઓ તેની ચારે તરફ સુંદર વૃક્ષો રોપીને તેની શોભામાં વૃદ્ધિ કરત. આ સરોવરની દક્ષિણ દિશાએ મહારાણાએ એક નગર વસાવી દુર્ગ બંધાવ્યો હતો. આ નગરને તેમણે પોતાના નામપરથી 'રાજનગર' નામ આપ્યું હતું. પૂર્વોક્ત બંધના ઉપલા ભાગમાં શ્રીકૃષ્ણનું એક અત્યંત શોભાયમાન મંદિર આખું સંગેમરમરથીજ બંધાવવામાં આવ્યું હતું. આ મંદિરના અંદરના ભાગમાં નાનાપ્રકારનાં મનોહર ચિત્રો આલેખવામાં આવ્યાં છે. આ મંદિરના મધ્યભાગમાં એક શિલાલેખ છે. આ શિલાલેખમાં મોટા અને સ્પષ્ટ અક્ષરે તેની પ્રતિષ્ઠા કરનારનું વૃત્તાંત લખવામાં આવ્યું છે. આ મંદિર બંધાવવામા તથા તેની પ્રતિષ્ઠા કરવામાં મહારાણાએ ૯૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. તેમના સામંતોએ તથા પ્રજાજનોએ પણ આ કાર્યમાં પુષ્કળ સહાય કરી હતી. આ મંદિર બંધાવવામાં જે સંગેમરમરના પાષાણ વાપરવામાં આવ્યા, તે મેવાડના પહાડોમાંથી એકત્રિત કરવામાં આવ્યા હતા. જો મહારાણા આ પાષાણોને કિંમત આપીને વેચાતા લેત તો કોણ જાણે કેટલા રૂપિયાનો ખર્ચ થાત! પરંતુ તે સમયે મેવાડભૂમિ રત્નગર્ભા હતી. તેની અનેક પર્વતમાળાઓમાંથી આવા પાષાણો મળી આવતા હતા. રાજસમંદ સરોવર અતિ શોભાયમાન અને સુંદર છે. તેની સુંદરતા તો અનુપમ છેજ; પરંતુ જે કારણથી તેને બંધાવવામાં આવ્યું હતું, તેમાં જે ગંભીર દયાભાવ સમાયલો છે, તેની આગળ તો તેની બાહ્યસુંદરતા કાંઇ વિસાતમાં નથી. રાણા રાજસિંહના સમયમાં મેવાડભૂમિ ભયાનક દુર્ભિક્ષ અને મોંઘવારીથી પીડિત થઇ હતી. અસંખ્ય પ્રજાજનો ક્ષુધાતૃષાથી દુઃખિત થઇને મૃત્યુનો આશ્રય ગ્રહણ કરવા લાગ્યા હતા. પોતાની પ્રજાની આવી દુર્દશા જોઇ રાણા અત્યંત દુઃખિત થયા અને તેમણે તેને ભયંકર દુર્ભિક્ષના પંજામાંથી મુક્ત કરી સુખી કરવાને તથા પોતાની અનંત કીર્તિ સ્થાપિત કરવાને માટે કાંઇક મહાન કાર્ય કરવાનો વિચાર કર્યો. મહા પ્રચંડ રાજસમંદ બંધાવવાનું મૂળ કારણ આજ હતું. રાજસમંદનો આજ ઇતિહાસ છે.

તે સમયે ભારતવર્ષના અન્ય ભાગો કરતાં મેવાડમાં દુર્ભિક્ષ અને મોંઘવારીનો ઉપદ્રવ અધિકતર હતો. મહારાણા રાજસિંહ સિંહાસનપર બેઠા તે પછી સાત વર્ષમાં અર્થાત્ સંવત ૧૭૧૭ (ઇં૦ સ૦ ૧૬૬૧) માં મેવાડ ઉપર દુર્ભિક્ષ અને મોંઘવારીનું આક્રમણ થયું. તેનું આવું સખ્ત આક્રમણ આગાઉ

વૃદ્ધિ પણ થયું નહોતું. ભયંકર દુર્ભિક્ષથી પીડિત થયેલી પ્રજાનું અસીમ કષ્ટ જોઇ મહારાણાએ પોતાની પ્રજાનું પાલન કરવાના તથા પોતાની અચળ કીર્તિ સ્થાપિત કરવાના ઉદ્દેશથી કોઇ મહાન કાર્ય કરવાનો નિશ્ચય કર્યો. વિચાર કરતાં કરતાં તેમને એક અતિ વિસ્તૃત સરોવર બંધાવવાનો વિચાર અધિક પસંદ પડયો. પછી તેમણે જ્યોતિષીને મુહૂર્ત પૂછી પોષ માસના શુક્લપક્ષની અષ્ટમીને દિવસે હસ્ત નક્ષત્રમાં પ્રથમ પાષાણ સ્થાપિત કર્યો. આ સરોવર સાત વર્ષમાં બંધાઇ રહ્યું હતું.

સંવત ૧૭૧૭ માં જે ભયંકર દુર્ભિક્ષ અને મોંઘવારી મેવાડપર આવી પડી હતી, તેનું વર્ણન નીચે કરવામાં આવે છે. આષાઢ માસ વ્યતીત થઇ ગયો, તોપણ વરસાદનું એક બિંદુ પણ જમીનપર પડયું નહિ. આકાશ નિર્મળ રહેતું હતું. આવી સ્થિતિ જોઇ મહારાણા મેવાડપર આવી પડેલા દુર્ભિક્ષનું સંકટ દૂર કરવા માટે ચતુર્ભુજાદેવીની પ્રાર્થના કરવાને તેના મંદિરમાં ગયા; પરંતુ તેમની પ્રાર્થના પણ ફળીભૂત થઈ નહિ. આ રીતે શ્રાવણ અને ભાદરવો એ ઉભય માસો ચાલ્યા ગયા, તે છતાં પણ આકાશમાં કાંઇ વિદ્યુત્ કિંવા ગર્જના જણાઈ નહિ. જલના અભાવથી સર્વ લોકો સર્વથા હતાશ થઇ ગયા અને દુઃખથી ઉન્મત્ત બની ગયા. લોકો નહિ ખાવા જેવા પદાર્થો પણ ખાવા લાગ્યા. સ્વામી પોતાની પ્રિય પત્નીને અને પત્ની પોતાના પ્રિય પતિને છોડીને ફાવે ત્યાં નાસવા લાગી. માતપિતા પોતાનાં નાનાં નાનાં બાળકોને વેચવા લાગ્યાં. ધીમે ધીમે પ્રજામાં મહા અનર્થો પ્રવર્તવા લાગ્યા. મોટા વિસ્તારમાં દારુણ દુર્ભિક્ષ અને ભયંકર મોંઘવારીનું કષ્ટ ફેલાઇ ગયું. અરે! નાનાં જંતુઓ પણ તૃષાના દુઃખથી મરવા લાગ્યાં. હજારો બાળકો, વૃદ્ધ માણસો અને યુવકયુવતીઓએ ક્ષુધાથી વ્યાકુલ થઈ પોતાના પ્રાણ વિસર્જન કરી દીધા. જે લોકો પાસે એક દિવસને માટે અન્ન હતું, તેઓ તેને બે દિવસપર્યંત પહોંચાડતા હતા. પવન પૂર્ણ વેગથી વાવા લાગ્યો. આ પવન વિષથી ભરેલો હતો. રાત્રે ધૂમકેતુનું દર્શન થવા લાગ્યું. દિવસે અભ્રનું નામનિશાન પણ જણાતું નહોતું. વિદ્યુતપ્રકાશ અને મેઘગર્જનાને તો લોકો સંપૂર્ણતઃ ભૂલીજ ગયા હતા. આ ભયંકર દશા જોઇ લોકો ભયથી અત્યંત વ્યાકુળ થઇ ગયા. નદી, નાળાં, ઝરણાં વગેરે સર્વ જલાશયો શુષ્ક બની ગયાં. ધનવાન મનુષ્યો તોળી તોળીને અન્ન ખાવા લાગ્યાં. ધાર્મિક પુરુષો પોતાનાં કર્તવ્યકર્મો ભૂલી ગયા. જાતિભેદ પણ તૂટી ગયો. બ્રાહ્મણ અને શૂદ્ર ઓળખી શકાતા નહોતા. બળ, પરાક્રમ, જ્ઞાન, ગૌરવ, જાતિ, વર્ણ, સૌનો લય થયો; માત્ર એક ભોજનજ સર્વને મોક્ષ આપનારી વસ્તુ જણાવા લાગી. ચતુર્વર્ણોએ જાતિભેદ દૂર કરી નાખ્યો. કેવળ ક્ષુધાની પીડાથીજ સર્વનો નાશ થવા લાગ્યો. મનુષ્યો ફળ, મૂળ, કંદ, વૃક્ષ, પત્ર અને વૃક્ષની છાલસુદ્ધાં ખાવા લાગ્યા. અરે! અંતે મનુષ્ય મનુષ્યને પણ ખાવા લાગ્યા! નગરો અને ગામો ઉજ્જડ થઈ ગયાં. કુટુંબોનાં કુટુંબો નાશ પામવા લાગ્યાં. જળાશયોમાં મત્સ્યાદિ પ્રાણીઓ પણ રહ્યાં નહિ. આવી દુર્દશામાં સપડાયેલા લોકોની સર્વ આશા અને શ્રદ્ધા નષ્ટ થઈ ગઇ.[1]

સંવત ૧૭૧૭ (ઇં૦ સ૦ ૧૬૬૧)માં આ પ્રકારનો ભયંકર દુર્ભિક્ષ મેવાડમાં પડયો હતો. દુર્ભિક્ષની પીડાથી લોકો દુઃખિત થઇ રહ્યા હતા એવામાં દુષ્ટાત્મા ઔરંગઝેબે તે દેશપર આક્રમણ કર્યું. તેના અત્યાચારથી દુષ્કાળપીડિત મેવાડવાસીઓની દુર્દશામાં અધિક વૃદ્ધિ થઇ; પરંતુ પાદશાહને તેના પૈશાચિક અત્યાચારોનું પ્રતિફળ યથાર્થ પ્રકારે ભોગવવું પડયું હતું. આ પાદશાહને ઇતિહાસવેત્તાઓએ મોગલકુલકલંક કહ્યો છે. તેના વંશજો મોગલસામ્રાજ્ય ખોઇ બેઠા તેનું કારણ પણ તેજ હતો. મોગલસામ્રાજ્યના અંત ઉપરથી જગતમાં કોઈ પણ અન્યાયી, અત્યાચારી રાજકર્તાનું ગૌરવ ચિરસ્થાયી રહેતું નથી, એ સૃષ્ટિનો અચળ નિયમ સત્ય ઠરે છે.

૧. ઉપર્યુક્ત વર્ણન "રાજવિલાસ" માંથી લેવામાં આવ્યું છે.

# अध्याय १३ मो

રાણા જયસિંહ અને તેમના સમકાલીન ભ્રાતાસંબંધે ચાલતી એક વાત-રાણા અને રાજકુમાર અજીમની વાત-સંધિ થવી-સંધિ તૂટી જવી-રાણાજીએ બંધાવેલું જયસમંદ સરોવર-સાંસારિક લડાઈઝગડા-યુવરાજ અમરસિંહનો વિદ્રોહ-રાણાનું મૃત્યુ-અમરસિંહનો રાજ્યાભિષેક-ઔરંગઝેબના ઉત્તરાધિકારી સાથે તેમને થયેલી સંધિ-યુદ્ધ સંબંધે કરેલો વિચાર-જજીઆવેરો નાખવો-ઔરંગઝેબના પંજામાંથી રાજપૂતોની થયેલી મુક્તિ-ઔરંગઝેબનું મૃત્યુ-રાજ્યમાં ઝગડો-મોગલસિંહાસનપર બહાદુરશાહનો અભિષેક-શીખોએ સ્વતંત્ર થવાને કરેલો પ્રયાસ-મેવાડ અને અંબરરાજ્ય વચ્ચે થયેલી એકતા-તેમનું પરસ્પર વૈર-બહાદુરશાહનું મૃત્યુ-ફર્રુખશીઅરનો અભિષેક-મારવાડની રાજકુમારી સાથે થયેલો તેનો વિવાહ-ભારતવર્ષમાં બ્રિટિશ પ્રબળતાનો સૂત્રપાત-પાદશાહની સાથે રાણાજીએ કરેલી સંધિ-જાટોની સ્વાધીનતા-રાણા અમરસિંહનો સ્વર્ગવાસ-તેમનું ચરિત્ર.

રાજપૂતકુલકેસરી વીરશ્રેષ્ઠ રાજસિંહ સમસ્ત રાજસ્થાનની ભૂમિને વિષાદરૂપી અંધકારમાં લીન કરીને અકાળે આ લોકમાંથી વિદાય થઇ ગયા. પછી સંવત ૧૭૩૭ (ઈ૦ સ૦ ૧૬૮૧)માં તેમના દ્વિતીયપુત્ર જયસિંહ મેવાડના સિંહાસનપર અધિષ્ઠિત થયા. જયસિંહના જન્મપ્રસંગે જે ઘટના બની હતી, તેનું વૃત્તાંત વાંચવાથી રાજપૂતજાતિના એક સુપ્રસિદ્ધ આચારનો પરિચય પ્રાપ્ત થાય છે. આ ઘટનાને અત્રે અત્યંત આવશ્યક માનીને અમે તેનો ઉલ્લેખ કરીએ છીએ. જયસિંહનો જન્મ થયા પૂર્વે અલ્પ સમયપર તેની સાવકી માતાને પુત્ર જન્મ્યો. આનું નામ ભીમસિંહ હતું. કુમારનો જન્મ થતાંજ રાજપૂતો તેના હાથમાં “અમરધવ” નામના એક પ્રકારના ઘાસનું કડું પહેરાવે છે.

મહારાણાને નાના પુત્રની માતાપર અત્યંત અનુરાગ હતો તેથી તેમણે તેના હાથમાં અમરધવ પહેરાવ્યું. જાણે ભૂલથી આ કાર્ય ન થયું હોય તેવો ભાવ રાણાએ દર્શાવ્યો; પરંતુ વાસ્તવમાં તેઓ સત્ય હકિકત મનમાં સારીપેઠે જાણતા હતા. ઉભય બંધુઓ શૈશવકાળમાંથી ધીમે ધીમે તારુણ્યમાં પ્રવેશવા લાગ્યા. પોતાનો નાના પુત્રપર અધિક પ્રેમ હતો, તેથી જ્યેષ્ઠકુમાર રખેને તેની સાથે ઝગડો કરશે એવી આશંકાથી રાણાએ એકવાર ભીમસિંહને પોતાની સમક્ષ બોલાવ્યા અને પોતાની તલવાર મ્યાનમાંથી કાઢી તેમને આપી ગંભીર સ્વરથી કહ્યું: “આ તલવાર લઇને તું શીઘ્ર તારા કનિષ્ઠ ભ્રાતાને મારી નાખ; નહિ તો ભવિષ્યમાં આ રાજ્યમાં ઘોર વિપત્તિ આવી પડવાનો સંભવ છે.” ઉદારહૃદય તેજસ્વી ભીમસિંહ પોતાના પિતાનાં આ વચનો સાંભળી લેશ પણ વિસ્મિત થયા નહિ. પિતાજી કેવા દુઃખથી આ વચનો કહે છે, તે ભીમસિંહ સારીપેઠે સમજી ગયા હતા. પોતાના પિતાના હૃદયનું દુઃખ નિવૃત્ત કરવાને માટે ભીમસિંહે સ્થિર અને અડગ રીતે ઉત્તર આપ્યો: “હે પિતા! આપ લેશ પણ શંકા

રાખશોજી. હું આપના સિંહાસનને સ્પર્શ કરીને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે હું આ રાજ્યનો સર્વ અધિકાર જયસિંહને આપી દઉંછું. આજથી મેં આ રાજ્યનો પરિત્યાગ કર્યો છે, એમ સમજો. હું આપનાં ચરણોને સ્પર્શ કરીને કહું છું કે જો હું આજ પછી દેવારી ગિરિમાર્ગમાંના જળના એક બિંદુનું પણ પાન કરૂં તો હું મહારાણા રાજસિંહનો પુત્ર નહિ." આ વચનો બોલી ભીમસિંહે પોતાના પિતા પાસેથી વિદાય લીધી. તેમણે પોતાના સૈનિકો અને સામંતોને બોલાવ્યા અને ભાગ્યદેવીપર શ્રદ્ધા રાખીને તેની કૃપા પ્રાપ્ત કરવાને માટે તેમની સાથે તેઓ ઉદયપુરથી નીકળીને ચાલ્યા ગયા.

ગ્રીષ્મઋતુનો મધ્યાહ્ન કાળ છે; સૂર્યદેવ આકાશમાં વિરાજમાન થઈ પોતાનાં અગ્નિસમાન કિરણો ફેલાવી પૃથ્વીને દગ્ધ કરી રહ્યા છે; પ્રકૃતિ સ્થિર, ગંભીર અને નિશ્ચલ છે; વૃક્ષનું એક પાનસુદ્ધાં હાલતું નથી. ઉદયપુરની સામે આવેલો દેવારી ગિરિમાર્ગ મધ્યાહ્ન કાળનાં તીક્ષ્ણ સૂર્યકિરણોથી તપ્ત થઇને એક મહા વિશાળ અગ્નિકુંડસમાન બની રહ્યો છે. આ સમયે ભીમસિંહે પોતાની ઘોડેસ્વાર સેનાને લઇને ઉક્ત માર્ગમાં પ્રવેશ કર્યો. અત્યંત તાપ પડતો હોવાથી તેમનું સમગ્ર શરીર પ્રસ્વેદથી ભીંજાઇ ગયું હતું. હવે તેમનામાં આગળ જવાનું સામર્થ્ય રહ્યું નહિ, તેથી તેમણે વિશ્રામ કરવાને માટે ઘન વૃક્ષછાયા નીચે મુકામ કર્યો. વૃક્ષછાયા નીચે બેસીને તેઓ પોતાની અવસ્થાનો વિચાર કરી પોતાની જન્મભૂમિ તરફ એક વાર દૃષ્ટિપાત કરવા લાગ્યા. તેમનું હૃદય ભરાઈ આવ્યું. તેઓ દીર્ઘ નિઃશ્વાસ નાખવા લાગ્યા. તેમનાં નેત્રોમાંથી અશ્રુધારા નીકળી પૃથ્વીપર પડવા લાગી. તેઓ ગાદીવારસ હોવાથી મેવાડપર રાજ્ય કરી શકયા હોત; પરંતુ વિધાતાની વક્રદૃષ્ટિથી તેમને સ્વદેશનો ત્યાગ કરવો પડયો અને તેઓ સંસારરૂપી વમળમાં ગોથાં ખાવા લાગ્યા; પણ તેજસ્વી ભીમસિંહ પોતાની આવી દુર્દશા જોઇ લેશ પણ હતાશ થયા નહિ. તેમને પોતાનાં બાહુબળ અને હૃદયની દૃઢતાપર સંપૂર્ણ વિશ્વાસ હતો. તેઓ સારી રીતે જાણતા હતા કે ગમે તેવા સંકટમાં આવી પડયા છતાં પણ હું મારાં બાહુબલ અને હૃદયની દૃઢતાદ્વારા તેમાંથી મુક્ત થઇ શકીશ. તેમણે ધૈર્ય ધારણ કરી નિરુત્સાહ અને નિરાશાને તિલાંજલિ આપી. થોડી વારે તેમને તૃષાની અત્યંત પીડા થવા લાગી, તેથી તેમણે પોતાના એક અનુચરને જળ લાવવાની આજ્ઞા કરી. અનુચરે નિકટના ઝરણમાંથી ચાંદીના પાત્રમાં જળ લઇ આવ્યો અને ભીમસિંહને તે પીવાને માટે આપ્યું. ભીમસિંહે શીતળ જળથી ભરેલું પાત્ર હસ્તમાં ગ્રહણ કર્યું અને તેઓ તેને મુખ સાથે અડાડવાની તૈયારીમાં હતા એટલામાં તેમના હૃદયમાં એક જૂદાજ પ્રકારના ભાવનો ઉદય થયો. તેમણે તરતજ જળને પૃથ્વીપર ઢોળી દીધું અને પાત્રને ઝરણ તરફ ફેંકી દીધું. પછી તેઓ બોલ્યા:"હે વનદેવિ! મારો અપરાધ ક્ષમા કરજો. મેં ભૂલ કરી હતી. હું મારી પ્રતિજ્ઞા ભંગ કરવાની અણીપર આવી પહોંચ્યો હતો. આ દેવારી ગિરિમાર્ગના જળનું એક બિંદુ પણ મારે પ્રાશન કરવું જોઇએ નહિ." ત્યારપછી રાજકુમાર ભીમસિંહ અશ્વારૂઢ થયા અને પોતાના અશ્વને ચાબુક ફટકાવી સેનાસહિત ગિરિમાર્ગની બહાર નીકળી ગયા. તેઓ જન્મભૂમિનો ત્યાગ કરી પાદશાહના પુત્ર બહાદૂરશાહની પાસે ગયા. બહાદૂરશાહે પરમ આદર અને સન્માનસહિત ભીમસિંહનું સ્વાગત કર્યું અને તેમને ત્રણ હજાર ઘોડેસ્વારોના સેનાપતિ બનાવ્યા. વળી તેણે તેમના નિર્વાહને માટે બાર પ્રગણાં અર્પણ કર્યાં; પરંતુ મોગલસામ્રાજ્યના વડા સેનાધિપતિ સાથે તેમને કલહ થવાથી બહાદૂરશાહે તેમને અલ્પ સમયમાં સિંધુ નદીને પેલે પાર મોકલી દીધા. શોકની વાત છે કે કાબૂલ દેશમાંથી પુનઃ આ દેશમાં આવવાનું ભીમસિંહના ભાગ્યમાં નહોતું. તેઓ અવિચારીપણાથી શીઘ્રતાથી દોડતા ઘોડાપર ઉભા રહી વૃક્ષશાખાને પકડી તે સાથે ઝુલવા જતાં અકાળ મૃત્યુ પામ્યા હતા. [1]

હવે અમે મહારાણા જયસિંહસંબંધે વિવેચન કરીશું. રાજસિંહાસનપર આધષ્ઠિત થયા પછી થોડા દિવસમાં તેમણે ઔરંગઝેબની સાથે સંધિ કરી. પાદશાહનો પુત્ર અજિમ અને મોગલસરદાર દિલેરખાં સંધિપત્ર લઇ રાણાની પાસે ગયા. રાણાએ ઉત્તમ પ્રકારે તેમનો આદરસત્કાર કર્યો. તેઓ

૧ ભીમસિંહના વંશજ મુનિરાજદ્વારા મહાત્મા ટૉડે આ વૃત્તાંત સાંભળ્યું હતું. એમ કહેવાય છે કે ભીમસિંહ એક એક અશ્વારોહી હતા. અશ્વ શીઘ્રતાથી ચાલતો હોય તોપણ તેઓ તેની પીઠપર ઉભા થઇને વૃક્ષોની શાખાને પકડી લઇ તેપર ઝુલતા હતા. અફસોસ! આ વીરતાભરેલું કાર્ય કરવાથીજ તેમને આ લોકમાંથી અકાળે વિદાય લેવી પડી.

મેવાડની સપાટભૂમિમાં ઉક્ત મોગલરાજકુમાર તથા મોગલસરદારને મળ્યા હતા. તેઓ દશ હજાર અશ્વારોહી તથા ચાળીસ હજાર પાયદલ સૈનિકોની સાથે મેવાડનાં વિસ્તૃત ક્ષેત્રોમાં ઉભા રહી અજિમ તથા દિલેરખાંની વાટ જોવા લાગ્યા. આ મહાન દૃશ્ય જોવાને માટે અસંખ્ય મેવાડવાસીઓ તે સ્થળે એકત્રિત થયા. દીર્ઘકાળ પછી પરમપ્રિય વસ્તીવાળા પ્રદેશનું દર્શન થવાથી લોકોને પરમાનંદ પ્રાપ્ત થયો. તેઓ પર્વતમય પ્રદેશનો ત્યાગ કરી વિસ્તૃત ક્ષેત્રોમાં આવી આવીને ઉભા રહ્યા. સર્વ લોકોનાં મુખારવિંદપર આશા, ઉત્સાહ અને આનંદની પ્રભા પ્રકાશી રહી હતી. જય અને આનંદના ધ્વનિથી આકાશમંડલને કંપાયમાન કરતા તે લોકો ત્યાં ઉભા રહ્યા હતા; એટલામાં અજિમ અને દિલેરખાં પોતાના કેટલાક અંગરક્ષકોને લઇને તે સ્થાને આવી પહોંચ્યા. તેમને જોતાંજ રાજપૂતોએ "જય! મહારાજ જયસિંહજીની જય!" એવો ગંભીર જયનાદ કરી દિગંતને ગજાવી મૂક્યું. લાખો માણસોના ઉચ્ચ સ્વરથી થયેલો જયનાદ પ્રતિધ્વનિત થઇ આકાશમાં ગુંજવા લાગ્યો. ઉભય મોગલરાજપુરુષોને મહારાણાએ ઉચિત આદરસન્માન આપ્યું. રાણા જયસિંહે દિલેરખાંને ગિરિસંકટમાં બચાવ્યો હતો, તેથી તેણે મહારાણાનો અનેક વાર આભાર માન્યો અને તેમના સ્વર્ગસ્થ પિતા વગેરે સજ્જનોને સહસ્ર વાર ધન્યવાદ આપ્યો. રાણાની પ્રચંડ સેના જોઇ અજિમ મનમાં કિંચિત્ ભયભીત થયો; પરંતુ દિલેરખાં રાજપૂતોની ઉદારતા અને મહાનતા સારીપેઠે જાણતો હતો, તેથી તેને લેશ પણ ભીતિ કિંવા ચિંતા થઇ નહિ. તે સારીપેઠે જાણતો હતો કે વીરહૃદય રાજપૂતો કદિ પણ વિશ્વાસઘાત કરતા નથી અને તેઓ પોતાને ઘેર આવેલા શત્રુઓપર પણ કદિ અત્યાચાર કરતા નથી. તેણે મનમાં ધાર્યું કે:—"જે જયસિંહે વૈર લેવાની સંધિ મળેલી હોવા છતાં પણ મારાપર અનુગ્રહ કરી મને છોડી દીધો હતો, તેજ જયસિંહ શું આજે પોતાને ઘેર આવેલા શત્રુપર અત્યાચાર કરશે?" જો કે હીનબુદ્ધિ અજિમને રાજપૂતોપર વિશ્વાસ નહોતો, પરંતુ બુદ્ધિમાન દિલેરખાંને તેમનાપર કિંચિત્ પણ સંદેહ આવ્યો નહિ. રાણાજીએ તેને સન્માન આપ્યું તેથી તેને અત્યંત આનંદ પ્રાપ્ત થયો. સંધિકાર્ય સમાપ્ત થયું. અકબરના વિદ્રોહાચરણમાં તેમણે જે સહાય કરી હતી, તેના દંડતરિકે તેમને પાદશાહને ત્રણ પ્રગણાં આપી દેવાં પડયાં. વળી પાદશાહની આજ્ઞાનુસાર અજિમે જયસિંહને જણાવ્યું કે તમે આજથી તમારો લાલ ઝુંડો અને છત્ર વાપરી શકશો નહિ; પરંતુ આ દંડ નામમાત્રનોજ હતો. કેવળ પાદશાહનું માન રાખવાને માટેજ મહારાણાએ આ શરત માન્ય રાખી હતી ;પરંતુ મહારાણાને આ શરત મંજુર રાખવાથી લાભજ થયો. દિલેરખાંએ વિદાય લેતી વખતે મહારાણાને જે વચનો કહ્યાં હતાં, તે પરથી અમારા ઉપર્યુક્ત કથનની સત્યતા સિદ્ધ થાય છે. જયસિંહની પાસેથી વિદાય લેતી વખતે મોગલસેનાપતિએ નમ્રતાપૂર્વક મહારાણાને જણાવ્યું કે:—"આપના સરદારો સ્વભાવથીજ કઠોર છે અને મારા પુત્રને આપના હિતની રક્ષાને માટે આપના તાબામાં સોંપવામાં આવ્યો છે. એના જીવનના બદલામાં બનશે ત્યાંસુધી આપની પૂર્ણ સ્વાધીનતા રક્ષવામાં હું જરા પણ ત્રુટિ કરીશ નહિ. આપ નિશ્ચિંત રહેશો. આપના સ્વર્ગસ્થ પિતા સાથે મારે મિત્રતા હતી."

રાજપૂતોના મિત્ર દિલેરખાંનો ઉદ્યોગ સફળ થયો નહિ. તેણે રાજપૂતોના હિતનું રક્ષણ કરવાને માટે પ્રચંડ ઉદ્યોગ કર્યો હતો; પરંતુ તે ભવિતવ્યની અનિવાર્ય ગતિ રોકી શક્યો નહિ. દિલેરખાંનો ઉદ્યોગ વિફળ થયા પછી મહારાણાએ પોતાના ખડ્ગ ઉપર વિશ્વાસ રાખ્યો. રાજસિંહાસનપર બેઠા પછી ચાર પાંચ વર્ષે તેમને કામોરીમોગલોના ભીષણ આક્રમણથી પોતાની રક્ષા કરવા માટે પુનઃ પર્વતમાં જઇ આશ્રય ગ્રહણ કરવો પડયો હતો. કોઇ કોઈ વખત તેમણે પર્વતમાંથી બહાર આવીને પણ તેમની સાથે યુદ્ધ કર્યું હતું. રાજ્યની આ પ્રકારની દુર્દશાના સમયમાં રાણાજીનું વિપુલ ધન ખર્ચાઇ ગયું હતું; પરંતુ મહારાણાએ આ વ્યય વેઠીને પણ અનંત કીર્તિ પ્રાપ્ત કરી હતી. આ પરથી જણાશે કે ખરેખર મેવાડભૂમિ રત્નગર્ભા છે. પુણ્યસલિલા ગિરિતરંગિણીની વચ્ચે મહારાણાએ એક પુસ્તો બાંધી "જયસમંદ" નામનું એક વિશાળ સરોવર બનાવ્યું. ભારતવર્ષમાં જેટલાં તળાવો છે, તે સર્વમાં "જયસમંદ" સર્વથી મોટું છે. પ્રકૃતિની અનુકૂળતાથી "જયસમંદ" સરોવર બહુ સુગમતાપૂર્વક બાંધી શકાયું હતું. જે સ્થાને આ સરોવર બંધાવ્યું છે, ત્યાં પ્રથમ ઢેવર નામનું એક નાનું તળાવ હતું. આ તળાવને વિસ્તૃત કરીને મહારાણાએ તેની ચારે તરફ બંધ બાંધી લીધો. આ જયસમંદનો ઘેરાવો પંદર કોશથી

ઓછો નથી. જયસમંદને લીધે ખાસ કરીને ધાન્યનાં ક્ષેત્રોને ઘણો ફાયદો થયો. આ સરોવરને તટેજ મહારાણાએ પોતાની પ્રિય રાણી કમલાદેવીને માટે એક શોભાયમાન મહાલય બંધાવ્યો હતો.

ગૃહકલહને લીધે મહારાણાનું શેષ જીવન અત્યંત દુઃખિત અવસ્થામાં વ્યતીત થયું. તેમના હૃદયની શાંતિનો બહુધા લોપ થયો. આ ઝગડાનું મૂળ વિશેષાંશે તેમની સ્ત્રીપરાયણતા હતી. આ અનર્થકારક વૃત્તિથી તેમનું સન્માન અને ગૌરવ એ સર્વનો લોપ થયો. જયસિંહની જેટલી રાણીઓ હતી, તે સર્વમાં તેમના જ્યેષ્ઠકુમાર અમરસિંહની માતાજ સૌથી વડી હતી. આ રાણી બૂંદીના હાડાકુલમાં ઉત્પન્ન થઇ હતી. આ હાડાકુલે ગિહલોતકુળ ઉપર અનેક ઉપકારો પણ કર્યાં હતા અને અનેકવાર અનિષ્ટ પણ તે કુલદ્વારાજ થયું હતું. હાડારાજકુમારી સર્વ રાણીઓથી વડી હતી, તેટલા માટે ધર્માનુસાર તેનાપરજ રાણાએ અધિક અનુરાગ રાખવો ઉચિત હતો; પરંતુ તેઓ કામને વશ થઇ પોતાની વડી રાણી ઉપર સ્નેહ રાખવાને બદલે નવીન રાણી કમલાદેવીપર અત્યંત આસક્ત થયા. કમલાદેવી નાની હોવા છતાં પણ પોતાના સ્વામીદ્વારા અધિક સન્માનને પ્રાપ્ત થઇ, તેથી તે પોતાની શોકયની સાથે વૈરભાવ રાખવા લાગી. આ વૈરભાવને લીધે રાજકુટુંબમાં ઝગડો ઉત્પન્ન થયો. આ ઝગડાને લીધે શત્રુઓ વિશેષ પ્રબળ થયા અને મેવાડનું રાજ્ય અત્યંત હીન દશાને પ્રાપ્ત થયું. માંહોમાંહેના અનર્થકારક લડાઇઝગડાથી મેવાડ રાજ્યની જે ખરાબી થઇ તે શત્રુઓના આક્રમણથી પણ થઈ હોત નહિ. ભારતવર્ષના રાજાઓ એક કરતાં અધિક રાણીઓ પરણે છે તેથી જે નુકસાન થાય છે, તે આ વૃત્તાંતપરથી સ્પષ્ટ રીતે સમજાશે. પ્રતિષ્ઠા અને મહાનતાની પ્રાપ્તિને માટે ભારતવર્ષના અન્યાન્ય રાજાઓ જે કુરીતિનું અવલંબન કરી રાજ્યમાં મહાન અનર્થ ઉત્પન્ન કરતા હતા, તેનું અવલંબન ગિહલોતકુલના રાજાઓ કદિ પણ કરતા નહોતા, એ મેવાડનો ઇતિહાસ વાંચવાથી સારી રીતે સમજાશે. બાપ્પા રાવલના વંશજો ઉત્તમ પ્રકારે રાજશાસન ચલાવતા હતા. આ વંશના રાજકુમારોને ઉત્તમ રાજનીતિનું શિક્ષણ આપવામાં આવતું હતું અને તે કારણથી તેમનું ચરિત્ર અત્યંત ઉન્નત થતું હતું.

અમરસિંહની માતાપ્રત્યેનો કમલાદેવીનો વૈરભાવ દિવસાનુદિવસ વૃદ્ધિંગત થતો ગયો. અંતે તે એટલો બધો પ્રબળ થઇ ગયો કે તે ઉભયનું સાથે રહેવું પણ અસંભવિત થઈ ગયું. જે જયસિંહે આ સમયપૂર્વે ઔરંગઝેબ સાથેના યુદ્ધમાં અદ્ભુત વીરતા અને પ્રચંડ પરાક્રમ પ્રકાશિત કર્યું હતું, તેમણે આ ગૃહકલહમાંથી મુક્ત થવાને માટે પોતાની વડી રાણીને છોડી પોતાની પ્રાણપ્રિય [1]કમલાદેવીને માટે આ સરોવરને તટે એક શોભાયમાન મહાલય બંધાવ્યો હતો. તેઓ પોતાનું રાજ્ય તથા કુમાર અમરસિંહને પાંચોલી મંત્રીના હાથમાં સોંપી ઉક્ત ચિત્તવિનોદિનીના પ્રેમમાં લુબ્ધ બની અત્યંત પ્રમાદી જીવન ગાળવા લાગ્યા; પરંતુ ત્યાં પણ તેઓ શાંતિ પામી શકયા નહિ. તેમના પુત્રો તોફાન કરવા માંડયા, તેથી તેઓ તે સ્થાન છોડી શીઘ્ર પાટનગરમાં આવ્યા. અમરસિંહે યુવાવસ્થાની ચંચળતાથી એક મદોન્મત્ત હાથીને નગરમાં છોડી મૂકયો. આ કિંવા કોઈ ઇતર કારણથી મંત્રીએ કુમારનો તિરસ્કાર કર્યો, આથી ક્રોધે ભરાઇ રાજકુમારે મંત્રીનું ઘોર અપમાન કર્યું. આ હકિકત મહારાણાને કાને પહોંચી. પોતાના પુત્રનું આવું દુર્વર્તન જોઈ મહારાણા પોતાના મનમાં અત્યંત શંકિત થયા અને અમરસિંહને ઉચિત શિક્ષા કરવાને માટે પોતાનો એકાંત વાસ છોડી, માર્ગમાં ચિતોડપુરીનું દર્શન કરી ઉદયપુર આવ્યા; પરંતુ નિર્બુદ્ધિ અમરસિંહે પોતાના પિતાના આગમનની પણ વાટ જોઇ નહિ. તેણે રાણાનો પ્રમાદ તથા અધર્મનો વિચાર કરી અને પોતાની માતાની આજ્ઞા સાંભળી પિતાની સાથે વૈર કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી. તે શીઘ્ર બૂંદીમાં પોતાના મામા હાડારાજાની પાસે ગયો અને દશહજાર શસ્ત્રસજ્જીત સૈનિકોને પોતાની સાથે લઇ પિતાના રાજ્યપર ચઢી આવ્યો. આ સમયે મેવાડના સરદારોએ પણ અમરસિંહને સહાય કરી હતી. અનેક સરદારો અને સામંતો આળસુ રાજાનો પરિત્યાગ કરી અમરસિંહના પક્ષમાં જઇ ભળ્યા. રાણા મહાસંકટમાં આવી પ્રડયા. આ અનિવાર્ય યુદ્ધમાંથી બચવાનો કોઇપણ ઉપાય નહિ જોઇ તેઓ અંતે અરવલ્લી પર્વત ઓળંગીને પોતાના રાજ્યમાંથી ગુહવાડરાજ્યમાં નાસી ગયા અને ત્યાંના મુખ્ય માંડલિક રાજાને પોતાના પુત્રને સમજાવવા માટે મોકલ્યા; પરંતુ [illegible] સહાય

1 કમલાદેવીનો જન્મ પરમારકુલમાં થયો હતો. તેના [illegible] રાણી [illegible] નામથી પ્રસિદ્ધ છે.

મળવાથી અમરસિંહ ગર્વિત થઇ ગયો હતો તેથી તેણે તેની એક પણ વાત સાંભળી નહિ અને ખજાનો હસ્તગત કરવાને માટે તેણે પોતાની સેના લઇને કમલમેર તરફ કૂચ કરી. દિઆસરદારના હાથમાં આ નગરનો શાસનભાર હતો. આ સરદાર વિદ્વાન અને ચતુર યોદ્ધો હતો. જો કે વિદ્રોહી અમરસિંહની પાસે મોટી સેના હતી, તથાપિ તે સરદારે રાજકુમારનો સર્વ પરિશ્રમ નષ્ટ કરી દીધો. વિફલમનોરથ થવા છતાં પણ અમરસિંહ પોતાના પિતાની સાથે સંધિ કરવાને તત્પર થયો નહિ; પરંતુ જ્યારે તેણે જાણ્યું કે રાઠોડ લોકો આ વિદ્રોહાનલ શાંત કરવાને પ્રયત્ન કરે છે અને મેવાડના અનેક સામંતો ગુપ્ત રીતે મેવાડનું રાજ્ય હસ્તગત કરવાને પ્રયાસ કરે છે તથા રાણાના સામંતોએ ઝિલવાડાના ગિરિમાર્ગની રક્ષા કરવાને માટે પ્રાણવિસર્જન કરવાની પ્રતિજ્ઞા લીધી છે,[1] ત્યારે તે ભયભીત થયો અને પોતાના પિતાની સાથે સંધિ કરવાનો વિચાર કરવા લાગ્યો. પછી ઉભયવચ્ચે સંધિ થઇ. ભગવાન એકલિંગજીના મંદિરમાં જઇ પિતાપુત્ર ઉભયે સંધિપત્રપર હસ્તાક્ષર કર્યા. આ સંધિઅનુસાર એવો નિશ્ચય કરવામાં આવ્યો કે રાણાએ જયસમંદ છોડી પાટનગરમાં આવવું અને અમરસિંહે તે નિર્જન મહાલયમાં જઈ પિતાના જીવનકાળપર્યંત ત્યાંજ નિવાસ કરવો.

રાણા જયસિંહે વીસ વર્ષપર્યંત રાજ્ય કર્યું. સુકુમાર અવસ્થામાં તેમણે જે ઉચ્ચ ગુણોનો પરિચય કરાવ્યો હતો, તે ઉચ્ચ ગુણો જો પાછળથી પણ તેમનામાં સ્થાયી રહ્યા હોત તો તેઓ સુગમતાથી મોગલોના હાથમાંથી પોતાના દેશની સ્વાધીનતાનો ઉદ્ધાર કરી શકત; પરંતુ સ્ત્રીપરાયણતાએ તેમનું સત્યાનાશ વાળ્યું હતું. સ્ત્રીપરાયણતા રૂપી પાપથી મૂઢ બની તેઓ અત્યંત આળસુ અને કર્મહીન થઇ ગયા. તેમણે બાલ્યાવસ્થામાં જે યશ તથા ગૌરવ પ્રાપ્ત કર્યાં હતાં તે તેઓ પાછળથી ચિરકાળને માટે ખોઇ બેઠા અને જો તેમણે મહાપ્રચંડ જયસમંદ ન બંધાવ્યું હોત તો તેમનું નામ પણ મેવાડના ઇતિહાસમાંથી લુપ્ત થઇ જાત.

રાણા જયસિંહનો સ્વર્ગવાસ થયા પછી તેમના જ્યેષ્ઠકુમાર અમરસિંહ (બીજો) સંવત ૧૭૫૬ (ઇ૦ સ૦ ૧૭૦૦) માં સિંહાસનપર અધિષ્ઠિત થયા. અમરસિંહ નામનું જે માહાત્મ્ય છે તેનો અધિકાંશ એમનામાં હતો. એમના પૂર્વજ અમરસિંહની વીરતા અને મહાનતા ઘણે ભાગે એમનામાં હતી; પરંતુ એમને પોતાના પિતાની સાથે જે અત્યંત વૈરભાવ હતો, તેથી મેવાડભૂમિનું ઘણું આંતરિક બળ નષ્ટ થઈ ગયું હતું. જો અમરસિંહે પોતાના પિતાની સાથે વૈર બાંધી પોતાના રાજ્યનું બળ નષ્ટ કરી નાખ્યું ન હોત તો મોગલસામ્રાજ્યની અવનતિ થઇ તે વખતે મેવાડભૂમિ પોતાના નષ્ટ થયેલા ગૌરવને પુનઃ પ્રાપ્ત કરી લેત; પરંતુ મેવાડભૂમિ ભાગ્યહીન હતી, નહિ તો વીરશ્રેષ્ઠ દેશભક્ત રાજસિંહનો પુત્ર જયસિંહ સ્ત્રીપરાયણ શામાટે નિવડયો હોત? રાણા રાજસિંહ અને તેમના રાજ્યનું વૃત્તાંત વાંચવાથી સ્પષ્ટ રીતે વિદિત થાય છે કે રાજાના ચારિત્ર્ય ઉપરજ રાજ્યનું સુખદુઃખ નિર્ભર રહે છે. રાજપૂતકુલગૌરવ, સ્વદેશાનુરાગી, વીરકેસરી રાજસિંહે પોતાની સ્વભાવસિદ્ધ વીરતા, મહાનતા અને તેજસ્વિતાના બળથી પોતાની પ્રજાનાં હૃદયમાં જ્વલંત સ્વદેશાનુરાગ તથા આત્મોસર્ગ ઉત્પન્ન કર્યો હતો. તેમણે અસીમ સ્વદેશાનુરાગ અને આત્મોસર્ગના પ્રભાવથી મોગલ પાદશાહની વિપુલ સેનાની વિરુદ્ધ ખડ્ગધારણ કરી પાદશાહને, તેના પુત્રોને તથા તેની રણવિશારદ સેનાને પરાસ્ત કરી હતી; પરંતુ તેમના ઉત્તરાધિકારી મેવાડવાસીઓની સહાય અને સહાનુભૂતિ હોવા છતાં મેવાડભૂમિને એવી હીન દીનદશામાં છોડી ગયા કે બીજો કોઇ વીર હજારો પ્રયત્ન કર્યા છતાં પણ આ દુર્દશામાંથી તેનો ઉદ્ધાર કરી શકયો નહિ.

રાજસિંહાસનપર બેઠા પછી થોડા દિવસમાંજ અમરસિંહે દિલ્લીના સમ્રાટના ઉત્તરાધિકારી શાહઆલમની સાથે સંધિ કરી લીધી. આ સંધિ કરવામાં તેની વિલક્ષણ દુરદર્શિતાનો ઉત્તમ પરિચય આપણને મળે છે. જે સમયે તેઓ પોતાના પિતાના સિંહાસનપર બેઠા, તે સમયથી મોગલ રાજવંશમાં ભયંકર ગૃહકલહનો પ્રવેશ થયો હતો. મોગલોના રાજ્યની આવી દુર્દશા જોઈ દુરદર્શી મહારાણા અમરસિંહે ભાવી મોગલસમ્રાટની સાથે સંધિ કરી લીધી. આ સંધિ ગુપ્ત રીતે કરવામાં આવી હતી. જે સમયે શાહઆલમ સિંધુનદીને પેલે પાર ગયો હતો તે સમયે મેવાડની સેના તેને સહાય કરવાને

[1] આ પ્રસંગે જે કેટલાક સરદારો રાણાના પક્ષમાં લડ્યા હતા, તેમાં બિજોલીના બેરીસાલ, સાદડીના કુંડલસિંહ, ગનોરાના અપાબદાર અને દેલવારીના સોલંકી પણ હતા.

માટે તેની સાથે ગઈ હતી. આ વખતે શક્તાવતસરદાર મેવાડની સેનાના સેનાધિપતિ હતા. તેમણે ત્યાં મહાપ્રચંડ પરાક્રમ દાખવ્યું હતું. એમ કહેવાય છે કે આ ઉત્તમ પ્રસંગે દૂરના દેશમાં શાહઆલમની સાથે સંધિ કરી લેવામાં આવી હતી. [૧]

જે દ્વારા મોગલ રાજકુલનો નાશ થયો અને જે દ્વારા શ્વેત દ્વીપવાસી બ્રિટિશસિંહની પ્રભુતાનો માર્ગ આ દૂરના દેશમાં સાફ થઈ ગયો, તે ઘટના વિષે વિવેચન કરવું અત્યંત આવશ્યક છે. આ વિવેચનપરથી એક અમૂલ્ય રાજનૈતિક તત્ત્વ આપોઆપ વિદિત થઈ જશે. આ તત્ત્વના મહિમાથી મોહિત થઇને ભારતબંધુ મહાત્મા ટૉડે સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે:–" આ તત્ત્વે અમારી સમક્ષ સંકેતની પેઠે આવીને અમને સાવચેત કરી દીધા છે કે નીતિબળની સહાયવિના કેવળ ખડ્ગના બળથી ભારતવર્ષનું શાસન કરવાથી વિપત્તિમાં પડવું પડશે."

હિંદુઓના વૈરી ઔરંગઝેબની શાસનપ્રણાલી લક્ષમાં લેવાથી મહાત્મા ટૉડના પૂર્વોક્ત કથનની સત્યતા ઉત્તમ પ્રકારે સમજાશે. બલગર્વિત દુરાચારી ઔરંગઝેબ પોતાના અસીમ બળપર વિશ્વાસ રાખીને ધર્માત્મા રાજપૂતોની ઘૃણા કરતો હતો. આથી તેણે પોતાના તથા પોતાના અતિ વિસ્તૃત રાજ્યના મૂળમાં જાતેજ કુહાડીનો પ્રહાર કર્યો. બળથી અંધ બની જવાથી તે પોતાની ખરી અવસ્થાથી પરિચિત નહોતો; પરંતુ આ તો સ્પષ્ટ જણાય છે કે રાજનીતિજ્ઞ અકબરે જે મહાપ્રચંડ રાજ્યનાં મૂળ ઉંડાં જમાવ્યાં હતાં, તે રાજ્ય કેવળ ઔરંગઝેબનાજ દુરાચરણથી કપાયેલાં મૂળવાળાં વૃક્ષની પેઠે કંપાયમાન થતું હતું. ઔરંગઝેબે એક પળ પણ પોતાના રાજ્યના હિતનો વિચાર કર્યો હોત તો મોગલસામ્રાજ્યનો નાશ આટલો જલદી થાત નહિ. વિચાર કરવાથી આ વાત ઉપર દૃઢ વિશ્વાસ બેસે છે કે એક માણસ રાજ્યશાસન ચલાવવામાં ગમે તેટલો ચતુર હોય, રણનીતિમાં ગમે તેટલો કુશળ હોય, તેને ગમે તેટલી સેનાની સહાય હોય ને તે ગમે તેવો પરાક્રમી હોય; તથાપિ જ્યાંસુધી તે પ્રજાનો પ્રેમ સંપાદન કરતો

૧ રાણા અને શાહઆલમ બહાદૂરશાહની વચ્ચે જે સંધિ થઇ હતી, તેના સંધિપત્રપર શાહઆલમના હસ્તાક્ષર છે અને તેણે સ્વહસ્તે લખ્યું છે કે:–" પ્રજાના હિતના જે છ પ્રસ્તાવો શ્રીમાને સાદર કર્યા છે અને મેં સ્વીકાર્યા છે તે ઈશ્વરકૃપાથી લાભદાયક ફળ ઉત્પન્ન કરશે."

આ પ્રસ્તાવો નીચે પ્રમાણે છે:—

(૧) ચિતોડનો જીર્ણોદ્ધાર કરવો.

(૨) ગોહત્યા બંધ કરવી.*

(૩) શાહજહાંના સમયમાં જે જે પ્રદેશો મેવાડની અંતર્ગત હતા તે તે સર્વ પાછા સોંપવા.

(૪) સ્વર્ગસ્થ પાદશાહ અકબરના શાસનકાળની પેઠે હિંદુઓને સંપૂર્ણ સ્વતંત્રતાપૂર્વક પોતાના ઈષ્ટદેવની પૂજા તથા ધર્માચરણ કરવા દેવું.

(૫) આપ જે રાજકર્મચારીને પદભ્રષ્ટ કરશો, તેને મહારાણા કિંચિત્ પણ આદર આપશે નહિ.

(૬) હવે દક્ષિણના યુદ્ધમાં આપને મહારાણા તરફથી સેનાની સહાય મળશે નહિ.+

* ગોહત્યાને હિંદુઓ અત્યંત ઘૃણિત કાર્ય ગણે છે. કર્નલ ટૉડ જણાવે છે કે ગાયની ઉપર હિંદુઓની જે આંતરિક ભક્તિ છે, તે સંબંધે વિચાર કરવાથી આપણને એક મહાન રાજનૈતિક શિક્ષા પ્રાપ્ત થાય છે. ઇ૦ સ૦ ૧૮૧૭–૧૮ માં રાજપૂતોની સાથે બ્રિટિશસરકારને જે સંધિ થઈ હતી, તેમાં જે પ્રસ્તાવો હતા તેમાં ગોહત્યાનું નિવારણ કરવાનો પ્રસ્તાવ પણ હતો.

+ મેવાડની સેના અજીમના પક્ષમાં રહીને દક્ષિણમાં યુદ્ધ કરતી હતી, એ વાતની સત્યતાનું રાણાપર અજીમે લખેલો પત્ર સમર્થન કરે છે. આ પત્ર નીચે પ્રમાણે હતો:—

" રાણા અમરસિંહજીને નિવેદન થાય કે આપની અરજી મને યથાસમયે મળી. આપની માતાસંબંધી સમાચાર વાંચી મને અત્યંત દુઃખ ઉત્પન્ન થયું; પરંતુ લાચાર! વિધાતાના લેખની નિવૃત્તિ કોઇ પણ માણસ કરી શકતો નથી. અમારા કલ્યાણને માટે સદા પ્રાર્થના કરશો. રાજા રાયસિંહે આપને વિષે એક વાત કહી હતી. હું આપને મારા મિત્ર સમજું છું. આપ રાજભક્ત હોવાથી નિશ્ચિંત રહેજો. આપના મહાન પૂર્વજોની સમસ્ત ભૂમિ આપનીજ રહેશે; પરંતુ હાલમાં આપને એક કર્તવ્ય બજાવવાની સંધિ પ્રાપ્ત થઇ છે. વિશેષ વૃત્તાંત આપને આપના નોકર તરફથી જ્ઞાત થશે. મને ભૂલશો નહિ. આપની રાજપૂત સેનાએ અત્યુત્તમ શૌર્ય દર્શાવી કીર્તિ સંપાદન કરી છે."

નથી, જ્યાંસુધી તે પ્રજાને સંતુષ્ટ કરતો નથી, ત્યાંસુધી તે કદિ પણ પોતાના રાજ્યને દૃઢ અને ચિરસ્થાયી બનાવી શકતો નથી. મહાત્મા ટૉડના સમયમાં બ્રિટિશસામ્રાજ્ય હિંદમાં જેટલો ફેલાવો પામ્યું હતું, તેના કરતાં ઔરંગઝેબના સમયમાં મોગલસામ્રાજ્યનો વિસ્તાર અધિક હતો. વળી તેની પાસે રક્ષાની સામગ્રી પણ અત્યંત મોટી અને સુદૃઢ હતી. વળી રાજપૂતોની સાથે મોગલોનો શોણિતસંબંધ પણ ચાલુ થઇ ચુકયો હતો. રાજપૂત લોકોપર અત્યાચાર કરવામાં આવતા હતા તે છતાં પણ તેઓ તેમના રાજાનું હિત સાધવાને માટે અર્થ અને પોતાના પ્રાણનું સુદ્ધાં બલિદાન આપવામાં ત્રુટી કરતા નહોતા. અરે, તેઓ સિંધુનદીને પેલે પાર જઇ કાબુલમાં પણ તેમને માટે લડતા હતા અને તે પ્રદેશમાં વિજય પ્રાપ્ત કરતા હતા. ભારતવાસીઓ ચિરકાલથી રાજ્યભક્ત રહેતા આવ્યા છે. આથી તેઓ રાજાના અત્યાચાર સહન કરીને પણ તેમને માટે પ્રાણાર્પણ કરવાને તૈયાર થતા હતા. ભારતવાસીઓની રાજભક્તિ અકબર સારીપેઠે સમજી ગયો હતો. જહાંગીર અને શાહજહાં પણ અકબરનીજ નીતિ અનુસાર ચાલતા હતા, આથી તેઓ ભારતવાસીઓની રાજભક્તિનો યોગ્ય બદલો આપતા હતા; પરંતુ દુરાચારી ઔરંગઝેબ હિંદુઓની રાજભક્તિનો મહિમા સમજ્યો નહિ. તે હિંદુઓની રાજભક્તિ અને ઉદારતાનો અવળો અર્થ કરતો હતો. તે કહેતો હતો કે હિંદુઓ મારા પ્રચંડ બળથી ભયભીત થઈને મારે શરણે આવે છે. તેણે હિંદુઓની રાજભક્તિનો તેમને શોચનીય બદલો આપ્યો. જો ઔરંગઝેબની ઇચ્છા હોત તો તે સુગમતાથી પોતાના પૂર્વજોની શ્રેષ્ઠ નીતિ ગ્રહણ કરી હિંદુઓની ઉચ્ચ રાજભક્તિ અને ઉદારતાનો ઉચિત બદલો તેમને આપી શકત; પરંતુ તેણે તેમ ન કરતાં પરમ વિશ્વાસુ અને પરમ રાજભક્ત રાજપૂતોની સાથે પશુસમાન આચરણ કર્યું અને અયોગ્ય જજીઆવેરો સ્થાપિત કરી તેમની રાજભક્તિનો અનાદર કર્યો. આ ઘૃણિત જજીઆવેરાની સ્થાપના થવાથીજ મોગલસામ્રાજ્યનો નાશ થયો હતો. જો ઔરંગઝેબ પોતાના પૂર્વજોની શ્રેષ્ઠ નીતિઅનુસાર ચાલી આ ઘૃણિત મુંડકર ( જજીઆવેરો ) સ્થાપિત ન કરત અને હિંદુઓપર કઠોર અત્યાચાર ન કરત તો મોગલ સામ્રાજ્યનું અધઃપતન આટલું શીઘ્ર થાત નહિ. દુરાચારી ઔરંગઝેબને સર્વ હિંદુઓને બળાત્કારે મુસલમાન કરવાની અભિલાષા હતી, પરંતુ રાજપૂતકેસરી રાજસિંહના પ્રચંડ પરાક્રમની આગળ તેની આ દુષ્ટ અભિલાષા પૂર્ણ થઇ નહિ; પણ તેમના અવસાન પછી તેણે હિંદુઓને બળાત્કારે મુસલમાન કરવા માંડયા અને જજીઆવેરામાંથી કોઇ પણ હિંદુ મુક્ત થઇ શકયો નહિ.

ઔરંગઝેબ હિંદુઓનો ભયંકર વૈરી હતો. તેના જીવનની પ્રત્યેક ઘટના આ કથનની સત્યતા સિદ્ધ કરે છે. જે હિંદુ પોતાનો ધર્મ છોડી મુસલમાન થતો, તેને દુરાચારી ઔરંગઝેબ આદરસહિત આશ્રય આપતો. અનેક હિંદુઓ પોતાનો ધર્મ છોડી ઔરંગઝેબનો આશ્રય ગ્રહણ કરતા હતા. આમાંના એક ધર્મભ્રષ્ટ માણસનું વૃત્તાંત અહીઆં લખીશું. આ વૃત્તાંત વાંચવાથી સ્પષ્ટ રીતે વિદિત થશે કે આવા ધર્મભ્રષ્ટ માણસોને આશ્રય આપીને પણ ઔરંગઝેબે પોતાના પગમાં કુહાડીજ મારી હતી. આ અવિચારી કૃત્યથી જે વિષમય ફળની ઉત્પત્તિ થઇ તે ફળ તેના વંશજોને ચિરકાળપર્યંત ભોગવવું પડયું. આથી મોગલસામ્રાજ્યના ધ્વંસનો માર્ગ સાફ થઈ ગયો હતો. સિસોદીઆકુળની હલકી શાખામાં રાવ ગોપાળસિંહ નામનો એક રાજપૂત ઉત્પન્ન થયો. તે ચંબલનદીના તટપર આવેલા રામપુર[1] રાજ્યનો ઉપભોગ કરતો હતો. તે મહારાણાનો માંડલિક હતો. એક વખત રાવ ગોપાળસિંહ પોતાની પ્રચંડ રાજપૂત સેનાને લઇ દક્ષિણમાં યુદ્ધ કરવાને ગયો ત્યારે તેણે પોતાના રાજ્યનો શાસનભાર પોતાના પુત્રના હાથમાં સોંપ્યો હતો.

---

૧ રામપુર નામનું એક બીજું નગર પણ છે. તેને રામપુર ટૅાક કહેવામાં આવે છે અને આને રામપુર ભાનપુર કહેવામાં આવે છે. રાવ ગોપાળે પ્રસિદ્ધ ચંદાવતગોત્રમાં જન્મ લીધો હતો. ચંદાવત કુળના અધિકારમાં આ ફળદ્રૂપ ભૂમિ દીર્ઘકાળપર્યંત રહી હતી. પછી રાણા ( દ્વિતીય ) જગતસિંહે પોતાના ભાણેજ અંબરરાજકુમાર મધુસિંહને આ ભૂમિ અર્પણ કરી હતી. મધુસિંહે સિંહાસનપર બેસી કૃતજ્ઞતા અને ન્યાયના પવિત્ર મસ્તકપર લત્તાપ્રહાર કરી રામપુર પ્રદેશ હોલ્કરને આપી દીધો. આ રીતે મેવાડનું એક પ્રધાન અંગ પૃથક્ થઈ થઇ ગયું. ચંદાવત સામંતોએ પોતાના પૂર્વજોની આ પ્રાચીન ભૂમિને સંપૂર્ણતઃ છોડી દીધી નહોતી. તેના અંતસ્થ ભાગમાં આવેલા આમૂંદ કિલ્લાસહિતના થોડા ભાગને તેઓ સાચવી રહ્યા હતા. અનેક કષ્ટો સહન કર્યા છતાં પણ તેમણે આ ભાગ છોડયો નહોતો. આ ભાગનો ઉપભોગ તેમણે ઇ૦ સ૦ ૧૮૨૧ સુધી કર્યો હતો.

તેનો કુલકલંક પુત્ર તે રાજ્યની ઉપજ પોતાના પિતા પાસે નહિ મોકલતાં પોતેજ સ્વાહા કરી ગયો.ત્યારે રાવ ગોપાલસિંહે પાદશાહને પોતાને ન્યાય અપાવવા માટે પ્રાર્થના કરી. ઉક્ત મૂર્ખ રાજકુમાર પોતાના પિતાના તથા પાદશાહના ક્રોધાગ્નિથી મુક્ત થવાના ઉપાય શોધવા લાગ્યો. ઘણીવાર વિચાર કર્યા પછી તેને એક ઉપાય જડયો. આ ઉપાયદ્વારા એ સંકટમાંથી તેની મુકિત થઇ. આ ઉપાય એ હતો કે તેણે હિંદુધર્મનો પરિત્યાગ કરી ઇસ્લામધર્મ સ્વીકાર્યો. આથી ઔરંગઝેબે તેનાપર પ્રસન્ન થઇ તેનો અપરાધ ક્ષમા કર્યો; એટલુંજ નહિ પરંતુ તેને રામપુરનું રાજ્ય પણ સમર્પણ કરી દીધું. પોતાના કુલકલંક પુત્રના આ દુષ્કૃત્યથી ગોપાળસિંહને અત્યંત તિરસ્કાર આવ્યો અને તેણે તેનાપર બદલો લેવાને માટે પોતાની સેનાસહિત રામપુરપર આક્રમણ કર્યું; પરંતુ તેનો ,ઉદ્યોગ સફળ થયો નહિ. તેનો પરાભવ થવાથી પોતાનું રક્ષણ કરવાને માટે તેણે રાણા અમરસિંહનો આશ્રય ગ્રહણ કર્યો. દુષ્ટ ઔરંગઝેબ આ વાત જાણી અત્યંત ક્રોધિત થયો. રાણાએ ગોપાળસિંહને આશ્રય આપ્યો તેથી પાદશાહ તેમને વિદ્રોહી ગણવા લાગ્યા અને તેમની હિલચાલ તપાસવાને માટે પોતાના પુત્ર અજિમને માળવારાજ્યમાં રહેવાની આજ્ઞા કરી. પાદશાહનો પરમભક્ત એવો એક રાજપૂત[1] પોતાના જીવનચરિત્રમાં ઔરંગઝેબ;ના ઉક્ત દુરાચરણનું સ્પષ્ટ વર્ણન કરી ગયો છે. તેણે પોતાના ગ્રંથમાં એક સ્થળે લખ્યું છે કેઃ—"પાદશાહ પોતાના અત્યંત વિશ્વાસુ અને સહાયક રાજપૂતોપર કિંચિત્ પણ અનુગ્રહ કરતો નહોતો. આ કારણથી તેની સેવા કરવા માટે રાજપૂતોનો આગ્રહ મંદ પડી ગયો હતો." પાદશાહને તેની દુષ્ટતાનો બદલો આપવાનેજ મહારાણા અમરસિંહે તેની વિરુદ્ધ ખડ્ગ ધારણ કર્યું હતું. રાણાને સહાય કરવાને માટે માલવરાજ પણ યુદ્ધભૂમિમાં આવ્યા હતા. આ વખતે અજિમ નર્મદાના દક્ષિણ તટપર હતો. તે પ્રદેશમાં મહારાષ્ટ્રીઓ નીમસિંધિઆ નામના એક રણવિશારદ મહારાષ્ટ્રીને પોતાનો સેનાપતિ બનાવી ભયંકર વિગ્રહ કરી રહ્યા હતા.[2] આ ભયંકર અગ્નિ શાંત કરવાને માટે પાદશાહ ઔરંગઝેબે અજિમની સાથે રાજા જયસિંહને મોકલ્યા; પરંતુ તેમને સફળતા મળી નહિ.પાદશાહના કઠોર અત્યાચારથી તે સમયે ભારતના સર્વ દેશોમાં વિગ્રહાગ્નિ પ્રદીપ્ત થઇ રહ્યો હતો. પાદશાહ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચુકયો હતો, તેથી સર્વ લોકો મોગલોના દાસત્વરૂપી જંજીર છિન્નભિન્ન કરી નાખવાનો ઉદ્યોગ કરવા લાગ્યા. પાદશાહ તે કયાં કયાં સંભાળે કયા કયા ભાગની રક્ષા કરે? કોનું કોનું દમન કરે ? એક તરફ મહાપરાક્રમી મહારાષ્ટ્રીઓ વીરકેસરી શિવાજીના મંત્રથી દીક્ષિત થઇ સ્વાધીનતા પ્રાપ્ત કરવાને માટે બાલસૂર્યની પેઠે ધીમે ધીમે પ્રચંડ મૂર્તિ ધારણ કરી રહ્યા હતા અને બીજી તરફ પીડિત અને દુઃખિત રાજપૂત લોકો મોગલરાજ્યથી અલિપ્ત થતા-જતા હતા. આથી પાદશાહ અત્યંત ભયભીત અને વ્યાકુલ થયો; પરંતુ આ સંકટમાંથી તેનો ઉદ્ધાર થયો નહિ. તેની વૃદ્ધાવસ્થા જોઇ તેના પુત્રો મોગલરાજ્ય પોતાપોતાના અધિકારમાં લેવાનો પ્રયત્ન કરવા લાગ્યા અને તે માટે ગમે તેવાં ભયંકર સંકટો સહન કરવાને—અરે પ્રાણાર્પણ પણ કરવાને તૈયાર થયા.આ સર્વ દારુણ સંકટોથી પીડિત થઇ, પચાસ વર્ષપર્યંત ભયંકર રાજનીતિથી રાજ્યશાસન ચલાવી પાદશાહ ઔરંગઝેબ પોતે વસાવેલા ઔરંગાબાદ નગરમાં ઇ૦ સ૦ ૧૭૦૭ માં ( જિકાદની નવમી તારીખે ) આ લોકનો ત્યાગ કરી યમદ્વારે પહોંચી ગયો. જે દિવસે તેનું મરણ થયું તેજ દિવસે તેના પુત્રપૌત્રાદિમાં મહા કોલાહલ મચી ગયો. પિતાના મરણનો શોક કરવો તો દૂર રહ્યો; પરંતુ તે સર્વ તખ્ત પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પાટનગર તરફ દોડયા. પ્રથમ ઔરંગઝેબના પુત્ર અજિમે શહેનશાહત પોતાના અધિકારમાં લીધી. પછી તે પોતાના જ્યેષ્ઠબંધુ સુલતાન મોઆઝિમને તેની સેના સાથે પાટનગર તરફ આવતો જોઇ તેનો મનોરથ નષ્ટ કરવાની ઇચ્છાથી ધાત અને કોટાના રાજપૂતોને પોતાની સાથે લઇ[3] તેની ગતિ રોકવાને માટે આગ્રામાં ગયો. મેવાડ, મારવાડ વગેરે રાજસ્થાનના પશ્ચિમ ભાગમાં આવેલા સર્વ રાજ્યોના રાજાઓ મોઆઝિમની પતાકાનીચે આવીને એકત્રિત થયા. આ સર્વ રાજપૂતોને પોતાની સાથે લઇ સુલતાન મોઆઝિમ જાજો નામના સ્થળે

---

૧ આ જીવનચરિત્રમાંનો કેટલોક ભાગ કર્નલ ટૉડને મળ્યો હતો.

૨ ઇ૦ સ૦ ૧૭૦૬–૭.

૩ કેટલાક અંગ્રેજો દીન, હીન ભારતસંતાનોના હિતને માટે ચિંતા કરતા હતા અને હજી પણ કરે છે. આ સર્વ ભારતહિતેષીઓમાં મહાત્મા ટૉડ શ્રેષ્ઠ છે. તેમને ઉચ્ચ પદ પ્રાપ્ત થયું હતું તે માટેજ તેઓ શ્રેષ્ઠ હતા એમ

અજિમની સેના સામે આવી ઉપસ્થિત થયો. અજિમનો સખ્ત પરાભવ થયો અને તે ધાત તથા કોટાના રાજા તથા પોતાના પુત્ર બેદરબખ્તની સાથે સમરભૂમિમાં માર્યો ગયો. હવે મોઆઝિમ સંપૂર્ણતઃ નિષ્કંટક થયો અને તે શાહઆલમ બહાદૂરશાહ નામ ધારણ કરી પિતાના તખ્તપર વિરાજમાન થયો.

મોઆઝિમમાં અનેક સદ્દગુણો હતા. આ સદ્દગુણોથી મોહિત થઇ રાજપૂતો તેનાપર પ્રેમ કરતા હતા. વળી તેનો જન્મ પણ રાજપૂત સ્ત્રીના ગર્ભથી થયો હતો, તેથી સર્વ રાજપૂતો તેનાપર સુપ્રસન્ન હતા. જો સુલતાન મોઆઝિમ હિંદુહિતૈષી શાહજહાંની પછી મોગલસિંહાસનપર અધિષ્ઠિત થાત, તો વીરવર બાબરે સ્થાપન કરેલું રાજ્યવૃક્ષ આટલી શીઘ્રતાથી ભારતભૂમિમાંથી નિર્મૂળ થાત નહિ. જો આમ થાત તો આજપર્યંત મોગલો તખ્તેતાઉસપર વિરાજમાન થઈ એશિયાનાં એક પ્રબલ રાજ્યના સ્વામીતરિકે જગતમાં પ્રસિદ્ધ થાત; પરંતુ તેના ભાગ્યમાં શીઘ્રતાથી નાશ થવાનુંજ લખ્યું હશે; નહિ તો ઔરંગઝેબ જેવો ક્રૂર પાદશાહ મોગલસિંહાસનને કલંકિત શામાટે કરત? લોકો ઔરંગઝેબને નરરાક્ષસ ગણતા હતા અને તેનો તથા તેના રાજ્યનો


બહાદૂરશાહ

સંહાર કરવાને માટે ચોતરફથી પ્રયત્ન કરતા હતા. મોગલવંશમાં ઔરંગઝેબ અત્યંત દુષ્ટ પાદશાહ થયો. તેના પૂર્વજોએ વિસ્તૃત ભારતવર્ષમાં પોતાનું રાજ્ય ચિરસ્થાયી રાખવાને માટે જે શ્રેષ્ઠનીતિનો આશ્રય લીધો હતો, તે નીતિના મસ્તકપર મદોન્મત્ત ઔરંગઝેબે લત્તાપ્રહાર કર્યો. તે ભારતનો પાદશાહ હતો. ત્રણ બાજુએ સમુદ્રથી ઘેરાયેલી અને ગગન સાથે વાર્તાલાપ કરતા પર્વતોથી યુક્ત એવી ભારતભૂમિ તેના ચરણોમાં પડી હતી. જો તેની ઇચ્છા હોત તો તે શ્રેષ્ઠનીતિનું અવલંબન કરી વિશ્વાસુ રાજપૂતોને જાગીરો તથા નાનાં રાજ્યો આપી સંતુષ્ટ અને ઉત્સાહિત કરી શકત; પરંતુ હિંદુપ્રત્યેના તેના કઠોર દ્વેષે તેને કોઇ પણ પ્રકારનું ઉત્તમ કાર્ય કરવા દીધું નહિ. વીરવર બાબરે જે હિંદુઓને સર્વદા સંતુષ્ટ રાખવાના પ્રયત્નો કર્યા હતા, જેની માનમર્યાદા અટલ રાખવાને માટે અકબર વગેરેએ સતત ઉદ્યોગ કર્યો હતો, તે લોકોના હૃદયમાં ઔરંગઝેબના અત્યાચારોએ જે ભયંકર ઘાવ ઉત્પન્ન કર્યા તે કદિ કોઇથી પણ રૂઝાઈ શકયા નહિ. આ ભયંકર ઘાવની કઠોર પીડાથી દુઃખિત થઇ રાજપૂતોએ પાદશાહને વિષવૃક્ષ ધારી તેનો પરિત્યાગ કર્યો અને તેની સાથેનો સર્વ સંબંધ છોડી દીધો. રાજપૂતપ્રેમી બહાદૂરશાહ કદાચ આ ઘાવ રૂઝાવી શકત; પરંતુ તેની કારકીર્દી અતિ અલ્પ સમયમાં સમાપ્ત થઇ ગઇ, તેથી તેને સફળતા મળી નહિ. જો કે તે ગુણવાન હતો; પરંતુ રાજપૂતોએ તેનાપર સંપૂર્ણ ભરોસો મૂકયો નહિ. દીર્ઘકાળના પરિચયથી તેમના હૃદયમાં એવો દૃઢ નિશ્ચય થઇ ગયો હતો કે મોગલો અવિશ્વાસપાત્ર અને નિષ્ઠુર છે. તેમણે ભયંકર રીતે રાજસ્થાનનું સંપૂર્ણ રુધિર ચુસી લીધું છે અને બહાદૂરશાહનો જન્મ પણ મોગલકુલમાંજ થયો છે, તેથી તે પણ પોતાના જાતિબંધુઓના જેવો નીવડે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આવા વિચારથી રાજપૂતોએ માંહોમાંહે સંધિ કરી અને પોતાની રક્ષા કરવાનો ઉપાય યોજ્યો. બહાદૂરશાહે તેમને સંતુષ્ટ કરવાને માટે અનેક ચેષ્ટા કરી, અકબર વગેરેનાં ઉદાત્ત ઉદાહરણો દર્શાવી પોતાની સાથે સંબંધ રાખવાને તેમને બહુ આગ્રહ કર્યો; પરંતુ તેના સર્વ પ્રયત્નો નિષ્ફળ થયા. (ઇ૦ સ૦ ૧૭૦૯-૧૦) રાજપૂતોના મનમાં જે દૃઢ નિશ્ચય બંધાઈ ગયો હતો તે કોઇ પણ ઉપાયથી ટળ્યો નહિ. તેઓ પૂર્ણ રીતે સમજી ગયા હતા કે મોગલોપર ગમે તેટલો ઉપકાર કરવામાં આવશે, તે અને તેમને માટે પ્રાણવિસર્જન કરવામાં આવશે તે છતાંયે તેમની કૃતઘ્નતા અને નિષ્ઠુરતા જશે

---

અમારૂં કહેવું નથી; પરંતુ તેમના હૃદયની ઉદારતા એજ તેમની શ્રેષ્ઠતાનું કારણ છે. તેઓ ભારતને માટેજ જગતમાં અવતર્યા હતા અને તેઓ ભારતનું હિત કરીનેજ ગયા છે. જોકે તેમનો મહાન સંકલ્પ સંપૂર્ણ રીતે પાર પડયો નથી, તોપણ તેઓ જે કરી ગયા છે તે કાંઈ થોડું નથી. તેમણે ભારતસંતાનો ઉપર જે ઉપકાર કર્યો છે, તે માટે તેઓ દીર્ઘકાળપર્યંત તેમની દેવપેઠે પૂજા કરશે. બીજો કયો વિદેશી તેમની પેઠે આ અભાગી ભારતસંતાનોના પ્રાચીન ગૌરવનું સ્મરણ કરી તેમની આધુનિક અધોગતિને માટે શોકોન્મત્ત થયો છે? તેમને ભારતવર્ષના હિતને માટે કેટલી ચિંતા હતી, તેનું પ્રત્યક્ષ પ્રમાણ આ પવિત્ર "રાજસ્થાન" નો ગ્રંથ છે.

નહિ. આથી તેમણે બહાદૂરશાહના કોઇ પણ આગ્રહપર લક્ષ્ય આપ્યું નહિ. જ્યારે મોગલપાદશાહનો દૂત તેમની પાસે ગયો ત્યારે તેમણે કેવળ એટલોજ પ્રત્યુત્તર આપ્યો કેઃ-" દેવતાથી વિમુખ થવાને લીધે લોકોને મતિભ્રમ થયો છે. " રાજપૂતોનો આવો પ્રત્યુત્તર સાંભળી પાદશાહ શીઘ્ર સમજી ગયો કે રાજપૂતોના તરફથી ભવિષ્યમાં સહાય મળવાનો સંભવ ઘણો ઓછો છે. થોડા વખતમાં પાદશાહને પોતાના બંધુ કામબક્ષની સાથે ભયંકર ઝગડો થયો. કામબક્ષે પોતાને દક્ષિણમાં પાદશાહતરીકે જાહેર કર્યો. બહાદૂરશાહને આ વિદ્રોહ દાબી દીધા વિના શીખોનું દમન કરવાને માટે ઉત્તરમાં જવું પડયું. ગુરુ નાનકે આ વિકરાળ અને પરમ પરાક્રમી જાતિની પ્રતિષ્ઠા કરી હતી. શીખ શબ્દની ઉત્પત્તિ શિષ્ય ઉપરથી થઇ છે. એમ કહેવાય છે કે ઓકસસ નદીના તટપર શાકદ્વીપના પ્રાચીન જિતકુલમાંથી આ જાતિનો ઉદ્ભવ થયો હતો. પછી તે ઇસ્વીસનની પાંચમી શતાબ્દીમાં ભારતવર્ષ ઉપર આક્રમણ કરી તેના પશ્ચિમ ભાગમાં આવી વસી. ગુરુ નાનકના મહામંત્રથી દીક્ષિત થઇ તે કાળ પછી એક શતાબ્દીમાં શીખોએ પોતાની રક્ષા કરવા યોગ્ય બળ, ચાતુર્ય તથા પરાક્રમ પ્રાપ્ત કર્યું અને પોતાને સ્વાધીન પ્રજાતરીકે જાહેર કર્યા. બહાદૂરશાહના શાસનકાળમાં અખિલ મોગલસામ્રાજ્યમાં કેવળ શીખજાતિજ સ્વતંત્ર થઇ હતી. તેમનું દમન કરવાને માટે પાદશાહ પોતાની સેનાસહિત પંજાબ તરફ ચાલ્યો. તે યુદ્ધ કરવા જતો હતો તે વખતે અંબર અને મારવાડના રાજાઓ શીઘ્ર તેને જઇ મળ્યા; પરંતુ તેઓ તેની સાથે કાંઇ બોલ્યા વિના તેમજ તેની આજ્ઞા લીધા વિના ત્યાંથી પાછા ફર્યા. તેમનાં મન આ સમયે શા કારણથી બદલાઈ ગયાં તે કાંઈ સમજી શકાતું નથી; પરંતુ કેટલાક ઐતિહાસિકગ્રંથોપરથી એમ જણાય છે કે તેઓ પણ શીખોની તેજસ્વિતાનું અનુસરણ કરી સ્વતંત્ર થવાનો વિચાર કરતા હતા.

મોગલસામ્રાજ્યની આવી હીન અવસ્થામાં પરાક્રમી શીખોનું દૃષ્ટાંત લઇ રાજપૂતોએ પણ મોગલોની આધીનતારૂપી શૃંખલા તોડી નાખવાનો વિચાર કર્યો. પાદશાહે તેમને શાંત અને સંતુષ્ટ કરવાને માટે જ્યારે પોતાના જ્યેષ્ઠકુમારને તેમની પાસે મોકલ્યો, ત્યારે તેઓ પાદશાહની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકયા નાહ; પરંતુ તેઓ સંપૂર્ણ રીતે શાંત થયા નહિ. તેમને શાંત કરવાને માટે પાદશાહે અનેક વાર યત્ન કર્યો; પરંતુ તેનો એક પણ પ્રયત્ન ફળીભૂત થયો નહિ. અંબર અને મારવાડના રાજાઓ પાદશાહની આજ્ઞા લીધા વિનાજ તેના શિબિરનો પરિત્યાગ કરી ચાલ્યા ગયા અને ઉદયપુરમાં રાણા અમરસિંહની પાસે જઇ પરસ્પર સંધિ કરી લીધી. આ રીતે રાજસ્થાનનાં ત્રણ મહાબળ એકત્રિત થયાં. સ્વતંત્ર થયેલા રાઠોડ અને કુશાવહરાજપૂતો દીર્ઘકાળ પછી રાજપૂતકુલચૂડામણિ પરમ પવિત્ર સિસોદીઆવીરોની સાથે એકત્રિત થયા. હવે તેઓ એકઠા બેસી ભોજન કરવા લાગ્યા અને વૈવાહિકસંબંધથી પણ એકબીજાની સાથે જોડાયા. મહારાણા તરફથી એકત્ર બેસી ભોજન કરવાનું તથા વૈવાહિકસંબંધ જોડવાનું સન્માન પ્રાપ્ત થવાથી અંબર તથા મારવાડના રાજાઓએ અતિ ઉલ્લાસથી સંધિ કરી. સંધિપત્રપર હસ્તાક્ષર કરતી વખત ઉક્ત ઉભય રાજાઓએ પોતપોતાના ઇષ્ટદેવતાનું નામ લઇ પ્રતિજ્ઞા કરી કેઃ-"આજથી અમે કદિ મોગલપાદશાહની સાથે વૈવાહિક કિંવા રાજનૈતિક અથવા બીજા કોઇ પણ પ્રકારનો સંબંધ રાખીશું નહિ. વળી સિસોદીઆકુલની કુમારીઓ સાથેના વિવાહથી જે સંતાનોની ઉત્પત્તિ થશે તેને ઉચ્ચ સન્માન આપવામાં આવશે; પુત્ર થશે તો તે રાજસિંહાસનપર બેસશે અને પુત્રી થશે તો તેને ઉચ્ચ રાજકુલમાં અર્પણ કરવામાં આવશે, તેને પ્રાણાંતસુધી પણ મોગલોના હાથમાં સમર્પણ કરી અમારાં કુલને કલંકિત કરીશું નહિ. "

સિસોદીઆકુલ તરફથી ઉચ્ચ પ્રકારનું સન્માન મળતાં રાઠોડ અને કુશાવહરાજાઓએ મોગલોની બેડીમાંથી મુક્ત થવાની ઇચ્છાથી સંધિપત્રપર હસ્તાક્ષર કર્યા; પરંતુ દીર્ઘકાળથી ચાલી આવેલી રીતિનું ખંડન થતાં જે વિષમય ફળની ઉત્પત્તિ થઇ, તેથી રાજપૂતોનો નાશ થયો. અંબર અને મારવાડના રાજાઓએ પોતાના વર્તનમાં જે પરિવર્તન કરી નાખ્યું તેથી રાજ્યમાં મહાભયંકર ઝગડો ઉત્પન્ન થયો અને તે સુગમતાથી દૂર થઈ શકયો નહિ. આ ઝગડો નિવૃત્ત કરવામાં જે મધ્યસ્થ થયા તેના કઠોર સ્પર્શથી સમસ્ત રાજસ્થાન પાયમાલ થઈ ગયું. આ સ્પર્શ મોગલોની જંજીરથી પણ વિશેષ કઠોર આ સ્પર્શ મહારાષ્ટ્રીઓનો હતો. ઉક્ત ત્રણ રાજાઓનાં બન્ને બાબરના મહા પ્રચંડ સિંહાસનને ભૂમિભેગું

કરી નાખ્યું; પરંતુ આ સમયે જે શત્રુઓએ તેમના ઘરમાં પ્રવેશ કર્યો તેમનાથીજ રાજપૂતોનો નાશ થયો.

જે દિવસે હિંદુવૈરી ઔરંગઝેબે રાજપૂતકુલકલંક રતનસિંહને[1] તેના પિતાના ક્રોધાગ્નિથી બચાવવાને માટે આશ્રય આપ્યો, તે દિવસે હતાશ થઇને ગોપાલસિંહે ઉદયપુરના મહારાણાનું શરણ ગ્રહણ કર્યું. રામપુર હસ્તગત કરવાને માટે મહારાણા અમરસિંહ તત્પર થયા; પરંતુ સાંસારિક અનેક કાર્યોના બોજાને લીધે તેઓ આજપર્યંત તે કાર્ય સિદ્ધ કરી શકયા નહોતા. હવે જ્યારે રાઠોડ અને કુશાવહરાજાઓએ તેમની સાથે સંધિ કરી, ત્યારે તેમણે તેમની સહાયથી પોતાનો પૂર્વોક્ત સંકલ્પ સિદ્ધ કરવાનો વિચાર કર્યો; પરંતુ તેમનો એ સંકલ્પ સિદ્ધ થઇ શકયો નહિ. મુસલિમખાંએ[2] તેમનો સર્વ ઉદ્યોગ નિષ્ફળ કરી નાખ્યો. મુસલિમખાંના વિજયના સમાચાર પાદશાહને કાને પહોંચ્યા કે તરતજ તેણે તેને ઉચિત પારિતોષિક આપ્યું. મુસલિમખાંએ પાદશાહ પાસે દૂત મોકલ્યો હતો. તેણે પાદશાહને આ વિજયના સમાચાર કહેતાં એક બીજું વૃત્તાંત પણ કહ્યું.આ વૃત્તાંતનો ભાવાર્થ એ હતો કેઃ– "રાણાએ પોતાનું રાજ્ય ઉજ્જડ કરી પર્વતમાલામાં જઈ વસવાની દૃઢ પ્રતિજ્ઞા કરી છે." આ ઉભય સમાચાર સાંભળ્યા પછી થોડા દિવસમાં પાદશાહે એક ત્રીજી વાત સાંભળી. આ વાત એ હતી કે રાણાના સુબલદાસ નામના કર્મચારીએ પુરુષમંડલના શાસનકર્તા ફિરોજખાં ઉપર આક્રમણ કર્યું છે અને આ આક્રમણનો પ્રતિરોધ કરવાનું સામર્થ્ય ફિરોજખાંમાં નહિ હોવાથી તે અત્યંત દુઃખિત તથા પીડિત થઇને અજમેર તરફ નાસી ગયો છે. આ વાત સત્ય હતી; પરંતુ વીર જયમલનો વંશજ સુબલદાસ આ પ્રસંગના યુદ્ધમાં માર્યો ગયો હતો.[3] ફિરોજખાં નાસી ગયો છે એ વાત સાંભળી પાદશાહ અત્યંત દુઃખિત થયો. પહેલી બે વાતો પણ તેને સત્ય જણાવા લાગી. વળી જે સાહસિક અને બળવાન દુર્ગાદાસ ઔરંગઝેબની સાથે વૈર કરનાર તેના પુત્ર અકબરને હજારો વિઘ્નો અને વિપત્તિઓની વચમાંથી લઈ જઈ નિરાપદ સ્થાને પહોંચાડી આવ્યા હતા, તેજ આજે પાદશાહની સામે બાથ ભીડવાને પોતાના સર્વ રાજપૂતોની સાથે રણભૂમિમાં આવ્યા હતા.તેમના રાજા આ વખતે તેમનું પાલનપોષણ કરી ન શકવાથી તે ઉદયપુરમાં આવ્યા હતા.રાણાએ આદરસહિત તેમને પોતાની પાસે રાખ્યા અને એક દિવસના પાંચસેં રૂપિયાનો પગાર તેમને નિયત કરી આપ્યો. આ સર્વ રાજપૂતોના એકત્રિત થવાથી જે મહાબળની ઉત્પત્તિ થઈ, તે બહાદુરશાહના સમયમાં કાંઇપણ ફળ ઉપજાવી શકયું નહિ શાહઆલમને ક્રૂર અને ખુની માણસોએ વિષપાન કરાવ્યાથી તે મરણ પામ્યો.[4] ત્યારપછી રાજપૂતોએ મોગલોની સામે બાથ ભીડવાના કાર્યનો આરંભ કર્યો હતો. બહાદુરશાહ સરલ સ્વભાવનો પાદશાહ હતો; પરંતુ દુર્ભાગ્યવશાત્ તેના પિતાનાં અસંખ્ય પાપોનું ફળ વજ્રસમાન બની તેના મસ્તકપર પડયું. પાપી પિતાના અપરાધોનું ફળ પુણ્યવાન પુત્રને ભોગવવું પડયું. બહાદુરશાહની સર્વ આશા નષ્ટ થઇ ગઇ. હિંદુકુશથી સિંહલદ્વીપપર્યંતનો સમસ્ત દેશ ઔરંગઝેબના અત્યાચારથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહ્યો હતો.બહાદુરશાહે ધાર્યું હતું કે હું આ સર્વ ઉપદ્રવોને દૂર કરી મારા રાજ્યમાં સુખ અને શાંતિ સ્થાપિત કરીશ; પરંતુ દુર્ભાગ્યવશાત્ તેની આ આશા ફળીભૂત થઇ નહિ. તે છતાં પણ જો ક્રૂર ખુનીના હાથમાંથી બચી થોડા દિવસપર્યંત તે જીવંત રહ્યો હોત તો મોગલસામ્રાજ્યનું અધઃપતન આટલું શીઘ્ર થાત નહિ. બહાદુરશાહ કાર્યચતુર, દૂરદર્શી અને સહનશીલ પાદશાહ હતો. જો તેના જીવનરૂપી વૃક્ષના મૂળમાં

૧ રામપુરના રાજા અને રાવ ગોપાળસિંહના પુત્રનું નામ 'લોકહિતવાદી' એ નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ રાજસ્થાનના અનુવાદમાં હિંમતરાવ જણાવ્યું છે.

૨ મુસલમાનધર્મનું અવલંબન કર્યા પછી રતનસિંહનું નામ મુસલિમખાં પાડ્યું હતું.

૩ જે આજ્ઞા પ્રાપ્ત થવાથી સુબલદાસે આ કૃત્ય કર્યું હતું,તે આજ્ઞાપત્ર કર્નલ ટૉડને એક દફતરમાંથી ઉપલબ્ધ થયું હતું. સુબલદાસના પુત્રપર આ આજ્ઞાપત્ર મોકલવામાં આવ્યો હતો. આ આજ્ઞાપત્ર નીચે પ્રમાણે છેઃ–

"રાઠોડ રાયસિંહ સુબલદાસ પ્રતિ

લી. મહારાણા અમરસિંહ

આપની આસપાસના સર્વ પ્રદેશને ઉજ્જડ કરી નાખશો. આપના પરિવારને રહેવાને માટે બીજું સ્થાન આપવામાં આવશે. વિશેષ હકીકત મેળવવાને માટે ચંદાવત દોલતસિંહને મળશો. અમારી આજ્ઞાનું પાલન કરવામાં ત્રુટિ કરશો નહિ." આ પત્ર ઈ૦ સ૦ ૧૭૦૮–૦૯ માં લખવામાં આવ્યો હતો.

૪ ખુનીઓએ ઇ૦ સ૦ ૧૭૧૨માં શાહઆલમને વિષ દઇને મારી નાખ્યો હતો.

અકાળ મૃત્યુનો પ્રહાર થયો ન હોત તો તે પોતાના ઉત્તમ ગુણોથી સલ્તનતનું રક્ષણ કરત; પરંતુ વિધાતાની વિધિઅનુસાર તેનું અકાળ મૃત્યુ થયું, તેથી શીઘ્ર મોગલરાજ્યનો અસ્ત થઈ ગયો. મોગલરાજ્યનો નાશ કરવાનું પાપ તેના ખુનીઓના શિરપર જઇ પડે છે.

જે દિવસે સાધુચરિત શાહઆલમ (બહાદુરશાહ) વિષદ્વારા અકાળ મૃત્યુને વશ થયો, તેજ દિવસથી બાબરનું સિંહાસન કપાઈ ગયેલા મૂળવાળા વૃક્ષની પેઠે થરથર કંપાયમાન થવા લાગ્યું. મોગલરાજના ઉત્તરાધિકારીઓ શોણિતની નદીમાં તરીને તે કંપાયમાન સિંહાસનપર બેસવા લાગ્યા; પરંતુ કોઇ પણ પાદશાહ તેને સ્થિર રાખી શકયો નહિ. અંતે ગંગાયમુનાના સંગમ આગળના વેરા નગરથી હુસેનઅલ્લી અને અબદુલ્લાખાં એ બે સૈયદભ્રાતાઓએ આવીને મોગલસિંહાસનને વ્યાપારની વસ્તુ બનાવી દીધી. બાબર, અકબર, જહાંગીર અને શાહજહાંના રત્નના સિંહાસનને ક્રૂર સૈયદોએ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તે માણસને સોંપ્યું. અનાદિથી ચાલતો આવેલો ઉત્તરાધિકાર રદ થઇ ગયો તથા ધર્મ અને ન્યાયના પવિત્ર મસ્તકપર પાદાઘાત થયો. જે માણસ ધન આપી ઉક્ત ઉભય બંધુઓને પ્રસન્ન રાખી શકતો હતો, તે ભારતવર્ષનું સિંહાસન અલ્પકાળને માટે ભોગવતો હતો; પરંતુ થોડા દિવસ પછી તે સૈયદબંધુઓ તેને પદભ્રષ્ટ કરી બીજા કોઇને સિંહાસનારૂઢ કરતા હતા. આ પ્રકારે મોગલોનું સિંહાસન અને મોગલવંશના શાહજાદાઓ હુસેનઅલ્લી અને અબદુલ્લાખાંના હાથમાં કાષ્ઠપુતળીવત્ બની મોગલકુલની શોચનીય સ્થિતિ પ્રદર્શિત કરી અનંતકાળમાં લીન થઇ ગયા. જે સમયે રાજસ્થાનના ત્રણે મુખ્ય રાજાઓનું બળ એકત્રિત થઇ મોગલરાજ્યની વિરુદ્ધ કાર્ય કરવાને પ્રવૃત્ત થયું, તે સમયે આ સૈયદબંધુઓએ ફર્રૂખશીઅરને તખ્તપર બેસાડયો હતો. હિંદુવૈરીઓનો ભયંકર અત્યાચાર દીર્ઘકાળથી રાજપૂતો સહન કરતા હતા. તેમની સહનશીલતા અદ્દ્ભુત હતી; પરંતુ હવે તેઓ ઉક્ત ઉભય ભ્રાતાઓના દારુણ અત્યાચાર સહન કરી શકયા નહિ. ભારતમાતાની શોચનીય અવસ્થા જોઇ હવે તેઓ મૌન ધારણ કરી બેસી શકયા નહિ; હવે તેમની સહનશીલતા ચલાયમાન થઈ ગઇ અને તેમના અંતરમાં ગુપ્ત રહેલો વૈરાગ્નિ પ્રચંડ જ્વાળાથી પ્રજ્વલિત થઇ ઉઠયો. અત્યાચારી મુસલમાનોએ હિંદુઓનાં દેવમંદિરો તોડીને તેને સ્થાને મસ્જીદો બંધાવી હતી. હવે રાજપૂતોએ તે મસ્જીદોને ચૂર્ણ કરીને મુસલમાનોના ધર્મગુરુ મુલ્લાંઓનું અપમાન કરવા માંડયું; હિંદુઓની સ્વાધીનતા છીનવી લઇ, રાજપૂતોના હોદ્દા ખુંચવી લઇ મુલ્લાંઓ અને કાજીઓને તેમનો અધિકાર સોંપવામાં આવ્યો હતો, તે હવે રાજપૂતોએ–ખાસ કરીને રાઠોડરાજપૂતોએ આ સર્વ હોદ્દાઓ મુલ્લાંઓ અને કાઝીઓના હાથમાંથી છીનવી લીધા અને પોતાની સ્વર્ગીય સ્વાધીનતા પુનઃ પ્રાપ્ત કરી. જશવંતસિંહના મૃત્યુ પછી પ્રતાપી રાઠોડોએ મોગલોના ગ્રાસમાંથી પોતાના હોદ્દા પુનઃ પ્રાપ્ત કરી ઉત્તમ પ્રકારે તેની રક્ષા કરી હતી. અજિતસિંહે મારવાડમાં મોગલોનો સંપૂર્ણ પરાભવ કર્યો. રાજસ્થાનના ઉક્ત ત્રણે રાજ્યનું બળ સાંભર સરોવરના તટપર એકત્રિત થયું હતું. આ સરોવર મેવાડ, મારવાડ અને અંબરની વચ્ચે આવેલું છે. એમાંથી જે કાંઇ ઉપજ થાય છે, તે ઉક્ત ત્રણ બળવાન રાજ્યો માંહોમાંહે વહેંચી લે છે.

રાજપૂતોનું પરાક્રમ અને બળ ધીમે ધીમે વૃદ્ધિંગત થતુંજ ગયું. પાદશાહે અંતે તેમના ભીષણ બળની ગતિ રોકવા દૃઢ પ્રતિજ્ઞા કરી. અમીર–ઉલ–ઉમરા[1] અજિતસિંહનો ગર્વ ચૂર્ણ કરવાને માટે પોતાની સેનાને સાથે લઈ યુદ્ધ કરવા આવ્યો. આ વખતે પાદશાહનો લખેલો એક ગુપ્ત પત્ર અજિતસિંહના હાથમાં પહોંચ્યો. પાદશાહે તે પત્રમાં લખ્યું હતું કે આ મગરૂર સૈયદની ખબર અચ્છી તરેહથી લેજો. પાદશાહે પોતાના સેનાપતિને શિક્ષા કરવાને માટે શત્રુને લખ્યું હતુ તેનું એક વિશિષ્ટ કારણ હતું. ફર્રૂખશીઅરે ઉક્ત ઉભય સૈયદભ્રાતાઓની સહાયથી શહેનશાહત પ્રાપ્ત કરી હતી તથાપિ તે બન્ને બંધુઓ તેને વારંવાર દબાવતા હતા; તેથી તે સારીપેઠે સમજી ગયો હતો કે હું કાંઇ વિસાતમાં નથી, રાજ્યમાં મને કોઇ લેખામાં ગણતું નથી. તે સારીપેઠે જાણતો હતો કે મારો રાજ્યભોગ વિડમ્બનામાત્ર છે. ઉભય સૈયદભ્રાતાઓની પ્રતિષ્ઠા દિનપ્રતિદિન વૃદ્ધિંગત થવા લાગી તેથી પાદશાહના મનમાં ભય ઉત્પન્ન થયો. તેણે સૈયદોની આગળ કરેલી પ્રતિજ્ઞા ભંગ કરવાની ઇચ્છા તથા ચેષ્ટા કરી હતી;

[1] હુસેનઅલ્લીએ અમીર–ઉલ–ઉમરાની અને તેના ભ્રાતા અબદુલ્લાખાંએ કુતુબ–ઉલ–મુલ્કની ઉપાધિ ધારણ કરી હતી.

પરંતુ તેમ કરવાથી તો તે સૈયદબંધુઓની અધિક ઉન્નતિ થઇ. આથી પાદશાહના સંદેહ તથા ભયનો પાર રહ્યો નહિ. સૈયદોનો દર્પ ચૂર્ણ કરવાનો તથા સર્વ પ્રકારના ભયમાંથી મુક્ત થવાનો ઇતર કોઇ માર્ગ નહિ જોઇ અંતે તેણે અજિતસિંહપર ગુપ્ત પત્ર મોકલ્યો;[1] પરંતુ તેનો ગુપ્ત ઉદ્દેશ પાર પડયો નહિ. રાઠોડરાજ અજિતસિંહે ઉભય સૈયદોની સાથે સંધિ કરી લીધી અને પાદશાહને નિયમિત કર તથા પોતાની કન્યા આપવાનો સ્વીકાર કર્યો. આ કાર્ય કરવાથી અજિતસિંહ મોગલોની સભામાં વિશેષ સામર્થ્યવાન થઇ ગયા હતા.

જે દિવસે મારવાડની રાજકુમારી સાથે ફર્રૂખશીઅરનો વિવાહ નિશ્ચિત થયો, તે દિવસથી શ્વેતદ્વીપવાસી બ્રિટિશસિંહની પ્રભુતાનો માર્ગ નિષ્કંટક થઇ ગયો. વિવાહસંબંધ થવાના થોડા દિવસપૂર્વે પાદશાહની પીઠમાં ભયંકર પાઠું નીકળ્યું. આ પાઠું બહુ વધી ગયું. હકીમો અને વૈદ્યોએ તે પાઠું રૂઝાવવાને પુષ્કળ પ્રયત્નો કર્યા; પરંતુ તેમનો એક પણ પ્રયત્ન સફળ થયો નહિ. ધીમે ધીમે પાદશાહની પીડા અધિક વૃદ્ધિંગત થવા લાગી. વિવાહનો દિવસ નિકટ આવી પહોંચ્યો; તથાપિ તેને આરામ થયો નહિ. વિવાહનું મુહૂર્ત વ્યતીત થઇ ગયું; પરંતુ પાદશાહનો વ્યાધિ નિવૃત્ત થયો નહિ. તે અત્યંત દુર્બલ થઈ ગયો. પાદશાહની આવી અવસ્થા જોઈ સર્વને ઘણી ચિંતા થઈ. જે સામગ્રી પાદશાહના વિવાહને માટે તૈયાર કરવામાં આવી હતી, તે તેની મરણક્રિયામાં ઉપયોગમાં આવશે કે શું એવો સર્વને ભય પેદા થયો. સર્વ લોકો અત્યંત વ્યાકુળ થયા. લોકોએ ચારે તરફ તેની નિવૃત્તિનો ઉપાય શોધવા માંડયો. આ અવસરે બ્રિટિશકંપનીનો સુરતમાં રહેતો એક દૂત પાદશાહની સભામાં આવી પહોંચ્યો. આ એક ઉત્તમ ડૉકટર હતો. ખાસ કરીને તે શસ્ત્રક્રિયામાં પૂર્ણ નિપુણ હતો. સર્વના પ્રયત્નો નિષ્ફળ થતાં પાદશાહે તેની પાસે ચિકિત્સા કરાવવાનો નિશ્ચય કર્યો. આ ચિકિત્સકનું નામ હૅમિલ્ટન હતું. મહાશય હૅમિલ્ટને પાદશાહનું આ ભયંકર દર્દ માત્ર થોડા દિવસોમાંજ નિવૃત્ત કરી દીધું. આ ડૉકટરની ઉત્તમ ચિકિત્સાથી આરોગ્ય પ્રાપ્ત કરી પાદશાહે મારવાડની મનમોહિનીની સાથે વિવાહ કર્યો. મોટી ધામધૂમસહિત વિવાહનો સમારંભ સમાપ્ત થયો.[2] પછી પાદશાહે એક દિવસ મહાશય હૅમિલ્ટનને પોતાની પાસે બોલાવ્યા અને તેમને પ્રશ્ન કર્યો કે:–" આપને શું પારિતોષિક જોઇએ છે ?" મહાનુભાવ હૅમિલ્ટને પ્રત્યુત્તર આપ્યો કે:–"જહાંપનાહ! મને દ્રવ્યની અપેક્ષા નથી, મને માનની અભિલાષા નથી અને ઉચ્ચ પદવીની પણ ઇચ્છા નથી. હું દૂરના દેશથી વાણિજ્ય કરવાને આવ્યો છું. આપના રાજ્યમાં અમને પગ મૂકવાનું પણ સ્થાન નથી, તો આ પ્રસંગે મારી માત્ર એટલીજ પ્રાર્થના છે કે જો આપ મારાપર અનુગ્રહજ કરવા ઇચ્છતા હો તો કોઇ ભૂમિનું દાન કરો અને અમારા વ્યાપારમાં અનુકૂળતા મળે એવો પરવાનો આપવાની કૃપા કરો." પાદશાહે સંતુષ્ટ થઈ તેની પ્રાર્થના પૂર્ણ કરી. તે દિવસે આ વિશાળ ભારતક્ષેત્રમાં બ્રિટિશપ્રભુતાનું જે બીજ રોપવામાં આવ્યું તે થોડા દિવસમાંજ અંકુરિત થઇ ગયું અને તેનું વિશાળ વૃક્ષ બની સમસ્ત ભારતવર્ષમાં ફેલાઈ ગયું. આજે તેજ વિશાળ વૃક્ષની છાયાનીચે અગણિત ભારતસંતાનો વિશ્રાંત લે છે. આ વૃક્ષનો કદિ પણ નાશ ન થાય એવી અમારી પ્રાર્થના છે.

પાદશાહ ફર્રૂખશીઅર મહાશય હૅમિલ્ટનનો ખરો સ્વદેશાનુરાગ તથા સ્વાર્થત્યાગ જોઇ અત્યંત વિસ્મિત થયો હતો. જો હૅમિલ્ટન ધારત તો તે અઢળક ધન પ્રાપ્ત કરત; પરંતુ તેણે પોતાના તુચ્છ સ્વાર્થ-

૧ પાદશાહ ફર્રૂખશીઅરે ગુપ્ત રીતે સૈયદોનું અનિષ્ટ કરવાની જે ચેષ્ટા કરી હતી, તે સૈયદો અત્યારસુધી જાણતા નહોતા અને તેથીજ તેઓ પાદશાહની તરફથી અજિતસિંહની સામે યુદ્ધ કરવાને ગયા હતા.

૨ આ વિવાહ ઘણી મોટી ધામધૂમસહિત થયો હતો. સર વૉલ્ટર સ્કૉટે આ વિવાહનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છે:—

" અમીર-ઉલ-ઉમરાએ કન્યાની તરફથી ઉત્સવ કર્યો હતો. આ વિવાહ એવી મોટી ધામધૂમથી થયો હતો કે આ સમયપૂર્વે હિંદુઓએ કદિ પણ આ પ્રકારની ધામધૂમ જોઈ નહોતી. દીપકમાળાઓએ નક્ષત્રમંડળીનો ઉપહાસ કરી પોતાની પ્રકાશિત જ્યોતિથી ચારે દિશાઓને વ્યાપ્ત કરી દીધી હતી. આ પ્રખર જ્યોતિની સમક્ષ સર્વ ગ્રહો પણ તેજોહીન બની ગયા હતા. અમીર-ઉલ-ઉમરાના મહાલયમાં વિવાહકાર્યની પરિસમાપ્તિ થઈ હતી. તે પછી પાદશાહ અનેક પ્રકારનાં વાદ્યોના નાદ અને અનંત જયઘોષની વચ્ચે પોતાની નવીન બેગમને ધામધૂમસહિત પોતાના પાટનગરમાં લઇ આવ્યો હતો."

નો ત્યાગ કરી, પોતાના સ્વદેશબંધુઓપર જે મહોપકાર કર્યો હતો તેનો ઉચિત બદલો તેને મળ્યો નહોતો. જે હૅમિલ્ટનના અસીમ માહાત્મ્ય અને સ્વાર્થત્યાગને લીધે ભારતવર્ષમાં આજે બ્રિટિશસિંહનું અખંડ પ્રભુત્વ છે, તેને પોતાના સ્વદેશબંધુઓના તરફથી શું બદલો મળ્યો હતો? કાંઇ નહિ. શોકની વાત છે કે જે દિવસે ઉક્ત મહાત્માનું જીવનરૂપી પક્ષી તેના પવિત્ર દેહમાંથી ઉડી ગયું, તે દિવસે તે મૃતશરીરને કલકત્તાના એક સાધારણ કબ્રસ્તાનમાં કાંઈ પણ દબદબાવિના દાટવામાં આવ્યું! ઉક્ત નિર્જન શ્મશાનક્ષેત્રમાં તે મહાન બ્રિટનનો પવિત્ર દેહ પંચભૂતોમાં લીન થઇ ગયો; પરંતુ કોઇએ તેમના પ્રત્યે ઉચિત કૃતજ્ઞતા પણ દર્શાવી નહિ!

મારવાડની રાજકુમારી સાથે સમ્રાટનો વિવાહ થયાથી સર્વ લોકોએ એમ ધાર્યું હતું કે તે રાજપૂતોની સાથે સારો વ્યવહાર રાખશે; પરંતુ તેમની આ આશા ફળીભૂત થઇ નહિ. આ વિવાહ થયા પછી થોડા દિવસમાંજ ફર્રુખશીઅરે જજીઆવેરાની પુનઃ સ્થાપના કરી હતી. ઔરંગઝેબે આ જજીઆવેરો વસુલ કરવામાં જે [1]કઠોરતા વાપરી હતી, તે કઠોરતા ફર્રુખશીઅરે વાપરી નહોતી; તથાપિ હિંદુલોકો તો જજીઆવેરાનું નામ સાંભળતાંજ પુનઃ ક્રોધથી ઉન્મત્ત બની ગયા. મોગલોની ઉપર તેમનો જે થોડો અનુરાગ શેષ હતો, તે પણ ફર્રુખશીઅરે સ્થાપન કરેલા જજીઆવેરાથી નામશેષ થઇ ગયો. તેઓ યથાર્થ પ્રકારે સમજી ગયા કે મોગલો કદિ પણ હિંદુઓનું કલ્યાણ કરી શકનાર નથી. તેઓ હિંદુઓ ઉપર અત્યાચાર કર્યા વિના કદિ પણ રહેનાર નથી.

ઉક્ત ઉભય સૈયદભ્રાતાઓના સામર્થ્યનું હરણકરવાને માટે ક્ષીણહૃદય ફર્રુખશીઅરે ઔરંગઝેબના જૂના વઝીર ઇનાયત ઉલ્લાખાંને પોતાનો દિવાન બનાવ્યો. એમ કહેવાય છે કે આ દિવાન દેશ, કાળ અને પાત્રાપાત્રનો વિચાર કર્યા વિના હિંદુપ્રજાપર કઠોર અત્યાચાર કરવા લાગ્યો. આ નવો દિવાન નિયુક્ત થતાંની સાથેજ પુનઃ જજીઆવેરાની સ્થાપના થઇ હતી. જો કે આ કર પ્રતિવર્ષની ઉપજ ઉપર ઘણોજ ઓછો લેવામાં આવતો હતો. જો કે લૂલા, લંગડા અને દીન તથા દરિદ્રલોકોને આ કરમાંથી મુક્ત રાખવામાં આવ્યા હતા; તથાપિ "આ કર કાફિરોની પાસેથી" લેવામાં આવતો હોવાથી હિંદુઓને ઘણું ખોટું લાગ્યું. આ દુનિયામાં એવો કોણ માણસ છે કે જે અન્યાયપૂર્વક લેવામાં આવતો કર ખુશીથી આપે? હિંદુઓ પોતાના રાજાને મનુષ્ય નહિ પરંતુ દેવ ગણે છે; પણ હિંદુઓ જજીઆવેરાથી પીડિત થઇને પાદશાહને હવે પિશાચ ગણવા લાગ્યા. અત્યાચારનું આ વૃત્તાંત સાંભળી આપણે સ્તબ્ધ થઇ જઇએ છીએ.[2]

રાજસ્થાનના બીજા નંબરના વિસ્તૃત રાજ્ય મારવાડમાં પણ જ્યારે આ કરની સ્થાપના કરવામાં આવી ત્યારે રાણા અમરસિંહના જાણવામાં આ વાત આવી અને તેથી તેઓ અત્યંત ક્રોધિત થયા. સંધિના કરારનો ભંગ કરવાને માટે મારવાડના રાજા અજિતસિંહને દૂર કરવામાં આવ્યા હતા; પરંતુ તેથી રાણા અમરસિંહ લેશ પણ હતાશ થયા નહિ. તેઓ પોતાનાજ બળ અને પોતાનાજ પરાક્રમ ઉપર ભરોંસો રાખવા લાગ્યા. ત્યારપછી તેઓ સમસ્ત રાજપૂતજાતિની સ્વાધીનતા પ્રાપ્ત કરવાને માટે દૃઢપ્રતિજ્ઞ થયા. રાણાજી કેવા ચાતુર્ય અને કેવા ઉત્સાહથી પોતાનો સંકલ્પ સિદ્ધ કરવાને પ્રવૃત્ત થયા હતા, તેનું એક વિશિષ્ટ પ્રમાણ પણ ઉપલબ્ધ થાય છે. એક સંધિપત્રજ આનું પ્રમાણ છે[3] પાદશાહ ફર્રુખશીઅરે

૧ પાદશાહ ફર્રુખશીઅર ૨૦૦૦ ઉપર જજીઆવેરાના ૧૩ રૂપિયા લેતો હતો.

૨ જજીઆવેરાની સ્થાપના થયા પૂર્વે દીર્ઘ કાળપર તેમગા (સ્ટાંપ કર) લેવામાં આવતો હતો. સંગ્રામસિંહની ઉપર બાબરે જય પ્રાપ્ત કરીને હિંદુઓ ઉપર આ કર લગાડયો હતો. જો કે આ કર જજીઆવેરાના જેવો ત્રાસ નહોતો, તથાપિ હિંદુલોકોના હૃદયમાં એથી વિદ્વેષ ઉત્પન્ન થતો હતો.

૩ આ સંધિપત્ર "પ્રાર્થનાપત્ર" ના નામથી પ્રસિદ્ધ થયું છે. તે નીચે પ્રમાણે છેઃ--

(૧) સાત હજાર સ્વારોની મનસબદારી અમને આપવી.

(૨) પાદશાહના હાથના પંજાવાળા પ્રમાણપત્રથી એવી પ્રતિજ્ઞા સિદ્ધ થાય છે કેઃ-' હવે પછી જજીઆવેરો રદ કરવામાં આવશે અને તેને પુનઃ કદિ પણ સ્થાપન કરવામાં આવશે નહિ;' માટે કોઈ પણ પ્રકારે આ કર મેવાડમાંથી લેવો નહિ. તેને એકદમ રદ કરવો.

મહારાણાની સાથે આ સંધિ કરી હતી. આ સંધિના બીજા કરારમાં જજીઆવેરો માફ કરવા સંબંધે ઉલ્લેખ છે.

આ સંધિપત્ર આદ્યોપાન્ત વાંચવાથી અઢારમી શતાબ્દીના પ્રારંભમાં રાજપૂતો અને મોગલોની અવસ્થા કેવી હતી તે ઉત્તમ પ્રકારે વિદિત થાય છે. સંધિનું નામ સાંભળતાંજ રાજપૂતકુલશિરોમણિ રાણા અમરસિંહને અપમાન થયું હોય એમ લાગે છે; પરંતુ જો વિચાર કરવામાં આવે તો એ પ્રકારની ચિંતા શીઘ્ર દૂર થાય છે. આઠમો કરાર વાંચવાથી સારી પેઠે વિદિત થાય છે કે આ સંધિથી રાણાજીને કોઇ પણ પ્રકારની હાનિ થઇ નહોતી; કારણ કે એ કરારમાં રાણાજી પાદશાહના રક્ષક હોય એમ સૂચિત થાય છે. અમરસિંહને "સાત હજારી મનસબદાર" નિયુક્ત કરવામાં આવ્યા હતા, તે પરથી તેમની તેજસ્વિતા અને પ્રતિભાનું પ્રમાણ મળે છે. વળી તેમણે રાજ્ય, ધન વિગેરે છોડી વનવાસ સ્વીકાર્યો હતો; પરંતુ કોઇની આધીનતાનો સ્વીકાર કર્યો નહોતો. અનેક રાજપૂતોના વિચાર તેમના વિચારથી ભિન્ન હતા. ક્ષણસ્થાયી લૌકિકસન્માનના સંબંધમાં રાજસ્થાનના ઇતર દેશો મેવાડની સમાન કક્ષાએ પહોંચી ગયા હતા. પદની તુચ્છ લાલચથી સર્વ રાજપૂતોએ મોગલોને પોતાના સ્વામી માન્યા હતા અને મોગલો આધીન રાજપૂતોને સન્માન આપતા હતા; પરંતુ સ્વાધીનતા અને જાતીયગૌરવના બદલામાં જે સન્માન મળે તે શા કામનું છે? હજારો સન્માનોથી યુક્ત થઈ જેમને વિજેતાઓના જોડા ઉંચકવા પડે તેમનું આ જગતમાં શું મહત્ત્વ છે? વળી વિજેતા તરફથી વિજિતજનને જે સન્માન મળે તેનું પ્રયોજન પણ શું? અને તેનો અર્થ પણ શું? આ સન્માન વિડમ્બનામાત્ર છે. આ સન્માન અસારતા, કાયરતા અને પરાધીનતાનો પ્રકાશમાન આદર્શ છે. રાજસ્થાનના ઇતર સર્વ રાજપૂતો આ સન્માનથી પોતાને સન્માનિત સમજતા હતા; પરંતુ વીરવર બાપ્પા રાવલના વંશજોએ આ સન્માનને ઠોકરે માર્યું

(૩) દક્ષિણને માટે જે એક હજાર રાઠોડ સ્વારોની સહાય લેવામાં આવે છે તે માફ કરવી.

(૪) મુસલમાનોએ હિંદુઓનાં જે ધર્મમંદિરો તોડી નાખ્યાં છે તે પુનઃ બંધાવી આપવાં અને હિંદુઓને સ્વતંત્રતાપૂર્વક પોતાના ધર્મની ચર્ચા કરવા દેવી.

(૫) મારા મામા, કાકા, ભ્રાતા અથવા સરદારો જો આપની પાસે આવે તો તેને કોઈ પણ પ્રકારનો આશ્રય અથવા ઉત્તેજન આપવું નહિ.

(૬) દેવલ, વાંસવાડા, ડુંગરપુર, શિરોહી તથા અન્યાન્ય ભૂમિપતિઓની ઉપર અમારૂં આધિપત્ય રહે, તેઓ બારોબાર આપની મુલાકાત કરી શકે નહિ, મારી મારફતેજ તેમની મુલાકાત થવી જોઈએ.

(૭) મારી પાસે જે ફોજ છે, તે સરદારોની છે. પાદશાહને જ્યારે આવશ્યકતા પડે, ત્યારે નિયત સમયને માટે તે આપવામાં આવશે. જ્યાંસુધી અમારી સેના પાદશાહને સહાય કરવાને રહેશે ત્યાંસુધી તેના પગાર વગેરેનો ખર્ચ પાદશાહે આપવો જોઇશે અને કાર્ય સમાપ્ત થતાં તેનો સર્વ હિસાબ ચૂકવી દેવો જોઇશે.

(૮) મારા જે ટક્કદાર, જમીનદાર, મનસબદાર વગેરે સરદારો અંતઃકરણપૂર્વક અને ઉત્સાહથી પાદશાહની સેવા કરે છે તેમની સૂચિ મારાપર મોકલી આપવી અને જે સરદારો પાદશાહની આજ્ઞા માન્ય નહિ કરે તેને હું દંડ કરીશ; પરંતુ મારા સરદારો જ્યારે પાદશાહના કાર્યને માટે ફરતા હોય ત્યારે તેમના દ્વારા લોકોની કૃષિ આદિની જે હાનિ થાય તેની જવાબદારી મારે શિર હોવી ન જોઈએ.

(૯) ફુલિયા, મગલગણ, બેદનોર, બસાર, ગયાસપુર, પુરધર, વાંસવાડા અને ડુંગરપુર આ મહાલો અને તેના પાંચ હજાર સ્વારોની મનસબદારી મને આપવી જોઇએ. આ ૫૦૦૦ સ્વારોસિવાય સિંહાસનપર બેસતી વખત તથા સિનસિનીમાં જય પ્રાપ્ત કરતી વખત સ્વીકારેલા હજાર હજાર સ્વારો મળી એકંદર ૭૦૦૦ સ્વારોની મનસબદારી મને મળવી જોઈએ; અને સિનસિનીમાં વિજય પ્રાપ્ત થયો તે વખતે ૧૦૦૦ સ્વારો પૈકી પ્રત્યેકને પાંચ પાંચ ઘોડા આપવાનો જે સ્વીકાર કર્યો હતો તદનુસાર ઘોડા પણ મળવા જોઈએ

(૧૦) ત્રણ કરોડ દામ (ચાળીસ દામનો એક રૂપિયો થાય છે.) પુરસ્કારતરીકે મળવા જોઈએ. બે કરોડ સંધિપત્રાનુસાર અને એક કરોડ દક્ષિણમાં મોકલેલી સેનાના વેતનના ઉપર્યુક્ત બે કરોડ દામની તો હાલમાં મને અત્યંત આવશ્યકતા છે અને તેના બદલામાં શિરોહીપ્રાંત મને આપવાનો પાદશાહે સ્વીકાર કર્યો છે; માટે તે પ્રાંત શીઘ્ર મારા કબજામાં સોંપી દેવો જોઈએ.

(૧૧) હાલ મને નીચલા મહાલો મળવા જોઇએઃ—

ઈડર, કેકીમંડલ, જિહાજપુર, માલપુર અને બીજો એક (આ શબ્દની શાહી ઉડી જવાથી વાંચી શકાયો નહિ, તેથી આ મહાલનું નામ લખી શકાયું નથી.)

હતું. આથી જોકે તેમને દારુણ દુર્દશા પ્રાપ્ત થઈ હતી, તે છતાં પણ તેઓ અધિક આદરને પાત્ર હતા. આ વાત ઉક્ત સંધિપત્રના બીજા કરારો વાંચવાથી પણ સુવિદિત થાય છે. આ કરારોમાં હિંદુઓની ધાર્મિક સ્વતંત્રતા, સિસોદીઆકુલના પ્રાચીન સામંતોપર રાણાને અધિકાર મળવો, હરણ થયેલી સંપત્તિ પુનઃ પ્રાપ્ત થવી—આ ત્રણ બાબતો મુખ્ય હતી. આ સંધિનું પરિશીલન કરવાથી સ્પષ્ટ રીતે પ્રતીત થશે કે મોગલકુલની સૌભાગ્યલક્ષ્મી ધીમે ધીમે તેમનો પરિત્યાગ કરતી જતી હતી. ભારતવર્ષની તે સમયની રાજકીયસ્થિતિનો વિચાર કરવાથી અમારા કથનની સત્યતા સમજાશે. વિશાળ દક્ષિણ દેશમાં વીર મહારાષ્ટ્રીઓ શાહુરાજાને પોતાના નેતા બનાવી લૂંટફાટ કરી રહ્યા હતા.તેમના પ્રચંડ બાહુબલથી અનેક રાજ્યો પાયમાલ થઈ ગયાં હતાં; પરંતુ મહારાષ્ટ્રીઓ વિજિતરાજ્યોપર પોતાનો અધિકાર સ્થાપિત કરતા નહોતા. તેઓ નિષ્ઠુરતા અને ક્રૂરતાથી સર્વની પાસેથી માત્ર “ચોથ” અને “સર્દેશમુખી” વસુલ કર્યા કરતા હતા.

મોગલશહેનશાહતની આ શોચનીય દુર્દશાના સમયમાં દિલ્હીની નિકટ વસતી એક બીજી પ્રજાએ પણ સ્વાધીનતા પ્રાપ્ત કરી લીધી હતી. આ જાતિનું નામ “જાટ” હતું. જાટજાતિની ઉત્પત્તિ પ્રાચીન જિત કુલની શાખામાંથી થઇ છે. આ લોકો ચંબલનદીના પશ્ચિમતટપર વસતા હતા. મોગલોનો કઠોર અત્યાચાર સહન કરીને આ જાટલોકો ધીમે ધીમે પોતાનું બળ વધારતા જતા હતા. મોગલસામ્રાજ્યની અધોગતિ જોઇ તેમણે તેમના અત્યાચારોનો બદલો લેવાને માટે પોતાનાં મસ્તક ઉન્નત કર્યાં અને ભારતવર્ષમાં પોતાની સ્વાધીનતાનો ડંકો વગાડી દીધો. એક વખત તે જાટોની ઉચ્ચ પતાકા દિલ્હીના સિંહદ્વારપર ફરકવા લાગી હતી. સિન્સીનીના ઘેરા પછી દીર્ઘકાળપર્યંત જાટોની પતાકા ત્યાં ફરકતી રહી. તદનંતર બ્રિટિશસિંહના ચાતુર્યથી જે દિવસે ભરતપુરનો કિલ્લો હસ્તગત કરવામાં આવ્યો, તેજ દિવસે જાટવીરોના મસ્તકપરથી વિજયમુકુટ ભૂમિપર પડી ગયો અને તેમની સ્વાધીનતારૂપી ધ્વજા ઉખડીને બ્રિટિશસિંહના ચરણોમાં પડી.

રાણા અમરસિંહના જીવનના અંતિમ ભાગમાં સંધિ થઇ હતી. આ સંધિ થયા પછી થોડા દિવસોમાંજ તેઓ અમરધામમાં ચાલ્યા ગયા. રાણા અમરસિંહ ચતુર અને પ્રજાહિતૈષી રાજા હતા. તેઓ પોતાના રાજ્યની સંપત્તિ ભારતવર્ષના સર્વવ્યાપક વિપ્લવ અને મોગલરાજ્યની ભયંકર અરાજકતાની વચમાં પણ વૃદ્ધિંગત કરતા રહ્યા હતા. તેમણે પોતાના સન્માન તથા ગૌરવની રક્ષા ઉત્તમ પ્રકારે કરી હતી. કૃષિ અને કારીગરીની ઉન્નતિને માટે તેઓ પ્રજાજનોને મોટી સગવડો કરી આપતા તથા તેમને અત્યંત ઉત્તેજન આપતા હતા. મેવાડના સ્મારકસ્તંભોપરથી આ વાત સ્પષ્ટ રીતે વિદિત થાય છે અને તે દ્વારા મહારાણા (દ્વિતીય) અમરસિંહની કીર્તિ ચિરકાળપર્યંત ટકી રહેશે. આજપર્યંત મેવાડવાસીઓ પ્રાતઃસ્મરણીય મહારાજાઓની પવિત્ર નામાવલી સાથે એમના નામનો પણ જપ કર્યા કરે છે. મેવાડવાસીઓની માન્યતાનુસાર તે દેશમાં સિસોદીઆકુલના ગૌરવશાળી અંતિમ મહારાણા અમરસિંહજ થયા છે. તેમના પરલોકગમનની સાથે મેવાડની શોચનીય અધોગતિ થઈ અને ગૌરવાન્વિત સિસોદીઆકુલનું ઉન્નત મસ્તક અવનત થઇ ગયું.

# अध्याय १३ मो

રાણા સંગ્રામસિંહ–મોગલ શહેનશાહતની અવનતિ–નિજામ ઉલ મુલ્કે કરેલી હૈદ્રાબાદ રાજ્યની સ્થાપના–સમ્રાટ ફેર્રૂખશીઅરની હત્યા–જજીઆ વેરાનું રદ થવું–મહંમદશાહનો રાજ્યાભિષેક–સૈયદખાંદ્વારા અયોધ્યાની પ્રાપ્તિ–મેવાડની શાસનપદ્ધતિ–રાણા સંગ્રામસિંહનું પરલોકગમન–રાણા સંગ્રામસિંહવિષે ચાલતી કેટલીક વાતો–રાણા (દ્વિતીય) જગતસિંહનું સિંહાસનપર આરૂઢ થવું–મારવાડ અને અંબર સાથે સંધિ–મહારાષ્ટ્રીઓનું માલવા અને ગુજરાતપર આક્રમણ અને અધિકાર–નાદિરશાહનું આક્રમણ—દિલ્લીનું સત્યાનાશ—રાજપૂતોની તે સમયની અવસ્થા–મેવાડની સીમા–રાજપૂતોનો સંપ–બાજીરાવનું મેવાડપર આક્રમણ–રાણાજીપર વાર્ષિક કર લગાડવો–અંબરનું સિંહાસન માધોસિંહને મળવામાં ઝગડો–રાજમહલનું યુદ્ધ–રાણાનો પરાજય–મલ્હારરાવ હોલ્કર સાથે તેમણે કરેલી સંધિ–વિષપાનથી અંબરના ઇશ્વરીસિંહનો પ્રાણત્યાગ–રાણાનો પરલોકવાસ–તેમનું ચરિત્ર.

---

જે દિવસે રાણા અમરસિંહ (દ્વીતીય) અમરધામમાં ગયા, તેજ દિવસે સંગ્રામસિંહ મેવાડના સિંહાસનપર બેઠા. આ પવિત્ર નામ સાંભળતાંજ બાબરના પ્રચંડ વૈરી મહારાણા સંગ્રામસિંહનું સ્મરણ થાય છે. તેમનું સ્મરણ થતાંજ મેવાડનું ગત અને વર્તમાન ચિત્ર માનસિક દર્પણપર પ્રતિબિંબિત થાય છે અને તેથી ચિત્ત આનંદ અને શોકના રસમાં ડૂબી જાય છે. આ પવિત્ર નામામૃતપાનથી હૃદય ઉન્મત્ત થઇને પ્રશ્ન કરે છે કે શું આ તેજ સંગ્રામસિંહ છે? જેમણે તૈમુરના વંશજ વીરકેસરી બાબરના અસીમ પરાક્રમની ગતિ રોકી દીધી હતી, તેજ સંગ્રામસિંહ શું આ છે? સંધ્યાસમયે આરતી કરતી વખત રાજપૂતલલનાઓ જેમનું સ્મરણ કરે છે, ઘઉં દળતી વખત ઘંટી ફેરવતાં ફેરવતાં રાજપૂતકુમારિકાઓ જેમનાં વીરત્વનાં ગીતો ગાય છે, પ્રાતઃકાળમાં શય્યામાંથી ઉઠતી વખત રાજપૂતો જેમના પવિત્ર નામનો જપ કરે છે, ચિતોડના વિજયસ્તંભપર અને અરવલ્લીપર્વતમાળાનાં ગગનસ્પર્શી શૃંગોપર જેમનું નામ કોતરવામાં આવેલું જણાય છે, તેજ સંગ્રામસિંહ આ છે? આ પ્રશ્નનો ઉત્તર કોઈ ગુપ્ત દેવતા ગંભીરસ્વરથી નીચે પ્રમાણે આપે છેઃ– "અપૂર્ણ મનુષ્યનું તેજ, વીર્ય, ગૌરવાદિ સર્વ અનિત્ય છે અને તેની અનિત્યતા સિદ્ધ કરવાને માટેજ બીજા સંગ્રામસિંહ રાણા પ્રથમ સંગ્રામસિંહના આસનપર વિરાજમાન થયા છે."

જે મહમ્મદશાહની સાથે તૈમૂરના વીરવંશનું પ્રકાશમાન ગૌરવ નષ્ટ થઈ ગયું અને જે અંતિમ મોગલપાદશાહ થયો તેના સમયમાં મહારાણા સંગ્રામસિંહ સિંહાસનારૂઢ થયા. આજ પાદશાહના સમય (ઇ૦ સ૦ ૧૭૧૬–૩૪) માં મોગલશહેનશાહતની અવનતિનો પ્રારંભ થયો. બાબરનું સિંહાસન તૂટીને છિન્નભિન્ન થવા લાગ્યું. તેના ટુકડાઓ ઉપર પાણીના પરપોટાની પેઠે નાનાં નાનાં સ્વતંત્ર રાજ્યો સ્થાપિત થવા લાગ્યાં. મોગલો, પઠાણો, શિયા, સુન્ની, મહારાષ્ટ્રીઓ અને રાજપૂતો એ સર્વ સ્વતંત્રતાની

ધ્વજા ફરકાવી અલ્પ સમયને માટે રાજસુખ ભોગવવા લાગ્યા; પરંતુ અલ્પ સમય પછી વિધિના લેખ પ્રમાણે હિમાદ્રીથી લઇને સિંહલદ્વીપપર્યંત જળ, સ્થળ, પર્વત, વન–સર્વ કંપાયમાન થયાં અને એક પ્રચંડ ઉપદ્રવ ઉત્પન્ન થયો. આ વખતે સાત સમુદ્રપારથી થોડા બ્રિટનવીરોએ આવીને મુસલમાન, મહારાષ્ટ્રીઓ અને રાજપૂતોનાં સિંહાસન જીતી લીધાં અને તેમણે એક વિશાળ સામ્રાજ્યની સ્થાપના કરી. મુસલમાનો, મહારાષ્ટ્રીઓ, શીખો અને રાજપૂતો આજે તેજ વિરાટ સામ્રાજ્યના સિંહાસનની આગળ શિર ઝુકાવે છે.

ગુણ, ગૌરવ અને સ્વામિભક્તિ ઉપર ભરોંસો રાખીને અભાગી મોગલપાદશાહ જે કોઈ સેનાપતિ કિંવા પ્રતિનિધિને કોઈ દેશનો શાસનભાર સોંપતો હતો, તેજ સેનાપતિ અથવા પ્રતિનિધિ કૃતજ્ઞતાના પવિત્ર મસ્તકપર પદાઘાત કરીને વિદ્રોહરૂપી કલંકિત ઉપાયથી તે દેશનો સ્વતંત્ર સ્વામી બની બેસતો હતો. આ પ્રકારના ઘૃણિત ઉપાયોથી રાજ્ય હસ્તગત કરીને પણ જો તેઓ ત્યાંની પ્રજાનું ઉત્તમ પ્રકારે પાલન કરી શકત, જો તેઓ રાજ્યના દૃઢ સ્તંભરૂપી પ્રજાને પુત્રવત્ પાળત અને તેમનાં સુખ તથા સંપત્તિને વધારત તો તેમને તેમના ઉક્ત પાપનો કઠોર દંડ શીઘ્ર મળત નહિ. ઉક્ત વિશ્વાસઘાતી સેનાપતિઓ અને રાજપ્રતિનિધિઓ જો પ્રજાનું ઉત્તમ પ્રકારે પરિપાલન કરત તો હજી તેઓ બંગાળા, અયોધ્યા તથા અન્યાન્ય રાજ્યોના અધર્મથી લીધેલા સિંહાસનપર અધિષ્ઠિત રહી શકત; પરંતુ આ સૌ કરતાં મહારાષ્ટ્રીઓનો ઉદય આપણને વિશેષ આશ્ચર્યચકિત કરે છે. મહારાષ્ટ્રીઓનો ઉદય અકસ્માત થયો હતો. કોઇ દૈવીસામર્થ્યના પ્રભાવથી હિંદુકુલચૂડામણિ મહારાજાધિરાજ શિવાજીએ દીન અને શાંત ધર્માધિકારીઓ તથા ખેડુતોને ચતુર રાજકર્મચારીઓ તથા રણવિશારદ સૈનિકો બનાવી દીધા હતા! આ વાત તો સત્ય છે કે હિંદુદ્વેષી મોગલસમ્રાટ ઔરંગઝેબના ભીષણ અત્યાચારથી દુઃખિત થઇને વીરવર શિવાજીએ પોતાના સ્વદેશબંધુઓને વીરમંત્રથી દીક્ષિત કરી રણનીતિમાં કુશળ બનાવ્યા હતા. શિવાજીની મનોવાંચ્છના એટલા અલ્પ સમયમાં પરિપૂર્ણ થઈ હતી કે તેનું સ્મરણ થતાં પ્રત્યેક હિંદુનું હૃદય આનંદથી ઉન્મત્ત બની જાય છે. એવો કયો માણસ છે કે જે મહાત્મા શિવાજીને સ્વદેશોદ્ધારક માનીને તેને પૂજવાને માટે આગળ નહિ ધપશે? પરંતુ વીરવર શિવાજીના મહામંત્રનું તેમના વંશજોએ પાલન કર્યું નહિ, એ ભારતવર્ષના અત્યંત દુર્ભાગ્યની વાત છે. જો તેઓ તેમના મહામંત્રને વિસરી ગયા ન હોત તો આજે પણ તેઓ મહાત્મા શિવાજીએ ઔરંગઝેબ પાસેથી છીનવી લીધેલા દેશમાં પોતાનો અધિકાર ચાલુ રહેલો જોઇ શકત; પરંતુ દુર્ભાગ્યને કોણ રોકી શકે એમ છે? વિધિના લેખ કોણ મિથ્યા કરી શકે એમ છે? નહિ તો વિજયી મરાઠાઓ બીજી નીતિ શામાટે ધારણ કરત? તેમનો વીરાચાર દુરાચારનું સ્વરૂપ શામાટે ધારણ કરત? મરાઠાઓ પોતાના અસીમ પરાક્રમથી જે રાજ્યને જીતી લેતા ત્યાં તેઓ પોતાની પ્રભુતા સ્થાપિત કરતા નહોતા; પરંતુ તેમાં લૂંટફાટ ચલાવી તેને પાયમાલ કરીને પોતાના દેશમાં પાછા ચાલ્યા જતા. તેમણે પ્રથમ જે સાહસ, ઉત્સાહ, ધીરતા અને શાંતિપ્રિયતા આદિ સદ્ગુણોનો પરિચય કરાવ્યો હતો, તે સર્વને દુર્ભાગ્યવશાત્ તેમણે પાછળથી તિલાંજલિ આપી અને તેને બદલે દુરાકાંક્ષા, કપટતા અને લૂંટફાટ ઇત્યાદિ ઘૃણિત દોષોને પોતાના ચારિત્ર્યમાં સ્થાન આપ્યું. જે દક્ષિણમાં તેમનો અખંડ પ્રતાપ પ્રસરી ગયો હતો, જ્યાં તેમની પોતાની માતૃભાષા બોલાતી હતી અને જ્યાં તેમના પોતાના રીતિરિવાજો પાળનારી પ્રજા હતી તેજ દેશ જો તેમણે પોતાની આગલી શ્રેષ્ઠ રાજનીતિનું અવલંબન કરીને અક્ષત રાખ્યો હોત તો તે વિશાલ દેશમાંથી શ્રીમાન શિવાજીમહારાજનું રોપેલું વૃક્ષ કદિ પણ નાશ પામત નહિ; પરંતુ તેમની પ્રચંડ અભિલાષાજ તેમના નાશનું કારણ બની. તેમણે જ્યાં પાપમંત્રથી ઉત્સાહિત થઈને ઉત્તરતરફના ભાગપર આક્રમણ કરવા માંડ્યું કે તરતજ તેઓ ભારતવર્ષના સર્વ હિંદુરાજાઓનાં નેત્રોમાં કાંટાની પેઠે ખુંચવા લાગ્યા, તેમનો માર્ગ કંટકમય બની ગયો. રાજપૂતો અને મહારાષ્ટ્રીઓ ઉભય હિંદુ છે. ધર્મ અને જાતના વિષયમાં તેમનામાં લેશ પણ ભેદ નથી; પરંતુ ઉભય પ્રજાના સ્વભાવમાં જેટલો અંતર દેખાય છે તેટલો અંતર રાજપૂતો અને મુસલમાનોમાં જણાતો નથી. મુસલમાનોના શાસનમાં અત્યાચાર અંતર્ભૂત હતો, એ વાત સત્ય છે; પરંતુ તે અત્યાચાર મહારાષ્ટ્રીઓના અત્યાચાર જેટલો ઘોર અને ભયંકર નહોતો. આજ કારણથી મુસલમાનોના દીર્ઘકાળવ્યાપી રાજ્યથી પણ રાજસ્થાનની જેટલી હાનિ થઇ નહોતી તેટલી હાનિ મરાઠાઓએ માત્ર અલ્પકાળમાં કરી હતી. દીર્ઘકાળપર્યંત ઉપદ્રવો સહન કરી રહ્યા પછી

મોગલસામ્રાજ્યની અવનતિના સમયમાં જો ભારતવાસીઓ સુખશાંતિ પ્રાપ્ત કરીને ધીમે ધીમે જાતીય-બળનો સંગ્રહ કરત તો પુનઃ ભારતવર્ષમાં સૌભાગ્યનો સૂર્ય ઉદય પામત; પરંતુ મુસલમાનોના કઠોર અત્યાચારથી ભારતવાસીઓ હજી છૂટયા ન છૂટયા એટલામાંજ મહારાષ્ટ્રીઓના અત્યાચારથી તેમનાં હૃદય ભગ્ન થઈ ગયાં. આ દુઃખથી ભારતવાસીઓનું લોહી એટલું તો ચૂસાઇ ગયું કે જેથી ભારતસંતાનો પુનઃ મસ્તક ઉન્નત કરી શકયાં નહિ. પરિણામે તેમને શાન્તિપ્રિય બ્રિટિશસામ્રાજ્યનું શરણ પ્રાપ્ત થયું.

પાદશાહ ફર્રૂખશીઅરની ક્ષણભંગુર હકુમતનો ધીમે ધીમે લોપ થતો ગયો. પાદશાહે કોણ જાણે કયી ખરાબ ક્ષણે સૈયદોની સત્તા ખુંચવી લેવાની ચેષ્ટા કરી હતી અને તેણે કોણ જાણે કયા ખરાબ સમયે દુષ્ટ ઇનાયત ઉલ્લાખાંને પોતાનો સલાહકાર બનાવ્યો હતો કે જેથી એજ ઇનાયત ઉલ્લાખાંએ પાદશાહનું સત્યાનાશ વાળવાનો પ્રયત્ન કર્યો! પાદશાહે જે આશાથી ઔરંગઝેબના વૃદ્ધમંત્રીને પોતાનો દિવાન બનાવ્યો હતો, તે આશા સફળ થઇ નહિ. તે દુષ્ટમંત્રીએ ઔરંગઝેબનું અનુકરણ કરીને હિંદુઓને સતાવવા માંડયા. આથી સર્વ હિંદુઓ તેનાપ્રત્યે દ્વેષ ધારણ કરવા લાગ્યા. તદુપરાંત તેના પ્રચંડ વૈરી સૈયદોનો ક્રોધાગ્નિ તેનાપર પડયો અને તેણે તેને એકદમ ભસ્મીભૂત કરી નાખ્યો.

જે નિજામ-ઉલ-મુલ્કે હૈદ્રાબાદના રાજ્યની સ્થાપના કરી હતી, તેને પાદશાહ ફર્રૂખશીઅરે ઉભય સૈયદોની પ્રભુતા અને સામર્થ્ય કે જેનો તેઓ દુરુપયોગ કરતા હતા, તે ખુંચવી લેવાને માટે બોલાવ્યો. પૂર્વે આ નિજામ-ઉલ-મુલ્ક મુરાદાબાદનો સુબેદાર હતો; પરંતુ તેનાં ઉત્તમ જ્ઞાન અને કાર્યદક્ષતાનો પરિચય થવાથી પાદશાહે તેને માલવાદેશ આપવાનું વચન આપીને દિલ્લીમાં બોલાવ્યો. ઉભય સૈયદ ભ્રાતાઓ આ વર્તમાન સાંભળીને તરતજ દશ હજાર મરાઠાસૈનિકોને લઇને રાજસભામાં આવ્યા અને અત્યંત ક્રોધપૂર્વક પાદશાહ ફર્રૂખશીઅરને તખ્ત-પરથી ઉતારી પાડયો. પાદશાહની સર્વ આશા ધૂળમાં મળી ગઈ. આ વિપત્તિના સમયમાં અંબર[1] અને બૂંદીના રાજાઓસિવાય કોઇ પણ તેની પાસે રહ્યું નહિ. જો આ વખતે પાદશાહ ઉક્ત રાજાઓની ઉત્તમ સલાહ માન્ય કરત તો તેના પ્રાણ અકાળે જાત નહિ; પરંતુ તેના દુર્ભાગ્યે તેને કાંઇ સૂઝયું નહિ નહિ, તો તે પોતાના પરમ હિતૈષી મિત્રોની સલાહ શામાટે માન્ય ન કરત? આ ઉભય રાજાઓએ મોગલસમ્રાટને વીરની પેઠે સાક્ષાત્ યુદ્ધક્ષેત્રમાં જવાની સલાહ આપી હતી; પરંતુ પાદશાહે અત્યંત ભીરુ અને કાયર પુરુષની પેઠે તેમની સલાહપર લક્ષ્ય આપ્યું નહિ. આથી ઉક્ત ઉભય રાજાઓ પણ તેનો પરિત્યાગ કરીને ચાલ્યા ગયા. ફર્રૂખશીઅર અત્યંત કાયર હતો. તે રાજપૂત રાજાઓની સલાહને



નિઝામ-ઉલ-મુલ્ક

૧ કર્નલ ટૉડને મહારાણાના દફતરખાનામાંથી જયપુરનરેશ મહારાજ જયસિંહના હસ્તાક્ષરયુક્ત એક પત્રિકા પ્રાપ્ત થઈ હતી. આ પત્રિકા વાંચવાથી ફર્રૂખશીઅરની દુર્દશાનું વર્ણન સારી રીતે પ્રકટ થાય છે. મહારાજ જયસિંહે આ પત્ર રાણાજીના દિવાન બિહારીદાસપર લખ્યો હતો. આ પત્ર નીચે પ્રમાણે છે:--

"અમીર-ઉલ-ઉમરા" આવી પહોંચ્યા છે અને બાલાજી પંડિતદ્વારા વાતચીત ઠીક થઈ છે તેમણે કહ્યું છે કે તેઓ મને પોતાના મિત્રતરિકે ગણે છે અને તેમણે મને યાત્રા કરવાની ભલામણ કરી છે. કિસનલાલ અને જીવાલાલે પણ એવીજ સલાહ આપી છે. આથી મેં પાદશાહપર એક અરજી મોકલી છે. આ અરજીમાં આ સલાહનું સમસ્ત વૃત્તાંત લખવામાં આવ્યું છે અને આપ સત્વર આજ્ઞા આપશો એમ લખ્યું છે. પાદશાહે મને આજ્ઞા આપી.સર્વની આવી ઇચ્છા હોવાથી મેં ફાલ્ગુનની પ્રતિપદા અને ગુરુવારને દિવસે યાત્રાનો આરંભ કર્યો. થોડે અંતરે જઈ મેં શ્રી બલસરાયમાં મુકામ નાખ્યો. બૂંદીના રાવ રાજાને મેં મારી સાથે આવવાને કહ્યું; પરંતુ આ વાત તેમને ગળે ઉતરી નહિ તેઓ કુતુબ-ઉલ-મુલ્કની સાથે મળી ગયા. કુતુબ-ઉલ-મુલ્કે તેમને કેટલીક સેના આપીને તેમને અજિતસિંહની સાથે મુકામ કરવાનું કહ્યું. રાવ રાજાએ તેમજ કર્યું. કોટાના ભીમસિંહની સેના આવી. તેની સાથે એક યુદ્ધ થયું.આ યુદ્ધમાં જયસિંહ હાડા માર્યા ગયા અને રાવ રાજા ભયભીત થઈ અલીવર્દીખાંની છાવણીમાં નાસી ગયા. તેમને સહાય કરવાને માટે મેં સેના મોકલી. પાદશાહે હમામખાના અને તોશાખાના સૈયદોને આપી દીધાં. સૈયદોએ પોતાની ઈચ્છા પ્રમાણે સર્વ વસ્તુઓ હજમ કરી છે અને આજ્ઞાપિ કરે છે. સૈયદોને તો આપ સારીરીતે ઓળખો છો હવે હું સ્વદેશ તરફ પ્રયાણ કરું છું. હજુરને (રાણાજીને) ઘણી વાતો મોઢામોઢ કહેવાની છે;પરંતુ તે પૂર્વે તમારે મને મળવાને આવવું. ઇતિ. ફાલ્ગુન શુક્લ પક્ષ ૬ સંવત ૧૯૯૫ (ઈ૦ સ૦ ૧૭૧૯)

આમાન્ય કરી "જનાનખાના" માંજ રહેવા લાગ્યો. તેને પોતાની રક્ષાનો કોઈ ઉપાય સૂઝયો નહિ અને તેને શત્રુની દયાપર અવલંબન કરવું પડયું. ક્રોધિતસૈયદોએ પાદશાહપર કહેણ મોકલ્યું કે:-"તમારા વિશ્વાસુ રાજપૂતોને દૂર કરો અને અમારા એક સેનાપતિને દુર્ગમાં પ્રવેશ કરવા દો. જો આમ કરશો તો અમે તમારાપર કોઈ પણ પ્રકારનો અત્યાચાર કરીશું નહિ."

અભાગી ફર્રૂખશીઅરની સર્વ આશાઓ નષ્ટ થઈ ગઈ. તેણે ધાર્યું હતું કે શત્રુઓ મહાલયમાં પ્રવેશ કરીને કોઇ પણ પ્રકારનો અત્યાચાર કરશે નહિ. આવા વિચારથી તે જનાનખાનામાં બેગમોના ખોળામાં બેસી રહ્યો; પરંતુ તેની ધારણા ખોટી પડી. "શ્યામ વસ્ત્રધારિણી વિભાવરી (રાત્રિ) કરાળ વેષ ધારણ કરી જગતમાં આવી પહોંચી અને તેમાં પાદશાહનું ભાગ્ય પણ લોપ થઇ ગયું. દુર્ગનું દ્વાર બંધ થયું. પાદશાહનો કોઈ પણ મિત્ર કિલ્લામાં રહી શકયો નહિ. કેવલ વઝીર અને અજિતસિંહ ત્યાં હતા. ભયંકર સ્વરૂપવાળી રાત્રિ નગરવાસીઓને અનેક પ્રકારના ભય દર્શાવવા લાગી. સર્વ માણસોને અત્યંત ચિંતા થઇ. મહાલયમાં શું થાય છે તેની કોઈ પણ મનુષ્યને ખબર નહોતી. બીજી તરફ અમીર--ઉલ--ઉમરા દશ હજાર મરાઠા સૈનિકોને લઇને ઉભો હતો. ઉષાના રાતા રંગે નવા દિવસની વધામણી પણ કહી અને સાથે સાથે ફર્રૂખશીઅરની દુર્દશા પણ ગંભીર નાદથી પોકારીને જગતને જણાવી. સર્વની આશા નષ્ટ થઇ, ફર્રૂખશીઅર પદભ્રષ્ટ થયા પછીરફે-ઉલ-દિર્જાત દિલ્લીના તખ્તપર બેઠો." પ્રાચ્યદેશના રાજાઓ પદભ્રષ્ટ થયા કે તરતજ તેમની ઘોર દુર્દશાની શરૂઆત થાય છે. હતભાગી ફર્રૂખશીઅરના સંબંધમાં પણ તેમજ બન્યું. બંદીલોકોએ જ્યારે નવીન પાદશાહને "ઉમ્રદરાજહો" એવો આશીર્વાદ આપ્યો ત્યારે હતભાગી ફર્રૂખશીઅરના ગળાપર ધનુષની દોરી લાગી રહી હતી.[1]

તખ્તપર બેસતાંની સાથેજ નવીન પાદશાહે અજિતસિંહ તથા ઇતર રાજાઓને સંતુષ્ટ રાખવાનો વિચાર કર્યો અને તેણે જજીઆવેરો કાઢી નાખ્યો. રાજપૂતોને પ્રસન્ન રાખવાને માટે ચતુર સૈયદોએ પાદશાહના દિવાન ઇનાયત ઉલ્લાખાંને પદચ્યુત કરીને તેના સ્થાનપર એક રાજપૂતને નિયુક્ત કર્યો. આ નવા દિવાનનું નામ રાજા રત્નચંદ્ર હતું. રફે-ઉલ-દિર્જાત કેવળ ત્રણ માસપર્યંત સિંહાસન ભોગવીને પરલોકવાસી થયો. તેને ખાંસીનો રોગ હતો અને તેથીજ તેનું મૃત્યુ થયું. તેના મૃત્યુ પછી બીજા પણ બે પાદશાહો અલ્પકાળપર્યંત રાજ્યસુખ ભોગવીને સંસારની રંગભૂમિપરથી વિદાય થઇ ગયા. ત્યારપછી બહાદૂરશાહનો જ્યેષ્ઠપુત્ર રોશનઅખ્તર મહમ્મદશાહ નામ ધારણ કરીને ઈસ્વીસન ૧૭૨૦માં દિલ્લીના તખ્તપર બેઠો. મહમ્મદશાહે એકંદર ત્રીસ વર્ષપર્યંત રાજ્ય ભોગવ્યું. એનાજ સમયમાં મોગલસામ્રાજ્યની સંપૂર્ણ અવનતિ થઇ. રાજ્યમાં અનેક પ્રકારના બખેડા થયા તેથી આ વિશાળ દેશ છિન્નભિન્ન થઈ ગયો. આવી અવ્યવસ્થા જોઇ આ સમયને એક અમૂલ્ય સંધિ માની મરાઠાઓ જ્યાં ત્યાં લૂંટફાટ કરવા લાગ્યા અને પઠાંડીઅફઘાનોએ પણ ભારતવર્ષપૂર આક્રમણ કર્યું. મરાઠાઓના હાથથી બચેલા ભાગને અફઘાનોએ લૂંટીને પાયમાલ કર્યો.

એક તો રાજ્યમાં અનેક પ્રકારના ઉપદ્રવો થઇ રહ્યા હતા એવામાં ક્રૂર સૈયદો પ્રજા ઉપર કઠોર અત્યાચાર કરવા લાગ્યા. આથી ભારતવર્ષની દુર્દશાનો પાર રહ્યો નહિ. સૈયદોપર નિજામ અત્યંત અપ્રસન્ન થયો.[2]

અમે પૂર્વે કહી ચૂકયા છીએ કે નિજામ એક ચતુર સેનાપતિ હતો. માલવાનો ઉદ્ધાર કરવામાં અને શ્રીવૃદ્ધિ કરવામાં તેણે અત્યંત ચાતુર્યથી કામ લીધું હતું. આથી ઉભય સૈયદભ્રાતાઓ તેનાપર અત્યંત અપ્રસન્ન થયા. પરસ્પર વૈર થઇ ગયું. સૈયદોએ પોતાને હાથેજ પોતાની દુર્દશા કરી. તેમણે

---

૧ અપરાધીને મારી નાખવાને માટે મુસલમાનલોકો તેના ગળામાં ધનુષની દોરીનો ફાંસો નાખે છે.

૨ રાજા જયસિંહે આ સંબંધમાં રાણાજીના મંત્રી બિહારીદાસપર એક પત્ર લખ્યો હતો. આ પત્રના થોડા ભાગનો અનુવાદ અત્રે આપવામાં આવે છે:—

"આપે લખ્યું છે કે રાણાજી સેનાને માટે રૂપિયા મોકલે છે, એમાં મારો કાંઈ હિસાબ નથી ઉંટપર લાદીને રૂપિયા સત્વર મોકલી દો. નવાબ નિજામ-ઉલ-મુલ્ક ઉજ્જનથી શીઘ્ર યાત્રા કરે છે અને જળીલારામ અહીંઆં આવે છે. આગ્રાથી એવા સમાચાર મળ્યા છે કે તે કાલ્પીનદી હતર્યો છે. દિવાનજીને કહેજો કે સત્વર ફોજ લઈને મળે, વિલંબ થવો નહિ જોઈએ. દ્રવ્ય પાસે હોવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. ભાદ્રપદ સુદ ૪ સંવત ૧૭૭૬ ( ઈ૦ સ૦ ૧૭૨૦ )"

દુરાચારથી ભારતવર્ષમાંથી મોગલસામ્રાજ્યનો લોપ કર્યો. તેઓ ગર્વથી ઉન્મત્ત બની પોતાની સત્તા અચ રાખવાને માટે જેને જેને પાદશાહ બનાવતા હતા તે સર્વ અયોગ્ય નીવડતા હતા. આથી ઉક્ત ઉભ ભ્રાતાઓદ્વારા પ્રજાનું લેશ પણ કલ્યાણ થઇ શક્યું નહિ. તેમના બનાવેલા પાદશાહો કાષ્ઠનાં પુતળાં પેઠે સિંહાસનપર બેસી રહેતા હતા. તેમને કોઈ પાદશાહ માનતું નહોતું. પ્રજાની તેમનાપરની ભ ઉઠી ગઈ હતી. અમીર-ઉલ-ઉમરાએ પાદશાહ એ એક અર્થશૂન્ય નામ છે, એમ પ્રકાશિત કરવાથી સ લોકો સ્વધીનતાની મોજ લૂંટવા લાગ્યા. ચતુર નિઝામે આજ વખતમાં પોતાને સ્વતંત્ર રાજા જાહેર કર્યો અને અસીરગઢ તથા બુરાનપુર એ ઉભય દુર્ગોપર પોતાનો અધિકાર સ્થાપિત કરી પોતા બળ વધાર્યું. ઉક્ત સૈયદોના હૃદયમાં અનેક પ્રકારના ભય તથા શંકાનો ઉદ્દ્ભવ થવા લાગ્યો. સ્વાર્થ રક્ષાનો કોઈ પણ ઉપાય નહિ જડયાથી તેમણે રાજપૂતસામંતોની[1] સહાય માગી. કોટા ને નરવર રાજાઓ નિજામને પરાજિત કરવાને માટે પોતાના સરદારો તથા સામંતોને પોતાની સાથે લઇને નર્મ નદીના તટપર આવ્યા; પરંતુ ઉક્ત રાજપૂતરાજાઓ સંગ્રામવિશારદ નિજામની પ્રચંડ સેનાને રોકી શક્યા નહિ અને નર્મદાતટેજ નિજામના ક્રોધાગ્નિમાં કોટાનો રાજા ભસ્મ થઇ ગયો.

મોગલોના હાથમાંથી હૈદ્રાબાદનું રાજ્ય છૂટું પડતાંજ અયોધ્યા પણ સ્વતંત્ર થઇ ગયું. ચતુ સાદતખાં (સૈયદખાં)એ આ સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કર્યું હતું.[2] જે સમયે નિજામે સ્વતંત્રતાનો ઝુંડો ઉઠા તે સમયે સાદતખાં વિયાના દુર્ગનો રક્ષક હતો. સૈયદોનો ગર્વ તોડવાને માટે મહમ્મદશાહે તેને દિલ્હી બોલાવ્યો. પાદશાહની આજ્ઞા પ્રાપ્ત થતાંજ સાદતખાં અમીર-ઉલ-ઉમરાનો સંહાર કરવાનો પ્રયત્ન કર લાગ્યો. હૈદરખાં[3] નામના એક વિશ્વાસઘાતી માણસે ગુપ્ત રીતે અમીર-ઉલ-ઉમરાના હૃદયમાં કટાર મારી તેનો સંહાર કર્યો. મહમ્મદશાહ આ વખતે તંબુમાં હતો. અમીર-ઉલ-ઉમરાના મૃત્યુના વર્તમાન પ્રા થતાંજ તે તેના ભ્રાતા અબદુલ્લાને બંદીવાન બનાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. દુષ્ટ વઝીરને આ વર્તમા મળ્યા કે તરતજ તેણે દિલ્હીના સિંહાસનપર ઇબ્રાહીમ નામના એક માણસને બેસાડયો અને મહમ્મદશાહ ની ગતિ રોકવાને માટે તેની સામે યુદ્ધ કરવાને ચાલ્યો. આ સંગ્રામમાં રાજપૂતલોકોએ કોઇ પણ પ

૧ નાગોરના રાજા ભક્તસિંહે રાણાજીના મુખ્ય મંત્રી બિહારીદાસપર જે પત્ર લખ્યો હતો તે વાંચવાથી વિષે પુષ્કળ હકિકત મળશે.

આ પત્ર નીચે પ્રમાણે છે:--

" આપનો પત્ર મળ્યો, વાંચી પ્રસન્ન થયો. શ્રી દિવાનજી સાહેબનો પત્ર પણ યથાસમયે મને મળ્યો. મનો મનોભાવ હું સમજી ગયો છું. આપ કહો છો કે ઉભય નવાબોજ ( સૈયદભ્રાતાઓ ) રણક્ષેત્રમાં આવ્યા પેલા બે મહારાજાઓ ( કોટા અને નરવરના મહારાજાઓ ) પણ તેમને જઇ મળ્યા છે અને તમારી સેના પ તેમને સહાય કરવાને માટે જવાને તૈયાર થઈ છે; કારણ કે જૂની મિત્રતા શી રીતે નષ્ટ થાય ? સર્વ વાત જાણ પરંતુ નવાબોમાંથી કોઈ પણ રણક્ષેત્રમાં જશે નહિ અને કોઈ પણ રાજા દક્ષિણની યાત્રા કરશે નહિ. તે સર્વ નિશ્ચિંત થઈ ઘેર બેસીને મોજ ઉડાવશે; પરંતુ જો નિરૂપાયે નવાબોને રણક્ષેત્રમાં જવાની આવશ્યકતા પડે તો તેના પક્ષનું અવલંબન કરશો. તે પક્ષસિવાય જો કોઈ અન્ય પક્ષને સહાય કરશો તો તમે વિપત્તિમાં આવી પડશે ઠીક, જે ઘટના બનશે તે હું આપને નિવેદન કરતો રહીશ. આ વખતે સાવધાન રહેશો. આપણું હિત સાધવા માટે જો આપણામાંજ સામર્થ્ય હોય તો તેનો યશ બીજાને ખાટી જવા દેવો ઉચિત નથી. આપ જ્ઞાતા છો અ સંકેતથી સર્વના મનોભાવ જાણી શકો છો. જ્યાં આપના જેવા કર્મચારી વિદ્યમાન છે, ત્યાં કોઈ પણ પ્રકાર વિપત્તિનો સંભવ નથી. "

૨ સાદતખાં એક ખોરાસાની સોદાગર ( વ્યાપારી ) હતો. તે સ્વપ્રયત્નથી સેનાપતિના પદપર નિયુક્ત થઇ અંતે અયોધ્યાનો નવાબ બની બેઠો હતો.

૩ હૈદરખાં અથવા મીર હૈદર એક અસભ્ય અને ક્રૂર માણસ હતો. હુસેનઅલ્લીને મારી નાખવાને માટે એક અરજી હાથમાં લઈ માર્ગની એક બાજુએ ઉભો રહ્યો. હુસેનઅલી પાલખીમાં બેસીને પોતાના માણસોની સા તે માર્ગદ્વારા જવા લાગ્યો. આ વખતે હૈદરખાંએ પોતાનો હાથ ઉંચો કરી પોતાની અરજી તેને બતાવી. અમ -ઉલ-મુલ્કે તેને પોતાની નિકટ આવવાને કહ્યું. તેની આજ્ઞા મળતાંજ તે તેની નિકટ ગયો અને પોતાની અરજ વઝીર સાહેબના હાથમાં આપી દીધી. વઝીર સાહેબ ધ્યાનપૂર્વક તેને વાંચવા લાગ્યા. આજ વખતે હૈદરે પોતાન કટાર તેના હૃદયમાં ઘોંચી દીધી. તરતજ હુસેનઅલ્લીનું મૃતશરીર પાલખીપરથી નીચે તૂટી પડયું. આ ઘટન જોઇ વઝીરના અનુચરો અત્યંત ક્રોધિત થયા અને તેમણે તરતજ હૈદરના ટુકડે ટુકડા કરી નાખ્યા.

તરફથી શસ્ત્ર ગ્રહણ કર્યાં નહોતાં. ઉભય દલો મેદાનમાં આવીને ઉભાં રહ્યાં. યુદ્ધનો પ્રારંભ થયો.બન્ને દલો અત્યંત ઉત્સાહપૂર્વક લડવા લાગ્યાં. દિવાન રાજા રત્નચંદ્રનો શિરચ્છેદ આ યુદ્ધમાં થવાથી તેના પક્ષનાં માણસોમાં હાહાકાર વર્તી રહ્યો. તેઓ પોતાના શત્રુઓની સામે વૈર લેવાના ઈરાદાથી બમણા ઉત્સાહપૂર્વક લડવા લાગ્યા. તેમના શત્રુઓએ પણ તેટલાજ શૌર્યથી તેમની સામે ટક્કર ઝીલી. દીર્ઘ-સમયપર્યંત યુદ્ધ ચાલ્યા પછી પાદશાહના સૈન્યના સેનાપતિ સાદતખાંએ વઝીરને પકડીને મહમદશાહની સમક્ષ રજુ કર્યો. પાદશાહે તરતજ તેને ફાંસીએ લટકાવી આ લોકથી વિદાય કર્યો.[1] સાદતખાંના આ કાર્યથી પાદશાહ તેનાપર અત્યંત પ્રસન્ન થયો. તેણે તેને બહાદૂરજંગની ઉપાધિ આપી અને અયોધ્યાનું રાજ્ય સમર્પણ કરી દીધું. રાજપૂતનૃપતિઓ પાદશાહને વિજય મળ્યો તેટલા માટે તેને અભિનંદન આપવાને ગયા. રાજપૂતરાજાઓએ આ સમયે કોઇનો પણ પક્ષ ગ્રહણ કર્યો નહોતો, તે માટે પાદશાહ તેમનાપર અત્યંત પ્રસન્ન થયો અને પારિતોષિકતરીકે જોધપુર તથા અંબરના રાજાઓને કેટલાંક પ્રગણાંઓ આપ્યાં.[2] ગિરધરદાસે[3] મહારાષ્ટ્રીઓને આગળ વધતા અટકાવ્યા હતા, તેથી તેને માળવા પ્રાંત અર્પણ કરવામાં આવ્યો અને નિઝામને વઝીર બનાવવાને માટે હૈદ્રાબાદથી બોલાવવામાં આવ્યો.

જ્યારે ભારતવર્ષના અન્ય ભાગોમાં રાજકીય વિપ્લવો થતા હતા, ત્યારે મેવાડની સ્થિતિ તેથી ભિન્ન પ્રકારનીજ જણાતી હતી. જે વખતે મેવાડની આસપાસના રાજપૂતરાજાઓ મોગલ સામ્રાજ્યની અવ્યવસ્થાનો લાભ લઇ પ્રસંગાનુસાર પોતાનાં રાજ્યો દઢ કરતા હતા તે વખતે મેવાડના રાણા આળસમાં પોતાનો સમય વ્યતીત કરતા હતા. બીજા રાજાઓની ઉન્નતિ થયેલી જોઇને પણ તેમના દિલમાં અસંતોષ ઉત્પન્ન થતો નહોતો. અંબરનું રાજ્ય યમુનાનદીના તટપર્યંત ફેલાઈ ગયુંહતું. આ તરફ મારવાડના રાજા અજિતસિંહે અજમેરના દુર્ગપર પોતાની વિજયપતાકા ફરકાવી દીધી હતી અને ગુજરાતના રાજ્યને છિન્નભિન્ન કરી મરુભૂમિથી દ્વારકાંપર્યંત તેઓપોતાની વિજયી સેના લઈગયા હતા આ વખતે મેવાડનારાણામાંકિંચિત્ પણ ઉત્સાહ જણાતો નહોતો. મેવાડના રાણા નિશ્ચિંત થઇ પોતાના[4] જૂના સામંતોથીજ સંતુષ્ટ રહેતા હતા. તેમના આ પ્રકારના પ્રમાદનું કારણ શોધવાને આપણે દૂર જવું પડશે નહિ. કેવળ એકજ વાર મેવાડના રાણાઓની પ્રાચીન રાજનીતિ તપાસવાથી એનું સત્ય કારણ સ્પષ્ટ રીતે સમજાઈ જશે. જે રાજનીતિ અને જે આચાર અચળ રાખવાને માટે ગિહલોતવીરોએ પ્રસન્નતાપૂર્વક પોતાના હૃદયનું રુધિર અર્પણ કર્યું હતું, તે રાજનીતિ અને તે આચારમાં કદાચ વિઘ્ન ઉપસ્થિત થાય અને આપણે કદાચ મુસલમાન પાદશાહની સાથે સંબંધ રાખવો પડે, એવા ભયથી તેઓ પોતાનું રાજ્ય વધારવાનો પ્રયત્ન કરતા નહોતા. તેઓ રાજ્યચાતુર્યના અભાવનો દોષ વહોરી લેવાને ખુશી હતા; પણ પોતાની પ્રાચીન રાજનીતિ અને આચારને તિલાંજલિ આપવાને તત્પર નહોતા. આજ કારણથી તેમના રાજ્યની સીમા વૃદ્ધિંગત થઈ નહોતી. વળી બે સામંતકુલોની વચ્ચે દારુણ વૈર થયું હતું, તેથી વારંવાર તેઓ ઝગડાટંટા કરીને મેવાડનું સામર્થ્ય ન્યૂન કરી નાખતા હતા. અહીંઆં આ વિષે એક ઉદાહરણ આપીશું.

સાહસિક શક્તાવતસરદાર જેતસિંહે રાઠોડોના હાથમાંથી ઇડરનું રાજ્ય જીતી લઈ કોળીવાડાના ડુંગરાળ પ્રદેશપર્યંતની સમસ્ત ભૂમિપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. પછી તેઓ ઇતર દેશો જીતવાને આગળ જતા હતા એવામાં મહારાણાએ તેમને પાછા ફરવાની આજ્ઞા કરી.આથી જેતસિંહનું કાર્ય અપૂર્ણ રહી ગયું. તેમના પ્રતિસ્પર્ધી ચંદાવતસરદારે દ્વેષભાવથી મહારાણાની આગળ જેતસિંહની નિંદા કરી હતી અને તેથી મહારાણાએ તેમને પાછા આવવાની આજ્ઞા ફરમાવી હતી. આ પ્રકારના પરસ્પર દ્વેષ તથા માંહોમાંહેના વૈરભાવથી મેવાડની અંતઃશક્તિ ઘણી ઓછી થઇ ગઇ હતી. આ વખતે મેવાડનો કોઇપણ સામંત પોતાના રાજ્યમાં દુર્ગ બંધાવી શકતો નહોતો; કારણકે કોઈ પણ સામંતને ત્રણ વર્ષથી અધિક સમયને માટે પટો મળતો નહોતો. ભરણપોષણને માટે તેને ભૂમિ મળતી હતી અને પર્વતમાળા

૧ મી. એલ્ફીન્સ્ટન જણાવે છે કેઃ-" સૈયદ પરમ પવિત્ર વંશમાં ઉત્પન્ન થયો હતો તેથી પાદશાહે તેનો વધ કરાવ્યો નહોતો."

૨ આ પ્રસંગે જયસિંહને આગ્રા અને અજિતસિંહને ગુજરાત તથા અજમેર મળ્યાં હતાં.

૩ ગિરધરદાસ રત્નચંદ્રના પ્રધાન કર્મચારી છબીલારામના પુત્ર હતા. તેઓ જ્ઞાતે નાગરબ્રાહ્મણ હતા.

૪ ડુંગરપુર અને વાંસવાડા પણ આમાં સમ્મિલિત હતાં.

કિલ્લાની ગરજ સારતી હતી. વળી મેવાડરાજ્યની સીમાપર જે કિલ્લાઓ બંધાવવામાં આવ્યા હતા, તે-દ્વારા શત્રુઓના પંજામાંથી તેમનું રક્ષણ થતું હતું. જેમ જેમ મોગલસામ્રાજ્ય ઘટતું ગયું તેમ તેમ મેવાડનિવાસીઓ પોતાના રક્ષણને માટે બેદરકાર બનતા ગયા; પરંતુ માત્ર થોડાજ વખતમાં જ્યારે કઠોર મરાઠાઓ અને પઠાણો પ્રચંડ વેગથી મેવાડમાં ઘુસવા લાગ્યા ત્યારે વ્યાકુળ થઇ તેમણે પોતાના દેશમાં ઠામ ઠામ કિલ્લાઓ બંધાવી દીધા.

રાણા સંગ્રામસિંહે અઢાર વર્ષપર્યંત રાજ્ય કર્યું. તેમના સમયમાં મેવાડનું સન્માન અડગ રહ્યું હતું. શત્રુઓએ મેવાડનો જે ભાગ લઇ લીધો હતો, તે પુનઃ મેવાડમાં સંયુક્ત કરી દેવામાં આવ્યો. રાણાજીએ બિહારીદાસ પાંચોલીને પોતાનો દિવાન બનાવ્યો હતો, તે પરથી તેમની દૂરદર્શિતા તથા તીક્ષ્ણ બુદ્ધિનો આપણને સારો પરિચય મળે છે. બિહારીદાસના જેવો ચતુર અને વિશ્વાસુ મનુષ્ય મેવાડમાં પૂર્વે કદિ મંત્રીપદપર નિયુક્ત થયો નહોતો. આ વાતની સત્યતા તેમના સમકાલીન રાજાઓના લખેલા પત્રો વાંચવાથી ઉત્તમ પ્રકારે સમજાશે. બિહારીદાસે ત્રણ રાણાઓના શાસનકાળપર્યંત પોતાનું મંત્રીપદ ઉત્તમ પ્રકારે જાળવી રાખ્યું હતું; પરંતુ મહારાણા સંગ્રામસિંહનું મૃત્યુ થતાં મેવાડપર મહારાષ્ટ્રીઓનું જે આક્રમણ થયું તેની તીક્ષ્ણ ધારને પાંચોલીમંત્રીની હજારો યુકિતઓ કોઇપણ પ્રકારે રોકી શકી નહિ.

મહારાણા સંગ્રામસિંહના ઉત્તમ ચરિત્રની અનેક વાતો સુપ્રસિદ્ધ છે. તે પરથી જણાય છે કે પ્રજાપાલન, ગૃહપાલન વગેરે સર્વ બાબતોમાં મહારાણા સંપૂર્ણ રીતે પારદર્શી હતા. તેઓ વિજ્ઞ, ન્યાયી અને દૃઢપ્રતિજ્ઞ હતા. તેઓ જે કાર્યનો પ્રારંભ કરતા તેને સંપૂર્ણ કર્યા વિના છોડી દેતા નહિ. તેઓ રાજકીય અને વ્યાવહારિક સર્વ પ્રકારનાં કાર્યોમાં કુશળ હતા. જે કામમાં વૃથા અસંત ખર્ચ થતો તેની પૂરી તપાસ કરી તેઓ તે ખર્ચ કમી કરી નાખતા હતા. મહારાણાના ચારિત્રસંબંધે કેટલાંક કથાનકો આગળ લખવામાં આવે છે.

**પહેલી કથા**—મેવાડના પ્રથમ શ્રેણીના ચૌહાણોમાં કોટારિયાના ચૌહાણ પણ ગણવામાં આવે છે. આ ચૌહાણોને રાજસભામાં વિપુલ માન મળતું હતું. એક વખતે આ ચૌહાણોના સરદારે મહારાણાને રાજપોશાક અધિક મૂલ્યવાન બનાવવાની પ્રાર્થના કરી. મહારાણાએ તેની આ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો. કોટારિયાના ચૌહાણોના આનંદની સીમા રહી નહિ. તેમનો સરદાર પણ અસંત ફુલાઈ ગયો. તેની પ્રાર્થનાનો મહારાણાએ સ્વીકાર કર્યો, તેથી હર્ષથી ફુલાઇ જઇ તે પોતાને સહસ્રવાર ધન્યવાદ આપવા લાગ્યો. તે આનંદોન્મત્ત બની પોતાને ઘેર ચાલ્યો ગયો; પરંતુ આ તરફ મહારાણાએ પોતાના મંત્રીને બોલાવી તેને આજ્ઞા કરી કેઃ—"કોટારિયાની જાગીરમાંથી બે ગામ ખાલસા કરી નાખો." આ વાત અલ્પ કાળમાં કોટારિયાના સરદારના સાંભળવામાં આવી. તેણે તત્કાળ મહારાણાની પાસે આવી ભયસહિત તેમને પૂછ્યું: "મહારાજ! આ દીન સેવકના હાથથી એવો શું અપરાધ થયો છે કે શ્રીમંતે અસંતુષ્ટ થઇ મને આવી શિક્ષા કરી છે?" રાણાજીએ ધીમેથી ઉત્તર આપ્યો: "કાંઈ અપરાધ થયો નથી, રાવજી! તમે મારો પોશાક અધિક મૂલ્યવાન બનાવવાની પ્રાર્થના કરી ત્યારે હું ઘણીવાર વિચાર કરી એવા નિર્ણયપર આવ્યો કે ઉક્ત ઉભય ગામોની ઉપજમાંથી એ પોશાકનો ખર્ચ નીભી શકશે. મારા રાજ્યના રૂપિયા જૂદાં જૂદાં કાર્યોમાં પ્રમાણસર ખર્ચાય છે, તો હવે આડંબર વધારવાને માટે ફાજલ રૂપિયા કયાંથી લાવું? આપનાં આ બે ગામોની ઉપજમાંથી એ આડંબર વધારી હું આપની અભિલાષા તૃપ્ત કરી શકીશ." આ શબ્દો સાંભળી ચૌહાણસરદારની આંખ ખુલી અને તેણે પોતાની માગણી પાછી ખેંચી લીધી.

**બીજી કથા**–રસોડું, તોશાખાના, રણવાસ વગેરેના ખર્ચને માટે રાણાજીએ પૃથક્ પૃથક્ ભૂમિ નિયત કરી હતી. આ ભૂમિને 'થુઆ' કહેતા હતા. પ્રત્યેક થુઆને એક કર્મચારીના હાથમાં સોંપી દેવામાં આવ્યો હતો. થુઆદારો પોતપોતાનો હિસાબ મંત્રીની પાસે સાદર કરતા હતા. રાણાજીએ એક વખત એક થુઓ લઇ લીધો. થોડા દિવસમાં તેઓ આ વાત ભૂલી ગયા. એક વખત રાણાજી પોતાના સરદારોની સાથે રસોડામાં ભોજન કરવાને બેઠા હતા. અનુચરો સર્વ પદાર્થો પીરસતા હતા. દહીંનો વારો આવતાં તે પીરસવામાં આવ્યું; પરંતુ કોઇ સેવક બૂરું લાવ્યો નહિ, આથી રાણાજીએ સેવકને ઠપકો આપ્યો. ત્યારે એક સેવક બે હાથ જોડી નમ્રતાપૂર્વક બોલ્યો: "અન્નદાતા! શ્રીજી જાણે

છે કે ખૂરાને માટે જે ગામ નિયત કરવામાં આવ્યું હતું તે મહારાજે લઇ લીધું છે." "ઠીક " એવો મહારાણાએ પ્રત્યુત્તર આપ્યો અને બીજો એક પણ શબ્દ બોલ્યા વિના ખૂરાવિનાજ દહીં પ્રાશન કર્યું.

ત્રીજી કથા—પરિપકવ ઉંમર થતાં મહારાણા સંગ્રામસિંહે રાજ્યભાર પોતાના હાથમાં લીધો હતો. તેમના પિતાનું મૃત્યુ થયા પછી તેઓ યોગ્ય વયના થયા ત્યાંસુધી તેમની માતાએ રાજ્યકારભાર ચલાવ્યો હતો. સિંહાસનારૂઢ થયા પછી મહારાણા સંગ્રામસિંહે કોઇ કારણથી દરિયાવત સરદારની ભૂમિ લઈ લીધી હતી. મહારાણા કોઇ પણ માણસને અપરાધવિના સજા કરતા નહોતા અને એક વાર દંડ દીધા પછી તેઓ ક્ષમા પણ કરતા નહોતા. આથી કોઇ પણ માણસ સાહસ કરીને દરિયાવત સરદારને ક્ષમા કરાવવાને મહારાણાની પાસે ગયો નહિ. સંપત્તિહીન દરિયાવતસરદારે મહાકષ્ટે બે વર્ષો વ્યતીત કર્યાં પછી ત્રીજા વર્ષના પ્રારંભમાં પોતાનાપર દયા કરવાને માટે એક અરજી કરી. બંદોર[1] મારફતે રાજમાતાપર તે મોકલી. તેણે પ્રાર્થનાપત્રની સાથે બે લાખ રૂપિયાનો એક ચેક મોકલ્યો હતો. અને બંદોરને પણ પુષ્કળ દ્રવ્ય ઇનામતરીકે આપ્યું હતું. બપોરે ભોજન કર્યા પૂર્વે મહારાણા પ્રતિદિન માતાજીના ચરણને વંદન કરવાને માટે જતા હતા. એક દિવસ મહારાણા માતાજીની પાસે ગયા કે તરતજ તેમણે તેમના હાથમાં ઉકત સરદારોનો પ્રાર્થનાપત્ર મૂકી દીધો અને તેની સંપત્તિ પુનઃ તેને અર્પણ કરવાને માટે આગ્રહ કર્યો. મહારાણાનો એવો નિયમ હતો કે જો તેઓ કોઇને ભૂમિ આપતા તો પ્રથમ મંત્રીને આજ્ઞા કરતા. તેઓ જે દિવસે મંત્રીને આજ્ઞા કરતા તે દિવસથી આઠમે દિવસે તે ભૂમિ જેને આપવામાં આવી હોય તેના હાથમાં દાનપત્ર જતું; કારણ કે આ દાનપત્રપર આઠ દિવસમાં આઠ મહોર[2] છાપવામાં આવતી હતી. મેવાડના રાજકુલમાં આ નિયમ પ્રાચીનકાળથી ચાલ્યો આવતો હતો; પરંતુ મહારાણા સંગ્રામસિંહે ઉકત દિવસે આ નિયમનો ભંગ કરી દરિયાવતને તત્કાળ દાનપત્ર આપવાની આજ્ઞા કરી. મંત્રી તત્કાળ દાનપત્ર બનાવી લાવ્યો. મહારાણાએ આ દાનપત્ર માતાજીના હાથમાં આપ્યો અને વિનયપૂર્વક કહ્યું કેઃ-" આ દાનપત્ર તેમને આપીને ચેક પાછો મોકલાવજો." પછી તેઓ પોતાની માતાને વંદન કરી આશીર્વાદ લઈ ભોજન કરવાને ચાલ્યા ગયા. બીજે દિવસે તેમણે નિત્યના નિયમ કરતાં એક કલાક વહેલાં ભોજન તૈયાર કરવાની આજ્ઞા આપી.બીજે દિવસે તેઓ માતાજીને વંદન કરવા ગયા નહિ. આથી સર્વ આશ્ચર્યચકિત થયા; પરંતુ રાજમાતાને તો સૌથી અધિક આશ્ચર્ય થયું. તે દિવસ વ્યતીત થયો. બીજો દિવસ આવ્યો, પરંતુ તે દિવસે પણ મહારાણા માતાજીનાં દર્શન કરવા ગયા નહિ. હવે તો તેમના આશ્ચર્યની પરાકાષ્ઠા થઈ. રાજમાતાએ પુત્રની પાસે અનુચર મોકલ્યો. પ્રત્યુત્તરમાં મહારાણાએ વિનયપૂર્વક કહેવડાવી મોકલ્યું કેઃ-" મને સમય મળતો નથી, તેથી હું આવી શકતો નથી." પુત્રની અપ્રીતિ જોઈ રાજમાતાને અત્યંત માઠું લાગ્યું અને તેઓ તેનું કારણ શોધવા લાગ્યાં. " દરિયાવતની ભૂમિ પાછી અપાવી " તે સિવાય બીજું કાંઈ પણ કારણ તેમને જણાયું નહિ. રાજમાતાએ મંત્રીને કહ્યું કે તમે મહારાણાને સમજાવો; પરંતુ મંત્રી મહારાણાને આ વાત કહેવાનું સાહસ કરી શકયો નહિ. રાજમાતાએ બીજો એક ઉપાય અજમાવ્યો; પરંતુ તે પણ સફળ થયો નહિ. હવે તો રાજમાતાના શોકની સીમા રહી નહિ. હવે તેમના હૃદયમાં ક્રોધનો પણ સંચાર થયો. તેઓ કાંઇ પણ અપરાધવિનાજ દાસીઓને શિક્ષા કરવા લાગ્યાં. પછી તેમણે આહારનો ત્યાગ કર્યો, તથાપિ મહારાણા સંગ્રામસિંહની પ્રતિજ્ઞા તો અટલ અને અચલજ રહી. પછી રાજમાતાએ ગંગાસ્નાન કરવા જવાનો વિચાર કર્યો. તીર્થયાત્રાની સર્વ તૈયારીઓ કરવામાં આવી. તેમના અંગરક્ષકો સજ્જ થઇ તેમની રાહ જોતાં આંગણામાં ઉભા રહ્યા. વિદાય લેતી વખત પુત્રનું મુખકમળ જોવાની ઇચ્છાથી રાજમાતાએ થોડો વિલંબ કર્યો; પરંતુ સંગ્રામસિંહ આવ્યા નહિ. દુઃખિત થઈ તેમણે પ્રથમ વ્રજકિશોર શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવાને માટે મથુરા તરફ જવાનો વિચાર કર્યો અને તેમની પાલખી જયપુર તરફ ચાલવા લાગી. આ નગરમાં મહારાણીના જામાતા હતા, તેમનું તથા પોતાની કન્યાનું મુખદર્શન કરવાને માટે તેમણે જયપુરનગરમાં પ્રવેશ કર્યો. મહારાજા જયસિંહ યોગ્ય સન્માનસહિત પોતાનાં સાસુ-

૧ રાજપૂતબાળાઓની દાસીને બંદોર કહેવામાં આવે છે.

૨ મેવાડમાં આઠ મંત્રીઓ હોય છે અને તેઓ દાનપત્રપર હસ્તાક્ષર કરે એવો નિયમ છે. આ પ્રકારે દક્ષિણમાં પણ " અષ્ટપ્રધાન " વિદ્યમાન હતા.

ને પોતાના ભુવનમાં લઈ ગયા. તેમણે તેમને મોટું સન્માન આપવાને માટે તેમની પાલખીનીચે ક્ષણવાર-પર્યંત સ્કંધ લગાડી હતી.[1] જ્યારે જયસિંહે પોતાનાં સાસુના મુખેથી પોતાના સાળાની અપ્રીતિની વાત સાંભળી ત્યારે તેમણે તેમને આશ્વાસન આપીને કહ્યું: "હું આપની સમક્ષ પ્રતિજ્ઞા લઇને કહું છું કે જ્યારે આપ તીર્થયાત્રાથી પાછાં ફરશો ત્યારે હું આપની સાથે ઉદયપુર આવીને રાણાને મનાવી લઇશ." તીર્થયાત્રા સમાપ્ત કરી રાજમાતા જયપુરમાં આવ્યાં અને પછી તેમણે પોતાના જામાતાને પોતાની સાથે લઇ ઉદયપુર તરફ પ્રયાણ કર્યું. રાજપૂતોમાં અતિથિસત્કારનો નિયમ અતિ સખ્ત છે. અતિથિસત્કારમાં જરા પણ ત્રુટી થાય તો રાજપૂતો તેને ઘોર અપમાન થયેલું સમજે છે. રાણા સંગ્રામસિંહ, જયસિંહ ઉદયપુરમાં શામાટે આવ્યા હતા, તે બરાબર સમજી ગયા. તેઓ સારી રીતે જાણતા હતા કે બનેવીનાં વચનોનો અનાદર થઇ શકે એમ નથી. આથી તેઓ પ્રથમથીજ તૈયાર થઇ ગયા. તેમણે તેમને કહેવાનો પ્રસંગ પણ આપ્યો નહિ. તેમણે તરતજ માતાજીનાં શ્રીચરણોને વંદન કર્યું. માતાજીનાં આચરણથી તેમનું હૃદય કિંચિત્ પણ દુઃખિત થયું હતું, એમ તેમણે કોઇને પણ જણાવા દીધું નહોતું અને આજે પણ તેઓ માતાજીનું દર્શન કરવા ગયા ત્યારે તેમણે કોઇને કાંઇ કહ્યું નહોતું. પ્રથમ તેઓ જાણે જયસિંહને સન્માનસહિત નગરમાં લાવવાને જતા હોય તેમ રાજમંદિરમાંથી નીકળ્યા; પરંતુ જયસિંહની તરફ નહિ જતાં તેમણે માતાના તંબુ તરફ પ્રયાણ કર્યું. તેમણે માતાના શિબિરમાં પ્રવેશ કરી માતાજીના શ્રીચરણને વંદન કર્યું અને તેમનો આશીર્વાદ ગ્રહણ કરી તેમને રાજમંદિરપર્યંત પહોંચાડી આવ્યા. પછી તેમણે પોતાના બનેવીનું સન્માન કર્યું તેમના મુખમાંથી આ સંબંધે માત્ર એટલોજ ઉચ્ચાર નીકળ્યો હતો કેઃ—" કુટુંબનો ક્લેશ અને ઝગડો કુટુંબમાંજ ગુપ્ત રહેવો જોઇએ."

**ચોથી કથા**—એક સમયે મહારાણા સંગ્રામસિંહ મધ્યાહ્નકાળે ભોજન કરવા બેઠા હતા; એવામાં તેમને એવા સમાચાર પ્રાપ્ત થયા કે માળવાના પઠાણોએ મંદસોરપ્રાંતપર આક્રમણ કર્યું છે અને તેમાંનાં કેટલાંક ગામો લુંટીને ઉજ્જડ કરી દીધાં છે અને ત્યાંના કેટલાક નિવાસીઓને કેદ કર્યાં છે.આ વર્તમાન સાંભળી મહારાણા ભોજનનો ત્યાગ કરી તત્કાળ ઉઠીને ઉભા થયા તથા આચમનાદિ સમાપ્ત કરીને અસ્ત્ર-શસ્ત્રથી સજ્જીત થઇ નગારું વગાડવાની આજ્ઞા કરી. નગારાના ગંભીર શબ્દે સમસ્ત સરદારોને જાગૃત કરી દીધા. કોઇપણ આ અચાનક રણઘોષણાનું કારણ સમજી શક્યું નહિ. સમસ્ત સેના શીઘ્રતાથી શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઈ રાજમંદિરની પાસે આવી ખડી થઇ ગઈ. રાણાજીએ સ્વયં સેનાની સાથે જવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી; પરંતુ સર્વ જણે એકેઅવાજે કહ્યું: " મહારાજ ! જ્યાંસુધી અમે જીવંત છીએ ત્યાંસુધી એક સાધારણ દુશ્મનનું દમન કરવાને માટે શ્રીમાન સમરક્ષેત્રમાં જાય એ ઉચિત નથી. અમે આપને કદિપણ જવા દેનાર નથી. આપ જશો તો આપના ગૌરવમાં ન્યૂનતા આ-વશે. " સૈનિકો અને સરદારોનાં વચન મહારાણાને સ્વીકારવાં પડયાં. મહારાણા નગરમાં રહ્યા અને સર્વ સૈનિકો પઠાણોનું દમન કરવાને માટે ગયા. સેનાના ગમન પછી કેટલાક કલાક બાદ કાનોડનો સર-દાર અસ્ત્રશસ્ત્રથી સજ્જિત થઇને આવ્યો. તેનું શરીર રોગથી અતિ ક્ષીણ થઇ ગયું હતું. તેનું અંગ પીળું અને આંખો નિસ્તેજ થઇ ગઇ હતી. રાણાજીની આજ્ઞાનું પાલન કરવાને માટેજ તે શસ્ત્રાસ્ત્રથી સુસજ્જ થઇને રણભૂમિમાં જવાને માટે આવ્યો હતો. ઉક્ત સરદારની આવી શોચનીય દશા જોઇને રાણાજીએ અનેકવાર તેને રણભૂમિમાં જવાની ના પાડી; પરંતુ તે સાહસિક સરદારે ગંભીર સ્વરથી કહ્યું: "મહા-રાજ ! મને જતાં અટકાવશો માં. જ્યાંસુધી મારા હાથમાં ખડ્ગ ધારણ કરવાની શક્તિ છે ત્યાંસુધી હું રણભૂમિમાં કદિપણ ગયા વિનારહીશ નહિ." અંતે રાણાજીએ તેને નિરુપાય બની રણમાં જવાની રજા આપી. રાજપૂતોએ મુસલમાનોની સાથે યુદ્ધ કરવાનો આરંભ કર્યો કે તરતજ કાનોડના સરદાર જઇને તેમને મળ્યા. મુસલમાનો રાજપૂતોનું પ્રચંડ બળ સહન કરી શકયા નહિ. તેઓ પરાજિત થઇને આમ તેમ નાસવા લાગ્યા; પરંતુ કાનોડનો સરદાર આ યુદ્ધમાં માર્યો ગયો અને તેનો પુત્ર ભયંકર રીતે ઘાયલ થયો. વિજયી રાજપૂતો વિજયાનંદથી પુલકિત થઇ નગરમાં પાછા આવ્યા. આ વખતે મહારાણા-

[1] રાજપૂતોમાં અનાદિથી આ રીતિ પ્રચલિત છે.

એ કાનોડના સરદારના ઘાયલ થયેલા પુત્રને પોતાના હાથથી બીડું[1] આપ્યું આ પ્રકારનું ઉચ્ચ સન્માન પ્રાપ્ત થવાથી ઉક્ત યુવકના આનંદની સીમા રહી નહિ. તેણે પોતાને કૃતાર્થ થયેલો માન્યો અને આનંદાશ્રુથી પરિપૂર્ણ નેત્રે તે બોલ્યો:-"મહારાજ ! આજે મને પિતાના જીવનના બદલામાં અમૂલ્ય ધન પ્રાપ્ત થયું છે."

**પાંચમી કથા**—એક વખત એક ખુશામતખોરે મહારાણાની સન્નિધ બેસીને સાલુમ્બ્રાસરદારની વિરુદ્ધ કાંઇક વચનો તેમને કહ્યાં. સાલુમ્બ્રાસરદારની વિરુદ્ધ મહારાણાના મનમાં કાંઇક સંદેહ ઉત્પન્ન કરવાનો તેનો હેતુ હતો; પરંતુ મહારાણાએ તેનાં વચનપર કિંચિત્ પણ વિશ્વાસ કર્યો નહિ અને તેને કહ્યું:-"આ વાત અસત્ય છે. જો તમારી વાતપર વિશ્વાસ મૂકું તો રાવતજીના ઉદાર અને ઉચ્ચ સ્વભાવનું અપમાન થાય." રાવતજીપર તેમનો કેવો દૃઢ વિશ્વાસ હતો તે ઉક્ત પાખંડીને દર્શાવવાને માટે તેમણે સાલુમ્બ્રાસરદારને બોલાવી લાવવાને દૂત મોકલ્યો. માળવારાજ્યમાં યવનસેનાને પરાજિત કરીને રાવતજી સાલુમ્બ્રા દેશમાં આવ્યા હતા અને રાણાજીની વિદાય લઇને પોતાને ઘેર ગયા હતા. રાત્રિનો પ્રથમ પહોર વીતી ગયો હતો. રાવતજીએ પોતાના દુર્ગના દ્વારપર જઇ સિપાઈઓને પોતપોતાને ઘેર જવાની આજ્ઞા આપી દીધી અને પોતે ઘોડાપરથી ઉતરીને મહાલય તરફ ચાલ્યા. હજી તેઓ અંતઃપુરના દ્વારપર પહોંચ્યા ન પહોંચ્યા એટલામાં પહેરેદારે આવીને નમ્રતાપૂર્વક કહ્યું:-"રાવતજી! રાણાજીએ રામ રામ કહી આપને આ પત્ર આપવાની આજ્ઞા કરી છે." દીપકના પ્રકાશથી પત્ર વાંચી સરદારે અશ્વપાલને અશ્વ સજ્જ કરવાની આજ્ઞા કરી. દ્વારની સમક્ષજ તેમની પ્રેમમયી પત્ની પોતાનાં પ્રિય બાળકોને લઇને સરદારને અભિનંદન આપવાને માટે ઉભી રહી હતી. રાવતજીએ ધાર્યું હતું કે સુકુમાર બાળકોને ગોદમાં લઇને પરિશ્રમનો પરિહાર કરીશું; પરંતુ તેમ થઈ શક્યું નહિ. આતુરનેત્રોથી એક વખત પ્રાણપ્રિય પત્નીના મુગ્ધ બનેલા મુખ તરફ દૃષ્ટિપાત કરી રાજભક્ત રાવતજી કેવળ છ અનુચરોને પોતાની સાથે લઇ ઉદયપુર તરફ કૂચ કરવા લાગ્યા અને જ્યાંસુધી તેઓ ઉદયપુરમાં પહોંચ્યા નહિ ત્યાંસુધી તેમણે અશ્વની લગામ ખેંચી નહિ.

અર્ધ રાત્રિ વ્યતીત થઈ ચૂકી હતી, સમસ્ત જગત નિદ્રાગ્રસ્ત થયું હતું, પ્રકૃતિ સ્થિર અને ગંભીર હતી, કોઈ સ્થળે વૃક્ષપત્રસુદ્ધાં હાલતું નહોતું, કદિ કદિ પવનનો સુસવાટો અને ઘોડાઓની પડઘીઓનો ધ્વનિપ્રતિધ્વનિ સંભળાતો હતો. રાવતજીના ઉતારામાં પરમ શાંતિ છવાઇ ગઇ હતી. તેમાં દાસદાસી કે ખાદ્યપદાર્થોની લેશ પણ તૈયારી નહોતી; પરંતુ રાણાજીએ પ્રથમથીજ સર્વ તૈયારીઓ કરાવી રાખી હતી. રાત્રિના સમયે જ્યાં તેમના આગમનની ખબર થઇ કે તરતજ રાણાજીએ અનુચરોદ્વારા તેમના ભુવનમાં ભોજનની સામગ્રી રવાના કરી અને અશ્વોને માટે ઘાસનો પ્રબંધ કરાવી આપ્યો. બીજે દિવસે પ્રાતઃકાળમાં યોગ્ય સમયે સાલુમ્બ્રાજી રાજદરબારમાં ગયા. રાણાજી તેમનાપર અત્યંત પ્રસન્ન થયા હતા. તેમને નિયમ પ્રમાણે યોગ્ય સન્માન આપ્યા પછી મહારાણાએ તે દિવસે એક નવી જાગીર સમર્પણ કરી. રાણાજીનો આ અસીમ પ્રસાદ પ્રાપ્ત થવાથી રાવતજીને અત્યંત આશ્ચર્ય થયું અને તેનું યથાર્થ કારણ જાણવાને માટે તેમણે મહારાણાને વિનયપૂર્વક કહ્યું:-"મહારાજ! મેં એવું તે શું મહાન કાર્ય કર્યું છે કે જેથી આપે મને આ પારિતોષિક આપ્યું છે? જો મેં કાંઇ કામ કર્યું હોય તો તે મારું કર્તવ્યજ હતું. કર્તવ્યને માટે મહારાજાની પાસેથી મારાથી પુરસ્કાર શી રીતે લઇ શકાય? મેવાડનું હિત સાધવું એ તો વીરવર ચંદના વંશજોનું કર્તવ્યજ છે. આ કર્તવ્ય બજાવતાં કદિ મારા પ્રાણ પણ ચાલ્યા જાય, તોપણ પુરસ્કાર લેવો ઉચિત નથી; માટે મહારાજ! આ પુરસ્કાર પાછો લેવાની કૃપા કરો. ચંદના વંશજો કર્તવ્યપાલનને માટે કોઇપણ પ્રકારના પુરસ્કારની આશા રાખતા નથી." પુરસ્કારનો સ્વીકાર કરવો એવી સાલુમ્બ્રાસરદારની કિંચિત્ પણ ઇચ્છા નહોતી; પરંતુ મહારાણાનો અત્યંત આગ્રહ જોઇ તેમણે પુનઃ તેમને કહ્યું: "મહારાજ! રાજપ્રસાદ ગ્રહણ નહિ કરવાથી રાજાનું અપમાન થાય છે; પરંતુ આના બદલામાં મહારાજા જો મારી એક પ્રાર્થનાનો સ્વીકાર કરશે તો મારાપર મોટો આભાર થશે અને આપનો અનુગ્રહ અમારા સ્મૃતિપટપર સદાસર્વદા અંકિત રહેશે. જેવી રીતે આ પ્રસંગે મારે માટે રાજભુવનમાંથી અનેક પ્રકારના ખાદ્યપદાર્થો આવ્યા તેવી રીતે ભવિષ્યમાં

1 મેવાડના દ્વિતીયશ્રેણીના સરદારોને રાણાજી સ્વહસ્તે બીડું આપતા નથી. કાનોડના સરદાર દ્વિતીયશ્રેણીના સરદાર હતા. રાણાજીના હાથથી બીડું પ્રાપ્ત થવાને લીધે તેમના પુત્રને પરમાનંદ થયો હતો.

શ્રીમાન અથવા શ્રીમાનના વંશજો મને અથવા મારા વંશજોને રાજધાનીમાં બોલાવે તો રાજ-પાકશાળામાંથી ખાદ્યપદાર્થો મોકલાવે એવી મારી પ્રાર્થના છે.” રાણા સંગ્રામસિંહે સહર્ષ સરદારની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો. તે દિવસથી આજપર્યંત વીરવર ચંદ્રના વંશજો આ સન્માન ભોગવતા આવ્યા છે.

આ વાંતોપરથી મહારાણા સંગ્રામસિંહના મહાન ચારિત્ર્યની ઉત્તમ પ્રકારે પ્રતીતિ થાય છે; માટે એ વિષે હવે વધારે વર્ણન કરવું એ સુવર્ણ ઉપર ઢોળ ચઢાવવા સમાન છે. તેમણે મેવાડમાં અઢાર વર્ષ-પર્યંત ઉત્તમ પ્રકારે રાજ્ય ચલાવ્યું હતું અને મેવાડનું અત્યંત હિત સાધ્યું હતું. શત્રુઓના પંજામાંથી દેશની રક્ષા કરવાને માટે તેમણે અઢારવાર રણભૂમિમાં ગમન કર્યું હતું. જો કે સંગ્રામસિંહની રાજ-નીતિ અત્યંત મર્યાદિત હતી, જો કે તેઓ પોતાના પૂર્વજોની નીતિરીતિનો કવચિત અલ્પાંશે ત્યાગ કરીને આગળ વધ્યા હોત તો તેઓ મેવાડરાજ્યનું વિશેષ હિત કરી શકે એમ હતું, છતાં તેઓ સંકુ-ચિત દશામાં રહ્યા હતા; તોપણ તેમનાદ્વારા મેવાડનું જે હિત થયું હતું તેથીજ પ્રજાનો તેમનાપ્રત્યે અત્યંત અનુરાગ હતો. પ્રજાનું હિત સાધવાને અને તેમના દુઃખની નિવૃત્તિ કરવાને તેઓ સદા સાવધાન રહેતા હતા. આથી સ્વદેશમાં અને પરદેશમાં સર્વત્ર તેમને સન્માન પ્રાપ્ત થયું હતું. મહારાજા બાપ્પારાવલના પવિત્ર વંશનું ઉચ્ચ ગૌરવ મેવાડના જે ભૂપાળો અચલ અને અટલ રાખી શકયા હતા, તેમાં મહારાણા સંગ્રામસિંહ અંતિમ ભૂપાળ હતા. તેમનો પરલોકવાસ થતાંજ મેવાડમાં મહા-રાષ્ટ્રીઓની પ્રભુતાનો પ્રારંભ થયો. હવે મહારાષ્ટ્રીઓની પ્રભુતા મેવાડમાં સ્થાપિત થયા પછી મેવાડનો રાજકીયસ્રોત કયી દિશામાં પ્રવાહિત થયો, તે વિષે અમે વર્ણન કરીશું.

રાણા સંગ્રામસિંહને ચાર પુત્રો હતા. તેમાંનો જ્યેષ્ઠકુમાર જગતસિંહ (દ્વિતીય) સંવત ૧૭૯૦ (ઇ૦ સ૦ ૧૭૩૪) માં પોતાના પિતાના સિંહાસનપર અધિષ્ઠિત થયો. એણે સૌથી પ્રથમ કાર્ય રાજપૂતોનાં ત્રણ બળને એકત્રિત કરવાનું કર્યું. અમે પૂર્વે જણાવી ગયા છીએ કે મહારાણા દ્વિતીય અમર-સિંહે આ બલ એકત્રિત કર્યું હતું. પછી પ્રથમ અજિતસિંહે વગરવિચાર્યે કામ કર્યું તેથી આ બળના મૂળમાં કુહાડાનો પ્રહાર થયો; પરંતુ દ્વિતીય અજિતસિંહે તેના મૂળમાં અમૃત સિંચી પુનઃ તેને જીવંત કર્યું. રાજસ્થાનના ત્રણ મુખ્ય રાજાઓએ સોગંદસહિત પ્રતિજ્ઞા કરી કે આજ પછી કદિ પણ અમે મુસલમાનોની સાથે વિવાહાદિ સંબંધ કરીશું નહિ અને પરસ્પર સંપસંપીને રહીશું તથા મુખ્યત્વે કરીને મેવાડ, મારવાડ અને અંબરના રાજાનું એકત્રિત બળ તો કદિ પણ ખંડિત કરીશું નહિ. મેવાડ-માં આવેલી હુર્લા નામની નગરીમાં ઉક્ત ત્રણ રાજાઓ પોતપોતાના સામંતોસહિત એકત્રિત થયા હતા અને ઉપર્યુક્ત ભાવાર્થવાળા સંધિપત્રપર પોતપોતાના હસ્તાક્ષર કર્યા હતા.× આ બળ સ્થાયી રાખવાને માટે

---

**× સંધિપત્ર**

**રાણાજીની મહોર**

**श्री एकलिङ्ग** 1

| માન્યતા | માન્યતા | માન્યતા |
| --- | --- | --- |
| सीतारामोजयति 2 | व्रजाधीश 3 | अभयसिंह 4 |

સ્વસ્તિ શ્રીઃ-એકત્રબદ્ધ ત્રણ રાજાઓદ્વારા નિમ્નલિખિત સંધિપત્ર સ્વીકૃત થયો. એમાંની શરતોમાં કોઈ પણ પ્રકારનો વ્યભિચાર કરવામાં આવશે નહિ. સંવત ૧૭૬૫ શ્રાવણ સુદ ૧૩ (ઇ૦ સ૦ ૧૭૦૯) મુકામ હુર્લા.

(૧) સંપદ્વિપદમાં સર્વ જણ એકયસૂત્રથી બંધાયલા રહેશે. સર્વ જણે શપથ લઈને આ વાત સ્વીકારી એકબીજાના હૃદયમાં વિશ્વાસ ઉત્પન્ન કર્યો છે. ભવિષ્યમાં કોઈ પણ માણસ આ પ્રતિજ્ઞાનો ભંગ કરશે નહિ. જો

---

૧ એકલિંગ મહાદેવ સિસોદીઆવંશના કુલદેવતા છે.

૨ સીતારામ એ અંબરના રાજવંશના દેવતા છે. આ રાજવંશની ઉત્પત્તિ ભગવાન રામચંદ્રદ્વારા થઈ છે.

૩ વ્રજાધીશ=શ્રીકૃષ્ણ. એઓ મારવાડના રાઠોડવંશના કુલદેવતા છે.

૪ અભયસિંહ મારવાડના એક રાજવંશી હતા.

એક નાયકની આવશ્યકતા હતી. સર્વની સમ્મતિથી રાણા જગતસિંહને નાયક બનાવવામાં આવ્યા. તેમને સમસ્ત રાજપૂતસેનાના અધિપતિ બનાવવામાં આવ્યા. ધીમે ધીમે સેના એકત્રિત થવા માંડી. વર્ષાઋતુ નિકટ આવેલી હોવાથી સર્વ જણે એવો ઠરાવ કર્યો કે વર્ષાકાલની સમાપ્તિ થયા પછી મહારાણા જગતસિંહે પોતાની પ્રચંડ રાજપૂતસેનાને લઇને મોગલોસામે યુદ્ધ કરવા જવું. યુદ્ધની સર્વ તૈયારી સંપૂર્ણ થઇ; પરંતુ દુર્ભાગ્યવશાત્ તેમનું કાર્ય ફળીભૂત થયું નહિ. તૈયારી થતી હતી તે અરસામાંજ સર્વ રાજાઓ શિથિલ થઇ ગયા અને એકબીજાથી અલિપ્ત થઈ ગયા. રાજસ્થાનના દુર્ભાગ્યથી રાજપૂતોનું ઐક્ય છિન્નભિન્ન થઇ ગયું. મોગલસામ્રાજ્યની અધોગતિના સમયમાં મારવાડ અને અંબરના રાજાઓએ પોતાનાં રાજ્ય ઘણાં વધારી મૂક્યાં હતાં. તેઓ પ્રાય: મેવાડના રાણાની બરોબરી કરતા હતા. સૂર્યવંશી મહારાજા કનકસેનના વંશજો રાજસ્થાનના અન્યાન્ય રાજપૂતોપર અચળ પ્રધાનતા ભોગવતા આવ્યા છે; પરંતુ તેમણે કદિ પણ સર્વ રાજપૂતોની એકત્રિત સમ્મતિ પ્રાપ્ત કરી નથી. આ મહાન અભાવજ રાજપૂતોના ઐક્યમાં વિઘ્નરૂપ હતો. આ અભાવને લીધેજ તેઓ પરાધીન બન્યા હતા. આજ કારણથી તેઓ પોતાના સ્વાર્થની રક્ષા કરવાને માટે એકબીજાની સાથે અનેકવાર યુદ્ધ કર્યાં કરતા હતા. આ વિષે અમે અગાઉ વર્ણન કર્યું છે. જો રાજસ્થાનના સર્વ રાજપૂતોએ મેવાડના રાણાને પોતાના અગ્રેસર માન્યા હોત તો ભારતની આવી દુર્દશા શામાટે થાત? જો તેઓ મેવાડના રાણાના અનુયાયી બનત તો મુસલમાનો કદિ પણ ભારતરત્નને લૂંટી શકત નહિ. માંહોમાંહેની ફૂટ અને માંહોમાંહેના વૈરથીજ ભારતવર્ષનું સત્યાનાશ વળી ગયું છે. રાજપૂતોને સ્વાધીનતા પ્રિય હોય છે, એ વાત સત્ય છે; પરંતુ જે મહાન ઐક્યથી જાતીયસ્વાધીનતા પ્રાપ્ત થાય છે અને તેની રક્ષા થાય છે, તે ઐક્ય રાજપૂતોમાં નથી. આથીજ તેમની સ્વાધીનતાનો નાશ થયો છે. રાણા જગતસિંહના સમયમાં-મોગલસામ્રાજ્યની અવનતિના સમયમાં અનુકૂળતા હોવા છતાં રાજપૂતો પોતાની ઉન્નતિ કરી શક્યા નહિ; જેનું કારણ તેમનો કુસંપજ હતો.

નિઝામ-ઉલ-મુલ્ક આધીનતાની શૃંખલા તોડીને સંપૂર્ણ રીતે સ્વાધીન થઇ ગયો હતો. દિલ્હીના પાદશાહનો સેનાપતિ[1] નિઝામનું દમન કરવાને ગયો; પરંતુ તે સ્વયં નિઝામના ક્રોધાગ્નિમાં બળીને ભસ્મ થઈ ગયો. રણચતુર નિઝામે દિલ્હીના હતભાગી સેનાપતિનો શિરચ્છેદ કરીને તેનું મસ્તક પાદશાહપર મોકલી આપ્યું અને તેનાપર કહેવડાવી મોકલ્યું કે:-"આ નાલાયક માણસ વિદ્રોહી બની ગયો હતો, તેથીજ તેનો શિરચ્છેદ કરીને તેનું મસ્તક આપની કદમબોસીમાં રવાના કર્યું છે." હીનબલ મહમ્મદશાહ નિઝામ-ઉલ-મુલ્કના કહેવાનો ભાવાર્થ સંપૂર્ણ રીતે સમજી ગયો; પરંતુ તે બિચારો કરે શું? તે લાચાર બની ગયો હતો. પોતાની સ્વાધીનતા દૃઢ કરવાને માટે નિઝામે રાજપૂતોની સાથે સંપ કર્યો અને મરાઠાઓને પોતાની વિજયિનીસેના માલવા તથા ગુજરાતમાં લઇ જવાને ઉત્સાહિત કર્યા. મહારાષ્ટ્રીય વીર બાજીરાવે પોતાની સેના લઇ સૌથી પ્રથમ માલવાપર આક્રમણ કર્યું અને ત્યાંના હાકેમ દયારામ બહાદુરનો[2] યુદ્ધમાં સંહાર કરીને નિઝામની અભિલાષા પૂર્ણ કરી. અંબરના રાજા જયસિંહને માળવાનું રાજ્ય આપવાની માગણી

કોઇ માણસ આ શરતવિરુદ્ધ કાર્ય કરશે તો તે સર્વના વિશ્વાસથી ભ્રષ્ટ થશે. એકનું માન એ સર્વનું માન છે, એકની લાજ એ સર્વની લાજ છે, એકનું અપમાન એ બીજાનું અપમાન છે. આટલામાં બધું આવી ગયું.

(૨) જે માણસ એકને વિશ્વાસઘાતક જણાશે તેનો કોઇ પણ વિશ્વાસ કરશે નહિ, તેને કોઈનો આશ્રય મળશે નહિ.

(૩) વર્ષાઋતુ વ્યતીત થયા પછી કાર્યનો આરંભ કરવામાં આવશે. પ્રત્યેક શાખાના નેતાએ પોતપોતાની ફૌજસહિત રામપુરમાં જવું. જો કોઈ કારણથી સરદાર સ્વયં આવી શકે નહિ તો તેણે પોતાના કુમારને વા એક મુખ્ય કર્મચારીને મોકલવો.

(૪) આ કુમાર વા કર્મચારીથી અનુભવના અભાવને લીધે કાંઇ દોષ થાય તો તેને સુધારવાનો અધિકાર રાણાજીસિવાય ઇતર કોઈને પણ મળશે નહિ.

(૫) પ્રત્યેક મહાન કાર્યમાં સર્વ જણ એકત્રિત થઈ આ નિયમોનું પાલન કરવાને બંધાય છે.

૧ આ સેનાપતિનું નામ મુબારિજખાં હતું. પ્રથમ તો નિઝામે ચતુરાઈથી મુબારિજની સેનામાં ફૂટ પાડવાનો પ્રયાસ કર્યો હતો; પરંતુ તેની આ ચેષ્ટા ફલવતી થઈ નહોતી, આથી તેણે યુદ્ધ કરીને તેને પરાજિત કર્યો હતો.

૨ દયારામ બહાદુર માળવાના પૂર્વશાસનકર્તા ગિરધરસિંહનો ભત્રીજો હતો.

કરવામાં આવી; પરંતુ તેણે તે રાજ્યનો સ્વીકાર કર્યો નહિ. આથી તે રાજ્ય મરાઠાઓનાજ હાથમાં રહ્યું. ગુજરાતનું રાજ્ય પણ શીઘ્ર આજ દશાને પ્રાપ્ત થયું. પ્રથમ પાદશાહે આ રાજ્ય રાઠોડોને અર્પણ કરવાની પ્રતિજ્ઞા કરી હતી; પરંતુ તેનું પાલન નહિ થવાથી અજિતસિંહના પુત્ર અભયસિંહે તેપર આક્રમણ કર્યું અને ત્યાંના હાકેમ બુલંદખાંને હાંકી કાઢયો. આ એક ઉત્તમ સંધિ છે, એમ ધારી મરાઠાઓએ રાઠોડોના જીતેલા ગુર્જરરાજ્યમાં પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો. રાઠોડરાજ અભયસિંહે મરાઠાઓની સામે બાથ ભીડી નહિ[1] અને પોતાના અધિકારમાં ગુજરાતનો માત્ર ઉત્તર ભાગજ રાખ્યો.

જે સમયે રાજસ્થાન અને માળવા તથા ગુજરાતની આ દશા થઈ રહી હતી, તે સમયે બંગાળા, બિહાર તથા ઓરિસ્સાના રાજ્યમાં સુજાઉદ્દૌલા અલીવર્દીખાંની સાથે અચલ રાજ્યસુખ ભોગવી રહ્યો હતો. આ તરફ અયોધ્યાના રાજ્યમાં સાદતખાંનો પુત્ર સફદરજંગ અડગ રીતે સિંહાસનપર વિરાજમાન હતો.જો કે પાદશાહની કૃપાથીજ સાદતખાંએ અયોધ્યાનું રાજ્ય પ્રાપ્ત કર્યું હતું, તોપણ તે કૃતઘ્નપુરુષે પાદશાહના આ પવિત્ર પ્રસાદનો બદલો એક ઘૃણિત અને નિંદિત કાર્યથી વાળ્યો.સાદતખાં કૃતઘ્ન અને વિશ્વાસઘાતી હતો. તે દુરાચારીએ પરમ અત્યાચારી નાદિરશાહને ભારતવર્ષમાં બોલાવી દિલ્હીના સામ્રાજ્યનું સત્યાનાશ વાળ્યું.

માળવા અને ગુજરાતમાં જ્યારે મહારાષ્ટ્રીઓની પ્રભુતા દૃઢ થઈ ગઇ, ત્યારે વિજયી મરાઠાઓએ અન્યાન્ય પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપિત કરવાનો પ્રયાસ કરવા માંડયો અને તેઓ નર્મદા નદી ઉતરીને ઉત્તર તરફના પ્રદેશોમાં તીડોની પેઠે ફરી વળી તેમને લૂંટવા લાગ્યા. તેમના પ્રચંડ પરાક્રમના અપૂર્વ પ્રભાવથી જે જાતિઓનાં નામ પણ અત્યારસુધી કોઇ જાણતું નહોતું, તે જાતિઓ આ દેશમાં આવી પોતપોતાની સેના વધારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા લાગી. તે વખતે શાંત જીવન ગાળનારા ભોળા ખેડુતો પણ હળ અને બળદ છોડી દઇ હાથમાં ખડ્ગ ધારણ કરવા લાગ્યા તથા અશ્વપર સ્વારી કરવા લાગ્યા અને ભરવાડો પોતાની લાકડી છોડી ભાલા ગ્રહણ કરવા લાગ્યા. આ લોકોમાં સિંધયા[2] હોલ્કર[3] અને પવાર[4] સૌથી અધિક પ્રસિદ્ધ છે. આ પ્રકારે વિપુલ સેના એકત્રિત કરી મહારાષ્ટ્રીઓ હીનબલ રાજપૂતોપર આક્રમણ કરવા લાગ્યા. આ લોકો રાજપૂતોના પ્રદેશને બાળી લૂંટી ત્યાંજ નિવાસ કરવા લાગ્યા. જ્યાંસુધી મહારાષ્ટ્રીઓ આવશ્યકીય પ્રસંગે એકજ પતાકાની નીચે એકત્રિત થઇ યુદ્ધ કરતા હતા, ત્યાંસુધી કોઇ પણ દળ તેમના પ્રચંડ બળની સામે થઇ શકયું નહોતું.

વીરવર (પ્રથમ) બાજીરાવે મહારાષ્ટ્રીઓના મહાન બળને એકત્રિત કર્યું હતું. તેઓ ઇ૦સ૦ ૧૭૩૫ માં સૌથી પહેલાં ચંબલનદી ઉતરી દિલ્હીના સિંહદ્વારપર આવી ઉભા રહ્યા. મહારાષ્ટ્રીઓના પ્રચંડ પરાક્રમથી દિલ્હીનગરની ભારે પાયમાલી થઇ. પછી નિર્બળ પાદશાહે મરાઠાઓને ચોથ આપી તેમના ભીષણ પંજામાંથી મુક્તિ મેળવી. પાદશાહની આ કાયરતા જોઇ નિજામના મનમાં અનેક પ્રકારના ભય અને સંદેહો ઉત્પન્ન થવા લાગ્યા. પાદશાહને વશ કરી કદાચિત્ મરાઠાઓ મારા રાજ્યપર આક્રમણ કરશે, એવા ભયથી તેણે માળવામાંથી મરાઠાઓને હાંકી કાઢવાનો નિશ્ચય કર્યો. તેને સંપૂર્ણ ખાત્રી થઇ ગઇ હતી કે જો મરાઠાઓ માળવામાં સારી રીતે દૃઢ થઇ જશે તો પછી તેમને ત્યાંથી કાઢવા મુશ્કેલ થઇ પડશે અને પછી તેઓ મારો ઉત્તર તરફના પ્રદેશો સાથેનો સંબંધ તોડી નાખશે. આવો

૧ મહાશય એલ્ફીન્સ્ટન જણાવે છે કે, પોતાના હાથમાંથી ગુજરાતપ્રાંત જતો રહેવાથી અભયસિંહને ઘણું નુકસાન થયું હતું. ઈ૦ સ૦ ૧૭૩૧ ના એપ્રીલમાસમાં પ્રચંડવીર બાજીરાવે ગુજરાતપર પોતાનો અધિકાર સ્થાપિત કરી તેનો શાસનભાર પીલાજીગાયકવાડને સમર્પણ કર્યો. પિલાજી ગાયકવાડની ગાદીનો મૂળ સ્થાપક હતો. અભયસિંહે આ પિલાજીને ગુપ્ત રીતે મારીને ગુજરાતપર પુનઃ પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો. અભયસિંહે કપટથી પિલાજીનો નાશ કર્યો, તેથી તેના પુત્ર અને ભ્રાતાએ તેનાપર અત્યંત ક્રોધિત થઈ આક્રમણ કર્યું. આ આક્રમણની ગતિ રોકી નહિ શકાયાથી રાઠોડરાજે નિરૂપાયે ગુજરાતનું રાજ્ય છોડી દીધું."

૨ સિંધિઆના પૂર્વજો કૃષિકાર હતા.

૩ હોલ્કરની જાતિ ભરવાડ હતી.

૪ માળવાપર આક્રમણ કરતી વખત બાજીરાવે ઉદાજી પવાર, મલ્હારરાવ હોલ્કર અને રાણોજી સિંધિઆને સેનાપતિ બનાવ્યા હતા. સંધિ મળવાથી તેઓ મુખ્ય રાજદ્વારીપુરુષો થઈ પડયા અને તેમણે એક એક વિખ્યાત રાજવંશની સ્થાપના કરી.

વિચાર કરી નિઝામે માળવાપર આક્રમણ કર્યું અને બાજીરાવનો પરાજય કર્યો. તે મહારાષ્ટ્રીઓને માળવા-માંથી હાંકી કાઢવાની તૈયારીમાં હતો, એવામાં મહાપ્રચંડ વીર અને મહા અત્યાચારી નાદિરશાહે દિલ્લીપર આક્રમણ કર્યું છે, એવા વર્તમાન તેના સાંભળવામાં આવ્યા. આ વર્તમાન સાંભળી નિઝામ-ઉલ-મુલ્ક અત્યંત ભયભીત થયો અને તે મરાઠાઓને છોડીને પોતાના રાજ્યમાં ચાલ્યો ગયો.

જે [1]સમયે નાદિરશાહના પ્રચંડ રણવાદ્યનો ધ્વનિ ભારતવર્ષના પશ્ચિમભાગ ઉપર સાંભળવામાં આવ્યો, તે સમયે મોગલપાદશાહનો વીર્યાગ્નિ સંપૂર્ણતઃ શાંત થઈ ગયો હતો. નાદિરશાહના રણવાદ્યનો ધ્વનિ સાંભળી સમસ્ત ભારતવર્ષ જાણે ભૂકંપ થયો હોય તેની પેઠે કંપાયમાન થવા લાગ્યો. હતભાગી મહમ્મદશાહના ભયનો પાર રહ્યો નહિ. ચારે તરફ હાહાકાર વર્તી રહ્યો. આ સંકટના સમયમાં મહમ્મદશાહે રાજપૂતોના પરાક્રમપર બહુ મોટી આશા બાંધી હતી; પરંતુ તેની તે આશા સફળ થઇ નહિ. તેની કોઈ પણ આશા ફલવતી થઈ નહિ. જે રાજપૂતોના બળથી ભારત-વર્ષના હૃદયપર મોગલસામ્રાજ્ય દૃઢ થયું હતું, જેમણે એ સામ્રા-જ્ય અચલ રાખવાને માટે આટલા દિવસપર્યંત પ્રસન્નતાપૂર્વક પોતાના હૃદયનું રુધિર વહેવરાવ્યું હતું તેજ રાજપૂતોએ આ સંકટના સમયમાં પાદશાહની રક્ષા કરવાને માટે ખડ્ગ ધારણ કર્યાં નહિ. આજ કારણથી કરનાલના ભયંકર યુદ્ધમાં મોગલોની સખ્ત હાર થઇ અને તે દિવસથી ભારતવર્ષની દારુણ દુર્દશાનો પ્રારંભ થયો.



નાદિરશાહ

કરનાલના યુદ્ધના શોચનીય પરિણામથી નિઝામ અને સાદતખાંના હૃદયમાં અત્યંત ભય ઉત્પન્ન થયો. તે ઉભય ઉક્ત પ્રચંડવીરની સેનાનો પ્રતિરોધ કરવાને માટે મોગલસેના સાથે મળી ગયા; પરંતુ તેમને સફળતા મળી નહિ. અમીર-ઉલ-ઉમરા સંગ્રામમાં માર્યો ગયો અને મહમ્મદશાહ તથા તેનો વઝીર એ ઉભય નાદિર-શાહના બંદીવાન બન્યા. દુષ્ટ સાદતખાંની કૃતઘ્નતા અને વિશ્વાસઘાતથી દિલ્લીના પાદશાહની આવી દુર્દશા થઈ. હતભાગી મહમ્મદશાહે સંધિ કરવાને માટે નિઝામને પોતાનો દૂત બનાવી નાદિરશાહની પાસે મોકલ્યો. સંધિ થઇ પણ ખરી; પરંતુ દુરાચારી સાદતખાંએ તે સંધિ રદ કરી નાખી અને એમ કરી પોતાના પગમાં જાતેજ કુહાડી મારી. સાદતખાંએ નાદિરશાહને કહ્યું: "નિઝામે હુઝૂરને થાપ આપી છે. તેના જણાવ્યા કરતાં ખજાનામાં વધુ દોલત છે." વળી તેણે તે ઉપરાંત જણાવ્યું કે:—"નિઝામે આપને જેટલા રૂપિયા આપવાનું વચન આપ્યું છે, તેટલા રૂપિયા તો તે ફક્ત પોતાના ખજાનામાંથી આપી શકે એમ છે." આ દુષ્ટના કહેવાપર નાદિરશાહને સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો. તેનો લોભ સહસ્રગુણ વૃદ્ધિંગત થઇ ગયો.

નિઝામની સાથે જે સંધિ કરવામાં આવી હતી, તે તેણે રદ કરી અને દિલ્લીના ખજાનાની સર્વ કુંચીઓ માગી. અભાગી મહમ્મદશાહનું સુખસ્વપ્ન લય પામી ગયું. મહાલોભી નરપિશાચ નાદિરશાહની સાથે થયેલી સંધિથી મહમ્મદશાહને એવો વિશ્વાસ બેસી ગયો હતો કે હવે અધિક કષ્ટ થશે નહિ; પરંતુ તેનો આ શ્રમ શીઘ્ર દૂર થયો. સંધિપત્ર તોડીફાડી છિન્નભિન્ન કરીને નાદિરશાહ વિજિત દિલ્લી-શ્વરને મહા દંભથી પોતાની છાવણીમાં લઇ ગયો અને પોતે દિલ્લીના સિંહાસનપર બેસી ગયો. તેણે ઈ૰ સ૰ ૧૭૪૦ ના માર્ચની આઠમી તારીખે દિલ્લીના તખ્તપર બેસી પોતાના નામના સિક્કા ચલાવ્યા હતા. સિક્કાપર નીચે પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો:—

૧ કર્નલ ટૉડ જણાવે છે કે ઈ૰ સ૰ ૧૭૪૦ માં નાદિરશાહ ભારતવર્ષમાં આવ્યો હતો; પરંતુ એલ્ફીન્સ્ટને "નાદિરનામા" વગેરે ગ્રંથોના આધારે સ્વરચિત ભારતના ઈતિહાસમાં જણાવ્યું છે કે નાદિરશાહ ઈ૰ સ૰ ૧૭૩૮ ના નવેમ્બર માસમાં ભારતપર ચઢી આવ્યો હતો.

દોહરો—શહન્શાહ સબ જગતકો, નાદિર હૈ મહારાજ;
રાજન કો અધિરાજ હૈ, સમય નિયામક આજ.

જો કે મોગલોએ પરસ્પરના ઝઘડામાં પુષ્કળ દ્રવ્ય ખર્ચી નાખ્યું હતું, જો કે પ્રમાદી રાજકુમારોએ વિપુલ ધન સ્વાહા કરી દીધું હતું, તોપણ તે વખતે નાદિરશાહને ખજાનામાંથી જેટલું દ્રવ્ય મળ્યું, તેટલા દ્રવ્યથી સાક્ષાત્ લોભની પણ તૃપ્તિ થઇ જાત;[1] પરંતુ આશ્ચર્યની વાત છે કે નરરાક્ષસ નાદિરશાહનો લોભ આ વિપુલ ધન મળવાથી ઘટવાને બદલે વૃદ્ધિંગત થવા લાગ્યો. તેણે પોતાના સૈનિકોમાં ઢંઢેરો પીટાવી દીધો કે બીજા અઢી કરોડ રૂપિયા લીધા વિના આપણે હિંદુસ્તાન છોડવું નથી; માટે જેમ બને તેમ ત્વરાથી આ રૂપિયા વસુલ કરી લ્યો. આ ઢંઢેરો સાંભળતાંની સાથેજ યમદૂતના જેવા ઇરાનીલોકો હાથમાં સમશેર ગ્રહણ કરી ચારે તરફ દોડયા અને ભયંકર અત્યાચાર કરી નગરવાસીઓનું દ્રવ્ય લૂંટવા લાગ્યા. તેમના અત્યાચારથી નગરમાં હાહાકાર વર્તી રહ્યો. નગરવાસીઓ વ્યાકુલ થઈ જેમ ફાવે તેમ નાસવા લાગ્યા; પરંતુ નાસીને જાય કયાં? તેમની રક્ષા કરનાર કોણ હતું? કોઇ નહિ. ઇરાનીઓના બાહુબળ આગળ સમસ્ત વીરોનું બળ નિસ્તેજ થઇ ગયું. કોઇ પણ રક્ષક રહ્યો નહિ. સર્વ લોકો પોત-પોતાની રક્ષા કરવાને માટે આમતેમ નાસભાગ કરવા લાગ્યા; પરંતુ કોઈનામાં તે રાક્ષસોનો પ્રતિરોધ કરવાનું સાહસ નહોતું. નાસવાથી પણ તેમનું રક્ષણ થયું નહિ. ઇરાનીપિશાચો તેમની પાછળ દોડી તેમના ગજવામાંથી તેમનું શેષ રહેલું એકમાત્ર સાધન-વાટખર્ચી પણ ખુંચવી લેતા હતા. તેઓ તેમની પ્રાણપ્રિય સ્ત્રીઓપર કઠોર અત્યાચાર કરતા હતા. અફસોસ! આ વખતે દિલ્લી નગરમાં પ્રલયકાળ આવી પહોંચ્યો હતો. ભયંકર અત્યાચાર કરીને નગરવાસીઓના પ્રાણ લેવામાં આવતા હતા અને તેમની માનમર્યાદા ધોળેદહાડે છચોક લૂંટાતી હતી. તેમની દૃષ્ટિસમીપ તેમનું સર્વસ્વ લૂંટાતું હતું. ઉચ્ચ સ્વભાવના માણસો અપમાન કરતાં મરણને વધુ પસંદ કરે છે. આવા માણસોએ અત્યાચારીઓના હાથમાંથી છૂટવાનો કોઇ ઉપાય નહિ જોઇ પ્રથમ તો પોતાની સ્ત્રીઓનો પોતાના હાથે વધ કર્યો અને પછી પોતે આત્મઘાત કર્યો. તેમને આત્મઘાતસિવાય ઉક્ત પાપીઓના હાથમાંથી બચવાનો કોઇ પણ ઉપાય શેષ રહ્યો નહોતો. આવા ભયંકર કાળમાં લોકોમાં એક એવી અફવા ઉડી કે નાદિરશાહ માર્યો ગયો છે. અલ્પકાળમાં આ વાત ચારે તરફ ફેલાઇ ગઈ. તત્કાળ અનેક નગરવાસીઓ હાથમાં ખડ્ગ ધારણ કરી ઉન્મત્તની પેઠે ઘરબહાર નીકળી પડયા અને દુષ્ટ ઇરાનીઓ ઉપર તૂટી પડયા. કોઇને પણ પોતાના પ્રાણનો મોહ નહોતો, ઇષ્ટમિત્ર અને આપ્તસંબંધીનું ધ્યાન નહોતું. ઇરાનીઓપર વૈર લેવાને માટે નગરજનો તેમનાપર તૂટી પડયા ને તેમનો સંહાર કરવા લાગ્યા. જે પ્રમાણે બકરાંઘેટાંનો વધ કરવામાં આવે છે, તેવી રીતે ઇરાનીઓનો સંહાર થવા લાગ્યો. ઉભય પક્ષો વચ્ચે દારુણ યુદ્ધ થવા લાગ્યું. ઇરાનીઓ અને નગરવાસીઓનાં છિન્નભિન્ન અંગોથી દિલ્લીની ગલીઓ પૂરાઇ ગઇ.[2] રુધિરના પ્રવાહથી નગરની પોળોમાં કાદવકીચડ થઈ ગયો. આ સમાચાર નાદિરશાહના સાંભળવામાં આવ્યા કે તરતજ તે નરપિશાચ એક મસ્જિદના ઉચ્ચ મિનારાપર ચઢયો અને પોતાની નિરુત્સાહી બનેલી સેનાને તીવ્ર ઉત્સાહ આપવા લાગ્યો; અને તેણે નગરનાં આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ સર્વનો સંહાર કરવાની આજ્ઞા આપી. આ ભયંકર આજ્ઞા આપવામાં આવી કે તરતજ પિશાચ નાદિરશાહના પિશાચસૈનિકો ઘેરે ઘેર જઇ સર્વ માણસોનો વધ કરવા લાગ્યા. જે રીતે કસાઇઓ પશુઓનો વધ કરે છે, તે પ્રકારે નાદિરશાહના સૈનિકો દિલ્લીવાસીઓનો સંહાર કરવા લાગ્યા. રોદનના આર્તનાદથી આખું નગર ગાજી રહ્યું.

---

૧ નાદિરશાહ ભારતવર્ષમાંથી કેટલું દ્રવ્ય લઇ ગયો હતો, તે સંબંધે ભિન્ન ભિન્ન ગ્રંથોમાં પૃથક્ પૃથક્ મત છે. કર્નલ ટૉડ જણાવે છે કે નાદિરશાહ સુવર્ણ, ચાંદી તથા ઝવેરાત મળીને કુલ ચાળીસ કરોડ રૂપિયાની સંપત્તિ લઈ ગયો હતો. નાદિરનામાનો લેખક જણાવે છે કે તે ૧૫ કરોડની મતા લઈ ગયો હતો; હાનવે ૩૦ કરોડ જણાવે છે અને ફ્રેઝર પણ ૩૦ કરોડ જણાવે છે.

૨ હાજીન નામના એક મુસલમાને સ્વનેત્રોથી આ સંહાર જોયો હતો. તે જણાવે છે કે કોપિત હિંદુઓએ ૭૦૦ ઇરાનીઓનો નાશ કર્યો હતો. તેના રચેલા ગ્રંથનો બાલ્ફર નામના એક અંગ્રેજ લેખકે અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે, તેમાં ૭૦૦૦ નો અંક ઉપલબ્ધ થાય છે. મહાશય એલ્ફીન્સ્ટન જણાવે છે કે આ મુદ્રણયંત્રની ભૂલ છે. મહાશય સ્કૉટે પોતાના ગ્રંથમાં ૧૦૦૦ નો અંક જણાવ્યો છે.

ચોગાનોમાં રુધિરની નદી વહેવા લાગી. ઇરાની નરરાક્ષસોએ નગરજનોનું સર્વસ્વ લૂંટી તેમનાં ઘરોને આગ લગાડી. આ આગમાં તેઓ આબાલવૃદ્ધ જીવંતમનુષ્યોને નાખી તેમનો સંહાર કરવા લાગ્યા. દિલ્હીનગર સ્મશાનવત્ બની ગયું.[1] સ્મશાનથી પણ તેનો દેખાવ અધિક ભયંકર દેખાવા લાગ્યો. સાક્ષાત્ નરક-કુંડના જેવું તેનું દૃશ્ય થઇ રહ્યું. દુરાચારી સાદતખાંને પણ તેના પાપનો પૂરો બદલો મળી ગયો, એમ તેની થયેલી ભયંકર સ્થિતિપરથી આપણને વિદિત થાય છે.

આ મહા ઘોર સંહારના સમયે નાદિરશાહે દુરાચારી સાદતખાંના મંત્રીને આજ્ઞા કરી કેઃ—"તમારી અને સાદતખાંની જે કાંઇ દોલત હોય તેની એક યોગ્ય યાદી હમણાં હું જોવા માગું છું. જો તમે એ યાદી નહિ બતાવો તો હમણાંજ હું તમારો શિરચ્છેદ કરાવીશ." વળી નિજામે જે અઢી કરોડ રૂપિયા આપવાની કબુલાત કરી હતી તેટલા રૂપિયા નાદિરશાહે કેવળ વઝીરની પાસેથીજ લેવાની પ્રતિજ્ઞા કરી. આ કઠોર પ્રતિજ્ઞા સાંભળી સાદતખાંને ચારે તરફ અંધકાર દેખાવા લાગ્યો. તેને નિરાશાએ ઘેરી લીધો. તે મૂર્ખે ઉન્મત્ત થઇને પોતાની જાતેજ પોતાના પગમાં કુહાડી મારી હતી; પરંતુ હવે તેને પોતાની મૂર્ખતા સમજાઇ. આજે તેનાં જ્ઞાનનેત્રો ખુલ્યાં. હવે તે સમજ્યો કે નાદિરશાહને બોલાવીને તેણે તેને પોતાનોજ નાશ કર્યો હતો. તે જે જે તરફ દૃષ્ટિપાત કરતો તે તે તરફ તેને ભયંકર દૃશ્યજ દૃષ્ટિગોચર થતાં હતાં. તે જે તરફ જોતો તે તરફથી જાણે તેનો સંહાર કરવાને માટે યમદૂતો આવતા ન હોય તેમ તેને લાગતું. આ વિકટ દુઃખમાંથી મુક્ત થવાને માટે—નાદિરશાહના ક્રોધાગ્નિમાંથી મુક્ત થવાને માટે હતભાગી સાદતખાંએ વિષપાન કરી પોતાના જીવનનો અંત આણ્યો[2]. તેના દિવાન રાજા મજલિસરાયે પણ વિષપાન કરીને પોતાના સ્વામીનું અનુગમન કર્યું. આ ભયંકર નાટકનો પાછલો અંક આ રીતે પરિસમાપ્ત થવાથી નરરાક્ષસ નાદિરશાહે અભાગી મહમ્મદશાહે આપેલા સંધિપત્રનો સ્વીકાર કરી ભારત-

---

૧ આ હત્યાના સંબંધમાં ભિન્ન ભિન્ન વૃત્તાંત ઉપલબ્ધ થાય છે. એમ કહેવાય છે કે જ્યારે ઇરાની સેના દિલ્હીવાસીઓપર આવો કઠોર અત્યાચાર કરી રહી હતી, ત્યારે નાદિરશાહ "બડા બાજાર" ની "રકમરૂદ્દૌલા" નામની એક નાની મસ્જિદમાં ગુપચૂપ અને ગંભીર ભાવથી બેઠો હતો. પછી મહમ્મદશાહ પોતાના સરદારોની સાથે ત્યાં ગયો. જ્યારે પાદશાહ પોતાનું શિર ઝુકાવીને દીર્ઘકાળપર્યંત ત્યાં ઉભો રહ્યો ત્યારે નાદિરશાહે આજ્ઞા કરી કે તમારે જે કહેવું હોય તે કહો. હવે મહમ્મદશાહે આંખમાં અશ્રુ લાવી નમ્રતા અને વિનયપૂર્વક પ્રાર્થના કરી કેઃ—"મારી રૈયતના જાન બચાવો." આ હૃદયભેદક ભીષણ સંહારના સંબંધમાં જેટલાં વર્ણનો ઉપલબ્ધ થાય છે તેમાં હાજીનનો લેખ સર્વોત્તમ છે. હાજીને આ ઘટના સ્વનેત્રોથી જોઈ હતી. "શેરૂલ મુતાક્ષરીજ" નામના ગ્રંથના લેખકે હાજીનના લેખનો પુષ્કળ આધાર લીધો છે અને સર બુલંદખાંની પાસે જે હિંદુ કારભારી હતો તેણે ફકત હાજીનના લેખોનો સંગ્રહ કરી એક પુસ્તક બનાવ્યું છે. "નાદિરશાહનો ઇતિહાસ" એ નામનો ગ્રંથ મહાશય ફ્રેઝરે આદ્યોપાંત ઉપર્યુક્ત પુસ્તકને આધારેજ લખ્યો છે. હાજીન જણાવે છે કેઃ—"અર્ધ દિવસપર્યંત આ માનવસંહાર ચાલ્યો હતો અને અનેક માનવઓ તેના ભોગ થઈ પડયા હતા." મહાશય ફ્રેઝર એવું અનુમાન કરે છે કે ૧૨૦૦૦૦ થી ૧૫૦૦૦૦ સુધી માણસોનો આ વખતે નાશ થયો હતો અને 'નાદિરનામા' ગ્રંથનો લેખક જણાવે છે કે પ્રાયઃ આખો દિવસ આ કતલ ચાલુ રહી હતી અને ક્રૂર ઇરાનીઓએ ૩૦૦૦૦ માણસોના પ્રાણનો સંહાર કર્યો હતો. મહાશય સ્કૉટ દૃઢતાપૂર્વક જણાવે છે કે કેવળ ૮૦૦૦ માણસોજ આ કતલમાં માર્યા ગયા હતાં; પરંતુ આ પ્રમાણ તેને ક્યાંથી મળ્યું તે વિષે તેણે પોતાના ગ્રંથમાં કિંચિત્ પણ ઉલ્લેખ કર્યો નથી. મહાશય સ્કૉટના લેખપર મહાશય ઍલ્ફીન્સ્ટન શ્રદ્ધા રાખતા નથી. તેઓ નિવેદન કરે છે કેઃ—"વીસ હજાર સંહારકોએ આટલા બધા વખતમાં કેવળ આઠ હજાર માણસોનોજ સંહાર કર્યો, એ વાત શી રીતે વિશ્વસનીય હોઇ શકે?"

(એલ્ફીન્સ્ટનકૃત હિંદુસ્તાનનો ઇતિહાસ)

૨ મહાશય ડૌ૦ કૃત "હિંદુસ્થાન" નામના ગ્રંથમાં નાદિરના આક્રમણના સંબંધમાં કેટલીક વાતો લખી છે. તેમણે એક સ્થળે જણાવ્યું છે કે સાદતખાં અને આસફજા એ ઉભયે નાદિરશાહને હિંદુસ્થાનમાં બોલાવ્યો હતો અને એ ઉભયના વિશ્વાસઘાતથીજ પાદશાહ કરનાલના યુદ્ધમાં પરાભવ પામ્યો હતો. એમ કહેવાય છે કે પાછળથી નાદિરશાહ ઉકત ઉભય વિશ્વાસઘાતકોની દાઢીપર થુંક્યો હતો અને તેમને પોતાની સભામાંથી ધક્કા મરાવીને બહાર હાંકી કઢાવ્યા હતા. નાદિરશાહની રાજસભામાં આ રીતનું અપમાન થવાથીજ તે ઉભયે વિષપાન કર્યું હતું. આ ઉભય રાજદ્વારી પુરુષો એકબીજાના પ્રતિસ્પર્ધી હતા અને તેઓ એકબીજાપર અવિશ્વાસ રાખતા હતા. ઉભય એકબીજાને ત્યાં ગુપ્તચર મોકલી એકબીજાની હિલચાલ તપાસતા હતા. આસફજા પરમ ચતુર હતો. તે એક પ્રકારનું સ્વાસ્થ્ય હાનિ કરનારું વિષ ખાઇને મૃત મનુષ્યની પેઠે પડી રહ્યો, મુઓ નહિ; પરંતુ મૂઢ અને હતભાગી સાદતખાંએ તેને મૃત સમજી કઠોર હળાહળ વિષ પ્રાશન કર્યું અને તે શીઘ્ર મરણ પામ્યો. (એલ્ફીન્સ્ટનકૃત હિંદુસ્તાનનો ઇતિહાસ)

વર્ષનું સર્વસ્વ લૂંટી વસંતઋતુમાં શ્મશાનસમાન દિલ્હીનો ત્યાગ કરી પોતાના દેશ તરફ પ્રયાણ કર્યું.[1] આ સંધિપત્ર પ્રમાણે કાબૂલ, ઠઠ્ઠા, સિંધ અને મુલતાન વગેરે પશ્ચિમ તરફના સર્વ પ્રદેશો નાદિરશાહને આપવામાં આવ્યા. પ્રદેશો તેણે પોતાના ઇરાનના રાજ્યમાં સંયુક્ત કરી દીધા. આ ભયંકર સંકટના સમયમાં ભારતવાસીઓની કેવી દુર્દશા થઇ હતી, તે ભારતવર્ષના એક ઇતિહાસવેત્તાનાં નિમ્નલિખિત વચનોપરથી સ્પષ્ટ રીતે વિદિત થશે. આ ઇતિહાસવેત્તા જણાવે છે કેઃ–" આ સમયે ભારતવાસીઓ કેવળ આત્મરક્ષા અને આત્મતુષ્ટિનોજ વિચાર કરતા હતા. એક વાર કલેશદાયક આક્રમણમાંથી મુક્ત થયા પછી તેઓ પુનઃ કદિ તે સંબંધે વિચાર કરતા નહોતા. તેઓ કેવળ સ્વાર્થપરતાનોજ વિચાર રાખતા હોવાથી પોતાના માનવભ્રાતાના હિતની જરા પણ દરકાર રાખતા નહોતા. સ્વાર્થપરતા જનસમૂહના કલ્યાણને સંપૂર્ણતઃ વિઘ્નકારક છે. જે સમયે નાદિરશાહે હિંદુસ્થાનપર આક્રમણ કર્યું તે સમયે સર્વ હિંદવાસીઓ પોતપોતાનાં સ્વાર્થસાધનમાંજ નિમગ્ન હતા. આમ નૈતિક બલના અપકર્ષથીજ ભારતવાસીઓ અધોગતિને પ્રાપ્ત થયા અને સુખ તથા સ્વાધીનતાથી રહિત થયા."

ભારતવર્ષમાં થયેલા આ મહાન વિપ્લવના સમયમાં આર્યવીર રાજપૂતો પોતાનાં પ્રાચીન રાજ્યથી વંચિત થયા નહોતા. પોતાનાં પ્રાચીન રાજ્યોથી પરાઙ્મુખ થવું તો દૂર રહ્યું; પરંતુ ઇસ્લામીઓના છસેં વર્ષના શાસનકાળમાં રાજસ્થાનના ત્રણ પ્રધાન રાજવંશોપૈકી મારવાડ અને અંબરનાં બે રાજકુલોએ જે જે નાનાં નાનાં રાજ્યો સ્થાપિત કર્યાં હતાં[2] તે પણ આજે બ્રિટિશસિંહના છત્રનીચે સુરક્ષિત છે. ત્યાંના રાજાઓ આજે પણ બ્રિટિશ સરકારની સાથે મિત્રતા બાંધીને સ્વાધીનતાનો ઉપભોગ કરી રહ્યા છે. રાજપૂતકુલચૂડામણિ રાણાકુલની લીલાભૂમિ પવિત્ર મેવાડના સંબંધમાં પણ પ્રાયઃ આવોજ પ્રકાર છે. ઇસ્વીસનની દશમી શતાબ્દીના પ્રારંભમાં જ્યારે પ્રચંડ વીર મહમ્મદ ગઝનવીએ ભારતવર્ષપર આક્રમણ કર્યું હતું

૧ વિદાયનો સમય જેમ જેમ નિકટ આવતો હતો, તેમ તેમ ઈરાનીરાક્ષસોની નિષ્ઠુરતા વૃદ્ધિંગત થતી જતી હતી. આ વિષે સ્વદૃષ્ટિથી જોનાર એક માણસે જે કાંઇ લખ્યું છે; તે અત્રે પ્રમાણતરિકે સાદર કરીએ છીએઃ–" ગત દિવસની યંત્રણામય સ્મૃતિએ નગરવાસીઓને બેબાકળા બનાવી મૂકયા. અત્યારસુધી તો કેવળ " કત્લેઆમ " હતી; પરંતુ હવે તો " કત્લેખાસ " નો પ્રારંભ થયો. નગરમાં પ્રત્યેક ગૃહમાંથી હૃદયભેદી આર્તનાદ અને રોદનધ્વનિ સંભળાવા લાગ્યા. વસંતરાય નામના કર્મચારીએ પોતાની રક્ષાનો કાંઈ પણ ઉપાય નહિ જોઇ પ્રથમ પોતાના કુટુંબનાં સર્વ માણસોને મારી નાખ્યાં અને પછી પોતે પણ આત્મઘાત કરીને મરણ પામ્યો. રૂખા લિક્યારખાંએ પોતાના હૃદયમાં ખંજર મારી પોતાના જીવનનો અંત આણ્યો. અનેક જણે વિષપાન કરીને પોતાના જીવનનો નાશ કર્યો. ઈરાનીસૈનિકોએ માનનીય પ્રધાન નગરપાલને માર્ગમાં ઉભો રખાવી તેના શરીરપર કોરડાનો માર માર્યો. નિદ્રા અને શાંતિ નગરમાંથી નાશ પામી. દરબારીઓની ઉપર નિષ્ઠુરતાપૂર્વક પ્રહારો થવા લાગ્યા. તે પછી ઈરાની નરપિશાચોએ પાદશાહનાં " ફર્રાસખાના " માં આગ લગાડી દીધી. આથી એક કરોડ રૂપયાનો સામાન બળીને ભસ્મીભૂત થઈ ગયો. શહેરમાં અનાજની તંગી પડી. જાડા ચોખા એક રૂપિયાના બશેર વેચાવા લાગ્યા. એક તરફ નગરમાં મહામારી ફેલાઈ અને અગણિત નરનારીઓ મૃત્યુના મુખમાં સપડાવા લાગ્યાં. લોકો ગુપ્ત નિવાસમાં જઇને છુપાવા લાગ્યા, તે છતાં પણ તેમનું રક્ષણ થયું નહિ. આ પ્રકારે અસંખ્ય મનુષ્યો આ લોકમાંથી વિદાય થઈ ગયાં. એપ્રીલની પાંચમી તારીખે પાદશાહના ખજાનામાંથી નાદિરશાહની સીલ-મહોર બહાર લાવવામાં આવી અને તેણે પોતાના નામથી સર્વ માંડલિકરાજાઓ ઉપર દિલ્હીના પાદશાહપ્રત્યે ભક્તિ બતાવવાની અને રાજ્યમાં શાંતિ રાખવાના ભલામણપત્રો લખ્યા. આ પત્રોમાં તેણે પાદશાહને " મારા પ્રિય ભ્રાતા " તરિકે જણાવ્યો હતો. મેવાડ, મારવાડ, અંબર, નાગોર, સતારા વગેરે પ્રદેશોના રાજા ઉપર તેણે આ પત્રો મોકલ્યા હતા. તેણે આ પત્રોમાં જણાવ્યું હતું કે મારા પ્રિય ભ્રાતા મહમ્મદશાહની સાથે પુનઃ મારે મૈત્રી થઈ ગઈ છે. અમે દિલજાન દોસ્તો બની ગયા છીએ. હાલમાં મારા પ્રિય ભ્રાતા આ મહાન શહેનશાહતની હકૂમત ઉપર સ્થાયી થઈ તખ્તપર વિરાજમાન થયા છે. હવે બીજા મુલ્કોની ફતેહ કરવાને માટે અમે આ દેશમાંથી વિદાય થઇએ છીએ. હવે તમને મુનાસિબ છે કે તમારા પૂર્વજો જેવી રીતે તૈમૂર ખાનદાનના આગલા રાજાઓના તાબામાં રહેતા હતા અને તેમને સન્માન આપતા હતા, તેવી રીતે તમે પણ અમારા પ્રિય ભ્રાતાને તાબે રહી તેમને સન્માન આપશો, તેમનાપર શ્રદ્ધા રાખશો, તેમના શુભેચ્છક બનશો અને તેમને ઇજ્જત આપશો. ખુદા ન કરે, અગર તમારા વિદ્રોહની ખબર મને મળશે તો હું દુનિયાના પટ ઉપરથી ખરેખર તમારૂં નામ ઉખાડી નાખીશ."

(મહાશય સ્કૉટકૃત દખ્ખણનો ઈતિહાસ)

૨ બિકાનેર અને કિસનગઢ મારવાડની અને મછેરી અંબરની શાખા છે. શીખાવાટીને પણ અંબરની શાખા માનવામાં આવે છે.

ત્યારે મેવાડરાજ્યની સીમા જ્યાંસુધી વિસ્તારિત થઇ હતી ત્યાંસુધી આજે સાતસેં વર્ષ પછી પણ તે સ્થિત છે, જો કે બૂંદી, આબુ, ઇડર અને દેવલ ઇત્યાદિ કેટલાંક રાજ્યો રાણાના અધિકારમાંથી નીકળી ગયાં છે; તોપણ તેમનું પ્રાચીન રાજ્ય તો પૂરેપૂરૂં વિદ્યમાન રહ્યું છે. પશ્ચિમે ગોદ્વાર અને ગદવાડની ફળદ્રુપ ભૂમિ પોતાનું મસ્તક અવનત કરી મહારાણાની પ્રભુતાનું કીર્તન કરી રહી છે. ઉદારહૃદયવાળી ચંબલ નદી મેવાડના પૂર્વભાગનું પ્રક્ષાલન કરતી સૂર્યવંશી મહારાજા કનકસેનના વંશજોનું વૃત્તાંત પુણ્યસલિલા ગંગાને કહેવાને માટે ખળખળ અવાજ કરતી વેગથી વહી રહી છે. ઉત્તરમાં ખારી નદી અજમેર અને મેવાડની વચ્ચે વિરાજમાન છે અને દક્ષિણમાં વિસ્તૃત માળવારાજ્ય મરાઠાઓના અત્યાચારથી દીન દશામાં આવી પડેલું છે. આ ચતુર્દિશાની વચ્ચે આવેલા દેશની લંબાઈ ૧૪૦ માઇલ અને પહોળાઈ ૧૩૦ માઇલ હતી. આ દેશમાં દશહજાર નગરો તથા ગામો હતાં. રત્નગર્ભા મેવાડભૂમિનાં ક્ષેત્રો અત્યંત ફળદ્રુપ હતાં. કૃષિકારો કૃષિકાર્યમાં પૂર્ણ પારંગત હતા, વણિકો વ્યાપારમાં પૂર્ણ નિપુણ હતા. આ સમસ્ત કાર્યકુશળ પ્રજાદ્વારા મેવાડમાં પ્રતિવર્ષે દશ કરોડ રૂપિયા રાજ્યકરમાં વસુલ થતા હતા.[1] એક તરફ પરમ રાજભક્ત અને સ્વામીભક્ત સામંતો પોતાના રુધિરનું દાન કરીને શત્રુઓના પંજામાંથી મેવાડનું રક્ષણ કરતા હતા. ઉપર જણાવેલા દીર્ઘકાળવ્યાપી કઠોર ઉપદ્રવની પરિસમાપ્તિ થયા પછી સ્વાધીનતાની લીલાભૂમિ મેવાડના રાજ્યની આવી અવસ્થા હતી; પરંતુ મહા બળવાન મરાઠાઓના ભીષણ આક્રમણથી અર્ધશતાબ્દીના અરસામાં એ રાજ્યની કેવી દુર્દશા થઇ ગઈ તે હવે આપણે જોઇશું.

જે દિવસે પાદશાહ મહમ્મદશાહે પોતાના દુષ્ટ મંત્રીઓની સલાહ માન્ય કરીને મરાઠાઓને ચોથ આપી, તેજ દિવસે વિશાળ રાજસ્થાનમાં મરાઠાઓની પ્રભુતાનો માર્ગ સાફ અને નિષ્કંટક થઇ ગયો. રાજસ્થાન મોગલોને આધીન હતું. આથી મરાઠાઓએ જયારે ખુદ પાદશાહની પાસેથી ચોથ લીધી, ત્યારે તેમને તેના સર્વ માંડલિક રાજાઓ અને નવાબોની પાસેથી ચોથ લેવાનો અધિકાર પ્રાપ્ત થઈ ગયો.[2] તેઓ જ્યાં જ્યાં જતા હતા ત્યાં ત્યાં તેમને વિજયલક્ષ્મી પ્રાપ્ત થતી હતી. સર્વ નવાબો અને રાજાઓ મરાઠાઓને હાથ જોડી ચોથ આપતા અને બનતાપ્રયત્ને તેમને પ્રસન્ન રાખતા. વિજિત રાજાઓની પાસેથી કર વસુલ કરવા માટે વિજયી મહારાષ્ટ્રીઓએ કેવળ પાશવબળનેજ પોતાનું સાધન બનાવ્યું હતું કે નહિ, તે વાતનું અનુમાન કરવું કઠિન છે; પરંતુ આ વાત તો સ્પષ્ટજ છે કે તેમણે મહમ્મદશાહની પાસેથી ચોથ મેળવી એટલે તેદ્વારા બીજા માંડલિક રાજાઓ પાસેથી તે મેળવવાનું સુગમ થઈ ગયું.

વિજયોન્મત્ત મહારાષ્ટ્રીઓ જેમ જેમ પ્રચંડ પરાક્રમથી શનૈઃ શનૈઃ વધુ અને વધુ વિજય પ્રાપ્ત કરતા ગયા, તેમ તેમ રાજપૂતોને અત્યંત ભય લાગવા માંડ્યો. તેમણે આ ભયમાંથી મુક્ત થવાને માટે માંહોમાંહે સંપ કર્યો. તેમની પ્રાચીન રીતિઅનુસાર વૈવાહિકસંબંધદ્વારા તેઓ એક સૂત્રમાં પરિબદ્ધ થયા. રાણા જગતસિંહે મારવાડના ઉત્તરાધિકારી કુમાર વિજયસિંહની સાથે પોતાની પુત્રીનો વિવાહ કરી આ એકતાનો સૂત્રપાત કર્યો. વળી મારવાડ અને અંબરના રાજાઓ વચ્ચે જે ઘોર કલહ ચાલતો આવ્યો હતો, તે દૂર કરી તેમણે તેમની વચ્ચે સંપ કરાવ્યો. ઉદયપુરમાં મળેલી સભામાં આ ઐક્યબંધન બાંધવામાં આવ્યું હતું;[3] પરંતુ જેમ સામાન્યતઃ બનતું આવ્યું હતું, તેમ આ ઐક્યથી રાજપૂતોનું કાંઇ

---

૧ કોઈ એક કરોડ જણાવે છે.

૨ ઈ૦ સ૦ ૧૭૩૫.

૩ આ સમયે રાજસ્થાનના ભિન્ન ભિન્ન રાજા, રાજકુમાર તથા રાજદ્વારીપુરુષોએ રાણાજીની ઉપર જે કેટલાક પત્રો મોકલ્યા હતા, તે અતીવ સુંદર છે. ખાસ કરીને આ પત્રો વાંચવાથી રાણાજીપ્રત્યે અન્યાન્ય રાજાઓ કેવી શ્રદ્ધા અને ભક્તિ ધરાવતા હતા, તે ઉત્તમ પ્રકારે જ્ઞાત થાય છે. આવશ્યકતા જણાવાથી તેમાંના કેટલાક પત્રો અત્રે ઉદ્ધૃત કરવામાં આવે છે.

**પ્રથમ પત્ર**

**મારવાડના રાજકુમાર વિજયસિંહની તરફથી શ્રી શ્રી મહારાણા જગતસિંહના ચરણકમળમાં**

"મહારાણાશ્રી શ્રી જગતસિંહને મારા સવિનય નમસ્કાર વિદિત થાઓ. રાવત કેસરીસિંહ અને બિહારીદાસને મારી પાસે મોકલી તથા એક શુભ સૂત્રમાં સર્વ રાજપૂતોને આબદ્ધ કરવાનો નિશ્ચય કરી આપે મને અત્યંત આભારી કર્યો છે. શ્રીમાનનો આદેશ આપના આ સંતાનને શિરોધાર્ય છે. હું શ્રીમાનનો દાસ છું અને હું આ-

હિત થયું નહિ. પુનઃ અગાઉની પેઠે માંહોમાંહેના ઝઘડા શરૂ થયા અને તેણે આ ઐકયબંધનને તોડીને છિન્નભિન્ન કરી નાખ્યું.

માળવાપર અધિકાર સ્થાપિત કરીને મહારાષ્ટ્રીઓ તે રાજ્યમાંથી ચોથ લેવા લાગ્યા. ત્યાર પછી બાજીરાવ સેનાસહિત મેવાડમાં આવ્યો. તેના આગમનના સમાચાર સાંભળી સમગ્ર મેવાડભૂમિના લોકો ભયથી વ્યાકુલ થઈ ગયા. મહારાણાએ જાતે તેની મુલાકાત લેવાને બદલે પોતાના સાલુમ્બ્રાસરદાર અને

---

મની સર્વ આજ્ઞાઓનું પાલન કરવાનો સ્વીકાર કરૂં છું. હું શ્રીમાનનો પુત્ર છું અને જ્યાંસુધી જીવંત રહીશ ત્યાંસુધી આપનો પુત્રજ રહીશ. જો હું યથાર્થ રાજપૂત હોઇશ તો શ્રીમાનની માનાપમાન અને જીવનમરણ વગેરે સર્વ સ્થિતિમાં આપના પડખામાં ઉભો રહીશ. આજે વીસ હજાર રાઠોડો શ્રીમાનના દાસ થયા છે. જો આ કાર્યમાં આપણને સફળતા પ્રાપ્ત થશે તો સર્વશક્તિમાન જગદીશ્વર સર્વને શાંતિ આપશે. મારી સાથે જેઓ શોણિતસંબંધ ધરાવે છે, તેઓ પણ શ્રીમાનની આજ્ઞાનું પાલન કરશે. હવે મારે એ વાત નિવેદન કરવાની છે કે આ શુભ વિવાહથી જે પુત્ર ઉત્પન્ન થશે તેનેજ રાજસિંહાસન પ્રાપ્ત થશે અને જો કન્યા થાય તો તેને હું તુર્કના હાથમાં સમર્પણ કરૂં તો મને સાચો રાજપૂત માનશો નહિ. શ્રીમાનની સલાહાનુસાર તેને કોઈ સુપાત્રના હાથમાં અર્પણ કરવામાં આવશે. જો ભાવોજી ( વિજયસિંહ અને તેના સર્વ ભ્રાતાઓ પોતાના પિતાને આજ નામથી બોલાવતા હતા. ) અથવા ઈતર કોઈ માનનીય મહાશય કન્યાને તુર્કને સમર્પણ કરવાનો આગ્રહ કરશે તો હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે હું તેમને સમ્મતિ આપીશ નહિ. મારે આ કાર્યના સંબંધમાં બીજા કોઈની સલાહ માનવાની આવશ્યક્તા નથી. કન્યાદાન દેનાર હુંજ છું. આષાઢ, શુક્લ પૂર્ણિમા, વિ૦ સં૦ ૧૭૯૧ ( ઇ૦ સ૦ ૧૭૩૫-૩૬ )"

"તા૦ ક૦ આ પત્ર રાવત કેસરીસિંહ અને બિહારીદાસ પાંચોલીના દેખતાં કૃષ્ણવિલાસમંદિરના આંગણામાં પાંચોલી લાલજીએ લખ્યો છે અને એની ઉપર મારવાડના રાજા વખતસિંહના પુત્ર વિજયસિંહે હસ્તાક્ષર કર્યા છે."

## દ્વિતીય પત્ર
## વિજયસિંહની તરફથી રાણાજીપ્રત્યે

"અહીંઆં સર્વ ખુશીમાં છે. શ્રીમાન પોતાની કૃપા અને મિત્રતા સદા એકસરખી રાખશે એવી આશા છે. વળી કુશળતાના સમાચાર સદા નિવેદન કરશો એવી પણ આશા છે. જે સમયે સુદિન ( વિવાહનો દિવસ ) મને પ્રાપ્ત થશે, તે સમય અમૂલ્ય ગણાશે. શ્રીમાને મને યથાર્થ રાજપૂત બનાવ્યો છે. હું મારી શક્તિઅનુસાર શ્રીમાનની સેવા કરવામાં ત્રુટિ કરીશ નહિ. શ્રીમાન કુલપતિ છે, યોગ્યતાનુસાર સર્વને પુરસ્કાર આપે છે. શ્રીમાન શરણાગતના રક્ષક અને પાલનકર્તા છે અને શત્રુઓના સંહારક છે. શ્રીમાન વિદ્વાનોના ગુણગ્રાહક અને બ્રહ્માસમાન બુદ્ધિમાન છે. ત્રૈલોક્યનાથ સદા શ્રીમાનને સુખમાં રાખે એવી પ્રાર્થના છે. આષાઢ વદી ૧૩."

## તૃતીય પત્ર
## રાજા વખતસિંહની તરફથી રાણાજીપ્રત્યે

"મહારાણાશ્રી શ્રી જગતસિંહને વખતસિંહના પ્રણામ. આપે મને યથાર્થ રાજપૂત કર્યો છે. આ પ્રકારના આચરણથી આપનો આભાર જગદ્વિખ્યાત થયો છે. આપ જોશો કે શક્તિઅનુસાર કાર્ય કરવામાં હું કિંચિત્ પણ ત્રુટિ કરીશ નહિ. જે દિવસે આપનું દર્શન થશે તે દિવસે મારા સુખની સીમા રહેનાર નથી. આપની સાથે સમ્મિલિત થવાથી મારા હૃદયમાં અત્યંત આનંદ થયો છે. આષાઢ વદી ૧૧"

## ચતુર્થ પત્ર
## જયસિંહ સવાઈના તરફથી રાણાજીપ્રત્યે

"મહારાણાને સવાઇ જયસિંહના નમસ્કાર પહોંચે.શ્રી દિવાનજીની આજ્ઞાનુસાર હું આ કરારનામા ઉપર હસ્તાક્ષર કરૂં છું કે જેમાં આપે મારવાડના અભયસિંહ સાથે સ્નેહસંબંધ જોડી આપ્યો છે. હિંદુ અથવા મુસલમાન કોઇને લીધે પણ હું આ કરારનામામાં શરતેથી વિમુખ થઈશ નહિ. અમો બન્નેની વચ્ચે ઈશ્વર છે અને દિવાનજી તેના સાક્ષી છે. આષાઢ સુદ ૭"

## પંચમ પત્ર
## વખતસિંહની તરફથી રાણાજીપ્રત્યે

"આપનો ખાસ પત્ર મળ્યો. વાંચી આનંદ પામ્યો. જયસિંહનો અને મારો પત્ર આપને પહોંચ્યોજ હશે. આપની આજ્ઞાનુસાર મેં તેમની સાથે મિત્રતા કરી છે અને આ મિત્રતાનો હું ઉત્તમ પ્રકારે નિભાવ કરીશ એ

મુખ્યમંત્રી બિહારીદાસને તેની પાસે મોકલી આપ્યા. + પછી બાજીરાવને કેવા પ્રકારનું માન આપવું, કયું આસન આપવું વગેરે બાબતની પુષ્કળ ચર્ચા રાજસભામાં ચાલવા લાગી. અનેક તર્કવિતર્કો થયા પછી

---

વિષે કિંચિત્ પણ સંદેહ નથી. આપને સર્વના અધ્યક્ષતરીકે નિયત કર્યા છે, તેથી આ બાબતમાં કોઇ પણ પ્રકારનો વાંધો નડશે નહિ. આપ એમની જામીનગીરી લેશો. પિતા, માતા વા બંધુ કિંવા ગમે તે સ્વરૂપે આપ મને જોશો તો હું સર્વ પ્રકારે આપનોજ છું. આપનાસિવાય હું ઇષ્ટ, મિત્ર, સ્વજન તથા જાતિ, ગોત્ર, કોઇને પણ ચાહતો નથી. આષાઢ વદી ૬"

### ષષ્ઠ પત્ર
### અભયસિંહના તરફથી રાણાજીપ્રત્યે

"મહારાજ અભયસિંહ મહારાણા જગતસિંહપ્રતિ આ પત્ર મોકલે છે. તેનો મુજરો ગ્રહણ કરવામાં આવે. (ઉચ્ચપદના મનુષ્યપ્રત્યે નિકૃષ્ટપદનો મનુષ્ય માન દર્શાવવાને માટે 'મુજરો' શબ્દ વાપરે છે.) આપે પરસ્પર પ્રેમબંધન રાખવાનું જે વચન આપ્યું છે, તેનો સાક્ષી ઇશ્વર છે. એને જે કોઈ તોડશે તેનું ઈશ્વર અકલ્યાણ કરશે. સુખ, દુઃખ, સંપત્તિ વા વિપત્તિ એ સર્વમાં આપણે એક થયા છીએ અને આપણે એકમત થઇને ઐક્યથી રહીશું. સ્વાર્થપરતા આપણને પૃથક્ કરી શકશે નહિ. આપના સમસ્ત સરદારો અમારા સાક્ષી છે. જે ખરો રાજપૂત છે, તે કદિ પણ આ બંધનથી અલિપ્ત થશે નહિ. આષાઢ વદી ૩ ને ગુરુવાર."

+ મહારાષ્ટ્રીઓના આક્રમણપ્રસંગે રાણા જગતસિંહજીએ પોતાના મંત્રી પાંચોલી બિહારીદાસજીને જે કેટલાક પત્રો લખ્યા હતા, તે પત્રો વાંચવાથી રાણાજીના હૃદયનો ભાવ સ્પષ્ટરીતે પ્રતીત થાય છે. આ પત્રોનો અનુવાદ નીચે પ્રમાણે છેઃ—

### પ્રથમ પત્ર

"શ્રી મંત્રીપ્રવર પાંચોલીજી! જોહાર. (નિકૃષ્ટપદાધિકારી સાથે ઉચ્ચપદના માણસો જોહાર શબ્દ વાપરે છે.) તમારૂં સ્મરણ મારા મનમાંથી એક ક્ષણ પણ જતું નથી. દક્ષિણી (મરાઠા) લોકોના સંબંધમાં જે વ્યવસ્થા તમે કરી છે તે સારી છે; પરંતુ જો સંકટ (અહીંઆં પેશ્વા સાથે યુદ્ધ થવાનો સંકેત છે.) અનિવાર્ય થઇ જાય તો કેવલ પ્રગણાની પેલી તરફ યુદ્ધ કરવું ઉચિત છે, નિકટ કરવું યુક્ત નથી. સૈનિકોની સંખ્યા થોડી ઓછી કરી નાખો. ઈશ્વરકૃપાથી દ્રવ્યની કાંઇ તંગી નડશે નહિ. રામપુરાનો બંદોબસ્ત ગત વર્ષ પ્રમાણેજ કરશો અને દોલતસિંહને સૂચના કરશો કે પુનઃ આવો સુઅવસર મળવાનો સંભવ નથી. રાજમાતા હાલમાં બિમાર છે. ગજરાજ અને ગજમાણિક ઉત્તમ યુદ્ધ કર્યું છે અને સુંદરગજે પણ પોતાનું ઉત્તમ કૌશલ્ય બતાવ્યું છે. (અહીંઆં હાથી સાથેની લડાઈનો નિર્દેશ છે. રાણાજી રાજકાર્ય કરતાં ગજલીલાપર વિશેષ પ્રીતિ રાખતા હતા. આ વિષે આગળ વિશેષ ખુલાસો થશે.) આપ હાલમાં અહીંઆં નહિ રહેવાથી મને દુઃખ થયું છે. હાલમાં શોભારામને શી રીતે મોકલી શકાય? આષાઢ વદી ૬ સંવત ૧૭૯૧ (ઇ૦ સ૦ ૧૭૩૫)"

### દ્વિતીય પત્ર

"મને આ વાતપર વિશ્વાસ બેસતો નથી, માટે તેની પાસે લેવાના રૂપિયામાટે જામીનગીરી લેજો. બાજીરાવ આવી પહોંચ્યો છે. તે જમીનપરનો દાવો છોડી દઇ અહીંઆંથી ખંડણી લઈ પોતાની કીર્તિ વિસ્તારી જશે. તેણે આપણા રાજ્યમાં પોતાનો પગ દૃઢ કરવાનો આરંભ કરી દીધો છે. તે અહીંઆંથી અન્યાન્ય રાજાઓ કરતાં વીસગણી અધિક ખંડણી લેશે. જો આ ખંડણી મર્યાદિત હશે તો આપવામાં આવશે. ગત વર્ષે મલ્હારરાવ આવ્યો હતો. તે તો કાંઇ વિસાતવગરનો હતો. બાજીરાવ તેના કરતાં અધિક પરાક્રમશાળી છે. જો ભગવાન મારી પ્રાર્થના સાંભળશે તો તે આપણી ભૂમિ લઇ શકશે નહિ. બીજી સર્વ વાત દેવીસિંહ કહેશે. ગુરુવાર સંવત ૧૭૯૨."

"હોળીના પ્રસંગે જગમંદિરમાં મહાન આનંદોત્સવ થયો હતો; પરંતુ જે પ્રકારે લવણવિના અન્ન ભાવતું નથી તે પ્રકારે બિહારીદાસવિના ઉદયપુર સૂનું પડી ગયું હતું."

### તૃતીય પત્ર

"આપના જેવા મનુષ્ય રાજ્યમાં રહે છે તેથી તેની દૃઢતાવિષે હું એક ક્ષણભર પણ શંકા લાવી શકતો નથી; તે છતાં પણ રાજ્યની આવી હીન દશા શાથી થઈ છે? આપ કહેશો કે હું શું કરૂં? હું તો આપની આજ્ઞાનુસાર કાર્ય કરૂં છું; પરંતુ આપનાં આ વચનો નિરર્થક છે. પૈસાજ સર્વસ્વ છે. આપણાપર આવી પડેલી વિપત્તિ આપનાસિવાય અન્ય કોઈ પણ દૂર કરી શકે એમ નથી. આપ કહેશો કે મારી પાસે કાંઈ નથી, તો હું આ આપત્તિની નિવૃત્તિ શી રીતે કરી શકું? જો કે આપ અલ્પ કાળને માટે મારાથી દૂર થયા છો, તથાપિ સદા મારી નિકટજ છો, એમ હું માનું છું; પરંતુ આપ હવે અહીંઆં આવો તો સારૂં. આપ અહીંઆં આવશો તો

એવો નિશ્ચય કરવામાં આવ્યો કે તેને સિંહાસનની સામે બનેડારાજની સમાન આસન આપવું[1] શીઘ્ર ઉભય પક્ષોવચ્ચે સંધિ કરવામાં આવી. આ સંધિમાં એવો કરાર કરવામાં આવ્યો કે રાણાજીએ બાજીરાવને એક નિયમિત વાર્ષિક કર આપવો.[2] આ સંધિઅનુસાર મહારાષ્ટ્રીઓએ દશ વર્ષપર્યંત નિયમિત કરલીધો હતો; પરંતુ પાછળથી તેઓ કર લઇ શકયા નહિ. તેમણે મેવાડનું સમસ્ત રાજ્ય ચચાર્વી પાડવાના લોભથીં આ સંધિ રદ કરી.

ચતુર મહારાષ્ટ્રીઓ પ્રથમ સોયની પેઠે પ્રવેશ કરી ધીમે ધીમે વિરાટ સ્વરૂપ ધારણ કરવા લાગ્યા. આનું કારણ રાજપૂતોનો માંહોમાંહેનો વિરોધજ હતો. આ વિરોધનું બીજ રાજસ્થાનમાં કેવી રીતે અંકુરિત થયું હતું તેનું કાંઇક વૃત્તાંત આગળ આવી ચૂકયું છે. હવે તેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવે છે. અંબરરાજપુત્રના હાથમાં પોતાની પુત્રીને અર્પણ કરતી વખત મહારાણાએ તેમની પાસે એવી શરત કરાવી લીધી હતી કે આ વિવાહથી જે પુત્ર જન્મે તેને અંબરનો ઉત્તરાધિકારી કરવો. આ વિવાહથી માધોસિંહનો જન્મ થયો. અત્યાચારી નાદિરશાહના સર્વસંહારક આક્રમણ પછી બે વર્ષે મહારાજ સવાઇ જયસિંહનો પરલોકવાસ થયો. તેમના પરલોકવાસ પછી થોડા દિવસમાં તેમના જયેષ્ઠકુમાર ઇશ્વરીસિંહ અંબરના સિંહાસનપર બેઠા. મહારાણાએ જયસિંહની પાસે જે પ્રતિજ્ઞા લેવરાવી હતી તેનું પાલન થયું નહિ; કારણ કે તેમ કરવાથી રાજપૂતોની એક અતિ દૃઢ પ્રાચીન રીતિનો નાશ થતો હતો. મહારાજા જયસિંહ પ્રાચીન રીતિનો ભંગ કરીને સવાઇ માધોસિંહને સિંહનારૂઢ કરવાની ઇચ્છા ધરાવતા હતા કે નહિ તે અમે કહી શકતા નથી; પરંતુ આ તો નિશ્ચયપૂર્વક કહી શકાય છે કે પોતાને સિંહાસન પ્રાપ્ત થયું નહિ તે માટે માધોસિંહ વ્યગ્ર થયા નહિ. જો તેઓ વ્યગ્ર થયા હોત તો રાણા સંગ્રામસિંહની આપેલી રામપુરની જાગીરનો સ્વીકાર કરત નહિ; પરંતુ પ્રથમના સંધિપત્રમાં વિપરીત ભાવ જણાય છે. ત્યાં તેમને "સ્વીમા" અર્થાત્ યુવરાજ કહેવામાં આવ્યા છે. ગમે તેમ હો, પરંતુ સિંહાસનના સંબંધમાં વાંધો ઉઠયો તે પૂર્વે ઇશ્વરીસિંહે પાંચ વર્ષપર્યંત રાજ્ય કર્યું. આ અરસામાં ઇશ્વરીસિંહ[3] દુર્રાનીની ગતિ રોકવાને માટે પોતાની સેના લઇ શતદ્રુના કિનારાપર ગયા; પરંતુ આ ઘટના અંબરના ઇતિહાસની સાથે સંબંધ ધરાવે છે, માટે તેનું વૃતાંત અહીંઆં અપ્રસ્તુત છે. અંબરના ઇતિહાસમાં એ સંબંધે ઉલ્લેખ આવશે.


માધોસિંહના સ્વાર્થની રક્ષા કરવાને માટે તેમને પોતાની સાથે લઇ રાણાજી સેનાસહિત ઇશ્વરીસિંહની સામા થયા. શીઘ્ર ઉભય દલોવચ્ચે ઘોર સંગ્રામ શરૂ થયો. સિસોદીઆવીરો ઇશ્વરીસિંહને પરાજિત કરવાને માટે ગયા હતા; પરંતુ તેઓ સ્વયં હારી ગયા. રાણાજીની સેના છિન્નભિન્ન થઇને

હું રૂપિયા એકઠા કરવાનો પ્રયત્ન કરી શકીશ. આ પુત્ર આપનાથી કોઇ પણ વાત ગુપ્ત રાખશે નહિ. (બિહારીદાસ પાંચોલીને મહારાણા પિતા કહીને બોલાવતા હતા.) આપ દ્રવ્યસંચય કરશો તે વૃથા છે; કારણ કે તેનો ઉપયોગ નહિ થાય તો સંદેહનો ઉદય થશે. આપને એક વિશ્વાસુ માણસની પાસેથી કેટલાંક રત્નો અને કેટલાક ચેક મળશે. તેને મારી પાસે લાવજો. આ વિવાદો દૂર કરવાને માટે આ સિવાય બીજો કાંઇ ઉપાય નથી. આપ સ્વયં સમજુ છો. અધિક શું લખું ? ભાવી પરિણામપર દૃષ્ટિ રાખી જે ઉચિત લાગે તે કરશો. આ સંબંધે હવે હું આપને બીજો પત્ર લખીશ નહિ. સંવત ૧૭૯૨."

૧ બનેડારાજ, રાજસિંહના પુત્ર ભીમસિંહનો વંશજ હતો. આ સમયે જે આસન બાજીરાવને મળ્યું હતું, તેજ પુનઃ બ્રિટિશપ્રતિનિધિને માટે નિયત કરવામાં આવ્યું હતું.


૨ વાર્ષિક ખંડણીતરિકે ૧૬૦૦૦૦ રૂપિયા નિયત કરવામાં આવ્યા. આ રૂપિયા હોલ્કર, સિંધિયા અને પંવાર આ ત્રણે સરદારો સમાનભાગે વહેંચી લેતા હતા.

૩ કંદહાર જીતી લેતી વખત નાદિરશાહે પરાજિત ખિલજીઓની સાથે અહમદખાં અબદલ્લી નામના એક અફઘાનને કેદ કર્યો હતો. અફઘાનિસ્તાનમાં સાદોતી નામનો એક વંશ છે. ત્યાંના નિવાસીઓ ઉક્ત વંશને પરમ પવિત્ર માને છે. અબદલ્લી આ વંશનો હતો. તે અત્યંત તેજસ્વી અને પરાક્રમી હતો. નાદિરશાહે માનપૂર્વક તેને છોડી મૂક્યો અને તેને બક્ષીસતરિકે એક જાગીર આપી. જ્યારે નાદિરશાહનો ગુપ્ત રીતે વધ થયો, ત્યારે અહમદખાંએ તેના રાજ્યપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો અને અતિ અલ્પ સમયમાં અર્થાત્ ઇ૦ સ૦ ૧૭૪૭ ના ઑકટોબર માસમાં તે કંદહારરાજ્યનો કુલ મુખ્ત્યાર પાદશાહ બન્યો. મહારાજ ઇશ્વરીસિંહ આજ પાદશાહની ગતિ રોકવાને માટે શતદ્રુ નદીના તટપર ગયા હતા. પાછળથી અબદલ્લીએ પોતાના ગોત્રનું નામ બદલી નાખી "દુર્રાની"ની અટક ધારણ કરી હતી.



મહાદજી સિંધિયા

Lakshmi Art, Bombay, 8



મલ્હારરાવ હોલ્કર

નાઠી. આ પ્રકારે પરાજિત થવાથી મહારાણા અત્યંત વ્યથિત થયા. સિસોદીઆવીરોના અનુત્સાહને લીધેજ તેમનો પરાભવ થયો હતો અને સિસોદીઆવીરોના અનુત્સાહનું કારણ એ હતું કે માધોસિંહનો પક્ષ અન્યાયભરેલો છે, એમ તેમને લાગતું હતું. અન્યાયભરેલા કાર્યનું સમર્થન કરવું તેમને ઇષ્ટ લાગ્યું નહિ. મહારાણાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમના ક્રોધનો પાર રહ્યો નહિ. ક્રોધના આવેશમાં મહારાણાએ પોતાની પ્રચંડ સમશેર એક સાધારણ વારાંગનાના હાથમાં આપી દીધી અને વ્યંગવાણીથી કહ્યું કે:–"આ અવનતિકાળમાં આ શસ્ત્ર સ્ત્રીનેજ યોગ્ય છે." આ વ્યંગવચન મેવાડભૂમિના અવનતિકાળને બંધબેસતુંજ હતું. આ વાક્ય મેવાડવાસીઓના હૃદયમાં દઢરીતે અંકિત થઇ ગયું. આ વાક્ય હજી પણ મેવાવાડવાસીઓના હૃદયમાંથી ભૂંસાઇ ગયું નથી.

કોટા અને બૂંદીના હાડાઓએ ગત યુદ્ધમાં રાણાજીને સહાય કરી હતી, તેથી ઇશ્વરીસંહે તેમનાં આચરણનો યોગ્ય બદલો આપવાને માટે આપાજી સિંધિઆની સહાય લઇ તેમનાપર આક્રમણ કર્યું. હાડાઓએ આ આક્રમણની ગતિ અપૂર્વ વીરતાથી રોકી. આ યુદ્ધમાં આપાજી સંધિઆનો એક હાથ કપાઇ ગયો. આ યુદ્ધથી રાજપૂતોના ઉભય પક્ષને નુકસાન થયું અને તે ઉભયને સિંધિઆનું પેટ ભરવાને માટે તેને નિયમિત કર આપવો પડયો. રાણા જગતસિંહે પોતાને મળેલા પરાભવથી અત્યંત દુઃખિત થઇ વૈર લેવાને માટે મલ્હારરાવહોલ્કરની સહાય માગી. તેની સાથે વાતચીત કરતાં મહારાણાએ હોલ્કરની સમક્ષ પ્રતિજ્ઞા લીધી કે જો તમે ઇશ્વરીસિંહને અંબરના સિંહાસનપરથી પદભ્રષ્ટ કરશો તો હું તમને ૬૪ લાખ રૂપિયા આપીશ. જે દિવસે જગતસિંહે આ પ્રાતજ્ઞાપર હસ્તાક્ષર કર્યા તેજ દિવસથી રાજસ્થાનમાં મહારાષ્ટ્રીઓની પ્રભુતાનો પાયો દઢ રીતે નખાયો. આ સમાચાર શીઘ્ર ઇશ્વરીસિંહના સાંભળવામાં આવ્યા. પદભ્રષ્ટતા તથા અપમાનના ભયથી તે હતભાગી માણસે વિષપાન કરી પોતાના જીવનનો અંત આણ્યો. ઇશ્વરીસિંહના મરણ પછી માધોસિંહ અંબરના સિંહાસનપર અધિષ્ઠિત થયા. ચતુર હોલ્કરે ૬૪ લાખ રૂપિયા લઇ મહારાષ્ટ્રીઓની વિજયવૈજયંતી રાજસ્થાનમાં દઢરીતે સ્થાપિત કરી દીધી. રાજપૂતજાતિની દુર્દશાનું આજ મુખ્ય કારણ થયું. આજ કારણથી સિસોદીઆ, રાઠોડ તથા કુશાવહો પોતાના પૂર્વજોના મહાન ગૌરવથી સદાને માટે વંચિત થઇ દીનહીન દશામાં આવી પડયા. આ સમયથી તેમનામાં જે કઠોર ગૃહકલહ દાખલ થયો, તે તેમનું સત્ત્વબળ ભસ્મીભૂત કરતો ગયો. મહારાષ્ટ્રીઓએ રાજપૂતોનું સર્વસ્વ લૂંટી લઇને રાજસ્થાનને શ્મશાનવત્ બનાવી મૂક્યું. આંહોમાંહેના કલહથી તથા મહારાષ્ટ્રીઓના અત્યાચારથી રાજપૂતો દીર્ઘકાળપર્યંત દુઃખિત રહ્યા. પછી ઇ૦ સ૦ ૧૮૧૭ ના સંધિપત્ર પ્રમાણે અત્યંત દયાશીલ બ્રિટિશકેસરીએ આ સંકટમાંથી તેમનો ઉદ્ધાર કર્યો.

અઢાર વર્ષસુધી અયોગ્ય રીતે રાજ્યશાસન ચલાવ્યા પછી રાણા જગતસિંહ સંવત ૧૮૦૮ (ઇ૦ સ૦ ૧૭૫૨)માં પરલોકવાસી થયા. જગતસિંહ બાપ્પારાવલના પવિત્ર સિંહાસનપર સિસોદીઆકુલના અયોગ્ય રાજા નિવડયા હતા. હાથીનું યુદ્ધ જોઇને તેઓ પોતાનું જીવન વ્યર્થ ગુમાવી નાખતા હતા.[1] મહારાષ્ટ્રીઓના પ્રચંડ બળને રોકવાને બદલે તેઓ આવા ક્રીડાયુદ્ધને વધારે પસંદ કરતા હતા; પરંતુ 'તેમનામાં એક ઉત્તમ ગુણ હતો. તેઓ પોતાના પૂર્વજોની પેઠે શિલ્પશાસ્ત્રનો ઉત્કર્ષ કરવાને પ્રયાસ' કરતા હતા. ઉદયપુરનો રાજમહાલય તેમણે અતિ વિસ્તૃત કર્યો હતો.વળી તેમણે પેશોલાના દીપનો જીર્ણોદ્ધાર કરવામાં એક લક્ષ રૂપિયાનો વ્યય કર્યો હતો.આ ઉપરાંત આલસ્ય અને વિલાસસૂચક જે ઉત્સવો આજપર્યંત ઉદયપુરમાં થયા કરે છે, તે સર્વની સ્થાપના (દ્વિતીય) જગતસિંહેજ કરી હતી.

---

૧ રાણાજીએ પોતાના મંત્રી બિહારીદાસપર જે પત્રો લખ્યા હતા તેમાંનો પ્રથમ પત્ર પણ આ વાતનું પ્રમાણ આપે છે.

# अध्याय १५ मो

દ્વિતીય પ્રતાપસિંહ–દ્વિતીય રાજસિંહ–રાણા અરિસિંહ–મેવાડપર હોલ્કરનું આક્રમણ અને તેણે લીધેલા કર–રાણાને પદચ્યુત કરવાને રચાયેલું ષડયંત્ર–વિદ્રોહી સરદારોએ ઉપસ્થિત કરેલા એક નામધારી રાણો–કોટાના જાલિમસિંહ–સિંધિઆની સાથે નામધારી રાણાનું મળી જવું–આ ઉભયની એકત્રિત સેનાપર રાણાએ કરેલું આક્રમણ–રાણાનો પરાજય–સિંધિઆએ મેવાડપર કરેલું આક્રમણ અને ઉદયપુરપર ઘેરો–રાણાએ મંત્રીતરિકે અમરચંદની કરેલી નિમણુક–અમરચંદની તેજસ્વિતા–સિંધિઆ સાથે કરેલી સંધિ–સંધિઆનું ચાલ્યા જવું–મેવાડરાજ્યની ક્ષીણતા–વિદ્રોહીસરદારોનું રાણાને શરણે આવવું–ગદવાડ પ્રાંતપરના અધિકારનો લોપ–રાણાજીનો ગુપ્ત વધ–રાણા હમીરસિંહનો રાજ્યાભિષેક–રાજમાતા અને અમરચંદની વચ્ચે કલહ–અમરચંદની મહાનુભાવતા–તેનું મૃત્યુ, સ્વભાવ, ગુણ ઈત્યાદિ–મેવાડરાજ્યનો ક્ષય.

આ જગતમાં દિવસ ઉપર દિવસ ચાલ્યા જાય છે; પરંતુ જે દિવસે એકવાર ચાલ્યો ગયો, તે શું પુનઃ કદિ પણ પ્રાપ્ત થાય છે ? શરદૃઋતુની પૂર્ણિમાની રાત્રે પૂર્ણ ચંદ્રને જોવાથી આપણને એકવાર જે આનંદ થાય છે, તે શું પુનઃ ચંદ્રપ્રકાશને જોવાથી આપણને કદિ પણ મળે છે ? ગયો અવસર આવતો નથી, ગયો કાળ પાછો મળતો નથી, તોપણ મનુષ્ય પ્રાણદાયિની આશાને છોડતો નથી. " જબ તક શ્વાસા, તબ તક આશા " આ વદંતિથી કોણ અજ્ઞાત છે ? મનુષ્ય આશાનો દાસ છે. આશાજ ક્ષણભંગુર જીવનની મૃતસંજીવની ઔષધિ છે. આ ઔષધિનો નાશ થતાંજ જીવનનો સદા માટે વિધ્વંસ થશે. આશા મનુષ્યની પરમપ્રિય સખી છે. ન્યૂનતા એજ આશાને ઉત્પન્ન કરે છે. જેને કોઈપણ પ્રકારની ન્યૂનતાજ હોતી નથી, તેને કોઈ પ્રકારની આશા પણ હોતી નથી; અને જેનામાં ન્યૂનતા હોતી નથી તેનું જીવન ઉત્સાહયુક્ત પણ હોતું નથી. તેનું જીવન જડ હોય છે. ન્યૂનતાજ આશાને ઉત્પન્ન કરે છે એ આશાથીજ મનુષ્ય ઉદ્યોગ કરવાને પ્રવૃત્ત થાય છે અને ઉદ્યોગથી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે; પણ જે માણસ માત્ર આશાજ ધારણ કરે છે, પરંતુ ઉદ્યોગ કરતો નથી તેની આશા કદિ પણ ફળદાયિની થતી નથી. તેનું જીવન કષ્ટપ્રદ બની જાય છે.

યૂરોપના મહાસામ્રાજ્ય રોમનું પતન થયું હતું, એક વખત વિશ્વવિજયી રોમનોના પગ દાસત્વની પ્રચંડ શૃંખલાથી પરિબદ્ધ થઇ ગયા હતા; પરંતુ તે રોમ પુનઃ જાગૃત થયું છે તેનું કારણ શું ? માત્ર તેના આશામુગ્ધ પુત્રોનો સતત ઉત્સાહ અને અવિશ્રાંત પરિશ્રમ. પોતાનામાં જે ન્યૂનતા હતી તેથી તેઓ સારીરીતે પરિચિત હતા. તેઓ સારીપેઠે જાણી ગયા હતા કે:–"પ્રાચીન કાળમાં જે ઈટલી હતું તે આજે રહ્યું નથી. જે ઇટલીવાસીઓનાં પ્રચંડ પરાક્રમની આગળ એક સમયે અર્ધી પૃથ્વી કંપાયમાન થતી હતી, તે ઈટલી આજે રહ્યું નથી. અમે અમારી સ્વાધીનતા ગુમાવી બેઠા છીએ. અમે શત્રુઓદ્વારા પાદાક્રાંત થઇ ગયા છીએ. હમણાં અમે ઑસ્ટ્રિયાવાસીઓના ગુલામ બની ગયા છીએ. " આ જ્ઞાન તેમને પ્રાપ્ત હોવાથી તેઓએ

પુનઃ પોતાની ઉન્નતિ કરવાનો ઉદ્યોગ કર્યો અને અંતે તેમણે ઉદ્યોગ અને ઉદ્યમના પ્રભાવથી પોતાની અભિલાષા પૂર્ણ કરી. પોતાને ઑસ્ટ્રિયાનિવાસીઓએ પહેરાવેલી દાસત્વની કઠોર જંજીર તેમણે તોડીને છિન્નભિન્ન કરી ફેંકી દીધી અને જનનીજન્મભૂમિના મસ્તકપર પુન: સ્વાધીનતાનો રત્નમુકુટ મૂકી દીધો. ઇટલિ સ્વતંત્ર થયું; પરંતુ તેની પ્રાચીન સ્વાધીનતા અને અર્વાચીન સ્વાધીનતામાં આસ્માનજમીનનો ભેદ છે. તેની પ્રાચીન સ્વાધીનતાએ એક વખત પોતાના પ્રકાશિત પ્રતાપથી અર્ધી પૃથ્વીને ખળભળાવી મૂકી હતી; પરંતુ તેની અર્વાચીન સ્વતંત્રતા તો માત્ર ઇટલીની સીમામાંજ પરિબદ્ધ થઇ ગઇ છે. ઇટલીના ભાગ્યાકાશમાં સ્વાધીનતારૂપી સૂર્ય પુનઃ ઉદિત થયો છે, એ વાત સત્ય છે; પરંતુ આધુનિક સૂર્ય પ્રાચીન સૂર્યની બરાબરી કરી શકે એવો નથી. આથીજ ગયો સમય પુનઃ આવતો નથી, એવી લોકોની માન્યતા સત્ય ઠરે છે. જે તેજસ્વિતાનો લોપ થાય છે, તે પુનઃ દૃષ્ટિગોચર થતી નથી. પ્રકૃતિનો નિયમજ આવો છે. આ વિશ્વવ્યાપક નિયમને અનુસરીનેજ આજે વિશ્વવિખ્યાત ભારતવર્ષ દીન, હીન બની ગયો છે. શ્રીરામચંદ્ર ભગવાન ગયા, લક્ષ્મણજી ગયા, વ્યાસજીનો આજે પત્તો લાગતો નથી. તેમની ચિતાભસ્મમાંથી અસંખ્ય વર્ષો પછી ભીષ્મ, દ્રોણ, ભીમ, અર્જુન, કર્ણ, કૃષ્ણ તથા જરાસંધ વગેરે મહારથીઓ ઉત્પન્ન થયા. ત્યારપછી પુનઃ જ્યારે કુરુક્ષેત્રની ભયંકર સમરભૂમિમાં આર્યગૌરવના વિશાલ સમાધિક્ષેત્રમાં આ સમસ્ત મહાવીરો મહાનિદ્રામાં લીન થઇ ગયા, જ્યારે વિધાતાએ એકાંતમાં બેસી લોહની લેખિનીથી ભારતના કઠોર ભાવીનું વિધાન લખ્યું, ત્યારે ભારતવર્ષમાં જે રાત્રિનું આગમન થયું, તેની નિવૃત્તિ અતિ દીર્ઘકાળે થઈ. પ્રભાત થયું ખરૂં, પરંતુ ભારતવર્ષનો પ્રાચીન ગૌરવસૂર્ય તો પુનઃ નજ ઉદિત થયો. પછી આ વિશાલ સમાધિક્ષેત્રસ્વરૂપ ભારતભૂમિમાં પુરુ, ચંદ્રગુપ્ત, અશોક, પૃથ્વીરાજ, સમરસિંહ, સંગ્રામસિંહ અને પ્રતાપસિંહ ક્રમશઃ ઉત્પન્ન થયા. આ મહાવીરોએ ભારતનાં વિજયગાન ગાઈ એકતા, મહાનુભાવતા, આત્મોત્સર્ગ અને દેશભક્તિની વિજયવૈજયંતી હાથમાં લઇ પુનઃ ભારતવર્ષનું મુખ હસતું કર્યું; પરંતુ આ આનંદ અને આ હર્ષ ક્ષણજીવી હતો. કાળચક્રની ગતિથી આ આનંદનો પુનઃ શીઘ્રતાપૂર્વક લોપ થઇ ગયો. ભારતવર્ષની ઉન્નતિની સમાપ્તિ થઈ, તેની સંપૂર્ણ અવનતિનો પ્રારંભ થયો. પુનઃ ભારતવર્ષનું પતન થયું. તેની અત્યંત દારુણ, શોચનીય અને ભયંકર દુર્દશા થઇ. સિસોદીઆવીર પ્રતાપસિંહ, આર્ય વીરત્વની પરાકાષ્ઠા બતાવી, મહાનુભાવતા અને આત્મોત્સર્ગના આદર્શસ્વરૂપ બની અનંત કાળમાં લીન થયા. તેમના પરલોકવાસના દિવસથીજ ભારતવર્ષના અત્યંત ભયંકર, શોચનીય અને દારુણ અધઃપતનની શરૂઆત થઇ હતી. આજે અમરાપુરીસમાન ભારતભૂમિ ભયંકર શ્મશાનવત્ બની ગઈ છે–નિર્જીવ, નિષ્પંદ અને જડતાને પ્રાપ્ત થઇ છે. આજે આ અધઃપાતનું વૃત્તાંત જગતમાં પ્રચારવાને માટે 'ગયો દિન પાછો આવતો નથી' એ વિશ્વવ્યાપક નૈસર્ગિક નિયમ સાર્થક કરવાને માટે પુરુષશ્રેષ્ઠ પ્રથમ પ્રતાપસિંહના સિંહાસનપર સત્ત્વહીન, દ્વિતીય પ્રતાપસિંહ બેઠો છે. અફસોસ! સંસારમાં કોઈ પણ વસ્તુની સ્થિરતા નથી.

દ્વિતીય પ્રતાપસિંહ ઇ૦ સ૦ ૧૭૫૨ માં મેવાડના સિંહાસનપર બેઠો. જે ગૌરવમય પવિત્ર નામ ધારણ કરીને તે સંસારરૂપી રંગભૂમિપર અવતીર્ણ થયો, તેનું શ્રવણ થતાંજ પૂર્વોક્ત શ્રેષ્ઠ સ્વદેશભક્ત પ્રાતઃસ્મરણીય મહાત્મા પ્રતાપસિંહનું સ્મરણ થાય છે; પરંતુ ઇતિહાસ ગંભીર શબ્દથી પોકારી ઉઠે છે કેઃ–"આ નિર્જીવ, ચૈતન્યહીન પ્રતાપસિંહ છે. આ પ્રતાપસિંહની તુલના પૂર્વોક્ત પ્રતાપસિંહની સાથે થઇ શકે એમ નથી. આ કાંઇ વીરશ્રેષ્ઠ અને મહાન સ્વદેશભક્ત પ્રતાપસિંહ નથી. આ તો અકર્મણ્ય, પ્રતિભાહીન અને જડ પ્રકૃતિનો પ્રતાપસિંહ છે. એ તો 'પ્રતાપ' નામનો સ્વર્ગીય ભાવ નષ્ટ કરવાને પૃથ્વીપર અવતર્યો છે." આ પ્રતાપસિંહના સમયમાં વર્ણન કરવા યોગ્ય કોઈ પણ ઘટના બની નહોતી. એણે ત્રણ વર્ષપર્યંત રાજ્ય કર્યું. આ અરસામાં મહારાષ્ટ્રીયલોકો મેવાડભૂમિને પાદાક્રાંત કરતા રહ્યા હતા. આ ત્રણ વર્ષમાં મહા બળવાન મહારાષ્ટ્રીઓએ મેવાડભૂમિપર ત્રણ વાર આક્રમણ કરી. હતભાગી સિસોદીઆરાણા પાસેથી કર અને ચોથ લીધાં હતાં.[1] અંબરના રાજા જયસિંહની કન્યા સાથે પ્રતાપસિંહનો વિવાહ થયો હતો. આ કન્યાના ગર્ભથી રાજસિંહ નામે એક પુત્ર ઉત્પન્ન થયો. આ રાજ-

૧ સટભાજી, જનકોજીરાવ અને રાણોજીદાદા પેશ્વા આ ત્રણ સેનાપતિઓ મેવાડપર ત્રણ વાર ચઢી આવ્યા હતા.

સિંહજ પાછળથી મેવાડના સિંહાસનપર બેઠો હતો.

પૂર્વોક્ત રાજસિંહે ક્ષત્રિયોની લુપ્ત થયેલી વીરતા પુનઃ પ્રકટાવી હતી અને પોતાના પ્રચંડ પ્રતાપથી ઔરંગઝેબનું સિંહાસન કંપાયમાન કરી નાખ્યું હતું; પરંતુ આજે તેમનું નામ ધારણ કરી મેવાડના સિંહાસનપર બીજો એક નિર્માલ્ય રાજા બેઠો. આ રાજસિંહે સાત વર્ષપર્યંત રાજ્ય કર્યું હતું. એના સમયમાં મહારાષ્ટ્રીઓએ મેવાડભૂમિપર[1] સાત વાર આક્રમણ કર્યું હતું. મહારાષ્ટ્રીઓના ભયંકર આક્રમણથી મેવાડનું એટલું બધું સત્યાનાશ થઇ ગયું હતું કે રાણાજીએ પોતાનો વિવાહ કરવાને માટે પોતાના એક બ્રાહ્મણમંત્રીની પાસેથી દ્રવ્ય લીધું હતું. આ રાણાનો વિવાહ રાઠોડરાજકુમારીની સાથે થયો હતો. આ દ્વિતીય રાજસિંહના પરલોકવાસ પછી મેવાડની પ્રાચીન રીતિમાં ઘણો વ્યભિચાર થયો હતો. રાજસિંહની પછી તેના કાકાને મેવાડનું સિંહાસન પ્રાપ્ત થયું. એનું નામ અરિસિંહ હતું.

સંવત ૧૮૧૮ (ઇ૦ સ૦ ૧૬૬૨) માં અરિસિંહ પોતાના ભત્રીજાના સિંહાસનપર બેઠો. એનો સ્વભાવ અત્યંત ક્રોધી હતો. જગતસિંહની અસ્થિરતા અને દ્વિતીય પ્રતાપસિંહ તથા રાજસિંહની કર્તવ્યવિમુખતાથી મેવાડરાજ્યની દશા અત્યંત દીનહીન થઇ ગઇ હતી. આ ઉપરાંત પ્રસ્તુત રાણાના ક્રોધી સ્વભાવે તથા અદમ્ય પ્રકૃતિએ મહા અનર્થની ઉત્પત્તિ કરી. તેના ક્રોધી સ્વભાવથી મેવાડનો સર્વથા નાશ થઈ ગયો. તે સિંહાસનારૂઢ થયો તે પૂર્વે પણ મહારાષ્ટ્રીઓના અત્યાચારથી મેવાડભૂમિપર અનેક કષ્ટો પડી ચૂક્યાં હતાં; પરંતુ અદ્યાપિ મેવાડની એક તસુ ભૂમિ તેનાથી છૂટી પડી નહોતી. પાંચોલીમંત્રીઓની દૂરદર્શિતા તથા સતારાના મહારાજાની કૃપાથી અત્યારસુધી મેવાડભૂમિની રક્ષા થઇ હતી; પરંતુ રાણાના ક્રોધી સ્વભાવથી જે સમયે ભયંકર ઉપદ્રવની ઉત્પત્તિ થઈ, પ્રજાનો સ્નેહ તથા સંપ તૂટી ગયો અને જે સમયે ચતુર મહારાષ્ટ્રીઓ ભિન્ન ભિન્ન દલોમાં વિભક્ત થઈ પરસ્પર વિગ્રહ કરતા પ્રજાના પૃથક્ પૃથક્ પક્ષોને સહાય કરવા લાગ્યા, તે સમયે મેવાડરાજ્યની અત્યંત દુર્દશા થવા લાગી. પ્રતાપને રાજસિંહાસનપરથી પદભ્રષ્ટ કરી તેના કાકાને રાજપદારૂઢ કરવાને માટે મેવાડના સરદારોએ અનેકવાર વિદ્રોહાચરણ કર્યું હતું. આ ઉપદ્રવનું શમન કરવાને માટે મલ્હારરાવહોલ્કરને બોલાવવામાં આવ્યો. મહારાષ્ટ્રીઓની મૂળ નીતિઅનુસાર ચતુર હોલ્કરે આ વખતે મેવાડનાં અનેક પ્રગણાંઓ પોતાના અધિકારમાં લઇ લીધાં હતાં; પરંતુ આ વખતે સંધિ પ્રાપ્ત થવાથી તેને મેવાડના ઇતર ભાગો પણ ગળી જવાની અભિલાષા થઈ.

જો કે શોણિતસંબંધ અને કૃતજ્ઞતાબંધનની ગ્રંથિ કઠિન હોય છે, પરંતુ રાજનીતિમાં આવશ્યકતા પડવાથી તે ગ્રંથિને પણ સૂત્રના તારની પેઠે તોડી નાખવામાં આવે છે; પણ ઉપકારનો બદલો અપકારથી વાળવો કોઇ પણ રીતે યોગ્ય નથી. અંબરના સિંહાસનપર જે માધોસિંહને અભિષિક્ત કરવાને માટે રાણાજીએ પુષ્કળ દ્રવ્યનો વ્યય કર્યો હતો, જે માધોસિંહ મહારાણાના આ પ્રકારના આત્મત્યાગવિના કદિ પણ રાજપદારૂઢ થઇ શકયો ન હોત, તે માધોસિંહે પોતાના મામાના સમસ્ત ઉપકારોપર ચરણપ્રહાર કરી મેવાડનું શ્રેષ્ઠ અંગ રામપુર પ્રગણું મલ્હારાવહોલ્કરને અર્પણ કરી દીધું[2] બાજીરાવે મેવાડપર જે કર સ્થાપિત કર્યો હતો તે ઉઘરાવવાનો ભાર હોલ્કરને સોંપવામાં આવ્યો હતો; પરંતુ જે નિયમાનુસાર રાણાજીએ ઉક્ત કર આપવાનો સ્વીકાર કર્યો હતો, તે નિયમનો મહારાષ્ટ્રીઓએ ભંગ કર્યો હતો.[3] તેથી મહારાણા પોતાને આ કરમાંથી મુક્ત થયેલા સમજતા હતા. આથી મહારાષ્ટ્રીઓના ઘણા રૂપિયા બાકી રહ્યા. આ બાકી કર અને ચંબલનદીના ઉત્તર ભાગમાં આવેલાં પ્રગણાંઓનું મહેસુલ વસુલ કરવાનું નિમિત્ત કાઢીને મલ્હારરાવહોલ્કરે પોતાની સેનાસહિત મેવાડપર આક-

૧ સંવત ૧૮૧૨ માં રાજા બહાદૂરે, સંવત ૧૮૧૩માં મલ્હારરાવ હોલ્કરે તથા વિઠ્ઠલ શિવદેવ વિંચુરકરે, સંવત ૧૮૧૪ માં રાણોજી સુંટીએ તથા સંવત ૧૮૧૩ માં (ઇ૦ સ૦ ૧૭૫૭) માં સદાશિવરાવ ભાઉ, ગોવિંદરાવ તથા ખાનોજી જાધવે મેવાડના રાણા પાસેથી ત્રણ વાર ખંડણી લીધી હતી.

૨ સંવત ૧૮૦૮ માં આ ઘટના બની હતી. ત્યાર પછી રામપુરપ્રગણાના કેટલાક ભાગો મેવાડની અંતર્ગત હતા. રામપુરના સંબંધમાં પૂર્વે ઘણું વર્ણન કરવામાં આવ્યું છે.

૩ બાજીરાવની સાથે જે સંધિ થઈ હતી તેમાં એવો કરાર કરવામાં આવ્યો હતો કે હવે મહારાષ્ટ્રીઓએ મેવાડપર આક્રમણ કરવું નહિ; પરંતુ મહારાષ્ટ્રીઓએ તે દેશપર આ વખતે આક્રમણ કર્યું તેથી મહારાણાને ઉક્ત સંધિ નિરર્થક જણાઈ.

મણ કર્યું. અત્યારસુધી હોલ્કરે મહારાણાની ઉપર કેટલાક પત્રો લખીને ભારે ધમકી આપી હતી; પરંતુ આ વખતે મેવાડમાં અંતર્વિપ્લવ ચાલી રહ્યો હતો તે ઉત્તમ સાંધનો લાભ લઇ તે પોતાની સેના-સહિત મેવાડભૂમિમાં આવ્યો અને રાજધાનીપર હલ્લો કરવાની તૈયારી કરવા લાગ્યો. આ સમયે મહારાણાએ પોતાની રક્ષાનો કાંઇ પણ ઉપાય નહિ જોઇ હોલ્કરને એકાવન લક્ષ રૂપિયા આપ્યા અને તેની સાથે સંધિ કરી.[1] એક તો મેવાડરાજ્યની દશા આ પ્રકારે અત્યંત શોચનીય થઇ રહી હતી, એવામાં રાણાને એકાવન લક્ષ રૂપિયા હોલ્કરને આપવા પડયા, તેથી હવે તેમની દશા કેવી ભયંકર થઇ હશે તેનું અનુમાન કરવું સહજ છે. વળી આજ વર્ષમાં દુર્ભિક્ષ પડયો, તેથી મેવાડનું શેષ રક્ત પણ ચૂસાઇ ગયું.[2] આ ભયાનક દુર્ભિક્ષના સમયમાં સર્વ પદાર્થો અત્યંત મોંઘા થઈ ગયા. આ દારુણ દુર્ભિક્ષનું દમન થયા પછી ચાર વર્ષમાં મેવાડરાજ્યમાં એક ઘોર વિપ્લવ થયો. આ વિપ્લવની ઉત્પત્તિ કેવળ ગૃહકલહ-માંથીજ થઇ હતી. આ અનર્થકારક ગૃહવિગ્રહથી મેવાડની પ્રજા એટલી બધી નિર્બળ થઇ ગઈ હતી, કે તે મહારાષ્ટ્રીયતસ્કરોના પંજામાંથી પોતાની સંપત્તિની રક્ષા પણ ભાગ્યેજ કરી શકતી હતી. આ પ્રકારની શોચનીય અવસ્થામાં પતિત થઈ મેવાડવાસીઓએ દીર્ઘકાળપર્યંત કષ્ટ સહન કર્યું. તેપછી ઈ० સ० ૧૮૧૭ માં કૃપાળુ બ્રિટિશસિંહે તેમના દગ્ધહૃદયપર શાંતિનું જલ સિંચ્યું અને પોતાની છાયામાં તેમને આશ્રય આપ્યો.

સરદારોના વિદ્રોહનું યથાર્થ કારણ અદ્યાપિ કોઇને જ્ઞાત થયું નથી અને કદિ જ્ઞાત થશે પણ નહિ. આ કારણના સંબંધમાં સર્વના મત પૃથક્ પૃથક્ છે. કેટલાક વિદ્વાનો કહે છે કે તેજસ્વી રાજપૂતોએ પોતાના રાણાને મહારાષ્ટ્રીઓના દુરાચારની ગતિ રોકવાને અસમર્થ જોઇ તેમને પદચ્યુત કરવાનો ઉદ્યોગ કર્યો હતો. કેટલાક પંડિતોનું એવું અનુમાન છે કે મેવાડના પ્રતિસ્પર્ધી સામંતપક્ષોએ સ્વાર્થપરતા અને ઇર્ષ્યાથી આવો અનર્થ કર્યો હતો. વળી એમ કહેવાય છે કે રાણા અરિસિંહે (રાણા ઉરસીએ) પોતાના ભત્રીજા રાજસિંહનો અન્યાયપૂર્વક વધ કરીને રાજસિંહાસન પોતાના અધિકારમાં લીધું હતું. જો કે દીર્ઘકાળથી ચાલી આવતી અફવાઓનો અભ્યાસ કરવાથી રાણા અરિસિંહના ચારિત્ર્યપર ઘોર સંદેહ ઉત્પન્ન થાય છે, તથાપિ ઉપર્યુક્ત કથન સત્ય ઠરી શકે એવું કોઇ પણ પ્રમાણ ક્યાંય પણ ઉપલબ્ધ થતું નથી. ઉત્તરાધિકારના સંબંધમાં મેવાડની પ્રાચીન રીતિનો ભંગ થવાથી વારંવાર અમંગલ અને અનર્થની ઉત્પત્તિ થયા કરે છે. રાણા ઉરસીમાં મેવાડનું રાજ્ય ચલાવવાનું સામર્થ્ય નહોતું. તેમનું પદ સિસોદીઆકુલના સોળ સરદારોથી નિકૃષ્ટ હતું. તેમને એક જાગીર મળી હતી તેથી તેમને પ્રતિવર્ષે રૂ. ૩૦૦૦૦ ની ઉપજ થતી હતી. પૂર્વે ઉરસી દ્વિતીયપંક્તિના સરદારોમાં ગણાતા હતા. જે સામંતો અદ્યાપિ તેમના કરતાં ઉચ્ચ આસનનું સન્માન ભોગવતા આવ્યા હતા, તેઓ શું હવે તેમની આગળ પોતાનાં મસ્તક અંતઃ-કરણપૂર્વક અવનત કરતા હતા? તેઓ શું હવે અંતઃકરણપૂર્વક તેમને રાજાતરિકે સન્માન આપતા હતા? કદિ નહિ. વાસ્તવમાં તેમણે અન્યાયપૂર્વક મેવાડનું સિંહાસન પ્રાપ્ત કર્યું, તેથી સર્વ સરદારો તેમનાપર ઘૃણા કરતા હતા. દીર્ઘકાળપર્યંત તેમના સંગમાં રહેવાથી તેઓ તેમનું સર્વ ગુપ્ત ચરિત્ર જાણી ગયા હતા. તેઓ જાણી ચૂકયા હતા કે રાણા ઉરસીનો સ્વભાવ અત્યંત રુક્ષ છે અને તેમનામાં એક પણ નૃપોચિત ગુણ નથી. તેમના ચરિત્રના ગુપ્ત ભેદો પણ તેઓ જાણતા હતા તેથી તેઓ તેમનાપ્રત્યે અત્યંત ઘૃણા કરતા હતા તથા તેમને અંતઃકરણપૂર્વક કિંચિત્ પણ સન્માન આપતા નહોતા. રાણાના કઠોર સ્વભાવે શીઘ્રજ મેવાડના મુખ્ય સરદાર સાદ્રીપતિને દૂર કર્યો.[3] જે મહાનુભાવ ઝાલાસરદારે હલદીઘાટના ભયંકર યુદ્ધમાં નિઃસહાય પ્રતાપસિંહના જીવનની રક્ષા કરીને સિસોદીઆકુલની અનંત કૃતજ્ઞતા પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવી હતી, તેમના વંશજને પણ આ વખતે રાજાધમ ઉરસીએ કઠોરતાપૂર્વક મેવાડના રાજ્યથી બહિષ્કૃત કરી દીધા. વળી તે મૂર્ખ રાણાએ દેવગઢના અધિપાત યશવંતસિંહને કાંઇક કટાક્ષમય વચનો કહ્યાં તેથી તેઓ પણ તેમનાપ્રત્યે દ્વેષ રાખવા લાગ્યા. યશવંતસિંહ તેજસ્વી ચંદ્રના વંશમાં ઉત્પન્ન થયા

૧ હોલ્કર અંતલાગઢ સુધી ચાલ્યો ગયો હતો. ત્યાં તેને કાનુનારના અર્જુનસિંહ અને રાણાના દૂધભાઇઓ મળ્યા અને તેને ૫૧ લાખ રૂપિયા આપવાનો ઠરાવ કર્યો.

૨ સંવત ૧૮૨૦ (ઈ० સ० ૧૭૬૪)

૩ સાદ્રીના ઠાકોરે મેવાડના દિવાન યશવંતરાવ કે જે માજીદિવાન બિહારીદાસ પાંચોલીનો વંશજ હતો

હતા. તેઓ પોતાને થયેલા અપમાનનો બદલો લેવાની સંધિ ખોળવા લાગ્યા.

અપમાનિત અને દ્વેષભાવવાળા સરદારોએ અવસર જોઈ ઉરસીને પદભ્રષ્ટ કરવાનો પ્રપંચ રચ્યો. તેમણે એવી વાત ફેલાવી દીધી કે મેવાડના સિંહાસનનો યથાર્થ ઉત્તરાધિકારી રત્નસિંહ નામનો એક પુરુષ છે. તેઓ એમ કહેવા લાગ્યા કે રાજસિંહના વીર્યથી અને ગોગુંડા સરદારની પુત્રીના ગર્ભથી રત્નસિંહનો જન્મ થયો છે. આ વાત સત્ય છે કે મિથ્યા તેનું નિરાકરણ અદ્યાપિ થયું નથી અને ભવિષ્યમાં પણ તેનું નિરાકરણ થવાની કાંઇ આશા નથી. મેવાડના સરદારો અને સામંતો રત્નસિંહનો પક્ષ ગ્રહણ કરી દ્વેષાગ્નિ પ્રદીપ્ત કરવા લાગ્યા. મેવાડના મુખ્ય સોળ સરદારોનો અધિકાંશ રત્નસિંહના પક્ષમાં ભળી ગયો.કેવળ પાંચજ સરદારો રાણા ઉરસીના પક્ષમાં રહ્યા.[1] સાલુમ્બ્રાસરદાર પ્રથમ રત્નસિંહના પક્ષમાં ભળી ગયા હતા; પરંતુ પાછળથી તેઓ તે પક્ષનો ત્યાગ કરી રાણાના પક્ષમાં આવ્યા. જે મહાન રાજભક્તિદ્વારા ઉત્સાહિત થઇને ચંદના વંશજો સિસોદીઆકુલને માટે પોતાના પ્રાણસુદ્ધાં વિસર્જન કરવામાં લેશ પણ અચકાતા નહોતા, તેજ સાલુમ્બ્રાસરદારે રાજભક્તિને કોરે મૂકી મહારાણાનો પક્ષ ગ્રહણ કર્યો નહોતો; પરંતુ તેમણે વિદ્રોહીઓનો પક્ષ ગ્રહણ કર્યો હતો, તેનું એક વિશેષ કારણ હતું. પ્રસ્તુત સાલુમ્બ્રાસરદાર પ્રભુતાના અભિલાષી હતા અને તેમણે ધાર્યું હતું કે વિદ્રોહીઓનો પક્ષ ગ્રહણ કરવાથી મારી પ્રભુતા વૃદ્ધિંગત થશે; પરંતુ જ્યારે તેમણે જોયું કે મારા વિરોધી શક્તાવતસરદારોની સામે મારૂં કાંઇ ચાલવાનું નથી, ત્યારે તેમણે વિદ્રોહીઓનો પક્ષ છોડી દીધો[2] અને રાણાનો પક્ષ ગ્રહણ કર્યો.

દીપ્રાગોત્રમાં ઉત્પન્ન થયેલા વસંતપાલ નામના સરદારને રત્નસિંહના મંત્રીતરીકે નિયુક્ત કરવામાં આવ્યો. ઇસ્વીસનની બારમી શતાબ્દીમાં વસંતપાલના પૂર્વજો દિલ્લીનગરમાંથી સમરકેસરી સમરસિંહની સાથે મેવાડમાં આવ્યા હતા અને તે પૂર્વે તેઓ ભારતના અંતિમ સમ્રાટ મહારાજા પૃથ્વીરાજની પાસે એક ઉચ્ચ પદપર વિરાજમાન હતા. મેવાડના ઘણા સરદારોની સહાયથી વિદ્રોહી રત્નસિંહે કમલમેરપર અધિકાર સ્થાપિત કર્યો. ત્યાંના સિંહાસનપર તે યથાવિધિ અભિષિક્ત થયો અને મેવાડનો અધિપતિ બનવાને માટે રાજ્ય નિયમાવલીપર હસ્તાક્ષર કરવાને તૈયાર થયો. રાજનીતિનાં મૂળતત્ત્વનો અનાદર કરી રત્નસિંહના સરદારોએ અંતે ઇષ્ટસિદ્ધિને અર્થે જે ઘૃણિત સાધનનો ઉપયોગ કર્યો તેથી મેવાડનો દુર્દિન અધિક નિકટ આવી પહોંચ્યો. ઉક્ત સરદારોએ સિંધિઆની સહાય માગી અને રાણા ઉરસીને પદભ્રષ્ટ કરવાને માટે તેને ૧૨૫૦૦૦૦૦ રૂપિયા આપવાનો સ્વીકાર કર્યો.

મેવાડના આ ભયંકર અંતર્વિપ્લવના સમયમાં જાલિમસિંહ નામના એક મહાન બળવાન રાજપૂતવીર રાજસ્થાનની રંગભૂમિપર આવ્યા. જાલિમસિંહે રાજસ્થાનક્ષેત્રમાં–ખાસ કરીને મેવાડની રંગભૂમિમાં જે પ્રકારના અભિનય કર્યા તેથી સર્વ ગુણગ્રાહી લોકો તેમની વીરતા, મહાનતા, તેજસ્વિતા અને રાજનીતિજ્ઞતાની અત્યંત પ્રશંસા કરે છે. મેવાડના ક્ષેત્રમાંજ આ વીરનું પરાક્રમ વિશેષ બહાર આવ્યું. જો કે આ સ્થળે તેનું વૃત્તાંત લખવું પ્રાસંગિક નથી, તથાપિ મેવાડની રંગભૂમિમાં તેમણે જે મહાન કાર્યો કર્યાં

---

તેનાપર એક પત્ર મોકલ્યો હતો આ પત્રનો અવિકૃત અનુવાદ નીચે સાદર કરવામાં આવે છે:—

"દિવાન બહાદૂર યશવંતરાવ પાંચોલીજીને રાજરધુરણદેવના પ્રણામ. શ્રીમાનનો પત્ર મળ્યો. પ્રાચીનકાળથી આપ અમારા મિત્ર છો અને મૂળથી આપ અમારાપર વિશ્વાસ રાખતા આવ્યા છો. હું રાણાકુલના ભક્તોપર સ્નેહ રાખું છું. આપની સમક્ષ હું કોઈ પણ વાત ગુપ્ત રાખીશ નહિ. આથીજ હું આપને જણાવું છું કે હવે કાંઈ પણ કામ કરવાની મારી ઈચ્છા નથી. આગામી આષાઢમાં શ્રી ગયાજી જવાનો મારો વિચાર છે. મેં જ્યારે રાણાજીની આગળ આ વિચાર પ્રદર્શિત કર્યો, ત્યારે તેમણે વ્યંગમાં ઉત્તર આપ્યો કે:–" તમે દ્વારકાંની યાત્રા કરો." (રાજપૂતો દ્વારકાંના તીર્થને ધર્મભીરૂ તથા યુદ્ધસામર્થ્યહીન પુરુષોને માટે યોગ્ય તીર્થ ગણે છે.) જો હું રહીશ તો રાણાજી મારી જાગીરનાં પ્રગણાંઓ જેતજીના સમયમાં બન્યું હતુ તેમ મને પાછાં સોંપશે. મારા પૂર્વજો ઉત્તમ પ્રકારે રાણાઓની સેવા કરી ગયા છે અને હું પણ ૧૪ વર્ષથી મેવાડની ગાદીની સેવા પ્રમાણિકપણે તથા વિશ્વાસપૂર્વક કરતો આવ્યો છું. હાલમાં મારૂં સામર્થ્ય જતું રહ્યું છે. જો દરબારની ઇચ્છા મારા ઉપર કૃપા કરવાની હોય તો આજ ઉચિત પ્રસંગ છે."

૧ સાલુમ્બ્રા (ચૂડાવત), બિજોલી, અમાઈત, ગનોરા અને બેદનોરના સરદારો.

૨ ભેંદર (શક્તાવત), દેવગઢ, સાદ્રી, ગોગુંડા, દેલવાડા, બેદલા, કોઠારિયા અને કાન્હોરના સરદારો, એઓ રત્નસિંહના પક્ષના મુખ્ય સરદારો હતા.

હતાં, તેની સાથે તેમના જીવનચરિત્રને એટલો ધાડો સંબંધ છે કે તેમના પૂર્વજીવનનો કાંઇક ભાગ અત્રે લખવો આવશ્યક છે. માધોસિંહને અંબરના સિંહાસનપર સ્થાપિત કરવાના સંબંધમાં ઇશ્વરીસિંહની સાથે મહારાણા જગતસિંહને જે સંઘર્ષણ થયું હતું, તેથીજ જાલિમસિંહના ભાવી મહાન ચરિત્રનું દ્વાર ખુલ્લું થઇ ગયું. આ સમયે જાલિમસિંહનો પિતા કોટાનો શાસનકર્તા હતો. જાલિમસિંહે મહારાણાને સહાય કરી તેનું વૈર લેવાને માટે ઇશ્વરીસિંહે જ્યારે સિંધિઆની સાથે મળીને કોટારાજ્યપર આક્રમણ કર્યું, તે સમયે જાલિમસિંહ ત્યાંજ હતા. અહીંઆં તેમને મહારાષ્ટ્રીઓની સાથે પ્રથમ સંઘર્ષણ થયું. મહારાષ્ટ્રીઓની સાથે પ્રથમ સંઘર્ષણ થયું, ત્યારથીજ તેઓ તેમની નીતિ સારી રીતે સમજી ગયા અને તે નીતિઅનુસાર બરાબર પચાસ વર્ષપર્યંત તેમણે કાર્ય કર્યું. કોઇ કારણથી જાલિમસિંહે પોતાના પિતાનો પ્રકોપ વહોરી લીધો અને કોટામાંથી હદપાર થઈ તેઓ આશ્રય પ્રાપ્ત કરવા માટે મહારાણાની પાસે આવ્યા. જાલિમસિંહનું જ્ઞાન, તેમની બુદ્ધિ અને તેમની કાર્યકુશળતાનો પરિચય થતાં રાણાજીએ શીઘ્ર તેમને પોતાના સરદારતરિકે સ્થાપિત કર્યા અને “ રાજરાણા ” ની ઉપાધિસહિત તેમને છત્રખેરીની ભૂમિ અર્પણ કરી દીધી. જાલિમસિંહનીજ સલાહથી મહારાષ્ટ્રીઓના સેનાપતિ રઘુપાગેવાલા અને દૌલામીઆં નામનો એક મુસલમાન આ ઉભય માણસો પોતાની સેના લઇ મેવાડમાં આવ્યા. આ તરફ રાણાએ પાંચોલીઓને રાજ્યવ્યવસ્થામાંથી દૂર કરી ઉગ્રજીમહેતાના હાથમાં રાજ્યનો સમસ્ત કારભાર સોંપી દીધો. સંવત ૧૮૨૪ (ઇ૦ સ૦ ૧૭૬૮) માં માધોજીસિંધિઆ ઉજ્જયિનીનગરીમાં વિરાજમાન હતો. આ સિંધિઆની સહાય પ્રાપ્ત કરવાને માટે મેવાડના વિદ્રોહી સરદારો ઉજ્જયિનીનગરીમાં ગયા. સર્વથી પહેલાં રત્નસિંહ ગયો. તેણે સિંધિઆની સાથે સલાહ કરી ક્ષિપ્રા નદીને કિનારે પોતાની છાવણી નાખી. રાણા ઉરસીને પણ સિંધિઆની સહાય મેળવવાની અભિલાષા હતી; પરંતુ રત્નસિંહ તેની પાસે પ્રથમ ગયો તેથી તેમની ઇચ્છા સફળ થઇ નહિ.

માધોજીસિંધિઆની સહાય પ્રાપ્ત નહિ થયાથી મહારાણા ઉરસી પોતેજ રત્નસિંહની સેનાનો પ્રતિરોધ કરવાને માટે ગયા. સાલુંબ્રાસરદાર, શાહપુર તથા બુનેરાના રાજાઓ, જાલિમસિંહ, રઘુપાગેવાલા અને દૌલામીઆં આ સર્વને સાથે લઇને મહારાણાએ પ્રચંડ વેગથી રત્નસિંહની સેના ઉપર આક્રમણ કર્યું. ઉભય પક્ષો વચ્ચે દારુણ યુદ્ધ થવા લાગ્યું. રાણાની સેના અદમનીય વીરતાપૂર્વક શત્રુસેનાને દલિત અને ત્રાસિત કરીને ક્રમશઃ નદીના પૂરની પેઠે આગળ વધવા લાગી. સિંધિઆ તથા રત્નસિંહ આ સેનાનો વેગ સહન કરી શકયા નહિ. તે ઉભય પરાજિત, અપમાનિત તથા અત્યંત હાનિગ્રસ્ત થઇ ઉજ્જયિનીના દ્વારમાંથી પલાયન કરી ગયા. તેમણે નવીન સેના એકત્રિત કરી અને પોતાને થયેલા અપમાનનો બદલો લેવાને માટે મહારાણાની સેનાપર પ્રચંડ વેગપૂર્વક આક્રમણ કર્યું. વિજયી રાજપૂતોએ વિજયોન્મત્ત થઇ ક્ષણભર પણ એવો વિચાર મનમાં આણ્યો નહિ કે માધોજી સિંધિયા અમારો પીછો સહેલાઇથી છોડે એવો નથી. આથી તેઓ નિશ્ચિંત થઇ શત્રુઓની છાવણી લૂંટવા લાગ્યા. આ વખતે એકાએક માધોજીએ રણશિંગું ફુંકાવ્યું. ક્ષણભર તો રાજપૂતો વિસ્મિતજ થઇ ગયા. શીઘ્ર તેમને પોતાની ખરી અવસ્થા સમજાઈ. હવે તેમને સમજાયું કે શત્રુઓ સહેલાઇથી પરાજિત થઇ શકે એમ નથી. હજી મહારાણાની સેના શ્રેણીબદ્ધ થઇને ઉભી પણ રહી નહોતી એટલામાં માધોજીએ ભયંકર વેગથી તેમનાપર આક્રમણ કર્યું. આ વખતે સાલુમ્બ્રાસરદાર અને શાહપુર તથા બુનેરાના રાજા રણભૂમિમાં માર્યા ગયા અને દૌલામીઆં, નરવરના પદચ્યુત રાજા ભાણુ તથા સાદ્રીના ઉત્તરાધિકારી કલ્યાણરાજ ભયંકર રીતે ઘાયલ થયા. જાલિમસિંહ પણ ઘાયલ થયા હતા. તેમનો અશ્વ માર્યો ગયેલો હોવાથી તેઓ રણભૂમિમાંથી નાસી શકયા નહિ. આથી શત્રુઓએ તેમને પકડીને કેદ કરી લીધા. તેમને કેદ કર્યા છતાં પણ તેમની સાથે કેદીતરીકેનું વર્તન કરવામાં આવ્યું નહોતું. ત્ર્યંબકજી નામના એક શ્રેષ્ઠ મરાઠાસરદારે તેમને પકડયા હતા. આ સરદારે તેમની સાથે આદર અને સન્માનપૂર્વક વર્તન રાખ્યું હતું. સુપ્રસિદ્ધ અંબાજી, ત્ર્યંબકજીનાજ પુત્ર હતા. પરાજિત અને અપમાનિત રાજપૂતગણ ઉદયપુરમાં નાસી આવ્યા. આ તરફ વિદ્રોહી સરદારો ઉદયપુરપર આક્રમણ કરી ત્યાંના સિંહાસનપર રત્નસિંહને સ્થાપિત કરવાને માટે સિંધિઆને આગ્રહ કરવા લાગ્યા, વિજયી મહારાષ્ટ્રીય સરદારે અલ્પકાળ પછી પોતાની વિશાલ સેના લઇ ગિરિમાર્ગમાં પ્રવેશ કરી ઉદયપુરપર [illegible] ઘાલ્યો. સહાય

અને દ્રવ્યાદિ સાધનોના અભાવથી રાણાજી હતાશ થયા. જે કેટલાક સાહસિક વીરો તેમના પક્ષમાં ભળ્યા હતા, તેમાંના ઘણા ક્ષિપ્રા નદીને તટે માર્યા ગયા હતા. હમણાં મહારાણાને કોઇની પણ સહાય રહી નહોતી. કેવળ સાલુમ્બ્રાસરદાર ભીમસિંહ હજી તેમના પક્ષમાં ઉભા હતા. ત્યારે હવે મહારાષ્ટ્રીઓના કઠોર ગ્રાસમાંથી ઉદયપુરની રક્ષા શી રીતે કરવી ? નગરરક્ષાનો ભાર ઉપર્યુક્ત ભીમસિંહના હાથમાં સોંપવામાં આવ્યો. ઉજ્જયિનીના યુદ્ધમાં જે સાલુમ્બ્રાસરદાર માર્યા ગયા હતા, તેમના આ ભીમસિંહ કાકા અને ઉત્તરાધિકારી હતા. રાણાજીએ આ વખતે તેમનેજ સેનાપતિપદપર અભિષિક્ત કર્યા. તેઓ વીરવર જયમલના વંશજ રાઠોડવીર બેદનોરપતિની સાથે આ સંકટના સમયમાં નગર અને રાજાની રક્ષા કરવાને માટે ભયંકર રણભૂમિમાં ઉતર્યા; પરંતુ કેવળ એકજ મહાપુરુષના ભીષણ ઉદ્યોગ તથા પરમ ઉત્સાહથી સર્વની રક્ષા થઈ હતી. આ મહાપુરુષનું નામ અમરચંદ બરવા હતું.

અમરચંદ બરવાનો જન્મ વૈશ્યકુળમાં થયો હતો. પૂર્વે તેઓ મેવાડના મંત્રી હતા. તેમના જેવા ચતુર અને દક્ષ મંત્રી આ જગતમાં વિરલજ હોય છે. મહારાણાના સમયમાં મેવાડમાં જે મહાઉપદ્રવ થયો હતો તેની ગતિ રોકવાનું સામર્થ્ય અમરચંદસિવાય અન્ય કોઇનામાં હતું નહિ. રાણા ઉરસીના સમયમાં અમરચંદનું મંત્રીપદ છીનવી લેવામાં આવ્યું હતું. જે દિવસે તેમના મંત્રીપદનો અંત આવ્યો તેજ દિવસથી ઉપદ્રવોએ મેવાડને ઘેરી લીધું. સરદારોની સાથે વિવાદ, મહારાષ્ટ્રીઓના ઉત્પાત, રાણા ઉરસીનો તીક્ષ્ણ અને રુક્ષ સ્વભાવ, આ સમસ્ત અનર્થો ક્રમશઃ એકત્રિત થઇ ગયા. હવે અમરચંદે મંત્રીપદ પુનઃ પ્રાપ્ત કરવાની આશા સર્વથા તજી દીધી હતી. અમરસિંહનો સ્વભાવ અરિસિંહની પેઠે ઉગ્ર અને અદમનીય હતો. પ્રસ્તુત સમયે અમરચંદને મંત્રીપદથી અલિપ્ત થવાને દશ વર્ષ વ્યતીત થઇ ગયાં હતાં. આ દશ વર્ષના અરસામાં મેવાડમાં અનેક પરિવર્તનો થઇ ગયાં. જે સરદારોએ ઉરસી રાણાના પક્ષનો ત્યાગ કરીને રત્નસિંહનો પક્ષ ગ્રહણ કર્યો હતો, તેમના સ્થાનમાં પગારદાર સિંધીનોકરો રાખવામાં આવ્યા હતા. આ સિંધીલોકોએ પૂર્વોક્ત સરદારોની ભૂમિપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો. આથી મેવાડમાં વિદ્વેષનું બીજારોપણ થયું. આ વિદ્વેષના બીજે મેવાડનાં સમસ્ત પરાક્રમ, તેજ અને બલનો નાશ કરી નાખ્યો. આ વિદ્વેષની ઘન છાયા એટલે દૂર સુધી ફેલાઇ ગઇ હતી કે જે સરદારોએ રત્નસિંહનો પક્ષ ગ્રહણ કર્યો હતો, તેઓ પણ સર્વથી અલિપ્ત થઇ પોતાના કિલ્લાના દ્વાર બંધ કરીને તેમાં વસતા હતા. આ પ્રકારે રાણાની આશા સર્વ પ્રકારે તૂટીને છિન્નભિન્ન થઇ ગઈહતી અને તેમનો પક્ષ અત્યંત નિર્બળ થઇ ગયો હતો. જે સમયે મેવાડપર આ વિપત્તિઓ આવી પડી હતી, તે સમયે પ્રભુની પ્રેરણાથી અમરચંદ પુનઃ કાર્યક્ષેત્રમાં આવ્યા. ઉદયપુરની ચારે તરફ રક્ષાને માટે ખાઇ નહોતી. ઉદયપુરની દક્ષિણ દિશામાં થોડે દૂર એકલિંગગઢ નામનો પાષાણનો ઉચ્ચ કિલ્લો હતો. ઉદયપુરની રક્ષાનું પ્રધાન સાધન આજ હતું, એમ કહીએ તોપણ ચાલશે. આથી તેની ચારે તરફ કોટ બંધાવી તે પર તોપો રાખવાથી ઉદયપુરનું રક્ષણ થશે એમ ધારી રાણાજીએ એ કાર્ય કરવામાં ચિત્ત પરોવ્યું. એકલિંગગઢપર ચઢવામાં ઘણી મુશ્કેલી નડતી હતી. ત્યાંની ભૂમિ સપાટ અને સરલ નહોતી, તેથી રાણાજીનો સર્વ ઉદ્યોગ અને કૌશલ્ય નિષ્ફળ ગયું. એક વખત રાણાજી સ્વયં તેની તપાસ કરવાને ગયા તો અચાનક અમરચંદ બરવાની સાથે તેમને મેળાપ થયો. અમરચંદની ગ્લાનિ દૂર કરવાને માટે મહારાણાએ પોતાનો અપરાધ સ્વીકાર્યો અને તેમની સાથે મધુર વચનથી વાર્તાલાપ કરવા લાગ્યા. અલ્પકાળપર્યંત વાર્તાલાપ થયા પછી અરિસિંહે અમરચંદને પૂછ્યું:-" આ કાર્ય સમાપ્ત કરવામાં કેટલું દ્રવ્ય અને કેટલો સમય વ્યતીત થશે તે આપ કહી શકો છો ?" અમરચંદે ગંભીરતાપૂર્વક ઉત્તર આપ્યો:-"થોડુંક ધાન્ય અને થોડા દિવસનો અવધિ." પછી મહારાણાએ અમરચંદને આ કાર્ય પાર પાડવાને કહ્યું. ત્યારે તેમણે સંકોચનો ત્યાગ કરીને કહ્યું કે:-"જેટલા દિવસપર્યંત આ કાર્યનો ભાર મારા હાથમાં રહેશે તેટલા દિવસ સુધી એમાં મારીજ આજ્ઞા ચાલવી જોઇએ. કોઈ ઇતર મનુષ્યના હસ્તક્ષેપની જરૂર નથી. જો આ અધિકાર મળે તો હું એ કાર્ય કરી શકીશ." રાણાજીએ આ વાતનો સ્વીકાર કર્યો. અમરચંદે તત્કાળ મજુરોને બોલાવી એક માર્ગ તૈયાર કર્યો અને થોડા દિવસ પછી એકલિંગગઢના શિખરપરથી તોપ છોડી રાણાજીને માન આપ્યું.

માધોજીસંધિઆએ ઉત્તર, પૂર્વ અને દક્ષિણ બાજુથી ઉદયપુરને ઘેરી લીધું. કેવળ પશ્ચિમદિશાજ

સેના ગ્રાસમાંથી મુક્ત રહી હતી. ઉદયસાગરના પ્રસરેલા જલે ઉદયપુરની પશ્ચિમદિશાને બચાવી લીધી. વળી તે તરફ આવેલાં ઉચ્ચ શિખરો તથા વનવૃક્ષોએ પણ સિંધિઆના કાર્યમાં બાધા કરી હતી.આવશ્યકતા પડતાં નગરવાસીઓ આ પશ્ચિમદિશાથી નગરની બહાર જતાં અને ઉદયસાગરને નાવદ્વારા પસાર કરી પોતાના જૂના મિત્ર ભીલોને ભોજન પહોંચાડતા હતા. મેવાડના મોટા મોટા સરદારો શત્રુપક્ષમાં હતા તેથી આ વખતે સિંધીસેના સિવાય રાણાજીને સહાય કરનાર બીજું કોઇ નહોતું. આ વખતે મહારાણાને આ સેના ઉપરજ આશ્રય હતો; પરંતુ રાણાના દુર્ભાગ્યથી આ વખતે તે સેના પણ બદલાઈ ગઈ અને પોતાના ચડેલા પગારને માટે ઝઘડો કરવા લાગી. આ મૂર્ખ સેનાને રાજ્યની આવી દુર્દશા જોઇને પણ કિંચિત્ દયા આવી નહિ. એક દિવસે સિંધીઓએ રાણાના શરીરને સ્પર્શ કરી તેમનું ઘોર અપમાન કર્યું; રાણાજી મહાલય તરફ જતા હતા, એવામાં સિંધીઓએ તેમનો દુપટ્ટો પકડીને ખેંચ્યો અને તેમના હાથમાંથી છૂટવાને માટે મહારાણાએ પણ બલપૂર્વક પોતાનો દુપટ્ટો ખેંચ્યો. આથી દુપટ્ટો ફાટી ગયો. આ ફાટેલા દુપટ્ટાસહિત રાણાજી રણવાસમાં ચાલ્યા ગયા. પોતાના તીક્ષ્ણ સ્વભાવને લીધે તેમને આ અપમાન સહન કરવું પડયું. તેમનું સંકટ ધીમે ધીમે અધિકાધિક પ્રચંડ બનવા લાગ્યું. તેમની આશા અને વિશ્વાસ નષ્ટ થયો. જે સિંધીઓપર તેમનો આશ્રય હતો, તેઓ આ અણીના વખતે વિદ્રોહી બની ગયા. હવે શું ઉપાય કરવો ! તેમને ચારે તરફ વિપત્તિની ભયંકર ભ્રૂકુટી જણાવા લાગી. રઘુદેવ નામનો એક માણસ રાણાનો ધાઇભાઈ ( દૂધભાઇ ) હતો. તે ઝાલાસરદારનો ઉત્તરાધિકારી થયો હતો. તેણે આ મહાસંકટના સમયમાં મહારાણાને સલાહ આપી કેઃ-“આપ ઉદયસાગર ઉતરીને મંડલગઢમાં ચાલ્યા જાઓ.” આ કાયરતાભરેલી સલાહ આપી રઘુદેવે પોતાની મૂર્ખતાનો પૂરો પરિચય કરાવ્યો; પરંતુ રાણાએ આ સલાહ માન્ય કરી નહિ અને સાલુમ્બ્રાસરદારને પૂછ્યું, ત્યારે તેમણે શોકાકુલ થઇ કહ્યું કેઃ-“આ સંકટના સમયમાં કયા ઉપાયથી મંગલની પ્રાપ્તિ થશે તે હું નિશ્ચયપૂર્વક કહી શકતો નથી. આપ અમરચંદને બોલાવો. ” આ સલાહાનુસાર અમરચંદને બોલાવવામાં આવ્યા અને આ સંકટમાંથી ઉદ્ધાર કરવાનો ભાર તેમનાજ હાથમાં સોંપવામાં આવ્યો.અમરચંદે આ કાર્ય ગ્રહણ કરતાં કહ્યું:-“આ મહાન કાર્ય ગ્રહણ કરવાનું મારામાં કાંઈ સામર્થ્ય નથી, તેમજ તેમ કરવાની મારી ઇચ્છા પણ નથી. આપ સારીપેઠે જાણો છો કે અત્યારપૂર્વે મેવાડપર કેટલાંક સંકટો પડયાં હતાં અને આ સેવકે કેવા કેવા ઉપાયોથી તેના પંજામાંથી દેશનું રક્ષણ કર્યું હતું. હમણાં તે સર્વ સંકટો કરતાં મોટું સંકટ મેવાડપર આવી પડયું છે અને હમણાં પણ તેજ પ્રકારના ઉપાયોથી મારે તેની નિવૃત્તિ કરવી પડશે.” ક્ષણવારપર્યંત વિશ્રાંતિ લઇ પુનઃ અમરચંદે કહ્યું:-“મારા સ્વભાવમાં એક મોટો દોષ છે કે જેથી આપ સુપરિચિત છો. આ દોષ એ છે કે હું કોઇ પણ માણસની આજ્ઞામાં રહેવા ઇચ્છતો નથી. હું જ્યાં રહુંછું ત્યાં સ્વતંત્રજ રહું છું.હું જે કાંઈ કાર્ય કરૂં છું તેમાં કોઇની પણ બુદ્ધિ ચાલવા દેતો નથી. કોઇ પણ ગુપ્તમંત્રી વા સલાહકારની સલાહ હું લેતો નથી.આપનો દ્રવ્યભંડાર ખાલી છે, સેના વિદ્રોહી બની ગઈ છે,સર્વ અન્નસામગ્રી પણ સમાપ્ત થઇ ચૂકી છે.જો આવી સ્થિતિમાં આપને મારાપર આધાર રાખવાની ઇચ્છા હોય તો શપથ લઇને કહો કે જે કાર્ય કરવાની હું આજ્ઞા કરૂં તે ન્યાયપુરઃસર હો વા ન હો, તે રૂડું હો વા ભૂંડું હો;પરંતુ આપ તેની વચ્ચે આવશો નહિ. જો આપ આવી પરવાનગી મને આપશો તો હું મારાથી બનતા સર્વ પ્રયત્નો કરીને સકલ કાર્ય સિદ્ધ કરીશ; પરંતુ યાદ રાખજો કે ‘ ન્યાયપરાયણ ’ અમરચંદ આ પ્રસંગે ‘અન્યાયપરાયણ’ થશે અને પોતાના પૂર્વચરિત્રવિરુદ્ધ કાર્ય કરશે.” રાણાએ ભગવાન એકલિંગજીના સોગંદ ખાઇને કહ્યું:-“આપની ઇચ્છાનુસાર કાર્ય કરવાની આપને હું પરવાનગી આપું છું. આપ જે આજ્ઞા કરશો તેનું પાલન કરવામાં આવશે. આપને જે વસ્તુની અપેક્ષા હશે તે આપવામાં આવશે, અરે, આપ રાણીની મણિમાલા કિંવા નથ માગશો તો તે પણ આપવામાં આનાકાની કરીશ નહિ!” રાણાના દૂધભાઇ રઘુદેવની કાયરતાભરેલી સલાહ સાંભળી અમરચંદને અત્યંત ક્રોધ ચડયો હતો અને આ વખતે તેને પોતાની સમક્ષ બેઠેલો જોઈ તેનો તે ક્રોધ દ્વિગુણ વૃદ્ધિંગત થયો. આથી તેમણે રઘુદેવનો તિરસ્કાર કરીને તેને કહ્યું કેઃ-“તમારી જેવી બુદ્ધિ, વિદ્યા અને સ્થિતિ છે તે અનુસાર તમે રાણાને સલાહ આપી. હવે તમારી સલાહાનુસાર જો રાણા મંડલગઢ નાસી જાત તો ત્યાં તેમનું સંરક્ષણ કોણ કરત ? વળી તમે તમારા પોતાના સંરક્ષણનો શો ઉપાય શોધી રાખ્યો છે ? તમે રાજ-

કાર્યને માટે સર્વથા અયોગ્ય છો. તમે રાજકાર્યમાં માથું મારવાને બદલે જો તમારી પૂર્વવૃત્તિનું અવલંબન કરી ભેંસ ચરાવો અને દૂધ વેચતા ફરો તો ઘણું સારું ! કારણ કે આવો ધંધો કરવો એ તમારો કુલધર્મ છે અને તમારી બુદ્ધિ પણ તેજ ધંધાને યોગ્ય છે. તમે રાજનીતિના કાર્યમાં કોણ માત્ર છો ! તમારા રાજાને પણ હવેપછી આ નીતિ શીખવી પડશે." અમરચંદની આ નીડરતા અને તેજસ્વિતા આગળ રાણા તથા સર્વ સરદારોએ પોતાનાં મસ્તક અવનત કર્યાં. પછી અમરચંદે સિંધીસેનાને બોલાવી તેને ગંભીર સ્વરે કહ્યું:–"આવો, મારી પાછળ આવો. હું તમારો ચઢેલો સર્વ પગાર હમણાં ચૂકવી આપું છું; પરંતુ આ વાત નિશ્ચયપૂર્વક માનજો કે જો તમે તમારા કાર્યમાં સફળ નહિ થાઓ તો તેનો સર્વ દોષ મારાજ શિરપર આવી પડશે." જે સૈનિકોએ પૂર્વે રાણાનું અપમાન કર્યું હતું તે આ વખતે ગુપચુપ અમરચંદની પાછળ ચાલ્યા. અમરચંદે તેમના ચઢેલા સર્વ પગારનો હિસાબ કર્યો અને આ પગાર આવતીકાલે ચૂકવી આપીશ એવો વાયદો કર્યો. પછી તેમણે કોશાધ્યક્ષ પાસે દ્રવ્યકોશની ચાવી માગી. કોશાધ્યક્ષે ચાવી આપી નહિ. તે ત્યાંથી એકદમ નાસી ગયો. અમરચંદે કોશનાં તાળાં તોડાવી નાખી, ત્યાં જે નાણું, રત્ન, સુવર્ણ, ચાંદી ઇત્યાદિ વસ્તુઓ હતી તે સર્વના રોકડ રૂપિયા બનાવી લીધા. મણિ-રત્નાદિ ગીરો મૂકી દીધાં. આ પ્રકારે જે ધનનો સંચય થયો, તેદ્વારા સેનાનો ચઢેલો પગાર પાઇએ પાઈ ચૂકવી આપ્યો. દારુગોળો, અસ્ત્રશસ્ત્રાદિ પણ નવીન ખરીદવામાં આવ્યાં. અનાજનો પ્રબંધ કરવામાં આવ્યો. આ પ્રકારે જે નવું બળ સંગ્રહિત કરવામાં આવ્યું, તેની સહાયથી અમરચંદે શત્રુઓનું દમન કર્યું અને બીજા છ માસપર્યંત તેમના આક્રમણનો માર્ગ રોકી દીધો.

કૃત્રિમ રાણા રત્નસિંહે ઉરસીની અધિકાંશ "ખાસ જમીન" હસ્તગત કરી ઉદયપુરના તટ સુધી પોતાની પ્રભુતાનો વિસ્તાર કરી દીધો; પરંતુ સિંધિઆને જેટલા રૂપિયા આપવાની તેણે કબૂલાત કરી હતી તેટલા રૂપિયા તેને નહિ આપી શકવાથી તેના ઉપર મહા વિપત્તિ આવી પડી. ચતુર મહારાષ્ટ્રીઓ સમયને અમૂલ્ય રત્ન માનતા હતા, તેથી તેમણે સમયને વૃથા જતો જોઇ અમરચંદની સાથે સંધિ કરવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી અને તેમને કહેવરાવી મોકલ્યું કે:–"જો તમે સિત્તેર લાખ રૂપિયા આપશો તો અમે રત્નસિંહનો ત્યાગ કરીને ચાલ્યા જઇશું." અમરચંદે આ વાત સ્વીકારી લીધી અને સંધિમાટે સજ્જ થયા સંધિપત્ર લખવામાં આવ્યું. તેના પર ઉભયપક્ષ તરફના હસ્તાક્ષર કરવામાં આવ્યા કે તરતજ સિંધિઆને બાતમી મળી કે જો હમણાં ને હમણાં આક્રમણ કરવામાં આવશે તો અધિક ફળની પ્રાપ્તિ થવાનો સંભવ છે. આ સમાચાર સાંભળતાંજ સિંધિઆની દુરાકાંક્ષા દ્વિગુણ વધી ગઇ. તેણે તત્ક્ષણ અમરચંદને કહેવડાવી મોકલ્યું કે:–"જો તમે બીજા (વીસ લાખ) રૂપિયા આપશો તો સંધિ માન્ય કરવામાં આવશે, નહિ તો નહિ." સિંધિઆની આ લુચ્ચાઈ જાણવામાં આવતાંજ અમરચંદને અત્યંત ક્રોધ ચઢ્યો અને તિરસ્કારભર્યાં વચનોસહિત સંધિપત્રના ટૂકડે ટુકડા કરી નાખ્યા. પછી આ ટુકડા વિશ્વાસઘાતી મહારાષ્ટ્રીઓની પાસે મોકલી દેવામાં આવ્યા. વિપત્તિની વૃદ્ધિની સાથેજ અમરચંદનું સાહસ અને તેજસ્વિતા વૃદ્ધિંગત થવા લાગ્યાં. પૂર્વે જે પુરુષો અત્યંત નિરાશ થઈ ગયા હતા, તેમના હૃદયમાં પણ અમરચંદે પોતાનો ઉત્સાહ ભરી દીધો. સિંધીસૈનિકો અને વિશ્વાસુ રાજપૂતોને એકત્રિત કરી તેમને તેમણે ઉત્તમ પ્રકારે સમજાવ્યા. અમરચંદ એક સારા વક્તા હતા. મનુષ્યના મર્મભાગમાં સ્પર્શ કરી દે એવી વાણી બોલવામાં અમરચંદ બહુ ઉસ્તાદ હતા. આથી તેમણે પોતાની અપૂર્વ વક્તૃત્વશક્તિથી અસીમ ઉત્સાહ અને ઉત્તમ બોધ આપી સર્વ સૈનિકો અને સરદારોને શૌર્યોન્મત્ત બનાવી મૂકયા. જેમ જ્વાલામુખી પર્વતમાંથી ઉકળતો રસ નીકળે છે, તેવી રીતે તેમના મુખમાંથી વાણી નીકળતી હતી; સરદારોના ઉત્સાહાગ્નિમાં ઘૃત હોમવાને માટે ચતુર અમરચંદે તેમને અનેક પ્રકારના રત્નજડિત અને મહામૂલ્યવાન પદાર્થો ઉપહારતરિકે આપ્યા.

ઉપર જણાવેલા સર્વ પદાર્થો રાજકોષમાં વ્યર્થ પડયા હતા, તેથી રાજનીતિવિશારદ અમરચંદે તેનો સદુપયોગ કરી પોતાના રાજકૌશલ્યનું ઉત્તમ ઉદાહરણ દર્શાવ્યું. નગરના અને તેની નિકટ આવેલાં ગામોના ગૃહસ્થો તથા વ્યાપારીઓને ત્યાં જેટલું ધાન્ય હતું, તે સર્વ તેમણે ખરીદી લીધું. પછી તેમણે ચારે તરફ ઢંઢેરો પીટાવી દીધો કે, જે કોઈ વીર પ્રાર્થના કરશે તેને છ માસપર્યંત ચાલે એટલું ધાન્ય પૂરૂં પાડવામાં આવશે. આ સમય પૂર્વે એક રૂપિયાનું અર્ધો શેર અનાજ વેચાતું હતું. આટલું બધું

અનાજ અમરચંદ ક્યાંથી લાવ્યા એ વિષે શત્રુઓને પણ આશ્ચર્ય ઉત્પન્ન થયું. સિંધિસેનાના અસંતોષનું સર્વ કારણ દૂર થઈ ગયું અને તે સર્વ સૈનિકો એકસાથે અમરચંદની તેજસ્વિતાથી ઉત્સાહિત થઇ ભરદરબારમાં રાણાજીને પોતાનો વિશ્વાસ દર્શાવવાને ગયા. રાજસભામાં પહોંચતાંજ તેમના સરદાર આદિલબેગે[1] ગંભીર પરંતુ નમ્ર વાણીથી કહ્યું:–"મહારાજ! અમે દીર્ઘકાળથી આપનું નિમક ખાતા આવ્યા છીએ અને આપના પરમ પવિત્ર કુલદ્વારા અમારા ઉપર અનેક ઉપકારો થયા છે; એટલા માટે હમણાં અમે કસમ ખાઇને કહીએ છીએ કે અમે કદિ પણ આપનો સંગ છોડીશું નહિ. ઉદયપુરજ અમારૂં પવિત્ર સ્થાન છે અને અમે ઉદયપુરને માટે પ્રાણવિસર્જન કરવાને તૈયાર છીએ. હવે અમને પગારની જરૂરત નથી. જ્યારે ખાદ્યપદાર્થો ખતમ થઇ જશે, ત્યારે મરાઠાચોરોની ઉપર તૂટી પડી, હાથમાં સમશેર લઇ સમરભૂમિમાં જાન કુરબાન કરી દઇશું." તેજસ્વી અમરચંદે જે તેજસ્વિતા સિંધિસેનાના હૃદયમાં ભરી દીધી હતી, તેનું પ્રત્યક્ષ પ્રમાણ આ વખતે સ્પષ્ટરીતે જણાયું. સિંધી લોકોની આ પ્રતિજ્ઞા સાંભળી રાણાનાં નયનમાંથી અશ્રુધારા ચાલવા લાગી. પાષાણ પ્રવાહી બની ગયો. વજ્રમાં મૃદુતાનો સંચાર થયો. રાજાનું હૃદય પીગળેલું જોઇ રાજપૂતો તથા સિંધીઓ સાથે મળી તેમનો જયજયકાર કરવા લાગ્યા. તેમની વીરતાનું આ પ્રચંડ આંદોલન દૂરપર્યંત ફેલાઇ ગયું. તેમનો પ્રચંડ સિંહનાદ ભયંકર પ્રતિધ્વનિ કરી દુરાચારી સિંધિઆના કર્ણપટપર અથડાયો.ઉત્સાહિત રાજપૂતો સિંધિઆની ધસી આવેલી સેનાપર તોપોનો મારો ચલાવવા લાગ્યા. રાજપૂતોનું પરાક્રમ એકદમ પ્રચંડ વેગથી ઉછળી આવેલું જોઇ સિંધિઆના મનમાં અનેક પ્રકારના સંદેહો ઉત્પન્ન થવા લાગ્યા. આથી તેણે પુનઃ સંધિને માટે પ્રાર્થના કરી. અમરચંદને વિજય પ્રાપ્ત થએલો હોવાથી તેમણે મહારાષ્ટ્રીઓપર કહેણ મોકલ્યું કે:–"છ માસપર્યંત ઘેરો સહન કરવાથી અમને જે ખર્ચ થયો છે તેનો ચોક્કસ હિસાબ પ્રથમ કાપી લેવામાં આવશે. જો આ શરત આપને કબૂલ હોય તો સંધિ અમને માન્ય છે; નહિ તો અમે યુદ્ધ બંધ કરનાર નથી." અમરચંદની આ માગણી આગળ સિંધિઆને પોતાનું મસ્તક અવનત કરવું પડયું અને તેણે ૬૩૫૦૦૦૦ રૂપિયા લઇ અમરચંદ સાથે સંધિ કરી.

સરદારોને મણિ, રત્ન, સુવર્ણ, ચાંદી અને નવી જાગીરો આપી રાણાએ તેમની પાસેથી ૩૩૦૦૦૦૦ રૂપિયા એકત્રિત કરીને સિંધિઆને આપ્યા. શેષ રૂપિયાને માટે સ્થાવર સંપત્તિ ગીરો મૂકવામાં આવી. જાવદ, જીરણ, નીમચ અને મોરવણ વગેરે પ્રગણાંની સ્વતંત્ર વ્યવસ્થા કરવામાં આવી ઉભયપક્ષના કર્મચારીઓએ મળીને ઉપર્યુક્ત ગામોનો કર વસુલ કરવો એવો કરાર કરવામાં આવ્યો. વળી પ્રતિવર્ષે એકવાર હિસાબ ચોખ્ખો કરી નાખવો એવી પણ શરત કરવામાં આવી. આ પ્રમાણે સંધિકાર્ય સમાપ્ત થયું. સંવત ૧૮૨૫ થી સંવત ૧૮૩૧ પર્યંત ઉક્ત સંધિપત્રાનુસાર કાર્ય થયું; પરંતુ તે પછી સિંધિઆએ રાણાજીના કર્મચારીઓને ત્યાંથી દૂર કરી દીધા. આથી ઉક્ત પ્રગણાં મેવાડના રાજ્યથી જૂદાં થઇ ગયાં. હવે સંવત ૧૮૫૧ માં વિધાતાના વિધાનાનુસાર સિંધિઆનું ભાગ્યગગન શ્યામ અભ્રોથી આવૃત થઈ ગયુ. આ પ્રસંગે મહારાણાએ ઉપર્યુક્ત પ્રગણાંઓપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો; પરંતુ આ અધિકાર માત્ર અલ્પ સમયપર્યંતજ રહ્યો. પુનઃ ઉપર્યુક્ત પ્રગણાંઓ તેમના હાથમાંથી જતાં રહ્યાં. સંવત ૧૮૩૧ માં મહારાષ્ટ્રના મહાબળવાન સરદારોએ પેશ્વાની આધીનતારૂપી શૃંખલા તોડીને છિન્નભિન્ન કરી નાખી સ્વતંત્ર થવાનો વિચાર કર્યો. આ વખતે સિંધિઆએ પૂર્વોક્ત પ્રગણાંઓ પૈકી એક સિવાય સર્વ પોતાના અધિકારમાં રાખ્યાં અને મોરવણ હોલ્કરને આપી દીધું. મેવાડરાજ્યના દુર્ભાગ્યથી થોડા વખતમાં નીમબહેડા નામનું પ્રગણું પણ તેનાથી અલગ થઈ ગયું. દુષ્ટ હોલ્કરે સિંધિઆ પાસેથી મોરવણ પ્રગણું પ્રાપ્ત કરી એક વર્ષ પછી રાણા પાસે નીમબહેડા પ્રગણું માગ્યું અને ભય દર્શાવી કહેવરાવી મોકલ્યું કે:–"જો આ પ્રગણું મને આપશો નહિ તો સિંધિઆએ તમારી સાથે જેવું વર્તન કર્યું હતું તેવોજ વ્યવહાર હું તમારી સાથે કરીશ." રાણાના દુર્ભાગ્યનું વૃત્તાંત ક્યાંસુધી લંબાવીએ? અરે! તેમણે વીરવર બાપ્પારાવળના ઉત્તમ વંશમાં જન્મ લીધેલો હોવા છતાં તેમને ચોર મહારાષ્ટ્રીઓની ભયંકર ભ્રૂકુટિથી કંપાયમાન થવું પડતું હતું. અફસોસ! પ્રતાપસિંહના વંશજને હોલ્કરની અયોગ્ય અને ન્યાયવિરુદ્ધ આજ્ઞા પાળવી પડી હતી.

1 એના પુત્ર મીર્જા અબ્દુલરહીમ બેગને રાણાજીએ એક જાગીર આપી હતી.

પૂર્વે જણાવ્યા પ્રમાણે ભારે રકમ આપીને સંવત ૧૮૨૫ માં બળવાન સિંધિઆના પંજામાંથી રાણા મુક્ત થયા. અમે પૂર્વે જણાવી ગયા છીએ કે મેવાડ રાજ્યની ઘણી ફળદ્રુપ ભૂમિ રાણાજીના હાથમાંથી નીકળી ગઇ હતી; પરંતુ આ વાત સ્મરણમાં રાખવી જોઇએ કે એ પ્રગણાંઓ કાંઇ રાણાજીએ વેચી દીધાં નહોતાં, તેમજ તેમણે તેનાપરનો અધિકાર પણ છોડી દીધો નહોતો. એ પ્રગણાંઓ તેમણે કેવળ ગીરો મૂકયા હતાં.[1] ૪૦ સ૦ ૧૮૧૭ ના જાન્યુઆરીની ૧૦ મી તારીખે રાણા ભીમસિંહની સાથે બ્રિટિશસરકારે સંધિ કરી હતી તે પ્રસંગે પણ રાણાના પ્રતિનિધિઓએ આ પ્રસ્તાવ સાદર કર્યો હતો; પરંતુ શોકની વાત છે કે બ્રિટિશસિંહે આ બાબતનો કાંઇ પણ ફેંસલો આપ્યો નહિ. આ સંબંધે પણ ઉચિત સ્થળે ઉલ્લેખ કરવામાં આવશે.

અમરચંદનું પ્રચંડ બળ રોકી નહિ શકાયાથી જે દિવસે ચતુર મહારાષ્ટ્રીઓ ઉદયપુર છોડીને ચાલ્યા ગયા, તેજ દિવસે રત્નસિંહની આશાલતા નિર્મૂળ થઇ ગઈ. રત્નસિંહે અનેક દુર્ગો પોતાના અધિકારમાં લીધા હતા. આથી તે ઉદયપુરના થડમાં જામી ગયો હતો; પરંતુ નશીબે તેને યારી આપી નહિ. પરકીય સહાયદ્વારા તેણે જે કેટલાંક નગરો, ગામો અને કસ્બાઓને પોતાના અધિકારમાં લીધાં હતાં, તે સર્વ સ્થાનો ધીમે ધીમે તેના અધિકારમાંથી નીકળી ગયાં. રાજનગર, રાયપુર અને અંતલા ઉપર પુનઃ રાણાનો અધિકાર સ્થાપન થયો. રત્નસિંહનો પક્ષ છોડી અનેક સરદારો પુનઃ રાણાના આશ્રયનીચે આવ્યા. રાણાએ તેમનાપર અનુગ્રહ કરી પુનઃ તેમની જાગીરો તેમને સોંપી દીધી. રત્નસિંહને હવે લેશ પણ આશા રહી નહિ. મેવાડના સોળ શ્રેષ્ઠ સરદારો પૈકી જેઓ તેના પક્ષમાં રહ્યા હતા, તેમાંના દેવગઢ, ભિંડી અને અમૈતાના સરદારોસિવાય ઇતર સર્વ તેને છોડીને ચાલ્યા ગયા. ઉપર્યુક્ત ત્રણ સરદારો ઉપરાંત માત્ર એક દ્વિપ્રામંત્રી તેના પક્ષમાં રહ્યો હતો. મેવાડમાં ઉપસ્થિત થયેલો આ ઝઘડો શીઘ્ર શાંત થયો નહોતો. સંવત ૧૮૩૧ માં ઉક્ત ત્રણચાર સરદારો પણ રત્નસિંહને તિલાંજલિ આપીને મહારાણાના પક્ષમાં ભળી ગયા. ગદવાડપ્રગણું મેવાડનાં ઇતર સર્વ પ્રગણાંઓ કરતાં વિશેષ ફળદ્રુપ છે, અને તેની ઉપજ પણ ઇતર પ્રગણાંઓ કરતાં અધિક છે. એની સીમાપર જે સામંતો વસતા હતા તેમણે મેવાડના ઇતરસરદારો કરતાં વિશેષ રાજભક્તિ પ્રદર્શિત કરી હતી. રાણાવત, રાઠોડ તથા સોલંકી સરદારો દીર્ઘકાળપર્યંત ઉત્તમ રાજભક્તનો પરિચય કરાવી વિશ્વાસપાત્ર સામંતતરીકે પ્રસિદ્ધ થયા હતા. ગદવાડદેશની અધિક જમીન એ સરદારોના અધિકારમાં હતી. આ સરદારો ૩૦૦૦ અશ્વારોહીઓ અને મોટી પાયદળ સેના રાખી નિશ્ચિંતતાપૂર્વક પોતાની ભૂમિનો ઉપભોગ લેતા હતા. મુંદરના પુરિહરરાજાની પાસેથી ઉક્ત ગદવાડ (ગોદ્વાર) પ્રગણું જોધપુર વસ્યું તેપૂર્વે રાણાની સન્માનસૂચક ઉપાધિસહિત આ સરદારોના મૂળપુરુષને પ્રાપ્ત થયું હતું. રાઠોડવીર જોધાજીના સમયમાં સિસોદીઆ વીર ચંદ્રના પ્રાણપ્રિય કુમારના હૃદયના રુધિરથી આ દેશની સીમા કેવી રીતે બાંધવામાં આવી હતી તેનું વર્ણન પૂર્વે આવી ગયું છે.

જ્યારે રત્નસિંહ કમલમેરમાં વિરાજમાન થયો, ત્યારે રાણા ઉરસીએ જોધપુરના રાજા વિજયસિંહને ગદવાડનો શાસનભાર સોંપી દીધો. રાણાજીએ આમ કર્યું તેમાં એક ખાસ કારણ હતું. કમલમેર ગદવાડની નિકટજ આવેલું છે, તેથી મહારાણાને સંદેહ ઉત્પન્ન થયો કે રત્નસિંહને સારી સંધિ મળતાં તે આ પ્રગણું છીનવી લેશે. આજ શંકાથી તેમણે એ પ્રગણાનો શાસનભાર વિજયસિંહને સોંપી દીધો હતો. આ સંબંધે જે શરતો મહારાણા તથા વિજયસિંહની વચ્ચે થઇ હતી તેનો કરારપત્ર અદ્યાપિ વિદ્યમાન છે. આ કરારપત્રાનુસાર મારવાડના રાજાને, મેવાડના રાણાને સહાય કરવાને માટે તે પ્રગણાની ઉપજમાંથી ત્રણ હજાર સૈનિકોનું ભરણપોષણ કરી શકાય એટલું દ્રવ્ય મળતું હતું. જો એક દુષ્ટ માણસના દુરાચારથી રાણા ઉરસી અકાળમૃત્યુ પામ્યા ન હોત તો અવશ્ય તેઓ આ ગદવાડપ્રગણાનો ઉદ્ધાર કરત; પરંતુ વિધિની આગળ કોનો ઉપાય ચાલી શકે એમ છે?

"અહેરિયા" નો ઉત્સવ એ રાજપૂતોનો એક અનાદિથી ચાલતો આવેલો ઉત્સવ છે; પરંતુ આ ઉત્સવપ્રસંગે મેવાડમાં અનેક અનર્થો થયા છે. પ્રસ્તુત સમયપૂર્વે મેવાડના ત્રણ રાજાઓએ અહેરિયાના

૧ કેવળ નાનું બિલોની (ગંગાપુર) તથા તેના તાબાનો પ્રદેશ રાણાના રાજ્યથી જૂદો પડી ગયો હતો. આનું કારણ એ હતું કે સિંધિઆની ગંગાબાઇ નામની રાણીને આ સ્થાન આપવામાં આવ્યું હતું.

ઉત્સવપ્રસંગે પ્રાણ આપ્યા હતા. આજ કારણથી એક રાજપૂતબાલાએ સતી થતીવખતે પ્રદીપ્ત ચિતા-પર ચઢીને કહ્યું હતું કે:–"જે અહેરિયાની મૃગયામાં રાણા અને રાવ સાથે ચાલશે તો ઉભયમાંથી એકને અવશ્ય પ્રાણ આપવો પડશે." રાણા ઉરસી આ પરમ પવિત્ર ભવિષ્યવાણીનો અનાદર કરીને શિકાર કરવા ગયા. જ્યારે તેઓ મૃગયા ખેલીને પોતાના મહાલય તરફ પાછા ફરવાની તૈયારીમાં હતા, એટલામાં હાડારાજકુમાર અજિતસિંહે અચાનક પોતાનો ઘોડો રાણા તરફ ફેરવ્યો અને તેમને ભાલો માર્યો. રાણાએ બાણવિદ્ધ કેસરીની પેઠે અજિતસિંહતરફ દૃષ્ટિપાત કર્યો અને કઠોર શબ્દથી પોકારીને કહ્યું:–"રે હાડા! આ તેં શું કર્યું?" રાણા અચેત થઈ અશ્વપરથી તૂટી પડવાની તૈયારીમાં હતા, એટલામાં ઈંદુગઢ-ના દુષ્ટ સરદારે પોતાની તલવારથી તેમનું મસ્તક કાપી નાખ્યું. આ કાર્યથી અજિતસિંહના પિતા તેના પર એટલા અપ્રસન્ન થયા કે તે દિવસ પછી તેમણે પોતાના પાપીપુત્રનું મુખ કદિ પણ જોયું નહિ. એમ કહેવાય છે કે સર્વ હાડાવીરો અજિતસિંહપર અપ્રસન્ન થયા હતા. આ ભયંકર વધ થયો તે સમયે રાણાની પાસે એક રક્ષકસિવાય બીજું કોઈ પણ માણસ હતું નહિ. રાણાજીના સરદારો આ ભયંકર ઘટનાના વર્તમાન સાંભળતાંની સાથેજ ભયભીત થઇ પોતપોતાનાં શિબિર અને ઈતર સર્વ વસ્તુઓ છોડીને ચારે તરફ નાસવા લાગ્યા.

એમ કહેવાય છે કે બૂંદીરાજના પુત્રે મેવાડના સરદારોના ઉત્તેજનથીજ આ કાર્ય કર્યું હતું. મેવાડ-ના સરદારો રાણા અરિસિંહપ્રત્યે કિંચિત્ પણ સ્નેહ ધરાવતા નહોતા, એ વાત અમે પૂર્વે જણાવી ચૂક્યા છીએ. રાણાજી સ્વયં આ વાત સારીપેઠે જાણતા હતા અને તેનો ઉપાય કરવાને માટે યોગ્ય સંધિની પ્રતીક્ષા કરતા હતા. અહીંઆં એક ઉદાહરણ આપવાથી આ વાત ઉત્તમ પ્રકારે સમજાશે. જે સાલુમ્બ્રાસરદારના પિતાએ રાણાજીને માટે ઉજ્જયિનીના સંગ્રામમાં પ્રાણાર્પણ કર્યું હતું, તે સરદારપર રાણાએ શંકા લાવી એક વખત તેમને પોતાની પાસે બોલાવ્યા અને વિદાયસૂચક પાન તેમના હાથમાં આપી કહ્યું:–"તમે મારા રાજ્યની બહાર ચાલ્યા જાઓ." આ શબ્દો સાંભળી સાલુમ્બ્રાસરદારને વજ્રાઘાત જેવું દુ:ખ થયું. રાણાની આ અચાનક થયેલી અપ્રસન્નતા જોઇ તથા ઉક્ત કઠોર આજ્ઞા સાંભળી તેમણે તેનું કારણ નમ્રતાપૂર્વક પૂછયું અને જો પોતાનો કાંઈ દોષ થયો હોય તો તેને માટે ક્ષમા માગી. રાણાને લેશ પણ દયા આવી નહિ અને તેમણે કારણ જણાવવાની ચોખ્ખી ના પાડી. વળી તેમણે અધિક કઠોર સ્વરથી ઉક્ત ચંદાવતસરદારને કહ્યું કે:–"જો તમે મારી આજ્ઞાનું પાલન નહિ કરો તો હમણાં તમારો શિરચ્છેદ કરાવીશ." ઉક્ત ચંદાવતસરદારે મનમાં અત્યંત ખિન્ન થઇ નિરુ-પાયે રાણાની આજ્ઞાનું પાલન કર્યું. વિદાય લેતીવખત તેમણે અતિ ગંભીરસ્વરે કહ્યું:–"હું આપની આજ્ઞાનું પાલન તો કરૂં છું; પરંતુ આ કાર્યથી આપને અને આપના પરિવારને વિશેષ હાનિ પહોંચશે." અપમાનિત સાલુમ્બ્રાસરદારનો દીધેલો શાપ શીઘ્ર સફળ થયો; પરંતુ રાણાના વધનું એક બીજું કારણ પણ સાંભળવામાં આવે છે.

મેવાડની સીમાપર બિલૈતા નામનું એક સાધારણ ગામ છે. આ ગામ મેવાડના અધિકારમાં હતું; પરંતુ બૂંદીના રાજાએ બળપૂર્વક તેપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો. અહીંઆંથીજ ઝઘડાની જડ નખાઇ. ઉપર જણાવેલાં બે કારણોમાંથી એક તો અવશ્ય મહારાણાના વધનું કારણ હશે; પરંતુ બૂંદીના દુષ્ટ રાજકુમારે વિશ્વાસઘાત કરી ધૂર્તતા અને કાયરતાનો ભયંકર આદર્શ દર્શાવ્યો, તે માટે આ-પણને શોક થયા વિના રહેતો નથી.

આ વધ થયો તે સમયે રાણાના સર્વ સરદારો કાયરતા બતાવી રાણાના શબને છોડીને નાસી ગયા. કેવળ મહારાણાની એક ઉપપત્ની તે સ્થળે રહી. આ ઉપપત્નીએજ તેમની મરણક્રિયા કરી. તેણે શ્રેષ્ઠ ચંદન મંગાવી એક મોટી ચિતા બનાવવાની આજ્ઞા કરી. પુષ્કળ ચંદન, ઘૃત, તિલ, પુષ્પહાર ઇત્યાદિ સર્વ પ્રકારની સામગ્રી એકઠી કરવામાં આવી અને શીઘ્ર ચિતા તૈયાર કરવામાં આવી. રાણાનો મૃતદેહ પોતાના ખોળામાં લઈ તે ઉપપત્ની ચિતાપર બેઠી. સામેજ એક વટવૃક્ષ હતું, તેને સાક્ષી માની તે મરવાને માટે તૈયાર થયેલી સ્ત્રીએ પોતાના પતિના ખુનીને નીચે પ્રમાણે કઠોર શાપ દીધો. તે બોલી:– "હે વનસ્પતિ! તમે સાક્ષી છો. જો કોઈ માણસે પોતાનો સ્વાર્થ સાધવાને માટે મારા પતિનો વધ કર્યો હોય તો અવશ્ય બે મહિનામાં તે દુષ્ટનું સર્વ અંગ કોહી જશે. લોકો તેને ભયંકર વિશ્વાસઘાતક અને રાજ-

ઘાતક કહી તેનો અત્યંત તિરસ્કાર કરશે; કિંતુ જો જૂના કલહ અથવા અપકારનો બદલો લેવાને માટે તેણે આ કાર્ય કર્યું હશે તો તેને કાંઈ થશે નહિ. જોજો, તમે સાક્ષી રહેજો. જો હું સતી હોઉં, જો મહારાણા અરિસિંહ સિવાય કોઇ પણ પુરુષને મેં હૃદયમાં સ્થાન આપ્યું ન હોય તો મારૂં આ વચન અવશ્ય ફળીભૂત થશે." સતીના આ શબ્દો હજી તો પૂરા પણ નહિ થયા એટલામાં ઉક્ત વટવૃક્ષની એક પ્રચંડ શાખા સહસા તૂટીને નીચે પડી અને ચિતા પણ પ્રદીપ્ત થઇ તેમાંથી પ્રચંડ જ્વાળાઓ નીકળવા લાગી. ઉક્ત વીરબાળા અરિસિંહનું મૃતશરીર ખોળામાં લઇ પ્રસન્નતાપૂર્વક તે ચિતામાં બળીને ભસ્મ થઇ ગઇ.

રાણા અરિસંહ (ઉરસી) બે પુત્રોને પોતાની પાછળ મૂકી ગયા હતા. તેમાંના પહેલાનું નામ હમીરસિંહ અને બીજાનું નામ ભીમસિંહ હતું. સંવત ૧૮૨૮ (ઇ૦ સ૦ ૧૭૭૨) માં વીર હમીરસિંહ મેવાડના ગૌરવહીન સિંહાસનપર બેઠો. જો કે આ રાજા ગિહલોતકુલના એક પવિત્ર નામને ધારણ કરીને સંસારની રંગભૂમિપર આવ્યો હતો; પરંતુ મેવાડના દુર્ભાગ્યથી આ વીરદ્વારા તે પવિત્ર નામની કિંચિત્ પણ સાર્થકતા થઇ નહિ. સિંહાસનારૂઢ થતી વખતે હમીરસિંહની વય બાર વર્ષની હતી. આથી રાજકાર્ય તેની માતા સંભાળતી હતી. તેના રાજ્યકાર્યમાં મેવાડમાં અત્યંત ઉપદ્રવો થયા. એક તો મેવાડની દશાજ દીન હતી. તેની સાથે મહારાષ્ટ્રીઓનો ઉપદ્રવ, બાલકનું રાજ્ય અને સ્ત્રીનું શાસન હતું; અને આ સર્વ વિપત્તિઓમાં વળી ઉક્ત સ્ત્રીની મહત્ત્વાકાંક્ષા અતિ વિશાળ હતી. આથી મેવાડનો સંપૂર્ણ નાશજ ક્ષિતિજમાં દેખાતો હતો. આવા સંકટના સમયમાં ગૃહકલહ જાગ્યો અને તેણે અનર્થ ઉપર અનર્થનો વધારો કર્યો. ચંદાવત અને શક્તાવતસરદારોની વચ્ચે સદાનો વિરોધ હતો. તેમણે આ વિપત્તિના સમયમાં પોતપોતાની પ્રધાનતા સ્થાપિત કરવાને માટે પ્રતિપક્ષીઓનું રુધિર વહેવરાવવાનો નિશ્ચય કર્યો. શક્તાવતસરદારે રાજમાતાનો પક્ષ ગ્રહણ કર્યો અને અપમાનિત સાલુમ્બ્રાસરદારે, અરિસિંહે કરેલા અપમાનનો બદલો લેવાને માટે સ્વર્ગસ્થ રાણાની વિધવારાણીની વિરુદ્ધ કાર્ય કરવા માંડયું. આ ભયંકર જાતિવૈરથી, જે ભયંકર અગ્નિ પ્રદીપ્ત થયો તેથી સમગ્ર મેવાડભૂમિ શ્મશાનવત્ બની ગઈ. થોડા વખતમાં સમસ્ત રાજ્ય અનાથ બની ગયું. ચોરો અને લૂંટારાઓ જેમ ફાવે તેમ જરા પણ પ્રતિરોધવિના સમગ્ર મેવાડને લૂંટવા લાગ્યા. મેવાડના દીન ખેડુતોપર અત્યંત અનાચાર થવા લાગ્યો. મેવાડ અત્યંત શોચનીય દશાને પ્રાપ્ત થયું. માર્ગ, ઘાટ, મેદાન—એ સર્વ મનુષ્યના રુધિરથી ભીંજાઇ ગયાં. રાજસ્થાનની નંદનવનસમાન મેવાડભૂમિ ધગધગતી ચિતાસમાન બની ગઇ.

તેજસ્વી અમરચંદના ઉત્સાહ અને તેજથી ઉત્સાહિત થઇને જે સિંધીલોકોએ આ સમયપૂર્વે ઉત્તમ રાજભક્તિનો પરિચય કરાવ્યો હતો, તેમણે આજે અરિસિંહનું મૃત્યુ થતાંજ ભયંકર મૂર્તિ ધારણ કરી બળપૂર્વક રાજધાનીપર અધિકાર સ્થાપિત કરી દીધો અને પોતાના ચઢેલા પગારને માટે સાલુમ્બ્રાસરદારને તેઓ અનેક પ્રકારે કષ્ટ આપવા લાગ્યા. રાજધાનીની રક્ષાનો ભાર સાલુમ્બ્રાસરદારની ઉપરજ હતો. પોતાનો ચઢેલો પગાર આપવાને આ સરદારને અસમર્થ સમજી તેઓ તેને તપ્ત લોહપર બેસાડવાની તૈયારી કરી રહ્યા હતા.[1] એવામાં અમરચંદ બૂંદીથી આવી પહોંચ્યા. પાપિષ્ઠ સિંધી લોકોએ અમરચંદને જોતાંજ સાલુમ્બ્રાસરદારને છોડી દીધા. અમરચંદે શત્રુઓના આક્રમણથી રાજકુમારની રક્ષા કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી. જગતનો વ્યવહાર અમરચંદ સારીપેઠે જાણતા હતા. તેઓ જાણતા હતા કે મંત્રીપદ પ્રાપ્ત કરવાની ઘણા લોકોને મહત્ત્વાકાંક્ષા છે અને તેટલામાટે તેઓ મારાપર અતિ દ્વેષ રાખે છે. આથી હું રાજકુમારની રક્ષાનો ભાર લઇશ તો અનેક માણસો એ કાર્યમાં વાંધો ઉઠાવશે; માટે પ્રથમથીજ એવું કાર્ય કરવું જોઇએ કે જેથી કોઇને કાંઈ કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ. આવા વિચારથી તેમણે પોતાની સંપત્તિનું એક સૂચીપત્ર બનાવ્યું અને તે સમસ્ત સંપત્તિ રાજમાતા પાસે મોકલી આપી. સુવર્ણ, મોતી, મણિ, રત્ન, ચાંદીનાં પાત્રો અને સર્વ મોંઘાં વસ્ત્રો પણ તેમણે પૃથક્ પૃથક્ પાત્રોમાં રાજમાતાની પાસે મોકલી આપ્યાં. અમરચંદની આ ઉદારતા જોઈ સર્વને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન થયું અને રાજમાતાનો અમરચંદપર સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો. રાજમાતાએ આ સંપત્તિ પાછી મંગાવી લેવાને અમરચંદને વારંવાર કહ્યું; પરંતુ દૃઢપ્રતિજ્ઞ અમરચંદે તે પાછી લીધી નહિ. તેમણે રાજમાતાના અત્યંત

[1] અપરાધીઓને દંડ દેવાને માટે રાજપૂતો લોહપાત્રને તપ્ત કરી તેપર તેને બેસાડે છે.

આગ્રહથી માત્ર વપરાશમાં આવી ગયેલાં વસ્ત્રો પાછાં મંગાવી લીધાં.

રાજમાતાની દુરાકાંક્ષા અને અહંતા દિનપ્રતિદિન વૃદ્ધંગત થતી ગઇ. રાણી બુદ્ધિમાન હતી; પરંતુ શોકની વાત છે કે એક ખરાબ ચાલની સ્ત્રીએ તેના ઉપર પોતાનો સંપૂર્ણ પ્રભાવ બેસાડી દીધો હતો. તે જે કાંઇ કહેતી, તે પ્રમાણે રાજમાતાને ચાલવું પડતું હતું. તે તેની સલાહ લીધા વિના એક પણ ડગલું ભરતી નહોતી. આ દુષ્ટ સ્ત્રી એક તરુણ રાજકર્મચારીના કહેવા પ્રમાણે પ્રત્યેક કાર્ય કરતી હતી. આથી ઉક્ત યુવકજ પરોક્ષ રીતે રાણીનાં સર્વ કાર્યોનો સૂત્રધાર હતો એમ કહીએ તો ચાલે. તે પોતાના ઘરમાં બેસીને જે ચક્ર ચલાવતો હતો, તે અનુસારજ હમીરસિંહની માતાનાં સર્વ કાર્યો થતાં હતાં; પરંતુ તે રાજકર્મચારી દીર્ઘકાળપર્યંત જીવંત રહ્યો નહિ. તેના મરણપૂર્વે રાજમાતા તેનીજ ઇચ્છા પ્રમાણે કાર્ય કરતી હતી અને તે અમરચંદનો કટ્ટો વિરોધી હતો.આથી રાજમાતા ઉક્ત રાજકર્મચારીની ઇચ્છા પ્રમાણે અમરચંદની વિરુદ્ધ કાર્ય કરવા લાગી. તેણે લેશ પણ એવો વિચાર ન કર્યો કે અમરચંદ મારા પુત્રની રક્ષા કરવાને માટેજ સર્વ કાર્યો કરે છે. વાસ્તવમાં તેની દુર્બુદ્ધિ એટલી બધી વૃદ્ધિંગત થઈ ગઇ હતી કે તે ચંદાવતોનો પક્ષ ગ્રહણ કરીને અમરચંદનાં સર્વ કાર્યોનો પ્રતિવાદ કર્યા કરતી હતી. કર્તવ્યપરાયણ અમરચંદ આથી કિંચિત્ પણ વિચલિત થયા નહિ.તેઓ પોતાની સિંધીસેનાની સહાયથી પોતાના પદપર અચલ અને અટલ રહ્યા. તેમણે મહારાષ્ટ્રીઓને નગરમાં પ્રવેશ કરવા દીધો નહિ અને રાજ્યની ઉત્તમ પ્રકારે રક્ષા કરી; પરંતુ તેમનું શરીર પણ આખરે રક્તમાંસનુંજ બન્યું હતું. ક્રૂરલોકોનો વિદ્વેષ તેઓ એકલા શી રીતે રોકી શકે ? જેમને માટે તેમણે પોતાના સર્વસ્વનો ભોગ આપ્યો હતો, તેજ માણસો અંતે કૃતઘ્નતાને તિલાંજલિ આપી ક્ષણે ક્ષણે અમરચંદનું અપમાન કરવા લાગ્યા. આવી સ્થિતિમાં કયો માણસ સ્થિર રહી શકે ? અમરચંદ તો સ્વભાવથીજ તેજસ્વી હતા. તેઓ કિંચિત્ પણ અપમાન સહન કરી શકતા નહોતા; પરંતુ મંત્રીપદપર સ્થાપિત થયા પછી તેમને અનેક વાર વાગ્બાણ અને અપમાન સહન કરવાં પડયાં હતાં. માત્ર રાજકુમાર હમીરસિંહના હિતનું રક્ષણ કરવાને માટે તેમણે આ વાગ્બાણો અને અપમાનો સહન કર્યાં હતાં; પરંતુ હવે તે હમીરસિંહની માતાનેજ પોતાના શત્રુતરિકે વર્તતી જોઈ તેમના હૃદયમાં રોષ, અભિમાન અને ઘૃણા પ્રબળ રીતે પ્રકટ થયાં; તથાપિ કર્તવ્યપરાયણ અમરચંદે પોતાનું કર્તવ્ય છોડયું નહિ.

એક સમયે મંત્રી પોતાના કાર્યાલયમાં બેઠા હતા એવામાં દુષ્ટ રામપ્યારી ત્યાં આવી અને રાજમાતાના નામથી કોઇ કાર્યને માટે અમરચંદને સખ્ત ઠપકો આપ્યો. તેજસ્વી અમરચંદને અત્યંત ક્રોધ ચઢયો અને તેમણે પાપિણી રામપ્યારીનો તિરસ્કાર કરીને તેને ત્યાંથી કાઢી મૂકાવી. અપમાનિત રામપ્યારી રોતી રોતી રાજમાતાની પાસે ગઈ અને ઉક્ત સમસ્ત વૃત્તાંત મીઠુંમરચું ભભરાવીને તેને જણાવ્યું. રામપ્યારીને થયેલું અપમાન રાજમાતાએ પોતાનું ગણ્યું અને તત્કાળ તે એક પાલખી મંગાવીને સાલુમ્બ્રાસરદારની પાસે ગઇ. અમરચંદ સમજી ગયા કે આજે અવશ્ય કાંઈ વિચિત્ર ઘટનાજ બનવાની છે. આથી તેઓ તત્ક્ષણ પોતાના કાર્યાલયમાંથી ઉઠયા અને બહાર ગયા. તેમણે માર્ગમાં રાજમાતાની પાલખી જતી જોઈ. આથી તેમણે વાહકોને તથા અનુચરોને રાજભુવનમાં પાછા ફરવાની આજ્ઞા કરી. એવું સામર્થ્ય કોનામાં હતું કે જે અમરચંદની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકે ? જ્યારે પાલખી રણવાસના દ્વારપર આવી ત્યારે મંત્રીએ રાજમાતાને પ્રણામ કરીને ધીર, ગંભીરભાવથી કહ્યું:—"દેવી ! રણવાસમાંથી બહાર નીકળી રાજમાર્ગમાં આવવું એ શું આપને છાજે એવું કાર્ય છે ? શું આ કાર્ય આપના મહાન સ્વર્ગસ્થ સ્વામીની કીર્તિને કલંક લગાડનારું નથી? સ્વામીના મૃત્યુ પછી છ માસપર્યંત તો સાધારણ કુંભારની સ્ત્રી પણ પોતાના ઘરની બહાર નીકળતી નથી; પરંતુ આપ તો સિસોદીઆકુળનાં મહારાણી હોવા છતાં આપના પતિના મૃત્યુનો શોકકાળ વ્યતીત થયાપૂર્વે રણવાસ છોડીને બહાર જાઓ છો! આપ સ્વયં બુદ્ધિમાન છો. આપને અધિક શું સમજાવું ? અમરચંદને આપનો હિતચિંતકજ સમજજો, શત્રુ સમજશો નહિ. અમરચંદ વિશ્વાસઘાતી નથી કે તે મહારાણા અરિસિંહના કુમારપર કોઈ પણ પ્રકારનો અત્યાચાર કરશે. હું આપને એક વાત નિવેદન કરવા માગું છું.મેં હમણાં એક મોટું કાર્ય કરવાનો નિશ્ચય કર્યો છે. આ કાર્યપર આપના અને આપના રાજકુમારના હિતનું સંપૂર્ણ અવલંબન છે;માટે હમણાં મારી વિરુદ્ધ કાર્ય કરવા કરતાં મને સહાય કરવી આપને માટે વિશેષ યોગ્ય છે. મારી વાત આપ સ્વીકારો વા ન સ્વીકારો;પરંતુ હું તો નિશ્ચયપૂર્વક નિવેદન

કરું છું કે મેં કરવા ધારેલું કાર્ય હું અવશ્ય પાર પાડીશ." અમરચંદનાં આ હિતકારક વચનો કૂર રાજમાતાના હૃદયમાં સ્થાન પામ્યાં નહિ. અમરચંદ જ્યાંસુધી જીવિત રહ્યા ત્યાંસુધી તેઓ રાજમાતાની આંખમાં ખટકતાજ રહ્યા. જ્યારે આ ન્યાયપરાયણ, પરમ ધાર્મિક, મંત્રીશિરોમણિ આ લોકથી વિદાય થઇ પરમ ધામમાં પહોંચ્યા અને તેમનું પવિત્ર શરીર ભસ્મરાશિ બની ગયું, ત્યારેજ માત્ર તેઓ સંસારના લોકોની સ્વાર્થપરતા, વિશ્વાસઘાતકતા અને કૃતઘ્નતાથી વિમુક્ત થયા. ઘણા લોકો એવું અનુમાન કરે છે કે પાપિણી રાજમાતાએ વિષ દઇને અમરચંદનો અંત આણ્યો હતો. રાજમાતાની દુરાકાંક્ષા, કૂરતા અને નિષ્ઠુરતાપરથી આ અનુમાન સત્ય હોય એમ લાગે છે. અફસોસ ! મનુષ્ય કેવું નિષ્ઠુર પ્રાણી છે ? કૃતઘ્નતા કેવાં ભયંકર કાર્યો કરાવે છે! સ્વાર્થપરતા પણ કેટલી અધમ છે ! આ સંસાર નરકનો અંધ કૂપ છે. એમ કોણ કહે છે કે મનુષ્ય પશુઓથી શ્રેષ્ઠ છે ? મનુષ્ય શ્રેષ્ઠ હોય તો તે કયા ગુણોથી શ્રેષ્ઠ છે ? હિંસા, દ્વેષ, કૃતઘ્નતા, સ્વાર્થપરતા, વિશ્વાસઘાતકતા—આ સર્વને જો શ્રેષ્ઠતાનાં લક્ષણો ગણવામાં આવે, પોતાના માનવબંધુનો નાશ કરીને પોતાનો સ્વાર્થ સાધવાથીજ જો શ્રેષ્ઠતા સિદ્ધ થતી હોય, સબળે દુર્બળને પદદલિત કરવા એજ જો શ્રેષ્ઠતાની નિશાની હોય; તો આ શ્રેષ્ઠતા મનુષ્યને પશુ કરતાં ઉચ્ચતર કોટિમાં અધિષ્ઠિત કરતી નથી. એને તો પાશવતા અને પિશાચતા કહેવીજ ઉચિત છે. ઉદારહૃદય ધર્માત્મા અમરચંદે પોતાની માતૃભૂમિનું હિત સાધવાને માટે પોતાના સર્વસ્વનો ત્યાગ કરી દીધો, જેને માટે જગતમાં અનેક ઉપદ્રવોની ઉત્પત્તિ થાય છે, તે વિપુલ ધન પણ તેમણે પ્રસન્નમુખે ત્યાગ કર્યું; પરંતુ આ ઉદારતાનો બદલો તેમને શો મળ્યો ? તેમને ક્ષણે ક્ષણે પોતાના માનવબંધુઓનો વિદ્વેષ સહન કરવો પડયો; તે છતાં પણ કર્તવ્યપરાયણ અમરચંદ કદિ કર્તવ્યથી પરાઙ્‌મુખ થયા નહોતા. જેને માટે તેમણે અનેક સંકટો સહન કર્યાં હતાં, જેને માટે તેમણે આટલો બધો આત્મભોગ આપ્યો હતો, જેને માટે તે મંત્રીશ્રેષ્ઠને પોતાનાં આપ્તોના દ્વેષપાત્ર થવું પડયું હતું, તેજ પિશાચિનીએ ઘૃણિત માર્ગનું અવલંબન કરી તેમને વિષ દઈ તેમનો સંહાર કર્યો! અફસોસ! મનુષ્યનું ચારિત્ર્ય આટલું બધું ઘૃણિત અને પતિત થતું હશે ?

આવા જે મહાપુરુષે સ્વદેશને માટે જીવન ધારણ કરી અંતે સ્વદેશીઓનાજ વિશ્વાસઘાતથી આ લોકથી પ્રયાણ કર્યું, તે કોઇ પણ દેશનું ભૂષણ થઈ શકે એવા હતા; પરંતુ મેવાડના દુર્ભાગ્યથી મેવાડનીજ દુષ્ટ રાણીએ મંત્રી અમરચંદને પોતાનો શત્રુ માની તેના ગુણની કદર કરી નહિ. જગતમાં બીજા બે ચાર મંત્રીઓ આ પ્રકારના મહાન ગુણોથી વિભૂષિત થઇ ગયા હતા; પરંતુ તેમાંના કોઈની પણ દશા આવી શોચનીય થઇ નહોતી. જો કે અમરચંદ એક મહાન રાજ્યના મંત્રી હતા, તોપણ તેઓ એટલા નિસ્સહાય થઇ ગયા હતા કે નાગરિકોએ તેમનો અંત્યેષ્ટિસંસ્કાર ઉઘરાણું કરીને કર્યો હતો. ભારતના ઈતિહાસમાં આ એક નવીનજ ઉદાહરણ છે; પરંતુ આ ઉપરથી કોઇએ એમ સમજવું નહિ કે ભારતવર્ષમાં સદ્‌ગુણી માણસોનું અસ્તિત્વજ નથી, કિંવા ભારતવાસીઓ સદ્‌ગુણનું સન્માન કરતાજ નથી. જેઓ આ પ્રમાણે માને છે તેમને ભારતવાસીઓનો પૂર્ણ પરિચય નથી. અમરચંદનો અંત ગમે તેવી ભયંકર રીતે આવ્યો હોય; પરંતુ અમરચંદના મહાન ગુણો અદ્યાપિ કોઈ પણ મેવાડવાસી ભૂલ્યો નથી. જો કોઇપણ માણસ આવા ગુણોથી વિભૂષિત બને છે, તો રાજપૂતો તેને 'અમરચંદ' કહીને બોલાવે છે.

અભાગિની રાજમાતાએ પોતાની મૂર્ખતાથી પોતાનાજ પગમાં કુહાડી મારી. અમરસિંહનો સંહાર કરી તેણે ધાર્યું હતું કે હવે કોઈ પણ માણસ મારી આજ્ઞાવિરુદ્ધ ચાલશે નહિ; પરંતુ અતિ સ્વલ્પ કાળમાં તેના સુખસ્વપ્નનો ભંગ થઈ ગયો. સંવત ૧૮૩૧ (ઇ૦ સ૦ ૧૭૭૫)માં બેગૂસરદારે વિદ્રોહી બની તેના શાસનનો અંત આણવાનો નિશ્ચય કર્યો. બેગૂ એક મેઘાવતસરદાર હતો. મેઘાવતવંશ ચંદાવતગોત્રની એક વિશાળ શાખા છે. બુદ્ધિહીન રાજમાતાએ આ મેઘાવતસરદારનો પ્રચંડ પ્રતાપ રોકવાને પોતે અસમર્થ હોવાથી સિંધિઆની સહાય માગી. ઉક્ત ચતુર મહારાષ્ટ્રીયવીરે આને એક ઉત્તમ સંધિ માની પોતાની સેનાસહિત બેગૂસરદારપર આક્રમણ કર્યું. બેગૂસરદારે રાણાની જે" ખાસ જમીન " પર અધિકાર સ્થાપિત કરી દીધો હતો, તે સર્વ સિંધિઆએ તેના હાથમાંથી છોડાવી લીધો અને વિદ્રોહના અપરાધને માટે

તે સરદારનો ૧૨૦૦૦૦૦ રૂપિયાનો દંડ કર્યો;[1] પરંતુ હતભાગિની રાજમાતાએ સિંધિઆને જે ઉદ્દેશથી બોલાવ્યો હતો તે ઉદ્દેશ સફળ થયો નહિ. સ્વાર્થી મહારાષ્ટ્રીયવીરે રાજમાતાની આજ્ઞાનો ભંગ કર્યો અને સમસ્ત રૂપિયા તથા ભૂમિસંપત્તિ તે પોતેજ પચાવી પડયો. તેણે ઉક્ત 'ખાસ જમીન' રાજકુમાર હમીરસિંહને અર્પણ કરવી જોઇતી હતી; પરંતુ તેણે તેમ ન કરતાં પોતાના જામાતા વીરજી તાપને રતનગઢ, ખેડી તથા સિંગોલી પ્રગણામાં સ્થાપિત કર્યો અને શેષ ઇરનિયા, જાદ, બિચુર તથા નદોચી વગેરે પ્રગણાં હોલ્કરને આપી દીધાં. આ પ્રગણાંઓની વાર્ષિક ઉપજ ૬૦૦૦૦૦ રૂપિયા હતી. મરાઠાલોકો કેવળ આટલાંજ પ્રગણાં હજમ કરીને શાંત થયા નહિ; પરંતુ તેમણે સંવત ૧૮૩૦–૩૧ માં પુનઃ ચાર[2] ખંડણીઓ અને સંવત ૧૮૩૬ માં બીજી[3] ત્રણ ખંડણીઓની માગણી કરી. આ વિપુલ ધન પ્રાપ્ત નહિ થઇ શકવાથી તેમણે મેવાડની બીજી પણ પુષ્કળ ભૂમિ દબાવી લીધી. આ પ્રકારે પ્રચંડ મરાઠાઓના દારુણ અત્યાચારોથી પીડિત થઇને તથા માંહોમાંહેના વિગ્રહથી હતાશ થઇને રાજકુમાર હમીરસિંહે યોગ્ય વયે પહોંચ્યાપૂર્વેજ[4] સંવત ૧૮૩૪ ( ઇ૦ સ૦ ૧૭૭૮ ) માં પરલોકની યાત્રા કરી.

જે દિવસે મહારાષ્ટ્રીઓ પ્રથમ મેવાડભૂમિમાં આવ્યા હતા, તે દિવસથી હમીરસિંહના શાસનકાળ-સુધીમાં મેવાડનાં અનેક સ્થાનો રાણાના અધિકારમાંથી નીકળી ગયાં હતાં, જે વિષે હવે પછી ઉલ્લેખ કરવામાં આવશે. મહારાષ્ટ્રીઓના પ્રથમ આગમનથી હમીરસિંહના શાસનકાળસુધીમાં પ્રાયઃ ૪૦ વર્ષો વ્યતીત થઈ ગયાં હતાં. આ દીર્ઘકાળમાં નિષ્ઠુર મહારાષ્ટ્રીઓએ પાશવ સ્વાર્થપરતાથી ઉત્તેજિત થઇ મેવાડની જેટલી ભૂમિ પોતાના અધિકારમાં લઇ લીધી તથા મેવાડનું જેટલું દ્રવ્ય લઈ લીધું તે સર્વનો જો હિસાબ ગણવામાં આવે–તે સર્વનું જો વર્ણન કરવામાં આવે તો પોથાંનાં પોથાં ભરાય; માટે તેને અત્રે અપ્રસ્તુત ગણી છોડી દેવામાં આવે છે. આ ૪૦ વર્ષના અરસામાં મહારાષ્ટ્રીઓએ મેવાડની અત્યંત દુર્દશા કરી નાખી. મેવાડની આ દુર્દશા કદિ પણ નિવૃત્ત કરી શકાઇ નહિ. મોગલપાદશાહ પણ સ્વાર્થી અને પ્રજાપીડક હતા, તેઓ હિંદુ લોકોના સુખદુઃખનો કદિ પણ વિચાર કરતા નહોતા; પરંતુ તેમનું રાજ્ય દઢ પાયાપર સ્થિત હતું, તેઓ ભારતવાસીઓને પોતાની પ્રજા ગણતા હતા, તેથી તેઓ હિંદુ-પ્રજાપર મહારાષ્ટ્રીઓના જેવા કઠોર અત્યાચાર કરતા નહોતા; પરંતુ મહારાષ્ટ્રીઓની સ્થિતિ તેવી નહોતી. તેઓ ભારતવર્ષના નિવાસી હતા તેથી શું થયું? તેઓ ભારતવર્ષના હિતનો લેશ પણ વિચાર કરતા નહોતા. મહાવીર શિવાજીએ મહારાષ્ટ્રીઓને જે મહામંત્રથી દીક્ષિત કર્યા હતા, તે મંત્રાનુસાર જો તેઓ વર્તન કરત તો અવશ્ય તેઓ પોતાની જન્મભૂમિનાં અનંત સંકટો દૂર કરત; પરંતુ ભારતવર્ષના મહા દુર્ભાગ્યને કોણ રોકી શકે એમ છે? તેમણે મહાત્મા શિવાજીના મહામંત્રનો અનાદર કર્યો અને પૈશાચિક કાર્યો કરી ભારતવર્ષને ભયંકર સ્મશાનસમાન બનાવી દીધું. મહારાષ્ટ્રીઓ રુધિરના તરસ્યા બની પિશાચસમુદાયની પેઠે ચારે તરફ ઘુમતા હતા. તેમને જ્યાંથી દ્રવ્યની જરા પણ ગંધ આવતી ત્યાં તેઓ દોડી જઇને તેને લૂંટી લેતા. આ પ્રકારે તેઓ સમસ્ત ભારતવર્ષનું રુધિર ચૂસતા હતા. માત્ર ત્રણ ખંડણીઓનોજ હિસાબ અમે ગણ્યો તો તેમાં મેવાડના એક કરોડ એકાશી લાખ રૂપિયા તણાઇ ગયેલા જણાયા. તે સિવાય રાણાના કુટુંબીઓ અને સરદારોનું દ્રવ્ય ખેંચાઈ ગયું તે તો જૂદું. મહારાષ્ટ્રીઓના પૈશાચિક પીડનથી મેવાડની આજે જે શોચનીય દશા થઈ છે તેનો વિચાર કરવાથી આપણું હૃદય ભગ્ન થઇ જાય છે. આજે ચિતોડના ભગ્ન દુર્ગના શિખરપરથી પ્રકૃતિ-

---

૧ જે સંધિપત્ર પ્રમાણે સિંધિઆએ આ પ્રગણાંઓની ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો તે અદ્યાપિ વિદ્યમાન છે.

૨ આ ચાર ખંડણીઓ નિમ્નલિખિત મનુષ્યોએ લીધી હતીઃ—

સંવત ૧૮૩૦ માં બેગુનો વિદ્રોહ દબાવવાને માટે માધોજીસિંધિઆએ; સંવત ૧૮૩૧ માં વીરજી તાપે ગોવિંદરાવ ગણપતરાવની મારફતે; સંવત ૧૮૩૧ માં અંબાજી ઈંગલે અને ચોથી ખંડણી બાપુ હોલ્કરે તથા દાદોજી પંડિતે લીધી.

૩ આ ત્રણ ખંડણીઓમાંથી પહેલી ખંડણી હોલ્કરની તરફથી મકાજીએ લીધી; બીજી સોમાજીની મારફતે તુકોજી હોલ્કરે લીધી; અને ત્રીજી સોમાજીની મારફતે અલીબહાદરે લીધી.

૪ હમીરસિંહની વય અંતસમયે ૧૮ વર્ષની હતી.

દેવી કરુણામય સ્વરે રોદન કરતી ગૌરવગરિમાની અનિત્યતા, મનુષ્યની સ્વાર્થપરતા, વિશ્વાસઘાતકતા અને કૃતઘ્નતાનું વર્ણન કરી રહી છે.

મહારાષ્ટ્રીઓએ મેવાડના રાણા પાસેથી નીચે લખેલી પૃથક્ પૃથક્ સાલોમાં સર્વ મળીને એક કરોડ એકાશી લાખ રૂપિયાની ખંડણી લીધી હતી.

૬૬૦૦૦૦૦ રૂપિયા વિ૰ સં૰ ૧૮૦૮ (ઇ૰સ૰ ૧૭૫૨) માં રાણા જગતસિંહના તરફથી હોલ્કરને પ્રાપ્ત થયા.

૫૧૦૦૦૦૦ રૂપિયા વિ૰ સં૰ ૧૮૨૦ (ઇ૰ સ૰ ૧૭૬૪) માં રાણા અમરસિંહના તરફથી માધોજી સિંધિઆને મળ્યા.

૬૪૦૦૦૦૦ રૂપિયા વિ૰ સં૰ ૧૮૨૬ (ઇ૰ સ૰ ૧૭૭૦) માં રાણા અમરસિંહના તરફથી માધોજી સિંધિયાને પ્રાપ્ત થયા.

૧,૮૧,૦૦૦૦૦ રૂપિયા એકંદર

આ રકમસિવાય ૨૮,૫૦,૦૦૦ રૂપિયાના મહાલ પણ મહારાષ્ટ્રીઓએ મેવાડના તાબામાંથી લઇ લીધા.

૯૦૦૦૦૦ રૂપિયાની ઉપજના રામપુરા અને ભનપુરા મહાલ વિ૰ સં૰ ૧૮૦૮ (ઇ૰ સ૰ ૧૭૫૨) માં લઇ લીધા.

૪૫૦૦૦૦ રૂપિયાની ઉપજના જાવદ, જીરણ, નીમચ અને નીમબહેડા, આ મહાલો વિ૰ સં૰ ૧૮૨૬ ( ઇ૰ સ૰ ૧૭૭૦ ) માં લીધા.

૬૦૦૦૦૦ રૂપિયાની ઉપજના રતનગઢ, ખેડી, સિંગોલી, ઇરનિયા, જાઠ, બિચૂર અને નિંદોચી વગેરે મહાલો વિ૰ સં૰ ૧૮૩૧ ( ઇ૰ સ૰ ૧૭૭૫ ) માં લીધા.

૯૦૦૦૦૦ રૂપિયાની ઉપજનો ગદવાડ મહાલ પણ એજ વર્ષમાં લઇ લીધો.

૨૮,૫૦,૦૦૦ રૂપિઆ એકંદર

આ પ્રકારે મહારાષ્ટ્રીઓએ ખંડણી અને મહાલોની ઉપજ વગેરેના મળીને લગભગ ચાર કરોડ પચાસ લાખ રૂપિયા લીધા. તદુપરાંત તેમણે બે કરોડ બીજા પણ વસુલ કર્યા. આ રીતે સાત કરોડ રૂપિયા તેમના હાથમાં ગયા. આ રૂપિયા જવાથી ઉદયપુરના રાજકોષમાં પૂર્વના જેટલી શ્રી રહી નહિ. ત્યારપછી જે દારિદ્ર મેવાડમાં ઘર કરીને બેઠું છે તે અદ્યાપિ મેવાડવાસીઓનો પીછો છોડતું નથી.



# अध्याय १६ मो

રાણા ભીમસિંહ–શિવગઢનો ઝઘડો–ગયેલી ભૂમિ રાણાએ પાછી મેળવી–અહલ્યાબાઇનું આક્રમણ–રાણાનો પરાજય–ચંદાવતસરદારનો વિદ્રોહ–મંત્રી સોમજીનો વધ–વિદ્રોહીઓનો ચિતોડપર અધિકાર–રાણાએ માધોજીસિંધિઆ પાસે માગેલી સહાય–ચિતોડપર આક્રમણ–વિદ્રોહીઓનું રાણાને શરણે આવવું–જાલિમસિંહનો મેવાડના અધિકારનો મનોરથ–અંબાજીએ તે મનોરથ નિષ્ફળ કરવો–અંબાજીનું સુબેદાર બનવું–લખવાની સાથે તેણે કરેલો ઝઘડો–ઝઘડાનું ફળ–જાલિમસિંહને થયેલી જિહાજપુરની પ્રાપ્તિ–મેવાડપર હોલ્કરનું આક્રમણ–નાથદ્વારાના પુરોહિતોને બંદીવાન કરવા–કોઠારિયાના ઠાકોરનું શૌર્ય–લખવાનું મૃત્યુ–મહારાષ્ટ્રીય સેનાનીઓપર રાણાનું આક્રમણ–જાલિમસિંહે ઉક્ત સેનાનીઓનું કરેલું રક્ષણ–હોલ્કરે પુન: ઉદયપુરમાં આવી સ્થાપિત કરેલો કઠોર કર–સીંધિઆનું આક્રમણ–કૃષ્ણાકુમારીના પાણિગ્રહણમાટે રાજપૂતોમાં વિગ્રહ–પરસ્પર યુદ્ધ–કૃષ્ણાકુમારીનું આત્મવિસર્જન–મીરખાં અને અજિતસિંહ–તેનો દુરાચાર–ઉદયપુરમાંની સિંધિઆની રાજસભામાં બ્રિટિશદૂતનું આગમન–અપમાનિત થવાથી અંબાજીએ આત્મહત્યા કરવાનો કરેલો પ્રયાસ–મીરખાં અને બાપુસિંધિઆએ મેવાડની કરેલી પાયમાલી–અંગ્રેજોની સાથે રાણાએ કરેલી સંધિ.

રાણા હમીરસિંહના અકાળમૃત્યુ પછી થોડા દિવસમાં તેના લઘુભ્રાતા ભીમસિંહ સંવત ૧૮૩૪ (ઇ૦ સ૦ ૧૭૭૮) માં મેવાડના સિંહાસનપર બેઠા. ચાલીસ વર્ષના અરસામાં ચાર બાળરાજકુમારોએ મેવાડપર શાસન ચલાવ્યું. ભીમસિંહ આ રાજકુમારોમાં ચોથા હતા. જ્યારે તેઓ સિંહાસનપર અધિષ્ઠિત થયા, ત્યારે તેમની વય કેવળ આઠ વર્ષની હતી. ભીમસિંહે એકંદર પચાસ વર્ષપર્યંત રાજ્ય કર્યું. આ અર્ધશતાબ્દીના અરસામાં મેવાડમાં જે મહાન અનર્થો ઉત્પન્ન થયા હતા, તેનું વૃત્તાંત વાંચવાથી એમજ પ્રતીતિ થાય છે કે હવે વિધાતા બાપ્પારાવલના વંશને દીન, હીન કરવાને માટેજ ઉદ્યુક્ત થઇ રહી હતી.

રાણા ભીમસિંહ જ્યાંસુધી યોગ્ય વયે પહોંચ્યા ત્યાંસુધી તેઓ પોતાની માતાને આધીન રહ્યા હતા. આ દીર્ઘકાળની પરાધીનતામાંજ તેમનું ભાવી ચરિત્ર ગઠિત થયું હતું. તેઓ સ્વભાવથીજ નિસ્તેજ અને ઉત્સાહહીન હતા. દુર્ભાગ્યવશાત્ અંકુશ અને તાડનથી રાણાની બુદ્ધિ એટલી સંકુચિત થઈ ગઇ હતી કે તેમનામાં સામર્થ્ય અને વિચારશીલતાનું તો નામ પણ રહ્યું નહોતું. આથી કેટલાક પ્રપંચી માણસો તેમને પોતાની ઇચ્છાનુસાર ચલાવવા લાગ્યા. રત્નસિંહનું દલ અને બળ એટલું બધું ન્યૂન થઇ ગયું હતું કે ભટ્ટગ્રંથોમાં તેના ઉત્તર જીવનવિષે કાંઈ પણ વૃત્તાંત ઉપલબ્ધ થતું નથી. અરે, તેના મૃત્યુસંબંધે પણ કાંઇ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.

માંહોમાંહેના કુસંપે જ્યારથી ભારતવર્ષમાં પ્રવેશ કર્યો, ત્યારથી તેની અધોગતિનો પ્રારંભ થયો. આ અંતસ્થ ભયંકર અનલના પ્રતાપથી ભારતની સમસ્ત ભૂમિ દગ્ધ થઇ ગઇ. સુવર્ણનું ભારત ભડભડતી ચિતારૂપ બની ગયું. પ્રભુતા સર્વને પસંદ હોય છે; પરંતુ પ્રભુતા પ્રાપ્ત કરવાને માટે ન્યાયના મસ્તકપર

ચરણપ્રહાર કરવામાં આવે તે ઇષ્ટ નથી. દુઃખની વાત છે કે હવે મેવાડના રાજપૂતોમાં આ અનર્થકારી દુર્ગુણનો વિશેષ પ્રચાર થયો. પૂર્વે જણાવવામાં આવ્યું છે કે રાણાજીએ ચંદાવતસરદારોને ઉચ્ચ પદ આપ્યું હતું. રાણાના તરફથી મળેલી આ શક્તિનો દુરુપયોગ કરી તેમણે સંવત ૧૮૪૦ (ઇ૦ સ૦ ૧૭૮૪) માં પોતાના જૂના શત્રુ શક્તાવતોના રુધિરનું પાન કરવાનો નિશ્ચય કર્યો. તેઓ તેમનાપર વૈર લઇ તેમનું પતન કરવાને તૈયાર થયા. કોરાવાડનો અર્જુનસિંહ[1] અને અને અમેંતાનો પ્રતાપસિંહ[2] આ ઉભય સાલુમ્બ્રાસરદારના પ્રધાન સંબંધી હતા. ચંદાવતસરદારે આ વખતે ઉક્ત ઉભય રાજપૂતો-સહિત મંત્રભુવનપર અધિકાર સ્થાપિત કર્યો અને સમસ્ત સિંધીસેના તથા તેના સેનાપતિ ચંદન તથા સિદીક એ ઉભયને પોતાના પક્ષમાં લઇને પોતાની દુરભિલાષા સિદ્ધ કરવાને માટે સજ્જ થયા. આટલા દિવસપર્યંત આ સરદાર માત્ર સુસંધિનીજ પ્રતીક્ષા કરી રહ્યા હતા. આ વખતે તેમને વાંચ્છિત સંધિ પ્રાપ્ત થવાથી તેમણે પોતાના પ્રતિસ્પર્ધી શક્તાવતસરદાર મોહકમસિંહના ભેંદર કિલ્લાને ઘેરો ઘાલ્યો અને તેઓ તોપ ગોઠવી સર્વ પ્રકારે યુદ્ધને માટે સજ્જ થઇ ઉભા રહ્યા.

શક્તાવતગોત્રની એક નિકૃષ્ટ શાખામાં સંગ્રામસિંહ નામનો એક વીરપુરુષ ઉત્પન્ન થયો હતો. તેણે મેવાડના ઇતિહાસમાં પોતાનું નામ અમર કર્યું છે. તેણે ઘણાં મહાન કાર્યો કર્યાં હતાં; પરંતુ તેનું માન એકદમ વધવાને બદલે ધીમે ધીમે વધ્યું હતું. ભેંદરના કિલ્લાપર આક્રમણ થયું તે પૂર્વે સંગ્રામસિંહે પોતાના પ્રતિસ્પર્ધી પુરાવતસરદારની સાથે એક ઘોર ઝઘડો કર્યો હતો. પુરાવતસરદારનો લવ્હા નામનો એક કિલ્લો હતો. જ્યારે સંગ્રામસિંહે આ કિલ્લો લીધો[3] ત્યારે ઉક્ત ઝઘડાનો અંત આવ્યો. તે પછી વિજયી સંગ્રામસિંહ પોતાના માનનીય કુલપતિ શક્તાવતસરદારનું હિત સંભાળવાને માટે પ્રવૃત્ત થયો. ભેંદરકિલ્લો ચંદાવતલોકોથી ઘેરાયેલો જોઇને સંગ્રામસિંહે કોરાવાડના શાસક અર્જુનસિંહની જાગીર-પર આક્રમણ કર્યું અને ત્યાં જેટલાં ગૌઆદિ પશુઓ હતાં તે સર્વ પોતાના અધિકારમાં લઈ લીધાં. તે આ પશુઓને લઇ પાછો ફરતો હતો તે વખતે માર્ગમાં અર્જુનસિંહના પુત્ર સાલિમસિંહે તેનાપર આક્રમણ કર્યું. થોડી વાર સુધી તેમની વચ્ચે યુદ્ધ થતું રહ્યું. સંગ્રામસિંહે ભાલાનો પ્રહાર કરી સાલિમ-સિંહના પ્રાણ લીધા. શીઘ્ર આ સમાચાર અર્જુનસિંહના સાંભળવામાં આવ્યા. અત્યંત શોકથી તેનું હૃદય વિહ્વળ બની ગયું. તરતજ તેણે પોતાના મસ્તકપરની પાઘડી નીચે ફેંકી દઇને ગંભીરસ્વરે પ્રતિજ્ઞા કરી કેઃ-"જ્યાંસુધી હું આ કાર્યનો બદલો લઇશ નહિ ત્યાંસુધી હું કદિ પણ મસ્તકપર શિરપેચ ધારણ કરીશ નહિ." મારૂં શરીર સ્વસ્થ નથી એવું નિમિત્ત કરી તે કોરાવાડ થઇને એકદમ શિવગઢમાં પહોંચ્યો. સંગ્રામસિંહના વૃદ્ધ પિતા લાલજી આ નગરમાં રહેતા હતા. ભીલોની વસ્તીવાળા ચપ્પનદેશના અતિ ઉચ્ચ મનોહર પર્વતશિખરપર આ શિવગઢ સ્થિત હતું. તેની આસપાસ ઘાડું જંગલ હતું. શિવગઢ અત્યંત દુર્ગમ અને દુરારોહ હોવાથી સંગ્રામસિંહે ધાર્યું હતું કે શત્રુઓ એને સહસા પોતાના અધિકાર-માં લઇ શકશે નહિ. આથીજ તેણે પોતાના કુટુંબને શિવગઢમાં રાખ્યું હતું; પરંતુ આ વખતે અર્જુન-સિંહનો ક્રોધાગ્નિ તે નિર્જન અરણ્યની વચ્ચે આવેલા શિવગઢ ઉપર પ્રચંડ જ્વાલા સાથે વિસ્તારિત થઈ ગયો. શિવગઢની સ્થિતિ જોઇ તે પુનઃ પોતાની સેનાની પાસે ગયો અને તેને લઇને પાછા આવી સહસા તે નગરપર આક્રમણ કર્યું. અર્જુનસિંહ સેનાસહિત તે નગરના ગઢમાં આવી પહોંચ્યો તે વખતે તે રક્ષકશૂન્ય હતું. ક્રોધાન્વિત અર્જુનસિંહે પ્રચંડ નાદસહિત રણશિંગું ફુંકી નગરજનોને ભયથી કંપાયમાન કરી મૂક્યાં. તેના ગંભીર સિંહનાદે નાગરિકોની નિદ્રાનો ભંગ કર્યો. દાવાનલને દેખીને જે પ્રમાણે હાથી-ઓનાં ઝુંડ ચારે તરફ નાસી જાય છે, તે પ્રમાણે નાગરિકો ભયથી ત્રાસિત થઇ જેમ ફાવે તેમ નાસવા લાગ્યા. લાલજીસિવાય કોઈપણ યુદ્ધવિશારદ વીર ત્યાં વિદ્યમાન હતો નહિ. લાલજીની વય પ્રાયઃ ૭૦ વર્ષની હતી. તેમના કેશ સર્વથા શ્વેત થઇ ગયા હતા અને તેમની ત્વચા શિથિલ થઇને લટકી પડી હતી; તથાપિ કે વૃદ્ધ વીર પ્રચંડ ઉત્સાહથી ઉત્સાહિત થઇને તરુણ યોદ્ધાની પેઠે હાથમાં ખડ્ગ

---

૧ એના ભ્રાતા અજિતસિંહેજ અંગ્રેજોની સાથે સંધિ કરી હતી.

૨ પ્રસિદ્ધ જગવતકુલમાં એનો જન્મ થયો હતો. પ્રતાપસિંહ મહારાષ્ટ્રીઓની સાથેના યુદ્ધમાં તેમના હાથથી માર્યો ગયો હતો.

૩ સંગ્રામસિંહના વંશજો અદ્યાપિ આ કિલ્લાનો ઉપભોગ કરે છે.

ધારણ કરી શત્રુઓની સામે આવ્યા. ઉભય દલો વચ્ચે ઘોર સંગ્રામ થવા લાગ્યો. શત્રુઓની સંખ્યા ઘણી મોટી હતી, તેથી રણભૂમિમાં વૃદ્ધ લાલજીના પ્રાણ ગયા. શત્રુઓએ તે કિલ્લો લઇ લીધો. વિજયી અર્જુનસિંહે પોતાના પુત્રને મારનાર સંગ્રામસિંહના સંતાનોનો પશુની પેઠે વધ કરીને પોતાના શોકાનલમાં તેમની આહુતિ આપી. આ ભયંકર હત્યાના સમયે સંગ્રામસિંહની વૃદ્ધ માતાએ પોતાના પતિનો મૃતદેહ ખોળામાં લઈ ચિતાગ્નિમાં પ્રાણાર્પણ કર્યું.

કોરાવાડના શાસક અર્જુનસિંહના આ કઠોર અત્યાચારથી તેના શત્રુપક્ષમાં જે ભયંકર અનલ પ્રદીપ્ત થયો, તે કોઇથી શાંત થઇ શકયો નહિ. આ અનલે સમસ્ત મેવાડભૂમિને ભસ્મ કરી દીધી. તદુપરાંત બાળક ભીમસિંહની અશક્તિ અને મહારાષ્ટ્રીઓના દિનપ્રતિદિન વૃદ્ધિંગત થતા અત્યાચારોથી મેવાડની જે ભયંકર દુર્દશા થઇ તેમાંથી કોઇ પણ તેનો ઉદ્ધાર કરી શકયું નહિ. સમરસિંહ, સંગ્રામસિંહ, પ્રતાપસિંહ અને રાજસિંહની કર્તવ્યભૂમિ તથા રાજસ્થાનનું નંદનવન ચિતોડ, હવે શ્મશાનવત્ બની ગયું. ચંદાવતો અને શક્તાવતોનું જૂનું વૈર દિનપ્રતિદિન વધવા લાગ્યું. પૂર્વે જણાવવામાં આવ્યુંજ છે કે ચંદાવતો રાણાના પ્રેમપાત્ર હતા અને તેમનો સરદાર મેવાડનો મુખ્ય મંત્રી બન્યો હતો. એનું નામ પણ ભીમસિંહ હતું.મંત્રી ભીમસિંહે અત્યંત ગર્વાન્વિત બની પોતાના ઉચ્ચપદને કલંક લગાડયું હતું. તેણે ચિતોડ અને ઉદયપુરની વચ્ચેની સમસ્ત ખાલસાભૂમિ સિંધીસેનાને આપી દીધી, તેથી આ સકલ સેના તેને વશ થઇ ગઈ. રાણાપ્રત્યે તે કિંચિત્ પણ સહાનુભૂતિ ધરાવતો નહોતો. જે સમયે મહારાણા દ્રવ્યની તંગીને લીધે અત્યંત કષ્ટ ભોગવી રહ્યા હતા, તે સમયે આ મંત્રી પોતાના ઇષ્ટમિત્રોની સાથે ભોગવિલાસમાં મસ્ત-બની મોજ લુંટતો હતો. રાણાની પાસે દ્રવ્યની અત્યંત તંગી હતી. તેને ઈડરની રાજકન્યા સાથે પોતાના વિવાહ કરવાને માટે કર્જે રૂપિયા કાઢવા પડયા હતા; પરંતુ ઉપર્યુક્ત વિશ્વાસઘાતી મંત્રીએ પોતાની કન્યાના વિવાહમાં પ્રાયઃ ૧૦૦૦૦૦૦ રૂપિયા પ્રસન્નચિત્તે ખર્ચી નાખ્યા હતા. ચંદાવતસરદારનું આ આચરણ જોઈ રાજમાતા અત્યંત અપ્રસન્ન થઇ અને તેણે ચંદાવતોને રાજવ્યવસ્થામાંથી દૂર કરી તેમની જગ્યાએ શક્તાવતોને નિયુક્ત કર્યાં. તેણે ભેંદર અને લવ્હાના સામંતોને ઉત્તમ સન્માન આપી સુપ્રતિષ્ઠિત કર્યાં. રાજમાતાની કૃપાથી શક્તાવતોને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ ખરી; પરંતુ તેમની પાસે એટલી મોટી સેના નહોતી કે જેથી તેઓ પોતાના શત્રુઓને પરાજિત કરી તેમનું બળ રોકી શકે. આથી તેઓ ચારે તરફ સહાયની શોધ કરવા લાગ્યા. આ પ્રમાણે કરતાં કરતાં તેમણે કોટાના સરદાર જાલિમસિંહને સહાયને માટે પ્રાર્થના કરી. જાલિમસિંહ ચંદાવતોપર અત્યંત અપ્રસન્ન હતો. તદુપરાંત શક્તાવતો તેના નિકટના સંબંધી હતા. તે લોકોની સાથે તેને વૈવાહિક સંબંધ હતો, આથી શક્તાવતોનો ઉક્ત અભિપ્રાય જાણતાંની સાથે તરતજ તે તેમના પક્ષમાં ભળી ગયો અને પોતાના મહારાષ્ટ્રીયમિત્ર નાનાજી બલ્લાળની સાથે ૧૦૦૦૦ સૈનિકોને લઇને શક્તાવતોની પાસે ગયો. આ સમયે શક્તાવતોનાં બે કાર્ય થયાં. પ્રથમ તો તેમણે પોતાના શત્રુ ચંદાવતોનું દમન કર્યું અને રાજ્યને માટે ખોટો દાવો કરનાર રત્નસિંહને કમલમેરમાંથી નસાડી મૂકયો. ચંદાવતો સિંધીઓની સાથે મળી ચિતોડના પ્રાચીન દુર્ગમાં સ્થિત થયા હતા અને રાણાની વિરુદ્ધ અનેક પ્રકારના પ્રપંચો રચતા હતા. હવે તેમનું સંપૂર્ણ દમન કરવું અત્યંત આવશ્યક થઇ પડયું અને શક્તાવતો તે માટે સજ્જ થયા.

જે સમયે મેવાડમાં આ ઘટનાઓ બની રહી હતી, તે સમયે માધોજીસિંધિઆની પ્રચંડ પ્રભુતા મારવાડ અને જયપુરના રાજાઓના એકત્રિત બળથી સહસા સર્વથા છિન્નભિન્ન થઇ ગઇ. રાજપૂતોનો વિજય અને મહારાષ્ટ્રીઓનો પરાજય થયો. માધોજીનો વિષમય દંત તૂટી જતાં રાજપૂતોએ પોતાની સંપૂર્ણ ભૂમિ તેના ગ્રાસમાંથી છીનવી લીધી.

વિજયી રાઠોડો અને કુશાવહોના કાર્યનું અનુસરણ કરી સિસોદીઆરાણાએ ,પણ પોતાની જે ભૂમિ મહારાષ્ટ્રીઓના અધિકારમાં ગઈ હતી તેનો ઉદ્ધાર કરવાનો વિચાર કર્યો. આ વખતે ગિહલોતવીરોનું પ્રાચીન શૌર્ય પુનઃ એક મુહૂર્તને માટે ચમકવા લાગ્યું. રાણાજીના દિવાન માલદાસ મહેતા અને તેમના સહકારી મોજીરામ અત્યંત સાહસિક અને બુદ્ધિમાન હતા. તેમણે પ્રથમ તો નીમબહેડા અને તેની નિકટના દુર્ગો મહારાષ્ટ્રીઓના ગ્રાસમાંથી મુક્ત કર્યા. પરાજિત મહારાષ્ટ્રીઓએ અત્યંત ભયભીત થઇ પોતાની છિન્નભિન્ન થઈ ગયેલી સેના જાવદ નામના દુર્ગમાં એકત્રિત કરી; પરંતુ તેમનો સર્વ

પરિશ્રમ વિફળ થયો. રાજપૂતોએ ઉક્ત દુર્ગ ઘેરી લઇ ત્યાંથી પણ સમસ્ત મહારાષ્ટ્રીઓને નસાડી મૂકયા. જાવદનો શાસનકર્તા શિવાજી નાના પરાજિત થયા છતાં પણ વિજયી રાજપૂતોની કૃપાથી પોતાના બંધુ તથા દ્રવ્યસંપત્તિસહિત નિર્વિઘ્ને તે દુર્ગમાંથી ચાલ્યો ગયો. આ તરફ બેગૂસરદાર મેઘસિંહના[1] પુત્રોએ એકત્ર થઇ મહારાષ્ટ્રીઓને બેગૂ, સિંગોલી અને અન્યાન્ય પ્રગણાંઓમાંથી નસાડી મૂકયા. આ ઉત્તમ સંધિનો લાભ લઇ ચંદાવતોએ પણ પોતાની જાગીર રામપુરનો ઉદ્ધાર કર્યો. આ પ્રકારે માત્ર અલ્પ સમયમાંજ મેવાડરાજ્યમાંથી અલિપ્ત થયેલાં સકલ પ્રગણાંઓ પુનઃ પ્રાપ્ત થયાં. મેવાડનો વિષાદરૂપી નિબિડ અંધકાર થોડા કાળને માટે લુપ્ત થઇ ગયો. વીરજનની મેવાડભૂમિએ પુનઃ એકવાર સ્મિત કર્યું. મેવાડવાસીઓ મહારાષ્ટ્રીઓની કઠોર જંજીરથી મુક્ત થઇ આનંદપૂર્વક સિસોદીઆકુલનો જયજયકાર કરવા લાગ્યા.

જયપ્રફુલ્લ રાજપૂતોએ મેવાડ અને મારવાડની સીમાપર વહેતી રિરકિયા નામની નદીના તટપર આવેલા ચહું નામના સ્થાનમાં ભેગા થઇને પોતપોતાની વિજયિની સેના મેવાડનાં જૂદાં જૂદાં સ્થાનપર મોકલવાનો ઉદ્યોગ કર્યો; પરંતુ તેમની મૂર્ખતાએ સર્વ કામ બગાડી નાખ્યું. જયમદથી ઉન્મત્ત થઇ તેમણે કર્તવ્યાકર્તવ્યનો કિંચિત્ પણ વિચાર કર્યો નહિ અને આ વિચારથી તેઓ બસ જ્યાં ફાવે ત્યાં સમશેરજ ચલાવવા લાગ્યા. મહારાષ્ટ્રીઓએ સંધિની શરતોનો અનાદર કરી અન્યાયપૂર્વક જે દેશોને પોતાના અધિકારમાં લઇ લીધા હતા, તેમનોજ માત્ર ઉદ્ધાર કરવાને જો રાજપૂતો ઉદ્યોગ કરત તો તેમનો સકલ ઉદ્યોગ સફળ થાત; પરંતુ તેમણે ભ્રાન્ત અને મૂર્ખ બની ધાર્યું કે મહારાષ્ટ્રીઓ એકવાર પરાજિત થયા છે, તેથી તેઓ પુનઃ કદિ પોતાનું મસ્તક ઉંચકી શકનાર નથી. આવા વિચારથી તેમણે મહારાષ્ટ્રીઓનાં પ્રગણાંઓ પણ પોતાના અધિકારમાં લેવાની ચેષ્ટા કરી; પરંતુ વીરનારી અહલ્યાબાઇના પ્રચંડ બાહુબળે તેમનો સર્વ પરિશ્રમ વિફળ કરી મૂકયો. હોલ્કરરાજ્યની મહારાણી અહલ્યાબાઇને રાજપૂતોને નીમબહેડા નામનું પ્રગણું હસ્તગત કરતા જોઇ અત્યંત ક્રોધ ચઢયો અને તેમને દલિત કરવાને માટે તે સિંધિઆ સાથે મળી ગઇ. અહલ્યાબાઇની આજ્ઞાનુસાર તુલાજીરાવ સિંધિઆ અને શ્રીભાઇ પાંચહજાર ઘોડેસ્વારોને પોતાની સાથે લઇ પરાજિત શિવાજી નાનાને સહાય કરવાને માટે મંદસોર તરફ ચાલ્યા. શિવાજી નાના આ સમયે મંદસોરમાં સ્થિત થઇ પોતાના પ્રચંડ બાહુબળથી અવરોધકારી રાજપૂતોને દલિત કરી રહ્યો હતો. ઉક્ત ઉભય મહારાષ્ટ્રીય સેનાપતિઓ પોતાની સેના સાથે શિવાજી નાનાની પાસે ગયા અને સહસા રાજપૂતસેનાપર આક્રમણ કર્યું. સંવત ૧૮૪૪ (ઇ૦ સ૦ ૧૭૮૮) ના માઘ માસના શુકલપક્ષની ચતુર્થીને દિવસે ઉભય સેનાવચ્ચે દારુણ યુદ્ધ થયું. રાજપૂતોએ વગરવિચાર્યે સાહસ કર્યું હતું, તેથી તેઓ મહારાષ્ટ્રીઓની પ્રબળ ગતિ રોકી શકયા નહિ. તેઓ ભયંકર રીતે પરાજિત થયા. રાણાના મંત્રી અસંખ્ય સૈનિકો અને સામંતોની સાથે માર્યા ગયા. કાનોર અને સાદ્રીના સરદારો અત્યંત ઘાયલ થયા અને તેમના ઘણા માણસો માર્યા ગયા. સાદ્રીપતિનો ઘાવ અતિ ઉંડો હતો, તેથી તેઓ સંગ્રામભૂમિમાંથી નાસી શક્યા નહિ. તેઓ શત્રુઓના હાથમાં કેદ પડયા.[2] માધોજીસિંધિઆને પરાજિત કરી રાજપૂતોએ જે પ્રગણાંઓ લઇ લીધાં હતાં, તેમાંનાં જાવદસિવાયનાં સર્વ પ્રગણાંઓ મહારાષ્ટ્રીઓએ પુનઃ તેમના હાથમાંથી લઇ લીધાં. વીર દીપચંદના અદ્ભુત પરાક્રમથી કેવળ જાવદજ રાજપૂતોના હાથમાં સુરક્ષિત રહ્યું. દીપચંદે બરાબર એક માસપર્યંત અદ્ભુત વીરતા સાથે જાવદની રક્ષા કરી. પછી તે પરાક્રમી વીર પોતાની સેનાસહિત શત્રુઓનો મોરચો ભેદી મંડલગઢમાં ચાલ્યો ગયો. આ પ્રકારે હતભાગી રાજપૂતોની દુઃખનિશા પુનઃ પ્રવર્તી. તેમનો સર્વ પરિશ્રમ વિફળ થયો.

આ ભીષણ વિગ્રહમાં માત્ર ચંદાવતસરદારોસિવાય સર્વ રાજપૂતો એકત્રિત થઇ મરાઠાઓની સામે લડયા હતા. આ પરથી ચંદાવતોનો આંતરિક વિદ્વેષ સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. આ લોકો સર્વથા વિદ્રોહી થઇ જવાથી રાજમાતા અને રાણાના નવીન સચિવ સોમજીએ તેમનું દમન કરવાનો દૃઢ નિશ્ચય

૧ મેઘસિંહ બેગૂ પ્રગણાનો સરદાર હતો. તેનો જન્મ ચંદાવત ગોત્રમાં થયો હતો. એના વંશજો મેઘાવત નામથી પ્રસિદ્ધ થયા. મેઘસિંહના શરીરનો વર્ણ અત્યંત શ્યામ હતો, તેથી તેને 'કાળામેઘ' એ નામથી પણ બોલાવવામાં આવતો હતો.

૨ આ સરદાર બે વર્ષ સુધી કેદમાં રહ્યો હતો, ત્યારપછી તે પોતાની જાગીરમાંથી ચાર ગામો આપીને કારાગૃહમાંથી મુક્ત થયો હતો.

કર્યો; પરંતુ તેઓ કાંઇ કરી શકયા નહિ. તેમણે શિથિલ બની અંતે રામપ્યારીને મધ્યસ્થતરિકે સાલુમ્બ્રાસરદારની પાસે મોકલી. સાલુમ્બ્રાસરદાર આથી શાંત થયો અને તે રાજકુમારને ક્ષમામાટે પ્રાર્થના કરવાને ઉદયપુરમાં આવ્યો. ઉદયપુરમાં આવતાંજ તેણે બહાનું કાઢયું કેઃ—"મારો વિચાર સચિવ સોમજીની સાથે મળીને કાર્ય કરવાનો છે." આમ કરવામાં તેનો ઉદ્દેશ સોમજીને પોતાની પ્રપંચજાળમાં ફસાવીને પોતાનું કાર્ય સિદ્ધ કરી લેવાનો હતો; પરંતુ બુદ્ધિમાન સોમજી તેની યુક્તિ સમજી ગયા અને તે ઉલટા સાલુમ્બ્રાસરદારના માર્ગમાં વિઘ્નરૂપ નિવડયા. હવે સાલુમ્બ્રાસરદારે આ કંટકને પોતાના માર્ગમાંથી દૂર કરવાને માટે તેમનો સંહાર કરવાનો નિશ્ચય કર્યો. એક વખત મંત્રી સોમજી પોતાના કાર્યાલયમાં બેસીને રાજકાર્ય કરી રહ્યા હતા, એવામાં કોરાવાડના અર્જુનસિંહ અને ભદેશ્વરના સરદારસિંહ ત્યાં ગયા. સરદારસિંહે મંત્રીની સમક્ષ આવતાંની સાથે તીવ્રસ્વરે તેમને કહ્યુંઃ—"તમે અમારી જાગીર શા કારણથી જપ્ત કરી છે?" હજી આ વાકય પૂરૂં થાય તે પૂર્વેજ તેણે પોતાની કટાર કાઢી મંત્રીના હૃદયમાં મારી. આ હૃદયદ્રાવક વધથી સમસ્ત રાજ્યમાં ભારે ઉત્પાત થયો. રાજકર્મચારીઓ ચંદાવતોના બળથી અત્યંત ભયભીત બની ગયા. આ સમયે રાણાજી 'સહેલીઆ વાડી' (વનદેવતાના ઉદ્યાન) માં બિદનોરના રાજા જેતસિંહ તથા અન્યાન્ય સરદારોની સાથે આનંદવિહાર સાથે કાળક્રમણ કરતા હતા. હતભાગી સોમજીના બે ભ્રાતાઓ[૧] "રક્ષા કરો, રક્ષા કરો" એવો પોકાર કરતા ઉપર્યુક્ત ઉદ્યાનમાં આવ્યા. અર્જુનસિંહ પણ તેની પૂંઠ પકડીને ત્યાં આવ્યો. તેનો જમણો હાથ સોમજીના રુધિરથી આરક્ત બની ગયેલો હતો. અર્જુનસિંહનું આ સાહસ જોઇ સર્વ ચકિત થયા; પરંતુ કોઇ તેને કાંઇ કરી શકયા નહિ. રાણાએ તેને વિશ્વાસઘાતી કહી દૂરથી જવાની આજ્ઞા કરી. તે પછી આ અત્યાચારી અને ક્રૂર સરદારો પોતાના નેતા સાલુમ્બ્રાસરદારની સાથે ચિતોડદુર્ગમાં ગયા; મેવાડનું મંત્રીપદ સોમજીના બંધુ શિવદાસને અર્પણ કરવામાં આવ્યું. તેના બંધુ સતીદાસને પણ એક ઉચ્ચ પદવી આપવામાં આવી. શક્તાવતોની સહાયથી તેમણે વિદ્રોહી ચંદાવતોની સામે અનેકવાર યુદ્ધ કર્યું. તેમાં તેમને માત્ર અકોલા નામના સ્થળે વિજય પ્રાપ્ત થયો હતો. આ યુદ્ધમાં કોરાવાડના સરદાર અર્જુનસિંહ ચંદાવતોનો નેતા બન્યો હતો; પરંતુ આ યુદ્ધ પછી અલ્પ સમયમાં ખૈરોદના સમરમાં શક્તાવતોને પુનઃ પરાજય મળ્યો. આ ભયંકર સંગ્રામકાળમાં સમસ્ત મેવાડરાજ્યમાં એવી અરાજકતા અને એવો વિદ્રોહ ફેલાઇ ગયાં હતાં કે સમસ્ત પ્રજા અત્યંત ભયભીત બની ગઇ. સમગ્ર મેવાડમાં ભયંકર અરાજકતા પ્રસરી રહી. વિજયીપક્ષના ઉન્મત્ત રાજપૂતોદ્વારા અભાગી પ્રજાનું ધન અને પ્રાણ નષ્ટ થયાં. કૃષિકારોએ મહાપરિશ્રમથી જે અનાજ ઉત્પન્ન કર્યું હતું તેનો ઉપભોગ તેઓ કરી શકયા નહિ. સોની, લુહાર, ચમાર વગેરે કારીગરો પોતાનો માલ તૈયાર કરતા હતા; પરંતુ તેમને તેના બદલામાં કંઇ પણ મળતું નહોતું. વણિક લોકો દ્રવ્ય ખર્ચીને માલ ખરીદતા હતા; પરંતુ તેઓ તેને વેચી શકતા નહોતા. લૂંટારાઓ સર્વ સામાન લૂંટી જતા હતા. પૂર્વે મેવાડમાં ચોરીનું નામ પણ નહોતું; પરંતુ આ સમયે ચંદાવતોના અત્યાચારથી ઘેરે ઘેર ચોરી થવા લાગી. ધન અને સંપત્તિવિના પ્રજાના પ્રાણ અને ઇજ્જતની હાનિ થવા લાગી. સર્વ લોકો પોતાનાં ઘરબાર છોડી આમતેમ નાસી જવા લાગ્યા. ચોરી અને લૂંટથી થોડા સમયમાં મેવાડનું અર્ધું રાજ્ય ઉજ્જડ થઇ ગયું. જમીનદારોનાં ક્ષેત્રો, કૃષિકારોનાં બળદો અને હળો, કારીગરોનાં હથીઆરો અને વણિકોની દુકાનો થોડા વખતમાં શૂન્યવત્ બની ગયાં. જે શોભાયમાન મહાલયોમાં સ્ત્રીઓનાં નૃત્યગાન સંભળાતાં હતાં, તેમાં હવે શ્મશાનની ભયંકરતા દૃષ્ટિગોચર થવા લાગી. તેમાં હવે જંગલનાં ભયંકર હિંસક પશુઓએ નિવાસ કર્યો.

મેવાડના આ સર્વવ્યાપક વિપ્લવના સમયમાં રાજા, પ્રજા, શ્રીમંત અને રંકમાં કોઇ પણ પ્રકારનો ભેદ રહ્યો નહિ. જે લોકોમાં કાંઇક સામર્થ્ય હતું, તેજ લોકો આ સમયે પોતાની રક્ષા કરવાને સમર્થ થયા હતા. શેષ સર્વને તોફાની લોકો સતાવતા હતા. સારાંશ, મેવાડરાજ્ય અત્યંત હીન દશાને પ્રાપ્ત થયું હતું. રાણાની અવસ્થા પણ અત્યંત હીન થઇ ગઇ હતી. એક વખત તેઓ પ્રજાની રક્ષા કરતા હતા; પરંતુ આ વખતે તો તેઓ સ્વયં કોઇનો આશ્રય ગ્રહણ કરવાને વ્યાકુલ હતા. આથી પ્રજાની સાથે તેમનો જે સંબંધ હતો, તે છિન્નભિન્ન થઇ ગયો. સર્વ લોકો પોતપોતાની રક્ષા કરવાની ચિંતામાં પડયા.

૧ શિવદાસ અને સતીદાસની સાથે તેમનો પિત્રાઇ ભાઈ જયચંદ પણ હતો. તેણે સોમજીના વધ કરનારને મારીને વેર લીધું હતું; પરંતુ તેમ કરતાં તેણે પોતાના પ્રાણ ખોયા હતા.

રાણાની અકર્તવ્યતાથી રાજ્યમાં બીજા પણ કેટલાક મહા અનર્થો ઉત્પન્ન થયા. જે કૃષિકારોને પોતાની માતૃભૂમિનો ત્યાગ કરવાની ઇચ્છા નહોતી, તેમણે કેટલાક વીરોની સહાય લીધી અને આ સહાયના બદલામાં તેમને કેટલુંક દ્રવ્ય આપવાનો સ્વીકાર કર્યો. આ નીતિ જેમ જેમ પ્રચાર પામતી ગઇ, તેમ તેમ રક્ષકોનું માન વધતું ગયું. જે રાજપૂતો અશ્વપર સ્વારી કરવામાં અને ભાલા ચલાવવામાં કુશળ હતા, તેઓ રક્ષકવીરો બન્યા અને અસંખ્ય માણસો તેમની સહાય માગવા લાગ્યા. આ અશ્વારોહીઓ અનેક માર્ગે ધન પેદા કરવા લાગ્યા. તેઓ કૃષિકારોને સહાય આપવાના બદલામાં તેમની પાસેથી દ્રવ્ય લેવા લાગ્યા. વણિકોને પણ તેમણે છોડયા નહિ. તેમનાપર પણ તેમણે કર લગાડયો. આ લોકો પાછળથી એટલા પ્રબળ થઇ ગયા હતા કે કોઈ પણ વણિક તેમને કર આપ્યા વિના પોતાનો માલ નિર્વિઘ્ને લઈ જઇ શકતો નહોતો. આ પ્રકારે કર લેવો એ રાજપૂતોનો મુખ્ય ધંધો થઇ પડયો. જ્યારે અરાજકતા દૂર થઈ ત્યારે પણ ઉક્ત રાજપૂતો કરને માટે દાવો કરતા હતા. આ દાવાનો ચૂકાદો કરવો પાછળથી અતિ કઠિન થઇ પડયો હતો. અરાજકતાથી રાજ્યનું સર્વ સત્ત્વ ચૂસાઇ ગયું હતું; પરંતુ ત્યારપછી જ્યારે મહારાષ્ટ્રીઓનાં ઝુંડનાં ઝુંડ મેવાડભૂમિ ઉપર તૂટી પડવા લાગ્યાં ત્યારે તે રાજ્યની જે દશા થઈ તેનું વર્ણન કરવાનું સામર્થ્ય અમારી લેખિનીમાં નથી.

ચંદાવતોના વિદ્રોહથી રાજ્યમાં આ પ્રકારના અનર્થો થતા જોઇ રાણાએ તથા તેમના મંત્રીઓએ ચિતોડમાંથી વિદ્રોહીઓને કાઢી મૂકવાને માટે સિંધિઆની સહાય લેવાનો નિશ્ચય કર્યો. જે સિંધિઆએ રત્નસિંહને સહાય કરીને મેવાડનું અર્ધું રક્ત ચૂસી લીધું હતું, તેજ સિંધિઆની સહાય લેવાનો આજે મેવાડના મહારાણાએ વિધાતાની અકૃપાથી નિશ્ચય કર્યો. મહારાણા અત્યંત કર્તવ્યહીન અને મૂર્ખ હતા; નહિ તો મેવાડનું સત્યાનાશ કરનારની સહાય લેવાને શામાટે તૈયાર થયા હોત ? એમ કહેવાય છે કે જાલિમસિંહે મહારાણાને સિંધિઆની સહાયલેવાની સલાહ આપી હતી. સિંધિઆ આ વખતે પુણ્યક્ષેત્ર પુષ્કરજી આગળ આનંદપૂર્વક પોતાની છાવણી નાખીને પડયો હતો:[૧] પોતાને લાલસોટમાં પરાજય મળ્યા પછી તેણે ફ્રાન્સના વિખ્યાત વીર ડિબોઇનને પોતાની સેનાને કવાયત શીખવવાને માટે નિયુક્ત કર્યો હતો. ડિબોઇન મહા રણનિપુણ સૈનિક હતો. તેની શિક્ષાથી મહારાષ્ટ્રીયસેનાએ પુનઃ પોતાની વીરતા ઝળકાવી હતી. મેડતા અને પટ્ટન ક્ષેત્રમાં મહારાષ્ટ્રીયસેનાનું શૌર્ય પ્રચંડ જ્વાલાથી પ્રદીપ્ત થઈ ઉઠયું હતું. રાઠોડોની પ્રચંડ વીરતા અને ઉત્કટ પ્રાણાર્પણથી પણ આ શૌર્યની જ્વાલા શાંત થઇ નહોતી. મહારાષ્ટ્રીઓદ્વારા રાઠોડો પરાજિત થયા. સિંધિઆએ લાલસોટ અને જોધપુરના સમરમાં જે પ્રતિષ્ઠા ગુમાવી દીધી હતી, તે આ વખતે તેને પુનઃ પ્રાપ્ત થઇ. રાણાની આજ્ઞાનુસાર જાલિમસિંહે મેવાડના મુખ્ય મંત્રીઓની સાથે ઉક્ત સ્થાને જઇ સિંધિઆને મહારાણાની ઇચ્છા જણાવી. જાલિમસિંહની વાત સાંભળી સિંધિઆ સહાય આપવાને સમ્મત થયો. આ ઘટનાથી રાજસ્થાનની રંગભૂમિપર જે મહાન યોદ્ધાઓ ઉત્પન્ન થયા; તેમનાં શૌર્ય, વીર્ય અને પરાક્રમથી રાજપૂતાનામાં એક નવો યુગ પ્રવર્ત્યો. આ સ્થળે પ્રયોજન જણાવાથી સંક્ષેપમાં અમે તેનું વર્ણન કરીએ છીએ.[૨]

આ ઘટના બન્યા પૂર્વે જાલિમસિંહને કોટાની સુબેદારી મળી હતી. તેણે આ ઉચ્ચ પદપર દૃઢ રીતે સ્થિત રહીને ચારે તરફના શત્રુઓનું દમન કર્યું. જો કે આ કાર્ય કાંઇ સાધારણ નહોતું, તોપણ જાલિમસિંહ તેને તુચ્છજ માનતો હતો. તેના હૃદયમાં એક ઉચ્ચ અભિલાષા ગુપ્તરીતે પ્રદીપ્ત થઇ રહી હતી. તેને કોટાની સુબેદારી અત્યંત સાધારણ લાગતી હતી. તેણે ધાર્યું કે આ સીમાબદ્ધ રાજકીયક્ષેત્રમાં વિચરણ કરવાથી મારી મહત્ત્વાકાંક્ષા પરિપૂર્ણ થનાર નથી. તેને મેવાડરાજ્યના સ્વામી બનવાની આકાંક્ષા હતી. જાલિમસિંહ એક ઉત્તમ કોટિનો રાજનીતિજ્ઞ હતો. મનુષ્યોની શક્તિ જાણી લેવામાં તે કુશળ હતો. આ અપૂર્વ પારદર્શિતાના બળથી તે સારીપેઠે જાણી ગયો કે અશક્ત મેવાડાધિપતિ મારી અભીષ્ટ સિદ્ધિના માર્ગમાં કિંચિત્ પણ અવરોધ કરી શકે એમ નથી; તો પછી મેવાડની સાથે હાડાપતનું રાજ્ય સંયોજી દઇ સમસ્ત રાજસ્થાનપર શાસન ચલાવવું એમાં શી મોટી વાત છે ? જાલિમસિંહને

૧ સંવત ૧૮૪૭ ઇ૦ સ૦ ૧૭૯૧

૨ રાણા ભીમસિંહ, જાલિમસિંહ વગેરે રાજદ્વારી પુરુષોએ જે કાર્યો કર્યાં તેનું વૃત્તાંત કર્નલ ટૉડને તેમનીજ પાસેથી મળ્યું હતું.

સંપૂર્ણ ખાત્રી હતી કે જો જયપુર અને મારવાડના રાજા સંપ કરીને મારી સામે આવશે તોપણ તે મને પરાજિત કરી શકશે નહિ. જયપુરના રાજાને જાલિમસિંહ કાપુરુષ કહીને તેની ઘૃણા કરતો હતો; કારણ કે જાલિમસિંહે કેવળ કોટાની સેનાથીજ તે કુશાવહરાજાની પ્રચંડ સેનાને પરાજિત કરી હતી. આ તરફ મારવાડના ઉત્તમ પંક્તિના સામંતો જાલિમસિંહના મિત્ર હતા, તેથી તેણે ધાર્યું કે આ લોકો મારી સામે કદિ પણ શસ્ત્ર ધારણ કરનાર નથી. રાજનીતિવિશારદ, ચતુર જાલિમસિંહની અભિલાષા હજી પણ મોટી હતી. સમસ્ત ભારતવર્ષના સમ્રાટ થવાની તેની ઇચ્છા હતી; પરંતુ સૌભાગ્યલક્ષ્મીની અકૃપાથી તેની આશા પૂર્ણ થઈ નહિ; નહિ તો ભારતવર્ષને પુનઃ સ્વાધીનતા પ્રાપ્ત થાત, વિષાદમયી રાત્રિ દૂર થઇ જઇ પ્રભાત થાત. પરંતુ વિધાતાએ વજ્રની લેખિનીથી ભારતવર્ષના કપાળમાં પરાધીનતાજ લખી હતી, વિધાતાનો લેખ શી રીતે નિવૃત્ત થઇ શકે ? આથીજ જાલિમસિંહની અભિલાષા પૂર્ણ થઇ નહિ. પોતાનો મહામંત્ર સિદ્ધ કરવાને માટે તેણે કઠોર કર્મક્ષેત્રમાં ચરણ મૂક્યો તો ત્યાંનો ત્યાંજ તે ચરણ ખુંચી બેઠો. તેનું પતન થતાં તે પુનઃ જાગૃત થઇ શક્યો નહિ. આથીજ જાલિમસિંહ ભારતવર્ષનો સમ્રાટ બનવાને બદલે કેવળ રાજપૂતાનાનોજ નેસ્ટર[1] રહ્યો.

ચતુર જાલિમસિંહના હૃદયમાં જે આશા ધીમે ધીમે વિકાસ પામતી જતી હતી, તેને પૂર્ણ કરવાની સંધિ હવે પ્રાપ્ત થઇ. રાણાએ પોતાની સેના દૃઢ કરવાનો ભાર જાલિમસિંહને સોંપ્યો હતો. આ મહાન કાર્ય સાધવાની સાથે જાલિમસિંહ પોતાનો ઉદ્દેશ પણ સાધ્ય કરવાનો ઉપાય કરવા લાગ્યો. જો તેનું ચાતુર્ય સફળ થાત, જો તેનો ઉદ્દેશ સફળ થાત તો ભારતવર્ષનું મહા કલ્યાણ થાત. જે મહાન કાર્ય મહારાણાએ જાલિમસિંહને સોંપ્યું હતું, તેને ઉત્તમ પ્રકારે સિદ્ધ કરવામાં પુષ્કળ દ્રવ્યનો ખર્ચ થવાનો સંભવ હતો. દ્રવ્યવિના કોઇપણ કાર્ય સિદ્ધ થઇ શકતું નથી, તેથી આ પ્રસંગે પણ ધનની જરૂર પડી; પરંતુ આ દ્રવ્ય લાવવું ક્યાંથી ? જાલિમસિંહને તે વિષે મોટી ચિંતા થવા લાગી. અંતે તેણે વિચાર કર્યો કે:–" આ ખર્ચનું મૂળ કારણ વિદ્રોહીઓ છે, માટે તેમની પાસેથીજ તેની પ્રાપ્તિ કરવી જોઇએ અને ચંદાવતલોકોએ રાણાની ૬૪ લાખ રૂપિયાની ઉપજની ભૂમિ દબાવી છે, તેટલા રૂપિયા તેમની પાસેથીજ વસુલ કરવા જોઇએ. આ ૬૪ લાખ રૂપિયાના પાંચ ભાગ કરી તેમાંના ત્રણ ભાગ સિંધીઆને આપીશું અને બે ભાગ રાણાના કાર્યમાં ખર્ચીશું." આવો નિશ્ચય કરી જાલિમસિંહે એક બળવાન સેના પોતાની સાથે લઈ ચિતોડ તરફ કૂચ કરી. મહારાષ્ટ્રીયસેનાનો સેનાપતિ અંબાજી ઇંગલે હતો. સિંધિઆ પણ મારવાડના રાજાની પાસે ખંડણી લેવાને માટે તે તરફ ગયો. જાલિમસિંહ અને અંબાજી ઇંગલે એ ઉભય પોતાની સેનાસહિત ચિતોડ તરફ જવા લાગ્યા. તેમની મહા બળવાન સેનાએ લીલાંછમ ક્ષેત્રોને પાદાક્રાંત કરીને તેનો નાશ કરી નાખ્યો. અનેક ગ્રામો અને નગરોની તેમણે ભારે પાયમાલી કરી. વિશેષ કરીને જે ગામો અને નગરો જાલિમસિંહના ક્રોધાગ્નિમાં સપડાયાં તેની તો અત્યંત ભારે દુર્દશા થઇ. જાલિમસિંહ પોતાની ઇચ્છામાં આવે તે પ્રમાણે ત્યાંના હાકેમો અને લોકોની પાસેથી કર લેવા લાગ્યો. ધીરજસિંહ નામનો એક માણસ ચંદાવતસરદાર ભીમસિંહનો પ્રધાન સલાહકાર હતો. જે વખતે આ ઝઘડો ચાલી રહ્યો હતો તે વખતે બુદ્ધિમાન ધીરજસિંહ હમીરગઢનો હાકેમ હતો. તેને વિદ્રોહીઓના પક્ષનો જાણી જાલિમસિંહે હમીરગઢપર ઘેરો ઘાલ્યો. છ અઠવાડીઆંસુધી ઉભય દલોની વચ્ચે દારુણ સંગ્રામ ચાલ્યો. કોઇપણ પક્ષને જયપરાજયનાં ચિન્હ જણાયાં નહિ. ત્યારપછી વિધાતાની અકૃપાથી ધીરજસિંહની દુર્દશા બેઠી. જાલિમસિંહની તોપોદ્વારા હમીરગઢના સર્વ કૂવા તૂટી ગયા. તેમાં જલના સ્રોત બંધ થઇ ગયા. આથી નિરુપાય થઇ નગરવાસીઓએ કિલ્લાનાં દ્વાર ખોલી દીધાં. જાલિમસિંહે ધીરજસિંહના હાથમાંથી હમીરગઢ લઈ લીધો. આ પ્રકારે બીજાં એકાદ બે સ્થાનોપર અધિકાર સ્થાપિત કરી જાલિમસિંહ ચિતોડ તરફ ગયો. માર્ગમાં બસી નામના સ્થાને તેની પ્રચંડ ગતિ થોડી વાર સુધી રોકાઈ ગઈ. બસી ચંદાવતોની જાગીર હતી. આ સ્થાનપર પણ જાલિમસિંહે પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. વિજ્યા-

---

૧ ગ્રીસના ઈતિહાસમાં નેસ્ટર પરમ પ્રસિદ્ધ છે. તેના પિતાનું નામ નિલિયસ હતું અને તેને વરુણદેવનો પુત્ર કહ્યો છે. સુપ્રસિદ્ધ ઈલિયડનામક ગ્રંથમાં નેસ્ટરના ગુણોવિષે ઘણું વૃત્તાંત ઉપલબ્ધ થાય છે. તે બુદ્ધિમાન રાજનીતિવિશારદ અને રણકુશલ રાજા હતો. ગ્રીસના પુરાણોમાં એવું વર્ણન છે કે તે અતિ દીર્ઘકાળપર્યંત જીવતો હતો અને તેણે સ્વનેત્રોથી પોતાની ત્રણ પેઢીઓનો ઉદય તથા અસ્ત જોયો હતો.

નંદથી ઉન્મત્ત થઈ તે ચિતોડની નિકટ પહોંચ્યો. તે ચિતોડના કિલ્લાની પાસે ગયો, ત્યારપછી થોડી વારમાં તેને સિંધિઆની સેનાની સહાય મળી.

ઉચ્ચ પદ પ્રાપ્ત થતાંની સાથેજ માણસ ગર્વોન્મત્ત બની જાય છે. જે રાણાનું દર્શન થવાથી સ્વયં પેશ્વા પણ પોતાને કૃતાર્થ સમજતો હતો, તેને માધોજીસિંધિઆએ ચિતોડ આગળ પોતાની સામે બોલાવવાની આજ્ઞા કરી. સિંધિઆનું આવું દુર્વર્તન જોઈ જાલિમસિંહના હૃદયમાં ચોટ લાગી; પરંતુ તેનો કાંઈ ઉપાય નહોતો. ગર્વિત માધોજીની અભિલાષા પૂર્ણ કરવાને માટે રાણાજીને ચિતોડ જવું પડયું. ભાગ્યચક્રનું પરિવર્તન આવુંજ હોય છે. ગૌરવગરિમાની અનિત્યતા આવીજ હોય છે. જે રાણાના પૂર્વજોનું દર્શન કરવાને માટે ભારતવર્ષના અનેક ભૂપાળો ભેટ લઇને તેમની રાજસભામાં આવના હતા, તેજ રાણાને આજે એક મહારાષ્ટ્રીયની મુલાકાત લેવાને માટે રાજસિંહાસનપરથી ઉતરીને જવું પડયું. ચિતોડથી થોડે દૂર "વ્યાઘ્રમેરુ" ની શૈલમાલામાં રાણા અને સિંધિઆનો મેળાપ થયો. સિંધિઆએ રાણાનો ઉત્તમ પ્રકારે આદરસત્કાર કર્યો. સિંધિઆ અને મહારાણાની મુલાકાત પછી થોડા સમયમાં જે અસાધારણ કાર્ય થયું, તેથી જાલિમસિંહનું ભાગ્યાકાશ શ્યામ વાદળોથી આવૃત થઈ ગયું અને તેની આશાની સિદ્ધિના માર્ગમાં પ્રચંડ વિઘ્ન ઉપસ્થિત થયું. સિંધિઆ અને જાલિમસિંહ ચિતોડ છોડીને મહારાણાની મુલાકાત લેવાને વ્યાઘ્રમેરુમાં આવ્યા હતા અને અંબાજી ઇંગલે ત્યાં રહ્યો હતો. જાલિમસિંહના હૃદયમાં આશાની જે નવીન વેલી ધીમે ધીમે વિકાસ પામી રહી હતી, તે અંબાજીને વિદિત હતી. જો કે જાલિમસિંહે પોતાની અભિલાષા કોઇની સમક્ષ પ્રકટ કરી નહોતી, તોપણ ઉપર્યુક્ત ચતુર મહારાષ્ટ્રીયવીર તેને જાણી ગયો હતો. જાલિમસિંહ પોતાની મહત્ત્વાકાંક્ષા ગુપ્ત રાખવાનો જેટલો પ્રયાસ કરતો હતો, તેટલો અધિક સંદેહ અંબાજીના હૃદયમાં ઉત્પન્ન થતો હતો. અંબાજી સંપૂર્ણ રીતે સમજતો હતો કે જો જાલિમસિંહની અભિલાષા પૂર્ણ થશે તો મને હાનિ થશે અને મારે તેના હાથનીચે કામ કરવું પડશે. આથી તે જાલિમસિંહની મહત્ત્વાકાંક્ષા નિષ્ફળ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો; પરંતુ આટલા દિવસ સુધી તેને સુસંધિ મળી નહોતી. આજે જાલિમસિંહને દૂર ગયેલો જોઇ, તે તેનું પરાક્રમ અને બળ દબાવવાને માટે વિદ્રોહી ચંદાવતસરદારની સાથે મળી ગયો અને જાલિમસિંહની વિરુદ્ધ પ્રપંચજાળ રચવા લાગ્યો. જાલિમસિંહ અંબાજીને પોતાનો મિત્રજ સમજતો હતો. જો કે તેણે પોતાની મહત્ત્વાકાંક્ષા તેની આગળ પ્રકટ કરી નહોતી, તોપણ તે તેનો ભરોંસો રાખતો હતો. તે માનતો હતો કે અંબાજી મારું કાંઇ અમંગળ કરશે નહિ. આ વિશ્વાસથીજ જાલિમસિંહની સર્વ અભિલાષા નષ્ટભ્રષ્ટ થઇ ગઈ. જો જાલિમસિંહ પોતાના રાજદ્વારી પ્રતિસ્પર્ધીના જેવો અનુદાર હોત તો તે અંબાજીની કપટજાળને તોડીને પોતાના ચાતુર્યબળથી પોતાના સૌભાગ્યના માર્ગને નિષ્કંટક બનાવી દેત. જો તેને પોતાનાપર ઝઝુમતા સંકટના વર્તમાન પ્રથમથી મળ્યા હોત તો અવશ્ય તેનું નિવારણ થઇ ગયું હોત; પરંતુ તેમ ન બનવાથી તેની સર્વ આશા નષ્ટ થઇ ગઈ. જે આશા સફળ થવાથી તે વિશાળ ભારતવર્ષનો સમ્રાટ બની કોટયવધિ મનુષ્યોપર શાસન કરત, તે આશા વિફળ થવાથી તેને માત્ર થોડા રાજપૂતોની સરદારી મળી. પુરુષનું ભાગ્ય કેવું હોય છે !

સાલુમ્બ્રાસરદાર ભીમસિંહે અંબાજીની સાથે મળીને નિશ્ચય કર્યો કે:-"જો જાલિમસિંહ દૂર જાય તો હું વીસ લાખ રૂપિયા આપીને મહારાણાની આધીનતા સ્વીકારૂં." જ્યારે ભીમસિંહે પોતાના આપ્ત ઇતર ચંદાવતસામંતોને પોતાનો આ નિશ્ચય જણાવ્યો ત્યારે તેમને પણ આ કાર્ય પસંદ પડયું. આ વાત સાંભળી સર્વ જણે દઢતાપૂર્વક માન્યું હતું કે જાલિમસિંહની સાથે શત્રુતા હોવાથીજ ભીમસિંહે આવો નિશ્ચય કર્યો છે; પરંતુ વાસ્તવમાં કપટી અંબાજીએજ ભીમસિંહને સમજાવીને આવો નિશ્ચય કરાવ્યો હતો. ભાગ્યનું ચક્ર કેવું વિચિત્ર છે ! કર્મની ગતિ કેવી ન્યારી છે ! આ વખતે સિંધિઆ પુના તરફ જવાની ભારે ઉતાવળમાં હતો. વિદ્રોહીઓનું દમન નહિ થવાને લીધેજ તે અત્યારસુધી થોભ્યો હતો; તેથી આ વખતે ચંદાવતસરદારની માગણી સાંભળી તેણે પોતાની અભિલાષા પૂર્ણ કરવાની સંધિ મળેલી જોઇ અને તે વાતમાં પોતાની સંમતિ આપી.

જાલિમસિંહ પૂર્વે જણાવ્યા પ્રમાણે અંબાજીને પોતાનો મિત્ર ગણતો હતો. ઉજ્જયિનીના યુદ્ધમાં 'ક્ષત્રીયવીર ત્ર્યંબકજીએ પ્રાણાર્પણ કરીને જાલિમસિંહપર જે મહોપકાર કર્યો હતો, તે અદ્યાપિ જાલિમ-વિસરી ગયો નહોતો. હજી તેનાથી આ મહોપકારનો બદલો વાળી શકાયો નહોતો. ત્ર્યંબકજીએ

કરેલા ઉપકારથી હજી જાલિમસિંહ અંબાજીને પોતાના ભ્રાતાસમાન માનતો આવ્યો હતો. જ્યાંસુધી ઉભય વચ્ચે સ્વાર્થરક્ષાનો પ્રશ્ન ઉપસ્થિત થયો નહોતો ત્યાંસુધી ઉભયની મિત્રતા અટલ રહી; પરંતુ હવે તેમની વચ્ચે ભારે વૈમનસ્ય ઉત્પન્ન થયું. આ ઝઘડો શીઘ્ર નિવૃત્ત થાય એવો નહોતો. એનાથી જે અગ્નિ ઉત્પન્ન થવાનો હતો, તેદ્વારા એક પક્ષ ભસ્મીભૂત થવાનો અવશ્ય સંભવ હતોજ. જે સમયે જાલિમસિંહ રાણાની સાથે ચિતોડ પહોંચ્યો ત્યારે અંબાજીએ પોતાને જાણે મહાશોક થતો હોય એવા આડંબરથી કહ્યું:–"વિદ્રોહી ભીમસિંહ શરણે આવવા માગે છે; પરંતુ તે કહે છે કે જ્યાંસુધી જાલિમસિંહ અહીંઆં રહેશે ત્યાંસુધી કદિપણ હું રાણાને શરણે જઇશ નહિ, માટે હવે આપને જે ઉચિત લાગે તે કરો." "જો આ માગણીનો અસ્વીકાર કરીશ તો રાણા તથા ઇતર માણસોના મનમાં સંદેહ આવશે" એમ ધારી જાલિમસિંહે કહ્યું:–"જો તેના માર્ગમાં આજ વિઘ્ન હોય તો હું હમણાંજ અહીંઆંથી સહર્ષ વિદાય થાઉં છું. હું અહીંઆં રહું તો ખર્ચ પણ વિશેષ થશે. જો રાણાજીની ઇચ્છા હોય તો એકવાર મારા કોટાનગરમાં જાઉં." આ વખતે જાલિમસિંહ ચતુર મહારાષ્ટ્રીયવીરની કપટજાળમાં ફસાઇ ગયો. તે ધારતો હતો કે મારી અભિલાષા કોઇને વિદિત નથી; પરંતુ ચતુર અંબાજીથી કોઇ વાત ગુપ્ત રહી શકતી નથી, એ વાત તે જાણતો નહોતો. જાલિમસિંહમાં એક મહાન ગુણ હતો. આ મહાન ગુણની સહાયથીજ તે યુવાવસ્થામાં મહા વીર અને પ્રખર બુદ્ધિસંપન્ન ગણાતો હતો. આ મહાન ગુણ ગર્વ હતો. ગર્વ એ ભલે ઇતર માણસોને માટે દોષરૂપ ગણાતો હોય; પરંતુ જાલિમસિંહનો ચરિત્રના સંબંધમાં તો ગર્વજ ગુણસ્વરૂપ ગણાશે. આ ગર્વજ તેને ઉન્નત સ્થિતિપર લઇ ગયો હતો અને શત્રુઓના આક્રમણથી પણ આ ગર્વેજ તેનું રક્ષણ કર્યું હતું. જાલિમસિંહમાં જે દુરાકાંક્ષા હતી, તેથી તેને ડગલે ડગલે અપમાન સહન કરવું પડત; પરંતુ આ ગર્વેજ તેને અપમાનમાંથી બચાવ્યો હતો. તેની વય જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તેને સમસ્ત ગુણો લય પામતા ગયા. માત્ર ગર્વેજ તેનો સંગ છોડયો નહોતો. અંબાજીએ જાલિમસિંહના ચરિત્રનો ઉત્તમ પ્રકારે અભ્યાસ કર્યો હતો. તે સારીપેઠે જાણતો હતો કે જો હું જાલિમસિંહની આગળ સાલુંબ્રાસરદારની આ માગણી સાદર કરીશ તો તે અવશ્ય સમ્મત થશે.

જાલિમસિંહનો ઉત્તર સાંભળી અંબાજીએ વ્યંગ વચનથી સસ્મિત કહ્યું:–"આપ કહો છો તે વાતપર મને વિશ્વાસ આવતો નથી, આપને જે નહિ ઓળખતા હોય તેજ માત્ર એ વાત માને." આ વ્યંગ વચન સાંભળી ગર્વિત જાલિમસિંહે પોતાનું વચન પાળવાની દૃઢ પ્રતિજ્ઞા કરી. તરતજ અંબાજી વિસ્મિત થઇ બોલ્યો:–"તો શું આપે ખરેખર જવાનોજ વિચાર કર્યો છે?" "હા, ખરેખર." આ રીતે જાલિમસિંહ ગંભીરતાપૂર્વક ઉત્તર આપી અડગ રીતે ખડો રહ્યો. તેના મસ્તકનો એક કેશ પણ કંપિત થયો નહિ. અંબાજી મનમાં અત્યાનંદ પામ્યો; પરંતુ તેણે પોતાનો આનંદાતિરેક ગુપ્ત રાખ્યો અને કૃત્રિમ ગંભીરતાપૂર્વક તે બોલ્યો:–"ઠીક, ત્યારે તો થોડીવારમાંજ આપની ઇચ્છા સફળ થશે." આ પ્રમાણે બોલી જાલિમસિંહને અધિક વિચાર કરવાનો સમય આપ્યા વિનાજ તે પ્રપંચીમરાઠો પોતાના અશ્વપર આરૂઢ થઇ સિંધિઆના શિબિર તરફ ચાલ્યો ગયો.

જાલિમસિંહના મનમાં અત્યંત શોક થયો. તેની ચિંતાનો પાર રહ્યો નહિ. શું કરૂં અને ક્યાં જાઉં? આ વિચાર તેને વ્યાકુળ કરવા લાગ્યો. તે કાંઇપણ નિર્ણય ઉપર આવી શક્યો નહિ. તેની સદાની આશા આજે નિર્મૂળ થઈ ગઇ. ફળ આવતી વખતજ તેની વિકસિત આશાલતા કરમાઇ ગઈ. આ શું ઓછા શોકની વાત છે? છતાં હજી જાલિમસિંહના હૃદયમાંથી આશાલતાની જડ નીકળી ગઇ નહોતી. તેણે ધાર્યું કે અંબાજીની વાતને સિંધિઆ કદિ સમ્મત થશે નહિ અને જો તે કદાચિત સમ્મત થશે તો રાણાજી તેનો પ્રતિવાદ કરશે; કારણ કે મારૂં પરાક્રમ તેઓ સારીપેઠે જાણે છે. સિંધિઆની ઉપર શ્રદ્ધા રાખવાનું એક વિશેષ કારણ હતું. સિંધિઆએ ગુપ્ત રીતે જાલિમસિંહને પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું હતું કે:–"મેવાડનો પુનરુદ્ધાર કરવાને માટે હું તમને પુષ્કળ સૈન્ય આપીશ." વળી જાલિમસિંહની આશાનું બીજું એક મજબૂત કારણ હતું. તેણે ધાર્યું હતું કે જો હું સહાય નહિ કરૂં તો સિંધિઆ મહારાણાની પાસેથી પોતાની ખંડણી કદિપણ વસુલ કરી શકશે નહિ.[1] પરંતુ બુદ્ધિમાન અંબાજીએ આ વાતનો પ્રબંધ

[1] ચંદાવતોને ચિતોડમાંથી દૂર કરવાના બદલા તરિકે રાણાએ સિંધિઆને ૨૦ લાખ રૂપિયા આપવાનો સ્વી-

પ્રથમથીજ કરી લીધો હતો.જ્યારે અંબાજીએ સિંધિઆ સમક્ષ ઉપર્યુક્ત વાત કાઢી અને જ્યારે સિંધિઆએ પોતાની ખંડણીની માગણી કરી, ત્યારે અંબાજીએ તરતજ પોતે તે રૂપિયા આપવાનો ખુશીથી સ્વીકાર કર્યો[1] અને સિંધિઆએ પણ તેનાપર વિશ્વાસ મૂક્યો. થોડા વખતમાં અંબાજીએ આ સર્વ રૂપિયા આપી દીધા, જે લઇને સિંધિઆએ પૂના તરફ પ્રયાણ કર્યું. તેજ દિવસથી રાણા અને જાલિમસિંહ સાથેનો તેનો સંબંધ તૂટી ગયો. જતી વખતે સિંધિઆએ અંબાજીને પોતાના પ્રતિનિધિતરિકે નિયુક્ત કર્યો અને અંબાજી તેની ખંડણી વસુલ કરી શકે એટલા માટે એક મોટી સેના પણ ત્યાં રાખી. સિંધિઆની પાસેથી પોતાનું કામ કાઢી લઇ ચતુર અંબાજી રાણાના મંત્રી શિવદાસ અને સતીદાસની પાસે ગયો અને થોડા વખતમાં પોતાનું અભીષ્ટ સિદ્ધ કરી તે પાછો જાલિમસિંહની પાસે પહોંચ્યો. ત્યાં જઇ ધૂર્ત અંબાજી પોતાના હૃદયનો આનંદ છુપાવી ગંભીરતાપૂર્વક બોલ્યો:–"આપની ઇચ્છા પૂર્ણ કરવાને માટે સર્વ જણે સમ્મતિ આપી છે." અંબાજીએ આ કાર્ય પોતાની ચપળતાથી એવી ઉત્તમ રીતે પાર પાડયું હતું કે જ્યારે તે ઉપર્યુક્ત વચનો બોલતો હતો, તેજ વખતે રાણાજીના એક માણસે આવીને જાલિમસિંહને નિવેદન કર્યું કે:–"આપની વિદાયગીરી તૈયાર છે." જાલિમસિંહની સમસ્ત આશા નષ્ટ થઇ ગઈ; પરંતુ તે કિંચિત્ પણ મ્લાન મુખ કર્યા વિના શીઘ્ર ચિતોડથી વિદાય થયો. ત્યારપછી સાલુંબ્રાસરદારે ચિતોડદુર્ગમાંથી બહાર આવી રાણાજીને દંડવત્ પ્રણામ કર્યા અને ક્ષમામાટે પ્રાર્થના કરી. અંબાજીની આશા પૂર્ણ થઇ અને તે મેવાડનો કર્તાહર્તા થઇને સુખપૂર્વક કાળક્રમણ કરવા લાગ્યો.

આ પ્રકારે કપટ અને પ્રપંચનો દાવ ખેલી અંબાજી આઠ વર્ષપર્યંત મેવાડમાં રહ્યો. આ આઠ વર્ષના અરસામાં તેણે એટલું બધું દ્રવ્ય એકત્રિત કરી લીધું કે તે દ્રવ્યદ્વારા તે ભારતવર્ષનો એક સુપ્રસિદ્ધ શાહુકાર ગણાયો. મેવાડની જમીનનું મહેસુલ પચાવી જઇને તેણે ૧૨૦૦૦૦૦રૂપિયાનો સંચય કર્યો હતો[2]પરંતુ તે મેવાડમાં રહ્યો તેથી તે દેશમાં પ્રવર્તેલી સર્વ અરાજકતા દૂર થઇ ગઇ હતી. મેવાડરાજ્યનું આ કાંઇ ઓછું કલ્યાણ કહેવાય નહિ. દીર્ઘકાળથી જે શાંતિ મેવાડમાંથી વિદાય થઇ ગઇ હતી, તેણે હવે પુનઃ દર્શન દઇને તે દેશને શાંત કર્યો. દીર્ઘકાળ પછી મેવાડના લોકો શાંતિસુખ પ્રાપ્ત કરી અંબાજીને આશીર્વાદ દેવા લાગ્યા. સિંધિઆએ અંબાજીને કેટલાંક કામો સોંપ્યાં હતાં, જેનો નિર્દેશ નીચે કરવામાં આવે છે:—

(૧) રાણાને તેનો સંપૂર્ણ અધિકાર પુનઃ અર્પણ કરવો અને વિદ્રોહી ચંદાવતો તથા પગારદાર સિંધીલોકોની સર્વ ભૂમિ જપ્ત કરી રાણાજીને આપી દેવી.

(૨) રત્નસિંહને કમલમેરથી દૂર કરવો.

(૩) મારવાડના રાજા પાસેથી ગદવાડ(ગોદ્વાર)પ્રાંતનો પુનરુદ્ધાર કરવો.

(૪) બૂંદીના રાજકુમારે અરિસિંહનો વધ કર્યો તેથી જે વિગ્રહ ઉત્પન્ન થયો છે, તેનું નિવારણ કરવું.

જે વીસ લાખ રૂપિયા સિંધિઆને આપવામાં આવ્યા હતા, તેને કયાં કયાં પ્રગણાંમાંથી કેવી રીતે

કાર કર્યો હતો. અહીંઆં આજ ખંડણીવિષે નિર્દેશ છે.

૧ દક્ષિણમાં અંબાજીની જે સંપત્તિ હતી, તે દ્વારાજ સિંધિઆને સર્વ રૂપિયા મળ્યા હતા. અંબાજીએ પોતાના કારભારી ઉપર હુંડી મોકલી હતી અને તેથી સિંધિઆને રૂપિયા મળ્યા હતા.

૨ ઉપર્યુક્ત બાર લાખ રૂપિયા નીચેની વિગત પ્રમાણે એકઠા કરવામાં આવ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| સલુમ્બર સંસ્થાનમાંથી | | રૂા. | ૩૦૦૦૦૦ |
| દેવગઢ | " | " | ૩૦૦૦૦૦ |
| સિંગિનગઢ | " | " | ૨૦૦૦૦૦ |
| કુશીતલ | " | " | ૧૦૦૦૦૦ |
| અમાઇત | " | " | ૨૦૦૦૦૦ |
| કોશાવાડ | " | " | ૧૦૦૦૦૦ |
| | | કુલ રૂા. | ૧૨૦૦૦૦૦ |

એકઠા કરવા તેનું એક પત્રક અંબાજીએ બનાવ્યું અને તે પ્રમાણે તે કાર્ય કરવા લાગ્યો. ચંદાવતોની જાગીરમાંથી ૧૨૦૦૦૦૦ રૂપિયા અને શેષ ૮૦૦૦૦૦ રૂપિયા શક્તાવતોની જાગીરમાંથી તેણે વસુલ કર્યાં. વળી રાણાજીએ પ્રતિજ્ઞાપૂર્વક અંબાજીને જણાવ્યું હતું કે બીજાં કામો થવાથી તમને સેનાનો ખર્ચ આપી, પારિતોષિકતરિકે રૂપિયા સાઠ લાખ આપવામાં આવશે. ખોટા હક્કદાર રત્નસિંહને બે વર્ષની અવધિમાં કમલમેરથી દૂર કરવામાં આવ્યો. વિદ્રોહી રાણાવતસરદારના અધિકારમાંથી જિહાજપુર અને ઈતર સરદારોના હાથમાંથી પણ રાજભૂમિ મુક્ત કરવામાં આવી.[1] આ કાર્યો સિદ્ધ થવાથી મેવાડને ઘણો ફાયદો થયો એ વાત સાચી; પરંતુ બીજાં કેટલાંક મોટાં કામો કરવાનાં હતાં તેના સંબંધમાં અંબાજીએ શું કર્યું? મેવાડરાજ્યના મુકુટસ્વરૂપ ગદવાડપ્રાંતનો પુનરુદ્ધાર, બૂંદી અને મેવાડની વચ્ચે જે વિગ્રહ ચાલતો હતો તેનું દમન અને મહારાષ્ટ્રીયલોકોએ દબાવેલી ભૂમિનો પુનરુદ્ધાર—આ ત્રણ મહત્કાર્યોના સંબંધમાં અંબાજીએ શું કર્યું? પ્રથમ તેણે મેવાડના હિતનાં જે કાર્યો કર્યાં હતાં તેથી લોકોના હૃદયમા જે આશા ઉત્પન્ન થઇ હતી તે શું તેણે પૂર્ણ કરી હતી? પ્રભુતાનો સ્વાદ ચાખતાંની સાથેજ અંબાજી અત્યંત સ્વાર્થપરાયણ થઇ ગયો અને ઉપર્યુક્ત ત્રણ મહત્કાર્યો કર્યાં વિનાજ તે મેવાડનો સુબેદાર બની બેઠો. ક્રૂર વિષધર કેટલા કાળસુધી પવિત્ર અને નિષ્પાપ રહી શકશે? થોડો સમય વ્યતીત થતાં ઉક્ત ક્રર અને સ્વાર્થપરાયણ મહારાષ્ટ્રીએ પોતાની ભયંકર મૂર્તિ ધારણ કરી અને તે મેવાડના શત્રુઓની સાથે મળી ગયો;પરંતુ રાજપૂતો કદિ પણ કૃતજ્ઞતાને તિલાંજલિ આપતા નથી. જો કે પ્રપંચી અને સ્વાર્થાંધ અંબાજીએ કરારપત્ર પ્રમાણે કાર્ય ન કર્યું, જો કે તેણે મેવાડનું પુષ્કળ દ્રવ્ય પચાવી પાડયું; તથાપિ જે થોડો ઉપકાર તેનાદ્વારા મેવાડપર થયો તેને રાજપૂતો કદિ પણ વિસરી ગયા નહિ. જ્યાંસુધી અંબાજી મેવાડનું હિત સાધતો હતો, ત્યાંસુધી મેવાડવાસીઓ હૃદયપૂર્વક તેને પૂજતા હતા. જ્યારે ચંદાવતોને રાજસભામાં તેમના પૂર્વાધિકાર પ્રાપ્ત થયા ત્યારે શિવદાસ અને સતીદાસના ભયની સીમા રહી નહિ. પોતાના ભ્રાતા સોમજીના શોચનીય વધનું સ્મરણ થતાં અને ચંદાવતોને જોવામાં આવતાં, તેમનાં અંગ ભયથી કંપી ઉઠતાં હતાં. આ ચંદાવતો અમારી વિરુદ્ધ કાંઇ કપટજાલ રચતા હશે, એવો તેમને સંદેહ ઉત્પન્ન થયો. તેઓ અમને પણ સોમજીની પેઠે મારી નાખવાની યુક્તિ રચતા હશે એવો તેમને ભય પેદા થયો. આ ચિંતાથી તેઓ એટલા બધા વ્યાકુલ થયા કે અંતે તેમણે અંબાજીની પાસે સેનાની સહાય માગી. વળી તેમણે તેને એમ પણ જણાવ્યું કે મેવાડમાં એક સહાયક સેના સદા રહેવી જોઇએ. ઉકતઉભય ભ્રાતાઓ સારી પેઠે જાણતા હતા કે અંબાજીની સહાયવિના રાણા પોતે પણ પોતાનો અધિકાર સુરક્ષિત રાખી શકશે નહિ.આથીજ તેમણે અંબાજીની પાસે સેનાની સહાય માગી હતી. અંબાજી આ પ્રબંધ કરવાને શીઘ્ર સમ્મત થયો. તેની સેનાના નિર્વાહને માટે આઠ લાખ રૂપિયાની ઉપજની કેટલીક જાગીરો આપવામાં આવી; પરંતુ મેવાડનું અનિષ્ટજ થવાનું હતું, તેથી મહારાણા અને મંત્રીના કરેલા કોઇ પણ ઉપાયો સફલ થયા નહિ. તેમના સર્વ પ્રયત્નો વિફળ થયા. રાણાજી એક ભાગની રક્ષા કરતા કે તરતજ બીજા ભાગમાં નુકસાન થતું. એક પાસું તરતું તો બીજું પાસું ડૂબતું. હવે મેવાડમાં શાંતિ દૃષ્ટિગોચર થઇ નહિ. ચારે તરફ અસંતોષ, અપ્રસન્નતા અને હાહાકારનો ધ્વનિ સંભળાવા લાગ્યો. રાજ્યની ઉપજ કોણ જાણે ક્યાં ખર્ચાઇ જતી હતી! શીઘ્ર ખજાનો ખાલી થઈ ગયો. રાણાજી એટલા બધા ધનહીન થઈ ગયા કે તેને સંવત ૧૮૫૧ માં જયપુરના રાજકુમારની સાથે પોતાની ભગિનીનો વિવાહ કરવાને માટે મહારાષ્ટ્રીયસેનાપતિની પાસેથી પાંચ લાખ રૂપિયા ઉછીના લેવા પડ્યા હતા. એ ખરાબ વર્ષ વ્યતીત થઇ ગયા પછી બીજે વર્ષે મેવાડમાં જે ત્રણ ઘટનાઓ બની તેનું અત્રે વર્ણન કરવું ઉચિત છે. આ વર્ષમાં રાજમાતાનો પરલોકવાસ થયો, મહારાણાને રાજકુમારની પ્રાપ્તિ થઇ અને ઉદયસાગરમાં મહા રેલ આવી. આ રેલથી મેવાડને અત્યંત હાનિ પહોંચી હતી. આ ઘટના બનવાથી મેવાડની દુર્દશા ચારગણી વધી ગઇ હતી. આ મહા રેલ આવવાથી નગરનો ત્રીજો ભાગ ડૂબી ગયો. આ વખતે મેવાડમાં એક એવી અફવા ફેલાઇ કે મહારાણાજીએ પાર્વતીજીનો એક નવો ઉત્સવ સ્થાપન કર્યો છે[2] તેથી ચતુર્ભુજાદેવીએ ક્રોધિત

૧ સિંધીઓની પાસેથી રાયપુર તથા રાજનગર, પુરાવતોની પાસેથી ગુરલા અને ગાદરમાલા, સરદારસિંહની પાસેથી હમીરગઢ અને સાહુબ્બાસરદારની પાસેથી કુરજકુબારિઓ, આટલાં પરગણાંનો ઉદ્ધાર કરવામાં આવ્યો હતો.

૨ આ મહોત્સવ ભાદરવા માસના શુક્લપક્ષમાં ઉજવવામાં આવે છે.

થઇને આ ઉત્પાત ફેલાવ્યો છે. આ અફવામાં કાંઇ સત્ય હો વા ન હો; પરંતુ ઉક્ત વર્ષમાં મેવાડવાસીઓની અતિ ભયંકર દુર્દશા થઇ હતી.

અંબાજીનું ભાગ્યાકાશ ધીમે ધીમે વધારે સ્વચ્છ થતું ગયું. સંવત ૧૮૫૧ માં સિંધિઆએ તેને પોતાના ઉત્તરહિંદુસ્થાનના પ્રતિનિધિતરિકે નિયત કર્યો. અંબાજીને આ પદ પ્રાપ્ત થયું કે તરતજ તેણે ગણેશપંત નામના એક મહારાષ્ટ્રીયને મેવાડમાં પોતાના પ્રતિનિધિતરિકે નિયુક્ત કરી ત્યાંથી વિદાય લીધી. સવાઇસિંહ અને શ્રીભાઇ મહેતા નામના[1] રાણાજીના બે કર્મચારીઓ હતા. આ ઉભય કર્મચારીઓ ગણેશપંત સાથે મળી ગયા.આ ત્રણે જણે મળીને પોતાની અલ્પકાલીન પ્રભુતાથી એવા કઠોર અત્યાચાર કર્યા કે તેથી પ્રજા ત્રાહ ત્રાહ પોકારવા લાગી. તેમણે પ્રજાપર દારુણ જુલમ કરીને મેવાડનું સર્વ રક્ત ચૂસી લીધું. નિરુપાયે અંબાજીએ ગણેશપંતને પદચ્યુત કર્યો અને તેના પદપર સુપ્રસિદ્ધ રાયચંદને નીમ્યો. રાયચંદ અંબાજીનો પ્રતિનિધિ થયો તો ખરો, પરંતુ કોઇએ પણ તેની આજ્ઞાને માન આપ્યું નહિ. આથી રાજ્યમાં પુનઃ લડાઈટંટા ઉત્પન્ન થયા અને સર્વત્ર અરાજકતા પ્રસરી રહી. લોકોનાં જાનમાલ સંકટમાં આવી પડયાં. સર્વ દલના મનુષ્યો પોતપોતાનો ઉદ્દેશ સફલ કરવાને માટે મહા ઉપદ્રવ કરવા લાગ્યા. અત્યાચાર, ઉપદ્રવ અને વિપત્તિઓએ આવીને મેવાડભૂમિને શ્મશાનવત્ બનાવી મૂકી. આને એક ઉત્તમ સંધિ માની મરાઠા, રોહિલા અને ફિરંગીલોકો અબાધિત રીતે આવી જેમ ફાવે તેમ રાજપૂત લોકોની સમસ્ત સંપત્તિ લૂંટવા લાગ્યા અને મહા ભય ઉપજાવવા લાગ્યા. આ સમયે ચંદાવ લોકોએ પોતાના ગોત્રપતિ ચંદ્રના પવિત્ર મંત્રનો અનાદર કરી દુષ્ટ સિંધીઓની સાથે સંપ કર્યો અને તેમની સહાયથી મેવાડમાં તેઓ જેમ ફાવે તેમ લૂંટફાટ કરવા લાગ્યા. આ લોકોનું દમન કરવું અસંભવિત જાણી મહારાણાએ આજ્ઞા ફરમાવી દીધી કે એ લોકોની જાગીરો જપ્ત કરી લેવી.આ આજ્ઞા પ્રાપ્ત થતાં રાજસેનાએ કોરાવાડને પોતાના અધિકારમાં લઇ લીધું અને સલુંબરકોટપર તોપો લગાડી દીધી. આવી સ્થિતિ જોઇ સિંધી લોકો સાલુમ્બ્રાસરદારનો ત્યાગ કરી દેવગઢ તરફ નાઠા. આથી ચંદાવતો ઉપર ભારે વિપત્તિ આવી પડી. વિપત્તિમાથી મુક્ત થવાનો કોઈ પણ ઉપાય નહિ જોઇ તેમના અધ્યક્ષ અજિતસિંહે અંબાજીની પાસે એક દૂત મોકલ્યો અને તેની સાથે કહેવરાવ્યું કે જો તમે અમને સહાય કરશો તો અમે તમને દશ લાખ રૂપિયા આપીશું. લોભી મરાઠો આ પ્રલોભનને તિલાંજલિ આપી શકયો નહિ. તે આ લાલચમાં ફસાયો. દશ લાખ રૂપિયાને માટે તેણે પોનાના પ્રતિનિધિ રાયચંદને મેવાડ છોડી જવાની આજ્ઞા કરી; અને શિવદાસ તથા સતીદાસનાં પદ છીનવી લઇ તે ચંદાવતોને સહાય કરવાને તત્પર થયો. સંવત ૧૮૫૩ (ઈ૰ સ૰ ૧૭૯૭) તેની સહાયથી સાલુમ્બ્રાસરદારને રાજસભામાં પૂર્વના જેવી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઇ. અગ્રજી[2]મહેતાને દિવાન બનાવ્યો અને પછી તેણે પોતાના વિરોધી શક્તાવતસરદાર ઉપર આક્રમણ કર્યું. ઉભય

---

[1]એમાંનો પહેલો શખસ કર્નલ ટૉડના સમયમાં રાજકુમાર જવાનસિંહનો પ્રાઈવેટ સેક્રેટરી હતો. કર્નલ ટૉડ જણાવે છે કે:-"તેનામાં લેશ પણ વિદ્યા કિંવા બુદ્ધિ નહોતી. જ્યારે હું ઉદયપુરમાં આવ્યો, ત્યારે તેનો બંધુ શ્રીભાઈ મહેતા પણ રાણાજીનો એક મંત્રી હતો.આ શ્રીભાઈ મહાપ્રપંચી હોવા છતાં પણ અતિ ઉત્સાહી અને સભ્ય હતો. તે કૉલેરાના રોગથી મૃત્યુ પામ્યો હતો."

[2] કર્નલ ટૉડ જ્યારે ઉદયપુરમાં ગયા તે સમયે અગ્રજી મહેતા રાણાજીનો દિવાન હતો. કર્નલ ટૉડ જણાવે છે કે:-"અગ્રજી કોઇ પણ પ્રકારે દિવાનની પદવીને લાયક ન હોતો." જે સમયે રાજનીતિજ્ઞ તથા ધર્મપરાયણ પાંચોલીગણ મેવાડની દિવાનગીરીથી દુર થયા તેજ સમયથી મેવાડની પ્રતિષ્ઠાપર આઘાત થયો છે. મંત્રી બિહારીદાસ પાંચોલીના વંશજોની સહીવાળા તેમના અનેક લેખો કર્નલ ટૉડને મળ્યા હતા. આ લેખોમાં મેવાડના ભૂત અને વર્તમાન કાળનું ચિત્ર એવી મનોહરતાથી આલેખવામાં આવ્યું છે કે અમે પણ તેમાંના કેટલાક લેખોનો ભાવાર્થ અમારા પાઠક બંધુઓની જાણને માટે અત્રે આપવાની આતુરતા રોકી શકતા નથી.

જ્યારે મેવાડમાં અનેક વિગ્રહો અને કલહો થઈ રહ્યા હતા, તે સમયે પાંચોલીઓના હાથમાંથી મંત્રીપદ જતું રહ્યું. વિગ્રહ કરનારા સરદારોમાં જેની જીત થતી તે પોતાના પક્ષના મંત્રી બનાવતા. આ મંત્રીઓમાં મહેતા, દેપ્રા અને રાણાના દુધભાઇ વિશેષ પ્રસિદ્ધ થયા. મનુ ભગવાને મંત્રીઓનાં જે લક્ષણો વર્ણવ્યાં છે, તેપર રાણાએ કિંચિત્ પણ લક્ષ્ય આપ્યું નહિ. આથી મેવાડની દુર્દશા દિનપ્રતિદિન વધતી ગઈ. પાંચોલીઓએ અનેક પત્રો રાણાજી અને અગ્રજી મહેતાને લખ્યા હતા. આ સમસ્ત પત્રો સ્વદેશાનુરાગના પવિત્ર ભાવથી પરિપૂર્ણ હતા. આ પત્રો

પક્ષોવચ્ચે દારુણ યુદ્ધ થયું. ચંદાવતોએ અંબાજીની સહાયથી શક્તાવતોને પરાજિત કર્યા અને તેમની હીથા તથા સાયમારી આ બે જાગીરોમાંથી દશ લાખ રૂપિયા એકઠા કરી તેને અંબાજીની છાતીપર મૂકયા.

---

વાંચવાથી મેવાડની ભૂત અને વર્તમાન દશા સારી રીતે અવગત થાય છે. સંવત ૧૮૫૩ ( ઈ૦ સ૦ ૧૭૯૭ ) માં અમૃતરાવ નામના એક પાંચોલીએ દેશનું અમંગલ થતું અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેણે રાણાના મંત્રભુવનથી ચંદાવતો અને શક્તાવતોને દુર કરીને મેવાડની સીમા બહાર રહેતા મેવાડીસરદારોને મંત્રીપદપર નિયુક્ત કરવાનો પ્રસ્તાવ કર્યો હતો. તેણે પ્રથમ પત્ર આ પ્રમાણે લખ્યો હતોઃ-

" હિંસા, દ્વેષ અને કુસંપથી દેશની પાયમાલી થાય છે. તુર્કલોકોના આગમનની સાથે મેવાડમાં આ રોગ આવ્યો હતો; પરંતુ થોડા વખતમાં રાણા, મંત્રી અને સરદારલોકોનાં હૃદય એક થવાથી આ રોગ નિવૃત્ત થઈ ગયો હતો. રાણા જયસિંહના સમયમાં આ રોગ પુનઃ ઉભરી આવ્યો; પરંતુ તેમના પુત્ર અમરસિંહે તેનો અટકાવ કર્યો. તેમણે અશાંતિ દુર કરી ઉત્તમ પ્રકારે રાજ્યપ્રબંધ ચલાવી, સારી રીતે પ્રજાપાલન કરી રાજ્યની ઉન્નતિ કરી. તેમણે યોગ્ય માણસોને લાયક પદપર નિયુક્ત કર્યા હતા; પરંતુ રાણા સંગ્રામસિંહે ચદાવતોનું રામપુર પ્રગણુ લઈ લીધું. આથી મેવાડની એક પ્રધાન પાંખ તૂટી ગઈ. મંત્રી બિહારીદાસના પુત્રે આત્મહત્યા કરી તથા મેવાડપર બમણી વિપત્તિઓ આવી પડી. બાજીરાવે મેવાડપર આક્રમણ કર્યું, જયપુરનો ઉપદ્રવ થયો, રાજમહલમાં પરાજય થયો તથા અપાર ધનનો વ્યય થયો. આ સર્વ કારણોથી રાજ્યમાં અત્યંત અશાંતિ પ્રસરી ગઈ. જગતસિંહના સમયમાં પાંચોલીઓની સાથે રાણાના ધાવભાઈઓએ જે શત્રુતા કરી હતી તેથી દેશવિદેશમાં તેમનું સન્માન નષ્ટ થઈ ગયું. આથી સર્વ લોકો પોતે પોતાનેજ માનવા લાગ્યા. મેવાડના રાજ્યમાં કોઈને પણ સુખની પ્રાપ્તિ થતી નહોતી. જગતસિંહનો પુત્ર પ્રતાપસિંહ પોતાના પિતાની સાથે શત્રુતા કરવા લાગ્યો. તેના દુરાચરણથી શ્યામ, સોલંકી અને બીજા સરદારો પણ માર્યા ગયા. આથી રાણાજીને અત્યંત કષ્ટ થયું. આ સમયથી સરદારોની રાજભક્તિ લય પામવા લાગી, તેમનાં હૃદય કાળાં કર્મોની કાલિમાથી કલંકિત થયાં, તો પછી તેમનો વિશ્વાસ શી રીતે થઈ શકે? પ્રતાપસિંહનો અભિષેક થતા વખતે મહારાજ નાથજીએ દુરાકાંક્ષા ધારણ કરી પોતાના કુટુંબીઓને મહા સંકટમાં નાખ્યા. આથી શત્રુતા, સંદેહ, છળ, કપટ, વિશ્વાસઘાત ઈત્યાદિ દુરાચાર ચારે તરફ ફેલાઇ ગયા. જે વખતે અમરચંદના સાહસિક આચરણે પાંચોલીઓમાં પરસ્પર વિગ્રહ ફેલાવ્યો અને જ્યારે ટેમા લોકોની સાથે અમરચંદને પ્રબળ વૈર થયું, ત્યારે મેવાડને ચારે તરફથી વિપત્તિઓએ ઘેરી લીધું. આ વિપત્તિઓ જોયા છતાં પણ કોઇનાં નેત્રો ખુલ્યાં નહિ. કોઈએ પણ આ વિપત્તિઓને નિવૃત્ત કરવાનો પ્રયાસ કર્યો નહિ. લડાઈઝઘડાથી મેવાડની અત્યંત પાયમાલી થઈ. પાછળથી ભુમાનસિંહ અને શકતાવતલોકોની વચ્ચે અધિકારસંબંધે જે ઝઘડો થયો તેથી મેવાડની દુર્દશા ઘણીજ વધી ગઈ. મહારાજ નાથજીનો ભયાનક વધ અને દેવગઢના રાજા જસવંતસિંહનો તેની સાથેનો વૈરભાવ, નામધારી રાણા રત્નસિંહનો મેવાડના સિંહાસનપરનો દાવો અને ઝાલા રઘુદેવનો ભીષણ ઉદ્યોગ ઈત્યાદિ ઘટનાથી મેવાડની ઘણી પાયમાલી થઈ. વળી મહારાણાએ ભોગવિલાસમાં નિમગ્ન થઇ રાજકાર્યપરની દેખરેખ છોડી દીધી, તેથી પણ ઘણો અનર્થ થયો. તદુપરાંત મહારાણાના ધાવભાઈઓએ પ્રપંચ રચી રાજ્યમાં એવા અનર્થનું બીજ રોપ્યું કે તેમાંથી મેવાડ પુનઃ કદિ પણ મુક્ત થઈ શકયુંજ નહિ. સંવત ૧૮૨૯ માં બૂંદીના રાજાના વિશ્વાસઘાતથી રાણા માર્યા ગયા. ત્યારપછી સર્વ માણસો પોતાને મોટા સમજવા લાગ્યા. બાલક હમીરસિંહને કોઈએ કાંઈ વિસાતમાં ગણ્યો નહિ. દુષ્ટોના અત્યાચારથી રાજ્યમાં રાજશ્રીનો પડછાયોસુદ્ધાં રહ્યો નહિ. હમણાં મહારાણા ભીમસિંહે સાલુમ્બ્રાસરદાર ભીમસિંહ તથા તેમના બંધુ અર્જુનજીની સલાહથી વિદેશીસેનાને પગાર આપી રાખી છે. શું આથી પ્રથમના સર્વ અનર્થો દૃઢ થતા નથી? સ્વયં મહારાણા તથા શ્રીબાઇજીરાજ (રાજમાતા) વિદેશી અને દક્ષિણીઓનો વિશ્વાસ કરીને રાજ્યના રોગમાં વૃદ્ધિ કરે છે. વળી શ્રીમાનનું ચિત્ત રાજકાર્યમાં લાગતું નથી. હવે શું કરવું? હજી પણ ઉપાય છે. આવો, આપણે એકપ્રાણ થઈ મંત્રીનું યથાર્થ કાર્ય કરીએ. તેમ કરવાથી આપણને વિજય મળશે. જો વિજય નહિ મળે તો આ વધતો રોગ રોકાઇ તો અવશ્ય જશે; પરંતુ જો હમણાં પણ લક્ષ નહિ આપવામાં આવે તો પછી આ રોગની નિવૃત્તિ મનુષ્યના સામર્થ્યની બહાર સમજજો. આ દક્ષિણીલોકો એક પ્રકારનો ધાવ છે. આવો, એનો હિસાબ ચુકવી નાખો અને એમની સાથેનો સર્વ સંસર્ગ છોડી દેવાનો યત્ન કરો; નહિ તો આપણે આ જન્મભૂમિથી સદાને માટે હાથ ધોઇને બેસીશું. હાલ રાજ્યમાં ચારે તરફ સિંધીઓનો આડંબર ચાલી રહ્યો છે. મેં સર્વ બાબતોનું અવલોકન કર્યું છે અને તે મારી બુદ્ધિ અનુસાર જણાવ્યું છે જો એમાં કાંઇ દોષ થયો હોય તો ક્ષમા કરશો. આવો, આપણે ભાવીનું અવલોકન કરીએ. સરદારો, સામંતો, મંત્રીઓ, સભાસદો એ સર્વને એકપ્રાણ થવાની જરૂર છે. આપણે એકસંપ થઈશું તો રાજ્યનું મંગળ થશે અને તેથી સર્વનું મંગળ થશે; પરંતુ વિચાર કરીને જોશો તો તમને જણાશે કે આ કાર્ય કાંઈ સાધારણ નથી. જો દેશને લાગુ પડેલો રોગ દુર નહિ થાય તો આપણા સર્વની દુર્દશા થશે. "

એક સમયે જે મહારાષ્ટ્રીયવીરના બાહુબલથી રાજસ્થાનની સમસ્ત ભૂમિ કંપાયમાન થઇ ગઇ હતી; જેના લોભાગ્નિમાં મેવાડભૂમિ બળીને ભસ્મીભૂત થઇ ગઇ હતી, તે માધોજીસિંધિઆ પરલોકવાસી થયો. તેની અતૃપ્ત દુરાકાંક્ષા તેની સાથેજ લય પામી. રત્નોના રાશિથી જેને સંતોષ થયો નહોતો, તે આજે નગ્ન દશામાં અનંતધામમાં ચાલ્યો ગયો. જે મસ્તક કોઇની પણ આગળ અવનત થયું નહોતું, તેને આજે ચિતામાં ભસ્મીભૂત થવું પડયું. અહો ! આવાં દૃશ્યો નિત્ય જોવામાં આવવા છતાં પણ મોહાંધ મનુષ્યોનાં જ્ઞાનનેત્રો ખુલતાં નથી, એ કેવી આશ્ચર્યકારક વાત છે ! આવાં દૃશ્યો જોવા છતાં પણ મનુષ્યો પરહિંસા, પરનિંદા, વિદ્રેષ, વિશ્વાસઘાત અને કૃતઘ્નતાને તિલાંજલિ આપતાં નથી ! મનુષ્યનું જીવન ક્ષણભંગુર છે. કાળરૂપી સાગરમાં તે એક ક્ષુદ્ર પરપોટાસમાન છે. તે પળભર દૃષ્ટિગોચર થઇને પછી કોણ જાણે કયાં વિલય પામી જાય છે. જો આ અલ્પકાળમાં કાંઇ સત્કાર્ય ન કરી શકાય, તોપછી મનુષ્યના જીવનની સાર્થકતાજ શું ? એમ તો પશુઓ પણ પોતાનું ઉદર તો ભરે છે, તો પછી મનુષ્ય અને પશુમાં અંતર શો ? માધોજીસિંધિઆ પોતાના સૌભાગ્યથી અતિ વિશાળ રાજ્યનો સ્વામી થયો હતો. તેનું સામર્થ્ય અતિ પ્રચંડ હતું; પરંતુ જનની જન્મભૂમિ ઉપર તેણે શો ઉપકાર કર્યો ? જો તે પોતાના અસીમ ધનનો અને પોતાના પ્રચંડ સામર્થ્યનો સત્કાર્યમાં ઉપભોગ કરત તો ભારતવર્ષની દુઃખરૂપી નિશા નિવૃત્ત થઇને શીઘ્રજ આનંદમય પ્રભાતનો ઉદય થાત. જો તે સત્કાર્ય કરત તો તે મહારાષ્ટ્રીયવીરનું નામ પણ સ્વદેશભક્તોની પવિત્ર નામાવલીમા ગણાત. પ્રાતઃકાળમાં તેના નામનું પણ સ્મરણ થાત; પરંતુ તે મોહાન્ધ હતો. આથી મિથ્યા ગર્વથી ઉન્મત્ત થઇને તેણે ગૌરવના માર્ગમાં કંટક નાખ્યા અને પોતાની અભાગિની જન્મભૂમિને દુઃખના તિમિરમય કૂપમાં ડૂબાવી દીધી. તેણે લોભને વશ થઇ જે અગણિત ભારતસંતાનોનો નાશ કર્યો હતો, તેથી શું ભારતવર્ષનું કિંચિત્ પણ હિત થયું હતું ? તેણે ક્ષણે ક્ષણે ભારતવાસીઓના ઘૃણાપાત્ર થઇ પોતાનું જીવન વ્યતીત કર્યું અને અંતે સાનુતાપ સંસારમાંથી વિદાય લીધી. તેના મૃત્યુસમયે તેના કુટુંબીજનોસિવાય કોઇની પણ આંખમાંથી તેને માટે અશ્રુનું એક બિંદુ પણ નીકળ્યું નહોતું. તેને અનંત કાળના વિરાટ સ્વરૂપમાં સમાવિષ્ટ થઇ જવાને દીર્ઘ કાળ વ્યતીત થઈ ગયો છે; પરંતુ આજપર્યંત પણ ભારતવાસીઓ તેના નામપર સહસ્રશઃ ધિક્કાર આપે છે. રાજસ્થાનને જે ભયંકર દીનાવસ્થા પ્રાપ્ત થઇ તેનાં કારણો તેનો અત્યાચાર, પ્રચંડ લોભ અને તીક્ષ્ણ જૂલમ, એ હતાં. આ સ્મશાનભૂમિની અગણિત ચિતાઓમાંથી પ્રકૃતિદેવી કરુણામય સ્વરે દુઃખોદ્ગાર કાઢી તેનાં પૈશાચિક

---

બીજો પત્ર આ પ્રમાણે છેઃ—

" દેશમાં જે રોગનો ઉદ્ભવ થયો છે, તે અસાધ્ય નથી; પરંતુ તેની યથાર્થ ચિકિત્સા કરવી જોઈએ. અમરસિંહે દેશનું આરોગ્ય જાળવી ન્યાયપુરઃસર શાસન ચલાવ્યું હતું. સંગ્રામસિંહના સમયમાં એ રોગનું આહ્વાન થયું. જગતસિંહના સમયમાં એનું બીજારોપણ થયું. પ્રતાપસિંહના સમયમાં તેને અંકુર ફુટયો. રાજસિંહના સમયમાં તેને ફળ આવ્યું. રાણા ઉરસીના સમયમાં તે ફળ પાકયું. હમીરના સમયમાં તે ફળને વહેંચી આપવામાં આવ્યું અને સર્વ જણને તેનો થોડો થોડો ભાગ પ્રાપ્ત થયો તથા રાણા ભીમસિંહે તે ફળ પેટ ભરીને ખાધું. આપ સૌના ગુણદોષ, સ્વાદ, ગંધ સર્વ જાણી ગયા છો. જો આપ હવે ઔષધિ નહિ કરો તો અત્યંત કષ્ટ ભોગવવું પડશે. દેશવિદેશમાં રહેનારા લોકો આપની ઘૃણા કરશે; માટે આલસ્ય કરો નહિ. આલસ્યનું સેવન કરવાથી ધર્મની સાથે રાજ્ય પણ આપના હાથમાંથી ચાલ્યું જશે, રાજ્યલક્ષ્મી સદાને માટે આપને છોડી જશે. "

ત્રીજો પત્ર આ પ્રમાણે છેઃ—

"રાજમંત્રી અગ્રજી મહેતાપ્રત્યે,

દુધનું દહીં થઇ જાય તો તેમાં કાંઈ ન્યૂનાધિકતા નથી. બુદ્ધિમાન મનુષ્ય દહીંમંથી માખણ કાઢી શકે છે. માખણ કાઢી છાશને ફેંકી દેવામાં આવે તો કાંઈ હાનિ થતી નથી; પરંતુ જો દુધ શ્યામ પડી જાય તો તેને શુદ્ધ કરવાને માટે વિશેષ બુદ્ધિની જરૂર પડે છે. મેવાડરૂપી શુદ્ધ દુધની ઉપર વિદેશીલોકો શ્યામ રેખાસમાન જણાય છે; માટે પ્રાણાર્પણ કરીને પણ આ કલંકકાલિમાને દુર કરવી જોઈએ. પરદેશીઓનો વિશ્વાસ કરવાથી દેશનો નાશ થશે. ચંદ્રમાના વિમલ પ્રકાશને મૂકીને " ચંદ્રજ્યોતિ " ને ગ્રહણ કરવાથી શો લાભ ? ( રાજપૂત લોકો એક પ્રકારના નીલવર્ણ પ્રકાશને " ચંદ્રજ્યોતિ " કહે છે, વાસ્તવમાં એનો ખરો અર્થ ચંદ્રપ્રકાશ થાય છે. ) જે લોકો પાંખમાંથી કબુતર ઉત્પન્ન કરવાનું કહે છે, તેમની વાતનો કદિ પણ વિશ્વાસ કરશો નહિ. દેશવિદેશમાં એવી વાત ચાલે છે કે મેવાડમાં કોઈપણ ચતુર પુરુષ નથી. મેવાડના શ્વેત યશરૂપી મંદિરને આ કાંઈ સાધારણ કલંક નથી."

કાર્યોનું વૃત્તાંત જગતને સંભળાવી રહી છે.

માધોજીસિંધિઆનું મૃત્યુ થયા પછી તેનો ભત્રીજો દોલતરાવ બલપૂર્વક સિંહાસનપર અધિષ્ઠિત થયો. આ વખતે માધોજીનો કુમાર સગીર વયનો હતો, તેથી દોલતરાવે સુગમતાથી પોતાના કાકાનું સિંહાસન પોતાના અધિકારમાં લીધું. સિંહાસનારૂઢ થતાંની સાથેજ તેણે માધોજીની વિધવા પત્નીઓની સાથે ઘોર વિગ્રહ આરંભ્યો. વળી તેણે શેણવીસરદારોનો વધ કરી મહાપાપ કર્યું.આ સમયે સિંધિઆ-ના વર્તન ઉપરજ મેવાડની ઉન્નતિ વા અવનતિ નિર્ભર હતી; કારણ કે સિંધિઆના પ્રતિનિધિ અંબાજી-ના હાથમાં આ વખતે મેવાડનું ભાગ્યચક્ર હતું. માધોજીનો પુત્ર સગીર અવસ્થામાં હોવાથી અંબાજીને પોતાનો સ્વાર્થ સાધવાની ઉત્તમ સંધિ પ્રાપ્ત થઇ, પરંતુ તેની કામના સુગમતાથી સિદ્ધ થઇ નહિ; કારણ કે અનેક પરાક્રમી અને બળવાન માણસોએ તેના માર્ગમાં કાંટા નાખ્યા હતા. આ માણસોમાં માધોજીની વિધવા સ્ત્રીઓ, લખવા દાદા, ખીચીના ઠાકોર દુર્જનસાલ અને દતિયાના રાજા હતા. પાછલા ત્રણે જણે માધોજીની વિધવા પત્નીઓનો પક્ષ ગ્રહણ કરી પ્રાણાંતસુધી તેના શત્રુની સામે લડવાની પ્રતિજ્ઞા કરી. પ્રથમ તો મેવાડમાંથી અંબાજીનું આધિપત્ય નષ્ટ કરવાને માટે લખવા દાદાએ મેવાડના રાણાપર એક ગુપ્ત પત્ર મોકલ્યો અને તેમને જણાવ્યું કેઃ—" આપ અંબાજીની વાત કિંચિત્ પણ લક્ષમાં લીધા વિના એના પક્ષના માણસોને રાજસભામાંથી દૂર કરો." પૂર્વે જે [1]શેણવીસરદારોનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તે સર્વ લખવા દાદાના પક્ષના હતા. મેવાડમાં તેમની ઘણી ભૂમિ હતી. લખવા દાદાને પોતાનો પ્રતિપક્ષી થયેલો જોઇને તરતજ અંબાજીએ પોતાના પ્રતિનિધિ ગણેશપંતને લખી જણાવ્યું કે શેણવીબ્રાહ્મણોની સર્વ ભૂમિ છીનવી લ્યો. આ આજ્ઞા મળતાંજ ગણેશપંતે રાણાના મંત્રીઓ અને સામંતોને બોલાવીને તેમની સાથે આ સંબંધે મસલત કરી. રાણાના સામંતોએ તથા મંત્રીઓએ બહા-રથી તો ગણેશપંતની હામાં હા મેળવી; પરંતુ ગુપ્ત રીતે તેની વિરુદ્ધ પ્રપંચ રચવા માંડયો. તેમણે ગુપ્ત રીતે શેણવીસરદારોને આ હકિકત પહોંચાડી અને તેમને જણાવ્યું કેઃ-" જો આપ લોકો સેનાસહિત જાવદમાં જઇ ગણેશપંતપર આક્રમણ કરો તો અમે આપને સહાય કરવાને તૈયાર છીએ." આ સમાચાર મળતાંજ શેણવીસરદારોએ સેનાસહિત કૂચ કરી. આ તરફ ગણેશપંતે તેમનો પ્રયત્ન વ્યર્થ કરવાને માટે પોતાની વિશાળ સેના સજ્જ કરી અને તેણે પણ જાવદ તરફ કૂચ કરવા માંડી. સાલા નામના સ્થાન આગળ ઉભય દલો સામસામે ખડાં થઇ ગયાં. યુદ્ધ થવા લાગ્યું. ગણેશ પંત પરાજિત થયો અને તેની સેના રણભૂમિમાંથી નાસી ગઇ. તેની પુષ્કળ તોપો અને બંદુકો વિજયી શેણવી-ઓને હસ્તગત થઈ. હવે ચંદાવતલોકોએ ગણેશપંતને સહાય કરવાનું વચન આપી તેને પુનઃ ઉત્તેજિત કર્યો. આથી તે પોતાની છિન્નભિન્ન થઇ ગયેલી સેનાને પુનઃ એકત્રિત કરવા લાગ્યો અને દુર્ભાગ્ય-રૂપી નદીની ગતિ રોકવાને માટે તે પુનઃ સમરભૂમિમાં આવ્યો. ચંદાવતોની ઉપર ભરોંસો રાખીને તે યુદ્ધ કરવાને તૈયાર થયો હતો; પરંતુ તેને ચંદાવતોએ સહાય કરી નહિ. પ્રપંચી ચંદાવતોએ તેને ઠગ્યો. સહાય કરવાનું તો દૂર રહ્યું; પરંતુ ઉલટા તેઓ તેની વિરુદ્ધ કાર્ય કરવા લાગ્યા. ગણેશપંત બીજી વાર હારીને હમીરગઢમાં નાસીને ભરાઇ બેઠો. ચંદાવતોએ તેના શત્રુ ઓની સાથે મળી પંદર હજાર સૈનિકોની સાથે હમીરગઢપર ઘેરો ઘાલ્યો. આ ભયંકર વિપત્તિમાંથી પોતાની રક્ષા કરવાને માટે તેજસ્વી ગણેશપંતે પરમ સાહસ અને ભીષણ પરાક્રમસહિત પોતાના શત્રુઓની સામે નવ વખત યુદ્ધ કર્યું; પરંતુ તેનો સર્વ પરિશ્રમ વિફળ ગયો.હમીરગઢના રાણા ધીરજસિંહના બે પુત્રો પણ આ ભયંકર સંગ્રામમાં માર્યા ગયા હતા.

અંબાજીએ આ મહાવિપત્તિમાંથી ગણેશપંતને થોડાજ વખતમાં છોડાવ્યો. સુબેદારે તેને સંકટમાં ફસાયેલો જોઇ ગુલાબરાવ કદમ નામના એક સેનાપતિને થોડા ઘોડેસ્વારોની સાથે મોકલી આપ્યો. આ લોકોની સહાયથી તે વિપત્તિમાંથી મુક્ત થયો અને અજમેર તરફ ચાલ્યો. તે થોડે દૂર ગયો હશે એટલામાં મૂસામૂસી નામના સ્થાનમાં શત્રુઓએ તેને પુનઃ ઘેરી લીધો.ઉભય દલોવચ્ચે દારુણ સંગ્રામ થવા લાગ્યો. ચંદાવતો રણોન્મત્ત થઇ જીવને સાટે યુદ્ધ કરવા લાગ્યા. તેમના ભીષણ અને ભયંકર બાહુબળથી ગણેશપંતની

[1] મહારાષ્ટ્રીય બ્રાહ્મણો ત્રણ ભાગમાં વિભક્ત છે.શેણવી, પૂર્વ અને માર્હટ. ઉપર્યુક્ત લખવા દાદા, બાલોબા તાત્યા, જીવબા દાદા, શિવાજી નાના, લાલાજી પંડિત તથા યશવંતરાવ લાઉ, આ સમસ્ત જણ શેણવી-જાતિના હતા.

સેના પાછળ હઠવા લાગી. વિજયલક્ષ્મી સુવર્ણનો મુકુટ ચંદાવતસેનાપતિના મસ્તકપર પહેરાવવા જતી હતી, એટલામાં તેમના શત્રુઓના દળમાંનો એક સૈનિક પોતાની ઘોડીને નાસી જતી જોઈ તેને પકડવાના ઉદ્દેશથી "નાસી જાય છે, નાસી જાય છે" એમ પોકારવા લાગ્યો. થોડા વખતમાં તે ઘોડી પકડાઇ; ત્યારે ઘણા માણસો "મળી ગઇ, મળી ગઇ" એવો ધ્વનિ એકસાથે કરવા લાગ્યા. ચંદાવતોએ જ્યારે આ ધ્વનિ સાંભળ્યો, ત્યારે તેમના મનમાં સંદેહ ઉત્પન્ન થયો. "મળી ગઇ" એ શબ્દ સાંભળી તેઓ સમજ્યા કે અમારી સેના શત્રુઓની સાથે મળી ગઇ છે. આ અમૂલક સંદેહ ઉત્પન્ન થતાંની સાથેજ ચંદાવતો રણમાં પીઠ બતાવી ચારે તરફ નાસવા લાગ્યા. તેમને નાસતા જોઇને શત્રુઓએ તેમની પૂંઠ પકડી અને જે પકડાયા તેમનો તત્કાળજ વધ કર્યો. આ પ્રકારે સિંધીસેનાનો જમાદાર ચંદન માર્યો ગયો અને ઇતર અનેક અમલદારો માર્યા ગયા તથા ઘાયલ થયા. નાઠેલા રાજપૂતો શાહપુરમાં જઇ પહોંચ્યા. [1]દેવગઢના ઠાકોરે શાહપુરનું દ્વાર ખોલી તે સર્વને આશ્રય આપ્યો. મૂસામૂસીના યુદ્ધમાં ચંદાવતોનો ભયંકર રીતે પરાભવ થયો. શક્તાવતસરદારોના પક્ષના ભટ્ટકવિઓ ચંદાવતોના આ પરાજયનાં ગીત અત્યંત ઉત્સાહપૂર્વક ગાવા લાગ્યા. જો કે અંબાજીના પ્રતિનિધિ ગણેશપંતને આ યુદ્ધમાં વિજય મળ્યો, તોપણ તેનો આગલો મોભો હવે મેવાડમાં રહ્યો નહિ. રાજપૂતસરદારો ગણેશપંતને દુર્બળ થયેલો જોઇ તેની દૃષ્ટિની સામેજ પોતાની ભૂમિ લેઇ લેવા લાગ્યા. આ ઉત્તમ સંધિનો લાભ લઈ રાણાજીએ પણ મેવાડની ઉપજ પુષ્કળ વધારી લીધી.

જે દિવસે મૂસામૂસીના સમરમાં નાના ગણેશપંતને વિજય મળ્યો, તેજ દિવસથી ઉત્તર હિંદુસ્થાનમાં સિંધિઆનું પ્રતિનિધિપદ પ્રાપ્ત કરવાને માટે અંબાજી તથા લખવા દાદા વચ્ચે ભયંકર ઝઘડો ઉત્પન્ન થયો. આ ભયંકર ઝઘડાનું નાટક મેવાડની રંગભૂમિ ઉપરજ થવા લાગ્યું. જે મહારાષ્ટ્રીઓએ મેવાડભૂમિનું પુષ્કળ રક્ત ક્રૂરતાથી ચૂસી લીધું હતું, તેનીજ સામે લખવા દાદાએ શસ્ત્ર ગ્રહણ કર્યાં, તેથી મેવાડના સરદારો તેના તરફ સહાનુભૂતિ દર્શાવી તેના પક્ષમાં ભળી ગયા. તેમને ખબર મળી કે અંબાજીની સેના હમીરગઢમાં છે. આથી લખવા દાદાએ હમીરગઢપર ઘેરો ઘાલ્યો અને કોટ તોડવાને માટે તોપનો અવ્યાહત મારો ચલાવ્યો. બે હજાર ગોળા લાગવાથી કોટનો એક ભાગ તૂટી ગયો. આથી લખવા દાદા ઉત્સાહિત થયો અને તે તૂટેલા ભાગમાંથી શહેરમાં પ્રવેશ કરવાને ઉદ્યુક્ત થયો; પરંતુ એટલામાં બાલારાવ ઇંગલે, બાપુ સિંદે તથા યશવંતરાવ સિંદે પોતપોતાની સેના લઇ અંબાજીને સહાય કરવાને માટે ત્યાં આગળ આવી પહોંચ્યા. કોટાના જાલિમસિંહે પણ અંબાજીને સહાય કરવાને માટે પોતાની એક ગોલંદાજ સેના મોકલી હતી. અંબાજીનો પુત્ર સર્વ સેનાનો વડો સેનાધિપતિ હતો. નવી આવેલી વિશાળ સેનાના સમાચાર મળતાં લખવા દાદાએ પોતાની સેનાને ત્યાંથી પાછી હઠાવી અને પોતાની સહાયક સેનાની સાથે ચિતોડની ખાઇ આગળ છાવણી નાખી. આ તરફ ગણેશપંત અરક્ષણીય હમીરગઢને છોડી ગોસૂંદ નગરમાં નવીન સેનાસહિત જઇ પહોંચ્યો. અહીંઆં બેરીસ નદીના ઉભય કિનારાપર સામસામાં શત્રુદલ ઉભાં રહ્યાં અને તોપ લગાડી યુદ્ધને માટે સજ્જ થયાં; પરંતુ આ વખતે સેનાના પગારના સંબંધમાં ગણેશપંત તથા બાલારાવ ઇંગલેની વચ્ચે ઝઘડો ઉત્પન્ન થવાથી સંગ્રામમાં વિઘ્ન ઉપસ્થિત થયું. આ ઝઘડાનો કાંઇ પણ નિર્ણય થયો નહિ. અંતે ગણેશપંત તે સ્થાન છોડી સંગાનેર નામના ગામમાં ચાલ્યો ગયો. આ ગૃહકલહની વાત સાંભળી આપણા હૃદયમાં એકાએક એવી શંકાનો સંચાર થાય છે કે મહારાષ્ટ્રીઓની સેના પરસ્પર લડી હશે અને રાજપૂતોએ તેમાં પ્રવેશ કરી મહારાષ્ટ્રીઓનો સંહાર કર્યો હશે; પરંતુ આ સંબંધે ઇતિહાસ ગંભીર વાણીથી કહે છે કે:–"સાધારણ, ક્ષુદ્ર ઝઘડાને લીધે એકબીજાથી પૃથક્ થઇને શત્રુઓને પ્રબળ થવા દેવાની રાજનીતિ મહારાષ્ટ્રીઓ શીખ્યા નથી."

ગણેશપંત ત્યાંથી ચાલ્યો ગયો ત્યારપછી ઉભય દલો યુદ્ધને માટે સજ્જ થયાં; પરંતુ ચતુર બાલારાવ ઇંગલે આ સમયે યુદ્ધ કરવાને સંમત થયો નહિ. તેણે જણાવ્યું:–"ગોગુલ છપ્રાના ઉપદ્રવમાં લખવા

૧ દેવગઢના ઠાકોરની સાથે કર્નલ ટૅાડને પરમ મિત્રતા હતી. તેઓ જણાવે છે કે:–" આ ઠાકોર ૬॥ ફીટ ઉંચા હતા. તેઓ જેવા ઉંચા હતા તેવુંજ તેમનું અંગ પણ હૃષ્ટપુષ્ટ હતું. તેમનું અંગ અત્યંત બળવાન અને મજબૂત હતું. તેમના પિતા તેમના કરતાં પણ અર્ધ ફુટ ઉંચા હતા. સાત ફીટ (પ્રાયઃ પાંચ હાથ) ઉંચો માણસ તો નિઃસંદેહ એક વિરાટ પુરુષ સમાનજ ગણાય. તેઓ ૨૨ વર્ષની વયે મરણ પામ્યા હતા."

દાદાએ મારા પ્રાણનું સંરક્ષણ કર્યું હતું, તેથી મારે લખવા દાદાની સામે શસ્ત્ર ઉપાડવાં નથી." ઈંગલેએ અહીંઆં યુદ્ધ ન કર્યું તેનું એક બીજું કારણ પણ જણાવવામાં આવે છે. એમ કહેવાય છે કે આ વખતે તેની પાસે દ્રવ્યની ઘણી તંગી હતી. લખવા દાદાએ આ તંગી નિવૃત્ત કરવાનું વચન આપ્યું, તેથી ઉભય પક્ષોવચ્ચે સંધિ થઇ ગઈ. ઉક્ત ઉભય સરદારોએ સંધિપત્રપર હસ્તાક્ષર કર્યા, એટલે તરતજ સંગ્રામની તૈયારી બંધ થઇ ગઇ.લખવા દાદા પોતાને નિર્વિઘ્ન સમજી પરમ પ્રસન્ન થયો. થોડા સમયપર્યંત ઉભય દલો શાંત રહ્યાં; પરંતુ અંબાજીએ શીઘ્ર આ શાંતિનો ભંગ કરી ઉભય દલોને પુનઃ રણરંગથી ઉન્મત્ત કરી દીધાં. ગણેશપંતને સહાય કરવાને માટે તેણે સધર્લેંડ નામના એક અંગ્રેજ સૈનિકને પુષ્કળ સૈનિકો અને તોપોની સાથે મોકલ્યો; પરંતુ કાંઇક કારણથી ગણેશપંત આ સહાયથી વંચિત રહ્યો. પછી તેણે જ્યૉર્જ ટૉમસ નામના એક પ્રસિદ્ધ યુદ્ધવિશારદ અંગ્રેજ સેનાપતિની સહાય માગી. આ વીરની સહાય પ્રાપ્ત થતાં અંબાજીનો પ્રતિનિધિ ગણેશપંત લખવા દાદાની સામે થયો. ઉભય સરદારો બુનાસ નદીના દક્ષિણ [1]તટપર પોતાની સેના સજ્જ કરી યુદ્ધને માટે તૈયાર થયા. વર્ષાઋતુમાં બરાબર છ અઠવાડીઆં સુધી ઉક્ત સ્થાને તેમની છાવણી રહી. અત્યારસુધી રાણા, તેમના સરદારો તથા પ્રજાએ કેવળ લખવા દાદાનો પક્ષ ગ્રહણ કર્યો હતો; પરંતુ આ સમયે તેઓ બન્ને પક્ષમાં ભળવા લાગ્યા, કારણ કે ઉભયપક્ષ તેમનું સન્માન કરતા હતા.

ગણેશપંત કોઇની સહાય પ્રાપ્ત ન કરી શકે એટલા માટે ખીચીનો રાજા દુર્જનસાલ મેવાડના સરદારો તથા ૫૦૦ સ્વારોની સાથે તેની છાવણીની ચારે તરફ ફરવા લાગ્યો; પરંતુ સાહસિક ટૉમસે તેનો સર્વ પરિશ્રમ નિષ્ફળ કર્યો અને તે શાહપુરથી નવી સેના લઇ ગણેશપંતની સન્નિધ પહોંચી ગયો. થોડા દિવસ પછી તે લખવા દાદાને ઘેરવાને માટે મુખ્ય સેનાને છોડી પોતાના ગોલંદાજોની સાથે બુનાસ નદી તરફ ચાલ્યો; પરંતુ તેની કામના પરિપૂર્ણ થઈ નહિ. લખવા દાદાની સાથે યુદ્ધનો પ્રારંભ થવાનોજ હતો, એટલામાં એક પ્રચંડ વાવાઝોડું થયું અને મુસળધાર વરસાદ વરસવા લાગ્યો. આ ભયંકર વાવાઝોડાથી તથા મુસળધાર વરસાદથી ટૉમસની સેના છિન્નભિન્ન થઇ ગઇ અને શાહપુર દુર્ગ કે જ્યાં તેનો મુકામ હતો, તેનો એકદમ વિધ્વંસ થઇ ગયો.[2]આ સમયે મેવાડના સરદારોની સહાયથી લખવા દાદાએ ટૉમસની નાસતી સેનાની પૂંઠ પકડી અને તેને સંપૂર્ણ રીતે દલિત કરીને તેની ૧૫ તોપો તથા અસંખ્ય અસ્ત્રશસ્ત્રો લઇ લીધાં. આ સમયપૂર્વે શાહપુરના રાજાએ ગણેશપંતને સહાય કરી હતી; પરંતુ આ વખતે તેણે ગણેશપંતના દુર્ભાગ્યથી પોતાના બંધુઓની સાથે વૈર થવાના ડરથી તેને સહાય કરી નહિ. હવે ગણેશપંત નિરુપાય થઇ સંગાનેર તરફ નાસી ગયો. મેવાડના સરદારોએ તેના પ્રચંડ શત્રુ લખવા દાદાને સહાય કરી અને તેની સંપૂર્ણ પાયમાલી કરી. આથી ગણેશપંતને અત્યંત ક્રોધ ચઢયો. મેવાડના સરદારોની વર્તણુકવિષે તે જેમ જેમ અધિક વિચાર કરતો, તેમ તેમ તેનો ક્રોધ અધિક વૃદ્ધિગત થતો હતો. તેણે પ્રતિજ્ઞા કરી કેઃ-"જો અવસર મળશે તો હું આ દુષ્ટ સરદારોપર સંપૂર્ણ વૈર લઇશ." વૈર લેવાનો પ્રસંગ તેને શીઘ્ર પ્રાપ્ત થયો. વર્ષાઋતુ વ્યતીત થઈ ગઇ. શરદ્ઋતુના તીક્ષ્ણ તાપથી માર્ગો અને ઘાટો શુષ્ક થઈ ગયા. ગણેશપંતને અંબાજી તરફથી સહાય મળવાથી તેણે લખવા દાદાની સામે યુદ્ધ કરવાની પ્રચંડ તૈયારી કરી. જે ક્રોધાગ્નિ અત્યંત પ્રચંડ જ્વાલાસહિત તેના રોમરોમમાં પ્રદીપ્ત થઈ રહ્યો હતો, તેને શાંત કરવાને માટે તથા પોતાની કઠોર પ્રતિજ્ઞાનું પાલન કરવાને માટે તે મનુષ્યવધ અને લૂંટફાટ વગેરે સર્વ ભયંકર કર્મો કરવાને પ્રવૃત્ત થયો. અરવલ્લી પર્વતમાલાની તળેટીમાં ચંદાવતસરદારોની જે જાગીરો હતી, તેમાં વસતા લોકોપર ભીષણ અત્યાચાર કરવાનું કામ ગણેશપંતે શરૂ કર્યું. તેના કઠોર વર્તનથી સહસ્રાવધિ ઘરો એકદમ બળીને ભસ્મીભૂત થઈ ગયાં, અસંખ્ય નરનારીઓ મૃત્યુને આધીન થયાં

૧ શાહપુરની દક્ષિણે ૧૦ માઈલપર અમલી નામના નગરમાં લખવા દાદાની અને ઉક્ત ઉભય નગરોની વચ્ચે કદેરા નામના સ્થાનપર નાનાપંતની છાવણી પડી હતી.

૨ સંવત ૧૮૫૬ (ઈ૦ સ૦ ૧૮૦૦) માં આ ઘટના બની હતી. લખવા દાદાએ આ સમયે શાહપુરના રાજાને જિહાજપુર પ્રગણું આપ્યું હતું. એમ કહેવાય છે કે રાણાએ ગુપ્ત રીતે શાહપુરના રાજા પાસેથી બે લાખ રૂપિયા લઇને તેને આ કાર્યમાં સંમતિ આપી હતી.રાણાના આ આચરણથી લખવા દાદા અને મેવાડના સરદારો તેમનાપર અત્યંત અપ્રસન્ન થયા.

અને અગણિત ગૃહસ્થોની સંપત્તિ લૂંટાઈ ગઇ. આટલાથી પણ પાર આવ્યો નહિ. જે લોકોએ આ નિષ્ઠુર મહારાષ્ટ્રીયસેનાપતિના પશુતુલ્ય વર્તનથી કોઇપણ પ્રકારે પોતાના પ્રાણ બચાવ્યા, તેઓ પણ કોઈ રીતે તેના ક્રોધાગ્નિમાંથી મુક્ત થઇ શકયાં નહિ. ગણેશપંતે તેમનાપર કઠોર કર લગાડી દઇ તેમને ત્રાહ ત્રાહ પોકરાવી. આ તરફ ટૉમસે પણ દેવગઢ અને અમાઇતપર ઘેરો ઘાલી ત્યાંના રાજા પાસેથી બળાત્કારે કર લીધો.વળી તેણે કાશીતલ તથા લુસાની, એ બે દુર્ગોને પણ પોતાના અધિકારમાં લીધા. લુસાનીના નાગરિકોએ પોતાનું સંરક્ષણ કરવાને માટે ભીષણ વીરતા પ્રકાશિત કરી, તેથી વિજયી ટૉમસે તે નગરનો સંપૂર્ણ નાશ કરી નાખ્યો. જય ઉપર જય પ્રાપ્ત કરીને કઠોરતાની પરાકાષ્ઠા બતાવી જે વખતે ગણેશપંત રુધિરની નદીમાં તરી રહ્યો હતો, તે વખતે સિંધિઆએ અંબાજીને બરતરફ કરી તેના પદપર લખવા દાદાને નિયુકત કર્યો.[૧] અંબાજીની સમસ્ત આશા લોપ થઈ ગઇ. તેણે ગર્વિત થઇને શેણવીસરદારોનો નાશ કરવાની ઇચ્છા કરી હતી,તેજ સરદારોએ તેનો અધઃપાત કર્યો. અંબાજીનો અધઃપાત થતાં તેના પ્રતિનિધિ ગણેશપંતે મેવાડના જે જે કિલ્લા તથા નગરો તેના અધિકારમાં હતાં તે સર્વ પાછાં આપી દીધાં. આ પ્રકારે બે હિંદુવીરોનો પ્રચંડ ઝઘડો શાંત થયો; પરંતુ તેથી મેવાડને કાંઈ લાભ થયો નહિ. મેવાડની દુર્દશા તો દિનપ્રતિદિન વૃદ્ધિંગત થવા લાગી. મેવાડને માટે નવીન સંકટનો આ સમય હતો,એમ કહીશું તોપણ ચાલશે; કારણ કે આજ સમયથી સિંધિઆ મેવાડને પોતાનું રાજ્ય માનવા લાગ્યો.

નવીન પ્રતિનિધિ લખવાદાદા સિંધિઆના તરફથી પ્રચંડ સેના લઇને મેવાડમાં આવ્યો. મેવાડમાં તે શામાટે આવે છે તે કોઇ સમજી શકયું નહિ. સિંધિઆના પ્રતિનિધિને આવતો જોઈ મેવાડવાસીઓનાં હૃદય કંપાયમાન થવા લાગ્યાં. અગ્રજી મહેતાને પુનઃ મંત્રીતરિકે નિયુક્ત કરવામાં આવ્યો અને ચંદાવત લોકો પુનઃ પોતાની પૂર્વપ્રતિષ્ઠા પ્રાપ્ત કરી રાણાના સલાહકાર થયા. લખવા દાદાએ છ લાખ રૂપિયા એકઠા કરવાને માટે હતભાગી શાહપુરરાજ પાસેથી તેનું નવીન પ્રાપ્ત કરેલું જિહાજપુર પ્રગણું છીનવી લીધું અને તેમાંનાં ૩૬ નગરોને ગીરો મૂકી દીધાં. જિહાજપુરને હસ્તગત કરવાની ઇચ્છા જાલિમસિંહને દીર્ઘકાળથી હતી અને તેનાપર આધકાર સ્થાપિત કરવાને માટે તેણે અનેક વાર પ્રયત્નો પણ કર્યાં હતા; પરંતુ તેનો એક પણ પ્રયત્ન સફળ થયો નહિ, તથાપિ હજી તેણે જિહાજપુર પ્રાપ્ત કરવાની ઇચ્છા છોડી નહોતી. આશાથી ઉલ્લસિત થઇને તે તેને પ્રાપ્ત કરવાની ઉત્તમ સંધિની પ્રતીક્ષા કરી રહ્યો હતો. આ સમયે તેને તે સંધિ પ્રાપ્ત થઈ, તો શું હવે તે નિશ્ચિંત રહી શકે ? આ લખવા દાદા તે પ્રગણું ગીરો મૂકવાને તૈયાર થયો હતો. ગીરો મૂકેલી ચીજ એક વખત શાહુકારની પોતાની થઈ જાય છે, તો શું જાલિમસિંહ આવો સુયોગ હાથથી જવા દે ? તેણે હુંડીથી લખવા દાદાની માગેલી રકમ આપી અને જિહાજપુર પ્રગણું હસ્તગત કરી લીધું. છ લાખ રૂપિયા લેવા છતાં પણ લોભી લખવા દાદાનું હૃદય શાંત થયું નહિ.તે મેવાડના રાણા પાસે બીજા ચોવીસ લાખ રૂપિયા માગવા લાગ્યો. રાણા આ રૂપિયા આપે એવો સંભવ નહિ હોવાથી તે સ્વયં આ રૂપિયા બળાત્કારે એકત્રિત કરવા લાગ્યો. યમદૂતોની પેઠે મરાઠાસૈનિકો મેવાડના ગામે ગામ અને નગરે નગર ફરી વળ્યા અને તેમણે ચોવીસ લાખ રૂપિયા એકઠા કરી લીધા.હવે લખવા દાદા પ્રસન્ન થયો. થોડા વખતને માટે તેનો લોભ શાંત થયો. તેણે યશવંતરાવ ભાઉ નામના એક માણસને પોતાનો સહાયક નિયત કર્યો અને તેને મેવાડમાં મૂકી પોતે જયપુરમાં ગયો. આ સમયે ભારતવર્ષમાં અંગ્રેજોનો પગપેસારો ધીમેધીમે થતો હતો.આથી સર્વ રાજાઓ અંગ્રેજોની રણનીતિ ગ્રહણ કરવા લાગ્યા. આ રણનીતિને સફળ થયેલી જોઇ રાજમંત્રી અગ્રજીના સહાયક મંત્રી મૌજીરાયને પણ તે અનુસાર કાર્ય કરવાની ઇચ્છા ઉત્પન્ન થઇ; પરંતુ પગારદાર વિદેશીસેના અને પુષ્કળ ગોલંદાજો રાખવામાં આવે તો તેમાં અસંત દ્રવ્યની આવશ્યકતા હતી. વળી રાજ્યની મહેસુલ એટલી થોડી આવતી હતી કે તેની સહાયથી આ મોટો ખર્ચ નિભાવી શકાય એમ નહોતું. આથી સરદારોના તરફથી થોડી ઘણી સહાય પ્રાપ્ત કરવાની અભિલાષાથી મૌજીરાયે તેમનાપર પત્ર લખ્યા; પરંતુ સામંતો એવા નિરંકુશ હતા કે તેમણે આ પત્ર પ્રાપ્ત થતાંજ ઉક્ત મંત્રીને કેદ

૧ બાલોબા તાત્યા અને બક્ષીનારાયણરાવ આ વખતે સિંધિઆના દિવાન હતા.આ ઉભયનો જન્મ શેણવી કુલમાં થયો હતો. આ પરથી સહજ અનુમાન થઇ શકે છે કે તેમણે પોતાના જાતિબંધુ લખવા દાદાને સહાય. કરવાને મહાન પ્રયાસ કર્યો હશે.

કર્યો. સતીદાસને તેની પૂર્વપ્રતિષ્ઠા પ્રાપ્ત થઇ. ચંદાવતોના ડરથી શિવદાસ કોટામાં જઇ રહ્યો હતો,તેને ત્યાંથી બોલાવવામાં આવ્યો; પરંતુ ચંદાવતો બળવાન થઇ, પોતાનાં પૂર્વપદોપર વિરાજમાન થઇ રાજભૂમિનો અધિકાંશ નિર્વિઘ્ને ભોગવવા લાગ્યા.

ઇ૦ સ૦ ૧૮૦૨ માં ઇંદોરની વિશાળ સમરભૂમિમાં તે પ્રદેશના મહારાષ્ટ્રીયસામ્રાજ્યને માટે પોતાના ભાગ્યની પરીક્ષા કરવાને સિંધિઆના જે દોઢ લાખ માણસો એકત્રિત થયા હતા,તેમણે હોલ્કરના મસ્તકપરથી રાજમુકુટ ઉતારી લીધો. હોલ્કરની રાજધાની શત્રુઓને હસ્તગત થઈ; પુષ્કળ હાથી, ઘોડા, બંદુક, તલવાર વગેરે વસ્તુઓ તેમના હાથમાં ગઈ. અંતે હોલ્કર નિરુપાય બની મેવાડ તરફ નાઠો;પરંતુ ત્યાં પણ તેનો ઉદ્ધાર થયો નહિ. વિજયી સિંધિઆની જયોન્મત્ત સેનાએ મેવાડમાં પણ તેની પૂંઠ પકડી. આ વખતે સદાશિવરાવ અને બાલારાવ,સિંધિઆના મુખ્ય સેનાધિપતિઓ હતા. હોલ્કર મેવાડ તરફ નાસતો નાસતો રતલામના કિલ્લામાં આવ્યો અને તેને લૂંટી લીધો. વળી તેણે શકતાવતોના મુખ્ય સ્થળ ભેંદરદુર્ગને ઘેરો ઘાલ્યો અને ત્યાંથી પણ ખંડણી માગવા લાગ્યો. શકતાવતો ભયથી અત્યંત વ્યાકુળ થયા. મહારાષ્ટ્રીઓના હાથમાંથી મુક્ત થવાનો કાંઈ પણ ઉપાય તેમને જડયો નહિ. આ સમાચાર અલ્પ કાળમાં મહારાણાના સાંભળવામાં આવ્યા. રાણાજીને સંદેહ ઉત્પન્ન થયો કે ભેંદર પછી તત્કાળ મહારાષ્ટ્રીઓ ઉદયપુરને ઘેરો ઘાલશે તો પછી તેમના ક્રોધ અને લોભથી તેનીરક્ષા કોણ કરશે? તેમણે પોતાની રક્ષાનો ઉપાય શોધવા માંડયો; પરંતુ રાણાજીને આ વિષે કાંઇ પરિશ્રમ કરવો પડયો નહિ, કારણ કે હોલ્કરે સિંધિઆએ પોતાની પૂંઠ પકડી છે એ વાત સાંભળતાંજ ભેંદરદુર્ગપરનો ઘેરો ઉઠાવી લીધો.ઇશ્વરકૃપાથી ભેંદર નગરી મહાસંકટમાંથી બચી. પોતાની આશા પૂર્ણ નહિ થવાથી હોલ્કર હતાશ થઇ પુણ્યતીર્થ નાથદ્વારા[1] પહોંચ્યો; પોતાનો ઉદ્દેશ પાર નહિ પડવાથી તે અત્યંત મર્મપીડિત થયો હતો, તોપણ તેણે ધૈર્યવાન અને સહનશીલ બની હૃદયમાં પ્રદીપ્ત થયેલા ચિંતાગ્નિને દબાવી રાખ્યો;થોડીવારમાં તેનું ધૈર્ય ખૂટી ગયું અને હૃદયમાં રહેલો દુઃખાગ્નિ એકદમ ભડકી ઉઠયો. આ અગ્નિની ભયંકર જ્વાળાથી હોલ્કરનું ચિત્ત ભ્રમિત થઈ ગયું. નાથદ્વારાના પવિત્ર મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણની પવિત્ર મૂર્તિને તેણે શતશઃ ધિક્કાર આપ્યા અને તે શ્રીકૃષ્ણ ભગવાનને દુર્વચનો કહેવા લાગ્યો. વળી તેણે ભયંકર સ્વરૂપ ધારણ કરી નાથદ્વારાના પુરોહિત તથા પૂજારીઓની પાસેથી ત્રણ લાખ રૂપિયા ખુંચવી લીધા. જેણે તેની ઇચ્છાનો અવરોધ કર્યો તેનાપર તેણે અત્યંત અત્યાચાર કર્યો.તે પૂજારીઓને પકડીને પોતાના શિબિરમાં લઇ ગયો અને જ્યાંસુધી તેમણે પૈસા આપ્યા નહિ, ત્યાંસુધી તે તેમને સતત સતાવતો રહ્યો.

નાથદ્વારાના પ્રધાન પૂજારી દામોદરે ધાર્યું હતું કે હોલ્કર હિંદુ છે,તેથી તે દેવતા અને દેવભૂમિપર આવો અત્યાચાર કરશે નહિ; પરંતુ થોડીવારમાંજ તેની આ ધારણા ખોટી પડી અને તેણે જાણ્યું કે હવે નાથદ્વારા નિરાપદ નથી. જે કોઇ દુષ્ટ અહીંઆં આવશે તે શ્રીકૃષ્ણ ભગવાનનું અપમાન કરશે અને પૂજારીઓ તથા યાત્રાળુઓપર અત્યાચાર કરશે; માટે હવે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિને એકાદ સુરક્ષિત સ્થળે લઇ જવી જોઇએ. દામોદરે નાથદ્વારાના ઠાકોર કોટારિયાસરદારની સલાહ લીધી. અંતે તેઓ એવા નિર્ણયપર આવ્યા કે દેવમૂર્તિને રાખવાને માટે માત્ર ઉદયપુરજ નિરાપદ સ્થાનછે. ત્યારપછી દામોદર દેવભોગ્ય સર્વ દ્રવ્યાદિસહિત દેવમૂર્તિને ઉદયપુરમાં મૂકવાને માટે ગયો. કોટારિયાસરદાર વીસ સ્વારોને પોતાની સાથે લઇ અતિ દુર્ગમ અને ઘાડા જંગલોમાં થઇ તેને નિર્વિઘ્ને રાજધાનીમાં પહોંચાડી ગયો. જે વખતે કોટારિયાસરદાર આ કાર્ય સમાપ્ત કરીને પોતાના નગરની છેક નિકટ આવી પહોંચ્યો. તે સમયે હોલ્કરના થોડા સિપાઇઓએ તેની ગતિ રોકીને કહ્યું:-"તમે તમારા ઘોડા અમને આપો,નહિ તો તમને શિક્ષા કરવામાં આવશે." શું પૃથ્વીરાજ ચૌહાણનો વંશજ માત્ર થોડાક મહારાષ્ટ્રીયચોરોની ભ્રૂકુટી જોઇને ભીતિ પામશે? શું સિંહના ઉચ્ચકુલમાં જન્મીને કોઇએ શૃગાલને પોતાનું મસ્તક નમાવ્યું છે? હોલ્કરના સિપાઇઓનાં આ અપમાનકારક વચનો સાંભળી કોટારિયાસરદારને અત્યંત ક્રોધ ઉત્પન્ન થયો અને તેણે તત્કાળ પ્રતિજ્ઞા કરી કે:-" પ્રાણ જવાતા હોય તો ભલે જાઓ,પરંતુ આ નીચ લોકોને ઘોડા આપીને હું કદિપણ અપમાન સહન કરીશ નહિ." આ પ્રતિજ્ઞાનું તેણે યથાર્થ રીતે પાલન કર્યું.

[1] ઉદયપુરની ઉત્તરદિશામાં ૨૫ માઈલના અંતરપર નાથદ્વારા આવેલું છે. આગળ નાથદ્વારાનું વિશેષ વર્ણન કરવામાં આવશે.

તેણે પોતાના અશ્વપરથી નીચે ઉતરી હાથમાં નગ્ન તલવાર પકડી અને પોતાના સ્વારોને પણ તેમ કરવાની આજ્ઞા કરી. પછી તેઓ સર્વ પોતાના શત્રુઓની ઉપર તૂટી પડયા અને તેમની સાથે લડતાં લડતાં પ્રાણાર્પણ કર્યું. કોટારિયાના ચૌહાણરાજપૂતોની વીરતા તથા નીડરતાનાં અનેક પ્રમાણો મેવાડના ઇતિહાસમાં ઉપલબ્ધ થાય છે. કોટારિયાસરદારનું મૃત્યુ થતાં શ્રીનાથદ્વારાનું રક્ષણ કરી શકે એવો કોઈપણ વીર રહ્યો નહિ. હિંદુકુલકલંક હોલ્કરે તે અરક્ષિત તીર્થક્ષેત્રમાં પ્રવેશ કરી ત્યાંની સર્વ સંપત્તિ લૂંટી લીધી. તે નરાધમે દેવસંપત્તિ લૂંટવામાં પણ ત્રુટિ કરી નહિ. તેના પૈશાચિક અત્યાચારોથી નાથદ્વારાના લોકો અત્યંત દુઃખી થયા અને તે નગરને છોડીને નાસી ગયા. આથી તે પવિત્ર સ્થાન શીઘ્ર શ્મશાનસમાન ભયંકર બની ગયું. વિષ્ણુભક્ત અને શુદ્ધહૃદયના યાત્રાળુઓના આવાગમનથી જે સ્થાન નિરંતર પરમ સુંદર જણાતું હતું, વૈષ્ણવોનાં સુંદર ભજનોથી જે સ્થાન ગુંજી રહેતું હતું, તે આ વખતે નિર્જન બની ગયું, આ વખતે તેની શોચનીય સ્થિતિ થઇ ગઇ.

ઉદયપુરમાં પહોંચ્યા પછી પણ મુખ્ય પૂજારી દામોદર નિશ્ચિંતતાપૂર્વક પૂજાપાઠમાં ચિત્ત રોકી શક્યો નહિ. પ્રમાદી રાણાની રાજધાનીમાં તેને વિઘ્નો ઘેરી લાગ્યાં. આથી છ માસ પછી તે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની પવિત્ર મૂર્તિને લઇ ગસિયર નામની શૈલમાલાપર ચાલ્યો ગયો અને ત્યાં તેણે એક મંદિર બંધાવ્યું. આ મંદિરની દિવાલો અત્યંત ઉચ્ચ અને દૃઢ હતી,તેથી તે ત્યાં નિર્વિઘ્ને રહેવા લાગ્યો; પરંતુ ધીમે ધીમે તેના જાણવામાં આવ્યું કે કેવળ બ્રહ્મતેજના પ્રભાવથીજ દેવતાની રક્ષા થઇ શકતી નથી. આથી હવે તેણે ખડ્ગબળ ઉપર આધાર રાખવાનો નિશ્ચય કર્યો. હવે તે ઢાલ,તલવાર અને અસ્ત્રશસ્ત્રોવતી તસ્કરોના આક્રમણથી દેવની રક્ષા કરવા લાગ્યો. થોડા વખતમાં ચારસેં સ્વારો દામોદરના દલમાં આવી મળ્યા; આ વિષ્ણુપરાયણ ધર્મવીરોની સાથે ગસિયરપ્રદેશપરથી નીચે ઉતરીને દામોદર પોતાના તાબાનાં સર્વ વિષ્ણુધામોની સંભાળ રાખતો હતો.

સિંધિઆના વિકટ ભયથી હોલ્કરને કયાંય પણ શાંતિ પ્રાપ્ત થતી નહોતી. નાથદ્વારાની સંપત્તિ લૂંટી લઇને તે બનેડા તથા શાહપુરમાંથી દ્રવ્ય લૂંટીને અજમેર પહોંચ્યો. અજમેરમાં ખ્વાજાસાહેબની એક જિઆરત છે; હોલ્કરે નાથદ્વારામાંથી જે દ્રવ્ય પ્રાપ્ત કર્યું હતું, તેમાંનો થોડો ભાગ તેણે અજમેરની ખ્વાજા સાહેબની જિઆરતના મુજાવિરોને વહેંચી દીધો અને પછી તે અજમેર છોડીને જયપુર તરફ ચાલ્યો. સિંધિઆના માણસોએ મેવાડમાં આવી જ્યારે હોલ્કરને જોયો નહિ, ત્યારે તેમણે તેનો પીછો છોડી દીધો અને રાણાની પાસે ત્રણ લાખ રૂપિયા માગ્યા. મેવાડના ખજાનામાં આટલા રૂપિયાજ નહોતા તોપછી દુષ્ટ મહારાષ્ટ્રીઓની ઉક્ત લાલસા શી રીતે પૂર્ણ થઈ શકે? આ તરફ રૂપિયા આપ્યા વિના પણ ચાલે એમ નહોતું. અંતે ઇતર કોઇ પણ ઉપાય નહિ જોઇ રાણા ભીમસિંહે પોતાની રાણીના અલંકારો વેચી દઈ લોભી મહારાષ્ટ્રીઓની દ્રવ્યતૃષ્ણા શાંત કરી; પરંતુ મહારાષ્ટ્રીઓ હજીએ પીછો છોડે એવા નહોતા. ત્રણ લાખ રૂપિયા લઇ સિંધિઆના માણસો ચૂપ થયા તો ખરા; પરંતુ સિંધિઆના મેવાડમાં રહેતા પ્રતિનિધિએ રાણાની પાસેથી દ્રવ્ય ઓકાવવાની એક નવીન યુક્તિ શોધી કાઢી અને તદનુસાર રૂપિયા વસુલ કરવાને માટે તેણે પોતાના સહાયક તાત્યાને નિયુક્ત કર્યો. હવે રૂપિયા વસુલ કરવાની ભારે તડામાર ચાલવા લાગી. રાજ્યના સામંતો અને સરદારો, કૃષિકારો અને વણિકો રાક્ષસસમાન મહારાષ્ટ્રીઓના લાઠીપ્રહારથી વ્યાકુલ થઇ તેમને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવા લાગ્યા. નિર્ધન, અન્નહીન, હતભાગી કૃષિકારોના બળદો અને હળો પણ મહારાષ્ટ્રીઓએ ખુંચવી લીધાં. આ સર્વ વસ્તુઓ અર્પણ કરી દીધા છતાં પણ તે બિચારાઓનો છુટકો થતો નહોતો. કૃષિકારોનું સર્વસ્વ હરણ કરી તેમને કેદ કરી મહારાષ્ટ્રીઓ તેમની પાસેથી મુક્તિકર માગતા હતા. જેઓ આ કર આપી શકતા નહોતા, તેમને દેશનિકાલ કરવામાં આવતા હતા.

જે સમયે મેવાડની હતભાગી પ્રજા (સંવત ૧૮૫૯, ઈ૦ સ૦ ૧૮૦૩) આ પ્રકારે મહારાષ્ટ્રીઓના ભીષણ અત્યાચાર સહન કરતી હતી, તે સમયે સુપ્રસિદ્ધ લખવા દાદાએ પોતાના સ્વામીના તરફથી અપમાનિત થઇ, મહા દુઃખ પામી સલુમ્બરદુર્ગમાં દેહત્યાગ કર્યો. લખવા દાદાનું મૃત્યુ થતાં તેના પદપર અંબાજીનો ભાતા બાલારાવ નિયત થયો. તેની સાથે શક્તાવતો તથા દિવાન સતીદાસને મૈત્રીસંબંધ બંધાયો. તેમણે ચંદાવતોને રાજ્યવ્યવસ્થામાંથી દૂર કર્યા. જાલિમસિંહ પોતાના હૃદયમાં ચંદાવતોની

સાથે વૈરભાવ રાખતો હતો; આથી તેઓ રાજકારભારમાંથી દૂર થયા તે માટે તેને અત્યંત આનંદ પ્રાપ્ત થયો. તેને પણ આ સમયે પોતાનું કાર્ય સિદ્ધ કરવાની લાલસા ઉત્પન્ન થઈ. આથી તેણે શક્તાવતોની સાથે મૈત્રી બાંધીને રાણાજીના મંત્રી દેવીચંદને કેદ કર્યો.દેવીચંદને કેદ કરવાનું કારણ એ હતું કે તે ચંદાવતોનો બનાવેલો મંત્રી હતો. વળી બાલારાવ ઈંગલેએ ચંદાવતોની જાગીરો જેમ ફાવે તેમ લૂંટી અને તેમના ઉપર કઠોર અત્યાચાર કર્યા. તેના દુરાચારથી ચંદાવતોનું સર્વસ્વ નાશ પામ્યું અને અનેક કુટુંબો પાયમાલ થઈ ગયાં. બાલારાવ ઈંગલેના ભીષણ અત્યાચારોથી અત્યંત દુઃખિત થઈ ચંદાવતો પોતાના રક્ષણના ઉપાય શોધવા લાગ્યા. તેઓ એકત્રિત થઇ પોતાનું રક્ષણ કરવા માટે સલાહમસલત કરવા લાગ્યા. આ તરફ બાલારાવે સેનાસહિત મહારાણાના મહાલયમાં પહોંચી મંત્રીના કાર્યાધ્યક્ષ મૌજીરામને મળવાની માગણી કરી;પરંતુ રાણાજી કોઇ પણ પ્રકારે મૌજીરામને તેના હાથમાં આપવાને સમ્મત થયા નહિ. તેમણે દૃઢ પ્રતિજ્ઞા કરી કે હું મૌજીરામને કદિ પણ મહારાષ્ટ્રીઓના અધિકારમાં સોંપીશ નહિ. દુરાચારી મહારાષ્ટ્રીઓએ પ્રથમ પ્રાર્થના કરી અને પછી ભય બતાવ્યો; પરંતુ મહારાણાની પ્રતિજ્ઞા અચલ અને અટલ રહી. દુષ્ટ બાલારાવે મહાલયને હસ્તગત કરવાની પોતાની સેનાને આજ્ઞા આપી; પરંતુ તેનો સર્વ પરિશ્રમ નિષ્ફળ થયો. તેજસ્વી મૌજીરામે પોતાના માણસોની સહાયથી સર્વ મહારાષ્ટ્રીઓને કેદ કર્યા. ગણેશપંત, જમાલકર અને ઉદાજી કુંવર પણ કેદમાં પડ્યા. આમાંનો ઉદાજી કુંવર અત્યંત દુષ્ટ અને ક્રૂર હતો, તેથી તેને ઘણી ભારે જંજીરોથી જકડી લેવામાં આવ્યો. બીજા સર્વ માણસોને યોગ્ય દંડ કરવામાં આવ્યો. દુષ્ટ બાલારાવ ઇંગલે એક સ્નાનગૃહમાં છુપાઇ બેઠો હતો, તેને પણ ત્યાંથી પકડીને કેદ કરવામાં આવ્યો. જ્યારે સર્વ મહાન સરદારો આ રીતે કેદમાં પડયા, ત્યારે ચંદાવતો અપૂર્વ તેજસ્વિતાસહિત નગરમાંથી બહાર નીકળ્યા અને તેઓએ પર્વતપર આવેલી મહારાષ્ટ્રીઓની કોઠીપર આક્રમણ કર્યું.ત્યાં તેમને જે જે વસ્તુઓ પ્રાપ્ત થઇ, તે તે તેમણે હસ્તગત કરી. હિયર્સે નામનો એક અંગ્રેજ સેનાપતિ મહારાષ્ટ્રીઓને સહાય કરવાને માટે સેનાસહિત આવ્યો હતો; પરંતુ તે પોતાનો ઉદ્દેશ સિદ્ધ કર્યા વિના ભયભીત થઇ તેમને છોડીને ચાલ્યો ગયો. તેણે એક વિસ્તૃત મેદાનમાં પોતાની સેનાનો ચતુષ્કોણ વ્યૂહ રચ્યો અને સુરક્ષિત દશામાં તે ગડરમાલા નામના નગરમાં ચાલ્યો ગયો.

હતભાગી બાલારાવ ઈંગલેની દુર્દશાનું વૃત્તાંત સાંભળી જાલિમસિંહને અત્યંત દુઃખ થયું. શત્રુના કારાગૃહમાંથી પોતાના મિત્રની મુક્તિ કર્યા વિના તે શી રીતે નિશ્ચિંત રહી શકે? જાલિમસિંહ પોતાના મિત્રને કારાગૃહમાંથી મુક્ત કરવાનો નિશ્ચય કરી ભિંદર અને લાવાના સરદારોની સાથે રાજધાની તરફ જતાં ચૈજાઘાટ નામના ગિરિમાર્ગ તરફ સેનાસહિત ગયો. જો રાણા ઉક્ત દુષ્ટ સરદારોને પકડતાંની સાથેજ તેમનો વધ કરત તો રાજ્યનું હિત ઉત્તમ પ્રકારે સાધી શકાત. આમ કરવાથી સર્વ મરાઠાઓ ક્રોધિત થઇ તેમનાપર આક્રમણ કરત; પરંતુ તેથી રાણાનું કાંઇ પણ અમંગલ થાત નહિ, પણ દુર્ભાગ્યવશાત્ રાણાએ તેમનો વધ કર્યો નહિ. સાહસિક જયસિંહ સિંધી, આરબ અને ગોસાવી વગેરે અનેક જાતિઓની તથા અનેક ધર્મોની બનેલી ૬૦૦૦ ચુંટી કાઢેલા સૈનિકોની સેના લઇને વિદ્રોહીઓની સામે લડવા ગયા. રાણાજી સેનાસહિત ઉક્ત ચૈજાઘાટને રોકીને ઉભા. પાંચ દિવસપર્યંત ઘોર યુદ્ધ ચાલ્યું. મહારાષ્ટ્રીઓએ પુષ્કળ તોપો છોડી; પરંતુ પાંચ દિવસપર્યંત મહારાણાની સેના અડગ રહી. છઠ્ઠે દિવસે પરાજિત થઇને મહારાણાએ બાલારાવ ઈંગલેને છોડી દીધો. આ વખતે જે સંધિ કરવામાં આવી તે પ્રમાણે વિજયી જાલિમસિંહને સમસ્ત જિહાજપુર પ્રગણું મળ્યું. આટલેથીજ મહારાણાનો છુટકો થયો નહિ. મહારાષ્ટ્રીઓએ લડાઇનો ખર્ચ માગ્યો અને આ રૂપિયા તેમણે ભીષણ અત્યાચાર કરીને મેળવ્યા.

સંવત ૧૮૬૦ (ઈ૦ સ૦ ૧૮૦૪)માં નિરાશ થયેલા હોલ્કરે બદલો લેવાની આશા છોડી. ભિંદર નગરના સરદારે તેની ઇચ્છા પૂર્ણ કરી નહોતી તેથી તેણે આ વખતે તે નગરને ઘેરો ઘાલ્યો. તેની ભયંકર સેનાની ગતિ કોઇ પણ રોકી શક્યું નહિ. ભિંદરના શક્તાવતસરદારે કિલ્લાની રક્ષાનો કોઈ પણ ઉપાય નહિ જોઈ, હોલ્કરને બે લાખ રૂપિયા આપ્યા અને તેની સાથે સંધિ કરી. આ પ્રકારે ભિંદરના સરદારનું રક્ત ચૂસ્યા છતાં પણ તે રાક્ષસને શાંતિ થઇ નહિ. તે તત્કાળ ઉદયપુર તરફ ચાલ્યો. તેના આગમનના વર્તમાન સાંભળી રાણાએ તેની સાથે સંધિ કરવાને માટે અજિતસિંહ નામના

રાજપૂતને પોતાના પ્રતિનિધિતરિકે તેની પાસે મોકલ્યો.

હોલ્કર ઉદયપુરમાં પ્રવેશ કરવાની તૈયારીમાં હતો, એટલામાં અજિતસિંહ તેની પાસે જઇ પહોંચ્યો. અજિતસિંહદ્વારા મહારાણાની અભિલાષા જાણી હોલ્કરે ઉત્તર આપ્યો કે:-"ચાળીસ લાખ રૂપિયા લીધા વિના હું કદિપણ ઉદયપુરનો ત્યાગ કરીશ નહિ." આ વર્તમાન મહારાણાના સાંભળવામાં આવતાં તેમનો ભય બમણો વધી ગયો. પોતાની રક્ષાનો કોઇપણ ઉપાય નહિ જોઇ તેમણે હોલ્કરને ચાળીસ લાખ રૂપિયા આપવાનો સ્વીકાર કર્યો. અહો ! આ કેટલા આશ્ચર્યની અને કેટલા શોકની વાત છે ! ભીમસિંહ શું એટલા કાયર અને ડરપોક હતા ? શું ગિહલોતકુળના સાધારણ ગુણ તેમનામાં વિદ્યમાન નહોતો ? તેઓ વીરકેસરી પ્રતાપસિંહના વંશજ કહેવાતા હતા, તો શું તેમની રક્તવાહિનીઓમાં પ્રતાપસિંહના રક્તનું એક બિંદુ પણ પ્રવાહિત થતું નહોતું ? તોપછી તેમણે આ જગન્માન્ય, વીરપૂજ્ય, પવિત્ર ગિહલોતકુલમાં જન્મજ શામાટે લીધો હતો ? જો તેમનામાં મેવાડનું રક્ષણ કરવાનું સામર્થ્ય નહોતું તો તેઓ વીરવર પ્રતાપસિંહના સિંહાસનપર અધિષ્ઠિત શામાટે થયા હતા ? મહારાષ્ટ્રીઓનાં સતત આક્રમણથી આ વખતે સુવર્ણમય મેવાડભૂમિ શ્મશાનવત્ બની ગઇ હતી. પ્રજાનું સર્વસ્વ લૂંટાઇ ગયું હતું. નગરનિવાસીઓ ચોર અને લૂંટારાઓના ભયથી કંપી રહ્યા હતા. રાણાનું જીવન સર્વથા તુચ્છ અને અનુપયુક્ત બની ગયું હતું. તેમણે પોતાનું ક્ષુદ્ર જીવન ટકાવી રાખવાને માટે અસંખ્ય પ્રજાનાં હિતપ્રતિ જરાપણ લક્ષ્ય આપ્યું નહોતું. દીન, હીન, ક્ષીણ અને કંગાલ પ્રજાનું સંરક્ષણ કરવાને માટે જે રાજા સજ્જ થયા નહિ, જે સદા શત્રુઓના ચરણ ચાટવાને તૈયાર રહે, તેના ઘૃણિત, કલંકિત અને તુચ્છ જીવનનું આ જગતમાં શું પ્રયોજન છે ? ભીમસિંહે પ્રાણાંતપર્યંત સ્વદેશની રક્ષાને માટે શત્રુઓની સામે ઝુઝવું જોઇતું હતું; પરંતુ તે તેમનાથી બની શક્યું નહિ. ઉદયપુરના રાણા શત્રુઓના ચરણમાં પડયો. આમ કરવાથી તેમને જે કલંક લાગ્યું છે, તેનું પ્રક્ષાલન સાત સમુદ્રનાં જલથી પણ થઈ શકે એમ નથી.

સંધિ કરવાના બદલામાં હોલ્કરે ૪૦ લાખ રૂપિયા માગ્યા; પરંતુ આ વખતે મેવાડની દશા એટલી હીન થઈ ગઇ હતી કે આટલા બધા રૂપિયા મહારાણાથી આપી શકાય એમ નહોતું. રાણા સારીપેઠે જાણતા હતા કે આ રૂપિયા આપ્યા વિના હોલ્કરના પંજામાંથી મુક્તિ મળી શકે એમ નથી; તેથી તેમણે સુવર્ણની બનેલી પોતાની સર્વ વસ્તુઓ વેચી નાખી. તેમણે સ્ત્રીઓના અલંકારો તથા ભોજનપાત્રો પણ ગીરવી મૂકયાં. આમ કરવા ઉપરાંત નગરવાસીઓ પાસેથી ઉધાર કે ઉછીના લઇને તેઓ કેવળ ૧૨ લાખ રૂપિયા એકત્રિત કરી શકયા; પરંતુ આટલા રૂપિયાથી શું થઇ શકે એમ હતું ? બાર લાખ તો હોલ્કરની માગણીનો ત્રીજો ભાગ પણ નથી. શેષ રૂપિયાને માટે તેણે રાજકુટુંબના મુખ્ય માણસો અને કેટલાક નાગરિકોનાં અંગ ગીરવી મૂકયાં. રૂપિયા જ્યાંસુધી વસુલ ન થઈ શકે, ત્યાંસુધી તેમને હોલ્કરના શિબિરમાં રહેવાની આજ્ઞા થઇ. પછી હોલ્કરે નિષ્ઠુર અને ક્રૂર બની ચાલીસ લાખ રૂપિયા વસુલ કરવાને માટે રાણાની મુલાકાત લીધી અને પોતાની સેનાને લાવા અને બેદનોરના કિલ્લાઓને હસ્તગત કરવાની આજ્ઞા આપી. બળવાન મહારાષ્ટ્રીયસેનાએ તેની આજ્ઞાનુસાર થોડા વખતમાં એ કિલ્લાઓને ઘેરો ઘાલ્યો અને તેમને સુગમતાથી હસ્તગત કરી લીધા. ત્યાંના ઠાકોરોએ મહારાષ્ટ્રીઓને પુષ્કળ દ્રવ્ય આપી પોતાના કિલ્લા પાછા લીધા; પરંતુ હજીએ મહારાષ્ટ્રીઓની દ્રવ્યતૃષ્ણા શાંત થઇ નહિ. ત્યારપછી તેમણે દેવગઢના કિલ્લાપર ઘેરો ઘાલી તેને પોતાના અધિકારમાં લીધો અને ત્યાંના સરદાર પાસેથી સાડાચાર લાખ રૂપિયા કઢાવ્યા. આ પ્રકારે આઠ માસપર્યંત મેવાડનું રુધિર ચૂસી દુરાચારી હોલ્કર ઉત્તર તરફ ગયો. રાણાપર હજી જે ઋણ હતું, તેના બદલામાં અજિતસિંહ તેની સાથે ગયો અને તે રૂપિયા વસુલ કરવાને માટે બલરામ શેઠ મેવાડમાં રહ્યો.[1]

---

૧હોલ્કરની પાસે હરનાથ ચેલા નામનો એક કર્મચારી હતો. તે વનસેન નામના નગરમાં થઈને જતો હતો તે વખતે સાતોલા ગામના કેટલાક ભીલજાતિના ચોરોએ તેનાં ઉંટો છીનવી લીધાં. હરનાથે આ ચોરોનું દમન કરવાને માટે ચંદાવત ગુલાબસિંહને બોલાવ્યો. ગુલાબસિંહ પોતાના આઠ કુટુંબીઓની સાથે ત્યાં ગયો. તે વખતે હરનાથ બોલ્યો કે:-" જ્યાંસુધી અમારાં ઉંટો મળશે નહિ ત્યાંસુધી તમે જઈ શકશો નહિ. " આ શબ્દો સાંભળી ગુલાબસિંહ વિસ્મિત થયો. બીજે દિવસે પ્રાતઃકાળમાં હરનાથ મરાઠાએ હાથીપર આરૂઢ થઈ પોતાના સૈનિકોને આજ્ઞા કરી કે:-" ગુલાબસિંહને ઘેરી લ્યો." ગુલાબસિંહ હરનાથના મનનો ભાવ સમજી ગયો અને નમ્ર.

જે પ્રબલ પરાક્રમી અને સ્વેચ્છાચારી મરાઠાઓ પોતાનો સ્વાર્થ સાધવાને માટે કઠોરતાપૂર્વક દુર્બલ રાજપૂતોપર ભીષણ અત્યાચાર કરતા હતા,તેમને તેમનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરાવવાને માટે વિધાતાના ન્યાયપુરઃસર નિયમાનુસાર સાત સમુદ્રપારથી શ્વેતદ્વીપવાસી બળવાન બ્રિટિશો ભારતવર્ષમાં આવી પહોંચ્યા. તેમની વિકટ ભ્રૂકુટી જોઈ કુટિલ મહારાષ્ટ્રીઓનાં હૃદય થરથર કંપવા લાગ્યાં અને જે પ્રમાણે પ્રચંડ વાવાઝોડાં તથા મુસળધાર વરસાદથી જૂનાં ઘરો કંપાયમાન થાય છે તે પ્રમાણે તેમનું સિંહાસન વારંવાર ડોલાયમાન થવા લાગ્યું. ભારતવર્ષમાં ધીમે ધીમે અંગ્રેજોની ઉન્નતિ થતી જોઇ મહારાષ્ટ્રીઓનાં અંતઃકરણમાં અનેક પ્રકારના ભય અને શંકાનો ઉદ્ભવ થયો અને તેમણે બ્રિટિશશાસનના મૂળમાં શસ્ત્રપ્રહાર કરવાનો નિશ્ચય કર્યો. અંગ્રેજોની જડ ઉખેડીને ફેંકી દેવાને માટે સર્વ મહારાષ્ટ્રીઓ પરસ્પર મળી ગયા. જેઓ પૂર્વે એકબીજાના શત્રુ હતા તે હવે એક થઇ ગયા. હવે સિંધિઆ અને હોલ્કરમાં કિંચિત્ પણ ઝઘડો રહ્યો નહિ. આ સમયપૂર્વે જે હોલ્કર પોતાના પ્રચંડ શત્રુ સિંધિઆના ડરથી ભારતનાં શહેરે શહેરમાં નાસતો ફરતો હતો, તે આ સામાન્ય સંકટના સમયમાં પોતાનું સર્વ અપમાન અને જૂનું વૈર વિસરી ગયો; અને તેણે સિંધિઆને મિત્રભાવથી ગળે વળગાડયો. તે ઉભયે મળી અંગ્રેજોને ભારતવર્ષમાંથી હાંકી કાઢવાની પ્રતિજ્ઞા કરી.હોલ્કર મેવાડ લૂંટીને શાહપુરમાં આવ્યો તે વખતે સિંધિઆએ પોતાની સેનાસહિત મેવાડમાં જઇ ત્યાં ગર્જના કરવા માંડી એટલામાં શીઘ્ર ઉભયનો મેળાપ થયો. અંગ્રેજોના સંબંધમાં પુષ્કળ વાર્તાલાપ થયા પછી તેમણે એવો નિશ્ચય કર્યો કે સર્વ મહારાષ્ટ્રીઓએ તેમની સામે સંગ્રામ કરવો જોઇએ; પરંતુ કોઇ ખરાબ મુહૂર્તમાં તેમણે અંગ્રેજોની સામે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો હતો. તેમની આશા લુપ્ત થઈ ગઇ;[1] પરંતુ આ ઘટનાથી રાજસ્થાનનું મહા અભાગ્ય સમજવું જોઇએ,કારણ કે મહારાષ્ટ્રીઓના પરાભવની મોટી હાનિ રાજપૂતોને સહન કરવી પડી હતી.

જ્યારે અંગ્રેજોના પ્રચંડ પરાક્રમથી મહારાષ્ટ્રીઓનો પરાજય થયો ત્યારે હોલ્કર અને સિંધિઆ

---

તલવાર લઈ તેની તરફ દોડયો. તેણે અસિપ્રહાર કર્યો ખરો; પરંતુ તે તલવાર હાથીના હોદ્દામાં વાગીને ભાગી ગઈ. હવે હતાશ થઈ ગુલાબસિંહે પોતાની તીક્ષ્ણ કટાર હાથીના પેટમાં ઘુસાડી દીધી; પરંતુ દુષ્ટ મરાઠાઓએ તેને પકડીને તેના ટુકડે ટુકડા કરી નાખ્યા.

૧ જો કે મહારાષ્ટ્રીઓએ આ સમયે અંગ્રેજોની સામે પોતાનાં મસ્તક અવનત કર્યાં હતાં, તોપણ અલ્પ સમયમાં તેમણે પોતાનું ગૌરવ પુનઃ પ્રાપ્ત કર્યું હતું. શું એકજ દિવસમાં બળવાન સિંધિઆ અને હોલ્કરે શ્વેતદ્વીપવાસીઓને પોતાનું માનાપમાન વેચ્યું હતું ? જેમના પ્રચંડ બાહુબળથી એકવાર સમસ્ત ભારતભૂમિ કંપાયમાન થતી હતી તે મહારાષ્ટ્રીઓને શું અંગ્રેજોએ એક વારમાંજ જંજીરોથી સંપૂર્ણ રીતે જકડી લીધા હતા ? આ પ્રશ્નનો ઉત્તર પ્રાપ્ત કરવાને માટે ભારતવર્ષના ઈતિહાસનું પરિશીલન કરવું જોઈએ ! અહીંઆં માત્ર એટલુંજ કહેવું પૂરતું થઇ પડશે કે પ્રચંડ મહારાષ્ટ્રીઓને વશ કરવાને માટે અંગ્રેજોને પુષ્કળ દ્રવ્ય પુષ્કળ રુધિર અને પુષ્કળ સમયનો ભોગ આપવો પડયો હતો.અંગ્રેજો તેમને એક દિવસ,એક વર્ષ અથવા એકવારના યુદ્ધથીજ વશ કરી શક્યા નહોતા. ઈ૦ સ૦ ૧૮૦૩ના ડિસેમ્બરની ૩૧મી તારીખે વસાઈ મુકામે જે સંધિ થઇ હતી,તેણેજ અંગ્રેજ અને મહારાષ્ટ્રીઓ વચ્ચે વૈરની વૃદ્ધિ કરી હતી. જે દિવસે તે સંધિ થઈ તેજ દિવસથી મહારાષ્ટ્રીઓ અંગ્રેજોને પોતાના શત્રુ સમજવા લાગ્યા. પેશ્વાએ સંધિપત્રપર પોતાના હસ્તાક્ષર કર્યા ત્યારપછી તેને લાગ્યું કે મેં સ્વયં મારા પગપર કુહાડી મારી છે. તે વખતે તેજસ્વી સિંધિઆએ પણ દુઃખિત થઇને કહ્યું હતું કેઃ–" આ સંધિએ મારા મસ્તકપરથી રાજમુકુટ ઉતારી લીધો છે. " તે દિવસથી ઉત્પન્ન થયેલો ઝઘડો સરલતાથી નિવૃત્ત થયો નહિ. વર્ષપર વર્ષ વ્યતીત થવા લાગ્યાં. ભારતનાં અન્યાન્ય રાજ્યોમાં ઘણો ફેરફાર થઈ ગયો, અંગ્રેજો અને મહારાષ્ટ્રીઓનાં રુધિરથી પૃથ્વી અનેક વાર લાલ થઇ ગઈ; તથાપિ તેમની વચ્ચેના ઝઘડાની નિવૃત્તિ થઈ નહિ. કોઇ વખત અંગ્રેજો મહારાષ્ટ્રીઓને જીતી તેમને ચારે તરફ નસાડી મૂકતા હતા અને કોઈ વખત મહારાષ્ટ્રીઓ તેમની સારી પેઠે ખબર લેતા હતા. આ પ્રકારે દીર્ઘકાળ વ્યતીત થઈ ગયો. આસાઇ, અસીરગઢ, આરગાંવ, દિલ્હી, લાસવાડી, ઈત્યાદિ સ્થળોએ થયેલા સંગ્રામમાં મહારાષ્ટ્રીઓએ કોઈવાર પોતાના પરાક્રમથી અંગ્રેજોને પરાજિત કર્યા અને કોઈવાર તેઓ સ્વયં હારી ગયા. આ યુદ્ધો થયા પછી ઇ૦ સ૦ ૧૮૦૩ ના જુલાઈમાં અંગ્રેજોનો સેનાપતિ કર્નલ મૅન્સન મહારાષ્ટ્રીઓની વીરતાની જાળમાં એવો ફસાઇ પડયો કે તે મહા કઠિનતાથી પોતાના પ્રાણ બચાવી આગ્રામાં પહોંચ્યો હતો. આ પરાજયથી અંગ્રેજોની ઘણી હાનિ થઈ હતી. ઈ૦ સ૦ ૧૭૮૦ માં કર્નલ બેલીના પરાજય પછી આવી હાનિ તેમને કદિપણ નથી થઇ. મહારાષ્ટ્રીઓના આ વિજયે અંગ્રેજોની કીર્તિને ઢાંકી દીધી. આ વખતથી મહારાષ્ટ્રીઓનું પરાક્રમ શુક્લપક્ષના ચંદ્રની પેઠે વૃદ્ધિંગત થવા લાગ્યું. ( માર્શમેનકૃત હિંદુસ્થાનનો ઇતિહાસ )

પોતાને થયેલા અપમાનનો બદલો લેવાને માટે પુનઃ સેના એકત્રિત કરવા લાગ્યા. તેમની સર્વ આશા નષ્ટ થઇ ગઈ હતી, તોપણ તેઓ બદલો લેવાની ચિંતાથી વિમુક્ત થયા નહોતા. તેમના અંતઃકરણમાં દ્વેષાગ્નિ પૂર્ણ જોસથી બળતો હતો; તોપણ અંગ્રેજોની સામે પ્રકટરીતે યુદ્ધ કરવાનું તેમનામાં સામર્થ્ય નહોતું. પાછળથી ઈ૦ સ૦ ૧૮૦૫ ની વર્ષાઋતુમાં તેમણે સાહસ કરી બેદનોરના ખુલ્લા મેદાનમાં પોતાની છાવણી નાખી અને તેઓ યુદ્ધવિષે મસલત કરવા લાગ્યા. આ મસલતનો પ્રતિપાદ્ય વિષય એ હતો કે અંગ્રેજોની સાથે કેવી રીતે વર્તન કરવું જોઇએ. મહારાષ્ટ્રીઓએ સહસ્રાવધિ અત્યાચારો કરીને ભારતવર્ષનાં નગરેનગરથી જે દ્રવ્ય લૂંટયું હતું તથા તેમણે જે બળ પ્રાપ્ત કર્યું હતું, તે સમસ્ત દ્રવ્ય તથા સમસ્ત બળ તેમના હાથમાંથી આ વખતે નીકળી ગયું હતું. જે પ્રચંડ સૈન્યની સહાયથી તેઓ એક વખત ભારતવર્ષમાં કેવળ પોતાનોજ ડંકો બજાવી રહ્યા હતા, તે સૈન્યના યોદ્ધાઓ પણ આ વખતે પગાર નહિ મળવાથી નિસ્તેજ અને મંદ થઇ ગયા હતા. આ સંકટ ઉપર તેમને પરાભવનું મહા સંકટ પ્રાપ્ત થયું, તેથી આ વખતે તેઓ ઘાયલ થયેલા સિંહસમાન બની બેઠા હતા; પરંતુ તેમનું ધૈર્ય હજી નાશ પામ્યું નહોતું. તેમણે આશાજનક વચનો કહી પોતાના સૈનિકોને ઉત્સાહિત કર્યા અને તેઓ અંગ્રેજોની સામે યુદ્ધ કરવાને માટે જોઈતું દ્રવ્ય એકઠું કરવા લાગ્યા. તેઓ પોતાની દુરાકાંક્ષા સિદ્ધ કરવાને માટે સાક્ષાત પિશાચ બની ગયા. તેમણે કોઇનાપર પણ દયા કરી નહિ. તેમણે કોઇનું પણ માન રાખ્યું નહિ. તેઓ સ્વચ્છંદતાપૂર્વક મેવાડમાં ચારે તરફ ઘુમવા લાગ્યા. તેમની ગતિ રોકવાની કોઇનામાં શકિત નહોતી. કોઈ પણ ખડ્ગ ધારણ કરીને તેમની સામે ધસ્યું નહિ. તેમના ભયંકર પૈશાચિક અત્યાચાર નિવૃત્ત કરવા માટે કોઇએ પણ સાહસ કર્યું નહિ. આ વખતે વીરજનની મેવાડભૂમિ વીરશૂન્ય બની ગઇ હતી. મહારાષ્ટ્રીઓ તેને સંપૂર્ણ રીતે દલિત કરી રહ્યા હતા. આ વખતે સુવર્ણભૂમિએ શ્મશાનભૂમિનું સ્વરૂપ ધારણ કર્યું હતુ. ઉકત મહારાષ્ટ્રીયસરદારોએ આ વખતે એવું ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું કે જો સ્વયં પેશ્વા તેમની ગતિ રોકવાને આવત તો તે પણ નિષ્ફળ થાત; પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે પેશ્વાએ તેમને આ પાપકાર્ય કરવાને માટે ઉલટા બમણા ઉત્તેજિત કર્યા હતા. કોઇ પણ રાજપૂતમાં તેમની ગતિ રોકવાનું સામર્થ્ય નહોતું. જે પ્રકારે મદોન્મત્ત જંગલી હાથી વનમાં ભ્રમણ કરે છે, તે પ્રકારે તેની ગર્વિત સેના મેવાડમાં ઘુમવા લાગી. નગરવાસીઓ અને ગામવાસીઓપર ઘોર અત્યાચાર થવા લાગ્યા. સર્વનું દ્રવ્ય લૂંટાઇ ગયું. જેમણે તેમને દ્રવ્ય આપ્યું નહિ, તેઓ તેમના ક્રોધાગ્નિમાં બળીને ભસ્મ થયા. પીડિત પ્રજાના હાહાકારથી મેવાડભૂમિ ધ્રૂજી રહી. મનુષ્યોનાં રુધિરની નદીઓ વહી. મહારાષ્ટ્રીઓએ બરાબર દશ વર્ષપર્યંત આ પ્રકારે ઘોર અત્યાચાર કરી મેવાડભૂમિને પાયમાલ કરી નાખી. આ દારુણ અત્યાચારથી મેવાડની જે ભયાનક દશા થઇ, તેનું સ્મરણ થવાથી હૃદય ભગ્ન થઇ જાય છે. મહાલયોનાં ખંડિયેર થઇ ગયાં. કોઇકે સ્થાને અર્ધ બળેલું ગામ પોતાની ભયંકર મૂર્તિ બતાવી રહ્યું હતું; કોઇક સ્થાને નગર ભસ્મીભૂત થઇને ઘોર શ્મશાન બની ગયું હતું. જે તરફ દૃષ્ટિપાત કરવામાં આવે તે તરફ પ્રકૃતિદેવીએ હૃદયસ્તંભનકારી મૂર્તિ ધારણ કરેલી જણાતી હતી. જે તરફ કાન ધરવામાં આવે તે તરફ નરનારીઓનો હૃદયભેદક આર્તનાદ અને વિલાપ સાંભળવામાં આવતો હતો. વીરજનની મેવાડભૂમિની આવી દુર્દશા તો પૂર્વે કદિ પણ થઈ નહોતી. મુસલમાનોએ દીર્ઘકાળપર્યંત જે અત્યાચાર કર્યા હતા, તે સહન કર્યા છતાં પણ રાજપૂતોમાં કાંઇક બળ અવશિષ્ટ રહ્યું હતું; પરંતુ મરાઠાઓએ ઘોર અત્યાચાર કરીને તેનો એકદમ લોપ કરી દીધો.[1] મરાઠાઓ આ પ્રકારે મેવાડભૂમિમાં ભીષણ અત્યાચાર કરી મેવાડભૂમિરૂપી શ્મશાનમાં પિશાચોની પેઠે ભ્રમણ કરવા લાગ્યા. તેમને તેમના અત્યાચારનો બદલો આપનાર કોઈ પણ વિદ્યમાન નહોતું. સમસ્ત મેવાડભૂમિમાં એવો કોઈ પણ રાજપૂત નહોતો કે જે સંજીવિની વિદ્યાના મંત્રદ્વારા તે શ્મશાનભૂમિની ચિતાભસ્મમાંથી પુનઃ અસંખ્ય મહાવીરોને ઉત્પન્ન કરી શકે. આથી મેવાડભૂમિ દીન અવસ્થામાંજ રહી.

જે સમયે રાજસ્થાનમાં આવા અત્યાચાર થઈ રહ્યા હતા, તે સમયે કેટલાક અંગ્રેજવીરોએ ધીમે ધીમે આ શ્મશાનભૂમિમાં પ્રવેશ કરીને મહારાષ્ટ્રીઓને બળપૂર્વક ત્યાંથી હાંકી કાઢયા અને પોતાની શકિતથી

૧ અંગ્રેજોનું આ દેશમા આગમન થયું તે સમયે તેમને જે જે રાજાઓએ સહાય કરી હતી તેમાં ગોહુદ, ગ્વાલિયર, રાઘોગઢ અને બહાદુરગઢના રાજાઓ તથા ભોપાલનો નવાબ એઓ પ્રધાન હતા.

આ દેશને જીવાડયો.

અલ્પકાળપર્યંત મહારાષ્ટ્રીઓ અને અંગ્રેજોની વચ્ચેનો વિગ્રહ બંધ પડયો; પરંતુ તે ફરીથી અવશ્ય ચાલુ થશેજ, એમ મહારાષ્ટ્રીઓને લાગવાથી તેઓ પોતાનાં કુટુંબોને તથા દ્રવ્યરત્નાદિને મેવાડના કિલ્લાઓમાં છુપાવવા લાગ્યા. ચંદાવતોનો મુખ્ય નેતા સરદારસિંહ સિંધિઆની રાજસભામાં રાણાના પ્રતિનિધિતરિકે નિયુકત થયો. અંબાજીને પુનઃ સિંધિઆની પાસે ઉચ્ચપદ મળ્યું.[1] આ સમયપૂર્વે મેવાડના રાણાએ લખવા દાદાને સહાય કરી હતી.આ વાત હજી અંબાજી વિસરી ગયો નહોતો. તેના હૃદયમાં આ વાતની ચોટ લાગી હતી અને હજી તે ચોટ તાજીને તાજીજ હતી. રાણાના આ વર્તનથી અંબાજીના હૃદયમાં જે દ્વેષાગ્નિ પ્રદીપ્ત થયો હતો તે કોઈ પણ પ્રકારે શાંત થયો નહિ. આટલા દિવસ સુધી આ અગ્નિ ધીમે ધીમે ગુપ્તરીતે બળતો હતો; પરંતુ હવે તે ભડકો થઇ ઉઠયો. આ અંબાજીએ રાણાપર વૈર લેવાનો વિચાર કર્યો. તેને મેવાડનું રાજ્ય જીતી લઇ મુખ્ય મુખ્ય મહારાષ્ટ્રીયસરદારોને તે વહેંચી આપવાની અભિલાષા ઉત્પન્ન થઇ; પરંતુ તેની આ અભિલાષા પૂર્ણ થઇ નહિ. તેના હૃદયની આ વાત જાણી શકતાવતસરદાર સંગ્રામસિંહે તેના માર્ગમાં વિઘ્નો ઉપસ્થિત કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. સંગ્રામસિંહે આ કાર્ય હોલ્કરની સાથે મળીને કરવાનો વિચાર કર્યો. વળી સંગ્રામસિંહ કરતાં પણ અધિક બુદ્ધિમાન અને બળવાન એવી એક સન્નારી પણ અંબાજીની સામે થવાને બહાર પડી. સિંધિઆની સ્ત્રી બાયજાબાઇએ અંબાજીના માર્ગમાં વિઘ્ન ઉપસ્થિત કરવાનો નિશ્ચય કર્યો. જો કે બાયજાબાઇ રાજપૂતોના શત્રુ સિંધિઆની સાથે પરણી હતી, તોપણ તે રાજપૂતોનું મહત્ત્વ અને ગૌરવ સારીપેઠે જાણતી હતી અને તેમનાપ્રત્યે આદરભાવ ધરાવતી હતી. રાજસ્થાનનાં સર્વ રાજ્યો અને વિશેષતઃ મેવાડને તો તે અંતઃકરણથી આરાધ્યદેવ માનતી હતી. તે જાણતી હતી કે મેવાડભૂમિજ હિંદુસ્વાધીનતાની લીલાભૂમિ અને ગિહલોતકુલની માતા છે. તે સમયમાં ક્રૂરતાને માટે પ્રસિદ્ધ થયેલો સૂરજીરાવ બાયજાબાઇનો પિતા થતો હતો. આવા ક્રૂર પિતાને ઘેર જન્મ્યા છતાં પણ બાયજાબાઇ ઉત્તમ સ્ત્રીઓમાં શિરોમણિ હતી. અંબાજીનો ઉદ્દેશ જાણી તે તેને વિફળ કરવાને તૈયાર થઇ અને સર્વ રાજપૂતોમાં સંપ કરાવવાનો પ્રયાસ કરવા લાગી. જે ચંદાવતો અને શક્તાવતો એકબીજાને પોતાના ઘોર શત્રુ માનતા હતા, તેઓ હવે મેવાડના સૌભાગ્યથી સર્વ શત્રુતા ભૂલી જઇને એક થઇ ગયા એને તેમણે સર્વ જણે મળી અંબાજીની વિરુદ્ધ કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી. શું તેઓ જીવંત હોવા છતાં પોતાના પૂર્વજોની ભૂમિને—'સ્વર્ગાદપિગરીયસી' એવી જન્મભૂમિને અનેક ભાગોમાં વિભકત થઈ શત્રુઓના હાથમાં જતી જોઇને નિશ્ચિંત બેસી રહેશે? ચંદાવતોનો મુખ્ય સરદાર પ્રથમથીજ સિંધિઆના દરબારમાં વર્તમાન હતો; પરંતુ તે પોતાના આપ્તોનો ઉક્ત વિચાર જાણી તે પદ છોડી તેમને આવી મળ્યો. હવે તેઓ અંબાજીની વિરુદ્ધ શી રીતે કાર્ય કરવું તે વિષે મસલત કરવા લાગ્યા, આજે દીર્ઘકાળે ચંદાવતો અને શકતાવતો સાથે મળ્યા. ભયંકર શત્રુઓએ પરમ મિત્ર બની એકબીજાને આલિંગન દીધું. પછી સર્વ રાજપૂતો પંચોલી કિસનદાસની સાથે હોલ્કરની પાસે ગયા અને તેને સગર્વ નિવેદન કર્યું:—"મહારાષ્ટ્રનાથ! શું આપે દુષ્ટ અંબાજીને મેવાડભૂમિ હસ્તગત કરી લેવાની આજ્ઞા આપી છે?" આ શબ્દો સાંભળી હોલ્કર અત્યંત દુઃખિત થયો, આ વખતે સમસ્ત મેવાડભૂમિ અને મહારાણાની દુર્દશાનું ચિત્ર તેની દૃષ્ટિસમીપ ખડું થયું. પળે પળે તેનું દુઃખ વૃદ્ધિંગત થવા લાગ્યું. તેણે ગંભીર સ્વરે કહ્યું:—"ના, હું કદિપણ તેમ થવા દઇશ નહિ. હું આપની સમક્ષ શપથ લઇને કહું છું કે મેવાડની આવી દુર્દશા હું કદિ પણ થવા દઇશ નહિ. આપ એક થાઓ. શત્રુતા ભૂલીને સંપ કરો, એકબીજાને હૃદયસરસા દાબો અને એકપ્રાણ થાઓ."

હોલ્કરનાં આ વચનો સાંભળી સર્વને ધૈર્ય પ્રાપ્ત થયું અને તેમણે સાથે કસુંબો લઇને પોતાની એકતાનું પ્રત્યક્ષ પ્રમાણ બતાવ્યું. ચંદાવતો અને શક્તાવતોને આ પ્રમાણે ધૈર્ય આપીનેજ હોલ્કર મૌન રહ્યો નહિ; પરંતુ તે સર્વને પોતાની સાથે લઇને સિંધિઆના શિબિરમાં ગયો અને વાત કરતાં કરતાં રાણાના ઉચ્ચ કુલની પવિત્રતા અને માનમર્યાદાનું વર્ણન કરીને ગંભીરભાવથી તેને કહેવા લાગ્યો:—"આપ સારીપેઠે જાણો છો કે રાણાજીનો જન્મ કેવા ઉચ્ચ કુળમાં થયો છે. જેઓને આપણે માન-

૧ અંબાજી, બાપુ ચિટનવીસ, માધવ હજુરીઓ અને અન્નાજી ભાસ્કર સિંધિઆના મંત્રી હતા.

નીય અને પૂજ્ય ગણીએ છીએ તેઓ પણ રાણાજીને આરાધ્ય ગણે છે. [1] તો શું તેમની સાથે શત્રુતા અને વિરોધ કરવો એ આપણને ભૂષણાસ્પદ છે ? આવા સંકટના સમયમાં તેમના સર્વસ્વનો નાશ કરવો એ શું આપણે માટે ઉચિત કર્મ છે ? આપણા પૂર્વજો અને આપણે દીર્ઘકાળથી મેવાડની જે ભૂમિનો સરલતાપૂર્વક ઉપભોગ લેતા આવ્યા છીએ, તે મહારાણાને પાછી સોંપી દેવી એ આપણો પરમ ધર્મ છે; પરંતુ શું તેમ કરવાને બદલે આપણે તેમના રાજ્યને વહેંચી લઈશું ? જો એમ કરવામાં આવે તો આપણી સત્તાને ધિક્કાર છે ! આપણા રાજ્યને ધિક્કાર છે ! પછી તો આપની ઇચ્છામાં જે આવે તે પ્રમાણે કરવાને આપ મુખત્યાર છો; પરંતુ હું તો પ્રતિજ્ઞાપૂર્વક કહી ચૂકયો છું કે હું કદિપણ રાણાનો પક્ષ છોડીશ નહિ. જો આપને મારાં વચનપર વિશ્વાસ ન આવતો હોય તો હું એનું પ્રમાણ આપવાને તૈયાર છું. મેં મારા તાબાનું નીમબહેડા પ્રગણું મહારાણાને સોંપી દીધું છે." હોલ્કરનાં આ તેજસ્વી વચનો સાંભળી સર્વ માણસો મૌન અને સ્તબ્ધ રહી ગયા. સિંધિઆ પણ એક વચન ઉચ્ચારી શકયો નહિ. હોલ્કરનાં વચને તેના હૃદયના ઉંડા ભાગમાં પ્રવેશ કરીને તેમાં એક પ્રકારની ચંચલતા ઉત્પન્ન કરી. હોલ્કર સારીપેઠે સમજી ગયો કે મારાં વચનોએ પોતાનો સંપૂર્ણ પ્રભાવ બતાવી દીધો છે અને જોઇતી અસર ઉત્પન્ન કરી છે. આથી તેને વિશેષ ઉત્તેજિત કરવાને માટે તે પુનઃ કહેવા લાગ્યો:-"વળી આપ આ વાતનો પણ વિચાર કરો કે જો મહારાણા આ ઘડી આપણાથી પૃથક્ થઇ જાય તો આપણને કેવી હાનિ થવાનો સંભવ છે ! જો આપણે ફિરંગી(અંગ્રેજ)લોકોની સાથે યુદ્ધ કરવા માંડીશું તો આપણે આપણાં કુટુંબ, દ્રવ્ય અને ઇતર સંપત્તિ કયાં રાખીશું ? જો આપણે રાણાજીની સાથે વિરોધ કરીશું તો આપણને શું લાભ થશે વારૂ ? એમને અપ્રસન્ન કરવાથી આપણા ઉપર વિપત્તિઓપર વિપત્તિઓ આવી પડશે, એમાં કિંચિત્ પણ સંશય નથી." હોલ્કરનાં તેજસ્વી વાગ્બાણની પ્રતીતિ થવાથી સિંધિઆના હૃદયમાં જે ચપળતા ઉત્પન્ન થઈ હતી તે આ સમયે દૂર થઇ ગઇ અને તેના અંતઃકરણમાં એક ગંભીર ભાવનો ઉદ્‌ભવ થયો. હોલ્કરનાં વચનોને મંત્રવત્ પવિત્ર સમજીને તે તદનુસાર વર્તન કરવાને સર્વ રીતે સજ્જ થઇ ગયો. હોલ્કર અને સિંધિઆના શિબિરો એકબીજાથી દશ કોશના અંતરપર હતા તેથી પ્રતિદિન તેમની વચ્ચે વાતચિત કિંવા સલાહમસલત થયા કરતી નહોતી. જે સમયનું અહીંઆં વર્ણન ચાલે છે તે સમયમાં કેટલાક દિવસપર્યંત મુસળધાર વરસાદ વરસ્યો હતો, તેથી ઉભય વચ્ચેનો વાતચીતનો વ્યવહાર બંધ થઇ ગયો હતો. વર્ષાઋતુના આ વિકટ સમયમાં એક દિવસ હોલ્કર પોતાના શિબિરમાં બેઠો હતો, એવામાં એક અનુચરે આવી તેના હાથમાં એક પત્ર મૂકયો. હોલ્કર એકાગ્રચિત્તે આ પત્ર વાંચવા લાગ્યો. થોડીવાર સુધી તેને વાંચીને તેણે તેને એકદમ ફેંકી દીધો અને પૃથ્વી તરફ દષ્ટિપાત કરીને તે ક્રોધથી વારંવાર પોતાના હોઠ કરડવા લાગ્યો; તેનાં નેત્રોમાંથી ક્રોધની ચિણગારીઓ નીકળી રહી હતી. થોડી વાર સુધી આવી દશામાં રહી, તેણે પોતાના સેવકોને આજ્ઞા કરી કે:-"હમણાં ને હમણાં રાણાના પ્રતિનિધિઓને બોલાવી લાવો." હોલ્કરને એકદમ ક્રોધ ચઢી ગયો તેનું એક કારણ હતું. ઉક્ત પત્ર વાંચવાથી તેને વિદિત થયું હતું કે રાણાનો ભૈરવબકસ નામનો એક દૂત મેવાડમાંથી મહારાષ્ટ્રીઓને દૂર કરવાને માટે બ્રિટિશસેનાપતિ લૉર્ડ લેકની સાથે ટૉંકમાં મસલત ચલાવતો હતો.

થોડા દિવસ પછી કિસનદાસ અને મેવાડના ઇતર પ્રતિનિધિઓ હોલ્કરના શિબિરમાં ગયા. તે ક્રોધાન્વિત મરાઠાએ ઉક્ત પત્ર શીઘ્રતાથી કિસનદાસની તરફ ફેંકયો અને લાલચોળ નેત્રો કરીને કહ્યું:-"શું મેવાડવાસીઓએ અંતે અમારી સાથે આવો વિશ્વાસઘાત કર્યો ? શું તમે આજ પ્રકારે સર્વની સાથે વિશ્વાસઘાત કરો છો કે ? વિચાર કરો કે તમારા સ્વામીના હિતને ખાતર મેં મારા કુટુંબીઓનો ત્યાગ કર્યો અને સિંધિઆની કિંચિત્ પણ ભીતિ રાખી નહિ. હમણાં જ્યારે ફિરંગીઓની સાથે ઘોર યુદ્ધ ચાલે છે ત્યારે સમસ્ત હિંદુજાતિને એક થવાની જરૂર છે; પરંતુ તમારા રાણા તેમ કરવાને બદલે ફિરંગીઓની સાથે સંધિ કરવાને તત્પર થયા છે. અગાઉના રાણાઓએ દિલ્હીની આધીનતા નહિ સ્વીકારવાને માટે કેટલાં સંકટો સહન કર્યાં છે તેનો વિચાર કરો અને આધુનિક રાણા કેવા પ્રકારનું વર્તન કરે છે તેનો વિચાર કરો. શું તમારા તરફથી આ પ્રકારનો બદલો મેળવવાને માટેજ મેં અંબાજીને તમારા રાજ્યનો

૧ પેશ્વા, સિંધિઆ અને હોલ્કરનો સ્વામી હતો અને પેશ્વાના અધિપતિ સતારાના છત્રપતિ હતા; તથા ઉદયપુરના મહારાણા છત્રપતિના કરતાં ઉચ્ચ કોટિના હતા, તેથી તે પૂજ્યના પૂજ્ય ગણાયા.

નાશ કરતાં અટકાવ્યો હતો કે ?" રાણાનો મંત્રી કિસનદાસ હોલ્કરને શાંત કરવાની ચેષ્ટા કરવા લાગ્યો; પરંતુ એટલામાં હોલ્કરનો તાત્યા નામનો મંત્રી કિસનદાસને બોલતો અટકાવી પોતાના સ્વામીપ્રત્યે કહેવા લાગ્યો:–"મહારાજ! ગંગણુ[1] લોકોનો વ્યવહાર આપે સ્વદૃષ્ટિથી જોયો છે. આ લોકો આપની અને સિંધિઆની વચ્ચે વિગ્રહ ઉપસ્થિત કરી ઉભય રાજ્યોને નષ્ટ કરશે; માટે આપ એમનો પક્ષ છોડી સિંધિઆનો પક્ષ ગ્રહણ કરો. સુરજીરાવને દૂર કરી અંબાજીને મેવાડનો સુબેદાર બનાવવાની તજવીજ કરો; નહિ તો હું આપને છોડી સિંધિઆની પાસે જઇ તેની સાથે માળવે ચાલ્યો જઇશ."

કેવળ ભાઉ ભાસ્કર સિવાય અન્ય સર્વ મંત્રીઓએ તાત્યાના મતને સમ્મતિ આપી. હોલ્કરે પણ તાત્યાની સલાહ માની અને સુરજીરાવને મેવાડના સુબેદારના પદપરથી બરતરફ કર્યો. પછી તે અંગ્રેજી સેનાની સામે બાથ ભીડવાને માટે ઉત્તર તરફ ચાલ્યો; પરંતુ દુર્ભાગ્યવશાત્ તેનું બળ ન્યૂન થતું ગયું. તે અંગ્રેજોની સામે થયો નહિ, તે છતાં પણ તે તેમના ક્રોધાગ્નિમાંથી બચ્યો નહિ. રણદક્ષ લૉર્ડ લેકે તેની પૂંઠ પકડી સંધિ કરવાને માટે તેનાપર દબાણ કર્યું. સુપ્રસિદ્ધ વ્યાસાનદીના તટપર લૉર્ડ લેકની સાથે હોલ્કરને સંધિ થઇ.

મેવાડવાસીઓપર ક્રોધિત થવા છતાં પણ હોલ્કરે તેમનું કાંઇ અમંગલ કર્યું નહિ. ઉલટપક્ષે મેવાડનો ત્યાગ કરતી વખત તે તેને નિરાપદ અને સુરક્ષિત રાખવાને માટે સિંધિઆને કહેતો ગયો કે:–"મેં અંબાજીના આક્રમણથી રાણાના રાજ્યને સુરક્ષિત રાખવાની પ્રતિજ્ઞા કરી છે, માટે આપ કોઇપણ પ્રકારે એવું વર્તન કરશો નહિ, કે જેથી મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય. જો આપ આ પ્રમાણે નહિ કરો તો તેની જોખમદારી આપને શિર છે." ભય, ભક્તિ વા કૃપાથી સિંધિઆએ હોલ્કરની આ સલાહ પ્રમાણે થોડા દિવસપર્યંત વર્તન કર્યું; પરંતુ જ્યારે તેણે હોલ્કરને વિપત્તિમાં પડેલો જોયો ત્યારે તેણે તેની સલાહનો અનાદર કર્યો અને મેવાડમાંથી ૧૬ લાખ રુપિયા વસુલ કરવાને માટે તેણે સદાશિવરાવને એકદમ તે દેશમાં મોકલી આપ્યો. પીડિત મેવાડનું રુધિર ચૂસવાને માટે સદાશિવરાવ જૉન બૅપ્ટીસ્ટના હાથ નીચે કવાયત શીખીને તૈયાર થયેલી ગોલંદાજ પલટણ લઇને મેવાડની તરફ ચાલ્યો. ઇ૦સ૦ ૧૮૦૬ના જૂન માસમાં તેણે મેવાડ તરફ પ્રયાણ કર્યું. સિંધિઆએ પોતાનાં બે કાર્યો સિદ્ધ કરવાને માટે સદાશિવરાવને મેવાડમાં મોકલ્યો હતો. પ્રથમ કાર્ય ૧૬ લાખ રૂપિયા વસુલ કરવાનું હતું અને બીજું કાર્ય જયપુરના મહારાજાની સેનાને ઉદયપુરમાંથી દૂર કરવાનું હતું. રાણાની કુંવરીની સાથે જયપુરના રાજાનો વિવાહ નિશ્ચિત થવાથી તેની વ્યવસ્થાને માટે કુશાવહરાજાની સેના આ વખતે મેવાડમાંજ હતી; પરંતુ થોડા વખતમાં તે ઉદયપુરથી જતી રહી. આ સેના જ્યાં મેવાડમાંથી દૂર થઈ કે તરતજ મહારાણાનું દુર્ભાગ્યચક્ર જોરથી ફરવા લાગ્યું.

ભાગ્યના કઠોર તાડનથી ઉન્નતિના શિખરપરથી અવનતિના અંધકૂપમાં પતિત થઈને હતભાગી મહારાણા ભીમસિંહ જેમ તેમ પોતાના દિવસ નિર્ગમન કરતા હતા. તેમના પૂર્વજોનું માન અને ગૌરવ સર્વથા નષ્ટ થયું હતું. સૌભાગ્યરૂપી સૂર્યનો પ્રકાશ સંપૂર્ણ રીતે લુપ્ત થઇ ગયો હતો. મહારાણા વિશ્વમોહિની આશાના પાશમાં લુબ્ધ થઈને જેમ તેમ કાળક્રમણ કરતા હતા; પરંતુ દુષ્ટ વિધાતા મહારાણાનું આટલું સુખ પણ જોઇ શકી નહિ. મહારાણાના હાથમાંથી સર્વ પ્રકારની રાજ્યવ્યવસ્થા જતી રહી હતી, તેઓ કેવળ નામનું રાજસન્માન મેળવતા હતા. તેઓ માત્ર પોતાની આનંદદાયિની પુત્રી કૃષ્ણાકુમારીનું મુખ જોઇને દેહ ધારણ કરી રહ્યા હતા; પરંતુ કઠોર વિધાતાએ આ રાજકુમારીને પણ ઉંચકી લીધી. હવે રાણાની સર્વ આશા નષ્ટ થઇ ગઇ. આજે સ્નેહનો સ્રોત પણ શુષ્ક થઇ ગયો. સંકટની ઉપર સંકટ અને વિપત્તિની ઉપર વિપત્તિનો ઉદય થવા લાગ્યો. સર્વસ્વ ગુમાવીને અને સર્વ સુખોથી વંચિત થઇને પણ તેઓ માત્ર કૃષ્ણાકુમારીનું મુખ જોઇને જીવતા હતા. અંતે તેની ઉપર પણ ઘોર વિપત્તિ આવી પડી. પૂર્વેજ અમે જણાવી આવ્યા છીએ કે જયપુરના રાજાની સાથે કૃષ્ણાકુમારીનો વિવાહ નિશ્ચિત થઇ ચૂકયો હતો અને તે શુભ કાર્યને સંપૂર્ણ કરવાને માટેજ જયપુરની સેના ઉદયપુર ગઇ હતી; પરંતુ મારવાડના રાજા માનસિંહે આ લગ્નમાં વિઘ્ન ઉપસ્થિત કર્યું. જયપુરના રાજા જગત-

[1] મહારાષ્ટ્રીઓ રાજપૂતોને ગંગણુ કહે છે; એનો અર્થ પ્રચંડ થાય છે.

સિંહની સાથે કૃષ્ણાકુમારીનો વિવાહ થવા ન પામે એટલા માટે મારવાડના રાજા માનસિંહે પોતાના ત્રણ હજાર સૈનિકોને ઉદયપુરમાં મોકલી આપ્યા. માનસિંહ સ્વયં કૃષ્ણાકુમારીની સાથે વિવાહ કરવાની ઇચ્છા રાખતો હતો. તેણે પોતાના પક્ષનું સમર્થન કરવાને માટે મહારાણાને કહેવરાવી મોકલ્યું કેઃ–"કૃષ્ણાકુમારીની સાથે મારવાડના સ્વર્ગસ્થ રાજાનો વિવાહ થયો હતો, તો પછી ત્યાંના વર્તમાન રાજાની સાથે કૃષ્ણાકુમારીનો વિવાહ શામાટે ન કરવો ?" માનસિંહની આ યુક્તિ વિચિત્ર હતી. વળી તેણે એમ પણ કહેવરાવી મોકલ્યું હતું કેઃ–"કૃષ્ણાકુમારીનો વિવાહ મારવાડના સિંહાસનની સાથે નિશ્ચિત થયો હતો, માટે તે સિંહાસનપર જે માણસ અધિષ્ઠિત થયો હોય તેની સાથે કૃષ્ણાકુમારીનો વિવાહ થવો યુક્ત છે. મારવાડનું સિંહાસન પૂર્વે જેવું હતું તેવું તે હાલમાં પણ છે, તો પછી કૃષ્ણાકુમારીને તે સિંહાસનને સમર્પિત કરવામાં શો વાંધો છે ?" તેણે ભય દર્શાવીને કહેવરાવી મોકલ્યું કેઃ–"જો મહારાણા મારી અભિલાષા પૂર્ણ નહિ કરીને અંબરના રાજા જગતસિંહની સાથે કૃષ્ણાકુમારીનો વિવાહ કરશે તો હું તેમનો પ્રબળ શત્રુ બની જઇશ. હું કોઈ પણ પ્રકારે આ વિવાહ થવા દેનાર નથી. જો આમ થશે તો જ્યાંસુધી મારામાં કિંચિત્ પણ સામર્થ્ય રહેશે, ત્યાંસુધી હું મેવાડના રાજ્યમાં ઉપદ્રવ કર્યા કરીશ." આ સમયે ચંદાવતલોકોનું મેવાડમાં પ્રાબલ્ય હતું. દુષ્ટ રાઠોડરાજાએ પોતાનો ઉદ્દેશ સાધ્ય કરવાને માટે ચંદાવતોના સરદાર જગતસિંહને રૂશ્વત આપી હતી અને તેને જણાવ્યું હતું કે જગતસિંહની સાથે કૃષ્ણાકુમારીનો વિવાહ ન થવા પામે તેટલા માટે તમારાથી બનતો સર્વ પ્રયત્ન કરશો.

રમણીરત્ન હેલેનાના[1] અનુપમ સૌંદર્યે જે પ્રકારે તેના સ્વામી અને શત્રુઓને ચિરનિદ્રામાં શયન કરાવ્યું હતું, તે પ્રકારે સુરસુંદરી કૃષ્ણાકુમારીના લલિત લાવણ્યે તેના પિતા અને પ્રેમીઓને સદાને માટે નષ્ટ કરી દીધા અને પછી તે સુંદરીનો પણ ભોગ અપાયો. તેની સુંદરતાજ તેના નાશનું કારણ બની. કૃષ્ણાકુમારીને હસ્તગત કરવાની અભિલાષાથી મારવાડના રાજા માનસિંહે પોતાની સેના લઇને અંબરના રાજાપર આક્રમણ કર્યું. આ સંધિનો લાભ લઈ મહારાષ્ટ્રીઓએ એક પક્ષને સહાય આપી અને આ વિગ્રહને મોટું સ્વરૂપ આપી દીધું. થોડા દિવસ પૂર્વે સિંધિઆએ જયપુરના મહારાજાની પાસેથી કેટલુંક દ્રવ્ય માગ્યું હતું; પરંતુ તે જગતસિંહે આપ્યું નહોતું. આથી તેણે જયપુરના રાજાપર વૈર લેવાને માટે મારવાડના રાજાનો પક્ષ કર્યો. તેણે મેવાડના મહારાણાને જણાવ્યું કે મેવાડમાંથી જયપુરની સેનાને શીઘ્ર દૂર કરો. સિંધિઆને સંપૂર્ણ વિશ્વાસ હતો કે મહારાણા મારા વચનનો અનાદર કરશે નહિ; પરંતુ તેનો આ વિશ્વાસ સંપૂર્ણરીતે નષ્ટ થઇ ગયો. રાણાજીએ તેના શબ્દપર કિંચિત્ પણ લક્ષ આપ્યું નહિ. આથી સિંધિઆ પોતાની ગોલંદાજ સેનાને લઇને મેવાડપર ચઢી આવ્યો. તેની ગતિ રોકવાને માટે રાજા જગતસિંહ પોતાની સેનાસહિત અરવલીના ગિરિમાર્ગમાં ખડા થઈ ગયા. અહીંઆં કેટલીકવાર સુધી ઉભય દલોવચ્ચે સંગ્રામ ચાલ્યો; પરંતુ અંતે જગતસિંહનો પરાજય થયો અને તેઓ પોતાનું રક્ષણ કરવાને માટે પોતાની સેનાને સાથે લઈ ઉદયપુર તરફ પાછા ફર્યા. વિજયી સિંધિઆએ આઠહજાર સૈનિકોની સાથે તેમની પૂંઠ પકડી અને ઉદયપુરથી થોડા અંતરપર પોતાની છાવણી નાખી. રાણા ભીમસિંહ મહાસંકટમાં આવી પડયા. તેઓ પોતાના સામંતોની સાથે આ વિપત્તિમાંથી શી રીતે મુક્ત થવું તે સંબંધે મસલત કરવા લાગ્યા. અનેક તર્કવિતર્ક થયા પછી તેઓ એવા નિર્ણયપર આવ્યા કે જયપુરના મહારાજા જગતસિંહની સાથે કૃષ્ણાકુમારીનો વિવાહ થવો શકય નથી. આથી તેમણે જગતસિંહની સેનાને ઉદયપુરથી વિદાય કરી દીધી અને ઇતર ઉપાય નહિ જડવાથી તેમણે

---

૧ ગ્રીસદેશના મહાકવિ હોમરે હેલેનાને નાયિકા બનાવી ઇલિયડ ગ્રંથની રચના કરી છે.તે જણાવે છે કે હેલેના જ્યુપિટરના વીર્ય અને રાણી લીડરના ગર્ભથીઉત્પન્ન થઈ હતી. તેના કેસ્ટર અને પોલક્ષ નામના બે ભ્રાતા હતા. એથેન્સના મહાવીર થિસિયસે યૌવનકાળમાં તેનું હરણ કર્યું હતું; પરંતુ કેસ્ટર અને પોલક્ષે તેના હાથમાંથી પોતાની ભગિનીનો ઉદ્ધાર કર્યો. હેલેનાની અપૂર્વ સુંદરતાનું વૃત્તાંત ગ્રીસરાજ્યમાં ચારે તરફ ફેલાઈ ગયું, તેથી તે દેશના સર્વ રાજાઓ તેની સાથે વિવાહ કરવાની ઇચ્છાથી તેને ઘેર આવવા લાગ્યા. ત્યારપછી મિનિલસ નામના એક રાજાની સાથે તે મનમોહિનીનું લગ્ન થયું. વિવાહ પછી થોડા દિવસ બાદ ટપેનો સુપ્રસિદ્ધ રાજકુમાર હેલેનાને હરી ગયો. એમ કહેવાય છે કે હેલેના સ્વેચ્છાથી તેની સાથે ગઈ હતી. આજ કારણથી ટ્રોજનનું યુદ્ધ થયું. આ યુદ્ધ સમાપ્ત થયા પછી હેલેના પોતાના પૂર્વસ્વામી હતભાગી મિનિલસની પાસે ગઈ. હેલેનાને નાયિકા બનાવી જે ગ્રંથ રચવામાં આવ્યો છે, તે ભગવાન વાલ્મિકીના રામાયણની સાથે ઘણે અંશે મળતો આવે છે.

સિંધિઆનો લોભ પૂર્ણ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી. સિંધિઆ એક માસપર્યંત ઉદયપુરપર ઘેરો ઘાલીને પડી રહ્યો. પછી ભગવાન એકલિંગજીના મંદિરમાં રાણા તથા સિંધિઆનો એકત્રિત દરબાર ભરાયો.[1]

મેવાડમાંથી જ્યારે જયપુરના સૈનિકોને અપમાનસહિત દૂર કરવામાં આવ્યા, ત્યારે જયપુરના રાજાને અત્યંત ક્રોધ ચઢયો. તેમણે જે સ્ત્રીરત્નના લાવણ્યથી મોહિત થઈને તેને પોતાની અર્ધાંગિની બનાવવાની આશાને ઉછેરીને પુષ્ટ કરી હતી,તે હવે તેમના હાથમાંથી જવાનો પ્રસંગ આવ્યો હતો;તેમની આશા સફળ થવાનો સમય આવ્યો તેજ વખતે મહારાણાએ તેને જડમૂળથી ઉખેડી નાખી. શું જગતસિંહને માટે આ સંતોષદાયક ઘટના હતી ? તેઓ જેમ જેમ રાણાના વર્તનવિષે વિચાર કરતા હતા, તેમ તેમ તેમની મનોવેદના વૃદ્ધિંગત થતી જતી હતી.અંતે તેમણે નિશ્ચય કર્યો કે રાણાના આ વર્તનને માટે મારે તેમનાપર વૈર લેવું જોઇએ. આ નિશ્ચય પ્રમાણે તેમણે એક મહા પ્રચંડ સેના સજ્જ કરી અને મેવાડપર આક્રમણ કર્યું. આ પ્રસંગે જગતસિંહે જેવી પ્રચંડ સેના તૈયાર કરી હતી,તેવી વિશાળ સેના અંબરરાજ્યની સ્થાપના થયા પછી કદિપણ જયપુરમાં એકત્રિત થઇ નહોતી. આ તરફ મારવાડના રાજા માનસિંહે પોતાના શત્રુના મેવાડપરના આક્રમણની વાત સાંભળી કે તરતજ તેણે સ્વયં તેમની સાથે લડવાનો નિશ્ચય કર્યો અને તે પોતાની સેનાસહિત મેવાડ તરફ આવ્યો; પરંતુ આ વખતે તેના રાજ્યમાં અંતઃકલહો પુષ્કળ ઉત્પન્ન થયા હતા,તેથી તેના માર્ગમાં પ્રચંડ વિઘ્ન આવી પડયાં. ખુદ સિંહાસનને માટેજ આ વિગ્રહો થઈ રહ્યા હતા. રાજ્યલોલુપ મનુષ્યોએ મારવાડના સામંતોને પૃથક્ પૃથક્ દલોમાં વિભક્ત કરી નાખ્યા. આ વિગ્રહોનો અંત સુગમતાથી આવ્યો નહિ.તેની નિવૃત્તિ કરવામાં પુષ્કળ દ્રવ્ય અને પુષ્કળ રુધિરનો ભોગ આપવો પડયો. આ પ્રસંગને એક ઉત્તમ સંધિ માની મહારાષ્ટ્રીઓ મારવાડમાં પ્રવેશી ગયા અને તેમણે તે રાજ્યનું બળ અત્યંત ન્યૂન કરી નાખ્યું. માંહોમાંહેનો કુસંપજ રાજ્યના નાશનું પ્રધાન કારણ હોય છે. મારવાડ દીર્ઘકાળથી આ પ્રકારના આંતરિક કલહની રંગભૂમિ બની રહી હતી. આ ઝઘડાથી કોઇ સામંતનું શ્રય થયું તો કોઇની પાયમાલી થઇ, પરંતુ પરિણામે રાજ્યને તો ભારે નુકસાન થયું. માનસિંહ પોતે પણ આ પ્રકારનો માંહોમાંહેનો કલહ વધારીનેજ મારવાડના સિંહાસનપર વિરાજમાન થયો હતો. તે જાણતો હતો કે સામંતોમાં કલહ વધાર્યા સિવાય મારો હેતુ સિદ્ધ થનાર નથી અને હું અડગ રીતે સિંહાસનપર બેસી શકીશ નહિ. આથીજ તેણે પોતાના સૈનિકો અને સામંતોમાં ઐક્ય પ્રસારવાનો પ્રયાસ કર્યો નહોતો.

માનસિંહ જગતસિંહની સામે લડવાને ચાલ્યો. મારવાડના લોકો આજપર્યંત અનેક અત્યાચારોથી પીડિત થઇને ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહ્યા હતા, તેથી તેમણે આ વખતે યોગ્ય સંધિ જોઇ શત્રુઓનો પક્ષ ગ્રહણ કર્યો. તેમણે એક માણસને મારવાડના સિંહાસનના હક્કદારતરિકે જાહેર કર્યો અને તેને પોતાનો સરદાર બનાવી તેઓ જયપુરના મહારાજાની સાથે મળી ગયા. જયપુરના રાજા એક લાખ અને વીસ હજાર સૈનિકોને લઇને ચઢી આવ્યા હતા. મારવાડના રાજાના સૈનિકોની સંખ્યા એથી અર્ધી પણ

૧ અહીંઆં સિંધિઆએ પોતાની મહત્તા દર્શાવવાને માટે અંગ્રેજ એલચી તથા તેની સેનાને આમંત્રણ કર્યું હતું. દરબારમાં સૂર્યવંશી બાપ્પારાવલના વંશજોનાં સ્વાભાવિક લક્ષણો તથા કૃષિકારના કુળમાં ઉત્પન્ન થયેલા મરાઠાનાં કૃત્રિમ રાજલક્ષણોની પૃથક્તા ઉત્તમ પ્રકારે જ્ઞાત થતી હતી. સિંધિઆના પૂર્વજો હળ હાંકતા હતા; પરંતુ આ વખતે તે પોતાના પૂર્વજોના આશીર્વાદથી હિંદુસ્થાનનો એક પ્રસિદ્ધ રાજા થયો હતો. કૃષિકારના કુળમાં ઉત્પન્ન થઈને તે સદા સૂર્યવંશી રાજાનું સિંહાસન પ્રાપ્ત કરવાની વાંચ્છના ધરાવતો હતો. આ પ્રસંગે જ્યારે તેણે ઉદયપુરના મહાલયો અને પુષ્પોદ્યાનો જોયાં, ત્યારે તેની આ ઇચ્છા બમણી વધી ગઇ. ઘણા લોકોનું એવું અનુમાન છે કે દુષ્ટ સિંધિઆ કૃષ્ણાકુમારીની સાથે વિવાહ કરવાની વાંચ્છના રાખતો હતો. આ દરબારમાં કર્નલ ટૉડ પણ હાજર હતા. સૂર્યવંશી રાણા ભીમસિંહની તેજસ્વી મૂર્તિ અને તેમની શોચનીય દુર્દશા જોઇને તેમને અત્યંત શોક થયો; પરંતુ તેઓ માત્ર શોકમાંજ ડુબી ન જતાં તેમને દુર્દશામાંથી મુક્ત કરવાનો ઉપાય કરવા લાગ્યા. રાણાજીને સહાય કરવાની કર્નલ ટૉડની ઇચ્છા એવી પ્રબળ થઇ ગઈ કે તેમણે સ્વજાતિવિજાતિનો ભેદ ભૂલી જઇ તે માટે પ્રયાસ કરવા માંડયો અને અંતે તેઓ પોતાના મહાવ્રતનું પાલન કરી કૃતાર્થ થયા તથા આજ કારણથી તેઓ ભારતવાસીઓને કૃતજ્ઞતાના ભારનીચે મૂકી ગયા છે.

નહોતી. મારવાડ અને જયપુરના રાજાઓની વચ્ચે "પુરૂવુતસર" નામના સ્થાનમાં યુદ્ધ થયું. જે ઉત્સાહથી સંગ્રામનો આરંભ થયો હતો, તે પરથી જણાતું હતું કે ઘણી વાર સુધી દારુણ યુદ્ધ થશે; પરંતુ તેમ થયું નહિ. થોડીવાર સુધી યુદ્ધ ચાલ્યા પછી માનસિંહના પુષ્કળ સરદારો મારવાડના સિંહાસનના ખોટા હક્કદારના પક્ષમાં જઇ ભળ્યા. માનસિંહની આશા એકદમ લુપ્ત થઇ ગઇ. જેમના ઉપર ભરોસો રાખીને તે પોતાના શત્રુની સામે લડવા આવ્યો હતો, તેઓજ અંતે તેનો ત્યાગ કરીને ચાલ્યા ગયા. આ શું ઓછા દુઃખની વાત છે? આ દુઃખથી દુઃખિત થઇ માનસિંહ આત્મઘાત કરવાને તૈયાર થયો; પરંતુ તેની પાસે રહેલા શેષ સરદારોએ તેના હાથમાંથી સમશેર ઝુંટવી લીધી અને તેઓ તેને પોતાની સાથે લઇ સંગ્રામભૂમિ છોડીને ચાલ્યા ગયા. આમ કરવાથી પણ તેમના દુઃખનો અંત આવ્યો નહિ. શત્રુઓ તેમની પૂંઠે પડયા અને ઠેઠ મારવાડની રાજધાની સુધી પહોંચ્યા. માનસિંહે પોતાના સામંતોને જોધપુરનું સિંહદ્વાર બંધ કરી દેવાની આજ્ઞા કરી અને આ રીતે શત્રુઓ તે નગરમાં પ્રવેશતા અટકયા; પરંતુ તેમણે તેની ચારે તરફ ઘેરો ઘાલ્યો. છ માસપર્યંત ઉભય પક્ષો વચ્ચે ઘોર સંગ્રામ ચાલ્યો. નગરવાસીઓ છ માસપર્યંત અત્યંત ઉત્સાહથી શત્રુઓની સામે થયા; પરંતુ અંતે તેઓ છેક નિર્બળ અને મંદ થઇ ગયા, તેથી જોધપુર શત્રુઓના હાથમાં ગયું. તેમણે શહેરમાં ભારે લૂંટફાટ ચલાવી અને તેને પાયમાલ કર્યું; પરંતુ પાછળથી શત્રુઓના દલમાં કલહ ઉત્પન્ન થયો અને તેથી સર્વ સૈનિકો છિન્નભિન્ન થઇ ગયા. કુશાવહ અને રાઠોડરાજપૂતોમાં જાતિઅભિમાન ઉત્પન્ન થયું, તેથી પરસ્પર વૈર બંધાયું. કુશાવહો રણભૂમિ છોડીને ચાલ્યા ગયા. રાઠોડોએ તેમનાપર આક્રમણ કરીને તેમાંના ઘણાને રામશરણ પહોંચાડયા.

રાજા જગતસિંહ પ્રાણ જવાના ભયથી રણભૂમિ છોડીને નાઠા.તેમનો સર્વ પરિશ્રમ વ્યર્થ ગયો. રખેને આપણાપર આક્રમણ થાય એવા ભયથી પ્રથમથી તેમણે પોતાને લૂંટમાં મળેલી સર્વ વસ્તુઓ જયપુર તરફ મોકલી આપી; પરંતુ તે વસ્તુઓ જયપુરમાં પહોંચે તે પૂર્વે રાઠોડોએ માર્ગમાંજ તેને લૂંટી લીધી. જે સરદારો પોતાના રાજાનો પક્ષ છોડી જગતસિંહના પક્ષમાં ભળી ગયા હતા, તેમણેજ આ વખતે તેમને પરાજિત કરીને તેમનો સર્વ સામાન લૂંટી લીધો.તેઓ એક વખત પરદેશીના પક્ષમાં ભળ્યા તો ખરા; પરંતુ પોતાની માતૃભૂમિની ભયંકર દુર્દશા જોઇ આખરે તેમનાં જ્ઞાનચક્ષુ ખુલી ગયાં. તેઓ સંપૂર્ણ રીતે સમજી ગયા કે:-"અમારા દુરાચરણથીજ મારવાડના મહારાજાની આવી દારુણ દુર્દશા થઇ છે. જો અમે અંબરના રાજાનો પક્ષ ગ્રહણ કરત નહિ તો કુશાવહલોકો રાઠોડોની રાજધાની શી રીતે લૂંટી શકત? કુશાવહલોકોએ કરેલી લૂંટ અમારા સ્વદેશદ્રોહનો કલંકિત આદર્શ છે." તેમનાથી આ અપમાન સહન થઇ શકયું નહિ, તેથી તેમણે કુશાવહોનો પરાભવ કરીને તેમની લૂંટ પાછી ઝુંટવી લીધી.

જે જગતસિંહે પ્રચંડ સેનાને લઇને મેવાડભૂમિપર આક્રમણ કર્યું હતું, તે હવે મારવાડમાંથી જેમ તેમ પોતાના પ્રાણ બચાવીને પોતાની રાજધાની તરફ નાસી આવ્યા. જગતસિંહ તથા તેમની સેનાની જે ભયંકર દુર્દશા થઇ તેનું વર્ણન કરવાની અમારી લેખિનીમાં શક્તિ નથી.તેમણે ખરાબ મુહૂર્તમાં કૃષ્ણાકુમારી સાથે વિવાહ કરવાની ઇચ્છા ધારણ કરી હતી.તેમણે ખરાબ મુહૂર્તમાં માનસિંહની સાથે સંગ્રામ કરવાનો આરંભ કર્યો હતો. પોતાના આ મૂર્ખતાભરેલા કૃત્યનું ફળ તેમને દીર્ઘકાળપર્યંત ભોગવવું પડયું. પોતાના પાટનગરમાં પહોંચ્યા છતાં પણ તે સુખાનુભવ લઇ શકયા નહિ.તેમની સેના પરાજિત અને દુઃખિત થવાથી અત્યંત વ્યાકુળ બની ગઇ હતી અને પગાર નહિ મળ્યાથી તેની વ્યાકુળતા અને અસંતોષમાં બમણો વધારો થયો. આ સેના વેતન મેળવવાની આશાથી દીર્ઘકાળપર્યંત જયપુરમાં રહી, પરંતુ તેની આશા નિષ્ફળ થઇ. મારવાડના રાજા માનસિંહની સાથેના યુદ્ધમાં જે સૈનિકોએ ભાગ લીધો હતો, તેમની દુર્દશાનું વર્ણન કરતાં આ લેખિની થર થર કંપે છે! રાઠોડોએ છેક જયપુરના સિંહદ્વાર સુધી તેમનો પીછો પકડી તેમનો વધ કર્યો હતો.

આ સૈનિકોની ચીતાભસ્મ અને તેમના અશ્વોનાં અસ્થિ દીર્ઘકાળપર્યંત જયપુરની ચારે તરફની દિવાલની નિકટ પડી રહ્યાં હતાં. શોભાયમાન જયપુરે આ વખતે સ્મશાનભૂમિનું બિહામણું સ્વરૂપ ધારણ કર્યું હતું.[1] ભગવાનની શી વિચિત્ર લીલા છે! ભાગ્યતરંગનું પરિવર્તન કેવું અદ્દભુત હોય છે? જે માન-

૧ કર્નલ ટૉડે સ્વનેત્રોથી આ શોચનીય ઘટના જોઈ હતી. આ ઘટનાના ભોગ થઇ પડેલાઓની સાથે તેમને

સિંહ પોતાના સામંતો અને સરદારોદ્વારા વર્જ્ય થઇને દુર્દશાની પરાકાષ્ઠાને પ્રાપ્ત થયો હતો,તે સમસ્ત સંકટો અને વિપત્તિઓમાંથી મુક્ત થઇને નિશ્ચિંતતાપૂર્વક રાજ્યસુખ ભોગવવા લાગ્યો. તેના સર્વ શત્રુઓનો નાશ થઇ ગયો. ગતગૌરવ તેને પુનઃ પ્રાપ્ત થયું અને જે જગતસિંહને પુષ્કળ સહાય મળી હતી, તે દારુણ અધોગતિને પ્રાપ્ત થયા હતા.માનસિંહને અમીરખાં નામના એક મહા બળવાન પઠાણની સહાય મળી હતી. ભારતવર્ષમાં જે ક્રૂર અને ઘાતકી મુસલમાનોથઈ ગયા છે,જે મુસલમાનોની ઘૃણિત નામાવલીએ ભારતવર્ષના ઇતિહાસને કલંકિત કર્યો છે,તે સર્વમાં અમીરખાં શિરોમણિ હતો. તે પૂર્વે માનસિંહનો શત્રુ થઇને ખોટા હક્કદારના પક્ષમાં ભળ્યો હતો; પરંતુ પાછળથી તેને માનસિંહના પક્ષમાં ભળવાથી અધિક લાભ થવાનો સંભવ જણાયાથી તે દુષ્ટે ઉક્ત ખોટા ગાદીવારસનો પરિત્યાગ કરીને માનસિંહનો પક્ષ ગ્રહણ કર્યો. જે માણસે દીર્ઘકાળપર્યંત તેને અત્યંત આદરમાનસહિત પોતાની પાસે રાખ્યો હતો,તેનોજ નાશ કરવાને હવે તે પાપી પ્રવૃત્ત થયો. તે ખોટા ગાદીવારસ તથા તેના માણસોનો સંહાર કરવાની અભિલાષાથી તેણે તેને મળવાની ઇચ્છા પ્રદર્શિત કરી. ઉભય એક મસ્જીદની અંદર પરસ્પર મળ્યા અને તેમની વચ્ચે મિત્રતાનો કોલ થયો; પરંતુ ઉક્ત ખોટો હક્કદાર અમીરખાંનો કપટભાવ જાણતો નહોતો. તે તો અમીરખાં પોતાના પક્ષમાં પુનઃ આવ્યો તેટલા માટે અત્યંત પ્રસન્ન થયો અને આવો સુયોગ મેળવી આપવા માટે ઇશ્વરનો આભાર માનવા લાગ્યો. તેણે પોતાના શિબિરમાં નૃત્યગાયનનો જલસો શરૂ કરી દીધો. જે વખતે નૃત્યગાયનનો સમારંભ ચાલતો હતો, તે વખતે દુષ્ટ અમીરખાંએ તેનાપર એકદમ આક્રમણ કર્યું. તેણે શિબિરનાં દોરડાં કાપી નાખ્યાં અને અંદરના માણસોને ઘેરીને ત્યાં ને ત્યાંજ તે સર્વને ગોળીબારથી મારી નાખ્યા.

આ પ્રકારે માનસિંહના શત્રુઓનો અંત આવ્યો. રાજપૂતજાતિના સર્વસ્વનો નાશ કરનાર કપટજાળનો અંત આવ્યો; પરંતુ આ ઘટના બન્યા પછી થોડા વખતમાં જે એક શોચનીય ઘટના બની તેનું વર્ણન સાંભળીને તો પાષાણમય હૃદય પણ કરુણાથી પીગળી જાય. સિસોદીઆકુલની લક્ષ્મી અને રાજસ્થાનની સુપ્રફુલ્લ કમલિની, શ્રીમતી કૃષ્ણાકુમારીએ અંબર અને મારવાડના રાજાઓના પરસ્પરના વિગ્રહરૂપી યજ્ઞમાં પોતાની આહુતિ આપી. જયપુરના રાજાનો પરાજય થયા પછી તેમની વચ્ચેનો કલહ એક પ્રકારે શાંત થઇ ગયો હતો; પરંતુ ઉક્ત ઉભય રાજાઓમાંથી એકે પણ હજી કૃષ્ણાકુમારીનું પાણિગ્રહણ કરવાની આશા છોડી નહોતી. ઉભય રાજાઓ વચ્ચેની શત્રુતા હજી જાગૃતજ હતી. આ શત્રુતાની આગ સુગમતાથી શાંત થઇ નહિ. તેને શાંત થવાને માટે સુકુમાર બાલિકા કૃષ્ણાકુમારીના રુધિરનું પ્રયોજન હતું. જે નરપિશાચ અમીરખાંએ માનસિંહના પ્રતિસ્પર્ધી ખોટા હક્કદારનો વધ કર્યો હતો, તેજ નરાધમે આ ઘોર દુષ્ટ કાર્ય પણ કરાવ્યું હતું.પરમ સુંદર રાજપૂતબાળા કૃષ્ણાકુમારીના પ્રાણરૂપી પવિત્ર દીપકને તેણેજ બુઝાવી નાખ્યો હતો. હતભાગી રાણા ભીમસિંહ અમીરખાંના હાથમાં કાષ્ટની પૂતળીસમાન હતા. તેમનામાં કિંચિત્ પણ સામર્થ્ય નહોતું.તેમણે પવિત્ર સિસોદીઆકુલમાં જન્મ લઇને તેને કલંક લગાડયું હતું.આ સર્વોત્તમ કુલમાં જન્મ લીધી છતાં પણ તેઓ અત્યંત દુર્બળ અને કાયર હતા. જો તેઓ કાપુરુષ ન હોત તો પોતાના હૃદયપર પાષાણ મૂકીને તે નિરપરાધી, સરલા કૃષ્ણાકુમારીના પ્રાણનો નાશ કરવામાં સમ્મતિ કેમ આપત! ભીમસિંહ સિસોદીઆકુલનું અયોગ્ય સંતાન, બાપ્પારાવલના અયોગ્ય વંશજ અને રાજપૂતોના અયોગ્ય રાજા હતા, એમાં કિંચિત્ પણ શંકા નથી. પાઠકગણ! જો તને પરમ લાવણ્યવતી કૃષ્ણાકુમારીને માટે બે અશ્રુબિંદુઓ પાડવાની ઇચ્છા હોય, જો તને તેની અભાગિની માતાના હૃદયવિદારક રોદનની સાથે તારૂં રોદન મેળવવાની ઇચ્છા હોય, જો પારકે દુઃખે દુઃખી થવાની તને ઇચ્છા હોય, જો સ્વર્ગીય સુંદરતાના અકાલિક અને અયોગ્ય વિનાશને માટે હૃદયપૂર્વક શોક કરવાની તને વાંચ્છના હોય તો એકવાર મારી સાથે ઉદયપુર ચાલ, જગતપ્રસિદ્ધ ઉદયપુરમાં પ્રવેશ કર.

કૃષ્ણાકુમારી સોળ વર્ષની થઇ ચૂકી હતી. યુવાવસ્થાની સર્વ સુંદરતાએ તેના શરીરમાં વાસ કર્યો હતો. તેનું પિતૃકુલ અને માતૃકુલ એ ઉભય કુલો સર્વોત્તમ હતાં. જે પ્રાચીન સૂર્યકુલના રાજાઓએ પૂર્વે દીર્ઘકાળપર્યંત અણહિલપુરપાટણમાં રાજ્ય કર્યું હતું, તેજ કુલમાં કૃષ્ણાકુમારીની માતાનો જન્મ થયો

વાર્તાલાપ પણ થયો હતો. ઈ૦ સ૦ ૧૮૦૮ ના જાન્યુઆરી માસમાં જ્યારે કર્નલ ટૉડ જયપુરમાં થઇને ગયા તે સમયે આ નગરના રેતાળ મેદાનમાં તેમણે ઉક્ત યુદ્ધનાં બે ચાર ચિન્હો જોયાં હતાં.

હતો. કૃષ્ણાકુમારીનું કુલ જે પ્રમાણે ઉચ્ચ હતું તેજ પ્રકારે તેનામાં ઉચ્ચ ગુણો પણ ભરેલા હતા. આથીજ તે "રાજસ્થાનની કમલિની"ના નામથી સુવિખ્યાત થઇ હતી; પરંતુ ભારતવર્ષના ભાગ્યમાં આ દેવબાળાનું અનુપમ સૌંદર્ય અને અપૂર્વલાવણ્ય ઝાઝા દિવસસુધી જોવાનું લખ્યું નહોતું; આ કમલિનીની સુગંધ ઝાઝા દિવસસુધી લેવાનું તેના ભાગ્યમાં નહોતું. જે સમયે આ અનુપમ સૌંદર્યકળીનો વિકાસ પામવાનો આરંભ થયો હતો તેજ સમયે તે ખરી પડીને અનંત કાળરૂપી જળમાં ડુબી ગઈ. આ જગતમાં કૃષ્ણાકુમારીના જેવી સૌંદર્યવાન અને હતભાગિની સ્ત્રીઓ બેચારજ જન્મી છે. ઉચ્ચ રાજકુલમાં જન્મ લઇને આવાં અસહ્ય કષ્ટ બેચાર સ્ત્રીઓએજ સહન કર્યાં છે અને બેચાર સ્ત્રીઓએજ સ્વદેશના હિતને ખાતર ભયંકર મૃત્યુના મુખમાં પોતાના પવિત્ર દેહનો બલિ આપ્યો છે. માત્ર થોડીજ સ્ત્રીઓની આવી દુર્દશા થઇ છે. કૃષ્ણાકુમારીનું અમૂલ્ય જીવન વૃથા ગયું. રોમની અભાગિની વર્જીનિયાએ[1] પણ નિરુપાય બની પોતાના પિતાની કાતિલ કટારની અણી આગળ પોતાનું હૃદય ધરી દીધું હતું; અને ગ્રીસની સુંદરી ઇફીજિનિયાએ[2] પણ વધસ્તંભપર આત્મવિસર્જન કર્યું હતું; પરંતુ તેમનાં અભાગી કુટુંબીઓએ તેમના પવિત્ર જીવનના ભોગના બદલામાં પૂર્ણશાંતિ પ્રાપ્ત કરી હતી. જોકે પવિત્રહૃદયા કૃષ્ણાકુમારીના જેવી લલના યૂરોપમાં પ્રાપ્ત થવી કઠિન છે; પરંતુ સૂક્ષ્મદૃષ્ટિએ જોતાં એ બે સ્ત્રીઓ તેના સૌંદર્ય,ગુણ અને દુર્ભાગ્યના કોઈ કોઈ અંશમાં મળતી આવે છે. કૃષ્ણાકુમારીના શોચનીય મૃત્યુની વાત સાંભળી હૃદય ફાટી જાય છે અને અશ્રુ ખાળી શકાતાં નથી. તે સતીસાધ્વીએ આત્મવિસર્જન કર્યું, તેને દીર્ઘ કાળ વ્યતીત થઇ ગયો છે; તથાપિ મેવાડવાસીઓ તેના મૃત્યુની હૃદયવિદારક વાત અદ્યાપિ ભૂલ્યાં નથી. હજી પણ એવા રાજપૂતો વિદ્યમાન છે કે જેઓ કૃષ્ણાકુમારીના શોચનીય મૃત્યુનું સ્મરણ થતાં અશ્રુ વહેવરાવે છે. કૃષ્ણાકુમારીના હૃદયવિદારક મૃત્યુએ મેવાડવાસીઓનાં હૃદયપર જે કારી ઘા કર્યો છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ આજે પણ તેમની મ્લાન કાંતિપર દગ્ગોચર થાય છે. જો આજે પણ કોઇ કૃષ્ણાકુમારીના મૃત્યુની વાત તેમને પૂછે તો તેઓ તેનું વર્ણન કરતી વખત રોદન કરે છે.

દુષ્ટ અમીરખાં વિશ્વાસઘાતનો આશ્રય ગ્રહણ કરી ખોટા હક્કદાર રાઠોડરાજાનો વધ કરી ઉદયપુરમાં આવ્યો. તેણે જે ભયંકર કાર્ય કર્યું, તેથી તેનું નામ સદાને માટે કલંકિત થયું. સમસ્ત ભારતવર્ષના લોકો તેને વિશ્વાસઘાતી અને ક્રૂર માણસતરિકે ઓળખવા લાગ્યા. આ પાપીનું નામ સાંભળતાંની સાથેજ સર્વ માણસો કાનમાં આંગળી ઘાલતા હતા; પરંતુ આશ્ચર્યની વાત છે કે ચંદાવતોના સરદાર અજિતસિંહે તેનું આદરમાનસહિત સ્વાગત કર્યું. અજિતસિંહ સ્વભાવે શાંત અને શિષ્ટ હતો, બાહ્યઆડંબર તેનામાં યત્કિંચિત્ પણ દૃષ્ટિગોચર થતો નહોતો. તે સત્કાર્ય કરવાનો પ્રયત્ન કરતો હતો; પરંતુ તેને સન્માન પ્રાપ્ત કરવાની આસક્તિ નહોતી. તેના હૃદયમાં ધર્માનુરાગ પ્રબળ હતો. ધર્માનુરાગના પ્રાબલ્યથી મનુષ્યના હૃદયમાં હિંસા, દ્વેષ, સ્વાર્થપરતા અને દુરાકાંક્ષા ઇત્યાદિ દુર્ગુણોનો ઉદય થતો નથી; પરંતુ અજિતસિંહના હૃદયમાં જે દુરાકાંક્ષા ધીમે ધીમે પ્રબળ થઇ રહી હતી તેની ગતિ રોકવાને તેનો ધર્માનુરાગ સમર્થ થયો નહિ. તે પોતાની દુરાકાંક્ષા સિદ્ધ કરવાને માટે સમસ્ત દેશને ઉજ્જડ કરવાને પણ અચકાતો નહિ. અજિતસિંહનો ધર્મભાવ અત્યંત વિચિત્ર અને અદ્ભુત હતો. તે દુષ્ટ અમીરખાંને આદરમાનસહિત સત્કારી તેની સાથે કૃષ્ણાકુમારીના સંબંધમાં મસલત કરવા લાગ્યો. તે દુરાચારી પઠાણે સ્પષ્ટ કહી દીધું કે:–"કાં તો રાજકુમારી માનસિંહની સાથે વિવાહ કરે કે કાં તો પોતાના પ્રાણનો ભોગ આપે. રાજ્યમાં શાંતિ ફેલાવવાનો આ સિવાય ઇતર કોઈપણ માર્ગ નથી.બીજો કોઇ માર્ગ ગ્રહણ કરવા-

૧ શ્રીમતી વર્જીનિયા રોમના વિખ્યાત મહારથી વિયુસિયસ વર્જીનિયસની પુત્રી હતી. એમ કહેવાય છે કે એપિયસ ક્લોડિયસ નામના એક દુષ્ટે વર્જીનિયાને બળપૂર્વક હરણ કરવાની ચેષ્ટા કરી હતી. પોતાની પ્યારી પુત્રીના સતીત્વ અને સન્માનની રક્ષાનો કોઈપણ ઉપાય નહિ જોઈ વિયુસિયસે સર્વની સમક્ષ ફોરમક્ષેત્રમાં તેનો પોતાના હાથથી વધ કર્યો. આ ઘટના ઈ૦ સ૦ પૂર્વે ૪૪૯ માં બની હતી.

૨ ઇફીજિનિયા ગ્રીસના મહાવીર એગેમેમનનની પુત્રી હતી. જ્યારે અલિસ નામના દ્વીપમાં ગ્રીકલોકોનું પ્રચંડ જહાજ અટકી પડ્યું,ત્યારે ડિયાના દેવીની પ્રસન્નતા પ્રાપ્ત કરવાને માટે એગેમેમનને પોતાની પુત્રીનો તેની સમક્ષ બલિ આપ્યો હતો; પરંતુ એમ કહેવાય છે કે દેવી ડિયાનાએ ઇફીજિનિયાનો બલિ લીધો નહિ,તે તેને હરણ કરીને લઈ ગઇ અને ટરિસ નગરના મંદિરમાં તેને પોતાની યોગિની બનાવીને રાખી.

થી મહારાણા મહાવિપત્તિમાં આવી પડશે." રાણા ભીમસિંહના કાનપર આ વાત આવી. તેમનું હૃદય વ્યાકુલ થવા લાગ્યું. પ્રાણાધિક કન્યાની દુર્દશાનો વિચાર કરતાં તેઓ અત્યંત અધીરા બની ગયા. કૃષ્ણાકુમારીની રક્ષાનો કોઇપણ ઉપાય તેમને સુઝયો નહિ. તેઓ સારી પેઠે સમજતા હતા કે જો દુષ્ટ અમીરખાંની સલાહ માનીશું નહિ તો મેવાડનું સત્યાનાશ વળી જશે. એક તરફ પરમ પવિત્ર અને સુકુમાર બાલા તરફનો પ્રેમ અને બીજી તરફ અમીરખાંની સલાહ નહિ માનવાથી થનારો ઉત્પાત,આ ઉભય પૃથક્ પૃથક્ ચિત્રો તેમના હૃદયમાં એકસાથે ખડાં થઇ ગયાં. ધીમે ધીમે તેમનું મૃદુ હૃદય કઠિન પાષાણમય બનવા લાગ્યું. મૃદુ અને કઠોર વૃત્તિઓનું એકસાથેજ મન્થન થવાથી તેમનું હૃદય ભીષણ પીડાથી વ્યથિત થવા લાગ્યું. તેમના હૃદયનું સ્થૈર્ય ટકી શકયું નહિ. તેઓ ઉન્મત્તસમાન બની ગયા. ધીમે ધીમે તેમણે સુકુમાર બાળાપ્રતિના પ્રેમને જલાંજલિ આપીને પોતાના હૃદયને વજ્રમય બનાવ્યું અને કૃષ્ણાકુમારીની રક્ષાનો કોઇપણ ઉપાય નહિ જોઇ અંતે તેનો ભોગ આપવાનો નિશ્ચય કર્યો.

કૃષ્ણાકુમારીનો બલિ અપાશે! રાજસ્થાનની વિકસિત કમલિની કરમાઇ જશે! રમણીરત્ન રાજકુમારીનો મેવાડભૂમિની રક્ષાને માટે ભોગ અપાશે! પરંતુ હવે તેનો વધ કોને હાથે અને કેવી રીતે કરાવવો તે વિષે વિચાર થવા માંડયો. જગતમાં એવો કયો ક્રૂર માણસ છે કે જે પોતાના હૃદયની સાથે પાષાણ બાંધી પોતાના હાથથી તે કમળસમાન કોમલ કલેજામાં તીક્ષ્ણ છુરી ઘોંચી દે ? એવો કયો ઘાતકી પુરુષ છે કે જે તે મૃદુ કુસુમને પોતાના હાથવતી ચુંટી નાખે? આ પ્રશ્નનો નિર્ણય કરવાને માટે રાણાએ રણવાસમાંજ પોતાના કેટલાક સરદારો અને આપ્તજનોને બોલાવ્યા અને તેમની સાથે મસલત કરવા લાગ્યા. ઘણીવારસુધી અનેક પ્રકારના તર્કવિતર્ક તથા વાદવિવાદ ચાલ્યા પછી એવો નિશ્ચય કરવામાં આવ્યો કે આ ક્રૂર કાર્ય કરવાને માટે કોઈ પુરુષનેજ નિયત કરવો જોઇએ; પરંતુ જો પુરુષથી આ કાર્ય ન થઈ શકે એમ હોય તો એકાદ સ્ત્રીને નિયુક્ત કરવી. ભારતવર્ષના રણવાસને જો સ્વતંત્ર રાજ્ય કહેવામાં આવે તો તે અયુક્ત નથી; કારણ કે રણવાસની વ્યવસ્થામાં બાહ્ય અભિપ્રાયની દખલ હોતી નથી. આ રણવાસમાંજ પ્રજાનાં અનેક સુખદુઃખના બીજ રોપાય છે, આ રણવાસમાંજ અનેક માણસના ભાગ્યનું તંત્ર ચાલે છે અને તે એવી ગુપ્તરીતે ચાલે છે કે તેની ચાર દિવાલોની વચમાં જે માણસો હોય તે સિવાય ઈતર કોઇપણ માણસ તેની ઝાંખી કરી શકતું નથી. આજે મેવાડના દુર્ભાગ્યથી આ રણવાસના એક ગુપ્ત ઓરડામાં અભાગિની કૃષ્ણાકુમારીના દુર્ભાગ્યની કઠોર લિપિ લખાતી હતી. પ્રથમ તો એક પુરુષને કૃષ્ણાકુમારીનો વધ કરવાનું ક્રૂર કાર્ય સોંપવામાં આવ્યું. પ્રથમ સિસોદીઆકુલના દોલતસિંહ[1] નામના સામંતને આ કાર્યને માટે નિયત કરવામાં આવ્યા, કારણ કે તેઓ મહારાણાના નિકટના કુટુંબી હતા. સરલા કૃષ્ણાકુમારીના હૃદયના રુધિરથી મેવાડનું સંરક્ષણ કરવાને માટે તેમને નિયુક્ત કરવામાં આવ્યા; પરંતુ આ ઘાતકી અને હૃદયવિદારક કાર્યની વાત સાંભળતાંની સાથેજ તેઓ ભય, વિસ્મય અને ઘૃણાથી પીડિત થઇને પોકારી ઉઠયાઃ-"જે મુખમાંથી આવું કઠોર વાકય નીકળ્યું છે,તેને શતશઃ ધિક્કાર છે! મહારાજ ! હું આમ કહું છું તે માટે મારી રાજભક્તિમાં યત્કિંચિત્ પણ અંતર પડયું છે એમ આપ માનશો નહિ. જો આવું પૈશાચિક કાર્ય કરવાનેજ રાજભક્તિ માનવામાં આવે તો એવી રાજભક્તિ જહાન્નમમાં જાય." દોલતસિંહે જ્યારે છરી પકડવાની ના પાડી ત્યારે જવાનદાસને આ ઘોર કૃત્ય સોંપવામાં આવ્યું. જવાનદાસ ભીમસિંહના સ્વર્ગસ્થ પિતાની ઉપપત્નીનો પુત્ર હતો. તે વેશ્યાપુત્ર હોવાથી, કિંવા કોઈ અન્ય કારણથી તેનું હૃદય અત્યંત કઠોર હતું. આ ઘોર કાર્યની વાત સાંભળી તેનું પાષાણમય હૃદય કિંચિત્ પણ કંપાયમાન થયું નહિ. તેણે આ કાર્યની વાત સાંભળી સસ્મિત તેને સમ્મતિ આપી; પરંતુ જ્યારે તે લાવણ્યમયી કન્યા વિકસિત કમલસમાન મુખમંડલને કિંચિત્ અવનત કરી તેની સમક્ષ આવીને ખડી રહી, ત્યારે તેનું સમગ્ર શરીર થરથર કંપવા લાગ્યું અને તેના હાથમાંથી છરી નીચે પડી ગઇ. શોક અને દુઃખથી તેનું હૃદય વ્યાકુલ બની ગયું અને તે અત્યંત દીન થઇને ત્યાંથી ચાલ્યો ગયો. ધીમે ધીમે રાણાની ક્રૂરવૃત્તિની વાત સર્વ રાણીઓના સાંભળવામાં આવી. જવાનદાસના હાથમાં છરી જોઇને કૃષ્ણાકુમારીની માતા

[1] કર્નલ ટૉડ જણાવે છે કેઃ-"હું દોલતસિંહને સારી રીતે ઓળખતો હતો. તેમનો સ્વભાવ અતિ સરલ અને સુશીલ હતો."

બોલી:-" આ છરી મારી પુત્રીના પ્રાણ લેવાને માટે છે, કેમ ? " એમ કહીને તે મૂર્ચ્છિત થઈ ગઈ. દાસીઓની શુશ્રૂષાથી રાણીની મૂર્ચ્છા નિવૃત્ત થઇ; પરંતુ શોકથી તે ઉન્મત્ત બની ગઇ. તે મૂર્ચ્છામાંથી જાગૃત થતાંની સાથે "કૃષ્ણાકુમારી ! કૃષ્ણાકુમારી !" એવા હૃદયવિદારક પોકાર પાડીને પોતાની પ્રાણાધિક પુત્રીને હૃદયમાં છુપાવવાનો પ્રયત્ન કરવા લાગી. તેણે તેનો ઘાત કરવાને તૈયાર થયેલા માણસને પુષ્કળ દુર્વચન કહ્યાં અને તે તેના ચરણમાં પડી ખોળો પાથરી પોતાની પ્રિય પુત્રીના પ્રાણની રક્ષા કરવા માટે તેને યાચના કરવા લાગી. પછી તે પોતાની કન્યાને લઇને બીજા ઓરડામાં તેને છુપાવવાનો પ્રયત્ન કરવા લાગી; પરંતુ તેને છુપાવે તે ક્યાં ? તેને આશ્રય આપી શકે એવી ભૂમિજ ક્યાં હતી ? તે કૃષ્ણાકુમારીના પ્રાણની રક્ષા શી રીતે કરી શકે ? મહારાણા ભીમસિંહે તો કૃષ્ણાકુમારીના પ્રાણ લેવાની આજ્ઞા કરી છે, તો હવે મહારાણી તે આજ્ઞાનું પાલન થતાં શી રીતે અટકાવી શકશે ?

મહારાણીને જ્યારે ચારે તરફથી નિરાશાજ દૃષ્ટિગોચર થવા લાગી, ત્યારે તે હૃદયભેદક રોદન કરવા લાગી. તે કરુણાસ્પદ રોદનધ્વનિથી સમગ્ર મહાલયમાં હાહાકાર વર્તી રહ્યો. સમસ્ત સ્ત્રીઓ શિર પટકવા લાગી. પુરુષોની પણ તેજ દશા થઇ; પરંતુ વિધાતાના લેખને કોઇ નિવૃત્ત કરી શકે છે ? હતભાગિની કૃષ્ણાકુમારીના લલાટમાં અકાળમૃત્યુનોજ લેખ લખાયલો હતો, તેને કોણ નિવારી શકે ? શું તેના પ્રાણ કાતિલ છુરીવતી તેના કોમળ અંગમાંથી બહાર કાઢવામાં આવશે ? શું તે કોમળ કમલિનીના કઠોર શસ્ત્રથી ટુકડે ટુકડા કરી નાખવામાં આવશે ? કદિ નહિ. અરે ! જે લોહશસ્ત્રના આઘાતથી કઠોર અને કઠિન પાષાણના પણ ટુકડા થઇ જાય છે,તે પણ આજે તે અબળાના મૃદુ હૃદયને વીંધવામાં અસમર્થ નીવડ્યું. અંતે તે સ્વર્ગીય દીપકને બુઝાવી નાખવાને માટે વિષનો આશ્રય લેવાનો નિશ્ચય કરવામાં આવ્યો. રાણાની આજ્ઞાથી એક સ્ત્રીએ વિષ તૈયાર કરીને કૃષ્ણાકુમારીના હાથમાં આપી દીધું. સુકુમારી કૃષ્ણાએ સરલતા અને ધીરતાપૂર્વક તે વિષ પોતાના કોમલ કરમાં ગ્રહણ કર્યું. આ વખતે તેનો એક કેશ પણ કંપિત થયો નહિ. તેણે દીર્ઘ શ્વાસ પણ લીધો નહિ. તેણે પોતાના પિતાના દીર્ઘજીવન તથા શ્રીવૃદ્ધિને માટે ભગવાનની પ્રાર્થના કરી અને અચળ ભાવથી તે વિષપાન કરી ગઇ. મહારાણી તેજ સ્થળે હતી. તે રાણાને વારંવાર શાપ દેવા લાગી. પછી અલ્પ સમયમાંજ તેને મૂર્ચ્છા આવવા લાગી; પરંતુ સરલા સુકુમારીનાં નેત્રામાં એક પણ અશ્રુબિંદુ દૃષ્ટિગોચર થયું નહિ. તે પોતાની સાડીના છેડાવતી પોતાની માતાનાં અશ્રુ લોહી ધીર અને નમ્રભાવથી બોલી:-" મા ! તું શામાટે રોદન કરે છે ? હું સંસારની પીડામાંથી મુક્ત થાઉં છું, તો પછી તું શોક શામાટે કરે છે ? હું મૃત્યુથી ડરતી નથી અને ડરવાનું કારણ પણ શું છે ? હું શું તારે ઉદરે જન્મી નથી ? શું હું તારી પુત્રી નથી ? તોપછી હું મૃત્યુથી શા માટે ડરૂં ? જ્યારથી મેં રાજપૂતકુળમાં જન્મ લીધો, ત્યારથીજ હું જાણતી હતી કે એક દિવસ મારે આપઘાત કરવોજ પડશે. અભાગિની રાજપૂતકન્યા જે પળે માતાના ગર્ભમાંથી જન્મે છે, તેજ પળથી તેના મૃત્યુની મેખ મરાઇ જાય છે.[1] તોપણ હું આટલા દિવસસુધી બચી તે માટ હું પિતાજીને સહસ્રશઃ ધન્યવાદ આપું છું." પ્રાણનાશક વિષ આજે કૃષ્ણાકુમારીના પ્રાણ લેવામાં અસમર્થ નીવડ્યું.વિષનો એક આખો પ્યાલો પણ તેના પ્રાણ હરી શકયો નહિ.આથી બીજો પ્યાલો તૈયાર કરવામાં આવ્યો. કૃષ્ણાકુમારી તેને પણ પ્રસન્ન વદનથી પી ગઈ. આ વિષે પણ કૃષ્ણાકુમારીના પ્રાણપર દયા કરી.ત્યારપછી માનવીના ધૈર્યની અંતિમ કસોટી કરવાને માટે ત્રીજીવાર વિષનો પ્યાલો તૈયાર કરવામાં આવ્યો.સુકુમારી કૃષ્ણા તેને પણ સરલતાથી પી ગઈ. એક ક્ષણવાર પણ તેનો કર કંપિત થયો નહિ. તેની આંખમાં એકપણ અશ્રુબિંદુ દૃગ્ગોચર થયું નહિ. તે દારુણ વિષે તેના શરીરમાં યત્કિંચિત્ પણ અસર કરી નહિ. ત્રીજીવાર પણ વિધાતાએ કૃષ્ણાકુમારીના ખુનીઓની રુધિરપિપાસા શાંત કરી નહિ.ત્રીજીવાર પણ તેમનો મનોરથ પૂર્ણ થયો નહિ.ભગવતી શ્રીચતુર્ભુજાની ઇચ્છા કૃષ્ણાકુમારીના જીવનની રક્ષા કરવાની છે,એમ ધારી સર્વ મૌન રહ્યાં; પરંતુ નરાધમ અમીરખાં અને અજિતસિંહ ચૂપ થઇને બેઠા નહિ. જ્યાંસુધી તે સ્ત્રીહત્યાનું દારુણ અને ભયંકર કાર્ય સમાપ્ત થયું નહિ ત્યાંસુધી તેઓ શાંત થયા નહિ. તેમની પાશવ સ્વાર્થપરાયણતાની તૃપ્તિ અર્થે જ્યાંસુધી કૃષ્ણાકુમારી મૃત્યુની શય્યાપર સૂતી નહિ ત્યાંસુધી તેમને નિશ્ચિંતતા પ્રાપ્ત થઇ નહિ. તે દુષ્ટોને કોઇ પણ પ્રકારે શાંતિ થઇ નહિ. વારંવાર પરાજિત થવાથી તેમની કઠોરતામાં વૃદ્ધિ થઇ. પછી તેમણે અફીણ

૧ અહીંઆં રાજપૂતોની કન્યાને દુધપીતી કરવાના રિવાજવિષે નિર્દેશ છે.

અને કસુંબો મિશ્રિત કરીને એક પ્રકારનું ઉગ્ર હલાહલ વિષ બનાવ્યું. આ વખતે કૃષ્ણાકુમારીને પણ લાગ્યું કે હવે મારા પ્રાણુની રક્ષા થઇ શકનાર નથી. હવે મારા પ્રાણુ સદાને માટે આ શરીરનો ત્યાગ કરીને ચાલ્યા જશે. હવે આ સંસારથી અવશ્ય મારે વિદાય લેવી પડશે. આ વખતે તેના અધર કિંચિત્ કંપાયમાન થયા. તેણે ચોથો પ્યાલો હસતેમુખે હાથમાં લીધો અને " શીઘ્ર મારૂં મૃત્યુ થજો " એમ બોલી તે હલાહલ વિષનું પાન કર્યું. ક્રૂર અને ઘાતકી પિશાચોનું નિષ્ઠુર કાર્ય પરિસમાપ્ત થયું. સ્વર્ગીય સૌંદર્ય પૃથ્વીની રંગભૂમિપરથી વિદાય થઇ ગયું. અભાગી ભીમસિંહનું સુખ સદાને માટે વિનષ્ટ થઇ ગયું. વિષપાન કરવાથી કૃષ્ણાકુમારીને જે નિદ્રા આવી તેમાંથી તે કદિપણુ જાગૃત થઇજ નહિ. અનંત નિદ્રાના ખોળામાં શયન કરવાથી તેની આંખો મિંચાઇ ગઇ હતી, તે પુનઃ કદિ પણ ખુલી નહિ. કૃષ્ણાકુમારી પુનઃ ઉઠી નહિ. ઘાતકી નરપિશાચોનાં ક્રૂર કૃત્યોથી આ સુંદરીને યૌવનના પ્રારંભકાળમાંજ આ પાપી સંસારનો ત્યાગ કરી અમરધામની યાત્રા કરવી પડી. આજે રાજસ્થાનની પુષ્પવાટિકાનું કલ્પવૃક્ષ સૂકાઇ ગયું છે ! આજે રાજસ્થાનની કમલિની કરમાઇ ગઇ છે ! આજે ભારતવર્ષનો એક પ્રકાશિત તારો અદસ્ય થઇ ગયો છે !

કૃષ્ણાકુમારીનો સ્વર્ગવાસ થયા પછી અલ્પ કાળમાંજ તેની માતા પણ આ લોકનો મોહ છોડી પરમ ધામમાં ચાલી ગઇ. જે દિવસે પોતાના ખોળામાં ઉછરેલી પુત્રી મૃત્યુ પામી, તેજ દિવસથી તેણે સર્વ સુખોને તિલાંજલિ આપી. તેની સર્વ આશા નષ્ટ થઈ ગઇ અને તેણે અન્નજલનો ત્યાગ કરી એકાંતમાં શોકવિલાપમાં કાળ નિર્ગમન કરવા માંડયો. આ રીતે કઠોર કલેશનો કારી આઘાત થવાથી અલ્પ અવધિમાંજ તેનો પ્રાણવાયુ ઉડી ગયો. થોડા દિવસમાંજ તે આ પૃથ્વીનો ત્યાગ કરીને અનંત ધામમાં જઈ પોતાની પ્રાણાધિક પુત્રીને મળી.

એમ કહેવાય છે કે દુરાચારી અજિતસિંહજ આ દુષ્કૃત્યનું મૂળ કારણ હતો. એ પાપીએજ અમીરખાંને આ કાર્યને માટે દુરાગ્રહ કરવાને ઉશ્કેર્યો હતો. અમીરખાંનું હૃદય પણ પાષાણુના જેવું કઠોર હતું, તે છતાં પણ જ્યારે આ કાર્ય પરિસમાપ્ત થઈ ગયું અને જ્યારે તેણે તેના સમાચાર સાંભળ્યા, ત્યારે તેણે સ્વદેશદ્રોહી અને દુરાચારી અજિતસિંહને વારંવાર ધિક્કાર દઇને કઠોર સ્વરથી કહ્યું:–" રે દગાબાજ ! શું આ કાર્ય રાજપૂતને શોભા આપે એવું છે ? હઠ, તું મારી સમક્ષથી દૂર જા. હું તારૂં મુખ જોવા માગતો નથી. " ધીરવીર અને ન્યાયપરાયણ શક્તાવતસરદાર સંગ્રામસિંહે પણ ઘાતકી અજિતસિંહનો અત્યંત તિરસ્કાર કર્યો હતો. સત્ય વાત કહેવામાં આ સરદાર સ્વયં રાણાની પણ ભીતિ રાખતા નહોતા અને સત્યને ખાતર તેઓ શત્રુની તીક્ષ્ણ સમશેરની પણ દરકાર રાખતા નહોતા. કૃષ્ણાકુમારીનું મૃત્યુ થયા પછી ચાર દિવસમાં તેઓ રાજધાનીમાં આવ્યા અને પોતાના આગમનની રાણાને ખબર આપ્યા વિનાજ તેઓ તીવ્ર વેગથી તેમની સમીપ ગયા અને અતિ કઠોર સ્વરથી બોલ્યાઃ– "રે કાયર ! તેં સિસોદીઆકુલના પવિત્ર નામને કલંકિત કર્યું છે. તેં સિસોદીઆકુલના પવિત્ર રુધિરને દૂષિત કર્યું છે. હજારો વર્ષથી વહેતા પવિત્ર રક્તને તેં ભ્રષ્ટ કર્યું છે. નિરપરાધી, સરળહૃદયા બાળા કૃષ્ણાકુમારીનો સંહાર કરવાથી સિસોદીઆકુલને જે ઘોર પાપ લાગ્યું છે, તેનાથી અવશ્ય એ કુલનો નાશ થનાર છે. આ વખતે મેવાડના ઇતિહાસમાં અને બાપ્પારાવલના પવિત્ર કુલમાં જે મહા કલંકનો ડાઘ લાગ્યો છે તે કદિપણુ નિવૃત્ત થઈ શકશે નહિ. હવે પછી કોઇપણુ સિસોદીઆવીર પોતાનું મસ્તક ઉન્નત કરી શકનાર નથી. હાય ! વિધાતાએ ક્ષત્રિયકુલને નિર્મૂળ કરવાનીજ દૃઢ પ્રતિજ્ઞા લીધેલી જણાય છે. વિધાતાના કઠોર લેખથી હવે ક્ષત્રિયોનો નાશ નિકટ આવી પહોંચ્યો છે. હવે બાપ્પારાવલનો વંશ લુપ્ત થયેલોજ સમજવો." તેજસ્વી સંગ્રામસિંહનાં આ કઠોર વચન સાંભળી સમસ્ત રાજસભા સ્તબ્ધ થઈ ગઈ; સર્વનાં હૃદય કંપિત થવા લાગ્યાં; લજ્જા, શોક અને વિષાદને લીધે રાણા ભીમસિંહ પોતાના હાથવતી મુખ છુપાવી દીનભાવથી અશ્રુપાત કરવા લાગ્યા.

પછી સંગ્રામસિંહે દુરાચારી અજિતસિંહ પ્રતિ મુખ ફેરવી અતિ ગંભીર સ્વરથી તેને કહ્યું:–"રે સિસોદીઆકુલકલંક ! તારી રક્તવાહિનીઓમાં રાજપૂતનું રુધિર વહેતું નથી. તેં જે રીતે અમને કલંકથી દૂષિત કર્યા છે, તે રીતે તારો નાશ થશે. તું નિઃસંતાન મરજે અને તારા પાપી જીવનની સાથેજ તારૂં નામ આ પૃથ્વીમાંથી લુપ્ત થજો. આટલી બધી ભયંકર ઉતાવળ કરવાની શી જરૂર હતી ? શું પઠાણે રાજધાનીને દલિત કરી દીધી હતી ? શું તેણે રણવાસની પવિત્રતા નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો? વાર,

એકવાર માની લઇએ કે તે તેમ કરવાની ચેષ્ટા કરત; પરંતુ શું રાજપૂતોને પોતાના પૂર્વજોની પેઠે-યથાર્થ રાજપૂતોની પેઠે પ્રાણાર્પણ કરતાં નહોતું આવડતું ? શું અગાઉના રાજપૂતોએ આ પ્રકારનાં કાર્યો કરીનેજ માન અને ગારવની વૃદ્ધિ કરી હતી કે ? શું આપણું કુલ આવાંજ કાર્યોથી જગતમાં વિખ્યાત થયું છે કે ? શું આજ પ્રકારે રાજપૂતો પરધર્મીઓના આક્રમણની ગતિ રોકતા હતા કે ? શું તું ચિતોડના શાખાની[1] વાત ભૂલી ગયો છે ? જો આપણી સ્ત્રીઓના સન્માનપર વિપત્તિ આવી પડત અને આપણે શત્રુઓનો સંહાર કરવાને માટે હાથમાં સમશેર ગ્રહણ કરી તેમની સામે ધસી જાત તો આપણાં નામ ચિરકાલને માટે અમર થઈ જાત અને સર્વશક્તિમાન જગદીશ્વર અનંત વિનાશમાંથી સિસોદીઆકુલની રક્ષા કરત; પરંતુ આ ઘૃણિત અને કાયરતાભરેલા કાર્યે આપણો નાશ કરી દીધો છે. હવે તું શું મુખ લઇને જીવે છે ? ધિક્કાર છે ! જે વિપત્તિના ભયથી તારૂં હૃદય ધડકી રહ્યું હતું, તે વિપત્તિના આગમનસુધી તો ધીરજ રાખવી હતી. ભીતિ અને કાયરતાથી તારા સર્વ ગુણોનો લોપ થયો છે. જો તું દુર્ગુણી અને દુષ્ટ ન હોત તો શ્રીજી ( રાણાજીનું ઉપનામ છે )નું રુધિર પાડવાને શામાટે તૈયાર થાત ? હવે રાજપૂતકુલનો શીઘ્ર નાશ થનાર છે."

વિશ્વાસઘાતી અને રાજદ્રોહી અજિતસિંહ, સંગ્રામસિંહનાં આ તેજસ્વી વચનોનો ઉત્તર આપી શક્યો નહિ. સંગ્રામસિંહના અવસાનને દીર્ઘકાળ વ્યતીત થઇ ગયો છે; પરંતુ તેમણે આકાશ તરફ દૃષ્ટિ કરીને જે વચનો કહ્યાં તે સત્ય ઠર્યાં છે. રાણાને સર્વ મળીને ૯૫ સંતાનો હતાં; તેમાંથી કૃષ્ણાકુમારીના સગા બંધુ જવાનસિંહ[2] તથા બે પુત્રીઓ સિવાય સર્વ સ્વર્ગમાં ચાલ્યાં ગયાં. આ પ્રકારે તેજસ્વી સંગ્રામસિંહની ભવિષ્યવાણી સત્ય ઠરી. આમાંની એક પુત્રી જેસલમીરના રાજકુમારની સાથે અને બીજી બિકાનેરના રાજકુમારની સાથે પરણાવવામાં આવી; પરંતુ તેમના પુત્રને ભારતવર્ષના પ્રાચીન રિવાજ અનુસાર સિંહાસન મળ્યું નહિ. રાણાની આશા હવે માત્ર જવાનસિંહપરજ રહી હતી. તેમનું મુખકમળ જોઇને તેઓ પોતાનું સર્વ દુઃખ વિસરી જતા હતા. રાણાને આશા હતી કે જવાનસિંહદ્વારા ગિહ્લોતકુળની રક્ષા થશે અને પિતૃઓને જલ મળશે; પરંતુ દુર્ભાગ્યવશાત્ જવાનસિંહને પણ પુત્રપ્રાપ્તિ થઈ નહિ.

સ્વદેશની દારુણ દુર્દશા જોઇ વીર સંગ્રામસિંહ અત્યંત દુઃખિત થયા હતા અને તેથી તેમણે અજિતસિંહને શાપ દીધો હતો. આ શાપ પણ સંપૂર્ણ રીતે ફલિત થયો. ઉપર્યુક્ત શોચનીય ઘટના બન્યા પછી એક માસ વ્યતીત થયા પૂર્વેજ તેની ભાર્યા પોતાના બે પુત્રોસહિત આ સંસારમાંથી વિદાય થઇ ગઇ. અજિતસિંહનાં સર્વ સુખનો લય થયો. તેને સંસારમાં માયામમતા રાખવા જેવી કોઇ પણ વસ્તુ રહી નહિ. દુષ્ટ અજિતસિંહ સંસારથી ઉદાસીન થઈ ગયો. તે વૃદ્ધાવસ્થાના કિનારાપર પહોંચી પાપમાથી મુક્ત થવાને માટે પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો. જે કુટિલ કટાક્ષોથી કપટતા નીકળ્યા કરતી હતી, તે હવે અત્યંત સરલ બની ગયાં. જે રસનાથી આખો દિવસે પરનિંદા અને દ્વેષભરિત વચનો નીકળ્યા કરતાં હતાં, તેજ રસના હવે રામનામનો જપ કરવા લાગી; પરંતુ તેનું મન પવિત્ર થયું નહિ. એક વખત જે હૃદય હિંસા, દ્વેષ, સ્વાર્થપરતા અને વિશ્વાસઘાતકતાના ભંડારરૂપ બની ગયું હતું, તે હજી સંપૂર્ણતઃ તે દુર્ગુણોથી મુક્ત થયું નહિ. તે પાપમાંથી મુક્ત થવાને માટે મંદિરે મંદિર ફરીને દેવદેવીઓનાં દર્શન કરતો અને દીન, દરિદ્ર અને ઉપવાસીઓને અન્ન, ધન વગેરે આપતો; પરંતુ હજીયે તેનાં પાપોનો સંપૂર્ણ લય થયો નહોતો. પાઠકગણ ! હમણાં આ પાપીવિષે અધિક વિવેચન કરવાની આવશ્યકતા નથી. માત્ર એટલુંજ કહેવું બસ થશે કે અજિતસિંહે જે

૧ ચિતોડના ધ્વંસને રાજપૂતો 'શાખા' કહે છે. આ શબ્દ અંગ્રેજી ' સેક ' શબ્દને મળતો આવે છે.

૨ કર્નલ ટૉડ જણાવે છે કેઃ-" વિશૂચિના રોગથી ગ્રસ્ત થવાને લીધે એકવાર જવાનસિંહ મૃતતુલ્ય બની ગયા હતા. ઉદયપુરમાં સર્વથી પહેલાં એમનેજ આ રોગ થયો હતો. જે સમયે રાજકુમારને આ રોગ થયો તે વખતે હું ઘડીભર પણ તેમની શય્યાની પાસેથી દૂર થયો નહોતો. એક સમયે થોડી વાર નિદ્રા લઈને ઉઠયા પછી તેમણે મને જોઈ જે કૃતજ્ઞતા પ્રદર્શિત કરી હતી, તેને હું જન્મપર્યંત ભૂલી શકીશ નહિ. રાજકુમાર આ કરાલ રોગમાંથી મુક્ત થયા પછી તેમનો મુખ્ય મંત્રી શ્રીજી મહેતા આ રોગમાં સપડાયો. તેનો તેમાંથી છુટકારો થયો નહિ. આ શ્રીજી મહેતા ઘણો પ્રપંચી હતો. અંબાજીના જેવોજ તે પ્રપંચી હતો. આવી વર્તણુકવાળા માણસો જ્યાંસુધી મેવાડમાંથી ૨ થશે નહિ ત્યાંસુધી કોઈ પણ દિવસ મેવાડનું કલ્યાણ થશે નહિ."

ઘોર પાપ કર્યાં છે, તેમાંથી તેની મુક્તિ થવી કઠિન છે. સરલહૃદયા બાળા કૃષ્ણાકુમારીના પ્રાણનો નાશ કરવાને લીધે તેને જે કલંક લાગ્યું છે, તેનું જો સમસ્ત ગંગાજલથી પ્રક્ષાલન કરવામાં આવે તોપણ તે ધોવાઇ જશે નહિ.

પૂર્વોક્ત ઘટના બન્યા પછી અજિતસિંહના મિત્ર દુષ્ટ અમીરખાંએ ભારતવર્ષના સર્વ રાજાઓની સાથે મિત્રતા અને સંધિ કરી લીધી. તેણે અજિતસિંહની પેઠે જીવનના અંતિમ ભાગમાં પુણ્યકર્મોથી પોતાનાં ઘોર પાપનું પ્રક્ષાલન કરવાનો પ્રયત્ન કર્યો નહિ. તે ડાકુ બન્યો અને ચોતરફ લૂંટફાટ કરવા લાગ્યો. તે વિશ્વાસઘાતી પિશાચ ગણાયો. વિશ્વાસઘાતથીજ તે ભૌતિક ઉન્નતદશાને પ્રાપ્ત થયો હતો. ખડ્ગની સહાયથી તે કદિપણ તે દશાને પ્રાપ્ત થાત નહિ. અફસોસની વાત છે કે આ સંસાર વિશ્વાસઘાત અને ક્રૂર કર્મોનીજ લીલાભૂમિ છે; નહિ તો જગતમાં આટલા બધા દુરાચારીઓ અને પાપીઓનું વાસ્તવ્ય શામાટે હોત? અમીરખાં પૈશાચિક સ્વાર્થવૃત્તિનો હતો, તે ક્રૂર અને વિશ્વાસઘાતી હતો. તેણે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટે પોતાના સ્વામીપ્રત્યે વિશ્વાસઘાત કર્યો હતો. અમીરખાં હોલ્કરનો સામંત હતો અને તેણે હોલ્કરના દરબારમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. વળી તેણે દ્રવ્યસંચય પણ ઠીક કર્યો હતો; પરંતુ બ્રિટિશસરકારે તેને કહેવરાવી મોકલ્યું કે:—"જો તમે હોલ્કરનો પક્ષ છોડી દેશો તો અમે તમને સિરોંજ, ટોંક, રામપુરા અને નીમબહેડા વગેરે પ્રગણાંઓ આપી દઇશું. તમને પુષ્કળ સંપત્તિ અને જાગીર આપવામાં આવશે; પરંતુ શરત એટલી કે તમારે તમારી સેનાને નિઃશસ્ત્ર બનાવી દેવી." ઘણી વાર વિચાર કર્યા પછી અમીરખાંએ આ માગણીનો સ્વીકાર કર્યો અને ભારતના તે વખતના શાસનકર્તા લૉર્ડ હેસ્ટિંગ્સની પાસેથી તેણે પોતાના સ્વામીના રાજ્યનો ત્રીજો ભાગ પ્રાપ્ત કર્યો. સિરોંજ, ટોંક રામપુરા અને નીમબહેડા વગેરે પ્રગણાંઓ પ્રાપ્ત કરી બ્રિટિશસિંહની છાયાનીચે અમીરખાં નવાબ બની બેઠો. આ રીતે અમીરખાંને મહારાષ્ટ્રીઓના પક્ષમાંથી દૂર કરી બ્રિટિશસરકારે રાજપૂતાનાના બળતા હૃદયપર શાંતિરૂપી જળનું સિંચન કર્યું હતું; માટે આ પણ મેવાડને માટે એક માંગલિક કાર્યજ ગણાવું જોઈએ. પ્રપંચીના પ્રપંચ અને જુલમીના ભયંકર અત્યાચારથી નંદનવનના જેવી મેવાડભૂમિ દારુણ દુર્દશાને પ્રાપ્ત થઇ. તેની ભયંકર દુર્દશાનું વર્ણન વાચતાં આપણું હૃદય ફાટી જાય છે. વિપત્તિઓપર વિપત્તિઓ અને કષ્ટોપર કષ્ટો સહન કર્યા છતા પણ મેવાડભૂમિનો છૂટકો થયો નહિ. તેને દુઃખ ઉપર ડામ સહન કરવા પડ્યા. ભીષણ અત્યાચારોથી મેવાડભૂમિનાં હાડકાંપાંસળાં તૂટી ગયાં અને દીર્ઘકાળપર્યંત તે મૃતઃપ્રાય સ્થિતિમાં રહી. અંતે બ્રિટિશસરકારે રાણાજીની સાથે સંધિ કરી અને મેવાડવાસીઓને ધીરજ આપી.

ઈ૦ સ૦ ૧૮૦૬ ની વસંત ઋતુમાં અંગ્રેજોએ શ્મશાનસમાન મેવાડભૂમિમાં પ્રવેશ કર્યો.મેવાડની શોચનીય દુર્દશાનું ચિત્ર તેમની દૃષ્ટિસમીપ જણાતાં તેમને અત્યંત શોક થયો. જે મેવાડ એક વખત રાજસ્થાનનું નંદનવન ગણાતું હતું, જેનાં સુંદર ક્ષેત્રોમાં ઉગેલી લીલીછમ વનસ્પતિ અને અનાજના છોડો નેત્રોને અપૂર્વ આનંદ આપતા હતા, જેનાં નગરો, કસ્બાઓ અને ગામોમાં નિરંતર આનંદધ્વનિ ગુંજી રહેતો હતો, તેની સ્થિતિ આ વખતે ભયંકર શ્મશાન જેવી બની ગઇ હતી. આખો દેશ ઉજ્જડ બની ગયો હતો. મહાલયોને ઠેકાણે ખંડિયેરો દૃષ્ટિગોચર થતાં હતાં. જે તરફ દૃષ્ટિપાત કરવામાં આવે તે તરફ પ્રકૃતિની હૃદયભેદક ભયંકરમૂર્તિ દગ્ગોચર થતી હતી. કોઇકિ સ્થળે બે ચાર ઘરનું ગામ જણાતું, તો કોઇક સ્થાને ઉજ્જડ નગર દૃષ્ટિગોચર થતું. ગૃહમાં ગૃહસ્થ રહ્યા નહોતા, બજારમાં દુકાનો રહી નહોતી અને ક્ષેત્રોમાં ખેડુત કે અનાજનું નામ રહ્યું નહોતું.સર્વ પ્રદેશ નિર્જન અને ભયંકર બની ગયો હતો. જ્યાં દૃષ્ટિપાત કરવામાં આવે ત્યાં હૃદયસ્તંભનકારી દૃશ્યજ દગ્ગોચર થતું હતું.જ્યાં જ્યાં મહારાષ્ટ્રીઓનાં પગલાં થતાં ત્યાં ત્યાં ભયંકર વિનાશ અને વિનિપાતજ થઇ જતો. એક સુંદરમાં સુંદર સ્થળે તેમનું આગમન થયા પછી આઠ પ્રહરમાં તે સ્થાન શોકાલય બની જતું.જ્યાં જ્યાં મહારાષ્ટ્રીયસેના જતી ત્યાં ત્યાં સંપૂર્ણ વિધ્વંસજ થઈ જતો; પરંતુ આનંદની વાત એ છે કે સર્વ દુષ્ટોને અંતે તેમનાં પાપનું ઉચિત ફળ પ્રાપ્ત થયું હતું. અંબાજીએ મેવાડની પુષ્કળ સંપત્તિ લૂંટી હતી,પરંતુ પાછળથી તે સર્વ સંપત્તિ તેને પાછી આપી દેવી પડી હતી. તેની કઠોરતા તથા સ્વાર્થપરતાથી મેવાડને ભારે હાનિ થઈ હતી. તેનું પ્રતિફળ યથાર્થ રીતે તેને મળી ગયું હતું. જે સિંધિઆની સહાયથી તેના

સૌભાગ્યસૂર્યનો ઉદય થયો હતો, તેજ સિંધિઆનો અનાદર કરીને તેણે ગ્વાલિયરમાં પોતાની સ્વાધીનતાનો ડંકો વગડાંવ્યો હતો. આથી સિંધિઆ તેનો પ્રચંડ શત્રુ બની ગયો અને તેને દંડ દેવાને માટે સંધિની પ્રતીક્ષા કરવા લાગ્યો. પછી એક દિવસ તેણે તેને એક નાનાસરખા શિબિરમાં કેદ કરી લીધો અને બળતા અંગારાથી તેના હાથપગની આંગળીઓ બાળી દીધી. ત્યારપછી તેણે તેની સર્વ સંપત્તિ ઝુંટવી લીધી. લોભી અંબાજી પોતાની સંપત્તિ પોતાના હાથમાંથી જતી પોતાની દૃષ્ટિથી જોઈ શકયો નહિ. તેની સમક્ષ એક છુરી પડેલી હતી તે લઇને તેણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો.તેણે પોતાના ઉદરમાં છુરી મારી તો ખરી; પરંતુ તેથી તેનું મૃત્યુ થયું નહિ, પણ અંગ્રેજદૂતની સાથે જે ડૉકટર હતો તેણે તત્કાળ તેનો ઘાવ સીવી લીધો, તેથી તેના પ્રાણ બચ્યા. અંબાજી નિશ્ચેષ્ટ થઇને પડયો એટલે તેના ખજાનાની ચાવી સિંધિઆના હાથમાં આવી. આ વખતે અંબાજીની પાસેથી સિંધિઆને ૫૫ લાખ રૂપિયાની પ્રાપ્તિ થઈ હતી. ત્યારપછી સિંધિઆએ એ વખત તેને મેવાડભૂમિમાં પોતાનો સુબેદાર બનાવીને મોકલ્યો હતો;પરંતુ તે ઝાઝા વખત સુધી આ પદ ભોગવી શકયો નહોતો.શોક, દુઃખ અને દારુણ મનસ્તાપથી અત્યંત પીડિત થઇને અલ્પ સમયમાં તે પરલોકવાસી થયો. એમ કહેવાય છે કે અંબાજીનું[1] મૃત્યુ થયા પછી તેની સર્વ સંપત્તિ તેના જૂના મિત્ર જાલિમસિંહે હસ્તગત કરી લીધી હતી.

રાણાજીના મંત્રી સતીદાસે ૭૦૦૦૦ રૂપિયા આપીને યશવંતરાવ ભાઉની પાસેથી કમલમેરનો કિલ્લો લઇ લીધો અને આટલું ધન એકત્રિત કરવાને માટે તેણે તે પ્રગણાની ભૂમિ જૂદા જૂદા માણસોને ઇજારે આપી દીધી. દુરાચારી અમીરખાંએ ઇ૦ સ૦ ૧૮૦૯ માં પોતાની પ્રચંડ સેનાને પોતાની સાથે લઇ મેવાડને ઘેરી લીધું અને રાણાની પાસે અગીઆર લાખ રૂપિયાની માગણી કરી. તેણે કહેવડાવી મોકલ્યું કેઃ-" જો તમે અગીઆર લાખ રૂપિયા નહિ આપો તો તમારૂં એકલિંગનું મંદિર તોડી નાખીને પાયમાલ કરવામાં આવશે." આ વખતે મહારાણામાં અમીરખાંને અગીઆર લાખ રૂપિયા આપવાની શક્તિ નહોતી;પરંતુ એ રૂપિયા આપ્યા વિના બીજો ઉપાય નહોતો. આથી તેમણે નિરુપાયે નવ લાખ રૂપિયા આપવાનો સ્વીકાર કર્યો; પરંતુ રાણાથી આટલા રૂપિયા પણ એકત્રિત થઇ શકયા નહિ. આથી ક્રૂર અમીરખાંએ રાણાના દૂતોનું ભયંકર અપમાન કરી તેમનાપર અત્યાચાર કરવા માંડયો.આ અત્યાચારનું દમન કરવાનો પ્રયાસ કરતાં મંત્રી કિસનદાસ ઘાયલ થયો.[2] ત્યારપછી ઉક્ત ક્રૂર પઠાણે ઉદયપુરના ગિરિમાર્ગમાં બલપૂર્વક પ્રવેશ કર્યો. એક તરફથી તેના જામાતા ઘાતકી જમશેદે ચિરવાઘાટમાં પ્રવેશ કર્યો અને બીજી તરફ સ્વયં અમીરખાં પોતાની સેનાને દેવારી પ્રગણામાં લઇ ગયો.તેની પ્રચંડ ગતિ કોઇ પણ રોકી શકયું નહિ. પઠાણોએ ઉદયપુરમા પ્રવેશ કર્યો. રાણા તેમનું દમન કરી શકયા નહિ. આ લોકો રાણાનું અપમાન કરી નગરવાસીઓની ઉપર અત્યાચાર કરવા લાગ્યા. અનેક અભાગી જનોની વિપુલ સંપત્તિ લૂંટાઈ ગઇ, અનેક સદ્‌ગૃહસ્થોની પ્રતિષ્ઠા ધૂળમાં મળી ગઇ. આ દુરાચારીઓનો અત્યાચાર એટલે સુધી વધી ગયો હતો કે નગરમાં કોઇ પણ માણસ પોતાના કુટુંબ સાથે સુખથી રહી શકતું નહોતું. તેમના ડરથી કોઇ પણ સ્ત્રી ઘરની બહાર પગ મૂકી શકતી નહોતી. કોઈ માણસ સદ્‌ગૃહસ્થનો પોશાક પહેરીને મહોલ્લામાં નીકળી શકતો નહોતો.લૂંટફાટનું પ્રાબલ્ય એટલું બધું વધી ગયું હતું કે સારી પાઘડી અથવા સારો અંગરખો જો કોઇ પઠાણસૈનિકની દૃષ્ટિએ પડતો તો તે પણ લૂંટાઇ જવાનો પૂરેપૂરો સંભવ હતો. આ ક્રૂર માણસોના અત્યાચારનાં કેટલાંક ચિન્હો અદ્યાપિ ઉદયપુરનાં ખંડિયેરોમાં ઉપલબ્ધ થાય છે.આ ભગ્નાવશેષરાશિમાંથી આજે પણ પ્રકૃતિ દેવી કરુણાજનક શબ્દથી પઠાણોના પાશવ અત્યાચારનું વર્ણન કરી રહી છે.

૧ અંબાજી સંધિના કરાર પ્રમાણે એક વખત મહારાણાનો મંત્રી થયો હતો. તે જેટલો સમય મેવાડના મંત્રીતરિકે રહેલો હતો તેટલા સમયમાં તેણે રાણાના સમસ્ત મૂલ્યવાન દસ્તાવેજો ચોરી લીધા હતા.

૨ કર્નલ ટૉડ જણાવે છે કે, "કિસનદાસ આ વિપત્તિના સમયમાં સદા મારી પાસે રહેતો હતો." રાણા અને કર્નલ ટૉડની વચ્ચે વાર્તાલાપ થતો ત્યારે કિસનદાસ દુભાષિયાનું કામ કરતો હતો. ચંદાવતોની સાથે તેને વેર હતું. તે મહાન સ્વામિભક્ત હતો, કર્નલ ટૉડે સ્વનેત્રોથી તેનું મૃત્યુ થતાં જોયું હતું. કિસનદાસનું મૃત્યુ થયેલું જોઈ કર્નલ ટૉડ તથા અંગ્રેજ ડૉકટરને મજબૂત સંદેહ ઉત્પન્ન થયો હતો કે તેને કોઈએ વિષ દઇને મારી નાખ્યો છે. કિસનદાસના મૃત્યુની વાત સાંભળી હજારો માણસ રોયાં હતાં; આ પરથી પ્રતીત થાય છે કે તે અત્યંત લોકપ્રિય હતો.

આટલી આટલી વિપત્તિઓ પડયા છતાં પણ આ ઘાતકી માણસોના હાથમાંથી મેવાડભૂમિ મુક્ત થઈ નહિ.અન્નના અભાવને લીધે નગરનાં નગર ઉજ્જડ થઇ ગયાં. રાજપૂતજાતિનું જીવન સર્વથા લોપ થઇ ગયું;તે છતાં પણ આ લોકો મેવાડભૂમિનું રુધિર ચૂસી રહ્યા હતા. સંવત ૧૮૬૭ (ઈ૦ સ૦ ૧૮૧૧) માં ક્રૂર બાપુ સિંધિઆ સુબેદારની ઉપાધિ ધારણ કરી પોતાની સેનાસહિત ઉદયપુરમાં આવ્યો.આ સમયે અમીરખાંના પઠાણસૈનિકો પણ ઉદયપુરમાં ભયંકર અત્યાચાર કરી રહ્યા હતા.જે પ્રકારે શ્મશાનભૂમિમાં પ્રેતો ફરે છે,તે પ્રમાણે પઠાણો ઉદયપુરમાં ભમતા હતા. હવે બે દલો ઉદયપુરની પ્રજા ઉપર ભારે અત્યાચાર કરવા લાગ્યાં.મરાઠા અને પઠાણસૈનિકો ઉદયપુરમાં ભારે ત્રાસ વર્તાવી રહ્યા.કોઈ કોઇ વખત તેમની વચ્ચે પણ ઘોર ઝઘડા થતા હતા. લૂંટના પદાર્થોને માટે તેઓ વચ્ચે અનેકવાર કલહ ઉત્પન્ન થતો હતો.આ પ્રકારે ઉભય દલોની વચ્ચે મેવાડની પ્રજા સપડાઇને દારુણ દુઃખ પામી રહી હતી.તેની દુર્દશાનું વૃત્તાંત સાંભળી આપણું હૃદય ફાટી જાય છે. દુરાચારી પઠાણો અને ઘાતકી મરાઠાઓના અત્યાચાર અને પરસ્પર વિગ્રહ-દ્વારા ઉત્પન્ન થયેલા ઉપદ્રવમાંથી મેવાડભૂમિની રક્ષાનો કોઈ ઉપાય નહિ જોઈ મહારાણાએ શત્રુઓને પોતાની માતૃભૂમિ વહેંચી આપવાનો વિચાર કર્યો. આ સંબંધે નિર્ણય કરવાને માટે "ધવલમૂંગરા" (ધવલ મેરુ) નામના સ્થાનમાં એક સભા બોલાવવામાં આવી.[1] રાણાજીના કેટલાક પ્રતિનિધિઓ આ સભામાં ગયા હતા. અહીંઆં રાણાજીનો ઉક્ત અભિપ્રાય જાહેર કરવામાં આવ્યો. ઉભય પિશાચોની મનઃકામના પૂર્ણ થવાનો સમય આવી પહોંચવાથી તેમના આનંદનો પાર રહ્યો નહિ. મેવાડની દુર્દશાની પરાકાષ્ઠા થવાનો પ્રસંગ આવી પહોંચ્યો. શ્મશાનનો કબજો મળવાથી પ્રેતોને તથા મૃત શરીરને જોવાથી ગીધોને અને કૂતરાઓને જેવો આનંદ થાય છે,તેવો આનંદ મરાઠાઓ અને પઠાણોને થવા લાગ્યો. મેવાડભૂમિ શ્મશાનવત્ બની ગઈ,મેવાડનાં મનુષ્યો મૃતવત્ બની ગયાં.તેમનામાં પ્રાણ,ચૈતન્ય કે ઉત્સાહનો લેશ પણ અંશ રહ્યો નહિ. એક વખત શત્રુઓના સાધારણ અત્યાચારથી પણ જે મનુષ્યો દારુણ ક્રોધ અને મહા ગર્વથી ઉન્મત્ત થઇને તેમની સામે બાથ ભીડતા હતા, તેમનાજ વંશજો આ વખતે સર્વથા નિર્જીવ બની ગયા હતા. દુસ્મનોના ચરણપ્રહાર સહન કરી કરીને તેમનાં શરીરો જડ બની ગયાં હતાં. વિધાતાની અકૃપા મેવાડભૂમિપર સંપૂર્ણ રીતે ઉતરી હતી; નહિ તો રાજસ્થાનની કમલિની કૃષ્ણાકુમારીનો ભોગ શા માટે આપવામાં આવત? અને બાપ્પારાવલના વંશજ મહારાણા ભીમસિંહ કાયર અને ડરપોક શા માટે થઈ જાત? મેવાડની સર્વ સુંદરતાનો આ વખતે લય થયો હતો. જે સુંદરતાના પ્રભાવથી એક વખત મેવાડભૂમિ રાજસ્થાનનું નંદનવન ગણાતું હતું, તે સુંદરતા આજે કયાં ગઈ છે? એક વખત જે મેવાડભૂમિ દેશપ્રીતિને ખાતર પ્રાણોત્સર્ગ કરનાર અસંખ્ય વીરોને જન્મ આપતી હતી, જે મેવાડ દેશ સર્વ દેશોનો શિરોમણિ ગણાતો હતો, સમસ્ત જગત જેને વીરજનની ગણીને વંદન કરતું હતું, તે મેવાડભૂમિ આજે શ્મશાનવત્ બની ગઇ છે. તેના વીરો મૃત્યુશય્યાપર શયન કરી ગયા છે. શું આ વીરો પુનઃ જાગૃત થશે? શું તેઓ પોતાના શત્રુઓના અત્યાચારનું દમન કરવાને માટે પુનઃ કમર બાંધશે? જન્મભૂમિનું યત્કિંચિત્ અપમાન થતાંની સાથે જે વીરો ક્રોધથી ઉન્મત્ત બની જતા હતા, **પ્રાણેભ્યોऽપિગરીયસી** એવી જન્મભૂમિને માટે જે વીરો એકદમ પ્રાણોત્સર્ગ કરતા હતા, તેજ વીરોના વંશજો આજે પોતાની દૃષ્ટિથી જન્મભૂમિનું ઘોર અપમાન થતું જુએ છે. શું તેઓ પોતાની આવી દુર્દશા જોયા છતાંપણ જાગૃત નહિ થાય? અહો! મહાવીર પ્રતાપસિંહ ક્યાં ગયા છે? હે યવન-દર્પહારી, આર્યકુલગૌરવ, વીરકેસરી પ્રતાપસિંહ! તમે કયાં છો? હે દેવ! પચ્ચીસ વર્ષપર્યંત અનાહાર વ્રત ધારણ કરી, કઠોર વનવાસ સહન કરી, તમે જે ભૂમિને અકબરના ગ્રાસમાંથી બચાવી હતી, તે ભૂમિ આજે અનાથ, નિરાશ્રય અને નિસ્સહાય બની પિશાચોના અત્યાચાર સહન કરે છે. તમારાં પચ્ચીસ વર્ષોનાં ફળને આજે શત્રુઓ ઠોકરથી ઉરાડી દે છે. શું આકાશમાંથી તમે આ દૃશ્ય જોતા નથી? હે સંન્યાસીશ્રેષ્ઠ! આપ એકવાર અલૌકિક આત્મત્યાગ અને કઠોર સંન્યાસનો પ્રકાશમાન આદર્શ આ નિર્જીવ અને પ્રમાદી રાજપૂતોની આગળ સાદર કરો; આપની અનુપમ વીરતા, મહાનતા અને સ્વદેશપ્રેમને જોઇને એ લોકો પણ આ જગતમાં રાજપૂત નામને સાર્થક કરશે અને જનની જન્મભૂમિને દુઃખમાંથી મુક્ત કરી ચિરંજીવ થશે.

વીરજનની મેવાડભૂમિ આજે વીરોથી રહિત થઇ અધોગતિના ઊંડા પાતાલમાં ઉતરી ગઇ છે;

---

1. આ સભામાં સતીદાસ, કિસનદાસ અને રૂપરામ પણ વિદ્યમાન હતા.

આજે સુવર્ણભૂમિએ શ્મશાનનું સ્વરૂપ ધારણ કર્યું છે;મેવાડનું આગલું સૌંદર્ય નષ્ટ થયું છે; મેવાડનું આગલું સન્માન વિલય પામ્યું છે. મેવાડની આગલી સભ્યતા, તેજસ્વિતા અને શૂરતા આજે રહી નથી. આજે મેવાડ ભયંકર શ્મશાન બની ગયું છે, તેનાં ક્ષેત્રો સૂનાં પડી ગયાં છે, તેનાં નગરો અને ગામોનો વિધ્વંસ થઇ ગયો છે, તેનાં ઘરો ખાલી પડી ગયાં છે, નગરવાસીઓને બહાર હાંકી કાઢવામાં આવ્યાં છે, સરદારો અને સામંતો ભીરુ અને કાયર થઇ ગયા છે. રાજા અને રાજપરિવાર દુઃખિત નિરુપાય અને નિરવલંબ બની ગયા છે. એવો કોઈ પણ માઇનો પૂત નથી કે જે વીરવર બાપ્પારાવલના વંશની આ દુર્દશામાં-થી રક્ષા કરે. હવે એવો કોઇપણ મહાપુરુષ રહ્યો નથી કે જે સંજીવનીમંત્ર ભણીને મેવાડની અગણિત ચિતાઓપર જલ છાંટીને અસંખ્ય વીરો ઉત્પન્ન કરે. મરાઠાઓ અને પઠાણો મેવાડવાસીઓના હાથમાં જે કાંઇ જોતા હતા, તે તેમની પાસેથી ખુંચવી લેતા હતા અને આ પ્રમાણે શ્મશાનભૂમિ મેવાડની દુર્દશાના ચિત્રને શતપટ અધિક ભયંકર બનાવતા હતા. ભિક્ષુકો ભિક્ષા માગીને જ્યાં ત્યાંથી મુઠ્ઠીભર ચોખા એકઠા કરતા હતા તેને પણ મહારાષ્ટ્રીઓ અને પઠાણો ઝુંટવી લેતા હતા. કોઈ બિચારો ગમે તેવાં કપડાં પહેરીને બહાર નીકળતો તો તેનાં કપડાં પણ છીનવી લેવામાં આવતાં હતાં. હવે મેવાડપર કયું દુઃખ પડવું શેષ રહ્યું છે ? રાજસ્થાનની મહારાણી મેવાડભૂમિ આજે ભીખારણ કરતાં પણ વિશેષ દીન અને હીન બની ગઇ છે. મેવાડભૂમિની આવી દુર્દશા થઈ રહી હતી, એવામાં દુરાચારી બાપુજી સિંધિઆ[1] તે દેશનું બચેલું દ્રવ્ય તથા સરદારો, સામંતો, વણિકો અને કૃષિકારોને કેદ કરીને અજમેર લઇ ગયો. અજમેરના તિમિરમય કારાગૃહમાં મેવાડવાસીઓને જંજીરથી જકડીને પૂરવામાં આવ્યા. અનેક કેદીઓ રૂપિયા આપીને મુક્ત થયા અને જેમની પાસે દ્રવ્ય નહોતું તેઓ તે તિમિરમય સ્થાનમાંજ લોહજંજીરથી પીડિત થઇને મરણ પામ્યા; અને જે માણસો ઇ૦ સ૦૧૮૧૭ પર્યંત જીવિત રહ્યા, તેઓ તે વર્ષમાં થયેલી સંધિ અનુસાર મુક્ત થઇ, હાડપિંજરના આકારમાં કારાગૃહમાંથી બહાર નીકળ્યા.



૧ અંગ્રેજોની સાથે રાણાજીને સંધિ થયા પછી બાપુજી સિંધિઆને અજમેરમાંથી દૂર કરવામાં આવ્યો. તેણે જ્યાં રહેવાનો વિચાર કર્યો હતો તે સ્થળે તે મેવાડમાં થઈને ચાલ્યો ગયો. મેવાડવાસીઓ તેનાપર એટલા બધા અપ્રસન્ન થઈ ગયા હતા કે તે તે દેશમાંથી જતો હતો તે વખતે તેઓ તેના શરીરપર થુંક્યા હતા અને તેને અનેક દુર્વચનો કહ્યાં હતાં. અહંકારનું પરિણામ આવુંજ આવે છે.

# अध्याय १७ मो

**લુંટફાટની નિવૃત્તિ-રાજપૂતરાજાઓની સાથે અંગ્રેજોની મિત્રતા-મેવાડમાં અંગ્રેજીદુતનું આગમન-બ્રિટિશપ્રતિનિધિની નિમણુક-રાણાએ તેને આપેલું માન-રાણાના ચરિત્રનું વર્ણન-સ્વદેશની શ્રીવૃદ્ધિ અર્થે રાણાએ કરેલો પ્રયાસ-હદપાર કરેલા લોકોને પાછા બોલાવવા-વ્યાપારીઓને કરેલું આમંત્રણ-ભીલવાડાની સ્થાપના-સરદારોનો સંપ-અધિકારપત્રનું દૃઢીકરણ-ભુમિનું પુનર્ગ્રહણ-અર્ઝીસરદારોવિષે કેટલુંક વિવેચન-બેદનુર, ભદેશ્વર અને અમાઈત-મેવાડની જમીનદારી-ગામ ખાતાના નિયમો-મેવાડની બાપોતાભુમિ-ભોમિઆ કિંવા સ્વતંત્ર સરદારો-તેમની સાથે કરેલો કરાર-તેમનો અધિકાર-ફરમાનનું મોટું રજીસ્ટર-ભુમિ-અધિકારવિષે પૂર્વદૃષ્ટાંતો- પટેલ, તેનું મૂળ અને તેનું કર્તવ્ય-મહેસુલના નિયમો-સામાન્ય પરિણામ.**

ગિહલોતકુલના ભાગ્યચક્રના પરિવર્તનની સાથે મહારાજા કનકસેનના વંશનો ઇતિહાસ ઇસ્વીસનની બીજી શતાબ્દીથી આરંભીને ઓગણીસમી શતાબ્દીપર્યંત સારી રીતે વર્ણવવામાં આવ્યો. પ્રાયઃ બે હજાર વર્ષોના અરસામાં સૂર્યવંશી મહારાજા કનકસેનનું રોપેલું વૃક્ષ અંકુરિત અને પરિપુષ્ટ થઇ પાછળથી દુર્દશાને પણ પ્રાપ્ત થયું. આ સંબંધે અમે પૂર્વે વર્ણન કરી ગયા છીએ. પારદ, ભીલ, તુર્ક, તાતાર વગેરે અનેક જાતિઓએ આક્રમણ કરીને આ વૃક્ષને જડમૂળથી ઉખેડી નાખવાની ચેષ્ટા કરી હતી. અનેક વાવાઝોડાં અને તોફાનોએ એની શાખા તોડી નાખવાને ઉદ્યમ કર્યો હતો. સેંકડો વર્ષપર્યંત એકસરખી-રીતે પીડિત રહેવાથી મેવાડના હૃદયમાંથી પુષ્કળ રુધિર નીકળી ગયું. આથી મેવાડભૂમિ બલહીન અને નિર્વીર્ય થઇ ગઇ. ઇતર લોકોના આક્રમણમાંથી મેવાડનું સત્ત્વ બચ્યું હતું, તેને અંતે મહારાષ્ટ્રીઓએ ચૂસી લીધું. આ સર્વ વાતનું વર્ણન પ્રથમ આગળ આવી ગયું છે, માટે અહીંઆં તેનું દિગ્દર્શન પુનરુક્તિદોષમાં ગણાશે. અહીંઆં માત્ર એટલોજ નિર્દેશ કરવો ઉચિત છે કે આ વખતે રાજપૂતોને પોતાના પ્રાણ બચાવવાનું કામ પણ કઠિન થઇ પડયું હતું; પરંતુ મંગલકારી વિધાતાએ કૃપા કરીને થોડા વખતમાં રાજપૂતજાતિના હૃદયમાં નવીન બળનો સંચાર કર્યો. મહારાષ્ટ્રીય, પઠાણ, પોર્ટુગિઝ, ફ્રેંચ વગેરે લોકોએ, ચોર અને લૂંટારા લોકોની સહાયથી પોતાનાં અનેક મોટાં કેન્દ્રો સ્થાપિત કર્યાં હતાં અને તેઓ મોટાં ભયંકર સૈન્યો રાખતા હતા. આ લોકો ભારતવર્ષમાં મહા અનર્થ કર્યા કરતા હતા. ભારતવર્ષના તપ્ત થયેલા હૃદયપર શીતલ જળનું સિંચન કરવાને માટે અંગ્રેજોએ સૌથી પહેલાં આ દુષ્ટ દલોનું દમન કરવાનો વિચાર કર્યો. ઇ૦ સ૦ ૧૮૧૭ના ઑક્ટોબર માસમાં ભારતવર્ષના શાસનકર્તા લૉર્ડ હેસ્ટિંગ્સના ચાતુર્યના પ્રભાવથી આ દુષ્ટ લોકોના અત્યાચારનો અંત આવ્યો. તેમનાં દલો ચારે તરફ છિન્નભિન્ન થઇ ગયાં. દીર્ઘકાળપર્યંત આ જુલ્મી લોકોના અત્યાચાર સહન કર્યાં પછી ભારતવાસીઓ શાંતિસુખ પામ્યા અને સાત સમુદ્રપારથી આવેલા વણિકવેશી બ્રિટન લોકોની પ્રભુતા ભારતવર્ષમાં દૃઢ થઈ.

અંગ્રેજશાસનકર્તાના ભીષણ પ્રયાસથી જુલ્મી અને દુષ્ટ લોકોનાં દલો છિન્નભિન્ન થઈ ગયાં. હવે આ લોકોનાં દલ પુનઃ બળવાન થવા પામે નહિ તેટલામાટે ભારતવર્ષના સર્વ રાજાઓમાં સંપ

કરાવવો ઈષ્ટ લાગ્યો. આ વિચારથી બ્રિટિશશાસનકર્તાએ રાજપૂતરાજાઓને પત્ર લખી એકત્ર થવાને આમંત્રણ કર્યું. જયપુરના મહારાજાસિવાય સર્વ રાજાઓએ આ કાર્યપ્રત્યે પોતાની સહાનુભૂતિ પ્રકટ કરી. દિલ્લીમાં આ વિરાટ સભા ભરવાનું નિશ્ચિત કરવામાં આવ્યું. આ નિમંત્રણાનુસાર અનેક રાજદૂતો દિલ્લીમાં આવ્યા. માત્ર થોડાં અઠવાડિયાંમાં સમસ્ત રાજપૂતજાતિનું ભાગ્યસૂત્ર બ્રિટનલોકોના હાથમાં સોંપવામાં આવ્યું. આ વખતે જે સંધિપત્ર લખવામાં આવ્યું તેમાં એવો કરાર કરવામાં આવ્યો કે રાજપૂતો રાજકીયસ્વાધીનતાનું સુખ ભોગવશે, અંગ્રેજસરકાર શત્રુઓના આક્રમણમાંથી અને અત્યાચારમાંથી તેમનું રક્ષણ કરશે અને તેના બદલામાં તેમને પોતાના રાજ્યની ઉપજનો થોડો ભાગ અંગ્રેજસરકારને આપવો પડશે.[1]

જે દેશી રાજાઓએ અત્યાચારી લોકોના પંજામાંથી મુક્ત થવાને માટે અંગ્રેજસરકારની સાથે સંધિ કરવાની ઇચ્છા કરી હતી, તે સર્વમાં મેવાડના મહારાણાને સંધિ કરવાની અધિક આવશ્યકતા

૧ ઈસ્ટ ઇંડિયા કંપનીની સાથે રાણા ભીમસિંહને જે સંધિ થઈ હતી તેના પ્રત્યેક કરારનો અવિકૃત અનુવાદ નીચે આપવામાં આવે છે:—

(૧) અંગ્રેજો અને રાણાજીની મિત્રતા, સખ્ય અને ઐક્ય પેઢી દરપેઢી નિભાવવાં અને એકના શત્રુ વા મિત્ર, બીજાના શત્રુ વા મિત્ર ગણવા.

(૨) અંગ્રેજસરકાર રાણાજીનું સમસ્ત રાજ્ય કાયમ રાખશે અને તેને ઉપદ્રવ નડવા દેશે નહિ.

(૩) ઉદયપુરના મહારાણાએ સદા અંગ્રેજસરકારને આધીન રહી રાજશાસન ચલાવવું અને અંગ્રેજ સરકારને પોતાની વરિષ્ઠ ગણવી; તેમજ તેમણે અન્યાન્ય રાજાઓ વા સરદારોની સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ રાખવો નહિ.

(૪) અંગ્રેજ સરકારની પરવાનગી અથવા મંજુરીવિના રાણાજી કોઇ પણ રાજા વા રાજકુલની સાથે કોઈ પણ પ્રકારનાં સંધિ ઇત્યાદિ રાજનૈતિક કામો કરી શકશે નહિ. સાધારણ અને નિયમિત સ્નેહ અને ક્ષેમકુશલતાના પત્રો મોકલવામાં કાંઈ હાનિ નથી.

(૫) ઉદયપુરના મહારાણા કોઇના ઉપર કોઈપણ પ્રકારનો અત્યાચાર અથવા કોઇ રાજ્યપર આક્રમણ કરી શકશે નહિ. જો કોઇની સાથે તેમને વિવાદ થાય તો બ્રિટિશસરકારના હાથમાં તે સંબંધે વિચાર અને નિર્ણય કરવાનો ભાર સોંપવો.

(૬) ઉદયપુરની ખાલસા જમીનની જે મહેસુલ ઉપજે તેનો એક ચતુર્થાંશ ભાગ રાણાજીએ અંગ્રેજસરકારને ખંડણીતરિકે પાંચ વર્ષ સુધી આપવો અને ત્યાર પછી ૩/૮ ( અર્થાત્ એક રૂપિયામાંથી છ આના ) ભાગ સદા આપવો. રાણાજીની પાસે બીજો કોઇ ખંડણીનો દાવો કરી શકશે નહિ. જો કોઇ તેવો દાવો કરશે તો બ્રિટિશસરકાર તેને ઉત્તર આપવાને માટે તૈયાર છે.

(૭) હાલમાં મહારાણા જણાવે છે કે ઉદયપુરતાબાનાં કેટલાંક પ્રગણાંઓની ઉપર કેટલક લોકોએ અન્યાયપૂર્વક પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો છે અને રાણાજી પુનઃ આ પ્રગણાંઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે; પરંતુ આ બાબતનાં ચોક્કસ પ્રમાણો નહિ મળવાથી સાંપ્રતમાં બ્રિટિશસરકાર તેમાં હસ્તક્ષેપ કરી શકતી નથી, પણ જ્યાંસુધી બનશે ત્યાંસુધી તે ઉદયપુરની ઉન્નતિ કરવા પ્રત્યે લક્ષ્ય આપશે અને ગયેલી જમીનવિષે દરેક પ્રકારની તપાસ કરી તે પુનઃ હસ્તગત કરવાનો પ્રયત્ન કરશે. આ પ્રકારે બ્રિટિશસરકારની સહાયથી મહારાણાને જે જમીન પુનઃ પ્રાપ્ત થશે તેનાં ઉપજમાંનો ૩/૮ ભાગ બ્રિટિશસરકારને આપવો પડશે.

(૮) બ્રિટિશસરકાર જ્યારે જરૂર પડશે ત્યારે ઉદયપુરની સેના લઈ શકશે.

(૯) ઉદયપુરના રાજ્યમાં મહારાણાની આજ્ઞા અને સત્તા સંપૂર્ણ રીતે ચાલશે. તેમના રાજ્યમાં અંગ્રેજસરકારની પ્રભુતાનો પ્રચાર થશે નહિ.

(૧૦) આ નિયમોવાળું સંધિપત્ર દિલ્લીમાં લખવામાં આવ્યું છે. એના ઉપર અંગ્રેજસરકારની તરફથી મહાશય ચાર્લ્સ થિઓફિલ્સ મેટકાફ અને મહારાણાની તરફથી ઠાકોર અજિતસિંહ બહાદુરે હસ્તાક્ષર અને મહોર કર્યાં છે. એની મંજુરી મહાનુભાવ ગવર્નરજનરલ તથા મહારાણા ભીમસિંહદ્વારા મળતાં એક મહિનાના અરસામાં એ બન્ને પક્ષને આપવામાં આવશે.

મુકામ દિલ્લી, તા. ૧૩ મી માહે જાન્યુઆરી, ઈ૰ સ૰ ૧૮૧૮

( હસ્તાક્ષર ) સી. ટી. મેટ્કાફ<br>
( ,, ) ઠાકોર અજિતસિંહ

હતી; અને આ સંધિદ્વારા મેવાડના મહારાણાને સૌથી અધિક શાંતિ પ્રાપ્ત થઈ હતી. ઇ૦ સ૦૧૮૧૮ ના જાન્યુઆરીની ૧૬ મી તારીખે રાણાજીએ ઉક્ત સંધિપત્રપર પોતાના હસ્તાક્ષર કર્યા હતા. પછી ફેબ્રુઆરી માસમાંજ ઉક્ત સંધિના નિયમોથી રક્ષા કરવાને માટે અંગ્રેજોનો એક દૂત રાણાજીના દરબારમાં આવ્યો. સિંધિઆના અનુચરોએ અન્યાયથી મહારાણાની ભૂમિપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો હતો. આ સર્વ ભૂમિનો ઉદ્ધાર કરવાને માટે તથા ઉપદ્રવી સરદારો તથા સામંતોનું દમન કરવાને માટે અંગ્રેજસેનાપતિ મેજર જનરલ સર આર. ડંકન સેના લઈ તૈયાર થયો.[1] રાયપુર, રાજનગર ઇત્યાદિ કિલ્લાઓ ઉપર વિદ્રોહીસરદારોએ પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો હતો. આ સર્વ કિલ્લાઓ ઉક્ત અંગ્રેજસેનાપતિએ હસ્તગત કરી મેવાડરાજ્યને સમર્પણ કર્યા. વળી સૌભાગ્યવાન ચતુર અંગ્રેજોએ એક મોટો કિલ્લો પોતાના રાજ્યમાં સંયોજી દીધો. કમલમેરમાં જે સેના રહેતી હતી, તેને દીર્ઘકાળથી પગાર મળ્યો નહોતો. આ સર્વ પગાર અંગ્રેજસરકારે ચૂકવી દીધો અને તે કિલ્લાને પોતાના અધિકારમાં લઇ લીધો.

કમલમેરની પૂર્વ દિશામાં આવેલા જિહાજપુરથી અંગ્રેજોનો દૂત ઉદયપુરતરફ ચાલ્યો.આ સ્થળેથી ઉદયપુર પ્રાયઃ ૧૪૦ માઇલ દૂર હશે. તે દૂત જણાવે છે કેઃ–"આ લાંબા પટમાં મને માત્ર બેજ શહેરો મળ્યાં. આ શહેરો પણ ઉજ્જડ થઇ ગયાં હતાં.આ શહેરોની વસ્તી છિન્નભિન્ન થઈ ગઇ હતી.મનુષ્યનું જરા ચિન્હ પણ દૃષ્ટિગોચર થતું નહોતું.ચારે તરફ જંગલ,વૃક્ષો,પહાડ, અને પાષાણ આવી રહ્યાં હતાં. વૃક્ષઘટામાં ભયંકર વાઘોએ પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું.મોટા મોટા રાજમાર્ગો નષ્ટ થઈ ગયા હતા. રમણીયદેશની આજે આવી દુર્દશા થઇ રહી હતી. વિપરીત કાળનું આ ચિત્ર અદ્યાપિ દૃષ્ટિસમીપ તર્યા કરે છે.રાજપૂતાનામાં ભીલવાડા નામનું એક મોટું નગર હતું.બાર વર્ષોપૂર્વે અર્થાત્ ઇ૦સ૦૧૮૦૬ના મે માસમાં હું આ નગર તરફ ગયો હતો.તે સમયે આ નગરમાં ૬૦૦૦ કુટુંબો રહેતાં હતાં. સામાન્યતઃ આ નગર ઉત્તમ શ્રેણીનું ગણાતું હતું;પરંતુ હમણાં (ઇ૦ સ૦ ૧૮૧૮ના ફેબ્રુઆરી માસમાં) પૂર્વની વસ્તીનો પત્તો લાગતો નથી. ભીલવાડાના રાજમાર્ગપર મને એક પણ જીવંત પ્રાણી મળ્યું નહિ. કેવળ એક કૂતરો એક દેવમંદિરમાં બેઠો હતો. તે પણ અજાણ્યા માણસોને જોઇને શીઘ્ર નાસી ગયો. આ દશા જોઇ મને અત્યંત શોક થયો. મારી સાથે આવેલા એક સૈનિકે તે દેવાલયના આદિનાથ નામના એક નગ્ન દેવતાને પોતાના અંગનું લાલ વસ્ત્ર ઓઢાડીને તેનું શરીર ઢાંક્યું હતું."[2]

બ્રિટિશ દૂતને માનસહિત લાવવાને માટે મહારાણાએ પોતાના એક દૂતને મોકલ્યો. અંગ્રેજોએ પોતાની છાવણી નાથદ્વારામાં નાખી હતી. રાણાજીનો દૂત પોતાની સેનાસહિત ત્યાં જઇ બ્રિટિશએજંટને મળ્યો. સંધિસંબંધે વાતચિત થયા પછી તે બ્રિટિશએજંટના ઉદયપુરમાંના આગમનપ્રસંગે પાટનગરને ઉત્તમ પ્રકારે શૃંગારવાના ઉદ્દેશથી ચાલ્યો ગયો.આજ વખતે કમલમેરનો કિલ્લો પણ અંગ્રેજસરકારને અર્પણ કરવામાં આવ્યો. રાણાજીના જ્યેષ્ઠકુમાર જવાનસિંહ ઉત્તમોત્તમ વસ્ત્રો પરિધાન કરી અસંખ્ય સામંતો, સેનાપતિઓ, સૈનિકો તથા અનુચરોને સાથે લઈ આગળ જઇ બ્રિટિશએજંટને માનસહિત તેડી લાવ્યા. નગરથી એક કોશના અંતરપર એક ઉત્તમ ઉદ્યાનમાં દરબાર ભરવામાં આવ્યો હતો. પછી જવાનસિંહ બ્રિટિશ એજંટને રાજધાનીમાં લઈ આવ્યા. આ સમયની શોભાનું વર્ણન કર્નલ ટૉડે ઉત્તમ પ્રકારે કર્યું છેઃ—

"રાણાજીની અને મારી મુલાકાત માટે ઉદયપુરનગરથી એક કોશના અંતરપર એક સભાસ્થાન તૈયાર કરવામાં આવ્યું હતું.ત્યાં શેતરંજીઓ અને ગાલીચાઓ બિછાવીને ઉત્તમ પ્રકારની બેઠકો તૈયાર કરવામાં આવી હતી. અહીંઆં પ્રથમ યુવરાજ જવાનસિંહે મારી મુલાકાત લીધી. આ રાજપુત્રને જોતાંની

---

૧ આજ સમયે કર્નલ ટૉડ લૉર્ડ હેસ્ટિંગ્સના તરફથી "પશ્ચિમ રાજપૂતપ્રદેશોના પોલિટિકલ એજંટ" તરિકે રાણાની રાજસભામાં નિયુક્ત થયા હતા. ઈ૦ સ૦ ૧૮૧૭ તથા ૧૮૧૮ નાં યુદ્ધમાં કર્નલ ટૉડના તાબાનીચે ઉત્તર ભાગનું અંગ્રેજી સૈન્ય હતું અને તેઓ પોતાની સેનાપર સર્વ પ્રકારની દેખરેખ રાખતા હતા. આ વખતે તેમણે હોલ્કર તથા બૂંદીરાજની સાથે સંગ્રામ કર્યો હતો તથા કોટાના રાજાની સાથે સંધિ કરી હતી.

ઈ૦ સ૦ ૧૮૦૬ ના મે માસમાં કર્નલ ટૉડ એકવાર ભીલવાડામાં થઈને ગયા હતા. આ વખતે તે નગર ઉન્નત દશામાં હતું.

સાથેજ મેં તેમના ગુણોની ઝાંખી કરી લીધી. તેજસ્વી વદન, રાજદરબારી સભ્યતાથી બોલવાની ઢબ, રાજકુલને છાજે એવી ગંભીરતા, વિનયસંપન્નતા-આ સર્વ ગુણો મેં તેમનામાં જોયા. આ ગુણો તેમણે કીર્તિવંત રાજકુલમાં જન્મ લીધો છે, તેનું પ્રત્યક્ષ પ્રમાણ બતાવી રહ્યા હતા. પૂર્વે આ કુમાર જ્યારે નાના હતા, ત્યારે મેં તેમને જોયા હતા; પરંતુ તે વખતે મને એવી કલ્પના પણ આવી નહોતી કે આ કુમાર મને આધીનતાપૂર્વક આવીને મળશે, પણ સમયના પરિવર્તનથી મહાપ્રતાપવાન પ્રતાપસિંહના વંશજ આ પ્રકારે મારું સ્વાગત કરવાને માટે આવ્યા! આ દૃશ્ય જોવાથી મારા મનમાં જે લાગણી ઉત્પન્ન થઈ, તેનું મારાથી વર્ણન થઇ શકતું નથી. ખરેખર, કાળની ગતિ વિચિત્ર છે! આ રાજકુમારનું મુખ તેમના ઇતિહાસપ્રસિદ્ધ પરાક્રમશાળી રાજકુલને શોભા આપે એવું હતું.

મેં સૂરજદરવાજેથી ઉદયપુરમાં પ્રવેશ કર્યો. જવાના રસ્તાની બન્ને બાજુએ વૃક્ષોની હાર લાગી રહી હતી. આ સમયે પણ સ્પષ્ટ રીતે પ્રતીત થતું હતું કે અમે એક ઉજ્જડ અને નિર્જન શહેરની અંદર જઇએ છીએ. પ્રસિદ્ધ રામપ્યારી (પંદરમા અધ્યાયમાં આ સ્ત્રીવિષે કાંઇક ઉલ્લેખ આવ્યો છે.)-ના મહાલયમાં અમે સર્વે ગયા. આ મહાલય રાજપૂતોના સાધારણ મહાલયોની પેઠે ચતુષ્કોણ અને અનેક મજલાવાળો હતો. તેની શોભા અત્યુત્તમ અને વર્ણન કરવા યોગ્ય હતી. ચારે તરફ નકસીકામ, સામસામે ઓરડાઓ અને વચમાં મોટું ભવ્ય દિવાનખાનું શોભી રહ્યું હતું. આજ સ્થાનમાં અમારા સ્વાગતની તૈયારીઓ કરવામાં આવી હતી. પાછળથી બ્રિટિશસરકારનો રેસિડેંટ આજ મહાલયમાં રહેતો હતો. આ મહાલયના એક ભાગમાં અમારે માટે ભોજન તૈયાર કરવામાં આવ્યું હતું. ભોજન-નું શું વર્ણન કરૂં ? પૃથક્ પૃથક્ શતાવધિ પ્રકારનાં નામીચાં અને મિષ્ટ પકવાન્નો તૈયાર કરવામાં આવ્યાં હતાં, તાજાં અને સૂકાં ફળો પણ પુષ્કળ હતાં. એક હજાર રૂપિયાની થેલી પણ ત્યાં રાખવામાં આવી હતી. આ પ્રસંગનો આનંદ દર્શાવવાને માટે મહારાણાના અંગત નોકરોમાં આ રૂપિયા વહેંચી દેવાને માટે આપ્યા હતા. જે લોકોએ બ્રિટિશકંપનીના એજંટના આગમનની ખબર આપી હતી, તેને આ પ્રકારે પારિતોષિક આપવું એ કાર્ય રાજપૂતરાજાઓની પ્રાચીન રીતિઅનુસારજ હતું. રાણાજી-ની બીજીવારની મુલાકાતને માટે બીજો દિવસ નિશ્ચિત થયો.

પરંતુ પહેલાજ દિવસના ચાર વાગે રાણાજીનો મુખ્ય દિવાન, ચંદાવતસરદાર, ચોબદાર, ભાલા-દાર વગેરે માણસો અમારી પાસે આવ્યા અને તેમણે અમને નિવેદન કર્યું કેઃ-" રાણાજીએ આપના સ્વાગતને માટે આજેજ તૈયારીઓ કરી છે." જે સ્થળે અમારો મુકામ હતો, તે સ્થળે અલ્પકાળ-માં લોકોની મોટી ભીડ થઇ ગઇ. સર્વ માણસો ઉત્તમોત્તમ વસ્ત્રાલંકાર પહેરીને આવ્યા હતા અને ચુપચુપ અમારી તરફ જોતા હતા.[1] રાજભુવનમાં જવાને માટે અમે નીચે ઉતર્યાં. આ વખતે પ્રત્યેક માણસના મુખમાંથી "જય જય, ફિરંગીકા રાજ" એવા શબ્દ નીકળતા હતા. ભાટ લોકો આવા અવસરપર કેમ ચૂપ રહી શકે ? તેમણે અંગ્રેજએજંટનું નામ પોતાના કાવ્યમાં ઉતારીને વિવિધપ્રકારે તેમની સ્તુતિ કરવાનો આરંભ કરી દીધો. સ્થળે સ્થળે વાજાંવાળાઓ ઉત્તમ પ્રકારે વાજાં વગાડી રહ્યા હતા. વાજાંઓનો ધ્વનિ સુશ્રાવ્ય હોવાથી શ્રોતાનું ધ્યાન તે પ્રતિ અત્યંત આક-ર્ષાતું હતું. સુંદર રમણીઓ જળભરિત પાત્રો મસ્તકપર ધારણ કરી અમારા મંગલને માટે ગીતો ગાઇ રહી હતી. તેમનાં ગીત અત્યંત મનોહર લાગતાં હતાં. આ ગીતો સાંભળી લોકો તે સ્ત્રીઓને કાંઇ કાંઈ વસ્તુ અર્પણ કરતા હતા. આ પ્રકારે ભારે ભીડ થઇ રહેવાથી રાજમાર્ગમાં ક્યાંય પણ તિલભર જગા ખાલી રહી નહોતી. રાજભુવનની નિકટ આવતાં અમે સર્વેજણ હાથી અને અશ્વપરથી નીચે ઉતરી પડયા અને ધીમે ધીમે ચાલીને રાજભવનમાં પ્રવેશ કર્યો. મહાલયની પાસેના છોબંધ ચોકમાં હાથીઓ અને ઘોડાઓનો ખેલ થતો હતો. આ પ્રકારનો ખેલ જોવાનો મહારાણાને અત્યંત શોખ હતો.

રાજભવન અતિ વિશાળ અને દૃઢ છે. એમાં સંગેમરમરનો ઉપયોગ પુષ્કળ કરવામાં આવ્યો છે. ઇતર જાતના પાષાણો પણ તેમાં વાપરવામાં આવ્યા છે. આ મહાલયની ઉંચાઇ ૭૦ હાથની છે. આ રાજભુવનના સર્વ ખુણાપર અષ્ટકોણબુરજ બંધાવી તે પર ગુંબજ બનાવવામાં આવ્યા છે. આ રાજમહાલય એકજ સમયમાં બન્યો નથી. ભિન્ન ભિન્ન રાજાઓએ પૃથક્ પૃથક્ સમયમાં તેને બંધા-

[1] અમે ચાર યુરોપિયનો હતા; હું, મિશનના સેક્રેટરી કેપ્ટન વાઘ, લેફટેનન્ટ કેરી તથા ડૉકટર ડંકન.

વ્યો હતો. આ મહાલય અત્યંત સુંદર બન્યો છે; તેનું આજ કારણ છે. પ્રાચ્યદેશોમાં આવું સુંદર મકાન કદિ ક્યાંય પણ બંધાયું નહિ હોય. પર્વત ઉપર આ મહાલય બંધાવેલો હોવાથી ઉદયપુરની તળેટીપરથી તે ઘણો ઉંચો લાગે છે. આ રાજભવનના અગ્રભાગમાં એક વિશાળ છોબંધ ચોક આવેલો છે. આ ચોકની લંબાઇ મહાલયની પહોળાઈ જેટલી છે. આ ચોકમાંજ મહારાણા પોતાના હાથીઓને અને અશ્વોને ખેલાવે છે. ત્રણ કમાનદાર ઉચ્ચ સ્તંભોની ઉપર આ ચોક સ્થિત છે અને આ સ્તંભો પર્વતના ઢોળાવપર આવેલા છે. સૌથી આગળ જે સ્તંભ છે, તેની ઉંચાઇ ૩૨ હાથની છે. ચોકની નીચે જે ખાલી જગ્યા છે, તેમાં ઘોડાના તબેલા તથા ફીલખાનાં બંધાવવામાં આવ્યાં છે. સ્તંભોની દઢતાવિષે કિંચિત્ પણ શંકા લાવવાનું પ્રયોજન નથી. ચોકપર ચઢવાથી ઉદયપુર તથા તેની આસપાસનું સંપૂર્ણ દશ્ય જોઇ શકાય છે. આ દશ્ય ઘણું મનોહર લાગે છે. આસપાસનાં પર્વત-શૃંગોને લીધે ઉદયપુરની આસપાસનાં કેટલાંક મેદાનો દષ્ટિગોચર થતાં નથી; પરંતુ બુરજપર ચઢવાથી તો તે પણ સારી રીતે દેખાય છે. અહીંઆંથી ઉદયપુરનું મોટું તળાવ અને નાનાં નાનાં ગિરિશૃંગો સપાટ ભૂમિવત્ દેખાય છે. જો આ રાજભવનને ઉદયપુરની શોભા કહેવામાં આવે તો તેમાં કાંઈ અતિ-શયોક્તિ નથી. આ મહાલયમાં અમારા સ્વાગતને માટે તૈયારીઓ કરવામાં આવી હતી.

આ રાજમહાલયના મુખ્ય દરવાજાપર સિંધી સિપાઇઓનો પહેરો હતો. તે શનિવારનો દિવસ હોવાથી તે દિવસે નિયમાનુસાર શક્તાવતસરદારો દિવાનખાનામાં સ્વાગતનો પ્રબંધ કરતા હતા. મુખ્ય દ્વારથી દિવાનખાના સુધીના માર્ગની બન્ને બાજુએ રાજપૂતો સશસ્ત્ર થઇને ઉભા હતા. રાજભવન-ની અંદરના ભાગમાં એક ગણેશદરવાજો છે. આની અંદર થઇને દિવાનખાના તરફ જવાય છે. પાષાણના દાદરપર ચઢીને અમે દિવાનખાનામાં ગયા. રાજદ્વારીપુરુષોના આગમનની ખબર આપનાર અનેક નેકી પોકારનારાઓ પણ ત્યાં વિદ્યમાન હતા. દિવાનખાનામાં પહોંચ્યા પૂર્વે કેટલીક પરશાળ ઓળંગવી પડે છે. દિવાનખાનાના દ્વારપર અમે પહોંચ્યા કે તરતજ ચોબદારે મોટેથી પોકાર કર્યો કેઃ-"અંગ્રેજ એલચી મહારાણાની મુલાકાતને માટે હાજર છે" આ શબ્દો સાંભળતાંની સાથે મહારાણા સિંહાસનપરથી ઉતરી કેટલાંક પગલાં આગળ આવ્યા. તેઓ ઉઠ્યા કે તરતજ સરદારોએ પણ પોતાના આસનપરથી ઉઠીને અમારૂં સ્વાગત કર્યું. આ દરબારની શોભા દિલ્લીદરબારના જેવી જણાતી હતી. સિંહાસનની સન્મુખજ અમને આસન આપવામાં આવ્યાં. મરાઠાઆક્રમણના સમયમાં ઉદયપુરના દરબારમાં મહારાષ્ટ્રીયએલચીને જે આસન આપવામાં આવતું હતું, તેજ આસન આજે અંગ્રેજએલચીને મળ્યું. જે મહાલયમાં આ દરબાર ભરવામાં આવ્યો હતો તેનું નામ "સૂર્યમહલ" છે. આ મહાલયના મધ્યભાગમાં સૂર્યનું ચિત્ર છે. તે મહાલયમાંનાં સર્વ ચિત્રોમાં આ સૂર્યનું ચિત્ર સૌથી મોટું છે અને તેનું નામ "સૂર્યમહલ" રાખવાનું કારણ પણ તેજ છે. સૂર્યના ચિત્રની આગળજ મહારાણાનું સિંહાસન સ્થિત હતું. આ સિંહાસનની ઉપર પિત્તળના ચાર સ્તંભોપર મખમલનો એક ચંદરવો હતો. આ સિંહાસન સાધારણરીતે ઉંચું હતું. તેના ઉપર વેલબુટ્ટાવાળી મખમલની ચાદર હતી. દરબારના સોળ મુખ્ય સરદારો પોતપોતાની યોગ્યતાનુસાર રાણાજીની જમણી અને ડાબી બાજુએ બેઠા હતા. મહારાણા-ની એક બાજુ તેમના આસન કરતાં સહેજ નીચા આસનપર રાજકુમાર જવાનસિંહ અને ઉમરાવ-સિંહ બેઠા હતા. રાણાની સન્મુખ મુલ્કીખાતાનો મુખ્ય અમલદાર બેઠો હતો. રાણાજીની પાછળ તેમના અંગત સેવકો તથા અન્યાન્ય વિશ્વાસુ અધિકારીઓ બેઠા હતા. આ વખતે રાણાજીના મનમાં અનિ-ર્વચનીય આનંદ થતો હતો. બ્રિટિશએલચીનું આગમન થયા પછી રાણાએ મરાઠાઓ તથા પઠાણો-દ્વારા મેવાડવાસીઓને જે જે સંકટો અને દુઃખો સહન કરવાં પડયાં હતાં,તેનું હૃદયદ્રાવક વર્ણન તેમણે પોતાની પ્રભાવશાળી વાણીથી કહી સંભળાવ્યું. પછી તેમણે કહ્યું કેઃ-"અંગ્રેજ સરકારે આ કાર્યમાં મન લગાડી અમારાં દુઃખો દૂર કરવાનો નિશ્ચય કર્યો છે, તે માટે અમે તેમના અત્યંત આભારી છીએ. જન્મથી હું કદિપણ સુખે સૂતો નથી. હવે અંગ્રેજોનાં સ્નેહ તથા મિત્રતાથી મને સુખે નિદ્રા આવશે." મહારાણાના મુખમાંથી નીકળેલા પાછલા શબ્દો અતિ આવેશયુક્ત હતા. આ શબ્દો સાંભળી અમને અત્યંત કરુણા ઉત્પન્ન થઈ અને એમનું દુઃખ દૂર કરવું એને અમે અમારૂં કર્તવ્ય માન્યું. પછી બ્રિટિશ એલચીએ મહારાણાને મમતાપૂર્વક જણાવ્યું કેઃ-"અમારા ગવર્નરજનરલ આપના કીર્તિવંત અને વૈભવ-

શાળી કુળનો ઇતિહાસ સારીપેઠે જાણે છે તથા આપના ઉપર જે જે સંકટો પડયાં છે, તેથી પણ તેઓ સુપરિચિત છે; આથી આપનો વૈભવ તથા આપની કીર્તિ અને રાજ્યની શાંતિ યથાસંભવ વધારવી એવી તેમની ઇચ્છા છે." આ પ્રકારે પરસ્પર વાર્તાલાપ થયા પછી રાણાજીએ બ્રિટિશએલચી તથા તેમની સાથેના માણસોને પુષ્કળ પારિતોષિક આપ્યું. બ્રિટિશએલચીને તેમણે એક ઉત્તમ પ્રકારે સજ્જ કરેલો હાથી, એક ઉત્તમ અશ્વ, રત્નજડિત અલંકારો, એક મુક્તાહાર, એક શાલ અને એક કિનખાબનો ડગલો, આટલી વસ્તુઓ પારિતોષિકતરિકે આપી. આ પ્રકારે મહારાણાએ અન્ય માણસોને પણ ભિન્ન ભિન્ન વસ્તુઓ પારિતોષિકતરિકે આપ્યા પછી સર્વ અંગ્રેજોને પાન, અત્તર તથા ગુલાબ આપીને તેમને વિદાય લેવાની પરવાનગી આપી. અંગ્રેજોએ ઉઠીને મહારાણાને માનપૂર્વક સલામ કરી અને પછી તેઓ ચાલ્યા ગયા. અંગ્રેજો જ્યારે પોતાના મુકામપર ગયા ત્યારે મહારાણા પોતાના કુમારને તથા મુખ્ય મુખ્ય સરદારોને પોતાની સાથે લઇ તેમને વળતી મુલાકાત આપવાને તેમના મુકામપર ગયા. તેમના આગમનની વાત સાંભળી બ્રિટિશએલચી ઘણે દૂરસુધી પગે ચાલી તેમનો સત્કાર કરવાને સામો ગયો તથા મેવાડના રાજવંશીઓને સન્માન આપવાને માટે પોતાની સેનાપાસે તેમને સલામી અપાવી. રાણાજીને માટે અહીંઆં આ વખતે પૂર્વ કરતાં અધિક ઉચ્ચ આસન બનાવવામાં આવ્યું હતું. આ આસનપર મેવાડનાથ વિરાજમાન થયા. રાણાજી આનંદપૂર્વક ત્યાં બેસીને બ્રિટિશએલચીની સાથે વાર્તાલાપ કરવા લાગ્યા. મહારાણાએ બ્રિટિશ એલચીની સાથે અર્ધા કલાકપર્યંત અંગ્રેજીસેનાસંબંધે વાર્તાલાપ કર્યો. આ વખતે બ્રિટિશએલચીએ મહારાણાને એક હાથી, બે અશ્વો, વિવિધ પ્રકારના સોનારૂપાના અલંકારો, વેલબુટ્ટાવાળી મખમલની એક ઝુલ—આ સર્વ વસ્તુઓ નજર કરી. વળી તેણે તેમને અનેક પ્રકારનાં રત્નોથી ભરેલાં ૨૧ પાત્રો પણ નજર કર્યાં. કુમાર ઉમરાવસિંહ બિમાર હોવાથી તેઓ પોતાના પિતાની સાથે આવ્યા નહોતા; પરંતુ બ્રિટિશએલચીએ તેમને માટે પણ એક અશ્વ તથા ઉપર્યુક્ત વસ્તુઓથી ભરેલાં ૧૧ પાત્રો આપ્યાં. જવાનસિંહ તો મહારાણાની સાથેજ હતા. તેમને પણ બ્રિટિશએલચીએ એક અશ્વ અને નવ પાત્રો નજર કર્યાં. તદુપરાંત મહારાણાના કર્મચારીઓ તથા સામંતોને પણ તેમની યોગ્યતાનુસાર નજરાણું આપવામાં આવ્યું. ભેટ આપવામાં બ્રિટિશ એલચીને રૂા. ૨૦૦૦૦) નો ખર્ચ થયો હતો. મહારાણા તથા બ્રિટિશએલચીની પરસ્પર મુલાકાતની વાત ઘણા દિવસસુધી સરદારો તથા મહારાણાના સેવકોમાં ચાલી. આ વાતથી તેમને અપૂર્વ આનંદ થયો હતો."

પ્રસ્તુત મહારાણાનું ચરિત્ર અત્યંત મહાન કે સર્વમર્યાદાને યુક્ત નહોતું. પ્રજાનું પાલન કરવા માટેના સર્વ ગુણો તેમનામાં હતા; પરંતુ તેમના મનની દુર્બળતાને લીધે તેઓ પ્રજાપાલનનું કોઇ પણ કાર્ય કરી શકતા નહોતા. બાહ્ય ડોળદમામ અને આડંબર, સાધારણ બાબતોમાં આનંદ લેવો તથા મિથ્યા ઉદારતા, આ દુર્ગુણોને લીધે તેમનું જીવન વ્યર્થ બની ગયું હતું. આથી તેઓ રાજકાર્યમાં ચિત્ત લગાડી શકતા નહોતા. રાજ્યપ્રબંધને માટે તેમને ઇતર માણસોનાં મુખ સામે જોવું પડતું હતું; તેમના હૃદયમાં કિંચિત્ પણ સ્થિરતા નહોતી. તેમણે જન્મથી દુઃખ, દુઃખ અને દુઃખજ જોયું હતું. તેમને બ્રિટિશસત્તાની સહાય મળી ત્યાંસુધી કદિપણ શાંતિ પ્રાપ્ત થઇ નહોતી અને જ્યારે તેમને શાંતિ ભોગવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે તેઓ પ્રમાદી બનીને ઉંઘવામાંજ પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા; તેઓ કોઇપણ પ્રકારની ખટપટમાં પડવા ઇચ્છતા નહોતા. રાજસ્થાનમાં તેમના જેવા મંત્રણાકુશળ રાજા કોઇ પણ નહોતા; પરંતુ શોકની વાત છે કે તેઓ પોતાની આ કુશલતાનો ઉપયોગ ક્વચિતજ કરતા હતા. તેમના સલાહકારોમાં માત્ર કિસનદાસજ દૃઢપ્રતિજ્ઞ અને ચતુર હતો. આ માણસ દીર્ઘકાળપર્યંત મહારાણાના મંત્રીતરિકે રહ્યો હતો. તેના પ્રયત્નોથી મેવાડને અને મહારાણાને ઘણા લાભો થયા હતા; પરંતુ શોકની વાત છે કે મેવાડભૂમિ શીઘ્ર આ પુરુષરત્નને ખોઈ બેઠી. રાજનીતિવિશારદ કિસનદાસ અકાળમૃત્યુ પામ્યો હતો.

મેવાડના રાજ્યમાં સુધારો અને શાંતિ ફેલાવવાની ઇચ્છાથી બ્રિટિશએલચીએ સૌથી પ્રથમ ઉપદ્રવી સામંતો તથા સરદારોને વશ કરવાનો પ્રયત્ન કર્યો. તેઓ સારીપેઠે જાણતા હતા કે મેવાડના સરદારો અને સામંતોને રાજસભામાં લાવવાથી આપણો ઉદ્દેશ સિદ્ધ થશે. મેવાડના કેટલાક સરદારો મહારાણાના દરબારમાં આવતા હતા; પરંતુ ઘણા આવતા નહોતા. અરે, અનેક સરદારોએ તો રાજસભાનું દર્શન પણ કર્યું નહોતું. જેઓ રાજસભામાં આવતા હતા તેઓ માત્ર પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટેજ આવતા

હતા. તેઓ પોતાનો સ્વાર્થ સિદ્ધ ન થયો હોય ત્યાંસુધી દરબારમાં રહેતા અને સ્વાર્થ સિદ્ધ થયાપછી તરતજ ચાલ્યા જતા. જતી વખત તેઓ એકવાર પણ રાણાના મુખપ્રતિ દૃષ્ટિપાત કરતા નહોતા.આવી પરિસ્થિતિ હોવાથી વિદ્રોહીસરદારોનું દમન કરવાનું કાર્ય કાંઇ સુગમ નહોતું; પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે બ્રિટિશએલચીનાં ચાતુર્યથી માત્ર થોડાં અઠવાડીઆંમાંજ મેવાડના સમસ્ત સરદારો અને સામંતો રાણાની સભામાં આવી વિરાજમાન થઇ ગયા. દરબારની આવી શોભા મેવાડવાસીઓએ ગત પચાસ વર્ષમાં કદિપણ જોઇ નહોતી. આ વખતે દીર્ઘકાળપછી સિસોદીઆવંશની રાજસભાને મેવાડના સર્વ સરદારો અને સામંતોથી પરિપૂર્ણ જોઇને નગરવાસીઓને અત્યંત આહ્લાદ ઉત્પન્ન થયો. જે સરદારો, સામંતો અને સૈનિકો પરસ્પર વૈરભાવ રાખતા હતા, તેઓ એકજ સ્થાનમાં કોઈ દૈવીશક્તિથી એકત્રિત થયા. મેવાડનો એક પણ સરદાર રાજસભામાં આવવાથી વિમુખ થયો નહોતો. અરે, જે મહા ઉપદ્રવી અને દુષ્ટ હમીરસિંહે થોડા દિવસપૂર્વે હાડીરાણીની પહેરામણીનો સામાન લૂંટી લીધો હતો અને જે સાંગાવતસરદારે પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું હતું કેઃ-" ભલે હું સ્ત્રીની સન્મુખ શિર ઝુકાવીશ; પરંતુ રાણાની આગળ મારૂં મસ્તક કદિ પણ અવનત કરીશ નહિ." તે ઉભય સરદારો પણ ભદેશ્વર અને દેવગઢ છોડી રાજાજ્ઞાને શિરસાવંદ્ય ગણી રાજસભામાં આવ્યા હતા. આજે સર્વનાં મુખમંડલપર આશા, ઉત્સાહ અને હાસ્યમયી પ્રભા દૃષ્ટિગોચર થઇ રહી છે.દેશની દુર્દશા અને પોતાનાં દુષ્કૃત્યોનો વિચાર કરી સર્વ સામંતો પોતાના મનમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યા; પરંતુ તેમના હૃદયમાં અનુતાપના બળથી શોકની જે નાનીસરખી રેખા ઉત્પન્ન થઇ હતી, તે આનંદના પ્રભાવથી તત્કાળજ લય પામી ગઇ.

બ્રિટિશએલચીએ સરદારોને એકત્રિત કરવાની સાથેજ એક બીજું કામ પણ આવશ્યક માન્યું. મરાઠાઓના ભીષણ અત્યાચારથી જે નગરવાસીઓ અને જમીનદારો જન્મભૂમિ છોડીને ઇતર દેશોમાં ચાલ્યા ગયા હતા, તેમને પાછા બોલાવવાનો નિશ્ચય કરવામાં આવ્યો;પરંતુ આ કામ અતિ કઠિન અને દીર્ઘકાળે સિદ્ધ થાય એવું હતું, કારણ કે સંકટના સમયમાં દેશ છોડીને નાસી ગયેલા મેવાડવાસીઓને જેમણે આશ્રય આપ્યો હતો, તેમની સાથે તેમને ઘણો સંબંધ થઇ ગયો હતો. આ સંબંધ એકદમ તોડી નાખવો એ કાંઈ સાધારણ કાર્ય નહોતું; તે છતાંપણ મહારાણાએ ઇતર પ્રદેશોમાં વસતા મેવાડવાસીઓપર સૂચનાપત્રો મોકલ્યાં. આ પત્રોના ઉત્તરો સંતોષદાયક મળ્યા.આ ઉત્તરોમાં મેવાડવાસીઓએ જે ઉત્કટ સ્વદેશભક્તિ પ્રદર્શિત કરી હતી તે વાંચવાથી ઘોર સ્વદેશદ્રોહીના મનમાં પણ ઉચ્ચ સ્વદેશાનુરાગ ઉત્પન્ન થયા વિના રહે નહિ; અને જે લોકો એમ માનતા હોય કે રાજપૂતોમાં સ્વદેશભક્તિ નથી તેઓ પણ આ ઉત્તરો વાંચીને પોતાનો અભિપ્રાય સર્વાંશે ફેરવી નાખ્યા વિના રહે નહિ. ખરેખર, સ્વદેશભક્તિ એ તો રાજપૂતોનો મૂળ મંત્ર છે. ભારતવર્ષના કોઇ પણ ભાગમાં કોઇ પણ મેવાડવાસી વસતો હતો તે ઉપર્યુક્ત સૂચનાપત્ર પ્રાપ્ત થતાંની સાથે એકદમ ઉત્સાહપૂર્વક પોકારી ઉઠતો કેઃ-"હું શત્રુઓના અત્યાચાર અને દેશદ્રોહીઓના જુલમને કિંચિત્ પણ લેખવીશ નહિ. કોઇ માણસ કોઈ પણ પ્રકારે મને મારા " બાપોતા "[૧] થી અલિપ્ત કરી શકશે નહિ." જો કે આ સમયે રાજપૂતોનો ઉન્નતિકાળ વ્યતીત થઇ ગયો છે, જો કે રાજપૂતોની પ્રાચીન મહાનતા, વીરતા અને ગૌરવગરિમા કાળરૂપી સમુદ્રમાં લીન થઇ ગયાં છે, તોપણ રાજપૂતજમીનદારોના અંતઃકરણમાં જે અટલ સ્વદેશભક્તિ વિદ્યમાન છે,તેનો દશમો અંશ પણ આ લેખિનીદ્વારા પ્રકટ કરવાની અમારામાં શક્તિ નથી. જે લોકો વિપત્તિઓના વિરાટચક્રમાં દલિત થયા નથી, જેમને નિરાશાના હૃદયવેધક અંકુશની ચોટ લાગી નથી,કિંવા જેમણે લોકોનાં ઘોર દુઃખ જોયાં નથી,તેમને તો કદાચ આ વર્ણન 'કહાણીકિસ્સા' જેવું લાગશે; પરંતુ જે લોકોએ પાદાક્રાંત મેવાડવાસીઆર્યસંતાનોનો હૃદયવિદારક આર્તનાદ પોતાના કર્ણદ્વારા સાંભળ્યો છે,જેમણે મરાઠાઓએ મેવાડનો કરેલો સંપૂર્ણ વિધ્વંસ સ્વદૃષ્ટિથી જોયો છે,તેમને આ વૃત્તાંત વાંચીને અત્યંત કરુણા ઉત્પન્ન થયા વિના રહેનાર નથી. મહારાષ્ટ્રીઓના અત્યાચારથી મેવાડનાં અસંખ્ય નગરો અને ગામો ભસ્મ થઇ ગયાં હતાં, કૃષિકારોનાં અગણિત ક્ષેત્રો ઉજ્જડ થઇ ગયાં હતાં અને ગૃહસ્થોની સર્વ સંપત્તિ લૂંટાઈ ગઇ હતી.મેવાડવાસીઓની ગાયો તથા બળદો મહારાષ્ટ્રીઓના હાથમાં ગયાં હતા. અરે, મહારાષ્ટ્રીઓ મેવાડની સર્વ સંપત્તિના સ્વામી બની ગયા હતા! તેમણે અસંખ્ય ગૃહ-

૧ પોતાના પૂર્વજોની જમીનને રાજપૂતો " બાપોતા " કહે છે.

સ્થોને જંજીરથી જકડીને દેશપાર કર્યાં હતા. આવા આવા અત્યાચારોમાંથી મુક્ત થઇને જેમણે પુનઃ સ્વદેશગમનનો લાભ લીધો હોય અને જેમણે પુનઃ પોતાનો પ્રાચીન વૈભવ પ્રાપ્ત કર્યો હોય, તેઓજ આ વખતે મેવાડવાસીઓને પ્રાપ્ત થયેલા અપૂર્વ આનંદની કલ્પના કરી શકે એમ છે. જે વખતે મેવાડવાસીઓના પગમાંથી જંજીરો તૂટી ગઇ, જે વખતે તેઓ વનવાસના દીર્ઘકાલીન દુઃખમાંથી વિમુક્ત થઇને પુનઃ સ્વદેશમાં આવ્યા અને જે વખતે તેઓ સ્વદેશનાં શાંતિનિકેતનમાં આવી પિતા, પુત્ર, ભ્રાતા, ભગિની, મિત્ર વગેરેને દીર્ઘકાળ પછી મળી ભેટીને આનંદાશ્રુનો વરસાદ વરસાવવા લાગ્યા, તે વખતે તેમને જે પરમાનંદ પ્રાપ્ત થયો હતો, તેને તેઓ જન્મપર્યંત ભૂલી શક્યા નહોતા. તેઓ દીર્ઘકાળથી શાંતિનાં સુખદાયક સ્થાનથી, મેવાડની શીતળ છાયાથી, આશાના કેન્દ્રસ્થળથી વંચિત થયા હતા; પરંતુ આજે તેમને તેની પ્રાપ્તિ થઈ, તોપછી હવે તેમના આનંદનો શું પાર રહે? શ્રાવણમાસના શુકલપક્ષની તૃતીયા મેવાડને માટે એક આનંદોત્સવનો દિવસ બની ગયો. સિસોદીઆઓના આનંદનો એ એક મહાયોગ હતો. તે દિવસે મેવાડના દેશપાર થયેલા લોકો દીર્ઘકાળ પછી પુનઃ મેવાડમાં આવ્યા અને શાંતિસુખામૃતનું પાન કરવા લાગ્યા. પ્રથમ સર્વ જાતિના મળીને ત્રણસેં માણસોએ પોતાની સાથે બળદ વગેરે જાનવરોને લઇને હાથમાં પતાકા ઉઠાવી ગીત ગાતા ગાતા મેવાડમાં પ્રવેશ કર્યો. સર્વ માણસોએ પોતપોતાનાં સૂનાં ગૃહોમાં પ્રવેશ કર્યો. તેમણે પોતાનાં ઘરોને વાળી ઝાડીને સ્વચ્છ બનાવ્યાં અને પોતાના દ્વારપર શ્રી ગણેશની મૂર્તિની સ્થાપના કરી. પછી તેઓ આનંદપૂર્વક પોતાના ઘરમાં વસવા લાગ્યા. અંગ્રેજસરકારે સંધિ કર્યા પછી આઠ માસની અવધિમાંજ મેવાડનાં ત્રણસેં નગરો અને ગામો મનુષ્યોથી પરિપૂર્ણ થઇ ગયાં. સર્વ માણસો પોતાની જન્મભૂમિમાં આવી અંગ્રેજસરકારને સહસ્રશઃ ધન્યવાદ આપવા લાગ્યા. જે ક્ષેત્રોને દીર્ઘકાળથી હળનો સ્પર્શ પણ થયો નહોતો, તે પુનઃ પોતાનું રત્નભરિત હૃદય ફાડી પુષ્કળ ધાન્ય આપવા લાગ્યાં. પતિત દશાને પ્રાપ્ત થયેલા લોકો આ અદ્ભુત ઘટના જોઇ, મેવાડની દશા કોઇ દૈવીશક્તિના પ્રભાવથી ફરી છે એમ સમજવા લાગ્યા. જે સ્થાનોમાં ઘુવડ, ગીધ અને શ્વાનોનો વાસ હતો, તે સ્થાનો અમરાપુરીસમાન બની ગયાં, તો શું આને દૈવી પ્રભાવ નહિ માનવો? જે ક્ષેત્રો વનસમાન બની ગયાં હતાં, જ્યાં અસંખ્ય જંગલી હિંસકપશુઓ નિર્વિઘ્ને રહેતાં હતાં, તે હવે કોઇક અલૌકિક શક્તિના પ્રભાવથી પોતાના સ્વામીને ઉત્તમોત્તમ ધાન્ય, ફલાદિ આપવા લાગ્યાં. જે અંગ્રેજસરકારની અસીમ દયાથીજ પાદાક્રાંત અને દેશપાર થયેલા રાજપૂતો દારુણ દુઃખમાથી વિમુક્ત થઇને ઉન્નતિપથપર ચઢવા લાગ્યા, તેના ગૌરવની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. આ જગતમાં જ્યાંસુધી રાજપૂતોનું નામ રહેશે, જ્યાંસુધી સ્વાધીનતા, ગૌરવ અને સભ્યતાના આદિસ્થાન ભારતવર્ષની દુર્દશાનું વર્ણન કરવાને માટે એક પણ ઇતિહાસવેત્તા જીવંત રહેશે ત્યાંસુધી બ્રિટિશસરકારનો આ ઉપકાર કોઇ પણ માણસ ભૂલી જશે નહિ.

મેવાડની ઉન્નતિ કરવાને માટે અત્યારસુધીમાં જે ઉપાયો યોજવામાં આવ્યા હતા, તે એ કાર્યને માટે પૂરતા નહોતા. પુષ્કળ માણસો પરદેશવાસના દુઃખમાંથી વિમુક્ત થઇને પોતાના દેશમાં પાછા આવ્યા ખરા; પરંતુ તેમની પાસે એટલી શક્તિ રહી નહોતી કે જેની સહાયથી તેઓ શિલ્પ અને વાણિજ્યની ઉન્નતિ કરી શકે. જે વિદેશી વણિકો, વ્યાપારીઓ અને શાહુકારો મેવાડમાં રહેતા હતા તેઓ મહારાષ્ટ્રીઓના ઉપદ્રવને લીધે પોતાનો ધંધોરોજગાર બંધ કરીને પોતપોતાના દેશમાં ચાલ્યા ગયા હતા; અને જે મેવાડવાસી વ્યાપારીઓએ દારુણ અત્યાચાર સહન કર્યા છતાં પણ જન્મભૂમિ છોડી નહોતી, તેઓ અન્યાન્ય મેવાડવાસીઓની પેઠે અત્યંત દરિદ્ર થઇ ગયા હતા. રાજકોષ ખાલી થઇ ગયો હતો અને પ્રજાની પાસે દ્રવ્ય પણ નહોતું. જેમણે પ્રચંડ અત્યાચારોમાંથી પણ અતિ દારુણ કષ્ટ વેઠીને પોતાનું સંચિત કરેલું ધન બચાવી રાખ્યું હતું, તેમની પાસે જ્યારે રાણાજીએ વ્યાજે રૂપિયા માગ્યા, ત્યારે તેઓ સેંકડે ૩૬ ટકાનું વ્યાજ માગવા લાગ્યા. નિરુપાયે મહારાણાને આવું ભારે વ્યાજ આપવું પડયું. આ કારણથી મહારાણાને માથે પુષ્કળ ઋણ ચઢી ગયું. આ સર્વ સંકટોમાંથી મુક્ત થવાને માટે હવે રાણાજીએ વિદેશીશાહુકારોને આમંત્રણ કર્યું. મેવાડની દુર્દશા જોઇને કદાચ વિદેશીવણિકોને અને શાહુકારોને મહારાણાપર વિશ્વાસ નહિ બેસે એવી શંકાથી તેમનો અવિશ્વાસ દૂર કરવાને માટે બ્રિટિશએજંટે તેમનાપર એક રાણાની સહીવાળું અને બીજું પોતાની સહીવાળું એમ બબ્બે પ્રતિજ્ઞાપત્રો મોકલી આપ્યા; પરંતુ બ્રિટિશએજંટને

સફળતા પ્રાપ્ત થઈ નહિ. ભારતવર્ષના ઇતર ભાગોમાં વસતા વણિકોએ મેવાડનાં સમસ્ત નગરોમાં પોતાનાં કાર્યાલયની શાખાઓ કાઢી; પરંતુ મેવાડના કોઇ પણ નગરમાં મુખ્ય કાર્યાલય સ્થાપન કરવાની કોઇની હામ ચાલી શકી નહિ. પ્રત્યેક શાખામાં એક કાર્યાધ્યક્ષ રહી દેશ, કાળ અને પાત્રનો વિચાર કરી પોતાનું કાર્ય ચલાવવા લાગ્યો. ખરાબ વખતમાં પરદેશી વાણિજ્યની ઉન્નતિના માર્ગમાં જે બાધાઓ નાખવામાં આવી હતી, તે સર્વ હવે એકદમ નિવૃત્ત થઈ ગઈ. વળી દાણ લેવાને માટે મેવાડનાં અનેક સ્થાનોમાં જતા આવતા માલ ઉપર જે અતિ ખર્ચાળ કાર્યાલયો સ્થાપન કરવામાં આવ્યાં હતાં, તે સર્વ કાઢી નાખવામાં આવ્યાં અને તે વિષે ઉત્તમ પ્રબંધ કરવામાં આવ્યો. મેવાડના વાણિજ્યસ્રોતમાં જે વિઘ્નો નડતાં હતાં, તેને આ પ્રકારે દૂર કરવામાં આવ્યાં તેથી ધીમે ધીમે મેવાડની ઉન્નતિ થવા લાગી.

મેવાડમાં ભીલવાડા નામનું એક સુપ્રસિદ્ધ વેપારનું સ્થળ છે. આ ભીલવાડા નગરને મહારાષ્ટ્રીઓએ લૂંટી લઇને તેનો સર્વથા નાશ કરી દીધો હતો.એની દુર્દશાનું વર્ણન પૂર્વે આવી ગયું છે; પરંતુ હવે બ્રિટિશ એજંટના ઉત્તમ બંદોબસ્તથી આ નગર પુનઃ પોતાની પૂર્વશોભા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાને સમર્થ થયું. તેના ધ્વંસરાશિમાંથી અગણિત વણિકો અને શાહુકારો ઉત્પન્ન થવા લાગ્યા. આ રીતે અલ્પકાળમાંજ ભીલવાડામા વણિકોની બારસેં દુકાનો થઇ ગઈ; આમાંની છસેં દુકાનો વિદેશી વણિકોની હતી.

ભીલવાડાની જે પોળો છિન્નભિન્ન થઇ ગઈ હતી તે આજે બની ઠનીને અત્યંત શોભાયમાન થઈ ગઇ. જ્યાં મનુષ્યનું નામ પણ નહોતું, ત્યાં આજે દૂર દૂરના દેશોમાંથી ગાડાંઓમાં ભરાઈ ભરાઇને વ્યાપારની જણસો આવવા લાગી.આ જણસોના ઉઠાવ થવાને માટે ઉક્ત નગરમાં પ્રતિ અઠવાડીએ બજાર ભરાવા માંડયું અને વ્યાપારીઓનો ઉત્સાહ વધારવાને માટે મહારાણાએ એવો ઢંઢેરો પીટાવ્યો કે:–"જે કોઇ ભીલવાડાના બજારમાં પોતાનો માલ વેચવાને લાવશે તેની પાસેથી પ્રથમના એક વર્ષ-પર્યંત કોઇ પણ પ્રકારનો રાજ્યકર લેવામાં આવશે નહિ." વળી નગરમાં શાંતિ ફેલાય અને વણિકોના માલને કોઇ પણ પ્રકારનું નુકસાન થાય નહિ એટલા માટે મહારાણાએ ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત કર્યો કે નગરવાસીઓએ સ્વયં પોતાના શાંતિરક્ષકો અને કર ઉઘરાવનારાઓ નિયત કરી લેવા.આ નિયમનું યથાવિધિ પાલન થાય છે કે નહિ તથા નગરનિવાસીઓ સ્વાધીનતાનું સુખ ભોગવે છે કે નહિ તે ઉપર દેખરેખ રાખવાને માટે એક કાર્યકારીસભા સ્થાપિત કરવામાં આવી હતી. આ પરથી અનુમાન કરી શકાય છે કે, તે કાળમાં ભીલવાડાની સારી ઉન્નતિ થઈ હતી.આ નગર પુનઃ વસ્યું ત્યારપછી માત્ર ચાર વર્ષમાંજ પ્રાયઃ ૩૦૦૦ હવેલીઓ તેમાં બંધાઇ ગઈ હતી. આ હવેલીઓમાં વિશેષાંશે વણિકો, શેઠશાહુકારો અને કારીગરો વસતા હતા.નગરના મધ્યભાગમાં નવો રાજમાર્ગ બનાવવામાં આવ્યો.આ રાજમાર્ગ બંધાવવાનો સર્વ ખર્ચ મહેસુલમાંની આમદાનીમાંથી કરવામાં આવ્યો હતો.

જો કે ભીલવાડાનિવાસીઓ શાંતિસુખ પ્રાપ્ત કરી ઉન્નતિના સોપાનપર ચઢવા લાગ્યા, તથાપિ આ અસાર સંસારમાં કોઇને પણ સદા સુખ મળ્યા કરતું નથી, એ સૃષ્ટિના નિયમાનુસાર તેમની પણ થોડા વખતમાં અવનતિ થઈ. ભીલવાડામાં જે વિદેશીવણિકો જામી ગયા હતા, તેમની સાથે દેશના મૂળ વતનીઓને ઘોર કલહ થવા લાગ્યો. એકબીજાને ઉન્નતિનો માર્ગ બતાવી હળીમળીને રહેવાને બદલે વ્યાપારીઓ પરસ્પર દારુણ શત્રુતા કરવા લાગ્યા. સર્વ પોતપોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટે અમુક અમુક વસ્તુનો ઇજારો પોતેજ લઈ લેવાનો વિચાર કરવા લાગ્યા; પરંતુ તેમની આ ઇચ્છા પરિપૂર્ણ થઈ નહિ. એ વિષમતા શાંત થવાથી રાણાજીએ ધાર્યું કે હવે ભીલવાડાની અશાંતિ દૂર થશે; પરંતુ તેમની આ આશા ફલવતી થઈ નહિ. વ્યાપારસંબંધી વિગ્રહ બંધ પડયા પછી આ લોકોમાં ધર્મસંબંધી ઝઘડા થવા લાગ્યા. ભીલવાડામાં બે જાતના વણિકો હતા; જૈન અને વૈષ્ણવ. આ ઉભય સંપ્રદાયોના અનુયાયીઓની વચ્ચે એવો ઘોર વિગ્રહ જાગ્યો કે તેમને તે વિગ્રહની શાંતિને અર્થે ન્યાયાલયનો આશ્રય લેવો પડયો. આથી ઉભય પક્ષની હાનિ થઇ; કારણ કે અદાલતના કૂતરાઓ ઉભય પક્ષો તરફથી લાગ જોઈ વારંવાર નાણાં કઢાવતા હતા. આ સર્વ કારણોથી ભીલવાડાની ઉન્નતિ મંદ પડી ગઇ. મહારાણાને ભીલવાડાને મધ્યહિંદુસ્થાનનું મુખ્ય વ્યાપારીસ્થળ બનાવવાની આશા હતી; પરંતુ તેમની તે આશા નિષ્ફળ થઈ.

મેવાડમાં શાંતિ ફેલાવીને તેની ઉન્નતિ કરવાને માટે બીજા પણ કેટલાક ઉપાયો યોજવામાં આવ્યા

હતા. વ્યાપારીઓ અને ખેડુતોને સુધારાના માર્ગપર લાવવા એ કાંઈ કઠિન કાર્ય નહોતું; પરંતુ સરદાર અને સામંતવર્ગને સુધારવા એ અત્યંત દુર્ઘટ કાર્ય હતું; કારણ કે તેમને તો સુધારવાને માટે પોતાના સ્વાર્થનો પણ કેટલોક ભોગ આપવો પડે એમ હતું; પરંતુ કાંઈસમસ્ત સામંતોને પોતાના સ્વાર્થનો ભોગ આપવો પડે એમ નહોતું. કેટલાક સામંતોને તો તેથી અધિક લાભ થવાનો સંભવ હતો. ખાસકરીને કોટારિયાના સરદારને એ માટે કાંઇપણ સ્વાર્થનો ભોગ આપવો પડવાનો નહોતો; પરંતુ દેવગઢ, સલુમ્બર અને બિદનોરના સરદારો કે જેઓ વિદેશીઓની સહાયથી પ્રપંચ રચી પોતાની સમશેરના બળથી પોતાની પ્રભુતા અખંડ રાખવાને માટે સદા પ્રયત્ન કરતા હતા, તેમના મનમાં એવી શંકા ઉદ્‌ભવી કે આથી અમને અત્યંત હાનિ થશે. તેમણે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટે જે વક્રમાર્ગ ગ્રહણ કર્યો હતો, તે માર્ગ તેમને રાજ્યમાં શાંતિ ફેલાવાથી મૂકી દેવો પડે એમ હતું. તેમણે અરાજકતાનાં પચાસ વર્ષોમાં મેવાડપર જે અત્યાચારો કર્યા હતા, તેનો હવે તેમને હિસાબ આપવો પડનાર હતો. તેમને પોતાની જાગીરના પટા બદલવા પડનાર હતા. આથી તેમનું હૃદય અત્યંત વ્યાકુલ બન્યું. વળી ચંદાવત અને શક્તાવતસરદારોમાં જે પરસ્પરનું વૈમનસ્ય વિદ્યમાન હતું, તે દૂર કરવું તથા એકબીજાની ભૂમિસંપત્તિ છીનવી લેવાની જે પ્રથા હતી તે દૂર કરવી, એ બે કાર્યો પણ આવશ્યક માનવામાં આવ્યાં. ચંદાવત અને શક્તાવતસરદારોનાં વૈમનસ્યનું સ્મરણ થતાં મહારાણાને અત્યંત દુઃખ થયું. તેઓ સારીપેઠે જાણતા હતા કેઃ–"વાઘ અને બકરીને એક ઓવારે પાણી પાઇ શકાય;પરંતુ રાજ્યના કલ્યાણને માટે ચંદાવતો અને શક્તાવતોમાં સંપ કરાવવો એ તો સર્વથૈવ અશકય છે." આથી મેવાડના સરદારોને સુધારવા વિષે મહારાણા હતાશ થયા. શક્તાવતસરદાર જોરાવરસિંહે નિરાશાપૂર્વક મહારાણાને જણાવ્યું કેઃ–"જો સ્વયં પરમેશ્વર અવતાર લે તોપણ સરદારોમાં સુધારો થનાર નથી."

આ મહાન કાર્ય સિદ્ધ કરવાને માટે જે જે ઉપાયો કરવામાં આવ્યા તે સર્વનું અત્ર વર્ણન કરવું નિષ્પ્રયોજન છે. અનેક સભાઓ ભરવામાં આવી,પુષ્કળ ઠરાવો કરવામાં આવ્યા;પરંતુ તેથી કાંઇપણ ફળનિષ્પત્તિ થઇ નહિ. ચંદાવતો અને શક્તાવતોમાં સંપને બદલે શત્રુતા દિનપ્રતિદિન વૃદ્ધિંગત થવા લાગી. અંગ્રેજસરકારની સાથે જે સંધિ કરવામાં આવી હતી તે તેજ વર્ષના એપ્રિલની ૨૭મી તારીખે સર્વની સન્મુખ વાંચવામાં આવી અને તે સંધિઅનુસાર સરદારોની જાગીરોમાં કેવો ફેરફાર કરવામાં આવ્યો હતો તે સારીરીતે સમજાવવામાં આવ્યું. પછી એક અધિકારપત્રિકા બનાવવામાં આવી અને તેમાં મહારાણા તથા સરદારોના શું શું અધિકાર છે, તેનો નિર્દેશ કરવામાં આવ્યો. પ્રકટ સભામાં આ પત્રિકા ઉપર હસ્તાક્ષર કરવાને માટે મહારાણાએ એક દિવસ નિશ્ચિત કર્યો. આ દિવસ મેની ૧લી તારીખનો હતો. વસંતનો સખા એપ્રિલ વ્યતીત થઈ ગયા પછી સૂર્યભગવાનનાં પ્રખર કિરણો મસ્તકપર ધારણ કરી મે માસ આવ્યો. સર્વ સામંતો પોતાના ભાગ્યની પરીક્ષા કરવાને માટે મહારાણાની આજ્ઞાનુસાર એકત્રિત થયા. અધિકારપત્રિકા સભાસન્મુખ વાંચવામાં આવી, મહારાણા તથા સરદારોના અધિકારના સંબંધમાં પુષ્કળ વાદવિવાદ કરવામાં આવ્યો; પરંતુ તે દિવસે કોઇપણ વાત નિશ્ચિત થઇ નહિ. અંતે દેવગઢનો સરદાર ગોપાલદાસ સર્વનો નેતા બનીને ઉભો થઇ મહારાણાને કહેવા લાગ્યોઃ–"મહારાજ! આજે કાંઇપણ નિર્ણય થઇ શકયો નથી. સર્વ સરદારોની એવી ઇચ્છા છે કે મારે ત્યાં એકત્રિત થવું અને આ સંબંધે વિચાર કરવો; માટે આ સંબંધે આપનો શું અભિપ્રાય છે?" ઉક્ત સરદારનાં આ વચનો માટે મહારાણાએ કાંઇપણ વાંધો લીધો નહિ. બીજા પણ બે દિવસ વ્યતીત થઈ ગયા. સર્વ માણસો નિર્ણય જાણવાને માટે અધીરા બની ગયા. ચોથે દિવસે ઉદયપુરની વિશાળ સભામાં બહુ ભારે ભીડ થઇ. સર્વ શ્રેણીના સરદારો, સેનાપતિઓ અને સૈનિકો સભામાં આવ્યા. જેઓ પોતાના શરીરના અસ્વાસ્થ્યને લીધે વા બીજા કોઇ કારણથી સભામાં આવી શકયા નહોતા, તેમણે પોતાના પ્રતિનિધિ મોકલ્યા હતા. મહારાણા પોતાના કુમારોસહિત ઉચ્ચ આસનપર વિરાજમાન થયા હતા; પરંતુ તે દિવસે પણ સુગમતાથી કાંઇ નિર્ણય થઇ શકયો નહિ. સમસ્ત દિવસ ચાલ્યો ગયો, દિનકર ભગવાન અસ્તાચલમાં ચાલ્યા ગયા; પરંતુ કાંઇ નિર્ણય થઈ શકયો નહિ. ધીમે ધીમે રાત પડી, અર્ધરાત્રિ વ્યતીત થઈ ગઇ; તોપણ કાંઇ નિર્ણય થયો નહિ. પછી પ્રભાતકાળની સુંદર લાલાશ જયારે આકાશમાં થોડી થોડી દેખાવા લાગી ત્યારે–પાંચમી મેની રાત્રિના ત્રણ વાગે–સમસ્ત સરદારોએ તે પત્રિકાપર હસ્તાક્ષર કર્યા. આ પંદર કલાકના અરસામાં રાણાજીએ જે બુદ્ધિ

અને દઢતાથી કાર્ય કર્યું હતું; તેથી ઘણા માણસોને એવી આશા ઉત્પન્ન થઈ હતી કે મહારાણાના હાથથી મેવાડની ઘણી સારી ઉન્નતિ થશે.

આ પ્રકારે નિર્ણય થઇ અધિકારપત્રિકાપર હસ્તાક્ષર થયા પછી સંધિના નિયમોનું[1] પાલન

---

૧ રાણાજીની આ સંધિ નીચે પ્રમાણે છે:—

સિદ્ધ શ્રી મહારાજાધિરાજ મહારાણા ભીમસિંહદ્વારા—અમારા રાજ્યના સમસ્ત સરદાર, બંધુવર્ગ તથા આસ, ઈષ્ટ, રાજા, પટેલ, ઝાલા, ચોહાણ, ચંદાવત, પંવાર, સારંગદેવત, શકતાવત, રાઠોડ તથા રાણાવત વગેરે પ્રત્યે—

"ગત સંવત ૧૮૨૨ ( ઈ૦ સ૦ ૧૭૬૬ ) માં રાણા અરિસિંહજી સિંહાસનારૂઢ થયા ત્યારથી મેવાડરાજ્યમાં અસ્વાસ્થ્ય ઉત્પન્ન થયું છે. પ્રાચીન રીતિ અને પૂર્વકારભારનો લોપ થઈને દેશમાં સર્વત્ર અવ્યવસ્થા પ્રસરી રહી છે; તેથી હું આજે સંવત્ ૧૮૭૪ ના વૈશાખ વદી ૧૪ ( ઇ૦ સ૦ ૧૮૧૮ ) ને દિવસે મારા સમસ્ત સરદારો, સામંતો તથા માંડલિકઠાકોરોની સભા ભરીને તેમને પોતપોતાનાં કર્તવ્યોનું પાલન કરવામાં સન્માર્ગ દર્શાવવાને તૈયાર થયો છું. આ સન્માર્ગો નીચે પ્રમાણે છે:--

(૧) રાણાની માલિકીના અથવા રાણાના અધિકાર નીચેના જે જે દેશો ઉપર્યુક્ત અંધાધુંધીના સમયમાં જેમની પાસે ગયા હોય અથવા કોઈ સરદારની જમીન કોઈ બીજા સરદારના અધિકારમાં ગઈ હોય અથવા કોઈ ઠાકોર તેનો સ્વામી બની બેઠો હોય, તે સર્વ દેશો અને જમીન તેના મૂળ માલિકને મળવાં જોઇએ.

(૨) ઉપર્યુક્ત સમયથી જે રખવાલીકર, ભૂમિકર વગેરે પ્રકારના કર લગાડવામાં આવ્યા હતા, તે હાલમાં દૂર કરવામાં આવ્યા છે.

( ૩ ) ધન અને વિસ્વ નામના કર કે જેના ઉપર માત્ર રાણાનોજ અધિકાર હતો તે દૂર કરવામાં આવ્યા છે.

(૪) કોઈ પણ સરદારે વા ઠાકોરે પોતાની સીમામાં અત્યાચાર, બળાત્કાર, ચોરી તથા લૂંટફાટ કરવી તેમજ કરવા દેવી જોઈએ નહિ. તેમણે પોતાની સીમામાં ઠગ, વાટપાડુ, લૂંટારાઓ વગેરેને રહેવા દેવા જોઇએ નહિ; પરંતુ તે લોકો જો પોતાનો ચોરી વગેરેનો ધંધો છોડી દેશમાં નિરુપદ્રવથી રહી કાંઈ બીજો રોજગાર કરે તો તેમને રહેવા દેવા. જો તેમાંથી કોઈ પુનઃ લૂંટારાનું કાર્ય કરી પ્રજાની શાંતિનો ભંગ કરે તો તેનો શિરચ્છેદ કરવો ઉચિત છે. તેની પાસેથી જે કાંઇ દ્રવ્ય નીકળે તે જેની સીમામાં લૂંટ થઈ હોય તેણે જપ્ત કરી લેવું.

( ૫ ) દેશી, પરદેશી, ઉદ્યોગી, વ્યાપારી, કાફલા, વણજારા વગેરે જે કોઈ પોતાના દેશમાં ભ્રમણ કરે તેની સર્વ પ્રકારના ઉપદ્રવોમાંથી રક્ષા કરવી. જે કોઈ આ નિયમોનું પાલન ન કરી વ્યાપારીઓને હાનિ કરશે તેની સમસ્ત મિલ્કત જપ્ત કરવામાં આવશે.

(૬) વરિષ્ઠ સરકાર તરફથી જે આજ્ઞા મળે તે અનુસાર મેવાડ અથવા મેવાડની બહાર સર્વ સરદારોને નોકરી કરવી જોઇએ. સરદારો અને ઠાકોરોના ચાર ભાગ પાડવામાં આવ્યા છે. પ્રત્યેક ભાગના સરદારોને ત્રણ ત્રણ માસ પર્યંત દરબારની સેવામાં હાજર રહેવું ઉચિત છે. ત્રણ માસ સુધી સેવા કર્યા પછી તેમને નવ માસ પર્યંત પોતપોતાના સ્થાનમાં રહેવાની પરવાનગી મળશે. કેવળ દશેરાપર સમસ્ત સરદારોએ પોતપોતાને ખરચે ઉદયપુર આવવું જોઇએ. ત્રણ માસ ઉપરાંત, તેમને દશેરાથી દશ દિવસ પૂર્વે આવી દશેરા પછી વીસ દિવસ સુધી અર્થાત્ એકંદર એક માસપર્યંત ઉદયપુરમાં રહેવું ઉચિત છે. પછી તેમને પોતપોતાને મુકામે જવાની પરવાનગી મળશે. આવશ્યક સમયપર અથવા કોઈ અન્ય પ્રસંગે જ્યારે દરબારની ઇચ્છા થશે ત્યારે તે સરદારોને બોલાવશે; આ પ્રસંગે તેમને ઉદયપુરમાં આવવું ઉચિત છે.

( ૭ ) પ્રત્યેક પટાવતે દરબારમાંથી સ્વતંત્ર પટો લેવો જોઈએ અને સર્વ પટાવતે સ્વતંત્ર રીતે દરબારની સેવા કરવી જોઇએ. મોટા પટાવાળાની સાથે તેને કોઇ પણ પ્રકારનો સંબંધ રહેશે નહિ. મોટા પટાવાળાની સેવા કરવાની તેને જરૂર નથી.

(૮) મહારાણાની તરફથી પ્રત્યેક સરદાર વા ઠાકોરને તેની યોગ્યતાનુસાર માન આપવામાં આવશે.

( ૯ ) પ્રજાપર કોઈપણ પ્રકારનો અત્યાચાર કરવામાં આવશે નહિ, નવીન કર લગાડવામાં આવશે નહિ તથા અધિક દંડ પણ કરવામાં આવશે નહિ.

( ૧૦ ) ઠાકોર અજિતસિંહદ્વારા અંગ્રેજસરકારની સાથે જે સંધિ કરવામાં આવી છે, તેનો હું સ્વીકાર કરી ચૂક્યો છું. એ સંધિ સર્વ જણે માન્ય કરવી જોઈએ.

( ૧૧ ) આ નિયમો પ્રમાણે વર્તવામાં જો કોઈ ત્રુટિ કરશે અથવા અનાદર કિંવા ઉપેક્ષા બતાવશે તો તેનો હું દંડ કરીશ. તે સંબંધમાં તેની કોઈ પણ પ્રકારની ફરિયાદ મારાપર ચાલશે નહિ. આ સમસ્ત નિયમો જે નહિ માને તેને રાજશાસનસિવાય એકલિંગજીના તથા સ્વયં મહારાણાના શપથ છે."

* આ પ્રકારના સંધિપત્રપર સમસ્ત સરદારો તથા ઠાકોરોના જે હસ્તાક્ષર થયા હતા તે અત્રે જણાવવાની આવશ્યકતા નથી.

કરવું અને કરાવવું, વિશેષ પ્રયોજનીય થઇ પડયું. થોડાજ માસમાં સંધિના નિયમોનું પાલન થયું. સર્વની સમ્મતિથી શાંતિપૂર્વક ઉપર્યુક્ત સંધિપત્રપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા,તેથી સરદારોમાં કોઈ પણ પ્રકારનો ઝઘડો થયો નહિ.કોઇને એકવાર પણ બંદુકનો ઉપયોગ કરવો પડયો નહિ. આ વખતે મેવાડમાં એટલી બધી શાંતિ પ્રસરી ગઇ હતી કે ઉદયપુરની આસપાસ સો માઇલ સુધી એક પણ બ્રિટિશ સિપાઈ રાખવાની આવશ્યકતા પડી નહોતી.

આ પ્રકારે સર્વ કાર્યો સિદ્ધ થયાં. દેશપાર થયેલા લોકોને પાછા દેશમાં બોલાવવામાં આવ્યા, ઉપદ્રવી સરદારોનું દમન કરવામાં આવ્યું અને વ્યાપારની ઉન્નતિ થઇ. આ સર્વ કાર્યો બ્રિટિશએજંટ મહાત્મા ટૉડના યત્નથી સિદ્ધ થયાં હતાં; પરંતુ વિદ્રોહી અને અત્યાચારી સરદારોએ મેવાડની જે જમીન અન્યાયપૂર્વક અને બળાત્કારથી ખુંચવી લીધી હતી, તે સર્વ જમીન તેમની પાસેથી પાછી લેવાનું કાર્ય સર્વથી કઠિન જણાયું; કારણ કે આ જમીન મુક્ત કરવા માટે ઉપર્યુકત સરદારોની સાથે અવશ્ય ઝઘડો થવાનો સંભવ હતો. તે લોકો સુગમતાથી જમીન પાછી સોંપી દે એવો કિંચિત્ પણ સંભવ નહોતો. કોઇ સરદાર ચાર પાંચ પેઢીના અધિકારનું પ્રમાણ બતાવે અને કોઇ વિદ્રોહી બને એવો સંભવ હતો. આથી આ કાર્ય કઠિન થઇ પડયું. ઘણા દિવસ સુધી આ સંબંધે વિચાર કરવામાં આવ્યો; પરંતુ કાંઈ પણ નિર્ણયપર આવી શકાયું નહિ. રાણાજીએ એ કોટિના સર્વ સરદારોને પોતાની પાસે બોલાવ્યા અને તેઓ મધુર વાણીથી સર્વના હૃદયપર અસર કરવા લાગ્યા.તેમણે તેમને જણાવ્યું કેઃ-"તમારી પ્રાચીન કાળની સ્થિતિનો વિચાર કરો. મેવાડના તે સુવર્ણયુગમાં ગિહલોતકુલની સ્વાધીનતા અને ગૌરવગરિમા તથા સ્વદેશ-નાં. સુખશાંતિનું રક્ષણ કરવાને માટે તમારા પૂર્વજોએ કેવા કેવા આત્મભોગો આપ્યા હતા અને તમે તેમનાજ વંશજો થઇ શું તમારા દેશનો નાશ કરશો? શું તમારો જન્મ મેવાડભૂમિમાં નથી થયો? શું તમે તે સરદારોના વંશજો નથી કે જેમણે ચિતોડને માટે-મેવાડને માટે પોતાનાં તન, મન અને ધનની આહુતિ આપી હતી? પોતાનું સર્વસ્વ ઓવારી નાખ્યું હતું? સ્વાધીનતાની લીલાભૂમિ મેવાડમાં જન્મ લઇ, સ્વદેશાનુરાગી મહાત્માઓના પવિત્ર કુલમાં જન્મી, શું તમે મેવાડના વર્તમાન સરદારો માત્ર પોતાનાજ સ્વાર્થને વળગી રહી **स्वर्गादपि गरीयसी** એવી જનનીજન્મભૂમિનાં હિત તરફ દૃષ્ટિ નહિ નાખો?" આવી આવી અનેક વાતો મહારાણાએ ઉકત સરદારોને કહી. આનંદની વાત છે કે તેમનો આ પ્રયત્ન ધીમે ધીમે સફળ થવા લાગ્યો. સરદારોનાં કઠોર અને કઠિન હૃદયો ધીમે ધીમે પીગળીને મૃદુ થવા લાગ્યાં. તેમનાં ચક્ષુ ખુલી ગયાં. જેમ જેમ સમય વ્યતીત થતો ગયો તેમ તેમ મહારાણાનાં વચનો તેમના અંતઃકરણમાં ઉંડાં અને ઉંડાં ઉતરતા ગયાં. જાણે કોઈક અપૂર્વ દૈવીશકિતના પ્રભાવથી મેવાડના ઉપર્યુકત સરદારોનાં મન ફરી ગયાં અને તેમણે માતૃભૂમિની અવસ્થાનો વિચાર કરી રાણાજીની આજ્ઞા શિરસાવંદ્ય કરી. જેમના પૂર્વજોએ મેવાડની ભૂમિ અન્યાયપૂર્વક ખુંચવી લીધી હતી,તેઓ સર્વ તે જમીન પાછી આપવાને ખુશી થયા. આ પ્રકારે છ માસના અરસામાં આ મહાન કાર્ય સિદ્ધ થયું છે.

જે વખતે મેવાડમાં આ ઘટનાઓ બની રહી હતી તે વખતે અનેક રાજપૂતોનું વીરચરિત્ર પ્રકાશ-માન થયું હતું. તેમાંના એકાદ બે વીરોવિષે અત્રે વર્ણન કરવામાં આવે છે.

મેવાડમાં અર્ઝા નામનો એક કિલ્લો છે. આ કિલ્લો પૂર્વે મહારાણાના અધિકારમાં હતો; પરંતુ પાછળથી પુરાવતગોત્રના સરદારોએ બળપૂર્વક એ કિલ્લો પોતાના અધિકારમાં લઇ લીધો હતો. પ્રાયઃ પંદર વર્ષપર્યંત તે પુરાવતગોત્રના સરદારોના હાથમાં રહ્યાપછી શકતાવતોએ તેમની પાસેથી તે ઝુંટવી લીધો અને રાણાજીને દશહજાર રૂપિયા આપી તેને પોતાના નામપર ચઢાવી લીધો. શકતાવતલોકો અર્ઝાના કિલ્લાને પોતાના વિજયનું એક મુખ્ય ચિન્હ માનતા હતા. ભિંદરના ઠાકોરનો વચલો ભાઇ આ વખતે તે દુર્ગપર અધિકાર ચલાવતો હતો. આ વખતે અર્ઝાને પાછો પોતાના કબજામાં લેવાનું કાર્ય રાણાને અત્યંત આવશ્યક જણાયું અને ત્યાંના સરદાર ફતેહસિંહને મહારાણાએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી. આથી તે શકતા-વતવીરને અત્યંત દુઃખ લાગ્યું અને તેગર્વસહિત પોકારી ઉઠયોઃ-" અર્ઝા અમારા હૃદયનું રુધિર છે. હૃદયનું રુધિર આપીને અમે એને પ્રાપ્ત કર્યો છે; માટે એને પાછો સોંપવાથી અમારાં માનમર્યાદા નષ્ટ થઇ જશે."ધીમે ધીમે સર્વ શકતાવતસરદારોના કાનપર આ વાત ગઇ. તેઓ આ વાત સાંભળી અત્યંત શોકાકુલ થયા. જો તેમનાં ૪૩ શહેરો અને ગામો લઈ લેવામાં આવત તોપણ તેઓ આટલા વ્યાકુલ થાત નહિ. રાણાજી

મોટી ગુંચવણમાં આવી પડયા.શકતાવતો મેવાડનું મુખ્ય બળ હતું અને તેઓ જો વિદ્રોહી બને તો સમસ્ત દેશ રસાતાળમાં જાય એવો સંભવ હતો. આથી તેમના સન્માનની રક્ષા કરવી પરમ પ્રયોજનીય જણાઈ. અંતે એવો નિર્ણય કરવામાં આવ્યો કે અર્ઝા પુરાવતોને નહિ આપતાં ખાલસા કરવામાં આવશે. આથી કાંઇ પણ ઝઘડો થયો નહિ. ફતેહસિંહ તથા તેના જ્યેષ્ઠબંધુએ કાંઇ પણ વિગ્રહ કર્યા વિના અર્ઝાનો કિલ્લો મહારાણાના અધિકારમાં સોંપી દીધો.

મે માસની પાંચમી તારીખે જે સંધિ થઇ હતી, તેના પાલનમાં ભયંકર વિઘ્ન કરનારા બે જણ હતા; બિદનોર અને અમાઇતના સરદારો. આ ઉભય ઉચ્ચ શ્રેણીના સરદારો હતા. ઉભયના પૂર્વજોએ મેવાડના ગૌરવની રક્ષા કરવામાં પોતાનો હિસ્સો આપ્યો હતો; પરંતુ શોકની વાત છે કે તેમણે પોતાના પૂર્વજોની પ્રથાનુસાર નહિ ચાલીને પોતાના પવિત્ર કુલને કલંકિત કર્યું હતું. પહેલા સરદારનું નામ જેતસિંહ હતું, રાઠોડકુલની મહા શૂર મેડતિયા નામની શાખામાં તેનો જન્મ થયો હતો. રાણા કુંભાની ભાર્યા મીરાંબાઈની સાથે જેતસિંહના પૂર્વજો મારવાડ છોડી મેવાડમાં આવ્યા હતા.

જયમલની અલૌકિક વીરતાની પ્રશંસા આજે પણ રાજપૂત લોકો અભિમાનપૂર્વક કરે છે. તેની અનુપમ વીરતા અને અદ્દભુત શૂરતાથી મોહિત થઇને તેના પરમ શત્રુ અકબરે પોતાની રાજધાનીના તોરણ-દ્વારપર તેની પાષાણની મૂર્તિ સ્થાપન કરી હતી. આ વીરશ્રેષ્ઠ મહાત્મા જયમલે પણ આ પવિત્ર મેડતિયા ગોત્રમાં જન્મ લીધો હતો.જયમલના વંશજોએ પ્રસ્તુત કાળ સુધી પોતાના કુળના ગૌરવનું ઉત્તમ પ્રકારે રક્ષણ કર્યું હતું; જેતસિંહ આ વખતે પોતાના ઉચ્ચ ગૌરવથી પદચ્યુત થઇને દુષ્ટ કાર્ય કરશે તો તેના કુલને કલંક લાગશે એમાં કિંચિત્ પણ સંશય નહોતો. રાણાએ ધાર્યું હતું કે રાઠોડસરદાર જેતસિંહ મારી આજ્ઞા માન્ય કરશે; પરંતુ તેમની આ ધારણા ખોટી હતી. જેતસિંહે મહારાણાની આજ્ઞા માન્ય કરી નહિ. મહારાણાએ જ્યારે તેનાપર ઘણું દબાણ કર્યું, ત્યારે તેણે અત્યંત દુઃખિત થઇને મહારાણાને પ્રાર્થના કરી કેઃ—"જો આપની આજ્ઞા હોય તો હું મારી જાગીરનો ત્યાગ કરી મેવાડ છોડીને ચાલ્યો જાઉં." તે જવાને માટે તૈયાર થઇને મહાલયના આંગણામાં ઉભો રહ્યો. તેને ઘણા સરદારોએ સમજાવ્યો; પરંતુ તે એકનો બે થયો નહિ. અંતે મહારાણાએ આ કાર્યનો નિર્ણય કરવાનો ભાર પોલિટિકલએજંટ મહાશય ટૉડના હાથમાં સોંપી દીધો.

પ્રાચીન કાળથી મેવાડમાં એવો નિયમ ચાલ્યો આવે છે કે કોઇપણ સરદાર પોતાનું કાર્ય સિદ્ધ કરવાને માટે સ્વયં મહારાણાને પ્રાર્થના કરતો નથી; કારણ કે એમ કરવાથી રાજસન્માનમાં ત્રુટિ થાય છે એમ માનવામાં આવે છે. જેતસિંહ મેવાડના મંત્રીઓપ્રત્યે અંતરમાં ઘૃણા રાખતો હતો. તે દ્દઢતાપૂર્વક માનતો હતો કે મંત્રીઓ સરદારોનાં કામ સિદ્ધ કરવાને માટે રૂશ્વત ખાય છે. તે રૂશ્વતને અત્યંત ઘૃણિત કાર્ય સમજતો હતો. મંત્રીઓપણ તેના હૃદયનો ભાવ જાણતા હતા અને તેથી મંત્રીસભામાં તેના ઘણા શત્રુઓ થઇ ગયા હતા. તેની જાગીર ઘણી મોટી હતી. ૩૬૦ નગરો અને ગામો તેના અધિકારમાં હતાં. આ સર્વ ભૂમિ તેણે પોતાના તાબાના સરદારોમાં વહેંચી દીધી હતી; પરંતુ તે આ સરદારો ઉપર અયોગ્ય અધિકાર ભોગવવા માગતો હતો. જે કાર્યમાં રાણાસિવાય કોઇપણ માણસને હસ્તક્ષેપ કરવાનો અધિકાર નહોતો તેમાં પણ તે હાથ નાખવા માગતો હતો. આથી રાજ્યનું અપમાન થતું હતું. તેના હાથનીચેના સરદારો મેવાડના ત્રીજા વર્ગના સરદારો ગણાતા હતા. તેમને "ગોલ" ની સંજ્ઞાથી ઓળખવામાં આવતા હતા. મેવાડમાં જે વખતે પગારદારસેના રાખવાની પ્રથા નહોતી તે વખતે આ "ગોલ" સરદારો મેવાડની સ્વાધીનતા અને ગૌરવનું રક્ષણ કરવાને માટે સંગ્રામમાં પોતાના પ્રાણ સમર્પણ કરતા હતા. તે વખતે તેમની વીરતાનેજ રાણાની પ્રભુતાના રક્ષણને માટે મુખ્ય સાધન ગણવામાં આવતું હતું. અસ્તુ!

રાજપૂતહિતૈષી રાજનીતિજ્ઞ મહોદય ટૉડે ઉક્ત રાઠોડસરદારની પાસે જઇ તેને નિવેદન કર્યું કેઃ—"સરદારચૂડામણિ! આપે વીરકેસરી જયમલના પવિત્ર વંશમાં જન્મ લીધો છે અને તેને લીધેજ આપને આટલું સન્માન પ્રાપ્ત થયું છે. આપના પૂર્વજ જયમલની અલૌકિક વીરતા અને અદ્દભુત પ્રાણોત્સર્ગનો તો જરા વિચાર કરો! જુઓ, તેમણે મહાબળવાન અકબરના આક્રમણથી ચિતોડપુરીની રક્ષા કરવાને માટે જગતમાં આત્મોત્સર્ગનો કેવો પ્રકાશમાન આદર્શ રજુ કર્યો છે! પરંતુ આપ શું કરો છો?

આપ તે વીરકેસરીના યોગ્ય વંશજ છો, એમાં કિંચિત્ પણ શંકા નથી; પરંતુ આપનામાં તે સોજ્જવલ આત્મોત્સર્ગ અને તે અપૂર્વ રાજભક્તિ ક્યાં છે?" મહાશય ટૉડનાં આ વચનોએ ઉક્ત સરદારના હૃદયમાં જાદુના જેવી અસર કરી. તેનું કઠોર હૃદય પીગળીને પાણી પાણી થઇ ગયું. તેનાં નેત્રોમાંથી અશ્રુધારા ચાલવા લાગી. હવે અધિક સમય તેનાથી કઠોર હૃદય ધારણ કરી શકાયું નહિ અને તેણે પોતાની જાગીરનું દાનપાત્ર ટૉડસાહેબના હાથમાં સોંપી દીધું. આ કાર્ય કેટલું કઠિન હતું તે જેતસિંહે પ્રાર્થનાપત્રમા મહારાણાને લખેલાં નીચેનાં વાક્યો વાંચવાથી સમજાશેઃ–"જ્યારે રાણાના કુટુંબીઓ પણ તેમને છોડીને ચાલ્યા ગયા હતા, ત્યારે મેં સંપૂર્ણ ભક્તિથી તેમની સેવા કરી હતી. સર્વ સરદારોએ જ્યારે વિદ્રોહી બનીને તેમની સામે ખડ્ગ ધારણ કર્યાં હતાં, તે વખતે પણ અમે ચાર જણે તેમના પક્ષમાં ઉભા રહી તેમને અત્યંત સહાય કરી હતી; પરંતુ આજે જયમલના વંશજોનાં આ સમસ્ત કાર્યો ભૂલી જઇને તેઓ એક 'લૂંટારા[1]' ને આધીન થઇ ગયા છે." આ વૈમનસ્ય તોડીને મહાત્મા ટૉડે ઉપર્યુક્ત જે કાર્ય સિદ્ધ કર્યું તે માટે તેમની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે. વીરવર જયમલના વંશજે મારી આજ્ઞા માની છે, એમ જાણી મહારાણા પરમ પ્રસન્ન થયા અને તેને બિદનોરનો અધિકાર સોંપ્યો. આ તરફ ભદેશ્વરનો સરદાર મનમાં અત્યંત દુઃખિત થઇ મસ્તક નમાવી પોતાના નગરમાં ચાલ્યો ગયો.

ભદેશ્વરના સરદારનું નામ હમીરસિંહ હતું. ચંદાવતગોત્રમાં તેનો જન્મ થયો હતો, તે દ્વિતીય શ્રેણીનો સરદાર હતો. જે સરદારસિંહે[2] હતભાગી મુખ્યમંત્રી સોમજીનો વધ કર્યો હતો, તેનોજ પુત્ર આ હમીરસિંહ હતો. હમીરસિંહને પોતાના પિતાની જાગીર મળતાંની સાથેજ ગર્વ પણ પ્રાપ્ત થયો. હમીરસિંહ ઉપદ્રવી સરદારોનો નાયક હતો, સમસ્ત રાજસ્થાનના લોકો તેને "દૌરાત" (દૌરાત શબ્દનો અર્થ શીઘ્રગામી થાય છે. હમીરસિંહ અતિ શીઘ્રતાથી લૂંટફાટ કરતો હતો, તેથી તેને આ નામ પ્રાપ્ત થયું હતું.)કહેતા હતા. તેના પદ પ્રમાણે તેને વાર્ષિક ૩૦૦૦૦ની જાગીર પણ મળી નહોતી; પરંતુ તે પોતાનાં પરાક્રમ અને બાહુબળથી ૮૦૦૦૦ની વાર્ષિક ઉપજ આપનારી જાગીર પોતાના અધિકારમાં લઇ બેઠો હતો. હમીરસિંહ કૃત્રિમ રાજભક્તિ બતાવી મેવાડની રાજસભામાં સદા હાજર રહેતો હતો. લાવ્હાનો શક્તાવતસરદાર તેનો પરમ મિત્ર હતો. હમણાં ખૈરોદાકિલ્લો પણ તેના અધિકારમાં હતો. આ ઉભય માણસોનો સ્વભાવ એકબીજાને મળતોજ આવતો હતો. ઉભયે ચાલાકીથી રાણાની એવી પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી કે તેઓ હમણાં પણ નિર્વિઘ્ને પોતાની ભૂમિનો ઉપભોગ લેતા હતા. રાણાએ અન્ય સરદારોની ફાજલ જાગીર લઇ લીધી હતી; પરંતુ આ સરદારો પાસે તે રહી હતી. આ પ્રકારે કેટલોક વખત ચાલ્યો ગયો. પછી મંત્રીએ રાણાની નીચલી આજ્ઞા લાવ્હાસરદારપર મોકલી આપીઃ–" જ્યાંસુધી તમે ખૈરોદાકિલ્લો તથા ખુંચવી લીધેલી અન્યાન્ય જાગીરો પાછી નહિ સોંપો ત્યાંસુધી તમને રાજસભામાં પ્રવેશ કરવાને અધિકાર નથી." આ આજ્ઞા વિદિત થતાંજ લાવ્હાપતિના ક્રોધનો પાર રહ્યો નહિ અને જ્યારે હમીરસિંહને આ આજ્ઞા ફરમાવવામાં આવી ત્યારે તે મૂછપર હાથ નાખી ગર્વ અને ક્રોધથી પોકારી ઉઠયો કેઃ–"મંત્રીજી ! તમારા પૂર્વજ સોમજીની દુર્દશા સ્મરણમાં રાખજો."

---

૧ ભદેશ્વરના સરદાર હમીરસિંહે રાણીની પહેરામણીનો સામાન લૂંટી લીધો હતો. આથીજ તેને "લૂંટારો" કહેવામાં આવ્યો છે.

૨ સરદારસિંહને પોતાના આ કુકર્મનું ફળ સારી રીતે મળ્યું હતું. તેના આ કર્મના પ્રાયશ્ચિત્તનું વૃત્તાંત વાંચવાથી રાજપૂતજાતિમાં વૈર લેવાનો કેવો પ્રચંડ ઉત્સાહ હોય છે, તે ઉત્તમ પ્રકારે જણાય છે. મહારાષ્ટ્રીઓના ઉપદ્રવના સમયમાં અમીરખાં અને તેનો જમાઇ તથા પ્રતિનિધિ જમશેદ ઉદયપુરમાં પોતાની સેના લાવીને રાજધાની તથા તેની આસપાસના પ્રદેશને લૂંટવા લાગ્યો, તે વખતે સરદારસિંહનો પ્રતાપ ઘણો વધી ગયો હતો. એક દિવસ જમશેદે તેને પકડીને તેની પાસેથી ૩૦૦૦૦ રૂપિયા લેવાને માટે તેને પોતાના શિબિરમાં કેદ કર્યો. સરદારસિંહ ૩૦૦૦૦ રૂપિયા આપી શકયો નહિ. આ વખતે દિવાન સોમજીના ઉભય ભ્રાતાઓએ આ રકમ આપીને જમશેદની પાસેથી તેને ખરીદી લીધો. સરદારસિંહના માણસોએ આ સમાચાર સાંભળ્યા કે તરતજ તેઓ પોતાના સ્વામીનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આ વખતે દિવાન સોમજીના શિવદાસ તથા સતીદાસનામના ઉભય ભ્રાતાઓએ પોતાના બંધુના ખુનનું વૈર લેવાને માટે સરદારસિંહનો શિરચ્છેદ કર્યો અને તે શિર રામપ્યારીના મહાલયના દ્વારપર લટકાવ્યું. આ ક્રૂરકાર્ય કર્યા પછી શિવદાસ અને સતીદાસ પણ શત્રુની કટારના ભોગ થઇ પડયા હતા.

તેજસ્વી હમીરસિંહનો સ્વભાવ દિનપ્રતિદિન અધિકાધિક ક્રોધાન્વિત થવા લાગ્યો. તે દિવસાનુદિવસ વિશેષ અને વિશેષ ઉચ્છૃંખલ વર્તન કરવા લાગ્યો. તેની ઉચ્છૃંખલતાનું અનુકરણ કરવાનું કોઇનામાં સામર્થ્ય નહોતું; તોપણ ઘણા લોકો તેની પ્રશંસા કરતા હતા. વિશેષતઃ તેના કુટુંબીઓ અને સગોત્રીઓ તેની પુષ્કળ પ્રશંસા કરતા હતા. હમીરસિંહની ઉચ્છૃંખલતા દિવસે દિવસે વધવા લાગી. તેનું દમન કરવાને મહારાણા પ્રવૃત્ત થયા નહિ, તેથી લોકોની એવી દૃઢ માન્યતા થઇ ગઇ કે ભય વા અનુગ્રહને લીધે મહારાણા તેનું દમન કરી શકતા નથી. તેનું દમન કરવાનું કાર્ય માથે લઇ બ્રિટિશએજંટ સુસંધિની પ્રતીક્ષા કરવા લાગ્યા. શીઘ્ર તેમને સંધિ મળી. તેમણે એક અમલદારને હમીરસિંહના અધિકારમાં રહેલો મહારાણાનો કિલ્લો હસ્તગત કરવાને માટે મોકલ્યો; પરંતુ કિલ્લેદારે તેનું ઘોર અપમાન કરી તેને પાછો વાળ્યો. તે અમલદાર ઉદયપુરમાં ચાલ્યો આવ્યો. રાજાજ્ઞાનું આવું અપમાન થયેલું જોઇ બ્રિટિશએજંટને અત્યંત ખોટું લાગ્યું અને તેમણે અપમાનકર્તાને ભીષણ દંડ દેવાનો નિશ્ચય કર્યો. જે સમયે ઉક્ત અમલદારનું અપમાન થવાના સમાચાર આવ્યા તે વખતે મહારાણા પોતાના સમસ્ત ઇષ્ટમિત્રોની સાથે સૂર્યદ્વારની સભામાં બેઠા હતા.[1] અન્યાન્ય સરદારોની સાથે હમીરસિંહ પણ તે સભામાંજ બેઠો હતો. બ્રિટિશએજંટે ત્યાં જઈ ચોબદારની સાથે પોતાના આગમનના સમાચાર મહારાણાપર મોકલ્યા અને પછી તરતજ સભામાં જઈ શિષ્ટાચારસહિત મંત્રીને સંબોધીને બોલ્યાઃ–"આપના રાણાજીનો જે કિલ્લો હમીરસિંહના અધિકારમાં હતો તે હસ્તગત કરવામાં આવ્યો છે." સર્વ માણસોને શોકાકુલ થયેલા જોઈ બ્રિટિશ-એજંટને લાગ્યું કે પૂર્વોક્ત ઘટના ઉદયપુરના સર્વ માણસો જાણી ગયા છે; પરંતુ તેમણે એવી રીતે વાતચીત કરી કે જાણે પોતે અપમાનની વાત જાણતાજ ન હોય ! થોડીવાર વાર્તાલાપ કર્યા પછી તેઓ મહારાણાપ્રત્યે બોલ્યાઃ–"શ્રીમંતની આજ્ઞાનું આજકાલ ભારે અપમાન થાય છે. આવી સ્થિતિમાં જો હું ઉદયપુરમાં રહીશ તો બ્રિટિશસરકાર મને ઠપકો આપશે; માટે શ્રીમંતને જેણે અપમાન કર્યું હોય તેને યોગ્ય દંડ આપવાને માટે સંપૂર્ણ પ્રયત્ન કરવામાં આવશે."

બ્રિટિશએજંટનાં આવાં ઉત્સાહદાયક વચનો સાંભળી મહારાણાને પણ સ્ફુર્તિ આવી અને પોતાનું ગૌરવ અચલ રાખવાને માટે તેઓ બોલ્યાઃ–"સરદારો અને સેનાપતિઓ ! આપની સાથે કોઇ પણ પ્રકારનું કઠોર અને અન્યાયી વર્તન કરવાની મારી ઇચ્છા નથી; પરંતુ આ ઉપરથી આપ એમ નહિ સમજશો કે મારી મર્યાદા અટલ રાખવાને માટે હું ઉચિત કાર્ય નહિ કરૂં." પછી તેજ વખતે તેમણે "બીડાં" લાવવાની આજ્ઞા કરી. શીઘ્ર તેમની આ આજ્ઞાનું પાલન કરવામાં આવ્યું. પછી તેમણે હમીરસિંહને કઠોર વચનથી આજ્ઞા કરી કેઃ–"તમે હમણાં મારી સન્મુખથી દૂર થઇ એક કલાકમાં ઉદયપુર છોડીને ચાલ્યા જાઓ." રાણાજી એટલા બધા ક્રોધિત થઇ ગયા હતા કે જો બ્રિટિશએજંટ તેમને રોકત નહિ, તો તેઓ અવશ્ય હમીરસિંહને દેશપાર કરત. પછી તેમણે પોતાના મંત્રીને એવી આજ્ઞા કરી કેઃ–"જ્યાંસુધી હમીરસિંહ અન્યાયપૂર્વક લીધેલી જાગીર પાછી આપે નહિ ત્યાંસુધી તેની સર્વ સંપત્તિ જપ્ત રાખો." હમીરસિંહની નિરાશાનો પાર રહ્યો નહિ. તેનું ભાગ્યચક્ર આ વખતે ઉલટાઇ ગયું. તે અત્યંત શોકાકુલ થઈ તેજ રાતે ઉદયપુર છોડીને ચાલ્યો ગયો. પોતાના નગરમાં જઈ તેણે અન્યાયપૂર્વક લીધેલી જાગીરો મહારાણાને પાછી સોંપી દીધી; એટલુંજ નહિ પરંતુ મહારાણા અને કર્નલ ટૉડે જેની કિંચિત્ પણ આશા રાખી નહોતી તે પણ સોંપી દીધી. હમીરસિંહે પોતાના ભદેશ્વર કિલ્લાનો અધિકાર પણ મહારાણાને સોંપી દીધો. થોડા દિવસમાં સિસોદીઆકુલની લાલપતાકા ભદેશ્વરદુર્ગ ઉપર ઉડતી જોઇ સર્વ માણસો આશ્ચર્યમાં ડૂબી ગયા.[2]

---

૧ હમીરસિંહ અને લાલ્ઠાસરદારનું અભિમાન તથા દુરાચાર વૃદ્ધિંગત થતા જોઈને રાણાજીની આંખો ખુલી, ત્યારે તેમણે તેમના દુર્ગોપર અધિકાર કરવાને માણસો મોકલ્યા હતા.

૨ કર્નલ ટૉડ જણાવે છે કે, "આ ઘટનાને એક વર્ષ વ્યતીત થયું ત્યારપછી મારે એક સરકારી કામને માટે કોટા જવું પડ્યું હતું; આ વખતે માર્ગમાં મેં નીમખહેડા પણ જોયું. ઘોડાપર બેસીને નીમખહેડાથી હમીરસિંહના દુર્ગમાં જતાં પ્રાયઃ એક કલાક લાગે છે. મારા આગમનની વાત સાંભળી હમીરસિંહ મને મળવાને આવ્યો. તેણે મને પોતાનો સર્વોત્તમ મિત્ર ગણ્યો અને ખડ્ગને સ્પર્શ કરી મને કહ્યું કે, હું મારી સમશેરને સ્પર્શ કરી શપથ લઉં છું કે હું યથાર્થ રાજપૂત છું અને સદા આજ્ઞાંકિત તથા રાજભક્ત રહીશ."

બીજા પણ એક સરદારનું વૃત્તાંત અત્રે લખવામાં આવે છે. આમલીકિલ્લો અને તેના તાબાની સર્વ જમીન ૨૭ વર્ષપર્યંત અમાઇતના સરદારની પાસે રહી હતી. અમાઇતસરદાર જગવતકુલમાં ઉત્પન્ન થયા હતા અને તેઓ મેવાડના મુખ્ય સોળ સરદારોમાં ગણાતા હતા. બિદનોરના સરદાર પરમ રાજભક્ત હતા અને તેથી બીજે નંબરે અમાઇતના સરદાર હતા. જે જગવતકુલમાં વીરવર પત્તેએ જન્મ લીધો હતો તેજ કુલમાં અમાઇતના સરદારનો જન્મ થયો હતો. જો કે વીરપુત્ર પત્તેની વીરતા અને અદ્‌ભુત સ્વાર્થત્યાગને જગવતકુલની રાજભક્તિનું દૃઢ પ્રમાણ માનવામાં આવે છે, તોપણ તે કુલની રાજભક્તિનું માત્ર એટલું એકજ પ્રમાણ નથી. મહારાષ્ટ્રીયઉપદ્રવના સમયમાં ફતેહસિંહના પિતા પ્રતાપસિંહે પણ પોતાના દેશનું સંરક્ષણ કરવાને માટે પ્રાણાર્પણ કર્યું હતું. તેના બદલામાં તેના પુત્રને આમલીનો કિલ્લો આપવામાં આવ્યો હતો. પોતાના કોઇ ચતુર આપ્તની સલાહથી ફતેહસિંહે ચંદાવતોના લાભનું એકાદ મહાન કાર્ય કરવાનો વિચાર કર્યો; પરંતુ તેમનામાં બુદ્ધિ ઓછી હતી અને ઉચ્છૃંખલતા વિશેષ હતી, તેથી તેઓ તે કાર્ય કિંચિત્ પણ કરી શકયા નહિ. ફતેહસિંહનો સ્વભાવ સરલ હતો અને તેઓ પોતાનો ક્રોધ ગુપ્ત રાખી શકતા નહોતા. એક વખત બ્રિટિશએજંટ તેમની મુલાકાત કરવાને ગયા ત્યારે તેઓ અત્યંત ક્રોધાવેશમાં આવી ગયા હતા. તેમણે તેમને કાંઇ ક્રોધભરિત વચનો કહ્યાં નહિ; પરંતુ તેમના ડોળા લાલ લાલ બની ગયા હતા અને તેના ક્રોધનો પૂર્ણ પરિચય કરાવતા હતા. મહારાણાની સાથે તેમને તકરાર પડી હતી, તે આ ક્રોધનું કારણ હતું. રાણાજીએ આ તકરારનો નિર્ણય કરવાનો ભાર બ્રિટિશએજંટને સોંપી દીધો હતો. તદનુસાર કર્નલ ટૉડ તેમની પાસે ગયા હતા. એક ઉત્તમ ગૃહમાં તેમને ઉતારો આપવામાં આવ્યો. આ ગૃહ અતિ વિશાળ હતું અને તેમાં ફતેહસિંહના પૂર્વજોની ઉત્તમોત્તમ તસ્વીરો વિદ્યમાન હતી. ફતેહસિંહ પોતાના સર્વ નોકરોની સાથે કર્નલ ટૉડની પાસે આવ્યા. કર્નલ ટૉડ તેમની સામે બેઠા; પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે અતિથિસત્કારની વાત તો દૂર રહી, પણ તેમણે તેમની સાથે જરા વાતચીત પણ કરી નહિ. તેઓ પોતાની ઢાલ પોતાની જંઘા ઉપર મૂકી તે ઢાલના ઉપલા ભાગ સાથે પોતાનું મસ્તક ટેકવી વાંકા બેસી રહ્યા. અંગ્રેજએજંટ અત્યંત ગભરાઇ ગયા. જેમના મુકામે તેઓ આવ્યા હતા તેમણે સાધારણ વાત પણ કરી નહિ, એ શું ઓછું અપમાન કહેવાય!

પરંતુ કર્નલ ટૉડ ઘણા ચતુર હતા. ફતેહસિંહના પિતાની તસ્વીર સામે હતી તેને ઉંચકી લઇ તેમણે તેમની સન્મુખ ધરી અને તે તસ્વીરપ્રતિ અંગુલિનિર્દેશ કરી કહ્યું:-"આપના જેવો વ્યવહાર કરીને આ સરદારે ઉત્તમ સ્વામિભક્તને માટે પ્રશંસા પ્રાપ્ત કરી નહોતી!" આ વચનો સાંભળતાંની સાથેજ ફતેહસિંહના હૃદયમાં પૂજ્યભાવ ઉત્પન્ન થયો. તેમનાં નેત્રોમાંથી અપૂર્વ જ્યોતિ નીકળવા લાગી. લજ્જાથી તેમનું મુખ કરમાઇ ગયું. તેમણે ઉત્સાહપૂર્વક એજંટપ્રતિ દૃષ્ટિપાત કર્યો અને કહ્યું:-"આપને એ તસ્વીર કયાંથી પ્રાપ્ત થઇ? અને એ ચિત્રજ આપને આટલું પ્રિય કેમ લાગ્યું?" આ શબ્દો બોલતાં બોલતાં ફતેહસિંહનું વદન ગંભીર થઇ ગયું. તેમનાં વિશાળ નેત્રોમાંથી એકાદ બે અશ્રુબિંદુ નીકળી પડયાં અને તેમણે શોકાકુલ થઇને કહ્યું:-"આ મારા સ્વર્ગસ્થ પિતાનું ચિત્ર છે!" કર્નલ ટૉડે કહ્યું:-" વીરશ્રેષ્ઠ અને પરમ રાજભક્ત પ્રતાપસિંહ એજ છે. જ્યારે તેમણે સ્વદેશને માટે પોતાના પ્રાણવિસર્જન કર્યાં હતા, ત્યારે તેમની મૂર્તિ આવીજ હતી અને તેમનો વેશ પણ આવોજ હતો. તેમના અવસાનને દીર્ઘકાળ વ્યતીત થઇ ગયો છે, તથાપિ આજપર્યંત તેમનું નામ વર્તમાન છે અને આજે એક વિદેશી પણ ભક્તિભાવથી તેમની પૂજા કરી રહ્યો છે." મહાત્મા ટૉડનાં આ વચનો સાંભળી ફતેહસિંહના મુખમંડલપરનો ભાવ એકદમ બદલાઇ ગયો. ટૉડનું વાકય હજી પૂરૂં પણ થયું નહોતું તેપૂર્વે તેઓ બોલી ઉઠયા:-"આપ આમલી લ્યો, આમલી લ્યો; પરંતુ જોજો, સ્વાર્થત્યાગનું માહાત્મ્ય ભૂલી જશો નહિ." ફતેહસિંહનો અપૂર્વ ઉત્સાહ જોઇ કર્નલ ટૉડે વિલંબ કરવો ઉચિત ધાર્યો નહિ અને તેમણે તરતજ તેમને દસ્તાવેજ લખી આપવાને કહ્યું. ફતેહસિંહે તરતજ આમલીપ્રગણું મહારાણાને પાછું સોંપી દઉં છું એવી મતલબનો દસ્તાવેજ લખી આપ્યો.

હવે અત્રે અમે મેવાડના કૃષિકારોવિષે કેટલુંક વિવેચન કરીશું. જે લોકોને કઠોર પરિશ્રમથી સર્વાંગે પ્રસ્વેદ છૂટે છે, જે લોકો આખો દિવસ ગદ્ધાવૈતરૂં કરે છે, જેમના પરિશ્રમથી પૃથ્વી અન્ન

આપે છે, જેઓ માનવસમાજનું એક મુખ્ય અંગ હોવા છતાં પણ જમીનદારોના ભીષણ અત્યાચાર સહન કરીને પોતાના દિવસ નિર્ગમન કરે છે, એવા લોકહિતકારી સાદા કૃષિકારોની દશાવિષે સંક્ષેપમાં વિવેચન કરવું અત્રે અમને આવશ્યક સમજાય છે. અમે આ લોકોની ભૂત અને વર્તમાન અવસ્થાનું ચિત્ર પાઠકોની સન્મુખ સાદર કરીશું અને તે પરથી તેમનો પોતાની જમીનપર અધિકાર છે કે નહિ તે વિષે પોતપોતાની બુદ્ધિઅનુસાર નિર્ણય કરી લેવાની પ્રાર્થના કરીશું.

મેવાડરાજ્યમાં કૃષિકારજ સાધારણ નિયમાનુસાર પોતે જે ભૂમિ ખેડતો હોય તેનો સ્વામી ગણાય છે. તે પોતાની ભૂમિપરના પોતાના અધિકારને મેવાડમાં પેદા થતા અમરધવ[1] નામના અમરઘાસની ઉપમા આપે છે. જેવી રીતે અમરધવ અમર હોય છે, તે પ્રમાણે કૃષિકારોનો પોતાની જમીનપરનો અધિકાર પણ અમર હોય છે. ગમે તેટલા વિપ્લવો થઇ જાય, તે છતાં પણ તેમના આ અધિકારમાં કિંચિત્ પણ સ્ખલન થતું નથી. મેવાડના કૃષિકારો પોતાની ભૂમિને 'બાપોતા' કહે છે. તેમની માતૃભાષામાં પૈતૃકઅધિકાર સમજાવવાને માટે બાપોતાસિવાય કોઇ પણ શબ્દ અધિક પ્રાચીન, અધિક શુદ્ધ, વિશેષ ભાવપૂર્ણ અને વિશેષ તેજસ્વી ગણાતો નથી. જો કોઇ સ્વાર્થી અને અભિમાની રાજા તેમનો આ પ્રાચીન અધિકાર ખુંચવી લેવાની ચેષ્ટા કરે છે, તો તેઓ ભગવાનમનુના અમર શબ્દોનો ઉચ્ચાર કરીને ગંભીર સ્વરથી પોકારી ઉઠે છે કે:-"જેમણે વનને કાપીકુપીને ક્ષેત્ર સ્વચ્છ બનાવ્યું છે તેમનુંજ ક્ષેત્ર છે."[2] જ્યાંસુધી જગતના કલ્યાણકારક ધારા રચનારતરિકે ભગવાનમનુનું નામ વિદ્યમાન રહેશે-અને જ્યાંસુધી તેમના એક સૂત્રનો પણ આ જગતનાં વ્યવહારમાં ઉપયોગ થશે; ત્યાંસુધી કોઇપણ માણસ તેમનું આ અમરવાકય ભૂલી શકશે નહિ. હજારો વિપ્લવો થયાછતાં હિંદુજાતિની આ પ્રાચીન પ્રણાલી નષ્ટ થઇ નથી. માત્ર મેવાડનાજ લોકો નહિ,કિંતુ સમસ્ત રાજસ્થાનના લોકો અતિપ્રાચીન કાળથી કહેતા આવ્યા છે કે **'भोगरा घनी राज हो, भोमरा घनी मा छो'** અર્થાત્"રાજા એ મહેસુલનો અધિકારી છે; પરંતુ ભૂમિનો અધિકારી તો હું છું." છેક મનુના કાળથી હિંદુઓનો આવો વિશ્વાસ ચાલ્યો આવે છે અને એ વિશ્વાસ ચિરંજીવ રહેશે એમાં લેશપણ શંકા નથી. ત્રિકાળના વિધાતા ભગવાનમનુ આ સંસારમાંથી ચાલ્યા ગયા છે; તેમના અવસાન પછી ભારતભૂમિમાં અનેક વિપ્લવો થઇ ગયા છે; અનેક વિદેશી, વિધર્મી અને અત્યાચારી લોકોએ યમરાજની પેઠે ભારતવર્ષમાં રાજ્ય કર્યું છે; વર્ણ, આચાર અને વિચારમાં પુષ્કળ અંતર પડી ગયું છે; તથાપિ હિંદુજાતિનો પોતાની જમીનપરના અધિકારવિષેનો વિશ્વાસ પૂર્વવતજ રહ્યો છે, તેમાં એક પરમાણુનો પણ ભેદ પડયો નથી. હિંદુજાતિ ભલે કર્ણાટકમાં વસતી હોય, ભલે કણ્વદેશમાં વસતી હોય, કિંવા રાજસ્થાન અથવા ભારતવર્ષના કોઈપણ ભાગમાં વસતી હોય; પરંતુ તે સર્વ ભાગમાં તેમનો આ રિવાજ તો એકજ છે. તેમના ધર્મગ્રંથમાં સુવર્ણાક્ષરથી લખવામાં આવ્યું છે કે:-
**"स्थाणुच्छेदस्य केदारम्."**

એરિયન, કર્ટિયસ અને ડિયાડોરસ વગેરે પ્રાચીન યૂરોપિયન પંડિતોએ જે કાળનો ઇતિહાસ સંકલિત કર્યો છે તે કાળનું નગરનું તંત્ર રાજ્યના તંત્રસમાન હતું. નાગરિકોના પોતાના શાસનપર ચક્રવર્તી પણ હસ્તક્ષેપ કરી શકતો નહોતો. ચક્રવર્તી શત્રુના આક્રમણથી દેશની રક્ષા કરતો હતો તેથી તેને મહેસુલમાંથી કેટલોક ભાગ રાજકરતરિકે આપવામાં આવતો હતો. રાજસ્થાનના પ્રત્યેક રાજ્યમાં પણ આવોજ વ્યવહાર છે. તે દેશની પૃથક્ પૃથક્ વસ્તીઓને એકબીજાસાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. પ્રત્યેક વસ્તીનો અધ્યક્ષ પોતાના તાબાના લોકોના કર્તા, હર્તા અને વિધાતા હોય છે. લોકો પોતાના સાર્વભૌમરાજાને પોતાના ધનધાન્યમાંથી એક નિયમિત ભાગ આપે છે; પરંતુ રાજા તેમનું કોઇ પણ પ્રકારનું શાસન કરતો નથી. કર્નલ ટૉડ જણાવે છે કે:-"સર્વવ્યાપી રાજતંત્રના અભાવને લીધે ગામવાસીઓ જે શાંતિની રક્ષા તથા દંડાદિક કરે છે, તેથીજ પંચાયતની રીતિનો ઉદ્ભવ થયો છે. પોતાના

---

૧ અમરધવ નામનું ઘાસ ત્રણે ઋતુમાં એકસરખું લીલું રહે છે, વિશેષ કરીને પ્રખર તાપમાં તેની પ્રફુલ્લતા અધિક હોય છે. તે ખરેખર અમરજ છે. પૃથ્વીની સાથે પોતાને અવિચ્છિન્ન સંબંધ હોવાથી રાજપૂતકૃષિકારો પોતાના ભૂમ્યધિકારની સાથે તેની તુલના કરે છે.

૨ ભગવાન મનુએ કહ્યું છે કે **"स्थाणुच्छेदस्य केदारम्"**અર્થાત્ " જે માણસ જંગલ કાપીને ક્ષેત્ર તૈયાર કરે છે તેનોજ તે ક્ષેત્ર ઉપર અધિકાર હોય છે."

બાપદાદાની ભૂમિને રાજપૂતકૃષિકારો "બાપોતા" કહે છે. "બાપોતા" ધરાવનાર રાજપૂત જો સૈનિક-નો ધંધો કરતો હોય તો તેને "ભોમીઓ" કહેવામાં આવે છે. દિલ્લીના મુસલમાનપાદશાહો પોતાની ઉન્નતિના મધ્યાહ્ન કાળમાં માંડલિકરાજપૂતરાજાઓને 'જમીનદાર' કહેતા હતા."

સારી રીતે વિચાર કરવાથી જ્ઞાત થાય છે કે ભૂમિપર કૃષિકારોનો સંપૂર્ણ અધિકાર હોય છે. તેઓ રાણાને કર આપીને, 'અમે તેમની પ્રજા છીએ' એટલુંજ માત્ર સિદ્ધ કરે છે; બાકી રાણાનો તેમની ભૂમિ-પર કોઇપણ પ્રકારનો અધિકાર નથી. 'ભોમીઆ' કૃષિકારો તરફથી રાણાને યુદ્ધના સમયમાં સહાય મળે છે; પરંતુ જ્યારે બ્રિટિશપ્રભુતાની સ્થાપનાથી મેવાડની રક્ષા કે અરક્ષાનો કાંઇ પ્રશ્ન રહ્યો નહિ ત્યારે રાણાએ ભોમીઆરાજપૂતોને પગારદાર સૈનિકતરિકે નિયત કરી દીધા.

બાપોતાની ઉપર રાજપૂતકૃષિકારોનો કેટલો દૃઢ અધિકાર છે, તે અમે કેટલાંક પ્રાચીનપ્રમાણોથી સિદ્ધ કરીશું. જે સમયે મંદોરનગર મારવાડની રાજધાની ગણાતું હતું, તે સમયે એક ગિહલોત-રાજકુમાર મારવાડની રાજકુમારી સાથે વિવાહ કરવાને ગયો. રાજપૂતોમાં એવી રીતિ પ્રચલિત છે કે, જામાતા વિવાહની રાત્રિએ પોતાના શ્વસુર પાસેથી પહેરામણીમાં જે સંપત્તિ માગે તે તેને અવશ્ય આપવી પડે છે. આ રીતિએ રાજસ્થાનમાં અનેક અનર્થો કર્યાં છે. આ રીતિઅનુસાર ઉક્ત રાજકુમારે પોતાના મંત્રીની સલાહાનુસાર પોતાના શ્વસુર પાસેથી દશ હજાર જાટકૃષિકારો માગ્યા. આ જાટોને મેવાડરાજ્યમાં વસાવવા એવો તેનો ઉદ્દેશ હતો. આ અદ્ભુત પહેરામણીની માગણી સાંભળી મારવાડના રાજાને આશ્ચર્ય પેદા થયું; પરંતુ જામાતાની માગણી પૂર્ણ કર્યા વિના ચાલે તેમ નહોતું. આથી તેમણે પોતાના રાજ્યમાં આજ્ઞા ફેલાવી કે દશ હજાર જાટોને મારવાડ છોડી મેવાડમાં જવું પડશે. આ આજ્ઞા વિદિત થતાંજ જાટકૃષિકારો અત્યંત ગભરાયા. તેઓ મહારાજાની આજ્ઞાનું પાલન કરવાને કોઇ પણ પ્રકારે તૈયાર થયા નહિ. અંતે મહારાજાએ જ્યારે તેમનાપર સખ્તાઇ કરી, ત્યારે તેમણે એકત્રિત થઇ કહ્યું કેઃ-"શું અમે અમારા બાપોતા છોડીને-અમારો વંશપરંપરાનો હક્ક છોડીને એક અપરિચિત મનુષ્યને માટે પરિશ્રમ કરવાને તેની સાથે પરદેશમાં જઇશું? મહારાજ! આપની ઇચ્છા હોય તો અમારો વધ કરાવો; પરંતુ અમે જ્યાંસુધી આ દેહમાં પ્રાણ છે ત્યાંસુધી બાપોતા છોડી શકતા નથી." મંદોરના રાજા પ્રથમથીજ જાણતા હતા કે જાટલોકો આ વાંધો ઉઠાવશે. જાટોએ તેમની આજ્ઞાનું પાલન કર્યું નહિ તેથી જો કે તેમની પ્રતિજ્ઞા ભંગ થઈ, તથાપિ તેઓ તેટલા માટે કિંચિત્ દુઃખિત વા ચિંતાગ્રસ્ત થયા નહિ; કારણ કે આટલાબધા કૃષિકારો દેશમાંથી જતા રહેવાથી મારા રાજ્યને પ્રત્યક્ષ હાનિજ થશે એમ તેઓ સારી પેઠે સમજતા હતા, પરંતુ વિધાતાની ઇચ્છા કાંઈ બીજીજ હતી. મેવાડના રાણાએ ઉક્ત જાટકૃષિકારોને પોતાની ઘણીક જમીન સદાને માટે લખી આપી. આથી જાટકૃષિકારોએ મેવાડમાં જવાનો સ્વીકાર કર્યો; કારણ કે મેવાડની ભૂમિ મરુભૂમિ કરતાં અધિક ફળદ્રુપ હોય છે, એ વાત કોણ નથી જાણતું?

જે જે દેશના રાજાઓ ભૂમિના સંબંધમાં નવા નવા નિયમોનો પ્રચાર કરતા નથી, તે તે દેશોમાં પ્રજાનો અધિકાર વિશેષ પ્રબળ હોય છે. આ વિષે અમે જિહાજપુરરાજ્યનું ઉદાહરણ આપીશું. આ રાજ્યમાં ૧૦૬ ગામો આવેલાં છે. આટલા મોટા રાજ્યમાં ખાસ (રાજ્યની) જમીનમાં તો માત્ર બેજ ક્ષેત્રો છે. એમ કહેવાય છે કે આ ક્ષેત્રો પણ મહેસુલ નહિ ભરી શકવાને લીધે વહેંચાઈ જવાની તૈયારીમાં હતાં, ત્યારે રાજ્યના મંત્રીએ તેને વેચાતાં લઇને રાજસંપત્તિમાં મેળવી દીધાં. લોહારિયા અને ઇતોડા નામનાં તળાવો અને તેના તટપર આવેલી ભૂમિ પણ આજ પ્રકારે રાજસંપત્તિમાં મેળવી લેવામાં આવી હતી. એકવાર જે ભૂમિ ભોમીઆલોકોના બાપોતાતરિકે ઓળખાતી હતી, તે હવે આ પ્રકારે રાજ-ભૂમિ બની જઇને "ખાસ જમીન" કહેવાવા લાગી. અફસોસ! આ જગતમાં સર્વ બાબતમાં પરિવર્તન થયા કરે છે. કૃષિકારોની ભૂમિ તેમના હાથમાંથી છૂટી જઇને રાજસંપત્તિમાં કેવી રીતે મળી જાય છે, તે વિષે વિશેષ ઉદાહરણ આગળ આપવામાં આવશે. કોટાના ઇતિહાસમાં આવાં પુષ્કળ ઉદાહરણો આપવામાં આવશે.

ભગવાનમનુએ ગ્રામ્યસમાજને માટે જે નિયમો રચ્યા છે, તેજ અનુસાર મેવાડની ગ્રામ્યવ્યવસ્થા ચાલે છે. પૂર્વે પાંચસાત ગામનો એક અધિકારી હતો. મેવાડના ઇતિહાસમાં પણ આવા પંચગ્રામ-

પતિ વા સપ્તગ્રામપતિનું વર્ણન ઉપલબ્ધ થાય છે. આ ગ્રામપતિને પટેલ કહેવામાં આવે છે. સંન્યાસીઓ અને ભિક્ષુકો એ સર્વ પટેલથી પરિચિત હોય છે અને તેમને તેનાપર શ્રદ્ધા પણ હોય છે. ગામની રક્ષા પટેલજ કરે છે. આ પટેલના અધિકારમાં જે ભૂમિ હોય છે, તેને માટે તે સરકારને પ્રતિ ત્રણ વર્ષે નિયત કરેલો થોડો કર અને બે યોદ્ધાઓ આપે છે.

ઘણા લોકો એવું અનુમાન કરે છે કે મનુના ગ્રંથમાં પટેલનું જે કર્તવ્ય જણાવવામાં આવ્યું છે તેથી મેવાડના પટેલનું કર્તવ્ય ભિન્ન છે. આજ કારણથી પટેલ શબ્દની વ્યુત્પત્તિના સંબંધમાં અનેક મતભેદ વિદ્યમાન છે; પરંતુ સંપૂર્ણ વિચાર કરવાથી ઉત્તમ પ્રકારે જ્ઞાત થાય છે કે પટેલ શબ્દની ઉત્પત્તિ સંસ્કૃત પતિ શબ્દમાંથી થઈ છે. મેવાડવાસીઓ બરાબર એજ અર્થમાં તેનો ઉપયોગ કરે છે. દેખરેખ રાખવા સિવાય પટેલનું કાંઈ બીજું કર્તવ્ય નહોતું. ગામમાં પટેલ સર્વોત્તમ ગણાતો હતો. ગામના પ્રતિનિધિતરિકે રાજાને ત્યાં પટેલજ જતો હતો અને કૃષિકાર તથા રાજાની વચ્ચે મધ્યસ્થતરિકે પટેલજ કામ કરતો હતો. આ કારણથી રાજા અને પ્રજા ઉભય તરફથી પટેલને સન્માન મળતું હતું. પટેલની પાસે બાપોતા પણ હોય છે અને કૃષિકાર જેટલું ધાન્ય પકવે છે તેનો ચાળીસમો ભાગ પણ તેને મળે છે. રાજા તરફથી એક બીજું પણ પારિતોષિક તેને પ્રાપ્ત થાય છે. તે પોતાના બાપોતાવિનાની બીજી જે જમીન ખેડે છે, તેના નિયત કરેલા રાજકરના $\frac{૨}{૩}$ ભાગ તે સરકારને ભરે છે, $\frac{૧}{૩}$ ભાગ ભરતો નથી. મેવાડભૂમિમાં પટેલોની આવી વ્યવસ્થા કરવામાં આવી છે. પટેલજ રાજા અને કૃષિકારને એક સૂત્રથી બાંધે છે. ગામનો અગ્રેસર અને પ્રતિનિધિ પટેલજ હોય છે. રાજા પટેલદ્વારાજ કૃષિકારોની સ્થિતિથી વાકેફ થાય છે. મહારાષ્ટ્રીઓના કઠોર અત્યાચારથી મેવાડભૂમિનું ભાગ્યચક્ર પલટાઇ ગયું તે પૂર્વે સ્વાધીનતાની એ લીલાભૂમિમાં પટેલોનું બળ આવું હતું; પરંતુ જેમ જેમ મહારાષ્ટ્રીઓની લૂંટફાટ વધવા લાગી, તેમ તેમ પટેલો પણ પોતાનું સામર્થ્ય વધારતા ગયા અને પાછળથી તો તેમનું પ્રાબલ્ય એટલું બધું વધી ગયું કે તેઓ નિરંકુશ સત્તાધારી ગણાવા લાગ્યા. મહારાષ્ટ્રીઓ કૃષિકારોપર જે કર લાગુ કરતા હતા, તેને પટેલોજ વસુલ કરતા હતા અને કોઇકોઈ વખત તેઓ કૃષિકારોના જામીનતરિકે તે દુષ્ટોના શિબિરમાં પડયા રહેતા હતા. મહારાષ્ટ્રીઓએ જેટલીવાર આક્રમણ કરીને મેવાડવાસીઓની પાસેથી કર માગ્યો તેટલીવાર પટેલોએ આનંદપૂર્વક તે ઉઘરાવી આપ્યો. બહારથી તો તેઓ પોતાને કૃષિકારોના પ્રતિનિધિતારકે જણાવતા હતા; પરંતુ સંધિ મળતાં તેઓ તેમનું સત્યાનાશ વાળી દેતા હતા. અગણિત કૃષિકારો પટેલોપર શ્રદ્ધા રાખી નિશ્ચિંત રહેતા હતા; પરંતુ લોભી પટેલો તેમની સંપત્તિપરજ પોતાનો નિર્વાહ કરતા હતા. મહારાષ્ટ્રીઓ અથવા પઠાણો જે વખતે આક્રમણ કરતા હતા, તે વખતે પટેલોના બાર વાગતા હતા. તેઓ પોતાની રક્ષાનો ઉપાય શોધતા હતા અને કૃષિકારોનું સત્યાનાશ વાળીને પોતાનું સંરક્ષણ કરતા હતા. તેઓ પ્રથમ તો કૃષિકારો પાસેથી રૂપિયા લેતા હતા; પરંતુ જો રોકડ રૂપિયા ન મળે તો તેમની જમીન અને જમીન હાથ ન લાગે તો તેમનાં વાસણકુસણ ગીરવી મૂકીને પોતાનું કામ સિદ્ધ કરી લેતા હતા. આ પ્રકારે તેમનું કાર્ય જ્યાંસુધી સિદ્ધ થતું નહોતું ત્યાંસુધી તેઓ દીન, હીન અને મૂર્ખ કૃષિકારોનું રુધિર જળોની પેઠે ચૂસી લેતા હતા. હતભાગી કૃષિકારો પણ સારીપેઠે સમજતા હતા કે પટેલો અમારા ગુપ્ત શત્રુ છે અને મહારાષ્ટ્રીઓએ તથા પઠાણોએ એમને પોતાના સેવકો બનાવ્યા છે. તેઓ ડરના માર્યા સરકાર પાસે ફરિયાદ પણ કરી શકતા નહોતા. પટેલો પોતાની ઇચ્છા પ્રમાણે કૃષિકારોનું રુધિર ચૂસી લેતા હતા. મંદભાગી કૃષિકારોને લવલેશ પણ શાંતિ મળતી નહોતી. જેમને તેઓ પોતાના પરમ હિતકારી મિત્ર સમજીને નિશ્ચિંત રહેતા હતા અને લેશ પણ વિચાર કર્યા વિના જેમના વિષમય આંકડા ઉપર પોતાનું હૃદય મૂકી દેતા હતા, તેઓજ તેમનો નાશ કરતા હતા; તો હવે તેમને શાંતિ અને સુખ ક્યાંથી મળે ? આ કૃષિકારો સંપૂર્ણતઃ અંધકારમાં રહ્યા હતા. તેઓ કિંચિત્ પણ પોતાનું સંરક્ષણ કરી શકતા નહોતા. તેઓ અત્યંત પરિશ્રમ કરીને જેમના જીવનનું રક્ષણ કરતા હતા તથા તાપ અને ટાઢપર કિંચિત્ પણ લક્ષ્ય આપ્યાવિના જેમને મોજ અને વિલાસની સામગ્રી પૂરી પાડતા હતા, તેઓ તેમની દુર્દશા જોઇ જરાપણ ક્ષોભ પામતા નહોતા.

ધીમે ધીમે મેવાડમાં પટેલો નિરંકુશ સત્તાધારી બની ગયા. લોકોના કર્તા, હર્તા અને વિધાતા તેઓજ થઇ બેઠા. આ એક સાધારણ નિયમ છે કે સન્માન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થવાથી લોકો અભિ-

માની અને અત્યાચારી બની જાય છે.મેવાડના પટેલોની પણ તેજ સ્થિતિ થઇ. મહારાષ્ટ્રીઓ અને પઠાણો મેવાડમાં અત્યાચાર કરવા લાગ્યા તે પૂર્વે મેવાડના પટેલો કૃષિકારોના સાચા પ્રતિનિધિ હતા.તેઓ તેમના સુખે સુખી અને તેમના દુઃખે દુઃખી થતા હતા; પરંતુ હવે તેઓ દુષ્ટ બની ગયા અને તેમના ભીષણ શત્રુ બનીને તેમનાપર અત્યાચાર કરવા લાગ્યા. જે જાતિમાં કોઇ પણ પ્રકારની વ્યવસ્થા હોતી નથી, જે જાતિના લોકો પરસ્પરનાં સુખદુઃખનો વિચાર કરતા નથી અને જેઓ માત્ર પોતાનોજ સ્વાર્થ સાધવાને તત્પર હોય છે, તે જાતિને અનેક પ્રકારના અનર્થો શીઘ્ર દબાવી દે છે. પટેલોએ પોતાનાં ઉદર ભરવાને માટે કૃષિકારોનું પુષ્કળ રક્ત ચૂસી લીધું;પરંતુ કૃષિકારો કાંઈ કલ્પવૃક્ષ તો હતાજ નહિ કે સદા-સર્વદા તેમની અભિલાષા પૂર્ણ કર્યા કરે.થોડા વખતમાં તેઓ નિરાધાર બની ગયા.હવે પટેલોની આજીવિકામાં પણ વિઘ્ન આવી પડયું. હવે કોના રુધિરથી પોતાનું ઉદર ભરવું, એ તેમને મુખ્ય પ્રશ્ન થઈ પડયો. તેઓ અત્યારસુધી જેમનું રુધિર ચૂસી રહ્યા હતા, તેમનું તો સર્વસ્વ નાશ થઇ ગયું હતું, તેઓ તો મરણશય્યાપર તરફડતા હતા. પિંઢારાઓના કઠોર આક્રમણથી કૃષિકારો દેશ છોડીને નાસી ગયા હતા અને મેવાડનાં સંખ્યાબંધ ક્ષેત્રો સૂનાં પડી રહ્યાં હતાં, આથી પટેલો ધંધાવિનાના થઇ પડયા હતા; પરંતુ તેમની આ દુર્દશા દીર્ઘકાળસુધી પહોંચી નહોતી. શાંતિ સ્થાપન થતાં કૃષિકારો પુનઃ પોતાને ઘેર ગયા હતા અને પુનઃ પોતાનાં ક્ષેત્રોમાં ઉત્તમ ધાન્ય પેદા કરતા હતા, આથી પટેલોને છક્કોપંજો ચાલતો હતો. પુનઃ તેઓ કૃષિકારોની સાથે આગલો વ્યવહારજ ચલાવતા હતા. આ રીતે રંક કૃષિકારોને દેશમાં પાછા આવ્યા પછી પણ સુખની પ્રાપ્તિ થઈ નહોતી. નરપિશાચ પટેલોના ઘોર અત્યાચારથી કૃષિકારોનું જીવન અત્યંત દુઃખમય બની જતું હતું. આ પ્રકારે વિપત્તિ ઉપર વિપત્તિ આવી પડવાથી મેવાડના કૃષિકારો નિર્મૂળ થવા લાગ્યા. મેવાડવાસીઓનું સુખ અને શાંતિ આ પ્રકારે સર્વથા નષ્ટ થવા લાગ્યાં. પટેલો મેવાડના સુખરૂપી સૂર્યના રાહુ હતા, તેથી સર્વ લોકો સારીપેઠે સમજી ગયા કે જ્યાં-સુધી આ રાહુઓનો નાશ કરવામાં આવશે નહિ, ત્યાંસુધી અમારો સુખસૂર્ય પૂર્ણ પ્રભાથી પ્રકાશિત થશે નહિ. તેઓ મેવાડમાંથી પટેલોને નામશેષ કરવા ઇચ્છતા હતા; પરંતુ આ કાર્ય કાંઈ સહેલું નહોતું, કારણ કે ઘણા મોટા અમલદારો તેમના પક્ષમાં હતા. તેમને પદચ્યુત કરવાથી મોટા મોટા અમલદારોના હિતમાં આઘાત લાગવાનો સંભવ હતો અને તેથી તેઓ પટેલોનો પક્ષ ગ્રહણ કરીને દેશમાં અશાંતિનું બીજ રોપે એવો પણ સંભવ હતો.

જ્યારે રંક લોકોના પરમ હિતેચ્છુ કર્નલ ટૉડે કૃષિકારોની દુર્દશાનું આ વૃત્તાંત સાંભળ્યું, ત્યારે તેમના હૃદયમાં અત્યંત લાગણી ઉત્પન્ન થઇ અને તેઓ તત્કાળ આ વિપત્તિ દૂર કરવાને માટે પ્રવૃત્ત થયા. પ્રથમ તો તેમણે પટેલોની અવસ્થાનું સાંગોપાંગ અવલોકન કર્યું. મેવાડનો ઇતિહાસ સાદ્યોપાંત જાણવાથી તેમને જ્ઞાત થયું હતું કે ગામના લોકો પોતાની ઇચ્છામાં આવે તે માણસને પોતાના પટેલ-તરિકે ચુંટી કાઢતા હતા; અને રાજા પણ ગામનાં માણસોએ જેને પટેલતરિકે ચુંટી કાઢયો હોય તેને પટેલની સનંદ આપતા હતા. આવા માણસો અત્યંત લોભી હતા; પરંતુ તેઓ ગામના લોકોની પ્રીતિ ગમે તે પ્રકારે સંપાદન કરીને પટેલ બની બેસતા હતા. મેવાડમાં આજ રીતિ પ્રચલિત હતી. સર્વ રૈયતે પણ આજ રીતિ પસંદ કરી હતી અને મહારાણાએ પણ આજ રીતિ મંજુર કરી હતી.તેઓ ગામના લોકોએ પસંદ કરેલા માણસને પાઘડી બંધાવી પટેલના પદપર નિયુક્ત કરી દેતા હતા અને પટેલ રાજાને નજરાણું આપી પોતાનો અધિકાર ભોગવવા માંડતો હતો.આ સમય પહેલાં તો પટેલની પદવી વેચવામાં આવતી હતી. રાજા અમુક રકમ લઇને ફાવે તેને પટેલ બનાવી દેતો હતો; પરંતુ આમ કરવાથી રાજ્યનું અત્યંત અમંગલ થતું હતું. ગામના લોકોની પટેલને ચુંટી કાઢવાની પદ્ધતિ બંધ કરવાથી કદાચ પટેલની પદવી વેચાવાની આવી પદ્ધતિ અમલમાં આવી જાય એવી શંકાથી કર્નલ ટૉડે આ અનર્થ રોકવાને માટે ઉત્તમ પ્રબંધ કર્યો. તેમણે રાણાની પાસેથી એવું વચન લઇ લીધું કેઃ— "પટેલની ચુંટણીના કામમાં હું કિંચિત્ પણ હાથ નાખીશ નહિ અને આ સંબંધમાં કોઇની સાથે ગુપ્ત સલાહ પણ કરીશ નહિ."

મેવાડમાં રાજકર કેવી રીતે વસુલ કરવામાં આવતો હતો તે વિષે અત્રે કાંઇક ઉલ્લેખ કરીશું. અને અંગ્રેજસરકારની સાથે સંધિ થયા પછી ચાર વર્ષના અરસામાં મેવાડમાં કેવો ફેરફાર થયો, તેની

સંક્ષિપ્ત સમાલોચના કરી મેવાડના ઇતિહાસની ઇતિશ્રી કરવામાં આવશે.

ધાન્યની ઉપર મેવાડમાં બે પ્રકારનું મહેસુલ લેવામાં આવે છે.તેનાં નામ "કંકૂટ" અને "ભુટ્ટાઇ" છે. શેરડી,સરસવ, તંબાકુ, કપાસ તથા બાગાયતજમીનમાં થતા પાકોની ઉપર દર વીઘે બેથી છ રૂપિયા સુધી મહેસુલ લેવામાં આવે છે. જ્યારે ધાન્ય ક્ષેત્રમાંજ હોય છે, ત્યારે ક્ષેત્રનો માલિક, પટેલ, તલાટી અને ઇતર રાજ્યકર્મચારીઓ તે પર તખમીનન અર્થાત્ આનુમાનિક કર નિયત કરે છે. મેવાડના લોકો આ કરને 'કંકૂટ' કહે છે. બહુધા ખરા અનુમાનથીજ આ કર વસુલ કરવામાં આવે છે;પરંતુ જો ક્ષેત્રનો સ્વામી તેને બોજારૂપ ગણે તો તે ભુટ્ટાઇકર પોતાના પાક ઉપર લાગુ કરવાને માટે સરકારને પ્રાર્થના કરી શકે છે.જ્યારે કૃષિકાર પોતાનું અનાજ કાપીને ખળામાં નાખી તેને ચોખ્ખું કરે છે, ત્યારે તેના વજન પ્રમાણે જે કર લાગુ કરવામાં આવે છે, તે કરને 'ભુટ્ટાઇ' (બટાઇ) કહેવામાં આવે છે.આ રીત અતિ પ્રાચીન છે. તેદ્વારા ઉભયપક્ષને સંતોષ થાય છે. ભુટ્ટાઈની રીતિઅનુસાર રાજાને જવ, ઘઉં અને રવિનાં અન્યાન્ય ધાન્યોમ.થી $\frac{1}{3}$ વા $\frac{2}{5}$ ભાગ પ્રાપ્ત થાય છે અને કોઇ કોઈ વાર હૈમંતિક ધાન્યનો અર્ધ ભાગ પણ મળે છે. કંકૂટ અને ભુટ્ટાઈ કર વસુલ કરતી વખત ધાન્યની કિંમત બજારભાવ પ્રમાણે ગણવામાં આવે છે. કંકૂટની પ્રથાથી કોઈ કોઇ વાર અનુચિત કાર્ય પણ થાય છે. કૃષિકારો કોઇ કોઈ વાર પોતાનુ ધાર્યું સિદ્ધ કરવાને રાજકર્મચારીઓને રૂશ્વત આપે છે, જેથી રાજકર્મચારીઓ ધાન્યનો સમુદાય થોડો જણાવે છે. જ્યારે એક અધિકારી પોતાનું પેટ ભરીને ચાલ્યો જાય છે, ત્યારે વળી કોઇ બીજો અમલદાર આવે છે. હતભાગીકૃષિકાર તેને પણ પાનસોપારી આપે છે. જો તેને પાનસોપારી ન આપવામાં આવે તો તે પોતાના વરિષ્ઠ અમલદારના કાનપર એવી વાત નાખે છે કે અમુક ખેડુતને ત્યાં ધાન્ય વધારે પાકયું છે; છતાંપણ તેણે રૂશ્વત આપીને ઓછું લખાવ્યું છે. આથી બિચારો ખેડુત હેરાન હેરાન થઈ જાય છે. આ પ્રકારે કંકૂટપ્રથાથી ખેડુતોને ઘણું કષ્ટ સહન કરવું પડે છે, ઉપરાંત અમલદારોને સંતુષ્ટ કરવામાં તેમને ઘણું દ્રવ્ય ખર્ચવું પડે છે.

આ ઉપરથી સાધારણ રીતે આપણને એમ લાગે છે કે ખેડુત પોતેજ આ અનર્થનું કારણ છે, કારણ કે તે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટે રાજકર્મચારીઓને રૂશ્વત આપે છે, પરંતુ વિશેષ વિચાર કરવાથી પ્રતીત થાય છે કે ખેડુતનેજ આ અનર્થનું મૂળ ધારવું ખોટું છે; કારણ કે ખેડુતોનો મોટો ભાગ લખવાવાંચવાનું જ્ઞાન ધરાવતો નથી,તેથી તે રાજ્યવ્યવસ્થા કેમ ચાલે છે, તે કિંચિત્ પણ જાણતો નથી, આથી રાજકર્મચારીઓ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટે તેમને ભય દર્શાવી તેમનાપર અનેક પ્રકારના અત્યાચાર કરે છે. કૃષિકારોનો નેતા અને પ્રતિનિધિ પટેલ પણ પોતાનું ઉદર ભરવાને માટે કૃષિકારોના હિતાહિતપ્રત્યે કિંચિત્ પણ લક્ષ આપતો નથી. આજ કારણથી કૃષિકારોને આ નરપિચાશોના ભીષણ અત્યાચાર સહન કરવા પડે છે અને તેમને કિંચિત્ પણ સુખ નથી.

જ્યાંસુધી કૃષિકારો સ્વયં વિદ્યાભ્યાસ કરીને પોતાની રક્ષા કરી શકશે નહિ, ત્યાંસુધી કોઇ પણ પ્રકારે તેમનું મંગળ થશે નહિ. અફસોસ ! તે દિવસ ક્યારે આવશે, તે શુભ સમય ક્યારે આવશે કે જ્યારે ભારતવર્ષના કૃષિકારો અજ્ઞાનરૂપી તિમિરમાંથી મુક્ત થઇ સ્વયં પોતાનો ઉદ્ધાર કરે ? તે શુભ ઘડી ક્યારે આવશે કે જ્યારે જમીનદાર અને પ્રજાની વિષમતા જડમૂળથી ઉખડી જાય ? તે સમય ક્યારે આવશે કે જ્યારે ભારતવાસીઓ ઐક્યના પવિત્ર મંત્રથી દીક્ષિત થઇને એકબીજાને દઢાલિંગન કરી જાતીયબળ સંચિત કરે ? શું તે દિવસ આવશે ? શું સામાજિક અને રાજકીય વિષમતા દૂર થશે ? હાલ તે વિષે કાંઇપણ અભિપ્રાય આપી શકાય એમ નથી; પરંતુ આશા રાખી શકાય છે કે પતિતભારત એક વખત પુનઃ જાગૃત થશે-પુનઃ પોતાનું મસ્તક ઉન્નત કરશે. આ ઘોર વિષમતા દૂર થઈ સર્વ લોકો સુખાનુભવ કરશે.

જે દિવસે પરમ હિતકારી બ્રિટિશસરકારે મેવાડના દગ્ધ હૃદયપર શાંતિરૂપી જળનું સિંચન કર્યું, તે દિવસપછી મેવાડની દશા ઉન્નત વા અવનત થઈ તે વિષે વિવેચન કરવું એ અત્રે અમારૂં પરમ કર્તવ્ય છે; માટે હવે તે વિષેજ વિવેચન કરીએ છીએ. ઇ૦ સ૦ ૧૮૧૮ના ફેબ્રુઆરી માસથી ઇ૦ સ૦ ૧૮૨૨ ના મે માસપર્યંત મેવાડમાં જે શાસનપદ્ધતિ ચાલી હતી, તેનો અભ્યાસ કરવાથી જણાય

છે કે મેવાડની દશા ઘણે અંશે ઉન્નત થઇ છે. મેવાડની ઉન્નતિનું સ્પષ્ટ પ્રમાણ જાણવાને માટે ઇ૦ સ૦ ૧૮૨૧ના અંતિમ ભાગમાં તે દેશનાં મઉ, વરક અને કુપાશન, આ ત્રણ પ્રગણાંઓની વસ્તીની ગણત્રી કરવામાં આવી હતી. બીજા ભાગો છોડી દઇને અને માત્ર નગરવિભાગમાં કેટલી વસ્તી વૃદ્ધિગત થઈ હતી, તેજ જોઇએ તો તે આપણને અત્યંત આશાજનક જણાશે. ઈ૦ સ૦ ૧૮-૧૮ માં નગરવિભાગની અંતર્ગત ૨૬ ગામો હતાં. તેમાં કેવળ ૬ ગામોમાંજ મનુષ્યોનો નિવાસ હતો. આ ૬ ગામોમાં એકંદર ૩૬૯ કુટુંબોજ વસતાં હતાં. તેમાંનો પોણો ભાગ તો આમલીદુર્ગનો હતો. આ દુર્ગપર મહારાણાએ હમણાંજ પોતાનો અધિકાર પુનઃ સ્થાપિત કર્યો હતો. ઇ૦ સ૦ ૧૮૨૧ માં એ ૨૬ ગામોમાં-અર્થાત્ નગરવિભાગનાં સર્વ ગામોમાં-મનુષ્યની વસ્તી થઈ ગઈ. આ વસ્તી એકંદર ૯૨૬ કુટુંબોની થઈ. આ પરથી સ્પષ્ટરીતે વિદિત થાય છે કે કેવલ ત્રણ વર્ષમાંજ આ વિભાગમાં મનુષ્યની સંખ્યા ત્રણગણી થઈ હતી. મનુષ્યની વસ્તીની વૃદ્ધિ સાથે કૃષિ અને શિલ્પ-વિદ્યાની પણ ઉન્નતિ થઈ હતી. પૂર્વે જેટલાં હળ ફેરવવામાં આવતાં હતાં અને જેટલાં ક્ષેત્રોમાં વાવેતર કરવામાં આવતું હતું તેથી ચારગણાં હળો હવે ફરવા લાગ્યાં અને ચારગણાં ક્ષેત્રો વવાવા લાગ્યાં. જો શહેરવિભાગ છોડી દઇને કેવળ ખાસવિભાગવિષેજ વિચાર કરવામાં આવે, તો તે પરથી સ્પષ્ટ રીતે જ્ઞાત થશે કે તે વિભાગની ઉન્નતિ ઘણી સારી થઇ હતી. મહારાણીઓના ગ્રાસમાંથી કમલમેર, રાયપુર, રાજનગર, સાદ્રી, પુનેડા અને જિહાજપુર આ ભાગો મુક્ત કરવામાં આવ્યા. સરદારોના અધિકારમાંથી કેટલોક પ્રદેશ હસ્તગત કરવામાં આવ્યો. વળી પહાડીલોકોના હાથમાંથી મેરવાડા દેશ જીતી લેવામાં આવ્યો, તેથી થોડા સમયમાંજ એક હજાર નગરો અને ગામો મેવાડમાં સંયુક્ત થયાં. પ્રાચીન રીતિઅનુસાર આ નગરો અને ગામોને ૨૪ પ્રગણામાં વિભક્ત કરવામાં આવ્યાં અને પ્રત્યેક પ્રગણાને દશ પટેલો અથવા સો પટેલોના હાથમાં સોંપી દેવામાં આવ્યું.[૧] આ પ્રકારે ઉત્તમ પ્રબંધથી મેવાડની ઉન્નતિ થઇ. આ પ્રકારના ઉત્તમ પ્રબંધથી જે રાજકર વસુલ થવા લાગ્યો તેની સહાયથી મેવાડના રાણા સારી રીતે પોતાની પ્રતિષ્ઠા અને માનમર્યાદાની રક્ષા કરવાને સમર્થ થયા.

ઈ૦ સ૦ ૧૮૧૮ થી ઇ૦ સ૦ ૧૮૨૨ સુધીમાં મેવાડમાંથી જે રાજ્યકર વસુલ થયો હતો તે યાદી નીચે લખવામાં આવે છે. એ વાંચવાથી મેવાડની ઉન્નતિ કેટલી થઇ હતી, તે સ્પષ્ટરીતે સમજાશે.[૨]

**વાસંતિક ધાન્યની ઉપજ**

| ઈ૦ સ૦ | | ઉપજ |
|---|---|---|
| ૧૮૧૮ | રૂ. | ૪૦,૦૦૦ |
| ૧૮૧૯ | ,, | ૪,૫૧,૨૮૧ |
| ૧૮૨૦ | ,, | ૬,૫૯,૧૦૦ |

૧ મનુ ભગવાને ગામનું વિધાન નીચે પ્રમાણે કર્યું છેઃ--

**ग्रामस्याधिपतिं कुर्याद्दशग्रामपतिं तथा ।**
**विंशतीशं शतेशञ्च सहस्रपतिमेव च ॥ ११५ ॥ मनु० अध्याय ७**

**અર્થઃ**—(પટેલને) એક ગામનું આધિપત્ય આપવું અથવા દશ ગામ તેને સોંપવાં. વીસ, સો અને છેવટે હજાર ગામનું આધિપત્ય (યોગ્યતાનુસાર) તેને આપવું.

૨ કર્નલ ટૉડ જણાવે છે કે સંધિ થયા પૂર્વેની તથા તેથી ચાર વર્ષ પછીની પ્રધાન પ્રધાન નગરોની વસ્તી-ની તુલના કરવામાં આવે તો તે પરથી મેવાડદેશની ઉન્નતિ ઉત્તમ પ્રકારે પ્રમાણિત થશે. આ કારણથી મેવાડનાં પાંચ નગરોની મનુષ્યસંખ્યા નીચે પ્રકટ કરવામાં આવે છેઃ--

| નગરનું નામ | ઈ૦ સ૦ ૧૮૧૮ ની ગૃહસંખ્યા | ઈ૦ સ૦ ૧૮૨૨ ની ગૃહસંખ્યા |
|---|---|---|
| ઉદયપુર | ૩૫૦૦ | ૧૦૦૦૦ |
| ભીલવાડા | ૦ | ૨૭૦૦૦ |
| પુરા | ૨૦૦ | ૧૨૦૦ |
| મંડલ | ૮૦ | ૪૦૦ |
| ગોસુંદ | ૬૦ | ૩૫૦ |

આ સર્વ ગૃહો મનુષ્યોથી ભરાઈ ગયાં હતાં.

| | | |
|---|---|---|
| ૧૮૨૧ | ,, | ૧૦,૧૮,૪૭૮ |
| ૧૮૨૨ | ,, | ૯,૩૬,૬૪૦ |

પાછલાં બે વર્ષમાં બ્રિટિશએજંટે વિશેષ દેખરેખ રાખી નહોતી, તોપણ અધિક ઉપજ થા હતી. પૂર્વોક્ત પાંચ વર્ષમાં વાણિજ્યકરથી જે ઉપજ થઈ હતી, તેની સૂચિ પણ નીચે લખવામ આવે છે:–

| ઈ૦ સ૦ | ઉપજ |
|---|---|
| ૧૮૧૮ | રૂા. નામમાત્ર(થોડી) |
| ૧૮૧૯ | ,, ૯૬,૬૮૩ |
| ૧૮૨૦ | ,, ૧,૬૫,૧૦૮ |
| ૧૮૨૧ | ,, ૨,૨૦,૦૦૦ |
| ૧૮૨૨ | ,, ૨,૧૭,૦૦૦ |

ઉપર જે બે સૂચિ આપવામાં આવી છે, તેની સાથે જો મેવાડની પૂર્વાવસ્થાની સૂચિની તુલન કરવામાં આવે તો સ્પષ્ટરીતે જણાશે કે બ્રિટિશએજંટની સહાયથી રાણાજીએ ઉત્તમ પ્રકારે પોતાન દેશની સુધારણા કરી હતી. કૃષિ, વાણિજ્ય અને શિલ્પની વાત એક બાજુએ રાખીને જો મેવાડભૂમિમ આવેલી ધાતુની ખાણોમાં સુધારો કરવામાં આવે, તો અલ્પ સમયમાંજ મેવાડભૂમિ નંદનવનસમા સુંદર બની જાય એમાં કિંચિત્ પણ સંદેહ નથી. ૫૦ વર્ષપૂર્વે માત્ર જાવડા અને દુરેવાડની[1] કલઇન ખાણમાંથીજ પ્રતિવર્ષે ૩,૦૦,૦૦૦ રૂપિયાની ઉપજ થતી હતી. આ સિવાય મેવાડમાં ત્રાંબાની ખાણ પણ છે. આ ખાણોમાંથી મેવાડના રાણાને પુષ્કળ આમદાની થતી હતી; પરંતુ દુર્ભાગ્યવશાત્ ખાણનુ ખોદકામ બંધ થઇ ગયું છે. હમણાં તો આ રત્નભંડારોનું કોઇ નામ પણ લેતું નથી. રાણામાં ખાણ ખોદાવવાનો કિંચિત્ પણ ઉત્સાહ નથી. હાલમાં આ ખાણો જંગલોમાં પડેલી છે. જે ખાણોને મેવાડ વાસીઓ લક્ષ્મીના ભંડારતરિકે માનતા હતા, જ્યાં અગણિત માણસો રત્ન ખોદી કાઢવામાં નિમગ્ન રહેતાં હતાં, તેજ ખાણો આજે અપાર જળથી ભરેલી પડી છે. આ પાણીને કાઢી નાખી તે ખાણોને ઉદ્ધાર કરવાની કોઇને ઇચ્છા થતી નથી. ઘણા માણસો આ ખાણોનો ઉદ્ધાર થવો અસંભવિત માને છે; પરંતુ અમે તેમ માનતા નથી. હાલમાં ઓગણીસમી શતાબ્દીના વૈજ્ઞાનિકજગતમાં જો થોડી ખાણોમાંથી પાણી કાઢી નાખવું અને તેનો ઉદ્ધાર કરવો અસાધ્ય માનવામાં આવે, તોપછી વિજ્ઞાનબળ શું કામનું છે? જે વિજ્ઞાનના બળથી આજે જગતમાં અદ્દભુત કામો થઇ રહ્યાં છે, તે વિજ્ઞાનનું અનંત બળ ખાણોમાંનું પાણી કાઢી નાખવાને અને તેનો ઉદ્ધાર કરવાને અસમર્થ નિવડે, એ વાત શી રીતે માની શકાય ? જો મહારાણા વિજ્ઞાનબળનો ઉપયોગ કરે તો આજે અવશ્ય આ ખાણોમાંથી તેમને મોટી ઉપજ થાય એમ છે.

રાજકીય વૃત્તાંત ઘણું લખવામાં આવ્યું છે, માટે હવે તેને સમાપ્ત કરવું ઉચિત છે. અંગ્રેજોની સાથે સંધિ થયા પછી મહારાણા નિશ્ચિંત થયા અને આ પછી તેમના સંબંધમાં ઇતિહાસમાં લખવાયોગ્ય કોઇ ખાસ ઘટના બની નથી. ઈ૦ સ૦ ૧૮૨૯ માં મહારાણા ભીમસિંહ પરલોકવાસી થયા.



૧ સંવત ૧૬૧૮ માં જાવડાની કલઈની ખાણમાંથી ૨,૨૨,૦૦૦ રૂપિયાના અને દુરેવાડની ખાણમાંથી ૮૦,૦૦૦ રૂપિયાની ઉપજ થઈ હતી. અહીંઆંથી કલઈની સાથે થોડી થોડી ચાંદી પણ નીકળતી હતી.

# अध्याय १८ मो

મહારાણા જવાનસિંહ–તેનું ચરિત્ર–મેવાડની શાસનપ્રણાલી–માહિરવાડાના સંબંધમાં બ્રિટિશસરકારની સાથે મહારાણાને થયેલી નવીન સંધિ–રાણાનો અપરિમિત વ્યય–ઋણવૃદ્ધિ–રાજધનની ન્યૂનતા–બ્રિટિશસરકારને ખંડણી આપવામા રાણાનું અસામર્થ્ય–કોર્ટ ઑફ ડાયરેક્ટર્સની આજ્ઞા–રાણા જવાનસિંહનું અવસાન–રાણા સરદારસિંહ–સામંતોની સાથે તેમને થયેલી તકરાર–નવીન સંધિ–ઉદયપુરમાં બ્રિટિશસેના રાખવાની રાણાની પ્રાર્થના–તે વિષે બ્રિટિશસરકારનો અસ્વીકાર–રાણા સરદારસિંહનું મૃત્યુ.

મહારાણા ભીમસિંહને પદર પુત્રો થયા હતા; પરંતુ એક માત્ર જવાનસિંહસિવાય ઇતર સર્વ અકાળ મૃત્યુ પામ્યા હતા. ભીમસિંહનો સ્વર્ગવાસ થયા પછી આ જવાનસિંહજ ઈ૦ સ૦ ૧૮૨૯ માં મેવાડના સિંહાસનપર અધિષ્ઠિત થયો. આદિપુરુષ બાપ્પા રાવલના સમયથી જે વંશના રાજાઓએ વીરતા અને પરાક્રમ પ્રદર્શિત કર્યું હતું; જેમણે જાતીયસ્વાધીનતાની રક્ષા કરી હતી; સ્વરાજ્ય અને સ્વજાતિનું ગૌરવ વધાર્યું હતું તથા પોતાનું કર્તવ્ય બજાવ્યું હતું; જેમણે કર્તવ્યપાલનમાં કિંચિત્ પણ વિલંબ કર્યો નહોતો; જેઓ કર્તવ્યપાલનને માટે પોતાના પ્રાણની આહુતિ આપવામાં પણ ડર્યા નહોતા; તેજ રાજાઓના વંશજો અધોગતિને પ્રાપ્ત થઇ આલસ્ય તથા વિલાસપ્રિયતાના દાસ બની જઈ પોતાના પૂર્વજોથી વિપરીત આચરણ કરવાને પ્રવૃત્ત થયા. મહારાણા ભીમસિંહ વિલાસ અને પ્રમાદના પૂર્ણ ભક્ત હતા. તેમને આ દુર્ગુણોના દાસ બનતાં યત્કિંચિત્ પણ લાજ આવી નહોતી. તેમનો પુત્ર નવીન રાણો જવાનસિંહ તેના કરતાં પણ અધિક વાસનાઓમાં આસક્ત ને અધિક ખર્ચાળ હતો. તે સર્વથા કર્મહીન હતો. ઇંદ્રિયાસક્તિ તથા મદ્યપાનદોષથી તે એવી પતિત દશાને પ્રાપ્ત થયો હતો કે પોતાનું સર્વ ગૌરવ ભૂલી તે રાત્રિદિવસ તે દુર્ગુણોમાંજ લીન રહેતો હતો. ભીમસિંહના પરલોકવાસપૂર્વેજ મેવાડની અવસ્થા પૂર્વવત્ શોચનીય થઈ ગઇ હતી. હવે નવીન રાણાને તેના પિતા કરતાં પણ અધિક અયોગ્ય જોઇ સામંતો નિર્ભય બની પોતાનું પૂર્વસ્વરૂપ ધારણ કરી ચારે તરફ તોફાન કરવા લાગ્યા. રાજ્યના પ્રત્યેક પ્રાંતમાં પૂર્વ કરતાં પણ અધિક અત્યાચાર થવા લાગ્યા. તે એટલે સુધી કે પ્રજાના પ્રાણનું રક્ષણ થવું પણ દુર્લભ થઇ પડ્યું. પોતાની સમસ્ત પ્રજાનું પાલન કરવું, તેનું કલ્યાણ કરવું, રાજ્યમાં સુખ તથા શાંતિની સ્થાપના કરવી, ઉત્તમ પ્રકારે શાસન ચલાવવું, એ રાણા જવાનસિંહનાં મુખ્ય કર્તવ્યો હતાં; પરંતુ તેણે તે કર્મોપ્રત્યે કિંચિત્ પણ લક્ષ્ય આપ્યું નહિ. તે માત્ર પોતાની દુર્વાસનાઓ પૂર્ણ કરવામાંજ પોતાની સમગ્ર શક્તિ અને ધ્યાન રોકવા લાગ્યો.

દુષ્ટ, અધર્મી અને લાંચખોર રાજકર્મચારીઓએ આ સમયે ઉત્તમ સંધિ માની પોતપોતાનો સ્વાર્થ સાધવાને માટે રાજ્યના સર્વ ભાગોમાં ઘોર અત્યાચાર કરવા માંડ્યો. રાણો જવાનસિંહ પોતાની પ્રજાની સ્થિતિ તરફ જરા પણ દૃષ્ટિપાત કરતો નહોતો, તેથી રાજકર્મચારીઓ નિર્ભય બની પ્રજાપર ઘોર અત્યાચાર કરી તેનું દ્રવ્ય છીનવી લેતા હતા; અને આ રીતે તેને પાયમાલ કરતા હતા. આ સમયે જો કે

ઉદયપુરમાં બ્રિટિશએલચી હતો, તોપણ બ્રિટિશસરકારની આજ્ઞાથી તેણે મેવાડના શાસનમાં હાથ નાખ્યો નહોતો. બ્રિટિશસરકારની આજ્ઞા નહિ હોવાથી તેનાથી ત્યાંની પ્રજાનાં દુઃખો દૂર કરવાનો કાંઇ પણ ઉપાય થઇ શકયો નહિ. આથી ધીમે ધીમે પ્રજાનાં દુઃખો ભયંકર સ્વરૂપ ધારણ કરવા લાગ્યાં અને થોડા વખતમાં મેવાડની દશા અત્યંત શોચનીય થઈ ગઇ.

રાણા ભીમસિંહે માહિરવાડાપ્રગણાના સંબંધમાં ઈ૰ સ૰ ૧૮૨૧· માં અંગ્રેજસરકારની સાથે સંધિ કરી તે પ્રગણાનો શાસનભાર અંગ્રેજસરકારને સોંપ્યો હતો અને સેનાના વ્યયને માટે વાર્ષિક પંદર હજાર મુદ્રા આપવાનો સ્વીકાર કરી દશ વર્ષને માટે તે પ્રગણુ અંગ્રેજસરકારને સ્વાધીન કર્યું હતું. ઈ૰ સ૰ ૧૮૩૩ માં આ દશ વર્ષો સમાપ્ત થયાં.બ્રિટિશસરકારે ઉક્ત પ્રદેશને માટે નવીન વ્યવસ્થા કરવાની માગણી કરી. રાણા જવાનસિંહે શીઘ્ર આ માગણી સ્વીકારી. ગત દશ વર્ષની વ્યવસ્થાથી રાણાને સારૂં ફળ પ્રાપ્ત થયું હતું. પોલિટિકલ એજંટ લેફ્ટેનન્ટ કર્નલ લફીટની માગણી અનુસાર ત્યાં રહેતી સેનાના વ્યયને માટે પંદર હજારને બદલે વીસ હજાર મુદ્રા પ્રતિવર્ષે આપવાને રાણા રાજી થયા. માહિરવાડાના ત્રણ વિભાગ હતા. આ ત્રણે વિભાગો મહારાણા ભીમસિંહે કેવળ મુખનાં વચનથીજ બ્રિટિશસરકારને દશ વર્ષ માટે આપ્યા હતા;પરંતુ આ વખતે મહારાણા જવાનસિંહે આઠ વર્ષનો પટો[1] લખીને પુનઃ તે પ્રદેશ અંગ્રેજસરકારને આપ્યો હતો. ઈ૰ સ૰ ૧૮૩૩ ના માર્ચની સાતમી તારીખે વિચાયોર નામના સ્થાને આ પટો લખવામાં આવ્યો હતો. અંગ્રેજસરકારની તરફથી લેફ્ટેનન્ટ કર્નલ કેટે તથા મહારાણા-ની તરફથી મુખ્ય મંત્રી શેરસિંહ, પ્રધાન શ્યામનાથ પુરોહિત તથા રાય ચિરંજીવલાલે તે પર હસ્તાક્ષર કર્યા હતા. આલસ્ય, વિલાસિતા તથા ઇંદ્રિયાસક્તિ જે રાજા ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દે છે, તે રાજાનો ખજાનો અતુલ ધનથી પરિપૂર્ણ હોય તોપણ, તે અતિ શીઘ્ર ખાલી થઇ જાય છે. મહારાણા જવાનસિંહે વિલાસભોગથી મોહિત થઇને પોતાની દુર્વાસનાઓ પરિતૃપ્ત કરવા માટે અતિ અલ્પ સમયમાં પોતાનું સમસ્ત દ્રવ્ય ખર્ચી નાખ્યું. તેનો સમસ્ત ખજાનો ખાલી થઈ ગયો. જેમ જેમ તેની વય વધતી હતી, તેમ તેમ તેની વિષયાસક્તિ તથા પાપપ્રવૃત્તિ પણ વધતી જતી હતી; તેથી તેને રાજ્યપર દેખરેખ રાખવાનો અવકાશ મળતો નહોતો અને તે કારણથી રાજ્યની અવસ્થા અત્યંત ખરાબ થઇ ગઇ. રાણાનો ખજાનો ખાલી થઇ જવાથી તેણે પોતાના સામંતો તથા શ્રીમંત પ્રજાજનો પાસેથી કર્જે નાણાં કાઢવામાં પણ ત્રુટિ કરી નહિ.તેના ભોગવિલાસે તેને દિનપ્રતિદિન ઋણના ડુંગર-નીચે અધિકાધિક કચરવા માંડયો.

રાણો રાજ્યશાસનપ્રત્યે કિંચિત્ પણ ધ્યાન આપતો નહોતો, તેથી રાજ્યમાં ખર્ચ ઘણો વધી પડયો. તે બ્રિટિશસરકારની સાથે કરેલી સંધિઅનુસાર તેને જે ખંડણી આપતો હતો, તેનો બોજો પણ આ વખતે અત્યંત વધી ગયો હતો. ધીમે ધીમે રાજ્યમાં સર્વત્ર અસંતોષ અને હૃદયભેદી દુઃખનો પોકાર સંભળાવા લાગ્યો. રાણો બ્રિટિશસરકારને નિયુક્ત ખંડણી આપી શકતો નહોતો, તેથી ઇસ્ટ ઈંડિયા કંપનીએ પોતાની લંડનમાં આવેલી કૅાર્ટ ઑાફ ડાયરેકટર્સને તેવિષે ખબર કરી. કૅાર્ટ ઑાફ ડાયરેકટર્સે એવી આજ્ઞા ફરમાવી કેઃ–"જો રાણો નિયામત ખંડણી ન આપે અને પાછળની બાકી પણ વસુલ ન કરી આપે તો તેના રાજ્યનાં કેટલાંક પ્રગણા આપણા હાથમાં લઇ લ્યો. આપણી ખંડણી ગમે તે પ્રકારે વસુલ કરો."

કૅાર્ટ ઑાફ ડાયરેકટર્સની આ આજ્ઞા જે વર્ષમાં રાણાના સાંભળવામાં આવી, તેજ વર્ષના અર્થાત્

---

પટો[1]

(૧) ઉદયપુર તાબે મુગરા માહિરવાડામાંના સર્વ ગામોમાં હાલ જે શાસનપ્રબંધ ચાલે છે તે બીજાં આઠ વર્ષ સુધી ચાલુ રહેશે.

(૨) વિચાયોરના રહેવાસીઓ પૂર્વે જેમ ઉદયપુર દરબારને પંદર સહસ્ત્ર રૂપિયા આપતા હતા તેમ હવે તે બીજા પાંચહજાર ઉમેરીને રૂપિયા વીશહજાર આપશે.

(૩) બે કર્મચારીઓ રાખવા. આ ઉભય કર્મચારીઓ ઉદયપુર તાબાના માહિરવાડાનાં સર્વ ગામોની રાજવ્યવસ્થાનો હિસાબ લેશે.

(૪) આ પટાપર જ્યારે મહા માનનીય ગવર્નર જનરલના હસ્તાક્ષર થાય ત્યારે તેની એક નકલ ઉદયપુર દરબારને મોકલી આપવી.

૧૮૩૮ ના ઑગસ્ટમાસમાં વિલાસીરાણો જવાનસિંહ પુત્રહીન દશામાં પરલોકવાસી થયો. એના સમસ્ત ચરિત્રનું વર્ણન પાછળ આવી ગયું છે, માટે આ સ્થળે તેનો પુનઃ ઉલ્લેખ કરવો નિષ્પ્રયોજન છે.

રાણા જવાનસિંહના મૃત્યુ પછી તેના દત્તકપુત્ર સરદારસિંહને મેવાડનું સિંહાસન પ્રાપ્ત થયું. રાણો જવાનસિંહ ૧૯,૬૭,૦૦૦ રૂપિયાનું દેવું મૂકીને મરી ગયો હતો. આમાંના આઠ લાખ રૂપિયા તો કેવળ બ્રિટિશસરકારનેજ આપવાના હતા. સિંહાસનપર બેસતાંની સાથેજ રાણા સરદારસિંહના મસ્તકપર આ કરજનો બોજો આવી પડયો. રાણો જવાનસિંહ કેટલો ખર્ચાળ હતો તે આ કરજની રકમ જોવાથી પાઠકને વિદિત થશે.

જોકે રાણા સરદારસિંહ આળસુ અને વિલાસી નહોતા,તથાપિ તેમનો સ્વભાવ અત્યંત ઉગ્ર હતો. તેઓ સર્વ માણસોની સાથે કડકપણે વર્તતા હતા. ભીમસિંહ અને જવાનસિંહના સમયથીજ મેવાડના સર્વ સામંતો અપ્રસન્ન રહેતા હતા અને તેવામાં વળી રાણા સરદારસિંહના ઉગ્ર સ્વભાવે અગ્નિમાં ઘૃત હોમ્યું. રાણા સરદારસિંહે અત્યંત કઠોર વર્તન કરવા માંડયું, તેથી સર્વ સામંતો અત્યંત અસંતુષ્ટ થઇને વિદ્રોહી થઈ ગયા. આ તરફ રાણા સરદારસિંહે અંગ્રેજસરકારપર એવો સંદેશો મોકલ્યો કેઃ—"અમારા રાજ્યના સર્વ સામંતો સંધિપત્ર પ્રમાણે વર્તન કરતા નથી, સર્વ વિદ્રોહી બનીને પોતાને ફાવે તેવાં આચરણ કરે છે." રાણા સરદારસિંહ અને મેવાડના સામંતો વચ્ચેનો ઝઘડો કદાચ ભયંકર સ્વરૂપ ધારણ કરશે એમ ધારી પોલિટિકલ એજંટ મેજર રવિન્સને ઉભય પક્ષોની વચ્ચે પુનઃ સંધિ કરાવી.[૧] જો કે મેજર રવિન્સન મધ્યસ્થ હોવાથી મહારાણાએ સામંતોની સાથે સંધિ કરવાનો સ્વીકાર કર્યો હતો,

---

**સંધિપત્ર[૧]**

સંવત ૧૮૭૪ (ઈ૦ સ૦ ૧૮૧૮) વૈશાખમાસમાં કર્નલ ટૉડે મધ્યસ્થ થઇ ઉભય પક્ષોનું હિત કરવાની ઇચ્છાથી મહારાણા અને તેમના સામંતોના હસ્તાક્ષર કરાવી દશ નિયમોનો એક સંધિપત્ર લખાવ્યો હતો.

અનેક સામંતોએ આ સંધિપત્રપર કિંચિત પણ લક્ષ્ય આપ્યું નહિ અને તેઓ તેના નિયમોથી વિપરીત કાર્ય કરવા લાગ્યા. આથી મહારાણાએ એવો પ્રસ્તાવ રજુ કર્યો કે એક બીજો સંધિપત્ર બનાવવો અને પૂર્વના સર્વ નિયમોમાં મહારાણા તથા સામંતો ઉભયપક્ષને કલ્યાણકારક હોય એવા બીજા નિયમો ઉમેરવા. દશેરાના ઉત્સવ પ્રસંગે સર્વ જણે એકત્રિત થવું. એક સભા ભરી સંધિપત્રના સર્વ નિયમો વાંચી સંભળાવવા તથા સર્વ સરદારોને તેનો અર્થ સમજાવવો, અને પછી સંધિપત્રપર સર્વ સામંતો તથા રાણાએ હસ્તાક્ષર કરવા. આ સંધિપત્રના સર્વ નિયમોનું પાલન થવું જોઈએ. પોલિટિકલ એજંટને સાક્ષી બનાવી આ સંધિપત્ર ઉપર તેમની સહી કરાવવી. આ રીતે મેવાડના સર્વ સામંતો પોલિટિકલ એજંટ મેજર રવિન્સનની મધ્યસ્થતાથી ઈ૦સ૦ ૧૮૪૦ માં મહારાણાની સાથે સંધિબંધનમાં બદ્ધ થયા. ઈ૦ સ૦ ૧૮૧૮ માં થયેલી સંધિના દશ નિયમો સિવાય બીજા ઈતર ધારાઓ આ વખતે નીચે પ્રમાણે મંજુર કરવામાં આવ્યા.

(૧) સરદારોએ પોતાની પ્રજા ઉપર કોઈપણ પ્રકારનો અત્યાચાર કરવો નહિ અને કોઈપણ એવું કામ કરવું નહિ કે જેથી પ્રજાને પીડા થાય. રાજ્યની અવ્યવસ્થાના સમયમાં જે નવા કર, દંડ વગેરે કર્યા હોય તે એકદમ રદ કરવા. સરદારોના અત્યાચારથી જે પ્રજા મેવાડદેશ છોડીને નાસી ગઈ હોય, તે પુનઃ આવીને વસે એવા પ્રયત્નો કરવામાં ત્રુટી કરવી નહિ; તથા ઉચિત ઉપાયોથી ભૂમિની ઉપજ વધારવી.

(૨) પ્રત્યેક સરદારે પોતાની નિયુક્ત સેનાસહિત એક વર્ષમાં ત્રણ માસપર્યંત રાજધાનીમાં રહેવું. નિયમિત સમયસિવાય વિશેષ સમય ઉદયપુરમાં રહેવાની સરદારોને પરવાનગી મળશે નહિ; કારણ કે તેમ કરવાથી તેમને અધિક વ્યય અને કષ્ટ સહન કરવું પડશે. કોઇ સરદાર ગેરહાજર રહેશે અને મહારાણા તેને દરબારમાં આવવાની આજ્ઞા કરશે તો તેને આવવું પડશે. આવા સમયે મહારાણાસિવાય કોઇ પણ સરદાર તેને આજ્ઞા કરી શકશે નહિ. સર્વ સરદારોએ નિયુકત કરેલા સર્વ સેવકો પોતાની સાથે લાવવા. જો કોઇ સરદાર પોતાની સાથે ઓછા સેવકો લાવશે તો તે રાણાની અકૃપાને પાત્ર થશે.

(૩) વિદેશી શત્રુઓના પંજામાંથી મેવાડની રક્ષા કરવાને માટે રાણાએ બ્રિટિશસરકારને ખાલસા અર્થાત્ પોતાના અધિકારની જમીનની ઉપજનો ત્રીજો ભાગ ખંડણીરૂપે આપ્યો છે; પરંતુ તેમણે સામંતો પાસેથી આ ખંડણીનો હિસ્સો લીધો નથી. સામંતોની સેના વિદેશીઓનાં આક્રમણથી મેવાડનું રક્ષણ કરવાને અસમર્થ હતી તેથી બ્રિટિશસરકારને આ ખંડણી આપવી પડી છે, આથી સામંતોએ પણ ઘણા લાભ પ્રાપ્ત કર્યા છે. પૂર્વે મહારાષ્ટ્રીઓને રાજ્યની ઉપજનો ચોથો ભાગ ખંડણીતરિકે આપવો પડતો હતો અને તે છતાં પણ તેઓ રાજ્યમાં ભારે અનિષ્ટ કરતા હતા. હાલમાં આ સર્વ અનિષ્ટો અને ઉપદ્રવો શાંત થઈ ગયા છે. સામંતો હાલમાં પૂર્વ કરતાં અર્ધી સેના રાખે છે અને તેઓ પોતાનું કર્તવ્ય બજાવવામાં ઉદાસીન છે, આથી તેમની જાગીરોમાં અસંતોષ ફેલાયો છે અને તેમનું સંકટ દિનપ્રતિદિન વૃદ્ધિંગત થતું જાય છે. જે રીતે મહારાણાએ પોતાની ખાલસા

પરંતુ થોડા વખતમાં તેમના મનમાં કાંઇ ભેદભાવનો ઉદ્‌ભવ થવાથી તેમણે આ કાર્યમાં અનેક વિઘ્નો ઉપસ્થિત કર્યાં. માંહોમાંહેનો ઝઘડોજ મેવાડની અવનતિનું કારણ થયું. બ્રિટિશસરકારની કૃપાથી મેવાડ મહારાષ્ટ્રીયલૂંટારાઓના પંજામાંથી વિમુક્ત થયું હતું, તોપણ માંહોમાંહેના વિગ્રહને લીધે તે શાંતિ-સુખ પ્રાપ્ત કરી શકયું નહિ. રાણા પ્રતાપસિંહ વા રાણા રાજસિંહના પ્રબળ પ્રતાપના સમયમાં કોઈ પણ સામંતમાં તેમની વિરુદ્ધ મસ્તક ઉઠાવવાની શક્તિ હોવાની વાત તો દૂર રહી; પરંતુ તેમની વિરુદ્ધ એક શબ્દ પણ ઉચ્ચારવાની કોઇ સામંતમાં તાકાત નહોતી. જો રાણા પ્રતાપસિંહ વા રાણા રાજસિંહ પોતાના કોઇ સામંત ઉપર અત્યાચાર પણ કરે તોપણ તે તેમની સામે મસ્તક ઉઠાવવાનું કાર્ય અત્યંત ઘૃણિત માનતો. તે સમયના રાણા તથા સામંતો પોતાના સન્માનની રક્ષાને માટે એકત્રિત થઇ કાર્ય કરતા હતા; પરંતુ આ સમયમાં ઉભય પક્ષની મતિ બદલાઇ જવાથી દેશની અધોગતિ થઇ અને માંહો-માંહેના કલહે ભયંકર સ્વરૂપ ધારણ કરી ઉભયને દગ્ધ કર્યાં. આથી મેવાડની પ્રજા સ્વદેશનો ત્યાગ કરી જ્યાં ફાવે ત્યાં નાસી ગઇ. પોતાનું બળ અત્યંત ઘટી ગયેલું જોઇ રાણા સરદારસિંહે ઈ૦ સ૦ ૧૮૪૧ માં બ્રિટિશસરકારની સન્મુખ એવી દરખાસ્ત રજુ કરી કે તમારે ઉદયપુરમાં તમારી એક પાયદલસેના આ રાજ્યને સહાય કરવાને તથા સામંતોને શાસન કરવાને રાખવી; પરંતુ દીર્ઘ વિચાર કરી અંગ્રેજ-સરકારે મહારાણાની આ દરખાસ્ત સ્વીકારી નહિ.

રાણા સરદારસિંહ ઈ૦ સ૦ ૧૮૪૨ માં મૃત્યુ પામ્યા. રાણા ભીમસિંહ અને રાણા જવાનસિંહ ભોગવિલાસને આધીન હોવાથી કર્મહીન થઈ ગયા હતા અને રાણા સરદારસિંહ જો કે ઉક્ત દુર્ગુણને તાબે નહોતા, તોપણ તેઓ કઠોર વર્તનથી સમસ્ત સામંતોને અપ્રિય થઇ પડયા હતા.

---

ભૂમિમાંથી બ્રિટિશસરકારને ખંડણી આપી તે પ્રમાણે સામંતોએ પણ પોતાની જમીનની ઉપજમાંથી તેને ખંડણી આપવી જોઈતી હતી; પરંતુ તેમણે તે ઉપજને પોતાના કુટુંબ અને સેવકોના ખર્ચપૂરતી ધારી બ્રિટિશસરકારને ખંડણી આપવાની ના પાડી. આથી રાણાએ તેમની પાસેથી હિસાબ પ્રમાણે ખંડણી લીધી નહિ અને પોતાની ખાલસાજમીનમાંથી બ્રિટિશસરકારને ખંડણી આપી. મહારાણાએ એવો નિશ્ચય કર્યો છે કે સામંતોએ પૂર્વ કરતાં અર્ધી સેના રાખવી એવી જે વ્યવસ્થા કરવામાં આવી છે, તે દૂર કરવી અને તેને બદલે તેમની ઉપજમાંથી દર રૂપિયે બે આનાલેખે કર લેવો. આ કરનું નામ 'છાતૂન' રાખવું અને એ દ્વારા જે ઉપજ થાય તેમાંથી સમસ્ત રા-જ્યને માટે એક સેના ઉભી કરવી. આથી તેમને એવો સંદેહ ધારણ કરવાનું પ્રયોજન નથી કે બ્રિટિશસરકારને જે ખંડણી આપવામાં આવે છે, તે માટે છાતૂન લેવામાં આવે છે. આ છાતૂનનો ઉપજ સેનાના ખર્ચસિવાય અન્ય કોઈ પણ કામમાં વાપરવામાં આવશે નહિ. સામંતો પૂર્ણ સેના રાખે તો તેથી તેમને જે ખર્ચ થવાનો સંભવ છે તેની સાથે જો છાતૂનની તુલના કરવામાં આવે તો એ કર ઘણો હલકો જણાશે. જો આવશ્યકતા જણાતાં મહારાણા સર્વ સેનાને હાજર થવાની આજ્ઞા કરે અને તેને મેવાડની સીમા બહાર મોકલી દે તો છાતૂનકર લેવામાં આવશે નહિ. જે સરદારની સર્વ સેના આ પ્રકારે મહારાણાના ઉપયોગમાં આવશે, તેને છાતૂનકરમાંથી મુક્તિ મળશે.

(૪) કોઈ પણ ખાસ કારણસિવાય એક સરદારના અધિકારનિયેનાં ગામ અન્ય કોઈ સામંતને આપી દેવાની મહારાણાએ મનાઈ કરી છે.

(૫) છાતૂનનો કર આપવામાં જે સરદારો વિલંબ કરે તેમની પાસેથી તે કર વસુલ કરવાને માટે અશ્વારોહી સેના મોકલવી પડે; આથી તેમને ભારે હાનિ વેઠવી પડે એમ છે અને તેથી મહારાણાને કાંઈ લાભ થવાનો નથી. આથી મહામાન્ય મહારાણાએ સમસ્ત સરદારોના પ્રતિનિધિઓને બોલાવી પોતાના મંત્રીઓની સલાહ લઈ પાંચ વર્ષમાં બે વાર છાતૂનનો કર વસુલ કરવાનો નિશ્ચય કર્યો છે. જો સામંતો આ કર આપવામાં અસમર્થ નીવડસે તો તેમનાં અધિકારનાં ગામોમાંથી તે વસુલ કરવામાં આવશે અને તે કરની રકમ જેટલી ઉપજનાં ગામો ખાલસા ક-રવામાં આવશે.

એક વાર માઘ માસમાં અને એકવાર જ્યેષ્ઠ માસમાં આ કર લેવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે.

| | |
|---|---|
| બેદલાના રાવ બખ્તસિંહ | મહારાજ હમીરસિંહ |
| સલુંબરના રાજ પદ્મસિંહ | રાવત અમરસિંહ |
| દેવગઢના રાવત લહરસિંહ | રાવત ઈશ્વરીસિંહ |
| રાવત સલીમસિંહ | રાવત દુનિયાસિંહ |

# अध्याय १९ मां

**મહારાણા સ્વરૂપસિંહ-રાજ્યમાં અશાંતિ-સામંતોની સાથેનો વિવાદ-નવીન સંધિપત્ર-બ્રિટિશસરકારને ખંડણી આપવામાં ત્રુટિ-સામંતોની સાથે પુનઃ વિવાદ-સાલુમ્બર તથા દેવગણના સરદારોની ભૂમિના ઘણા ભાગપર મહારાણાનો અધિકાર-ઉભય સામંતોએ પુનઃ તેપર સ્થાપિત કરેલો પોતાનો અધિકાર-બ્રિટિશસરકારની મધ્યસ્થતા-ઉભય વચ્ચે નવીન સંધિ-પુનઃ વિવાદ-પુનઃ બ્રિટિશસરકારની મધ્યસ્થતા-વિવાદભંજન-સ્વરૂપસિંહનો પરલોકવાસ.**

રાણા સરદારસિંહ પુત્રહીન દશામાં પરલોકવાસી થયા તે પૂર્વે તેમણે પોતાના કનિષ્ઠબંધુ સ્વરૂપસિંહને દત્તક લીધા હતા. આથી રાણા સ્વરૂપસિંહ ઈ૦ સ૦ ૧૮૪૩ માં મેવાડના સિંહાસનપર અધિષ્ઠિત થયા. રાણા સ્વરૂપસિંહે રાજસિંહાસનપર વિરાજમાન થઇને રાજ્યમાં ચારે તરફ દૃષ્ટિપાત કર્યો તો તેમને જણાયું કે સર્વત્ર અવ્યવસ્થા પ્રસરી રહી છે અને રાજ્યની અવસ્થા અત્યંત શોચનીય બની ગઇ છે. સર્વ સામંતો સ્વતંત્ર બની ગયા છે અને વાણિજ્યની ગતિ મંદ પડી ગઈ છે. નવીન રાણા તરતજ સામંતોની સાથે વિવાદ કરવાને પ્રવૃત્ત થયા, પરંતુ તેમાં તેમને જય મળ્યો નહિ. ઉલટી રાજ્યમાં પુષ્કળ અશાંતિ વધી ગઇ અને સર્વ સામંતો રાણાને પોતાનો પરમ શત્રુ ગણવા લાગ્યા.

રાણા સ્વરૂપસિંહે તોફાની સામંતોનું દમન કરવાને માટે ભયંકર મૂર્તિ ધારણ કરી કઠોરતાપૂર્વક શાસન કરવા માંડ્યું. રાણા સરદારસિંહને જે સામંતો નમ્યા હતા તેઓ પણ સ્વરૂપસિંહના કઠોર વર્તનથી તેમના શત્રુ બની ગયા. રાણા અને સામંતોવચ્ચે જે વિગ્રહાગ્નિ પ્રદીપ્ત થયો હતો, તેને શાંત કરવો એ આપણું મુખ્ય કર્તવ્ય છે, એમ ધારી બ્રિટિશદૂત લૅફ્ટેનન્ટ કર્નલ રવિન્સને ઉભયપક્ષો વચ્ચે પુનઃ સંધિ કરાવવાનો નિશ્ચય કર્યો. અંતે ઈ૦ સ૦ ૧૮૪૫ ના ફેબ્રુઆરીની આઠમી તારીખે ઉભયવચ્ચે સંધિ થઇ.*

---

* પૂર્વે કર્નલ ટૉડના સમયમાં મહારાણા ભીમસિંહ તથા સરદારોની વચ્ચે સંધિ કરવામાં આવી હતી. તે સમયે દશ નિયમોનો સ્વીકાર થયો હતો. ત્યાર પછી પાંચ ધારાવાળો એક સંધિપત્ર બનાવવામાં આવ્યો હતો. અંતે કર્નલ રવિન્સનની સમક્ષ મહારાણા સરદારસિંહ તથા સામંતોએ એક સંધિપત્રનો સ્વીકાર કર્યો અને તેપર ઉભયપક્ષ તરફથી હસ્તાક્ષર કરવામાં આવ્યા; પરંતુ સામંતોએ સંધિના એક પણ નિયમનું પાલન કર્યું નથી. આ નિયમોનું યથાર્થ પાલન થાય એટલા માટે મહારાણાએ પુનઃ નિમ્નલિખિત વિશેષ ધારાઓ ઉમેરી નવો સંધિપત્ર તૈયાર કર્યો અને કર્નલ રવિન્સનની મધ્યસ્થતાનીચે ઉભયપક્ષોએ તેપર હસ્તાક્ષર કર્યા.

(૧) પ્રત્યેક વર્ષની વિજયાદશમીથી દશ દિવસપૂર્વે સર્વ સરદારોની એક સાધારણ સભા ભરવી. ત્યાર પછી મહારાણા પોતાની ઈચ્છાનુસાર ગમે તે સામંતને ત્રણ મહિનાને માટે જવાની રજા આપશે. તેઓ કયા કયા સરદારે કયા કયા સમયે હાજર રહેવું તે સારી રીતે તેમને સમજાવશે અને પછી તેમને તેમના સ્થાનપર જવાની રજા આપશે. સર્વ સરદારોની સેનાએ પોતાના કર્તવ્યપાલનમાં ત્રુટિ કરવી નહિ. જો સેના નિયુક્તસમયે હાજર નહિ થાય તથા પોતાના કર્તવ્યપાલનપ્રત્યે ધ્યાન નહિ આપે તો જે સરદારના અધિકારનીચેની તે સેના હોય તેણે રાણાને રૂપયા આપવા પડશે

(૨) જે સરદાર નિયમ પ્રમાણે જેટલી સેના રાખે છે, તેથી અર્ધી સેના આપવાથી તેનો છૂટકો થશે; પરંતુ

જો કે મહારાણા સ્વરૂપસિંહે સામંતોનીસાથે સંધિ તો કરી; પરંતુ તેમના રાજ્યની અવસ્થા કોઇ પણ પ્રકારે સંતોષદાયક થઇ નહિ. અવ્યવસ્થાને લીધે રાણાની ઉપજ ઘણી ઘટી ગઇ હતી તેથી તેમણે બ્રિટિશસરકારને ખંડણી ઓછી કરવાની પ્રાર્થના કરી. મેવાડની અવસ્થા શોચનીય થયેલી જોઇ બ્રિટિશસરકારે ઇ૦ સ૦ ૧૮૨૬ માં ખંડણીતરિકે ત્રણલાખ રૂપિયા પ્રતિવર્ષે લેવાનો સ્વીકાર કર્યો હતો; પરંતુ હમણાં જ્યારે મહારાણાએ જણાવ્યું કે આ વખતે તો મેવાડની દશા અત્યંત શોચનીય બની ગઇ છે, ત્યારે ઇ૦ સ૦ ૧૮૪૬ માં બ્રિટિશસરકારે પ્રતિવર્ષે બે લાખ રૂપિયા લેવાનો સ્વીકાર કર્યો.

જો કે કર્નલ રવિન્સને મેવાડમાં શાંતિ સ્થાપન કરવાની તથા મહારાણા અને સામંતોની વચ્ચે મૈત્રી કરાવવાની ઇચ્છાથી ઇ૦ સ૦ ૧૮૪૫ માં નવી સંધિ કરાવી તો ખરી; પરંતુ દુર્ભાગ્યવશાત્ એ વર્ષમાંજ મહારાણા અને સામંતોની વચ્ચે પ્રચંડ વિવાદ જાગ્યો. ન્યાયસહિત રાજદ્રવ્યની વૃદ્ધિ કરવી, ઉત્તમ પ્રકારે રાજ્યપ્રબંધ ચલાવવો, અપરાધીઓને ઉચિત દંડ આપવો, આવાં કર્મો કરવાને બદલે સ્વરૂપસિંહ ધીમે ધીમે સામંતોની સાથેના વિવાદાગ્નિને પ્રદીપ્ત કરવા લાગ્યા. ઉભયપક્ષના માણસો બ્રિટિશદૂતની સમક્ષ જઈ સામા પક્ષના દોષ, અત્યાચાર, સંધિના નિયમોનો ભંગ વગેરે બાબતોનું વર્ણન કરવા લાગ્યા. રાણાએ સામંતોના તાબાનાં ગામોમાં હસ્તક્ષેપ કરી ત્યાંના લોકોનો ભારે દંડ કરવા માંડયો. ઉભયપક્ષોવચ્ચેનો વિવાદ ક્રમશઃ વૃદ્ધિંગત થવા લાગ્યો. જેવી રીતે રાણાએ સામંતોને કઠોર શાસનથી પીડિત કરવા માંડયા,તેવીરીતે સામંતોએ પણ તેમના તરફ ઘૃણા દર્શાવવા માંડી. કેટલાક સરદારોએ તો તેમની આજ્ઞાનો અનાદરકરી તેમની સામે મસ્તક ઉંચકવામાં પણ કિંચિત્ વિલંબ કર્યો નહિ. આ વિવાદનું ફળ કેવલ રાણા અને સરદારોનેજ ભોગવવું પડયું નહિ, પરંતુ સમસ્ત પ્રજાને પણ અનેક પ્રકારનાં કષ્ટો સહન કરવાં પડયાં.

સલુમ્બરના અધિપતિ અને દેવગણના સરદારની સાથે મહારાણાને સૌથી અધિક વિવાદ થયો. રાણા સ્વરૂપસિંહ આ સરદારોનાં નીચ કૃત્યોથી એટલાબધા ક્રોધિત થયા કે તેમણે ઇ૦ સ૦ ૧૮૫૦ માં તેમના અધિકારનીચેનાં સર્વ ગામો પોતાના અધિકારમાં લેવાનો નિશ્ચય કર્યો. રાણા સ્વરૂપસિંહે ઉક્ત સાલમાં પુષ્કળ સૈનિકો મોકલી ઉક્ત સરદારોના તાબાનાં સર્વ ગામો બળપૂર્વક ખુંચવી લીધાં; પરંતુ અલ્પસમયમાં ઉક્ત સરદારોએ પોતાના માણસોને પુનઃ એકત્રિત કરી મહારાણાની સેનાને પરાસ્ત કરી અને પોતાનાં ગામો પુનઃ પોતાના અધિકારમાં લઇ લીધાં. જ્યારે આ પ્રકારે ઉભયસરદારોએ રાણાની સેનાને છિન્નભિન્ન કરી નાખી અને પોતાનાં ગામોપર પુનઃ પોતાનો અધિ-

---

તેને છાવનનો કર કે જે પૂર્વસંધિઅનુસાર સ્થિત થયો છે તે આપવો પડશે.

(૩) સર્વ સામંતોએ પોતપોતાના અધિકારનીચેના દેશોની ઉત્તમ પ્રકારે રક્ષા કરવી. તેમણે કોઈ પણ અન્ય રાજ્યના ચોર, લુંટારા તથા ખુનીઓને પોતાની ભૂમિમાં રહેવા દેવા નહિ. બીજા દેશના અપરાધીઓ તેમની સીમામાં આવે તો તેમણે તેમને પકડી લેવા અને તેમની પાસેથી જે કાંઈ વસ્તુ મળે તેને જપ્ત કરવી. જો અપરાધી જયપુર તથા જોધપુરના હોય તો તેની પાસેથી પ્રાપ્ત થયેલી વસ્તુ ઉક્ત રાજ્યોને સમર્પણ કરવી; કારણકે આ રાજ્યને તેમની સાથે એવો કરાર થયેલો છે.

(૪) સરદારોએ મહારાણાની સાથે સલાહસંપથી વર્તવું. જો સીમાને માટે અથવા કોઈ ઈતરકારણને લીધે ઉભય વચ્ચે ઝઘડો થાય તો એક પંચાયત નિયુક્ત કરવી. આ પંચાયતમાં સરદારોની તરફના ચાર અને રાણાની તરફનો એક માણસ નિયત કરવો. આ પંચાયત તે ઝઘડાનો નિર્ણય કરશે અને ઉભય પક્ષને તેના નિર્ણયને માન આપવું પડશે.

(૫) ઉભયપક્ષના માણસોએ આ સંધિપત્રનો સ્વીકાર કરી એના સમસ્ત ધારાઓનું સારી રીતે પાલન કરવું. સર્વ સરદારોએ મહારાણા જવાનસિંહના શાસનકાળમાં થતું હતું તેમ સંધિપત્રાનુસાર છાવનનો કર આપવો અને પ્રસન્નતાપૂર્વક પોતપોતાના કર્તવ્યનું પાલન કરવું. જો કોઇ સરદાર સંધિપત્રના એક પણ નિયમનું પાલન કરવામાં અસમર્થ થશે, તો આગળ જેમ બન્યું છે તેમ તે રાણાની અપ્રીતિને પાત્ર થશે.

રાણાની આજ્ઞાથી, મહેતા શેરસિંહ — મહારાજ હમીરસિંહ

રાવત લહરસિંહ — રાવત દુનિયાસિંહ

રાવત પૃથ્વીસિંહ

કાર સ્થાપિત કરી દીધો, ત્યારે સ્વરૂપસિંહના હૃદયમાં ભયંકર ક્રોધાગ્નિ પ્રદીપ્ત થયો; પરંતુ તેમની સંપત્તિપર પોતાનો અધિકાર સ્થાપિત કરવાની તેમનામાં શક્તિ નહોતી, તેથી તેઓ મૌન ધારણ કરી હૃદયમાં ને હૃદયમાં બળવા લાગ્યા.

અંતે મહારાણાએ તથા ઉક્ત અસંતુષ્ટ સરદારોએ પોતાના ઝઘડાનો નિર્ણય કરવાને માટે બ્રિટિશ-દૂતને મધ્યસ્થના પદપર નિયુક્ત કર્યો. આને એક ઉત્તમ સંધિ માની બ્રિટિશસરકાર પોલિટિકલ એજંટની સત્તા વધારવાનો અને રાણાની સત્તા વિશેષ ઘટાડવાનો પ્રયાસ કરવા લાગી.બાપ્પા રાવલ,રાણા પ્રતાપસિંહ અને રાણા રાજસિંહના વંશજોએ કેવલ નામના રાણા બની પોલિટિકલ એજંટનીસંપૂર્ણ આધીનતામા પોતાનો સમય વ્યતીત કરવા માંડયો. સરકારે પોતાનો અધિકાર વધારે મજબૂત કર્યો. રાણા અને સામંતોની વચ્ચેનો ઝઘડો દૂર કરવાને માટે ઇ૦ સ૦ ૧૮૫૫ માં સર હેન્રી લૉરેન્સે એક નવીન સંધિપત્ર બનાવ્યો.[1] આ સંધિપત્ર વાંચવાથી પાઠકોને સારી રીતે વિદિત થશે કે મહાત્મા ટૉડે મેવાડના પોલિટિકલ એજંટના પદપર નિયુક્ત થઇને રાજપૂતજાતિના આચારવિચાર તથા ધર્મનીતિને માન આપીને તથા તેમના સન્માનની રક્ષા કરીને તેમનું જે અપાર હિત કર્યું હતું, તે કરવાનું માટે તેમનાપદપર સ્થિત થયેલા માણસનામાં કેટલું સામર્થ્ય હોવું જોઇએ.

પ્રસ્તુત કરારનામા ઉપર કેવલ મહારાણા અને તેમના ચાર પ્રધાનોએ હસ્તાક્ષર કર્યા.આથી બ્રિટિશ પોલિટિકલ એજંટને વિશેષ સત્તા મળી. મહેતા શેરસિંહની જે સંપત્તિ મહારાણાએ છીનવી લીધી હતી

---

૧ ત્રીસ વર્ષથી મહારાણા અને તેમના સરદારોની વચ્ચે મતભેદ ચાલ્યો આવે છે. પરિશ્રમથી શાંત થયેલા સરદારોને મહારાણા રાજદ્રોહી જણાવે છે અને સરદારો મહારાણાને અત્યાચારી કહે છે.

કેવળ રાજ્યની શાંતિ અને સમસ્ત પંક્તિની પ્રજાના સુખનિમિત્તે ઉભયપક્ષની વચ્ચે મધ્યસ્થ થવાને માટે અનેક પ્રતિનિધિઓને આમંત્રણ કરવામાં આવ્યું છે.

તે પ્રમાણે કેટલાંએ સંધિપત્ર થયાં અને તે પર ઉભય પક્ષોએ હસ્તાક્ષર કરીને પોતાની સંમતિ પણ પ્રદર્શિત કરી; પરંતુ પાછળથી ઉભયપક્ષોએ સર્વ ધારાઓનો ભંગ કર્યો છે.

સામંતોએ જણાવ્યું છે કે રાણાએ અન્યાયપૂર્વક અમારી ભૂમિ ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો છે. રાણાએ તે સંબંધે જે ઉત્તર આપ્યો છે, તેપરથી સ્પષ્ટરીતે જ્ઞાત થાય છે કે રાણાએ તેમની જાગીર જપ્ત કરી છે, એટલુંજ નહિ પરંતુ કેટલાંક ગામો ખાલસા કર્યાં છે. મહામાનનીય મહારાણાએ લાવ્હાના સામંતપ્રત્યે કઠોર વર્તન કર્યું છે. તેમણે તે સામંતનો અન્યાયપૂર્વક કઠોર દંડ કર્યો છે. બીજા સરદારો પણ જણાવે છે કે મહારાણા અનેક અત્યાચાર અને વિદ્રોહ ઉત્પન્ન કરનારાં કાર્યો કરે છે.

માટે ઉભયપક્ષોએ આ પ્રકારનાં આચરણનો પરિત્યાગ કરવો આવશ્યક છે. જ્યાંસુધી મહારાણાએ ન્યાયપૂર્વક પ્રજાને સંતોષ આપનારાં કાર્યો કર્યાં અને જ્યાંસુધી તેમણે પોલિટિકલ એજંટની સલાહ પ્રમાણે કાર્યો કર્યાં, ત્યાંસુધી બ્રિટિશસરકારે પણ તેમના પક્ષનું સમર્થન કર્યું, આ વાત મેવાડની સર્વ પ્રજા જાણે છે અને ભારતવર્ષમાં ન્યાયાનુસાર રાજ્યપ્રબંધ ચાલે એવોજ બ્રિટિશસરકારનો આશય છે.

સંધિપત્ર તૈયાર કરવામાં આવ્યો તે સમયે સૌથી પહેલાં બ્રિટિશસરકારે એવી આજ્ઞા ફરમાવી હતી કે જે કોઇ આ સંધિપત્રના ધારા પ્રમાણે કાર્ય નહિ કરે તે બ્રિટિશસરકાનો અપરાધી થઇ દંડનો ભાગી થશે. જો કાંઈ વિવાદ ઉત્પન્ન થાય તો તે પોલિટિકલ એજંટ અને ગવર્નરજનરલના રાજપૂતાનામાં રહેલા એજંટની સમક્ષ રજુ કરવો અને ત્યાં વર્તમાન સંધિપત્ર તથા પ્રાચીન નીતિરીતિ ધ્યાનમાં લઇ જે નિર્ણય કરવામાં આવશે તે બન્ને પક્ષે અક્ષરશઃ માન્ય કરવો પડશે.

આ સંધિપત્રના ધારા નીચે પ્રમાણે છેઃ—

(૧) સામંતોએ ડીસેમ્બર અથવા જૂનમાસમાં કોઈ શાહુકાર અથવા વકીલદ્વારા પોતાની ઉપજમાંથી એક રૂપિયે એક આનાના હિસાબથી 'છાટૂન'કર મેવાડના મહારાણાને આપવો.

જો કોઈ સામંત આ પ્રમાણે કર આપવામાં અસમર્થ નિવડે તો તેને અવશ્ય સેંકડે બાર ટકાનું વ્યાજ આપવું પડશે.

જે લોકો પોતપોતાની ભૂમિમાં ઉત્પન્ન થયેલા ધાન્યનું યથાર્થ પરિમાણ આપવાને રાજી થશે તેની ઉપર મધ્યસ્થદ્વારા મહેસુલ નિયત કરવામાં આવશે.

જો કે સહુમ્બરના સામંતને 'છાટૂન'નો કર આપવો પડશે નહિ તોપણ તેમને બારે માસ રાજધાનીમાં રહીને

તે આ નવા કરારનામા પ્રમાણે તેમને પાછી અપાવવાને માટે બ્રિટિશસરકારે મહારાણાને પુષ્કળ આગ્રહ કર્યો. ઈ૦ સ૦ ૧૮૬૧ માં મહારાણાએ તે સંપત્તિ તેમને પાછી સોંપી. મહારાણાને અન્ય સામંતોની સાથે જે ઝઘડો હતો તે પણ એ વર્ષમાં પ્રાયઃ શાંત થઇ ગયો અને એજ વર્ષમાં મહારાણા સ્વરૂપસિંહ આ જગતનો ત્યાગ કરી ચાલ્યા ગયા. એમણે પોતાના નામના જે સિક્કા ચલાવ્યા હતા તે અદ્યાપિ ઉદયપુરમાં પ્રાપ્ત થાય છે.

---

રાણાની આજ્ઞાનું પાલન કરવું પડશે.

વર્તમાન નિયમાનુસાર જે સામંતો રૂ. ૨૦૦૦ ની ઉપજપર બે અશ્વારોહી અને ચાર પાયદલ આપે છે, તેમને હવે તેને બદલે એક અશ્વારોહી અને બે પાયદલ પ્રતિવર્ષ ત્રણ માસને માટે આપવા પડશે. આ સૈનિકોને સ્વદેશ વા વિદેશમાં જ્યાં નિયુક્ત કરવામાં આવે ત્યાં સેવા કરવી પડશે. આ સિવાય જો સેનાની આવશ્યકતા પડશે તો રાણા પ્રત્યેક અશ્વારોહીને ૧૬ રૂપિયા અને પ્રત્યેક પાયદલને ૬ રૂપિયાનો માસિક પગાર તથા ખોરાક આપશે. જો સૈનિકો કામ કરવામાં યોગ્ય નહિ જણાય તો સામંતોની પાસેથી તેના ખોરાકના પૈસા લેવામાં આવશે. પ્રત્યેક સામંતે દશેરાથી દશ દિવસ પૂર્વે પોતપોતાની સેના લઈ મહારાણાના સન્માન માટે ઉદયપુરમાં જવું અને દશેરા પછીના પાંચ દિવસસુધી ત્યાં રહેવું. આ વખતે તેમનાં કામોનો સમય નિશ્ચિત કરવામાં આવશે અને જો વિશેષ આવશ્યકતા પડશે તો પ્રત્યેક સામંતને રાણાના હસ્તાક્ષર તથા મહોરવાળો આજ્ઞાપત્ર પ્રાપ્ત કરવાને માટે પોતપોતાની સેનાસહિત હાજર રહેવું પડશે.

જેમને રાણાના તરફથી ખાનગી જાગીર મળી હોય તેમને ખાનગી 'છાતન' આપવો પડશે તથા સર્વ કાર્ય ખાનગી રીતે કરવું પડશે.

( ૨ ) "તલોચાકા બંધન" અર્થાત્ સામંતપદપર અભિષિક્ત થતા પ્રત્યેક સામંતોએ પોતાના અધિકારીઓના પ્રદેશમાં પ્રથમ વર્ષમાં અનાજ ઉત્પન્ન થયું હોય તેના મૂલ્યનો પોણો ભાગ નજરાણાતરિકે આપવો એવો જે ઠરાવ હતો તેને બદલે હવેથી દર સેંકડે ૮ રૂપિયા આપવા.

( ૩ ) ચોરી અને લૂંટના માલનુંપ્રમાણ જે સરદારના તાબાના દેશમાંથી મળી આવે તેણે ચોરી અને લૂંટથી પ્રજાને થયેલી હાનિ પૂર્ણ કરવાને માટે મહારાણાએ જે રકમ આપી હોય કિંવા નિયત કરી હોય તેનું જડેલા માલને માટે સેંકડે છ ટકા અને જડવાના માલને માટે સેંકડે બાર ટકા વ્યાજ આપવું.

( ૪ ) સામંતોએ ચોર, લૂંટારા, ઠગ, વાડરિ, મદી તથા ખુનીલોકોને પોતાના તાબાના પ્રદેશમાં આશ્રય આપવો નહિ. જે સામંતો ચોરેલા માલને અથવા તેના થોડાઘણા ભાગને ગ્રહણ કરશે તથા ચોરોની પાસેથી દ્રવ્ય લેશે, અથવા ચોરોની રક્ષા કરશે તેમને ચોરના જેવા અપરાધી ગણવામાં આવશે. પોલિટિકલ એજંટની આજ્ઞા પ્રમાણે તેમને દંડ અથવા કર આપવો પડશે. સામંતોના પ્રદેશમાં જે વણિક, વ્યવસાયી, વાણિજ્યનો માલ લઇ જનાર વણજારા અથવા મુસાફર જાય તેની ઉત્તમ પ્રકારે રક્ષા કરવી એ તેમનો ધર્મ છે અને જો કોઇ તેમનું દ્રવ્ય લૂંટી લેશે તો તે તેમને આપવું પડશે; પરંતુ તે વ્યાપારીઓએ સામંતને પોતાના આગમનની ખબર કરી પોતાની રક્ષામાટે ઉચિત ઉપાય કરવાને કહેવું પડશે. સામંતે સર્વ પ્રકારના લૂંટારાઓને પકડીને રાણાની સન્મુખ લઇ જવા પડશે. જો સામંત આ કાર્ય કરવાને અસમર્થ હોય તો તેણે અવશ્ય તે સમાચાર મહામાનનીય રાણાને નિવેદન કરવા જોઇએ. પછી પોલિટિકલ એજંટ રાણાની સાથે મળીને તે સામંતની સાથે સુવ્યવસ્થા કરશે. મેવાડનાં જે ગામોમાં ચોરો હોવાનાં ચિન્હ ઉપલબ્ધ થાય તે ગામોના નિવાસીઓએ ચોરીથી થયેલી હાનિ પૂર્ણ કરવી પડશે.

(૫) સામંતોએ મહારાણાની પાસેથી અથવા મહારાણાના પ્રતિનિધિની પાસેથી જે ધન કરજે લીધું હોય તે સર્વ તેમને ચૂકવી આપવું પડશે. મહારાણાની પાસેથી કરજે લીધેલા દ્રવ્યને માટે સેંકડે છ ટકા અને મહારાણાના પ્રતિનિધિની પાસેથી કરજે લીધેલા નાણાંને માટે સેંકડે ૯ ટકા વ્યાજ આપવું પડશે. જો મહારાણાના પ્રતિનિધિની પાસેથી દ્રવ્ય લેતી વખત વ્યાજનો કાંઇ બીજો દર ઠરાવવામાં આવ્યો હોય તો તે દર પ્રમાણે વ્યાજ ચૂકવવું પડશે. વ્યાજ આપવાનો સમય પોલિટિકલ એજંટ નિયત કરી આપશે.

(૬) નીચે લખી વિગતસિવાયના સર્વ પ્રકારના નજરાણામાંથી સર્વને મુક્ત કરવામાં આવે છે:—

ક રાણા સિંહાસનપર બેસે ત્યારે અથવા યુવરાજના પ્રથમ વિવાહપ્રસંગે ૧૬ સરદાર અને પ્રથમ શ્રેણીના બે સામંતોને રાણાની તરફથી ૮૦૦ રૂપિયા અને પૂર્વનિયમાનુસાર એકેક બબ્બે ઘોડા આપવામાં આવશે; તે વિના નીચલી શ્રેણીના સરદારોને, તેઓના ધાન્યની ઉપજના પ્રમાણમાં સેંકડે બે રૂપિયા પ્રમાણે આપવામાં આવશે.

આ વખતે મેવાડરાજ્યનો વિસ્તાર ૧૧૬૧૪ ચોરસમાઇલનો હતો અને જનસંખ્યા ૧૧,૬૧,૪૦૦ ની હતી. રાજ્યની એકંદર ઉપજ ૪૦,૦૦,૦૦૦ રૂપિયાની હતી; તેમાંથી ૧૨,૦૦,૦૦૦ રૂપિયાની ઉપજ સામંતોને ભાગે જતી હતી, પરંતુ તેઓ તેનો છઠ્ઠો ભાગ નિયમિત કરતરિકે મહારાણાને આપતા હતા. જે ખંડણી બ્રિટિશસરકારને આપવામાં આવતી હતી, તે ધાર્મિક કાર્યમાં ખર્ચવામાં આવતી હતી. તે ઉપરાંત બીજી ૧૪,૦૦,૦૦૦ રૂપિયાની ઉપજ મહારાણાને થતી હતી.

---

ख રાણાની ભગિની વા કન્યાઓના વિવાહ થાય ત્યારે સામંતોએ પોતાના ઉત્પન્ન થયેલા ધાન્યપર પ્રત્યેક રૂપિયે એક આનાના હિસાબથી રાણા ભીમસિંહના સમયની પેઠે કર આપવો અને અશ્વાદિ આપવા.

ग જ્યારે રાણા તીર્થયાત્રા કરવા જાય ત્યારે ધાન્યની પેદાશના રૂપિયામાંથી પાંચમા ભાગના રૂપિયા કર તરીકે આપવા.

(૭) વર્તમાન રાણાની ભગિનીના વિવાહપ્રસંગનો જે હિસાબ સામંતોપર બાકી છે તે તેમણે ચૂકવી આપવો.

(૮) સામંતો રાણાના અભિષેકપ્રસંગે જે નજરાણું આપે તેથી અધિક રૂપિયા તે પોતાની પ્રજા પાસેથી લઈ શકશે નહિ.

(૯) એવા અનેક સામંતો છે કે જેમણે રાણાની આજ્ઞા માની નથી અને જેમણે રાજ્યપ્રત્યે નિદ્રોહ કર્યાથી તેમને દંડ થયો છે, પરંતુ મહારાણાએ બ્રિટિશએજંટની સલાહાનુસાર સલુમ્બર અને દેવગણના સામંતોસિવાય સર્વના અપરાધક્ષમા કર્યા છે. સલુમ્બર અને દેવગનાસરદારોએ પોતાની સેનાની સહાયથી બળપૂર્વક રાણાના કેટલાક પ્રદેશપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો છે અને રાણાની સેનાને છિન્નભિન્ન કરી નાખી છે. આ અપરાધને માટે ત્યાંના પ્રત્યેક સામંતને ૨૫૦૦૦ રૂપિયા દંડતરિકે આપવા પડશે. મનુષ્યવધસિવાયના સર્વ અપરાધો મહારાણાએ ક્ષમા કર્યા છે. તપાસ કર્યા પછી જે સજા નિર્ણીત કરવામાં આવશે તે સર્વને ભોગવવી પડશે.

(૧૦) જે જે પ્રકારની જમીન હાલ જે જે સામંતોના અધિકારમાં હશે તે તે હાલ તેમનાજ અધિકારમાં રહેશે.

ભીમસિંહના રાજત્વકાળથી જે ભૂમિ આપવામાં આવી છે, તેને કોઈ મહત્ત્વના કારણવિના પાછી ખુંચવી લેવામાં આવશે નહિ અને પોલિટિકલ એજંટ તે સંબંધે તપાસ કરશે. તથા તેઓ રાણાના પક્ષના છે એમ ન જણાવા દેવાને માટે તેઓ બાર અથવા છ સામંતોની સાથે મળીને તપાસ કરશે.

સર્વ સામંતો પોતપોતાનાં ગામોની રક્ષાને માટે, ચોરો અને ડાકુઓથી જે હાનિ થઇ હોય તે પૂર્ણ કરવાને જુમ્મેદાર રહેશે.

(૧૧) દાન, વાણિજ્ય, જકાત વગેરે સર્વ પ્રકારના કરો ઉપર રાણાનો અધિકાર રહેશે.

(૧૨) કૅપ્ટન ટૉડના સમયમાં જે કર નિયત કરવામાં આવ્યા હોય તે ચાલુ રહેસે. તે સિવાયના કર દૂર કરવામાં આવશે.

(૧૩) કારીગર, ભાટ, ચારણ વગેરે લોકોના સંબંધમાં ગવર્નર જનરલના રાજપૂતાનાના એજંટે જે આજ્ઞા ફરમાવી હોય અને જેમાં રાણાએ પોતાની સમ્મતિ આપી હોય, તે આજ્ઞા તેમણે પાલન કરવી પડશે. કેદીઓનું તેમની સ્થિતિઅનુસાર ભરણપોષણ કરવું પડશે; પરંતુ કોઈ પણ કેદીપર પ્રતિદિન એક આનાથી ન્યુન કિંવા આઠ આનાથી અધિક વ્યય કરવામાં આવશે નહિ. કોઈને કોઈ પણ પ્રકારનું દુ:ખ દેવામાં આવશે નહિ.

(૧૪) મહારાણા, પોલિટિકલ એજંટ અને ત્રણ સરદારો તથા તેમના નિયુક્ત કરેલા બે પ્રતિનિધિઓ આ સર્વ મળીને સાત જણ સમાજના આચારવિચાર ધ્યાનમાં લઇ દિવાની અને ફોજદારી કામના ધારા બનાવશે.

(૧૫) ન્યાયમંદિરમાં સર્વ મુકદ્દમાઓની તપાસ થશે. સામંતોના અનુચરો તથા તેમની પ્રજા વચ્ચે પરસ્પર જે મુકદ્દમા ઉપસ્થિત થાય તત્સંબંધે સામંતો સ્વયં તપાસ કરશે અને તેઓ અપરાધીઓને એક માસની કેદ અથવા દંડ કરી શકશે, તે ઉપરાંત તેઓ કાંઈ પણ સજા કરી શકશે નહિ. સામંતોની તપાસવિરુદ્ધ મંત્રીઓની આગળ અથવા પોલિટિકલ એજંટની સન્મુખ અપીલ થઇ શકશે.

ઈ૦ સ૦ ૧૮૫૭ ના સિપાઇના બળવામાં રાણાજીએ બ્રિટિશસરકારની સાથે ઉત્તમ પ્રકારનું વર્તન રાખ્યું હતું. મહારાણાએ અંગ્રેજોને આશ્રય આપ્યો હતો અને તેમને ભોજનપાનનો ઉત્તમ પ્રકારનો પ્રબંધ કરી આપ્યો હતો. તેમણે તેમના પ્રાણનો ભય સારી રીતે નિવૃત્ત કર્યો હતો. આ ઉપકાર-

---

(૧૬) ખુની, લુંટારા અને વિશ્વાસઘાતીઓ સિવાય આશ્રય આપવો.

(૧૭) મહારાણા વંશપરંપરાથી પ્રાપ્ત થતા મંત્રીપદની પ્રણાલી દૂર કરશે અને તે કદિ પણ પ્રચલિત થશે નહિ; તથા કોઈ વિષ મહત્વની બાબત ઉપસ્થિત થશે તો મહારાણાની ઈચ્છાનુસાર કોઈ વિશેષ સ્થાનમ પોલિટિકલ એજંટ અને ચાર પાંચ રાજભક્ત તથા સચ્ચરિત્રવાન સરદારોની સલાહથી તત્સંબંધે વિચાર કરવામાં આવશે અને ત્યાં થયેલા નિર્ણય પ્રમાણે કાર્ય કરવામાં આવશે.

(૧૮) સામંતોનાં દેવમંદિરો તથા ધર્મશાળાઓ ઇત્યાદિમાં પ્રાચીન પ્રણાલીઅનુસાર તેમનો સર્વ પ્રકારનો અધિકાર અચળ રહેશે અને સામંતોને રાજભક્તિના શપથ લેવાની પ્રાચીન રીતિ સ્વીકારવી પડશે.

(૧૯) જાદુમંત્રકરનારને પકડવા નહિ. વિષપ્રયોગનો મુકર્દમો ઉપસ્થિત થતાં મહારાણા તત્સબંધે તપાસ કરશે.

(૨૦) મહારાણા મંત્રીઓની સલાહાનુસાર દ્રવ્યદંડ કરશે અને દંડનું કારણ બતાવશે. જે સામંતોને પ્રથમથી દ્રવ્યદંડ કરવાનો અધિકાર મળ્યો હોય તેમને આ નિયમ લાગુ પડે છે. સમનપર માત્ર મંત્રીઓજ હસ્તાક્ષર કરી શકશે અથવા કર્નલ ટૉડ વગેરે બ્રિટિશ એજંટના સમયમાં જેમણે હસ્તાક્ષર કર્યા હોય તેઓજ કરશે.

(૨૧) બ્રિટિશસરકારની સેનાનો કર્મચારી વર્તમાન અને ભવિષ્યમાં ભૂમિની સીમા સંબંધી સમસ્ત કલહની મીમાંસા કરશે. જેણે એક પક્ષની સીમાનું ચિન્હ નષ્ટ કરી દીધું હોય તેને ઉભયપક્ષના ખર્ચનો બોજો ઉઠાવવો પડશે અને તપાસને અંતે તેને દંડ પણ કરવામાં આવશે.

(૨૨) મહારાણાની સમ્મતિથી પ્રચલિત આચારવ્યવહારાનુસાર સામંતો હિંદુને પોતાનો દત્તકપુત્ર બનાવી શકશે. સામંતનો પરલોકવાસ થયા પછી, જો તેને પુત્ર ન હોય તો તેની વિધવા સ્ત્રી પોતાની કુટુંબીઓની સલાહથી દત્તકપુત્ર ગ્રહણ કરશે. જો આ બાબતમાં કાંઈ વિક્ષેપ પડે તો તેની ખબર પોલિટિકલ એજંટને કરવી.

(૨૩) એકલિંગજી, નાથદ્વારા, પાંચોલી, બિહારીદાસ અને ચોબાઓને જે ભૂમિ દાન કરવામાં આવી છે, તે ભૂમિનો ઉપભોગ તેમના ઉત્તરાધિકારીઓ કરી શકશે.

(૨૪) જે સરદારોનાં ઘર રાજધાની ઉદયપુરમાં છે, તેઓ જ્યાંસુધી ઉદયપુરમાં નિવાસ કરે ત્યાંસુધી તેઓ પોલિટિકલ એજન્ટની સમ્મતિસિવાય પોતાનો અધિકાર કોઈને પણ સોંપી શકશે નહિ. તેઓ પેસોલા સરોવરમાંથી કર આપ્યા વિના પાણી લઇ પોતાના બગીચામાં તેનું સિંચન કરી શકશે.

(૨૫) સામંતો પોતાની કેટલીક પૃથ્વી અથવા ઘર કોઇને દાન કરશે તો મહારાણા તેમાં હસ્તક્ષેપ કરશે નહિ. જે સેનાને આગળથી પગાર આપવામાં આવે છે તેની પાસેથી તેનું વ્યાજ લેવામાં આવશે નહિ. પગારદાર સેનાને કોઈ પણ પ્રકારનો વ્યાપાર કરવા દેવામાં આવશે નહિ.

(૨૬) પ્રથમ એવો કરાર કરવામાં આવ્યો છે કે સરદારોએ એકસાથે પોતાનાં સૈન્ય એકત્રિત કરીને આવવું નહિ. આ કરાર તેમણે માન્યો નથી. હાલમાં આ પ્રકારનું સમ્મિલન નિષ્પ્રયોજન છે. આવાં એકત્રિત સૈન્યનો દુરુપયોગ શીઘ્ર થઈ શકે છે; માટે હવે પછી જો કોઈ સૈન્ય એકત્રિત કરશે તો તેને રાજ્યના શત્રુ માનવામાં આવશે અને તેની સાથે તે પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે.

(૨૭) પ્રત્યેક સરદારે એક એક પ્રતિનિધિ રાણાની સભામાં મોકલવો અને તેનાદ્વારા સર્વ પ્રકારનાં કાર્યો કરાવવાં; કેવળ સન્માનિત ગૃહસ્થનેજ પોતાના પ્રતિનિધિતરિકે ચુંટી કાઢવો. આ પ્રતિનિધિને તેના સ્વામીના પદ પ્રમાણે સન્માન મળશે.

(૨૮) રાણા અને સામંતોના સર્વ કૃષિકારો પોતાની ઈચ્છાનુસાર ગમે તે સ્થાનમાં નિવાસ કરી શકશે. તેમની ઉપર કોઇ પણ અત્યાચાર કરી શકશે નહિ. સમસ્ત પ્રજાએ નાના વા મોટા મુકર્દમાની અપીલ પોલીટિકલ એજંટની સન્મુખ કરવી.

(૨૯) રાણા જે પ્રમાણે ડાક અને ચૅાકીની રક્ષાને માટે કર આપે છે તે પ્રમાણે સરદારોએ પણ પોતપોતાની

નાં અરસામાં બ્રિટિશસરકારે મહારાણાને કોઇ નવો પ્રદેશ આપ્યો નહિ; પરંતુ તેમના જે નીમચ, જાવદ અને ગદવાડ નામના પ્રદેશો બ્રિટિશસામ્રાજ્યમાં સંયોજાઈ ગયા હતા, તે તેમને પાછા અર્પણ કર્યાં.



જાગીરમાંથી કર આપવો.

(૩૦) આ કરારપત્રપર હસ્તાક્ષર થઇ જાય તે પછી પૂર્વના કરારનામાના સર્વ ધારાઓ રદ થઈ જશે. જો ત્યારપછી રાણા અને સરદારોની વચ્ચે કાંઇ વિવાદ ઉત્પન્ન થશે તો ત્રણ દિવસના અરસામાં તે મુકદ્દમો મેવાડમાં રહેતા પોલિટિકલ એજંટ અને રાજપૂતાનાના ગવર્નરજનરલના એજંટની પાસે તપાસને માટે રજુ કરવો. અહીંઆં જે નિર્ણય થશે તેને અંતિમ નિર્ણયવત્ માનવો પડશે. જો ઉપર કહેલા નિશ્ચિત સમયમાં મુકદ્દમો રજુ કરવામાં નહિ આવે તો તેને અયોગ્ય માની કાઢી નાખવામાં આવશે.

# अध्याय २० मो

**મહારાણા શંભુસિંહ–શાસનસમિતિની સ્થાપના–શાસનકર્તાઓનો અત્યાચાર–શાસનસમિતિનો ભંગ–પોલિટિકલ એજંટના હાથમાં આવેલો મેવાડનો અધિકાર–મેવાડમાં શાંતિની સ્થાપના–મહારાણા શંભુસિંહને આપેલી રાજ્યશાસનની શિક્ષા–બ્રિટિશસરકારે મહારાણાને દત્તકપુત્ર લેવાનો આપેલો અધિકાર–મહારાણાને મળેલી ઉપાધિ–મહારાણા શંભુસિંહને મળેલો રાજ્યાધિકાર–તેમનું અકાળમૃત્યુ.**

મહારાણા સ્વરૂપસિંહ પુત્રહીન અવસ્થામાં અવસાન પામ્યા પછી તેમના ભત્રીજા શાર્દૂલસિંહના બાળપુત્ર શંભુસિંહને ઇ૦ સ૦ ૧૮૬૧ માં સિંહાસન પ્રાપ્ત થયું. બ્રિટિશસરકારની દરખાસ્તથી શીઘ્ર એક શાસનસમિતિ સ્થાપન કરવામાં આવી અને તેમાં કેટલાક માનવંત સરદારોને સભાસદ તરીકે નિયત કરવામાં આવ્યા. આ સભાસદો રાણાના નામથી મેવાડનું શાસન ચલાવવા લાગ્યા; પરંતુ તેમને શાસનના સંબંધમાં સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત થયેલો નહિ હોવાથી તેઓ બ્રિટિશસરકારની સલાહ પ્રમાણે કાર્ય કરવા લાગ્યા. શાસનસમિતિના સભ્યો ન્યાયયુક્ત પ્રચલિત વિધિઅનુસાર શાસન કરવાને બદલે પોતાની ઇચ્છાનુસાર રાજ્યપ્રબંધ ચલાવવા લાગ્યા. આથી શીઘ્ર તેનાં કડુફળ મળવા લાગ્યાં. મેવાડમાં ચારે તરફ અત્યાચારનો પોકાર પડવા માંડયો. અવિચાર, સ્વેચ્છાચાર તથા પીડનનો અગ્નિ પ્રજ્વલિત થવાથી મેવાડનિવાસીઓ પુનઃ અત્યંત વ્યથિત થયા. પોલિટિકલ એજંટની સૂચના અને સલાહપ્રતિ શાસનસમિતિના સભ્યોએ લક્ષ્ય આપ્યું નહિ તેથી બ્રિટિશસરકારે મેવાડના શાસનની નવીન વ્યવસ્થા કરવાનો નિશ્ચય કર્યો. અંતે વિશેષ વિચાર અને તર્કવિતર્ક કરી બ્રિટિશસરકારે શાસનસમિતિનો ભંગ કર્યો અને તે નવીન વ્યવસ્થા કરવાને પ્રવૃત્ત થઇ. તેણે એક નવીન શાસનસમિતિ સ્થાપન કરી બીજા સુયોગ્ય સામંતોને તેના સભ્યતરિકે નિયુક્ત કરવાનો વિચાર કરવા માંડયો; પરંતુ પોલિટિકલ એજંટના અભિપ્રાયાનુસાર તેને સમસ્ત મેવાડમાં ઉક્ત પદને શોભાવે એવો એક પણ સરદાર ઉપલબ્ધ થયો નહિ. આથી નવીન સમિતિ સ્થાપન કરવાનો વિચાર તેણે માંડી વાળ્યો; પરંતુ અમે નિશ્ચયપૂર્વક માનીએ છીએ કે સમસ્ત મેવાડમાં શાસનસમિતિના પ્રતિનિધિના પદને શોભાવે એવો એક પણ સામંત પોલિટિકલ એજંટને જણાયો નહિ, એ વાત વિશ્વાસપાત્ર નથી. અવશ્ય એનું કાંઇ ગુપ્ત કારણ હોવું જોઇએ; પરંતુ અંતે એક શાસનસમિતિ સ્થાપન કરવામાં આવી અને તેના સભ્યતરિકે ત્રણ સામંતોને નિયુક્ત કરવામાં આવ્યા તથા તેમાંના એક સામંતને સભાપતિ બનાવ્યો. પોલિટિકલ એજંટે પોતે આ સમિતિના સભાપતિને ચુંટી કાઢયો હતો; પરંતુ ઉક્ત સરલ સ્વભાવના રાજપૂતસામંતે કહ્યું કે જ્યાંસુધી શાસનના સંબંધમાં મને સંપૂર્ણ સત્તા આપવામાં આવશે નહિ, ત્યાંસુધી હું શાસનભાર ગ્રહણ કરીશ નહિ. કોઇ પણ સામંતને શાસનસંબંધી સંપૂર્ણ સત્તા આપવાની બ્રિટિશસરકારની ઇચ્છા નહોતી, આથી પોલિટિકલ એજંટ સ્વયં સભાપતિ બન્યો અને બે રાજપૂતસામંતો સાધારણ સભ્યો બન્યા. આથી ઘણા જણને એવો સંશય આવ્યો કે પોલિટિકલ એજંટે મેવાડનું શાસન સંપૂર્ણ સત્તા સાથે ચલાવવાની ઇચ્છાથીજ રાજપૂતસભાપતિના માર્ગમાં બાધા ઉત્પન્ન કરી હતી.

પોલિટિકલ એજંટે શાસનભાર ગ્રહણ કર્યો તેથી મેવાડમાં સુધારા અને ઉપજની વૃદ્ધિ થવામાં વિલંબ લાગ્યો નહિ. મેવાડમાં સંપૂર્ણ શાંતિ ફેલાઈ ગઇ અને સર્વ અવ્યવસ્થા દૂર થઇ ગઇ. બ્રિટિશસરકારની આ વ્યવસ્થા અત્યંત પ્રશંસાપાત્ર થઈ. બ્રિટિશસરકારે મહારાણાને રાજ્યશાસનની શિક્ષા આપવાની આજ્ઞા કરવાથી પોલિટિકલ એજંટે તેમને શાસનસંબંધી તથા રાજધર્મની સંપૂર્ણ શિક્ષા આપી હતી. સિપાઇઓના બળવા પછી ભારતવર્ષના પ્રથમ વૉઇસરૉય લૉર્ડ કૅનિંગે ભારતવર્ષના સમસ્ત દેશીરાજાઓને દત્તક લેવાનો અધિકાર આપ્યો છે, તે મુજબ દેશી રાજાઓના અગ્રેસર મેવાડના મહારાણાને પણ દત્તક લેવાનો અધિકાર પ્રાપ્ત થયો.[1] સિપાઇઓનો બળવો શાંત થયા પછી ભારતસામ્રાજ્ય ઇસ્ટઈંડીઆ કંપનીના હાથમાંથી ઈંગ્લાંડની મહારાણી વિક્ટોરિયાના હાથમાં ગયું.હવે દેશી રાજાઓના સન્માનની વૃદ્ધિને અર્થે એક પ્રકારની નવી ઉપાધિ યોજવામાં આવી. આ ઉપાધિનું નામ "ભારતનક્ષત્ર" ( સ્ટાર ઑફ઼ ઇન્ડીઆ ) છે. મહારાણા શંભુસિંહને બ્રિટિશસરકારે પ્રથમ શ્રેણીના પદકસહિત " ગ્રેટ કમાન્ડર સ્ટાર ઑફ઼ ઇન્ડીઆ " ની મહામાન્ય ઉપાધિથી ભૂષિત કર્યા હતા. ઇ૦ સ૦ ૧૮૫૭ ના સિપાઇઓના બળવાપ્રસંગે ઉદયપુરના મહારાણાએ બ્રિટિશસરકારને વિશેષ સહાય કરી હતી, તેથીજ તેમને પુરસ્કારસ્વરૂપે આ ઉપાધિ મળી હતી; પણ આ સ્થળે એક અત્યંત અરુચિકર વિષયનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. અમારા પાઠકોને આ વાત સુવિદિત છે કે કે સિંધિઆ અને હોલ્કરે અન્યાયપૂર્વક મેવાડના ઘણા ભાગોપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો હતો. જે સમયે મહારાણા ભીમસિંહે બ્રિટિશસરકારની સાથે પ્રથમ સંધિ કરી હતી તે સમયે બ્રિટિશસરકારે પ્રતિજ્ઞા કરી હતી કે:–'સુયોગ પ્રાપ્ત થતાં, સિંધિઆ અને હોલ્કરે અન્યાયપૂર્વક હસ્તગત કરેલા સર્વ પ્રદેશો મહારાણાને પાછા અપાવવાને અમે અમારાથી બનતા સર્વ પ્રયત્નો કરીશું.' ઉક્ત ભાગો બ્રિટિશસરકારની સહાયથી પુનઃ પોતાને પ્રાપ્ત થશે એવી આશાથી મહારાણા ભીમસિંહ પોતાનો સમય વ્યતીત કરતા હતા. તેમના પછીના રાણાઓએ પણ પોતાનું જીવન આજ આશામાં પૂરૂં કર્યું હતું. હવે ઇ૦ સ૦ ૧૮૫૭માં જ્યારે ભયંકર બળવો જાગ્યો, ત્યારે મેવાડના સર્વ રાજપૂતસૈનિકોએ અને સ્વયં મહારાણા સ્વરૂપસિંહે બ્રિટિશસરકારને વિશેષ સહાય કરી. આ વખતે મેવાડના પોલિટિકલ એજંટ કૅપ્ટન સૅન્ડર્સને રાણાની દીર્ઘકાળની પ્રાર્થના લક્ષમાં લઇ મહારાણાના પૂર્વતાબાના નિસ્તારિયા પ્રદેશપર તેમનો અધિકાર પુનઃ સ્થાપિત કરવાની રાણાની સેનાને આજ્ઞા કરી. આ આજ્ઞા પ્રાપ્ત થતાંજ મેવાડની સેનાએ તે પ્રદેશ હસ્તગત કર્યો.

મહારાણા શંભુસિંહ ઇ૦ સ૦ ૧૮૬૫ ના નવેમ્બરની ૧૭મી તારીખે મેવાડના સિંહાસનપર વિરાજમાન થયા; પરંતુ અફ઼સોસ ! તેમનો અધિકાર દીર્ઘકાળપર્યંત તેમના હસ્તમાં રહ્યો નહિ. સિંહાસનપર બેઠા પછી ઘણાજ અલ્પકાળમાં અર્થાત્ ઇ૦ સ ૧૮૭૪ ના ઑક્ટોબરની ૭ મી તારીખે ૨૭ વર્ષની ઉંમરે તેઓ પુત્રહીન અવસ્થામાં પરલોકવાસી થયા. મહારાણા શંભુસિંહનું અકાળમૃત્યુ થવાથી મેવાડની સમસ્ત પ્રજા શોકસાગરમાં ડૂબી ગઇ. નિર્દય વિધાતાએ તેમની સુખાશા જડમૂળથી નષ્ટ કરી !

આ વખતે મેવાડરાજ્યનો વિસ્તાર ૧૧૬૧૪ ચોરસમાઇલ, લોકોની સંખ્યા ૧૧,૬૧,૪૦૦, પાયદલ સૈનિકોની સંખ્યા ૧૫૧૦૦, ઘોડેસ્વારોની સંખ્યા ૬૨૪૦, ધનુષ્ય ૫૩૮ અને ઉપજ ૪૦,૦૦,૦૦૦ રૂપિયાની હતી.

---

[1] " મહામાન્ય મહારાણી વિક્ટોરિયાની એવી અભિલાષા છે કે ભારતવર્ષના જે રાજાઓ હાલમાં પોતપોતાના દેશમાં શાસન કરે છે, તે સર્વના દેશમાં ચિરકાળપર્યંત તેમના વંશજો અધિકાર ચલાવશે અને તેમના વંશનું સન્માન સદા અક્ષત રીતે રક્ષિત રહેશે. અમે જણાવીએ છીએ કે જો રાજાને પુત્ર ન થાય તો તેઓ પોતાની પ્રાચીન પ્રણાલી અનુસાર દત્તકપુત્ર લઈ શકશે. સરકાર આ કાર્યમાં સમ્મતિ આપવાને કાંઈ પણ આનાકાની કરશે નહિ.

જ્યાંસુધી રાજા રાજ્યભક્ત રહેશે અને બ્રિટિશસરકારની સાથે થયેલી સંધિઆદિના નિયમોનું પાલન કરશે ત્યાંસુધી દત્તકવિધાનમાં વિઘ્ન નડશે નહિ. ( હસ્તાક્ષર ) કૅનિંગ "

# अध्याय २१ मो

**મહારાણા સજ્જનસિંહ-મેવાડની શાસનવ્યવસ્થા-શિક્ષણની આવશ્યક્તા-ભારતના ભાવી સમ્રાટની સાથે મહારાણાની મુલાકાત-મહારાણી વિક્ટોરિયાનું "ભારતેશ્વરી" પદ ધારણ કરવું અને તે વખતના દરબારમાં મહારાણાની હાજરી-વર્તમાન મેવાડનું સંક્ષિપ્ત વર્ણન-મહારાણા ફત્તેહસિંહનું રાજ્યશાસન-ઉપસંહાર.**

મહારાણા શંભુસિંહના અકાળમૃત્યુ પછી તેમના ભત્રીજા શક્તિસિંહ અને સોહનસિંહમાંથી કોઇને પણ રાજ્યલાભ થવાનો સંભવ નહોતો; પરંતુ મહારાણા શંભુસિંહને જ્યારે બચવાની આશા રહી નહિ, ત્યારે તેમણે બ્રિટિશસરકારે આપેલા દત્તક લેવાના અધિકારાનુસાર પોતાના જ્યેષ્ઠ ભત્રીજા સજ્જનસિંહને દત્તક લીધા. આ વખતે સજ્જનસિંહની વય સોળ વર્ષની હતી. મહારાણા શંભુસિંહનો પરલોકવાસ થયા પછી મહારાણા સજ્જનસિંહ મેવાડના સિંહાસનપર બેઠા.

મહારાણા સજ્જનસિંહ સિંહાસનપર બેઠા કે તરતજ મેવાડના શાસનની વ્યવસ્થા પણ પરિવર્તિત થઈ ગઇ. હજી મહારાણા વ્યવહારકુશળ થયા નહોતા, તેથી પુનઃ શાસન-સમિતિ સ્થાપન થઇ અને મહેતા ગોકુલચંદ અને અર્જુનસિંહ મંત્રીતરિકે નિયુક્ત થયા. બીજા ચાર સરદારોની સાથે મળી ઉક્ત મંત્રીઓ શાસનભાર વહન કરવા લાગ્યા. પોલિટિકલ એજંટ આ શાસન-સમિતિના સભાપતિ થયા હતા. આ શાસનસમિતિએ મેવાડમાં સુખ અને શાંતિના ઉપાયો યોજવામાં જરાપણ વિલંબ કર્યો નહિ. થોડા વખતમાં આ ઉત્તમ રાજવ્યવસ્થાનું શુભ ફળ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થવા લાગ્યું.

નવીન શાસનસમિતિએ સૌથી પ્રથમ એક વિશેષ આવશ્યક કાર્યમાં હાથ નાખ્યો. જો કે મધ્યકાળમાં અનેક રાજદ્વારીપુરુષોએ પોતાની ઉત્તમ રાજનીતિજ્ઞતા પ્રદર્શિત કરી છે, અનેક વીરપુરુષો પોતાના અદ્‌ભુત બાહુબળથી પોતાના વંશનું સન્માન અને ગૌરવ વૃદ્ધિંગત કરી ગયા છે; પરંતુ તેમાંના માત્ર થોડા જણસિવાય કોઇએ પણ વિદ્યારૂપી અમૃતનું પાન કર્યું નહોતું. જે રાજાઓ સુશિક્ષિત હોય છે, તેઓજ રાજધર્મ અને રાજનીતિથી અભિજ્ઞ હોય છે અને તેઓજ પ્રજાનાં સુખ અને શાંતિની વૃદ્ધિ કરે છે, એ વાતથી કોણ અપરિચિત છે ? તે સમયમાં દેશીરાજાઓને જે શિક્ષણ મળતું હતું, તેને સર્વાંગસંપૂર્ણ કહી શકાય એમ નથી. એ શિક્ષણ નામમાત્રનુંજ હતું. વિદ્વાનો કહે છે કે કાં તો વિદ્યા સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરવી કે કાં તો સર્વથા મૂર્ખ રહેવું. સર્વ વિષયોનું અપૂર્ણ જ્ઞાન ભયંકર અનિષ્ટનું મૂળ છે. વિદ્યા એક પ્રકારની નથી, પણ અનેક પ્રકારની છે અને તે સર્વ પ્રકારની વિદ્યા ઉપર અધિકાર પ્રાપ્ત કરવો સર્વથા અશક્ય છે; પરંતુ વ્યાવહારિક વિષયોનું સંપૂર્ણ જ્ઞાન મેળવવું સર્વને આવશ્યક છે. વળી જે મનુષ્યના હાથમાં સહસ્રાવધિ અને લક્ષાવધિ મનુષ્યોનાં જીવનનું તંત્ર છે, જે મનુષ્યને સૌભાગ્યવશાત્

સિંહાસન પ્રાપ્ત થયું છે, જેનાં જ્ઞાન, બુદ્ધિ અને વિચારબળ ઉપર રાજ્ય અને સમાજની ઉન્નતિ નિર્ભર છે, જેની ઉદારતાથી સર્વ પ્રજાની ઉન્નતિનાં દ્વાર ખુલે છે, જેના ઉત્સાહ અને ઉદ્યોગના પ્રકાશથી જીવનશક્તિ સંઘટિત થાય છે, સમાજમાં ભ્રાતૃભાવની વૃદ્ધિ થાય છે, બળ અને પરાક્રમનો વિસ્તાર થાય છે અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપન થવાની પૂર્ણ સંભાવના રહે છે, તે મનુષ્યને ઉત્તમ વિદ્યાથી ભૂષિત થવું પરમાવશ્યક છે. સર્વ પ્રકારની ઉન્નતિનું મૂળ માત્ર વિદ્યા છે. વિદ્યાવિના કોઇપણ કાર્ય ઉત્તમ પ્રકારે સિદ્ધ થવું અશક્ય છે. જે દેશમાં માનસિક, શારીરિક અને નૈતિકશિક્ષાનો અભાવ હોય, તે દેશ કદિપણ ઉન્નતિને પ્રાપ્ત થઈ શકતો નથી. જ્ઞાન, બુદ્ધિ અને વિચારશક્તિ કેવળ ગ્રંથપરિશીલનથી પ્રાપ્ત થઇ શકતી નથી. ગ્રંથમાંનું જ્ઞાન તો કેવળ પાયાસ્વરૂપ છે. તે તો માત્ર ભોમીઆસ્વરૂપ છે. દેશાટન, પંડિતોની સાથે સંભાષણ વગેરેથી બુદ્ધિની વિશાળતા થવાનો ઘણો સંભવ છે. આ પ્રકારના શિક્ષણથી મનુષ્યની ઉન્નતિ થાય છે અને તે તેને દેવના પદપર અધિષ્ઠિત કરી દે છે. આ પ્રકારની માનસિકશિક્ષાની સાથે નૈતિકશિક્ષાની પણ ઘણી જરૂર છે. નૈતિકબળ એજ આ સંસારમાં સૌથી શ્રેષ્ઠ બળ છે. જેનામાં નૈતિકબળ હોતું નથી અથવા જેણે નીતિની શિક્ષાપ્રત્યે ઉદાસીનતા પ્રદર્શિત કરી હોય છે તેની માનસિકશક્તિ સર્વથા બળહીન હોય છે. મનુષ્ય એ જગતમાં એક શ્રેષ્ઠ જીવ છે. મનુષ્ય પોતાના આચારથી ઋષિ અને દેવ થઈ શકે છે અને સર્વત્ર તે પૂજાને પાત્ર થાય છે. તે સર્વ મનુષ્યોનાં હૃદયપર અધિકાર પ્રાપ્ત કરી શકે છે. જે મનુષ્ય નૈતિકબળથી બળવાન થયો હોય છે, તે સૌભાગ્યલક્ષ્મીને વરે છે અને યશનો અધિકારી થાય છે તથા જે મનુષ્ય નૈતિકબળથી હીન હોય છે તે સહસ્રાવધિ ગ્રંથોનો અભ્યાસી હોવા છતાં પણ સર્વની ઘૃણાને પાત્ર થાય છે; માટે રાજા કે જે સર્વનો નેતા છે, તેને તો અવશ્ય નૈતિકશિક્ષણની સૌથી વિશેષ આવશ્યકતા છે. રાજા જેટલો સચ્ચરિત્ર, સુશીલ અને નીતિસંપન્ન હોય છે, તેટલાજ પ્રમાણમાં તે પ્રજાને પણ તેવા ગુણોથી યુક્ત બનાવી શકે છે. વળી શારીરિકશિક્ષાની પણ તેટલીજ અગત્ય છે. અમૂલ્ય જીવનની રક્ષાને માટે દીર્ઘકાળથી જગતની સભ્ય જાતિઓમાં શારીરિકશિક્ષણનો પ્રચાર ચાલે છે. માનસિક, નૈતિક અને શારીરિક, આ ત્રણે પ્રકારનું ઉત્તમ શિક્ષણ જે રાજાને પ્રાપ્ત થયું હોય, તે રાજાદ્વારા પ્રજાનું અધિક હિત થવાનો સંભવ છે. આથીજ મેવાડની શાસનસમિતિએ ઉદાર રાજનીતિ ગ્રહણ કરી મહારાણા સજ્જનસિંહને યથાર્થ શિક્ષણ આપવાનો સૌથી પ્રથમ પ્રયાસ કર્યો.

દિવાન જાની બિહારીલાલને મહારાણાના શિક્ષકતરિકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમણે મહારાણા સજ્જનસિંહને નૈતિક અને શારીરિકશિક્ષણ આપવામાં કિંચિત્ પણ ત્રુટિ કરી નહિ. આ શિક્ષક સર્વ પ્રકારે યોગ્ય હતા. તેમના હાથનીચે મહારાણાએ અંગ્રેજી, ઉર્દુ અને માતૃભાષાનું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કર્યું. બાપ્પા રાવળના વંશજોમાંથી એમણેજ સૌથી પ્રથમ અંગ્રેજીભાષાનું જ્ઞાન મેળવ્યું.

શાસનસમિતિ કેવળ વર્તમાન મહારાણાને શિક્ષણ આપવાનો પ્રબંધ કરીનેજ શાંત થઇ નહિ; પરંતુ તેણે સર્વ પ્રજાને અંગ્રેજીશિક્ષણ આપવાને માટે ઉદયપુરમાં એક શાળા સ્થાપન કરી. આ શાળામાં એક અંગ્રેજશિક્ષકની દેખરેખનીચે અંગ્રેજી, ઉર્દુ અને લોકોની માતૃભાષાનું શિક્ષણ આપવાનો પ્રબંધ કર્યો. અનેક સામંતોના છોકરાઓ પણ આ શાળામાં શિક્ષણ લેવા લાગ્યા. જેમ જેમ શિક્ષણ-પ્રચાર થતો જશે, તેમ તેમ રાજપૂતજાતિની ઉન્નતિ થતી જશે, એમાં કિંચિત્ પણ સંદેહ નથી.

જે સમયથી નવીન શાસનસમિતિએ મેવાડના શાસનનો ભાર ગ્રહણ કર્યો, તે સમયથી રાજ્યના પ્રત્યેક ભાગમાં રહેલી અવ્યવસ્થા દૂર થઇ ગઇ અને સુવ્યવસ્થા સ્થાપિત થઈ તથા તેજ સમયથી રાજ્યની ઉપજ વધતી ગઇ. ન્યાય અને કારોબારી ખાતામાં યોગ્ય માણસોને નિયુક્ત કરવામાં આવ્યા તેથી તે ખાતાંનો પ્રબંધ સરલતાથી અને ઉત્તમ પ્રકારે ચાલવા લાગ્યો. પૂર્વે જે પ્રમાણે મેવાડની પ્રજાનો જાન-માલ અત્યાચારીઓદ્વારા નષ્ટ થતો હતો, જે પ્રમાણે ચોરો નિર્ભયતાપૂર્વક પોતાની ઇચ્છાનુસાર પ્રજાનું દ્રવ્ય લૂંટી લેતા હતા, તે પ્રમાણે હવે થતું નથી. ઉત્તમ રાજ્યપ્રબંધને લીધે આ સર્વ ઉપદ્રવો એકદમ દૂર થઇ ગયા છે. હવે સામંતોમાં પણ લડાઈઝઘડા થતા નથી. મેવાડના પ્રત્યેક ભાગમાં અપૂર્વ શાંતિ છવાઈ ગઇ છે. જો કે તોફાનીભીલો કોઇ કોઈ વખત તોફાન અને ઉપદ્રવ કરી મૂકે છે, તોપણ તેથી મેવાડના રાજ્યપ્રબંધનો કોઇ પણ પ્રકારે દોષ કાઢી શકાય એમ નથી. ભીલો સ્વભાવથીજ ઉપદ્રવી

હોય છે અને તેજ કારણથી કોઇ કોઇ વખત તેમનાં તોફાનની વાત સાંભળવામાં આવે છે. જ્યાંસુધી પહાડી અને જંગલી ભીલોમાં વિદ્યાનો પૂર્ણ પ્રકાશ પ્રસરશે નહિ, ત્યાંસુધી તેઓ સુધરશે નહિ.

મહામાનનીય ભારતેશ્વરીના જ્યેષ્ઠ પુત્ર અને ભારતના ભાવીસમ્રાટ પ્રિન્સ ઑફ વેલ્સ બહાદૂર ઈ૰સ૰ ૧૮૭૫ ના નવેમ્બર માસમાં ભારતવર્ષને જોવાની ઇચ્છાથી મુંબઇમાં આવ્યા. આ સમયે મહારાણા સજ્જનસિંહ બહાદૂર બ્રિટિશસરકાર અને પોલિટિકલ એજંટની સલાહથી મુંબઇ ગયા હતા. નવેમ્બરની પાંચમી તારીખે પ્રિન્સ ઑફ વેલ્સે મુંબઇબંદરમાં ઉતરી મહારાણા તથા અન્યાન્ય રાજાઓની મુલાકાત લીધી અને તેમના તરફથી સન્માન ગ્રહણ કર્યું. નવેમ્બરની ૬ઠ્ઠી તારીખે પ્રિન્સ ઑફ વેલ્સ મહારાણા સજ્જનસિંહની સાથે મુંબઇસરકારની મોટી મોટી ઇમારતો જોવાને ગયા. તેમણે મહારાણાને મહા આદરપૂર્વક પોતાની સાથે ફેરવ્યા હતા. તેઓ કેટલાક દિવસ સુધી મુંબઈમાં રહ્યા અને ત્યારપછી તેમણે મહારાણાના નિવાસસ્થાનમાં તેમને મુલાકાત આપી.

ઇ૰ સ૰ ૧૮૭૭ ના જાનેવારી માસની પહેલી તારીખે જ્યારે મહામાનનીય મહારાજ્ઞી શ્રીમતી વિક્ટોરિયાના પ્રતિનિધિ લૉર્ડ લીટને ભારતવર્ષની પ્રાચીન રાજધાની દિલ્લીમાં મોટો રાજદરબાર ભર્યો અને જ્યારે બ્રિટિશરાજ્ઞીને "ભારતેશ્વરી" ની ઉપાધિ મહાઆડંબર સાથે અર્પણ કરવામાં આવી,ત્યારે મહારાણા સજ્જનસિંહને પણ આમંત્રણ કરવામાં આવ્યું હતું. આ સમયે મહારાણા પુષ્કળ સામંતો અને સેવકોને લઇને દિલ્લીદરબારમાં પધાર્યાં હતા. ઇ૰ સ૰ ૧૮૭૬ ના ડિસેમ્બરની ૨૬ મી તારીખે જ્યારે મહારાણા સજ્જનસિંહ બહાદૂરે દિલ્લીમાં બ્રિટિશરાજપ્રતિનિધિઓના શિબિરમાં ગમન કર્યું, ત્યારે તેમના સન્માનને માટે સત્તર તોપો ફોડવામાં આવી હતી અને તેઓ જ્યારે તેમની મુલાકાત લઇને પાછા ફર્યાં ત્યારે અંગ્રેજીસેનાએ લશ્કરી ઢબે શસ્ત્ર નમાવી તેમને માન આપ્યું હતું. ત્યારપછી ભારતવર્ષની સરકારના વૈદેશિકમંત્રીએ તેમનો સન્માનપૂર્વક સત્કાર કરી, રાજશિબિરમાં લઇ જઇ રાજપ્રતિનિધિઓની સાથે તેમની ઓળખાણ કરાવી હતી. મહારાણાએ શિબિરમાં પ્રવેશ કર્યો કે તરતજ ભારતવર્ષના વાઇસરૉય લૉર્ડ ( સાંપ્રત અર્લ ) લીટને તેમને આદરપૂર્વક ગ્રહણ કરી પોતાની દક્ષિણ બાજુએ ઉચ્ચ આસનપર બેસાડયા અને પછી તેઓ પોતાના આસનપર બેઠા. મેવાડના ગત મહારાણાઓએ બ્રિટિશ સરકારની સાથે મિત્રતા ચાલુ રાખી હતી તે વિષે પ્રથમ વિવેચન કરવામાં આવ્યું અને ત્યારપછી એક સૈનિકે એક રમણીય પતાકા[1] લાવી વાઈસરૉયના આસનની સન્મુખ ઉપસ્થિત કરી. મહારાણા પોતાના પ્રતિનિધિઓની સાથે આગળ ગયા અને નિમ્નલિખિત શબ્દોસહિત તેમના હાથમાં તે પતાકા આપવામાં આવીઃ—" આપના વંશના રાજચિન્હોથી યુક્ત આ પતાકા સ્વયં મહામાન્ય મહારાણીના ઉપહારસ્વરૂપ છે અને તેમણે 'ભારતેશ્વરી' ની ઉપાધિ ધારણ કરી છે, તેના સ્મરણચિન્હતરિકે આપને એ ભેટ આપવામાં આવે છે. ઇંગ્લાંડના સિંહાસન તથા આપના રાજભક્ત વંશની વચ્ચે જે દૃઢસંબંધ છે તે આપ નિભાવી રાખશો તથા શાંતિ અને સુખપૂર્વક આ પતાકા ફરકાવતા રહેશો એવી અમને તથા મહારાણીને દૃઢ શ્રદ્ધા છે."

મહારાણા સજ્જનસિંહ બહાદૂરે સન્માનપૂર્વક ઉક્ત પતાકા ગ્રહણ કરી. ત્યારપછી માનનીય વાઇસરૉય બહાદૂરે લાલ સૂત્રમાં પરોવેલું એક સુવર્ણપદક[2] મહારાણાના ગળામાં આરોપિત કર્યું. વાઇસરૉયે આ પદક પહેરાવતી વખત કહ્યું કેઃ—" ભારતેશ્વરીની આજ્ઞાનુસાર આ પદકથી આપને મેં વિભૂષિત કર્યાં છે. આપ ચિરકાળપર્યંત એને ધારણ કરો. એમાં તારીખ લખવામાં આવી છે તેથી આપના વંશજોને એ ક્યારે અર્પણ કરવામાં આવ્યું છે, તેનું સદા સ્મરણ રહેશે." પદક પ્રાપ્ત થયા પછી મહારાણાને એક બીજું અધિક સન્માનસૂચક ચિન્હ મળ્યું. હવે તેમને ૨૧ તોપોનું માન આપવાનો ઠરાવ થયો. વળી મહારાણાના મંત્રી મહેતા પન્નાલાલને તથા કોશાધ્યક્ષ છગનલાલને વાઇસરોય તરફથી સન્માનસૂચક

---

૧ આ પતાકા જોવામાં ઘણી સુંદર હતી. સુવર્ણ દંડ ઉપર એક નાનો સુવર્ણનો મુકુટ હતો અને તે દંડની સાથે ચીનાઈ વસ્ત્રનો ઝાલરવાળો વાવટો ઉડતો હતો. તે વાવટાની એક બાજુએ હિંદી અક્ષરોમાં **"विक्टोरिया कैसरे हिन्द"** એમ લખેલું હતું અને તેની બીજીબાજુએ મહારાણાના વંશનાં રાજચિન્હો અંકિતહતાં.

૨ આ સુવર્ણપદકની એક બાજુએ ભારતેશ્વરી વિકટોરિયાનું મુખ હતું અને બીજી બાજુએ ઉર્દૂ, અંગ્રેજી તથા હિન્દી ભાષામાં " કૈસરે હિંદ " લખ્યું હતું.

' રાય ' ની ઉપાધિ પ્રાપ્ત થઇ.

બ્રિટિશ રાજપ્રતિનિધિ લૉર્ડ લીટન બહાદૂરે મહારાણીવિક્ટોરિયાને "ભારતેશ્વરી"ની ઉપાધિ અર્પણ થયેલી જાહેર કરી. તે પછી મહારાણા સજ્જનસિંહ બહાદૂરે ઉભા થઇને જાહેર કર્યું કેઃ–" મહામાનનીય મહારાણી વિક્ટોરિયાએ "ભારતેશ્વરી" ની ઉપાધિ ધારણ કરી છે તે માટે સમસ્ત રાજપૂતાનાના અધિપતિઓ એકમતે તેમને અભિનંદન આપે છે. મને આશા છે કે આ સમાચાર શીઘ્ર તેમનાપર તારદ્વારા મોકલવામાં આવશે." મહારાણા સજ્જનસિંહ આ પ્રકારે અધિક સન્માનિત થઇ પોતાના દેશમાં પાછા ફર્યા. એ દરબારમાં તેમને જે સન્માન મળ્યું હતું તે કાંઇ અંતિમ સન્માન નહોતું. તેમને ભારતસરકારે ઈ૦ સ૦ ૧૮૮૧ માં જી. સી. એસ. આઇ. (ગ્રેટ કમાન્ડર સ્ટાર ઑફ ઇન્ડીઆ) અર્થાત્ 'ભારતવર્ષના પ્રથમ નક્ષત્ર' ની ઉપાધિથી વિભૂષિત કર્યા. તેમણે મોટા મોટા મુકર્દમાઓ અને રાજકાર્યોને માટે એક મોટી રાજસભા સ્થાપન કરી અને યોગ્ય તથા પ્રમાણિક રાજકર્મચારીઓની પદવી તથા પગારમાં વૃદ્ધિ કરી. વળી તેમણે સડકો, પાઠશાળાઓ અને હૉસ્પીટાલો બંધાવી અને એક મુદ્રણાલય પણ સ્થાપન કર્યું. આ મુદ્રણાલયમાંથી ' સજ્જનકીર્તિસુધાકર ' નામનું એક વર્તમાનપત્ર નીકળવા લાગ્યું. આ પત્ર પ્રતિ અઠવાડીએ ઉદયપુરમાંથી નીકળે છે. તેમણે શહેરની બહાર પશ્ચિમોત્તર તરફ સજ્જનગઢ નામનો એક કિલ્લો બંધાવ્યો છે અને શહેરની પશ્ચિમ-દક્ષિણ તરફ સજ્જનનિવાસ નામનો એક બાગ તૈયાર કરાવ્યો છે. આ બાગમાં વિવિધ પ્રકારનાં ફળફૂલોના વૃક્ષો વિદ્યમાન છે. ઈ૦ સ૦ ૧૮૮૪માં મહારાણા સજ્જનસિંહજી પચીસ વર્ષની વયે થોડા દિવસ અસ્વસ્થ રહી પરલોકવાસ પામ્યા. તેમના પરલોકગમનથી માત્ર સમસ્ત મેવાડજ નહિ; પરંતુ સમસ્ત રાજસ્થાન શોકમાં ડુબી ગયું. રાજસ્થાનની બહારના લોકોને પણ તેમના અકાળમૃત્યુથી અત્યંત ખેદ થયો; કારણ કે તેઓ કુશાગ્ર, બુદ્ધિમાન, પરોપકારી, ગુણગ્રાહી, ઉદાર તથા દેશહિતૈષી હતા અને તેમની સત્કીર્તિ ભારતવર્ષમાં ચોતરફ પ્રસરી ગઇ હતી. જો કે તેઓ માત્ર મેવાડના અધીશ્વર હતા, તોપણ તેમણે સમસ્ત ભારતવર્ષનાં આર્યસંતાનોના હૃદયમાં એવી ઉંડી અસર કરી હતી કે તેમને વાસ્તવમાં સર્વ હિંદુઓના અધિપતિ માનવામાં આવતા હતા.

મેવાડરાજ્યનો વિસ્તાર ૧૧૬૧૪ ચોરસમાઇલ છે. ભારતના પાટનગર કલકત્તાથી ૧૧૩૬ માઇલ દૂર છે. સુશાસનના પ્રભાવથી હાલમાં એ રાજ્યની ઉપજ પુષ્કળ વધી ગઇ છે. એ રાજ્યની ઉપજ હાલમાં ૬૪,૦૦,૦૦૦ રૂપિયાની છે. આ ઉપજમાંથી મહારાણા બ્રિટિશસરકારને ખંડણીતરિકે ૨,૦૦,૦૦૦ રૂપિયા અને ભીલસેનાના વ્યયને માટે ૫૦,૦૦૦ રૂપિયા આપે છે. સુખ અને શાંતિને લીધે મેવાડના નિવાસીઓની સંખ્યા હાલમાં ક્રમશઃ વૃદ્ધિંગત થતી જાય છે. હાલમાં મહારાણાની પાસે ૨૫૩ ધનુષ્યો, ૧૩૩૮ ગોલંદાજો, ૬૨૪૦ અશ્વારોહીઓ તથા ૧૩૨૯૦૦ પાયદલ છે. લેફ્ટેનન્ટ કર્નલ સી. કે. સ્મિથ સી. એસ. આઇ. હાલમાં ઉદયપુરમાં રેસિડંટતરિકે રહે છે.

### શ્રી ૧૦૮ શ્રી મહારાણા ફતેસિંહજી જી. સી. એસ. આઇ.

શ્રીમાન મહારાણા સજ્જનસિંહજી નિઃસંતાન અવસ્થામાં પરલોકવાસ પામ્યા ત્યારપછી મહીમહેન્દ્ર યાવદાર્યકુલકમલદિવાકર શ્રી ૧૦૮ શ્રીમાન ફત્તેહસિંહજી ૨૪ મી ડિસેમ્બર ઈ૦ સ૦ ૧૮૮૪ માં રાજસિંહાસનપર વિરાજમાન થયા.

ક્ષત્રિયનરેશમાં જે ગુણો હોવા જોઇએ તે સર્વ ગુણો શ્રીમાન ફત્તેહસિંહજીમાં વર્તમાન છે. એમનાં પરમ વિશુદ્ધ જીવન અને સદાચરણથી પૂર્વકાળના ક્ષત્રિયરાજામહારાજાઓનાં ધર્માચરણનું સ્મરણ થાય છે. એઓ મહા પરાક્રમી, શ્રમશીલ, સંયમી, બુદ્ધિમાન, ગંભીર, મિતભાષી, દૂરદર્શી, દૃઢપ્રતિજ્ઞ અને ન્યાયશીલ છે. તેઓ શસ્ત્રસંચાલન અને અશ્વારોહણમાં સુદક્ષ છે. રાજ્યનાં મુખ્ય કામો એમની દેખરેખવિના કદિપણ કરવામાં આવતાં નથી. એઓ પ્રતિદિન પ્રાયઃ સાત કલાકપર્યંત રાજકાર્ય કરે છે. હલકી પંક્તિના માણસોની પ્રાર્થના પણ એઓ સ્વયં સાંભળે છે. મેવાડની પ્રજા સર્વથા શાંત, સુખી અને સંતુષ્ટ છે, તેનું કારણ એમના રાજ્યપ્રબંધની ઉત્તમતાજ છે. ગવર્નરજનરલના રાજપૂતાનાના એજંટ મહાશય માર્ટિન્ડેલે પોતાના વ્યાખ્યાનમાં મહારાણાસાહેબના સદ્ગુણોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે મહારાણા એક આદર્શ નરેશ છે. વર્તમાન મહારાજાઓએ એમનું અનુકરણ કરવું જોઇએ. શ્રીમાન પોતાનું મહત્ત્વ અને કુલમર્યાદા સુરક્ષિત રાખવાને પૂર્ણ કાળજી રાખે છે. પ્રાચીન નીતિરીતિ અને રાજ્યોચિત ઠાઠમાઠ જેવો

ઉદયપુરના દરબારમાં દષ્ટિગોચર થાય છે, તેવો અન્યત્ર દગ્ગોચર થતો નથી. એમનો સૌથી અધિક પ્રશસ્ય ગુણ તો એ છે કે એઓ સંપૂર્ણ રીતે સદાચારી છે. એમને એક મહારાણી છે. શ્રીમાનનું ચરિત્ર નવયુવક મહારાજાઓને માટે અનુકરણીય છે.

શ્રીમાનના રાજત્વકાળમાં વિદ્યાનીઉન્નતિ થઇ છે. પૂર્વે ઉદયપુરમાં એક સાધારણ અંગ્રેજીશાળા હતી; પરંતુ વર્તમાનકાળમાં પ્રવેશક પરીક્ષાસુધીના અંગ્રેજીઅભ્યાસનો ઉત્તમ બંદોબસ્ત કરવામાં આવ્યો છે. પ્રજાને માટે પુસ્તકાલય અને મ્યુઝિયમની પણ સ્થાપના કરવામાં આવી છે. વૈદકશાસ્ત્રની પણ ઉન્નતિ થઈ છે. રાજધાનીસિવાય કસ્બાઓમાં અને ગામોમાં પણ શાળાઓ અને ઇસ્પીતાલોની સ્થાપના કરવામાં આવી છે એમના શાસનકાળમાં જનસમાજના હિતનેમાટે અનેક નવીન સંસ્થાઓ સ્થાપના કરવામાં આવી છે તથા પૂર્વસ્થાપિત સંસ્થાઓની ઉન્નતિ કરવામાં આવી છે. શ્રીમાને પોતાના નામપરથી ફતેહસાગર નામનું એક અતિ ઉપયોગી તળાવ બંધાવ્યું છે.

શ્રીમાનને ઈ૦ સ૦ ૧૮૮૭માં મહારાણી વિકટોરિયાની જ્યુબિલિના ઉત્સવપ્રસંગે જી. સી. એસ. આઇ. ની ઉપાધિ મળી છે.

મેવાડના મહાઘટનાપૂર્ણ ઇતિહાસની અત્રે સમાપ્તિ થાય છે. જગત્પૂજ્ય ગિહલોતકુલનો ઇતિહાસ અત્રે પૂર્ણ થાય છે. વર્તમાન મહારાણાસાહેબ બહાદૂરનું વિસ્તૃત જીવનચરિત્ર લખવાની અમને પરમ અભિલાષા હતી; પરંતુ તે પ્રાપ્ત થઈ શક્યું નહિ.



# अध्याय २२ मो

**સ્ત્રીઓપ્રત્યે રાજપૂતોની ભક્તિ તથા સન્માન-રણવાસની રીતિ-રાજપૂતસ્ત્રીઓની અસીમ પતિભક્તિ-તેનાં ઉદાહરણ-રાજપૂતસ્ત્રીઓની ઉદારતા, સાહસ અને સમયોચિત વર્તન-માલિનીદેવીનું વૃત્તાંત-રાજપૂત સ્ત્રીઓની પ્રધાનતા અને તેનાં ઐતિહાસિક પ્રમાણો-અન્ય જાતિની સ્ત્રીઓની સાથે આર્ય સ્ત્રીઓની તુલના.**

સ્ત્રીઓજ જગતની સર્વ જાતિઓની ઉન્નતિનું કારણ છે, એ સત્યનો સર્વ માણસો સ્વીકાર કરે છે. મહાત્મા ટૉડનાં વચનો માનવાને સમાજતત્ત્વજ્ઞો સદા તૈયાર રહે છે. જગતની કયી જાતિએ સ્ત્રીપ્રત્યે કેવા પ્રકારનું આચરણ કર્યું, સ્ત્રીનું સામર્થ્ય, સન્માન, આદર, પરિશ્રમ અને પ્રબલતાનો વિસ્તાર કેટલો હતો, સમાજે સ્ત્રીઓને કેટલી સ્વતંત્રતા આપી હતી અને તેનું શું કર્તવ્ય નિર્માણ કર્યું હતું, તે જાણવાથીજ સમાજતત્ત્વવેત્તાઓ અમુક જાતિની ઉન્નતિ કેટલી થઇ હતી તેનું પરિમાણ કાઢી શકે છે. આર્યધર્મશાસ્ત્ર હિંદુસ્ત્રીઓને સમાજમાં ઉચ્ચસ્થાન આપે છે, એ વાત સર્વ લોકોને સુવિદિત છે અને તે વિષેની અનેક ગાથાઓ પ્રચલિત છે. હિંદુઓસિવાય અન્ય લોકો પણ આ વાત જાણે છે અને તેઓ તેટલા માટે હિંદુઓને ધન્યવાદ આપે છે. રાજપૂતસમાજમાં સ્ત્રીજાતિનું ઉચ્ચ સન્માન ચિરકાળ થી વિદ્યમાન છે. આર્યજાતિ સ્ત્રીઓને અનાદિથી લક્ષ્મીસ્વરૂપે માને છે. હિદુઓ એમ માને છે કે સુખ અને સંપત્તિની વૃદ્ધિ માત્ર સ્ત્રીની પવિત્રતાથીજ થાય છે. જ્યાં ગૃહિણી હોય છે તેજ ખરૂં ગૃહ કહેવાય છે. ગૃહિણીવિનાનું ગૃહ તે ખરૂં ગૃહ નથી. ભાર્યાહીન મનુષ્ય ગૃહસ્થ ગણાતો નથી. પરાશરસ્મૃતિ આજ પ્રમાણે કહે છે. "ભાર્યાહીન મનુષ્યને તો અરણ્યવાસ કરવોજ ઉચિત છે[1]" સ્ત્રીવિનાના મનુષ્યનું ગૃહ અરણ્યસમાનજ છે. સંસારમાં જેટલાં રત્નો છે તેમાં સ્ત્રીરત્ન સર્વોત્તમ છે. એક માત્ર સ્ત્રીજ સંસારનું જીવન, શક્તિ અને બળ છે. સર્વ પુરાણોનો પણ આજ મત છે.[2] હિંદુધર્મશાસ્ત્ર વાંચવાથી

---

१ भार्याधीनं सुखं पुंसां भार्याधीनो धनागमः ।
भार्याधीना मखोत्पत्तिर्भार्याधीनः सुखोदयः ॥
यत्र भार्या गृहं तत्र भार्याधीनो गृहे वसेत् ।
न गृहेण गृहस्थः स्यात् भार्यया कथ्यते गृही ॥ पराशरस्मृति

પુરૂષોનું સુખ, ધનપ્રાપ્તિ, યજ્ઞાદિક ક્રિયા અને સુખની વૃદ્ધિ એ સર્વ સ્ત્રીને આધીન છે. જ્યાં સ્ત્રી છે તેજ ઘર છે. ઘરમાં પણ પુરૂષે સ્ત્રીની સાથે રહેવું; કારણ કે પુરૂષ કાંઈ ઘરવડે ગૃહસ્થ બનતો નથી, પરન્તુ સ્ત્રીવડેજ ગૃહસ્થ કહેવાય છે. પરાશરસ્મૃતિ.

२ यस्य नास्ति सती भार्या गृहेषु प्रियवादिनी ।
अरण्यं तेन गन्तव्यं यथारण्यं तथा गृहम् ॥

જેના ઘરમાં મીઠાબોલી સતી સ્ત્રી ન હોય તેણે જંગલમાં જઇ રહેવું, કારણ કે જેવું જંગલ છે તેવુંજ ( સતી સ્ત્રી વિનાનું ) ઘર છે.

પ્રાચીન ઋષિમુનિઓ આર્યસ્ત્રીઓનું સ્થાન કેટલું ઉચ્ચ નિયુક્ત કરી ગયા છે તે સારીપેઠે વિદિત થાય છે. સ્ત્રીઓ માત્ર પુરુષજાતિની પશુવૃત્તિ તૃપ્ત કરવાને માટેજ સરજાઇ નથી;પરંતુ સુખ, તેમનાં શાંતિ, મંગલ, પવિત્રતા, પુણ્ય, ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું કારણ પણ સ્ત્રીઓજ છે. આર્યધર્મશાસ્ત્રોએ આ સત્ય ઉચ્ચ સ્વરે પોકારીને નિવેદન કર્યું છે. જગતની સર્વ જાતિનાં ધર્મશાસ્ત્રો વાંચો, પરંતુ તમને સ્ત્રીઓના સંબંધમાં આવું ઉચ્ચ વિધાન બીજે કયાંય પણ દૃષ્ટિગોચર થશે નહિ. પુરાણ કહે છે કે જો કોઇ મનુષ્ય સાધ્વી પતિવ્રતા સ્ત્રીનો ત્યાગ કરીને સંન્યાસી, બ્રહ્મચારી વા યતિ થઇ પારલૌકિકપુણ્ય સંચય કરવાની ચેષ્ટા કરે, જો કોઇ વાણિજ્ય કરવાને માટે દૂર દેશમાં ચાલ્યો જાય અથવા મોક્ષનપ્રાપ્તિને અર્થે તીર્થમાં નિવાસ કરે, કિંવા તપ કરવામાં મન રોકે, તો તેનું અભીષ્ટ કદિપણ સિદ્ધ થશે નહિ. તે પતિત થઇ જશે અને તેના યશનો લોપ થશે. અનંત મહિમાથી યુક્ત એવા જગદીશ્વરે મૂળથીજ સ્ત્રીઓને કોમલાંગી બનાવી છે, તેથી આર્યશાસ્ત્રકારો તેમની રક્ષા કરવાની પ્રબળ શિક્ષા આપી ગયા છે. પિતા, પતિ અને પુત્ર એ ત્રણે, સ્ત્રીજાતિના ત્રણ સમયના ઉપયુક્ત રક્ષક છે. ધર્મનીતિ, સમાજનીતિ, સભ્યતા અને ઇશ્વરના હેતુ તરફ દૃષ્ટિ કરતાં સ્ત્રીઓને પુરુષોના જેવી સંપૂર્ણ સ્વતંત્રતા આપવી ઇષ્ટ નથી; આ વાર્તા પ્રાચીન આર્યનીતિને સારીપેઠે જાણીતી હોવાથી તેણે સ્ત્રીઓને તેમની સ્વાભાવિક શક્તિઅનુસારજ સ્વતંત્રતા આપી છે, સંપૂર્ણ સ્વતંત્રતા આપી નથી. સ્ત્રીઓની સંપૂર્ણ સ્વતંત્રતા પાશ્ચિમાત્ય સભ્યતાને ભલે ઉપયોગી જણાતી હોય; પરંતુ આર્યધર્મના વિધાન, આર્યજાતિના મત અને આર્ય સમાજનીતિને તે સર્વથા અનુપયુક્ત લાગે છે. આથી તેણે પિતા, પતિ અને પુત્રને તેની રક્ષાનો ભાર સોંપ્યો છે. આર્યસ્ત્રીઓની સ્વતંત્રતા સમર્યાદ છે, તેથી તેમની કોઇપણ ધર્મસંમત મનોવાંચ્છના અપૂર્ણ રહેતી નથી. આ મર્યાદિત સ્વતંત્રતાદ્વારા તેઓ પોતાની પવિત્રતા જાળવી સંસારનાં સર્વ સુખો ભોગવી શકે છે. આર્યશાસ્ત્રકારોનું મૂળ લક્ષ્ય આજ હતું અને એટલા માટેજ તેમણે અંતઃપુરની રીતિ પ્રચારિત છે કરી તથા પુરુષોને સ્ત્રીઓની ઉત્તમ પ્રકારે રક્ષા કરવાની આજ્ઞા ફરમાવી છે.[1]

પાશ્ચાત્યલોકો આર્યશાસ્ત્રથી જ્ઞાત નથી અને આર્યજાતિના અંતઃપુરની પ્રથાનું ધોરણ તેઓ જાણતા નથી, તેથી તેમના મનમાં એવું ઠસી ગયું છે કે હિંદુલોકો અંતઃપુરમાં વસતી સ્ત્રીઓને મૂલ્ય આપીને ખરીદેલી દાસીસમાન ગણે છે અને તેમના પ્રત્યે તેજ પ્રકારનું વર્તન કરે છે; પરંતુ તેમની આ માન્યતા સત્ય નથી. સ્ત્રીઓને કેવી ગણવી જોઇએ અને તેમનાપ્રત્યે કેવું વર્તન રાખવું જોઇએ તે સંબંધે આર્યશાસ્ત્રકારો શું કહે છે ?

આર્યશાસ્ત્ર કહે છે કે જે પુરુષ સ્ત્રીના સન્માનની રક્ષા કરે છે, તેનું ડગલે ડગલે કલ્યાણ થાય છે અને જે મનુષ્ય સ્ત્રીનું અપમાન કરે છે તે અધમ છે તથા સદા તેનું અમંગલજ થાય છે. આર્યોના પ્રધાન શાસ્ત્રકાર મહાત્મા મનુ કહેછે કે:-[2] "જે મનુષ્ય સ્ત્રીઓના સન્માનની રક્ષા કરે છે, તેની ઉપર દેવ પ્રસન્ન થાય છે અને જે મનુષ્ય સ્ત્રીઓનું અપમાન કરે છે, તેનાં સર્વ ધર્મકર્મ તથા પુણ્યો નાશ પામે છે;

---

१ पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
रक्षन्ति स्थाविरे पुत्रा न स्त्री स्वातंत्र्यमर्हति ॥

અર્થ:--(સ્ત્રીઓનું) કૌમારાવસ્થામાં પિતા રક્ષણ કરે છે,યુવાવસ્થામાં સ્વામી રક્ષણ કરે છે, અને વૃદ્ધાવસ્થામાં પુત્રો રક્ષણ કરે છે. સ્ત્રીઓને સ્વાતંત્ર્ય આપવું યોગ્ય નથી. મનુ.

२ यत्र नार्यस्तु पूज्यंते रमन्ते तत्र देवताः
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥
शोचन्ति जामयो यत्र विनश्यत्याशु तत्कुलम्
न शोचन्ति तु यत्रैता वर्द्धते तद्धि सर्वदा ॥ ५७ ॥
जामयो यानि गेहानि शपन्त्यप्रतिपूजिताः
तानि कृत्याहतानीव विनश्यन्ति समन्ततः ॥ ५८ ॥
स्त्रियां तु रोचमानायां सर्वं तद्रोचते कुलम्
तस्यां त्वरोचमानायां सर्वमेव न रोचते ॥ ६२ ॥ મનુસ્મૃતિ અ० ૩

અને જે કુટુંબમાં સ્ત્રીઓના સન્માનની રક્ષા થતી નથી, તેને સ્ત્રી શાપ દે છે તથા તેથી તેનો સમૂળો નાશ થાય છે." આર્યસંસારમાં સ્ત્રીઓને કેવું ઉત્તમ સન્માન મળતું હતું તથા તેનાપર કેવી માન્યદૃષ્ટિથી જોવામાં આવતું હતું, તે મનુભગવાનનાં એ વચનોથી સ્પષ્ટરીતે વિદિત થાય છે. અબળા ઉપર કોઇ પણ પ્રકારનો પ્રહાર કરવો નહિ, એમ મનુ સ્પષ્ટરીતે કહી ગયા છે. ગમે તો સ્ત્રીના સહસ્રાવધિ અપરાધો થયા હોય તોપણ તેને પુષ્પનો પણ પ્રહાર કરવો નહિ, એમ આર્યશાસ્ત્રો જણાવે છે. સ્ત્રીઓને પ્રહાર કરવો કોઈ પણ પ્રકારે ઉચિત નથી, એવું હિંદુશાસ્ત્રમાં વિધાન છે. અમે આ સ્થળે એવો પ્રશ્ન કરીએ છીએ કે જગતમાં એવી કયી જાતિ છે કે જેના ધર્મશાસ્ત્રમાં આવું વિધાન હોય? પૃથ્વીમાં એવી કયી જાતિ છે કે જે સ્ત્રીઓને આવું ઉચ્ચ સન્માન આપતી હોય?

આર્યશાસ્ત્રકારોએ સ્ત્રીનાં શું કર્તવ્યો જણાવ્યાં છે? પુરાણોમાં એવો નિર્દેશ છે કેઃ-"સ્ત્રીએ પ્રાતઃકાળમાં ઉઠીને દેવ અને પતિને પ્રણામ કરી ઘરને વાળી ઝાડીને સ્વચ્છ કરવું. પછી ગોબરમાં સ્વચ્છ પાણી છાંટી આંગણું સાફ કરવું ત્યારપછી ઘરનાં અન્યાન્ય કામો કરી સ્નાન કરવું. પછી બ્રાહ્મણ અને પતિને પ્રણામ કરી ઘરમાંના દેવની પૂજા કરવી. પછી રસોઇ તૈયાર કરી પતિને ભોજન કરાવવું, અને તે પછી અતિથિની સેવા કરીને (જમાડીને) પછી સ્વયં ભોજન કરવું."

આજકાલ વિલક્ષણ સભ્યતાના શિખરપર ચઢેલા પાશ્ચાત્યલોકો આર્યશાસ્ત્રકારોની આ આજ્ઞા વાંચી હિંદુસ્ત્રીઓને વેચાતી લીધેલી દાસીસમાન ગણે છે. હાલમાં જે લોકો પાશ્ચાત્યસભ્યતાનું અનુકરણ કરે છે તેમને અમે જણાવવાની રજા લઇએ છીએ કે આર્યશાસ્ત્રકારોએ સ્ત્રીચરિત્રનો પૂર્ણ અનુભવ મેળવીને, સ્ત્રીજાતિના ગુણદોષ યથાર્થ તપાસીને, તેમની દુર્બળતા, ચંચળતા, ઉપયોગિતા વગેરેનો ઉંડો વિચાર કરીનેજ તેમને માટે ઉપર્યુક્ત નિયમો ઠરાવ્યા છે. તેમણે અનેક કસોટીમાંથી પસાર થઇને સ્ત્રીઓને માટે એ નિયમો બાંધ્યા છે. સ્ત્રીનું શરીર પ્રકૃતિએ કોમલ બનાવ્યું છે; માટે પુરુષેજ તેની રક્ષા કરવી યુક્ત છે. તેને સંપૂર્ણ સ્વાધીનતા આપવી એ સમાજનો નાશ કરવા સમાન છે. આધુનિક સભ્યતાના પ્રવાહમાં તણાતા અનેક મનુષ્યો સ્ત્રીઓને ગૃહકાર્ય કરતી જોઈ અત્યંત ક્રોધિત થઈ જાય છે; પરંતુ તેઓ ઇશ્વરની સૃષ્ટિનો અભ્યાસ કરતા નથી તેથીજ તેમને મતિભ્રમ થયો છે; પણ અંતે સત્યનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. સર્વ માણસો કાંઈ શ્રીમંત હોતા નથી અને સર્વ માણસોને કાંઇ મોટા મોટા મહાલયોમાં રહીને મોજશોખ ભોગવવાની અનુકૂળતા મળતી નથી; તોપછી સ્ત્રીઓ પોતાના ભાગનું કાર્ય-ગૃહકાર્ય કરે તેમાં શું ખોટું છે? સર્વની પાસે કાંઇ દાસદાસી હોતાં નથી, તોપછી સ્ત્રીઓને પ્રમાદી બનાવવાથી શો લાભ? અને મોજશોખ તથા વિલાસભોગ હમેશાં પ્રમાદજ ઉત્પન્ન કરે છે, એ વાત કોનાથી અજાણી છે? સ્ત્રીઓને ગૃહકાર્યમાંથી મુક્ત કરવાથીજ જો સભ્યતા પ્રાપ્ત થતી હોય તો એવી સભ્યતાને દૂરથીજ પ્રણામ કરવા ઇષ્ટ છે. એવી સભ્યતા જગતમાંથી જેમ વહેલી દૂર થશે તેમ લોકોનું વિશેષ કલ્યાણ થશે.

'આર્યલોકો સ્ત્રીઓને ખરીદેલી દાસીસમાન ગણતા નથી' આ વાત સિદ્ધ કરવાને માટે અમે બીજાં પણ એકાદ બે પ્રમાણો ઉધ્ધૃત કરીએ છીએ. આર્યશાસ્ત્રકારોનું એવું કથન છે કે કાર્યમાં સ્ત્રી પોતાના પતિના મંત્રીસ્વરૂપ છે, સલાહ આપવામાં સખીસમાન છે, સ્નેહ કરવામાં માતાસમાન છે અને શયનમાં રંભા પણ તેજ છે[1] હવે વિચાર કરો કે આ ખરીદેલી દાસીનાં લક્ષણો હોઇ શકે છે? જગતનું કલ્યાણ, સમાજમાં શાંતિ, સંસારની ઉન્નતિ અને જાતિની પવિત્રતા સાચવવાનું આજ મૂળ સૂત્ર નથી? ભારતવર્ષની આર્યજાતિમાં અનેક સ્ત્રીઓ પરણવાનો રિવાજ જોઇ પશ્ચિમના લોકો એવા નિર્ણયપર આવી ગયા છે કે હિંદુઓ સ્ત્રીઓને માત્ર પોતાની વિલાસવૃત્તિ તૃપ્ત કરનારી વસ્તુ સમજે છે. વળી તેઓ જણાવે છે કે હિંદુઓ જો સ્ત્રીને ખરીદેલી દાસીસમાન નહિ ગણતા હોય તો તેમનામાં અનેક સ્ત્રીઓ પરણવાની રીતિ શી રીતે પ્રચલિત થાય? પરંતુ અમે અભિમાન અને ગૌરવસહિત જણાવીએ છીએ કે આર્યશાસ્ત્રકારો અનેક સ્ત્રીઓ પરણવાના રિવાજને સમ્મતિ આપતા નથી. તેઓ એ રિવાજના પક્ષપાતી નથી. તેઓ જણાવે છે કે જેને પુત્ર વિદ્યમાન હોય તેને બીજી સ્ત્રી પરણવી કોઇ પણ પ્રકારે ઉચિત નથી.

---

१ कार्येषु मंत्री पत्नी स्यात्सखी स्यात्करणेषु च ।
स्नेहेषु भार्या माता स्याद्रम्भा च शयने शुभा ॥ (ગરુડપુરાણ)

જો સ્ત્રી સર્વદા રોગી રહેતી હોય અથવા વંધ્યા હોય,તો તેવા દાખલામાં તેઓ બીજી સ્ત્રી પરણવાની આજ્ઞા આપે છે.જે પુરુષ અનેક સ્ત્રીઓનો પતિ હોય તે અધમ અને મહાપાપી છે એમ પુરાણો પણ જણાવેછે.[1]

હવે અહીંઆં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, આર્યશાસ્ત્રકારોની આજ્ઞા ન હોવા છતાં પણ આર્યલોકોમાં અનેક સ્ત્રીઓ પરણવાનો રિવાજ શી રીતે પ્રચલિત થયો ? એનો ઉત્તર એ છે કે આલસ્ય અને વિલાસિતાના ગુલામ બનેલા રાજાઓજ મુખ્યત્વેકરીને અનેક સ્ત્રીઓ પરણતા હતા. ભારતવર્ષના સાધારણ જનસમૂહમાં આ રીતિ પ્રચલિત નહોતી. રઘુકુલતિલક રામચંદ્રજીએ કેટલી વાર વિવાહ કર્યાં હતા ? મહાત્મા સત્યવાનને સાવિત્રી નામની કેવળ એકજ સતીસાધ્વી સ્ત્રી હતી; પરંતુ અનેક સ્ત્રીઓ પરણવાનો રિવાજ પ્રચલિત થયો તેનું મુખ્ય કારણ એ હતું કે પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વિશેષ હોવાથી અધિક સ્ત્રીઓ પરણવું આવશ્યક ગણાયું. આનું પ્રત્યક્ષ ઉદાહરણ બંગાળામાં વિદ્યમાન છે.

મહાત્મા કર્નલ ટૉડે પોતે જણાવ્યું છે કે રાજસ્થાનમાં અંતઃપુરની રીતિ પ્રચલિત છે તેથી સમાજની ઉપર સ્ત્રીઓનો પ્રભાવ કાંઈ ન્યૂન થયો નથી. લોહચુંબકને ગુપ્ત સ્થાનમાં રાખશો તેથી તેની આકર્ષણશક્તિ કાંઇ ન્યૂન થઇ જનાર નથી. આજ પ્રકારે અંતઃપુરમાં રહેનાર સ્ત્રીઓનો પ્રભાવ સમાજ ઉપર અટલજ રહ્યો છે. વીરશ્રેષ્ઠ રાજપૂતો સારીપેઠે જાણે છે કે વીરત્વ, પરાક્રમ, અસાધ્યને સાધ્ય કરવાની આકાંક્ષા અને મનુષ્યત્વ પ્રકાશ કરવાની ઇચ્છા, ભલેને ગમે તેવા ગુપ્ત સ્થાનમાં કેમ ન રહી હોય તોપણ તે પોતાનો પ્રકાશ ફેલાવ્યા વિના રહેતી નથી. રાજપૂતો દૃઢતાપૂર્વક માને છે કે સ્ત્રીઓ અંતઃપુરનિવાસિની હોવાથીજ વીરતાદેવી અમારાપર પ્રસન્ન થઈ છે. રાજસ્થાનના ભટ્ટકવિઓનાં કાવ્યો રાજમહાલયથી તે ક્ષુદ્ર પર્ણકુટી સુધી પહોંચી ગયાં છે. ભટ્ટકવિઓ કોઇ પણ રાજપૂતવીરના બળ અને પરાક્રમની સ્તુતિનાં કાવ્યો રચે છે, તો તે મરુભૂમિથી લઇને યમુનાજીના તટપર્યંત પ્રત્યેક અંતઃપુરના ગર્ભમાં પ્રવેશી જાય છે. અંતઃપુરમાં નિવાસ કરનારી સ્ત્રીઓ ભટ્ટકવિઓના મુખમાંથી નીકળેલી રાજપૂતવીરોની જયગાથા શ્રવણ કરી તેમનાં પ્રશંસનીય કાર્યો પોતાના હૃદયપટપર અંકિત કરવાને સમર્થ થાય છે. કર્નલ ટૉડ જણાવે છે કે રાજપૂતસ્ત્રીઓ અંતઃપુરમાં નિવાસ કરે છે, તેટલા માટે તેમની સ્થિતિ કિંચિંત્ પણ અધોગતિને પ્રાપ્ત થઇ નથી. વળી તેઓ જણાવે છે કે પ્રાચીન જર્મન અને સ્કેન્ડીનેવિયન લોકોની પેઠે રાજપૂતો પ્રત્યેક કાર્યમાં સ્ત્રીની સલાહ લે છે અને તેઓ સ્ત્રીના આચરણ ઉપર પોતાના મંગલામંગલનો આધાર રહેલો માને છે. રાજપૂતો સ્ત્રીઓને અત્યંત સન્માન આપે છે અને તેમણે તેમને ગૌરવશાળી 'દેવી'ની ઉપાધિ આપી છે. જે લોકો આ વાત જાણતા નથી, તેઓજ હિંદુસ્ત્રીઓને પરાધીન માની શોક પ્રદર્શિત કરે છે અને અંતઃપુરને સાક્ષાત્ કારાગૃહ માને છે. રાજપૂતસ્ત્રીઓ કેટલી સ્વતંત્ર, સન્માનપાત્ર અને સુખી હોય છે, તે ઉદારચિત્ત કર્નલ ટૉડ સારી પેઠે જાણતા હતા અને તેથી તેમણે તેમના અંતઃપુરનિવાસમાટે શોક પ્રદર્શિત કર્યો નથી. કર્નલ ટૉડ જણાવે છે કેઃ–" સ્પિરિટ અવલ " નામના ગ્રંથના પ્રણેતાના મતાનુસાર ઉષ્ણતાપ્રધાન દેશોમાં વિષયવાસના અધિક હોય છે, તેથી તે દેશોની સ્ત્રીઓને અંતઃપુરમાં નિવાસ કરવો અત્યંત આવશ્યક છે. સીસર નામનો એક ફ્રેંચ વિજ્ઞાનવેત્તા આથી સર્વથા વિરોધી મત પ્રદર્શિત કરી ગયો છે. તે જણાવે છે કે સ્ત્રીજાતિનો એકાંતવાસ તેમની નીતિરક્ષાનો પ્રબળ વિરોધી છે. જો કે આ વિદ્વાનનો મત આધકાંશે સત્ય હશે, તોપણ અમે ભારતવર્ષની અંતઃપુરની રીતિનું ખંડન કરવાનું કાંઇ કારણ જોતા નથી. રાજપૂતોની એવી દૃઢ અભિલાષા હોય છે કે સ્ત્રીએ સ્વામીની આજ્ઞાધારિણી થઈ તેની પ્રત્યે ન્યાયયુક્ત આજ્ઞાનું પાલન કરવું જોઇએ. "

કર્નલ ટૉડ આનું એક ઉદાહરણ આપે છે. જે સમયે રાજસ્થાનમાં માંહોમાંહેનો ક્લેશ અને જાતીયકલહ ભયંકરરૂપે પ્રસરી રહ્યો હતો, તે સમયે મેવાડના રાણાએ વિદેશી સામંતોને કન્યાદાન

---

१ बहुदारः पुमान् यस्तु रागादेकां भजेत्कथम् ॥
स पापभाक् स्त्रीजितश्च तस्याशौचं सनातनम् ॥ १ ॥
बहुभार्यस्य भार्याणामृतुमैथुननाशनम् ॥
न किंचिद्विद्यते कर्म शास्त्रेणापि यदोरितम ॥ ४ ॥
( કલિકાપુરાણ અ. ૨૦ )

કર્યું હતું. એક વખત મેવાડના મહારાણાએ સાદ્રીના સામંતને કન્યા અર્પણ કરી હતી; પરંતુ સ્ત્રી અને સ્વામીવચ્ચે અણબનાવ થવાથી તેમના સુખમાં બાધા નડી. સાદ્રીના સામંતે એક સમયે રાણાની કન્યાને બોલાવીને કહ્યું કે:–" હે રાણિ! મારે માટે પીવાને એક પાત્રમાં પાણી લાવો." રાણાની કન્યાએ તિરસ્કારસહિત ઉત્તર આપ્યો કે:–" હજારો સરદારોના અધીશ્વર રાણાની કન્યા સાદ્રી જેવા ક્ષુદ્ર પ્રદેશના સામંતને પાણી આપી શકશે નહિ." આ વચન સાંભળી ઉક્ત વીરશ્રેષ્ઠ સરદારે ક્રોધિત થઇ ઉત્તર આપ્યો:–" જો તમારાથી મારૂં કાંઇપણ કામ ન થઇ શકતું હોય તો તમે હમણાંજ તમારા પિતાને ઘેર ચાલ્યાં જાઓ." ત્યારપછી ઉક્ત સામંતે એક દૂતને બોલાવ્યો અને તેની સાથે પોતાની રાણીને મોકલી અને રાણાને સર્વ સમાચાર કહેવાની આજ્ઞા કરી. તે દૂતે રાણાની પાસે જઈ તેમને સર્વ સમાચાર કહી સંભળાવ્યા. આ સમાચાર સાંભળ્યા પછી અલ્પ સમયમાં મહારાણાએ સાદ્રીના સામંતને પોતાની સભામાં પધારવાને આમંત્રણ કર્યું. આ નિમંત્રણાનુસાર સાદ્રીના સામંત મહારાણાની સભામાં આવ્યા. આ વખતે મહારાણા પોતાના કર્મચારીઓ અને દરબારીઓની સાથે રાજકાર્ય કરી રહ્યા હતા. સાદ્રીસામંતનું આગમન થતાંજ મહારાણાએ તેમનું ઘણા આદરભાવસહિત સ્વાગત કરીને તેમને પોતાના જમણા હાથ તરફ સિંહાસનપર બેસાડયા. મેવાડના યુવરાજ અતિ નમ્રતા તથા આદરપૂર્વક તેમની તહેનાતમાં ખડા રહ્યા હતા. પોતાને આવું ઉંચું સન્માન મળેલું જોઈ સામંત અત્યંત આશ્ચર્યચકિત થયા અને તેમણે મહારાણાસમક્ષ પોતાનો સંતોષ પ્રકટ કર્યો. પછી મહારાણા બોલ્યા:–" હવે આપ આપની સ્ત્રીને ઘેર લઈ જાઓ. હવે તે કદિ પણ આપને જલપાત્ર આપવાની ના પાડશે નહિ.[૧]" સામંતે મહારાણાની આજ્ઞાનુસાર કાર્ય કર્યું. ત્યાર પછી તેમની રાણીએ જીવનપર્યંત કદિપણ પોતાના સ્વામીના એક પણશબ્દનું ઉલ્લંઘન કર્યું નહિ. રાજપૂતોનો વ્યવહાર આજ પ્રકારનો હોય છે અને એજ કારણથી તેમનો દાંપત્યપ્રેમ અતિ ઉચ્ચ પ્રકારનો હોય છે. મહાત્મા ટૉડ પણ એમજ માને છે કે રાજપૂતોના જેવો દાંપત્યસ્નેહ ઇતર કોઇ પણ જાતિમાં ભાગ્યેજ વિદ્યમાન હશે. રાજપૂતસ્ત્રીઓના જેવું પાતિવ્રત્ય ઇતર કોઇ પણ જાતિમાં દૃષ્ટિગોચર થતું નથી. રાજપૂતસ્ત્રીઓની પતિભક્તિ અદ્દ્ભુત છે.

---

૧સ્વામીપ્રત્યે સ્ત્રીનો શું ધર્મ છે તે સંબંધે અમે એકાદ બે પ્રમાણો અત્રે ઉધ્ધૃત કરીએ છીએઃ—

या स्त्री भर्त्तु सौभाग्यारसौभाग्याय च सर्वतः । शयने भोजने तस्या न सुखं जीवनं वृथा ॥
यस्य नास्ति प्रियप्रेम तस्या जन्म निरर्थकम् । तांकि पुत्रे धने रूपे सम्पत्तौ यौवनेऽथवा ॥
यद्भक्तिर्नास्ति कान्ते च सर्वप्रियतमे परे । साऽशुचिधर्महीना च सर्वकर्मविवर्जिता ॥
पतिर्बन्धुः पतिर्भर्त्ता दैवतं गुरुरेवच । सर्वस्वाच्च गुरुः स्वामी न गुरुः स्त्रीमिनः परः ॥
पतिभक्तिविहीनाया भस्मीभूतं कृतं व्रतम् । पतिसेवा व्रतं स्त्रीणां पतिसेवा परं तपः ॥
सर्वदेवमयः स्वामी सर्वतीर्थमयः शुचिः । सर्वपुण्यस्वरूपश्च पतिरूपी जनार्दनः ॥
या सती भर्त्तुरुच्छिष्टं भुंक्ते पादोदकं सदा । तस्या दर्शमुपस्पर्शं नित्यं वाञ्छन्ति देवताः ॥

( બ્રહ્મવૈવર્તપુરાણ અ૦ ૫૧ )

અર્થઃ—જે સ્ત્રી પતિને ખુશી ન કરી શકે તેનું સર્વ સૌભાગ્ય અસૌભાગ્યજ છે. શયન, ભોજન, કશામાં તેને સુખ મળતું નથી અને તેનું જીવન પણ વૃથા છે.

જેને પોતાના પતિપર પ્રેમ નથી તેનો જન્મ વ્યર્થ છે. પછી ભલે તેને પુત્ર, ધન, રૂપ, સંપત્તિ, યૌવન સર્વ હોય; પણ તે નકામાં છે.

વહાલામાં વહાલા પતિપર જેની ભક્તિ (પ્રીતિ) નથી, તે સ્ત્રી અપવિત્ર, ધર્મહીન અને સર્વ કર્મથી વર્જિત છે.

પતિજ સ્ત્રીઓનો બંધુ (સગો), પાલક, દેવતા, અને ગુરુ છે. સર્વ કરતાં સ્વામીજ તેને વિશેષ પૂજ્ય છે અને સ્વામી કરતાં સ્ત્રીઓને માટે અન્ય કોઇજ ગુરુ ( આરાધ્ય ) નથી.

પતિભક્તિહીન સ્ત્રીઓએ કરેલું વ્રત રાખોડા જેવું ( નિષ્ફળ ) છે. પતિસેવા એજ સ્ત્રીઓનું વ્રત અને એજ મોટામાં મોટું તપ છે.

પતિ સર્વ દેવસ્વરૂપ છે, સર્વ તીર્થરૂપ છે અને પવિત્ર પુણ્યસ્વરૂપ ભગવાન, તેજ પતિના રૂપમાં છે અર્થાત્ પતિજ પરમાત્મા છે.

જે સ્ત્રી સ્વામીનું ઉચ્છિષ્ટ ભોજન કરે છે અને તેના ચરણામૃતનું પાન કરે છે, તેના દર્શનની અને તેની

જો આપણે પાતિવ્રત્ય અને પતિભક્તિ તથા નિઃસ્વાર્થપ્રેમનો આદર્શ જોવો હોય, તો સીતાજીના ચરિત્રપ્રતિ દૃષ્ટિપાત કરવો જોઇએ. ત્રેતાયુગમાં વાલ્મિકજી સીતાજીનું ચરિત્ર જેવી સુંદર રીતે ચિત્રિત કરી ગયા છે, તેવું હૃદયગ્રાહી સ્ત્રીચરિત્ર મિલ્ટનના 'પેરેડાઇઝ લૉસ્ટ' નામના કાવ્યગ્રંથમાં પણ ઉપલબ્ધ થતું નથી. ભગવાન શ્રીરામચંદ્રજી જ્યારે પોતાની હૃદયેશ્વરી સીતાને છોડીને વનમાં જવાને તત્પર થયા હતા, તે સમયે સીતાજીએ તેમની સહચરી અને દુઃખભાગિની થવાને માટે કહ્યું હતું કેઃ-

" પિતા, માતા, આપ્ત અને મિત્રોનું આદરપૂર્વક સંભાષણ તથા પ્રીતિ, એ સ્ત્રીને માટે સુખદાયક નથી. એકમાત્ર પતિજ સંસારમાં સ્ત્રીના સુખનું નિદાન અને મોક્ષ આપનાર છે. જો આપ વનમાં જશો તો હું આપની આગળ આગળ ચાલીને મારા પગવતી ઘાસનાં અંકુરોને નિર્મૂલ કરી આપનો માર્ગ સાફ કરીશ. હું નિર્જન વનમાં આનંદસહિત આપની સેવા કરીશ. હું આપની સાથે શીતળ પવનથી ડોલતાં પુષ્પોનો સુગંધ ગ્રહણ કરી, કુંજોમાં ભ્રમણ કરી અત્યંત પ્રમોદિત અને સુખી થઇશ. જો આપ અહીંઆં રહીને મારી રક્ષા ન કરો તોપછી મારે આપ્તસ્વજનનું શું પ્રયોજન છે? હું આજે અવશ્ય આપની સાથે આવીશ. જ્યારે આપની સાથે આવવાની મારી ઇચ્છા છે, ત્યારે આપ શામાટે વાંધો લ્યો છો? વનફળો ખાઈને હું જીવન ધારણ કરીશ અને મારી સાથે ચાલવાથી આપને કાંઇ પણ કષ્ટ થશે નહિ. હું આપની સાથે ચાલવાથી કોઈપણ પ્રકારનો ક્લેશ માનીશ નહિ અને વનનાં કંદમૂળ ખાવા વિષે કોઈ પણ દિવસ અનિચ્છા પ્રકટ કરીશ નહિ. આ પ્રકારે હું હજારો

---

ચરણરજના સ્પર્શની ઇચ્છા દેવતાઓ કર્યા કરે છે. ( બ્રહ્મવૈવર્તપુરાણ અ૦ ૫૧ )

" भर्ता हि दैवतं स्त्रीणां भर्त्ता च गतिरुच्यते । जीवत्पत्याः स्त्रियो भर्त्ता दैवतं प्रभुरेव च ॥
या धर्मचारिणी नारी पतिव्रतपरायणा । नानुवर्तति भर्त्तारं सा सद्भिर्न प्रशस्यते ॥
पतिव्रता भर्तृपरा नारी भर्तृपरायणा इह कीर्तिं परां प्राप्य प्रत्ये स्वर्गे महीयते ॥ "

અર્થ:--પતિજ સ્વામીનું દૈવત (દેવતા) છે અને તેજ તેની ગતિ (મોક્ષપ્રાપ્તિસાધન) છે. સૌભાગ્યવતીસ્ત્રીઓને પતિજ પરમાત્મા-પ્રભુ છે.

જે પતિવ્રતા, ધર્માચરણ કરતાં સ્વામીને (સ્વામીની ઈચ્છાને) અનુસરતી નથી તેની સત્પુરુષો નિન્દા કરે છે.

સ્વામીનેજ સર્વસ્વ માનનારી, તેનેજ આધીન રહેનારી સ્ત્રી, આ લોકમાં કીર્તિ મેળવી મુઆ પછી સ્વર્ગમાં પૂજાય છે. ( વન્હિ પુરાણ )

स्वामिसाध्या च या नारी कुलधर्मभयस्थिता ।
कान्तेन सार्द्धं सा कान्ता वैकुंठं याति निश्चयात् ॥

અર્થ:--જે પોતાના સ્વામીપરજ અનુરક્ત રહે છે અને કુલધર્મની મર્યાદા જાળવવામાં જે સદા બીતી રહે છે, અર્થાત્ કુલધર્મમાં રખે કંઈ અયુક્ત થાય એમ સંભાળ રાખે છે, તે સ્ત્રી નક્કી પોતાના કાન્ત સાથે વૈકુંઠમાં જાય છે. ( બ્રહ્મવૈવર્તપુરાણ અ૦ ૧૮ )

सा भार्या या गृहे दक्षा सा भार्या या प्रियंवदा ।
सा भार्या या पतिप्राणा सा भार्या या पतिव्रता ॥
नित्यं स्नाता सुगंध्याच नित्यञ्च प्रियवादिनी ।
अल्पभुक्स्वल्पभाषी च सततं मंगलैर्युता ॥

सततं धर्म्मबहुला सततञ्च पतिप्रिया । सततं प्रियवक्त्री च सततं भर्त्तुकामिनी ॥
पितृदेवाक्रियायुक्ता सर्वसौभाग्यवर्द्धिनी । यस्येदृशी भवेद्भार्य्या देवेंद्रो न स मानुषः ॥ "

અર્થ:--જે સ્ત્રી ગૃહકાર્યમાં ચતુર, મધુર બોલનારી, પતિને પ્રાણસમાન ગણનારી અને પતિવ્રતને પાલન કરનારી છે, તેનેજ "ભાર્યા" એ ખરૂં નામ પ્રાપ્ત થાય છે.

હમેશાં સુગંધી દ્રવ્યોથી સ્નાન કરનારી, પ્રિય ભાષણ કરનારી, થોડું ખાનારી અને થોડું બોલનારી તથા સર્વદા મંગળઆભૂષણ યુક્ત તેમજ ધર્મમાં વિશેષ ભાગ લેનારી, પતિપર પ્રેમ રાખનારી, ઇષ્ટ વાણીને વદનારી, ઋતુકાલાનુસારિણી, દેવ અને પિતૃકર્મમાં પ્રીતિ રાખનારી અને સર્વ સૌભાગ્યને વધારનારી, આવી સ્ત્રી જેને ત્યાં હોય તે મનુષ્ય નહિ પણ દેવેન્દ્ર, મહેન્દ્ર છે. ( ગુરૂડપુરાણ અ૦ ૧૮ )

વર્ષ વ્યતીત કરી શકીશ; પરંતુ હે પ્રીતમ ! આપના વિયોગ અને વિરહથી મને સ્વર્ગમાં પણ સુખની પ્રાપ્તિ થનાર નથી."

दोहा—प्राणनाथ करुणायतन, सुंदर सुखद सुजान ।
तुमबिन रघुकुलकुमुद विधु, सुरपुर नरकसमान ॥

"હે સ્વામીનાથ ! હું આપના આગળ ખોળો પાથરૂં છું. મારાપર દયા કરો. હું તે ઘનવનને પિતૃ-ગૃહસમાન સમજી તેમાં નિવાસ કરીશ. મને હવે બીજી કોઇપણ ઇચ્છા નથી. આપનાં ચરણકમલનાં દર્શન સર્વદા થતાં રહે એજ માત્ર મારી અભિલાષા છે. મારી આ પ્રાર્થના આપ સ્વીકારો. વનમાં હું કદિપણ શોક પ્રદર્શિત કરીશ નહિ. હું કદિપણ આપને દુઃખરૂપ થઇશ નહિ. હે રાઘવ ! જો આપ આ દાસીની આ પ્રાર્થના સ્વીકારશો નહિ તો હું અવશ્ય પ્રાણનો ત્યાગ કરીશ."

હિંદુઓનાં ચરિત્રથી પરિચિત કર્નલ ટૉડ જણાવે છે કે, મહાશય વિલ્સને હિંદુઓનાં પ્રાચીન નાટકોનો અનુવાદ કરીને તેમના આચારવિચારથી પશ્ચિમના લોકોને અભિજ્ઞ કર્યા છે.તેમણે ખાસ કરીને હિંદુ સ્ત્રી-પુરુષનો પરસ્પર પ્રેમ, વિશ્વાસ વગેરેનું ઉત્તમ પ્રકારે વર્ણન કર્યું છે. ઉત્તરરામચરિત, વિક્રમોર્વશીય તથા મુદ્રારાક્ષસ વગેરેમાં આર્યસ્ત્રીપુરુષના પરસ્પર પ્રેમનાં અનેક ઉત્તમ ઉદાહરણો દૃષ્ટિગોચર થાય છે. ઇતર ગ્રંથોમાં પણ સ્ત્રીઓની પ્રબલ પતિભક્તિ દૃષ્ટિગોચર થાય છે.

શેકસપીઅરના 'મર્ચંટ ઑફ્ વેનીસ' ( વેનીસના વ્યાપારી ) નામના નાટકમાં નિર્દિષ્ટ કરેલાં વિધાનની પેઠે એક આર્યનાટકમાં ચંદનદાસ નામના પાત્રે જ્યારે પોતાના બંધુના જીવનની રક્ષાને માટે પ્રાણદંડની આજ્ઞા પ્રાપ્ત કરી અને તેની સ્ત્રી જ્યારે પોતાના એકના એક પુત્રને પોતાની સાથે લઇને વધસ્થાનમાં આવી, ત્યારે તેમની વચ્ચે નીચે પ્રમાણે વાર્તાલાપ થયો હતોઃ—

**ચંદનદાસ**—પ્રિયે ! તું અહીંઆં કેમ આવી છે ? પુત્રને લઇને ઘેર ચાલી જા.

**સ્ત્રી**—નાથ ! ક્ષમા કરો, આપ પરલોકમાં સિધારો છો ? શું આપ દૂર જતા નથી ? તોપછી શું હું નિયત સમયે આપના ચરણકમળનાં દર્શન કરી શકીશ ? હું અહીંઆંથી કદિ જઇશ નહિ અને આ આપના સુખદુઃખની ભાગિની આપને કદિ એકલા જવા દેશે નહિ.

**ચંદનદાસ**—આ તું શું બોલે છે ? આ તું શું કહે છે ?

**સ્ત્રી**—હું આપની સાથેજ પ્રાણત્યાગ કરીશ.

**ચંદનદાસ**—મનમાં એવા વિચારને કદિ પણ સ્થાન આપીશ નહિ. મારો બાળક અત્યંત સુકુમાર છે, તેનું લાલનપાલન કોણ કરશે ?

**સ્ત્રી**—મેં ગૃહદેવતાઓના ચરણકમળમાં એને સમર્પિત કર્યો છે. તેઓ કદિપણ એને આશ્રય આપવાથી વિમુખ થશે નહિ. આપ એની લેશ પણ ચિંતા રાખશો નહિ. ( પુત્રપ્રતિ ) "હે વત્સ ! આવ, અને તારા પિતાને અંતિમ વિદાય આપ."

આ પ્રકારે આપણને આર્યજાતિનાં શાસ્ત્ર, પુરાણ, ઇતિહાસ અને કાવ્યોમાં હિંદુસ્ત્રીઓએ પાળેલા પાતિવ્રત્યધર્મનાં શતાવધિ અને સહસ્રાવધિ ઉદાહરણો ઉપલબ્ધ થાય છે; પરંતુ તે સર્વનો અત્રે નિર્દેશ કરવો આવશ્યક નથી. ખરેખર હિંદુસ્ત્રીઓની પતિભક્તિ જોઇ મનુષ્ય આશ્ચર્યચકિત થઇ જાય છે. જગતની પ્રત્યેક જાતિમાં આદર્શ સ્ત્રીચરિત્રો ઉપલબ્ધ થાય છે; પરંતુ આર્યજાતિ તો ઉત્તમ આદર્શો અધિક પ્રમાણમાં પ્રદર્શિત કરે છે. મહાશય વિલ્સન, જોન્સ, કોલ્બ્રુક, ગ્રિફિથ,સેરિંગ, ટાર્ન, કાડયેલ, મોનિયર, વિલિયમ્સ અને વિદ્વાન મેકસમૂલરે કર્નલ ટૉડની પેઠે એકમતે હિંદુ સ્ત્રીઓની પતિસેવા, પતિભક્તિ અને પતિપ્રેમની પ્રશંસા કરી છે. તેમણે સંસ્કૃતકાવ્યોનો અંગ્રેજીમાં અનુવાદ કરીને પશ્ચિમના લોકોને સુવિદિત કરી દીધું છે કે આર્યસ્ત્રીઓના જેવી સાધ્વી તથા સતીસ્ત્રીઓ અન્ય જાતિઓમાં આજપર્યંત દૃષ્ટિગોચર થઇ નથી. મેકસમૂલર જણાવે છે કે જો જગતમાં સતીસ્ત્રીઓ હોય તો તે માત્ર ભારતવર્ષમાંજ છે, તે હિંદુઓનાં અંતઃપુરમાંજ છે. પાશ્ચાત્ય શિક્ષાથી શિક્ષિત થયેલા નવયુવકોનો ગમે તે અભિપ્રાય હો; પરંતુ અમે તો નિડરતાપૂર્વક કહી શકીએ છીએ કે આજે આપણી અવનતદશામાં પણ આપણી ભગિની, સ્ત્રી અને કન્યાજ આપણાં ગૌરવની રક્ષા કરી રહી છે.

કર્નલ ટૉડ જણાવે છે કે રાજપૂતકુલદેવીમાં જેવી પતિભક્તિ હોય છે, તેવી પતિભક્તિ જગતની ઈતર કોઈ પણ જાતિમાં દષ્ટિગોચર થતી નથી. રાજપૂતજાતિનો ઇતિહાસ વાંચવાથી રાજપૂતવીરબાળાઓનું ચારિત્ર્ય કેવું હતું અને સમાજપર તેની પ્રભુતા અને સામર્થ્ય કેવાં તથા કેટલાં હતાં તે ઉત્તમ પ્રકારે જ્ઞાત થશે.

દિલ્લીના અંતિમ હિંદુસમ્રાટ પૃથ્વીરાજચૌહાણ જે સમયે સમેતાની રાજકન્યાનું હરણ કરીને તેને લઇ ગયા તે સમયે તેમની રક્ષા કરવાને માટે તેમની જે સેના તેમની પાછળ રહી હતી તેને મહોબા નામના સ્થાનમાં ચંદાઇલિકુલના રાજા પરિમાલે પકડીને મારી નાખી. આ અપમાનનું વૈર લેવાને માટે ચૌહાણરાજાએ તે કન્યાને મહાલયમાં લાવી શીઘ્રતાથી સેના એકત્રિત કરી ચંદાઇલના રાજ્યપર આક્રમણ કર્યું અને તેમણે સિરસા[1] નામના સ્થાનમાં પરિમાલની સેનાનો નાશ કરી નાખ્યો. જયારે પૃથ્વીરાજ આ પ્રકારે વૈર લેવાને ઉધુક્ત થયા હતા ત્યારે પરિમાલે એક સભા બોલાવી અને પોતાના કર્મચારીઓની સલાહ લીધી. રાણી માલિનીદેવીની પણ સલાહ લીધી; અને પૃથ્વીરાજપર કહેવરાવી મોકલ્યું કેઃ—" અમારા આલ્હા તથા ઉદલ નામના બે મુખ્ય પ્રધાનો ગેરહાજર છે,માટે યુદ્ધ હાલ એક માસપર્યંત બંધ રાખવું. " મહોબાના પ્રધાન રાજકવિના ભ્રાતા દૂતસ્વરૂપે ગયા હતા. તેમણે પૃથ્વીરાજ ચૌહાણને પહોજ નદી ઉતરતા જોયા. તેમણે પૃથ્વીરાજની મુલાકાત લીધી અને તેમને નજરાણું આપી જણાવ્યું કેઃ—" આ પ્રકારે અસહાય તથા છિન્નભિન્ન થઇ ગયેલા રાજ્યપર આક્રમણ કરવું ઘણું ખરાબ છે. અમારા બે મુખ્ય મંત્રી આલ્હા અને ઉદલ બહાર ગયા છે, માટે અમે તમારી પાસે માગી લઇએ છીએ કે એક માસસુધી યુદ્ધ બંધ રાખો. " ભારતસમ્રાટ પૃથ્વીરાજે આ વાતનો સ્વીકાર કર્યો અને દૂતને વિદાય કર્યો. પછી તેમણે પોતાના કવિ ચંદને પ્રશ્ન કર્યો કેઃ—" આલ્હા અને ઉદલ કોણ છે ? " પ્રસિદ્ધ ચંદકવિએ થોડીવાર સુધી વિચાર કરી પ્રત્યુત્તર આપ્યોઃ—" વત્સરાજ ( જસરાજ ) નામનો એક મહાબળવાન પુરુષ મહોબાનો સેનાપતિ હતો. હવે એમ બન્યું કે એક વખતે જંગલી ગોંડજાતિએ મહોબાપર પોતાનો સંપૂર્ણ અધિકાર સ્થાપિત કરી દીધો અને પરિમાલ પોતાના પ્રાણની રક્ષા કરવાને માટે ત્યાંથી ચાલ્યો ગયો. હવે મુખ્ય સેનાપતિ વીરશ્રેષ્ઠ વત્સરાજે પોતાના બાહુબળથી ગોંડજાતિને પરાસ્ત કરી અને મહોબાને તેમના હાથમાંથી પાછું ખુંચવી લીધું. પછી તેમણે તે રાજ્ય તેના આગલા અધિપતિને પાછું સોંપી દીધું અને તેના ચરણ આગળજ પોતાનું મર્માહત જીવન વિસર્જન કર્યું. રાજા પરિમાલ આ જયથી અત્યંત પ્રસન્ન થયા અને તેમણે વત્સરાજની ભક્તિ તથા વીરત્વના બદલામાં તેના આલ્હા અને ઉદલ નામના પુત્રોને મોટી જાગીર તથા ઉચ્ચ પદ અર્પણ કર્યાં. રાણી માલિનીદેવી પણ તે ઉભયને પોતાના પ્રાણપ્રિય પુત્રની સમાન ગણીને તેમનાપર અત્યંત પ્રેમ તથા મમતા રાખવા લાગી.

આ ઉભય વીરસામંતો પ્રખ્યાત કાલિંજરદુર્ગ અને તેના તાબાની ભૂમિના અધિકારી થયા. દૈવવશાત એક સમયે ત્યાં પરિમાલ ગયા અને તેમણે આલ્હાની પાસે એક શ્રેષ્ઠ ઘોડી જોઈ તેને લઈ લેવાની ઇચ્છા કરી. આલ્હાએ આ ઘોડી આપવાની ચોખ્ખી ના પાડી. આથી રુષ્ટ થઇ પરિમાલ બોલ્યાઃ—" તમે બંને મારા દેશમાંથી નીકળી જાઓ." આ વચન સાંભળી તે ઉભય પોતાની માતાને લઈ ત્યાંથી ચાલ્યા ગયા. પુરિહર માહિલના કહેવાથી રાજાએ અમને આ દંડ કર્યો છે, એમ ધારી તેમણે તેની નગરીમાં આગ લગાડી; પછી તે ઉભય વીરો પોતાની માતા તથા સ્ત્રીઓને લઇને કનોજરાજની સભામાં ગયા. કાન્યકુબ્જપતિએ પરમ આદરપૂર્વક તેમને પોતાના રાજ્યમાં રાખ્યા છે અને તેમને કેટલીક જાગીર પણ આપી છે. હાલ તેઓ ત્યાંજ છે."

જે સમયે ભારતના અંતિમ હિંદુરાજેશ્વર પૃથ્વીરાજે મહોબાપર આક્રમણ કર્યું, તે સમયે પોતાના નગરની રક્ષા કરવાને માલિની (મિનળદેવી) દેવીએ આલ્હા અને ઉદલ એ ઉભય વીરોને બોલાવવાને માટે પોતાનો એક દૂત કનોજ મોકલી આપ્યો. તે દૂતે ત્યાં જઇ ઉક્ત ઉભય વીરોને જે વચનો કહ્યાં હતાં તે મહોદય કર્નલ ટૉડે ચંદકવિના ગ્રંથમાંથી નીચે પ્રમાણે ઉધ્ધૃત કર્યાં છેઃ—" ચૌહાણસમ્રાટ મહો-

૧ અહીંઆં પહોજ નામનું સ્થાન આવેલું છે અને તે હાલમાં દાતિયાના બુન્દેલા રાજાને આધીન છે. મહામાનનીય ટૉડ આ સમરક્ષેત્રને જોવાને માટે ગયા હતા.

બામાં પોતાના શિબિર નાખી દીધા છે. નરસિંહ અને વીરસિંહે સમરાગ્નિમાં પોતાની આહુતિ આપી છે. સિરસાદેશ ભસ્મ થઇ ગયો અને પરિમાલનું રાજ્ય પણ ચૌહાણોદ્વારા વિધ્વસ્ત થવા લાગ્યું છે. એક માસને માટે યુદ્ધ બંધ પડયું છે. હાલમાં આ મહા વિપત્તિમાંથી આપજ અમારો ઉદ્ધાર કરી શકશો. આપની સહાય મેળવવાની ઇચ્છાથીજ હું અહીંઆં આવ્યો છું. હે વીર પુરુષો ! સાંભળો; જ્યારથી આપે મહોબાનો ત્યાગ કર્યો છે ત્યારથી માલિનીદેવી ભયંકર શોકમાં નિમગ્ન થઇને કાળ-ક્રમણ કરે છે. તેમની દૃષ્ટિ સદા કાન્યકુબ્જ તરફ લાગી રહે છે; અને જ્યારે તેમને આપનું સ્મરણ થાય છે, ત્યારે તેમનાં નેત્રોમાંથી સતત અશ્રુધારા વહે છે. તેઓ દીર્ઘ નિઃશ્વાસ નાખીને વારંવાર કહે છે કેઃ-"અમારો ગૌરવસૂર્ય અસ્ત થતો ચાલ્યો છે." હે વત્સરાજના પુત્રો ! આપ ચાલો અને અમારો ઉદ્ધાર કરો. આપ ત્યાં આવશો ત્યારે અમારી દશા જોઇને આપ અત્યંત દુઃખી થશો. હજી પણ અમારો ઉદ્ધાર કરવાનો સમય છે; માટે સત્વર ચાલો, મહોબાને વિસરી જાઓ નહિ."

દૂતનાં આ વચનો સાંભળી વીરશ્રેષ્ઠ આલ્હાએ પ્રત્યુત્તર આપ્યોઃ-" મહોબા જોઇએ તો સર્વથા વિધ્વસ્ત થઈ જાય અને ચાહે તો ત્યાંનો રાજવંશ જડમૂળથી ઉખડી જાય; પરંતુ અમે કદિ પણ મહોબામાં આવીશું નહિ, કારણ કે જરા પણ અપરાધવિના અમને અમારી માતૃભૂમિમાંથી દેશપાર કરવામાં આવ્યા છે. રાજાના હિતને માટેજ અમારા પિતાએ જીવન સમર્પણ કર્યું છે અને તેમણેજ તેના રાજ્યની સીમાનો વિસ્તાર કર્યો હતો. વળી તેઓ દુષ્ટ પુરિહરપતિને પણ દિલ્હીના મહાવીરોની સામે યુદ્ધ કરવાની સલાહ આપી ગયા છે. મહોબા અમારા સ્તંભસ્વરૂપ હતું. અમારાદ્વારાજ ગોંડ લોકો પરાસ્ત થયા હતા અને અમારાં પરાક્રમથીજ તેમના દેવગઢ અને ચાંદબાડી નામના મજબૂત દુર્ગો મહોબાના તાબામાં આવ્યા છે. અમે યાદુનોની વિરુદ્ધ સમશેર ગ્રહણ કરીને વિજય પ્રાપ્ત કર્યો છે, અમે હિંદોલનો[1] વિધ્વંસ કર્યો છે અને અમેજ પરિમાલની વિજયપતાકા કાત્વાહર દેશમાં ફરકાવી છે. અમે વિજયી કુશાવહના વિજયસ્રોતને અટકાવી દીધો હતો. મુલતાનના અમીરો અમારી સમક્ષથી પલાયન કરી ગયા હતા અને ગયાના સમરક્ષેત્રમાં વિજયલક્ષ્મી અમનેજ વરી હતી. અમે 'વેગુયા' રાજ્યની અંદરના દેશોને ભયંકર અગ્નિથી ભસ્મીભૂત કરી મેવાતને પણ સપાટ પ્રદેશ બનાવી દીધો હતો. વત્સરાજે પોતાનાજ બાહુબળથી દશ રાજાઓને પરાસ્ત કરી તેમનું ધન ખુંચવી લઇ મહોબાના અધિપતિને અર્પણ કર્યું હતું. આ સર્વ કાર્યો અમેજ કર્યાં હતાં; પરંતુ તે સર્વનું પારિતોષિક અમને શું મળ્યું છે, તે તમે જુઓ છોજ. અમે અમારી જન્મભૂમિમાંથી નીકળી મહોબાના અધિપતિને માટે સાતવાર શત્રુઓના શસ્ત્રાઘાતથી ઘાયલ થયા હતા. અમારા પિતાનું મૃત્યુ થયા પછી અમે ચોવીસવાર રણભૂમિમાં ઉતર્યા છીએ. અમે સાત સંગ્રામોમાં વિજય પ્રાપ્ત કરી પરિમાલનો યશ ફેલાવ્યો છે. ત્રણવાર હું મૃત્યુના મુખમાં સપડાયો હતો. તેના રાજ્યની રક્ષાને માટે અમે આ પ્રકારનો ભોગ આપ્યો છે; પરંતુ તેના પુરસ્કારમાં અમને દેશનિકાલ કરવામાં આવ્યા છે.'’

દૂતે પ્રત્યુત્તર આપ્યોઃ-"પરિમાલ છેક નાના બાલક હતા, તે સમયે તેમના પિતાનો દેહાંત થઇ ગયો હતો. તેમણે પ્રાણત્યાગ કરતી વખત વત્સરાજના હાથમાં તેમને સમર્પણ કર્યા હતા; માટે આપના પિતા પરિમાલના પણ પિતા સમાનજ છે, તોપછી જ્યારે તેઓ મહા ભયંકર વિપત્તિમાં પડીને આપને બોલાવી રહ્યા છે, ત્યારે શું આપ તેમના ભ્રાતા હોવા છતાં પણ તેમનું રક્ષણ કરવાને પ્રવૃત્ત નહિ થાઓ ? જે રાજપૂત વિપત્તિના સમયમાં પોતાના રાજાનો ત્યાગ કરે છે, તે સમાજમાં નિંદાને પાત્ર થાય છે. આપના પિતાએ જે પ્રકારની રાજભક્તિ દર્શાવી હતી, તે પ્રકારની રાજભક્તિ આપ પણ ધારણ કરો. આવા ઘોર વિપત્તિના સમયમાં પરદેશમાં રહેવું શું ઉચિત છે ? રાણી માલિનીદેવી આપને પ્રાણપ્રિય પુત્રવત્ ચાહે છે અને આ વખતે આપને બોલાવવાને માટે તેમણે વિશેષ આગ્રહ કર્યો છે. આપનાં માતુશ્રી દેવળદેવી મહારાણી માલિનીદેવીસન્મુખ સદા પ્રતિજ્ઞાપૂર્વક જણાવતાં હતાં કે આપનાપર વિપત્તિ આવી પડી હોય તે વખતે મારા ઉભય કુંવરો કદિ પણ આપનાથી પૃથક્ રહેશે નહિ; અને હવે આ પ્રતિજ્ઞાનું પાલન કરવાને સમય આવી પહોંચ્યો છે. જે માણસ પોતાની

[1] હિંદોલદેશ યાદુનગરની રાજધાની વિયાનાના તાબામાં આવેલું એક નગર છે. 'કરોલી' તથા મથુરામાં અદ્યાપિ યાદુવંશી રાજાનું રાજ્ય છે.

પ્રતિજ્ઞાનો ભંગ કરે છે, તેનાપ્રત્યે જગતના સર્વ લોકો ઘૃણા કરે છે અને તેને 'યાવચ્ચંદ્રદિવાકરૌ' નરકમાં વાસ કરવો પડે છે. "

દેવળદેવીએ રાણી માલિનીદેવીના મોકલેલા દૂતના મુખમાંથી આ વચનો સાંભળી કહ્યું:-"ચાલો, હું મહોબામાં આવું છું." આલ્હા ચૂપ રહ્યો; ઉદલ ઉચ્ચ સ્વરે બોલ્યો:-"ભલે મહોબાનો સર્વથા નાશ કેમ ન થઇ જાય; પરંતુ શું અમે અમારાપર રાજાએ કરેલો અત્યાચાર ભૂલી જઇશું ? શું અમે પુનઃ મહોબામાં જઇશું ? કદિ નહિ. ચાહે તો અમારો વિધ્વંસ થઇ જાય, અથવા ચાહે તો અમને પૂર્વસુખ પ્રાપ્ત થાય; અમારે તો ઉભય સમાન છે. અમે કાન્યકુબ્જનો કદિ પણ ત્યાગ કરીશું નહિ. હવે તો એજ અમારી નિવાસભૂમિ છે."

પુત્રનાં આવાં વચનો સાંભળી દેવળદેવી બોલી:-"હાય ! વિધાતા ! તેં મને વંધ્યા કેમ રાખી નહિ ? રાજપૂતનો ધર્મ તજનાર અને વિપત્તિગ્રસ્ત રાજાને સહાય ન કરનાર, પુત્રને ગર્ભમાં ધારણ કરવા વ્યર્થ છે." વીરાંગના દેવળદેવીનાં ઉભય નેત્રોમાંથી અગ્નિની ચીણગારીઓ નીકળવા લાગી. તેનું સમસ્ત શરીર ક્રોધથી કંપવા લાગ્યું અને તેનું હૃદય શોક તથા દુઃખથી છિન્નભિન્ન થવા લાગ્યું. પૃથ્વી તરફ દૃષ્ટિપાત કરી તે પુનઃ બોલી:-"હા ! જગદીશ્વર ! આ કુલકલંકો ઉત્પન્ન કરવાને માટે તેં મને ગર્ભની પીડા શામાટે આપી ? કુલાંગનાઓનાં સંતાનો તથા સાચા રાજપૂતોનાં હૃદયો તો યુદ્ધનું નામ સાંભળતાંની સાથેજ આનંદથી પરિપૂર્ણ થઇ જાય છે; પરંતુ હે ધર્મભ્રષ્ટો ! તમે વત્સરાજના પુત્રો નથી, એમ મને લાગે છે."

માતાનાં આ વીરતાપૂર્ણ વચનો સાંભળી ઉભયવીરોમાં ચૈતન્ય ઉત્પન્ન થયું. તેમણે પશ્ચાત્તાપ કરી ઉભા થઈ કહ્યું કે:-"જ્યારે અમે શત્રુઓના ગ્રાસમાં પડી મહોબાની રક્ષાને માટે પ્રાણાર્પણ કરીશું જ્યારે અમે વીરત્વનો પ્રકાશ કરી તથા શસ્ત્રના ઘાવ ખાઇ અમારૂં નામ અમર કરીશું, જ્યારે અમારાં મસ્તકો રણભૂમિમાં રોળાશે, જ્યારે અમે મહાવીરોની સામે બાથ ભીડીશું અને જ્યારે અમે ચૌહાણોની સામે થઈ ઉભયપક્ષના માણસોનું રુધિર વહેવડાવીશું, ત્યારે અમારી માતા અમારાપર પ્રસન્ન થશે. "

રાજપૂતવીરાંગના દેવળદેવીની વીરબાળાસમાન વાણીએ ઉક્ત કવિદૂતનો મનોરથ સિદ્ધ કર્યો. ઉભય વીરભ્રાતાઓએ શીઘ્ર પોતાના અધીશ્વરની નિકટ[1] જઈ મહોબા જવાની આજ્ઞા માગી. રાજાએ તત્કાળ તેમને પારિતોષિક આપી જવાની રજા આપી. સાથે સાથે ઉક્ત દૂતને પણ રાજાએ પારિતોષિક આપ્યું. કાન્યકુબ્જના રાજાએ વિદાય આપતી વખત ઉભય ભ્રાતાઓને રાજપૂતનું કર્તવ્ય પાળવાનો ઉત્તમ ઉપદેશ આપ્યો. વીર આલ્હાઉદલે કાન્યકુબ્જથી સેનાસહિત વિદાય લીધી. માર્ગમાં અનેક અપશુકનો થયાં. અપશુકનો જોઈ ઉક્ત દૂત અત્યંત ભયભીત થયો, ત્યારે વીરશ્રેષ્ઠ આલ્હાએ તેજસ્વિતાપૂર્વક કહ્યું:-"કવિવર! ઘોર અંધકારને લીધે આપ ભાવી ઉદય જોઈ શકતા નથી; પરંતુ સાહસિકવીરોની દૃષ્ટિએ સર્વ અપશુકનો શુભ શુકનોતરિકે જણાય છે. જો કે અમારા પક્ષના સર્વ વીરો નિર્ધન છે અને અમારા કુલનો ગૌરવસૂર્ય અસ્તાચલમાં પહોંચી ગયો છે, તોપણ અમે આ અપશુકનને અપશુકન ગણતા નથી." જમણી બાજુએ એકલા સારસનું જવું, ઉડતા પક્ષીના મુખમાંથી ભોજન પડી જવું, ચકવાને થયેલો પોતાની સ્ત્રીનો વિરહ, સમરતુરંગિણીઓનાં નયનોમાંથી અશ્રુધારા ચાલવી, શૃગાલોનું અત્યંત રોદન, સૂર્યની વચમાં કાળો ડાઘ જણાવો ઇત્યાદિ ચિન્હોને કવિઓએ અપશુકન માન્યાં છે અને આવાંજ ચિન્હો કાન્યકુબ્જની સેનાના જોવામાં આવ્યાં.આથી સર્વ સૈનિકોના મુખમંડળપર ઉદાસી જણાઇ; પરંતુ આલ્હાએ એક રાજપૂતવીરને છાજે તેવા સ્વરથી કહ્યું:-" જો કે આ સર્વ લક્ષણો મૃત્યુની સૂચના આપનારાં છે; પરંતુ સાહસિક વીરો અને ઈશ્વર ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખનાર માણસોને મૃત્યુ દુઃખદાયક લાગતું નથી. રાજપૂતોના માર્ગમાં અનેક વિઘ્નો આવે છે; પરંતુ તેઓ તેની તરફ આંખ ઉઘાડીને જોતા પણ નથી. હવે ગમે તે થાઓ, પણ આપણે તનમનથી સમરભૂમિમાં ખેલીશું."

નરશ્રેષ્ઠ આલ્હા અને ઉદલ મહોબાની સમીપ આવી પહોંચ્યા. તેમના આગમનની વાત સાંભળી

---

૧ કાન્યકુબ્જનો રાજા આ સમયે જયચંદ હતો. બાહુબળ, વીરત્વ, અને સન્માનમાં તે ભારતસમ્રાટ પૃથ્વીરાજથીજ ઉતરતો હતો. ઈ૦ સ૦ ૧૧૯૩ માં શાહબુદ્દીને પૃથ્વીરાજનો પરાજય કર્યા પછી જયચંદને કાન્યકુબ્જમાંથી કહાડી મૂક્યો હતો; તે વખતે નાસતાં નાસતાં જયચંદે ગંગાજીમાં કુદી પડીને પોતાનો દેહાન્ત કર્યો હતો.

રાજા પરિમાલ અત્યંત પ્રસન્ન થયો અને તેમને તેણે પ્રેમપૂર્વક આલિંગન દીધું. રાણી માલિનીદેવી વીરાંગના દેવળદેવીને આદરપૂર્વક સામે લેવા ગઇ. ત્યારપછી સર્વ રાજધાનીમાં ચાલ્યાં આવ્યાં.રાજાએ ઉક્ત ઉભય વીરોને અતિ મૂલ્યવાન દ્રવ્ય આપીને તેમના મનનું સમાધાન કર્યું. રાણી માલિનીદેવીએ આલ્હાને બોલાવી તેના મસ્તકપર હાથ મૂકી આશીર્વાદ દીધો.આલ્હા હાથ જોડી બોલ્યોઃ-" મહોબાને માટેજ અમે જીવન ધારણ કરીએ છીએ." રાણીએ મોતીઓની એક મુઠી ભરી તેની વૃષ્ટિ કરી અને તે પોતાના સેવકોને વહેંચી આપ્યાં.[1] જે દૂત કાન્યકુબ્જમાંથી તે ઉભય દેશનિકાલ થયેલા ભ્રાતાઓને તેડી લાવ્યો હતો, તેને પણ તેજ વખતે પુરસ્કારતરિકે ચાર ગામો મળ્યાં.

હવે ઉક્ત ઉભય વીરોના આગમનના સમાચાર પૃથ્વીરાજની પાસે પહોંચ્યા, ત્યારે કવિશ્રેષ્ઠ ચંદે તેમને જણાવ્યુંઃ-" યુદ્ધ કરવાનો નિયત સમય વ્યતીત થઇ ગયો છે; માટે આપ શીઘ્ર પરિમાલની પાસે દૂત મોકલીને તેને કહેવરાવો કે કા તો તમે યુદ્ધભૂમિમાં ઉપસ્થિત થાઓ અને નહિ તો મહોબાપરનો અધિકાર છોડીને ચાલ્યા જાઓ." તરતજ મહોબાપતિ પરિમાલની પાસે એક દૂતને પત્ર આપીને મોકલવામાં આવ્યો. તે દૂત જ્યારે ત્યાં પહોંચ્યો ત્યારે તે પરિમાલ પોતાની સેના સજ્જ કરી રહ્યો હતો. પૃથ્વીરાજે પોતાના પત્રમાં લખ્યું હતું કેઃ-" યુદ્ધ કરવાને માટે સમય નિયત કર્યો હતો તેથી પણ રાજપૂતોની રીતિઅનુસાર સાત દિવસ વિશેષ જવા દીધા છે. કનોજથી સેના ઘણા દિવસથી આવી ગઇ છે; પરંતુ હજી પણ યુદ્ધનો પ્રારંભ કરવામાં આવ્યો નથી. જો તમારી યુદ્ધ કરવાની ઇચ્છા ન હોય તો મહોબા અમને સોંપી દો અને તમે દિલ્હીના માંડલિક બનો."

પરિમાલ આ પત્ર વાંચી અત્યંત નિરાશ થયો. ત્યાર પછી તેણે પોતાના સમસ્ત સામંતો અને સૈનિકોને બોલાવ્યા અને તેમની સાથે યુદ્ધનો પ્રારંભ ક્યારે કરવો તે વિષે મસલત કરી. પછી તેમણે પૃથ્વીરાજના દૂતને કહ્યું કેઃ-" હું આવતા માસના પડવા ને રવિવારે સમરભૂમિમાં આવી આપને મળીશ."

શુક્રવારને દિવસે પૃથ્વીરાજે શંખધ્વનિ કર્યો અને ડંકો વગડાવ્યો. સર્વ સૈનિકોને વિદિત થયું કે હવે સમરાંગણમાં ઉપસ્થિત થવાની તૈયારી છે.[2] રાજપતાકા ઉભી થઇ કે સર્વ સૈનિકો આવીને તેની આસપાસ એકઠા થઇ ગયા. સર્વ જણે જળનું એક એક પાત્ર ગ્રહણ કર્યું. સર્વ માણસો રણોન્મત્ત થઇ ગયા. સર્વ જણે પોતપોતાના મસ્તકમાં સુગંધી તેલ લગાડયું.સ્વર્ગની અપ્સરાઓ વીરોની સાથે સંભાષણ કરવાને ઉત્તમોત્તમ સુગંધી તેલ અને સુવાસિક દ્રવ્યો શરીરે ચોળીને તથા મસ્તકના વાળમાં ઘાલીને તેમની પ્રતીક્ષા કરી રહી છે. તેમણે પોતાના કોમળ કરમાં સુંદર બંગડીઓ પહેરી છે અને આંખમાં મોહક અંજન આંજ્યું છે. યુદ્ધની ભેરીનો ભયંકર શબ્દ કૈલાસનાં શિખરસુધી પહોંચી ગયો છે. તે શબ્દે શિવના યોગનો ભંગ કર્યો. પોતાના ગળામાં પહેરવાને માટે અસંખ્ય ખોપરીઓ મળશે એવા વિચારથી શિવજીને પરમ આનંદ પ્રાપ્ત થયો. યોગિનીઓના આનંદનો પાર રહ્યો નહિ.રણભૂમિમાં કપાઇ ગયેલા માણસોનાં રુધિરનું પાન કરવાની આશાથી મહા આનંદિત થઇ યોગિનીઓએ નૃત્ય કરવા માંડયું. ઉભયપક્ષો વચ્ચે યુદ્ધ થતું જોઇ મનુષ્યોનાં માંસનું ભક્ષણ કરનાર પિશાચોએ અત્યંત આનંદિત થઇ પોતાનાં ગાયનથી જગતને કંપાવી મૂકયું.

રાજપૂતો નિશ્ચયપૂર્વક માને છે કે જે મનુષ્ય સમરભૂમિમાં પ્રાણત્યાગ કરે છે,તેને સ્વર્ગની અપ્સરાઓ આવીને પરમ આદરપૂર્વક પુષ્પમાળ અર્પણ કરે છે. ચંદકવિએ પ્રસ્તુત પ્રસંગનું વર્ણન કરતાં સમરનો આરંભ થયા પૂર્વેની વીરો અને અપ્સરાઓની સજાવટવિષે આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છેઃ-

૧ આ રીતિ અત્યંત પ્રાચીન છે અને તે "નાથશવલી" એ નામથી વિખ્યાત છે. ટોડ સાહેબ જણાવે છે કે, પાત્રમાં ભરેલી રૌપ્યમુદ્રાઓ આશીર્વાદ સમયે આશીર્વાદપાત્ર મનુષ્યપર વર્ષાવવામાં આવે છે અને પછી તે મુદ્રાઓ સેવકોમાં વહેંચી આપવામાં આવે છે. અંતઃપુરમાં નિવાસ કરતી રાણીઓ અને રાજકુમારીઓ આ પ્રકારે પોતપોતાના સેવકો અને પુરોહિતોને પોતાના પ્રતિનિધિરૂપે ટોડ સાહેબ પાસે મોકલીને આ પ્રકારે તેમને આશીર્વાદ આપતી હતી.

૨ રાજપૂતોમાં આવી રીત છે કે યુદ્ધ સમયે ત્રણવાર શંખધ્વનિ અને ત્રણવાર વિજયડંકો વગાડીને સેનાને યુદ્ધભૂમિ તરફ ચલાવવામાં આવે છે. એ પ્રમાણે શંખધ્વનિ કર્યા પછી અને વિજયડંકો વગાડયા પછી કોઈ કારણથી સેના ચલાવવામાં ન આવે, તો તે બદલ રાજશસ્ત્રાગાર સન્મુખ બલિ આપવામાં આવે છે.

"વીરો શસ્ત્રોથી સુસજ્જિત થતાં સ્વર્ગની સુશોભિત અપ્સરાઓએ પોતાનાં શરીરને અલંકારોથી સુસજ્જિત કર્યાં.વીરોનાં મસ્તકપર નાની નાની વીરઘંટાઓયુક્ત શિરપેચ શોભાયમાન થયા અને અપ્સરાઓએ કિરીટ ધારણ કર્યા. સૈનિકોએ રણતુરંગિણીઓના તંગ બાંધી દીધા અને પોતાના શરીરપર લોહકવચ ધારણ કર્યા.સુરપુરનિવાસી અપ્સરાઓએ કનકકુંડલ અને મણિમુક્તાની માલાઓ પરિધાન કરી. સૈનિકો જે સમયે પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢશે, તે સમયે અપ્સરાઓ પોતાનાં વિશાળ નેત્રોમાં અંજનની રેષા કાઢશે. સાહસિક વીરો જે સમયે કટાર ધારણ કરશે,તે સમયે સુરપુરની સુંદરીઓ પોતાના લલાટપર સિંદૂરનું તિલક કરશે. વીરો જે સમયે ઢાલ ધારણ કરશે, તે સમયે સ્વર્ગની અપ્સરાઓ પોતાના કર્ણમાં કુંડલ પરિધાન કરશે. વીરો જ્યારે પોતાના કરમાં ભાલા ગ્રહણ કરશે,ત્યારે અપ્સરાઓ પોતાના કરકમળમાં કંકણ પહેરશે. જે સમયે વીરગણો વાઘનખથી પોતાના હાથ સુશોભિત કરશે, તે સમયે સ્વર્ગની સુંદરીઓ સુવર્ણની અંગુઠી અને ઇતર અલંકારોથી પોતાના કરકમલને શોભાયમાન કરશે. વીરો મોટી મોટી ગદાઓ ઉઠાવશે, ત્યારે સ્વર્ગની અપ્સરાઓ તેમને માટે વરમાળા તૈયાર કરશે. સુંદરીઓના ગળામાં મોતીની માળા અને વીરોના ગળામાં તુલસીની માળા વિરાજમાન થશે. વીરો જ્યાં પોતાનાં ધનુષ ખેંચશે કે તરતજ સુંદરીઓ નેત્રકટાક્ષરૂપી બાણની વૃષ્ટિ કરવા માંડશે. વીરો અશ્વારૂઢ થતાંની સાથેજ અપ્સરાઓ રથમાં આરૂઢ થશે."

કવિ ચંદ લખી ગયા છે કે, જે ઘટના તેમણે સ્વદૃષ્ટિથી જોઇ હતી, તેનુંજ તેમણે કાવ્યમાં વર્ણન કર્યું છે. રાજપૂતો અનાદિથી કવિને ત્રિકાલદર્શી કહેતા આવ્યા છે. ચંદકવિ ભવિષ્યવેત્તાતરિકે પૂજાય છે. ચંદકવિના પરલોકવાસ પછી રાજસ્થાનમાં તેમના જેવો કોઈ પણ કવિ થયો નથી.એમની અમૃતમય વાણીની સ્પર્ધા કોઇ પણ કવિની લેખિની કરી શકતી નથી. ચંદકવિ રાજપૂતજાતિના અંતિમ ભવિષ્યવેત્તા હતા.

હવે આપણે મહોબાપતિપ્રતિ દૃષ્ટિપાત કરીશું. પરિમાલે પોતાના મુખ્ય સેનાપતિઓને બોલાવ્યા અને શું કરવું તે વિષે તેઓ ચર્ચા કરવા લાગ્યા.રાણી માલિનીદેવી પડદામાં વિરાજમાન થઈ હતી. સૌથી પહેલાં રાણી માલિનીદેવી અત્યંત હતાશ થઈ દીર્ઘ નિઃશ્વાસ નાખી બોલી:—"દેવળદેવિ! પૃથ્વીરાજની સામે આપણે શીરીતે ટકી શકીશું? જો આપણે હારી જઇશું તો સદાને માટે મહોબાનો ત્યાગ કરવો પડશે; અને જો આપણે એને આધીન રહેવાનો સ્વીકાર કરીશું તો અપમાનની પરાકાષ્ઠા થશે."આ વચનો આલ્હાએ પણ સાંભળ્યાં અને તે ગર્વથી ઉન્મત્ત થઇ બોલ્યો:—"હે માત્ર! હું માત્ર આપના કલ્યાણનીજ અભિલાષા રાખું છું.હું સારી રીતે જાણું છું કે જે મનુષ્ય ઉત્તમ પ્રકારની રાજભક્તિ ધારણ કરી પોતાના સમસ્ત સુખો અને સ્વાર્થોને તિલાંજલિ આપીને પોતાના અધિરાજને માટે પ્રાણસુદ્ધાં અર્પણ કરે છે તેજ મનુષ્ય સાચો વીર છે અને તેનાજ જીવનને ધન્ય છે. ચૌહાણોની સેના અવશ્ય છિન્નભિન્ન થઈ જશે.હું મારા પૂર્વજોના ધર્મનું એવી સરસ રીતે પાલન કરીશ કે જેથી મારૂં નામ અવશ્ય અમર થઇ જશે. મેં મારા પુત્ર ઈંદલને પણ આપના હાથમાં સમર્પણ કર્યો છે; માટે હવે હું આપની પાસે એટલુંજ માગી લઉં છું કે મારી માતા દેવળદેવીની રક્ષા આપે કરવી."

રાણી માલિનીદેવી બોલી:—"અંતે હું એવા નિર્ણયપર આવી છું કે ચૌહાણની સંખ્યા પુષ્કળ છે અને તેઓ અસીમ સાહસિક છે; માટે તેમને ખંડણી આપીને મહોબાની રક્ષા કરવી યુક્ત છે." આ વચનો સાંભળી ઉદલને ઘણુંજ ખોટું લાગ્યું અને તે વીરતાભરેલાં વચનોથી કહેવા લાગ્યો:—"જ્યાંસુધી મારા શરીરમાં પ્રાણ છે, ત્યાંસુધી હું મહોબાની ઉપર કોઇપણ પ્રકારની વિપત્તિ આવવા દઇશ નહિ. રાજા પરિમાલ પણ જન્મભૂમિને માટે પ્રાણત્યાગ કરી સ્વર્ગની અપ્સરાઓને આલિંગન દેવાને તૈયાર થયા છે."

વીરમાતા દેવળદેવી પોતાના ઉભય પુત્રોની આ વીરોચિત પ્રતિજ્ઞા સાંભળી શૌર્યપૂર્વક બોલી:—"તમારી પ્રતિજ્ઞા રાજપૂતવીરોને છાજે તેવી છે. હવે આ પ્રતિજ્ઞાનું પાલન કરવું અને તમારા પૂર્વજોની કીર્તિ ઉજ્જવલ કરવી એ તમારૂં કર્તવ્ય શેષ રહ્યું છે; માટે હવે વૃથા સમય ખોવો ઉચિત નથી. શત્રુદલો ગામોમાં ભયંકર અગ્નિ પ્રજ્વલિત કરી દેશે."

ચંદાઇલરાજા પરિમાલ બોલ્યો:—"આજે શનિવાર થયો છે, આજનો દિવસ ઘણો શુભ છે; માટે

હવે યુદ્ધની સંપૂર્ણ તૈયારી કરી લ્યો. કાલે આપણે યુદ્ધસમુદ્રમાં ઝંપલાવી શત્રુઓની સામે થઈશું."

વીરશ્રેષ્ઠ આલ્હાએ રાજાનાં આ વચનો સાંભળી પરમ ઉત્સાહ અને શૌર્યપૂર્વક કહ્યું:-"જેઓ વિધ્વંસાભિમુખ ગામોમાંથી નીકળતી અગ્નિજ્વાલા અને ધૂમ્રરાશિને જોઇને માન ધારણ કરીને બેસી રહે છે, તે સાચા રાજપૂત નથી. જે રાજા શત્રુઓદ્વારા પોતાના દેશની આવી સ્થિતિ થએલી જોઇને મૌન ધારણ કરીને બેસી રહે છે, તે રૌરવનરકનો અધિકારી થાય છે અને તેનો આત્મા ૭ હજાર વર્ષપર્યંત ભૂતયોનિમાં પરિબદ્ધ રહી સંસારમાં ભ્રમણ કર્યા કરે છે; પરંતુ જે વીર પોતાના કર્તવ્યનું પાલન કરે છે, તેને સુરલોકમાં સ્થાન પ્રાપ્ત થાય છે અને તેની કીર્તિ અક્ષય રહે છે."

જો કે રાજાએ યુદ્ધની તૈયારી કરવામાં ઉત્સાહ દર્શાવ્યો હતો તોપણ તેના હૃદયમાંથી ભીરુતાનો નાશ થયો નહોતો. તે કોઈપણ પ્રકારે યુદ્ધ કરવાને તૈયાર નહોતો. તે એકાંતમાં પોતાની રાણીની પાસે ગયો અને શોક કરવા લાગ્યો. રાણી મલિનીદેવીએ પોતાના પતિને કાયરની પેઠે ભયભીત થએલો જોઈ તેને પ્રોત્સાહન આપ્યું અને સેના લઇને રણક્ષેત્રમાં જવાને તૈયાર કર્યો. સૈનિકોને તત્કાળ ખબર કરવામાં આવી કે રાજા સ્વયં યુદ્ધ કરવાને માટે રણભૂમિમાં ઉતરશે. યુદ્ધભૂમિ તરફ પ્રયાણ કર્યાપૂર્વે સર્વ યોદ્ધાઓએ પોતપોતાની પ્રિયતમાને અંતિમવારને માટે આલિંગન દીધું અને પ્રાતઃકાળમાં સૂર્યોદય થતાંની સાથે સંધ્યાવંદન, પાઠપૂજા આદિ નિત્યકર્મ કરી લીધાં.

આલ્હાએ નવ ગ્રહોની પૂજા કરી અને તેમને પુષ્પો અર્પણ કરી પોતાના પુત્ર ઇંદલ તથા પોતાના લઘુભ્રાતા ઉદલને બોલાવી આદ્યશક્તિનું સ્મરણ કરી તેમને કહ્યું:-"જો તમે જસરાજનું નામ અક્ષય રાખવાની અભિલાષા રાખતા હો અને જો તમારી રક્તવાહિનીઓમાં સગર્વ દેવળદેવીનું પવિત્ર રક્ત ધારણ કરતા હો તો આજે શત્રુઓને જ્યાં જુઓ ત્યાં તેમનો સંહાર કરવાને ચૂકશો નહિ." પોતાના જ્યેષ્ઠભ્રાતાનાં આ વચનો સાંભળી ઉદલે કહ્યું-"આપનાં વચન ખરેખર વીરપુરુષને છાજે તેવાં છે અને હું પણ પ્રતિજ્ઞા કરૂં છું કે બનતાંસુધી હું મારી ચમકતી તલવારની આગળ પૃથ્વીરાજને ટકવા દઈશ નહિ. શું પૃથ્વીરાજ મારી ચકચકિત અસિની આગળ થોભી શકશે?"

આ પ્રકારે ઉભય વીરોએ પૂર્ણ તેજસ્વિતાપૂર્વક યુદ્ધ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. પછી તેઓ રણવેષથી સજ્જિત થયા. શસ્ત્રસજ્જિત ઉભય વીરોને તેમની વીરમાતા દેવળદેવીએ આશીર્વાદ દઇને કહ્યું:-"યુદ્ધમાં પ્રાણવિસર્જન કરીને પ્રતિજ્ઞાનું પાલન કરજો. જો તમારાં મસ્તક તમારા સ્વામીને ખાતર રણક્ષેત્રમાં કપાઈ જશે તો અવસ્ય તમે એ સત્કાર્યના બદલામાં દેવતાઓનાં સિંહાસનપર વિરાજમાન થશો." ઉક્ત વીરમાતાનાં આ વચનો સાંભળી તે ઉભય વીરોની સાધ્વી સ્ત્રીઓ ઉઠીને બોલી:-"જે રમણી સાધ્વી સતી હોય તે શું પતિનું મરણ થયા પછી જીવિત રહેશે? ગૌરીદેવીનું એવું કથન છે કે:-'જે સ્ત્રી પોતાના સ્વામીને સમરક્ષેત્રમાં સૂતેલા જોઇને જીવિત રહેવાની ઇચ્છા કરે છે તેને કદિપણ મુક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી, પરંતુ તે અસુરયોનિમાં પિશાચિની થઈ અનંતકાળસુધી ભ્રમણ કરે છે."

રાજપૂતરમણીઓનું ઉત્તમ ચારિત્ર્ય આ વચનોપરથી સ્પષ્ટરીતે પ્રતીત થાય છે. જે સમયે વીરમાતા દેવળદેવીએ પોતાના પ્રાણપ્રિય પુત્રોને 'કાં તો વિજય પ્રાપ્ત કરો કે કાં તો રણભૂમિમાં પ્રાણ આપો' એ શબ્દો કહ્યા હતા તે સમયે રાજપૂતજાતિના આચાર સર્વ પ્રકારે શુદ્ધ હતા અને તે સમયે સમસ્ત ભારતવર્ષઉપર ચૌહાણસમ્રાટનું રાજ્ય હતું. ત્યારપછી મુસલમાનોએ છસો વર્ષપર્યંત ભારતવર્ષમાં રાજ્ય કર્યું. ત્યારબાદ પણ રાજપૂતોના આચારની શુદ્ધતા પૃથ્વીરાજના સમયની તેમની શુદ્ધતાની સમાનજ હતી. જો કે ગિઝની, ઘોરી, ખીલજી, સૈયદ, લોદી અને મોગલ આ ૭ વંશના યવન પાદશાહો ઉક્ત ૭ શતાબ્દીમાં ભારતના સિંહાસનપર વિરાજમાન થઇ પ્રબલ પ્રતાપસહિત ભારતવર્ષનું શાસન કરી ગયા તે અરસામાં, રાજપૂતોની અવસ્થા થોડા વખતને માટે અત્યંત શોચનીય થઇ ગઇ હતી; તથાપિ રાજપૂતનારીઓનું સચ્ચરિત્ર પૂર્વવત્ અટળ રહ્યું હતું. શું હિન્દુ કે શું મુસલમાન સર્વ ઇતિહાસવેત્તાઓએ રાજપૂતસ્ત્રીઓનાં ચરિત્રની મુક્તકંઠે પ્રશંસા કરી છે. ટૉડ સાહેબ હિંદુ કિંવા મુસલમાન ઇતિહાસવેત્તાઓના ગ્રંથોમાંથી રાજપૂતનારીઓનાં સચ્ચરિત્રનાં ઉદાહરણો ઉધ્ધૃત કરવાને બદલે મહાશય બર્નિયર કે જેઓ એ ઘટનાઓસમયે ભારતમાં સાક્ષાત વિદ્યમાન

હતા, તેમના [1] ગ્રંથમાંથીજ નીચે પ્રમાણે ઉતાર્યું કરે છેઃ-

"પાપી અને દુરાત્મા ઔરંગઝેબ પોતાના પિતાને પદભ્રષ્ટ કરી, પોતાના સગા ભ્રાતાઓને મારી જે સમયે ભારતવર્ષમાં પોતાની પ્રભુતા ફેલાવવાને પ્રવૃત્ત થયો, તે સમયે રાજપૂતજાતિ પોતાની સ્વાભાવિક રાજભક્તિનો પરિચય કરાવી બંદીવાનસમ્રાટનો પક્ષ ગ્રહણ કરી ઔરંગઝેબની પાપી પ્રવૃત્તિ સમૂળી નષ્ટ કરવાને માટે ઉદ્યત થઇ. રાજપૂતો ઔરંગઝેબની સામે સમગ્ર શક્તિ અજમાવવા લાગ્યા. અસીમ સાહસિક મહાવીર જસવંતસિંહની પતાકાનીચે ત્રીસહજાર રાજપૂતો એકત્રિત થયા અને તેઓ અપૂર્વ ઉત્સાહસહિત નર્મદાતટ તરફ ગયા તથા મુરાદ અને ઔરંગઝેબની સંયુક્ત સેના ઉપર તૂટી પડયા. મુરાદ અને પિતૃદ્રોહી ઔરંગઝેબની સામે રાજપૂતો સવારથી સાંજસુધી અવિશ્રાંત રીતે લડયા; પરંતુ દુર્ભાગ્યવશાત્ સાયંકાળે જ્યારે તેમને શત્રુઓએ ચારે તરફથી ઘેરી લીધા, ત્યારે તેઓ ઘાયલ થયેલા દશ હજાર વીરોને રણભૂમિમાં છોડીને નાસી ગયા. જસવંતસિંહ પોતાના રાજ્યમાં પાછા ફર્યા. ફિરિસ્તાના ગ્રંથમાં એવો ઉલ્લેખ છે કે મહારાજા જસવંતસિંહ પોતાના રાજ્યમાં ચાલ્યા આવ્યા તો ખરા; પરંતુ તેમની રાણી કે જે ઉદયપુરના સિસોદીઆરાણાની પુત્રી હતી તેણે પોતાના પરાજિત સ્વામીને પાટનગરમાં પ્રવેશ કરવા દીધો નહિ અને ગઢનો દરવાજો બંધ કરાવી દીધો."

હવે બર્નિયર જણાવે છે કે, "મહારાજા જસવંતસિંહનો પરાભવ થયા પછી તેમની રાણીએ તેમને જે તિરસ્કારયુક્ત વચનો કહ્યાં હતાં, તેનો ઉલ્લેખ કર્યા વિના રહી શકાતું નથી. જ્યારે રાણીના સાંભળવામાં આવ્યું કે મહારાણાએ પોતાના માત્ર પાંચસેં છસેં માણસોનેજ જીવંત રહેલા જોઇ શત્રુદલની સામે નિભાવ કરવો અશકય માની રણભૂમિનો ત્યાગ કર્યો છે, ત્યારે તેણે દૂત મોકલી તેમને આશ્વાસન આપવાને બદલે એકદમ પાટનગરના દરવાજા બંધ કરાવી દીધા. તેણે દુઃખિત થઈ તે કલંકિત માણસને નગરમાં પ્રવેશ નહિ કરવા દેવાની આજ્ઞા કરી. તેણે જણાવ્યું કેઃ-"તે મારો સ્વામી નથી. મેવાડના મહારાણાનો જામાતા આટલો નીચ કદિ પણ હોઈ શકતો નથી. તેણે આ વાત સ્મરણમાં રાખવી જોઇતી હતી કે ઉત્તમવંશની સાથે સંબંધ બાંધીને ઉત્તમ વર્તનજ કરવું જોઇએ. તેને વિજય પ્રાપ્ત થવાનો સંભવ નહોતો તો તેણે શત્રુની સન્મુખ સમરભૂમિમાંજ પોતાના પ્રાણત્યાગ કરવા જોઇતા હતા." તે ક્રોધિત રાણીએ થોડીવાર પછી એક ચિતા તૈયાર કરી તેને પ્રદીપ્ત કરવાની આજ્ઞા કરી. તેણે પોતાનો સ્વામી જીવંત હોવા છતાં ચિતામાં ભસ્મીભૂત થવાનો નિશ્ચય કર્યો હતો. રાણીની ઉપર્યુક્ત આજ્ઞા સાંભળી અંતઃપુરનિવાસિની રમણીઓએ વિનયપૂર્વક પ્રાર્થના કરી કેઃ-"જો તમો ચિતામાં બળીને ભસ્મીભૂત થશો તો રાજાને પણ તમારી પાછળ જીવંત બળવું પડશે. નહિ તો આ કાર્યની પૂર્ણાહુતિ થયેલી કહેવાય નહિ." આ વચનો સાંભળી રાણી વિચારમાં પડી. તેના ક્રોધનો પાર રહ્યો નહિ અને તે રાજા સંબંધે અનેક તિરસ્કારયુક્ત વચનો ઉચ્ચારવા લાગી. રાણાની પુત્રીએ દેહોત્સર્ગ તો કર્યો નહિ; પરંતુ તેણે આઠનવ દિવસપર્યંત મહારાજાનું મુખ જોયું નહિ. તે એક એકાંત કોટડીમાં પડી રહેતી હતી. આ સમાચાર સાંભળી તેની માતા ઉદયપુરથી આવી અને તેણે તેને અનેક પ્રકારે સમજાવીને કહ્યું કેઃ- "મહારાજા રણપરિશ્રમનો પરિહાર કરીને શીઘ્ર નવીન સેના એકત્રિત કરી રણભૂમિમાં જશે અને ઔરંગઝેબને પરાસ્ત કરી પોતાની કીર્તિ પ્રકાશિત કરશે." આ ઉપાખ્યાનપરથી રાજપૂતનારીઓની સાહસિકતા અને વીરતા ઉત્તમ પ્રકારે પ્રદર્શિત થાય છે.

દિલ્હીના અંતિમ ચૌહાણસમ્રાટ પૃથ્વીરાજના સમયના ઇતિહાસમાં રાજપૂતનારીઓની વીરતાનાં આવાં અસંખ્ય ઉદાહરણો ઉપલબ્ધ થાય છે.[2] પૃથ્વીરાજે જ્યારે કનોજના રાજા જયચંદની કન્યા સંયુક્તાનું હરણ કર્યું, ત્યારે સંયુક્તાએ જે ચારિત્ર્ય દર્શાવ્યું હતું, તેમાં કેવળ સંયુક્તાનાજ સદ્ગુણો નહિ; પરંતુ રાજપૂતરમણીમાત્રના સદ્ગુણો સ્પષ્ટરીતે અંકિત થયેલા આપણને જણાય છેઃ અનુપમ રૂપલાવણ્યથી યુક્ત એવી સંયુક્તાએ જે દિવસે સ્વયંવરની સભામાં ઉપસ્થિત થઈ શતાવધિ

૧ બર્નિયરે લખ્યું છે કે, રાજપૂતો રણભૂમિમાં જવા પૂર્વે જીવનવિસર્જનનો સંકલ્પ કરીને પરસ્પરને મળી ભેટીને વિદાય માગે છે તે સમયનું દૃશ્ય અતિ મનોહર હોય છે.

૨ "ભારતનાં સ્ત્રીરત્નો" એ નામના આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલા વિસ્તૃત ત્રણ ગ્રંથોમાં આવી મહાન વીરાંગનાઓ અને વીર કન્યાઓનાં સેંકડો હૃદયગ્રાહી ચરિત્રોનો સંગ્રહ છે, કે જે રૂ. ૬)ની કિંમતથી મળે છે. ગ્રંથી સ. સા.

રાજાઓનું માન તોડી દિલ્હીના મહાવીર પૃથ્વીરાજની પ્રતિમાના ગળામાં વરમાળા આરોપી, તે દિવસથી તેના અનેક ઉત્તમ સદ્‌ગુણો એક પછી એક જગતની દૃષ્ટિએ પડયા છે. સંયુક્તાએ પૃથ્વીરાજની પ્રતિમાના ગળામાં વરમાળા આરોપી તેટલા માટેજ પૃથ્વીરાજની અને શતાવધિ રાજાઓની સહાયને પ્રાપ્ત થયેલા જયચંદની વચ્ચે પાંચ દિવસપર્યંત અત્યંત ઘોર સંગ્રામ ચાલ્યો હતો. અંતે કનોજના અધિપતિનો પરાભવ થયો અને સંયુક્તા પૃથ્વીરાજને વરી. ત્યારપછી કનોજની રાજકુંવરીએ પોતાના અનુપમ રૂપલાવણ્યથી તેજસ્વી વીર પૃથ્વીરાજને સર્વથા મોહિત કરી દઇ તેમને રાજકાર્યથી નિવૃત્ત કરી દીધા હતા. સંયુકતા આપણને ભારતની અનિષ્ટકારિણીસ્વરૂપે જણાઇ છે; પરંતુ તેના વાસ્તવિક જીવનચરિત્રનો પ્રકાશ થતાં જગતની કોઈ પણ જાતિ તેને રમણીમંડળમાં ઉચ્ચ આસન આપ્યા વિના રહેશે નહિ.

જ્યારે મહાબળવાન અને અત્યંત ક્રૂર શાહબુદ્દીન ઘોરી સિંધુનદી ઉતરીને પૃથ્વીરાજનું ગૌરવ નષ્ટ કરવાને અને ભારતના પવિત્ર હૃદયમંદિરમાં યવનપતાકા રોપવાને તથા આર્યશાસનનો લોપ કરવાને ભારતવર્ષમાં આવ્યો અને આ સમાચાર જ્યારે દિલ્હીના રાજમહાલયમાં પ્રેમ, આનંદ તથા વિલાસથી ઉન્મત્ત બનેલા પૃથ્વીરાજ તથા સતી સંયુક્તાના કર્ણપર પહોંચ્યા, ત્યારે રાઠોડબાળા સંયુક્તાની પ્રેમવિલાસની નિદ્રા એકદમ ભંગ થઇ ગઇ. તેણે તત્કાળ સચેત થઇ વિલાસવૃત્તિ છોડી દીધી અને રાજપૂતવીરાંગનાની સ્વાભાવિક સાહસિકતા તથા વીરતા ધારણ કરી પોતાના પ્રાણાધિક પતિને સમરાંગણમાં જવાને પ્રોત્સાહન આપવામાં કિંચિત્ પણ વિલંબ કર્યો નહિ.પોતાના પ્રાણવલ્લભને રણવેષથી સજ્જિત કરીને પોતાની સ્વાધીનતા તથા અતુલ ગૌરવની રક્ષા કરવાને માટે પ્રાણવિસર્જન કરવાનો તેને બોધ આપી તે બોલી:-" હે પ્રાણનાથ ! અંતે આપનો અને મારો મેળાપ અવશ્ય સ્વર્ગમાં થશે. "

સુપ્રસિદ્ધ ચંદકવિના ગ્રંથમાં આ ઘટના, ભારતનું અધઃપતન તથા સંયુક્તાના વીરનારીને ઉચિત આચરણવિષે ઉત્તમ વર્ણન ઉપલબ્ધ થાય છે. ભારતવર્ષમાં યવનોનું આગમન થયું તે પૂર્વે પૃથ્વીરાજને તે વિષે એક ભયંકર સ્વપ્ન આવ્યું હતું અને તે સ્વપ્નની વાત તેણે પોતાની પ્રાણપ્રિયાને કહી હતી. આ વાત સાંભળી રાણીએ કેવો ઉત્તર આપ્યો હતો ? તે બોલી:-"પ્રાણનાથ આપના ગૌરવની વૃદ્ધિ થશે અને આપને જય પ્રાપ્ત થશે. હે ચૌહાણકુલસૂર્ય ! આ જગતમાં આપના જેવા પરમ આનંદ અને પરમ સુખનો ઉપભોગ કોણે લીધો છે ? આપના જેવું ગૌરવ કોને પ્રાપ્ત થયું છે ? માત્ર મનુષ્યોનેજ અવશ્ય મરણ પ્રાપ્ત થાય છે એમ ધારશો નહિ; કારણ કે મરણ તો દેવને પણ છોડતું નથી. સર્વ જણ જીર્ણ શરીરને બદલવાની અભિલાષા રાખે છે. ચિરકાળપર્યંત જીવંત રહેવા કરતાં મૃત્યુજ શ્રેષ્ઠ છે. આપે કેવળ આપના આ જગતના સ્વાર્થ તરફજ દૃષ્ટિ રાખવી જોઇએ નહિ. આપે અક્ષય કીર્તિ પ્રાપ્ત કરવાની વૃત્તિ પણ રાખવી જોઇએ. આપ આપની તીક્ષ્ણ તલવારવતી શત્રુઓનો નાશ કરો અને સ્વર્ગે સિધારો, હું પરલોકમાં આપની અર્ધાંગિની બનીશ."

ત્યારપછી પૃથ્વીરાજને સહાય કરવા આવેલા રાજાઓ તથા સામંતો યવનપાદશાહની સામે શી રીતે યુદ્ધ કરવું તે વિષે ચર્ચા કરવા લાગ્યા. પૃથ્વીરાજ પોતાની પ્રાણપ્રિયાની સલાહ લેવાને માટે અંતઃપુરમાં ગયો. રમણીકુલરત્ન સંયુક્તા બોલી:-"વળી કોઇ આવા વિષયમાં સ્ત્રીની સલાહ લેતા હશે ? આખું જગત નિશ્ચયપૂર્વક માને છે કે સ્ત્રીજાતિમાં ઘણું થોડું જ્ઞાન હોય છે. વધુ શું કહું ? સ્ત્રીના મુખમાંથી સત્ય વચન નીકળે તોપણ તેપર લક્ષ આપવાને કોઈ ઇચ્છતું નથી. ચિરકાલથી સ્ત્રીજાતિને અજ્ઞાન માનવામાં આવે છે અને તેટલા માટે કોઈ પણ બાબતમાં તેની સલાહ લેવામાં આવતી નથી; પરંતુ **વાસ્તવમાં સ્ત્રી સુખદુઃખમાં સમાન ભાગની અધિકારિણી છે. હવે આપ મારી એજ સલાહ છે કે આપ રણક્ષેત્રમાં જઇ પ્રાણાંતપર્યંત શત્રુની સામે યુદ્ધ કરો અને આપનો પરલોકવાસ થશે તો હું પણ ત્યાં આવીશ. હું કદિ આપનો સાથ છોડીશ નહિ.** આપની સાથે આવવામાં મારે ગમે તેવાં સંકટો સહન કરવાં પડશે તો તે હું ખુશીથી સહન કરીશ. હું કદિપણ આપનો વિયોગ સહન કરી શકીશ નહિ. "

ભારતનું રાજકીય આકાશ મેઘાવૃત થઇ ગયું. ભયંકર સમરાગ્નિ પ્રદીપ્ત થયો. વિધર્મી મુસલ-

માનસેનાએ સમસ્ત ભારતવર્ષનું હૃદય કંપાયમાન કરી દીધું. સ્વાધીનતા, જન્મભૂમિ અને હિંદુજાતિના ગૌરવની રક્ષા કરવાને તથા યવનોનું દમન કરવાને માટે ભારતવર્ષના પ્રાયઃ સર્વ રાજાઓ પોતપોતાની સેના લઇ રણભૂમિમાં આવી ઉપસ્થિત થયા.આજ વખતે દિલ્હીના રણવાસમાં સતી સંયુક્તાએ પોતાના પ્રાણપતિને યુદ્ધમાં જવાને માટે સુજ્જ કર્યા. આ વખતે સંયુક્તાનાં વિશાળ નેત્રો કેવળ પૃથ્વીરાજ તરફ ચોંટી રહ્યાં હતાં. રણતુરીના ધ્વનિએ રણવાસમાં ઉભાં રહેલાં રાજારાણીનાં હૃદયપર પ્રચંડ અને ભયંકર આઘાત કર્યો.જાણે યમરાજનો દૂત-આવ્યો ન હોય તેમ તેમને લાગ્યું.ત્યારપછી વીરશ્રેષ્ઠ પૃથ્વીરાજે પોતાની પ્રાણપ્રિયા સંયુક્તા પાસેથી અંતિમવારની વિદાય લીધી. સંયુક્તાએ પ્રતિજ્ઞા કરી કે:—"જ્યાંસુધી યુદ્ધ સમાપ્ત થશે નહિ, ત્યાંસુધી હું કેવળ જલપાન કરીનેજ જીવન ધારણ કરીશ." સંયુક્તાનાં અંતિમ વચનો આ હતાં:—"આ[1] યોગિનીપુરમાં હવે પ્રાણેશ્વરનાં દર્શન થશે નહિ. હવે એમનો મેળાપ પુનઃ સ્વર્ગમાંજ થશે."તેમનાં આ વચનો સત્ય નિવડ્યાં. પ્રસ્તુત મહા સમરમાં ભારતના ભાગ્યનું પતન થયું, હિંદુજાતિની સ્વાધીનતાનો લોપ થયો અને પૃથ્વીરાજ પરાજિત, બંધનગ્રસ્ત તથા હતજીવન થયા; અને વીરબાળા સંયુક્તાએ ચિતાના પ્રજ્વલિત અગ્નિમાં પોતાના અનુપમરૂપ લાવણ્યમય શરીરને સમર્પણ કરી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં એક મુહૂર્તનો પણ વિલંબ કર્યો નહિ.

અંગ્રેજી શીખેલા યુવકો અંગ્રેજીસાહિત્યમાં લુક્રેશિયાનું જીવનચરિત્ર વાંચી તેથી મુગ્ધ બની જાય છે; પરંતુ તેમને સાવધાન કરવાને માટે લુક્રેશિયા કરતાં પણ વિશેષ સદ્‍ગુણી એક સતીસાધ્વી અને બુદ્ધિમતી રાજપૂતબાળાનું જીવનવૃત્તાંત અત્રે અમે લખીએ છીએ.

ગાનોર (ગુન્નોર)ની રાણીને રાજપૂતલુક્રેશિયા કહીશું તો ચાલશે. જ્યારે ક્રૂર યવનોની સેનાએ સાક્ષાત યમરાજાનું સ્વરૂપ ધારણ કરી ગાનોરપર[2] આક્રમણ કર્યું, ત્યારે ઉક્ત રાણીએ તેની સામે થઇ તેના કરાલગ્રાસમાંથી પાંચ દુર્ગનું રક્ષણ કર્યું હતું. તેણે અસીમ સાહસિકતા અને-પરમ વીરતા દર્શાવી અંતે નર્મદાતટપર આવેલા પોતાના છેલ્લા દુર્ગમાં આશ્રય લીધો. હજી તે પોતાની સેનાસહિત નદીપાર ઉતરી પણ નહોતી એવામાં શત્રુઓની સેના ત્યાં આવી પહોંચી. આ સમયે રાણીની પાસે ઘણાજ થોડા સૈનિકો હતા. તેઓ શત્રુઓને જોતાંજ અત્યંત હતાશ થઇ ગયા, તેથી તે કિલ્લો શીઘ્ર યવનોના હાથમાં ગયો. ભોપાલમાં જે નવાબનો વંશ આજપર્યંત વિદ્યમાન છે, તે નવાબ આ સેનાનો સેનાપતિ હતો. તે ઉક્ત રાણીનું અનુપમ રૂપલાવણ્ય જોઇ તેનાપર મોહિત થઇ ગયો અને તેને હસ્તગત કરવાને માટે પ્રયત્ન કરવા લાગ્યો. તેણે કિલ્લો પોતાના અધિકારમાં લીધા પછી રાણીની પાસે પોતાનો એક દૂત મોકલ્યો.આ વખતે રાણી દુર્ગમાં એક દિવાનખાનામાં બેઠી હતી. તેણે દૂતના મુખદ્વારા સેનાપતિએ મોકલેલો સંદેશો સાંભળી તેની સાથે કહેવરાવી મોકલ્યું કે:—"આપને હૃદય સોંપવાને હું તૈયાર છું; પરંતુ વિધિપૂર્વક લગ્ન કરવું એ આપણું પ્રથમ કર્તવ્ય છે. આપની વીરતા અને યુદ્ધનિપુણતા તથા ચપળતા જોઇ હું અત્યંત પ્રસન્ન થઇ છું અને આપના જેવા વીરસ્વામી પ્રાપ્ત થવા, એ મોટા સૌભાગ્યની વાત માનું છું; પણ આ શુભ વિવાહની તૈયારી કરવા માટે થોડા કલાકના અવકાશની અપેક્ષા છે. કિલ્લામાંજ વિવાહકાર્ય કરવાને હું તૈયાર છું." દેવતાઓને પણ દુર્લભ એવા સ્ત્રીરત્નની અવશ્ય પ્રાપ્તિ થયેલી માની ખાંસાહેબે પ્રસન્નચિત્તે તેને વિવાહની તૈયારી કરવા માટે બે કલાકનો અવકાશ આપ્યો.

આટલા સ્વલ્પ અવકાશમાં વિવાહની સમસ્ત તૈયારી થઇ ગઇ. રણવાદ્ય અને રણભેરીના ધ્વનિને બદલે વાજાંનો સુમધુર અને મંગલધ્વનિ નીકળવા લાગ્યો. રાણીએ યવનોના સેનાપતિને માટે મહામૂલ્યવાન હીરા તથા મણિમુક્તાજડિત વસ્ત્રાલંકાર મોકલી દીધા. યવનસેનાનો નાયક ખાંસાહેબ પોતાને હિંદુરૂપવતી સ્ત્રીના પ્રાણવલ્લભ બની ગયેલો માની અપૂર્વ આનંદસાગરમાં ડુબી ગયો. બડેમીયાંના હર્ષનો પાર રહ્યો નહિ. તેણે સમસ્ત વસ્ત્રાલંકાર ધારણ કર્યાં અને તે સુયોગ્ય વરરાજા બની ગયો. પછી- રાણીના આમંત્રણથી તે તેની સમીપ જઇ પહોંચ્યો. રાજપૂતરાણીનું અનુપમ સૌંદર્ય જોઇને તત્કાલ વરરાજા ખાંસાહેબ મંત્રમુગ્ધ બની ગયો અને જીવતાંજ કબરમાં ચાલ્યો ગયો હોય તેવો નિશ્ચેષ્ટ થઇ ગયો. તેણે પોતાના સમસ્ત જીવનમાં આવું સર્વાંગ સુંદર રમણીરત્ન કદિ

ચંદકવિના ગ્રંથોમાં દિલ્હીનું બીજું નામ "યોગિનીપુર" જણાવ્યું છે.

પણ જોયું નહોતું. તે અનિમિષનેત્રે ઉકત રાજપૂતરાણીના સૌંદર્યરૂપી અમૃતનું પાન કરવા લાગ્યો. થોડીવાર પછી ખાંસાહેબ બોલ્યોઃ-" આજે મારો માનવજન્મ સાર્થક થયો છે." રાણીએ ખાંસાહેબને એક સુવર્ણના આસનપર બેસવાને કહ્યું અને તે પોતે સ્વતંત્ર આસનપર પોતાની સખીઓસહિત પ્રતિવ્રતા ઇંદ્રાણીની પેઠે વિરાજમાન થઈ. તેનાદ્વારા ત્યાં સ્વર્ગની જ્યોતિના જેવો પ્રકાશ પ્રસરી રહ્યો. મોહિત થયેલા ખાંસાહેબને તો એક એક પળ એક એક યુગસમાન જણાવા લાગી. રાજપૂતરાણીએ ખાંસાહેબની પુષ્કળ પ્રશંસા કરી તેને ખૂબ છાપરે ચઢાવ્યો અને મધુર વચનોથી તેને સારીરીતે વશ કરી લીધો; પરંતુ એટલામાં અચાનક ખાંસાહેબનું પ્રફુલ્લિત વદન મ્લાન થઇ ગયું અને તેને ભયંકર તાવ ચઢી આવ્યો. તે નિશ્ચેષ્ટ થઇ ગયો, તેનામાં જરા પણ શુદ્ધિ રહી નહિ. તરતજ તેના અંગપર શીતળ વાયુ ઢોળી તથા નિર્મળ જળ છાંટી તેને શુદ્ધિમાં આણવાના પ્રયત્ન કરવામાં આવ્યા; પરંતુ તે સાવધાન અને સચેત થઇ શક્યો નહિ. આ રીતે ઘણો સમય વહી ગયા પછી ખાંસાહેબ એકાએક ઉઠીને ઉભો થયો અને તેણે મદોન્મત્ત હાથીની પેઠે આમતેમ દોડી પોતાના ઉભય કરદ્વારા પોતાના અંગપરનાં મૂલ્યવાન વસ્ત્રાભૂષણો કાઢી ફેંકી દેવા માંડયાં. ઉકત રાણીએ ખાંસાહેબને ઉચ્ચ સ્વરે જણાવ્યું:-"ખાંસાહેબ! આપનો અંતકાળ સમીપ આવી પહોંચ્યો છે. વિધાતાએ તમારા અને અમારા પ્રાણત્યાગ એકસાથેજ નિશ્ચિત કર્યા હતા. આપે જે વસ્ત્ર પરિધાન કર્યાં છે, તે કાલકૂટવિષથી યુક્ત છે અને તે અવશ્ય આપના પ્રાણ હરશે. પોતાના સતીત્વનું રક્ષણ કરવાને માટે રાજપૂતસ્ત્રી બીજો શું ઉપાય કરે વારૂ?" રાજપૂતવીરબાળાનાં આ વચનો સાંભળી સર્વને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન થયું. આ વચનો ખરેખર ભયંકર હતાં. કયાં વિવાહની તૈયારી અને કયાં મરણની તૈયારી! કયાં મળવાનો ઉદ્યોગ અને કયાં સદાનો વિયોગ! વિવાહના ઉત્સાહને બદલે પ્રાણાંતનો વિષાદ દૃષ્ટિગોચર થયો. અલ્પ સમયમાંજ શું નું શું થઇ ગયું? તે રાજપૂતવીરબાળા-તે રાજપૂતસતીસ્ત્રી કિલ્લાની અગાસીપર ગઇ અને યમની યંત્રણાથી પીડિત થતા પેલા ખાંસાહેબ પ્રતિ એકવાર દૃષ્ટિપાત કરી તે વિશ્વમોહિનીએ હસતાં હસતાં ઉંચી છત ઉપરથી પોતાના અનુપમ સૌંદર્યમય શરીરને કિલ્લાનીચે વહેતી નદીમાં નાખી દીધું. હતભાગી ખાંસાહેબનો પ્રાણ પણ તે વિષમ યંત્રણાથી શીઘ્ર તેના પાપયુકત શરીરનો ત્યાગ કરી ગયો. ઉકત કિલ્લાથી ભોપાલ તરફ જવાના માર્ગમાં ઉકત ચાંદખાંની કબ્ર આજપર્યંત વિદ્યમાન છે. લોકો માને છે કે ઉકત કબ્રનાં દર્શન કરવા જે જાય છે તેનો ગમે તેવો અસાધ્ય રોગ પણ ત્રણ દિવસમાં નિવૃત્ત થઇ જાય છે.

રાજપૂતસ્ત્રીઓ પોતાનાં સન્માન અને ગૌરવની રક્ષા કરવાને માટે કેવા કેવા પ્રયત્ન કરતી હતી, તેનું બીજું એક અતિ સોજ્જ્વલ દૃષ્ટાંત મહામાનનીય કર્નલ ટૉડ અત્રે આપે છે.અંબરના વિખ્યાત મહારાજા જયસિંહે કોટાની રાજકુમારી સાથે વિવાહ કર્યો હતો. તે રાણીનો સ્વભાવ, તેનાં આચરણ તથા પહેરવેષ અત્યંત સરલ તથા આડંબરહીન હતાં; પરંતુ સુસભ્ય અને સમૃદ્ધિશાળી અંબરરાજના અંતઃપુરની રાણીઓમાં અત્યંત મૂલ્યવાન વસ્ત્રાભૂષણો પરિધાન કરવાની રીતિ પ્રચલિત હતી. કોટાની રાજકુમારી આ રીતિને યોગ્ય માનતી નહોતી. એક સમયે અંબરરાજ કોટાની રાજકુમારીની સાથે બેઠા હતા. તેમણે વાતવાતમાં તેને કહ્યું કેઃ-"આપના કરતાં તો આપણા રાજ્યમાં વસતી નીચજાતિની સ્ત્રીઓ પણ અધિકસુંદર અને રમણીય વસ્ત્રાભૂષણો પરિધાન કરે છે." ત્યારપછી થોડીવારે તેઓ એક કાચનો ટુકડો લઇ રાણીએ પહેરેલાં વસ્ત્રો કાપવા લાગ્યા. કોટાની રાજકુમારી બોલીઃ-"આ તો આપે મારૂં ઘોર અપમાન કર્યું" એમ કહીને તેણે તરતજ મ્યાનમાંથી તલવાર કાઢી અને તે પુનઃ ગંભીર સ્વરે બોલીઃ-"મેં જે રાજવંશમાં જન્મ ગ્રહણ કર્યો છે તે કદાપિ આ પ્રકારની ઘૃણા અને ઉપહાસ સહન કરી શકશે નહિ. આપ આ વાત સ્મરણમાં રાખજો કે પરસ્પરને સન્માન આપવાથી કેવળ દાંપત્યસુખજ મળે છે એમ નથી; પરંતુ ધર્મની રક્ષા પણ થાય છે." થોડીવાર મૌન ધારણ કરી તે વીરબાળા પુનઃ બોલીઃ-"મહારાજ! આ પ્રકારે આપ મારૂં ઘોર અપમાન કરવાના હો તો આ વાત બરાબર લક્ષમાં રાખજો કે કોટાની રાજકુમારી તલવાર વાપરવામાં જેટલી નિપુણ છે તેટલા આપ કાચનો ટુકડો વાપરવામાં પણ ચતુર નથી." ત્યારપછી રાણીએ પોતાના સ્વામીની પાસે એવી પ્રતિજ્ઞા કરાવી લીધી કેઃ-"કોટાના રાજવંશની કોઇપણ સ્ત્રીને આવું અપમાન હું કદિપણ કરીશ નહિ,તેમજ મારા વંશજો પણ

આ નિયમનું પાલન કરશે." કર્નલ ટૉડ જણાવે છે કે આ નિયમનું અટલ રીતે અદ્યાપિ પાલન થાય છે.

રાજપૂતસ્ત્રીઓનાં સતીત્વ, સાહસ અને શારીરિક બળના સંબંધમાં કોટાના વિખ્યાત વીર જાલિમસિંહના મુખમાંથી નીકળેલાં વચનોનો કર્નલ ટૉડ અત્રે ઉલ્લેખ કરે છે. રંકકુલની રાજપૂતસ્ત્રીઓ પોતાના પતિને કૃષિકર્મમાં સહાય કરે છે અને તેમને માટે ક્ષેત્રમાં અન્નાદિ લઇ જાય છે, એ વાત સર્વને સુવિદિત છે. એક સમયે એક રાજપૂતકૃષિકારની સ્ત્રી પંચમહાડ નામના શિખરની નિકટના વનમાં પોતાના સ્વામીને માટે ભોજન બનાવીને લઇ જતી હતી; એવામાં એક મહાપ્રચંડ વરાહ જંગલમાંથી નીકળી તેને પકડવાને માટે તેની પાછળ દોડયો. તે સ્ત્રી સમજી નહિ કે આ વરાહ ભોજનની લાલચથી મારી પાછળ આવે છે કે મને પકડવાની ઇચ્છાથી આવે છે. તે તરતજ એક વૃક્ષની નીચે ઉભી રહી. વરાહ ઉંચો થઇ તે સ્ત્રીને પકડવાની ચેષ્ટા કરવા લાગ્યો. તે સ્ત્રી પોતાની રક્ષા કરવાને માટે વૃક્ષની ચારે તરફ ફરવા લાગી. તે વરાહ પણ તેની પાછળ પાછળ ફરવા લાગ્યો. અંતે જ્યારે તે સ્ત્રીને પોતાની રક્ષા કરવાની અસમર્થતા જણાઇ ત્યારે તેણે અસીમ સાહસ વાપરી પોતાના ઉભય હસ્તોથી મજબૂત રીતે ઉક્ત વરાહને પકડી લીધો. વરાહ પ્રચંડ શક્તિયુક્ત હાથોને છોડાવવાને કોઇપણ પ્રકારે શક્તિમાન થયો નહિ. થોડીવારમાં ઉક્ત સ્ત્રીએ એક સૈનિકને જતો જોયો. તે સ્ત્રીએ દીન વચનથી તેને સહાયને માટે બોલાવ્યો. ઉક્ત સ્ત્રીનાં વચનો સાંભળી તે વીર તેની પાસે ગયો અને તેણે પોતાના ઉભય હસ્તદ્વારા તે વરાહને પકડી લીધો. સ્ત્રી આ ખટપટમાંથી મુક્ત થઇ બે ચાર ડગલાં ચાલી, એટલામાં તે સૈનિક પોકારી ઉઠયોઃ-"અરે બાઈ! આ બળવાન વરાહ મારાથી અંકુશમાં રહી શકતો નથી." આ વચનો સાંભળી તે કૃષિકારસ્ત્રી હસતી હસતી શીઘ્રતાપૂર્વક ચાલી અને પોતાના સ્વામી પાસે જઈ તલવાર લઇ આવી તે વરાહને મારી સૈનિકને મુક્ત કર્યો. રાજપૂતસ્ત્રીઓની સાહસિકતા, બળ અને સતીત્વનાં આવાં અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

કર્નલ ટૉડે આવું બીજું એક અતિ પ્રસિદ્ધ ઉદાહરણ આપી આ અધ્યાયની પરિસમાપ્તિ કરી છે. આ ઘટના રાજસ્થાનના પ્રત્યેક ભાગમાં સર્વશ્રુત છે. આ ઘટના મરુભૂમિમાં આવેલા જયશાલના ઇતિહાસમાંથી પ્રાપ્ત થઇ છે. જયશાલના મીરમાં તાબાના આવેલા પુંગલ નામના પ્રદેશમાં રણુંગદેવ નામનો એક સામંત અધિકાર ભોગવતો હતો. તેનો ઉત્તરાધિકારી પુત્ર સાધુ સમસ્ત મરુભૂમિમાં ભયનું કારણ થઇ પડયો હતો. સાધુ પરમ સાહસિકવીર અને મહાન લૂંટારો હતો. તે દક્ષિણમાં સિંધુ નદી અને પૂર્વમાં નાગોરસુધી ભ્રમણ કરીને ઉપદ્રવ કર્યા કરતો હતો. એક સમયે મહાબળવાન સાધુ એક નગરમાં લૂંટ કરી પુષ્કળ હાથીઓ તથા ઉંટોને હસ્તગત કરી પોતાના પાટનગર તરફ જતો હતો. રસ્તામાં મહિલ જાતિના નાયક માણિકરાવની રાજધાની અરિન્તનગરી આવી. માણિકરાવ ૧૪૪૦ ગામોના અધીશ્વર હતા. સાધુના આગમનના સમાચાર સાંભળતાંની સાથેજ માણિકરાવે તેને પોતાના નગરમાં આવવાને આમંત્રણ કર્યું. વીરશ્રેષ્ઠ સાધુ મહિલપતિના આમંત્રણને માન આપી તેમની રાજધાનીમાં આવ્યો. માણિકરાવે તેનો પરમ આદરસત્કાર કર્યો. માણિકરાવને કર્મદેવી નામની એક પરમ રૂપવતી તરુણ કન્યા હતી. આ યુવતી સાધુને રાજસ્થાનના સર્વશ્રેષ્ઠ અશ્વારોહીતરિકે ઓળખતી હતી. કર્મદેવીનો વિવાહ અત્યારપૂર્વે મંદોરના રાઠોડરાજકુમારની સાથે થઈ ચૂક્યો હતો;પરંતુ આ સમયે તેણે સાધુને સ્વનેત્રાથી જોઈ સિંહાસનના અધિકારી રાઠોડરાજકુમારને તિલાંજલિ આપી પુંગલના સામંતના પુત્રને વરવાનો મનમાં સંકલ્પ કર્યો. મંદોરનો રાજકુમાર પ્રચંડ બળશાલી હતો અને તેની સાથે વિવાહ નિશ્ચિત કર્યા છતાં પણ જો તેને કન્યા સમર્પણ કરવામાં ન આવે તો પછી માણિકરાવપર દારુણ વિપત્તિ આવી પડવાનો સંભવ હતો.આ વાત માણિકરાવ જાણતા હતા,તે છતાં પ્રણ તેમણે પોતાની કન્યા સાધુને આપવાનો પ્રસ્તાવ કર્યો અને સાધુએ તે પરમ આનંદપૂર્વક સ્વીકાર્યો.પછી સાધુએ ત્યાંથી વિદાય લીધી. યોગ્ય સમયે પુંગલમાં તેની પાસે વિવાહનું નાળીએર મોકલવામાં આવ્યું.સાધુએ તે નાળીએર તરતજ સ્વીકાર્યું. શુભ દિવસ અને શુભ મુહૂર્તમાં કર્મદેવીનો વિવાહ સાધુની સાથે થઇ ગયો.મહિલપતિએ સાધુને પહેરામણીમાં મહા મૂલ્યવાન વસ્ત્રાભૂષણો,સુવર્ણ અને ચાંદીનાં પાત્રો, એક સુવર્ણનો પોઠીઓ અને તેર દાસીઓ આપી.

મંદોરનો યુવરાજ અરણ્યકમલ પોતાની સાથે જે સ્ત્રીનો વિવાહ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો

હતો તે સ્ત્રીનો વિવાહ સાધુની સાથે થયેલો જાણી અત્યંત ક્રોધાન્વિત થયો અને તેણે તેનો માર્ગ રોકવાને માટે ચાર હજાર રાઠોડસનિકોને મોકલી દીધા. આ ઘટના બની તે પૂર્વે સાધુએ સંકલ મેહરાજ નામના સામંતના પ્રિય પુત્રનો વધ કર્યો હતો.તે સામંતે પણ આ પ્રસંગને વૈર લેવાનો ઉત્તમ અવસર ધારી ઘોર અપમાનથી ક્રોધિત થયેલા રાઠોડરાજકુમારને સહાય કરી. આ સર્વ સમાચાર માણિકરાવને પૂર્વેથી મળ્યા હતા. ભયંકર યુદ્ધ થવાનો સંભવ ધારી તેમણે પોતાના પ્રિય જામાતા તથા પુત્રી નિર્વિઘ્નતાપૂર્વક જઈ શકે એટલા માટે તેમની સાથે ચારહજાર મહિલસૈનિકો: મોકલવાની તૈયારી કરી; પરંતુ તેજસ્વી સાધુએ કહ્યું કેઃ-" મારી સાથે જે સાતસેં ભટ્ટીવીરોની સેના છે તેજ અમને નિર્વિઘ્નતાપૂર્વક અમારા નિવાસસ્થાનમાં પહોંચાડી શકશે." જ્યારે મહિલપતિએ અત્યંત આગ્રહ કર્યો,ત્યારે કર્મદેવીના જ્યેષ્ઠભ્રાતા મેઘરાજના હાથનીચેના પચાસ માણસો લઈ જવાને તેણે કબૂલ કર્યું.

પ્રબલ પરાક્રમશાળી સાધુ પોતાની નવવિવાહિત ભાર્યા તથા સેનાને શુભ મુહૂર્તમાં પોતાની સાથે લઈ પોતાના દેશ તરફ ચાલ્યો. તેણે ચંદન નામના સ્થાનમાં જઇ વિશ્રામ કર્યો. તે વખતે અરણ્યકમલની સેનાએ આવી દર્શન દીધું. વીરશ્રેષ્ઠ સાધુ પોતાની પંચકલ્યાણી નામની સમરતુરંગિણીની પીઠપરનું શોભાયમાન વસ્ત્ર પૃથ્વીપર બિછાવી તેનાપર સૂતા હતા.ઘોડીની લગામ તેના બાહુની સાથે બાંધેલી હતી. આ રીતે તે વિશ્રાંતિસુખ ભોગવી રહ્યો હતો, એવામાં શત્રુની સેના આવી પહોંચી.સંકલ પ્રથમથીજ સાધુને ઓળખતો હતો તેથી તેણે શીઘ્ર તેને સાવધાન કરવાને માટે એક દૂત તેની પાસે મોકલી દીધો.

સાધુ નિદ્રા લેતો હતો અને તેની પાસે એક બાજુએ પંચકલ્યાણી ઉભી હતી. શત્રુદલનાં પગલાં સાંભળતાંની સાથેજ તેણે પોતાના શ્વેત પાદના આઘાતથી પોતાના સ્વામીને જાગૃત કરી દીધો.પંચકલ્યાણીએ પોતાના પદાઘાતથી સાધુની નિદ્રાનો ભંગ કર્યો તેથી તે તેના તરફ અનાદરદૃષ્ટિથી જોવા લાગ્યો કારણ કે તેનું આ કૃત્ય તેને પસંદ પડયું નહોતું. દૂતે આવી સન્માનપૂર્વક તેને કહ્યું:-" અરણ્યકમલ આપની સાથે બાહુબલની પરીક્ષા કરવાની અભિલાષા ધરાવે છે." સાધુએ યથાર્થ રાજપૂતવીરની પેઠે કાંઇ પણ બોલ્યા વિના આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.પછી તે દૂતપ્રત્યે બોલ્યોઃ-"હું મારી સાથે જે અફીણ લાવ્યો હતો તે કોણ જાણે કયાં ખોવાઇ ગયું છે;માટે તમે તમારા સ્વામીની પાસેથી થોડું અફીણ લઇને મારાપર મોકલાવજો." શત્રુઓએ થોડું અફીણ શીઘ્ર સાધુપર મોકલી આપ્યું.આ અફીણનું સેવન કરી સાધુ પોતાનો શ્રમ નિવૃત્ત કરવાને માટે શય્યાપર સૂઇ રહ્યો. અલ્પ સમય પછી તેણે રણવેષથી સુસજ્જિત થઈ સમસ્ત અસ્ત્રશસ્ત્ર ધારણ કર્યા. ત્યારપછી તેણે પોતાની તુરંગિણીને સંબોધીને કહ્યું કેઃ-" અન્ય સમરોમાં જે પ્રમાણે તેં મને તારી પીઠપર ધારણ કરીને વિજયલક્ષ્મી પ્રાપ્ત કરાવી છે તેજ પ્રમાણે આજે પણ મને વિજય અપાવજે." રાઠોડોની સેનામાંથી પાહુ શાખાનો જયતંગ નામનો યોદ્ધો સૌથી પહેલાં બાહુબલની પરીક્ષા કરવાને માટે સાધુની સામે આવ્યો.ઉભય વીરો અશ્વારૂઢ થઈ ભયંકર મૂર્તિ ધારણ કરી યુદ્ધ કરવા લાગ્યા. તેમના હાથ નીચેના સૈનિકો પણ પોતપોતાની શક્તિ અજમાવવા લાગ્યા. રાઠોડો ભટ્ટીવીરોના અસ્ત્રાઘાતથી શીઘ્ર રણભૂમિમાં પડવા લાગ્યા.વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પરમ ઉત્સાહિત થઈ ભટ્ટીવીરો રુદ્રનું સ્વરૂપ ધારણ કરી શત્રુદલમાં પ્રવેશી પોતાના બરોબરીઆ વીરોની સાથે દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા.

આ પ્રકારે ઉભય પક્ષોની વચ્ચે દારુણ યુદ્ધ થવા લાગ્યું. દ્વંદ્વયુદ્ધ ચાલતું હોવાથી બીજા વીરો મૌન ધારણ કરીને તે યુદ્ધને નિહાળતા હતા. અંતે વીરશ્રેષ્ઠ સાધુએ અતિ ભયંકર સ્વરૂપ ધારણ કરી પોતાની તીક્ષ્ણ તલવારના આઘાતથી રાઠોડસેનાનો ભીષણ સંહાર કરવા માંડયો. તેની પ્રાણપ્રિયા કર્મદેવી રથપર આરૂઢ થઇ તેની પરમ વીરતા નિહાળવા લાગી. તે જ્યારે શત્રુનો સંહાર કરીને વિજયસહિત પાછા ફરતા ત્યારે કર્મદેવી આનંદિત હૃદયથી ઉચ્ચ સ્વરે તેની પ્રશંસા કરી તેને ઉત્તેજિત કરતી હતી. આ રીતે શત્રુપક્ષના છસેં માણસો માર્યા ગયા અને સાધુની અર્ધ સેના કપાઇ ગઇ. પછી અમિત પરાક્રમશાળી સાધુએ પોતાની પ્રાણપ્રિયા પાસે જઈ તેની પાસે અંતિમ વિદાય માગી. વીરબાળા કર્મદેવીએ પોતાના પતિને પ્રોત્સાહન આપી કહ્યું:-" આપની વીરતા અને આપનું બાહુબલ આજે મેં સ્વનેત્રોથી જોયાં છે. જો આપ રણભૂમિમાં શયન કરો તો સ્મરણમાં રાખજો કે આ દાસી પણ અવશ્ય પોતાના પ્રાણનો ત્યાગ કરી આપની સંગિની થશે. " વીરશ્રેષ્ઠ સાધુ પોતાની સ્ત્રીની પાસેથી

વિદાય લઇ અરણ્યકમલની સાથે યુદ્ધ કરવાને માટે ગયો. આ સમયે અરણ્યકમલ પણ સાધુ સાથે યુદ્ધ કરી તેના રુધિરનું પાન કરી સમરાગ્નિની પૂર્ણાહુતિ કરવાને માટે તૈયાર થઇને ઉભો હતો. શીઘ્ર ઉભય વીરો એકબીજાની સામસામે આવીને ઉપસ્થિત થયા. પ્રથમ તો તેઓ વીરોચિત વચનોથી એકબીજાનો તિરસ્કાર કરવા લાગ્યા અને ત્યારપછી તેમણે શસ્ત્રાઘાત કરવાનો પ્રારંભ કર્યો. યુદ્ધવિદ્યાવિશારદ સાધુના ભાલાએ પ્રથમ અરણ્યકમલના ગળાને ભેદી નાખ્યું. તત્કાળ અરણ્યકમલે વિદ્યુદ્વેગે તેનો બદલો લીધો. શત્રુના ભાલાએ સાધુનું મસ્તક ભેદી નાખ્યું. ઉભય વીરો પૃથ્વીપર તૂટી પડયા.સાધુના જીવનનો દીપક તત્કાળ નિર્વાણ પામ્યો. અરણ્યકમલ તો કેવળ મૂર્ચ્છિતજ થયો હતો.જ્યારે ઉભયપક્ષના નેતાઓનું ભૂમિપર પતન થયું કે તરતજ યુદ્ધની સમાપ્તિ થઇ ગઇ. આ યુદ્ધમાં જે હજારો માણસોનો નાશ થયો તેનું કારણ માત્ર કર્મદેવીજ હતી. હવે તે પોતાના પ્રાણપતિની સાથે જવાને તૈયારી કરવા લાગી. એક તીક્ષ્ણ તલવાર લઈ તે વીરબાળાએ પ્રથમ પોતાનો ડાબો હાથ કાપી નાખ્યો અને પછી તે પોતાના એક સેવકને આપીને બોલી:-“ આ હસ્ત મારા પ્રાણેશ્વરના પિતાને ઉપહારતરિકે આપજો. તેમને કહેજો કે આ હાથ મેં પોતે કાપીને આપ્યો છે.” પછી તેણે પોતાનો જમણો હાથ કાપ્યો અને તે એક સેવકને આપી તેને આજ્ઞા કરી કે:-“ વિવાહનાં કંકણથી ભરેલો આ મારો હાથ મહિલોના ક્રવિશ્રેષ્ઠને ઉપહારતરિકે આપજો.” ત્યારપછી શીઘ્ર તેણે તે માનવરુધિરથી ભીંજાયેલી ભૂમિમાં એક ચિતા તૈયાર કરાવી અને તેમાં પોતાના સ્વામીના શબને લઇ શયન કર્યું. તેણે પ્રસન્નમુખે ભયંકર ચિતાગ્નિમાં પ્રાણાર્પણ કર્યું. શીઘ્ર તે રાજપૂતવીરબાળાના જયધ્વનિથી રણભૂમિ ગુંજી રહી. કર્મદેવીની આજ્ઞાનુસાર તેના ઉભય હસ્તો બે પૃથક્ પૃથક્ સ્થળે મોકલી આપવામાં આવ્યા. પુંગલના વૃદ્ધ રાવે પોતાની પુત્રવધૂના કપાયેલા હસ્તને અગ્નિદાહ કરી તે સ્થાનપર એક પરમ વિશાળ સરોવર બંધાવ્યું. આજપર્યંત તે સરોવર “ કર્મદેવીનું સરોવર ” એ નામે વિખ્યાત છે.

પૂર્વોક્ત ઘટના સંવત ૧૪૯૨ ( ઇ૦ સ૦ ૧૪૩૬ )માં બની હતી. એ યુદ્ધમાં સંકલના ઘણા સૈનિકોનો નાશ થયો. તેના સાડાત્રણ હજાર સૈનિકોમાંથી કેવળ પાંચસે સૈનિકો જીવંત રહ્યા હતા અને તેનો પ્રધાન નેતા મેહરાજ અત્યંત ઘાયલ થયો હતો. અરણ્યકમલના ચાર ભ્રાતાઓને પણ ઘણા ઘાવ લાગ્યા હતા અને અરણ્યકમલને પોતાને જે મોટા મોટા ઘાવ પડયા હતા, તે છ માસપર્યંત ચિકિત્સા કરવામાં આવી તોપણ રૂઝાયા નહિ. અંતે તે આ ઘાવોની વેદનાથી મરણ પામ્યો.આ ઘટનાનો મૂળલેખક જણાવે છે કે જે દિવસે સાધુનું દશમાસિક શ્રાદ્ધ થતું હતું,તે દિવસે અરણ્યકમલનું ચાતુર્માસિક શ્રાદ્ધ થતું હતું.

જો કે આ ઘટનાની સમાપ્તિ અહીંઆંજ થઈ ગઇ હતી, તોપણ તેદ્વારા રાજસ્થાનના એક પ્રાંતમાં જે ભયંકર વિવાદાગ્નિ પ્રદીપ્ત થયો તે સહેલાઇથી શાંત થઇ શકયો નહોતો. આ વિવાદનું વર્ણન કદાચ પાઠકોને અત્રે અપ્રસ્તુત લાગશે, તોપણ તેમાંથી કાંઇક બોધ મળશે એમ ધારીને અમે અત્રે તેનો ઉલ્લેખ કરીએ છીએ. રાજપૂતજાતિમાં પોતાના સન્માન તથા ગૌરવનું રક્ષણ કરવાની તથા શત્રુપર વૈર લેવાની વૃત્તિ કેવી પ્રબળ હોય છે અને તેને ખાતર તેઓ કેવાં કેવાં પરાક્રમો કરે છે તે આ પરથી સ્પષ્ટ રીતે સમજાશે. પુંગલ અને મંદોરના રાજા પોતાના પુત્રોનાં મૃત્યુનો બદલો લેવાને માટે ઉન્મત્ત બની ગયા. સંકલના સામંતોએ સાધુના પુષ્કળ સૈનિકોનો વિધ્વંસ કર્યો હતો તેટલા માટે વૃદ્ધવીર રણુંગદેવે તેનાપર વૈર લેવાને માટે પુંગલની સમસ્ત વીરસેનાસહિત શીઘ્ર તેના દેશમાં લૂંટફાટ કરવા માંડી. મેહરાજ અને રણુંગદેવની વચ્ચે લુણીનદીની પાસે ભયંકર યુદ્ધ થયું અને તેમાં ત્રણસો વીરો માર્યા ગયા. રણુંગદેવને વિજય પ્રાપ્ત થયો. તેઓ લૂંટેલું પુષ્કળ દ્રવ્ય લઇને પોતાના રાજ્ય તરફ પાછા ફરતા હતા, એવામાં તેમના રાજ્યના સીમાંતપર તેમણે એક શત્રુસેના ઉભેલી જોઇ. મંદોરના અધીશ્વરે પોતાની પુષ્કળ સેના લઇ પોતાના પ્રાણાધિક પુત્રના મૃત્યુનો તથા પોતાના સામંતોને થયેલા અપમાનનો બદલો લેવાને માટે રણુંગદેવની ઉપર આક્રમણ કર્યું. ઉભય પક્ષના વીરો અસીમ સાહસિકતાથી યુદ્ધ કરવા લાગ્યા. અંતે વૃદ્ધ રણુંગદેવ સમરભૂમિમાં માર્યા ગયા. મંદોરપતિ પોતાના શત્રુનો નાશ થયેલો જોઇ આનંદપૂર્વક પોતાના નગરમાં ચાલ્યા ગયા.

રણુંગદેવને તનૂ અને માહીર નામના બીજા બે પુત્રો હતા. તેમણે પોતાના પિતાને મારનારને ઉચિત દંડ આપવાનો નિશ્ચય કર્યો અને તેઓ મંદોરેશ્વરના નાશના ઉપાય શોધવા લાગ્યા. અંતે

તેમને એક ઉપાય જડયો. દિલ્લીનો પાદશાહ ખીજરખાં મુલતાન તરફ જતો હતો તેની સાથે મળી તે ઉભયભ્રાતાઓએ ઈસ્લામધર્મ ગ્રહણ કર્યો અને તેને મંદોરેશ્વરને ઉચિત દંડ કરવાને કહ્યું. દિલ્લીના પાદશાહે તે ઉભયભ્રાતાઓને સારી રીતે આશ્વાસન આપ્યું અને તેમને પોતાની પુષ્કળ સેના આપી. આ સમયે મંદોરપતિ ચંડે અપૂર્વ વીરતા દર્શાવી કેટલોક દેશ જીતીને પોતાની સેનામાં વૃદ્ધિ કરી હતી.હવે તનૂ અને માહીર વિચાર કરવા લાગ્યા કે મંદોરરાજપર આપણે કેવી રીતે આક્રમણ કરવું. એવામાં જયશાલમીરપતિના તૃતીય કુમાર કલ્યાણસિંહ તેમને સહાય કરવાને આવ્યા. તેમણે તેમને મંદોરરાજની વિરુદ્ધ ગુપ્ત પ્રપંચ રચવાની સલાહ આપી. રાજકુમાર કલ્યાણસિંહે ચંડપર કહેવરાવી મોકલ્યું કે, હું મારી કન્યા આપને સમર્પણ કરવાની ઇચ્છા રાખું છું અને આ વાતમાં આપને કાંઇ સંદેહ ઉત્પન્ન થતો હોય તો હું મારી કન્યાને આપની પાસે મોકલવાને તૈયાર છું. મંદોરપતિએ આ માગણીનો સ્વીકાર કર્યો.

પાંચસેં રથ શીઘ્ર સજ્જ કરવામાં આવ્યા અને તેમાં કન્યા તથા તેની સાહેલીઓને બદલે પુંગલના અસીમ સાહસિક વીરોને બેસાડવામાં આવ્યા. રથની આગળ અનેક રાજપૂતઅશ્વારોહીઓ અશ્વારૂઢ થઇને ચાલતા હતા અને સેંકડો રાજપૂતો ભોજનની સામગ્રી ઉંટપર લાદીને ચાલતા હતા તથા પાયદલના સૈનિકો રથની પાછળ ચાલતા હતા. ચંડ પોતાની ભાવી પ્રાણપ્રિયાને આદરસહિત લાવવાને માટે નગરમાંથી નીકળ્યા; પરંતુ રથની પાસે જતાંની સાથેજ તેમને મહાસંદેહ ઉત્પન્ન થયો. જ્યારે ચંડે કાંઇ બીજોજ ઠાઠ જોયો,ત્યારે તેઓ નાસવાનો ઉપાય શોધવા લાગ્યા. જેવો તેમણે નાસવાનો પ્રયત્ન કર્યો કે તરતજ રથપર બેઠેલા ભટ્ટીઓએ શીઘ્રતાથી તેમની પૂંઠ પકડી મંદોરના તોરણદ્વાર આગળ તેમને પકડીને મારી નાખ્યા. ત્યારપછી તેઓ પ્રચંડ તરંગમાળાની પેઠે મંદોરમાં જઇ ચારે તરફ લૂંટફાટ કરવા લાગ્યા.

આ પ્રકારે ઉભયપક્ષના વીરોએ પરસ્પર વૈર લીધું. પછી શાંતિની સ્થાપનાને માટે ઉભયપક્ષો વચ્ચે સંધિ થઇ ગઇ. ઉભયપક્ષે પોતાના સામાન્ય શત્રુસમ્રાટની સેનાને ઉચિત દંડ આપ્યો. ઉભય પક્ષોએ એક મનુષ્યની પેઠે ઉભા રહીને પાદશાહ ખિજરખાંની મોકલેલી સેનાનો સર્વથા વિધ્વંસ કરી નાખ્યો. તેની સેનાનો એક પણ માણસ જીવિત રહ્યો નહિ. રણંગદેવના ઉભય પુત્રો મુસલમાન થઇ પુંગલરાજ્યના અધિકારમાંથી બહિષ્કૃત થઇ આભોરિયાના ભટ્ટીઓની સાથે જઇ મળ્યા. હજી તેમના વંશજો મૂમાન મુસલમાનભટ્ટીના નામથી વિખ્યાત છે.અંતે રાજકુમાર કલ્યાણસિંહ સર્વની સમ્મતિથી પુંગલના રાજા થયા.

મહામાનનીય કર્નલ ટૉડ જણાવે છે કે રાજપૂતો પોતાના સન્માનની રક્ષાને માટે કયાંસુધી પ્રયત્ન કરતા હતા તે પૂર્વોક્ત ઘટનાપરથી ઉત્તમ પ્રકારે પ્રતીત થાય છે. રાજપૂતસ્ત્રીઓ અંતઃપુરમાં નિવાસ કરે છે,તોપણ તેમનાં સદ્‌ગુણો અને સૌંદર્ય કવિની લેખિનીથી ઉત્તમ પ્રકારે આલેખિત થયાં છે. જો કે સ્ત્રીઓ જનસમાજથી અલિપ્ત રહે છે, તોપણ તેઓ કોઇપણ રીતે પુરુષને જોઇ શકે છે, એ કર્મદેવીએ સાધુનાં કરેલાં દર્શનથી સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. રાજપૂતબાળા વીરતાની કેટલી પક્ષપાતિની હોય છે અને તે વીરપતિ પ્રાપ્ત કરવાને માટે કેવાં ગંભીર સંકટો અને વિપત્તિઓ સહન કરે છે, તે કર્મદેવીના અનુપમ ચારિત્ર્યપરથી ઉત્તમ રીતે સમજાય છે. મંદોરના યુવરાજ અરણ્યકમલની સાથે તેનો વિવાહ નિશ્ચિત કરવામાં આવ્યો હતો; પરંતુ તે ઠરાવ રદ કરી તેણે અન્ય પુરુષની સાથે લગ્ન કરવાનો નિશ્ચય કર્યો, તેથી તેના પિતાના કુટુંબનું કાંઇ અનિષ્ટ થવાનો સંભવ નહોતો; પરંતુ તેના પતિના કુટુંબનું અનિષ્ટ થવાનો પૂર્ણ સંભવ હતો, પણ કર્મદેવીએ તે તરફ કિંચિત્ પણ લક્ષ્ય આપ્યું નહિ.

ચિરકાળથી હિંદુસમાજપર સ્ત્રીઓનો કેટલો પ્રભાવ રહેતો આવ્યો છે, તે એ જાતિના ઇતિહાસના પ્રત્યેક પૃષ્ઠપર ઉજ્જવલ અક્ષરોથી અંકિત છે. રામચંદ્રજીએ રાવણની સાથે શામાટે યુદ્ધ કર્યું હતું ? માત્ર સીતાજીના સતીત્વની રક્ષા કરવાને માટે તથા તેનો ઉદ્ધાર કરવાને માટેજ તેમણે યુદ્ધ કર્યું હતું. કૌરવો અને પાંડવોવચ્ચે શા કારણથી ભયંકર શત્રુતા ઉદ્‌ભવી હતી ? માત્ર દ્રૌપદીને થયેલું અપમાન એજ તેનું મૂળ કારણ હતું. રાજા ભર્તૃહરિએ પોતાના સિંહાસનનો શામાટે

ત્યાગ કર્યો હતો ? માત્ર પિંગલાના દુરાચરણને લીધેજ. હિંદુઓ મુસલમાનના પ્રબળ શત્રુ શામાટે થઇ પડયા હતા ? યવનોએ તેમની સ્ત્રીઓની આબરૂને કલંક લગાડવા માંડયું તેટલા માટેજ. વળી કર્નલ ટૉડ જણાવે છે કે હિંદુરાજ્યનો નાશ થવાનું કારણ સ્ત્રીના સન્માનનો લોપ થયો તેજ હતું. હિંદુઓના મુખ્ય કાવ્યગ્રંથો પણ સ્ત્રીની ભૂમિકાપરજ રચાયા છે. અત્યંત પ્રાચીન કાળમાંજ માત્ર નહિ; પરંતુ મધ્યકાળમાં પણ હિંદુસ્ત્રીઓ પોતાની ઇચ્છા પ્રમાણે પોતાના પતિને ચુંટી કાઢતી હતી. તેઓ વીર અને સાહસિક પુરુષોનેજ પોતાના પતિતરિકે પસંદ કરતી હતી.

કનોજના રાજા જયચંદની કન્યા સંયુક્તાએ શું કર્યું હતું ? ભારતના સર્વ ભાગોમાંથી જે હજારો રાજાઓ આવીને એકત્રિત થયા હતા તેને નહિ વરતાં યથાર્થ વીરને ઉચિત સન્માન આપવાને માટે દ્વારરક્ષક સ્વરૂપે ઉભેલી, પોતાના પિતાના પરમ શત્રુ ભારતસમ્રાટ પૃથ્વીરાજની પ્રતિમાનાજ ગળામાં તેણે વરમાળા આરોપી હતી. રૂપનગરની રાજકન્યાએ જ્યારે તેનો પિતા ભયગ્રસ્ત થઇને યવનના હાથમાં તેને સમર્પણ કરવાને તૈયાર થયો હતો ત્યારે સહાયને માટે રાણા રાજસિંહને તેણે જે પ્રાર્થના કરી હતી તે અમારા પાઠકોને સુવિદિત છેજ. આવાં અનેક ઉદાહરણો રાજપૂતજાતિના ઇતિહાસમાં ઉપલબ્ધ થાય છે. રાજપૂતસ્ત્રીઓનું સૌંદર્ય અને તેમના સદ્‌ગુણનાં યશોગાન આજે પણ ચારે તરફ સાંભળવામાં આવે છે. રાજપૂતજનનીની મનોવાંચ્છના એજ હોય છે કે મારા પુત્રે વીરતાથી યશ, ગૌરવ અને વિજયની પ્રાપ્તિ કરવી જોઇએ. રાજપૂતવીરમાતા પોતાના બાળકને મૂળથીજ એવો ઉપદેશ આપે છે કેઃ–" હે વત્સ ! તું તારી માતાનું દૂધ ઉજ્જવલ કરજે અને વીર નામથી વિખ્યાત થઈ માતાની કુખને દીપાવજે. પુત્ર ! તું સર્વત્ર વિજયી થઈ સન્માન પ્રાપ્ત કરજે" આવીજ ઇચ્છા સર્વ રાજપૂતમાતાના હૃદયમાં પ્રબલ હોય છે.

આનું એક ઉદાહરણ એ છે કે બૂંદીની રાણીએ જ્યારે પોતાના પુત્રે પરમ શૌર્ય દર્શાવી સમરભૂમિમાં પ્રાણ ત્યાગ કરવાના સમાચાર સાંભળ્યા ત્યારે તેણે શોકને બદલે આનંદ પ્રદર્શિત કર્યો હતો. આ સંબંધે ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કેઃ–" જે માતાનું દુગ્ધપાન કરીને રાજકુમાર પ્રતિપાલિત થયો હતો તે માતાએ જ્યારે તેના મૃત્યુના સમાચાર સાંભળ્યા ત્યારે તેના દુગ્ધહીન સ્તનોમાં એકદમ દુગ્ધ ભરાઇ આવ્યું. તેનાં સ્તનો દુગ્ધનો વેગ સહન કરી શક્યાં નહિ અને તેમાંથી દુગ્ધની ધાર ચાલવા લાગી. " આ વચનોપર કિંચિત્ પણ અવિશ્વાસ રાખવાનું પ્રયોજન નથી. પોતાના પુત્રને વીરોચિત મૃત્યુ પ્રાપ્ત થયું તેથી તે માતાનું હૃદય કિંચિત્ પણ દુઃખી થયું નહિ.

અગાઉ રાજપૂતસ્ત્રીઓ પોતાના પુત્રને પારણામાં સુવાડવાને બદલે મોટી મોટી ઢાલોમાં શયન કરાવતી હતી અને તેને રમવાને માટે નાની નાની તલવારો આપતી હતી. તેઓ પોતાના બાળકોના કર્ણમાં એવોજ બીજમંત્ર આપતી હતી કેઃ–"પિતાના શત્રુઓનો સંહાર કરજે." મહાભારત, રામાયણ તથા ચંદના ગ્રંથમાં આલેખાયેલાં વીરતાનાં પ્રભામય ચિત્રો જોઇને રાજપૂત વીરકુમારો તેનુંજ અનુકરણ કરતા હતા અને સ્ત્રીવર્ગ પણ તેમને તે માટે ઉત્તેજન આપતો હતો. આવાં આવાં ઉદાહરણો જોયા પછી કોણ કહી શકે કે અંતઃપુરનિવાસીની સ્ત્રીઓ પુરુષજાતિ ઉપર પોતાનો પ્રભાવ અંકિત કરી શકતી નથી ? અને એમ કોણ કહી શકે છે કે વીરસમાજ રાજપૂતસ્ત્રીઓનો ઋણી નથી ?

જે વિદેશીલોકો અંતઃપુરની રીતિના ભયંકર વિરોધી છે, જેઓ હિંદુસ્ત્રીઓને કારાગૃહમાં વસતી માને છે, જેઓ તેમને ખરીદેલી દાસી સમાન જીવન ગાળતી ધારે છે, તેમાંના એક વિદ્વાનનું આ કથન છે. અમને આશા છે કે ભ્રમમાં પડેલા સર્વ માણસો કર્નલ ટૉડના આ કથનથી સાવધાન થશે. અમે ગર્વસહિત સભ્ય જગતની આગળ કહી શકીએ છીએ કે રાજપૂતરમણીઓના જેવી સતી સાધ્વી તથા પતિવ્રતા અને વીર સ્ત્રીઓ જગતની કોઈ પણ જાતિમાં આજસુધી જન્મી નથી. પાશ્ચાત્યલોકો નવીન સભ્યતાના પ્રભાવથી ઉન્નતિના શિખરપર વિરાજમાન થયેલી રમણીઓને સંપૂર્ણ સ્વતંત્રતા આપી રહ્યા છે; પરંતુ અમે આપણી જાતિની શોચનીય અવસ્થામાં પણ કહી શકીએ છીએ કે પાશ્ચિમાત્ય વિદુષી અને સુધરેલી સ્ત્રીઓની સાથે અંતઃપુરમાં રહેનારી હિંદુ રમણીઓની

તુલના કરવાથી હિંદુ નારીઓ ઉત્તમ ઠરશે. વર્તમાનસમયના અંગ્રેજ વિદ્વાન મોનિયર વિલિયમ શું કહે છે? સંસ્કૃત ભાષાના સુપ્રસિદ્ધ વિદ્વાન મેકસમુલર શું કહે છે? તેઓ હિંદુસમાજનું તત્ત્વ જાણનાર કર્નલ ટૉડની સાથે સમ્મત થઇને જણાવે છે કે, **"હિંદુરમણી જગતમાં અતુલનીય છે."** પ્રાચીન મિસર, ગ્રિસ તથા રોમ અને આધુનિક ગ્રેટબ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઑસ્ટ્રીઆ સ્પેન તથા નવી દુનિયાની સંજ્ઞાથી ઓળખાતા અમેરિકાના ઇતિહાસમાં પાને પાનાં અને પંક્તિએ પંક્તિ ખૂબ નિહાળીને જુઓ કે તેમાં તમને દેવળદેવીના જેવી કેટલી વીરમાતાઓ પ્રાપ્ત થાય છે? સતીત્વની રક્ષાને માટે કયી પાશ્ચાત્ય સુધરેલી સ્ત્રીઓએ ગાનોરની રાણી તથા ચિતોડની રાણી પદ્મિનીના જેવી કિશોર વયમાં પોતાનું જીવન વિસર્જન કર્યું છે? યૂરોપમાં શતાવધિ વીર ભાર્યાઓ દૃષ્ટિગોચર થાય છે, કિંતુ ત્યાંની કયી સ્ત્રીએ કર્મદેવીની પેઠે પોતાના પતિના ગૌરવ અને સન્માનની રક્ષાને માટે તેને સમરભૂમિમાં જવાને ઉત્તેજિત તથા ઉત્સાહિત કર્યો છે? યૂરોપની કયી વીરનારીએ સંયુક્તાની પેઠે પોતાના પતિને વીરવેષથી સજ્જિત કરી યુદ્ધભૂમિમાં મોકલી આપ્યો છે? યૂરોપની કયી કુમારીએ પોતાની જાતિના ગૌરવ અને પોતાના દેશના હિતને અર્થે કૃષ્ણાકુમારીની પેઠે નવ યૌવનમાં વિષદ્વારા પ્રાણત્યાગ કરી જગતમાં અક્ષયકીર્તિનો સ્તંભ સ્થાપિત કર્યો છે? સતીત્વ, પાતિવ્રત્ય, હૃદયની સરલતા, સાહસ, બુદ્ધિબળ અને ધર્મપાલનમાં હિંદુરમણીઓ જગતમાં અનાદિથી અતુલનીય ગણાતી આવી છે અને સત્યપ્રિય તથા ન્યાયી પુરુષ અવશ્ય તે પ્રમાણે માને છેજ.

જો કે રાજસ્થાનમાં તથા સમસ્ત આર્યક્ષેત્ર-ભારતવર્ષમાં આજે દેવળદેવી, કર્મદેવી, પદ્મિની, કૃષ્ણાકુમારી, તથા સંયુક્તાની લીલા પ્રકાશિત થતી નથી, જો કે હિંદુજાતિની માતા, ભગિની, વધૂ અને કન્યા હાલમાં વીરતા પ્રદર્શિત કરતી નથી; પરંતુ જગત સ્વતઃ ઘોષણા કરી રહ્યું છે કે આ પતિતદશામાં પણ હિંદુરમણીઓ અખંડિત રીતે પોતાના સતીત્વની રક્ષા કરીને પોતાના ગૃહને શાંતિ, સંતોષ, સુખ અને મંગલના સુગંધથી સુગંધિત કરી રહી છે![1] સતી દ્રૌપદીને થયેલા અપમાનથી પાંડવો અને કૌરવોની વચ્ચે ભયંકર યુદ્ધ થયું અને તેથી ભારતવર્ષ મહા શ્મશાનના સ્વરૂપમાં બદલાઇ ગયું. આજ સતીકુલના પુણ્યથી, આજ સતીકુલની કૃપાથી, આજ સતીકુલના સતીત્વના અક્ષય તેજથી અને આજ સતીકુલના બીજમંત્રથી ભારત અવશ્ય પોતાનું મસ્તક પુનઃ ઉન્નત કરશે. લક્ષ્મીસ્વરૂપિણી, શક્તિરૂપિણી, હિંદુરમણી અવશ્ય પોતાના સુતેલા પતિ અને પુત્રોની નસોમાં શક્તિ ઉત્પન્ન કરશે તથા કેવલ રાજસ્થાનમાંજ નહિ, પરંતુ હિમાલયથી કન્યાકુમારી સુધીનાં તથા અરબી સમુદ્રથી બ્રહ્મપુત્રાપર્યંતના આર્યક્ષેત્રમાં હજારો દેવળદેવી, કર્મદેવી, પદ્મિની તથા કૃષ્ણાકુમારી અવશ્ય ઉત્પન્ન થઇ નવીન લીલાઓથી ભારતની યશઃપતાકા ફરકાવશે.




૧ પણ હાલના ભારતમાંનાં કેટલાં ગૃહોમાટે ઉક્ત વાક્ય સત્ય કહી શકાશે? સં૦ સં૦ સા૦

# अध्याय २३ मो

## કર્નલ ટૉડનો મારવાડનો પ્રવાસ

કર્નલ ટૉડનું મારવાડ તરફ ગમન–તુષ શિખરપર વિશ્રામ–યાત્રારંભ–દૂરથી ઉદયપુરનું દૃશ્ય–દેવપુર–જાલિમસિંહ–પુલાનો–રામસિંહમહેતા–માણિકચંદ–નરસિંહગઢનો ભુતપૂર્વ રાજા–પુલાનોથી ગમન–પુલાનોની પ્રાચીનતા–નાથદ્વારાનો ઉચ્ચ માર્ગ–નાથદ્વારામાં આગમન–મંદિરના અધ્યક્ષ સાથે મેળાપ–અસુરવાસ ગામમાં જવું–જલમાં હાથીનું પતન–એક સંન્યાસી–સુમાઇચા તરફ પ્રયાણ–શિરોનામા–તીક્ષ્ણ શીતલ વાયુ–રાજધાની કેલવાડા તરફ ગમન–મહારાજા દોલતસિંહ–કમલમેરદુર્ગનું વિવેચન અને તેના ધ્વંસાવશેષનો ઇતિહાસ–મારવાડ તરફ પ્રયાણ–માર્ગસંકટ–અશ્વારોહીસંપ્રદાયના આશ્રમમાં વિશ્રામ.

આ વાતનો સ્વીકાર કોણ નહિ કરે કે જ્યારે રાજપૂતો ભાગ્યદેવીની કૃપાથી વંચિત અને નરપિશાચ, અત્યાચારી વિજાતિઓદ્વારા પીડિત થઈ રહ્યા હતા, તે વખતે તેમનો ઉદ્ધાર કરવાને માટેજ ઇશ્વરે મહાત્મા ટૉડને મેવાડમાં મોકલ્યા હતા ! જો કે કર્નલટૉડ ઈસ્ટ ઈંડીઆ કંપનીના પ્રતિનિધિ બનીને રાજસ્થાનમાં ગયા હતા; તોપણ સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં સ્વયં પ્રભુએજ રાજપૂતોનો ઉદ્ધાર કરવાને માટે તેમને ત્યાં મોકલી આપ્યા હતા એમજ જણાય છે. ઉદારચરિત અને દૈવી શક્તિસંપન્ન ટૉડે કેવી ચતુરાઇ, વિજ્ઞતા અને ન્યાયપરતા વગેરે દૈવીગુણોથી, અવનતિના સાગરમાં ડુબેલા સિસોદીઆઓનો અલ્પ કાળમાં ઉદ્ધાર કર્યો હતો; તથા અત્યાચાર, પીડન, લૂંટફાટ, વિદ્રોહ, અશાંતિ અને માંહોમાંહેના વિદ્વેષનો કેવી રાતે નાશ કર્યો હતો, તે મેવાડનો ઇતિહાસ વાંચવાથી પાઠકોને સારી પેઠે વિદિત થયું છે. કર્નલ ટૉડના આ સત્કાર્યને માટે પ્રત્યેક પાઠક તેમને ધન્યવાદ આપ્યા વિના રહેશે નહિ. રાજનીતિવિશારદ કર્નલ ટૉડે પ્રાયઃ બે વર્ષપર્યંત ઉદયપુરમાં વિશ્રામ કરીને પોતાનું કર્તવ્ય બજાવ્યું અને ત્યારપછી તેમણે મારવાડ તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં આવતાં અનેક સ્થાનો સંબંધી મહત્ત્વની વાતો તેઓ પોતાની નોંધપોથીમાં નોંધી લેતા હતા. તેમની યાત્રાનું આ વૃત્તાંત અનેક સત્ય ઘટનાપૂર્ણ તથા ચિત્તવિનોદક ઉપાખ્યાનોથી ભરેલું છે. વળી તેમાં અનેક સ્થાનોનું અપ્રકાશિત વર્ણન અને મનોવેધક ઇતિહાસ પણ ભરેલો છે. જો કે ઇતિહાસવેત્તા કર્નલ ટૉડનાં આ વૃત્તાંતનો થોડો ભાગ પાઠકોને કાંઇક નીરસ જણાશે; પરંતુ આ નીરસ વર્ણનને આગળ અથવા પાછળ લખેલા વૃત્તાંત સાથે સંબંધ હોવાથી તેનો નિર્દેશ કરવો આવશ્યક લાગ્યો છે. અમને દૃઢ વિશ્વાસ છે કે પાઠકો આ વૃત્તાંત વાંચી અવશ્ય તૃપ્ત થશે.

મહાશય ટૉડે ઇ૦ સ૦ ૧૮૧૯ ના અક્ટોબરની ૧૧ મી તારિખની નોંધમાં લખ્યું છે કેઃ–" જે

સમયે મેં અનુપમ પ્રાકૃતિક સૌંદર્યથી વિભૂષિત થયેલાં અનેક મનોહર દશ્યોથી પૂર્ણ એવા ઉદયપુરમાં પગ મૂકયો તે સમયને આજે બે વર્ષો વ્યતીત થઈ ગયાં છે. અમારૂં નિવાસસ્થાન ત્રણ કોશના ઘેરાવામાં છે; પરંતુ અમે અત્યાર સુધી અમારા નિવાસસ્થાનની સીમા બહારનાં દશ્યો જોયાં નહોતાં. અમે ઉદયપુરનાં સર્વ શિખરો,પહાડી માર્ગો,ઉંચા ઉંચા મહાલયો તથા વૃક્ષોનો સારો પરિચય મેળવ્યો છે. અમે સર્વ દેવાલયો તથા ધર્મશાલાઓનું પ્રાચીન રહસ્ય તથા સમસ્ત ખંડિયેરોનો ઇતિહાસ મેળવ્યો છે; તેમાંથી જડેલા સર્વ શિલાલેખો અમે હસ્તગત કર્યા છે. પ્રત્યેક શિખરનું નામ અમે મેળવ્યું છે, પ્રધાન, સામંતો તથા મુખ્ય રાજકર્મચારીઓના ગુણ તથા સ્વભાવની નોંધ અમે લીધી છે. આ સર્વ કાર્યો અમે સમાપ્ત કર્યાં છે. અમારે માટે નગરમાં મહાલય, સરોવરમાં નાવ, કુંજકાનનમાં મનોહર વાટિકા અને મોટાં સરોવરોમાં બેટો નિર્માણ કરેલા છે. શિકારને માટે વનમાં મૃગ તૈયાર છે. અમને આનંદ આપવાને માટે તળાવમાં મત્સ્યો ક્રીડા કરી રહ્યાં છે. અમારાં નયનોની તૃપ્તિ અને ચિત્તરંજનને માટે કોઇ પણ પ્રકારની ત્રુટિ નથી; પરંતુ ઉદયપુરની સરહદની બહાર શું છે તે જોવાને માટે ઉક્ત સુખમય સ્થાન છોડવાની સર્વની અભિલાષા ઉશ્કેરાઇ આવી છે. અત્યારસુધી અમે દોવારીના દરવાજા બહાર પગ મૂકયો નહોતો. જો કે નિયુક્ત કાર્યમાં અવિશ્રાંત ચિત્ત રોકવાથી જે ગ્લાનિ ઉત્પન્ન થાય છે, તેને હું દૂર કરી શકું છું; પરંતુ અમારા અનુચરો તેમ કરી શકતા નથી.મેં તેમને સુખપૂર્ણ કારાગૃહમાં રહીને માનસિક કંટાળો દૂર કરવાની ભલામણ કરી; પરંતુ મારો ઉદ્દેશ ફળીભૂત થયો નહિ. ધીમેધીમે તેમને વર્તમાનઅવસ્થા પ્રત્યે અત્યંત ઘૃણા ઉપજી અને મારી તો ખાત્રીજ થઇ ગઈ કે જો સિસોદીઆ લોકોની રાજધાનીમાં પાંખ બનાવનારા કારીગરો વસતા હોત તો તેઓ (અનુચરો) પાંખ ચોંટાડીને આકાશમાર્ગે ઉડવાનીજ ચેષ્ટા કરત અને સરોવરમાં પડીને ડુબી જવાનો પણ ભય રાખત નહિ.રાસેલાસે પણ કદિ સુખપૂર્ણ કારાગૃહમાંથી નાસવાનો તેમના જેવો પ્રયાસ કર્યો નહોતો."

અંતે નિર્માણ કરેલો દિવસ આવી પહોંચ્યો. જો કે મનોહર દશ્યથી પરિપૂર્ણ વન, સરોવર,પર્વત, લીલાંછમઘાસ અને ફળફૂલોથી શોભિત વૃક્ષોથી યુક્ત મેવાડભૂમિને છોડીને મારવાડની રેતાળ તથા ઉજ્જડ ભૂમિમાં જવાનું હતું; તથાપિ સ્થાનાંતરથી થતા આનંદની આશાથી સર્વનાં મુખપર પ્રસન્નતા છવાઇ રહી. મારી સાથે કૅપ્ટન વાઘ,લૅફ્ટેનન્ટ કેરી,ડૉકટર ડંકન તથા બેપાયદલ ટુકડી અને સ્કિનરના ૬૦ અશ્વારોહીઓ હતા. ઉદયપુર છોડવાને સર્વ જણ ખુશી હતા;કારણ કે સર્વે વર્ષાઋતુના જ્વરનો આસ્વાદ લઇ ચૂકયા હતા. વર્ષાઋતુમાં ઉદયપુર સર્વને માટે, ખાસ કરીને વિદેશીઓને માટે અત્યંત અસ્વાસ્થ્યકર થઇ જાય છે. આ વખતે સર્વ ઝરણાંઓ તથા નદીઓમાં રેલ આવે છે અને સમસ્ત ખાઇઓ તથા કૂવા ભરાઇ જાય છે. વિષમય ખનિજ તથા ઉદ્ભિજ્જ પદાર્થો અને પાણીની ઉપર એક પ્રકારનો કાળો તેલના જેવો પદાર્થ તરવા લાગે છે. આ દૂષિત જલ શી રીતે શુદ્ધ થઈ શકે છે તે રાજપૂતો જાણતા નથી અને મારે પણ લજ્જા સાથે સ્વીકારવું પડે છે કે હું પણ તેમને એનો કાંઈ ઉપાય બતાવી શકયો નહોતો; પરંતુ મેવાડના રાજપૂતો સમગ્ર રાજસ્થાનમાં પ્રચલિત એક ઘણા સરલ ઉપાયથી,ક્ષાર અને ફટકડી વડે આ કાર્ય સિદ્ધ કરે છે. ક્ષારદ્વારા જલમાંથી લવણનો ભાગ નીકળી જવાથી તે રાંધવાના કામમાં વિશેષ ઉપયોગી થાય છે અને ફટકડીવડે જલની ઉપર તરતો દૂષિત પદાર્થ નીચે બેસી જાય છે વળી રાજપૂતલોકોએક પ્રકારનાં નાનાં ફળ કપડા ધોવાના કામમાં વાપરે છે કે જે સાબુની ગરજ સારે છે.

ઑકટોબરની બારમી તારીખે પ્રાતઃકાળમાં પાંચ વાગે સાંકેતિક બ્યુગલ વગાડી અમે યાત્રારંભ કરવાને સજ્જ થયા. સામે નજર ફેંકી તો પીતવસ્ત્રધારિણી સેના, વૃદ્ધ દેશી સેનાપતિ સહિત ઉભેલી જણાઈ. સ્કિનરની અશ્વારોહી સેના પીળો અંગરખો, લાલ પાઘડી અને કબજો પહેરતી હતી. સ્કિનરની અશ્વારોહી સેના કંપનીના સૈન્યમાં અત્યંત શિક્ષિત અને ચતુર સૈનિકોચિત સર્વ ગુણોથી વિભૂષિત છે, એ વાત કોણ નથી જાણતું? મહાલયમાં વાગતાં નગારાંના ધ્વનિથી સૂચિત થયું કે સૂર્યવંશી રાણા શય્યાથી ઉઠયા છે. અમે તે નીરવ, નિસ્તબ્ધ અને નિદ્રિત રાજધાનીની વચ્ચે થઇને સૂર્ય તોરણદ્વાર (દરવાજા) આગળ પહોંચ્યા. ત્યાં આગળ રાણાની આજ્ઞાથી બિંદર, દેલવાડા,અમાઈત અને વંશીના સામંતો પોતાની સુસજ્જ સેનાસહિત અમને સીમાંત સુધી પહોંચાડવાને માટે ઉભા હતા; પરંતુ તે અશિક્ષિત સેનાને બોજાસમાન માની અમે તેને થોડાજ વખતમાં રજા આપી દીધી.અમે તેની સાથે પહાડીમાર્ગસુધી ગયા અને પછી મહારાણા

તથા સામંતોને અભિનંદન આપી આભારસહિત તેને પાછી વાળી દીધી. આઠ વાગ્યા ત્યારસુધીમાં અમે છ કોસનો માર્ગ કાપ્યો. પછી અમે તે સ્થળે છાવણી નાખી. આ સ્થાન મેડતા અને તુષ એ ગામોની વચ્ચે આવેલું છે. આ સ્થળે પાછળથી મેં રેસિડેન્સીનું મકાન બંધાવ્યું હતું. આ સ્થાન ઉચ્ચ ભૂમિપર આવેલું છે. તેની આસપાસ વૃક્ષો આવી રહ્યાં છે, અને તે અતિ રમણીય લાગે છે. અહીંઆંથી બે કોશના અંતરપર ઉજ્જડ વેરાન આવે છે. અહીંઆંથી ચિતોડ તરફની ભૂમિ નીચી જણાય છે અનેત્યાં સ્થળે સ્થળે ફળરૂપ ક્ષેત્રો દૃષ્ટિગોચર થાય છે. અહીંઆંથી ઉત્તર તરફ દોઢ કોશના અંતરપર રાણા અને સામંતોનું મૃગોથી ભરેલું મૃગયાસ્થાન છે. અહીંઆં વાઘની પણ વસ્તી છે. વળી અમારી છાવણીથીઉત્તર દિશામાં અર્ધ કોશ ઉપર બેરિસ નદી છે. આ નદીમાં પુષ્કળમત્સ્યો થાય છે. પશ્ચિમદિશામાં દોઢ કોશઉપર અતિ વિશાળ ઉદયસાગર આવી રહ્યું છે. સ્વાસ્થ્યની રક્ષા કરવી એ તો જાણે સૌનો ઉદ્દેશ હોય છેજ; પરંતુ રાજમહાલયથી આટલે દૂર રેસિડેન્સી સ્થાપવાનું કારણ માત્ર તે એકજ નહોતું. પ્રથમ તો રાજધાનીને અમે શોચનીય દશામાં પડેલી જોઇ, તેથી અમને તે સ્થળે કેટલાક સમયસુધી કામ કરવાની આવશ્યકતા જણાઇ; પરંતુ થોડા વખતમાં રાજપૂતોની સ્વાધીનતાની રક્ષાને માટે અમારે તે કામ છોડી દેવું પડ્યું. જ્યારે અમે પહેલવહેલાં ત્યાં (ઉદયપુર) ગયા હતા ત્યારે રાજાને અમે અત્યંત શોચનીય દશામાં જોયા હતા. રાજાએ અમારી પાસે સહાય માગી હતી. અમે પણ ધાર્યું હતું કે સહાયતાના બહાનાથી અમે પ્રત્યેક વિષયમાં હસ્તક્ષેપ કરી શકીશું અને કોઇને શંકાપણ ઉત્પન્ન થશે નહિ; જેથી અમે તેમને સહાયતા કરવાનો નિશ્ચય કર્યો. રાજમહાલયથી બ્રિટિશપ્રતિનિધિનો શિબિર દૂર હોવાથી તેમની શંકા દૂર થઇ ગઇ અને શાસનતંત્ર ઉત્તમ પ્રકારે ચાલવા લાગ્યું. પર્વતશિખર ઉપર અમારો શિબિર સ્થાપિત કરવામાં આવ્યો. ત્યાં સૈન્ય પણ રાખવામાં આવ્યું અને સેંટ જ્યોર્જની જયપતાકા મંદ વાયુથી ફરકવા લાગી. જંગલી ઉંટોની ઉપર અમારી સામગ્રી લાદી લાદીને લઇ જવામાં આવી. તેઓ જાણે પોતાના ભાગ્યને ધિક્કાર આપતાં હોય તેમ વિકટ પોકાર કરવા લાગ્યાં. સૌભાગ્યની વાત હતી કે આ સુખમય સ્થળનાં લીલાંછમ તૃણને બદલે મરવાડના શુષ્ક–કઠોર તૃણનો હવે તેમને આહાર કરવો પડશે તેનું તેમને જ્ઞાન નહોતું.

પુલાનો–૧૩ મી ઑકટોબર. દીર્ઘકાળ સુધી એક સ્થળે રહ્યા પછી ઇતર સ્થાને જવાને માટે જ્યારે તૈયારી કરવી પડે છે ત્યારે મનુષ્યની ધીરજની જેવી ભારે કસોટી થાય છે, તેવી કસોટી અન્ય કોઇ પણ પ્રસંગે થતી નથી. અરુણોદય થતાંની સાથેજ અમે તંબુ છોડયો. આ વખતે મારવાડનાં જંગલી ઉંટોનો એવો વિકટ ધ્વનિ સંભળાતો હતો કે તેને લીધે બીજો કાંઇપણ અવાજ કર્ણપટપર આવી શકતો નહોતો. આ તરફ હાથી આનંદનિમગ્ન થઇ એક પ્રકારનો વિચિત્ર શબ્દ કરવા લાગ્યા. એક હાથીનું બચ્ચું બોજો ઉઠાવવાના કાર્યમાં નિયુક્ત થયેલું નહિ હોવાથી સ્વચ્છંદતાપૂર્વક આમતેમ દોડવા લાગ્યું.તે કોઈ વખત સિપાઇઓની કાંઇ વસ્તુ લઇ લેતું અને કોઈ વખત શીઘ્રતાથી એકાદ મનુષ્યનું પોટલું ઉંચકીને દૂર નાસી જતું. તેની આ ક્રીડાથી સર્વ માણસો હસવા લાગ્યા. આ હાસ્યથી ત્યાં મોટો ગુંજારવ થઇ રહ્યો. આ હાથીનું બચ્ચું આઠ વર્ષનું છે અને દેખાવમાં પણ ઘણું ઉંચું નથી. જો કે આ બચ્ચું રસોઇઆઓને અતિ ત્રાસ આપતું હતું,તોપણ તે સર્વને પ્રિય અને આનંદપ્રાપ્તિનું સાધન બની ગયું હતું.

વર્ષાઋતુ હોવાથી અમારે કાદવ–કીચડ અને પાણીવાળી ભૂમિમાં થઇને જવાનું હતું અને તેથી ભારવાહી પશુઓને ચાલતાં ઘણી અડચણ નડવાનો સંભવ હતો. અમે અનેક પ્રકારનાં વૃક્ષો અને જળવાળાં સ્થાનોમાં થઇને જવાનો આરંભ કર્યો. માર્ગમાં મોટાં મોટાં પુષ્કળ ગામો આવતાં હતાં; પરંતુ સર્વ ગામોમાં લુંટફાટ અને સમરાગ્નિનાં ચિન્હો દૃષ્ટિગોચર થતાં હતાં. અમારા ડાબા હાથ તરફ ઉદયપુરનગરની ઉંચા પર્વતોની શૃંગમાળાઓ દૃષ્ટિગોચર થઇ. આ શિખરાવલીના સર્વોચ્ચ શિખરપર રાતાકોટનો ધ્વંસાવશેષ આજપર્યંત વિરાજમાન છે અને ત્યાંથી ચારે તરફનું સંપૂર્ણ દૃશ્ય જોઇ શકાય છે. પૂર્વ તરફ આસીમ પ્રાંત છે. આ પ્રાંતની સીમા અહીંઆંથી જોઇ શકાતી નથી. અમે દેવપુરમાં થઇને આગળ ચાલ્યા. આ ગામ એક વખતે અત્યંત સમૃદ્ધિશાળી હતું અને તે મારવાડના રાજાના જમાતા (ભાનાઇજ)[1]

[1] કર્નલ ટૉડ જણાવે છે કે રાણાની પોતાની રાજકુમારી અથવા તેમના આપ્તવર્ગમાંની કોઈ સ્ત્રી સાથે અભિમસિંહ પરણ્યા હતા; પરંતુ અમારા માનવા પ્રમાણે જમાતાને " ભાનાઈજ " કહેવામાં આવતો નથી.

જાલિમસિંહના અધિકારમાં હતું. ઉક્ત જાલિમસિંહનું વૃત્તાંત અહીંઆં લખવાથી 'રાજપૂતાનાના લોકો વિદ્યામાં પાછળ છે' એ કલંક દૂર થઇ જશે.

અમારા પૂજ્યપાદ[1] ગુરુએ પણ શસ્ત્ર અને શાસ્ત્રના જ્ઞાનમાં નિપુણ એવા ઉક્ત જાલિમસિંહની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જાલિમસિંહના પિતા રાજા વિજયસિંહ અને માતા મેવાડરાજનંદિની હતાં. કુટુંબની સાથે કલહ થવાથી તેમણે પિતૃગૃહનો ત્યાગ કર્યો અને તેઓ પોતાના મામાને ઘેર રહેવા લાગ્યા. આથી રાણાએ તેમને કેટલીક જાગીર આપી પોતાના પુત્રની પેઠે સન્માનસહિત રહેવાની અનુકૂળતા કરી આપી. રાજપૂતસ્વભાવસિદ્ધ વ્યાયામ અને સમરકૌશલ્ય ઉપર કિંચિત્ પણ લક્ષ્ય આપ્યા વિના તેમણે મૂર્ખલોકો જે સમય આલસ્યમાં વ્યતીત કરે છે, તે સમય વિદ્યા પ્રાપ્ત કરવામાં વ્યતીત કર્યો.તેમણે ન્યાયશાસ્ત્ર, વિજ્ઞાન, જ્યોતિર્વિદ્યા અને પોતાના દેશના ઇતિહાસમાં પારદર્શિતા મેળવી; તથા તેની સાથે જયદેવની માધુર્યમયી કવિતા તથા આધુનિક કવિઓની કવિતા વિલક્ષણ પ્રકારે કંઠસ્થ કરી લીધી. તેઓ સ્વયં કલ્પનાના એક પ્રિય પુત્ર અને સુકવિ હતા. આથી તેઓ મનોહર કવિતા રચી કાવ્યશાસ્ત્રની ઉન્નતિ કરતા અને પ્રસિદ્ધ કવિજનોની સાથે કાવ્યચર્ચામાં કાળ વ્યતીત કરતા હતા.તેમને ત્યાં સુપ્રસિદ્ધ કવિજનો સદા વિદ્યમાન રહેતા હતા.મારા મહામાન્ય ગુરુએ જાલિમસિંહની પાસેથી કેટલુંક જ્ઞાન મેળવ્યું હતું. જાલિમસિંહનું મૃત્યુ મારવાડનું સિંહાસન પ્રાપ્ત કરવાના પ્રયત્નમાંજ થયું હતું.

અમે કાદવકીચડ અને મુશ્કેલીભરેલા માર્ગમાં બરાબર ચાર કલાક સુધી ચાલ્યા પછી પુલાનોના આગલા ભાગ આગળ આવી પહોંચ્યા. દેવપુરની પેઠે આ સ્થળ પણ નાશ પામી ગયેલું લાગે છે.હવે આ નગરના માત્ર એક ભાગમાંજ લોકો વસે છે.આ નગર પૂર્વે કેવું સમૃદ્ધિશાળી હતું, તે અહીંઆંનાં દેવમંદિરો અને મકાનોનાં ખંડિયેરો ઉત્તમ પ્રકારે જણાવી રહ્યાં છે. આ ઉભય નગરો પૂર્વે રાણાના અધિકારમાં હતાં; પરંતુ પાછળથી પોતાના ભાનાઇજનો પરલોકવાસ થયા પછી તેમણે તે નગરો કન્હૈયા-ની સેવાને માટે નિર્ધારિત કરી દીધાં હતાં.અમારા તંબુમાં રાજમંત્રીના જમણા હાથ જેવા રામસિંહ મહેતા, મિંદીના દિવાન માણિકચંદ, નરસિંહગઢના પદચ્યુત રાજા (કે જે હાલમાં ઉદયપુરના રાજ્યમાં પોતાનો કાળ નિર્ગમન કરે છે.) આ લોકો અમને મળવાને માટે આવ્યા હતા. રામસિંહ યુદ્ધકાર્યમાં કુશળ નહોતા; પરંતુ તેઓ અત્યંત વ્યવહારકુશળ હતા. તેમણે મેવાડની સીમાબહાર પગ મૂક્યો નથી. આખા મેવાડદેશમાં તેમના જેવો મિતભાષી અને ભદ્રપુરુષ બીજો કોઇ પણ નથી. તેમનું શરીર દીર્ઘ, અંગપ્રત્યંગ સુગઠિત અને મનોહર,વર્ણ ગૌર તથા બાલ કાળા અને ગુચ્છાવાળા છે તથા તેમના મુખ-મંડળપર મોટી મૂછ શોભી રહી છે.તેમનાપર પ્રકૃતિ દેવી સુપ્રસન્ન હતી.તેમણે રાજમંત્રી ઉપરાંત પ્રજાનાં હૃદય પણ જીતી લીધાં હતાં. તેઓ સદા સુંદર વસ્ત્રો પરિધાન કરતા હતા. રામસિંહ જૈનધર્માવલંબી તથા ઓસવાલ જાતના છે.આ ઓસવાલલોકોની સંખ્યા રાજસ્થાનમાં પ્રાયઃ એક લાખની હશે અને તે સર્વ અગ્નિકુલના રાજપૂતો છે. આ લોકોએ દીર્ઘકાળપૂર્વે હિંદુધર્મ છોડી જૈનધર્મ સ્વીકાર્યો હતો અને તેમણે પ્રથમ મારવાડની અંતર્ગત ઓસિ નામના સ્થાનમાં વાસ કર્યો હતો.આ સ્થાનના નામપર-થીજ તેઓ ઓસવાલ કહેવાયા. અગ્નિકુલના પરમાર અને સોલંકીરાજપૂતોએ સૌથી પ્રથમ જૈનધર્મની દીક્ષા ગ્રહણ કરી હતી.

માણિકચંદ પણ જૈનધર્માવલંબી હતા; પરંતુ તેઓ યુદ્ધકળામાં પારંગત હતા અને તેમનો સ્વભાવ તથા ચારિત્ર્ય રામસિંહથી સર્વથા વિપરીત હતાં. એમનું શરીર જેવું દીર્ઘ હતું, તેવુંજ કૃશ અને શ્યામ હતું અને તેમની જીહ્વા તથા મસ્તક સદા હાલતાં રહેતાં હતાં.ગત પચ્ચીસ વર્ષ થયાં તેઓ સર્વ પ્રકારના પ્રપંચોમાં લિપ્ત રહે છે અને કોટાના જાલિમસિંહસિવાય કોઇ પણ જીવિત મનુષ્ય એમના જેવું પ્રબળ પ્રભુત્વ પ્રાપ્ત કરી શકેલ નથી. તેઓ શકતાવતકુલના મુખ્ય યંત્રસ્વરૂપ તથા તે કુલના નેતા

ભાગિનેય (બનેવી)નેજ "ભાનાઇજ" કહી શકાય છે. કર્નલ ટૉડે ભ્રમથી જામાતાને "ભાનાઇજ" કહ્યો છે. કેટલેક સ્થળે ભાણેજને "ભાનાઇજ" કહેવામાં આવે છે.

૧ કર્નલ ટૉડે જણાવ્યું કેઃ-"મારા ગુરુ યતિ જ્ઞાનચંદ્ર જૈનમતાવલંબી હતા અને તેઓ દશ વર્ષપર્યંત મારી સાથે રહ્યા હતા; હું તેમનો અધિક ઋણી છું. મારા પ્રત્યેક શોધખોળના કામમાં એમણે વિશેષ ઉત્સાહસહિત સહાય કરી હતી."

સિંદીપતિના પ્રધાન તથા મુખ્ય કર્મચારી હતા; આથી તેઓ ચંદાવતકુલના પ્રબલ શત્રુ હતા અને તેમણે ઉક્ત કુલના માણસોને રાજકાર્યમાંથી પદભ્રષ્ટ કરવાને માટે પોતાની વિદ્યા તથા બુદ્ધિ વાપરવામાં લેશ પણ ત્રુટિ કરી નહોતી. તેમણે ચંદાવતલોકોને હેરાન કરવાને માટે સિંધી, પઠાણ અને મહારાષ્ટ્રીઓ-ની સાથે મિત્રતા કરી હતી. ચંદાવતલોકોની સાથે તેમને શત્રુતા હતી તે કારણથી તેમને એકવાર પકડીને બંદીવાન બનાવવામાં આવ્યા હતા. આ વખતે તેઓ દંડના રૂપિયા આપી નહિ શકવાથી તેમને શારીરિક કષ્ટ ભોગવવું પડયું હતું.તેમની તીક્ષ્ણ બુદ્ધિ અને સર્વ વિષયોમાં પારંગતતાએ તેમને પોતાના ધર્મના લોકોના પ્રિયપાત્ર બનાવ્યા હતા. હાલમાં તેમની ઉમ્મર ૫૦ વર્ષની છે; પરંતુ તેઓ અધિક વૃદ્ધ દેખાય છે. તેઓ સદા પ્રસન્નચિત્ત રહે છે અને માર્મિક ભાષણ કરે છે. તેઓ નાનાપ્રકારના વિષયોપર તત્ત્વદર્શીની પેઠે વાત કરી શકે છે. પાછળથી તેમણે ઉત્તમ પ્રકારે મહારાણાનો અનુગ્રહ પ્રાપ્ત કર્યો હતો અને મહારાણાએ તેમના જ્યેષ્ઠપુત્રને એક વિશ્વાસપાત્ર પદપર નિયુક્ત કર્યો હતો. આ પુત્ર જો જીવિત રહેત તો તે અવશ્ય સુપ્રસિદ્ધ પુરુષ થાત;કારણ કે તે પોતાના પિતાની તીક્ષ્ણ બુદ્ધિ અને સમસ્ત ગુણોનો અધિકારી હતો તથા રામસિંહના જેવો સ્વરૂપવાન હતો; પરંતુ તેણે અભિમાનને વશ થઇ વિષપ્રયોગથી અકાળે પોતાના જીવનનો અંત આણ્યો હતો. તેના પિતા માણિક્યચંદે કોઈ બાબતમાટે નિષ્પ્રયોજન તેને પુષ્કળ ઠપકો આપ્યો હતો. આ ઠપકો તે સહન કરી શકયો નહિ તેથી તેણે આત્મહત્યા કરી. આ સ્થળે હું માણિક્યચંદના પરલોકવાસવિષે કેટલુંક વર્ણન લખવા માગું છું.

માણિક્યચંદે મેવાડરાજ્યના દાણનો રૂ. ૨૫૦.૦૦૦ ) માં ઈજારો લીધો હતો. તેમના હાથનીચેના માણસોના વિશ્વાસઘાતને લીધે વા તેમણે જાતે મન નહિ લગાડયું તેથી ઉપર્યુક્ત રકમનો છઠ્ઠો ભાગ પણ તેઓ ભરી શકયા નહોતા.

તેમની તીક્ષ્ણબુદ્ધિ અને ચાતુર્ય જોઈ મહારાણાએ આશા બાંધી હતી કે તેઓ આ મહત્ત્વનું કામ ઉત્તમ પ્રકારે બજાવશે; પરંતુ તેમનાથી તે કાર્ય સારી રીતે પાર પાડી શકાયું નહિ.તેમણે અંતે મારી મુલાકાત લેવાની ઇચ્છા પ્રદર્શિત કરી. મારો અને તેમનો મેળાપ થયો ત્યારે મેં તેમને અત્યંત વ્યાકુળ થયેલા જોયા. આ વખતે તેમણે જણાવ્યું કે:-"હું અનેક વાર આપની મુલાકાત લેવાની ઇચ્છાથી બ્હારબહાર નીકળ્યો હતો;પરંતુ આ સર્વ સમયે અપશુકનકારક પક્ષીઓને ઉડતાં જોઇ પાછો ફરી ગયો હતો." પછી તેમણે રાણાનો વિશ્વાસ જતો રહેશે, એવા ભયથી ગમે તે થાય તે છતાં પણ તેમની મુલાકાત લેવાની પ્રતિજ્ઞા કરી.તેમણે કહ્યું:-"મારા તાબાના કર્મચારીઓ ઉપર યથોચિત તીક્ષ્ણદૃષ્ટિ નહિ રહેવાથી તેમણે વિશ્વાસઘાત કર્યો છે; તે છતાં પણ રાણાના મારાપર જેટલા રૂપિયા નીકળશે તેટલા હું તેમને આપી દઇશ." તોપણ તેઓ પ્રપંચીતરિકે વિખ્યાત થઇ ગયા હતા તેથી તેમનાં આ વચનોપર મને વિશ્વાસ આવ્યો નહિ અને મારી શંકા ખરીજ પડી;કારણ કે માણિક્યચંદ પોતાની પ્રતિજ્ઞા પાળી શકયા નહિ. તેઓ શાહપુરાના રાજાને શરણે ચાલ્યા ગયા. તેમની આવી દુર્દશા થયેલી જોઇ તેમના શત્રુઓએ અત્યંત આનંદ પ્રદર્શિત કર્યો અને તેમનું અપમાન કરવા માંડયું.આથી તેમણે રાજસ્થાનમાં પ્રચલિત નિયમાનુસાર વિષપાન કરી પોતાના જીવનનો અંત આણ્યો.

નરસિંહગઢનો પદભ્રષ્ટ થયેલો રાજા આ સ્થળે પોતાનો સમય વ્યતીત કરતો હતો. પરમારકુળની છત્રીસ શાખામાંથી એક ઉચ્ચ શાખામાં આ રાજાનો જન્મ થયો હતો. આ રાજાનું કુલ પંદર પેઢી થયાં મધ્યહિંદુસ્થાનમાં વાસ કરે છે. તેના રાજ્યનું નામ ઉમતવાડા છે અને તેની રાજધાની નરસિંહગઢમાં છે. લૂંટારા અને અત્યાચારી પિંઢારા તથા મહારાષ્ટ્રીલોકોના તાબાના મુલકની વચમાં એનું રાજ્ય આવેલું હોવાથી તે લોકોએ એના તાબાનાં પ્રત્યેક ગામમાં પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો અને અંતે એની રાજધાનીમાં હોલ્કરની જયપતાકા ફરકવા લાગી. આ રાજા અપમાનિત થઇને તેના આધીનમાં રહેવાને બંધાયો. આ વખતે હિંદુસ્થાનનાં ઘણાં રાજ્યો મહા-રાષ્ટ્રીઓના નેતા સિંધિઆ તથા હોલ્કરની આધીનતારૂપી શૃંખલામાં પરિબદ્ધ થઇ ગયાં હતાં. તેમને ઉક્ત સરદારોને ખંડણી આપવી પડતી હતી. ઉમતવાડાનો રાજા પ્રતિવર્ષે એંશી હજાર રૂપિયા આપવાને માટે બંધાયો હતો; તે છતાં પણ હોલ્કરની સેના અને અન્યાન્ય અત્યાચારી લોકો તેના રાજ્યમાં લૂંટફાટ કરી પ્રજાને હેરાન કરતા હતા. અનેક શતાબ્દીઓ પછી જ્યારે ઈ૦ સ૦ ૧૮૨૧-

માં આ પ્રદેશ શાંતિ પ્રાપ્ત કરવાને સમર્થ થયો, ત્યારે પણ તેની દશા સુધરી શકી નહિ. શોક, દુઃખ અને દીનતાની નિવૃત્તિ થવાને લીધે રાજા અફીણ અને કસુંબાની લહેરમાં મસ્ત રહેવા લાગ્યો. આથી શાસનકાર્ય યથાર્થ રીતે ચાલી શક્યું નહિ. તેનો કુંવર ચૈનીસિંહ પોતાના પિતાની પેઠે આ દુર્ગુણનો ભોગ થઇ પડયો નહોતો; પરંતુ શાસનકાર્ય ચલાવવા માટે તે સર્વ પ્રકારે યોગ્ય હતો, તેથી બ્રિટિશ-એજંટે રાજાને અમુક સાલિયાણું બાંધી આપી પદભ્રષ્ટ કર્યો અને ચૈનીસિંહને રાજ્યભાર સોંપ્યો.

ઉપર્યુક્ત સરદારોની સાથે થોડીવાર સુધી વાર્તાલાપ ચાલ્યા પછી અમે તેઓને પાન તથા અત્તર આપ્યું અને ત્યારપછી તેઓ વિદાય લઇને સ્થાન છોડી ચાલ્યા ગયા.

**નાથદ્વારા,** ૧૪ મી ઑકટોબર અરુણોદય થતાંની સાથેજ અમારી યાત્રાનો આરંભ થયો. થોડે આગળ જતાં અમને માર્ગ ઘણો કઠિન જણાયો. આથી ભારવાહી ઉંટોને લઇ જતાં ઘણી મુશ્કેલી નડી. આ પ્રદેશની સર્વ ભૂમિ ઉંચીનીચી અને પથ્થરથી યુક્ત છે. અમે મહામુશ્કેલીથી પ્રાયઃ ચારસો ફીટ ઉંચા નાથદ્વારાના શિખરપર પહોંચ્યા. આ સ્થાન ચતુષ્કોણ લાલ પાષાણથી યુક્ત છે. નાથદ્વારાથી દોઢ કોશના અંતરપર સપાટભૂમિ આવે છે. અહીંઆં બે નાનાં તળાવો આવેલાં છે અને તેમાંથી બે નહેરો નીકળી નગર તરફ ચાલી જાય છે. આ બે નહેરોની વચ્ચે માણસોને જવાનો માર્ગ છે. આ નહેરોનુંજ પાણી પૂજારીલોકો પીએ છે. નહેરોની બન્ને બાજુએ વૃક્ષશ્રેણી શોભી રહી છે. આ વૃક્ષશ્રેણીઓની રચના શોભાને માટે તથા મુસાફરોને વિસામો લેવા માટે કરવામાં આવી છે. નાથદ્વારાની નીચે વહેતી બુનાસ નદીને સામે પાર જઇ અમે તંબુ નાખ્યો. અમે જ્યારે નાથદ્વારાનગરમાં થઇને ગયા ત્યારે અમને જોવાને માટે અનેક નગરવાસીઓ રાજ-માર્ગમાં એકત્રિત થયા હતા. તેઓ અમને જોઇને અતિ આનંદિત થયેલા લાગતા હતા. જે અંગ્રેજી શાસનદ્વારા તેમણે અત્યાચારીલોકોના પંજામાંથી રક્ષણ મેળવ્યું હતું તથા જે શાસનથી કન્હૈયા-જીના પવિત્ર મંદિરનું રક્ષણ થયું હતું તે શાસનની તેઓ મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યા.

૧૫ મી ઑકટોબર હવે આગળ આવતો માર્ગ જલમય અને અત્યંત દુર્ગમ છે. ભારવાહી પશુઓ થાકેલાં હોવાથી મેડતા નામના સ્થળે અમારો તથા તેમનો વિયોગ થઇ ગયો હતો; તે પાછાં આવી મળે એટલા માટે હવે અમે થોભી ગયો. મંદિરના મુખ્ય ધર્મયાજકે સુરત-વાસી એક શ્રીમંત વ્યાપારીની સાથે આવીને અમને અભિનંદન આપ્યું. વળી તેમણે એક જરીનો અંગરખો અને લીલા રંગનો એક જરીનો પટકો મને મંદિર તરફથી ભેટદાખલ આપ્યો. તે ઉપરાંત તેમણે એક મોટા પાત્રમાં પૌર્વાત્યદેશોમાં થતાં અનેક પ્રકારનાં પકવ અને મિષ્ટ ફળો લાવી મારી આગળ ધર્યાં. દૂધ વગેરે કેટલાક પદાર્થો અમારાપર મોકલવામાં આવ્યા. સાધારણ રીતના ભાગ્ય પદાર્થો જેવા કે દુગ્ધ આદિમાં ગુલાબજલ અને અત્તર મેળવવામાં આવ્યું હતું.

લોદી નામના સ્થાનમાં આવેલું મંદિર અતિ પ્રસિદ્ધ છે અને ત્યાં ચાળીસ હજાર દુઝણી ગાયો છે. નાથદ્વારામાં એના એકદશાંશ જેટલી ગાયો રહે છે; પણ તે દૂધ વધારે આપે છે. ત્યાંની ગાયોના જેટલું દૂધ દેનારી ગાયો ભારતવર્ષમાં ઇતર કોઇ પણ સ્થળે નથી. આ ચારહજાર ગાયોના દૂધમાંથી દૂધપાક, બાસુદી, માખણ વગેરે બનાવીને દેવને તેનો ભોગ ધરાવવામાં આવે છે અને ત્યારપછી તેને સર્વ લોકોને પ્રસાદતરીકે વહેંચી દેવામાં આવે છે. સુરતના ઉકત વૃદ્ધ વણિકે મૂર્તિની આશ્ચર્ય-કારક શકિત અનેદૈવી શકિતના સંબંધમાં મને અનેક વાતો કહી. યમુનાતટથી શ્રીકૃષ્ણ જે રથમાં બેસીને શ્રીનાથદ્વારા આવ્યા હતા, તેની ઉકત વણિક શ્રદ્ધાપૂર્વક પૂજા કરતો હતો. ભકત અને ધાર્મિક લોકોસિવાય કોઇને પણ તે રથ બતાવવામાં આવતો નથી. નારાયણે શ્રીકૃષ્ણનો અવતાર લઇને જેવા શૃંગાર કર્યા હતા, તેવા શૃંગારથી આખા દિવસમાં ક્રમશઃ તેમને સજાવવામાં આવે છે. બાલવેષથી લઇને કંસનો વધ કર્યો ત્યારે તેમણે જે ધનુર્બાણધારી રાજવેષ ધારણ કર્યો હતો, ત્યાં સુધીના સર્વ વેષો તેમને પહેરાવવામાં આવે છે. મેં મંદિરના મુખ્ય પૂજારીના હાથમાં એક પત્ર આપ્યો. આ પત્રમાં એવો ઉલ્લેખ હતો કેઃ—" ભવિષ્યમાં બ્રિટિશસરકારના કર્મચારીઓમાંથી કોઇ પણ આ સ્થાનમાં મયૂરનો તેમજ પીપળાના વૃક્ષનો નાશ કરશે નહિ તથા આ પવિત્ર ધર્મસ્થાનમાં કોઇ પણ પ્રકારની જીવહત્યા કરશે નહિ. "

અસુરવાસ, ૧૬ મી ઑક્ટોબર-જ્યારે આપણું મન કોઇ કાર્ય કરવાને માટે વ્યગ્ર થઈ ગયું હોય ત્યારે તે તે કાર્ય કરવાને પ્રવૃત્ત થયા વિના નિશ્ચેષ્ટ બેસવું એ જેટલું કષ્ટદાયક છે, તેટલી કષ્ટદાયક બીજી કોઈ પણ આપત્તિ નથી. અત્યારસુધીમાં અમારા સેવકો આવીને અમને મળ્યા નહોતા, તેથી મેં અસુરવાસ તરફ મારો શિબિર મોકલી આપ્યો અને ત્રીજે પહોરે તે તરફ પ્રયાણ કરવા માંડયું. જો કે અસુરવાસ અહીંઆંથી માત્ર ચાર કોશના અંતરપર હતું; પરંતુ માર્ગમાંજ સાયંકાળ થઈ ગયો. માર્ગમાં અમે ફતે નામનાં હાથીને પાણીમાં પડેલો જોયો. આ હાથી પાણીમાંથી બહાર નીકળવાને માટે ખીજવાઇને ભીષણ પરિશ્રમ કરતો હતો. કેવળ માવતના દોષથીજ આવી ઘટના બને છે; કારણ કે હાથી એટલો બુદ્ધિમાન હોય છે કે તે પગવતી માર્ગની પરીક્ષા કરતો કરતો ચાલે છે. જો તેને એક પગ મૂકવાને પણ સ્થાન મળે તો તે આપત્તિમાં આવી પડતો નથી; પરંતુ માવતને તે પોતાના સંકેતશબ્દથી પોતાને નિરાપદ સ્થાને લઈ જવાને સૂચના કરી દે છે. ફતેએ પણ આવી સૂચના કરી હતી; પરંતુ માવતે તેની સૂચનાપર લક્ષ્ય આપ્યું નહોતું. ફતેનો ઉદ્ધાર કરવાને માટે અમે સર્વ જણે તેની આગળ મોટાં મોટાં કાષ્ઠો નાખ્યાં. પછી થોડી વારે તે મહાબળથી પગ ઉઠાવીને ઉઠયો અને આગળ ચાલ્યો. વાસ્તવમાં ફતેને આવી સહાય કરવાની આવશ્યકતા નહોતી; પરંતુ એક તો તેને સાયંકાળની ૧૫ શેરની રોટલી મળી નહોતી તેથી તેણે પોતાને મહા અપમાન થયેલું માન્યું હતું અને બીજું માવતના દોષથી તે જળમાં પડી ગયો હતો. આ બે કારણોને લીધે તેણે તેમાંથી પોતાનો ઉદ્ધાર કરવાનો ખરેખરો પ્રયાસ કર્યો નહોતો. ફતેએ પાણીમાંથી બહાર નીકળતાંની સાથેજ પોતાની પીઠ હલાવી તેથી એકદમ તે પરની સર્વ વસ્તુઓ નીચે તૂટી પડી.

અમે બુનાસ નદી ઉતરી આગળ ચાલ્યા. આ નદીનું જળ જેવું ગંભીર છે, તેવુંજ તે કાચસમાનસ્વચ્છ છે. તટની ભૂમિ નીચી અને અનેક પ્રકારના ઘાસથી ભરેલી છે. આ જોવાલાયક નિર્જન પ્રદેશના સંબંધમાં એક અદ્ભુત દંતકથા પ્રચલિત છે. આ દંતકથા નીચે પ્રમાણે છેઃ—" પૂર્વે જ્યારે યવનલોકો આ દેશમાં આવ્યા નહોતા, ત્યારે બુનાસનદીની અધિષ્ઠાત્રી દેવી જળમાંથી પોતાનો હાથ બહાર કાઢતી હતી. આ વખતે આ પ્રદેશના લોકો તેના હાથપર નાળીએર મૂકી દેતા હતા; પરંતુ આ દેશમાં યવનોનો નિવાસ થયા પછી જ્યારે તે દેવીએ પોતાનો હાથ જળમાંથી બહાર કાઢયો ત્યારે એક યવને તેપર નાળીએરને બદલે માટીનું ઢેફું મૂકી દીધું. આ સમયથી દેવીએ પોતાનો હાથ બહાર કાઢવો બંધ કર્યો. " બરાબર અર્ધરાત્રિએ અમે અસુરવાસમાં પહોંચ્યા.

ભારવાહી ઉંટો અને અનુચરોનો મેળાપ કરવાની આશાથી અમારે ૧૭ મી તારીખે અહીંઆજ વિશ્રામ કરવો પડયો. અસુરવાસ એ એક સમૃદ્ધિશાળી ગામ છે; પરંતુ હાલમાં એમાં ઘણા થોડા માણુસો વસે છે. એક ચારણકવિના મુખથી એક પ્રાચીન કાવ્ય સાંભળી રાણા ભીમસિંહ મુગ્ધ થઇ ગયા અને તેમણે આ ગામ તે કવિને સમર્પણ કર્યું. અમારા શિબિરની પાસે એક ઉચ્ચ પર્વતશિખરપર એક સંન્યાસીનો આશ્રમ હતો. તે સંન્યાસી મારી મુલાકાત કરવાને આવ્યા અને મેં પણ તેમને વળતી મુલાકાત આપી. સર્વ સંન્યાસીઓની પેઠે તેઓ પણ બુદ્ધિમાન હતા અને દેશવિદેશની પુષ્કળ હકીકત જાણુતા હતા. તેઓ ભગવાં વસ્ત્ર પરિધાન કરે છે. તેમના મસ્તકપર રુદ્રાક્ષની માળા છે. વળી તેઓ તેજ પ્રકારની માળા હાથમાં ગ્રહીને સદા પોતાના ઇષ્ટદેવનો જપ કર્યા કરે છે. અંગ્રેજીશાસનમાં સાધારણ પ્રજા નિર્વિઘ્ને પરમ શાંતિ તથા સુખ ભોગવી શકે છે, એમ જણાવી તેઓ બોલ્યા કેઃ–" અંગ્રેજો માનુષીશક્તિ ધરાવતા નથી; પણ દૈવીશક્તિ ધરાવે છે. " અને ખરેખર એક સમય એવોજ હતો કે જ્યારે સર્વ રાજાઓ અને સામંતો આ સંન્યાસીની પેઠે અંગ્રેજોને દૈવીશક્તિસંપન્ન માનતા હતા.

૧૮ મી ઑક્ટોબર-સૂર્યોદય થતાંની સાથેજ અમે અહીંઆંથી ૭ કોશના અંતરપર આવેલા સુમાઈચા નામના સ્થાન તરફ પ્રયાણ કર્યું. જે માર્ગમાં અમે ચાલતા હતા તે અતિ સંકીર્ણ, વક્ર તથા ઉંચો નીચો હતો. તે ઉચ્ચભૂમિના સીમાંતરપર આવેલો છે. એની આસપાસ ખેર અને બાવળ વગેરેનાં વૃક્ષો આવી રહ્યાં છે. અમે માર્ગમાં આવેલા ગંગગુડા નામના ગામમાં થઈ શીરનાળા નામના ગામમાં ગયા અને ત્યાંથી પછી શીરનાળાની ખીણમાં પહોંચ્યા. વિસ્તૃત અને વિરાટકાય શિખરના

જે સ્થાનમાંથી નદી ખળખળ ધ્વનિ કરતી નીકળી છે, તેજ સ્થાનપર ગોડાગામ વસેલું છે. નદીની કુંડલાકાર વક્ર ગતિ જોઇ અમે સહજ અનુમાન કર્યું કે આ વિશાળ ખીણનો માત્ર એક માર્ગ આજ છે. ખીણ ક્યાંય પણ સમાન પહોળાઇ ધરાવતી નથી તોપણ કોઇપણ સ્થળે તેની પહોળાઇ અર્ધ કોશથી ઓછી નથી. ખીણની ઉભય બાજુએ ઉચ્ચ પર્વતશ્રેણી દૃષ્ટિગોચર થાય છે. કોઈ શિખરપર આમ્રવૃક્ષો છે અને કોઇપર નથી. આ રમણીય દૃશ્યયુક્ત સ્થાન ઉપર પ્રકૃતિની કૃપાદૃષ્ટિ જણાય છે. ગુલર, સીતાફળ તથા બદામનાં વૃક્ષો અહીંઆં પુષ્કળ થાય છે. નદીના તટ પાસેની ભૂમિ વૃક્ષોથી ઘેરાયેલી છે. આમ્ર, તેન્દૂ, પીપળા, વડ આદિ વૃક્ષો ચારે તરફ ઝુકી રહ્યાં છે, મનુષ્યની બુદ્ધિ અને કારીગરી પણ અહીંઆંની પ્રાકૃતિક શોભાને વૃદ્ધિંગત કરી રહી છે. આ પ્રદેશના રહેવાસીઓએ નદીમાંથી પાણી લેવાની ગોઠવણ કરી છે અને તેદ્વારા તેઓ ધાન્ય તથા કપાસ વગેરેની ઉત્તમ ખેતી કરે છે.

સુમાઇચા ગામમાં ત્રણ પરાં છે. એક એક પરામાં સો સો ઘરની વસ્તી છે. આ ગામ સુપ્રસિદ્ધ "રાણુરાજ" નામના પર્વતની તળેટીમાં સ્થાપિત છે.જે સમયે ક્રૂર મોગલોએ રાણાને પરાજિત કરીને તેમની પૂંઠ પકડી હતી, તે સમયે તેઓ પોતાના પ્રાણની રક્ષા કરવાને માટે આ પહાડી માર્ગમાં થઇને ઘોર જંગલમાં જતા રહ્યા હતા. આજ કારણથી આ સ્થાન "રાણુરાજ"ના નામથી વિખ્યાત છે. આ ગામમાં વિખ્યાત રાણાકુંભના કુંભાવતલોકો રહે છે. કુંભાવતલોકો પોતાના અધિનાયકની સાથે મને મળવાને આવ્યા અને તેમણે મને સુપ્રસિદ્ધ કુકડી (આ એક પ્રકારનું પહાડી શસ્ત્ર છે, એ ત્રણ ફીટ લાંબુ હોય છે.), ઘી તથા એક બકરીનું બચ્ચું, આ વસ્તુઓ ભેટતરિકે આપી. તેઓ મારી સામે આવ્યા કે તરતજ હું તેમનો સત્કાર કરવાને ઉઠયો અને જો કે તેમનો દેખાવ સાધારણ લોકોના જેવોજ લાગતો હતો, તોપણ તેમની ઉત્પત્તિ ઉચ્ચ કુલમાં થઇ હતી એટલામાટે મેં તેમને પુષ્કળ માન આપ્યું. વાસ્તવમાં તેમની શારીરિક શોભા વૃદ્ધિંગત કરવાને માટે તેમને વસ્ત્રાલંકારની કાંઇપણ આવશ્યકતા નહોતી; કારણ કે તેમનું સ્વરૂપ એવું ચિત્તાકર્ષક હતું કે મારા અનુચરો વારંવાર "આ કેવા સુંદર માણસો છે"એમ કહીને તેમનાવિષે પરસ્પર વાત કરતા હતા. તેમનાં ઉચ્ચ અને સ્થૂલ શરીર, વીરમૂર્તિ અને લાંબી મૂછોની સર્વ માણસોએ પ્રશંસા કરી. નેતાઓએ મસ્તકપર લાંબી પાઘડી પહેરી હતી અને ખભે દુપટ્ટો નાખ્યો હતો. અન્યાન્ય લોકોએ મજુરના જેવો પાયજામો અને સાધારણ પાઘડી પહેરી હતી. પૂર્વે આ લોકો કમલમેરના દુર્ગરક્ષકોતરિકે નિયુક્ત થયા હતા તેથી તેઓ ત્યાં એકસો બંદુકધારી સૈનિકો મોકલતા હતા; પરંતુ હવે મહારાષ્ટ્રીઓએ તેમનું આ કાર્ય ખુંચવી લીધું છે. રાણાને કર આપનારી ખરી પ્રજા, આ લોકોજ છે. એક તરફ તેઓ રાણાનું સ્થાનિક શ્રમસાધ્ય કાર્ય કરે છે અને બીજી તરફ નિયમિત વાર્ષિક કર આપે છે. જ્યારે મેં તેમના પૂર્વજોની વીરતાની પ્રશંસા કરી, ત્યારે તેઓ મારાપર અત્યંત પ્રસન્ન થયા. કોઈપણ રાજપૂત પોતાના પૂર્વજોની વીરતા કદિ ભૂલી શકતો નથી. અંજીરનાં વૃક્ષની નીચેની તે સમિતિની શોભા કાંઇ ઓરજ હતી. આ સ્થળે અમારાં ભારવાહી પશુઓ અમને આવી મળ્યાં.

૧૯ મી ઑક્ટોબર—પૂર્વે રાણાઓને બુનાસ નદીના સપાટ પ્રદેશમાં દુઃખ પડવાથી તેમને પહાડી પ્રદેશમાં રહેવાની ફરજ પડી હતી અને તેમની સાથે મેવાડના પુષ્કળ માણસોએ આવીને પહાડી પ્રદેશમાં નિવાસ કર્યો હતો. હવે અમે આ પ્રદેશના મુખ્ય નગર કેલવાડા તરફ પ્રવાસ કર્યો. આ પ્રદેશમાં જેટલા પર્વતો અને જેટલી નદીઓ છે, તે સર્વની સાથે ઉપર્યુક્ત સમયની કોઇ ને કોઇ ઐતિહાસિક ઘટનાનો સંબંધ જોડાયેલોજ છે. ઉપર જણાવેલી ખીણના જેવીજ શોભા અને પ્રાકૃતિક સૌંદર્ય આ સ્થાનમાં પણ છે. અહીંઆંના વિદીર્ણ પર્વતમાં થઇને જે માર્ગ ગયો છે, તેના વામ ભાગમાં 'કરી સરોવર' નામની એક નાનીસરખી નદી અમારા જોવામાં આવી. જો કે પગે ચાલનારા માણસો અહીંઆંથી એક સીધા માર્ગમાં થઇને કેલવાડા નગરમાં જઈ શકે છે; કિંતુ આ સ્થાન એવાં ઘાડાં જંગલ અને સંકટોથી ભરેલું છે કે અપરિચિત મનુષ્યે એકદમ તે માર્ગે થઇને જવાનું સાહસ કરવું યોગ્ય નથી. ઉક્ત નદીનું નામ 'કરી સરોવર' શામાટે પડયું તેવિષે કાંઈ જાણી શકાતું નથી. કદાચિત પ્રાચીન કાળમાં કોઇ સમરભૂમિને ઉપલક્ષીનેજ એ નામ પડયું હશે. અમો મૂર્ચ નામના ગામમાં થઇને આગળ ગયા. આ ગામ એક રાઠોડસામંતને આધીન છે. ઉક્ત ગામની પાસેના એક ક્ષુદ્ર સરોવરના તટપર

આવેલા એક અત્યંત રમણીય નીચા મંદિરે અમારી દષ્ટિ આકર્ષિત કરી. એક મનુષ્યને પ્રશ્ન પૂછવાથી જ્ઞાત થયું કે એ એક સતીનું મંદિર છે; પરંતુ અમે આ સામાન્ય ઉત્તરથી સંતુષ્ટ નહિ થતાં ગામના અધ્યક્ષને બોલાવ્યો. તેને પૂછવાથી જણાયું કે તે મંદિર તે અધ્યક્ષના એક પૂર્વજે બંધાવ્યું હતું. જ્યારે ઔરંગઝેબે આ પ્રદેશમાં અત્યાચાર કરવા માંડયો, ત્યારે આ ગામના સ્વામીએ સમરભૂમિમાં પ્રાણાર્પણ કર્યું હતું અને તેની અર્ધાંગિનીએ પતિભક્તિની પરાકાષ્ઠા દર્શાવી પોતાના પતિનું સ્મરણચિન્હ હૃદયપર ધારણ કરી ચિતામાં પોતાનો દેહ ભસ્મીભૂત કરી દીધો હતો. ઉક્ત મંદિરમાં ઉક્ત વીરપુરુષની મૂર્તિ અશ્વારોહીના સ્વરૂપમાં વિરાજમાન છે. આ સર્વ ઉપરથી પ્રતીત થાય છે કે કોઇ સાધારણ ગામડીઆના સ્મરણને માટે આ મંદિર બંધાવવામાં આવ્યું નથી.

'કર સરોવર' અને ખિરલી ગામની નિકટથી બે માર્ગો બે તરફ ગયા છે. વીરગુલા માર્ગમાં થઇને સીધા નાથદ્વારા જઈ શકાય છે. બીજો માર્ગ ચીરાઇ અને વિખ્યાત ચતુર્ભુજદેવના તીર્થસ્થાન તરફ ગયો છે. આ માર્ગ તરફ ચાલતાં વચ્ચે પર્વતનાં શિખરો આવવા લાગ્યાં તેથી અમે તેને મૂકી કેલવાડા તરફ ચાલવા લાગ્યા. અમે કેલવાડા નગરની ઉત્તર તરફ દોઢ કોશના અંતરપર આમ્રવૃક્ષોથી ભરેલી સપાટ ભૂમિમાં શિબિર નાખ્યો. અહીંઆંની ખીણ આગળ જતાં વિસ્તૃત થઇ ગઇ છે. આ સ્થાન જંગલી અને ખરબચડું લાગે છે, તોપણ તેની શોભા સુંદર જણાય છે. વાયુમાપક યંત્રથી અમને જણાયું કે આ સ્થાન ઉદયપુરથી એક સહસ્ર ફીટ અને સમુદ્રથી ત્રણ સહસ્ર ફીટ ઉંચું છે. અહીંઆં ઉંચાં ઉંચાં અનેક શિખરો આવેલાં છે. આ સ્થાનમાંથી અગણિત ઝરણાંઓ વહીને પશ્ચિમ તરફ આવેલી મારવાડની ભૂમિને જળસિંચન કરે છે અને પૂર્વતરફ મેવાડનાં સરોવરો ભરે છે. અહીંઆં કંગરોલી નામનું નાનું સરોવર બંધાવવામાં આવ્યું તે પૂર્વે અહીંઆંનાં સમસ્ત ઝરણાંઓ મેવાડ તરફ વહેતાં હતાં. હમણાં મારવાડ તરફ કેટલાંક ઝરણાં વહે છે, પણ તેમની સંખ્યા ઘણી ઓછી છે.

મહારાણાના નિકટના સંબંધી અને કમલમેરના શાસનકર્તા મહારાજા દોલતસિંહ અનેક લાલ પતાકાઓ, નગારૂં તથા ધ્વજદંડધારી અનુચરોને પોતાની સાથે લઇને મને મળવાને આવ્યા. કિલ્લાની અંદર જવાને માટે અમે કેટલાક કોશની મુસાફરી કરી. પછી પ્રાચીન રીતિઅનુસાર અમે ઉભયે અશ્વપરથી ઉતરી એકબીજાને આલિંગન દીધું. પછી અમે પુનઃ અશ્વારૂઢ થયા અને સર્વ પ્રજાની પરિવર્તનની દશાવિષે વાર્તાલાપ કરતા કરતા આગળ જવા લાગ્યા. દોલતસિંહ મહારાણા ભીમસિંહના અતિ નિકટના સગા છે અને મહારાજની ઉપાધિથી વિભૂષિત છે. આથીજ તેઓ તેમની સમાન ગણાય છે. ઉદયપુરના રાણાને પુત્ર નહોતો, તેથી શિવધનસિંહની પછી તેમને મેવાડનું સિંહાસન પ્રાપ્ત થયું હતું.

ઇ૦ સ૦ ૧૮૧૮ ના ફેબ્રુઆરી માસમાં મેં કમલમેરદુર્ગમાં રહેતી સેનાનો શેષ પગાર ચૂકવી દઇ તે દુર્ગપર અધિકાર સ્થાપિત કરી દીધો હતો. લોભી સેના પોતાની પાઘડીની પેઠે પોતાનો સ્વામી બદલીનાખે છે, માટે એવી સેનાને વશ કરવાનો મુદ્રા એજ મુખ્ય, નિશ્ચિત અને સરળ ઉપાય છે. ચોવીસ કલાકના અરસામાં અમે આ કિલ્લાપર અધિકાર કરી લીધો હતો. જેટલા રૂપિયા અમારે આપવાના હતા તેના ત્રીજા ભાગ જેટલા રૂપિયા પણ અમારી પાસે નગદ નહોતા, આથી અમે મારવાડના પાલી નામના વાણિજ્યનગરની હુંડી લખી આપી. આ હુંડી લેવામાં તેમણે જરાપણ આનાકાની કરી નહિ. ભારતવર્ષની તોફાની જાતિ પણ બ્રિટિશસરકારનો આટલો બધો વિશ્વાસ કરે છે. બીજે દિવસે પ્રાતઃકાળમાં અમે કમલમેરદુર્ગની સેનાને પહાડીમાર્ગથી જતી જોઇ. આ વખતે અમે ચૂર્ણવિચૂર્ણ થઇ ગયેલાં દેવમંદિરમાં બેસીને ભોજન કરતા હતા. મારા સૈન્યે તથા મારા અનુચરોએ એક અઠવાડીઆ સુધી દુર્ગનો અધિકાર પોતાના હાથમાં રાખ્યો. પછી રાણાની મોકલેલી સેના આવી એટલે અમે તેના હાથમાં દુર્ગનો અધિકાર સોંપી દીધો. ઉક્ત છિન્નભિન્ન સ્થાનકના અસંખ્ય સ્મરણસ્તંભોમાં કોતરેલલેખો પ્રાપ્ત કરવામાં તથા તેની નકલ કરવામાં ઉક્ત અઠવાડીઉં વ્યતીત થઈ ગયું. જો કે આ સુપ્રસિદ્ધ સ્થાનનું બાહ્ય દશ્ય ચિત્રપટપર અંકિત કરવામાં આવ્યું, પરંતુ તેનું અંતરસ્થ દશ્ય અંકિત કરવું મનુષ્યની શક્તિની બહાર છે.

આ દુર્ગની ચારે તરફ વિશાળ અને અભેદ્ય કોટ છે તથા તે કોટની ઉપર થોડે થોડે અંતરે નાના નાના દુર્ગો બાંધવામાં આવ્યા છે. વળી બાણ અને તોપના ગોળા છોડવાને માટે અમુક અંતરે છિદ્રો પણ રાખવામાં આવ્યાં છે. આ કોટની લગોલગ "બાદલ મહલ" નામનો મહાલય

રાણા માટે બંધાવવામાં આવ્યો છે. રાણા વર્ષાઋતુમાં આ મહાલયમાં નિવાસ કરે છે. આ "બાદલ મહલ" પરથી રેતાળ મરુભૂમિ અને ચારે તરફની શિખરશ્રેણીઓ દષ્ટિગોચર થાય છે. કમલમેર દુર્ગ-પર ચઢવાના પ્રથમ સંકીર્ણ માર્ગમાં અરાઇતપોલ નામનો પહેલો દરવાજો છે. તેની આગળ હુલ્લાપોળ અને હનુમાનપોળ નામના બીજા બે દરવાજા આવે છે. ત્યાર પછી "જયતોરણ" અને "નિધન-તોરણ" અને "રાયતોરણ" આવે છે. છેલ્લા દરવાજાનું નામ "ચોગાનપોળ" છે. કમલમેરદુર્ગનો ઉંચામાં ઉંચો ભાગ સમુદ્રની સપાટીથી ૩૩૫૩ ફીટ ઉંચો છે. અહીંઆંથી મેં મરુભૂમિનો અતિ દૂરનો પ્રદેશ જોયો હતો. અહીંઆં કેટલાંક દશ્યો એવાં છે કે જેનાં ચિત્ર આલેખવામાં એક માસ વ્યતીત થવાનો સંભવ છે; પરંતુ અમને તો માત્ર ઉકત દુર્ગ અને એક અતિ પ્રાચીન જૈનમંદિરનાં ચિત્રો આલેખવાનો સમય મળ્યો હતો. આ મંદિરની બાંધણી સર્વ પ્રકારે અતિ પ્રાચીન સમયની બાંધણી જેવી જણાય છે. આ મંદિરના મધ્યભાગમાં દિવાનખાનું અને તેની ચોતરફ સ્તંભાવલીથી સુશોભિત ચોક છે. આ મંદિર અવશ્ય જૈન લોકોનું છે; કારણકે હિંદુધર્મ અને જૈનધર્મવચ્ચે જેવો પ્રભેદ છે તેવોજ પ્રભેદ હિંદુમંદિર અને આ મંદિર વચ્ચે છે. ભારતવર્ષના અનેક મૂર્તિપૂજક તથા શૈવલોકોના અધિકાંશ શિલ્પકાર્યવાળાં મંદિરોની સાથે આ જૈનમંદિરની તુલના કરવાથી તેમની વચ્ચે અતિ વિભિન્નતા જણાય છે અને આ જૈનમંદિર પૂર્વોક્ત મંદિરો કરતાં વધારે સાદું તથા આડંબરસહિત જણાય છે. મંદિરની અત્યંત પ્રાચીનતાનું પ્રમાણ તેની અલ્પ કારીગરીજ છે. આ પરથી અમે નિશ્ચયપૂર્વક કહી શકીએ છીએ કે જે સમયે ચંદ્રગુપ્તના વંશજ સમ્પ્રીતિ આ પ્રદેશના રાજા હતા ( ઇ૦ સ૦ પૂર્વે બે શતાબ્દીપર ), તે સમયે આ મંદિર બંધાવવામાં આવ્યુંહતું. જનશ્રુતિપરથી જણાય છે કે રાજસ્થાનમાં તથા સૌરાષ્ટ્રમાં જેટલાં પ્રાચીન મંદિરો આજપર્યંત વિદ્યમાન છે તે સર્વ મંદિરો ઉપર્યુક્ત રાજાએજ બંધાવ્યાં હતાં. આ મંદિરના સ્તંભોનો આકાર અને પરિમાણ ઇતર મંદિરોનાં જેવા નથી; પરંતુ સર્વથા ભિન્ન પ્રકારનાં છે. હિંદુમંદિરોના સ્તંભોના જેવી આ મંદિરના સ્તંભોની બાંધણી નથી. હિંદુ મંદિરના સ્તંભો જાડા હોય છે; પરંતુ આ મંદિરના સ્તંભો પાતળા છે અને તેનો ઉપલો ભાગ નીચલા ભાગ કરતાં અધિક પાતળો છે.

રાજા સમ્પ્રીતિ ચંદ્રગુપ્તના વંશમાં તેમની ચોથી પેઢીએ ઉત્પન્ન થયેલા હતા. તેઓ જૈનધર્માવલબી હતા તથા વાક્થાનના ગ્રીક અધીશ્વર સિલ્યૂકસના પ્રિય મિત્ર હતા. મૅગસ્થિનિસે સિલ્યૂકસના સંબંધમાં જે વર્ણન કર્યું છે તે પરથી જ્ઞાત થાય છે કે ઉક્ત ઉભય રાજાઓની વચ્ચે અકૃત્રિમ મિત્રતા હતી અને એક જૈનધર્માવલંબી રાજપૂતરાજાની કન્યાની સાથે સિલ્યૂકસનું લગ્ન થયું હતું. તેને પહેરામણીમાં કેટલાક હાથીઓ અને ઇતર પદાર્થો મળ્યા હતા. તેણે ચંદ્રગુપ્તપર એક ગ્રીકસેના મોકલી આપી હતી.* અમે જે જૈનમંદિરવિષે ઉલ્લેખ કરીએ છીએ તે કાં તો ગ્રીક શિલ્પકારોએ બનાવેલું છે કે કાં તો રાજપૂત શિલ્પકારોએ ગ્રીક શિલ્પકારોના આદર્શપરથી બનાવ્યું છે.

જૈનલોકોના આ મંદિરમાં હિંદુઓએ "જીવપિતૃ" નામનો કાળા પાષાણનો બનાવેલો એક ખંડ અન્યાયપૂર્વક સ્થાપિત કરી દીધો છે. × આ મંદિર પર્વતના શિખર ઉપર બંધાવવામાં આવેલું છે

*મહાત્મા ટૅાડની આ વાર્તા અમને ભૂલભરેલી લાગે છે. અન્યાન્ય ઇતિહાસોપરથી જણાય છે કે મગધના સ્વામી ચંદ્રગુપ્તની સાથે સિલ્યુકસને વિશેષ મિત્રતા થઇ હતી અને ચંદ્રગુપ્તે તેને એક કન્યા આપી હતી. કર્નલ ટૅાડ જણાવે છે કે રાજા સમ્પ્રીતિ ચંદ્રગુપ્તના પ્રપૌત્ર હતા. જો આ વાત સત્ય હોય તો તે સમયે સિલ્યુકસ જીવિત હતો એમ શી રીતે કહી શકાય ? અને જો તે જીવંત હતો એમ માનવામાં આવે તો તેનું આયુષ્ય તે સમયે પ્રાયઃ સો વર્ષનું હોવું જોઈએ. આવા વૃદ્ધ પુરુષના હાથમાં કન્યા સોંપવાનું કામ શી રીતે સંભવિત માની શકાય ? અને જો આ વાત સંભવિત માનવામાં આવે તો ચંદ્રગુપ્ત તે સમયે જીવિત હતા એ વાતનું શું પ્રમાણ છે ? અને જો તેણે સમ્પ્રીતિની કન્યાની સાથે વિવાહ કર્યો હતો તો સમ્પ્રીતિ પાસે સેના નહિ મોકલતાં ચંદ્રગુપ્ત પાસે શા માટે મોકલી ? માટે કર્નલ ટૅાડ ભ્રમથી સિલ્યુકસની સાથે સમ્પ્રીતિની મિત્રતાની વાત લખી ગયા હોય એમ જણાય છે. ગ્રીકદૂત મેગસ્થિનિસે સમ્પ્રીતિનો કાંઇપણ ઉલ્લેખ કર્યો નથી.

× કર્નલ ટૅાડ અતિ પ્રાચીન સાધારણ હિંદુમંદિરોની વિચિત્ર કારીગરી આ મંદિરમાં નહિ જોઇ અનુમાન કર્યું છે કે એ જૈનમંદિર છે; પણ "જીવપિતૃ" નાં ચિન્હો જોઈ અમે કર્નલ ટૅાડનું અનુમાન સત્ય કહી શકતા નથી. જૈનમંદિરમાં હિંદુઓના દેવતાની પ્રતિષ્ઠા થવી કોઇ પણ પ્રકારે સંભવિત નથી.

અને પર્વતપૃષ્ઠમાંજ તેનો પાયો હોવાથી કાળના કરાલ દંતોથી તે ચૂર્ણવિચૂર્ણ નહિ થઇ આજપર્યંત વિદ્યમાન રહ્યું છે. તેની નિકટ જૈનલોકોનું બીજું એક પવિત્ર મંદિર દૃષ્ટિગોચર થાય છે; પરંતુ તેની બાંધણી પૂર્વોક્ત મંદિર કરતાં સર્વથા ભિન્ન પ્રકારની છે. આ મંદિર ત્રણ મજલાનું બનેલું છે કે જેમાંથી થઇને સૂર્યનાં કિરણો નીચે આવી અંધકાર દૂર કરી શકે છે.

દુર્ગની ઉપર અને નીચે જેટલાં દેવાલયો તથા મંદિરો આવેલાં છે તેમાં કાંઇ વિભિન્નતા જણાતી નથી. જૈનમંદિરોથી નીચેના પહાડીમાર્ગપ્રતિ દૃષ્ટિપાત કરવાથી કેવળ ખંડિયેરોજ દૃષ્ટિગોચર થાય છે. અહીંઆં અમે બીજાં બે પ્રધાન દેવાલયોનું વર્ણન કરીશું. પહેલું મંદિર "મમા (માતા) દેવી" નું અર્થાત્ દેવગઢની જનનીનું છે. આ મંદિર એક શિખરપર આવેલું છે. પ્રધાન તથા ગૌણ દેવમૂર્તિઓની વચ્ચોવચ્ચ મમાદેવીની પ્રતિમા વિરાજમાન છે. સર્વ પ્રતિમાઓ શ્વેત મરમરની બનેલી છે અને પ્રત્યેક પ્રતિમાની ઉંચાઇ પ્રાયઃ ત્રણ ફીટ છે. જો કે શિલ્પવિદ્યાની અવનતિના સમયમાં અર્થાત્ ગત સપ્ત શતાબ્દીઓમાં ઉત્તમ શિલ્પનાં એકાદ બે બાંધકામોજ દૃષ્ટિગોચર થયાં છે; પણ અમે એટલું તો કહ્યાવિના રહી શકતા નથીજ કે આ દેવમૂર્તિઓ અત્યંત ચમત્કારિક છે. મંદિરની બાંધણી અતિ પ્રાચીન સમયની અને સાદી છે. એક વિશાળ દિવાનખાનામાં આ મૂર્તિઓ વેદી વા આસનસિવાય કેવળ ભૂમિપરજ ચારે તરફ ગોઠવવામાં આવી છે.

આ દેવાલયોના આંગણામાં ચારે તરફ જે દૃઢ કોટ છે, તેજ એનો વિશેષ દર્શનીય અંશ છે. આ કોટ કાળા સંગેમરમરનો બનેલો છે અને તેના જૂદા જૂદા ભાગમાં દેવ–દેવીઓનું વર્ણન કોતરવામાં આવેલું છે. વળી તે વિશેષ દર્શનીય એટલા માટે છે કે જે જે રાજાઓએ આત્મગૌરવની વૃદ્ધિને માટે આ ભાગો બંધાવેલા છે તેમનું તેમાં વર્ણન પણ આપેલું છે; પણ પ્રાચીન તત્ત્વનો સંગ્રહ કરનારને એટલા માટે શોક ઉત્પન્ન થાય છે કે અહીંઆંના સેંકડો પાષાણોમાંનો એક પણ અખંડિત નથી. સર્વ પાષાણો છિન્નવિચ્છિન્ન થઇ જઇને ચારે તરફ પડેલા છે. દ્રવ્યલોભી રોહિલા અફ્ઘાન ઇસ્માઇલના વંશજોએ આ સ્થળે માંસભક્ષણ કર્યું હતું. ×

મમાદેવીના મંદિરનો ત્યાગ કર્યા પછી મારી દૃષ્ટિ ખીણની બીજી તરફ આવેલા પહાડી માર્ગ પરના એક સાધારણ સ્મારકમંદિરપ્રતિ આકર્ષાઇ. આ મંદિર જે સ્થળે છે તે સ્થળ અત્યંત રમણીય છે અને ત્યાંથી મારવાડ તરફ જવાનો માર્ગ દૃષ્ટિગોચર થાય છે. મંદિરની ચારે બાજુએ સ્તંભો આવેલા છે. મંદિરનું શિખર સારી રીતે જોઈ શકાય છે. આ મંદિર ટિભોલીના મંદિરસમાન છે. હું આ મંદિરના શિખરપર તથા તેના ધ્વંસાવશિષ્ટ ભાગોપર ચઢી ગયો. મેવાડના સુપ્રસિદ્ધ મહાવીર પૃથ્વીરાજ અને તેમની વીર સહધર્મિણી તારાબાઇની ભસ્મ આ મંદિરમાં સ્મારકચિન્હતરિકે રાખવામાં આવેલી છે. તેમના જીવનનું અને તેમની વીરતાનું વર્ણન મેવાડના ઇતિહાસમાં સુવર્ણાક્ષરથી અંકિત છે.

૨૦ મી ઑક્ટોબરને દિવસે બપોરસુધી અમે રોકાઈ રહ્યા. આ અરસામાં નોકરચાકરોએ ભોજન તૈયાર કર્યું અને જમીને મરુભૂમિ અર્થાત્ મૃતમનુષ્યોની ભૂમિમાં જવાને સર્વ તૈયાર થઇ ગયા. અમારે જે માર્ગદ્વારા જવાનું હતું તે માર્ગ અત્યંત ભયંકર છે એમ અમને કહેવામાં આવ્યું હતું; તે છતાં પણ અમે હાથી અને ઘોડાપર આરૂઢ થઇને જવાનો નિશ્ચય કર્યો. બપોરે શિબિર ઉપાડી નાખવામાં આવ્યા અને સરસામાન બાંધી લેવામાં આવ્યો. અમે ત્રણ વાગ્યાસુધી રોકાઈ રહ્યા. દોરી તથા પહેલો શિબિર અને ભોમીઆઓને આગળ મોકલી દેવામાં આવ્યા. અમને લાગતું હતું કે જ્યાં મેવાડ અને મારવાડની સ્વાભાવિક સીમા છે, ત્યાં અમારે રાત્રિ વ્યતીત કરવી પડશે. અમારા સાંભળવામાં આવ્યું હતું કે આ સ્થાન અતિ વિસ્તૃત છે; પરંતુ અમને પુષ્કળ વિઘ્નો નડયાં. માલ લાદેલો હાથી સુખપૂર્વક જઇ શકે એટલો વિશાળ માર્ગ અમને એક માઇલપર્યંત મળ્યો નહિ.

× ઈજીપ્તના ફોરાવલોકોમાંના એક માણસે આ અફ્ઘાન ઈસ્માઈલને તાડન કર્યું હતું તેથી તે ભ્રમણ કરતો કરતો આવીને અંતે સિંધુ નદીના સુલેમાન–એ–ખો અથવા સલમન શિખરપર રહ્યો હતો. કોઇક લેખક જણાવે છે કે જે જાતિમાંથી એ ઉત્પન્ન થયો હતો તે જાતિ નષ્ટ થઈ છે. આ જાતિના લોકો વીર હતા અને તેઓ એક સ્થળે ન રહી સર્વત્ર સૈનિકનું કાર્ય કરતા હતા. આ લોકો દેખાવમાં વીરપુરુષસમાન છે તથા તેઓ સિકંદર સમાન સેનાપતિના તાબામાં રહેવાથી અતિ શ્રેષ્ઠ સૈનિકો બની શકે છે. આ લોકો સુવરના માંસને અતિ ઘૃણિત સમજે છે.

માર્ગ ક્ષિતિજથી ૫૫ અંશપર હતો અને તેના નીચા ઉંચાણોમાં થઇને જલના સ્રોત કલકલ ધ્વનિ કરતા વહ્યા કરતા હતા. અમે જ્યારે આ માર્ગની તળેટીપર પહોંચ્યા ત્યારે અમને વિદિત થયું કે મારા મિત્ર બૂંદીનરેશે આપેલો ચૈતન્યમનિકા નામનો અશ્વ પગ લપસી જવાથી નીચે જઈ પડયો છે. તેનો તંગ તૂટી ગયો હતો. તેનાથી થોડે દૂર ખબરચી દૃષ્ટિગોચર થયો. તે ખબરચી ખાણાની વિખરાઇ ગયેલી વસ્તુઓ એકત્રિત કરતો હતો. તેનું ઉંટ તેને પુનઃ માલ લાદવા દેતું નહોતું. જ્યારે અમે કમલમેરદુર્ગની નીચે પહોંચ્યા ત્યારે તે ઉંટ ઘણું પાંસરૂં થઈ ગયું હતું. અહીંઆં જડાવ નામનું ૫૦૦ ફીટ ઉંચું એક સ્થાન હતું. અહીંઆંનું દૃશ્ય અત્યંત ભવ્ય અને રમણીય હતું. નાનાપ્રકારના ઉંચાનીચા શિખરવાળા પર્વતો ચારે તરફ વિરાજમાન થઇ રહ્યા હતા. અસ્તાચલમાં જતાં સૂર્યકિરણો થોડીવારસુધી અમારા અંધકારમય માર્ગમાં મંદ પ્રકાશ ફેલાવી રહ્યાં. આ સર્વ વિપત્તિઓ નડયા છતાં પણ ભવ્ય અને અપરિચિત દૃશ્ય તથા શીતળતાથી મારો આનંદ વૃદ્ધિગત થતો ગયો. એક અઠવાડીઆમાં હું હજારો વિપત્તિઓ સહન કરી ચૂકયો હતો અને હમણાં આ ઉંચાનીચા માર્ગમાં થઇને જતો હતો. આ સ્થળના ગોળ પથ્થરોપરથી અનેકવાર કૂદવું પડતું હતું.

એક સ્થાનપર પાણી રોકાઇને નાનું ખાબોચીઉં થયું હતું. નાના કેરીને શ્રદ્ધા હતી કે હું આ ખાબોચીઉં કુદાવીને ઘોડાને લઇ જઇશ. તે ડાબી તરફ થઇને જેવો એક ઉચ્ચ સ્થાન તરફ કૂદી રહ્યો હતો, તેવામાં અચાનક એક ભયાનક ઘટના બની. તે પોતાના અશ્વસહિત જલમાં પડયો. તેને આ સંકટ અતિ અલ્પકાળપર્યંત ભોગવવું પડયું. એક ડુબકી મારીને તે બહાર નીકળી આવ્યો. હથીદુર્રા નામના સ્થાનમાં અમને વિચાર આવ્યો કે અહીંઆં આખી રાત રહીએ; પરંતુ ત્યાં કોઈ એટલું વિશાળ ચોગાન નહોતું કે જ્યાં એક શિબિર પણ ઉભો કરી શકાય.પાછળ આવતાં દળને આજ્ઞા આપવામાં આવી કે તમારા ગાંસડા બાંધો અને પ્રાતઃકાળમાં નીકળવાને તૈયાર થજો. રાત્રિનો અંધકાર અતિ શીઘ્રતાથી વધતો જતો હતો અને અમે આ ઘન અંધકારમાં આગળ ચાલ્યા જતા હતા. નદીના જલનો કલકલ ધ્વનિ અમારો પથદર્શક હતો. હવે કાંઇક અધિક વિસ્તૃત માર્ગ આવવા લાગ્યો અને ઊંડી નદી મારવાડનાં મેદાનમાં જવાને મોટો શબ્દ કરતી ચાલી. મેઘરહિત આકાશમંડળ અમારી ચારે તરફની પર્વતશ્રેણીઓની ઉપર ગુંબજસમાન દેખાતું હતું. તારા અતિ સુંદર દેખાતા હતા. અમે મૌન ધારણ કરી આગળ ચાલ્યા જતા હતા અને અમારા ઉપર જંગલી વ્યાઘ્રાદિ પશુઓ તથા લૂંટારાઓ તૂટી પડશે એવા વિચારમાં નિમગ્ન થઇ ગયા હતા; એટલામાં અકસ્માત્ એક વટવૃક્ષની નીચે કિંચિત્ પ્રકાશ દૃષ્ટિગોચર થયો અને તેની ચારે તરફ ઘોડેસ્વારોનું એક દલ જણાયું.

અમે તત્કાળ થોભી ગયા અને યુદ્ધ કરવાનો વિચાર કરવા લાગ્યા. અમારા પથદર્શકોએ અમને અનુકૂળ સ્થાન દેખાડયું અને મેદાનમાં પહોંચ્યાપૂર્વે અમને તેમનાથી બચવાનો સમય મળ્યો. અહીંઆં પુષ્કળ જળ પણ પ્રાપ્ત થયું. આ વખતે સચેત રહેવું ઠીક હતું. અમે આજ સ્થળે વિશ્રામ કર્યો; કારણ કે આગળ પાંચ માઇલસુધી જંગલ આવેલું હતું અને તેમાં હિંસક પશુઓના પંજામાં ફસાવાનો પૂર્ણ સંભવ હતો. આ સ્થળે થોભી અમે એકવાર પુનઃ ઉક્ત દલપ્રતિ દૃષ્ટિપાત કર્યો. અમારી દૃષ્ટિસમીપના સૈન્યને જોઇને હૃદયમાં ધ્રાસકો નહિ પડે એવો સંભવ નહોતો. પચ્ચીસ અથવા ત્રીસ દીર્ઘકાય શસ્ત્રધારી મનુષ્યો ધૂણીની આસપાસ બેઠા હતા અને પરસ્પર ધીમે ધીમે વાતચીત કરતા હતા તથા એકબીજાને હુક્કાની નળી આપતા હતા. તેમના કાળા વાળના ગુચ્છા અને તેમની પચરંગી પાઘડી કહેતી હતી કે તેઓ મરુદેશના રહીશ છે. કાળા પર્વતવાસીઓએ કોઇ સત્પુરુષને મારી નાખ્યો હતો તેના સ્મરણાર્થે બાંધેલો ચબુતરો, આ દલના નાયકની બેઠકનું સ્થાન હતું. નાયકની પાઘડીમાં તેની શ્રેષ્ઠતા બતાવનાર એક સુવર્ણનો શિરપેચ હતો અને તેણે મૃગચર્મની બંડી પરિધાન કરી હતી. મેં તેની પાસે જઇ તેને તથા તેના સૈનિકોને નિયમાનુસાર 'રામ રામ' કર્યા અને તેમના સરદાર ગનોહાપતિની કુશળતાના સમાચાર પૂછ્યા, આથી આ લોકોએ અમારી સાથે ધ્યાનપૂર્વક વાતચીત કરી. પચાસ વર્ષપૂર્વે મેવાડના આધિકારમાંથી જે ગોદાર પ્રદેશ નીકળી ગયો હતો તેનોજ આ ભાગ હતો. આ સ્થાન મેવાડ અને મારવાડની સીમાપર આવેલું છે. આ

સ્થાનપર અનેક ક્લેશયુક્ત ઘટનાઓ બની ચૂકી હતી. અહીંઆં અમને અનેક મૃતપુરુષોનાં સ્મારક દૃષ્ટિગોચર થયાં. આ પ્રતિમાની આકૃતિ આ પ્રમાણે છે:—એક સૈનિક સમરતુરંગપર આરૂઢ થઈને તેની લગામ પોતાના હાથમાં ઝાલી રહ્યો છે. અમુક પુરુષ અમુક ઘાટની રક્ષા કરતાં માર્યો ગયો હતો. અમુક મેરજાતિના હાથમાંથી પશુઓને છોડાવતાં માર્યો ગયો હતો. પ્રત્યેક સમાધિપર મરણ-તિથિ આદિનો ઉલ્લેખ હતો.

હવે અમને અમારી ક્ષુધા શાંત કરવાને માટે કાંઇ પદાર્થ મળવાની આશા નહોતી. ડૉક્ટર ડંકન અને કૅપ્ટન બોએ હાથીપરથી ઝુલ ઉતારી લીધી અને તેમાં લપટાઇને તેઓ સૂઇ ગયા અને પાસેનાજ એક વીરના સ્મારકપર બેસી ગયા.હું તત્કાળ એ પહાડી રાજપૂતોને છોડીને અમારા દલની પાસે ચાલ્યો ગયો અને તેની વાતચીત સાંભળવા લાગ્યો. આ વખતે જે દૃસ્ય થઇ રહ્યું હતું તે ચતુર ચિત્રકાર-ની પીંછીનેજ યોગ્ય હતું. મારા અનેક મિત્રોએ આ સ્થળે પહાડીલોકોની સાથે યુદ્ધ કર્યું હતું અને અહીંઆં તેમનાં અનેક કુટુંબીઓની ભસ્મ દબાઇ રહી હતી. આ શાંતિના સમયમાં તે ઘટનાઓ પુનઃ આવી શકનાર નથી. ભીલ અને મેર એ શબ્દો હવે લૂંટારાવાચક રહ્યા નથી. પ-હાડીઓની સાથે આવો પ્રસંગ પુનઃ કદિ પણ આવવાનો નથી. હું હવે પાઠક મહોદયોને પુનઃ કમલમેર લઇ જઇશ કે જ્યાં રાજસ્થાનની અન્ય જાતિઓનો ઇતિહાસ સાંભળવા મળશે.



# अध्याय २४ मो

**માહીર વા મીરાજાતિ–તેનો ઇતિહાસ અને આચારવ્યવહાર–ગોકુલગઢના લૂંટારા–ગાનોરા-ના સામંત અજિતસિંહ–મારવાડનો સપાટ પ્રદેશ–રૂપનગરના સામંત–દૈસુરીસંબંધી ઇતિહાસ–મેવાડના સિસોદીઆઓની સાથે મારવાડના રાઠોડોની તુલના–રાજપૂતોનો પરંપરાગત ઇતિહાસ–ગાનોરા–રાણાના દૂત કૃષ્ણદાસ–મારવાડ અને મેવાડવચ્ચે સ્થાનિક વિભિન્નતા–પ્રાચીન વિવાદનું કારણ–આંવલ અને બાવલ–નાંદાલ–ચોહાણ જાતિની શ્રેષ્ઠતા–ભટંડલા ગોગા–અજમેરના લાક્ષા–નાંદોલનો પ્રાચીન દુર્ગ–જૈન લોકોનાં સ્મરણચિન્હો–શિલાલેખ–નાદોલનો પ્રાચીન ઇતિહાસ–ઇંદુરિ–વાણિજ્ય-પ્રધાનનગર પાલી–તે સ્થળના જૈનનાં સ્મરણચિન્હો–હિંદુઓનું પ્રાચીન તોરણ–પુણ્યગિરિ–કંકની–વાણિજ્યદ્રવ્ય લઈ જનારા બે સમુદાયમાં વિવાદ–ભાટોનો ભયંકર આત્મનાશ–ઝાલામંદ–જોધપુરની યાત્રા–પોકર્ણ અને નિમાજના સામંતોએ કરેલો સત્કાર–ઉભય સામંતોનાં જીવનચરિત્ર–નિમાજના સુરતાનનો આત્મભોગ–રાજધાનીમાં નાખેલી છાવણી–જોધપુરના દરબાર તરફના સત્કારવિષે ચર્ચા.**

માહીર વા મીર જાતિ પહાડી છે અને એ લોકો જે પ્રદેશમાં રહે છે, તેને લોકો માહીર-વાડા કહે છે. માહીર શબ્દ અપભ્રંશ છે. એ લોકોની ઉત્પત્તિ ભારતવર્ષના સુપ્રસિદ્ધ મૂળવતની મીના વા માહીના લોકોમાંથી થઈ છે. આ લોકોને હાલમાં માહીરાત વા માહીરાવાત કહેવામાં આવે છે. કમલમેરથી અજમેરસુધી અરવલ્લીની જે પર્વતમાળા વિરજમાન છે, તેની અંતરગતના પ્રદેશનેજ માહીરવાડા કહેવામાં આવે છે. તેની પહોળાઇ ૪૫ કોશ અને લંબાઇ ત્રણસેંદશ કોશ છે. આ મનોરમ પ્રદેશ સમુદ્રતટથી ત્રણથી ચાર હજાર ફીટ ઉંચો છે અને તે અનેક પ્રકારના સુંદર ભૌતિકપદાર્થોથી પરિપૂર્ણ છે. અરવલ્લીના આ ભાગમાં વૈજ્ઞાનિકોને તથા અન્વેષણકારને અવશ્ય જાણવાયોગ્ય એટલા બધા પદાર્થો ભરેલા છે કે સમસ્ત જગતના બીજા કોઇ પણ ભાગમાં તે પ્રકારના તેટલા પદાર્થો વિદ્યમાન નથી. ઇતિહાસવેત્તાઓને માટે પ્રાચીન ઇમારતો અને દુર્ગો તથા વૈજ્ઞાનિકોને માટે ઉદ્ભિજ્જતત્ત્વો, પ્રાણીતત્ત્વો વગેરે જાણવાયોગ્ય અનેક પદાર્થો આ પ્રદેશમાં વિદ્યમાન છે.

માહીરજાતિવિષે વિસ્તૃત વર્ણન કરવાની આવશ્યકતા છે તેમના આચારવિચાર વર્ણવવાની ઘણી અગત્ય છે; પરંતુ અત્રે સ્થલાવકાશના અભાવને લીધે અમે માત્ર કેટલીક મુખ્ય મુખ્ય બાબતોનુંજ વર્ણન કરીશું.

માહીરલોકો મીનાજાતિની મુખ્ય ચિતા નામની શાખામાંથી ઉત્પન્ન થયા છે. અમે તે વિષે જરા વિસ્તૃત વર્ણન કરીશું. મીનાલોકોની જેતાજાતિ રાજપૂતોની પેઠે અનેક ભાગોમાં વિભક્ત છે. આ જાતિના લોકો અભિમાનપૂર્વક પોતાને જેતારાજવંશમાંથી ઉત્પન્ન થયેલા જણાવે છે; પરંતુ આથી તો તેમના વંશનું કલંકજ પ્રકટ થાય છે. ચિતામીના લોકો દિલ્લીના અંતિમ ચોહાણસમ્રાટના બંધુના પૌત્રને પોતા ના આદિપુરુષ જણાવે છે. ચૌહાણરાજના ભત્રીજા લાક્ષાને અનલ અને અનુપ નામના બે

પુત્રો હતા. હવે જયશાલમીરે પોતાની કેટલીક કુંવરીઓની સાથે ઉક્ત વંશના પુરુષોને વિવાહ કરવાની માગણી કરી તેમનાપર નારિયેળ મોકલ્યાં; પરંતુ કન્યાઓના માતામહના વંશની તપાસ કરતાં તેઓ મીના-જાતિની એક વેશ્યાના ગર્ભથી ઉત્પન્ન થયેલી જણાઈ. આથી તેમને એકદમ અજમેરથી દૂર કરવામાં આવી અને તેમને પોતાના માતામહના વંશજોનો આશ્રય લેવો પડયો.

એક મીનાસામંતની કન્યાસાથે અનલનો વિવાહ થયો અને તેના ગર્ભથી ચિતાનો જન્મ થયો. ચિતાના વંશજો દીર્ઘકાળથી માહીરવાડાપર સ્વતંત્ર અધિકાર કરતા આવ્યા છે. ચિતાના જે વંશજો અજમેરના ઉત્તરભાગમાં વસે છે, તેઓ પંદર પેઢીથી મુસલમાન થઈ ગયા છે. તેમના વંશના એક માણસે અજમેરના હાકેમદ્વારા મુસલમાનધર્મની દીક્ષા લીધી હતી અને દાઉદખાં નામ ધારણ કર્યું હતું; ત્યારથીજ આ લોકો મુસલમાન થયા છે. દાઉદખાં આથુન નામના ગામમાં રહેતો હતો,તેથીજ માહીરોતોનો અધિપતિ "આથુનકાખાં" એ નામથી વિખ્યાત છે. આથુનતાબાનાં ગામોમાં ચાંગ, ઝક અને રાજસિનગર મુખ્ય છે. અનુપે પણ એક મીનાકુમારીની સાથે વિવાહ કર્યો હતો. આ સ્ત્રીના ગર્ભથી ભુડાર નામનો એક પુત્ર થયો. ભુડારના વંશજો પોતાની પ્રાચીન રીતિ, નીતિ અને ધર્મની સંપૂર્ણરીતે રક્ષા કરતા આવ્યા છે. ભુડાર,બાહિરવાડા, માંદિલા આદિ નગરો તેમનાં મુખ્ય નિવાસસ્થાન છે. જો કે આ મીનાલોકોમાં રાજપૂતોનું રક્ત મિશ્રિત થવાથી ઉત્કૃષ્ટતા આવી છે; તથાપિ તેઓ દુર્ગુણ, અત્યાચાર અને ઉપદ્રવને માટે દીર્ઘકાળથી પ્રસિદ્ધ છે. વિખ્યાત ચંદકવિએ લખ્યું છે કે અજમેરના સુપ્રસિદ્ધ રાજા વિશલદેવે આ મીનાજાતિનું એવું સખ્ત દમન કર્યું હતું કે તેમને અજમેરના માર્ગપર જલસિંચન કરવું પડયું હતું. આ પરથી જણાય છે કે આ જાતિ દીર્ઘકાળથી અત્યાચારી અને ઉપદ્રવી છે. અન્યાન્ય પહાડીલોકોની પેઠે આ લોકો પણ જ્યારે રાજાની શક્તિનો હ્રાસ થયેલો જોતા ત્યારે તેઓ ઉપદ્રવનો પ્રારંભ કરતા. અજમેરના ચૌહાણોની સાથે જ્યારે મંદોરના પુરિહરલોકોને યુદ્ધ થયું ત્યારે પૃથ્વીરાજ પ્રથમ રણક્ષેત્રમાં ગયા હતા. આ વખતે તેમનીવિરુદ્ધ ગિરિપથની રક્ષા કરવાને અર્થે માહીરરાવોએ ચાર સહસ્ર ધનુર્ધારી માહિરોને ઉભા રાખ્યા હતા. કવિવર ચંદે પોતાના કાવ્યમાં તેમની વીરતાવિષે નીચે પ્રમાણે વર્ણન કર્યું છે. "[1]જ્યાં અગણિત શિખરશ્રેણી પરસ્પર મળી ગઇ છે તે સ્થાનમાં માહીરો અને મીનાઓ એકત્ર થયા છે. મંદોરરાજે આજ્ઞા કરી કે તમારે ગિરિપથની રક્ષા કરવી પડશે. ચાર સહસ્ર વીરોએ આ આજ્ઞા સાંભળી કાલદૂતની પેઠે તેનું પાલન કર્યું. શુકનવિના મીનાજાતિ કદિ આગળ પગલું ભરતી નથી. તેમનાં બાણ કદિ પણ વ્યર્થ જતાં નથી. તેમનાં શરીર વજ્રસમાન છે અને તે લોકો પ્રાણનું બલિદાન આપીને પણ પ્રતિજ્ઞાનુંપાલન કરે છે. આ લોકો મંદોરના ભૂષણ અને રક્ષકસ્વરૂપ છે. હાલમાં એમના દુર્ગના શિખરપર જયપતાકા ફરકી રહી છે. સપાટભૂમિમાંથી પુષ્કળ દ્રવ્ય લૂંટીને તેઓ પોતાની ભૂમિમાં લઇ જાય છે. ગિરિપથના ગુપ્ત તિમિરમય સ્થાનમાં એ જાતિના ચાર સહસ્ર વીરો અર્ધચંદ્રાકાર ધનુષ્યોસહિત ઉભા રહી વિષધર સર્પની પેઠે ગુપચુપ શત્રુના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.

ચૌહાણરાજની પાસે સમાચાર આવ્યા કે પરમ સાહસિક મીનાલોકો હાથમાં ધનુષ્યબાણ ગ્રહી પહાડીમાર્ગપર ઉભા છે; માટે કોઈ પણ માણસ બલપૂર્વક તે સ્થાન ભેદીને જઈ શકશે નહિ. ક્ષુધાગ્રસ્ત સિંહ જે પ્રમાણે શિકાર જોઇને મહાક્રોધથી પ્રચંડ ગર્જના કરી મૂકે છે તે પ્રમાણે ચૌહાણરાજને દારુણ ક્રોધ ઉત્પન્ન થયો અને તેમણે પોતાના સેનાપતિને બોલાવીને તેને મીનાલોકોને ઉચિત દંડ આપવાને માટે તૈયાર થવાની આજ્ઞા કરી. પર્વતસમાન અટલ સેનાપતિ મસ્તક ઝુકાવી રાજાની આગળથી વિદાય થયો અને અભીષ્ટકાર્ય સિદ્ધ કરવાને માટે સજ્જ થયો. જો કે સેનાપતિએ સસૈન્ય આગળ વધવામાં ઝાઝો વિલંબ કર્યો નહોતો; તથાપિ સૈન્યને સજ્જ કરતાં તેને જે અલ્પ સમય લાગ્યો તે સમયમાં મીનાલોકો સુમેરુની પેઠે અચલ ભાવથી શ્રેણીબદ્ધ ગોઠવાઈ ગયા. દેવપતિ ઈંદ્રના વજ્રસમાન તેમનાં બાણોએ ધનુષ્યમાંથી છૂટીને સૂર્યને આચ્છાદિત કરી દીધો. એ બાણોએ સાક્ષાત્

૧ આ સ્થળે કર્નલ ટૌડ જણાવે છે કે, અરવલ્લીના ક્યા ભાગમાંથી માહીરલોકોએ આક્રમણ કર્યું હતું તેની શોધ હું કરી શકયો નથી. આ સ્થાન ગીચ જંગલમાં હોવું જોઇએ. અજમેરની તરફથી આક્રમણ કરવામાં આવ્યું નથી એ તો સ્પષ્ટજ છે.

યમરાજનુંજ સ્વરૂપ ધારણ કર્યું હતું. પ્રબળ વાયુના સ્પર્શથી જે પ્રમાણે વૃક્ષસમૂહ ભયાનક શબ્દસહિત ઉખડીને તૂટી પડે છે તેજ પ્રકારે તેમનાં બાણોથી વિંધાઇને રાજપૂત અશ્વારોહીઓ નીચે તૂટી પડવા લાગ્યા અને તેમનાં કવચ તથા અસ્ત્રશસ્ત્રાદિનો વિચિત્ર ધ્વનિ રણભૂમિમાં કર્ણગોચર થવા લાગ્યો સેનાપતિએ અશ્વપરથી ઉતરીને ખડ્ગયુદ્ધનો આરંભ કર્યો. અગ્નિકુંડથી બચવાની આશાથી જે પ્રકારે પક્ષીઓ પાંખ પ્રસારી આકાશમાં ઉડવાની ચેષ્ટા કરે છે, તેજ પ્રકારે ધૂમાચ્છાદિત વાતાવરણમાં બાણો ઉડવા લાગ્યાં. જે પ્રકારે મત્સ્યો જાળના છિદ્રમાં થઇને નીકળી જાય છે, તે પ્રમાણે બાણો સૈનિકોનાં હૃદય ભેદી પીઠમાંથી નીકળવા લાગ્યાં. રુધિરની નદી વહેવા લાગી.

પહાડીવીરોના નેતાએ ચૌહાણરાજના સેનાપતિની સાથે યુદ્ધ કરવાને પ્રવૃત્ત થઈ એકજ અસ્ત્રાઘાતથી તેને નીચે તોડી પાડયો; પરંતુ તેણે તરતજ ભૂમિપરથી ઉઠી એક ક્ષણમાં તે પહાડીનેતાને ખડ્ગપ્રહાર કરી ભૂતલશાયી કરી દીધો. સુમેરૂના કંપથી જેવો શબ્દ થાય છે,તેવો શબ્દ ઉક્ત નેતાના પતનથી થયો. તત્ક્ષણ ક્રુદ્ધ થયેલા વ્યાઘ્રની પેઠે નાહરરાજ દૃષ્ટિગોચર થયો. તે વીરે પોતાના વૃદ્ધ અધિનાયક[1] તથા ભ્રાતાની પ્રતિહિંસા લેવાને માટે ભીષણ સ્વરથી મીનાલોકોને ઉત્તેજિત કર્યા અને તેમના હૃદયમાં બમણો ઉત્સાહ ભરી દીધો. આ તરફ પહાડીસેનાપતિનું પતન થયું કે તરતજ ચૌહાણરાજે પોતાની સેનાને પ્રચંડ જયધ્વનિ કરવાની આજ્ઞા ફરમાવી. આ આજ્ઞા પ્રાપ્ત થતાંજ તેમણે આકાશભેદી શબ્દથી જયધ્વનિ કર્યો. યદ્યપિ આ શબ્દ સાંભળી અલ્પ સમયપર્યંત મીનાલોકો સ્તંભિત થઇ ગયા; તથાપિ ત્યારપછી પુનઃ તેમનું સાહસ પ્રકાશી નીકળ્યું. હવે ચૌહાણરાજ સ્વયં યુદ્ધક્ષેત્રમાં ઉતરી પડયા. થોડીવારમાં તેમની સેના તે પહાડીમાર્ગને ભેદવા લાગી અને તેમના સૈનિકોના જયધ્વનિથી ચારે દિશા ગુંજી રહી. હાથીઓના પોકાર અને ઘોડાઓના હણહણાટથી ચારે તરફ ભય પ્રસરી રહ્યો. આજ વખતે ગિરનાર અને સિંધની સેના, વસંતકાલીન પુષ્પોના નાના પ્રકારના રંગોની પેઠે સુંદર પતાકાઓ હાથમાં ગ્રહણ કરીને મંદોરના પક્ષમાં આવીને ભળી. ઉક્ત ઉભય સેનાના સૈનિકોએ કવચ પરિધાન કરેલાં હતાં. કેવળ નેત્ર અને નખના અગ્ર ભાગજ દૃષ્ટિગોચર થતા હતા. આ સર્વ વીરો મ્યાનમાંથી ખડ્ગ કાઢતી વખત પોતપોતાના કુલદેવતાનું નામોચ્ચારણ કરી રણક્ષેત્રને કંપાયમાન કરવા લાગ્યા.

પૃથ્વીરાજની કાંતિ ઇંદ્રવદન સમાન થઈ અને પુરિહરપતિની પ્રભા પ્રભાતકાળનાં નક્ષત્ર સમાન થઇ ગઇ. ઉભય વીરોનાં શરીરો કવચોથી આવૃત હતાં. હવે ચૌહાણપતિ અશ્વપરથી એકદમ ઉતરી પડયા. નાહરરાજ પણ તત્કાળ સાવધાન થયો અને ઉભય વીરો સામસામે ખડ્ગયુદ્ધ કરવા લાગ્યા. ઉભય પક્ષની સેનાઓએ તેમને ગોલાકારમાં ઘેરી લીધા. પરમારપતિના પતાકાધારી વીરો દોડતાં અભ્રની પેઠે વેગથી આગળ વધ્યા અને તેમણે મ્યાનમાંથી પોતાની ચકચકિત સમશેર બહાર કાઢી. મંદોરેશ્વરનો ભ્રાતા મોહનસિંહ, પરમારપતિની સાથે લડવાને આગળ વધ્યો. ઉભય વચ્ચે ખડ્ગયુદ્ધનો પ્રારંભ થયો. પરમારપતિનું શિરસ્ત્રાણ ખડ્ગપ્રહારથી ભગ્ન થઇ ગયું. અલ્પસમયમાં ચાયંદ દાહિમા ક્રોધિત થઈ આગળ આવ્યો અને તેણે એક અતિ પ્રચંડ ભાલો ઉઠાવી પુરિહરપતિને માર્યો. એકજ આઘાતથી પુરિહરપતિનું પ્રાણપક્ષી શરીરરૂપી પિંજરામાંથી ઉડી ગયું અને જીવનશૂન્ય શરીર કપાઇ ગયેલા વૃક્ષની પેઠે પૃથ્વીપર પતન પામ્યું."

ચંદકવિએ પોતાનાં કાવ્યને અત્યુક્તિથી અલંકૃત કર્યું છે, એ વાત સ્વીકારવા છતાં પણ આપણને એટલું તો અવશ્ય માનવુંજ પડશે કે હાલમાં ઓગણીસમી શતાબ્દીમાં માહીરલોકો જેવા પરમ સાહસિક લૂંટારાઓ ગણાય છે, તેવાજ તેઓ બારમી શતાબ્દીમાં પણ હતા. મોગલોના શાસનકાળમાં તેઓ કદિ પોતાનું મસ્તક અવનત કરતા તો કદિ તેને પુનઃ ઉન્નત કરતા, જ્યારે મહારાષ્ટ્રીઓ આ દેશમાં આવ્યા તે વખતે માહિરલોકોએ પુનઃ પોતાની સંપૂર્ણ શક્તિનો સંચય કરીને પોતાના શાસક રાજપૂતોપ્રત્યે ઉપદ્રવી વ્યવહાર કરવા માંડયો હતો; પરંતુ જ્યારે ઈ૦ સ૦ ૧૮૨૧ માં તેમના ભીષણ ઉપદ્રવનું દમન કરવાનું કાર્ય અત્યંત આવશ્યક માનવામાં આવ્યું ત્યારે તેમની સામે ત્રણ દલો મોકલવામાં આવ્યાં. આ દલોએ તેમને પરાજીત કર્યા અને તે લોકોએ રાજપૂતોની આધીનતા સ્વીકારી; પરંતુ જ્યાંસુધી ચિતા અને

1 મીનાલોકોના નેતાને સન્માનાર્થે 'ભ્રાતા' કહેવામાં આવે છે.

ગુહારવંશના ઘણા માણસો અને તેમની ઘણી સંપત્તિ નાશ પામી નહિ ત્યાંસુધી તેઓ તેમને આધીન થયા નહોતા. અનેક શતાબ્દીઓ થયાં ઘણા પહાડી માહીરલોકો આ દેશના લોકોને મહા ભયનું કારણ થઈ પડયા હતા; પરંતુ અમે તેમને સહેજે વશ કરી લીધા તેથી અમારા મિત્રો પરમ આશ્ચર્ય પામ્યા ! માહીર લોકો શા કારણથી ફાવી જતા હતા તે જાણવું અતિ સુગમ છે. રાજપૂતલોકોએ આટલા સમયસુધી ક્ષીણબલ માહીરલોકોના અત્યાચાર તથા ઉપદ્રવો સહન કર્યા તે તેમને માટે લજ્જાની વાત છે. માહીર મહારાષ્ટ્રીય, પિંઢારા અને પઠાણલોકો શા કારણથી બળ, પ્રતાપ અને પ્રભુતાનો પ્રકાશ કરવામાં સમર્થ નિવડયા હતા તે જાણવું અત્યંત સુગમ છે. રાજપૂતોનો પરસ્પર વિગ્રહ અને અંતર્વિપ્લવજ, આ વિજાતીય લોકોની પ્રબળતાનું મુખ્ય કારણ છે. ઉક્ત ચારે જાતિઓએ લૂંટફાટ કરી રાજપૂતોનો દેશ છિન્નભિન્ન કરી નાખ્યો હતો, જ્યારે મેવાડના સામંતો પહાડી માહીરોનું દમન કરવાને એકત્રિત થતા ત્યારે મારવાડના સરદારો તેમને આશ્રય અને સહાય આપતા હતા. મારવાડીસરદારોના કિલ્લાનાં દ્વારો શરણાગતને આશ્રય આપવાને માટે સદા ખુલ્લાં રહેતાં હતાં. તેઓ દ્રવ્ય લઈને શરણાગતને આશ્રય આપતા હતા; પરંતુ જે સમયે અંગ્રેજસેના આ માહીરલોકોનું દમન કરવાને માટે ગઈ ત્યારે તેમને ક્યાંય પણ આશ્રય મળ્યો નહિ. તેમને માટે પ્રત્યેક આશ્રયસ્થાનના દરવાજા બંધ થઇ ગયા અને તેઓ ચારે તરફ શત્રુઓને દેખવા લાગ્યા. તેઓ પોતાને ઇંદ્રજાલસમાન દશામાં ફસી પડેલા જોઇને સ્તંભિત થઈ ગયા અને જ્યારે તે લોકોનો નાયક તથા તેના અનુચરો કલ્પિત આશ્રયસ્થાનમાં પકડાઈ ગયા તથા મધ્યરાત્રિએ અંગ્રેજોએ કરેલા આક્રમણથી જ્યારે તેમનું દલ છિન્નભિન્ન થઈ ગયું ત્યારે તે લોકોની નિરાશાનો પાર રહ્યો નહિ. તેઓ જે તરફ દૃષ્ટિ ફેંકતા હતા તે તરફ તેમને લાલ વસ્ત્રધારી સૈનિકોજ દૃષ્ટિગોચર થતા હતા. અંતે તેમણે હતાશ થઇ અંગ્રેજોનું શરણ ગ્રહણ કર્યું.

હાલમાં એક અંગ્રેજ સેનાપતિના હાથ નીચે પહાડી માહીરજાતિની એક સેના તૈયાર થઇ છે અને વખત આવતાં આજ સેના અતિ ઉપયોગી ગણાશે એમાં કિંચિત્ પણ શંકા નથી. આજો કે લોકો ઉપદ્રવી અને અત્યાચારી છે; તોપણ શિરોતુલાની ખીણમાં બાંધેલા બંધ જેવા બંધ બાંધવાનું અને કૃષિનું કાર્ય તેઓ કરશે. માહીરવાડામાં એક એવો જીલ્લો નિર્માણ થયો છે કે જેમાંથી કોઈ સમયે મહારાણાને લક્ષમુદ્રાની વાર્ષિક ઉપજ થશે.

આ લોકોના કેટલાક રીતરિવાજો નીચેના પ્રદેશમાં રહેનારી પ્રજા કરતાં અત્યંત વિચિત્ર અને ભિન્ન છે. તેમાંના કેટલાક રીતરિવાજોનું વર્ણન અત્રે અમે કરીએ છીએ; બીજા લોકોનું ચરિત્ર અને તેમનો ઇતિહાસ આગળ વિસ્તારપૂર્વક લખવામાં આવશે, માટે આ સ્થળે તો માત્ર તેનો થોડો અંશજ વર્ણવામાં આવે છે. માહીરલોકોના પૂર્વજોએ જે નિયમો બાંધ્યા હતા તેજ નિયમો પ્રમાણે અદ્યાપિ માહીરલોકો વર્તન કરે છે. આ લોકો વિધવા સ્ત્રીની સાથે વિવાહ કરવામાં જરાપણ સંકોચ કરતા નથી. વિધવાવિવાહને તેઓ "નાથવિવાહ" કહે છે. તેમના સ્વામી, સભ્ય રાજપૂતો વિવાહપ્રસંગે તેમની પાસેથી 'કાગલિ' નામક દંડ તરિકે પાંચ રૂપિયા લે છે. વિવાહપ્રસંગે વરના મસ્તકપર સાધારણ રીતે પહેરાવવામાં આવતા ખજુરના મુકુટને બદલે સુતરાઉ પાઘડી મૂકવામાં આવે છે અને તેની ઉપર પીપળાની પવિત્ર ડાંખળી ખોસવામાં આવે છે. હિન્દુવિવાહની અનેક સાધારણ રીતિનીતિ આ લોકો પાળે છે. "સાત ફેરા," "ગઠજોડા" અર્થાત્ ગ્રંથિબંધન અને પાણિગ્રહણ આદિ પ્રથા માહીરલોકોમાં પણ પ્રચલિત છે. ઉત્તરભાગના જે માહીરો મુસલમાન થઈ ગયા છે તેઓ પણ વિવાહ પ્રસંગે પોતાના પૂર્વજોની પ્રથાનું અવલંબન કરે છે, અને તેમની લગ્નક્રિયા બ્રાહ્મણ પુરોહિતો કરાવે છે. માહીરલોકોના આચારવિચારસંબંધી તપાસ કરતી વખતે મને જણાયું કે માત્ર આ લોકોજ વિધવાવિવાહ કરતા નથી; પરંતુ બ્રાહ્મણો અને રાજપૂતો પણ વિધવાવિવાહ કરવામાં કાંઇ દોષ માનતા નથી. ગિહલોતકુલનું રાજ્ય મેવાડમાં સ્થાપન થયું તે પહેલાં જે નાગર નામના બ્રાહ્મણો આ દેશમાં રહેતા હતા તેઓમાં આ પ્રથા પ્રચલિત હતી. જે રાજપૂતોમાં વિધવાવિવાહની રીતિ પ્રચલિત છે, તે સર્વ આ દેશના અતિ પ્રાચીન લોકોના વંશજો છે અને તેમને હાલમાં ભૂમીઆ કહેવામાં આવે

1 કર્નલ ટૉડની ભવિષ્યવાણી ખરી પડી છે. હાલમાં ભારતના બ્રિટિશ સામ્રાજ્યમાં માહીરલોકોની પલટણ છે અને તેને "માહીરવાડા સૈન્ય" કહેવામાં આવે છે.

છે. પ્રાચીન કાવ્યગ્રંથોમાં જે ચિનાનો, ખારવાર, ઉત્તાઇન, દમા વગેરે જાતિનાં નામો તથા ઇતિહાસ ઉપલબ્ધ થાય છે, તે લોકો આજ જાતિના હતા. અરવલ્લીના પર્વતમય પ્રદેશમાં ઉક્ત જાતિના કેટલાક લોકો હજી પણ નિવાસ કરે છે. માહીરલોકોમાં વિવાહબંધન જેટલી સુગમતાથી થાય છે, તેટલીજ સુગમતાથી તેનો વિચ્છેદ પણ થાય છે. જો સ્ત્રીપુરુષનાં મન એકબીજાથી ઉંચાં થઇ જાય અથવા બીજા કોઇ કારણથી તેમનો ચિરવિયોગ આવશ્યક માનવામાં આવે, તો સ્વામી પોતાના દુપટ્ટાનો કેટલોક ભાગ ફાડીને પોતાની પત્નીના હાથમાં આપી દે છે; આથી તેમના છૂટાછેડા થઇ જાય છે. સ્ત્રી તે વસ્ત્રનો ટુકડો હાથમાં લઇ પોતાના મસ્તકપર જલથી ભરેલા બે કળશો મૂકી પોતાને ફાવે તે માર્ગે ચાલી જાય છે અને આ ત્યાગેલી સ્ત્રી પોતાના શિરપરથી જે પુરુષ કલશ ઉતારે તેનેજ પોતાનો ભાવી પતિ માને છે. આ સ્ત્રીત્યાગની પ્રથા કેવળ મીનાલોકોમાંજ પ્રચલિત નથી; પરંતુ જાટ, ગુજર, અહીર, માલી અને અન્યાન્ય જંગલી શૂદ્રજાતિઓમાં પણ અત્યંત પ્રચલિત છે. 'જેહર લેઆકિર નિકેલા' અર્થાત "કલશ લઇને ચાલી જા" આ શબ્દો માહીરવાડાના પર્વતમય પ્રદેશમાં વારંવાર વાપરવામાં આવે છે.

આ લોકોની દેવપૂજા,પ્રતિજ્ઞાગ્રહણ અને પ્રાર્થનાની રીતિ અત્યંતવિચિત્ર છે.મુસલમાન થઈ ગયેલા માહીરલોકો "અલ્લા" "દૂધ દાઉદખાં" અથવા "ચિત્તાવડા" ની આણ કહીને શપથ ગ્રહણ કરે છે આજ પ્રકારે માહીરવાડાના દક્ષિણ ભાગના માહીરલોકો સૂર્યના નામથી "સૂર્યકા સોગાન" કહીને અથવા પોતાના મહાન યોગી યાજકનાથના નામથી "નાથકા આન" કહીને પ્રતિજ્ઞા લે છે. મુસલમાન માહીરલોકો હાલમાં સુવરને ખાતા નથી; પરંતુ દક્ષિણ ભાગમાં માહીરલોકો સર્વ વસ્તુઓ ખાય છે. તેઓ માત્ર પોતાના પ્રાચીન યોગી યાજકનાથપ્રત્યેની ભક્તિને લીધે ગોભક્ષણ કરતા નથી. તીતર અને માલેલી નામનાં પક્ષીઓને તેઓ શુભ શુકનવાળાં માને છે. માહીરલોકો જે સમયે લૂંટફાટ કરવાના ઉદ્દેશથી બહાર નીકળે છે, તે સમયે ડાબા હાથ તરફ જો તીતરપક્ષી બોલે તો તેઓ તે દિવસે પોતાનું કાર્ય અવશ્ય સિદ્ધ થશે એમ માને છે. માહીરજાતિનો નિવાસ સૌરાષ્ટ્રથી લઇને ઉત્તર દિશામાં ચંબલ નદી સુધી છે. માહીરવાડા હાલમાં મેવાડના રાણાના અધિકારમાં છે. માહીરલોકોની જે શાખાઓ અત્યંત તોફાની છે, તેમનું દમન કરવાને માટે રાણાએ તેમનાં ગામોમાં નાના નાના દુર્ગ બંધાવ્યા છે. તેમના સમસ્ત પ્રદેશમાંથી હાલ કર લેવામાં આવે છે. પ્રત્યેક વિભાગના માહીરનેતાને રાણાની સન્નિધ લાવવામાં આવે છે. તે જ્યારે પ્રતિજ્ઞાપૂર્વક રાણાની આધીનતા સ્વીકારે છે ત્યારે રાણા તેને સુવર્ણનું કડું તથા દુપટ્ટો પારિતોષિકતરીકે આપે છે. માહીરવાડાના પહાડીલોકોનું દમન કરીને જે દિવસે ઉદયપુરના રાજમહાલયના આંગણામાં તેમનાં અસ્ત્રશસ્ત્ર એકત્રિત કરવામાં આવ્યાં, તેજ દિવસથી મેવાડના ઇતિહાસના નવા યુગનો આરંભ થયો એમ કહેવું ઉચિત થઇ પડશે. આ ઘટના અમે કમલમેરમાં રહેવા લાગ્યા તે પૂર્વે બની હતી.

૨૬ મી ઑકટોબર—દિવસનો પ્રકાશ થતાંજ સર્વ લોકો પ્રસન્નચિત્ત બન્યા. કૅપ્ટન વાઘ અને ડૉકટર ડંકને હાથીની ઝુલ વગેરે કપડાં છોડી નાખ્યાં અને હું પણ પાલખીમાંથી બહાર નીકળ્યો. રાત્રિએ ઝાકળથી શરીરની રક્ષા કરવાને માટે આ પાલખી ઘણી ઉપયોગી થઇ હતી. ક્ષુધા અને તૃષાને લીધે રમણીય પ્રાકૃતિકદૃશ્ય જોવાની ઇચ્છા કમી થઇ ગઈ. જો હું મારી ઇચ્છાનુસાર કાર્ય કરવાને પ્રવૃત્ત થાત તો મારા મિત્રોને તથા અનુચરોને ભયાનક પહાડીમાર્ગમાં લૂંટારાઓની શોધ કરવાને માટે મારી પાછળ આવવાને કહેત.

ગોકુલગઢનો એક માહીરનેતા આ ભાગમાં અતિ પ્રસિદ્ધ છે. તે લૂંટારાનું કામ કરે છે. સાધારણ રીતે એને બહારવટીઓ કહેવામાં આવે છે. આ માણસ ચૌહાણવંશની બીજી શાખા શનિગુરુમાં ઉત્પન્ન થયો છે. આ શાખાના લોકોએ કેટલીક શતાબ્દીઓપર્યંત ઝાલોરમાં રાજ્ય કર્યું હતું. ઉક્ત સામંત પૂર્વે મારવાડરાજ્યને આધીન હતો; પરંતુ તેની અત્યંત ઉદ્ધતાઇને લીધે મારવાડેશ્વરે તેને દેશનિકાલ કર્યો હતો. આથી તેણે અરવલ્લીપર્વતના દુર્ગમ સ્થાનમાં આવેલા અતિ પ્રાચીનદુર્ગ ગોકુલગઢમાં આશ્રય લીધો હતો.આ દુર્ગ હાલમાં ખંડિયેરસ્વરૂપ બની ગયો છે. આ દુર્ગમાં વસીને તેણે ચારે તરફના લોકોને ભય આપવા માંડયો. તે દુર્ગમ અને ભયાનક માર્ગોને સારી પેઠે જાણતો હતો તેથી તેને કોઇ પણ માણસ પકડી શકયો નહોતો. તે અત્યાચાર અને ઉપદ્રવ કરીને જેટલી સંપત્તિ લાવતો હતો તેમાં

દેવગઢનો સામંત પણ ભાગ લેતો હતો. તે દેવગઢના સામંતના તાબાના પ્રદેશમાંજ લૂંટફાટ કરતો હતો, તેથી તેને કોઇ પણ અન્ય માણસદ્વારા બંદીવાન બનવાનો કિંચિત્ પણ ભય નહોતો. બીજા લોકોના તેને પકડવાના અને તેના આશ્રયમાંથી તેને નસાડી મૂકવાના સર્વ પ્રયત્નો નિષ્ફળ થયા હતા. આ શનિગુરુ જાતિના લોકોના અત્યાચાર અત્યંત ક્રૂરતાભરેલા હતા. એક વખત એક મનુષ્ય પોતાની નવવિવાહિતા સ્ત્રીને લઇને ગદવાડાના માર્ગે ચાલ્યો જતો હતો. તે ઉભયને આ લોકો પકડીને ગોકુલગઢમાં લઇ આવ્યા. તે વર અને કન્યા દંડ આપવાને અશક્ત હોવાથી ઘણા દિવસસુધી કેદમાં રહ્યાં. આ શનિગુરુકુલના લોકોને પકડવાને માટે એક દલ છુપી રીતે તે પર્વતમય પ્રદેશમાં ભ્રમણ કરતું હતું; પરંતુ તેના આગમનની ખબર સાંભળીને તરતજ તેઓ દુર્ગમ સ્થાનમાં નાસી જતા હતા. આથી ઉક્ત દલને સફળતા મળતી નહોતી. આ સ્થાનમાં આવી લૂંટફાટ ઘણા લાંબા કાળથી ચાલે છે. લૂંટારાઓને પકડીને તેમને માત્ર એટલોજ દંડ કરવાનો રિવાજ રાખ્યો છે કે તેમને રાણાના રાજ્યમાંથી દૂર કરવામાં આવે છે. તેમને રાણાની સમક્ષ લાવવામાં આવે છે. પછી તેમને શ્યામ વસ્ત્રો પહેરાવે છે, તેમને કાળા ઘોડાપર આરૂઢ કરવામાં આવે છે, તેમની ઢાલ અને તલવારને અપમાનજનક શ્યામરંગથી રંગવામાં આવે છે અને ત્યારપછી તેમને રાજ્યની બહાર હાંકી કાઢવામાં આવે છે. આ પ્રથા અતિ પ્રાચીન કાળથી પ્રચલિત છે.

અમે અમારા મારવાડીબંધુઓની સાથે વાર્તાલાપ કરતાં કરતાં અઢી કોશનો પહાડીમાર્ગ કાપી નાખ્યો. હવે ગાનોરાના આધનાયકે પોતાના અનુચરોની સાથે ઉભા રહી પોતાના પૂર્વસ્વામી મહારાણાપ્રત્યે સન્માન દર્શાવી મારો આદરસત્કાર કર્યો. તેમના આ કૃત્યથી તેમને વિપદ તથા પોતાના સ્વામીના ક્રોધની આશંકા હતી; તે છતાં પણ તેમણે મને સન્માન આપ્યું હતું. આથી હું અત્યંત પ્રસન્ન થયો. અમે અશ્વપરથી ઉતરીને તેમને આલિંગન કર્યું અને ત્યાર પછી તે પ્રદેશના પૂર્વઇતિહાસવિષે તથા મારવાડેશ્વર અને મેવાડના રાણાવિષે વાત કરી, અમે અમારા અશ્વો તંબુ તરફ ફેરવી દીધા. ઉક્ત સામંતે મેવાડના રાણાની ક્ષેમકુશળતાના સમાચાર અતિ પ્રેમપૂર્વક પૂછ્યા હતા. આ સામંતનું નામ અજિતસિંહ છે અને તેઓ એક શ્રેષ્ઠ પુરુષ છે. તેમનું વય ૩૦ વર્ષનું, તેમનું શરીર દીર્ઘ અને સુંદર છે અને તેઓ એક સાહસિક રાઠોડવીરની પેઠે અશ્વપર સ્વારી કરે છે. ગદવાડપ્રદેશમાં વાણિજ્યપ્રધાન પાલીનગરને અને સેનાના નિવાસસ્થાન દૈસુરીને બાદ કરીએ તો ગાનોરા સર્વમાં પ્રધાન નગર છે. આ ધનધાન્યસંપન્ન પ્રદેશમાંથી રાણા પૂર્વે યુદ્ધપ્રસંગે ચાર હજાર રાઠોડસૈનિકો પ્રાપ્ત કરી શકતા હતા. આ સૈનિકો વેતન લેતા નહોતા; પરંતુ મહેસુલ ભર્યાં વિના જમીનનો ઉપભોગ કરતા હતા. મેવાડના સોળ પ્રધાન સામંતોમાં આ ગાનોરાપતિ પણ ગણાતા હતા. જો કે કાળના પરિવર્તનથી આ પ્રદેશ મારવાડના રાજ્યમાં સંયુક્ત થઇ ગયો છે અને ગાનોરાપતિ મેવાડેશ્વરને બદલે મારવાડના રાજાના માંડલિક બન્યા છે; તોપણ હજી મેવાડપતિપ્રત્યેની તેમની પ્રાચીન રાજભક્તિ અને પ્રીતિ એટલી પ્રબળ છે કે તેમણે પોતાના અભિષેકપ્રસંગે મારવાડેશ્વરને બદલે ઉદયપુરના મહારાણા પાસે અસિબંધનની ક્રિયા કરાવી હતી. ઉદયપુરપતિપ્રત્યે તેમણે આટલી બધી ભક્તિ પ્રકટ રીતે દર્શાવી તેથી મારવાડેશ્વર અત્યંત ક્રુદ્ધ થયો અને તેમને શાસન કરવાને માટે તેણે ગાનોરાનો કોટ તોડી પાડયો. તેનું આ કાર્ય ખરેખર તેને કલંકરૂપ છે. હમણાં પણ જો મેવાડના રાણાનો દૂત આવીને ગાનોરાપતિને કમલમેરમાં જવાને કહે છે તો તેઓ તત્કાળ આદરપૂર્વક રાણાની આજ્ઞાનું પાલન કરે છે. ગાનોરાપતિના પૂર્વજોએ શત્રુઓના કરાલગ્રાસમાંથી આ દેશની રક્ષા કરીને મહાન કીર્તિ સંપાદન કરી હતી. તેમણે મોગલો સામે ભયંકર સંગ્રામ કર્યાં હતા. કેટલાક જણે તો તેમની સાથેના સંગ્રામમાં આત્મબલિદાન પણ આપ્યું હતું. ગાનોરાપ્રદેશ જો કે હાલમાં મેવાડથી અલિપ્ત છે તોપણ હજી તેમને મેવાડપતિ આગળના જેવુંજ સન્માન આપે છે. જો હાલમાં પણ ગાનોરાના અધિપતિ અથવા તેમના કોઇ નિકટના સંબંધી ઉદયપુરના દરબારમાં પધારે છે તો પ્રાચીન રીતિ પ્રમાણે રાણાનો એક અનુચર ચાંદીની છડી હાથમાં લઇ તેમને આદર આપવાને માટે આગળ જાય છે અને "કમલમેરકી યાદ રખીએ મહેરબાન" એ પ્રાચીન રણશબ્દ પોકારી તેમને સન્માન આપે છે. પ્રત્યેક ઉત્સવપ્રસંગે રાણા હજી તેમને પ્રાચીન રીતિઅનુસાર પારિતોષિક આપે છે, રાણાના કુટુંબીતરિકે હજી તેમને સન્માન મળે છે અને તેમને આદરપૂર્વક

'મેવાડરાજના ભત્રીજા' કહેવામાં આવે છે. અજિતસિંહે મને અતિ નમ્રતાપૂર્વક પોતાને ઘેર આવવાને નિમંત્રણ કર્યું; પરંતુ હું સારીપેઠે જાણતો હતો કે જો હું જઇશ તો એમનો સ્વામી એમનાપર અત્યંત ક્રુદ્ધ થશે અને એમનાપર મહાવિપત્તિ આવી પડશે, તેથી મેં "માર્ગમાં થાક લાગ્યો છે અને વળી કાલે પ્રભાતમાંજ પ્રવાસ કરવો છે" એમ કહી તેમની ક્ષમા માગી. નિમંત્રણનો અસ્વીકાર થયો તેનું મૂળ કારણ તેઓ સારીપેઠે સમજી ગયા.

આજે અમે મારવાડના સપાટ પ્રદેશમાં માત્ર એકજ કોશ ચાલ્યા હતા. માર્ગમાં માત્ર એક સાધારણ પર્વત જોવામાં આવ્યો હતો. અહીંઆં મહાશય ફરી આવીને અમને મળ્યા.

૨૭ મી ઑક્ટોબર—અનુચરમંડળને વિશ્રામ લેવાને માટે તથા સર્વ સામાન રાખવાને માટે આ સ્થળે અમે તંબુ નાખ્યો. સંધ્યા થયા પૂર્વે સર્વ આવીને એકત્રિત થયા; પરંતુ સર્વ જણ પર્વતપરથી ઉતરતી વખત અત્યંત કષ્ટ વેઠવું પડયું, એવી ફરિયાદ કરતા હતા. અહીંઆં રૂપનગરના સ્વામી મને મળવાને આવ્યા. ગાનોરાના ઠાકોરની પેઠે એઓ પણ પર્વતની બાજુએ આવેલા બે દેશોના બે સ્વામીઓની આજ્ઞાનું પાલન કરતા હતા; અર્થાત્ તેઓ પણ મેવાડના રાણા અને મારવાડના રાજા એ ઉભયને પોતાના સ્વામીતરિકે સ્વીકારતા હતા. એઓ પૂર્વે રાણાના તાબાના દ્વિતીયશ્રેણીના સરદારોના નેતા ગણાતા હતા. એમનો મહાલય તથા દુર્ગ અમારી છાવણી આગળથી જોઈ શકાતો હતો. એમનો દુર્ગ પર્વતમાળાના પશ્ચિમ ભાગમાં છે અને તેની સામે એક દુર્ગમ માર્ગ છે. તેમના ઉંચા દુર્ગપરથી દેસુરી તથા તેમના તાબાનો સર્વ પ્રદેશ જોઇ શકાય છે. તેમનો પ્રદેશ હાલમાં ગદવાડાની સાથે મારવાડના રાઠોડરાજના અધિકારમાં છે. રૂપનગરના સ્વામી પોતાના વડવાની જમીન હસ્તગત કરવાને માટે તેના વર્તમાન અધિપતિની સાથે યુદ્ધ કર્યા કરે છે. ઉકત ભૂખંડમાંના કૃષિકાર્ય ઉપર તેમનો અધિકાર છે. રૂપનગરના અધીશ્વર સોલંકીવંશના છે. નાહરવાલાના રાજવંશમાંથી તેમની ઉત્પત્તિ થયેલી છે અને સુપ્રસિદ્ધ રાજા સિદ્ધરાજનો સમરશંખ એમનાજ અધિકારમાં છે. પૌર્વાત્યદેશોમાં જે જે મહાન રાજાઓ થઇ ગયા છે, તેમાં સિદ્ધરાજની પણ ગણના થાય છે. તેમણે [1] ઇ૦ સ૦ ૧૦૯૪થી અર્ધશતાબ્દીપર્યંત અણહિલપુરનું સિંહાસન ભોગવ્યું હતું. તેઓ વિદ્યા અને શિલ્પના મહાન ઉત્તેજક હતા. એમનાજ વંશજોએ મેવાડમાં આવીને આશ્રય લીધો હતો. રૂપનગરના વર્તમાન સામંતના એક પૂર્વજ બેદનોરની પ્રસિદ્ધ તારાબાઈનો કાકા થતા હતા. પરમ તેજસ્વિની તારાબાઇના સ્વામી મહા ધનુર્ધર પૃથ્વીરાજે પોતાના બાહુબળથી શત્રુઓના કરાલગ્રાસમાંથી પોતાનાં શ્વસુરના રાજ્યનો ઉદ્ધાર કર્યો હતો તેમજ તેમણે દેસુરી તથા બીજો કેટલોક પ્રદેશ જીતી લઇને રૂપનગરના સ્વામીના હાથમાં સોંપ્યો હતો. આ ઘટનાનું વર્ણન કરવું પરમ આવશ્યક છે; કારણ કે એથી સારી રીતે જ્ઞાત થશે કે પોતાના બાપદાદાની ભૂમિ હસ્તગત કરવાને માટે રાજપૂતો કોઈ પણ કાર્ય કરતાં અચકાતા નથી.

રાણા રાયમલના પુત્રોમાં પરસ્પર કલહ થયા કરવાથી તથા તેને દિલ્હી તથા માળવાના અધીશ્વરની સાથે સંગ્રામ થયા કરવાથી ગદવાડપ્રદેશમાં તેની સત્તા ઘણી ડગમગી ગઈ હતી. મીના તથા માહીરલોકો આ પ્રદેશની સપાટભૂમિમાં રહેતા હતા અને આ પ્રાંતની પ્રાચીન રાજધાની નાંદોલના સ્વતંત્ર ચૌહાણરાજાના વંશજ મંડ તરફથી તેમને વિશેષ સહાય મળતી હતી.

ઉક્ત મંડની સેનાએ દેસુરીપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. તેને ત્યાંથી દૂર કરવાને માટે વીરવર પૃથ્વીરાજે શુદ્ધગઢના સોલંકીકુલના સામંતની સહાય લીધી. ઉક્ત સામંતના એક પુત્રની સાથે મંડની એક કન્યાનો વિવાહ થયો હતો. અંતે એક કાવત્રું રચાયું અને તેમાં એવો નિશ્ચય કરવામાં આવ્યો કે મંડને નસાડી મૂકવો અને તેની પુત્રી તથા જમાઇને દેસુરી તથા તેના તાબાની સર્વ ભૂમિ અર્પણ કરવી; પરંતુ તેમણે નિયત ખંડણી આપવી પડશે. શુદ્ધગઢના સોલંકીસામંતના પુત્રે આ શરત સહજ માન્ય કરી અને ઉક્ત કાર્યની સિદ્ધિને અર્થે તે પોતાની સ્ત્રીની સાથે દેસુરીમાં રહેવાનું બહાનું કરીને ચાલ્યો આવ્યો; પરંતુ તેને દીર્ઘકાળપર્યંત શુભ સંયોગ પ્રાપ્ત થયો નહિ. હવે એમ બન્યું કે મંડના એક પુત્રની સાથે બાલેચોના સામંત સાગરની એક કન્યાનો વિવાહ નિશ્ચિત કરવામાં આવ્યો.

શુદ્ધગઢના સામંતના પુત્રે ગુપ્તરીતે આ સમાચાર પોતાના પિતાપર લખી મોકલ્યા. તેણે પો-

[1] સિદ્ધરાજે ગુજરાતમાં ઇ૦ સ૦ ૧૦૯૪ થી ઇ૦ સ૦ ૧૧૪૪ સુધી રાજ્ય કર્યું હતું.

તાના પિતાને લખી જણાવ્યું કે ષંડ પોતાના પુત્રસહિત બાલેચો જશે કે તરતજ હું દૈસુરી દુર્ગના ઉચ્ચ શિખરપર અગ્નિ પ્રદીપ્ત કરીશ; એટલે આપ સેનાસહિત આવીને આ દુર્ગપર અધિકાર કરી લેશો. પુત્રનો પત્ર વાંચી શુદ્ધગઢપતિ ઉક્ત પ્રસંગની પ્રતીક્ષા કરવા લાગ્યા; પરંતુ અધિક સમય સુધી તેમને રાહ જોવી પડી નહિ. એક દિવસ તેમણે ઉક્ત દુર્ગના શિખરપર ધૂમાડો જોયો. તત્કાળ તેઓ પોતાની સેનાસહિત અરવલ્લી પર્વતપરથી ઉતરી આવ્યા અને ઉક્ત કાર્ય સિદ્ધ કરવાને માટે આગળ વધ્યા. આ તરફ અગ્નિ પ્રદીપ્ત થયેલો જોઇ ષંડની સ્ત્રીએ પોતાના જામાતાને કહેવરાવી મોકલ્યું કે મારો પુત્ર શીઘ્ર પોતાની નવવિવાહિતા પત્નીની સાથે આવશે. આ વાત જાણવા છતાં પણ તમે ચિતારૂપ અગ્નિ શામાટે પ્રદીપ્ત કર્યો છે? થોડી વારમાંજ અસિપ્રહારનો ખણખણાટ ષંડની સ્ત્રીના કાનપર અથડાવા લાગ્યો. સોલંકીઓ નગરમાં પ્રવેશ કરીને ચારે તરફ આગ લગાડતા તેના જોવામાં આવ્યા.શુદ્ધગઢપતિ અને મહાવીર પૃથ્વીરાજને વિજયલક્ષ્મી પ્રાપ્ત થાય તે પૂર્વે ષંડ પોતાના પુત્ર તથા પુત્રવધૂની સાથે આવી પહોંચ્યો. ઉભય પક્ષોવચ્ચે ભયંકર યુદ્ધાગ્નિ પ્રજ્વલિત થઇ ઉઠયો. શુદ્ધગઢપતિએ વીરતાપૂર્વક પોતાના શત્રુઓની સન્મુખ ખડા થઇ અભિમાનસહિત તેને કહ્યું કે:-"ષંડ કયાં છે? મારૂં નામ સિંહ છે અને આજે હું ષંડનો ભક્ષ કરીશ." ક્રમશઃ યુદ્ધાગ્નિએ પ્રચંડ મૂર્તિ ધારણ કરી. અંતે ષંડ માર્યો ગયો. બીજે દિવસે પૃથ્વીરાજે દૈસુરી દુર્ગપર પોતાની પતાકા ફરકાવી દીધી. વિજયી પૃથ્વીરાજે એવો લેખ કર્યો હતો કે રાઠોડલોકોના હાથમાં આ ગદવાડપ્રદેશ સોંપવામાં આવ્યો છે. હવે કોઇ સિસોદીઆવંશના માણસે પુનઃ એનાપર પોતાનો અધિકાર સ્થાપિત કરવો નહિ. જો કે સત્તર પેઢી પૂર્વે આ ઘટના બની હતી તથાપિ હજી પણ શુદ્ધગઢપતિના વંશજો અને ષંડના વંશજોની વચ્ચે તેવી ને તેવી શત્રુતા ચાલે છે.

ગાનેરાના સામંત મને પુનઃ મળવાને આવ્યા. તેમના અનુચરો પણ તેમની સાથે આવ્યા હતા, તેથી ફળદ્રૂપ મેવાડમાં રહેતા સિસોદીઆ તથા મારવાડના રાઠોડોની શારીરિક શક્તિનો મુકાબલો કરવાનો મને સારો અવસર મળ્યો. ઉદયપુર તથા તેની દક્ષિણ દિશાના સીમાંતપર વસતા સિસોદીઆ તથા મારવાડના રાઠોડોના શરીરનો મુકાબલો કરવામાં આવે તો રાઠોડો શ્રેષ્ઠ ઠરે છે. ઉપર્યુક્ત સ્થળની હવા અત્યંત અસ્વાસ્થ્યકર છે. એ સ્થળના રાજપૂતો માત્ર ક્ષીણશરીર અને બલહીનજ નથી; પરંતુ ગૌર વર્ણના પણ નથી. ગૌર વર્ણને લીધેજ તેઓ નિકૃષ્ટ શ્રેણીના હિંદુઓથી પૃથક્ ઓળખાઇ આવે છે; પરંતુ આ રાજપૂતોમાં તો ગૌર વર્ણનો પણ અભાવ છે, તે છતાં પણ તેમનામાં જે થોડી શારીરિક ઉત્તમતા જળવાઇ રહી છે, તેનું કારણ એ છે કે રાજસ્થાનના પ્રત્યેક પ્રાંતમાં વસતા રાજપૂતોની સાથે તેમને વૈવાહિક સંબંધ છે. આ સંબંધને લીધે તેમને શુદ્ધ રક્તનાં, બલવાન, દીર્ઘકાય તથા ગૌર વર્ણનાં બાલક ઉત્પન્ન થાય છે. જો કેવલ સલુમ્બરના ચંદાવત તથા ગોગુંદાના ઝાલા લોકોમાંજ તેમનો વૈવાહિક સંબંધ પરિબદ્ધ હોત તો તો અવશ્ય તેમનું શારીરિક અધઃપતન વૃદ્ધિંગત થાત; પરંતુ તેમને ગદવાડના રાઠોડ, હારાવતીના ચૌહાણ તથા મારવાડના ભટ્ટીલોકોની સાથે પરસ્પર કન્યા આપવાલેવાનો સંબંધ છે. જો કે ગોગુંદાના સામંતનું શારીરિક બંધારણ, કદ તથા રંગ મેવાડના સોળ સરદારોની બરાબર નથી; તથાપિ તેમને રાઠોડસ્ત્રીના ગર્ભથી જે પુત્ર ઉત્પન્ન થયો છે, તે ઝાલાજાતિની બરાબરી કરી શકે એવો છે. સામંતો અને તેમના અનુચરો સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરીને મુલાકાત લે છે. તેઓ પાઘડી બાંધતા હોવાથી તેમના મુખની શોભા અતિ સુંદર દેખાય છે.

ભૂતકાળના ઇતિહાસની પુષ્કળ વાતો થયા પછી ગાનેરાના સામંત નમ્ર વચનોથી વિદાય માગીને ચાલ્યા ગયા. ઇતિહાસના વિષયમાં તેઓ પરમ પ્રવીણ હતા. હું માત્ર આ ગાનેરાના અધિનાયકનીજ નહિ, પરંતુ સામંતમાત્રની વાત કરૂં છું. ક્રમવાર ગુંથેલી મોટી મોટી વાતોને પણ જો ઇતિહાસ કહેવામાં આવે તો સર્વ રાજપૂતો ઇતિહાસજ્ઞ છે, એમ કહી શકાશે. રાજપૂતો પોતાના પૂર્વજોનાં વીરત્વ તથા પરાક્રમોનું ઉત્તમ પ્રકારે વર્ણન કરે છે. વળી પોતાના પ્રાચીન અધીશ્વરોના શાસનકાળની જે ઘટનાઓને સમાજની સાથે સંબંધ હોય તેનું તેઓ સાંગોપાંગ જ્ઞાન ધરાવે છે. તેમણે ઐતિહાસિક ગ્રંથોમાંથી આ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે કે ઇતિહાસવેત્તાઓની પાસેથી તે મેળવ્યું છે તે કહેવું અનાવશ્યક છે.

૨૮ મી ઑક્ટોબર—અમે પ્રભાતમાં ઘણા વહેલા ઉઠીને પ્રવાસનો આરંભ કર્યો. ઉક્ત ઠાકોરના રાજ્યમાં થઇને અમે ગયા તે સમયે તેમણે અમને સહાય કરવાને માટે પોતાના એક વિશ્વાસુ અનુચરને

અમારી સાથે મોકલ્યો. અરવલ્લીના શિખરપરથી અમને ચારે તરફનો પ્રદેશ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યો. ગદવાડના સપાટ પ્રદેશને લીધે કોઇ પણ રીતે અમારી દૃષ્ટિને અવરોધ નડયો નહિ. અમે ગાનોરાની નિકટ થઇ ચાલવા લાગ્યા. ગાનોરા અત્યંત હીનાવસ્થાને પ્રાપ્ત થયેલું જણાતું હતું. ગાનોરાના સામંતે પોતાના પ્રાચીન અધીશ્વર મેવાડના રાણાની આધીનતા પુનઃ સ્વીકારી પોતાના પ્રદેશને મેવાડના રાજ્યમાં સંયોજી દીધો તેથી વીસ વર્ષપૂર્વે મારવાડેશ્વર ભીમસિંહે ગાનોરાનો કોટ તથા દુર્ગ તોડાવી નાખ્યો હતો. વાસ્તવમાં આ પ્રદેશ જે પ્રમાણે હાલમાં મારવાડરાજના મુકુટનો એક ઉત્તમ મણિ છે, તે પ્રમાણે પૂર્વે અવસ્ય તે મેવાડના રાણાનું એક પ્રકાશિત રત્ન હતું. જે સમયે અમે નદનદીઓ વગેરે જલાશયપૂર્ણ, નાનાપ્રકારનાં સુંદર વૃક્ષોથી આવૃત, ચારે તરફ સુંદર નગરોથી શોભિત સમૃદ્ધિશાળી તથા રમણીય ગાનોરા પ્રદેશમાં થઇને જતા હતા, તે સમયે રાણાનો દૂત અમારી પાસે આવ્યો. અમે તેની સાથે વાર્તાલાપ કરવા લાગ્યા. અમે ઉપર જણાવી ગયા છીએ કે કેટલાક સરલ સ્વભાવના જ્ઞાની તથા સ્વદેશહિતવર્ધક લોકોમાં કૃષ્ણદાસ પણ એક પ્રધાન મનુષ્ય છે. તેઓ પ્રાચીન વિદ્યાના ભંડાર છે અને તેમની વૃદ્ધ વય, તેમનું પદ, તેમનું ચરિત્ર તથા તેમનો સ્વતંત્ર સ્વભાવ આ સર્વ ગુણો તેમને એક ઉત્તમ અને સન્માનપાત્ર પુરુષની કક્ષામાં મૂકે છે. એઓ મારા મિત્ર છે અને એમની સાથે વારંવાર મારે વાગ્યુદ્ધ થયા કરે છે; પરંતુ હું એમનાપ્રત્યે કેટલું બધું માન ધરાવું છું તે એઓ સારીપેઠે જાણે છે. આ વખતે માર્ગમાંજ અમારો મેળાપ થયો. પ્રણામ કર્યા પછી એમણે મને કહ્યું કે:-"ગદવાડ પ્રદેશ અમને પાછો સોંપી દો." "અમારી સરકાર આ બાબતમાં હસ્તક્ષેપ કરી શકતી નથી" એમ કહીને મેં તેમને પૂછયું કેઃ-"આપ લોકોએ આ સ્થાનપર મારવાડીઓને શામાટે અધિકાર સ્થાપન કરવા દીધો? આ અર્ધશતાબ્દીપર્યંત સિસોદીઆ લોકોની તલવાર ક્યાં સૂઇ રહી હતી? પર્વતમાલાની નિકટના આ પ્રદેશને મેવાડમાં રાખવાનો સર્વશક્તિમાન પ્રભુનો વિચાર નહોતો અને પ્રકૃતિદેવીએ પોતાના હાથથીજ આપ લોકોની વચ્ચે સીમા નિયુક્ત કરી છે." ઉક્ત વૃદ્ધ દૂતનું રક્ત એકદમ ગરમ થઇ ગયું અને તેમણે કહ્યું:-"આ પ્રકારે સીમા નિયત થયા છતાં પણ ગદવાડ અમારો છે; કારણ કે પ્રકૃતિદેવીએ પર્વત કરતાં પણ અધિક મજબૂત સાધનોથી સીમા નિર્ધારિત કરી છે. આપ આગળ જશો તો થોડે સુધી મેવાડમાં ઉત્પન્ન થતાં ફળફૂલ તથા વૃક્ષો જોશો. મેવાડની સીમાનું અતિક્રમણ કર્યા પછી આપ તે વનસ્પતિ જોઇ શકશો નહિ.

**'आंवलां आंवलां मेवाड़, बबूल बबूल मारवाड़'**

આમળાંનું પ્રફુલ્લિત પીળું પુષ્પ જ્યાંસુધી દૃષ્ટિગોચર થાય ત્યાંસુધીની ભૂમિપર અમારો અધિકાર રહેવો જોઇએ. અમે એથી અધિકની જરા પણ આશા કરતા નથી. તે લોકો ભલે પોતાના બાવળ, ખેર આદિ વૃક્ષોનો ઉપભોગ લે; પરંતુ અમારાં પવિત્ર પીપળા અને આમળાંનાં વૃક્ષો અમને પાછાં સોંપવાં જોઇએ." વાસ્તવમાં આ વાત સત્ય છે. ઉભય દેશોના સીમાન્તપર એક નાનીસરખી નદી છે. આ નદી ઉતરીને અમે સામે પાર ગયા કે તરતજ સર્વ રમણીય વનસ્પતિ અદૃશ્ય થઇ ગઇ અને ગદવાડમાં થતાં પીપળા, વટ વગેરે વૃક્ષોને બદલે બાવળ વગેરે વૃક્ષો દૃષ્ટિગોચર થવા લાગ્યાં. જો કે આ વૃક્ષો દેખાવમાં રમણીય નથી તોપણ ઉપયોગી છે; કારણ કે સંખ્યાબંધ ઉંટોનો નિર્વાહ તેનાપર થાય છે. ઉક્ત દૂતે પોતાનું કાર્ય સિદ્ધ કરવાને માટે વૃક્ષોને સીમાંતના નિયામક ગણ્યાં હતાં. દુર્ગસ્વરૂપ પર્વતમાળાને સીમાન્તનાં ચિન્હ નહિ માનતાં વૃક્ષોને તેનાં ચિન્હ શામાટે માન્યાં તે જણાવવું અત્રે આવશ્યક છે. કોઈ કવિની લેખિનીમાંથી નીકળેલી ઉક્ત કવિતાને સીમાનિર્ધારણનું સર્વથી મોટું પ્રમાણ શામાટે માનવામાં આવ્યું તે વિષે સંક્ષિપ્ત વિવેચન અત્ર કરવામાં આવશે. આ વિવેચન મૂળ પાંચોલીએ કરેલું છે. આ કવિતા ઘણા પ્રાચીનકાળથી પેઢી દર પેઢી ચાલી આવી છે. ચૌદમી શતાબ્દીના અંતિમ ભાગમાં ચંદાવત કુલના આદિ પુરુષે, મંદોરના અધીશ્વર રણમલ્લે કરેલા વિશ્વાસઘાતના દંડતરિકે તેનો વધ કર્યો અને તેની રાજધાની પોતાના અધિકારમાં લીધી તથા રાઠોડોનો સર્વ દેશ લઇ લીધો. આ વખતે રાઠોડોનો દેશ ઘણો થોડો હતો; પરંતુ તે પણ તેમણે ગુમાવ્યો. હવે મંદોરેશ્વરનો ઉત્તરાધિકારી છદ્મવેષથી અરવલ્લીની દુર્ગમ ગુફામાં રહેવા લાગ્યો. આ વખતે તેને સ્વપ્નમાં પણ એવો વિચાર આવ્યો નહોતો કે મારૂં નામ એક દિવસ એક વંશના મૂળસ્થાપક તરિકે ગણાશે, હું એક રાજ્યનો સ્થાપક થઇશ, હું જોધપુરના રાજ્યનો ધણી થઇશ તથા મંદોર મારા રાજ્યનું એક પ્રમાણ બનશે. મંદોર મેવાડની અંત-

ર્ગત હતું તે સમય પછી જ્યારે દીર્ઘકાળ વ્યતીત થઇ ગયો ત્યારે મેવાડ અને મારવાડના રાજાઓ વિવાદનું મૂળ કારણ વિસરી ગયા. મેવાડના સગીર રાણા યોગ્ય વયમાં આવ્યા. આ તરફ જોધાજી કેટલાક ઘોડેસ્વારોને પોતાની સાથે લઇને નવજીવન પ્રાપ્ત કરવા લાગ્યો. એક દિવસ જોધાજીને એક ચારણ કવિનો મેળાપ થયો. આ ચારણે તેને જણાવ્યું કેઃ-"ચિતોડની રાજમાતાની ભલામણથી રાણાને તમને મંદોર પાછું આપવાની ઇચ્છા થઇ છે." જોધાજીને મંદોર પાછું મળ્યું તેના સંબંધમાં બે પ્રકારની કથા પ્રચલિત છે. મેવાડના ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે રાજા જોધાજીએ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરીને પોતાના પૂર્વજોના રાજ્યનો પુનરુદ્ધાર કર્યો હતો. કાં તો તેની ભગિનીએ તેને મંદોર પાછું સોંપી દેવાને માટે પોતાનું ચાતુર્ય વાપર્યું હશે કાં તો જોધાજીએ શુભ સંયોગ જોઇ મંદોરમાં પ્રવેશ કરી પોતાની જયપતાકા ફરકાવી હશે અને પોતાના પિતાનું કલંક દૂર કર્યું હશે; પરંતુ આ ઉભય વાતોમાંથી કયી વાત સત્ય છે તે કહેવું કઠિન છે. જો આ પ્રશ્નની મીમાંસા અતિ આવશ્યક જણાય તો અમે કહી શકીએ છીએ કે ઉભય વાતો સત્ય છે.

રાણાએ મંદોરના શાસનકર્તા ચંદ્રને ત્યાંથી ચાલ્યા આવવાની આજ્ઞા કરી; પરંતુ તેમણે પોતાનો મૂળ ઉદ્દેશ ગુપ્ત રાખ્યો. બીજી તરફ જોધાજીને રાણાના તરફથી મંદોર તમને પાછું સોંપી દેવામાં આવ્યું છે એવા ભાવાર્થનો પત્ર મળ્યો. આ પત્ર મળ્યા પછી યોગ્ય પ્રસંગ મળતાં તેણે પોતાનું રાજ્ય પુનઃ હસ્તગત કરી લીધું. જોધાજી મારવાડના હરવાસંકલ, પ્રભુજી વગેરે લૂંટારાઓના નેતાઓને ચારણકવિના આપેલા સમાચાર સંભળાવવાને માટે ગયો. તેમની પાસે ગયા પછી તેના સાંભળવામાં એવી વાત આવી કે ચંદ્ર રાણાની આજ્ઞાનું પાલન કરવાને માટે મંદોર છોડી ચિતોડ તરફ જાય છે. ઉપર્યુક્ત ચારણે આજ કારણથી જોધને કહ્યું હતું કેઃ-"ભગવાન આપના ઉપર પ્રસન્ન થયા છે. નક્ષત્રો પૂર્વ દિશામાં ડૂબી જશે તે પૂર્વે મંદોરદુર્ગના શિખરપર આપની જયપતાકા ફરકવા લાગશે."

ચંદ્ર જ્યારે રાણાની આજ્ઞાનુસાર પોતાના જ્યેષ્ઠ પુત્રસહિત મંદોરથી બે કોશના અંતરપર પહોંચ્યો ત્યારે સહસા તેણે મંદોરમાં મોટો પ્રકાશ જોયો; પરંતુ તે ચિતોડ તરફ ચાલવા લાગ્યો અને તેનો જ્યેષ્ઠ પુત્ર પુનઃ મંદોર તરફ ગયો; પરંતુ તે ત્યાં પહોંચે તે પૂર્વે તેના બે ભ્રાતાઓ જોધાજીના હાથથી માર્યા ગયા. મંદોરનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરતાં આ રીતે ચંદ્રના બે પુત્રો મરણ પામ્યા. વિજયી જોધાજીએ જયઘોષણા કરી મંદોરદુર્ગના શિખરપર પોતાની જયપતાકા સ્થાપિત કરી દીધી. ચંદ્રનો પુત્ર મુંજ પોતાના બે ભ્રાતાઓનાં મૃત્યુ અને સેનાના પરાજયની વાત સાંભળી ત્યાંથી નાઠો; પણ જોધાજીના સૈનિકોએ તેને સીમાંતપર પકડીને મારી નાખ્યો. ચંદ્ર જે વખતે અરવલ્લીના દુર્ગમ માર્ગમાં ચાલતો હતો તે સમયે આ શોકભરેલા સમાચાર તેના સાંભળવામાં આવ્યા. તે તત્કાળ મંદોર તરફ પાછો ફર્યો. વિજયી જોધાજીએ તેની મુલાકાત થતાંની સાથે તેને રાણા તરફથી મળેલો દાનપત્ર બતાવ્યો અને તેને કહ્યું કેઃ-"તમે મંદોરની સીમા નિયુક્ત કરો." ચંદ્રે વિચાર કર્યો કે પ્રકૃતિએ પોતાના હાથથી જે સીમા નિયત કરી છે, તેને છોડી અન્ય સીમા નિયત કરવી અશકય છે. આવો વિચાર કરી તેણે કહ્યું કેઃ-" જ્યાંસુધી પીળાં ફૂલવાળાં આમળાં દૃષ્ટિગોચર થાય છે, ત્યાંસુધી રાણાની સીમા કાયમ રહેશે." આ નિર્ણય સાંભળી કવિએ તત્કાળ કવિતા રચી કે:—

**'आंवला आंवला मेवाड, बबुल बबुल मारवाड.'**

મહાન રાજભક્ત ચંદ્રે પોતાના સ્વામી રાણાની આજ્ઞાથી દુઃસહ પુત્રશોક વિસ્મૃત કરી વૈર લેવાનો વિચાર માંડી વાળ્યો. ગદવાડપ્રદેશ મેવાડની અંદર આવ્યો તેથી મંદોરની હાનિનો બદલો મળી રહ્યો. પોતાનો પુત્ર મુંજ સીમાંતના જે આમળાંથી ભરેલા પ્રદેશમાં માર્યો ગયો હતો, તે પ્રદેશ રાણાના અધિકારમાં આવ્યો તેથી ચંદ્ર પરમ પ્રસન્ન થયો અને મેવાડવાસીઓ પણ આમળાંને પોતાનું ગૌરવ વૃદ્ધિંગત કરનારી વસ્તુતરિકે ગણવા લાગ્યા. મંદોરમાંથી જેટલા શિલાલેખો પ્રાપ્ત થયા છે, તે સર્વ આ જનશ્રુતિના સમર્થક છે.

હાલમાં સર્વ ક્ષેત્રોમાંથી અનાજ લઇ લેવામાં આવ્યું છે, અહીંઆંનાં રહેવાસીઓની બચેલી સંપત્તિ લૂંટાઇ જવાનાં ચિહ્નો મારા જોવામાં આવ્યાં છે તથા અમીરખાંના નરપિશાચ અનુચરોએ

અહીંઆંના લોકોપર અકથનીય અત્યાચારો કર્યા હતા, એવી વાત મારા સાંભળવામાં આવી છે; તે છતાં પણ મેવાડની સાથે તુલના કરતાં મને આ દેશ ઉત્તમ લાગે છે. અરવલ્લીના શિખરમાંથી નીકળીને જે અગણિત નદીઓ લૂણી કિંવા લવણાક્ત નદીમાં મળે છે, તેમાંની કેટલીક નદીઓ અમારે ઓળંગવી પડી હતી. આ પ્રદેશનાં ગામો મોટાં અને પુષ્કળ માણસોથી ભરેલાં છે; પરંતુ મેવાડના કૃષિકારો જેમ દરિદ્રાવસ્થામાં રહેવા છતાં પણ પ્રસન્ન અને સંતુષ્ટ દેખાય છે, તેમ અહીંઆંના ખેડુતો દેખાતા નથી. અહીંઆંના કૃષિકારો નિર્જીવ અને નિર્માલ્ય જણાય છે. મારવાડેશ્વરના હૃદયમાં હમણાં પુષ્કળ આગ બળી રહી છે. મારવાડનો વડો પ્રધાન રાજાને પોતાના હાથમાં લઈ પોતાનો સ્વાર્થ સાધી લે છે અને મારવાડના રાજ્યને અવનતિના સાગરમાં ડૂબાવવા માગે છે. પોતાની જન્મભૂમિની આ શોચનીય દશા જોઇને સર્વ પ્રજા દુઃખી અને શોકાકુલ બની રહી છે.

શીતલ અને આચ્છાદિત સ્થાનમાં શિબિર સ્થાપિત થવાથી હૃદયમાં આપોઆપ આનંદનો ઉદય થાય છે. નાદોલ નામના સ્થાનમાં અમે આ આનંદ ભોગવ્યો. એ સ્થળે પણ અમે લખવાયોગ્ય એટલી બધી સામગ્રી જોઈ કે મૌનધારણ કરી બેસી રહેવું સર્વથા અશકય છે; પરંતુ પાઠકોને અમારા સંક્ષિપ્ત લેખથીજ સંતોષ ગ્રહણ કરવો પડશે. નાદોલમાં પુષ્કળ મંદિરો હોવાથી આજે પણ તે મુખ્ય નગરોની ગણત્રીમાં આવે છે, તોપણ તે એક વખતે રાજધાનીનું શહેર હતું, એવાં કાંઈપણ ચિન્હ જણાતાં નથી. પશ્ચિમદિશામાં અઢી કોશના અંતરપર આવેલા નાદોલય નામના નગરસહિત નાદોલ અતિ પ્રાચીન કાળમાં અજમેરના ચૌહાણોની એક શાખાથી ઉત્પન્ન થયેલા રાજપૂતોની નિવાસભૂમિ હતું.

આ નાંદોલમાંથીજ શિરોહીના દેવર અને ઝાલોરના શનિગુરુ લોકોની ઉત્પત્તિ થઇ છે. રાઠોડલોકોએ ઉપર્યુક્ત શાખાઓપર પુષ્કળ અત્યાચાર કર્યા હતા; તે છતાં પણ આજપર્યંત તે શાખાઓના રાજા પોતાના તાબાના પ્રદેશોની રક્ષા કરી રહ્યા છે. જે શનિગુરુ શાખાના રાજપૂતોએ દ્વિતીય અલ્લાઉદ્દીનની સામે મહાપ્રચંડ યુદ્ધ કરીને પોતાનું નામ અમર કર્યું છે, તેમનાં નામો સ્વાધીન રાજ્યોના રાજાઓની નામાવલીમાં ઉપલબ્ધ થતાં નથી અને તેમનું ત્રણસોસાઠ નગરોથી પૂર્ણ એવું ઝાલોરનું રાજ્ય હાલમાં મારવાડરાજ્યની અંતર્ગત છે.

સમસ્ત રાજસ્થાનમાં એવું કોઇપણ સ્થાન નથી કે જ્યાં પ્રતિષ્ઠિત વંશના ચૌહાણોની વીરતાનાં ગૌરવચિન્હો આપણા દષ્ટિપથપર ન પડે. જો કે પ્રત્યેક જાતિના ઇતિહાસમાં ગૌરવગરિમા, વીરતા, પરાક્રમ આદિનું વર્ણન ઉપલબ્ધ થાય છે; તથાપિ સિસોદીઆલોકોનાં વીરત્વ, પ્રતાપ, પરાક્રમ અને પ્રભુતા કેટલાં મહાન અને ઉજ્જવલ છે તે ઇતિહાસપાઠકો સારીપેઠે જાણે છે. રાજપૂતજાતિની સાથે દીર્ઘ સમયપર્યંત મેં વાસ કર્યો છે અને તેનો ઈતિહાસ હું સારીપેઠે જાણું છું, તેથી હું કહી શકું છું કે ચૌહાણ લોકો ભારતવર્ષનાં સર્વ રાજકુલોમાં શ્રેષ્ઠ છે. સર્વ કવિઓએ ચૌહાણોના વીરત્વની ભારે પ્રશંસા કરી છે.

જો કે વીરશ્રેણીમાં ચૌહાણલોકો સર્વથી શ્રેષ્ઠ આસન પ્રાપ્ત કરવાને સમર્થ થયા છે; તથાપિ રાજપૂતજાતિના આદર્શસ્વરૂપ અનંતગૌરવાન્વિત પૃથ્વીરાજના પતનથી ચૌહાણોની સ્થિતિ બદલાઇ ગઇ છે રાજસ્થાનના જેટલા મહાન ચૌહાણવીરોનાં નામો કવિઓ જાણે છે તેમાં ભટંડા નામના સ્થાનના પુરુષસિંહ ગોગા સર્વના અગ્રેસર છે. જે સમયે ગઝનીનો પાદશાહ મહમૂદ ભારતવર્ષ લૂંટવાને માટે આવ્યો હતો, તે સમયે ઉક્ત મહાવીર પોતાના ૪૪ પુત્રોની સાથે માતૃભૂમિની સ્વાધીનતાની રક્ષામાટે તથા પોતાના પ્રાચીન ધર્મની રક્ષાને માટે સતલજ નદીને કિનારે યુદ્ધ કરવાને ગયા હતા. તેમણે ઉપર્યુક્ત યુદ્ધક્ષેત્રમાં પોતાના સર્વ પુત્રોસહિત પ્રાણની આહુતિ આપી હતી. વિજયી મહમૂદ મરુભૂમિમાં થઇને ચૌહાણજાતિની પ્રધાન નિવાસભૂમિ અજમેરપર પોતાનો અધિકાર સ્થાપિત કરવાને ગયો; પરંતુ ત્યાં ચૌહાણલોકોએ તેને ઉચિત શિક્ષા કરી. તે પરાસ્ત અને ઘાયલ થયો અને વિજયની આશા છોડી જીવ લઇને નાઠો. ત્યારપછી મહમૂદ નાંદોલ થઇને નાહરવાલા તથા સોમનાથ તરફ ગયો. નાંદોલેશ્વરે મહાન વીરતાસહિત મહમૂદની સામે યુદ્ધ કર્યું હતું. સુભાગ્યવશાત્ મને નાંદોલના[1] સુવિખ્યાત અધીશ્વર લાક્ષાના નામનો એક શિલાલેખ પ્રાપ્ત થયો છે. આ શિલાલેખમાં એવો નિર્દેશ છે કે લાક્ષા એ અજમેરથી આવેલી ચૌહાણજાતિનો આદિપુરુષ છે. સંવત ૧૦૩૯ (ઇ૦ સ૦ ૯૮૩) માં

૧ ફરિસ્તા તથા તેના અનુયાયીઓએ ભ્રમથી નાદોલને બદલે બાન્દેલ લખ્યું છે.

આ નાંદોલનો રાજા અજમેરના રાજાને ખંડણી ભરતો હતો. લાક્ષાએ જે દુર્ગ બંધાવ્યો છે તે ઉક્ત નગરની પશ્ચિમ દિશામાં ઢાલૂ નામના સ્થાનપર છે. આ દુર્ગ ચતુષ્કોણના આકારનો છે. પ્રાચીન કાળના લોકો આવી ચોખંડી બાંધણીજ પસંદ કરતા હતા. જે વિચિત્ર પાષાણોથી પર્વત ભરેલો છે, તેજ જાતના પાષાણોનો આ દુર્ગ પણ બનેલો છે. એક બીજો શિલાલેખ મને પ્રાપ્ત થયો છે. આ શિલાલેખ સંવત ૧૦૨૪ (ઇ૦ સ૦ ૯૬૮ )નો છે. આ શિલાલેખમાં એવું વિધાન છે કે મેવાડેશ્વર રાણા ભીમસિંહના પૂર્વજ રાણા લાક્ષા આઇતપુરના શક્તિકુમારના સમયમાં થઇ ગયા છે. આ નગર પણ મહમૂદના પિતાએ નષ્ટ કર્યું હતું એવું અનુમાન કરવામાં આવે છે. ચૌહાણકવિએ પોતાની લેખિનિદ્વારા રાવ લાક્ષાના વીરત્વની પ્રશંસા કરતાં જણાવ્યું છે કે:—"તેઓ અણહિલપુરના પાછલા દ્વારમાંથી કર લેતા હતા અને ચિતોડના અધીશ્વર પણ તેમને ખંડણી આપતા હતા." ત્યા મહાલયો, મંદિરો વગેરેના પુષ્કળ ધ્વંસાવશેષો પ્રાપ્ત થાય છે.

આ સ્થાનમાંથી પ્રાપ્ત થતા પ્રત્યેક પદાર્થપરથી પ્રતીત થાય છે કે એક સમયે અહીંઆં જૈનધર્મનું ઘણું પ્રાબલ્ય હતું. જે પ્રમાણે જૈનોનો ધર્મ શૈવોથી સર્વથા પૃથક્ હતો, તે પ્રમાણે તેમનું શિલ્પકાર્ય પણ સર્વાંશે ભિન્ન હતું. તેમનાં શિલ્પકાર્યનાં ચિન્હો અદ્યાપિ દૃષ્ટિગોચર થાય છે. જૈનોના ચોવીસ દેવોમાંના અંતિમ દેવ મહાવીરનું મંદિર અતિ રમણીય શિલ્પકાર્યનો આદર્શ છે. આ મંદિરના ગુંબજની બાંધણી પ્રાચ્યદેશની અતિ પ્રાચીનકાળની બાંધણીસમાન છે. કદાચિત્ આ પ્રકારની બાંધણીનો આરંભ રોમનોનાં મંદિરો બાંધવામાં આવ્યાં તેથી ઘણા દીર્ઘકાળપૂર્વે થયો હશે. મહાવીરના મંદિરનો દરવાજો ઉત્તમ કોતરકામનો નમુનો છે. વળી અહીંઆં પ્રતિમા બનાવવાનો હુન્નર પણ ઉન્નત દશાને પ્રાપ્ત થયેલો જણાય છે. આ સર્વ પ્રતિમાઓને દોઢસો વર્ષપૂર્વે નદીમાંથી કાઢીને અહીંઆં તેમની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. જે સમયે મહમૂદ ભારતવર્ષપર પોતાનો અધિકાર સ્થાપિત કરવાને માટે આવ્યો હતો, તે સમયે તેના ભયથી આ પ્રતિમાઓને નદીમાં ફેંકી દેવામાં આવી હોય એ વાત સંભવિત છે. નાંદોલનું સર્વથી વિચિત્ર દશ્ય 'ચનેકી બાઓલી' નામનું મોટું જલાશય છે. નગરવાસીઓએ સૌની પાસેથી એક એક મુઠ્ઠી ચણા એકઠા કરીને તેમાંથી ઉપજેલા દ્રવ્યદ્વારા આ જલાશય બંધાવ્યું હતું. આ જલાશય ઘણું ઉંડું છે અને નીચે ઉતરવાને માટે એની ચારે તરફ લાલ પાષાણનાં પગથીઆં બંધાવવામાં આવ્યાં છે. આ પાષાણોને ચણી લેવામાં આવ્યા નથી; પરંતુ એમને એમ મૂકી દેવામાં આવ્યા છે.

અહીંઆં મને પુષ્કળ ઐતિહાસિક સામગ્રી મળી. મારા નિયુક્ત કરેલા સંસ્કૃતજ્ઞ લેખકોએ શિલાલેખોની નકલ ઉતારી. આ સ્થળેથી મને બે તામ્રપત્રો પ્રાપ્ત થયાં હતાં. તેમાંનો એક સંવત ૧૨૧૮માં અનલદેવની સ્તુતિમાં લખવામાં આવ્યો હતો.[1] આ સ્થાનેથી મને કેટલાક પ્રાચીન અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથો મળ્યા. આ સર્વ ગ્રંથોમાં છત્રીસ રાજવંશોનું વર્ણન છે. તે ઉપરાંત તેમાં અતિ પ્રાચીનકાળના ભારતવર્ષની ભૂમિનું તથા તેમાં આવેલાં નગરોનું વર્ણન છે. વળી મને એક એવો ઐતિહાસિક ગ્રંથ ઉપલબ્ધ થયો કે જેમાં ઉદ્ભિજ્જ અને પ્રાણીવર્ગની વ્યક્તિઓનાં નામોની સૂચિ તથા વિક્રમ અને મહાવીરના સમયના જૈનધર્માવલંબી રાજાઓમાં સર્વથી શ્રેષ્ઠ એવા શ્રીનીક તથા સમ્પ્રીતિના વંશજોનો ઇતિહાસ લખેલો હતો. મહમૂદ, ગુલ્બન(બલ્બન), અલ્લાઉદ્દીનખુની તથા ભારતવિજેતા નાદિરશાહના નામની મુદ્રા પણ મને અહીંઆંથી મળી; પરંતુ મારા દૂતો નાંદોલથી ચૌહાણોના નામની જે એક નાની સરખી

૧ નાંદોલમાં પ્રાપ્ત થયેલા ચોહાણનૃપતિસંબંધી તામ્રપત્રની નકલ:—

"સર્વશક્તિમાન જૈનોના જ્ઞાનકોષે મનુષ્યજાતિની વિષયવાસના અને તેના સંબંધને તોડી નાખેલ છે. તે અહંકાર, આત્મશ્લાઘા, ભોગેચ્છા, ક્રોધ અને લોભ તથા સ્વર્ગ, મર્ત્ય અને પાતાલને છિન્નભિન્ન કરી નાખે છે. મહાવીર (જૈનલોકોના ચોવીસ તીર્થંકરોમાં સર્વથી અંતિમ તીર્થંકર મહાવીર થયા. શૈવમતના ચોહાણરાજે તેમનાજ નામપર મંદિરો બંધાવી ભૂમિદાન કર્યું છે.) આપને સુખી રાખો.

અતિ પ્રાચીનકાળમાં ચોહાણજાતિ સમુદ્રના તટપર્યંત રાજ્ય કરતી હતી. તેની રાજધાની નાંદોલ હતું. આ જાતિમાં લોહીઆ નામનો એક રાજા થયો. એનો પુત્ર બળરાજ થયો. તેનો પુત્ર વિગ્રહપાલ અને વિગ્રહપાલનો મહીન્દ્રદેવ. મહીન્દ્રદેવના પુત્ર શ્રીઅનલ અત્યંત પ્રસિદ્ધ રાજા થયા અને તેમની સત્તા ઘણીજ જામી ગઇ. તેમનો પુત્ર શ્રી બાલપ્રસાદ થયો; પરંતુ બાલપ્રસાદને પુત્ર નહિ થવાથી તેના લઘુ ભ્રાતા જૈત્રરાજને સિંહાસન પ્રાપ્ત થયું. તેને પૃથ્વીપાલ નામનો મહાબળવાન અને મહાગુણવાન પુત્ર ઉત્પન્ન થયો; પરંતુ તેને પુત્ર નહિ હોવાથી તેના

વિચિત્ર અને સાંકેતિક મુદ્રા લાવ્યા હતા, તે સર્વથી અધિક મૂલ્યવાન હતી.[1] મને પ્રાપ્ત થયેલી મુદ્રાઓમાંની કેટલીકમાં એક તરફ એક અશ્વારોહીનું ચિત્ર તથા કેટલાંક સાંકેતિક ચિન્હો અંકિત છે. કેટલીક મુદ્રામાં બળદનું ચિત્ર આલેખેલું છે. જે રીતે ફ્રાન્સની એક સમયની મુદ્રામાં એક તરફ ચૌદમા લુઇનું ચિત્ર અને બીજી તરફ દરબારનું ચિત્ર હતું, તે પ્રકારે ઉપર્યુક્ત મુદ્રામાંની કેટલીકમાં રાજચિન્હોસહિત મુસલમાનવિજેતાનાં નામો પ્રાપ્ત થાય છે.

જે કોઇ આ નાદોલમાં આવે છે તેને અવશ્ય પોતાના પરિશ્રમનું ઉચિત ફળ પ્રાપ્ત થાય છે. આ સ્થળ પ્રાચીન વસ્તુઓનો ભંડાર છે. મેં કેટલીક વસ્તુઓનો સંગ્રહ કર્યો છે. જૈનલોકોની પ્રાચીન નિવાસભૂમિ નાદોલ, વાલિ, દૈસુરી તથા સાદીમાં પ્રાચીન મુદ્રાઓ, પ્રાચીન હસ્તલિખિત પુસ્તકો અને અદ્ભુત શિલ્પકાર્યના નમુના પ્રાપ્ત થાય છે. પ્રાચીન તત્ત્વવેત્તાઓ આબુશિખરથી મંદોરસુધી પરિભ્રમણ કરીને આ પ્રદેશના લોકોના પ્રાચીન ઇતિહાસની અપરિમિત સામગ્રી સહજમાં સંગ્રહિત કરી શકે એમ છે; કારણ કે આ પ્રદેશજ જૈનધર્મની પ્રધાન લીલાભૂમિ છે. આ પ્રદેશમાં થઇને શીઘ્ર પ્રવાસ કરતી વખત અલ્પસમયમાં મને આટલી બધી સામગ્રી મળી તેનું કારણ એ હતું કે આ પ્રદેશના સંબંધમાં અગાઉથીજ મને કેટલુંક જ્ઞાન પ્રાપ્ત થયું હતું તથા હું ચારે દિશામાં જે અનુચરોને મોકલતો હતો તેની સાથે પ્રત્યેક નગરના શિક્ષિત દેશીલોકો જતા હતા. વળી હું શિલાલેખોની નકલ કરવાને માટે તથા વિશેષ આવશ્યક ઐતિહાસિક સામગ્રી એકત્રિત કરવાને માટે યોગ્ય પંડિતોને પણ તેમની સાથે મોકલતો હતો. આ સર્વ લોકો સંધ્યાસમયે મને દિવસે કરેલા પરિશ્રમનું ફળ નિવેદન કરતા હતા. જ્યાં અધિક મહત્ત્વની શોધ થતી, ત્યાં હું સ્વયં જતો વા વિશ્વાસુ મનુષ્યને મોકલતો. આ વાત હું મારૂં ગૌરવ દર્શાવવાને માટે લખતો નથી. આ વાત હું માત્ર એટલાજ ઉદ્દેશથી લખું છું કે અન્ય પ્રાચીનતત્ત્વવેત્તાઓ આજ પ્રકારે કામ કરે.

૨૯ મી ઑકટોબર—નાદોલાથી સાડાપાંચ કોશના અંતરપર ઇન્દુરા નામના સ્થાનમાં અમારી છાવણી પડી. લુણી નદીની સાથે અસંખ્ય નદીઓ મળી છે અને ઉપર્યુક્ત નાનું નગર તેને મળતી એક નાનીસરખી નદીના તટપરજ વસેલું છે તથા તે ગદવાડરાજ્યના સીમાંતના ચિન્હરૂપ છે. અહીંઆંથી પીળાં આમળાંનાં વૃક્ષ અદશ્ય થાય છે અને મરુભૂમિનો આરંભ થાય છે. ઇન્દુરાથીજ પ્રત્યેક વિષયમાં, પ્રત્યેક પદાર્થમાં અને પ્રત્યેક દશ્યમાં નવીન ભાવ અને નવીન સ્વરૂપ દૃષ્ટિગોચર થવા લાગે છે. મેવાડમાં

---

લઘુ ભ્રાતા નીલને રાજ્ય પ્રાપ્ત થયું. નીલની પાછળ તેના નાના બંધુ માનરાજાને સિંહાસન મળ્યું. અનલદેવ તેમનાજ નંદન છે (અનલદેવનો જન્મ ઈ૦ સ૦ ૮૯૮ માં થયો હતો.) અલ્પ કાળ પછી તેમને જ્ઞાત થયું કે આ સંસાર અસાર છે અને કેવળ માંસ, રક્ત વગેરે પદાર્થોનું બનેલું શરીર દુઃખનું કારણ છે. અનેક ધર્મશાસ્ત્રોનું પઠન કરીને તેમણે નિશ્ચય કર્યો કે યૌવન વિદ્યુતના ચમકારાની પેઠે ક્ષણિક છે. તે માત્ર ક્ષણવાર ચમકીને લુપ્ત થઇ જાય છે અને ધનસંપત્તિ કમળપત્રપર પડેલા તુષારબિંદુવત્ છે. તે થોડીવાર સુધી મોતીના જેવી શોભા આપી અદશ્ય થઇ જાય છે. આવો નિશ્ચય કરીને તેમણે અનુચરોદ્વારા સામંતોપર કહેવરાવી મોકલ્યું કેઃ—"આપ ધર્મમાર્ગે રહી પ્રજાપાલન કરશો."

સંવત ૧૨૧૮ ના શ્રાવણ માસની શુકલ ચતુર્દશી તા૦ ૨૯મીના દિવસે હોમકાર્ય સમાપ્ત થયું અને તેમણે વિપત્નિવારણના ઉદ્દેશથી જલદાન કરી સર્વજ્ઞ તથા ચરાચર જગતના પ્રભુ સદાશિવની મૂર્તિને પંચામૃતથી સ્નાન કરાવ્યું અને પોતાના ગુરુ તથા બ્રાહ્મણોને તેમની ઈચ્છાનુસાર સુવર્ણ, અન્ન તથા વસ્ત્રો આપ્યાં. અંગુલિમાં કુશની વીંટી ધારણ કરી તિલ, ચોખા અને જળ લઈ મહાવીરના મંદિરમાં વપરાશને માટે કુંકુમ, ચંદન તથા ઘી ખરીદવાને પ્રતિમાસે પાંચ મુદ્રા વાપરવાનો સંકલ્પ કર્યો. વળી તેમણે સુંદર ગાછા (જૈનોની ૮૪ શાખાઓમાંની આ એક શાખા છે.) લોકોને વંશપરંપરાને માટે અમુક જાગીર અર્પણ કરી. "જ્યાંસુધી સુંદર ગાછાવંશમાંનો એક અને અમારા વંશમાંનો એક માણસ જીવંત રહેશે ત્યાંસુધી તે આ જાગીરનો સ્વામી રહેશે" એવું તેમણે લખી આપ્યું. વળી તેમણે એવું પણ લખી આપ્યું કેઃ—"આ જાગીર વંશપરંપરાસુધી ચાલી જશે. મારા જે વંશજો સુંદર ગાછા લોકોને આ જાગીરનો ઉપભોગ લેવા દેશે તે સાઠ હજાર વર્ષોપર્યંત સ્વર્ગમાં રહેશે અને જે તેને ખુંચવી લેશે તે સાઠ હજાર વર્ષોપર્યંત નરકવાસ ભોગવશે."

[1] રૉયલ એશિયાટિક સોસાયટીના માસિકપત્રમાં કર્નલ ટૉડ ભારતવર્ષમાં પ્રાપ્ત થયેલી પ્રાચીન મુદ્રાઓના સંબંધમાં જે લેખ લખી ગયા છે તે વાંચવાથી પાઠકગણને એ સંબંધે વિશેષ ખુલાસો મળશે.

કોઇ પણ ઠેકાણે અમે નાનોસરખો રેતાળ ભૂભાગ પણ જોયો નહોતો; પરંતુ આ પ્રદેશમાં પુષ્કળ રેતી છે. નદીઓના તટપરની ભૂમિ સફેદ રંગના ક્ષારપદાર્થથી ભરેલી છે. હવે વૃક્ષોની શ્રેણીઓ ક્રમશઃ અદૃશ્ય થતી જાય છે. મહાન, વિશાળ, પ્રચંડ, પવિત્ર વટ વગેરે વૃક્ષોને બદલે નાનાં નાનાં વૃક્ષો અહીંઆં વિદ્યમાન છે. આ દૃશ્ય જોઇને મને એક કવિની કવિતા યાદ આવી અને મેં તે રાણાના દૂત કૃષ્ણદાસને કેટલીક વાર ગાઇ સંભળાવી. તેણે આ કવિતા ધ્યાનમાં લઇ કહ્યું કે સ્વયં પ્રકૃતિદેવીએ અમારી સીમા નિર્ધારિત કરી છે, તે કવિતા આ પ્રમાણે છેઃ—

**" आखांरा झोंपडा, फोगांरी बाड,**
**बाजरारी रोटी, मोठांरी दाल,**
**देखी हो राजा, तेरी मारवाड. "** ×

આ પ્રદેશનાં સર્વ ગામોની બાંધણી વિચિત્ર છે. પ્રત્યેક પોળની ચારે તરફ કાંટાની વાડ હોય છે અને તે વાડની વચ્ચે વચ્ચે ભુંસાના ઢગલા હોય છે, તેથી તે દેખાવમાં કોટસમાન દેખાય છે. જે સમયે ક્ષેત્રો અન્નથી ભરાઇ જાય છે અથવા વર્ષાઋતુમાં જ્યારે ગાય વગેરે પશુઓને આહાર મળતો નથી ત્યારે તેઓ આ ભુંસુંજ ખાઇને જીવે છે. ભુંસાના ઢગલાને પંદર વીસ હાથ ઉંચો કરીને તે પર માટી તથા છાણનું પડ ચઢાવી દેવામાં આવે છે અને પક્ષીઓથી તેનું રક્ષણ કરવાને માટે થોડે થોડે અંતરે તેપર કાંટા નાખી દેવામાં આવે છે. આ પ્રકારે છાણમાટીનું પડ ચઢવાથી તે દશ વર્ષપર્યંત પહોંચે છે અને દેશમાં જ્યારે પશુઓનો આહાર દુષ્પ્રાપ્ય થઈ જાય છે, ત્યારે આ ભુંસાવતીજ તેઓ જીવે છે. મરુભૂમિમાં એકજ પ્રકારનું દૃશ્ય દૃષ્ટિગોચર થવાથી મન કંટાળી જાય છે; પરંતુ લૂણીનદીના પેલે પાર જતાં વિચિત્ર કોટ જોવામાં આવતાં ચિત્ત અવશ્ય પ્રસન્ન થઇ જાય છે.

૩૦ મી ઑકટોબર—સાડાદશ કોશનો માર્ગ કાપ્યા પછી અમે રાજસ્થાનના વાણિજ્યપ્રધાન પાલીનગરમાં પહોંચ્યા. આ નગરમાં આ દેશનાં સાધારણ દૃશ્ય ઉપરાંત અત્યાચાર તથા ઉપદ્રવનાં ચિન્હો પણ દૃષ્ટિગોચર થયાં. જે સમયે આ રાજ્યમાં માંહોમાંહેનું ભયંકર યુદ્ધ થયું હતું, તે સમયે ઉભય પક્ષોએ પાલીને પોતાના અધિકારમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે આ નગરના લોકોએ પોતાના શહેરમાં યુદ્ધનો કોલાહલ જોવાની અનિચ્છાથી એક મોટો કોટ બાંધ્યો. આજ પ્રકારે ભીલવાડાની આસપાસ કોટ બાંધવાની ભલામણ થઇ હતી; પરંતુ તેવિષે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. પાલીના ઉક્ત પ્રાચીન કોટનો કેટલોક ભાગ અદ્યાપિ વિદ્યમાન છે. આ કોટને સાધારણરીતે અત્યાચાર અને ઉપદ્રવનું સ્મારકચિન્હ ગણવામાં આવે છે. આ નગરમાં દશ હજાર મનુષ્યો વસે છે. અતિ પ્રાચીન કાળથી આ નગર વાણિજ્યને માટે પ્રસિદ્ધ છે અને મારવાડના રાજવંશને પણ આ નગરની સાથે ઘાડો રાજનૈતિક સંબંધ છે. પ્રાચીનકાળમાં મંદોરરાજે એક બ્રાહ્મણકુલને આ પ્રદેશ દાનતરિકે અર્પણ કરી દીધો હતો. આથી પાલીવાલ નામના અનેક બ્રાહ્મણો ઉત્પન્ન થયા છે. આ લોકો કેવળ વાણિજ્યકાર્યમાંજ નિમગ્ન રહેતા હતા. સંવત ૧૨૧૨ (ઈ૦ સ૦ ૧૧૫૬) માં મરુભૂમિના રાઠોડરાજવંશના આદિપુરુષ કાન્યકુબ્જના રાજકુમાર શિયોજી જ્યારે ગંગાતટથી દ્વારકાંસુધીની યાત્રા કરીને પાછા ફર્યા, તે સમયે તેમને પાલીનગરમાં વિશ્રામ કરવો પડયો હતો. આ નગરમાં રહેતા બ્રાહ્મણોએ જ્યારે શિયોજીના આગમનની વાત સાંભળી ત્યારે તેમણે અરવલ્લીના પહાડી મીનાલોકો તથા જંગલી વ્યાઘ્રોના પંજામાંથી રક્ષણ મેળવવાના ઉદ્દેશથી તેમની પાસે પોતાના કેટલાક પ્રતિનિધિઓને મોકલ્યા. વીરવર શિયોજીએ ઉક્ત ઉભય શત્રુદલોના ભયમાંથી તેમને મુક્ત કર્યા; પરંતુ પાછળથી તેમણે રાજ્યાધિકાર પ્રાપ્ત કરવાનો શુભ અવસર જોઇ પાલીના બ્રાહ્મણોના મુખ્ય મુખ્ય નેતાઓનો વધ કર્યો અને તે નગરને પોતાના અધિકારમાં લીધું.

આ પ્રદેશમાં વાણિજ્ય એજ લોકોની સ્વાધીનતાનું પ્રધાન સાધન છે; તે એટલે સુધી કે ભયાનક સ્વેચ્છાચારી શાસન પણ તેમની સ્વાધીનતા ઉપર હસ્તક્ષેપ કરી શકતું નથી. ભીલવાડા, ઝાલરાપાટણ, રાનાઇ અને ઇતર વાણિજ્યપ્રધાન સ્થાનોની પેઠે પાલીના નિવાસીઓ પણ સ્વાસ્થ્યરક્ષા, વાણિજ્યની વૃદ્ધિ, અપરાધીઓનું શાસન વગેરેસંબંધે વિચાર કરવાને માટે પોતાના પ્રતિનિધિઓ ચુંટી કાઢવાની સત્તા ધરાવે છે. ભીલવાડાની પેઠે પાલીનગરની પણ સ્વતંત્ર હુંડી ચાલે છે. રાજ્યક્રાંતિ થયા છતાં પણ

× આકડાનાં ઝુંપડાં, કાંટાની વાડ, બાજરાના રોટલા અને મઠની દાળ, એ મારવાડને ઓળખાવનારાં ચિન્હો છે.

હુંડીનો એક્સરખો આદર થાય છે. અતિ પ્રાચીનકાળથી આ પાલીનગર સમુદ્રના તટપરનાં બંદરે સાથે ઉત્તર ભારતનો સંયોગ કરાવનાર શૃંખલાસમાન ગણાતું આવ્યું છે. મસ્કત, માલદ્વીપ, સુરત અ નાઉનગરના વાણિજ્યભંડારોમાંથી ઇરાન, અરબસ્તાન, આફ્રિકા અને યૂરોપનો માલ અહીંઆં મોકલવામાં આવે છે અને અહીંઆંથી ભારતવર્ષ તથા ટિબેટમાં બનેલો માલ પરદેશમાં મોકલવામાં આવે છે સમુદ્રના તટપર આવેલા પ્રદેશોમાંથી અહીંઆં હાથીદાંત, ગેંડાનું ચામડું, તાંબું, કલઇ, ખજુર (કે જેનો આ દેશમાં પુષ્કળ ઉપયોગ કરવામાં આવે છે), ગુંદર, ટંકણખાર, નાળીએર, વસ્ત્રો, ભિન્ન ભિન્ન પ્રકારન રંગો—ખાસ કરીને કિરમજી રંગ, દવાઓ—ખાસ કરીને સોમલ અને પારો, તેજાના, ચંદન, ચા, મીણ અને કાચ વગેરે ચીજો આવે છે. ભાવલપુરથી સોડા ક્ષાર તથા મજીઠ અને આલ નામના રંગો તથા બંદુર પાકાં ફળો, હીંગ, મુલતાની છીંટ, પેટીઓ તથા પલંગ આદિને માટે લાકડાં આવે છે. કોટા અને માળવાથ અફીણ તથા છીંટ આવે છે. ભોજથી તલવાર અને ઘોડા મોકલવામાં આવે છે. આ દેશમાંથી લવણ અ ઉનનાં વસ્ત્રો મોકલવામાં આવે છે. પાલીનગરમાં બનતો એક પ્રકારનો કાગળ તથા સુતરનું જાડું કાપ અતિ પ્રસિદ્ધ છે અને અન્ય સ્થળના વ્યાપારીઓ તે વસ્તુઓને મોટા પ્રમાણમાં ખરીદી જાય છે. ભારતન સર્વ સ્થળોના લોકો અહીંઆંની ધાબળીઓ ઓઢે છે અને તેની કિંમત દર જોડીએ રૂ. ૮ થી રૂ. ૬૦ સુધ પડે છે. સાડી અને પાઘડી પણ ઉનની બનાવવામાં આવે છે; પરંતુ તે વેચવાને માટે બીજા દેશોમ મોકલવામાં આવતી નથી. અહીંઆંથી મીઠું બહારગામ પુષ્કળ મોકલવામાં આવે છે. સરકારને અ હીંઆં મીઠામાંથી જે ઉપજ થાય છે તે ભૂમિના મહેસુલથી અર્ધી છે. લવણનાં જલાશયોમાં પંચભદ્ર ફ્લિોદી અને દિદ્વાવાના મુખ્ય છે. પંચભદ્રાનો વિસ્તાર અનેક કોશપર્યંત ફેલાયેલો છે.

પાલીમાં પ્રતિવર્ષે વાણિજ્યકરની ઉપજ ૭૫૦૦૦ રૂપિયાની થાય છે. મારવાડના જેવા દરિદ્રી રાજ્ય માટે આ ઉપજ અવસ્ય મોટીજ માનવી જોઇએ.

આ દેશના ચારણો અને ભાટો એક દેશમાંથી બીજા દેશમાં વ્યાપારનો માલ લઇ જતી વખત રક્ષક બનીને જાય છે. ચારણો અને ભાટોને પૂજનીય માનવામાં આવે છે. કટ્ટા લૂંટારાઓ અરે જંગલ કોળી, ભીલ અને મરુભૂમિના સરાઇ લોકોસુદ્ધાં ચારણો તથા ભાટોના શાપથી અત્યંત ડરે છે. આ કારણથી તે લોકો અત્યંત ભયંકર અને સંકટયુક્ત માર્ગોમાં થઇને નિડરતાપૂર્વક વાણિજ્યના માલ સહ લઈ જઇ શકે છે. તેમના શાપના ભયથી કોઈ પણ તેમને લૂંટતા નથી. જે પથિકો સમુદ્રના તટપરન પ્રદેશોમાં જવા ઇચ્છે છે, તેઓ સર્વ વાણિજ્યદ્રવ્યના સંરક્ષક ભાટ તથા ચારણોની સાથે મળીને ઝાલ વીનમહલ, સાંચોર અને રાધનપુર થઈ સુરત તથા મસ્કત માંડવીમાં સુરક્ષિત રીતે પહોંચી જાય છે.

પાલીનગરની પૂર્વ દિશામાં પાંચ કોશના અંતરપર "પુણ્યગિરિ" નામનો એક પર્વત છે. આ પર્વતન શિખરપર એક મંદિર છે. એમ કહેવાય છે કે સૌરાષ્ટ્રની અંતર્ગત આવેલા પાલીતાણાના એક બૌદ્ધ ઐન્દ જાલિકે ( જાદુગરે ) આ મંદિર બાંધ્યું હતું. અનેક શાખાઓમાં વિભક્ત થયેલા બૌદ્ધો જે પ્રદેશ વસે છે, તે પ્રદેશમાં તેમને ઐન્દ્રજાલિક કહેવામાં આવે છે. પાલીનગરમાં અમારા જૂના મિત્ર ગફ અમને મુલાકાત થઇ. તેઓ મારવાડના દક્ષિણ—પશ્ચિમ ભાગમાં રહેતા સરાઈ, કોશા વગેરે પહાડ જંગલી અને અસભ્ય લોકોમાં અશ્વો એકત્રિત કરવાના ઉદ્દેશથી ફરતા હતા.

૨૯ મી ઑક્ટોબર પાલી, ૩૦ મી ઑક્ટોબર ખરેરા, ૩૧ મી ઑક્ટોબર રોહિતગઢ.

૧ લી નવેંબર— લૂણીના ઉત્તર તટપર સંકલી આવેલું છે. પાલીથી લૂણીસુધીના પંદર કોશન પ્રદેશમાં છિન્નવિચ્છિન્ન વસ્તી છે. અહીંઆં વિશેષ દર્શનીય દૃશ્ય કોઇ પણ જોવામાં આવ્યું નહિ ખરેરા નામના સ્થાનમા અમે મુકામ કર્યો. અહીંઆં લવણનાં બે તળાવો છે. આ ભાગમાં અધિકાં લવણનીજ નીપજ થાય છે તેથી નદી અને નગરનું નામ ખરેરા ( ખારીર ) પાડવામાં આવ્યું છે

---

૧ આ સ્થળે કર્નલ ટૉડે જણાવ્યું છે કેઃ—"જે વખતે હું સિંધિઆની રાજધાનીમાં ગયો તે વખતે સાધાર લોકોએ મારી પાસે સર્વ પ્રકારની ઔષધિ હશે એમ ધાર્યું હતું. એક સામંતની સ્ત્રીને મીણની આવશ્યકતા પ તેથી તેણે મીણને માટ મારી પાસે એક અનુચર મોકલ્યો. મારી પાસે મીણ નહોતું તેથી મેં તેને ના કહી; પ તેને મારાં વચનોપર વિશ્વાસ આવ્યો નહિ. જ્યારે તેણે ખાલી હાથે પાછા ફરવાની અનિચ્છા બતાવી ત્યારે અ લાચાર થઈ મેં તેને હિંદુસ્થાની રબરનો એક ટુકડો આપ્યો અને તેનેજ તે મીણ સમજીને લઇ ગયો."

ખેરેરા અને રોહિતગઢ એ બે પ્રદેશો બે સામંતોને આધીન છે. આ ઉભય સામંતો હાલમાં પરસ્પરના વિગ્રહમાં નિમગ્ન છે. રોહિતગઢના સામંતની દશા અત્યંત શોચનીય થઈ ગઇ છે.

અત્ર હું બે વ્યાપારીના વિવાદની હકીકત લખવાને પ્રવૃત્ત થાઉં છું. પાઇમા નાયક નામનો માણસ આ પ્રદેશનો એક સુપ્રસિદ્ધ વ્યાપારી છે; અર્થાત્ લવણની લેવડદેવડ એનાદ્વારાજ વિશેષ થાય છે. હવે આ માણસને બીજા એક વ્યાપારીની સાથે તકરાર છે. તકરાર થતાં પાઇમા નાયકના મસ્તકપર પ્રહાર લાગ્યો. તે પોતાનો ઘાવ દેખાડવાને માટે પોતાના કુટુંબીઓની પાસે ગયો. વાદીપ્રતિવાદી ઉભય ભાટ-જાતિના છે. પાઇમા એ ભૂમાનિયા ભાટજાતિનો નેતા છે.[1] તેની પાસે ચાર હજાર ભારવાહી પશુઓ રહે છે. જ્યારે વાણિજ્ય બંધ રહે છે, ત્યારે તે દુર્ગમ પર્વતમાર્ગોમાં જઇ આશ્રય લે છે. આ પ્રકારના માણસોને "ઉભયપંથી" કહેવામાં આવે છે. પાઇમાના શત્રુનું નામ સ્યામા છે. સ્યામાએ પોતાના શત્રુપર બદલો લેવાને માટે પાઇમાનાં વાણિજ્યદ્રવ્યમાંથી પુષ્કળ માલ હસ્તગત કરી લીધો અને તેના મસ્તકપર જયેષ્ટિકાપ્રહાર કરી ઉંડો ઘાવ પાડયો. આ ઉભય માણસોની તકરારનો નિવેડો આણવો અસંભવિત થઇ પડયો. અહીંઆં એવો રિવાજ છે કે જે માણસ અધિક દ્રવ્ય આપે છે તે પોતાના મુકર્દમામાં જીતે છે. પાઇમા શ્રીમંત હતો, તેથી તેને વિજય મળ્યો અને પ્રતિવાદી સ્યામાને હદપાર કરવામાં આવ્યો.

અમે ઉપર જણાવી ગયા છીએ કે ભાટ અને ચારણલોકોને પવિત્ર માનવામાં આવે છે તે કારણથીજ તેઓ વ્યાપારીમાલના સંરક્ષક બનીને જાય છે; પરંતુ જો તેઓ અત્યાચાર કરે અને રાજ-કર આપે નહિ તો તેમને સંરક્ષકપદના અનધિકારી માનવામાં આવે છે. ઉક્ત પાઇમાના પૂર્વજોની સાથે રાણા અમરસિંહને એક અધિક મહત્વનો ઝઘડો થયો હતો. ભાટલોકોએ પોતાનો વાણિજ્યકર ઘણો ઓછો કરી નાખવાની રાણાની પાસે અન્યાયી માગણી કરી. રાણા અમરસિંહે તેમની આ માગણી-નો અસ્વીકાર કર્યો. સર્વ ભાટલોકો પોતાનું કામ સિદ્ધ કરવાને માટે બ્રહ્મહત્યાનો ભય દર્શાવે છે; અને તેઓ રાણા અમરસિંહને પણ તે ભય દર્શાવવા લાગ્યા; પરંતુ સાહસિક અમરસિંહે તેમની કોઇ પણ વાતપર લક્ષ્ય આપ્યું નહિ. ત્યારે ભાટલોકોએ પોતાના પ્રચલિત ઉપાયનું અવલંબન કર્યું; અર્થાત પ્રાયઃ ૮૦ સ્ત્રીપુરુષોએ રાણાના મહાલયની સન્મુખ જઇ કટારવતી આત્મઘાત કર્યો. રાણા મહાપાતકના ભાગી થયા. ભાટોનો સહપરિવાર નાશ થયો તેથી મહારાણાને જાતિબહિષ્કૃત કરવામાં આવ્યા; કારણ કે રાજપૂતલોકો ભવિષ્યવેત્તા ભાટના પ્રાણનાશનું કારણ બનનારને આ અને પર–ઉભય લોકોમાં નરકનો અધિકારી થયેલો માને છે; પરંતુ ભાટોની પ્રાર્થના એકવાર સ્વીકારવામાં આવે તો તેઓ વારંવાર અન્યાયી પ્રાર્થના કર્યા કરે છે અને તેનો સ્વીકાર નહિ થાય ત્યાંસુધી શાંત થતા નથી. અમરસિંહે શેષ ભાટોને પોતાના રાજ્યમાંથી કાઢી મૂકયા અને ભૂમાનિયાપ્રદેશ પોતાના સીધા અધિકારમાં લઇ લીધો.

રાણા અમરસિંહે આ ભૂમાનિયાભાટોને ઉક્ત પ્રદેશમાંથી કાઢી મૂકીને તેમને મેવાડના બીજા ભાગમાં પ્રવેશ કરતા અટકાવ્યા. આ પ્રથા છેક હમણાં સુધી પ્રચલિત હતી; પરંતુ જ્યારે રાણા ભીમ-સિંહે ઢંઢેરો બહાર પાડીને મેવાડની નાસી ગયેલી અને હદપાર થયેલી પ્રજાને પુનઃ દેશમાં આવીને વસવાની પરવાનગી આપી, ત્યારે ઉક્ત ભાટો પોતાનાં કુટુંબોસહિત પુનઃ મેવાડમાં આવીને વસ્યા. આ લોકોના પૂર્વજોને દેશમાંથી શામાટે કાઢી મૂકવામાં આવ્યા હતા તે સર્વ જણ સારીપેઠે જાણે છે અને ભાટો પણ તેને સારી રીતે સમજે છે; તથાપિ તેઓ પોતાની નિષ્ઠુર ચાલ છોડી દેવાને બદલે તેદ્વારા પોતાનો સ્વાર્થ સાધવા માટે સદા તત્પર રહે છે. તેઓ પોતાની અન્યાયી પ્રાર્થનાઓનો સ્વીકાર કરાવ-વાને માટે સદાસર્વદા કમ્મરમાં કટાર ખોસીને ફરે છે. આ ભાટોના નેતાએ પોતાનાપરથી વાણિજ્યકર સર્વથા ઉઠાવી દેવાને માટે રાણા ભીમસિંહને અનેક સ્થળે ઘેર્યા; પરંતુ તેની પ્રાર્થનાનો સ્વીકાર થયો નહિ. અંતે તે હાથમાં કટાર લઇ આત્મઘાત કરવાને ઉદ્યત થયો. રાણા ભીમસિંહ અમરસિંહના જેવા કઠોર હૃદયના નહોતા, તેથી તેમણે આ બાબતનો નિર્ણય કરવાને માટે મને મધ્યસ્થ નિયુક્ત કર્યો. રાણાના વકીલની સાથે મેં મારો પણ એક વકીલ પાઇમાને બોલાવવાને માટે મોકલી આપ્યો. તેની સ્થૂલ કાય અને સુંદર તથા સાહસિક મૂર્તિ શીઘ્ર મને દૃષ્ટિગોચર થઇ. અમે તત્કાળ આ બાબતની

૧ ભૂમાનિયા નામના સ્થાનમાં નિવાસ કરવાને લીધે આ લોકોનું નામ ભૂમાનિયા પડયું છે.

ચર્ચા કરવા લાગ્યા. મેં કહ્યું કે:–"જે કોઈ મેવાડની સીમામાંથી વ્યાપારનો માલ લઇ જશે, તેને અવશ્ય કર આપવો પડશે; અને આપ લોકો જો આ ભયંકર કાર્ય ( આત્મહત્યા ) કરવાને પ્રવૃત્ત થશો તો તેથી કાંઇ પણ ફળપ્રાપ્તિ થનાર નથી. સર્વ લોકોની પાસેથી જે કર લેવામાં આવે છે, તે કરતાં તમારી પાસેથી કાંઇ ઓછો કર લેવામાં આવશે; અર્થાત્ જો તમે ચાળીસ હજાર ભારવાહી પશુઓ લઈ જશો તો તેમાંથી પાંચસેંને મફત જવા દેવામાં આવશે અને તમને ભૂમાનિયાપ્રદેશમાં રહેવાની છૂટ મળશે. જો તમને આ વાત અસ્વીકૃત હોય તો આ કટાર અહીંઆં તૈયાર પડેલીજ છે. (ટેબલ ઉપર પુષ્કળ કટારો મૂકવામાં આવી હતી.) તમારે આત્મઘાત કરવાની ઇચ્છા હોય તો હમણાંજ આત્મઘાત કરો." વળી તે ઉપરાંત મેં કહ્યું કે:–"રાણા અમરસિંહે તો તમને કેવળ દેશનિકાલની શિક્ષા કરી હતી; પરંતુ હું તો રાણાને માલસહિત તમારાં સર્વ પશુઓ પણ લઇ લેવાની ભલામણ કરીશ." તે બારોટ બુદ્ધિમાન હતો. તેણે તે ક્ષણેજ મારાં વચનોનો સ્વીકાર કર્યો. રાણાએ તેને ભૂમાનિયાપ્રદેશ અર્પણ કર્યો અને ચાળીસ હજારે ૫૦૦૦ બળદનો કર માફ કર્યો. તેજ દિવસે તેને ભૂમાનિયાપ્રદેશનો અધિકારી માની રાણાએ તેને સુવર્ણના બાજુબંધ અને વસ્ત્રો ભેટ આપ્યાં.

૨ જી નવેમ્બર–આજે અમે ઉપર્યુક્ત સ્થાનથી પાંચ કોશના અંતરપર આવેલા ઝાલામંદમાં પહોંચ્યા. જો કે જોધપુર રાજધાની અહીંઆંથી બહુ નિકટ છે તોપણ રાજસભામાં કેવા સત્કારપૂર્વક જવું તે સંબંધે વિચાર કરવાને માટે અમે આ સ્થળે મુકામ કરવો ઉચિત માન્યો. પાશ્ચાત્યદેશોમાં દૂતનો સત્કાર એ એક ગુંચવણભરેલી સમસ્યા છે અને રાજાઓ પોતાના પૂર્વજોની રીત પ્રમાણેજ તેમનો સત્કાર કરે છે. મરુભૂમિની રાજધાનીમાં અમારો સત્કાર કેવી રીતે થશે, એ પ્રશ્ન અમને ગુંચવણકારક લાગવા માંડયો. રાજપૂતરાજાઓ રાજાના મોકલેલા દૂતોનો સત્કાર કેવી રીતે કરવો તે સારી રીતે જાણે છે અને રાજપ્રતિનિધિની પાસેથી આવેલા દૂતનો સત્કાર કેવી રીતે કરવો તે પણ તેઓ સારી રીતે જાણે છે; પરંતુ અમારી વર્તમાન સ્થિતિ તો કાંઇ ઓરજ પ્રકારની છે. સમસ્ત ભારતવર્ષના શાસનકર્તા અંગ્રેજો અહીંઆં કેવલ વણિકલોકોના કર્મચારીઓ ગણાય છે અને તેમના હાથમાં ગમે તેટલી સત્તા કિંવા પ્રભુતા સોંપવામાં આવે તોપણ તેઓને કદિ રાજાની કિંવા તેનાથી નિમ્નપદસ્થ વ્યક્તિની સમાન કક્ષાના ગણી શકાય નહિ. આથી રાજદૂતોને પોતાનો સત્કાર તો આત ગુંચવણભરેલો થઇ પડે છે. ઠેઠ સતલજ નદીથી સમુદ્રપર્યંત અમારા લોકોનું રાજ્ય વિસ્તાર પામી જવાથી ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના દૂતોના સત્કારના પ્રશ્નસંબંધી ગુંચવણો નિવૃત્ત થઇ ગઈ છે. એક બીજા કારણથી પણ તેમ થવામાં સહાય મળી છે. સિંધિઆ અને હોલ્કરના ક્રૂર સેનાપતિઓએ આ રાજાઓ ઉપર આક્રમણ કરીને તેમનું માન તથા તેમની મર્યાદા ન્યૂન કરી નાખ્યાં હતાં અમીરખાં, જિન બેપ્ટિસ્ટ તથા બાપુ સિંધિઆના જેવા માણસો રાજાના જેવું સન્માન મેળવવાની આશા રાખે છે. તેઓ પોતે કાન્યકુબ્જના સમ્રાટના ઉત્તરાધિકારી-ઓને તથા શ્રીરામચંદ્રજીના વંશજોને કેવી રીતે ક્ષીણ, પરાસ્ત અને હીન બનાવી દીધા છે તેનું વર્ણન કરીને વારંવાર આત્મશ્લાઘા કરવાને તત્પર થાય છે. બાહ્ય સન્માન તથા આડંબરથીજ જગત મુગ્ધ અને વશ થતું આવ્યું છે; માટે મહારાણીઓના કરતાં ન્યૂન સન્માન સ્વીકારવાની અમારી ઇચ્છા નહોતી. અમીરખાંના સત્કારને માટે રાજાએ પોતાના પ્રતિનિધિને કેટલે દૂર સુધી મોકલ્યો હતો, તે પ્રતિનિધિ કયી શ્રેણીનો સામંત હતો અને મારવાડના સૂર્યવંશાવતંસ રાજાએ સ્વયં કેટલે દૂરસુધી જઇને તેનો સત્કાર કર્યો હતો વગેરે હકીકત મેળવવાને માટે મેં મારા વકીલને રાજસભામાં મોકલ્યો. આ વકીલ મારી પાસે દીર્ઘકાળથી રહેતો હતો. જો કે હું સ્વયં આ પ્રકારના બાહ્ય સન્માનને ઘૃણાની દૃષ્ટિથી જોઉં છું, તથાપિ હું ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના પ્રતિનિધિના પદપર સ્થિત હોવાથી મારે તેને યોગ્ય સન્માન આપવાને માટે યથોચિત ઉપાય કરવા પડયા. મારી પોતાની ઇચ્છાનુસાર કોઇ પણ રાજકીય કાર્ય મારાથી કરી શકાય નહિ. હાલમાં મને જે પ્રકારનું સન્માન મળે તેજ પ્રકારનું સન્માન ભવિષ્યને માટે નિર્ધારિત થવાનું હોવાથી મારે રાજાપર એવો સંદેશો મોકલવો પડયો કે:–"હું જેનો પ્રતિનિધિ છું તે અને આપ એ ઉભયના સન્માનપર દૃષ્ટિ રાખશો." અને એમ પણ સ્પષ્ટ રીતે જણાવી દીધું કે:–"જે પ્રકારે આપે દુર્ગની નીચે આવી અમીરખાંનો સત્કાર કર્યો હતો, તેજ પ્રકારે અંગ્રેજ પ્રતિનિધિનો સત્કાર કરવાની વ્યવસ્થા થવી જોઇએ." અંતે એવો નિશ્ચય કરવામાં આવ્યો કે રાજા દુર્ગના વચલા

દરવાજા આગળ પાલખીમાં બેસીને અંગ્રેજદૂતનો સત્કાર કરશે.[1] સત્કારના સંબંધમાં નિર્ણય થઇ ગયા પછી અમે ત્રીજે પહોરે ઝાલામંદથી રાજધાની તરફ જવાને માટે નીકળ્યા. જોધપુરના સામંતશ્રેષ્ઠ પોકર્ણ અને નિમાજના સામંતો મારો સત્કાર કરવાને માટે આગળ આવ્યા હતા. અમે અશ્વપરથી ઉતરીને પરસ્પર આલિંગન કર્યું. પ્રચલિત નિયમાનુસાર કુશલતાના સમાચાર પૂછ્યા પછી અમે પુનઃ અશ્વારૂઢ થયા અને સાથે સાથે ચાલવા લાગ્યા. અમારે માટે તૈયાર કરેલા શિબિર સુધી અમે ચાલ્યા અને પછી પરસ્પર પ્રણામ કરી છૂટા પડયા. તેમની સાથે મેં રાજાપર અભિનંદનનો સંદેશો મોકલ્યો.

પોકર્ણના સામંતનું નામ સાલિમસિંહ છે. સાલિમસિંહ મારવાડના સામંતોમા સર્વથી અધિક શ્રીમંત છે. એમનો દુર્ગ અને એમના તાબાનો પ્રદેશ મરુભૂમિના મધ્યભાગમાં આવેલો છે. આ પ્રદેશ જેસલમીરના રાજ્યમાંથી અલિપ્ત કરી લેવામાં આવ્યો છે. એમનો દુર્ગ અતિ મજબૂત છે. આ પોકર્ણના સામંતો-દ્વારા મારવાડના સિંહાસનનો પાયો વારંવાર પ્રકંપિત થયો હતો. એ પ્રદેશના ચાર પ્રબલ પ્રતાપી સામંતોએ મારવાડના અતિ સાહસિક અને તેજસ્વી રાજાઓને પણ ભયભીત કર્યા હતા. વર્તમાન સામંતના પ્રપિતામહ દેવીસિંહ પોતાના કુંપાવતકુલના પાંચસો સૈનિકોની સાથે એક વિશાળ દિવાનખાનામાં રાત્રે શયન કરતા હતા. એ ઉદ્ધત સામંતે અભિમાનસહિત પોતાના સ્વામીને જણાવ્યું હતું કેઃ—" મારવાડનું સિંહાસન મારી આ તલવારમાં છે." દેવીસિંહના પુત્રસુબલસિંહે પણ પોતાના પિતાનું યથાર્થ અનુકરણ કર્યું અને અંતે મારવાડના રાજા વિજયસિંહને પદચ્યુત કરી નાખ્યો. એક તોપના ગોળાદ્વારા સુબલ-સિંહનું મૃત્યુ થયું, તેથી મારવાડના રાજાની ચિરભયમાંથી મુક્તિ થઇ. સુબલસિંહના પુત્ર અને ઉત્તરા-ધિકારી સવાઇસિંહ પણ રાજા ભીમસિંહપ્રત્યે પોતાના પિતાના જેવું ત્રાસદાયક વર્તન ચલાવવા લાગ્યા. તેમણે ઈ૦ સ૦ ૧૮૦૬ માં યુદ્ધાગ્નિ પ્રજ્વલિત કરીને ધોકલસિંહને મારવાડના સિંહાસનપર અધિષ્ઠિત કરવાનો યત્ન કર્યો હતો. નાગોર નામના સ્થાનમાં અમીરખાંએ કુંપાવતલોકોના નેતા સવાઇસિંહ તથા તેમના અનુચરોને વિશ્વાસઘાત કરીને મારી નાખ્યા. રાજા માનસિંહે પોતાને તથા પોતાના વંશજોને ભયમાંથી મુક્ત કરવાને માટે સવાઇસિંહના પુત્ર વર્તમાનસામંતને ભારે સન્માન આપ્યું અને તેમને પોતાનારાજ્યના પ્રધાન કર્મચારી બનાવ્યા. રાજા માનસિંહે સાલિમસિંહને પ્રસન્ન કરીને સંપૂર્ણ રીતે પોતાના હાથમાં લઇ લીધા છે. ચતુર સામંત સાલિમસિંહે સમય પ્રમાણે વર્તી સુગમતાથી પોતાનું તથા પોતાના રાજ્યનું રક્ષણ કર્યું. જો તેઓ રાજા માનસિંહદ્વારા મળેલા સન્માનનો સ્વીકાર ન કરત તો તેમનું જીવન અને પોકર્ણ પ્રદેશ નષ્ટ થઇ જાત. મારો સત્કાર કરવા આવેલા પોકર્ણના સામંતના વંશનો આ સંક્ષિપ્ત ઇતિહાસ છે. એમનું વય પ્રાયઃ પાંત્રીસ વર્ષનું છે. જો કે તેમનું મુખ સુંદર નથી, તો-પણ વીરોચિત અને ગંભીર ભાવ તેપર સ્પષ્ટ જણાય છે. તેમનું શરીર દીર્ઘ અને બળવાન છે, શરીરની બાંધણી સારી છે; પરંતુ મારવાડના ઈતર સરદારોની પેઠે તેમનો વર્ણ ઉજ્જવળ નથી.

પોકર્ણના સામંતના મિત્ર તથા રાજસભામાં તેમના સહયોગી નિમાજના સામંત સુરતાનસિંહના શરીરની આકૃતિ, રચના વગેરે સાલિમસિંહથી સર્વથા ભિન્ન પ્રકારની છે. સુરતાનસિંહ ઉદાવતકુલના નેતા છે. તેઓ અરવલ્લીના સીમાંતપર વસતા ચાર હજાર વીરોને એકત્રિત કરવાની શક્તિ ધરાવે છે. તેમના તાબાના પ્રદેશોમાં નિમાજ, રાયપુર તથા ચંદાવત સૌથી પ્રધાન છે. સુરતાનસિંહ રાજપૂતજાતિ-ના ઉત્તમ આદર્શ છે. તેમનું શરીર દીર્ઘ અને સુંદર છે. તેમનો રંગ ગોરો, દેખાવ વીરોચિત અને તેમના મુખપર નમ્રતાની છાયા સ્પષ્ટ જણાય છે. તેઓ અતિ બુદ્ધિમાન અને સુશિક્ષિત પુરુષ છે.

સુરતાનસિંહ ભારે વિપત્તિમાં સપડાઇને મરણ પામ્યા અને આજ પ્રકારની વિપત્તિમાંથી તેમના મિત્ર સાલિમસિંહ બચ્યા હતા. આ વિપત્તિ તેમનાપર શા કારણથી આવી પડી હતી તેનુ સાંગોપાંગ વર્ણન અત્રે કરવું અશક્ય છે. માત્ર એટલુંજ કહેવું પૂરતું થઇ પડશે કે સાલિમસિંહની સાથેની મિત્રતા એજ તેમના આ સંકટનું મૂળ હતું. તેમણે મારવાડના રાજાપર અનેક ઉપકારો કર્યા હતા. પુરવત્સારના ભયંકર યુદ્ધમાં પરાજિત થવાથી મારવાડેશ્વરે જ્યારે પોતાના હ્રદયમાં કટાર મારવાનો નિશ્ચય કર્યો હતો, ત્યારે આ સુરતાનસિંહેજ તેમને આત્મઘાત કરતાં અટકાવ્યા હતા અને જે સમયે અનેક રાજ્યોની

[1] ઈ૦ સ૦ ૧૮૧૮ ના ડિસેમ્બર માસમાં જનરલ ઑક્ટર લોનીએ અજમેરના સુપરિન્ટેન્ડન્ટ મહાશય વિલ્ડરને જોધપુરના દરબારમાં મોકલી આપ્યા હતા, તે વખતે રાજાએ તેમનું ઘણા આદરપૂર્વક સ્વાગત કર્યું હતું.

સેનાએ એકત્રિત થઇ મારવાડને ઘેરી લીધો હતો તે સમયે પણ રાજપક્ષના ચાર સામંતોપૈકી સુરતાનસિંહ એક હતા. ઈ૦ સ૦ ૧૮૦૬ માં જ્યારે ઉકત પ્રચંડ સેના મારવાડનો વિધ્વંસ કરીને પુષ્કળ દ્રવ્ય લુંટી લઇ ગઈ ત્યારે તેના હાથમાંથી જે ચાર સામંતોએ દ્રવ્ય પાછું પડાવી લીધું હતું અને અસંખ્ય શત્રુઓનો વધ કર્યો હતો તેમાં સુરતાનસિંહ પણ એક હતા.[1] સુરતાનસિંહ મરણ પામ્યા ત્યારે સમસ્ત રાજસ્થાનમાં શોક પ્રસરી રહ્યો હતો. પોતાના વીરોચિત ગુણોને લીધેજ તેઓ સર્વત્ર પ્રશંસા પામ્યા હતા. મારા જોધપુરપ્રવાસ પછી આઠ માસ બાદ તે મહાવીરના મરણસમાચારસૂચક જે પત્રો મારી પાસે આવ્યા હતા તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. સુરતાનસિંહ કેવા અપૂર્વ વીરપુરુષ હતા તે આ પત્રો વાંચવાથી પાઠકો સારીપેઠે સમજી શકશે.

જોધપુર અષાઢ સુદ ૨

( ૨૮ મી જુન, ઈ૦ સ૦ ૧૮૨૦ )

"જ્યેષ્ઠ માસના અંતિમ દિવસે ( ૨૬ મી જુનના દિવસે ) સૂર્યોદયથી એક ઘટિકાપૂર્વે રાજા આલિગોલ[2]તથા સમસ્ત સામંતોની સેનાને અર્થાત્ એકંદર એંશી હજાર સૈનિકોને સુરતાનસિંહની ઉપર આક્રમણ કરવાની આજ્ઞા ફરમાવવામાં આવી. આ સેનાએ નગરના મધ્યભાગમાં આવેલા તેમના નિવાસસ્થાનને ઘેરીને ત્રણ ઘટિકા સુધી સતત તેપર ગોળીની વૃષ્ટિ કરી. ત્યાર પછી સુરતાનસિંહ પોતાના ભ્રાતા સુરસિંહ, પોતાના આપ્તો તથા પોતાના અનુચરોને લઇને હાથમાં સમશેર ગ્રહણ કરી બહાર નીકળ્યા અને પોતાના શત્રુઓપર આક્રમણ કરીને તેમને દૂર નસાડી મૂકયા; પરંતુ પોતાના રાજાને કોણ જીતી શકે છે ? રાજાની સેના પ્રચંડ હતી તેથી અંતે ઉભય ભ્રાતાઓ પોતાનું અપૂર્વ પરાક્રમ દર્શાવ્યા પછી મરણ પામ્યા. નાગોજી તથા બીજા ચાળીસ વીરો આ ઉભય ભ્રાતાઓની સાથે માર્યા ગયા અને ચાળીસ વીર ઘાયલ થયા. બીજા એંશી જણ અસ્ત્રશસ્ત્રસહિત નિમાજ તરફ નાસી ગયા.[3] રાજાની સેનાના ચાલીસ માણસો મરણ પામ્યા અને ૧૦૦ ઘાયલ થયા તથા વીસ નાગરિકોને આ યુદ્ધમાં હાનિ પહોંચી."

" આ સમાચાર સાંભળતાંની સાથેજ પોકર્ણના સામંત અશ્વારૂઢ થઇ નગર છોડવાને ઉદ્યત થયા; પરંતુ મહારાજાએ કોચાપુનના શિવનાથસિંહ, ભદ્રાર્જુનના સામંત તથા ઇતર સામંતોને તેમની પાસે મોકલ્યા અને તેમને આશ્વાસન આપ્યું તથા તેમને પાટનગરમાંજ રહેવાની આજ્ઞા કરી; પરંતુ તેઓ પાટનગર છોડવાને અત્યંત ઉત્સુક થયા હતા. મારો ભત્રીજો અને તેના પચ્ચીસ અનુચરો આ યુદ્ધમાં માર્યા ગયા. આખું જગત તેમની પ્રશંસા કરે છે અને હિંદુમુસલમાન ઉભય પ્રજા કહે છે કે તેઓ સ્વર્ગ પામ્યા છે. શિવનાથસિંહ, બખ્તાવરસિંહ, રૂપસિંહ તથા અનારસિંહે તેમની દહનક્રિયા કરી છે."[4]

પોતાના સન્માનની રક્ષાને માટે રાજપૂતો આ પ્રકારે આત્મબલિદાન કરે છે. જ્યાંસુધી સુરતાનસિંહના શરીરમાં પ્રાણ રહ્યા હતા, ત્યાંસુધી તેમનો કોઈ પણ અનુચર શત્રુઓને તાબે થયો નહોતો અને જેઓ નાસી ગયા હતા તેઓ કેવળ ઉદાવતલોકોના બાલઅધીશ્વર સુરતાનસિંહના પુત્રની રક્ષા કરવાને માટેજ જીવંત રહ્યા હતા.

---

૧ પાઠકોને આ વાત સ્મરણમાં હશેજ કે રાણા ભીમસિંહની પુત્રીને માટે જયપુરરાજની સાથે મારવાડેશ્વરને ભયંકર યુદ્ધ થયું હતું.

૨ ધનલોભી રોહિલાસેનાને રાજા આલિગોલ કહેવામાં આવતી હતી.

૩ એમણે કેટલાક માસપર્યંત નિમાજ પ્રદેશની અત્યંત વીરતાપૂર્વક રક્ષા કરી હતી.

૪ અનારસિંહેજ આ પત્ર લખ્યો છે. એમણે પોતાના અધીશ્વરની રક્ષાને માટે પોતાની સર્વ સંપત્તિ વેચી નાખી હતી અને પોતાની સ્ત્રીના અલંકારસુદ્ધાં વેચી નાખ્યા હતા અને અંતે તેઓ પોતાના પ્રાણની રક્ષાને માટે ગુપ્તરીતે વિદેશમાં ચાલ્યા ગયા હતા.

# अध्याय २५ मो

**રાજધાની જોધપુર–રાજા માનસિંહે કરેલો સત્કાર–રાજા માનસિંહનું ચરિત્ર–તેમનો ઇતિહાસ–રાજા ભીમસિંહનું મૃત્યુ–મારવાડનો પ્રધાન પુરોહિત દેવનાથ–તેમની હત્યા–તે પછી બનેલી ઘટના–રાજાવિરુદ્ધ પ્રપંચ–ધોકલસિંહે મારવાડના સિંહાસનપર કરેલો દાવો–રાજાની ખરી વા ખોટી ઉન્મત્તતા–તેમના કુમારને થયેલી રાજ્યપ્રાપ્તિ–રાજા માનસિંહે પુનઃ લીધેલો રાજ્યભાર–પ્રાચીન રાજધાની મંદોર તરફ ગમન–રાઠોડલોકોનાં સ્મારકમંદિરો–મંદિરની મોટી હવેલીઓ–નગરપ્રકાર–પ્રાસાદનો ધ્વંસાવશેષ–જયતોરણ–થાનાપીરનું સ્થાન–પુસકુંડની ખીણ–પર્વતપર કોતરેલી પ્રતિમા–મંદોરનું વન–એક સંન્યાસી–રાજમહાલયમાં ઉત્સવ–અંગ્રેજદૂતની સાથે રાજાની મુલાકાત–જોધપુરનો ત્યાગ.**

લુણી નદી પાર ઉતર્યા પછી અમે રેતાળ મેદાનમાં પહોંચ્યા. ધીમે ધીમે રેતીનું પ્રમાણ વધતું ગયું. જેમ જેમ અમે મરુભૂમિની રાજધાનીની નિકટ જતા હતા, તેમ તેમ રેતાળભૂમિ વધુ અને વધુ કષ્ટદાયક થતી ગઈ; પરંતુ અમારા અનુચરો આ ભૂમિમાં પણ ગંગાતટના સપાટ પ્રદેશમાં ચાલતા હોય તેમ શીઘ્રતાથી ચાલી શકે છે. મારવાડીલોકો પણ આ રેતાળપ્રદેશમાં જરા પણ કષ્ટ પામ્યા વિના સુગમતા અને શીઘ્રતાથી ચાલી શકે છે. રાજા જોધાજીનું નગર કેવું છે, તે કઠિન વર્ણન વાંચ્યા સિવાય કલ્પનાદ્વારા પણ પાઠકો જાણી શકશે. આ દુર્ગ ઉચ્ચ ભૂમિમાં આવેલો છે તેથી તેની આસપાસની ભૂમિથી તે નોખોજ પડી જાય છે. જે સ્થાનપર ઉક્ત દુર્ગ સ્થિત છે, તે આસપાસના પ્રદેશથી ત્રણસો ફીટ કરતાં અધિક ઉંચું નથી, તેથી તેને પર્વતદુર્ગ કહી શકાતો નથી; પરંતુ મરુભૂમિમાં આટલી ઉચ્ચ ભૂમિ એ પણ એક વિચિત્ર દૃશ્યજ ગણી શકાય. એની લંબાઇ સાડાબાર કોશની છે અને મારા અનુમાન પ્રમાણે એની પહોળાઈ એક કોશથી અધિક નથી. દક્ષિણ ભાગમાં ઉચ્ચ સ્થાનપર નગર આવેલું છે, ઉત્તર ભાગમાં ઉચ્ચ ભૂમિપર રાજમહાલય આવેલો છે અને તેની ઉંચાઇ ૩૦૦ ફીટની છે. આ સ્થાન સર્વ બાજુથી ઢોળાવવાળું છે. ઈ૦ સ૦ ૧૮૦૬ માં આ સ્થાનપર તોપના ગોળાની વૃષ્ટિ થઈ હતી, તેથી ભગ્ન થઇને હાલ તેની ઉંચાઇ માત્ર ૧૨૦ ફીટની રહી છે. આ કોટની સાથે અસંખ્ય મહાલયો આવેલા છે અને વચ્ચે વચ્ચે અગણિત ચોખંડા બુરજો છે. આ રીતે ચાર કોશનો વ્યાસ દઢરીતે સુરક્ષિત છે. નીચેથી જે માર્ગ ઉપર ગયો છે તે વક્ર અને સાત કોટ તથા અનેક દ્વારોથી ઘેરાયેલો છે. પ્રત્યેક કોટના દ્વારપર ત્રણ ત્રણ સિપાઇઓ રક્ષા કરવાને માટે સ્થિત હોય છે. આ માર્ગની પાસે બે સરોવરો આવેલાં છે. એક સરોવરનું નામ " રાણીસરોવર " છે અને બીજાનું નામ " ગુલાબસાગર " છે. " રાણીસરોવર" પશ્ચિમ તરફ આવેલું છે અને " ગુલાબસાગર " દક્ષિણ તરફ છે. દુર્ગના સૈનિકો પોતાના વપરાશનું પાણી "ગુલાબસાગર" માંથી લાવે છે. વળી ત્યાં એક કુંડ પણ છે. આ કુંડ પર્વતમાંથી કોતરી કાઢવામાં આવ્યો છે અને તે નેવું ફીટ ઉંડો છે. ઉપર્યુક્ત ઉભય સરોવરોમાંથી જળ લાવીને આ કુંડ ભરવામાં આવ્યો

છે. જો કે નગરની અંદરના ભાગમાં ઘણા કૂવા છે; પરંતુ તેમાંનું જલ શુદ્ધ નથી. નગરનો અંદરનો ભાગ અગણિત મહાલયો અને નાનાંમોટાં મકાનોથી પરમ રમણીય દેખાય છે. પ્રત્યેક રાજાનો મહાલય તેની રુચિનો પરિચય કરાવી રહ્યો છે. મહાલયો એકથી એક અધિક સુંદર દેખાય છે. રાજધાનીની પશ્ચિમ તરફનો ત્રણ કોશ સુધીનો કોટ સર્વથા અભેદ્ય છે અને તેના બુરજોપર પાઇકલા નામની તોપો ગોઠવેલી છે. રાજધાનીમાં પ્રવેશ કરવાને માટે સાત સિંહદ્વારો છે. બહારના જે સ્થળે જે દ્વારમાં થઈને જવાય છે તે સ્થળનાં નામ પ્રમાણેજ તે દ્વારનું નામ પાડવામાં આવેલું હોય છે. રાજમાર્ગ અતિ સુંદર છે અને તેની બન્ને બાજુએ પાષાણનાં મનોહર પગથીઆં વિરાજમાન છે. એમ કહેવાય છે કે કેટલાંક વર્ષો પૂર્વે આ નગરમાં ૨૦૦૦૦ કુટુંબો અર્થાત્ ૮૦૦૦૦ માણસોની વસ્તી હતી. વર્તમાન સમયમાં આ સંખ્યા કરતાં ઘણાં વધારે મનુષ્યોની વસ્તી છે, નગરનિવાસીઓને માટે ગુલાબસાગર એ પ્રધાન વિશ્રામસ્થાન છે. સર્વ લોકો તેના તટપર તથા નિકટનાં ઉપવનોમાં વિહાર કરી આનંદનો ઉપભોગ લે છે. આ ઉપવનોમાં એક એવું ચમત્કારિક ફળ ઉત્પન્ન થાય છે કે જે કાબૂલના અનાર કરતાં પણ શ્રેષ્ઠ છે. કાબૂલના અનારને બેદાના કહેવામાં આવે છે એ સ્પષ્ટ અન્યાય છે; કારણ કે તેમાં 'દાના' ( દાણા ) થાય છે, પણ અહીંઆંનાં આ ફળનાં બીજ તો એટલાં નાનાં છે કે તે બીલકુલ થતાંજ નથી એમ કહીશું તોપણ ચાલશે. "કાગલિકા બાગ" અર્થાત "દાડમના ઉપવન" માં થતાં આ ફળો એવાં મનોહર અને સ્વાદિષ્ટ હોય છે કે તેને ઉપહારતરિકે ભારતનાં અનેક સ્થળોમાં મોકલવામાં આવે છે. આ ફળના ઉત્તમ રસને કવિઓ અમૃતની ઉપમા આપે છે.

ચોથી તારીખે મહારાજાસાહેબે બીજા સિંહદ્વાર સુધી આવી મને યથાર્થ સન્માન આપ્યું અને પ્રેમપૂર્વક કુશળતાના સમાચાર પૂછ્યા. પછી તેઓ પ્રચલિત પ્રથા પ્રમાણે રાજમહાલયમાં ચાલ્યા ગયા. ત્યાં જઈને તેમણે મારા મુકામને માટે વ્યવસ્થા કરવાની આજ્ઞા કરી. વ્યવસ્થા થઇ રહી ત્યાંસુધી મારે માર્ગમાં થોભવું પડયું અને પછી શ્રેણીબદ્ધ ઉભા રહેલા રાજાના આપ્તો વગેરે રાજવંશીઓની વચ્ચે થઇને હું આગળ ચાલ્યો. મેં અહીંઆં જેવાં પ્રકાશિત દશ્યો જોયાં તેવાં ઐશ્વર્ય તથા આડંબરયુક્ત દશ્યો જોવાની મેં આશા રાખી નહોતી. મેવાડના રાણાના જેવી સાદાઇ અહીંઆં દષ્ટિગોચર થતી નહોતી. મેવાડના રાણાની સાદાઇથી સર્વથા વિપરીત વ્યવહારજ અહીંઆં દગ્ગોચર થતો હતો. રાઠોડ લોકોએ દીર્ઘકાળપર્યંત "જગતના અધિરાજના દક્ષિણ હસ્તસ્વરૂપ" રહી રાજ્ય કર્યું હતું, તેથી અહીંઆં દિલ્હીના પાદશાહનું અનુકરણ જોવામાં આવતું હતું. સુવર્ણ અને ચાંદીની છડી વગેરે રાજચિન્હોથી યુક્ત એવા ચોબદારોએ "રાજરાજેશ્વર" શબ્દનો ઉચ્ચાર કરી મારા કાન બહેરા કરી નાખ્યા. અંતે અમે મૌન અને નિઃસ્તબ્ધભાવથી ઉભેલા વીરોથી ભરેલા અનેક ઓરડાઓનું અતિક્રમણ કરીને રાજસભામાં ગયા.

મારવાડના અધીશ્વર સિંહાસનપરથી ઉઠી ઉભા થયા અને તેમણે મારૂં સન્માનપૂર્વક સ્વાગત કર્યું. આ દિવાનખાનું અતિ વિસ્તૃત અને એક સહસ્ર સ્તંભોથી શોભિત છે, તેથી તેને "સહસ્રસ્તંભ કક્ષ" કહેવામાં આવે છે. સ્તંભો જેટલા સુંદર છે તેથી અધિક મજબૂત છે. સર્વ સ્તંભો બાર બાર ફીટના અંતરપર શ્રેણીબદ્ધ આવી રહ્યા છે. છત ઘણી ઉંચી નથી. સભાગૃહની વચ્ચે એક વેદી ઉપર રાજસિંહાસન સ્થિત છે અને તેની ઉપર ચાંદીના સ્તંભોના આશ્રયે સુવર્ણના વેલબુટ્ટાવાળો એક ચંદરવો ઝુલી રહ્યો છે. રાજાના જમણા અને ડાબા હાથપર નિમાજના ઉભય સામંતો બેઠા હતા. જો કે ઉક્ત ઉભય સામંતોને મહારાજાથી ઉચ્ચ સન્માન મળ્યું હતું, તોપણ જો તેઓ જાણત કે અમને વિપત્તિમાં નાખવાને માટેજ રાજાએ બહારથી અધિક સન્માન આપ્યું છે તો તેઓ કદિપણ પ્રસન્નતાપૂર્વક બેસત નહિ. ઇતર કેટલાક સામંતો અને અન્યાન્ય રાજકર્મચારીઓ ચારે તરફ બેઠા હતા. તેમનાં નામો લખવાની આવશ્યકતા નથી. વકીલ વિષ્ણુરામે રાજાની સન્મુખ અને મારી નિકટ આસન લીધું. અનેક વિષયોપર વાર્તાલાપ ચાલ્યો. મારવાડેશ્વરે હિંદીભાષાપર અચ્છો કાબુ દર્શાવ્યો. દિલ્હીના પાદશાહની સભામાં જેટલા સામંતો રહેતા હતા તેમાંથી કોઇપણ એમના જેવી શુદ્ધ હિંદી ભાષા બોલી શકતો નહોતો. રાજાનું શરીર અતિ ઉંચું પણ નહોતું અને અતિ નીચું પણ નહોતું. તેમનું વદન અતિ ગંભીર દિસતું હતું અને તેમની પ્રકૃતિ અસરલ જણાતી હતી. જો કે એમની કાંતિ રાજા તથા વીરપુરુષના જેવીજ

છે; પરંતુ મેવાડના મહારાણામાં જે સ્વાભાવિક મત્ત્હવ અને સરલતા છે તેનો આ મહારાજામાં અભાવ છે. રાજા માનસિંહનાં સર્વ અંગો અત્યંત મનોહર છે, તેમનાં નેત્રો ચપળ અને તેમનો સ્વભાવ કેટલેક અંશે ચપળ જણાય છે; એમને દીર્ઘકાળપર્યંત બંદીવાનતરિકે કારાગૃહમાં રહેવું પડયું હતું અને તેઓ ઉન્મત્તપ્રાય બની ગયા હતા. કદાચિત્ આ કારણથીજ તેમની પ્રકૃતિ ચંચળ થઇ ગઇ હોય એ સંભવિત છે.

મહારાજા માનસિંહે સર્વ દેશ અને સર્વ કાળમાં પોતાના માનની રક્ષા કરી હતી,પરંતુ તેઓ ઘોર સંકટમાં પડેલા હોવાથી તેમનું હૃદય કિંચિત્ કઠોર થઇ ગયું હતું અને મનની વાત ગુપ્ત રાખવામાં તેઓ કુશળ થયા હતા.જો કે તેઓ વાઘના જેવી ક્રૂરતા પ્રદર્શિત કરતા નહોતા;પરંતુ તે પશુની ધૂર્તતા તો તેમણે પ્રાપ્ત કરી લીધી હતી. થોડો વખત થયાંજ મહારાજા કારાગૃહમાંથી મુક્ત થયા હતા અને તેમના મનમાં નમ્રતા, સંતોષ તથા આનંદપ્રત્યે તિરસ્કાર દઢીભૂત થઇ ગયો હતો. તેઓ પોતાના તાબાના અગણિત મનુષ્યો (કે જેઓ તેમના અનુગ્રહથી સન્માન તથા સુખ ભોગવતા હતા) નો એકદમ વિધ્વંસ કરવાને માટે પોતાના મનમાં યુક્તિઓ રચ્યા કરતા હતા. કોઇ કોઇ વખત તેમનો યથાર્થ સ્વભાવ પ્રકટ થઇ જતો હતો. તેમણે જે જે માણસોની પાયમાલી કરી હતી તેમાં સુરતાનસિંહ નામનો એક સામંત પણ હતો.આ માણસ નિમાજનો સરદાર હતો.

સર્વ દેશોના રાજવંશોની પેઠે રાઠોડલોકો પણ પોતાની ઉત્પત્તિ દેવવંશમાંથી થયેલી જણાવે છે. નિશ્ચયપૂર્વક અમારા જાણવામાં આવ્યું છે કે પાંચમી શતાબ્દીમાં કનોજમાં રાઠોડલોકો રાજ્ય કરતા હતા. આ લોકો ત્યાં ઇસ્તીસનનો આરંભ થયો તે પૂર્વેથી રાજ્ય કરતા આવ્યા હતા. રાઠોડ લોકોને ઉચ્ચકુલમાં ઉત્પન્ન થયેલા જણાવવાને માટે ભાટ અથવા ચારણના કાવ્યની કાંઇ જરૂર નથી; કારણકે રાઠોડોનાં પરાક્રમ, વીરત્વ, પ્રતાપ, પ્રભુત્વ—એ સર્વ ઇતિહાસનાં પૃષ્ઠોમાં સુવર્ણાક્ષરથી અંકિત છે અને તે કદિ પણ લુપ્ત થનાર નથી. રાજસ્થાનના રાઠોડોએ રાજકુલોમાં કયે સ્થળે આસન પ્રાપ્ત કર્યું હતું તે કહી શકાય એમ નથી, તોપણ હું એટલું તો કહી શકું છું કે તેમણે ચૌહાણોના જેટલો યશ પ્રાપ્ત કર્યો છે. મારવાડના આદ્ય રાઠોડરાજ શિયોજી તથા તેમના વંશજો ચંડ,જોધાજી તથા માનસિંહનું વીરત્વ અવશ્ય ચિરસ્મરણીય રહેશે.

અંતે રાજાના હાથથી અત્તર તથા પાન ગ્રહણ કરી મેં તેમને પ્રણામ કર્યા અને પછી પ્રચલિત નિયમ પ્રમાણે તેમની સમક્ષજ માથે ટોપી મૂકી. સર્વ દેશી રાજસભાઓમાં મસ્તકપર પાઘડી રાખી ઉઘાડે પગે બેસવાનો રિવાજ છે. સાધારણ લોકોને બેસવાને માટે એક અતિ વિશાળ ગાલીચો બિછાવવામાં આવ્યો હતો અને તેની ઉપર સફેદ ચાદર પાથરવામાં આવી હતી. તેની ઉપર જોડા સાથે બેસવું એ અવશ્ય મોટો અશિષ્ટાચાર ગણાય છે. દ્વાર આગળ જોડા કાઢીને અંદર આવવું પડે છે; પરંતુ મોજાં સાથે તે ઉત્તમ આસનપર બેસવું અપમાનકારક ગણાતું નથી. મહારાજાએ મને સજ્જ કરેલી સ્વારી, અશ્વ, માળા તથા સોનેરી અને રૂપેરીકામવાળાં વસ્ત્રો ઉપહારતરિકે આપ્યાં. મારી સાથે જેટલા સદ્-ગૃહસ્થો હતા તે સર્વને મહારાજાએ તેમના માન તથા તેમની મર્યાદા પ્રમાણે ઉપહાર આપ્યા.

રાજ્યપ્રબંધ ઉત્તમ કરવાને માટે મેં છઠ્ઠી તારીખે બે વાર મહારાજાની મુલાકાત લીધી. કેટલાક કલાકો સુધી અમે સતત વાર્તાલાપ કર્યો. આ સમયે અમારી પાસે મહારાજાના એક વિશેષ વિશ્વાસુ કર્મચારીસિવાય બીજું કોઇપણ માણસ નહોતું. વાતચીત કરવાથી મને સારીપેઠે જણાયું કે મહારાજા એક અતિ બુદ્ધિમાન પુરુષ છે, અને તેઓ માત્ર પોતાના દેશનોજ નહિ; પરંતુ સમસ્ત ભારતવર્ષનો ઇતિહાસ સારી રીતે જાણે છે. મહારાજા એક સુશિક્ષિત પુરુષ છે. વાર્તાલાપ કરતી વખતે મહારાજાએ અનેક વિષયોનું પોતાનું જ્ઞાન પ્રદર્શિત કર્યું. મહારાજાએ પોતાના વંશનાં ઐતિહાસિક પુસ્તકનો જે અનુવાદ મને આપ્યો હતો તે હાલમાં રૉયલ એશિયાટિક સોસાયટીના પુસ્તકાલયમાં વિદ્યમાન છે. તેમણે પોતાના સમયની ઐતિહાસિક ઘટનાઓ વિશેષ આગ્રહપૂર્વક કહી. વળી જ્યારે તેમના ગુરુ (આ માત્ર તેમના ગુરુજ નહોતા, પરંતુ મંત્રી અને મિત્ર પણ હતા.) માર્યા ગયા તે વખતે તેમણે પોતાનો રાજ્યભાર પોતાના પુત્રને સોંપી આત્મરક્ષાને માટે જે જે ઉપાયો કર્યા હતા તે સર્વ એક પછી એક તેમણે મને કહી સંભળાવ્યા. આ સર્વ ઘટનાઓ મર્મની જાળમાં ગુંથાયેલી છે અને એ મર્મજાળ ભેદવાને માટે મહારાજા સિવાય બીજું કોઇપણ માણસ સમર્થ નથી.હવે આપણે વીર સુરતાનસિંહનું જીવન શા

માટે નષ્ટ કરવામાં આવ્યું હતું તે જાણવાનો પ્રયાસ કરીશું, જેથી ઉપર્યુક્ત ઘટનાઓનો મર્મ પણ કાંઈક અંશે સમજાશે.

અભયસિંહે પોતાના પિતા અજિતસિંહનું જીવન નષ્ટ કર્યું હતું. આ મહાપાપથીજ મારવાડના અને તેની બહારના બે ત્રણ પુરુષોના સર્વસ્વનો નાશ થયો હતો. પાપીને ઉચિત દંડ આપવાને માટેજ જાણે જગદીશ્વરે મારવાડની શોચનીય દશા બનાવી દીધી હોય એમ લાગતું હતું. જે મહા તેજસ્વી વીર અજિતસિંહે મહાન વીરતાથી પાદશાહ ઔરંગઝેબના કરાલ ગ્રાસમાંથી પોતાના પૂર્વજોના રાજ્યનો ઉદ્ધાર કર્યો હતો તેમના જ્યેષ્ઠ પુત્ર અભયસિંહે રાજમુકુટ ધારણ કરવાને માટે પોતાના પિતાના સ્વર્ગારોહણની રાહ જોઈ નહિ; પરંતુ નરપિશાચની પેઠે અધૈર્યવશ થઇ પોતાના અપવિત્ર હાથથી પોતાના જન્મદાતાનો જીવનદીપ બુઝાવી નાખ્યો. એમ કહેવાય છે કે દિલ્હીના પાદશાહે અભયસિંહને ગુજરાતની સુબાગીરી આપવાની લાલચ બતાવી, તેને આ મહા પાતકના ઉંડા કૂપમાં નાખ્યો હતો. અભયસિંહના નાના ભાઈ ભક્તસિંહને રાજાની ઉપાધિસહિત નાગોર પ્રદેશ પ્રાપ્ત થયો. અભયસિંહે ઉક્ત પ્રદેશ પોતાના ભ્રાતાને સમર્પણ કર્યો; પરંતુ સમય બદલાતાં તેમનાજ ઉત્તરાધિકારીઓએ ભયાનક યુદ્ધાગ્નિ પ્રજ્વલિત કરી રેતાળ મરુભૂમિમાં લોહીની નદી વહેવરાવી હતી.રાજસ્થાનની સામંતપ્રણાલીનું આ વિષમય ફળ છે. આ પ્રણાલી એક પક્ષમાં જેવી ઉપકારક છે, તેવી બીજા પક્ષમાં અહિતાવહ છે.

આ પ્રકારના રાજકીય વિપ્લવના સમયમાં જેટલી વિપત્તિઓની સંભાવના હતી તે સર્વ વિપત્તિઓ રાજા માનસિંહને ભોગવવી પડી હતી. જે સમયે તેઓ ઝાલામંદમાં પોતાના રાજાના આક્રમણથી બચવાને માટે પ્રયાસ કરતા હતા, તે સમયે એક અણધારી ઘટનાથી તેઓ સંકટમાંથી ઉગર્યા; એટલુંજ નહિ પરંતુ રાજસિંહાસન પામ્યા. રાજા ભીમસિંહે સાક્ષાત્ નરપિશાચનું સ્વરૂપ ધારણ કરી મારવાડના રાજવંશની પ્રત્યેક શાખાના મનુષ્યોનો વધ કર્યો અને તે અવશિષ્ટ રહેલા માનસિંહને મારવાની પુષ્કળ ચેષ્ટા કરવા લાગ્યો. ભીમસિંહના આ પૈશાચિક અને અત્યંત દારુણ કાર્યથી મારવાડમાં પ્રબળ યુદ્ધાગ્નિ પ્રદીપ્ત થયો. આ વખતે માનસિંહની દુર્દશાની પરાકાષ્ઠા થઈ હતી.જે દિવસે તેઓ નિરુપાય બની પોતાનું જીવન તથા ઝાલોરપ્રદેશ પોતાના શત્રુના હાથમાં સમર્પણ કરવાને તૈયાર થયા તે દિવસે આ ઘોર વિપત્તિમાંથી તેઓ મુક્ત થયા. તેમણે મારી સાથે વાતચીત કરતાં મને જણાવ્યું હતું કે:—"રાઠોડ-જાતિના પ્રધાન ગુરુ—મારવાડના મુખ્ય ધર્માધ્યક્ષની કૃપાથીજ મારૂં રક્ષણ થયું હતું." ઉક્ત ગુરુવર્ય નાથજીના નામથી લોકોમાં વિખ્યાત હતા અને તેમનું મૂળ નામ દેવનાથ હતું. આ પૂજનીય તથા કૃપાળુ ગુરુએ નિઃસ્વાર્થભાવે માનસિંહના જીવનની રક્ષા કરી હતી. આ વાત સર્વ લોકો સ્વીકારે છે કે જો તેમણે માનસિંહના જીવનની રક્ષા ન કરી હોત તો ભીમસિંહનો મનોરથ સફળ થયા વિના રહેત નહિ. મારવાડના પાષાણહૃદય રાજા ભીમસિંહના હાથમાં જીવન સમર્પણ કરી ઘોર કષ્ટ ભોગવવાનો પ્રસંગ પ્રાપ્ત કરવાને બદલે જ્યારે માનસિંહ આત્મહત્યા કરવાને ઉદ્યત થયા,ત્યારે ઉક્ત ધર્માધ્યક્ષે તેમને જણાવ્યું કે:—"આપની જન્મપત્રિકામાં આત્મઘાતનો કોઇપણ યોગ નથી; માટે અંતે તમારોજ વિજય થશે." આ પ્રકારના ભવિષ્યવેત્તાઓ સાધારણ રીતે રાજાઓનું ભયંકર અનિષ્ટ કરે છે;કારણ કે તેઓ પોતાનાં વેણ સત્ય કરવાને માટે અનુચિત ઉપાયોનું અવલંબન કરતાં પણ ડરતા નથી. એમ કહેવાય છે કે ઉક્ત ધર્માધ્યક્ષે રાજા ભીમસિંહનું મૃત્યુ આણવાને માટે ઉપાસના કરી હતી અને તેમણે પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાને માટે વિષપ્રયોગ આવશ્યક માન્યો હતો. ઉક્ત ઉપાસના અને હલાહલ વિષદ્વારા મારવાડના રાજા ભીમસિંહનું મૃત્યુ થયું અને માનસિંહ સિંહાસનપર આરૂઢ થયા. દેવનાથે માનસિંહપર જે ઉપકાર કર્યો તે માટે તેમણે તેમને પરમ સન્માન અને પુષ્કળ ભૂમિ દાન કરી અને તેઓ અદ્યાપિ પોતાને દેવનાથનો ઋણી માને છે. ઉક્ત બ્રાહ્મણે જ્યારે પવિત્ર મંત્રનું ઉચ્ચારણ કરી રાજવેશ ધારણ કર્યો અને માનસિંહનું મંત્રીપદ સ્વીકાર્યું તે સમયે માનસિંહે પોતાના સિંહાસનને પણ પવિત્ર બનેલું માન્યું. ઉક્ત ધર્માધ્યક્ષે જ્યારે આશીર્વચનોસહિત માનસિંહના ગળામાં જયમાળા પહેરાવી તે સમયે રાજા હાથજોડીને તેમની સામા ઉભા રહ્યા હતા. તેમણે પોતાના આ ગુરુને રાજ્યના પ્રત્યેક ભાગમાં એટલી બધી ભૂમિ અર્પણ કરી છે કે તેઓ જે દેવાલયના મુખ્ય ધર્માધ્યક્ષ છે તેની ઉપજ મારવાડના શ્રેષ્ઠતમ સામંત કરતાં ઘણી અધિક છે અને તેની ઉપજ સમસ્ત મારવાડની ઉપજનો દશમો ભાગ છે. અનેક વર્ષોસુધી દેવનાથે માનસિંહને

પોતાની મુઠ્ઠીમાં રાખ્યા અને તેઓ જીવ્યા ત્યાંસુધી તેમણે રાજકોષમાંથી પુષ્કળ દ્રવ્ય લઇને ૮૪ મંદિરો તથા તેની સાથે એક એક ધર્મશાળા બંધાવી દીધી.ધર્મશાળાઓમાં તેમના શિષ્યો સુખ અને સ્વચ્છંદતાપૂર્વક નિવાસ કરે છે અને લોકોપાસેથી દ્રવ્ય કઢાવી પોતાનો નિર્વાહ કરે છે. ઇંગ્લાંડના વુલ્સીની પેઠે મરુભૂમિના આ દેવનાથ સદા પોતાની શક્તિનો એવો ઉપયોગ કરતા હતા કે હતબુદ્ધિ માનસિંહસિવાય સર્વ લોકો તેમના શત્રુ બની ગયા હતા. બીજા એક મંત્રીની સાથે દેવનાથને બાલ-મિત્રતા હતી અને તે ઉભય રાજાને હસ્તગત કરીને મારવાડનું શાસન સ્વચ્છંદતાપૂર્વક ચલાવતા હતા. ધર્મયાજકો જો પોતાની નિયત મર્યાદા મૂકીને કામ કરે તો ધર્મના નામને સહજ કલંગ લાગી જાય એમાં શો શક છે ? આ ગર્વિત યાજકદ્વારા મારવાડના ઉચ્છૃંખલપ્રકૃતિના સામંતો એટલા અપમાનિત, લુપ્તપ્રાય અને હતગૌરવ થયા હતા કે તેમણે નરહત્યાને અતિ સામાન્ય કાર્ય માન્યું હતું.

વિખ્યાત ઇતિહાસવેત્તા ગિબનેસાતમાસાટના પૉલના સંબંધમાં નિમ્નલિખિત જે વચનો ઉચ્ચાર્યાં હતાં તે મારવાડના દેવનાથના સંબંધમાં બરાબરરીતે લાગુ પડે છેઃ–"તેમના ધર્માધ્યક્ષપદની શક્તિ કેવળ અર્થસંગ્રહ અને લૂંટફાટ કરવાનાજ ઉપયોગમાં આવે છે. શ્રદ્ધાળુ શ્રીમંતલોકોની પાસેથી તેઓ બળપૂર્વક દ્રવ્ય કઢાવે છે અને તેઓ રાજ્યનું પુષ્કળ દ્રવ્ય પોતાના કામમાં વાપરે છે. તેમનું દિવાનખાનું અને તેમનું આસન,તેમનાં આડંબર અને ઐશ્વર્ય,જનસમાજ તરફથી નમ્રભાવે તેમને વારંવાર કરવામાં આવતી પ્રાર્થના અને તેમની પ્રવૃત્તિ,આ સર્વ ઉપરથી તેઓ એક ધર્માધ્યક્ષનેબદલે એક મોટા રાજકર્મચારી જેવા દેખાતા હતા." આખરે દેવનાથનો ગર્વ છિન્નભિન્ન થઈ ગયો. દેવનાથની સત્તા બહુ જામી ગઇ હતી અને તેમણે મારવાડનું પુષ્કળ દ્રવ્ય હસ્તગત કર્યું હતું. સર્વ સામંતોની પાસેના અનુચરોની જેટલી સંખ્યા હતી તેટલી સંખ્યા એકલા દેવનાથના અનુચરોની હતી. મારવાડેશ્વર જે રાજચિન્હધારી અંગરક્ષકોની સાથે બહાર નીકળતા હતા, તેજ માણસો કોઇ કોઈ વખત દેવનાથની સાથે જતા હતા. જે સમયે અભિમાની રાજપૂતો હાથ જોડી દેવનાથની સન્મુખ ખડા રહેતા હતા તે વખતે તેમને લાગતું હતું કેઃ– "અમે રાજાના પણ રાજાની સન્મુખ ઉભા છીએ. અમે એક અત્યાચારી અને મિથ્યાભિમાની ધર્માચાર્યની આગળ ઉભા રહ્યા છીએ. અમે એક એવા માણસની આગળ ઉભા છીએ કે જે ધર્મના બહાના-હેઠળ લોકોની પાસે પૈસા કઢાવે છે અને આત્મગૌરવ તથા સુખ અને વૈભવની વૃદ્ધિ કર્યે જાય છે." દેવનાથે રાજપૂતોને દબાવી દીધા હતા અને તેમની ઉપજ ઘટાડી દીધી હતી. આ વાત પણ રાજપૂતોના મનમાં પુષ્કળ સાલતી હતી. આથી અપમાનિત થયેલા સર્વ સામંતો શીઘ્ર દેવનાથપર વૈર લેવાને ઉદ્યત થયા. તેઓ બ્રાહ્મણના રક્તથી પોતાની તલવાર રંગવાને ખુશી નહોતા; પરંતુ ઇશ્વરે એક એવો સંયોગ આણ્યો કે જેથી તેમનો મહાન શત્રુ નાશ પામ્યો. દયાનું નામ પણ નહિ જાણનાર લોકોના નેતા અમીરખાંદ્વારા રાજપૂતોનો મનોરથ સિદ્ધ થયો. અમીરખાંના માણસે પોતાની તલવારથી દેવનાથનો અંત આણ્યો. એમ કહેવાય છે કે આ કાર્યમાં રાજા માનસિંહનો પણ ગુપ્ત રીતે હાથ હતો.જો કે તેમણે દેવનાથનો ધ્વંસ કરવાની આજ્ઞા કરી નહોતી કિંવા તે કાર્યમાં અનુમતિ પણ આપી નહોતી; તોપણ તેમણે તેમનો વધ થતો અટકાવવાની કિંચિત્ પણ ચેષ્ટા કરી નહોતી.

આ ભેદભરેલી વાર્તા માત્ર બેજ માણસો જાણે છે; એક રાજા માનસિંહ અને બીજો અમીરખાં.

આ અપૂર્વ વૈભવશાળી ધર્માધ્યક્ષનું મરણ થયા પછી મારવાડની દુર્દશાનો આરંભ થયો. કેવા દારુણ વિશ્વાસઘાતથી નિમાજના સામંત અને તેમના કુટુંબીઓને મારી નાખવામાં આવ્યા તથા રાજસ્થાનની પ્રફુલ્લિત કમલિની કૃષ્ણાકુમારીનું નવયૌવન કેવીરીતે કરમાઈ ગયું તેનું વર્ણન પાછળ કરવામાં આવ્યું છે. હું ઝાલામંદથી રાજધાની તરફ ગયો ત્યારે જે સુરતાનસિંહ મારો સત્કાર કરવાને સામા આવ્યા હતા તેમનાપર પાછળથી જે આક્રમણ કરવામાં આવ્યું હતું તેનું બીજારોપણ દેવનાથના વધપ્રસંગેજ થયું હતું.રાજાએ સુરતાનસિંહનું જીવન નષ્ટ કર્યું;એટલુંજ નહિ પરંતુ તેઓ હાલમાં પ્રથમ શ્રેણીના શક્તિશાળી સામંતોમાંથી કેટલાકનો વધ અને કેટલાકને હદપાર કરી રહ્યા છે. આ સર્વ ઘટનાઓનું વર્ણન કરવામાં આવતાં તે અત્યંત નીરસ જણાશે; પરંતુ અમે તેમાંની કેટલીક મુખ્ય વાતોનું વર્ણન કરવું આવશ્યક માનીએ છીએ. આથી પાઠકોને રાજા માનસિંહના ( કે જે હાલમાં બ્રિટિશ સરકારના મિત્ર છે ) ક્રૂરસ્વભાવનો પૂર્ણ પરિચય થશે.

સંવત ૧૮૬૦ ( ઈ૦ સ૦ ૧૮૦૪ ) ના માર્ગશીર્ષ માસના શુકલપક્ષની પંચમીને દિવસે માનસિંહ ઝાલોરથી જોધપુરમાં આવીને અભિષિકત થયા. રાજા માનસિંહની પૂર્વેના રાજા ભીમસિંહ એક ગર્ભવતી રાણી મૂકીને મરણ પામ્યા હતા. પોતાના પતિનો પરલોકવાસ થયા પછી તે ગર્ભવતી રાણીએ પોતાની ખરી સ્થિતિ ગુપ્ત રાખી. યથાસમયે તેને એક પુત્ર ઉત્પન્ન થયો. રાણીએ તે બાળકને એક છાબડીમાં મૂકીને પોકર્ણના સામંત સવાઇસિંહની પાસે મોકલી દીધો. ઉકત સામંતે બે વર્ષપર્યંત ઉક્ત બાળકને ગુપ્ત રાખ્યો. પછી તેણે આ વાત મારવાડના સર્વ સામંતોને જણાવી અને સર્વની સમ્મતિથી રાજાને પણ આ વાત જણાવીને કહ્યું કેઃ–"મારવાડની ગાદીનો ખરો વારસ આ બાળક ધોકલસિંહજ છે; માટે હાલમાં એના નિર્વાહને માટે નાગોર તથા તેના તાબાનો પ્રદેશ આપો." રાજા માનસિંહે પ્રત્યુત્તર આપ્યો કેઃ–"જો એની માતા એને ખરેખર ભીમસિંહનાજ વીર્યથી ઉત્પન્ન થયેલો સિદ્ધ કરશે તો હું આ માગણી સ્વીકારીશ;" પરંતુ રાણીએ તે બાળકને પુત્રતરિકે સ્વીકાર્યો નહિ. પ્રાણનાશના ભયથી રાણીએ આ પ્રમાણે કર્યું હતું કે આ સર્વ પોકર્ણના સામંતની કપટજાળ હતી, તે નિશ્ચયપૂર્વક કહી શકાય એમ નથી. મારવાડના સામંતો થોડાં વર્ષસુધી મૌન રહ્યા. જે પ્રકારે પ્રચંડ વાવાઝોડું થયા પૂર્વે પ્રકૃતિ સર્વથા શાંત જણાય છે, તે પ્રમાણે સામંતોની ચુપકીદી એક મોટા વિપ્લવની સૂચના કરતી હતી. શીઘ્ર પ્રચંડ ક્રાંતિથી મારવાડના સિંહાસનનું મૂળસુદ્ધાં કંપાયમાન થઈ ગયું. સ્થળે સ્થળે લૂંટારાઓ અને વિદેશી શત્રુઓ તોફાન મચાવવા લાગ્યા. રાજા પદભ્રષ્ટ થયા અને અંતે આ કાર્યનો નેતા પોતે સેનાસહિત નાશ પામ્યો. આ વિપ્લવથી રાજાનો સામંતો ઉપરનો સર્વ વિશ્વાસ ઉડી ગયો. પોકર્ણનો સામંત સવાઇસિંહ ધોકલસિંહને મારવાડના સિંહાસનપર અધિષ્ઠિત કરી શકયો નહિ. અંતે તેણે ધોકલસિંહના પ્રાણ બચાવવાને માટે તેને જયપુરના રાજ્યમાં આવેલા ખેતડી નામના સ્થાનમાં મોકલી દીધો. આ પ્રદેશ શીખકુલના એક સ્વતંત્ર રાજાના તાબામાં છે. થોડા સમય પછી મેવાડના રાણાની કુંવરી કૃષ્ણાકુમારીને માટે મારવાડના અધીશ્વર અને જયપુરના રાજાની વચ્ચે ભયાનક યુદ્ધ થયું. આને એક ઉત્તમ સંયોગ માની ધોકલસિંહને કાર્યક્ષેત્રમાં લાવવામાં આવ્યો. કૃષ્ણાકુમારીને માટે માનસિંહ તથા જયપુરપતિની વચ્ચે જે ભયંકર યુદ્ધ થયું હતું તેનું ફળ શું આવ્યું તે ઉપર જણાવવામાં આવ્યું છે. એવું અનુમાન કરી શકાય છે કે સવાઇસિંહના પ્રયાસથીજ ઉત્તર ભારતના સર્વ રાજાઓ રાજા માનસિંહની સાથે યુદ્ધ કરવાને તૈયાર થયા હતા. રાજા માનસિંહ જે સમયે પરમ રૂપવતી કૃષ્ણાકુમારીનું પાણિગ્રહણ કરવાની આશાથી યુદ્ધ કરતા હતા, તે સમયે મારવાડની પ્રજા તેમનાથી અસંતુષ્ટ બની ગઈ હતી. આ લાગ જોઈ ચતુર સવાઇસિંહે રાજા ભીમસિંહના પુત્ર ધોકલસિંહને રાજાતરિકે અભિષિક્ત કર્યો અને તેના નામનો ઢંઢેરો સમસ્ત મારવાડમાં પીટાવી દીધો. ઘણા રાજાઓ તથા સામંતોએ ધોકલસિંહનો પક્ષ ગ્રહણ કર્યો; ત્યારપછી કેવી કેવી દારુણ ઘટનાઓ બની અને કૃષ્ણાકુમારીનો જીવનદીપ કેવી રીતે બુઝાઇ ગયો તે સર્વનું વર્ણન પાછળ કરવામાં આવ્યું છે. આ વખતેજ પોકર્ણનો સામંત સવાઇસિંહ માર્યો ગયો અને તેના મરણ પછી થોડા દિવસમાં ધર્માચાર્ય દેવનાથ અમીરખાંના અનુચરદ્વારા શોચનીય રીતે માર્યા ગયા.

રાજા માનસિંહે પોતાના શત્રુઓની ઉપર સંપૂર્ણ વૈર લીધું. તેમણે પોતાની પ્રબળ માનસિક શક્તિ અને કેટલાક મિત્રોની સહાયથી પોતાના સર્વ શત્રુઓનો નાશ કર્યો અને પછી તેઓ વિક્ષિપ્તમનના પુરુષ બની ગયા. તેમને પ્રત્યેક સ્ત્રીપુરુષપર સંદેહ આવવા લાગ્યો. તેઓ માત્ર પોતાની રાણીના હાથથી તૈયાર થયેલું ભોજનજ ગ્રહણ કરતા હતા. બીજા કોઇપણ માણસના હાથની રસોઇ તેઓ જમતા નહોતા. ક્રમે ક્રમે તેમનો વિરાગ વૃદ્ધિંગત થવા લાગ્યો અને અંતે તેમણે રાજકાર્ય છોડી એકાંતવાસ સેવવા માંડયો. તેમની સત્ય વા કૃત્રિમ ઉન્મત્તતા દૂર કરવાને માટે જેટલા ઉપાયો કરવામાં આવ્યા તે સર્વ નિષ્ફળ થયા. તેઓ રાત્રિદિવસ કેવળ દેવનાથના મૃત્યુને માટે શોક પ્રદર્શિત કરવામાં અને દેવસ્તુતિ કરવામાં મચ્યા રહેતા હતો. જે સમયે રાજા માનસિંહના ચિત્તની આવી સ્થિતિ થઇ તે સમયે તેમને પોતાના પુત્રને રાજ્યભાર સમર્પણ કરવાની ભલામણ કરવામાં આવી. આ ભલામણ તેમણે સ્વીકારી અને પોતાના હાથવતી પોતાના પુત્રના કપાળપર રાજતિલક કર્યું. નવીન રાજા છત્રસિંહ વ્યવહારકુશળ નહોતો. તે જેવો વિવેકબુદ્ધિહીન હતો તેવોજ સ્ત્રીલંપટ હતો. તેને રાજ્યપ્રાપ્તિ થયા પછી તેણે અક્ષયચંદ નામના વણિકને

પોતાનો મંત્રી બનાવ્યો.

ઇ૦ સ૦ ૧૮૦૯ થી ઇ૦ સ૦૧૮૧૭ પર્યંત મારવાડની દશા અત્યંત શોચનીય રહી.આજ ઘટનાથી રાજસ્થાનનું ભાગ્ય અંગ્રેજોના હાથમાં આવ્યું. બ્રિટિશસરકારે છત્રસિંહની સાથે સંધિ કરવાને માટે એક દૂત મોકલ્યો;પરંતુ સંધિ થયા પૂર્વે જ છત્રસિંહ સ્વર્ગમાં સિધાવ્યો. તેના અકાળ મૃત્યુવિષે અનેક જનશ્રુતિ પ્રચલિત છે.કેટલાક લોકો જણાવે છે કે અતિશય સ્રીલંપટતાને લીધે તેનું શરીર ક્ષીણ થઇ ગયું અને અંતે તે અકાળમૃત્યુના પંજામાં સપડાયો. કેટલાક લોકો કહે છે કે તેણે એક રાજપૂતયુવતીનું સતીત્વ નષ્ટ કરવાની ચેષ્ટા કરી હતી, તેથી તે યુવતીના પિતાએ પોતાની તલવારથી તેના પ્રાણ લીધા હતા. છત્રસિંહનું મૃત્યુ અને રાજકીયપરિવર્તન થવાથી સામંતોએ એકાંતવાસી માનસિંહપ્રતિ દૃષ્ટિપાત કર્યો. મેં જે જે વાતો લોકોના મુખથી સાંભળી છે, તેમાંની અર્ધી વાતો પણ જો સત્ય હોય તો હું કહી શકું છું કે દેવનાથનો વધ થયા પછી છત્રસિંહના મૃત્યુપર્યંત માનસિંહ જે દશામાં રહ્યા તે તેમના પાપના પ્રાયશ્ચિત્તસ્વરૂપ હતી.જે સમયે દૂતે તેમને છત્રસિંહના મૃત્યુના સમાચાર સાથે રાજ્યરક્ષાને માટે તત્પર થવાને કહ્યું,તે સમયે તેઓ બેમાંની એક પણ વાત સમજી શકયા નહિ. દીર્ઘકાળપર્યંત ઉન્મત્તતા પ્રકટ કરવાને લીધે તેઓ વાસ્તવમાં ઉન્મત્તજ બની ગયા હતા;[1] પરંતુ આ વિરક્તિના સમયમાં તેમણે પોતાના જીવનની રક્ષા કરવાને માટે અધિક પ્રયત્ન કર્યો હતા.જે સામંતો છત્રસિંહને રાજ્યશાસન ચલાવવામાં સહાય કરતા હતા, તેમના અનુચરો માનસિંહની સેવાશુશ્રૂષા કરતા હતા. એમ કહેવાય છે કે આ સેવકોએ કેટલીકવાર માનસિંહની હત્યા કરવાને માટે તેમને વિષ આપ્યું હતું. તેમનો આ દુષ્ટ ઉદ્દેશ પાર પડયો નહિ તેથી તેઓ એમ માનવા લાગ્યા કે માનસિંહે દેવને સાધ્ય કર્યા છે અને દેવ તેમનું રક્ષણ કરે છે.વસ્તુતઃ માનસિંહની પાસે એક અતિ વિશ્વાસુ સેવક હતો અને તે પોતે માનસિંહના કેવળ ખાદ્યપદાર્થોની સંપૂર્ણ તપાસ કરીને તેમને ભોજન કરાવતો હતો.માનસિંહની આવી ભયંકર સ્થિતિમાં પણ તેણે પોતાના સ્વામીનો સંગ છોડયો નહોતો.

રાજા માનસિંહે ધીમે ધીમે પોતાની ઉન્મત્તતાનો પરિત્યાગ કર્યો.અંગ્રેજોની સાથે સંધિ થયા પછી તેમણે પોતાના શત્રુઓનું દમન કરવાને માટે ભારે સંગ્રામ કરવાનો નિશ્ચય કર્યો; કારણ કે તેમને લાગ્યું કે આ ઉપાય કર્યા વિના રાજ્યમાં શાંતિ સ્થાપિત થઈ શકશે નહિ. બ્રિટિશસરકારની સહાયથી રાજા માનસિંહે પોતાના સર્વ શત્રુઓને પદદલિત કરી નાખ્યા.

રાજા માનસિંહે પોતાનો ગુપ્ત ઉદ્દેશ સિદ્ધ કરવાને માટે બાહુબળસિવાય એક બીજા ઉપાયનું પણ અવલંબન કર્યું.તેમણે પોતાની સ્વાભાવિક ચતુરાઈથી બહારથી પોતાના શત્રુઓપર ઘણી દયા દર્શાવી. આથી સર્વ સામંતો તેમનો વિશ્વાસ કરવા લાગ્યા અને મનમાં બોલવા લાગ્યા કેઃ—“મહારાજા હવે અમારા પાછલા સર્વ અપરાધો ભૂલી ગયા છે અને અમારો વિશ્વાસ કરે છે.” આવી માન્યતાથી તેઓ સર્વ અસાવધાન રહેવા લાગ્યા. સામંતો દરબારમાં પોતાની પ્રભુતા વધારતા જતા હતા.મહારાજા પોતે જાણે તેમની હિલચાલપ્રત્યે કિંચિત્ પણ લક્ષ્ય નહિ આપતા હોય, એવો બાહ્ય દેખાવ કરવા લાગ્યા. આ વખતે સેનાપતિ પોકર્ણરાજ તથા મુખ્યમંત્રી અક્ષયચંદને સત્તાહીન કરવાને માટે યોધરાજ પ્રયત્ન કરી રહ્યો હતો.તેમની વચ્ચે કલહ ઉત્પન્ન થયેલો જોઇ મહારાજા મનમાં અતીવ પ્રસન્ન થયા; પરંતુ બહારથી ઉદાસીનતા બતાવવા લાગ્યા. તેમણે પોતાના મનમાં જરા કલ્પના પણ કરી નહોતી કે મહારાજા અમારો નાશ કરવાને માટેજ આવો બાહ્ય દેખાવ કરે છે.જેટલા દિવસ સુધી મારવાડનું રાજ્ય છત્રસિંહના અધિકારમાં રહ્યું તેટલા દિવસ સુધી અક્ષયચંદે મુખ્યમંત્રીનું પદ ભોગવ્યું હતું.મારવાડનો આર્થિક અને રાજકીય ઇતિહાસ સર્વ તેને વિદિત હતો.આથી રાજા માનસિંહે સહસા તેનો વધ કર્યો નહિ;પરંતુ તેઓ તેની સર્વ સંપત્તિ હસ્તગત કરવાની અને પોતાની ગેરહાજરીદરમ્યાન ચાલેલાં સર્વ રાજકીયકામોનું જ્ઞાન મેળવી લેવાની ચેષ્ટા કરવા લાગ્યા. માનસિંહે વિચાર કર્યો કે કેવલ એના પ્રાણનો નાશ કરીશું તો તેથી આ કાર્યો સિદ્ધ થશે નહિ. ચતુર અક્ષયચંદ પણ પોતાની દશા સારીપેઠે જાણી ગયો હતો. અંગ્રેજોની સાથે રાજાને મિત્રતા થઇ તેથી તે ડરવા લાગ્યો.તે રાજાની આગળ અંગ્રેજોની નિંદા

[1] ક્ષૌર નહિ કરાવવાને લીધે તેમની દાઢી મૂછ તથા મસ્તકના કેશ ઘણા વધી ગયા હતા, અને તેથી તેમનો દેખાવ ઉન્મત્ત પુરુષના જેવોજ લાગતો હતો.

કરીને તેમની મિત્રતા તોડી નાખવાનો પ્રયાસ કરવા લાગ્યો. રાજા પણ બહારથી તેની વાતને અનુમોદન આપવા લાગ્યા. રાજાએ ચતુરાઈથી મુખ્યમંત્રી તથા તેના સાથીઓને પોતાના હાથમાં લઇ લીધા.

જે સમયે આ ગુપ્ત પ્રપંચ રચાતો હતો તે સમયેજ હું રાજસભામાં ગયો હતો. મેં રાજા માનસિંહને મ્લાન મુખયુક્ત, ઉંડી ચિંતામાં નિમગ્ન અને પ્રત્યેક કાર્ય સવધાનતાપૂર્વક કરતા જોયા. તેમની ચારે તરફ અક્ષયચંદના પક્ષના માણસો એકઠા થયા હતા. અક્ષયચંદ જો કે પોતાના પ્રતિદ્વંદીઓને બંદીવાન બનાવવાને સમર્થ થયો નહોતો, તથાપિ તેણે પોતાના શત્રુઓની વિરુદ્ધ રાજાને ઉશ્કેરી મૂકવામાં લેશ પણ ત્રુટિ કરી નહોતી;પરંતુ તેનું જીવન નષ્ટ કરવાને માટે જે ગુપ્તજાળ ફેલાવવામાં આવતી હતી,તેમાં તેની ચતુરાઇ,છળ, કપટ,ધૂર્તતા અને પ્રપંચ આદિ સર્વ ગુણો નકામા થઇ પડયા.તે ગુણોએજ તેને તે જાળમાં મજબૂત રીતે જકડી લીધો.રાજા માનસિંહે પ્રથમ અક્ષયચંદદ્વારા સામંતોનો નાશ કરવાનું કાર્ય સમાપ્ત કરી લીધું આ હત્યાકાંડના નાટકના પ્રથમ પ્રવેશમાં સુરતાનસિંહનો વધ થયો.ત્યાર પછી બીજા અનેક સામંતો આજ પ્રકારે માર્યાં ગયા. પછી રાજા માનસિંહે મંત્રીવર અક્ષયચંદ તથા તેના સાથીઓને પદચ્યુત કરીને કારાગૃહમાં મોકલ્યા.તેણે અક્ષયચંદને પ્રાણરક્ષાની આશા આપી તેને ઠગ્યો. અક્ષયચંદે પોતાની ચાળીસ લાખ રૂપિયાની સૂચી રાજાના હાથમાં સોંપી દીધી.રાજાએ આ સર્વ સંપત્તિ હસ્તગત કરી અને અંતે અક્ષયચંદનો પણ વધ કર્યો. દુર્ગાધ્યક્ષ નાગજી અને મલ્લજી ધોંધલ નામના બે માણસો રાજાના મૃતપુત્રનાપરમ પ્રેમપાત્ર અને સલાહકાર હતા.રાજાએ જ્યારે દેશનિકાલ થયેલા અપરાધીઓને ક્ષમા આપવાનો ઢંઢેરો પીટાવ્યો ત્યારે એ ઉભય માણસો પુનઃ મારવાડમાં આવ્યા અને પોતાને સુરક્ષિત સમજી શાંતિપૂર્વક રહેવા લાગ્યા. છત્રસિંહના શાસનકાળમાં તેમણે રાજકોષમાંથી જેટલું દ્રવ્ય સંચિત કરી લીધું હતું,તે સર્વ રાજા માનસિંહે ખુંચવી લીધું અને તેમને વિષ દઈ મારી નાખ્યા. તેમનાં શબને કોટપરથી બહાર ફેંકી દીધાં. રાજા માનસિંહે આટઆટલી હત્યાઓ કરી,તે છતાં પણ તેમની પૈશાચિકવૃત્તિ શાંત થઇ નહિ.તે ઉલટી પ્રબલ થવા લાગી.તેમનો નવીન મંત્રી ફતેહરાજ,અક્ષયચંદનો તથા સમસ્ત ચાંપાવતકુલનો પ્રબળ શત્રુ હતો;કારણ કે તેને એવો સંદેહ હતો કેઃ-"આ લોકોજ ધર્માચાર્ય દેવનાથના વધની સાથે મારા બંધુના વધના પણ કારણ હતા." ફતેહરાજે રાજા માનસિંહનાં આ દારુણ હિંસાનાં કાર્યોમાં સંપૂર્ણ સહાય કરી હતી. રાજા માનસિંહ પ્રતિદિન કોઇનો વધ અને કોઇને બંદીવાન કરતા હતા અને કોઇની સંપત્તિ લૂંટી લેતા હતા.એમ કહેવાય છે કે રાજા માનસિંહે પ્રજાની સંપત્તિ આ પ્રકારે લૂંટીને પોતાના કોષમાં એક કરોડ રૂપિયાનો વધારો કર્યો હતો.

બ્રિટિશસરકારની સાથે રાજા માનસિંહને મિત્રતા થઈ ત્યારપછી અઢાર માસ પછી અને તેની રાજસભામાં મારા ગમન પછી છ માસ પછી આ સર્વ શોચનીય હત્યાઓ કરવામાં આવી હતી. રાજપૂતાનાના રાજાલોકોની સાથે તટસ્થ વૃત્તિથી કામ લેવાની અમારી રાજનીતિવિષે અમે આગળ સૂચના કરી ગયા છીએ. રક્તપિપાસુ ભીષણ અત્યાચારી રાજાઓ વણિકલોકોની સંપત્તિ લૂંટી લે અને પ્રતિષ્ઠિત તથા નિર્દોષ સામંતોને પોતાની ઇચ્છાનુસાર દેશપાર કરે એ દશ્ય કોણ જોઈ શકે વારૂ? પરંતુ " તમારા અંતઃશાસનમાં અમે હસ્તક્ષેપ કરીશું નહિ " એ શરતે મારા હાથપગ બાંધી દીધા હતા. રાજા માનસિંહે જેટલા આપ્તો અને સામંતોનો સંહાર કર્યો હતો, તેટલા રાજવંશીઓ તથા સરદારોનો વધ કોઇ પણ રાજાએ કર્યો હોય એમ મારવાડના ઇતિહાસપરથી પ્રતીત થતું નથી.

ભવિષ્યનો પડદો ઉંચકી લીધેલો હોવાથી મારા પાઠકો રાજા માનસિંહના દોષો ભૂલી જશે અને તેમને એક ગંભીર, નમ્ર અને પૂર્ણશિક્ષિત રાજા ગણશે. હું સારી રીતે સમજું છું કે માનસિંહે વિચારપૂર્વકજ સંહારકસ્વરૂપ ધારણ કર્યું હતું. ગમે તેમ હો, પરંતુ એ વિષે સંપૂર્ણ વિવેચન કરવાને માટે અધિક સહાયની આવશ્યકતા છે. રાજા માનસિંહ પૂર્ણ શિક્ષિત હતા. તેઓ ફારસી અને પોતાના દેશની ભાષા ઉત્તમ પ્રકારે જાણતા હતા. તેમણે પોતાના વંશના કાવ્યમાં લખેલા છ ઐતિહાસિક ગ્રંથો મને ઉપહારતરિકે આપ્યા હતા. આમાંથી બે ગ્રંથોનો અનુવાદ મેં કર્યો છે આ બે ગ્રંથોમાં સાત હજાર કાવ્યો છે. પ્રત્યુપહારરૂપે મેં તેમને ભારતવર્ષનો મુસલમાનોના સમયનો એક વિરાટ ઐતિહાસિક ગ્રંથ તથા " ખોલાસાત-ઉલ-તવારીખ " નામનો ભારતવર્ષનો સંક્ષિપ્ત ઈતિહાસ આપ્યો. મુલાકાતપ્રસંગે મહારાજાને મેં જેવા પંડિત અને સજ્જન માન્યા હતા,

તેથી વિપરિત સ્વરૂપનાજ પરિણામે તેઓ પ્રતીત થયા. મહારાજાની સાથે મારે વાતચીત થઈ ત્યારે રાજ્યની શાસનપદ્ધતિ તથા રાજપૂતોનાં કર્તવ્ય વિષે તેઓ જે બોલ્યા હતા તે સાભળી મને પરમાનંદ પ્રાપ્ત થયો હતો. મહારાજા મને કેવળ એક અનુચરની સાથે પોતાના મહાલયના અનેક ઓરડામાં લઇ ગયા હતા અને ત્યાંથી મેં અતિ વિસ્તૃત મરુભૂમિ તરફ દૃષ્ટિ ફેંકી હતી. નિકટ આવેલા નાના નાના ઉચ્ચ ભૂભાગો મારી દૃષ્ટિને રોકતા હતા. તેથી મારાથી દૂરસુધી જોઈ શકાતું નહોતું. અતિ વિસ્તૃત મેદાનમાં કેવળ એકાદ બે લીમડાનાં વૃક્ષો સિવાય કોઇ પણ વૃક્ષ દૃષ્ટિગોચર થતું નહોતું. કેટલાક કલાકસુધી વાતચીત કર્યા પછી હું મારા શિબિરમાં પાછો ચાલ્યો આવ્યો. અહીંઆં આવીને મેં જોયું તો મારા મિત્ર કૅપ્ટન વાઘ અને મેજર ગફ કેટલાક રોહીલા શ્વાનોની સહાયથી એક મૃગનો શિકાર કરી લાવેલા મને જણાયા.

૧૮ મી નવેમ્બર મરુભૂમિની "પંચરંગી" રાજપતાકા યવનશાસન સમીપ ઝુકી તે પહેલાં આ દેશની રાજધાની મંદોર હતી. મંદોરના વિધ્વસ્ત સ્તૂપો આગળ પરિભ્રમણ કરીને તેનો ઈતિહાસ જાણવાની અભિલાષાથી આજે પ્રાતઃકાળમાં તે નગર તરફ મેં પ્રયાણ કર્યું. રાજાએ મોકલેલા અનુ-ચરોની સાથે હું ચાલવા લાગ્યો. અભીષ્ટ સ્થાનપર પહોંચતાં એક કલાક કરતાં કાંઈ અધિક સમય લાગ્યો. જો કે આ સ્થાન અઢી કોશથી અધિક દૂર નહોતું, પણ અમે અતિ મંદ ગતિથી ચાલ્યા હતા. રાજધાનીથી તે નગર તરફ જે માર્ગ ગયો છે, તે માર્ગે થઇને જવાને માટે હું સુજાત નામનો દ્વારમાંથી બહાર નીકળ્યો. થોડે દૂર ગયા પછી 'મહા મંદિર' મારા જોવામાં આવ્યું. રાજા માનસિંહે ધ્વંસપ્રાય ઝાલોરમાંથી આવીને પોતાને ખર્ચે આ વિશાળ મંદિર બંધાવ્યું હતું. દોઢ કોશના અંતરપરથી પૂર્વતરફ આ માર્ગ નીચો અને નીચો થતો ગયો છે. હું આ માર્ગે થઇને પશ્ચિમ તરફના માર્ગમાં ગયો અને તેદ્વારા મારવાડના રાજવંશના પ્રાચીન કીર્તિસ્થાનમાં ગયો. આ માર્ગ અતિ સાંકડો છે; ચારે તરફ અતિ ઉચ્ચ શિખરો આવી રહ્યાં છે અને સંન્યા-સીઓને રહેવા યોગ્ય સેંકડો ગુફાઓ પર્વતમાં આવેલી છે. પુરીહરલોકોની પ્રાચીન રાજધાની આ સ્થળમાં આવેલાં છે. આ રાજધાનીના ધ્વંસાવશેષ અદ્યાપિ વિદ્યમાન છે. આ રાજધાનીમાં શત્રુઓને પ્રવેશ કરતા અટકાવવાને માટે તેની ચારે તરફ કોટ બંધાવેલો હતો. આ સ્થાનમાં થઇને નિર્મળ અને સુંદર જલવાળી નદી નૃત્ય કરતી ચાલી જાય છે. થોડે દૂર ગયા પછી ક્રમશઃ પહોળો માર્ગ આવતો જાય છે. એક બસેં ઘરની વસ્તીવાળા ગામનું અતિક્રમણ કરીને અમે આગળ ગયા એટલે એક ઉચ્ચ સ્થાનપર બાંધવામાં આવેલાં મંદિરોએ અમારી દૃષ્ટિ આકર્ષિત કરી. આ સર્વ રાઠોડરાજા-ઓનાં સમાધિમંદિરો છે. મરુભૂમિના ચિરસ્મરણીય અધીશ્વરોનાં શબ તેમની રાણીઓ સહિત જે સ્થાનપર ભસ્મીભૂત કરવામાં આવ્યાં હતાં, તે સ્થાનપર તેમનાં સ્મારકતરીકે આ મંદિર બંધાવવામાં આવ્યાં છે. આ મંદિરોની દક્ષિણદિશામાં થઇને ઉક્ત ક્ષુદ્ર નદી મંદગતિથી ચાલી જાય છે. આ મંદિરોની શ્રેણીમાં સૌથી પ્રથમ સુવિખ્યાત રાવ માલદેવનું સમાધિમંદિર છે. આ મંદિરમાં તેમની પ્રતાપી તથા ગૌરવશાલી મૂર્તિ સ્થાપિત છે. જે શેરશાહે પરમ પરાક્રમપૂર્વક મોગલસમ્રાટ હુમાયુપર આક્રમણ કરી તેના હાથમાંથી ભારતનું સિંહાસન ખુંચવી લીધું હતું, તે શેરશાહની વિરુદ્ધ, આ માલદેવે પરમ તેજસ્વિતાપૂર્વક ખડ્ગ ધારણ કર્યું હતું. સૌથી છેલ્લું રાજા અજિતસિંહનું સમાધિમંદિર છે, અને વચમાં સૂરસિંહ, ઉદયસિંહ ગજ-સિંહ તથા જસવંતસિંહનાં સ્મારકમંદિરો દૃષ્ટિગોચર થાય છે. રાઠોડઇતિહાસનાં મૂળ સ્વરૂપ આ સ્મારક-મંદિરોએ મારવાડની ગૌરવગરિમાનો સમય નિર્ધારિત કરી દીધો છે. આ ગૌરવગરિમાનો માલદેવના રાજ્યારોહણથી પ્રારંભ થયો અને અજિતસિંહના પુત્રોની સાથે તેનો અંત આવ્યો. માલદેવનું સ્મારકમંદિર અતિ સાદું અને સાધારણ છે, તોપણ તેણે ચંડ તથા જોધાજીનાં સ્મારકમંદિરોને પોતાની છાયામાં ઢાંકી દીધાં છે. આ મંદિરની સાથે રાજા અજિતસિંહનાં સ્મારકમંદિરની તુલના કરવાથી પ્રતીત થાય છે કે મરુભૂમમાં બાહ્યસૌંદર્ય અને કલાકૌશલ્યની ક્રમશઃ ઉન્નતિ થઇ છે. જે માલદેવ અપૂર્વ સાહસસહિત અફઘાનસમ્રાટની વિરુદ્ધ ખડ્ગ ધારણ કરવાને પ્રવૃત્ત થયા હતા (અફઘાનસમ્રાટે કહ્યું હતું કે, "એક મુઠીભર જવને માટે હું ભારતનું સિંહાસન ખોઇ દેવાની અણીપર આવ્યો હતો" તે પરથી જણાય છે કે તે સમયમાં રાઠોડલોકો અતિ દરિદ્ર પરંતુ મહાવીર હતા.) તેમના સમયથી લઇને અજિતસિંહના

શાસનસમયસુધીમાં આ સ્મારકમંદિરોની આકૃતિ ઉચ્ચ પ્રકારની અને સુંદર કરવામાં આવી છે. રાજા ગજસિંહના સ્મારકમંદિરની સાથે તેમના ઉત્તરાધિકારીના સ્મારકમંદિરની તુલના કરતાં આગલું મંદિર સાદું અને સાધારણ જણાય છે. આ સર્વ મંદિરો લાલ રંગના નાના નાના પાષાણોનાં બનાવવામાં આવ્યાં છે. આ જાતના પાષણ એટલા મૃદુ હોય છે કે તે પર કોતરકામ કરતાં કારીગરોને ઝાઝો શ્રમ પહોંચતો નથી: આ મંદિરોની બાંધણી જૈન અને બૌધ મંદિરોના જેવી છે. તેમાંનો અધિક ભાગ–ખાસ કરીને સ્તંભો જૈન શિલ્પકાર્યનું અનુકરણ કરીને કમલમેરના સ્તંભોના જેવા બનાવવામાં આવ્યા છે. રાજા જસવંતસિંહ અને અજિતસિંહનાં સ્મારકમંદિરોના નકશા તૈયાર કરાવીને હું તે નકશાઓને યૂરોપમાં લાવ્યો છું. આ મંદિરોનાં કોતરકામમાં પુષ્કળ દ્રવ્યનો વ્યય થયો છે. સ્વચ્છ અને ઉચ્ચ પાષાણસ્તૂપોની ઉપર આ મંદિરો સ્થાપિત છે. જસવંતસિંહનું મંદિર કેટલેક અંશે વિશેષ દઢ છે; પરંતુ આકૃતિ અને માપમાં તે બરાબર અજિતસિંહના સ્મારકમંદિરની સમાન છે.

મંદિરની સન્મુખના આંગણામાં થઇને રમણીયસ્તંભોથી શોભિત એવાં પ્રવેશદ્વારોથી અંદરના પ્રધાન મંદિરમાં જવાય છે. એ શિવાલયના જેવું ચોખંડું અને શિખર તથા કલશયુક્ત છે. તેની બાંધણી, કોતરકામ અને શિલ્પકાર્ય પ્રશંસનીય છે, તેમાં જે અનેક સ્તંભો છે તે અત્યંત શોભાયમાન અને મનોહર છે. આ સ્મારકમંદિર ઇજીપ્તનાં પ્રાચીન મંદિરસમાન દેખાય છે. આ સ્મારકમંદિર મારવાડના જે રાજાઓનું સ્મરણ કરાવે છે, તેમનાં ચરિત્રોનો અભ્યાસ કરવાથી પ્રતીત થાય છે કે મારવાડના રાજવંશમાં જેવા મહાવીરો ઉત્પન્ન થયા છે તેવા વીરપુરુષો જગતના ઇતર કોઇપણ દેશમાં જન્મ્યા નથી. આ રાજાઓની નામાવલીની સાથે મેવાડના સુપ્રતિષ્ઠિત રાણાઓ તથા તૈમુરવંશના સુપ્રસિદ્ધ પાદશાહોની નામાવલી સંયુક્ત કરીને અમે યૂરોપવાસીઓને પૂછવાની ધૃષ્ટતા કરીએ છીએ કે યૂરોપમાં કોઇ સમયે એકજ કાળમાં આવા મહાવીર સુશાસનકર્તાઓ તથા વિદ્વાનો ઉત્પન્ન થયા હતા ?

| મેવાડ | મારવાડ | દિલ્લી |
|---|---|---|
| રાણા સંગ | રાવ માલદેવ | બાબર અને શેરશાહ |
| ,, | રાવ સુરસિંહ | હૂમાયુ |
| રાણા પ્રતાપસિંહ | રાજા ઉદયસિંહ | અકબર |
| રાણા અમરસિંહ (પ્રથમ)<br>રાણા કર્ણસિંહ | રાજા ગજસિંહ | જહાંગીર<br>અને<br>શાહજહાં |
| રાણા રાજસિંહ | રાજા જસવંતસિંહ | ઔરંગઝેબ |
| રાણા જયસિંહ<br>રાણા અમરસિંહ (દ્વિતીય) | રાજા અજીતસિંહ | ફરૂંખશિયર પછીના દિલ્લીના સિંહાસનના સર્વ અભિલાષીઓ |

અકબરના મિત્ર તથા મારવાડમાં પ્રથમ રાજાની ઉપાધિ ધારણ કરનાર (એમના પૂર્વે મારવાડના અધીશ્વરો રાવની ઉપાધિથી યુક્ત હતા.) ઉદયસિંહથી આરંભ કરીને ઔરંગઝેબના પ્રબળ હરિફ જસવંતસિંહ તથા તેના પ્રબળ શત્રુ અજિતસિંહ (એમણે પોતાના બાહુબળથી મોગલોના હાથમાંથી પોતાના રાજ્યનો ઉદ્ધાર કર્યો હતો) આદિ સર્વ રાજાઓ મહાવીર અને મહાન સ્વદેશભક્ત હતા.

મને જે ગૃહસ્થ આ મંદિરો દર્શાવતા હતા, તેમને મેં પૂછ્યું કે:–"અજિતસિંહના સાહસિક ઉત્તરાધિકારીઓ કે જેમણે તેમનું આ સ્મારકમંદિર બંધાવ્યું છે અને જેમણે પોતાના રાજ્યનો વિસ્તાર વધાર્યો છે, તેમનાં સ્મારકમંદિરો ક્યાં છે ?" તેમણે નાનાં નાનાં સ્મારકમંદિરો તરફ અંગુલિનિર્દેશ કરીને જણાવ્યું કે:–"આ મંદિરો તેમનાં સ્મારકચિન્હો છે." અતિ ઉચ્ચ, વિશાળ અને મનોરમ મંદિરોને બદલે તે મંદિરો અતિ નાનાં તથા ક્ષુદ્ર હતાં, તેનું શું કારણ હશે? આવી મોટી અધોગતિ થવાનું શું કારણ હશે ? તે ઉભય મંદિરો અતિ તીવ્ર અને પ્રબલ ભાષામાં મારવાડના રાજવંશની અધોગતિ પ્રદર્શિત કરે છે. અભયસિંહે પોતાના જન્મદાતાના પ્રાણનો સંહાર કર્યો હતો. જો કે તે પોતાના જીવનના અંતિમ ભાગમાં સન્માન પ્રાપ્ત કરી શકયો હતો તથા તેણે માર-

વાડના રાજ્યનો વિસ્તાર બમણો કર્યો હતો, તથાપિ તેના પુત્રની સાથે તેના ભ્રાતા વખ્તસિંહને ઝઘડો થવાથી મારવાડને અત્યંત કષ્ટ સહન કરવું પડયું હતું. ઉક્ત પિતૃહન્તા ભ્રાતાઓનાં સ્મારકમંદિરોનાં જેવુંજ સ્મારકમંદિર પોતાના જીવનના અંતિમભાગપર્યંત અસીમ અને અવિશ્રાંત વીરતા દર્શાવનાર વિજયસિંહનું પણ છે. મેં આશ્ચર્યચકિત થઇને ઉક્ત દર્શકને જણાવ્યું કેઃ-"જે દેશ પોતાના મહાવીર અને પરમ શ્રેષ્ઠ સ્વામીની ભસ્મ મનોહર સ્મારકમંદિરમાં સુરક્ષિત રાખી જાણતો નથી,તે દેશને ધિક્કાર છે." વિજયસિંહના ત્રણ પુત્રો ( એમાંના જ્યેષ્ઠ પુત્ર જાલિમસિંહવિષે આગળ વર્ણન આવી ગયું છે) નાં સ્મારકમંદિરો તેમનાં મંદિરની પાસેજ છે. તેનાથી થોડે દૂર રાજા ભીમસિંહ તથા તેમના જ્યેષ્ઠ બંધુ ગુમાનસિંહ ( એઓ સગીર વયમાં મરણ પામ્યા હતા )-નાં મંદિરો છે.

આ શ્રેણીના નાકાપર છત્રસિંહનું સ્મારકમંદિર વિદ્યમાન છે. મેં તેને જોઇ અનાદરપૂર્વક દર્શકને કહ્યું કેઃ-"છત્રસિંહના કરતાં શ્રેષ્ઠ એવા અનેક રાજાઓનાં સ્મારકમંદિરો નહિ બંધાવ્યાં અને એનું મંદિર કયા મૂર્ખ માણસે બંધાવ્યું છે ?" તેણે પ્રત્યુત્તર આપ્યો કેઃ-"માતાનો પ્રેમજ આ સ્મારકમંદિરનું મૂળ કારણ છે."

પ્રત્યેક માસની અમાવાસ્યા અને સંક્રાંતિની તિથિ પિતૃઓની પવિત્ર તિથિ ગણાય છે.

મારવાડમાં એવી રીતિ પ્રચલિત છે કે ઉક્ત ઉભય તિથિપર રાજાઓ આ સ્મારકમંદિરોની નિકટ જાય છે અને જલસિંચન કરે છે. હું જે હકિકત પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આ સ્થાનપર આવ્યો હતો,તેમાંનો ઘણો ભાગ મૂર્ખ દર્શક મારી સાથે હોવાને લીધે મારાથી અજ્ઞાતજ રહ્યો. જો મેં રાઠોડજાતિના ઇતિહાસનો પ્રથમથી સારો અભ્યાસ કર્યો ન હોત તો હું આ સમાધિક્ષેત્રમાં આવીને કાંઇ પણ હકિકત પ્રાપ્ત કરી શકયો ન હોત. ઉક્ત દર્શકે મને એક ઘણી મૂલ્યવાન વાત કહી. રાજા અજિતસિંહના શબની સાથે ૬૪ રાણીઓ સતી થઇ હતી; પરંતુ બૂંદીના રાજા બુધસિંહ જે સમયે જળમાં ડૂબીને મરણ પામ્યા હતા, તે સમયે તેમની ૮૪ રાણીઓ બળીને ભસ્મીભૂત થઇ હતી. રાઠોડલોકોનાં સ્મારકમંદિરો કરતાં હાડા લોકોનાં સ્મારકમંદિરો ઉત્તમ છે અને તે પોતાના મૂળ ઉદ્દેશ ઘણી સારી રીતે પાર પાડે છે. હાડા લોકોનાં સ્મારકમંદિરોમાં પ્રત્યેક સતીની પાષાણની બનેલી મૂર્તિ નાની નાની વેદીઓ ઉપર સ્થાપન કરવામાં આવેલી છે. બુધસિંહ અજિતસિંહના સમકાલીન અને ઔરંગઝેબના પરમ સાહસિક સેનાપતિ હતા. તેમના જીવનને પ્રાયઃ એકસોવીસ વર્ષ વ્યતીત થઈ ગયાં છે તે નિમ્નલિખિત ઉદાહરણપરથી સ્પષ્ટ રીતે સમજાશે. ઇ૦ સ૦ ૧૮૨૧ માં જ્યારે બુધસિંહના વંશજ મારા પ્રિય મિત્ર રાજા વિષ્ણુસિંહે પ્રાણ છોડયા, ત્યારે તેમણે આજ્ઞા કરી હતી કે "અમારા કુલની કોઇ પણ સ્ત્રીએ પતિભક્તિ અને પ્રતિપ્રેમ પ્રદર્શિત કરવાને માટે ચિતામાં ભસ્મીભૂત થવું નહિ." તેઓ મને પોતાના બાળકપુત્રના રક્ષકતરિકે નિયુક્ત કરી ગયા છે. તેમના મરણ પછી થોડા દિવસમાં હું બૂંદીમાં ગયો અને તેમની આજ્ઞાનું મેં ઉત્તમ પ્રકારે પરિપાલન કર્યું.હવે દુર્ગની નીચેનાં સ્મારકચિન્હોવિષે અમે ઉલ્લેખ કરીશું. અહીંઆં ચંડનું સ્મારકમંદિર વિરાજમાન છે. આ ચંડે પુરિહરલોકોના હાથમાંથી મંદોર જીતી લીધું હતું. તે સિવાય ત્યાં રાવ રણમલ તથા રાવગાંગાનાં સ્મારકમંદિરો પણ વિદ્યમાન છે. ઉક્ત ત્રણ મહાવીરોનાં મંદિરો જે સ્થળે આવેલાં છે ત્યાંથી બસેં હાથના અંતરપર એક સ્વતંત્ર સ્થાન છે. જે રાણીઓ સ્વાભાવિક મૃત્યુ પામી હતી તેમનાં સ્મારકમંદિરો આ સ્થાનમાં છે. પ્રિય પાઠક ! હવે આપણે રાઠોડલોકોનાં સમાધિક્ષેત્રને મૂકી પુરિહરલોકોની રાજધાની જોવાને આગળ જઇશું.

જેમણે પ્રાચીન કાર્ટોના,વલટેરા તથા અન્યાન્ય નગરો જોયાં છે, તેઓ મંદોરના કોટની બાંધણીની કલ્પના સહજ કરી શકશે; કારણ કે આ કોટ બરાબર ઉક્ત નગરોના કોટ જેવોજ વિરાટકાય છે. હિંદુસ્તાન અને યૂરોપની પ્રાચીન જાતિઓએ એકજ પ્રકારે યંત્રશાસ્ત્રની અજ્ઞાનતાને લીધે એકની ઉપર એક પ્રચંડ સ્તૂપો ગોઠવ્યા છે એ એક વિચિત્ર ઘટના છે. (આ જાતિઓનું પાલી નામ સાલાડી અથવા ફેટોનો પર્યાય શબ્દ છે.) પ્રાચીનકાળમાં પ્રચંડ કાયના રાક્ષસો હતા એમ ભવિષ્યની પ્રજા ધારે એટલા

માટે તેઓ આવા પ્રચંડ સ્તૂપો નિર્માણ કરી ગયા છે. સમસ્ત રાજપૂતાના અને સૌરાષ્ટ્રસહિત ભારતવર્ષના આ પશ્ચિમતરફના ભાગમાં રાજપૂતરાજાઓ પોતાની કીર્તિ અમર કરવાને માટે જે કીર્તિસ્તંભો તથા સ્મારકમંદિરો નિર્માણ કરી ગયા છે, તે સર્વે તેનાં પ્રતાપ, પ્રભુતા અને અતિ પ્રચંડ શક્તિનાં પરિચાયક છે. પ્રાચીન ભારતના છત્રીસ રાજવંશોમાં "રાજપાલી" વંશ પણ એક મુખ્ય વંશ છે. સૌરાષ્ટ્રમાં શત્રુંજય પર્વત નામનું બૌદ્ધોનું જે એક પવિત્ર તીર્થસ્થાન છે તેની તળેટીમાં પાલિત્થાના (પાલીતાણા) નામની પાલીઓની એક વાસભૂમિ છે. આ પાલિતાણા તથા ગોદ્દારનું પાલીનગર એ પાલીજાતિની પ્રાચીન રાજસત્તા તથા ધર્મપ્રાબલ્યની સાક્ષી આપી રહ્યાં છે. સંપૂર્ણ રાજસ્થાનમાં મેં એક પણ એવું પ્રાચીન નગર જોયું નથી કે જ્યાં સ્તંભો અને શિખરમાળાઓમાંથી મને શિલાલેખ, સ્મારકચિન્હો તથા પ્રાચીન સમયની સ્વર્ણ, રૌપ્ય અને તામ્રમુદ્રા વા પદક પ્રાપ્ત થયાં ન હોય. પુરિહરજાતિ અગ્નિકુલની ચાર શાખાઓમાંની એક શાખા છે અને એ લોકો ચંદ્ર તથા સૂર્યવંશના રાજવિસ્તારપૂર્વે ભારતવર્ષમાં પ્રવિષ્ટ થયા હતા. [1]પુરિહર લોકોનો ઇતિહાસ આપતી વખત હું નીચેની વાત લખવી ભૂલી ગયો છું.

પુરિહરો કહે છે કેઃ-"અમે કાશ્મીરથી ભારતવર્ષમાં આવ્યા હતા." તે સમયે બૌદ્ધોની સાથે શૈવોને ધર્મયુદ્ધ ચાલી રહ્યું હતું; એમાંથી અનેક બૌદ્ધો એઓને મળી ગયા હતા, એ વાત ઇતિહાસપ્રસિદ્ધ છે. આ સંપ્રદાયની અધિક સંખ્યા જોતાં જણાય છે કે પાશ્ચાત્ય પ્રાંતની વણિકજાતિનો એક ભાગ ભારતવિજયી લોકોનો ઉત્તરાધિકારી છે;અને બૌદ્ધોની અગણિત શાખાઓ સાથે સાડાદશ શાખાઓમાં સાત શાખાઓ હજી પણ જૈનધર્માવલંબી છે. એ કારણથી અનુમાન થાય છે કે, ઉપર્યુક્ત ધર્મ બહુ વર્ષોસુધી ભારતમાં પ્રબલ રહ્યો હશે.

પાઠકગણ! આવો, હવે આપણે પથ્થરનાં પગથીઆંપર ચઢી પેલા વિરાટકાય ધ્વંસરાશિ (ખંડિયેરો) ઉપર ગમન કરીએ. પુસકુંડની પાસે નાગદા નામની જે એક નાની નદી છે, તેનું વર્ણન પ્રથમ અમે કરીશું. આ નદીથી થોડે દૂર એક મોટી વાવ છે. આ વાવ પર્વતને ખોદીને બનાવવામાં આવી છે. તેમાં ઉતરવાને માટે પગથીઆંની મોટી હાર લાગી રહી છે. એની સાથે જે બે પ્રચંડ વૃક્ષો છે તેની પાસેનો ભાગ થોડા વખતમાં તૂટી પડવાનો સંભવ છે. પુરિહરલોકોના અંતિમ મહારાજા નાહરરાવે આ વાવ બંધાવી હતી. અહીંઆંથી ઉચ્ચ વિરાટકાય દુર્ગની ઉપર દૃષ્ટિ પડતાંની સાથેજ મારા મનમાં અદ્‌ભુત ભાવનો ઉદય થયો. જે સમયે આ દુર્ગ બંધાવવામાં આવ્યો હતો તે સમયને અનેક શતાવધિ વર્ષો વ્યતીત થઇ ગયાં-છે અને હજી પણ અનેક શતાવધિ વ્યતીત થઈ જશે; પરંતુ એ દુર્ગ અટલ રીતે ખડો રહેશે. તોપોનો ઉપયોગ થવા માંડ્યા પૂર્વે પુરિહરલોકોના સ્વામીએ આ દુર્ગ બંધાવ્યો હતો. માત્ર આ દુર્ગની વચ્ચોવચ્ચ એક મહાલય છે. એની ઉપરના સર્વ બુર્જો દૃઢ અને ચોખંડા છે. જ્યારે હું એ સ્થળે પહોંચ્યો ત્યારે શ્રમ અને જ્વરથી પીડિત હતો તેથી તેની લંબાઈ પહોળાઇ જાણવાનો મેં પ્રયત્ન કર્યો નહિ; પરંતુ પાછળથી મેં ઉપરના ભાગમાં જઇ પુરિહરલોકોના પ્રાચીન મહાલયપર ચઢી ચારે તરફ દૃષ્ટિ ફેંકી તેનું પરિમાણ કાઢ્યું. જો કે આ સ્થળે ધ્વંસચિન્હો અતિ સાધારણ છે તોપણ તે સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થાય છે. જે સામગ્રીદ્વારા અહીંઆં સ્તૂપો બંધાવવામાં આવ્યા છે તેજ જાતની સામગ્રીદ્વારા નવીન જોધપુરરાજધાની બંધાવવામાં આવી છે. આ સ્થળે રાજમહાલયની સાથેનાં કેટલાંક દેવમંદિરો તથા રાજમહાલયનાં કેટલાંક દિવાનખાનાંઓ સ્પષ્ટરીતે દૃષ્ટિગોચર થાય છે. આ સર્વ ભાગોનું કોતરકામ જોઇને અનુમાન કરી શકાય છે કે એ તક્ષક અથવા બૌધલોકોનું કામ છે. મહાલયની દિવાલ ઉપર ધર્મસંબંધી પુષ્કળ સાંકેતિક ચિન્હો અંકિત છે. આ ચિન્હો જૈન અને બૌદ્ધ લોકોનાં ચિન્હોના જેવાંજ છે; પરંતુ કેટલેક સ્થળે શૈવોનાં ત્રિકોણાકાર ચિન્હો પણ દૃષ્ટિગોચર થાય છે. પુરિહર લોકોનાં સર્વ મુખ્ય સ્મારકચિન્હોમાં દુર્ગના દક્ષિણ-પૂર્વ ભાગમાં આવેલું સિંહદ્વાર પરમ રમણીય છે. આ સિંહદ્વાર ઘણું વિશાળ છે અને મંદોરના પ્રાચીન રાજાઓમાંથી કોઇએક રાજાએ પોતાનો વિજય વિસ્મરણીય રાખવાને માટેજ એને બંધાવ્યું છે. અવકાશના અભાવને લીધેજ હું એ સિંહ-

1 કર્નલ ટૉડના આ વિધાનનું સમર્થન અમે કોઈપણ પ્રકારે કરી શકતા નથી; કારણકે ભારતવર્ષમાં તેમનો પ્રવેશ થયો તેની સેંકડો વર્ષપૂર્વે ચંદ્ર અને સૂર્યવંશી રાજાઓ આ દેશમાં રાજ્ય કરતા હતા. હિંદી અનુવાદક

દ્વારનો નકશો લઈ શક્યો નથી.

ઉત્તરમાં થોડે દૂર થાનાપીરનું સ્થાન છે. અજમેરમાં જે ખ્વાજા કુતુબની મસ્જિદ છે, તેજ ખ્વાજા કુતુબના થાનાપીર શિષ્ય હતા. આ પ્રદેશમાં દીર્ઘકાળથી જે ધનલોભી સિંધી અને અફઘાનો લૂંટફાટ કરતા આવ્યા છે, તે સર્વ અપવિત્ર લોકો પ્રાયઃ આજ પીરની મસ્જીદમાં એકત્રિત થાય છે. આ ઉત્તર તરફજ કોટની બહારના ભાગમાં પ્રાચીન રાઠોડરાજાઓ તથા સતીસ્ત્રીઓનાં મંદિરો છે; પરંતુ પુરિહરરાજકુલનાં શબ ક્યાં બાળવામાં આવતાં હતાં અને તેમનાં સમાધિમંદિરો ક્યાં બંધાવવામાં આવ્યાં હતાં તેનાં પ્રમાણ જનશ્રુતિ વા ઇતિહાસદ્વારા પ્રાપ્ત થતાં નથી. પૂર્વ અને ઉત્તર–પૂર્વ ભાગમાં પ્રકૃતિદેવીએ પોતાના હાથથી પ્રસ્તુત પ્રાચીનદુર્ગનો અભેદ્ય કોટ બાંધી દીધો છે. આ સ્થાન નગરવાસીઓના શ્રમપરિહારને માટે અત્યંત ઉપયુક્ત છે.

અમે જે માર્ગથી ઉપર ચઢયા હતા, તેજ માર્ગદ્વારા અમે પુસકુંડની તરફ ગયા. સ્થળે સ્થળે અમને મનોહર દૃશ્યો દષ્ટિગોચર થયાં અને પ્રાચીન મહાલયો પણ જણાયા. ઉકત માર્ગની તળેટીમાં નિર્મલ જલનું જલાશય અને બે સિંહદ્વાર આવેલાં છે. એક દ્વારમાં થઇને મનોહર વન તથા રાઠોડ લોકોના બંધાવેલા પ્રાસાદોમાં જઈ શકાય છે અને બીજા માર્ગદ્વારા જ્યાં મારવાડના પ્રસિદ્ધ રાઠોડ-વીરવૃંદની પ્રતિમાઓ સ્થાપિત છે ત્યાં જઇ શકાય છે. આ સર્વ પ્રાચીન સ્મરણચિન્હોને જોઇને મારા મનમાં અવર્ણનીય આનંદ ઉત્પન્ન થયો અને હું અલ્પકાળપર્યંત ધ્યાનસ્થ થઈ ગયો. એક ગુફાની અંદર મંદોરના એક સુપ્રસિદ્ધ અધીશ્વર (નહરરાવ કે જેમણે અરવલીના દુર્ગમ પથપર ચૌહાણોની સાથે યુદ્ધ કરીને પરમ વીરતાપૂર્વક પોતાના પ્રાણ છોડયા હતા) ના સ્મરણાર્થે એક વેદી બંધાવવામાં આવી છે. ચંદકવિએ પોતાના રાજપૂતવીરશ્રેષ્ઠ નાહરરાવની અત્યંત પ્રશંસા કરી છે. એક હજામ આ સમાધિમંદિરના કાર્યમાં નિયુક્ત હતો. આ કાર્ય એક હજામને શામાટે સોંપવામાં આવ્યું તે હું સમજી શકયો નહિ; પરંતુ હજામો રાજપૂતોનાં અનેક ગૃહકાર્યોમાં નિયુક્ત હોય છે તેપરથી અનુમાન થઇ શકે છે કે કોઈ વિશિષ્ટ કારણથીજ એક હજામને ઉક્ત કાર્યમાં નિયુક્ત કર્યો હોવો જોઇએ. આ ઘટનાનું મૂળ કારણ કાંઈ જણાતું નથી. આ સ્થાનપર એક મંદિરમાં નવ મૂર્તિઓ છે. એમ કહેવાય છે કે રાવણે પોતાના દ્વીપમાંથી આવીને મંદોરેશ્વરની પુત્રીનું પાણિગ્રહણ કર્યું હતું અને તેના સ્મરણાર્થેજ આ મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે.

નાગદા નામની જે એક નદી અહીંઆં વહે છે, તેના સંબંધમાં પણ એક જનશ્રુતિ મારા સાંભળવામાં આવી; પરંતુ તે અતિ વિસ્તૃત હોવાથી અત્રે તેને લખતો નથી. આ નદીની પાસેજ મહાવીર પૃથ્વીરાજ અને તેમની સુપ્રસિદ્ધ સહધર્મિણી તારાબાઇનું સમાધિમંદિર છે. ઉક્ત માર્ગની તળેટીથી થોડે દૂર એક સિંહદ્વારમાં પ્રવેશીને એક અતિ વિસ્તૃત મેદાનમાં જઇ શકાય છે. આ મેદાનની ચારે તરફ કોટ આવેલો છે. અહીંઆંથી થોડે દૂર પર્વત ઉપર એક મોટું દિવાનખાનું આવેલું છે. જૈનલોકોનાં મંદિરમાં જે પ્રકારે નાના સ્થંભો દષ્ટિગોચર થાય છે, તે પ્રકારના સ્થંભોની ત્રણ શ્રેણીઓ ઉપર આ દિવાનખાનું સ્થિત છે અને તેમાં મારવાડના મહા તેજસ્વી વીરોની પ્રતિમાઓ વિરાજમાન છે. સર્વ મૂર્તિઓ વસ્ત્રાલંકાર અને અસ્ત્રશસ્ત્રથી યુકત તથા અશ્વારૂઢ છે. પર્વતના પાષાણોમાંથી આ મૂર્તિઓ કોતરી કાઢવામાં આવી છે; પરંતુ આ સર્વ મૂર્તિઓ પૃથક્ પૃથક્ છે. આ મૂર્તિઓ મનુષ્યના સ્વાભાવિક શરીરથી મોટી છે અને પર્વતની સાથે તેમને કાંઇ પણ સંબંધ નથી. એનાં અંગો બરાબર પ્રમાણમાં નહિ હોવા છતાં પણ તેમાંથી વીરતા, તેજ, સાહસ અને શોભા પ્રકાશે છે. પ્રત્યેક વીરની સાથે તેના પ્રિય સેવકની મૂર્તિ હોવાથી સર્વ દશ્ય પરમ સુંદર લાગે છે. પ્રત્યેક સામંતના હસ્તમાં બરછી, તલવાર અને ઢાલ તથા પીઠપર ધનુષ્ય અને બાણ તથા કમ્મરમાં લાંબી કટાર બાંધેલી છે. સર્વનો રંગ દેખાવમાં સુંદર છે; પરંતુ આ વીરોનો રંગ મૂળ એવોજ હતો કે શિલ્પીઓએ પોતાની ઇચ્છાથી એવો બનાવ્યો છે તે હું કહી શકતો નથી. આ દિવાનખાનામાં પ્રવેશ કરતાંની સાથે એક મોટી ગણેશની મૂર્તિ દષ્ટિગોચર થાય છે. ગણેશની મૂર્તિની નિકટ રણદેવીના બે પુત્રોની મૂર્તિઓ વિરાજમાન છે.

ત્યારપછી ચંડમુંડા અને કાળી દેવીની મૂર્તિઓ આવે છે. કાળીની મૂર્તિ કૃષ્ણકાય અને ભયં-

કર છે અને તે મહિષાસુરની છાતી ઉપર એક ચરણ તથા સિંહની પીઠપર બીજો ચરણ મૂકીને ઉભી છે. સિંહ ઉક્ત રાક્ષસનું હૃદય ભયાનક રીતે ખાય છે. દેવીના હાથોમાં અસ્ત્રશસ્ત્ર શોભાયમાન છે. કાલિની મૂર્તિ અને રણભૂમિમાં મરણ પામેલા વીરોની મૂર્તિઓની વચમાં ધર્મયાજક નાથજીની મૂર્તિ સ્થાપિત છે. નાથજીના એક હાથમાં માળા અને બીજા હાથમાં ધર્મદંડ છે. મલ્લિનાથ શ્વેત અશ્વપર આરૂઢ થયા છે; તેમના હાથમાં એક ભાલો છે અને તરકસ અશ્વના નિતંબપર લટકે છે. તેમની ભાર્યા પદ્માવતી ભોજનપૂર્ણ પાત્ર હાથમાં ગ્રહણ કરીને રણભૂમિમાંથી મલ્લિનાથના પાછા વળવાની પ્રતીક્ષા કરી રહી છે. મલ્લિનાથ યુદ્ધમાં માર્યા ગયા ત્યારપછી પદ્માવતી પોતાના શરીરને તેમના શબની સાથે ભસ્મીભૂત કરીને સ્વર્ગે સિધાવી હતી.

ત્યાર પછી કૃષ્ણકાલી નામના ભયંકર અશ્વપર આરૂઢ થયેલી પ્રભુજીની પ્રતિમા આવે છે. કવિ, ચારણ વગેરે લોકો હમેશાં મારવાડના પ્રત્યેક ભાગમાં ભ્રમણ કરીને આ પ્રભુજીની કીર્તિનું ગાન કરી તથા ગામઠીઆલોકોને તેમનાં વીરત્વસૂચક ચિત્રો દર્શાવીને પુષ્કળ દ્રવ્ય પેદા કરે છે.

ત્યારપછી સુપ્રસિદ્ધ વીર રામદેવરાઠોડની પ્રતિમા દૃષ્ટિગોચર થાય છે. તેમના સન્માનાર્થે આ દેશનાં પ્રત્યેક રાજપૂત ગામમાં એક એક વેદી બાંધવામાં આવી છે.

હરવાસંકલ નામના જે વીરવરે અસહાય જોધાજીને સહાય કરી હતી તથા ચિતોડના રાણાએ તેના મંદોરપર અધિકાર સ્થાપિત કરી દીધો હતો ત્યારે તેનો પુનરુદ્ધાર કરવાને માટે જેણે અત્યંત પ્રયત્ન કર્યો હતો તેની મૂર્તિ પણ અત્ર જોવામાં આવી.

સુલતાન મહમૂદે ભારતપર આક્રમણ કર્યું ત્યારે ગોગા નામના જે ચૌહાણવીરે પોતાની જન્મભૂમિની સ્વાધીનતા તથા પિતૃધર્મની રક્ષાને અર્થે પોતાના ૪૭ પુત્રોસહિત શતદ્રુ નદીના તટપર પ્રાણવિસર્જન કર્યાં હતા, તે વીરની મૂર્તિ ત્યાર પછી અમારા જોવામાં આવી. સૌની પાછળ ગિહલોતજાતિના મધુમંગલ નામના જગતપ્રસિદ્ધ અધિનાયકની પ્રતિમા અમારા જોવામાં આવી. આ સમસ્ત વીરોનાં વીરત્વની કથા અત્ર અમે લખીશું તો તે પાઠકોને નીરસ લાગશે, માટે તે લખતા નથી.

આ દિવાનખાનાંની નિકટ બીજું એક એવીજ બાંધણીનું દિવાનખાનું છે અને તે "તેત્રીસ કોટિ દેવતાઓનાં સ્થાન" ને નામે સુપ્રસિદ્ધ છે. અહીંઆંની મૂર્તિઓ આકારમાં પ્રચંડ અને પાષાણની બનેલી છે. તેમાં સૌથી પહેલાં સૃષ્ટિકર્તા બ્રહ્માની મૂર્તિ છે. બીજી સાત અશ્વોપર આરૂઢ થયેલી સૂર્યની પ્રતિમા છે. તેની પાછળ હનુમાનજીની મૂર્તિ છે. તેની નિકટ રામચંદ્રજી અને સીતાજીની મૂર્તિ વિરાજમાન છે. ત્યાર પછી ગોપાંગનાઓથી વિંટળાયેલા શ્રીકૃષ્ણની મૂર્તિ આવે છે. ત્યારપછી વિરાટકાય મહાદેવ અને તેમના વાહન નંદીની મૂર્તિ આવે છે. તેની પાછળ લક્ષ્મી અને સરસ્વતીની મૂર્તિ છે.

ત્યારપછી હું રાજા અજિતસિંહના બંધાવેલા બાગમાં અને મહાલયમાં ગયો.તેમનો મહાલય એટલો સુંદર છે કે લેખિનીદ્વારા તેનું વર્ણન કરવું અશક્ય છે. મહાલયનાં દિવાનખાનાં જે પ્રકારે અગણિત અદ્ભુત સ્તંભોથી શોભાયમાન છે, તે પ્રકારે દિવાલોમાં વેલબુટ્ટાનું કામ પણ ચિત્તાકર્ષક અને પ્રશંસનીય છે. અંતઃપુરની સ્ત્રીઓને કોઇ જોઇ શકે નહિ એટલા માટે સૂક્ષ્મ વણાટના પડદા લટકી રહ્યા છે. બાગ અતિ વિશાળ નથી; પરંતુ તેની આસપાસ લીલાંછમ વૃક્ષો આવી રહેલાં હોવાથી ગ્રીષ્મઋતુમાં પણ શીતલ રહે છે. કૃત્રિમ ઝરણાં અને નાળાં પ્રત્યેક સ્થાનમાં વિદ્યમાન છે. વળી ત્યાં વૃક્ષો પણ પુષ્કળ છે. પ્રચંડ વૃક્ષો ઉપરાંત ફળવાળાં વૃક્ષો પણ ઘણાં છે. સ્વર્ણચંપક ( જેની તીવ્ર સુગંધ અસહ્ય છે અને જેને શય્યાપર રાખવાથી મસ્તકમાં વેદના થવા લાગે છે), રમણીય ફળફૂલોથી યુક્ત દાડિમી, સીતાફલ, રમણીય કદલીવૃક્ષ, મોગરા, ચંએલી અને "બારમાસી" (આ જાતનાં પુષ્પો બારે માસ ખીલેલાં રહે છે અને તેથી બાગને પરમ શોભા પ્રાપ્ત થાય છે) આ સર્વ વૃક્ષો તથા ઝાડોથી આ બાગ અત્યંત ચિત્તાકર્ષક બની ગયો છે. અહીંઆં આવવાથી મને અત્યાનંદ પ્રાપ્ત થયો. પાઠકગણ !એકવાર કલ્પનાક્ષેત્રમાં ભ્રમણ કરીને વિચાર કરો કે એક અંગ્રેજ મંદિરોના ધ્વંસાવશિષ્ટોની પાસે ઉભો છે, શિલાલેખ વગેરેની તપાસ કરે છે, સન્મુખ આમ્રનાં પ્રચંડ વૃક્ષો શોભાયમાન છે અને થોડે દૂર એક વિશાલ નિન્દુનું વૃક્ષ છે. એમ કહેવાય છે કે પુરિહર લોકોના અંતિમ અધીશ્વર નાહરરાવની સન્મુખ એક જાદુગરે પોતાની જાદુવિદ્યા દર્શાવવાને માટે આ વૃક્ષનું આરોપણ કર્યું હતું.

વળી એવી પણ જનશ્રુતિ પ્રચલિત છે કે ઉક્ત વૃક્ષની શાખાપરથી પડી જવાથી ઉક્ત જાદુગરનો જીવનરૂપી દીપક બુઝાઇ ગયો હતો.[1] આ વૃક્ષની વિરાટ શાખાઓ ઉપર વાંદરાઓ નિર્ભયતાપૂર્વક કૂદે છે અને દોડે છે. આ વૃક્ષના થડમાં બે રાઠોડરાજપૂતો સૂતા છે અને બે પ્રચંડ અશ્વો પણ તંદ્રામાં છે. આ શાંત નિર્જન પ્રદેશનું આ દશ્ય જોવાથી અપૂર્વ આહ્લાદ ઉત્પન્ન થાય છે.

અહીંઆંના પર્વતપર પુષ્કળ ગુફાઓ છે અને તેમાં સંન્યાસીલોકો નિવાસ કરે છે. ભીષણ ગ્રીષ્મ-ઋતુમાં આ લોકો આવા સંકીર્ણ અને પવનરહિત સ્થાનમાં શી રીતે રહી શકે છે એ એક આશ્ચર્યની વાત છે. સંધ્યાકાળ થવાથી મારો છાવણીમાં પાછા ફરવાનો સમય આવી પહોંચ્યો, તેથી હું એકવાર પુનઃ મારવાડના વીરોની પ્રતિમાઓનું દર્શન કરી તથા "કૃષ્ણકાલી" અશ્વના ચરણતલપર મારૂં નામ લખી પ્રાચીન મંદિરથી પાછો ફર્યો.

૧૩ મી નવેમ્બર—આજે રાજા માનસિંહે મને પોતાના મહાલયમાં ભોજન કરવાને આમંત્રણ કર્યું હતું, તેથી હું નવો પોશાક પહેરી તે રાજપૂતરાજાનું આતિથ્ય ગ્રહણ કરવાને માટે તેમના મહાલયમાં ગયો. તેમના નિમ્નલિખિત શબ્દો મને અત્યંત વિચિત્ર લાગ્યાઃ—"દેશી ભોજન સાહેબને ઠીક લાગશે નહિ, તેમજ તેથી તૃપ્તિ પણ થશે નહિ" તેથી તેમણે પ્રથમથીજ મારા રસોઇઆને મારી પાસેથી માગી લીધો. સિંધિઆની છાવણીમાં હું પ્રાયઃ આ પ્રમાણેજ કરતો હતો. ત્યાં હું મહારાષ્ટ્રીય ભોજનની સાથે મારા દેશનું ભોજન પણ પ્રાશન કરતો હતો. મેં મારવાડેશ્વરપર કહેવરાવી મોકલ્યું કેઃ—"જોધપુરના ભોજનથી અવશ્ય મને તૃપ્તિ થશે. મેં મારી મેજ તથા મારવાડેશ્વરનાં દીર્ઘ જીવન તથા સ્વાસ્થ્યને માટે પીવાનો "ક્લારેટ" નામનો સુરા એ વસ્તુઓ મહાલયમાં મોકલી દીધી. હું મહાલયમાં ગયો ત્યારે મહારાજાએ મારૂં અતિ આદરપૂર્વક સ્વાગત કર્યું અને તેઓ મને ભોજનગૃહમાં જવાનું કહીને મહાલયમાં ચાલ્યા ગયા. સુવર્ણ અને ચાંદીના દંડ ગ્રહીને અનેક અનુચરો મારી પાછળ પાછળ ચાલ્યા. ભોજનગૃહમાં દાખલ થતાં પુલાવ, ગોસ્ત આદિ વિવિધ પ્રકારનાં ભોજનો યોગ્ય સ્થાને ગોઠવેલાં મારા જોવામાં આવ્યાં. હિંદુ અને મુસલમાન એ ઉભય જાતિએ પ્રાશન કરવા યોગ્ય ભોજનો તૈયાર કરાવીને ચાંદીનાં પાત્રોમાં રાખવામાં આવ્યાં હતાં. સર્વ પ્રકારનાં ભોજનો સ્વાદિષ્ટ અને ઉત્તમ બનાવ્યાં હતાં. ભોજનગૃહ ઉત્તર ભાગમાં નવીન બનાવવામાં આવ્યું છે અને તેનું નામ માનમહલ છે. સભાગૃહની પેઠે એ પણ અગણિત સ્તંભોથી શોભિત છે. એમ કહેવાય છે કે શરત્કાલમાં આકાશ જ્યારે નિરભ્ર હોય છે ત્યારે ચાળીસ કોશના અંતરપર આવેલા કમલમેર દુર્ગનું શિખર અહીંઆંથી દષ્ટિગોચર થાય છે.

૧૬ મી નવેમ્બર—આજનો દિવસ મારી અને મહારાજાની મુલાકાતને માટે નિશ્ચિત કરવામાં આવ્યો હતો. પોતાનું મહાન ઐશ્વર્ય પ્રદર્શિત કરવાને માટે મહારાજા માનસિંહે મારા શિબિરની પાસે પોતાનો અતિ વિસ્તૃત અને ભવ્ય શિબિર સ્થાપિત કર્યો હતો. તેમનો શિબિર લાલ રંગનો હતો. તે એક મહાલયના જેવો જણાય છે અને તેની આસપાસ વસ્ત્રનો કોટ છે. તેના મધ્ય ભાગમાં વેદીની ઉપર રાજસિંહાસન રાખવામાં આવ્યું છે અને તેની ઉપર છત્ર છે. ત્રીજા પહોરના સમયે મહાલય અને દુર્ગમાં અતિ ભારે કોલાહલ મચી ગયો. ચારે તરફ નગારાંસહિત એવો ઢંઢેરો પીટાવી દેવામાં આવ્યો કેઃ—"મારવાડના મહારાજા આજે ફીરંગીવકીલની સાથે મુલાકાત કરવાને જશે." ઝુંડો વગેરે રાજચિન્હો દૂરથીજ જોઇને હું અનુચરોસહિત અશ્વારૂઢ થઇ મહારાજાની સામો ગયો અને માર્ગમાં મહારાજાની મુલાકાત કરી કુશલ સમાચાર પૂછી શિબિરમાં પાછો ફર્યો. મહારાજાનું આગમન થતાં પરમ આદરસહિત મેં તેમનું સ્વાગત કર્યું અને મારી સેનાના માણસોએ પોતાનાં શસ્ત્રો નમાવી તેમને માન આપ્યું. આથી મહારાજા પરમ પ્રસન્ન થયા. મહારાજા માનસિંહ મારા શિબિરમાં એક કલાકપર્યંત બેઠા. ત્યાર પછી મેં તેમને હીરારત્નના અલંકારો, સોનેરી કામનાં વસ્ત્રો તથા અનેક પ્રકારની રમણીય વસ્તુઓથી સજાવેલી ઓગણીસ ઢાલો ઉપહારતરિકે સમર્પણ કરી. (ઉદયપુરના મહારાણાને એકત્રીસ ઢાલો આપવામાં આવી હતી.) આ ઉપરાંત,ઇંગ્લાંડમાં બનેલાં કેટલાંક અસ્ત્રશસ્ત્રો,એક દૂરબીન અને બીજી કેટલીક રાજ-

૧ પ્રાચીનભાષાઓના અભ્યાસી—મેજર પ્રાઇસે જહાંગીરના આત્મજીવનચરિત્રનો અનુવાદ અંગ્રેજી ભાષામાં કર્યો છે. આ ગ્રંથ જેમણે વાંચ્યો હોય તેઓ અવશ્ય જાણતા હશે કે આ જાદુગર લોકો જાદુવિદ્યાના બળથી કેવળ વૃક્ષજ નહિ, પરંતુ ફળસુદ્ધાં ક્ષણમાત્રમાં ઉત્પન્ન કરી મનુષ્યને આશ્ચર્યચકિત કરી નાખે છે.

પૂતોને ઘણી પસંદ પડે એવી નાની નાની વસ્તુઓ પણ મેં તેમને સમર્પણ કરી.ત્યારપછી પાન અને અત્તર અપાયા પછી મુલાકાત સમાપ્ત થઈ. મેં જે સજાવેલો હાથી અને ઘોડો, એ બે પશુઓ મહારાજાને આપ્યાં હતાં તે તેમની સન્મુખ લાવવામાં આવ્યાં. શિબિરના દ્વારપર આવી મેં મહારાજાને સલામ કરી અને તેમણે મારી સાથે હાથ મેળવ્યો. હાથ મેળવવો એ રાજપૂતોની પ્રાચીન પ્રથા છે.

૨૦ મી નવેમ્બર-આજે હું મહારાજાની પાસે વિદાય માગવાને ગયો. આ અંતિમ મુલાકાત-પ્રસંગે અતિ મહત્ત્વના વિષયોપર દીર્ઘકાળપર્યંત વાર્તાલાપ થયો. મેં મહારાજાને આશ્વાસન આપીને જણાવ્યું કેઃ—"આપ આપના ઉદ્યમ અને પ્રતિભાશક્તિથી સમસ્ત વિપત્તિઓનું નિવારણ કરી, અત્યાચારીઓ, આપના મૃત પુત્રના ખરાબ સલાહકારો, મંત્રીવર દેવનાથના ખુનીઓ, આપની દીર્ઘકાળપર્યંતની બંદીવાનદશાના કારણસ્વરૂપ લોકો વગેરે આપના શત્રુઓને દંડ કરી શીઘ્ર નિશ્ચિંત થઈ શકશો."

વિદાય આપતી વખત નિયમાનુસાર ઉપહારસામગ્રી અર્પણ કર્યા ઉપરાંત મહારાજાએ પોતાના ખાસ વ્યક્તિગત ઉપહારતરિકે પોતાના એક સુપ્રસિદ્ધ પૂર્વજની એક તલવાર, એક કટાર અને એક ઢાલ મને આપી. આ તલવાર એટલી ભારે છે કે તેને જોવાથી એમજ લાગે કે જેના હાથમાં તે શોભતી હશે તે અતિ બળવાન માણસ હશે. પ્રેમપૂર્વક સંભાષણ થયા પછી પરસ્પર પત્રાદિ મોકલવાનો આગ્રહ થયો (પત્રાદિનો આરંભ તો થયો હતો, પરંતુ શીઘ્ર તે વ્યવહાર બંધ થઇ ગયો.) અને ત્યાર પછી મેં મહારાજા માનસિંહની વિદાય લીધી.



# अध्याय २६ मो

## ( કર્નલ ટૅાડના મારવાડથી પાછા વળવાનું વૃત્તાંત )

નાદોલા–બિસલપુર–એક પ્રાચીન નગરનાં ધ્વંસાવશેષ (ખંડિયેરો)–પાંચકુલ્લા વા બિચકુલ્લા–શિલાલેખ–પીપલનગર–મેવાડના પ્રાચીન ઈતિહાસસંબંધી શિલાલેખ–સાંપુ સરોવરવિષેની જનકથા–લાખોફુલાણી–આદીય–ભૂરૂંડા–વહનસિંહ અને તેમનું :વીરત્વ–પ્રતાપસિંહનું સ્મારક–ઈંદુવર–જાટકૃષિકારો–મેડતા–ઔરંગઝેબે બાંધેલી મસ્જીદ–ધોકલસિંહ–રાઠોડવીર જયમલ અને તેમનું વીરત્વ–મેડતા નગરનું વર્ણન–સમાધિમંદિર–રાજા અજિતસિંહ–તેમના બે પુત્રોએ કરેલો તેમનો વધ–મારવાડમાં ફેલાયલો વિદ્રોહ–અજિતસિંહનો પરિવાર–રાઠોડોની દત્તકપુત્ર લેવાની વિચિત્ર પદ્ધતિ–રામસિંહ–સામંતોપ્રત્યે તેનો અશિષ્ટાચાર–માંહોમાંહેનો વિગ્રહ–રામસિંહ અને વખ્તસિંહનું યુદ્ધ–રામસિંહનો પરાજય અને મેડતિયારાજપતકુલનો નાશ–મેડતાના તાબાના મિથરિના સામંત–સમરક્ષેત્રનું વર્ણન–રામસિંહે પોતાના રાજ્યમાં–મહારાષ્ટ્રીઓને કરેલું આમંત્રણ–વખ્તસિંહનો મારવાડના સિંહાસનપર અધિકાર–મારવાડેશ્વરનો ઘાત–તેના પુત્ર વિજયસિંહનો રાજ્યાભિષેક–જયાપ્પા સિંધિઆ અને રામસિંહનું મારવાડપર આક્રમણ–વિજયસિંહનો પરાજય–તેનું નાગોરમાં નાસી જવું અને શત્રુઓનો ઘેરો–શત્રુઓની છાવણીમાં થઇને તેણે કરેલું પલાયન–તેની બિકાનેર અને જયપુરના રાજાઓપ્રત્યે સહાયમાટે પ્રાર્થના–જયપુરાધીશનો વિશ્વાસઘાત–રિયાના સામંતે તેનો કરેલો પરાજય–સિંધિઆનો વધ.

૨૧ મી નવેમ્બરને દિવસે કર્નલ ટૅાડ પોતાના અનુચરોની સાથે મારવાડની રાજધાની જોધપુર છોડી નાદોલા તરફ ગયા. નાદોલા જોધપુરથી ત્રણ કોશના અંતરપર આવેલું છે. કર્નલ ટૅાડ જણાવે છે કે, રાજધાનીથી એક કોશપર્યંત સાધારણ રેતીવાળો માર્ગ છે અને તેથી આગળ લાલ પાષાણની બનેલી રેતી છે, આથી એક કોશનું અંતર કાપ્યા પછી પથિકોને ચાલવામાં કાંઇક અનુકૂળતા પ્રાપ્ત થાય છે. અર્ધ રસ્તે ગયા પછી એક નાનુંસરખું સરોવર અમને દૃષ્ટિગોચર થયું. આ સરોવર મારવાડના લોભી રાજા ધોકલસિંહની માતા શીખાવતીએ બંધાવ્યું હતું. આથી તેનું નામ " શીખાવત તલાવ " રાખવામાં આવ્યું છે. શીખાવતીએ આ વેળા તલાવના તટપર એક ધર્મશાળા અને એક હનુમાનજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી છે. વળી તેણે પોતાનો કીર્તિસ્તંભ પણ ત્યાં બંધાવ્યો છે. આ પ્રદેશ અત્યંત ઉજ્જડ છે. ઝાલામંદથી જોધપુર જતાં અમે યોગિની નામની નદી ઉતર્યા હતા. આ નદી મંદારની નિકટ નાગદાની સાથે મળીને લૂણી નદીમાં પડે છે. અમે આ નદી પણ ઉતર્યા હતા. આ નદીની પાસે જે બે કૂવા બંધાવવામાં આવેલા છે તેનુંજ જલ નાદોલા ગામના લોકો પોતાના ઉપયોગમાં લે છે. આ બે કૂવામાંપૂરતું જલ છે; પરંતુ તે સ્વચ્છ અને નિર્મળ નથી. નાદોલા ગામમાં ૧૨૫ ઘરની વસ્તી છે. આ પ્રદેશ આહ-

રાના સામંતને આધીન છે. અહીંઆં એક લગભગ શુષ્ક થયેલું તળાવ છે. તેના તટપર સમાધિનાં મંદિરો દષ્ટિગોચર થાય છે. મેં ત્યાં જઇ સર્વ મંદિરોનું અવલોકન કર્યું; પરંતુ તેના ઉપર જે માણુસોનાં નામ કોતરવામાં આવેલાં છે તે સર્વ અપ્રસિદ્ધ માણુસો છે.

આ સ્થાનેથી છ કોશના અંતરપર બિસલપુર ગામ આવેલું છે. ત્યાં જવાનો માર્ગ પુષ્કળ રેતીથી ભરેલો છે. બિસલપુર ઉચ્ચ ભૂમિપર વસેલું છે. આ ગામમાં સર્વ ઘરો એકસરખી બાંધણીનાં છે. ઘરોની ભીંત માટી અને છાલાંથી લીંપેલી હોવાથી અતિ વિચિત્ર દેખાય છે.જે પ્રકારે ઇંદુરા ગામની ચારે તરફ છાલાંના ઢગલા અને કાંટાની વાડ કરવામાં આવી છે, તે પ્રમાણે આ ગામ પણ તેનાથી આવૃત થયેલું છે. આ દેશમાં શિલ્પના ઉત્તમોત્તમ આદર્શો કરતાં આ દશ્ય અધિક સુંદર લાગે છે. અતિ પ્રાચીનકાળમાં આ સ્થળે એક નગર હતું; પરંતુ ભૂકંપથી તે સર્વથા નષ્ટ થઇ ગયું હતું. તે નગરના સિંહદ્વારના કેટલાક અંશો તથા કોટનો એક ભાગ અદ્યાપિ વિદ્યમાન છે. અહીંઆં અમને એક પણ શિલાલેખ પ્રાપ્ત થયો નહિ. અહીંઆંના લોકો એક મોટા સરોવરમાંથી નિત્ય પોતાને જોઇતું પાણી લઈ જાય છે.

૨૧ મી નવેંબર–પાંચકુહા વા બિચકુહા બિસલપુરથી પાંચ કોશના અંતરપર છે. અમે જો જુરી નદી ઉતરી ત્યાં ગયા હતા. અહીંઆંની માટી અત્યુત્તમ છે. તેનો રંગ લાલ છે, નદીતટની નિકટનાં ક્ષેત્રોમાં ઘઉં અને જવનો ઘણો સારો પાક થાય છે, અહીંઆં એકાદ બે બાવળ અને લીમડાનાં વૃક્ષો પણ દષ્ટિગોચર થયાં. જો કે આ ગામમાં હાલમાં કેવળ સો ઘરની વસ્તી છે, તોપણ એક વખતે તે ઘણું સમૃદ્ધિશાળી હતું. અહીંઆં મને એક શિલાલેખ પ્રાપ્ત થયો, તેપર માત્ર "સોનંગના પુત્ર ૧૨૨૪ સંવત" એટલાજ શબ્દો કોતરેલા હતા.મહા બળવાન પઠાણલૂંટારાઓએ આ પ્રદેશની સંપૂર્ણ કીર્તિ નષ્ટ કરી દીધી છે. આ ગામ એક ભટ્ટીસામંતની જાગીરનું છે. આ ગામના લોકો નદીની નિકટ ખોદેલા કૂવામાંથી પોતાને જોઇતું પાણી લઇ જાય છે.

૨૨ મી નવેંબર-પીપલ નગર પાંચકુહાથી ચાર કોશના અંતરપર છે. અહીંઆંની ભૂમિ કાળી અને રેતાળ છે. લોકો આવી જમીનને ધાયુની કહે છે. પીપલનગરમાં દોઢ હજાર ઘરોની વસ્તી છે. અહીંઆંની વસ્તીનો ત્રીજો ભાગ જૈનધર્માવલંબીઓનો બનેલો છે. આ પ્રદેશના પ્રધાન વ્યાપારીઓ ઓસવાલજાતિના જૈનો છે. અહીંઆં બસેં શૈવધર્માવલંબી માહેશ્વરી વણિકો પણ વસે છે.અહીંઆં પુષ્કળ વ્યાપાર ચાલે છે. અહીંઆંનાં છીંટનાં વસ્ત્રો અતિ પ્રસિદ્ધ છે. ત્રણસેં વ્યાપારીઓ તો કેવળ છીંટનાં વસ્ત્રોનોજ વ્યાપાર કરે છે. જે નિમાજના સામંતના મૃત્યુનું વર્ણન અમે આગળ આપી ગયા છીએ તે નગર પીપલનગરના તાબામાંજ છે. નિમાજના સામંતના એક સુપ્રતિષ્ઠિત પૂર્વજના સ્મારકચિન્હતરિકે પીપલનગરમાં જે એક મંદિર બંધાવવામાં આવ્યું હતું તેનો અર્ધ ભાગ મહાબળવાન મહારાષ્ટ્રીઓએ તોડી નાખ્યો છે. મારવાડના ઇતિહાસપરથી વિદિત થાય છે કે ઇસ્વીસનના આરંભપૂર્વે ઘણાં વર્ષપર અવંતના પરમારવંશીય અધીશ્વર ગંધર્વસેને આ પીપલનગરની સ્થાપના કરી હતી. અહીંઆં લક્ષ્મીજીના મંદિરમાં મને એક શિલાલેખ પ્રાપ્ત થયો. તેમાં ગિહલોતવંશના રાવલ ઉપાધિધારી રાજપૂત વિજયસિંહ અને દઇલિંજીનાં નામો કોતરવામાં આવ્યાં છે. આ શિલાલેખ મેવાડના ઇતિહાસની એક અતિ પ્રાચીન વાતનું સંપૂર્ણ સમર્થન કરે છે. ગિહલોતવંશ ચોવીસ શાખામાં વિભક્ત થયેલો છે. તેમાંની એક શાખાનું નામ "પિપલીઆ' છે. તક્ષકવંશીય પરમારો આ પીપલનગરમાં અધિકાર ભોગવતા હતા તે પરથીજ આ 'પિપલીઆ'ની ઉપાધિ ઉત્પન્ન થઇ છે. આ શિલાલેખ ઉપરથી નિઃસંશય ઉક્ત વાત સિદ્ધ થાય છે.

આ સ્થાનમાં સાઠથી એંશી ફીટ સુધીની ઉંડાઇના અનેક કૂવાઓ છે. અહીંઆંના સાંપુ(સર્પ) સરોવરમાં અત્યુત્તમ જલ છે. આ સરોવરની સાથે પીપલનગરની પ્રાચીન પ્રતિષ્ઠા ઉત્તમ પ્રકારે સંયુક્ત થયેલી છે. પાલીજાતનો પીપા નામનો એક બ્રાહ્મણ ઉક્તસરોવરના તટપર રહેતા એક તક્ષકજાતિના સર્પને પ્રતિદિન દૂધ પીવરાવતો હતો અને સર્પ તેની સેવાથી પ્રસન્ન થઇને તેને નિત્ય બે સુવર્ણમુદ્રા આપતો હતો. તેને એક દિવસ કાંઇ કારણસર શહેરમાં જવું પડયું તેથી તેણે તે કામ પોતાના પુત્રને સોંપ્યું અને તેને તે સંબંધે સર્વ પ્રકારની સમજ આપી. ઉક્ત બ્રાહ્મણપુત્રે વિચાર કર્યો કે "જો હું

આ સર્પને મારી નાખીશ તો મને સર્વ ધન એકદમ મળી જશે. આવો વિચાર કરી તે દૂધ અને જ્યેષ્ટિકા, ઉભય વસ્તુઓ લઇને સરોવરના તટપર ગયો. સર્પ નિત્ય જે વખતે દૂધ પીતો હતો તે વખતે બહાર નીકળ્યો અને બ્રાહ્મણકુમારે મૂકેલું દૂધ પીવા લાગ્યો. પછી ધનલોભી બ્રાહ્મણપુત્રે તત્કાળ તેના મસ્તકપર જ્યેષ્ટિકાપ્રહાર કર્યો. આ પ્રહારથી સર્પના પ્રાણ નીકળ્યા નહિ; પરંતુ તે માત્ર ઘાયલ થયો. પછી તે તત્ક્ષણ પોતાના દરમાં ભરાઇ ગયો. ઉક્ત બ્રાહ્મણપુત્ર હતાશ અને ઉદાસ થઇને પોતાના ઘેર આવ્યો અને તેણે પોતાની માતાને સમસ્ત વૃત્તાંત નિવેદન કર્યું. તેની માતા આ વૃત્તાંત સાંભળી અત્યંત ભયભીત થઈ અને તેને લાગ્યું કે સર્પ અવશ્ય વૈર લેશે. પછી તેણે બીજે દિવસે પ્રભાતમાંજ પુત્રને પતિની પાસે મોકલી દેવાનો નિશ્ચય કર્યો. તેણે પોતાના પુત્રને શહેરમાં મોકલી દેવાને માટે ગાડી, બળદ અને સેવક તૈયાર કર્યાં. આખી રાત તે બ્રાહ્મણીને નિદ્રા આવી નહિ. પરોઢીઆમાં ઉઠીને તે પોતાના પુત્રને જાગૃત કરવાને માટે તેની પથારી પાસે ગઇ; પરંતુ ત્યાં તેણે જે દૃશ્ય જોયું તેથી તે સ્તબ્ધ થઇ ગઈ. પુત્રની શય્યાપર પુત્રને બદલે એક પ્રચંડ સર્પ તેને સૂતેલો જણાયો. આજ વખતે પીપો શહેરમાંથીપાછો ફર્યો અને પોતાના પુત્રનો સર્પદ્વારા ભક્ષ થયાની વાત સાંભળી શોકસાગરમાં ડૂબી ગયો. પછી તે સર્પપર વૈર લેવાની વૃત્તિને મહામુશ્કેલીથી દબાવીને તેને પૂર્વવત્ દૂધ પાઈ તેની સેવા કરવા લાગ્યો. ઉક્ત સર્પ બ્રાહ્મણની સેવાથી પુનઃ પ્રસન્ન થયો અને પોતાનું દીર્ઘકાળથી સંચિત થયેલું વિપુલ ધન તે બ્રાહ્મણને બતાવીને બોલ્યો કેઃ–" આ ઘટના દીર્ઘકાળપર્યંત સ્મરણમાં રહે એટલા માટે આ સ્થળે એકાદ સ્મારક અવશ્ય સ્થાપન કરજો. હવે આ સર્વ ધન તમારૂં છે." આથી પાલીજાતના પીપા બ્રાહ્મણે આ પીપલનગર સ્થાપન કર્યું અને દ્રવ્યદાતા સર્પનું નામ અમર કરવાને માટે "સાંપૂ સરોવર" બંધાવ્યું. જૈનધર્માવલંબી તક્ષકજાતિની સાથેના બ્રાહ્મણોના વિવાદનું સૂચન પણ આ વાતપરથી થાય છે. આ નગરમાં લક્ષ (લાખા) ફુલાણીના નામનો એક કુંડ છે. અતિ પ્રાચીન કાળમાં મારવાડના એક દૂરના પ્રાંતમાં આવેલા ફુલેરા નામના સ્થાનમાં લાખા ફુલાણીનું રાજ્ય હતું.એમ કહેવાય છે કે એક વખત તેની જયપતાકા સમુદ્રના તટપર્યંત ઉડી હતી. લૂણીનદીના તટથી સિંધુ નદીપર્યંત હું જે જે સ્થાને ગયો તે તે સ્થાને લાખા ફુલાણીની પ્રશંસા મારા સાંભળવામાં આવી છે.[1]

૨૩ મી નવેમ્બર–માદ્રીય નામનું સ્થાન અહીંઆંથી પાંચ કોશના અંતરપર છે. ત્યાં જવાનો માર્ગ ઉત્તમ પરંતુ નિર્જન છે. ગામ મધ્ય પંક્તિનું છે. આ ગામમાં ઉત્તમ જળવાળું એક સરોવર છે.

૨૪ મી નવેમ્બર–ભૂરૂંડા નામનું ગામ આઠ કોશના અંતરપર છે. અમે જેમ જેમ આગળ જતા હતા તેમ તેમ પ્રકૃતિની દશા પણ બદલાઈ જતી હતી. માર્ગ તરંગના આકારનો છે અને તે પાષાણ તથા રેતીનો બનેલો છે. માર્ગની આસપાસ તે દેશનાં નાનાં નાનાં વૃક્ષો આવી રહ્યાં છે. આ સ્થાન અતિ ઉચ્ચ છે અને અહીંઆંના માર્ગને "ગાશુરી પાસ" કહેવામાં આવે છે. શત્રુઓના આક્રમણની ગતિ રોકવાને માટે તથા વાણિજ્યના માલપર કર લેવાને માટે આ સ્થાને રાજાના પુષ્કળ સૈનિકો રહે છે. મેડતિયાવંશના પ્રચંડ પરાક્રમી કુચામનના સામંત ગોપાળસિંહ ભૂરૂંડાના અધીશ્વર છે. આ ગામમાં દોઢસો ઘરની વસ્તી છે. અહીંઆંના કૃષિકારો જાટજાતિના છે.

ભૂરૂંડામાં સાધારણ બાંધણીનાં સ્મારકમંદિરો મારા જોવામાં આવ્યાં. તેમાંના એકમાં વદનસિંહનું નામ કોતરેલું છે. વદનસિંહ કુચામનના તાબાના સરદાર હતા. મેડતાના મહાસંગ્રામમાં તેઓ સ્વદેશની રક્ષાને માટે ફ્રેંચસેનાપતિ ડિવાઇનની સાથે મહાન વીરતાસહિત લડયા હતા. તેઓ આજ સંગ્રામમાં પડયા હતા. રાજપૂતજાતિના સ્વાભાવિક ગુણો–રાજભક્તિ અને સ્વદેશભક્તિની જેઓ પ્રશંસા કરે છે તેઓ વદનસિંહની દીર્ઘકાળપર્યંત સ્તુતિ કરશે, એમાં કિંચિત્ પણ શંકા નથી. મારવાડેશ્વર વિજયસિંહે

---

૧ જનશ્રુતિદ્વારા જે કાવ્ય ઉપલબ્ધ થાય છે તેમાંથી પ્રાચીન ઈતિહાસ અને ભૂગોળની પુષ્કળ માહિતી મળે છે. લાખાના સંબંધમાં એક એવું કાવ્ય પ્રચલિત છે કેઃ––

" कुसपगढ सूरजपुरा, वासुकगढ और तक्ष;
कन्याणिगढ जगरपुर, जो फुलगढ़ी लक्ष. "

આ કાવ્યપરથી પ્રતીતિ થાય છે કે તક્ષકવંશીય લક્ષ (લાખાના) અધિકારમાં ઉપર્યુક્ત પ્રાચીન ૭ નગરો હતાં.

વદનસિંહની પાસેથી ભૂરૂંડા કોઇ કારણથી ખુંચવી લીધું હતું. આથી નિરુપાયે વદનસિંહે જયપુર જઈ ત્યાંના રાજાનું શરણુ ગ્રહણ કર્યું. જયપુરાધીશે રાજપૂતલોકોની પ્રથાનુસાર તેમને શરણે રાખી પોતાના રાજ્યમાં નિયત કર્યા. જે સમયે વદનસિંહ જયપુરમાં પ્રબલ શક્તિસંપન્ન થઇ ગયા, તે સમયે મહારાષ્ટ્રીઓએ મારવાડપર આક્રમણ કરી તેમના 'બાપોતા' નો વિધ્વંસ કરવાનો વિચાર કર્યો. જ્યારે આ વાત વદનસિંહના કાનપર આવી, ત્યારે તેમણે સ્વદેશહિતૈષિતાની આગળ શત્રુતાનું બલિદાન આપ્યું. અર્થાત્ તેઓ મારવાડના રાજા સાથેની પોતાની પૂર્વશત્રુતા ભૂલી ગયા અને માતૃભૂમિની રક્ષા કરવાને માટે મારવાડમાં ગયા. તેમણે જયપુરમાંથી પોતાની સાથે સોએક ઘોડેસ્વારો લઈ લીધા હતા. દુર્ભાગ્યવશાત્ તેઓ મારવાડેશ્વરની પાસે પહોંચે તે પૂર્વેજ મહારાષ્ટ્રીઓએ તેમને ઘેરી લીધા. વદનસિંહ અને તેમના મહાબળવાન અશ્વારોહીઓ પરમ સાહસથી શત્રુઓનો ચક્રવ્યૂહ ભેદી આગળ ગયા; તોપણ તેમના ઘણા માણસો માર્યા ગયા હતા. વદનસિંહ પોતાની માતૃભૂમિમાં જીવંત દશામાં પહોંચ્યા અને રાજાને મળ્યા. વદનસિંહની અપૂર્વ રાજભક્તિ અને અસીમ સ્વદેશભક્તિ તથા અલૌકિક વીરત્વ જોઇ વિજયસિંહે આ ભૂરૂંડાપ્રદેશ તેમના વંશજોને પારિતોષિકતરિકે આપ્યો. આ પ્રદેશની વાર્ષિક ઉપજ સાત હજાર મુદ્રા છે. શત્રુઓના કરાલગ્રાસમાંથી તે દેશનું રક્ષણ કરવાનો ભાર પણ તે સામંતોનેજ સોંપવામાં આવ્યો હતો.

ઉક્ત સ્મારકમંદિરોમાં પ્રતાપસિંહના નામનું એક મંદિર જોવામાં આવ્યું. આ પ્રદેશના રક્ષણમાટે ઔરંગઝેબની સેનાસામે આ પ્રતાપસિંહે અપૂર્વ વીરતાસહિત યુદ્ધ કર્યું હતું; પરંતુ તેઓ તેમાં કૃતકાર્ય નહિ થતાં અનંતધામમાં પધાર્યા હતા.

૨૫ મી નવેમ્બર–અહીંઆંથી પાંચ કોશના અંતરપર ઈદુવર ગામ છે. એમાં બસેં ઘરની વસ્તી છે. અહીંઆંના સર્વ કૃષિકારો જાટજાતિના છે. આ જાટોના સંબંધમાં હજીસુધી મેં કાંઇ પણ લખ્યું નથી. જાટલોકો બળવાન, સ્વતંત્ર સ્વભાવના અને પરિશ્રમી છે. એ લોકો હળ ચલાવવામાં અનુરક્ત અને સંગ્રામભીરુ હોય છે. તેમનાં શરીર સ્થૂલ, અંગપ્રત્યંગ બલિષ્ઠ અને વર્ણ કૃષ્ણ હોય છે. ગત અધ્યાયમાં મેં એક જાટકૃષિકારનું વર્ણન કર્યું છે. આ ઈદુવર ગામ સિંધદેશના પૂર્વ અધીશ્વરને અર્પણ કરવામાં આવ્યું હતું. મારવાડાધીશ્વરે ઉદારતાપૂર્વક અર્પણ કરેલા ગામથીજ તેઓ પોતાનો નિર્વાહ ચલાવતા હતા. ઉક્ત સિંધી કનિરા જાતિના હતા અને પોતાને પારસીવંશમાંથી ઉતરી આવેલા જણાવતા હતા. બલુચિસ્તાનની નુમરી જાતિની તાલુપુરી શાખા સાથે વૈવાહિકસંબંધ જોડાવાથી ઉક્ત સિંધીના કુટુંબનાં માણસો પુષ્કળ વધી પડયાં છે. નુમરીલોકો હાલમાં પોતાને અફઘાનતરિકે જણાવે છે; કિંતુ વાસ્તવમાં તેઓ મધ્યએશિયાની અસંખ્ય જાતિઓપૈકી એક જાતિના લોકો છે.

૨૬ મી નવેમ્બર–મેડતા નામનું ગામ આ સ્થાનેથી ચાર કોશના અંતરપર છે. અમે વિશાળ મેદાનમાં થઈને આ સ્થાને પહોંચ્યા. અમે અહીંઆંથી દક્ષિણ તરફ સાડા બાર કોશના અંતરપર અરવલ્લીની ગગનભેદી શિખરમાળા જોઇ. પશ્ચિમદિશામાં અતિ નીચી જમીન અને વચ્ચે વચ્ચે તરંગાકારનાં નીચાં ઉંચાં તથા લીલાછમ વેલાઓ અને વનસ્પતિઓથી આચ્છાદિત થયેલાં ક્ષેત્રો અમારા જોવામાં આવ્યાં. આ સ્થાનની માટી સુંદર છે; પરંતુ જળ જમીનમાં ઘણે ઉંડે હોવાથી અહીંઆં ખેતી કરવાની સગવડ નથી. ગામની નિકટનાં ક્ષેત્રોમાં જુવાર, મકાઇ અને તલ પુષ્કળ પાકે છે. આ ગામ ઉચ્ચ ભૂમિ ઉપર આવેલું છે, તેથી દેખાવમાં અતિ રમણીય લાગે છે. અત્યાચારી ઔરંગઝેબે અહીંઆંના એક મંદિરનો વિધ્વંસ કરી તે સ્થળે મસ્જીદ બંધાવી હતી. આ મસ્જીદનું શિખર આસપાસનાં મોટાં મોટાં હિંદુમંદિરોથી અધિક ઉચ્ચ છે. ઔરંગઝેબે પરમ પરાક્રમી રાજા યશવંતસિંહ તથા તેમના જ્યેષ્ઠ કુમારને વિષ દઇને મારી નાખ્યા હતા અને અજિતસિંહને વીસ વર્ષપર્યંત રાજ્યભ્રષ્ટ કરી અગણિત રાઠોડોના રક્તથી મારવાડની ભૂમિ ભીંજાવી દીધી હતી. આ કારણથી તે સમસ્ત હિંદુજાતિને અપ્રિય થઇ પડયો હતો, તોપણ હિંદુઓની સહનશીલતા અને રાજભક્તિ અતિ પ્રબળ હોય છે. આ વાતનું પ્રમાણ ઉક્ત મસ્જીદમાં મળી આવે છે. આ મસ્જીદમાં એક એવો શિલાલેખ પ્રાપ્ત થાય છે કે જેમાં હિંદી અને ફારસી ભાષામાં મુસલમાનોએ કદિપણ અત્યાચાર કર્યો નથી એવી મતલબનો લેખ વિદ્યમાન છે. એમ સાંભળવામાં આવે છે કે મારવાડના લોભી રાજા ધોકલસિંહે ક્રૂર અને નરપિશાચ પઠાણોને સહાય કરી હતી

અને તેમને પ્રસન્ન કરવાને માટે ઉક્ત શિલાલેખ ઉકત મસજીદમાં ચણાવ્યો હતો; પરંતુ અંતે તે કેવી રીતે ઠગાયો હતો અને પઠાણનાયક અમીરખાંએ કેવી કઠોરતા અને કૃતઘ્નતાથી ધોકલસિંહની સેનાનો સંહાર કર્યો હતો તે પાઠકો સારી રીતે જાણે છે.

મંદોરના રાવ દુધાએ આ મેડતાનગર વસાવ્યું હતું અને તેમના પ્રસિદ્ધ પુત્ર માલવદેવે માલકોટ નામનો દુર્ગ બંધાવ્યો હતો.[1] તેમણે ૩૬૦ નગરો અને ગામોથી ભરેલો મેડતા પ્રદેશ પોતાના પુત્ર જયમલને અર્પણ કર્યો હતો. મેડતિયાવંશની સ્થાપના અહીંઆંથીજ થઈ હતી. આ વંશ રાઠોડજાતિમાં સર્વથી શ્રેષ્ઠ અને પરાક્રમી ગણાય છે. મહાવીર જયમલ મારવાડની બહાર પોતાનું નામ અમર કરવાને માટે ઉત્પન્ન થયા હતા. જયમલે દિલ્હીશ્વર શેરશાહની સાથે યુદ્ધ કરતી વખત સાવધાનીપૂર્વક કામ ન કર્યું તેથીજ યવનસમ્રાટ વિશ્વાસઘાત કરીને નાસી ગયો હતો. આ અપરાધને માટે માલવદેવે જયમલને મંદોરથી હદપાર કર્યા હતા. હદપાર થયેલા રાઠોડરાજકુમાર મેવાડના રાજાને શરણે ગયા. મેવાડપતિએ તેમનું અત્યંત આદરસહિત સ્વાગત કર્યું અને પોતાના રાજ્યનો મોટો અને સમૃદ્ધિશાળી બિદનોર પ્રદેશ તેમને અર્પણ કર્યો. જયમલ જે પ્રદેશમાંથી પદચ્યુત થયા હતા તે પ્રદેશ કરતાં બિદનોર અધિક ફળદ્રૂપ અને અધિક ઉપજનો હતો. જયમલે મેવાડેશ્વરની અકૃપાનું ઋણ કેવી રીતે અદા કર્યું હતું તે વૃત્તાંત અમે લખી ચૂકયા છીએ. મોગલકુલતિલક અકબરે પોતાના હાથથી મહાવીર જયમલનો નાશ કરવામાં મહાસન્માન માન્યું હતું અને તેણે જે બંદુકથી તેમના પ્રાણ લીધા હતા, તે બંદુકની પ્રતિષ્ઠા તેણે વધારી મૂકી હતી. સમ્રાટ જહાંગીરે વીરશ્રેષ્ઠ જયમલની ભારે પ્રશંસા કરી હતી અને તેના બાળકને રાણાને સ્વાધીન કર્યો હતો. વળી તેણે ચિતોડના સંરક્ષણને માટે અપૂર્વ વીરતાસહિત પોતાના પ્રાણનું બલિદાન આપનાર જયમલના સ્મારકતરિકે એક કીર્તિસ્તંભ બંધાવ્યો હતો. વિખ્યાત ઇતિહાસવેત્તા અબ્બુલફજલ, અંગ્રેજ એલચીના પુરોહિત હર્બર્ટ અને બર્નિયર વગેરે પંડિતોએ મહાવીર જયમલની અત્યંત પ્રશંસા કરીને તેની જયઘોષણા કરી છે. પરમ તેજસ્વી લૉર્ડ હેસ્ટીંગ્સ કે જેઓ રાજપૂતજાતિનાં વીરત્વ, પરાક્રમ, પ્રતાપ અને પ્રભુતાના મહાન પ્રશંસક હતા, તેમણે પણ જયમલનાં અનુપમેય પરાક્રમોનો ઇતિહાસ વાંચી તેથી મુગ્ધ થઇ તેમના સન્માનાર્થે તેમના વંશજ બિદનોરના વર્તમાન સાહસિક સામંતને પ્રસન્ન કર્યા હતા.

મેડતાનગર મહા પ્રચંડ અને અત્યંત દૃઢ કોટથી ઉત્તમ પ્રકારે સુરક્ષિત છે. તેની પશ્ચિમ તરફનો કોટ માટીનો બનેલો છે અને પૂર્વ તરફનો કોટ પાષાણનો છે. આ નગરમાંનાં ઘરો જીર્ણ અને છિન્નભિન્ન અવસ્થામાં જણાય છે. આ નગરમાં વીસ હજાર ઘરની વસ્તી છે. સમસ્ત હિંદુનગરોની પેઠે આ નગરમાં પણ શ્રીમંતલોકોના મનોહર મહાલયોની પાસે દીનહીન લોકોની પર્ણકુટીઓ દૃષ્ટિગોચર થાય છે. આ નગરના નૈઋત્યકોણમાં દુર્ગ આવેલો છે. આ દુર્ગનો ઘેરાવો પ્રાયઃ એક કોશનો છે. દુર્ગની પૂર્વ અને પશ્ચિમ દિશામાં નાનાં નાનાં સરોવરો આવેલાં છે. આ નગરમાં કૂવાઓ પણ ઘણા છે; પરંતુ સર્વ કૂવાનું પાણી ખરાબ છે. નગરની ચારે તરફ "દુધસાર" "વાઇજપા" "દુરાણી" "ધનગોલીઆ" વગેરે નામનાં અનેક મોટાં મોટાં જલાશયો આવેલાં છે.

મેડતાનો સપાટ પ્રદેશ અગણિત સમાધિમંદિરો તથા સ્મારકસ્તંભોથી સુશોભિત બનેલો છે. જે મહાવીરોએ પરસ્પરના વિગ્રહના સમયમાં વા મહાબળવાન મહારાષ્ટ્રીઓના કરાલગ્રાસમાંથી સ્વદેશની રક્ષા કરવાના સમયમાં પોતાનું રુધિર જન્મભૂમિને અર્પણ કર્યું હતું, તેમની કીર્તિની ઘોષણાને અર્થે તથા તેમનાં સ્મરણાર્થે આ મંદિરો બંધાવવામાં આવ્યાં છે. રાઠોડોની જાતીયએકતા શા કારણથી છિન્નભિન્ન થઇ ગઇ? દક્ષિણીલોકો કેવી રીતે મારવાડમાં ઘુસ્યા? અને મારવાડીઓની જાતીયજીવનશક્તિ શી રીતે અત્યંત દુર્બળ થઇ ગઇ? તે જાણ્યા વિના આ ચિરસ્મરણીય ક્ષેત્રનું અતિક્રમણ કરવું અવશ્ય અસંભવિત છે. રાજા અજિતસિંહની હત્યાસંબંધે કેટલોક ઉલ્લેખ હું પાછળ કરી ચૂકયો છું. સાક્ષાત્ પિશાચસ્વરૂપ બે સૈયદ ભ્રાતાઓએ સમ્રાટ ફર્રુખશીઅરને પદચ્યુત કરીને રમકડાની પેઠે એક પછી

1 રાવ દુધાને માલવદેવસિવાય બીજા પણ પુત્રો હતા. તેમાંના વીરમલ અને વીરસિંહે માળવા દેશમાં અમઝેરા નામનું રાજ્ય સ્થાપન કર્યું હતું. આ રાજ્ય અદ્યાપિ તેમના ઉત્તરાધિકારીઓના હાથમાં છે. ત્રીજાનું નામ રૂનસિંહ હતું. રાણા કુંભની સુવિખ્યાત રાણી મીરાંબાઈના એ પિતા હતા.

એક પાદશાહને ભારતવર્ષના સિંહાસનપર બેસાડવા માંડયા તે વખતે તેમની નિંદ્ય રાજનીતિના પરિણામે અજિતસિંહ પોતાના પુત્રના પાપિષ્ઠ અને કલુષિત હાથે માર્યા ગયા હતા. અજિતસિંહની પુત્રી સાથે સમ્રાટ ફર્રૂખશીઅરનો વિવાહ થયો હતો.આ વખતે ફર્રૂખશીઅરનો કાંઇ રોગ એક અંગ્રેજ ડૉકટરે નિવારણ કર્યાથી અંગ્રેજોને આ દેશમાં સૌથી પહેલી ભૂમિ મળી હતી;પરંતુ અજિતસિંહે પોતાના પુત્ર અભયસિંહને દિલ્હીમાં રાખ્યો અને પોતાની પુત્રીને પાછી પોતાને ત્યાં તેડાવી લીધી; કારણ કે તેઓ ઉક્ત ઉભય સૈયદ ભ્રાતાઓની નિંદ્ય અને ઘૃણિત રાજનીતિનું સમર્થન કરવાને કોઇ પણ પ્રકારે ઇચ્છતા નહોતા. રાજા અજિતસિંહને આ રીતે પોતાની પ્રપંચજાલમાંથી મુક્ત થયેલા જોઇને ઉક્ત સૈયદભ્રાતાઓએ પોતાની સ્વાભાવિક વિકટ મૂર્તિ સ્પષ્ટ રીતે ધારણ કરી અને તેના પુત્ર અભયસિંહને પોતાની સમક્ષ બોલાવીને કહ્યું કેઃ–"જો તમે તમારા પિતાનો વધ કરીને અમારી રાજનીતિનું અનુસરણ કરશો તો તમને મારવાડના સિંહાસનપર બેસાડવામાં આવશે; નહિ તો મારવાડરાજ્ય ખાલસા કરવામાં આવશે." ઉક્ત નરપિશાચોએ પોતાનો ઉદ્દેશ સફળ કરવાને માટે અભયસિંહ ઉપર જે ઉપાય અજમાવ્યો અને અભયસિંહ તેને આધીન થયો તેદ્વારા રાજપૂતજાતિના સ્વભાવનો એક બીજો અંશ સ્પષ્ટરીતે વ્યક્ત થાય છે. જ્યારે અભયસિંહે પોતાના પિતાનો જીવનદીપ બુઝાવવાની સ્પષ્ટ ના પાડી, ત્યારે ઉક્ત સૈયદભ્રાતાઓએ તેને પ્રશ્ન કર્યો કેઃ–"માબાપકી શાખા યા જમીનકી શાખા ?" (અર્થાત્ તમે માબાપની શાખા છો કે જન્મભૂમિની શાખા છો ?) અમે ઉપર જણાવી ગયા છીએ કે માતૃભૂમિ એજ રાજપૂતજાતિનું સર્વસ્વ છે અને તેને માટે રાજપૂતો ગમે તે કાર્ય કરવાને તત્પર થાય છે. આજ કારણથી અભયસિંહને મારવાડના સિંહાસનનો લોભ પેદા થયો. અજિતસિંહસમાન સાધુપુરુષના વીર્યથી અભયસિંહ અને વખ્તસિંહસમાન નરરાક્ષસોએ જન્મ ગ્રહણ કરી ઉક્ત સૈયદોનો ઉદ્દેશ સિદ્ધ કરવાને માટે પોતાના પૂજ્ય પિતાનો વધ કર્યો. આ વાત માની પણ ન શકાય તેવી છે; પરંતુ પ્રત્યક્ષ પ્રમાણ ગમે તેવા પ્રબળ સંદેહનું નિવારણ કરી નાખે છે. હું રાજપૂતજાતિપ્રત્યે મહાન આદરની દષ્ટિથી જોઉં છું અને તેમના પક્ષનો પ્રબળ સમર્થક છું, તેથી આ ઘોર કલંકની વાત લખતાં મારી લેખિની અચકાય છે; પરંતુ રાજપૂતજાતિપ્રત્યેના માન કરતાં સત્યને વિશેષ પ્રિય ગણવું એ પ્રત્યેક મનુષ્યનો પરમ ધર્મ છે, માટે અહીંઆં તે વાત ખેદસહિત લખવાને પ્રવૃત્ત થાઉં છું. અજિતસિંહના બાર પુત્રોમાંથી અભયસિંહ અને વખ્તસિંહ મોટા હતા અને તે ઉભય બૂંદીની રાજકુમારીના ગર્ભથી ઉત્પન્ન થયા હતા.

રાઠોડકુલકલંક અભયસિંહ જે સમયે સાક્ષાત્ યમદૂતનું સ્વરૂપ ધારણ કરી ઉક્ત ઉભય સૈયદભ્રાતાઓની માગણીઅનુસાર પિતૃવધરૂપી મહાપાતકમાં પડવાને તૈયાર થયો તે સમયે મારવાડેશ્વર અજિતસિંહ પોતાના વચલા કુમાર વખ્તસિંહની સાથે નાગોરમાં રહેતા હતા. અભયસિંહે ગુપ્તરીતે વખ્તસિંહપર એવી મતલબનો પત્ર લખ્યો કેઃ–"જો તમે પિતાનો નાશ કરશો તો હું તમને ૫૬૫ નગરોથી ભરેલો નાગોરપ્રદેશ સમર્પણ કરીશ અને તમે સ્વતંત્ર રાજાની ઉપાધિ ધારણ કરી તેપર રાજ્ય ચલાવી શકશો." દુરાત્મા વખ્તસિંહ પોતાના બંધુનો આ પત્ર વાંચી કિંચિત્ પણ કંપાયમાન થયો નહિ–તેને જરા પણ શોક કિંવા દુઃખ ઉત્પન્ન થયું નહિ. ઉલટો તે પત્ર વાંચી તે પરમ સાહસસહિત પોતાના જન્મદાતાના પ્રાણનો સંહાર કરવાને ઉદ્યુક્ત થયો. તેની માતા તેની અદમનીય પ્રકૃતિ, ઉગ્ર સ્વભાવ, અસીમ સાહસિકતા અને અત્યંત ક્રોધ જોઇ ભયભીત થઇ. તેની નરરક્તપિપાસા તે કોઇ ને કોઇરીતે જાણી ગઈ અને સદા ભયભીત રહેવા લાગી. એક દિવસ તેણે પોતાના સ્વામીને નિવેદન કર્યું કેઃ–"સાયંકાળ પછી આપ કદિ પણ એકલા રહેશો નહિ અને એકાંતમાં કદિપણ વખ્તસિંહની પાસે જશો નહિ;" પરંતુ રાજા અજિતસિંહ પરમ સાહસિક અને અત્યંત બલિષ્ઠ હતા, તેથી તેમણે રાણીની આ વાતપર કિંચિત્ પણ લક્ષ્ય આપ્યું નહિ અને તેને કહ્યું કેઃ–"શું તે મારો પોતાનો પુત્ર નથી ? હું તેને એક થપ્પડ મારીને સીધો દોર કરી દઉં એવો છું." અફસોસ ! સાધુ અજિતસિંહને એક ક્ષણભર પણ એવી કલ્પના આવી નહિ કે વખ્તસિંહ તેને ત્યાં કાળસર્પ જન્મ્યો હતો.

મહાપાતકી વખ્તસિંહને અભયસિંહનો પત્ર પ્રાપ્ત થયા પછી તે રાજાજ્ઞાથી તેમના શયનગૃહની પાસેના ઓરડામાં સુવા લાગ્યો.તે અતિ ઉંડા પાપપંકમાં પતિત થવાને અને નિર્મલ રાઠોડકુલને કલંકની કાલિમા લગાડવાને યોગ્ય સમયની પ્રતીક્ષા કરવા લાગ્યો. એક દિવસ તેને યોગ્ય સંધિ પ્રાપ્ત થઇ.

અંધારીરાત્રીએ ભયાનક મૂર્તિ ધારણ કરી જગતને આવૃત કરી દીધું.મહાલયમાં શાંતિનું સામ્રાજ્ય પ્રસરી ગયું. નિદ્રાની મોહકશક્તિએ મહાલયમાંનાં પ્રત્યેક સ્ત્રીપુરુષ ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો. ચારે તરફ ભયંકર અંધકારનું સામ્રાજ્ય સ્થાપન થઇ ગયું. મહારાજા અજિતસિંહ પોતાની રાણી-સહિત નિદ્રાના ખોળામાં સૂતા હતા, તે વખતે વખ્તસિંહ કાલકૂટવિષધરની પેઠે નિર્ભયતાપૂર્વક તેમના ઓરડામાં ગયો અને શય્યાની નીચેથી પોતાના પિતાની સમશેર લઇને તેણે પોતાના જન્મદાતાનું પવિત્ર જીવન નષ્ટ કરી દીધું. જ્યારે અજિતસિંહના શરીરમાંથી ઉષ્ણ રક્ત નીકળીને તેમની રાણીના અંગને લાગ્યું, ત્યારે તેની નિદ્રાનો ભંગ થયો. તેણે દૃષ્ટિ ફેંકી તો તેને શું જણાયું ? અરે, જે પુત્રને તેણે નવ માસપર્યંત પોતાના ગર્ભમાં રાખ્યો હતો, તેજ પુત્રે તેના પવિત્ર પતિનો વધ કર્યો હતો.આ દશ્ય જોઇ તે આશ્ચર્યવિમૂઢ બની ગઇ. જેના ચારિત્ર્ય ઉપર તેને પ્રબલ સંદેહ ઉત્પન્ન થયો હતો તેજ નારકી વખ્ત-સિંહે તેના પ્રિય પતિના પવિત્ર પ્રાણ લીધા હતા. રાણી પતિવિયોગથી ઉન્મત્ત થઇને રોદન કરવા લાગી. તેના રોદનથી નિકટના ઓરડામાં સૂતેલા રાજપૂતરક્ષકો જાગૃત થઇ ગયા. તેઓ શીઘ્રતાથી રાજાના શયનગૃહનું દ્વાર તોડીને અંદર આવ્યા.ત્યાં આવીને જુએ છે તો તેમણે રાજાને મરણ પામેલા જોયા. તેમનું પ્રાણશૂન્ય,રક્તાવૃત શબ શય્યા ઉપર પડેલું હતું.રાણી પતિવિરહથી ઉન્મત્ત બની ગઇ હતી.

પિતૃઘાતક વખ્તસિંહ રાજપૂતરક્ષકો આવ્યા તે પૂર્વે અગાસી ઉપર નાસી ગયો અને જતી વખત સર્વ દ્વારો બંધ કરતો ગયો. સર્વ માણસોએ દ્વારો તોડવાનો પ્રયાસ કર્યો; પરંતુ તેઓ પ્રાતઃકાળપર્યંત તે કાર્ય સમાપ્ત કરી શક્યા નહિ.પ્રાતઃકાળ થતાંજ વખ્તસિંહે અગાસી ઉપરથી પોતાના બંધુ અભય-સિંહનો પત્ર મહાલયના આંગણામાં ફેંક્યો અને તે બોલ્યોઃ—"મેં મારી ઇચ્છાથી મહારાજાના પ્રાણ લીધા નથી; પરંતુ આ પત્રે મને એમનો વધ કરવાની આજ્ઞા કરી હતી." રાજપૂતો મહાન રાજભક્ત હોય છે. હવે અભયસિંહ મારવાડના અધીશ્વર થયા હતા, તેથી તેમણે અભયસિંહની ઇચ્છાવિરુદ્ધ કાંઇપણ કરવું ઉચિત ધાર્યું નહિ. ઉલટા તેઓ પિતૃઘાતકપ્રત્યે ભક્તિ પ્રદર્શિત કરવા લાગ્યા.મહારાજા અજિત-સિંહની સાથે તેમની ૮૪ રાણીઓ ચિતામાં બળીને ભસ્મ થઇ. અજિતસિંહ અને તેમની રાણીઓના ચિતાધૂમ્રના અંધકારથી જાણે સમસ્ત મારવાડ ઘેરાઇ ગયો. મહારાજા અજિતસિંહે પ્રજાનાં મન એટલાં બધાં જીતી લીધાં હતાં કે તેમના જેવો લોકપ્રિય રાજા સમસ્ત ભારતવર્ષમાં કોઇપણ કાળે થયો નહોતો,એમ કહીએ તો તેમાં કિંચિત્ પણ અતિશયોક્તિ નથી.તેમની પ્રદીપ્ત ચિતામાં તેમને ચાહનારા પુષ્કળ માણસોએ પોતાનાં જીવન વિસર્જન કર્યાં હતાં. મહા બળવાન અજિતસિંહના અવસાનથી સર્વ સામંતો અને સમસ્ત મારવાડનાં આબાલવૃદ્ધ નરનારીઓએ હૃદયભેદી રોદનથી આકાશને પ્રતિધ્વ-નિત કરી દીધું. ઇતિહાસ રાઠોડકુલના કલંકરૂપ અભયસિંહ અને વખ્તસિંહની દીર્ઘકાળપર્યંત નિંદા કરશે. તેમનાં આ કૃત્ય ધિક્કારી નાખવાને માટે કવિઓએ પોતાની વાણીનો ઉપયોગ કરવામાં કિંચિત્ પણ વિલંબ કર્યો નહિ.કવિઓની શોકમય કવિતાઓમાંની એકનો ઉલ્લેખ અત્રે કરવામાં આવે છેઃ—

**वख्त वख्त बाइरा, क्यों मारा अजमाल;[1]**
**हिंदुआनीका सेवरा तूर्कानीका शाल.**

આ કવિતાનો ભાવાર્થ એવો છે કેઃ—"હે વખ્ત ! તેં શામાટે અજમાલની હત્યા કરી છે ? તેઓ હિંદુઓના મહાન રક્ષકસ્વરૂપ અને મુસલમાનોનાં સાલરૂપ હતા."

પોતાના પિતાની હત્યા કરવા માટે વખ્તસિંહને પોતાના જ્યેષ્ઠબંધુના તરફથી નાગોરપ્રદેશ મળ્યો અને પાપી અભયસિંહને નરપિશાચ સૈયદોની કામના પૂર્ણ કરવા માટે પુરસ્કારતરિકે સમસ્ત મારવાડદેશનું સિંહાસન અને ગુજરાતની સુબેદારી મળી.જ્યારે મોગલસામ્રાજ્યપર ઘોર વિપત્તિ આવી પડી, ત્યારે અભયસિંહે ગુજરાતદેશનો કેટલોક ભાગ મહારાષ્ટ્રીઓને વહેંચી આપ્યો અને તેનાં વીણા-મહલ, સાંચોર તથા બીજાં કેટલાંક સમૃદ્ધિશાળી પ્રગણાંઓ પોતાના તાબામાં લીધાં અને મારવાડના કવિઓએ જેને "બહબખ્ત"ની ઉપાધિ આપી હતી,તે વખ્તસિંહને ઝાલોરપ્રદેશ આપી દીધો.ઉક્ત ઉભય બંધુઓએ કરેલી પિતૃહત્યાને લીધે મારવાડમાં શીઘ્ર પ્રબળ વિગ્રહાગ્નિ પ્રદીપ્ત થઈ ગયો.

૧ અજિતસિંહને અજેય ગણીને કવિએ અહીંઆં તેમને "અજમાલ" કહ્યા છે.

મહાવીર અજિતસિંહના અન્યાન્ય પુત્રોને રાજસ્થાન સાથે કેવો સંબંધ હતો તેનું વર્ણન હવે અમે કરીશું. અજિતસિંહના એક પુત્ર દેવીસિંહને ચંપાવતકુલના અગ્રેસર મહાસિંહે દત્તક લીધા. દેવીસિંહ વીણામહલના સુબા થયા હતા;પરંતુ જ્યારે તેઓ કોળીલોકોના ઉપદ્રવથી ત્યાંની પ્રજાનું સંરક્ષણ કરી શકયા નહિ, ત્યારે તેમને ત્યાંથી ખસેડી પોકર્ણપ્રદેશની સુબાગીરી આપવામાં આવી. સુબલસિંહ અને સાલિમસિંહ ઉક્ત દેવીસિંહના પુત્ર તથા પૌત્ર હતા.

અજિતસિંહના એક બીજા પુત્ર આનંદસિંહને ઈદારના સ્વતંત્ર રાજાએ દત્તક લીધા હતા. રાઠોડ-જાતિમાં એક વિચિત્ર પ્રથા પ્રચલિત છે. જો કનિષ્ઠ રાજપુત્રને કોઇ સ્વતંત્ર રાજા દત્તકતરિકે ગ્રહણ ન કરે તો મારવાડના સિંહાસન ઉપર તેના વંશજોનો અધિકાર સ્થાપિત થાય છે; પરંતુ જો તેને સ્વદેશનો કોઇ સામંત દત્તકતરિકે ગ્રહણ કરે તો તેનો વા તેના પુત્રોનો મારવાડના સિંહાસન ઉપર કોઇ પણ પ્રકારનો અધિકાર રહેતો નથી. કોઇ આધીનસામંત જો તેને દત્તક લે તો મારવાડના સિંહાસન સાથેનો તેનો સર્વ સંબંધ લુપ્ત થાય છે. માત્ર તે આધીનસામંતનોજ ઉત્તરાધિકારી થાય છે.આ ચિરપ્રથાનુસાર દેવીસિંહનો મારવાડના સિંહાસન ઉપર કાંઇ પણ અધિકાર રહ્યો નહિ; પરંતુ આનંદસિંહના વંશજોનો અધિકાર સ્વીકારવામાં આવ્યો.

પિતૃઘાતક અભયસિંહના મસ્તકપર જ્યારે મારવાડનું રાજછત્ર ધરવામાં આવ્યું, તે વખતે દિલ્લીના યવનસમ્રાટની સત્તા છિન્નભિન્ન થવાની તૈયારીમાં હતી. વિશાળ મોગલસામ્રાજ્યનાં અંગપ્રત્યંગ ખંડિત થઇને લુપ્તપ્રાય થઇ ગયાં હતાં. મોગલસમ્રાટનું સિંહાસન કંપાયમાન થતું હતું. આ ઉત્તમ સંધિનો લાભ લઇ અભયસિંહે અન્યાન્ય સુબાઓ અને માંડલિકરાજાઓની પેઠે ઘણા પ્રદેશો પોતાના રાજ્યમાં સંયોજી દીધા હતા. જે વખતે તે મરણ પામ્યો તે વખતે તેના રાજ્યની મોટી જાહોજલાલી હતી. અભયસિંહનું મૃત્યુ થયા પછી તેના પુત્ર રામસિંહના હાથમાં મારવાડનો શાસનભાર આવ્યો. આ વખતે વખ્તસિંહ નાગોરમાં રાજ્ય કરતો હતો. જ્યારે તેનો ભત્રીજો રાજસિંહાસનપર અધિષ્ઠિત થયો, ત્યારે તેણે પોતાની વૃદ્ધધાત્રીને રાજટીકા અને ઇતર અભિનંદનચિન્હસ્વરૂપ ઉપહારો આપીને જોધપુર મોકલી. રાજસ્થાનમાં ધાત્રીઓનો સત્કાર ઘણો સારો થાય છે; પરંતુ રામસિંહ આ ધાત્રીને આવેલી જોઇ પ્રસન્ન થયો નહિ. તેનો સ્વભાવ ઉગ્ર હતો. તેણે દૂતતરિકે આ ધાત્રીને આવેલી જોઈ ક્રોધિત થઇ તેને કહ્યું:–"નવા અધીશ્વરને અભિનંદન આપવાને માટે કાકાને વૃદ્ધ ધાત્રીસિવાય કોઈ ઇતર માણસ નહિ મળ્યું ?" પછી તેણે તરતજ ધાત્રીને પાછી રવાના કરી દીધી. નાગોર જોધપુરને આધીન હોવાથી તેના રાજાનું પદ મારવાડેશ્વર કરતાં નાનું હતું. આજ કારણથી વખ્તસિંહ સ્વયં પોતાને અભિનંદન આપવાને આવ્યો નહિ, કિંવા કોઈ વજનદાર માણસને તેના પ્રતિનિધિતરિકે મોકલ્યો નહિ; તેટલા માટે રામસિંહને ખોટું લાગ્યું અને તેણે ઉક્ત ધાત્રી સાથે તેના સમસ્ત ઉપહારો પાછા રવાના કરી દીધા અને તેની સાથે કહેવરાવી મોકલ્યું કે:–" કાકાએ સમસ્ત ઝાલોરપ્રદેશ પાછો આપી દેવો એવી મારી આજ્ઞા છે, આ વાત તેમને કહેજે." અપમાનિત ધાત્રીએ રામસિંહે કહેલી સર્વ કટુ વાતો વખ્તસિંહને કહી. વખ્તસિંહે પોતાના ભત્રીજાની ઉચ્છૃંખલતા જોઈ તથા અન્યાયી આજ્ઞા સાંભળી તેનાપર મધુર શબ્દોમાં પ્રત્યુત્તર મોકલ્યો કે:–"ઝાલોર અને નાગોર આ ઉભય પ્રદેશો આપને આધીન છે;" પરંતુ આ મધુર અને વિનયયુક્ત શબ્દોએ રામસિંહના હૃદયપર કિંચિત્ પણ અસર કરી નહિ. તેનો ક્રોધ દ્વિગુણ વૃદ્ધિ પામ્યો અને તેણે પોતાના કાકાની સાથે ભયંકર શત્રુતા કરી. ઉભયની વચ્ચે ઘોર ઝઘડો થયો અને તેનું પરિણામ શું આવ્યું તે પાઠકની જાણમાટે નીચે લખવામાં આવે છે.

મારવાડેશ્વર રામસિંહ ઉદ્ધત, ઉચ્છંખલ અને શિષ્ટાચારહીન હતો. પોતાના આધીન માંડલિકોની સાથે કેવી રીતનું વર્તન રાખવું જોઇએ, તે તે કિંચિત્ પણ જાણતો નહોતો. આહોયાના સરદાર કુશલસિંહ મારવાડના સામંતોમાં સર્વથી શ્રેષ્ઠ અને ચંપાવતકુલના નેતા હતા. તેઓ શરીરે ઠીંગણા પરંતુ બળવાન હતા, વળી તેઓ અસભ્ય અને સ્થૂળબુદ્ધિના હતા, તેથી તેઓ નવા રાજાને પસંદ પડયા નહિ. રામસિંહ તેમને "ગુરુજીગંડક" અર્થાત્ "મૂર્ખશ્વાન" કહેતો હતો. એક દિવસ તેણે કુશલસિંહને જાહેરરીતે "ગુરુજી" કહીને બોલાવ્યા. મહારાજાનાં આ અપમાનકારક વચનો સાંભળી ઉક્ત સામંતે તત્કાળ પ્રત્યુત્તર આપ્યો કે:–" આ ગુરુજી સિંહનો વધ કરવાની હિંમત ધરાવે છે. "

જો કે રામસિંહ આ ઉત્તરથી મનમાં અત્યંત નારાજ થયો; પરંતુ તેણે તે વખતે પોતાના મુખમાંથી એકપણ શબ્દ બહાર પાડયો નહિ. આ પ્રકારની બીજી એક વાતથી તે ઉભયની શત્રુતામાં વૃદ્ધિ થઈ. એક દિવસ રાજા રામસિંહ અને કુશલસિંહ મંદોરના જંગલમાં ફરતા હતા. એવામાં રામસિંહે કુશલસિંહને એક વૃક્ષ તરફ અંગુલિનિર્દેશ કરીને પૂછ્યું:—"આ વૃક્ષનું નામ શું છે ?" કુશલસિંહે ઘમંડસહિત પ્રત્યુત્તર આપ્યો કે:—"જેવી રીતે રાજપૂતજાતિમાં હું ગૌરવસ્વરૂપ છું, તેવી રીતે આ ચંપાનો છોડ આ વનની શોભાસ્વરૂપ છે." આ ઉત્તર સાંભળી રામસિંહે ક્રોધાન્વિત થઈ કહ્યું:—"હમણાં ને હમણાં આ છોડને ઉખેડીને ફેંકી દો. મારવાડમાં ચંપાના નામનો એક પણ પદાર્થ રહેશે નહિ." કુશલસિંહ આ વખતે તો મૌન રહ્યા; પરંતુ તેમના હૃદયમાં ક્રોધનો પાર રહ્યો નહિ.

જેવી રીતે ચંપાવતકુલના નેતા બળવાન કુશલસિંહ હતા, તેવી રીતે કુંપાવતકુલનો નેતા કન્નીરામ હતો. કન્નીરામ પણ અતિ સાહસિક અને મહાબળવાન હતો. કન્નીરામપર પણ રામસિંહની અકૃપા થઇ. કન્નીરામ કાંઇક કદરૂપો હતો. એક દિવસે રામસિંહે તેને "બુઢેબંદર" કહીને બોલાવ્યો. આ વચનો સાંભળી કન્નીરામે પ્રત્યુત્તર આપ્યો:—"જે વખતે આ બંદર (વાંદરો) નૃત્ય કરશે તે વખતે આપને અત્યંત આનંદ થશે." આટલા શબ્દો બોલી તે તરતજ આહોયાના સરદારની સાથે રાજસભામાંથી ચાલ્યો ગયો. તેઓ નાગોરમાં જઇ સેના સંગ્રહિત કરવા લાગ્યા. જ્યારે તેઓ નાગોરમાં ગયા ત્યારે વખ્તસિંહ ત્યાં હાજર નહોતો. જ્યારે તેણે તેમના આગમનની અને પોતાના ભત્રીજાની કઠોરતાની વાત સાંભળી, ત્યારે તે તત્કાળ પોતાની રાજધાનીમાં જઇ પહોંચ્યો. તેણે તે ઉભય સામંતોને શાંત કરીને કહ્યું કે:—"હું મધ્યસ્થ થઇને તમારી તકરારનો નિવેડો આણીશ;" પરંતુ અપમાનિત સામંતોએ તેની વાતપર લક્ષ્ય આપ્યું નહિ. તેમણે વખ્તસિંહની સમક્ષ પ્રતિજ્ઞા કરી કે:—"અમે કદિ પણ રામસિંહને સ્વામી ગણીને તેની આગળ જઇશું નહિ." વળી તેમણે જણાવ્યું કે:—"આપને જોધપુરના સિંહાસનપર આરૂઢ કરવાને માટે અમે અમારાથી બનતી સર્વ સહાય કરીશું અને જો આપ અમારી આ માગણીનો સ્વીકાર નહિ કરો તો અમે સદાને માટે મારવાડ છોડીને બીજા દેશમાં ચાલ્યા જઇશું." વખ્તસિંહે થોડા સમયસુધી ઇંગ્લાંડના રાજા રિચર્ડની પેઠે વર્તન કર્યું; પરંતુ થોડાજ વખતમાં તેના ભત્રીજાના ઉગ્ર સ્વભાવે ભયંકર વિગ્રહને જન્મ આપ્યો.

"મારવાડના સર્વથી મોટા સામંત કુશલસિંહ અને કન્નીરામને કાકા વખ્તસિંહે આશ્રય આપ્યો છે" આ વાત સાંભળી રામસિંહે તેનાપર એક પત્ર લખ્યો અને તેને જણાવ્યું કે:—" ઝાલોરનું રાજ્ય પાછું સોંપી દે. " વખ્તસિંહે પુનઃનમ્રશબ્દોમાં પ્રત્યુત્તર લખ્યો કે:—"હું આપ સ્વામીની વિરુદ્ધ આચરણ કરવાનું સાહસ ધરાવતો નથી. જો આપ સ્વયં અહીંઆં પધારશો તો હું અભિષેકજલથી ભરેલો કલશ આપના હાથમાં અર્પણ કરીશ." પરંતુ રામસિંહે આ માગણીનો સ્વીકાર કર્યો નહિ અને શીઘ્ર ઉભયની વચ્ચે યુદ્ધ થવાનો પ્રસંગ આવી પહોંચ્યો. મેડતાના મેદાનમાં ઉભય રાજપુત્રો પોતપોતાની સેના લઇ મદોન્મત્ત હાથીની પેઠે ગયા. મારવાડના સર્વ સામંતો કરતાં મેડતાના સામંતો અધિક સાહસિક અને અધિક શૌર્યવાન છે. આ સર્વ સામંતો રામસિંહની પતાકાનીચે એકત્રિત થયા. રિયા, બુદસુ,મિથરિ, ખોલર, ભલાવર, કુચામન, અલનિવાસ, જુસુરી, વકરી, ભૂરૂંડા અને ચંદારુણના સામંતો રણક્ષેત્રમાં પહોંચી ગયા. મારવાડના સામંતોનો મોટો ભાગ રાજભક્તિથી પ્રેરિત થઇ રામસિંહના પક્ષમાં ભળ્યો; અને લાંડુ, નિમ્બી વગેરેના સરદારો વખ્તસિંહના પક્ષમાં ગયા. ખૈરોયા, ગોવિંદગઢ અને ભદ્રાર્જુનના સરદારો રાજભક્તિથી વંચિત થયા નહોતા. વળી કેટલાક સામંતો તટસ્થ પણ રહ્યા હતા.

ઉદ્ધત રામસિંહ અસભ્યતા અને મૂર્ખતાને લીધે પાંચ હજાર માણસોને પોતાના હાથમાંથી ગુમાવી બેઠો. રામસિંહનો વિવાહ બોજની રાજપુત્રી સાથે થયો હતો. રામસિંહનો શ્વસુર પાંચ હજાર સૈનિકોને પોતાની સાથે લઇને તેને સહાય કરવાને માટે આવ્યો હતો. તેની છાવણી રાજધાનીની બહાર રાખવામાં આવી હતી. આ વખતે એક ઘટના એવી બની કે જેથી રામસિંહ પદચ્યુત થયો અને રાજપૂતજાતિના ખરા સ્વભાવનું એક લક્ષણ પ્રકટ થયું. રામસિંહની પત્નીપણ પોતાના પિતાની છાવણીમાંજ હતી. આ વખતે તેના શિબિરની ઉપર એક કાગડો બેઠો હતો. કાકપક્ષીને અપશુકનસૂચક માનવામાં આવે છે, એ વાત સર્વને સુવિદિત છે. રાણી આ અપશુકનની નિવૃત્તિનો ઉપાય જાણતી હતી, તેથી

તેણે તત્કાળ તે ઉપાય અજમાવ્યો. રાજપૂતવીરોની પેઠે રાજપૂતવીરાંગનાઓ પણ બંદુક ચલાવવામાં નિપુણ હોય છે. ભોજરાજકુમારીએ તત્કાળ બંદુક પોતાના હાથમાં લીધી અને પેલા કાગડાનો નાશ કરીને અપશુકનની નિવૃત્તિ કરી. ક્રોધી સ્વભાવના રામસિંહે બંદુકનો અવાજ સાંભળી પોતાનું અપમાન થયેલું માન્યું અને જરાપણ તપાસ કર્યાવિના બંદુક ફોડનારને પોતાની સમક્ષ લાવવાની આજ્ઞા કરી.રાણીનું નામ કહ્યા છતાં પણ તેના ક્રોધની શાંતિ થઇ નહિ. તેણે રાણીના સંબંધમાં કટુ વચનો બોલીનેકહ્યું કેઃ- "રાણીને કહો કે મારા રાજ્યમાંથી દૂર થાઓ.જે દેશમાંથી આવ્યાં હો તે દેશમાં પાછાં ચાલ્યાં જાઓ." પોતાના ક્રોધિતસ્વામીની ઉક્ત આજ્ઞા સાંભળી રાણી તેના હિતને માટે સવિનય પ્રાર્થના કરવા લાગી;પરંતુ રામસિંહે કોઇપણ પ્રકારે તેની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો નહિ. અંતે રાણીએ કહ્યું કેઃ-"આપ કાંઇપણ અપરાધવિનાજ મને દૂર કરો છો. આના પરિણામે મારવાડનો રાજમુકુટ અવશ્ય આપના મસ્તકપરથી પડી જશે." આટલાં વચનો કહી રાણી પોતાના પાંચ હજાર માણસોને લઈ મારવાડ છોડી પોતાના પિતાને ઘેર ચાલી ગઇ. આ પાંચ હજાર માણસો અવશ્ય આ વખતે હતબુદ્ધિ રામસિંહને ઘણા ઉપયોગી થઇ પડત.

નિમાજ, રાયપુર અને રાઉસના તાબાના સર્વ ઉદાવતસરદારો અને કચુનસીરના ઠાકોરના તાબાના સર્વ કરુણાસોતરાજપૂતો વખ્તસિંહના ઝુંડાનીચે એકત્રિત થયા. ચંપાવતો અને કુંપાવતો તો વખ્તસિંહના મૂળ સહાયક હતાજ તે કહેવાની આવશ્યકતા નથી.

જો કે રામસિંહની સેના શત્રુની સેના કરતાં સંખ્યામાં ઓછી હતી, તોપણ તેના કરતાં તે અધિક બળવાન હતી. રામસિંહે મેડતાના અજમેરતોરણદ્વાર આગળ પહોંચી જઇ પોતાની છાવણી નાખી. તેનો કાકો વખ્તસિંહ પણ ઉક્ત નગરથી દોઢ કોશના અંતરપર જઇ યોગ્ય સંધિની પ્રતીક્ષા કરવા લાગ્યો. વખ્તસિંહની સેનાની છાવણી "માતાજીકા સ્થાન" નામના પવિત્ર સ્થાનપર હતી. આ સ્થાનપર આદ્યશકિતનું એક મંદિર છે અને પાંચ પાંડવોનો એક કુંડ છે.

સૌથી પ્રથમ વખ્તસિંહે યુદ્ધની ભેરી વગાડી અને રામસિંહની સેનાપર તોપોનો મારો ચલાવ્યો. થોડીવારપછી રામસિંહના ગોલંદાજો પણ ભયાનક શબ્દ કરીને ગોળાનો વરસાદ વરસાવવા લાગ્યા. આખો દિવસ તોપોનો મારો ચાલુ રહ્યો. આથી ખડગયુદ્ધ કરવાની સંધિ કોઇને મળી નહિ. ધીમેધીમે યુદ્ધે ભયંકર સ્વરૂપ ધારણ કરવા માંડયું. આ યુદ્ધમાં કોઈ વિદેશી, વિધર્મી અને વિજાતીય માણસ નહોતો. કેવલ ભ્રાતાસામે ભ્રાતા અને મિત્રની વિરુદ્ધ મિત્ર ઉભા હતા. સર્વની રક્તવાહિનીઓમાં એકજ વંશનું રક્ત વહી રહ્યું હતું. સાયંકાળ થતાંજ એક આશ્ચર્યકારક ઘટનાથી આ યુદ્ધ બંધ પડી ગયું.

ઉક્ત રણક્ષેત્રની નિકટ વાજિવા સરોવરના તટપર દાદુપંથી સંન્યાસીનો એક આશ્રમ છે. એમ કહેવાય છે કે રાજા સૂરસિંહે આ આશ્રમ બંધાવ્યો હતો. આ આશ્રમ ઉભયપક્ષોની સેનાની વચ્ચે આવ્યો હતો. આ આશ્રમમાં બાવા કૃષ્ણદાસ પોતાના શિષ્યોસહિત રહેતા હતા. તોપના ગોળાઓના ભયથી સર્વ શિષ્યો આશ્રમ છોડીને નાસી ગયા; પરંતુ શિષ્યોએ તેમને પુષ્કળ સમજાવ્યા છતાં પણ બાવા કૃષ્ણદાસ ત્યાંથી ગયા નહિ.જ્યારે ઉભય પક્ષના સૈનિકોએ તેમને ત્યાંથી ચાલ્યા જવાને પુષ્કળ સમજાવ્યા, ત્યારે તેમણે અડગ મનથી કહ્યું કેઃ-" જો તોપના ગોળાથીજ મારૂં મૃત્યુ થવાનો વિધિનો લેખ હશે તો તેને હું શી રીતે નિવૃત્ત કરી શકીશ ? અને જો પરમાત્માની એવીજ ઇચ્છા હશે, તો હું ખુશીથી તોપના ગોળાથી મરણ પામીશ. " આ ઉત્તર સાંભળી સર્વ મૌન રહ્યા. આખો દિવસ આશ્રમમાં ગોળાનો વરસાદ ચાલુ રહ્યો. જો કે આ વૃષ્ટિથી ઉક્ત સાધુનો આશ્રમ અને ઉદ્યાન નષ્ટભ્રષ્ટ થઈ ગયાં તોપણ તેમના અંગને કિંચિત્ પણ ઇજા થઈ નહિ. તેઓ ગોળાના વરસાદથી યત્કિંચિત્ પણ ભયભીત થયા નહિ. સાયંકાળ થતાં યુદ્ધ બંધ કરવાને માટે ઉભયપક્ષો તરફથી પરસ્પર કહેણ મોકલવામાં આવ્યું. ઉભયદલોએ દાદુપંથી સાધુની દૈવીશક્તિથી આશ્ચર્યચકિત થઇને યુદ્ધ બંધ કરી દીધું અને તેઓ રણક્ષેત્ર છોડીને પોતપોતાની છાવણીમાં ચાલ્યાં ગયાં.

બીજે દિવસે પ્રાતઃકાળ થતાંજ ભયાનક સમરાનલ પ્રદીપ્ત કરવાને માટે પુનઃ સર્વ સૈનિકો સુસજ્જ થઈ ગયા. આજે રામસિંહે પ્રથમ આગળ વધી પોતાના કાકાપર આક્રમણ કર્યું. અલ્પ સમયમાંજ તોપમાંથી નીકળેલા ધૂમ્રને લીધે આકાશમાં ઘોર અંધકાર છવાઇ ગયો અને ગોળાના ભયંકર ધ્વનિથી

વિશ્વ કંપાયમાન થવા લાગ્યું. અપમાનના અગ્નિથી દગ્ધ થયેલા કુશલસિંહ હમણાં સારી સંધિ મળેલી જોઈ "કૂતરો સિંહનો વધ કરવાની હિમ્મત ધરાવે છે" એ શબ્દો પૂર્ણ કરવાને માટે પ્રચંડ વીરતા-સહિત પોતાના ચંપાવતસૈનિકોને લઇને પોતાના શત્રુની સામે ધસ્યા. રામસિંહ અત્યંત ઉદ્ધત અને હિતાહિતવિચારશૂન્ય હતો; તે છતાં પણ મેડતિયાવીરો તેનાપ્રત્યે અપૂર્વ ભક્તિ ધરાવતા હતા અને તેઓ આ વખતે શત્રુપક્ષને પરાજિત કરવાને માટે પ્રચંડ સાહસથી આગળ વધ્યા. "કાં તો વિજય પ્રાપ્ત કરીશું કે કાં તો પ્રાણત્યાગ કરીશું ( **देहं पातयामि वा कार्यं साधयामि** )" એવી પ્રતિજ્ઞા લઇને તેઓ સમરક્ષેત્રમાં મદોન્મત્ત હાથીની પેઠે ઘુમતા હતા. સર્વ સૈનિકો સંસારનો સર્વ મોહ છોડી પોતાના શત્રુઓને નિર્મૂળ કરવાને માટે અપૂર્વ વીરતાથી યુદ્ધ કરવા લાગ્યા. મારવાડના વીરોમાં મેડતિયાવીરો સર્વથી શ્રેષ્ઠ અને સાહસિક ગણાય છે. આથી તેઓ પોતાનું નામ રાખવાને માટે અત્યંત સાહસથી લડવા લાગ્યા. મેડતિયાવીરોની કીર્તિ ચંપાવતો સહન કરી શકતા નહોતા, તેથી તેઓ તેમનો સંહાર કરવાને માટે વિશેષ ઉત્સાહથી પ્રવૃત્ત થયા. ચારે તરફ સમરઘોષ, તલવારનો ઝણઝણાટ, બાણનો સણસણ અવાજ અને તોપોનો ગગનભેદી ધ્વનિ સંભળાવા લાગ્યો. ધીમે ધીમે યુદ્ધ અત્યંત ભયંકર અને વિકટમૂર્તિ ધારણ કરવા લાગ્યું. ઉભયપક્ષો શત્રુઓનો સંપૂર્ણ સંહાર કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી પ્રચંડ વીરતાપૂર્વક યુદ્ધ કરવા લાગ્યા. સર્વ સૈનિકો અસ્ત્રશસ્ત્રવિદ્યા, બાહુબળ, સાહસ અને વીરતાની પરાકાષ્ઠા બતાવવા લાગ્યા.

મહાન રાજભક્ત મેડતિયા અધિનાયક શેરસિંહના પ્રાણ શત્રુનાં શસ્ત્રોએ સૌથી પહેલાં લીધા. શેર-સિંહનો બંધુ આ હૃદયભેદક ઘટના જોઈ પોતાની સેનાસહિત આગળ ધસ્યો. ઘોર સંગ્રામ થવા લાગ્યો. કુશલસિંહ પણ અપૂર્વ વીરતા પ્રદર્શિત કરી સ્વર્ગે સીધાવ્યા. ચંપાવતોએ તેમના શબને તત્કાળ રણક્ષેત્રમાંથી દૂર કર્યું. આ રીતે મેડતિયા અને ચંપાવતવીરોના અધિનાયકોનું અવસાન થતાં ઉભય પક્ષના માણસો વિજયલક્ષ્મીને વરવાને પ્રચંડ ઉત્સાહથી યુદ્ધ કરવા લાગ્યા. ઘણીવારસુધી યુદ્ધ ચાલ્યા છતાં ઉભયપક્ષમાંથી એક પણ પાછો હઠયો નહિ; કિંતુ વખ્તસિંહના સૈનિકો અધિક હતા. વખ્તસિંહ પોતાના ભત્રીજાને જ્યાં જ્યાં જોતો ત્યાં ત્યાં તે તેની પાછળ દોડતો. મારવાડના મેડતિયાવીરો જ્યાંસુધી શત્રુઓની સામે લડીને સર્વથા નિર્મૂળ થયા નહિ તથા જ્યાંસુધી સર્વ સામંતો અને સૈનિકો રણક્ષેત્રમાં પડયા નહિ, ત્યાંસુધી વખ્તસિંહને વિજય મળી શકયો નહિ; પરંતુ અંતે વિજયલક્ષ્મી તેનેજ વરી. આ મહાસમરમાં મેડતિયાવીરો સર્વથા નિર્મૂલ થઇ ગયા. આ ભયંકર સંગ્રામમાં રિયા, ઇરીડા, શિડરા, જુસુરી તથા મિથરિના સામંતો તથા મિથરિના અધિપતિના ત્રણ સાહસિક પુત્રોએ પોતાનાં જીવનનું બલિદાન આપ્યું હતું.

મિથરિના અધિપતિના ઉત્તરાધિકારીએ આ પ્રસંગે જેવી વીરતા બતાવી હતી, તેવી વીરતા બીજા કોઇ દેશના કોઇપણ વીરે બતાવી નથી. તેઓ પોતાના બંધુ તથા પિતાની સાથે પ્રાણત્યાગ કરી રાજ-ભક્તિનો અતુલનીય આદર્શ બતાવી ગયા છે. મારવાડના આ મહાસમરનો આરંભ થયો તે પૂર્વે ઉક્ત કુમારની સાથે જયપુરના માંડલિક નિરૂકાધિપતિની રાજકુમારીનો વિવાહ નિશ્ચિત થયો હતો. જે વખતે તેઓ પાણિગ્રહણક્રિયા કરતા હતા, તે વખતે તેમણે આ સમરની વાત સાંભળી. તે વીરનું હૃદય આ વાત સાંભળી એકદમ ઉત્તેજિત થઈ ગયું. તેમણે તરતજ પોતાની વધૂનો કર છોડી દીધો અને લગ્નો-ચિત વસ્ત્રોસહિતજ રણભૂમિ તરફ પ્રયાણ કર્યું. તેઓ અપૂર્વ વીરતા પ્રદર્શિત કરી બીજે દિવસે રણ-ક્ષેત્રમાં પડયા. મારવાડના એક કવિએ મિથરિના ઉત્તરાધિકારીની અનુપમ વીરતા, અદ્ભુત પરાક્રમ અને પૂર્ણગૌરવ અક્ષય રાખવાને માટે લખ્યું છે કેઃ—

**काणे मति बुलबुला, गला वो लिप माला;**
**अस्ली कोशा बाडा होआया, कनवार मिथरिवाला.**

સ્વામીની પાછળ તુરત પરણેલી વધૂ પણ જયપુર છોડી મિથરિ તરફ પ્રયાણ કરવા લાગી; પરંતુ શોકની વાત છે કે તે જ્યારે મિથરિમાં પહોંચી ત્યારે મંગલધ્વનિને બદલે રોદન અને હાહાકારધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. તેણે તરતજ એક ચિતા પ્રદીપ્ત કરી અને સ્વામીના શબની સાથે તે તેમાં ભસ્મી-ભૂત થઇ. આ સમરક્ષેત્રમાં જઇ મેં એ રાજકુમારના સ્મારકચિન્હની તપાસ કરી; પરંતુ ઉપલાં કાવ્ય-

સિવાય મને ઇતર કાંઈ પણ વસ્તુ પ્રાપ્ત થઇ નહિ.

મારવાડેશ્વર રામસિંહના પક્ષકારી મેડતિયા તથા અન્યાન્ય વંશના સરદારોએ શત્રુપક્ષની ઘણી સેનાનો સંહાર કર્યો હતો; પરંતુ અંતે તેમનો પરાજય થયો. તેમને જણાયું કે કેવળ શત્રુઓના ગોલંદાજોથી અમારો પરાજય થયો છે. મેડતિયાસરદારોના અતિ સાહસિક અને પ્રબળ રાજભક્ત નેતા રિયાના સામંત શેરસિંહે પોતાના સાળા અહોયાના સામંતને રામસિંહની વિરુદ્ધ ખડ્ગ ધારણ કરતાં ઘણો વાર્યો હતો; પરંતુ તેણે પોતાના બનેવીની વાતપર કિંચિત્ પણ લક્ષ આપ્યું નહોતું. અંતે શેરસિંહે તેને વ્યંગમાં કહ્યું હતું કેઃ—"વખ્તસિંહને સહાય કરી રામસિંહને પરાસ્ત કરવાની તમારામાં કેટલી શકિત છે તે કોઇથી ગુપ્ત નથી." આના પ્રત્યુત્તરમાં અહોયાના સામંતે જણાવ્યું હતું કેઃ—"ભલે બીજું કાંઈ પણ નહિ થાય, પરંતુ મારવાડનું રાજ્ય તો અવશ્ય હું રામસિંહના હાથમાંથી દૂર કરીશ." આ ગર્વભરિત ઉત્તર સાંભળી શેરસિંહે મહાક્રોધપૂર્વક પ્રતિજ્ઞા કરી હતી કેઃ—'હું પણ યથાસાધ્ય તમારી આ ઇચ્છા નિષ્ફળ કરવાનો પ્રયત્ન કરીશ." આ સાળાબનેવીવચ્ચે ત્યારપછી મેડતાની રણભૂમિમાં પરસ્પર યુદ્ધ થયું તે પૂર્વે કદિ પણ મેળાપ થયો નહોતો.

જે સ્થાનપર બંધુઓ અને મિત્રો પરસ્પર કપાઇને મરણ પામ્યા હતા અને તેમ કરીને જાતીય કુસંપનો પરિચય કરાવ્યો હતો, તે સ્થાનપર એક પણ ગામ આવેલું નથી. ચારે તરફ મેદાનજ દૃષ્ટિગોચર થાય છે. આ સમરભૂમિમાં મૃતવીરોનાં સ્મારકમંદિરો અને નાનાં નાનાં સ્મારકચિન્હો વિદ્યમાન છે. મૃતવીરોની યોગ્યતાનુસાર મોટાં નાનાં ચિન્હો બનાવવામાં આવ્યાં છે. કોઈના સ્મારકચિન્હતરિકે મનોરમ સ્તંભોવાળો ઉચ્ચ મહાલય અને કોઈનાં સ્મારકતરિકે સામાન્ય મંદિર તથા કોઇનાં સ્મારકતરિકે પાષાણસ્તૂપ બંધાવવામાં આવ્યો છે. સર્વની સાથે વીરનું નામ, ગોત્ર અને શાખા કોતરવામાં આવી છે. મેં આ સ્મારકચિન્હોપરના શિલાલેખોપૈકી વીસની નકલ ઉતારી લીધી છે. આ સર્વ શિલાલેખો રાજપૂતજાતિનું પ્રશંસનીય ચરિત્ર સૂચિત કરે છે.

આ ભયંકર જાતીયસમરમાં પરાજિત થયા પછી મારવાડેશ્વર રામસિંહને મેડતા નગરમાં આશ્રય ગ્રહણ કરવો પડયો. આ મેડતાનગરની ચારે તરફ કોટ આવેલો છે; પરંતુ તે નગરમાંની અલ્પ સેનાદ્વારા શત્રુઓના કરાલગ્રાસમાંથી રક્ષા થવી અસંભવિત જણાવાથી તેણે એક નવી કલ્પના કરી. આ કલ્પનાથીજ અંતે મારવાડના સર્વસ્વનો નાશ થયો હતો. મહારાષ્ટ્રીયલૂંટારાઓ તે સમયે મહા બળવાન બની ગયા હતા. રામસિંહે તેમની સહાયતાદ્વારા પોતાના કાકાનો પરાભવ કરવાનો નિશ્ચય કર્યો અને તે અર્ધરાત્રિએ ઉઠીને પોતાની અવશિષ્ટ સેનાસહિત દક્ષિણતરફ નાસી ગયો. તેણે ઉજ્જયિનીમાં આવી મહારાષ્ટ્રીયલૂંટારાઓના નેતા જયાપ્પા સિંધિઆની સાથે મુલાકાત કરી અને પોતાનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવાને માટે તે તેની સાથે મસલત કરવા લાગ્યો.

રામસિંહે મારવાડનો ત્યાગ કર્યો કે તરતજ તેનો કાકો વખ્તસિંહ જયલક્ષ્મીને આલિંગન કરી જોધપુરમાં ગયો અને તેણે રાજસિંહાસનપર બેસી સમસ્ત રાજ્યમાં પોતાના નામનો ઢંઢેરો પ્રસારી દીધો. કાળની ગતિ કેવી વિચિત્ર છે! સંસારની લીલા કેવી અદ્ભુત છે! પિતૃઘાતક વખ્તસિંહના મસ્તકપર આજે મારવાડનું રાજછત્ર શોભવા લાગ્યું. બુદ્ધિમાન અને ચતુર વખ્તસિંહે ધાર્યું કેઃ—"રામસિંહ મહારાષ્ટ્રીઓની સહાય લેવાને ગયો છે; માટે નિર્વિઘ્ને રાજ્ય ભોગવવું અસંભવિત છે, તેથી તેના ગ્રાસમાંથી બચવાનો કાંઈ ઉપાય કરવો જોઇએ." વખ્તસિંહ મહાન રાજનીતિજ્ઞ અને નિપુણ રણપંડિત હતો. આથી પોતાની સ્થિતિ સમજી જતાં તેને જરા પણ વાર લાગી નહિ. પછી તે પોતાની વિજયી સેના લઇ શત્રુઓની ગતિ રોકવાને માટે મારવાડની સરહદપર પહોંચ્યો અને ત્યાંથી અજમેર તરફ કૂચ કરવા લાગ્યો.

રામસિંહના શ્વસુર જયપુરેશ્વર ઇશ્વરીસિંહ કેટલાંક કારણોને લીધે વખ્તસિંહને સહાય કરી શકતા નહોતા; પરંતુ તેઓ વખ્તસિંહના બાહુબળ અને વીરતાથી અત્યંત ડરતા હતા. હવે આ વખતે વખ્તસિંહને સહાય કરવી કે રામસિંહને સહાય કરવી, કિંવા તટસ્થ રહેવું તે વિષે તેઓ અત્યંત ગુંચવણમાં આવી પડયા. આ વિપત્તિના સમયમાં તેમને રાજપૂતોની સાધારણ નીતિનું અવલંબન કરવાની

ઇચ્છા થઇ. મૃતમહારાજા અજિતસિંહનો એક પુત્ર આ વખતે ઈંદોરમાં રાજ્ય કરતો હતો. તેની કન્યા સાથે ઇશ્વરીસિંહનો વિવાહ થયો હતો. આ વખતે ઇશ્વરીસિંહ પોતાની તે રાણીના મહાલયમાં જઇ આ બાબતવિષે મસલત કરવા લાગ્યા. ઇશ્વિરીસિંહે રાણીને જણાવ્યું કેઃ—" વખ્તસિંહે પોતાના પિતા અજિતસિંહનો વધ કર્યો છે, માટે આ વખતે આપણે તેનું વૈર લેવું જોઇએ અને રામસિંહને સહાય કરવી જોઇએ. હું જે પક્ષમાં ભળીશ તે પક્ષમાં મારે ખડ્ગ તો ધારણ કરવું પડશેજ; પરંતુ વખ્તસિંહના પક્ષમાં ભળવાથી જયલાભની આશા ઓછી રહે છે. વળી હું પિતૃહંતા અને અન્યાયપૂર્વક સિંહાસન પ્રાપ્ત કરનારને સહાય કરીશ તો લોકો મને ધિક્કારશે. બોલો, હવે તમે મને શું સલાહ આપો છો ? આ મહાવિપત્તિમાંથી ઉદ્ધાર કરવાની કેવળ તમારામાંજ શક્તિ છે." ઘણી વારસુધી મસલત ચાલ્યા પછી એવો નિશ્ચય કરવામાં આવ્યો કે વખ્તસિંહને સહાય કરવાને બહાર પડી તેના મનનું સાંત્વન કરવું. ઇશ્વિરીસિંહની રાણી અને ઈંદોરના રાજાની પુત્રી, વખ્તસિંહની ભત્રીજી થતી હતી અને તેણેજ જયપુરના રાજાને પોતાના કાકાના પક્ષમાં ભળવા માટે બહાર પડવાની સલાહ આપી હતી. વખ્તસિંહે મેવાડ, મારવાડ અને અંબર એ ત્રણે રાજ્યોની સરહદનો જે સ્થળે સંગમ થાય છે તે સ્થળે પોતાની છાવણી નાખી. ઈંદોરની રાજકન્યા પોતાના કાકાનો ગુપ્ત રીતે નાશ કરવાને માટે એક મૂલ્યવાન રાજપોશાક હલાહલ વિષથી મિશ્રિત કરીને તેને લઈ વખ્તસિંહની છાવણીમાં ગઇ અને તે પોશાક પોતાના કાકાને ઉપહારતરીકે તેણે આપ્યો.

વખ્તસિંહે એ રાજપોશાક પરિધાન કર્યો, ત્યારપછી અલ્પકાળમાં તેને ભયંકર જ્વર ચઢ્યો. તત્કાળ રાજચિકિત્સકને બોલાવવામાં આવ્યો; પરંતુ તેણે આવીને જણાવ્યું કેઃ—" આ રોગ કોઈપણ ઔષધથી નિવૃત્ત થઈ શકે એમ નથી. " નીડર વખ્તસિંહ રાજવૈદ્યનાં આ વચનો વ્યંગમાં બોલાયેલાં સમજ્યો તેથી તે બોલ્યોઃ—"શું તમે મને નીરોગી નહિ બનાવી શકો ? જો મારો આ રોગ નિવારણ કરવાની તમારામાં શક્તિ નથી, તો તમે મારી આપેલી ભૂમિ શામાટે ભોગવો છો ? અને તમારી વિદ્યા શા કામની છે ?" રાજાનાં આ વચનો સાંભળી રાજવૈદ્યે શીઘ્ર રાજાના શિબિરની નિકટ એક ખાડો ખોદાવ્યો અને તેમાં પાણી નખાવ્યું અને તેમાં ઔષધિ નાખી. ઔષધિ જલમાં પડતાંની સાથે તે જલ અત્યંત શીતળ બની ગયું. પછી તેણે મૃત્યુના મુખમાં સપડાયેલા વખ્તસિંહને કહ્યું કેઃ—" મહારાજ ! આપ જે રોગથી પીડાઓ છો તેનું અંતિમ ઔષધ માત્ર આજ છે; પરંતુ આપના રોગનાં લક્ષણો જોતાં મને જણાય છે કે એ ઔષધિથી આપને કાંઇ પણ લાભ થશે નહિ. હવે વિલંબ કરશો નહિ, અંતકાળનાં ધર્મકર્મ કરી લ્યો." રાજવૈદ્ય સારીપેઠે જાણતો હતો કે વિષમિશ્રિત રાજપોશાકજ રાજાના મહારોગનું કારણ છે; પરંતુ તેણે એ વાત પ્રકટ કરી નહિ. રાજવૈદ્યના અંતિમ શબ્દો સાંભળી વખ્તસિંહે સર્વ સામંતોને શિબિરમાં આવવાની આજ્ઞા કરી. જ્યારે સામંતો આવ્યા ત્યારે રાજાએ મારવાડની તથા પોતાના પુત્રની રક્ષા કરવાને માટે તેમને અંતિમવચનો કહ્યાં. સર્વ સામંતોએ રાજાજ્ઞાનો સ્વીકાર કર્યો અને વિદાય લીધી. પછી વખ્તસિંહે રાજગુરુને બોલાવી ઇષ્ટદેવ તથા દેવાલયના નામે કેટલીક જમીન અર્પણ કરી. આ વખતે નિર્ભય અને અડગ મનના વખ્તસિંહને એક શાપનું સ્મરણ થયું. વખ્તસિંહે જે વખતે પોતાના પિતાની હત્યા કરી અને જે વખતે તેની રાણીઓ તેની સાથે ચિતામાં બળીને ભસ્મીભૂત થઇ તે વખતે તેમણે વખ્તસિંહને એવો શાપ દીધો હતો કેઃ—"પરદેશમાં તારી ચિતા સળગશે. " આ શાપનું સ્મરણ થતાં વખ્તસિંહ કહેવા લાગ્યો કેઃ—" હું મારા રાજ્યની સરહદપર સ્થિત છું, તેથી હવે તે સતીઓનાં વચનો સત્ય પડવાની તૈયારીમાં છે." આ વખતે પિતૃઘાતક વખ્તસિંહના હૃદયમાં કેવું અસહ્ય દુઃખ પેદા થયું હશે, તે કેવી પ્રચંડ નરકયંત્રણાથી પીડિત થયો હશે,તે કલ્પનામાં પણ આવી શકે એમ નથી. વખ્તસિંહે ઉક્ત સતીઓના શાપનો ઉચ્ચાર કરતાં કરતાં પોતાનું પાપકલુષિત શરીર છોડયું હતું. જે સ્થળે વખ્તસિંહનું શબ ભસ્મીભૂત થયું હતું, તે સ્થળે એક સ્મારકમંદિર હાલમાં વિદ્યમાન છે. લોકો આ મંદિરને "બુરોદેવલ" અર્થાત્ પિશાચમંદિર કહે છે.

જો રાજા વખ્તસિંહ પોતાના જ્યેષ્ઠબંધુ અભયસિંહની પાપી આજ્ઞાને આધીન થઇ પોતાના જન્મદાતાના પ્રાણનો સંહાર ન કરત, તો તે મારવાડના રાજમંડળમાં એક પ્રથમ શ્રેણીનો રાજા

ગણાઈ શકત. મારવાડમાં તેના જેવો સાહસિક રાજા એક પણ ઉત્પન્ન થયો નથી. તેનામાં જેવી વિલક્ષણ બુદ્ધિ હતી, તેવીજ વીરતા પણ હતી. તેણે પોતાના પિતાની હત્યા કરી તે પૂર્વે સર્વ રાઠોડો તેને અત્યંત ચાહતા હતા. અભયસિંહે ગુજરાતરાજ્યનો મોટો ભાગ જીતી લીધો હતો, તેમાં મુખ્ય સહાય વખ્તસિંહનીજ હતી. ત્યારપછી અભયસિંહે કેવળ વખ્તસિંહની સહાયથીજ દિલ્લીના સમ્રાટના પ્રતિનિધિ શેર બુલંદની સાથે ભયંકર સંગ્રામ કરીને તેને પરાજિત કર્યો હતો. રામસિંહ ઉગ્ર પ્રકૃતિ, અશિષ્ટ આચરણ અને નિંદનીય સ્વભાવને લીધે મારવાડના સિંહાસનને માટે સર્વથા અયોગ્ય ગણાયો હતો, તેથી તેના હાથમાંથી વખ્તસિંહે રાજ્ય લઇ લીધું એ કાંઈ તેનું અનુચિત કાર્ય ગણી શકાય નહિ. મારવાડના સામંતોએ રામસિંહને અયોગ્ય ધારી તેના પદપર વખ્તસિંહને અભિષિક્ત કર્યો, તેમાં તેમણે કોઈ પણ પ્રકારે ન્યાયનું અપમાન કર્યું નથી. મારવાડના સામંતોએ પૂર્વે આ પ્રકારનું કાર્ય અનેકવાર કર્યું હતું અને શ્રેષ્ઠ શાસનપદ્ધતિને માટે આ પ્રથા અતિ આવશ્યક છે. વખ્તસિંહનું મૃત્યુ થયા પછી મારવાડના સર્વ સામંતો તેના પુત્ર વિજયસિંહના હિતની રક્ષા કરવાને માટે તત્પર થયા. બિકાનેર અને કૃષ્ણગઢના સ્વતંત્ર રાજાઓએ પણ તેમનાજ પક્ષનું સમર્થન કર્યું. વખ્તસિંહનું અવસાન થયા પછી મારવાડના સામંતો શીઘ્ર તેના પુત્ર વિજયસિંહને માથોરાત નામના સ્થાને અભિષિક્ત કરીને તેમને મેડતા નગરમાં લઇ ગયા.

પદભ્રષ્ટ થયેલા રામસિંહે મહારાષ્ટ્રીઓના નેતા જયાપ્પા સિંધિઆની સાથે મળી કોટારાજ્યપર આક્રમણ કર્યું. પછી તેઓ મેવાડનો વિધ્વંસ કરી અજમેરમાં ગયા. આ સ્થળે સાહસિક રાઠોડ રામસિંહની સાથે સિંધિઆને કાંઇક તકરાર થઇ; પરંતુ ઉભયના સૌભાગ્યથી તે તકરાર શીઘ્ર દૂર થઈ ગઇ. પછી તેઓ મારવાડમાં પ્રવેશ કરી ભયંકરમૂર્તિ ધારણ કરી પાટનગર તરફ કુચ કરવા લાગ્યા. નવીન મારવાડેશ્વર વિજયસિંહ રાજપૂતસ્વભાવસુલભ વીરત્વ, પરાક્રમ, સાહસ અને તેજસ્વિતા ઇત્યાદિ ભૂષણોથી વિભૂષિત હતા. તેમણે જ્યારે મહારાષ્ટ્રીયલૂંટારાઓની સાથે રામસિંહના આગમનની ખબર સાંભળી, ત્યારે તેઓ તરતજ મારવાડના સમસ્ત સામંતો અને પોતાના ૨૦૦૦૦૦ સૈનિકોને લઇને તેની ગતિ રોકવાને માટે ચાલ્યા.

બે સમુદ્રો સામસામી દિશામાંથી આવી મળતા હોય તે પ્રમાણે ઉભય દલો મળ્યાં. સ્વજાતિના સંગ્રામમાં પરજાતિ મહારાષ્ટ્રીઓને જોઇને મહાવીર રાઠોડોનું રક્ત કેવું ગરમ થઇ ગયું હશે અને શૌર્ય, વીર્ય તથા સામર્થ્યથી તેમનાં અંગ કેવાં પરિપૂર્ણ થઇ ગયાં હશે, તેનું અનુમાન સહજ થઇ શકે એમ છે. જો સિંહાસનભ્રષ્ટ રામસિંહ એકલોજ મારવાડીસેનાની સાથે રણસંગ્રામમાં ઝુઝત, જો તે મારવાડનું સર્વસ્વ નાશ કરવાને માટે વિજાતીય મહારાષ્ટ્રીઓને માતૃભૂમિમાં ન લાવત, તો રાઠોડવીરોને આટલું બધું ખોટું લાગત નહિ. રામસિંહે સિંહાસનને પુનઃ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પોતાના ભ્રાતા અને ઇષ્ટમિત્રો સર્વનો સંહાર કરવાને માટે બળવાન મહારાષ્ટ્રીઓને મારવાડમાં આણ્યા તેથી અંતે મારવાડદેશ યથાર્થ મરુભૂમિ બની ગયો. રાજસ્થાનના પ્રત્યેક રાજ્યના અધઃપતનનું મૂળ કારણ આ લોભી, પૈશાચિકસ્વભાવના મહારાષ્ટ્રીઓ છે.

ઉભયપક્ષના સૈનિકોએ મેડતાથી દીર્ઘઅંતરપર એકબીજાને જોતાંજ ગોળાનો વરસાદ વરસાવવા માંડયો. ધૂમ્રથી ચારે તરફ અંધકાર છવાઈ ગયો. તોપોના ભીષણ અવાજથી સમસ્ત મારવાડ કંપી ઉઠયું. પ્રથમ દિવસે પ્રાયઃ બધો વખત તોપોના મારામાંજ વ્યતીત થયો. ખડ્ગયુદ્ધ બહુ થોડું થયું. મેડતાનિવાસીઓએ આ વખતે સૈનિકોને ભોજનની સામગ્રી આણી આપી; પરંતુ આ પ્રયત્નમાં તેમાં ઘણા માર્યા પણ ગયા. અરે! દાદુપંથી વૃદ્ધ સંન્યાસીના અનેક શિષ્યો પણ ખાદ્યપદાર્થો આણી આપવાના પ્રયત્નમાં માર્યા ગયા. બીજે દિવસે પણ યુદ્ધે ભયંકર મૂર્તિ ધારણ કરી. વિજયસિંહના પાંચ હજાર તેજસ્વી અશ્વારોહીઓએ શત્રુદલ ઉપર ભયાનક આક્રમણ કરી મહારાષ્ટ્રીયસૈનિકોનો વિશેષ સંહાર કર્યો. જો કે વિજયસિંહના પક્ષમાં મારવાડના સર્વ સામંતો હતા, જો કે તેમના સૈનિકોમાં વીરતા, સાહસ અને શૌર્ય પુષ્કળ દેખાતું હતું, પરંતુ શત્રુપક્ષના સૈનિકોની સંખ્યા અધિક જોઇને પ્રથમથીજ તેમણે રણભૂમિમાંથી નાસવાનો નિશ્ચય કર્યો હતો. પ્રથમ અને બીજા દિવસમાં યુદ્ધમાં રણસામગ્રી વહન કરનારાં સર્વ પશુઓ બચ્યાં હતાં. હવે ત્રીજે દિવસે આ સર્વ પશુઓને પાણી પાવાને માટે એક

નાની નદીના તટપર લઇ જવામાં આવ્યાં. વિજયસિંહની એક મહાબળવાન અશ્વારોહીસેનાએ મહારાષ્ટ્રીઓની સેનાનો હમણાંજ વિધ્વંસ કર્યો હતો. આ સેના તેમને માર્ગમાં મળી. આ સૈનિકોએ આ પશુઓને રામસિંહનાં પશુ ધારી રક્ષકોને ગોળાથી ઠાર કર્યા અને તેમને હસ્તગત કર્યાં. દુર્ભાગ્યવશાત્ તેઓ જાણતા નહોતા કે આ અમારાંજ પશુઓ અને અમારાજ રક્ષકો છે. જ્યારે તેઓ પોતાનાજ પક્ષના રક્ષકવીરોને મહા ઉગ્રતા અને વીરતાથી મારતા હતા તે વખતે મહારાષ્ટ્રીયસૈનિકો સ્તંભિત અને ભયભીત બની જવાને લીધે આ ઉત્તમ સંધિનો લાભ લઇ તેમનાપર આક્રમણ કરી શક્યા નાહ. જ્યારે વિજયસિંહના મૃતવીરોને તેમના શિબિરમાં લઈ જવામાં આવ્યા, ત્યારે સર્વ ભયભીત થઇ ગયા. પોતાનાજ પક્ષના માણસો માર્યા ગયા છે એમ જાણવામાં આવતાં તેમના શોકનો પાર રહ્યો નહિ. આ ઘટના બન્યા પછી પણ અગાઉના જેવીજ વીરતા, શૌર્ય અને પરાક્રમથીજ તેઓ મહારાષ્ટ્રીઓનો સંહાર કરવા લાગ્યા;પરંતુ મહારાષ્ટ્રીઓનાં સૌભાગ્યથી રાઠોડવીરોમાંએક ભયંકર દુર્બુદ્ધિ ઉત્પન્ન થઇ. રાઠોડજાતિ મહા બળવાન ગણાય છે; તે છતાં પણ આ દુર્બુદ્ધિને લીધેજ તે અદ્યાપિ પોતાનો ઉદ્ધાર કરી શકી નથી. આ દુર્બુદ્ધિએ તત્કાળ તેમનું સાહસ, શૌર્ય અને પરાક્રમ સર્વથા છિન્નભિન્ન કરી નાખ્યું. રાજા વિજયસિંહની વય આ વખતે વીસ વર્ષની હતી. તેઓ જેવા સાહસિક હતા તેવાજ બુદ્ધિમાન પણ હતા; પરંતુ આ વખતે તેઓ દુર્ભાગ્યવશાત્ પોતાની બુદ્ધિઅનુસાર નહિ ચાલતાં વયોવૃદ્ધ પુરુષની બુદ્ધિ પ્રમાણે ચાલવાને તત્પર થયા. રાઠોડરાજ વિજયસિંહની નસેનસમાં ઉષ્ણ રક્ત દોડી રહ્યું હતું અને તેમની ઇચ્છા યુદ્ધ ચાલુ રાખવાની હતી; પરંતુ તેમના સહાયક બિકાનેરના રાજાએ તેમને યુદ્ધમાંથી પલાયન કરવાની સલાહ આપી. બિકાનેરના રાજા યુદ્ધની સ્થિતિનું અવલોકન કરી સમજી ગયા કે મહારાષ્ટ્રીયલૂંટારાઓના હાથમાંથી બિકાનેરની રક્ષા કરવાને માટે પલાયન કરવુંજ આ વખતે ઉચિત છે. આ મહાસંકટના સમયમાં વખ્તસિંહના જેવા પરમ સાહસિક સેનાપતિની આવશ્યકતા હતી; પરંતુ દુર્ભાગ્યવશાત્ વિજયસિંહની સેનામાં વખ્તસિંહના જેવો સાહસિક અને નીડર સેનાનાયક કોઇ પણ હતો નહિ, આથી તેમને રણમાંથી પીઠ બતાવી નાસવાનો પ્રસંગ આવ્યો. સર્વ સામંતોએ પણ તેમને પલાયન કરવામાં સમ્મતિ આપી. આ સમાચાર શીઘ્ર સમસ્ત સેનામાં પ્રસરી ગયા. અરે શત્રુઓને પણ આ સમાચાર વિદિત થઇ ગયા. સાયંકાળ થતાંજ બિકાનેરના રાજાએ પોતાની સેનાસહિત પોતાની રાજધાની તરફ પ્રયાણ કરવા માંડયું. હવે રામસિંહ રાજપૂત તથા મહારાષ્ટ્રીયસેનાસહિત વિજયસિંહના શિબિર તરફ દોડયો. જો કે સર્વ સૈનિકોએ મેડતા તરફ નાસી જવું, એવો નિશ્ચય કરવામાં આવ્યો હતો; પરંતુ રામસિંહને સેનાસહિત આવતો જોઇને સર્વ રાઠોડસરદારો પોતપોતાની સેનાને લઇને પોતપોતાના નગરમાં નાસી ગયા. રામસિંહ અને મહારાષ્ટ્રીયનાયકે હવે અનાયાસે રણક્ષેત્રમાં પોતાની વિજયપતાકા ફરકાવી દીધી. નાસી ગયેલા રાઠોડો પોતાની તોપોને રણભૂમિમાંજ છોડી ગયા હતા, તેથી મહારાષ્ટ્રીઓએ અપૂર્વ આનંદસહિત તેપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો. રાઠોડલોકોએ ધાર્યું હતું કે ભગવાન અમને પ્રતિકૂળ છે, જો તે પ્રતિકૂળ ન હોત તો અમારાંજ વીરો અમારાજ રક્ષકોને શામાટે મારી નાખત? માટે નાસી જવું એજ ઉચિત છે. જો આવી દુર્બુદ્ધિ રાઠોડોમાં ઉત્પન્ન થઈ ન હોત તો નિઃસંશય રામસિંહ તથા મહારાષ્ટ્રીઓને આ યુદ્ધમાં વિજય પ્રાપ્ત થાત નહિ.

બિકાનેરના મહારાજાની પેઠે કૃષ્ણગઢના રાઠોડસરદાર પણ પોતાની રાજધાની તરફ નાસી જવા લાગ્યા અને તેમનું અનુકરણ ઇતર સરદારોએ પણ કર્યું. વિજયસિંહે જ્યારે આ પ્રકારે સર્વ યોદ્ધાઓને હતવીર્ય અને ભયભીત થઇને નાસતા જોયા અને જ્યારે તેઓ એકલાજ રણભૂમિમાં રહ્યા, ત્યારે તેમણે પોતે પણ નાસવાનો નિશ્ચય કર્યો. પુષ્કળ અંધારૂં થયું ત્યારે તેમણે પણ રાહિનના સામંત અને પોતાની પાસે રહેલા ઇતર રક્ષકોને લઇને નાગોરની તરફ પોતાનો અશ્વ હાંકયો.અફસોસ! ભાગ્યની ગતિ કેવી વિચિત્ર છે! થોડા દિવસ પૂર્વે જે મારવાડેશ્વરને માટે બે લાખ મનુષ્યો પ્રાણદાન આપવાને માટે તૈયાર હતા તેજ મારવાડેશ્વર આજે એક સાધારણ અસહાય માણસની પેઠે જાય છે. સમયના પ્રભાવથી રાહિનના સામંતે રાજાના હિત તરફ દૃષ્ટિ નહિ કરતાં પોતાનો સ્વાર્થ સિદ્ધ કર્યો. વિજયસિંહની ઇચ્છા એવી હતી કે નાગોરમાં જઇને પુનઃ સેનાનો સંગ્રહ કરીશું અને તેની સહાયથી રામસિંહ તથા મહારાષ્ટ્રીઓના કરાલગ્રાસમાંથી સ્વદેશ અને સ્વરાજ્યની રક્ષા કરીશું; પરંતુ સિંધિયાએ

રાત્રિમાં તેઓ નાગોરનો માર્ગ ભૂલી ગયા અને રાહિનનો સામંત તેમને પોતાની ઇચ્છાનુસાર પોતાના નગર તરફ લઇ ગયો, પણ વિજયસિંહને જ્યારે ખબર પડી કે અમે ખોટે માર્ગે ચઢ્યા છીએ ત્યારે તેમણે રાહિનના સામંત લાલસિંહને કહ્યું કે:-"આપણે માર્ગ ભૂલ્યા છીએ, માટે નાગોર તરફ તમારો અશ્વ ફેરવો." પરંતુ અફસોસ! હવે અસહાય મારવાડેશ્વરની આજ્ઞાનું કોણ પાલન કરે? જો કે રાજપૂતજાતિ પરમ રાજભક્ત છે, તથાપિ વિજયી રાજાની આજ્ઞા અને પરાજિત થઇને નાઠેલા સહાયહીન રાજાની આજ્ઞાને સમાન કોણ ગણે છે? વિજયસિંહ જે સમયે બે લાખ સૈનિકોની સાથે યુદ્ધમાં ગયા હતા, તે સમયે સર્વ સામંતો મસ્તક નમાવીને તેમની આજ્ઞાનું પાલન કરતા હતા; પરંતુ આ વખતે તેમનું ભાગ્યચક્ર ઉલટાઇ ગયું હતું, તેથી લાલસિંહે ખુલ્લી રીતે કહ્યું કે:-"મહારાજ! આપ મને ક્ષમા કરશો. હવે મારૂં નગર નિકટ આવ્યું છે, માટે આપ મને આજ્ઞા આપો તો હું મારા કુટુંબને મળીને સર્વને સાથે લઇને આપની પાસે આવું." ચતુર વિજયસિંહ ઉક્ત સામંતના મનનો ભાવ તત્કાળ સમજી ગયા અને તેમણે તેની પ્રાર્થનાનો કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ. તેમણે પોતાનો અશ્વ ધીરે ધીમે આગળ ચલાવ્યો. આ તરફ લાલસિંહ તિમિરમય રાત્રિમાં વિજયસિંહને અપરિચિત માર્ગમાં છોડીને પોતાના નગરમાં ચાલ્યો ગયો. વિજયસિંહ આ આપત્તિથી કિંચિત્ પણ ભયભીત થયા વિના કેવલ પાંચ વિશ્વાસુ અંગરક્ષકોની સાથે કુજવાના નામના સ્થાને પહોંચી ગયા.

કુજવાનામાં નિર્ભયતાપૂર્વક રહેવું અસંભવિત હતું. સહસા શત્રુઓ આવીને બંદીવાન કરી લે એવો ડર હતો, તેથી વિજયસિંહે તે સ્થાનનો પણ ત્યાગ કર્યો. તેઓ અશ્વારૂઢ થઇ તીવ્ર વેગથી ચાલવા લાગ્યા. કુજવાનાની સીમાપર પહોંચતાંજ તેમના સ્વામીભક્ત અશ્વે થાકને લીધે પ્રાણ છોડયા. ભાગ્યલક્ષ્મીની અકૃપાને પ્રાપ્ત થયેલા વિજયસિંહ નિરુપાયે પોતાના એક અનુચરના અશ્વપર આરૂઢ થયા અને તીવ્ર વેગથી તેને દોડાવી ત્યાંથી દોઢ કોશના અંતરપર આવેલા દેશવાલ નામના સ્થાનમાં પહોંચ્યા. વિજયસિંહ જે અશ્વપર આરૂઢ થયા હતા, તે પણ લોહ કવચધારી સ્વારના પ્રચંડ ભારથી તથા આખો દિવસ વિશ્રાંતિ નહિ મળવાને લીધે ચાલવામાં અસમર્થ થઇ ગયો હતો. આ સ્થાનથી નાગોર આઠ કોશના અંતરપર હતું, તેથી વિજયસિંહે એવો નિશ્ચય કર્યો કે ગમે તે થાય તોપણ શીઘ્ર ત્યાં તો જવુંજ જોઇએ. સર્વ અનુચરોના અશ્વો પણ પરિશ્રમિત થઇ ગયા હતા અને અંધકારમય રાત્રિએ ઉક્ત ગામમાં પણ અશ્વ મળવાનો સંભવ નહોતો; તે છતાં પણ વિજયસિંહ સ્વયં અશ્વની તપાસ કરવા લાગ્યા.

ઘણીવાર તપાસ કર્યા પછી તેમને એક જાટકૃષિકાર મળ્યો. વિજયસિંહે તે જાટને પોતાની ઓળખાણ આપી નહિ. તે જાટ તેમને નાગોર પહોંચાડવાને તૈયાર થયો.તે તેમને સૂર્યોદય પૂર્વે પાંચ રૂપિયાનું ભાડું લઇને નાગોરમાં પહોંચાડવાને કબૂલ થયો. વળી તેણે કહ્યું કે:-"હું તો વાજીશાહી (પ્રચલિત નાણુંજ) લઇશ." છલવેષી મહારાજાએ આ વાતનો સ્વીકાર કર્યો.પછી તરતજ તે જાટ કૃષિના કામમાં વપરાતું પોતાનું હલકી જાતનું ગાડું લઇ આવ્યો.મારવાડના રત્નાસનપર વિરાજમાન થનાર મહારાજા વિજયસિંહ આ ક્ષુદ્ર ગાડામાં બેઠા! વિજયસિંહ અતિ શીઘ્રતાથી નાગોરમાં પહોંચી જવાને વ્યાકુલ થઈ રહ્યા હતા, તેથી બળદો મધ્ય ગતિથી દોડતા હતા તોપણ તેઓ "હાંક હાંક" કહીને તેને વિશેષ દોડાવવાની ચેષ્ટા કરતા હતા. વારંવાર " હાંક હાંક " શબ્દ સાંભળીને સરલ સ્વભાવના જાટનું ધૈર્ય ખૂટી ગયું અને તે બોલ્યો:-"તમે છો કોણ? અને આટલી શીઘ્રતાથી જવાનું તમને શું પ્રયોજન છે? આટલી શીઘ્રતાથી નાસી જવાને બદલે તમારા જેવા બલિષ્ઠે તો મેડતાના યુદ્ધમાં વિજયસિંહની રક્ષા કરવી જોઇએ. તમારા આચરણપરથી જણાય છે કે મહારાષ્ટ્રીયલોકો તમારી પાછળ પડયા છે. હવે વૃથા "હાંક હાંક" કરશો નહિ. આના કરતાં અધિક વેગથી હું બળદોને દોડાવી શકીશ નહિ." પોતાની અવસ્થાનો વિચાર કરી તે વખતે મારવાડેશ્વરે કિંચિત્‌પણ પ્રત્યુત્તર આપ્યો નહિ; પરંતુ થોડીવાર પછી તેઓ પુનઃ "હાંક, હાંક" શબ્દથી તેને ઉત્તેજિત કરવા લાગ્યા. જાટ તો પૂર્વવતજ મધ્યમ ગતિથી બળદોને ચલાવવા લાગ્યો. જ્યારે નાગોર એક કોશના અંતરપર રહ્યું ત્યારે પ્રભાત થઇ ગયું. ઉષાદેવી હાસ્યમયી મૂર્તિ ધારણ કરી આવી પહોંચી. પરોઢીઆના મંદ પ્રકાશમાં ઉકત સરળ સ્વભાવના જાટે અધીર ભાડુતનું રૂપ બરાબર રીતે જોવાને માટે તેના તરફ દૃષ્ટિપાત કર્યો તો તે મારવાડેશ્વર વિજયસિંહને ઓળખીને ભય તથા વિસ્મયથી વ્યાકુળ થઇ ગયો.તે રાજરાજેશ્વરની સાથે એકજ આસનપર

બેઠો હતો તેથી તે નીચે કૂદી પડયો અને મહારાજાની ક્ષમા માગવા લાગ્યો. જાટની સરલતાથી પ્રસન્ન થઇને મહારાજાએ તેને ધીમેથી કહ્યું:–"ડરશો નહિ, મેં તમને ક્ષમા કરી છે. ગાડી હાંકો." રાજાની આજ્ઞા સાંભળી ઉકત જાટ પુન: પોતાના આસનપર બેસી ગયો. ગાડી નાગોરના દરવાજાપર પહોંચી ત્યાં-સુધી વિજયસિંહ "હાંક, હાંક" શબ્દથી તેને અસ્ખલિત રીતે ઉત્તેજિત કરતા રહ્યા. નાગોરમાં જઇને મહારાજાએ ઉકત જાટને પાંચ રૂપિયા આપ્યા અને કહ્યું કે:–"યોગ્ય અવસર પ્રાપ્ત થતાં તમને ઉચિત પારિતોષિક આપવામાં આવશે." આખી રાતનો ઉજાગરો હોવા છતાં પણ મહારાજા વિજયસિંહે નાગો-રમાં પહોંચતાંની સાથેજ હરસોલાના સામંતને જોધપુરની રક્ષાને માટે મોકલ્યા અને સર્વ સામંતોને નાગોરમાં એકત્રિત કરવાને માટે તેમનાપર આજ્ઞાપત્રિકા મોકલી દીધી. વિજયી રામસિંહે તેજ દિવસે મહારાષ્ટ્રીઓની સાથે આવીને નાગોરને ઘેરો ઘાલ્યો.

પરમ સાહસિક વિજયસિંહે છ માસપર્યંત શત્રુઓના કરાલગ્રાસમાંથી નાગોરની રક્ષા કરી. રામ-સિંહ તથા મહારાષ્ટ્રીઓ નાગોરને છ માસપર્યંત હસ્તગત કરી શકયા નહિ અને તેમને પુષ્કળ હાનિ થઇ. રાજા વિજયસિંહ રાજપૂતોના સર્વગુણોથી ભૂષિત હતા અને તેમના પિતા વખ્તસિંહનાં જેવા પરમ સાહસિક હતા, તેથી તેમણે તે દ્વારા રાજસ્થાનના ઇતિહાસમાં પોતાનું નામ અમર થઇ જાય તેવું મહાન સાહસિક કામ કરવાનો ઉદ્યોગ કર્યો. તેમણે ધાર્યું કે:–"મારી પાસે જેટલી સેના છે તેની સહાયથી મહારાષ્ટ્રીઓને નસાડી મૂકવા અસંભવિત છે અને મારવાડમાંથી વિશેષ સૈનિકો મળવા દુર્ઘટ છે; માટે મારે પોતેજ રાજસ્થાનના રાજાઓની પાસેથી સહાય મેળવવાને માટે નીકળવું જોઇએ. રાજ-સ્થાનના પરમ શત્રુ મહારાષ્ટ્રીયલોકોને નસાડી મૂકવાને માટે સર્વ રાજપૂતો આ વખતે મને અવશ્ય સહાય કરશે." વિજયસિંહની પાસે નાગોરમાં પાંચસે પરમસાહસિક ઉષ્ટ્રારોહી(ઉંટપર સ્વારી કરનાર)સૈનિકો હતા. આ સૈનિકો અને એક સહસ્ર મહાબળવાન રણનિપુણ રાજપૂતોને લઇને વિજયસિંહ અર્ધરાત્રિએ નાગોરમાંથી બહાર નીકળ્યા. તેઓ બરાબર ચોવીસ કલાકનો પ્રવાસ કર્યા પછી બિકાનેરરાજ્યમાં પહોંચ્યા. જો કે બિકાનેરના અધિપતિએ અપૂર્વ આદરસહિત તેમનું સ્વાગત કર્યું, તથાપિ આ ઘોર વિપત્તિના સમયમાં સેનાની સહાય આપવાને તેણે સ્પષ્ટ ના પાડી. આથી મારવાડેશ્વર શોક અને નિરાશાના સાગરમાં ડૂબી ગયા. વિજયસિંહ બિકાનેરના અધિપતિના આ વ્યવહારથી અત્યંત ક્રોધિત થયા અને તેઓ શીઘ્ર બિકાનેરને છોડીને જયપુરમાં ચાલ્યા ગયા. જયપુરેશ્વર ઇશ્વરીસિંહ યથાસાધ્ય રામસિંહને સહાય કરતા હતા તોપણ મહારાજા વિજયસિંહે જયપુરના સિંહદ્વારપર પહોંચીને દૂતદ્વારા અંબરરાજપર કહેણ મોકલ્યું કે:–"હું આ વિપત્તિકાળમાં આપની પાસે સહાય માગવાને આવ્યો છું, માટે મને આશા છે કે આપ અવશ્ય મને સહાય કરશો."

અંબરના સુપ્રસિદ્ધ અધીશ્વર સવાઇજયસિંહ મહાબળવાન, પરમ સાહસિક અને મહા બુદ્ધિમાન હતા; પરંતુ તેમનો પુત્ર ઇશ્વરીસિંહ આ સર્વ ગુણોથી શૂન્ય હતો. તે પોતાના પ્રતિસ્પર્ધી રાઠોડલોકોથી અત્યંત ડરતો હતો. પાઠકોના સ્મરણમાં આ વાત હશેજ કે ઇશ્વરીસિંહે ઘૃણિત ઉપાયથી વખ્તસિંહના પ્રાણનો સંહાર કરાવ્યો હતો. વિજયસિંહે જ્યારે સહાયને માટે પ્રાર્થના કરી ત્યારે તેણે રાજપૂતો અનાદિથી જેનું પાલન કર્તા આવ્યા છે, એવા આતિથ્યધર્મના મસ્તકપર લત્તાપ્રહાર કરીને વિજય-સિંહને બંદીવાન કરવાનો નિશ્ચય કર્યો; પરંતુ એક વ્યક્તિના પ્રયાસથી તેની આ દુર્વાસના વ્યર્થ થઇ ગઇ. સત્યપ્રિય ઇતિહાસવેત્તાઓને રાજપૂતજાતિના ચરિત્રની સમાલોચના કરતાં કોઈ કોઈવાર અપ્રિય વાતો પણ લખવી પડે છે. જે રાજ્યમાં અંતર્વિપ્લવ સળગી ઉઠે છે,તે રાજ્યના લોકો સર્વથા હિતાહિત-જ્ઞાનશૂન્ય થઈ જાય છે અને ભ્રાતા, મિત્ર વગેરે સર્વની સાથેનો સંબંધ ભૂલી જઇને ગમે તેવું પાપ-કર્મ કરવાથી પણ પરાઙ્મુખ થતા નથી. જગતના સર્વ દેશોમાં વસતી પ્રત્યેક જાતિમાં આ શોચનીય દૃશ્ય દૃગ્ગોચર થાય છે, તો રાજપૂતજાતિમાં તેનો અભાવ હોય એ સર્વથા અસંભવિત છે. ઇંગ્લાંડ અને ફ્રાન્સના વિપ્લવોમાં જે અત્યંત ભયંકર અને દારુણ ઘટનાઓ બની હતી તે વાંચવાથી આ વાતનો સ્વીકાર કોણ નહિ કરે? આ પરથી સ્પષ્ટ રીતે વિદિત થાય છે કે વિપ્લવના સમયમાં લોકો વિચાર-શૂન્ય અને બુદ્ધિશૂન્ય બનીને, મનુષ્યોને ન ઘટે તેવાં કર્મો કરે છે; પરંતુ આવા સમયમાં પણ રાજપૂત-ચરિત્રનો જે ઉત્તમ અંશ પ્રકટ થાય છે તેનો અમે નીચે ઉલ્લેખ કરીએ છીએ.

મેડતિયાલોકોના અધિનાયક શેરસિંહે રાજભક્તિથી પ્રેરિત થઇને પ્રાણાર્પણ કર્યું હતું એ વાત અમે આગળ જણાવી ચૂકયા છીએ. વીરશ્રેષ્ઠ શેરસિંહ જે પક્ષ તરફથી લડયા હતા તે પક્ષનો પરાજય થયો હતો તેથી વખ્તસિંહે શેરસિંહના તાબાના પ્રદેશ રિયાનેહસ્તગત કરીને તેમના કુટુંબની એક કનિષ્ઠ શાખાને તેનો સંપૂર્ણ અધિકાર સોંપી દીધો હતો. વખ્તસિંહના પ્રસાદને પ્રાપ્ત થયેલા રિયાના આ નવીન સામંતનું નામ જવાનસિંહ હતું.વિજયસિંહ જે સમયે સેનાની સહાય મેળવવા માટે રાજસ્થાનમાં નીકળ્યા તે સમયે જવાનસિંહ પણ તેમની સાથે હતો.જવાનસિંહ જયપુરરાજ્યના તાબાના અટરવેલ નામના પ્રગણાના પ્રબલ શક્તિસંપન્ન સામંતની પુત્રી સાથે પરણ્યો હતો.આ સામંત જેમ શક્તિશાલી હતા તેમ તેઓ જયપુરરાજના વિશ્વાસપાત્ર પણ હતા. અંબરપતિ ઇશ્વરીસિંહે આ વખતે આ સામંતનેજ આજ્ઞા કરી હતી કે:-"જ્યારે વિજયસિંહનો મેળાપ થાય ત્યારે તરતજ તેમને બંદીવાન કરી લેવા." ઉક્ત સામંતે પોતાના સ્વામીનો આ અત્યંત નિંદ્ય અને રાજપૂતજાતિને કલંકિત કરનારો વિચાર પોતાના જમાતાને એકાંતમાં જણાવી દીધો.જવાનસિંહે પોતાના મનમાં નિશ્ચય કર્યો કે:-"વિજયસિંહનું મારે અવશ્ય રક્ષણ કરવું."

રાઠોડરાજ જયપુરની ધર્મશાળામાં ઇશ્વરીસિંહની પ્રતીક્ષા કરતા બેઠા હતા. ઇશ્વરીસિંહ પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાને માટે સર્વ પ્રકારે સજ્જ થઇને ધર્મશાળામાં આવ્યો. મને બંદીવાન કરવાની ઇશ્વરીસિંહની ઇચ્છા છે, એમ વિજયસિંહ લેશ પણ જાણતા નહોતા. વિજયસિંહ ઇશ્વરીસિંહના આગમનની વાત સાંભળી પરમ મિત્રભાવથી તેને આદરસત્કારસહિત લેવાને આગળ ગયા. ઉભય એક આસનપર બેસી એકબીજાની ક્ષેમકુશળતાના સમાચાર પૂછવા લાગ્યા. આ તરફ રાજભક્ત જવાનસિંહ પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાને માટે ઇશ્વરીસિંહની પાછળ જઇને બેસી ગયો. મારવાડના પ્રચલિત નિયમાનુસાર મેડતાના સામંત રાજાની દક્ષિણ તરફ આસન પ્રાપ્ત કરે છે; પરંતુ મારવાડના વીરશ્રેષ્ઠ જવાનસિંહને પાછળ બેઠેલો જોઇ ઇશ્વરીસિંહ બોલ્યો:-"ઠાકોર! આપ પીઠપાછળ કેમ બેઠા છો?" જવાનસિંહે પ્રત્યુત્તર આપ્યો:-"મહારાજ! આજે આ સ્થળેજ બેસવાની આવશ્યકતા છે." થોડીવાર પછી વિજયસિંહને ઉદ્દેશીને રાજભક્ત જવાનસિંહ બોલ્યો:-"મહારાજ! ઉઠો અને શીઘ્ર અહીંઆંથી નીકળી જાઓ; નહિ તો આપનું જીવન અને સ્વતંત્રતા મહાવિપત્તિમાં આવી પડશે." જવાનસિંહના આ શબ્દો સાંભળી મહારાજા વિજયસિંહ ઇશ્વરીસિંહનું કપટ જાણી ગયા અને અતિ ચપળતાથી પોતાના આસનપરથી ઉઠીને અતિ વેગથી ચાલવા લાગ્યા. વિશ્વાસઘાતક ઇશ્વરીસિંહે પણ તેમની પાછળ દોડવાની ચેષ્ટા કરી; પરંતુ તેની ચેષ્ટા સફળ થઇ નહિ.રાજભક્ત જવાનસિંહ તેની પાછળ સાવધાનતાથી બેઠો હતો. ઇશ્વરીસિંહે પાછળ મુખ ફેરવીને જોયું તો જવાનસિંહ નગ્ન તલવારસહિત અતિ ક્રોધિત મુદ્રા કરીને બેઠેલો તેને જણાયો. તેનું શરીર ભયથી કંપાયમાન થયું, તેના ગળામાં શોષ પડયો અને તેનું મન વિક્ષિપ્ત થયું. જવાનસિંહે અતિ ગર્વ અને સાહસપૂર્વક કહ્યું કે:-"અંબરેશ્વર! જો મારા સ્વામીનું કાંઇ પણ અનિષ્ટ થશે તો આ સમશેર આપના ઉદરમાં ઘુસાડી દઇશ." પછી તેણે વિજયસિંહપ્રત્યે કહ્યું:-"મહારાજ! આપ અશ્વારૂઢ થતાંની સાથેજ મને ખબર કરશો." જવાનસિંહે જેવી રાજભક્તિ પ્રદર્શિત કરી હતી, તેવુંજ વર્તન વિજયસિંહે પણ તેના પ્રત્યે કર્યું. તેમણે અશ્વારૂઢ થઇને સમાચાર મોકલ્યા કે:-"હું આપના આગમનની પ્રતીક્ષા કરી રહ્યો છું." વિશ્વાસઘાતક ઇશ્વરીસિંહ પણ આ સમાચારનો અર્થ સારીપેઠે સમજી ગયો. મેડતિયાસામંત જવાનસિંહે શીઘ્ર પોતાની સમશેર મ્યાન કરી અને ઇશ્વરીસિંહની સન્મુખ આવીને તેને તેણે આદરપૂર્વક પ્રણામ કર્યા. જવાનસિંહની આ રાજભક્તિ મનુષ્યના હૃદયમાં જે ભાવ ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવતી હતી, તે ભાવ ઇશ્વરીસિંહના હૃદયમાં પણ ઉત્પન્ન થયો. ઇશ્વરીસિંહ જવાનસિંહને અભિનંદન આપવાને માટે પોતાના સામંતોને ઉદ્દેશીને બોલ્યો:-"આ અપૂર્વ રાજભક્ત જુઓ. આવા સામંતથી જે રાજા રક્ષિત હોય તેનો પરાભવ કરવાની આશા વ્યર્થ છે."

રાજપૂતોના પ્રબલ શત્રુ મહારાષ્ટ્રીઓને મારવાડમાંથી કાઢી મૂકવાને માટેજ આ શોચનીય વિપત્તિકાળમાં વિજયસિંહ અન્ય રાજાઓની સહાય લેવાને માટે રાજસ્થાનમાં નીકળ્યા હતા; પરંતુ કયાંય પણ તેમનો મનોરથ સિદ્ધ થયો નહિ. અંતે તેઓ હતાશ થઈ જેવી અવસ્થામાં નાગોરમાંથી બહાર નીકળ્યા હતા તેવીજ અવસ્થામાં ત્યાં પાછા ગયા. જોતજોતામાં બીજા છ માસ સમાપ્ત થઇ ગયા, તથાપિ મહારાષ્ટ્રીઓ નાગોરમા રામસિંહની જયપતાકા ફરકાવી શકયા નહિ; પરંતુ તેમણે મારવાડના અન્યાન્ય

પ્રદેશો પોતાના અધિકારમાં લઈ લીધા. મારાવોત, પૂરવત્સાર, પાલી અને સુજાત વગેરે પ્રદેશોના નિવાસીઓએ રામસિંહની આધીનતા સ્વીકારી. કેવળ રાજધાની જોધપુર, નાગોર, ઝાલોર, સિઉવાલી અને ફલોદી આ પ્રદેશો હજીસુધી વિજયસિંહના અધિકારમાં રહ્યા હતા. જ્યારે આ પ્રકારે ઘોર વિપત્તિમાં એક વર્ષ વ્યતીત થઇ ગયું, ત્યારે તેમાંથી બચવાને માટે વિજયસિંહે એક એવું કાર્ય કર્યું કે જેથી મારવાડરાજ્યના સોજ્જ્વલ રત્નસ્વરૂપ મુખ્ય પ્રદેશ દીર્ઘકાળપર્યંત મારવાડથી વિચ્છિન્ન રહ્યો હતો.

વિજયસિંહના એક રાજપૂત અને એક અફઘાનસૈનિકે એવી દરખાસ્ત સાદર કરી કેઃ-" જો મહારાજ અમારાં કુટુંબનાં ભરણપોષણનો ભાર પોતાના મસ્તકપર લેવાનો સ્વીકાર કરે તો આ સમસ્ત વિપત્તિના મૂળ કારણ મહારાષ્ટ્રીઓના સેનાપતિનો અમે સંહાર કરીએ. " વિજયસિંહે આ દરખાસ્ત મંજુર કરી. ઉક્ત ઉભય યોદ્ધાઓ જાણે તેમની વચ્ચે મહાશત્રુતા હોય તેમ દારુણ વિવાદ કરતા કરતા મહારાષ્ટ્રીયનેતાના શિબિર તરફ ચાલ્યા. જયાપ્પા સિંધિઆ આ વખતે હસ્તમુખાદિનું પ્રક્ષાલન કરવાના કામમાં રોકાયો હતો. તેને જોઇને તેઓ એકબીજાને અત્યંત કટુવચનો કહેવા લાગ્યા. તેની સન્નિધ જઇને એક જણે હિસાબનો કાગળ તેની આગળ ફેંકી દીધો અને પોતાનો વિવાદ નિવૃત્ત કરવાને માટે મહારાષ્ટ્રીયનેતાને મધ્યસ્થ થવાની પ્રાર્થના કરવા લાગ્યો. ધીમે ધીમે તે ઉભય જયાપ્પા સિંધિઆની છેક નિકટ ગયા અને તેને પોતાના વિવાદનું કારણ સમજાવવા લાગ્યા. જયાપ્પા સિંધિઆ શાંત રીતે તેમની વાત સાંભળતો હતો;એવામાં ઉક્ત અફઘાનયોદ્ધાએ "લ્યો આ નાગોર" એમ કહીને તેના હૃદયમાં પોતાની સમશેર ઘોંચી દીધી.પછી ઉભય યોદ્ધાઓ શીઘ્રતાપૂર્વક ત્યાંથી નાઠા.અફઘાન યોદ્ધાને તો તરતજ પકડીને તેના ટુકડે ટુકડા કરી નાખવામાં આવ્યા; પરંતુ ચતુર રાજપૂત મનુષ્યોના મોટા સમુદાયમાં ભળી ગયો અને "ચોર ચોર"એવો પોકાર કરતો કરતો નિર્વિઘ્ને નાગોરમાં પહોંચી ગયો.વિજયસિંહે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે તેને પુરસ્કાર તો આપ્યો; પરંતુ તે હત્યારાનું મુખ જોવાની તેણે સ્પષ્ટ ના પાડી.

જયાપ્પા સિંધિઆનો પરલોકવાસ થયા પછી માધોજી સિંધિઆ સેનાપતિના પદપર નિયુક્ત થયો. મહારાષ્ટ્રીયસેના પૂર્વવત્ નાગોરની ચારે તરફ ઘેરો ઘાલી રહી; પરંતુ તે ઇતર સ્થાનોમાંથી આવતી સેના અને ખાદ્યપદાર્થો નાગોરમાં આવતા અટકાવી શકી નહિ. તેણે તેને અટકાવવાનો પ્રયાસ તો ઘણો કર્યો;પરંતુ તે સફળ થયો નહિ.મહારાષ્ટ્રીઓને એક સ્થાનેથી બીજે સ્થાને અને બીજેથી ત્રીજે સ્થાને જવાનો અભ્યાસ હતો, તેથી એક વર્ષ કરતાં અધિક કાળપર્યંત એક સ્થાનપર આશ્રમ રાખવો તેમને અત્યંત કષ્ટદાયક થઇ પડયો. નાગોર કરતાં કોઇ અધિક સમૃદ્ધિશાળી પ્રદેશપર આક્રમણ કરવાથી વિશેષ લાભ થવાનો સંભવ જોઇ માધોજી વિજયસિંહની સાથે સંધિ કરવાને માટે વ્યાકુળ થઇ રહ્યો હતો. વિજયસિંહ પણ મહારાષ્ટ્રીઓના ધ્વંસનો કોઇપણ ઉપાય નહિ જોઈ સંધિ કરવાને સમ્મત થયા. અંતે એવો નિશ્ચય કરવામાં આવ્યો કેઃ-"મહારાષ્ટ્રીયલોકોએ રામસિંહનો પક્ષ છોડી મારવાડમાંથી ચાલ્યા જવું અને વિજયસિંહે પ્રતિ ત્રણ વર્ષે તેમને નિયત કર આપવો અને "મુંડ કાટી" અર્થાત્ જયાપ્પાના પ્રાણસંહારના બદલામાં સમસ્ત અજમેરપ્રદેશ દુર્ગસહિત મહારાષ્ટ્રીઓના અધિકારમાં સોંપી દેવો." વર્ષાઋતુ નિકટ આવેલી જોઇ માધોજી સિંધિઆ ઉક્ત સંધ કરી અજમેર ચાલ્યો ગયો.

અજમેરદુર્ગના શિખરપર હાલમાં બ્રિટિશસરકારની જયપતાકા ફરકી રહી છે. આ પતાકા બ્રિટિશરાજ્યનો ખજાનો ભરવાને માટે ફરકતી નથી; પરંતુ અતિ પ્રાચીન રાજપૂતરાજ્યોની સ્વાધીનતા અને શાંતિની રક્ષા કરવાને માટે તથા લૂંટફાટ અત્યાચાર અને ઉપદ્રવમાંથી તેમને મુક્ત રાખવાને માટેજ તે ગર્વસહિત ફરકી રહી છે.

મહારાષ્ટ્રીઓથી તજાયેલો રામસિંહ મારવાડના રાજસિંહાસનપર પોતાનો અધિકાર સ્થાપન કરવાને માટે વિશેષ ચેષ્ટા કરવા લાગ્યો. રામસિંહે પોતાના કાકા તથા પિત્રાઇને પરાજિત કરવાને માટે અનેકવાર પોતાનો પ્રાણ જોખમમાં નાખ્યો હતો. રામસિંહનો પ્રધાન સહાયક ઇશ્વરીસિંહ જ્યારે પરલોકવાસી થયો, ત્યારે તે નિર્બળ થઇ ગયો અને અંતે તે સંબર સરોવરની ઉપજ ઉપર પોતાનો નિર્વાહ કરવાને સમ્મત થયો. આ સરોવરનો અર્ધભાગ મારવાડના તાબે હતો અને અર્ધભાગ જયપુરાધીશને તાબે હતો; પરંતુ ઉક્ત ઉભય સજ્જનોએ રામસિંહને તે સરોવર અર્પણ કર્યું હતું. જીવનપર્યંત તેણે આ સરોવરની ઉપજ ઉપરજ પોતાનો નિર્વાહ ચલાવ્યો હતો.


# अध्याय २७ मो

માધાજી(મહાદજી)સિંધિઆ-સાહોડ અને કુશાવહલોકોમાં સંપ-તેમણે મહારાષ્ટ્રીઓની સામે કરેલું યુદ્ધ-ઇસ્માઇલ બેગ અને હામદાનીએ તેમને કરેલી સહાય-તંગાનું યુદ્ધ-સિંધિઆનો પરાજય-રાઠોડોનો અજમેર ઉપર પુન: અધિકાર-ખંડણી આપવાની કરેલી શરતનો ભંગ-ડિવાઇનની સહાયથી માધાજીએ કરેલો સેનાનો સંગ્રહ-જયપુરની સરહદમાં રાજપૂત-સેનાનો થયેલો સાક્ષાત્કાર-રાજપૂતોમાં પ્રસરેલો જાતિદ્વેષ-દ્વેષજનક કાવ્યથી રાઠોડો અને કુશાવહોમાં થયેલો કુસંપ-પાટણનું યુદ્ધ-જયપુરની સેનાએ બતાવેલી કૃતઘ્નતાથી થયેલો રાઠોડોનો પરાજય-કુશાવહકવિની કવિતા-વિજયસિંહે સંધિ કરવાને કરેલી માગણી-મારવાડના સામંતાએ આ કાર્યપ્રત્યે પ્રદર્શિત કરેલી અસમ્મતિ અને મારવાડેશ્વરે મહા સંગ્રામની કરેલી તૈયારી-કૃષ્ણગઢના રાઠોડસામંતે બતાવેલી કૃતઘ્નતા-મહારાષ્ટ્રીઓએ માર-વાડપર કરેલું આક્રમણ-આહોયા અને આસોપના સામંતાએ "દેહં પાતયામિ વા કાર્યં સાધયામિ" એવી કરેલી પ્રતિજ્ઞા-મેડતાના મેદાનમાં રાઠોડોએ નાખેલી છાવણી-મહારા-ષ્ટ્રીય સેનાનો નાશ-શુભ અવસરનો પરિત્યાગ-શાસનવિભાગના મંત્રીની આજ્ઞાનું સા-મંતાએ કરેલું પાલન-છાવણી છોડીને સેનાએ કરેલું પલાયન-રાઠોડોની વીરતા-તેમનો ધ્વંસ-સિંગુઇશાખાની કૃતઘ્નતા-મુખ્યમંત્રીએ વિષપાનથી કરેલો પ્રાણત્યાગ-બ્રિટિશ-સરકારપ્રત્યે રાજપૂતોના વર્તનવિષે વિચાર-પ્રવાસનો પુનરારંભ-ઝારોના રણક્ષેત્રમાં થઇને કરેલો પ્રવાસ-સગદિયાનાનું -રણ-ઝારોનું વર્ણન-હરકર્ણદાસનું સ્મારકમંદિર-અલ-નિવાસ-રિયા-પહાડી માહિરજાતિ-તેણે રિયાપર કરેલું આક્રમણ અને તેના સામંતાનો કરેલો વધ-ગોવિંદગઢ-પુષ્કરસરોવર-તેનું વર્ણન-તે સંબંધી જનશ્રુતિ-અજમેરનો સ્થાપક અજયપાલ-વિશલદેવ વા અજમેરનો ચૌહાણસિંહ-સર્પગિરિના શિખરપર આવેલાં મંદિરો-ધારવલખેરનું દૃશ્ય-અજમેરનગર.

---

મહારાષ્ટ્રીયદલના નેતા જયાપ્પા સિંધિઆનાં પરલોકવાસ પછી તેનો કુટુંબી માધાજી (મહાદજી)સંધિઆ સર્વ જણની સમ્મતિથી તેના પદપર નિયુક્ત થયો. માધાજી પરમ તેજસ્વી પુરુષ હતો. રાઠોડોની સાથે યુદ્ધ કરવાથી તે સારી રીતે જાણી ગયો હતો કે:-" દક્ષિણી અશ્વારોહીઓ કોઇ પણ પ્રકારે રાજપૂતઘોડેસ્વારોની બરાબરી કરી શકતા નથી. " આથી તેણે પોતાના અશ્વારોહીઓને ઉત્તમ શિક્ષણ આપવાનો આરંભ કર્યો અને સૌભાગ્યવશાત્ અલ્પકાળમાંજ તેનો મનોરથ સફળ થયો. આ સુશિક્ષિત અશ્વારોહીઓની સહાયથી તેને વિજય મળ્યો. ચતુર માધાજીએ ધાર્યું કે:-"રાજસ્થાનનાં પ્રધાનરાજ્યોની વર્તમાન અવસ્થા જોતાં જણાય છે કે આ દેશમાં આપણો અધિકાર સ્થાપન કરવાને માટે અત્યારે સૌથી ઉત્તમ સંધિ છે. આવો અવસર પુનઃ કદિ પણ પ્રાપ્ત થનાર નથી. નવું રાજ્ય સ્થાન કરવાને માટે જેટલાં સાધનોની આવશ્યકતા હોય છે તેટલાં સાધનો પ્રભુ કૃપાથી મારી પાસે વિદ્યમાન છે. મારવાડમાં અંતર્વિપ્લવ પુષ્કળ ફેલાઇ રહ્યો છે અને તે મારવાડ-

નું રક્ત ચૂસી રહ્યો છે. રાજપૂતો પરસ્પર વૈર કરી એકબીજાનો ધ્વંસ કરવાને માટે હમેશાં તત્પર રહે છે અને તેઓ મહા બળવાન રાજપૂતજાતિની પ્રાચીન સુકીર્તિ લુપ્તપ્રાય કરી રહ્યા છે. આ સર્વ ચિન્હો દર્શાવે છે કે જો હું પ્રયાસ કરીશ તો અવશ્ય મને વિજય પ્રાપ્ત થશે."



માધોજી (મહાદજી) સિંધિઆ

આ જાતીયવિગ્રહ અને અંતર્વિપ્લવના સમયમાં નવીન, શક્તિશાળી અને ઉન્નતિશીલમહારાષ્ટ્રીઓની સહાય મેળવવાને માટે રાજસ્થાનના સર્વ રાજાઓ પ્રયત્ન કરતા હતા. તેઓ દુર્ભાગ્યને આમંત્રણ કરનારી દુર્બુદ્ધિને વશ થઇ મહારાષ્ટ્રીઓને મહા આદરપૂર્વક પોતપોતાના રાજ્યમાં બોલાવવા લાગ્યા. આનું પરિણામ એ આવ્યું કે સર્વ રાજાઓ મહારાષ્ટ્રીઓની આધીનતારૂપી જંજીરમાં જકડાઇ ગયા, તોપછી સિંધિઆના જેવા ધીરવીર અને મહા બળવાન સેનાપતિની ઇચ્છા પરિપૂર્ણ થાય એમાં શો શક છે? પાઠકોને આ વાત તો સ્મરણમાં હશેજ કે ઉદયપુરના મહારાણાએ પોતાના ભાણેજ મધુસિંહને જયપુરના સિંહાસનપર અધિષ્ઠિત કરવાને માટે મહારાષ્ટ્રીઓની સહાય લીધી હતી અને અંતે મારવાડાધીશની પેઠે મહારાષ્ટ્રીઓને નિયત ખંડણી આપવાને બંધાયા હતા.

જો કે આ સમયમાં રાજપૂતરાજાઓમાં એકતાનો લોપ થયો હતો, તોપણ હજી તેમની એકતા નામશેષ થઇ નહોતી. આવી વિજયશાળી, આવી સાહસિક અને આવી વીરજાતિમાં અનાદિથી જે એકતા ચાલી આવી છે તે સહસા નામશેષ થઇ શકતી નથી. ચૌહાણોની સાથે જયપુરના રાજાને પ્રબલ શત્રુતા હતી, તોપણ તેમને રાઠોડોની સાથે કાંઇક મિત્રતા હતી. મધુસિંહ જો કે પોતાના મામાની કૃપા અને મહારાષ્ટ્રીઓની સહાયથી જયપુરના સિંહાસનપર બેઠા હતા, પરંતુ દુર્ભાગ્યવશાત્ તેઓ આ સંસારમાં ઝાઝો કાળ રહ્યા નહિ. મધુસિંહના પરલોકવાસ પછી અંબરનું રાજછત્ર પ્રતાપસિંહના મસ્તકપર વિરાજમાન થયું. સાહસિક અંબરવાસીઓ પોતાના નવીન અધીશ્વર પ્રતાપસિંહના ઉત્તેજનથી મહારાષ્ટ્રીઓની ધુંસરી અસહ્ય ગણી તેને દૂર ફેંકી દેવાને તત્પર થયા. વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહે પોતાનો પ્રતાપ પ્રદર્શિત કરવાને માટે જ્યારે મહારાષ્ટ્રીઓની આધીનતાનો અસ્વીકાર કર્યો, ત્યારે માધોજીસિંધિઆ સંહારકસ્વરૂપ ધારણ કરી અંબર ઉપર પોતાનો અધિકાર સ્થાપન કરવાને માટે ચાલ્યો. અમે પૂર્વે જણાવી ગયા છીએ કે મારવાડેશ્વર વિજયસિંહને, ઘોર વિપત્તિમાં ઘેરાઇ જવાને લીધે પોતાની ગમે તેટલી અનિચ્છા હોવા છતાં પણ માધોજી સિંધિઆની સાથે સંધિ કરી તેને અમૂલ્ય અજમેર પ્રદેશ અને ત્રૈવાર્ષિક ખંડણી આપીને મહારાષ્ટ્રીઓની આધીનતારૂપી શૃંખલા પોતાના ગળામાં નાખવી પડી હતી. પ્રતાપસિંહે જ્યારે જોયું કે મહારાષ્ટ્રીઓ માત્ર અંબરનાજ શત્રુ નથી, પરંતુ મારવાડના પણ ભયંકર શત્રુ છે; ત્યારે તેમણે મહારાષ્ટ્રીઓને સમૂળ નષ્ટ કરવાને માટે રાઠોડોને પોતાની સાથે સંયુક્ત થવાનો સંદેશો મોકલ્યો. જાતીયએકતા પુનઃ સંપૂર્ણ રીતે પ્રકટ થઈ. આ એક શુભ અવસર જાણી વિજયસિંહે અજમેરને પુનઃ પ્રાપ્ત કરવાની આશાથી અંબરેશ્વરને સહાય કરવાને માટે તત્કાળ રાઠોડસેના મોકલી. જો કે જયપુરપતિ ઇશ્વરીસિંહે ઘોર વિપત્તિના સમયમાં પણ વિજયસિંહને સહાય કરી નહોતી, જો કે તેણે વખ્તસિંહનો નાશ કરાવી વિજયસિંહને પણ બંદીવાન કરવાની ચેષ્ટા કરી હતી અને આ કારણથી ઉભય રાજ્યોવચ્ચે વિદ્વેષાગ્નિ પ્રબળ રીતે પ્રદીપ્ત થયો હતો તથા ઉભય રાજ્યો એકબીજાને પોતાના પ્રબળ શત્રુ ગણતાં હતાં; તથાપિ સર્વ રાજપૂતોના શત્રુ મહારાષ્ટ્રીઓને દૂર કરવાને માટે વિજયસિંહ ઉકત શત્રુતા ભૂલી ગયા અને તેમણે રિયાના પરમ સાહસિક, મહા બળવાન, પરમ રાજભક્ત અને સર્વોત્તમ સામંત જવાનસિંહને રાઠોડસેનાના સાથે અંબરરાજને સહાય કરવાને મોકલી આપ્યા[1]

[1] એક રાઠોડકવિએ ઉભય રાજ્યોની વચ્ચે પુનઃ મિત્રતા સ્થાપિત કરવાના ઉદ્દેશથી નીચે પ્રમાણે એક કવિતા

તંગા નામના સ્થાનપર ઉભયપક્ષના રણોન્મત્ત સૈનિકોનો ભેટો થયો. ( આ યુદ્ધ " લાલસંતના સમર " ના નામથી પ્રખ્યાત છે. ) આ સમયે વિખ્યાત ઇસ્માઇલ બેગ અને હામદાની નામના બે મોગલસેનાપતિઓ મહાબળવાન અને સાહસિક રાઠોડોના પક્ષમાં આવી મળ્યા.તરતજ ભયંકર યુદ્ધાગ્નિ પ્રદીપ્ત થઇ ગયો. રાઠોડસેનાએ પ્રબલ પરાક્રમ અને મહાવીરતાસહિત શત્રુઓનો વિધ્વંસ કર્યો. રિયાના સામંત જવાનસિંહે રાઠોડઅશ્વારોહીઓનો વ્યૂહ રચી સિંધિઆના પ્રચંડ દલને છિન્નભિન્ન કરી નાખ્યું અને પૃથ્વીને કંપાયમાન કરી દીધી. સિંધિઆના સૈનિકો જો કે ફ્રેંચ સેનાપતિ ડિવાઇનની તાલીમનીચે શિક્ષિત થયા હતા, પણ રાઠોડઅશ્વારોહીઓના અતુલનીય બાહુબલની આગળ તેઓ ટકી શક્યા નહિ. તેઓ અલ્પસમયમાં નષ્ટભ્રષ્ટ થઇ ગયા અને ઘણા સૈનિકો પ્રાણ લઇને નાસી ગયા. રાજપૂતોને અતિ અલ્પકાળમાં વિજયલક્ષ્મી પ્રાપ્ત થઇ. સિંધિઆએ પણ પલાયન કરતી સેનાનું અનુકરણ કર્યું અને પોતાના કપાળપર સદાને માટે કલંકની કાલિમા લગાડી. તેણે નાસી જઇને મથુરામાં આશ્રય લીધો. એમ કહેવાય છે કે આ મહાસંગ્રામમાં રાજપૂતોએ સિંધિઆની જે દુર્દશા તથા હાનિ કરી હતી, તેને સિંધિઆ દીર્ઘકાળપર્યંત પૂરી શકયો નહોતો અને તેને દીર્ઘકાળસુધી તેનું વિસ્મરણ પણ થયું નહોતું. જવાનસિંહે વિજયલક્ષ્મી પ્રાપ્ત કર્યાપછી અજમેરપર પુનઃ અધિકાર સ્થાપન કરવાને માટે એક સેના મોકલી આપી. આ સેનાએ યુદ્ધ કર્યા વિનાજ અજમેરપર પોતાનો અધિકાર સ્થાપિત કરી તેને પુનઃ મારવાડના રાજ્યમાં સંયોજી દીધું, એમ કહીશું તોપણ ચાલશે.મારવાડેશ્વર વિજયસિંહે માધોજીની સાથે સંધિ કરીને પ્રતિ ત્રણ વર્ષે જે પુષ્કળ દ્રવ્ય ખંડણીતરીકે આપવાનો સ્વીકાર કર્યો હતો,તેમાંથી તેમને આ વિજયપ્રાપ્તિને લીધે મુક્તિ મળી. પરમ તેજસ્વી અને મહા બળવાન રાજપૂત જાતિ-મેવાડ, મારવાડ અને અંબર વગેરે રાજ્યોના ચૌહાણ, રાઠોડ વગેરે લોકો જો એકસંપ કરે અને તેને સતત નિભાવે તો કોઇ પણ વિદેશી પ્રજા રાજસ્થાનમાં કોઇ પણ પ્રકારે પોતાનો અધિકાર સ્થાપિત કરી શકે નહિ. તંગાનું યુદ્ધ આ વિધાનનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

માધોજીસિંધિઆ તંગાના મહાસમરમાં વિજયલક્ષ્મીના ખોળાપરથી પડી જઇને દુઃખિત હૃદયથી પલાયન કરી ગયો હતો; તોપણ તે રાજપૂતોપર વૈર લેવાને અને મહારાષ્ટ્રીઓનું પ્રભુત્વ સ્થાપન કરવાને પુનઃ મહા પ્રયાસ કરવા લાગ્યો. તેણે પુનઃ ફ્રેંચ સેનાપતિ ડિવાઇનની સાથે મળીને શ્રેષ્ઠ સેના સંગ્રહિત કરી તેને ઉત્તમ પ્રકારની યુદ્ધશિક્ષા આપવાનો નિશ્ચય કર્યો. રણચતુર વિદેશી વીર ડિવાઇનની શિક્ષા અને માધોજીની સહાયથી તેની સેના જેવી પ્રબળ, પરાક્રમી અને રણકુશલ બની હતી તેવી સેના ભારતવર્ષમાં કદિ પણ દૃષ્ટિગોચર થઇ નથી. રણશિક્ષાની સાથે ભારતીય શૌર્ય, વીર્ય અને સાહસનો સંયોગ થવાથી તે સેના સર્વના ભયનું કારણ થઇ પડી. તંગાના રણક્ષેત્રમાં જે ઘોર કલંકની કાલિમાએ મહારાષ્ટ્રીયવીરના ગૌરવના રવિને આવૃત કરી દીધો હતો,તેને દૂર કરવાને માટે માધોજી નવીન સેનાને લઇ શીઘ્ર સંહારકમૂર્તિ ધારણ કરી રાજસ્થાન તરફ ચાલ્યો.

રાઠોડોના રાજ્યમાં માધોજીસિંધિઆના આગમનની ખબર પહોંચી ગઇ. માધોજીસિંધિઆ અતિ પ્રચંડ સેના લઇને મહા ગર્વસહિત રાજસ્થાનપર આક્રમણ કરવાને આવે છે, એવા સમાચાર વિજયસિંહના સાંભળવામાં આવ્યા. વીરવ્રતાવલંબી રાઠોડજાતિ આ સમાચાર શ્રવણ કરી કિંચિત્ પણ ભયભીત થઇ નહિ;પરંતુ તે પોતાનું બાહુબળ તથા વીરત્વ દર્શાવવાનો અને પોતાના પ્રબળ શત્રુનો સંહાર કરવાનો શુભ અવસર પ્રાપ્ત થયેલો જાણી અપૂર્વ આનંદથી ઉન્મત્ત બની ગઇ. મારવાડેશ્વર વિજયસિંહ અત્યંત રાજનીતિકુશળ હતા. તેમણે ધાર્યું કે:-" મહારાષ્ટ્રીઓને મારવાડમાં પ્રવેશ કરવા નહિ દેતાં રાજ્યની સરહદબહારજ તેમની સાથે યુદ્ધ કરવું યુક્ત છે. " શીઘ્ર જયપુરપતિના સાંભળવામાં પણ આ સમાચાર આવ્યા. મારવાડ અને જયપુરની રાજપૂતસેનાએ આકાશભેદી ગર્જના કરી

લખી છે:—

**पति राखो परतापकी, नवेकोटके नाथ;**
**अगला गुन्हा बकस कर, अब मम पकडो हाथ.**

અર્થાત્ હે નવદુર્ગેશ્વર વિજયસિંહ ! પ્રતાપસિંહના સન્માનની રક્ષા કરો. એમનો પાછલો અપરાધ ક્ષમા કરીને હવે એનો હાથ પકડો.

પૃથ્વીને કંપાયમાન કરી યુદ્ધભૂમિપ્રતિ પ્રયાણ કર્યું. જયપુરરાજ્યની ઉત્તર સીમાપર આવેલા પાટણ (તુવારાવતી) નામના નગર આગળ જયપુર અને મારવાડની સેના એકત્રિત થઇ અને તે અત્યંત ઉત્સાહપૂર્વક મહારાષ્ટ્રીઓની સામે ધસવા લાગી. આ વખતે રાઠોડકવિકુલમુકુટે જે યુદ્ધસંગીતથી સેનાને ઉત્તેજિત કરી હતી તે આજપર્યંત મારવાડમાં શ્રવણ કરવામાં આવે છે.

જો કે એકતાનો સ્વર્ગીય હાર ધારણ કરીને રાઠોડ અને કુશાવહ સૈનિકો એક બની જઇને શત્રુઓની સામે ખડા રહ્યા હતા, જો કે જાતીયગૌરવ, જાતીયસન્માન, જાતીયસ્વાધીનતા અને જન્મભૂમિની રક્ષાવિષેનાં કાવ્યોએ સર્વનાં હૃદય પ્રબળ ઉત્સાહથી પરિપૂર્ણ કરી દીધાં હતાં; પરંતુ એક સાધારણ કારણથી–એક ક્ષુદ્ર કારણથી રાજપૂતોની એકતારૂપી સાંકળ તુટીને છિન્નભિન્ન થઇ ગઇ.મારવાડના એક અલ્પવયસ્ક કવિના એક કાવ્યેજ આ સાંકળ તોડી નાખી હતી. તંગાના યુદ્ધમાં રાજપૂતોને જે વિજય મળ્યો હતો, તે રાઠોડલોકોની મહાન વીરતાનેજ પ્રધાનતઃ આભારી હતો. જયપુરના સૈનિકો તે વખતે રાઠોડોના જેવી વીરતા પ્રદર્શિત કરી શકયા નહોતા. આ કારણથી ઉક્ત તરુણ મારવાડીકવિએ જયપુરની સેનાવિષે એક શ્લેષાત્મક કાવ્ય રચ્યું. દુર્ભાગ્યવશાત્ આ કાવ્ય રાઠોડસેનામાં ગાવામાં આવતાં અંબરના સૈનિકોને ઘોર અપમાન લાગ્યું.આ કાવ્યનું એક ચરણ નીચે લખવામાં આવે છે:—

" उद्ल ताइन अंबररा राठोर राण "

અર્થાત્ " રાઠોડવીરોએજ યુદ્ધમાં અંબરના બાયલાસૈનિકોની રક્ષા કરી હતી. " આ કાવ્યેજ રાજપૂતોનો પરાભવ કરાવ્યો હતો, એમ કહીએ તો તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી. આજ કાવ્યે રાજપૂતોના સ્વાધીનતારૂપી સૂર્યનો અસ્ત કરાવ્યો હતો.

જ્યારે રાઠોડકવિના આ કાવ્યે અંબરના સૈનિકોના હૃદયમાં અપમાનાગ્નિ પ્રજ્વલિત કરી દીધો ત્યારે તેમણે મહારાષ્ટ્રીઓની સાથે મળી જઇને એવો પ્રપંચ રચ્યો કે, જ્યારે રાઠોડલોકો યુદ્ધમાં ઉતરીને મહારાષ્ટ્રીઓની સામે ઝુઝવા માંડે ત્યારે અંબરના સૈનિકો તટસ્થ રહેશે અને તેના બદલામાં મહારાષ્ટ્રીય સેના તેનો સંહાર કરશે નહિ. યુદ્ધનો પ્રારંભ થયો ત્યાંસુધી રાઠોડોને આ પ્રપંચવિષે કિંચિત્ પણ ખબર પડી નહિ. તેમણે ધાર્યું હતું કે તંગાના યુદ્ધની પેઠે અહીંઆં પણ ઉભય રાજપૂતસેનાઓ એકત્રિત થઇને મહારાષ્ટ્રીઓનો પરાભવ કરશે.આવા વિચારથી શીઘ્ર તેમણે રણભેરી વગાડી.મહા બળવાન અને અતિ સાહસિક રાઠોડવીરોએ સ્વભાવસિદ્ધ તેજસ્વિતાથી પ્રબળ તરંગની પેઠે મહારાષ્ટ્રીઓપર આક્રમણ કર્યું અને તોપનો મારો ચલાવી તેમને છિન્નભિન્ન કરવા માંડયા.તેમણે તોપના આકાશભેદી અવાજથી પૃથ્વીને કંપાયમાન કરી મૂકી અને ગોળાના મારથી મહારાષ્ટ્રીઓનો પુષ્કળ સંહાર કરવા માંડયો; પરંતુ જયપુરની સેનાની સહાય નહિ મળવાથી થોડીવાર પછી જ્યારે તેઓ મહારાષ્ટ્રીઓદ્વારા ચારે તરફથી ઘેરાઇ ગયા, ત્યારે પોતાની રક્ષાનો બીજો કોઇ પણ ઉપાય નહિ જોઇ રણભૂમિમાંથી નાસવા લાગ્યા. વિજયલક્ષ્મીએ મહારાષ્ટ્રીઓનો આશ્રય ગ્રહણ કર્યો. એમ કહેવાય છે કે રાઠોડવીરો સ્વભૂમિમાં જેવી કુશળતાથી લડી શકે છે, તેવી નિપુણતાથી તેઓ પરભૂમમાં લડી શકતા નથી અને કેટલાક લોકો આ વિધાનના પ્રમાણતરિકે પાટણ (પાતન) યુદ્ધને રજુ કરે છે. આ યુદ્ધમાં રાઠોડલોકોની એવી દુર્દશા થઇ હતી કે સ્ત્રીઓએ સુદ્ધાં તેમના અશ્વો લુંટી લીધા હતા. નિઃસંદેહ જયપુરના સૈનિકોના વિશ્વાસઘાતથીજ રાઠોડોને આ વખતે પરાજય મળ્યો હતો.તંગાનું યુદ્ધ થયા પછી મારવાડના કવિઓએ અંબરની સેનાવિષે જેવાં અપમાનસૂચક કાવ્યો રચ્યાં હતાં, તેવાંજ કાવ્યો પાટણના યુદ્ધ પછી જયપુરના કવિઓએ રચ્યાં હતાં.જયપુરના કવિઓનાં કાવ્યોનો એક નમુનો અહીંઆં સાદર કરવામાં આવે છે:—

" घोडा जोडा पागडी, मुटचा खडग मारवाड
पाँच रक्मे मेछ लिदा, पातनमें राठौरि, "

અર્થાત્ " પાટણના યુદ્ધમાં રાઠોડસૈનિકોને ઘોડા, જોડા, પાઘડી, મોતીના હાર અને ખડ્ગ શત્રુઓના હાથમાં સોંપી દેવાં પડયાં હતાં. "

અંબરના સૈનિકોએ પોતાના જાતિબંધુઓએ કરેલા અપમાનનો બદલો લેવાને માટે પાટણના

યુદ્ધમાં રાઠોડોની સાથે અનુચિત વ્યવહાર કર્યો હતો અને ઉક્ત પ્રકારના કાવ્યની રચના કરી તેઓ આનંદ પામ્યા હતા; પરંતુ યથાસમયે તેમને તેનું પ્રતિફળ ભોગવવું પડયું હતું. પાટણના યુદ્ધમાં ઉભય સેનાઓની વચ્ચે જે શત્રુતાનો અગ્નિ પ્રજ્વલિત થયો હતો, તે આજપર્યંત તેવો ને તેવોજ પ્રદીપ્ત થઈ રહ્યો છે. ખરેખર ! માંહોમાંહેનો કુસંપ અને પરસ્પર વૈર એજ રાજસ્થાનના અધઃપાતનું મુખ્ય કારણ છે.

પાટણના યુદ્ધમાં રાઠોડોનો સખ્ત પરાભવ થયો છે અને જયપુરની સેનાએ ઘોર કૃતઘ્નતા કરી છે, એવા શોચનીય સમાચાર જ્યારે મારવાડની રાજધાની જોધપુરમાં પહોંચ્યા અને તે રાજા વિજયસિંહને કર્ણગોચર થયા, ત્યારે તેમના હૃદયમાં જે દુઃખ ઉત્પન્ન થયું તે અવર્ણનીય છે. પાઠકોજ તેની કલ્પના કરી લેશે, એવી આશા છે. હવે વિજયસિંહ ક્ષુબ્ધ હૃદયથી સર્વ સામંતોને રાજસભામાં એકત્રિત કરી શું કરવું તે વિષે વિચાર કરવા લાગ્યા. બિકાનેર અને રૂપનગરના સ્વતંત્ર રાજાઓને પણ આ સભામાં બોલાવવામાં આવ્યા હતા. પોતાની સ્વાધીનતા મહાવિપત્તિમાં આવી પડી, તેથી સર્વ રાઠોડો તેનું રક્ષણ કરવાને માટે વિચાર કરવા લાગ્યા. ઘણીવાર વિચાર કર્યા પછી વિજયસિંહે કહ્યું:–" હમણાં આપણા ઉપર ઘોર સંકટ આવી પડયું છે, અંબરની સેનાએ કૃતઘ્નતા દર્શાવી છે, શત્રુઓને વિજય પ્રાપ્ત થવાથી તેમનામાં નવીન બળ આવ્યું છે અને તેથી તેઓ અધિક ઉત્તેજિત થઇ રહ્યા છે. આ સર્વ બાબતોનો વિચાર કરતાં માધોજીની સાથે પૂર્વે જે સંધિ થઇ હતી તેનું પાલન કરવું મને ઉચિત લાગે છે. જયાપ્પાની હત્યાના બદલામાં આપણે જે ખંડણી આપવાનો સ્વીકાર કર્યો છે, તે આપવી અને અજમેરપ્રાંત પુનઃ મહારાષ્ટ્રીઓને સોંપી દેવો એવો મારો વિચાર છે." પરંતુ મહારાજાના આ શબ્દો સાંભળી રાઠોડમંડળને ઘણું ખોટું લાગ્યું અને સર્વ જણ સાથે બોલી ઉઠયા કેઃ–" આ પ્રકારે શત્રુઓના ચરણપર પડવા પહેલાં એકવાર જાતીયગૌરવ અને જાતીયસ્વાધીનતાની રક્ષા કરવાને તથા જાતીયકલંકનું પ્રક્ષાલન કરવાને શત્રુઓની સાથે ઘોર યુદ્ધ કરવાની જરૂર છે." આવો સર્વ સામંતોનો નિશ્ચય જોઈ વિજયસિંહે પણ તે વાતનો સ્વીકાર કર્યો. શીઘ્ર મારવાડના સર્વ ભાગોમાં વિજયસિંહે ઢંઢેરો પીટાવીને જણાવ્યું કે મહારાષ્ટ્રીઓની સામે મહાઘોર સંગ્રામ કરવાને માટે મારવાડના સર્વ સૈનિકોએ મેડતાની રણભૂમિમાં એકત્રિત થવું. સમસ્ત મારવાડ દેશ પુનઃ રણરંગથી ગાજી ઉઠયો. મેડતાના પ્રખ્યાત રણક્ષેત્રમાં મારવાડના સર્વ ભાગોમાંથી રાઠોડવીરો આવવા લાગ્યા. જે જે રાઠોડયુવકો સમશેર ચલાવી જાણતા હતા, તે સર્વે જાતીયગૌરવનું રક્ષણ કરવાને માટે અત્યાનંદપૂર્વક એકત્રિત થવા લાગ્યા. આ પ્રકારે ઇ૦ સ૦ ૧૭૯૦ ના ડિસેમ્બરની ૧૦ મી તારીખે ત્રીસ હજાર રાઠોડો પાટણના યુદ્ધની કલંકકાલિમા દૂર કરવાને માટે આગ્રહ પૂર્વક આવીને એકઠા થયા.

આ વખતે કૃષ્ણગઢનો રાઠોડકુલકલંક સામંત બહાદૂરસિંહ સ્વજાતિના ગળામાં પરાધીનતાની જંજીર નાખવાનો પ્રયાસ કરી પોતાનું નામ કલંકિત કરી ગયો છે. વિશ્વાસઘાતી બહાદૂરસિંહ અને રૂપનગરનો અધિપતિ, ૨૦૦ નગરોથી ભરેલા પ્રદેશનો એકત્ર ઉપભોગ કરતા હતા. મારવાડેશ્વરે આ ઉભય સામંતોને આ પ્રદેશ જાગીરતરિકેજ આપેલો હતો. જો કે તેઓ સ્વતંત્રતાપૂર્વક પોતાના પ્રદેશમાં રાજ્યશાસન ચલાવતા હતા, તોપણ જ્યારે નવા મારવાડેશ્વરનો અભિષેક થતો ત્યારે તેઓ તેમને પોતાના હાથથી રાજતિલક કરતા હતા. આ રીતિ અદ્યાપિ પ્રચલિત છે.તેઓ મારવાડેશ્વરને પોતાના સ્વામીતરિકે માનતા હતા. રૂપનગરના સ્વામી બહાદૂરસિંહના ભ્રાતા થતા હતા. કોઈ કારણથી પોતાના ભ્રાતાની સાથે કલહ થવાથી બહાદૂરસિંહે તેમની સર્વ સંપત્તિ લૂંટી લીધી. આ કલહનો નિવેડો મધ્યસ્થદ્વારા કરવાનો પ્રસ્તાવ જ્યારે બહાદૂરસિંહે કોઇ પણ પ્રકારે સ્વીકાર્યો નહિ, ત્યારે વિજયસિંહે ત્યાં સ્વયં સેનાસહિત જઇને રૂપનગરના સ્વામીની સર્વ સંપત્તિ તેમને પાછી અપાવી દીધી.

ઉપર્યુક્ત ઘટના બન્યા પછી અલ્પ સમયમાં પાટણનું શોચનીય યુદ્ધ થયું. બહાદૂરસિંહ પોતાના દેશના રાજાપર વૈર લેવાને માટે શીઘ્ર ફ્રેંચસેનાપતિ ડિવાઇનની પાસે ગયો અને પોતાની જન્મભૂમિનો વિધ્વંસ કરાવવાને માટે તેને પરમ આદરપૂર્વક તેડી લાવ્યો. ડિવાઇને પ્રથમ રૂપનગરપર આક્રમણ કરી તેને ચોવીસ કલાકમાં પોતાના અધિકારમાં લઇ લીધું. ફ્રેંચસેનાપતિ ડિવાઇનનું

ગોલંદાજસૈન્ય કેવું સુશિક્ષિત હતું, તે ઉપર્યુક્ત ઘટનાપરથી સ્પષ્ટરીતે વિદિત થાય છે. ત્યારપછી ડિવાઇને અજમેરપર આક્રમણ કર્યું. આ વખતે રાજા વિજયસિંહે માધોજીસિંધિઆપર અજમેર પાછું આપવાનો અને પૂર્વસંધિનું પાલન કરવાનો સંદેશો મોકલ્યો. માધોજીએ અજમેરપર અધિકાર સ્થાપિત કરી ત્યાં નિવાસ કર્યો અને લખવા, જીવદાદા, સદાશિવભાઉ તથા અન્યાન્ય સેનાપતિઓને રાઠોડોની સામે મોકલી આપ્યા. વળી તેણે તેમની સાથે ડિવાઇનને પણ એંશી તોપો તથા સુશિક્ષિત ગોલંદાજસૈન્ય આપીને મોકલ્યો. બીજી સેના એક મજલ આગળ ગઈ અને ડિવાઇને નેત્રીય નામના સ્થાનમાં છાવણી નાખી.

મહારાષ્ટ્રીઓના આગમનના સમાચાર સાંભળી રાઠોડવીરો મેડતાના મેદાનમાં હારબંધ ઉભા રહી તેમની પ્રતીક્ષા કરવા લાગ્યા અને રાઠોડોની એક સેના દંગીવાસ નામના સ્થાને સ્થાપન કરેલ છાવણીમાં રહી. મહારાષ્ટ્રીયલોકો જ્યારે રાઠોડસેનાથી અઢી કોશના અંતરપર એકત્રિત થયા ત્યાં સુધી ડિવાઇન તેમને આવીને મળી શક્યો નહિ; કારણ કે તેની તોપો લૂણીનદીના ઉંડા કાદવમાં ખુંચી ગઈ હતી. આ સમયે જો રાઠોડવીરો મહારાષ્ટ્રીઓની ઉપર આક્રમણ કરત તો અવશ્ય ઉભયપક્ષના સૈનિકોનાં ખડગબળની અને અશ્વારૂઢ થવાની દક્ષતાની પરીક્ષા ઉત્તમ પ્રકારે થાત. જો તેમ થાત તો મહારાષ્ટ્રીઓને અવશ્ય રાજપૂતોની વીરતા આગળ પોતાનું મસ્તક અવનત કરવું પડત; પણ દુર્ભાગ્યવશાત્ રાઠોડોએ આ અવસર હાથમાંથી ગુમાવી દીધો. પાટણના યુદ્ધમાં જે પ્રકારે જયપુરના રાજપૂતોએ કૃતઘ્નતા દર્શાવી રાઠોડોનું ભાગ્યચક્ર પલટાવી નાખ્યું હતું, તે પ્રકારે આ વખતે પણ એક અનિષ્ટકારક ઘટનાએ તેમના વિજયમાં વિઘ્ન ઉપસ્થિત કર્યું હતું. મારવાડેશ્વર વિજયસિંહના મંત્રીઓમાં કુસંપ અને ઇર્ષ્યા પ્રબળ થઈ જવાથી આ સમયે રાઠોડોનું અનિષ્ટ થયું હતું.

રાજસ્થાનના સમસ્ત રાજપૂતરાજ્યોમાં એવો નિયમ પ્રચલિત છે કે અધીશ્વર સ્વયં જો યુદ્ધમાં ન જઈ શકે તો તેમનો મંત્રી સેનાની સાથે યુદ્ધમાં જાય છે. તે મંત્રી ગમે તો યુદ્ધમાં નિષ્ણાત હો વા ન હો, તે ભલે રાજપૂત હો વા ન હો; પરંતુ સમસ્ત આધીનસામંતોને તેની આજ્ઞાનુસાર કામ કરવું પડે છે. જ્યાસુધી વિશેષ અનિષ્ટ થવાનો સંભવ ન હોય ત્યાંસુધી સામંતો મુખ્ય મંત્રીની આજ્ઞાવિના યુદ્ધારંભ કરી શકતા નથી. પ્રસ્તુત યુદ્ધમાં મહારાજા વિજયસિંહ સ્વયં ગયા નહોતા. તેઓ આ વખતે રાજધાનીમાંજ રહ્યા હતા. મુખ્યમંત્રી ખૂબચંદ પણ મહારાણાની સાથેજ રહ્યો. ગંગારામ વિંદારી અને ભીમરાજ સિંગુઇ નામના બે મંત્રીઓને સેના સાથે મોકલવામાં આવ્યા હતા. મુખ્યપ્રધાન ખૂબચંદપ્રત્યે ભીમરાજનો ઝાઝો સદ્‌ભાવ નહોતો અને ખૂબચંદ પણ ભીમરાજની ઉન્નતિ અને શ્રીવૃદ્ધિ જોઇ મનમાં બળતો હતો. આ ઉભય મંત્રીઓવચ્ચેની ઇર્ષ્યાને લીધેજ રાઠોડ વીરો ઉક્ત શુભ સંયોગ પ્રાપ્ત થયા છતાં પણ પોતાના પ્રચંડ બાહુબળનો પરિચય કરાવી શક્યા નહોતા.

ફ્રેંચસૈનિક ડિવાઇન એક મજલના અંતરપર છે અને તેની તોપો કીચડમાં ખુંચી ગઇ છે; એવા સમાચાર સાંભળી, પાટણના યુદ્ધમાં સમસ્ત રાઠોડોને જે કલંક લાગ્યું હતું તે ધોઈ નાખવાને અને મહારાષ્ટ્રીઓપર સંપૂર્ણ વૈર લેવાને માટે આહોયાના સામંત માહીદાસે અપૂર્વ સાહસપૂર્વક પ્રતિજ્ઞા કરી કે:—"કાં હું તો શત્રુઓના કરાલગ્રાસમાંથી જન્મભૂમિનું રક્ષણ કરીશ અને નહિતો યુદ્ધમાં પ્રાણાર્પણકરીશ." આવી પ્રતિજ્ઞા કરીને તેમણે ભીમરાજને મહારાષ્ટ્રીઓપર આક્રમણ કરવાને કહ્યું. અન્યાન્ય સર્વ સામંતો આહોયાના સામંતના અભિપ્રાયને સમ્મત થયા અને શત્રુઓનો સંહાર કરવાને આનંદપૂર્વક તૈયાર થયા. પ્રથમ તો એક રાઠોડસેનાએ મહારાષ્ટ્રીઓપર આક્રમણ કરીને તેમના સામાનને વહન કરનાર પશુઓને તેમની પાસેથી ખુંચવી લીધાં. આથી તેમના સ્વાભાવિક ઉત્સાહ, સાહસ અને આગ્રહમાં વૃદ્ધિ થઇ. ત્યારપછી સર્વ સામંતોએ ભીમરાજને કહ્યું કે:—"ડિવાઇનના હાથ નીચેની સેનાના જે સુશિક્ષિત ગોલંદાજ દલે પાટણના યુદ્ધમાં પોતાના રણકૌશલ્યથી આપણો પરાભવ કર્યો હતો તે દલ હમણાં નથી; માટે યુદ્ધાગ્નિ પ્રદીપ્ત કરવાનો આ ઉત્તમ અવસર છે. જો હમણાં આપણે યુદ્ધનો પ્રારંભ કરીશું તો વિજયલક્ષ્મી અવશ્ય આપણને મળશે." પરંતુ દુર્ભાગ્યવશાત્ ભીમરાજે સર્વ સામંતોની આ દરખાસ્ત કબૂલ કરી નહિ. હતબુદ્ધિ ભીમરાજે ખૂબચંદનો મોકલેલો એક પત્ર બતાવીને કહ્યું કે:—" જુઓ આ પત્ર ! મુખ્યમંત્રી આપણને આ કાર્ય કરતાં હમણાં અટકાવે છે." ખૂબચંદે ઉક્ત પત્રમાં લખ્યું હતું કે:—" જ્યાંસુધી

ઇસ્માઇલ બેગ આવે નહિ ત્યાંસુધી કોઇ પણ પ્રકારે શત્રુઓપર આક્રમણ કરવું નહિ." ઇસ્માઇલ બેગ આ વખતે નાગોરમાં હતો, તેથી અનાદિથી ચાલી આવેલી પ્રથાને માન આપનાર રાજભક્ત રાઠોડવીરોને પોતાની અનિચ્છા હોવા છતાં પણ મુખ્યમંત્રીની વિષમય ફળ આપનારી આજ્ઞા શિરસાવંદ્ય કરી મહારાષ્ટ્રીઓપર આક્રમણ કરતાં અટકી જવું પડયું. શુભ અવસર વ્યર્થ જતો રહ્યો. જો ભીમરાજ મુખ્ય મંત્રીની આ આજ્ઞાનો અનાદર કરી સામંતોની ઇચ્છાપૂર્ણ કરત તો અવશ્ય રાઠોડવીરો મહારાષ્ટ્રીઓને યુદ્ધભૂમિમાંથી જીવતાં પાછા જવા દેત નહિ.

સમરકુશલ ડિવાઇને કીચડમાં ખુંચી ગયેલી તોપોને અનેક યુક્તિથી બહાર કાઢી અને તે ત્યાંથી અતિ શીઘ્રતાપૂર્વક ચાલી મુખ્યસેનાને આવી મળ્યો. રાઠોડસૈનિકો જ્યારે સ્વયં મહારાષ્ટ્રીઓપર બદલો લેવાને માટે અધીરા બની ગયા હતા, ત્યારે ભીમરાજે તેમને પોતાનું શૌર્ય બતાવવાની તક આપી નહિ. આથી તેમનો ઉત્સાહ મંદ પડી ગયો અને તેઓ નિશ્ચેષ્ટ થઈ ગયા. ડિવાઇનના આગમનની ખબર સાંભળી બિકાનેરપતિ રાઠોડસેનાની સ્થિતિ અને મુખ્યમંત્રીની મૂર્ખતા ધ્યાનમાં લઈ પોતાના મનમાં કહેવા લાગ્યા:-"મહારાષ્ટ્રીઓને અવશ્ય આ યુદ્ધમાં વિજય પ્રાપ્ત થશે માટે તેમના પંજામાંથી આપણા રાજ્યની રક્ષા કરવાનો પ્રયાસ કરવો જોઇએ." ઘણી વારસુધી આ પ્રકારનો વિચાર કરી તેમણે પોતાની સેનાસહિત પોતાના પાટનગર તરફ પ્રયાણ કર્યું. પ્રભાત થવાને હજી એક કલાકની વાર હતી ત્યા રણકુશલ ડિવાઇને રાઠોડવીરોને અસાવધાન જોઇને પોતાની ગોલંદાજ સેનાસહિત તેમનાપર ભયંકર આક્રમણ કર્યું. આ આકસ્મિક આક્રમણ અને ગોળાના ભયંકર શબ્દથી રાઠોડો જાગૃત થઇને ભયભીત થઈ ગયા અને તેજ દશામાં છિન્નભિન્ન થઇને નાસવા લાગ્યા.સર્વથી પ્રથમ પાયદલ અને ગોલંદાજદલ શિબિર છોડીને મેડતાતરફ નાસવા લાગ્યું. તેની પાછળ ગંગારામ વિદારી ને ભીમરાજ સિંગુઈ પોતાને મહાવિપત્તિમાં ફસેલા જોઇ નાસી ગયા. આહોયા અને આસોપના સામંતોએ છાવણીથી ઘણે દૂર પોતાના શિબિર નાખ્યા હતા. જ્યારે તેમને સેનાની છિન્નભિન્ન અવસ્થાની ખબર મળી ત્યારે તેમના શોકનો પાર રહ્યો નહિ.

આસોપના સ્વામી અફીણનું પુષ્કળ સેવન કરતા હતા. જે વખતે તેમના શિબિરમાં આ સમાચાર પહોંચ્યા તે સમયે તેઓ અફીણની ધુનમાં ને ધુનમાં શય્યાવશ થયા હતા. આહોયાના સામંતે મહા પ્રયાસે તેમને જાગૃત કર્યા અને શોકપૂર્વક તેમને જણાવ્યું:-"ભાઇ, શિબિરમાંના સર્વ માણસો નાસી ગયા છે. કેવળ તમે અને હુંજ રહી ગયા છીએ." નિદ્રામાંથી જાગૃત થઇને આસોપના સામંતે અભિમાનપૂર્વક પ્રત્યુત્તર આપ્યો:-"ભય શું છે? ઘોડાપર સ્વાર થાઓ, આપણે હમણાં ચાલ્યા જઇશું." તે વીરોએ રણભેરી વગાડી અને પોતાના સૈનિકોને એકત્રિત કર્યા. પછી તે સર્વ અશ્વારૂઢ થઈ કૂચ કરવા લાગ્યા. આ વખતે બાવીસ સામંતોએ સાથે કસુંબો પીધો હતો. ડિવાઇનના આક્રમણથી રાજપૂત પાયદલ અને ગોલંદાજદલ કાયરતાપૂર્વક નાસી ગયાં હતાં; પરંતુ અન્ય સૈનિકો તો હજી રણભૂમિમાંજ હતા.આહોયા અને આસોપના સરદારોની સેનાને યુદ્ધ કરવાને માટે સજ્જિત થયેલી જોઈ ઇતર સરદારો પણ પોતાની સેનાને સજ્જિત કરવા લાગ્યા. સૌથી પહેલાં સર્વોત્તમ મેડતિયાદલના પરમ સાહસિક નેતા રિયાના સામંત તથા અલનિવાસ, ઇરીયા, ચાનોદ તથા ગોવિંદગઢના સામંતોએ પોતપોતાની સેના સજ્જ કરી. બધા મળીને ચાર હજાર સાહસિક રાઠોડવીરો એકત્રિત થયા ત્યારે રિયાના સામંતે સર્વને ઉચ્ચ સ્વરે કહ્યું:-"ભ્રાતૃગણ ! આપણે હવે નાસીને જવું કયાં ? અહીંઆં કોઈ પણ રાઠોડ એવો છે કે જેને ઇજ્જત કરતાં બીજી કોઈ વસ્તુ અધિક પ્રિય હોય ? જો આમાંથી કોઈ પોતાની સ્ત્રી અને સંતાનોને અધિક પ્રિય ગણતો હોય તો બેલાશક તેણે આ રણભૂમિમાંથી ચાલ્યા જવું." આ શબ્દો સાંભળી સર્વ મૌન રહ્યા. થોડીવારે જ્યારે સર્વ રાઠોડોએ પોતાના મસ્તકપર હાથ ધર્યા ત્યારે આહોયાના સામંતે ઉત્સાહિત હૃદયથી કહ્યું:-"ચાલો, સર્વ જણ રણભૂમિમાં ચાલો."જન્મભૂમિ અને સ્વજાતિને માટે પ્રાણાર્પણ કરવાનો સંકલ્પ કરી ચાર હજાર રાઠોડવીરો અશ્વારૂઢ થયા અને અતિ શીઘ્રતાથી રણભૂમિમાં પહોંચી ગયા.

મહારાષ્ટ્રીઓનો પ્રધાનસેનાપતિ ડિવાઇન પોતાની એંશી તોપો ચતુરાઇપૂર્વક સ્થાપિત કરીને રાઠોડવીરોની પ્રતીક્ષા કરી રહ્યો હતો. ઉકત ચાર હજાર દઢપ્રતિજ્ઞરાઠોડોને પ્રાણની મમતા છોડી હાથમાં નગ્ન તલવાર લઇ સામે આવતા જોઈ ડિવાઇનની અગ્નિમય તોપો ગોળા ઓકવા લાગી;પરંતુ

થોડીવારમાંજ "પાટણની વાત ભૂલી જજો" એમ કહેતા સાહસિક રાઠોડવીરો દોડીને તોપોની નિકટ આવી પહોંચ્યા. તેમની સામે જે જે વસ્તુઓ આવતી હતી ને નાશ પામતી હતી. તેમણે તોપોની નિકટ આવીને તેની રક્ષા કરનારા મહારાષ્ટ્રીઓને છિન્નભિન્ન કરી નાખ્યા અને તેઓ શત્રુઓનો વ્યૂહ ભેદીને તેમનો નાશ કરવા લાગ્યા. આ ભયંકર આક્રમણથી ભયભીત થઇને મહારાષ્ટ્રીઓ તોપો છોડીને નાસી ગયા. જો આ સમયે રાઠોડોની પાયદલસેના ત્યાં જઇને તોપોને પોતાના અધિકારમાં લઇ લેત તો આ પ્રથમ આક્રમણમાંજ રાઠોડો મહારાષ્ટ્રીઓનો પરાભવ કરત. તંગાના યુદ્ધ કરતાં પણ મેડતાનું યુદ્ધ રાઠોડોના વીરત્વનો યશ અધિક વધારી દેત; પરંતુ શોકની વાત છે કે રાઠોડોની પાયદલસેના પ્રથમથીજ નાસી ગઈ હતી.

રાઠોડવીરો મહારાષ્ટ્રીઓના ગોલંદાજોને છિન્નભિન્ન કરીને પાછા ફર્યાં; પરંતુ તેઓ ગયા કે તરતજ ચતુર ડિવાઇને પોતાની સર્વ તોપો પુનઃ શ્રેણીબદ્ધ ગોઠવી અને તે રાઠોડોના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યો. રણોન્મત્ત રાજપૂતઅશ્વારોહીઓ મહારાષ્ટ્રીઓની એક ટુકડીને મારી બીજી તરફ જતા હતા, એવામાં ડિવાઈનના ગોલંદાજો રાજપૂતોપર બદલો લેવાની ઇચ્છાથી તેમનાપર તોપના ગોળાઓનો વરસાદ વરસાવવા લાગ્યા. આ વખતે મહારાષ્ટ્રીઓની અન્યાન્ય ટુકડીઓએ પણ આવીને રાઠોડોને ચારે તરફથી ઘેરી લીધા. પરમ સાહસિક રાઠોડો પોતાની વીરતાનો ઉત્તમ પરિચય કરાવી એક પછી એક એ પ્રમાણે સર્વ રણભૂમિમાં શયન કરવા લાગ્યા. કેટલાક વીરો ચોવીસ કલાકપર્યંત અચેતન સ્થિતિમાં પડી રહ્યા. ત્યારપછી તેમનો એક વિશ્વાસુ અને જૂનો દાસ ત્યાં આવ્યો. રાત્રિનો સમય હતો અને યુદ્ધ થઇ રહ્યા પછી મુસળધાર વરસાદ વરસી ગયો હતો. ઘાયલ થયેલા વીરોમાં ચાલવાની શક્તિ નહિ હોવાથી તેઓ ત્યાં પડીને ઘોર યંત્રણા ભોગવી રહ્યા હતા. ઉક્ત સેવકે આવીને પ્રથમ પોતાના સ્વામીને શોધી કાઢયો અને તેને થોડું અફીણ ખવરાવ્યું. જ્યારે તેને ચૈતન્ય આવ્યું ત્યારે તેને કેટલાક અનુચરોની સહાયથી રણભૂમિમાંથી બહાર લઇ જવામાં આવ્યો. જ્યારે આ માણસો જતા હતા ત્યારે તેમને કેટલાક મહારાષ્ટ્રીઓનો મેળાપ થયો. આ મહારાષ્ટ્રીઓ મુખ્ય સામંતોનીજ શોધ કરતા હતા. તેઓ આ ઘાયલ થયેલા આહોયાના સામંતને તેના અનુચરોની પાસેથી ખુંચવી લઇને મેડતાના મુખ્ય શિબિરમાં લઇ ગયા.

હવે આહોયાના સામંતની ચિકિત્સા કરવાને માટે મહારાષ્ટ્રીઓનો ચિકિત્સક આવ્યો. ઉક્ત સાહસિક સામંતે ઉક્ત ચિકિત્સકને કહ્યું:-"જ્યાંસુધી અમારા પક્ષના સર્વ સામંતોની ચિકિત્સા કરવામાં આવશે નહિ ત્યાંસુધી મારી ચિકિત્સાથી કાંઇ પણ ફળનિષ્પત્તિ થનાર નથી." સાહસિક વીરનાં આ વચનોથી મહારાષ્ટ્રીઓનાં હૃદય પીગળી ગયાં. તેઓ ગમે તેવા ક્રુર હશે; પરંતુ તેમણે પોતાના શત્રુની સેવાશુશ્રૂષા કરવામાં આ વખતે કિંચિત્ પણ ત્રુટી કરી નહિ. થોડાજ દિવસમાં ઉક્ત સામંતના સર્વ ઘાવ રૂઝાઇ ગયા. ત્યારપછી મહારાષ્ટ્રીયસેનાપતિએ તેમને ક્ષૌરકર્મ અને સ્નાન કરવાને કહ્યું, ત્યારે તેમણે પ્રત્યુત્તર આપ્યો કે:-"જ્યાંસુધી હું મારા સ્વામી મારવાડેશ્વરનાં દર્શન કરીશ નહિ, ત્યાંસુધી હું આજ દશામાં રહીશ."

થોડા દિવસ પછી રાજા વિજયસિંહ જોધપુરથી ઉક્ત રાઠોડકુલગૌરવ સામંતની ક્ષેમકુશળતા જાણવાને માટે તેમની પાસે આવ્યા. ઉભયની મુલાકાત થતાં રાજાએ ઉક્ત સામંતનાં વીરત્વ, સાહસ અને સ્વદેશાનુરાગની અત્યંત પ્રશંસા કરી. હવે તેમણે ક્ષૌર કરાવી સ્નાન કરવાની તૈયારી કરી. આ વખતે રાજાએ તેમને ઉપહારતરિકે એક પોશાક અર્પણ કર્યો હતો. આ પોશાક પરિધાન કર્યા પૂર્વે તેમણે સ્નાન કરવા માંડયું તો તેમના ઘાવોમાંથી પુનઃ રક્તની ધારા ચાલવા લાગી અને તેથી તે પ્રશંસનીય વીર આ અસાર સંસારનો ત્યાગ કરી સ્વર્ગમાં ચાલ્યા ગયા.

જે હતભાગી ભીમરાજે પોતાની મૂર્ખતાથી મેડતાના યુદ્ધમાં રાઠોડોનો પરાભવ કરાવ્યો હતો તે જ્યારે નાગોરમાં ગયો, ત્યારે વિજયસિંહે તેને અપમાનસૂચક પત્ર લખ્યો. આથી અપમાનિત ભીમરાજે હલાહલ વિષનું પાન કરી પોતાના પ્રાણ છોડી દીધા. જો કે ભીમરાજની મૂર્ખતા અને પલાયનથી રાઠોડવીરોનો આ યુદ્ધમાં પરાભવ તથા સમૂલ વિધ્વંસ થયો હતો તોપણ મુખ્ય મંત્રી ખૂબચંદના દોષથીજ વસ્તુતઃ રાઠોડવીરો મહારાષ્ટ્રીઓનો સમૂલ નાશ કરતાં અટકી પડયા હતા. ખૂબચંદ ભીમરાજની ઉન્નતિ જોઇ શકતો નહોતો, તેથી જ્યારે ભીમરાજ સેનાપતિ બનીને યુદ્ધમાં ગયો, ત્યારે તેણે વિચાર કર્યો કેઃ- "જો ભીમરાજ મહારાષ્ટ્રીઓનો પરાભવ કરીને જયમાલા ધારણ કરશે તો તેની સુકીર્તિ ચારે તરફ

પ્રસરી જશે અને તે જયપતાકા ફરકાવતો પાટનગરમાં પ્રવેશ કરશે આથી મારૂં માન ન્યૂન થઇ જશે." આવો વિચાર કરી તેણે ભીમરાજની ઉન્નતિના માર્ગમાં બાધા ઉપસ્થિત કરવાને માટે એવા આશયનો પત્ર લખ્યો કેઃ–" જ્યાંસુધી ઈસ્માઇલબેગ આવે નહિ, ત્યાં સુધી યુદ્ધારંભ કરશો નહિ." જે માણસને પોતાના પક્ષની સેનાનો પરાભવ કરાવવો હોય તે કયું ઘૃણિત કાર્ય કરતાં અચકાય

જાતિદ્વેષ અને આંતરિક ઇર્ષ્યાથીજ રાઠોડો મહારાષ્ટ્રીઓદ્વારા બે વાર પરાજિત થયા હતા. જો રાઠોડકવિ જયપુરના સૈનિકોવિષે નિંદાસૂચક કાવ્ય બનાવત નહિ તથા ખૂબચંદ અને ભીમરાજની વચ્ચે ઇર્ષ્યાગ્નિ પ્રદીપ્ત થાત નહિ તો સાહસિક રાઠોડસૈનિકો નિઃસંદેહ પાટન અને મેડતાના યુદ્ધમાં પોતાની વિજયપતાકા ફરકાવી જાતીયગૌરવરવિનાં તીક્ષ્ણ કિરણોથી રાજસ્થાનને દીપ્તિમાન કરી દેત. જો કે મેડતાના અંતિમ યુદ્ધમાં ચાર હજાર રાઠોડવીરોએ પોતાના ગૌરવનું અને સ્વાધીનતાનું રક્ષણ કરવાને માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું અને તેથી મહારાષ્ટ્રીઓનો પ્રતાપ અધિક ફેલાઈ ગયો હતો, તોપણ રાઠોડજાતિનાં વીરત્વ, પરાક્રમ, સાહસ અને શૌર્યમાં તેથી બિંદુમાત્ર પણ ક્ષતિ થઈ નહોતી. રાઠોડોએ તે વખતે પ્રદર્શિત કરેલું અદ્ભુત ક્ષત્રિયતેજ, દઢ પ્રતિજ્ઞા, અસીમ સાહસ અને અપૂર્વ વીરત્વ આજપર્યંત તેમને ઉચ્ચ વીર શ્રેણીમાં ગણાવે છે, એમાં કિંચિત્ પણ સંદેહ નથી.[1]

કર્નલ ટોડ જણાવે છે કેઃ–"જે જે કારણોદ્વારા આ સાહસિક જાત વર્તમાનદશાને પ્રાપ્ત થઇ છે, તે સર્વ કારણોની તપાસ કરી બ્રિટિશસરકારે તેની સાથે યોગ્ય વર્તન ચલાવવું જોઇએ. તેણે વિચાર કરવો જોઇએ કેઃ–"આ જાતિસમૂહને શત્રુ બનાવવો ઇષ્ટ છે કે મિત્ર બનાવવો ઇષ્ટ છે?" આ સર્વ જાતિઓ એકત્ર થાય તો અમારે ભયનું કારણ છે કે પૃથક્ રહે તો ભય છે? દેશની અંદરનો અથવા બહારનો કોઈ શત્રુ જો અમારી વિરુદ્ધ શસ્ત્ર ધારણ કરશે તો તેની વિરુદ્ધ અમે આ સાહસિક જાતને ઉભી કરી શકીશું. આ જાતિની અનાદિથી ચાલતી આવેલી નીતિરીતિને આદરની દષ્ટિથી જોવાથી અમે એના વિશ્વાસપાત્ર બની શકીશું. એમના માંહોમાંહેના કલહોમાં અમે નિઃસ્વાર્થ મધ્યસ્થતા રાખી શકીશું. જો અમે તેમનાપ્રત્યે આવું વર્તન રાખીશું તો તેઓ અમારા શત્રુઓની વિરુદ્ધ એક થઇને ઉભા રહેશે. આ પ્રકારની રાજનીતિ ગ્રહણ કરવાના માર્ગમાં કોઈ પણ પ્રકારની બાધા નથી. જો અમે એકવાર આ જાતિના હૃદયમાં એવો વિશ્વાસ ઉત્પન્ન કરી શકીશું કે, 'અમારૂં રાજ્ય ફેલાવવું કિંવા કોઇ પણ પ્રકારે તમારૂં અનિષ્ટ કરવું એવી અમારી લેશ પણ ઇચ્છા નથી' તો આ સર્વ જાતિઓ નિઃસંશય સર્વ બાબતોમાં અમારી મધ્યસ્થતા સન્માનપૂર્વક સ્વીકારશે. શાંતિસ્થાપકને આ જાતિ અંતઃકરણપૂર્વક માન આપે છે; પરંતુ જો તેમના હૃદયમાં એવો વિશ્વાસ ઉત્પન્ન કરવામાં આવશે કે, 'કલકત્તાથી રાજપૂતાનાસુધી અમારી શાસનસત્તા પ્રસરી ગઈ છે અને અમારી રાજ્યસીમા અતિ વિસ્તૃત થઇ ગઇ છે. હવે અમને રાજ્યાધિકારની લેશ પણ ઇચ્છા નથી, તોજ અમારૂં મંગળ થશે. જેટલો આ વિશ્વાસ

---

૧ કર્નલ ટોડ આ સ્થળે ટિપ્પણીમાં જણાવે છે કેઃ–"ત્રણ વર્ષઉપર હું આ રાજપૂતોના વિજેતા ડિવાઈનની જન્મભૂમિ કેમ્બેરીની ખીણમાં ગયો હતો અને બે દિવસપર્યંત ત્યાં તેમની સાથે મહા આનંદપૂર્વક રહ્યો હતો. ચાર હજાર રાજપૂતોએ મહારાષ્ટ્રીઓની વિરુદ્ધ યુદ્ધ કરીને પોતાની સ્વાધીનતાને માટે પ્રાણાર્પણ કર્યું હતું. એઓ દીર્ઘ જીવન ગાળે એમ હું ઇચ્છું છું; પરંતુ એ સમસ્ત રાજપૂતોને આધીનતાની જંજીરમાં બાંધવાને માટે જીવે છે અને પોતાના સંપૂર્ણ જ્ઞાનનો તથા યુદ્ધકૌશલ્યનો તે માટેજ ઉપયોગ કરે છે, એમ જાણી મને અત્યંત શોક થાય છે. એઓ રાઠોડવીરોની પુષ્કળ પ્રશંસા કરે છે. મેં જ્યારે તેમની આગળ મેડતાના યુદ્ધની વાત કરી તે સમયે ભૂતકાળનાં સર્વ દશ્યો તેમની દષ્ટિ આગળ તરી આવ્યાં હોય તે પ્રમાણે તેઓ બોલ્યા કેઃ–" આ સર્વ ઘટનાઓ સ્વપ્નવત્ જણાય છે." તેમને તેમના સ્વદેશીરાજાએ પુષ્કળ પારિતોષિક આપ્યું છે અને તેમના આપ્તો તથા સ્વદેશી બંધુઓ તેમને પરમ સન્માન આપે છે. તેઓ એંશી વર્ષનઃ વયે પહોંચ્યા છે અને હાલમાં પોતાની જન્મભૂમિમાં શાંતિસુખ ભોગવી રહ્યા છે. તેમનું મકાન એક અત્યંત ભવ્ય લત્તામાં આવેલું છે અને તેમણે પોતાનું મકાન પણ એવી ઉત્તમ રીતે શણગાર્યું છે કે તેને જોઇને આપણે મુગ્ધ બની જઈએ છીએ. આશ્ચર્યની વાત તો એજ છે કે, જે સમયે મેં આ ઈતિહાસ લખવાનો આરંભ કર્યો, તે સમયે મને ડિવાઈનનું જીવનચરિત્ર હાથ લાગ્યું. આ જીવનચરિત્ર જોવાથી જ્ઞાત થાય છે કે મેડતાની રણભૂમિમાં માંહોમાંહેની ઈર્ષ્યા અને ગુપ્ત પ્રપંચથી રાઠોડો પરાસ્ત થયા હતા એ વાત ડિવાઈન જાણતા નહોતા."

તેમના હૃદયમાં અધિક દૃઢ થશે,તેટલું અમારૂં અધિક કલ્યાણ થશે. કોટાના જાલિમસિંહની સાથે વાર્તાલાપ થતાં મેં તેને વારંવાર જણાવ્યું કે:-' હવે અમારા લોકોને રાજ્યસીમા વધારવાની ઈચ્છા નથી' પરંતુ તેણે આ વાતપર વિશ્વાસ મૂકયો નહિં. તે બોલ્યો;-"હું તો નિશ્ચયપૂર્વક માનું છું કે એક સમય અવશ્ય એવો આવશે કે જ્યારે સમસ્ત ભારતવર્ષમાં એક સિક્કાનો પ્રચાર થઇ જશે. મહાશય, આપે શુભ સમયમાં ભારતવર્ષમાં પગ મૂકયો છે. ફૂટનાં ફળો પરિપક્વ થઇને ખાવાયોગ્ય બની ગયાં છે. હવે આપ ક્રમે ક્રમે સર્વ ફળો અવશ્ય ખાઈ જશો.[1] આપે બાહુબળથી નહિ,પરંતુ અમારા કુસંપને લીધેજ રાજ્યશક્તિ પ્રાપ્ત કરી છે અને અમારી માંહોમાંહેની ફૂટજ આપની રાજ્યસત્તા દૃઢ કરશે." જાલિમ-સિંહનાં આ વચનો જો કે સર્વથા અગ્રાહ્ય નથી તોપણ મને શ્રદ્ધા છે કે તેની ભવિષ્યવાણી કદિ પણ ખરી પડશે નહિ."[2]

૨૮ મી નવેમ્બર-આજે ઉપર્યુક્ત સ્થળેથી પાંચ કોશના અંતરપર ઝારો નામના સ્થાનમાં શિબિર નાખવામાં આવ્યો. મેડતાનો ત્યાગ કર્યા પછી જે સ્થળે ચાર હજાર રાઠોડવીરોએ પોતાની જન્મ-ભૂમિને માટે તથા સ્વાધીનતાને માટે અપૂર્વ વીરતાસહિત પ્રાણાર્પણ કર્યું હતું, તે પવિત્ર લીલાભૂમિને જોતા જોતા અમે આગળ વધ્યા. અમે જે માર્ગે જતા હતા, તે માર્ગે જો આગળ પર્યટન કર્યા કરત તો અમે સીધા દિલ્હી પહોંચી જાત; પરંતુ અમે તે માર્ગનો પરિત્યાગ કર્યો અને અરવલ્લી પર્વત ઉલ્લંઘીને અજમેર તરફ ચાલવા લાગ્યા. આ માર્ગ ઉત્તમ છે અને તેપરની માટી શ્રેષ્ઠ છે. જો કે ગામોની નિકટ કૃષિકાર્યનાં ચિન્હો દૃષ્ટિગોચર થાય છે; તોપણ પડતર જમીન વિશેષ છે. ધીમે ધીમે અરવલ્લીનાં ગગન-ભેદી શિખરો અમારી દૃષ્ટિથી દૂર થયાં અને ઉચ્ચ ભૂખંડો થોડી થોડી વારે અમારી દૃષ્ટિ રોકવા લાગ્યા.

આજે પ્રાતઃકાળમાંજ અમે એક અતિ વિચિત્ર અને મનોહર પ્રાકૃતિક દૃશ્ય જોયું. આવું વિચિત્ર અને સુંદર દૃશ્ય અમે કદિ કોઈપણ સ્થળે જોયું નહોતું. આ સમયે પુષ્કળ ઠંડી પડતી હતી અને ઈશાન કોણમાંથી વાયુની શીતળ લહરીઓ આવતી હતી. પૃથ્વીપર પુષ્કળ બરફ પડયો હતો અને તેથી સર્વ ભૂમિ આવૃત થઈ ગઇ હતી. નાના છોડો અને ખાસ કરીને શેરડીના સાંઠા ભયંકર હિમથી સર્વથા વિધ્વસ્ત થઇ ગયા હતા. વાતાવરણમાં જે પરિવર્તન થયું હતું, તેની અસર સર્વ જડ અને ચેતન વસ્તુ-ઓપર થઈ હતી. કેવલ શીતઋતુમાંજ આ પ્રાકૃતિક દૃશ્ય દૃષ્ટિગોચર થાય છે. મારવાડનિવાસીઓ એને "શીતકોટ" અર્થાત્ "હવામાં બાંધેલા કિલ્લા" કહે છે. મારવાડના પશ્ચિમ તરફના ભાગમાંના કૃષિકારો આ દૃશ્યને "ચિત્રામ" અર્થાત્ " તસ્વીર " કહે છે અને યમુના તથા ચંબલની આસપાસના લોકો એને "દેશાસુર" કહે છે. દીર્ઘકાળથી આ પ્રાકૃતિક દૃશ્યનો ઉલ્લેખ થતો આવ્યો છે. ભવિષ્યવેત્તા "ઈસાયા"-એ કહ્યું છે કે:-" દગ્ધભૂમિ સરિતાના રૂપમાં ફેરવાઇ જશે." સગદિયાના રણમાં જણાતાં આ પ્રકારનાં દૃશ્યોવિષે કિવન્ટાસકર્ટિયસ લખી ગયો છે કે:-" ચારસેં ફર્લાંગની[3] ભૂમિમાં જલનું એક બિંદુ પણ દૃષ્ટિ-ગોચર થતું નથી અને ગ્રીષ્મઋતુમાં આ રેતાળ પ્રદેશ એટલો ઉષ્ણ બની જાય છે કે સર્વ પદાર્થો બળીને ભસ્મીભૂત થઈ જાય છે. આ સમયે પૃથ્વીમાંથી એવી જ્વાળા નીકળે છે કે તેથી આ ભૂમિ ઘેરા સમુદ્ર-ના જેવી દેખાય છે."

અમે જે વખતે આ દૃશ્ય જોયું તે વખતે સૌથી પ્રથમ એક ઘેરા રંગના ધૂમ્રના મહાલયે અમારી દૃષ્ટિ આકર્ષિત કરી. આ ધૂમ્રનો મહાલય મધ્યભાગ ઉપરથી ઉઠયો હતો અને તે ધીમે ધીમે પરિવર્તિત થતો જતો હતો. નાના નાના છોડવાઓ મોટાં મોટાં વૃક્ષસમાન અને નાનાં નાનાં ખેરનાં વૃક્ષ આમલી-નાં વૃક્ષ કરતાં દશગણાં મોટાં જણાવા લાગ્યાં. અકસ્માત્ સૂર્યનાં કિરણોએ ધૂમ્રના મહાલયમાં ઘુસી તેનું સ્વરૂપ બદલી નાખ્યું અને જાણે ઐન્દ્રજાલિક જ્યોતિકાનો સ્પર્શ થયો હોય તેમ મહાલય, દુર્ગ, ઉચ્ચ શિખરો અને વૃક્ષ એકત્રિત થઈ ગયાં. વચ્ચે વચ્ચે રમણીય વૃક્ષપત્રોમાં અદ્દભુત દૃશ્યો દૃષ્ટિગોચર થવા

1 ફુટ પરિપક્વ થતાં સ્વયં વિદીર્ણ થઈને ખંડખંડ થઇ જાય છે.જાલિમસિંહે ભારતના કુસંપને ઉદ્દેશીનેજ આ 'ફૂટ' શબ્દ વાપર્યો હતો.

2 જાલિમસિંહની પેઠે રણજિતસિંહે પણ ભારતવર્ષના નકશામાં બ્રિટિશસરકારદ્વારા શાસિત થતા પ્રદેશોનો લાલ-રંગ જોઈ કહ્યું હતું કે:-"એક દિવસ સર્વ લાલ થઇ જશે." અને તેમનાં આ વચનો સત્ય નીવડયાં છે.

3 એક માઈલના આઠમા ભાગને અર્થાત્ ૪૫૦ હાથની લંબાઇને એક ફર્લાંગ કહેવામાં આવે છે.

લાગ્યાં. આ વિચિત્ર દસ્યની ઉપર જેટલો જેટલો પ્રકાશ પડતો હતો, તેટલો તેટલો ફેરફાર આ, ચિત્રામ-માં થવા લાગ્યો. સૌથી પ્રથમ ધૂમ્રનો કોટ જણાવા લાગ્યો. ત્યાર પછી મહાલય, દુર્ગ અને ઉચ્ચ શિખરો જણાવા લાગ્યાં. હવે નાનામોટા સહસ્રાવધિ કાચના રંગેલા ટુકડાનો દેખાવ જણાવા લાગ્યો. ધીમે ધીમે આ સમસ્ત રમણીય મહાલય, દુર્ગ, ઉચ્ચ શિખરો વગેરે વસ્તુઓ ધાતુના રસ જેવી બની ગઇ.

ઘણા દિવસસુધી મારી એવી ધારણા હતી કે આ પ્રદેશની મૃત્તિકાના ગુણથીજ આ નૈસર્ગિક દસ્ય દષ્ટિગોચર થાય છે. 'ચિત્રામ' કેવળ ક્ષારયુકત ભૂમિમાંજ દષ્ટિગોચર થાય છે, એમ પ્રથમ મને લાગતું હતું; પરંતુ ત્યારપછી આ પ્રદેશનાં સર્વ સ્થાનોમાં તે મને જણાયું. આ પ્રદેશની માટી લવણ-યુકત છે, તેથીજ આ પ્રકારનાં દસ્યો દષ્ટિગોચર થાય છે; પરંતુ 'સિરાવ,' 'ચિત્રામ,' 'શીતકોટ,' અને 'દેશાસુર'માં ભેદ એ છે કે દેશાસુર કેવળ શીતઋતુ સિવાય કદિ પણ દષ્ટિગોચર થતું નથી. મેં સૌથી પ્રથમ જયપુરમાં આ દસ્ય જોયું હતું. બ્રિટિશસામ્રાજ્યના કોઇ પણ સ્થાનમાં એ દસ્ય મેં જોયું નથી. પ્રથમ એ જયપુરમાં અમને અતિ વિશાળ કોટ તથા બુર્જવાળા દુર્ગસમાન જણાયું. પથદર્શકે તેને શીતકોટના નામથી ઓળખાવ્યું; કિંતુ અમને સહસા તેનાં વચનપર વિશ્વાસ આવ્યો નહિ. મેં આ જીવનમાં એકવાર પુનઃ આ પ્રકારનું વિચિત્ર ચિત્તહારી દસ્ય જોયું; પણ પૂર્વોક્ત દસ્ય તો અતુલનીય હતું.

કોટાના એક બાગની કોઠીમાં હું રહેતો હતો. હવે એક દિવસ પ્રાતઃકાળમાં તેની છત ઉપર ચઢીને હું ટહેલવા લાગ્યો; એટલામાં મને આ દસ્ય દષ્ટિગોચર થયું. કોટાના દક્ષિણપૂર્વ ભાગમાં કેટલીક ઉંચી જગ્યાએ દષ્ટિ નાખતાં મને પ્રચંડ વંટોળીઓ દષ્ટિગોચર થયો. વૃક્ષો અને મહાલયોની શ્રેણીઓ અજાયબ પ્રકારની જણાતી હતી. હું કેટલીક મિનિટ સુધી આ આશ્ચર્યકારક દસ્ય શું છે, તે સમજી શકયો નહિ. અંતે મને જણાયું કે એ મરીચિકા અથવા ચિત્રામજ છે. આ સંપૂર્ણ દસ્ય ધીમે ધીમે શિખરની નિકટ થઇને ચાલ્યું ગયું.

જો કે ઉકત દસ્ય નવીન અને પરમ આનંદદાયક હોય છે;પરંતુ પૂર્વે હિસારમાં મેં જે પરિવર્તનશાળી દસ્ય જોયું હતું, તે એથી પણ અધિક આનંદદાયક અને આશ્ચર્યકારક હતું. હિસારમાં હું મારા એક મિત્રની મુલાકાત લેવાને ગયો હતો. (અફસોસ! આ મિત્ર હાલમાં પરમ ધામમાં છે) આ ઉદારચિત્ત અને પવિત્રહૃદયના મિત્રની ભલામણથીજ હું મારા જીવનના આ પ્રધાનવ્રતનું અવલંબન કરવાને પ્રવૃત્ત થયો હતો. મારા આ પ્રિયમિત્ર જેમ્સ લૅન્સડાઉનનું ઘર ફિરોઝદુર્ગના ભગ્ન સ્તૂપોમાં હતું. તેની ચારે તરફ વિસ્તૃત મરુભૂમિ હતી. તે ઘરની છતપરથી મેં આ દસ્ય જોયું હતું. વાસ્તવમાં તે જેવું પ્રચંડ હતું તેવુંજ આશ્ચર્યકારક હતું. પ્રિય પાઠક! કલ્પના કરો કે એક અતિ વિશાળ મરુભૂમિ છે અને તેની ચારે તરફ દષ્ટિને રોકનાર કોઇપણ પદાર્થ નથી. ચારે તરફ દૂરના ભાગપર કાળો પડદો છે અને તે પડદા-પર બાલરવિનાં કિરણો પડતાંની સાથેજ જાણે ઐન્દ્રજાલિક માંત્રિક દંડના સ્પર્શદ્વારા થયાં હોય તેવાં હજારો પ્રચંડ દસ્યો દષ્ટિગોચર થાય છે. કેટલેક સ્થળે નાની નાની શિખરમાલાઓ અને કેટલેક સ્થળે ઉચ્ચ શિખરના મહાલયો દષ્ટિગોચર થયા. જોતજોતામાં આ સર્વ દસ્યો એકદમ અંતર્ધાન થઇ ગયાં. આ દેશના લોકો આ દસ્યને 'હરિશ્ચંદ્રરાજાની પુરી' કહે છે. હરિશ્ચંદ્ર× સત્યયુગમાં ભારતવર્ષના એક પ્રસિદ્ધ રાજા હતા. આ રમણીય દસ્ય કેવા સ્વરૂપમાં દેખાય છે તેના દષ્ટાંતતરિકે માત્ર એટલુંજ કહેવું પૂરતું થઇ પડશે કે છ કોશથી પણ અધિક અંતરપર આવેલા અતિ પ્રાચીન અગરોયા+ સ્થાનનો દુર્ગ, તેના મહાલયો તથા બુર્જો આદિ વસ્તુઓ તેના સત્ય સ્વરૂપમાં દષ્ટિગોચર થઈ હતી.

ઝરોગ્રામ સમૃદ્ધિશાળી અને તે રિયાના મેડતીયા સામંતના તાબાના એક સરદારને આધીન છે. ગામના ડાબા હાથપર અતિ નિકટમાં એક નાનુંસરખું સરોવર આવેલું છે. સરોવરના તટપર લીમડાનાં વૃક્ષનું એક વન છે,અને ત્યાં આગળ તે ગામના અધીશ્વરના એક પૂર્વજનું સ્મારકમંદિર છે. મંદિરની અંદર

× રાજા હરિશ્ચંદ્રનું ચરિત્ર પાઠકો સારી રીતે જાણે છે. કર્નલ ટૉડે આજ હરિશ્ચંદ્રને "હરચંદ" લખ્યા હોય એમ જણાય છે.

+ આ હસ્યાનાવાળોનું અતિ પ્રાચીન નિવાસસ્થાન અને અગ્રવાલોની નિવાસભૂમિ છે. સર્વ અગ્રવાલલોકો વૈશ્યો અને વૈષ્ણવો છે. આ અગરોયા નગર ઉગ્રમની રાજધાની હોય એમ જણાય છે. ઉગ્રમે પ્રચંડ સેનાસહિત જઈ સિકંદરના માર્ગમાં વિઘ્ન ઉપસ્થિત કર્યું હતું. એઓ પુરુજાતિના હતા.

તે વીરપુરુષની મૂર્તિ અસ્ત્રશસ્ત્રથી સજ્જિત થઇને અશ્વારૂઢ થયેલી છે, અને તેની નિકટ તેની સ્ત્રી હાથ જોડીને ઉભી છે. આ સ્ત્રી પોતાના પતિના શબની સાથે ચિતામાં ભસ્મીભૂત થઇ સ્વર્ગે સિધારી હતી. આ મંદિરની ભીંતપર આ શબ્દો કોતરવામાં આવ્યા છે. 'સંવત ૧૬૮૯ (ઇ૦ સ૦ ૧૬૩૩) ના માઘની દ્વિતીયાએ મહારાજા જસવંતસિંહે પોતાના શત્રુ ઔરંગઝેબની સેનાપર આક્રમણ કર્યું હતું. આ વખતે મેડતિયાકુલના ઠાકોર હરકર્ણદાસ માર્યા ગયા હતા, તેમના સ્મરણાર્થે સંવત ૧૬૯૭ના માઘમાસમાં આ મંદિર બંધાવ્યું છે.'

૨૯ મી નવેમ્બર—ઉક્ત સ્થાનથી પાંચ કોશના અંતરપર આવેલા અલનિવાસમાં શિબિર નાખવામાં આવ્યો. ત્યાંથી અલનિવાસ જતાં માર્ગની વચ્ચોવચ્ચ રિયાનગર આવેલું છે. મેડતિયાકુલના મુખ્ય નેતાવિષે અમે અનેક સ્થળે વર્ણન કર્યું છે. તે સામંતની નિવાસભૂમિ આ રિયાનગરમાંજ છે. આ નગર મોટું છે, લોકોની સંખ્યા પણ અધિક છે અને તેની ચારે તરફ પાષાણનો દઢ કોટ છે. જે પાષાણનો આ કોટ બનેલો છે, તેને અહીંઆંના લોકો મરુર કહે છે. રિયાના વર્તમાન સામંતનું નામ વદનસિંહ છે. મારવાડના સર્વોત્તમ આઠ સામંતોમાં આજ સામંત મુખ્ય છે. આ નગરને લોકો હજી પણ શેરસિંહનું રિયા કહે છે. પાઠકોને સ્મરણ હશે કે મહાવીર શેરસિંહે પોતાના અધીશ્વર સમરસિંહનો પક્ષ ગ્રહણ કરી વખ્તસિંહની સામે યુદ્ધ કર્યું હતું અને તે યુદ્ધમાં પોતાના સ્વામીને માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. આ નગર ઉચ્ચભૂમિ ઉપર સ્થિત છે. અહીંઆંથી પર્વતમાલાની સન્મુખના પ્રદેશનું રમણીય દશ્ય દગ્ગોચર થાય છે. નગરથી પ્રારંભ કરીને તે પ્રદેશની સરહદપર આવેલા ઉચ્ચ પર્વતપર્યંત મોટાં મોટાં સમૃદ્ધિશાળી ગામો વસેલાં છે. આ પ્રદેશમાં વચ્ચે વચ્ચે અસાધારણ લીલોતરી અને વનસ્પતિ ઉગેલી છે.

અરવલ્લી પર્વતમાં વસતા માહીરલોકો કેવા બળવાન, અત્યાચારી અને સાહસિક હોય છે તેનું એક અદ્દભુત પ્રમાણ અહીંઆંના એક સમાધિમંદિરની દિવાલપર કોતરેલા લેખમાંથી મને પ્રાપ્ત થયું છે. આ લેખની નકલ નીચે પ્રમાણે છે:—

'સંવત ૧૮૩૫ (ઇ૦ સ૦ ૧૭૭૯)ના માઘ માસની તૃતીયા અને સોમવારને દિવસે માહીરલોકોના આક્રમણથી નગરની રક્ષા કરવાને માટે ભૂપાલસિંહે યુદ્ધ કર્યું હતું. તેમણે પોતાની સ્ત્રીના સતીત્વની રક્ષા કરવાને માટે તેનું મસ્તક સ્વહસ્તે કાપીને પછી યુદ્ધભૂમિમાં શયન કર્યું હતું.' [1]પચાસ વર્ષપૂર્વે માહીરજાતિ આવી પરાક્રમી અને બળવાન હતી. પૂર્વે તેઓ લોકોપર અત્યંત ભીષણ અત્યાચાર કરતા હતા. શિખરના ઉભય પ્રાંતોમાં જે રાઠોડસામંતોનાં ગામો છે તેમાંનો એક પણ સામંત એવો નથી કે જેના પૂર્વજોએ, અસીમ સાહસિક પહાડી માહીરોથી આક્રાંત થઇને પોતાનું જીવન વિસર્જન ન કર્યું હોય. સ્મારકમંદિરોપરથી પ્રતીત થાય છે કે અનેક સામંતો આ પ્રકારે મરણ પામ્યા છે. બ્રિટિશસરકારદ્વારા રાજપૂતાનાપર જેટલા ઉપકારો થયા છે, તેમાંનો સૌથી મોટો ઉપકાર એ છે કે તેણે શતાવધિ ગામોના અસંખ્ય પહાડીલોકોનું દમન કરીને તેમને શાંતિપ્રિય પ્રજાજનો બનાવી દીધા છે. સુપ્રસિદ્ધ ચૌહાણરાજ વિશલદેવ કે જેમનું સ્મારકચિન્હ અદ્યાપિ દિલ્હીમાં આવેલા ફિરોજના મહાલયમાં વિરાજમાન છે. તેમણે જેમ કહ્યું હતું તેમ બ્રિટનલોકો પણ કહી શકે છે કે, "અમે માહીરલોકોને અજમેરના માર્ગપર જળ લાવવાના કાર્યમાં નિયુક્ત કર્યા હતા. વળી અમે આ લોકોનાં અસ્ત્રશસ્ત્ર ખુંચવી લઇને ઉદયપુરના રાણાના મહાલયમાં મોકલી દીધાં હતાં. અમે આ શાંતિભંગ કરનાર લૂંટારાઓને સમાજ શાંતિના રક્ષકસૈનિક બનાવી દીધા છે."

રિયા અને અલનિવાસના મધ્યભાગમાં લુણી નદી વહે છે. આજ નદીના તટપર ડિવાઇનની તોપો ખુંચી ગઇ હતી. અલનિવાસ એ એક મેડતિયાસામંતનો પ્રદેશ છે. અલનિવાસ નગર મોટું છે અને તેમાં ઘણાં માણસની વસ્તી છે. આ નગરમાં બીજા એક વીરની કીર્તિ મારા જાણવામાં આવી. મેડતાની માંહોમાંહેની લડાઇમાં જ્યારે મેડતિયા વીરોએ ચંપાવતલોકોની સામે ઘોર યુદ્ધ કર્યું હતું અને તેમાં તેઓ વિધ્વસ્ત થયા હતા, તે સમયે "સોનામલ્લ" નામનો એક મેડતિયવીર માર્યો ગયો હતો. તેના સ્મરણાર્થે એક મંદિર બંધાવવામાં આવ્યું છે.

---

[1]અહીંઆંના બીજા એક સ્મારકમંદિરમાં લખ્યું હતું કે સંવત ૧૮૧૩ માં ચેરિયાલોકોએ મેરિયાપર આક્રમણ કર્યું, ત્યારે વાઘેરીજાતિનો ઝિવરા નામનો સરદાર મૃત્યુ પામ્યો હતો.

૩૦ મી નવેમ્બર—આજે અમે નલનિવાસથી ત્રણ માઇલના અંતરપર આવેલા ગોવિંદગઢમાં પહોંચ્યા. માર્ગ સાધારણ અને સારો હતો. જો કે કોઇ કોઇ સ્થળે આ માર્ગ કઠિન હતો, તોપણ અગાઉ કરતાં મૃત્તિકા સારી આવી હતી. ગોવિંદગઢ અને નગર જોધવંશના એક સામંતના અધિકારમાં છે. આ નગરના સ્થાપક ગોવિંદસિંહ મહારાજ ઉદયસિંહના પૌત્ર હતા. તેઓ સ્થૂલકાય હોવાથી સમ્રાટ અકબરે તેમને "મોટા રાજા"ની ઉપાધિ આપી હતી. ખૈરવારના સામંત આ જોધવંશના નેતા છે અને તેમના અધિકાર નીચે સોળ નગરો છે. ભુનાઇ અને માસુદના સામંતો પણ આજ વંશના છે. આ ઉભય સામંતો પચાસ નગરોના અધીશ્વર છે. ઉક્ત ઉભય સામંતો હાલમાં અજમેરમાં રહે છે. જો કે ઇસ્ટ ઇન્ડીઆ કંપની હાલમાં તેમની સ્વામિની છે, પરંતુ ઉક્ત ઉભય સામંતોમાંથી કોઇ મૃત્યુ પામે તો તેમનો ઉત્તરાધિકારી જોધપુર જઇ ત્યાંના મહારાજાદ્વારા અભિષિક્ત થાય છે ઉક્ત નગર શિખરની બહાર સ્થાપિત છે; પરંતુ પુષાનગર અને તેની સાથેનાં બાર ગામો તથા વિજાથાલ અને તેની પશ્ચિમ દિશામાં આવેલાં સમસ્ત ગામો પણ અજમેરને તાબે છે. આ સમસ્ત પ્રદેશ જો તેના મૂળ સ્વામી મારવાડેશ્વરને પાછો સોંપી દેવામાં આવે તો તેઓ અત્યંત કૃતજ્ઞતાપૂર્વક તેનો સ્વીકાર કરે.

ગોવિંદગઢથી થોડે અંતરે પશ્ચિમદિશામાં આવેલી એક નદી ઉતરી અમે આગળ ચાલ્યા. આ નદીનું નામ શુભ્રમતી છે, કેટલાક લોકો તેને લૂણી પણ કહે છે. આ શુભ્રમતી તથા સરસ્વતી નામની બીજી એક નદી, પુષ્કરસરોવરમાંથી બહાર નીકળી આગળ જતાં સંયુક્ત થઈ ગઇ છે.

૧ લી ડિસેમ્બર—ગોવિંદગઢથી નીકળી અમે ત્યાંથી ચાર કોસના અંતરપર આવેલા સુપ્રસિદ્ધ પવિત્ર સ્થાન પુષ્કર સરોવર આગળ પહોંચી ગયા. અહીંઆં જવાનો માર્ગ રેતીથી ભરેલો હતો. સરસ્વતી નદીના તટપર દશ દશ ફીટ ઉંચું ઘાસ ઉગે છે. અંતસ્થ પ્રદેશનાં અનેક સ્થાનોમાં આ ઘાસ ગાડીઓ દ્વારા પહોંચાડવામાં આવે છે. આ ઘાસ છાપરાં છાવાને માટે અત્યંત ઉપયોગી છે. હાથીઓ પણ આ ઘાસ અતિ આનંદપૂર્વક ખાય છે. વર્તમાન પુષ્કર સરોવરથી બે કોસના અંતરપર પ્રાચીન પુષ્કર વિરાજમાન છે. મંદોરના પુરિહરલોકોના અંતિમ રાજાએ આ સરોવર ખોદાવ્યું હતું. આ પ્રાચીન સરોવરમાંથી નીકળેલી સરસ્વતી નદી અમે પુનઃ તળેટીની નિકટ વહેતી જોઈ હતી. આ તળેટીની આગળ એક અર્ધ કોસની લંબાઇનો રેતીનો પ્રચંડ સ્તૂપ આવેલો છે. સપાટ ભૂમિમાં ચાલતા વાયુથી આ રેતીનો સ્તૂપ બની ગયો છે. વચ્ચેવચ્ચે આ સ્તૂપ ઘણો ઉંચો થઇ ગયો છે. આ સ્તૂપ જાણે તળેટીના દ્વાર આગળ કોટ સમાન ઉભો હોય તેવો દેખાય છે. દક્ષિણભાગના પર્વતના લાલ પાષાણ આપણી સન્મુખ એક અત્યંત મનોહર દશ્ય સાદર કરે છે. પર્વતના નંદનામના શૃંગ ઉપર આદ્યશક્તિનું એક મંદિર છે. આ પ્રાંતમાં આવેલા પર્વતોના પાષાણ લાલ રંગનાજ હોય છે. પર્વતશૃંગો અતિઉચ્ચ છે, દક્ષિણ ભાગની પર્વતમાલા લાલ પાષાણોની છે અને તેનાં શૃંગો શ્વેત પાષણનાં બનેલાં છે.

ભારતવર્ષમાં પુષ્કર અતિ પ્રસિદ્ધ અને પવિત્ર સ્થાન છે. આ સરોવરની નિર્મળતાની તુલના કેવળ ટિબેટના માનસરોવરની સાથે કરી શકાય છે. પુષ્કર સરોવર તળેટીના બરાબર મધ્ય ભાગમાં આવેલું છે. અહીંઆં ઘણી ઇમારતો બાંધવામાં આવેલી છે. ભારતવર્ષના ધર્માનુરાગી રાજાઓ તથા ધનાઢ્ય લોકોએ આ સરોવરના તટને અગણિત મંદિરો, દેવાલયો, સંગીતશાળા, સ્મારકમંદિરો વગેરે દ્વારા અત્યંત શોભાયમાન બનાવી મૂકયું છે. આ સરોવરના પૂર્વતટ સિવાયના ત્રણે તટોપર રેતીના સ્તુપો છે. સરોવરની આકૃતિ વર્તુળ સમાન છે. પૂર્વતટ સિવાયના સર્વ તટોપર અનેક પ્રકારની મૂર્તિઓ અને અસંખ્ય મંદિરો તથા મહાલયો આવેલાં છે. ભારતવર્ષના સર્વ મહાન રાજાઓ તથા ધનાઢ્યલોકોએ ધાર્મિકવૃત્તિથી ઉત્તેજીત થઇને આ સરોવરના તટપર દેવાલયાદિ બંધાવ્યાં છે. તેમાં જયપુરના પ્રસિદ્ધરાજા માનસિંહ, મહારાજા હોલ્કરની સુવિખ્યાત રાણી અહલ્યાબાઇ, ભરતપુરના પ્રસિદ્ધ જૈહારીમલ તથા મારવાડેશ્વર વિજયસિંહનાં બંધાવેલાં મંદિરો સૌથી શ્રેષ્ઠ અને રમણીય છે. સમાધિમંદિરો પણ પુષ્કળ છે. જયાપ્પાસિંધિઆ (કે જેઓ નાગોરમાં ભયંકર રીતે માર્યા ગયા હતા) અને તેમના ભ્રાતા શાંતાજી (જેમનો નાગોરના ઘેરા વખતે દેહાંત થયો હતો.) એ ઉભયનાં સ્મારક મંદિરો ઘણાં સુંદર છે. આ પવિત્ર સ્થાનમાં જેટલાં દેવાલયો છે તેમાં સૃષ્ટિકર્તા બ્રહ્માનું મંદિર સૌથી મોટું, શ્રેષ્ઠ અને અત્યંત ચિત્તાકર્ષક છે. સિંધિઆના મંત્રી ગોકુલપાસે આ મંદિર બંધાવ્યું હતું. એને બંધાવતાં ચાર

વર્ષ લાગ્યાં હતાં. જો કે મંદિર બંધાવવાની સર્વ સામગ્રીઓ આજ દેશમાંથી મળી હતી તથા કારીગરોને પણ સાધારણ મજુરીજ આપવામાં આવી હતી, તોપણ એમ કહેવાય છે કે આ મંદિર બંધાવવામાં ૧,૩૦,૦૦૦ રૂપિયાનો વ્યય થયો હતો.

આ પુષ્કરતીર્થના સંબંધમાં અનેક જનશ્રુતિ પ્રચલિત છે. એમ કહેવાય છે કે જીવસૃષ્ટિનો આરંભ થયો તે પૂર્વે સૃષ્ટિકર્તા બ્રહ્માએ સર્વ દેવતાઓને એકત્રિત કરીને આ પવિત્ર સ્થાનપર યજ્ઞ કર્યો હતો.[1] અને તેમાં અસુરો પ્રવેશ ન કરે એટલા માટે એક કોટ તૈયાર કરી તેના રક્ષકો નિયત કર્યા હતા. આ કથનની સત્યતા સિદ્ધ કરવાને માટે અહીંઆંના લોકો સરોવરની ચારે તરફ આવેલા ચાર પર્વતરૂપી કોટનું પ્રમાણ આપે છે. દક્ષિણ તરફ આવેલા પર્વતનું નામ રત્નગિરિ છે.તેના શિખરપર સાવિત્રીદેવીનું મંદિર વિરાજમાન છે. ઉત્તરદિશામાં આવેલા પર્વતનું નામ નીલગિરિ છે. પશ્ચિમ તરફ સોનચૂડા નામનો પર્વત છે. અસુરોને યજ્ઞભૂમિમાં આવતા અટકાવવાને માટે મહાદેવના વાહન નંદીની એક સુવર્ણ મૂર્તિ તળેટીના મુખપર સ્થાપિત છે. ઉત્તરદિશામાં સ્વયં શ્રીકૃષ્ણ રક્ષા કરવાને માટે નિયુક્ત થયા છે.

એમ કહેવાય છે કે બ્રહ્માજીને પ્રજ્વલિત અગ્નિકુંડમાં આહુતિ આપતી વખત પોતાની પત્ની સાવિત્રી અંતર્ધાન થયેલાં જણાયાં. સ્ત્રીવિના યજ્ઞની પૂર્ણાહુતિ થઇ શકતી નથી તેથી તેમણે એક ગૂજરી સ્ત્રીને સાવિત્રીના આસનપર બેસાડી દીધી. હવે સાવિત્રી પ્રકટ થયાં. પોતાના આસનપર અન્ય સ્ત્રીને બેઠેલી જોઇને તેઓ મહાક્રોધપૂર્વક રત્નગિરિ પર્વતપર ગયાં અને ત્યાં અંતર્ધાન થઇ ગયાં. જે સ્થળે સાવિત્રીજી અદૃશ્ય થયાં હતાં, તે સ્થળે અકસ્માત્ એક ઝરણું ઉત્પન્ન થઈ ગયું.આ ઝરણું આજે "સાવિત્રીનું ઝરણું" એ નામે પ્રસિદ્ધ છે. આ ઝરણાની નિકટજ સાવિત્રીદેવીનું મંદિર વિરાજમાન છે. પુષ્કરતીર્થની સુંદરતા અતિ અદ્ભુત છે.

પુષ્કરસરોવરની પાસે જે અત્યંત ઉચ્ચ રેતીનો સ્તૂપ દૃષ્ટિગોચર થાય છે, તેના સંબંધમાં એક એવી જનશ્રુતિ પ્રચલિત છે કે મહાદેવ યજ્ઞકુંડમાં આગ્ન પ્રજ્વલિત કરી ધંતુરાનું સેવન કરવાને માટે અગ્નિને શાંત કર્યા વિના વિહ્વળચિત્તે પોતાના આશ્રમે ચાલ્યા ગયા. ધીમે ધીમે અગ્નિ ભયંકર રૂપ ધારણ કરી જગતને ભસ્મીભુત કરવાને ઉદ્યત થયો ત્યારે બ્રહ્માજીએ ત્યાં જઇ રેતીદ્વારા અગ્નિને સર્વથા બુઝાવી દીધો. આથીજ તળેટીના મુખ આગળ રેતીનો પર્વત થયો છે.

બીજી એક જનશ્રુતિ એવી છે કે કલિયુગમાં મંદોરનો એક રાજા મૃગયા ખેલતો ખેલતો ત્યાં આગળ જઇ પહોંચ્યો અને તેણે સાવિત્રીના ઝરણામાં સ્નાન કર્યું, તેથી તેનો એક અસાધ્ય રોગ નિવૃત્ત થઇ ગયો. આ રાજાએ જતી વખત પોતાના સ્મારકચિન્હતરિકે પોતાની પાઘડી એક વૃક્ષની સાથે બાંધી દીધી. પછી તે પોતાના રાજ્યમાંથી પુષ્કળ માણસોને લઇને આ સ્થળે પુનઃ આવ્યો અને તેમની પાસે ઉકત સરોવર ખોદાવ્યું. અહીંઆંના બ્રાહ્મણોએ મને કહ્યું કેઃ-" અમારા પૂર્વજોને ઉક્ત પુરિહર રાજાની પાસેથી પુષ્કરતીર્થની ભૂમિવૃત્તિનાં પુષ્કળ દાનપત્રો પ્રાપ્ત થયાં હતાં." પરંતુ મને માત્ર એક તામ્રપત્રનો ફારસી અનુવાદ પ્રાપ્ત થયો છે. અનેક પ્રસંગે અનેક પ્રાંતના અધીશ્વરોએ ધર્મશાળાનો ખર્ચ નિભાવવાને માટે જે તામ્રપત્રો આપ્યાં હતાં તેમાંના અનેકની નકલ મને મળી છે.

અજમેરની ચૌહાણજાતિના સુપ્રસિદ્ધ મહારાજા વિશલદેવનું નામ આ પવિત્ર તીર્થમાં આજપર્યંત પ્રતિધ્વનિત થઈ રહ્યું છે. વિશલદેવના વંશના આદિપુરુષ અજપાલ આ સરોવરની દક્ષિણ દિશામાં આવેલા નાગપહાડ અથવા સર્પગિરિપર જે સ્થાનમાં નિવાસ કરતા હતા, તે સ્થાન પણ બ્રાહ્મણો હમણાં યાત્રાળુઓને બતાવે છે. આ સ્થાનપર અજપાલના દુર્ગનો ધ્વંસાવશેષ હજી દૃષ્ટિગોચર થાય છે. વિશલદેવના વંશના આદિ પુરુષ બકરાના ગોવાળ હોવાથી અજપાલના નામથી પ્રસિદ્ધ થયા હતા. અજપાલ એક સંન્યાસીને પ્રતિદિન બકરીનું દુધ પાતા હતા; અને ઉકત સંન્યાસીએ તેમનાપર પ્રસન્ન થઇને તેમને વર આપ્યો, તેથીજ તેઓ અધીશ્વર થયા હતા. આ પુષ્કરતીર્થ તેમની જન્મભૂમિ હતી. તેમણે પોતાની જન્મભૂમિપ્રત્યેના સ્નેહને લીધે આ સર્પગિરિપર એક અભેદ્ય દુર્ગ બંધાવવાનો આરંભ કર્યો; પરંતુ દિવસના તેઓ દુર્ગનો જેટલો ભાગ બંધાવતા હતા તેટલો ભાગ રાતે પડી જતો;

૧ ટોડ મહોદય જો કે આ વાતને જનશ્રુતિ માને છે, કિંતુ પદ્મપુરાણમાં જણાવવામાં આવ્યું છે કેઃ-" [illegible] યુગના આરંભમાં સૃષ્ટિકર્તા બ્રહ્માજીએ દેવોની સાથે આ સ્થાનમાં યજ્ઞ કર્યો હતો."

હતો. આ ઘટના જોઇ તેઓ આશ્ચર્યચકિત થયા. જ્યારે નિત્ય આજ પ્રકારની ઘટના તેમના જોવામાં આવી ત્યારે તેમણે તે કામ પડતું મૂક્યું અને પર્વતની બીજી તરફ એક નવીન રાજ્યની સ્થાપના કરી. આ રાજ્યનું જે પાટનગર તેમણે સ્થાપિત કર્યું તેનુંજ નામ અજમેર છે.

અજપાલ પાલીશાખાના ચૌહાણ હતા. તેમણે અજમેરની સ્થાપના કર્યા પછી વિશલદેવના સમય સુધીમાં ત્યાં જે જે રાજા થયા તે સર્વમાં માણિકરાય અત્યંત પ્રસિદ્ધ રાજા થઇ ગયા છે. માણિકરાય મહા બળવાન યોદ્ધા હતા. જે સમયે વાલીદની સેના ગંગાતટનો પ્રદેશ જીતવાને માટે આવી હતી તે સમયે અર્થાત્ હિજરીસનની પ્રથમ શતાબ્દીમાં માણિકરાય વિજાતીય તથા વિધર્મીલોકોની સામે અત્યંત વીરતાસહિત યુદ્ધ કરીને સ્વર્ગમાં સિધાર્યા હતા. મહમૂદના ઉત્તરાધિકારી જે સમયે ભારતવર્ષ ઉપર પુનઃ અધિકાર સ્થાપિત કરવાને માટે આવ્યા તે સમયે ચૌહાણરાજ વિશલદેવે ભારતના અનેક રાજાઓની સાથે મળી તેમના નેતા બની સંહારકમૂર્તિ ધારણ કરી યવનોને ભારતવર્ષમાંથી મારી હઠાવ્યા હતા. વીરશ્રેષ્ઠ વિશલદેવની કીર્તિ અક્ષય રાખવાને માટે એક લોઢાનો વિજયસ્તંભ દિલ્હીમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ કીર્તિસ્થંભ અદ્યાપિ ઉક્ત સ્થાને વિરાજમાન છે. શિલાલેખપરથી જણાય છે કે વિશલદેવ ચિતોડાધિપતિ રાવલ તેજસિંહના સમકાલીન હતા. આ તેજસિંહ રાજસ્થાનના સર્વથી પ્રધાનવીર સમરસિંહના પ્રપિતામહ હતા. સમરસિંહ દિલ્હીના ચૌહાણસમ્રાટના બનેવી હતા. તેમણે પૃથ્વીરાજની સાથે મળીને કગ્ગરના સમરક્ષેત્રમાં યવનોની વિરુદ્ધ ખડ્ગ ધારણ કરીને જન્મભૂમિની સ્વાધીનતા તથા આર્યગૌરવની રક્ષા કરવાને માટે યુદ્ધ કર્યું હતું. આ સમરક્ષેત્રમાં તેમણે ૧૩૦૦૦ રાજપૂત સૈનિકોસહિત મહાન વીરતા સાથે લઢી પ્રાણ વિસર્જન કર્યાં હતા. વિશલદેવ કયા સમયમાં થઈ ગયા તે વિષે તપાસ કરતાં જણાયું કે પરમારજાતિના રાજા ઉદયાદિત્યે રાજા વિશલદેવની સાથે મળીને યવનોની વિરુદ્ધ યુદ્ધ કર્યું હતું. આ ઉદયાદિત્ય ઇ૦ સ૦ ૧૦૯૬ માં પરલોકવાસી થયા હતા. આ પરથી સિદ્ધ થાય છે કે વિશલદેવ અગીઆરમી શતાબ્દીમાં અજમેરમાં રાજ્ય કરતા હતા.

નાગપહાડ વા સર્પગિરિ એક બીજી ઘટનાદ્વારા વિખ્યાત છે. એક એવી જનશ્રુતિ પ્રચલિત છે કે ઉજ્જયિનીના અધીશ્વર ભર્તૃહરિ જ્યારે રાજ્ય છોડીને સંન્યાસી થયા ત્યારે સર્પગિરિપર ગયા અને ત્યાં યોગસાધન કરવા લાગ્યા. તે ગિરિપર અદ્યાપિ એક પાષાણની વેદી વિદ્યમાન છે, તેને લોકો ભર્તૃહરિના યોગસાધનના સ્થળતરિકે ઓળખાવે છે. યાત્રાળુલોકો ભક્તિપૂર્વક આ વેદીની પૂજા કરે છે. જગદ્વિખ્યાત મહારાજા વિક્રમાદિત્યના ભ્રાતા ભર્તૃહરિનું નામ ભારતવર્ષના સર્વ ભાગોમાં સુપ્રસિદ્ધ છે અને દૂરના દેશોમાં પણ તેમનાં અનેક સ્મારકચિન્હો સોજ્જ્વલ પ્રકાશથી શોભી રહ્યાં છે. સિંધુનદીના તટપર આવેલા સિવયાનના દુર્ગમાં,અલ્વરની ગુફામાં,આબુના શિખરપર અને કાશીમાં તેમનાં યોગસાધનનાં સ્થાનો અદ્યાપિ વિદ્યમાન છે. તેઓ એકબીજાથી દીર્ઘ અંતરપર આવેલાં છે. ભર્તૃહરિ ભારતવર્ષના આ સર્વ ભાગોમાં ગયા હતા એમ જો માનવામાં આવે તો તેઓ દીર્ઘજીવી સંન્યાસી હતા એમ કહેવામાં કંઇપણ વાંધો નથી. વિક્રમાદિત્ય અને ભર્તૃહરિ પરમારજાતિના હતા. કવિઓ જણાવે છે કે પ્રથમ સમસ્ત જગત પરમારરાજવંશને આધીન હતું. આ નાગપહાડ વા સર્પગિરિ અત્યંત રમણીય અને પરમ પવિત્ર સ્થળ છે એમ કહેવાય છે. કે અનાદિથી આ ગિરિની ગુફામાં અનેક ઋષિ, મુનિ, યતિ તથા સંન્યાસીઓ આશ્રમ કરી યોગસાધન કરતા આવ્યા છે. બ્રાહ્મણો અહીંઆંની સર્વ પવિત્ર ગુફાઓ યાત્રાળુઓને સારી રીતે બતાવે છે. આ સર્વ હાલમાં આલ્હાદદાયક કુંજો તથા નિર્મળ ઝરાઓથી સુશોભિત છે. જે અગસ્ત્ય મુનિએ સમુદ્રપાન કર્યું હતું તેના નામનું પણ એક ઝરણું આ સર્પગિરિપર વિદ્યમાન છે.

૨ જી ડિસેમ્બર—અજમેર પુષ્કરથી ત્રણ કોશના અંતરપર છે. અમે પુષ્કર છોડી તળેટીની તરફ આગળ ચાલ્યા. શિખરપર ચઢતાં ઉભય આકાશભેદી પર્વતો પીતવર્ણ આંબળાંનાં વૃક્ષોથી શોભાયમાન જણાયા. તળેટીમાં એક નાનીસરખી નદી વહેતી હતી. અમે ઉત્તર તરફથી પૂર્વ દિશા તરફ વળ્યા કે તરતજ સહસા અમને "ધારવલખૈર" નું દૃશ્ય દૃગ્ગોચર થયું. આ દૃશ્ય જેવું રમણીય છે તેવુંજ વિચિત્ર છે. વિશલદેવનું ખોદાવેલું વિશાળ સરોવર અહીંઆં આવેલું છે અને તેથી આ પ્રદેશ અતિ મનોહર લાગે છે.

નિકટમાંજ અતિ ઉચ્ચ પર્વત ઉપર અજપાલનો વિધ્વસ્ત દુર્ગ પણ દૃષ્ટિગોચર થાય છે. આ

પર્વતપર અનેક ચમત્કારો અને ઉત્તમ સંગેમરમરના પાષાણો દૃષ્ટિગોચર થાય છે.

ઉપર્યુક્ત દૃશ્યો જોતા જોતા અમે અજમેરની નિકટ જઈ પહોંચ્યા. જો કે અજમેરનગર એક વખત પાટનગર હતું, તોપણ હાલમાં તેની સ્થિતિ સારી નથી. અમે તેને જેવું સમૃદ્ધિશાળી જોવાની આશા રાખી હતી તેવું તે જણાયું નહિ. વર્તમાનસમયમાં ભારતનાં અન્યાન્ય પ્રાચીન મુખ્ય નગરોની પેઠે પ્રાચીન અજમેરમાં પણ દીનતા અને દારિદ્રનાં ચિન્હો દગ્ગોચર થાય છે; પરંતુ સંતોષની વાત માત્ર એટલીજ છે કે અજમેર બ્રિટિશસરકારના હાથનીચે આવ્યાથી આ પ્રદેશના સુપરિન્ટેન્ડેન્ટ મી૰ વિલ્ડરની દેખરેખનીચે તેના એક ભાગની શોભા દિનપ્રતિદિન વૃદ્ધંગત થતી જાય છે. અજમેરના વ્યાપારીઓની અનુકૂળતાને માટે એક મુખ્ય બજાર બંધાવવામાં આવે છે. આ બજાર બંધાઈ રહેશે ત્યારે લોકોપર ભારે ઉપકાર થશે. રાજસ્થાનના જેટલા વ્યાપારીઓ વ્યાપારાર્થે અજમેરમાં રહે છે તેઓ સર્વ મને મળવાને આવ્યા. બ્રિટિશશાસનદ્વારા તેમને જે નિર્ભયતા, શાંતિ અને વાણિજ્યની અનુકૂળતા પ્રાપ્ત થઈ છે તે માટે તેમણે ખરા અંતઃકરણથી આનંદ પ્રગટ કર્યો. ભીલવાડાની ઉન્નતિ સાથે અજમેરની ઉન્નતિને પણ સંબંધ છે.

મી૰ વિલ્ડરની સાથે પ્રાતઃભોજન કરતી વખત અજમેર અને ભીલવાડાની પરમ ઉન્નતિ શી રીતે થઇ શકે! એજ વિષયપર મેં ચર્ચા કરી હતી.



# अध्याय २८ मो

**અજમેરનાં પ્રાચીન જૈનમંદિર—દુર્ગ—વિશલસરોવર—અન્નાસાગર—ચૌહાણરાજાઓનાં સ્મૃતિચિન્હો-અજમેરત્યાગ-બુનાઈ અને ત્યાંનો દુર્ગપ્રાસાદ-દેવડાવા-દેવલ-વનેડા-રાજા ભીમસિંહ-તેમનો વંશ-તેમના અધિકારનીચેનો પ્રદેશ-દુર્ગપ્રાસાદમાં ગમન-ભીલવાડ-વણિકોની મુલાકાત-નગરની શ્રીવૃદ્ધિ-મંડલ અને ત્યાંનું સરોવર-પુર-દરબાર-પુરાવતોનો વિભક્ત પ્રદેશ-પુરનો પ્રાચીન ઇતિહાસ-મેવાડના રાજકુમાર-રશમિ વા રશ્મિ-મેવાડના કૃષિકારોએ કરેલો સત્કાર-સુહેલિયા-બુનાસનદી-મેડતા-બેરીસનદીના ઉત્પત્તિસ્થાનનું દર્શન-ઉદયસાગર-તળેટીમાં પ્રવેશ-ઉદયપુર-પ્રાચીન આહર-રાણાના પૂર્વજોનું સ્મારકમંદિર-આહર-સંબંધી જનશ્રુતિ-અગ્નિથી થયેલો તેનો નાશ અને તેનાં પ્રાચીન ખંડેરો-રાણાની મુલાકાત-ઉદયપુરમાં પાછા જવું.**

ભારતવર્ષમાં અજમેર જેમ અતિ જૂનું નગર છે, તેમ વિદેશી, વિજાતીય અને વિધર્મીલોકો સ્વર્ણપુષ્પ ભારતવર્ષના હૃદયપર પોતાના પાપી ચરણ મૂકતાંની સાથેજ અજમેરપર અધિકાર સ્થાપન કરવાનો સૌથી પ્રથમ પ્રયાસ કરે છે. મહા બળવાન પઠાણો તથા મોગલોએ દીર્ઘકાળપર્યંત અજમેરપર પૈશાચિક અત્યાચારો કર્યા હતા. પઠાણો તથા મોગલોના અત્યાચાર, ઉપદ્રવ તથા લૂંટફાટથી હિંદુઓનાં સર્વ પ્રાચીન કીર્તિચિન્હો નાશ પામ્યાં. હિંદુઓનાં જેટલાં અદ્દ્ભુત કારીગરીનાં ચિત્તાર્ષક સ્થાનો હતાં, તે સર્વનો નાશ કરી ક્રૂર મુસલમાનોએ તે સ્થળે મસ્જીદો બંધાવી દીધી; પરંતુ સર્વભક્ષક કાળ હાલમાં તેમની મસ્જીદોના ગ્રાસ કરવાને પ્રવૃત્ત થયો છે. પ્રાચીન ઇમારતોની બાંધણીપરથી સ્પષ્ટરીતે વિદિત થાય છે કે તે સર્વ પૃથક્ પૃથક્ બે જાતિઓદ્વારા બંધાવવામાં આવેલી છે; અર્થાત્ કેટલીક ઇમારતો સ્વાધીન હિંદુઓએ અને કેટલીક ભારતવિજેતા મુસલમાનોએ બંધાવી છે.

અજમેરદુર્ગના પશ્ચિમ ભાગમાં એક અતિ પ્રાચીન જૈનમંદિર છે. કોઇ કારણથી આ મંદિર યવનોના અત્યાચારથી મુક્ત રહ્યું છે. આ મંદિરનું નામ "અઢાઈ દિનકા ઝોંપડા" છે. આ મંદિરના સંબંધમાં એક એવી જનશ્રુતિ પ્રચલિત છે કે, જૈનશિલ્પીઓએ કોઈ અદ્દ્ભુત મંત્રની શક્તિથી માત્ર અઢી દિવસમાં આ મંદિર બાંધી દીધું હતું અને એજ કારણથી તેનું નામ "અઢાઇ દિનકાં ઝોંપડા" રાખવામાં આવ્યું છે. ભારતનાં ત્રણ પ્રધાન પવિત્રસ્થાનોપર જૈનલોકોએ જે ચિત્તાકર્ષક મંદિરો બાંધ્યાં છે, તે પરથી જૈનશિલ્પીઓની યોગ્યતા ઉત્તમ રીતે પ્રકટ થાય છે. એમ જણાય છે કે યથેચ્છ સામગ્રી મળવાથી "અઢાઇ દિનકા ઝોંપડા"નું બાંધકામ અતિ શીઘ્ર પરિસમાપ્ત થયું હશે. આ મંદિરની ચારે તરફ કોટ છે. આ કોટની પ્રાચીનતા અને શિલ્પકાર્ય તપાસતાં મને શ્રદ્ધાપૂર્વક લાગે છે કે ભાવતવર્ષપર યવનોની સૌથી પ્રથમ સત્તા સ્થાપનાર ઘોરીવંશના પાદશાહોના શાસનકાળમાંજ આ મંદિર બંધાયું હશે.

મંદિરના ઉત્તરતરફના ભાગમાં સિંહદ્વાર અને પગથીઆં વિદ્યમાન છે. વિશેષ તપાસ કરતાં અમે દ્દઢતાપૂર્વક જણાયું કે આ મંદિર જૈનોએજ બંધાવ્યું છે. પ્રવેશદ્વાર આગળ અરબી હરફમાં કુરાનનાં વચનો લખવામાં આવ્યાં છે. તોરણદ્વાર ઉપર મને સંસ્કૃતઅક્ષરો પણ કોતરેલા જણાયા આ સંસ્કૃત અક્ષરો અરબીઅક્ષરોની સાથે મિશ્રિત અને વિકૃત થઇ ગયા છે. મંદિરની બાંધણી અતિ શ્રેષ્ઠ અને મનોહર છે. તોરણ જોયા પછી અમે જૈનશિલ્પીઓદ્વારા બંધાયેલા મૂળમંદિરને જોવાને આગળ ગયા. આ મંદિર જૈનલોકોના પ્રાચીન મંદિરોનીજ બાંધણીનું છે, મંદિરની અંદરનો ભાગ ઘણો વિસ્તૃત છે, સ્તંભોની ત્રણ શ્રેણીઓ છે અને તેના ઉપર છત છે. સર્વ સ્તંભો અતિ દર્શનીય અને પ્રશંસનીય છે. ઓરડામાં ચાળીસ સ્તંભો વિદ્યમાન છે. પ્રત્યેક સ્તંભ ઉપર ભિન્નભિન્ન પ્રકારનું શિલ્પકામ છે. હું શ્રદ્ધાપૂર્વક માનું છું કે તુર્કલોકોએ ભારતવર્ષમાંથીજ શિલ્પકામ શીખીને યૂરોપમાં તેનો પ્રચાર કર્યો હતો.

એમ કહેવાય છે કે, ભારતવિજેતા રોશનઅલીની સેનાએ સૌથી પ્રથમ અજમેરપર આક્રમણ કર્યું હતું અને તેની સામે યુદ્ધ કરીને ચૌહાણરાજ માણિકરાયે પોતાના જીવનની આહુતિ આપી હતી. યવનદલે આ વખતે વૈતાળગઢ હસ્તગત કર્યો હતો. આ દુર્ગ જેવો પ્રાચીન છે તેવોજ દ્દઢ છે. અજપાલનો બાંધેલો કોટ અને ઉચ્ચ મહાલય અદ્યાપિ પ્રેક્ષકને આનંદ આપે છે. આ દુર્ગના શિખરપર હાલમાં બ્રિટિશપતાકા ફરકી રહી છે.

"વિશલતલાવ" નામનું એક અતિ વિશાળ સરોવર અજમેરમાં છે. આ સરોવરનો પરિધ ચાર કોશનો છે. સુવિખ્યાત વિશલદેવે આ વિરાટ જલાશય બંધાવ્યું હતું. આ સરોવર અજમેરની શોભા છે. વળી લૂણી નદીની સાથે સંગમ થયો છે તેથી તે વિશેષ રમણીય લાગે છે. એની ઉત્તરે "દૌલત બાગ" નામનો એક મનોરમ બાગ છે. દિલ્હીપતિ જહાંગીર જે સમયે રાજપૂતોનો પરાજય કરવાને માટે આવ્યો હતો તે વખતે તેણે આ બાગ નિર્માણ કરાવ્યો હતો. આ બાગમાં આવેલા સંગેમરમરના મહાલયમાં ઇંગ્લાંડેશ્વર પ્રથમ જ્યોર્જે મોકલેલા રાજદૂતોનો સત્કાર કરવામાં આવ્યો હતો. આ મહાલય હાલમાં નષ્ટપ્રાય થઇ ગયો છે અને ઇંગ્લાંડના રાજાએ મોકલેલી ગાડીમાં બેસીને દિલ્લીનો સમ્રાટ જે માર્ગમાં વાયુસેવન કરતો હતો તે માર્ગ પણ હાલમાં લતાપતાદિથી આવૃત છે.

આ "વિશલતલાવ"ની પૂર્વદિશામાં અર્ધકોશ ઉપર અન્નાસાગર નામનું બીજું એક અતિ વિશાળ સરોવર છે. એમ કહેવાય છે કે વિશલદેવના પૌત્રે આ સરોવર ખોદાવ્યું હતું અને પોતાનું નામ તેને અર્પણ કર્યું હતું. વિશલદેવનો ઉક્ત પૌત્ર પરમ ઉદાર અને મહાન દાતા હતો. તેણે આ સરોવરના મધ્ય ભાગમાં આવેલા દ્વીપઉપર તથા તેના તટઉપર પ્રચંડ મહાલયો બંધાવ્યા હતા. આ મહાલયોદ્વારા એક વખત આ સરોવર પરમ રમણીય દેખાતું હતું; પરંતુ અત્યાચારી પઠાણો તેનો વિધ્વંસ કરી, તેની સર્વ સામગ્રી અન્યત્ર લઇ ગયા હતા. આ સરોવરની પાસેના પર્વત ઉપર "ખ્વાજાકુતુબ" અને ઇતર કેટલાક મુસલમાન પીરોની કબરો વિદ્યમાન છે.

શોકની વાત છે કે પ્રાચીન ચૌહાણઅધિરાજોના શાસનસંબંધી ઇતિહાસ વા શિલાલેખ સંગ્રહ કરવામાં સફળતા મળી નહિ; પરંતુ સૌભાગ્યવશાત્ મને તે પ્રાચીન રાજાઓના શાસનકાળના કેટલાક સિક્કા પ્રાપ્ત થયા હતા. આ સર્વ સિક્કાઓ બૌદ્ધ અને જૈનલોકોના પ્રાચીન ઇતિહાસને માટે વિશેષ ઉપયુક્ત છે. આ સિક્કાઓની એક બાજુએ અતિ પ્રાચીન અક્ષરો છે અને બીજી તરફ રાજપૂતજાતિના પૂજનીય અશ્વની મૂર્તિ અંકિત છે.

અગ્નિકુલના ચૌહાણલોકો આ ચિન્હ ઉત્તરએશિયામાંથી લાવ્યા હશે એવું અનુમાન થઇ શકે છે. આ દેશના પ્રાચીનતત્ત્વનું અન્વેષણ કરવાથી આ અનુમાનની સત્યતા વા મિથ્યાત્વ પ્રતીત થશે. પુષ્કર તીર્થમાં પણ મને કેટલીક પ્રાચીન મુદ્રા મળી હતી. હિંદુજાતિનો પ્રધાન શત્રુસમ્રાટ ઔરંગઝેબ ભારતવર્ષના સિંહાસનપર આરૂઢ થયો તે પૂર્વે જો કોઈ વિદેશી આ દેશમાં તપાસ કરવાને આવત તો નિઃસંદેહ તે વિશેષ મહત્ત્વનાં અનેક પ્રાચીન સ્મૃતિચિન્હો પ્રાપ્ત કરવાને સમર્થ થાત. ક્રૂર મોગલસમ્રાટ ઔરંગઝેબ પક્ષપાતી અને ધર્માંધ મુસલમાન હતો, તેથી તેણે હિંદુઓનાં સર્વ સ્મૃતિચિન્હો સર્વથા લુપ્ત અને નષ્ટ કરી નાખ્યાં. પ્રાચીન સિક્કાઓને પણ ઔરંગઝેબે નષ્ટ કરી દીધા હતા. હજી પુષ્કળ સિક્કાઓ અનેક સ્થળે પૃથ્વીના ગર્ભમાં રહેલા છે. વિશેષ તપાસ થતાં તે અવશ્ય બહાર આવશે. મોગલ-

સમ્રાટોમાં ઔરંગઝેબ વીરરાજપૂતજાતિનો પ્રધાન શત્રુ હતો, તેથી તેણે રાજપૂતોનું વીરત્વ, પરાક્રમ, પ્રતાપ અને પ્રભુત્વ સમૂળાં નષ્ટ કરવાને માટે કોઇ પણ પ્રયત્ન,ચેષ્ટા અથવા ઉદ્યોગ શેષ રાખ્યો નહોતો; પરંતુ એ વીરરાજપૂતજાતિ નરપિશાચ ઔરંગઝેબના ઘૃણિત અત્યાચાર,ઉપદ્રવ અને પીડનના બદલામાં મોગલવંશનો ધ્વંસ કરી પુનઃ ઉન્નતિપથપર ચઢી છે.

૫ મી ડિસેમ્બર–આજે પ્રાતઃકાળમાં વહેલા ઉઠીને માણિકરાયનો દુર્ગપ્રાસાદ છોડી અમે ઉદય-પુરમાં પાછા જવાને માટે દક્ષિણ તરફ ઘોડા હાંકી મૂક્યા. અજમેરમાં મને કોટાના અધીશ્વરના મૃત્યુના સમાચાર મળ્યા હતા, તેથી મેં શાહપુરા અને બૂંદીકોટા જવાનો વિચાર કર્યો; પરંતુ એક પ્રબળ કારણથી મારે આ વિચાર છોડી દેવો પડ્યો. મને મેવાડ છોડવાને માત્ર બેજ માસ થયા હતા; તોપણ મેં ત્યાં જે રાજકીયસુધારો કરવા માંડયો હતો,તે આટલા અલ્પકાળમાંજ છિન્નભિન્ન થઈ જવા માંડેલો હોવાથી રાણાએ મને શીઘ્ર રાજધાની તરફ પાછા ફરવાને પત્ર લખ્યો હતો.આ પત્રમાં તેમણે મને શીઘ્ર આવવાને દૃઢ આગ્રહ કર્યો હતો.બે બીજાં કારણોથી પણ કોટા તરફ જવામાં વિઘ્ન ઉપસ્થિત થયું. પહાડી માહીરજાતિને વશ કરવાને માટે હાલમાં જે દુર્ગ બાંધવામાં આવે છે, તેને જોવાની અને ભીલવાડાના કેટલાક જૂદા જૂદા પંથના સોદાગરોવચ્ચે પરસ્પર ઝઘડો ચાલે છે, તેનો નિર્ણય કરવાની અધિક આવશ્યકતા જણાવાથી મારે મેવાડ તરફ શીઘ્ર પાછા ફરવું પડ્યું.ભીલવાડામાં વાણિજ્ય પુનઃ ઉત્તમ પ્રકારે ચલાવવાને માટે મેં જે યત્ન અને પ્રયાસ કર્યા હતા, તે વણિકલોકોના માંહોમાંહેના ઝઘડાથી નિષ્ફળ થવાનો પ્રસંગ આવી પહોંચ્યો હતો તેથી મારે શીઘ્ર પાછા ફરવું પડયું.

માર્ગમાં બે ગામોમાં વિશ્રામ કર્યા પછી અમે ગુનાઇ નામના સ્થાનમાં જઇ પહોંચ્યા.એક રાઠોડ-સામંત આ ગુનાઇના અધીશ્વર છે. ગુનાઇ પ્રગણું અજમેરને આધીન છે,તેથી આ સામંતને બ્રિટિશ-સરકારને નિયત ખંડણી આપવી પડે છે. જો કે આ સામંત બ્રિટિશસરકારના સીધા અધિકારનીચે છે અને મારવાડેશ્વરની સાથે તેમને કાંઇ રાજકીયસંબંધ નથી, તોપણ તેઓ તેમને વિશેષ માનનીય ગણે છે. ગુનાઇમાં જ્યારે નવીન અધીશ્વરનો અભિષેક થાય છે,ત્યારે મારવાડેશ્વર તેમને તિલક કરે છે. આ સપાટ પ્રદેશમાં ગુનાઇદુર્ગનું દૃશ્ય પરમ રમણીય લાગે છે. અરવલ્લીના પૂર્વ ભાગમાં જેવું સુંદર ઘાસ ઉગે છે,તેવું ઘાસ આ પ્રદેશમાં પણ પુષ્કળ પ્રમાણમાં થાય છે.પૂર્વે મંદોરના પુરીહરવંશના એક સામંત આ પ્રદેશના સ્વામી હતા અને તેઓ અજમેરના ચૌહાણરાજાને ખંડણી આપતા હતા. આ પ્રદેશના મૂળ વતનીઓ તથા રાજપૂતોવચ્ચે પરસ્પર વૈવાહિકસંબંધ થવાથી પુરીહરમીના નામની એક મિશ્રજાતિ ઉત્પન્ન થઇ અને આ જાતિનાં પુષ્કળ માણસો આ પ્રદેશમાં થઈ ગયાં.

૬ ઠ્ઠી ડિસેમ્બર–આજે અમે અજમેર અને મેવાડની સરહદપર આવેલી ખાડી નદી પાસેના દેવલ નામના સ્થાનમાં પહોંચ્યા. દેવલ વા દેવડા અજમેરના અગ્નિકોણમાં ત્રીસ કોશના અંતરપર સ્થિત છે. ઇ૦ સ૦ ૧૮૧૮ માં રાજપૂતાનાનો આ મહત્વનો જીલ્લો તથા 'મઉ' પ્રદેશ સિંધિઆની પાસેથી અંગ્રેજસરકારને મળ્યો. આ જીલ્લો અતિ વિશાળ છે. તેની પૂર્વે ગુનાસનદી આવેલી છે અને પશ્ચિમે અરવલ્લીપર્વત સ્થિત છે.આ બેની વચ્ચે ચાળીસ કોશનું અંતર છે અને તેમાં આ જીલ્લો આવેલો છે. દેવરથી કૃષ્ણગઢરાજ્યની સરહદ જણાય છે.અજમેરની જમીન આ જમીનના જેટલી ફળદ્રુપ નથી. તેમાં હલકા પ્રકારનું અનાજ થાય છે.આ પ્રદેશનાં સર્વ સ્થાનોમાં યુદ્ધ,અત્યાચાર અને ઉપદ્રવનાં ચિન્હો દૃષ્ટિગોચર થાય છે.

૭ મી ડિસેમ્બર–દેવલનગર વનેડારાજના તાબાના એક સામંતના અધિકારમાં છે. જે સ-મયે મહારાષ્ટ્રીઓ રાજપૂતાનામાં ભીષણ અત્યાચાર કરતા હતા,તે સમયે તેમણે દેવલના સામંતને સહાય કરી હતી.મહારાષ્ટ્રીઓની સહાય પ્રાપ્ત થવાથી દેવલનો સામંત અતિ ઉદ્ધત થઈ ગયો અને તેણે વનેડા-રાજની આધીનતા સ્વીકારી નહિ.મહારાષ્ટ્રીઓનો અત્યાચાર રાજસ્થાનમાંથી નિવૃત્ત થયો, ત્યારપછી પણ તેણે વનેડારાજની આજ્ઞા માની નહિ.વિશેષ કરીને કોટાના વૃદ્ધ અધિપતિની સાથે તેને સગપણ હતું તેથી તેની સહાયથી તે વિશેષ ઉદ્ધત બની ગયો.કોટાના અધીશ્વરે તેનો પક્ષ ગ્રહણ કરી વનેડાદુર્ગપર આક્રમણ પણ કર્યું હતું.આ રીતે દીર્ઘકાળપર્યંત દેવલના સામંતે સ્વતંત્ર રાજાતરિકે પોતાના પ્રદેશપર અધિકાર ભોગવ્યો હતો.જો કે અંતે તેણે વીસ અનુચરોસહિત વનેડારાજની સભામાં અમુક નિયત

કાળપર્યંત રહેવાનો સ્વીકાર કર્યો, તોપણ તેણે વનેડારાજને પોતાના પ્રદેશની નિયત ખંડણી આપવાની સાફ ના પાડી. જો કે વનેડારાજે અનેક પ્રમાણપત્રોદ્વારા પોતાનો દેવલના પ્રદેશમાંથી ખંડણી લેવાનો અધિકાર સિદ્ધ કર્યો, પરંતુ દેવલપતિએ તેને ખંડણી આપવાનો સ્વીકાર કર્યો નહિ. વનેડારાજે તેને નમ્રતાપૂર્વક કહ્યું કેઃ–" ખંડણીવિનાની બીજી ભૂમિ હું તમને અર્પણ કરીશ; પરંતુ તમે મને દેવલને માટે ખંડણી આપો." પરંતુ તે ઉદ્ધતસામંતે તેની કોઇ પણ વાત ઉપર લક્ષ્ય આપ્યું નહિ. આથી વનેડારાજે તેને દેવલ પાછું સોંપી દેવાની આજ્ઞા કરી ત્યારે તે સામંતે યથાર્થ રાજપૂતવીરની પેઠે ઉત્તર આપ્યો કેઃ–"જ્યાંસુધી મારા ધડપર મસ્તક છે ત્યાંસુધી તમે દેવલપર તમારો અધિકાર સ્થાપિત કરી શકશો નહિ." તેનાં આવાં ગર્વભરેલાં વચનો સાંભળી વનેડારાજને અત્યંત ક્રોધ ચઢ્યો અને તેમણે તરતજ દેવલને પોતાના અધિકારમાં લેવાને માટે મહારાષ્ટ્રીયસેનાને મોકલી આપી. દેવલનો સામંત પરમ સાહસિક અને મહાસમરકુશલ વીર હતો. તેણે મહા સાહસપૂર્વક કેટલાક માસપર્યંત મહારાષ્ટ્રીઓના કરાલગ્રાસમાંથી દેવલની રક્ષા કરી. એની વીરતાને લીધેજ દેવલ " છોટાનાગપુર "ના નામથી પ્રસિદ્ધ થયું. જ્યારે તેને લાગ્યું કે હવે મહારાષ્ટ્રીઓના ગ્રાસમાંથી દેવલનું રક્ષણ કરવું અસંભવિત છે, ત્યારે તેણે ધૈર્ય ખોઇ કોટાના એલચીદ્વારા મેવાડેશ્વરપર ૨૦૦૦૦ રૂપિયાનું નજરાણું મોકલી આપ્યું અને તેમની પાસેથી પોતાના પ્રદેશપર અબાધિત સ્વામિત્વ ભોગવવાનો હક્ક માગ્યો;પરંતુ રાણાએ તેની માગણી સ્વીકારી નહિ. અંતે દેવલ વનેડારાજના હાથમાં ગયું. દેવલ મેવાડના સીમાંતપર આવેલો પ્રદેશ છે, તેથી મહારાણાને તે પ્રદેશ પોતાના અધિકારમાં લેવાનું ઉચિત લાગ્યું.અંતે તેમણે વનેડારાજને કાંઇક પરિતોષિક આપીને તેમના હાથમાંથી ઉક્ત પ્રદેશ લઈ લીધો.

સુપ્રસિદ્ધ રાઠોડવીર જયમલ મારવાડ છોડી મેવાડમાં ચાલ્યા ગયા હતા. તેમનાજ વંશજો આજે ૩૬૦ ગામોથી પૂર્ણ એવા બેદનોરપ્રદેશનો ઉપભોગ લે છે. આ પ્રદેશ ફળદ્રૂપ અને સમૃદ્ધિશાળી છે. બેદનોરના અધિપતિએ મને તેમની રાજધાનીમાં મળવા બોલાવ્યો હતો;પરંતુ મારાથી જઇ શકાય એમ નહિ હોવાથી મેં મારા પ્રતિનિધિતરિકે કૅપ્ટન વાધને તેમની પાસે મોકલી આપ્યા હતા. તેમણે પરમ આદરપૂર્વક તેમનો સત્કાર કર્યો હતો. કૅપ્ટન વાધે તે સરલસ્વભાવના રાજપૂતની સાથે મૃગયા તથા ફાગક્રીડામાં ભાગ લીધો. ફાગના ઉત્સવમાં રાજપૂતો અત્યંત સ્વચ્છંદ બની જાય છે,તેથી મર્યાદાનો લોપ થાય છે. આ ઉત્સવમાં સર્વ રાજપૂતો યથેચ્છ ક્રીડાવિહાર કરે છે.

વનેડા, ૮ મી ડિસેંબર–મેવાડના સામંતોના તાબાના પ્રદેશોમાં વનેડાનો રાજમહાલય સર્વથી મનોહર છે અને વનેડાના અધિનાયક પણ મેવાડના સામંતોમાં સર્વથી શ્રેષ્ઠ છે.વનેડાના અધિપતિને કેવળ રાજાની ઉપાધિજ પ્રાપ્ત થઇ નથી; પરંતુ તેમને સર્વ પ્રકારનાં રાજપદોચિત માન મળે છે.ધ્વજાપતાકા,દંડ વગેરે સર્વ રાજચિન્હો વાપરવાનો તેમને અધિકાર છે. વનેડાના વર્તમાન સ્વામીનું નામ અને મેવાડેશ્વરનું નામ એકજ છે.તેમનું નામ પણ ભીમસિંહ છે અને મહારાણાનું નામ પણ ભીમસિંહ છે. તેમને રાજા ભીમસિંહ કહેવામાં આવે છે અને એમને રાણા ભીમસિંહ કહેવામાં આવે છે.[૧] સામંત અને નૃપતિતારકેના સંબંધ ઉપરાંત તેમની વચ્ચે એક રક્તનો સંબંધ અને સાંસારિકસંબંધ પણ છે. રાજા ભીમસિંહ વનેડાના સિંહાસનપર બેઠા છે એ તેમનું દુર્ભાગ્યજ સમજવું જોઇએ;કારણ કે વસ્તુતઃ તેઓ મેવાડના સિંહાસનપર વિરાજમાન થવાનોજ અધિકાર ધરાવે છે. પાઠકોના સ્મરણમાં હશેજ કે મોગલકુલકલંક ઔરંગઝેબના પરમ સાહસિક શત્રુ રાણા રાજસિંહના પુત્ર ભીમસિંહ પિતાની ઇચ્છાનુસાર મેવાડરાજ્યને છોડી ગયા હતા.આજ ભીમસિંહના કુલમાં વનેડાના વર્તમાન સામંત ઉત્પન્ન થયા છે.આ ભીમસિંહના પુત્ર સુરાજસિંહને મોગલસમ્રાટદ્વારા પુષ્કળ સન્માન અને પારિતોષિક મળ્યું હતું. વિજાપુરપર અધિકાર સ્થાપિત કરવાને માટે જ્યારે મોગલસેના દક્ષિણમાં ગઇ ત્યારે તેની સાથે તેઓ પણ ગયા હતા અને તેમણે ત્યાંજ પોતાના પ્રાણ વિસર્જન કર્યા હતા. સુરાજસિંહના મૃત્યુની વાત સાંભળી મોગલસમ્રાટને પુષ્કળ શોક થયો અને તેણે તેમના બાળપુત્રને રાણાના તાબાના ચાર પ્રદેશો અર્પણ કરી તેના સ્વામીતરિકે તેને અભિષિક્ત કર્યો. એમ કહેવાય છે કે સુરાજસિંહે મોગલસમ્રાટની એટલી

[૧] પાઠકોએ સ્મરણમાં રાખવું કે ટોડસાહેબ આ હકીકત પોતાના સમયની લખે છે. હાલમાં વનેડા અને મેવાડની સીમા વચ્ચે કંઈજ રાજકીયસંબંધ નથી.

જધી પ્રીતિ સંપાદન કરી હતી કે તેણે તેમને 'સુલતાન'ની ઉપાધિ આપી હતી.

મોગલોની શાસનસત્તા નષ્ટ થતાં સુરાજસિંહના પુત્ર સરદારસિંહ મેવાડના મહારાણાના અધિકાર-નીચે આવ્યા. સરદારસિંહના પરલોકવાસ પછી રાયસિંહ અને તેમની પછી હમીરસિંહ વનેડાના સિંહાસનપર બેઠા હતા. અમારા મિત્ર રાજા ભીમસિંહ હમીરસિંહના પુત્ર છે. મારા આગમનની ખબર સાંભળી રાજા ભીમસિંહ મને પોતાના મહાલયમાં લઈ જવાને માટે એક કોશપર્યંત સામા આવ્યા હતા અને તેઓ મને પરમ આદરપૂર્વક પોતાના પ્રાસાદમાં લઇ ગયા હતા.તેમણે મને સન્માન આપવામાં તથા મારૂં આતિથ્ય કરવામાં લવલેશ પણ ત્રુટિ કરી નહોતી. સામંતો પોતાના તાબાના પ્રદેશમાં કેવું વર્તન ચલાવે છે, તેઓ પોતાની સત્તાનો કેવો ઉપયોગ કરે છે વગેરે બાબતોપર મારે રાજા ભીમસિંહની સાથે ત્રણ કલાકસુધી વાતચીત થઇ. રાજા ભીમસિંહ સંપૂર્ણરીતે શિક્ષિત અને મિષ્ટભાષી છે.તેમણે આંતરિક સરલતાપૂર્વક મારી સાથે વાતચીત કરી તેથી તેઓ મને ઘણા ગમ્યા.મેવાડના રાણાની સાથે તેમને અતિ નિકટનો સંબંધ હોવાથી તથા મોગલસમ્રાટની આજ્ઞાનુસાર તેમને ધ્વજા, પતાકા, દંડાદિ રાજચિન્હો ધારણ કરવાની સત્તા હોવાથી મેવાડેશ્વર તેમની પ્રભુતા તથા સન્માનની ઇર્ષ્યા કરતા હતા. મેવાડેશ્વર વનેડારાજને સંપૂર્ણરીતે આધીન કરવાને માટે તેમના હાથનીચેના સામંતોપરનું તેમનું પ્રભુત્વ ન્યૂન કરવાની ચેષ્ટા કરવા લાગ્યા હતા. દેવલનો સામંત એ આ સામંતો પૈકી એક હતો. રાણા ભીમસિંહ અને વનેડારાજની વચ્ચે જે શત્રુતા હતી તે દૂર કરવાને હું સમર્થ થયો છું. રાજા ભીમસિંહ છેક ઉદયપુરમાં પહોંચે ત્યારે નહિ,પરંતુ તેઓ પ્રાસાદની સન્મુખ પવિત્ર ત્રિપાલિયામાં આવે ત્યારથીજ સન્માનસૂચક નગારૂં વગાડવામાં આવતું હતું. વળી તેઓ જ્યારે રાણાની સામે બેસતા, ત્યારે રાણાના અનુચરો તેમનાપર ચમ્મરવતી વાયુ ઢોળતા હતા; પરંતુ રાણા ભીમસિંહથી ઉક્ત સામંતને મળતું આ સન્માન સહન કરી શકાયું નહિ. અંતે તેમણે જણાવ્યું કેઃ—"મેવાડના પ્રધાન શત્રુ મોગલસમ્રાટે વનેડા-રાજ ઉપર અનુગ્રહ કરીને તેમને માટે ચમ્મર તથા વાજાં વગેરેની જે વ્યવસ્થા કરી આપી છે તે અમને કબૂલ નથી. મેવાડના રાણા પોતાના શત્રુદ્વારા નિર્માણ થયેલા ચમ્મરનું દર્શન અને નગારાંના ધ્વનિનું શ્રવણ કરવું ઉચિત માનતા નથી. આથી વનેડારાજ દરબારમાં આવી ચમ્મરનું માન મેળવી શકશે નહિ તથા ત્રિપાલિયામાં નગારાંના ધ્વનિસહિત પ્રવિષ્ટ થઈ શકશે નહિ. તેઓમાત્ર પોતાના તાબાના પ્રદેશમાં યથેચ્છ વર્તન કરી શકશે." આ વ્યવસ્થા ન્યાયપુરઃસર હતી અને બુદ્ધિમાન રાજા ભીમસિંહે પણ પોતાના જ્ઞાતિબંધુ રાણા ભીમસિંહની ઇચ્છાને માન આપવાને માટે તેનો સ્વીકાર કરવામાં કાંઇ આનાકાની કરી નહિ. જો રાજા ભીમસિંહ આ વ્યવસ્થાનો સ્વીકાર ન કરત તો રાણા બળ વાપરવાને તૈયાર થાત.

વનેડાપ્રદેશની વાર્ષિક ઉપજ ૮૦૦૦૦ રૂપિયાની છે. આમાંનો અર્ધભાગ વનેડારાજના તાબાના સામંતો પાસેથી પ્રાપ્ત થાય છે.આ સામંતોમાં અધિકાંશ રાઠોડોનો છે. વનેડાધિપતિ રાજા ભીમસિંહ ભીલવાડાના બજારના ખર્ચને માટે કેટલુંક દ્રવ્ય આપે છે અને ઉદયપુરમાં નિયમિતરીતે રહી રાણાને રાજ્ય-વ્યવસ્થામાં સહાય કરે છે. આ વનેડાપ્રદેશ અત્યાચારી અને પહાડી ભીલલૂંટારાઓની નિવાસભૂમિની નિકટ આવેલો હોવાથી લૂંટાઇને નિઃસત્ત્વ બની ગયો છે. અહીંઆંની ભૂમિ અતિ ફળદ્રૂપ છે. યોગ્ય સમય આવતાં કૃષિકાર્યદ્વારા આ પ્રદેશમાં પુષ્કળ શ્રીવૃદ્ધિ થવાનો સંભવ છે.

વનેડાના પ્રાસાદના પ્રધાન સભાગૃહના ચોકમાં મનોહર ગાલિચાપર બેસીને રાજાના તાબાના સર્વ સામંતો મારા આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. હું ત્યાં ગયો કે તરતજ તેમાંના પ્રત્યેક જણે ઉઠીને મારો સત્કાર કર્યો અને મને રાજાની પાસે લઈ જઈ સિંહાસનની નિકટ એક આસનપર બેસાડયો. રાજા ભીમસિંહે મારી સાથે પોતાના પ્રદેશસંબંધે તથા સાંસારિક વિષયોસંબંધે વાર્તાલાપ કર્યો અને મને એક ભ્રાતા ગણીને સર્વ બાબતોમાં મારી સલાહ લેવા લાગ્યા. બેદનોરના સામંતની સાથે રાજા ભીમ-સિંહને કાંઇક સાંસારિકઝઘડો હતો તે પણ મેં આ સભામાં નિવૃત્ત કરી નાખ્યો. વનેડાના ઉત્તરાધિકારી-ની સાથે બેદનોરના સામંતની પુત્રીનો વિવાહ થયો. રાજા ભીમસિંહની સાથે તેમના તાબાના સામંતો-ને ભૂમિસંબંધી જે ઝઘડો હતો તેને તત્સંબંધી કાગળપત્રો, સનદો, હિસાબ વગેરે જોઇને નિવૃત્ત કરવાને હું બંધાયો. તેમનો આ ઝઘડો ઘણા દીર્ઘકાળથી ચાલ્યો આવતો હતો, તેથી તેનો નિકાલ કરવો પરમાવશ્યક જણાયો. હું જે પદપર નિયુક્ત હતો તેને લીધેજ માત્ર મને મધ્યસ્થ નિમવામાં આવ્યો

નહોતો;પરંતુ મારે રાજા ભીમસિંહની સાથે ઘાડી મિત્રતા હતી. તે કારણથી તેમણે મને મધ્યસ્થ થવાને ઘણો આગ્રહ કર્યો હતો. પરિણામે તે પ્રદેશમાં સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય પ્રસરી ગયું અને સર્વ કલહ દૂર થયા. વિદાયપ્રસંગે મારા મિત્ર રાજા ભીમસિંહ ઉપહારની સામગ્રી લઇને આવ્યા. મેં ઉપહારસહિત તેનો સ્વીકાર કરવાની ના પાડી. માનનીય બિશપ હેબર જે સમયે મેવાડની યાત્રા કરતા હતા, તે સમયે રાજા ભીમસિંહે તેમને અત્યંત માન આપ્યું હતું. આ વાત સાંભળીને હું પરમ પ્રસન્ન થયો.

વનેડાનું રાજ્ય રાઠોડોના તાબાના પ્રદેશોમાં મળેલું છે. વળી તે અરવલ્લીની તળેટીમાં આવેલી સંગાવત તથા જગવતસરદારોની ભૂમિની નિકટ છે. મોગલો, પઠાણો અને મહારાષ્ટ્રીઓ આ પ્રદેશોમાં દીર્ઘકાળપર્યંત અત્યાચાર તથા ઉપદ્રવ કરીને અહીંઆંના રહેવાસીઓની જે શોચનીય દુર્દશા કરી ગયા છે, તેમાં દીર્ઘકાળપર્યંત શાંતિ સ્થાપન કરીને યત્ન કર્યા સિવાય સુધારો થવો અશક્ય છે. મારા મિત્ર રાજા ભીમસિંહ અમારા શિબિરસુધી મારી સાથે આવ્યા. શિબિરમાં પહોંચ્યા પછી મેં તેમને ઉપહાર-તરિકે એક પિસ્તોલ અને એક દૂરબીન આપ્યું. તેઓ જ્યારે વિદાય થયા, ત્યારે અમે પરસ્પર પ્રેમ રાખવા-ને તથા સંકટસમયે એકબીજાને સહાય કરવાને બંધાયા.

ભીલવાડા, ૯ મી ડિસેમ્બર–અમે ભીલવાડાથી પ્રાયઃ એક કોશના અંતરપર શિબિર નાખ્યો. આ સમયે ભીલવાડાની જૂદી જૂદી જાતોવચ્ચે કલહ ચાલતો હતો; તે છતાં પણ ધીમે ધીમે તેની ઉ-ન્નતિ થતી જતી હતી. તેમના પરસ્પરના કલહથી હું એટલો બધો અપ્રસન્ન થયો કે જ્યાંસુધી તેમના કલહ-દૂર નહિ થાય ત્યાંસુધી મેં નગરમાં પ્રવેશ કરવાની ચોખ્ખી ના પાડી. જ્યારે ઝઘડો કરનાર ઉભયપક્ષના નેતાઓ મારા શિબિરમાં આવ્યા, ત્યારે મેં તેમને યથોચિત ઉપદેશ કરીને ખૂબ ઠપકો આપ્યો અને તેમને જણાવ્યું કેઃ–"તમારા માંહોમાંહેના કલહથી તમારા નગરની ઉન્નતિના માર્ગમાં વિઘ્ન થાય છે." જો કે મેં તે વખતે તેમનો કલહ દૂર કરાવ્યો હતો અને તેમણે એકબીજા સાથે મિત્રતાથી વર્ત-વાની પ્રતિજ્ઞા કરી હતી, તોપણ જ્યાંસુધી તે નગરની સંપૂર્ણ ઉન્નતિ થઈ નહિ ત્યાંસુધી મેં તેમના વચનપર વિશ્વાસ રાખ્યો નહોતો; પરંતુ મને જણાવતાં આનંદ થાય છે કે તેમણે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવાને માટે સારી રીતે પ્રયત્ન કર્યો હતો. જે સમયે બૂંદીના રાજા સ્વર્ગવાસી થયા, તે સમયે હું બૂંદી તરફ જતાં ભીલવાડામાં આવી ગયો હતો. તે વખતે મહાન આડંબરસહિત મને સન્માન આપવા-માં આવ્યું હતું. આ વખતે તેમણે ભીલવાડાને 'ટૉડગંજ' નામ આપવાની પોતાની ઇચ્છા મારી આગળ પ્રદર્શિત કરી. બિશપ હેબરે પ્રથમ આ સૂચના તેમને કરી હતી; પરંતુ મેં તેમના આ મતને અનુમોદન આપ્યું નહિ. મેં તે લોકોને જણાવ્યું કેઃ–"જો તમે આ નગરનું નામ ટોડગંજ પાડશો તો પછી હું એની ઉન્નતિ કરવામાં કોઈપણ પ્રકારની સહાય કરીશ નહિ." સ્વયં મહારાણાએ ભીલવાડાને "ટૉડસાહબકી બસ્તી" નું નામ આપ્યું હતું; અને જો આ નામ રાખવામાં આવત તો તેઓ પરમ પ્રસન્ન થયા હોત; પરંતુ તેમનો આ મનોરથ પૂર્ણ કરવો મને અનુચિત લાગ્યો હતો.

મંડલ, ૧૦ મી ડિસેમ્બર–આ સ્થાન પૂર્વે એક સમૃદ્ધિશાળી પ્રદેશનું મુખ્ય સ્થળ હતું; પરંતુ હાલમાં તે નષ્ટપ્રાય થઈ ગયું છે. આ રમણીય પ્રાકૃતિક દૃશ્યયુક્ત સ્થળ જોવાને માટે અમે ઉદયપુરનો માર્ગ છોડી મંડલ તરફ ચાલ્યા. મંડલપ્રદેશમાંથી પ્રથમ જે મહેસુલ ઉપજ્યું હતું તેની સહાયથી તે જે સરો-વરના તટપર સ્થિત છે, તેનો બંધ બાંધવામાં આવ્યો હતો. આ સરોવરને લીધે આસપાસનાં ક્ષેત્રોમાં પુષ્કળ ધાન્ય પાકે છે. ઉક્ત બંધની નિકટ તથા સરોવરના તટપર જે પ્રચંડ વૃક્ષો હતાં તે સર્વને મહા-રાષ્ટ્રીઓએ તથા પઠાણોએ કાપીને ફેંકી દીધાં હતાં. વળી સરોવરની વચ્ચે આવેલા દ્વીપમાં જે નાનું રમણીય તળાવ હતું, તેનો પણ ઉક્ત અત્યાચારીઓએ નાશ કર્યો હતો. વળી એમ કહેવાય છે કે અજ-મેરના સુપ્રસિદ્ધ રાજા વિશલદેવે ગિહલોતપતિનો પરાજય કરીને ઉક્ત દ્વીપપર જે વિજયસ્તંભ નિર્માણ કરાવ્યો હતો, તેનો પણ એ તોફાની લોકોએ વિધ્વંસ કરી નાખ્યો હતો અને તેનાં સર્વ ચિન્હો વિલુપ્ત કરી દીધાં હતાં; પરંતુ વિધ્વસ્ત મંડલ હાલમાં પુનઃ ઉન્નતિપથપર પ્રયાણ કરે છે અને તેની શોચનીય દશા ધીમે ધીમે બદલાતી જાય છે. તેની એ અવસ્થામાં જે લોકો તેનો ત્યાગ કરીને અન્યત્ર ચાલ્યા ગયા હતા,તેમાં-ના એક મનુષ્યે પુનઃ તે સ્થાનમાં આવીને પોતાના પૂર્વજોનું ઘર ખોદી જોયું તો તેને તેમાંથી સુવર્ણ તથા અલં-કારોથી ભરેલું એક પાત્ર પ્રાપ્ત થયું. તેના કોઈ પૂર્વજે તે પાત્ર પોતાના ઘરમાં દાટયું હતું; પરંતુ હવે તે કા-

મદા પ્રમાણે રાણાની સંપત્તિ થઇ, પણ રાણાએ તે સંપત્તિ લીધી નહિ. આજે મેં પાનસાલ તથા આર્યા પ્રગણાંઓ તરફ ગમન કર્યું. પ્રથમ પ્રગણું શક્તાવતલોકોના અધિકારમાં છે. આર્યાપ્રદેશના સંબંધમાં શક્તાવત તથા પુરાવતલોકોની વચ્ચે જે કલહાગ્નિ પ્રદીપ્ત થયો હતો તેનું વિવેચન મેં અન્યત્ર લખ્યું છે. મેવાડમાં આર્યાનો દુર્ગ સર્વથી અધિક મજબૂત છે અને તેના તાબામાં ૫૨૦૦૦ વીઘાં જમીન છે.આથી તેનાપર અધિકાર સ્થાપિત કરવાને માટે લોકો કલહ કરે એમાં કાંઇ આશ્ચર્ય નથી.જો કે આ પ્રદેશ શક્તાવતલોકોની ભૂમિની વચ્ચે આવેલો છે, તોપણ પુરાવતો કહે છે કે શક્તાવતોનો તેપર કાંઇ પણ અધિકાર નથી.

પુર, ૧૧ મી ડિસેમ્બર—મેવાડનાં અતિ પ્રાચીન નગરોમાં આ એક પ્રધાન નગર છે અને જો આપણે જૈનશ્રુતિપર શ્રદ્ધા રાખીએ તો તેને રાજા વિક્રમાદિત્યના શાસનકાળથી પણ પ્રાચીનતર માની શકાય. મંડલથી પુરસુધી કોટીશ્વરી નામની એક નદી વહે છે. આ નદી ઉતરી દરિયાની ટીન તથા તામ્રની ખાણની નિકટ થઇ અમે પુરાવતોના તાબાના પીતવાસ નામના પ્રદેશમાં ગયા અને પછી અમે પુરમાં ગયા. પુર એ નિઃસંદેહ એક પ્રાચીન નગર છે. રાણાના તાબાનાં સર્વ નગરોમાં એ એક પ્રધાન નગર છે. જે સાડાદશ કોશના પરિધિની વચ્ચે મેવાડના રાજકુમારો વસે છે તેની બરાબર વચ્ચેજ આ પુર આવેલું છે. અરવલ્લીની વિછિન્ન શિખરમાલા ઉત્તરમાં વનેડા તથા દક્ષિણમાં ગુચ્લાપ્રદેશમાં થઇને આગળ ચાલી ગઇ છે. રાજા શિવધનસિંહના તાબાનો ગોરપ્રદેશ આ પ્રદેશની પશ્ચિમદિશામાં આવેલો છે. મેવાડના બરાબર મધ્ય ભાગમાં આવેલા આ પ્રદેશને રાજવંશના રકતના લોકોના નિવાસને માટે નિયત કરી રાણાઓએ પોતાની ઉત્તમ બુદ્ધિનો પરિચય કરાવ્યો છે. અહીંઆં વસતા રાજકુમારો સ્વદેશ વા વિદેશના ખંડણી ભરનારા સામંતોની સાથે કોઇ પણ પ્રકારનો રાજકીય સંબંધ રાખતા નથી. આ રાજવંશીઓ મેવાડના દુર્ગનું રક્ષણ કરવાને નિયત થયેલા છે તથા જ્યારે યુદ્ધપ્રસંગ ઉપસ્થિત થાય છે, ત્યારે તેઓ રાણાના પ્રતિનિધિતરીકે સામંતોની સેનાના નેતા બને છે. એમને માટે રાણાની સભામાં સ્વતંત્ર આસનો રાખવામાં આવેલાં છે. આ સ્થળને "બાબાકા ઓલ" કહેવામાં આવે છે તે સામંતોનાં આસનોથી પૃથક્ હોય છે,અર્થાત તે રાણાની સામેજ આવેલાં છે. તેઓ જે નગરમાં વાસ કરે છે તેનું નામ પણ પુર છે અને તેઓ પોતે પણ પુર નામથીજ ઓળખાય છે. રાણા ઉદયસિંહના પચ્ચીસ પુત્રોમાંના પુરુ નામના એક પુત્રના આ લોકો વંશજ હોવાથી તેઓ પુર કહેવાય છે. પુરની પૂર્વદિશામાં અર્ધ કોશ ઉપર નીલ પાષાણનો એક પર્વત વિદ્યમાન છે. આ પાષાણમાંથી સ્લેટ બની શકે છે. જો કોઇ ઉદ્યોગી માણસ આ પાષાણમાંથી સ્લેટ બનાવવાનો પ્રયત્ન કરે તો તેમાંથી તેને પુષ્કળ લાભ થવાનો સંભવ છે. આ પ્રકારના પથ્થરો અજમેર તથા કૃષ્ણગઢની ઉત્તર સીમાપર તથા મારવાડમાં પ્રાપ્ત થાય છે. ગુચ્લા તથા ગદરમાલાના બે રાજકુમારો મારી મુલાકાત લેવાને આવ્યા હતા. આ ઉભય રાજકુમારો સન્માનપાત્ર છે.જેમ તેમના તાબાના પ્રદેશો સમૃદ્ધિસંપન્ન છે તેમ તેમના દુર્ગ પણ અભેદ્ય છે. બીજે દિવસે મેં તેમના દુર્ગો જોઇ વિદાય લીધી.

રશ્મિ, ૧૨ મી ડિસેમ્બર—બુનાસનદીના તટપર આ રશ્મિ વા રશ્મિ આવેલું છે. અમે મેવાડની સર્વથી અધિક ફળદ્રૂપ ભૂમિમાં થઇ ઘણે દૂર સુધી ચાલ્યા ગયા. આ પ્રદેશ ખાસ રાણાના તાબામાં છે, એ કોઇ પણ સામંતના અધિકારમાં નથી. આ પ્રદેશમાં જે ઉન્નતિ દૃષ્ટિગોચર થઇ તેને ઉન્નતિ શ્રેષ્ઠ કહેવામાં કાંઇ હરકત નથી. આ તરફનાં સર્વ ગામો ઉન્નતિશીલ છે, તેમ રશ્મિ પણ ઉન્નત દશામાં છે. પાછા ફરતી વખતે કૃષિકારોએ મને આનંદપૂર્વક સન્માન આપ્યું હતું. અમે પ્રત્યેક ગામમાં પ્રવેશ કરતા તે સમયે જયજયકાર થતો હતો. ગામના પટેલો તથા બીજા હલકા નોકરો ગામ પરગામના માણસોની સાથે ઉભા રહીને અમને અભિનંદન આપતા. વળી ગામની સ્ત્રીઓ પીતળના કલશો મસ્તકપર મૂકીને ગામના પાદરે ઉભી રહી અમને અભિનંદન આપતી. તેમના મુખપર અર્ધઘુંઘટ ખેંચેલો હતો. તેઓ સન્માનસૂચક ગીતો ગાતી જતી હતી. મને આવું સન્માન મળ્યાથી મેવાડવાસી સ્ત્રીપુરુષોપર કેવો અકૃત્રિમ પ્રેમ ઉત્પન્ન થયો હશે, તે પાઠકો સારી રીતે સમજી શકશે. મને તેમનો આ વખતનો દેખાવ ઘણો મનોહર લાગતો હતો. હું મેવાડના જે જે સ્થાનોમાં ગયો તે તે સ્થાનોપર મને આજ પ્રકારનું સન્માન મળ્યું. સર્વ સ્થળોની સ્ત્રીઓએ મસ્તકપર જલભરિત કલશો મૂકીને તથા ગીત ગાઇને મને સન્માન આપ્યું હતું. આ સ્ત્રીઓમાં વિશેષતઃ કૃષિકારોની સ્ત્રીઓ તથા દુહિતાઓ હતી. સામંતોનાં તાબાના

સરદારોની સ્ત્રીઓ પણ કેટલેક સ્થળે સંમિશ્રિત થઇ હતી. કૃષિકારોની સ્ત્રીઓમાં કોઈ સુંદર નહોતી; પરંતુ તેમનાં શરીરનું બંધારણ ઉત્તમ હતું અને તેમની આંખો મનોહર હતી. રશ્મિ નામના સ્થાનમાં અમને પુષ્કળ સ્મૃતિચિન્હો ઉપલબ્ધ થયાં હતાં.

મેડતા,[1] ૧૬ મી ડિસેમ્બર–અમે જે સ્થાનથી પ્રવાસનો આરંભ કર્યો હતો તે સ્થાનમાં બે માસ પછી આવીને પાછા દાખલ થયા. આ સ્થાન મેડતા હતું. ઉક્ત બે માસના અરસામાં અમે મેવાડ તથા મારવાડનો પ્રવાસ કર્યો હતો. પુનઃ અમે સુખમય સ્થાનમાં આવી પહોંચ્યા તેથી સર્વને પરમ આનંદ થયો. અમે બેરિસ અને બુનાસનદીની વચ્ચેના પ્રદેશમાં થઇ ચાર સ્થાનોમાં વિશ્રામ કરી આગળ ગયા. આ પ્રદેશ સાધારણ રીતે ફળદ્રૂપ છે. પૂર્વે આ પ્રદેશમાં કેટલાંક સમૃદ્ધિશાળી નગરો હતાં. આ નગરોની સમૃદ્ધિનાં કેટલાંક ચિન્હો અદ્યાપિ દૃષ્ટિગોચર થાય છે. સમસ્ત ભારતવર્ષમાં આવી સમૃદ્ધિશાળી ભૂમિ બીજી કોઇ પણ નથી. યથોચિત વ્યય કરવાથી ખેતીમાં માલ ઘણો સારો પાકે છે અને તેની પુષ્કળ ઉપજ થાય છે; પરંતુ પ્રથમ આટલા સુધારા થવા જોઇએ. રાણાએ કેટલાંક વર્ષોસુધી જમીનનું મહેસુલ ઓછું કરી નાખી કૃષિકારોને વિશેષ ઉત્સાહ આપવો જોઇએ અને બ્રિટિશસરકારે પણ કેટલાંક વર્ષોસુધી રાણા પાસેથી ઓછી ખંડણી લેવી જોઇએ.

ભયંકર રણભૂમિમાં પ્રવાસ કરતી વખત અમારો બોજો વહન કરનાર પશુઓને સૌથી વિશેષ કષ્ટ થયું; તે એટલે સુધી કે તેમાંનાં કેટલાંક તો સર્વથા નિરુપયુક્ત થઇ પડયાં. અમને અભિનંદન આપવાને માટે રાણાએ એક ડેપ્યુટેશન તથા એક પત્ર મોકલ્યો. રાણાનો આ પત્ર જેવો મિત્રતાસૂચક હતો તેવોજ મારી મુલાકાત કરવાની તીવ્ર આતુરતા પ્રદર્શિત કરનારો હતો;પરંતુ રાણાએ જ્યોતિષીને પૂછ્યું કેઃ– "હું હમણાં કર્નલ ટૉડની મુલાકાત લઉં?" તો તેણે કહ્યું કેઃ–'ના, હમણાં શુભ મુહૂર્ત નથી.' આથી તેઓ મારી મુલાકાત લઈ શકયા નહિ. વળી મારાથી પણ રાજધાનીમાં પ્રવેશ કરી શકાયો નહિ. રાણાનો શુભ અવસર આવ્યો ત્યાંસુધી હું રેસીડેન્સીમાં રહ્યો અને બારિ નદીમાંથી મત્સ્ય પકડી સમય વ્યતીત કરવા લાગ્યો.

૧૯ મી ડીસેમ્બર–બે દિવસપર્યંત વિશ્રામ લીધા પછી અમે દેવારીના દ્વારમાં થઇ અર નામના સ્થાનતરફ ચાલ્યા; કારણ કે રાણાએ એમ કહેવડાવી મોકલ્યું હતું કેઃ–" રાજધાનીમાંથી હું સ્વયં આવીને આપને અરથી લઇ જઇશ." આ સમાચાર સાંભળીને મને પરમ આનંદ થયો. પૂર્વ પ્રાંત કરતાં અહીંઆંથી ઉદયપુર અધિક નિકટ હોવાથી તેનું દૃશ્ય પરમ મનોહર લાગે છે. રાણા તથા યુવરાજના પ્રાસાદો, ઉચ્ચ મંદિરો, મોટા મોટા સામંતોના મહાલયો તથા રાજધાનીની ચારે તરફ આવેલો કોટ અને બુરજ જોવાથી ચિત્ત મોહિત થઇ જાય છે. કોટ ઘણો ઉંચો નથી તોપણ તે લાંબો ઘણો છે. કોટ ઘણો મજબૂત નહિ હોવાથી તેની પાસે નાના દુર્ગો હારબંધ બાંધી દેવામાં આવ્યા છે. જે જે રાજમાર્ગો નગરમાં ગયા છે તે તે સર્વની રક્ષા થઈ શકે તેવી રીતે આ દુર્ગો બાંધવામાં આવ્યા છે ગ્રીષ્મકાળમાં એક એક સામંત એક એક દુર્ગમાં વાયુસેવનાદિ કરે છે. અહીંઆં સલુંબરના સામંતનો પણ એક દુર્ગ છે. અર વા આહર નામના જે સ્થાનમાં અમે છાવણી નાખી હતી તે ઉદયપુરના અધીશ્વરોનાં સ્મારકક્ષેત્રરૂપ પવિત્ર સ્થાન છે. ઉદયપુરને જ્યારથી રાજધાની બનાવવામાં આવ્યું ત્યારથી જેટલા રાણાઓ સિંહાસનારૂઢ થયા તે સર્વનું એક એક સ્મારકમંદિર આહર નામના સ્થાનમાં બંધાવવામાં આવ્યું છે. આ સર્વ સ્મારકમંદિરોની અંદર મૃતરાણાઓની ચિતાભસ્મ રાખવામાં આવી છે. આ પવિત્ર ક્ષેત્રમાં કેવળ રાણાઓનાંજ નહિ; પરંતુ જે સામંતોએ જીવન–મરણમાં રાણાઓથી પૃથક્ થવાની ઇચ્છા કરી નહોતી તે સામંતોનાં સ્મારકમંદિરો પણ અહીંઆં દૃષ્ટિગોચર થાય છે. આ કારણથી આ સ્થાન મંદિરોથી ભરાઇ ગયું છે. રાણાઓનાં મંદિરો સૌથી ઉચ્ચ છે, આ સ્મારકમંદિરોમાં જો કે રાણા અમરસિંહનું મંદિર સર્વોત્તમ છે; પરંતુ રાણા ભીમસિંહપર્યંત જેટલા રાણાઓ થઇ ગયા છે તે સર્વનાં મંદિરો દર્શનીય છે. આ પ્રકારનાં મંદિરો જેવાં બંધાવાં જોઇએ તેવાંજ બંધાયાં છે. સ્તંભ ઉપર આવેલા ગુંબજો વિશેષ ચિત્તાકર્ષક છે. આ સર્વ મંદિરો કાંકરોલીથી લાવવામાં આવેલા મરમરના પાષાણનાં બનેલાં છે. આમાંનાં કેટલાંક મંદિરો અતિ નાનાં છે અને ઘણી સાદી બાંધણીનાં છે. આ મંદિરો પ્રાચીનકાળનાં જણાય છે. આ પરથી સિદ્ધ થાય છે કે, આહર એક પ્રાચીન નગર છે. આહરની

[1] મેડતા નામનાં બે ભિન્ન ભિન્ન ગામ મેવાડ અને મારવાડ એ ઉભય રાજ્યોમાં છે.

ભૂમિ અગણિત વિધ્વસ્ત મંદિરો તથા સ્મારકસ્તૂપોથી આવૃત છે. એમ કહેવાય છે કે, આ વિશાળ નગરમાં પૂર્વે રાણાના પૂર્વજો નિવાસ કરતા હતા અને એવી જનશ્રુતિ પ્રચલિત છે કે, આશાદિત્ય નામના માણસે આ નગરની સ્થાપના કરી હતી તથા એ નગરની સ્થાપના થઈ તે પૂર્વે દીર્ઘકાળપર આ સ્થાનમાં વિક્રમાદિત્યના એક પૂર્વજ વાસ કરતા હતા. ત્યાર પછી તેમણે અવંતી (ઉજ્જયિની) પ્રાપ્ત કર્યું હતું તે સમયે આહરની ભૂમિ 'તન્વનગરી'ના નામથી પ્રસિદ્ધ હતી. તન્વનગરી પછી એનું નામ આનંદપુર પડયું અને ત્યારપછી આહર થયું. આહરના નામપરથીજ ગિહલોતજાતિ આહરિયા નામથી વિખ્યાત થઇ હતી. આ નગરના પૂર્વભાગમાં એક મોટો કોટ વિદ્યમાન છે અને તેને ધૂલકોટ કહેવામાં આવે છે. એમ કહેવાય છે કે, જ્વાળામુખી પર્વતના ફાટવાથી આહર નગર નષ્ટ થયું હતું. જ્વાળામુખીના ફાટવાથીજ ખીણમાંનાં સરોવરો થયાં હતાં કે નહિ તે કાંઇ કહી શકાતું નથી. તેનો નિર્ણય તો માત્ર અધિક ચતુર ભૂસ્તરશાસ્ત્રીઓજ કરી શકશે. અહીંઆંથી મને કેટલાક માટીકામના જીર્ણ નમુનાઓ પ્રાપ્ત થયા. આથી મેં પ્રાચીનમુદ્રા તથા રૂપિયા મેળવવાની આશાથી આ સ્થાન ખોદવાની આજ્ઞા કરી. સૌભાગ્યવશાત્ કેટલીક પ્રાચીનમુદ્રાઓ મને પ્રાપ્ત થઈ. આ સિક્કાની એક તરફ કોઇક પશુની આકૃતિ વિદ્યમાન છે. મારા અનુમાન પ્રમાણે એ સિંહની મૂર્તિ છે. કેટલાક સિક્કાની ઉપર ગર્દભની મૂર્તિ છે. એમ કહેવાય છે કે, વિક્રમાદિત્યના ભ્રાતા ગર્ધવસેન પોતાના સિક્કામાં ગર્દભની મૂર્તિ અંકિત કરાવતા હતા. તેઓ પોતાના સિક્કાપર ગર્દભની મૂર્તિ અંકિત કરાવતા તે સંબંધે એક જનશ્રુતિ પણ પ્રચલિત છે.

આ આહરનગર અતિ પ્રાચીન અને વિશાળ હતું, એ વાતનો સર્વ માણસો સ્વીકાર કરે છે. હાલમાં આ નગરમાં પુષ્કળ સ્મારકમંદિરો છે. તેની આસપાસ જે કોટ છે તે પણ આ પ્રાચીન વિધ્વસ્ત મંદિરાવલીનાં રોડાંથી બનાવવામાં આવ્યો છે.કેટલાંક વિશાળ જૈનમંદિરો હાલ જીર્ણાવસ્થામાં આવી પડેલાં છે. આ મંદિરો અતિ પ્રાચીન કાળનાં છે. આ મંદિરોમાં જેટલી મૂર્તિઓ છે તે સર્વ ઉંધી છે અર્થાત્ તેનાં મસ્તક નીચે અને પગ ઉપર છે. મહાવીર અને મહાદેવ એ ઉભયની મૂર્તિઓ એકત્ર રાખવામાં આવી છે અને ઉભયને શ્વેત પાષાણમાંથી કોતરી કાઢવામાં આવી છે. બે શિલાલેખ પણ આ સ્થળેથી મને પ્રાપ્ત થયા. આમાંનો એક શિલાલેખ જૈનલોકોની લિપિમાં લખેલો છે અને બીજો કયી લિપિમાં છે તે કાંઇ સમજાતું નથી.

હિંદુકુલસૂર્ય રાણાની સાથે મારી મુલાકાત કરવાનું શુભ મુહૂર્ત નહિ હોવાથી એવો નિર્ણય કરવામાં આવ્યો કે, મારે એક દિવસ સુધી થોભવું. મારાપર શુભ નક્ષત્રની શુભ દૃષ્ટિ નહિ હોવાથી હું થોભવાને કબૂલ થયો. અંતે નક્ષત્રનો પ્રકોપ ન્યૂન કરવાને માટે જ્યોતિષીએ એવો નિર્ણય કર્યો કે, પૂર્વદ્વારને બદલે દક્ષિણદ્વારથી મારે નગરમાં પ્રવેશ કરવો. રાણા ભીમસિંહે પોતાના પુત્ર, સર્વ સામંતો, મંત્રીવર્ગ તથા પ્રાયઃ સર્વ નાગરિકોની સાથે સામા આવી શુભ અંતઃકરણથી મહાસન્માનસહિત અમારો આદરસત્કાર કર્યો. હજારો મુખોદ્વારા " રામ રામ ટૉડ સાહેબ "એવા શબ્દો નીકળવા લાગ્યા. મેં પ્રત્યેક સામંતને ક્ષેમકુશળતાના સમાચાર પૂછ્યા. આ સંમેલન, આ દર્શન અને આ પ્રીતિસંભાષણ કૃત્રિમ નહોતું; પરંતુ સુદૃઢ મિત્રતામૂલક હતું. રાણાએ બીજે દિવસે મને મહાલયમાં આવવાને માટે નિમંત્રણ કરી વિદાય લીધી. તેઓ સીધે માર્ગે બારોબાર મહાલયમાં ચાલ્યા ગયા અને અમે ગ્રહની કુદૃષ્ટિ નિવૃત્ત કરવાને માટે ઉક્ત માર્ગ છોડી દક્ષિણ સિંહદ્વારમાંથી થઇ અમારા નિવાસસ્થાન રામપ્યારીના બાગમાં પ્રવિષ્ટ થયા.

રાજપૂતબાંધવ ઉદારચિત્ત ટૉડ મહોદયના ભ્રમણનું વૃત્તાંત અહીં પૂર્ણ થાય.છે.તેઓ પોતાના સમયમાં જે જે સ્થાનોમાં ગયા હતા તેમાંના અનેક સ્થળોની સ્થિતિ વર્તમાન સમયમાં નિઃસંદેહ બદલાઈ ગઈ છે; છતાં ઉક્ત વૃત્તાંતના વાચનથી પાઠકો અન્ય પણ જાણવાયોગ્ય પુષ્કળ હકીકત જાણી શકશે, એ સ્પષ્ટજ છે.

# अध्याय २९ मो

## (મેવાડની ધર્મસંસ્થા, મહોત્સવો તથા આચારવિચાર)

**રાજપૂતજાતિની સામાજિક નીતિરીતિઓના જ્ઞાનની આવશ્યકતા-ભારતનો પૌરાણિક ઇતિહાસ-મેવાડમાં ચાલતી શિવપૂજા-ભગવાન એકલિંગજીનું મંદિર-શૈવ, ગોસ્વામી અને જૈનલોકોસંબંધી હકીકત-નાથદ્વારામાં આવેલું શ્રીકૃષ્ણજીનું મંદિર અને ત્યાંની પૂજાવિધિ-વૈષ્ણવધર્મ**

પ્રથમ (આ) ગ્રંથના ૨૧ અધ્યાયોમાં વર્ણવાયેલા-સર્વ-પ્રચલિત મેવાડના ઇતિહાસવડે કેવળ મેવાડની રાજપૂતજાતિની બહિરવસ્થા તથા વીરકૌશલ્યથી શાસન કરનાર ત્યાંના અધીશ્વરો અને મનુષ્યોનાં ચરિત્રોજ જાણવાને અમે સમર્થ થયા છીએ; પરંતુ એક પ્રજાની આન્તરિક નીતિરીતિ એટલે તે જાતિના સામાજિક આચાર-વિચારો પણ તેના ઇતિહાસનું એક પ્રધાન, રસિક અને મહત્ત્વનું અંગ છે. આ અંગનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાને માટ દીર્ઘકાળપર્યંત લક્ષપૂર્વક અવલોકન કરવાની જરૂર છે. આ ગ્રંથમાં રાજપૂતજાતિના એ અંતરંગ ચારિત્ર્યનો પણ ઉલ્લેખ કરવાની ઘણી જરૂર છે. પછી તેનાં સાધનો ગમે તેટલાં અપૂર્ણ હોય તોપણ શું થયું ? કાર્યકારણસંબંધ વિચાર્યા વિના માત્ર યુદ્ધોનાં અનેક વર્ણન વાંચવાથીજ પાઠકને યથાર્થ લાભ થશે ? ફારસી અને હિંદી ઇતિહાસકારો ધર્મ અને ઇતિહાસનું વર્ણન એકજ ગ્રંથમાં આપતા આવ્યા છે; પરંતુ યૂરોપના આધુનિક પંડિતો એ રીત પસંદ કરતા નથી. તેઓ ઉક્ત ઉભય બાબતોને પૃથક્ રાખવાનું પસંદ કરે છે. હિંદુઇતિહાસવેત્તાઓ પોતાના કાવ્યગ્રંથોમાં ધર્મનીતિ, સમાજ-નીતિ અને રાજનીતિ એ ત્રણેને એકજ ગ્રંથમાં ગ્રથિત કરતા હતા. તેમના ગ્રંથમાં એક સ્થળે એક વીર પુરુષને પ્રબલ પ્રતાપ અને અસીમ વિક્રમપૂર્વક યુદ્ધમાં નિમગ્ન થયેલો વર્ણવવામાં આવેલો હોય છે અને તેની સાથે ધર્મનીતિનો પ્રસંગ લાવીને તેનું પણ વર્ણન કરવામાં આવેલું હોય છે. આ રીતે ભિન્ન ભિન્ન વિષયોનું વર્ણન એકસાથે આવવાથી યૂરોપીઅનપાઠકોને તે રુચતું નથી. વળી આવા ગ્રંથમાં અમુક કાર્યનીઉપર કાંઈ પણ ટીકા કરવામાં આવેલી હોતી નથી તેમજ તેનું ફલાફલ દર્શાવવામાં આવેલું હોતું નથી. આથી જે સમાજનું વર્ણન કરવામાં આવેલું હોય છે તે સમાજનાં ચારિત્ર્યની સૂક્ષ્મરેષા પાઠકને રૂડા પ્રકારે જ્ઞાત થતી નથી અને તેમ થયાવિના સર્વાંગસંપૂર્ણ ચિત્ર બનતું નથી; માટે કોઇ પણ સમાજનું સંપૂર્ણ ચિત્ર જાણવાને માટે આપણે તેના આચારવિચાર જાણવાની જરૂર છે, કારણ કે આચારવિચાર એજ તેની અંતઃસ્થિતિનું ખરૂં ભાન આપણને કરાવે છે. કોઇ પણ દેશની કોઇપણ જાતિના આચારવિચાર સર્વદા એકસરખા રહેતા નથી. તેમાં સદા પરિવર્તન થયા કરે છે; પરંતુ તે સમાજની ધર્મનીતિ તો દીર્ઘકાળપર્યંત સ્થાયી અને વિકારરહિત રહે છે. રોમનોની 'મોર્સ' અને આધુનિક ઇટાલિયનોની 'કૉસ્ચ્યુમિ' ની પેઠે રાજપૂતોની 'ચાલ' પણ તેમની મનોભાવના અને સ્વભાવની નિદર્શક છે. પ્રાચીનકાળના ઋષિમુનિઓએ તેમને માટે એ નિશ્ચિત કરી મૂકી છે. ખોટે માર્ગે ચાલનાર-

ના સંબંધમાં મેવાડનો ધર્મોપદેશક કહે છે કે:-" કૈસી બુરી ચાલ ચલતા હય ? " અને આચાર-વિચારનો રક્ષક કહે છે કે:-" બાપદાદાકા ચાલ છોડા."

અત્યંત જંગલી જાતિઓ તથા કેટલાક ઉપર ઉપરના આચારોને બાજુ રાખતાં, દરેક સૂક્ષ્મદર્શી વિચારક સમજી શકે તેમ છે કે, જગતની સર્વ જાતિઓનો ધર્મ સમાનજ છે. મનુ, મહમદ કે મોઝિઝના ધર્મગ્રંથના મુખ્ય મુખ્ય સિદ્ધાંતો એકબીજાને મળતાજ છે.પ્રત્યેકનું લક્ષ્ય એકજ પરમ સત્ય તત્ત્વપ્રત્યે હતું. મોઝિઝના કાયદાપર કુરાનનો પાયો રચાયો છે અને મનુના તથા મોઝિઝના કાયદામાં તેથી પણ વધુ સમાનતા છે. એકજ ધર્મ મોટા જનસમુદાયમાં પ્રચલિત હોવાને લીધે તે ધર્મના માણસોની માનસિકઅવસ્થા અમુક અંશે મળતી આવે છે. રાજસ્થાનના લોકોમાં માહોમાંહેનો ધાર્મિક ભેદ છેક નહિ જેવોજ છે અને જો તેમના રીતિરિવાજનું તમે અવલોકન ન કરો તો તમે કદિ પણ આ જાતિઓ પૃથક્ છે,એમ કહી શકો નહિ.તમે સિસોદીઆઓની ભૂમિ મેવાડ છોડીને રાઠોડોની નિવાસભૂમિ મારવાડમાં પગ મૂકશો કે તરતજ તમને ઉપર્યુક્ત વિધાનની સત્યતા પ્રતીત થશે.અધર્મી શત્રુઓદ્વારા પરાજિત થવું, નવીન મતો અને પંથોનો જન્મ થવો વગેરે બાહ્ય કારણોથી લોકોના રીતરિવાજમાં ઘણા મહત્ત્વના ફેરફાર થાય છે. અમે માત્ર વર્તમાન કાળમા પ્રચલિત અને ઇતિહાસમાંથી ઉપલબ્ધ થતી સત્ય ઘટનાઓનોજ ઉલ્લેખ કરીશું,જે પરથી રાજપૂતજાતિના આંતરચારિત્ર્યની કાંઇક ઝાંખી પાઠકોને થઇ શકશે; અર્થાત્ તેમના સદ્ગુણદુર્ગુણવિષેના વિચારો,તેમનો સાંસારિક સંબંધ, તેમનો અતિથિસત્કાર અને તેમના સાર્વજનિક તથા ખાનગી વિલાસો પાઠકોને જ્ઞાત થશે.

વિખ્યાત ગોગેટ જણાવે છે કે:-" કોઇપણ જાતિ જેટલા પ્રમાણમાં શિલ્પ અને વિજ્ઞાનની ઉન્નતિ કરે છે, તેટલા પ્રમાણમાં તેના રીતરિવાજો ઉન્નત થાય છે." જો આપણે આ વચનો પ્રમાણે રાજપૂતોના પ્રાચીન અને અર્વાચીન રીતરિવાજોની તુલના કરીએ તો અવશ્ય આપણને તેમની અવનતિજ થયેલી જણાશે; કેમકે ગ્રીસના તત્ત્વવેત્તાઓ પ્લેટો,થેલ્સ અને પૈથાગોરાસ એવા તો જેમના શિષ્ય હતા, એવા મહાન તત્ત્વવેત્તાઓ ભારતમાં આજે કયા છે? જેમનું ગ્રહોવિષેનું જ્ઞાન આજે પણ યૂરોપીઅનોને આશ્ચર્યચકિત કરી દે છે એવા ખગોળવેત્તાઓ આજે અહીં કયાં છે? જેમનાં કામો જોઇને આપણાં મુખમાંથી એકાએક 'ધન્યવાદ' નીકળી જાય, તેવા શિલ્પીઓ અને કારીગરો તથા મનુષ્યને પોતાના વિવિધ પ્રકારના સૂરથી ઘડીમાં હસાવે તો ઘડીમાં રોવરાવે એવા અદ્ભુત સંગીતશાસ્ત્રીઓ પણ આજે કયાં છે? આ ઉપરથી કહી શકાય છે કે,તે સમયના લોકોની નીતિરીતિ પણ અવશ્ય હાલના લોકો કરતાં ઉચ્ચ પંક્તિનીજ હશે. શિલ્પ અને વિજ્ઞાનના પતનની સાથે નીતિરીતિની પણ અવનતિ અવશ્ય થઇ હોવી જોઇએ; તે છતાં પણ એશિયાટિકો પ્રાચીન આચારવિચારપ્રત્યે જે પૂજ્યભાવ ધરાવે છે, તેથી પ્રાચીન રીતરિવાજોનો ઘણો ભાગ તેઓમાં જળવાઇ રહ્યો છે; અને તેથી જે કારણોને લીધે તે રીતરિવાજોનો ઉદ્ભવ થયો હતો તે કારણો અદશ્ય થયા છતાં હજી પણ તે રીતરિવાજો સચવાઇ રહ્યા છે.[1]

ભારતવર્ષની ધાર્મિકનીતિ, રીતિ, આચાર,વિચાર, ઇતિહાસ, ધર્મતત્ત્વ વગેરે સમસ્ત ઉપયોગી બાબતોનું વર્ણન પુરાણોમાં પ્રાપ્ત થાય છે. અહીંના પ્રાચીન સમયના જગત્પૂજ્ય વિદ્વાનો અને વીરપુરુષો કે જેમની સમસ્ત જગતમાં પરમ પ્રશંસા થાય છે. જેમનાં અલૌકિક કાર્યોએ પશ્ચિમના વિદ્વાનોને પણ આશ્ચર્યચકિત બનાવી દીધા છે અને જેમની શ્રુતિ, સ્મૃતિ અને વિજ્ઞાન, કાવ્ય, અલંકાર તથા તર્કશાસ્ત્રદ્વારા આજે યૂરોપખંડમાં નવા નવા જ્ઞાનનો પ્રકાશ થઇ રહ્યો છે.તેમનાં પવિત્ર ચરિત્રો પૌરાણિકઇતિહાસના જટિલ અને નિબિડ આવરણમાં છુપાઇ રહ્યાં છે. દેશવિદેશના અનેક પંડિતો હિંદુઓનાં પુરાણોને મિથ્યા ગપાષ્ટક ગણીને તેમની હાંસી કરે છે;પરંતુ તેઓ ભૂલી જાય છે કે જગતના સર્વ દેશોનો પ્રાચીનઇતિહાસ આવાજ પ્રકારની પૌરાણિક વાતોમાં છુપાયેલો હોય છે. જે ઇંગ્લાંડભૂમિ

૧ રાજપૂતોનું સ્ત્રીજાતિપ્રત્યેનું ઉચ્ચ સન્માન, તેમનામાં ચાલતી રણવાસની રીતિ, રાજપૂતસ્ત્રીઓની અસીમ પતિભક્તિ, રાજપૂતસ્ત્રીઓની પ્રધાનતા, ઉદારતા, સાહસ અને સમયસૂચકતા ઇત્યાદિ રાજપૂતજાતિની અંતરંગ નીતિરીતિની સૂચક મહત્ત્વની બાબતો અનેક ઉદાહરણોસહિત આ ગ્રંથના ૨૨ મા અધ્યાયમાં વર્ણવાઇ ચુકી છે;છતાં તેમની ધાર્મિક અને સામાજિક નીતિરીતિઓસંબંધી બીજી અનેક જાણવા જેવી બાબતો વર્ણવવી બાકી હોવાથી આ તેમજ હવે પછીના થોડા અધ્યાયમાં તે સંક્ષેપથી વર્ણવાશે. મંત્રી સ૦ સા૦

આજે સંસ્કૃતિના શિખરપર ચઢીને ગર્વસહિત પોતાનું મસ્તક ઉન્નત કરી રહી છે, તેનો આદ્યઇતિહાસ પણ પુરાણોનાં જટિલવર્ણનમાં એવો છુપાઇ ગયેલો છે કે તેમાંથી સત્ય તારવી કાઢવું કઠિન છે.જગતની ગમે તે પ્રાચીનજાતિનો આદ્યઇતિહાસ આપણે પ્રાપ્ત કરવો હોય તો સૌથી પ્રથમ આપણને પુરાણુ-રૂપી સમુદ્રનુંજ મંથન કરવું પડશે. વાસ્તવમાં પુરાણ એજ જગતની આદિ અવસ્થાનો ઇતિહાસ છે.

ધનુર્વેદ, આયુર્વેદ, સ્મૃતિ, રાજનીતિ કિંવા વિજ્ઞાન, ગમે તે શાસ્ત્ર હો; પરંતુ તેના મૂળમાં જો પૌરાણિકઇતિહાસ નહિ હોય તો તે અવશ્ય અપૂર્ણજ રહેશે. પૌરાણિકકથામાળામાં જેમને અધિકાંશે કલ્પનાનીજ ભરતી જણાય છે, તેઓને વિજ્ઞાનનાં મૂળસૂત્રોનું ઘણુંજ થોડું જ્ઞાન હોય છે. જગતની આદિ અવસ્થાની સાક્ષી પુરાણજ આપે છે અને જગતના સમસ્ત દેશોના ઇતિહાસનો પાયો પુરાણપરજ રચાયો છે. જગતના ઇતર દેશોને પુરાણોથી ગમે તેવું ફળ પ્રાપ્ત થયું હો; પરંતુ સભ્યતાના આદ્યસ્થાન ભારતવર્ષપર તેનો ઘણો ઉપકાર થયો છે. હિંદુધર્મ વિજ્ઞાનમૂલક છે. વિજ્ઞાન સ્વભાવતઃજ નીરસ અને શુષ્ક હોય છે; પરંતુ હિંદુઓનાં પુરાણોમાં આ રસહીન અને શુષ્ક શાસ્ત્રને એવા સુંદર આચ્છાદનથી આવૃત કરવામાં આવ્યું છે કે કોટયવધિ વર્ષોનું અંતર પણ તે આચ્છાદનને દૂર કરી શકયું નથી.હિંદુઓ પોતાના પુરાણને વેદસમાન પવિત્ર માને છે. આ પુરાણોમાં જે મહાપુરુષોને દેવતરિકે આલેખવામાં આવ્યા છે, તેમને અદ્યાપિ દેવતરિકે પૂજવામાં આવે છે.આ વિશાળ ભારતભૂમિમાં શિવ અને વિષ્ણુને કોટયવધિ લોકો અદ્યાપિ પૂજે છે. ભારતના ઈતર દેશો કરતાં પણ રાજસ્થાનમાં પુરાણોક્ત ધર્મપ્રત્યે અધિક શ્રદ્ધા રાખવામાં આવે છે. શતકોનાં શતકો વ્યતીત થઇ ગયાં,રાજસ્થાનનાં અનેક સ્થાનો સ્મશાન-ભૂમિ બની ગયાં, અનેક પ્રાચીન રાજવંશો લુપ્ત થઇ ગયા અને અનેક સ્થાનોમાં ઘોર પરિવર્તન થઈ ગયું; તોપણ રાજપૂતજાતિના પૂર્વજો બે હજાર વર્ષપૂર્વે જે ધર્મનું અવલંબન કરતા હતા તેજ ધર્મનું અનુસરણ આજના રાજપૂતો કરે છે.

મહાબળવાન રાજપૂતો પુરાણોને પવિત્ર માને છે;કારણકે તેમના પૂજનીય પૂર્વજોની મહાન કીર્તિ અને લીલા પુરાણોમાંજ નિર્દિષ્ટ કરેલી છે. રાજપૂતો મહાદેવને વીરતા,મહત્તા અને સંન્યસ્તના પ્રકાશ-માન આદર્શ માનીને તેમની પૂજા કરે છે;ખાસ કરીને તેઓ મેવાડીરાજપૂતોના પ્રધાન ઉપાસ્યદેવ છે. ત્યાં અદ્યાપિ પૂર્વવત્ તેમની પૂજા કરવામાં આવે છે. ગિહલોતકુલના રાજપૂતો મહાદેવજીની પૂર્ણ મૂર્તિ અને લિંગ એ ઉભયની પૂજા કરે છે;તથાપિ અહીંઆં મહાદેવજીને બહુધા એકલિંગજી[1] કહેવામાં આવે છે.એકલિંગજીનાં જેટલાં મંદિરો મેવાડમાં છે,તે સર્વમાં મૂર્તિની સામે મહાદેવના પ્રિય નંદીની ધાતુની મૂર્તિ સ્થાપિત થયેલી દૃષ્ટિગોચર થાય છે.

ગિહલોતકુલના પ્રધાન ઉપાસ્યદેવતા ભગવાન એકલિંગજીનું પવિત્ર મંદિર ઉદયપુરથી ત્રણ કોશના અંતરપર ઉત્તર તરફ એક ગિરિમાર્ગની વચ્ચે આવેલું છે.તેની ચોતરફ મોટા મોટા પર્વતો અને વૃક્ષો વિરાજી રહ્યાં છે.પર્વતમાલાની શોભા અવર્ણનીય છે.લીલીછમ વનસ્પતિઓનું નયનરંજક દૃશ્ય અને કલકલ શબ્દ કરતી નાની નાની નદીઓનું મનોહર દૃશ્ય આ સ્થાનની શોભામાં ઘણી વૃદ્ધિ કરી રહ્યું છે.

એકલિંગજીના પૂજારીઓને ગોસ્વામી કહેવામાં આવે છે. આ લોકો લગ્ન કરતા નથી; પરંતુ મૃત્યુસમયે તેઓ પોતાના પરિપાલિત શિષ્યને મંદિરનો સમસ્ત ભાર સોંપતા જાય છે.આ શૈવ પુરો-હિતગણોના મસ્તકપર અર્ધચંદ્રાકાર ચિન્હ વિરાજમાન રહે છે;તેમજ તેમના મસ્તકપર જટા પણ હોય છે. આ જટામાં એક બીલીપત્ર અને કમલની માળા રાખવામાં આવે છે.તેઓ સર્વાંગે ભસ્મ ચોળે છે અને ગેરુઆ રંગનાં વસ્ત્રો પરિધાન કરે છે. આ લોકોનાં શબને બાળવામાં આવતાં નથી; પરંતુ દાટવામાં આવે છે અને તેમની સમાધિ ઉપર એક છત્રી બનાવવામાં આવે છે.મેવાડમાં એવા પુષ્કળ ગોસાંઇઓ છે કે જેઓ કૌમારવ્રત ધારણ કર્યા છતાં પણ શિલ્પ, વાણિજ્ય અને યુદ્ધકાર્યદ્વારા પોતાની આજીવિકા ચલાવે છે. ભારતવર્ષમાં ગોસ્વામીઓ અધિકાંશે ધનવાન હોય છે. મેવાડમાં આવી અનેક જાતિઓ છે.

રાણાજી આ લોકોપર અત્યંત કૃપા દર્શાવે છે. આમાંના શસ્ત્રધારી લોકો ભિન્ન ભિન્ન મઠો અને

1 સૌરાષ્ટ્ર અને સિંધુનદીની પૂર્વતરફના પ્રદેશમાં સહસ્રલિંગ અને કોટિલિંગ નામની બે મૂર્તિઓ દૃષ્ટિગોચર થાય છે. ગ્રીસ અને મિસરદેશમાં જે એકસરની લિંગમૂર્તિ છે, તેની સાથે આ સમસ્ત મૂર્તિઓ કેટલેક અંશે મળતી આવે છે.

આશ્રમોમાં રહે છે. આ લોકોના અધિકારમાં થોડી થોડી ભૂમિ હોય છે અને કેટલાક લોકો ભિક્ષાવૃત્તિથી પણ પોતાની આજીવિકા ચલાવે છે. આ ગોસ્વામીલોકો પોતાના કાન વિંધી તેમાં શંખયુકત કુંડલ ધારણ કરે છે. આ કુંડલો તેમને રણભેરીતરિકે પણ કામ લાગે છે. બ્રાહ્મણો અને રાજપૂતોસિવાય ગુર્જર લોકો પણ આ સંપ્રદાયમાં જોડાઈ શકે છે. મહાકવિ ચંદ બરદાયીએ મહારાજા જયચંદની ગોસ્વામીઓની બનેલી એક અંગરક્ષક સેનાનું વર્ણન અતિ મનોહરતાપૂર્વક કર્યું છે.

મેવાડના રાણાને 'એકલિંગના દિવાન' કહેવામાં આવે છે. મહારાણા જ્યારે મંદિરમાં પધારે છે ત્યારે પૂજાનો સમારોહ અતિ ભવ્ય થાય છે.

આ તો શૈવલોકોનું વર્ણન થયું. હવે જૈનલોકોનું વર્ણન સંક્ષેપમાં કરવામાં આવે છે. આ લોકોની ધાર્મિક અને સામાજિકસ્થિતિવિષે અમારે માત્ર એટલુંજ જણાવવાનું છે કે કેવળ ક્ષત્રગચ્છશાખાના પ્રધાન ધર્માચાર્યના હાથથી દીક્ષિત થયેલા અગીઆર હજાર શિષ્યો ભારતનાં ભિન્ન ભિન્ન સ્થળોમાં નિવાસ કરે છે. વળી જૈનલોકોની ઓસવાલ નામની એક શાખા છે. તેનાં એક લાખ કુટુંબો રાજસ્થાનમાં નિવાસ કરે છે.વળી ભારતવર્ષના વ્યાપારનો અર્ધથી અધિક ભાગ જૈનલોકોના હાથમાં છે.પ્રથમ રાજસ્થાન અને સૌરાષ્ટ્રમાં જૈન તથા બૌદ્ધલોકોનું આગમન થયું.આ લોકો જે પાંચ પર્વતોને પવિત્ર માને છે તેમાં આબુ, શેત્રુંજય અને ગીરનાર,એ ત્રણ તેમના ધર્મયુદ્ધની પ્રધાન રણભૂમિ છે.મેવાડની મંત્રીસભા અને કારોબારીવિભાગના ઘણા કર્મચારીઓ જૈનોજ છે અને પંજાબથી લઈને સમુદ્રતટપર્યંતનાં પ્રાયઃ સર્વ નગરો જૈન સદ્‌ગૃહસ્થોથી વિભૂષિત છે. ઉદયપુર તથા અન્યાન્ય નગરોના કારોબારી તથા મહેસુલીવિભાગના કર્મચારીઓ પણ આજ જ્ઞાતિના છે. '**अहिंसा परमो धर्मः**' એ જૈનલોકોનો મૂળ મંત્ર છે. બનતાંસુધી આ લોકો જીવહત્યા કરતા નથી. આજ કારણથી આ ધર્મના જે લોકો દિવાનીવિભાગમાં હોય છે તેઓ ફોજદારી વિભાગના જૈનકર્મચારીઓ કરતાં અધિક નિપુણતાથી પોતાનું કાર્ય કરે છે. '**अहिंसा परमो धर्मः**' એ તેમનો મૂળમંત્ર હોવાથી ક્ષાત્રધર્મમાં તેઓ પાછળ છે. અણહિલપુરપાટણનો પાછલો રાજા કુમારપાલ એક ચુસ્ત જૈન હતો.

હિંદુસ્થાનમાં બૌદ્ધ, વૈષ્ણવ, શૈવ અને શાક્તોમાં જે ઘોર મતભેદ ઉત્પન્ન થયો હતો, તે ભગવાન ભાષ્યકાર શંકરાચાર્યે નિવૃત્ત કર્યો છે. તેમણે પોતાના દૈવીસામર્થ્યના પ્રભાવથી સર્વ ધર્મોનું સમીકરણ કરી દેશાનુરાગનું ઉત્તમ પ્રમાણ દર્શાવ્યું છે. હવે શૈવ, શાક્ત, જૈન કે વૈષ્ણવ એકબીજાની સામે આવતાં લાઠી વા તલવારનો ઉપયોગ કરતા નથી. સર્વે પૂર્વનો કઠોર વિદ્વેષ ભૂલી જઇને હાલમાં શાંતિસુખ ભોગવી રહ્યા છે. જે સમયે જૈન અને બ્રાહ્મણધર્મવચ્ચે ભયંકર શત્રુતા ચાલતી હતી અને જે સમયે અસંખ્ય બ્રાહ્મણો તથા જૈનો તે વિદ્વેષાગ્નિમાં પતંગની પેઠે પડીને ભસ્મ થતા હતા, તે સમયે પુષ્કળ જૈનો મેવાડમાં આવીને વસ્યા હતા. મેવાડમાં અતિ પ્રાચીનકાળથી જૈનલોકોનો નિવાસ છે. જો કે મેવાડના એકાદ બે રાજાઓ શૈવધર્મ છોડીને જૈનધર્માવલંબી થઇ ગયા હતા; તોપણ એકંદરે સર્વ રાણાઓ શૈવધર્મનાજ મહાન સહાયક હતા. ગિહલોતકુલના આદ્યપુરુષો અર્થાત્ વલ્લભીલોકો જૈનધર્મી હતા. આજ કારણથી ગિહલોતકુલના રાણાઓ જૈનધર્મપ્રત્યે આદરભાવ રાખતા હતા. ચિતોડમાં આવેલો પાર્શ્વનાથનો સ્તંભ આ વાતનું નિર્વિવાદ પ્રમાણ છે. મધ્ય, પશ્ચિમ અને દક્ષિણભારતમાં હિંદુશિલ્પવિદ્યાના જે અનુપમ આદર્શો વિદ્યમાન છે તેપરથી સ્પષ્ટરીતે જ્ઞાત થાય છે કે, હિંદુલોકો શિલ્પશાસ્ત્રની પરાકાષ્ઠાપર પહોંચી ગયા હતા. જૈનલોકોએ કેટલાંક અમૂલ્ય રત્નોની રક્ષા કરી છે. ભયંકર યવનવિપ્લવના પ્રદીપ્ત અગ્નિમા જે સમયે ભારતવર્ષનાં સમસ્ત ગ્રંથરત્નો બળીને ભસ્મીભૂત થઇ રહ્યાં હતાં, તે સમયે જૈનલોકોએ તેવાં અનેક અમૂલ્ય રત્નોની રક્ષા કરી, એ મહદ્ આશ્ચર્યની વાત છે. ઈંગ્લાંડના ઇતિહાસવેત્તાઓને આજપર્યંત પણ એ રત્નોનો પત્તો લાગ્યો નથી. મારવાડના જેસલમીરમાં, પ્રાચીન અણહિલપુરપાટણમાં તથા કમ્બેર અને અન્યાન્ય જૈનપીઠોમાં આવેલાં પુસ્તકાલયો અદ્યાપિ એવાં અસંખ્ય અમૂલ્ય ગ્રંથરત્નોથી પૂર્ણ છે. કઠોર શાસન અને ભયંકર અત્યાચાર સહન કરીને પણ ધાર્મિક જૈનલોકોએ આ સમસ્ત રત્નોની રક્ષા કરી છે.[1]

---

૧ આ સર્વ છતાં પણ હવે અમે જણાવીશું કે, "**अस्ति सर्वत्र सर्वयेत्**" આ મહાવાક્ય ધ્યાનમાં લઈ જૈનબંધુઓએ આવા શાન્ત, અવિરુદ્ધ સમયનો વિચાર કરીને તથા મૂળ ગ્રંથકર્તાઓ અને રક્ષકોનો હેતુ

મેવાડ સર્વ પ્રકારે હિંદુધર્મના આદર્શસ્વરૂપ છે. મેવાડનાં પર્વતમય ઉદ્યાનોમાં અનેકવાર ધર્મની ચર્ચા કરવામાં આવી છે તથા ધર્મની ઉન્નતિ સાધવામાં આવી છે. આ દેશના ધર્મપરાયણ રાજાઓ કેવળ શૈવ અને જૈનધર્મનાજ સહાયક નહોતા; પરંતુ વૈષ્ણવધર્મપ્રત્યે પણ તેમણે પોતાનો અનુરાગ દર્શાવી આપ્યો છે. મેવાડમાં આવેલા નાથદ્વારા નામના સ્થાનમાં શ્રીકૃષ્ણનું જે મંદિર છે તે આ વાતની સાક્ષી આપી રહ્યું છે. જ્યારે હિંદુવિદ્વેષી ઔરંગઝેબે વૈષ્ણવોપર કઠોર અત્યાચાર કરીને તેમને વ્રજધામમાંથી હાંકી કાઢ્યા ત્યારે તેઓ અન્ય કોઈપણ સ્થળે પોતાના ઉપાસ્યદેવની રક્ષા થવાનો માર્ગ નહિ જોઇ ઉદયપુરના મહારાણાના આશ્રયે આવી રહ્યા. ઉદયપુરના મહારાણાએ મોગલોના અત્યાચાર સહન કરીને પણ શ્રીકૃષ્ણની મૂર્તિસહિત વૈષ્ણવલોકોને પોતાના રાજ્યમાં આશ્રય આપ્યો હતો.

ઉદયપુરથી ઉત્તરે ૧૧ કોશપર શ્રીનાથદ્વારાનું પવિત્ર મંદિર વિરાજમાન છે. તેની પાસેથી બુનાસ નદી કલકલ ધ્વનિ કરતી વહે છે. બુનાસના તટપર શ્રીનાથદ્વારા આગળ શ્વેત સંગેમરમરનો ઓવારો બંધાવવામાં આવ્યો છે. શ્રીનાથદ્વારા વૈષ્ણવોનું પ્રધાન તીર્થસ્થાન છતાં ઉક્ત પ્રતિમાસિવાય ત્યાં અન્ય કાંઇ પણ દૃશ્ય જોવાયોગ્ય નથી. શ્રીનાથદ્વારાના મંદિરની બાંધણીમાં કોઇ પ્રકારની અપૂર્વ કારીગરી દૃષ્ટિગોચર થતી નથી. નાથદ્વારાને જે કાંઇ પ્રસિદ્ધિ વા પવિત્રતા પ્રાપ્ત થઈ છે તે કેવળ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમાને લીધેજ છે. ઇશુ ખ્રિસ્તના જન્મથી બેહજાર વર્ષપૂર્વે પુણ્યસલિલા યમુનાજીના પવિત્ર તટપર શ્રીકૃષ્ણચંદ્ર આનંદકંદની જે મૂર્તિ પ્રતિષ્ઠત થઈ હતી તેજ મૂર્તિ નાથદ્વારામાં સ્થાપિત છે એવું ઘણા લોકોનું અનુમાન છે. ગયાજી, દ્વારકા કિંવા વૃંદાવનમાં જે આનંદકારી મનોરંજક સુંદર મૂર્તિઓ દૃષ્ટિગોચર થાય છે તેવી સુંદર મૂર્તિ શ્રીનાથદ્વારામાં નથી. મેવાડના આ પવિત્ર તીર્થમાં પ્રતિવર્ષે ભારતના અનેક ભાગોમાંથી અસંખ્ય યાત્રાળુઓ યાત્રાનિમિત્તે આવે છે.

સહસ્રાવધ વર્ષોથી જે વ્રજધામ શ્રીકૃષ્ણ ભગવાનનું પ્રધાન ધામ ગણાતું હતું, તેનો મોગલોના કઠોર અત્યાચારથી પરિત્યાગ કરીને વૈષ્ણવો આ પવિત્ર મૂર્તિને લઇને ભારતવર્ષનાં અનેક સ્થાનોમાં ભ્રમણ કરતા હતા. હિંદુહિતૈષી ઉદારચિત્ત અકબરે પુનઃ શ્રીવૃંદાવનવિહારીની મૂર્તિને તેમના પ્રાચીન મંદિરમાં પ્રતિષ્ઠિત કરવાની આજ્ઞા આપી હતી અને તેના પુત્ર જહાંગીર તથા પૌત્ર શાહજહાંએ પણ તેમને કશો ઉપદ્રવ કર્યો નહોતો. ઘણા લોકોની એવી માન્યતા છે કે અકબરે પોતાના નવીન ધર્મની સ્થાપના, આ સર્વ મંગલમય વૈષ્ણવધર્મના સુંદર ગુણગૌરવથી મોહિત થઈ પોતાના ધર્મની સાથે તેની તુલના કરીને કરી હતી; પરંતુ કેટલાક લોકો આ વાતપર શંકા કરે છે. જો અકબરનો ઉદ્દેશ પરિપૂર્ણ થાત અને તેના જાતિબંધુઓ હિંદુઓપ્રત્યે સદ્‌વર્તન રાખત તો મોગલસામ્રાજ્ય ભારતવર્ષમાંથી જડમૂળથી ઉખડી જાત નહિ; પરંતુ હિંદુમુસલમાનોમાંથી એક નવી જાતિ ઉત્પન્ન થાત, પણ ઇશ્વરને આ પરિણામ ગ્રાહ્ય નહોતું તેથીજ ભારતવર્ષમાં ઔરંગઝેબનો જન્મ થયો.

જહાંગીર રાજપૂતરાજકુમારીના ગર્ભથી ઉત્પન્ન થયો હતો, તેથી તે હિંદુધર્મપ્રત્યે વિશેષ અનુરાગ ધરાવતો હતો. તે પોતાના ઉદારચિત્ત પિતાની પેઠેજ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની પૂજા કરતો હતો; પરંતુ જહાંગીરનો પુત્ર શાહજહાં શૈવધર્મમાં દીક્ષિત થયો હતો. સિદ્ધરૂપ નામના એક સંન્યાસીએ શાહજહાંને એ ધર્મમાં દીક્ષિત કર્યો હતો. ભારતનો સમ્રાટ આ રીતે શૈવધર્માવલંબી થયાથી તે સમયે શૈવધર્મની પરમ ઉન્નતિ થઈ હતી. શૈવલોકો પાદશાહના અનુગ્રહને પ્રાપ્ત થવાથી વૈષ્ણવધર્માવલંબીઓ ઉપર તેઓ અનેક પ્રકારના અત્યાચાર કરવા લાગ્યા. તેમના અત્યાચારોથી પીડિત થઇ વૈષ્ણવલોકો ભગવાનની મૂર્તિ લઇ શ્રીવ્રજભૂમિનો ત્યાગ કરી અહીં તહીં ભ્રમણ કરવા લાગ્યા. ત્યારપછી ઉદયપુરની એક રાજકુમારીએ ઘણો પરિશ્રમ કરી પુનઃ શ્રીવિષ્ણુ ભગવાનની મૂર્તિને તેના પૂર્વ આસનપરવિરાજમાન કરી; પરંતુ તે મૂર્તિ ઝાઝા દિવસ ત્યાં રહી શકી નહિ. અલ્પ અવધિમાં નિષ્ઠુર ઔરંગઝેબે સિંહાસનારૂઢ થઇ વૃંદાવનમાંથી તે મૂર્તિને દૂર કરી. ઔરંગઝેબ આ પ્રકારના અત્યાચારોથીજ હિંદુઓના અત્યંત તિરસ્કારને પાત્ર થયો હતો.

યમદૂતસમાન ઔરંગઝેબે ગોહત્યા અને બ્રહ્મહત્યા કરી સમસ્ત વ્રજભૂમિને અપવિત્ર બનાવી દીધી

---

બુદ્ધિપૂર્વક વિચારીને એ ગ્રંથભંડારો કંઈક વધુ છૂટથી નકલ થવા દેવા તથા ઐતિહાસિક શોધખોળમાટે ખુલ્લા મૂકવા જોઈએ.
ગ્રંથી શ્રા૦ શા૦

અને સાથે સાથે શ્રીકૃષ્ણચંદ્રના મંદિરને પણ ભ્રષ્ટ કર્યું. તેના આ કઠોર અત્યાચાર જોઈ સિસોદીઆ-રાણા રાજસિંહના હૃદયમાં દારુણ ક્રોધ ઉત્પન્ન થયો. તેમણે આ અપમાનનું વેર લેવાને માટે ઔરંગ-ઝેબની વિરુદ્ધ પ્રચંડ ખડ્ગ ધારણ કર્યું.રાણાજીનો પરમ ઉત્સાહ જોઈ અસંખ્ય રાજપૂતો તેમની પતાકા-નીચે એકત્રિત થયા અને એક લક્ષ રાજપૂતવીરોએ યવનોના પંજામાંથી શ્રીકૃષ્ણની મૂર્તિનું સંરક્ષણ કરવાને માટે પ્રાણોત્સર્ગ કર્યો. હિંદુઓના આવા ઉદાત્ત આત્મબલિદાનના પ્રભાવથી પાપી ઔરંગઝેબ શ્રીકૃષ્ણની મૂર્તિને સ્પર્શ કરી શક્યો નહિ અને કોટા અને રામપુરમાં થઈને તે મૂર્તિ મેવાડમાં આવી પહોંચી. રાણાજીની ઇચ્છા આ મૂર્તિની પ્રતિષ્ઠા ઉદયપુરમાં કરવાની હતી; પરંતુ માર્ગમાં એક અકસ્માત બન્યાથી તેમની ઇચ્છા પરિપૂર્ણ થઈ શકી નહિ. મેવાડના શિયોર નામના ગામમાં થઈને શ્રીભગવાનનો રથ ચાલ્યો જતો હતો, એવામાં રથનું ચક્ર જમીનમાં ઊંડું પ્રવેશી ગયું અને ગમે તેટલો પ્રયત્ન કર્યા છતાં પણ તે નીકળ્યું નહિ.ત્યારે એક જ્યોતિષીએ આવીને જણાવ્યું કે:-"ભગવાન અહીંઆંજ રહેવાની ઇચ્છા ધરાવે છે. જો તેમ ન હોત તો આ ચક્ર શા માટે પૃથ્વીમાં પ્રવેશીને ચોંટી ગયું હોત?" જ્યોતિ-ષીનાં આ વચનો સાંભળી રાણાને તેપર સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો અને તેમણે ત્યાંજ તેમને માટે મંદિર બંધાવવાની આજ્ઞા કરી. શિયોર ગામ દેલવાડાના સામંતના તાબામાં હતું. શ્રીકૃષ્ણ ભગવાનના અનુ-ગ્રહની વાત સાંભળી દેલવાડાનો સામંત ત્યાં આવ્યો અને તેણે શીઘ્ર ત્યાં એક મંદિર બંધાવ્યું. વળી તેણે તે ગામ અને બીજી પણ પુષ્કળ ભૂમિ તે મંદિરને અર્પણ કરી. ત્યારપછી પ્રતિમાને વિધિપૂર્વક રથમાંથી ઉતારીને ઉક્ત મંદિરમાં વિરાજમાન કરવામાં આવી. તે દિવસથી શિયોર ગામ શ્રીનાથદ્વારા બન્યું અને અલ્પ અવધિમાં તે એક નગરસમાન બની ગયું. મેવાડના સુપ્રસિદ્ધ તીર્થ શ્રીનાથદ્વારાની ઉત્પત્તિ આ પ્રકારે થઈ.

નાથદ્વારાની પૂર્વતરફ પર્વતશ્રેણી દિવાલની પેઠે શોભે છે અને પશ્ચિમ-ઉત્તર તરફ બુનાસનદી વહે છે. નદી અને પર્વતની વચ્ચે ભગવાન શ્રીકૃષ્ણનું પરમ પવિત્ર મંદિર સ્થાપિત છે. રાજપૂતો દૃઢ શ્રદ્ધાપૂર્વક માને છે કે ઘોર પાપીઓ પણ આ સ્થાને પવિત્ર બની જાય છે અને અંતસમયે સ્વર્ગારોહણ કરે છે. આ ભૂમિમાં રાજદંડનો પણ કશો ભય નથી. ઘોર અપરાધી પણ જો નાથદ્વારામાં ચાલ્યો આવે તો રાજા તેને દંડ દઈ શકતો નથી. આ સ્થાન પરમ શાંતિદાયક છે. લડાઇ, ઝઘડો, ક્લેશ,દ્વેષ ઇત્યાદિ કોઇપણ પ્રકારની વિષમતા અહીંઆં રહી શકતી નથી.અહીંઆં રહે છે તે માણસો સદા શાસ્ત્રચર્ચા અને ધર્મચર્ચા કરે છે. જોકે નાથદ્વારા એક સાધારણ ગામ છે, તોપણ તેમની સીમામાં અગણિત મનુ-ષ્યો નિવાસ કરે છે. સ્થળે સ્થળે આમલી,પીપળા તથા વડનાં મોટાં મોટાં વૃક્ષો ઉભાં રહીને યાત્રાળુ-ઓનાં મસ્તકપર છાયા કરે છે. વૈષ્ણવ લોકો આ વૃક્ષોની છાયાનીચે બેસીને ગ્રીષ્મકાલના તાપથી પોતાની રક્ષા કરે છે અને કોઇ ગાય છે, કોઇ વગાડે છે,કોઇ નૃત્ય કરે છે તો કોઇ ગીતગોવિંદ વાંચી અસંખ્ય મનુષ્યોને તેનો અર્થ સમજાવે છે. સંસારથી વિરક્ત થયેલા જનોને માટે નાથદ્વારા એ એક પરમાનંદદાયક સ્થાન છે. ઉદાસીને માટે એ શાંતિકુટિર છે અને નિરાશ થયેલાને માટે તે આશાકુંજ છે. સમસ્ત જગતે જેને પાપી ગણીને તજી દીધો હોય, જેનો સુખાશારૂપી દીપક સદાને માટે લય પામી ગયો હોય, જે વિપુલ ધનસંપત્તિ ગુમાવી અન્નને માટે ટળવળતો હોય, જેનાપર પ્રેમ કરનાર કોઇપણ મનુષ્ય ન હોય, સંક્ષેપમાં જે ત્રિવિધ તાપથી તપ્ત થયેલો હોય તેને માટે નાથદ્વારા એ શાંતિનું સ્થાન છે. પુષ્કળ માણસો પોતાની ભાર્યા, કન્યા અને પ્રાણપ્રિય પુત્રોને છોડીને આ શાંતિદાયક સ્થાનમાં આવીને રહે છે.આ માણસોના મનમાં દૃઢ વિશ્વાસ અને પ્રબલ આશા હોય છે કે:-" અમે સંસારનો ત્યાગ કરીને જે પ્રભુને શરણે આવ્યા છીએ, તે અંતકાળે અવશ્ય અમને પોતાના ચરણમાં સ્થાન આપશે. તેમના ચરણમાં સ્થાન પ્રાપ્ત થવાથી જન્મમરણનો ફેરો ટળી જશે, સંસારમાંથી મુક્તિ મળશે અને સ્વર્ગ-સુખની પ્રાપ્તિ થશે."

કર્નલ ટૉડ જણાવે છે કે:-" રાજપૂતો જો મહાદેવનો વિકટ ધર્મ છોડી, કેવલ શાંતિમય વૈષ્ણવ-ધર્મનું અવલંબન કરે તો તેમને વિશેષ લાભ થશે;" પરંતુ અમે કર્નલ ટૉડનો આ અભિપ્રાય માન્ય કરી શકતા નથી.રાજપૂતોની ઉન્નતિને માટે તેજસ્વી શૈવધર્મ કરતાં શાંતિમય વૈષ્ણવધર્મને અમે શ્રેષ્ઠ ગણી શકતા નથી. જગતના સર્વ માણસો શાંતિને ચાહે છે;પરંતુ જે શાંતિથી મનુષ્યની તેજસ્વિતાનો નાશ થઇ જાય અને જે શાંતિ મનુષ્યને પ્રમાદી તથા આળસુ બનાવી દે તે શાંતિ અમને ઇષ્ટ નથી: આજે

રાજપૂતો જડ અને નિર્જીવ બની ગયા છે અને તેવામાં જો તેમનામાં આ શાંતિમય ધર્મનો પ્રચાર થાય તો તેમનું નામ શીઘ્ર જગતમાંથી લુપ્ત થઇ જાય. આજે તેમના અંગમાં રાજપૂત–શૌર્ય વીર્યનાં જે કણો ગુપ્ત રીતે રહેલાં છે તે પણ આ શાંતિમય ધર્મના અવલંબનથી નાશ પામશે. યથાર્થ વૈષ્ણવધર્મ કે જે સૃષ્ટિના આરંભથી જગતમાં પ્રસરી રહ્યો છે તે સંપૂર્ણતઃ શાંતિમય નથી. વિષ્ણુ જગતના પાલનકર્તા છે અને જ્યાં પાલન છે ત્યાં સંહાર પણ છે. એક તરફ જે રીતે પાલન થાય છે તે પ્રકારે બીજીતરફ સંહાર પણ થાય છે. એક તરફ ભગવાનની સંહારક મૂર્તિ છે અને બીજી તરફ પ્રતિપાલક શાંતમૂર્તિ છે. જ્યાં બે માણસોના સ્વાર્થનું સંઘર્ષણ થાય છે ત્યાં એકનો સંહાર કર્યાવિના બીજાની રક્ષા થઈ શકતી નથી. જ્યાં શાંતિની સ્થાપના કરવી હોય ત્યાં અશાંતિનો નાશ અવશ્ય કરવોજ જોઇએ. આજ યથાર્થ વૈષ્ણવધર્મ છે. રાજપૂતો જો આ વૈષ્ણવધર્મનું અવલંબન કરે તો તેમને વિશેષ લાભ થશે અને જો તેઓ મિથ્યા વિરક્તિયુક્ત વૈષ્ણવધર્મનું અવલંબન કરશે તો તેમની અત્યંત શોચનીય દુર્દશા થશે. અકારણ રક્તપાત કરવો કિંવા નિઃપ્રયોજન અહીંતહીં ખડ્ગ ચલાવતા રહેવું એની વૈષ્ણવધર્મ મના કરે છે; પરંતુ જ્યાં એકના સ્વાર્થથી અનેકને હાનિ થતી હોય, જ્યાં એકના મંગલથી અનેકનું અનિષ્ટ થતું હોય, ત્યાં સ્વયં વિષ્ણુભગવાન પણ પોતાનું ચક્ર ચલાવવાને ચૂકતા નથી. વિષ્ણુભગવાને મધુ-કૈટભનો સંહાર કર્યો હતો એ વાત સર્વને સુજ્ઞાત છે. વિષ્ણુભગવાન ન્યાય અને ધર્મના પક્ષપાતી છે. જ્યાં ન્યાયનો અનાદર થતો હોય તથા જ્યાં ધર્મના મસ્તકપર લત્તાપ્રહાર કરવામાં આવતો હોય, ત્યાં શ્રી વિષ્ણુભગવાન અન્યાયી તથા અધર્મીને ઉચિત દંડ આપવાને અને પીડિતમનુષ્યનો ઉદ્ધાર કરવાને શીઘ્ર દોડી જાય છે. આ શ્રેષ્ઠ નીતિનું અવલંબન કરીનેજ ભગવાને અવતાર ધારણ કર્યા હતા. આજ ખરો વૈષ્ણવધર્મ છે અને અમે એજ વૈષ્ણવધર્મના પક્ષપાતી છીએ. જો રાજપૂતો અને સમસ્ત ભારતવર્ષ આવા વૈષ્ણવધર્મથી દીક્ષિત થઈ જાય અને તેની યથાર્થ નીતિનું પાલન કરે તો તે પ્રત્યે અમને કશો વાંધો નથી.



# अध्याय ३० मो

**વસંતપંચમી—ભાનુસપ્તમી-શિવરાત્રિ—અહેરિયા—ફાગોત્સવ—શીતલાષષ્ઠી-ફુલડોલ-અન્નપૂર્ણા-અશોકાષ્ટમી-રામનવમી—મદનત્રયોદશી—નવગૌરીપૂજા-સાવિત્રીવ્રત-રંભાત્રીજ—અરણ્યષષ્ઠી—રથયાત્રા—પાર્વતીત્રીજ—નાગપંચમી-રાખી-પૂર્ણિમા-જન્માષ્ટમી-પિતૃદેવતા-ખડ્ગપૂજા—દશેરા—ગણેશપૂજા-લક્ષ્મીપૂજા-દિવાળી-અન્નકૂટ-ઝુલનયાત્રા-મકરસંક્રાંતિ-મિત્રસપ્તમી**

જે સમયે શીતઋતુની સખ્ત ઠંડી લય પામીને વસંતઋતુની મનોહર કોયલ ટહુકા કરવા લાગે છે અને સમસ્ત જગત નવજીવનથી પ્રફુલ્લિત બની રહે છે તથા જે સમયે પ્રકૃતિની સજીવતાને લીધે મનુષ્યનાં મન અદ્દ્ભુત આનંદમાં નિમગ્ન થઇ જાય છે તે મનોહર ઋતુમાં મેવાડના પ્રત્યેક ગૃહમાં પર્વોત્સવનો આરંભ થાય છે.

**વસંતપંચમી**—માઘ શુક્લ પંચમી કે જે શુભ દિવસે સમસ્ત હિંદુઓ વિદ્યાની પ્રાપ્તિઅર્થે સરસ્વતીની પૂજા કરે છે, તે દિવસે રાજપૂતો બહુધા અશ્લીલ ભાષાનો વ્યવહાર કરી ઉન્મત્તની પેઠે નૃત્યગાયનાદિમાં પોતાનો સમય વ્યતીત કરે છે!

વસંતપંચમીને દિવસે ઉંચનીચમાં કાંઈ ભેદ રહેતો નથી. સાધારણલોકો ભાંગ, ધંતુરો, ગાંજો, મદિરા, અફીણ ઇત્યાદિ અનેક પ્રકારનાં માદકદ્રવ્યોનું સેવન કરી અશ્રાવ્ય અને અશ્લીલ ભાષાનાં ગીત ગાય છે અને નગરની ચોતરફ ભ્રમણ કરે છે. જે સદ્દગૃહસ્થો અન્ય પ્રસંગે એક પણ અપ્રિય વચન કહેતાં શરમાય છે તેઓ પણ આજે લોકલાજને તિલાંજલિ આપીને સાધારણલોકોની સાથે આ પ્રકારનો કુવ્યવહાર કરે છે! જે સમયે રાજસ્થાનમાં સર્વત્ર આ પ્રકારના આનંદની લૂંટાલૂંટ ચાલે છે, તે સમયે અસભ્ય ભીલલોકો પણ પોતાનાં જંગલનાં નિવાસસ્થાનોમાંથી નીકળી આવીને રાજપૂતોની સાથે મળી જાય છે. રાજપૂતોને પણ ભીલલોકોના મેળાપથી પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

**ભાનુસપ્તમી**—વસંતપંચમી પછી બે દિવસે ભાનુસપ્તમી આવે છે. એમ કહેવાય છે કે સૂર્ય-ભગવાનનો જન્મ એ દિવસે થયો હતો. સૂર્યવંશી રાણા પોતાના કુલદેવતાની જન્મતિથિએ અનેક પ્રકારના ઉત્સવો કરે છે. તે દિવસે રાણાજી પોતાના સરદારો અને સામંતોને પોતાની સાથે લઇને ચોગા નામના પવિત્ર સ્થાનમાં જાય છે અને ત્યાં સૂર્યભગવાનની પૂજા કરે છે. આ દિવસે જયપુરમાં સૂર્ય-દેવતાની પૂજા કાંઇક વિશેષ ધામધૂમસહિત થાય છે. કુશાવહરાજા તે દિવસે સૂર્યનારાયણના મંદિરમાં પ્રવેશ કરે છે અને તેમના રથને આઠ અશ્વ જોડીને તેને બહાર લાવે છે. સરદારો અને નાગરિકો પણ આ રથને ખેંચીને મહા આનંદપૂર્વક નગરની ચોતરફ ફેરવે છે.

**શિવરાત્રિ**—(માઘ કૃષ્ણ ચતુર્દશી) પ્રત્યેક હિંદુ અને ખાસ કરીને રાણાજી આ શિવરાત્રિને પરમ પવિત્ર માને છે. ઘોર પાપી નિષાદ સુંદરસેન જે દિવસે પોતાનાં સમસ્ત પાપોમાંથી મુક્ત થઇને શિવ-લોકમાં ચાલ્યો ગયો, તે દિવસને સમસ્ત હિંદુઓ પવિત્ર માને છે. ભારતવર્ષમાં ચિતોડના મહારાણા "શિવના પ્રતિનિધિ" ગણાય છે, તેથી તેઓ ધામધૂમસહિત તે દિવસે શિવની પૂજા કરે છે. રાજપૂતો શિવરાત્રિને દિવસે નિર્જલવ્રત રાખે છે. પ્રત્યેક શૈવ એ પવિત્ર દિવસે કોઇ પણ પ્રકારનું સાંસારિક કૃત્ય

કરતો નથી અને આખી રાત જાગરણ કરીને કેવલ મહાદેવનું ભજન કરે છે.

**અહેરિયા**—અહેરિયા કિંવા વાસન્તિકમૃગયા ફાલ્ગુન માસના પ્રારંભમાં થાય છે. એને પહેલે દિવસે રાણાજી પોતાના સરદારો અને સેવકોને એક એક લીલા રંગનો અંગરખો ભેટ આપે છે. રાણાજીનો આપેલો અંગરખો પરિધાન કરીને સમસ્ત સરદારો અને સેવકો જ્યોતિષીએ જણાવેલા મુહૂર્તમાં રાણાજીની સાથે વરાહના શિકારે જાય છે. શિકાર કર્યા પછી ભગવતી પાર્વતીજી સમક્ષ જંગલી વરાહનું બલિદાન આપવામાં આવે છે, જેથી અહેરિયાનું બીજું નામ " મુહૂર્તનો શિકાર " છે.

**ફાગોત્સવ**—ફાલ્ગુનનો રંગીલો મહિનો જેમ જેમ વ્યતીત થતો જાય છે,તેમ તેમ મેવાડીઓનો આનંદ વૃદ્ધિંગત થતો જાય છે. સરદારો અને નાગરિકો આનંદોન્મત્ત બની ચોતરફ ફાગ ખેલતા ફરે છે. અબીલગુલાલની પિચકારીઓથી ઘર અને દ્વાર લાલ લાલ બની રહે છે.સમસ્ત મેવાડમાં એક પણ મનુષ્ય શ્વેતવસ્ત્રધારી જણાતો નથી.સર્વ મનુષ્યો નખથી શિખાપર્યંત અબીલગુલાલથી લાલ લાલ બની જાય છે. બસ આજ કહેવત ચરિતાર્થ થતી જણાય છે કે:-" લાલે લાલકે લાલે લોચન, લાલે મુખમેં લાલે બીરા. " આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષ અબીલગુલાલથી પોતાનાં અંગ રંગીને ફરે છે. સર્વ પુરુષો હાથમાં પિચકારી લઇને સ્ત્રીઓની સાડી રંગી નાખવાને માટે માર્ગ અને ઘાટમાં ફર્યા કરે છે. જે સ્ત્રી કદિપણ ઘરની બહાર પગ મૂકતી નથી અને ભગવાન સૂર્યદેવ પણ જેના મુખકમલનું દર્શન કરી શકતા નથી, તે પણ આ મહોત્સવમાં બહાર નીકળીને ' હોરી ' ખેલે છે.

મેવાડીલોકો આ ઉત્સવને ફાગ કહે છે. આ ઉત્સવના દિવસોમાં રાણાજી પણ રણવાસમાં જઈ રાણી તથા તેની સાહેલીઓની સાથે ફાગ ખેલે છે. આ પ્રસંગે કોઇને કિંચિત્ પણ શરમ હોતી નથી અને કોઇના મુખમંડળપર યત્કિંચિત્ પણ શોકની છાયા દૃષ્ટિગોચર થતી નથી.અશ્વારૂઢ થઇને જે હોરી ખેલવામાં આવે છે, તેથી સૌથી અધિક આનંદ પ્રાપ્ત થાય છે. સરદારો અને સામંતો કુંકુમ તથા અબીલ લઇને અશ્વારૂઢ થઇ પોતાના મહાલયની આગળના ચોકમાં ફાગ ખેલે છે. એક સરદાર પરમ ચાતુર્યથી પોતાનો અશ્વ ચલાવી કુંકુમરૂપી શસ્ત્રથી પોતાના પ્રતિપક્ષીપર આક્રમણ કરે છે અને તે પ્રતિપક્ષી પોતાનું અંગ સુરક્ષિત રાખી તે આક્રમણ વ્યર્થ કરી દે છે. કોઇ વાર એક માણસને ચાર પાંચ જણ ઘેરી લે છે અને કોઇ વાર એક બળવાન તથા ચતુર અશ્વારોહી પાંચ છ અશ્વારોહીઓપર કુંકુમનો છંટકાવ કરી અતિ શીઘ્રતાથી પોતાના અશ્વને દોડાવી લઇ જાય છે. કોઈ કોઇ વાર દશ દશ માણસોના સમુદાયમાં વિભક્ત થઇ તેઓ એકબીજાને રંગમાં તરબોળ કરી દે છે. આ રીતે રાજપૂતસરદારો રંગ ઉડાવી અપૂર્વ આનંદ પ્રાપ્ત કરે છે.

જે દિવસે ફાગની લીલા સમાપ્ત થાય છે,તે દિવસે કિલ્લાના ત્રણ મજલાપર સતત નગારૂં વાગે છે. તેનો ગંભીર નાદ સાંભળી સરદારો પોતપોતાની સેના લઇ રાણાજીની નિકટ જાય છે.રાણાજી આ સર્વ માણસોને પોતાની સાથે લઇને 'ચૌગાન મહલ' આગળ ચાલ્યા જાય છે. આ સ્થાન રાજપૂતોનું પ્રધાન રંગસ્થળ છે.કૃત્રિમ યુદ્ધ કિંવા એકાદ નવીન પ્રકારનો ખેલ કરવાને માટે રાજપૂતો આજ સ્થાનપર એકત્રિત થાય છે. ચોગાનના મધ્ય ભાગમાં પ્રચંડ સ્તંભોવાળી એક ઇમારત છે. આ ચોગાનની ચોતરફ કોઇ પણ પ્રકારની દિવાલ નથી. તે ચારે તરફથી ખુલ્લું છે. રાણાજી સરદારો અને રાજકર્મચારીઓની સાથે ઉક્ત ઇમારતમાં પ્રવેશ કરીને આસનપર વિરાજમાન થાય છે. સરદારો તેમની ચોતરફ બેસે છે. ત્યારપછી સંકીર્તન શરૂ થાય છે અને અનેક પ્રકારનાં વાજાં વગાડી એક સ્વરથી હરિનું ભજન કરવામાં આવે છે. આ પ્રસંગે સર્વત્ર આનંદ છવાઇ રહે છે. કોઇ ગાય છે, કોઇ વગાડે છે અને કોઇ નૃત્ય કરે છે. વળી કોઈ વિકટ સ્વરથી શૃંગારરસનું અશ્લીલ ગાયન ગાય છે અને નાચવા મંડી જાય છે. આનંદના પ્રચંડ પ્રવાહમાં રાજા,પ્રજા, સરદારો અને સિપાઇઓ સર્વ એક થઇ જાય છે. મેવાડના પ્રાયઃ સર્વ નિવાસીઓ આ ઉત્સવમાં ભાગ લે છે. ઉક્ત સભામાં કેટલીક વારસુધી ગાનતાન ચાલ્યા પછી સર્વ માણસો આનંદના આવેશમાં આવી જઇ ચોગાનમાં દોડી આવે છે અને જેને પોતાની સામે જુએ તેને અબીલગુલાલથી પૂરી નાખે છે. ગમે તે ધર્મનો માણસ આ ઉત્સવમાં આવે તો તે અબીલગુલાલની પ્રસાદીથી બચવા પામતો નથી.

ફાલ્ગુનમાસના અંતપર્યંત ફાગોત્સવ થાય છે. જે દિવસે ફાગોત્સવ સમાપ્ત થાય છે, તે દિવસે

રાણાજી પોતાના પ્રિય સરદારોને "ખાંડા નારિયલ" અર્થાત્ ખડ્ગ અને નાળીએરનું લહાણું વહેંચે છે.

આ પ્રસંગે આપવામાં આવતાં ખડ્ગો બહુધા કાગળ અથવા કાષ્ઠનાં બનાવેલાં હોય છે અને તે પર વિવિધ પ્રકારનાં ચિત્રો આલેખવામાં આવેલાં હોય છે. ત્યારપછી 'ચાંચરનો તહેવાર' આવે છે. આ પ્રસંગે ચાંચરનગરની આસપાસ અગ્નિક્રીડા કરવામાં આવે છે. સર્વ લોકો અગ્નિકુંડની ચોતરફ ઉન્મત્તની પેઠે નૃત્ય કરે છે. આખી રાત આ પ્રકારે નૃત્ય, ગાયનાદિમાં વ્યતીત કરી દેવામાં આવે છે. જ્યાંસુધી ચૈત્ર માસનો પ્રથમ દિવસ ઉદય પામતો નથી, ત્યાંસુધી તેઓ પોતાનો ઉત્સવ છોડતા નથી. જે સમયે સૂર્ય ભગવાન મીનરાશિમાં પ્રવેશ કરે છે તેજ સમયે રાજપૂતો સંધ્યાવંદન કરી પોતાનાં વસ્ત્રો બદલી સ્વગૃહ તરફ પાછા ફરે છે. તે દિવસે સેવકો પોતાના સ્વામીને અનેક પ્રકારનાં દ્રવ્યો ઉપહારસ્વરૂપે આપે છે.

**શીતલાષષ્ઠી**—(ચૈત્રશુક્લ ષષ્ઠી) રાજપૂતો એવી માન્યતા ધરાવે છે કે શીતલાદેવી બાલકોની રક્ષા કરે છે. આથી રાજપૂતસ્ત્રીઓ પોતાનાં બાલકોની મંગલકામનાથી આ છઠને દિવસે શીતલાદેવીના મંદિરમાં જાય છે. ઉદયપુરની પાસે એક ગિરિશિખરપર શીતલાદેવીનું મંદિર આવેલું છે. રાજપૂતસ્ત્રીઓ આ મંદિરમાં જઇ શીતલાદેવીની વિધિપૂર્વક પૂજા કરી સ્વગૃહે પાછી ફરે છે.

**ફુલડોલ**—ચક્રવર્તી મહારાજા વિક્રમાદિત્યના સંવત્સરના આરંભની સાથેજ મેવાડમાં આ ઉત્સવનો પ્રારંભ થાય છે. નવરાત્રિમાં જે અનુષ્ઠાનો કરવામાં આવે છે, તેજ અનુષ્ઠાનો બહુધા ફૂલડોલના ઉત્સવમાં પણ થાય છે. આ ઉત્સવનું પ્રથમ અનુષ્ઠાન ખડ્ગપૂજા છે. રાણાજીના મહાલયમાં આ વિધિ કરવામાં આવે છે; પરંતુ ભગવતી વાસંતીની પૂજાને માટે જે વિધિઓ કરવામાં આવે છે તેની આગળ તો ખડ્ગ-પૂજાની વિધિ કાંઈ વિસાતમાં નથી. વસંતઋતુના આગમનથી સમસ્ત જગત આનંદમય બની જાય છે. આ ઋતુમાં આકાશમાંથી નિશાનાથ અમૃતવૃષ્ટિ કરે છે અને વાયુદેવ અંતરિક્ષમાં સૌગંધ્યનો પ્રચાર કરે છે. વનદેવી આનંદસૌરભ પ્રકટ કરે છે. સંક્ષેપમાં વસંતકાલમાં સર્વત્ર આનંદનુંજ સામ્રાજ્ય પ્રસરી રહેલું હોય છે. સ્વાભાવિકરીતેજ આ સમયે રાજપૂતોનાં ગૃહોમાં પણ આનંદોત્સવ કરવામાં આવે છે. કમલિનીસમાન સુકુમાર રાજપૂતબાલાઓ તથા કામદેવસમાન રાજપૂતપુરુષો પુષ્પાલંકારથી પોતાનાં અંગોને સુશોભિત કરી ફૂલવાડીમાં અથવા પ્રમોદવનમાં વિચરે છે. ત્યાં પ્રફુલ્લિત વેલીઓ અને વિકસિત વૃક્ષોની નીચે બેસી આનંદ માણે છે. તેમનાં મસ્તકપર પુષ્પના મુકુટ હોય છે અને ગળામાં પુષ્પના હાર હોય છે. સંક્ષેપમાં તેમના સર્વ અંગમાં પુષ્પનો શૃંગાર હોય છે. સ્ત્રીઓ પુષ્પથી સજ્જિત વનદેવીસમાન જણાય છે. બસ, એવોજ બહાર ઉડી રહ્યો હોય છે કેઃ—"ફૂલનકો હાર હિય, ફૂલનકે કર્ણફૂલ; ફૂલનકો બેંદા સોહે રાજસુકુમારીકે; ફૂલનકે બાજુબંદ, ફૂલનકે ઝુલૈ ઝુલૈ, ફૂલેં ફૂલેં ભાગ સદા લાડલી હમારી કે." કોઇ કોઇ સ્ત્રી, વૃક્ષની શાખાઓ સાથે હિંચકા બાંધી આનંદપૂર્વક ઝોલા ખાય છે. કોઇ સ્ત્રી મલ્હાર ગાય છે, કોઇ રાધા બને છે અને કોઇ કૃષ્ણ બને છે; અને પછી રાધા પોતાની સાહેલીઓના હાથ પકડી રાસમંડળીની લીલા કરી પોતાનો જન્મ સફળ કરી લે છે. તેની પાસેજ સુંદર યુવકો પણ આવાજ પ્રકારની લીલા કરે છે. તેમાંનો કોઇ કૃષ્ણ બને છે, કોઈ રાધા બને છે, કોઇ ચંદ્રાવલી બને છે અને તે સર્વ ગાયનનૃત્યાદિ કરી મોજ ઉડાવે છે. કોઇ હિંચકા ખાય છે, કોઇ હિંચકા નાખે છે અને કોઇ સુસ્વરથી ગીતગોવિંદ વાંચે છે. આ પ્રકારે સર્વ સ્ત્રીપુરુષો આનંદનો ઉપભોગ લે છે.

**અન્નપૂર્ણા**—સૂર્ય ભગવાન મેષરાશિમાં ગમન કરે તે દિવસે રાજપૂતો ભગવતી અન્નપૂર્ણાની પૂજા કરે છે. આદ્યશક્તિ અન્નપૂર્ણાની મૂર્તિને સિંહાસનપર વિરાજમાન કરવામાં આવે છે. તેમની સન્મુખ જાણે મહાદેવ અન્નની ભિક્ષા માગતા ન હોય તેવી રીતે મહાદેવની મૂર્તિ ગોઠવવામાં આવે છે.

આ મૂર્તિની પાસેજ રાજપૂતો થોડી જમીન ખોદીને તેમાં જવ વાવે છે. પછી તેઓ તેને કૃત્રિમ તાપ આપે છે તેથી તે બે દિવસમાં અંકુરિત થઇ જાય છે. આ સમયે રાજપૂતબાલાઓ એકબીજીનો હાથ પકડી સુમધુર સ્વરથી ગીત ગાતી ગાતી ભગવતી ભવાનીનો આશીર્વાદ માગે છે. તેઓ ગીત ગાતી ગાતી મૂર્તિની અને જવના અંકુરોની આસપાસ પરિક્રમણ કરે છે. ત્યાર પછી જવના અંકુરોને ઉખેડી લઇ તેઓ પોતાનાં સ્નેહી સંબંધીમાં તેને વહેંચી દે છે. પુરુષો આ અંકુરોને પોતાની પાઘડીમાં ખોસે છે. મેવાડનો પ્રત્યેક મનુષ્ય ભગવતી અન્નપૂર્ણાની પૂજા કરે છે.

સૌથી પ્રથમ રાજપૂતસ્ત્રીઓ દેવીની પૂજા કરે છે. સરોવર તરફ દેવીને લઇ જવાની તૈયારી કર-

વામાં આવે છે; તે સમયે રાજપૂતસ્ત્રીઓ પૂજાના સામાનનું પાત્ર હાથમાં લઇને ગીત ગાતી ગાતી તેની પ્રદક્ષિણા કરે છે. પછી નગારાંનો ગગનભેદી નાદ થાય છે, એટલે દેવીને લઇને લોકો સરોવરતરફ ચાલવા માંડે છે. નગારાનો નાદ થતાંની સાથે એકલિંગગઢપરથી તોપોનો ગંભીર અવાજ થવા માંડે છે. તોપોનો અવાજ સાંભળીને નગરવાસીઓ અનેક પ્રકારનાં વસ્ત્રો પરિધાન કરી પેશોલાના તટપર એકત્રિત થવા માડે છે.

પેશોલાસરોવરનો તટ આ ઉત્સવને દિવસે અત્યંત શોભાયમાન દેખાય છે. તે તટપર જે ઉંચો ચબુતરો બાંધવામાં આવ્યો છે, તેનીઉપર સમસ્ત સરદારોની સાથે મહારાણા ઉભા રહી દેવીના આગમનની પ્રતીક્ષા કરે છે. ઢોલ, નગારાં વગેરે અનેક પ્રકારનાં વાદ્યોસહિત દેવી અન્નપૂર્ણાની પ્રતિમા પેશોલાસરોવર પાસે આવે છે, ત્યારે અસંખ્ય નગરવાસીઓ તેમનાં દર્શન કરવાને માટે સરોવરના કિનારાપર ઉભાં રહે છે. પુષ્કળ માણસો મોટા મોટા મહાલયોપર ચઢીને આ અપૂર્વ શોભા નિહાળે છે. ઉપર્યુક્ત ચબૂતરાની પાસેજ એક વિશાળ ઘાટ છે. આ ઘાટનાં પગથીઆં સંગેમરમરનાં છે. આ ઘાટ આગળ અગણિત નાવો દૃષ્ટિગોચર થાય છે. આ સમયે સરોવરના કિનારાપર જયાં દૃષ્ટિપાત કરો ત્યાં અનેક લાવણ્યવતી સુંદરીઓનાં દર્શન થાય છે. આ સ્ત્રીઓએ વિવિધ પ્રકારનાં રંગબેરંગી વસ્ત્રો તથા રત્નજડિત આભૂષણો પરિધાન કરેલાં હોય છે. વળી તેમણે પુષ્પના હાર પહેરેલા હોવાથી તેમની શોભા અપૂર્વ બની રહે છે. સ્ત્રીઓના સમુદાયમાં એકપણ પુરૂષ દૃષ્ટિગોચર થતો નથી. આ પ્રસંગે પેશોલાના કિનારાપરની ભૂમિ જે મનોહર વેશ ધારણ કરે છે તેનું વર્ણન કરવું અશક્ય છે. આથી અધિક સુંદર ચિત્ર બીજું કોઇ પણ કલ્પનામાં આવી શકતું નથી. નગરનાં આબાલવૃદ્ધ સર્વ ઉત્તમ વસ્ત્રો પરિધાન કરીને આ સ્થાનમાં આવે છે. સર્વનાં મુખપર પ્રસન્નતા અને નેત્રોમાં આનંદ જણાય છે. સંગીતધ્વનિનો કોઇ ઓરજ બહાર ઉઠી રહે છે ! વસંતઋતુ ચાલતી હોવાથી આકાશ સ્વચ્છ અને નિર્મળ હોય છે, તેપર મેઘની નીલરેખા યત્કિંચિત્ પણ દૃષ્ટિગોચર થતી નથી. પેશોલાસરોવર પણ નિર્મળ અને નિશ્ચળ દેખાય છે. તેના જળમાં ઇમારતો, મહાલયો અને વૃક્ષાદિનું પરમ સુંદર પ્રતિબિંબ દૃગ્ગોચર થાય છે. ક્રમશઃ મનુષ્યોની ભીડ વધતી જાય છે. ધીમે ધીમે તે વિરાટ જનસમાજ અધિક સજીવ દેખાય છે. આવી મોટી ભીડ હોવા છતાં પણ ત્યાં વાદવિવાદનું નામ જણાતું નથી. સર્વ માણસો ભગવતી અન્નપૂર્ણાના આગમનની પ્રતીક્ષા કરી રહેલાં હોય છે. સ્ત્રીઓ એકબીજીનો હાથ પકડીને સુસ્વરે તાલ તથા લય સાથે ગીત ગાય છે અને શ્રોતાઓ તેથી મુગ્ધ થઈને તેમને વારંવાર ધન્યવાદ આપે છે. વાજાંનો નાદ સાંભળી લોકો ચબુતરાપર ભારે ભીડ કરે છે. દેવીને ચબુતરાના મધ્યભાગમાં લઇ જવામાં આવે છે. તેમના અંગપર પીત વસ્ત્રો હોય છે અને સુવર્ણ તથા ચાંદીનાં અલંકારો હોય છે. બે પરમ સુંદર સ્ત્રીઓ દેવીપર વીંજણાવતી વાયુ ઢોળે છે. દેવીની પ્રતિમા નિકટ આવતાંની સાથેજ રાણાજી સેનાસહિત ઉભા થાય છે. ત્યારપછી વાહકો તે પ્રતિમાને ત્યાં આગળજ રત્નાસનપર વિરાજમાન કરે છે. દેવી રત્નાસનપર વિરાજમાન થતાંની સાથેજ સૌ તેમને પ્રણામ કરે છે અને ત્યારપછી રાણાજી પોતાના ઇષ્ટમિત્રોને લઈ નાવપર જઈ વિરાજે છે. જે સ્ત્રીઓ દેવીની સાથે વાજાં વગાડતી વગાડતી આવેલી હોય છે, તેમની વચ્ચે પ્રવેશ કરવાનો કોઇપણ પુરુષને અધિકાર નથી. જો કોઇ પુરુષ આ શિષ્ટાચારની વિરુદ્ધ વર્તન કરે છે તો તત્કાળ તેને પ્રાણદંડ કરવામાં આવે છે.

હવે દેવીને સ્નાન કરાવવાની તૈયારી સમાપ્ત થાય છે. શુભ મુહૂર્તમાં તેમને રત્નાસનપરથી ઉતારીને સરોવરમાં સ્નાન કરાવવામાં આવે છે. સ્નાનકાર્ય સમાપ્ત થઈ ગયા પછી દેવી મહાધામધૂમસહિત પાછાં ચાલ્યાં જાય છે.

દેવીનું સ્નાનકાર્ય રાણાજી નાવપરથી ઉતરી કિનારાપર જઇને જુએ છે. આ પ્રસંગે દેવીની અનેક પ્રતિમા આ પ્રકારે પેશોલામાં સ્નાન કરવાને આવે છે. ધીમે ધીમે સંધ્યાની નિબિડ છાયા પેશોલાનાં નીલવર્ણાં જલપર પડી તેને સર્વથા શ્યામ બનાવી મૂકે છે. ત્યારપછી શુક્લસપ્તમીની શશિકલા ધીમે ધીમે આકાશમાં દૃગ્ગોચર થાય છે. હવે રાણાજી રાજભુવનતરફ ચાલવા માંડે છે. આ પ્રકારે ત્રણ દિવસપર્યંત દેવીની પૂજા કરવામાં આવે છે અને ચોથે દિવસે અગ્નિક્રીડાની સાથે સમસ્ત ઉત્સવનો અંત આવી જાય છે.

**અશોકાષ્ટમી**–(ચૈત્ર શુક્લ અષ્ટમી) આ દિવસે સમસ્ત રાજપૂતો વિશ્વમાતા ભગવતીની પૂજા કરે છે. રાણાજી પોતાના સમસ્ત સરદારો અને સામંતોને પોતાની સાથે લઇ 'ચોગાન મહલ'માં જાય છે અને આખો

દિવસ ત્યાં રહીને આનંદ કરે છે.

**રામનવમી**-(ચૈત્રશુકલ નવમી)અશોકાષ્ટમીને બીજેદિવસે રામનવમીનું પર્વ આવેછે.આ શુભ તિથિએ પુનર્વસુ નક્ષત્રમાં રઘુકુલદિવાકર ભગવાન શ્રીરામચંદ્રજીએ જન્મ લીધો હતો. આજ કારણથી તેમના વંશજો આ તિથિને અત્યંત પવિત્ર માને છે. એ દિવસે હાથી, ઘોડા તથા અસ્ત્રશસ્ત્રની પૂજા કરવામાં આવે છે. રાણાજી રામનવમીને દિવસે મહા ધામધુમસહિત 'ચૌગાન મહલ'માં જાય છે અને ત્યાં અનેક પ્રકારે આનંદ ભોગવે છે.

**મદનત્રયોદશી**—ચૈત્ર શુકલ ત્રયોદશીને દિવસે સનાતનધર્માવલંબીઓ કામદેવની પૂજા કરે છે. જો કે પ્રસ્તુત દિવસની આગળની દ્વાદશી અને પાછળની ચતુર્દશીને દિવસે પણ પૂજા કરવાની વ્યવસ્થા છે, તોપણ મેવાડના રાજપૂતો એજ દિવસને ઘણો સારો ગણે છે. વસંતઋતુ વ્યતીત થઇ ગઇ છે.ધીમે ધીમે ગ્રીષ્મઋતુના તપ્ત વાયુની લહેરો આવી રહી છે. વૃક્ષોપરથી સુગંધી પુષ્પો ધીમે ધીમે ભૂમિપર પડવા લાગ્યાં છે, તોપણ ચંપાનું સર્વોત્તમ પુષ્પ અદ્યાપિ વૃક્ષથી અલિપ્ત થયું નથી. રાજપૂતસ્ત્રીઓ ચંપાના પુષ્પોના હાર પરિધાન કરીનેજ કામદેવની પૂજા કરે છે. ઉદયપુરની રમણીઓ જેવી ભક્તિથી કામદેવની પૂજા કરે છે, તેવી ભક્તિથી ભારતવર્ષના અન્ય કોઇપણ ભાગની સ્ત્રીઓ તેની પૂજા કરતી નથી. રાજપૂતસુંદરીઓ નીચે પ્રમાણે ભગવાન મન્મથની સ્તુતિ કરે છેઃ-

> पुष्पधन्वन् ! नमस्तेऽस्तु नमस्ते मीनकेतन !
> मुनीनां लोकपालानां धैर्यच्युतिकृते नमः॥ ॥ १ ॥
> माधवात्मज ! कन्दर्प ! शम्बरारे ! रतिप्रिय !
> नमस्तुभ्यं जिताशेषभुवनाय मनोभुवे॥ ॥ २ ॥
> आधयो मम नश्यन्तु व्याधयश्च शरीरजाः
> सम्पद्यतामभीष्टं मे सम्पदः सन्तु मे स्थिराः॥ ॥ ३ ॥
> नमोऽमायाय कामाय देवदेवस्य मूर्त्तये
> ब्रह्माविष्णुशिवेन्द्राणांमनःक्षोभकराय च ॥ ॥ ४ ॥

રાજપૂતસ્ત્રીઓ દૃઢ શ્રદ્ધાપૂર્વક માને છે કે જે આ પ્રકારે કામદેવની સ્તુતિ કરે છે, તેને કોઇપણ પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિ નડતી નથી.

**નવગૌરીપૂજા**-(વૈશાખ શુકલ નવમી) મદનોત્સવની સાથેજ ચૈત્રમાસ સમાપ્ત થઈ જાય છે. તેની સાથેજ વર્ષનોઅંત પણ આવે છે.હવે વૈશાખમાસ એનો કઠોર તાપ મસ્તકપર ધારણ કરીને જગતમાં નવીન વર્ષ દર્શન દે છે. હિંદુશાસ્ત્રપ્રમાણે વૈશાખ એપરમ પવિત્ર માસ છે.એ પરમ શ્રેષ્ઠ માસ હોવાથી ભગવાન માધવ એનાપર અત્યંત પ્રીતિ રાખે છે.આ માસમાં જેઓ નિયમાનુસાર માધવની પૂજા કરે છે,તેઓ અંતે વિષ્ણુપદને પ્રાપ્ત થાય છે;પરંતુ આ પવિત્ર માસમાં રાજપૂતો માત્ર એકજવાર ઉત્સવ કરે છે અને તે પણ અતિ સામાન્ય હોય છે. આ અતિ સાધારણ ઉત્સવનું નામ 'નવગૌરી પૂજા' છે. આ પૂજાનો આરંભ થયા પૂર્વે મેવાડના ષોડશ સરદારો પોતપોતાના અશ્વપર આરૂઢ થઇ રાણાજીની સાથે મહા ધામધૂમસહિત પેશોલાના તટપર આવેલા ચબુતરાપર જાય છે. આ સમારોહને 'નગાડેકા અસવાર' કહેવામાં આવે છે. ઉક્ત સ્થાનપર વિધિપૂર્વક ભગવતી ગૌરીની સ્થાપના કરીને રાજપૂતો અનેક પ્રકારે આનંદોત્સવ કરે છે. પૂર્વે આ ઉત્સવ કરવામાં આવતો નહોતો. રાણા ભીમસિંહે ઈ○ સ○ ૧૮૧૭ માં તેનો પ્રારંભ કર્યો છે.

મેવાડવાસીઓ આ ઉત્સવને સર્વથા હિંદુધર્મથી વિપરીત માને છે. જે વર્ષમાં આ ઉત્સવનો આરંભ થયો તે વર્ષમાં પેશોલામાં પાણી અત્યંત વધી ગયું હતું અને તેથી પૂર આવીને મેવાડમાં ભારે હાનિ થઇ હતી. ઉદયપુરનગરના રહેવાસીઓનો ત્રીજો ભાગ નાશ પામ્યો હતો અને ધન તથા સંપત્તિના નાશનો તો કાંઇ હિસાબજ રહ્યો નહોતો. એમ કહેવાય છે કે, આ આપત્તિને દિવસે મહારાણા ભીમસિંહનો એક પુત્ર પણ અચાનક મરણ પામ્યો હતો. વહેમી લોકો ગમે તેમ બોલે; પરંતુ મહારાણા ભીમસિંહે તેપર કિંચિત્ પણ લક્ષ્ય આપ્યું નથી. મહારાણા આ પર્વને દિવસે પોતાના સરદારોની સાથે નાવમાં બેસીને આનંદપૂર્વક પેશોલાના વક્ષઃસ્થળપર ભ્રમણ કર્યા કરે છે. આ દિવસે સરદારોજ નાવ

ચલાવે છે. આખો દિવસ નાવ સરોવરનાં ઉંડાં જલને કંપાયમાન કરતી પ્રચંડ વેગથી ચાલે છે. આ પ્રકારે સંધ્યાકાળસુધી આનંદવિહાર કરી મહારાણા પોતાના સરદારોની સાથે પાછા ફરે છે. આ નવીન ઉત્સવ પ્રસંગે ભગવતી ગૌરીની પૂજા વાસંતી અન્નપૂર્ણાની સમાન કરવામાં આવે છે.

**સાવિત્રીવ્રત**—જ્યેષ્ઠ કૃષ્ણ ચતુર્દશી એ સાવત્રીવ્રતનો દિવસ છે. એ દિવસે જે સ્ત્રીઓ ઉપવાસ કરીને,પતિવ્રતા સાવિત્રીની પુણ્યકથા શ્રવણ કરે છે તથા તેની પૂજા કરે છે તેને કદિ પણ વૈધવ્યનું દુઃખ સહન કરવું પડતું નથી, એવી રાજપૂતલોકોની શ્રદ્ધા છે. મેવાડની રાજપૂતસ્ત્રીઓ એ દિવસે એક નિયત કરેલા વટવૃક્ષની નિકટ જઇને વિધિપૂર્વક તેની પૂજા કરીને સાવિત્રીની પુણ્યકથા શ્રવણ કરે છે.

**રંભાતતીયા**—જ્યેષ્ઠ શુક્લ તૃતીયાને દિવસે સ્ત્રીઓ રંભાની પૂજા કરે છે. રંભા એ ભગવતી ગૌરીની બીજી મૂર્તિ છે. બાર માસમાં હિંદુઓ જે બાર મૂર્તિનું પૂજન કરે છે તેમાંની આ એક મૂર્તિ છે. રાજપૂતસ્ત્રીઓ ધનની કામનાથી શતપુષ્પીનાં ફૂલવતી રંભાદેવીની આરાધના કરે છે.

**અરણ્યષષ્ઠી**—જ્યેષ્ઠ માસના શુક્લ પક્ષમાં ભગવતી ષષ્ઠીદેવીની જે પૂજા કરવામાં આવે છે તેનેજ અરણ્યષષ્ઠી કહેવામાં આવે છે. બાર માસમાં ભગવતી મહામાયાની જે બાર મૂર્તિઓને સંતતિની કામનાવાળી સ્ત્રીઓ પૂજે છે, તેમાંની એક મૂર્તિ આ પણ છે. પુત્રેચ્છા ધરાવનાર અથવા પુત્રની મંગલકામના રાખનાર હિંદુલલના વનમાં પ્રવેશ કરી વટ અથવા પીપળાના થડમાં ઉક્ત દેવીની પૂજા કરે છે.

**રથયાત્રા**—અષાડ શુક્લ દ્વિતીયાને દિવસે ભગવાન વિષ્ણુની રથયાત્રા થાય છે. હિંદુશાસ્ત્રમાં નારાયણની યાત્રા દરેક માસમાં એકવાર થતી જણાવવામાં આવે છે. આ પ્રકારે વર્ષના બાર માસની દ્વાદશ યાત્રાઓ પૃથક્ પૃથક્ નામથી પ્રસિદ્ધ છે. તેમાંની રથયાત્રા પણ એક છે. આ ઉત્સવમાં કાંઈ વિશેષ ધામધુમ કરવામાં આવતી નથી.

**પાર્વતીતૃતીયા**—શ્રાવણ માસની શુક્લ તૃતીયાને દિવસે રાજપૂતલોકો પાર્વતીતૃતીયાનું વ્રત પાળે છે. એમ કહેવાય છે કે, એ દિવસે ભગવતી ગૌરીનો મહાદેવની સાથે પુનઃ મેળાપ થયો હતો. રાજપૂતો આ પર્વને પરમ પવિત્ર અને પાલનીય ગણે છે અને તેઓ દૃઢ શ્રદ્ધાપૂર્વક માને છે કે, જે સ્ત્રી ભગવતી પાર્વતીની ભક્તિસહિત પૂજા કરે છે તેની સર્વ કામનાઓ તે પૂર્ણ કરે છે અને અંતે તેને પોતાની સખી બનાવે છે; એટલા માટે રાજપૂતબાલાઓ ભક્તિસહિત તેની પૂજા કરે છે. ભૂમિપર અધિકાર કરવાને અને ત્યજેલા ઘરમાં પુનઃ પ્રવેશ કરવાને માટે આ દિવસને આ લોકો અત્યુત્તમ માને છે. જ્યારે અંગ્રેજોની સાથે મેવાડના મહારાણાને સંધિ થઇ હતી, ત્યારે દૂરના દેશોમાં નાસી ગયેલા મેવાડીઓ આ પુણ્યતિથિપર પોતપોતાને ઘેર આવ્યા હતા.

આ દિવસે સર્વ રાજપૂતો લાલ વસ્ત્રો પરિધાન કરે છે. જયપુરના મહારાજા આ ઉત્સવપ્રસંગે પોતાના સરદારોને લાલ રંગનું એક એક વસ્ત્ર આપે છે. ઉદયપુર કરતાં જયપુરમાં આ વ્રત કાંઇક વિશેષ ધામધૂમસહિત પાળવામાં આવે છે. જયપુરની સ્ત્રીઓ ભગવતી પાર્વતીની એક પ્રતિમા બનાવી તેને ઉત્તમ વસ્ત્રાલંકાર પરિધાન કરાવી, પોતાની સ્કંધપર બેસાડીને ગીત ગાતી ગાતી લઈ જાય છે. સ્વયં મહારાજા અને સરદારો તે સ્ત્રીઓની પાછળ પાછળ ચાલે છે. આ ઉત્સવને દિવસે સમસ્તરાજપૂતો પોતાની પુત્રીઓને એક એક જોડી લાલ વસ્ત્રો આપે છે.

**નાગપંચમી**—શ્રાવણ શુક્લ પંચમીને દિવસે ભગવતી નાગમાતા મનસાની પૂજા કરવામાં આવે છે. ભગવતી મનસા નાગેશ્વરી કહેવાય છે અને તેને વિષહારક માનવામાં આવે છે. ઉક્ત પંચમીને દિવસે તેની પૂજા કરવાથી નાગનો ભય નિવૃત્ત થાય છે, એવી માન્યતાથી સમસ્ત હિંદુઓ નાગપંચમીને દિવસે વિધિપૂર્વક ભગવતી મનસાની પૂજા કરે છે.

**રાખીપૂર્ણિમા**—શ્રાવણ માસની પૂર્ણિમાને મેવાડીરાજપૂતો રાખીપૂર્ણિમા કહે છે. એમ કહેવાય છે કે, મુનિશ્રેષ્ઠ દુર્વાસાના ઉપદેશાનુસાર શ્રવણે પોતાનાં સર્વ પ્રકારનાં વિઘ્નો અને વિપત્તિઓ નિવૃત્ત કરવાને માટે પોતાના હાથમાં રક્ષાબંધન કર્યું હતું. કેવલ ધર્માચાર્યો અને સ્ત્રીઓજ રક્ષા બાંધી શકે છે; ઇતર કોઇને તે બાંધવાનો અધિકાર નથી.

રાજપૂતસ્ત્રીઓ જેને પોતાનો ભ્રાતા બનાવવાની ઇચ્છા રાખે છે, તેનાપર તેઓ ઉક્ત દિવસે પોતાની સખી અથવા કુળપુરોહિતદ્વારા રક્ષા મોકલે છે. જેને રક્ષા પ્રાપ્ત થાય છે તે પણ વિધિઅનુસાર

પોતાની નવીન ભગિનીને દક્ષિણા આપે છે. અમે પૂર્વે જણાવી ચૂકયા છીએ કે રાખીબંધન એ એક પવિત્ર અને દૃઢ સંબંધ છે.

**જન્માષ્ટમી**—શ્રાવણની કૃષ્ણ અષ્ટમી એ ભગવાન શ્રીકૃષ્ણની જન્મતિથિ છે. સમસ્ત હિંદુઓ આ તિથિને પરમ પવિત્ર માને છે. શ્રાવણના કૃષ્ણપક્ષની તૃતીયાને દિવસે રાણાજી પોતાના સરદારો અને સામંતોની સાથે 'ચૌગાન મહલ'માં જાય છે. તે દિવસથી અષ્ટમીપર્યંત ત્યાં સદા શ્રીકૃષ્ણચંદ્રની પૂજા કરવામાં આવે છે. અષ્ટમીને દિવસે પ્રાતઃકાળથીજ ઉદયપુરમાં ઘેર ઘેર ઉત્સવ થવા માંડે છે. સર્વ માણસો પીતવર્ણનાં વસ્ત્રો પરિધાન કરે છે અને "કન્હૈયાલાલકી જય" એવા ઉદ્દગાર કાઢે છે. મેંવાડમાં ઘેર ઘેર વાદ્યધ્વનિ અને આનંદધ્વનિ થયા કરે છે.

ત્યારપછી બરાબર એક પખવાડીઆસુધી મહારાણા પોતાના પિતૃઓનું તર્પણ કરે છે. નિસધારા નામના નગરમાં રાણાના પૂર્વજનું એક સમાધિમંદિર છે, ત્યાં જઈ રાણાજી ધૂપ, દીપ, પુષ્પહાર અને નૈવેદ્યદ્વારા તેમની પૂજા કરે છે. મેવાડના પ્રત્યેક સરદારને પણ આ પ્રકારે તર્પણ કરવું પડે છે.

**ખડ્ગપૂજા**—જે ઉત્સવમાં રાજપૂતો ખડ્ગની પૂજા કરે છે તેનું નામ નવરાત્રિઉત્સવ છે. આ ઉત્સવ રાજપૂતોના સમરદેવતાની પૂજાઅર્થેજ કરવામાં આવે છે. આશ્વિન શુકલ પ્રતિપદાથી આ પૂજાનો આરંભ થાય છે અને રાણાજી તેજ દિવસથી ઉપવાસ કરે છે. પ્રાતઃકાળ થતાંજ પ્રાતઃકર્મો સમાપ્ત કરી રાણાજી ખડ્ગપૂજા કરવામાં નિમગ્ન થાય છે. ગિહલોતકુલની પ્રસિદ્ધ બેધારી સમશેર આ પ્રસંગે શસ્ત્રભંડારમાંથી બહાર કાઢવામાં આવે છે અને ત્યારપછી વિધિપૂર્વક તેની પૂજા કરવામાં આવે છે. ત્યારપછી રાણાજી પોતાના સરદારોની સાથે તે પવિત્ર ખડ્ગને કૃષ્ણપોર નામના એક પ્રસિદ્ધ તોરણદ્વાર આગળ લઈ જાય છે. ત્યાં ભગવતી અષ્ટભુજાનું મંદિર આવેલું છે. આ મંદિરના દ્વારપર રાજયોગી[1] પોતાના અનુયાયીઓની સાથે જઇને રાણાજીના હાથમાંથી ઉક્ત ખડ્ગ લઈ લે છે અને તેને દેવીની સમક્ષ સ્થાપન કરીને બહુ કાળજીથી તેની રક્ષા કરે છે. તે દિવસે ત્રીજે પ્રહરે નગરનાં ત્રણે દ્વારોપર નગારાંનો ગંભીર ધ્વનિ થાય છે. નગારાંનો આ સંકેતધ્વનિ સાંભળતાંની સાથેજ રાણા પોતાના સરદારો અને સામંતોને લઇને મહિષશાળા તરફ જાય છે અને તેમાંથી એક પાડાને બહાર કાઢીને રણઘોડાની સમક્ષ તેનો બલિ આપે છે. ત્યારપછી મહારાણા સેનાની સાથે ભગવતી ચતુર્ભુજાના મંદિરમાં જઈ રાજયોગીની પાસે આસનપર બેસી તેને બે રૂપિયા અને એક નાળીએર આપે છે. ત્યારપછી વિધિઅનુસાર ખડ્ગની પૂજા કરી સૌ પોતપોતાને ઘેર ચાલ્યા જાય છે.

(બીજે દિવસ) પહેલા દિવસની પેઠે આજે પણ રાણાજી 'ચૌગાનમહલ'માં જઇ એક પાડાનો બલિ આપે છે. આજે ઉદયપુરના તોરણપાલ નામના દ્વારપર પણ એક પાડાનો ભોગ આપવામાં આવે છે. સંધ્યાકાળે રાણાજી જગન્માતાના મંદિરમાં જાય છે. ત્યાં પણ અનેક બકરા અને પાડાઓનો ભોગ આપવામાં આવે છે.

(ત્રીજે દિવસ) આ દિવસના પ્રથમ પ્રહરમાં રાણાજી 'ચૌગાનમહલ'માં જાય છે અને ત્યાં પાડાનું બલિદાન આપે છે. સંધ્યાકાળે તેઓ ભગવતી હર્ષિતામાતાના પવિત્ર મંદિરમાં જઇને પાંચ પાડાનો બલિ આપે છે.

(ચોથો દિવસ) આજે પણ મહારાણા 'ચૌગાન મહલ'માં જઇને એક પાડાનો ભોગ આપે છે. ત્યારપછી તેઓ ચતુર્ભુજાદેવીના મંદિરમાં જઇ તેની પૂજા કરીને રાજયોગીને મિષ્ટાન અને પુષ્પહાર આપે છે. આ મંદિરની સામે એક પ્રચંડ સ્તંભની સાથે એક પાડો બાંધવામાં આવેલો હોય છે. તેનો વધ મહારાણા સ્વહસ્તે કરે છે. આ કાર્યમાં મહારાણાનું પરમચાતુર્ય પ્રદર્શિત થાય છે. મહારાણા એક પાલખીમાં બેસીને જાય છે અને ધનુષ્યબાણ હાથમાં ગ્રહણ કરી અમોઘ તીરથી તે પાડાનો સંહાર કરે છે.

(પાંચમો દિવસ) 'ચૌગાનમહલ'માં નિયમિત રીતે બલિદાન આપ્યા પછી રાણાજીની આજ્ઞાથી ગજયુદ્ધ શરૂ થાય છે. તે સમાપ્ત થઇ રહ્યા પછી સર્વ ભગવતી આશાપુર્ણાના મંદિરમાં ચાલ્યા જાય

૧ રાજસ્થાનમાં એક પ્રકારના એવા સાધુ છે કે જે આવશ્યકતા પડતાં સમશેર ગ્રહણ કરી સંગ્રામભૂમિમાં જાય છે. આ સાધુઓના સ્વામીને રાજયોગી કહેવામાં આવે છે.

છે. ત્યાં એક ઘેટાનો અને એક પાડાનો ઉત્સર્ગ કરવામાં આવે છે.

(છઠ્ઠો દિવસ) આજે રાણાજી નિયમાનુસાર 'ચૌગાન મહલ'માં જાય છે; પરંતુ ત્યાં આજે કોઇપણ પ્રકારનો બલિ આપવામાં આવતો નથી. દેવીની પૂજા કરીને તેઓ કાનફટા યોગીઓના મહંતની મુલાકાત લે છે.

(સાતમો દિવસ) 'ચૌગાન મહલ'ની નિયમિત ક્રિયાઓ સમાપ્ત કરી રાણાજી અશ્વપાલને સમસ્ત ઘોડા લાવવાની આજ્ઞા કરે છે.અશ્વપાલ શીઘ્ર સમસ્ત અશ્વોને સ્નાન કરાવી સજાવીને લાવે છે.આજે રાત્રિના સમયે મહાલયમાં હોમ કરવામાં આવે છે. એક ઘેટાનો અને એક પાડાનો ભોગ આપવામાં આવે છે. ત્યારપછી મહારાણા કાનફટા યોગીઓને નિમંત્રણ કરીને તેમને વિવિધ પ્રકારનાં ભોજન કરાવે છે.

(આઠમો દિવસ) આજે મહાલયમાં હોમ થાય છે. સંધ્યાસમયે મહારાણા કેટલાક સરદારોની સાથે નગરની બહાર શમીના નામના ગામમાં જઈ ત્યાંના યોગીઓની મુલાકાત લે છે.

(નવમો દિવસ) આજે 'ચૌગાન મહલ' અથવા ઇતર કોઈ પણ સ્થાને જવાનું હોતું નથી. રાણાજીની આજ્ઞાથી અશ્વપાલો અશ્વોને તબેલામાંથી બહાર કાઢી સરોવરમાં સ્નાન કરાવવાને લઇ જાય છે. સ્નાનક્રિયા સમાપ્ત થઇ ગયા પછી તેમને સજાવીને મહાલયમાં લાવવામાં આવે છે. અહીંઆં સરદારો તથા સામંતો તેમની પૂજા કરે છે. આ પ્રસંગે અશ્વપાલોને રાણાજી તરફથી પુષ્કળ પારિતોષિક મળે છે. આજે ત્રીજા પ્રહરે ત્રણવાર નગારાં વગાડવામાં આવે છે. આ સમયે રાજ્યના સમસ્ત સામંતો, સરદારો અને સિપાઇઓ માતાચલ નામના પર્વતપર જઇ સુપ્રસિદ્ધ બેધારી સમશેર લઇ આવે છે. જ્યારે આ સર્વ માણસો પાછાં આવે છે ત્યારે રાણાજી આસનપરથી ઉઠી વિધિપૂર્વક વંદન કરી રાજયોગીના હાથમાંથી ખડ્ગને ગ્રહણ કરે છે. ત્યારપછી રાજયોગીને મહારાણા તરફથી કેટલુંક ઇનામ મળે છે. જે મહંત પાંચ દિવસપર્યંત વ્રત કરીને તે ખડ્ગની પૂજા કરે છે તેને મહારાણા એક લોટો ભરીને અશરફીઓ તથા રૂપિયા આપે છે. ત્યારપછી સમસ્ત યોગીઓને ઉત્તમ પ્રકારનાં ભોજન કરાવવામાં આવે છે.[૧]

(દશમો દિવસ) ભારતના સમસ્ત સનાતનધર્માવલંબીઓ આ દશમની તિથિનો મહિમા સારી રીતે જાણે છે. એમ કહેવાય છે કે, ભગવાન શ્રીરામચંદ્રજીએ સીતાજીનો ઉદ્ધાર કરવાને માટે આજ પવિત્ર તિથિએ મહાબળવાન લંકાનાથની સામે યુદ્ધ કરવાને યાત્રા કરી હતી. રાજપૂતો આ દિવસને સંગ્રામકાર્યને માટે ઉત્તમ ગણે છે. આ દિવસે પ્રાતઃકાળ થતાંજ મહારાણા પોતાના દીક્ષાગુરુનાં દર્શન કરે છે. 'ચૌગાન મહલ' માં અથવા માતાચલ પર્વતપર અનેક પ્રકારનાં આસનો ગોઠવવામાં આવે છે. ત્યાં સમસ્ત ગોલંદાજસેના સુસજ્જ થઇને ઉભી રહે છે. સંધ્યાસમયે સમસ્ત સરદારો અને સામંતોને પોતાની સાથે લઇને મહારાણા ત્યાં જાય છે અને સૌથી પહેલાં શમી નામના વૃક્ષની પૂજા કરે છે. ત્યારપછી તેઓ પાંજરામાં પડેલાં નીલકંઠ પક્ષીને ઉડાડી મૂકીને તોપના ગોળાની વૃષ્ટિમાં થઇને પોતાના સ્થાનપર જાય છે.

( અગીઆરમો દિવસ ) આજે યુદ્ધલીલા અધિકાંશે થાય છે. પ્રાતઃકાળમાંજ રાણાજી પોતાની સેનાને લઇને માતાચલ તરફ જાય છે. સેનાની પાછળ વાજું વાગતું જાય છે. તે પર્વતના શિખરપર ગયા પછી રાજપૂતસૈનિકો રાણાજીને અનેક પ્રકારનું યુદ્ધકૌશલ્ય દર્શાવે છે.કોઇ તોપ છોડે છે,કોઈ ઘોડો ચલાવે છે અને કોઇ ભાલો અથવા તલવાર ચલાવીને રાણાજીને પ્રસન્ન કરે છે.આ દૃશ્ય અત્યંત મનોહર લાગે છે. જોકે સિસોદીઆકુલના અધઃપતનની સાથે ઇતર ઉત્સવોની મનોહરતા અને સુંદરતા ઘણી ઘટી ગઇ છે, તોપણ પ્રસ્તુત મહોત્સવની રમણીયતામાં કિંચિત્ પણ ઘટાડો થયો નથી.અશ્વોનો શૃંગાર તથા નાચ અને સરદારોનાં પ્રફુલ્લિત વદન, તેમનો મનોહર વેષ તથા તેમનું અશ્વો દોડાવવાનું તથા શસ્ત્રો ચલાવવાનું કૌશલ્ય જોઇને પ્રત્યેક પ્રેક્ષકનું હૃદય આનંદમાં નિમગ્ન થઇ જાય છે. શરદઋતુના સૂર્યપ્રકાશથી ચળકતી સમશેરો જોઇ પ્રેક્ષકોનું મન પરમ આહ્લાદને પ્રાપ્ત થાય છે. આ રંગભૂમિનું

૧ આ દિવસે રાજપૂતકુમારો પોતાના પિતાની પૂજા કરે છે. આ દિવસોમાં સમસ્ત રાજપૂતો બહુધા કંદ, મૂલ, ફળ ખાઈને રહે છે.

અપૂર્વ સૌંદર્ય અને ગૌરવ જોઇને મેવાડના પ્રાચીનગૌરવનું સ્મરણ થાય છે. તત્કાળ વીરકેસરી સંગ્રામસિંહ અને પ્રતાપસિંહની અદ્ભુત વીરતા સ્મૃતિપટપર ઉપસ્થિત થાય છે અને તે પ્રેક્ષકને મેવાડની વર્તમાન નિર્જીવ અવસ્થામાંથી ઉંચકીને તેની પ્રાચીન અતીવ ગૌરવમય અવસ્થામાં લઇ જાય છે;પરંતુ આ પ્રકાર માત્ર ક્ષણભર નિભે છે. બીજીજ ક્ષણે આ સ્થિતિ લય પામે છે અને મેવાડની સાંપ્રત શોચનીય સ્થિતિનું ચિત્ર અંતઃચક્ષુની સમીપ આવીને ઉભું રહે છે. હૃદય વ્યાકુલ બની જાય છે અને આંખમાંથી શોકાશ્રુ ઝરવા લાગે છે.

આજના શુભ દિવસે સમસ્ત વ્યાપારીઓ પોતપોતાની દુકાન પુષ્પોથી સુસજ્જિત કરે છે.પ્રત્યેક બજારને મોખરે એક મૂલ્યવાન વસ્ત્રનો પડદો વિદ્યમાન હોય છે. વળી એક તોરણદ્વાર બનાવીને તેને પુષ્પહારથી અલંકૃત કરવામાં આવે છે. મહારાણા ગિરિપરથી નીચે ઉતરી તે તોરણદ્વારની પાસે જાય છે અને તેને સ્પર્શ કરીને તેની પ્રદક્ષિણા કરે છે. આ ઉત્સવપ્રસંગે જે જે રાજપૂતો ઉપસ્થિત હોય છે તે સર્વ રાણાજીને વિવિધપ્રકારના ઉપહાર આપે છે. આ સમયે ઉપરાઉપરિ તોપો છોડવામાં આવે છે અને બંદીજનો તથા ભાટલોકો મેવાડના ગતવીરોની ગુણાવલીનું ગાન કરે છે તથા રાણાજીની પણ સ્તુતિ ગાય છે. આજે નવા ખરીદેલા પુષ્કળ અશ્વોને રંગભૂમિપર લાવવામાં આવે છે. સેનાસહિત રાણાજી ગિરિપરથી ઉતરવા માંડે છે; તે વખતે અશ્વપાલો નવીન અશ્વોની પ્રશંસા કરે છે. આ અશ્વોનાં નામ માનક, બાજી,બાજ વગેરે હોય છે. રાણાજી મહાલયમાં આવી સરદારોને ઉચિત પુરસ્કાર આપે છે.આ દિવસે રાણાજી જે પોશાક પહેરે છે તે ઉત્સવની સમાપ્તિ થયા પછી કોટારિયાના સામંતને અર્પણ કરી દેવામાં આવે છે. જે દિવસે દુરાચારી વનવીરના અત્યાચારથી ઉદયસિંહના પ્રાણ ભયમાં આવી પડયા હતા અને જે દિવસે પરમ વિશ્વાસિની ધાત્રી પન્નાએ પોતાના પ્રાણાધિક પુત્રના રુધિરથી તે નરપિશાચની રક્તપિપાસા તૃપ્ત કરીને અનાથ રાજકુમારના જીવનની રક્ષા કરી હતી, તે દિવસે જે ચૌહાણસરદારે રાણા ઉદયસિંહ અને ધાત્રી પન્નાને પોતાને ઘેર રાખ્યાં હતાં,તેમનાજ વંશજ વર્તમાન કોટારિયાના સરદાર છે. રાણાજી તેમની ઉક્ત રાજભક્તિના બદલામાં તેમના વંશજોને આ પ્રસંગે પોતાનો પોશાક આપે છે.

**ગણેશપૂજા**—પ્રત્યેક સનાતનધર્માવલંબી સિદ્ધિદાતા ગણેશની પૂજા કરે છે. કોઇપણ રાજપૂત ગણેશના નામનું સ્મરણ કર્યા વિના કોઇ કાર્યનો આરંભ કરતો નથી. જે રીતે વીર લોકો તેને માને છે તે પ્રમાણે વણિકો પણ પોતાની વહીના પ્રથમ પૃષ્ઠપર "**श्री गणेशायनमः**" લખીને તેને માન આપે છે. ઇમારત અથવા મંદિર બંધાવતી વખત શ્રીગણેશની પ્રતિમાને તેની દિવાલમાં સ્થાપિત કરવામાં આવે છે. રાજપૂતાનામાં કોઇપણ રાજપૂતનું ઘર એવું નથી કે જેના દ્વારપર ગણેશની મૂર્તિ વિદ્યમાન ન હોય.ઘણાં હિંદુનગરોમાં ગણેશનાં નામપરથી એકાદ દ્વાર પણ બંધાવેલું દૃષ્ટિગોચર થાય છે. ઉદયપુરમાં પણ ગણેશદ્વાર નામનું એક તોરણદ્વાર છે. રાજસ્થાનના પ્રાયઃ સમસ્ત ગિરિઓપર ચઢવાના માર્ગના પ્રારંભમાં ગણેશનું એક મંદિર દૃષ્ટિગોચર થાય છે. ગણેશની પૂજાની સાથે તેના પ્રિય વાહન ઉંદરની પણ પૂજા કરવામાં આવે છે.

**ખડ્ગનું વર્ણન**—હવે અમે રાજપૂતોના પ્રધાન આધારસ્તંભ બેધારા ખડ્ગનું વર્ણન કરીશું. આ ખડ્ગના સંબંધમાં રાજપૂતાનામાં અનેક ગૂઢ અને અદ્ભુત વૃત્તાંતો પ્રચલિત છે. રાજપૂતો દૃઢ શ્રદ્ધાપૂર્વક માને છે કે, ભગવતી ચતુર્ભુજાએ વિશ્વકર્માદ્વારા આ ખડ્ગ નિર્માણ કરાવીને બાપ્પારાવલને અર્પણ કર્યું હતું. ત્યારપછી ગિહલોતકુલના રાજાઓએ દીર્ઘકાલપર્યંત તે ખડ્ગનો જંગમ સંપત્તિતરિકે ઉપભોગ લીધો. પછી જે સમયે મહાબળવાન યવન વીર અલ્લાઉદ્દીને યમદૂતની પેઠે ચિતોડપર આક્રમણ કર્યું, જે સમયે ચિતોડના બાર રાજકુમારોએ યવનોના ગ્રાસમાંથી માતૃભૂમિની રક્ષા કરવાને માટે સંગ્રામભૂમિમાં પ્રાણાર્પણ કર્યું અને જે સમયે સતીશિરોમણિ રાણી પદ્મિની અગણિત રાજપૂતલલનાઓને પોતાની સાથે લઇને ચિતામાં બળીને ભસ્મીભૂત થઈ, તે સમયથી અલ્પ અવધિને માટે ઉક્ત ખડ્ગ ગિહલોતકુલના અધિકારમાંથી નીકળી ગયું. પૂર્વે જણાવાઇ ચૂકયુંજ છે કે,અલ્લાઉદ્દીને ચિતોડ જીતી લીધા પછી માલદેવ નામના એક સોનગઢાસરદારને તે અર્પણ કર્યું હતું. ચિતોડનું રાજ્ય પ્રાપ્ત કર્યા પછી એ સોનગઢાસરદારે ત્યાંનો ભંડાર હસ્તગત કરવાનો વિચાર કર્યો. તેણે ધાર્યું કે જમીનની અંદરના ભોંયરામાં ચિતોડની પતિવ્રતા નારીઓ બળીને ભસ્મીભૂત થઇ છે તેથી અવશ્ય ત્યાં પુષ્કળ રત્નો વિદ્યમાન

હશે,આવો વિચાર કરી તેણે તે ભયંકર ગુફામાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો. તેને ભય તો બહુ ઉત્પન્ન થયો, પરંતુ લોભે ભયને દૂર કર્યો.ઘણા માણસો ગુફાઓની ભીતિદાયક વાતો કરીને તેને ડરાવવા લાગ્યા. એક માણસે તેને જણાવ્યું કેઃ—"એક ભયંકર અજગર સુરંગની રક્ષા કરે છે." બીજાએ કહ્યું કેઃ—"એક વિકટ પિશાચિની તેમાં ચોતરફ ભ્રમણ કર્યા કરે છે." ત્રીજો બોલ્યો કેઃ—" જે માણસ આ ભયંકર ગુફામાં પ્રવેશ કરે છે તે જીવંત પાછો નીકળતો નથી." પરંતુ માલદેવ આ સર્વ વાતો સાંભળીને યત્કિંચિત્ પણ ભયભીત થયો નહિ. તેનો નિશ્ચય અટલ અને અડગજ રહ્યો. માલદેવે કયા માર્ગથી તે ગુફામાં પ્રવેશ કર્યો હતો તે વિષે કાંઇપણ ઉલ્લેખ ભટ્ટગ્રંથોમાં ઉપલબ્ધ થતો નથી.

આ ભયંકર સુરંગમાં પ્રવેશ કરવાથી સાહસિક માલદેવના પ્રાણ ક્રમશઃ રૂંધાવા લાગ્યા.પ્રત્યેક ક્ષણે પ્રાણ નાશ પામવાની આશંકા ઉપસ્થિત થઇ; પરંતુ આ મહાવિપત્તિના સમયમાં પણ માલદેવ લેશ પણ ગભરાયો નહિ.તે અંધકારમય ગુફામાં પ્રવેશી અનુમાનના આશ્રયે ઠોકર ખાતો ખાતો એક દિશામાં ચાલ્યો.થોડે દૂર ગયા પછી એક પ્રકારનો લીલો પ્રકાશ તેને દષ્ટિગોચર થવા લાગ્યો. માલદેવની દઢતા યત્કિંચિત્ પણ શિથિલ થઇ નહિ. ઉલટું તેનું હૃદય આનંદથી પ્રફુલ્લિત થવા લાગ્યું. આ લીલો પ્રકાશ કોઇ ભૂત, પ્રેત, પિશાચ અથવા સર્પદ્વારા ઉત્પન્ન થયો હશે, એવી શંકા તેને ઉત્પન્ન થઇ નહિ.તે બમણા ઉત્સાહથી નિડરતાપૂર્વક તે પ્રકાશ તરફ ધસવા લાગ્યો. થોડે દૂર ગયા પછી તે સહસા સ્તબ્ધ થઇને ઉભો રહ્યો. તેનું સમગ્ર અંગ શિથિલ થઇ ગયું.તેનું હૃદય વારંવાર ધડકવા લાગ્યું. તેને રોમાંચ થયો. એક મહા પ્રચંડ ચૂલાની અંદર લાલ અને લીલી અગ્નિજ્વાલા તેને દષ્ટિગોચર થઈ.આ અગ્નિ-પ્રકાશને લીધેજ તે સુરંગમાં થોડે દૂરસુધી અજવાળું ફેલાયું હતું. ભયંકર વેષધારિણી કેટલીક નાગિણી-ઓ એક મોટી કઢાઇને ઘેરી રહી હતી અને ગંભીર તથા વિકટ સ્વરથી મંત્રોચ્ચાર કરતી હતી. તેઓ તાંડવનૃત્ય કરીને પોતાના હાથમાંની જ્યેષ્ટિકાવતી વારંવાર તે કઢાઇને સ્પર્શ કરતી હતી. માલદેવ આ અદ્દભુત દશ્ય જોઇને થોડીવાર સુધી સર્વથા સ્તબ્ધ થઇને ઉભો રહ્યો.હવે શું કરવું, તેની તેને કાંઇ સૂઝ પડતી નહોતી. જ્યારે મંત્રોચ્ચાર સમાપ્ત થયો ત્યારે તે નાગિણીઓ ઉભી રહી અને સ્થિરભાવથી માલદેવપ્રતિ જોવા લાગી. તેમનાં અંગારાસમાન લાલ નેત્રો અને ભયંકર વદન જોઇને માલદેવ ભયભીત થયો; પરંતુ તેણે પોતાના હૃદયનો ભય મુખપર લેશ પણ પ્રદર્શિત થવા દીધો નહિ. તે સ્થિર ઉભો રહ્યો.હવે તે ભયંકર નાગિણીઓએ તેને તેના આગમનનું કારણ પૂછ્યું. માલદેવ ધીમેથી બોલ્યો.—" યક્ષ, રાક્ષસ, ગાંધર્વ, કિન્નર અથવા નાગ ગમે તે તમે હો,પરંતુ હું આપના ચરણોમાં પ્રણામ કરૂં છું.આપના કાર્યમાં વિઘ્ન નાખવાને અથવા આપના ગૂઢ સ્થાનને ભેદી નાખવાને હું અત્ર આવ્યો નથી.ગિહલોત-કુલના અધીશ્વર બાપ્પારાવલને જે દૈવી ખડ્ગ દેવી ચતુર્ભુજાએ આપ્યું હતું, તે ચિતોડમાંજ હતું; પરંતુ ગત યવન—આક્રમણ પછી તે કયાં ચાલ્યું ગયું તેનો કાંઇ પત્તો લાગતો નથી, માટે આપને પ્રાર્થના કરૂં છું કે જો આપની પાસે તે ખડ્ગ હોય તો તે મને આપશો. "

તે ભુજંગિનીઓએ માલદેવની નિડરતા જોઇને કઢાઇનું ઢાંકણું ખોલી નાખ્યું. તે ઢાંકણું ખુલ્લું થતાં-વેંતજ માલદેવને ભયંકર દશ્ય જણાયું. તે કઢાઇમાં અનેક પ્રકારનાં પ્રાણીઓનાં અંગ ખંડ ખંડ થઇને ખડેલાં હતાં. તેની વચ્ચે તેને એક બાલકનો કોમલ હાથ દષ્ટિગોચર થયો. તે જોઇને માલદેવ ચકિત થયો અને એ કયા બાળકનો હાથ હશે, તેનો પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. અલ્પ અવધિ પછી તે નાગિણીઓએ રક્ત, માંસ અને ચરબીવાળા ટુકડાઓ એક પાત્રમાં મૂકીને માલદેવની પાસે લાવીને મૂકયા અને તેને ભોજન કરવા માટે સંકેત કર્યો. પિશાચોના દુર્ગંધમય ખાદ્યપદાર્થો ખાવામાં માલ-દેવ કિંચિત્ પણ લજ્જિત થયો નહિ. તેણે હલકા પદાર્થો ખાઇને ખાલી પાત્ર નાગિણીઓને પાછું સોંપી દીધું. તેણે નિડરતાપૂર્વક આ પદાર્થો ખાધા તેથી નાગિણીઓને દઢ વિશ્વાસ બેઠો કે આ માણસ અવશ્ય આ ખડ્ગ વાપરવાને સંપૂર્ણ લાયક છે. આ રીતે ખાત્રી કર્યા પછી તેમણે સુપ્રસન્ન થઇને માલ-દેવને ઉક્ત ખડ્ગ આપી દીધું. ત્યારપછી માલદેવ આનંદ પામી સુરંગની બહાર નીકળી આવ્યો.[1]

---

૧ માલદેવે જે પ્રકારે એ ખડ્ગ મેળવ્યું હતું તે પ્રકારે ત્રિશૂંગ નામનું ખડ્ગ પણ પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. પ્રાચીન કાળમાં રાજપૂતો ખડ્ગનેજ પોતાનો પ્રધાન સહાયક માનતા હતા. ત્રિગંગ નામનું ખડ્ગ એક [illegible]

હમીરે જે દિવસે સોનગઢાસરદારની પુત્રી સાથે વિવાહ કરીને ચિતોડનું સિંહાસન પ્રાપ્ત કર્યું તે દિવસે તેને ઉક્ત ખડ્ગ પણ પ્રાપ્ત થયું. કોઇક ભટ્ટગ્રંથમાં એવો ઉલ્લેખ છે કે, રાણા હમીરે ભગવતી ચારણીદેવીની પૂજા કરીને એ ખડગ પ્રાપ્ત કર્યું હતું.

**દીપાવલી**—આશ્વિનમાસની અમાવાસ્યાને દિવસે મેવાડમાં દીવાળી (દીવાલી, દીપાવલી, દીપદાન)નો ઉત્સવ થાય છે. આ દિવસે રાત્રિને સમયે સમસ્ત રાજસ્થાનમાં રોશની થાય છે. સર્વ નગરો, ગામો અને છાવણીઓમાં એવી રોશની કરવામાં આવે છે કે રાત્રિ પણ દિવસના જેવી લાગે છે. રાજાથી લઇને નિર્ધન ભિખારીસુધી સર્વ માણસો પોતપોતાની શક્તિ પ્રમાણે પોતપોતાને ઘેર દીપક પ્રદીપ્ત કરે છે.મેવાડના સર્વ માણસો આ ઉત્સવને દિવસે નૈવેદ્ય લઇને લક્ષ્મીના મંદિરમાં જાય છે. રાણાજી આજે પોતાના મુખ્યમંત્રીની સન્મુખ બેસીને ભોજન કરે છે અને તે મંત્રી પોતાની સામેની દીપમાલામાં તેલ પૂર્યા કરે છે. રાણાજીના ઇષ્ટમિત્રો અને સંબંધીઓ પણ તે દીપમાલામાં તેલ પૂરે છે.ત્રિકાલદર્શી ભગવાન મનુએ જુગારને અત્યંત અનિષ્ટકારક જણાવ્યો છે,તે છતા પણ રાજપૂતો દિવાલીના ઉત્સવમાં જુગાર ખેલે છે.સર્વ રાજપૂતો દૃઢ વિશ્વાસપૂર્વક માને છે કે, આજે જેની જીત થાય છે તેનું સંપૂર્ણ વર્ષ આનંદમાં વ્યતીત થાય છે.

ત્યારપછી બીજને દિવસે ભાઇઆદુજ (ભ્રાતૃ દ્વિતીયા)નો ઉત્સવ થાય છે. એમ કહેવાય છે કે, સૂર્યની પુત્રી યમુનાએ આ તિથિપર પોતાના ભ્રાતા યમને આમંત્રણ કરીને પોતાને ઘેર ભોજન કરાવ્યું હતું. આજ કારણથી હિંદુશાસ્ત્રમાં પવિત્ર ભ્રાતૃપ્રેમનો પ્રકાશ કરવાને માટે આ દિનને ઉત્તમ માનવામાં આવે છે. હિંદુશાસ્ત્રમાં એવું વિધાન છે કે જે સ્ત્રી કાર્તિકમાસની શુકલ દ્વિતીયાને દિવસે પોતાના ભ્રાતાને આમંત્રણ કરી ચંદનાદિદ્વારા અર્ચના કરીને તેને ભોજન કરાવે છે તેને કદિપણ વૈધવ્યનું કષ્ટ સહન કરવું પડતું નથી અને તેનો ભ્રાતા પણ દીર્ઘાયુ ભોગવે છે.

આજ તિથિપર રાજપુતો સંધ્યાસમયે ગાયોની પૂજા પણ કરે છે.

**લક્ષ્મીપૂજા**—કાર્તિકી શુકલ પૂર્ણિમાને દિવસે રાજપુતો પરમ શ્રદ્ધાપૂર્વક સૌભાગ્યદાયિની લક્ષ્મીની પૂજા કરે છે. આ ઉત્સવપ્રસંગે પણ મહાધામધુમ થાય છે.

**અન્નકુટ**—ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસનાને માટે રાજસ્થાનમાં જેટલા ઉત્સવો કરવામાં આવે છે તે સર્વમાં અન્નકૂટ પ્રધાન છે. નાથદ્વારામાં આ ઉત્સવ મહાધામધૂમ સાથે કરવામાં આવે છે. ભારતવર્ષનાં અનેક સ્થાનોમાંથી વૈષ્ણવોનાં સાધુસંતો અને કૃષ્ણના ભકતો આવીને આ ઉત્સવની શોભામાં વૃદ્ધિ કરે છે. રાજસ્થાનનાં ભિન્ન ભિન્ન નગરોમાં ભગવાન વિષ્ણુની જે સાત મૂર્તિઓ વિરાજમાન છે, તે સમસ્ત મૂર્તિઓને આ ઉત્સવના આરંભમાંજ નાથદ્વારા લઇ જવામાં આવે છે અને ત્યાં વિધિપૂર્વક તેમનું પૂજન થાય છે. આ સાત પ્રતિમાઓને સંતુષ્ટ કરવા માટે શ્રીનાથજીના મંદિરના આંગણામાં અન્નના કૂટો (ઢગલા) બનાવવામાં આવે છે. રાજપૂતજાતિના ગૌરવકાલમાં આ અન્નકૂટનો મહોત્સવ અત્યંત ધામધુમસહિત કરવામાં આવતો હતો. જે સમયે અનર્થકારક યુદ્ધોની દિગ્દાહી આગથી રાજસ્થાન ભસ્મ થયું નહોતું અને જે સમયે વિષ્ણુપરાયણ રાજપૂતો ગૌરવના ઉચ્ચ શિખરપર આરૂઢ થઇને શાંતિપૂર્વક પોતાના ઇષ્ટદેવની ભક્તિ કરી શકતા હતા, તે સૌભાગ્યશાળી સમયમાં ચાર પ્રધાન રાજપૂતરાજાઓ અન્નકૂટના ઉત્સવપ્રસંગે નાથદ્વારામાં આવીને પુષ્કળ દ્રવ્યનું દાન કરતા હતા.

અન્નકૂટના મહોત્સવનો આખો દિવસ ઉદયપુરના મહારાણા આનંદવિલાસમાં વ્યતીત કરે છે. તેઓ ચોગાનમાં જઇને ઘોડદોડ અને ગજયુદ્ધ જુએ છે. સંધ્યાસમયે આતશબાજી ઉડાડવામાં આવે છે.


**મકરસંક્રાન્તિ**—કર્નલ ટૉડે ભૂલથી કાર્તિકી વિષ્ણુપદી સંક્રાન્તિને મકરસંક્રાન્તિ જણાવી છે સમસ્ત સનાતનધર્માવલંબીઓ જાણે છે કે કાર્તિકમાસની સંક્રાન્તિનો દિવસ પરમપવિત્ર ગણાય છે. આ પવિત્ર દિવસે મહારાણા પોતાના સરદારો અને સામંતોને લઇને 'ચૌગાન મહલ'માં જાય છે અને સર્વ જણ અશ્વારૂઢ થઇને ગોલક નામનો ખેલ કરે છે.

**મિત્રસપ્તમી**—માર્ગશીર્ષની શુકલ સપ્તમીને દિવસે તેમનો એક ઉત્સવ થાય છે. આ તિથિને તેઓ મિત્રસપ્તમી કહે છે. ભગવાન દિવાકર એજ તિથિએ પોતાની માતા અદિતિના ગર્ભથી ઉત્પન્ન

સિદ્ધ જીત વીરની પુત્રીએ પ્રાપ્ત કર્યું હતું.પોતાના પિતાનું મૃત્યુ થયા પછી પોતાના કુલનું પવિત્ર ખડ્ગ નહિજણાતાં ઘણા પ્રકારે મહાકષ્ટે તેણે તે પ્રાપ્ત કર્યું હતું. આઇસલેંડના એક ઐતિહાસિક ગ્રંથમાં તેનું વર્ણન ઉપલબ્ધ થાય છે

થયા હતા. આજ કારણથી સૂર્યવંશી રાણાજી આ દિવસને પવિત્ર માને છે.[૧]

રાજપૂતોની સ્વાધીનતાની લીલાભૂમિ, વીરતા અને મહાનતાની સાધનપીઠ, હિંદુગૌરવની ખાણ, વીરજનની મેવાડભૂમિમાં જે જે પર્વોત્સવો થાય છે, તેનું વર્ણન અત્રે સમાપ્ત થાય છે. જે લેખિનીથી બાપ્પારાવલની વીરતા, સમરસિંહનું સમરકૌશલ્ય, પ્રતાપસિંહનો સ્વદેશપ્રેમ અને પ્રતાપ તથા રાજસિંહની નિડરતાનું વર્ણન કરવામાં આવ્યું છે, તેજ લેખિનીદ્વારા તેમનાં સંતાનોની વિલાસપ્રિયતા ભીરુતા અને શોચનીય દુર્દશા પણ આલેખવામાં આવી છે. જે વીરવંદનીય ગિહલોતવંશ એક સમયે વીરતા, સભ્યતા, તેજસ્વિતા અને મહાનુભાવતાથી જગતનો શિરોમુકુટ બની બેઠો હતો, જેની વીરતાના ડંકાનો નાદ હિંદુકુશ પર્વતને ભેદી પૌરાણિક શાકદ્વીપના વક્ષ:સ્થળપર્યંત પહોંચી ગયો હતો અને જેના એકજ વીરની અલૌકિક વીરતાથી એક સમયે શહેનશાહ અકબરનું સિંહાસન કંપાયમાન થયું હતું, તેજ વંશના સંતાનો કે જેના પૂર્વજોના રોમમાંથી નીકળતી અગ્નિની ચિણગારીઓ માત્ર ભારતવર્ષનેજ નહિ પરંતુ ઇરાન, તુરાન વગેરે દેશોને ડોલાયમાન કરી દેતી હતી તેનાજ વંશજો આજે દુર્ભાગ્યના કઠોર કર-પ્રહારથી શિથિલ થઇ ગયા છે. આજે તે તેજ રહ્યું નથી—હાલ તે દમક રહી નથી. સર્વનો લય થઇ ગયો છે. સર્વ મંદતાને પ્રાપ્ત થયું છે. હાલમાં સર્વત્ર જડતા, નિ:સ્તબ્ધતા અને મૌનનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું છે. ઉન્નત, પ્રતિષ્ઠિત અને ગૌરવાન્વિત મેવાડનો અત્યંત શોચનીય અને હૃદયવિદારક વિધ્વંસ થયો છે. તેનાં ગગનસ્પર્શી ગૌરવશૃંગો ખંડ ખંડ થઇને આજે ભૂમિસ્થ થયાં છે. આજે મેવાડમાં ઉઠીને બેઠા થવાની શક્તિસુદ્ધાં રહી નથી. જે મેવાડને શક્તિનો ભંડાર માનવામાં આવતો હતો, તે આજે શક્તિહીન બની બેઠો છે; પરંતુ અમને આશા છે કે બ્રિટિશસરકારની શીતલ છાયાનીચે મેવાડ પુન: ઉન્નતિ પ્રાપ્ત કરશે.



૧ કર્નલ ટૉડ એક અંગ્રેજ હોવા છતાં પણ તેમણે રાજપૂતોના ધર્મ અને ઉત્સવોનું વર્ણન અતિ ઉત્તમ પ્રકારે કર્યું છે. જો કે તેમણે કેટલેક સ્થળે ભૂલ પણ કરી છે; પરંતુ તે ક્ષમ્ય છે. જો તેઓ સંસ્કૃત ભાષાના જ્ઞાતા હોત તો કદિ તેમણે ભૂલ કરી ન હોત. આ અધ્યાયના પ્રારંભમાં જે ભાનુસપ્તમીનું વર્ણન કરવામાં આવ્યું છે તે આ મિત્રસપ્તમીના બીજા નામસિવાય ઇતર કાંઈ પણ નથી. કર્નલ ટૉડે આ ભાનુસપ્તમીને સૂર્ય ભગવાનનો જન્મદિવસ જણાવ્યો છે; પરંતુ વાસ્તવમાં આદિત્ય ભગવાને માર્ગશીર્ષ માસની શુક્લ સપ્તમીને દિવસે જન્મ લીધો હતો. તેનુ પ્રમાણ ભવિષ્યપુરાણમાં નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે:–

"અદિત્યાં કશ્યપાજ્જજ્ઞે મિત્રોનામ દિવાકરઃ। માર્ગશીર્ષસ્ય માસસ્ય શુક્લપક્ષે શુભે તિથૌ સપ્તમ્યાં તેન સા ખ્યાતા લોકેઽસ્મિન્ મિત્રસપ્તમી ॥"

# अध्याय ३१ मो

**સતી થવાનો રિવાજ—શિશુકન્યાની હત્યા—જુહારની રીતિ—રાજપૂતચારિત્ર્યની સંક્ષિપ્ત સમાલોચના-મૃગયા-વ્યાયામ—યુદ્ધકલા—ગાયનવાદન—મહારાજા શિવધનસિંહ-રાજપૂતોની શિક્ષા-ગૃહશૃંગાર અને વેષ.**

એક સમયે હિમાલયથી લઇને કન્યાકુમારીપર્યંત અને અરબીસમુદ્રથી બ્રહ્મપુત્રાપર્યંત સમસ્ત હિંદુજાતિમાં સતી થવાનો રિવાજ પ્રચલિત હતો; કારણ કે હિંદુશાસ્ત્ર સ્ત્રીને પતિની પાછળ ભસ્મીભૂત થવાની આજ્ઞા કરે છે. સૌથી પ્રથમ રાજા દક્ષની કન્યાને સતી થયેલી જણાવવામાં આવે છે. રાજા દક્ષે પોતે કરેલા મહાયજ્ઞમાં સમસ્ત લોકો તથા દેવોને આમંત્રણ કર્યું હતું; પરંતુ તેમણે પોતાના જામાતા શિવજીને આમંત્રણ કર્યું નહિ. જ્યારે શિવજીની પતિવ્રતા સ્ત્રીએ સાંભળ્યું કે, મારા પિતાએ મહાયજ્ઞ કરવા માંડયો છે, છતાં મારા પતિને આમંત્રણ કર્યું નથી, ત્યારે તે યજ્ઞ જોવાને માટે એકલી આમંત્રણવિનાજ પોતાના પિયરમાં ગઇ. રાજા દક્ષે પોતાની મહાસભામાં પરમ ક્રોધાયમાન થઇ શિવજીની અત્યંત નિંદા કરી. સતી પોતાના પતિની આ ભીષણ નિંદા સહન કરી શકી નહિ અને તેણે તત્કાળ પોતાના પ્રાણ વિસર્જન કર્યાં. પછી તે સતીએ રાજા હિમાલયને ઘેર જન્મ ગ્રહણ કર્યો અને પુનઃ શિવજીની સાથે તેનું સંમિલન થયું. રાજપૂતસ્ત્રીઓ પણ આજ દૃષ્ટાંતનું અનુકરણ કરીને પોતાના પ્રાણપતિનું પુનર્મિલન કરવાના ઉદ્દેશથી ચિતામાં જીવંત બળીને ભસ્મિભૂત થાય છે. આ રીતિનો પ્રચાર પ્રથમ શૈવોમાં થયો. બીજી પ્રાચીન જાતિઓમાં પણ સતી થવાનો રિવાજ હતો. ઝક્ષર્તીસનિવાસી જીત વા જુતજાતિના યોદ્ધાની પાછળ તેની સ્ત્રી, અશ્વ, અસ્ત્રશસ્ત્રો અને ગુલામો ચિતામાં બળીને ભસ્મીભૂત થતાં હતાં. બાલ્ટિકસમુદ્રના તટપરના સ્કૅન્ડીનેવિયન જીતોમાં પણ આ રીતિનો પ્રચાર હતો અને આ લોકોમાંથી ઉત્પન્ન થયેલા ફ્રિસિયન તથા સેક્ષન લોકો પણ આ રિવાજમાંથી મુક્ત નહોતા. અનેક યુગો વહી ગયા પછી આ લોકોએ સ્ત્રીને બાળી મૂકવાની રીતિ છોડી દીધી હતી.

આ રીતિનો પ્રધાન ઉદ્દેશ સ્ત્રીનું સતીત્વ પ્રકાશિત કરવાનો છે. રાજપૂતો દૃઢ શ્રદ્ધાપૂર્વક માને છે કે આ પ્રકારના સહમરણથી ભાર્યા પોતાનાં તથા પોતાના પતિનાં પાપોનો નાશ કરે છે; એટલુંજ નહિ પરંતુ બીજા અવતારમાં તે પોતાના સ્વામીનું પુનર્મિલન કરે છે. આ માન્યતાને લીધે બંગાળાની બીકણ નારીઓ પણ પ્રસન્નચિત્તે પોતાના પતિની ચિતામાં ભસ્મીભૂત થવાને કિંચિત્ પણ વિલંબ કરતી નથી.

હિંદુશાસ્ત્ર સતી થવાના રિવાજનું સમર્થન કરે છે, એ ખરૂં; તોપણ તેમાં મતભેદ નથી એમ નથી. મહર્ષિ વેદવ્યાસજી મહાભારતમાં આ સહમરણની રીતિને દૃઢ પુષ્ટિ આપી ગયા છે; પરંતુ શાસ્ત્રકારોમાં શ્રેષ્ઠ એવા મનુએ એ સંબંધે કાંઈ ઉલ્લેખ કર્યો નથી. આર્યવિધવાઓના આચારના સંબંધમાં મહાત્મા મનુ જે વિધાન કરી ગયા છે તે પશ્ચિમની સ્ત્રીઓને કઠોર લાગશે; પરંતુ હિંદુ રમણીઓ તેને

અતિ સરલ માને છે. મનુ જણાવે છે કે:–"[1]વિધવા સ્ત્રીએ કેવલ કંદમૂળ ખાઇનેજ પોતાનું જીવન વ્યતીત કરવું જોઇએ અને કદિ સ્વપ્નમાં પણ પરપુરુષનું સ્મરણ કરવું જોઇએ નહિ." તદુપરાંત તેઓ જણાવે છે કે:–"પતિનો પરલોકવાસ થયા પછી જે સાધ્વી પવિત્ર રહે છે અને ધર્માચરણ કરે છે તેને અંતે સ્વર્ગની પ્રાપ્તિ થાય છે; પરંતુ જે વિધવા સ્ત્રી પુનર્લગ્ન કરીને પોતાના મૃતપતિની અવજ્ઞા કરે છે, તે આ લોકમાં પોતાને કલંકિત કરીને અંતે પોતાના પતિના સાન્નિધ્યથી વંચિત રહે છે.[2]"

હિંદુસમાજના પ્રધાન શાસ્ત્રકાર મનુ આ પ્રમાણે વિધવાઓને પવિત્ર અને શુદ્ધ આચરણ રાખવાં, સાંસારિક સુખની ઇચ્છાનો પરિત્યાગ કરવો ઇત્યાદિ અનેક આજ્ઞાઓ કરે છે અને આ પ્રકારના વર્તનથી આ લોકમાં યશ તથા પરલોકમાં પતિનું સાન્નિધ્ય પ્રાપ્ત થશે, એવી આશા આપે છે; પરંતુ તેઓ કોઈ પણ સ્થળે સહમરણની કઠોર વિધિનો ઉલ્લેખ કરી ગયા નથી. આ સહમરણની રીતિવિષે પંડિતોએ પુષ્કળ લખ્યું છે, માટે એ સંબંધે વિશેષ લખવું અમે યોગ્ય ધારતા નથી.

કર્નલ ટૉડે ઉપર જે જણાવ્યું છે તેનો અધિકાંશ અમને માન્ય છે. હિંદુઓના પ્રધાન શાસ્ત્રકાર મનુએ વિધવાસ્ત્રીને પતિની પ્રજ્વલિત ચિતામાં ભસ્મીભૂત કરવાની આજ્ઞા કરી નથી એ વાત સત્ય છે; પરંતુ ત્યારપછીના યુગના શાસ્ત્રકાર વ્યાસેજ નહિ પરંતુ અન્યાન્ય શાસ્ત્રકારોએ પણ આ પ્રથાનું દૃઢ સમર્થન કર્યું છે. કારણવિના કોઈ પણ કાર્ય બનતું નથી. અમે ( હિંદી અનુવાદક ) શ્રદ્ધાપૂર્વક માનીએ છીએ કે, મનુના સમયમાં સહમરણની આવશ્યકતા નહિ હોય તેથીજ તેમણે તે પ્રકારની આજ્ઞા કરી નથી. ત્યારપછી સમાજમાં પરિવર્તન થતાં કોઈ મહાન કારણ ઉપસ્થિત થયું હશે અને તેથી તે સમયના શાસ્ત્રકારોએ સતી થવાની પ્રથાનો આરંભ કરાવ્યો હશે. માત્ર એક કારણથીજ નહિ. પરંતુ અનેક કારણોથી આ સહમરણની રીતિ પ્રચલિત થઇ હોવી જોઇએ; પણ આ સર્વ કારણોમાંનું મુખ્ય અને પ્રબલ કારણ શું હશે તે હાલ આપણે જાણી શકતા નથી. હાલમાં બ્રિટિશ-સરકારના સુરાજ્યમાં સતી થવાનો રિવાજ લુપ્ત થઈ ગયો છે; પરંતુ એ રિવાજનો અંત આવ્યા પૂર્વે ભારતવર્ષમાં જે કોટચવધિ સ્ત્રીઓ પોતાના પ્રાણપતિની સાથે બળી મૂઇ હતીતે માંની ઘણીખરી એવી હતી કે જેમણે સ્વેચ્છાથી કેવળ દાંપત્યપ્રેમને લીધેજ પ્રજ્વલિત ચિતામાં આત્મોત્સર્ગ કર્યો હતો. આજે પણ કેટલીક એવી સતીઓ જોવામાં આવે છે કે, જે પોતાના પતિનું મરણ થતાં અન્ય ઉપાયોથી પોતાના પ્રાણવિસર્જન કરે છે. હિંદુસ્ત્રીઓમાં જે યથાર્થ પતિભક્તિ અને શુદ્ધ દાંપત્યપ્રેમ પ્રતીત થાય છે તે પ્રકાર જગતની ઇતર કોઈ જાતમાં તેટલા પ્રમાણમાં દૃષ્ટિગોચર થતો નથી.

હવે અમે રાજપૂતસમાજમાં પ્રચલિત એક બીજી રીતિનો ઉલ્લેખ કરવાને પ્રવૃત્ત થઇએ છીએ. કર્નલ ટૉડના સમયમાં આ રીતિનો પ્રચાર રાજસ્થાનમાં અતિ વિશાળ પ્રમાણમાં હતો. બ્રિટિશસરકારના સુશાસનના પ્રતાપથી સતીના રિવાજની પેઠે આ રિવાજ પણ લુપ્ત થઈ ગયો છે. હાલમાં આ રીતિનો પ્રચાર નથી તેથી એના ઉલ્લેખની પણ આવશ્યકતા જણાતી નથી; પરંતુ કર્નલ ટૉડએ રીતિનું વર્ણન કરી ગયા છે તથા એનું મૂળ કારણ પણ વિદ્યમાન છે;માટે એ પ્રાચીન રીતિના સંબંધમાં એક બે શબ્દો કહેવા અપ્રસ્તુત ગણાશે નહિ.

સતી થવાના રિવાજની પેઠે આ રીતિ પણ હૃદયભેદક છે. સતી થવાના રિવાજને તો સમાજ અને ધર્મશાસ્ત્રોનો પણ ટેકો હતો; પરંતુ આ શિશુકન્યાના વધની રીતિને કોઇ પણ પ્રકારનો ટેકો નહોતો. રાજપૂતસમાજમાં શિશુકન્યાની હત્યા કરવાનો રિવાજ દીર્ઘકાળથી પ્રચલિત હતો. કર્નલ ટૉડ જણાવે છે કે:–"જેમ સ્ત્રીઓ પતિના ગૌરવને ખાતર પ્રજ્વલિત ચિતાગ્નિમાં પોતાનો દેહ સમર્પણ કરી દેતી હતી, તેમ તેના ગર્ભથી ઉત્પન્ન થયેલી કન્યાઓને પણ પોતાના પિતાના ગૌરવની રક્ષાર્થે આ જગતમાં આવતાંવેંતજ પોતાના પિતાને હાથે પ્રાણશૂન્ય કરવામાં આવતી હતી. "

---

१ कामं तु क्षपयेद्देहं कन्दमूलफलैः शुभैः ।
न तु नामापि गृह्णीयात्पत्यौ प्रेते परस्य तु ॥ (મનુ૦ અ૦ ૫ શ્લો૦ ૧૬૧.)

૨ કર્નલ ટૉડના સમયમાં કેવલ રાજસ્થાનમાંજ નહિ, પરંતુ ભારતવર્ષના સર્વસ્થાનોમાં સહમરણની રીતિનો પ્રચાર હતો. આ રીતિ બંધ કરવાની તેઓ ભલામણ કરી ગયા છે. જહાંગીરે પોતાના રાજ્યમાં એવી આજ્ઞા

પરંતુ જે પ્રકારે વિધવાસ્ત્રી પતિનાં અનુગામિની થવાથી પતિનાં કુટુંબીઓ પોતાને ગૌરવાન્વિત માનતાં હતાં તે પ્રકારે શિશુકન્યાનો વધ કરીને કોઇપણ રાજપૂત પોતાને ગૌરવાન્વિત માનતો નહોતો.

વીરભૂમિ રાજસ્થાનમાં આ ભયંકર રીતિનો પ્રચાર શા કારણથી થયો હતો અને રાજપૂતો વાત્સલ્ય-ભાવને તિલાંજલિ આપી આવા પૈશાચિકકાર્યમાં શામાટે પ્રવૃત્ત થયા હતા તેનીજ શોધ કર્નલ ટૉડે કરી છે. તેઓ જણાવે છે કેઃ–"વાત્સલ્યભાવના અભાવથી રાજપૂતપિતા પોતાની સુકુમાર કન્યાનો વધ કરે છે એ વાત હું માની શકતો નથી. જે કારણથી યૂરોપખંડમાં અસંખ્ય મઠો ( કોન્વેન્ટસ ) સ્થાપિત કરવામાં આવ્યા છે અને સ્ત્રીઓને તેમાં મરણપર્યંત બંદીવાન રાખવામાં આવે છે[1] તેજ કારણ-થી રાજપૂતો પોતાની શિશુકન્યાઓને ભૂપીતી કરતા હતા. આ રીતિ ગમે તેવી હૃદયવિદારક હો, પરંતુ કન્યાને જન્મપર્યંત કુંવારી રાખવા કરતાં, તો તેનો આ રીતે વધ કરવો એજ વિશેષ યુક્ત છે, એમ અવશ્ય આપણે સ્વીકારવુંજ પડશે. ફ્રાન્સના ફ્રિસિયનલોકો, ઇટાલીના લાંગોબાર્ડીલોકો અને સ્પેનના વિઝિગૉથલોકો સ્ત્રીઓને મઠમાં બંદીવાન રાખવાની રીતિ ગૉથલોકોના મૂળ સ્થાન મધ્ય એશિયામાંથી લાવ્યા હતા[2] એમાં કિંચિત્ પણ શક નથી. રાજપૂતો અને પ્રાચીન જર્મનલોકોમાં કલંકના ભયથીજ શિશુકન્યાનો વધ કરવાનો રિવાજ પ્રચલિત હતો. આ વીરો પોતાની કન્યાને સમાન પાત્રના હાથમાં સમર્પણ કરવાને અસમર્થ હોવાથી તેને કલંકિત દશામાં જોવા કરતાં તેનો વધ કરવાનું વધારે ઉચિત માનતા હતા.

અમે પૂર્વે જણાવી ચૂકયા છીએ કે હાલમાં સુકુમાર કન્યાનો વધ કરવાની રીતિ દૂર થઇ ગઇ છે; પરંતુ તેનું મૂળ કારણ અદ્યાપિ દૂર થયું નથી. આ મૂળ કારણ શું છે ? અને શા કારણથી આ રીતિ પ્રબળ થઇ ગઇ હતી ? એનો ઉત્તર એટલોજ આપી શકાય છે કે રાજપૂતોમાં વિવાહની જે રીતિ પ્રચ-લિત છે તેણેજ આ શિશુકન્યાની હત્યાના રિવાજને ભયંકર રીતે વધારી દીધો હતો. રાજપૂતો પોતાની શાખા અને પોતાના ગોત્રમાં કદિ પણ વિવાહ કરતા નથી. એક વંશની સ્થાપનાને અનેક શતાબ્દીઓ વ્યતીત થઈ ગઈ હોય, તે વંશના લોકો અનેક ભિન્ન ભિન્ન સ્થળે વસતા હોય અને તે વંશના આદિ-પુરુષનું નામ પણ વિસ્મૃત થઈ ગયું હોય, તથાપિ તે વંશના રાજપૂતો અરસપરસમાં વિવાહસંબંધ જોડતા નથી. આ વિધાનનું એક પ્રબળ પ્રમાણ એ છે કે આઠસેં વર્ષો થયાં ગિહલોતકુલની બે મુખ્ય શાખાઓ એકબીજાથી પૃથક્ થઇ ગઈ છે. કનિષ્ઠ શાખામાંથી ઉત્પન્ન થયેલા સિસોદીઆઓએ જ્યેષ્ઠ શાખામાંથી ઉત્પન્ન થયેલા આહારિયા વગેરેપર પોતાનું ગૌરવ સ્થાપિત કર્યું છે અને ઉભય શાખાઓ-દ્વારા બે ભિન્ન ભિન્ન દેશો શાસિત થાય છે,છતાં પણ તેમનામાં હજી પરસ્પર વિવાહ થતા નથી. આવા વિવા-હને તેઓ વ્યભિચારસ્વરૂપ માને છે, સિસોદિઆગણોને આજપર્યંત આહારિયા વગેરે સાથે ભ્રાતૃસંબંધ છે અને ઉભય શાખાના પુરુષો તે શાખામાં જન્મેલી સ્ત્રીઓને ભગિનીસમાન માને છે. તેઓ પોતાની કન્યા ભિન્ન ગોત્રમાં સુયોગ્ય પાત્રની તપાસ કરીને તેને સમર્પણ કરે છે. યુદ્ધ ઇત્યાદિ શોચનીય ઘટનાઓથી ભિન્ન ભિન્ન ગોત્રો એકબીજાથી ઘણે દૂર જઇ પડતાં હતાં અને તેથી વિવાહ તથા જન્મની સંખ્યા

---

ફરમાવી હતી કે જે હિંદુવિધવાને પુત્ર વા કન્યા હોય તેણે કદિપણ પોતાના મૃતપતિની સાથે સતી થવું નહિ; પરંતુ થોડા વખત પછી જહાંગીરે સ્વયં એ આજ્ઞા રદ કરી હતી. હવે લૉર્ડ વિલિયમ બૅન્ટિકની કૃપાથી ભારતવર્ષ-માંથી સતી થવાની રીતિ સર્વથા દૂર થઇ છે.

૧ યૂરોપમાં આ રીતિ અદ્યાપિ વિદ્યમાન છે.

૨ સિંધુનદીની નિકટના પ્રદેશમાં રહેતા ધાઇકાર નામના શિખજાતિના લોકો પણ આ પ્રકારે શિશુકન્યાનો વધ કરતા હતા. તેઓ કન્યાનો જન્મ થતાંની સાથેજ તેને બજારમાં લઈ જતા હતા. તેમના એક હાથમાં તીક્ષ્ણ છરી રહેતી અને બીજા હાથમાં તરતની જન્મેલી બાળા રહેતી; આ રીતે કન્યાને બજારમાં લઈ જઇને તેઓ ઉચ્ચસ્વરે કહેતા કેઃ–"જો આ કન્યાની સાથે વિવાહ કરવાની કોઇને ઇચ્છા હોય તો તેણે એને ગ્રહણ કરવી; નહિ તો હમણાં એનો પ્રાણ લેવામાં આવે છે." આ લોકોમાં સ્ત્રીઓની સંખ્યા અધિક હતી. વળી તેમનામાં એક સ્ત્રી અનેક પતિ કરી શકતી હતી. એક પતિ જ્યારે તેને ઘેર ગયો હોય ત્યારે તે ઘરપર એક સંકેતચિન્હ રાખવા-માં આવતું હતું; જે જોઈને બીજો પતિ તેમાં પ્રવેશતો નહોતો. જ્યારે ફક્ત ચિન્હને લઇ લેવામાં આવતું હતું ત્યારેજ બીજો પતિ તેના ઘરમાં જઇ શકતો હતો.

ઘણી ઓછી થઇ જતી હતી. જો મારવાડમાં દુર્ભિક્ષને લીધે પુરુષોની સંખ્યા ઘટતી, તો તેની સાથે અંબરરાજ્યમાં સ્ત્રીઓની સંખ્યા પણ ન્યૂન થતી હતી અને આ પ્રકારે બમણી હાનિ થતી હતી.

જો કે અંગ્રેજીરાજ્યમાં આ હૃદયવિદારક રીતિ લુપ્ત થઈ ગઇ છે, તથાપિ વિવાહપ્રસંગે ભારે ખર્ચ કરવાની રીતિ કે જે શિશુકન્યાવધનું એક મોટું કારણ છે તે હજી દૂર થઇ નથી. કર્નલ ટૉડના સમયમાં આ રીતિ દૂર કરવામાં પ્રત્યેક રાજપૂતપિતાની સહાનુભૂતિ હતી. અનેક રાજાઓએ પણ આ રીતિ દૂર કરવાને માટે પુષ્કળ પ્રયત્ન કર્યો હતો. અંબરના વિખ્યાત રાજા જયસિંહે જે યોજના કરી હતી, તેનું જો અનુસરણ કરવામાં આવત તો અવશ્ય તેથી લાભ થવાનો સંપૂર્ણ સંભવ હતો. તેમણે એવી સૂચના કરી હતી કે, કોઇ પણ સામંતે પોતાની એક વર્ષની ઉપજ કરતાં વિશેષ ખર્ચ લગ્નકાર્યમાં કરવો નહિ. આ સૂચના સર્વ રાજપૂતરાજાઓપર મોકલવામાં આવી હતી અને તેમણે પોતપોતાના સામંતોને એકત્રિત કરીને તેમને આ સૂચનાનુસાર કાર્ય કરવાની ભલામણ કરી હતી, પરંતુ સર્વથી પહેલાં સલુમ્બરના સામંતેજ આ સૂચનાનો ભંગ કર્યો. તેણે પોતાની કન્યાના વિવાહપ્રસંગે એટલો બધો ખર્ચ કર્યો કે તેટલો ખર્ચ તેના સ્વામી મેવાડના મહારાણા પણ કરી શક્યા નહોતા. ભાટચારણોએ તેની દાનશૂરતાની પ્રશંસાથી સમસ્ત રાજસ્થાનને પ્રતિધ્વનિત કરી મૂક્યો હતો. આથી જયસિંહની યોજના તૂટી પડી હતી. જ્યાંસુધી રાજપૂતો વૃથા યશ સંપાદન કરવાની ઇચ્છાનું દમન કરશે નહિ તથા આડંબર છોડી સાદાઇનું અવલંબન કરશે નહિ, ત્યાંસુધી તેમનો વિવાહનો ખર્ચ ઓછો થનાર નથી. દુર્ભાગ્યેવશાત્ જે લોકોએ લગ્નપ્રસંગે ભારે ખર્ચ કરવાની પ્રથા દૂર કરવામાં સહાય કરવી જોઇએ તે લોકોજ ઉલટા એ પ્રથાને દૃઢ કરવામાં સહાય કરે છે; કારણકે તેથી તેમનો સ્વાર્થ સિદ્ધ થાય છે. ભાટ, ચારણ, બ્રાહ્મણ વગેરે લોકો આ પ્રથા દૂર કરવાને બદલે દૃઢ કરે છે. તેઓ લગ્નના મંડપમાં એકત્રિત થઈ કન્યાના પિતાની ભારે પ્રશંસા કરે છે અને તેની પાસેથી પૈસા કઢાવે છે. ભાટલોકો રાજપૂતોનો યશ ગાઇને તેમને લગ્નપ્રસંગે ભારે ખર્ચ કરવાને ઉત્તેજિત કરે છે. જો તેઓ ઓછો ખર્ચ કરે તો ભાટો તેની નિંદાત્મક કવિતા બનાવે અને આખા દેશમાં અપકીર્તિ ફેલાવી દે. આ ભયથી રાજપૂતો પોતાના કુલની મર્યાદા સાચવવાને માટે આપત્તિ વહોરી લઈને પણ લગ્નપ્રસંગે ભારે ખર્ચ કરવાને પ્રવૃત્ત થાય છે. રાજપૂતોનો શ્રેષ્ઠ કવિ ચંદ જણાવે છે કેઃ–"દાહિમાએ પૃથ્વીરાજની સાથે પોતાની કન્યાના વિવાહ કરતી વખત પોતાનો ખજાનો ખાલી કરી દીધો હતો અને એથી તેને ફળ એ પ્રાપ્ત થયું કે જગતમાં તેની અનંત કીર્તિ પ્રસરી." આ પ્રસંગે રાજકવિને પુરસ્કારતરિકે એક લાખ રૂપિયા મળ્યા હતા. વળી તે પછી મેવાડની દારુણ દુર્દશાના સમયમાં પણ મહારાણા ભીમસિંહે પોતાની કન્યાના વિવાહપ્રસંગે પોતાના પ્રધાન રાજકવિને એક લાખ રૂપિયા આપ્યા હતા.

પ્રબળ પ્રતાપશાળી બ્રિટિશસરકારની આજ્ઞાથી જો કે શિશુકન્યાવધની રીતિ દૂર થઈ ગઈ છે, તોપણ રાજપૂતો હજી પોતાના કુળગૌરવ અને સન્માનની રક્ષાને અર્થે લગ્નપ્રસંગે ભારે ખર્ચ કરવાની રીતિ પકડી રહ્યા છે. જે પ્રકારે બંગાળામાં ઉચ્ચ શ્રેણીનું અંગ્રેજી શિક્ષણ અને કુલિનતા, એ વિવાહપ્રસંગે થતા પુષ્કળ ધનના વ્યયનાં કારણ બન્યાં છે, તે પ્રકારે રાજપૂતાનામાં કુલમર્યાદાની રક્ષા કરવાને માટે અનેક માતપિતા પોતાની કન્યાના વિવાહપ્રસંગે પોતાનું સમસ્ત દ્રવ્ય ખર્ચી નાખીને સર્વથા નિર્ધન બની ગયાં છે. રાજપૂતસમાજમાં આવાં અનેક દૃશ્યો આજે દૃષ્ટિગોચર થાય છે. ભારતવર્ષમાં અમે રાજપૂતજાતિના જેવી વંશની મર્યાદા અને ગૌરવની રક્ષા કરનાર બીજી કોઇપણ જાતિ જોઇ નથી. જે રાજપૂતો પોતાના કુલની મર્યાદા અને ગૌરવની રક્ષાને માટે પોતાના પ્રાણસુદ્ધાં અર્પણ કરવાને અચકાતા નથી, તેઓ ઘરમાં ધન ન હોય તો કન્યાનો વધ કરે એમાં શું આશ્ચર્ય છે? અમને આશા છે કે પાઠકો એમ કદિપણ ધારશે નહિ કે કન્યાનો જન્મ થતાંવેંતજ પ્રત્યેક રાજપૂત પિશાચની પેઠે તેનો વધ કરતો હતો. જે લોકો રાજપૂતોને જંગલી ગણતા હોય તેને અમે પૂછીએ છીએ કે સુસભ્ય યૂરોપ અને અમેરિકા ખંડના રોમન કૅથોલિકપંથના ગુપ્ત મઠોનો ઇતિહાસ શું તમે નથી જાણતા? મહાન કર્નલ ટૉડના પ્રયાસથી રાજપૂતસમાજમાંથી તો હવે શિશુકન્યાનો વધ કરવાની રીતિ દૂર થઇ ગઇ છે; પરંતુ યૂરોપ અને અમેરિકામાં હાલમાં સભ્યતાના શિખરે ચડેલા રોમન કૅથોલિકલોકોના ગુપ્ત મઠોમાં હજી પણ સહસ્રાવધિ સ્ત્રીઓ મહા અપરાધીની પેઠે જન્મપર્યંત નરકયાતના ભોગવી રહી છે.

રાજપૂતોની શિશુકન્યાવધની રીતિની સાથે યૂરોપની સભ્ય સમાજમાં પ્રચલિત નિરપરાધી કુમારિકાઓના કારાગૃહવાસની રીતિની તુલના કરવામાં આવે તો કયી જાતિને જંગલી કહેવી તે પાઠકો સ્વતઃજ સારી રીતે સમજી શકશે. 'મેરિયા મંક' નામનો ગ્રંથ વાંચવાથી પાઠકો ઉક્ત યૂરોપીઅન રીતિવિષે વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

સતી અને શિશુકન્યાવધની રીતિની પેઠે એક બીજી રીતિ પણ અન્ય સમાજને ઘણી ભયંકર લાગે છે. આ રીતિનું નામ જુહારવ્રત છે. સહસ્રાવધિ રાજપૂતસ્ત્રીઓ એકત્રિત થઇ પ્રજ્વલિત ચિતાગ્નિમાં એકસાથે પડીને ભસ્મીભૂત થાય તેને જુહારવ્રત કહેવામાં આવે છે. આ ઇતિહાસમાં અમારા પાઠકબંધુઓએ કેટલેક સ્થળે આ જુહારની રીતિનું વર્ણન વાંચ્યું હશે. કર્નલ ટૉડના સમયમાં આ રીતિનો પ્રચાર ઘણો પ્રબળ હતો. અંગ્રેજીશાસનથી હાલમાં ભારતવર્ષના પ્રત્યેક પ્રાંતમાં શાંતિદેવીનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું છે, તેથી આ રીતિ પણ સ્વાભાવિક રીતેજ નાશ પામી છે. હાલમાં દેશી રાજાઓના પરસ્પરના ઝઘડા જડમૂળથી ઉખડી ગયા છે, એટલે જુહારવ્રતનું અવલંબન કરવાની આવશ્યકતાજ નથી. આ વ્રતની સમલોચના કરતાં કર્નલ ટૉડ જણાવે છે કેઃ—"અન્યદેશોની સ્ત્રીઓ કરતાં રાજસ્થાનની રાજપૂતસ્ત્રીઓનું ભાગ્ય અત્યંત શોચનીય હતું. જીવનને ડગલે ડગલે મૃત્યુ તેમને માટે મુખ ખોલીને ઉભું રહેલું હતું. સુકુમાર અવસ્થામાં અફીણ અને પ્રૌઢાવસ્થામાં પ્રજ્વલિત અગ્નિ રાજપૂતસ્ત્રીઓના પ્રાણ લેવાને તત્પર રહેતાં. યુદ્ધમાં રાજપૂતોનો પરાજય થતો અથવા તેમનું નગર શત્રુઓના હાથમાં જતું તો રાજપૂતસ્ત્રીઓ પોતાના સતીત્વની રક્ષાને અર્થે મૃત્યુનું શરણ ગ્રહણ કરવુંજ ઉચિત માનતી હતી. યૂરોપની સ્ત્રીઓ યુદ્ધમાં પરાજય થયા છતાં નિર્વિઘ્નતાથી રહી શકતી હતી તેનું મૂળ કારણ ખ્રિસ્તીધર્મ છે. મધ્યયુગમાં સ્ત્રીપ્રત્યેના પુરુષના આદરભાવથી સ્ત્રીનું રક્ષણ થવામાં ઘણી સહાયતા મળતી હતી; પરંતુ જે રાજપૂતો સ્ત્રીઓના સન્માનની રક્ષાને માટે આટલો બધો પ્રયત્ન કરે છે તેમણે યુદ્ધના સમયમાં શત્રુપક્ષની સ્ત્રીઓપ્રત્યે આદર દર્શાવવામાં ત્રુટિ શામાટે કરી હશે તે કાંઇ સમજી શકાતું નથી. જો તેઓ વિપત્તિમાં સપડાયેલી સ્ત્રીઓપ્રત્યે આદરભાવ દર્શાવત તો તેમને જુહારવ્રતનું અવલંબન શામાટે કરવું પડત ? જંગલી તાતારોનું આક્રમણ થાય ત્યારે રાજપૂતસ્ત્રીઓને પોતાના સન્માનની રક્ષાને અર્થે આ અંતિમ ઉપાયનું અવલંબન કરવું પડે એ સ્વાભાવિક છે; પરંતુ જ્યારે રાજપૂતોનો માંહોમાંહેનો કલહ હોય ત્યારે પણ વિજિતપક્ષને તેનું અવલંબન કરવું પડતું હતું, એ અતિ શોકની વાત છે. મને એવા અસંખ્ય શિલાલેખો પ્રાપ્ત થયા છે કે જેપરથી સ્ત્રીઓને યુદ્ધમાં બંદીવાન કરવાની વાત સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. મને પ્રાપ્ત થયેલા એક શિલાલેખમાં એવો ઉલ્લેખ છે કેઃ—"શ્રીશીરની માતાએ ઝરૂખામાંથી ઉચ્ચસ્વરે પુછ્યું કે, એના રથનાં ચક્રો સ્થિર કેમ થઇ ગયાં છે? શું તેઓ અત્યંત વેગથી આવ્યા નથી? શું તેમણે પ્રત્યેક એકેક બબ્બે સ્ત્રીઓ વહેંચી લીધી નથી?" આ પરથી પ્રકાશિત થાય છે કે શ્રીશીરે યુદ્ધમાં મેળવેલી લૂંટમાં સ્ત્રીઓ પણ હોવી જોઇએ."

યુદ્ધમાં બંદીવાન થયેલી સ્ત્રીઓના સંબંધમાં યાહુદીઓએ જે કાયદા રચ્યા છે તે મનુના રચેલા કાયદાની સાથે સંપૂર્ણતઃ મળતા આવે છે. મોઝિસ અને મનુ, એ ઉભય જણાવે છે કે યુદ્ધમાં મળેલી સ્ત્રી 'યથાર્થ પુરસ્કાર' રૂપ છે. વળી તેમણે તે સ્ત્રીની સાથે વિવાહ કરવાની વિધિ પણ નિયત કરી છે. મનુ જણાવે છે કેઃ—" જો એક યુવતીનો પ્રિયકર તે યુવતીનાં કુટુંબીઓને યુદ્ધમાં પરાસ્ત કરીને તેને પ્રાપ્ત કરે તો તે તેની સાથે વિવાહ કરવાનો અધિકારી છે. " હિંદુશાસ્ત્રમાં જેને ' રાક્ષસવિવાહ' કહેવામાં આવે છે તે અધમાં અધમ વિવાહ છે. જો કોઇ માણસ બળાત્કારે એક સ્ત્રીનું હરણ કરવાને પ્રવૃત્ત થાય અને તે સ્ત્રીના પોકારથી તેનાં કુટુંબીઓ આવીને તેને બચાવવાને તે માણસની સાથે યુદ્ધ કરે અને અંતે મરણ પામે તો તે સ્ત્રીનું અપહરણ કરીને તેની સાથે કરેલો વિવાહ એ રાક્ષસવિવાહ કહેવાય છે. આ પ્રકારની આપત્તિમાંથી બચવાને માટેજ રાજપૂતોએ જુહારવ્રતની યોજના કરી છે. વળી રાજસ્થાનની સ્ત્રીઓ સુશિક્ષિત હોવાથી પણ તેઓ અપવિત્ર અને ભ્રષ્ટ થવાને બદલે પ્રાણાર્પણ કરવાને વિશેષ ખુશી થતી. 'વિધવા' શબ્દજ જ્યાં તિરસ્કારવાચક હોય ત્યાં કોઇપણ સ્ત્રી વિધવા થવાનું તો પસંદજ શી રીતે કરે?[1]

૧ કર્નલ ટૉડ જણાવે છે કેઃ—" જે સમયે હું સામાન્ય સૈનિકના પદપર હતો અને રાજસ્થાનનાં અપરિચિત સ્થાનોમાં ભ્રમણ કરતો હતો, તે સમયે મારા હાથનીચેના એક રાજપૂતસૈનિકે એક હાડાજાતિની વિત્રવાસીને

મનુ એવી આજ્ઞા કરે છે કે, સર્વ પુરુષોએ સ્ત્રીને ભગિની કહીને બોલાવવી અને વૃદ્ધ,પુરોહિત,રાજા તથા વરરાજાને માટે જેમ માર્ગ આપવામાં આવે છે, તેમ સ્ત્રીને માટે પણ માર્ગ કરવો. વળી ગર્ભવતી સ્ત્રી, નવવિવાહિતા વધૂ અને યુવતીને સૌથી પહેલાં ભોજન કરાવવું. આવી આવી સ્ત્રીની મર્યાદા સાચવવાની અનેક આજ્ઞાઓ મનુએ આપેલી છે. વળી હાલમાં હિંદુસ્ત્રીઓને જે પ્રકારે પડદે રાખવામાં આવે છે, તે પ્રકારે પ્રાચીન કાળમાં તેને અંતઃપુરમાં બંદીવાન જેવી દશામાં રાખવામાં આવતી નહોતી. મુસલમાનોના સમયથીજ આ રીતિનો પ્રચાર હિંદુઓમાં થયો છે. મનુના ગ્રંથમાં એક બીજાની વિરોધી એવી વિવાદાત્મક બાબતો એટલી બધી છે કે તે ગ્રંથ એકજ શાસ્ત્રકારે રચ્યો હોય એમ જણાતું નથી.[1] ઉક્ત ગ્રંથમાં સ્ત્રીનું સન્માન અને અવજ્ઞા એ ઉભયને માટે વિધાન પ્રાપ્ત થાય છે. મનુનું નિમ્નલિખિત વિધાન અવશ્ય પ્રશંસાપાત્ર છે. "પર્વો અને આનંદોત્સવોના સમયમાં સ્ત્રીઓને રત્નાભુષણો આપવાં ઉચિત છે, કારણ કે જે ભાર્યાને સુંદર વસ્ત્રાભૂષણોથી વિભૂષિત કરવામાં આવતી નથી તે પોતાના પતિને આનંદ આપી શકતી નથી; પરંતુ જો સ્ત્રીને સુંદરવસ્ત્રાલંકારોથી ભૂષત કરવામાં આવે તો તે પોતાના પતિનું મન પ્રફુલ્લિત કરી શકે છે." મનુના નિમ્નલિખિત વાક્યપરથી સ્ત્રીના સામર્થ્યની પ્રતીતિ થાય છે. "સ્ત્રી માત્ર મૂર્ખનેજ નહિ, પરંતુ મહાત્માને પણ સત્યમાર્ગપરથી વિચલિત કરીને પાપને પંથે લઇ જઈ શકે છે." આપરથી સિદ્ધ થાય છે કે જો કે સ્ત્રીઓ અંતઃપુરમાં રહે છે તોપણ સમાજ ઉપર તેનો પ્રભાવ કાંઇ જેવોતેવો નથી અને જો તેમને છૂટે છેડે ફરવા દેવામાં આવે તો તેઓ સમાજ ઉપર જે પ્રભાવ પાડી શકે તેના કરતાં અંતઃપુરમાં રહ્યા છતાં પણ કાંઈ તેઓ ઓછો પ્રભાવ વિસ્તારતી નથી.

હિંદુઓ પોતાના પ્રાણ, પોતાની જન્મભૂમિ અને પોતાની સ્વાધીનતા કરતાં પણ પોતાની સ્ત્રી, ભગિની અથવા કન્યાના સતીત્વની રક્ષાને વધુ મૂલ્યવાન ગણે છે. રાજપૂતો પરાસ્ત થયા પછી પણ પોતાની સ્ત્રી, ભગિની કિંવા પુત્રીને શત્રુના હાથમાં જવા દેતા નહોતા. પ્રાચીન હિંદુજાતિએ પરાસ્ત થયેલા શત્રુઓની સ્ત્રીઓનું અપહરણ કરવાની રીતિ દૂર કરી નહિ એટલા માટે પંડિતવર કર્નલ ટૉડ શોક પ્રદર્શિત કરે છે; પરંતુ અમે (હિંદી અનુવાદ) એના સંબંધમાં માત્ર એટલુંજ કહેવા માગીએ છીએ કે ભારતવર્ષમાં એક સમયે પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા અધિક હતી અને તેથી ઘણી સ્ત્રીના વિવાહ થવા અસંભવિત માની તેઓ તેમને પરણવાને માટે લઇ જતા હતા. દુરાચારી યવનોની પેઠે રાજપૂતોએ કદિપણ સ્ત્રીનું સતીત્વ નષ્ટ કરી પોતાના નામને કલંકિત કર્યું નથી. વિજયીહિંદુઓ કદિ પણ શત્રુપક્ષની વિવાહિતાસ્ત્રીને પકડી લઇ જતા નહોતા.મનુના નામથી જે ગ્રંથ ઓળખાય છે તે તેનો એકલાનો રચેલો નથી; પરંતુ ઘણા શાસ્ત્રકારોનાં વિધાનોનો તેમાં સંગ્રહ છે એમ જે કર્નલ ટૉડે જણાવ્યું છે તે ભૂલ છે. જો તેમણે મનુસ્મૃતિનું યથાસ્થિત સાંગોપાંગ પરિશીલન કર્યું હોત તો તેઓ કદિપણ આવો અભિપ્રાય દર્શાવવાનું સાહસ કરત નહિ.

ઉદારચિત્ત કર્નલ ટૉડ રાજપૂતસ્ત્રીઓની શિક્ષાના સંબંધમાં જણાવે છે કે જેમણે કદિપણ ગંગા નદી ઓળંગી નથી, તેમણે હિંદુસ્ત્રીઓનું જે ચિત્ર અંકિત કર્યું છે તેથી ઘણા માણસો ભ્રમમાં પડયા છે. તેમણે હિંદુસ્ત્રીઓને ખરીદેલી ગુલામડીસમાન જણાવી છે. તેઓ જણાવે છે કે સહસ્રાવધિ સ્ત્રીઓમાંથી એક પણ સ્ત્રી ગ્રંથ વાંચી શકતી નથી; પરંતુ હું તેમને પ્રશ્ન કરૂં છું કે તમે કદિ 'રાજપૂત' નામ સાંભળ્યું છે ? રાજપૂતજાતિના નિકૃષ્ટમાં નિકૃષ્ટ શ્રેણીના સામંતોની કન્યાઓમાં પણ ઘણી થોડી

ક્રોધિત થઈને 'રાંડ' કહીને સંબોધી અને તેને કૂવામાંથી જલ કાઢવાને કહ્યું. તે રાજપૂતસ્ત્રી 'રાંડ' શબ્દ સાંભળી અત્યંત ક્રોધાયમાન થઇ અને બોલી કેઃ—"હું એક રાજપુતની સ્ત્રી અને રાજપૂતની જનની છું; માટે મારા પ્રત્યે 'રાંડ' શબ્દનો પ્રયોગ કરવો યુક્ત નથી." તેના આ શબ્દો સાંભળી ઉક્ત કલ્યાણ નામના રાજપૂતે તેની ક્ષમા માગી અને તેને 'માતા' શબ્દથી સંબોધી તેનો ક્રોધ શાંત કર્યો. ત્યાર પછી તે સ્ત્રીએ જલ આપ્યું. આ ઘટના ઈ૦ સ૦ ૧૮૦૭ માં બની હતી. ઉક્ત રાજપૂતસૈનિક પરમ સાહસિક હતો. ઈ૦ સ૦ ૧૮૧૭ માં જ્યારે કર્નલ ટૉડે પોતાના ૭૨ બંદુકધારી અંગરક્ષકોની સહાયથી ૧૫૦૦ પીંઢારાઓને પરાસ્ત કર્યા હતા ત્યારે ઉક્ત ૭૨ જણમાં કલ્યાણ પણ હતો.

૧ મનુના ગ્રંથમાં ભિન્ન ભિન્ન ગ્રંથકારોનાં વચનોનો સંગ્રહ છે, એ વાત સર્વથા ભૂલભરેલી છે. મનુ સર્વનાર સુધુ-લેખ ઉલ્લખ લખે. છ.

કન્યાઓજ એવી હશે કે જે લખીવાંચી જાણતી ન હોય. જે રાજપૂતજનનીએ પોતાના સગીરપુત્રની સંપત્તિનું રક્ષણ કરવાનો ભાર પોતાને માથે લીધો હોય તેની સાથે વાર્તાલાપ કરવાનો સુયોગ જેને પ્રાપ્ત થયો હશે તે રાજપૂતસ્ત્રીની બુદ્ધિ અને તેના સમાજતત્વના જ્ઞાનવિષે ઉચ્ચ અભિપ્રાય દર્શાવશે એમાં કિંચિત પણ શક નથી.[1] ભારતવર્ષમાં સ્ત્રી રાજ્યશાસનની અધિકારિણી ગણાતી નથી; પરંતુ તે પોતાના પુત્રની સગીર અવસ્થામાં તેના પ્રતિનિધિતરિકે રાજકાર્યભાર ચલાવી શકે છે. ભારતવર્ષના ઇતિહાસમાં સ્ત્રીની સાહસિકતા અને રાજનિપુણતાનાં અનેક દૃષ્ટાંતો ઉપલબ્ધ થાય છે.[2]

પ્રબળ સાહસ, દેશહિતૈષિતા, રાજભક્તિ, પ્રમાણિકતા, આદરાતિથ્ય અને સન્માનરક્ષા તથા સરલતા, આ ગુણોથી સર્વ રાજપૂતો સંપૂર્ણરીતે વિભૂષિત છે, એમ કહેવાને અમે જરાપણ અચકાતા નથી. જગતના સર્વ દેશોના લોકોમાં ગુણની સાથે દોષ પણ વિદ્યમાન હોય છેજ અને આપણે રાજપૂતોને પણ દોષોમાંથી સર્વથા વિમુક્ત ધારતા નથી. ભિન્ન ભિન્ન જાતોદ્વારા આક્રાંત થવાને લીધે તથા મહા બળવાન વિજેતાઓની સાથે તેમને સંઘર્ષણ થવાથી તેઓ અવનતિને પ્રાપ્ત થયા છે, એ વાત સત્ય છે; પરંતુ તેથી તેમના જાતીય ગુણનો લોપ થયો નથી. આથી આપણે રાજપૂતોની પ્રશંસા કર્યા વિના રહી શકતા નથી. કેટલાક લેખકો એશિયાટિક પ્રજામાં છલકપટ અને અસત્ય વચનની પ્રબલતા ઘણી છે, એમ જણાવે છે; પરંતુ ખાસ કરીને રાજપૂતોમાં આ દુર્ગુણો નથી. જો કે કેટલીક જાતિઓ અવ્યાહત અત્યાચારમાંથી રક્ષણ મેળવવાને માટે છલકપટ અને અસત્ય વચનની ઢાલનો ઉપયોગ કરતી હશે; પરંતુ રાજપૂતોમાં આ દુર્ગુણો સાર્વત્રિક નથી. રાજસ્થાનની પ્રત્યેક રાજસભાને તેના ગુણકર્માનુસાર ઉપાધિ પ્રાપ્ત થઇ છે અને જયપુરની રાજસભાને "જૂઠા દરબાર" કહેવામાં આવે છે.[3] પરંતુ એ દરબાર રાજપૂતોના અત્યંત તિરસ્કારને પાત્ર થયો છે.

અકબરનો એક મંત્રી અબુલફજલ હિંદુઓના સંબંધમાં એવો અભિપ્રાય દર્શાવે છે કે:–"હિંદુઓ ધાર્મિક, મધુરભાષી, દયાળુ, આનંદી, સુશિક્ષિત, ન્યાયપ્રિય, કાર્યકુશળ, સભ્ય અને વિશ્વાસપાત્ર હોય છે.

---

૧ કર્નલ ટૉડ જણાવે છે કે:–" બુંદીના રાજાએ પોતાના મૃત્યુસમયે પોતાના પુત્રના રક્ષકતરિકે મને નિયત કર્યો હતો. આ પ્રસંગે બુંદીરાજની માતાની સાથે તેમના સુકુમાર પુત્રના હિતના સંબંધમાં તથા રાજ્યમાં સુશાસન ચલાવવાના સંબંધમાં મારે ઘણીવાર વાર્તાલાપ થયો હતો. તેમણે મારી સાથે ભ્રાતૃસંબંધ સ્થાપિત કર્યો હતો; તથાપિ મારે તેમની સાથે તેમના એક વિશ્વાસુ મનુષ્યની હાજરીમાં વાર્તાલાપ થતો હતો. આ પ્રસંગે તેમની અને મારીવચ્ચે એક પડદો રાખવામાં આવતો હતો. તેમની વાતચીત અચૂક અને સર્વ પ્રકારે ઉંડાં જ્ઞાનની દ્યોતક હતી. તેમજ તેમના પત્રોપરથી પણ તેમનું ઉચ્ચ જ્ઞાન વ્યક્ત થતું હતું. તેમના અનેક પત્રો મારી પાસે છે. આવાં અનેક દ્રષ્ટાંતો હું દર્શાવી શકીશ."

૨ ફરિસ્તો પોતાના ઇતિહાસમાં ગાડાની રાણી દુર્ગાવતીની મહાન વીરતા આલેખી ગયો છે. તેણે અકબરના આક્રમણનો પ્રતિરોધ કરી પોતાના બાલકપુત્રના હક્કનું સંરક્ષણ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે બોડિસિયાની પેઠે વીરસાજથી સજ્જિત થઈ પોતાની ચતુરંગિણી સેનાની સહાયથી અકબરના મોકલેલા અસફખાં નામના સેનાપતિની સાથે ઘોર યુદ્ધ કર્યું હતું. આ યુદ્ધમાં તે ઘાયલ અને પરાજિત થઈ હતી. તેણે પ્રાચીન રોમનવીરોની પેઠે રણભૂમિમાં આત્મબલિદાન આપ્યું હતું.

આ ગાડારાજ્ય જબલપુરની અત્યંત નિકટ છે. એક ગૃહસ્થ ઈ૦ સ૦ ૧૮૭૯ માં મોજને ખાતર ગાડારાજ્યમાં ગયો હતો. તે વખતે રાણી દુર્ગાવતીની રાજધાની સર્વથા વિધ્વસ્ત થઈ ગઇ હતી. તેમાં રાજવાટિકા અને એક પ્રચંડ સરોવરનાં સામાન્ય ચિન્હો દૃષ્ટિગોચર થતાં હતાં. ઉચ્ચ પર્વતશિખરની ઉપર મદનમહલ નામનો એક મહાલય હિંદુશિલ્પકાર્યની પરાકાષ્ઠા દર્શાવી રહ્યો છે, આ મહાલયના ત્રણ મજલા છે. આ મહાલયની પાસે બીજાં મકાનોનાં ખંડિયેરો પડેલાં છે. એમ કહેવાય છે કે, મદનમહલમાંથી એક સુરંગમાં થઈને રાણી દુર્ગાવતી નર્મદા નદીમાં સ્નાન કરવાને જતી હતી. આ ગુપ્ત માર્ગ હાલમાં દ્રષ્ટિગોચર થતો નથી. મધ્યહિંદમાં એવી જનશ્રુતિ પ્રચલિત છે કે, મદનમહલની મહારાણી દુર્ગાવતી ઉક્ત સ્થાનમાં અઢળક દ્રવ્ય દાટી ગઈ છે. તેના સંબંધમાં એક કવિતા પણ આજપર્યંત તે પ્રદેશના લોકોના મુખદ્વારા સાંભળવામાં આવે છે. અંગ્રેજસરકાર પણ આ અતુલ ધન પ્રાપ્ત કરવાને સમર્થ થઈ નથી. જ્યારે સૂર્ય અસ્તાચલમાં જાય છે તે સમયનું પ્રાકૃતિક દ્રશ્ય મદનમહલથી અતિ સુંદર દેખાય છે.

૩ આનંદની વાત છે કે, હાલમાં જયપુરના રાજદરબારને આવી તિરસ્કારયુક્ત ઉપાધિ આપવામાં આવતી નથી.

વિપત્તિના સમયમાં હિંદુઓ અપૂર્વ ધૈર્ય દર્શાવે છે.તેમની સેના યુદ્ધભૂમિમાંથી કદિપણ નાસતી નથી.જો તેમને યુદ્ધમાં વિજય મળવાની આશા રહેતી નથી તો તેઓ અશ્વપરથી ઉતરીને અલૌકિક શૌર્યપૂર્વક લડી રણભૂમિમાં પોતાના પ્રાણત્યાગ કરે છે." પરંતુ લૉર્ડ મૅકોલે ભારતવાસીઓને "જૂઠા, ચોર,શઠ,ધૂર્ત" આદિ ઉપાધિઓ અર્પણ કરે છે અને શોકની વાત છે કે ઘણા વિદેશીઓ તેને સત્ય માને છે; પરંતુ તેમની આંખ ઉઘાડવાને માટે અમે તેમને મહાત્મા ટૉડ અને અબુલફજલનો હિંદુઓવિષેનો અભિપ્રાય વાંચવાની ભલામણ કરીએ છીએ.

બાબરના સમયમાં સૌથી પહેલાં ભારતવર્ષમાં દ્રાક્ષ આવી હતી અને તેના પૌત્ર જહાંગીરના સમયમા સૌથી પહેલાં તંબાકુનો પ્રચાર થયો હતો;પરંતુ ભારતવર્ષમાં અફીણના સેવનનો પ્રારંભ ક્યારે થયો તે અમે કહી શકતા નથી. ચંદકવિએ પોતાના કાવ્યમાં એ વિષે યત્કિંચિત્ પણ ઉલ્લેખ કર્યો નથી. અફીણના સેવનથી રાજપૂતોના અનેક સદ્ગુણોનો નાશ થયો છે. તેમનામાં સ્વાભાવિક વીરતાને બદલે ઉન્મત્તતા અને ક્રૂરતાનો પ્રવેશ થવા માંડયો છે અને દઢતાને બદલે દુર્બલતા તથા શંકાનો આવિર્ભાવ થવા લાગ્યો છે. સમસ્ત માદકદ્રવ્યોની પેઠે અફીણ ક્ષણિક જુસ્સો ઉત્પન્ન કરે છે; પરંતુ તેનો પ્રત્યાઘાત ઘણો ભયંકર હોય છે. શરીર અને મનને અનિષ્ટ કરનારી શક્તિને અફીણ સદા ઉત્તેજિત કરે છે. રાજપૂતો ઘણા પ્રાચીન કાળથી "મધવારા પ્યાલા" અર્થાત્ માદકદ્રવ્યપૂર્ણ પાત્રનો ઉપયોગ કરતા હતા; પરંતુ હાલમાં જેમ તેઓ કસુંબાનું સેવન કરે છે તેમ પૂર્વે તેઓ કસુંબાનું સેવન કરતા હોય એમ જણાતું નથી; કારણ કે કસુંબાવિષે કોઇ પણ પ્રાચીન કાવ્યગ્રંથમાં ઉલ્લેખ નથી. હાલમાં અતિથિઓને પુષ્પ, કંદમૂળ તથા અનાજનો આસવ આપવામાં આવે છે; પરંતુ કસુંબાનો ઉપયોગ ઝાઝો કરવામાં આવે છે. જ્યારે ઘણા માણસો એકત્રિત થઇને કસુંબાનું સેવન કરે છે ત્યારે જે પ્રતિજ્ઞા કરવામાં આવે છે તે શપથ લઇને કરવામાં આવેલી પ્રતિજ્ઞા કરતાં પણ અધિક મહત્વની હોય છે. રાજપૂતો પોતાના મિત્ર અથવા આપ્તને મળે છે ત્યારે " અમલ ખાયા?" અર્થાત્ "અફીણનું સેવન કર્યું ?" એવો પ્રશ્ન કરે છે. જ્યારે કોઈ રાજપૂતસામંતને ઘેર પુત્રનો જન્મ થાય છે, ત્યારે અનેક સામંતો તેમને ત્યાં એકત્રિત થાય છે અને તેઓની સભામાં કસુંબાથી ભરેલું એક મોટું પાત્ર લાવવામાં આવે છે. પછી તે કસુંબો સૌને અંજલિમાં આપવામાં આવે છે. તેઓ જે સમયે કસુંબો પીવાની તૈયારી કરે છે તે સમયે જો તેમનાં મુખ જોવામાં આવે તો એમ જણાય છે કે કોઈ પણ કસુંબાનું પાન કરવાને ખુશી નથી. વમન નહિ થાય એટલા માટે પ્રત્યેક રાજપૂતને કસુંબા પાન થઇ રહ્યા પછી મીઠા લાડુ આપવામાં આવે છે. અફીણ શરીર ઉપર ઘણી વિચિત્ર અસર કરે છે. અફીણ ઉતરી ગયા પછી રાજપૂતો સર્વથા નિરુપયોગી બની જાય છે. મારા હાથનીચેના રાજપૂતકર્મચારીઓને અફીણનું સેવન કર્યા પછી પુનઃ શક્તિ પ્રાપ્ત કરવાને માટે હું રજા આપતો હતો. જે વખતે અફીણ ઉતરી જાય છે તે સમયે મનુષ્ય સૂકા કાષ્ઠસમાન બની જાય છે.[1] હાલમાં અનાજ કરતાં પણ અફીણ રાજપૂતોને વિશેષ આવશ્યક થઇ

---

૧ જ્યારે અમલ ઉતરવા માંડે છે ત્યારે વાત કરતાં કરતાં આંખ મીંચાઈ જાય છે અને મસ્તક ઝોલાં ખાવા લાગે છે તથા વદન નિસ્તેજ બની જાય છે. મને મળવા આવેલા ઘણા સામંતો આસનપર બેસીને ઉંઘનાં ઝોકાં ખાતા હતા. હલ્દીઘાટના સમરમાં રાણા પ્રતાપસિંહના જમણા હાથસ્વરૂપ બહાદુર શામના વંશજ કલ્યાણસિંહ કે જેઓ સાદ્રીના સામંત અને મારા પ્રિય મિત્ર છે તેઓ અફીણના સેવનથી સર્વથા કર્મહીન બની ગયા છે. તેઓ પોતાના ઝાલાકુલની વિશિષ્ટ પાઘડી ધારણ કરતા હતા અને જ્યારે તેઓ ભાન ભૂલીને ઝોકાં ખાતા ત્યારે ઘણીવાર તેમની પાઘડી મારા ખોળામાં આવી પડવાની અણીપર આવી પહોંચતી હતી. જ્યારે રાજપૂતોને કસુંબો કરવાની અનુકૂળતા મળતી નથી ત્યારે તેઓ પોતાના ગજવામાં અફીણ રાખે છે અને યુરોપીઅનો જેમ તપખીર આપે છે, તે પ્રમાણે રાજપૂતો પોતાના પરિચિતોને અફીણ આપે છે. જ્યારે હું એક સામાન્ય સૈનિકના પદપર સ્થિત હતો, ત્યારે એકવાર જયપુરમાં આવેલા સંથાલના સામંતે મારી મુલાકાત લેતી વખત મને અફીણ આપ્યું હતું. આ અફીણ લઈને મેં મેજપર મૂકી દીધું. મેં અફીણ ખાધું નહિ ત્યારે તેઓ બોલ્યા: " ફીરંગીકા અમલ વાપરવાનો સારો વિચાર છે.' મેં તેમનાપર સુરાની એક બાટલી મોકલી આપી અને જ્યારે તેમણે પૂછ્યું કે એનો કેટલો અંશ લેવો ત્યારે મેં તેમને એક અષ્ટમાંશથી એક દ્વિતીયાંશ સુધી લેવાની પરવાનગી આપી. બીજે દિવસે શિકાર ખેલવા જવાનો અમે ઠરાવ કર્યો હતો; પરંતુ નિયત સમયે તેઓ આવી પહોંચ્યા નહિ ત્યારે 'ફીરંગીકા અમલે' કેટલી અસર કરી હતી તે પૂછપરછ કર્યા વિનાજ હું જાણી ગયો.

પડયું છે અને જે માણસ મહારાણાને અફીણપરનો કર વધારવાની સૂચના કરે તે ઘણોજ અપ્રિય થઈ પડે છે.

રાજપૂતોની પાસે અફીણ છોડાવવાને માટે મહાત્મા ટૉડને એટલી કાળજી હતી કે તેઓ યુવાન સામંતોને અફીણ નહિ ખાવાની પ્રતિજ્ઞા કરાવતા હતા. આથી ઘણા રાજપૂતોએ અફીણના સેવનનો ત્યાગ કર્યો છે. અંતે રાજપૂતોને અમે અફીણનું સેવન ત્યજી દેવાનો આગ્રહ કરીએ છીએ; કારણ કે તેથીજ તેમની ઉન્નતિ થશે.

ચીનાલોકો પણ ભારતવર્ષના અફીણનું સેવન કરીને અવનતિને પ્રાપ્ત થયા છે. ઇંગ્લાંડમાં કેટલાક ઉદારચિત્ત અંગ્રેજોએ મંડળ સ્થાપન કરીને અનિષ્ટકારક અફીણનો વ્યાપાર બંધ કરવાને માટે ભારે ચર્ચા કરી મૂકી છે. પાર્લામેન્ટમાં પણ એ વિષે પુષ્કળ આંદોલન કરવામાં આવે છે. અફીણના વ્યસનથી રાજપૂતો કર્મહીન થઈ ગયા છે અને તેમની જીવનશક્તિ નષ્ટ થઇ ગઈ છે. સુરાપાનના પ્રબલ અગ્નિથી બંગાળાના સર્વ પ્રાંતો બળી રહ્યા છે. તે દેશમાં વિશ્વવિદ્યાલયનો ઉચ્ચ ઉપાધિ ધારણ કરનારથી લઇને અજ્ઞાન કૃષિકારપર્યંત સર્વ જણ સુરાના વ્યસનમાં નિમગ્ન થઇ ગયા છે. આ વ્યસનથી સહસ્રાવધિ કુટુંબો ભિખારી અવસ્થામાં આવી ગયાં છે. તે દેશના પ્રત્યેક ગામમાં દારૂની ભઠ્ઠી છે. બંગાળાનો નાશ આ રીતે દારૂના સેવનથી થઇ રહ્યો છે અને રાજસ્થાનનો નાશ અફીણના સેવનથી થઇ રહ્યો છે. રાજપૂતો જ્યાંસુધી આ ભયંકર વિષના સેવનનો ત્યાગ કરશે નહિ ત્યાંસુધી કદિપણ તેમનું કલ્યાણ થશે નહિ.

રાજપૂતો પ્રતિજ્ઞા પાલન કરવામાં જેવા તત્પર હોય છે તેવા ઇતર કોઈપણ લોકો હોતા નથી. રાજપૂતો કસુંબો પી, પાઘડી બાંધી અને હાથમાં હાથ મેળવી જે પ્રતિજ્ઞા કરે છે તેનું પાલન સહસ્રાવધિ વિપત્તિઓ આવી પડયા છતાં પણ કરે છે. તેનું પાલન કરતાં કદાચિત્ પ્રાણાર્પણ કરવું પડે તો તેમ કરવાને પણ તેઓ અચકાતા નથી. અમે સગર્વ કહી શકીએ છીએ કે જગતની ઇતર કોઇ પણ જાતિ પ્રતિજ્ઞાપાલનની બાબતમાં રાજપૂતો કરતાં શ્રેષ્ઠ નથી.

રાજપૂતો મૃગયાના અતિ શોખીન હોય છે. શિકાર કરવામાં તેમને કૂતરા ઘણા ઉપયુક્ત થઇ પડે છે. સુવર અને મૃગનો શિકાર કરતી વખત કુતરા તેમને વિશેષ સહાય આપે છે. રાજપૂતો તેજસ્વી અશ્વપર આરૂઢ થઇ ઘણા સમયસુધી મૃગયામાં સતત પ્રવૃત્ત રહી શકે છે અને તેથી તેમને કાંઇ પણ કષ્ટ થતું જણાતું નથી. પ્રત્યેક પ્રધાન સામંત પોતાના તાબાના પ્રદેશમાં રૂમના અર્થાત્ શિકારને માટે ખાસ જમીન રાખે છે. આ ભૂમિમાંથી જો કોઈ માણસ કોઈ પ્રાણીને પકડે તો તેનો દંડ કરવામાં આવે છે. આ ભૂમિમાં રાજપૂતો પરમ આનંદપૂર્વક મૃગ, સુવર, વ્યાઘ્ર વગેરે પ્રાણીઓનો શિકાર કરે છે. વળી આ સ્થળે તેઓ અશ્વારૂઢ થઇ શસ્ત્ર ચલાવવાની સ્પર્ધામાં ઉતરે છે. તેઓ અત્યંત કુશળતાથી તલવાર અને ભાલાનો ઉપયોગ કરી શકે છે. જો કોઇ યૂરોપીઅનઅશ્વારોહી તલવાર અને ભાલો ચલાવવામાં રાજપૂતઅશ્વારોહીની સાથે હરિફાઈ કરે તો તે રાજપૂતદ્વારા નાશ પામે એમાં કિંચિત પણ શક નથી. રાજપૂતો નિશાન વિંધવામાં પરમ કુશળ ગણાય છે. અશ્વ અત્યંત વેગથી ચાલતો હોય તે વખતે તેની પીઠપરથી કોઇ વસ્તુપર ભાલાનો પ્રહાર કરવાની ક્રીડા રાજપૂતોને ઘણી પસંદ છે. રાજપુતો બાણ ચલાવવામાં પણ પરમ કુશળ હોય છે. બાણ ચલાવવામાં ચાતુર્ય અને બાહુબળ એ ઉભયની આવશ્યક્તા હોય છે. આ સર્વ પ્રકારની અસ્ત્રશસ્ત્ર ચલાવવાની કળા રાજપૂતોને બાલ્યાવસ્થાથીજ શીખવવામાં આવે છે. રુધિર જોઇને હૃદયમાં ક્ષોભ ઉત્પન્ન ન થાય તથા સાહસિકતા પ્રાપ્ત થાય એટલા માટે રાજપૂતોના નાના નાના બાળકો, નાની નાની તલવાર ગ્રહણ કરીને તેનો ઉપયોગ કરતાં શીખે છે, તેમનાં માતપિતા બાલ્યાવસ્થાથીજ તેમને આ વિષયની શિક્ષા આપે છે. રાજપૂતબાળક પહેલવહેલો જે દિવસે શિકાર કરે છે તે દિવસે તેનાં કુટુંબીજનો પરમ આનંદ પામે છે અને તેને સપ્રેમ અભિનંદન આપે છે.[1] આ પ્રકારે રાજપૂતબાલકો વીરધર્મમાં દીક્ષિત થઇ સાહસ, શૂરતા તથા વીરતા પ્રકાશિત કરે છે.રાજપૂતોના આનંદોત્સવો પણ વીરરસથી પૂર્ણ હોય છે.તેમને સાહસિક અને શૂરવીર બના-

૧ બુંદીના રાજકુમારે જે દિવસે પ્રબલ સાહસપૂર્વક અને જીવસટ્ટે એક મૃગના પૂંઠ પકડી તેનો શિકાર કર્યો હતો તે દિવસે રાજમાતાએ પરમ આનંદિત થઈને મારાપર એક પત્ર લખ્યો હતો. તે દિવસે બુંદીમાં એક મોટો દરબાર ભરવામાં આવ્યો હતો અને સામંતોને ઉપહારસ્વરૂપે બહુમૂલ્યવાન વસ્તુઓ આપવામાં આવી હતી.

વવાને માટે વીરરસપ્રધાન કાવ્ય તેમને સંભળાવવામાં આવે છે. મલ્લકુસ્તી જોઇને રાજપૂતોને પરમ આનંદ પ્રાપ્ત થાય છે. રાજસ્થાનના સર્વ રાજાઓ કુસ્તી કરવામાં ચતુર એવા બળવાન મલ્લોને રાખે છે. પ્રસિદ્ધ મલ્લો એકબીજાની સાથે સ્પર્ધા કરે છે.

પ્રત્યેક સામંતની પાસે એક શસ્ત્રભંડાર હોય છે અને તે પ્રતિદિન નિયમિતરીતે ત્યાં જઇને પોતાનાં અસ્ત્રશસ્ત્રોની તપાસ કરે છે. તલવાર, બંદુક, બરછી, કટાર, ધનુષ વગેરે પોતાનાં પ્રિય અસ્ત્રશસ્ત્રોને રાજપૂતો જૂદાં જૂદાં નામ આપે છે. શસ્ત્રભંડારપર રાજપૂતો અતિ વિશ્વાસુ માણસને અધિકારીતરીકે નિયુક્ત કરે છે. રાજપૂતોનાં અસ્ત્રશસ્ત્રો અતિ સુંદર, ચિત્તાકર્ષક અને મૂલ્યવાન હોય છે. સર્વ પ્રકારની તલવારોમાં શિરોહીની તલવાર ઉત્તમ ગણાય છે. વળી બે ધારવાળું ખાંડું પણ રાજપૂતોને અત્યંત પ્રિય હોય છે. લાહોર તથા રાજસ્થાનમાં અનેક પ્રકારની ઉત્તમ બંદુકો બને છે બંદુકોને મુક્તા, મણિરત્નો તથા સુવર્ણથી જડિત કરીને મનોહારિણી બનાવવામાં આવે છે. બૂંદીની બંદુક સર્વોત્તમ ગણાય છે. અંગનું રક્ષણ કરવાને માટે ગેંડાનાં ચામડાંની ઢાલ બનાવવામાં આવે છે. રાજપૂતો ગેંડાના ચામડાની ઢાલમાં ચાંદી અને સુવર્ણના વરખવતી અનેક પ્રકારનાં સુંદર ચિત્રો અંકિત કરે છે. રાજપૂતાનામાં અર્ધચંદ્રકાર, ત્રિશૂલાકાર અને સર્પની જીહ્વાના આકારનાં સુંદર બાણો બને છે.

રાજપૂતોને સંગીત પણ પરમ પ્રિય હોય છે. મહારાજા શિવધનસિંહ સંગીતના ઘણા શોખીન હતા તેઓ પ્રતિદિન મને મળવાને આવતા હતા; કારણ કે તેઓ મારા મિત્ર હતા. તેઓ કોઇ કોઇવાર ઘણા સમયસુધી અમસ્તા મારી પાસે બેસી રહેતા હતા. તેઓ અનેક ગુણોથી વિભૂષિત હતા. બંદુક ચલાવવાની કુશળતામાં તો તેઓ મેવાડમાં અદ્વિતીય ગણાતા હતા. તેઓ મહા વિદ્વાન હતા. તેઓ માત્ર મેવાડનોજ નહિ, પરંતુ સમસ્ત રાજસ્થાનનો ઇતિહાસ સારી રીતે જાણતા હતા. તેઓ કવિત્વશક્તિ ધરાવતા હતા અને વાતચિતમાં કાવ્ય રચીને શ્રોતાઓનાં મનરંજન કરી દેતા હતા. તેઓ સંગીતવિદ્યામાં તો પરમ નિપુણ હતા. સંગીતશાસ્ત્રનું સૂક્ષ્મ જ્ઞાન તેઓ ધરાવતા હતા. મહાદેવના મુખમાંથી નીકળેલા રાગોના ભેદ, રાગોનાં અસંખ્ય સ્વરૂપો અને પ્રત્યેક રાગની ૭ રાગિણીવિષે તેઓ ઉત્તમ પ્રકારે વ્યાખ્યા કરતા હતા. મેવાડના સર્વોત્તમ ગવૈયા તેમની પાસેજ રહેતા હતા. આ ગવૈયાને તેઓ કોઇ કોઇ વાર મારી પાસે લાવતા અને મને તેમનાં ગાયનો સંભળાવતા હતા. તેમને ત્યાં સર્વોત્તમ ગાનાર એક સ્ત્રી હતી અને તેનો કંઠ એવો મધુર હતો કે સર્વનું મન તેના ગાયનમાં તલ્લીન થઇ ગયા વિના રહેતું નહિ. તેના કંઠમાંથી વસંત અને મેઘ એ રાગો ઘણાજ મધુર નીકળતા હતા. વળી તેમણે ઉજ્જયિનીથી એક ગાનારી સ્ત્રીને બોલાવી હતી, તે પણ અત્યંત પ્રસિદ્ધ હતી. મેં ઉક્ત ઉભય સ્ત્રીઓને એક સ્થાને બેસીને ગાવાને કહ્યું. તેમનાં ગાયન સાંભળવાને માટે શક્તાવતોના અધિનાયક, સલુમ્બરના સામંત તથા અન્યાન્ય સામંતો પણ આવ્યા હતા. આ સરદારો ઉજ્જયિનીની ગાનારી સ્ત્રીનાં ગાયનો સાંભળીને એટલા તો પ્રસન્ન થઇ ગયા કે તેઓ મુક્તકંઠે તેની પ્રશંસા કરવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કેઃ-"સુપ્રસિદ્ધ ગવૈયા સાદુલ્લાનાં ગાયન સાંભળીને જે પ્રકારે અંગ્રેજો પરમ પ્રસન્ન થયા હતા, તે પ્રકારે અમે આ સ્ત્રીનાં ગાયન સાંભળીને પરમ આહ્લાદિત થયા છીએ." ગ્રીષ્મઋતુમાં આ પ્રકારે ચોકમાં અથવા અગાસીમાં નાની નાની સંગીતમંડળી એકત્રિત થતી હતી. આ પ્રસંગે ચંદ્રનો શીતલ પ્રકાશ, સ્વચ્છ જલવાળાં સરોવરમાંથી આવતો શીતલ સમીર અને સુમધુર ગાયનનો યોગ થવાથી દિવસે સૂર્યના ઉગ્ર તાપથી થએલી વ્યગ્રતા દૂર થઈ જતી. સંગીત સાંભળવાથી સૌને અવર્ણનીય આનંદ થતો. આવી મંડલીમાં રાજપૂતસરદારો મને પણ આમંત્રણ કરતા હતા. પુત્રોત્સવ અને લગ્નોત્સવમાં સુપ્રસિદ્ધ કવિઓ અને ગવૈયાઓને પરદેશમાંથી પણ બોલાવવામાં આવતા હતા.

મહારાજા શિવધનસિંહ બંદુકની ગોળી મારવામાં એવા ચતુર હતા કે તેઓ બાળકના મસ્તકપર એક ચીજ મૂકીને તેને ગોળી મારીને ઉરાડી દેતા હતા; પરંતુ તે બાળકના મસ્તકને કિંચિત્ પણ ઇજા થતી નહોતી. તેઓ ઉડતાં પક્ષીને વિંધી નાખતા હતા અને સામેથી આવતી ગોળીના કટારવતી બે ટુકડા કરી નાખતા હતા. તેમણે અનેકવાર લોકોને આ પ્રયોગ બતાવ્યો હતો. એક દિવસ તેમણે એક માટીના પાત્રને જળથી ભર્યું અને તેમાં એક કટાર મૂકી. પછી તેમણે એક બીજા માણસ પાસે બંદુક ભરાવી,

તે પાત્રથી વીસ કદમ દૂર જઈ ઉભા રહી કહ્યું કે:-"આ ગોળીથી હમણાં હું પેલા પાત્રમાં રહેલી કટારના બે ટુકડા કરી નાખું છું" એમ કહીને તેમણે ગોળી છોડી. મને ઉત્કંઠા થવાથી મેં તે પાત્રની પાસે જઈને જોયું તો તેમાંની કટારના બે ટુકડા થઈ ગએલા હતા. વળી તેમનો બીજો એક ચમત્કાર તો સૌથી વિશેષ અદ્દ્ભુત હતો. તેઓ એક લાકડી ઉપર એક લીંબુ રખાવતા અને બીજા માણુસ પાસે ગોળી ભરાવીને દૂર ઉભા રહી તેપર ગોળી મારતા. ગોળીના ઝપાટાથી નીચે તે તૂટી પડતું; પરંતુ તેપર ગોળીનું કાંઇ પણુ ચિન્હ દષ્ટિગોચર થતું નહિ. લીંબુ તેવું ને તેવું રહેતું અને ગોળી અદૃશ્ય થઇ જતી. ચતુરંગ ક્રીડામાં પણુ તેઓ પરમ દક્ષ હતા. ઉદયપુરનો એક અંધ માણુસ આ ક્રીડામાં તેમનો પ્રધાન પ્રતિસ્પર્ધી હતો. ઈંગ્લાંડની પાર્લામેન્ટમાં સભાસદતરિકે બેસાડવાને મહારાજા શિવધનસિંહ સંપૂર્ણરીતે યોગ્ય હતા.

પ્રત્યેક સામંતની પાસે ગાવાબજાવવાનું કાર્ય કરનાર માણુસો હોય છે. કેટલાંક વર્ષથી મહારાજા સિંધિઆ ગાવા બજાવવાનું કાર્ય કરનાર ઉદયપુરનાં સર્વોત્તમ માણુસને લઈ ગયા છે. સર્વ રાજપૂતો સંગીતપ્રિય હોય છે.

શિલ્પ, સંગીત અને વિજ્ઞાનના મુખ્ય ઉત્તેજક રાણા ભીમસિંહની પાસે કેટલાક ઉત્તમ ગવૈયા તથા વાદ્ય વગાડનાર હતા. તેઓ રાત્રિના શાંતિપ્રદાયક સમયે મહાલયની અગાસીપર બેસી ગાનતાન કરી સર્વને અપૂર્વ આનંદમાં નિમગ્ન કરી નાખતા હતા. ઉક્ત રાણાની પાસે કેટલાક બંસી વગાડનાર પણુ હતા. તેમની બંસીનો સુમધુર સ્વર શ્રોતાને પરમ આહ્લાદ આપતો હતો. સંગીતશાસ્ત્ર રાજપૂતોના આનંદનું એક પ્રધાન સાધન છે અને તેટલા માટેજ તે તેમની શિક્ષાનું એક પ્રધાન અંગ છે.

જેમણે ભારતવર્ષનાં પર્વતશિખરોપર રહેલા પહેરેદારોની ભેરીનો નાદ સાંભળ્યો છે તેઓ તે અદ્દ્ભુત પ્રકારના નાદને કદિ પણુ વિસરશે નહિ.

યુરોપની સેલ્ટિક જાતિમાં બૅગપાઇપ નામનું જે એક વાદ્ય પ્રચલિત હતું તે રાજપૂતોને પણુ અપરિચિત નથી. આ વાદ્યને રાજસ્થાનમાં "મેસેક" કહેવામાં આવે છે. બે મુખવાળી બંસી પણુ રાજસ્થાનમાં વગાડવામાં આવે છે. અનેક પ્રકારનાં વાદ્યોનું વર્ણુન અત્ર કરવાથી તે નીરસ લાગવાનો સંભવ હોવાથી પડતું મૂકવામાં આવે છે.

રાજપૂતોના શિક્ષણુસંબંધે ઉલ્લેખ કરતાં મહાત્મા ટૉડ જણુાવે છે કે, દાનપત્ર અથવા સ્વીકારપત્ર વાંચી નહિ શકે એવો રાજપૂતરાજા કોઇ પણુ નથી. ઈંગ્લાંડના આગલા પરમ કુલીન રાજવંશીઓ દસ્તાવેજપર હસ્તાક્ષર પણુ કરી શકતા નહોતા; પરંતુ રાજપૂત રાજા અથવા સામંતોમાં એવા અજ્ઞાન કોઇ પણુ જાણુવામાં આવ્યા નથી. ઉદયપુરના મહારાણા લેખનકળામાં પરમ ચતુર છે. તેમના લખેલાપત્રોની ઘણી પ્રશંસા થાય છે. રાજસ્થાનના રાજા અને સામંતોના પત્રો વાંચવાથી પ્રતીત થાય છે, કે તેઓ બહુશ્રુત અને ઘણા શિક્ષિત હોય છે. તેમના પત્રોમાં પ્રાચીન ગ્રંથોમાંથી દષ્ટાંતો ઉદ્ધૃત કરવામાં આવેલાં દષ્ટિગોચર થાય છે. વળી તે પરથી રાજપૂતરાજાઓ અને સામંતોએ અનેક મહાપુરુષોનાં જીવનચરિત્રનો અભ્યાસ કરેલો પણુ પ્રતીત થાય છે. યૂરોપખંડના રાજાઓ ઇલિયડ અને હોમરનાં કાવ્યમાંની પંક્તિઓ ઉધ્ધૃત કરે છે એ વાત સત્ય છે; પરંતુ રાજપૂતરાજાઓ તેમના કરતા પણુ વિશેષ કુશળતાથી વ્યાસ અને વાલ્મીકિના શ્લોકો ઉધ્ધૃત કરે છે. રાજપૂતરાજાએ જે પ્રકારે હિંદુઓના પ્રધાન

૧ ચંદ કવિએ જણુાવ્યું છે કે:-"સમ્રાટ પૃથ્વીરાજ કંઠ અને વાદ્યથી ગાવાબજાવવાનું કામ સારી રીતે જાણુતા હતા." ભારતવર્ષમાં કોઈ સમયે અશ્લીલ અને ભ્રષ્ટ સંગીત પ્રચલિત હતું કે નહિ એ એક શંકાસ્પદ વાત છે. માત્ર પવિત્ર ધાર્મિક ભજનોજ રાજપૂતોની શિક્ષાનું એક પ્રધાન અંગ ગણુાય છે. લવ અને કુશ રામાયણુમાંથી ઉત્તમોત્તમ શ્લોકોનું કીર્તન કરવા માટે સુપ્રસિદ્ધ છે. જયદેવનું પવિત્ર સંગીત અદ્યાપિ સર્વત્ર ગાવામાં આવે છે. દેવમંદિરોમાં પૂજારીઓ અને ભક્તગણો પોતાના ઈષ્ટદેવની સન્મુખ ધર્મસંગીત ગાય છે. આબુપર્વતના શિખરપર સાધુસંન્યાસીઓને પોતાના આરાધ્યદેવતા પાટલીશ્વરની સ્તુતિ ગાતા જોઈ મને પરમ આનંદ ઉત્પન્ન થયો હતો. ધોલી નામનો રાજસ્થાનનો સંગીતશાસ્ત્રી જે સમરસંગીત ગાય છે, તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં સંગીતશાસ્ત્ર એ શિક્ષાનું એક પ્રધાન અંગ ગણાતું હતું, તે વાતનાં ઘણાં પ્રમાણો પુરાણોમાં પ્રાપ્ત થાય છે. સુખશાંતિના સમયમાંજ સંગીતની વિશેષ ઉન્નતિ થાય છે. ભારતવર્ષના પતનની સાથે અશાંતિ, અત્યાચાર, ઉત્પીડન અને ઉપદ્રવોની વૃદ્ધિ થઈ તેની સાથેજ તેના સંગીતશાસ્ત્રની પણુ શોચનીય દુર્દશા થઈ છે.

શાસ્ત્રકાર મનુનાં વાક્યો ઉધ્ધૃત કરે છે તે પ્રકારે યૂરોપના પંડિતો પણ મૅઝિઝનાં વચનો ઉધ્ધૃત કરી શકતા નથી. રાજપૂતરાજકુમારો પ્રાચીન વૈદિક રીતિથી શિક્ષા ગ્રહણ કરે છે અને આ રીતિ યૂરોપનાં વિશ્વવિદ્યાલયોની શિક્ષાપ્રણાલી કરતાં પણ કઠિનતર હોય છે. સુખશાંતિના સમયમાં વિદ્યાનો ઉત્કર્ષ થાય છે. રાજસ્થાનમાં જે સમયથી અશાંતિ અને ઉપદ્રવોનો ઉદય થયો છે, તે સમયથી રાજપૂતજાતિના જ્ઞાનના અનેક વિષયોનું પતન થયું છે. હાલમાં રાજસ્થાનમાં જ્યોતિષશાસ્ત્રના જ્ઞાનને ઉત્તેજન અને પુરસ્કાર આપી તેનું પ્રતિપાલન કરનાર કોઇ પણ માણસ વિદ્યમાન નથી. અંબરના મહારાજા જયસિંહે દિલ્લી, કાશી, ઉજ્જયિની અને પોતાની રાજધાની જયપુરમાં પુષ્કળ વ્યય કરીને મોટી મોટી વેધશાળાઓ બંધાવી હતી અને તેઓ જ્યોતિર્વિદ્યાના મહાન ઉત્તેજક હતા; પરંતુ વર્તમાનકાળમાં તેમના જેવા જ્યોતિષશાસ્ત્રના ઉત્તેજક કોઇ રહ્યા નથી. જયસિંહે ગ્રહોના ગોળા પણ તૈયાર કરાવ્યા હતા.તેમાંના બે હાલમાં કોટાના મહારાજા પાસે છે.આમાંના પ્રત્યેક ગ્રહનો વ્યાસ ત્રણ ફીટનો છે. વળી તેમણે ટીલાહાયર અને ઉલુકબેગની ગણના મેળવી જોઈ હતી અને તેનું પરિણામ દિલ્હીના મોગલસમ્રાટની સમક્ષ સાદર કર્યું હતું. આ ગણનાયંત્રોને તેમણે 'ઝીજ મહમદ શાહી'નું નામ આપ્યું હતું. આજ મહામાનનીય મહારાજા જયસિંહે રાજપૂતજાતિમાં વિવાહપ્રસંગે થતો ભારે ખર્ચ ન્યૂન કરાવ્યો હતો. તેમણે શિશુકન્યાવધની રીતિ દૂર કરવાને માટે પુષ્કળ પ્રયાસ કર્યો હતો. વળી જયપુરની સ્થાપના પણ તેમણેજ કરી હતી. જયપુર સમસ્ત રાજસ્થાનમાં સર્વોત્તમ શહેર છે.

રાજસ્થાનમાં રાજપૂતોના પ્રાચીનગૌરવનાં અનેક ચિન્હો દૃષ્ટિગોચર થાય છે. હાલમાં રાજપૂતાનામાં શાંતની સ્થાપના થઇ છે, તેથી રાજપૂતોના પ્રાચીનગૌરવનો પુનરુદ્ધાર થશે કે નહિ તથા રાજપૂતજાતિ પુનઃ ઉન્નતિના શિખરપર ચઢશે કે નહિ, એ કઠિન પ્રશ્નના ઉત્તર માત્ર ભવિષ્યના ઇતિહાસવેત્તાઓજ આપી શકશે.

કર્નલ ટૉડે પોતાના સમયમાં રાજપૂતો કેવા શિક્ષિત હતા, તેનું વર્ણન કર્યું છે; પરંતુ જો વર્તમાન સમયની તેમની શિક્ષા સાથે તે કાળની શિક્ષાની તુલના કરવામાં આવે તો તેમાં આસમાનજમીનનું અંતર જણાશે. હાલમાં રાજપૂતાનામાં શિક્ષાપ્રણાલી સર્વથા પરિવર્તિત થઇ ગઇ છે. મહામાનનીય બ્રિટિશસરકારની કૃપાથી રાજસ્થાનના રાજપૂતરાજાઓ, સામંતો, રાજકર્મચારીઓ તથા શ્રીમંતોમાં પાશ્ચિમાત્ય શિક્ષાની જ્યોતિ ધીમે ધીમે પ્રવેશતી જાય છે. પ્રત્યેક રાજા દેશી વા અંગ્રેજ શિક્ષકના હાથનીચે અંગ્રેજીભાષાનું શિક્ષણ ગ્રહણ કરે છે. વળી સામંતોના પુત્રોને માટે પણ અનેક કૉલેજો સ્થાપન કરવામાં આવી છે. ઉત્તમ શ્રેણીના રાજપૂતોને માટે શિક્ષાની વ્યવસ્થા સારી કરવામાં આવી છે; પરંતુ મધ્યમ અને અને નિકૃષ્ટ શ્રેણીના રાજપૂતોની શિક્ષાને માટે આવશ્યક પ્રયત્ન કરવામાં આવ્યો નથી; એમ કહ્યા વિના અમે રહી શકતા નથી. જ્યાંસુધી બ્રિટિશસરકાર આ દિશામાં વધારે આગ્રહપૂર્વક પ્રયાસ કરશે નહિ, ત્યાંસુધી મધ્યમ અને નિકૃષ્ટ શ્રેણીના રાજપૂતોની સ્થિતિ સુધરવાની નથી.

કર્નલટૉડ જણાવે છે કે, રાજપૂતજાતિની નિત્યના ઉપયોગની વસ્તુઓ સહસ્રાવધિ વર્ષો થયાં બદલાઇ નથી. જો કે રાજપૂતોના મહાલયો રમણીય સ્તંભોથી શોભાયમાન હોય છે, તેની દિવાલપર ઉત્તમ ચિત્રો આલેખવામાં આવેલાં હોય છે, તથાપિ તેમાં કોઇપણ પ્રકારની ખુરશી અથવા કોચ વગેરે વસ્તુઓ દૃષ્ટિગોચર થતી નથી. તેમનાં ગૃહોમાં નરમ ગાલીચા બિછાવવામાં આવેલા હોય છે અને તેપર સફેદ વસ્ત્રનું આચ્છાદન હોય છે, કે જે ગાલીચાનું સંરક્ષણ કરે છે. આ ગાલીચાપર સર્વ મનુષ્યો પોતપોતાનાં પદ પ્રમાણે બેસે છે. ઇગ્લાંડની રાણી ઇલિઝાબેથની તરફથી હિંદુસ્થાનમાં જે પહેલો અંગ્રેજદૂત આવ્યો હતો, તેની સાથે આવેલા પાદરીએ રાજપૂતોના ગૃહોના સંબંધમાં નીચે પ્રમાણે વર્ણન કર્યું છેઃ-"આ દેશમાં શ્રીમંત માણસો પણ પોતાના ગૃહોને સારીરીતે સજ્જિત કરતા નથી. તેઓ પોતાનાં ગૃહની દિવાલપર રંગબેરંગી ચિત્રો ચિતરાવે છે; પરંતુ તેમનાં ગૃહમાં કોચ, ખુરશી, મેજ વગેરે વસ્તુઓ હોતી નથી; તોપણ સત્ય વાત પ્રકાશિત કરવાને માટે કહેવું જોઇએ કે તેમનાં ગૃહમાં ઉપર્યુક્ત વસ્તુઓ હોય તોપણ ભયંકર તાપને લીધે તેમાંની ઘણી વસ્તુઓનો ઉપયોગ તેઓ કરી શકે નહિ. તેઓ પોતાનાં

ગૃહોમાં સુંદર ગાલીચા બિછાવે છે અને તેની ઉપર સર્વ માણસો બેસે છે."[1]

રાજપૂતોના પહેરવેશના સંબંધમાં વિશેષ વર્ણન કરવાની આવશ્યકતા નથી. સામાન્યતઃ તેમનો પહેરવેશ એકસરખો છે તોપણ દેશભેદ,જાતિભેદ/વગેરેથી તેમાં થોડો ફેરફાર પણ હોય છે.ગ્રીષ્મઋતુમાં ઝીણું વસ્ત્રો પહેરવામાં આવે છે અને શીતઋતુમાં જાડાં વસ્ત્રો પહેરવામાં આવે છે. આ જાડાં વસ્ત્રો વચમાં રૂ ઘાલીને સીવવામા આવે છે અને તે રંગીન તથા ચિત્રિત હોય છે. રાજપૂતસ્ત્રીઓ માત્ર ઘાઘરો, ચોળી અને સાડી પહેરે છે. સાડીવતી ઘુમટો તાણવામાં આવે છે. તેઓ અનેક પ્રકારના અલંકારો ધારણ કરે છે.રાજપૂતો અનેક પ્રકારના પાયજામા, અંગરખાં અને દુપટ્ટાનો ઉપયોગ કરે છે. રાજપૂતોનાં સર્વ વસ્ત્રોમાં પાઘડી પ્રધાન છે. જાતિભેદની પાઘડી અનેક પ્રકારની છે અને અવસ્થાના ભેદથી રાજપૂતો તેને અનેક રીતે બાંધે છે. યૂરોપના રાજાઓ જે પ્રકારે સન્માનસૂચક પટો આપતા હતા, તે પ્રકારે રાજપૂતરાજાઓ પણ એક સમયે 'બાલાબંધ' નામનો સન્માનસૂચક ઝભો આપતા હતા. ઋતુના પરિવર્તનની સાથે રાજપૂતો પાઘડી અને અંગરખાનો વર્ણ પણ બદલે છે. સાધારણ રીતે શ્વેત રંગનો પ્રચાર સાર્વત્રિક છે; તથાપિ લાલ, કેસરી અને જાંબુડો એ રંગોને સર્વોત્તમ અને પરમ આદરણીય માનવામાં આવે છે. નીચી શ્રેણીના મનુષ્યો એકજ પ્રકારનાં પગરખાંનો ઉપયોગ કરે છે. આ પગરખાંથી પગની પાટલીનો ઉપલો ભાગ ઢંકાતો નથી. અહીંઆંના યોદ્ધાઓ યુદ્ધ અને શિકારપ્રસંગે બકરાનાં ચામડાંના બૂટ પહેરે છે અને ચામડાંનાજ અંગરખા પહેરે છે. બખ્તર કરતાં ચામડાંનાં અંગરખા તેમને થોડું કષ્ટ આપે છે. રાજપૂતોની કમ્મરમાં એક મોટી લાંબી કટાર સદા લટકતી રહે છે.

રાજપૂતજાતિની ભોજનવિદ્યા અને ચિકિત્સાવિદ્યાવિષે તથા શારીરિક અને માનસિક વિપત્તિઓ દૂર કરવાને માટે કરવામાં આવતી ક્રિયાઓવિષે યથાસ્થાન વર્ણન કરવામાં આવ્યું છે; માટે તેવિષે અત્ર ઉલ્લેખ કરવામાં આવતો નથી. જો કે કર્નલ ટૉડ અર્ધ શતાબ્દીથી અધિક કાળપૂર્વેની રાજપૂતજાતિની સમાજનીતિ તથા ધર્મનીતિનું વર્ણન કરી ગયા છે, તોપણ અદ્યાપિ તેજ સમાજનીતિ અને તેજ ધર્મનીતિ અટલ ભાવથી સ્થિત છે. પાશ્ચાત્યશિક્ષા પ્રાપ્ત કરવાથી ઉત્તરભારત તથા બંગાલાની ધર્મનીતિ તથા સમાજનીતિમાં જે ફેરફાર થયો છે તેવો રાજપૂતોમાં કાંઈ પણ ફેરફાર થયો નથી. અંગ્રેજીશિક્ષામાં ખાસ કરીને ધર્મશિક્ષણનો અભાવ હોવાથી તેનું અધિક પ્રમાણમાં શિક્ષણ લેનાર બંગાલીજાતિની વિલક્ષણ દશા થઈ છે. રાજસ્થાનમાં અદ્યાપિ ધાર્મિકશિક્ષણ તેના મૂળ સ્વરૂપમાં પ્રચલિત હોવાથી તે દેશના લોકોના પૈતૃક આચારવિચાર અટલભાવથી વિરાજમાન છે.

ઇતિહાસ તરફ દૃષ્ટિ નાખવાથી આપણને શું દૃષ્ટિગોચર થાય છે? જગતમાં ચોતરફ દૃષ્ટિ નાખવાથી આપણને શું જણાય છે? જ્યાં જુઓ ત્યાં પરિવર્તનજ દૃષ્ટિગોચર થાય છે. પ્રત્યેક જાતિ અને પ્રત્યેક સમાજની અવસ્થા સદા બદલાતી રહે છે અને નવાં નવાં દૃશ્યો દૃષ્ટિગોચર થાય છે. ત્રણસેં ચારસેં વર્ષોમાં યૂરોપમાં મહાપરિવર્તન થઇ ગયું છે. આ રીતે પ્રત્યેક દેશની પ્રત્યેક કાળની રીતિનીતિ સદા પરિ-

---

૧ આધુનિક પાદરીઓનો મત એવો જણાય છે કે, હિંદુલોકો માતાપિતાપ્રત્યે લેશ પણ ભક્તિ ધરાવતા નથી. તેમના આ અસત્ય મતનું ખંડન કરવાને માટે કર્નલ ટૉડ એક આગલા સમયના પાદરીનો મત પ્રસિદ્ધ કરે છે. તે પાદરી જણાવે છે કેઃ-" હું આ સ્થળે બીજી એક અતિ મહત્ત્વની બાબતનો ઉલ્લેખ કરીશ.' હિંદુસ્થાનના ગમે તેવા રંક લોકોમાં પણ એક મહા ગુણ છે અને તે તેમની માતાપિતાપ્રત્યેની ભક્તિ છે. તેમની ઉપજ ઘણી થોડી હોય છે તોપણ જો તેમનાં માતપિતા તંગીમાં હોય તો તેઓ તેમને સહાય કરે છે. તેઓ નિદાન પોતાની કમાઈનો અર્ધભાગ પોતાનાં માતપિતાને આપી દે છે. તેઓ પોતાનાં માતપિતાને કષ્ટ સહન કરતાં જોઇ શકતા નથી."

"જેસ્યુટ પાદરીઓએ હિંદુસ્થાનમાં અનેક હિંદુઓને ખ્રિસ્તીધર્માવલંબી કર્યાનાં મોટા મોટા રિપોર્ટો છપાવી મોકલ્યા છે; પરંતુ આ સર્વ મિથ્યા તડાકા રિપોર્ટમાંજ રહ્યા છે. વાસ્તવમાં કેટલાક દરિદ્ર હિંદવાસીઓ અન્નવિના ભૂખે મરવાની તૈયારીમાં હતા તેથી પાદરીઓએ તેમને સહાય કરી હતી અને તેમને ખ્રિસ્તીધર્મમાં દીક્ષિત કર્યા હતા. તેઓ નામમાત્રના ખ્રિસ્તી છે. બાકી તેઓ ખ્રિસ્તીધર્મનું લેશ પણ તત્ત્વ જાણતા નથી." ત્રણસેં વર્ષપૂર્વે ઉક્ત પાદરીએ જે કહ્યું હતું તેજ આજે પણ સત્ય છે. વસ્તુતઃ ભારતવર્ષ એ ખ્રિસ્તીધર્મના પ્રચારને માટે યોગ્ય સ્થળ નથી.

વર્તિત થતી રહે છે. વિદેશી શિક્ષણના પ્રભાવથી ભારતવર્ષના આર્યોના આચારવિચારમાં પણ પ્રબળ પરિવર્તન થઇ રહ્યું છે. વીરભૂમિ રાજસ્થાનમાં આ જો કે પરિવર્તન પ્રતીત થતું નથી; જો કે પ્રાચીન રાજપૂતજાતિના આચારવિચાર અને રીતિનીતિ પરિવર્તિત થઈ નથી; પણ કેટલેક કાળે અવશ્ય તે પણ બદલાશેજ. શિક્ષણ અને અનુકરણ એજ પરિવર્તનનું મૂળ કારણ છે. રાજસ્થાનમાં જે સમયે નવીન શિક્ષાનો પ્રબલ તરંગ પ્રસરશે તે સમયે ત્યાં નવીન યુગનો આરંભ થશે. તેનું પરિણામ શું આવશે તે અત્યારથી કહી શકાય એમ નથી. ઉત્તરભારત, પશ્ચિમભારત તથા બંગાલાનાં વર્તમાન પરિવર્તનનાં વિચિત્ર દશ્યો દગ્ગોચર થાય છે; પરંતુ જ્યારે એ પરિવર્તનની સમાપ્તિ થશે ત્યારેજ એથી આપણી કેટલી ઉન્નતિ વા અવનતિ થઈ છે તે સમજાશે.



# अध्याय ३२ मो

**ઉપક્રમણિકા–રાજસ્થાનની શાસનવિધિ–એશિયા અને યૂરોપની પ્રાચીન શાસનપ્રણાલીમાં સમાનતા–રાજપૂતજાતિની શ્રેષ્ઠવંશમાંથી થયેલી ઉત્પત્તિ–મારવાડના રાઠોડ–અંબરના કુશાવહો–મેવાડના સિસોદીઆઓ–પદમર્યાદાના વિભાગ—અધિકાર—રાજકરવ સૂલ કરવાની રીતિ–બરાર–ખડલક્કડ.**

પરબ્રહ્મ પરમાત્માની કૃપાથી અમે આ વિરાટ ઇતિહાસના પ્રથમ ગ્રંથના અંતિમ ભાગમાં એક અત્યંત કઠિન વિષયની સમાલોચના કરવાને પ્રવૃત્ત થઇએ છીએ અને તે વિષય રાજપૂતજાતિની શાસનપ્રણાલીનો છે. શાસનપ્રણાલી એ જાતિ કિંવા સામ્રાજ્યનો પ્રાણ છે. કોઇપણ પ્રાચીન રાજ્યની અથવા જગદ્વિખ્યાત પ્રાચીન જાતિની ઐતિહાસિક ઘટનાઓ, સામાજિક આચારવિચાર અને ધર્મસંસ્થાઓનું વર્ણન તેની શાસનપ્રણાલીના વર્ણનવિના પ્રાણરહિત દેહસમાન થઇ પડે છે. શાસનપદ્ધતિનું વર્ણન એજ ઇતિહાસનો પ્રાણ છે અને એટલા માટેજ હવે અમે રાજપૂતજાતિની શાસનપ્રણાલીનું વર્ણન કરવાને પ્રવૃત્ત થઈએ છીએ.

સાધારણ રીતે સમરનું વૃત્તાંત એક જાતિની વીરતા, પરાક્રમ, ગૌરવ, પ્રતાપ અને પ્રભુતાનો પ્રકાશ કરે છે; પરંતુ શાસનપ્રણાલીનું વર્ણન તેની રીતિ, નીતિ,આચાર, વિચાર,સભ્યતા અને જાતીય ચરિત્ર પ્રકટ કરે છે. વિશ્વવિજયી ગ્રેટબ્રિટનના હાથમાં-સભ્યતાનાં સર્વોચ્ચ શૃંગપર આરૂઢ થયેલી બ્રિટિશજાતિના હાથમાં ભારતવર્ષનાં કરોડો મનુષ્યોનું ભાગ્ય સમર્પિત થયું છે. કરુણામય પરમેશ્વરે શા ઉદ્દેશથી અંગ્રેજજાતિના હાથમાં આ કોટયવધિ આર્યસંતાનોનો શાસનભાર સોંપ્યો છે તે કેવલ ભવિષ્યના ઇતિહાસવેત્તાજ પ્રકટ કરી શકશે. જે મહાન દેશની જનસંખ્યા પૃથ્વીભરના છઠ્ઠા અંશ જેટલી વિશાળ છે, તે દેશ ઉપર આજે બ્રિટિશજાતિ માત્ર ૭૦ હજાર અંગ્રેજસૈનિકોની સહાયથી પ્રબલ પ્રતાપસહિત ઇચ્છાનુસાર શાસન કરે છે. આ શું જગતના ઇતિહાસમાં અપૂર્વ ઉદાહરણ નથી?

અનેક માણસો દઢ શ્રદ્ધાપૂર્વક માને છે કે, ભારતવર્ષમાં દીર્ઘકાળથી રાજાસત્તાક શાસન પ્રચલિત છે અને ભારતવાસીઓ ઇશ્વરદત્ત વ્યકિતગત હક્ક, વાક્સ્વાતંત્ર્ય અને સ્વાતંત્ર્યવિચારથી વંચિત છે; પરંતુ અમે કહીએ છીએ કે તેમની આ માન્યતા ભ્રમમૂલકજ છે. ઇતિહાસ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે ભારતવર્ષમાં પ્રજાનો વ્યકિતગત હક્ક વિદ્યમાન હતો. દેશીરાજ્યોમાં તે હક્ક નથી એમ કહેનાર પણ ભૂલજ કરે છે. દેશી રાજ્યપદ્ધતિ પ્રજાના વ્યકિતગત સ્વાતંત્ર્યનો લોપ કરતી નથી. વળી ઇતિહાસ એમ પણ દર્શાવે છે કે હાલમાં જે પાશ્ચિમાત્યપ્રજાએ હિંદીપ્રજાને વ્યકિતગત સ્વાતંત્ર્ય અર્પણ કર્યું છે તે પ્રજાએ પણ તેનું બીજ ભારતવર્ષની પ્રાચીન શાસનપ્રણાલીમાંથીજ પ્રાપ્ત કર્યું છે.

કર્નલ ટૉડ જણાવે છે કે:–"મેવાડ, મારવાડ વગેરે રાજપૂતરાજ્યોમાંના કોઇપણ રાજ્યમાં પૂર્વે કોઇ સમયે દિવાની તથા ફોજદારી કાયદાનાં પુસ્તકો વિદ્યમાન હતાં કે નહિ, એ વાત સંદેહાત્મક છે; તેમજ હાલમાં પણ ઉક્ત રાજ્યોમાં કાયદાનાં પુસ્તકો અસ્તિત્વ ધરાવતાં નથી; પરંતુ આ રાજ્યોમાં

યુદ્ધના નિયમો એટલા સુવિખ્યાત અને સુવિસ્તૃત છે કે તેમાં શાસનવિભાગના પ્રત્યેક અંગનો સમાવેશ થાય છે. પાશ્ચિમાત્યરાજ્યો જે સમયે જ્ઞાન, શિક્ષણ અને સભ્યતાના પ્રથમ યુગમાં વિરાજતાં હતાં તે સમયની યૂરોપની જાગીરદારીપદ્ધતિ (સામંતપ્રથા)ની સાથે રાજપૂતોની સામંતપ્રથા ઘણી મળતી આવે છે. આ પદ્ધતિના સંબંધમાં લિખિત પુસ્તકનો અભાવ છે; પરંતુ દીર્ઘકાળસુધી અવલોકન અને મનન કરવાથી હું એ પદ્ધતિનું જે મૂળસ્વરૂપ સમજ્યો છું તે આ સ્થળે અંકિત કરવાને પ્રવૃત્ત થાઉં છું. આ શાસનપ્રણાલીનું અવલોકન મેં પ્રથમ મોજને ખાતર કર્યું હતું; પરંતુ પાછળથી મેં એનો ખંતપૂર્વક અભ્યાસ કર્યો હતો. જો કે આ પદ્ધતિનાં અંગપ્રત્યંગ હાલમાં અત્યંત છિન્નભિન્ન થઈ ગયાં છે, તોપણ તે સહસ્રાવધિ મનુષ્યની સમાજનું જે ન્યાયપૂર્વક શાસન કરે છે તેપરથી જ્ઞાત થાય છે કે, એક સમયે એ શાસનપ્રણાલી સર્વાંગસંપૂર્ણ હતી. ''

કર્નલ ટૉડનાં ઉપર્યુક્ત વચનોનો ઘણો ભાગ અમને માન્ય છે; પરંતુ શિક્ષા, જ્ઞાન અને સભ્યતાની જન્મભૂમિ ભારતવર્ષના ક્ષત્રિયોમાં કાયદાનાં પુસ્તકોનો અભાવ હતો એ વાત અમે માન્ય કરી શકતા નથી. મનુમહારાજે રાજધર્મ તથા શાસનના સંબંધમાં જે વિધાન કર્યું છે તેપરથી સિદ્ધ થાય છે કે ભારતવર્ષમાં પરાપૂર્વથી કાયદાનાં પુસ્તકો પ્રચલિત છે. મહાભારતમાં વર્ણવેલો રાજધર્મ પાઠકોના લક્ષબહાર નહિજ હોય. જે સમયે ભારતવર્ષની પવિત્ર ભૂમિપર વિદેશી, વિજાતીય અને વિધર્મી લોકોએ પોતાના પગ મૂક્યા નહોતા, જે સમયે આર્યજાતિ સર્વથા સ્વાધીન હતી અને જે સમયે બ્રાહ્મણમંડળી રાજસભામાં પૂર્ણ પ્રભુત્વ પ્રકાશિત કરી શકતી હતી,તે સમયે નિઃસંદેહ હિંદુધર્મશાસ્ત્રોમાં કરેલા વિધાનાનુસાર નૃપતિઓ પ્રજા ઉપર શાસન કરતા હતા. આર્યોનું પતન થઇ અન્ય ધર્માવલંબીઓનું પ્રભુત્વ સ્થાપિત થતાં સકલ શાસનવ્યવસ્થા પણ પરિવર્તિત થઇ ગઇ. યુગધર્માનુસાર નવીન નવીન રાજ્યોની સ્થાપના અને નવીન નવીન જાતિઓની ઉત્પત્તિ થઇ તેથી ભિન્ન ભિન્ન સ્થળોમાં પ્રયોજન પ્રમાણે નવીન નવીન શાસનવ્યવસ્થા કરવામાં આવી. આજ કારણથી ભારતવર્ષનાં સર્વ દેશીરાજ્યોમાં એક પ્રકારનું શાસનવિધાન લખેલું દૃષ્ટિગોચર થતું નથી. રાજપૂતરાજ્યોની પણ આજ દશા થઇ અને તેજ કારણથી કર્નલ ટૉડને તેનું શાસનવિધાન ગ્રંથના આકારમાં પ્રાપ્ત થયું નહિ.

કર્નલ ટૉડ આગળ જણાવે છે કેઃ–"જે સમયે રાજસ્થાનના રાજાઓ બ્રિટિશસરકારની સાથે કોઇ પણ પ્રકારના સંબંધથી પરિબદ્ધ થયા નહોતા અને જે સમયે અંગ્રેજલોકો રાજપૂતાનાની ભૂગોળ અને ઇતિહાસનું અલ્પ જ્ઞાન ધરાવતા હતા, તે સમયપૂર્વે ઘણા કાળથી મારા હૃદયમાં રાજસ્થાનની શાસનપ્રણાલી જાણવાની ઉત્કંઠા ઉત્પન્ન થઇ હતી. તે સમયે હું તેવિષે જ્ઞાન મેળવવાને માટે રાજપૂતાનામાં આનંદપૂર્વક ભ્રમણ કરતો હતો અને મારા ભ્રમણનો મુખ્ય ઉદ્દેશ બ્રિટિશસરકારને જણાવી તેની પાસે રાજપૂતોની શાસનપ્રણાલી તથા રાજસ્થાનની ભૂગોળ અને ઇતિહાસનું વર્ણન મોકલી આપતો હતો. મંટેકુ, હ્યુમ, મિલર તથા ગિબન વગેરે ઇતિહાસવેત્તાઓ યૂરોપની સામંતપ્રથાના સંબંધમાં જે અમૂલ્ય લેખ લખી ગયા છે, તે સર્વનો અભ્યાસ કરી મેં પાશ્ચિમાત્ય સામંતપ્રથા સાથે રાજસ્થાનની સામંતપ્રથાની તુલના કરવાનો પ્રયાસ કર્યો છે. વળી વિખ્યાત ઇતિહાસવેત્તા હેલૅમના ઐતિહાસિક ગ્રંથદ્વારા પણ મને ઘણી સહાય મળી છે. અત્યારસુધી સામંતપ્રથાનું જે મૂળરહસ્ય ગુપ્ત હતું, તે ઉક્ત ગ્રંથદ્વારા પ્રકટ થઈ ગયું છે. હેલૅમના ગ્રંથદ્વારા સિદ્ધ થયું છે કે, રાજપૂતોએ સામંતપ્રથાનો પ્રારંભ કર્યો હતો અને યૂરોપીપ્રજાએ તેનું અનુકરણ કર્યું હતું તથા માત્ર અનુમાન નહિ પરંતુ પ્રત્યક્ષ પ્રમાણોદ્વારા સિદ્ધ કરવાને હું તૈયાર છું કે રાજપૂતોજ એ પ્રથાના મૂળ ઉત્પાદક હતા. ''

"જે અર્ધજંગલી જાતિઓ કોઈ વિશિષ્ટ સ્થળે નિવાસ નહિ કરતાં સદાસર્વદા અનેક સ્થાનોમાં ભ્રમણ કરતી રહે છે, તેમની શાસનપ્રણાલીનાં જેટલાં પ્રધાન લક્ષણો દૃષ્ટિગોચર થાય છે તે સર્વ લક્ષણોની સાથે સ્વાધીન સભ્યજાતિઓની શાસનરીતિનાં પ્રધાન લક્ષણો સાદૃશ્ય ધરાવે છે. સમાજની એક પ્રકારની અવસ્થામાં સર્વની જરૂરીબાતો પણ એક પ્રકારની હોય છે. જંગલી, તાતારો, જર્મનોની ભિન્ન વર્ણની કાલિડોનિયન શાખા, રાજપૂતો વા તેમના જોડેલા ભાયાતો, સંક્ષેપમાં જગતની સર્વ જાતિઓની શાસનપ્રણાલીનાં પ્રધાન લક્ષણો એકસરખાં જણાય છે. યૂરોપના પ્રત્યેક દેશમાં સામંતપ્રથા પ્રચલિત હતી અને હાલમાં કોકેસસ પર્વતથી લઇને હિંદીમહાસાગરપર્યંતના સમસ્ત દેશોમાં તેજ

શાસનપ્રણાલી ક્યાંક પૂર્ણ તથા ક્યાંક અપૂર્ણ અવસ્થામાં દષ્ટિગોચર થાય છે; પરંતુ સભ્યતાના આ મૂળનો તથા પ્રાચીન સ્મારકચિન્હોનો પુનરુદ્ધાર કરવાને મારા કરતાં અધિક પરિશ્રમી અને વિશેષ શિક્ષિત માણસજ સમર્થ થશે. જો કે સમયના અભાવે તથા વિજાતીયલોકોના ઉપદ્રવોએ મેવાડની પ્રાચીન શાસનપ્રણાલીને અંધકારમાં ડુબાવી દીધી છેત,થાપિ તેનું મૂળરહસ્ય જાણવું દુ:સાધ્ય નથી. આ લુપ્તપ્રાય શાસનશૈલીને પુન: પ્રકાશિત કરવી પરમ આવશ્યક છે."

"મહારાષ્ટ્રીઓની લૂંટફાટ તથા ઉપદ્રવોની સાથે મુસલમાનોના અવર્ણનીય અત્યાચારોએ મળીને આ શાસનરીતિને સર્વથા અંધકારમાં નિમગ્ન કરી દીધી છે. રાજપૂતજાતિના વૃદ્ધ નેતાઓ શીઘ્રતાથી ઇહ લોકોનો પરિત્યાગ કરતા જાય છે, જાતિયતા શિથિલ થતી જાય છે અને હાલમાં તેના ધારાઓ તથા રીતભાતો વિધ્વસ્ત થતાં જાય છે. રાજપૂત જાતિ પૂર્વાવસ્થાને પ્રાપ્ત થશે, રાજપૂતો પોતાનું શારીરિક બળ પુન:પ્રાપ્ત કરશે;પરંતુ તે પૂર્વે તે સમાજને વ્યવસ્થિત કરવાની આવશ્યકતા છે. રાજસ્થાનમાં વર્તમાનકાળમાં જે વિશૃંખલતા પ્રસરી રહી છે,તેથી કોઇપણ તત્ત્વવેત્તા સહસા રાજપૂતોની શાસનરીતિનાં કોઈપણ મહત્વનાં લક્ષણપ્રતિ પણ આકર્ષિત થતો નથી. બ્રિટિશપ્રજાનું શાસનવિધાન શૃંખલાબદ્ધ છે અને રાજપૂતોની શાસનપ્રણાલી તેથી વિપરીત છે. આ બાહ્યલક્ષણો જોઇને કોઇ કહેશે કે:—" રાજપૂતોની શાસનશૈલીનાં જેટલાં લક્ષણો છે તે આકસ્મિક કારણોથી ઉત્પન્ન થયાં છે, તેનો પાયો કોઈ મૂળનીતિ ઉપર રચવામાં આવ્યો નથી; માટે તે અપૂર્ણ છે." પરંતુ વિશેષ શોધ કરવાથી આ અભિપ્રાય સર્વથા દૂર થશે. તેનું બાહ્યસ્વરૂપ અવ્યવસ્થિત છે, તોપણ સૂક્ષ્મદષ્ટિથી જોવાથી તે એક સમયે સર્વાંગસંપૂર્ણ હતી, એમ વિદિત થયા વિના રહેશે નહિ. પૌર્વાત્યદેશોમાં અમારા જેટલા સ્વદેશીઓ (યૂરોપીઅનો) વસે છે, તે સર્વ એશિયાની રીતિનીતિ, શાસનવ્યવસ્થા તથા સર્વ પ્રકારના પદાર્થોપ્રત્યે ઘૃણાની દષ્ટિથી જુએ છે; પરંતુ એક સમય એવો હતો કે જ્યારે સર્વ પ્રકાર તેથી સર્વથા વિપરીતજ હતો."

કર્નલ ટૉડના આ વચનો અવશ્ય ભ્રાંતિરહિત તથા સત્યપૂર્ણ છે અને નિ:સંદેહ તે વચનો તેમના ઉદારહૃદયનો પરિચય કરાવે છે.

યૂરોપખંડના મધ્યયુગના નિવાસીઓમાં જે પ્રકારના આચારવિચાર, સંસ્કાર તથા શાસનપ્રણાલી પ્રચલિત હતી, તેની સાથે રાજસ્થાનના આચારવિચાર વગેરે વિલક્ષણ રીતે સાદશ્ય ધરાવે છે; તોપણ એકે બીજાનું અનુકરણ કર્યું હતું એમ માનવાનું કાંઇ પ્રયોજન નથી. વાસ્તવમાં ઉભય દેશોમાં નૃપતિની સાથે પ્રજાનો પિતાપુત્રનો સંબંધ દર્શાવવાને માટે આ એકજ પ્રકારની શાસનપ્રણાલીનો ઉદ્ભવ થયો છે. રાજસ્થાનનો એક ચરસાની[1] ભૂમિનો અધિકારી પણ પોતાના અધીશ્વર સાથે રક્તનો સંબંધ ધરાવે છે.[2]

ભૂમિમાં બીજારોપણ કરવામાં આવે તોપણ જ્યાંસુધી તે ભૂમિ ઉત્કૃષ્ટ ન હોય ત્યાંસુધી તેનો છોડ મજબૂત થતો નથી. ઇંગ્લાંડમાં આ સામંતશાસનપ્રણાલીનું બીજારોપણ થઇ યથાસમયે તે શાખા, પ્રશાખા અને નવીન કુંપળોથી શોભાયમાન થઇ, તેનું કારણ કેવલ નર્મનજાતિનો પ્રયત્ન અને ઉદ્યોગજ છે. નર્મનલોકો આ શાસનપ્રણાલીનું બીજ સ્કૅન્ડિનેવિયાથી લાવ્યા હતા. સ્કૅન્ડિનેવિયનો તેને મધ્યએશિયામાંથી લઇ ગયા હતા. રિચર્ડસનનું અનુમાન એવું છે કે, આ શાસનપ્રણાલી તાતારમાંથી સ્કૅન્ડિનેવિયામાં ગઈ હતી. એમાં કાંઇપણ શક નથી કે પૌર્વાત્યદેશોમાંથી જે નિવાસીઓ પાશ્ચિમાત્યદેશોમાં ગયા હતા તેઓ પૂર્વમાંથી પશ્ચિમમાં જ્ઞાન અને શિક્ષણનો સ્રોત પણ લેતા ગયા હતા. ગ્રીકાદિ, કૅમ્બ્રિક તથા લૉમ્બાર્ટ જાતિઓએ એશિયામાંથી બહાર નીકળી સ્કૅન્ડિનેવિયા, ફ્રિસલૅન્ડ તથા ઇટાલિમાં પૌર્વાત્યસંસ્કૃતિ ફેલાવી હતી.

મધ્યયુગની સામંતપ્રથાવિષે ઉત્તમ લેખ લખનાર ઇતિહાસવેત્તા હેલૅમ જણાવે છે કે:—"અનેક દેશોના ઇતિહાસમાંથી સામંતપ્રથાનું મૂળ અથવા તેને મળતી આવતી કોઇ પ્રથા શોધી કાઢવાને માટે ઘણા જણ ઉત્કંઠિત રહે છે. અને જો કે જગતના ભિન્નભિન્ન ભાગોમાં રીતરિવાજની સમાનતા શોધી કાઢવી ઘણી મહત્ત્વની છે,તોપણ આપણે બહારથી દેખાતી સમાનતા જોઇ ભ્રમમાં પડવું જોઇએ

[1] 'ચરસા' શબ્દનો અર્થ 'ચામડાનો કોશ' થાય છે; પરંતુ એક હળદ્વારા જેટલી ભૂમિ ખેડાઈ શકે વા એક મનુષ્ય જેટલી ભૂમિપર જલસિંચન કરી શકે તેટલા ભાગને પણ 'ચરસા' કહેવામાં આવે છે.

[2] રાજપૂતો પોતાના રાજાને 'બાપ્પાજી' કહીને બોલાવે છે અને રાજકુમારોને 'બાવા' કહેવામાં આવે છે.

નહિ; કારણ કે જ્યારે સૂક્ષ્મ નિરીક્ષણ કરવામાં આવે છે ત્યારે આ સમાનતા અદૃશ્ય થઇ જાય છે. સામંતપ્રથાને કેટલેક અંશે મળતી આવે એવી પ્રથા શોધી કાઢવી સુગમ છે. રોમમાં ઉચ્ચ અને નિકૃષ્ટ શ્રેણીના લોકોની વચ્ચે જે સંબંધ હતો તેને આ સામંતપ્રથાને મળતો ગણવામાં આવ્યો છે; તેમજ સરહદની રક્ષા કરવાની શરતથી જંગલીલોકો ત્યાંની જમીનનો ઉપભોગ કરતા હતા, તે રિવાજને પણ સામંતપ્રથાની સાથે સાદૃશ્ય ધરાવનાર ગણવામાં આવ્યો છે; પરંતુ આ લોકો કોઈ એક વ્યક્તિની સેવા કરવાને બંધાયેલા નહોતા; તેઓ રાજ્યની સેવા કરવાને બંધાયેલા હતા. આ લોકો કદાચ હિંદુસ્થાનના જમીનદાર અને તુર્કસ્થાનના ટિમેરિયટની સાથે સમાનતા ધરાવતા હશે. હાઇલેન્ડર અને આઇરિશલોકો પોતાના સામંતની સાથે રણભૂમિમાં જતા હતા; પરંતુ આ લોકો કાલ્પનિક સગાઇ અને રક્તસંબંધને લીધેજ આમ કરતા હતા, કાંઇ સામંતપ્રથાના નિયમને અનુસરીને તેમ કરતા નહોતા."

ઉપર્યુક્ત શબ્દો મેં એમ દર્શાવવાને માટે ઉધ્ધૃત કર્યા છે કે, જો રાજપૂતોની પદ્ધતિને શુદ્ધ સામંતપ્રથા ગણવાનો હું આગ્રહ કરૂં તો મારી દૃષ્ટિસન્મુખ બહારથી દેખાતી સમાનતાનો ભય આવીને ઉભો રહે છે; પરંતુ દાનપત્રો, દસ્તાવેજો, સનંદો અને જનશ્રુતિઓ મારા મતનું સમર્થન કરે છે. હું એમ સિદ્ધ કરવાની આશા રાખું છું કે, હિંદુસ્થાનના ઉત્તરભાગમાં સામંતપ્રથા અવશ્ય પ્રચલિત હતી અને મોગલ તથા પઠાણલોકોનું સામ્રાજ્ય હિંદુસ્થાનમાં સ્થાપિત થયું તથા સાત શતાબ્દીપર્યંત રહ્યું તોપણ આ પ્રથા હજી પણ પ્રચલિત છે. આ સામંતપ્રથા મુસલમાનોની પદ્ધતિથી સર્વથા વિપરીત છે. માત્ર શાસનપ્રણાલીના જે અંગમાં મૂળસમાનતા છે તેમાંજ રાજપૂતોની પદ્ધતિ મુસલમાનોની પદ્ધતિને મળતી આવે છે. આ રાજપૂતસંસ્થાનોમાંનાં કેટલાંક કે જેમના ઉપર મુસલમાનોની જીતની ઘણીજ થોડી અસર થઇ હતી, તેમાં આ સામંતપ્રથા શુદ્ધ રહી છે. મુખ્યત્વેકરીને હું મેવાડના રાજ્યમાંથી દૃષ્ટાંતો આપીશ; કારણ કે તેના આંતરિકશાસનપર વિદેશી શાસનની ઘણીજ થોડી અસર થઇ હતી.

યૂરોપની પેઠે રાજસ્થાનમાં પણ કેટલાક સમયપર્યંત પરંપરાગત રિવાજ એજ માત્ર આ પ્રથાના હક્કનો નિયામક હતો. પૃથક્ પૃથક્ રાજ્યોમાં અને એકજ રાજ્યના ભિન્નભિન્ન પ્રાંતોમાં આ પ્રથામાં કાંઇક કાંઇક ફેરફાર હતો. આજ કારણથી હાલમાં જમીનના ભોગવટાના સંબંધમાં ભિન્નભિન્ન કાયદાઓ દૃષ્ટિગોચર થાય છે. આ ભિન્નતા સમજવાને માટે તદ્વિષે જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે અને આ પ્રથાનો પ્રત્યેક ભાગ સર્વાંગસંપૂર્ણ થાય નહિ ત્યાંસુધી તે સંપૂર્ણતઃ સમજી શકાય એમ નથી. અતિ ક્ષુદ્ર કારણથી અતિ મહત્ત્વનું કાર્ય બની આવે છે. એમ કહેવાય છે કે, મેવાડના કેટલાક રાણાઓએ પોતાના દેશને માટે ધારા રચ્યા હતા; પરંતુ પ્રત્યેક ઘટનાનાં પૂર્વ દૃષ્ટાંતો, રાજાનાં આજ્ઞાપત્રો, દાનપત્રો અને જનશ્રુતિઓમાં તે વિચ્છિન્ન થઇને પડ્યા છે. હાલમાં જે શિલાલેખો વિદ્યમાન છે, તેમનેજ માત્ર એકત્રિત કરવામાં આવે તો એક બાળપ્રજાને માટે તે પૂરતા ધારા થઈ પડે. આ લેખો પ્રથમ લખવામાં આવતા હતા અને ત્યારપછી સ્તંભ ઉભા કરવામાં આવતા હતા. સાત શતાબ્દીઓપર્યંત અશાંતિ અને આપત્તિ રહી હતી અને રાજપૂતોને સદા શત્રુઓની સાથે ઝુઝવું પડયું હતું. આ અરસામાં ઉચ્ચ માનસિકશક્તિ અને શૌર્યવાળા ઘણા રાજાઓ ઉત્પન્ન થયા હતા. જે પ્રકારે રાણા સંગે બાબરની સાથે બાથ ભીડી હતી, તે પ્રકારે તેના પૌત્ર પ્રતાપસિંહે બાબરના પૌત્ર અકબરની સામે યુદ્ધ કર્યું હતું. જહાંગીરના વૈરી અમરસિંહની વીરતા કોણ નથી જાણતું?

ગ્રંથો અને જનશ્રુતિદ્વારા પ્રતીત થાય છે કે રાજસ્થાનમાં અનેક રાજપૂતરાજાઓ બુદ્ધિમાન મુત્સદ્દી થઈ ગયા છે. તેઓ સમરકુશલ વીર હોવા ઉપરાંત સામંતો, વ્યાપારીઓ અને કૃષિકારોના લાભ જાળવવાને માટે ઉત્તમ ધારા રચવામાં ચતુર હતા. શિલાલેખોપરથી પ્રતીત થાય છે કે રાજપૂતરાજાઓએ ઇજારા અને ભારે કર દૂર કર્યા હતા, દાણ નિયમિત કર્યું હતું, લોકોને પવિત્ર દિવસોમાં મજુરી કરતાં અટકાવ્યા હતા તથા વ્યાપારીઓ, મંડળો અને શહેરોને અમુક બાબતોમાંથી મુક્તિ, ખાસ હક્કો તથા સનંદો આપી હતી. વળી તેમણે પ્રજાનો અવાજ રાજસભામાં રજુ થાય એવી પણ વ્યવસ્થા કરી હતી. જ્યારે મને રાજાના મહાલયમાં જૂના દસ્તાવેજો પ્રાપ્ત થયા નહિ ત્યારે મેં અન્યત્ર તેને માટે પુષ્કળ શોધ કરી. જો કે ધર્માંધ મુસલમાનોએ પોતાના હાથમાં આવ્યાં તેટલાં સંસ્કૃતિનાં સ્મૃતિચિન્હો વિધ્વસ્ત કરી નાખ્યાં છે, તોપણ મને મારા પરિશ્રમના ફળ તરિકે કેટલાંક સ્મૃતિચિન્હો પ્રાપ્ત થયાં છે. આ સ્મૃતિચિન્હો

માત્ર કુતૂહલનેજ ખોરાકપૂરો પાડે એમ છે.આ સ્મૃતિચિન્હોપરથી જણાય છે કે ઇજારા અને વ્યાપારની ઉપરના પ્રતિબંધની બાબત રાજસ્થાનના લોકો સારીપેઠે સમજતા હતા;જો કે અર્થશાસ્ત્રીના સિદ્ધાંતોનો કદિપણ તે દેશમાં પ્રવેશ થયો નહોતો.શિવરાના નામથી ઓળખાતા કોતરેલા સ્તંભો સ્થાપિત કરવાનો રિવાજ અતિ પ્રાચી-ન કાળથી પ્રચલિત છે.પ્રત્યેકવિષયના પ્રારંભમાં સૂર્યચંદ્રની સાક્ષી રાખવામાં આવે છે અને તેના અંતિમભાગમાં જેઓ અમર સંબંધનો ભંગ કરે તેમને માટે સખ્તમાં સખ્ત દંડ જણાવેલો હોય છે. બારસેંથી ચાંદસેં વર્ષોના પ્રાચીન ઐતિહાસિક શિલાલેખો મારી પાસે છે;પરંતુ ભૂમિ અથવા ખાસ હક્કોનાં પ્રાચીનમાં પ્રાચીન દાનપત્રો પ્રાયઃ એક હજાર વર્ષનાં છે.કાળે ઘણા લેખોનો નાશ કર્યો છે,પરંતુ મનુષ્યે તેથી પણ ઘણા લેખોનો વિધ્વંસ કર્યો છે.અંતિમ ત્રણ શતાબ્દીમાં સનંદોની સંખ્યા ઘણી વધી પડી છે;કારણકે આ અરસામાં રાજપૂતો પોતાના શત્રુઓની સામે બાથ ભીડવામાં વિજય પામ્યા હતા અને રાજાઓએ છિન્નભિન્ન થઈ ગયેલી પ્રજાને પાછી બોલાવવાને માટે ખાસ નવીન હક્કો આપ્યા હતા.એક શિલાલેખપરથી તંબાકુનો ઇજારો બંધ કરેલો જણાય છે(જુઓ પરિશિષ્ટ ૧૨) અને બીજાપરથી છાપેલાં કપડાંપરનો કર દૂર કરવામાં આવેલો પ્રતીત થાય છે તથા ગ્રામ્ય કારખાનાંવાળાઓને પડોશનાં શહેરોમાં કર આપ્યા વિના પોતાને । માલ વેચવાની પરવાનગી આપેલી જણાય છે. ત્રીજા શિલાલેખપરથી એક વાણિજ્યપ્રધાન શહેરને યુદ્ધના કરમાંથી મુક્તિ મળેલી જણાય છે તથા ન્યાયવ્યવસ્થા શહેરમાંજ કરી લેવાની સત્તા મળેલી પ્રતીત થાય છે. (જુઓ પરિશિષ્ટ ૧૩ ) જ્યાં શિષ્ટાચારની બાબત હોય ત્યાં પણ રાજાનો કાયદો આશ્ચર્યકારક સાદાઇસહિત આવીને ઉભો રહે છે."સાર્વજનિક ઉજાણીમાંથી કોઈએ કાંઇ વસ્તુ ઉપાડી જવાનો પ્રયત્ન કરવો નહિ." "સૂર્યાસ્ત પછી કોઇએ ખાવું નહિ." (જુઓ પરિશિષ્ટ ૧૪). આ ધારો કોઇ જૈને કરાવ્યો છે. પવિત્ર અમાવાસ્યાને દિવસે કોઇ પણ કાર્યને માટે બળદ જોડવાથી દંડ થશે, એમ પણ એક સ્થળે જણાવવામાં આવ્યું છે. કેટલાક શિલાલેખોપરથી રાજ્યના અમલદારો ગ્રામ્યજનો પાસેથી બિછાનાં, ચાદરો, ગાડીબળદો વગેરે લેતા હતા, તેની બંધી કરેલી જણાય છે. (જુઓ પરિશિષ્ટ ૧૫). ઇંગ્લાંડવાસીઓએ મેગ્નાચાર્ટામાં પણ આવીજ શરતો કરાવેલી છે. આવાં સ્મૃતિચિન્હોમાંથી પ્રાચીનકાળસુધીના પ્રત્યેક રાજાના કેટલાક ધારાઓ સંગ્રહિત થઇ શકે તો રાજપૂતરાજાઓની બુદ્ધિમત્તા તથા લોકોની જરૂરિયાતો અને સ્વભાવ, તેમનાં કાર્યો તથા ધંધાઓવિષે આપણે યથાર્થ અનુમાન કરી શકીએ, એમાં કિંચિત્ પણ શંકા નથી. ફ્રાન્સમાં સૌથી પ્રથમ ઇ૦ સ૦ ૧૦૮૮માં ધારાશાસ્ત્ર લખવામાં આવ્યું હતું. (હૅલેમ અ૦ ૧, પૃ૦ ૧૯૭). આ સમયે મેવાડ ઉન્નતિના શિખરપર વિરાજમાન હતું. ત્યારપછી અનેક યુગો પછી ફ્રાન્સ જે લડવૈયા તૈયાર કરી શક્યું, તેના કરતાં અત્યંત અધિક બળવાન યોદ્ધાઓની સહાયથી મેવાડ વિપ્લવ અને વિદેશીઓનાં આક્રમણની સામે ઝુઝયું હતું. યુગોના યુગોસુધી સતત ચાલેલા જીવનકલહમાં લોકો ઉપર જે અવ્યાહત અત્યાચાર થયો, તેને પરિણામે પ્રજામાં જે અજ્ઞાન, પ્રમાદ અને ઇતર દુર્ગુણો પ્રવર્ત્યા તેથી લોકોનો પોતાના પૂર્વજોની બુદ્ધિમત્તાનાં આ સ્મૃતિચિન્હોપ્રત્યેનો પૂજ્યભાવ ધીમે ધીમે ન્યૂન થતો ગયો. પોતાની એક વખતની ઉન્નતિનું ભાન કરાવનાર શિલાલેખોપ્રત્યેનો લોકોનો પૂજ્યભાવ પાછળથી એટલો બધો ઓછો થયો કે તેઓ તેમને પોતાનાં ઘર બંધાવવાના કામમાં લેવા લાગ્યા. આ પ્રકારે અનેક મૂલ્યવાન સ્મૃતિચિન્હો કાં તો સામંતોના કિલ્લાઓમાં ચણાઇ ગયાં છે અથવા તો ધૂળમાં દટાઇ ગયાં છે.

કર્નલ ટૉડે પૂર્વે જણાવ્યું છે કે, રાજપૂતરાજ્યોમાં દિવાની અથવા ફોજદારી કાયદાનું કોઇ પુસ્તક અસ્તિત્વ ધરાવતું નથી, પરંતુ અંતે તેમણે અતિ દઢતાપૂર્વક સિદ્ધ કર્યું છે કે અતિ પ્રાચીન કાળથી મેવાડના રાણાઓ પ્રયોજનાનુસાર ધારા રચી શાસન કરતા આવ્યા છે. કુરુક્ષેત્રના મહાયુદ્ધમાં સૂર્ય અને ચંદ્રવંશના રાજાઓ મરણ પામ્યા તે પછી ભારતવર્ષમાં વ્યવસ્થા જાણનારી બ્રાહ્મણજાતિનું પ્રભુત્વ પણ ધીમે ધીમે ન્યૂન થતું ગયું. આથી મનુના ધારા દેશના સર્વ ભાગોમાં સંપૂર્ણ રીતે પ્રચલિત નહિ થતાં, પ્રયોજનાનુસાર નવીન નવીન ધારાઓ અસ્તિત્વમાં આવ્યા. મેવાડમાં બાપ્પારાવળના સમયથી પ્રયોજનાનુસાર નવીન નવીન ધારાઓ રચાતા આવ્યા છે. જો અત્યાચારી પઠાણો, મોગલો તથા મહારાષ્ટ્રીઓ શિલાલેખોનો વિધ્વંસ ન કરત તો અવશ્ય રાજપૂતોનું સર્વાંગસંપૂર્ણ ધારાશાસ્ત્ર આપણા જાણવામાં આવત. જે વિશ્વવિજયી બ્રિટિશજાતિએ હાલમાં ભારતની કરોડો પ્રજાનો શાસન-ભાર માથે લીધો છે, તે જાતિ જે સમયે અર્ધજંગલી હતી તથા વર્તમાન સભ્યજગત જે સમયે ઘોર

અજ્ઞાન અને અસભ્યતાના અંધકારમાં ડુબી ગયેલું હતું તે સમયે રાજપૂતજાતિ સુસભ્ય હોઇ પ્રબલ પ્રતાપસહિત શાસન કરતી હતી. યૂરોપમાં સામંતપ્રથાનો પ્રચાર થયો તેની ઘણા સમયપૂર્વે ભારતવર્ષમાં એ પ્રથા પ્રચલિત હતી અને જે પ્રકારે જ્ઞાન, શિક્ષા તથા સભ્યતાનું બીજ ભારતવર્ષમાંથી લઇ જઇને યૂરોપખંડમાં રોપવામાં આવ્યું હતું તે પ્રકારે સામંતપ્રથા પણ અહીંઆંથીજ ત્યાં ગઇ હતી.

આપણને સામંતો તથા સરદારોને આપેલાં દાનપત્રોનાં દફતરો તથા મહેસુલની સૂચિ પ્રાપ્ત થાય છે. આ દફતરો અતિ મૂલ્યવાન છે. જો આપણને અધિક પ્રાચીનકાળનાં આવાં દફતરો પ્રાપ્ત થાય તો દેશના ઇતિહાસ ઉપર તે ભાષ્યરૂપ થઇ પડે; કારણ કે પ્રત્યેક દફતરમાં પ્રત્યેક જાગીરનું અને જાગીરના બદલામાં રાજાને આપવામાં આવતી અશ્વારોહી તથા પાયદળની સહાયનું વિસ્તૃત વર્ણન આપવામાં આવેલું હોય છે. પાછલા વખતમાં જ્યારે ઉપદ્રવી લોકો સજામાંથી છટકી જતા હતા ત્યારે જાગીરદારો પાસે લેવામાં આવતી સેવાના નિયમો દાનપત્રોપર લખવામાં આવતા નહોતા; કારણ કે તે લખવામાં આવે તોયે તેનો ઉપયોગ શો ? આ વખતે જે દાનપત્રો લખાયાં છે તેમાંનાં ઘણાંમાં માત્ર શહેરો અને ગામોનાં નામ તથા તેની ઉપજજ જણાવવામાં આવી છે. સેવાના નિયમો ઘણા સામાન્ય હોય તો તેનું સૂક્ષ્મ વર્ણન કરવામાં આવ્યું નથી; તે છતાં પણ આ સર્વ દફતરોમાંથી રાજસ્થાનના સામંતોનું ધારાશાસ્ત્ર રચવાને માટે પૂરતા નિયમો તારવી કાઢી શકાય એમ છે. ફ્રાન્સમાં સોળમી શતાબ્દીમાં આવા નિયમો ૨૮૫ હતા જેમાંના માત્ર ૬૦ જ અતિ મહત્ત્વના હતા. મેવાડમાં મને આ પ્રકારના નિયમો ઘણા જણાયા છે અને તેમાંથી અતિ મહત્ત્વના નિયમો પરિશિષ્ટમાં આપવામાં આવશે. ફ્રાન્સમાં જેમ પ્રત્યેક જીલ્લાના જૂદા જૂદા નિયમોનું ધારાશાસ્ત્ર રચવામાં આવ્યું છે તેમ રાજસ્થાનના પ્રત્યેક જીલ્લાનું ધારાશાસ્ત્ર રચવા માગીએ, તો સાધનો તૈયાર છે.

**રાજપૂતોનું ઉચ્ચકુલ**—રાજસ્થાનનાં નાનાં નાનાં રાજ્યોમાં જે રાજવંશો રાજ્ય કરી ગયા છે તથા અદ્યાપિ રાજ્ય કરી રહ્યા છે, તેમની પ્રાચીનતા તથા ઉચ્ચકુલની તુલના જો આપણે યૂરોપના અનેક પ્રસિદ્ધ રાજવંશોની પ્રાચીનતા તથા ઉચ્ચકુલની સાથે કરીએ તો ઘણાં દૃષ્ટાંતોમાં શ્રેષ્ઠતા રાજપૂતોનેજ પ્રાપ્ત થશે. જો કે તેમની સત્તા ન્યૂન થઇ ગઇ છે, તેમાનાં રાજ્યો નાનાં થઇ ગયાં છે, તેમને પોતાનું ઐશ્વર્ય અને આડંબર કમી કરી નાખવાની ફરજ પડી છે, તોપણ અમે ઉત્તમ રાજવંશમાં ઉત્પન્ન થયા છીએ એ જ્ઞાનથી ઉત્પન્ન થતું અભિમાન તથા પ્રતિભા તેમણે જરાપણ છોડી નથી રાણાના કુળમાં અનેક ક્રાન્તિઓ થઇ ગઇ છે;પરંતુ તેથી તેનું કુલાભિમાન કિંચિત્પણ ન્યૂન થયું નથી. મોગલ-સમ્રાટ જહાંગીરે પોતે સિસોદીઆકુલનો ઇતિહાસ લખ્યો છે.[1] મેવાડના રાણાએ તેની સાથે સંધિ કરી તેટલા માટે તે પોતાને ગૌરવાન્વિત માનતો હતો. તેના પૂર્વજ બાબરને તથા તેના દાદા હુમાયૂને જે કાર્યમાં નિષ્ફળતા પ્રાપ્ત થઇ હતી અને તેના પિતા અકબરને જે કાર્યમાં માત્ર અર્ધ વિજય થયો હતો તે કાર્યમાં પોતાને સંપૂર્ણ વિજય મળ્યો, તેટલા માટે તે ઇશ્વરને ધન્યવાદ આપે છે. વિજેતા બાબરે તથા જહાંગીરે મેવાડના રાણાઓના સંબંધમાં જે ટીકા કરી છે તે વાંચીને આપણને અતિ હર્ષ ઉત્પન્ન થાય છે. રાણી ઇલિઝાબેથે જહાંગીરના દરબારમાં સર ટૅામસ રો નામનો જે એલચી મોકલ્યો હતો, તેણે પણ રાજપૂતોનાં ઐશ્વર્યસંબંધે વર્ણન કર્યું છે.રાજપૂતોના પોતાના ઇતિહાસમાંથી અને તેમના પાડોશી-ઓના ઇતિહાસમાંથી આપણને તેમનું ઐશ્વર્ય સારી રીતે પ્રતીત થાય છે.

**મારવાડના રાઠોડો**—રાઠોડો પણ ઉચ્ચકુલમાં ઉત્પન્ન થયા છે. જો કે આપણને રાઠોડોનું કુલ સિસોદીઆઓના કુલ જેટલું પ્રાચીન જણાતું નથી,તોપણ જે સમયે એક અજ્ઞાત જાતિનો નેતા ફ્રાન્સના ભાવી સામ્રાજ્યનો પાયો નાખવાનો પ્રયત્ન કરતો હતો તે સમયે કનોજમાં રાઠોડરાજાને સ્થાપિત થયેલો આપણે જોઇએ છીએ. અંકુશમાં ન રાખી શકાય એવી મહત્તાથી બારમી શતાબ્દીમાં સહસા કનોજનું પતન થયું છે. મારવાડના આધુનિક રાઠોડો કનોજના રાજવંશનાજ વંશજો છે.

---

૧ મેવાડની રાજપૂતજાતિ દીર્ઘકાળથી અનેક ઉપાધિઓ ગ્રહણ કરતી આવી છે. પ્રથમ મેવાડના રાજપૂતો 'સૂર્યવંશી' ના નામથી ઓળખાતા હતા; પછી તેમને 'ગહલોત' વા 'ગિહલોત' ની ઉપાધિ પ્રાપ્ત થઈ; પછી તેમને આહારિયા ઉપનામ પ્રાપ્ત થયું અને હાલમાં તેઓ સિસોદીઆના નામથી વિખ્યાત છે. રાષ્ટ્રવિપ્લવ વગેરે ઘટનાઓથીજ એ ઉપાધિ પરિવર્તિત થતી રહે છે.

**અંબરના કછવાહા**–પ્રાચીનકાળમાં ભારતવર્ષમાં નિષધ નામનો જે પ્રસિદ્ધ દેશ હતો અને જે હાલમાં નરવર નામથી પરિચિત છે, તેનોજ અંબર એક ભાગ છે. પરમ પ્રસિદ્ધ નલ અને દમયંતી આજ દેશમાં થઇ ગયાં હતાં.વિપ્લવ અને પરાભવ થયાથી તેમને પોતાના બાપદાદાની ભૂમિનો પરિત્યાગ કરવો પડયો હતો.આ સમયે ભારતવર્ષમાં ચાર મહારાજ્યો હતાં.આરબ પ્રવાસીઓનાં વર્ણનમાંથી આપણને આ રાજ્યોનું ઝાંખું દર્શન થાય છે; પરંતુ હાલમાં ભારતવર્ષના પશ્ચિમ ભાગમાં જે નાનાં નાનાં રાજ્યો છે, તેમની ઉત્પત્તિ ફ્રાન્સ અને ઇંગ્લાંડમાં સામંતપ્રથાની પૂર્ણતાના સમયમાં થઇ હતી.

અન્ય રાજવંશો ઓછા પ્રસિદ્ધ છે અને તેમની ઉત્પત્તિ પ્રાચીનરાજાઓના પ્રધાન સામંતોમાંથી થઇ છે.

**મેવાડના સિસોદીઆઓ**–મેવાડની શાસનપ્રણાલી અને ધારામાં ઇતર સમસ્ત રાજપૂતસંસ્થાનોની શાસનપ્રણાલી તથા ધારા કરતાં સ્પષ્ટ ભેદ પ્રતીત થાય છે.જ્યારે ઇતર રાજ્યોનો આદ્ય યુગ બીજ-રૂપ હતો, ત્યારે મેવાડમાં સિસોદીઆઓનું રાજ્ય દૃઢ રીતે સ્થાપિત થયું હતું. મેવાડને થયેલી હાનિ આપણે જાણી શકીએ છીએ, પરંતુ તેને પ્રાપ્ત થયેલી સંપત્તિનો હિસાબ ગણતાં ઘણી મુશ્કેલી પડે છે. જ્યારે મારવાડ તથા અંબર અને સર્વ નાનાં રાજ્યોને ધીરે ધીરે પ્રાપ્ત થયેલું ઐશ્વર્ય ઘણી સુગમતાથી જાણી શકાય છે. મારવાડમાં નાનાં નાનાં અનેક રાજ્યો હતાં. આ રાજ્યોના અધીશ્વરો મારવાડના રાજાના સામંત થયા હતા. યૂરોપીઅનસામંતોને જે પ્રકારના હકકો મળેલા છે તે પ્રકારના હકકો રાજ-પૂતસામંતોને પણ મળેલા હોવાથી તેઓ રાજાને અંકુશમાં રાખી શકે છે.

હાલનો રંકમાં રંક રાજપૂત પોતાના પ્રાચીનકુલનું અભિમાન રાખે છે. તે હળનો દાંડો પકડવાના કાર્ય તરફ ધિક્કારની દૃષ્ટિથી જુએ છે અને અશ્વપર આરૂઢ થયા વિના ભાલો વાપરતો નથી.તેનાથી ઉચ્ચશ્રેણીના લોકો તેનું જે પ્રકારે સ્વાગત કરે છે તથા તેનાથી નિકૃષ્ટ પંક્તિના લોકો તેને જે માન આપે છે, તેથી તેના આવા રાજવંશી વિચારોને પુષ્ટિ મળે છે. રાણાના સામંતોને સન્માન,ખાસ હકકો તથા ચઢતીઉતરતી પદવીઓ મળે છે તે મેવાડની રાજપૂતસમાજની અતિસંસ્કૃત અવસ્થા પ્રદર્શિત કરે છે.પ્રત્યેક ઉચ્ચશ્રેણીના સામંતને તેના પૂર્વજોએ કરેલાં પરાક્રમનાં સ્મરણાર્થે ધ્વજા, નગારાં તથા ચાંદીના દંડ રાખવાનો અધિકાર હોય છે.વળી તેને કેટલાંક ખાસ પારિતોષિક અને અંગત સન્માન પણ મળે છે.

હાલમાં જેમ યૂરોપમાં જૂદાં જૂદાં પરિચાયક સમરચિન્હો વપરાય છે, તેવી રીત પ્રાચીન રાજપૂતોને અપરિચિત નહોતી.[1] મેવાડની મહાન રાજપતાકા લાલ રંગની છે અને તેના ઉપર સૂર્યનું ચિત્ર સુવર્ણના રંગથી આલેખવામાં આવ્યું છે તથા મેવાડના સામંતોની પતાકા ઉપર ખડ્ગનું ચિત્ર હોય છે. અંબરની પતાકા પચરંગી છે. ચંદેરીની પતાકાપર પ્રમત્ત સિંહનું ચિત્રચાંદીના રંગથી આલેખવામાં આવ્યું છે.[2]

ક્રૂઝેડના સમયપર્યંત યૂરોપમાં આ રિવાજ પ્રવિષ્ટ થયો નહોતો અને સૅરેસન લોકોની પાસેથી યૂરોપી-અનોએ આ રિવાજ ગ્રહણ કર્યો હતો, જ્યારે રાજપૂતોમાં આ રિવાજ ટ્રોયના યુદ્ધની પૂર્વેથી પ્રચલિત છે. ક્રાઇસ્ટના જન્મપૂર્વે ઘણું વર્ષપર થયેલા મહાભારતના યુદ્ધમાં અર્જુનની પતાકાપર હનુમાનનું ચિત્ર હતું.

હિંદુઓ આ ચિન્હોપ્રત્યે ધાર્મિક દૃષ્ટિથી જુએ છે અને તે તેમણે પુરાણોમાંથી લીધાં છે.

પ્રત્યેક રાજાના મહાલયમાં સંરક્ષણકર્તા કુલદેવતા હોય છે અને તેને વારંવાર સમરક્ષેત્રમાં લઇ જવામાં આવે છે. કોટાના હાડા રાવ ભીમસિંહે રણક્ષેત્રમાં પોતાનું જીવન અને સંરક્ષક દેવતા એ ઉભય

---

૧ પૂર્વે પૂર્વ તરફના દેશોમાંજ રાજચિન્હોનો ઉપયોગ કરવામાં આવતો હતો, એ વાત તો સર્વ માણસો સ્વીકારે કરે છે. ક્રૂઝેડ પછી યુરોપમાં એનો પ્રવેશ થયો. ઇસ્રાયલ લોકોની બાર શાખા પોતપોતાની પતાકાઓ ઉપર ભિન્ન ભિન્ન ચિત્રો અંકિત કરતી હતી. રાજપૂતોનું પ્રિય સમરચિન્હ મોરની છબી છે; કારણ કે મયૂર એ તેમના પ્રધાન સમર સેનાપતિ કુમારનું વાહન છે, પશ્ચિમાત્ય દેશોમાં રણદેવની માતા ટેલણ (મોરની માદા) હતી. રાજપૂતો મોરનાં પીંછ પોતાની પાઘડીની ઉપર લગાડે છે. ક્રુઝેડના યોદ્ધાઓએ યવનોની પાસેથી મોરનાં પીંછ વાપરવાનો રિવાજ ગ્રહણ કર્યો હતો.

૨ આ જંગલી પ્રદેશમાં ઇ, સ. ૧૮૦૭ માં યુરોપીઅન લોકોમાંથી સૌથી પ્રથમ હુંજ ગયો હતો. આ પ્રવાસમાં મને પરમ સંકટ સહન કરવું પડયું હતું. આ સમયે એ પ્રદેશ સ્વતંત્ર હતો. ત્રણ વર્ષ પછી સિંધિઆએ તે પર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો.

ઓયાં હતાં.સ્વર્ગસ્થ[1] ખીચીનેતા જયસિંહ કદિ પણ પોતાના સંરક્ષક દેવતાને પોતાની સાથે લીધા વિના સમરભૂમિમાં જતા નહોતા. તેઓ " બજરંગકી જય " એવો સિંહનાદ કરીને રણક્ષેત્રમાં ઘુમતા હતા અને આ સિંહનાદ સાંભળી મહારાષ્ટ્રીઓ અત્યંત ભયભીત થતા હતા. તેમના માણસોના તથા શત્રુપક્ષના માણસોના રુધિરથી તે દેવતાની મૂર્તિ અનેકવાર રંગાઇ ગઇ હતી.

તેમના પૂર્વજો કે જેઓ સિકંદરની સામે ઝુઝયા હતા, તેઓ પણ આમજ કરતા હતા અર્થાત્ તેઓ બલદેવની મૂર્તિ રણભૂમિમાં લઇ જતા હતા.

ઇતિહાસવેત્તા ઍરિયન જણાવે છે કેઃ—"સામંતોની ઉપર રાજાનું પ્રભુત્વ દર્શાવનાર ચિન્હતરિકે પતાકાનો ઉપયોગ કરવાનો રિવાજ પણ જ્યારે સિકંદરે ભારતવર્ષપર આક્રમણ કર્યું ત્યારે સિંધુનદીની આસપાસના પ્રદેશમાં પ્રચલિત હતો. જ્યારે તેણે કમ્પિયન સરોવરની પૂર્વ તરફના પ્રદેશમાં વસતી જાતિઓને જીતી લીધી ત્યારે તેણે- તે પ્રદેશના પ્રાંતો પ્રાચીન રાજકુલના રાજકુમારોને વહેંચી આપ્યા હતા. આ રાજકુમારો તેના સામંત બન્યા હતા અને કેટલીક સેનાની સહાય કરી તેની સેવા કરવાનો તેમણે સ્વીકાર કર્યો હતો. તેમને સિકંદરના હાથથી એક એક પતાકાની પ્રાપ્તિ થઇ હતી.આ સર્વ કાર્ય કરવામાં સિકંદર તે દેશના પ્રચલિત રિવાજોનેજ અનુસર્યો હતો." પરંતુ આ પરથી તો આપણને માત્ર તેમની પદ્ધતિની રૂપરેખા જણાય છે. તેનું અધિક સૂક્ષ્માવલોકન કરવાને માટે આપણે આધુનિક સમયપર આવવું જોઇએ. મુસલમાનોના સંવત્સરની પ્રથમ શતાબ્દીમાં જ્યારે એ લોકોનો મહા ઉત્પાત મચી રહ્યો હતો, ત્યારે મેવાડ મહાન શક્તિસંપન્ન હતું. જે સમયે મુસલમાનોએ મેવાડવાસીઓને દાસત્વની શૃંખલામાં પરિબદ્ધ કરવાને માટે તેપર પહેલવહેલું આક્રમણ કર્યું હતું,તે સમયે એક સો રાજાઓ,તેમના મિત્રો અને આશ્રિતો મેવાડનું અને પોતાના રાજ્યનું સંરક્ષણ કરવાને માટે ચિતોડમાં એકત્રિત થયા હતા. સિંધ અને મકરાન તરફથી આ આક્રમણ કરવામાં આવ્યું હતું.

સિંધુનદીની પશ્ચિમે આવેલા પહાડી પ્રદેશમાં આ ધાર્મિક યુદ્ધ થયા પછી અનેક શતાબ્દીઓ વ્યતીત થયા બાદ યવન પાદશાહ યુધિષ્ઠિરના સિંહાસનપર અધિષ્ઠિત થયો હતો. ચંદ બારોટ આ યુગનાં અનેક મૂલ્યવાન સ્મૃતિચિન્હો મૂકી ગયો છે, કે જે ઇતિહાસને તેમજ પ્રસ્તુત વિષયને લાગુ પડે છે. રાજા વિશલદેવ કે જેનું નામ દિલ્લીના વિજયસ્તંભ ઉપર જણાય છે,તે શત્રુની સામે જે સેના લઇ ગયો હતો તેમાં ૮૪ રાજાઓની પતાકા એકત્રિત થઇ હતી. અંતર્વેદ[2] પ્રદેશથી પશ્ચિમસાગરના તટપર્યંતના દેશમાંથી યોદ્ધાઓ એકત્રિત કરવાને માટે જે આજ્ઞાપત્ર મોકલવામાં આવ્યું હતું, તેનું વર્ણન ચંદકવિ અતિ આવેશપૂર્વક કરે છે.આ સેનાએ વિશલદેવના હાથનીચે યવનોની સામે યુદ્ધ કરી વિજય પ્રાપ્ત કર્યો હતો, તેનું વર્ણન ઇતિહાસમાં પ્રાપ્ત થાય છે;પરંતુ ચંદકવિના કાવ્યમાં પૃથ્વીરાજનો જે ઇતિહાસ છે તેમાં સામંતપ્રથાનું જે વર્ણન આપવામાં આવ્યું છે,તેના જેવું ઉત્તમ વર્ણન બીજે ક્યાંય પણ પ્રાપ્ત થતું નથી. આ મહાકાવ્યપ્રત્યે આટલા દીર્ઘકાળપર્યંત દુર્લક્ષ્ય કરવામાં આવ્યું છે તે જોઇ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે.આ કાવ્યગ્રંથ અને એજ પ્રતિના ઇતર ગ્રંથોનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે તો નવીન જ્ઞાન પ્રાપ્ત કરવાના અનેક માર્ગો ખુલ્લા થાય તથા આપણે અનેક અદ્ભુત તથા રસિક સમાન ઘટનાઓ શોધી કાઢવાને શક્તિવાન થઇએ એમાં કિંચિત્ પણ શક નથી.

ભૂતકાળની આવી વાતો વાંચીને આપણે એવા અનુમાનપર આવીએ છીએ કે તાતારોના કોરોલ્ટાઇ, રાજપૂતોના ચૌગાન અને ફ્રેંકના કેમ્પ ડી માર્સનું મૂળ એકજ હતું.

વર્ણભેદને લીધે અભિમાની અમીરવર્ગની સાથે નિકૃષ્ટ પંક્તિના લોકો અનાદી કાળથી ભેળાઇ શકતા નથી. વર્ણભેદના સંબંધમાં આ સ્થળે કર્નલ ટૉડે પોતાનો કોઇપણ અભિપ્રાય પ્રદર્શિત કર્યો નથી; પરંતુ અત્ર પ્રસંગવશાત્ અમે જણાવીશું કે, હિંદુઓનો વર્ણભેદ ત્યાજ્ય નથી, પણ ગ્રહણીય છે. અનેક માણસો આજે વર્ણભેદ દૂર કરવાને માટે પ્રયાસ કરે છે અને તેઓ કહે છે કે સુશિક્ષિત અંગ્રેજ જાતિમાં વર્ણભેદ નથી, માટે આપણે પણ જાતિભેદ કાઢી નાખો; પરંતુ અમે તેમને પ્રશ્ન કરીએ છીએ કેઃ—"સુસભ્ય અને સુશિક્ષિત વિશ્વવિજયી અંગ્રેજજાતિમાં શું જાતિભેદ વા જાતિઅભિમાન નથી? આપણા

---

૧ ખીચી એ ચોહાણકુલની એક શાખા છે. હાસવતીના પૂર્વભાગમાં ખીચીવાડારાજ્ય વિદ્યમાન છે.

૨ ગંગા અને યમુનાના મધ્યપ્રદેશને અંતર્વેદ અથવા દોઆબ કહે છે. (હિન્દીઅનુવાદક)

લોકોમાં જેવું જાતિઅભિમાન વિદ્યમાન છે તેવું જાતિઅભિમાન શું તેમનામાં નથી ?" તો એનો પ્રત્યુત્તર અવશ્ય એવોજ આપવો પડશે કે:–"અંગ્રેજોમાં પણ જાતિઅભિમાન છે અને તેથી જાતિભેદ પણ છે." શું અંગ્રેજોમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ શ્રેણીના લોકો સાથે બેસીને ભોજન કરે છે ! કદિ નહિ. ભારતવર્ષના ભૂતપૂર્વ સ્ટેટ સેક્રેટરી ડયૂક ઑફ આર્ગાઇલના જ્યેષ્ઠ પુત્ર માર્કિવસ ઑફ લૉરેન્સની સાથે જે દિવસે મહારાણી વિક્ટોરિયાની કન્યાનાં લગ્ન થયાં તે દિવસે કેવલ જાતિઅભિમાનને લીધેજ ભારત-સમ્રાટ સપ્તમ એડવર્ડે એકત્ર ભોજન કરવાનો સ્વીકાર કર્યો નહોતો. સામયિક સમાચારપત્રોમાં આ વાત સ્પષ્ટ રીતે છાપવામાં આવી છે. બેટીવ્યવહારના સંબંધમાં પણ પ્રબળ જાતિઅભિમાન અંગ્રેજસમાજમાં વિદ્યમાન છે. અનેક ડયુક, માર્કિવસ તથા અર્લના પુત્રો મધ્યમ વા કનિષ્ઠ શ્રેણીના લોકોની રૂપવતી કન્યાના સૌંદર્યથી મુગ્ધ થઇ માતપિતાની આજ્ઞાવિના તેને પરણીને ઘોર વિપત્તિમાં આવી પડયા છે. જ્યારે અંગ્રેજસમાજમાં આવો જાતિભેદ પ્રચલિત છે તો આપણી સમાજમાં તે હોય તેમાં શું આશ્ચર્ય ? અને તેથી હાનિ પણ શી છે.

જેનું માતૃકુલ અને પિતૃકુલ એ ઉભય કુલો શુદ્ધ હોય તેજ માત્ર રાજસ્થાનમાં રાજાના સામંત બની શકે છે. સર્વોચ્ચ સ્થિતિને પ્રાપ્ત થએલો રાજપૂત પણ એક હળની જમીન ધરાવનાર રાજપુતની કન્યાનું પાણિગ્રહણ કરે છે. આ પ્રકારના સંબંધથી ખુદ રાજા પણ પોતાને નિકૃષ્ટ પંક્તિપર આવેલો માનતો નથી. અન્ય વર્ણના મંત્રીઓ તથા દિવાની અમલદારોને ઉપાધિઓ, જાગીરો વગેરે આપવામાં આવે છે; પરંતુ તે માત્ર રાજકાર્યની અનુકૂળતાને માટેજ આપવામાં આવે છે અને તેનાપર તે લોકોનો વંશપરંપરાનો હક્ક હોતો નથી. યૂરોપમાં અને આ દેશમાં પ્રથમ એકજ કારણથી આ પ્રથાને જન્મ મળ્યો હશે, અર્થાત્ ચલણી નાણાંની તંગીને લીધેજ પ્રધાનો અને રાજકર્મચારીઓને ભૂમિ અપાવા લાગી હશે. મેવાડના મંત્રીઓ વેતન કરતાં જાગીરને વધુ પસંદ કરે છે. યૂરોપ જે સમયે અજ્ઞાનાંધકારમાં આવૃત થયો હતો તે સમયે ફ્રાન્સના રાજા શાર્લમેનના રાજ્યમાં મદ્યનો પ્યાલો લાવનાર બટલર, ગૃહવ્યવસ્થાપક, વસ્ત્રાધિપતિ, અશ્વપાલ વગેરે સર્વ નોકરો મંત્રી ગણાતા હતા.[1] રાજપૂતરાજ્યોમાં પણ આવોજ પ્રકાર દૃષ્ટિગોચર થાય છે. મેવાડેશ્વરના શિલ્પી, ચિત્રકાર, વૈદ્ય, ભાટ, વહિવંચા, નેકી પોકારનાર અને સાવકા બંધુઓના સર્વ વંશજોને જાગીર મળે છે. આ રાજ્યમાં પદવીઓ વંશપરંપરાના ધોરણપર આપવામાં આવે છે. અમલદારના કુટુંબને પણ ઉપાધિ આપવામાં આવે છે અને જો કદાચ કર્મસંયોગે જાગીર પાછી લઈ લેવામાં આવે તોપણ તે કુટુંબ છેક નિરાધાર અવસ્થામાં આવી પડતું નથી. ઘણીવાર 'પ્રધાન' ની ઉપાધિવાળા ત્રણ ચાર અમલદારો એક રાજ્યમાં એકજ સમયે જોવામાં આવે છે.[2]

ભૂતકાળમા મેવાડમાં આ સામંતપ્રથા કેવા પ્રકારની હતી તથા હાલમાં કેવી છે તેનું મુખ્ય વર્ણન હવે હું કરીશ.

મેવાડના સર્વ પ્રાંતોની વહેંચણી અતિ ઉત્તમ પ્રકારે કરવામાં આવી છે. આ રાજ્યની દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એ ત્રણ દિશાની સરહદપર ભીલ, મેર અને મીનાજાતિના જંગલી લૂંટારાઓ વસે છે. રાજ્યની ચોતરફની સરહદપરની જમીન સામંતોને વહેંચી આપવામાં આવી છે અને ખાલસા જમીન કે જે ઉત્તમોત્તમ પ્રકારની ભૂમિ છે તે રાજ્યના મધ્યભાગમાં આવેલી છે. આ ભૂમિ મધ્યભાગમાં આવેલી હોવાથી તેનું સારી રીતે સંરક્ષણ થાય છે.

સામંતોને જાગીરસ્વરૂપે જેટલી ભૂમિ આપવામાં આવી છે તેને ચોથે ભાગે પણ ખાલસા જમીન હોય તે વિષે શંકા છે. પૂર્વના રાણાઓ સારી રીતે જાણતા હતા કે ખાલસાભૂમિ એજ રાજ્યના પ્રાણસ્વ-

૧ જુઓ હૅલેમ પૃષ્ઠ ૧૯૫. આ પ્રણાલી ટ્યુટનોદ્વારા યુરોપમાં પ્રથમ પ્રચાર પામી હતી, એમ કર્નલ ટૉડ જણાવે છે; પરંતુ અમે વિશ્વાસપૂર્વક માનીએ છીએ કે ભારતવર્ષમાંથીજ એ પ્રણાલી યુરોપમાં ગઈ હતી.

૨ સાતસેં વર્ષો પૂર્વે દિલ્હીના સમ્રાટ પૃથ્વીરાજના તાબાનો એક મંત્રી મેવાડના રાણાના મંત્રીપદપર નિયુક્ત થયો હતો. આજ મંત્રીના વંશજો તેની પછી તે પદપર નિયુક્ત થતા આવ્યા અને હાલમાં પણ મેવાડના મંત્રીપદપર તેનોજ એક વંશજ છે. આ મંત્રીઓ કેવળ નામના નહોતા;પરંતુ તેઓ પ્રબળ સત્તા દર્શાવી ગયા છે. દુર્ભાગ્યવશાત્ એ વંશના એક માણસે મહારાણાની વિરુદ્ધ આચરણ કર્યું હતું,તેથી એ વંશના કોઇપણ માણસને મહારાણા વિશેષ વિશ્વાસના કાર્યમાં નિયુક્ત કરતા નથી.

રૂપ છે. આથી અતિ પ્રશંસનાય અને રાજ્યના મહાન હિતનું કાર્ય કર્યાં સિવાય કોઈ પણ મનુષ્ય આ ખાલસાભૂમિમાંથી કિંચિત્ પણ જમીન પ્રાપ્ત કરી શકતો નહોતો. જો કોઇ માણસ રાજધાની ઉદયપુરની પાસે કેટલાંક વીઘાં જમીન બગીચો કરવાને માટે પ્રાપ્ત કરતો, તો તે પોતાને મહા સન્માનિત સમજતો હતો. જે અર્ધચંદ્રાકાર ખીણમાં હાલનું ઉદયપુર આવેલું છે, તે ખીણમાંનું એક ગામ જો કોઈને પ્રાપ્ત થાય તો મહારાણાની કૃપાની પરાકાષ્ઠાજ સમજવી; પરંતુ રાણા ભીમસિંહ એવા અવિચારી દાતા છે કે તેમણે પચ્ચીસ માઇલના વ્યાસની આ ખીણમાં ખાલસાભૂમિનું એક પણ ગામ રાખ્યું નથી.

પાડોશના જંગલી લોકો, મોગલોઅને પઠાણોનાં આક્રમણોથી સામંતો સદા યુદ્ધકાર્યમાં લિપ્ત રહેતા હતા.

આ દેશ અનેક જીલ્લાઓમાં વિભક્ત છે. પ્રત્યેક જીલ્લામાં પચાસ, સો કે તેથી અધિક ગામો તથા નગરો આવેલાં છે. ઘણા વિભાગો 'ચોરાસી' નામથી ઓળખાય છે તેથી એવું અનુમાન કરી શકાય છે કે, સામાન્યતઃ એક ભાગમાંથી ૮૪ ઉપવિભાગો પાડવામાં આવતા હતા. જીહાજપુર અને કમલમેરના ચોરાસી ઉપવિભાગો અદ્યાપિ વિદ્યમાન છે. જે રીતે પ્રાચીન સેક્સન લોકો ૧૦૦ ઉપવિભાગોનો એક ભાગ બનાવતા હતા, તે પ્રકારે રાજપૂતો ૮૪ ઉપવિભાગોનો એક ભાગ બનાવે છે. મેવાડની ચોતરફની સરહદ-પર સ્થળે સ્થળે સીમાંતરક્ષક નિયુક્ત કરવામાં આવ્યા છે. નિકટના સામંતના સૈનિકો આ સીમાંતરક્ષકને આધીન રહી સીમાનું રક્ષણ કરે છે. રાણા જાતે આ સીમાંતરક્ષકોની નિમણુક કરે છે. આ સીમાંતરક્ષ-કોને રાજપતાકા, નગારાં વગેરે રાખવાનો અધિકાર છે. તેઓ દિવાની ખાતાના અમલદાર ગણાય છે અને સમરકાર્ય કરવા ઉપરાંત ન્યાયકાર્ય પણ કરે છે.[1] ઉચ્ચ શ્રેણીના સામંતો કદિપણ તેમની પાસે જતા નથી. તેઓ કેવળ પોતાની સેનાની સાથે પોતાના કુટુંબના કોઈ વિશ્વાસુ માણસને પોતાના પ્રતિનિધિ-તરિકે મોકલી આપે છે. જીલ્લાઓનું શાસનકાર્ય એક દિવાનીખાતાના અમલદાર અને એક યુદ્ધખાતાના અમલદારના હાથમાં સમર્પણ કરવામાં આવેલું છે. જીલ્લાઓનું શાસનકાર્ય કરવાને માટે યુદ્ધખાતાનો અમલદાર પ્રાયઃદ્વિતીયશ્રેણીના સામંતોમાંથીજ ચુંટી કાઢવામાં આવે છે. આ અમલદારો પ્રત્યેક જીલ્લાના પ્રધાનનગરના કિલ્લામાં નિવાસ કરે છે.

મેવાડના સામંતો જે ભિન્ન ભિન્ન શ્રેણીઓમાં વિભક્ત છે તેપરથી અનુમાન કરી શકાય છે કે, એક સમયે અહીંઆંનો રાજપૂતસમાજ અતિ શ્રેષ્ઠ અવસ્થાને પ્રાપ્ત થયો હતો. સાધારણ રીતે સામંતો ત્રણ શ્રેણીઓમાં વિભક્ત છેઃ—

**પ્રથમ શ્રેણી**—મેવાડના મુખ્ય સોળ સામંતો આ શ્રેણીમાં છે. આમાંના પ્રત્યેક સામંતની જાગીરની વાર્ષિક ઉપજ પચાસ હજારથી લઇને એક લાખરૂપિયા પર્યંતની હશે. ઉત્સવો તથા મોટા પ્રસંગોએ આ સામંતો મહારાણાના ખાસ આમંત્રણથી રાજધાનીમાં આવે છે. પ્રથમ શ્રેણીના સામંતો દીર્ઘકાળ થયાં વંશપરંપરાથી મહારાણાનું મંત્રીત્વ કરતા આવ્યા છે.

**દ્વિતીય શ્રેણી**—આ શ્રેણીના સામંતોની વાર્ષિક ઉપજ પાંચ હજારથી લઇને પચાસહજાર રૂપિયા સુધીની છે. આ લોકો સદા મહારાણાની સમીપ રહેવાને બંધાયેલા છે. આ શ્રેણીના સામંતોમાંથી બહુધા સીમાંતરક્ષકો તથા સેનાના અમલદારો ચુંટી કાઢવામાં આવે છે.

**તૃતીય શ્રેણી**—આ તૃતીય શ્રેણીના સામંતો 'ગોલ' નામથી વિખ્યાત છે. આ લોકોની જાગીરની વાર્ષિક ઉપજ પાંચ હજાર રૂપિયાની હોય છે અને કોઇ કોઇ સમયે મહારાણા ખાસ કૃપા દર્શાવી આ શ્રેણીના કોઈ સામંતને પાંચ હજાર રૂપિયાથી અધિક ઉપજની ભૂમિ પણ આપે છે. આ લોકો ઘણું કરીને જૂદાં જૂદાં ગામો અને ભૂભાગો ધરાવે છે. પૂર્વે આ લોકો મહારાણાને સૌથી વિશેષ ઉપયોગી હતા. આ લોકો સદા મહારાણાની સમીપ રહેતા અને ઉચ્ચશ્રેણીના સામંતો જો મહારાણાની સામે વિદ્રોહ કરે તો આ લોકોજ તેમના મુખ્ય સહાયક થતા.

**ચતુર્થ શ્રેણી**—રાણાના કુટુંબની કનિષ્ઠ શાખામાં જન્મેલા રાજકુમારો થોડા સમયસુધી 'બાબા'-ની માનસૂચક ઉપાધિથી ઓળખાય છે અને તેમના ભરણપોષણને માટે સ્વતંત્ર ભૂમિ અર્પણ કરવામાં

૧ પ્રત્યેક સામંત પોતપોતાના દેશમાં હાલ દિવાનીવિભાગના પ્રત્યેક મુકદ્દમા સાંભળવાની સત્તા ભોગવે છે; પરંતુ તેને ફોજદારી મુકદ્દમા સાંભળવાનો અધિકાર રાણાની ખાસ પરવાનગીવગર મળતો નથી. એટલા સારૂ મુલ્કી ખાતાના દિવાની મુકદ્દમાઓ છે તેનો નિર્ણય પંચાયતોદ્વારાજ કરવામાં આવે છે.

આવે છે.[1] આ રાજકુમારો ચતુર્થ શ્રેણીના સામંતો ગણાય છે. આ શ્રેણીના સામંતોમાં શાહપુરા અને બનેડાના સામંતો મહા બળવાન છે. ઇતર શ્રેણીના સામંતોની પેઠે તેઓ મહારાણાની સાથે કોઇ પણ પ્રકારની આધીનતાથી બંધાયેલા નથી, તોપણ તેઓ પોતાને મહારાણાના આધીનમાં ગણી પ્રસંગોપાત તેમને સહાય કરવાને તૈયાર થાય છે. તેઓ મહારાણાના પરમ આજ્ઞાધારી છે. આ લોકોને હમણાંજ દત્તકપુત્ર ગ્રહણ કરવાનો હક્ક મળ્યો છે. પૂર્વે કોઇ સામંત અપુત્ર મરણ પામનો તો તેની સંપત્તિ મહારાણાના અધિકારમાં જતી હતી.

**જમીનની મહેસુલ, રાજાના હક્ક**—મેવાડની મહેસુલવ્યવસ્થાનું સંક્ષિપ્ત વર્ણન અત્રે કરવામાં આવે છે. ખાલસાભૂમિનું મહેસુલ એ મહારાણાની મુખ્ય ઉપજ છે, તેનાથી ગૌણ ઉપજ વાણિજ્યકરની છે. મોટાં મોટાં નગરો અને બજારોપર કર નાખવામાં આવેલો હોય છે. પૂર્વે મેવાડના રાણાઓ આ ઉપજની ખીલવણી કરવાપ્રત્યે વિશેષ લક્ષ્ય આપતા હતા. તેઓ વ્યાપાર ઉપર ઝાઝો અંકુશ મૂકતા નહોતા, તેથી તેની ઘણી વૃદ્ધિ થઇ હતી અને તેમને ઉપજ પણ સારી થતી હતી. તેમનો વાણિજ્યપરનો કર ઘણો થોડો હતો, તેથી વ્યાપારીઓ પ્રસન્નચિત્તથી તે કર આપતા હતા અને મહારાણાપ્રત્યે અત્યંત પૂજ્યભાવ ધરાવતા હતા; પરંતુ હાલમાં વસ્તુસ્થિતિ સર્વથા વિપરીત થઇ પડી છે. વાણિજ્ય ઉપર ભારે કર લેવામાં આવે છે, તેથી વ્યાપારીઓની પ્રવૃત્તિ મંદ પડી ગઈછે. એક વ્યાપારીએ મને જણાવ્યું કે:-"અમારા પૂર્વજો સરહદપરની પ્રથમ ચોકીપર જે અધિકારી હોય તેની પાસેથી ચિઠ્ઠી લઈ તેને બળદનાં શીંગડાંની સાથે બાંધી દેતા હતા.[2] તેઓ સરહદને બીજે નાકે જાય ત્યાંસુધી વચ્ચે તેમને કોઇ કાંઇ પૂછપરછ કરતું નહોતું. માલ વેચાઈ ગયા પછી અધિકારીઓ તે ચીઠ્ઠી ઉકેલીને ધારા મુજબ કર લેતા; પરંતુ હાલમાં તો માર્ગમાં આવતાં પ્રત્યેક નગરમાં કર લેવામાં આવે છે." પૂર્વે મહારાણા અને વ્યાપારીઓની વચ્ચે જે પ્રકારનો સદ્ભાવ અને વિશ્વાસ વિદ્યમાન હતો, તે પ્રકારનો સદ્ભાવ તથા વિશ્વાસ સ્થાપન કરતાં દીર્ઘકાળ વ્યતીત થઈ જશે. ભારે કર આપવો પડતો હોવાથી વ્યાપારીઓ તે કરમાંથી બચવા માટે ઠગાઇનો આશ્રય ગ્રહણ કરે છે; પરંતુ હાલમાં મહારાણાએ આ પ્રકારની ઠગાઇનું ઘણે ભાગે દમન કર્યું છે.

પૂર્વે કેટલીક ખાણોદ્વારા મહારાણાને કેટલાક લાખ રૂપિયાની ઉપજ થતી હતી. એક વખત એવો હતો કે જ્યારે જવારાની કલઇની ખાણમાંથી મોટા જથામાં ચાંદી નીકળતી હતી. ચંબલપ્રદેશ કે જે પૂર્વે મેવાડને આધીન હતો તેમાં પુષ્કળ લોઢું, ત્રાંબુ અને સીસું ઉત્પન્ન થતું હતું. પથ્થરની ખાણથી પણ રાજ્યને પુષ્કળ ઉપજ થતી; પરંતુ હાલમાં દ્રવ્યોપાર્જનનાં આ સાધનોપર મહારાણાનું વિશેષ લક્ષ નથી.[3]

**બરાર**—બરાર શબ્દ કરનો બોધક છે. 'ગનીમબરાર' (યુદ્ધકર), 'ઘરગીનતીબરાર' (ઘરવેરો), 'હલબરાર', 'ન્યોતાબરાર' (લગ્નવેરો) ઇત્યાદિ જૂના અને નવા કરોનાં નામ છે. હાલમાં યુદ્ધકર મેવાડની પ્રજા પાસેથી લેવામાં આવતો નથી. પૂર્વે સદા યુદ્ધો અને વિગ્રહો ઉપસ્થિત થતા હતા, તેથી રાણાને તે માટે અર્થસંગ્રહ કરવાની જરૂર પડતી હતી. શાંતિના સમયમાં જે પ્રકારે ભૂમિમાં ઉત્પન્ન થયેલાં ધાન્યનું પ્રમાણ કાઢી કર લઈ શકાય છે, તે પ્રકારે યુદ્ધના સમયમાં થઇ શકતું નથી; તેથી તેવા અશાંતિના સમયમાં અનુમાનથી કર લેવામાં આવતો હતો અને તેજ કરનું નામ યુદ્ધકર છે. પહાડી પ્રદેશોમાં આ પ્રકારનો કરજ ઉપયોગી છે; કારણ કે ત્યાં સપાટ ભૂમિની પેઠે પ્રત્યેક

૧ કર્નલ ટૉડના સમયમાં જે મહેસુલ તથા વાણિજ્યકર હતો તેમા હાલ કેટલોક ફરક પડી ગયો છે.

૨ રાજસ્થાનમાં વ્યાપારની ચીજો લાવવા લઈ જવાને માટે બળદગાડીનો ઉપયોગ કરવામાં આવે છે. વિદેશમાં મોકલવામાં આવતા માલને માટે ઉટો વપરાય છે.

૩ મેવાડના રાજ્યમાં રાણાસિવાય ઈતર કોઈપણ માણસને સિક્કા પડાવવાનો અધિકાર નથી. જો કે સલુમ્બરના સામંત, તાંબાના પૈસા પડાવી શકે છે, કિંતુ તેમને ચાંદી વા સુવર્ણના સિક્કા પડાવવાનો અધિકાર નથી. પૂર્વે ટંકશાળદ્વારા મહારાણાને પુષ્કળ ઉપજ થતી હતી. હવે રાજ્યમાં શાંતિ સ્થાપન થતાં રાણાની શાસનશક્તિ ઉપર પ્રજાનો વિશ્વાસ સ્થાપન થતાં નવા સિક્કા ચલાવવાથી રાણાની ઉપજમાં વૃદ્ધિ થઇ શકે એમ છે. પ્રાચીન ભીલવાડાની મુદ્રા સાથે ચિતોડના રૂપિયાની તુલના કરવાં તે મુદ્રા સેંકડે ૩૧ ટકા ન્યુન જણાઈ હતી. મધ્યકાળમાં રાજધાનીમાં એક બીજા પ્રકારની મુદ્રા પણ પ્રચલિત થઈ હતી. તે મુદ્રા તેથી પણ અધિક નિકૃષ્ટ છે. મેવાડમાં હાલ જે મુદ્રા પ્રચલિત છે તે ઠીક છે.

વીઘામાં કેટલું અનાજ પાકે છે તે નિશ્ચિત કરવું મુશ્કેલ થઇ પડે છે. આથી મેવાડમાં જે પહાડી ભાગ છે તે ભાગમાં આ કરજ લાગુ પાડેલો છે.

નવીન સામંતનો અભિષેક થાય તે પ્રસંગે તેઓ મહારાણાને જે નજરાણું આપતા હતા તે પણ એક સમયે રાજ્યની ઉપજનું એક અંગ ગણાતું હતું. જો કે આ પ્રકારની ઉપજ કાંઈ વિશેષ થતી નહોતી; આ ઉપરાંત ભૂમીઆસરદારો મહારાણાને વાર્ષિક વા ત્રૈવાર્ષિક કર પણ આપે છે. અપરાધીઓને થયેલો દંડ પણ રાજ્યની ઉપજનું એક અંગ છે. જો મહારાણા અપરાધીઓને પકડીને તેમને દંડ કરવાને વિશેષ યત્ન કરે તો આ પ્રકારની ઉપજમાં વૃદ્ધિ થવાની સંભાવના છે.

મેવાડના મહારાણા કઠોર દંડ કરતા નથી. અપરાધીઓને પ્રાણદંડ કરવા કરતાં દ્રવ્યનો ભારે દંડ કરવામાં આવે તો તેથી વિશેષ અસર થવાનો સંભવ છે. ખાસ કરીને પહાડી લોકોને તો પ્રાણદંડ કરતાં દ્રવ્યદંડજ કરવો જોઇએ; કારણ કે તેઓ સંપત્તિનાશ કરતાં પ્રાણનાશથી ઓછા ડરે છે.

ખડલાકડ—ઘાસ અને લાકડાંદ્વારા મહારાણાને પુષ્કળ ઉપજ થાય છે. આ પ્રકારની ઉપજ ઘણા દીર્ઘકાળથી થતી આવી છે. જે સમયમાં મહારાણા મહાલય કરતાં રણક્ષેત્રના તંબુમાં વિશેષ રહેતા હતા તે સમયમાં પ્રત્યેક માણસને રાણાની સેનાના ઉપયોગને માટે કાષ્ઠ અને ઘાસ આપવું પડતું હતું; પરંતુ આ નિયમ એટલો દૃઢ થઈ ગયો કે પાછળથી જ્યારે યુદ્ધનો સમય ન હોય ત્યારે પણ આ કર લેવાવા લાગ્યો. હાલમાં કાષ્ઠ અને ખડના બદલામાં દ્રવ્ય લેવામાં આવે છે. નગરોમાંથી સેનાને માટે અનાજ સંગ્રહિત કરવાની પ્રથા હતી. યુદ્ધક્ષેત્રમાં જતી વખત મહારાણા જે નગર વા ગામમાં વિશ્રામ કરતા ત્યાંના ભરવાડોની પાસેથી એક એક બકરો અને એક એક મેંઢો તથા ખેડુતોની પાસેથી લોટ અને દૂધ લેતા. હાલ આવી પ્રથાઓ કરના રૂપમાં વિદ્યમાન છે. ફ્રાન્સમાં પણ પુર્વે આવીજ પ્રથાઓ પ્રચલિત હતી અને ત્યાર પછી રાજાઓ તેને માટે કર લેવા લાગ્યા. ફ્રાન્સના રાજાઓ જે સમયે પોતાના રાજ્યમાં પરિભ્રમણ કરતા કરતા પોતાના કોઈ સામંતના પ્રદેશમાં જઇ પહોંચતા, ત્યારે તે સામંત પરમ આદર-પૂર્વક તેનો સત્કાર કરતો અને તેને ઉપહારતરિકે ઘોડા તથા વસ્ત્રાદિ આપતો. રાજાનો સત્કાર કરવાને માટે સામંતને જે ખર્ચ થતો તેમાં સ્થાનિક કૃષિકારો તથા વ્યાપારીઓ ભાગ આપતા હતા.

મેવાડમાં મદ્ય, અફીણ તથા તંબાકુની ઉપર પણ કર લેવામાં આવે છે. ઉક્ત વસ્તુઓના કરથી રાજ્યને મોટી ઉપજ થાય છે.



# अध्याय २२ मो

**ન્યાય અને કારોબારી ખાતાં-રોજાના-યુદ્ધસેવા-સામંતશાસનપ્રણાલીની અપૂર્ણતા-રાજપૂતરાજાઓનો મોગલસમ્રાટો સાથેનો સંબંધ.**

રાજ્યવ્યવસ્થા-કર્નલ ટોડના સમયની રાજસ્થાનની શાસનપ્રણાલી હાલમાં ઘણી પરિવર્તિત થઈ ગઇ છે. કર્નલ ટોડના સમય પછીનો ઇતિહાસ અમે યથાસ્થાને આપ્યો છે, તે પરથી મેવાડના મહારાણા સાથેના સામંતોના સંબંધમાં કેટલું પરિવર્તન થઈ ગયું છે તે પાઠકોના ધ્યાનમાં આવ્યું હશેજ.

ટોડ સાહેબ લખે છે કે જે સમયે મેવાડે ધન, માન, ગૌરવ, વીરતા તથા વિક્રમના સંબંધમાં અત્યુચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તથા જે સમયે રાણાના પ્રબલ પ્રતાપથી મેવાડના પ્રત્યેક પ્રાંતમાં સંપૂર્ણ શાંતિ વિરાજમાન હતી, તે સમયે મહારાણા પોતાના ચાર મુખ્યમંત્રીઓ અને તેમના નાયબમંત્રીઓની સાથે મસલત કરીને સર્વ પ્રકારની રાજયવ્યવસ્થા કરતા હતા. આ વ્યવસ્થાપકસભામાં માત્ર દિવાની રાજકર્મચારીઓજ વિરાજતા હતા, સૈનિકવિભાગના અમલદારોનો તેમાં પ્રવેશ નહોતો.

જે સમયે મેવાડમાં સર્વત્ર વિશૃંખલતા પ્રસરી રહી હતી, જે સમયે શાંતિદેવી સર્વથા અંતર્ધાન થઇ ગઇ હતી અને જે સમયે રાજશક્તિ અત્યંત દુર્બળ થઈ ગઇ હતી, તે સમયે રાજ્યવ્યવસ્થા અને ન્યાયકાર્ય બહુધા અટકી પડયું હતું; પરંતુ સંતોષની વાત એ છે કે તે સમયે પંચાયતદ્વારા સ્થાનિક વ્યવસ્થા ઉત્તમ પ્રકારે ચાલતી હતી. પંચાયતના સંબંધમાં પૂર્વે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, માટે આ સ્થળે તેની પુનરુક્તિ કરવી અનાવશ્યક છે.

કેટલાક રાજપૂતકર્મચારીઓ સામંતોની નિયત કરેલી સીમાનું રક્ષણ કરવાને માટે નિયુક્ત કરવામાં આવ્યા છે, કેટલાક નાકાવેરો ઉઘરાવવાને માટે નિયુક્ત થયા છે અને કેટલાક ન્યાયવિભાગનું કાર્ય કરે છે. “ ચોટિયા ”ની ઉપાધિવાળા માણસો ન્યાયવિભાગનું કાર્ય કરે છે. પ્રત્યેક નગર અને ગામમાંથી પ્રજાદ્વારા પ્રતિનિધિસ્વરૂપે એક એક ચોટિયાને ચુંટી કાઢવામાં આવે છે અને અને જ્યાંસુધી તે નિષ્પક્ષપાતથી ન્યાયકાર્ય કરે છે તથા ન્યાયશાસ્ત્રના કૂટ પ્રશ્નોનું યથાયોગ્ય સમાધાન કરે છે, ત્યાંસુધી તેને તે પદથી વંચિત કરવામાં આવતો નથી.

રાજસ્થાનનાં પ્રધાન નગરોમાં “ નગરશેઠની ” ઉપાધિવાળો એક મુખ્ય ન્યાયાધીશ રહે છે. મહાપ્રતિષ્ઠાવાન પુરુષને આ પદપર નિયુક્ત કરવામાં આવે છે. ઉક્ત ચોટિયા લોકો આ નગરશેઠના સહાયક ગણાય છે. સાધારણ રીતે,પટેલ અને પટવારી લોકોને ચોટિયાતરિકે ચૂંટી કાઢવામાં આવે છે. ઇંગ્લાંડના પ્રાચીનકાળના: દશાંશ કર લેનારા ફ્રાન્સના ડિકેનસ અને મહરાષ્ટ્રીઓના દશોંદીના જેવા આ પટેલલોકો છે. પ્રાચીનકાળમાં ફ્રાન્સમાં જે રીતે સ્કાવની[1] નામના લોકોને પ્રજાદ્વારા ન્યાયવિભાગનું કાર્ય કરવાને માટે ચૂંટી કાઢવામાં આવતા હતા, તેજ પ્રકારે મેવાડમાં ચોટિયાને ચૂંટી કાઢવામાં આવે છે. સાધારણ ટંટાનો નિર્ણય કરવાને માટે નગર વા ગામના પ્રતિષ્ઠિત લોકોની પંચાયત મળે છે. આ પંચાયતમાં સર્વ શ્રેણીના

૧ રોમના ન્યાયમંદિરના 'જ્યુડિસેસ સિલેકિટ'ની સમાન આ લોકો એક પ્રકારની જ્યુરીતરિકે ગણાતા હતા.

લોકો એકત્રિત થાય છે.

જે લોકો એમ કહે છે કે, "ભારતવર્ષ દીર્ઘકાળથી આપખુદ અમલદારા શાસિત થતો આવ્યો છે અને શાસનકાર્યમાં પ્રજાનો કાંઇપણ અવાજ નહોતો" તે લોકોનો તે મત કેટલો અસત્ય છે, તે આ પંચાયતની પદ્ધતિ સ્પષ્ટ રીતે દર્શાવે છે. હાલમાં સભ્ય ગણાતા યૂરોપવાસીઓનું અસ્તિત્વ પણ જે સમયે કોઇ જાણતું નહોતું, તે સમયે ભારતવર્ષની સાધારણ પ્રજાનો રાજશાસનમાં જે અવાજ હતો તે ઇતિહાસજ્ઞોને સુવિદિતજ છે. વર્તમાન સમયમાં પણ રાજપૂતોમાં પંચાયતની પદ્ધતિ વિદ્યમાન છે. એક સમયે બંગદેશમાં પંચાયતની પ્રણાલી પ્રચલિત હતી. ઉત્તરભાગમાં અદ્યાપિ તે વિદ્યમાન છે. મુસલમાનીરાજ્યમાં પણ આ પદ્ધતિને કોઈ પ્રતિબંધ નડયો નહોતો. વર્તમાન બ્રિટિશસામ્રાજ્યમાં એ પ્રણાલીનો લોપ થયો છે. જો કે બ્રિટિશસરકારે હાલમાં હિંદવાસીઓને ઑનરરી મેજીસ્ટ્રેટ તથા જ્યુરરતરિકે નિયુક્ત કરવા માંડયા છે, તોપણ પંચાયતપદ્ધતિની તુલનામાં તેનું ફળ સ્વલ્પ જણાય છે.

પૂર્વે મેવાડમાં ચબુતરાઓ અથવા ન્યાયમંદિરો મહારાણાની ખાલસાભૂમિમાંજ હતાં. જો મહારાણાના ન્યાયાધીશો કોઈ સામંતના પ્રદેશમાં ન્યાયકાર્યને માટે એકત્રિત થતા તો તે સામંતને તેથી મહા અપમાન લાગતું. સામંતો જો કે મહારાણાને આધીન છે, તોપણ તેઓ પોતપોતાના પ્રદેશમાં પૂર્ણ સ્વાધીનતા ભોગવે છે. આથી શત્રુના આક્રમણનો પ્રતિરોધ કરવાને અથવા વાણિજ્ય સંગ્રહિત કરવાને મહારાણા કોઈ સામંતના પ્રદેશમાં રાજપતાકા સ્થાપિત કરતા, તોપણ તે સામંત પોતાને મહા અપમાન થયેલું માનતો હતો અને જો મહારાણા પોતાની રાજપતાકા સામંતના તાબાના કોઈ દુર્ગ ઉપર ફરકાવે તો તો લોકો એમજ સમજતા કે મહારાણાએ તે સામંતનો સમસ્ત પ્રદેશ પોતાના સ્વાધીનમાં લઈ લીધો છે. રાજ્યતરફથી સામંતોને અને તેમના તાબાના લોકોને અનેકવાર સજા કરવાની જરૂર પડે છે, તોપણ તેથી વારંવાર તોફાન થાય છે. અંતે રોજાનાથી તેનો અંત આવે છે.

**રોજાના**—કોઇ સામંત ગમે તે અપરાધ કરી દંડ આપવામાં વિલંબ કરે અથવા રાણાની આજ્ઞાનો અનાદર કરી તેમની રાજસભામાં હાજર ન થાય તો રાણાનો એક દૂત વા રાજકર્મચારી દશવીસ અશ્વારોહીઓ વા પાયદળ લઇને સામંતના તાબાના પ્રદેશમાં જાય છે અને તેને મહારાણાના હસ્તાક્ષર તથા મહોરથી અંકિત થયેલી આજ્ઞાપત્રિકા આપીને પોતાની ટોળીને માટે રોજાના વા અનાજ માગે છે. અપરાધી સામંત જ્યાંસુધી રાણાની આજ્ઞાનું પાલન ન કરે, ત્યાંસુધી ઉક્ત દૂત પોતાની સાથેના મનુષ્યોસહિત તેને ત્યાં રહે છે. આ ઉપાય ઘણીવાર કાર્યસાધક થાય છે; પરંતુ કેટલેક પ્રસંગે મહારાણાના માણસોને બહુ દિવસપર્યંત તેને ત્યાં પડયું રહેવું પડે છે અને તેને ભારે ખર્ચમાં ઉતરવું પડે છે.

સામંતોના તાબાના પ્રદેશમાં મહારાણાના ન્યાય વા કારોબારી ખાતાના અમલદારો હસ્તક્ષેપ કરતા નથી. સામંતો પોતાના પ્રદેશની શાસનવ્યવસ્થા સ્વતંત્ર રીતે કરે છે; પરંતુ તેઓ કદિ સ્વેચ્છાચાર કરી શકતા નથી. દેવગઢના ઉપસામંતોપ્રત્યે એક સમયે ત્યાંના અધીશ્વરને પ્રતિજ્ઞા કરવી પડી હતી કે:—"તમારી સલાહ લીધા વિના હું કદિ પણ અને કોઇ પણ પ્રકારનું શાસનકાર્ય કરીશ નહિ."

રાજ્યમાં જ્યારે વિગ્રહ, ઉપદ્રવ, અશાંતિ વા બહારના આક્રમણની સંભાવના હોય છે ત્યારે મેવાડના સમસ્ત સામંતો રાણાની સભામાં જઇને તેની નિવૃત્તિના ઉપાયસંબંધે વિચાર ચલાવે છે. મહારાણા સામંતોનો અભિપ્રાય લઇનેજ શું કાર્ય કરવું તેનો નિર્ણય કરે છે. તેઓ કોઇપણ મહત્ત્વનું કાર્ય સ્વેચ્છાપૂર્વક કરતા નથી. મેવાડમાં કોઇપણ રાજકીય ગૂઢ પ્રશ્ન ઉપસ્થિત થાય છે, ત્યારે સૌથી પ્રથમ સામંતો પોતપોતાના દરબારમાં તે વિષે ચર્ચા કરે છે અને રાણાની રાજસભામાં શો અભિપ્રાય પ્રદર્શિત કરવો તેનો નિર્ણય કરે છે. ત્યારપછી તેઓ રાણાના દરબારમાં જઇને દાખલાદલીલસહિત પોતાનો અભિપ્રાય પ્રદર્શિત કરે છે.

જો કોઈ સામંતને મહારાણાના દરબારમાં સ્થાન ન મળે તો તે પોતાને મહા અપમાનિત થયેલો સમજે છે. આ સભામાં સામંતો દાખલાદલીલસહિત જે મત પ્રદર્શિત કરે છે તે અતિ મહત્ત્વનો હોય છે. મેવાડના મહારાણા જે પ્રકારે પોતાનો દરબાર ભરે છે તથા રાજકર્મચારીઓ નિયુક્ત કરે છે, તે પ્રકારેજ સામંતો પણ પોતપોતાના તાબાના દેશમાં કરે છે. સામંતના તાબાના ઉપસામંતો, મુખ્ય મંત્રી,

પુરોહિત, કવિ અને પ્રજામાંના બે ત્રણ પ્રતિષ્ઠિત માણસો તેના દરબારમાં એકત્રિત થાય છે તથા નાના-મોટા પ્રશ્નોપર વિચાર ચલાવે છે. રાણાના દરબારમાં જેવો ઉહાપોહ થાય છે,તેવોજ ઉહાપોહ સામંતના દરબારમાં પણ થાય છે. પછી સર્વ સામંતો રાણાના દરબારમાં એકત્રિત થઇ પોતાના પૃથક્ પૃથક્ અભિપ્રાય દર્શાવે છે. આ રીતે ચર્ચા અને ઉહાપોહ કર્યા પછીજ મહારાણા પ્રત્યેક મહત્ત્વનું રાજકાર્ય કરે છે.

આ વર્ણન વાંચ્યા પછી કોણ કહી શકશે કે ભારતવર્ષ ચિરકાળથી સ્વચ્છંદી શાસનદ્વારા શાસિત થતું આવ્યું છે? વર્તમાન સભ્ય યૂરોપઅમેરિકામાં પાર્લામેન્ટ જેવી સંસ્થાઓ સ્થાપન થઇ તેપૂર્વે દીર્ઘકાળપર પણ રાજસ્થાનમાં પ્રજાનો મત લઇને રાજકાર્યો કરવામાં આવતાં હતાં. જેઓ એમ માનતા હોય કે, "ભારતવર્ષનાં દેશીરાજ્યોમાં સ્વતંત્ર લોકમતની પ્રતિષ્ઠા થઈ નથી" તેમને અમે (હિંદી અનુવાદક) કહીએ છીએ કે તે તેમની ભૂલ છે; એટલુંજ નહિ પણ સામંતપ્રથાની પેઠે લોકમત લેવાની પ્રથા પણ ભારતવર્ષમાંથીજ યૂરોપમાં ગઇ હતી, તે અનુમાન પણ કલ્પિત નથી. હજી રાજનીતિનો એકડોજ શીખતા અને નવીન પ્રકાશથી અંજાઇ ગયેલા જેઓ આ દેશમાં સ્વતંત્ર લોકમતના અસ્તિત્વનો અસ્વીકાર કરે છે તેઓ ખરેખર સત્ય હકીકતથી અજ્ઞાતજ છે.

મેવાડ જે સમયે ઉન્નતિના શિખરપર આરૂઢ થયો હતો, રાજપૂતોનું બાહુબળ અને ગૌરવ જે સમયે ચોતરફ ગાજી રહ્યું હતું અને જે સમયે એકત્વ, સાહસ, શૌર્ય, ઉદ્યોગ તથા ઉત્સાહના સદ્દગુણોએ રાજપૂતોને સુધામય ફળના ઉપભોક્તા બનાવ્યા હતા, તે સમયે મેવાડપતિની પતાકાનીચે પંદર હજાર અશ્વારોહીઓ એકત્રિત થતા હતા. આ સૈનિકો રાણાની પાસેથી કાંઇપણ વેતન લેતા નહોતા. તેઓ જે જાગીરનો ભોગવટો કરતા હતા,તેના બદલામાં તેઓ રાણાની આ પ્રકારે સેવા કરતા હતા.સામંતપ્રણાલીનું મૂળ રહસ્ય આજ છે. પ્રથમ શ્રેણીના સામંતો પોતાના દેશની ઉપજ પ્રમાણે પચાસથી અધિક સૈનિકો પ્રત્યેક યુદ્ધપ્રસંગે તૈયાર કરતા હતા અને સાધારણ જાગીરદારો માત્ર એક અશ્વારોહી મોકલતા હતા. હાલમાં સર્વત્ર શાંતિ સ્થાપિત થઇ બાહ્યશત્રુઓનો ભય સર્વથા નિવૃત્ત થઈ જવાથી સામંતોને જાગીરના બદલામાં સેના મોકલવી પડતી નથી; અને તેથી સામંતપ્રથામાં થોડું પરિવર્તન થયું છે.

જાગીરના બદલામાં મોકલવામાં આવતા સૈનિકોની સંખ્યા સર્વ સામંતોમાટે એકસરખી હોતી નથી. પૃથક્ પૃથક્ સ્થળના સામંતો પૃથક્ પૃથક્ સંખ્યામાં પોતાની સેના પોતાના અધીશ્વરને સહાય કરવાને માટે મોકલે છે; પરંતુ કોઇ પણ દેશમાં એકહજારની ઉપજપર ત્રણ વા બેથી ઓછા સૈનિકો મોકલવાનો રિવાજ નથી. સનંદ અથવા ભૂવૃત્તિ આપતી વખતના ઠરાવને અનુસરીને પ્રત્યેક હજારની ઉપજદીઠ કોઇ કોઇ સામંતને ત્રણ અશ્વારોહી અને તેટલાજ પાયદલસૈનિકો પૂરા પાડવા પડે છે. આ ગ્રંથની છેવટે પરિશિષ્ટમાં ભિન્નભિન્ન ભૂવૃત્તિની સનંદોનો જે અનુવાદ આપેલો છે તે ઉપરથી આ ઠરાવો-વિષેની વિશેષ માહિતી પાઠકો મેળવી શકશે. ઇંગ્લાંડના વિજેતા વિલિયમે[1] પોતાનું રાજ્ય સાઠહજાર ભાગોમાં વિભક્ત કર્યું હતું અને પ્રત્યેક ભાગને માથે રાજાને સેનાની સહાય કરવાની ફરજ નાખવામાં આવી હતી. જે ભાગ સેનાની સહાય કરવાને અસમર્થ થાય તેણે રોકડ રૂ. ૨૦૦) આપવા પડતા હતા. મેવાડના પ્રત્યેક સામંતને આવે પ્રસંગે રૂ. ૨૫૦) આપવા પડે છે.

ઇંગ્લાંડમાં દીર્ઘકાળથી સામંતપ્રણાલી છિન્નભિન્ન થઇ ગઇ છે; પરંતુ જે સમયે તે ત્યાં સંપૂર્ણ જોસથી પ્રચલિત હતી તે સમયે રાજા સામંતોની સેના ઉપર સર્વ પ્રકારની સત્તા ચલાવી શકતો નહોતો. એક વર્ષમાં કેવલ ચાળીસ દિવસપર્યંતજ પ્રત્યેક સૈનિક રાજસેવામાં નિયુક્ત રહેતો હતો અને જરૂર પડતાં તે સ્વદેશ વા વિદેશમાં રાજાની તરફથી યુદ્ધ કરવાને જતો હતો. તે જોતાં આ વિષયમાં રાજસ્થાનના રાજાઓ ઇંગ્લાંડના ભૂતપૂર્વ રાજાઓ કરતાં અધિક સત્તા ધરાવતા હતા તથા ધરાવે છે,એમ સ્પષ્ટ થાય છે.

રાજકાર્યને માટે તથા ઉત્સવોમાં ભાગ લેવાને માટે મેવાડના સામંતો વર્ષના કેટલાક નિયત માસપર્યંત રાજધાની-ઉદયપુરમાં રહે છે. એકનો નિયત સમય સમાપ્ત થયા પછી બીજો સામંત આવીને રહે છે અને પહેલો પોતાના નગરમાં ચાલ્યો જાય છે. મુખ્ય મહોત્સવોપર સામંતો રાણાની આજ્ઞાથી પાટનગરમાં આવે છે અને જ્યારે કોઇ શત્રુની સામે યુદ્ધ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, ત્યારે સમસ્ત સામંતો પોતાની સેના તથા તેને માટે જોઇતી અન્નસામગ્રીસહિત રાજધાનીમાં આવીને એકત્રિત થાય

[1] વિલિયમ ધી કૉન્કરર

છે. કેવળ વિદેશ વા અતિ દૂરના સ્થાનમાં યુદ્ધની આવશ્યકતા પડે છે ત્યારેજ મહારાણા સામંતોની સેનાને માટે કેટલુંક અન્ન આપે છે.

**સામંતોને કરવામાં આવતો અર્થદંડ વા પદચ્યુતિ**—યૂરોપખંડમાં જે સમયે સામંતપ્રથાનુસાર રાજ્યશાસન ચલાવવામાં આવતું હતું, તે સમયે જો કોઈ સામંત પોતાના અધીશ્વરની આજ્ઞાનું પાલન ન કરે તો રાજા તેને અર્થદંડ કરતો હતો. મેવાડના સામંતોને આપેલી જાગીરના દાનપત્રમાં પણ અર્થદંડનો ઉલ્લેખ દૃષ્ટિગોચર થાય છે. જો કોઈ સામંત ઉદ્ધત વર્તન વા દુરાચરણ કરે તો તેને ભારે અર્થદંડ કરવામાં આવે છે અને કોઈકોઇ વાર તો તેનો સમસ્ત પ્રદેશ ખુંચવી લેવામાં આવે છે.[1] રાજસ્થાનના અધીશ્વરો સામંતોને અર્થદંડ કરવા કરતાં તેમને પદચ્યુત કરીને તેમની સંપત્તિ હસ્તગત કરી લેવાનું વિશેષ પસંદ કરે છે. સામંતોની જાગીરો આ રીતે ખાલસા કરવાથી રાજા ખડીફોજ ઉભી કરી શકે છે. ઉલટપક્ષે સામંતો અર્થદંડ ભરવાને તૈયાર હોય છે; પરંતુ તેઓ પોતાની જાગીર છોડવાને કોઈ પણ રીતે રાજી હોતા નથી. તેઓ કોઈ કોઇ સમય પોતાની પૈતૃકભૂમિની રક્ષાને અર્થે પોતાના પ્રાણનો મોહ છોડી રાણાની સામે શસ્ત્ર ગ્રહણ કરતાં પણ અચકાતા નથી. કર્નલ ટૉડના સમયપર્યંત મેવાડના મહારાણા સામંતોનો પ્રદેશ હસ્તગત કરી શકતા હતા; પરંતુ હાલમાં તે સ્થિતિ બદલાઇ ગઇ છે. હાલમાં વિશ્વવિજયી બ્રિટિશસરકારે સર્વની ઉપર પોતાની સત્તા વિસ્તારેલી હોવાથી રાણાની આ સત્તા ન્યૂન થઇ ગઇ છે.

**સામંતશાસનપ્રણાલીની અપૂર્ણતા**—ભારતવર્ષમાં જન્મેલી આ જે સામંતપ્રથાનું અનુકરણ યૂરોપીઅનરાષ્ટ્રોએ કર્યું હતું, તે સામંતપ્રથા અદ્યાપિ કેટલાક રૂપાંતરસહિત રાજસ્થાનમાં વિદ્યમાનજ છે. કર્નલ ટૉડ એવો અભિપ્રાય ધરાવે છે કેઃ-"આ શાસનપ્રણાલી સર્વાંગસંપૂર્ણ નથી. તેનાં અનેક અંગો અપૂર્ણ છે." આ વળી સત્ય છે, તોપણ એ પ્રથા શુભ ફલદાયક નથી એમ માનવાને કારણ નથી. સમસ્ત રાજસ્થાનમાં કેવળ રાજાઓના વર્તન ઉપરજ રાજ્યની ઉન્નતિ અને કલ્યાણનો આધાર છે. સામંતપ્રથાનો મુખ્ય આધારસ્તંભ પણ રાજાજ છે. સર્વ છિન્નવિછિન્ન થઇને પડેલાં તત્ત્વો એકત્રિત કરી તેનો વિનિયોગ કરનાર રાજાજ છે. રાજા જો ક્ષણમાત્ર પણ સ્વકર્તવ્યરહિત થાય તો આ સામંતપ્રથાનાં સર્વ અંગો છિન્નભિન્ન થઇ જાય અને અશાંતિ, ઉપદ્રવ તથા અત્યાચાર પ્રબળ થઇ પડે, એ નિઃસંશય છે; તોપણ એક મહા પ્રભાવશાળી રાજા ઉત્તમ પ્રકારે શાસન ચલાવે તો તેના દેહાંતપછીના બે ત્રણ રાજા નિર્બળ નિવડે ત્યાંસુધી તો (જો કોઇ બહારના શત્રુનો ઉપદ્રવ ન થાય તો) દેશની વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે ખરી. જો કે રાજસ્થાનમાં સામંતપ્રથાનાં અનેક અંગો અપૂર્ણ છે, તોપણ રાજપૂતજાતિની રાજભક્તિ, દેશહિતૈષિતા, આચારવિચાર તથા સ્વધર્મપ્રત્યે દૃઢ શ્રદ્ધા અને જન્મભૂમિપ્રત્યેનો ઉત્કટ પ્રેમ એ આ પ્રણાલીનાં વ્યંગોને ભૂલાવી દે છે. યૂરોપ વા એશિયાના કોઇ પ્રદેશમાં પણ આ પ્રથા નિર્દોષ નિવડી નથી અને તે અશાંતિ, કલહ અને અવ્યવસ્થાનેજ જન્મ આપતી આવી છે. મેવાડમાં ચંદાવતો અને શક્તાવતો સદા પરસ્પર લડતાજ રહ્યા હતા. રાણાનું બળ ક્ષીણ થવાથી તથા તૃતીયશ્રેણીના સામંતોની સંખ્યા ન્યૂન થઈ જવાથી ઉક્ત ઉભય શાખાના સામંતો રાણાની આજ્ઞાનો અનાદર કરી ભયંકર ઉપદ્રવ ઉપસ્થિત કર્યા કરતા હતા. આ સામંતશાસનપ્રણાલી જો કે અનેક અંગોમાં અપૂર્ણ છે તોપણ કેટલીક વખત તે વિપત્તિના સમયમાં અને બહારના આક્રમણના સમયમાં ભિન્નભિન્ન શાખાના સામંતોને પરાક્રમ દર્શાવવામાં સ્પર્ધા કરવાને ઉત્તેજિત કરે છે. ચંદાવત અને શક્તાવતસામંતોવચ્ચેની આવી સ્પર્ધાનું ઉદાહરણ મહારાણા અમરસિંહના વૃત્તાંતમાં અમે આપી ગયા છીએ.

આવો દ્વેષ (સ્પર્ધા) દેશહિતનું સાધન બની ગયો હોય એવું માત્ર એ (ચંદાવતશક્તાવતની સ્પર્ધા) એકજ ઉદાહરણ નથી. મોટાં રાજપૂત સંસ્થાનોના ઇતિહાસમાં આવાં અનેક ઉદાહરણો ઉપલબ્ધ થાય છે. ખાસ કરીને મારવાડમાં આવાં ઘણાં દૃષ્ટાંતો બન્યાં છે.

આ રીતે એક શાખાને બીજી શાખાની સાથે સ્પર્ધા કરવાને ઉશ્કેરવાથી રાજાને લાભ થતો, તેમના ટંટાનો કાંઇ ને કાંઈ ઉપયોગ થતો અને રાજા વારંવાર યુક્તિથી તેને લાભકારક બનાવી દેતો. એમાંથી

[1] કર્નલ ટૉડ જણાવે છે કે આ ઉભય બાબતો મારા જોવામાં આવી છે.

એક શાખા અવશ્ય રાજાના પક્ષમાં રહેતી અને તેથી પૂર્વવર્ણિત અનિષ્ટની નિવૃત્તિ થતી. કર્નલ ટૉડ જે સમયે મેવાડમાં હતા, તે સમયે શકતાવતો અને ચંદાવતો દરબારમાં સત્તા અને પ્રભુત્વ પ્રાપ્ત કરવાને માટે ભગીરથ પ્રયત્ન કરી રહ્યા હતા. કેટલીક શતાબ્દીઓ પૂર્વેથી ઉકત ઉભય શાખાઓપૈકી એક કોઈ વાર 'રાજભકત' અને બીજી 'વિદ્રોહી' ગણાતી તો બીજીવાર તેથી ઉલટી ઘટના બનતી.જે શાખા રાણાના પક્ષમાં હોય અને રાણાનો અનુગ્રહ પ્રાપ્ત કરી પોતાનાં બુદ્ધિબળ તથા બાહુબળથી દરબારમાં સર્વોચ્ચ પદને પ્રાપ્ત થઇ હોય તે શાખાના હાથમાં સમસ્ત રાજતંત્ર રહેતું. આથી તેના પ્રતિસ્પર્ધી પક્ષને દ્વેષ ઉત્પન્ન થતો અને તે મહા અનિષ્ટકારક કાર્યો કરવાને પ્રવૃત્ત થતો. આ પ્રકારનો વિદ્વેષ હાલમાં સર્વથા નષ્ટ થઇ ગયો છે. કાલચક્રની ગતિથી રાજપૂતજાતિની જીવનગતિ, તેમનાં નિત્યકર્મ વગેરે સર્વ પરિવર્તિત થઇ ગયાં છે. મેવાડમાં હાલ શકતાવતલોકોની સંખ્યા અતિ ન્યૂન છે, તોપણ તેઓ ચંદાવતો કરતાં કેટલેક અંશે અધિક સાહસિક અને બળવાન છે.

ભારતવર્ષનાં સમસ્ત રાજ્યો જ્યાંસુધી એક પ્રકારની મૂળ રાજનીતિથી શાસિત થતાં હતાં, અર્થાત્ જ્યાંસુધી એક પ્રકારની સામંતશાસનપ્રણાલી સમસ્ત ભારતવર્ષમાં પ્રચલિત હતી ત્યાંસુધી અવશ્ય તે શુભ ફળદાયક હતી; પરંતુ જ્યાં રાજાની સત્તા વિશેષ પ્રબળ હોય ત્યાં કદિ પણ તેનું પરિણામ સારૂં આવી શકતું નથી.

**રાજપૂતરાજાઓનો મોગલસમ્રાટો સાથેનો સંબંધ**—પોતાનાં પ્રભુત્વની અને સામર્થ્યની રક્ષા કરવાને માટે રાજસ્થાનના રાજાઓને દિલ્લીના મોગલસમ્રાટના હાથમાં પોતાની કેટલીક સત્તા અને સ્વાધીનતા સમર્પણ કરવી પડી હતી. રાજપૂતનૃપતિઓ તેઓના હાથમાં નામમાત્રને માટે પોતપોતાનાં રાજ્ય સોંપી તેમની પાસેથી સનંદ મેળવી પુનઃ તેમને હસ્તગત કરતા હતા. તેઓ નામમાત્રને માટે યવનસમ્રાટને પોતાનો અધીશ્વર ગણતા હતા. યવનસમ્રાટો રાજપૂતરાજાઓને સનંદ આપતી વખત તેમને હાથી, ઘોડા, શસ્ત્રો તથા રત્નાલંકારાદિ પુરસ્કારતરિકે આપી 'મહારાજ' વા 'રાણા'ની ઉપાધિ અર્પણ કરતા હતા તથા તેમને મનસબદાર બનાવતા હતા. રાજપૂતરાજાઓ સમ્રાટની આધીનતા સ્વીકાર્યા પછી નૌરોઝને દિવસે અર્થાત્ નૂતન વર્ષને દિવસે તેને નજરાણું આપતા. વળી સમ્રાટની આજ્ઞા થતાં તેઓ નિયત સૈનિકોસહિત તેને માટે રણભૂમિમાં જઇ યુદ્ધ કરતા હતા. યવનસમ્રાટો પ્રત્યેક દેશીરાજાને એક એક રાજપતાકા, એક એક નગારૂં અને અન્યાન્ય રાજચિન્હો આપતા હતા. આ રાજચિન્હોને રાજપૂતરાજાઓ પોતપોતાની સેનાની સાથે રાખતા હતા.[1] આ સર્વપરથી આપણને જણાય છે કે યવનશાસન એ એક મહાન સામંતશાસન હતું. દિલ્લીના તાતારસમ્રાટોએ પોતાના તાબાના રાજાઓને પતાકા આદિ રાજચિન્હો આપવાની પ્રથા દેશીરાજાઓની પાસેથીજ ગ્રહણ કરી હતી કે તેઓ તેને મધ્ય એશિયામાંથી લાવ્યા હતા, તે અન્ય સ્થળે જણાવવામાં આવશે.

દેશીરાજાઓ પોતાની સેનાસહિત યવનસમ્રાટની રાજધાનીમાં હોય વા રણક્ષેત્રમા હોય તોપણ તેમનો તે સમયનો ઐશ્વર્યાડંબર સહજ કલ્પી શકાય એમ નથી. જો કે મોગલસમ્રાટ હુમાયૂએ પણ કેટલાક રાજપૂતરાજાઓને આધીનતાની જંજીરમાં પરિબદ્ધ કર્યા હતા, તોપણ તેમની સહાય તેને માટે અનિશ્ચિત હતી. તેનો પુત્ર અકબરજ સૌથી પ્રથમ રાજપૂતરાજાઓની ઉપર પૂર્ણ પ્રભુત્વ સ્થાપિત કરવાને સમર્થ થયો હતો. તેણે રાજપૂતોને પોતાના સિંહાસનના આધારસ્તંભ અને ઉજ્જવલ અલંકાર બનાવવાને માટે પોતાના હાથમાં લીધા હતા. તેણે દુર્દમનીય અને અભેદ્ય શકિત પ્રાપ્ત કરી હતી અને પોતાના બાહુબળથી જે જીત્યું તેની પોતાના ભલા સ્વભાવથી તથા ડહાપણથી રક્ષા કરી હતી. તેણે દીર્ઘ વિચાર કર્યા પછી એવો નિશ્ચય કર્યો કે દેશીરાજાઓપ્રત્યે સખ્ત વર્તન રાખવાથી કેવલ અનિષ્ટકારક ફળનીજ ઉત્પત્તિ થશે. ભારતવર્ષમાં મોગલસામ્રાજ્ય નિર્વિઘ્ન રહી શકે, તેટલા

1 ઈ૦ સ૦ ૧૮૭૭માં દિલ્લીના મહાદરબારમાં તે સમયના ગવર્નર જનરલ લૉર્ડ લિટને મહારાણી વિકટોરીઆએ 'કૈસરે હિંદ'નો ખિતાબ ધારણ કર્યો છે, એવો ઢંઢેરો વાંચી સંભળાવ્યો તે સમયે ભારતવર્ષના પ્રત્યેક પ્રાંતમાંથી આવેલા હિંદુમુસલમાન નૃપતિઓને આજ પ્રકારે એક એક પતાકા આપવામાં આવી હતી અને નગારાંને બદલે તેમને સુવર્ણપદક આપવામાં આવ્યાં હતાં. આર્યજાતિની પાસેથી મુસલમાનોએ અને મુસલમાનોની પાસેથી બ્રિટિશલોકોએ આ પ્રથા ગ્રહણ કરી હતી.

માટે રાજપૂતરાજાઓના હૃદયપર અધિકાર કરી તેમની સાથે સાંસારિક સંબંધ જોડવાની તેણે આવશ્યકતા ધારી હતી.

વિખ્યાત મોગલ ઓગઝખાં, જંઘીસખાં, તૈમુર, બાબર, હુમાયૂ અને પોતાના શરીરમાં જે રક્ત વહેતું હતું તેની સાથે રાજપૂતરક્ત મિશ્રિત કરવાને તેણે ઘણો પ્રયાસ કર્યો. તેણે એવું અનુમાન કર્યું કે:-"રાજપૂતો વૈવાહિક સંબંધથી બંધાઇને મોગલસમ્રાટની તથા રાજપૂતવીરાંગનાના ગર્ભથી ઉત્પન્ન થયેલા તેના પુત્રની જેવી આધીનતા સ્વીકારશે તેવી આધીનતા તેઓ તટસ્થ રહીને કેવલ તાતારસમ્રાટ-ની સ્વીકારશે નહિ. વળી જો એકવાર રાજપૂતોની સાથે વિવાહબંધન પ્રચલિત થશે તો પછી કાળે કરીને સમસ્ત રાજપૂતો આપણને કન્યાદાન કરવાને તત્પર થશે." વાસ્તવમાં અકબરનું આ અનુમાન અસત્ય માની શકાતું નથી. રાજપૂતવીરબાળાઓના ગર્ભથી ઉત્પન્ન થયેલા મોગલસમ્રાટપ્રત્યે રાજપૂતોએ અનેકવાર ભક્તિ તથા સ્નેહ દર્શાવ્યો હતો; પરંતુ સમસ્ત રાજસ્થાનમાં કેવળ મેવાડના રાણાવંશેજ સમ્રાટ અકબરનો મનોરથ પૂર્ણ કર્યો નહોતો. જો કે અકબર પછીના સમ્રાટોએ બલ તથા ભય દર્શાવીને તથા અનેક પ્રકારની યુક્તિપ્રયુક્તિ અને પ્રપંચજાળનો વિસ્તાર કરીને હિંદુલલનાઓનું પાણિગ્રહણ કર્યું હતું; કિન્તુ સૂર્યવંશાવતંસ મેવાડના રાણાઓએ પ્રાણાંતપર્યંત કદિ પણ તેમના હાથમાં કન્યા આપીને પોતાના પવિત્ર કુળગૌરવને હાનિ પહોંચાડી નહોતી. ઉદયપુરનો રાણાવંશ એજ કારણથી દેશી-રાજવંશોમાં સર્વથી અધિક માનનીય અને પવિત્ર ગણાઇ આદરસહિત પૂજાય છે.

અંબર વા વર્તમાન જયપુરનું રાજ્ય દિલ્લીની નિકટ છે. આ રાજ્યનો તે સમયનો રાજા અત્યંત ક્ષીણબલ હતો. તેણેજ ભારતના ઇતિહાસમાં સર્વથી પ્રથમ યવનરક્તની સાથે પવિત્ર રાજપૂતરક્ત મેળવવાની શરૂઆત કરી હતી.

અંબરપતિ ભગવાનદાસે સમ્રાટ અકબરને પોતાની કન્યા સમર્પણ કરી હતી. અંતે આ પ્રથાનો વિસ્તાર એટલો તો વધ્યો કે સુપ્રસિદ્ધ મોગલસમ્રાટોમાંના ઘણુંકો રાજપૂતરાજનંદિનીના ગર્ભથીજ ઉત્પન્ન થયા હતા.

મોગલસમ્રાટના વીર્યથી અને રાજપૂતરાણીના ગર્ભથી જન્મેલા વિખ્યાત સમ્રાટોમાં જહાંગીર[1] મુખ્ય છે. તેનો હતભાગી પુત્ર ખુશરો, શાહજહાં અને કામબખ્સ એ રાજપૂતરાજકુમારીઓના ગર્ભથી ઉત્પન્ન થયા હતા તથા ઔરંગઝેબનો વિદ્રોહી પુત્ર અકબર પણ રાજપૂતનંદિનીના ગર્ભથી જન્મ્યો હતો. આ કારણથી સર્વ રાજપૂતો ઔરંગઝેબને પદચ્યુત કરીને અકબરને ભારતવર્ષના સિંહાસનપર અભિષિક્ત કરવાને માટે સેનાસહિત સજ્જિત થયા હતા. રાજપૂતરાજવંશની સાથે મોગલસમ્રાટને વૈવાહિકસંબંધ હોવાથી રાજપૂતો તથા યવનસમ્રાટની વચ્ચે કેવો સ્નેહભાવ ઉત્પન્ન થયો હતો તે રાજપૂતોપ્રત્યેના આચરણથી સારી રીતે સમજાય છે. જે સમયે મોગલોની શાસનશક્તિ છિન્ન-ભિન્ન થઇ ગઈ હતી તે સમયે પણ આ સ્નેહની રક્ષાને અર્થે ફર્રૂખશીઅરે મારવાડના રાજા અજિત-સિંહની કન્યાનું પાણિગ્રહણ કર્યું હતું.[2]

---

૧ સમ્રાટ જહાંગીર રાજકુમારી જોધબાના ગર્ભથી ઉત્પન્ન થયો હતો. આગ્રાની નિકટ સિકંદરામાં જોધબાનું સમાધિમંદિર અદ્યાપિ વિદ્યમાન છે.

૨ કર્નલ ટૉડ જણાવે છે કે:-"કેવલ આ વિવાહજ બ્રિટિશલોકોના શાસનનું મૂળ છે. જે સમયે વિવાહ-પ્રસંગ આવી પહોંચ્યો તે સમયે સમ્રાટ રોગગ્રસ્ત થયો હતો. તે સમયે અંગ્રેજો સુરતમાં વાણિજ્યકાર્ય કરતા હતા. સુરતથી દિલ્હીમાં તે સમયે જે દૂતો ગયા હતા, તેની સાથે મહાશય હેમીલ્ટન નામનો એક ડૉકટર પણ હતો. તે ડૉકટરે સમ્રાટને નીરોગી બનાવ્યો. વિવાહકાર્ય સમાપ્ત થઈ ગયા પછી પ્રાચીન પ્રણાલી પ્રમાણે સમ્રાટે ઉક્ત ચિકિત્સકને પૂછ્યું કે:-"આપને શું પુરસ્કાર જોઈએ છે ?" ડૉકટરે પોતાને માટે કાંઈ નહિ માગતાં સમ્રાટ-ને જણાવ્યું કે:-"અંગ્રેજોનાં વાણિજ્યકાર્યને માટે કોઠી બનાવવાને થોડી ભૂમિની આવશ્યકતા છે." તેની પ્રાર્થના તત્કાળ પૂર્ણ કરવામાં આવી. પૌર્વાત્યદેશમાં બ્રિટિશસામ્રાજ્યનો જે પ્રતાપ અને પ્રભુત્વ છે, તેનું મૂળ કારણ આજ છે. જે પુરુષ પોતાના સ્વાર્થનો ત્યાગ કરી આવો ઉપકાર કરી ગયો છે અને જેણે માલનું મહેસુલ પણ માફ કરાવ્યું હતું તેના સ્મરણાર્થે તેના સમાધિસ્થાનમાં અવશ્ય એક સ્મારકસ્તંભ સ્થાપિત્ કરવો જોઇએ."

(એક દૃષ્ટિએ હેમિલ્ટનસાહેબનો આ નિષ્કામ સ્વાર્થત્યાગ બહુ મોટો નહિ જણાય, પરંતુ **स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्** આ ભગવદ્વાક્ય પ્રમાણે અથવા સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં એની નિષ્કામ

જે રાજપૂતોએ મોગલસમ્રાટોને પોતાની ભગિની અર્પણ કરી હતી, તેમનાજ હાથમાં મોગલ-સમ્રાટના પરલોકવાસ પછી તેમના સગીર ભાણેજની રક્ષાનો ભાર સમર્પિત કરવામાં આવતો હતો.તેઓ સંપૂર્ણ સત્તાપૂર્વક રાજ્યશાસન ચલાવી તેની સાથેસાથે પોતાના રાજ્યની પણ શ્રીવૃદ્ધિ કરી લેતા હતા.

અકબર જે સમયે ભારતના સિંહાસનપર વિરાજમાન હતો, તે સમયે તેના બસેથી દશ હજાર-પર્યંત અશ્વારોહીઓના ૪૧૬ મનસબદારોમાં ૪૬ મનસબદારો રાજપૂત હતા અને આ રાજપૂતસેનાપતિ-ઓના હાથનીચે ૫૩૦૦૦ અશ્વારોહીઓ હતા. સર્વ મનસબદારોના હાથનીચે એકંદરે ૫૩૦૦૦૦ (પાંચ લાખ ત્રીસ હજાર ) અશ્વારોહીઓ હતા. અકબર પાસે પાયદલ સૈનિકો ૪૦૦૦૦૦૦ ( ચાળીસ લાખ ) હતા. આ સંખ્યા અબુલફઝલે પોતાના ગ્રંથમાં આપી છે.

૪૬ રાજપૂત મનસબદારોમાં અંબર, મારવાડ, બિકાનેર, જેસલમીર, બુન્દેલખંડ અને શેખાવતના રાજાઓ એક હજારથી અધિક અશ્વારોહીઓના મનસબદાર હતા; પરંતુ અંબરરાજની સાથે મોગલસમ્રાટ-નો વૈવાહિક સંબંધ હતો તેથી તેમને મહા સન્માનસૂચક પાંચ હજારી મનસબદારની પદવી પ્રાપ્ત થઈ હતી.

મારવાડના સ્થૂલકાય રાજા ઉદયસિંહ એકહજારી મનસબદાર ગણાતા હતા; પરંતુ મારવાડના રાજવંશની એક શાખામાંથી ઉત્પન્ન થયેલા બિકાનેરના રાજા રાયસિંહને ચારહજારી મનસબદારનું પદ પ્રાપ્ત થયું હતું. ચંદેરી, કરૌલી તથા દતિયાના સ્વતંત્ર રાજાઓ અને પ્રધાન પ્રધાન રાજપૂતરાજ્યોના સામંતો નીચી શ્રેણીના મનસબદારો હતા અને તેમના તાબામાં ચારસેંથી સાતસેં અશ્વારોહીઓ રહેતા હતા. આ નિકૃષ્ટ પંક્તિના અશ્વારોહીઓમાં શક્તાવતશાખાના આદ્યપુરુષ પણ દૃષ્ટિગોચર થાય છે. એ માણસ પોતાના ભ્રાતા પ્રતાપસિંહની સાથે વિવાદ કરીને સમ્રાટ અકબરના તાબામાં મનસબદારતરિકે રહ્યો હતો.આ પ્રકારે ભારતના પ્રાયઃ સર્વ દેશીરાજાઓ મનસબદારના પદપર નિયુક્ત થયા હતા.મોગલ સમ્રાટે પ્રથમ તેમને હસ્તગત કરતી વખત બળ તથા ભય દર્શાવ્યો હતો;પરંતુ અંતે સમયના પ્રભાવથી દેશીરાજાઓ પોતાની ખુશીથી તેને આધીન થઇ મનસબદારનું પદ ગ્રહણ કરતા હતા.તેઓ પોતાને મોગલસમ્રાટના મનસબદારનું પદ પ્રાપ્ત થવાથી મહાસન્માનિત સમજતા હતા.

જે હિંદુરાજાઓએ યવનસમ્રાટોને પોતાની કન્યા વા ભગિની અર્પણ કરી હતી, તેમણે વાસ્તવમાં સમ્રાટના દરબારમાં પોતાની સત્તા તથા પ્રભુત્વ વિસ્તારવાનો તથા પોતાની સંપત્તિમાં વૃદ્ધિ કરવાના સ્વાર્થનોજ ઉદ્દેશ રાખ્યો હતો, એમાં કાંઈ સંદેહ નથી. ઇતિહાસ વાંચવાથી આ વાત સ્પષ્ટરીતે સિદ્ધ થાય છે. રાજનીતિકુશળ અકબરનો ઉદ્દેશ શો હતો, તે તે સમયના રાજાઓ લેશ પણ સમજી શક્યા નહોતા. વળી મોગલોની સાથે વૈવાહિક સંબંધ જોડવાનું એક કારણ રાજપૂતરાજાઓની બળહીનતા પણ છે; પરંતુ સૂર્યવંશાવતંસ-મેવાડેશ્વર મહારાણાની કન્યા વા ભગિનીની સાથે વિવાહ કરવાને કોઈપણ મોગલ-સમ્રાટ સમર્થ થયો નહોતો.કેવળ ઉદયપુરના મહારાણાઓએજ પોતાના જાતીયગૌરવની રક્ષા કરી હતી. ઇતિહાસ અનંતકાળપર્યંત આ રાણાવંશનું જયકીર્તન કરશે એમાં કિંચિત્ પણ સંદેહ નથી.

દેશીરાજાઓની સાથે વૈવાહિક સંબંધ જોડવાથી અકબરને બે મહાન લાભ થયા.પ્રથમ લાભ એ કે સગાઇને લીધે મોગલસમ્રાટ એક વિજાતીય પુરુષ છે,એવો ભાવ રાજપૂતોના મનમાંથી દૂર થયો અને તેમનો સ્નેહભાવ વૃદ્ધિંગત થયો; તથા બીજો લાભ એ કે ધીમે ધીમે સમસ્ત રાજપૂતરાજાઓની સેના સમ્રાટની સેવામાં નિયુક્ત થઇ. વાસ્તવમાં આ બે કાર્યો સિદ્ધ કરવાને માટેજ અકબરે દેશીરાજા-ઓની સાથે સંબંધ જોડવાનો ભગીરથ પ્રયત્ન કર્યો હતો. વળી તેણે એવી પણ કલ્પના કરી હોવી જોઇએ કેઃ-"દેશીરાજાઓની કન્યા દિલ્લીની બેગમ બનવાથી કાળે કરીને તેઓ પણ પોતાના

ઘટનાઓ અત્યંત વિશાળ પરિણામોના બીજરૂપ નિવડે એમાં આશ્ચર્ય નથી. મહાન અવતારો અને ધર્મશાસ્ત્રોને માનનારા અથવા તો સ્વતંત્ર બુદ્ધિવાદથી પણ નિઃસ્વાર્થ કાર્યોની મહત્તા સ્વીકારનારતરીકે પોતાને ઓળખાવનાર ધર્મભૂમિ ભારતના વર્તમાન નિવાસીઓ હેમિલ્ટન જેવા એકાદ વિદેશી નરના કંઈપણ અતિશયોક્તિવગરના આવા દૃષ્ટાંતને અનુસરતાં ક્યારે શીખશે ? ક્યારે એવાં ભગવદ્વાક્યોને ગીતાગ્રંથમાંથી, મિથ્યા બકતી જીહ્વામાંથી અથવા ફોકટ ફિલસુફીમાં રમ્યા કરતી બુદ્ધિમાંથી નિજહૃદયમાં-વર્તનમાં ધારણ કરશે ? પ્રભો ! પ્રભો ! દયા કરો ! પવિત્ર માતૃભૂમિને સ્વાર્થવૃત્તિવડે અને વિશુદ્ધ આર્યધર્મને ઉપરચોટીઆ વર્તનથી હીનતા પહોંચાડનાર અમો હતભાગ્ય ભારતપુત્રોપર !

મંત્રી સ૦ સા૦ )

પૈતૃકધર્મને જલાંજલિ આપી મુસલમાનધર્મનો અંગીકાર કરશે અને પરિણામે સર્વ મુસલમાન બની જવાથી વિજાતીય ભાવ પણ સર્વથા દૂર થઇ જશે." જો કે ઇતિહાસમાં આ વાતનું કાંઇ પ્રમાણ મળતું નથી અને સમ્રાટ અકબરે પણ પોતાના મુખથી કદિ આ વાતનો સ્વીકાર કર્યો નહોતો; પરંતુ વિચક્ષણ લોકો તરત અનુમાન કરી શકે છે કે ઉક્ત ઉદ્દેશજ તેના હૃદયમાં હતો. અસ્તુ. અકબર, જહાંગીર અને શાહજહાંએ ઉદાર રાજનીતિનું અવલંબન કરી દેશીરાજાઓ અને પ્રજાના હૃદયપર જેવો અધિકાર સ્થાપિત કર્યો હતો, તેવો અધિકાર જો ઔરંગઝેબે પણ સ્થાપિત કર્યો હોત તો મોગલસામ્રાજ્ય કદિ પણ વિચલિત થાત નહિ; પરંતુ તેણે ઉદાર રાજનીતિને જલાંજલિ આપી અવર્ણનીય અત્યાચાર, ઉત્પીડન તથા ઉપદ્રવથી હિંદુપ્રજાને ત્રાસ આપવામાં ન્યૂનતા રાખી નહિ. જો કે તે પોતાના બાહુબળથીજ પ્રબળ પ્રતાપ અને સ્વચ્છંદતાપૂર્વક વિશાળ ભારતનું સામ્રાજ્ય ચલાવવાને શક્તિવાન થયો હતો; છતાં ઉક્ત દારુણ અત્યાચારોથી હિંદુપ્રજા તેના પ્રત્યે ક્રુદ્ધ અને ભક્તિશૂન્ય થઇ ગઇ હતી. અકબર, જહાંગીર તથા શાહજહાંના સમયમાં મોગલસામ્રાજ્યપ્રતિ સાધારણ પ્રજા તથા દેશીરાજાઓની જે ભક્તિ હતી તે ભક્તિ ઔરંગઝેબના કઠોર શાસનથી સર્વથા વિલુપ્ત થઇ ગઈ અને તેથી તથા તેના દેહાન્ત પછી નિર્બલ ફર્રૂખશીઅરની અયોગ્યતાથી એ પ્રચંડ મોગલસામ્રાજ્યની શાસનશક્તિના ટુકડે ટુકડા થઇ ગયા અને અજિત મોગલસમ્રાટનું સિંહાસન ડગમગવા લાગ્યું.

મોગલસત્તા વિધ્વસ્ત થઇ ગઈ એટલે હિંદુસ્થાનમાં ચોતરફ ઉપદ્રવો પ્રવર્તી રહ્યા. જો કે આ શુભ અવસરપર રાજપૂતનૃપતિઓ પોતાના પૂર્વ પ્રતાપ, ગૌરવ તથા સત્તાની પુનઃ સ્થાપના કરવાની ઇચ્છાથી તથા સ્વતંત્રતાનું અમૃતમય ફળ ભોગવવાના હેતુથી એકતાના સૂત્રમાં પરિબદ્ધ થયા હતા; પરંતુ ભારતનું દુર્ભાગ્ય પ્રગટવાના ( પૃથ્વીરાજ ચૌહાણના અને ખરૂં જોતાં મહાભારતના ) સમયથી રાજપૂતરાજાઓમાં એકબીજાપ્રત્યે જે દ્વેષાગ્નિ સળગી રહ્યો હતો તેણે એ સમયે પ્રજ્વલિત થઇને એ એકતાને મૂળસહિત ભસ્મ કરી દીધી; તેમ છતાં પણ સમસ્ત દેશીરાજાઓએ મોગલશાસનશક્તિને ક્ષીણ થયેલી જોઇ પોતાના રાજ્યની સીમાની વૃદ્ધિ કરી સ્વાધીનતા પ્રાપ્ત કરી હતી. કેવળ મેવાડના મહારાણાએ મોગલસમ્રાટને કદિ પણ પોતાની કન્યા વા ભગિની અર્પણ કરી નહોતી. અનેક શતાબ્દીઓપર્યંત રાણાઓપર અનેક પ્રકારના અત્યાચાર થયા છતાં પણ તેમણે મોગલસમ્રાટોની આશા પરિપૂર્ણ નહિ કરીને પોતાનું ગૌરવ અખંડિત રાખ્યું હતું, તેથી ઇતર રાજાઓ ઇર્ષ્યાગ્નિથી બળી રહ્યા હતા. મોગલશાસનસમયમાં મારવાડના અધીશ્વરે મોગલસમ્રાટની સાથે વૈવાહિકસંબંધ જોડીને " રાજરાજેશ્વર " ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી તથા અંબરપતિને "રાજરાજેન્દ્ર" ની ઉપાધિ પ્રાપ્ત થઈ હતી; પરંતુ સૂર્યવંશાવતંસ મેવાડના વર્તમાન મહારાણા તો અદ્યાપિ પોતાને "અરિસિંહના પુત્ર મહારાણા ભીમસિંહ" તરીકે ઓળખાવવામાંજ માન સમજે છે.[1]

સમયના પરિવર્તન સાથે હિંદુસ્થાનમાં પ્રબલ બ્રિટિશશાસનની સ્થાપના થવાથી રાજસ્થાનના રાજપૂતરાજાઓને બ્રિટિશસરકારની સાથે સંધિ થઇ છે, તેથી સામંત શાસનપ્રણાલીમાં અતિ રૂપાંતર થઇ ગયું છે. કર્નલ ટૅાડના સમયમાં સામંતપ્રણાલી જે રૂપમાં હતી તે રૂપમાં હવે તે રહી નથી. રાજા અને સામંતોવચ્ચેના સંબંધમાં ફેરફાર થઇ ગયો છે, તોપણ કર્નલ ટૅાડ તે સમયની શાસનપ્રણાલી જોઇને તે વિષે જે કાંઈ લખી ગયા છે, તેજ ઇતિહાસના સન્માનાર્થે અમો અત્રે સાદર કરીએ છીએ. કર્નલ ટૅાડ જણાવે છે કે દેશીરાજ્યોના શાસનમાં કયી પ્રણાલી સર્વોત્તમ હોઈ શકે તેની કલ્પના હાલ કરવી કઠિન છે. આ સમસ્ત રાજ્યોની સામંતપ્રણાલીએ સ્થાયીપણે કાર્ય કર્યું હોય એમ જોવામાં આવે છે. અનેક શતાબ્દીઓની કસોટીમાંથી પસાર થઈને સામંતશાસનપ્રણાલી રાજસ્થાનમાં દૃઢ રીતે સ્થાપિત થઇ ચૂકી છે. પઠાણ અને મોગલલોકોની પ્રબળ શાસનપ્રણાલી આઠસેં વર્ષપર્યંત પોતાની ભયંકર લીલા બતાવીને આજે ભૂતકાળમાં અદૃશ્ય થઇ ગઇ છે; પરંતુ રાજપૂતસમાજના ધારા ઉપર તેની કિંચિત્ પણ અસર થઈ નથી.

---

[1] હાલમાં બ્રિટિશસરકારના શાસનસમયમાં ભારતવર્ષના રાજાઓને અનેક પ્રકારની ઉપાધિઓ પ્રાપ્ત થઇ છે. મૂળ આર્યઉપાધિઓની સાથે ફારસી ઉપાધિઓનો સંયોગ થયો અને તેની સાથે વળી અંગ્રેજી ઉપાધિઓ મળી, જેથી તે સાંભળવામાં અતિ વિચિત્ર લાગે છે.

જો રાજપૂતરાજ્યો કેટલેક અંશે ઉન્નતિની નિસરણીપર અધિક ચઢી શક્યાં હોત, જો રાજપૂતરાજાઓ પોતાના અધિકારનીચેની ભૂમિનો અત્યાચારી લૂંટારાઓના તથા અન્યાયી સામંતોના ગ્રાસમાંથી ઉદ્ધાર કરીને તેને ફળદ્રૂપ કરવાનો પ્રયાસ કરતા હોત અને સામંતો જો રાજ્યની શાંતિની રક્ષા કરવાને તથા વિજાતીયલોકોનાં આક્રમણમાંથી રાજ્યની રક્ષા કરવાને માટ નિયત સૈનિકોથી પોતાના અધીશ્વરને સહાય કરત, તો તેમને કદિપણ ધનના લોભી વિજાતીય તથા વિધર્મીલોકોની સેનાની સહાય લેવી પડત નહિ. અન્યની સહાય લેવાનો પ્રસંગ આવતાં દેશની સામંતપ્રથામાં પરિવર્તન થાય તેમાં કાંઇ નવાઇ નથી. દ્રવ્યલોભી મહારાષ્ટ્રીય તથા સિંધીસેનાની સહાય લેવાથી રાજસ્થાનની જેવી દુર્દશા થઇ ગઇ છે તેવી દુર્દશા યૂરોપનાં રાજ્યોને પણ અન્યની સહાય લેવાથી ભોગવવી પડી હતી.

યૂરોપખંડમાં સૌથી પ્રથમ ફ્રાન્સના અધીશ્વર સપ્તમ ચાર્લ્સે જે સમયે પોતાના રાજ્યમાં સ્થાયી-સેના નિયત કરીને 'ટાલિ' નામનો કરપ્રચલિત કર્યો, તે સમયે ફ્રાન્સના સામંતો વિદ્રોહી બની ગયા હતા. આ સમયપૂર્વે સમસ્ત યૂરોપના કોઇપણ રાજ્યમાં સ્થાયી સેના નહોતી. સામંતોની સેનાદ્વારાજ સર્વ કાર્યો સિદ્ધ કરવામાં આવતાં હતાં. ફ્રાન્સના જેવો બનાવ રાજસ્થાનમાં પ્રથમ કોટામાં બન્યો. સાઠ વર્ષપૂર્વે જ્યારે મેવાડના સામંતો વિદ્રોહી બની ગયા અને બીજી તરફ બળવાન વિજાતીયલોકોએ આક્રમણ કરવા માંડ્યું ત્યારે મેવાડેશ્વરે દ્રવ્યલોભી સિંધીસેનાની સહાય લીધી. તેમને તેમ કર્યા વિના છૂટકોજ નહોતો; પરંતુ તેનું પરિણામ અત્યંત હૃદયભેદક આવ્યું. સામંતો એકબીજાની સાથે લઢીને ક્ષીણબળ થઇ ગયા અને રાણાની ઉપરથી પ્રજાની ભક્તિ ઉઠી ગઇ. જયપુરપતિએ આ પ્રથાનું અધિક અવલંબન કર્યું હતું. જો કે તેમણે પુષ્કળ પગારદાર સૈનિકો નિયત કર્યા હતા, તથાપિ તેમને યથાસમય પગાર નહિ મળવાથી તેઓ રાજ્યની રક્ષા કરતા નહોતા અને વિદેશમાં પણ તેમનો કોઈ ભય માનતું નહોતું. મારવાડના સામંતો મહા પ્રબળ હતા તેથી મારવાડરાજ પ્રથમ વિજાતીયસેનાની સહાય લેવાને કોઈપણ પ્રકારે સમર્થ થયા નહોતા; પરંતુ અંતે પઠાણોએ ભયંકર મૂર્તિસહિત મારવાડમાં પ્રવિષ્ટ થઇ તે દેશ સર્વથા છિન્નભિન્ન કરી નાખ્યો. રાજસ્થાનનું પ્રત્યેક રાજ્ય આ પ્રકારે વિધ્વસ્ત થઇ ગયા પછી એક મહાબળવાન જાતિએ આવીને તેપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો.

**પટાવતોનાં કર્તવ્ય**—વિખ્યાત ઇતિહાસવેત્તા હેલૅમ જણાવે છે કે:-"એક પક્ષમાં આશ્રય અને બીજા પક્ષમાં ભક્તિ એજ સામંતપ્રથાનું મૂળ છે. જેમ સામંતને શિર પોતાના અધીશ્વરની સેવા કરવાની ફરજ નાખવામાં આવી હતી, તેમ રાજાને માથે તેની રક્ષા કરવાની ફરજ નાખવામાં આવી હતી; અને જો તેઓ આ નિયમનું ઉલ્લંઘન કરતા તો એકની ભૂમિ ખુંચવી લેવામાં આવતી અને બીજાનું પ્રભુત્વ નાશ પામતું.[1]

આ પરથી સામંતપ્રથાનો મૂળ ઉદ્દેશ સારી રીતે સમજી શકાય છે. સામંત અને રાજા એ ઉભય પરસ્પર સહાય કરવાને માટે સંપૂર્ણ રીતે બંધાયેલા છે. આ સરલ સત્ય ખુદ રાજપૂતોના બે પત્રોપરથી સ્પષ્ટરીતે વ્યક્ત થશે. એક પત્રમાં રાજા અને સામંતોનાં પરસ્પરનાં કર્તવ્યો શું છે, તેવિષે મારવાડના સામંતોનો અભિપ્રાય દર્શાવેલો છે; અને બીજામાં સામંતોના હક્કો, તેપર કરવામાં આવતો હસ્તક્ષેપ અને તેના ઉપાયવિષે રાજસ્થાનના પ્રધાન સામંતોપૈકી દેવગઢના સામંતોનો અભિપ્રાય છે.

પૂર્વે મારવાડનો કોઈ નૃપતિ જો સામંતોની ઉપર અત્યાચાર કરતો તો તેનું પરિણામ અતિ અનિષ્ટકારક આવતું. આવા પ્રસંગે સમસ્ત સામંતો એકત્રિત થઇ તેના જીવનને અને સિંહાસનને વિપત્તિમાં નાખી દેતા હતા. મારવાડના સામંતો જણાવે છે કે:-" જો તે (રાજા) આપણી સેવાનો સ્વીકાર કરે તો તે આપણો નેતા છે અને જો તે આપણી સેવાનો સ્વીકાર ન કરે તો તે માત્ર આપણો બરોબરીઓજ છે અને આપણે તેના બંધુ છીએ તથા ભૂમિપર આપણો હક્ક છે." મારવાડના સામંતોનાં આ ધૃષ્ટતાભરેલાં તથાપિ માનભરેલાં વાક્યોમાં કેટલું બધું રહસ્ય સમાવિષ્ટ થયેલું છે !

દેવગઢના સામંતની સાથે તેના તાબાના સરદારોને જે સમયે તકરાર થઇ તે સમયે તે સરદારોએ પણ મારવાડના સામંતોના જેવોજ અભિપ્રાય પ્રદર્શિત કર્યો હતો. મારવાડેશ્વરની સાથે તેમના સામંતો જે પ્રકારે સંધિબંધનથી પરિબદ્ધ થયા હતા, તે પ્રકારે દેવગઢપતિની સાથે તેમના તાબાના સરદારો પણ સંધિથી જોડાયા હતા. આથી ઉભય પક્ષો જાતીયરાજનીતિને પુષ્ટિ આપવાને માટે એકસરખી રીતે

[1] જુઓ હેલૅમ ૧લું વોલ્યુમ પૃષ્ઠ ૧૭૩

પ્રયત્ન કરતા હતા.

યૂરોપમાં સામંતપ્રથાવાળા દેશોમાં વારંવાર આ પ્રશ્ન ઉપસ્થિત થતો હતો કેઃ—"સામંતો પોતાના નાયકની સેવા કરવાને બંધાયેલા છે કે રાજાની સેવા કરવા બંધાયેલા છે?" આ પ્રશ્નનો ઉત્તર રાજસ્થાનમાં નીચે પ્રમાણે મળે છે. જો રાજસ્થાનના કોઇ રાજપૂતસામંતને એવો પ્રશ્ન પૂછવામાં આવે કેઃ—"તમે રાજાની સેવા કરવાને બંધાયેલા છો કે તમારા નાયકની?" તો તે એવો પ્રત્યુત્તર આપશે કેઃ—"રાજકા માલિક વહ, મસ્તકકા માલિક યહ" અર્થાત્ "રાજ્યનો માલિક રાજા છે, પરંતુ મારા મસ્તકનો માલિક તો મારો અધિનાયકજ છે." રાજપૂતસામંતો પોતાના સરદારની આજ્ઞાનું પાલન કરવાનુંજ સર્વ પ્રકારે ઉચિત સમજે છે.

ઉત્કૃષ્ટ વા નિકૃષ્ટ શ્રેણીના સરદારો સદા પોતાથી બળવાન માણસના અત્યાચારથી મુક્ત રહેવાને માટે સચેત રહે છે. જો રાજપૂતસામંતો અને તેમના સરદારની વચ્ચે ભારે વાદવિવાદ ઉત્પન્ન થાય તો રાજાને તેનો ફેંસલો કરવાનું કાર્ય સોંપવામાં આવે છે. રાજાની સાથે સામંતોને જેવો સ્વામી અને દાસનો સંબંધ છે, તેવો કોઇપણ પ્રકારનો સંબંધ રાજા અને સામંતોની પ્રજા વચ્ચે નથી. સામંતના હાથનીચેના ઉપસામંતો વા પ્રજા પ્રત્યક્ષ રીતે રાજાની આજ્ઞાનું પાલન કરવાને કોઇપણ રીતે બંધાયેલી નથી. અન્ય પક્ષમાં તેમને રાજાની તરફથી કોઇપણ પ્રકારનું પારિતોષિક વા અનુગ્રહની પ્રાપ્તિ પણ થઇ શકતી નથી. સામંત જો આજ્ઞા કરે તો તેઓ રાજાની કાંઇ સેવા કરે છે; પણ રાજા પોતે કોઇ ઉપસામંત વા પ્રજાજનને બારોબાર બોલાવી તેને કોઇ કાર્યમાં કદિપણ નિયુક્ત કરી શકતો નથી. ઉપસામંતો તથા સામંતોના અધિકારનીચેની પ્રજા સામંતોને એટલી બધી અનુગત હોય છે કે જો તેઓ પોતાના તાબાના સરદારોને તથા પ્રજાજનોને રાજાની વિરુદ્ધ વિદ્રોહ કરવાની આજ્ઞા કરે તોપણ તેઓ કિંચિત્ પણ વિચાર કર્યા વિના તેમ કરવાને તત્પર થઇ જાય છે. સામંતના દુષ્ટ તથા અન્યાયમૂલક ઉદ્દેશની વિરુદ્ધ બોલવાની કોઈ હામ કરી શકતું નથી. સામંતનું અનુસરણ કરવું એજ ઉપસામંતો તથા પ્રજાજનોનું કર્તવ્ય ગણાય છે. જો સામંત રાજભક્ત હોય તો તેઓ પણ રાજભક્તિ દર્શાવી જન્મભૂમિ તથા સ્વજાતિનું ગૌરવ વૃદ્ધિગત કરવાને માટે પ્રાણોત્સર્ગ કરે છે અને જો સામંત વિદ્રોહી હોય તો તેઓ પણ વિદ્રોહી બનતાં જરાપણ અચકાતા નથી. આ વિધાનના પ્રમાણસ્વરૂપ અનેક દષ્ટાંતો ઉધ્ધૃત કરી શકાય એમ છે, પરંતુ તે અત્ર અનાવશ્યક લાગે છે; કારણકે મૂળ ઇતિહાસ વાંચવાથી પાઠકોને સુવિદિત થઇ ગયું છે કે, અનેક વાર સામંતોએ વિદ્રોહ કર્યો ત્યારે તેના તાબાના સમસ્ત ઉપસામંતો તથા પ્રજાજનોએ રાજાની વિરુદ્ધ ખડા થઇને અત્યંત ભયંકર અને શોચનીય કાર્ય કર્યું હતું.[1] સામંત જ્યારે સગો અને એક રક્તનો હોય ત્યારેજ તેના તાબાના સરદારો અને પ્રજાજનો તેની આજ્ઞાનુસાર રાજાની સામે વિદ્રોહ કરે છે એમ સમજવું નહિ; પરંતુ તે ભિન્ન રક્તનો હોય તોપણ તેઓ તેની સર્વ આજ્ઞા શિરસાવંદ્ય કરે છે અને તેને માટે પોતાના પ્રાણનું બલિદાન આપવાને પણ વિલંબ કરતા નથી.

જે સરદારોને રાજાની સાથે કાંઇ સાક્ષાત્ સંબંધ હોતો નથી, જેમને રાજાની આજ્ઞાનુસાર વર્તન કરવાનું હોતું નથી,પણ સામંતની આજ્ઞાનુસાર વર્તવાનું હોય છે તેમની ઉપર રાજા કોઇ પણ પ્રકારની સત્તા ચલાવી શકતો નથી, એ ઉપર જણાવેલી હકીકતપરથી સિદ્ધ થાય છે. ખાસકરીને જે ઉપસામંતો પોતાના સ્વામીનું મનરંજન કરવાને વિશેષ અભિલાષી હોય છે, તેઓ રાજાની પાસેથી ગુપ્ત રીતે કોઈ પણ પ્રકારનો પુરસ્કાર વા અનુગ્રહ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતા નથી. જો કોઇ ઉપસામંત રાજાનો અનુગ્રહ વા સન્માન પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરે તો તેના સ્વામીની તેની ઉપર ખફાદષ્ટિ થાય છે. દેવગઢના સામંતે એક સમયે કાંઇ કાર્યને માટે પોતાના એક સરદારને રાણાના મહાલયમાં મોકલ્યો હતો. તે સરદારનું મિષ્ટ ભાષણ, દક્ષતા, વિજ્ઞતા અને વ્યવહારકુશળતાથી પરમ સંતુષ્ટ થઇને મહારાણાએ તેને પોતાના દરબારમાં બેસવાનો અધિકાર આપીને સન્માનિત કર્યો. કાર્ય સમાપ્ત થઇ ગયા પછી જ્યારે તે સરદાર દેવગઢમાં ગયો, ત્યારે તેના સાંભળવામાં આવ્યું કે સામંત તેને મળેલા સન્માનથી અત્યંત ક્રુદ્ધ-

[1] મારવાડના ઇતિહાસમાં નિમાજના સામંતના મૃત્યુવિષે તથા શિવગઢના વિદાઇવિષે વિશેષ વર્ણન કરવામાં આવશે.

થયો છે. સામંતે તેને જણાવ્યું કે:—"આ તો મોટો અન્યાય થયો છે." તે સમયથી તે સરદાર પોતાના સ્વામીની કૃપા ખોઇ બેઠો હતો.

તાબાના સરદારો કયી કયી આજ્ઞાઓનું પાલન કરવાને બંધાયેલા છે તેની સૂચી આપવી અશક્ય છે; કારણ કે તેઓ પ્રાયઃ સમસ્ત આજ્ઞાઓનું પાલન કરે છે. તેઓ સદા પોતાના અધીશ્વરની સભામાં હાજર રહે છે, તેની સાથે મૃગયા ખેલવાને જાય છે અને તેની સાથે રાજાની સભામાં વા યુદ્ધક્ષેત્રમાં જાય છે; એટલુંજ નહિ પરંતુ સામંત જો શત્રુઓદ્વારા બંદીવાન થાય તો તેઓ તેની સાથે શત્રુની છાવણીમાં પણ રહે છે.

રાજસ્થાનના નૃપતિઓ, સામંતો તથા તેમના હાથનીચેના સરદારો, એ ત્રણે એકબીજા ઉપર અકૃત્રિમ વિશ્વાસ રાખવા વડે પોતાની જાતીયસત્તા પ્રબળ કરી ગયા છે, પોતાની સ્વાધીનતાની રક્ષા કરી ગયા છે તથા ગૌરવ પ્રાપ્ત કરી ગયા છે. આ શુભ ફળ સામંતશાસનપ્રણાલીનુંજ છે. આ શાસન-પ્રણાલી રાજાને જેટલી સત્તા આપે છે, તેથી આધક સત્તા જો તે સામંતો ઉપર વાપરે તો તેને તેનું અનિષ્ટકારક ફળ ભોગવવું પડતું હતું. આવા પ્રસંગે સર્વ સામંતો એકત્રિત થઇને રાજાનું જીવન તથા સિંહાસન વિચલિત કરી નાખતા હતા. અન્ય પક્ષે જો સામંતો પોતાના સામંતનાં સરદારોપર અત્યાચાર કરવાને પ્રવૃત્ત થતા તો તેઓ પણ તેમને વિપત્તિમાં નાખતા હતા. આથી કોઈ પણ માણસ સ્વેચ્છાચાર કરી શકતો નહોતો. આ શાસનપ્રણાલીએ સર્વની સત્તા અને સર્વનું કર્તવ્ય દીર્ઘકાળથી નિયત કરી દીધું છે. જે જાતિએ પોતાની દીર્ઘકાલિન સામંતપ્રથાની રક્ષા કરવાને માટે પ્રાણાર્પણ કરતાં સુદ્ધાં વિલંબ કર્યો નથી, તે જાતિ સ્વેચ્છાચારી બનીને તે અવગુણના મુખમાં પોતાની સ્વાધીનતાનું બલિદાન શામાટે આપે ?



# अध्याय ३४ मो

## સામંતશાસનપ્રણાલીની પ્રધાન પ્રધાન વ્યવસ્થા—સનંદોનો સમય.

પાશ્ચિમાત્ય દેશોની શાસનપ્રણાલીમાં જે જે વ્યવસ્થા હતી તે સર્વ રાજપૂતરાજ્યોમાં આજપર્યંત વિદ્યમાન છે. કર્નલ ટૉડે તેના ૭ પ્રકાર અત્રે જણાવ્યા છેઃ-(૧) નજરાણું આપવું, (૨) ભૂમિનો અધિકાર બીજાના હાથમાં જવો, (૩) સામંત પુત્રહીન દશામાં મરણ પામે તો રાજા તેની ભૂમિ હસ્તગત કરે છે, (૪)રાજાને રાજદ્વારી કિંવા સાંસારિક કાર્ય કરવું હોય ત્યારે તે પ્રજાની પાસેથી દ્રવ્ય લઇ શકે છે, (૫) કોઇ સામંતનો પુત્ર સગીર હોય ત્યારે રાજા તેનું પ્રતિપાલન કરે છે, (૬) વિવાહ.

**નજરાણું**—સામંતપ્રથાનું પ્રધાન ચિન્હ નજરાણું છે. નજરાણાદ્વારા રાજાની પ્રભુતા અને સામંતની સહાનુભૂતિ પ્રકટ થાય છે. એક સામંત રાજાની પાસેથી જાગીર ગ્રહણ કરતી વખત જેટલું નજરાણું આપવાનો સ્વીકાર કરે છે, તેટલું નજરાણું તેને તથા તેના ઉત્તરાધિકારીઓને આપવું પડે છે. મેવાડમાં એવો ધારો છે કે, જ્યારે સામંત મરણ પામે ત્યારે તેના પુત્રને ભૂમિને માટે નવીન સનંદ મળે છે. સામંતનો પુત્ર નવીન સનંદ પ્રાપ્ત કરી પોતાના પિતાના પદપર અભિષિક્ત થતી વખતે જે દ્રવ્ય રાજાને આપે છે તેને પાશ્ચાત્યવિદ્વાનો નજરાણું કહે છે. પાશ્ચાત્યરાજ્યોમાં આ નજરાણાની રકમ પૂર્વે નિયત હતી. રાજા પોતે તે રકમ નિશ્ચિત કરતો હતો, તેથી પુષ્કળ અસંતોષ પણ ફેલાતો હતો. પાશ્ચાત્યરાજ્યોમાં પૂર્વે કરની રકમ પણ નિશ્ચિત નહોતી.

ઇંગ્લાંડના અધીશ્વરના ભયંકર અત્યાચારોનું જે સમયે નિવારણ કરવામાં આવ્યું અને જે સમયે તેણે સામંત અને પ્રજાનો પક્ષ પ્રબળ જોઇને પ્રજાની સ્વતંત્રતા કબૂલ રાખવાની સનંદ (મેગ્ના ચાર્ટા)-પર હસ્તાક્ષર કર્યા, તે સમયથી સામંતના અભિષેકપ્રસંગે રાજાને નજરાણાતરીકે અમુક નિયત રકમ અપાવા લાગી.[1] ફ્રાંસનો રાજા સામંતના અભિષેકપ્રસંગે તેની પાસેથી તેની એક વર્ષની ઉપજ નજરાણાતરિકે લેતો હતો. આજ પ્રકારે મેવાડના સામંતો પણ પોતાનો અભિષેક થાય ત્યારે મહારાણાને પોતાની એક વર્ષની ઉપજ નજરાણાતરિકે આપીને તેમની પાસેથી પોતાની જાગીરની નવીન સનંદ લે છે. આ પરથી એમ માનવાને કાંઇપણ પ્રયોજન નથી કે, મેવાડના સામંતોએ ફ્રાંસના સામંતોનું અનુકરણ કર્યું છે; કારણ કે ફ્રાંસમાં ઉક્ત પ્રથા પ્રચલિત થઇ તે પૂર્વે દીર્ઘકાળથી તે મેવાડમાં પ્રચલિત છે.

મેવાડમાં જ્યારે એક સામંત મરણ પામે છે, ત્યારે મહારાણા જુબતિ[2] નામના લોકોને તેના પ્રદેશપર અધિકાર કરવાને મોકલે છે. આ લોકોનો નેતા એક દિવાની અમલદાર અને કેટલાક સૈનિકોને પોતાની સાથે લઇને તે પ્રદેશમાં જાય છે અને રાણાના નામથી તેપર અધિકાર સ્થાપિત કરે છે. આ

---

૧ અર્લ લોકોના વંશજો પોતાના પિતાનું પદ અને સંપત્તિ ગ્રહણ કરતી વખતે ૧૦૦ મુદ્રા આપે છે. બેરન લોકોના વંશજો ૧૦૦ માર્ક અને નાઇટ લોકોના વંશજો ૫૦ મુદ્રા નજરાણાતરીકે આપે છે. ( જુઓ મેગ્નાચાર્ટાની ત્રીજી કલમ ) .

૨ જે લોકો સામંતનું મરણ થયા પછી તેના પ્રદેશને રાણાના અધિકારમાં લેવાને જાય છે, તેને જુબતિ કહેવામાં આવે છે.

સમયે ઉક્ત મૃતસામંતનો પુત્ર વા ઉત્તરાધિકારી મહારાણાને તે પ્રદેશ પોતાને સોંપવાને પ્રાર્થના કરે છે અને નિયમાનુસાર નજરાણું આપવાનો સ્વીકાર કરે છે. તે મહારાણાપર નજરાણું મોકલે છે ત્યારપછી મહારાણા તેને પોતાની રાજસભામાં બોલવે છે. તે સામંત રાજસભામાં જઇ મહારાણાને દંડવત્ પ્રણામ કરે છે. ત્યારપછી તે સામંતપદનાં સર્વ કર્તવ્યોનું અને મહારાણાની સર્વ આજ્ઞાનું પાલન કરવાની પ્રતિજ્ઞા કરે છે, એટલે મહારાણા તેને નવીન સનંદ આપે છે. મહારાણા પ્રાચીન રીત મુજબ નવીન સામંતની કમ્મરે તલવાર લટકાવી અભિષેકકાર્ય સમાપ્ત કરે છે. આ અભિષેકનો મહોત્સવ અત્યંત સુંદર લાગે છે. અભિષેકના મંડપમાં સમસ્ત સામંતોની સભા ભરાય છે. ઉપર જણાવ્યા પ્રમાણે આ સભામાં મહારાણા નવીન સામંતની કમ્મરે તલવાર બાંધીને તેને ઘોડો, દુપટ્ટો અને શાલ ઉપહારતરિકે આપે છે. અભિષેકકાર્ય સમાપ્ત થયા પછી ઉક્ત ભુપતિલોકો પાછા ચાલ્યા આવે છે. ત્યારપછી નવીન સામંત રાજપ્રસાદ પ્રાપ્ત થવાથી પરમ આહ્લાદિત થઈ પોતાના દેશમાં જાય છે અને ત્યાં સ્વજનોનો આશીર્વાદ પ્રાપ્ત કરે છે.

નવીન સામંતના અભિષેકપ્રસંગે મહારાણા તેની કમ્મરે તલવાર બાંધવાની જે વિધિ કરે છે તેને 'ખડ્ગબંધી' કહેવામાં આવે છે. રાજપૂતબાળક જ્યારે શસ્ત્ર ધારણ કરવાને સમર્થ થાય છે ત્યારે પણ આ ક્રિયા કરવામાં આવે છે. અતિ પ્રાચીનકાળથી રાજસ્થાનમાં આ રીતિ પ્રચલિત છે. પ્રાચીન જર્મનલોકોમાં પણ બાળકોને ભાલા આદિ શસ્ત્રો આપવાની ક્રિયા કરવામાં આવતી હતી. રોમનયુવકો પણ આ રીતે વિધિપૂર્વક શસ્ત્રો ધારણ કરતા હતા. રાજસ્થાનમાં આ પ્રથા ઘણી પ્રબળ છે. મેવાડના મહારાણા સલુંબરના સામંતદ્વારા ખડ્ગબંધીની ક્રિયા કરાવે છે અર્થાત્ સલુંબરાના અધિપતિ તેમની કમ્મરે તલવાર બાંધે છે.

જે સમયે રાજસ્થાનનાં પ્રાયઃ સમસ્ત રાજપૂતરાજ્યો વિજાતીયલોકોનાં આક્રમણ, અત્યાચાર અને ઉત્પીડનથી અત્યંત હીન દશાને પ્રાપ્ત થયાં હતાં, તે સમયમાં કેટલાક બળવાન સામંતોએ પોતાના અધીશ્વરને નજરાણું આપવું બંધ કર્યું હતું. આ કારણથી એ પ્રણાલીનું મૂળ સ્વરૂપ ગુપ્ત રીતે બદલાઇ ગયું. નજરાણું છૂટી ગયું અને રાજા સામંતોના તાબાના દેશપર પોતાનો અધિકાર સ્થાપિત કરી શકયા નહિ. આ પ્રમાણે રાજાઓની અત્યંત હીન દશામાં નજરાણું બંધ થઇ ગયું હતું.

**ભૂમિનો અધિકાર બીજાના હાથમાં જવો**—સામંતશાસનપ્રણાલીમાં ભૂમિનો અધિકાર અન્યના હાથમાં જાય એવી વ્યવસ્થા નથી. જો ભૂમિને વેચી નાખવામાં આવે વા તે બીજાના હાથમાં જાય તો મૂળ પ્રણાલી સર્વથા નષ્ટ થવાનો સંભવ છે, જેથી રાજા કોઇ પણ પ્રકારે કોઇ સામંતને કોઇ ભૂમિ ઇતર માણસને વેચવા દેતો નથી; તથાપિ વિશેષ મહત્ત્વની ઘટનામાં હસ્તાંતર કરવાની વ્યવસ્થા રાખવામાં આવી છે.

**કચ્છના જાડેજા**[1]—જો કે કચ્છમાં સામંતોના તાબાના સરદારો પોતાના અધીશ્વરથી પોતાની ભૂમિ પૃથક્ કરી શકે છે, પરંતુ રજસ્થાનમાં તે રિવાજ પ્રચલિત નથી.રાજસ્થાનના સરદારો કેવલ ધર્મ-કાર્યમાં દાનતરિકે પોતાની ભૂમિ આપીને તેને સ્વતંત્ર કરી શકે છે; પરંતુ તેમાં પણ તેમને રાજાની અનુમતિની આવશ્યકતા રહે છે.

દેવગઢના સામંતે રાણાની અનુમતિવિના તથા સરદારોની અનિચ્છા હોવા છતાં એક વાર પોતાની ભૂમિ અન્ય માણસને અર્પણ કરી દીધી હતી, તેથી રાણાએ તેની સર્વ ભૂમિ ખુંચવી લીધી હતી, અંતે જ્યારે ચાલતી આવેલી રાજનીતિઅનુસાર ચાલવાને તે સમ્મત થયો ત્યારે તેને તેની જાગીર પાછી સોંપવામાં આવી હતી.

જે જે કૃષિકારો પ્રત્યક્ષ રાણાની પાસેથી પટો ગ્રહણ કરીને કૃષિકાર્ય કરે છે,તેઓ થોડા રૂપિયા આપીને ભૂમિપર સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત કરી શકે છે. રાજા માત્ર કરનોજ અધિકારી હોય છે.

**ભૂમિ પાછી લઇ લેવી**—જે સામંતોને ભૂમિ આપવામાં આવે છે, તેઓ વંશપરંપરા તેનો ઉપભોગ લે છે; પરંતુ તેઓ દત્તકપુત્ર ગ્રહણ કરી શકતા નથી વા અન્ય કોઇને તે ભૂમિ આપી શકતા

[1] કચ્છની રાજપૂતજાતિ જાડેજાના નામથી પ્રસિદ્ધ છે. તે પોતાને યદુવંશી અને શ્રીકૃષ્ણના વંશજતરિકે ઓળખાવે છે. પૂર્વે આ લોકો સિંધુનદીના તટપર વાસ કરતા હતા.

પણ નથી. કોઇ સામંત અપુત્ર મરણ પામે તો આધિપતિ તે ભૂમિ પાછી ખુંચવી લે છે. કર્નલટૉડ જણાવે છે કેઃ-" આ રીતે મહારાણાને ભૂમિ પાછી ખુંચવી લેતાં મેં પોતે પણ જોયા છે. કોઇ સામંત કાંઇ અપરાધ કરે ત્યારે પણ અપરાધના પ્રમાણમાં કોઈની સમસ્ત જાગીર તો કોઈની જાગીરમાંનો કેટલોક ભાગ ખુંચવી લેવામાં આવે છે. પશ્ચિમનાં રાજ્યોમાં પણ પૂર્વે આ રીતિ પ્રચલિત હતી."

હાલમાં મારવાડરાજ્યના સામંતોમાંથી પ્રથમ શ્રેણીના પ્રાયઃ સમસ્ત સામંતો ભિન્ન દેશમાં વાસ કરે છે. મારવાડના રાજવંશની એક શાખામાંથી ઉત્પન્ન થયેલા ઇડરના મહારાજા પણ તેજ પ્રમાણે પોતાના રાજ્યના સમસ્ત સામંતોને દેશપાર કરવાને ઉદ્યત થયા હતા; પરંતુ મુંબઇઇલાકાના તે સમયના ગવર્નર મહાશય એલ્ફિન્સ્ટને રાજાનો તે પ્રયાસ નિષ્ફળ કર્યો હતો.

જે લોકો પોતાનાં ઉદ્યોગ, વીરતા વા બુદ્ધિભરેલા કાર્યથી રાજા અને રાજ્યની ઉપર ઉપકાર કરે છે, તેને જીવનપર્યંત ભોગવવાને માટે રાજા એક પ્રકારની ભૂમિ આપે છે. આ ભૂમિ આ પ્રકારના કાર્યને માટેજ પૃથક્ રાખવામાં આવી હોય છે. તેનું નામ ચારુતર છે. જેની પાસે આ ભૂમિ હોય તેનો પરલોકવાસ થયા પછી તેનાપર પુનઃ રાણાનો અધિકાર સ્થાપિત થાય છે. તે સિવાય રાજા ઉપર ઉપકાર કરનાર લોકોને તેઓ વંશપરંપરાને માટે પણ ભૂમિ આપે છે. આ ભૂમિનો તેના ઉત્તરાધિકારીઓ પણ ભોગવટો કરી શકે છે.

**નૃપતિને કરવામાં આવતી સહાય**—જ્યારે રાજ્યમાં યુદ્ધ ઉપસ્થિત થાય વા રાજાનું કોઇ સાંસારિક કાર્ય ઉપસ્થિત થાય, તે સમયે રાજા પોતાની પ્રજા પાસેથી તેની ઉપજનો દશમો ભાગ લે છે. રાજાની પેઠે સામંતો પણ આવશ્યકતા પડતાં આજ પ્રકારે પોતાના તાબાની પ્રજા પાસેથી ધનસંગ્રહ કરે છે. રાજકન્યાનો વિવાહપ્રસંગ આવે ત્યારે પ્રજાની પાસેથી આ પ્રકારે સહાય લેવામાં આવે છે. કેટલાંક વર્ષો પૂર્વે રાણાની બે કન્યાઓ અને એક પુત્રના વિવાહ જેસલમીર, બિકાનેર અને કૃષ્ણગઢના રાજાઓને ત્યાં થયા ત્યારે પ્રજાને પોતાની ઉપજનો છઠ્ઠો ભાગ આપવાને આજ્ઞા કરવામાં આવી હતી; પરંતુ તેમને આઠમા ભાગથી અધિક ધન મળી શકયું નહિ. આવા પ્રસંગે પ્રજાની સાથે રાજ્યના દિવાની અમલદારો પણ રાજાને દ્રવ્ય આપે છે. કેવલ શ્રીમંતલોકોની પાસેથીજ આ પ્રકારે દ્રવ્ય લેવામાં આવે છે એમ નહિ; પરંતુ સામંતો પોતાના તાબાની રંક પ્રજા પાસેથી પણ ધન લે છે. આવા પ્રસંગો કોઇ કોઇ સમયેજ આવતા હોવાથી પ્રજાને તેથી ઝાઝું કષ્ટ થતું નથી.

પૂર્વે પશ્ચિમના દેશોમાં પણ લગ્નનિમિત્તે પ્રજા પાસેથી દ્રવ્ય લેવામાં આવતું હતું. ઇતિહાસવેત્તા હૅલેમ જણાવે છે કેઃ-" સામંતશાસનપ્રણાલીની શરૂઆતની અવસ્થામાં કોઇ પણ પ્રકારનો કર નિશ્ચિત નહોતો. કેવલ આવશ્યતા હોય ત્યારેજ ઉક્ત પ્રકારે ધનની સહાય લેવામાં આવતી હતી; પરંતુ પાછળથી રાજાઓ ધનવાન થવા છતાં તે નિમિત્તે કર લેતા હતા."

રાજાનું અનુકરણ કરીને પ્રધાનસામંતો પણ પોતાની કન્યાના વિવાહપ્રસંગે ઉક્ત પ્રકારે દ્રવ્યસંચય કરે છે. પ્રજા પણ પોતાની શક્તિ પ્રમાણે આનંદપૂર્વક તેમને દ્રવ્ય આપે છે. તેઓ રાજાની કન્યાના વિવાહપ્રસંગે સહાય કરવામાં સન્માન માને છે. ફ્રાન્સની પ્રાચીન સામંતશાસનપ્રણાલીમાં પણ આ પ્રકારે દ્રવ્ય લેવાનો નિયમ હતો અને ઇંગ્લાંડના મેગ્નાચાર્ટાપરથી જણાય છે કે ત્યાંના સામંતો પોતાના જ્યેષ્ઠ પુત્રને અમીરની પદવી આપવાનો સમારોહ કરે ત્યારે અને પોતાની જ્યેષ્ઠ પુત્રીને પરણાવે ત્યારે તથા પોતે બંદી થઇને શત્રુના પંજામાં સપડાય ત્યારે, રંક પ્રજાની પાસેથી પણ સહાય લેતા હતા. પોતાનો અધિનાયક જ્યારે શત્રુઓના પંજામાં સપડાય, ત્યારે રાજપૂતો તો ઇંગ્લાંડના લોકો કરતાં પણ વિશેષ સ્વામીભક્તિ પ્રદર્શિત કરે છે. જો ઇંગ્લાંડનો બહાદૂર રાજા રિચર્ડ રાજપૂતોનો આધપતિ હોત તો તેને દીર્ઘકાળપર્યંત ઑસ્ટ્રીઆમાં બંદીવાન થઇને રહેવું પડત નહિ.

અંબર અર્થાત્ જયપુરમાં આ પ્રકારની સહાય કેવળ યુવરાજના વિવાહપ્રસંગેજ લેવામાં આવે છે.

**સામંતના સગીર પુત્રની અધીશ્વરદ્વારા રક્ષા**-જો કોઇ સામંત સગીર પુત્ર મૂકીને મરણ પામે તો તેના દેશનો પ્રબંધ કરવાને માટે યોગ્ય પ્રયત્ન કરવામાં આવે છે. પછી જ્યારે તે સામંત યુવાવસ્થામાં આવે છે, ત્યારે તેના હાથમાં તેના દેશની વ્યવસ્થાનો ભાર સોંપવામાં આવે છે. જો રાજા પોતાના એકાદ કૃપાપાત્ર સામંતના હાથમાં સગીર સામંતની મિલકતની વ્યવસ્થાનો ભાર સોંપે તો તેથી

અનિષ્ટકારક પરિણામ પણ આવે છે. યૂરોપમાં પણ આમજ થતું હતું. મૃતસામંત જે શાખાનો હોય તેજ શાખાના એક સામંતને મહારાણા તેની જાગીરની વ્યવસ્થાનો ભાર સોંપે છે. કોઈ કોઇવાર મહારાણા પોતે પણ તે મિલ્કતનો પ્રબંધ કરે છે અને કોઇ કોઇ વાર સગીરસામંતની માતા પણ તે દેશની વ્યવસ્થા કરે છે.

**વિવાહ**-વિવાહપૂર્વે સર્વ સામંતો તે સંબંધે પોતાના સ્વામીની આજ્ઞા લે છે. વિવાહપ્રસંગે રાજા સામંતના પદ તથા મર્યાદાનુસાર વસ્ત્રાભૂષણો ઉપહારસ્વરૂપે આપે છે.

કોઈપણ રાજપૂત પોતાની શાખાના કોઈ પુરુષની કન્યાનું પાણિગ્રહણ કરતો નથી. જર્મનીમ પણ આજ પ્રકારે કોઇ સામંતને પોતાની શાખાના કિંવા રાજવંશના કોઇ પુરુષની કન્યા સાથે લગ્ન કરવાની આજ્ઞા નહોતી.

**ભૂમિના અધિકારનો સમય**-મેવાડમાં બે પ્રકારના જમીનદારો છે. તેમાં એક શ્રેણીના જમીનદારોની સંખ્યા વિશેષ છે. એક પ્રકારના જમીનદારો ગરાસીઆ કહેવાય છે અને બીજા ભૂમીઆ કહેવાય છે. જે સામંતો રાણાની પાસેથી પટો લઇને ગરાસ વા નિર્વાહને માટે ભૂમિ પ્રાપ્ત કરે છે, તેઓ ગરાશીઆ કહેવાય છે. આ લોકો શાસનપ્રણાલીના નિયમાનુસાર નિયત સંખ્યામાં સૈનિકો રાખે છે. રાજ્યમ કોઇ સમયે સમર ઉપસ્થિત થાય, ત્યારે આ લોકો રાજાની સાથે શત્રુઓની સામે યુદ્ધ કરવાને જાય છે મેવાડના સામંતો આ સિવાય વર્ષમાં કેટલાક માસપર્યંત રાજધાની ઉદયપુરમાં રહીને રાણાની સેવ કરે છે. આ શ્રેણીનો કોઇ સામંત મરણ પામે તો તેનો પુત્ર રાણાને નજરાણું આપીને પોતાના પૈતૃક પદની પ્રાપ્તિને અર્થે પ્રાર્થના કરે છે અને રાણા પ્રસન્ન ચિત્તથી તેને સામંતપદપર અભિષિક્ત કરે છે.

જે લોકો ભૂમીઆ કહેવાય છે તેમાંનો કોઇ પરલોકવાસ કરે તો તેના ઉત્તરાધિકારીને તેની ભૂમિને માટે બેવાર સનંદ આપવામાં આવે છે. ભૂમીઆએ રાજાને વાર્ષિક ખંડણી આપવી પડે છે. ભૂમીઆ લોકો જે દેશમાં નિવાસ કરે છે તે દેશનું કેટલુંક રાજકાર્ય તેમને વર્ષના કેટલાક માસપર્યંત કરવું પડે છે 'ભૂમીઆ' શબ્દજ જણાવે છે કે મેવાડના વાસ્તવિક જમીનદારો તેઓજ છે. ભારતવર્ષમાં જમીનદાર શબ્દ પ્રચલિત થયા પૂર્વે ભૂમીઆ શબ્દનો તેને સ્થાને ઉપયોગ થતો હતો. યવનોના કાળથીજ આપણા લોકોમાં જમીનદાર શબ્દનો પ્રચાર થયો છે. બંગાળાના જમીનદારો અને મેવાડના ભૂમીઆનો સમાન અધિકાર છે

**ગરાસીઆ**-ગરાશ શબ્દમાંથી ગરાસીઆ શબ્દની ઉત્પત્તિ થઈ છે. ગ્રાસ-ગરાસનો અર્થ 'કોળીઓ પાશ્ચાત્ય દેશની સેલ્ટિક ભાષામાં જે ગ્વાસ શબ્દ પ્રચલિત છે તેનો અર્થ દાસ થાય છે આ ગ્વાસ અને (ગરાસ) શબ્દ એકજ ભાવ ધરાવે છે કે નહિ તેની મીમાંસા કરવાનું કાર્ય અમે ભાષા તત્ત્વવિદોના હાથમાં સોંપીએ છીએ.

**જાગીર પાછી લઇ લેવી**-કર્નલ ટૉડ જણાવે છે કે સામંતો દીર્ઘકાળથી રાણાની પાસેથ જાગીર પ્રાપ્ત કરીને તેનો ઉપભોગ લે છે. આ સામંતો કોઈ પણ પ્રકારનો અપરાધ, અરાજભક્તિ વ ધારાનો ભંગ કરે ત્યારેજ મહારાણા તેમની જાગીરો ખુંચવી લેતા કે તેમનો લેશ પણ અપરાધ નહિ હોય તોયે તે ખુંચવી લેતા, તે નિશ્ચિત પ્રકારે કહી શકાય એમ નથી. યૂરોપમાં જે સામંતપ્રથા પ્રચલિત હતી તેનો એવો નિયમ હતો કે જ્યાંસુધી સામંતો જીવંત રહે, ત્યાંસુધીજ તેઓ પોતાની જાગીર ભોગવ શકે, તેના વંશજોને તેની જાગીર મળે નહિ; પરંતુ મેવાડમાં સામંતનું મરણ થતાં તેનો વંશજ મહારાણાને નજરાણું આપી જાગીરને માટે નવીન સનંદ પ્રાપ્ત કરે છે. આ પરથી પ્રતીત થાય છે કે મહારાણા પોતાની ઇચ્છાનુસાર સામંતોની જાગીર લઈ શકે છે; પરંતુ તેઓ પોતાની આ સત્તાનો ઉપયોગ કરતા નથી, તેથી તે મૃતઃપ્રાય થઇ ગઇ છે. રાણા સંગ્રામસિંહે પોતાના શાસનકાળમાં સામંતોના પ્રદેશ બીજાને પણ સોંપી દીધા હતા. પ્રાયઃ બે શતાબ્દીઓથી આ પ્રથા સર્વથા બંધ થઇ ગઈ છે. આ સમય પૂર્વે મારવાડનો રાજા રાઠોડસામંતોની જાગીર નિયત સમય પછી બીજા સામંતને અર્પણ કરતો હતો આ સમયે સામંતો પોતાનો પરિવાર, ગૌ આદિ પશુઓ તથા અનુચરો વગેરેને પોતાની સાથે લઈને 'ચુપ્પાન'[1] નામના જંગલી દેશમાં જઇ ત્યાં નિવાસ કરતા હતા. મેવાડમાં તેજ પ્રકારે શક્તાવત

૧ દક્ષિણ-પશ્ચિમ પ્રદેશમાં આવેલા પહાડી અને વનમય પ્રદેશ કે જે મેવાડ અને ગુજરાતને વિભક્ત કરે। તેને 'ચુપ્પાન' કહેવામાં આવે છે.

સામંતો અરવલ્લીની તળેટીમાં જઇને આશ્રય ગ્રહણ કરતા હતા તથા ચંદાવતસામંતોને ચંબલની આસપાસનો પ્રદેશ છોડી મેવાડના પૂર્વભાગમાં કોઇ પરમાર વા ચૌહાણસામંતના અધિકારનીચેની ભૂમિમાં જઇ રહેવું પડતું હતું. પૂર્વે પટાનો નિયત સમય વ્યતીત થતાં રાજા સામંતને ભિન્ન દેશમાં જાગીર આપતા હતા. આ કારણથી એક દેશના સામંતને બીજા દેશમાં જવું પડતું હતું.

પ્રતિ ત્રણ વર્ષના અંતરે આ પ્રકારે સામંતને સ્થાનાંતર કરવું પડતું હતું અને તેમને નવીન દેશમાં જાગીર મળતી હતી. મહારાણા ભીમસિંહે કર્નલ ટૉડને જણાવ્યું હતું કે:-"એ પ્રથા એટલી બધી રૂઢ થઈ હતી કે સામંતો પ્રતિત્રણ વર્ષે થતા આ પરિવર્તનથી કિંચિત્પણ અસંતુષ્ટ થતા નહોતા;" પરંતુ કર્નલ ટૉડ આ વિષે સંદેહ ધરાવે છે. એક પ્રદેશમાં એક સામંતવંશનો અધિકાર રહેવાથી તે પ્રદેશપર તે વંશની વિશેષ મમતા ચોંટી જાય છે અને ત્યાંના નિવાસીઓ તેના મહાન ભક્ત બની જાય છે તથા પ્રસંગોપાત તેઓ રાણાની આજ્ઞાનો પણ અનાદર કરે છે. આજ કારણથી રાજનીતિ-ચતુર રાણાઓએ આ પરિવર્તનની પ્રથા ચલાવી હતી. આ પ્રથા જ્યાંસુધી પ્રચલિત હતી ત્યાંસુધી કોઇપણ સામંત રાણાની આજ્ઞાનો અનાદર કરી પોતાની સત્તા તથા સામર્થ્યની વૃદ્ધિને માટે પોતાના તાબાના દેશમાં દુર્ગ બંધાવી શકયો નહોતો. આ રીતિથી રાણાનો મુખ્ય ઉદ્દેશ પાર પડયો હતો; અર્થાત્ સામંતો દઢ રીતે રાણાની આજ્ઞાને આધીન રહ્યા હતા. આ રીતિને લીધેજ રાજપૂતસામંતો રાણાની આજ્ઞાનુસાર એકત્રિત થઈ મોગલોની વિરુદ્ધ શસ્ત્ર ગ્રહણ કરી જન્મભૂમિની રક્ષા કરતા હતા અને આજ પ્રથાને લીધે ભારતનો વિધ્વંસ કરનાર મુસલમાનો સાતસેં વર્ષપર્યંત મેવાડપર અધિકાર સ્થાપિત કરી શકયા નહોતા.અંતે મોગલસમ્રાટોનું સામર્થ્ય,પ્રતાપ,વીરત્વ તથા પરાક્રમ દૂર થતાં મહારાષ્ટ્રીય લોકોએ મેવાડમાં ચાલતા માંહોમાંહેના કુસંપને લીધે તે દેશમાં પ્રવેશ કરી તેને છિન્નભિન્ન કરી નાખ્યો.

જે સમયે ઉક્ત પરિવર્તનની પ્રથા પ્રચલિત હતી, તે સમયે સામંતોને ચિરસ્થાયી અધિકારનો પટો પ્રાપ્ત થતો નહોતો. વિખ્યાત ઇતિહાસવેત્તા ગિબન જણાવે છે કે, ફ્રાન્સમાં શરૂઆતની અવસ્થામાં તે દેશમાં એવીજ પ્રથા પ્રચલિત હતી. મેવાડમાં ત્રણ પ્રકારની સનંદ પ્રચલિત છે; જંગમ, સ્થાયી અને વંશપરંપરાગત. પુત્રને પોતાના પિતાની જાગીર આપવામાં આવતી હતી. પ્રથમ તો રાજાની ઇચ્છાને આધીનજ આ વાત હતી; પરંતુ પાછળથી સામંતો તેને હક્કતરિકે ભોગવવા લાગ્યા, જો કે રાજા તેને લઇ શકતો હતો. આ પરિવર્તનની પ્રથા પ્રાચીન કાળની હોય એમ લાગતું નથી. સામંતોની અરાજભક્તિ અટકાવવાને માટેજ તેનો જન્મ થયેલો લાગે છે.

ગર્વિત અને ઉદ્ધત સામંતોને આટલા બધા અંકુશમાં રાખનાર રાજાવિષે આપણા હૃદયમાં ઉચ્ચ અભિપ્રાય ઉત્પન્ન થાય તેમાં કાંઇ શક નથી. સામંતના પુત્રને તેના પિતાની સઘળી સ્થાવર તથા જંગમ મિલ્કત મળતી હતી તેમજ તેને પોતાના પિતાની પેઠે રાજાની આધીનતા પણ સ્વીકારવી પડતી હતી.

સામંતો પરસ્પર વૈવાહિક સંબંધથી જોડાઇ, પ્રબલ શક્તિ પ્રાપ્ત કરી, રાણાની વિરુદ્ધ શસ્ત્ર લઇને ન ઉઠે તથા રાજ્યમાં વિદ્રોહ ફેલાવવાને શક્તિમાન ન થાય, તેટલા માટે રાજનીતિચતુર રાજાઓએ તેમને ભિન્નભિન્ન સ્થળે કાઢી પોતાના દેશમાં જૂદી જૂદી શાખાના સામંતોને એકત્રિત કર્યા હતા. રાઠોડ, ચૌહાણ, પરમાર, સોલંકી તથા ભટ્ટજાતિના સામંતો પરસ્પર જોડાઇ ગયા હતા. ઉક્ત સામંતો-માંના કેટલાક દિલ્હી તથા અણહિલપુરનગરના અતિ પ્રાચીન રાજવંશમાં ઉત્પન્ન થયા હતા. શુદ્ધ આર્ય-રક્ત પવિત્ર રાખવાને માટે મેવાડના રાણા ઉક્ત સામંતોની કન્યાનું પાણિગ્રહણ કરતા હતા અને તેમનું અનુકરણ કરીને રાણાવંશના સામંતો પણ તેમ કરતા હતા. આ પ્રકારે વિદેશીસામંતોએ મેવાડના અધિપતિ તથા રાણાવંશના સામંતોની સાથે વૈવાહિક સંબંધ કરવાથી તેઓ પણ મેવાડના હિતેચ્છુ થયા અને તે દેશપર તેમની મમતા તથા આસક્તિ વધી. મેવાડમાં જ્યારે વિદ્રોહ ફેલાતો ત્યારે આ વૈવાહિક સંબંધને લીધેજ વિદેશી સામંતો રાણાના પક્ષનું સમર્થન કરતા અને પ્રાણાંતપર્યંત તેમને સહાય કરતા;પરંતુ જે સમયથી ઉક્ત મંગલમય પ્રથાપરથી સર્વની દૃષ્ટિ ઉઠી ગઇ અને જે સમયથી મેવાડની પ્રધાન પ્રધાન રાજપૂત-શાખાના પુરુષોની સંખ્યા વૃદ્ધિંગત થઇ ગઇ, તે સમયથી સર્વ સામંતો બળવાન બન્યા. રાણાની ખાલસા-ભૂમિની સીમા ઉત્તરોત્તર સંકુચિત થવા લાગી, ચોતરફ વિગ્રહાગ્નિ પ્રદીપ્ત થયો અને અત્યાચારી

મહારાષ્ટ્રીઓનાં દલ મેવાડમાં પ્રવેશીને તેનું સત્ત્વ ચુસી લેવા લાગ્યાં. જ્યાંસુધી દિલ્હીના સમ્રાટોનું અખંડ પ્રભુત્વ હતું ત્યાંસુધી નિષ્ઠુર મહારાષ્ટ્રીઓએ કે બીજી કોઇ પણ પ્રજાએ કોઇ પણ દેશમાં કોઇ પણ પ્રકારનો અત્યાચાર કરવાનું સાહસ કર્યું નહોતું; પરંતુ જે સમયે મોગલશાસનશક્તિ સર્વથા વિલુપ્ત થઈ ગઇ, તેજ સમયથી મેવાડની ગૌરવગરિમા પણ નાશ પામી. જો તે સમયે મેવાડના સિંહાસનપર પ્રતાપસિંહ, જયસિંહ કે રાજસિંહ જેવો કોઇ રાણો વિરાજમાન હોત તો રાજપૂતોમાં કદિ પણ વિદ્રોહ ફેલાત નહિ, કિંવા મહારાષ્ટ્રીઓ કદિપણ મસ્તક ઉઠાવી શકત નહિ.

રાઠોડ, ચૌહાણ અને પરમાર આદિ વિદેશી સામંતો સિસોદીઆલોકોની સાથે વૈવાહિક સંબંધથી જોડાવાને લીધે રાણાઓને ભિન્ન પ્રકારના પટા પ્રચલિત કરવાની જરૂર પડી. જો કે કાળના પ્રભાવથી સર્વ ભિન્નતા દૂર થઇ ગઈ, જો કે રાણાઓએ શક્તિ હોવા છતાં કોઇ પણ સામંતને જાગીરથી ચ્યુત ન કર્યો, જો કે સર્વ સામંતો એકસરખી રીતે પોતાની જાગીરનો ઉપભોગ લે છે તથાપિ હવે પટે આપતી વખત તેમને સ્થાયી અધિકાર આપવામાં આવતો નથી. આ વાત નિમ્નલિખિત હકિકત વાંચવાથી સારી રીતે પ્રતીત થાય છે.

**કાલાપટ્ટા**—રાણા રાયમલ અને રાણા ઉદયસિંહના વંશજો અનેક ઉપાધિઓને પ્રાપ્ત થઈ અસંખ્ય ઉપશાખાઓમાં વિભક્ત થઈ મેવાડના પ્રધાનસામંતો અને સરદારો બન્યા છે.

ચંદાવત અને શક્તાવત એ બે પ્રધાન શાખાઓ છે. પહેલી દશ અને બીજી ૭ ઉપશાખાઓમાં વિભક્ત છે. રાજપૂતો પોતાની ચિરપ્રચલિત રીતિ પ્રમાણે કદિપણ પોતાની શાખામાં બેટીવ્યવહાર કરતા નથી. રાજપૂતોમાં પોતાનીજ શાખાના માણસો સાથે કન્યાવ્યવહાર રાખવો સર્વથા નિષિદ્ધ છે ઉપર્યુક્ત શાખાઓ અને ઉપશાખાઓના માણસો સિસોદીઆ ગણાય છે. સિસોદીઆસ્ત્રીની સાથે સિસોદીઆપુરુષનો વિવાહ કોઇ પણ પ્રકારે થઇ શક્તો નથી. સમસ્ત સિસોદીઆઓ રાજવંશી ગણાય છે

જાગીરની ઉપર સીસોદીઆ રાજપૂતોનો જેવો પ્રબલ અધિકાર છે તેવો અધિકાર રાઠોડ, પરમાર ચૌહાણ વગેરે વિદેશીરાજપૂતોનો નથી. સિસોદીઆલોકો રાજવંશી છે તેથી તેમનો અધિકાર પ્રબળ છે. સિસોદીઆસામંતોની જાગીરના પટ્ટા જો કે ચિરસ્થાયી નથી અને રાણા પોતાની ઇચ્છાનુસાર સિસોદીઆસામંતને પણ તેની ભૂમિથી રહિત કરી શકે છે, તોપણ તેઓ એક પ્રકારનો સ્થાયી અધિકાર ધરાવે છે. પરમાર, ચૌહાણ વગેરે જાતિના સામંતો વંશપરંપરાગત વીસ પેઢીથી જાગીર ભોગવતા આવ્યા હોય તોપણ તેઓ એમ કહી શકતા નથી કે, "આ જાગીરપર અમારો સ્થાયી અધિકાર થઇ ગયો છે.'

વિદેશીસામંતોને જે પટ્ટો આપવામાં આવે છે, તેને "કાલાપટ્ટા" કહેવામાં આવે છે. વિદેશી સામંતો પોતાને "કાલા પટ્ટાધારી" જણાવે છે; પરંતુ સિસોદીઆસામંતો કાલાપટ્ટાધારી નહિ હોવાથી તે તેમને એક પ્રકારના ગર્વનું કારણ છે. કાલાપટ્ટાનો મૂળ અર્થ એ છે કે, જ્યારે રાણાની ઇચ્છા હોય ત્યારે તે પટ્ટા ધરાવનાર સામંતની પાસેથી જાગીર પાછી ખુંચવી લઈ શકે છે. આ પ્રકારે બીજી પણ અનુકૂળતા સિસોદીઆલોકોને હોય છે, જે વિદેશી સામંતોને હોતી નથી.

કર્નલ ટૉડ જે સમયે વિધ્વસ્ત મેવાડનો સુખસૂર્ય પુનઃ ઉદિત કરવાને, અશાંતિ, અત્યાચાર, ઉપદ્રવ અને ઉત્પીડન દૂર કરવાને તથા બલહીન રાણા ભીમસિંહનું સામર્થ્ય તથા પ્રતાપ પુનઃ વૃદ્ધંગત કરવાને અને ત્યાંના નિવાસીઓનું મંગલ કરવાને પ્રવૃત્ત થયા હતા, તે સમયે તેમણે મેવાડના સર્વ સામંતોને મહારાણા ભીમસિંહના હસ્તાક્ષરયુક્ત નવા પટ્ટા અને સનંદો લેવાની ફરજ પાડી હતી. ખુદ રાણાના પ્રધાન મંત્રી ચંદાવતોના નેતા સલુમ્બરાધિપતિને પણ પોતાના પ્રાચીન પટ્ટા બનાવવાને કહ્યું હતું. રાણાની દુર્દશાના સમયમાં સલુમ્બરના સામંતે રાણાના તાબાનાં કેટલાંક ગામો અન્યાયથી પોતાના અધિકારમાં લઇ લીધાં હતાં; તેથી જો તે જૂના પટા બતાવે તો તેનું સર્વ પોકળ ખુલ્લું થઈ જાય એજ કારણથી તેણે પટ્ટા બતાવ્યા નહિ અને જ્યારે મંત્રીએ વિશેષ આગ્રહ કર્યો ત્યારે સામંતે રાણાના પ્રાસાદતરફ અંગુલિનિર્દેશ કરીને કહ્યું કે, મારા પટ્ટા આ પ્રાસાદની દિવાલના પાયામાં છે. તેજસ્વી ચંદ્રના યોગ્ય ઉત્તરાધિકારીનો આ પ્રત્યુત્તર યોગ્યજ છે, એમ કોણ નહિ સ્વીકારે? રાજપૂતસામંતોની રક્તવાહિનીઓમાં કેવું ઉષ્ણરક્ત વહી રહ્યું છે, તેનું આ સ્પષ્ટ પ્રમાણ છે અર્લ વૉરને એડવર્ડના પ્રતિનિધિને પણ આજ

પ્રકારનો ઉત્તર આપ્યો હતો કે,' મારા પૂર્વજોએ પોતાની સમશેરના બળથી આ ભૂમિપર અધિકાર પ્રાપ્ત કર્યો હતો અને હું પણ સમશેરના બળથીજ તેની રક્ષા કરીશ."

આ તો પ્રાચીન પ્રથાનું વર્ણન થયું. વર્તમાનકાળમાં સામંતોને 'યાવચ્ચંદ્રદિવાકરૌ'ને માટે પટ્ટા મળે છે અને સામંત જો અપુત્રદશામાં મરણ પામે તો રાણાની સમ્મતિથી લીધેલો દત્તકપુત્ર તેની જાગીર ભોગવે છે; પરંતુ કોઇ સામંત જો રાણાની વિરુદ્ધ કાંઈ કાર્ય કરે અથવા તે સામંતપદને યોગ્ય નથી એમ સિદ્ધ થાય તો રાણા તેની ભૂમિ ખુંચવી લઇ શકે છે. સામંતનો પરલોકવાસ થતાં તેના ઉત્તરાધિકારીને કેવી વિધિથી અભિષિક્ત કરવામાં આવે છે તે અમે આગળ જણાવી ગયા છીએ. સિસોદીઆ, પરમાર અને ભટ્ટી આદિ જાતિના સામંતોના ભૂમિપરના અધિકારમાં કાંઇ ભેદ નથી.જો કે સિસોદીઆઓના હક્ક વધારે સુરક્ષિત છે, પરંતુ સંવત ૧૮૨૨ ના વિગ્રહપછી વિદેશીસામંતોના હિત તરફ મહારાણાનું દુર્લક્ષ્ય રહે છે. વિદેશીસામંતોમાં બેદલા અને કોટારિયાના ચૌહાણસામંતો તથા મેવાડના મધ્યભાગના પરમારસામંતો પ્રથમ શ્રેણીના સામંત ગણાય છે.

રાજસ્થાનના અધીશ્વરો જો કે પોતાની ઇચ્છાનુસાર ગમે તે સામંતને પદચ્યુત કરીને તેને ભૂમિથી વંચિત કરી તેની ભૂમિ હસ્તગત કરવાનો અધિકાર ધરાવે છે; પણ કોઈ જૂના બળવાન સામંતને આ પ્રકારે પદચ્યુત કરવાને ઉદ્યુક્ત થવાથી તેમને અનેક વિઘ્નો અને વિપત્તિઓ સહન કરવાં પડે છે. જો કે રાજસ્થાનનાં રાજ્યોમાં વિદેશીસામંતોની સંખ્યા ન્યૂન નથી, તોપણ અધિક શક્તિવાન તો સ્વજાતીયસામંતોજ છે. સ્વજાતીયસામંતોના નેતાના પદપર એક સામંત પ્રતિષ્ઠિત થાય છે. જો તેમને પોતાને સ્વજાતીયનેતાનું પદ પ્રાપ્ત ન થાય તો તેઓ પાસેના કોઇ સામંતને તે પદપર અભિષિક્ત કરે છે.સમસ્ત સામંતો તે નેતાની આજ્ઞાને આધીન રહે છે. આથી જો રાજા તે નેતાને પદચ્યુત કરવાને તૈયાર થાય તો તેના તાબાના સમસ્ત સરદારો એકત્રિત થઇને મોટો પોકાર ઉઠાવે છે. એકને પદચ્યુત કરવાથી તેની શાખાના સમસ્ત સામંતો વિરોધી બની જાય છે. જો કોઇ સામંત રાજાની વિરુદ્ધ ભારે અપરાધ કરે વા સામંતનેતાના પદમાટેની તેની અયોગ્યતા બતાવે તો રાજા તેના પદપર તેની શાખાના કોઇ યોગ્ય પુરુષને અભિષિકત કરી દે છે. જે પુરુષ સર્વ પ્રકારે યોગ્ય હોય તેનેજ એવા પદપર નિયુક્ત કરવાને માટે રાજા તથા ઇતર સામંતો અને સરદારો વિશેષ તીક્ષ્ણ દૃષ્ટિ રાખે છે. જો રાજા કોઇ સામંતનું પદ રદ કરીને તેની ભૂમિ પોતાના અધિકારમાં લઇ લે તો તે સામંતના તાબાના સરદારો પોતાની ભૂમિ પોતાના અધિકારમાં રાખીને રાજાની સાથે પ્રત્યક્ષ સંબંધથી જોડાય છે અને રાજાને આધીન રહે છે.

જે સમયે મેવાડ ઉન્નતિના શિખરપરથી પતિત થઇને અવનતિના સમુદ્રમાં ડૂબી ગયું, જે સમયે રાણાની શાસનશક્તિ સર્વથા ક્ષીણ થઇ ગઈ, જે સમયે તેમનો પ્રતાપ તથા પ્રભુત્વ વિલુપ્ત થઇ ગયું અને જે સમયે ચોતરફ વિદ્રોહાગ્નિ પ્રજ્વલિત થઇ રહ્યો,તે સમયે ચતુર તથા પ્રબલ સામંતોએ બલપ્રકાશ, ભયપ્રદર્શન અને અન્યાન્ય અનેક અન્યાયી ઉપાયોથી રાણાના તાબામાંથી પુષ્કળ ભૂમિ પોતાના અધિકારમાં લઇ લીધી હતી; તેમજ બલહીન અને લુપ્તપ્રતાપ રાણા તથા તેમના મંત્રીના અવિચારથી અનેક ગામો સામંતોના અધિકારમાં ગયાં હતાં. કર્નલ ટૉડે મેવાડમાં જઈ જે સમયે સમસ્ત સામંતોના પટ્ટા પ્રમાણે તેમની ભૂમિની સીમા નિર્ધારિત કરી, તે સમયે તે ઉદાર પુરુષે સામંતોના અધિકારમાંથી અનેક પ્રદેશો લઈ લીધા હતા. વર્તમાનશાસનમાં કોઇ પણ સામંત બલપ્રકાશ વા ભયપ્રદર્શનથી રાણાના તાબાના કોઇ પ્રદેશ વા ગામને પોતાના અધિકારમાં લઇ શકતો નથી. હાલમાં ચોતરફ શાંતિ વિરાજમાન છે. વિદ્રોહ, અંતઃકલહ તથા વિદેશીઓનાં આક્રમણનો ભય સર્વથા નિવૃત્ત થઇ જવાથી તથા શાસનકાર્યમાં સચ્ચરિત્રવાન અને ઉપયોગી રાજ કર્મચારીઓ નિયુક્ત થવાથી હવે મેવાડના સામંતોનું ઉદ્ધત વર્તન સર્વથા વિલુપ્ત થઈ ગયું છે.

**ભૂમીઆ**—અમે આગળ જણાવી ગયા છીએ કે મેવાડરાજ્યની શરૂઆતની અવસ્થામાં પ્રાચીન રાજાઓના વંશજો 'ભૂમીઆ' નામથી વિખ્યાત હતા. તેઓ રાજ્યનાં પ્રધાન પ્રધાન પદોપર નિયુક્ત થઇ વિશેષ સન્માન પ્રાપ્ત કરતા હતા. મોગલસમ્રાટ બાબર અને તેના પ્રબલ પ્રતિસ્પર્ધી રાણા સંગના શાસનસમયની પૂર્વથી આ પ્રાચીનરાજવંશી ભૂમીઆઓની અવનતિ થઈ હતી. પાછળના રાણાઓના વંશજો સામંતપદપર અભિષિક્ત થઇ મહાસન્માનને પ્રાપ્ત થવાથી આ પ્રાચીનલોકોનું સામર્થ્ય,

પ્રતાપ તથા પ્રભુત્વ વિલુપ્ત થઇ ગયું અને તેઓ સાધારણ 'ભૂમીઆ' નામથી વિખ્યાત થયા. ભૂમિની સાથે તેમનો જે અખંડ સંબંધ છે, તે આ 'ભૂમીઆ' શબ્દથી પ્રતીત થાય છે. 'જમીનદાર' શબ્દનો પ્રથમ પ્રચાર મુસલમાનોએ કર્યો હતો. બંગાળામાં જમીનદારોની સંખ્યા ઘણી મોટી છે. 'જમીનદાર' કરતાં 'ભૂમીઆ' શબ્દજ વિશેષ અર્થસૂચક છે. પ્રાચીન ભૂમીઆલોકો હાલમાં મેવાડના અનેક પ્રાંતોમાં નિવાસ કરે છે. કમલમેરમાં, ચપ્પનના જંગલીપ્રદેશમાં તથા મંડલગઢની સપાટભૂમિમાં આ ભૂમીઆ લોકોની ભૂમિ છે. તેમણે દીર્ઘકાળપર્યંત રાણાને આધીન રહી અતુલ વીરત્વ તથા વિક્રમ પ્રદર્શિત કરી વિજાતિઓનાં આક્રમણ, ઉપદ્રવ તથા ઉત્પીડનના પંજામાંથી પોતાની સુધામય સ્વાધીનતાની રક્ષા કરી છે. ઉક્ત પ્રદેશોમાં આ ભૂમીઆલોકો દીર્ઘકાળથી કૃષિકાર્ય કરી પોતાનો નિર્વાહ ચલાવે છે.

મેવાડના આરંભિક રાજવંશીઓ કયા કયા સમયમાં કયા કયા અધિપતિઓને ત્યાં જન્મીને ભિન્ન ભિન્ન શાખાઓમાં વિભક્ત થયા છે, તે કુંભાવત, લુણાવત, રાણાવત આદિ નામોપરથી પ્રતીત થાય છે.ત્યાર પછી પાછળના રાણાઓના વંશજોનું સન્માન અને પ્રભુત્વ વૃદ્ધિંગત થતાં ભૂમીઆલોકો રાજસભામાં વિરાજવાને તથા રાજકાર્યમાં નિયુક્ત થવાને પ્રાર્થના કરવી અનુચિત ગણી જીવનનો નિર્વાહ કરવાને માટે કૃષિકાર્ય કરવા લાગ્યા. જો કે આ વીરરાજપૂતો રાણાના વંશજ હોવા છતાં કૃષિકાર્ય કરવા લાગ્યા હતા, જો કે તેમણે કદિ પણ પોતાની જાતિના વીરત્વને તિલાંજલિ આપી નથી–તલવાર, ભાલા અને ધનુષ્યબાણ તેમનાં ચિરસહચર રહ્યાં છે, જો કે આ લોકો અરવલ્લીના પ્રદેશમાં હળ હાંકવામાં તથા પશુનું પાલન કરવામાં આનંદપૂર્વક નિયુક્ત છે; પરંતુ જાતીયદર્પ, તેજસ્વિતા, ગૌરવગરિમા તથા વંશ-મર્યાદા તેમના હૃદયમાં પણ પ્રબલ રીતે વિરાજમાન છે.મેવાડના હાલના સામંતો શિક્ષિત અને સભ્ય હોવાનો દાવો કરે છે તથા રાણાની સંગતમાં રહેતા હોવાથી પોતાને મહાસન્માનિત માને છે; પરંતુ તેમના કરતાં ભૂમીઆલોકો અધિક બુદ્ધિમાન, શાંત અને ધીર છે. ભૂમીઆલોકોમાંથી ઘણા જણ જંગલી અને અસભ્યલોકોની કન્યાનું પાણિગ્રહણ કરે છે તેથી મેવાડના સિસોદીઆઓ તેમનો ઉપહાસ કરે છે. આ રીતના વિવાહથી જે સંતાનો ઉત્પન્ન થાય છે, તેઓ પોતાનો પરિચય આપતી વખત માતૃકુલ અને પિતૃકુલનાં નામ આપે છે.

ઉક્ત ભૂમીઆલોકોમાંના ઘણા તો એક એક ગામના અધિપતિ છે.પોતાની ભૂમિને માટે રાણાને તેઓ ઘણો થોડો કર આપે છે. આવશ્યકતા પડતાં સ્થાનિક અમલદાર તેમને સેનાબદ્ધ કરે છે. જે સમયે તેઓ રાણાની આજ્ઞાનુસાર રાજ્યરક્ષા, વિગ્રહનિવારણ વા શત્રુઓની સામે ખડા થવાને સેનાબદ્ધ થાય છે, તે સમયે તેમને ભોજનસિવાય કાંઈ પણ બદલો મળતો નથી.[1] મેવાડનાં અનેક સ્થાનોમાં બંદુક, તલવાર અને ઢાલધારી ભૂમીઆઓ વિરાજમાન છે. મંડલગઢ નામના પ્રદેશમાં જ્યારે રાણા અને ભૂમીઆલોકોએ ઉભયના સ્વાર્થની રક્ષા કરવાની હતી અર્થાત્ જે સમયે તેમને બળવાન મહારાષ્ટ્રીઓ અને ઇતર લૂંટારાઓના પ્રબલ અત્યાચાર,ઉત્પીડન તથા લૂંટફાટનું નિવારણ કરવાની ફરજ પડતી, ત્યારે પ્રાયઃ ચાર હજાર ભૂમીઆઅશ્વારોહીઓ યુદ્ધકાર્યને માટે સજ્જ થતા હતા. ભૂમીઆલોકો મહારાણા વા ઇતર કોઇ પણ માણસની સહાયવિના અર્ધ શતાબ્દીપર્યંત ઘોર વિદ્રોહ અને અરાજકતામાં મંડલ-ગઢની રક્ષા કરવાને સમર્થ થયા હતા. મંડલગઢ એ એક વિસ્તૃત પ્રદેશ છે. તેમાં ત્રણસેંસાઠ નગરો અને ગામો છે. આ નગરો તથા ગામોમાં પ્રાચીન આચારવિચારનાં અનેક ચિન્હો વિદ્યમાન છે.પૂર્વે

૧ પાશ્ચાત્યદેશોની સામંતશાસનપ્રણાલીવિષે વર્ણન કરનાર વિખ્યાત ઇતિહાસવેત્તા હેલેમ આ પ્રકારના લોકોવિષે જણાવે છે કે:–"આ પ્રકારના લોકોને વંશપરંપરાગત ભૂમિ પ્રાપ્ત થાય છે અને તેઓ દેશની શાંતિને માટે સેનામાં ભરતી કરવાને બંધાયેલા હોય છે; પરંતુ તેઓ અન્ય કોઇપણ પ્રકારનો કર આપવાને બંધાયેલા હોતા નથી. તેઓ પોતાના પુત્રોને સમાન ભાગે ભૂમિ વહેંચી આપે છે અને જો તેઓ અપુત્ર મરણ પામે તો તેમની જ્ઞાતિ તેમની ભૂમિ વહેંચી લેવાની સત્તા ધરાવે છે." મેવાડમાં ભૂમીઆલોકોની જમીન મર્યાદિત અંશોમાં વિભક્ત થાય છે; પરંતુ કચ્છમાં એના ઘણા ભાગો થાય છે. આ દેશમાં પણ આ લોકો આવશ્યકતા પડતાં સેના-માં ભરતી કરે છે. મેવાડના ભૂમીઆલોકો જણાવે છે કે:–"અમારો ભૂમિઅધિકાર રાજ્યની સ્થાપના થઈ ત્યારથીજ ચાલુ છે." તેમના પૂર્વજોએ કાંઈ પણ લિખિત વિધાન વા સનંદથી ભૂમિ પ્રાપ્ત કરી નહોતી. તેઓ વંશપરંપરાના નિયમથી ભૂમિનો ભોગવટો કરે છે.

આ દેશ સોલંકીઓના અધિકારમાં હતો અને તે લોકોજ તેમાં નિવાસ કરતા હતા.પાટણના રાજવંશના અનેક ઉત્તરાધિકારીઓ રાવની ઉપાધિસહિત હાલમાં પણ આ દેશમાં જાગીર ભોગવે છે.[૧]

યુદ્ધમાં ઉપયુક્ત થઈ પડે એવા સમસ્ત ભૂમીઆલોકો મહારાણાને થોડો કર આપે છે. તેઓ સ્થાનિક યુદ્ધમાં અથવા સીમાંતમાં આવેલા દુર્ગોની રક્ષા કરવાને માટે નિયમિત સમયપર્યંત સેનાની સહાય આપે છે. જો કોઇ વિદેશી શત્રુ મેવાડપર આક્રમણ કરવાનો ઉદ્યોગ કરે તો મહારાણાનો આજ્ઞાપત્ર પ્રચાર પામતાંની સાથેજ આ લોકો પોતપોતાનાં અસ્ત્રશસ્ત્ર ગ્રહણ કરી તેની વિરુદ્ધ ખડા થાય છે. તેઓ વેતનવિના માત્ર ભોજનપ્રાપ્તિના બદલામાંજ જન્મભૂમિની રક્ષા કરવાને માટે રણભૂમિમાં કૂદી પડે છે. ભૂમીઆલોકો દીર્ઘકાળથી એવો વાંધો ઉઠાવતા આવ્યા છે કેઃ–"મહારાણા અમારી પાસેથી કર લે છે, એ કોઈ પણ પ્રકારે ઉચિત નથી. અમે યુદ્ધકાર્યમાં વેતન લીધા વિના સહાય કરીએ છીએ; માટે કરમાંથી અમને ન્યાયપૂર્વક મુક્તિ મળવી જોઇએ."

આ ભૂમીઆ લોકો પોતાની ભૂમિને માટે મહારાણાની પાસેથી કોઇ પણ પ્રકારનો પટ્ટો લેતા નથી. પટ્ટાવિનાની ભૂમિપર અધિકાર ભોગવવો એને ભૂમીઆલોકો સન્માન અને ગૌરવનો વિષય ગણે છે. "માકા ભૂમ" અર્થાત્ મારી ભૂમિ એ વચનો ભૂમીઆલોકોનાં મુખમાંથી સદા ગર્વસહિત નીકળે છે.

દેવલાના રાઠોડસરદારે પોતાના સ્વામી વનેડાના અધીશ્વરની પાસેથી પટ્ટો ગ્રહણ કરીને ત્રણ મુખ્ય દેશોનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો. ધીમે ધીમે પોતાની શક્તિ અને પ્રભુત્વ વૃદ્ધિંગત કરી તેણે સામંતતરિકે ગણાવાને માટે વનેડારાજની આધીનતાનો અસ્વીકાર કર્યો.તે વનેડારાજને જે નિયત કર આપતો હતો તેમાં કિંચિત્ પણ ફેરફાર નહિ કરતાં નિર્દિષ્ટ વ્યવસ્થાનુસાર તેની સભામાં જવા પ્રત્યે તે ઉદાસિનતા પ્રદર્શિત કરવા લાગ્યો. કોઇ વિદેશી શત્રુનું આક્રમણ થતાં ઉક્ત સરદારે પાંત્રીસ અશ્વારોહીઓ પૂરા પાડવાની શરત હતી; પરંતુ જ્યારે ખરેખર વિદેશી શત્રુનું આક્રમણ થયું ત્યારે દેવલાપતિએ એક પણ અશ્વારોહી મોકલ્યો નહિ. યુદ્ધની સમાપ્તિ થયા પછી વનેડારાજે ઉક્ત સરદારપર મહાક્રોધિત થઇ તેને પોતાની સભામાં આવવાની આજ્ઞા કરી. દેવલાનો સરદાર સંપૂર્ણ સ્વાધીનતાનું સુખ ભોગવી રહ્યો હતો, તેથી તેણે તે આજ્ઞાનો સ્વીકાર કર્યો નહિ.આથી વનેડારાજે દેવલા પાછું સોંપી દેવાની તેને આજ્ઞા કરી. તેના ઉત્તરમાં તે સરદારે જણાવ્યું કેઃ–"મારૂં મસ્તક અને દેવલા–એ ઉભય સાથે બંધાયાં છે." આનો અર્થ એ છે કેઃ–" મારા પ્રાણ રહેવા છતાં હું દેવલા કદિ પણ આપીશ નહિ. " અંતે વનેડાધીશ્વરે ઉક્ત સરદારના આ ઉદ્ધત આચરણની ખબર રાણાને કરી,જેથી રાણાએ દેવલા પ્રદેશ બળપૂર્વક પોતાને આધીન કરી લીધો. દેવલાસિવાય જે ભૂમિ તેના અધિકારમાં હતી તે તેના તાબામાંજ રહી અને તે ત્યાં રાણાને આધીન થઈ રહેવા લાગ્યો. તેને જે આ જાગીર મળી તેના બદલામાં તે સ્થાનિક યુદ્ધમાં સહાય કરવાને કબૂલ થયો. વનેડાના રાજ્યમાં અનેક સ્વતંત્ર ભૂમીઆઓ વસે છે. તેમાંના ઘણા લોકો નાનાં નાનાં ગામોના સ્વામી પણ છે. તેઓ કોઇપણ પ્રકારનો કર આપતા નથી; પરંતુ સ્થાનિક રાજકાર્ય કરે છે. વનેડાપતિ જ્યારે રાજાની સાથે કોઈ સ્થાનમાં જાય છે, ત્યારે તેમના ભોજનનો પ્રબંધ તેજ કરે છે.

રાજસ્થાનમાં ભૂમીઆઓનો અધિકાર એટલો સન્માનસૂચક છે કે, પ્રધાન સામંતોસુદ્ધાં એ પ્રકારનો અધિકાર પ્રાપ્ત કરવાને પ્રયાસ કરે છે. સાધારણરીતે પટ્ટાદ્વારા પ્રાપ્ત કરેલી ભૂમિપર જે અધિકાર મળે છે, તેના કરતાં ભૂમીઆઓનો અધિકાર વધારે વિઘ્નરહિત અને દીર્ઘસ્થાયી છે. આ કારણથી સામંતો એ પ્રકારનો અધિકાર પ્રાપ્ત કરવાને માટે સદા પ્રયત્નશીલ રહે છે.

આ ભૂમીઆઓના અધિકારની ઉત્પત્તિ શી રીતે થઇ છે, ભૂમીઆલોકો અન્યાન્ય પટ્ટાધારી પ્રજા કરતાં શી શી વિશેષ અનુકૂળતા પ્રાપ્ત કરે છે તથા સાધારણ પ્રજા અને ભૂમીઆલોકોમાં શો ભેદ છે તે આ ગ્રંથમાં આપેલા પત્રો, શિલાલેખો ૪૦ ના પ્રકરણપરથી સારી રીતે પ્રતીત થશે.

**વનેડા અને શાહપુરાના અધીશ્વરો**—મેવાડની સર્વોચ્ચ સામંતશ્રેણીમાં વનેડા અને શાહપુરાના સામંતો છે. તેઓ સર્વથી અધિક માન્ય અને શક્તિશાળી છે. જો કે તે ઉભય સામંતના પદપર છે;

૧ કર્નલ ટૅાડને આ પહાડીપ્રદેશમાં પરિભ્રમણ કરતી વખત બે શિલાલેખો પ્રાપ્ત થયા હતા. તે દ્વારા સોલંકીવંશસંબંધી ઘણી હકીકત પ્રાપ્ત થઇ હતી.

પરંતુ તેઓ રાજાની ઉપાધિથી વિભૂષિત છે. તેઓ એટલે સુધી સત્તાવાન અને પ્રતાપશાળી છે કે તેમને સામંત કહેવામાં આવતા નથી. તે ઉભય રાણાના વંશના છે. વનેડાના અધિપતિ રાણા જયસિંહના જેઠીઆભાઇ ભીમસિંહના વંશજ છે અને શાહપુરાના અધીશ્વર રાણા ઉદયસિંહના વંશધર છે.

એ ઉભયમાંથી ગમે તે એક મરણ પામે તો નવીન અધીશ્વર મહારાણાની પાસેથી પોતાના પ્રદેશની સનંદ લે છે. રાણા સ્વયં તેનું અભિષેકકાર્ય કરે છે અને તેમને રાજપ્રસાદસ્વરૂપે ખિલત અર્થાત્ મહામૂલ્યનાં વસ્ત્રાભૂષણ આપે છે. આ વનેડા અને શાહપુરાના અધીશ્વરો જો કે રાણાને આધીન છે પણ અન્યાન્ય સામંતોની પેઠે પોતાના અભિષેકપ્રસંગે તેઓ મહારાણાને કોઇપણ પ્રકારનું નજરાણું આપતા નથી. વર્ષમાં કેટલાક નિયત માસપર્યંત તેઓ રાણાની સભામાં રહે છે અને વનેડા તથા શાહપુરા મેવાડની જે સીમાપર સ્થિત છે તે સીમાપર થતા યુદ્ધમાં સહાય કરવાને તેઓ બંધાયેલા છે; પરંતુ દીર્ઘકાળથી તેઓ પોતાનું આ કર્તવ્ય બજાવતા નથી. કાળના પ્રભાવથી રાણાનો પ્રતાપ તથા પ્રભુતા ન્યૂન થઈ જવાથી તેઓ ઉક્ત કર્તવ્યનું પાલન કરવામાં ઉદાસીન થઇ ગયા છે. વનેડા અને શાહપુરા એ ઉભય પ્રદેશો દિલ્હીના મોગલસમ્રાટના તાબાના અજમેરની અત્યંત નિકટ છે, તેથી તે ઉભય રાજાઓને મોગલસમ્રાટની આજ્ઞાને તાબે થવાની સત્વર ફરજ પડી હતી. મોગલસમ્રાટે તે ઉભયને ‘રાજા’ની ઉપાધિ આપી હતી અને શાહપુરાના અધીશ્વરને મોગલસમ્રાટના અનુગ્રહથીજ અજમેરનો થોડોક ભાગ પ્રાપ્ત થયો હતો. વર્તમાન શાહપુરાના અધીશ્વર બ્રિટિશસરકારને વાર્ષિક કર આપી મોગલસમ્રાટે આપેલા અજમેરના કેટલાક ભાગનો ઉપભોગ લે છે.

**પટ્ટાનું સ્વરૂપ અને તેમાંનો આશય**—સામંત વગેરેને જાગીર આપતી વખત રાણા જે પટ્ટા અને સનંદો આપે છે, તેના કેટલાક નમુના હવે પછી તે વિષયના પ્રકરણમાં આપવામાં આવ્યા છે. તે વાંચવાથી સામંતોને આપવામાં આવેલો અધિકાર, સન્માન, અનુગ્રહ વગેરેની સ્પષ્ટ પ્રતીતિ થાય છે. રાજાના અનુગ્રહને પ્રાપ્ત થયેલા સામંતોએ રાણાઓની મૂર્ખતાનો લાભ લઇ અનેક બાબતમાં સ્વાધીનતા પ્રાપ્ત કરી લીધી હતી. રાણાઓએ એવી મૂર્ખતા વાપરી હતી કે તેમણે એકાદ બે સામંતોને અભિષેક-પ્રસંગે આપવામાં આવતા નજરાણામાંથી મુક્ત કર્યા હતા. અનેક સામંતોએ લુપ્તપ્રતાપ રાણાઓની પાસેથી પોતાના દેશમાં જતા આવતા માલની જકાત તથા એવાજ બીજા કર લેવાનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો. વળી કેટલાક સામંતોએ પોતાના દેશમાં તામ્રમુદ્રા ચલાવવાનો હક્ક મેળવ્યો હતો. આ પ્રકારે અનેક સામંતો રાણાઓનો પ્રતાપ લુપ્ત કરી પોતાના ભંડાર ભરપૂર કરતા હતા. મેવાડના રાણાઓની દુર્દશા થઈ હતી તેથી સામંતો પોતાનો સ્વાર્થ સાધી અનેક પ્રકારની શક્તિ પ્રાપ્ત કરતા હતા.

દીર્ઘકાળપર જ્યારે સૌથી પ્રથમ પાશ્ચાત્યરાજ્યની સામંતશાસનપ્રણાલીની સાથેની રાજસ્થાનની સામંતપ્રથાની એકતાએ મારૂં ચિત્ત આકર્ષિત કર્યું તે સમયે હું ( કર્નલ ટૉડ ) જયપુરના અધીશ્વરના તાબામાં એક મુખ્ય સામંતની સનંદ વા પટ્ટો લઇને તેને સંભાળપૂર્વક જોવા તથા તેના પ્રત્યેક ધારા અને વ્યવસ્થાનું અન્વેષણ કરવાને પ્રવૃત્ત થયો. તે સામંતના એક પ્રધાન કર્મચારીએ આ કાર્યમાં મને વિશેષ સહાય કરી. ઉક્ત સનંદ વા પટ્ટામાંથી સામંતના તાબાના સરદારો તથા અન્ય લોકોના અધિકાર-વિષે વિશેષ વર્ણન ઉપલબ્ધ થયું હતું અને એજ સમયથી હું આ પ્રણાલીનું યથાર્થ વૃત્તાંત સંગ્રહિત કરવાને વિશેષ ઉત્સાહિત થયો હતો.

પ્રધાન સામંતો પોતાનાં સર્વ કાર્યોમાં રાજસ્થાનના રાજાઓનુંજ અનુકરણ કરે છે.પ્રધાન અથવા મંત્રીથી લઇને પટવારીપર્યંતના સર્વ કર્મચારીઓ પોતાના રાજાનાજ ધોરણથી નિયુક્ત કરવામાં આવે છે.સામંતો રાજાનું એટલે સુધી અનુકરણ કરે છે કે તેઓ પોતાનાં સમસ્ત સાંસારિક કાર્યો પણ પોતાના અધિપતિની સ્વીકૃત રીતિઅનુસારજ કરે છે. સામંતો પોતાના તાબાના પ્રદેશમાં "શીશમહલ" ( દર્પણપ્રાસાદ ) " વાડીમહલ " (ઉદ્યાનપ્રાસાદ) તથા દેવાલય વગેરે નિર્માણ કરી તેમાં રાજાના જેવીજ સ્વચ્છંદતા તથા સુખથી નિવાસ કરે છે. અધિપતિની પેઠે સામંત પણ જે સમયે પોતાની "દારીશાલા" (મનોહર ગાલીચા આદિથી સજ્જિત સભાગૃહ) માં પ્રવેશ કરે છે તે સમયે ગાનારબજાવનાર લોકો ગાયનવાદન-સહિત તેમની જયઘોષણા કરી તેમની આગળ ચાલે છે. અંતે સામંત જ્યારે સિંહાસનપર બેસે છે, ત્યારે તેમના સમસ્ત કર્મચારીઓ તથા અનુચરો પોતાની પદમર્યાદા પ્રમાણે જમણી તથા ડાબી બાજુ-

પર શ્રેણીબદ્ધ ખડા રહીને તેમનો જયજયકાર કરે છે. સામંતને આ પ્રકારે અભિનંદન આપ્યા પછી સર્વ પોતપોતાના આસનપર બેસી જાય છે. જે સમયે સર્વ માણસો પાસે પાસે બેસે છે તે સમયે ઢાલના આઘાતથી જે ધ્વનિ થાય છે, તેથી સભાગૃહ ગાજી રહે છે.

પાશ્ચાત્યરાજ્યોમાં જ્યારે નવીન સામંતનો અભિષેક થાય છે, ત્યારે તેના તાબાના સામંતો જે પ્રકારે અધિપતિના હાથને ચુંબન કરે છે તથા તેને તાબે રહેવાની પ્રતિજ્ઞા લે છે, તે પ્રકારે રાજસ્થાનમાં કોઇ કરતું નથી. રાજસ્થાનમાં જ્યારે કોઈ સામંત પોતાનું પૈતૃકપદ પ્રાપ્ત કરે છે, ત્યારે તે પોતાના તાબાનાં સર્વ સ્થાનોમાં[1] "આણુ" ફેરવી દે છે. તે રાજાની આગળ એવી પ્રતિજ્ઞા કરે છે કેઃ–"હું આપનો પુત્ર છું, મારૂં મસ્તક અને મારી સમશેર આપને તાબે છે, હું જીવનપર્યંત આપની આજ્ઞાનું પાલન કરીશ." રાજપૂતો કેવા રાજભક્ત હોય છે તે આ વચનોપરથી પ્રતીત થાય છે. અરાજભક્તિ અને રાજાની આજ્ઞાનો અનાદર કેવો થાય છે, તે રાજપૂતો જાણતા નથી. તેમણે અટલ રાજભક્તિ, ગાઢ અનુરક્તિ, સ્વામીપ્રત્યે દૃઢ આસક્તિ અને સ્વાર્થત્યાગ પ્રદર્શિત કર્યો છે. રાજાને માટે પોતાના પ્રાણસુદ્ધાં આપતાં તેઓ અચકાતા નથી. આવાં અસંખ્ય ઉદાહરણો આ વિસ્તૃત ઈતિહાસમાં ઉપલબ્ધ થાય છે. તેઓ પોતાના સ્વામીને દેવતરિકે માને છે, તો પછી તેઓ રાજભક્તિનાં મહાન દૃષ્ટાંતો અનંતકાલપર્યંત દર્શાવે તેમાં શું આશ્ચર્ય ? રાજપૂતકવિઓના સંગીતમાં પણ આજ ભાવ દૃષ્ટિગોચર થાય છે અને રાજપૂતો બાલ્યાવસ્થાથીજ એવું શિક્ષણ લે છે કે,રાજ્યભક્તિ એ આ સંસારમાં સન્માનનું કારણ છે અને પરલોકમાં સુખનું બીજ છે. રાજપૂતકવિકુલકેસરી ચંદે પોતાના સુધામય કાવ્યમાં રાજભક્તિનું જે મનોહર દશ્ય આલેખ્યું છે,રાજભક્તિ પ્રદર્શિત કરનારને માટે જે અમૃતમય ફળ જણાવ્યું છે, તે રાજપૂતજાતિના હૃદયમાં સદાસર્વદા અંકિત રહેશે. સામંતો જે પ્રકારે રાજાપ્રત્યે ભક્તિ દર્શાવે છે, તેજ પ્રકારે તેમના તાબાના સરદારો તેમના પ્રત્યે અનુરાક્ત પ્રદર્શિત કરે છે.રાજાની પેઠે સામંતો પણ પોતાના પ્રદેશમાં પૂજ્યપાદ સ્વામીસ્વરૂપે સન્માનિત થતા આવ્યા છે. તેમની પ્રજા પણ તેમને માટે પ્રાણાર્પણ કરે છે અને તેમની આજ્ઞાથી તે પોતાના સમસ્ત સ્વાર્થને તિલાંજલિ આપવાને જરાપણ સંકોચાતી નથી. સામંતના અભિષેકકાળથીજ પ્રજા તેના હાથમાં પોતાના જીવનમરણનો ભાર આનંદપૂર્વક સોંપી દે છે. મૃગયાપ્રસંગે સરદારો પોતાના સામંતની સાથે વનમાં ગમન કરે છે તથા પહાડોનાં શિખરપર એકત્ર ખાનપાન કરે છે. સામંતની સભામાં સરદારોને સદા આદરસત્કાર પ્રાપ્ત થાય છે. જે સમયે સામંત રાજાના દરબારમાં જાય છે,તે સમયે તેના હાથનીચેના સમસ્ત સરદારો પણ તેની સાથે જાય છે. સંક્ષેપમાં ઉપસામંતો અને સામંત સદા અભિન્નભાવથી રહે છે. જો કે કાળના પ્રભાવથી હાલમાં ઉપસામંતો અને સામંતવચ્ચેનો સંબંધ આગળના જેવો ગાઢો રહ્યો નથી; પરંતુ અમે આશા રાખીએ છીએ કે, મેવાડનો ઉન્નતિસૂર્ય પુનઃ ઉદિત થતાં તેમની વચ્ચે ફરીથી તેવો સંબંધ બંધાશેજ.

ભીષણ અત્યાચાર, દુઃસહ ઉપદ્રવ અને ભયંકર પીડા સહન કર્યાં છતાં પણ રાજપૂતો અનેક શતાબ્દીથી પોતાના પ્રાચીન આચારવિચાર તથા નીતિનિયમોથી રક્ષા કરતા આવ્યા છે. રાજપૂતોનું વીરચારિત્ર્ય અનેક ગાથાઓમાં સંયુક્ત થયું છે. તેઓ આત્મગૌરવની રક્ષાર્થે પ્રાણસુદ્ધાં ત્યજી દેવાને ડરતા નથી. તેમના સન્માનને ઝાંખ લાગે એવું જરા પણ કાર્ય કોઇ કરે તો તેઓ તેને મહા અપરાધ ગણીને તેના પ્રતીકારાર્થે હાથમાં સમશેર ગ્રહણ કરે છે. પોતાની આ અત્યંત હીન અવસ્થામાં પણ આત્મસન્માનપ્રત્યે તેઓ તીક્ષ્ણ દૃષ્ટિ રાખે છે. જો કે હાલમાં તેમની ગૌરવગરિમાનો સૂર્ય અસ્તાચલના શિખરે પહોંચી ગયો છે, જો કે મેવાડની વિજયવૈજયંતી હવે તેટલા બળવિક્રમ અને ગૌરવસહિત ફરકતી નથી, જો કે તેમનું તે અદ્ભુત વીરવ્રતપાલન ભૂતકાળરૂપ મહાસમુદ્રમાં વિલીન થયું છે, જો કે તેમની તે જાતીયજીવનશક્તિ વર્તમાનમાં વિલુપ્ત થઇ ગઇ છે, તથાપિ રાજપૂતો પોતાના સન્માનની રક્ષાને અર્થે વર્તમાનમાં પણ જીવન અર્પણ કરવાને તત્પરજ હોય છે. પરાધીનતાની જંજીર હાલમાં પણ રાજપૂતોના ચરણોમાં બાંધવામાં આવી નથી, હાલમાં પણ તેમની સ્વાધીનતાની જ્યોતિ

૧ આધીનતાસૂચક શપથ. મેવાડના લોકો ત્રણ બાબતોમાં કોઇપણ પ્રકારનો વ્યતિક્રમ કરતા નથી. પ્રથમ 'આણ' -અર્થાત્ આધીનતાસૂચક શપથ, દ્વિતીય 'દાણ' અર્થાત્ વાણિજ્યકરપ્રદાન અને તૃતીય 'ખાણ' અર્થાત્ હીરા વગેરેની ખાણોનો રાજાની આજ્ઞાવગર ભોગવટો.

પ્રકાશી રહી છે; તો પછી વિશ્વવિખ્યાત રઘુવંશીલોકો મૌનપૂર્વક અપમાન શી રીતે સહન કરી શકે ? દુશ્મનપર વૈર શી રીતે લેવું, તે રાજપૂતો હજી પણ સારી રીતે જાણે છે. આ વિશાલ દેશના સર્વ પ્રધાન સામંતો પોતપોતાની ઉપજ પ્રમાણે પોતાના પુત્ર, ભ્રાતા અને અતિ નિકટના સંબંધીઓના નિર્વાહને અર્થે યોગ્ય પ્રબંધ કરે છે. સામંતનો જ્યેષ્ઠપુત્ર તેના પ્રધાન ઉત્તરાધિકારીસ્વરૂપે તેનું પદ, ઉપાધિ,સન્માન અને સંપત્તિ પ્રાપ્ત કરે છે. જે સામંતની વાર્ષિક ઉપજ સાઠથી એંશી હજાર રૂપિયા સુધીની હોય તે સામંતના દ્વિતીય પુત્રને ત્રણથી પાંચ હજાર રૂપિયા સુધીની ઉપજનું એક ગામ મળે છે. આજ તેની 'બાપોતા' અર્થાત્ પૈતૃકસંપત્તિ છે. તેનો આ દ્વિતીય પુત્ર રાણાની સભામાં વા વિદેશમાં રાજકાર્યમાં નિયુકત થઇ ધનોપાર્જન કરે છે. સામંતના નાના પુત્રને સમાન ભાગે જમીન મળે છે. તેમને જે પરિવાર થાય છે તેમની વચ્ચે પુનઃ તેમની જમીન વહેંચી નાખવામાં આવે છે. પ્રત્યેક પુત્રના નામથી નવીન શાખાની ઉત્પત્તિ થયેલી જણાય છે. પોતાની શાખાના આદ્યપુરુષના નામની સાથે પોતાના પિતા અને કુટુંબના નામનો સંયોગ કરીને રાજપૂતો પોતાનો પરિચય આપે છે. જેમકેઃ–"માન મેઘસિંહોત શક્તાવત" આમાં માનસિંહ એ પિતાનું નામ,મેઘસિંહ એ કુટુંબનું નામ અને શક્તાવત એ શાખાનું નામ છે.આ પ્રકારે ભિન્ન ભિન્ન શાખા દિનપ્રતિદિન વૃદ્ધિંગત થતી જાય છે અને તેની સાથે ભૂમિ પણ અસંખ્ય ખંડોમાં વિભક્ત થતી જાય છે.

**ચરસા**–ચરસા શબ્દનો અર્થ ચર્મ છે. ભૂમિના પરિમાણને માટે આ ચરસા શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. અંગ્રેજીમાં એને હાઇડ કહેવામાં આવે છે. એક અશ્વારોહીસૈનિકને તેનું ભરણપોષણ તથા અશ્વના નિર્વાહને માટે જેટલી ભૂમિ આપવામાં આવે છે.તેટલી ભૂમિ મેવાડમાં ચરસા નામથી ઓળખાય છે. આ વાત મહા આશ્ચર્યની છે કે રાજસ્થાનની સામંતશાસનપ્રણાલીઅનુસાર આ દેશમાં નિકૃષ્ટશ્રેણીના યોદ્ધાને જેટલી ભૂમિ આપવામાં આવે છે, તેટલીજ ભૂમિ ઇંગ્લાંડની સામંતશાસનપ્રણાલીઅનુસાર તે દેશના યોદ્ધાને પણ આપવામાં આવતી હતી ! રાજસ્થાનમાં જે પ્રકારે એક અશ્વારોહીને એક ચરસા જમીન આપવામાં આવે છે તે પ્રકારે ઇંગ્લાંડમાં એક હાઇડ જમીન આપવામાં આવતી હતી. ચરસા અને હાઇડ એ ઉભયનું પરિમાણ એકસરખુંજ છે. ગ્રેટબ્રિટનમાં જ્યારથી એંગ્લો સૅક્ષન જાતિના શાસનનો આરંભ થયો, ત્યારથી હાઇડના પરિમાણથીજ સર્વ ભૂમિ વિભક્ત થતી હતી. રાજસ્થાનમાં જે પ્રકારે 'એક ચરસા જમીન' નો અર્થ એક હળદ્વાર ખેડાતી ભૂમિ એવો થાય છે, તેજ અર્થ ઇંગ્લાંડમાં પણ એક હાઇડ ભૂમિનો થાય છે. ઇંગ્લાંડમાં નાઇટને ચાર હાઇડ ભૂમિ આપવામાં આવતી હતી. આટલી ભૂમિનું પરિમાણ વર્તમાન દશ એકરની બરાબર છે.[1] મેવાડમાં એક ચરસા ભૂમિનું પરિમાણ પચ્ચીસથી ત્રીસ વીઘાં સુધીનું છે, જે ઇંગ્લાંડના એક નાઇટને આપવામાં આવતી જમીનની બરાબર છે.

દેવગઢના નિકૃષ્ટ પંક્તિના પટાવતસરદારોએ એક સમયે પોતાના અધીશ્વરની સામે જે વાંધાપત્ર રજુ કર્યો હતો, તે વાંચવાથી નિકૃષ્ટશ્રેણીના સરદારોનો અધિકાર કેવો છે તથા તેમની અને તેમના સામંતની વચ્ચેનો સંબંધ કેવો છે તે સુવિદિત થાય છે. દેવગઢના સામંતની સાથે તેમના તાબાના સરદારોને જે વિવાદ થયો હતો, તેજ પ્રકારનો વિવાદ ઇટાલિમાં ઇ૦ સ૦ ૧૦૩૭ માં પ્રધાનસામંતો અને તેમના હાથનીચેના સરદારોવચ્ચે ઉપસ્થિત થયો હતો. તે વખતે કનરાડે જે ધારા નિયત કર્યા હતા[2] તેજ પ્રકારના ધારા નિયત કરવાને મેવાડના નિકૃષ્ટશ્રેણીના સરદારોએ મહારાણાને

૧ ૪૪ હાથ લાંબી અને ૪૪ હાથ પહોળી ભૂમિનો એક એકર થાય છે.

૨ જે મનુષ્ય સમ્રાટ અથવા સામંતની પાસેથી પટ્ટો લઇને ભૂમિનો ભોગવટો કરે છે, તેને સામ્રાજ્યના કાયદા અથવા સામંતોના અભિપ્રાયવિના અન્ય કોઈ પણ તે ભૂમિનો ઉપભોગ લેતાં અટકાવી શકતું નથી; પરંતુ તે માણસ સામંતના અભિપ્રાયની વિરુદ્ધ સમ્રાટની પાસે અરજી કરી શકે છે. તે મરણ પામે તો તેના પુત્ર વા પૌત્રને તેની ભૂમિ મળે છે. તેના વંશનો લોપ થાય તો તેના ભ્રાતાને તેની ભૂમિ પ્રાપ્ત થાય છે. સામંત પોતાના હાથનીચેના સરદારોની સમ્મતિવિના તે ભૂમિ લઇ શકતો નથી. ઇંગ્લાંડના સામંતોએ ઇ૦ સ૦ ૧૨૧૪ માં એકત્રિત થઈ તે દેશના રાજાની પાસે એક સ્વાધીનતાની સનંદ લખાવી લીધી હતી. તેને મેગ્ના ચાર્ટા કહેવામાં આવે છે. આ સનંદદ્વારા રાજાએ પ્રજાને ઘણી સત્તા આપી હતી. ત્યારપછી ઇંગ્લાંડપતિ પ્રથમ એડવર્ડે તે સનંદમાં સુધારો કરી તેપર પોતાના હસ્તાક્ષર કર્યા હતા.

પ્રાર્થના કરી હતી.

સામંતોના તાબાના પટાવતસરદારોનાં અસંખ્ય સંતાનોને લીધે તેમની જાગીર એટલા બધા ભાગોમાં વિભક્ત થઇ ગઈ છે કે તે રીતિ રાજ્યના હિતને બાધક થઇ પડી છે; અને વિજાતીયલોકોના આક્રમણમાંથી રાજ્યની રક્ષા કરવી કઠિન થઇ પડી છે. આ દેશમાં જાગીર એટલા બધા ભાગોમાં વિભક્ત થઈ ગઇ છે કે એક ભાગમાંથી એક માણસનું ભરણપોષણ થઈ શકે નહિ. આથી પ્રજા તરફથી રાજાને ઇચ્છિત સહાય મળતી નથી. ઉચ્ચશ્રેણીના સામંતો કરતાં નિકૃષ્ટશ્રેણીના સામંતોમાં આ રીત વિશેષ પ્રચલિત છે. કચ્છના જાડેજાલોકોમાં તથા ગુજરાતકાઠિયાવાડનાં નાનાં નાનાં રાજ્યોમાં પણ જાગીરના વિભાગો અધિક થાય છે. ઇંગ્લાંડમાં મેગ્નાચાર્ટાદ્વારા જે પ્રકારે જાગીરના વિભાગ પાડવાની પ્રણાલી બંધ પાડવામાં આવી છે તે પ્રકારે રાજસ્થાનમાં પણ એ પ્રથાની નિવૃત્તિ કરવી પરમ આવશ્યક છે.

રાજપૂતાનામાં જાગીરના ભાગનો ઉપભોગ લેનાર માણસોને 'ભાયાત' કહેવામાં આવે છે. ફ્રાન્સમાં એક સમયે ' ફ્રીરેજ ' શબ્દ પણ આજ અર્થમાં પ્રચલિત હતો. એક રાજપૂત જ્યારે યુવાવસ્થામાં આવે છે ત્યારે તે પ્રથમ એજ પ્રશ્ન કરે છે કે, ' ભાયાતતરિકે મારો કેટલો ભાગ છે? તે મને કહો.' જેમ જેમ વંશની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ તેની જાગીર અસંખ્ય ભાગોમાં વિભક્ત થઇને દીનદશાને પ્રાપ્ત થાય છે. ફ્રાન્સની સામાજિકવ્યવસ્થા એવી હતી અને હમણાં પણ છે[1] કે, કોઇ પણ સામંત વા ઉપસામંતનો પ્રદેશ વિભક્ત થતો નથી. તેના જ્યેષ્ઠપુત્રનેજ સર્વ સ્થાવરસંપત્તિ મળે છે અને તેના નાના પુત્રોને માર્ગના ભિક્ષુક કિંવા અન્યના આશ્રિતતરિકે જીવનનો નિર્વાહ કરવો પડે છે. રાજપૂતાનામાં જો જાગીરના વિભાગ પાડવાની પ્રથાને કેટલેક અંશે મર્યાદિત કરવામાં આવી હોત તો તેથી રાજપૂતજાતિને વિશેષ લાભ થાત અને તેની ઉન્નતિ થઇ શકત; પરંતુ આ અનિષ્ટની નિવૃત્તિનો ઉપાય કરવો દુઃસાધ્ય છે. કચ્છ અને કાઠિયાવાડમાં જાગીરના ઘણા વિભાગો થઇ જવાથી અપરાધ, દુઃખ અને મુકર્દમાની વૃદ્ધિ થઇ ગઇ છે. જ્યાં ભૂમિના પુષ્કળ વિભાગ કરવાની પ્રથા નથી, ત્યાંના લોકો સુખી હોય છે. એક વિભાગ એક માણસનો નિર્વાહ કરે એ બહારથી ઘણી સુંદર વાત જણાય છે; પરંતુ પ્રજાને એથી લેશ પણ લાભ નથી. મેવાડમાં ભૂમિના વિભાગ કરવાની પ્રથા કેટલી હદસુધી છે તે અમે નિશ્ચયપૂર્વક કહી શકતા નથી, પણ ત્યાંના સામંતો પોતાની ભૂમિના વિશેષ વિભાગ કરતા નથી. તેઓ પોતાના ભાયાતોને આજીવિકા ચલાવવાને માટે વિદેશમાં મોકલી દે છે. આ વિભાગ પાડવાની રીતિ અને કન્યાને પહેરામણી આપવાની રીતિજ શિશુકન્યાવધનું પ્રધાન કારણ છે.

કર્નલ ટૉડની લખેલી ઉપર્યુક્ત વાતપરથી પ્રતીત થાય છે કે, દીર્ઘકાળથી શાસ્ત્રવિધાનાનુસાર, ભારતમાં પિતાની સંપત્તિના વિભાગ પાડવાની જે પ્રથા પ્રચલિત છે તે સામંતોને માટે ઇષ્ટ નથી.

પરંતુ એ પ્રાચીન પ્રણાલી અટલ રહે એવી અમારી (હિંદી અનુવાદકની) અભિલાષા છે. અંગ્રેજોની પ્રણાલી અનુસાર ઉત્તરાધિકારની પ્રથા આ દેશમાં ચલાવવી યુક્ત નથી. જેમને અંગ્રેજીસમાજની દશા વિદિત છે, તેઓ સારી પેઠે જાણે છે કે,તેમનામાં જ્યેષ્ઠપુત્રનેજ પિતાની સમસ્ત સ્થાવર સંપત્તિ તથા ઉપાધિ પ્રાપ્ત થાય છે અને તેથી વિનાપરિશ્રમે અતુલ સંપત્તિ મળવાની આશાથી તે બાલ્યાવસ્થાથીજ વિદ્યાપ્રત્યે ચિત્ત લગાડતો નથી અને સંપત્તિ મળ્યા પછી મોજવિલાસમાં નિમગ્ન થાય છે, તેથી સમાજનું તે કાંઇ પણ હિત સાધી શકતો નથી. સર્વથી નાનો પુત્ર અંગ્રેજ માતાપિતાને વધુ પ્રિય હોય છે તેથી તેમની સમસ્ત જંગમ મિલ્કત તેને મળે છે. આ કારણથી તે પણ સમાજને કશો લાભ કરી શકતો નથી અને વચલા પુત્રો પરિશ્રમ કરીને આજીવિકા ચલાવે છે તેથી તેઓજ સમાજને લાભ કરે છે. આ કેટલા અંધેરની વાત છે કે એક પુત્ર પિતાની સમસ્ત સંપત્તિ ગ્રહણ કરી મોજવિલાસ કરે અને બીજા ભિક્ષુક બને! જ્યેષ્ઠભ્રાતા રાજ્યાડંબર ભોગવે અને અન્ય ભ્રાતા ભીષણ પરિશ્રમ કરીને પોતાના પરિવારનું પાલન કરે! આ પ્રથાને અમે કદિપણ હિતકારક કહી શકતા નથી અને એ હિતકારક નથી એટલા માટેજ આપણા પ્રાચીનકાળના મહર્ષિઓએ સર્વ પુત્રોને યથોચિત ભાગ મળે એવી વ્યવસ્થા કરી છે.

---

૧ હેલેમ પ્રથમ વોલ્યુમ પૃષ્ઠ ૧૯૧

# अध्याय ३५ मो

## રખવાળી-દાસત્વ-અસી-ગોલા અને દાસ-રાજપૂતપ્રધાન અથવા મંત્રી

**રખવાળી**-પૌર્વાત્યદેશોની સામંતશાસનશૈલી અને પશ્ચિમનાં રાજ્યોની સામંતશાસનપ્રણાલીની સમાનતા આગળ અનેક વિષયોમાં આપણે જોઇ ગયા છીએ. અહીંઆં એક બીજી બાબતમાં પણ આપણને ઉભય દેશોની સમાનતા દૃષ્ટિગોચર થાય છે. પંચાયતપદ્ધતિ શિથિલ થઇ રાજ્યમાં ચોતરફ અશાંતિ પ્રસરી રાજાની શાસનશક્તિનો હ્રાસ થવાથી પ્રજાના જાનમાલનું રક્ષણ થઇ શકયું નહિ, તેથી રાજસ્થાનમાં રખવાળીના કરનો પ્રચાર થયો. આજ પ્રકારે યૂરોપમાં પણ 'સાલ્વામેંટા' નો જન્મ થયો હતો. 'રખવાળી' શબ્દનો અર્થ રક્ષા કરવી વા આશ્રય આપવો એવો થાય છે. રાજપૂતરાજ્યોમાં આ પ્રકારનો કર પ્રાચીનકાળમાં પણ કેટલેક અંશે પ્રચલિત હતો. જે સમયે મેવાડમાં મહારાષ્ટ્રીય, પઠાણ વગેરે લૂંટારાઓએ ભયંકર અત્યાચાર કરવા માંડયા અને જે સમયે મેવાડની સર્વ પ્રજાના જાનમાલની રક્ષા થવી દુ:સાધ્ય થઇ ગઈ, તે સમયે આ રખવાળીકર શોચનીય પ્રકારે પ્રજાનું રુધિર ચૂસતો હતો. પોતાના જાનમાલ અને ભૂમિસંપત્તિનું રક્ષણ કરવાને માટે પ્રજા સબળ સામંતોનો આશ્રય ગ્રહણ કરતી હતી અને તેના બદલામાં તેને રખવાળીકર આપવો પડતો હતો. પ્રજાજનો કાં તો સામંતને નગદ રૂપિયા આપતા અથવા તેની જમીન વિનાલવાજમે ખેડી આપતા હતા. તે સિવાય સામંતો આશ્રિતપ્રજાની પાસે પોતાની ઇચ્છાનુસાર બીજાં કામો પણ કરાવતા હતા. ખાસ કરીને આ સામંતો ભૂમીઆલોકોની પાસેથી અનેક ખાસહક્કો મેળવવાને પ્રયાસ કરતા હતા. વિશેષત: તેમની જમીન લઈ લેવી એ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો; કારણ કે જો તેઓ કદાચ રાણાદ્વારા સામંતપદપરથી ચ્યુત થાય તો ભૂમીઆલોકોની પાસેથી પ્રાપ્ત કરેલી જમીનથી તેઓ પોતાનો ઉદરનિર્વાહ સારી રીતે ચલાવી શકે. ભૂમીઆલોકોની જમીન મહારાણા કદિપણ પોતાના અધિકારમાં લઇ શકતા નથી. આજ કારણથી ચતુર સામંતો ભૂમીઆલોકોને પોતાના આશ્રયમાં લઇને રખવાળીના બદલામાં તેમની ભૂમિ હસ્તગત કરી લેતા હતા.

**દાસત્વ**-રાણાની ખાલસાભૂમિમાંની પ્રજા કોઈ કોઇ વખત વિપદ્ગ્રસ્ત થવાથી પોતાના જાનમાલનું રક્ષણ કરવાને માટે આસપાસના સામંતોને આશ્રય આપવાને પ્રાર્થના કરતા, તો રાણા તેપ્રત્યે વાંધો લેતા નહિ. જે પ્રજાજનો અત્યાચરીલોકોના હાથમાંથી પોતાના જાનમાલનું રક્ષણ કરવાને માટે સામંતોનો આશ્રય ગ્રહણ કરતા, તેઓ કોઈ કોઈ વખત નગદ રૂપિયાના બદલામાં તેમનું દાસત્વ કરવાને બંધાતા. આ લોકો એક વર્ષમાં કેટલાક નિયત માસપર્યંત આશ્રયદાતા સામંતોનાં ખેતરો ખેડી આપતા હતા. વખત જતાં આ રખવાળીકરની પદ્ધતિથી મેવાડમાં અનેક દારુણ કષ્ટો ઉપસ્થિત થયાં. અંતે ઇ૦ સ૦ ૧૮૧૮ માં રાણાની સાથે સામંતોને જે નવીન સંધિ થઇ તેથી આ સર્વ કષ્ટોની નિવૃત્તિ થઇ ગઇ.

મેવાડમાં જે સમયે ચોતરફ અશાંતિ, વિદ્રોહ, અત્યાચાર અને વિજાતીય આક્રમણ પ્રબલ થઈ ગયાં હતાં તે સમયે પ્રજા સામંતોનો આશ્રય ગ્રહણ કરીને તેમના દાસસમાન બની ગઇ હતી;[1] પરંતુ આ

[1] રાજસ્થાનના રખવાળીકરના જેવો કર એક સમયે ઇંગ્લાંડમાં પણ પ્રચલિત હતો. ઇ૦ સ૦ ૧૭૨૪માં લૉર્ડ લવાટે સ્કૉટલેંડના હાઇલેંડની સ્થિતિસંબંધે રાજા પ્રથમ જ્યૉર્જને જે પત્ર લખ્યો હતો તેમાં તેણે જણાવ્યું હતું કે:- "જ્યારે નિરંતર લૂંટફાટ અને અત્યાચારથી પ્રજાનું સર્વસ્વ નાશ પામે છે, તે સમયે લૂંટારાનો નેતા અથવા તેનો એકાદ મિત્ર પ્રજાની સમક્ષ એવો પ્રસ્તાવ રજુ કરે છે કે, જો તમે પ્રતિવર્ષે કરસ્વરૂપે નિયમિત રૂપિયા આપવાને

વાતનો તો અવશ્ય સ્વીકાર કરવોજ જોઇએ કે જે સામંતો નિરુપાય અને ક્ષીણબલ પ્રજાની ઉપર આ પ્રકારનું ભયાનક પ્રભુત્વ સ્થાપિત કરતા હતા તેઓ પ્રથમ તેમની સારી રીતે રક્ષા કરવાને માટે યથાસાધ્ય શ્રમ તથા યત્ન કરતા હતા.

**બસી**—યૂરોપમાં જૂદી જૂદી જાતના ગુલામો દૃષ્ટિગોચર થાય છે; પરંતુ યૂરોપના કૃષિદાસો (એગ્રીકલ્ચરલ સર્ફ્સ) જેવા ગુલામો રાજસ્થાનમાં દ્રષ્ટિગોચર થતા નથી. સ્વતંત્ર રાજપૂતો અને રાજપૂતસામંતોના ઘરમાં રહેતા [1]ગોલા નામના દાસોમાં 'બસી' નામના દાસોની એક શ્રેણી વિદ્યમાન છે. આ બસીલોકો પ્રાયઃ સાલિક ફ્રાંક લોકોના 'સર્વિ' નામના દાસોની સમાન છે. મહાશય હૅલેમ જણાવે છે કેઃ–"આ સર્વ લોકો પોતાના સ્વામીનું કૃષિકાર્ય કરતા અને તેની ભૂમિપર નિવાસ કરતા, જો કે તેઓ સંપત્તિ અને નાગરિકત્વના હક્કથી વંચિત નહોતા." હારાવતી પ્રદેશમાં વસતા હાલી[2] નામના કૃષિકારો પણ આજ સ્થિતિમાં છે. પૂર્વે જે ક્ષેત્રો તેમનાં પોતાનાં હતાં તેની ઉપર હાલમાં સામંતોનો અધિકાર સ્થાપિત થઇ જવાથી તેઓ સામંતોના દાસતરિકે તેમની આજ્ઞાનુસાર કૃષિકાર્ય કરે છે.

હૅલેમ જણાવે છે કેઃ–"નાના નાના કૃષિકારો લૂંટફાટ અને અત્યાચારના સમયમાં ભૂમિના અધિકારથી વંચિત થવાને લીધે પોતાની વ્યક્તિગત સ્વાધીનતા પણ ખોઈ બેસે છે." હારાવતીના હાલીલોકો આ વચનોની સત્યતા સારી રીતે સિદ્ધ કરે છે. વિદ્રોહ, વિદેશીય આક્રમણ આદિ કારણોથી નાના નાના કૃષિકારો સામંતોનો આશ્રય ગ્રહણ કરતા હતા, તેથી બસી દાસોની ઉત્પત્તિ થઈ છે. કોટારાજ્યના હાલીલોકો જો કે દાસસ્વરૂપ છે, પરંતુ તેઓ દાસની ઉપાધિવિનાના છે. બસીલોકોની દશા હાલી કરતાં પણ વિશેષ શોચનીય હતી; કારણ કે તેઓ પોતાની સંપત્તિ વા ભૂમિ ધરાવતા નહોતા. પૂર્વે જે ભૂમિપર તેમનો આધકાર હતો, તેજ ભૂમિપર તેઓ સામંતની આજ્ઞાનુસાર પોતાના જીવનના નિર્વાહાર્થે કૃષિકાર્ય કરતા હતા અને વળી તેઓ સામંતના ઋણમાં ડૂબેલા હતા. તેમને અન્યત્ર નાસી જવાની કાંઈપણ આશા નહોતી; કારણકે તેમની ઉપર તીક્ષ્ણ દૃષ્ટિ રાખવાને માટે પહેરેદારો નિયુક્ત કરવામાં આવેલા હતા; પરંતુ હાલમાં તેમનાં સર્વ કષ્ટોની નિવૃત્તિ થઇ ગઇ છે.

**ગોલા અને દાસ**–પૂર્વે રાજસ્થાનમાં દુષ્કાળ, વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાંશે નાશ કરતો હતો. એકાદ પ્રબલ દુષ્કાળ પડતાં સહસ્રાવધિ મનુષ્યો દાસસ્વરૂપે બજારમાં વેચાતા હતા. લૂંટફાટ કરનાર પીંઢારા અને પહાડીલોકો દીર્ઘકાળથી દાસ વેચતા હતા. ફ્રાંકોની પેઠે રાજપૂતરાજ્યોમાં પણ માતાદ્વારા સ્વાધીનતાની પ્રાપ્તિ થાય છે; અર્થાત્ જેમની માતા સ્વતંત્ર હોય છે તે પોતે પણ સ્વતંત્ર થઇ શકે છે. આ દેશમાં ગોલી અથવા દાસીના પુત્રો ગોલા અથવા દાસ ગણાય છે. રાજપૂતોનાં ગૃહોમાં જે અસંખ્ય ગોલાઓ દૃષ્ટિગોચર થાય છે તે સર્વ રાખ અર્થાત્ ઉપપત્નીના ગર્ભથી ઉત્પન્ન થયેલા છે. પાશ્ચાત્યદેશોના પ્રાચીન સેક્ષન દાસોની પેઠે આ ગોલાલોકો પણ દાસત્વના ચિન્હસ્વરૂપે પોતાના ડાબા પગમાં ચાંદીની કલ્લી પહેરે છે. તેમના સ્વામીઓ તેમનાપ્રત્યે અતિ ઉદાર વર્તન રાખે છે અને તેમાંના કેટલાક કવાયતી સૈનિકો ગણાય છે; પરંતુ આગળ જણાવ્યા પ્રમાણે તેઓ પોતાની માતાના કુલ પ્રમાણે આદર પામે છે. રાજપૂતાણી,મુસલમાની અને ગોલીઓનાં ઉદરથી ઉત્પન્ન થયેલા માણસો તેમની માતાના કુલ પ્રમાણે ભિન્નભિન્ન પ્રકારે માનાપમાન પામે છે. રાજપૂતસામંતોના વીર્યથી અને ગોલીઓના ગર્ભથી જે લોકો જન્મ ગ્રહણ કરે છે, તેમનો પણ દેશમાં અનાદર થતો નથી.તેઓ પણ સામંતોના પ્રદેશમાં વિશ્વસ્ત પદોપર નિયુક્ત થાય છે. દેવગઢના મૃતસામંતના પ્રપિતામહ ત્રણસેં ગોલા અશ્વારોહીઓસહિત રાજધાની ઉદયપુરમાં આવતા હતા. તે પ્રત્યેક દાસના ડાબા પગમાં એક એક સુવર્ણની કલ્લી રહેતી હતી.

કબૂલ થાઓ તો હથિયારબંધ સૈનિકો તૈયાર કરી તમારી ભૂમસંપત્તિની રક્ષા કરવાનો ભાર હું લઈશ. આ પ્રસ્તાવ કબૂલ કરીને પ્રજા જો તેને કર આપે તો દેશમાંથી ચોરી, લૂંટફાટ સર્વથા દુર થઈ જાય છે. જો કોઈ માણસ આ કર આપવાનો અસ્વીકાર કરતો તો તેનું સર્વસ્વ લૂંટી લેવામાં આવતું. જે માણસો નેતાને આધીન રહી લૂંટફાટ કરે છે, તેઓ પણ બહારથી પોતાની નિર્દોષતા દર્શાવવાને માટે કર આપે છે."

૧ મુસલમાનોમાં 'ગુલામ' શબ્દ જે અર્થમાં વપરાય છે તેજ અર્થમાં રાજપૂતોમાં 'ગોલા' શબ્દ વપરાય છે.

૨ 'હાલી' શબ્દ 'હલ'પરથી ઉત્પન્ન થયો છે. સેક્ષનલોકો હલને 'સિલ' કહેતા હતા. મારવાડમાં 'સ' ઉચ્ચાર 'હ' કરવામાં આવે છે; અર્થાત્ 'સાલિમસિંહને 'હાલિમ સેંહ' કહેવામાં આવે છે.

આ સર્વ દાસોનું જીવન તે સામંતને આધીન હતું. તે સામંત પોતાના બે હજાર માણસો લઈને રણ-ક્ષેત્રમાં જતા હતા.[1]

પૂર્વે જર્મનજાતિમાં દ્યૂતક્રીડા પ્રચલિત હોવાથી વ્યક્તિગત સ્વાધીનતાનો શી રીતે લોપ થતો હતો તેનું વર્ણન ટૅસિટસે ઉત્તમ પ્રકારે કર્યું છે. જે માણસ દ્યૂતમાં પરાસ્ત થતા તેમને દાસસ્વરૂપે બજારમાં વેચવામાં આવતા હતા. તે જાતિની પેઠે રાજપૂતજાતિ પણ દ્યૂતક્રીડામાં અત્યંત આસક્ત છે. ટૅસિટસે જર્મનજાતિની દ્યૂતક્રીડાનું જે સમયનું વર્ણન કર્યું છે, તે સમયથી દીર્ઘકાળપૂર્વે–ટિવેસ્ટો નામના દેવના ઉપાસકોએ જર્મનીનાં ગહન જંગલોમાં વાસ કર્યો તેની દીર્ઘકાળપૂર્વે–રાજપૂતોમાં દ્યૂતક્રીડા પ્રચલિત હતી. આ વાત આપણાં પુરાણોપરથી સારીરીતે પ્રતીત થાય છે. આ દ્યૂતક્રીડાએ ભારતવર્ષના કેટલા પ્રાચીન રાજવંશોનો નાશ કર્યો છે ? તે હિંદુપાઠકો સારીરીતે જાણતા હશે. મહારાજા યુધિષ્ઠિર જો દ્યૂતક્રીડામાં આસક્ત ન થાત અને જો તેઓ રાજ્ય, ધન અને અંતે પોતાની પ્રાણપ્રિય પત્નીને પણ હારી ન જાત, તો કુરુક્ષેત્રનું મહાયુદ્ધ કદિપણ થાત નહિ અને તે યુદ્ધાગ્નિમાં લક્ષાવધિ ભારતસંતાનોનાં જીવનની આહુતિ આપવી પડત નહિ તથા આર્યજાતિ કદિપણ સત્વહીન બનત નહિ તેમજ તેનો ગૌરવરવિ અસ્તાચલમાં જાત નહિ. આ દ્યૂતક્રીડાને લીધેજ યુધિષ્ઠિરને દાસત્વ કરવું પડયું હતું. રાજસ્થાનમાં હજી પણ અનેક લોકો ઉન્મત્ત બની જુગાર રમે છે. પ્રબલ બ્રિટિશસરકારે જો કે આ અધમ પ્રથાને કેટલેક અંશે દૂર કરી છે, તથાપિ હજીપણ ઘણા લોકો ગુપ્તરીતે દ્યૂત ખેલે છે.

રાજપૂતસામંતોના વીર્યથી અને દાસીઓના ગર્ભથી ઉત્પન્ન થયેલા માણસો જે પ્રકારે ગોલા નામથી વિખ્યાત છે, તે પ્રકારે રાણાઓના વીર્યથી અને દાસીઓના ગર્ભથી ઉત્પન્ન થયેલા માણસો 'દાસ' કહેવાય છે. આ દાસલોકોને જો કે રાણાઓના તરફથી જીવનનિર્વાહને માટે જાગીર વગેરે સંપત્તિ મળે છે, તોપણ તેમને કાંઈ સન્માનસૂચક પદવી મળતી નથી. ગોલા અને બસીમાં એટલો ભેદ છે કે ગોલા જન્મથી દાસ થયેલા હોય અને બસી પાછળથી પોતાની ઇચ્છાથી દાસ બનેલા હોય છે. ગોલાલોકો માત્ર ગોલી અર્થાત્ દાસીની સાથેજ લગ્ન કરી શકે છે. રાણાઓના વીર્યથી ઉત્પન્ન થયેલા દાસોને અત્યંત રંક રાજપૂતો પણ પોતાની કન્યા આપવાનું પસંદ કરતા નથી. બસીલોકો પોતાના ભાગ્યનું પરિવર્તન થતાં દાસત્વમાંથી મુક્ત થઈ પુનઃ પોતાની વ્યક્તિગત સ્વાધીનતા પ્રાપ્ત કરી શકે છે; પરંતુ ગોલાલોકો તેમ કરવાની ઇચ્છા રાખતા નથી, કારણ કે તેમ કરવાથી પણ તેઓ પોતાની સ્થિતિ સુધારી શકતા નથી કિંવા પોતાની સ્વાભાવિક ખોડ દૂર કરી શકતા નથી. તેઓ જન્મદોષથી રાજપૂતોમાં કોઈ પણ પ્રકારે સન્માન પ્રાપ્ત કરી શકતા નથી કિંવા શુદ્ધ રાજપૂત રક્તધારીઓની સાથે મિશ્રિત થઇ શકતા નથી.બસીલોકોને આવું કોઇ જન્મનું કલંક નથી.તેઓ વેચાયેલા દાસ હોવા છતાં પણ પોતાનાસામાજિક આચારવિચાર અને નીતિરીતિ પાળીશકે છે;પરંતુ તેઓસામંતની સમ્મતિવિના સ્વાધીનતા ભોગવીશકતાનથી.

રાજસ્થાનમાં એક બીજી શ્રેણીના દાસ થતા હતા. વિજાતીય શત્રુઓ વા લૂંટારાઓદ્વારા પૂર્વે જે લોકો બંદી થતા હતા તેમને જે રાજપૂતસામંતો મુક્ત કરાવતા હતા, તેમના તેઓ દાસ બની જતા હતા. આખી નાતોની નાતો, આ પ્રકારે વિપત્તિમાં સપડાવાથી પોતાના પ્રાણ,ધન, ધર્મ અને સન્માનની રક્ષાને અર્થે સ્વેચ્છાથી દાસ–દાસી બની જતાં હતાં. આવાં અનેક ઉદાહરણો જાણવામાં આવ્યાં છે.બિજોલી પ્રગણાના નિવાસીઓનો ઘણો ભાગ ત્યાંના પરમારસામંતોના બસીતરિકે જીવનનિર્વાહ કરે છે. તે લોકો પરમારસામંતોની આશ્રિત પ્રજા છે. મહારાણા જો કે સર્વના સ્વામી છે, પણ બસી-લોકોની ઉપર તેમનો કાંઇ પણ અધિકાર નથી.બિજોલીના વર્તમાનસામંતના પૂર્વજ બાર પેઢીપૂર્વે આ બસીલોકોના સમુદાયની સાથે મેવાડમાં આવ્યા હતા. રાણાએ તેમનો પરમ આદરસત્કાર કર્યો અને તેમને મેવાડના સીમાંતપર અતિ ફળદ્રુપ પ્રદેશમાં એક મોટી જાગીર અર્પણ કરી.[2]

---

૧ આ લોકોદ્વારા કર્નલ ટૉડને પ્રથમ શ્રેણીના સામંતોના ઘણા સંદેશા પ્રાપ્ત થયા હતા.

૨ ફક્ત પરમાર કે જેમણે પોતાની સાથે બસીલોકોને લઈને મેવાડમાં આવી નિવાસ કર્યો હતો તેમણે તેમને અત્યાચારી તાતારલોકોના હાથમાંથી બચાવીને કે દુષ્કાળના મુખમાંથી બચાવીને દાસપદ આપ્યું હતું, તે કહી શકાતું નથી. ( જો રાજપૂતોએ તેમને વશ કર્યા હોય તો 'બશી' શબ્દ યુક્ત છે અને 'નિવાસ'ના અર્થમાં એ શબ્દ વપરાયો હોય તો 'બસી' યુક્ત છે.) હિંદી અનુવાદક

ગોલાલોકો જે પ્રકારે પોતાના ડાબા પગમાં દાસત્વના ચિન્હસ્વરૂપે ચાંદીની કડી પહેરે છે, તે પ્રકારે બસીલોકોના મસ્તકપર દાસત્વના ચિન્હતરિકે એક વાળનો ગુચ્છો રહે છે.બસી શબ્દ, ગોલા શબ્દના જેવો અત્યંત અપમાનસૂચક નથી. 'બસ્તી' વસ્તી શબ્દપરથીજ બસી શબ્દની ઉત્પત્તિ થઇ છે. બસી શબ્દનો મૂળ અર્થ નિવાસી છે. પૂર્વે અનેક સામંતો અનેક કારણોથી પોતાની પૈતૃકભૂમિનો ત્યાગ કરી પોતાના સમસ્ત અનુચરોની સાથે ભિન્ન ભિન્ન દેશોમાં જઈ નિવાસ કરતા હતા. ટોંક (રામપુરા)-ની નિકટના બસી નગરના નામની ઉત્પત્તિ આવાજ કારણથી થઈ છે. સોલંકીરાજે વિજાતીય આક્રમણથી પીડિત થઇ પોતાના પૈતૃકરાજ્ય ગુજરાતનો પરિત્યાગ કરીને ઉક્ત સ્થાનમાં વસ્તી સ્થાપન કરી હતી. તેના તાબાની સર્વ પ્રજા વિજાતીય શાસનમાં નિવાસ કરવો અનુચિત ધારી પોતાની ઇચ્છાથી પોતાના રાજાનું અનુસરણ કરી ઉક્ત સ્થાનમાં જઇ વસી હતી.બિજોલીની સ્થાપના પણ કદાચ આવીજ રીતે થઇ હશે. રાજપૂતો કૃતજ્ઞતા દર્શાવવાને માટે ઘણીવાર કહે છે કેઃ—"હું આપનો બસી છું. આપ મને દાસસ્વરૂપે વેચો તો હું વેચાવાને તૈયાર છું."[1]

**પરસ્પરમાં કલહ**—રાજપૂતજાતિની જે સમયની અવસ્થાનું ચિત્ર અત્ર અંકિત કરવામાં આવે છે, જે સમયે રાણાની વ્યક્તિ ઉપરજ સર્વ પ્રજાનું અવલંબન હતું, તે સમયે તેમની શત્રુઓપર વૈર લેવાની વૃત્તિ સ્વાભાવિકરીતે અત્યંત પ્રબલ થઈ ગઇ હતી.રાજપૂતજાતિના પતનના સમયમાં પરસ્પરનો કલહ પરમ પ્રબલ થઈ ગયો હતો. જે પરસ્પરના કલહાગ્નિએ ભયાનક રીતે પ્રજ્વલિત થઈ ગત અર્ધ શતાબ્દીમાં મેવાડને પરમ શોચનીય દુર્દશામાં લાવી નાખ્યું છે અને જે પરસ્પરનો કલહ જો થોડો વખત વધુ રહેત તો મેવાડનો સંપૂર્ણ વિધ્વંસ કરી નાખત, તે પરસ્પરના કલહનું કેટલુંક વર્ણન અત્ર કરવામાં આવે છે, જે વાંચવાથી મેવાડની ગત અર્ધ શતાબ્દીની અવસ્થા પાઠકો સારી રીતે જાણી શકશે. સૌભાગ્યવશાત્ હાલમાં ધીમે ધીમે શુભ સમય પાસે આવતો જાય છે અને આશા રહે છે કે થોડા સમયમાં રાજસ્થાનના પરમ રમણીય ઉદ્યાનસ્વરૂપ મેવાડ પુનઃપૂર્વવત્ સુખશાન્તિ અને સૌંદર્ય પ્રાપ્ત કરશે.

મેવાડનો વિધ્વંસ થવામાં કાંઇ ત્રુટિ રહી નહોતી. ભયાનક હિંસક વ્યાઘ્રોએ અને જંગલી સુવરોએ રાજધાની ઉદયપુરમાં નિવાસ કર્યો હતો. રાજપ્રાસાદના સુંદર ઓરડાઓમાં ગીધો નિર્ભયતાપૂર્વક રહેવા લાગ્યાં હતાં. જે મહાલયના વિસ્તૃત આગણામાં સામંતો પોતપોતાની સેનાસહિત એકત્રિત થઇ તેની શોભામાં અત્યંત વૃદ્ધિ કરતા હતા, તેજ આંગણું ઘાસથી આચ્છાદિત થઈ ગયું હતું અને 'સો રાજાના વંશજ' ( મહારાણા ) તે ઘાસવાળા આંગણાના એક નાનાસરખા પગરસ્તાથી પોતાના મહાલયમાં પ્રવેશ કરતા હતા. આ ચિત્ર અત્યંત હૃદયભેદક છે. સ્વદેશહિતૈષી લોકો મેવાડની આ શોચનીય દુર્દશાના સ્મરણથી અવશ્ય દુઃખિત થશે. રાજપૂતજાતિના આવા પતનનું એક પ્રધાન કારણ પરસ્પરનો કલહજ છે.

રાજસ્થાનના પ્રત્યેક રાજ્યમાં વૈર લેવાની વૃત્તિ અધિક પ્રબળ છે. પ્રત્યેક રાજપૂત આ વૃત્તિનો દાસ છે. કોઇ માણસ એક રાજપૂતનું યત્કિંચિત્ અપમાન કરે વા તેને લવલેશ પણ હાની કરે અને જો તે તેનાપર વૈર ન લે, તો તેની તરફ રાજપૂતસમાજ ઘૃણાની દૃષ્ટિથી જુએ છે. જે દેશની સરકાર વ્યક્તિગત અત્યાચાર અને સ્વેચ્છાચારનું દમન કરવાને અશક્ત હોય છે, તે દેશના લોકો નિર્ભયતાપૂર્વક સ્વચ્છંદી આચરણ કરે છે. રાજપુતરાજ્યોમાં આવોજ પ્રકાર જોવામાં આવે છે. રાજપુતોની વૈર લેવાની વૃત્તિ એટલી બધી પ્રબળ હોય છે કે,બે ભિન્ન વંશો વા શાખાઓની વચ્ચે કોઈ કારણથી વૈર ઉપસ્થિત થાય છે તો અનેક પેઢીઓસુધી તે વૈર સતત ચાલુ રહે છે. જ્યાંસુધી તે ઝઘડો સર્વથા નિવૃત્ત થાય

[1] એક સમયે મહારાષ્ટ્રયલોકોએ કેટલાક તરુણ રાજપૂતસામંતોને ખંડણી લેવાને માટે બંદીવાન કર્યા હતા. કર્નલ ટોડે મધ્યસ્થ થઈને તેમને વિમુક્ત કર્યા. આ સામંતોમાં પૂરાવતશાખાના નેતાના કનિષ્ઠ ભ્રાતા પણ હતા. તેમની માતા મૃત્યુશય્યાપર પડી હતી અને તે તેમને જોવાને માટે અધીરી બની ગઇ હતી. તેઓ મુક્ત થઈને તરતજ માર્ગમાં પોતાની માતાનું દર્શન કરી શકત; પરંતુ તેમના હૃદયમાં કૃતજ્ઞતા એટલી બધી પ્રબળ થઇ ગઈ હતી કે તેઓ તેમ નહિ કરતાં પ્રથમ કર્નલ ટોડની પાસે ગયા અને ગદ્ગદ્ કંઠે તેમને વારંવાર કહેવા લાગ્યા કેઃ—" હું આપનો રાજપૂત, આપનો ગોલો અને આપનો બસી છું. આપ મને જે આજ્ઞા આપશો તેનું હું તત્કાલ પાલન કરીશ." કર્નલ ટોડે તરતજ તેમને, પુત્રવિરહથી પીડાતી તેમની માતા પાસે મોકલી દીધા.

નહિ ત્યાંસુધી તલવાર મ્યાન કરવામાં તેઓ અનિવાર્ય કલંક માને છે. સેક્ષનલોકો કરતાં રાજપૂતો માનની રક્ષા અધિક દીર્ઘકાળથી કરતા આવ્યા છે.પ્રાચીન સેક્ષનલોકોમાં એવો કાયદો પ્રચલિત હતો કે, જો કોઇ માણસ કોઈના શરીરનું એકાદ અંગ નષ્ટ કરતો તો તેને દ્રવ્યનો દંડ કરવામાં આવતો હતો. આંગળી, અંગુઠો વગેરે પ્રત્યેક અવયવનું મૂલ્ય નિશ્ચિત કરવામાં આવ્યું હતું; પરંતુ વીરરાજપૂતો રક્તને માટે રક્તજ લે છે.જે રાજા અન્યને 'મુંડકાટી' લેવાની ફરજ પાડે છે તે પ્રતાપશાળી ગણાય છે.[1]

માત્ર એક ઉપાયદ્વારાજ આ ભયંકર કલહ નિવૃત્ત થઇ શકે એમ છે;પરંતુ તે ઉપાયને રાજપૂતો ઘૃણિત સમજે છે. બે જણની વચ્ચે વિવાદ થતાં જે માણસને હાનિ થઇ હોય તે પોતાની ખુશીથી ક્ષમા કરે અથવા નુકસાન કરનાર માણસ પોતાના પ્રતિપક્ષની ક્ષમા માગે તો તેમની શત્રુતા નિવૃત્ત થઈ જાય છે. પ્રત્યેક પક્ષને માટે આ અવસ્થા ઘણી કસોટીભરેલી હતી; તોપણ આવી ઘટના કાંઈ છેક બનતી નહોતી એમ નહોતું.આ પ્રકારે એકવાર વૈરનું શમન થયા પછી જો કોઇ પુનઃકલહ ઉપસ્થિત કરતો તો સમાજમાં તેની ભારે નિંદા થતી;પરંતુ હાલમાં પતિત સમયમાં પુનઃ કલહ ઉપસ્થિત થવાનાં દૃષ્ટાંતો પણ દૃષ્ટિગોચર થાય છે.

અમે આગળ જણાવી ગયા છીએ કે શાહપુરાના રાજા મહારાણાના વંશમાં ઉત્પન્ન થયા હતા અને તેઓ મેવાડમાં એક મહાબળવાન પુરુષ હતા.એક સમયે આ શાહપુરાના ઉમેદસિંહ નામના અધિપતિની સાથે અમરગઢના ભૂમીઆસ્વામી રાણાવતસામંતને કલહ ઉપસ્થિત થયો. શાહપુરાધીશ્વર કેવલ રાણાની આપેલી ભૂમિનાજ અધિપતિ નહોતા;પરંતુ દિલ્હીના સમ્રાટે આપેલો એક બીજો પ્રદેશ પણ તેમની પાસે હતો. તે સમયે વાણિજ્યકર સિવાયની તે ઉભય દેશોની વાર્ષિક ઉપજ દશ લાખ રૂપિયાની હતી. તેમણે મેવાડનો જે મંડલગઢ નામનો પ્રદેશ રાણાની પાસેથી પ્રાપ્ત કર્યો હતો, તે પ્રદેશમાં તેમના શત્રુનો પણ અધિકાર હતો. ઉભયની ભૂમિ સંયુક્ત અને મિશ્રિત હોવાથી તેમની વચ્ચે સદા વિવાદ, ધમકી અને ક્વચિત્ ક્વચિત્ યુદ્ધ પણ થતું હતું.તેમના કૃષિકારોસુદ્ધાં આ વિવાદમાં ભાગ લઇ રક્તપાત કરતા હતા. દિલાલ નામનો તે ભૂમીઆસરદાર શાહપુરાપતિ કરતાં અલ્પ શક્તિશાળી હતો. તે માત્ર દશ ગામનો સ્વામી હતો અને તેની વાર્ષિક ઉપજ ૧૨૦૦૦)રૂપિયા કરતાં કાંઇક વિશેષ હતી; પરંતુ પોતાની સમસ્ત પ્રજાનું ન્યાયપૂર્વક શાસન કરવાથી તે અત્યંત લોકપ્રિય થઇ પડયો હતો અને તેના સ્વજાતીય બંધુઓ તેને માટે સમશેર ધારણ કરવાને સદા તત્પર રહેતા હતા. એક ડુંગરી ઉપર દિલાલનો દુર્ગ સ્થિતિ હતો અને પશ્ચિમતરફ મુખ ધરાવનાર તે ઉચ્ચ કિલ્લાની ઉપર કેટલીક તોપો તૈયાર રાખવામાં આવી હતી. દુર્ગની ચોતરફ ગહન વન આવેલું છે અને માત્ર બે ત્રણ માર્ગોથીજ દુર્ગમાં પ્રવેશ કરી શકાય છે,તેથી કોઈ પણ શત્રુ સહસા આક્રમણ કરી તેમાં પ્રવિષ્ટ થઇ શકતો નથી. આ કારણથી તેનો પ્રબળ શત્રુ શાહપુરાપતિ રણક્ષેત્રમાં એક હજાર યોદ્ધાઓ ઉપસ્થિત કરી શકતો હતો તે છતાં પણ દિલાલ નિર્ભયતાપૂર્વક પોતાના દુર્ગમાં રહી શકતો હતો. કોઇ કોઇ સમયે ઉભયની વચ્ચે ભયંકર વિવાદાગ્નિ પ્રજ્વલિત થતો હતો અને તેથી તેઓ ક્ષીણબલ થઇ જતા હતા. શાહપુરાપતિનાં ગામોમાં દુર્ગ નહિ હોવાથી દિલાલ સુગમ રીતે પોતાની વૈરવૃત્તિ તૃપ્ત કરી શકતો હતો. તે કોઇ કોઇ સમયે શાહપુરાપતિનાં ગામોમાં પ્રવેશ કરી પશુઓ લઇ જતો હતો તથા ધનવાન પ્રજાજનોને બંદી કરીને અમરગઢના ભયંકર કારાગૃહમાં તેમને પૂરતો હતો. આ લોકો જ્યારે તેને પુષ્કળ દ્રવ્ય આપતા ત્યારેજ તેઓ કારાગૃહમાંથી વિમુક્ત થઇ શકતા હતા. આ સતત ચાલતા વિવાદથી ઉભયપક્ષના કૃષિકારોને પુષ્કળ હાનિ થતી હતી. કૃષિકાર્ય સર્વથા બંધ પડી ગયું હતું અને શાહપુરાપતિ ઉમેદસિંહની મંડલગઢની અર્ધી પ્રજા પોતાના પ્રાણ બચાવવાને માટે અન્યત્ર નાસી ગઇ હતી. શાહપુરાના અધીશ્વર કરતાં દિલાલ પોતાની પ્રજાને વિશેષ પ્રિય હતો. શાહપુરાપતિ પોતાની પ્રજા પ્રત્યે સ્વચ્છંદી વર્તન રાખવાથી અત્યંત અપ્રિય થઇ પડયા હતા

---

૧ પરિશિષ્ટ અંક ૧૮ જુઓ. ઍંગ્લો સેક્ષનલોકો અંગને થયેલી હાનિ પૂર્ણ કરવાને માટે દંડ કરતા હતા, તે પ્રમાણે હિંદુલોકોમાં પણ દંડવિધિ પ્રચલિત હતો. હિંદુઓનો દંડવિધિ ઍંગ્લો સેક્ષનલોકો કરતાં દીર્ઘકાળથી પ્રચલિત છે. મનુસ્મૃતિમાં બ્રહ્મહત્યાથી લઈને કુતરાની હત્યાસુધીનો દંડ તથા પ્રાયશ્ચિત્ત નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે. પાઠકો 'શબ્દ કલ્પદ્રુમ'માં પ્રાયશ્ચિત્ત શબ્દનો અર્થ જોશે તો તેઓ પુષ્કળ હકિકત પ્રાપ્ત કરી શકશે. સ્થાનસંકોચને લીધે અમે તે અત્રે ઉદ્ધૃત કરતા નથી.

અને સર્વ ભૂમીઆલોકો તેમનાપર અત્યંત રુષ્ટ થયા હતા. શાહપુરાધીશ્વરની પ્રજા 'બરછીદુહાઇ'[1] નામનો કર આપી આપીને અત્યંત કંટાળી ગઈ હતી.

શાહપુરાના રાજા એક અસ્થિર ચિત્તના અને કઠોર હ્રદના પુરુષ હતા. એક વખત તેમણે પોતાના પુત્રપર અત્યંત ક્રુદ્ધ થઇને તેની કમ્મરે દોરડું બાંધીને તેને શાહપુરાના દેવાલયમાં લટકાવી દીધો હતો અને તેની માતાને બોલાવીને તેને આ હ્રદયભેદક દશ્ય બતાવ્યું હતું. તેઓ અશ્વ કિંવા શીઘ્રગામી ઉંટપર આરૂઢ થઇને સદા એકલા અહીંતહીં ભ્રમણ કર્યા કરતા હતા. કોઇ કોઇવાર તો અનેક દિવસોપર્યંત. તેમનો કાંઇ પત્તો લાગતો નહોતો. એક દિવસ રાજા ઉમેદસિંહ આ પ્રમાણે એકલા ભ્રમણ કરતા કરતા પોતાના શત્રુ દિલાલના અમરગઢમાં પહોંચી ગયા અને દૈવયોગે તેઓ દિલાલની દૃષ્ટિએ પડયા. આ સમયે ઉમેદસિંહ એક ઉચ્ચશ્રેણીના સામંતની દયાને આધીન હતા; પરંતુ તે સામંતે તેમની સાથે કાંઇ પણ શત્રુતાભરેલું આચરણ કર્યું નહિ. તે તેમને વિનય તથા નમ્રતાપૂર્વક પ્રણામ કરીને પોતાના મહાલયમાં લઈ ગયો. ત્યાં તેણે રાજપદોચિત સન્માનસહિત તેમનો આતિથ્યસત્કાર કર્યો. ઉભયે 'મનવાર પ્યાલો'[2] પી પરમાનંદસહિત સાથે બેસી ભોજન કર્યું અને પરસ્પરની શત્રુતા સદાને માટે છોડી દેવાની પ્રતિજ્ઞા કરી.

રાજા ઉમેદસિંહે અને સામંત દિલાલની વચ્ચેની શત્રુતા આ રીતે શાંત થયા પછી ઉભયને રાણાદ્વારા ઉદયપુરની રાજસભામાં બોલાવવામાં આવ્યા. રાણાની સાથે મુલાકાત થયા પછી રાજા ઉમેદસિંહે દિલાલને પોતાને ઘેર આવવા આમંત્રણ કર્યું. દિલાલે આ આમંત્રણનો સ્વીકાર કર્યો અને પોતાની સાથે વીસ અશ્વારોહીઓ તથા આવશ્યક દ્રવ્યાદિ સામગ્રી લઇ રાજાની સાથે શાહપુરાતરફ પ્રયાણ કર્યું. રાજા ઉમેદસિંહે સામંત દિલાલને પોતાની રાજધાનીમાં લઈ ઉત્તમ પ્રકારે તેનું આદરાતિથ્ય કર્યું. તેના પ્રત્યે સારો સ્નેહ દર્શાવી ઉમેદસિંહે તેની સાથે બેસી ભોજન કર્યું[3] વળી દિલાલને પ્રસન્ન કરવાને માટે ઉમેદસિંહે નાચરંગ પણ પુષ્કળ કરાવ્યો. પૂર્વની શત્રુતા સદાને માટે વિસ્મૃત કરવાને શપથ લેવાના ઉદ્દેશથી ઉભય દેવમંદિરમાં ગયા; પરંતુ દિલાલ પગથીઆંપર ચઢયો કે તરતજ તેનું મસ્તક ધડથી પૃથક્ થઇ ગયું! તેના રક્તથી મંદિર રંગાઈ ગયું. પરમ નિષ્ઠુર, કાયર અને આતિથ્ય–ધર્મનો ભંગ કરનાર ઉમેદસિંહ માત્ર દિલાલનો શિરચ્છેદ કરીનેજ શાંત થયા નહિ; પરંતુ તેમણે તેના શરીરપરનાં સર્વ આભૂષણો પણ ઉતારી લીધાં અને પોતાની પાપી વૈરવૃત્તિ શાંત કરવાને માટે તેમણે અત્યંત હલકાં દુર્વચનો કહી તેના દપાયેલા શિરપર લત્તાપ્રહાર કર્યો. દિલાલના પુત્રે જ્યારે વિશ્વાસઘાતી ઉમેદસિંહદ્વારા પોતાના પિતાનું ભયંકર રીતે ખૂન થયાના વર્તમાન સાંભળ્યા, ત્યારે તેણે તત્કાળ વૈર લેવાને માટે પોતાની સેના સજ્જ કરી. હવે પૂર્વવત્ ભયંકર ઉપદ્રવ અને અત્યાચારનો પ્રવાહ પુનઃ વહેવા લાગ્યો. રાણા આ સમાચાર સાંભળી શાંતિસ્થાપન અને દુષ્ટનું દમન કરવાને તથા દિલાલના પુત્રને થયેલી હાનિ પૂર્ણ કરવાને માટે મધ્યસ્થ થયા. રાજા ઉમેદસિંહે દિલાલના અલંકારો, દ્રવ્ય અને અશ્વો વગેરે જે જે વસ્તુઓ લઇ લીધી હતી તે સર્વ રાણાએ તેના પુત્રને પાછી અપાવી દીધી અને તેમનાં પાંચ ગામો મુંડકાટિતરિકે દિલાલના પુત્રને અપાવ્યાં તથા મંડલગઢનાં શેષ ગામો રાણાએ પોતાના અધિકારમાં લઇ લીધાં.

આરજા તથા શિવગઢના સામંતોએ પોતાની વૈરવૃત્તિ તૃપ્ત કરવાને માટે જે પૈશાચિક કાર્યો કર્યાં હતાં તેનું વિસ્તૃત વર્ણન અન્ય સ્થળે કરવામાં આવ્યું છે. આવાં શતાવધિ દૃષ્ટાંતો આપી શકાય એમ છે. સ્પષ્ટ રીતે પોતાના અપરાધનો સ્વીકાર કરી, ક્ષમા માગી તથા શત્રુના પુત્રની સાથે પોતાની કન્યાના વિવાહ કરીને પણ રાજપૂતો પરસ્પરના કલહની નિવૃત્તિ કરે છે અને મિત્રભાવથી મુલાકાત

---

૨ જે સમયે મેવાડમાં ચોતરફ અરાજકતા, અત્યાચાર અને લૂંટફાટ પ્રબલ થઈ ગઈ હતી, તે સમયે લૂંટારા લોકો પ્રજાને અત્યંત દુઃખ દેતા હતા. તેઓ અસહાય લોકોનાં વક્ષઃસ્થળપર બરછી મૂકી તેમને મારી નાખવાની ધમકી આપી તેમની પાસેથી દ્રવ્ય લેતા હતા. વક્ષઃસ્થળપર બરછી મૂકાતાં લોકો 'દુહાઇ' દઇને મુક્ત થવાની ઇચ્છા રાખતા હતા, તેથીજ તેને 'બરછીદુહાઇ' કહેવામાં આવે છે. લૂંટારાઓના હાથમાંથી ધાન્યની રક્ષા કરવાને માટે પ્રજા 'બરછીદુહાઇ' આપતી હતી.

૨ અતિથિસન્માનાર્થે પીવામાં આવતો કસુંબાનો પ્યાલો

૩ એકત્ર બેસીને ભોજન કરવું એ રાજપૂતજાતિમાં ગાઢી મિત્રતાનું ચિન્હ ગણાય છે.

કરી શત્રુતા છોડી દેવાની પ્રતિજ્ઞા કરવા કરતાં આ ઉપાય ઉત્તમ છે.[૧]

સીમાને માટે પણ સામંતોમાં સદા વિવાદ અને કલહની ઉત્પત્તિ થયા કરતી હતી. જેસલમીર અને બિકાનેરની સીમાપર વસતા સામંતોની વચ્ચે કોઇ કોઇવાર એવો પ્રબલ કલહ ઉપસ્થિત થતો હતો કે અંતે ઉભય રાજ્યોના અધીશ્વરોને યુદ્ધ કરવાની ફરજ પડતી હતી. જોકે રાજપૂતજાતિના હૃદયમાં વૈર-વૃત્તિ અદ્યાપિ જાગૃત છે, તોપણ હવે સમયના પ્રભાવથી તે અગાઉના જેવી સંહારકમૂર્તિ ધારણ કરતી નથી. સીમાસંબંધી કલહ હવે સર્વથા નિવૃત્ત થઇ ગયો છે અને કેવળ રાજસ્થાનમાંજ નહિ; પરંતુ ભારતવર્ષનાં સમસ્ત દેશીરાજ્યોમાં શાન્તિ સ્થાપિત થઇ ગઇ છે.

**રાજપૂત પ્રધાનો વા મંત્રીઓ**—રાજસ્થાનના સામંતો રાજાઓની કયી કયી આજ્ઞાઓનું પાલન કરવાને બંધાયેલા છે અને તેઓ રાજસભામાં કેટલા સમયપર્યંત રહીને શું શું કાર્યો કરે છે, તે સંબંધે યોગ્ય સ્થાને વર્ણન કરવામાં આવ્યું છે. સામંતો સીમાની રક્ષામાં નિયુક્ત થાય વા રાજાની આજ્ઞાનુસાર પોતાના નગરમાં રહે તે સિવાયના સમયમાં તેઓ સપરિવાર રાજધાનીમાં રહેવાને બંધાયેલા છે. પૂરા બાર માસપર્યંત કોઇ પણ સામંતને રાજધાનીમાં રહેવું પડતું નથી. પ્રત્યેક શાખાના કેટલાક સામંતો પોતાના નિયમિત સંખ્યાના સૈનિકો અને અનુચરોસહિત રાજધાનીમાં રાજકાર્ય કરે છે. આ ઉત્તમ નિયમને લીધે ઉદયપુરની રાજસભા સદા સામંતોથી પૂર્ણ રહે છે. મેવાડમાં ઉચ્ચશ્રેણીના સામંતો ખાસ-હક્કો અને સ્વાધીનતા અધિક ભોગવે છે. રાજસ્થાનનાં અન્યાન્ય રાજ્યોના સામંતો જેટલા શૃંખલાબદ્ધ હોય છે તેટલા મેવાડના ઉચ્ચશ્રેણીના સામંતો પરિબદ્ધ નથી. મેવાડના પ્રધાનસામંતો માત્ર વિશેષ મહત્વના મહોત્સવપ્રસંગેજ પોતાની સેના સહિત રાજધાનીમાં જાય છે. એકાદ રાજકીય પ્રશ્ન ઉપસ્થિત થતાં મેવાડના સમસ્ત સામંતો એકત્રિત થઇ તેવિષે ચર્ચા કરે છે અને તેવિષે પોતપોતાનો અભિપ્રાય પ્રદર્શિત કરે છે. રાણા સામંતોનો અભિપ્રાય લીધા વિના કોઇ પણ રાજકીયકાર્ય કરી શકતા નથી. એકાદ રાજકીયપ્રશ્ન ઉપસ્થિત થતાં તેપર પોતાનો અભિપ્રાય પ્રદર્શિત કરવાને તથા કોઇ વિદેશી રાજ-દૂતનું આગમન થતાં તેનો સત્કાર કરવાને માટે સામંતોને રાજધાનીમાં આવવાની ફરજ હોવાથી રાણા તેમને એક રાજકર્મચારીની સાથે નિમંત્રણપત્ર મોકલીને તેડાવે છે. પ્રધાનપર્વના ઉત્સવપ્રસંગે 'ત્રિપોલીઆ'થી ત્રણવાર નિયત સમયે નગારૂં વગાડવામાં આવે છે. ત્રીજીવારનો નગારાંનો નાદ સાંભળીને તરતજ સામંતો પોતપોતાના ભુવનમાંથી બહાર નીકળી રાણાને જઇ મળે છે.

સામંતો જે સમયે રાજધાનીમાં રહે છે, તે સમયે તેમને દર અઠવાડીએ એક એક દિવસ પોતપોતાના અનુચરોસહિત સભાગૃહ અને રાજપ્રાસાદની રક્ષા કરવાને રહેવું પડે છે. સામંત પોતાના અનુચરોસહિત પ્રાસાદની સન્મુખ આવેલા આંગણામાં આવીને ઉભા રહે છે, એટલે મહારાણા આવી તેમના અભિનંદનનો સ્વીકાર કરે છે. ત્યારપછી સામંત પોતાના અનુચરોસહિત મોટા દરીખાનામાં અર્થાત્ સભામંડપમાં પ્રવિષ્ટ થાય છે. ત્યાં તેમને માટે અગાઉથીજ મોટો ગાલીચો પાથરી મૂકેલો હોય છે. ભોજનસમયે મહારાણા ઉક્ત સામંતને આમંત્રણ કરે છે, એટલે તેઓ[૨] રસોડામાં જઇ તેમની સાથે

૧ પાઠકો પૂર્વે બૂંદીના યુવરાજે મહારાણા ભીમસિંહના પિતાની કરેલી હત્યાનું વર્ણન વાંચી ગયા છે. કેવલ વૈરવૃત્તિ શાંત કરવાને માટેજ બૂંદીના યુવરાજે મૃગયાસ્થાનમાં ભયંકર રીતે રાણાના પ્રાણ લીધા હતા. બૂંદીના યુવરાજનો અપરાધ ક્ષમા કરવા યોગ્ય નહોતો, તે સમયે જો મૃતરાણાના બંને પુત્રો તરુણ હોત અને મેવાડની અવસ્થા અત્યંત શોચનીય ન હોત તો હત્યા કરનારને અવશ્ય ઉચિત દંડ મળ્યોજ હોત. કર્નલ ટોડ આ સંબંધે જે કાંઇ લખી ગયા છે તેપરથી પ્રતીત થાય છે કે હત્યાકારી વિષ્ણુસિંહે ઉભય રાજવંશોની વચ્ચે પ્રજ્વલિત થયેલા વિવાદાગ્નિને શાંત કરવાને માટે પુષ્કળ પ્રયત્ન કર્યો હતો. તેના ઘરમાં જો કન્યા હોત તો તે મહારાણા ભીમસિંહને અર્પણ કરીને તે વૈરભાવને દુર કરત. અંતે તેણે કર્નલ ટોડની સાથે ગુપ્તવેષે જઈને મેવાડાધિપતિ પાસે ક્ષમા યાચવાની ઈચ્છા પ્રદર્શિત કરી હતી; પરંતુ ગુપ્તવેષમાં હોય તે સમયે કોઇ રાજપૂત કદાચ તેનો સંહાર કરી દે, એવા ભયથી કર્નલ ટોડ તેને લઈ જવાનું સાહસ કરી શક્યા નહિ. મહારાણા ભીમસિંહ ઉદાર અને ઉચ્ચ મનોવૃત્તિના હતા, તેથી જો તે તેમની પાસે ક્ષમા માગત તો અવશ્ય તેઓ તેનો અપરાધ માફ કરત.

૨ રસોડું એક નાના સરખા દુર્ગસમાન હોય છે, તેમાં પૃથક્ પૃથક્ ભોજનાલય હોય છે. આ રસોડામાં પ્રતિદિન સાતસેં માણસો જમી શકે એટલું ભોજન રંધાય છે. તે સિવાય રાણાના દાસદાસીઓને માટેનું ભોજન જુદું તૈયાર થાય છે.

ભોજન કરે છે. તે રાત્રે તે સામંત રાજપ્રાસાદમાંજ શયન કરે છે અને બીજે દિવસે પ્રાતઃકાળમાં આગલા દિવસની પેઠે મહારાણાને સન્માન આપીને વિદાય થાય છે. જો કોઈ કારણથી મહારાણા સામંતોને બોલાવે તો તેઓ શીઘ્ર તેમની સમક્ષ હાજર થાય છે. સામંતોની પદમર્યાદા પ્રમાણે તેમનાપર 'રૂકબા' અર્થાત્ આમંત્રણપત્ર મોકલવામાં આવે છે. આ આમંત્રણપત્રિકાઓ મહારાણાનો ખાનગી મંત્રી પોતાના હાથથી લખીને તેપર મહારાણાના નામની મહોર અંકિત કરે છે અને તેને બંધ કરીને તેપર મહારાણાની ખાનગી વીંટીની છાપ મારે છે.

રાજસ્થાનના સમસ્ત રાજ્યોના સામંતોમાં જે સર્વથી ચતુર, બહાદુર, સાહસિક, બુદ્ધિમાન અને પ્રપંચકુશળ હોય તેજ રાજાનું મન પ્રસન્ન કરીને તેના મંત્રીપદપર અભિષિક્ત થઇ જાય છે. રાજા તેને અત્યંત વશીભૂત થઇને તેની ઇચ્છા અને આકાંક્ષાનુસાર તેને મંત્રીપદ અર્પણ કરે છે; પરંતુ તે રાજપૂતમંત્રી દિવાનીશાસનવિભાગમાં કોઇપણ પ્રકારે હસ્તક્ષેપ કરી શકતો નથી. એ વિભાગને માટે એક ખાસ મંત્રી રાખેલો હોય છે અને તેજ તે વિભાગને લગતાં સમસ્ત કાર્યો કરે છે; છતાં તે ઉભય મંત્રીઓ સાથે મળીનેજ રાજકાર્યો કરે છે. રાજપૂતમંત્રી દેશના યુદ્ધવિભાગના અમાત્ય ગણાય છે. સર્વ સામંતોનો શાસનભાર પણ તેના હાથમાં સોંપવામાં આવેલો હોય છે. દિવાનીવિભાગના મંત્રીપદપર રાજપૂતજાતિના કોઇપણ પુરુષને નિયુક્ત કરવામાં આવતો નથી. દેશભેદને લીધે મંત્રીઓની ઉપાધિઓ પણ ભિન્ન ભિન્ન હોય છે. મેવાડમાં મંત્રીને 'ભંજગડ' કહેવામાં આવે છે, જોધપુરમાં 'પ્રધાન' કહેવામાં આવે છે, જયપુરમાં 'મુસાહિબ' (દિલ્હીના સમ્રાટની પેઠે જયપુરના મહારાજાએ પોતાના રાજકર્મચારીઓનાં નામ યાવનીભાષામાં રાખ્યાં છે) તથા કોટામાં 'કિલ્લેદાર' અને 'દિવાન' કહેવામાં આવે છે. યુદ્ધવિભાગનો રાજપૂતઅમાત્ય પોતાના ગુણોથી અધીશ્વરને વશીભૂત કરીને રાજ્યમાં સર્વપ્રધાન શક્તિશાળી પુરુષ બની જાય છે. પ્રજા તેનો આશ્રય ગ્રહણ કરી તેનાદ્વારાજ પોતાના રાજાપર સર્વ પ્રાર્થના મોકલે છે; કારણ કે તેની ભલામણથી સફળતા મળવાનો પૂર્ણ સંભવ હોય છે. રાજપૂતમંત્રી સેનાના નાનામોટા સર્વ અમલદારોપર સત્તા ધરાવે છે.

રાજસ્થાનમાં કેટલાંક રાજ્યોમાં વંશપરંપરાગત મંત્રીત્વ આપવાની પ્રથા પ્રચલિત હતી; પરંતુ બ્રિટિશશાસને તેનો પ્રાતબંધ કર્યો છે. ભારતવર્ષનાં સમસ્ત પ્રધાન દેશીરાજ્યોના મુખ્યમંત્રીના પદપર હવે રાજાઓ પોતાની ઇચ્છાનુસાર કોઈપણ પુરુષને નિયુક્ત કરી શકતા નથી. હાલમાં દેશી રાજાઓને કોઈ પુરુષને મંત્રીપદપર નિયુક્ત કરવાની ઇચ્છા હોય, તો તેઓ સ્થાનિક પોલિટિકલ એજંટને તે બાબત જણાવે છે. પોલિટિકલ એજંટ તે બાબત પોતાના અભિપ્રાયસહિત નામદાર ગવર્નર જનરલને જણાવે છે અને જો તેઓ તે પ્રત્યે પોતાની સમ્મતિ દર્શાવે તોજ તે પુરુષને નિયુક્ત કરવામાં આવે છે, નહિ તો નહિ. એક મંત્રી સદાને માટે કોઇ રાજાના તાબામાં રહેતો નથી. વાસ્તવમાં મંત્રીગણ પોલિટિકલ એજંટની આજ્ઞામાં રહે, એવી વ્યવસ્થા હાલ કરવામાં આવી છે; પરંતુ પૂર્વે એથી સર્વ પ્રકાર ભિન્ન હતો. એક મંત્રીનું મૃત્યુ થતાં તેના પદપર તેના પુત્રને નિયુક્ત કરવામાં આવતો હતો. મેવાડના ઇતિહાસપરથી આ વાત સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. ભારતવર્ષનાં અન્યાન્ય રાજ્યોમાં જે પ્રકારે મંત્રીઓ પોતાના રાજાના જીવનનો નાશ કરીને પોતાના શિરપર રાજમુકુટ ધારણ કરી ગયા છે, તેમ રાજસ્થાનમાં બનતું નથી. રાજસ્થાનના મંત્રીઓ રાજાસમાન પ્રભુતાયુક્ત હોવા છતાં પણ તેઓ કદિ સિંહાસનપર અભિષિક્ત થયા નથી.

જે સમયે મેવાડેશ્વરે સર્વથી પ્રથમ બ્રિટિશસરકારની સાથે સંધિ કરી, તે સમયે રાણાના દૂતોએ અંગ્રેજજાતિનિધિ સમક્ષ એવી અભિલાષા પ્રકટ કરી હતી કે, "મેવાડના યુદ્ધવિભાગના મંત્રીપદપર જે પ્રકારે સલુમ્બરના સામંત અનાદિથી નિયુક્ત થતા આવ્યા છે, તે પ્રકારે તેઓજ સદા વંશપરંપરાની રીતિથી તે પદપર નિયુક્ત થતા રહે, એવો એક નિયમ સંધિપત્રમાં લખવાની જરૂર છે." સલુમ્બરના સામંતોએ અપૂર્વ વીરત્વ, સાહસ તથા યોગ્યતા દર્શાવી છે; પરંતુ તેમનેજ સદા વંશપરંપરાની પ્રણાલીથી મેવાડના મંત્રીપદપર નિયુક્ત કરવામાં આવવાથીજ મેવાડનો વિધ્વંસ થયો હતો. તેમને લીધેજ મેવાડમાં વિદ્રોહાગ્ન પ્રસરી રહ્યો હતો.

જે રાજદૂતે આ પ્રસ્તાવ રજુ કર્યો હતો, તેઓ સલુમ્બરના સામંતના પિતાના કાકા હતા. તે સમયે

સલુમ્બરના સામંત સગીર વયના હતા, તેથી ઉક્ત રાજદૂતજ પોતાના બંધુના પૌત્રના વાલિ તરીકે સર્વ કાર્યભાર વહન કરતા હતા.તેમણે ત્રીસ વર્ષપર્યંત મેવાડની પ્રત્યેક રાજકીયઘટનામાં ભાગ લઈ રાણાની સભામાં મહાન પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું. અનુમાન કરી શકાય છે કે, ઉક્ત રાજદૂતે મરણપર્યંત પોતાનું સામર્થ્ય અને પ્રભુત્વ અટળ રાખવાને માટે ઉક્ત પ્રસ્તાવ રજુ કર્યો હશે. વળી તે પોતાના બંધુના સગીર પૌત્રને કુટિલ રાજનીતિ અને પ્રપંચ રચવાની શિક્ષા આપતા હતા. રાણાને પણ તેમના પ્રબલ અંકુશમાં રહેવું પડતું હતું. સમયના પરિવર્તનની સાથે પ્રબલ પ્રતાપશાળી સલુમ્બરના એ સામંતના ગ્રાસમાંથી મહારાણાની મુક્તિ થઈ હતી. બ્રિટિશસરકારે સંધિ થયાપછી તરતજ આ પ્રપંચજાળનો વિસ્તાર કરનાર સામંતોનાં પ્રતાપ અને પ્રભુત્વ સર્વથા નષ્ટ કરી દીધાં હતાં.

હિંદુકુલસૂર્ય મહારાણા જે સમયે કાંઇક કારણથી રાજધાની છોડીને બહાર જાય છે, તે સમયે સલુમ્બરના સામંતના હાથમાંજ નગરનું શાસન અને પ્રાસાદની રક્ષાનો ભાર સોંપવામાં આવે છે. મહારાણાની કમ્મરે સમશેર ધારણ કરાવવાની ક્રિયા પણ સલુમ્બરના સામંતજ કરે છે અને જ્યારે તેમનો અભિષેક થાય છે, ત્યારે રાજતિલક પણ તેઓજ કરે છે. તેઓ રાણાના જમણા હાથપર ચાલે છે. યુદ્ધ-પ્રસંગે પણ સેનાના અગ્રભાગે તેઓજ ચાલે છે. જ્યારે કોઈ વિદેશી રાજધાનીપર આક્રમણ કરતો ત્યારે તેઓજ સૂર્યપુર અને તેના દુર્ગની રક્ષા કરતા હતા. એ દુર્ગના એક મનોહર મહેલમાં સલુમ્બરના સામંત સપરિવાર રહેતા હતા; જે મહેલ વર્તમાનસમયમાં નષ્ટપ્રાય થઇ ગયો છે.

કર્નલ ટૉડના સમયમાં સલુમ્બરના સામંતના પદપર પદ્મસિંહ પ્રતિષ્ઠિત હતા. તેઓ કર્નલ ટૉડના પરમ પ્રિય મિત્ર હતા. એ પદ્મસિંહની માતા પરમ બુદ્ધિમાન હતાં. પદ્મસિંહ જ્યારે કોઇ કારણસર રાજધાનીમાં જતા ત્યારે તેઓ કર્નલ ટૉડના મકાનમાં જઈ તેમના ગ્રંથોનું નિરીક્ષણ કરતા તેમજ તેમની સાથે મૃગયાદિ વિષયોમાં પ્રવૃત્ત થતા હતા. તેઓ એક અદ્વિતીય અશ્વારોહી હતા. તેમની માતા પોતાના પુત્રના હિતપ્રત્યે તીક્ષ્ણદૃષ્ટિ રાખવાને માટે થોડા થોડા સમયને અંતરે કર્નલ ટૉડપર મોટા મોટા પત્ર લખતાં હતાં. પદ્મસિંહના એક પૂર્વજે રાણાની સામે વિદ્રોહ કરીને એક બીજા મનુષ્યને મેવાડના અધીશ્વરતરિકે અભિષિક્ત કરવાની ચેષ્ટા કરી હતી, એ વાત પાઠકો પૂર્વે વાંચી ચૂકયા છે; પરંતુ રાજપૂત-જાતિના હૃદયમાં સ્વદેશહિતષિતા એટલી પ્રબલ હોય છે કે રાણા જે સમયે પોતાના રાજ્યમાં શાંતિ-સ્થાપન કરવાને માટે વિદેશીઓની સહાય લેવાને ઉધુક્ત થયા કે તરતજ તે વિદ્રોહીસામંતે પોતાની વિદ્રોહિતા છોડી દીધી અને તેઓ રાણાની સાથે મળી જઇને રાજ્યની રક્ષા કરવાને પ્રવૃત્ત થયા. મેવાડની ચિરપ્રચલિત રીતિઅનુસાર સલુમ્બરના સામંતોજ પ્રધાનપદપર પ્રતિષ્ઠિત થતા હોવાથીજ વિષમય ઉત્પત્તિ થઈ છે, એમ કર્નલ ટૉડ જણાવે છે;પરંતુ અમે (હિંદી અનુવાદ) તેમનો આ મત સ્વીકારી શકતા નથી. પૂર્વે સલુમ્બરના સામંતો સ્વદેશ,સ્વજાતિ અને મહારાણાના હિતને માટે અસીમ સાહસ,અપૂર્વ વીરત્વ અને પ્રબલ પરાક્રમસહિત રણાંગણમાં ઘૂમ્યા હતા; પરંતુ પાછળથીજ કેટલાક સામંતોએ મહારાણાની વિરુદ્ધ પ્રપંચજાળનો વિસ્તાર કર્યો હતો, તેથી મેવાડને સલુમ્બરના સામંતોદ્વારા એકંદર નુકસાન થયું છે એમ કહી શકાય નહિ. મેવાડના અધઃપતનસમયે ચારે દિશાએ જે શોચનીયદશ્યો દૃષ્ટિગોચર થતાં હતાં તેપરથી એમ સ્વીકારવું ઉચિત છે કે, સામંતોનાં તે વિપરીત આચરણ સમયના પ્રભાવને લીધેજ થયાં હતાં.

મેવાડની પેઠે મારવાડમાં અહોયાના સામંત વંશપરંપરાગત પ્રધાનપદ પ્રાપ્ત કરતા હતા. માર-વાડના ક્રૂર રાજા માનસિંહની સાથે અહોયાના સામંત કુશલસિંહને જે વિવાદ થયો હતો, તેનું વર્ણન પાઠકો કર્નલ ટૉડના ભ્રમણવૃત્તાંતમાં વાંચી ગયા છે. તેઓ જ્યારે રાજા માનસિંહનો ભોગ થઇ પડયા ત્યારે તેઓ શપથ લેવરાવી ગયા હતા કે:-"હવે મારા વંશમાં કોઇએ પણ પ્રધાનપદ પ્રાપ્ત કરવું નહિ." કુશલસિંહનો પરલોકવાસ થયા પછી આસોપના સામંત મારવાડના પ્રધાનપદપર નિયુક્ત થયા. કર્નલ ટૉડના સમયમાં આસોપના જે સામંત જીવિત હતા, તેમને મારવાડરાજ્યમાં હત્યાનો પ્રબળ સ્રોત વહેતો જોઇ રાજસભાનો પરિત્યાગ કરવાની ફરજ પડી હતી. ત્યારપછી નિમાજ અને પોકર્ણના સામંતોએ સમ્મિલિત થઇને કેટલાક દિવસપર્યંત પ્રધાનપદ ભોગવ્યું હતું; પરંતુ અંતે નિમાજના સામંત રાજાની બક્રદૃષ્ટિમાં આવી પડ્યા અને તેમને પોતાના જીવનનું બલિદાન આપવું પડયું. નિમાજના તે સામંતનું

અસીમ સાહસ અને અપૂર્વ વીરત્વ પાઠકોને સારી રીતે વિદિત છે.

પોકર્ણના પ્રસ્તુત સામંતના પ્રપિતામહ દેવીસિંહ પોતાના પાંચસેં સૈનિકોસહિત જોધપુરના પ્રાસાદના વિશાળ દિવાનખાનામાં શયન કરતા હતા. દેવીસિંહ સાહસિક અને પરાક્રમી વીર હતા. તેઓ સદા ગર્વસહિત કહેતા કેઃ—"મારવાડનું સિંહાસન મારી આ તલવારપર નિર્ભર છે." તેમનાં આ વચનો સ્પષ્ટરીતે જણાવતાં હતાં કે એક દિવસ મારવાડરાજનું અથવા તેમનું પોતાનું જીવન શોચનીય રીતેજ નષ્ટ થનાર છે. પાછળથી સંધિ મળતાં મારવાડરાજે પોકર્ણના ઉક્ત સામંતને પોતાને સ્વાધીન લઇને તેમનો શિરચ્છેદ કરવાની આજ્ઞા ફરમાવી. આ પ્રમાણે તેમના મસ્તકપર તીક્ષ્ણ તલવાર ઉગામવા છતાં પણ તે વીરસામંતે અપૂર્વ સાહસપૂર્વક પોતાના રાઠોડસરદારોસહિત સભાસ્થાનમાં નિશ્ચિંતપણે વિરાજીને પોતાની નિર્ભયતાનો પૂર્ણ પરિચય આપ્યો હતો.

મારવાડરાજે તે સમયે તીવ્ર સ્વરથી તેમને પ્રશ્ન કર્યો હતો કેઃ—" વિશ્વાસઘાતિ ! જે તલવાર ઉપર મારવાડનું રાજ્ય નિર્ભર હતું તે તલવાર હમણાં ક્યાં છે ?" મૃત્યુના મુખમાં સપડાયેલા સામંતે તત્કાળ ઉત્તર આપ્યો કેઃ—"તેને હું પોકર્ણમાં મારા પુત્રની પાસે મૂકી આવ્યો છું." આ ગર્વભરિત વચનોથી મારવાડરાજને પોતાને મહા અપમાન થયેલું લાગ્યું અને તેમણે તત્કાળ તેમનો શિરચ્છેદ કરવાની આજ્ઞા આપી. સંકેત મળતાંજ અનુચરે તે વીરશ્રેષ્ઠના મસ્તકના બે ભાગ કરી નાખ્યા હતા. આ પછી દેવીસિંહના પુત્ર સુબલસિંહે પોતાના પિતાની પેઠે સંહારક મૂર્તિ ધારણ કરી રાજાને મહાવિપત્તિમાં નાખ્યા હતા અને મારવાડરાજે પુષ્કળ પ્રયત્નો કર્યા છતાં પણ તેઓ પોકર્ણના અભેદ્ય દુર્ગપર અધિકાર સ્થાપિત કરી શક્યા નહોતા.

કોટા અને જેસલમીરમાં પ્રધાનની સત્તા સર્વોપરિ હોય છે. ફ્રેંચ ઇતિહાસવેત્તા મોન્ટેસ્કૂ પેપિન લોકોની સત્તાના સંબંધમાં લખી ગયો છે કેઃ—"તેઓ પોતાના રાજાને પ્રાસાદમાં બંદીવાન રાખતા હતા અને વર્ષમાં કેવલ એકજ દિવસ તેને બહાર કાઢી પ્રજાને તેનું દર્શન કરાવતા હતા અને તે પ્રસંગે મંત્રી જે કાંઇ ફરમાવતો તેટલુંજ રાજા પોતાની પ્રજાસન્મુખ બોલતો હતો. વળી પરદેશી રાજદૂતોને પણ મંત્રીના કહ્યા પ્રમાણેજ તે ઉત્તર આપતો હતો." આ શબ્દ કોટા અને જેસલમીરના પ્રધાન તથા રાજાને બરાબર લાગુ પડે છે.

કર્નલ ટૉડ પ્રધાનોની સત્તા, પ્રભુત્વ અને પ્રતાપના સંબંધમાં જે લખી ગયા છે, તે વર્તમાનસમયે લાગુ પડતું નથી. સમયના પરિવર્તનની સાથે રાજસ્થાનનાં રાજ્યોની સ્થિતિ અનેક બાબતોમાં બદલાઇ ગઇ છે. અંતે અમે માત્ર એટલુંજ કહીએ છીએ કે જો બ્રિટિશસરકાર દેશી રાજ્યોના હિત તરફ દૃષ્ટિ રાખીને સાંપ્રતના શિક્ષિતરાજાઓને પોતાની ઇચ્છાનુસાર યોગ્ય પુરુષને મંત્રીપદપર નિયુક્ત કરવાની સત્તા આપે, તો દેશીરાજ્યોને અનેક પ્રકારે લાભ થવાનો સંભવ છે.



# अध्याय ३६ मो

## દત્તકપુત્ર ગ્રહણ કરવાની પ્રણાલી-સામંતપ્રથાના સંબંધમાં કર્નલ ટૉડનો અભિપ્રાય-ઉપસંહાર

વંશપરંપરાગત ઉત્તરાધિકારની પ્રણાલી જે પ્રકારે રાજસ્થાનના રાજપૂતોના ગુણ તથા ધર્મની અટલ ભાવે રક્ષા કરે છે,તે પ્રકારે તે તેમની રાજનીતિ અને જાતીય ચારિત્ર્યની પણ સહાયક છે. આ પ્રણાલી રાજપૂતજાતિમાં દીર્ઘકાળથી અડગ રીતે ચાલી આવી છે અને તે કદિપણ રાજપૂતોની ધાર્મિક, સામાજિક કિંવા રાજકીય પ્રાચીન શૈલીમાં પરિવર્તન થવા દેતી નથી. કર્નલ ટૉડ જણાવે છે કેઃ-"મેવાડમાં કોઇ રાજાએ કિંવા સામંતે વાસ્તવમાં કદિ પ્રાણત્યાગ કર્યો નથી. તેઓ માત્ર પુનર્જન્મ લેવાને માટેજ આ સંસારમાંથી અદશ્ય થાય છે." રાજપૂતોમાં અનાદિથી ઉત્તરાધિકારની જે પદ્ધતિ ચાલી આવે છે, તેથી કોઇપણ સામંતવંશ સર્વથા લુપ્ત થતો નથી. મેવાડમાં દત્તકપુત્ર ગ્રહણ કરવાની પ્રથા પ્રચલિત હોવાથી કોઈ સામંતને પુત્ર ઉત્પન્ન નહિ થાય તો તેના વંશનો લોપ થતો નથી. સામંતકુલને મળતું સન્માન, ઉપાધિ અને ભૂમિની રક્ષાને માટે જો પુત્ર ન હોય તો દત્તક ગ્રહણ કરવામાં આવે છે. કર્નલ ટૉડ આ રીતિના સંબંધમાં જણાવે છે કેઃ-"દત્તકપુત્ર લેવાની પ્રણાલી ગમે તેવી ઉત્તમ માનવામાં આવે અને દેશી પંચાયતપરિષદો એ પ્રણાલીને ગમે તેટલી પુષ્ટી આપે, તોપણ વાસ્તવમાં તો એ રીતિ બુદ્ધિની મંદતા, યુદ્ધવ્યવસાયી જાતિની દુર્દશા અને રાણાની અશક્તિજ દર્શાવી આપે છે."

જે સમયે કોઇપણ સામંતને પુત્રોત્પત્તિની કિંચિત્ પણ આશા રહેતી નથી, ત્યારે તે પોતાના જીવનકાળમાજ દત્તક પુત્ર ગ્રહણ કરે છે. તે સામંત સૌથીપ્રથમ પોતાની સ્ત્રીની સાથે એકાંતમાં વિચાર અને મસલત કરે છે અને પોતાના પોષ્યપુત્રતરિકે કોને ગ્રહણ કરવો, તે સંબંધે નિર્ણય કરે છે.પછી તે પોતાનો મનોભાવ પોતાના તાબાના સામંતોની આગળ વ્યક્ત કરે છે. જે બાળક વા યુવકને દત્તકસ્વરૂપે ગ્રહણ કરવાનો હોય, તે જો નિકટનો આપ્ત અને ગુણવાન હોય તો સામંતો તે પ્રત્યે પોતાની સમ્મતિ દર્શાવે છે.પછી તે સરદાર પોતાની ઇચ્છા મહારાણાની આગળ પ્રકટ કરે છે. મહારાણા તે કાર્યને મંજુરી આપે છે. દત્તક પુત્ર ગ્રહણ કરવા સમયે સામંતને સૂક્ષ્મ અવલોકન, દીર્ઘ વિચાર અને મહા ચિંતામાં નિમગ્ન થવું પડે છે. તે પોતાની ઇચ્છાનુસાર પોતાને પ્રિય એવા કોઈ બાળકને દત્તકસ્વરૂપે ગ્રહણ કરી શકતો નથી. તેના તાબાના સમસ્ત સામંતો પ્રથમ પરીક્ષા કરી જુએ છે કે, દત્તકસ્વરૂપે ગ્રહણ કરવામાં આવનાર બાળક, સામંતનો નિકટનો સંબંધી, સમસ્ત રાજપૂતોચિત ગુણોથી વિભૂષિત, પ્રતિભાશાળી અને નેતાપદને યોગ્ય છે કે નહિ ? જો તે સામંતનો નિકટનો સંબંધી ન હોય તો, તેના નિકટના સગાઓ પોતાનો દાવો રજુ કરીને વિવાદાગ્નિ પ્રજ્વલિત કરી દે છે. આ કારણથી તેને ઉક્ત સખ્ત કસોટીમાંથી પાર પડેલા માણસનેજ સ્વીકારવો પડે છે.

જો કોઇ સામંત દત્તકપુત્ર ગ્રહણ કર્યા સિવાય અકસ્માત્ મરણ પામે તો તેની સ્ત્રી પ્રચલિત વિધાનાનુસાર પોતાના નિકટના સંબંધીને પોતાના સમસ્ત સામંતોની સમ્મતિથી દત્તક લે છે; અને જ્યાંસુધી પોષ્યપુત્ર સગીર વયનો હોય છે ત્યાંસુધી તે સ્ત્રી તેના વાલીતરિકે શાસન ચલાવે છે.

એક વખત એમ બન્યું કે, મેવાડના સોળ પ્રધાન સામંતોમાંથી દેવગઢના સામંત અપુત્રદશામાં

મરણ પામ્યા. મૃત્યુશય્યાપરથી તેમણે પોતાની સ્ત્રી અને સામંતોને ભલામણ કરી કેઃ—" તમે નાહરસિંહ-ને પોષ્યપુત્ર બનાવજો. " નાહરસિંહ સંગ્રામગઢના સામંતનો પુત્ર હતો. ઉક્ત સામંતને નાહરસિંહની સાથે અગીઆરમી પેઢીનો સંબંધ હતો; પરંતુ સાતમી અને આઠમી પેઢીના કેટલાક પુરુષો પણ આ સમયે જીવિત હતા. કોઇને સ્વપ્નમાં પણ એવો વિચાર આવ્યો નહોતો કે દેવગઢના વિરાટકાય[1] ત્રણ સામંતો અપુત્ર મરણ પામશે. જો કોઇને આ વાતની ખબર હોત તો નિકટના સગાઓ તેમનો ઉત્તરાધિકાર પ્રાપ્ત કરવાને અગાઉથી સારી રીતે પ્રયાસ કરત. ઉક્ત સામંતનું મૃત્યુ થયું ત્યારે તેમના નિકટના જે સંબંધીઓ જીવિત હતા તેઓ રાજસભાની રીતભાતથી જ્ઞાત નહોતા; પરંતુ સામાન્ય સૈનિકતરિકે ઇતર સ્થળોમાં પોતાનું જીવન વ્યતીત કરતા હતા અને કેટલાક તો કૃષિકર્મમાં જોડાઇને કાળક્રમણ કરતા હતા, જેમાંના બે પુરુષો મહારાણાની સાથે ધાડો સંબંધ ધરાવતા હતા. એક મહારાણાની પાસે અશ્વારોહીના પદપર નિયુક્ત હતો અને બીજો મહારાણાના દરબારમાં આંટાફેરાનું કાર્ય કરતો હતો. ઉક્ત ઉભય પુરુષો દેવગઢના સામંતનું પદ પ્રાપ્ત કરવાને પાત્ર નહોતા; પરંતુ કેટલાક માણસોની ભલામણથી મહારાણાએ તેમાંના એકને તે પદપર નિયુક્ત કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી.

દેવગઢના પ્રથમશ્રેણીના પટાવતોમાં ઘણા પુરુષો પ્રતિભાશાળી,વીર અને બુદ્ધિમાન હતા. જે સમયે ઉક્ત પ્રકારની પ્રપંચજાળ મહારાણાના દરબારમાં વિસ્તાર પામી રહી હતી, તે સમયે પટાવતોએ મૃત-સામંતની ઇચ્છા અને આજ્ઞાનુસાર નાહરસિંહના મસ્તકપર પાઘડી બંધાવી દઇને તેને દેવગઢના સામંત-તરિકે પ્રસિદ્ધ કરી દીધો અને તે પછી નાહરસિંહે દેવગઢના મૃતસામંતની અંત્યેષ્ઠિક્રિયા કરી.

દેવગઢના સામંતોના આ આચરણના સમાચાર મહારાણાને કર્ણગોચર થયા ત્યારે તેઓ અત્યંત ક્રુદ્ધ થયા. સંવત ૧૮૪૭ (ઇ૦ સ૦ ૧૭૯૨ ) માં મેવાડમાં જે વિદ્રોહાગ્નિ પ્રજ્વલિત થયો હતો તેમાં પણ મૃત દેવગઢપતિ સામિલ થયા હતા.જો કે મહારાણાએ અંતે તેમનો અપરાધ ક્ષમા કર્યો હતો; પરંતુ આ સમયે ત્યાંના સરદારોએ તેમની અનુમતિ લીધા વિનાજ નાહરસિંહને સામંતપદપર અભિષિક્ત કર્યો, તેથી રાણાના હૃદયમાં તે સમયનો ક્રોધ પુનઃ જાગૃત થયો અને તેમણે દેવગઢના સાંગાવતવંશનું નામ સર્વથા લુપ્ત કરી દેવાનો નિશ્ચય કર્યો.

ક્રુદ્ધ રાણાએ શીઘ્ર દેવગઢપ્રદેશ હસ્તગત કરી લીધો અને એક રાજકર્મચારીને એવી આજ્ઞા કરી કેઃ—"દેવગઢવાસીઓનાં ક્ષેત્રોમાંથી સર્વ અનાજ કાપી લાવો; કારણકે ત્યાંના સ્થાનિક સરદારોએ મારી સમ્મતિ લીધા વિનાજ પોતાની ઇચ્છાનુસાર એક માણસને સામંતના પદપર નિયુક્ત કરી દીધો છે અને એ રીતે મારું અપમાન કર્યું છે. " મહારાણાની આવી આજ્ઞાના સમાચાર જ્યારે દેવગઢના સરદારોના સાંભળવામાં આવ્યા,ત્યારે તેમણે મહારાણાપર એવો સંદેશો મોકલ્યો કેઃ—"અમે ગોકુલદાસના પુત્રતરિકે નાહરસિંહને પ્રતિષ્ઠિત કર્યો છે. તેને કાંઇ દેવગઢના ઉત્તરાધિકારીતરિકે અભિષિક્ત કર્યો નથી અને અહીંના સામંતને નિયુક્ત કરવાની સત્તા તો માત્ર મહારાણાના હાથમાંજ છે; માટે અમને દૃઢ આશા છે કે મહારાણા અમારાપર કોઇપણ પ્રકારનો ક્રોધ કરશે નહિ અને દેવગઢના સહસ્રાવધિ રાજપૂતોના નેતાના પદપર કોઇ યોગ્ય મનુષ્યને નિયુક્ત કરશે." તેમણે આ ઉપરાંત મહારાણાપ્રત્યે નાહરસિંહની ઘણી પ્રશંસા કરીને તેને સામંતપદપર પ્રતિષ્ઠિત કરવાની પણ ભલામણ કરી હતી. આ સમયે દેવગઢનો કવિ રાણાના ચિકિત્સકસ્વરૂપે રાજધાનીમાં રહેતો હતો.[2] તેણે સરદારોના દૂત બની પોતાના પાંડિત્ય અને

---

૨ કર્નલ ટોડ જણાવે છે કેઃ—"અંતિમ સામંત ગોકુલદાસના જેવા બલિષ્ઠ પુરુષ મેં કોઇપણ જોયા નહોતા. તેમનું શરીર લંબાઈમાં ૭ ફીટ હતું અને તેમનાં અંગપ્રત્યંગ પણ અતિ પુષ્ટ હતાં. તેમના પિતાની વય જે સમયે વીસ વર્ષની હતી, તે સમયે તેઓ સાત ફીટ ઉંચા અને તેમના કરતાં પણ અધિક બલિષ્ઠ હતા. આ સામંત-વંશના ઘણા પુરુષો સ્વાભાવિક મૃત્યુથી મુઆ હતા. આ વંશમાં ઘણા મહાન રાજપૂતો ઉત્પન્ન થયા હતા. "

૨ આ માણસ કેવળ ચિકિત્સકજ નહોતો; પરંતુ તે મહાપંડિત પણ હતો અને તેથી મહારાણા તેને બહુ સન્માન આપતા હતા. તેણે રાણાને નિવેદન કર્યું કેઃ—" આપને અફીણનું સેવન કરનાર સામંતો કદિપણ ઉપયોગી થઈ પડનાર નથી. જો યુવક નાહરસિંહ આપની સભામાં શિક્ષા પ્રાપ્ત કરશે તો સમયપર તેનાદ્વારા દેશને ઘણો લાભ થશે. નાહરસિંહનો અભિષેક થતાં નજરાણાતરીકે આપને એક લાખ રૂપિયા આપવામાં આવશે."

ચાતુર્યથી મહારાણાને સુપ્રસન્ન કરી તેમનો ક્રોધાગ્નિ સર્વથા શાંત કરી દીધો અને અંતે મહારાણા નાહરસિંહને સામંતતરિકે નિયુક્ત કરવાને સમ્મત થયા, એટલે નાહરસિંહ રાજધાનીમાં આવ્યો. તત્કાળ નાહરસિંહને મેવાડના સર્વથી સમૃદ્ધિશાળી અને વિક્રમીરાજપૂતોની નિવાસભૂમિ દેવગઢમદારિયાના સામંતના પદપર અભિષિક્ત કરવામાં આવ્યો. દેવગઢનું પ્રાચીન નામ મદારિયા છે. નાહરસિંહ જે સંગ્રામગઢનો ઉત્તરાધિકારી હતો, તે સંગ્રામગઢ પાછળથી મદારિયાથી વિછિન્ન થઈ ગયો અને અંતે તે મહારાણાદ્વારા ખાલસા થઇ ગયો.

સામંતશાસનપ્રણાલીના વિષયના અંતમાં કર્નલ ટૉડ જણાવે છે કેઃ–"રાજપૂતોમાં સામંતપ્રથા અતિ દૃઢ થઇ ગઇ છે અને તેજ કારણથી રાજપૂતરાજ્ય અધોગતિના સાગરમાં નિમગ્ન થઈ જઈ રાજપૂતોની દશા અત્યંત શોચનીય થઈ પડી છે; છતાં પણ એ પ્રથાનાં પ્રબળ ચિન્હો આજપર્યંત દૃષ્ટિગોચર થાય છે. વર્તમાન સમયમાં વિશેષ વિચારપૂર્વકની રાજનીતિનો વિસ્તાર થતાં આ સર્વ ચિન્હો અવશ્ય વિલુપ્ત થઇ જવા સંભવ છે. જો અમે લોકો (બ્રિટિશસરકાર) રાજપૂતોની આંતરિકશાસનપ્રણાલીમાં હસ્તક્ષેપ કરીશું તો રાજપૂત રાજાઓ પોતાના તાબાના સામંતો અને સરદારો સાથે જે સંબંધથી જોડાયલા છે,તે સંબંધને છિન્નભિન્ન કરી નાખવામાં કારણરૂપ થઇ પડીશું. આથી પરિણામ એ આવશે કે તે અનાદિથી પ્રચલિત રીતિનો ઉચ્છેદ થશે; પણ તેને સ્થાને કોઇ અન્ય પ્રણાલી સ્થાપન કરી શકાશે નહિં; કેમકે રાજપૂતજાતિ સામંતપ્રથાવિના ઇતર કોઇ પણ પ્રકારની શાસનપ્રણાલીથી જ્ઞાત અને શિક્ષિત નથી. બ્રિટિશસરકારની સાથે રાજપૂતો મિત્રતાનાં બંધનથી જોડાયાથી તેમનો બાહ્યશત્રુઓનો ભય સર્વથા નિવૃત્ત થઇ ગયો છે અને યથાસમયે તેઓ અન્ય પ્રકારના શત્રુઓથી પણ મુક્ત થશે. રાજપૂતરાજાઓનો પ્રતાપ અને પ્રભુત્વ જેટલાં વિસ્તૃત હશે તથા સામંતો અને પ્રજા ઉપર તેમનું આધિપત્ય જેટલું પ્રબલ હશે,તેટલાજ પ્રમાણમાં પ્રાચીન શાસનપ્રણાલી તથા આચારવિચારનું સંરક્ષણ થશે. રાજાઓની તે પ્રાચીન સત્તા અને પ્રભુત્વનો પુનઃ વિસ્તાર કરવો અને પ્રાચીન શાસનપ્રણાલી પુનઃપ્રચલિત કરવી એજ પ્રત્યેક ઉદાર રાજનીતિજ્ઞ પુરુષોનો અને બ્રિટિશસરકારનો અભિપ્રાય છે; પરંતુ જે વિષયોથી અમે (બ્રિટિશસરકાર) સર્વથા અનભિજ્ઞ છીએ, તે વિષયોમાં હસ્તક્ષેપ કરવા કરતાં તટસ્થ રહેવાથીજ આ ઉદ્દેશ વિશેષ ઉત્તમતાથી સિદ્ધ થશે એવી મને શ્રદ્ધા છે."[1]

કર્નલ ટૉડ જે સમયે રાજપૂતાનાના પોલિટિકલ એજંટના પદપર સ્થિત હતા, તે સમયે બ્રિટિશજાતિ જે રાજનીતિ પ્રમાણે ભારતવર્ષનું શાસન કરતી હતી, તે રાજનીતિની રચના કરવામાં કર્નલ ટૉડનો ઘણો હાથ હતો; પરંતુ તેઓ સ્વદેશ ગયા પછીથી તે રાજનીતિમાં તેમજ રાજપૂતરાજાઓ, સરદારો, સામંતો અને પ્રજાજનની સ્થિતિમાં પરિવર્તન થયું છે.જો કે બ્રિટિશસરકાર દેશીરાજાઓના આંતરિકશાસનમાં હસ્તક્ષેપ કરતી નથી, તોપણ રાજનીતિ જાણનારા સર્વ માણસો સારી રીતે જાણે છે કે જે પ્રકારે મોગલશાસનના સમયમાં રાજામહારાજાઓ પોતપોતાના રાજ્યમાં સ્વતંત્રતાપૂર્વક પ્રાચીન રાજનીતિને અનુસરીને પોતાનું શાસનકાર્ય ચલાવી શકતા હતા,તે પ્રકારે હાલ તેઓ કરી શકતા નથી અને વાસ્તવમાં તેવો પ્રતાપ પણ તેમનામાં રહ્યો નથી.કર્નલ ટૉડે જણાવ્યું છે કેઃ-" દેશી રાજાઓ

૧ કર્નલ ટૉડ જણાવે છે કેઃ–"અતિશ્રેષ્ઠ ઉદ્દેશ ધારણ કરીને પણ જો લોકોના આચારવિચાર તથા અભિલાષાની વિરુદ્ધના કોઈપણ કાર્યમાં હસ્તક્ષેપ કરવામાં આવશે તો તે ઉદ્દેશ પણ અવશ્ય નિષ્ફળજ થશે; જેથી શ્રેષ્ઠશાસનને માટે રાજપૂતરાજ્યની વર્તમાનશાસનપદ્ધતિ અચલ રાખવી એજ બ્રિટિશસરકારનું કર્તવ્ય છે. બ્રિટિશસરકારે પોતેજ પ્રચલિત શાસનપ્રણાલીમાં સુધારણા નહિ કરતાં રાજાઓને તે સુધારણા કરવાની સલાહ આપવી અને દેશીરાજાઓ પોતેજ પોતપોતાના મંત્રીઓની સંમતિપૂર્વક સુધારણા કરી લે; આવી તટસ્થ નીતિજ બ્રિટિશસરકારને માટે સર્વ પ્રકારે યોગ્ય છે. જો આપણે પોતેજ એમની શાસનપ્રણાલી સુધારવાને ઉદ્યુક્ત થઈશું તો ઇલોરાના સ્તંભમાં કોરિન્થીઅન શિલ્પનો ઉમેરો કરવા સમાન તથા બલદેવની મૂર્તિનું વ્યંગ હર્ક્યુલિસના અંગથી પૂરવા સમાન ગણાશે. જો અમને કેવળ હિંદની ઉત્તર-પશ્ચિમની અરક્ષિત સીમાજ અત્યંત દૃઢ કરવાની ઇચ્છા હોય તો અહીંઆંનાં દેશીરાજ્યોને સમૃદ્ધિશાળી અને સ્વાધીનભાવથી રાખવાં એજ ઉચિત થઈ પડશે. આપણે તેમને જણાવી આપવું જોઈએ કે, અમે દેશીરાજ્યસમૂહનો કોઇપણ પ્રકારે ઉચ્છેદ કરવા ઇચ્છતા નથી. આવો ભાવ વિદિત કરવાની સાથે સાથેજ ઉક્ત ઉદારનીતિનું તેમનાપ્રત્યે અવલંબન કરવું એ અત્યંત આવશ્યક છે."

જેમ શક્તિસંપન્ન, પ્રભુતાથી યુક્ત તથા ધનધાન્ય અને સૈન્યબળથી સંપન્ન હશે, તેમ બ્રિટિશસરકારને લાભ છે; માટે તેમને સ્વતંત્રતા આપવી એજ ઇષ્ટ છે."

"રાજપૂતરાજાઓ બ્રિટિશસરકારનું કોઈ પણ પ્રકારે અનિષ્ટ કરી શકશે નહિ"એ વાર્તા કર્નલ ટૉ દીર્ઘકાળપર્યંત રાજસ્થાનમાં નિવાસ કરીને તથા રાજાથી લઇને સાધારણ સરદારપર્યંતના પ્રત્યેક શ્રેણીન રાજપૂતોની સાથે નિષ્કપટ મિત્રતા કરીને તથા તેમની સાથે વાર્તાલાપ કરીને રૂડે પ્રકારે જાણી લીધી હત અને તેથીજ તેઓ જણાવી ગયા છે કેઃ–" રાજતપૂરાજાઓ જો પૂર્વવત્ બળ, પરાક્રમ, ગૌરવ, કુ તથા મર્યાદા પ્રાપ્ત કરવાને સમર્થ થાય તોપણ આપણને ભયનું કાંઇ કારણ નથી. રાજપૂતજાતિન ઇતિહાસપર ઉંડી દષ્ટિ નાખવાથી સારી રીતે પ્રતીત થાય છે કે એ જાતિમાં એકતા નથી. તે એટલ સુધી કે જન્મભૂમિની રક્ષાને માટે પણ અનેક સમયે તેઓ એક થઇ શક્યા નથી.એક શાખાના કવિએ જો પોતાની કવિતામાં બીજી શાખાપર આક્ષેપયુક્ત શબ્દો લખી દીધા હોય તો તે માટે તરત બીજી શાખામાં વિદ્વેષનો અગ્નિ પ્રબળ થઇ ઉઠે છે અને એજ પ્રકારે સમસ્ત મહારાષ્ટ્રીઓમાં પણ સંપૂર્ણ મહારાષ્ટ્રદળના ઉપરિપદપર કદિ પણ કોઇ એકજ પુરુષને પ્રતિષ્ઠિત થયેલો દીઠો નથી. પ્રત્યેક રાજપૂ રાજા કેવલ પોતાના રાજ્યમાંજ સત્તા ભોગવવાને સમર્થ હોય છે, જેથી આવી અનેકતાની સ્થિતિમ એ પ્રત્યેક કદિ પણ આપણે માટે ભયના કારણરૂપ થઇ પડે તેમ નથી. વળી જે રાજ્યોમાં સામંત શાસનપ્રણાલી પ્રચલિત છે, તે રાજ્યો કદિ પણ અન્યનું અનિષ્ટ કરી શકતાં નથી.જે દેશોમાં આ પ્રથ પ્રચલિત છે, તે દેશો સ્વયં પોતાની રક્ષા કરવાને માટે પણ સર્વથા અસમર્થ નિવડ્યા છે. વળી તેઓ પરરાજ્યોપર આક્રમણ કરવામાં પણ સદા અયોગ્ય રહ્યા છે. આપણે રાજપૂતરાજાઓની સાથે નિષ્ક પટ મિત્રતા સ્થાપન કરી ઉભયપક્ષનું કલ્યાણ સાધવું જોઇએ અને તેઓમાં અસંતોષ ઉત્પન્ન ન થાય, એટલા માટે તેમની પાસેથી અનુચિત કર લેવાથી કિંવા તેમની વિરુદ્ધ ગુપ્તચરો નિયુક્ત કરવાથ દૂર રહેવું જોઇએ. તેમને કોઇ પણ પ્રકારનું સંકટ ભોગવવું ન પડે, આપણીસાથે તેમની અકૃત્રિમ મિત્રતા થાય અને વાણિજ્યનો પ્રસાર થાય એવા પ્રબંધો જો કરવામાં આવે તો વિદેશી તાતાર વ રશિયનલોકોનું આક્રમણ થતાં પચાસ હજાર રાજપૂતસેનાની સમરક્ષેત્રમાં આપણને સહાય મળે એમ કિંચિત્ પણ અસંભવ નથી."

ઉદારનૈતિક કર્નલ ટૉડ પોતાના ગ્રંથમાં આ જે જાણવાયોગ્ય સારવચનો સુવર્ણના અક્ષરથી અંકિત કરી ગયા છે, એ શબ્દોને અનુસરતી નીતિ અંગ્રેજરાજપુરુષોએ સદા અવલંબન કરવી ઉચિત છે. રાજપૂતબાંધવ ટૉડ આગળ ચાલતાં જણાવે છે કેઃ–" ઔરંગઝેબની આજ્ઞાથી રાજપૂતોએ સમર ક્ષેત્રમાં કેવું વીરત્વ દર્શાવ્યું હતું તેનું આપણે સ્મરણ કરવું જોઇએ.હમણાં પણ રાજપૂતોના હૃદયમાં તેજ ભાવ વિરાજમાન છે. કૃતજ્ઞતા, આત્મસન્માનરક્ષા અને વિશ્વાસપાત્રતા, એ એક સમયે રાજપૂતોના સવ સદ્દગુણોનું મૂળ હતું. આજે પણ રાજપૂતો તેનો અર્થ સમજે છે; પરંતુ સમયના પરિવર્તનથી તેઓ તેનો પરિચય આપી શકતા નથી. કોઇ રાજપૂતને એવો પ્રશ્ન પૂછવામાં આવે કેઃ–"સર્વથી મોટો અપ રાધ શું છે ?" તો તે એવોજ ઉત્તર આપશે કેઃ–" ગુણછોડ " અર્થાત્ કૃતઘ્નતા. રાજપૂતજાતિન આત્માની સાથેજ કૃતજ્ઞતા જડેલી છે.રાજપૂતોએ સદા કૃતજ્ઞતા દર્શાવી છે.તેઓ કહે છે કેઃ–"જે રાજપૂ કૃતજ્ઞતાવિહીન છે, તે આ સંસારમાં રહેવાને યોગ્ય નથી. તેને મરણ પછી સાઠહજાર વર્ષપર્યંત નરક માં નિવાસ કરવો પડશે." રાજપૂતોની આવી દૃઢ માન્યતા છે."

" રાજપૂતજાતિનો સ્વભાવ ગમે તેટલો ઉગ્ર હોય પરંતુ તેના હૃદયમાં સદા રાજભક્તિ અને દેશ-

૧ કર્નલ ટૉડ ટિપ્પણીમાં લખે છે કે,ગુણછોડ અર્થાત્ કૃતઘ્નતા અને સત્છોડ અર્થાત્ વિશ્વાસઘાત કરનારને સાઠ હજાર વર્ષપર્યંત નરકમાં વાસ કરવો પડે છે, એમ રાજપૂતકવિઓ પોતાના કાવ્યમાં દર્શાવે છે. યુરોપિયનલોકો પોતાને અભિમાનપૂર્વક બુદ્ધિમાન માનીને એમ કહે છે કેઃ–"દેશીલોકો કૃતજ્ઞતાનું તો નામ જાણતા નથી અને તેમની ભાષામાં ' કૃતજ્ઞતા ' એવો શબ્દજ નથી." તેઓ કેવળ ગંગાકિનારાના પ્રદેસમાં વસ સતા 'નમકહરામ' શબ્દનેજ ઓળખે છે. 'ગુણછોડ' એ શબ્દ કૃતઘ્નતાનો અર્થ સંપૂર્ણરીતે પ્રકટ કરે છે. વિશ્વા સઘાત પણ રાજપૂતજાતિમાં સર્વથી મોટો અપરાધ ગણાય છે.

હિતૈષિતા વિદ્યમાન હોય છે. જો કે રાજપૂતો કોઈ કોઇ સમયે પોતાના પિતા અને [1]અધીશ્વરપ્રત્યે ઉદ્ધતપણું દર્શાવે છે, પરંતુ કોઇ દુશ્મન તેમની જન્મભુમિપર આક્રમણ કરવાને ઉદ્યત થાય તો તેઓ તત્કાળ વીરમૂર્તિ ધારણ કરી પોતાના રાજાને સહાય કરે છે. મેવાડનો ઇતિહાસ અને રાજા અજિતસિંહના સમયથી મારવાડનો ઇતિહાસ વાંચવાથી આ વિધાનની સત્યતા સુવિદિત થાય છે. મારવાડના ઇતિહાસમાં આપણને અસીમ રાજભક્તિનું નિદર્શન પ્રાપ્ત થાય છે. જે રાજાને પ્રજાના ડઝન માણસોએ પણ જોયો નહોતો અને જેને દીર્ઘકાળપર્યંત અત્યાચારી ઔરંગઝેબના કરાલગ્રાસથી દૂર રહેવાને માટે એકાંતવાસનું સેવન કરવું પડયું હતું,તેના માત્ર નામના મોહમંત્રથીજ મુગ્ધ થઇને સામંતોએ એકત્રિત થઇ તેને માટે સમશેર ચલાવી હતી.માત્ર આ વીસ વર્ષના મારવાડના ઇતિહાસને યથાર્થરીતે લખવાને માટેજ એક નિષ્ણાત ઇતિહાસવેત્તાની જરૂર છે. દુર્ભાગ્યવશાત્ તે કાળનો શૃંખલાબદ્ધ ઇતિહાસ અમને પ્રાપ્ત ન થતાં માત્ર તેનું છૂટુંછવાયું વર્ણનજ પ્રાપ્ત થયું છે; છતાં પણ તેમાં રાજપૂતજાતિની અસીમ રાજભક્તિ અને સ્વદેશહિતૈષિતા રૂડે પ્રકારે દૃષ્ટિગોચર થાય છે. "

"અકબર, જહાંગીર અને ઔરંગઝેબ વગેરે મોગલસમ્રાટો સ્વયં રાજપૂતજાતિના ચારિત્ર્યસંબંધે જે મત પ્રકાશિત કરી ગયા છે, તે પર દૃષ્ટિપાત કરવાથી પણ આપણને જણાય છે કે ઉક્ત સમ્રાટોએ ભારતનાં અનેક સ્થાનોમાં જે વિજય પ્રાપ્ત કર્યો હતો, તે રાજપૂતોની સહાયથીજ પ્રાપ્ત કર્યો હતો એમાં કિંચિત્ પણ શંકા નથી. જે આસામદેશ જીતવાને માટે હાલમાં એક બ્રિટિશસેના નિયુક્ત કરવામાં આવી છે અને જેમાં ચાલતા યુદ્ધનું પરિણામ જાણવાને માટે સર્વ આતુર બની રહ્યા છે, તે આસામદેશ કેવળ એક રાજપૂતરાજાએ જીતી લીધો હતો અને તે રાજાના વંશજો વર્તમાન સમયમાં બ્રિટિશસરકારના નિષ્કપટ મિત્રો છે. આ આસામના વિજેતા જયપુરના અધીશ્વર મહારાજા માનસિંહ હતા. તેમણે આસામ ઉપરાંત આરાકાન અને ઓરિસ્સામાં પણ પોતાની વિજયપતાકા ફરકાવી દીધી હતી. કોટાના રાજા રામસિંહે મોગલસમ્રાટની આજ્ઞાનુસાર અનેક યુદ્ધોમાં ભાગ લીધો હતો તથા તેમાં વિજય પ્રાપ્ત કર્યો હતો અને તેમના પૌત્ર રાજા ઇશ્વરીસિંહ તથા તેમના ઇતર પાંચ ભ્રાતાઓએ યુદ્ધભૂમિમાં શયન કર્યું હતું. "

"જે લોકો કેવળ બાહ્યદૃશ્ય જોઇને સિદ્ધાંત નિશ્ચિત કરે છે, તેઓ સહજ એવું અનુમાન કરવાને દોરાય છે કે દીર્ઘકાળપર્યંતના વિજાતીયઆક્રમણથી રાજપૂતજાતિનો ઉદ્યમ, પ્રતિભા, વીરત્વ તથા વિક્રમ સર્વથા દૂર થઇ ગયાં છે; પરંતુ આ અનુમાન સર્વથા ભ્રાંતિપૂર્ણ છે. વિજાતીયઉપદ્રવ અને અત્યાચારથી જે શોચનીય ચિન્હો રાજપૂતજાતિમાં દૃગ્ગોચર થાય છે, તે સર્વ શાંતિના વિસ્તારની સાથે નિવૃત્ત થઈ જશે અને જેમ જેમ તેમની સમૃદ્ધિ વૃદ્ધિંગત થતી જશે, તેમ તેમ તેમના હૃદયમાં નવીન ભાવોનો ઉદય થતો જઇને તેમના શુદ્ધ આચારવિચાર તથા સદ્‌ગુણો સંપૂર્ણ રીતે વિકાસ પામશે. પોતાના હિતકર્તાને માટે રાજપૂતો અવશ્ય કેસરીવર્ણનો પોશાક[2] પરિધાન કરીને સંગ્રામભૂમિમાં ઉપસ્થિત થશે. અતિ વિશાળ સામ્રાજ્ય અને ઝાઝાં રાજ્યોની સાથેના સંબંધને લીધે જે અપરિહાર્ય વિપત્તિ આવી પડે છે, તે જાણવાને માટે રોમનસામ્રાજ્ય તરફ દૃષ્ટિપાત કરવાની આવશ્યકતા પડે તેમ નથી. ભારતવર્ષનાં બાવીસ પ્રધાન રાજ્યો, જેમાંનો અધિકાંશ આજે બ્રિટિશસામ્રાજ્યને આધીન છે, તે સો વર્ષપૂર્વે મોગલસામ્રાજ્યને તાબે હતાં. આ રાજ્યો એટલાં બધાં વિશાળ છે કે એક વ્યક્તિ તેનું શાસન ઉત્તમ પ્રકારે કરી શકે નહિ, તે છતાં પણ મોગલસમ્રાટોએ તેમને એક છત્રનીચે રાખ્યાં હતાં અને જ્યારે તેમણે રાજપૂતનૃપતિઓના અધિકારપર હસ્તક્ષેપ કર્યો તથા તેમના આચારવિચાર અને ધર્મનો અનાદર કર્યો, ત્યારે એ નૃપતિઓએ પોતાનાં રાજ્યો મોગલસામ્રાજ્યથી પૃથક્ કરી લીધાં અને એજ કારણથી દક્ષિણીઓ ઉત્તેજિત થઇને મોગલઅત્યાચારીઓની વિરુદ્ધ ખડા થયા; જેને પરિણામે એક સમયે જે

૧ જે રાજપૂતની પાસે જમીનનો કેવળ એકજ ટુકડો હોય છે, તે પણ પોતાને અધીશ્વરના સમાનવંશનો સમજી રાણાને "બાપજી" અર્થાત્ પ્રજામાત્રના પિતા અને જાતિમાત્રના પ્રતિનિધિ સમજે છે. રાજભક્તિનો આ કેવો સંપૂર્ણ આદર્શ છે!

૨ રાજપૂતો જે સમયે જીવનત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરીને રણભૂમિમાં જાય છે, ત્યારે તેઓ કેસરીવર્ણનો પોશાક પરિધાન કરે છે.

ઔરંગઝેબના નામથી સમસ્ત ભારતવર્ષ થર થર કંપાયમાન થતું હતું, તેનાજ સિંહાસનનું અસ્તિત્વ પાછળથી એક બ્રાહ્મણની દયાપર અવલંબી રહ્યું તથા ખાનદેશના એક કૃષિકારના પૌત્રે ( મહારાજા સિંધિઆએ ) તૈમૂરના વંશજોને પોતાનું આપેલું લેનારા બનાવી મૂક્યા હતા.”

મકદુનિયાનિવાસી સમરવિજયી સિકંદરે પોતાના ઇરાની તેમજ અન્ય. વિદેશી સહાયકોપ્રત્યે અનુગ્રહ દર્શાવવાનાં જે કારણો દર્શાવ્યાં હતાં, તેનું આ ઉપસંહારને અંતે અવતરણ કરીને ટૉડ સાહેબ આ પ્રકારની સમાપ્તિ કરે છે કેઃ—“જે કાંઇ અમોએ તલવારના બળથી પ્રાપ્ત કર્યું છે તેપરનો અમારો અધિકાર ચિરસ્થાયી નથી; પરંતુ ઉત્તમ કામોદ્વારા કરાયેલો ઉપકારજ સદા સ્થિર રહેનાર છે. જો અમે લોકો એશિયામા થઇને માત્ર ભ્રમનજ કરવાનુ ન ઇચ્છતાં જો એશિયાને અમારા હાથમાં રાખવા ઇચ્છતા હોઇએ તો અમારે અમારો દયાભાવ એ દેશના નિવાસીઓપ્રત્યે પણ દર્શાવી આપવો જોઇએ; જેથી તેમની સ્વામીભક્તિ અમારા સામ્રાજ્યને સદાને માટે ચિરસ્થાયી બનાવી દે. અમારે અમારા વિષયમાં તો એટલું-જ કહેવાનું છે કે અમારી પાસે એટલો બધો વૈભવ છે કે તેમાં ઉમેરો કરીને અમે શું કરીશું ? તે અમે જાણી શકતા નથી ! અવશ્ય તે મનુષ્ય અસંતોષી અને અત્યંત લોભી છે કે જે પ્રથમથી ભરાઇ ચૂકેલા-માં ભરતોજ રહેવા ઇચ્છે છે.”

આ વાતનો તો સર્વને સ્વીકાર કરવો પડશે કે બ્રિટિશલોકો કેવળ સેનાના બળથી ભારતવર્ષમાં શાસન કરતા નથી; પરંતુ ઉદારરાજનીતિના બળથી કરે છે. જયાંસુધી બ્રિટિશસરકાર એ ઉદારરાજ-નીતિદ્વારા ભારતવર્ષના નિવાસીઓનું કલ્યાણ કરવાને યત્નવાન રહેશે, ત્યાંસુધી કર્નલ ટૉડ સાહેબની પેઠે અમે ( હિંદી અનુવાદક પણ કહીશુ કેઃ-“સર્વશક્તિવાન પ્રભુ અવશ્યમેવ ભારતવર્ષમાં બ્રિટિશ-શાસનશકિત પ્રબળ રાખશેજ.”



# परिशिष्ट १ लुं

## તામ્રપત્રો-સનંદ-પટ્ટા-દાનપત્ર-શીલાલેખ વગેરેનો અનુવાદ

( ૧ )

મારવાડના સામંતોએ[૨] પશ્ચિમ તરફનાં રાજપૂતરાજ્યોના બ્રિટિશ પોલિટિકલ એજંટ તરફ મોકલેલો પત્રઃ—

"સલામ સાથે નિવેદન કરવાનું કે અમે આપના તરફ એક વિશ્વાસપાત્ર મનુષ્યને મોકલીએ છીએ, કે જે અમારાસંબંધી હકિકત આપને કહેશે. કંપની સરકાર એ હિંદુસ્થાનની સાર્વભૌમ સરકાર છે અને આપ અમારી સ્થિતિ સારી પેઠે જાણો છો. જો કે અમારા પોતાના સંબંધી કિંવા અમારા દેશસંબંધી કોઈ પણ વાત આપનાથી ગુપ્ત નથી, તોપણ અમારી કાંઇક અંગત બાબત આપને નિવેદન કરવાની આવશ્યકતા છે.

શ્રી મહારાજા સાહેબ અને અમે એકજ કુલના છીએ અર્થાત્ અમે સર્વ રાઠોડ છીએ. તેઓ અમારા નેતા છે, અમે તેમના અનુચર છીએ; પરંતુ હમણાં તેમને ક્રોધ ઉત્પન્ન થયો છે અને તેમણે અમારા પ્રદેશો લઇ લીધા છે. અમારી બાપોતાભૂમિ અને અમારાં ઘરબારમાંથી કેટલાંક ખાલસા કરવામાં આવ્યાં છે અને વર્તમાન રાજનૈતિકફેરફારથી જે લોકો અલિપ્ત રહેવાનો પ્રયાસ કરે છે તેમની ભૂમિ તથા ઘરબાર પણ ખાલસા થવાનો ભય ઉપસ્થિત થયો છે. કેટલાક સરદારોને પ્રાણરક્ષાનું અભયવચન આપી સ્વાધીન લઇને પરિણામે અનેકોપર આરોપ મૂકવામાં આવ્યા છે અને તેમનો વધ કરવામાં આવ્યો છે તથા બીજા સરદારોને કારાગૃહમાં પૂરવામાં આવ્યા છે.મુત્સદીઓ,રાજ્યના અમલદારો,સ્વદેશીઓ અને વિદેશીઓ—એ સર્વને પકડવાનું ચાલુ રહ્યું છે અને તેમનાપર પૂર્વે નહિ સાંભળેલા એવા તથા અવર્ણનીય અત્યાચારો થતા રહ્યા છે.હાલના રાજાનું મન એટલું દુષ્ટ થઈ ગયું છે કે જોધપુરના ભૂતપૂર્વ કોઇ પણ રાજા એટલા બધા દુષ્ટ થયા નહોતા. તેમના પૂર્વજોએ પેઢી દર પેઢી રાજ્ય કર્યું છે. અમારા પૂર્વજો તેમના મંત્રીઓ અને સલાહકારો હતા અને સર્વ સામંતમંડળીની સલાહથીજ પ્રત્યેક રાજકાર્ય કરવામાં આવતું હતું. તેમના પૂર્વજોની દૃષ્ટિસન્મુખ અમારા પોતાના પૂર્વજોએ શત્રુઓનો વધ કર્યો હતો અને તેઓ પોતે પણ રણક્ષેત્રમાં પડયા હતા અને તેમણેજ [૩]સમ્રાટને આધીન રહીને જોધપુરને તેની વર્તમાન દશામાં આણ્યું છે. જ્યાં જ્યાં મારવાડના હિતની વાત હતી, ત્યાં ત્યાં અમારા પૂર્વજો હાજર હતા અને તેમણે પોતાના જીવનનું બલિદાન આપીને સ્વદેશની રક્ષા કરી છે. કેટલીક વખત

---

૧ આમાંના ઘણા પત્રો કર્નલ ટોડ પોતાના દેશમાં લઈ ગયા હતા. તેમના પરલોકવાસપછી આ પત્રો કોના હાથમાં ગયા તે જાણવાનું કાંઈ સાધન નથી.

૨ ક્રોધોન્મત્ત મારવાડપતિ ઉક્ત પત્ર લખનારપર અત્યંત ક્રુદ્ધ થઇને તેમનાપર વિપત્તિ લાવી નાખે નહિ એટલા માટેજ કર્નલ ટોડે તેમનાં નામ લખ્યાં નથી.

૩ અહીંઆં દિલ્હીના સમ્રાટનો નિર્દેશ કરવામાં આવ્યો છે. દિલ્હીના પરમ રમણીય તથા પરમ દેદીપ્યમાન 'દિવાને ખાસ' માં રૌપ્યજડિતસ્તંભની પાસે ૭૯ દેશીરાજાઓ ઉભા રહીને યવનસમ્રાટને સન્માન આપતા હતા; તેમાં મારવાડના મહારાજાજ સૌથી શ્રેષ્ઠ માન પામતા હતા અર્થાત્ તેઓ સમ્રાટના જમણા હાથપર આસન પ્રાપ્ત કરતા હતા. મારવાડના રાજા માનસિંહના પ્રપિતામહે દિલ્હીના સમ્રાટની સભામાં પોતાને એવું સન્માન મળવાથી મેવાડના રાણાની ઉપર જે ગર્વભરિત પત્ર લખ્યો હતો તે કર્નલ ટોડને પ્રાપ્ત થયો હતો.

અમારો નેતા સમીર હતો, તે વખતે પણ અમારા પૂર્વજોના ડહાપણ અને તેમની સેવાથી મારવાડની ર
થઇ હતી. યુગોના યુગોસુધી આ રીતે થયું છે, તેમ (રાજા માનસિંહ)ની પોતાની દૃષ્ટિસમીપ અ
સારી સેવા બજાવી છે. જ્યારે જયપુરના રાજાએ જોધપુરને ઘેરી લીધું તે વિપત્તિના સમયમાં અમે તે
સામે શસ્ત્ર ગ્રહણ કર્યાં હતાં. તે સમયે અમારૂં જીવન અને અમારી સંપત્તિ જોખમમાં આવી પડી હ
પરંતુ પ્રભુએ અમને વિજય અપાવ્યો. પરમાત્મા અમારો સાક્ષી છે. હવે વિસાતવગરના માણસો રાજ
સભામાં બેસે છે, તેથી વિપરીત દશા આવી છે. **જ્યારે તેઓ અમારી સેવાનો સ્વીકાર કરે, ત્ય
તેઓ અમારો અધીશ્વર છે; પરંતુ જ્યારે તેઓ અમારી સેવાનો સ્વીકાર ન કરે ત્યારે અ
તેમના બંધુ અને સગા છીએ અને દેશપર હક્ક ધરાવીએ છીએ.**

તેઓ અમારી સંપત્તિ છીનવી લેવાની ઇચ્છા રાખે છે; પરંતુ શું અમે અમારી ભૂમિ જવા દઇ
અંગ્રેજો સમસ્ત હિંદુસ્થાનના સ્વામી છે.........ના સામંતે પોતાના પ્રતિનિધિને અજમેર મોકલ્યો
તેને દિલ્હી જવાનું કહેવામાં આવ્યું તેથી ......ના ઠાકોર ત્યાં ગયા; પરંતુ તેમને કાંઇ માર્ગ બ
વવામાં આવ્યો નહિ. જો અંગ્રેજસરકાર અમારી દાદ નહિ સાંભળે તોપછી સાંભળશે કોણ
અંગ્રેજસરકાર કોઇને પણ અન્યની ભૂમિ છીનવી લેવા દેતી નથી અને મારવાડ એ અમારી જન્મભૂ
છે, મારવાડમાંથીજ અમને અમારો રોટલો મળવો જોઇએ. મારવાડમાં એક લાખ રાઠોડો છે, તે
જશે? અંગ્રેજસરકારપ્રત્યેના માનને લીધેજ અમે આટલા બધા દીર્ઘકાળપર્યંત મૌન ધારણ ક
બેસી રહ્યા છીએ અને જો આપ સરકારને અમારો ઇરાદો નહિ જણાવીએ તો કદાચ પાછળથી આપ અમ
દોષ કાઢો, તેથી અમે આપને અમારો ઇરાદો જણાવીએ છીએ અને આપના ઠપકામાંથી વિમુક્ત થઇ
છીએ. મારવાડમાંથી અમારી સાથે અમે જે લાવ્યા હતા, તે સઘળું અમારૂં ખર્ચાઇ ગયું છે અને અ
જેટલું ઉધાર મળતું હતું તેટલું લઇને પણ અમે ખાધું છે અને હવે જ્યારે તંગી અમારો નાશ ક
ત્યારે અમે તત્પર થઇને ગમે તે કરીશું.

અંગ્રેજો અમારા શાસનકર્તા, અમારા સ્વામી છે. શ્રી માનસિંહે અમારી ભૂમિ ખુંચવી લીધી
આપ સરકાર જો મધ્યસ્થ થાઓ તો આ વિપત્તિની નિવૃત્તિ થઈ જાય; પરંતુ જ્યાંસુધી આપ મધ્ય
થઇને ખાત્રી આપો નહિ ત્યાંસુધી અમને કોઇપણ પ્રકારનો વિશ્વાસ ચોંટશે નહિ. અમારી પ્રાર્થના
પ્રત્યુત્તર આપશોજી. અમે ધૈર્યપૂર્વક તેની રાહ જોઇશું; પરંતુ જો અમને કાંઇ પ્રત્યુત્તર નહિ મળે
પછી દોષ અમારો રહેશે નહિ, કારણ કે અમે તો પ્રત્યેક સ્થળે જાહેર કરી દીધું છે. ક્ષુધા મનુષ્યને તે
નિવૃત્તિનો ઉપાય શોધી કાઢવાની ફરજ પાડે છે. આટલા દીર્ઘકાળપર્યંત માત્ર આપ સરકારપ્રત્યે
માનને લીધેજ અમે મૌન ધારણ કરી રહ્યા છીએ. અમારી પોતાની સરકાર અમારી દાદ સાંભળતી ન
પરંતુ અમે ક્યાંસુધી થોભીશું? અમને આશા છે કે આપ અમારી અભિલાષા પૂર્ણ કરશો."

સંવત ૧૮૭૮, શ્રાવણ શુદ ૨ (ઑગસ્ટ ૧૮૨૧)

અવિકલ અનુવાદ

(હસ્તાક્ષર) જેમ્સ ટૉડ

---

(૨)

**દેવગઢના સામંત ગોકુલદાસની વિરુદ્ધ તેમના તાબાના સરદારોએ ઉઠાવેલા વાંધા**

(૧) પ્રાચીનકાળથી સ્થાપિત થયેલા હક્કો અને રિવાજોને તેઓ માન આપતા નથી.

(૨) પ્રત્યેક રાજપૂતની એક એક ચરસા જમીન છે; પરંતુ તે તેમણે હસ્તગત કરી લીધી છે.

(૩) જે પુરુષ એમને રૂશ્વત આપે છે, તે એમની આગળ સદ્‌ગુણી ગણાય છે અને જે રૂશ્
આપવાને અસમર્થ હોય છે તે ચોર ગણાય છે.

(૪) એમના તાબાના પટાવતોએ જે દશબાર ગામો સ્થાપન કર્યાં હતાં, તે એમણે પોતાના અ
કારમાં લઇ લીધાં છે અને તે પટાવતો અન્નવગર તથા ઘરબારના અભાવથી કષ્ટ પામે છે.

(૫) પ્રાચીનકાળથી દેવાલય પવિત્ર ગણાય છે; પરંતુ તેમણે આ નિયમનું ઉલ્લંઘન કર્યું છે.

(૬) જ્યારે મસ્તક ઉપર વિપત્તિ આવી પડે છે, ત્યારે તેઓ પોતાની પ્રજા આગળ શપથપૂર્વક પ્રતિજ્ઞા લે છે અને પાછળથી તેનું સર્વસ્વ લૂંટી લે છે.

(૭) પૂર્વે એવી રીતિ પ્રચલિત હતી કે તાબાના સરદારો વા ભાયાતોને સામંત-સભામાં ઉપસ્થિત કરવાની આવશ્યકતા હોય ત્યારે તેમને પત્રદ્વારા બોલાવવામાં આવતા હતા. હવે તેમને વારંટથી બોલાવવામાં આવે છે, આથી સરદારોની મર્યાદા નષ્ટ થઇ છે.

(૮) પૂર્વે પત્રવાહકને ભથ્થામાં એક રૂપિયો આપવાનો રિવાજ હતો. હવે તેને બે આપવા પડે છે.

(૯) પૂર્વે દેવગઢના સીમાંતના પહાડીદેશમાં કોઇ લૂંટારો કોઇ વ્યક્તિપર આક્રમણ કરતો વા તેનું સર્વસ્વ લૂંટી લેતો તો સામંત તેની ક્ષતિ પૂર્ણ કરી દેતા; પરંતુ હાલમાં તેઓ કોઇની પણ હાનિ પૂર્ણ કરતા નથી; કારણ કે લૂંટારાઓ લૂંટેલા માલનો ચતુર્થાંશ ફોજદારને આપે છે.[1] મીરા નામના પહાડી લોકો હાલમાં સર્વથા સ્વતંત્ર થઇ ગયા છે. પહેલાં તેઓ કોઈની હત્યા કરતા નહોતા; પરંતુ હાલમાં તેઓ અમારા ભાયાતોને લૂંટી લે છે અને તેમનું ખૂન પણ કરે છે. આ લૂંટફાટ અને નરહત્યાના નિવારણનો કાંઇ ઉપાય દૃષ્ટિગોચર થતો નથી. એટલે સુધી અવ્યવસ્થા ફેલાઈ ગઈ છે કે લૂંટારાઓ લૂંટનો માલ દેવગઢમાંજ વેચે છે.

(૧૦) દ્રવ્યનો દંડ કરવાને માટે તેઓ નિરપરાધીઓની ભૂમિ હસ્તગત કરી લે છે અને દંડ લીધા પછી તેના ખેતરમાંથી લીલા અનાજના છોડ પોતાના ઘોડાને માટે કપાવી મંગાવે છે.

(૧૧) તાબાના સરદારોનાં ક્ષેત્રોમાંથી તેઓ ખેડુતોને બળપૂર્વક પકડાવી મંગાવે છે અને તેમને દ્રવ્યદંડ કરે છે તથા તેમનાં ગૌઆદિ પશુઓ તથા હળ વગેરે વેચીને ધન વસુલ કરી લે છે. આથી કૃષિકાર્ય સર્વથા બંધ પડી ગયું છે અને દેશના લોકો ઘરબાર છોડીને અન્યત્ર નાસી જવા લાગ્યા છે.

(૧૨) દેવગઢનગરના ન્યાયાધીશોર તેમના પ્રબલ અત્યાચારથી રાયપુરમાં નાસી ગયા છે. તેઓ તેમને પકડવાને તેમની પાસેથી દ્રવ્ય ઓકાવવાને તીક્ષ્ણ દૃષ્ટિ રાખે છે.

(૧૩) તેઓ પોતાના તાબાના સરદારોની પાસેથી બલપૂર્વક અર્થસંગ્રહ કરવાને માટે તેમને પોતાની પાસે બોલાવે છે અને જો તેઓ ગમે તે પ્રકારે નાસી જાય તો તેમની સ્ત્રી અને કન્યાને કારાગૃહમાં નાખે છે. આ ઘોર અપમાનથી અનેક સ્ત્રીઓએ કૂવામાં પડીને આત્મઘાત કર્યો છે.

(૧૪) જો કોઇ પુરુષ કોઇનો ઋણી હોય તો તેઓ મધ્યસ્થ થઇને તેનું ઋણ ચૂકવવાને પ્રવૃત્ત થાય છે અને તે ઋણીની સ્થાવરજંગમ સર્વ સંપત્તિ વેચાવીને અર્ધું ધન પોતે લઈ લે છે.

(૧૫) જો કોઈ મનુષ્યની પાસે એકાદ શ્રેષ્ઠ અશ્વ હોય તો તેને સમજાવીને અને તેમ કરવા છતાં ન આપે તો અંતે બળાત્કારે પણ તેની પાસેથી તે અશ્વ છીનવી લે છે.

(૧૬) પ્રથમ જે સમયે દેવગઢની સ્થાપના થઈ તે સમયે અમારા પૂર્વજોને પણ ભૂમિ મળી હતી, તેથી દેવગઢ જે પ્રકારે તેમની પૈતૃકસંપત્તિ છે તે પ્રકારે તેની અંદરની જમીન અમારી પણ પૈતૃકસંપત્તિ છે. ઉક્ત ભૂમિને શ્રેષ્ઠ બનાવવાને માટે અમે સહસ્રાવધિ રૂપિયાનો ખર્ચ કર્યો છે; પરંતુ તેઓ અમારા હક્ક, અધિકાર અને અમારી પદવીપ્રત્યે સર્વથા દુર્લક્ષ્ય કરીને તેપર હસ્તક્ષેપ કરે છે.

(૧૭) અમારા પૂર્વજો જેટલાં ગામો સ્થાપિત કરી ગયા છે, તે સર્વ ગામોમાંથી તેઓ ચાર વા પાંચ ચરસાભૂમિ લઇને વિદેશીઓને અર્પણ કરે છે. આથી ભૂમિના જૂના સ્વામીઓ ઉત્તરોત્તર દીનદશાને પ્રાપ્ત થઇ નષ્ટ થતા જાય છે.

(૧૮) ઘણા દીર્ઘકાળથી તેમના સર્વ સંબંધીઓને નિત્ય અન્ન મળતું હતું; પરંતુ તેમણે ચાર વર્ષથી આ પ્રથા સર્વથા બંધ કરી દીધી છે.

---

૧ પ્રત્યેક રાજપૂતસામંતના તાબાના પ્રદેશમાં રાજાની તરફથી ફોજદારની ઉપાધિવાળો એક સેનાપતિ રહે છે. તે સામંતોની પાસેથી સૈનિકો લેવાની સત્તા ધરાવે છે. સામંતોનાં કુલનો તે ભાગ્યેજ હોય છે; પરંતુ બહુધા બીજાં કુલનો હોય છે.

૨. પ્રત્યેક નગરમાં એક એક ન્યાયમંડળ હોય છે. નગરશેઠ ચાર ચોઠિયાની સાથે મળીને મુકર્દમા સાંભળે છે. તેમને કોઈપણ પ્રકારનો પગાર મળતો નથી.

(૧૯) પ્રાચીનકાળથી પ્રચલિત રીતિઅનુસાર દેવગઢના સામંત પોતાના તાબાના પટાવતસરદારો-ની સાથે મળીને તેમની સલાહથી પ્રત્યેક કાર્ય કરતા હતા; પરંતુ હાલમાં દેવગઢના સામંત કેવળ વિદેશીલોકોની સાથે મસલત કરે છે. તેનું પરિણામ એ આવ્યું છે કે પહાડીપ્રદેશમાંથી જે શતાવધિ રૂપિયા સંગ્રહિત થતા હતા તે હાલમાં બંધ થઈ ગયા છે.

(૨૦) ભાયાતોની જમીનમાંથી પહાડીલૂંટારાઓ ગૌઆદિ પશુ ચોરી જાય છે. ફોજદાર આ ઢોરો તેના માલિકને પાછાં સોંપતો નથી; પરંતુ તે લૂંટારાઓને ઢોરના સ્વામીની પાસેથી રખવાળી લેવાને ઉત્તેજિત કરે છે.

(૨૧) ન્યાય પૈસાદ્વારા વેચાય છે. પૈસાવિના ન્યાય મળતો નથી. જેની પાસે દ્રવ્ય હોય તેની દાદ સાંભળવામાં આવે છે. જાનમાલનું રક્ષણ કરવાને વણિક તથા વ્યાપારીઓ વિદેશમાં નાસી જવા લાગ્યા છે; પરંતુ સામંત પૂછતા પણ નથી કે તેઓ કયાં ગયા છે અથવા શામાટે જાય છે.

(૨૨) અમારાં ગૌઆદિ પશુ પહાડ ઉપર ચાલ્યાં જાય છે, ત્યારે પહાડીલોકો તેમને પકડી લે છે અને અમે જાતે ત્યાં જઇને તેમની પાસેથી ઢોર ખુંચવી લઈએ તો સામંત અમને દ્રવ્યનો દંડ કરીને કહે છે કેઃ–"અમે પહાડીલોકોને આ પ્રકારે ઢોરોને અટકાવવાની સત્તા આપી છે." આ પ્રકારે તેઓ અમારી મર્યાદા ઘટાડે છે. અમે જો ઉક્ત પ્રકારના એકાદ લૂંટારાને પકડી લઇએ તો ફોજદાર તેને છોડા-વવાને માટે શસ્ત્રધારી દલ મોકલે છે; કારણ કે તેને તે માટે રૂશ્વત મળે છે. પછી મુક્ત થયેલા લૂંટા-રાની સોથે કલહ થાય છે અને તેથી નિરાશ્રય રાજપૂતને પોતાની પૈતૃકભૂમિ છોડવાની ફરજ પડે છે. હવે દેવગઢમાં પ્રજાને કાંઇ સહાયતા વા આશ્રય પ્રાપ્ત કરવાનો માર્ગ નથી. સામંત સર્વથા હિતા-હિતવિચારશૂન્ય છે અને તેઓ પોતાના સન્માનની રક્ષા કરવા પ્રત્યે એટલા બધા ઉદાસીન છે કે "પહાડીઓને દ્રવ્ય આપીને લૂંટાઇ ગયેલી સંપત્તિ પુનઃ પ્રાપ્ત કરો" એમ તેઓ અમને કહે છે. જ્યારથી હાલનો ફોજદાર નિયુકત થયો છે, ત્યારથી અમારી દુર્દશા વધી પડી છે. વિદેશીલોકો કર્તાહર્તા થઇ પડયા છે અને દેશીઓને હાંકી કાઢવામાં આવ્યા છે. દક્ષિણી તથા બીજા લૂંટારાઓ સામંતના સ્વજાતીય લોકોની સંપત્તિ લૂંટીને તેમની ભૂમિ ભોગવી રહ્યા છે. લેશ પણ અપરાધવિના સરદારોની ભૂમિ છીનવી લેવામાં આવે છે. આ ભૂમિ પુનઃ પ્રાપ્ત કરવામાં પુષ્કળ સમય અને દ્રવ્યનો વ્યય કરવો પડે છે. ન્યાયકાર્ય સર્વથા વિલુપ્ત થઈ ગયું છે.

રાણાની સભામાં સામંતને જેવા અધિકાર અને હક્ક છે તેવા અધિકાર અને હક્ક અમને પણ સામંતની સભામાં છે. જ્યારથી આપ (કર્નલ ટૅાડ) મેવાડમાં પધાર્યા છો, તે સમયથી દીર્ઘકાળથી અન્ય-ના અધિકારમાં ગયેલી ભૂમિનો પુનરુદ્ધાર કરવામાં આવે છે; તો અમે એવો શું અપરાધ કર્યો છે કે અમે અમારા પૈતૃકઅધિકારથી વંચિત રહીએ ?

અમે મહાવિપત્તિસાગરમાં નિમગ્ન છીએ.

( ૩ )

મહારાજ શ્રી ગોકુલદાસ દેવગઢના ચાર મિસલ (શ્રેણી)ના પટાવતસરદારોને નિવેદન કરે છે કેઃ—

અપરાધવિના કોઇ પણ સરદાર વા જમીનદારની સંપત્તિ વા ભૂમિ ખુંચવી લેવામાં આવશે નહિ.

જો કોઇ વ્યકિત કોઇ પ્રકારનું અપરાધસૂચક કાર્ય કરશે તો અમારા ચાર મિસલના ભાયાતોદ્વારા તેનો ન્યાય કરવામાં આવશે અને જો તે અપરાધી ઠરશે તો તેને દંડ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે.

સર્વ પ્રસંગે ભાયાતોની સલાહ લીધા વિના હું કોઇને કોઇ પણ પ્રકારનો દંડ કરીશ નહિ.[૧]

શ્રીનાથજીના સોગન ખાઇને હું કહું છું કે આ પ્રતિજ્ઞાનો હું કદિપણ ભંગ કરીશ નહિ.

સંવત ૧૮૭૪, પોષ સુદ ૬

૧ ઇંગ્લાંડના અધીશ્વરે મેગ્નાચાર્ટામાં ૪૩ ધારાઓદ્વારા આજ પ્રકારની પ્રતિજ્ઞા લીધી હતી.

(૪)

## મેવાડપતિ મહારાણા અરિસિંહે સિંધીસરદાર અબ્દુલરહીમ બેગને આપેલો દાનપત્ર

**श्री रामो जयति ।**

गणेशः प्रसीदतु । एकलिंगः प्रसीदतु ।

શ્રી મહારાજાધિરાજ મહારાણા અરિસિંહ મિર્જા અબ્દુલરહીમ બેગ આદિલ બેગોત પ્રતિ નિવેદન કરે છે કે:—

અમારા કેટલાક સામંતોએ વિદ્રોહ કરી, ધૂર્ત રત્નસિંહને ઉત્તેજન આપી,દક્ષિણીઓને બોલાવી ઉદયપુરપર આક્રમણ કર્યું હતું.આ પ્રસંગે તમે મહાન સેવા બજાવીને અમારા સામ્રાજ્યની રક્ષા કરવામાં સહાય કરી છે;એટલા માટે તમારા ઉપર અનુગ્રહ કરીને મેં તમને આ દાનપત્રમાં લખેલી જાગીર આપી છે, જેનો તમારાં છોકરાં અને છોકરાંનાં છોકરાં ઉપભોગ લેશે.તમે પ્રમાણિક રીતે સેવા બજાવશો.જો અમારો કોઇ વંશજ તમારા ઉત્તરાધિકારીની પાસેથી આ જાગીર છીનવી લેશે તો તેને એકલિંગજીનો શ્રાપ અને ચિતોડનો નાશ કરવાનું પાપ નડશે.

### વિશિષ્ટ વર્ણન

( ૧ ) ૨૦૦૦૦૦ (બે લાખ) રૂપિયાની કિંમતની ભૂમિ

( ૨ ) વાર્ષિક નગદ રૂ. ૨૫૦૦૦

( ૩ ) દેવારી દરવાજાની બહાર ૧૦૦૦૦ વીઘાં જમીન

( ૪ ) રહેવાને માટે "ભારતસિંહની હવેલી" નામનું મકાન

( ૫ ) ઉદ્યાન બનાવવાને માટે નગરની બહાર સો વીઘાં જમીન

( ૬ ) કાષ્ઠ અને ઘાસને માટે ખીણુમાંનું મિતૂન નામનું ગામ

( ૭ ) યુદ્ધભૂમિમાં માર્યા ગયેલા અજમેરી બેગના સમાધિમંદિરને માટે એકસો વીઘાં જમીન

### ખાસ હક્ક અને સન્માન

( ૮ ) દરબારમાં એક આસન અને સર્વ બાબતમાં સાદ્રીના સામંતના જેવું સન્માન તથા પદમર્યાદા[1]

( ૯ ) રાજપ્રાસાદ ( રાજમહેલ ) ની આગળના દરવાજા બહાર તમારૂં નગારૂં વાગશે; પરંતુ માત્ર એક દંડથી.

( ૧૦ ) દશેરાના ઉત્સવમાં અમર અશ્વ[2] તથા પોશાક

( ૧૧ ) આહરમાં નગારૂં વગડાવી શકાશે.અન્યાન્ય સર્વ બાબતોમાં સલુમ્બરના સામંતના જેવું સન્માન આપને તથા આપના ઉત્તરાધિકારીઓને પ્રાપ્ત થશે, તેથી તમારી જાગીરના કિંમતના પ્રમાણમાં તમે રાજસેવા કરશો.

( ૧૨ ) જો આપ સ્વયં આપના કોઇ ભાયાત વા નોકરને પદચ્યુત કરશો તો હું તેને આશ્રય આપીશ નહિ અને મારા સામંતો પણ તેને આશ્રય આપી શકશે નહિ.

( ૧૩ ) રાજસભાસિવાય અન્યત્ર જ્યારે આપ એકલા હશો, ત્યારે ચમરછત્રનો ઉપયોગ કરી શકશો; પરંતુ હજુરમાં કદિ પણ તેનો ઉપયોગ કરી શકશો નહિ.

( ૧૪ ) મનવરબેગ, અનવરબેગ તથા ચમનબેગને સિંહાસનની સન્મુખ આસન પ્રાપ્ત કરવાની પરવાનગી આપવામાં આવી છે. દશેરાપર આપને 'અમર અશ્વ' તથા માનસૂચક પોશાક આપવામાં આવશે અને આપના બે ત્રણ યોગ્ય સંબંધીઓને રાજસભામાં આસન આપવામાં આવશે.

( ૧૫ ) આપ પોતાનાં પદોચિત સન્માનસહિત રાજસભામાં વિરાજમાન થઇ શકશો.

| | |
|---|---|
| સંવત ૧૬૨૬ (ઇ૦ સ૦ ૧૫૭૦) ભાદ્રપદ એકાદશી ને સોમવાર | આજ્ઞાથી શાહ મોતીરામ બલીઆ |

---

૧ સાદ્રીના અધિપતિ રાણાની સભામાં પ્રથમ વૈદેશિક સામંત છે.

૨ રાણા સામંતને જે ઘોડો આપે છે તે મરી જાય છે ત્યારે તેઓ બીજા ઘોડો આપે છે. આજ કારણથી 'અમર અશ્વ' એ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

( ૫ )

**મેવાડના સર્વશ્રેષ્ઠ સામંતો પૈકી રાવત લાલસિંહને આપવામાં આવેલા ભિંસરોરનો પટો**

મહારાજા જગતસિંહ રાવત લાલસિંહ કિશોરીસિંહોતને[1] નિવેદન કરે છે કે:—

હમણાં આપને ગરાસસ્વરૂપે સમસ્ત ભિંસરોર પ્રગણું આપવામાં આવ્યું છે.

ભિંસરોર નગરની વાર્ષિક ઉપજ ૩૦૦૦, ૧૫૦૦ બીજાં બાવન ગામો (નામો અનાવશ્યક છે)અને રાજધાનીની પાસેનું એક ગામ

સંપૂર્ણ વાર્ષિક ઉપજ ૬૨૦૦૦, ૩૧૦૦૦[3]

બસેંઅડતાળીસ અશ્વારોહીઓ અને બસેંઅડતાળીસ પાયદળસૈનિકોસહિત (શ્રેષ્ઠ ઘોડા અને ઉત્તમ રાજપૂતોસહિત) આપને રાજાની સેવા કરવી પડશે.

ઉક્ત સેનામાંથી અડતાળીસ અશ્વારોહીઓ અને અડતાળીસ પાયદળ સૈનિકો આપના દુર્ગની રક્ષા કરવામાં સદા નિયુક્ત રહેશે અને આપને આજ્ઞા મળતાંસાથેજ બસેં સ્વારો અને બસેં પાયદલ સૈનિકો-સહિત ગમે તે સ્થળે સેવા કરવાને માટે તત્પર થવું પડશે. સંવત ૧૭૯૮ના પોષ માસમાં આપને પ્રથમ પટ્ટો આપવામાં આવ્યો હતો;પરંતુ તે સમયે તે જાગીરની ઉપજ અનુમાનથી ખરી ઉપજ કરતાં વિશેષ ગણવામાં આવી હતી, તેથી મહારાણાએ હાલમાં વાર્ષિક સાઠહજાર રૂપિયાની ઉપજની ભૂમિ ભિંસરોર સાથે જોડી આપી છે.

---

( ૬ )

**મેવાડના મહારાણા સંગ્રામસિંહે પોતાના ભાણેજ અને જયપુરના સિંહાસનના અધિકારી મધુસિંહને આપેલો દાનપત્ર**

**श्री रामा जयति।**

गणेशः प्रसीदतु । एकलिंगः प्रसीदतु ।

| ૪ભાલાનું ચિત્ર | [5]सही |
|---|---|

મહારાજાધિરાજ મહારાણા સંગ્રામસિંહ નિવેદન કરે છે કે મારા ભાણેજ કુમાર મધુસિંહને નિમ્ન-લિખિત પ્રદેશ દાન કરવામાં આવ્યો છે.

**રામપુરા પ્રદેશનો પટો**

આપ એક સહસ્ર અશ્વારોહીઓ અને બે સહસ્ર પદાતિસહિત ૭ માસપર્યંત રાજકાર્યમાં નિયુક્ત રહેશો અને કોઈ સમયે વિદેશમાં જવાની આવશ્યકતા ઉપસ્થિત થશે તો આપને ત્રણ સહસ્ર પાયદલ અને ત્રણ સહસ્ર અશ્વારોહીઓસહિત યુદ્ધક્ષેત્રમાં જવું પડશે.

આ દેશમાં જ્યાંસુધી મહારાણાનું પ્રભુત્વ સ્થાયી રહેશે,ત્યાંસુધી આપની જાગીર જવાનો કાંઈ ભયનથી.

| | |
|---|---|
| સંવત ૧૭૮૫ (ઈ૦ સ૦ ૧૭૨૯) ચૈત્ર શુદ સાતમી મંગળવાર | આજ્ઞાથી પાંચોલી રાયચંદ અને મહેતા મલ્લદાસ |

---

૧ ચંદાવતશાખામાં કિશોરસિંહ એ એક પ્રબલ શક્તિશાળી સામંત હતા. તેમનાજ નામપરથી એક સ્વતંત્ર ગોત્રની ઉત્પત્તિ થઇ છે લાલસિંહ એજ ગોત્રમાં ઉત્પન્ન થયા છે.

૨ આ પ્રગણું ચંબલ નદીની ઉત્તરે આવેલું છે.

૩ બે સ્થળે અંક લખવાનું કારણ એ છે કે એક યથાર્થ મૂલ્ય દર્શાવે છે અને બીજો અનુમાન દર્શાવે છે.

૪ મેવાડના વંશપરંપરાગત યુદ્ધવિભાગના મંત્રી સલુમ્બરના સામંતનો ભાલો.આ ભાલામાંતેમનીસહી પણ અંકાયેલી છે.

૫ આ રાણાના પોતાના સાંકેતિક અક્ષરો છે.

(રાણાના પોતાના હસ્તદ્વારા લિખિત) મારા ભાણેજ મધુસિંહને જણાવું છું કે:—

પ્રિય વત્સ! મેં તમને રામપુરાપ્રદેશ દાન કર્યો છે. જ્યાંસુધી એ મારો છે, ત્યાંસુધી એ તમારી પાસેથી ખુંચવી લેવામાં આપશે નહિ. ઇતિ.

(૭)

**સંવત ૧૮૦૬ (ઇ૦ સ૦ ૧૭૫૦) ના પ્રથમ શ્રાવણમાં ડાંગલા ગામના નિવાસીઓએ મહારાજ ખુશાલસિંહને જે રખવાળી આપી તેનો દાનપત્ર**

(૧) દોઢસો વીઘાં કૃષિક્ષેત્ર, તેમાંની છત્રીસ વીઘાં જમીનમાં કૂવા છે.

(૨) એકસોબે વીઘાં પડતર અને કૂવાવિનાની જમીન, જેવી કે:—

ઘાંચી ગોવિંદદ્વારા ખેડાતી જમીન ૭ વીઘાં
ઘાંચી હીરા અને તારાના તાબાની ત્રણ વીઘાં
કડીઆ હંસા અને ઘાંચી લાલદ્વારા ખેડાતી સત્તર વીઘાં
ગોવિંદ તથા હીરા વગેરેના તાબાની ચાર વીઘાં
પડતર અને જંગલી ભૂમિ

**અર્થાદિ દાન**

મુદ્રા... ... ... ... ... ... ૧૨
અન્ન... ... ... ... ... ... ૨૪ મણ

રાખીતરિકે દિવાળી તથા હોળીના ઉત્સવપ્રસંગે પ્રત્યેક ઘરમાંથી એક એક તામ્રમુદ્રા આપવામાં આવશે.

સેરાનો[1] ... ... ... ... ... ધાન્ય લણતી વખત
બ્રાહ્મણોની પાસેથી સુકરી
વાણિજ્યદ્રવ્યની જકાત......એક ભરેલા ગાડાપર એક પૈસો અને પ્રત્યેક બળદપર અર્ધો પૈસો
પ્રત્યેક વિવાહપ્રસંગે બબ્બે પાત્ર અન્ન

(૮)

**અમલીના નિવાસીઓએ સંવત ૧૮૧૪ (ઇ૦ સ૦ ૧૭૫૮) માં આમાદ્યતના રાવત ફતેસિંહને જે ભૂમિ આપી હતી તેનો દાનપત્ર**

રાણાવત સામંતસિંહ અને સૌભાગ્યસિંહને અમલી જાગીરસ્વરૂપે મળી હતી; પરંતુ તેઓ ત્યાંના નિવાસીઓપર અત્યંત અત્યાચાર કરતા હતા. તેમણે પટેલ જોધ અને ભાગ્યને મારી નાખ્યા અને બ્રાહ્મણો-પર એવો અત્યાચાર કર્યો કે કુશલ અને લાલે પ્રદીપ્ત અગ્નિમાં પોતાના જીવનની આહુતિ આપી, ત્યારે પ્રજાએ રાણાની પાસે સહાય અને આશ્રય માગ્યો. પટાવતો બદલાઇ ગયા છે અને હાલમાં ગામવાસી-ઓએ રખવાળીસ્વરૂપે ફતેસિંહને એકસોપચાસ વીઘાં જમીન અર્પણ કરી છે.[2]

(૯)

**ડાંગલાના નાગરિકોએ ભિંદરના મહારાજા જોરાવરસિંહને આપેલી ભૂમિ**

શ્રી મહારાજ જોરાવરસિંહની નિકટ અમે પટેલગણ, વ્યાપારીવૃંદ, બ્યર્વસાયી મંડલી, બ્રાહ્મણ-વર્ગ તથા ડાંગલાના સમસ્ત નિવાસીઓ એકત્રિત થઇને આ દાનપત્ર લખી આપીએ છીએ.

આ સમયપૂર્વે ડાંગલામાં લૂંટારાઓનો ભય પ્રબળ હતો. મહારાજે તેમના હાથમાંથી અમારી

૧ અનાજ લણતી વખતે પ્રત્યેક મણપર એક એક શેર અન્ન લેવામાં આવે છે. તેને સેરાનો કહેવામાં આવે છે.

૨ ભુમીઆલોકોની જમીનનો કેવો આદર છે તે આ પરથી પ્રતીત થાય છે. ફતેસિંહે જો કે રાણાની પાસેથી પોતાની સમસ્તભૂમિનો પટો ગ્રહણ કર્યો હતો, તોપણ તેની પાસે ભૂમીઆલોકોને મળતો ભૂમિઅધિકાર નહોતો. આ પ્રસંગે તેણે આ પ્રકારનો ભૂમિઅધિકાર પણ પ્રાપ્ત કરી લીધો. જો કે પાછળથી મહારાણાએ અમલી દેશ પોતાના અધિકારમાં લઇ લીધો; પરંતુ ભૂમીઆ લોકોનો ભૂમીઅધિકાર તો તે સામંતની પાસેજ રહ્યો.

. કરી તેથી અમે નિમ્નલિખિત ભૂમિ આદિ તેમને અર્પણ કરીએ છીએઃ—

ધાંચી હીરાના તાબાનો એક કૂવો
ધાંચી દીપાના તાબાનો એક કૂવો
ધાંચી દીવાનો એક કૂવો

કુલ ત્રણ કૂવા, ચુંમાળીસ વીઘાં પીવલ (કૂવાસહિત ભૂમિ), એકસોએકાણું વીઘાં માલ ( કૂવાવિનાની ) ે અને એક જુવારનું ક્ષેત્ર

## રખવાલીસંબંધી નિયમો

૧ પ્રત્યેક વિવાહપ્રસંગે એક પાત્ર અન્ન

૨ પ્રતિવર્ષે નગદ છસેં રૂપિયા

૩ ભૂમીઆ તથા ગામવાસીઓપર થતા ચોર અને લૂંટારાઓના અત્યાચાર, ઉપદ્રવ, ઉત્પીડન વા તેભંગનું મહારાજ નિવારણ કરશે.

મહારાજ સ્વયં જ્યારે દોંગલાના નિવાસીઓને પોતાના નિવાસસ્થાનમાં પાછા આવીને રહેવાને ે, ત્યારેજ માત્ર તેઓ આવીને નિવાસ કરી શકશે; અન્યથા નહિ.[1]

હિસાબરક્ષક કુચિયાદ્વારા સંવત ૧૮૫૮ ના જ્યેષ્ઠ માસની પૂર્ણિમાને દિને આ પત્ર લખવામાં વ્યો અને સમસ્ત ધંધાદારીઓ, બ્રાહ્મણો તથા નાગરિકોએ તેપર પોતાના હસ્તાક્ષર કર્યા.

## (૧૦)

## મેવાડેશ્વરે સામંતોને આપેલી જાગીર

મહારાણા શ્રી ભીમસિંહ બાબા રામાસંહને નિવેદન કરે છે કેઃ—

જિહાજપુર પ્રદેશમાં બસેંપચ્ચીસ વીઘાં જમીન, તેની સાથે શામબાગ અને પશુઓ બાંધવાનો લો તમને પ્રદાન કરવામાં આવે છે.

તમારા પૂર્વજોએ જિહાજપુર શત્રુઓના હાથમાંથી મુક્ત કરી મને અર્પણ કર્યું અને મારે તાબે રહી વાસપાત્રતાથી કાર્ય કર્યું, તેથી આ ભૂમિ તમને આપવામાં આવી છે. નિશ્ચયપૂર્વક જાણજો કે તમારા ઉપર પિણ પ્રકારનો અત્યાચાર કરવામાં આવશે નહિ અને પટાવતો તમારા કાર્યમાં કદિ માથું મારશે નહિ.

### ખાસહક્ક

તમને એક સેરાનો અર્થાત્ અનાજ લણતી વખત પ્રત્યેક કૃષિકારની પાસેથી મણઉપરએકશેરઅનાજમળશે.

બે હલમો મળશે.[2]

હોળી અને દશેરાના પર્વમાં નાળીએર મળશે.

તમે ભારવાહી સો બળદોપર બાર આના કર લઈ શકશો.[3]

જિહાજપુરની અંદર જેટલા ઘોડા વેચાશે તેમાંના પ્રત્યેક ઘોડાપર તમને બે આના મળશે.

જેટલાં ઉંટ વેચાશે તેમાં પ્રત્યેક ઉંટદીઠ તમને એક આનો મળશે.

ધાંચીની ઘાણીપર એક એક પલ્લુ મળશે.

---

૧ આપરથી સિદ્ધ થાય છે કે જે સમયે મેવાડમાં ચોતરફ અત્યાચારનો આરંભ થયો હતો, તે સમયે સામંતો પ્રત્યે કઠોર વ્યવહાર રાખતા હતા. તેઓ રખવાળીમાં ભૂમિ વગેરે હસ્તગત કરી લેતા હતા; એટલુંજ નહિ પણ ડિત થયેલી પ્રજા પોતાના પ્રાણની રક્ષા કરવાને માટે ઘરસુદ્ધાં અર્પણ કરી દેતી હતી.

૨ નિયત કરેલા સમયપર્યંત બે હળો આપવાં તે.

૩ જે સમયે મેવાડમાં ચોતરફ વિપ્લવ, અશાંતિ તથા અત્યાચારની પ્રબળતા થઈ તે સમયે સામંતોએ ક પ્રકારના કષ્ટદાયક કર સંગ્રહિત કરવા માંડ્યા હતા. આથી વાણિજ્યકાર્ય સર્વથા બંધ [illegible] ગયું અને ાંતર કરવું પણ કષ્ટદાયક થઈ પડ્યું. તે સમયે પ્રત્યેક કાર્યને માટે કર લેવામાં આવતો હતો. દુર્ગસંસ્કાર, ની રક્ષા, માર્ગમાં ચોકીદારો રાખવા અને રાત્રિએ રક્ષકો નીમવા વગેરે અનેક કાર્યને માટે કર લેવામાં તો હતો.

| | |
|---|---|
| પ્રત્યેક લોહખાણુપર પા રૂપિયો મળશે | |
| પ્રત્યેક બકરાના બલિદાનપર એક પૈસો | |
| જન્મ અને વિવાહપ્રસંગે પાંચપાત્ર અનાજ[1] | |
| લીલોતરીની એક એક જુડી | |
| ભુમિસંબંધી જે જે ખાસ હક્કો હોય તે સર્વ | |
| કૂવાવાળી ભૂમિ (પીવલ) | ૫૧ વીઘાં |
| કૂવાહીન ભૂમિ (માલ) | ૫૧૦ વીઘાં |
| પહાડીભૂમિ (મુગ્ર) | ૪૦ વીઘાં |
| બીડ | ૨૫ વીઘાં |
| | કુલ ૬૨૬ વીઘાં |

( ૧૧ )

## ઝાલરાપાટણનગરમાં આવેલા સ્તંભપરના શિલાલેખનો અનુવાદ

· સંવત૧૮૫૩(ઇ૦સ૦૧૭૯૭)શાકે૧૭૧૮ દક્ષિણાયન,શીતઋતુનો સુખમય કાર્તિકમાસ,પૂર્ણિમા,સોમવાર

મહારાજાધિરાજ ઉમેદસિંહદેવ,[2] ફોજદારરાજ જાલિમસિંહ[3] અને કુમાર માધોસિંહ એઓ, ઝાલરાપાટણના સર્વ નિવાસીઓ,પટેલો, પટવારીઓ,[4] મહાજનો તથા સમસ્ત ૩૬ જાતિઓને નિવેદન કરે છે કેઃ—

હાલમાં સર્વ જણ નિર્ભય બની મકાનો બાંધો અને વસો.

આ દેશમાંથી બળપૂર્વક કર લેવાની તથા ભૂમિ હસ્તગત કરી લેવાની પ્રથા દૂર કરવામાં આવી છે. બલમનસી,[5] આની,[6] રેકબરાર[7] અને ભેટબેગાર[8] નામના કરો દૂર કરવામાં આવ્યા છે.

આ ઉદ્દેશથીજ આ સ્તંભ સ્થાપિત કરવામાં આવ્યો છે અને સદા એ ઉદ્દેશજ સ્થાયી રહેશે. હવે આ દેશમાં કોઇ માણસ કોઇના ઉપર કોઈપણ પ્રકારનો અત્યાચાર કરી શકશે નહિ. હિંદુઓને ગાયના અને મુસલમાનોને સુવરના શપથ આપવામાં આવ્યા છે. કૅપ્ટન દિલેલખાં, ચોધરી સ્વરૂપચંદ, પટેલ લલ્લુ, માહેશ્વરી પટવારી, બાલકૃષ્ણ, ભાસ્કર કાલુરામ અને સલાટ બાલકૃષ્ણની સમક્ષ આ સ્તંભ સ્થાપિત કરવામાં આવ્યો છે.

પરમોનીપ્રથા[9]સર્વથા દૂર કરવામાં આવી છે.જેમાણુસ પાટણનગરમાં વ્યાપાર કરશે,તેને હારાવતી નગરમાં જેવાણિજ્યકર લેવામાં આવેછેતેનો અર્ધભાગ માફ કરવામાંઆવશે અનેસંપૂર્ણ'માયાકર'દૂરકરવામાંઆવ્યોછે.

( ૧૨ )

## આકોલા નામના સ્થાનના લક્ષ્મીનારાયણના મંદિરમાંનો શિલાલેખ

પૂર્વે માત્ર એકજ બજારમાં તંબાકુ વેચાતો હતો.રાણા રાજસિંહે આ ઇજારો સર્વથા દૂર કર્યોછે. સં. ૧૬૪૫ રાણા જગતસિંહે પોતાના રાજકર્મચારીઓને આકોલાના શિલ્પીઓની પાસેથી બળાત્કારે ખાટલા-ગોદડાં લેવાની મના કરી છે.

---

૧ રાજપૂતસામંતોના તાબાના સરદારો તથા પ્રજાજનોમાં કોઇને ત્યાં વિવાહપ્રસંગ ઉપસ્થિત થતાં સામંતોને ભોજ્ય-દ્રવ્ય અથવા તેને બદલે દ્રવ્યમળે છે; પરંતુ ફ્રાન્સના સામંતો આવા પ્રસગે નિયમિત કર લેવા ઉપરાંત બીજાં પણ અનેક પ્રકારનાં કષ્ટો આપતા હતા. તે સામંતો અથવા તેમના પ્રતિનિધિ પ્રજાજનની કન્યાની સન્મુખ જઈને બેસતા હતા.

૨ કોટાના રાજા

૩ કોટાના સેનાપતિ

૪ તલાટી

૫ બલમનસાઈ અર્થાત્ સદ્વર્તનસંબંધી કર ૬ કૃષિ સંબંધી કર ૭ રજીસ્ટર કરવા સંબંધી કર. ૮ વેઠ ૯ રાજકર્મચારી જે મૂલ્ય નિર્ધારિત કરતો હતો તેજ મૂલ્યે વસ્તુઓ વેચવાની વ્યાપારીને ફરજ પડી હતી, આને 'પરમો પ્રથા' કહેવામાં આવે

(૧૩)

## મેવાડમાં આવેલા બડા અકોલા નામના નગરના નિવાસીઓ તથા રંગરેજોને આપેલા ખાસહકોસંબંધી શિલાલેખ

બડા અકોલા નગરના નિવાસીઓને મહારાણા ભીમસિંહ નિવેદન કરે છે કેઃ—

મંડલગઢની સેનાના વ્યયને માટે આ નગરના નિવાસીઓની પાસેથી જે કર લેવામાં આવતો હતો તે દૂર કરવામાં આવ્યો છે. આ નગરના નિવાસીઓને જ્યારે એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કેઃ-"આ નગર શી રીતે સમૃદ્ધિશાળી થઇ શકશે?" ત્યારે તેમણે સર્વ જણે એક સ્વરે એવો ઉત્તર આપ્યો કેઃ-" પ્રાચીનકાળથી જે કર નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે, તેથી અધિક કર કદિપણ લેવો જોઇએ નહિ. વળી જેટલું અનાજ ઉત્પન્ન થાય તેના અર્ધ ભાગ કરતાં અધિક કર કદિ પણ લેવો જોઇએ નહિ તથા જેઓ તેટલો કર આપે તેમનાપર કદિપણ અત્યાચાર કરવો જોઇએ નહિ."

રાણાએ તેમની આ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને તેમની આજ્ઞાથી આ સ્તંભ સ્થાપિત કરવામાં આવ્યો છે. જે માણસ આ આજ્ઞાનો અનાદર કરશે,તેની ઉપર એકલિંગજીનો શાપ પડશે. મુસલમાનોને સુવરવધના અને હિંદુઓને ગૌહત્યાના શપથ આપવામાં આવ્યા છે.

પરમો અને પુલીકર[1] ચિરપ્રચલિત રીતિઅનુસાર આપવા પડશે.

અકોલા ગામનો કોઇ માણસ કાંઇ અપરાધ કરશે તો ગામલોકો તેનો ન્યાય કરશે અને તેને અપરાધના પ્રમાણમાં શિક્ષા કરશે.

પ્રતિ અમાવાસ્યાપર કૂવાનું (કોશ ચલાવવાનું) કામ કરવું નહિ,[2] ઘાણી પીલવી નહિ કિંવા વસ્ત્ર રંગવાં નહિ.[3]

જે માણસ ઉક્ત આજ્ઞાનો અનાદર કરશે, તેને ચિતોડના ધ્વંસનું પાપ લાગશે.

મહેતા સરદારસિંહ, સુખલદાસ, ચોધરી ભૂપતરામ, ચોધરી દોલતરામ તથા અકોલાની એકત્રિત પંચાયતની સમક્ષ આ સ્તંભ સ્થાપિત કરવામાં આવ્યો છે.

આ લેખ ચોધરી ભૂપજીએ લખ્યો તથા સલાટ ભીમે કોતર્યો.

સંવત ૧૮૫૬ ( ઈ૦ સ૦ ૧૮૦૦ )

---

( ૧૪ )

## જમણવારમાંથી ભોજનના પદાર્થો લઈ જવાનો પ્રતિબંધ[4]

મિરમીના નિવાસીઓને મહારાણાશ્રી સંગ્રામસિંહ નિવેદન કરે છે કેઃ—

---

૧ હેમંતઋતુનું ધાન્ય લણતી વખતે જે એક મુઠ્ઠી ધાન્ય લેવામાં આવે છે તે પુલીકર કહેવાય છે.

૨ એનો આશય એ છે કોઈએ કૃષિકાર્ય કરવું નહિ; કારણકે અમાવાસ્યાની તિથિ પવિત્ર ગણાય છે.

૩ એમ જણાય છે કે રાજમંત્રીઓની સૂચનાથી આ વ્યવસ્થા કરવામાં આવી હતી.

૪ અમારા પ્રાંતમાં જે પ્રકારે શ્રાદ્ધ, વિવાહાદિપ્રસંગે આમંત્રણ થવાથી ગામગામાંતરથી લોકો આવે છે અને ભોજન કરવા ઉપરાંત મિષ્ટાન્ન ઉપાડી જાય છે, તે પ્રકારેજ રાજસ્થાનમાં પણ થતું હતું. આ તરફના લોકો પોતાની સાથે પોતાનાં બાલકબાલિકાઓને લાવે છે; પરંતુ ગૃહિણી, યુવાન કન્યા અને વધૂઓનેલાવતા ન હોવાથી તેમને માટે તેઓ આ રીતે મિષ્ટાન્ન લઈ જતા હોવાથી વરો કરનારને ઘણો ખર્ચ થાય છે. આ કારણથી ઘણા માણસો કરજદાર બની જાય છે. કર્નલ ટૅાડ જણાવે છે કેઃ-"રાજસ્થાનમાં એવી રીતિ પ્રચલિત હતી કે સ્ત્રીઓ કેટલાક દિવસ સુધી ચાલે તેટલી ભોજનસામગ્રી ઉપાડી જતી હતી. અંબરપતિ જયસિંહે આ કુરીતિ દુર કરવાને માટે નિમંત્રિત માણસોની સંખ્યા નિયમિત કરી હતી. તેમણે માત્ર ૫૧ માણસોનેજ નિમંત્રણ કરવાની પરવાનગી આપી હતી. તેમણે એવો ધારો રચ્યો હતો કે કેવલ ચાર શ્રેણીના પ્રતિષ્ઠિત ધનવાન લોકોએજ નિમંત્રિત લોકોને શ્રેષ્ઠ મિષ્ટાન્ન આપવું. અન્ય શ્રેણીના લોકોએ માત્ર ગોળ અને લાલ ચુરૂંજ વાપરવું. કૃષિકારો અને નીચી શ્રેણીના લોકોએ જુવારનો આટો, તેલ અને શાક વાપરવું. એક સમયે ફાલ્ગુનના ઉત્સવમાં એક રંગરેજે પોતાના મિત્રોને શ્રેષ્ઠ ખાંડના લાડુ બનાવીને વહેંચ્યા હતા. પોતાની આજ્ઞાનો આ પ્રમાણે અનાદર કરવા માટે મહારાજે તેને પાંચસેં રૂપિયાનો દંડ કર્યો હતો. પુત્રવધુનું સીમંત આવતાં તેના પિતાપર ભેટ મોકલવાનો રિવાજ હતો. આ પ્રસંગે પૂર્વે પુષ્કળ દ્રવ્ય આપવામાં આવતું હતું; પરંતુ મહારાજા જયસિંહે માત્ર ૫૧ રૂપિયા ઠરાવી આપ્યા. આ પ્રકારના અનેક સામાજિક ધારાઓ મહારાજા જયસિંહે રચ્યા હતાઅને તેમણે શિશુકન્યાવધ અટકાવવાને ઘણોજ પ્રયાસ કર્યો હતો."

સર્વ પ્રકારના ઉત્સવો અને મરણ પછીનાં જમણવારોમાંથી કોઇ પણ વ્યક્તિએ કોઈ પણ ખાદ્યપદાર્થો લઇ જવા નહિ.જે માણસ આ આજ્ઞાનો અનાદર કરશે,તેણે રાજાને એક સો રૂપિયા દંડના આપવા પડશે.

સંવત ૧૭૬૯ ( ઈ૦ સ૦ ૧૭૧૩ ) ચૈત્ર સુદ ૭

( ૧૫ )

### બાકરોલના વ્યાપારીઓ અને શાહુકારોપ્રત્યે મહારાણા સંગ્રામસિંહનો આદેશ

રાજ્યનો કર ઉઘરાવનારા અધિકારીઓ શિયાળામાં તમારી પાસે જે વસ્ત્રો લે છે તેની વિરુદ્ધ તમે જે ફરિયાદ કરી છે,તેના સંબંધમાં જણાવવાનું કે શિયાળામાં વસ્ત્રો આપવાની પ્રથા દીર્ઘકાળથી પ્રચલિત છે; માટે જે અધિકારીઓ બાકરોલમાં કર ઉઘરાવવાને આવે,તેમને વ્યાપારીઓએ શય્યા તથા ઓઢવાનાં વસ્ત્રો આપવાં અને ઇતર પ્રજાએ ઇતર કર્મચારીઓને ઉક્ત વસ્તુઓ આપવી.

કોઇ કારણથી નદીનો બાંધ તૂટી જાય અને તેની મરામત કરવામાં જે માણસ સહાય ન કરે, તેણે દંડતરિકે એકસો બ્રાહ્મણો જમાડવા પડશે.

સંવત ૧૭૧૫ ( ઈ૦ સ૦ ૧૬૫૯ ) આષાઢ

( ૧૬ )

### બિજોલીના સામંતનો પોતાના તાબાના સરદાર ગોપાલદાસ શક્તાવતપ્રતિ આજ્ઞાપત્ર

મહારાજ માનધાતા શક્તાવત ગોપાલદાસને નિવેદન કરે છે કે:—

હાલમાં તમારા ઉપર પ્રતિદિન ચાર રૂપિયાનો દંડ ચાલે છે,તેના ૮૦ રૂપિયા તમારાપર ચઢ્યા છે. ગંગારામે તમારી તરફેણમાં અરજ કરવાથી તેમાના ૪૦ રૂપિયા માફ કરવામાં આવ્યા છે.તમે એક પત્રમાં એવી પ્રતિજ્ઞા લખી આપો કે હું નિયત સંખ્યાના સૈનિકોસહિત સમરક્ષેત્રમાં ઉપસ્થિત થઈશ અને ન થાઉં તો તમે મને ઉચિત દંડ કરી શકશો.

આવશ્યકતા પડતાં તમારે એક શ્રેષ્ઠ અશ્વારોહી અને એક બંદુકધારીને સમસ્ત યુદ્ધસામગ્રીસહિત સ્વદેશ અને વિદેશમાં મોકલવા પડશે.

જે સમયે સેના સમરભૂમિમાં પહોંચશે તે સમયે તમારે સ્વયં ત્યાં ઉપસ્થિત થવું પડશે. જો તે સમયે તમે સ્વદેશમાં ન હો તો તમારા અનુચરોને અવશ્ય રણભૂમિમાં હાજર રહેવું પડશે અને રાણા તેમને ભોજનસામગ્રી આપશે.

શ્રાવણ સુદ ૧૦ સંવત ૧૭૮૨

( ૧૭ )

### શક્તાવત શંભુસિંહને મહારાજ ઉદયકર્ણની આજ્ઞા

તમને નિવેદન થાય કે:—

મેં ગૂદ ગામ મારા અધિકારમાં લઇ લીધું હતું; પરંતુ હાલમાં અનુગ્રહ કરીને તમને પાછું સોંપું છું. તમે હવે એ ગામની ઉન્નતિ કરતા રહો અને સ્વદેશ તથા વિદેશમાં એક અશ્વારોહી અને એક પાયદલસૈનિક મોકલીને મારી સેવા કરો.

વિદેશ જતી વખત તમને નીચે પ્રમાણે ભથ્થું મળશે:—

| | | |
|---|---|---|
| મેંદો | પ્રતિદિન | દોઢશેર |
| દાળ | ,, | પાશેર |
| ઘી | ,, | બે પૈસાનું |
| ઘોડાની ચંદી | ,, | ચાર શેર |

જો તમને દુર્ગની રક્ષા કરવાના કાર્યમાં નિયુક્ત કરવામાં આવે તો તમારે તમારા તાબાના સમસ્ત અનુચરોસહિત ત્યાં જવું પડશે અને તમારી સ્ત્રીકન્યા આદિ કુટુંબવર્ગને પણ ત્યાં લઈ જવો પડશે.

જો તમને દુર્ગરક્ષાના કાર્યમાં નિયુક્ત કરવામાં આવશે તો તમને પાછળથી બે વર્ષની સેવામાંથી મુક્ત કરવામાં આવશે.

આષાઢ સુદ ૧૪, સંવત ૧૮૩૪.

(૧૮)

**જેતસિંહ ચંદાવતને મુંડકાટિ અર્થાત્ ખુનના બદલાતરિકે અર્પણ કરવામાં આવેલી ભૂમિ**

પટેલનો પુત્ર જેતસિંહના રાજપૂતોને અંગરક્ષકતરિકે લઇને પોતાની સ્ત્રીને ઘેર લાવવાને માટે ગયો. માર્ગમાં તેનાપર હલ્લો થયો, અંગરક્ષકો કપાઈ મુઆ અને ખૂનની ક્ષતિ પૂર્ણ કરવાનો કાંઇ ઉપાય નહિ હોવાથી મુંડકાટિતરિકે છવ્વીસ વીઘાં જમીન અર્પણ કરવામાં આવી

(૧૯)

**રાવત મેઘસિંહે પોતાના ભ્રાતા યમુનાદાસને નીચે પ્રમાણે ભૂમિ આપી:—**

| | | |
|---|---|---|
| રાયપુર ગામ | ઉપજ | રૂ. ૪૦૧ |
| મોગરાપુષ્પની એક વાડી | ,, | રૂ. ૧૧ |
| | કુલ | રૂ. ૪૧૨ |

તમે પ્રમાણિકપણે સ્વદેશ અને વિદેશમાં સેવા કરશો તથા પ્રચલિત રીતિ પ્રમાણે કર આપી તાબાના સરદારની પેઠે આજ્ઞા પાલન કરશો.

(૨૦)

**તક્ષકજાતિ અને જૈનલોકોના શિલાલેખનો અનુવાદ-છઠી શતાબ્દીના જીતજાતિના એક નૃપતિનો સ્મારકતામ્રપત્ર**

આ લેખ ઈ૦ સ૦ ૧૮૨૦ માં કોટારાજ્યની દક્ષિણે ચંબલનદીના તટપર કંસ નામના સ્થાનમાં આવેલા એક મંદિરમાં પ્રાપ્ત થયો હતો.

જટા આપનું રક્ષણ કરો! જે જટા જીવનસમુદ્રને પાર જવાને માટે નૌકાસ્વરૂપ છે, જે કાંઇક શ્વેત અને કાંઇક લાલ વર્ણથી યુક્ત છે, તે જટાનો વૈભવ તમે જોઇ શકો છો? જે જટામાં ક્રુદ્ધ ભીષણ શબ્દકારી સર્પ વિરાજમાન છે, તે જટા કેવી પ્રકાશમાન છે? જે જટાના મૂળમાંથી પ્રબળ તરંગો નીકળી રહ્યા છે, તેની સાથે શું કોઇ પણ વસ્તુની તુલના કરી શકાશે? તે જટા આપનું રક્ષણ કરો.[1]

જેનાં વીરત્વ અને બાહુબળથી શાલપુરીદેશની રક્ષા થતી હતી, તે રાજા જીતના યશનું હવે હું વર્ણન કરીશ. પ્રબળ અગ્નિની જ્વાળા જે પ્રકારે પોતાના શત્રુને ભસ્મીભૂત કરી દે છે, તે પ્રકારે રાજા જીતનો પ્રતાપ પણ પ્રબળ હતો. મહા બળવાન જીત[2] શાલેન્દ્ર પરમ રૂપવાન હતા અને તેઓ કેવળ

૧ કર્નલ ટૉડ જણાવે છે કેઃ—"જો કે આ કવિએ કરેલું મંગલાચરણ છે, તોપણ એનાદ્વારા જીતજાતિની ઉત્પત્તિનો નિર્ણય કરી શકાય છે. રાજસ્થાનની અનેક જાતિઓ રણદેવ શંભુથી પોતાની ઉત્પત્તિ થયેલી જણાવે છે. તેઓ કહે છે કે શિવના બાહુમાંથી વીરગણ, મેરુદંડમાંથી ચારણગણ, જીહ્વામાંથી ભવિષ્યવેત્તા ભાટગણ અને તેમના શિરની જટામાંથી જાટ વા જીત લોકો ઉત્પન્ન થયા છે. શિવની જટામાં સર્પ અને મહાકાલ રહે છે. આ પરથી વિદિત થાય છે કે જીત લોકો તક્ષકજાતિના અર્થાત્ સર્પના વંશજ છે. જે પ્રબળ તરંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે તરંગ પવિત્રસલિલા ગંગાના છે. શિવની મૂર્તિ અર્ધનારીયુક્ત છે, તેથીજ તેમના કેશનો રંગ શ્વેત અને લાલ વર્ણથી યુકત જણાવ્યો છે. જીતલોકો રણદેવની આ મૂર્તિની કલ્પના અક્ષરતીસ નદીના તટપરથી ભારતમાં લાવ્યા હતા. આ લોકો ત્યાં તેની બાલનાથ અને યમ નામથી પૂજા કરતા હતા."

૨ ઉક્ત જીતરાજની રાજધાનીનું નામ શાલપુરા હતું અને તેઓ શાલેન્દ્ર કહેવાતા હતા. આ તેમનું મૂળ નામ નથી. તેઓ શાલનગરના અધીશ્વર હોવાથીજ 'શાલેન્દ્ર' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ શાલપુરા ક્યાં હતું તેના સંબંધમાં કર્નલ ટૉડ જણાવે છે કે સંવત ૧૨૦૭ માં અણહિલપુરના નૃપતિ કુમારપાળે જે શિલાલેખયુક્ત સ્તંભ સ્થાપિત કર્યો હતો તેનું નિરીક્ષણ કરતાં પ્રતીત થાય છે કે ઉકત શાલપુરા 'પંજાબના' શિવલોક" નામના ડુંગરની તળેટીમાં હતું. ઉક્ત શિલાલેખનો અનુવાદ પરિશિષ્ટના અંક ૨૫ માં આપવામાં આવ્યો છે.

પોતાના બાહુબળથીજ વીરપુરુષોના અગ્રણી થયા હતા. ચંદ્ર જે પ્રકારે પૃથ્વીને પ્રકાશમાન કરે છે, તે પ્રકારે તેઓ પણ પોતાના દેશ શાલપુરીને દેદીપ્યમાન કરતા હતા. સમસ્ત જગત જીતરાજની જયઘોષણા કરી રહ્યું છે. તેઓ મનુષ્યલોકમાં ચંદ્રસ્વરૂપ તથા પરમ સાહસિક અને મહાબળવાન લોકોમાં પંકની વચ્ચે કમલની પેઠે વિરાજમાન થઇ પોતાના ગૌરવની રક્ષા કરતા હતા. ભુવનમંડલના રાજાઓનાં મસ્તકો તેમના ચરણના અંગુઠાની પૂજા કરતાં હતાં. તેમની અમિત બળશાળી ઉભય ભુજાઓમાં શોભતા મણિમાણિકયના અલંકારોનો પ્રકાશ તેમની મૂર્તિને ઉજ્જવલ કરતો હતો. તેઓ અસંખ્ય સૈનિકોના અધિનાયક હતા. તેમનું દ્રવ્ય અઢળક હતું અને તેઓ ઉદાર તથા સમુદ્રસમાન ગંભીર હતા. જે રાજવંશ મહાબળવાન વંશોમાં વિખ્યાત છે, જે વંશના રાજાઓ વિશ્વાસઘાતીઓના પરમ શત્રુ હતા, જેના ચરણમાં પૃથ્વીએ પોતાનું સંપૂર્ણ ધનધાન્ય અર્પણ કર્યું હતું, જે વંશના નૃપતિઓએ શત્રુઓના સર્વ દેશ પોતાના અધિકારમાં લઇ લીધા હતા, તે સૂર્યના વંશમાંજ એમની ઉત્પત્તિ થયેલી છે.[1] હોમયજ્ઞાદિદ્વારા આ નરેશ્વરો પવિત્ર થયા હતા. એમનું રાજ્ય પરમ રમણીય અને તક્ષનો દુર્ગ પણ અજેય છે. એમના ધનુષના ટંકારથી સર્વ અસંત ભયભીત થતા હતા. તેઓ જયારે ક્રુદ્ધ થતા ત્યારે ભયંકર સમરાગ્નિ પ્રચલિત કરી દેતા હતા; પરંતુ મોતી જે પ્રકારે કંઠની શોભા વૃદ્ધિંગત કરે છે, તે પ્રકારનુંજ વર્તન તેઓ પોતાના તાબાના મનુષ્યોપ્રત્યે રાખતા હતા. લાલ તરંગોથી સમરક્ષેત્ર રંગાઇ જવા છતાં પણ તેઓ સંગ્રામમાંથી પાછા હઠતા નહોતા. પ્રચંડ માર્ત્તંડનાં પ્રખર કિરણોથી પદ્મિની જે પ્રકારે મસ્તક નમાવે છે, તે પ્રકારે તેમના શત્રુઓ તેમના ચરણમાં નમન કરતા હતા. ભીરુ તથા કાયરલોકો તેમની સામેથી યુદ્ધ છોડીને પલાયન કરી જતા હતા.

આ રાજા શાલેન્દ્રથી "દોગલા"ની ઉત્પત્તિ થઇ કે જેમનો યશ આટલો સમય વ્યતીત થઇ ગયા છતાં પણ સર્વત્ર પ્રસરી રહ્યો છે.

તેમને ત્યાં શંભુકે જન્મ ગ્રહણ કર્યો. શંભુકના વીર્યથી દેગાલીનો જન્મ થયો. તેમણે યદુવંશની બે કન્યાઓની સાથે વિવાહ કર્યો હતો.[2] તેમાંની એકના ગર્ભથી પ્રફુલ્લિત કમલસમાન નરેંદ્ર નામનો પુત્ર ઉત્પન્ન થયો. જે આમ્રવૃક્ષોની પ્રફુલ્લિત મંજરીમાં સહસ્રાવધિ મધુમક્ષિકા ગુંજારવ કરે છે અને જે વૃક્ષોની છાયામાં પરિશ્રમિત યાત્રાળુઓ આવીને વિશ્રામ કરે છે, તે આમ્રવૃક્ષોના કુંજમાં આ મંદિર સ્થાપિત થયું છે. જ્યાંસુધી સમુદ્રના તરંગો ઉછળશે અને જ્યાંસુધી ચંદ્ર, સૂર્ય તથા પર્વતમાળા વિરાજમાન રહેશે, ત્યાંસુધી આ મંદિર અને તેની પ્રતિષ્ઠાનો યશ ફેલાશે. સંવત ૫૯૭માં તાબેલીનદીના તટપર માલવમાના સીમાંતમાં વીરચંદ્રના પુત્ર શાલિચંદ્રદ્વારા આ મંદિરની પ્રતિષ્ઠા થઇ.[3]

જે મનુષ્ય આ વચનોને સ્મૃતિપટપર અંકિત કરી રાખશે તેનાં સર્વ પાપો નિવૃત્ત થઈ જશે.

સલાટ દ્વારશિવના પુત્ર શિવનારાયણે આ શિલાલેખ કોતર્યો છે અને કવિરાજ ભુતેનાએ આ કવિતા રચી છે.

---

ડી. ગુઈગનેસ નામના વિદ્વાન જણાવે છે કે જીતલોકોએ પંચમ શતાબ્દીમાં ઝક્ષરતીસ નદીના તટપરથી આવી સિંધુનદી ઉતરી પંજાબપર અધિકાર કર્યો અને ત્યાંજ નિવાસ કર્યો. પંજાબમાં આવેલા ઉક્ત શાલપુરાના જીતલોકો પોતાની જાતિના સર્વ લોકોના નેતા હતા. ઉપર્યુક્ત વિદ્વાનના મત પ્રમાણે પંજાબના શીખલોકો જીતજાતિના છે.

૧ ભારતના ૩૬ રાજવંશોમાં આ સર્પજાતિ પણ ગણાય છે. કુમારપાલચરિત્ર નામના પુસ્તકમાં જે સર્પજાતિવિષે ઉલ્લેખ છે તે આજ સર્પજાતિ હોય એવો સંભવ છે.

૨ કર્નલ ટૅાડ જણાવે છે કે જીતલોકો યદુવંશની સાથે વૈવાહિકસંબંધ જોડવાને સમર્થ થયા હતા, ત્યારે તેઓ ભારતના ૩૬ રાજવંશોમાં ગણાય એમાં કાંઇ શક નથી; પરંતુ તેઓ પાછળથી જાતિચ્યુત થયા હતા અને હવે કોઇપણ રાજપૂત જીતલોકોને કન્યાદાન કરતા નથી તેમજ તેમની કન્યાનું પાણિગ્રહણ કરતા નથી.

૩ શાલિચંદ્ર પૂર્વોક્તશાલેન્દ્રની પાંચમી પેઢીએ જન્મ્યા હતા. ઉક્ત પત્રાનુસાર ઈ૦ સ૦ પૂર્વે ૪૦૯ ના વર્ષમાં ઝક્ષરતીસ નદીના તટપરથી જીતલોકોએ આવી પંજાબપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો અને ત્યાં પોતાનું નગર સ્થાપિત કર્યું હતું

(૨૧)

બૂંદીની પૂર્વે ત્રણકોશના અંતરપર રામચંદ્રપુરા નામના સ્થાનમાં એક કૂવો ખોદતી વખત નિમ્ન-લિખિત શિલાલેખ પ્રાપ્ત થયો હતો. એમાં જીતજાતિસબંધે ઉલ્લેખ છે. કર્નલ ટૉડે એ શિલાલેખ લઇ લંડનની એશિયાટિક સોસાઇટીની ચિત્રશાળામાં મોકલી દીધો હતો.

વૃત્તિવંશમાં રાજાએ પોતે જન્મ ગ્રહણ કર્યો.તેમના યશનાં કિરણો સમસ્ત પૃથ્વીમંડલમાં વ્યાપ્ત થયાં.

રાજા ચંદ્રસેન પવિત્ર, અમિત બળશાળી અને પ્રજાવર્ગના પરમ પ્રીતિપાત્ર હતા.[1] જેમણે પોતાના શત્રુઓને સંપૂર્ણતઃ દુર્બળ કરી દીધા અને જેમણે યુદ્ધમાં સમશેર વાપરતી વખત જાદુગરની પેઠે વિલક્ષણ બાહુબળ પ્રકાશિત કર્યું, તેમની સ્તુતિ શી રીતે થઇ શકે? તેઓ પ્રજાપ્રત્યે પરમ ઉદાર વર્તન રાખતા હતા અને તેથી તેમને શુભ ફળની પ્રાપ્તિ થતી હતી. આ વિખ્યાત ચંદ્રસેનના વીર્યથી કાર્તિકનો જન્મ થયો. આ કાર્તિકનું બાહુબલ સર્વત્ર વિખ્યાત હતું અને મનુષ્યસમાજમાં તેમની પરમ પ્રશંસા થતી હતી. તેઓ પોતાની જે રાણીને પ્રાણસમાન ચાહતા હતા, તેનું વર્ણન શી રીતે કરી શકાય? જે પ્રકારે અગ્નિની જ્વાલા પૃથક્ થઇ શકતી નથી, તે પ્રકારે તે રાણી પોતાના પતિ સાથે અભિન્ન હતી. તે સૂર્યનાં કિરણસમાન પ્રભાવાન હતી અને તેનું નામ ગુણનિવાસ હતું. તેનાં આચરણ તેના નામને યોગ્યજ હતાં. આ રાણીના ગર્ભથી માણિકયસમાન બે પુત્રરત્નો ઉત્પન્ન થયાં. જ્યેષ્ઠકુમારનું નામ મુકુંદ અને કનિષ્ઠનું નામ દારુક હતું. તેમનું સૌભાગ્ય જોઇ શત્રુઓનાં હૃદય વિદીર્ણ થઇ જતાં હતાં અને તેમના અનુગામી લોકો અનંત સુખ ભોગવતા હતા. દેવતાઓને જેમ કલ્પવૃક્ષ પ્રિય હોય છે, તે પ્રકારેજ આ ઉભય ભ્રાતાઓ પોતાની પ્રજાને પ્રિય હતા. તેઓ પોતાની પ્રજાની પ્રાર્થના પૂર્ણ કરી પોતાના કુલની ગૌરવ-ગરિમા ઉજ્જ્વલ કરતા હતા....................................

દારુકને કુહલ નામનો એક પુત્ર ઉત્પન્ન થયો. કુહલના વીર્યથી ધુનકનો જન્મ થયો. તેમણે મહાન કાર્યો સિદ્ધ કર્યાં. તેઓ મનુષ્યના હૃદયનો ભાવ જાણવાની ઉત્તમ શકિત ધરાવતા હતા. તેમનું મન સમુદ્ર-સમાન ગંભીર હતું. તેમણે પહાડી મીનાજાતિને પરાસ્ત, તાડિત અને સર્વથા વિધ્વસ્ત કરી દીધી હતી. આ જાતિને પછી કયાંય પણ સ્થાન મળ્યું નહિ. ધુનક પોતાના ભ્રાતા દેોકની સાથે દેવના અને બ્રાહ્મણોની પૂજા કરતા હતા.તેમણે પોતાની પ્રાણપ્રિયાને પ્રસન્ન કરવાને માટે પોતાના દ્રવ્યથી આ મંદિર સ્થાપન કર્યું. જ્યાંસુધી સુમેરુ સુવર્ણમય રેતી ઉપર સ્થિત રહેશે, ત્યાંસુધી આ મંદિર વિરાજમાન રહેશે. જ્યાં-સુધી આકાશ રહેશે, જ્યાંસુધી લક્ષ્મી દ્રવ્યનું દાન કરશે, ત્યાંસુધી મંદિર અને તેનો યશ અટલ રીતે વિરાજમાન રહેશે.

કુહલે આ મંદિરની અને એની પૂર્વતરફ આવેલા મહેશ્વરના મંદિરની પ્રતિષ્ઠા કરી હતી. મહાબળવાન મહારાજા યશોવર્માના પુત્ર અચલદ્વારા એની પ્રસિદ્ધિ ફેલાઇ છે.

(૨૨)

## ચિતોડનગરમધ્યે આવેલા માનસરોવરના તટપર અરીરાજગણદ્વારા સ્થાપિત થયેલા સ્તંભપરનો શિલાલેખ

જલપતિ વરુણદેવ આપની રક્ષા કરો. જે નીરનિધિના તટપર આવેલાં મધુપૂર્ણ લાલ ફળોથી શોભિત વૃક્ષોમાં મધુમક્ષિકાઓ વિહાર કરે છે, જે સમુદ્રમાં શતાવધિ તરંગો ઉત્પન્ન થઇને શોભામાં વૃદ્ધિ કરી રહ્યા છે, તે જલનિધિને આ જગતમાં શી ઉપમા હોઇ શકે? જે જલધિ પારિજાતના[2] સુગંધથી સુગંધિત છે, જે સમુદ્રે કરસ્વરૂપે સુરા, રત્ન અને અમૃત એ વસ્તુઓ અર્પણ કરી હતી, તે સમુદ્ર આપની રક્ષા કરો.

૧ ચંદ્રસેન પરમારજાતિના રાજાઓમાં એક મહાપ્રસિદ્ધ રાજા હતા. તેમણે અનેક નગરો સ્થાપન કર્યાં હતાં. તેમણે માલવાના ઉત્તરભાગમાં ચંદ્રભાગા અને આબુના શિખરપર ચંદ્રાવતીનગરી સ્થાપિત કરી હતી.

૨ રાજસ્થાનમાં પારિજાત નામનાં પુષ્પો થાય છે. તેને "હરસિંગાર" પણ કહેવામાં આવે છે. આ પુષ્પો થોડી વારમાં સૂકાઈ જાય છે.

આ એક મોટી ઉદારતાનું સ્મારકચિન્હ છે. આ સરોવર પ્રેક્ષકનાં નેત્રોને મોહિત કરે છે; અનેક જાતનાં જલચર પ્રાણીઓ આનંદપૂર્વક જલક્રીડા કરી રહ્યાં છે તથા એના તટપરની ભૂમિ પ્રકારનાં વૃક્ષોથી શોભિત છે. આકાશભેદી પર્વતશૃંગપરથી પાણીનો સ્રોત પોતાની સ્વાભાવિક સું પ્રગટ કરતો પ્રબળ વેગથી આ સરોવરમાં આવીને મળે છે. સર્પરાજ માતોલીએ[1] સમુદ્રમંથન પરિશ્રમિત થઇને આ સરોવરમાં વિશ્રામને માટે આશ્રય લીધો હતો.

આ પૃથ્વીપર મહેશ્વર[2] નામના એક મહાબળવાન રાજા હતા. તેમના રાજ્યમાં તેમના કોઇ શ નામ કર્ણગોચર થતું નહોતું. તેમની ગૌરવગરિમા અષ્ટ દિશામાં પ્રસરી હતી.[3] તેઓ જગતના નિ ચંદ્રસમાન હતા. સ્વયં બ્રહ્માએ પોતાના મુખથી [4]તસ્થજાતિની પ્રશંસા કરી હતી.

રાજા ભીમસિંહ[5] કામદેવસમાન પરમ સુંદર અને પરાક્રમી હતા. તેઓ સેંકડો કમલોની વચ્ચે વિહાર કરતી વખત પોતાના હાથથી રાજહંસોને ભોજન આપતા હતા. તેમની સુંદર મૂર્તિમાંથી ય કિરણો નીકળતાં હતાં. આ રાજા ભીમસિંહ સંગ્રામસમુદ્રમાં એક ચતુર તરનાર હતા. જ્યાં પ સલિલા ગંગાએ પોતાના તરંગોનો વિસ્તાર કર્યો છે[6] તે દૂરનું સ્થાન પણ તેમણે જીતી લીધું હતું. તે રાજધાની અવંતી હતી. તેઓ પોતાના શત્રુઓની સ્ત્રી, કન્યા આદિને હરી લાવતા હતા. સ્ત્રીઓનાં મુખ શરદૃઋતુના ચંદ્રમાસમાન ઉજ્જવલ હતાં, જે કામિનીઓના અધરમાં તેમના પ પ્રેમસૂચક દંતક્ષત દૃષ્ટિગોચર થતા હતા, તે સુંદરીઓના હૃદયપર રાજા ભીમસિંહે અધિકાર સ્થાપિત કરી હતો. તેઓ પોતાના બાહુબળથી શત્રુનો ભય દૂર કરતા હતા. તેઓ એટલા બધા ઉદાર હતા કે પોતાના ઓને સર્વથા વિધ્વસ્ત ન કરતાં તેમને ભ્રમમાં પડેલા કહી ક્ષમા કરતા હતા. તેમની મૂર્તિ અગ્નિસ પ્રકાશમાન હતી. તેઓ સમુદ્રગામી નાવિકલોકોને શિક્ષા આપવાને પણ સમર્થ હતા.[7]

---

૧. કર્નલ ટાડે વાસુકીને બદલે માતોલી લખ્યું છે. રાજસ્થાનમા આજ નામ પ્રચલિત હોય એમ જણ

૨. તક્ષકવંશના પરમારજાતિના રાજા ઓની વંશાવળીમાં મહેશ્વરનું નામ વિખ્યાત છે. તેમાં તેમની પ્રશંસા કરવામાં આવી છે. આ તક્ષક પરમારજાતિમાં 'મરી' નામની એક શાખા સર્વથી પ્રધાન છે. ઉક્ત રાજાએ નર્મદાનદીના દક્ષિણતીરપર સુવિખ્યાત 'મહેશ્વર' નામનું નગર સ્થાપિત કર્યું હતું. અવંતી અને ધાર કુલના રાજાઓની બે પ્રધાન રાજધાની ) નગરથી જે નાની નદી દક્ષિણ તરફ ગઈ છે, તેની પૂર્વે મહેશ્વ સ્થિત છે. અહીંઆં અહલ્યાબાઇના ઘાટો અતિ સુંદર છે. પૂજાસ્થાન પણ પરમ રમણીય છે. આ સ્થાનો મેં જોયાં છે.

૩. હિંદુશાસ્ત્રોમાં એવું વિધાન છે કે પૃથ્વીની આઠ દિશામાં આઠ હાથીઓ ઉભા રહીને તેને ધારણ રહ્યા છે. હિંદી અનુવા

૪. તસ્થ વા તક્ષકજાતિ પ્રાચીન: વિખ્યાત નાગવંશમાં ઉત્પન્ન થયેલી છે. તે અગ્નિકુલની છે. ચિતોડ તક્ષકજાતિદ્વારા સ્થાપિત થયું હતું. મહાશય હર્બર્ટ જણાવે છે કે ચિતોડ એજ પ્રાચીન તક્ષશીલનગર છે વાત સત્ય હોય એમ લાગે છે. હિંદી અનુવા

૫ અવંતી વા ઉજ્જયિનીના અધીશ્વર ભીમસિંહની પરમ પ્રશંસા જૈનગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. તેમના પુત્રે મારવાડરાજ્યમાં લૂણીનદીથી અરવલ્લીના શિખરપર્યંત અનેક નગરો સ્થાપન કર્યાં હતાં. પાછળથ નગરોના સર્વ નિવાસીઓ જૈનધર્મમાં દીક્ષિત થયા હતા. તે રાજાના ઉત્તરાધિકારીઓ હાલમાં સૌથી શ્રીમંત અને મોટા વ્યાપારીઓ છે. તેઓ રાજપૂતરક્તધારી હોવાથી પોતાનાં કુલવિષે અભિમાન ધરાવે છે તેમને કોઇ વિશ્વાસપાત્ર પદપર નિયુક્ત કરવામાં આવે તો તેઓ લેખિનીની પેઠે તલવાર પણ ઉત્તમ રીતે ચ શકે છે.

૬ ગંગાસાગર. એમ કહેવાય છે કે મહારાજા ભીમસિંહે પોતાનાં બાહુબળથી આ ગંગાસાગર સુધીના દેશો જીતી લીધા હતા. જૈનગ્રંથોપરથી જણાય છે કે ગંગાસાગરસુધી રાજા ભીમસિંહના રાજ્યની સીમા પહોંચી કર્નલ ટૉડનું એવું અનુમાન છે કે ગંગાસાગરમાં કદાચિત્ મહારાજા ભીમસિંહનું કોઇ સ્મરણચિન્હ વિદ્યમાન હશે.

૭ આ પરથી સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે કે પૂર્વે સમુદ્રદ્વારા ગમનાગમન કરવાની રીતિ દેશીરાજ્યોમાં પ્ર હતી. મહારાજા ભીમસિંહ નૌકાશાસ્ત્રમાં પરમ પારંગત હતા એમ પણ ઉક્ત વિધાનપરથી જણાય છે.

આ રાજા ભીમસિંહના વીર્યથી મહારાજા ભોજનો[1] જન્મ થયો. તેમણે પોતાની સમશેરવતી જે હાથી-[2]ના બે ટુકડા કરી નાખ્યા હતા, તેના મસ્તકનાં ગજ-મોતી તેમના વક્ષઃસ્થળપર પરમ શોભા આપતાં હતાં. રાહુકેતુ જે પ્રકારે સૂર્ય અને ચંદ્રનો ગ્રાસ કરી લે છે, તે પ્રકારે તેઓ પોતાના શત્રુને સમૂળ નષ્ટ કરતા હતા. જેઓ આ વાત ચિરસ્મરણીય રાખવાને માટે વિશાળ જયસ્તંભ નિર્માણ કરાવી ગયા છે, તે મહારાજ ભોજના મહિમાનું વર્ણન શી રીતે કરી શકાય?

તેમના વીર્યથી માન નામના પુત્રનો જન્મ થયો. તેઓ પરમ ગુણવાન હતા અને સૌભાગ્યલક્ષ્મીએ તેમની પાસે આશ્રય ગ્રહણ કર્યો હતો. એક સમયે એક વૃદ્ધ મનુષ્ય તેમને મળ્યો. તે વૃદ્ધનું જીર્ણ, શીર્ણ અને દુર્બલ શરીર જોઇને તેમણે ધાર્યું કે:-"મનુષ્યદેહ કેવલ છાયારૂપ છે, ક્ષયશીલ છે, દેહપિંજરમાં જે આત્મા વાસ કરે છે તેજ માત્ર સુવાસિત પુષ્પ-કદંબકેશરસમાન છે. રાજપદ, ધન, ઐશ્વર્ય-એ સર્વ તૃણાંકુરવત્ અસાર છે. પ્રચંડ સૂર્યનાં તેજસ્વી કિરણોથી જ્યારે દિવસ પ્રકાશે છે, ત્યારે દીપક પ્રદીપ્ત કરવામાં આવે તોપણ તે પ્રભાહીન બની જાય છે; તે પ્રમાણે મનુષ્યનું જીવન પણ કદિ હોય છે અને કદિ નહિ!" મનમાં આવો વિચાર કરીને તેમણે પોતના પૂર્વજો અને પોતાનાં સત્કાર્યોની કીર્તિસ્વરૂપ આ સરોવર પ્રતિષ્ઠિત કર્યું. આ સરોવર જેમ અતિ લાંબુંપહોળું છે, તેવુંજ તે પરમ ગંભીર પણ છે. જ્યારે મેં આ સરોવરપ્રતિ દૃષ્ટિપાત કર્યો, ત્યારે મારા મનમાં એવો વિચાર ઉદ્‌ભૂત થયો કે આ સરોવરથી મહાપ્રલય સિદ્ધ થશે.

મહારાજ માનના હાથનીચેના સામંતો અને સૈનિકો અત્યંત સમરકુશલ, પરમ સાહસિક, પરમ પવિત્ર અને પરમ વિશ્વાસુ હતા. રાજા ધર્મમાં મેરુસમાન હતા. જે સામંતો એમની કૃપાદૃષ્ટિમાં આવ્યા હતા, તેઓ સૌભાગ્યલક્ષ્મીનો સંપૂર્ણ અનુગ્રહ પ્રાપ્ત કરવાને સમર્થ થયા હતા. જ્યારે તેમનાં ચરણકમલોપર અન્ય રાજાઓનાં મસ્તકો સમર્પિત થતાં, ત્યારે તેમની ચરણરેણુ તેમના મસ્તકની શોભા અત્યંત વધારી મૂકતી હતી.

જે સરોવરની ચોતરફ અસંખ્ય વૃક્ષો વિરાજમાન છે અને અનેક જાતિનાં પક્ષીઓ વૃક્ષશાખામાં રહી નિરંતર મધુર શબ્દ કરે છે, તે સરોવર પરમસૌભાગ્યવાન રાજા માને પુષ્કળ ધનનો વ્યય કરીને અત્યંત પરિશ્રમપૂર્વક ખોદાવ્યું હતું. પ્રતિષ્ઠા કરનારનાં પવિત્ર નામાનુસાર એ સરોવરનું નામ "માન સરોવર" રાખવામાં આવ્યું છે. નાગભટ્ટના પુત્ર અને અલંકારશાસ્ત્રના મહાપંડિત પુષ્પે આ શ્લોક રચ્યા છે. સાતસેંસત્તરના વર્ષમાં માલવદેશના [4]અધીશ્વરદ્વારા આ સરોવર નિર્માણ કરવામાં આવ્યું. ક્ષેત્રી ખડ્ગના પૌત્ર શિવાદિત્યે આ શ્લોકાવલી કોતરી.

---

૧ રાજપૂતજાતિના ઇતિહાસમાં તથા કાવ્યસાહિત્યમાં રાજા ભોજના જેવું કોઈનું પણ નામ પ્રશંસનીય અને સુપ્રસિદ્ધ નથી. પરમારજાતિના રાજપૂતોમાં ભોજ નામના ત્રણ રાજાઓ હતા. કર્નલ ટોડ અનેક તામ્રપત્રો અને અને શિલાલેખોની સહાયથી ઉદયાદિત્યના પિતા અંતિમ ભોજનો સમય ઈ૦ સ૦ ૧૦૩૫ નિશ્ચિત કરી ગયા છે. બીજાં ભોજ રાજાઓનો સમય કર્નલ ટોડે સંવત ૬૩૧ તથા ૭૨૧ (ઇ૦ સ૦ ૫૭૫ તથા ૬૬૫) જણાવ્યો છે. નાંદોલ દેવાલયમાંથી પ્રાપ્ત થયેલા એક અત્યંત પ્રાચીન હસ્તલિખિત જૈન ગ્રંથપરથી ઉક્ત સમય નિર્ધારિત કરવામાં આવ્યો હતો. સમ્રાટ અકબરનો મંત્રી અબુલફઝલ પ્રથમ ભોજનો સમય સંવત ૫૪૫ જણાવી ગયો છે; પરંતુ કર્નલ ટોડે જણાવેલો સમય વિશેષ વિશ્વાસપાત્ર છે. આ રીતે પ્રથમ ભોજનો સમય સંવત ૬૩૧ (ઇ૦ સ૦ ૫૭૫), દ્વિતીય ભોજનો સંવત ૭૨૧ (ઇ૦ સ૦ ૬૬૫) અને તૃતીય ભોજનો સંવત ૧૦૯૧ (ઇ૦ સ૦ ૧૦૩૫) નિશ્ચિત થાય છે.

૨ આ શ્રેણીના હાથી 'ભદ્ર' નામથી ઓળખાય છે. એમના મસ્તકમાં મહામૂલ્યવાન મોતી થાય છે.

૩ ઉદયપુરના મહારાણાના પ્રાસાદમાં જે હસ્તલિખિત પ્રાચીન ઇતિહાસ વિદ્યમાન છે, તેપરથી જણાય છે કે રાણાઓના આદ્યપુરુષ બાપ્પારાવલે માનમરીના હાથમાંથી ચિતોડરાજ્ય જીતી લીધું હતું. આ શિલાલેખપરથી ગિહલોતોએ ચિતોડપર ક્યારે પોતાનો અધિકાર સ્થાપિત કર્યો તે સ્પષ્ટરીતે જણાય છે.

૪ રાજા માન માલવાના અધીશ્વર હતા, એમ જણાવવામાં આવ્યું છે. એમ જણાય છે કે ચિતોડ રાજધાની ધાર અને અવંતી કરતાં શ્રેષ્ઠ હતી. વર્તમાન ચિતોડમાં 'માન મરી' નામનો એક અતિ પ્રાચીન મહાલય દૃષ્ટિગોચર થાય છે.

(૨૩)

## સૌરાષ્ટ્રમાં આવેલા સોમનાથપાટણમાં ઇ૦ સ૦ ૧૮૨૨ માં પ્રાપ્ત થયેલો શિલાલેખ

આ શિલાલેખમાં પ્રાચીન વલ્લભીરાજાઓના શાસનસમયનો ઉલ્લેખ છે અને તે દેવનાગરી લિપિમાં કોતરવામાં આવેલો છે.

જગતના પ્રકાશસ્વરૂપ સર્વાન્તર્યામી શ્રીપ્રભુના ચરણને વંદન કરૂં છું. જેમની મૂર્તિ અવર્ણનીય છે અને જેમનાં ચરણોમાં સર્વ પ્રાણીઓ સદા નમસ્કાર કરે છે, તેમને હું પ્રણામ કરૂં છું.[1]

હીજરી વર્ષ ૬૬૨, વિક્રમાબ્દ ૧૩૨૦, શ્રીમત વલ્લભી સંવત ૯૪૫[2] અને શિવસિંહ સંવત ૧૫૧ આષાઢ ત્રયોદશી રવિવાર.

અસંખ્ય નૃપતિઓદ્વારા વંદિત અણહિલપુરપાટણના ચાલુક્યજાતિના અધીશ્વર ભાતરિક શ્રી અર્જુનદેવ,[3] તેમના મુખ્યમંત્રી શ્રીમાલદેવ, તેમના રાજ્યના સમસ્ત કર્મચારીઓ, અમીર રૂકનુદ્દીનના તાબાના દેશનો કર્મચારી બેલાકુલનો હોમર્ઝ અને નાખોદા નુરૂદ્દીન ફિરોઝના પુત્ર હોર્મઝનો ખ્વાજા ઇબ્રાહિમ તથા પાલકદેવના ચાવડા સામંતો, રાણિક શ્રીસોમેશ્વરદેવ, ભીમસિંહ, સર્વ ચાવડાઓ અને સકલ ઉચ્ચ જાતિના લોકો એકત્રિત થયા.

દેવપટ્ટણનિવાસી નાનસી રાજા સર્વ વણિકોને[4] એકત્રિત કરીને દેવાલયોના સંસ્કાર અને મૂર્તિઓની સેવાને માટે એવો વિધિ નિર્ધારિત કરે છે કે જે પુષ્પ, તેલ તથા જલ નિયમિતરીતે રત્નેશ્વર,[5] ચૌલેશ્વર[6] તથા પાલિન્દા[7] દેવીના મંદિરમાં અને અન્યાન્ય દેવદેવીઓના મંદિરમાં ચઢાવવાનાં છે તથા સોમનાથના મંદિરની ચોતરફ કોટ અને ઉત્તર ભાગમાં દરવાજો બંધાવવાનો છે, તેને માટે ચાવડાજાતિના મહોલાના પુત્ર કીલનદેવે તથા જવાનના પુત્ર લુનસીએ અને બાલજી તથા કરુણા નામના બે વણિકોએ પોતાની અઠવાડીઆની સર્વ ઉપજ આપવાની પ્રતિજ્ઞા કરી છે. જ્યાંસુધી ચંદ્રસૂર્ય ઉદિત થાય, ત્યાંસુધી આ પ્રતિજ્ઞા સ્થાયી રાખવી. આ આજ્ઞાનું પાલન થાય, મહોત્સવપ્રસંગે નિયમિત પૂજાને માટે ઉપહાર આપવામાં આવે તથા ફાજલ દ્રવ્ય પૂર્વોક્ત ઉદ્દેશ સિદ્ધ કરવાને માટે ભંડારમાં રાખવામાં આવે, આ સર્વ કાર્યોપર દૃષ્ટિ રાખવાને માટે ફિરોઝને આજ્ઞા આપવામાં આવી છે. અહીંઆં એકત્રિત થયેલા ચાવડાસામંતોને તથા નાખોદા નુરૂદ્દીનને એવી આજ્ઞા ફરમાવવામાં આવી છે કે સર્વ શ્રેણીઓના લોકોને આ પ્રમાણે વર્તવાની ફરજ પાડવી. જે માણસ આ આજ્ઞાનું પાલન કરશે તેને સ્વર્ગ મળશે અને જે એનો અનાદર કરશે તેને અવશ્ય નરકવાસ મળશે.

---

૧ મંગળાચરણ અતિ વિસ્તૃત હોવાથી કર્નલ ટોડે તેનો અનુવાદ પ્રકટ કર્યો નથી. સોમનાથ નગરમાં જે મૂર્તિની પૂજા કરવામાં આવતી હતી તે બાલનાથ નામથી વિખ્યાત હતી. જે રાજવંશ આ દેશનું શાસન કરતો હતો તે પણ બાલરાજ કહેવાતો હતો અને રાજધાની 'બાલિકપુરી' કહેવાતી હતી. સાધારણ રીતે તે 'બાલાભિ' અથવા 'વલ્લભી નામથી ઓળખાતી હતી. કર્નલ ટોડે લાંબો પ્રયાસ કર્યા પછી છિન્નભિન્ન અવસ્થામાં ઉક્ત રાજધાની જોઇ હતી અને આ શિલાલેખ પણ તેમને ત્યાંજ પ્રાપ્ત થયો હતો. રાણાના સૂર્યોપાસક પૂર્વજોએ આ દેશનું નામ 'સૌરાષ્ટ્ર' રાખ્યું હતું. તેમની પછી ચાવડાઅને ચૌલુક્ય વા સોલંકીરાજવંશે તેપર અધિકાર સ્થાપિત કર્યો અને રાજધાનીને બાલિકરાયના નામથી પ્રસિદ્ધ કરી.

૨ વલ્લભીસંવતની ઉત્પત્તિનો સમય આપરથી જાણી શકાય છે.

૩ વનરાજ ચાવડાએ સંવત ૮૦૨ માં જે અણહિલપુર વા અણહિલવાડાની સ્થાપના કરી, જે બાલાભી વા વલ્લભીરાજ્યનો ધ્વંસ થયા પછી બાલિક વા વાલ્હીકજાતિની રાજધાનીતરિકે ગણાતું હતું, તેનોજ અધીશ્વર આ અર્જુનદેવ હતો.

૪ આ પરથી જણાય છે કે તે સમયે અણહિલવાડામાં વાણિજ્યની પુષ્કળ વૃદ્ધિ થઇ હતી અને વાણિજ્યને માટે અનેક દેશોમાંથી અસંખ્ય વ્યાપારીઓ આવતા હતા.

૫ સુપ્રસિદ્ધ સોમનાથની મૂર્તિ

૬ ચૌલુક્યજાતિના કુલદેવતા

૭ ભીલજાતિની કુલદેવી

## ( ૨૪ )

## આઇતપુરના ધ્વંસાવશેષમાંથી પ્રાપ્ત થયેલો શિલાલેખ

સંવત ૧૦૩૪ના વૈશાખમાસના સોળમા દિવસે નાનંકસ્વામીએ આ આવાસમંદિરની પ્રતિષ્ઠા કરી.

આનંદપુરમાં મહીદેવ શ્રી ગોહાદિત્ય બ્રાહ્મણકુલમાં જન્મ્યા હતા. ગોહિલજાતિ આ પૃથ્વીપર તેમના-થીજ વિખ્યાત થઇ. તેમનો વંશ આ પ્રમાણે છેઃ—

(૨).ભોજ (૩) મહીન્દ્ર (૪) નાગાદિત્ય (૫) શિલાદિત્ય (૬) અપરાજિત (૭) મહીન્દ્ર—સમસ્ત પૃથ્વીપર તે સમયે એમના જેવો બળવાન યોદ્ધો બીજો કોઇ નહોતો. (૮) કાલભોજ—એઓ સૂર્યસમાન તેજસ્વી હતા. (૯) ખુમાન—એઓ મહાવીર હતા. (૧૦) ભ્રાતૃપદ—એઓ ત્રિભુવનના તિલક હતા. એમને (૧૧) સિંહજી નામનો પુત્ર હતો. સિંહજીની રાણી વીર રાષ્ટ્ર (રાઠોડ) જાતિની હતી. તેના ગર્ભથી (૧૨) શ્રી ઉલ્લુત જન્મ્યા. એઓ સાગરપર્યંતની પૃથ્વીપર અધિકાર કરી તેના અધીશ્વર થયા. એમને હરિયાદેવી નામની પુત્રી ઉત્પન્ન થઇ. આ હરિયાદેવીની કીર્તિ હર્ષપુરપર્યંત પ્રસરી હતી. તેના ગર્ભથી એક મહાબળવાન વીર ઉત્પન્ન થયા. આ વીરની ભુજામાં જયલક્ષ્મીએ આશ્રય ગ્રહણ કર્યો હતો. આ વીર રણક્ષેત્રમાં પોતાના શત્રુઓને સર્વથા નિર્મૂળ કરી દેતા હતા.તેઓ પરમ સૌભાગ્યશાળી અને મહા-પંડિત હતા. તેમને (૧૩) નરવાહન નામનો પુત્ર ઉત્પન્ન થયો. તેને ચૌહાણજાતિના શ્રી જાઇજીની કન્યાના ગર્ભથી એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ (૧૪) શાલિવાહન હતું. ઉપર જે રાજાઓનાં નામ લખવામાં આવ્યાં છે, તે સર્વ ગુણવાન હતા. શાલિવાહનને એક પુત્ર ઉત્પન્ન થયો,તેમનું નામ (૧૫) શક્તિકુમાર હતું. આ જગતમાં તેમની તુલના કરી શકે એવું કોણ છે ? તેમણે ત્રિવિધ શક્તિને[1] જીતી પોતાને આધીન કરી લીધી હતી. તેઓ ભ્રાતૃપદના જેવા સૌભાગ્યવાન હતા. ધનરત્નના ભંડારરૂપ શ્રી આઇતપુરમાં તેઓ રાજાઓથી પરિવેષ્ટિત થઇને નિવાસ કરતા હતા.તેઓ પોતાની પ્રજાને માટે કલ્પવૃક્ષ-સમાન હતા. તેમના પાયદલસૈનિકો અસંખ્ય હતા. તેમનો ભંડાર અપરિમિત ધનથી ભરપૂર હતો. તેમના સૌભાગ્યચંદ્રનાં કિરણો સ્વર્ગપર્યંત પહોંચ્યાં હતાં. અનેક સ્થાનોના અસંખ્ય વ્યાપારીઓના આવવા-થી તેમની રાજધાનીએ પરમ રમણીય મૂર્તિ ધારણ કરી હતી. તે રાજધાનીમાં કેવલ એકજ અનિષ્ટ વિદ્યમાન હતું અર્થાત્ અનુપમ લાવણ્યમયી તરુણ કામિનીઓનો પ્રથમ કટાક્ષ તે રાજાની પ્રજાનાં હૃદય વિંધી નાખતો હતો.

## ( ૨૫ )

મહારાજા કુમારપાલસોલંકીએ પંજાબમાં આવેલું શાલપુરી નગર જીતી લીધું તે સંબંધે તેમણે ચિતોડમાં બ્રહ્માના મંદિરમાં જે શિલાલેખ કોતરાવ્યો હતો તેનો અનુવાદ.

જે મહાદેવ સમુદ્રના જલમાં શયન કરી પરમ સંતોષ માને છે, જેના જટાજૂટમાંથી અવિશ્રાંત અમૃત નીકળી રહ્યું છે, તે મહાદેવ આપનું સપરિવાર રક્ષણ કરો.

જે ચૌલુક્યજાતિ અતુલ ઐશ્વર્ય અને અગાધ બાહુબલસંપન્ન હતી, જે જાતિમાં અસંખ્ય ગુણવાન વીર ઉત્પન્ન થયા હતા તે ચૌલુક્યવંશમાં જગતના અધીશ્વર મૂળરાજનો જન્મ થયો હતો.

પ્રકાશમાન પદ્મરાગમણિની પેઠે તેમના યશની પ્રભા પૃથ્વીમંડલપર પ્રસરી હતી અને તેઓ મનુષ્યસમાજમાં સુખ અને શાંતિની વૃષ્ટિ કરતા હતા. આ જગતમાં તેમની તુલના કરી શકે એવું કોણ છે ! જો કે તેમના પૂર્વજોમાં અનેક પુરુષો મહાબળવાન હતા; પરંતુ તેમના જેવો કોઇ પણ મહાન દાતા અને પવિત્ર નહોતો.

ઘણાં વર્ષો પછી આ વંશમાં વિશ્વવિખ્યાત સિદ્ધરાજે જન્મ લીધો. વિજયમાં મળેલાં ધનરત્નોથી તેમનું શરીર ભૂષિત હતું અને તેમનો યશોધ્વનિ પૃથ્વીપર સર્વત્ર પ્રતિધ્વનિત થતો હતો. તેમણે પોતાના બાહુબળ અને સૌભાગ્યબળથી અસીમ અક્ષય રત્નો ઉપાર્જન કર્યાં હતાં.

તેમના વીર્યથી કુમારપાલદેવનો જન્મ થયો. તેમણે પોતાની દૃઢ પ્રતિજ્ઞા અને બાહુબળથી પોતાના

[1] પ્રભુશક્તિ, ઉત્સાહશક્તિ અને મંત્રશક્તિ.

સમસ્ત શત્રુઓને વિધ્વસ્ત કર્યા હતા. તેમની આજ્ઞા જગતના સર્વ રાજાઓ માનતા હતા. તેમણે શાક-મ્ભરીના અધીશ્વરને પોતાના ચરણમાં પડવાની ફરજ પાડી હતી. તેમણે શિવલોકપર્યંત પોતાની સેના ચલાવી પહાડીરાજાઓને પોતાને ચરણે નમાવ્યા હતા. તેમણે શાલપુરી પણ હસ્તગત કરી હતી.

છત્રકોટ પર્વતના સર્વોચ્ચ શિખરપર દેવમંદિરમાં તેમણે આ શિલાલેખ સ્થાપિત કર્યો અને તેમ કરવાનું કારણ એજ કે તે શિલાલેખ મૂર્ખજનોના હસ્તમાં જાય નહિ.

નિશાનાથ જે પ્રકારે પૃથ્વીની સુંદર કામિનીઓનાં રમણીય મુખમંડલ જોઇને પોતાના કલંકનું સ્મરણ થવાથી લજ્જિત થાય છે, તે પ્રકારે પોતાના સર્વોચ્ચ શિખરપર આ શિલાલેખ સ્થાપિત થવાથી છત્રકોટ લજ્જિત થાય છે.

સંવત ૧૨૦૭ ( તિથિ અને માસ લુપ્ત થઇ ગયાં છે. )



# परिशिष्ट २ जुं

## राजपूतजातिनुं प्रारंभिक वृत्तांत

## अध्याय १ लो

### રાજપૂતરાજાઓની વંશાવળી-પુરાણ-રાજપૂતોનો સિથિક[1] ( શક ) જાતિઓ સાથેનો સંબંધ

મધ્ય અને પશ્ચિમભારતની વીર જાતિઓનો ઇતિહાસ સંક્ષિપ્ત સ્વરૂપમાં લખવાની ઇચ્છા થવાથી તે જાતિઓની ઉત્પત્તિ કયાંથી થઇ છે અને તેઓ પોતાને કોના વંશની જણાવે છે તેનો નિર્ણય કરવો આવશ્યક માનવામાં આવ્યો. આ કાર્યને માટે મેં (કર્નલ ટૉડે) ઉદયપુરના રાણાના પુસ્તકાલયમાંથી તેમના પવિત્ર ગ્રંથો–પુરાણો મેળવ્યાં અને તેમને પંડિતોની મંડળીસન્મુખ મૂકયાં, જેના અધિષ્ઠાતા વિદ્વાન યતિ જ્ઞાનચંદ્ર હતા. આ પુસ્તકોમાંથી સૂર્ય અને ચંદ્રના મહાન વંશોની સમસ્ત વંશાવલીઓ તથા ઐતિહાસિક અનેભૌગોલિક વિષયો ચૂંટી કાઢવામાં આવ્યા.

ઘણાંએક [2] પુરાણોમાં ઐતિહાસિક અને ભૌગોલિક વૃત્તાંતનો કેટલોક અંશ લખેલો ઉપલબ્ધ થાય છે; પરંતુ ભાગવત, સ્કંદ, અગ્નિ અને ભવિષ્ય પુરાણમાં ઉક્ત વિષયોનું વિશેષ વર્ણન છે. ખેદનો વિષય એ છે કે તેમાં આપેલી વંશાવલીઓ પરસ્પર પૂર્ણ રીતે મળતી આવતી નથી. તેમાં પ્રત્યેક વંશના રાજાઓની સંખ્યા ભિન્ન ભિન્ન છે અને નામો પણ કેટલેક સ્થળે ઉલટસુલટ આપવામાં આવ્યાં છે; પરંતુ પ્રત્યેકની મુખ્ય મુખ્ય વાતો સ્પષ્ટરીતે એકબીજી સાથે મળે છે, જેપરથી સિદ્ધ થાય છે કે ઉક્ત ગ્રંથો

---

[1] સિથિકજાતિના લોકો મધ્ય એશિયામાં રહેતા હતા. આ લોકોને યુનાની લેખકો 'સિથિયન' અને ઈરાન તથા હિંદુસ્થાનના લોકો શક કહેતા હતા. આ લોકો વધતા વધતા યુરોપ અને દક્ષિણએશિયામાં ફેલાઈ ગયા. બેકિટ્રયા ( હિંદુકુશ પર્વતની ઉત્તરે ) અને પાર્થીયા ( ઈરાનનો ઉત્તર ભાગ ) નાં યુનાનીરાજ્યોને આજ લોકોએ નષ્ટ કરી નાખ્યાં અને તેમણે યુનાનીઓને ત્યાંથી હાંકી કાઢીને તે દેશ પોતાને આધીન કરી લીધા પછી ધીમે ધીમે હિંદુકુશપર્વત ઉલ્લંઘી દક્ષિણતરફ આગળ વધી ઇસ્વીસનની પ્રથમ શતાબ્દીમાં પોતાના રાજા વેનોનસના હાથ નીચે તેમણે હિંદુસ્થાનપર આક્રમણ કર્યું અને અલ્પ સમયમાંજ તેના મોટા ભાગપર પોતાની સત્તા પ્રસારી દીધી. તેમણે જે સંવત ચલાવ્યો, તે તેમના નામાનુસાર 'શક સંવત' કહેવાયો અને તે અદ્યાપિ આ દેશમાં પ્રચલિત છે. તેમનું મહારાજ્ય અસ્ત થયા પછી શકજાતિના ક્ષત્રપરાજાઓનું રાજ્ય પ્રાયઃ ઈ૦ સ૦ ૩૮૮ ( વિ૦ સં૦ ૪૪૫ ) પર્યંત માળવા, ગુજરાત, કાઠિયાવાડ, રાજપૂતાના આદિ દેશોપર રહ્યું. ઉક્ત સમયે ગુપ્તવંશના મહાપ્રતાપી રાજા દ્વિતીય ચંદ્રગુપ્ત કે જેનું પ્રસિદ્ધ ઉપનામ વિક્રમ વા વિક્રમાદિત્ય હતું, તેણે આ દેશો શકલોકોના હાથમાંથી જીતી લીધા અને શકરાજ્યની સમાપ્તિ કરી. આ દેશના લોકો તેમને આર્ય ગણતા નહોતા; પરંતુ તેઓ બૌદ્ધ વા વૈદિકધર્મ માનતા હતા એમ જણાય છે. ( ગૌ. હી. ઓઝા )

[2] सर्गश्च प्रतिसर्गश्च वंशोमन्वन्तराणि च॥ वंशानुचरितं चैव पुराणं पंचलक्षणं॥ (બ્રહ્મવૈવર્ત પુરાણ)

અર્થાત્ પુરાણનું લક્ષણ એ છે કે તેમાં નિમ્નલિખિત પાંચ વિષયો હોય છેઃ-(૧) સૃષ્ટિની ઉત્પત્તિ, (૨) સૃષ્ટિનો લય (૩) વંશાવલી, (૪) મન્વંતરો, (૫) વંશોનાં ચરિત્ર.

(આ પ્રમાણે પ્રત્યેક પુરાણમાં વિશ્વની ઉત્પત્તિનું વર્ણન તથા દેવતાઓ અને વીરોનાં ચરિત્રો હોવાથી તેની તુલના યૂનાનીઓના દેવતાની ઉત્પત્તિનાં વર્ણનની સાથે સારી રીતે કરી શકાય છે.) (એચ. ટી. કોલ્બ્રુક)

ભિન્નભિન્ન ગ્રંથકારોના લખેલા છે અને તે સર્વેએ કોઈ એક મૂળસ્રોતમાંથી પોતાની સામગ્રી પ્રાપ્ત કરીછે.

હિંદુઓની ઉત્પત્તિનું વર્ણન 'જીનિસિસ'[1] પણ તેજ ઘટનાથી શરૂ થાય છે કે જે ઘટનાઓ જગતની સમસ્ત જાતિઓના ઇતિહાસમાં વર્ણિત છે; અર્થાત્ મહાપ્રલયથી તેમની ઉત્પત્તિના વર્ણનનો આરંભ થાય છે.આ વર્ણન પૌર્વાત્ય દેશોના નિવાસીઓએ પોતાની વિશિષ્ટ કલ્પનાસહિત લખ્યું છે,તોપણ તે ઓછું ધ્યાન આપવાયોગ્ય નથી.અગ્નિપુરાણમાંથી એ સંબંધે જે લેખ ઉતારી લેવામાં આવ્યો છે તેનો સારએછેકે:-

"જ્યારે બ્રહ્માની આજ્ઞાથી સમુદ્રે પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરી સમસ્ત જગતને નષ્ટ કરી દીધું, તે સમયે વૈવસ્વતમનુ ( નૂહ[2]) કે જેઓ હિમાલય[3] પર્વતની નિકટ નિવાસ કરતા હતા,તેઓ કૃતમાલા[4] નદીમાં દેવતાઓને અર્ઘ્ય આપી રહ્યા હતા એટલામાં એક નાનીસરખી માછલી તેમના હાથમાં આવી ગઈ. " મારી રક્ષા કર " એમ બોલી તે માછલી વધતી વધતી ઘણી મોટી થઇ ગઇ. રાજાએ તેની રક્ષાનો ઉપાય યોજ્યો પણ તે માછલીના અલૌકિક ચમત્કાર જોઇને રાજા તેને શરણે ગયા; ત્યારે તે મત્સ્યે પ્રલયમાંથી બચવાનો ઉપાય બતાવ્યો અને તે પ્રમાણે મનુ પોતાના પુત્રો, તેમની સ્ત્રીઓ અને ઋષિઓસહિત પ્રત્યેક જીવધારીનું બીજ લઇને એક નૌકામાં બેસી ગયા. એ નૌકા તે માછલીના શિંગડાની સાથે બાંધેલી હતી. આ પ્રકારે તેઓ સર્વ બચી ગયા."

અહીંઆં ઉત્તર તરફની તે પર્વતશ્રેણીનું વર્ણન છે, કે જેની પાસે મનુષ્યજાતિના આદિપુરુષનું નિવાસસ્થાન હતું. ભવિષ્યપુરાણમાં એવો ઉલ્લેખ છે કે:-"વૈવસ્વત મનુ સુમેરુપર્વતપર રાજ્ય કરતા હતા. એમના વંશમાં રાજા કકુત્સ્થ થયા, જેમણે અયોધ્યાનું રાજ્ય પ્રાપ્ત કર્યું અને તેમના વંશજો સમસ્ત પૃથ્વીમાં ફેલાઇ ગયા."[5]

હિંદુલોકો પૃથ્વીના ઉત્તરધ્રુવને સુમેરુ કહે છે, એ વાત મને વિદિત છે; પરંતુ તેઓ એક સર્વોત્તમ પર્વતને પણ સુમેરુ કહે છે. 'મેરુ'નો અર્થ પર્વત થાય છે અને 'સુ' ઉપસર્ગનો અર્થ સારો અથવા પવિત્ર છે; માટે 'સુમેરુ'નો અર્થ 'પવિત્ર પર્વત' છે.

અગ્નિપુરાણમાં આપેલી ભૂગોળમાં આ શબ્દનો પ્રયોગ વાસ્તવિક ભૌગોલિક[6] સીમાના અર્થમાં કર-

---

૧ 'જીનિસિસ' શબ્દના સંસ્કૃતમાં 'જન્મ' અને 'ઇશ' વા ઈશ્વર એવા બે ભાગ થઈ શકે છે.

૨ ખ્રિસ્તીમતાનુસાર આ પુરુષ મહાપ્રલયમાંથી બચ્યો હતો, અર્થાત્ તે વર્તમાન મનુષ્યજાતિનો આદિપુરુષ હતો. ( ગૈ. હી. ઓઝા )

૩ બરફવાળો કૅાકેસસ (કાફ)પર્વત 'એ સેન્સ ઑફ ધી પુરાન્સ' નામના ગ્રંથપરથી સરવિલિયમ જોન્સ જણાવે છે કે આ ઘટના દક્ષિણના દ્રવિડદેશમાં બની હતી.

૪ અગ્નિપુરાણમાં કૃતમાલા નદીને હિમાલયમાંથી નહિ, પરંતુ મલય પર્વત (મલયાચલ અર્થાત્ દક્ષિણમાં)થી નીકળેલી જણાવી છે (**मलयात्कृतमालाद्या.........अध्याय ११८, श्लोक ८**)તેમજ ઉક્ત પુસ્તકમાં જ્યાં પ્રલયનું વર્ણન છે ત્યાં વૈવસ્વત મનુનો નિવાસ હિમાલયની નિકટમાં હતો એમ લખ્યું નથી. (ગૈ. હી. ઓઝા)

૫ મુંબઇના શ્રી વ્યંકટેશ્વર પ્રેસમાં છપાયેલા ભવિષ્યપુરાણમાં વૈવસ્વત મનુએ સુમેરુ પર્વતપર રાજ્ય કર્યું હતું કિંવા કકુત્સ્થે અયોધ્યાનું રાજ્ય પ્રાપ્ત કર્યું હતું એવો કાંઈ પણ ઉલ્લેખ નથી. તેમાં એવો નિર્દેશ છે કે વૈવસ્વત સરયુના તટપર તપ કરતા હતા અને તેમના વંશમાં કકુત્સ્થ ઉત્પન્ન થયા હતા(**प्रतिसर्ग पर्व, अध्याय १ श्लोक३-७**); પરંતુ ઉક્ત પુસ્તકમાં છપાયેલો સમસ્ત 'પ્રતિસર્ગ પર્વ' વિશ્વસનીય નથી. તે આધુનિક સમયનો રચેલો પ્રતીત થાય છે. કદાચિત કર્નલ ટૉડની પાસેના પુસ્તકમાં તેમણે લખ્યું છે તેવું વૃત્તાંત હશે. (ગૈ. હી. ઓઝા).

૬ સુમેરુની દક્ષિણે હિમવાન,હેમકૂટ અને નિષધ પર્વત છે અને ઉત્તરમાં નીલ,શ્વેત તથા શૃંગીદેશ*છે. હિમાચલ અને સમુદ્રની વચ્ચે ભરતખંડ છે કે જે 'કુકર્મ ભૂમિ'= કહેવાય છે. ( આ શબ્દમાં આર્યાવર્ત અર્થાત સુકર્મ ભૂમિથી વિરુદ્ધભાવ છે ) એમાં મહેન્દ્રાચલ, મલયાચલ, સહ્ય (સહ્યાદ્રિ), શુક્તિમાન, ઋક્ષવાન, વિંધ્યાચલ અને પારિયાત્ર નામની મહાન સાત પર્વતશ્રેણીઓ છે. (અગ્નિપુરાણ)

---

* નીલ, શ્વેત અને શૃંગી એ દેશ નથી, પણ પર્વત છે.

(**हिमवान् हेमकूटश्च निषधश्चास्य दक्षिणे। नीलः श्वेतश्च शृंगी च उत्तरे वर्षपर्वताः।**)

( અગ્નિપુરાણ અધ્યાય-૧૦૮ શ્લોક ૫ ) ગૈ. હી. ઓઝા.

= કર્નલ ટૉડે ભરતખંડને 'કુકર્મ ભૂમિ' લખી છે.તે તેમનો ભ્રમ છે, પુરાણોમાં ઉક્ત દેશને '**कर्मभूमि**'

વામાં આવ્યો છે; અને તે પર્વતશ્રેણીમાંથી નીકળેલી કેટલીક નદીઓનો સંબંધ સુમેરુની સાથે જણાવનારાં સ્થાન પણ ત્યાં આપવામાં આવ્યાં છે અને તે નદીઓ અદ્યાપિ પોતાનાં પ્રાચીન નામોથી ઓળખાય છે. સ્પષ્ટ વાતોનું જે વર્ણન રૂપકની સાથે આપવામાં આવ્યું છે, તેનો કેવળ લાક્ષણિક અર્થજ ગ્રહણ કરીને અમારે ઉક્ત વિષયને ગૂઢ કરી દેવો જોઇએ નહિ. જો કે હિંદુઓએ સાત દ્વીપોના વિભાગ કરી તેમની વચ્ચે વચ્ચે દહીં, દૂધ અને મધ (આદિ) ના સમુદ્રો માન્યા છે અને પાછળથી અજ્ઞાન માણસોએ તેમાં પુષ્કળ ક્ષેપકનો ઉમેરો કર્યો છે; તથાપિ તેમાં લખેલી પ્રામાણિક અને સ્પષ્ટ વાતોને આપણે નિરર્થક માનીને છોડી દેવી જોઇએ નહિ.

આ પવિત્ર પર્વત (સુમેરુ) ને બ્રાહ્મણો મહાદેવ, આદીશ્વર વા વાઘેશનું[1] નિવાસસ્થાન જણાવે છે; અને જૈનો આદિનાથ અર્થાત્ પોતાના પ્રથમ તીર્થંકરનું નિવાસસ્થાન માને છે. તેમના કથનાનુસાર તેમણે આજ સ્થળે મનુષ્યજાતિને કૃષિ અને સભ્યતાની પ્રથમ શિક્ષા આપી હતી. યૂનાની લોકો તેને બેકસનું[2] નિવાસસ્થાન જણાવે છે અને એપરથીજ પ્રસ્તુત દેવતા જ્યુપિટર[3] (યૂનાનીઓ અને રોમનોનો પ્રસિદ્ધ દેવતા) ની જંઘામાંથી ઉત્પન્ન થયો હતો, એવી યૂનાનીકથા પ્રચલિત છે; અર્થાત્ તેમણે હિંદુસ્થાનના ઉક્ત દેવતાના મેરુ ( પર્વત ) ને ભ્રમથી મેરોસ ( જંઘા ) સમજી લીધો છે. આજ સ્થાનની નિકટ સિકંદરના સાથીઓના સૅટરનેલિયા નામના તહેવારની ઉત્પત્તિ થઇ હતી. આ તહેવારમાં તેમણે ત્યાં નીપજતી દ્રાક્ષનો દારૂ વિશેષ પીધો અને પોતાના લલાટપર આઇવી નામના.

---

૧ વાઘેશ-વાઘના સ્વામી. એઓ વ્યાઘ્ર વા ચિત્તાનું ચર્મ ધારણ કરે છે વા તેને બિછાવે છે. બેકસનો પણ એવોજ હાલ હતો. ઉભયનું ચિન્હ લિંગ છે. મેવાડમાં ×વાઘેશનાં કેટલાંક મંદિરો છે.

૨ બેકસ યુનાની અને રોમનલોકોનો એક પૌરાણિક દેવતા હતો. એને જ્યુપીટરનો પુત્ર માનવામાં આવે છે. તેના સંબંધમાં તે લોકોમાં એવી દંતકથા પ્રચલિત છે કે, તેણે પ્રથમ દ્રાક્ષ ઉછેરી તેમાંથી મદ્ય બનાવવાનું લોકોને શીખવ્યું હતું અને એજ કારણથી તેને તે લોકોમાં મદ્યનો અધિષ્ઠાતા માનવામાં આવે છે. (ગૌ. હી. ઓઝા)

૩ યુનાની અને રોમનલોકોનો પ્રસિદ્ધ દેવતા જ્યુપિટર છે. હિંદુઓમાં ઇંદ્રનો જે દરજ્જો છે તેજ દરજ્જો બહુધા ઉક્ત લોકોમાં જ્યુપિટરનો છે. આ લોકો તેને સેટર્ન અર્થાત્ શનિનો પુત્ર, સ્વર્ગનો રાજા અને મનુષ્ય તથા દેવતાઓનો પિતા માને છે. તેણે પોતાની ભગિની જુનોની સાથે વિવાહ કર્યો હતો તથા તેણે ઇતર અનેક દેવીઓ તેમજ મનુષ્યજાતિની સ્ત્રીઓ સાથે ભોગવિલાસ કર્યો હતો. (ગૈ૦ હી૦ ઓઝા.)

૪ સેટરનેલિયા-એ યુનાની તથા રોમનલોકોના એક પ્રસિદ્ધ તહેવારનું નામ છે. આ તહેવાર તેમના પ્રસિદ્ધ દેવતા જ્યુપિટરના પિતા (શનિ)ના સન્માનાર્થે પાળવામાં આવતો હતો. (ગૌ. હી. ઓઝા.)

---

( **वर्षं तद्भारतं नाम नवसाहस्रविस्तृतम्। कर्मभूमिरियं स्वर्ग०** । અગ્નિપુરાણ, અધ્યાય ૧૧૮ શ્લોક ૧-૨ ) લખવામાં આવી છે, જેનો અર્થ સુકર્મ વા સત્કર્મ કરવા યોગ્ય ભૂમિ છે. ( **प्राप्येमां कर्मभूमिं न चरति मनुजो यस्तपो मंदभाग्यः** । ભર્તૃહરિકૃત નીતિશતક, શ્લોક ૧૦૦ ) વેદાદિમાં નિર્દિષ્ટ કરેલાં યજ્ઞ, તપાદિ સત્કર્મો કેવલ આ દેશમાંજ કરવાનો અધિકાર હોવાથી આ દેશ 'કર્મભૂમિ' કહેવાય છે અને 'આર્યાવર્ત' ભારતખંડના તે મોટા ભાગનું નામ છે કે, જે હિમાલય અને વિંધ્યાચલના મધ્ય ભાગમાં સ્થિત છે અને તે પુણ્યભૂમિ કહેવાય છે. (**आर्यावर्त्तः पुण्यभूमिर्मध्यं विंध्यहिमालयोः**। અમરકોષ **आसमुद्रात्तु वै पूर्वादासमुद्रात्तु पश्चिमात्। तयोरेवान्तरं गिर्योरार्यावर्त्तं विदुर्बुधाः** ॥ મનુસ્મૃતિ અધ્યાય ૨ શ્લોક ૨૨ ) કદાચ કર્નલ ટૉડે મધ્ય એશિયાને આર્યાવર્ત્ત ઠરાવવાના વિચારની ધૂનમાં ભારતખંડને 'કુકર્મ ભૂમિ' લખી દીધી હશે. (ગૌ. હી. ઓઝા)

× કર્નલ ટૉડે યુનાનીઓ અને હિંદુઓનાં દેવદેવીઓ તથા પૌરાણિકકથા વગેરેની સમાનતા દર્શાવવાનો પ્રયત્ન કરવામાં ખેંચતાણ કરી છે અને કેટલેક સ્થળે નવા શબ્દો પણ ઉપજાવી કાઢયા છે, જેમાંનો એક 'વાઘેશ' પણ છે. તેમણે મહાદેવ તથા યુનાનીઓના દેવતા બેકસની સમાનતા દર્શાવવા માટે બેકસની સાથે મળતો આવતો 'વાઘેશ' શબ્દ ઉપજાવી કાઢયો છે; પરંતુ મહાદેવને માટે સાધારણ રીતે ઉક્ત શબ્દનો પ્રયોગ ક્યાંય પણ કરવામાં આવતો નથી, તેમજ સંસ્કૃતમાં પણ તે ક્યાંય મહાદેવના પર્યાયતરીકે આવતો નથી. (ગૈ. હી. ઓઝા)

વેલા[1] બાંધ્યા. આઇવી પૂર્વ અને પશ્ચિમના વાઘેશને માટે વિશેષ પવિત્ર છે. વાઘેશના પૂર્વ તથા પશ્ચિમના ઉપાસકો એકસરખી રીતે ખૂબ મદ્યપાન કરે છે.

આ કથાઓ મનુષ્યજાતિના ઇતિહાસમાં જ્યારે હિંદુઓ તથા યૂનાનીઓ એકજ કેંદ્રમાં હતા, ત્યારે તેમનું નિવાસસ્થાન એકજ હતું અને તેમની ઉત્પત્તિ એકજ પુરુષમાંથી થઈ હતી, એમ દર્શાવે છે; કારણ કે આદીશ્વર, ઑસિરિસ,[2] વાઘેશ, બેકસ,મનુ અને મીનસ[3] એ સર્વે મનુષ્યજાતિના આદિપુરુષ નુહનાં નામો છે, એમાં થોડોજ સંદેહ છે.

હિંદુલોકો વર્તમાનસમયમાં મેરુના સ્થાનના સંબંધમાં કેવલ એક અત્યંત સાધારણ વિચાર પ્રદર્શિત કરે છે; પરંતુ તેઓ તેને એક એવા સ્થાનપર સ્થિત જણાવે છે કે,જેની બાહ્યસીમાપર બામિયાં[4], કાબૂલ અને ગિઝની હોય. આ નગરમાંના પહેલામાં બૌદ્ધધર્મનાં કેટલાંક શેષ સ્મરણચિન્હો અર્થાત્ ગુફાઓ અને મોટી મોટી મૂર્તિઓ[5] ઉપલબ્ધ થઇ છે. પૅરોપૅમિસેન ઍલેકઝાંડ્રિયા[6] બામિયાંની નિકટ છે; પરંતુ

૧ 'વેલા' શબ્દ લતાનો સાધારણ પર્યાય શબ્દ છે. તે હિંદુસ્થાનના બેકસ (વાઘેશ, આદીશ્વર, મહાદેવ) ને પ્રિય* છે. આ દેવતાના પૂજારીઓ પોતાના ઈષ્ટદેવનું અનુકરણ કરીને માદકપદાર્થોનો છૂટથી ઉપયોગ કરે છે. અમરવેલ એક સુંદર લતા છે કે જે મહાદેવની પવિત્ર વાટિકામાં દગ્ગોચર થાય છે.

૨ ઑસિરિસ એ પ્રાચીન મિસરવાસીઓનો એક મોટો દેવતા હતો. તે ઉક્ત દેશનો રાજા અને પોતાની પ્રજામાં સભ્યતાનો પ્રચાર કરનાર મનાતો હતો. એમ કહેવાય છે કે, તેના ભ્રાતાએ તેના શરીરના ખંડખંડ કરી નાખીને તેને નાઈલ (નીલ)નદીમાં ફેંકી દીધા હતા. (ગૌ. હી. ઓઝા

૩ મિસરવાસીઓની જનશ્રુતિઓપરથી વિદિત થાય છે કે, મીનસ એ ઉક્ત દેશનો પ્રથમ રાજા હતો અને તે ઇ૦ સ૦ પૂર્વે ૨૭૦૦ માં થયો હતો. તેને એક દરીઆઈઘોડો મારીને ખાઇ ગયો હતો. (ગૌ. હી. ઓઝા)

૪ પ્રસિદ્ધ ચિના પરિવ્રાજક હુએન્સંગે ઇ. સ. ૬૩૦માં હિંદુસ્તાનમાં આવતી વખતે બામિયાંમાં (અફઘાનીસ્તાનમાં) વિશ્રામ કર્યો હતો. તે જણાવે છે કેઃ-"ત્યાંના લોકો બૌદ્ધધર્માવલંબી છે અને ત્યાં બૌદ્ધોના ૧૦ મઠો છે, જેમાં હીનયાનમત (બૌદ્ધોની બે મુખ્ય શાખામાંની એક)ના ૧૦૦૦ લોકોત્તરવાદી ધર્મગુરુઓ વસે છે. રાજધાનીથી ઈશાનકોણમાં આવેલા એક પર્વતની ઉત્તરે ૧૪૦ થી ૧૫૦ ફીટ સુધીની ઉંચાઈની બુદ્ધની પાષાણમૂર્તિ છે. એની પૂર્વે શાક્યબુદ્ધની એક ધાતુની મૂર્તિ ૧૦૦ ફીટ ઉંચી છે. આ મૂર્તિનાં અંગો પૃથક્ પૃથક્ ઢાળીને સંયોજી દેવામાં આવ્યા છે. રાજધાનીથી ૧૨ વા ૧૩ લી ( પ્રાયઃ પાા લીનો એક માઇલ થાય છે ) ના અંતરપર આવેલા એક મઠમાં ૧૦૦૦ ફીટ લાંબી બુદ્ધની સૂતેલી નિર્વાણ (મોક્ષ)ની સ્થિતિની મૂર્તિ છે. ત્યાંનો રાજા જ્યારે 'મોક્ષ મહાપરિષદ્' ( પ્રતિ પાંચ વર્ષે ભરાતી બૌદ્ધોની ધર્મસભા ) ભરે છે તે સમયે, પોતાનો સમસ્ત ભંડાર ધર્મગુરુઓને અર્પણ કરી દે છે. આ મૂર્તિઓ અદ્યાપિ વર્તમાન છે. (ગૌ. હી. ઓઝા)

૫ જોહાક બામિયાંમાં એક અત્યંત પ્રાચીન કિલ્લો અદ્યાપિ સારી સ્થિતિમાં છેઃ પરંતુ બામિયાંનો કિલ્લો ખંડિયેર બની ગયો છે. પર્વતોમાં ૧૨૦૦૦ ગુફાઓ કોતરી કાઢવામાં આવેલી છે અને તે કોતરકામના તથા ચણતરકામના સુંદર આદર્શો છે. તેને 'સમાજ' કહેવામાં આવે છે અને ત્યાં દેશીલોકો શીતકાળમાં જઈને વસતા હતા. ત્યાં ત્રણ અદ્‌ભુત મૂર્તિઓ છે. તેમાંના એક મૂર્તિ પુરુષની છે કે જે ૮૦ એલ ( સાડાત્રણ ફીટનો એક એલ થાય છે ) ઉંચી છે.બીજી એક સ્ત્રીની ૫૦ એલ અને ત્રીજીએક બાલકની ૧૫ એલ ઉંચી છે.આ સમાજો પૈકી એકમાં એક કબ્ર છે, જેમાં પેટીમાં એક લાશ મૂકવા માં આવી છે.એના સંબંધમાં વૃદ્ધમાં વૃદ્ધ મનુષ્યો પણ કાંઈ જાણતા નથી. તેના તરફ લોકો પરમ શ્રદ્ધાની દૃષ્ટિથી જુએ છે.પ્રાચીન સમયના મનુષ્યોની પાસે કાંઈક એવો મસાલો હતો કે જે મૃતશરીરપર લગાડવાથી તે દીર્ઘકાળપર્યંત સડી શકતું નહોતું. (આઈન-ઈ-અકબરી વોલ્યુમ ૨ જું પૃષ્ઠ ૧૬૯)

૬ સિકંદર ( ઍલેકઝાંડર ) પાદશાહે એશિયાખંડની વિજયયાત્રામાં કેટલેક સ્થળે પોતાના નામનાં અર્થાત્

*બેકસ પોતાના શિરપર દ્રાક્ષનાં પત્રો તથા આઇવી નામની લતા લપેટતો હતો અને મહાદેવને બીલી નામના વૃક્ષનાં પત્રો (બિલ્વપત્ર) પ્રિય છે. કર્નલ ટોડે મહાદેવને ચઢાવવામાં આવતાં બિલ્વપત્રો (બેલ પત્રો,ને વેલા અર્થાત્ લતાનાં પત્રો સમજી ભ્રમથી આઈવી નામના વેલા (લતા) પૂર્વ અને પશ્ચિમના 'વાઘેશ' (બેકસ) તથા મહાદેવ એ ઉભયને માટે પવિત્ર હતા, એમ લખ્યું છે. મહાદેવને માટે કોઈ પણ લતાનાં પત્રો પવિત્ર માનવામાં આવતાં નથી. આઈવી શીતળતાપ્રધાન દેશોની લતા છે અને તે હિંદુસ્તાનના ઉત્તર ભાગમાં પણ થાય છે. પંજાબમાં તેને 'હલબંબર' વા 'અરબબલ,' બિહારમાં 'લબલબ' અને નેપાળમાં 'દુહેલા' કહે છે. (ગૌ. હી. ઓઝા)

યુનાનીગ્રંથકારોએ સિકંદરના સમયમાં મેરુ અને નિસાને[1] અધિક પૂર્વ તરફ માન્યા છે અને ચતુર એરિયન (એ ઇતિહાસલેખક હતો)ના મતાનુસાર એ કોફસ (કાબૂલ નદી)તથા સિંધુ નદીની વચ્ચે સ્થિત છે.કેટલાક પ્રામાણિક ગ્રંથોમાં મેરુને પેશાવર અને જલાલાબાદની વચ્ચે આવેલો માન્યો છે અને તેનું નામ 'મેરકોહ' વા 'મારકોહ'[2] જણાવ્યું છે. આ એક ખુલ્લો પહાડ ૨૦૦૦ ફીટ ઉંચો છે અને તેના પશ્ચિમભાગમાં ગુફાઓ છે.પાદશાહ હુમાયૂએ તેનું ભયાનકરૂપ[3] જોઇને તેનું નામ 'બેદૌલત'રાખ્યુંહતું;પરંતુ 'દરતે બેદૌલત' અર્થાત્ 'હતભાગી મેદાન'નું નામ તે ભૂખંડને આપવામાં આવ્યું હતું કે જે ઉપર્યુક્ત નગરોની વચ્ચે છે.

સુમેરુના સંબંધમાં આટલો વિસ્તાર કરવાનો ઉદ્દેશ માત્ર એટલુંજ દર્શાવવાનો છે કે, સ્વયં હિંદુ-લોકો પોતાની જાતિનું ઉત્પત્તિસ્થાન સિંધુની આ તરફના ભારતવર્ષમાં નહિ;પરંતુ તેની પશ્ચિમે આવેલા

---

ઍલેક્ઝાંડ્રિયા નામનાં નગરો સ્થાપિત કર્યાં હતાં,જેમાંનાં કેટલાંક અદ્યાપિ પ્રાપ્ત થાય છે. તેમાંનું એક આ પૅરોપૅમિસેન ઍલેક્ઝાંડ્રિયા પણ છે કે જે પૅરોપૅમીસસ (હિંદુકુશ) પર્વતની નિકટ હોવાથી ઉક્ત નામથી ઓળખાય છે. (ગૌ. હી. ઓઝા.)

૧ પુરાણોમાં 'નિષધ'* એ એક પર્વતનું નામ છે. જો એ ષષ્ઠી વિભક્તિમાં હોય ( કે જેમ અંતિમ પ્રત્યયથી જ્ઞાત થાય છે ) તો કદાચ તે નિસાનગરના નામપરથી બનેલો તે લોકોની ભાષાનો શબ્દ હશે.

૨ સંસ્કૃતમાં પર્વતને 'મેર' (મેરુ) અને ફારસીમાં તેને 'કોહ' કહેવામાં આવે છે.

૩ એશિયાટિક સોસાયટિ વૉલ્યુમ ૬, પૃષ્ઠ ૪૯૭ માં મહાશય વિલ્ફર્ડ સર વૉલ્ટર રૅલેના "હિસ્ટરી ઑફ્ ધી વર્લ્ડ" જગતનો ઇતિહાસ નામના પ્રાચીન વિદ્યાભંડાર ( કે જેમ હિંદુ લોકો કહે છે ) માંથી ઘણું લખાણ ઉધ્ધૃત કર્યું હોય એમ જણાય છે. ઉક્ત મહાન પુરુષે વિચિત્ર રીતે જે કાંઈ સંગ્રહિત કર્યું અને લખ્યું હતું. તેની સાથે મહાશય વિલ્ફર્ડે પોતાનો એકત્રિત કરેલો સંગ્રહ સંયુક્ત કરીને પોતાની કલ્પનાશક્તિથી તેને અધિક રોચક બનાવી દીધું છે; પરંતુ જ્યારે તેમણે પૃથ્વીપરના સ્વર્ગ ( ખ્રિસ્તી લોકોના ઇડન+) નું વર્ણન લખ્યું ત્યારે તેમણે પ્રલયની પૂર્વેની તથા પાછળની મનુષ્યજાતિનાં ઉત્પત્તિસ્થાનોને પૃથક્ પૃથક બતાવ્યાં નહિ એનું મને આશ્ચર્ય થાય છે. સર વૉલ્ટર રૅલેના એક વાક્યપરથી તેની કલ્પનાને સહાય મળી શકત. રૅલે જણાવે છે કે, ઈડનનું સ્થાન એશિયાના ઉપલા ભાગમાં જેહૂન અને બીજી મોટી નદીઓના મધ્ય ભાગમાં હતું. આ સ્થળે પુષ્કળ મોટાં વૃક્ષો છે કે જે આદિનાથ વા મહાદેવના સંબંધમાં પવિત્ર ગણાય છે.

"પાપપુણ્યનું જ્ઞાન કરાવનાર વૃક્ષના સંબંધમાં કેટલાક માણસોએ વિશેષ કલ્પના દોડાવી છે (ફક્ત ઈડન-ના બાગમાંના વૃક્ષનું ફળ ખાવાની ઇશ્વરે આદમ તથા ઈવને મના કરી હતી. ગૌરીશંકર ઓઝા) વિશેષતઃ ગોરૅપ્યસ બેકાનસે આ સંબંધે ઘણી કલ્પના કરી છે. તે પોતાને ઉક્ત વૃક્ષની એક જાતિના શોધકતરિકે ઓ-ળખાવે છે. તે જાતિનો પ્રાચીન ગ્રંથકારોને કિંચિત્ પણ ખ્યાલ નહોતો, તેથી ગોરૅપ્યસને ઘણું આશ્ચર્ય ઉત્પન્ન થયું છે.

આદમ અને ઈવ ( ખ્રિસ્તી લોકોના મતાનુસાર ઇશ્વરે ઉત્પન્ન કરેલું માનવજાતિનું પ્રથમ યુગલ. ગૌ. હી. ઓઝા ) સાથે સાથે સઘન વનમાં ગયાં અને તેમણે શીઘ્ર અંજીરની જાતિનું તે વૃક્ષ (વડ) પસંદ કર્યું કે જે પોતાના ફળને માટે પ્રસિદ્ધ નથી; પરંતુ જે આજપર્યંત મલબાર વા દક્ષિણના ભારતવાસીઓને પરિચિત છે અને જે પોતાની શાખા એટલી વિસ્તારપૂર્વક ફેલાવે છે કે તેની જટાઓ ( નીચે લટકી ) જમીન સાથે ચોંટી જઈ મૂળ વૃક્ષની આસપાસ તેની સંતતિની પેઠે જામી જાય છે અને સ્તંભરૂપ બનીને વચ્ચે વચ્ચે મહેરાબદાર આચ્છાદિત કુંજ ગલીઓ બનાવે છે. ત્યાં વારંવાર ગોવાળો તાપમાંથી રક્ષા કરનારી તેની શીતલ છાયામાં બેસી પોતાનાં પશુઓને ચારે છે......એમેઝોનની=ઢાલ જેવાં પહોળાં તેનાં મોટાં મોટાં પત્રો તેમણે એકત્રિત કર્યાં."

---

* નિષધ પર્વતને નિસા નગરની સાથે કાંઈ પણ સંબંધ નથી તેમજ તે શબ્દ ( નિષધ ) ષષ્ઠી વિભક્તિ-માં પણ નથી. (ગૌ. હી. ઓઝા)

+ ખ્રિસ્તીલોકોના મતાનુસાર ઇડન તે બાગનું નામ છે કે જેમાં આદમ અને ઈવ ( હવા ) રહેતાં હતાં. (ગૌ. હી. ઓઝા)

= પ્રાચીન યુનાનીઓમાં એક કથા એવા આશયની પ્રસિદ્ધ હતી કે, એશિયામાઈનરના ઈશાનકોણમાં એમેઝોન નામની વીર સ્ત્રીઓનું સ્વતંત્ર રાજ્ય હતું. તે રાજ્યમાં કોઈ પણ પુરુષ રહી શકતો નહોતો. તે સ્ત્રીઓ પોતાના પાડોશી રાજ્યમાં જઈ ગર્ભ ધારણ કરી આવતી હતી. જો તેમને પુત્ર ઉત્પન્ન થતો તો તેને મારી નાખવામાં આવતો અથવા તેના પિતાની પાસે મોકલી આપવામાં આવતો અને પુત્રી થતી તો તેને રાખવામાં આવતી. તે સ્ત્રીઓ સર્વ પ્રકારનાં શસ્ત્ર ધારણ કરી પોતાના રાજ્યની રક્ષા કરતી હતી. તેમની ઢાલો નાની થતી હતી, તેથીજ વડનાં પત્રોને તેની ઉપમા આપવામાં આવતી હતી. (ગૌ. હી. ઓઝા)

[1]કૉકેસસ પર્વતની વચમાં બતાવે છે. અહીંઆંથી નીકળીને સૂર્યપુત્ર વૈવસ્વતનાં સંતાનો પૂર્વમાં સિંધુ તથા ગંગાના તટપર્યંત ગયાં અને તેમણે કોશલમાં પોતાની પ્રથમ રાજધાની અયોધ્યા વા અવધ કરી.

ઘણી જાતઓએ પોતાનું મૂળસ્થાન નિશ્ચિત કરવાની ઇચ્છા ધારણ કરી છે અને મધ્યભૂમિ વા એશિયાના મધ્યપ્રદેશ કરતાં વિશેષ આકર્ષક સ્થળો ઘણાં થોડાંજ હશે. આ સ્થળેથી આમ્પૂ, ઑક્સસ વા જેહૂન તથા ઇતર નદીઓ નીકળે છે અને તે સ્થાનમાં સૂર્યવંશી તથા ચંદ્રવંશી એ ઉભય પોતાન

---

૧ સર વૉલ્ટર રૅલે મનુષ્યજાતિના ઉત્પત્તિસ્થાનના સંબંધમાં હિંદુઓની કલ્પનાને સારી રીતે પુષ્ટિ આપે છે તેનું કથન છે કેઃ-" પ્રલય પછી સૌથી પ્રથમ મનુષ્ય અને વનસ્પતિની ઉત્પત્તિ ભારતવર્ષમાંજ થઈ હતી." (પૃષ્ઠ ૯૯ ) તેનો પ્રથમ દલીલ એ છે કે, તે (ભારતવર્ષ) એક એવું સ્થાન છે કે જ્યાંનાં દેશીવૃક્ષો દ્રાક્ષ અને જીતવૃક્ષ છે. શકજાતિના સિથિયનલોકોના દેશમાં પણ ઉક્ત વૃક્ષો થતાં હતાં. (અને હજી પણ તે કાબુલ અને બામિયાંની વચ્ચે જવની સાથે થાય છે.) તેની બીજી દલીલ એ છે કે, અરારાટપર્વત આર્મીનિયામાં હોવાને સંભવ નથી; કારણકે ગોર્ડિયનપર્વત કે જેની ઉપર ( નૂહની ) નૌકા થોભી હતી, તે ૭૫ રેષાંશમાં અને શિનારની ખીણ ૭૯ થી લઈને ૮૦ રેષાંશમાં છે. આ દશામાં સ્થાનાંતર કરવાનો માર્ગ વિપરીત થઇ જશે. "તેઓ પૂર્વ તરફથી ચાલ્યા તો તેમને શિનારની ભૂમિમાં એક મેદાન મળ્યું અને ત્યાં તેઓ રહ્યા." (જીનિસસ અધ્યાય ૨ જો પંક્તિ ૨ જી) વળી તેઓ જણાવે છે કેઃ-"મૂસાએ જેને અરારાટ કહ્યા છે તે કોઈ એક પહાડનું ખાસ નામ નથી પરંતુ તે કૉકેસસની વિશાળ પર્વતશ્રેણીનું સાધારણ નામ છે; માટે કાં તો આપણે આ અરારાટ પર્વતને ઉરાડી દેવો જોઈએ અથવા તેને ખોદીને આર્મીનિયાથી દુર લઈ જવો જોઇએ, કિંવા તેને ઉષ્ણદેશમાં કોઈ અન્ય સ્થાનપર અને શિનારની પૂર્વ તરફ શોધવો જોઇએ;" માટે તેઓ તેને ૧૪૦ રેશાંસ અને ૩૫ થી ૩૭ અક્ષાંશની વચ્ચે ઈન્ડો-સિથિયા માં કાયમ કરે છે કે જ્યાં ઉંચા ઉંચા પર્વતો છે. અંતે સર વોલ્ટર રૅલે જણાવે છે કેઃ-"જે સ્થાન પર નૂહે વિશ્રામ કર્યો હતો તે અધિક ઉષ્ણતાવાળા નાર્વાત્ય દેશમાં હતું. અહીંઆં તેણે દ્રાક્ષનાં વૃક્ષ ઉછેર્યાં, કૃષિનો ધંધો કર્યો અને તેપર પોતાનો જીવનનિર્વાહ ચલાવ્યો" ઑસ્ટિયસ મૅન્ટેનસ નામના મહાન વિદ્વાન લખે છે કે "નૂહ કૃષિકર્મથી પ્રસન્ન થયો અને એમ કહેવાય છે કે તે આ વિષયમાં સૌથી આગળ વધી ગયો. આથી તે પોતાની જ ભાષામાં 'ઈશ આદમઠ * અર્થાત્ 'ભૂમિના કામમાં લાગી રહેનારો કહેવાયો." ઉપર્યુક્ત પદવી,પ્રકૃતિ અને નિવાસસ્થાન જૈનલોકોના પ્રથમ તીર્થંકર આદિનાથના વૃત્તાંતની સાથે સંપૂર્ણતઃ ઘટી શકે છે. આદિનાથે મનુષ્યોને ખેતીવાડીનું કામ અને કણસલાં છુંદી અનાજ કાઢતી વખત બળદના મુખપર જાળી બાંધવાનું કામ પણ શીખવ્યું હતું.

જો સર્વૉલ્ટર સ્કોટને વિદિત હોત કે હિંદુઓનાં ધર્મપુસ્તકમાં તેમના દેશનું નામ આર્યાવર્ત[2]+ આપવામાં આવ્યું છે અને વિશાલ ઈમૉસ ÷ તેની ઉત્તર સીમા છે તો તેઓ નિસ્સંદેહ તેને પોતાનો અરારાટ માની લેત

હિંદુ વા ઇંદુકુશ અથવા કોહ એ સ્થાનિક નામ છે. તેનો અર્થ "ચંદ્રનો પહાડ" થાય છે.

---

* સંસ્કૃતમાં 'ઈશ'નો અર્થ 'સ્વામી' થાય છે. 'આદ' 'આદિ'નો અર્થ 'પ્રથમ' અને 'માઠ' વા 'મઠ' નો અર્થ 'પૃથ્વી' વા 'માટી' થાય છે. અહીંઆં સંસ્કૃત અને હિબ્રુભાષાના શબ્દનો અર્થ એકજ છે;અર્થાત્ તે 'પૃથ્વીનો પહેલો સ્વામી' એવો થાય છે. આ દુરના રાજપૂતપ્રદેશો કે જ્યાં પ્રાચીન રીતભાત અને ભાષા અદ્યાપિ પ્રચલિત છે તેમાં મનુષ્યમાટેનો જોરદાર શબ્દ 'માંટી' છે કે જેનો મૂળ અર્થ પૃથ્વી થાય છે. એક સરદાર જ્યારે પોતાના માણસો અને સીમાંતના લોકોની વચ્ચેના યુદ્ધનું વર્ણન કરે છે, ત્યારે તે મરી ગએલા માણસના સંબંધમાં કહે છે કેઃ-"મેરા માંટી + મારા" અર્થાત "મારી પૃથ્વી મરી ગઈ. આ એક એવું વાકય છે કે, જેપર કોઇ પણ પ્રકારની ટીકાની આવશ્યકતા નથી અને એમ પણ પ્રગટ થાય છે કે તે ખૂનને બદલે ખૂન માગે છે.

+ આર્યાવર્ત વા પુણ્યભૂમિ હિમવતની દક્ષિણે આવેલી હિંદભૂમિના સપાટ મેદાનોને આપણે કહી શકતા નથી; કારણ કે પુરાણોમાં તેને માટે તેથી સર્વથા વિરુદ્ધ નામ 'કુકર્મદેશ વા પાપભૂમિ' લખ્યું છે.

÷ મધ્યએશિયાનો પર્વતમય ઉચ્ચ પ્રદેશ છે. ( પંડિત ગૌ. હી. ઓઝા)

---

+ સંસ્કૃતમાં મિટ્ટિને માટે મઠ વા માઠ શબ્દ નથી. તેની સાથે કેટલેક અંશે મળતા પૃથ્વીને માટે 'મહી' અને માટીને માટે 'મૃત્તિકા' શબ્દ છે. રાજસ્થાનની ભાષામાં 'માટી' અને માંટી એ બે ભિન્ન શબ્દો છે, જેમાંના પહેલાનો અર્થ મટોડી અને બીજાનો અર્થ બહાદુર માણસ વા પતિ છે. 'મેરા માંટી મારા' એ વાકયનો અર્થ કર્નલ ટૉડ 'મારી પૃથ્વી મારી ગઇ' એવો કરે છે; પરંતુ તે યથાર્થ નથી. તેનો અર્થ તો 'મારો બહાદુર આદમી માર્યો ગયો' એવો થાય છે. તેમણે 'માટી' અને 'માંટી' એ ભિન્ન ઉચ્ચારના બે શબ્દોને એકજ સમજીને ભ્રમથી તેવો અર્થ કર્યો છે. (પંડિત ગૌ. હી. ઓઝા)

આદિ પુરુષનો પવિત્ર પર્વત[1] હોવાનો દાવો કરે છે.[2] આ સ્થાનથી તેઓ પૂર્વતરફ આવ્યા હતા.

રાજપૂતજાતિઓ હિંદનાં ઉષ્ણ મેદાનોમાં પોતાની કેટલીક સિથિયન લોકોની સાથે મળતી વર્તમાન આદતો અને સમરવિષયક વહેમો પ્રાપ્ત કરી શકે એવી સંભાવના નથી. અહીંઆં એટલી બધી ગરમી પડે છે કે, તેઓ દક્ષિણ તરફથી આવીને ઉત્તર ગોળાર્ધને પ્રફુલ્લિત કરનાર સૂર્યનું સ્વાગત પ્રસન્નતાપૂર્વક કરી શકે નહિ. જે ધર્મને તેઓ પોતાના પૂર્વનિવાસસ્થાનમાંથી લાવ્યા હતા, તે ધર્મ બહુધા શીતપ્રધાન દેશનોજ હોવો જોઈએ, કે જ્યાંથી જેહૂન (ઑક્સસ વા આમૂદરિયા) અને ઝક્ષર્તીસ (સેહૂન વા સિરદરિયા) એ નદીઓ નીકળી છે. આ વાત અત્યંત સંભવિત લાગે છે કે, સૂર્યપુત્ર વૈવસ્વતનાં સંતાનો જે 'અશ્વમેધ' વા 'ઘોડા (સૂર્યના ચિન્હ) નો યજ્ઞ' એ નામનો મોટો સાંક્રાંતિક તહેવાર[3] માનતા હતા તેને સિથિયાથી એકજ સમયે તે લોકો હિંદુસ્થાનમાં લાવ્યા અને ઓડિન[4] વોડેન વા બુધના પુત્રોએ

---

૧ મેરુનો સ્પષ્ટ અર્થ પહાડ છે. જેમકે 'જેસલમીર' (કે જે પશ્ચિમ મરુસ્થલમાં ભાટીજાતિના રાજપૂતોની રાજધાની છે.) અર્થાત્ 'જેસલનો પહાડ,' 'મેરવાડા' અર્થાત્ 'પહાડી પ્રદેશ' અને તેના નિવાસી 'મેર'+અર્થાત્ 'પર્વતનિવાસી' છે. આ પ્રકારે રામાયણ નામના મહાકાવ્યમાં (કાંડ ૧ પૃષ્ઠ ૨૭૬) 'મેરા'÷ એ પર્વતની સ્ત્રીનું નામ છે. 'મેર' એ મેરુની પુત્રી અને હિમાલયની સ્ત્રી હતી; એનાથી બે કન્યા ઉત્પન્ન થઈ. પહેલી દેવી ગંગાનદી અને બીજી પર્વતની પુત્રી પાર્વતી. એને મહાભારતમાં શૈલની પુત્રી 'શૈલજા' પણ કહી છે. શૈલ એ હિમવતનું બીજું નામ છે, તેથી પર્વતમાંથી નીકળનારી નદીઓને સંસ્કૃતમાં શૈલેતી (શૈલોદકા ?) કહેવામાં આવે છે. શૈલજાના ગુણ ફ્રીગિયા (એશિયા માઈનરનો એક પ્રદેશ,)ના લોકોની સાઈબેલી (જ્યુપીટરની માતા)ની સાથે મળતા આવે છે તે પણ એજ નામના પર્વત(સાઈબાલ)ની પુત્રી હતી. શૈલજા સિંહાસનપર આરૂઢ થાય છે અને "સાઈબેલી" ના રથની સાથે સિંહને જોડવામાં આવે છે. આજ પ્રકારે યુનાનીઓએ 'પર્વત પામીર'ને (પેરોપેમિસેન) લખ્યો છે. આ નામ તેમણે બામિયાંની પશ્ચિમતરફ આવેલા હિંદુકોહ (હિંદુકુશ પર્વતને આપ્યું હતું; પરંતુ 'પર્વતપત પામર' અર્થાત્ 'પર્વતોના રાજા પામર'ને ચંદકવિએ રાજા પૃથ્વીરાજનો મોટો સામંત હમીર= જે દેશની તળેટીમાં રહેતો હતો તેની અત્યંત પૂર્વ તરફ આવેલો જણાવ્યો છે. જો તે પેરોપેમિસેન હોત (કે જેમ કેટલાક ગ્રંથકારોએ લખ્યું છે) તો જ્યાં તેનું નામ પડ્યું છે તે સ્થાનની સાથે તે અધિક મળતું આવત. મેરુ અને નિસાની અધિક નિકટ હોવાથી તેનું પાઠાંતર પર્વત અથવા પહાડ થાત અને પેરોપેમિસેન પુરાણોનો નિષધ પર્વત વા 'નિસાનો પહાડ' માનવામાં આવત.

૨ કર્નલ ટૉડનું આ અનુમાનમાત્ર છે. સૂર્ય અને ચંદ્રવંશીરાજપૂતો સુમેરુ એશિયાના મધ્યભાગમાં હતો, એવો દાવો કરતા નથી અને કોઇ પ્રાચીન પુસ્તકમાં પણ તે પ્રદેશમાંજ તે હતો, એમ નિશ્ચિત રીતે જણાવ્યું નથી. પુરાણાદિ ગ્રંથોમાં તેનું જે વર્ણન પ્રાપ્ત થાય છે, તેના આધારે તેનું સ્થાન નિશ્ચિત કરવું કઠિન છે. કાબુલ નદીના તટપર આવેલા નિસાનગરની પાસેના કેવલ ૨૦૦૦ ફીટની ઉંચાઈના નાના પહાડનું નામ ફારસીલેખકો 'મેરકોહ' વા 'મારકોહ' અને યુનાનીગ્રંથકારો 'મેરોસ' આપે છે, તેને સુમેરુ માનવો પણ સર્વથા અશક્ય છે; કારણ કે મેરુ પોતાની મહાન ઉંચાઈને માટે પ્રસિદ્ધ છે. કેટલાક વિદ્વાનો એવું પણ અનુમાન કરે છે કે તે કદાચ હિમાલય વા તેના કોઇ ઉન્નત શિખરનું નામ હશે. હિંદી અનુવાદક

૩ અશ્વમેધ એ શીતકાલની સંક્રાંતિનો સાધારણ તહેવાર નહોતો અને તે મહાશય ટૉડના અનુમાન પ્રમાણે સર્વત્ર પ્રતિવર્ષે પણ થતો નહોતો. તે કેવલ મોટા રાજાઓને કરવાનો યજ્ઞ હતો. આ તહેવાર ઘણા દીર્ઘકાલે થતો હતો અને કોઇ કોઈ વાર તો સેંકડો વર્ષપર્યંત થવા પામતો પણ નહોતો. હિંદી અનુવાદક

૪ ઓડિન વા વોડેન એ સ્કેન્ડિનેવિયનોનો એક પ્રસિદ્ધ દેવ હતો. સ્કેન્ડિનેવિયાદેશમાં તેને યુદ્ધદેવતા, સ્વર્ગનો રાજા અને એક આંખવાળો મનવામાં આવતો હતો.

---

+આ શબ્દનો અર્થ મેર લોકોનો દેશ છે. જાતિવાચક મેર શબ્દ મેરુ (પર્વત)માંથી નીકળ્યો નથી, પરંતુ તે 'મેહર' શબ્દનો અપભ્રંશ છે. મેરસરદાર ડેપડના તામ્રપત્રમાં તેની જાતિનું નામ 'મેહર'જ લખ્યું છે.
(પંડિત ગૌ. હી. ઓઝા)

÷મેરુની પુત્રીનું નામ 'મેરા' નહિ, કિન્તુ 'મેના' હતું. (રામાયણ કાંડ ૧, અધ્યાય ૩૫, શ્લોક ૧૪)
(પંડિત ગૌ. હી. ઓઝા)

=પૃથ્વીરાજરાસામાં એવો ઉલ્લેખ છે કે, પૃથ્વીરાજચૌહાણનો સામંત હમીર (હાહુલીરાય) કાંગડા અને જમ્મૂનો રાજા હતો; પરંતુ તે સમયે તે પ્રદેશમાં હમીર નામનો કોઈ રાજા વિદ્યમાન હોવાનાં પ્રમાણ મળતાં નથી.
(પંડિત ગૌ. હી. ઓઝા)

તેને પશ્ચિમતરફ સ્કૅન્ડિનેવિયામાં[1] લઈ જઈ ત્યાં પ્રચલિત કર્યો. સ્કૅન્ડિનેવિયામાં તે શીતકાળની સંક્રાંતિના હિ-એલ અથવા હિ-ઉલ[2] નામના તહેવારતરિકે પ્રસિદ્ધ થયો. ઉત્તર તરફની જાતિઓનો તે એક મહાન ઉત્સવ હતો અને ખ્રિસ્તીધર્મના પ્રારંભિક સમયમાં તેના પ્રચારનો યુગ નિકટ હોવાથી પાદરીઓ તે ઘટનાના સ્મરણાર્થે પ્રસન્નતાપૂર્વક તે તહેવારને મનાવતા હતા.[3]



૧ યૂરોપખંડનો ઉત્તર તરફનો દ્વીપકલ્પ કે જેમાં નોર્વે અને સ્વિડન નામના દેશો છે, તે 'સ્કેન્ડિનેવિયા' કહેવાય છે. (પંડિત ગૌ. હી. ઓઝા)

૨ 'હય' વા 'હી'* સંસ્કૃતમાં ઘોડાને કહે છે અને 'એલ'નો અર્થ સૂર્ય થાય છે, જે પરથી યૂનાની ભાષામાં 'ઈપ્પોસ' અને 'હલિઓસ' એ શબ્દો બન્યા છે. 'હેલઈપ્પોસ' એ સૂર્યવાચક સિથિયન શબ્દ જણાય છે અને 'હરિ' અર્થાત્ હિંદુસ્થાનનો એપેલો એ સૂર્યનું નામ છે. ઉત્તર તરફની જાતિઓના 'હિઉલ' વા 'જુલ' એ શબ્દો ફ્રાંસના 'નોઇલ' અને હિંદુઓના 'સંક્રાંતિ' શબ્દના પર્યાય છે.

૩ મૅલેટનું 'નોર્ધર્ન ઍન્ટિક્વિટિઝ' નામનું પુસ્તક જુઓ.

* સંસ્કૃતમાં ઘોડાને 'હય' કહે છે, 'હી' નહિ. (પંડિત ગૌ૦ હી૦ ઓઝા)

# परिशिष्ट २ जुं—अध्याय २ जो

## વંશાવલીઓ—પુરાણોની કથાઓ—રાજા તેમજ ધર્માચાર્યના ગુણોની એકતા—જુનાની ઇતિહાસલેખકોએ પુષ્ટિ આપેલી પૌરાણિક કથાઓ

હવે ભાગવત તથા અગ્નિપુરાણનાં ઐતિહાસિક વૃત્તાંતોમાં આપેલી સૂર્ય તથા ચંદ્રવંશીઓની વંશાવળીઓની તપાસ કરવામાં આવશે. આમાંનો પ્રથમ ગ્રંથ વંશાવળીઓના અનુક્રમની ગણના કરવાથી વિક્રમાદિત્યની પછીની ૭ શતાબ્દીઓ (ઇ૦ સ૦ ૬૫૦) પર્યંત પહોંચે છે; માટે તેજ અરસામાં આ ગ્રંથોનું પુનઃ નવીન સંસ્કરણ કરવામાં આવ્યું હશે અથવા તે પર ટિપ્પણી કરવામાં આવી હશે; પરંતુ તે કૃત્રિમ હોય એમ માની શકાતું નથી.

જોકે આ વંશાવળીઓનો કેટલોક ભાગ સર વિલિયમ જોન્સ,મહાશય બેંટલી અને કર્નલ વિલ્ફર્ડદ્વારા એશિયાટિક રિસર્ચીસનાં વૉલ્યુમોમાં પ્રકાશિત થઈ ચૂકયો છે, તથાપિ જો આપણે સ્વયં આ વિષયના મૂળ-સ્રોતસુધી કોઇપ્રકારે પહોંચી શકતા હોઇએ તો આપણે બીજા પુરુષોની શોધથીજ સંતુષ્ટ થઇ જવું જોઇએ નહિ.

જો આ સર્વ વાતોને છોડીને એમ માનવામાં આવે કે,હિંદુસ્થાનના પ્રાચીન રાજવંશોની આ વંશાવળીઓ કૃત્રિમ છે,તોપણ એ કૃત્રિમતાની રચના પ્રાચીનકાળમાં કરવામાં આવી હતી અને પ્રાચીનકાળના લોકો એ સંબંધે જે કાંઈ જાણતા હતા તે સર્વ એજ છે. જાતિઓનો વાસ્તવિક પ્રાચીન ઇતિહાસ સંપૂર્ણરીતે જાણવાનો બીજો ઉત્તમ ઉપાય એ છે કે જે કાર્યોથી તે જાતિઓ વિખ્યાત થઇ છે, તેની સંપૂર્ણ માહિતિ મેળવવી.

મૂળ પુરાણોમાં ઘણો ઉપયોગી ઐતિહાસિક વિષય લખવામાં આવ્યો હતો એમાં તો કિંચિત્ પણ સંશય નથી; પરંતુ અજ્ઞ ભાષ્યકારો તથા ક્ષેપક ઉમેરનારના નિકૃષ્ટ મિશ્રણમાંથી કિંચિત્ પણ શુદ્ધ વસ્તુ (વિષય) કાઢી લેવી વર્તમાનકાળમાં કઠિન છે. મેં તો કેવળ ઉપર ઉપરથીજ દિગ્દર્શન કર્યું છે; પરંતુ જો કોઈ યોગ્ય પુરુષ શોધ કરે તો વર્તમાન અજ્ઞતા અને રૂપકના પડદાનીચે ગુપ્ત રહેલાં પુષ્કળ ભિન્ન-ભિન્ન વૃત્તાંતો અને ઉપયોગી વિષયો પ્રાપ્ત થઇ શકે એમ છે.

હિંદુઓનું બુદ્ધિબળ, તેમની શેષ રહેલી ઇમારતોના અદ્યાપિ પ્રાપ્ત થતા સુંદર ધાટો અને તેમનાપર આલેખવામાં આવેલાં પૌરાણિક ચિત્રોની ઉત્તમતાદ્વારા પ્રમાણિત થાય છે; પરંતુ તેમણે પોતાનું બુદ્ધિબળ ઘટતાંની સાથેજ સત્યની લાવણ્યતાના રસને પણ ખોઇ નાખ્યો અને તેને સ્થાને પોતાના લેખો અને ઇમારતોમાં અદ્ભુત વિષયોને ગ્રહણ કરી લીધા. જો કૃત્રિમતા પકડાઇ જવાનો અને લજ્જાનો ભય ન હોત તો યૂરોપના સભ્ય દેશોમાં પણ ઐતિહાસિક વિષયમાં અત્યંત ગોટાળો થઈ જાત; પરંતુ પૂર્વદેશમાં પ્રાચીન એશિયાના સત્ય વ્યવહારની દુર્બલતાના સમયમાં કોઈ વિવેકી આલોચના કરનાર તથા પ્રશંસા કરનાર નહિ હોવાથી બ્રાહ્મણગ્રંથકારો બંધનમુક્ત થઈ મનમાન્યું લખતા ચાલ્યા ગયા હશે અને તેમણે એમ ધારી લીધું હશે કે, અમે અમારા ગ્રંથોમાં જેટલી અધિક અદ્ભુત વાતો[1]

---

૧ અનેક જાતિઓ પોતાની ઉત્પત્તિ અનાદિકાળથી થયેલી જણાવવાની મમતા રાખે છે. તેમના આ અભિલાષાપર પ્રસિદ્ધ ગ્રોટ ટીકા કરે છે કે, બબિલોનિયા, મિસર અને ફિનિશિયાના નિવાસીઓ પોતાની અત્યંત પ્રાચીનતાનો ઘમંડ વિશેષ કરે છે. બબિલોનિયનો તો એવી ડીંગ મારે છે કે અમે ૪૭૩૦૦૦ વર્ષોથી [illegible]

મેળવીશું તેટલા અમારા પ્રશંસકો અધિક થશે. કૃત્રિમ વાતોનો આસ્વાદ લેનારા એ લોકોને સ્પષ્ટ ઐતિહાસિક સત્ય વાતો દીર્ઘકાળથી અરોચક થઇ પડી છે.

જો કે આજ પ્રમાણે ત્યારપછીના કાળમાં અર્થાત્ ઇ૦ સ૦ પૂર્વે તૃતીય શતાબ્દીમાં બેબિલોનીઆ દેશના ઇતિહાસલેખક બેરોસસે કૃત્રિમ કહાણીઓ રચીને તેદ્વારા તે રાજ્યને એટલું તો પ્રાચીન ઠરાવ્યું કે તેનાપર કોઇ વિશ્વાસ મૂકી શકે નહિ; તોપણ તેની પૂર્વેના અનેક પ્રસિદ્ધ ઇતિહાસલેખકોદ્વારા તેના કથનનું ખંડન થઇ જાય છે. હિંદુસ્થાનના કલ્પિત કથા લખનારની કસોટી કરવાનું આવું કોઈ સાધન નથી. પૂર્વકાળથી જે વાતો ચાલી આવે છે, તેની સત્યતાવિષે સંદેહ કરવામાં પાપ સમજવામાં આવે, તો એ સમજવું કઠિનં છે કે વિદ્યાઓ અને કલાઓની ઉન્નતિ શી રીતે થઈ શકે ? અને એ માની લેવું તેથી પણ વિશેષ કઠિન છે કે (પાછળના) અવનત લોકો તેમાં સુધારો કેવીરીતે કરી શકે ?

હિંદુઓએ પણ અન્ય જાતિઓની પેઠે વિદ્યાઓમાં ધીમે ધીમેજ પૂર્ણ ઉન્નતિ પ્રાપ્ત કરી હશે; પરંતુ જો આપણે તેમને ઉક્ત વિદ્યાઓ નિર્માણ કરવાના યશના ભાગી ન માનતાં અન્યની પાસેથી તેને ઉધ્ધૃત કરનારા માનીએ તો એથી વિરુદ્ધ થઇ શકે એમ છે.બુદ્ધિ ને માટે આ દાસવત્ બંધન પાછલા સમયનીજ રચના છે અને એપરથી સહજ અનુમાન કરી શકાય છે કે વિદ્યા અને ધર્મનો અવરોધ એકસાથેજ થયો. આવા અવરોધનો પ્રભાવ બુદ્ધિની શક્તિ અને પ્રવૃત્તિ ઉપર કેવો પડયો હશે ? જ્યાં આવું થાય છે ત્યાં વિદ્યા અવશ્ય અવનતિને પ્રાપ્ત થાય છે. જો આપણુને ધર્મકાર્ય (સમસ્તસમાજને માટે) ધંધાતરિકે ન રહી વંશપરંપરાગત (અને અવશ્ય તે વંશપરંપરાગત બન્યું હતું. આ વંશાવળીઓપરથીજ તે વાત સિદ્ધ થાય છે.) કયા સમયથી થઈ ગયું તે માત્ર જ્ઞાત થાય તો આપણે જે સમયમાં વિદ્યા ઉન્નતિનાં શિખરપર ચઢી હતી તે સમયનું અનુમાન કરી શકીએ.

આ સૂર્ય અને ચંદ્રવંશીઓના આદિકાળમાં ધર્મગુરુનું પદ નિયત કુટુંબોમાં પૈતૃક (વંશપરંપરાગત) નહોતું; પરંતુ તે એક સાર્વજનિક ધંધો હતો. આ જાતિઓએ ક્ષત્રિયકર્મ છોડી ધર્મકાર્ય ગ્રહણ કર્યાનાં તથા તેમનાં સંતાનોએ પુનઃ ક્ષત્રિયકર્મ સ્વીકાર્યાનાં અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે. આ પ્રકારે ઇક્ષ્વાકુના[1] દશ પુત્રોમાંથી ત્રણ પુત્રો સાંસારિકકાર્ય છોડી ધર્મકાર્યમાં પ્રવૃત્ત થયા હતા અને તેમાંના એક અર્થાત્ કાનીનના[2] સંબંધમાં એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે તેણેજ સાથી પ્રથમ અગ્નિહોત્ર લઇ અગ્નિની પૂજા કરી હતી. તેનો બીજો એક પુત્ર વ્યાપારમાં[3] પ્રવૃત્ત થયો હતો. ચંદ્રવંશી પુરુરવાના ૭ પુત્રોમાંથી ચોથાનું નામ રેહ(રય)હતું.તેની પંદરમી પેઢીએ હારીત[4] થયો, કે જે પોતાના અષ્ટ બંધુઓસહિત ધર્મકાર્યમાં પ્રવૃત્ત થયો અને તેણે કૌશિકગોત્રની સ્થાપના કરી,કે જે બ્રાહ્મણોની એક શાખા છે.

યયાતિથી ચોવીસમી પેઢીએ ભારદ્વાજ રાજાના નામથી એક પ્રસિદ્ધ ગોત્ર નીકળ્યું. આ ગોત્રના માણસો અદ્યાપિ તેજ નામથી પ્રસિદ્ધ છે અને તેઓ કેટલીક રાજપૂતજાતિઓના પુરોહિત છે.

છવ્વીસમા રાજા મન્યુના બે પુત્રોએ ધર્મપરાયણ થઇ પ્રસિદ્ધ ગોત્ર સ્થાપિત કર્યાં; અર્થાત્ મહાવીર્યનાં સંતાનો પુષ્કર બ્રાહ્મણ થયા અને સંસ્કૃતિની સંતતિ વેદપાઠી થઇ. અજમીઢના વંશમાંથી ધર્મગુરુઓની શાખાઓ એકસરખી રીતે નીકળતી રહી.

ઘણા પ્રાચીનકાળમાં મિસરવાસીઓ તથા રોમનલોકોની પેઠે સૂર્યવંશી રાજાઓ રાજ્યાધિકારની સાથે ધર્મગુરુનું કાર્ય પણ કરતા હતા, પછી ભલે તેઓ બ્રાહ્મણધર્માવલંબી હો કે બૌદ્ધમતાવલંબી

---

અવલોકન કરતા આવ્યા છીએ. આ પ્રકારે પ્રત્યેક જાતિએ યુગોપર યુગો લાદી દીધા છે; પરંતુ આ કૃત્રિમ પ્રાચીનતાના આધારની પુષ્ટિ અનુમાનથી થઈ શકતી નથી અને એ સર્વ આધુનિક કલ્પનાજ છે. (ઓરીજન ઑફ લૉઝ)

૧ જુઓ વંશવૃક્ષ ૧ હું

૨ કાનીન ઇક્ષ્વાકુનો પુત્ર નહોતો; પરંતુ વૈવસ્વતમનુના સાતમા પુત્ર નરિષ્યંતનો અગીઆરમો વંશજ હતો. તેનું પ્રસિદ્ધ નામ 'અગ્નિવેસ્ય' વા' જાતુકર્ણ" હતું. (ગૌ. હી. ઓઝા)

૩ જેણે વૈશ્યત્વ પ્રાપ્ત કર્યું તે વૈવસ્વત મનુનો પૌત્ર અને દિષ્ટનો પુત્ર નાભાગ હતો. (ગૌ. હી. ઓઝા)

૪ હારીત એ રયનો વંશજ નહિ, પણ તેના બંધુ વિજયનો વંશજ હતો. (ગૌ. હી. ઓઝા)

હો.[1] રામચંદ્રની પહેલાં અને પછી પણ પુષ્કળ રાજવંશીઓએ પોતાના જીવનનો વિશેષ ભાગ તપસ્વીની પેઠે વ્યતીત કર્યો હતો અને પ્રાચીન મૂર્તિઓમાં તથા ચિત્રામાં પ્રાયઃ સર્વ મસ્તકો જટાઓથી તેમજ રાજમુકુટોથી[2] સુશોભિત થયેલાં ઉપલબ્ધ થાય છે.

મોટામોટા રાજામહારાજાઓ પોતાની કન્યાના વિવાહ આ રાજર્ષિઓ તથા મહર્ષિઓની સાથે કરતા હતા.પરાક્રમી[3] પાંચાલિકની કન્યા અહલ્યા ગૌતમઋષિની ભાર્યા થઇ હતી. યદુકુલની મોટી શાખા અર્થાત્ હૈહય વંશોત્પન્ન મહિષ્મતી (નર્મદા)ના રાજા[4] સહસ્રાર્જુનની કન્યા સાથે જમદગ્નિનો વિવાહ થયો હતો.

હીરોડૅાટસના કથનઅનુસાર મિસરદેશમાં ધર્મગુરુઓને રાજગાદી મળતી હતી. કેવલ તેઓ અને વીર જાતિના લોકોજ પૃથ્વીના સ્વામી થઈ શકતા હતા.વલ્કનના પૂજારી સેથોસે વીરજાતિઓની ભૂમિ ખુંચવી લઈ વિપ્લવ ઉપસ્થિત કર્યો હતો.

જમદગ્નિથી લઇને મહારાષ્ટ્રીયપેશ્વાના સમયસુધી હિંદુસ્થાનમાં રાજ્યાધિકારને માટે બ્રાહ્મણોએ યુદ્ધ કર્યાનાં અનેક ઉદાહરણો આપણને ઉપલબ્ધ થાય છે. રાજર્ષિ વિશ્વામિત્ર[5] અને વસિષ્ઠ કે જેમને પૂજ્ય માનીને મિથિલાના રાજા જનક હાથ જોડતા હતા,તેમના સમયથી લઇને આજપર્યંત બ્રાહ્મણોનો

---

૧ જૈનોના ૨૪ તીર્થંકરોમાના પહેલા કેટલાકની ઉત્પત્તિસૂર્યવંશી રાજાઓમાંથી થયેલી જણાવવામાં આવે છે.

૨ હાલમાં પણ મેવાડના મહારાણા રાજકાર્યની સાથે ધર્મગુરુનું કાર્ય કરે છે અને જ્યારે તેઓ પોતાના કુલદેવતા (એકલિંગ)ના મંદિરમાં જાય છે ત્યારે તેઓ મુખ્ય પૂજારીનું સર્વ કામ સ્વહસ્તથી કરે છે. આ વિષયમાં ઘણી પ્રાચીન જાતિઓની સાથે અદ્યાપિ અધિક સાદૃશ્ય પ્રાપ્ત થાય છે.

૩ પંજાબમાં* અર્થાત્ સિંધુની પૂર્વ તરફની પાંચ નદીઓના પ્રદેશનો રાજા.

૪ આ રાજાએ પોતાના જમાઈ (વસિષ્ઠઋષિ) ની ગાયનું હરણ કર્યું ( આ વાત રામાયણમાં અન્ય રીતે વર્ણિત છે. ) તથા જમદગ્નિના પુત્ર પરશુરામે અવતાર લીધો અને તેણે મહાન વીરતાનાં કાર્યો કર્યાં. આ સર્વ કથાઓ સ્પષ્ટ રીતે આલંકારિક આખ્યાનરૂપ પ્રતીત થાય છે. આ કથાઓપરથી રાજાઓ ' પૃથ્વી'પર અત્યાચાર કરતા હતા એવો આશય પ્રકટ થાય છે. પૃથ્વીને લેખકોએ પવિત્ર ગોસ્વરૂપે વર્ણવી છે અને બ્રાહ્મણો ક્ષાત્રઓની પાસેથી રાજ્ય ખુંચવી લેવાને સમર્થ થયા તેપરથી તેઓ સંખ્યામાં કેટલા વધી ગયા હતા તે પ્રતીત થાય છે.

ગો શબ્દ ઉપરથી નીકળેલા કેટલાક શબ્દોના સંબંધમાં કાંઇક લખવાનું સાહસ કરું છું, કે જેથી ભવિષ્યમાં પણ લોકો તેની ખોજ કરે:—

ગૈય્યા, ગિઆ, ગી (ડૅાર, ગા ) જે સર્વ ચીજો ઉત્પન્ન કરે છે તે ( ગાઓ એટલે પેદા કરવું તે ઉપરથી ગાઓ, ગેનેરો ) અર્થાત્ પૃથ્વી ( જોન્સીસ ડીક્ષનરી )

ગાલા=દૂધ, ગ્વાલા=ચારનાર સંસ્કૃતમા ગૅલેટિકાયક,ક્લૅાઇ, ગૅલેટિયન્સ વા ગૉલ્સ અને કેલ્ટસ ( કે જે સર્વ એકજ છે ) આ સર્વ+ ગ્વાલા જાતિમાંથી ઉત્પન્ન થયા હશે. એણે યૂરોપપર આક્રમણ કર્યું હતું.

૫ વસિષ્ઠઋષિની પાસે શબલા નામની એક એવી ફલદાતા ગાય ( કામધેનુ ) હતી કે તેની સહાયથી તે પોતાની સર્વ કામના પૂર્ણ કરી શકતા હતા. તેની સહાયથી તેમણે રાજા વિશ્વામિત્રનો સેનાસહિત આતિથ્ય-સત્કાર કર્યો હતો. આ કથામાં ગો શબ્દ કોઇ પ્રદેશને માટે વાપરવામાં આવ્યો છે એમ સ્પષ્ટ રીતે જણાય છે. ( સ્મરણમાં રાખજો કે ' ગો ' નો અર્થ પૃથ્વી અને ગાય એ ઉભય છે. ) ઉક્ત પ્રદેશ ઉક્ત ઋષિના અધિકારમાં હતો, કે જે તેને વિશ્વામિત્રના કોઈ અવિચારી પૂર્વજે અર્પણ કર્યો હતો અને વિશ્વામિત્ર તેને પાછો લેવા ચાહતો હતો. ઉક્ત ગાયદ્વારાજ દેવતાઓ તથા પિત્રેશ્વરોને માટે નૈવેદ્ય, અગ્નિહોત્ર તથા યજ્ઞકાર્યો થતાં હતાં. આ શબલાજ ધર્માનુષ્ઠાનનો ઝરો હતી. તેના બદલામાં રાજા (વિશ્વામિત્ર) એ ઋષિને ' એક લક્ષ× ગાય ' આપવાને તૈયાર થયો હતો, વાસ્તવમાં તે એક એવું રત્ન હતું કે જે એક રાજાની પાસેજ રહેવું જોઈએ. એમ જણાય છે કે, ઉક્ત ઋષિની પ્રજાએ આવો બદલો પસંદ કર્યો નહિ અને "ગાયના બરાડવાથી" પુષ્કળ વિદેશી સહાયકો ઉપસ્થિત થયા જેથી તે ઋષિ ઉક્ત રાજાની સામે થવાને સમર્થ થયો. પલ્હવ ( ઈરાની ) રાજા, ભયાનક શક, તલવાર તથા સુવર્ણમય કવચધારીયવનો તથા કામ્બોજ આદિ તે કામધેનુમાંથી ઉત્પન્ન થયા. પલ્હવરાજાઓની સેનાને વિશ્વા-

---

* કર્નલ ટોડે પંચાલ વા પાંચાલિકને પંજાબ દેશ જણાવ્યો છે; પરંતુ પંજાબની પ્રસિદ્ધ પાંચ નદીઓની વચ્ચેના દેશનું પ્રાચીન નામ પંચનદ દેશ હતું. ( મહાભારત, સભાપર્વ અધ્યાય ૩૨, શ્લોક ૧૧ ). આ દેશ પંચાલથી સર્વથા ભિન્ન છે. પંચાલ એ અંતર્વેદના એક મોટા ભાગનું નામ હતું. (ગો. હી. ઓઝા)

+ આ સર્વ યુરોપની પ્રાચીન જાતિઓનાં નામ છે. (ગો. હી. ઓઝા)

× રામાયણમાં એક કરોડની સંખ્યા લખી છે. (સર્ગ ૫૩, શ્લોક ૨૧) (ગો. હી. ઓઝા)

અધિકાર[1] અને સન્માનની મહદ્ અભિલાષા રહે છે.

પરંતુ ઘણી રાજપૂતજાતિઓમાં બ્રાહ્મણોનું આ પ્રકારનું આદરસન્માન નિઃસંદેહ ઘણુંજ ઓછું છે. પ્રાચીનકાળથી ચાલ્યા આવેલા રિવાજને લીધે તેઓ તેમનો બાહ્યશિષ્ટાચાર કરે છે; પરંતુ જ્યારે કાંઇ ભય વા મતલબની વાત આવી પડે ત્યારે તેમનો આદર ભાટચારણો કરતાં પણ ઓછો થાય છે.

[2]ગાધીપુરના રાજા વિશ્વામિત્ર અને બ્રાહ્મણ વસિષ્ઠની કથા કે જે રામાયણના[3] બાલકાંડના ઘણા અધ્યાયોમાં વર્ણિત છે, તે અલંકારના પડદામાં બ્રાહ્મણો તથા ક્ષત્રિયોની વચ્ચે અધિકારને માટે યુદ્ધ થવાનું ઉદાહરણ આપે છે અને તેથી વર્ણવ્યવસ્થા સ્થિર થવાનો પ્રાયઃ યથાર્થ સમય જ્ઞાત થઇ શકે એમ છે. જો તેમાંથી અલંકારનો ભાગ છોડી દેવામાં આવે તો તે કથા તે સમયને દર્શાવતી પ્રતીત થાય છે કે જ્યારે વર્ણવ્યવસ્થા અપૂર્ણદશામાં હતી. જો કે યુદ્ધની પ્રબલતાપરથી આપણે એવો સાર કાઢી શકીએ છીએ કે ક્ષત્રિયોનો બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવાનો આ અંતિમ સમય હતો.

વિશ્વામિત્ર ગાધીપુરના રાજા ગાધી (કૌશિકવંશી) નો પુત્ર અને ઇક્ષ્વાકુની ચાળીસમી પેઢીના

---

મિત્રે છિન્નભિન્ન કરી નાખી; પરંતુ ફક્ત ગાયમાંથી સહાયક સેના સતત ઉત્પન્ન થવાથી અંતે તે પરાજિત થયો.

એમ જણાય છે કે, આ સહાયક લોકો પ્રાચીન ઇરાની, શક, યુનાની, આસામ તથા દક્ષિણ હિંદુસ્થાનના નિવાસીઓ અને હિંદુધર્મ નહિ માનનારી ભિન્ન ભિન્ન જાતિઓના લોકો હતા. આ દેશના રહેવાસીઓ તે સર્વને મ્લેચ્છ કહેતા હતા. આ (મ્લેચ્છ) શબ્દ રોમન તથા યુનાનીલોકોના બાર્બેરિયન (અસભ્ય)શબ્દનો પર્યાય છે.

રાજા વિશ્વામિત્ર ફક્ત પરાક્રમી ઋષિદ્વારા પરાજિત અને અપમાનિત થવાથી દાંતવિનાના સર્પ જેવો અને ગ્રહણથી નિસ્તેજ બનેલા સૂર્યસમાન વ્યાકુલ બની ગયો અને પોતાના પુત્રો તથા સેનાનો નાશ થવાથી તેમજ પોતાનાં પરાક્રમ તથા ગર્વનું દમન થવાથી પાંખહીન પક્ષી જેવો નિરાધાર થઈ ગયો; જેથી તેણે પોતાનું રાજ્ય પુત્રને સોંપી તપ અને વ્રતદ્વારા 'બ્રાહ્મણત્વ' પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. સર્વ હિંદુરાજાઓ આ રીતે વૃદ્ધાવસ્થામાં પુત્રને રાજ્ય સોંપી ધર્મચિંતન કરતા હતા.

તે પુષ્કરના પવિત્ર તીર્થમાં વાસ કરી ફલ, કંદ અને મૂલપર પોતાનો નિર્વાહ ચલાવવા લાગ્યો તથા તેણે પોતાનું ચિત્ત સ્થિર કરીને પ્રતિજ્ઞા લીધી કેઃ–"હું બ્રાહ્મણ બનીશ." આપ્રકારે તપ કરવાથી તેની આધ્યાત્મશક્તિ એટલી વધી ગઇ કે તે બ્રાહ્મણપદ મેળવી લેવાને સમર્થ થયો. વિશ્વામિત્ર કે જેણે તપોબલથી બ્રાહ્મણ બનવાનો નિશ્ચય કર્યો હતો, તેને સૂચિત કરવાને માટે એવી દેવવાણી થઈ કેઃ–" જે લોકો વેદનાં તત્વો જાણે છે તેજ તેનું પઠન કરવાના અધિકારી છે; પ્રાચીનલોકોની બાંધેલી મર્યાદા તોડવી તને (વિશ્વામિત્રને) ઉચિત નથી."

ત્યારપછી તેનું ભ્રમણ, તપસ્યા અને તેના તપનો ભંગ કરવાને માટે જે જે લાલચો તેને બતાવવામાં આવી હતી, તેનું વર્ણન કરવામાં આવ્યું છે. તેના તપનો ભંગ કરવાને માટે અપ્સરાઓને મોકલવામા આવી. સ્વયં કામદેવની માતા તેની પાસે પહોંચી. બ્રાહ્મણોનો પક્ષ ગ્રહણ કરી ઇંદ્રે પણ કોકિલનું રૂપ ધારણ કરી, રંભાના ચિત્તાકર્ષક ઉદ્યોગ તથા વનમાં તે રાજાની ચોતરફ વાતા સુગંધિત વાયુની સાથે પોતાનો મધુર સ્વર મેળવ્યો. આ સર્વ પ્રલોભનોથી તેનું મન ડગ્યું નહિ અને તેણે રંભા અપ્સરાને શિલા–સ્તંભ થઇ જવાનો શાપ દીધો. જ્યાંસુધી સર્વ વાસનાનું દમન થયું અને પોતાના શરીરમાં પાતકનો લેશ પણ રહ્યો નહિ ત્યાંસુધી તે તપમાં લીન રહ્યો. આથી બ્રાહ્મણોને અત્યંત ગભરાટ પેદા થયો અને તેમને ડર લાગ્યો કે રખેને તેની પરમ પવિત્રતા પોતાને હાનિકારક થઈ પડે. વળી તેમને એવો પણ ભય લાગ્યો કેઃ–" મનુષ્યજાતિ નાસ્તિક થઇ જશે " દેવતાઓ તથા તેમના અધિષ્ઠાતા બ્રહ્માએ લાચાર થઇ તેની બ્રાહ્મણપદ પ્રાપ્ત કરવાની ઇચ્છા પૂર્ણ કરી અને વસિષ્ઠે પણ દેવતાઓની ભલામણથી તેમને બ્રાહ્મણતરિકે માન્યા અને તેમની સાથે મિત્રતા કરી.

૧ હિંદુસ્થાનમાં બ્રાહ્મણો પુષ્કળ છે અને તેમનામાં વીરત્વનો ગુણ હોવાથી તેઓ ઉત્તમ સૈનિક બની શકે છે; પરંતુ અનુભવી અમલદારો રસાલા અને પલટણમાં ઘણા બ્રાહ્મણોની ભરતી નહિ કરવામાં સાવધાન રહે છે; કારણ કે બખેડા ઉત્પન્ન કરવાનો તેમનો ગુણ હજી જેવો ને તેવો કાયમ છે. મેં કેટલીક કંપનીઓમાં બ્રાહ્મણો અને વીરજાતિના સિપાઈઓની સંખ્યા બરાબર જોઇ છે. આ એક અત્યંત ભયાનક ભૂલ છે.

૨ કનોજ કે જે મારવાડના વર્તમાન રાજવંશની પ્રાચીન રાજધાની હતી, તેનું અતિ પ્રાચીન નામ " ગાધીપુર " છે.

૩ કેરે અને માર્શમેને કરેલો આ મહાકાવ્યનો અનુવાદ જુઓ.

અયોધ્યા વા અવધના રાજા અંબરીષનો સમકાલીન હતો, અર્થાત્ તે રામચંદ્રથી બસેં વર્ષો પૂર્વે થયો હતો; માટે આ ઘટના કે જે દ્વારા આપણે વર્ણવ્યવસ્થા તે સમયે પૂર્ણ તથા સ્થિર થવા આવી હતી એવું અનુમાન કરી શકીએ છીએ, તે ઈ૦ સ૦ પૂર્વે પ્રાયઃ ૧૪૦૦[1] ઉપર બની હતી એમ ધારી શકાય છે.

આ વંશાવળીઓ સિકંદરના સમયમાં વિદ્યમાન હતી એવું પ્રમાણ મળી શકે તો તે ઘણું ઉપયોગી થઈ પડે. પુરાણોમાં આપેલી ચંદ્રવંશની ઉત્પત્તિની કથાથી આ વિષયની સાક્ષી મળે છે.

મહાભારત નામના વીરરસાત્મક બૃહતકાવ્યના કર્તા વ્યાસ દિલ્હીના રાજા શાંતનુ (હરિકુલના) ના પુત્ર હતા,[2] જેઓ યોજનગંધા નામની એક ઢીમ્મરકન્યાથી[3] ઉત્પન્ન થયા હતા અર્થાત્ તેઓ રખાતના પુત્ર હતા. તેઓ શાંતનુના પુત્ર તથા ઉત્તરાધિકારી વિચિત્રવીર્યની પુત્રીઓ અર્થાત્ પોતાની ભત્રીજીઓના ધર્મપિતા વા શિક્ષક નિયત થયા હતા. વિચિત્રવીર્યને પુત્ર નહોતો. તેની ત્રણ[4] પુત્રીઓમાંની એકનું નામ પાંડયા[5] હતું અને શાંતનુના વંશમાં કેવળ વ્યાસજ પુરુષસંતાન

---

૧ આ માત્ર કર્નલ ટૉડનું અનુમાન છે. એને માટે કોઈ નિશ્ચિત પ્રમાણ નથી. (ગૌ. હી. ઓઝા)

૨ વ્યાસ વા વેદવ્યાસ શાંતનુના પુત્ર નહિ, પરંતુ પરાશરઋષિના પુત્ર હતા. જે યોજનગંધા નામની ઢીમ્મરપુત્રીની સાથે રાજા શાંતનુએ વિવાહ કર્યો હતો, તેના ગર્ભથીજ તેની કૌમારાવસ્થામાં પરાશરદ્વારા વ્યાસનો જન્મ થયો હતો. ત્યારપછી તેનો વિવાહ શાંતનુની સાથે થયો હતો. (ગૌ. હી. ઓઝા)

૩ આ એક પરમ આશ્ચર્યની વાત છે કે, હિંદુલોકો પોતાના બે પ્રસિદ્ધ ગ્રંથકર્તાઓ કે જેમને તેઓ પવિત્ર માને છે તેમની ઉત્પત્તિ તેઓ હિંદુસ્તાનની જંગલી તથા સંકર જાતિઓમાંથી થયેલી જણાવે છે. તેઓ ઉપર જણાવ્યા પ્રમાણે વ્યાસ કે જે મહાભારતના કર્તા છે, તેમની ઉત્પત્તિ એક ઢીમ્મરકન્યાથી અને બીજા કે જે રામાયણ નામના વીરરસાત્મક કાવ્યના કર્તા છે, તે વાલ્મીકિની ઉત્પત્તિ એક બધિક વા *લુંટારાદ્વારા થયેલી બતાવે છે. આ લુંટારો આબુપર્વતની નિકટ રહેતી ભીલજાતિનો સાથી હતો. વાલ્મીકિના વર્ણપરિવર્તન ( કે જે આશ્ચર્યકારક પ્રકારે એક દેવમંદિરમાં ચોરી કરતી વખત થયું હતું ) નું વૃત્તાંત ચંદના કાવ્યમાં પ્રાચીન પ્રમાણોથી એક અતિ પ્રભાવશાળી કથામાં વર્ણવવામાં આવ્યું છે.

૪ વિચિત્રવીર્યની ત્રણ પુત્રીઓ અને તેમાંની પાંડયા વ્યાસની સ્ત્રી બન્યાની સર્વ ગપ કર્નલ ટૉડે વગણી કાંઈની કાંઈ લખી દીધી હોય વા એરિયનના લેખની સાથે મેળવવાને માટે તેને કૃત્રિમ ઉભી કરી હોય એમ જણાય છે. મહાભારતમાં એ કથા આ પ્રમાણે છેઃ—

"રાજા શાંતનુનો ઉત્તરાધિકારી તેના જ્યેષ્ઠ પુત્ર ચિત્રાંગદ થયો. તે નિઃસંતાન મરણ પામ્યા પછી તેનો કનિષ્ઠ બંધુ વિચિત્રવીર્ય તેના રાજ્યનો સ્વામી થયો. તેને અંબિકા અને અંબાલિકા નામની બે રાણીઓ હતી, કે જે કાશીરાજની પુત્રીઓ હતી. વિચિત્રવીર્ય અપુત્ર મરણ પામ્યો ત્યારે તેની માતા સત્યવતી ( યોજનગંધા ) એ ભીષ્મની સમ્મતિથી વેદવ્યાસને બોલાવીને કહ્યું કેઃ-'કુરુવંશને નષ્ટ થતો બચાવવાને માટે તમે તમારા બંધુ વિચિત્રવીર્યની સ્ત્રીઓથી નિયોગદ્વારા પુત્ર ઉત્પન્ન કરો.' આ પ્રકારે પોતાની માતાની પાસેથી આજ્ઞા પ્રાપ્ત કરી સંકેતાનુસાર વેદવ્યાસ પ્રથમ અંબિકાના શયનગૃહમાં ગયા; પરંતુ તેણે તેનો શ્યામ વર્ણ અને ભયાનક રૂપ જોઇ આંખો મીંચી દીધી, તેથી તેનો પુત્ર ધૃતરાષ્ટ્ર અંધ બન્યો. જ્યારે વ્યાસ અંબાલિકાની પાસે ગયા, ત્યારે તે પણ તેમનું તેવું રૂપ જોઈ પીળી ( પાંડુ ) પડી ગઈ, તેથી તેને પાંડુ રંગનો પુત્ર થયો. આ ઉભય અંધ તથા પાંડુ રંગના ( રોગી ) પુત્રથી પ્રસન્ન ન થઇ સત્યવતી ( યોજનગંધા )એ વ્યાસને પુનઃ અંબિકાથી એક પુત્ર ઉત્પન્ન કરવાની પ્રાર્થના કરી, જેથી તેઓ પુનઃ તેની પાસે ગયા; પરંતુ તેણે તેના કુરૂપને લીધે પોતાને સ્થાને એક દાસીને સુંદર આભૂષણ પહેરાવી મોકલી દીધી, જેથી દાસીપુત્ર વિદુર ઉત્પન્ન થયો."

વિચિત્રવીર્યને એક પણ પુત્રી નહોતી અને 'પાંડયા' નામ કર્નલ ટૉડેજ એરિયનના લેખની સાથે મેળવવાને માટે વિચિત્રવીર્યની સ્ત્રી અંબાલિકાને માટે ઘડયું છે, કે જે વેદવ્યાસનું ભયાનક રૂપ જોઈને પીળી ( પાંડુ ) પડી ગઈ હતી (ગૌ. હી. ઓઝા)

૫ આ નામનું કારણ આ પ્રકારે આપવામાં આવ્યું છે. ઉક્ત છોકરીઓમાંની એક છોકરી દાસીના ગર્ભથી

---

*વાલ્મીકિના સંબંધમાં એવી કથા પ્રચલિત છે કે તેઓ બ્રાહ્મણના પુત્ર હતા (भृगुवंशोद्भव मुनिविशेषः । त्रिकांडशेषकोश ) તેમનાં માતપિતા તેમને બાલ્યાવસ્થામાંજ અરણ્યમાં મૂકીને તપ કરવાને ચાલ્યાં ગયાં હતાં. તેમનું પાલનપોષણ એક ભીલની સ્ત્રીએ પોતાને ત્યાં રાખીને કર્યું હતું અને ભીલને ઘેર રહીને તેઓ લુંટફાટનું કામ કરતા હતા; પરંતુ નારદના ઉપદેશથી તેમણે તે કાર્ય છોડી દીધું અને રામનામનો જપ કરીને પ્રસિદ્ધ મુનિ તથા કવિ થયા; પણ કેટલાક એમ જણાવે છે કે તેઓ જન્મથીજ ભીલ હતા. (ગૌ. હી. ઓઝા)

રહેવાથી તેમણે પોતાની ભત્રીજી તથા ધર્મપુત્રી પાંડયાને પોતાની સ્ત્રી બનાવી અને તેઓ પાંડુંના પિતા થયા કે જે પાંડુ પાછળથી ઇંદ્રપ્રસ્થનો રાજા થયો.

એરિયન આ કથા નીચે પ્રમાણે લખે છે:—

"તે (હર્ક્યુલીસ)[1] ને વૃદ્ધાવસ્થામાં એક પુત્રી ઉત્પન્ન થઇ* અને તેને યોગ્ય કોઇ વર નહિ મળવાથી તેણે હિંદુસ્તાનની રાજગાદીને માટે રાજા ઉત્પન્ન કરવાને અર્થે તેની સાથે સ્વયં વિવાહ કરી લીધો.તે કન્યાનું

ઉત્પન્ન થઈ હતી અને તેટલા માટે દાસીની પુત્રી કથી છે તેનો નિશ્ચય કરવો આવશ્યક હતો. તે સર્વને પડદા-માં રાખવામાં આવતી હતી તેથી ઉક્ત બાબતનો નિર્ણય કરવો કઠિન હતો. આથી વંશની શુદ્ધતાનો નિશ્ચય કરવાનું કામ વ્યાસપર છોડવામાં આવ્યું. તેમણે ધાર્યું કે કુલની શુદ્ધતા સ્વયં પ્રકટ થઈ જશે, તેથા તેમણે તે રાજ-કન્યાઓને પોતાની સમક્ષ નગ્ન થઇને આવવાની આજ્ઞા ફરમાવી.= જ્યેષ્ઠ રાજકુમારીએ લજ્જાથી પોતાનાં નેત્રો બંધ કરી દીધાં અને તેના ગર્ભથી હસ્તિનાપુરના અંધરાજા ધૃતરાષ્ટ્રનો જન્મ થયો. બીજીએ તેજ કારણથી (અર્થાત્ લજ્જાથી) પોતાના શરીરપર પાંડુ નામની પીળી માટી ચોપડી લીધી, તેથી તેનું નામ પાંડયા પડયું અને તેનો પુત્ર પાંડુ કહેવાયો. અને ત્રીજી નિર્લજ્જ થઈ તેમની સમક્ષ થઇને ચાલી ગઇ. તેને શુદ્ધ કુલમાંથી ઉત્પન્ન થયેલી માનવામાં આવી નહિ અને તેનાદ્વારા વિદુરનો જન્મ થયો.

૧ હરિવંશીઓને માટે આ એક જાતિવાચક શબ્દ છે, પરંતુ એરિયને તેનો પ્રયોગ એક વિશિષ્ટ વ્યક્તિના નામ તરીકે કર્યો છે.

થીબ્ઝના લોકોના તથા હિંદુઓના હર્ક્યુલીસની* સમાનતા એરિયન બતાવે છે અને તે સેલ્યુકસના રાજદૂત મેગેસ્થિનસના લેખનું પ્રમાણ આપે છે. મેગેસ્થિનિસ જણાવે છે કે, "હિંદુઓના હર્ક્યુલીસનો સ્વભાવ થીબ્ઝના લોકોના હર્ક્યુલીસના સ્વભાવની સાથે મળતો આવે છે અને ખાસ કરીને સૂરસેની લોકો તેની પૂજા કરે છે. આ લોકોના અધિકારમાં મથુરા તથા ક્લિસોબોરસ§ નામનાં બે મોટાં મોટાં નગરો છે."

ડાયોડોરસ પણ કિંચિત્ ફેરફાર કરી આજ કથા લખે છે. તે જણાવે છે કે:—"હર્ક્યુલીસનો જન્મ હિંદુ-જાતિમાં થયો હતો. અને યુનાનીઓની પેઠે તેઓ પણ તેને દંડધારી તેમજ વ્યાઘ્રચર્મધારી જણાવે છે. બળમાં તે સર્વ માણસોથી ચઢતો હતો અને તેણે પૃથ્વી અને સમુદ્રને, રાક્ષસો તથા હિંસક પશુઓનો નાશ કરીને સાફ બનાવી દીધાં હતાં. તેને પુષ્કળ પુત્રો હતા; પરંતુ તે કન્યા કેવળ એકજ હતી. એમ કહેવાય છે કે તેણેજ પાલીબોથ્રા (+પાટલીપુત્ર) નગર સ્થાપિત કર્યું અને પોતાનું રાજ્ય પોતાના પુત્રો (બલિકપુત્રો) અર્થાત બલિના પુત્રો)ને વહેંચી આપ્યું. આ લોકોએ કદિ પણ કોઈ નવીન સંસ્થાન વસાવ્યું નહિ, પરંતુ કાલાંતરે અનેક નગરોમાં સિકંદરના આગમનના સમયસુધીમાં પ્રજાસત્તાક જેવું રાજ્ય થઇ ગયું. (જો કે કેટલાંકમાં રાજાઓનું રાજ્ય હતું), હર્ક્યુલીસની જે લડાઈઓનું વર્ણન ડાયોડોરસ કરે છે તે તેજ છે કે જે હરિકુલના લોકોએ પોતાનાં પૈતૃક સ્થાનમાંથી તેમને હાંકી કાઢવામાં આવ્યા પછી બાર વર્ષપર્યંત વનવાસ કરતી વખત કરી હતી.

= ભારતસાર નામના પુસ્તકમાં અંબિકા અને અંબાલિકા એ ઉભય. વ્યાસની સમક્ષથી નગ્ન થઈને ચાલી ગઈ હતી એવો ઉલ્લેખ છે. પરંતુ તેમાં તેને વિચિત્રવીર્યની સ્ત્રી લખવામાં આવી છે અને તેમાં ત્રીજી દાસીનો ઉલ્લેખ નથી. (ગૌ. હી. ઓઝા.)

* હર્ક્યુલીસ એ યુનાનીઓનો પ્રસિદ્ધ અવતારી અને વીરપુરુષ હતો. તેને જ્યુપીટર (ઇંદ્ર)નો પુત્ર માન-વામાં આવે છે. અને તે વીરતાને માટે પ્રસિદ્ધ છે. તે લોકોમાં એવી પણ કથા પ્રચલિત છે કે તેણે દુર દુરના દેશો જીતી લીધા હતા અને તે હિંદુસ્થાનમાં પણ ગયો હતો. હિંદુસ્થાનસંબંધી વૃત્તાંત લખનારા યુનાની લેખકોએ આ નામ શિવ, કૃષ્ણ વા બલદેવને માટે લખ્યું હોય એમ જણાય છે. કર્નલ ટૉડ આ (હર્ક્યુલીસ) શબ્દને હરિ-કુલ-ઇશ બનાવીને ચંદ્રવંશી રાજાઓને માટેના સાધારણ શબ્દ તરીકે એને ઓળખાવે છે; પરંતુ કોઈ પણ સંસ્કૃત પુસ્તકમાં એનો પ્રયોગ પ્રાપ્ત થતો નથી. કર્નલ ટૉડે યુનાનીઓના હર્ક્યુલીસ અને હિંદુસ્થાનના ચંદ્રવંશી-ઓને એકજ સિદ્ધ કરવાની ખેંચતાણમાં આ શબ્દ ઘડી કાઢયો છે. (ગૌ. હી. ઓઝા)

§ 'ક્લિસોબોરસ' કે જેનાં પાઠાંતર 'ક્રિસોબોરસ' વા 'ક્રિસોબોર' પ્રાપ્ત થાય છે તે કયા નગરનું નામ હતું તેનો કાંઈ પત્તો લાગતો નથી; પરંતુ યુનાનીઓનું લખેલું આ નામ 'કૃષ્ણપુર' નામની સાથે મળતું આવતું જણાય છે. (ગૌ. હી. ઓઝા)

+ પુરાણોપરથી પ્રતીત થાય છે કે આ નગર (પાટલીપુત્ર) શિશુનાગ વંશના રાજા ઉદયાશ્વે સ્થાપિત કર્યું

નામ પાંડયા હતું અને જે પ્રાંતમાં તે ઉત્પન્ન થઇ હતી,તે સંપૂર્ણ પ્રાંત તેના નામથી પ્રસિદ્ધ થઇ ગયો[1] હતો"

આ તેજ પુરાણની કથા છે કે જેમાં વ્યાસ (જેઓ હરિકુલ-ઇશ અર્થાત્ હરિકુલના અગ્રેસર હતા) અને તેમની ધર્મપુત્રી પાંડયાનું વર્ણન છે. એમનાદ્વારા મહાન પાંડુવંશની[2] ઉત્પત્તિ થઇ અને દિલ્લી તથા તેના તાબાનાં રાજ્યોનું નામ પાંડુરાજ્ય પડયું.

તે (પુત્રી)ના વંશજોએ એકત્રીસ પેઢીપર્યંત અર્થાત્ ઈ. સ. પૂર્વે ૧૧૨૦ થી ઈ. સ. પૂર્વે ૬૧૦ પર્યંત રાજ્ય કર્યું.આ વખતે ત્યાંના સરદારોએ પાંડુવંશના અંતિમરાજાને રાજ્યપ્રબંધસંબંધી સમસ્ત

પ્રાચીન હરિકુલનાં આવાં અવશિષ્ટ વૃત્તાંતો કેવાં અમૂલ્ય છે ! યમુનાતટપર આવેલાં ખંડિયેરોમાં હર્ક્યુલીસ (બલદેવ, બલના દેવતા)ની મૂર્તિ કોદંડ અને વ્યાઘ્રચર્મ ધારણ કરીને બલદેવ (બલદાઉ) માં પીઠિકાપર ઉભેલી અને અદ્યાપિ સૂરસેનીલોકોદ્વારા પૂજાતી જોઈ ચિત્તને કેવો આનંદ થાય છે ! આ નામ (સૂરસેન) મથુરાં અથવા સૂરપુરની આસપાસના દેશના એક વિસ્તૃત ભાગને આપવામાં આવ્યું હતું. સૂરપુર એ હિંદુસ્તાનના એપોલો અને હર્ક્યુલીસ અર્થાત કૃષ્ણ અને બલદેવ એ ઉભય બંધુઓના દાદા સૂરસેનનું વસાવેલું પ્રાચીન પાટનગર હતું. જો કે બલદેવમાં 'બલના દેવતા'ના ગુણ પ્રાપ્ત થાય છે, પરંતુ એ પદવી (હર્ક્યુલીસ) ઉક્ત ઉભયમાં ઘટી શકે છે. ઉભય હરિકુલના ઈશ છે. યુનાનીઓએ એ ત્રણ શબ્દોનો સમાસ કરીને "હર્ક્યુલીસ" શબ્દ બનાવી લીધો હશે. કેટલાક લોકો મહાભારતનું યુદ્ધ થયા પછી પશ્ચિમમાં જઇને વસ્યા હોય એમાં શું આશ્ચર્ય છે ! અટ્રિયસ *(અત્રિ હરિકુલનો આદિપુરુષ છે)ની સંતતિ હેલશક્લાઈડના પ્રત્યાગમનનો સમય આ પ્રશ્નનો ઉત્તર આપી શકે છે. આ ઘટના મહાભારતના યુદ્ધથી પ્રાયઃ અર્ધ શતાબ્દી પછી બની હતી.

આ એક ખેદનો વિષય છે કે, હિરોડોટસના[1] જેમ મિસરવાસીઓના ગુપ્તભેદોથી પરિચિત થયેલો જણાય છે, તેમ સિકંદરના ઈતિહાસલેખકો હિંદુઓના ગુપ્તભેદો સમજી શકયા નથી. સિકંદર થોડા સમય સુધી હિંદુસ્થાનમાં રહ્યો હતો તેથી અસલી ભાષામા લખાયેલાં હિંદુઓનાં ધર્મપુસ્તકો તથા વિદ્યાથી પરિચિત થવું તેમને માટે અસાધ્ય રીતે કઠિન થઈ પડયું હતું. તેઓ પોતાની તથા હિંદુઓની ભાષાની સમાનતા જાણ્યા સિવાય તેમની ભાષાના અધ્યયનમાં ઘણીજ થોડી પ્રગતિ કરી શકયા હશે.

* એરિયન આ વાતોમાં પોતાની તુલના-શક્તિનો ઝાઝો ઉપયોગ કરે છે અને તે શીઘ્ર કોઈ પણ વાતપર વિશ્વાસ મૂકતો નથી. તે કહે છે કેઃ-" આ વાતના સંબંધમાં મારો એવો અભિપ્રાય છે કે, જો કે હર્ક્યુલીસ આવું કામ કરવાને અને સંતાનોત્પત્તિ કરવાને સમર્થ હતો, તોપણ લોકો આપણને જેમ મનાવવા માગે છે તેટલો બધો તે મૃત્યુકિનારે આવી પડયો નહોતો. "

૧ આ સમસ્ત કથા કલ્પિત ગપાષ્ટક છે. પ્રાચીન યુનાનીઓને હિંદુસ્થાનના ઈતિહાસનું ઘણું થોડું જ્ઞાન હતું તેથી તેમણે મનમાની વાતો લખી દીધી હોય એવો સંભવ છે. કર્નલ ટોડે પણ વિચિત્રવીર્યની કન્યાઓની કથા કલ્પિતજ ઉપજાવી કાઢી છે; તેજ પ્રમાણે પાંડયદેશ એ શાંતનુના રાજ્યનું નામ નહિ, કિંતુ દક્ષિણના એક દેશનું નામ હતું. (ગૌ. હી. ઓઝા)

આનાજ સંબંધમાં આ પુસ્તકના હિંદીઅનુવાદક પંડિત મિશ્ર જણાવે છે કેઃ-"પાંડયાના નામપરથી દેશનું નામ પાડવામાં આવ્યું એ વાત કપોલકલ્પિત છે. યુનાની લેખકો ભારતના ઈતિહાસથી સર્વથા અનભિજ્ઞ હતા, તેથી તેમણે કપોલકલ્પિત વાતો લખી છે; તો પછી તેની સાથે પુરાણાદિની કથાઓની તુલના શી રીતે થઈ શકે ? પુરાણાદિમાં જે પ્રકારે વિચિત્રવીર્યની કન્યાઓનો ઉલ્લેખ નથી, તે પ્રકારે શાંતનુના પાંડયદેશનો નિર્દેશ પણ નથી. તે તો દક્ષિણના એક દેશનું નામ છે. વધુ શું ? આ સમસ્ત કથાઓ કલ્પિત છે. આજ પ્રકારે આગળ તેમણે ઇરનબોઅસને યમુના જણાવી છે; પરંતુ વાસ્તવમાં તે હિરણ્યવાહ શબ્દનો અપભ્રંશ છે અને તે સ્વર્ણનદ (સોન નદી) નું નામ હોવાનો સંભવ છે. આ નદી પાટલીપુત્રથી થોડા અંતરપર ગંગાનદીમાં પડતી હતી."

૨ સેંડ્રોકોટસ (ચંદ્રગુપ્ત) ને પણ એરિયને આજ વંશનો જણાવ્યો છે. આથી તેને યયાતિના દ્વિતીયપુત્ર પુરુની વંશાવલિમાં સ્થાન આપવાને અમને સંકોચ ઉત્પન્ન થતો નથી. પુરુપરથી પુરુવંશનું નામ પડયું હતું અને

હતું; પરંતુ કથાસરિત્ સાગર (ગુણાઢયરચિત બૃહત્ કથા નામના પ્રાચીન પૈશાચી ભાષાના પુસ્તકનો સંક્ષિપ્ત સંસ્કૃત અનુવાદ)માં એવો ઉલ્લેખ છે કે, "પુત્રક નામના રાજાએ પોતાની સ્ત્રી પાટલી (રાજા મહેન્દ્ર વર્મ્માની પુત્રી) ની પ્રાર્થનાથી આ નગર વસાવ્યું હતું, તેથી તેનું નામ પાટલીપુત્ર પડયું હતું." (ગૌ. હી. ઓઝા)

* યુનાનીઓની કથાનુસાર તે યુનાનમાઈસેની પ્રદેશનો રાજા હતો. (ગૌ. હી. ઓઝા)

૧ હિરોડોટસ એ એક પ્રસિદ્ધ યુનાની ઇતિહાસલેખક હતો. તેનો જન્મ ઇ. સ. પૂ૦ ૪૮૪ માં અને દેહાંત ઈ. સ. પૂર્વે ૪૨૪ માં થયો હતો. તે 'ઇતિહાસના પિતા'ના નામથી પ્રસિદ્ધ છે.

કાર્યોમાં અસાવધાન જોઇ તેની વિરુદ્ધ વિદ્રોહ ઉપસ્થિત કરી તેજવંશની સાથે સંબંધ ધરાવતા સૈનિકમંત્રીને[1] રાજાતરિકે ચુંટી કાઢયો.ઉક્ત પાંડુવંશનો રાજા પદચ્યુત થઈ મરણપામ્યા પછી નવીનરાજવંશનીસ્થાપનાથઇ.

આ પ્રકારે સૈનિકમંત્રીઓએ રાજ્ય ખૂંચવી લેવાના કારણથી વિક્રમાદિત્યના સમયસુધીમાં ઇતર બે વંશોએ રાજ્ય કર્યું. વિક્રમાદિત્યનું રાજ્ય થતાં પાંડવોનું રાજ્ય અને યુધિષ્ઠિરનો સંવત એ ઉભયની સમાપ્તિ થઇ ગઈ.

હિંદુસ્થાનની રાજધાની ઉત્તર ભાગમાંથી ઉખડીને દક્ષિણમાં સ્થાપિત થઇ, તેથી વિક્રમ સંવતની ચતુર્થ શતાબ્દી વા કેટલાક ગ્રંથકારોના લેખાનુસાર આઠમી શતાબ્દીપર્યંત ઇંદ્રપ્રસ્થમાં કોઇ રાજા રહ્યો નહિ.ત્યારપછી રાજપૂતોની તુંવારજાતિ કે જે પોતાને પાંડવોના વંશજ:જણાવે છે, તેણે યુધિષ્ઠિરની રાજગાદીપર એકવાર પુનઃ પોતાનો અધિકાર સ્થાપિત કર્યો.આ પ્રકારે પુનઃ સ્થાપિત થયેલી પ્રાચીન રાજધાનીનું નામ દેહલી ( દિલ્લી ) રાખવામાં આવ્યું. તેના સ્થાપક અનંગપાલ ( પ્રથમ ) નો વંશ બારમીશતાબ્દીપર્યંત કાયમ રહ્યો. ત્યારપછી તે વંશના અંતિમરાજા અનંગપાલે પોતાના દૌહિત્ર[2] અર્થાત્ હિંદુસ્થાનના અંતિમ રાજપૂતસમ્રાટ પૃથ્વીરાજને પોતાની રાજગાદી અર્પણ કરી દીધી, જેનો પરાભવ અને દેહાંત થયા પછી મુસલમાનોનો દેશમાં પ્રવેશ થયો.

---

તેના જ્યેષ્ઠભ્રાતાના નામપરથી યદુવંશનું નામ પડ્યું હતું. પુરુવંશ હાલ વિદ્યમાન નથી. ચંદ્રગુપ્ત જો સ્વયં પુરુવંશી નથી તોપણ તે, તે ( પુરુવંશ ) ની સાથે સંબંધ ધરાવે છે કે જેમાં જરાસંધ (ભારતમાં લખેલો એક વીર) અને ત્રેવીસમી પેઢીએ રિપુંજય થયો હતો. આ અરસામાં અર્થાત્ પ્રાયઃ ઈ૦ સ૦ પૂ૦ ૬૦૦ વર્ષપર એક નવીન વંશે પુરુના વંશજોની પાસેથી રાજ્ય છીનવી લીધું. આ નવીન વંશના અગ્રેસર શુનક અને શેષનાગ* હતા. આજ વંશની એક મોરી નામની શાખામાં ચંદ્રગુપ્તનો જન્મ થયો હતો, કે જે સિકંદરના સમયનો સૅંડ્રૉકૉટસ છે મોરી જાતિ એ શેષનાગ, તક્ષક વા નાગવંશની એક શાખા છે. ઍરિયને જેને પ્રાસી લખ્યા છે, તે પુરુના વંશજો હશે.+ આ લોકોનું ઉત્પત્તિસ્થાન કે જે તેમના અદ્યાપિ પ્રાપ્ત થતા ઇતિહાસમાં લખેલું છે, તે પ્રયાગ માનવામાં આવે છે. પ્રયાગ એ વર્તમાન અલાહાબાદ છે અને ઇરનબોઆસ એ અવશ્ય યમુના હશે અને જ્યાં તે ગંગાને મળે છે, તે સ્થાનપર આપણે પ્રાસીલોકોની રાજધાની આવેલી માનવી જોઇએ.

૧ ફ્રેંકલોકોની પૂર્વજાતિઓના અતિશય અધિકારવાળા મંત્રીના જેવુંજ આ પદ હતું.

૨ ભારતવર્ષમાં રાજાનો પુત્રજ તેનો ઉત્તરાધિકારી થાય એવો જે નિયમ છે, તેનો ભંગ થયાનું આ કાંઇ પહેલુંજ ઉદાહરણ નથી. અણહિલપુરપાટણના રાજાઓના ઇતિહાસમાં પણ તેનાં બે §ઉદાહરણો મોજુદ છે. ×આ પ્રકારે દત્તક પુત્ર જ્યારે પોતાના પાલકપિતાને ઘેર જાય છે, ત્યારે તે પોતાના જન્મદાતા પિતાના ગોત્રથી સર્વથા અલિપ્ત થઇ જાય છે.

---

* એનું શુદ્ધ નામ શિશુનાગ હતું; પરંતુ કર્નલ ટૉડે તેને શેષનાગ સમજીને તેના વંશને તક્ષકવંશ માની લીધો છે. પુરાણોમાં આ રાજાઓનું જે વર્ણન પ્રાપ્ત થાય છે, તેમાં તેમને નાગવંશી જણાવ્યા નથી.
(ગૌ. હી. ઓઝા)

+ યુનાની લેખકોએ પ્રાસી શબ્દ પુરુવંશીઓને માટે નહિ, કિંતુ મગધ દેશ વા રાજ્યના લોકોને માટે લખ્યો છે. આ શબ્દ ' प्राच्या ' ( પૂર્વના નિવાસી ) શબ્દનો અપભ્રંશ હોય એમ જણાય છે. સિકંદરે પંજાબ દેશ જીતી લીધો તે સમયે પ્રાચી અર્થાત પૂર્વના દેશો મગધરાજ્યની અંતર્ગત હતા. આથીજ યુનાનીઓએ મગધવાસીઓને માટે ઉક્ત શબ્દનો પ્રયોગ કર્યો હોય, એમ જણાય છે. પ્રાસીલોકોની રાજધાની અલાહાબાદ નહિ, કિંતુ પાટલીપુત્ર (પટના) હતી.
(ગૌ હી. ઓઝા)

§ કર્નલ ટૉડે અણહિલપુરના રાજ્યમાં બે વાર ભિન્ન વંશના રાજપુત્રોને દત્તકતરિકે ગ્રહણ કરવામાં આવ્યા હતા એમ લખ્યું છે; પરંતુ ત્યાં એકવાર પણ તેમ બન્યું નથી. મૂળરાજસોલંકીએ ચાવડાવંશના અંતિમ રાજા સામંતસિંહ (કે જેને તેનો મામો માનવામાં આવે છે) ને મારી નાખીને તેનું રાજ્ય છીનવી લીધું હતું અને સિદ્ધરાજ જયસિંહનો ઉત્તરાધિકારી કુમારપાલ ચૌહાણ હતો અને તેને સોલંકીકુલમાં દત્તકતરિકે ગ્રહણ કરવામાં આવ્યો હતો, એમ જે તેઓ માને છે તે પણ ભ્રમ છે; કારણ કે કુમારપાલ ચૌહાણ નહિ, પણ સોલંકી સિદ્ધરાજ જયસિંહના દાદા ભીમદેવ પ્રથમનો વંશજ હતો.
(ગૌ. હી. ઓઝા)

× પંડિત ગૌરીશંકર ઓઝાએ ઉપર જે લખ્યું છે તેજ આશયનું પંડિત મિશ્રે આ સંબંધે લખી દીધું છે

મુસલમાનીસલ્તનતની સમાપ્તિ પણ એક નામમાત્રના પાદશાહની સાથે થઇ ગઇ અને હવે કેવળ પશ્ચિમના અતિ દૂરના દેશમાંથી આવેલા વિદેશી લોકોજ પાંડુ તથા તૈમૂરના સિંહાસનપર વિરાજે છે.

ઇંદ્રપ્રસ્થનાં સ્મારકચિન્હો કે જે બુધ તથા ઇલાના વંશજોએ બંધાવ્યાં હતાં; પાંડવોનો લોહસ્તંભ[1] કે જેનું મૂળ પાતાળપર્યંત પહોંચી ગયું છે અને જે સ્તંભને વિજયના સ્મારકતરિકે બંધાવવામાં આવ્યો હતો અને જેની ઉપર એવા અક્ષરોના લેખ છે કે જે અદ્યાપિ વાંચી શકાતા નથી; પ્રાચીન નગરોનાં ખંડિયેરો કે જે જગતનાં સૌથી મોટાં નગર કરતાં પણ અધિકતર ભૂમિ રોકી રહ્યાં છે,જેના ગુંબજો તથા કિલ્લાઓ[2] નષ્ટ થવાથી તેમનાં નામસુદ્ધાં લુપ્ત થઇ ગયાં છે અને જે બલ તથા પ્રતાપની ક્ષણભંગુરતાપર વિચાર કરવાને માટે એક અતિ મહાન દૃશ્ય ઉપસ્થિત કરે છે,તે સર્વના સ્વામી બ્રિટનો બની ગયા છે.બ્રિટન આ રાજ્યના ભાવી ઉત્તરાધિકારીને માટે એવું કયું સ્મારકચિન્હ છોડી જશે ? એકપણ નહિ.તે તેથી પણ અધિક ચિરસ્થાયી સ્મારકચિન્હ મૂકી જાય એમ છે અને તે પ્રજોપકાર છે. ઘણી વાતો આપણા અધિકારમાં છે. ઘણું સત્ત્વ આપી દેવામાં આવ્યું છે અને ભાવી સંતાનો તેનું ફળ પ્રાપ્ત કરશે.

---

૧ ચંદ કવિના બૃહત્ કાવ્યમાં પાંડવોના આ લોહસ્તંભનું વર્ણન નીચે પ્રમાણે છે:-એક અક્કલહીન તુંવારરાજાએ તેની ઊંડાઈ જાણવાની ઈચ્છા કરી. પંડિતોએ કહ્યું કે:-એ ખીલી શેષનાગના શિરપર ચોંટી છે, પરંતુ રાજાએ ખાત્રી કરવાને માટે તેને ઉંચકાવી કાઢી, તો પૃથ્વીમાંથી તે લોહસ્તંભ રુધિર સાથે નીકળ્યો. આથી તે ખીલી ઢીલી થઈ ગઈ અને તે અહિંત કાર્યથી તે કુલનું પ્રારબ્ધ પણ ઢીલું થઇ ગયું. આથીજ તેના પાટનગરનું નામ ઢિલ્લી પડ્યું, જે પાછળથી રૂપાંતર પામી દિલ્લી થયું. કુતુબના એક પુસ્તકમાં જે વર્ણન છે, તે જો દિલ્લીના આ પ્રાચીન સ્તંભવિષે હોય તો તે પાંડવોનો નિર્માણ કરેલો નથી. એમ કહેવાય છે કે:-ગુપ્તવંશના પ્રતાપી રાજા ચંદ્રગુપ્તે કોઈ વિષ્ણુપાદ નામના પર્વતપર વિષ્ણુના મંદિરની આગળ તેને સ્થાપિત કર્યો હતો અને તેને તુંવારોએ ત્યાંથી લાવીને અહીંઆં સ્થાપન કરી દીધો છે. આ વાત તેપર કોતરેલા લેખપરથી જણાય છે, પરંતુ આ ખીલી ઢીલી થયાની વાત અતિ પ્રસિદ્ધ છે. દિલ્લીના મ્યુઝિયમમાં સંવત ૧૩૮૪ નો એક શિલાલેખ છે, તેપર નિમ્ન લિખિત શબ્દો કોતરવામાં આવ્યા છે:-" देशोस्ति हरियानाख्यः पृथिव्यां स्वर्गसन्निभः ॥ ढिल्लिकाख्या पुरी तत्र तो मरैरस्ति निर्मिता ॥१॥ प्रतोल्यांच वलभ्यांच येन विश्रामितं यशः "પરંતુ તોમરોની વસાવેલી આ ઢિલ્લીને વિષે ફરિસ્તા જણાવે છે કે:-અહીંઆંની માટી નરમ અને ઢીલી છે અને તેમાં મેખ મજબૂત રીતે ઠોકી શકાતો નથી, તેથી તેનું નામ ઢિલ્લી રાખવામાં આવ્યું છે. મોરીવંશના રાજા અશોકનો પાષાણસ્તંભ વિજયસ્તંભ નહિ, કિંતુ ધર્મસ્તંભ છે. તેને ફીરોઝશાહ તઘલખ પ્રાયઃ ઈ. સ. ૧૩૫૬માં ટોપરાથી લઈ આવ્યો હતો અને તેણે તેને દિલ્લીમાં સ્થાપિત કરી દીધો હતો. (હિંદી અનુવાદક)

૨ હાલમાં લોકો શાહપુરથી પરિચિત છે કે નહિ ? તે વિષે મને સંદેહ છે. હુમાયુના મકબરા અને કુતુબમિનારાની વચ્ચે આવેલા એક બૂરજના ખંડિયેરથી મને એનો વિસ્તાર જણાયો છે. હું ઈ. સ. ૧૮૦૯માં ચાર માસપર્યંત અવધના વર્તમાન શાહના પૂર્વજ સફદરજંગના મકબરામાં રહ્યો હતો. આ મકબરો દિલ્લીની વસ્તીથી કેટલાક માઈલના અંતરપર ઇંદ્રપ્રસ્થનાં ખંડિયેરોમાં છે. ઇંદ્રપ્રસ્થના ખંડિયેરો દિલ્લીપર્યંત ફેલાયલાં છે. હું આ એકાંતસ્થાનમાં મારા મિત્ર લેફ્ટેનન્ટ મેકાર્ટનીની સાથે ગયો હતો કે જેઓ હાલમાં ગુજરી ગયા છે અને જેમના નામની સારી રીતે પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા છે. યમુનાનું મસ્તક અર્થાત્ શિવાલક પર્વતશ્રેણી કે જ્યાં આગળ આ નદી પહાડોમાંથી નીકળીને હિંદુસ્થાનનાં મેદાનોમાં પ્રવેશ કરે છે, ત્યાંથી નીકળતી નહેરોની તપાસ કરવાને માટે અમને ઉભયને નિયત કરવામાં આવ્યા હતા. આ નહેરો યમુનાની બન્ને તરફથી જળ લે છે અને પુનઃ યમુનામાંજ મળી જાય છે. એક નહેર દિલ્લી નગરથી અને અને બીજી સામેની બાજુએથી જાય છે.

---

કે, પૃથ્વીરાજ અનંગપાળનો દૌહિત્ર પણ નહોતો અને અનંગપાળે તેને દિલ્લીનું રાજ્ય આપ્યું પણ નહોતું; પરંતુ અજમેરના ચોહાણરાજા વિશળદેવે પોતાના બાહુબળથી સંવત ૧૨૨૦ ના અરસામાં તુંવારોની પાસેથી રાજ્ય છીનવી લીધું હતું, તેજ સમયથી તેપર ચોહાણોનો અધિકાર થયો હતો. (ગુજરાતી અનુવાદક)

# परिशिष्ट २ जुं–अध्याय ३ जो

## શેષ વંશાવલીઓ-સર વિલિયમ જોન્સ, મહાશય બેન્ટ્લી, કૅપ્ટન વિલ્ફર્ડ અને પ્રસ્તુત ગ્રંથકર્તા ( ટૉડ ) ની આપેલી વંશાવલીની સૂચિઓની પરસ્પર તુલના–તે સમયની ઘટનાઓનું વર્ણન

વૈવસ્વત મનુથી[1] આરંભ કરી ભગવાન રામચંદ્રપર્યંત ૫૭ રાજાઓની નામાવલી વ્યાસજીએ આપી છે. મારા જોવામાં એવી કોઇ પણ વંશાવલી આવી નથી, કે જેમાં તે સમયમાં થઇ ગયેલા રાજાઓની સંખ્યા ૫૮ થી વિશેષ હોય. મિસરના ધર્મગુરુઓની આપેલી સંખ્યાથી આ સંખ્યા ઘણી થોડી છે. તેમણે હિરોડૉટસના[2] લેખાનુસાર પોતાના પ્રથમ રાજા અર્થાત્ સૂર્યપુત્ર મિનસથી આરંભ કરી તે સમય સુધીમાં ૩૩૦ રાજાઓની નામાવલી આપી છે.

મનુનો પુત્ર ઇક્ષ્વાકુ સૌથી પહેલો રાજા હતો. તેણે પૂર્વ તરફ આવી અયોધ્યા નગરીની સ્થાપના કરી.

બુધ એ ચંદ્રવંશનો મૂળ પુરુષ છે; પરંતુ તેની પ્રથમ રાજધાની પ્રયાગની[3] સ્થાપના કોણે કરી તે ભેદ કાંઈ આપણે ચોક્કસ રીતે જાણી શકયા નથી; તોપણ કેટલાંક પ્રમાણોદ્વારા એવો પત્તો લાગે છે કે બુધની છઠ્ઠી પેઢીએ ઉત્પન્ન થયેલા પુરુએ તેની સ્થાપના કરી હતી.

ઇક્ષ્વાકુથી આરંભ કરી શ્રીરામચંદ્રપર્યંત ક્રમશઃ ૫૭ રાજાઓ અયોધ્યાના સિંહાસનપર આરૂઢ થયા હતા; અને યયાતિના પુત્રોદ્વારા જે ચંદ્રવંશની શાખાઓનો વિસ્તાર થયો હતો તેની પેઢીઓ સંખ્યામાં સમાન નથી. યદુવંશની જે શાખાઓ કૃષ્ણ અને તેમના મામા કંસ સુધી પહોંચીને સમાપ્ત થઇ જાય છે ( જુઓ વંશવૃક્ષ ૧ લું ), તેમાં યયાતિથી લઇને ૫૭ અને ૫૯ પેઢીઓ થઇ છે અને યુધિષ્ઠિર ( દિલ્હીપતિ ) શલ,[4] જરાસંધ[5] તથા બહુરથ[6] કે જે સર્વ શ્રીકૃષ્ણ તથા કંસના સમકાલિન હતા, તેમના વંશમાં અનુક્રમે તે સમયસુધીમાં ૫૧, ૪૬ અને ૪૭ પેઢીઓ થાય છે. સૂર્યવંશ અને ચંદ્રવંશના યદુકુલની શાખામાં મોટો ભેદ છે; પરંતુ અહીંઆં જે વંશાવલી આપવામાં આવી છે, તે મને

---

૧ મિસરવાસીઓ સૂર્યનેજ પોતાનો પ્રથમ રાજ્યસંસ્થાપક માને છે.

૨ હિરોડૉટસ મેલપિયોમેની પ્રકરણ ૧૪, પૃષ્ઠ ૨૦૦.

૩ જેસલમીરના ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે, ભારતના યુદ્ધપૂર્વે પ્રયાગ, મથુરા, કુશસ્થલી અને દ્વારિકા એ અનુક્રમે ચંદ્રવંશની રાજધાની રહી હતી. ત્યાર પછી વીસ પેઢી બાદ હસ્તીરાજાએ હસ્તિનાપુરની સ્થાપના કરી. તેમાંથી યદુ (ઇંદુ), અજમીઢ અને પુરમીઢ એ ત્રણ મોટી શાખાઓ નીકળી. તેમાંથી યદુવંશની અનેક શાખાઓ થઈ ગઈ.

૪ આ 'શલ' સિંધુનદીપરની 'આરોર' નામની રાજધાનીનો વસાવનાર છે, એવી માહિતી મેં મેળવી છે. અબુલફઝલે આ 'શલ' ને 'સિહર' લખ્યો છે.×

૫ જરાસંધ બિહારનો રાજા હતો.

૬ એ કયાંનો રાજા હતો તે જણાયું નથી.

---

× અબુલફઝલે 'સિહર' લખ્યું છે; પરંતુ 'ચાચનામા' નામની સિંધની પ્રાચીન અરબી તવારિખમાં 'સિહરસ' પાઠ છે, જે શબ્દ 'શલ'નો નહિ, પરંતુ 'શ્રીહર્ષ' નો અપભ્રંશ જણાય છે. (ગૌ. હી. ઓઝા)

પ્રાપ્ત થયેલી ઈતર વંશાવલીઓ કરતાં અધિક પૂર્ણ છે. સર વિલિયમ જોન્સે જે વંશાવલી આપી છે તેમાં સૂર્યવંશની નામાવલીમાં ૫૬ અને ચંદ્રવંશની સૂચીમાં બુધથી યુધિષ્ઠિરપર્યંત ૪૬ નામો છે; અર્થાત્ તે પ્રત્યેકમાં અત્રે સાદર કરેલી સૂચિ કરતાં એક એક નામ ઓછું છે અને જે પ્રધાન શાખા શ્રીકૃષ્ણની સાથે સમાપ્ત થાય છે, તેનો તો તેમણે નામનિર્દેશ પણ કર્યો નથી. સર વિલયમ જોન્સે અને મેં જે વંશાવલીઓ ભિન્ન ભિન્ન ગ્રંથોમાંથી સંગ્રહિત કરી છે તેમાં એટલી સમાનતા પ્રાપ્ત થાય છે કે તે પરથી તે સર્વ એકજ વિશ્વાસપાત્ર મૂળ સ્થાનમાંથી પ્રકટ થઇ છે એમ સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે.

મહાશય બેંટલીએ એશિયાટિક રિસર્ચિસ વૉ૦ ૫, પૃ૦ ૩૪૧ માં જે નામાવલી આપી છે, તે સર વિલિયમ જોન્સની આપેલી નામાવલીની સાથે મળે છે.તેમાં પણ સૂર્યવંશની ૫૬ અને ચંદ્રવંશની ૪૬ પેઢીઓ લખી છે; પરંતુ વિશેષ ધ્યાનપૂર્વક જોવાથી પ્રતીત થાય છે કે કાંતો તેમણે નકલ કરી લીધી છે અથવા તો તે ઉભયે એકજ પુસ્તકમાંથી તે વંશાવલી લખી છે અને પછી તેમણે કેટલાંક નામો ઉપરનીચે મૂકી દીધાં છે. આથી કલ્પનાને સહાય મળે છે; પરંતુ તે વિશ્વાસપાત્ર ઈતિહાસને યોગ્ય સામગ્રી નથી.

કર્નલ વિલ્ફર્ડની લખેલી સૂર્યવંશની સૂચિ ક્ષુલ્લક છે; પરંતુ ચંદ્રવંશની પુરુ અને યદુકુલની સૂચિ અત્યુત્તમ છે અને જરાસંધથી લઇને ચંદ્રગુપ્તસુધીની પુરુવંશશાખાની પ્રકાશિત થયેલી સર્વ નામાવલીઓમાં તેમનીજ નામાવલી ઠીક અને શુદ્ધ છે.

વિલ્ફર્ડે,સર વિલયમ જોન્સના લખેલા સૂર્યવંશના સમયનું નિરૂપણ શામાટે નહિ કર્યું તે એક આશ્ચર્યની વાત છે. કદાચિત્ તેઓ શ્રીરામચંદ્રને શ્રીકૃષ્ણના સમયની નિકટના કાળમાં ઉત્પન્ન થયેલા કહેતાં ગભરાયા હશે;કારણ કે શ્રીરામચંદ્રજીનું અસ્તિત્વ મહાભારતના યુદ્ધની ચાર પેઢી પૂર્વે માનવામાં આવે છે.

ખરેખર, અમને ચંદ્રવંશની પૂર્ણ વંશાવલી મળી નથી અને ઉક્ત ઉભય મહોદયોને પણ તે મળી નથી; તથા વિલ્ફર્ડે તો તેને પ્રમાણિક માનીને સૂર્યવંશની સૂચિ તેની સાથે મેળવવાને માટે પ્રયાસ કરીને તેની અશુદ્ધતા અધિક વધારી દીધી છે.

મહાશય બેંટલીની રીતિને અમે એટલા માટે વિશેષ ઉપયોગી માનીએ છીએ કે ચંદ્રવંશની સૂચિમાં રાજા જન્મેજય અને પ્રાચીનવાનની વચ્ચે અગીઆર નૃપતિઓનાં નામ રહી ગયાં છે, એમ તેઓ માને છે;પરંતુ તેનું કાંઇ પ્રમાણ નહિ હોવાથી ચંદ્રવંશીરાજાઓની નામાવલી સૂર્યવંશીરાજાઓની નામાવલીની સામે આપવામાં આવી છે,કે જેથી તેમનો સમકાલિન સંબંધ જળવાય અને તેમનું એકકાળમાં હોવું સિદ્ધ થાય. આ પદ્ધતિથી સર્વ શંકાનું સમાધાન થઇ જશે અને વંશાવલીનો ભેદ આપોઆપ ખુલ્લો થઈ જશે.

ચંદ્રવંશની જે પ્રધાન શાખામાં પુરુ, અજમીઢ, હસ્તી, કુરુ, શાંતનુ તથા યુધિષ્ઠિર વગેરે પરમ વિખ્યાત પુરુષો થયા, તેમની જે નામાવલી સર વિલિયમ જોન્સ અને કર્નલ વિલ્ફર્ડે લખી છે તેમાં પરસ્પર ઘણો થોડો ભેદ છે અને તેમાં એટલી બધી સમાનતા ઉપલબ્ધ થાય છે કે તે એકજ ગ્રંથમાંથી લેવામાં આવી છે એમ માનવામાં કિંચિત્ પણ શંકાને અવકાશ રહેતો નથી;પરંતુ વિચાર કરતાં આપણને વિદિત થાય છે કે વિલ્ફર્ડની પાસે વિશેષ સામગ્રી હતી,તેથી હસ્તી અને કુરુ એ ઉભય વંશની નવીન શાખાઓ તેના લેખમાં પ્રાપ્ત થાય છે. અંતે એક 'ભીમસેન' નામ પણ તેણે અધિક આપ્યું છે.આ નામ મારી વંશાવલીમાં છે, પરંતુ જોન્સની વંશાવલીમાં નથી.ભીમસેનની પછી ઉભય વંશાવલીઓમાં રાજા દિલીપનું નામ છે. આ નામ મારી પાસેના ભાગવતગ્રંથમાં આપવામાં આવ્યું નથી,પરંતુ અગ્નિપુરાણમાં લખેલું છે.આપરથી સિદ્ધ થાય છે કે અમારી સામગ્રીઓ ભિન્ન ભિન્ન ગ્રંથોમાંથી સંગ્રહ કરવામાં આવી છે અને જ્યારે તે ગ્રંથોની પ્રાચીનતાનો વિચાર કરવામાં આવે છે ત્યારે ઘણો સંતોષ ઉત્પન્ન થાય છે. મારી વંશાવલીમાં બુધથી ૧૯ મું નામ તન્સુ છે,તે જોન્સ અને વિલ્ફર્ડની વંશાવલીમાં નથી.વિલ્ફર્ડે હસ્તીની પૂર્વે સુહોત્ર નામ લખ્યું છે, એ જોન્સની વંશાવલીમાં નથી, પરંતુ અગ્નિપુરાણમાં છે.

વળી તેણે જહ્નુને કુરુનો ઉત્તરાધિકારી બનાવ્યો છે, પરંતુ પુરાણોમાં પરીક્ષિતને કુરુનો ઉત્તરાધિકારી જણાવવામાં આવ્યો છે. પરીક્ષિતે જહ્નુના પુત્રને દત્તકસ્વરૂપે ગ્રહણ કર્યો હતો અને તેનું નામ સુરથ હતું. આ નામ ત્રણે વંશાવલીઓમાં ઉપલબ્ધ થાય છે. તેમાં જો કાંઇ ભેદ હોય તો તે માત્ર માત્રાનો છે.

મારા નિર્માણ કરેલા વંશવૃક્ષની સાથે જો સર વિલિયમ જોન્સની સૂર્યવંશની વંશાવલીનો મુકાબલો કરવામાં આવે તો મુખ્ય મુખ્ય બાબતો પ્રાયઃ સમાનજ પ્રતીત થશે. હું અત્રે સર વિલિયમ જોન્સની

વંશાવલી કહું છું; કારણ કે તેના જેવી પૂર્ણ વંશાવલી બીજી કોઈ પણ નથી. અમારી વંશાવલીમાં પ્રથમ ઇક્ષ્વાકુની ચોથી પેઢીએ ભેદ પડે છે. મારી વંશાવલીમાં અનપૃથુ નામ છે, જ્યારે તે તેનાં અન્યાસ અને પૃથુ એવાં બે નામ કરે છે. પછી અઢારમા નામ પુરુકુત્સમાં કેવલ અક્ષરોનો ભેદ છે. મારી સૂચિમાં હરીશ્ચાક (ત્રિશંકુ) નું નામ ૨૩ મું છે અને જોન્સની સૂચિમાં ૨૬ મું છે. એક નામના અંતરનું કારણ તો ઉપર જણાવી ચૂકયો છું અને ઇરિસદ્ધ તથા હર્યાશ્વ એ બન્ને નામો મારી વંશસૂચિમાં નથી. તે સિવાય અમારી બન્નેની વંશાવલી એકસરખી છે; જો કે અલબત્ત, અક્ષરમાત્રામાં ભેદ છે, પરંતુ બિહારમાં ચંપાપુર વસાવનાર સત્તાવીસમા રાજા ચંપાના ઉત્તરાધિકારીઓના સંબંધમાં અમે સહમત નથી. સર વિલિયમે સુદેવને ચંપાનો ઉત્તરાધિકારી જણાવ્યો છે અને તેના પછી વિજયને રાજા થયેલો જણાવ્યો છે; પરંતુ મને જે પ્રમાણો મળ્યાં છે, તે અનુસાર ફક્ત ઉભય પુરુષો ચંપાના પુત્રો હતા; પણ સુદેવ તપ કરવા ચાલ્યો ગયો તેથી નાના વિજયને રાજસિંહાસન પ્રાપ્ત થયું. જોન્સે ૩૩ અને ૩૬ માં કેશી[1] અને દિલિપ એ નામો છોડી દીધાં છે. વળી તેણે બીજા પણ એક પરમ પ્રસિદ્ધ રાજાનું નામ મૂકી દીધું છે, અર્થાત્ તેણે રાજા અંબરીષનું નામ લખ્યું નથી. આ અંબરીષને પાછળના વંશની સાથે ઘણો સંબંધ છે અને તેનાદ્વારા પુરાતન ઇતિહાસની સમકાલિનતાનો ઘણો પત્તો લાગી શકે છે.અંબરીષ કનોજ વસાવનાર ગાધીનો સમકાલીન હતો. [2]નલ,સુરર (સર્વકામ) અને દિલિપ મારી વંશાવલીમાં ૪૪,૪૫ અને ૫૪ અંકપર છે; પરંતુ સર વિલિયમ જોન્સે આ સર્વ નામો છોડી દીધાં છે.

આ મહાન વંશોની સૂચિનો મુકાબલો કરી જે વૃત્તાંત લખવામાં આવ્યું છે તે સંતોષપ્રદ થશે એવી મને આશા છે. મારી આપેલી નામાવલી રાજપુસ્તકાલયની વંશાવલીમાંથી તથા પુરાણોમાંથી ઉધ્ધૃત કરવામાં આવી છે. પોતાને સૂર્યવંશના વંશજતરિકે ઓળખાવતો એવો કોઇકજ મહારાજા હશે કે જેને પોતાના પૂર્વજોની વંશાવલી કંઠસ્થ ન હોય. મેવાડના મહારાણા ભીમસિંહની સ્મરણશક્તિ પોતાની વંશાવલી યાદ રાખવામાં અતિ પ્રબળ છે. એજ ધંધો કરનાર ભાટ અને ચારણલોકોએ અવશ્ય આ વંશાવલીઓ કંઠસ્થ કરી હશે. પ્રથમ વંશવૃક્ષમાં અયોધ્યા અને મિથિલા અથવા તિરહુતના સૂર્યવંશી રાજાઓનો નિર્દેશ છે. મિથિલાના સૂર્યવંશી રાજાઓનો ઉલ્લેખ મેં બીજે ક્યાંય પણ જોયો નથી. તેમાં ચંદ્રવંશની ચાર મોટી અને ત્રણ નાની શાખાઓનો પણ ઉલ્લેખ છે અને યદુ(ઇંદુ) વંશની આઠમી શાખાને જેસલમીરના ભાટીઓના ઇતિહાસમાંથી સંગ્રહિત કરવામાં આવી છે.

પ્રાચીન રાજવંશોની વંશાવલીની સમાપ્તિ કર્યાં પૂર્વે હું તેમની સમકાલીનતાના સંબંધમાં સંક્ષિપ્ત વર્ણન કરીશ. રામ, કૃષ્ણ અને યુધિષ્ઠિરની સાથે દ્વાપરયુગની સમાપ્તિ થઈ કલિયુગનો આરંભ થાય છે. અહીં હું કિંચિત્ થોભીને ભિન્નભિન્ન ગ્રંથકારોએ સ્વીકારેલી તેમની સમકાલીનતાનો ઉલ્લેખ કરીશ.

અતિ પ્રાચીન કાળની બાબતમાં બહુ બહુ તો સત્યની નિકટ પહોંચી શકાય છે. સત્યને પકડવું કઠિન છે. આ સ્થળે અમે રામાયણ અને પુરાણોદ્વારા ભિન્ન ભિન્ન રાજવંશોની સમકાલીનતા જણાવીશું

સૂર્યવંશના વિખ્યાત ત્રિશંકુના પુત્ર રાજા હરિશ્ચંદ્રથી પ્રથમ કાળનો આરંભ થાય છે. હરિશ્ચંદ્રનું નામ સત્ય વચનને માટે વિશેષ પ્રસિદ્ધ છે. તે સૂર્યવંશનો ચોવીસમો રાજા છે. ( જુઓ સ્કંદપુરાણનો સહ્યાદ્રિ ખંડ) અને તેને નર્મદાનદીના તટપર આવેલી માહિષ્મતી નગરીના હયહય વંશમાં ઉત્પન્ન થયેલા વિખ્યાત રાજા [3]સહસ્રાર્જુનનો વધ કરનાર પરશુરામનો સમકાલીન માનવામાં આવ્યો છે. રામાયણમાં આનું પ્રમાણ છે. પરશુરામે ક્ષત્રિયોનો એકવીસ વાર નાશ કર્યો હતો અને તેના અધિપતિપદનીચે બ્રાહ્મણોએ રાજ્યાધિકાર કર્યો હતો એવો રામાયણમાં ઉલ્લેખ છે. જે સમયે ક્ષત્રિયોએ રાજ્યસિંહાસન

---

૧ 'કેશી' એ રાજા નહોતો,પરંતુ એ સગરની સ્ત્રીનું નામ હતું. તેના ઉદરથી 'અસમંજસ' જન્મ્યો હતો. (ગૌ. હી. ઓઝા)

૨ 'નલ' ચંદ્રવંશી છે. સૂર્યવંશી ઋતુપર્ણનો તે મિત્ર હતો. કર્નલ ટૉડે ભૂલથી તેનું નામ સૂર્યવંશમાં આપી દીધું છે. (ગૌ. હી. ઓઝા.)

૩ ભવિષ્યપુરાણમાં સહસ્રાર્જુનને ચક્રવર્તી જણાવ્યો છે. એમ કહેવાય છે કે, તેણે તક્ષક કે તુરુષ્ક* નામના નાગવંશના કર્કોટકને જીતી લીધો હતો. તે માહિષ્મતીના સિંહાસનથી ચ્યુત થયા પછી તેણે ત્યાંની પ્રજાને પોતાની

---

* તુરુષ્કવંશ તક્ષકવંશથી ભિન્ન છે. જુઓ 'રાજતરંગિણી' (હિંદી અનુવાદક)

ખોઈ નાખ્યું અને બ્રાહ્મણોના ઉપહાસપૂર્વક જણાવવા પ્રમાણે તેમણે પોતાના વંશની પવિત્રતા પણ ખોઈ નાખી, તે સમયનો પણ આની સાથે પત્તો લાગે છે; પરંતુ ક્ષત્રિયોએ પોતાના વંશની પવિત્રતા ખોઈ નાખી એ વાતનું ખંડન ખુદ બ્રાહ્મણોના ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે, જે નીચેના વર્ણનપરથી સ્પષ્ટરીતે સમજાશે.

આ સમયમાં સૂર્યવંશની સૂચિનો બાવીસમો રાજા સગર વિદ્યમાન હતો. રાજા સગર ચંદ્રવંશી સહસ્રાર્જુનની છઠ્ઠી પેઢીના વંશજ તાલજંઘનો સમકાલીન હતો. પરશુરામના બાહુબળથી ક્ષત્રિયજાતિ વિનષ્ટ થઇ ત્યારે તેના હાથમાંથી સહસ્રબાહુના પાંચ પુત્રો બચ્યા હતા, જેનાં નામો ભવિષ્યપુરાણમાં છે.

પરસ્પર સ્પર્ધા કરનાર ચંદ્ર અને સૂર્યવંશની વચ્ચે દારુણ સંગ્રામ થયા કરતા હતા. પુરાણ અને રામાયણ એનાં સાક્ષી છે. ભવિષ્યપુરાણમાં સગર[1] અને તાલજંઘના યુદ્ધનું વૃત્તાંત છે. આ યુદ્ધમાં હય-હયવંશના માણસોને ઘણી હાનિ ભોગવવી પડી હતી;તેમની પૂર્વે તેમના પૂર્વજોએ સગરના પૂર્વજોની સાથે યુદ્ધ કરીને તેટલીજ હાનિ ભોગવી હતી; પરંતુ પરશુરામની પછી તેમણે પોતાનું મસ્તક પુનઃ ઉન્નત કર્યું, જેનું પરિણામ એ આવ્યું કે સગરના પિતાને રાજધાની અયોધ્યા છોડી વનમાં જવું પડ્યું. આ સગર અને તાલજંઘ હસ્તિનાપુરના રાજા હસ્તી અને અંગદેશ[2] તથા અંગવંશના સ્થાપક અંગના સમકાલીન હતા. અંગ બુધનો વંશજ હતો.

---

સાથે લઇ જઇને ભારતના ઉત્તર ભાગમાં હેમનગરની સ્થાપના કરી. નર્મદાનદીના તટપરના દેશોમાં આ રાજાને વિષે કેટલીક વાતો પ્રસિદ્ધ છે. તેને હજાર બાહુ હતા, એમ કહેવાય છે અને આલંકારિક રીતે તેને ઘણાં સંતાનો હતાં, એમ જણાવવામાં આવે છે. પ્રાચીન સમયમાં એવો રિવાજ હતો કે,અનેક જાતિઓ પ્રાણી, ગ્રહ વા જડ પદાર્થોનાં નામથી ઓળખાતી હતી. ખ્રિસ્તીધર્મપુસ્તક બાઇબલમાં પણ આજ પ્રકારે મિસર, એસિરિયા અને મક દુનિયાના નૃપતિઓને મક્ષિકા તથા મેંઢા કહ્યા છે અને ભારતવર્ષમાં નાગ, અશ્વ તથા વાનર કહ્યા છે.

આ નાગવંશ એશિયાના ઉચ્ચ પ્રદેશોમાં પ્રાચીન કાળમાં ઘણો ફેલાયેલો હતો અને વિખ્યાત હતો. રામાયણપરથી પ્રતીત થાય છે કે, એક તક્ષક નાગે અનંતનું રૂપ લઈને અશ્વમેધયજ્ઞના ઘોડાને ચોર્યો હતો.

૧ સગરનો પિતા અસિત જ્યારે હયહય, તાલજંઘ અને શિશુવિંધી કુલના રાજાઓથી યુદ્ધમાં પરાજિત થયો,ત્યારે તે પોતાની બે રાણીઓસહિત હિમાલયની તરફ ચાલ્યો ગયો. (વાલ્મીકિ રામાયણ, બાલકાંડ, અ૦ ૪૧) તે પોતાની એક રાણીને ગર્ભવતી છોડીને સ્વર્ગવાસી થયો. તે ગર્ભવતી રાણીને તેની શોકયે વિષ દીધું; પરંતુ તે વિષ ઋષિના આશીર્વાદથી કાંઇ પણ ઇજા કરી શક્યું નહિ અને ગર (વિષ) સહિત બાળક ઉત્પન્ન થયાથી તેનું નામ સગર રાખવામાં આવ્યું. જ્યારે આ પ્રકારે સૂર્યવંશને ચંદ્રવંશદ્વારા હાનિ સહન કરવી પડી, ત્યારે તેને સહાય કરવાને માટે પરશુરામે શસ્ત્ર ધારણ કર્યાં. આ પરથી સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે કે, સૂર્યવંશીઓ બ્રાહ્મણધર્મ પાળતા હતા અને ચંદ્રવંશીઓ તેથી વિરુદ્ધ પોતાના મૂળપુરુષ બુધના ધર્મને માનતા હતા અને આજ કારણથી સૂર્યવંશના ઋષિઓ, ચંદ્રવંશોત્પન્ન વિશ્વામિત્ર બ્રાહ્મણમત ગ્રહણ કરે તે જોવાને ખુશી નહોતા અને ચંદ્રવંશોત્પન્ન શ્રીકૃષ્ણ પોતાનો નવીન મત સ્થાપન કર્યા પૂર્વે બુધની પૂજા કરતા હતા એ પણ સિદ્ધ થઈ શકે છે.

૨ આ અંગ દેશ ટિબેટની સમીપ છે. આ દેશના રહેવાસીઓ હુંગી કહેવાય છે,જે પરથી વિદિત થાય છે કે આ નામ ચીના ગ્રંથકારોએ આપ્યું છે. એમ જણાય છે કે, આ લોકો યુરોપ તથા ભારતવર્ષના હુન લોકો હશે. આ તાર્તરજાતિ ચંદ્ર અથવા બુધના વંશમાં હશે.

ઉપલી ઉભય ટિપ્પણીઓ પણ કર્નલ ટોડે સર્વથા ઉપજાવી કાઢેલી છે. પરશુરામે સૂર્યવંશને સહાય કરવાને માટે શસ્ત્ર ધારણ કર્યાં નહોતાં, પણ સહસ્રાર્જુનના પુત્રોએ જ્યારે તેના પિતા જમદગ્નિને મારી નાખ્યો, ત્યારે તેનાપર વૈર લેવાને માટે તેણે ક્ષત્રિયમાત્રપર શસ્ત્ર ઉઠાવ્યાં હતાં. રાજા દશરથ સૂર્યવંશોત્પન્ન હતા તે છતાં પણ તેણે તેમની સાથે યુદ્ધ કરવાની ઇચ્છા કરી હતી.

શ્રીકૃષ્ણ બૌદ્ધધર્માવલંબી નહોતા, તેમજ તેમણે કોઇ મત પણ ચલાવ્યો નહોતો. તેમજ ચંદ્રવંશીઓ પણ બૌદ્ધધર્મ પાળતા નહોતા. આ બૌદ્ધમત તો પાછળથી ઘણે વર્ષે પ્રચલિત થયો હતો.

અંગદેશવિષેની વાત કર્નલ ટોડે કદાચ જૈનપંડિતની કૃપા અને સહાયથી લખી હશે. ચંપા કે જેને અંગપુરી કહેવામાં આવે છે, તે ગંગાતટપર ભાગલપુરની સમીપ હતી. કર્નલ ટોડે તે દેશને ટિબેટની સમીપ જણાવ્યો છે તે ભ્રમ છે. હુનલોકોવિષેની કલ્પના પણ અપ્રમાણ છે. વળી અગ્નિપુરાણ વાંચવાથી એમ પણ જણાતું નથી કે, સૂર્યવંશનો મુખ્ય પુરુષ મધ્ય એશિયામાંથી આવ્યો હતો. આજ પ્રમાણે વંશવૃક્ષમાં પણ ઘણો ગોટાળો છે. તાલજંઘને તેમણે સહસ્રાર્જુનની છઠ્ઠી પેઢીએ ઉત્પન્ન થયેલો જણાવ્યો છે; પરંતુ વંશવૃક્ષમાં તેમ નથી. સમકાલીનતાનું સમાધાન તો સહજ થઈ શકે એમ છે. જ્યારે વિક્રમસંવતસુધીમાં યુધિષ્ઠિરસંવતનાં ૩૦૫૦ વર્ષો થાય છે, ત્યારે ઇક્ષ્વાકુથી ઇશુ ખ્રિસ્ત સુધીનાં વર્ષો ૨૨૫૬ બતાવવાં સર્વથા નિર્મૂલ છે. યુધિષ્ઠિરથી ઇસ્વીસનના પ્રારંભ સુધીમાં ૩૧૦૭ વર્ષો થાય છે અને ઇ૦ સ૦ ૧૯૦૫ સુધીમાં ૫૦૧૨ વર્ષો થાય છે. (હિંદી અનુવાદક)

એક બીજી સમકાલીનતાનો પત્તો રામાયણ આપે છે અને તે એ છે કે, સૂર્યવંશના ચાળીસમા રાજા અયોધ્યાપતિ અંબરીષ કનોજના સ્થાપક મહારાજા ગાધી તેમજ અંગદેશાધિપતિ મહારાજા લોમપાદના સમકાલીન હતા.

અંતિમ સમકાલીનતા શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિરની છે. એમની સાથે દ્વાપરની સમાપ્તિ અને કલિયુગનો પ્રારંભ થાય છે; પરંતુ આ સમકાલીનતા ચંદ્રવંશની છે. અમારી પાસે કોઇ એવું સાધન નથી કે જે દ્વારા સૂર્યવંશના શ્રીરામચંદ્ર અને ચંદ્રવંશના શ્રીકૃષ્ણની વચ્ચેનો સમય નિશ્ચિત થઇ શકે.

ક્રોસ્ટાકુલનો મથુરાપતિ કંસ બુધથી ઓગણસાઠમો હતો અને તેના ભાણેજ શ્રીકૃષ્ણ અઠ્ઠાવનમા હતા તથા પુરુકુલના અજમીઢ દેવમીઢના વંશજ શલ, જરાસંધ તથા યુધિષ્ટિર અનુક્રમે ૫૧, ૫૩ તથા ૫૪ મા વંશજ છે.

અંગવંશોત્પન્ન પૃથુસેન બુધથી ૫૩ મો હતો. પૃથુસેને મહાભારતના યુદ્ધમાં ભાગ લીધો હતો; પરંતુ તે બચવા પામ્યો હતો.

આ પ્રકારે સરેરાશ બુધથી શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિરપર્યંત ૫૫ પેઢી થાય છે અને પ્રત્યેકનો શાસનકાળ એકંદર ૨૦ વર્ષનો ગણીએ તો ૧૧૦૦ વર્ષ થાય છે. જો આ ૧૧૦૦ વર્ષોને ઈ૦ સ૦ પૂર્વે ૫૬ વર્ષપર થઇ ગયેલા વિક્રમાદિત્ય અને શ્રીકૃષ્ણની વચ્ચેના રાજાઓના સમયમાં ઉમેરવામાં આવે તો સૂર્ય અને ચંદ્ર એ ઉભય વંશોની ઉત્પત્તિ ઇ૦સ૦ પૂર્વે ૨૨૫૬ વર્ષપર થયેલી જણાય છે. આ સમયથી અલ્પાવાધ પછી મિસર, ચીન અને ઍસીરિયાનાં રાજ્યોની સ્થાપના થએલી બહુધા માનવામાં આવે છે અને આ આરંભ મહા પ્રલયની ઘટનાથી દોઢસો વર્ષ પછી થએલો ગણવો જોઇએ.

અગ્નિપુરાણના એક લેખપરથી પ્રતીત થાય છે કે ઇક્ષ્વાકુ જેનો આદ્યપુરુષ હતો તે સૂર્યવંશની શાખા મધ્ય એશિયામાંથી આવીને હિંદુસ્થાનમાં સૌથી પહેલાં વસી હતી; તે છતાં પણ આપણને ચંદ્રવંશના આદિપુરુષને તેનો સમકાલીન માનવો પડે છે, કારણ કે તેણે દૂરદેશથી આવીને ઇક્ષ્વાકુની ભગિની ઇલા સાથે વિવાહ કર્યો હતો એવો લેખ પ્રાપ્ત થાય છે.

ચંદ્રવંશની વૃદ્ધિ કરનાર કૃષ્ણ અને અર્જુનના વંશજોનું વૃત્તાંત લખ્યા પૂર્વે અમે તેમના પૂર્વજોએ સ્થાપન કરેલાં મુખ્ય મુખ્ય રાજ્યોની સંક્ષિપ્ત સમાલોચના કરીશું.



# परिशिष्ट २ जुं–अध्याय ४ थो

## ભિન્ન ભિન્ન જાતિઓદ્વારા રાજ્યો અને નગરોની સ્થાપના થવી.

સૂર્યવંશીઓએ સૌથી પ્રથમ અયોધ્યા[1] નગરીની સ્થાપના કરી.આ નગરી પરમ સમૃદ્ધિશાળી હતી.તે અવધના નામથી આજપર્યંત પ્રસિદ્ધ છે. જે દેશ મોગલપાદશાહના નામમાત્રના મંત્રીના અધિકારમાં છે અને જે દેશની સીમા સૂર્યવંશીઓનાકોશલરાજ્યની સીમા બરોબરજ આજથીં પચીસ વર્ષપર હતી તે દેશનું નામપણ અવધ છે.એશિયાની સર્વ પ્રાચીન રાજધાનીઓ પરમ ઐશ્વર્યસંપન્ન હતી અને અયોધ્યાનો વૈભવ તો અવર્ણનીયજ હતો. અવધની વર્તમાન રાજધાની લખનૌ પ્રાચીનઅયોધ્યાનું એક પરૂં હતું. ભગવાન રામચંદ્રે પોતાના ભ્રાતા લક્ષ્મણના સન્માનાર્થે તેનું નામ લક્ષ્મણપુર પાડ્યું હતું

આજ અરસામાં ઇક્ષ્વાકુના પૌત્ર મિથિલે મિથિલા[2] પુરીની સ્થાપના કરી.ત્યારપછી રોહતસ અને ચંપાપુરની સ્થાપના થઇ. પ્રાચીન હયહય[3] વંશની એક નાની શાખા વર્તમાન સમયમાં નર્મદાનદીની નિકટ વઘેલખંડની અંતર્ગત પર્વતના ઘાટની પાસે સુહાગપુરમાં વિદ્યમાન છે. આ શાખાના માણસો પોતાની પ્રાચીન વંશપરંપરા જાણતા નથી; પરંતુ તેઓ વીરતામાટે અતિ પ્રસિદ્ધ છે.

ભાગવતમાં એવો ઉલ્લેખ છે કે, ઇક્ષ્વાકુના બંધુ આનર્તે[4] કુશસ્થલી દ્વારિકાની સ્થાપના કરી હતી.

---

૧ વાલ્મીકિજીએ રામાયણમાં આ નગરીવિષે આ પ્રમાણે વર્ણન કર્યું છેઃ–સરયૂના તટપર કોશલ નામનો એક મોટો દેશ છે. આ દેશ ધનધાન્યથી પૂર્ણ છે. તેની અંતર્ગત બાર યોજનના વિસ્તારમાં મનુની સ્થાપન કરેલી અયોધ્યાનગરી છે. તે ત્રણ યોજન પહોળી છે. તેના રાજમાર્ગો યથોચિત નિર્માણ કરવામાં આવ્યા છે. આ રાજમાર્ગોપર સદા છંટકાવ થતો રહે છે. તેમાં સુંદર વાટિકાઓ આવી રહી છે. આ નગરી વ્યાપારીઓથી પૂર્ણ છે. તેને વિશાળ દરવાજા છે અને તેમાં મહેરાબદાર ઈમારતો શોભી રહી છે.અસ્ત્રશસ્ત્રોથી સજ્જિત રથ, હાથી, ઘોડા અને ઈતર દેશોના રાજદૂતોથી આ નગરી પરિપૂર્ણ છે. એમાં પર્વતશૃંગના જેવા ગુંબજવાળા રાજમહાલયો તથા ઉંચી ઉંચી ઈમારતો શોભી રહી છે અને તેમાં સદા વાંસળી, વીણા અને પખાજનો ધ્વનિ ગુંજી રહેલો હોય છે. નગરની ચોતરફ ઉંડી ખાઇ ખોદવામાં આવેલી છે. મોટા મોટા ધનુષધારી યોદ્ધાઓથી આ નગરી રક્ષિત છે અને મહારાજા દશરથ એના આધિપતિ છે. અહીંઆંના સર્વ પુરૂષો ધર્માત્મા છે, કોઇ નાસ્તિક નથી. સર્વ પોતપોતાની સ્ત્રીઓપ્રત્યે પ્રેમ રાખે છે. સ્ત્રીઓ સુંદર, ચતુર, મધુરભાષિણી, વિવેકિની, પરિશ્રમશીલા, પતિવ્રતા અને સુંદર વસ્ત્રાભૂષણોથી સજ્જિત છે. પુરૂષો સત્યવાદી, અતિથિસત્કાર કરવામાં સદા તત્પર અને ગુરૂજનો, પિતૃઓ તથા દેવતાઓની પૂજા કરનારા છે. આ નગરમાં આઠ રાજમંત્રીઓ, બે ઉત્તમ શાસ્ત્રજ્ઞ ધર્માચાર્યો તથા છ ઉપમંત્રીઓ છે. તેઓ જિતેન્દ્રિય, નિર્લોભી, સહનશીલ, ધૈર્યવાન, હસમુખા તથા સંતોષી છે. વળી તેઓ રાજકાર્યમાં પરમ ચતુર, સેના અને ખજાનાપર ધ્યાન રાખનારા, અપરાધી પુત્રને પણ દંડ આપનારા, શત્રુઓને પણ ન્યાય આપનારા, અભિમાનરહિત, સ્વચ્છ વસ્ત્રો ધારણ કરનાર, સંદેહાત્મક બાબતોમાં કદિ પણ શ્રદ્ધા નહિ રાખનારા અને સંપૂર્ણ રાજભક્ત છે.

૨ મિથિલા એ બંગાળાનું આધુનિક તિહુંત છે.

૩ બુધમાંથી ઉત્પન્ન થયેલા હયહયવંશીલોકો ચીનના સૌથી પ્રાચીન રાજવંશની સાથે સંબંધ ધરાવે છે.

૪ આનર્ત ઈક્ષ્વાકુનો ભ્રાતા નહિ, પણ તેના બંધુ શર્યાતિનો પુત્ર હતો; અને કુશસ્થલી તેણે નહિ. પરંતુ તેના બંધુ રૈવતે સ્થાપન કરી હતી. (હિંદી અનુવાદક)

પ્રયાગરાજ કે જે ગંગાયમુનાના સંગમપર સ્થિત છે, તેની સ્થાપના થયા. પૂર્વે એ નગરની સ્થાપના થઇ હતી. પ્રયાગના રાજા પુરુના વંશજ હતા; અને શકુંતલાનો વિખ્યાત પતિ ભરત[1] પણ પ્રયાગમ. રહેતો હતો.

રામાયણમાં એવો ઉલ્લેખ છે કે જ્યારે સૂર્યવંશીઓના સાથે હયહયવંશીઓને યુદ્ધ થયું, ત્યારે શશવિંધી[2] (યદુવંશીઓની એક શાખા) લોકો પણ તેમાં સંયુક્ત હતા અને એજ વંશમાંનો શિશુપાલ કે જેણે ચેદિકા[3] નગરીની સ્થાપના કરી હતી, તે શ્રીકૃષ્ણનો એક શત્રુ હતો. શૂરસેન નામના બે રાજાઓ થયા છે, જેમાંના એકે [4]શૂરપુરની સ્થાપના કરી છે. સિકંદરની સામે યુદ્ધ કરનાર પોરસ નામના

૧ ભરત શંકુતલાનો પતિ નહિ; પરંતુ પુત્ર છે. અહીંઆં ગ્રંથકર્તાએ મોટી ભૂલ કરી છે. (હિંદી અનુવાદક)

૨ સિસોદિયા શબ્દની ઉત્પત્તિ પણ આજ શબ્દમાંથી થયેલી કહેવાય છે.
પુરાણોમાં એને શશબિન્દુ લખવામાં આવ્યો છે. સિસોદીઆ શબ્દની ઉત્પત્તિ સિસોદા ગામપરથી થઈ છે.
(હિંદી અનુવાદક)

૩ ચેદિકા રાજધાની નથી, પણ જબલપુરની સમીપના વિસ્તૃત દેશનું નામ છે. એ દેશની રાજધાની ત્રિપુરી હતી, જેને હાલ તેવર કહેવામાં આવે છે.

૪ આ દેશ હાલમાં યમુનામાં ડૂબી ગયો છે. ઈ૦ સ૦ ૧૮૧૪ માં મેં એનો શેષ ભાગ શોધી કાઢયો હતો. તેના એક વિભાગમાં વટેશ્વરનું પવિત્ર તીર્થસ્થાન છે. આનો પત્તો લાગવાથી મને બમણો આનંદ વધ્યો; કારણ કે મને યુનાનીઓના લખેલા સૂરસેનદેશની શોધ લાગવા ઉપરાંત ઍપોલોડોટસ નામના એક પ્રસિદ્ધ રાજાના સમય-નો સિક્કો પ્રાપ્ત થયો. આ રાજા પોતાના સૈન્યને સિંધુ નદીના મુખપર્યંત લઈ ગયો હતો અને તેણે યાદવોના રાજ્યમાં સુદ્ધાં આક્રમણ કર્યું હોય એવો સંભવ છે. બેક્ટ્રિયાના નરેશોની નામાવલીમાં બેયરે તેના નામનો ઉલ્લેખ કર્યો નથી. અમને પણ આ વંશનુ વૃત્તાંત અપૂર્ણજ પ્રાપ્ત થયું છે. શ્રીમદ્ ભાગવતમાં* એવો ઉલ્લેખ છે કે, બલિક દેશ વા બેક્ટ્રિયામાં ૧૩ યવન વા અયોનિયન નૃપતિઓ થયા હતા, તેમાં તેઓ દુર્મિત્રને પણ સામિલ કરે છે. મારા ધારવા પ્રમાણે યુથિડિમિસનો પુત્ર ડેમિટ્રિયસજ+ હતો; પરંતુ મિનાન્ડરની બાધાથી તે પોતાના પિતાના સિંહાસનપર અધિષ્ઠિત થઈ શકયો નહિ. મારી પાસે આ અંતિમવિજેતા મિનાન્ડરનો પણ એક સિક્કો વિદ્યમાન છે. આ સિક્કો મને સૂરસેનદેશમાંથી પ્રાપ્ત થયો હતો. તે વિજયના સ્મરણચિન્હતરિકે તૈયાર કરવામાં આવ્યો હતો. તેની ઉપર એક સ્વર્ગીય શાંતિની પાંખવાળા દૂતનું ચિત્ર છે. તેના હાથમાં તાડપત્ર છે. ફક્ત સમય નામો બેક્ટ્રિયાના ઈતિહાસની અપૂર્ણતા પૂરી દેશે; કારણ કે મિનાન્ડરને લોકો સારીપેઠે ઓળખે છે. જો એરિયન ઈતિહાસલેખક ન હોત તો ઍપોલોડોટસનું નામસુદ્ધાં લુપ્ત થઇ જાત. એરિયને બીજી શતાબ્દીમાં 'પેરીપ્લસ ઓફ ધી ઈરીથિયન્સી'÷ નામનો ગ્રંથ લખ્યો હતો. આ સમયે તે ભરૂચ (સંસ્કૃતમાં ભૃગુકચ્છ અને યૂનાનીમાં

* ભાગવતમાં ૧૩ બાહલીકરાજાઓનાં નામ છે. તેમને શિશુનંદ અને તેના ભ્રાતા યશોનંદીનાં સંતાનો માનવામાં આવે છે. (સ્કંધ ૧૨, અ૦ ૧, શ્લોક ૩૩-૩૪ ) પરંતુ તેની પૂર્વે જ્યાં યવનરાજાઓ થયાની વાત લખવા-માં આવી છે ત્યાં આઠ રાજાઓનાં નામ લખ્યાં છે. પુષ્પ, મિત્ર અને દુર્મિત્રને યવન અને બાહલીકરાજા-ઓથી પૃથક્ માનવામાં આવ્યા છે.

+ સિકંદરે હિંદુસ્થાનપર આક્રમણ કરી પંજાબ અને સિંધના મોટા મોટા ભાગો હસ્તગત કરી તેપર પોતાની તરફથી યુનાની હાકેમો નિયત કર્યા હતા; પરંતુ પ્રાયઃ પાંચ વર્ષ પછી મૌર્ય (મોરી વંશી રાજા ચંદ્રગુપ્તે તે પ્રદેશ જીતી લઈ ત્યાંથી યુનાનીઓનો અધિકાર ઉઠાવી દીધો હતો; પરંતુ બેક્ટ્રિયામાં તેમનું રાજ્ય દૃઢ થઈ ગયું હતું. ઈ૦ સ૦ પૂ૦ પ્રાયઃ ૨૦૬ વર્ષપર ત્યાંનો યુનાનીહાકેમ (રાજા) યુથિડિમસ સ્વતંત્ર બની બેઠો. તેના પુત્ર ડેમિટ્રિયસે હિંદુસ્થાનપર આક્રમણ કરી અફઘાનીસ્તાન અને પંજાબ, એ દેશો હસ્તગત કરી લીધા. આ પ્રકારે હિંદુસ્થાનમાં યુનાનીઓનું બીજીવાર રાજ્ય થયું અને તે સમયે પ્રાયઃ ૨૪ રાજાઓએ કાબુલ, પંજાબ, સિંધ આદિપર રાજ્ય કર્યું હોય એમ તેમના સિક્કાઓપરથી પ્રતીત થાય છે. આ સિક્કાઓની એક બાજુપર ફારસીની પેઠે ઉલટી રીતે લખાતી ગાંધારલિપિમાં પ્રાકૃતમિશ્રિત સંસ્કૃત લેખ છે. આ રાજાઓ પૈકી મિનાન્ડર અને ઍપોલોડોટસ અધિક પ્રતાપી થયા. તેમનું રાજ્ય કાઠીઆવાડ, ગુજરાત તથા કેટલેક અંશે રાજપૂ-તાનાપર્યંત ફેલાઇ ગયું હતું; પરંતુ મિનાન્ડરનું રાજ્ય તો પૂર્વમાં અયોધ્યા તથા પાટલીપુત્ર પર્યંત ફેલાઇ ગયું હોય એમ માનવામાં આવે છે. આ વંશના રાજાઓના સિક્કામાત્ર પ્રાપ્ત થાય છે, જેથી તેમનો ક્રમ નિશ્ચિંત થઈ શકતો નથી. મિનાન્ડર ઉપર્યુક્ત ડેમિટ્રિયસનો સમકાલીન નહોતો; પરંતુ તે તેની પાછળ ઘણે વર્ષે થયો હતો.
(ગૌ. હી. ઓઝા)

÷ આ પુસ્તક બેક્ટ્રિયા આદિનું વૃત્તાંત લખનાર એરિયનનું રચેલું નથી. તે મિસરના કોઈ વ્યાપારીનું લખેલું માનવામાં આવે છે. આ વ્યાપારી કોણ હતો તે સંબંધે કાંઈ જાણી શકાતું નથી. કેટલાક તેને એરિયનનું લખેલું માને છે; પરંતુ જો તેમનું માનવું યથાર્થ હોય તો તે કોઈ બીજો એરિયન હોવો જોઇએ. (ગૌ. હી. ઓઝા)

એ રાજાઓ પૈકી એક પુરુવંશની નગરી હસ્તિનાપુરમાં[1] નિવાસ કરતો હતો. તે ચંદ્રગુપ્તનો પુત્ર વરૂસર હોવાનો સંભવ છે. યૂનાનાઓએ જેને સેંડ્રોકોટસ અને અવિસરસ લખ્યા છે, તે ચંદ્રગુપ્ત અને વરૂસર હોય એમ લાગે છે. સિકંદરના ઇતિહાસલેખકોએ જે બે પોરસ રાજાઓનું વૃત્તાંત લખ્યું છે, તેમાંનો એક તો ઉપર્યુક્ત પુરુવંશાઓના આદ્યસ્થાનમ.જ રહેતો હતો અને બીજો પંજાબની સીમાપર હતો. આ પરથી સિકંદરના સમયમાં મોરી ચંદ્રવંશીલોકો વિદ્યમાન હતા એ વાત સિદ્ધ થાય છે તથા અનેક ગ્રંથકારોએ[2] મેવાડના નૃપતિઓને પોરસંકુલમાં ઉત્પન્ન થયેલા બતાવ્યા છે તે વાત નિર્મૂલ થાય છે.

અજમીઢની[4] ચતુર્થ પેઢીએ વાજસ્વ (બાહ્યાસ્વ) નામનો રાજા ઉત્પન્ન થયો, જેને પાંચ પુત્રો હતા તેથી તેના દેશનું નામ પાંચાલિક[5] પડયું.

કુશનાભે ગંગાકિનારે જે નગર વસાવ્યું તેનું નામ કનોજ છે.તેના સંબંધમાં અબ્બુલફઝલે લખ્યું છે કે, પ્રાચીન કાળમાં એ નગર ૩૫ માઇલના ઘેરાવામાં હતું.તેમાં પાન વેચનારની૩૦૦૦૦ દુકાનો હતી.છઠ્ઠી શતાબ્દીમાં તેની શોભા અપૂર્વ હતી. પાંચમી શતાબ્દીથી તે નગર રાઠોડોના અધિકારમાં હતું, તેમનો અધિકાર બારમી શતાબ્દીમાં જયચંદની સાથે સમાપ્ત થઇ ગયો.એનું વિશેષ વૃત્તાંત ચંદકવિના ગ્રંથમાં પ્રાપ્ત થાય છે.

કુરુના સુધનુ અને પરીક્ષિત થયા. સુધનુનો વંશ જરાસંધની સાથે સમાપ્ત થયો. જરાસંધની રાજધાની રાજગૃહ—વર્તમાન રાજમહેલમાં[6] હતી.આ નગર બિહારમાં ગંગાકિનારે આવેલું છે.પરીક્ષિતના વંશમાં શાંતનુ અને બાહ્લીક થયા.બાહ્લીકના પુત્રોએ બે રાજ્યો સ્થાપના કર્યાં.એક ગંગાના નીચલા ભાગમાં પાલીવોથરા (પાટલીપુત્ર)માં અને બીજું સિંધુનદીના પૂર્વ તટપર અરોરમાં[7] આ બીજા રાજ્યનો સ્થાપક શલ હતો.

યયાતિનાવંશની એક બૃહતશાખા વાઉરવસુની નામથી વિખ્યાત છે,જેને કેટલાક લેખકોએ તુર્વસુ લખ્યોછે.

---

બરૂગઝ)માં વ્યાપારીના આડતિયાતરિકે હતો અને ત્યાં રહીનેજ તેણે ઉપર્યુક્ત પુસ્તક લખ્યું હતું. જો એસ્ટિન ન હોત તો મને પ્રાપ્ત થયેલા ઍપોલોડોટસના સિક્કાની અર્ધી કિંમત થઇ જાત. હું યુરોપમાં આવ્યો તે પછી મને ડેમિટ્રિયસનો બોખારામાં પ્રાપ્ત થયેલો સિક્કો પણ વિદ્યમાન છે એવી માહિતી મળી. આ સંબંધે સેંટપિટર્સબર્ગ ( રશિયાની રાજધાની ) ના એક વિદ્વાને એક નિબંધ લખ્યો છે.

૧ ગંગાજીમાં એક સમયે ભારે રેલ આવવાથી હસ્તિનાપુર ખેંચાઈ ગયું છે. મહાશય વિલ્ફર્ડ જણાવે છે કે, મહાભારતની પછી છઠ્ઠી વા આઠમી પેઢીએ આ ઘટના બના હશે. દોઆબની યાત્રા કરનારાઓએ ગંગા અને યમુના એ ઉભય નદીઓએ સ્થાનાંતર કર્યું છે, તેનું અવલોકન કર્યું હશે.

૨ સર ટૉમસ રો, સર ટૉમસ હર્બર્ટ, ઓલીરિયસ, ડેલાવિલી અને ચર્ચિલ તથા તેમના ગ્રંથોને આધારે ડીએન્વીલ, આર્મી, બેયર તથા રેનલ વગેરેએ ઘણું લખ્યું છે.

૩ જો કોઈ બીજી રીતે પ્રમાણિત થઈ શકતું હોય તો કેવલ મેવાડની તે બાબતની અજ્ઞાનતા એ કાંઈ તેની વિરુદ્ધનું પ્રમાણ નથી; પરંતુ તે સમયે સિંધુનદીના પશ્ચિમતરફથી આવતા ચંદ્રવંશી અને બીજા લોકોથી સૂર્યવંશી રાજાઓ દબાઈ ગયા હતા અને તેમનાદ્વારા તેમને ચ્યુત થવું પડયું હતું.

૪ અજમીઢની ભાર્યા નીલાદ્વારા પાંચ પુત્રો ઉત્પન્ન થયા; જેમની શાખાઓ સિંધુનદીના બન્ને કિનારાપર ફેલાઈ ગઈ. તેમના ત્રણ પુત્રોવિષે પુરાણોમાં કાંઇપણ ઉલ્લેખ નથી. આ પરથી જણાય છે કે, તેઓ કોઇ દૂર દેશમાં ચાલ્યા ગયા હશે. તેનાથી મીઢવંશની ઉત્પત્તિ થઈ હોય એવો સંભવ છે. મીઢીલોકો મનુના તૃતીય પુત્ર યયાતિનાં સંતાનો છે. મીઢીઓનો મૂળ પુરુષ મોઈ જાફેટના વંશમાં થયો છે. વાજસ્વ (વાજસનેઈ) શાખાના મૂળપુરુષ અજમીઢનું નામ અજ અર્થાત્ બકરાના નામપરથી લખવામાં આવ્યું છે. બાઈબલમાં એસિરિયન મીઢીનું નામ બકરાના નામપરથી લખવામાં આવ્યું છે.

૫ પાંચ પાંડવોની સ્ત્રી દ્રૌપદી આજ વંશની હતી. પાંચ પુરુષોને એક સ્ત્રી વરે એવી વિચિત્ર રીત સિથિયામાં પણ પ્રાપ્ત થાય છે.

૬ રાજગૃહને હાલમાં રાજગિર કહેવામાં આવે છે. પૂર્વે એને ગિરિવ્રજ કહેવામાં આવતું હતું. ચીના પરિવ્રાજક હ્યુએન્સંગે એનું નામ કુશાગ્રપુર લખ્યું હતું. રાજમહલ એનું નામ નથી. એ નામનું એક બીજું શહેર બંગાલા દેશના સંતાલ પ્રગણામાં છે. ( હિંદી અનુવાદક )

૭ અરોર વા આલોર એ પૂર્વે સિંધ દેશની રાજધાની હતું. સિંધુ નદીની એક શાખા ઢસાની સમીપથી નીકળે છે. તેના ઉપરનો માત્ર પુલજ સિકંદરના સમયની સોગડીની રાજધાનીનું અવશિષ્ટ ચિન્હ છે. મરુસ્થલના બારવાડોએ હાલમાં તે સ્થાનપર એક મોટી વસ્તી વસાવી છે. આ વસ્તી બક્કરના ટાપુથી સાત માઈલના અંતરપર

તેના વંશજોએ અનેક રાજ્યો સ્થાપન કર્યાં. તેની આઠમી પેઢીએ ઉત્પન્ન થયેલા વિરૂતને આઠ પુત્રો થયા. એમણે સ્થાપન કરેલી શાખાઓમાંથી દ્રુહ્યુ તથા બભ્રુ વિશેષ પ્રસિદ્ધ થઇ.

દ્રુહ્યુએ ઉત્તરભાગમાં એક વંશની સ્થાપના કરી. એમ કહેવાય છે કે આરદ્વાન અને તેના પુત્ર ગાંધારે એક રાજ્ય સ્થાપન કર્યું હતું તથા તે મ્લેચ્છદેશ વા જંગલી દેશપર અધિકાર સ્થાપિત કર્યો હતો.

ભરતરાજાની સ્ત્રી વિખ્યાત શકુંતલાના[1] પિતા દુષ્યંતની સાથે આ વંશ સમાપ્ત થઇ ગયો; જેના

પૂર્વની તરફ સીલીસ્યસજાતિના પાષાણપર આવેલી છે. આ સ્થાનપર સિંધુ નદીની રેલ પહોંચી શકતી નથી. પરમારવંશની સોઢા નામની એક પ્રબલ શાખાના લોકો અતિ પ્રાચીન કાળથી આ દેશપર અધિકાર ભોગવતા હતા અને ઉમરકોટ તથા ઉમરસુમરા, એ નગરો દીર્ઘકાળપર્યંત તેમના અધિકારમાં રહ્યાં. આજ પ્રદેશમાં અરોર નગર હતું.

અબ્બુલફઝલને કોશલ અને તેની રાજધાનીનું નામ વિદિત હતું; પરંતુ તેનું સ્થાન તેને પરિચિત નહોતું. તેણે કોશલ દેશની રાજધાની દેવિલ વા દેવલ લખી છે, કે જે હાલમાં નગરઠઠ્ઠા કહેવાય છે. આ ઉદ્યોગી ઇતિહાસલેખકે જણાવ્યું છે કે, પ્રાચીન સમયમાં સિહરિસ (શલ) નામના એક રાજા હતો, તેમની રાજધાની આલોર હતી અને તેમનું રાજ્ય ઉત્તરમાં કાશ્મીરથી દક્ષિણમાં સાગરપર્યંત પ્રસર્યું હતું. આથી તે દેશનું ઉપનામ શલ વા સિહર અને ત્યાંના રાજાઓનું તથા નિવાસીઓનું ઉપનામ સહરાઇ* પડ્યું.

આ પરથી વિદિત થાય છે કે, આલોર સિંગટિસ+ રાજ્યની રાજધાની હતી, જેને બેક્ટ્રિયાના મિનાન્ડરે જીતી લીધી હતી. આરબ ભૂગોળવેત્તા અબુ હૌકલે તેવિષે ઉલ્લેખ કર્યો છે; પરંતુ લખવામાં ભૂલ થવાથી આલોરને બદલે આલોર વા અલોર થઈ ગયું છે, એમ સર ડબ્લ્યુ. આઉસ્લેના અનુવાદપરથી પ્રતીત થાય છે.

વિખ્યાત ડિએન્વિલે પણ તેનું વૃત્તાંત લખ્યું છે; પરંતુ તે તેનું સ્થાન જાણતો નહોતો. તેણે અબ્બુલફિદાનો લેખ ઉધ્ધૃત કરીને જણાવ્યું છે કે, આલોર ઐશ્વર્યની બાબતમાં મુલ્તાનસમાન હતું.

ભારતવર્ષના ઉત્તર વિભાગની કેટલીક રાજધાનીઓ મેં શોધી કાઢી છે. જેમકે:—યાદવોની રાજધાની શૂરપુર યમુના નદીપર, સોઢાઓની રાજધાની આલોર સિંધુના તટપર, પડિહારોની રાજધાની ÷મંદોદરી (મંદોર), અરવલ્લીની તળેટીમાં ચંદ્રાવતી અને ગુજરાતમાં બાહલકરાજાઓની રાજધાની વલ્લભીપુર. આરબોએ આ લોકોને બલ્હારાઈ§ જણાવ્યા છે. અરોરના બાહ્લીકવંશી શલના વંશજ સૌરાષ્ટ્રના ×બલ્લા રાજપૂતોએ તેનું નામ બલ્લભીપુર રાખ્યું હશે. આ લોકોને ભાટલોકો અદ્યાપિ ઠઠ્ઠામુલ્તાનના રાવ કહીને આશીર્વાદ આપે છે. આ ઠઠ્ઠા અને મુલ્તાન બાહ્લીકના પુત્રોની રાજધાનીઓ હતી. મહાભારતનું યુદ્ધ થયા પછી જ્યારે ભારતવર્ષના હર્ક્યુલીસ (બલરામ) આ દેશનો ત્યાગ કરીને ચાલ્યા ગયા, ત્યારે તેમની આધીનતામાં રહેનારી આ કુલની એક શાખાએ બલિક વા બલ્ખની સ્થાપના કરી હોય એવો સંભવ છે. બલ્ખ એ 'નગરોની જનની' કહેવાય છે. જેસલમીરના ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે, ચંદ્રવંશની યાદવ તથા બલિક (બાહ્લીક) શાખાઓ મહાભારતની પછી ખોરાસાનમાં રાજ્ય કરતી હતી. આ જાતિને યૂનાની ગ્રંથકારોએ ઈન્ડોસિથિક જાતિ લખી છે.

બલિક (બાહ્લીક) તથા ઇંડોમિડિક વંશની અનેક શાખાઓસિવાય કુરૂના અનેક પુત્રો પણ આ પ્રદેશમાં ગસરી ગયા હતા કે જેમાં આપણે પુરાણમાં લખેલા ઉત્તરકુરૂને પણ સામિલ કરી શકીએ છીએ. યૂનાની લોકો એને આટરી કુરી લખે છે. જ્યારે સૂર્યચંદ્રના અધિકૃત પ્રદેશોમાં જનસંખ્યા વિશેષ વૃદ્ધિંગત થતી હતી, ત્યારે ત્યાંના મનુષ્યોને દૂર દેશોમાં નિવાસ કરવાને માટે મોકલી આપવામાં આવતા હતા. સિંધુનદીની પૂર્વે અને પશ્ચિમે નિવાસ કરતી આ જાતિઓનો ધર્મ એકજ હોવાનો સંભવ છે.

૧ કર્નલ ટૉડે આ એક મોટી ભૂલ કરી છે. દુષ્યંત એ શકુંતલાનો પિતા નહિ, પરંતુ પતિ હતો અને ભરત એ શકુંતલાનો પુત્ર હતો. શકુંતલાનું ચરિત્ર ઘણું વિખ્યાત છે, તે છતાં પણ કર્નલ ટૉડે આ ભૂલ કેમ કરી તે કાંઇ સમજાતું નથી. (હિંદી અનુવાદક)

* સહરા શબ્દ ફારસીમાં જંગલવાચક છે. કદાચિત્ એમાંથીજ સહરાઈ શબ્દ નીકળ્યો હશે. (હિંદી અનુવાદક)

+ કદાચિત્ આ નામ કચ્છસાગરના તટને માટે આપવામાં આવ્યું હશે. (હિંદી અનુવાદક)

÷ મંદોદરી નામ ખોટું છે. સંસ્કૃતમાં એને માંડવ્યપુર જણાવવામાં આવ્યું છે અને હાલમાં તે મંદોર કહેવાય છે. (હિંદી અનુવાદક)

§ આરબોએ દક્ષિણના રાઠોડોને માટે બલ્હારા શબ્દ વાપર્યો છે, તે વલ્લભીપુરના રાજાઓને માટે નથી; કારણ કે તેમણે તેમના રાજધાની માનકેર વા માન્યખેટ લખી છે, કે જે દક્ષિણમાં છે. (હિંદી અનુવાદક)

× શલવંશી રાજપૂતો ચંદ્રવંશી છે અને વલ્લભીપુરના રાજપૂતો સૂર્યવંશી છે. (હિંદી અનુવાદક)

સંબંધમાં હિંદુલોકોમાં એવી દંતકથા પ્રચલિત છે કે તેની ઉપર એક દેવતા અપ્રસન્ન થઈ ગયા હતા અને તેમણે તે વંશપર અનેક વિપત્તિઓ પાડી હતી.

દુષ્યંતના પૌત્ર કેરલના સંબંધમાં અમે એટલું કહી શકીએ છીએ કે બારમી શતાબ્દીમાં છત્રીસ રાજકુલોમાં તેનું નામ પ્રાપ્ત થાય છે; પરંતુ તેની રાજધાની અમને વિદિત નથી.

સૌરાષ્ટ્રમાં ચૌબલ (ચોલ)પ્રસિદ્ધ છે.

જે બીજી શાખા બભ્રુદ્વારા નીકળી હતી તે અતિ પ્રસિદ્ધ થઇ. તેની ચોત્રીસમી પેઢીએ ઉત્પન્ન થયેલા અંગે[1] અંગદેશની સ્થાપના કરી. તેની રાજધાની ચંપામાલિની હતી. આ નગરી ઇ૦ સ૦ પૂર્વે ૧૫૦૦ વર્ષપર કનોજની સાથે સ્થાપન કરવામાં આવી હતી. એની સાથે ઉક્ત વંશનું નામ પણ બદલાઈ ગયું અને તે વંશના માણસો અંગવંશી કહેવાવા લાગ્યા. અત્યારસુધી ચીનાઇતાર્તરીની સીમાપરનો ટિબેટનો ઉચ્ચ પ્રદેશ અંગદેશ કહેવાય છે.

પ્રસ્તુતસેન(પૃથુસેન)ની સાથે અંગવંશની સમાપ્તિ થઇ ગઇ.મહાભારતના યુદ્ધમાં એ રાજા બચવા પામ્યો હતો.જે દેશમાં જાતિભેદ માનવામાં આવતો નથી તે દેશમાં આ લોકોનો પ્રસાર થયો હોય એમ લાગે છે.

મનુ અને બુધથી લઇને ભગવાન રામ અને શ્રીકૃષ્ણપર્યંત સૂર્ય અને ચંદ્રવંશના રાજાઓની સંક્ષિપ્ત સૂચિ આ પ્રમાણે છે. અમને આશા છે કે પાઠકોને આમાંથી કેટલીક નવીન વાતો પ્રાપ્ત થઈ હશે અને સમસ્ત સૂચિની પ્રમાણિકતામાં વૃદ્ધિ થઇ હશે.

ઉક્ત રાજાઓનાં સ્થાપન કરેલાં મોટાં મોટાં નગરોનાં ખંડિયેરો અદ્યાપિ પ્રાપ્ત થાય છે. ઇક્ષ્વાકુ વંશની રાજધાનીઓ સરયૂના તટપર અયોધ્યા, ઈંદ્રપ્રસ્થ, મથુરા, સૂરપુર અને પ્રયાગ હતી. યમુનાના કિનારાપર હસ્તિનાપુર, કાન્યકુબ્જ અને રાજગૃહ; નર્મદાના તટપર માહેશ્વર; સિંધુના કિનારાપર અરોર અને પશ્ચિમસાગરને કિનારે કુશસ્થલી દ્વારિકા હતી. આ સ્થળોમાં પ્રાચીન સમયનાં કેટલાંક ચિન્હો અદ્યાપિ ઉપલબ્ધ થાય છે. જો વિશેષ ખોજ કરવામાં આવે તો બીજાં પુષ્કળ ચિન્હો પ્રાપ્ત થઇ શકે એમ છે.

પાંચાલિકમાં હજી પણ એક પ્રદેશની ખોજ કરવાની છે,અર્થાત્ તેની રાજધાની કપિલનગર અને વાજસ્વના પુત્રોએ સિંધુનદીની પશ્ચિમે જે નગરો સ્થાપન કર્યાં હતાં તેની તપાસ હજી બાકી છે.

જો કોઈ પ્રવાસી સાહસ કરીને ઑક્સસ નદીની આગળના પ્રદેશોમાં જઇને સાઇરોપોલીસ અને એલેક્ઝાંડ્રિયાના ઉત્તર ભાગોમાં બલ્ખ અને બામિયાંની કંદરાઓમાં તપાસ કરે તો પ્રાચીન ઈંડોસિથિક (ભારતના શક) લોકોનાં ચિન્હો પ્રાપ્ત થવાનો સંભવ છે.

અદ્યાપિ ભારતભૂમિમાં એવાં કેટલાંક પ્રાચીન નગરો વિદ્યમાન છે કે જેનાં ખંડિયેરોમાંથી કેટલુંક વૃત્તાંત પ્રાપ્ત થવાનો સંભવ છે; અને જેમાં કેટલાક શિલાલેખો એવા પ્રાપ્ત થાય છે કે જે વાંચી શકાતા નથી, પરંતુ તેમની આ દશા સર્વદા રહેશે નહિ.જો આ વિષયની બરાબર ખોજ ચાલુ રહે અને એક દિવસ તેને વાંચવાની કુંચી હાથ લાગી જાય તો ઘણો ભેદ ખુલ્લો થઇ જશે. જે જે સ્થાનોમાં કુરુ, પુરુ અને યદુવંશીઓનું રાજ્ય હતું, તે તે સ્થાનોમાં એવા કેટલાક શિલાલેખો પ્રાપ્ત થયા છે કે જે અત્યારસુધી ઉકેલી શકાયા નથી.[2]

---

૧ અંગદેશની સ્થાપના કરનાર રાજા અંગથી લોમપાદ છઠ્ઠી પેઢીએ ઉત્પન્ન થયો હતો. તેણે ચંપામાલિનીની સ્થાપના કરી હતી. રાજા દશરથ ત્યાં ગયા હતા એવી કથા રામાયણમાં ઉપલબ્ધ થાય છે. તે પહાડીદેશ હોવો જોઈએ; કારણ કે તેનાં સઘન વનો અને નદીઓથી તેમને યાત્રામાં ઘણું સંકટ થયું હતું. આ પરથી અનુમાન કરી શકાય છે કે, કર્નલ ફ્રૅંકલિને પાલીબોથ્રાના નિબંધમાં બંગાલામાં ચંપામાલિની આવ્યું હતું એવો જે ઉલ્લેખ કર્યો છે તે અસંગત છે.*

૨ પરંતુ વર્તમાનકાળમાં શિલાલેખોનાં એવાં પુસ્તકો રચાયાં છે કે જેદ્વારા સર્વ પ્રકારના લેખો વાંચી શકાય છે. (હિંદી અનુવાદક)

---

* અમારા ધારવા પ્રમાણે કર્નલ ટૉડનું કથન અસંગત છે અને ફ્રૅંકલિનનું કથન સત્ય છે. (હિં૦ અ૦)

જો પુરાણોમાં લખેલાં ઐતિહાસિક અને ભૌગોલિક વૃત્તાંતવિષે સારી રીતે મનન કરવામાં આવે તો ઘણી ઐતિહાસિક સામગ્રી પ્રાપ્ત થઈ શકે એમ છે. ભગવાન રામચંદ્ર, શ્રીકૃષ્ણ અને પાંડવોનો ઇતિહાસ[1] માત્ર કવિની કલ્પના છે, એ વિચારને આપણે તિલાંજલિ આપવી જોઇએ. તેમનાં નગરો, તેમના વંશજો અને તેમના સિક્કા અદ્યાપિ વિદ્યમાન છે; તે છતાં પણ કેટલાક લોકો તેમને કલ્પિત ધારે છે, એ જાણી મને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. જો આપણે દિલ્હી, પ્રયાગ, મેવાડ, જૂનાગઢ,[2] અરવલ્લી તથા બિજોલીના શિલાલેખો અને ભારતવર્ષનાં ભિન્નભિન્ન જૈનમંદિરોમાંના શિલાલેખો વાંચી શકીએ તોજ આપણે યથાર્થ અને સંતોષદાયક નિર્ણય કરી શકીએ.





૧ પાંડવો અને હરિકુલના માણસો ( કૃષ્ણબલદેવજી ) નું વૃત્તાંત અને તેમનાં પરાક્રમી કાર્યો ભારતના પ્રત્યેક પ્રાંતમાં દૂર દૂર સુધી પ્રસિદ્ધ છે. સૌરાષ્ટ્રદેશની ધીચ વૃક્ષોથી આચ્છાદિત પર્વતમાલા, હિંડબ તથા વિરાટનાં ઘન વનો અને કંદરાઓ કે જ્યાં અદ્યાપિ ભીલ અને કોળીલોકો વસે છે તેમાં તથા ચંબલના રેતાળ તથા પાષાણમય કિનારાઓપર અદ્યાપિ એવી જનશ્રુતિ પ્રચલિત છે કે પાંડવોને યમુનાતટપરથી હાંકી કાઢવામાં આવ્યા ત્યારપછી ઉક્ત પ્રદેશોમાં જઇને તેમણે નિવાસ કર્યો હતો. પર્વતની ગુફાઓમાં કોતરેલી મૂર્તિઓ, મંદિરો અને પાષાણપરના લેખો કે જે વાંચી શકાતા નથી, તે સર્વ પુરાણની કથાઓને પુષ્ટિ આપે છે.

૨ જૂનાગઢ એ ગિરનારપર્વતની તળેટીમાં તેની રક્ષા કરનાર પ્રાચીન રાજધાની છે. અબ્બુલ ફઝલ જણાવે છે કે, આ નગર દીર્ઘકાળપર્યંત અજ્ઞાત અવસ્થામાં ઉજ્જડ પડી રહ્યું હતું; પરંતુ પછી સહસા તે જાણમાં આવ્યું. તેનું વિશેષ વૃત્તાંત વિદિત નહિ હોવાથી લોકો તેને જૂના( પ્રાચીન ) ગઢ ( કોટ ) કહેવા લાગ્યા; પરંતુ હું નિશ્ચયપૂર્વક કહી શકું છું કે આ ગિહ્લોતોનો લખેલો અસિલ દુર્ગ વા અસિલગઢ છે. ગિહ્લોતોના ઈતિહાસમાં એવો ઉલ્લેખ છે કે, અસિલે પોતાના મામા ડાભી વંશના રાજાની અનુમતિથી ગિરનારની સમીપ પોતાના નામથી એક દુર્ગ બંધાવ્યો હતો

* જૂનાગઢની સમીપ એક પાષાણપર એક બાજુએ રાજા અશોકની ચૌદ ધર્માજ્ઞાઓ અને બીજી બાજુએ ક્ષત્રીયવંશી સંવત ૨૧૫ માં થયેલા રાજા રુદ્રદામાનો લેખ છે. આ રાજાએ તેપર એક મંદિર બંધાવી તેની રક્ષા કરી સર્વસાધારણનો ધન્યવાદ લીધો છે. બીજા ત્યાંથી એક માઈલના અંતરપર બે શિલાલેખો છે; તેપર સંવત ૧૨૨૬ નો ચૌહાણવંશના રાજા સોમેશ્વરનો લેખ છે, જેપરથી ચૌહાણોના ઇતિહાસસંબંધી ઘણી વાતો જાણી શકાય છે. તેની ઉપર પણ મંદિર બંધાવવામાં આવેલું છે. કેટલાક લોકોનું એવું કથન છે કે અસિલગઢનું નામ જૂનાગઢ નથી; કારણ કે ત્યાંના શિલાલેખપર મહાક્ષત્રપ રુદ્રદામાનો સંવત ૨૧૫ કોતરવામાં આવેલો છે અને તેનું નામ ગિરિનગર છે. ( હિંદી અનુવાદક )

# परिशिष्ट २ जुं–अध्याय ५ मो

## ભગવાન રામચંદ્ર અને શ્રીકૃષ્ણચંદ્ર પછીની વંશાવલી

મહારાજા ઈક્ષ્વાકુથી લઇને શ્રીરામચંદ્રપર્યંતનાં અને બુધ (ચંદ્રવંશનો[1] આદિપુરુષ કે જે શાકદ્વીપ અથવા સિથિયાથી ભારતવર્ષમાં આવ્યો હતો) થી લઇને શ્રીકૃષ્ણ તથા યુધિષ્ઠિરપર્યંતનાં બારસેં વર્ષની સમાલોચના કરી હવે અમે વંશાવલીના બીજા ભાગ અને બીજી સૂચિની આલોચના કરવાને પ્રવૃત્ત થઇએ છીએ.

મેવાડ,જયપુર,મારવાડ અને બિકાનેરના નરેશ પોતાને મહારાજ રામચંદ્રજીના વંશજતરિકે ઓળખાવે છે અર્થાત્ તેઓ પોતાને સૂર્યવંશી કહે છે અને તેમની શાખાઓ પણ પોતાને સૂર્યવંશી જણાવે છે. આ પ્રકારે જેસલમીર અને કચ્છના રાજાઓ પોતાને ચંદ્રવંશમાં બુધ અને શ્રીકૃષ્ણદ્વારા ઉત્પન્ન થયેલા જણાવે છે. જેસલમીર અને કચ્છના ભાટી[2] તથા જાડેજાલોકો સતલજ નદીથી સમુદ્રપર્યંત સર્વત્ર ફેલાયેલા છે.

શ્રીરામચંદ્ર શ્રીકૃષ્ણથી દીર્ઘકાળ પૂર્વે થયા નહોતા; કારણ કે તેમના ઇતિહાસલેખક વાલ્મીકિ અને વ્યાસજી સમકાલીન[3] હતા અને તેમણે સ્વદૃષ્ટિથી જોયેલી ઘટનાઓ લખી હતી.

સૂર્યવંશ, ઈંદુવંશ અને જરાસંધની[4] વંશાવલીઓ, ભાગવત અને અગ્નિપુરાણમાંથી અને પાંડુવંશની વંશાવલી રાજતરંગિણી તથા રાજાવલીમાંથી ઉધ્ધૃત કરવામાં આવી છે.

વર્તમાન સૂર્યવંશી રાજપૂતો પોતાને રામચંદ્રના બે પુત્રો લવ અને કુશદ્વારા ઉત્પન્ન થયેલા જણાવે છે. કોઇ પણ રાજપૂત પોતાને રામના ઇતર પુત્રો અને ભ્રાતાઓદ્વારા ઉત્પન્ન થયેલો જણાવતો હોય એમ હું માનતો નથી.

મેવાડના રાણા પોતાને સૂર્યવંશી જણાવે છે;તેજ પ્રકારે બડગૂજરલોકો કે જેમણે વર્તમાન અંબરદેશમાં મહાન પરાક્રમો કર્યાં હતાં અને જેમના વંશજો વર્તમાન સમયમાં ગંગાજીના તટપર અનૂપ શહેરમાં વસે છે તેઓ પણ પોતાને સૂર્યવંશીજ જણાવે છે.

નરવર અને અંબરના કુશવાહા[5] ( કછવાહા ) રાજા અને તેમની અનેક શાખાઓ કુશમાંથી ઉત્પન્ન

---

૧ સંસ્કૃતમાં ચંદ્રને ઈંદુ વા સોમ કહે છે, તેથી ચંદ્રવંશીઓને સોમવંશી પણ કહેવામાં આવે છે. ઈંદુ શબ્દથીજ હિંદુ શબ્દની ઉત્પત્તિ થઈ હોય એવો સંભવ છે.

૨ એકાંતમાં સ્થિત ધાટ કે જેની રાજધાની અમરકોટ ભાટીઓને જાડેજાઓથી પૃથક્ કરે છે તે પ્રદેશને હાલમાં સિંધદેશની સાથે સંયોજી દેવામાં આવ્યો છે. ત્યાંનો રાજા પરમાર સોઢાજાતિનો છે કે જે લોકો પૂર્વે સમસ્ત સિંધદેશના સ્વામી હતા.

૩ વ્યાસ અને વાલ્મીકિ સમકાલીન નહોતા. વાલ્મીકિના સમયમાં વ્યાસ નહોતા અને ઋષિઓ દીર્ઘાયુ હોય છે તેથી તેમની સમકાલીનતાપરથી રાજાઓની સમકાલીનતા સિદ્ધ થતી નથી. (હિં૦ અ૦)

૪ આ ત્રણ વંશાવલીઓ આપવામાં આવી છે. ચોથી અને પાંચમી વંશાવલીઓ પણ અમે આપત, પરંતુ તે પૂર્ણરૂપમાં મળી નથી. (હિંદી અનુવાદક)

૫ હાલમાં આ લોકો કછવાહા બોલાય અને લખાય છે. કુશવાહા શબ્દ કર્નલ ટોડે ઉપજાવી કાઢેલો લાગે છે. પ્રાચીન લેખોમાં કચ્છપઘાત અને કચ્છપારિ શબ્દો લખેલા પ્રાપ્ત થાય છે. (હિંદી અનુવાદક)

થઇ છે.જો કે ઐશ્વર્યમાં અંબર[1] સર્વોત્તમ છે, પરંતુ તે નરવરની એક શાખા છે;જે પ્રાયઃ એક સહસ્ર વર્ષો પૂર્વે આ દેશમાં આવીને વસી હતી અને જેનો રાજા વિખ્યાત નળ રાજાનો વંશજ છે. આ રાજા પોતાના પ્રાચીનસામ્રાજ્યના એક નાનાસરખા જીલ્લાનો[2] અધિકાર વર્તમાન સમયમાં ભોગવે છે.

મારવાડનો રાજવંશ પણ પોતાને આજ કુલમાં ઉત્પન્ન થયેલો જણાવે છે; પરંતુ આ વાત વંશાવલીના લેખકોની ભૂલથી તેમણે માની છે. ઉક્ત લેખકોએ કુશના વંશને કનોજ તથા કૌશાંબીનગરીનો કૌશિકવંશ ગણવામાં ઘણી મોટી ભૂલ કરી છે. સૂર્યવંશની વંશાવલી લખનારાઓ પણ આ માની લીધેલી કુલીનતાનો સ્વીકાર કરતા નથી.

અંબરના[3] રાજાએ પોતાની જે વંશાવલી તૈયાર કરી છે તેમાં મેવાડના રાજવંશની નામાવલી શ્રીરામચંદ્રના જ્યેષ્ઠ પુત્ર લવથી સુમિત્રસુધી આપી છે,કુશથી[4] આપી નથી; જ્યારે કેટલાંક પુરાણોમાં તથા સર વિલિયમ જોન્સે પોતાની વંશાવલી જે ગ્રંથપરથી તૈયાર કરી છે તે ગ્રંથમાં કુશથી નામો આપવામાં આવ્યાં છે.

જે ગ્રંથની સહાયથી સર વિલિયમ જોન્સે પોતાની વંશાવલી તૈયાર કરી છે તે ગ્રંથના આધારે મહાશય બેંટલીએ પણ પોતાની વંશાવલી તૈયાર કરી છે; પરંતુ તેમણે નામોમાં હેરફેર કરી તે વંશાવલી બગાડી નાખી છે અને તેમણે જે પ્રમાણો આપ્યાં છે તે પણ અપૂર્ણ અને હિંદુઓના સિદ્ધાંતની વિરુદ્ધ છે. યુધિષ્ઠિરના સમકાલીન માનવામાં આવતા બૃહદ્‌બલ અને બૃહત્શૂરનાં નામો જોઇ તેમણે પોતાની વંશાવલીમાં તક્ષક[5] તથા બાહુમાનની[6] વચ્ચેના દશ રાજાઓનાં નામ ઉલટસુલટ કરી દીધાં છે.

બાહુમાન[7] (ભુજાવાળો) રાજા શ્રીરામચંદ્રજીથી ચોત્રીસમી પેઢીએ ઉત્પન્ન થયો હતો. તેના રાજ્યશાસનનો સમય રામચંદ્રથી છસેં વર્ષ પાછળ તથા સુમિત્રથી તેટલાંજ વર્ષ પૂર્વે હોવો જોઇએ;

---

૧ અંબરના કછવાહા લોકો નરવરથી આવેલા ગ્વાલિયરના કછવાહાઓની નાની શાખાની અંતર્ગત છે. ગ્વાલિયરના રાજા વજદામાના પુત્ર મંગલ રાજાના બે પુત્રોમાંથી બે શાખાઓ ઉત્પન્ન થઇ હતી. તેમાંથી કીર્તિરાજના વંશજો કુતુબુદ્દીનના સમયપર્યંત જયપુરમાં રાજ્ય કરતા રહ્યા અને નાના પુત્ર સુમિત્રના પ્રપૌત્ર દેવાનીકના પુત્ર સોઢદેવે સંવત ૧૧૨૫માં રાજપૂતાનામાં આવી રાજ્ય સ્થાપન કર્યું. (હિંદી અનુવાદક)

૨ એ મધ્યભારતના ઉચ્ચ પ્રદેશ શાહાબાદની નિકટ છે.

૩ આ વંશાવલીને સત્ય વા અસત્ય ગમે તે પ્રકારે સન્માન આપવામાં આવતું હોય; પરંતુ પ્રત્યેક રાજા અને પ્રત્યેક ભણેલો હિંદુ આ વાત માને છે કે મેવાડના મહારાણા ભગવાન રામચંદ્રના વંશજ અને સૂર્યવંશી છે. તેઓ માત્ર તેમના પ્રત્યેજ નહિ પરંતુ તેમની રાજધાનીપ્રત્યે પણ પૂજ્યભાવથી જુએ છે.

જે સમયે મેવાડના રાણાએ ચિતોડમાં ભરાઈ બેઠેલા એક રાજદ્રોહી સરદારને વશ કરવાને માટે માધોજી સિંધિઆને સહાયકતરિકે બોલાવ્યો તે સમયે તે વહેમી નહિ એવા સરદારના મનપર તે સ્થાનનો એવો પ્રભાવ પડ્યો કે સર્વ લોકો જેમાં શ્રીરામચંદ્રજીની ગાદીનું અસ્તિત્વ માને છે તે કિલ્લાની દિવાલપર ગોળા ચલાવવાને તે સંમત થયો નહિ. ત્યારે રાણાએ સ્વયં ગોળા ચલાવી તેનો સંકોચ નિવૃત્ત કર્યો.

૪ એનેલિસિસ નામના પુસ્તકમાં બ્રાયંટે જણાવ્યું છે કે કુશાઇટ લોકો પોતાના વંશજો સલામ કરતી વખત તેના આદર અર્થે તેના નામનું ઉચ્ચારણ કરતા હતા. આજ પ્રકારે હિંદુજાતિમાં 'રામ રામ' અને (ઉત્તરમાં) 'સીતારામ' કહેવાનો રિવાજ છે.

('રામ રામ'ના ઉત્તરમાં 'સીતારામ' નહિ; પરંતુ 'રામ રામ'જ કહેવાની પ્રથા છે. (હિંદી અનુવાદક)

૫ મારી વંશાવળીમાં આ નામ પચ્ચીસમું અને બેંટલીની વંશાવલીમાં રામચંદ્રથી પચ્ચીસમી પેઢીએ છે.

૬ આ નામ મારી સૂચિમાં ૩૪મું અને બેંટલીની નામાવલીમાં ત્રીસમું છે; પરંતુ વચ્ચેનાં નામો રામચંદ્રજીની પછી અને બાહુમાન (જેને બેંટલીએ વાનુમત લખ્યો છે)નું નામ તક્ષકની પાછળ લખ્યું છે.

૭ લોકોએ સમય મળતો આવેલો જોઈ મિથ્રસ (સૂર્ય)ના પૂજક દારાના પિતા અને અર્તક્ષીર્સના પુત્રને સૂર્યવંશમાં સંયોજી દીધો હશે. રાજા જયસિંહે આ વંશાવલીના એક પાછલા રાજાને નોશેરવાં લખ્યો છે, જેથી ઉક્ત વિધાનને વધુ પુષ્ટિ મળે છે. બાહુમાને અવશ્ય એક અતિ પ્રચંડ સેનાસહિત મિથિલા અને મગધના સૂર્યવંશી નરેશોપર આક્રમણ કર્યું હતું. તે સમયે દારા અને તેના પિતા એ ઉભય વિદ્યમાન હતા એમ જણાય છે. હિરોડોટસ જણાવે છે કે, દારાના રાજ્યનો સર્વથી અધિક ઐશ્વર્યસંપન્ન પ્રદેશ હિંદુસ્થાન હતો. (હાલહેડના બાઈબલ ઓરિયંટ નામના પુસ્તકમાં 'બાહુમાન'વિષેનો નિબંધ જુઓ.)

અર્થાત્ તે રામચંદ્ર અને સુમિત્ર તથા તેના સમકાલીન વિક્રમની મધ્યેના કાળમાં વિદ્યમાન હોવો જોઇએ.

ભાગવત પુરાણપરથી પ્રતીત થાય છે કે,સુમિત્રની સાથે સૂર્યવંશની સમાપ્તિ થાય છે. જયસિંહે આપેલાં પ્રમાણોદ્વારા ત્યારપછી તે વંશ મેવાડના રાજવંશની સાથે સંયુક્ત થાય છે. જયસિંહનાં પ્રમાણોને કેટલીક વંશાવલીઓની સાથે મેળવી જોવામાં આવ્યાં છે. ખાસ કરીને તેમને જૈનોની વંશાવલીઓની સાથે મેળવી જોવામાં આવ્યાં છે. આ વિષે મેવાડના ઇતિહાસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભગવાન રામચંદ્રથી પુરાણોમાં લખેલા આ વંશના અંતિમ રાજા સુમિત્રસુધી સૂર્યવંશમાં ૫૬ રાજા થયા. જોન્સે ૫૭ રાજાનો નિર્દેશ કર્યો છે. જો આપણે આમાંના પ્રત્યેક રાજાનો શાસનસમય વીસ વીસ વર્ષનો ગણીએ તો વિક્રમાદિત્યથી થોડાં વર્ષપૂર્વે થઈ ગયેલા સુમિત્ર સુધી ૧૧૦૦ વર્ષનો મેળ બેસે છે. આપરથી પ્રતીત થાય છે કે મહારાજ ઇક્ષ્વાકુથી સુમિત્ર સુધી ૨૨૦૦ વર્ષો વ્યતીત થયાં હતાં.

ઈંદુવંશી અર્થાત્ પાંડુવંશી રાજા યુધિષ્ઠિરનાં સંતાનોની વંશાવલી રાજતરંગિણી તથા રાજાવલ્લીમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. આ ઉભય ગ્રંથો જૈનપંડિત વિદ્યાધર અને પંડિત રઘુનાથના રચેલા છે. આ ગ્રંથો વંશાવલી અને ઐતિહાસિકવૃત્તાંતને માટે રાજસ્થાનમાં પ્રસિદ્ધ છે. આ ગ્રંથો અંબરના મહાવિદ્વાન રાજા જયસિંહના સમયમાં રચવામાં આવ્યા હતા. આ ગ્રંથોમાં યુધિષ્ઠરથી આરંભ કરીને વિક્રમાદિત્યના સમય સુધીના ઇંદ્રપ્રસ્થમાં શાસન કરનાર પૃથક્ પૃથક્ વંશોની સૂચિ આપવામાં આવી છે; તેમાં જો કે ઐતિહાસિકવૃત્તાંત ઝાઝું નથી, તોપણ તે આવા અંધકારમય સમયના ઐતિહાસિકગ્રંથતરિકે કાંઈ ઓછા મૂલ્યવાન નથી.

તરંગિણીમાં જૈનદેવતાઓની વંશાવલી છે. તેનો પ્રારંભ આદિનાથ વા ઋષભદેવથી થયો છે. અમે ઉપર જે વંશોની સમાલોચના કરી છે તે વંશોના મુખ્ય મુખ્ય રાજાઓનો ઇતિહાસ લખી તેના લેખકે ધૃતરાષ્ટ્ર, પાંડુ તથા તેમનાં સંતાનોના જન્મવિષે ઉલ્લેખ કર્યો છે અને તેમના પરસ્પરના વિદ્વેષવિષે તથા મહાભારતના યુદ્ધવિષે વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે.

પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સર્વ દેશોના રાજવંશોની ઉત્પત્તિની સાથે અનેક કલ્પિત વાતો લખવામાં આવી છે. રોમ્યુલસ વા ઇતર વંશના સ્થાપકોની ઉત્પત્તિ જેટલા વિશ્વાસને પાત્ર છે તેટલાજ વિશ્વાસને યોગ્ય[2] પાંડુની ઉત્પત્તિ છે.

અમારૂં એવું અનુમાન છે કે પાંડુવંશના કોઈ મહત્ કલંકને છુપાવવાને માટે આવી કલ્પિત કથાઓ[3] ઉપજાવવામાં આવી છે. આગળ જે વ્યાસની કથા વર્ણવવામાં આવી છે તેની સાથે આવી કલ્પિત કથાઓને સંબંધ છે. પાંડુરાજાનો પરલોકવાસ થયા પછી તેમના ભત્રીજા અંધ ધૃતરાષ્ટ્રના

---

૧ આ કર્નલ ટૉડની માત્ર કલ્પના છે. શામાટે વીસજ વર્ષની સરાસરી આપવી જોઈએ ? મહારાણી વિક્ટોરિયાએ પચાસ કરતાં અધિક વર્ષોપર્યંત રાજ્ય કર્યું હતું. પહેલાંનાં માણસો તો અત્યંત બળવાન અને નીરોગી થતાં હતાં અને તેથી તેમનું આયુષ્ય પણ લાંબું હતું, માટે આ વર્ષોની ગણનાનો અડસટ્ટો યથાર્થ નથી.

(હિંદી અનુવાદક)

૨ પાંડુને એવો શાપ હતો કેઃ-'તું સ્ત્રીસંગ કરતાંજ મરણ પામશે.' આથી જ્યારે તે વનમાં તપસ્યા કરવા ગયો ત્યારે તેની મોટી રાણી કુંતાએ મંત્રબળથી દેવતાઓને બોલાવ્યા. યુધિષ્ઠિરનો જન્મ ધર્મરાજ (મિનોસ)થી; ભીમસેનનો જન્મ પવન(ઈઓલસ)થી અને અર્જુનનો જન્મ ઈંદ્ર (જ્યુપિટર સિપોલસ)થી થયો. ઇંદ્રેજ અર્જુનને ધનુર્વિદ્યા શીખવી, જેથી મહાભારતના યુદ્ધમાં હજારો યોદ્ધાઓનો સંહાર થયો. નકુલ અને સહદેવ બીજી રાણી માદ્રીને ઉદરે દેવતાઓના વૈદ્ય અશ્વિનીકુમાર (એસ્ક્યુલેપિયસ) થી ઉત્પન્ન થયા.

૩ અમે અંબરના મહારાજાની બુદ્ધિની પ્રશંસા કરીએ છીએ; કારણકે તેમણે પુષ્કળ જનશ્રુતિઓ સંગ્રહિત કરીને તેને પોતાની વંશસૂચિમાં સંયુક્ત કરી દીધી છે. અંબરના મહારાજા સવાઈ જયસિંહ કે જેમણે પોર્ટુગાલના નરેશ તૃતીય ઇમેન્યુઅલની પાસેથી ડી. સીલ્વાને બોલાવ્યો હતો (આ ડી. સીલ્વાએ યુરોપ અને એશિયાના જ્યોતિષસંબંધી નકશા મેળવ્યા હતા) અને ભારતનાં સમસ્ત મુખ્ય નગરોમાં પોતાના પ્રિય જ્યોતિષશાસ્ત્રસંબંધી પોતાની બુદ્ધિમત્તાનાં સ્મારકચિન્હો (વેધશાળાઓ) એક એવા સમયમાં નિર્માણ કરાવ્યાં હતાં કે, જ્યારે તેઓ અનેક રાજકીય બખેડાઓ અને યુદ્ધોમાં લીન રહેતા હતા. તેમની પ્રશંસા કરવાની કિંવા તેમનો બચાવ કરવાની કાંઇ આવશ્યકતા નથી.

પુત્ર દુર્યોધને પોતાના બંધુઓને જણાવ્યું કે યુધિષ્ઠિરાદિ પાંડુના ખરા પુત્રો નથી; તે છતાં પણ બ્રાહ્મણો તથા અંધ ધૃતરાષ્ટ્રની સહાયથી પાંડુના જ્યેષ્ઠપુત્ર યુધિષ્ઠિરને હસ્તિનાપુરનું રાજ્ય મળ્યું. ત્યારે દુર્યોધન પાંડવો તથા તેમના સહાયકોની વિરુદ્ધ પ્રપંચ રચવા લાગ્યો, જેથી ઉક્ત પાંચ ભ્રાતાઓને પોતાની પૈતૃકરાજધાની છોડી થોડો સમય ગંગાકિનારે વસવું પડ્યું. પછી તેમણે સિંધુની આસપાસના પ્રદેશમાં નિવાસ કર્યો. સૌથી પહેલાં પંચાલના રાજા દ્રુપદે[1] તેમની રક્ષા કરી. દ્રુપદની રાજધાની કપિલનગરી હતી. જ્યારે તેણે પોતાની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર કર્યો, ત્યારે આસપાસના અનેક રાજાઓ તેની સભામાં આવીને વિરાજમાન થયા હતા; પરંતુ તે કન્યા તો પોતાના રાજ્યમાંથી હદપાર થયેલા પાંડવોના ભાગ્યમાં હતી. ત્યાં અર્જુને પોતાની ધનુર્વિદ્યાના પ્રભાવથી તેને પ્રાપ્ત કરી. તે સુંદરીએ અર્જુનના ગળામાં વરમાળા આરોપી. તે સમયે ઇતર રાજાઓએ નિરાશ થઇ પાંડવોની સાથે યુદ્ધ કર્યું; પરંતુ પેનેલોપની સાથે વિવાહ કરવાની ઇચ્છા રાખનારાઓની જેવી દશા થઇ હતી તેવી દશા અર્જુને તેસર્વની કરી. વિજયી અર્જુન પોતાની પ્રિયાને પોતાને મુકામે લઈ આવ્યો. તે દ્રૌપદી સામાનરૂપે પાંચે રાજાઓની પત્ની થઇ.[2] નિઃસંદેહ આ રીતિ શકલોકોની છે. હસ્તિનાપુરમાં આ પાંચે ભ્રાતાઓના આ કામની ચર્ચા ફેલાઈ ગઈ અને ધૃતરાષ્ટ્રે પોતાના પુત્ર દુર્યોધનને દબાવીને તેમને પાછા હસ્તિનાપુરમાં બોલાવ્યા અને પરસ્પરનો દ્વેષ નિવૃત્ત કરવાને માટે રાજ્યના વિભાગ કર્યા. દુર્યોધનના અધિકારમાં હસ્તિનાપુર રહ્યું અને યુધિષ્ઠિરે ઇન્દ્રપ્રસ્થ નામની રાજધાની સ્થાપિત કરી. ત્યારપછી મહાભારતનું યુદ્ધ થયું. હવે યુધિષ્ઠિરે પોતાના નામનો સંવત ચલાવી પોતાના ભત્રીજા (પૌત્ર) પરીક્ષિતને ત્યાંનું રાજ્ય સમર્પણ કરી દીધું. ૧૧૦૦[3] વર્ષપર્યંત આ સંવત ચાલુ રહ્યો. ત્યાર પછી તેજ વંશના તુંવારરાજા[4] વિક્રમાદિત્યે ઇન્દ્રપ્રસ્થ જીતી લઈ પોતાનો સંવત ચલાવ્યો.

જ્યારે પાંડુનું રાજ્ય વિભક્ત થઈ ગયું, ત્યારે હસ્તિનાપુર કરતાં ઇંદ્રપ્રસ્થનું રાજ્ય વિશેષ ઐશ્વર્યસંપન્ન થયું. ઉક્ત પાંચ ભ્રાતાઓએ આસપાસના સર્વ રાજાઓને જીતી લઇને તેમની પાસેથી ખંડણીનો કરાર ( પાયનામું[5] ) લખાવી લીધો.

---

૧ આ દ્રુપદ અજમીઢના વંશજ બાજસ્વ વા હયાસ્વના કુલમાં ઉત્પન્ન થયો હતો અને તે અશ્વવંશી હતો.

૨ જો કે આ વિવાહ હિંદુરીતિની વિરુદ્ધ થયો છે તોપણ તેનાપર ઘણી કલઈ કરવામાં આવી છે. બહુપતિની જાતાચરીતિ નહિ હોવાથી મૂર્ખાઈભરેલી દલીલો કરવામાં આવી છે. જેસલમીરનો રાજવંશ આજ વંશમાંથી ઉતરી આવેલો છે. તેના પ્રાચીનઇતિહાસપરથી પ્રતીત થાય છે કે, પૂર્વે નાના પુત્રને રાજગાદી મળતી હતી. આ રીતિ સીથિયા (શક) અને તાતારના લોકોની છે.

શક લોકોની જે રીતિનું હિરોડૉટસે વર્ણન કર્યું છે, તે અદ્યાપિ તેમના વંશોમાં ચાલી આવે છે. "પોતાની સ્ત્રીના દ્વારપર પગરખાંની જોડ " એ સંકેત ઈમાકજાતિના સર્વ પુરુષો સારી રીતે સમજે છે. (જુઓ ઍલ્ફીન્સ્ટનનું 'કાબુલ' નામનું પુસ્તક વૉલ્યુમ ૨, પૃષ્ઠ ૨૫૧)

૩ યુધિષ્ઠિરનો સંવત ૧૧૦૦ વર્ષપર્યંત ચાલ્યો હતો એમ કર્નલ ટૉડ માને છે; પરંતુ આ વાત પ્રમાણવિરુદ્ધ છે. યુધિષ્ઠિરનો સંવત ૩૦૫૦ વર્ષપર્યંત ચાલ્યો હતો. (હિંદી અનુવાદક)

(ભાગવત અને વિષ્ણુ પુરાણમાં પરીક્ષિતના જન્મથી લઈને નંદના રાજ્યાભિષેકપર્યંત ૧૦૧૫ વર્ષો વ્યતીત થયાં હતાં એવો ઉલ્લેખ છે અને રાજા નંદથી ૧૦૦ વર્ષ પછી મૌર્યવંશના રાજા ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક થયો હતો. એણે ઈ૦ સ૦ પૂ૦ ૩૨૧ માં રાજ્ય પ્રાપ્ત કર્યું હતું, માટે યુધિષ્ઠિરનો સમય કમમાં કમ વિ૦ સં૦ થી ૧૩૮૦ વર્ષપૂર્વે હતો એમ માનવું પડે છે. કેટલાક કલિયુગના આરંભમાં અને કેટલાક કલિયુગનાં ૬૫૩ વર્ષો વ્યતીત થયાપછી એનું અસ્તિત્વ માને છે. જુઓ પ્રાચીન લિપિમાલા પૃષ્ઠ ૨૧ ) (ગૌ. હી. ઓઝા)

૪ વિક્રમાદિત્ય કોના વંશમાં ઉત્પન્ન થયો હતો તે નિશ્ચિત નથી. કોઈ તેને તુંવાર કહે છે અને કોઇ તેને પરમાર કહે છે. આધુનિક શોધકો તેને ગુપ્તવંશના રાજા દ્વિતીય ચંદ્રગુપ્ત કલ્પે છે, કારણ કે આ ચંદ્રગુપ્તનું ઉપનામ વિક્રમ વા વિક્રમાદિત્ય હતું. (ગૌ. હી. ઓઝા)

૫ પાયનામું શબ્દ મોટા રાજાઓની આધીનતાનું સૂચન કરે છે, પછી તે આધીનતા પગદાસ કરવામાં આવતી હો વા સેવાદાસ. આ શબ્દની ઉત્પત્તિ પાય-પગપરથી થઈ છે.

આ પ્રકારે પોતાના રાજ્યને દઢીભૂત કરી યુધિષ્ઠિરે "રાજાધિરાજ" ની ઉપાધિ ધારણ કરી, અને તેના સ્મરણાર્થે પવિત્ર[1] અશ્વમેધ અને રાજસૂયયજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો.

આ[2] મહાયજ્ઞોનાં સમસ્ત કાર્યો રાજાઓજ કરે છે. દ્વારપાલનું કાર્યસુદ્ધાં રાજાજ કરે છે.

અર્જુનના સંરક્ષણ નીચે અશ્વમેધનો ઘોડો છોડવામાં આવ્યો. આ ઘોડો પોતાની ઇચ્છાનુસાર એક વર્ષપર્યંત અનેક પ્રદેશોમાં ભ્રમણ કરતો રહ્યો. જ્યારે કોઇ પણ રાજા તેને પકડીને અર્જુનની સામે યુદ્ધ કરી શકયો નહિ, ત્યારે તેને પુનઃ ઇંદ્રપ્રસ્થમાં લાવવામાં આવ્યો. હવે યજ્ઞનો સમારંભ શરૂ થયો. આ યજ્ઞપ્રસંગે સમસ્ત રાજાઓને બોલાવવામાં આવ્યા હતા.

પાંડવોનું આ ઐશ્વર્ય જોઈ કૌરવોનાં હૃદય પ્રજ્વલિત થવા લાગ્યાં. વળી હસ્તિનાપુરના રાજાને આ પ્રસંગે ભોજન પીરસવાને માટે નિયુક્ત કરવામાં આવ્યો હતો તેથી તેમનો દ્વેષ ઘણો વધી ગયો હતો.

આ ઉભય કુલોની વચ્ચે પુનઃ વૈરાનલ પ્રદીપ્ત થયો; પરંતુ દુર્યોધન પોતાના શત્રુ યુધિષ્ઠિરને હાનિ પહોંચાડવાને માટે જે જે ઉપાય કરતો હતો, તે સર્વમાં તે વિફલમનોરથ થતો હતો. છેવટે તેણે યુધિષ્ઠિરની ધાર્મિકતાને પોતાની સફલતાનું સાધન બનાવવાની દઢ પ્રતિજ્ઞા કરી.[3] સિથિયનજાતિની સાથે મળતી આવતી રાજપૂતજાતિમાં દ્યુત ખેલવાનો રિવાજ અદ્યાપિ પ્રચલિત છે. આ દ્યૂતના ખેલદ્વારા પોતાનો મનોરથ સફળ કરવાનો દુર્યોધને નિશ્ચય કર્યો. યુધિષ્ઠર તેના પ્રપંચમાં ફસાઈ ગયા અને તેમણે પોતાનું સમસ્ત રાજ્ય, સ્ત્રી તથા પોતાની અને પોતાના ભ્રાતાઓની સ્વતંત્રતા બાર વર્ષમાટે ઘૂતમાં હારીને ગુમાવી દીધી અને તેઓ સર્વનો પરિત્યાગ કરીને પોતાના દેશની સરહદબહાર યમુનાતટપર ચાલ્યા ગયા.

હિંદુજાતિની પ્રાચીનકથાઓમાં પાંડવોનો વનવાસ, તેમના અજ્ઞાતવાસનાં પવિત્ર સ્થાનો, તેમનું પાછા ફરવું, તેમનું કૌરવો સાથે યુદ્ધ, આ સર્વ આખ્યાયિકા અતિ મનોહર છે.

પાંડવો અને કૌરવોની વચ્ચે થયેલા યુદ્ધમાં કૉકેસસથી લઇને સાગરપર્યંતની સર્વ જાતિના વિખ્યાત રાજાઓ આવ્યા હતા. તેમનું યુદ્ધ કુરુક્ષેત્રમાં થયું હતું. આ સ્થાને તેમની પછી પણ અનેકવાર ભારતસામ્રાજ્યને માટે સંગ્રામ થયા હતા અને તેથી અનેકવાર આ દેશ એકના હાથમાંથી બીજાના હાથમાં જતો રહ્યો હતો.[4]

આ યુદ્ધમાં યદુની છપ્પન શાખાઓનો પ્રબલ પ્રભાવ પ્રાયઃ નષ્ટ થઇ ગયો. આ યુદ્ધ બરાબર અઢાર દિવસપર્યંત ચાલ્યું. એમાં અસંખ્ય મનુષ્યો મરણ પામ્યા. આ યુદ્ધમાં પિતાએ પુત્રની અને ગુરુએ શિષ્યની મહોબત રાખી નહોતી.

અંતે યુધિષ્ઠિરનો વિજય થયો; પરંતુ વિજય પ્રાપ્ત થયા છતાં પણ તેમને કાંઈ સુખની પ્રાપ્તિ થઇ નહિ. ઇષ્ટબંધુઓનું મૃત્યુ થયાથી તેમને સંસારપ્રત્યે વિરાગ ઉત્પન્ન થયો અને તેમણે તેનો ત્યાગ કરવાની ઇચ્છા ધારણ કરી. જે દુર્યોધનની મહત્ત્વાકાંક્ષા અને અધર્મને લીધે આ સર્વનાશકારી સંગ્રામ ઉપસ્થિત થયો હતો, તે દુર્યોધનનું મૃત્યુ થતાં તેની દહનક્રિયા ભીમસેને કરી હતી.

પોતાના રાજ્યપર સ્થિત થઇને યુધિષ્ઠિરે પોતાનો સંવત ચલાવ્યો અને અર્જુનના પૌત્ર પરી-

---

૧ આ યજ્ઞમાં સૂર્યને અશ્વનો બલિ આપવામાં આવે છે.

૨ દુર્યોધન મોટી શાખામાં ઉત્પન્ન થયો હતો તેથી તેણે વંશના આદિપુરુષ કુરુનું પદ ગ્રહણ કર્યું અને યુધિષ્ઠિરે પૃથક્ રાજ્ય સ્થાપિત કરવાને લીધે પોતાના પિતા પાંડુના નામની ઉપાધિ ધારણ કરી. આ ઉભય વચ્ચેના યુદ્ધને કુરુક્ષેત્રનું યુદ્ધ કહેવામાં આવે છે.

૩ હિરોડોટસ સિથિયનલોકોના દ્યૂત ખેલવાના વિનાશકારી સ્વભાવનું વર્ણન કરે છે. આ રીતિને ઓડેને પશ્ચિમતરફ સ્કેન્ડિનેવિયા અને જર્મનીમાં લઈ ગયો હતો. ટૅસિટસ જણાવે છે કે, જર્મનલોકો પાંડવોની પેઠે પોતાની શારીરિક સ્વતંત્રતા પણ દાવમાં લગાવી દેતા હતા અને જીતનારને હારેલા માણસને ગુલામતરીકે બીજા માણસને ત્યાં વેચી દેવાનો અધિકાર હતો.

૪ આજ કુરુક્ષેત્રમાં અંતિમ હિંદુપતિ મહારાજ પૃથ્વીરાજે પોતાની સ્વતંત્રતા, રાજ્ય અને જીવનનો ત્યાગ કર્યો હતો.

ક્ષિતને ઇંદ્રપ્રસ્થનું રાજ્ય સમર્પણ કરી, તેઓ કૃષ્ણબળદેવની સાથે દ્વારિકામાં ચાલ્યા ગયા.[1] ઉક્ત યુદ્ધને આ પુસ્તક લખાયું તે સમય સુધીમાં ૪૬૩૬ વર્ષ વ્યતીત થઈ ચૂક્યાં છે. (જુઓ ૧૭૪૦ માં રચાયેલી રાજતરંગિણી. )

આ યુદ્ધમાં બચેલા માણસોને પોતાની સાથે લઇને યુધિષ્ઠિર, બલદેવ તથા શ્રીકૃષ્ણ દ્વારિકામાં ગયા. ત્યારપછી થોડા સમયમાં શ્રીકૃષ્ણ ગોલોકમાં પધાર્યા. તેમનું ગોલોકગમન એક અનાર્યજાતિના ભીલના બાણદ્વારા થયું હતું. તેમના ગોલોકગમન પછી યુધિષ્ઠિર અને બલદેવ કેટલાક મનુષ્યોને પોતાની સાથે લઇને ભારતનો ત્યાગ કરી ચાલ્યા ગયા. તેઓ સંઘમાં થઇને ઉત્તરમાં હિમાલયપર્વતપર ગયા. તેઓ આ પર્વતપર ગળી ગયા. અહીંઆંસુધીની પાંડવોની હકિકત હિંદુપુરાણોમાં લખેલી છે.[2]

૧ આ કથા લખવામાં કર્નલ ટૉડે મોટી ભૂલ કરી છે. પરીક્ષિત રાજસિંહાસનપર અધિષ્ઠિત થયા તે પૂર્વેજ પ્રભાસક્ષેત્રમાં શ્રીકૃષ્ણ અને બલદેવજીએ પોતાની માનવલીલા સમાપ્ત કરી હતી. રાજતરંગિણીના કર્તા જૈન પંડિતે પણ આ કથા લખવામાં ઘણી ભૂલ કરી છે અને કર્નલ ટૉડે પણ એક જૈનપંડિતપર આધાર રાખીને અનેક સ્થળોએ ભૂલ કરી છે. બલદેવજી શ્રીકૃષ્ણની પૂર્વેજ સ્વસ્વરૂપમાં મળી ગયા હતા, તોપછી તેમનું યુધિષ્ઠિરની સાથે જવું શી રીતે સંભવી શકે ? પાંડવબંધુ પૈકી ચાર જણ અને દ્રૌપદી પણ હિમાલયમાં ગળી ગયાં હતાં.
(હિંદી અનુવાદક)

૨ પશ્ચિમ અને પૂર્વના હર્ક્યુલીસની વચ્ચે સમાનતાનું અનુમાન કરીને હું તેને એક ડગલું હજી આગળ લઈ જઇશ. * જો કે પૌરાણિકકથા હરિકુલના માણસોને તેમના નેતા યુધિષ્ઠિર તથા બલદેવજીના હાથનીચે કૉકેસસ પર્વતના બરફમાં છોડી દે છે, તોપણ જો સિકંદરે પાંચાલિક કે જ્યાં પુરુ તથા હરિકુલના માણસો નિવાસ કરતા હતા તે દેશમાં પોતાની વેદિકાઓ સ્થાપિત કરી છે, તો યુધિષ્ઠિર અને બળદેવજીના હાથનીચે એક દલ તેથી આઠસેં વર્ષોપૂર્વે યુનાનમાં જઇ વસ્યું એમ માનવામાં આપણને શી હાનિ છે? તેઓ અસ્ત્રશસ્ત્ર અને વૈજ્ઞાનિક કાર્યોમાં અધિક ચતુર તો હતાજ, તેથી સંભવે છે કે તેમણે યુનાનીઓને સરલતાથી જીતી લીધા હશે. જે સમયે પાંચાલિકનાં સ્વતંત્ર નગરોપર સિકંદરે આક્રમણ કર્યું, તે સમયે જે પુરુ અને હરિવંશીઓ તેના સામે થયા હતા, તેમણે પોતાની પતાકાપર હર્ક્યુલીસનું ચિત્ર દર્શાવ્યું હતું. જો હિંદુઓ અને યુનાનીઓની દેવકથાની પરસ્પર તુલના કરવામાં આવે તો તેમનું મૂળ એકજ સિદ્ધ થાય છે અને પ્લેટો અર્થાત્ અફલાતુન જણાવે છે કેઃ-" યૂનાનીઓએ પોતાની દેવકથા મિસર તથા પૌર્વાત્યદેશોમાંથી સંગ્રહિત કરી છે." હું પ્રશ્ન કરું છું કે, આ હરિકુલીઓ શું હેરાકલાઈડી લોકો હોવાનો સંભવ નથી? કે જે વૉલ્નીના કથનાનુસાર પેલોપોનીસસમાં ઇ૦ સ૦ પૂર્વે ૧૦૭૮માં જઇ વસ્યા હતા. આ સમય અમારા નિર્ધારિત કરેલા મહાભારતના સમયની અત્યંતનિકટનો છે.

હેરાકલાઇડી લોકો એટ્રિયસના વંશજો હોવાનો દાવો કરે છે અને હરિકુલીઓ પોતાને અત્રિના વંશજોતરિકે ઓળખાવે છે.

હેરાકલાઈડી લોકોનો પ્રથમ રાજા યૂરિસ્થેનીસ હતો. સ્પાર્ટાના આ પ્રથમ રાજાની સાથે યુધિષ્ઠિરનું નામ એવી સમાનતા ધરાવે છે કે, સંસ્કૃતમાં 'ડ' અને 'ર' એક બીજાના સ્થાનમાં સદા વપરાઈ શકતા હોવાથી વ્યુત્પત્તિશાસ્ત્રવેત્તાઓન આથી આશ્ચર્યચકિત થવાનું કાંઈ કારણ નથી.

યૂનાની વા આયોનિયનલોકો યવન વા જવનના વંશજો છે, કે જે જેફેટની સાતમી પેઢીએ ઉત્પન્ન થયો હતો. હરિકુલીઓ પણ પોતાને યવન વા જવનના વંશજોતરિકે ઓળખાવે છે, કે જે તેમના વંશના આદિપુરુષના તૃતિય પુત્ર યયાતિથી તેરમી પેઢીએ જન્મ્યો હતો.

* પુરાણકથા તો તેમને વચમાં છોડતી નથી. પુરાણકથાએ તો યુધિષ્ઠિરને સ્વર્ગપર્યંત પહોંચાડ્યા છે. કર્નલ ટૉડે પ્રાચીન દેશોનાં નામોની એકતા દર્શાવવાની ધુનમાં કથાઓમાં કાંઇનું કાંઈ લખી નાખ્યું છે. આજ પ્રકારે તેમણે 'રાજતરંગિણી' અને 'રાજાવલી'ના આધારથી દિલ્હીના રાજાઓની જે સૂચિ રાજપાલપર્યંત આપી છે તેમાં પણ ઘણો ગોટાળો કર્યો છે; તેને માટે નથી કાંઇ પ્રમાણ કે નથી કાંઈ શિલાલેખ.

તેજ પ્રકારે ભારતના પ્રાચીનરાજાઓનાં નામોને યુરોપના પ્રાચીનરાજાઓ તથા બાઈબલમાં લિખિત નામોની સાથે મેળવવાને ભગીરથ પ્રયત્ન કરીને તેમણે ખેંચતાણ કરી છે. યૂનાનના યૂરિસ્થેનીસને તેઓ યુધિષ્ઠિર જણાવે છે; પરંતુ એ વિધાન માની શકાતું નથી અને યયાતિની તેરમી પેઢીએ કોઈ યવનરાજા પણ પ્રાપ્ત થતો નથી.
(હિંદી અનુવાદક)

મહારાજ યુધિષ્ઠિરની પછી તેમના ઉત્તરાધિકારી પરીક્ષિતથી લઇને વિક્રમાદિત્યસુધીની ચાર[1] વંશાવલીઓ બરાબર રીતે આપવામાં આવી છે. તેમાં રાજપાલપર્યંત છાસઠ રાજાઓનાં નામો લખવામાં આવ્યાં છે. આ રાજપાલ કુમાઉંનાં આક્રમણમાં શુકવંતને હાથે માર્યો ગયો હતો. કુમાઉંના અધિપતિએ દિલ્હી હસ્તગત કર્યું; પરંતુ અલ્પકાળમાં વિક્રમાદિત્યે તેની પાસેથી તે નગર જીતી લીધું. વિક્રમાદિત્યે પોતાની રાજધાની ઇંદ્રપ્રસ્થને બદલે ઉજ્જન ( અવંતી )માં સ્થાપન કરી. આ સમયથી ઉજ્જન હિંદુ-જ્યોતિષશાસ્ત્રનું યામ્યોત્તરવૃત્ત ગણાવા લાગ્યું.

ત્યાર પછી આઠસો વર્ષપર્યંત ઇન્દ્રપ્રસ્થ રાજધાનીતરીકે રહ્યું નહિ. તુંવારવંશના સંસ્થાપક રાજા [2]અનંગપાલે દિલ્હીને પુનઃ પોતાની રાજધાની બનાવ્યું. તે પોતાને પાંડવોના વંશજતરીકે ઓળખાવતો હતો અને તેના સમયથીજ ઇંદ્રપ્રસ્થનું નામ દિલ્હી પડ્યું.

શુકવંત ઉત્તર ભાગમાં આવેલા કુમાઉંના પહાડીપ્રદેશનો રાજા હતો. તેણે ચૌદ વર્ષપર્યંત રાજ્ય કર્યું. તેને વિક્રમાદિત્યે મારી નાખ્યો હતો. મહાભારતના યુદ્ધથી આ સમયપર્યંત ૨૯૧૫ વર્ષો વ્યતીત થયાં હતાં.

જો આપણે આટલા સમયમાં ૬૬ રાજાઓ થઈ ગયેલા માનીએ તો તેમાંના પ્રત્યેકે ૪૪ વર્ષસુધી રાજ્ય કર્યું હતું, એવો સરાસરી હિસાબ આવે છે. આ વાત સર્વથા અશક્ય નહિ હોય, તોપણ વિશ્વાસ રાખવા યોગ્ય તો નથીજ.

અન્ય સ્થળે ગ્રંથકર્તા રઘુનાથ જણાવે છે કે, મેં અનેક ગ્રંથો વાંચ્યા છે અને સર્વનો સાર એ છે કે યુધિષ્ઠરથી પૃથ્વીરાજપર્યંતનાં ૪૧૦૦ વર્ષોમાં[3] ૧૦૦ ક્ષત્રિય રાજાઓ દિલ્હીના સિંહાસનપર બેઠા

---

યૂનાનદેશના પ્રાચીન હેરાક્લાઈડી લોકોનું એવું કથન છે કે, અમે સૂર્યના સમકાલીન અને ચંદ્રથી ઘણા પ્રાચીનકાળના છીએ. શું આ ગર્વિત વાક્યમાં આ વાત ગુપ્ત નથી કે યૂનાનના હેરાક્લાઈડી (સૂર્યવંશી) લોકો તે સ્થાનમાં હરિકુલના ચંદ્રવંશી લોકો કરતાં પૂર્વે વસ્યા હતા ? ભારતના અવતારી પુરુષ બલદેવજી ( હર્ક્યુલીસ ) કૃષ્ણજી વા કન્હૈયાજી (એપોલો) અને બુધ (મર્ક્યુરી)ની પૌરાણિકકથાઓ મિસર અને યૂનાનની પૌરાણિક કથાઓની સાથે દૃઢ અને પ્રાયઃ સંપૂર્ણ સમાનતા ધરાવે છે. બલદેવજીની સિકંદરના સમયમાં જે પ્રકારની પૂજા થતી હતી તેજ પ્રકારની પૂજા અદ્યાપિ થાય છે. વ્રજમાં બલદાઉ સ્થાનપર બલદેવજીનું મંદિર છે (ઉક્ત સ્થાનનેજ યૂનાનીઓએ સૂરસેની કહ્યું છે.) અને તેમનું આયુધ હળ છે તથા વસ્ત્ર સિંહચર્મ છે.+

ભારતવર્ષમાંથી પ્રાપ્ત થયેલી એક દુષ્પ્રાપ્ય શિલાપર હર્ક્યુલીસની બરાબર તેજ પ્રકારની પ્રતિમા મળી છે કે જેનું વૃત્તાંત એરિયને લખ્યું છે. તે શિલાપર બે પ્રાચીન અક્ષરોમાં એક નામનો ઉલ્લેખ પણ છે. આ અક્ષરો હાલમાં વાંચી શકાતા નથી; પરંતુ દંતકથા જ્યાં જ્યાં હરિકુલીઓનું વિશ્રામસ્થાન બતાવે છે, ત્યાં ત્યાં આ મૂર્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે. ખાસ કરીને સૌરાષ્ટ્રદેશમાં આ મૂર્તિઓ વિશેષ પ્રાપ્ત થાય છે, કે જ્યાં તે લોકો દિલ્હીમાંથી હદપાર થયા પછી દીર્ઘકાળપર્યંત રહ્યા હતા.

અમે નિશ્ચયપૂર્વક કહીએ છીએ કે, આ પ્રતિમા બરાબર તેવીજ હતી કે જેનું વર્ણન એરિયને કર્યું છે. સિકંદર અને પોરસના યુદ્ધમાં પોરસે તેવીજ મૂર્તિ પોતાની ધ્વજાપર દર્શાવી હતી. ઉક્ત શિલાપરની પ્રતિમા રૉયલ એશિયાટિક સોસાયટિનાં ટ્રાન્ઝેક્શનમાં આપવામાં આવશે.

૧ યુધિષ્ઠિરના ઉત્તરાધિકારી પરીક્ષિતના વંશનો અઠ્ઠાવીસમો રાજા ખેમરાજ હતો. પ્રથમ વંશ તો ૧૮૬૪ પર્યંત ચાલ્યો. બીજા વિસર્વવંશમાં ૧૪ રાજા થયા આ વંશ ૫૦૦ વર્ષપર્યંત ચાલ્યો. ત્રીજા વંશનો અંતિમ રાજા ઉન્તિનય પંદરમો હતો અને દુધસેન ચોથા વંશનો પ્રથમ પુરુષ હતો. અંતિમ રાજપાલની સાથે આ વંશની સમાપ્તિ થઇ ગઈ. (રાજતરંગિણી)

૨ રાજા અનંગપાલનો સમય રાજતરંગિણીમાં સંવત ૮૩૮ (ઈ૦સ૦ ૭૯૨) નો આપવામાં આવ્યો છે. તેમાં એવું પણ વર્ણન છે કે, શિવાલક અર્થાત્ ઉત્તરીય પર્વતોના નૃપતિઓએ આવીને ઇંદ્રપ્રસ્થને તાબે કરી લીધું. ત્યાર પછી દીર્ઘકાળપર્યંત તે ઉજ્જડ રહ્યું. પછી તુંવારોએ આવી તેપર પોતાનો અધિકાર પ્રસ્થાપિત કર્યો.

૩ ભારત યુદ્ધથી વિક્રમાદિત્યપર્યંત ૨૯૧૫ વર્ષો થાય છે, એવું રઘુનાથ પંડિતનું કથન સંગ્રહકર્તાએ માનીને

---

+ બલદેવજી સિંહચર્મ ધારણ કરતા નહોતા. તેમનું નીલામ્બર પ્રસિદ્ધ છે. હર્ક્યુલીસની સાથે સંયોગ મેળવવાને ગ્રંથકારે આ કલ્પના કરી છે. (હિંદી અનુવાદક)

હતા. તે પછી તે ગાદી રાવર[1] જાતિના લોકોના અધિકારમાં ગઈ. ગ્રંથકર્તાઓએ માત્ર રાજાઓના શાસનસમયમાં વૃદ્ધિ કરી છે અને તેમની સંખ્યામાં વૃદ્ધિ કરી નથી, એ હર્ષની વાત છે. યુધિષ્ઠિરનો વિક્રમાદિત્યની સાથે સંબંધ જોડવાને માટે ૬૬ કડીઓ પૂરતી છે.

અમારી ગણનામુજબ યુધિષ્ઠિરથી પૃથ્વીરાજ સુધીના ૧૦૦ રાજાઓના શાસનસમયનાં ૨૨૫૦ વર્ષ થાય છે.

આ ગણના રાજસ્થાનના પ્રધાન રાજવંશોની ૬૩૩[2] અથવા ૬૬૩[3] વર્ષોની અથવા પૃથ્વીરાજથી વર્તમાન સમયપર્યંતની કારકીર્દિની સરાસરીદ્વારા કરવામાં આવી છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મેવાડના રાજા | ૩૪[4] પ્રત્યેક રાજાની સરાસરી કારકીર્દિ...વર્ષ | | | | | ૧૯ |
| મારવાડના ,, | ૨૮ | ,, | ,, | ,, | ,, | ૨૩ |
| અંબરના ,, | ૨૯ | ,, | ,, | ,, | ,, | ૨૨ |
| જેસલમીરના ,, | ૨૮ | ,, | ,, | ,, | ,, | ૨૩ |

આ રીતે પ્રત્યેક રાજાના રાજત્વકાળની સરાસરી ૨૨ વર્ષની આવે છે. એથી અધિક માનવી યુક્ત નથી અને જે વંશોની નામાવલી વિસ્તૃત છે તેમનો રાજત્વકાળ તો પ્રત્યેક રાજાદીઠ સરાસરી ૧૮ વર્ષનોજ માનવો યુક્ત છે. યુધિષ્ઠિરથી વિક્રમાદિત્યપર્યંતના ૬૪ રાજાઓનો રાજત્વકાળ તો એટલો પણ માનવો જોઇએ નહિ; કારણ કે એટલી અવધિમાં તો ચાર વાર[5] રાજ્યક્રાંતિ થઈ હતી.

ભાગવતમાંથી ગ્રહણ કરવામાં આવેલી જરાસંધની શેષ વંશાવલી અતિ મહત્ત્વની છે, એથી આપણને વિશેષ શોધ કરવાની સંધિ મળશે.

જરાસંધ રાજગૃહ[6] વા બિહારનો શાસનકર્તા હતો. તેનો પુત્ર સહદેવ અને પૌત્ર માર્જારી, એ ઉભય મહાભારતના સમકાલીન હતા અને તેથી તેમને આપણે રાજા પરીક્ષિતના સમકાલીન ગણીશું તો ચાલશે.

જરાસંધના મુખ્ય વંશમાં ૨૩ રાજાઓની ઉત્પત્તિ જણાવવામાં આવી છે. આ વંશનો અંતિમ રાજા રિપુંજય થયો. તેના સચિવ શુનકે તેને મારી તેનું સિંહાસન હસ્તગત કર્યું. આ શુનકનો વંશ પાંચ પેઢી સુધી ચાલ્યો. તે વંશનો અંતિમ રાજા નન્દિવર્ધન હતો. સિંહાસન હસ્તગત કરવાથી શુનકને કાંઇ લાભ થયો નહિ; કારણ કે તેને તત્કાળ પોતાના પુત્ર પ્રદ્યોતને સિંહાસનપર અધિષ્ઠિત કરવો પડયો. આ પાંચે રાજાનો સમય ૧૩૮ વર્ષ માનવામાં આવે છે.

---

૪૧૦૦ વર્ષોનો સમય નિર્ધારિત કર્યો હશે. પૃથ્વીરાજનો જન્મ સંવત્§ ૧૨૧૫માં થયો હતો. ૪૧૦૦ માંથી જો ૨૯૧૫ બાદ કરવામાં આવે તો ૧૧૮૫ શેષ રહે છે. આ સમય ચૌહાણોના ઇતિહાસપ્રમાણે પૃથ્વીરાજના જન્મથી ૩૦ વર્ષ પૂર્વેનો છે.

૧ પૃથ્વીરાજની પછી દિલ્હીમાં રાવરોનો નહિ; કિંતુ મુસલમાનોનો અધિકાર થયો હતો. (હિંદી અનુવાદક)

૨ સંવત ૧૨૫૦ અર્થાત્ ઇ૦ સ૦ ૧૧૯૪ થી એટલે પૃથ્વીરાજ સિંહાસનથી ચ્યુત થઈ બંદીવાન બન્યો તે સમયથી.

૩ સંવત ૧૨૧૨ અર્થાત્ ઇ૦ સ૦ ૧૧૫૬ કે જ્યારે જયસલે જેસલમીરની સ્થાપના કરી તે સમયથી ત્યાંના વર્તમાન મહારાજા ગજસિંહના સંવત ૧૮૭૬ વા ઇ૦ સ૦ ૧૮૨૦ માં થયેલા રાજ્યાભિષેકપર્યંત.

૪ અહીંઆંના આરંભના ઘણા રાજાએ યુદ્ધમાં માર્યા ગયા હતા અને વર્તમાન મહારાજાના પિતા પોતાના ભત્રીજાના ઉત્તરાધિકારી થયા હતા. આવાં કારણોથી તેમનો રાજત્વકાળ ઘણો ન્યૂન આવ્યો છે.

૫ ઇતિહાસલેખકો આવાં પરિવર્તનો થવાં ઉચિત માને છે અને તેઓ જણાવે છે કે, જે રાજાઓ પદભ્રષ્ટ થયા છે તેમનામાં પોતાના રાજ્યને સંભાળવાની યોગ્યતા નહોતી.

૬ એ બિહારની રાજધાની રાજગૃહ વા રાજમહેલ છે.

---

§ પૃથ્વીરાજનો જન્મ ૧૨૧૫માં નહિ પણ ૧૨૨૫ ની લગભગમાં થયો હોવો જોઇએ; કારણ કે 'પૃથ્વીરાજ વિજય-કાવ્ય'માં સોમેશ્વરના દેહાંતસમયે તે બાલક હતો એમ લખવામાં આવ્યું છે. સોમેશ્વરનો સ્વર્ગવાસ ૧૨૩૬ માં થયો હતો અને પૃથ્વીરાજ જો ૧૨૧૫ માં જન્મ્યો હોય તો તે ૧૨૩૬ માં ૨૧ વર્ષનો થાય, માટે તે બાલક લખી શકાય નહિ. (હિંદી અનુવાદક)

શેષનાગ[1] નામના વિજેતાના હાથનીચે શેષનાગ નામના દેશમાંથી એક નવીન જાતિ ભારતવર્ષમાં આવી. તેણે પાંડુના સિંહાસનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. તેનો વંશ દશ પેઢીસુધી ચાલ્યો અને અંતે તે અપુત્ર વંશ રાજા મહાનંદની સાથે સમાપ્ત થયો. મહાનંદને નૈકત પણ કહેવામાં આવતો હતો. તેણે શુદ્ધ રકતના પ્રાચીન રાજપૂતોની સાથે દારુણ સંગ્રામ કર્યો અને તેમનો સંપૂર્ણ નાશ કરી નાખ્યો. પુરાણોમાં એવો ઉલ્લેખ છે કે, શેષનાગના સમયથીજ રાજાઓ શુદ્ર થઇ ગયા. ઉપર્યુકત દશ રાજાઓનો સમય ૩૬૦ વર્ષોનો માનવામાં આવ્યો છે.

આજ તક્ષકવંશના ચંદ્રગુપ્ત[2] મોરી નામના રાજાથી ચતુર્થ રાજવંશનો આરંભ થયો. આ વંશમાં પણ દશ રાજા થયા અને તેમનું રાજ્ય ૧૩૭ વર્ષપર્યંત રહ્યું.

પાંચમા રાજવંશના આઠ રાજાઓ થયા હતા તેમનો આદ્યપુરુષ શૃંગીરાજ[3] દેશમાંથી આવ્યો હતો. આ વંશનું રાજ્ય ૧૧૨ વર્ષપર્યંત ચાલ્યું. અંતે કણ્વદેશના એક રાજાએ આવી તે વંશના અંતિમ રાજાનો વધ કર્યો અને તેનું રાજ્ય હસ્તગત કર્યું.[4] ઉપર્યુકત આઠ રાજાઓપૈકી શુદ્ધ રકતના રાજા ચાર હતા અને પાંચમો રાજા કૃષ્ણ[5] શુદ્રસ્ત્રીના ગર્ભથી ઉત્પન્ન થયો હતો. કણ્વદેશથી આવેલા રાજવંશનું રાજ્ય ૨૩ પેઢી સુધી રહ્યું. તેના અંતિમ રાજાનું નામ સુલોમધી હતું.

આ પ્રકારે મહાભારત પછી ૭[6] વંશાવલીઓ આપવામાં આવી છે, જેમાં જરાસંધના ઉત્તરાધિકારી સહદેવથી આરંભ કરીને સુલેમાધીપર્યંત ૮૨ રાજાઓની અવિચ્છિન્ન શૃંખલા આપવામાં આવી છે.

કેટલીક નાની વંશાવલીઓને માટે સાધારણ સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે; પરંતુ પ્રથમ અને અંતિમને માટે તેમ કરવામાં આવ્યું નથી, તેથી અગાઉ કરેલી ગણના આ સ્થળે પણ ઉપયોગમાં લાવવી જોઇએ. આમ કરવાથી તેમનો સમય વિક્રમ સંવત ૬૦૪ સુધીમાં ૧૭૦૪ વર્ષનો થશે. આ રીતે રાજા વસુદેવ વિક્રમનો સમકાલીન થશે. આ રાજા છઠ્ઠી વંશાવલીના રાજા સહદેવથી પંચાવનમી પેઢીએ થયો હતો. એમ કહેવાય છે કે તેણે કત્તરદેશમાંથી આવીને દિલ્હીનું સિંહાસન જીતી લીધું હતું. જો આ ગણનાની કાંઇ પણ કિંમત હોય તો ભાગવતમાં આપેલી વંશાવલી વિક્રમની પાંચમી શતાબ્દી

---

૧ આલંકારિક ભાષામાં કહીએ તો એ સર્પરાજનો દેશ છે; કારણકે નાગ, તક વા તક્ષક એ ત્રણે શબ્દોનો અર્થ એકજ છે અને હું તેને સ્ટ્રૅબોના જણાવેલા સિથિક ટાચારીલોકોનું, ચીનાઓના જણાવેલા તક્યુકલોકોનું તથા તુર્કસ્તાનના વર્તમાન તાજકલોકોનું નિવાસ સ્થાન માનું છું. મારા મત પ્રમાણે પુરાણોમાં જેને તુરુષ્ક કહ્યા છે અને જેઓ શાકદ્વીપ વા સિથિયામાં અવંર્મો (અકસૉસ) ના તટપર રાજ્ય કરતા હતા તે આ જાતિ છે.

(કર્નલ ટૉડે શેષનાગદેશમાંથી શેષનાગવંશનું આગમન થયેલું માન્યું છે; પરંતુ પુરાણોમાં શેષનાગવંશના વર્ણનમાં શેષનાગદેશનું કાંઈ વૃત્તાંત નથી. શેષનાગના વંશજો મગધના સિંહાસનપર બેઠા હતા, નહિ કે પાંડુના સિંહાસનપર. ) (હિંદી અનુવાદક)

૨ શેષનાગ વા મોરીવંશીઓને તક્ષકવંશી માનવા એ કર્નલ ટૉડનો ભ્રમ છે. બાદ્ધ તથા જૈનલેખકોએ તેમને સૂર્યવંશી લખ્યા છે. (હિંદી અનુંવાદક)

૩ અહીંઆં પણ શૃંગી શબ્દ ભ્રમથી લખવામાં આવ્યો છે. વાસ્તવમાં એ શબ્દ શૃંગ છે. પુરાણોમાં શૃંગી દેશમાંથી ઉક્ત માણસનું આગમન થયેલું લખ્યું નથી. (હિંદી અનુવાદક)

૪ પુરાણોમાં એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે, શૃંગવંશના અંતિમ રાજા દેવભૂતિને કણ્વવંશીમંત્રીએ માર્યો હતો. ભૂમિત્ર તેનો પુત્ર હતો. (હિંદી અનુવાદક)

૫ રાજા કૃષ્ણ શદ્રાણીના ગર્ભથી ઉત્પન્ન થયો નહોતો; પરંતુ આંધ્રવંશનેજ પુરાણોમાં શુદ્ર લખવામાં આવ્યો છે. ઉકત વંશના પ્રથમ રાજાને સિમુક લખવામાં આવ્યો છે. પુરાણોમાં કણ્વદેશમાંથી આગમન થયેલું લખ્યું નથી. (હિંદી અનુવાદક)

૬ કર્નલ ટૉડે અહીંઆં ૭ વંશાવલીઓ આપ્યાનું લખ્યું છે; પરંતુ સાત વંશાવલીઓ તેમણે વંશપત્રમાં આપી છે. આવીજ રીતે કોઈ કોઈ સ્થળે પ્રકરણમાં તથા વંશાવલીઓમાં આપેલી નામોની સંખ્યામાં પણ ફેર છે અર્થાત્ પ્રકરણમાં કંઈક તો વંશપત્રમાં કાંઈ બીજુંજ હોય છે. (ગૌ. હી. ઓઝા)

સુધી આવી પહોંચે છે.[1] આ વંશાવલીના લેખકો કાંઇ ભવિષ્યવેત્તા હોય એમ આપણે માની શકતા નથી, તેથી એવું અનુમાન થઇ શકે છે કે, સુલેમધીના શાસનકાળમાં અર્થાત્ વિ૦ સં૦ ૬૦૦ અથવા ૫૪૬માં આ પ્રાચીન ઇતિહાસનું નવીન સંસ્કરણ કરવામાં આવ્યું હશે.

ઉપર જે વંશાવલીનું વૃત્તાંત લખવામાં આવ્યું છે, તેમની કારકીર્દિની સરાસરી કાઢવામાં અમે જે ગણના કરી છે, તેનો પૃથ્વીના ઇતર દેશોના રાજાઓના શાસનસમયની સાથે મુકાબલો કરવાથી અમારી ગણનામાં કેટલી સત્યતા છે તે જણાઇ આવશે.

જે સમયે દશ જાતિઓએ રોહોબોમની[2] વિરુદ્ધ વિદ્રોહ કર્યો હતો, તે સમયથી જેરુસલેમ[3] હસ્તગત થયું ત્યાંસુધીનાં ૩૮૭ વર્ષમાં જુડાના[4] સિંહાસનપર ૨૦ રાજાઓ અભિષિક્ત થયા હતા. તેમાંના પ્રત્યેક રાજાના શાસનકાળની સરાસરી ૧૯ વર્ષની આવે છે. આની અંદર જો વિદ્રોહપૂર્વેના સાલ, ડૅવિડ અને સૉલોમનના રાજ્યનો સમય ઉમેરવામાં આવે તો પ્રત્યેક રાજાના શાસનકાળની સરાસરી ૨૬ વર્ષની આવશે.

સાર્ડેનાપોલસના[5] હાથ નીચે ઇ૦ સ૦ ૯૦૦ વર્ષપર અસિરિયારાજ્ય[6] છિન્નભિન્ન થઇ ગયું. ત્યારપછી બેબિલોનિયા, અસિરિયા અને મીડિયાના[7] રાજવંશોએ સ્વતંત્ર રીતે રાજ્ય કર્યું. આ ત્રણે રાજવંશોના રાજાઓની શાસનકાળની સરાસરી પૃથક્ પૃથક્ આવે છે.

જ્યારે આપણે અસિરિયાની વંશાવલી જોઇએ છીએ, ત્યારે તેમાં શાસનકાળની સરાસરી મધ્યમ જણાય છે; પરંતુ બેબિલોનિયા અને મીડિયાની વંશાવલીના શાસનકાળની સરાસરી અધિક નીકળે છે. બેબિલોનિયાદેશ અસિરિયાથી પૃથક્ થયો ત્યારથી તે પુનઃ તેની સાથે સંયુક્ત થયો ત્યાંસુધીમાં અર્થાત્ બાવન વર્ષસુધીમાં બેબિલોનપર નવ રાજાઓએ અધિકાર ભોગવ્યો હતો; પરંતુ મીડિયાના રાજા ડારાયસે સાઠ વર્ષપર્યંત અર્થાત્ ઉપર્યુક્ત નવ રાજાઓના એકંદર શાસનકાળ કરતાં પણ અધિક સમયપર્યંત રાજ્ય કર્યું હતું. તેનું રાજ્ય અસિરિયાથી પૃથક્ થયું ત્યારથી તે પુનઃ તેની સાથે સંયુક્ત થયું ત્યાંસુધીનાં ૧૭૪ વર્ષોમાં ડારાયસના વંશના ૭ રાજાઓએ રાજ્ય કર્યું, જેમાંના પ્રત્યેક રાજાની શાસનકાળની સરાસરી ૨૯ વર્ષની આવે છે.

અસિરિયાના નૃપતિઓનો રાજત્વકાળ મધ્યમ છે. 'નેબુકેડનેઝર'થી આરંભ કરીને સાર્ડેનાપોલસ સુધીના રાજાઓની શાસનકાળની સરાસરી ૨૨ વર્ષની આવે છે; પરંતુ તે સમયથી તે વંશની સમાપ્તિ સુધીના રાજત્વકાળની સરાસરી કાઢવામાં આવે તો તે ૧૮ વર્ષજ થાય છે.

૧ મહાશય બેંટ્લીનો હિંદુઓની જ્યોતિષપ્રણાલીપરનો એક લેખ એશિયાટિક રિસર્ચીસ વો૦ ૮, પૃ૦ ૨૩૬-૩૭માં પ્રાપ્ત થાય છે. તેમાં એવો ઉલ્લેખ છે કે સંવત ૫૮૩* અર્થાત્ ઇ૦ સ૦ ૫૨૭માં બ્રહ્મગુપ્ત જ્યોતિષી થયો, જેનો સમય સલોમધીના રાજ્ય-શાસનથી કાંઇક પૂર્વેનો છે. તેણે બ્રહ્માના કલ્પની રીતિ સ્થાપિત કરી, જે અનુસાર સૃષ્ટિની હાલની ગણના ચાલી રહી છે. આથી ઐતિહાસિક સમયમાં પણ પરિવર્તન થયું. આ કારણથી મારી ગણના વિશેષ દૃઢ થાય છે. મહાશય કોલ્બ્રુક કે જેમનું વિશાળ જ્ઞાન અનુમાનની વાતો નહિ માનવાના કારણથી બહુમૂલ્ય છે, તેમનાપર મહાશય બેંટ્લીએ અનુચિત કટાક્ષ કર્યો તેથી તેમના પ્રમાણની દૃઢતા ઘણી શિથિલ થઇ જાય છે.

૨ રોહોબોમ સૉલોમનનો પુત્ર અને જૂદાનો બાદશાહ હતો. તેના પિતાએ (સૉલોમને) પોતાના રાજ્યમાં કેટલાક સુધારા કર્યા હતા, જેથી તેની પ્રજા અસંતુષ્ટ થઇ હતી અને તેના મૃત્યુ પછી રોહોબોમના સમયમા તેની પ્રજામાંની ૧૦ જાતિઓએ વિદ્રોહ કર્યો હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ એ એશિયામાઇનરનું (બાઇબલમાં) પ્રસિદ્ધ પ્રાચીનનગર છે.

૪ એ એશિયામાઇનરના એક વિભાગનું નામ છે.

૫ અસિરિયાનો એક પાદશાહ

૬ આ અને આની પછળના સંવતો મહાશય ગોગેટે પોતાના 'ઓરિજિન ઑફ લૉઝ' નામના પુસ્તકમાં આપેલી વંશાવલીઓમાંથી મેં લીધા છે.

૭ એશિયાખંડના પશ્ચિમ ભાગમાં આવેલો એક દેશ

* સુલોમધીરાજ્યની સમાપ્તિ ઇ૦ સ૦ ૫૪૬ માં નહિ, પરંતુ ઇ૦ સ૦ ૩૦૦ની પૂર્વે થઈ ચૂકી હતી. બ્રહ્મગુપ્તે બ્રહ્મસ્ફુટ સિદ્ધાંત સંવત ૬૮૫ ( ઇ૦ સ૦ ૬૨૮ ) માં સ્થાપિત કર્યો હતો; માટે ઇ૦ સ૦ ૫૨૭ માં તેનું અસ્તિત્વ સંભવી શકતું નથી. (હિંદી અનુવાદક)

ઇ૦સ૦પૂ૦ ૧૦૭૮ ના લેસીડિમનના હેરાક્લાઇડી કહેવાતા રાજાઓના યુરિસ્થેનિસથી લઇને ૧૧ રાજાઓનો શાસનકાળ સરાસરી ૩૨ વર્ષનો થાય છે; અને પ્રાયઃ તેજ સમયમાં એથેન્સના પ્રજાસત્તાક રાજ્યમાં મૃત્યુપર્યંત સ્થિત રહેનાર પ્રથમ અધિપતિથી આરંભ કરીને ઓલિમ્પીઅડના[1] સમયમાં તે પદ દશ દશ વર્ષને માટેનું થઇ ગયું ત્યાંસુધી થયેલા બાર અધિપતિઓનો સરાસરી શાસનકાળ ૨૮ વર્ષનો આવે છે.

આ પ્રકારે યાહુદીઓ, સ્પાર્ટનો તથા ઍથેનિયનલોકોનો રાજત્વકાળ મળતો આવે છે; જેનો આરંભ ઇ૦ સ૦ પૂ૦ ૧૧૦૦ વર્ષપર થયો હતો. આ સમય મહાભારતથી પચાસ વર્ષ કરતાં અધિક દૂરનો નથી અને તેની સાથે યૂનાની રાજ્યકાળ છોડતાં બેબિલોન, અસિરિયા તથા મીડિયાના રાજ્યનો પ્રારંભ થાય છે. આ ઘટના ઇ૦ સ૦ પૂ૦ આઠમી શતાબ્દીમાં બની હતી અને યાહુદીઓના રાજ્યનો અંત ઇ૦ સ૦ પૂ૦ છઠ્ઠી શતાબ્દીમાં આવ્યો હતો.

આપણા સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓના રાજત્વકાળ સાથે ઉપર્યુક્ત રાજાઓના શાસનકાળની તુલના કરતાં પાછલો રાજત્વકાળ ગમે તેટલો ટુંકો જણાય તોપણ વર્તમાન હિંદુરાજાઓના શાસનકાળ ધ્યાનમાં લેતાં તે, બ્રાહ્મણોએ આપેલા અસંભવિત શાસનકાળને માની લેવા કરતાં યથાર્થ શાસનકાળનો નિર્ણય કરવામાં આપણને વિશેષ સહાય કરશે.

જે દેશનાં હવાપાણી સારાં હોય છે અને જે દેશના રાજાઓ સાદું જીવન ગાળે છે, તે દેશનો રાજત્વકાળ લાંબો જણાય છે. સ્પાર્ટનરાજાઓનો રાજત્વકાળ લાંબો જણાય છે. સ્પાર્ટનરાજાઓના રાજત્વકાળની સરાસરી ૩૨ વર્ષની આવે છે, જ્યારે અધિક ભોગવિલાસમાં રત થયેલા એથેનિયનરાજાઓનો સરાસરી ૨૮$\frac{3}{4}$ વર્ષનો શાસનકાળ આવે છે. યાહુદીરાજાઓનો સોલના સમયથી બેબિલોનમાં તેમને હાંકી કાઢવામાં આવ્યા ત્યાંસુધી સરાસરી ૨૬ વર્ષનો શાસનકાળ આવે છે. મીડલોકો લેસિડિમોનિયનલોકોની બરાબર ઉતરે છે. જગતના સર્વ દેશોના ઇતિહાસમાં તેઓ અણહિલપુરના રાજાઓની સમાન ઉતરે છે અને ઉક્ત નગરના ચામુંડરાજાનો રાજસમય તો પ્રાયઃ દારાના[2] રાજત્વકાળની બરાબરજ હતો.

અસિરિયા અને સ્પાર્ટાના લોકોનો સરાસરી રાજત્વકાળ અધિકમાં અધિક ૩૨ અને ન્યૂનમાં ન્યૂન ૧૮ વર્ષનો નીકળે છે અને પ્રત્યેકનો સરાસરી કાળ ૨૫ વર્ષનો આવે છે તથા સાતસેં વર્ષના ગરસામાં આપણા ચાર હિંદુરાજવંશની સરાસરી ૨૨ વર્ષની આવે છે.

ઉપરનાં પ્રમાણોથી મારા મત પ્રમાણે પચાસ રાજાઓપૈકી પ્રત્યેકનો સરાસરી રાજત્વકાળ ૨૦ થી ૨૨ વર્ષનો આવે છે.

જો મારી આ શોધનું પરિણામ સંતોષદાયક હોય અને ઉક્ત ગ્રંથકારોની આપેલી વંશસૂચિ યથાર્થ હોય તો મહાશય બેંટ્લીના જેવોજ અમારો સિદ્ધાંત થશે. તેમણે મહાન પાંડિત્યથી જ્યોતિષ તથા વંશસૂચિસંબંધી નિયમોનું અન્વેષણ કરી યુધિષ્ઠિરના સંવતનો સમય જગતની ઉત્પત્તિથી ૨૮૨૫ વર્ષ પાછળનો માન્યો છે. આટલાં વર્ષો જો જગતની ઉત્પત્તિથી ઇસુના જન્મસુધીનાં ૪૦૦૪ વર્ષમાંથી બાદ


૧ યુનાનમાં પ્રતિ પાંચ વર્ષે કસરતી ખેલ કરવામાં આવતા હતા, તેઓ લિમ્પિક ગેમ કહેવાતા હતા અને ચાર વર્ષના ખેલ ઓલિમ્પીઅડ કહેવાતા હતા.

૨ દારા અને અણહિલપુરના ચામુંડનો રાજત્વકાળ સમાન ગણાઈ શકે નહિ. પ્રથમ દારાએ ૩૬, દ્વિતીય દારાએ ૧૯ અને તૃતીય દારાએ પાંચ વર્ષ રાજ્ય કર્યું હતું. (હિંદી અનુવાદક)

પુરાણોમાં રાજાઓની ક્રમશઃ નામાવલી તો આંધ્રવંશના અંતિમ રાજા સુલોમધીપર્યંતની પ્રાપ્ત થાય છે; પરંતુ તેમાં સુલોમધીથી દીર્ઘકાળપછી પ્રયાગ, સાકેત (અયોધ્યા) અને મગધદેશોપર ગુપ્તવંશીઓનો અધિકાર રહેલો લખ્યો છે. ગુપ્તવંશનો રાજા ચંદ્રગુપ્ત પહેલો કે જેનો રાજ્યાભિષેક ઇ૦ સ૦ ૩૨૦ માં થયો હતો, તેના સમયમાં આ પ્રદેશો ગુપ્તોનેજ આધીન હતા. તેની પછી ગુપ્તરાજ્ય દૂર દૂરસુધી ફેલાયું હતું; માટે જો કર્નલ ટૉડના અભિપ્રાયાનુસાર હિંદુઓના પ્રાચીન ઇતિહાસ (પુરાણો) નો નવીન સંસ્કાર થયો હોય તો તે ઇસવીસનની ચોથી શતાબ્દીમાં થયો હોવો જોઇએ, નહિ કે છઠ્ઠીમાં. (ગૌ૦ હી૦ ઓઝા)

કરવામાં આવે તો યુધિષ્ઠિરના સંવતનો પ્રારંભ ઇસુથી ૧૧૭૯ અને વિક્રમાદિત્યથી ૧૬૨૩ વર્ષ પૂર્વે થયેલો સિદ્ધ થશે.[1]

પુરાણોમાં જેને તુરૂષ્કજાતિ કહેવામાં આવી છે, તે તેજ જાતિ જણાય છે કે જે શાકદ્વીપ વા સિથિયામાં અરકસીસના તટપર રાજ્ય કરતી હતી.



૧ અંગ્રેજોના લખેલા પ્રાયઃ સર્વ લેખોમાં એવોજ ઉલ્લેખ હોય છે કે જગતની ઉત્પત્તિ પાંચ હજારથી કેટલાંક અધિક વર્ષોથી થઇ છે; પરંતુ હિંદુશાસ્ત્ર, હિંદુ પંચાંગ તથા રાજતરંગિણી વગેરેના મત પ્રમાણે ૫૦૦૦ થી કેટલાંક અધિક વર્ષો કલિયુગનાં વ્યતીત થઇ ચૂક્યાં છે અને જગતની ઉત્પત્તિને તો કોટયવધિ વર્ષો વહી ગયાં છે. (હિંદી અનુવાદક)

# परिशिष्ट २ जुं–अध्याय ६ ठ्ठो

## વિક્રમાદિત્યની પછીની રાજપૂતજાતિઓની વંશાવલીસંબંધી ઇતિહાસ–હિંદમાં આવેલી વિદેશીજાતિઓ–સિથિયનો, રાજપૂતો અને સ્કૅન્ડિનેવિયાની જાતિઓની વચ્ચે સમાનતા

આ પ્રકારે ભારતની પ્રાચીન વીરજાતિઓની વંશાવલીસંબંધી ઇતિહાસ પ્રારંભિક કાળથી યુધિષ્ઠિર અને કૃષ્ણના સમયપર્યંતનો અને ત્યાંથી વિક્રમાદિત્યના સમય સુધીનો તથા આજપર્યંતનો લખી જણાવ્યો. હવે જે જાતિઓએ આ અરસામાં ભારતપર આક્રમણ કર્યું અને જે વર્તમાન સમયમાં રાજસ્થાનના ૩૬ રાજવંશોમાં ગણાય છે, તે વિષે કાંઇક ઉલ્લેખ કરવો અનુચિત ગણાશે નહિ. આથી તે જાતિઓવચ્ચે કેટલીક આશ્ચર્યજનક સમાનતા જોવાનો અવસર મળશે.

જે જાતિઓનો ઉલ્લેખ અત્રે કરવામાં આવ્યો છે, તે હય વા અશ્વ, તક્ષક તથા જિત વા જિટી છે. આ જાતિઓના દેવતાઓ, તેમની આરંભિક વંશાવલીઓનાં નામો તથા ઇતર પુષ્કળ બાબતોમાં સાદૃશ્ય હોવાથી ચીના, તાતાર, મોગલ, હિંદુ અને સિથિયનજાતિઓનું મૂળ એકજ છે એમ ધારી શકાય છે.

જો કે આ જાતિઓનાં હિંદુસ્થાનમાં થયેલાં આગમનનો સમય યથાર્થરીતે બતાવી શકાતો નથી, તથાપિ તે જાતિઓ કયા પ્રદેશોમાંથી આવી છે, તે ઘણી સરલતાથી નિશ્ચિત થઈ શકે છે.

તાતાર અને મોગલલોકોની ઉત્પત્તિવિષે તેમના ઇતિહાસલેખક અબુલગાઝીએ જે વર્ણન કર્યું છે. તેની તુલના પુરાણોમાં લખેલી જે જાતિઓનું વર્ણન અત્રે અમે કરીએ છીએ તેમની ઉત્પત્તિ સાથે કરવી જોઇએ.

તાતારોના આદિ પુરુષનું નામ મોગલ હતું. તેનો પુત્ર ઓગઝ[1] હતો. આ ઓગઝ ઉત્તર પ્રદેશોમાં વસતા સર્વ તાતાર અને મોગલલોકોનો મૂળપુરુષ હતો.

ઓગઝ વા ઓગઝને[2] ૭ પુત્રો હતા. પહેલો કિઉન[3] અર્થાત્ પુરાણોમાં લખેલો સૂર્ય; બીજો અય[4] અર્થાત્ પુરાણોમાં જણાવેલો ચંદ્ર વા ઇંદુ.

પાછલું નામ પુરાણોમાં જણાવેલા ચંદ્રવંશના એક પુરુષના આયુ નામની સાથે મળતું આવે છે. સર્વ તાતારલોકો પોતાને આયુ વા પુરાણોમાં લખેલા ચંદ્ર અર્થાત્ ઇંદુના વંશજતરિકે ઓળખાવે છે. આજ કારણથી તે લોકો જર્મનોની પેઠે ચંદ્રને સદૈવ નરદેવતા માનતા હતા.

તાતાર અયને જુલ્ડસ નામનો એક પુત્ર હતો. તેનો પુત્ર હુ હતો. ચીનનો સૌથી પહેલો રાજવંશ હુની[5] ઓલાદમાંજ ઉત્પન્ન થયો હતો.

---

૧ શું મોગલ અને ઓગઝ શબ્દોના સમાસથી મૅગોગ શબ્દ બની શકતો નથી ? મૅગોગ એ ખ્રિસ્તી ધર્મપુસ્તકમાં લખેલા જાફેટનો પુત્ર હતો.

૨ શેષ ચાર પુત્રો એ ચાર તત્ત્વો છે કે જેનું વર્ણન મનુષ્યતરિકે કરવામાં આવ્યું છે અને જેમાંથી તાતાર લોકોની ૭ જાતિઓ નીકળી છે. દીર્ઘકાળપર્યંત હિંદુઓની એજ જાતિઓ હતી. પાછળથી અગ્નિકુળની ચાર જાતિઓએ મળીને તેને ૭ બનાવી અને હાલમાં તે છત્રીસ થઇ ગઈ છે.

૩ અબુલગાઝીના કહેવા પ્રમાણે તાતારીભાષામાં સૂર્ય અને ચંદ્ર

૪ ડી ગિગનિસકૃત પુસ્તક.

૫ સર વિલિયમ જોન્સ કહે છે કે, ચીનાલોકો પોતાને હિંદુઓમાંથી નીકળેલા જણાવે છે; પરંતુ તુલના કરી જોવાથી આ ઉભય જાતિઓ સિથિયનલોકોમાંથી નીકળેલી સિદ્ધ થાય છે. (?)

પારાણિક આયુનો એક પુત્ર યદુ[1] (જેને જદુ પણ કહેવામાં આવે છે) હતો, જેના ત્રીજા પુત્ર હ્યુ[2] દ્વારા કોઇ પણ વંશની ઉત્પત્તિ થયેલી હિંદુ વંશાવલીના લેખકો માનતા નથી; પરંતુ તેનાદ્વારા ચીનાલોકો પોતાને ચંદ્રના વંશજતરિકે ઓળખાવી શકે છે.

એલખાં (અયની નવમી પેઢીનો વંશજ) ને બે પુત્રો હતા. પહેલો કાઇયાન અને બીજો નગસ કે જેના વંશજો સમસ્ત તાતારમાં વસ્યા છે.

ઝંઘીસખાં પોતાને કાઇયાનના વંશમાં ઉત્પન્ન થયેલો માનતો હતો.

નગસ પુરાણો અને તાતારવંશાવલીલેખકોના તક્ષક વા નાગવંશનો[3] સંસ્થાપક હોય એ સંભવિત છે. ડી ગિગનીસે આ તક્ષક લોકોને તકચુક મોગલો જણાવ્યા છે.

આ ત્રણ જાતિઓનું મૂળ આ પ્રકારે પરસ્પર મળે છે. હવે અમારે તેમના દેવતાઓની ઉત્પત્તિના વર્ણનની તુલના કરવી જોઇએ. પ્રત્યેક લેખકે ચંદ્રવંશના સંસ્થાપકની ઉત્પત્તિ કલ્પિત રીતે લખી છે.

**પ્રથમ**—પુરાણસંબંધી કથા-"ઇલા" (પૃથ્વી) કે જે સૂર્યપુત્ર ઇક્ષ્વાકુની કન્યા હતી, તે એક સમયે જંગલમાં ભ્રમણકરતી હતી, ત્યારે બુધે તેની સાથે સંગ કર્યો, જેથી ઇંદુવંશની ઉત્પત્તિ થઇ.

**દ્વિતીય**-ચીનાઓનું પોતાના પ્રથમ પાદશાહ યૂ (અયૂ)ની ઉત્પત્તિનું વૃત્તાંત આ પ્રમાણે છેઃ-એક તારા (બુધ અથવા ફો)નો યાત્રાસમયે યૂની માતાની સાથે સમાગમ થઇ ગયો અને તેને ગર્ભ રહી ગયો, જેથી યૂની ઉત્પત્તિ થઇ. યૂએ ચીનાઓનો પ્રથમ રાજવંશ સ્થાપિત કર્યો હતો. તેણે ચીનદેશને નવ ભાગોમાં વિભક્ત કર્યો અને તે ઇ૦ સ૦ પૂ૦ ૨૨૦૭ માં[4] રાજ્ય કરવા લાગ્યો.

આ પ્રકારે તાતારોનો અય, ચીનાઓનો યૂ અને પુરાણોમાંનો આયુ એ ત્રણે ઉપર્યુક્ત ત્રણે જાતિઓનો આદ્યપુરુષ ઇંદુ (ચંદ્ર) હતો એમ સ્પષ્ટરીતે પ્રકટ થાય છે.

ઇંદુ વા ચંદ્રનો પુત્ર બુધ રાજવંશસંસ્થાપક અને ધર્મગુરુ[5] થયો. તે પ્રકારે ચીનમાં ફોને તે પદ પ્રાપ્ત થયું અને ઓડન તથા ટયૂટેટીસ[6] જે જાતિઓ યૂરોપમાં ગઈ તેનો આદ્યપુરુષ અને ધર્મગુરુ તે બન્યો.

આ પરથી જણાય છે કે બુદ્ધધર્મ અવશ્ય આ જાતિઓનો સમકાલીન હશે અને તે ધર્મને ઉક્ત જાતિઓજ ખાસ ભારતવર્ષમાં લાવી હશે તથા કૃષ્ણ અને [7]સૂર્યનો મત પ્રકટ થયો અર્થાત્ બલના ઉપાસકો ઉત્પન્ન થયા ત્યાંસુધી તે લોકોમાં આજ મત પ્રચલિત રહ્યો હશે; અને જ્યારે વખત જતાં તેમણે બુદ્ધના અનુયાયીઓને દબાવી દીધા ત્યારે ઉક્ત ધર્મનું સૌમ્ય રૂપાંતર થઇ તે વર્તમાનકાળનો જૈનધર્મ બની ગયો હશે.

હવે આપણે આની સાથે ડાયાડોરસે[8] કરેલા સિથિયનજાતિની ઉત્પત્તિના વર્ણનની તુલના કરવી

---

૧ યદુ ચંદ્રવંશી આયુનો પુત્ર નહિ, પણ પ્રપૌત્ર હતો. (ગૌ. હી. ઓઝા)

૨ યદુને હ્યુ નામનો કોઈ પુત્ર હતો એમ પુરાણોપરથી પ્રતીત થતું નથી; અલબત્ત, તેનો એક પૌત્ર હય નામનો હતો અને કર્નલ ટૉડનો હેતુ પણ તેને જણાવવાનોજ છે. તાતારી અય, જુલ્ડસ અને હ્યુ નામોની સાથે પૌરાણિકવંશાવલીનાં નામો મેળવવાની ખેંચતાણમાં તેઓ પોતાનો ત્રીજા પ્રકરણમાં આપેલો વંશાવલીનો ક્રમ ભૂલી ગયા છે. (ગૌ. હી. ઓઝા)

૩ સંસ્કૃતમાં સર્પને નાગ વા તક્ષક કહે છે. સર્પ એ બુધનું ચિન્હ છે. નાગ જાતિના લોકો જેઓ ભારતમાં ઘણા પ્રસિદ્ધ છે અને જેઓ સીથિયાના તક્ષક વા તકયુક છે, તેમણે ઈ૦ સ૦ પૂર્વે છઠ્ઠી શતાબ્દીમાં (?) ભારતવર્ષપર આક્રમણ કર્યું હતું. (?)

૪ પુરાણોપરથી ગણના કરીને કાઢેલા સમયની લગભગ

૫ કર્નલ ટૉડે આ બુધનેજ બૌદ્ધધર્મનો પ્રચારક માન્યો છે; પરંતુ તે તેમની ભૂલ છે. બૌદ્ધધર્મનો પ્રચાર શાક્યવંશી શુદ્ધોદનરાજાના પુત્ર શાક્યમુનિ (સિદ્ધાર્થ) એ કર્યો હતો, નહિ કે આ બુધે; અને બૌદ્ધધર્મ કર્નલ ટૉડની માન્યતા પ્રમાણે મધ્ય એશિયામાંથી હિંદુસ્થાનમાં આવ્યો નહોતો, પરંતુ હિંદુસ્થાનથી મધ્યએશિયા તથા ઈતર દેશોમાં પ્રસર્યો હતો. (ગૌ. હી. ઓઝા)

૬ 'તાત' સંસ્કૃતમાં 'પિતા'ને કહે છે. મિસરમાં બુધને ટ્યુટ્સ તથા ટૉથ કહે છે.

૭ હિંદુલોકોમાં સૂર્યોપાસનાનો પ્રચાર થયો તે પૂર્વે બૌદ્ધમત પ્રચલિત હતો એવી જે કર્નલ ટૉડની માન્યતા છે તે પણ તેમનો ભ્રમ છે. સૂર્યની ઉપાસના આરંભિકકાળથીજ ચાલી આવે છે અને બૌદ્ધધર્મનો પ્રચાર તો દીર્ઘકાળ પછી થયો હતો અને જૈનધર્મ એ બૌદ્ધધર્મનું રૂપાંતર નહિ, પણ તેથી ભિન્ન અને અધિક પ્રાચીન ધર્મ છે. (ગૌ. હી. ઓઝા)

૮ ડાયાડોરસ સિકયુલસ ગ્રંથ બીજો જુઓ.

જોઇએ; જેપરથી પ્રતીત થશે કે પુરાણો અને અબુલગાઝીદ્વારા પ્રાપ્ત થયેલી આખ્યાયિકાજ તેને વિદિત હતી.

"સિથિયન લોકો સૌથી પ્રથમ અરેક્ષીસ[1] નદીની આસપાસના પ્રદેશમાં રહેતા હતા. તેમની ઉત્પત્તિ પૃથ્વી (ઇલા)[2] દ્વારા ઉત્પન્ન થયેલી કન્યામાંથી થઇ હતી. આ કન્યાનો આકાર કમરથી ઉપર મનુષ્યનો અને તેની નીચે સર્પનો હતો (કે જે બુધનું ચિન્હ છે). જ્યુપીટર (બૃહસ્પતિ)થી તેને એક પુત્ર ઉત્પન્ન થયો, જેનું નામ સિથિસ હતું. તે જાતિએ તેના નામપરથીજ પોતાનું નામ રાખ્યું. સિથિસને પાલાસ અને નાપાસ નામના બે પુત્રો હતા. (શું આ તાતારોની વંશાવલીનો નાગવંશ છે ?) આ પુત્રો પોતાનાં મહાન કાર્યોથી પ્રસિદ્ધ થયા હતા અને તેમણે દેશ વહેંચી લીધો હતો. તેમનાં નામપરથી જાતિઓનાં નામ પાલિયન[4] (પાલી ?) અને નેપિયન પડયાં. તેઓ પોતાની સેના મિસરમાં નીલ નદીપર્યંત લઇ ગયા હતા અને તેમણે પુષ્કળ જાતિઓને પોતાને આધીન કરી હતી. તેમણે સિથિયન-સામ્રાજ્યને પૂર્વમહાસાગર, કાસ્પીઅનસમુદ્ર અને મોટિસસરોવરપર્યંત વધારી દીધું હતું. આ જાતિના અનેક રાજાઓ થયા. આ જાતિની સૅકેન્સ (સૅકી), મેસેજેટી (જટ વા જિત), એરીએસ્પિયન (એરિયા[5] ના અશ્વલોકો વગેરે અનેક શાખાઓ છે. તેમણે આસિરીઆ અને મીડિયા[6] જીતી લઇને તે દેશમાં મહા વિપ્લવ ફેલાવી દીધો અને ત્યાંના નિવાસીઓને અરેક્ષીસ નદીની આસપાસના પ્રદેશમાં લઇ જઇને વસાવ્યા અને તેનું નામ સૅારોમેશિયન પાડયું.[7]

સકી, જટ, અશ્વ તથા તક્ષક એવાં જે નામો છે અને જે રાજસ્થાનના ૩૬ રાજવંશોમાં આવી ગયાં છે તથા જે યૂરોપની આરંભિક સભ્યતાના સમયની અન્ય જાતિઓમાં પણ પ્રાપ્ત થાય છે તેમનાં મૂળનિવાસસ્થાનને માટે આપણે બીજાં પણ પ્રાચીન પ્રમાણોની શોધ કરવી જોઇએ.

---

૧ પુરાણોની અરવર્મા, ઝક્ષરતીસ વા સેહૂન. પુરાણોમાં શાકદ્વીપ વા સિથિયાનું આ પ્રકારનું વર્ણન છે. ડાયાડોરસ હિમોડસને* શાકદ્વીપ અને ખાસ હિંદુસ્થાનની વચ્ચેની સીમા જણાવે છે.

૨ ચંદ્રવંશની માતા ઈલા (પૃથ્વી) છે, કે જેને મનુષ્યરૂપ માનવામાં આવી છે. એને સેક્ષનલોકો અર્થાત્ જુનાની ઈરા અને ઈંગ્રાની લોકો અર્દ કહે છે.

૩ સિથિસ=સીથ (સકતાઈ) અર્થાત્ શાકદ્વીપ અને ઇશ અર્થાત સ્વામી; સકતાઇ વા સિથિયાના સ્વામી.

૪ પ્રશ્ન-શું સિથિયાના પાલી લોકો મિસરના ગોવાળ ન હોઇ શકે ? પાલી+ અક્ષરો અદ્યાપિ વર્તમાન છે અને તે બૌદ્ધના શિલાલેખોના પ્રાચીન ટુકડાઓપરના અક્ષરોના જેવાજ દેખાય છે. આ પ્રકારના ટુકડાઓ મારી પાસે છે. ઘણા અક્ષરો કૉપ્ટિકલિપિની સાથે મળતા આવે છે.

૫ એરિયા એ હિરાતની આસપાસનો પ્રદેશ છે. (ગૌ. હી. ઓઝા)

૬ ચંદ્રવંશી ‡અશ્વજાતિની ત્રણ મોટી શાખાઓ 'મીડ'× ની પદવી ધારણ કરે છે; જેમકે પુરમીડ, અજમીડ અને દેવમીડ. અસીરિયા અને મીડિયાપર આક્રમણ કરનાર અશ્વજાતિના લોકો કે જેઓ વાજશ્વના પૂત્રો હતા તેઓ પોતાના પૈતૃકસ્થાન પાંચાલિકદેશમાંથી નીકળીને સિંધુનદીની પશ્ચિમતરફના દેશોમાં આવ્યા. તેમની સંખ્યા ત્યાં વૃદ્ધિંગત થયેલી સ્પષ્ટ રીતે જણાવવામાં આવી છે.

૭ સૂર્યપૂજક સૂર્યવંશી

---

* હિમોડસ એ હિંદુકુશ પર્વતનું નામ છે. (ગૌ. હી. ઓઝા)

+ પાલીભાષાના નામપરથી પહેલાંના યુરોપિયનલેખકોએ ભારતવર્ષની પ્રાચીન લિપિને પાલીલિપિ જણાવી છે; પરંતુ તેનું વાસ્તવિક નામ બ્રાહ્મીલિપિ હતું. આ લિપમાંથી વર્તમાન નાગરી તથા ભારતવર્ષની સમસ્ત આર્યલિપિઓની ઉત્પત્તિ થઈ છે. કર્નલ ટૅાડને આ દેશમાં ભિન્ન ભિન્ન લિપિઓના જેટલા પ્રાચીન લેખો પ્રાપ્ત થયા, તે સર્વની લિપિ તેમણે ભ્રમથી પાલી માની લીધી છે. તેમને જેટલા લેખો આ દેશમાં મળ્યા હતા તેમાંથી કોઈની પણ લિપિ કૉપ્ટિકલિપિની સાથે મળતી નથી. કેવળ યુરોપ અને હિંદુસ્થાનની પ્રાચીન જાતિઓની વચ્ચે સમાનતા દર્શાવવાની ધુનમાં તેમણે લિપિઓની વચ્ચે પણ સાદૃશ્ય માન્યું છે. (ગૌ. હી. ઓઝા)

‡ ચંદ્રવંશની અશ્વ નામની કોઇપણ જાતિ થઇ નથી; પરંતુ કર્નલ ટૅાડે ચંદ્રવંશી અજમીઢના વંશજ વાજશ્વ (બાહ્યશ્વ) ના નામના અંતમાં 'અશ્વ'પદ જોઇને તે વંશમાં અશ્વજાતિની કલ્પના કરી લીધી અને તે જાતિ તથા મધ્યએશિયાની અસિજાતિનું એક હોવાનું અનુમાન કર્યું; પરંતુ તેમનું આ અનુમાન સ્વીકારવાયોગ્ય નથી. (ગૌ. હી. ઓઝા)

× મીડ-આ પણ કર્નલ ટૅાડની કલ્પનામાત્ર છે. પૂરમીઢ, અજમીઢ આદિ શબ્દોના અંતમાં 'મીઢ' પદ જોઈ તે જાતિને તેમણે મીડિયા પ્રદેશની 'મીડ' જાતિની સાથે સમાનતા ધરાવતી માની લીધી; પરંતુ તેનો સ્વીકાર કરવાને માટે કાંઈ પ્રમાણ નથી. (ગૌ. હી. ઓઝા)

સ્ટ્રેબો જણાવે છે કેઃ–"કાસ્પીઅનસમુદ્રની પૂર્વ તરફના પ્રદેશમાં વસતી સર્વ જાતિઓ સિથિક કહેવાય છે." તેમાંની ડાહી[૧] જાતિ તે[૨] સમુદ્રની નિકટ વસે છે. મેસેજેટી (મોટા જેટી) તથા સૅકી લોકો તેથી અધિક પૂર્વમાં વસે છે; પરંતુ પ્રત્યેક જાતિનું એક ખાસ નામ છે. આ સર્વ જાતિઓ એક નિયત સ્થાનપર વસતી નથી. આ ભ્રમણ કરતી જાતિઓપૈકી સૌથી અધિક પ્રસિદ્ધ અસી[૩], પાસીઆની, ટાચરી તથા સૅકરૅનલી છે, જેમણે યૂનાનીઓ પાસેથી બૅક્ટ્રિયાદેશ જીતી લીધો હતો. આ શકો[૪] (જાતિઓ)એ એશિયામાં કિમેરિયનલોકોના જેવાં આક્રમણો કર્યાં હતાં. આ પ્રકારે તેમણે બૅક્ટ્રિયા દેશ પોતાને આધીન કરી લીધેલો જણાયો છે; તેમજ આર્મિનિયાના સર્વોત્તમ પ્રદેશને પણ તેમણે હસ્તગત કરી લીધો હતો. આ પ્રદેશ તેમના નામપરથી [૫]સૅકેસેની કહેવાય છે.

રાજસ્થાનમાં એવી કયી કયી જાતિઓ છે કે જે ઇંદુવંશના અશ્વ અને મીડિલોકોનાં સંતાનો છે અને પાછળથી જેમનાં નામો બદલાઇ ગયાં છે ? આ વિષયની તપાસ કરવાને હવે અમે થોભીશું નહિ; પરંતુ હવે અમે અમારી કલ્પના કેવળ ચઢાઇઓના વિષયમાંજ લગાડીશું અને આ વાતનાં કેટલાંક પ્રમાણો આપીશું કે એકજ જાતિના લોકો ભારતવર્ષ અને યૂરોપમાં એકજ સમયે ગયા હતા. આ પરથી રાજપૂતો અને યૂરોપની આદિકાળની જાતિઓની ઉત્પત્તિ એકજ મૂળમાંથી થઇ હતી એ સિદ્ધાંત નીકળી શકે છે. આ સિદ્ધાંતની પુષ્ટિમાં તેમનાં દેવદેવીઓની આખ્યાયિકા, સમરવિષયક રીતભાતો તથા કવિતા, ભાષા, સંગીત અને શિલ્પની સુંદરતાની પરસ્પર સમાનતા પણ આપી શકાય એમ છે.[૬]

---

૧ દાહિયા જાતિ (૩૬ વંશમાંનો એક વંશ ) હાલમાં લુપ્ત થઇ ગઇ છે.

૨ ડાહી–દાહિયા શબ્દ ડાહીની સાથે મળતો આવતો હોવાથી કર્નલ ટૉડે શકોની ડાહીજાતિ અને દાહિયા રાજપૂતોનું એક હોવું કલ્પી લીધું છે, જેને માટે કોઇ પણ પ્રમાણ વિદ્યમાન નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ શકદ્વીપની અસી અને ટાચરીજાતિઓ પુરાણોમાં જણાવેલી અશ્વ તથા તક્ષક વા તુક્ષક વા તુરુષ્ક જાતિઓમાંની છે.

૪ હું એકવાર પુનઃ કહીશ કે સકી શબ્દને સંસ્કૃતમાં 'શાખા' લખે છે, જેનો શબ્દાર્થ શાખા વા જાતિઓ છે.

૫ "સૅકેસેની લોકો સેક્સન લોકોના પૂર્વજો હતા." ( મહાશય ટર્નરકૃત ઍંગ્લોસૅક્ષનજાતિનો ઇતિહાસ ) ( "સંભવતઃ–સૅકેસેની, આલ્બાનિયા અને શિર્વાનિની સીમાપર આર્મિનિયાનો એક પ્રદેશ હતો." સ્ટ્રેબન ) (ગૌ૦ હી૦ ઓઝા)

૬ હિરોડોટસ જણાવે છે કેઃ–"મેરિયનલોકોને જ્યારે મૅસેજેટીલોકોએ હાંકી કાઢ્યા ત્યારે તેઓ ક્રીમિયામાં* જઇ રહ્યા." અહીંઆં વિસેજેટી વા પશ્ચિમના જેટલોકો વસતા હતા અને તે સમયથી જેટી તથા કિમ્બ્રી એ ઉભય જાતિના લોકો બાલ્ટિકસમુદ્રના તટપર જઇ વસ્યા.

ડેસ્ટી કિપ્ચક× કે જ્યાંથી આ જાતિઓની ઉત્પત્તિ થઈ છે ત્યાંની કોમાનીજાતિનાં સ્મારકચિન્હોવિષે વર્ણન કરતાં પાદરી રૂબરૂકવીસ લખે છે કેઃ–"તેમનાં સ્મારકચિન્હો અને પાષાણનાં ચક્કરો અમારા કેલ્ટ+ વા ડ્રુઇડ‡ લોકોનાં અવશિષ્ટ સ્મારકચિન્હોને મળતાં છે."

કોમાની÷ લોકો સૌરાષ્ટ્રની કાઠીજાતિની એક શાખા છે, જેમના પાળીઆ અર્થાત્ અંત્યેષ્ટિક્રિયાસંબંધી સ્મારકસ્તંભોનાં ઝુંડનાં ઝુંડ પ્રત્યેક નગર અને ગામમાં દષ્ટિગોચર થાય છે. કાઠીજાતિ આરંભિક જર્મનજાતિઓ પૈકી એક હતી.

---

* ક્રીમિયા=યૂરોપની અંતર્ગત કાળાસમુદ્રની ઉત્તરે આવેલો એક દ્વીપકલ્પ. (ગૌ. હી. ઓઝા)

× ડેસ્ટી કિપ્ચક=મધ્યએશિયામાં રહેતી કિપ્ચક નામની મંગોલિયન જાતિનું નિવાસસ્થાન. (ગૌ૦ હી૦ ઓઝા)

+ કેલ્ટ=પશ્ચિમયૂરોપની એક પ્રાચીન જાતિ, જે પાછળથી જર્મની, ઇટાલી, સ્પેન, પોર્ટુગાલ, બ્રિટન વગેરે યૂરોપના ભિન્નભિન્ન દેશોમાં ફેલાઇ ગઇ હતી. (ગૌ. હી. ઓઝા)

‡ ડ્રુઇડ=કેલ્ટ જાતિના લોકોના ધર્મગુરુ, કે જેઓ અનેક દેવીદેવતા તથા અગ્નિના પૂજક હતા. (ગૌ. હી. ઓઝા)

÷ કોમાની=કાઠીઓની ત્રણ મુખ્ય શાખાઓપૈકી એક 'ખુમાણ' નામની શાખા છે, તેનેજ કર્નલ ટૉડે કોમાની લખી છે. (ગૌ. હી. ઓઝા)

ઇંદુ-સિથિક અર્થાત્ જેટી, તક્ષક અને અસી જાતિઓનું તથા શેષનાગદેશ (ટાર્ટરીસ્તાન) વા શેષનાગથી શેષનાગજાતિનું આગમન કે જેનો સમય ઇ૦ સ૦ પૂ૦ ૬૦૦ વર્ષનો નિશ્ચિત થાય છે, તેવિષે પુરાણોએ સૌથી પહેલાં વર્ણન કર્યું છે. પ્રાયઃ આજ સમયમાં આ જાતિઓએ એક પ્રચંડ આક્રમણ કરીને એશિયામાઇનર જીતી લીધો હતો અને અંતે સ્કૅન્ડિનેવિયા હસ્તગત કર્યો હતો. અસી તથા ટાર્ટરી-જાતિઓએ બૅક્ટ્રિયન અને યૂનાનીરાજ્યોને ઉંધાં વાળ્યાં હતાં. ત્યારપછી અલ્પ અવધિમાં રોમનલોકોપર અસી,[1] કાહી અને કિંબ્રીજાતિઓએ બાલ્ટિકસમુદ્રના તટપરથી આક્રમણ કર્યું હતું.

જો આપણે જર્મનલોકો મૂળ સિથિયન વા ગૅાથ (જેટી વા જિત) હતા એમ સિદ્ધ કરી શકીએ તો શાસનપ્રણાલી અને રીતભાત વગેરેની ઉત્પત્તિસંબંધે અન્વેષણ કરવાયોગ્ય વિષયોનું એક વિસ્તૃત ક્ષેત્ર ખુલ્લું થશે. યૂરોપની સમસ્ત પ્રાચીન વાતોનું સ્વરૂપજ નવું થઇ જશે; અને જેમ મૅાન્ટેસ્કુ તથા મોટા મોટા લેખકોએ અત્યારસુધી કર્યું છે, તેમ તેનો જર્મનલોકોની રીતભાતમાંથી પત્તો મેળવવાને બદલે હિરોડૅાટસે આપેલાં સિથિયન વગેરે લોકોની રીતભાતનાં વિસ્તૃત વર્ણનમાંથી તેનો પત્તો મેળવી શકાશે. ઇ૦ સ૦ પૂ૦ ૫૦૦ વર્ષોપર સિથિયનલોકોએ સ્કૅન્ડિનેવિયાને પોતાના આધકારમાં લઇ લીધો હતો. આ સિથિયનલોકો મર્ક્યૂરી (બુધ) વોડન વા ઓડિનની પૂજા કરતા હતા અને પોતાને તેના વંશજતરિકે ઓળખાવતા હતા. ગૅાથલોકોની દેવકથાઓની તુલના કરતાં તે યૂનાનીઓની હોય એમ જણાય છે. યૂનાનીઓના દેવતા કેલસ અને ટેરા ( બુધ અને ઇલા )નાં સંતાનો હતાં. તેમની દેવીઓ, તેમના દેવતા, તેમની પરીઓ તેમજ યૂનાન અને રોમની સમસ્ત મિથ્યા વિશ્વાસની વાતોને સ્કૅન્ડિનેવિયન લોકો માનતા હતા. ગૅાથલોકો બલિના હૃદયથી શુકન લેતા હતા તેઓ ભવિષ્યવેત્તાઓના કથનપર વિશ્વાસ રાખતા હતા અને ફ્રેયા[2] ને વીનસ[3] નાં સ્થાનપર તથા વલ્કાઇરી[4]ને પારસી[5]નાં સ્થાનપર માનતા હતા.[6]

આ દેવકથાઓની સમાનતાની શોધ કર્યાં પૂર્વે, અમે પ્રાચીન યૂરોપની જાતિઓ તથા સિથિયન-રાજપૂતોની ઉત્પત્તિ એકજ મૂળમાંથી થયેલી છે એ વાત સિદ્ધ કરવાને માટે બીજા કેટલાક અભિપ્રાયો અત્રે સાદર કરીશું.

અબુલગાઝીના પુસ્તકનો અનુવાદક પોતાની ભૂમિકામાં જણાવે છે કે, જો આપણે તાતારલોકોની સાથે કેટલો નિકટનો સંબંધ ધરાવીએ છીએ, તે વાતનો વિચાર કરીએ તથા આપણા પૂર્વજો પ્રથમ એશિયાના ઉત્તરભાગમાંથી આવ્યા હતા અને તેમના જેવીજ આપણી રીતભાત, ચાલચલણ, વ્યવહાર તથા કાયદાકાનુન હતા, એ સત્યનો પરિચય કરીએ તો હાલમાં આપણે તેમનાપ્રત્યે જે ઘૃણાની દૃષ્ટિથી જોઇએ છીએ તે નિવૃત્ત થઇ જશે. સારાંશ, આપણે તાતારલોકોની એક નવી વસ્તીમાત્રજ છીએ.

આ લોકો તાતારમાંથી આવ્યા હતા અને તેમણે ક્રમશઃ ક્રિમ્બ્રિયન[7], કેલ્ટ અને ગોલના નામથી યૂરોપનો સમસ્ત ઉત્તરભાગ જીતી લીધો હતો. ગૅાથ, હૂન, એલન, સ્વીડ, વાંડલ તથા

---

૧ અસી શબ્દ જેટી, યૂટ વા જટ લોકોએ જે સમયે સ્કૅન્ડિનેવિયાપર આક્રમણ કર્યું અને યુટલૅંડ વા જટલૅંડ વસાવ્યું તે સમયે તેમને માટે વપરાતો હતો. ( ઇદ્દા માલેટની ભૂમિકા જૂઓ )

૨ ફ્રેંયા=પ્રીતિ અને સુંદરતાની દેવી, જેને સ્કૅન્ડિનેવિયનો પોતાના દેવતા ઓડન વા વોડનની સ્ત્રી માને છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ વીનસ=રોમનલોકોની પૌરાણિકકથાઓઅનુસાર પ્રીતિની દેવી (ગૌ૦ હી૦ ઓઝા)

૪ વલ્કાઇરી ( અપ્સરા )=યુદ્ધમાં પડેલા પુરુષોની પ્રતીક્ષા કરનારી રૂપવતી દેવાંશી સ્ત્રીઓ (ગૌ૦ હી૦ ઓઝા)

૫ પારસી=ભાગ્યની ૩ દેવીઓ (ગૌ૦ હી૦ ઓઝા)

૬ ગૅાથલોકોવિષે પિંકર્ટને લખેલો લેખ જુઓ. વોલ્યુમ ૨ જું, પૃષ્ઠ ૯૪

૭ અબુલગાઝી જણાવે છે કે, કૅમેરી જેફેટના× આઠ પુત્રોપૈકી એક હતો અને તેનામાંથીજ કૅમેરી, ક્રિમેરિયાઇ વા ક્રિમ્બ્રી ની ઉત્પત્તિ થઈ છે. કૅમેરી સૌરાષ્ટ્રની જાતિઓપૈકી એક જાતિ છે.

× જેફેટ=નૂહના પુત્રોપૈકી એક (ગૌ૦ હી૦ ઓઝા)

ફ્રૅંકલોકો એકજ મધપૂડાની માખીઓ સિવાય અન્ય શું હતા ? સ્વીડનનો ઇતિહાસ વાંચવાથી પ્રતીત થાય છે કે, સ્વિડ[1] લોકો કાશગરથી[2] આવ્યા હતા અને સૅક્ષન તથા ફ્રિપ્ચક ભાષાની વચ્ચે ઘણો નિકટનો સંબંધ છે. કેલ્ટિકભાષા કે જે અદ્યાપિ બ્રિટની અને વેલ્સમાં બોલાય છે તે, ત્યાંના નિવાસીઓ તાતારલોકોનાં સંતાનો છે એ વાતને સિદ્ધ કરે છે.

૩૦° અને ૫૦° ઉત્તર અક્ષાંશ અને ૭૫૦ થી ૯૫ ° અંશ પૂર્વ દેશાંતરની વચ્ચેની મધ્યએશિયાની ઉચ્ચ ભૂમિ કે જે ઉષ્ણતાપ્રધાન વિષુવવૃત્ત રેષા તથા શીતલતાપ્રધાન ઉત્તર ધ્રુવવૃત્તથી સમાન અંતરપર સ્થિત છે, ત્યાંથી આ જાતિઓ નીકળીને યૂરોપમાં તથા સિંધુનદીપાર ગઇ; માટે આપણે સિંધુ નદીપાર જઇ, પૅરોપેમિસન ઉલ્લંઘી, ઝક્ષરતીસ વા જેહૂન ઉતરી સકિટાઇ[3] વા શાકદ્વીપમાં

---

૧ સુઇયોનીઝ સુએવી વા સુ, અર્થાત્ સુ યૂચી વા યુટી જાતિઓ ડી ગિગનિસના લેખઅનુસાર જેટી છે. માર્કો પોલો×કાશગર કે જ્યાં તે છઠ્ઠી શતાબ્દીમાં હતો તે તેને સ્વીડલોકોની જન્મભૂમિ જણાવે છે અને ડી લા ક્રૅાઇક્સ પણ કહે છે કે, ઇ૰ સ૰ ૧૬૯૧માં સ્પર્વિનફેલ્ટ કે જે પૅરિસમાં સ્વીડનનો રાજદૂત હતો, તેણે મને જણાવ્યું કે:–" મેં સ્વીડનના ઐતિહાસિકગ્રંથોમાં વાંચ્યું છે કે, કાશગર અમારો દેશ હતો." જ્યારે હૂનલોકોને ચીનના ઉત્તરભાગમાંથી હાંકી કાઢવામાં આવ્યા, ત્યારે તેમનામાંનો અધિકતર ભાગ યૂરોપની દક્ષિણે આવેલા દેશોમાં ચાલ્યો ગયો. શેષ લોકો ઑકસસ અને ઝક્ષરતીસને કિનારે ચાલ્યા ગયા; ત્યાંથી તેઓ કાસ્પિયન સમુદ્રના તટપરના દેશોમાં અને ઈરાનના સીમાંત પ્રદેશોમાં ફેલાઇ ગયા. માવેરૂન્નહર ( ઑકસસ નદીની પેલી તરફનો દેશ) માં તેઓ સુ, યૂચી વા જેટી લોકોની સાથે મળી ગયા, કે જેઓ વિશેષ પરાક્રમી હતા અને યૂરોપમાં પણ ફેલાઇ ગયા હતા. કોઈ એમ સમજશે કે, તેઓ તે જેટીઓના પૂર્વજો હતા કે જેઓ યુરોપમાં પ્રસિદ્ધ હતા. આજ પ્રમાણે સુ લોકોનાં કેટલાંક ટોળાં યૂરોપના ઉત્તર ભાગમાં પણ ગયાં હશે, કે જેઓ સુએવી કહેવાયાં.

૨ કાશગર=ચીનની પૂર્વે તુર્કસ્તાનનું એક પ્રસિદ્ધ નગર, કે જે પ્રાચીનકાળમાં એક સ્વતંત્ર રાજ્યની રાજધાની હતું. (ગૌ. હી. ઓઝા)

૩ મહાશય પિંકર્ટને પોતે શોધ કરીને સકિટાઇનો પત્તો મેળવ્યો છે. જો કે પુરાણોના શાકદ્વીપને માટે તેમણે ( ડિ ઍન્વિલનું ) કોઈ પ્રમાણ આપ્યું નથી. ડિ ઍન્વિલ એન્ક જ્યોજ માં એવો ઉલ્લેખ છે કે:–"સકિટાઈ એ ઑકસસ અને ઝક્ષરતીસ નદીઓનાં મૂળપરનો પ્રદેશ છે કે જે સૅકીલોકોનાં નામપરથી સકિટા કહેવાય છે."

જેસલમીરના યદુલોકો કે જેઓ જાબુલિસ્તાનનું + શાસન કરતા હતા અને જેમણે ગઝનીની સ્થાપના કરી હતી તેઓ ચગતાઈ‡લોકોને પોતાનીઈકુળ તિનાજ માને છે. તેઓ એવો દાવો કરે છે કે જે ગહન વિચાર કર્યા વિના માનવાયોગ્ય પ્રતીત થાત નહિ; પરંતુ હું હાલમાં એને વિશ્વાસપાત્ર માનુંછું.

---

× માર્કોપોલો=વેનિસ નગરનો નિવાસી એક પ્રસિદ્ધ પ્રવાસી, જેનો જન્મ ઇ૰ સ૰ ૧૨૫૪ માં અને દેહાંત ઇ૰ સ૰ ૧૩૨૪ માં થયો હતો. તેણે મધ્ય એશિયા, ચીન અને હિંદુસ્થાનની યાત્રા કરી હતી, જેમાં ૨૪ વર્ષો ( ઇ૰ સ૰ ૧૨૭૨ થી ૧૨૯૫ પર્યંત) વ્યતીત થયાં હતાં. યાત્રા કરીને પાછો ફર્યા પછી તે જીનો વા રાજ્યની સાથે થયેલા યુદ્ધમાં સામિલ થયો હતો અને તે તેમાં કેદી બન્યો હતો. તેણે કારાગૃહમાં પોતાની યાત્રાનું સવિસ્તર વૃત્તાંત એક બીજા કેદીને લખાવ્યું કે, જે ઉક્ત વિષયનું એક અપૂર્વ પુસ્તક ગણાય છે. તે કર્નલ ટૅાડના જણાવ્યા પ્રમાણે કાશગરમાં ઇસ્વી સનની છઠ્ઠી શતાબ્દીમાં નહિ, પણ તેરમી શતાબ્દીમાં હતો. (ગૌ. હી. ઓઝા)

+ જાબુલિસ્તાન એ કાબૂલની દક્ષિણે આવેલો એક વિસ્તૃત પ્રદેશ છે. પૂર્વે તેની રાજધાની ગઝની હતી અને તેની અંતર્ગત સીસ્તાં ( શકસ્થાન) પ્રદેશ પણ હતો. (ગૌ. હી. ઓઝા)

‡ ચગતાઇ=મોગલ લોકોની એક શાખા. જેસલમીરના લોકો ચગતાઇ મોગલોને હિંદુ માનતા નથી; પરંતુ તેમના ભાટોની ખ્યાતો કે જે વિશ્વાસયોગ્ય નથી તેમાં ભાલંદના જ્યેષ્ઠપુત્ર ભટ્ટીના પુત્રનું નામ ચકિત લખ્યું છે, તે પરથી કર્નલ ટોડે ચગતાઈ મોગલોને હિંદુ કલ્પ્યા છે. તે સિવાય ઉક્ત અનુમાનને માટે કોઇપણ પ્રમાણ નથી. નામોમાં કાંઇક કાંઇક સમાનતા જોઇ કર્નલ ટોડે અનેકવિચિત્ર કલ્પનાઓ કરી છે અને તેમાંની આ પણ એક છે. (ગૌ. હી. ઓઝા)

પહોંચવું જોઇએ અને ત્યાંથી તેમજ ડેસ્ટી-કિપ્ચકથી તક્ષક, જેટી, કુમેરી, કટ્ટી તથા હુનલોકોને હિંદુસ્થાનના મેદાનમાં લાવવા જોઇએ.

આપણે આ અજ્ઞાત પ્રદેશોમાંથી પુષ્કળ વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. આ પ્રદેશોમાં પ્રાચીન-કાળથી સભ્યતાએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તથા ઝંઘીસખાંના આક્રમણના સમયપર્યંત પણ તેમાં મોટાં મોટાં નગરો વિદ્યમાન હતાં. એશિયાની ઉચ્ચ ભૂમિની જાતિઓ કેવળ ભટકતી જાતિઓ હતી, એમ ધારવું ભૂલભરેલું છે; અને ડી ગિગનીસ આપણને પ્રાચીન પ્રમાણોના આધારથી સૂચિત કરે છે કે, જ્યારે સુ લોકોએ યૂચી વા જિત લોકોપર આક્રમણ કર્યું, ત્યારે તેમને સૌથી અધિક એવાં નગરો પ્રાપ્ત થયાં હતાં કે જેમાં ભારતના વાણિજ્યપદાર્થો વિદ્યમાન હતા અને ત્યાંના રાજાઓની મૂર્તિથી અંકિત સિક્કાઓ પ્રચલિત હતા.

ઇ૦ સ૦ પૂર્વે દીર્ઘકાળપર મધ્યએશિયાની આવી સ્થિતિ હતી; જો કે પાયમાલી કરનારી જે લડાઇઓ તે દેશમાં થયા કરતી હતી અને જેનો જોટો યૂરોપમાં મળી શકે એમ નથી, તેદ્વારા હાલમાં તે ઉજ્જડ અને નિર્જન બની ગયો છે. આધુનિક સમયમાં જેટિકકોમની સાથેની તીમુરની લડાઇઓ તેના લોભી પૂર્વજોના સંહારકારક વર્તનના ઉદાહરણસ્વરૂપ છે.

ઇ૦ સ૦ પૂર્વે છસેં વર્ષપર સાઇરસ[1] ના સમયમાં આ મહાન જેટિકજાતિનો રાજકીય પ્રભાવ કેવો હતો તેની જો આપણે તપાસ કરીએ તો આપણને વિદિત થશે કે, વીસ શતાબ્દીઓ વ્યતીત થઇ ચૂકી હતી, તે છતાં પણ તીમુરનો ઉદય થતાં આ જાતિનું બળ કિંચિત્ પણ ન્યૂન થયું નહોતું. તે સમયે (ઇ૦ સ૦ ૧૩૩૦ માં) અર્થાત્ જેટિકજાતિના અંતિમ રાજા તુગલક તીમૂરખાંના શાસનકાળમાં ચગતાઇ[2] સલ્તનતની પશ્ચિમસીમા ડેસ્ટિ-કિપ્ચક અને દક્ષિણસીમા ઝક્ષરતીસ વા જેહૂન નદી હતી. આ નદીના તટપર ટૉમિરિસના[3] જેવા જેટિજાતિના ખાનની રાજધાની હતી. કોજેન્ટ, તારકંદ, ઉટ્રાર[4] સાઇરોપોલિસ અને સર્વથી ઉત્તરે આવેલું અલેકઝાંડ્રિયા એ નગરો ચગતાઇસલ્તનતની સીમાની અંતર્ગત હતાં.

જેટિ, જોટ વા જિત તથા તક્ષકજાતિઓ કે જે હિંદુસ્થાનના ૩૬ રાજવંશોમાં સામિલ છે તે સર્વ સકટાઇપ્રદેશમાંથી આવી છે. આ જાતિઓએ સર્વથી પૂર્વે સ્થાનાંતર કર્યું હતું, એમ આપણને પુરાણો-પરથી પ્રતીત થાય છે; પરંતુ તેમાંનાં આધુનિક સમયનાં આક્રમણોવિષે આપણને મહમૂદગઝનવી અને તૈમૂરનો ઇતિહાસ સારી રીતે વાકેફ કરે છે.

જોઉદના[5] પહાડોથી લઇને મકરાનના[6] તટપર્યંત અને ગંગાના કિનારાપર જિતજાતિના લોકો ઘણા ફેલાયા

---

૧ સાઇરસ=ઇરાનના મહારાજ્યનો સંસ્થાપક. તેણે ઇરાનનું રાજ્ય પ્રાપ્ત કર્યા પછી પોતાના બાહુ-બળથી મીડિયા, અસિરિયા, બાબિલોન, સીરિયા, અરબસ્તાન, એશિયામાઇનર આદિ દેશોને પોતાને આધીન કર્યા હતા અને ઇ૦ સ૦ પૂ૦ ૫૨૯ માં મૅસેજીટી લોકોની સાથેની લડાઇમાં તે માર્યો ગયો હતો.

૨ ચગતાઇ વા સકટાઇ એ પુરાણોમાંનો શાકદ્વીપ છે. (અને એને યુનાનીઓએ બગાડીને સીથિયા કરી દીધો છે) "એના નિવાસીઓ સૂર્યનું પૂજન કરે છે અને એમાંથી અરવર્મા નદી નીકળી છે."

૩ ટોમિરસ=જેટી લોકોનો રાજા કે જે ઇરાનના પાદશાહ સાઇરસનો સમકાલીન હતો. (ગૌ. હી. ઓઝા)

૪ ઉટ્રાર× એ સંભવતઃ પ્રાચીન ભૂગોળમાંનું ઓટોરાકુરી છે. ઉત્તરકુરુ અર્થાત્ ઉત્તરતરફનો કુરુવંશ એ ઇંદુવંશની એક શાખા છે.

૫ જુદુંકા ડાંગ એ રેનેલના નકશામાં આપેલો જોઉદ અર્થાત્ યદુનો પહાડ કે જે પંજાબ-માં ઉપલા ભાગપર છે અને જ્યાં યદુજાતિની એક ટોળી સૌરાષ્ટ્રમાંથી દૂર થયા પછી વસી હતી.

૬ બલુચિસ્તાનની નૂમરી વા લૂમડી (લોમડી)જાતિના લોકો જીટ છે. આજ લોકો રેનેલના લખેલા નોમડી છે.

---

× ઉટ્રાર=કર્નલ ટૉડ ઉટ્રાર નામને ઉત્તરકુરુની સાથે મેળવવા માગે છે; પરંતુ તે નામોમાં કિંચિત્ પણ સમાનતા નથી, એ માત્ર એમની હઠ છે. પુરાણાદિમાં જે ઉત્તરકુરુદેશનું વર્ણન પ્રાપ્ત થાય છે, તેમાં તે દેશને નીલ પર્વતથી દક્ષિણમાં અને મેરુથી ઉત્તરમાં સ્થિત જણાવ્યો છે; પરંતુ ઉક્ત પ્રદેશ સર્વ

છે અને તક્ષકજાતિનાં નામો કેવલ શિલાલેખો વા પ્રાચીન પુસ્તકોમાં પ્રાપ્ત થાય છે.

તેમનાં આદિસ્થાનોમાં અને હાલ જૂદાં જૂદાં નામોથી ઓળખાતી જાતિઓમાં તપાસ કરવાથી તેમનું મૂળ નામ પ્રકાશિત થશે કે જે નામ હાલમાં માત્ર સિંધુનદીની આસપાસના પ્રદેશોમાં સારી રીતે જ્ઞાત છે અને તક્ષક વા તકયુકનો પત્તો તાજિકલોકોમાં મળે એવો સંભવ છે. આ તાજિકલોકો અદ્યાપિ પોતાનાં પ્રાચીન નિવાસસ્થાનમાં વસે છે. આ સ્થાન પ્રાચીનગ્રંથકારોનાં લખેલાં ટ્રાન્સ ઓક્ષિયાના અને ચોરાસ્મિયા; ઇરાનીઓનું માવેરૂન્નહર અને દેશી ભૂગોળમાં આપેલાં તૂરાન, તુર્કસ્થાન વા ટાચરીસ્તાન છે. આ સ્થાન ટાચરી, તક્ષક વા તુરશ્ક નામની ભારતપર આક્રમણ કરનારી જાતિઓનાં નિવાસસ્થાન છે. આ લોકોવિષે પુરાણોમાં તથા વિદ્યમાન શિલાલેખોમાં વર્ણન પ્રાપ્ત થાય છે.

જેટિલોકોએ દીર્ઘકાળપર્યંત પોતાની સ્વાધીનતા અચળ રાખી અને જ્યારે સાઇરસે તેમને તાબે કરવાને માટે તેમનાપર આક્રમણ કર્યું ત્યારે ટોમિરસ તેની સામે થયો. જ્યારે તેમને સતત અનેક લડાઇઓમાં પરાસ્ત કરીને સતલજનદીને પાર હાંકી કાઢવામાં આવ્યા, ત્યારે પણ તેમની પ્રાચીન આદતો તો તેમનામાં રહીજ. જો કે તેમને પોતાનો પ્રાચીન ઇતિહાસ જ્ઞાત નથી, તથાપિ તેઓ (પોતાની પ્રાચીન આદત પ્રમાણે) લાહોરના જિતસરદારના હાથનીચે અસ્થાવર અશ્વારોહીઓતરિકે અને બિકાનેરમાં તથા હિંદનાં રણોમાં અને ઇતર સ્થળોમાં રખડતી જાતિતરિકે રહેતા હતા. તેમણે થોડો વખત થયાંજ 'ભરવાડનો ધંધો છોડીને કૃષિકારોનો ધંધો ગ્રહણ કર્યો છે અને ટ્રાન્સ ઓક્સિયાના ભ્રમણકારી જેટિઓ હવે હિંદુસ્થાનની ભૂમિમાં ઉત્તમ કૃષિકાર બન્યા છે.

આ ઇન્દુ—સિથિક જાતિઓ અર્થાત્ જેટિ, તક્ષક, અસી, કટ્ટી, રાજપાલી, (રાજગોવાળ) હૂન તથા કૅમેરીના આક્રમણથી ઇંદુવંશ વા ચંદ્રવંશના સંસ્થાપક બુધની પૂજા પ્રચલિત થઇ છે.

હિરોડૉટસ જણાવે છે કેઃ—"જેટિલોકો આસ્તિક[1] હતા અને તેઓ આત્માની અમરતા માનતા હતા." બૌદ્ધ લોકો પણ આત્માની અમરતા માને છે.

પરંતુ અસી, જેટિ વા સ્કૅન્ડિનેવિયાના જટ (જેપરથી કિંબ્રિક ચેર્સોનિઝનું નામ પડ્યું છે.) તથા સિથિયા અને હિંદુસ્થાનના જેટીલોકોની ધાર્મિક સમાનતાનું વર્ણન કર્યા પૂર્વે અમે અસી વા અશ્વજાતિવિષે બે શબ્દો કહીશું.

અશ્વજાતિના ઇન્દુવંશીઓ ( દેવમીઢ અને બાજસ્વનાં સંતાનો) સિંધુનદીના ઉભય તટપરના પ્રદેશોમાં ફેલાઇ ગયા અને એશિયાખંડનું નામ તેમના નામપરથીજ પડ્યું હોય એમ જણાય છે.

હિરોડૉટસ ( મેલ્પોમેની અ૦ ૧૪ ) જણાવે છે કે યૂનાની લોકોએ 'એશિયા' નામ પ્રોમેથિયસની[2] સ્ત્રીના નામપરથી પાડ્યું હતું; પરંતુ બીજા લેખકો મેનેસ[3] ના એક પૌત્રના નામપરથી તે નામ પડેલું જણાવે છે. આ પરથી પ્રથમ પુરુષ મનુના અશ્વજાતિના વંશજોનોજ બોધ થાય છે.

---

૧ સૂર્ય તેમનો મોટો દેવતા હતો તોપણ તેઓ ઝૅમોલક્ષિસને ભયનો દેવતા માનતા હતા, કે જે પ્લુટો વા હિંદુઓના યમ સમાન છે."સીથિક જાતિના ફ્રેન્સ લોકોનો મુખ્ય દેવતા યમલ્લૂ હતો."
( પીંકર્ટનકૃત ગૉથ લોકોનો ઇતિહાસ ગ્રંથ ૨ જો, પૃષ્ઠ ૨૧૫ )

૨ પ્રોમેથિયસ=યુનાનીઓની પૌરાણિક કથાઓઅનુસાર એક બુદ્ધિમાન દેવતા. એને વિષે એક એવી વાત પણ પ્રચલિત છે કે તેણે માટીનાં મનુષ્યો બનાવ્યાં હતાં અને સ્વર્ગમાંથી અગ્નિ ચોરીને તે દ્વારા તેમાં જીવારોપણ કર્યું હતું. (ગૌ. હી. ઓઝા)

૩ મેનેસ=રોમન લોકોની પૌરાણિકકથાઓમાં જણાવેલો પિતૃદેવતા વા કુલદેવતા (ગૌ. હી. ઓઝા)

---

સુખસંપન્ન હતો. ત્યાંના માણસોની ઉંમર ૧૦૦૦ થી ૧૦૦૦૦ વર્ષપર્યંતની હતી અને તેમને સદા એક પુત્ર અને એક પુત્રી એમ જોડ બાળકો જન્મતાં હતાં, એવી જે વાત લખી છે તે પરથી એવું અનુમાન કરી શકાય છે કે કદાચિત્ તે કોઇ કલ્પિત દેશ હશે. (ગૌ. હી. ઓઝા)

આસા, (આશા) શાકંભરી[1] માતા એ આશાની દેવી છે કે જે જાતિઓની રક્ષા કરનારી માતા છે. પ્રત્યેક રાજપૂત "આશાપૂર્ણા" અર્થાત્ "આશા પૂર્ણ કરનારી દેવી"ની પૂજા કરે છે. પ્રત્યેક કાર્યનો આરંભ કર્યા પૂર્વે શાકંભરીના રૂપમાં તેની સ્તુતિ કરવામાં આવે છે.

અશ્વલોકો મુખ્યત્વે કરીને ઈંદુવંશના હતા, તથાપિ સૂર્યવંશની એક શાખાનું પણ તે નામ હતું. આ નામપરથીપ્રતીત થાય છે કે તે લોકો પ્રસિદ્ધ અશ્વારોહી[2] હતા.તેઓ સર્વ અશ્વનું પૂજન કરતાહતા અને સૂર્યને[3] તેનુંજ બલિદાન આપતા હતા. આ જાતિ અને જેટિકજાતિની ઉત્પત્તિ સિથિયનલોકોમાંથીજ થઇ છે, એ વાતનું જ્વલંત પ્રમાણ શીતકાલના સંક્રાંતિના પર્વપર કરવામાં આવતો અશ્વમેધ યજ્ઞ છે; અને એ ઉપરથી પિંકર્ટનના સિથિયન લોકોની એક મોટી શાખા કાસ્પિયનસમુદ્રથી ગંગાનદીપર્યંત પ્રસરી હતી, એ શબ્દો પ્રમાણિત થાય છે.

અશ્વમેધ યજ્ઞ ઇ૦ સ૦ પૂર્વે ૧૨૦૦ વર્ષપર સૂર્યવંશી રાજાઓદ્વારા ગંગા અને સરયૂના કિનારાપર કરવામાં આવ્યો હતો. આજ પ્રકારનો અશ્વમેધ યજ્ઞ સાઇરસના સમયમાં જેટિલોકો કરતા હતા. હિરોડૉટસ જણાવે છે કેઃ-" તેઓ સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા જીવોમાં સર્વથી અધિક શીઘ્રગામી પ્રાણીનો બલિ દેવતાઓના નાયકને આપવાનું ઉચિત ધારતા હતા " અને ઘોડાનું પૂજન તથા બલિદાન વર્તમાનકાળના રાજપૂતોપર્યંત ચાલ્યું આવે છે. આ મોટા રિવાજની હકિકત લખીને આ પરસ્પર મળતી વાતોનું વર્ણન સમાપ્ત કરીશું.

જેટિજાતિના અસીલોકો ઘોડાને પોતાના મુખ્ય દેવતા સૂર્યનું પ્રતિરૂપ માનતા હતા અને તેથી તેઓ તેનું પૂજન કરતા હતા. તેઓ આ રીતિ સ્કૅન્ડિનેવિયામાં લઇ ગયા અને આ રીતે સુ, સુએવી, કટ્ટી, સુકિમ્બ્રી અને જેટિ નામની સમસ્ત પ્રાચીન જર્મનજાતિઓએ આ રીતિને જર્મનીનાં જંગલોમાં તથા એલ્બ અને વેઝર (જર્મનીની બે નદીઓ)ના તટપર પ્રચલિત કરી.

દુગ્ધવર્ણ-શ્વેત અશ્વને દેવતાઓનો સૂચક માનવામાં આવતો હતો. આવા અશ્વના હણહણાટથી તેઓ ભાવી ઘટનાઓનું અનુમાન કરતા હતા. આજ માન્યતા ગંગા અને યમુનાના તટપર વસતા બુદ્ધ

---

૧ શાકભંરીઃ‡ શાકમ્=શાખાનું બહુવચન અને અંબર=રક્ષા કરવી.

૨ અશ્વ અને હય એ સંસ્કૃતમાં ઘોડાના પર્યાય છે. ફારસીમાં એને માટે 'અસ્પ' શબ્દ છે. નબી* ઇઝાકીલે એ શબ્દનો પ્રયોગ જેટીલોકોએ ઈ૦ સ૦ પૂ૦ ૬૦૦ વર્ષપર સીથિયાપર કરેલા આક્રમણમાં કર્યો છે. ડાયોડોરસ× જણાવે છે કેઃ-"તોગરમહ ( જેટીલોકોનો પ્રસિદ્ધ પૂર્વજ ) ના પુત્રો અશ્વારૂઢ થાય છે." આ સમય તેજ છે કે જ્યારે ભારતપર તક્ષકલોકોએ આક્રમણ કર્યું હતું.

૩ રાજપૂત લોકોમાં જે પ્રકારે દેવીને બકરાનું અને પાડાનું બલિદાન આપવામાં આવે છે, તે પ્રકારે સૂર્યને અશ્વનો બલિ આપવાનો રિવાજ કદિપણ પ્રચલિત નહોતો. અશ્વમેધ યજ્ઞ એ કાંઇ સામાન્ય બલિદાન નહોતું. આ યજ્ઞ ઘણો ઓછો થતો હતો અને કેટલીકવાર તો શતાવધિ વર્ષોપર્યંત સર્વથૈવ થતોજ નહોતો; પરંતુ જેટિકજાતિઓમાં તો સામાન્ય પશુની પેઠે ઘોડાનું બલિદાન સાધારણ રીતે આપવામાં આવતું હતું. જેટિકજાતિઓનો અશ્વબલિ અને હિંદુરાજાઓનો અશ્વમેધ યજ્ઞ એમાં કિંચિત્ પણ સમાનતા નહોતી. (ગૌ૦ હી. ઓઝા)

---

‡ શાકંભરી એ સાંભર (રાજપૂતાનામાં) નું નામ છે. ત્યાંની દેવીનું નામ શાકંભરી છે. આ નગર ચૌહાણોની પ્રથમ રાજધાની હોવાથીજ ચૌહાણોને 'શંભરીરાજ' (સાંભરના રાજા) કહેવામાં આવે છે અને શાકંભરી દેવી તેમની ખાસ દેવી છે. શાકમ્ શબ્દ 'શાખા'નું બહુવચન નથી તેમજ કર્નલ્ ટૉડના જણાવ્યા પ્રમાણે અંબરનો અર્થ રક્ષા કરવી એવો પણ થતો નથી. (ગૌ. હી.ઓઝા)

* નબી ઇઝાકીલ-ખ્રિસ્તીલોકોનાં ધર્મપુસ્તકોમાં એને જેરુસલેમમાં રહેતા ધર્મગુરુ બુઝી-નો પુત્ર લખ્યો છે. તેનો જન્મ ઇ૦ સ૦ ૬૨૪ માં થયેલો માનવામાં આવે છે. (ગૌ. હી. ઓઝા)

× ડાયાડોરસ-યુનાનનો પ્રસિદ્ધ ઇતિહાસલેખક, જે ઇ૦ સ૦ પૂર્વેની પ્રથમ શતાબ્દીમાં થયેલ હતો. તેણે 'બિબ્લિયોથિકા હિસ્ટોરિકા' નામનો બૃહત્ ઐતિહાસિકગ્રંથ લખ્યો હતો, જેનો તૃતીયાંશ અદ્યાપિ ઉપલબ્ધ છે. તે જુલિયસ સિઝરના સમયમાં રોમમાં નિવાસ કરતો હતો. (ગૌ. હી.. ઓઝા)

(વૉડેન)નાં સંતાનો અશ્વજાતિના લોકોની તે સમયથી હતી કે જ્યારે કોઇ મનુષ્યે સ્કૅન્ડિનેવિયાના પહાડો અને બાલ્ટિક સમુદ્રના તટપર પગ પણ મૂકયો નહોતો. આજ શુકનથી ડેરિયસ હિસ્ટાસ્પસ-ઇરાન-ના પાદશાહ દારા (હીંસના=હણહણાટ કરવો, અસ્પ=અશ્વ)ને રાજ્યછત્ર પ્રાપ્ત થયું હતું. ચંદબારોટે ઘોડાના હણહણાટને પોતાના મુખ્ય વીરોના મૃત્યુનો સૂચક ગણ્યો હતો.

સ્કેન્ડિનેવિયામાં યુદ્ધદેવતાના અશ્વને અપસાલા ( સ્વીડનનું એક પ્રસિદ્ધ નગર) ના મંદિરમાં રાખવામાં આવતો હતો અને સદા "તે યુદ્ધ પછી પ્રસ્વેદથી ભરાઈગયેલો અને હાંફતો જણાતો હતો.' ટેસિટસ[1] જણાવે છે કેઃ-" જર્મન લોકો મુદ્રા (સિક્કા)પર અશ્વની આકૃતિ હોય તોજ તેને ગ્રહણ કરતા હતા."

એડ્ડા (એ નામનું પુસ્તક)માં એવો ઉલ્લેખ છે કે, જેટિ વા જીતલોકો કે જેમણે સ્કૅન્ડિનેવિયામાં પ્રવેશ કર્યો હતો તેઓ અસી કહેવાતા અને તેમનો પૂર્વનિવાસ અસ-ગર્ડ (અસીગઢ)માં હતો.

પિંકર્ટન એડ્ડાનું પ્રમાણ માનતો નથી અને તે ટૉર્ફિયસનું અનુકરણ કરે છે. ટૉર્ફિયસ આઇસ-લૅન્ડના ઇતિહાસ અને વંશાવલીઓના પ્રમાણથી ઑડિનનું સ્કૅન્ડિનેવિયામાં આગમન ઇ० સ० પૂ० ૫૦૦ વર્ષપર અર્થાત્ ડૅરિયસ હિસ્ટાસ્પસના શાસનસમયમાં થયેલું માને છે.

આ અંતિમ બુદ્ધ વા મહાવીરનો સમય છે, જેનો સંવત[2] વિક્રમથી ૪૭૭ વર્ષ અને ઇશુ થી ૫૩૩ વર્ષપૂર્વે ચાલ્યો હતો.

સ્કૅન્ડિનેવિયામાં ઓડિનનો ઉત્તરાધિકારી ગૌતગ હતો અને જે ગૌતમ અંતિમ બુદ્ધ મહાવીરનો ઉત્તરાધિ-કારી હતો,તેનું પૂજન ગૌતમ વા ગૌદમ નામથી અદ્યાપિ મલાક્કાનીસામુદ્રધુનીથી કારપીઅનસમુદ્રપર્યંત થાય છે.

પિંકર્ટન જણાવે છે કેઃ-"ઇતર પ્રાચીન વૃત્તાંતપરથી બીજો ઓડિન જણાય છે, કે જે ઇ० સ० પૂ० ૧૦૦૦ વર્ષપર મુખ્ય દેવતા ગણાતો હતો."

મૅલેટ બે ઓડિન હોવાનું જણાવે છે; પરંતુ પિંકર્ટનનો એવો અભિપ્રાય છે કે, તેણે (મૅલેટ) ટૉર્ફિયસના મતાનુસાર ઇ० સ० પૂ० ૫૦૦ વર્ષપર થયેલા ઓડિનનેજ માનવો જોઇતો હતો.

આ એક આશ્ચર્યની વાત છે કે,સ્કૅન્ડિનેવિયાના બન્ને ઓડિનોનો સમય બાવીસમા બુદ્ધ નેમિ-નાથ અને ચોવીસમા તથા અંતિમ (બુદ્ધ)મહાવીરના સમય સાથે મળતો આવે છે. આમાંનો પ્રથમ કૃષ્ણનો સમકાલીન હતો; અને તે ઇ० સ० પૂ० પ્રાયઃ ૧૦૦૦ વા ૧૧૦૦ વર્ષપર થયો હતો અને અંતિમ ઇ० સ० પૂ० ૫૩૩ વર્ષપર થયો હતો. યુરોપના અસી, જેટિ આદિ લોકો પૂર્વના અસી, તક્ષક અને જેટિ લોકોની પેઠે મર્ક્યુરી (બુધ)ને પોતાના વંશનો સંસ્થાપક માનીને તેની પૂજા કરતા હતા.

ચીન અને તાતારના ઇતિહાસવેત્તાઓ પણ કહે છે કે,બુધ વા ફો ઇ०સ०પૂ० ૧૦૨૭[3] વર્ષપર થયોહતો.

---

૧ ટૅસિટસ=રોમન ઇતિહાસલેખક, જેનો જન્મ પ્રાયઃ ઇ० સ० ૫૫ માં અને દેહાંત પ્રાયઃ ઇ० સ० ૧૩૦ માં થયેલો માનવામાં આવે છે. (ગૌ० હી० ઓઝા)

૨ જૈનોના અંતિમ તીર્થંકર મહાવીરસ્વામીના નિર્વાણસમયથી જૈનોમાં એક સંવત માનવામાં આવે છે, જેને તેઓ ' વીર નિર્વાણ સંવત ' કહે છે. જેનો પ્રારંભ વિક્રમ સંવતથી ૪૭૦ વર્ષ પૂર્વે ( નહિ કે કર્નલ ટૉડના જણાવ્યા પ્રમાણે ઈ० સ० પૂર્વે ૫૩૩ ) થી માનવામાં આવે છે. ( ગૌ० હી० ઓઝા)

૩ ચીનાલોકો બૌદ્ધધર્મના પ્રચારક શાકયમુનિ (બુદ્ધ) નો નિર્વાણ (મોક્ષ) ઇ० સ० પૂ० ૧૦૨૭ માં થયેલો માને છે, તે તેમનો ભ્રમ છે; અને તેમણે પોતાની આવી માન્યતાથી ઐતિહાસિક પુસ્તકોમાં સમયનિર્ણયસંબંધી અનેક ભૂલો કરી છે. બુદ્ધના નિર્વાણના સમયથી બૌદ્ધોમાં એક સંવત મનાય છે, જેના પ્રારંભના વિષયમાં તેમનામાં ઘણો મતભેદ છે. સીલોન ( સિંહલદ્વીપ ),બ્રહ્મદેશ અને સિઆમમાં બુદ્ધનો નિર્વાણ ઇ० સ० પૂ० ૫૪૪ (વિ० સં० પૂ० ૪૮૭ ) માં થયેલો માનવામાં આવે છે અને આસામના બૌદ્ધરાજગુરુ પણ તેમજ માને છે. ચીનાઇપરિવ્રાજક ફાહિયાન કે જે ઇ० સ० ૪૦૦ માં આ દેશમાં આવ્યો હતો, તે લખે છે કે આજસુધીમાં બુદ્ધના નિર્વાણને ૧૪૯૭ વર્ષ થયાં છે. તેના લેખથી નિર્વાણનો સમય ઇ० સ० પુર્વે ( ૧૪૯૭-૪૦૦= ) ૧૦૯૭ ની આસપાસનો આવે છે. તેની વિરુદ્ધ પ્રસિદ્ધ ચીનાપરિવ્રાજક હુએન્સંગ પોતાના પ્રવાસગ્રંથમાં

"યૂચી લોકો કે જે ઍકિટ્રયામાં અને જે હૂનનદીના તટપર વસ્યા હતા તેઓ અંતે જેટા વા યેટન[1] કહેવાવા લાગ્યા. આ શબ્દનો અર્થ જેટિજ છે. તેમનું સામ્રાજ્ય દીર્ઘકાળપર્યંત એશિયાના આ ભાગમાં રહ્યું હતું અને તે એટલે સુધી વૃદ્ધિંગત થયું હતું કે તે ભારતવર્ષમાં પણ ફેલાયું હતું. આ તેજ લોકો છે કે જેને યૂનાનીઓ ઇન્ડોસિથિક કહેતા હતા. તેમની રીતભાત અને ચાલચલણ તુર્કોના જેવાંજ હતાં.[2] પૂર્વ દેશોમાં જે રાજવિપ્લવ થયા, તેની અસર દૂર દૂરના દેશોપર્યંત થઈ."[3]

આ સર્વ ગ્રંથકારોએ આ સિથિક સમૂહોના યૂરોપમાં જઇને વસવાનો જે સમય નિયત કર્યો છે તેજ સમય તેમનો ભારતમાં પ્રવેશ કરવાનો પણ છે.

શેષનાગદેશમાંથી તક્ષકજાતિનો આગમનનો સમય છઠ્ઠી શતાબ્દી ગણવામા આવ્યો છે અને આજ ઘટના તથા આજ રાજત્વકાલવિષે પુરાણોમાં એવો ઉલ્લેખ છે કે:-"આજથી કોઇ રાજા શુદ્ધ વંશનો પ્રાપ્ત થશે નહિ અને યવનો સર્વત્ર ફેલાઇ જશે. "

આ સર્વ ઇન્દુસિથિક આક્રમણકારીઓ બૌદ્ધધર્મ માનતા હતા અને એજ કારણથી સ્કૅન્ડિનેવિયનો, જર્મનો તથા રાજપૂતોની રીતભાત તથા દેવકથાઓની પરસ્પર સમાનતા તેમનાં વીરરસનાં કાવ્યોની તુલના કરવાથી અધિક પ્રતીત થાય છે.

ભાષા કરતાં ધાર્મિક વ્યવહારની સમાનતા, એ મૂળ ઉત્પત્તિની એકતાનું દઢતર પ્રમાણ છે. ભાષા સદૈવ બદલાતી રહે છે, તેમજ રીતભાત પણ બદલાયાં કરે છે; પરંતુ જ્યારે એક છૂટી ગયેલા રિવાજની શોધ તેના મૂળ સુધી કરવામાં આવે અને જો તે હવાપાણીની સામે થઇને પણ સાચવી રાખવામાં આવ્યો હોય તો તે પ્રમાણનો અસ્વીકાર થઈ શકે એમ નથી.

**જાતીય સ્વભાવ અને પહેરવેશ**—જ્યારે ટૅાસટસના લેખથી આપણને વિદિત થાય છે કે, પ્રત્યેક જર્મન પ્રાતઃકાળમાં ઉઠીને સૌથી પહેલાં સ્નાન કરતો હતો; તો એપરથી સિદ્ધ થાય છે કે, આ સ્વભાવ જર્મનીના શીતલતાપ્રધાન દેશમાંથી પ્રાપ્ત કરેલો નથી, પરંતુ અવશ્ય તે પૂર્વીયદેશોમાં ઉત્પન્ન

---

કાશ્મીરના વૃત્તાંતમાં લખે છે કે, નિર્વાણ પછીના ૧૦૦મા વર્ષમાં અશોકનું રાજ્ય દૂર દૂર સુધી ફેલાઇ ગયું હતું. અશોકનો રાજ્યાભિષેક ઇ૦ સ૦ પૂ૦ ૨૬૯ માં થયો હતો; માટે હુએન્સંગના લેખ પ્રમાણે બુદ્ધના નિર્વાણનો સમય ઇ૦ સ૦ પૂ૦ ૩૬૯ થી કિંચિત્ પાછળ ( ઇ૦ સ૦ પૂ૦ ૩૬૦ ની આસપાસ ) માનવો પડે છે. આ પ્રકારે બૌદ્ધોમાં બુદ્ધ-નિર્વાણનાસમયના વિષયમાં અનેક મતો છે, તેજ પ્રકારે આધુનિક પુરાતત્ત્વવેત્તાલોકો પણ ઉક્ત ઘટનાના સંબંધમાં ભિન્ન ભિન્ન સમય નિશ્ચિત કરે છે. (જુઓ પ્રાચીન લિપિમાળા પૃ. ૨૩) બુદ્ધના નિર્વાણ સમયનું સૌથી પ્રાચીન લિખિત પ્રમાણ આપણને અશોકના સહસ્રામ, રૂપનાથ, સિદ્ધપુર આદિના લેખોમાં પ્રાપ્ત થાય છે. તેમાં બુદ્ધના નિર્વાણના સમયને ( તેઓ કોતરાયા ત્યાંસુધીમાં ) ૨૫૬ વર્ષો વ્યતીત થયેલાં જણાવવામાં આવ્યાં છે. આ લેખોપરથી એમ પણ પ્રતીત થાય છે કે, તે અશોક રાજ્ય છોડીને વિરક્ત થયો તે સમયના છે. અશોક ૩૭ વર્ષપર્યંત રાજ્ય કર્યા પછી વિરક્ત થયો હતો તેથી તેનો રાજ્યાભિષેકનો સમય બુદ્ધનિર્વાણ સંવત ( ૨૫૬-૩૮=)૨૧૮ હોવો જોઇએ. તેનો રાજ્યાભિષેક ઇ૦ સ૦ પૂ૦ ૨૬૯ માં થયો હતો; માટે ઉપર્યુક્ત લેખાનુસાર બુદ્ધનો નિર્વાણ ઇ૦ સ૦ પૂ૦ (૨૧૮+૨૬૯=)૪૮૭ ની આસપાસ થયેલો નિશ્ચિત થાય છે, જે અધિક વિશ્વાસયોગ્ય છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૧ " સંપૂર્ણ ક્રિમ્બિક, ચેર્સોનિઝ વા ×જટલૅંડને યુટલૅંડ નામ આપવામાં આવ્યું હતું. " ( પિંકર્ટને ગૅાથ લોકોપર લખેલો નિબંધ )

૨ " તુર્ક, તુરુષ્ક, તક્ષક વા ટૅાનક એ તુર્કલોકોનાં નામ છે. " ( અબુલગાઝીકૃત તાતાર લોકોનો ઇતિહાસ)

૩ જુઓ હૂણલોકોનો ઇતિહાસ વૅાલ્યુમ ૧, પૃષ્ઠ ૪૨

---

× જટલૅંડને હાલમાં યૂરોપની અંતર્ગતનો ડેન્માર્ક દેશજ યુટલૅંડ, જુટલૅંડ વા જટલૅંડ માનવામાં આવે છે; પરંતુ પૂર્વે ડેન્માર્ક સિવાય પ્રશિયાનો કેટલોક ભાગ પણ તેની અંતર્ગત હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

થયો હશે.[1] તેમના ઢીલા અને લાંબા અંગરખા અને લાંબા લાંબા ગુંથેલા કેશ કે જેનો મસ્તકની વચ્ચે અંબોડો વાળવામાં આવતો હતો તથા તેમના ઇતર અનેક રીતરિવાજો, જાતીયસ્વભાવ તથા સિથિયન, કિમ્બ્રી, જટ, કટ્ટી અને સુએવીલોકોના મિથ્યા વિશ્વાસનો પણ આજ હાલ હોવો જોઇએ. આજ નામની જેટિજાતિઓના રીતરિવાજ વગેરે પણ ઉક્ત પ્રજાઓના જેવાજ હતા. આનું વર્ણન હિરોડૉટસ, જસ્ટિન અને સ્ટ્રેબોએ કર્યું છે અને આ રિવાજો રાજપૂતજાતિઓમાં પણ અદ્યાપિ પ્રાપ્ત થાય છે.

હવે આપણે ઈતિહાસપરથી ધર્મ અને વ્યવહારમાં પ્રાપ્ત થતી આ સમાનતાનો મુકાબલો કરવો જોઇએ. આપણે સૌથી પહેલાં ધર્મવિષયક સમાનતા જોઇશું.

**દેવોત્પત્તિ**–આદિકાલની જર્મનજાતિઓના મુખ્ય દેવતા ટ્વિસ્ટો(મર્ક્યૂરી બુધ)અનેઅર્થા(પૃથ્વી)એહતાં.

ટ્વિસ્ટોની[2] ઉત્પત્તિ પૃથ્વી (ઇલા) અને મેનસ (મનુ) થી થઇ હતી. લોકો ઘણીવાર એને ભૂલથી ઓડિન વા વોડેન (કે જે પૂર્વીય જાતિઓનો બુધ છે) સમજી ગોટાળો કરી દે છે, જ્યારે વાસ્તવમાં તે આ જાતિઓનો માર્સ ( મંગલ ) અને મર્ક્યૂરી ( બુધ ) છે.

**ધાર્મિક આચારો**—'સૂયોનિઝ' વા 'સુએવી' કે જે સ્કૅન્ડિનેવિયાની જેટિજાતિઓમાં સર્વથી અધિક પ્રબળ જાતિ હતી, તે અનેક જાતિઓમાં વિભક્ત થઇ ગઈ હતી. આ લોકો પૈકી સૂ ( યૂચી વા જિત) જાતિના માણસો પોતાની પવિત્ર વાટિકાઓમાં 'અર્થા' (ઇલા) ને મનુષ્યનું બલિદાન આપતા હતા. સર્વ માણસો અર્થાનું પૂજન કરતા હતા અને તેના રથને ગાયો ખેંચતી હતી. (ગૌ–ગાય પૃથ્વીનું ચિન્હ છે.)

'સુએવી' લોકો ઇસિસ (ઇશ, ગૌરી અર્થાત્ રાજસ્થાનના ઇસિસ અને સીરીસ)ની પૂજા કરતા હતા. આ લોકોના ધાર્મિક રિવાજમાં એક વહાણની આકૃતિ પણ હતી, કે જે ટૅસિટસના કથનાનુસાર "તે રિવાજ વિદેશી હોવાનું ચિન્હ છે." ઇશ વા ઈશ્વરની પત્ની ગૌરીનો ઉત્સવ ઉદયપુરમાં તળાવ

---

૧ જો કે ટૅસિટસ જર્મનીની જાતિઓને ત્યાંનીજ નિવાસી માને છે તોપણ જ્યારે એવો પ્રશ્ન કરે છે કે:–" એવો કોણ છે કે જે એશિયાનું સુખદ નિવાસસ્થાન છોડીને જર્મનીમાં જશે કે જ્યાં કુરૂપ સિવાય પ્રકૃતિમાં અન્ય કાંઇ પણ પ્રાપ્ત થતું નથી?" તો તે પરથી સ્પષ્ટ થાય છે કે તે લોકો પોતાની ઉત્પત્તિ એશિયામાં થયેલી બતાવતા હતા એ વાત તેને વિદિત હતી.

૨ સાલીન્દ્રપુર (સૂલપુર) ના જેટી વા જીટરાજાનો એક લેખ‡ કે જે પાંચમી શતાબ્દીનો છે તેમાં એને 'તુષ્ટા જાતિનો' ( પ્રશ્ન–ટ્વસ્ટો ? ) લખ્યો છે. આ લેખ તે ખીલા જેવા માથાવાળા લિપિમાં છે કે,

---

‡ સાલીન્દ્રપુરીના જીટ અર્થાત્ જાટવંશી રાજાના પાંચમી શતાબ્દીના જે લેખવિષે કર્નલ ટૉડ અહીં ઉલ્લેખ કરે છે તે કોટાથી પાંચ માઇલ ઉત્તરે કણુસ્વા ( કણ્વાશ્રમ ) ના શિવમંદિરમાં વિદ્યમાન છે અને તેનો અંગ્રેજી અનુવાદ એમણે પોતાના " રાજસ્થાન " ના પ્રથમ વોલ્યુમના અંતમાં પરિશિષ્ટ અંક ૧ માં આપ્યો છે; પરંતુ આ લેખ તેમના ગુરુદ્વારા યથાર્થ રીતે વાંચી શકાયોજ નથી, જેથી અનુવાદમાં બહુ ગોટાળો થયો છે અને એમણે મૂળ લેખથી ઘણી વાત વિપરીત લખી દીધી છે. તે લેખ જીટરાજાનો પણ નથી અને તેમાં સાલીન્દ્રપુરનો નિર્દેશ પણ નથી, તેમજ તે પાંચમી શતાબ્દીનો પણ નથી. તે તો મૌર્ય (મોરી) વંશના રાજા ધવલના સમયનો છે. તેના મિત્ર રાજા સંકુના પુત્ર શિવગણે ઉક્ત મંદિર બંધાવ્યું હતું, તેના સંબંધનો તે લેખ છે. તેમાં જીટ અર્થાત્ જાટોનું તો ક્યાંય નામનિશાનસુદ્ધાં નથી; પરંતુ તેના બીજા શ્લોકમાં " **पांतु शंभोर्जटा वः** " અને ત્રીજામાં " **शंभोर्जटाः पांतु वः**" એવો ઉલ્લેખ છે. આ 'જટા' શબ્દથીજ કર્નલ ટૉડે જેટી વા જીટ (જાટ) રાજાઓની કલ્પના કરી લીધી. આજ પ્રકારે ત્રીજા શ્લોકમાં જે ' **भोगीन्द्रस्य फणामणिद्युति** ' એમ લખ્યું છે, તેમાં 'ભોગીન્દ્ર' ને 'સાલીન્દ્ર' વાંચી તેમણે પોતાના કલ્પેલા જીટ રાજાને 'સાલીન્દ્રપુર' નો રાજા ઠરાવી દીધો. વળી ઉક્ત લેખનો સંવત જે ૭૯૫ કોતરવામાં આવ્યો છે તેને તેમણે ૫૯૭ વાંચી લીધો અને પછી પોતાની કલ્પનાનુસાર ૧૩૨ વર્ષ ઘટાડી દઈ ( જુઓ ઉક્ત લેખપરની તેમની ટિપ્પણી ) તેને ઈ૦ સ૦ ૪૦૯ નો ઠરાવી દીધો. આ લેખમાં ક્યાંય તુષ્ટાજાતિનું નામનિશાનસુદ્ધાં નથી. (ગૌ. હી. ઓઝા)

ઉપર કરવામાં આવે છે અને તે હિરોડૉટસે વર્ણવેલા ઇસિસ[1] અને ઓસિરિસના મિસરમાં થતા ઉત્સવને બરાબર મળતો આવે છે. આ અવસરપર ઇશ્વર ( ઓસિરિસ ) કે જેને તેની ઓથા ગૌણ માનવામાં આવે છે, તેના હાથમાં કાંદાનાં[2] પ્રફુલ્લિત ફૂલોની છડી રહે છે. કાંદાપ્રત્યે હિંદુ લોકો સાધારણ રીતે ઘૃણા ધરાવે છે; પરંતુ મિસરના લોકો તેને પવિત્ર માને છે.

**યુદ્ધસંબંધી રિવાજો**—તેઓ હર્ક્યુલીસ[3] અને ટ્વિસ્ટો વા ઓાડનની સ્તુતિનાં ગીત ગાતા હતા. આ દેવોની મૂર્તિ અને ઝુંડાને તેઓ યુદ્ધમાં લઇ જતા હતા અને તેઓ જૂદી જૂદી ટુકડીમાં વિભક્ત થઇને યુદ્ધ કરતા હતા તથા હાથોહાથની ઝપાઝપીમાં તથા દૂર રહીને કરેલી લડાઇમાં તેઓ ભાલાનો ઉપયોગ કરતા હતા. આ સર્વ બાબતમાં તેઓ બુધના વંશજ હરિકુલના માણસો અને વાજસ્વના વંશજ અશ્વલોકોની સાથે સમાનતા ધરાવતા હતા. અશ્વલોકો સિંધુનદીની પશ્ચિમમાં વસતા હતા અને તેમાંના ઘણા માણસો પૂર્વ અને પશ્ચિમમાં પ્રસરી ગયા હતા.

'સુએવી' વા 'સુઇયોનીઝ' લોકોએ અપસાલાનું પ્રસિદ્ધ મંદિર બંધાવ્યું. આ મંદિરમાં તેમણે થોર[4], વોડેન અને ફ્રેયાની મૂર્તિઓ સ્થાપન કરી. ઉપર્યુક્ત દેવો સ્કૅન્ડિનેવિયાની અસીજાતિના ત્રિદેવ છે અને તે સૂર્ય તથા ચંદ્રવંશની ત્રિમૂર્તિ છે. પહેલો ( થોર, ગર્જના કરનાર વા યુદ્ધ દેવતા )

જેનો પ્રયોગ ભારતના પ્રાચીન બૌદ્ધલોકો કરતા હતા અને જે અદ્યાપિ તાતારના લામાલોકોની પવિત્ર લિપિ* છે અર્થાત્ આ લેખ પાલીલિપિમાં છે. અગ્નિકુલના ચૌહાણ, પરમાર, સોલંકી અને પડિહારોના જેટલા પ્રાચીન શિલાલેખો મારી પાસે છે તે સર્વ આજ લિપિમાં છે. જીટરાજાના એક શિલાલેખમાં ઉક્ત રાજાને "જીટ કૈથીડા×" (પ્રશ્ન-કેથેનોડા ?) લખ્યો છે. ટ્વિસ્ટો અને વોડેનપરથી આપણા લોકોના ટ્યુઝડે અને વેડનસડેનાં નામ પડયાં છે. હિંદુસ્થાનમાં વેડનસડેને બુધવાર અને ટ્યુઝડેને મંગળવાર કહે છે. મંગળવાર એ ફ્રેંચલોકોનો મર્ડી છે.

૧ ઇસિસ-પ્રાચીનકાળના મિસરવાસીઓની એક દેવી કે જેને પૃથ્વીની અધિષ્ઠાત્રી માનવામાં આવતી હતી. તે લોકોમાં તેને માટે ગાય પવિત્ર માનવામાં આવતી હતી અને ઉક્ત દેવીની મૂર્તિ ગાયનાં શૃંગસહિત સ્ત્રીરૂપમાં બનાવવામાં આવતી હતી. પાછળથી તેનું પૂજન રોમમાં પણ પ્રચલિત થઇ ગયું હતું. (ગૌ० હી० ઓઝા)

૨ રાજપૂતાનામાં ઇશ્વર અને ગૌરીના ઉત્સવપ્રસંગે (એને અહીંઆં 'ગનગૌરકાત્યૌહાર' કહેવામાં આવે છે.) ઇશ્વરના હાથમાં કર્નલ ટૉડના જણાવ્યા પ્રમાણે કાંદાનાં વિકસિત પુષ્પોની છડી રહેતી નથી; પરંતુ જવના છોડ રહે છે કે જેને 'જવારા' કહેવામાં આવે છે. (ગૌ० હી० ઓઝા)

૩ હર્ક્યુલીસ=યૂનાનીઓનો પ્રસિદ્ધ દેવતા, જ્યુપીટરનો પુત્ર અને સુપ્રખ્યાત વીર. યૂનાની લોકો તેને હિરાક્લીસ પણ કહે છે. તેના વીરત્વની અનેક અદ્દભુત વાતો તેમના દેશમાં પ્રસિદ્ધ છે. (ગૌ. હી. ઓઝા)

૪ થોર=સ્કૅન્ડિનેવિયાના લોકોની પૌરાણિકકથાઓ અનુસાર ગર્જનાનો દેવતા અને ઓડિન તથા ફ્રેયાનો પુત્ર. (ગૌ० હી० ઓઝા)

* તાતારના લામાલોકો હવે હિંદુસ્થાનની પ્રાચીનલિપિનો ઉપયોગ કરતા નથી. આ લિપિને કર્નલ ટૉડ પાલીલિપિ જણાવે છે; પરંતુ હવે તે દેશના લોકો તેનો ઉપયોગ કરતા નથી. તેઓ પોતાના દેશની લિપિનોજ ઉપયોગ કરે છે. અલબત્ત પ્રાચીન કાળમાં તે દેશમાં બ્રાહ્મીલિપિનો પ્રચાર અવશ્ય હતો; પરંતુ તે કેવળ ધર્મગુરુઓમાંજ હતો, કે જેઓ પોતાના ધર્મનાં તત્ત્વો જાણવાને માટે સંસ્કૃત અને પ્રાકૃત (માગધી) ભાષામાં રચાયલા બૌદ્ધગ્રંથો વાંચતા હતા. ચીન, જાપાન વગેરે દેશોની પેઠે તે દેશ (તાતાર)-માં પણ પ્રાચીનકાળનાં ભારતીયલિપિનાં પુસ્તકો કવચિત કવચિત પ્રાપ્ત થાય છે. (ગૌ० હી० ઓઝા)

× જીટકૈથીડા-આ નામની કલ્પના પણ લેખ શુદ્ધ નહિ વાંચી શકાયાથીજ કર્નલ ટૉડે કરી હોય એમ પ્રતીત થાય છે. બૂંદીથી ૬ માઇલ પૂર્વતરફ આવેલા રામચંદ્રપુરમાંથી તેમને એક પ્રાચીન લેખ પ્રાપ્ત થયો હતો, જેનો અંગ્રેજી અનુવાદ તેમણે પોતાના "રાજસ્થાન" ના પ્રથમ વૉલ્યુમના અંતિમ ભાગમાં પરિશિષ્ટ અંક ૨ માં આપ્યો છે. તેના પ્રારંભમાં કોઇ દેવતાની સ્તુતિ છે ( તેમાં રુદ્રાણીનું નામ હોવાથી તે મહાદેવની સ્તુતિ હોય એમ જણાય છે) તેમાં તેમણે 'જીટ કૈથીડા' શબ્દ વાંચ્યો છે,

હર વા મહાદેવ સંહાર કરનારો છે; બીજો ( વોડેન ) બુધ[1] રક્ષા કરનારો છે; અને તૃતીય ( ફ્રેયા ) ઉમા એ ઉત્પત્તિ કરનારી શક્તિ છે.[2]

જે ઋતુમાં સંપૂર્ણ પ્રકૃતિ ચૈતન્યમય થઇ જાય છે, તે વસંત ઋતુમાં ફ્રેયાનો મહોત્સવ કરવામાં આવતો હતો. આ પ્રસંગે સ્કૅન્ડિનેવિયન લોકો તેને સુવરનું બલિદાન આપતા હતા. લોટનો સુવર બનાવવામાં આવતો હતો અને ત્યાંના કૃષિકારો તેનું ભક્ષણ કરતા.

વસંતી વા વસંતઋતુને હરની સ્ત્રી માનીને રાજપૂતો તેની પૂજા કરે છે અને તેના પ્રારંભમાં રાજા પોતાના સરદારોસહિત જંગલમાં જઇને શિકાર કરે છે. રાજપૂતો સુવરની પાછળ પડી તેનો વધ કરી તેનું ભક્ષણ કરે છે. તે દિવસે તેઓ શારીરિક જોખમની કિંચિત્ પણ પરવા રાખતા નથી; કારણકે જો તે દિવસે શિકારમાં સફળતા ન મળે તો તેને અપશુકન માનવામાં આવે છે અર્થાત્ મહામાતાને જે પ્રાર્થના કરવામાં આવશે તે સર્વ નિષ્ફળ થશે એમ માનવામાં આવે છે.

પિંકર્ટન ટૉલેમી (કે જે ટૅસિટસથી પચાસ વર્ષ પાછળ થયો હતો) નો લેખ ઉધૃત કરીને કહે છે કે, જટલોકોના દેશ યુટલૅંડ વા જટલૅંડમાં છ જાતિઓ હતી, જેમાં 'સબલિંગઇ' ( સુએવી[3] વા સુઇયોનિઝ) કટ્ટી અને હેર્મન્દ્રી પણ હતી. આ જાતિઓ એલ્બ અને વેઝર નદીના મૂળપર્યંત પ્રસરી ગઈ હતી. અહીંઆં તેમણે રણદેવતાના સ્મરણાર્થે ઇર્મનસ્યુલ નામનો સ્તંભ સ્થાપિત કર્યો હતો. આ સ્તંભના સંબંધમાં સૅમીઝ[4] જણાવે છે કેઃ-"કેટલાક લોકો એને માર્સ (મંગલ)નો સ્તંભ અને કેટલાક હર્મીઝસૅાલ અર્થાત્ હર્મીઝ વા મર્ક્યૂરી (બુધ)નો સ્તંભ માને છે." અને તે સ્વભાવતઃજ પ્રશ્ન કરે છે કેઃ-"સૅકસનલોકો મર્ક્યૂરી (બુધ)ના યૂનાની નામથી શી રીતે પરિચિત થયા ?"

યજ્ઞના સ્તંભોને સંસ્કૃતમાં "**सूर**" વા "**सूल**"[5] કહે છે, જેને હિંદુસ્થાનના રણદેવતા 'હર'[6] ની સાથે જોડી દેવાથી "**हरसूल**" થાય છે. રાજપૂતયોદ્ધાઓ હરને ત્રિશૂલસહિત સહાયને માટે આહ્વાન કરે છે અને તેમનો રણઘોષ "માર ! માર !" છે.

કિમ્બ્રીજાતિ કે જે યુટલૅંડની છ જાતિઓમાં સૌથી અધિક પ્રસિદ્ધ છે, તે યોદ્ધાતરીકેની કીર્તિ[7] દ્વારા પોતાનું નામ પ્રાપ્ત કરે છે.

---

૧ હિંદુઓના ત્રણ મુખ્ય દેવતાઓમાં કૃષ્ણ રક્ષા કરનાર દેવતા છે. કૃષ્ણ બુધના ઇંદુવંશમાંના છે. તેઓ સ્વયં દેવતાવત્ માનવામાં આવ્યા તે પૂર્વે તેઓ બુધની પૂજા કરતા હતા.

૨ હિંદુઓની ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર)માં બુધ અને ઉમાની ગણના નથી; પરંતુ કર્નલ ટૉડે વોડેન ( બુધ )અને ફ્રેયાની સાથે મેળવવાની ખેંચતાણમાં હિંદુઓની ત્રિમૂર્તિમાં તેમનાં નામ મૂકી દીધાં છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ ટૅસિટસનો "સીબી જાતિ" નામનો ગ્રંથ જુઓ.

૪ સૅમીઝલિખિત "સેકસન ઍંટિકિવટિઝ" નામનો ગ્રંથ જુઓ.

૫ સંસ્કૃતમાં યજ્ઞસ્તંભને મહાશય ટૉડના જણાવ્યા પ્રમાણે સુર વા સૂલ કહેવામાં આવતો નથી. પરંતુ તેને યૂપ કહેવામાં આવે છે. તેમણે મહાદેવને યુદ્ધના દેવતા માનીને તેમના ત્રિશૂલની સાથે મેળવવાને માટે યૂપના બદલે સૂલ માની લીધું છે. (ગૌ૦ હી૦ ઓઝા

૬ 'હર' એ સ્કેન્ડિનેવિયાનો 'થોર' છે; અને હરિ એ બુધ, હર્મીઝ વા મર્ક્યુરી છે.

૭ ઍલેટ એને કેમ્ફર શબ્દ કે જેનો અર્થ 'લડવું' થાય છે, તેમાંથી ઉત્પન્ન થયેલો જણાવે છે.

---

તે સર્વથા ભ્રમ છે; પરંતુ એ લેખ તેમણે અહીંઆંથી લઈ જઇને લંડનનગરની રૉયલ એશિયાટિક સોસાયટીને અર્પણ કરી દીધો, તેથી તે અમારા જોવામાં આવી શકયો નહિ અને તેથી તેમણે કયા શબ્દથી ' જીટ કૈથીડા ' ની કલ્પના કરી છે તે કહી શકાતું નથી; પરંતુ ઉક્ત લેખનો ફોટો લેવાનો પ્રયાસ ચાલી રહ્યા છે. જો તે પ્રાપ્ત થશે તો તેની સ્પષ્ટતા કરવામાં આવશે. (ગૌ૦ હી૦ ઓઝા)

કુમાર[1] એ રાજપૂતોનો રણદેવતા છે. હિંદુઓની દેવકથામાં તેને સાત મસ્તકવાળો લખવામાં આવ્યો છે. સેકસન લોકોના યુદ્ધદેવને ૭ મસ્તકો છે.

ક્રિમ્બ્રી ચેર્સોનીઝ[2]નો ૭ મસ્તકવાળો માર્સ (યુદ્ધનો દેવતા)કે જેના નામથી વેઝરનદીના કિનારાપર ઇર્મનસ્યુલ બંધાવવામાં આવ્યો છે, તેને સૅકેસની, કટ્ટી, સીબી વા સુએવી, જોટ્રી વા જેટી અને ક્રિમ્બ્રી જાતિના લોકો પૂજતા હતા. આ લોકોનાં નામો તથા ધાર્મિક રીતરિવાજો, તેમની તથા હિંદુસ્થાનના વીર યોદ્ધાઓની ઉત્પત્તિ એકજ મૂળમાંથી થયેલી સિદ્ધ કરે છે.

વીરરાજપૂતોનો ધર્મ અને તેમના યુદ્ધદેવતા હરની પૂજાના પ્રકાર, સૌમ્યવૃત્તિના હિંદુઓના ધર્મ અને રીતરિવાજોની સાથે ઘણા ઓછા મળતા આવે છે; કારણકે હિંદુઓ ગોપાલદેવના અનુયાયી, ગાયના પૂજક અને ફળ–મૂળ તથા જલપર નિર્વાહ કરનારા હોય છે અને રાજપૂતો રક્ત વહેવરાવવામાં આનંદ માને છે. તેમના રણદેવતાને રુધિર અને મદ્ય ચઢાવવામાં આવે છે અને તેમનો અર્ઘ્ય દેવાનો પ્યાલો (ખર્પરા) મનુષ્યની ખોપરીનો હોય છે. આ વસ્તુઓ તેમના દેવનાં ચિન્હો હોવાથી તે તેમને પ્રિય હોય છે. તેઓ તેને પૂજે છે અને તેમને બાલ્યાવસ્થાથી એમ શીખવવામાં આવે છે કેઃ– “આ વસ્તુઓ હરને પ્રિય હોય છે, તે યુદ્ધપ્રસંગે ખોપરીથી શત્રનું રુધિર પીએ છે અને શાંતિના સમયમાં મદિરા અને સ્ત્રીઓના સંરક્ષક છે. પાર્વતી તેમની જંઘાપર બેઠેલાં હોય છે અને તેમનાં નેત્રો ધંતુરો તથા અફીણના ઘેનવાળાં હોય છે.” રાજપૂતોનો રણદેવતા આવો મદોન્મત્ત છે.શું આ પ્રકારનો હિંદુ-ધર્મ ભારતનાં ઉષ્ણ મેદાનોમાં સંભવી શકે છે ? શું આ સ્કૅન્ડિનેવિયાના વીરોના રિવાજનું સંપૂર્ણ ચિત્ર નથી ?

રાજપૂતલોકો પાડાનો વધ કરે છે, ભુંડ તથા હરણનો શિકાર કરીને ભક્ષણ કરે છે તથા બતક અને જંગલી કૂકડાને બંદુકથી મારે છે. તેઓ અશ્વ, તલવાર અને સૂર્યની પૂજા કરે છે અને બ્રાહ્મણોના મંત્રો કરતાં ભાટોનાં વીરરસપૂર્ણ કાવ્યોપર અધિક લક્ષ્ય આપે છે. સ્કેન્ડિનેવિયન લોકોની વીરતા-સંબંધી દેવકથાઓ તથા વીરરસાત્મક કાવ્યોની સાથે રાજપૂતોની ઉપર્યુક્ત બાબતો ઘણી સમાનતા ધરાવે છે અને પૂર્વ તથા પશ્ચિમના અસીલોકોનાં રણાંસણાં કાવ્યોનીજ માત્ર તુલના કરવાથી આ લોકો એકજ મૂળમાંથી ઉત્પન્ન થયા છે એમ પ્રતીત થાય છે.

**ભાટ લોકો**—રાજપૂતલોકોના પૂજ્ય બરદાયી[3]ની પેઠે પ્રાચીન સેક્સનલોકોના પણ ભાટ હતા. આ વીરરસાત્મક છંદ ગાનારાઓવિષે ટેસિટસ જણાવે છે કેઃ–“તેઓ યુદ્ધપ્રસંગે જુસ્સો ઉત્પન્ન કરનાર વીરરસયુક્ત ગીતો ગાઈ યોદ્ધાઓનાં મનને ઉશ્કેરી મૂકે છે.”

આટલા વિસ્તૃત વિષયની તુલના કરવાને માટે તેમના સમસ્ત રીતરિવાજો અને ધાર્મિકવિશ્વાસનો ઉલ્લેખ કરવો જોઈએ; માટે આ વિષયો એક પૃથક્ ગ્રંથને માટેજ રાખી મૂકવા જોઇએ.[4] સુએવી વા

---

૧ ‘કુ’ એ કેવલ એક ઉપસર્ગ છે, જેનો અર્થ ‘ખરાબ’ થાય છે. (માટે કુમારનો અર્થ ‘ખરાબ મારનાર’ થાય છે.) આમાંથીજ રોમના યુદ્ધદવતા ‘ માર્સ ’ ની ઉત્પત્તિ થઈ હોય એવો સંભવ છે. યુનાનીઓના યુદ્ધદેવની ઉત્પત્તિના જેવીજ હિંદુઓના દેવોની સેનાના સેનાપતિ કુમારની ઉત્પત્તિ છે; અર્થાત્ તે જાહ્નવી દેવી (જૂનો) થી મૈથુનવિના ઉત્પન્ન થયો છે. કુમાર* સદૈવ પોતાની સાથે મોર રાખે છે કે જે જૂનોનું પક્ષી છે.

૨ ક્રિમ્બ્રી ચેર્સોનીઝ એ જટલૅંડનું પ્રાચીન નામ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ કર્નલ ટૉડે આ શબ્દનો પ્રયોગ ભાટોને માટે કર્યો છે. મારવાડના રાઠોડોના પૂર્વજ બરદાઇ-સેનના નામમાં ‘બરદાઇ’ પદ હોવાથી તેમણે તેનો અર્થ ‘સેનાનો ભાટ’ એવો કર્યો છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ ભારતના અંતિમ હિંદુસમ્રાટ્ પૃથ્વીરાજના અંતિમ મહાન કવિરાજ ચંદે રચેલા કાવ્યનાં ૬૯ પર્વોમાંથી થોડાંનો અનુવાદ સર્વસાધારણને ભેટ કરવાનો મારો વિચાર છે. આ કાવ્ય સર્વથા વીરરસાત્મક છે. પ્રત્યેક ખંડમાં તે સમયના વીરાગ્રણી રાજાના એક એક વીરકાર્યનું વર્ણન આવે છે. આથી રાજપૂતોના અને સ્કૅન્ડિનેવિયાના ભાટોની તુલના કરવામાં સહાયતા મળશે અને તે પરથી

---

* કુમારને સાત શિર નહિ; પરંતુ ૭ છે અને તેથીજ તે ‘ષડાનન’ કહેવાય છે. વળી કુમારનો અર્થ ‘ખરાબ મારનાર’ નહિ, પરંતુ ‘કુંવારો’ છે. (હિંદી અનુવાદક)

સીબીજાતિની વલ્કાઇરી વા નાશ કરનારી ભગિનીઓ ( દેવીઓ ) ને અપ્સરાઓપૈકી જોડ બ્હેનો માનવી જોઇએ. આ જોડ બહેનો રાજપૂતયોદ્ધાઓને રણક્ષેત્રમાંથી બોલાવીને સૂર્યલોક કે જે ગ્રીસના હેલિયાડીલોકોના એલ્યુસિયસ[1] (સ્વર્ગ) સમાન છે ત્યાં લઇ જાય છે. સ્કૅન્ડિનેવિયામાં રહેતાં ઓડિનનાં સંતાનો અને સિથિયાનાં મેદાનોમાં તથા ગંગાના તટપર રહેતાં બુધ અને સૂર્યનાં સંતાનો એ સર્વનો હેતુ રણમાંથી સ્વર્ગમાં જવું, એજ હોય છે.

આ સર્વ જાતિઓમાં આપણે યુદ્ધને દિવસે યશને માટે એકજ પ્રકારનો ઉત્સાહ અને મૃત્યુની નચિંતાઈ જોઈએ છીએ; અને રણ-રંગભૂમિપર નાટક કરનાર આ પાત્રો દેવલોકસંબંધી અથવા મૃત્યુલોકસંબંધી નાટક એકજ પ્રકારે કરતા દૃષ્ટિગોચર થાય છે. આપણે સીબીજાતિના લોકોને થૅાર અર્થાત્ ગર્જના કરનાર દેવતાને રણમાં લઇ જતા જોઇએ છીએ અને હર(શિવ)કે જે હિંદવાસીઓનો જોવ[2] છે તેને પણ તેના ઉપાસકોદ્વારા રણભૂમિમાં લઈ જવામાં આવતો જોઇએ છીએ, જેમાં ક્રેયા વા ભવાની અને સ્વયં રક્ષા કરનાર કૃષ્ણ પણ વારંવાર સામિલ થાય છે.

**યુદ્ધનો રથ**—દશરથ અને મહાભારતના વીરોના સમયથી લઈને મુસલમાનોએ હિંદુસ્થાન જીતી લીધું ત્યાંસુધી આપણે રથની સ્વારી ઇન્ડોસિથિક કોમોમાં વિશેષ જોઇએ છીએ. ત્યારપછી રથનો ઉપયોગ બંધ થયો. કુરુક્ષેત્રના રણમાં શ્રીકૃષ્ણ પોતાના મિત્ર અર્જુનના સારથિ બન્યા હતા અને ઝક્ષરતીસના તટપરના જેટીસમૂહોએ જ્યારે ઝર્ક્ષીસને યૂનાનમાં અને દારાને અર્બેલાના[3] મેદાનમાં સહાય આપી હતી[4] તે સમયે તેમની પાસે મુખ્ય સૈન્યબલ યુદ્ધના રથોજ હતા.

યુદ્ધના રથો અન્ય સ્થાનોમાં તો નહિ, પરંતુ દક્ષિણ-પશ્ચિમ ભારતમાં પાછલા સમયપર્યંત ઉપ-

-પ્રોવેંકલના* ટ્રાઉબેડર, ન્યુસ્ટ્રિયાના‡ ટ્રાઉવિયર અને જર્મનીના મિનેસિંગર ની સાથે રાજપૂતોના બરદાઇ (ભાટ) કેટલી સમાનતા ધરાવે છે તે પ્રતીત થશે.

૧ એલ્યુસિયસ શબ્દ ઇલિયસપરથી નીકળ્યો છે, જેનો અર્થ સૂર્ય છે. આ ઍપોલો અર્થાત્ ભારતના હરિની પણ ઉપાધિ છે.

૨ જોવ=યૂનાની અને પ્રાચીન રોમનલોકોનો પ્રસિદ્ધ દેવતા જ્યુપીટર. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ અર્બેલા=અસિરિયા દેશનું એક નગર, જેને હાલમાં અર્બિલ વા એર્બિલ કહેવામાં આવે છે. અહીંઆંથી પચાસ માઇલના અંતરપર ઈ૦સ૦પૂ૦ પ્રાયઃ ૩૩૧માં યૂનાનના પ્રસિદ્ધ પાદશાહ સિકંદર અને ઇરાનના પાદશાહ દારાની વચ્ચે યુદ્ધ થયું હતું અને તેમાં દારાનો પરાજય થયો હતો. આ યુદ્ધ 'અર્બેલાનું યુદ્ધ' એ નામથી પ્રસિદ્ધ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ હિરોડૉટસ જણાવે છે કે ડૅરિયસ વા દારાના તાબાના સર્વ દેશોમાં ભારતવર્ષ સૌથી ધનાઢ્ય હતો અને સુવર્ણના ૬૦૦ ટેલંટો ત્યાંથી પ્રાપ્ત થતા હતા. એરિયન આપણને સૂચિત કરે છે કે તે (દારા)ની ઇંડોસીથિક પ્રજા તેની સિકંદર સાથેની લડાઇમાં તેની સર્વોત્તમ સેના હતી. સૅકેસેનીસિવાય આપણને એવી જાતિઓ પ્રાપ્ત થાય છે કે જેનાં નામો ભારતમાં ૩૬ રાજકુલોનાં નામોની સાથે મળતાં આવે છે. વિશેષતઃ ડાહી (દાહિયા કે જે છત્રીસ રાજકુલોમાંની એક જાતિ છે) જાતિનાં નામોની સાથે અધિક મળતાં આવે છે.

ઈંડોસીથિક સેનામાં ૨૦૦ યુદ્ધરથો અને ૫૦ હાથી હતા, કે જેમને પાર્થિયનલોકોની સાથે જમણી બાજુએ તથા દારાની નિકટ રાખવામાં આવ્યા હતા. આ વ્યવસ્થાનુસાર તેઓ સિકંદરના પોતાના આધિપત્યનીચેના દલની સામે હતા.

રથીઓએ યુદ્ધનો પ્રારંભ કર્યો અને ઇરાનીઓની જમણીતરફની સેનાને હઠાવવાના સિકંદરના યત્નનો પ્રતિરોધ કર્યો. તેમના અશ્વારોહી દલનો પણ ઘણા માન સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

* પ્રોવેંકલના ટ્રાઉબેડર=ફ્રાન્સની અંતર્ગત પ્રોવેન્સ નામના સ્થાનના નિવાસીઓ (ગૌ૦હી૦ઓઝા)

‡ ન્યુસ્ટ્રિયા=યૂરોપમાં પ્રાચીન ફ્રેંકલોકોના તાબાનો મ્યૂઝ અને લોરી નદીની વચ્ચેનો પ્રદેશ (ગૌ૦ હી૦

યોગમાં લેવાતા હતા અને સૌરાષ્ટ્રની કાઠી,[1] કોમાની તથા કોમારીજાતિઓમાં તેમની સીથિયન રીત-ભાત અદ્યાપિ દૃષ્ટિગોચર થાય છે. આ વાત તેમના સ્મારકસ્તંભો જોવાથી પ્રમાણિત થાય છે. આ સ્તંભોપરથી જણાય છે કે આ વીરો પોતાના રથપરથી માર્યા ગયા હતા.

**સ્ત્રીઓ સાથેનો વ્યવહાર**—પ્રાચીન જર્મન અને સ્કૅન્ડિનેવિયનજાતિઓ તથા વીરરાજપૂતો વા પ્રાચીન જેટી લોકોમધ્યે સ્ત્રીઓ સાથેના શિષ્ટતાના વ્યવહારમાં જેટલી સમાનતા પ્રતીત થાય છે, તેટલી સમાનતા ઈતર કોઇપણ વિષયમાં જણાતી નથી.

ટૅસિટસ જણાવે છે કેઃ-"જર્મનલોકો સ્ત્રીની સંમતિને અત્યંત આવશ્યકતાના સમયે ભવિષ્ય-વક્તાઓની વાણીતુલ્ય માનતા હતા" અને રાજપૂતો પણ તેમજ કરે છે. ચંદભાટ આનાં અનેક ઉદાહરણો આપે છે અને એજ કારણથી એ લોકો પોતાની સ્ત્રીનાં નામ સાથે 'દેવી' શબ્દ વા સંક્ષેપમાં 'દે' લગાડે છે કે જેનો અર્થ 'દેવી' તુલ્ય છે. ટૅસિટસ જણાવે છે કેઃ-"જર્મનલોકોને સ્ત્રીઓને બંદી બનાવીને લઇ જવાની કલ્પના પણ અસહ્ય થઈ પડે છે." રાજપૂતલોકો આ આપત્તિ ટાળવાને માટે સ્ત્રીઓ કે જેઓ તેમનેજ માટે જીવે છે તેમની સામે પોતાની કટાર ઉઠાવે છે, જો કે તેઓ સ્વયં પણ આ ઘોર આપત્તિમાંથી બચવાની આશા રાખતા નથી.આવા સમયમાં તેઓ "જૌહર" વ્રત કરે છે, જેમાં પ્રત્યેક શાખાના રાજપૂતો કપાઈ મરે છે;માટે રાજપૂતો શાકાબંદની ઉપાધિને માટે ગર્વાન્વિત હોય છે કે જે ઉપાધિ આ ભયંકર રીતિ અર્થાત્ શાકા[2] કરવાથીજ પ્રાપ્ત થાય છે. આ ભયંકર રીતિ સર્વ પ્રકારે સિથિયન જેટીલોકોની સેસિયારીતિ જેવી પ્રતીત થાય છે કે જેનું સ્ટ્રૅબોએ વર્ણન કર્યું છે.

**દ્યૂતકર્મ**—આ ખેલોના વ્યસનમાં ભાગ્યવશ હારજીત થાય છે. દ્યૂત ખેલવા પ્રત્યે અને તેનાં ભયા-નક પરિણામો સહન કરવા પ્રત્યે રાજપૂતો પ્રાચીનકાળથી એવો અનુરાગ પ્રકટ કરે છે કે (આ વિષય-માં) તેમની તુલના સિથિયનલોકો તથા તેમનાં જર્મનસંતાનોની સાથે કરી શકાય છે.

જર્મનલોકો પોતાની શારીરિક સ્વતંત્રતાસુદ્ધાં દાવમાં મૂકીને જીતનારના ગુલામ બની જતા હતા

---

આ અશ્વારોહીઓ *પાર્મેનિયોના આધિપત્યનીચેના દલમાં ઘુસી ગયા. તેને સહાય કરવાને માટે સિકંદરને સેના મોકલવી પડી. યુનાની ઇતિહાસલેખક ઈન્ડો-સિથિકલોકોની વીરતાનું પ્રસન્નતાપૂર્વક વર્ણન કરે છે. "ઘોડેસ્વારો કાંઇ કામ કરી શકયા નહિ, તેમજ બાણોદ્વારા દૂરની લડાઇ પણ થઇ નહિ; પરંતુ પ્રત્યેક વીર એવી રીતે યુદ્ધ કરતો હતો કે જાણે તે પોતાનાજ બાહુપર વિજયનો ભરોંસો ન રાખતો હોય!" અર્થાત્ તેઓ યૂનાનીઓની સાથે પરમ વીરતાપૂર્વક લડ્યા હતા.

પરંતુ અર્બેલાના યુદ્ધમાં દારાનું સામ્રાજ્ય નષ્ટ થવાનોજ વિધિલેખ હતો અને શક તથા ઇન્ડો-સીથિકલોકોને, યૂનાની યવનોના હાથથી પોતાની જન્મભૂમિથી ઘણે દૂર રાજરાજેશ્વરને સહાયતા કરવામાં માર્યા જવાનું માન મળ્યું હતું.

૧ કાઠીલોકો સિકંદરના યુદ્ધમાં પ્રસિદ્ધ છે. કાઠિયાવાડના કાઠિઓનો પત્તો મૂલ થાન(પ્રાચીનસ્થાન)થી લાગી શકે છે. દાહિયા (ડાહી), જોહિયા (પાછલા સમયના હુણ) અને કાઠીલોકો ૩૬ રાજકુળોમાં ગણાય છે. એ સર્વ લોકો છસેં વર્ષ પૂર્વે પાંચ નદીઓની વચ્ચેના પ્રદેશમાં અને ગારાની દક્ષિણે આવેલી મરુભૂમિમાં રહેતા હતા. પાછલી બે જાતિઓનાં તો માત્ર નામજ શેષ રહ્યાં છે.

૨ શાકા-રાજસ્થાનની ભાષામાં તે યુદ્ધને 'શાકા'+ કહેવામાં આવે છે કે જેમાં અસંખ્ય વીર-રાજપૂતો હતાશ થઈ પોતાની સ્ત્રીઓનો વધ કરીને પ્રાણાર્પણ કરે છે.

---

* પાર્મેનિયો એ સિકંદરનો એક ઘણો અનુભવી અને વિશ્વાસપાત્ર સેનાપતિ હતો. તે સિકંદર-ના એશિયાપરના આક્રમણપ્રસંગે તેની સાથે હતો અને તે અર્બેલાના યુદ્ધમાં પરમ વીરતાપૂર્વક લડ્યો હતો; પરંતુ પાછળથી એક પ્રસંગે સિકંદરને મારી નાખવાનો વિચાર તેના કેટલાક સૈનિકોએ કર્યો અને તેથી પાર્મેનિયોપર પણ જૂઠું તહોમત આવ્યું. સિકંદરે તે વૃદ્ધસેનાપતિનો શિરચ્છેદ કરાવ્યો. આ કૃત્ય સિકંદરના ઉજ્જવલ યશમાં એક કલંકસમાન છે. (ગૌ૦ હી૦ ઓઝા)

+ કર્નલ ટૉડે ભ્રમથી શાખા અને શાકાને એકજ ધારી લીધા છે. તેજ પ્રકારે શક (જાતિ) અને શાખાને પણ કેટલેક સ્થળે એક માની લીધાં છે. (ગૌ૦ હી૦ ઓઝા)

અને તેમની સંપત્તિતરિકે વેચાતા હતા. આજ દુર્વ્યસનથી પાંડવોએ પોતાનું રાજ્ય તથા શારીરિક સ્વતંત્રતા ગુમાવી હતી અને અંતે સમસ્ત ઈંદુજાતિઓ એથી નષ્ટ થઇ હતી. આજપર્યંત આ દુર્વ્યસન ન્યૂન થયું નથી. તેમના ધર્મગ્રંથમાં સુદ્ધાં આ દુર્વ્યસનનું વિધાન છે અને વર્ષમાં એકવાર દિવાળીના તહેવારપર સર્વ રાજપૂતો લક્ષ્મીદેવીની સમક્ષ દ્યૂત રમીને તેની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે.

માનસિક કાર્યોમાં પ્રવૃત્ત નહિ રહેવાથી વીરરાજપૂતો પ્રાયઃ આળસુ અને ઈંદ્રિયોના ભોગવિલાસમાંજ પડી રહે છે અને જ્યારે તેમને કોઇ કારણથી સચેત કરવામાં આવે છે, ત્યારે તેઓ મદોન્મત્ત બની બેદરકારીથી ગમે ત્યાં પોતાની શક્તિનો વ્યય કરી નાખે છે;પરંતુ એક સમૃદ્ધશાળી રાજ્યમાં જ્યારે શાંતિ અને સુવ્યવસ્થા ફેલાય છે, ત્યારે તે પ્રકારની પ્રાચીન રીતનો વિશેષાંશ તેના આમોદપ્રમોદસહિત દષ્ટિગોચર થાય છે કે જે રાજપૂતો તથા જેટહૂનને કિનારે વસતા જેટી અને સ્કૅન્ડિનેવિયનલોકોને સમાનરૂપે ઘટી શકે છે.

**શુકન અને ભવિષ્ય જાણવું**–ચિઠ્ઠી નાખીને વા અન્ય રીતે ભવિષ્ય જાણવું અને પક્ષીઓનાં ઉડ્ડયનથી શુકન લેવાની રીતિ હિરોડોટસના કથનાનુસાર જેટીજાતિઓમાં અને ટૅસિટસના વર્ણન પ્રમાણે જર્મન જાતિઓમાં પ્રચલિત હતી. તેજ પ્રકારે આ રીતિ રાજપૂતોમાં પણ પ્રચલિત છે. રાજપૂતોના આ વિષયના ગ્રંથો[1]દ્વારા જર્મન અને રોમનલોકોના શુકનઅપશુકનનું સમસ્ત વૃત્તાંત જાણી શકાય છે.

**માદક દ્રવ્યોપ્રત્યે પ્રીતિ**–મદિરાપ્રત્યે પ્રીતિ અને તેનું અધિકાંશે પાન કરવાનો રિવાજ સ્કૅન્ડિનેવિયાની અસી અને જર્મનજાતિઓમાં વિશેષ હતાં. આ પરથી તેમની જેટીજાતિમાંથી ઉત્પત્તિ સિદ્ધ થાય છે અને આ બાબતમાં રાજપૂતો પોતાના સિથિયા વા યૂરોપના બંધુઓથી ઉતરતા નથી. રાજપૂતોનાં મદિરા અને ઇતર માદકદ્રવ્યોના અબાધિત સેવનથી મને સૌથી પ્રથમ નિશ્ચયપૂર્વક લાગ્યું કે આ વીરજાતિએ આ સ્વભાવ હિંદુસ્થાનમાંથી પ્રાપ્ત કર્યો નથી. તેમના શાસ્ત્રમાં મદિરાનું સેવન કરવાની મના છે અને તે પ્રમાણે ઇતર હિંદુઓ ચાલે છે.

રાજપૂતો પોતાના અતિથિનું સ્વાગત મનુહારનો પ્યાલો પાઈને કરે છે અને તેજદ્વારા તેઓ પોતાની પ્રાચીન શત્રુતા નિવૃત્ત કરે છે. રાજપૂતો પોતાનો મધ્વા[2] જેટલા પ્રેમથી પીએ છે તેટલા પ્રેમથી ઓડિનના વીરપુરુષો પોતાનો મીડ નામનો મદિરા કદિ પણ પીતા નહોતા અને સ્કૅન્ડિનેવિયા તથા રાજસ્થાનના ભાટ લોકો તે પ્યાલાની પ્રશંસા કરવામાં સમાન વાક્પટુ થયા છે. તેની પ્રશંસામાં બરદાયીએ સર્વ પ્રકારની ઉપમાનો ઉપયોગ કર્યો છે અને તેને તે અમૃતનો પ્યાલો કહે છે."ભાટ અમૃતનો[3] તે પ્યાલો કે જેમાં લાલ મણિની પેઠે દાડમના દાણા ચમકતા હતા, તેનું પાન કરીને નિર્ભયજાતિની કીર્તિનું વર્ણન

૧ મેં રૉયલ એશિયાટિકસોસાયટીને એક ગ્રંથ આ વિષયનો અને બીજો સામુદ્રિક આદિનો ભેટ કર્યો છે.

૨ મધ્વા× એ એક પ્રકારનો ઉન્માદકરસ છે. આ શબ્દ મધુ+ શબ્દમાંથી નીકળ્યો છે, જેનો અર્થ સંસ્કૃતમાં 'મધુ મક્ષિકા' છે. આ વાત પ્રસિદ્ધ છે કે મીડ નામનો મદ્ય મધમાંથી બને છે. જો જર્મનલોકોનો મીડ શબ્દ હિંદુસ્તાનીઓના મધુ (મધુ મક્ષિકા) શબ્દમાંથી બન્યો હોય તો તે એક આશ્ચર્યકારક ઘટના ગણાશે. આવી દશામાં પ્યાલો ( ખપરા ) અને રસ એ ઉભય શબ્દો અન્યત્રથી લીધેલા ગણાશે.

૩ અમૃત (અમર)માંનો 'અ' નિષેધવાચક ઉપસર્ગ છે. અને 'મૃત'નો અર્થ મૃત્યુ છે આ પ્રકારે ઇમરથલ અર્થાત્ મૃત્યુની ખીણ કે જે સ્વિટ્ઝર્લૉંડપ્રદેશના ન્યુફ્ચેટલમાં* આવેલી છે; તે જેવો જર્મન શબ્દ છે, તેવોજ આ સંસ્કૃત શબ્દ છે.

× કર્નલ ટૉડે મદ્યને માટે 'મધ્વા' શબ્દનો પ્રયોગ કર્યો છે, પરંતુ રાજસ્થાનમાં એ શબ્દ પ્રચલિત નથી. રાજપૂતલોકો સામાન્યતઃ મદ્યને દારૂ કહે છે અને કેટલાક શરાબ તથા મદ્ય પણ કહે છે. રાજપૂતાનામાં અધિક શરાબ પી ઉન્મત્ત થનારને 'મદવા' કહે છે, તેથીજ કદાચ તેમણે મદ્યને 'મધ્વા' લખી દીધો હશે. (ગૌ० હી० ઓઝા)

+ સંસ્કૃતમાં મધુ શબ્દનો અર્થ શહદ, મદ્ય આદિ છે; પરંતુ કર્નલ ટૉડે જેમ જણાવ્યું છે તેમ મધુમક્ષિકા નથી. (ગૌ० હી० ઓઝા)

* ન્યુફ્ચેટલ=યુરોપની અંતર્ગત સ્વિટ્ઝર્લૉંડ પ્રદેશના ૨૦ જીલ્લાઓ પૈકી એક, કે જે ફ્રાંસની સીમાની નિકટ છે. (ગૌ० હી० ઓઝા)

રીને કહેવા લાગ્યો કે, ભાટ અને શત્રુને દાન કરવામાં સમાન ઉદારતા રાખનાર રાજન્ ચિરાયુ થાઓ."

હિંદુવીરોનું સ્વર્ગ-ઇન્દ્રલોક કે જે વલહલ્લાસમાન[1] છે તેમાં પણ રાજપૂતોને પોતાનો પ્યાલો મળે છે. આ પ્યાલો અપ્સરા અર્થાત્ સ્કેનિયાની સ્વર્ગીય હીબી[2]ની બે બહેનો પોતાના હાથથી આપે છે. મરણોન્મુખ જેટીવીર કહે છે કે:-"હું દેવતાઓની વચ્ચે બેસી પ્યાલા ભરી ભરીને મદ્યપાન કરીશ. હું હસતો હસતો પ્રાણત્યાગ કરૂં છું." આ એક એવો ભાવ છે કે જેની પ્રશંસા રાજપૂતો પણ કરે છે.

રાજપૂતો નિશાથી ચકચૂર થયેલા ક્વચિતજ જણાય છે; પરંતુ એક અધિક હાનિકારક અને નવીન કુચાલે હાલમાં નિમંત્રણના પ્યાલાની કિંમત ઘણી ઘટાડી દીધી છે. હાલમાં શુદ્ધ "ફૂલ"[3] ને બદલે અફીણનો પ્રચાર થવા લાગ્યો છે, કે જે પ્રત્યેક ઉત્તમ ગુણને નષ્ટ કરનારી વસ્તુ છે. આ હાનિકારક આદતવિષે અમે તેજ શબ્દોનો પ્રયોગ કરીશું કે જે જર્મનીના લોકોની રીતભાતના ઇતિહાસના લેખકે વેઝર અને એલ્બનદીના તટપર નિવાસ કરતી જાતિઓના સંબંધમાં વાપર્યા છે.આ શબ્દો આ પ્રમાણે છે:-" તેમને મતવાલા થવા દો,એટલે પછી તમારે તેમને તમારાં શસ્ત્રોનો ડર બતાવવાની આવશ્યકતા રહેશે નહિ. તેમની કુચાલ સ્વયં તેમને તમારે આધીન કરી દેશે."

સ્કેન્ડિનેવિયામાં રણદેવતા થૅારના પૂજકોનો પ્યાલો મનુષ્યની ખોપરી હતી અને તે પણ શત્રુની ખોપરી હતી. આમાં તેઓ પોતાની રક્તપિપાસા પ્રકટ કરતા હતા. આ રીતિ તેમણે હિંદુઓની ત્રિમૂર્તિમાંના મુખ્ય હર કે જે રણદેવતા છે તેદ્વારા ગ્રહણ કરેલી પ્રતીત થાય છે. હર ,પોતાના હાથમાં ખર્પરા[4] લઇને પોતાના વીરયોદ્ધાઓને "રુધિરપૂરિત રણભૂમિ"માં લઇ જાય છે અને તેથી તે મરણ પામેલા યોદ્ધાઓના રક્તનું પાન કરે છે.

જે લોકો સંગ્રામપ્રત્યે તથા તીક્ષ્ણ માદકદ્રવ્યોપ્રત્યે પ્રેમ રાખે છે,તે સર્વનો સંરક્ષક હર છે અને રાજપૂતયોદ્ધાઓ વિશેષતઃ તેની ભક્તિ કરે છે.આજ કારણથી રક્ત અને મદ્ય,એ હિંદુઓના મહાન દેવને અર્ઘ્ય આપવાના મુખ્ય પદાર્થો છે. ગોસાંઇલોકો[5] કે જેઓ હર વા બલ અર્થાત્ સૂર્યના ખાસ પૂજારી છે, તેઓ સર્વ માદક પદાર્થ, વનસ્પતિ અને રસોનું સેવન કરે છે. વ્યાઘ્ર, ચિત્તા કે મૃગના ચર્મપર બેઠેલા, શરીરપર ભસ્મલેપનવાળા, જટાજૂટ બાંધેલા કેશોવાળા, પોતાની ધૂણીનો અગ્નિ ચેતાવવાને માટે રાખેલા ચિપિયાવાળા આ લોકોનું આ જંગલી રૂપ તેમને રક્તપાન તથા મૃત્યુના દેવની આજ્ઞાઓનું પ્રતિપાલન કરનાર યોગ્ય વ્યક્તિતરિકે પ્રકટ કરે છે. યુદ્ધદેવતા હરના આ પૂજારી જ્યારે મરણ પામે છે, ત્યારે સાધારણ રિવાજની વિરુદ્ધ તેને ભૂમિમાં દાટાવામાં આવે છે; અને તેની ઉપર એક ગોળાકાર સમાધિ બંધાવવામાં આવે છે. કેટલાક સંપ્રદાયના ગોસાંઇઓની નાની નાની સમાધિઓ બાંધવામાં આવે છે. આ સમાધિઓનો આકાર અગ્રભાગરહિત શંકુસમાન હોય છે અને તેની એક બાજુએ દાદર બનાવવામાં આવેલો હોય છે તથા તેના શિખરપર ગોળ લાકડીના જેવો એક પથ્થર[6] રાખવામાં આવે છે.

---

૧ વલહલ્લા=સ્કેન્ડિનેવિયાની પૌરાણિક કથાઓઅનુસાર યુદ્ધમાં પડેલા વીર પુરુષોને રહેવાનું સ્વર્ગ (ગૌ૦ હી૦ ઓઝા)

૨ હીબી=યૂનાનીઓની પૌરાણિક કથાઓઅનુસાર યુવાવસ્થાની દેવી કે જેને જ્યુપીટર તથા જૂનો (જ્યુપીટરની સ્ત્રી) ની પુત્રી અને દેવતાઓને પ્યાલા પાનારી માનવામાં આવે છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ ફૂલ=મહુડાનું ફૂલ અને એ નામનો મદ્ય કે જેને રાજપૂતલોકો અત્યંત પ્રેમથી પીએ છે. સંસ્કૃતમાં એને મધુક કહે છે. ( જુઓ એશિયાટિક રિસર્ચીસ વૉ૦ ૧ લું, પૃષ્ઠ ૩૦૦ )

૪ મનુષ્યની ખોપરીને હિંદુસ્થાનની પ્રચલિત બોલીઓમાં 'ખપ્પર' કહે છે. પ્રશ્ન-શું એ સેક્સન લોકોનું 'કપ' છે?

૫ કાનફટા યોગી વા ગોસાંઇલોકોની મોટી મોટી હજારો જમાતો થાય છે અને રક્ષામાટેની લડાઇઓમાં સહાયતાર્થે તેમને વારંવાર બોલાવવામાં આવે છે. યુદ્ધના દેવતાના નામથી ઉદયપુરમાં રાજપૂતો જે મોટો ઉત્સવ (નવરાત્રીનો ઉત્સવ) કરે છે તેમાં ખડ્ગ કે જે માર્સનું ચિન્હ છે અને અહિલોતો પણ જેની પૂજા કરે છે તે આજ લોકોને સુપુર્દ કરવામાં આવે છે.

૬ મેં આ લોકોનું સમાધિસ્થાન અને પુષ્કળ પૃથક્ પૃથક્ સમાધિઓ જોઇ છે અને તેસંબંધ

**અંત્યેષ્ટિક્રિયા**—મૃતમનુષ્યની અંત્યેષ્ટિક્રિયાની તુલના કરવાથી પ્રારંભિક સમાનતાનાં પ્રમાણો મળશે. સ્કેન્ડિનેવિયાની અંત્યેષ્ટિક્રિયા બે જાતીયસમયોમાં વિભક્ત છે. એક અગ્નિનો સમય અને બીજો પર્વતનો સમય કહેવાય છે. જે સમયે યોદ્ધાઓને ચિતામાં બાળવામાં આવતા હતા, તે અગ્નિનો સમય કહેવાતો હતો અને જે સમયે તેમને પૃથ્વીમાં દાટવામાં આવતા હતા, તે પર્વતનો[1] સમય કહેવાતો હતો.

ઓડિને (બુધે) પાછલી રીતિ પ્રચલિત કરી હતી અને શરીર ભસ્મીભૂત થયા પછી ત્યાં સમાધિ બંધાવવાની રીતિ પણ તેણેજ ચલાવી હતી.તેજ પ્રમાણે તેણે સતી થવાનો રિવાજ પણ શરૂ કર્યો હતો. આ રીતિઓ શાકદ્વીપ વા શક-સિથિયામાંથી લાવવામાં આવી હતી.હિરોડૉટસ જણાવે છે કે:-'ત્યાં જેટી લોકો-ને ચિતામાં બાળવામાં આવતા હતા અને સ્ત્રીઓને તેના પતિની સાથે જીવિત બાળી મૂકવામાં આવતી હતી.'

સ્કેન્ડિનેવિયાના જેટી વા 'સીબી' વા 'સુરાવી' લોકોમાં જો મૃતપુરુષને એકથી અધિક સ્ત્રીઓ હોય તો મોટી સ્ત્રીનેજ પોતાના પતિની સાથે બળવાનો અધિકાર હતો.[2] તદનુસાર "નન્નાને તેના પતિ અને ઓડિનના એક સાથી બાલ્ડરના મૃતશરીરની સાથે અગ્નિમાં બાળીને ભસ્મીભૂત કરવામાં આવી હતી." પરંતુ સ્કેન્ડિનેવિયનો પોતાની એશિયાઇઉત્પત્તિ દર્શાવનારી આ રીતિનું વિ-સ્મરણ કરાવવા ઇચ્છતા હતા અને તેઓ "પતિના મૃત શરીરને માટે આવું નિર્દય તથા બેહુદું બલિ-દાન આપવાની ઇચ્છા રાખતા નહોતા. આ રિવાજ તેમના સિથિયન પૂર્વજોદ્વારા પ્રચલિત થયો હતો. જ્યારે તેઓ એશિયાના ઉષ્ણતાપ્રધાન પ્રદેશમાં અર્થાત્ તેમના આદિસ્થાન (એહૂા) માં રહેતા હતા ત્યારે તે લોકોમાં આ રિવાજ પ્રચલિત હતો."

હિરોડૉટસ જણાવે છે કે:—"સિથિયન જેટીલોકો પોતાની ચિતાપર પોતાના અશ્વનું બલિદાન આપતા હતા અને સ્કેન્ડિનેવિયન જેટીલોકો પોતાના અશ્વ અને શસ્ત્રોને પોતાની સાથે દટાવી દેતા હતા; કારણ કે તેઓ ઓડિનની પાસે પગે ચાલીને જઇ શકતા નહોતા.[3]" રાજપૂતયોદ્ધાઓ પોતાની જીવિત અવસ્થામાં જે પ્રકારે શસ્ત્રથી સજ્જિત થાય છે, તેજ પ્રકારે સજ્જ થઇને તે પોતાના અંતિમ નિવાસસ્થાન (શ્મશાન)માં જાય છે; અર્થાત્ તેની ઢાલ તેની પીઠપર બાંધેલી હોય છે, તેની તલવાર તેના હાથમાં હોય છે અને જો કે તેના અશ્વનો બલિ આપવામાં આવતો નથી તોપણ તે બહુધા કોઇ દેવતાને અર્પણ કરી દેવામાં આવે છે અને તે તેના પૂજારીનો માલ બની જાય છે.

મૃતવીરને બાળવો અને તેની સ્ત્રીનું તેની સાથે સતી થવું, એ રિવાજો પ્રસિદ્ધ છે;તથાપિ તેમના શ્મશાનપર જે મોટી મોટી છત્રીઓ બંધાવવામાં આવે છે તેથી યૂરોપિયનલોકો ઓછા પરિચિત છે વા તેઓ તેને જોવા માટે ઓછા જાય છે. રાજપૂતોનાં સપ્ત રાજ્યોની ઉન્નતિ અને અવનતિનું તે (છત્રીઓ)થી ઉત્તમ સ્મારકચિન્હ બીજું કોઇ નથી. પુત્રજ પોતાના પિતાના સ્મરણાર્થે તેની છત્રી બંધાવે છે. ભક્તિ વા પ્રશંસનીય અભિમાનનું અંતિમ સ્મારકચિન્હ કોષની સ્થિતિઅનુસાર બને છે. તે (પુત્ર)ના રાજત્વના વૈભવનું ત્યારેજ સ્મરણ કરવામાં આવે છે કે જ્યારે તેના પિતાની છત્રી તેના પૂર્વાધિકારી રાજાની છત્રીથી ઉત્તમ બને. (મારૂં) આ કથન રાજસ્થાનના પ્રત્યેક રાજ્યના રાજા અને સરદારોના સંબંધમાં એકસરખી રીતે ઘટે છે.

સતીનું પ્રત્યેક પવિત્ર સ્થાન 'મહા સતી' કહેવાય છે કે જે કથા અને કહાણીઓ અનુસાર પ્રેત-સ્થળ છે. જે ચબુતરામાં સુંદરીઓ તથા વીરરાજપૂતોની અંત્યેષ્ટિક્રિયા કરવામાં આવી હોય છે તેમાં ડાકણો ચેલાઓ કે જેઓ તપસ્યાને માટે આજ સ્થાનમાં નિવાસ કરે છે, તેમને પણ પોતાના ગુરુઓની સેવા કરતા જોયા છે. પૂજા કરતી વખત તેઓ આકડાનાં પુષ્પો અને સદૈવ લીલાં રહેતાં વૃક્ષોનાં પત્રો અને શુદ્ધ જલ તેમની સમાધિઓપર ચઢાવે છે.

૧ મેલેટનું નોર્ધન એન્ટિક્વિટીઝ અધ્યાય ૧૨ મો

૨ મેલેટ અધ્યાય ૧૨, વો૦ ૧લું, પૃ૪ ૨૮૯

૩ મેલેટનું નોર્ધન એન્ટિક્વિટિઝ અધ્યાય ૧૨, કેલ્ટજાતિના ફ્રેંકલોકોમાં પણ આ રિવાજ પ્રચલિત હતો. ચિલ્પેરિકનાં શસ્ત્રો અને જે અશ્વસહિત તેને ઓડિનની સમક્ષ રજુ કરવામાં આવવા-નો હતો તેનાં અસ્થિ તેની સમાધિમાંથી પ્રાપ્ત થયાં હતાં.

નિવાસ કરે છે[1] અને તે પોતાના શિકારનાં કલેજાંનો સંહાર કરતી ફરે છે. જ્યારે કોઇની અંત્યેષ્ટિ-ક્રિયા કરવાની હોય છે વા પોતાના પૂર્વજોને વાર્ષિકજલ વા પુષ્પ ચઢાવવાનાં હોય છે, ત્યારેજ માત્ર રાજપૂતો તે નિર્જન સ્થાનમાં જાય છે, તે સિવાય કદિ પણ તેઓ ત્યાં જતા નથી.

ઓડિન સમાધિસ્થાનની આસપાસ પ્રજ્વલિત અગ્નિની મશાલ ફેરવીને પોતાના વીરોના અંતિમ નિવાસસ્થાનનું સંરક્ષણ કરતો હતો અને સલિક[2] કાયદાનો દશમો અધ્યાય જે લોકો સમાધિપરથી "ભોજન અને બિસ્તરા ઉઠાવી લઇ જાય" તેમને દંડ આપવાના સંબંધમાં છે, તેમાં આવા પવિત્ર સ્થાનમાંથી ચોરી કરનારનું જલ અને અગ્નિ બંધ કરવાનું વિધાન છે.

શહાબા[3] અર્થાત્ ગોળ ચક્રમાં ફરતી અગ્નિજ્વાળા રણક્ષેત્રોમાં કિંવા મહાસતીનાં સ્થાનોમાં જો કે મનોરંજક દેખાય છે, તથાપિ તે ઉદાસિનતાનો ભાવ પ્રકટ કરે છે. તે હિંદુઓના હૃદયમાં મિથ્યા વિશ્વાસયુક્ત ભય અને ભક્તિ ઉત્પન્ન કરે છે; પરંતુ તેની ઉત્પત્તિનું સ્વાભાવિક કારણ મુડદાં સડી જવાથી ફોસ્ફરસનું ઉત્પન્ન થવું એજ છે.

સ્કૅન્ડિનેવિયાના નિવાસીઓ મુડદાંની ભસ્મપર ગુંબજ બંધાવતા હતા અને ઝક્ષરતીસ નદીના તટપરના જેટીલોકો તથા હિંદુઓના યુદ્ધદેવતા હરના પૂજારીઓ પણ તેજ પ્રમાણે કરતા હતા.

ગિબને જેટિક અલારિકના[4] મકબરાનું જે ઉત્તમ ચિત્ર ખેંચ્યું છે તેની બરાબરી[5] જંઘીસખાં-

---

૧ ડાકણ (સિંધની જીગરખોર) જીવતાં કલેજાં ખાઈ જાય છે. કૅપ્ટન ડબ્લ્યુએ ઉદયપુરની ખીણમાં દીર્ઘકાળપર્યંત પૂંઠ પકડીને એક હીના નામના હિંસક પ્રાણીને માર્યું કે જે ઉદયપુરની સ્મશાન-ભૂમિમાં રહેતું હતું. આ પ્રાણી આહડની* ડાકણના ઘોડાતરિકે પ્રસિદ્ધ હતું. તેનાપર આરૂઢ થઈને તે રાત્રિના સમયે બહાર નીકળતી હતી. લોકો કહેતા હતા કે એ પ્રાણીને મારવાથી આપત્તિ આવી પડશે અને પાછળથી જ્યારે એક સાબરની પૂંઠ પકડતી વખત તેઓ (કૅપ્ટન ડબ્લ્યુ) ભયંકર રીતે માર્યા ગયા ત્યારે લોકો 'ઉક્ત ડાકણના અશ્વને મારવાને લીધેજ આ આપત્તિ આવી પડી છે'એમ કહેવા લાગ્યા હતા.

૨ સૅલિક કાયદો=ફ્રેંચ રાજ્યનો પ્રાચીન કાનુન કે જે ઇસ્વીસનની પ્રાયઃ છઠ્ઠી શતાબ્દીમાં રચાયો હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ ગ્વાલિયરના પ્રસિદ્ધ ગઢની પૂર્વ તરફ, જ્યાં સહસ્રાવધિ વીર યોદ્ધા લઢીને મરણ પામ્યા છે, ત્યાં આ ફૉસ્ફરસની જ્વાળા વારંવાર આશ્ચર્યજનક દૃશ્ય પ્રકટ કરે છે. મિત્રો કે જેમની આંખો પુનઃ આ દૃશ્ય જોઇ શકશે તેમની સાથે મેં રાત્રિની વેળાએ આ ચંચલ જ્વાળાને જોઇ છે. તે એક સ્થળે બુઝાઇ જતી અને બીજે સ્થળે પુનઃ પ્રકટ થતી અને ભૂમિ વિષમ હોવાથી મહારાજા આખો દિવસ શિકાર કરીને અનેક મશાલચીઓની સાથે પાછા ફરતા હોય એવો ભ્રમ ઉત્પન્ન કરાવે છે. મેં આ જ્વાલા-શ્રેણીની પાસે જવાને માટે એક અત્યંત શૂરવીર રાજપૂતને કહ્યું; પરંતુ તેની મુદ્રા અને વાણીપરથી મારી ઇચ્છાની નિરર્થકતા સ્પષ્ટ રીતે સમજાઈ ગઇ. તે બોલ્યો કે, "હું મનુષ્યોની સાથે યુદ્ધ કરવાને તૈયાર છું, પરંતુ જેઓ યુદ્ધમાં પ્રથમ માર્યા ગયા છે તેમના આત્માની સાથે હું યુદ્ધ કરી શકતો નથી." આ જ્વાળા વારંવાર વર્ષાઋતુના અંતિમ ભાગમાં (શરદઋતુમાં) દૃષ્ટિગોચર થાય છે; કારણ કે એ વખતે ખારભરેલી કાદવકીચડવાળી ભૂમિમાંથી વરાળ નીકળવા લાગે છે.

૪ અલારિક=પાશ્ચાત્ય ગૉથ લોકોનો પ્રસિદ્ધ રાજા. તેણે અનેકવાર ઇટાલીપર આક્રમણ કર્યું હતું અને તે રોમનરાજ્યનો સ્વામી બન્યો હતો. તેનો દેહાંત ઇ૦ સ૦ ૪૧૦ માં થયેલો માનવામાં આવે છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૫ જંઘીસખાં=તાતારનો પ્રસિદ્ધ મોગલ પાદશાહ. તેનો જન્મ ઇ૦સ૦ ૧૧૬૨માં અને દેહાંત ૧૨૨૭ માં થયો હતો. તે ૧૩ વર્ષની વયે મોગલોના રાજસિંહાસનપર બેઠો હતો. ઇ૦ સ૦ ૧૨૦૬માં તેણે ચીનના

---

* આહડ-આ પ્રાચીન નગર ઉદયપુરથી પ્રાયઃ ૧॥ માઇલ પૂર્વમાં છે. અહીંઆં ઉદયપુરના મહારાણાઓનું દગ્ધસ્થાન છે, જેને મહાસતી કહેવામાં આવે છે. હાલમાં પ્રાચીન નગરનું ખંડિયેર માત્ર અવશિષ્ટ રહ્યું છે. તે ગોહિલરાજા શક્તિકુમારના સમયમાં મેવાડની રાજધાની હતું. અહીંઆંથી કેટલાક પ્રાચીન લેખો પ્રાપ્ત થયા છે. (ગૌ૦ હી૦ ઓઝા)

ની કબરજ કરી શકે છે. જ્યારે તે ઉચ્ચ સમાધિ બંધાવવામાં આવી ત્યારે તેની ચોતરફ દૂરસુધી જંગલ રાખવામાં આવ્યું કે જેથી તેનાં અસ્થિની નિકટ કોઇ મનુષ્ય જઇ શકે નહિ.

ચણુતરા, પાળીઆ અને સ્તંભો હજી પણ રણમાં પડેલા રાજપૂતોને માટે બંધાવવામાં આવે છે અને સમસ્ત રાજસ્થાનમાં મૃતવીરોનાં આવાં સ્મારકચિન્હો ઉપલબ્ધ થાય છે. આવાં સ્મારકચિન્હો-પર વીરપુરુષ અશ્વારૂઢ થયેલો અને સર્વ પ્રકારનાં શસ્ત્રોથી સુસજ્જિત થયેલો દૃષ્ટિગોચર થાય છે અને તેની પાસે પોતાના આત્માનું બલિદાન આપનારી તેની પતિવ્રતા સ્ત્રી (સતી) હોય છે; તેમજ એક તરફ સૂર્ય અને બીજી તરફ ચંદ્ર કે જે ચિરસ્થાયી કીર્તિનાં ચિન્હો છે, તેની મૂર્તિ પાષાણપર કોતરવામાં આવેલી હોય છે.

સૌરાષ્ટ્રદેશમાં કાઠી, કોમાની, બલ્લા અને ઇતર સિથિકવંશના લોકોના પ્રત્યેક નગરના કોટ આગળ પાળીઆ વા *જુઝાર (મૃતવીરોના સ્તંભ) પંક્તિબદ્ધ, વિષમ સમૂહોમાં અથવા કોઇક સ્થળે ગોળાકારમાં દૃષ્ટિગોચર થાય છે. પ્રત્યેક સ્તંભની ઉપર ગામડી રીતે વીરની આકૃતિ કોતરવામાં આવેલી હોય છે અને તેની ઉપર તેનો વધ શી રીતે થયો તે પણ જણાવવામાં આવેલું હોય છે; અર્થાત્ તેને હાથમાં બરછી-સહિત અશ્વારૂઢ થયેલો અને ક્વચિત્ ક્વચિત્ રથમાં બેઠેલો જણાવવામાં આવેલો હોય છે અને કિનારા-પર "બુદ્ધ[1] (વિષ્ણુ)ના ચાંચિયાઓને[2]" ડોલની સાથે બાંધેલાં દોરડાંપરથી નીચે ઉતરતા કોતરવામાં આવ્યા હોય છે.

તાતારના કોમાનીલોકોમાં પાદરીઓને પાષાણનાં ચક્કર મળ્યાં હતાં. જ્યાં કેલ્ટલોકોના રીતરિવાજો પ્રચલિત હતા, તે સ્થાનપર જેવાં ચક્કરો મળતાં હતાં તેવાંજ આ ચક્કરો હતાં. જો ડ્રુઇડલોકો અને ઇંદુ-સિથિયનલોકો એકજ મૂળમાંથી ઉત્પન્ન થયા હતા, એમ દર્શાવી ન શકાય તોપણ તેમનાં આવાં ચક્કરો અને રહ્યાંસહ્યાં સ્મારકચિન્હોમાં સમાનતા સિદ્ધ કરવામાં ઘણી બુદ્ધિની આવશ્યકતા પડે એમ નથી.

ન્યાયસ્થાનની મધ્યમાં જે આસન વા ત્રિલિથોન ( ત્રણ પાષાણોનું બનેલું ) હોય છે તે હર, બલ અને સૂર્યના સંબંધમાં પવિત્ર ગણાતી સંખ્યાથી બનાવવામાં આવેલું હાય છે. આ દેવોના પૂજારીઓ કાયદાની વ્યાખ્યા કરે છે.

**શસ્ત્રપૂજા**—રાજપૂતો પોતાંના અશ્વને જેટલા ચહાય છે, તેટલીજ ભક્તિ તેઓ પોતાનાં શસ્ત્રો-પ્રત્યે દર્શાવે છે. તેઓ પોતાના ખડ્ગના શપથ લે છે અને પોતાનો બચાવ કરનારી ઢાલ, પોતાની બરછી, પોતાની તલવાર અને પોતાની કટારને સાષ્ટાંગ પ્રણામ કરે છે.

ખડ્ગ (અસિ) અને ઘોડા (અશ્વ) ની પૂજાથીજ એશિયાખંડનું નામ પડયું. આ પૂજા સિથિયન 'જેટી લોકોમાં પ્રચલિત હતી અને હિરૉડૉટસે તેનું યથાર્થ વર્ણન કર્યું છે. ડેસિયા[3] અને થ્રેસ[4]

---

ઉત્તર ભાગપર આક્રમણ કર્યું, જેમાં ૫૦,૦૦,૦૦૦ માણસો માર્યાં ગયાં. તે ચીનનો ઉત્તરભાગ, ઇરાનનો પૂર્વ ભાગ અને સમસ્ત તાતાર, એટલા દેશોનો પાદશાહ હતો. ( ગૌ૦ હી૦ ઓઝા )

૧ દ્વારિકામાં ચોરોના દેવતાને બુદ્ધ-ત્રિવિક્રમ× કહે છે, જેનો અર્થ "ત્રણ પ્રકારનાં બળવાળો" થાય છે. આ દેવતા મિસરવાસીઓનો ત્રણ શીર્ષવાળો મર્ક્યુરી (બુધ) કે જેને હર્મીઝ ટ્રિપ્લેક્સ કહેવામાં આવે છે તેના જેવોજ છે.

૨ ચાંચિયા=દ્વારિકાંની આસપાસ ઓખામંડળ વગેરેમાં રહેતા કાબાલોકો. આ એક પ્રસિદ્ધ લુંટારાજાતિ છે અને તે પોતાને રાઠોડતરિકે ઓળખાવે છે. વિ૦ સં૦ ૧૯૫૫ના ફાલ્ગુનમાસમાં મને પણ આજ કાબા લોકોએ જામનગરના રાજ્યમાં લૂંટી લીધો હતો. આ વખતે હું પ્રાચીન વસ્તુઓની શોધ કરતો કરતો ઓખામંડળથી પાછો ફરતો હતો. ( ગૌ૦ હી૦ ઓઝા )

૩ ડેસિયા=યૂરોપમાં ડૅન્યુબ નદીની ઉત્તરે આવેલા એક પ્રદેશનું પ્રાચીન નામ (ગૌ૦હી૦ ઓઝા)

૪ થ્રેસ=પૂર્વયૂરોપના એક પ્રદેશનું પ્રાચીન નામ છે કે જે આ સમયે રોમરાજ્યની અંતર્ગત રોમેલિયા જીલ્લો કહેવાય છે. (ગૌ૦ હી૦ ઓઝા)

---

× બુદ્ધ ત્રિવિક્રમ=ત્રિવિક્રમ વિષ્ણુનું નામ છે, જેની સાથે બુદ્ધ શબ્દ કર્નલ ટૉડે પોતાની તરફથી જોડી દીધો છે. ( ગૌ૦ હી૦ ઓઝા )

માં આ રીતિ ઝક્ષરતીસનદીના તટપરના જેટીલોકોદ્વારા આણવામાં આવી હતી. આ લોકો પોતાના મૂળ નિવાસસ્થાનમાંથી ઉપર્યુક્ત દેશોમાં જઇને વસ્યા હતા અને જ્યારે તેમનાં ટાળાંએ યૂરોપપર આક્રમણ કર્યું ત્યારે તે સ્વતંત્રતાના પ્રેમીઓએ તેરીતિનો તે ખંડમાં પ્રચાર કર્યો.

જેટીરાજા ઍટિલા[1] ઍથેન્સના કિલ્લામાં સર્વ પ્રકારની ધામધૂમ અને આડંબરસહિત ખડગની પૂજા કરતો હતો. ખડ્ગની પૂજા એ રોમની અવનતિ અને પતનના ઇતિહાસમાં એક પ્રશંસનીય ઉપાખ્યાન છે. જો મહાશય ગિબને મેવાડના મહારાણાને પોતાના સમસ્ત સરદારોસહિત પોતાની બેધારી તલવાર(ખાંડા)ની પૂજા કરતા જોયા હોત તો તેઓ માર્સ(મંગળ)ના ચિન્હની અર્થાત્ તલવારની પૂજાના પોતાના જોસદાર વર્ણનને હજી અધિક ઉત્તમ બનાવી શકત.

**શસ્ત્રવિદ્યામાં પ્રવેશ**—જર્મનલોકોમાં સૈનિકકાર્યમાં પ્રવેશ કરતી વખત જે કાર્યવાહી કરવામાં આવતી હતી, તેજ કાર્યવાહી રાજપૂતોમાં પણ પ્રચલિત છે; અર્થાત્ પ્રવેશ કરનાર યુવકને એક બરછી આપવામાં આવે છે અને ઢાલ તથા તલવાર બાંધવામાં આવે છે. આ રિવાજનું વર્ણન જાગીરદારીપદ્ધતિના વિષયમાં અગાઉ આવી ગયું છે. રાજપૂતો અને પ્રાચીન કેલ્ટલોકોમાં જે ખાદ્યપદાર્થો નિષિદ્ધ માનવામાં આવતા હતા, તેની સમાનતા પણ તેમની વચ્ચેનો સંબંધ દર્શાવે છે; પરંતુ સર્વથી પ્રાચીન રિવાજોનું સવિસ્તર વર્ણન કરીને અમે આ રિવાજોનું બ્યાન સમાપ્ત કરીશું.

**અશ્વમેધ વા ઘોડાનો યજ્ઞ**–કેટલીક જડ અને ચેતન વસ્તુઓ જગતના લોકોના પૂજાના સાધારણ પદાર્થો છે. જેમકે સૂર્ય, ચંદ્ર અને તારા; તલવાર અને સર્પ; જાનવરોમાં સર્વોત્તમ એવો ઘોડો. આ ઘોડો ભક્તિની સાક્ષાત્ વસ્તુતરિકે પૂજાતો નથી; પરંતુ તે ભગવાન સૂર્યના ચિન્હતરીકે પૂજાય છે, કે જેને પ્રકૃતિનું પ્રત્યેક સંતાન પૂજ્ય માને છે. તાતારનાં મેદાનોમાં, લીબિયાની[2] મરુભૂમિમાં, ઇરાનના પર્વતોમાં, ગંગાની ખીણમાં અને ઓરિનોકોનાં[3] જંગલોમાં–એ સર્વમાં તેની પ્રભા અર્થાત્ "આ વિશાળ જગતનાં નેત્ર અને આત્મા (સૂર્ય)"ના સમાન ઉત્સાહવાળા ભક્તો ઉત્પન્ન થયા છે.

જલ, વાયુ અને સ્વભાવાનુસાર તેની પૂજાના પ્રકાર ભિન્નભિન્ન થતા હતા અને એશિયામાં બલની અને ગૅાલ[4] અને બ્રિટનના 'કેલ્ટ'લોકોના બેલિનસની વેદીઓ મનુષ્યનાં બલિદાનના રૂધિરથી આચ્છાદિત થતી હતી. બેબિલનમાં મિથ્રાસ (સૂર્ય)ને ગોધાનો[5] બલિ આપવામાં આવતો હતો અને

---

૧ ઍટિલા=હૂણજાતિનો પ્રતાપી રાજા, જેણે યૂરોપમાં મહાન વિજય પ્રાપ્ત કર્યો હતો, તેનો જન્મ ઇ૦ સ૦ ૪૦૬ માં અને દેહાંત ઇ૦ સ૦ ૪૫૩ માં થયો હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ લીબિયા=આફ્રિકાખંડનું પ્રાચીન યૂનાની નામ. લીબિયાની મરુભૂમિનો અર્થ આફ્રિકાનું પ્રસિદ્ધ સહરાનું રણ અર્થાત્ રેગિસ્તાન છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ ઓરિનોકો=દક્ષિણ અમેરિકાની પ્રસિદ્ધ નદી કે જે પારીમ પર્વતશ્રેણીની ઉત્તરેથી નીકળે છે અને ૧૫૦૦ માઇલ વહીને ઍટલાંટિક મહાસાગરમાં પડે છે. તેમાં ૪૩૬ નદીઓ અને ૨૦૦૦ નાળાં શામિલ થાય છે. આ નદી ખાસ કરીને વેનેઝુઇલા નામના દેશની માનવામાં આવે છે. (ગૌ૦હી૦ઓઝા)

૪ ગૅાલ=ફ્રાન્સ અને ઇટાલીના ઉત્તર ભાગનું પ્રાચીન નામ (ગૌ૦ હી૦ ઓઝા)

૫ બલનાથ+ (બલદેવ) ને પ્રાચીનકાળમાં ભારતવર્ષમાં પણ એનું બલિદાન આપવામાં આવતું હતું. સૂર્યને ગોધાનું બલિદાન‡ આપવાનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. રાજસ્થાનમાં બાલિમનાં×અસંખ્ય મંદિરો છે અને બલપુર (મહાદેવ) નાં કેટલાંક મંદિરો સૌરાષ્ટ્રમાં છે. એ સર્વ સૂર્યનાં સ્વરૂપો છે.

સુલેમાનનું મંદિર બલનાજ નામપર બંધાવવામાં આવ્યું હતું અને એમ પ્રતીત થાય છે કે તે સમયના સમસ્ત મૂર્તિપૂજકો હિંદુધર્મના સ્થૂલ વિશ્વાસોને માનતા હતા.

---

+ બલનાથ=કર્નલ ટૅાડે સૂર્ય (અને મહાદેવ) ને માટે અહીંઆં 'બલ' શબ્દનો પ્રયોગ કર્યો છે; પરંતુ આ નામ તેમણે 'બેલિનસ'ની સાથે મેળવવાને માટે ઉપજાવી કાઢયું છે,કે જે સર્વથા કપોલકલ્પિત છે. (ગૌ૦ હી૦ ઓઝા)

‡ બલિદાન=કર્નલ ટૅાડ આ શબ્દનો અર્થ સૂર્યને સાંઢ ચઢાવવો એવો કરે છે; પરંતુ એ પણ કપોલકલ્પિત છે. (ગૌ૦ હી૦ ઓઝા)

× બાલિમ=આ નામ પણ કર્નલ ટૅાડે સૂર્ય વા મહાદેવને માટે ઉપજાવી કાઢયું છે. રાજપૂતાના-

અક્ષરતીસ તથા ગંગાના તટપર સૂર્યને ઘોડાનો બલિ ચઢાવવામાં આવતો હતો.

ઇતિહાસનો આદિલેખક હિરોડૉટસ જણાવે છે કે, મધ્યએશિયાની મહાન જેટીજાતિ જડ પદાર્થો-માંના સર્વથી અધિક શીઘ્રગામી પદાર્થને ચેતન જીવોમાંના સર્વથી અધિક શીઘ્રગામી જીવનું બલિદાન આપવું ઉચિત માનતી હતી. રાજપૂતો અને હિંદુઓનાં સંક્રાંતિના તહેવારની પેઠેજ જેહૂનનદીના તટપર-ની જેટી અને અશ્વજાતિઓનો સૂર્યનો તહેવાર શીતકાલની સંક્રાંતિપર થતો હતો.

હિ, હય, હયવર અને અશ્વ એ સંસ્કૃત તથા તેમાંથી નીકળેલી ભાષાઓમાં ઘોડાનાં નામ છે અને ગૉથિકમાં તેને હ્રસાં, ટયૂટૉનિકમાં હૉર્સૂ અને સેકસનમાં હૉર્સ કહે છે.

બાલ્ટિકસમુદ્રના કિનારાપર વસતી જર્મનજાતિઓનો મોટો તહેવાર હી-ઉલ વા હિ-એલ (જે પર પૂર્વે ટિપ્પણ કરવામાં આવ્યું છે) હતો અને અશ્વમેધ[1] એ ગંગાના તટપરનાં સૂર્યનાં સંતાનો-નો મોટો તહેવાર હતો.

અશ્વમેધ યજ્ઞ કરવામાં પુષ્કળ વ્યય કરવો પડે છે અને તેમાં એટલો બધો ભય છે કે, આધુનિક રાજાઓ તે કરી શકતા નથી. તેનાં વિનાશકારી પરિણામોવિષેના, ભારતીયઇતિહાસના પ્રારંભિકકાળ-થી તેના અંતિમ (સ્વતંત્ર) રાજા પૃથ્વીરાજના સમયસુધીના, કેટલાક ઐતિહાસિક લેખો અમારી પાસે મોજુદ છે. રામાયણ, મહાભારત અને ચંદનો કાવ્યગ્રંથ આ મહાન પ્રભાવશાળી યજ્ઞ અને તેના ફળનાં ઉદાહરણ દર્શાવે છે.[2]

રામાયણમાં અશ્વમેધનું અત્યુત્તમ ચિત્ર આલેખવામાં આવ્યું છે. અયોધ્યાના મહારાજા દશરથ કે જેઓ રામના પિતા હતા, તેમને આ યજ્ઞને માટે આ પ્રકારની આજ્ઞા આપતા દર્શાવવામાં આવ્યા છેઃ- "યજ્ઞની તૈયારી કરો અને અશ્વને[3] સરયૂના ઉત્તર કિનારાથી છોડો."

---

૧ અશ્વમેધ (મેધનો અર્થ મારવું) માં આપણને બાજસ્વાના પુત્રોદ્વારા ઉત્પન્ન થયેલી પ્રાચીન જાતિઓનાં નામોની ઉત્પત્તિ પ્રાપ્ત થાય છે, કે જે સિંધુનદીના ઉભય તટોપર વસતી હતી અને એજ શબ્દ એશિયા શબ્દની ઉત્પત્તિનું પણ સંભવતઃ મૂળ કારણ છે. અસ્સસેની (જાતિ) કે જે સિંકદરના ઇતિહાસલેખકોની અરિઅસ્પી છે અને અસ્પાસિયાની કે જેને શરણે અર્સાસેઝ‡ સેલ્યુકસની+ પાસેથી નાશીને ગયો હતો અને જેને સ્ટ્રૅબો જેટીજાતિ લખે છે, તે એકજ મૂળમાંથી નીકળી છે; માટે અસિગઢ અર્થાત્ આસલોકોનો ગઢ (જેને ભૂલથી લોકો હાંસી કહે છે) અને અસગર્ડ એ સ્કૅન્ડિનેવિયામાં જેટી જાતિના અસિલોકોનાં મૂળસ્થાન હતાં.

માર્કોપોલો કે જેના લેખપરથી મિલ્ટને પોતાની ભૂગોળ લીધી છે તે જણાવે છે કે, સિકંદ આ સર્વ જેટીજાતિઓની આધીનતાસૂચક સેવા 'નગરોની માતા' બલ્ખમાં સ્વીકારી હતી. અહીંઆં કૈથીઅન ખાન (મારા શિલાલેખમાંનો જીટ કૈથીડા) ની રાજગાદી હતી.

૨ અંતિમ અશ્વમેધ અંબરના પ્રસિદ્ધ રાજા સવાઇ જયસિંહે કર્યો હતો; પરંતુ સૂર્યનો દુગ્ધ-વર્ણ શ્વેત અશ્વ છૂટો મૂકવામાં આવ્યો હોય એમ હું માનતો નથી, નહિ તો રાઠોડલોકો અવશ્ય યુદ્ધનો સ્વીકાર કરત.

૩ વિશિષ્ટ ચિન્હયુક્ત દુગ્ધવર્ણ અશ્વ ચુંટી કાઢવામાં આવે છે. એને છૂટા મૂકતાં તેની ઉત્તમ પ્રકારે રક્ષા કરવામાં આવે છે અને તે પોતાની ઇચ્છાનુસાર ભ્રમણ કરે છે. આ રીતે અશ્વ ભ્રમણ કરે તેનો અર્થ યુદ્ધની માગણી છે. યુધિષ્ઠિરના છોડેલા અશ્વની રક્ષા અર્જુને કરી હતી; પરંતુ તેના પૌત્ર

---

માં આ કલ્પિત નામ સર્વથા અજ્ઞાત છે અને આજ હાલ સૌરાષ્ટ્રને માટે બલપુરનો પણ છે. વલ્લભી-પુરનું નામ 'બલ' ઉપરથી પડયું છે એવું અનુમાન કરી તેમણે 'બલપુર' નામની કલ્પના કરી હોય તો તેમાં આશ્ચર્ય નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

‡ અર્સાસેઝ=પાર્થિઆનો એક રાજા કે જેણે ઇ૦ સ૦ પૂ૦ પ્રાયઃ ૨૫૦ માં ઉક્ત દેશપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

+ સેલ્યુકસ=એ સિકંદરના પ્રસિદ્ધ સેનાપતિ સેલ્યુકસનો વંશજ હોવો જોઇએ, કે જે સીરિયા અને ઇરાનનો પાદશાહ હતો અને જેને સેલ્યુકસ કૅલિનિકસ કહેવામાં આવતો હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

એક વર્ષ વ્યતીત થયા પછી જ્યારે ઘોડો પરિભ્રમણ કરીને પાછો ફર્યો[૧] ત્યારે તેને જે સ્થાનેથી પ્રથમ છોડવામાં આવ્યો હતો તે સ્થાનપર યજ્ઞભૂમિ તૈયાર કરવામાં આવી.

ચારે તરફના નૃપતિઓને અર્થાત્ રાજા કૈકય,[૨] કાશીના રાજા, અંગદેશના[૩] લોમપાદ, મગધ[૪] દેશના કોશલ, સિંધુદેશના[૫] અને સૌબીર[૬] તથા સૌરાષ્ટ્રના[૭] રાજાઓને અયોધ્યામાં પધારવાને નિમંત્રણ કરવામાં આવ્યું.

જ્યારે યજ્ઞના સ્તંભોને ઉભા કરવાનું કાર્ય સમાપ્ત થયું,ત્યારે યજ્ઞનો આરંભ થયો. યજ્ઞનો તે અંશ કે જેને યૂપર્યય કહેવામાં આવે છે,તેનું સૂક્ષ્મ વર્ણન આ પ્રમાણે છેઃ-"એકવીસ અષ્ટકોણ યૂપ વા [૮]સ્તંભ

પરીક્ષિતના છોડેલા અશ્વને "ઉત્તરના તક્ષકલોકોએ પકડી લીધો હતો." આજ દશા દશરથના પિતા સગરની થઇ હતી, જેથી તેનું રાજ્ય નષ્ટ થયું હતું.

૧ એક વર્ષ પછી અશ્વનું પાછું ફરવું એ સ્પષ્ટ રીતે ખગોળવિષયક એક ભ્રમણ અથવા સૂર્યનું જ્યાંથી તે નીકળ્યો તેજ સ્થળે પાછું આવવું સ્પષ્ટ રીતે પ્રકટ કરે છે. સૂર્ય જે દિવસે પોતાના દક્ષિણાયનથી પાછો ફરે તે દિવસને સિથિયન અને સ્કેન્ડિનેવિયન લોકો સદૈવ આનંદનો દિવસ માનતા હશે; કારણકે ગિબન કહે છે કેઃ-"જ્યારે ઉત્તર તરફનો શીતલ વાયુ ચાલતો હશે ત્યારે તેઓ પોતાના વિશાળ નિવાસસ્થાનને નરક કરતાં પણ અધિક દુઃખદાયી સમજતા હશે." તેઓ આ દેવતા (સૂર્ય)ને માટે દક્ષિણતરફ અનિમિષનેત્રે જોયા કરતા હશે અને આજ કારણથી રાજપૂતોમાં પણ ઘરનું દ્વાર ઉત્તર તરફ રાખવાનો નિષેધ છે.

૨ રામાયણના અનુવાદક ડૉકટર કૅરેના અભિપ્રાયનુસાર કૈકય‡ ઇરાનનો રાજા હોવો જોઈએ. (ત્યાં)'કૈ' વંશ દારાની પૂર્વે થયો હતો. હિંદુઓના લોકપ્રચલિત દોહામાં કૈ ઉપાધિ વારંવાર પ્રાપ્ત થાય છે. મારા સ્મરણમાં રહેલો એક દોહો જયપુરરાજ્યમાં આવેલા અભયનેરના પ્રાચીન ખંડિયેરોની સાથે સંબંધ ધરાવે છે અને તેમાં ત્યાંના એક રાજાનો વિવાહ કૈ કમ્બની પુત્રી સાથે થયાનો નિર્દેશ છે.

"તું બેટી કૈ કમ્બની નામ પરમલા હો" ઇત્યાદિ; જેનો અર્થ એ છે કેઃ-"તું કૈ કમ્બની કન્યા છે અને તારૂં નામ પરમલા છે." ઇરાનના રાજાઓના એક વંશની ઉપાધિ પણ કૈ હતી.

પ્રશ્ન—શું કામબખ્શ યૂનાનીઓનો કૅમ્બિસેસ નથી?

[૩]ટિબેટનો આવા* [૪]બિહાર. [૫]સિંધ [૬]મને જ્ઞાત નથી.+

[૭]સૌરાષ્ટ્ર એ સંપૂર્ણ કાઠિયાવાડનું નામ નહિ, પણ તેના દક્ષિણભાગનું નામ હતું કે જે હાલમાં સોરઠ નામથી પ્રસિદ્ધ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૮ મેં અતિ પ્રાચીન કાળના પાષાણના કેટલાક યજ્ઞસ્તંભો∂ જોયા છે. ઘણાં વર્ષો પૂર્વે જ્યારે રાજપૂતરાજ્યોમાં મરાઠાઓનો ત્રાસ હતો ત્યારે સુરતનો એક પરમ સત્પાત્ર અને ધનાઢ્ય વ્યાપારી કે જેનું કુળનામ ત્રિવેદી હતું અને જેને ઉક્ત લૂંટારા શત્રુઓ રામ અને કૃષ્ણના સંતાનોને સતત જે

‡કૈકય-એ ઇરાનનો રાજા નહોતો તેમજ એ નામને ઇરાનના "કૈ" વંશની સાથે કાંઇ સંબંધ પણ નથી. વળી કર્નલ ટૉડ જણાવે છે તેમ હિંદુલોકોના દોહામાં પણ "કૈ" નામની કોઇ ઉપાધિ પ્રાપ્ત થતી નથી. કર્નલ ટૉડે અહીંઆંના રાજા તથા ઇરાનના "કૈ "વંશી રાજાઓ એક હતા એવું અનુમાન કરવાની ધૂનમાં "કૈ" ને ઉપાધિ માની લીધી છે. કૈકયનો અર્થ કૈકય દેશનો રાજા છે. કૈકયદેશ સિંધની પાસે આવેલા દેશનું નામ હતું. (ગૌ૦ હી૦ ઓઝા)

* અંગદેશ એ ટિબેટ વા આવાનું નામ નહિ પણ બંગાલાના પશ્ચિમ ભાગનું નામ હતું. તેની રાજધાની ચંપાપુરી હતી અને તેને અંગપુરી પણ કહેવામાં આવતી હતી. (ગૌ૦ હી૦ ઓઝા)

+સૌબીર-સિંધુ સૌબીર આ ઉભય નામો બહુધા સાથેજ લખેલાં પ્રાપ્ત થાય છે, કે જે (ઉભય) સમસ્ત સિંધ દેશનાં સૂચક છે; માટે સૌબીર એ સિંધના એક ભાગનું નામ હોવું જોઇએ. (ગૌ૦ હી૦ ઓઝા)

∂પાષાણના અતિ પ્રાચીન કાળના જે યજ્ઞસ્તંભો જોયાનું કર્નલ ટૉડ લખે છે તે વાસ્તવમાં યજ્ઞસ્તંભ નથી. પાષાણના જે અતિ પ્રાચીન કાળના સ્તંભો હાલમાં આ દેશમાં ઉપલબ્ધ થાય છે તેમાંના કેટલાક તો મૌર્યવંશી રાજા અશોકના સ્થાપિત કરેલા બૌદ્ધસ્તંભો છે. જેમ કર્નલ ટૉડે આ પ્રાચીન સ્તંભોને યજ્ઞસ્તંભ માન્યા છે તે પ્રમાણે અંતિમ ચૌહાણવીર હમીરના સભાસદ રાઘવદેવના પૌત્ર વા સ્તંભ

ઉભા કરવામાં આવ્યા. તેમાંના પ્રત્યેકની ઉંચાઈ ૨૧ ફીટ અને વ્યાસ ૪ ફીટ હતો. તેના શિખરપર મનુષ્ય, હસ્તી વા સાંઢની મૂર્તિઓ હતી. પવિત્ર ધાર્મિક ક્રિયાઓમાં જે કાષ્ઠ વાપરી શકાય તેવાં ભિન્ન ભિન્ન પ્રકારનાં કાષ્ઠમાંથી તેને બનાવવામાં આવ્યા હતા. તેની ઉપર સુવર્ણનાં પતરાં જડેલાં હતાં અને તે વેલબુટ્ટાવાળાં વસ્ત્રો તથા પુષ્પોનાં તોરણથી આચ્છાદિત હતા. જે સમયે સ્તંભો ઉભા કરવામાં આવ્યા તે સમયે અધ્વર્યું, હોતા અર્થાત્ યજ્ઞના આચાર્યદ્વારા અનુશાસન પ્રાપ્ત કરી ઉચ્ચ સ્વરથી 'મંત્રોચ્ચારણ કરતો હતો.

યજ્ઞકુંડ ગરુડાકૃતિ આકારની ત્રણ પંક્તિઓમાં બનાવવામાં આવ્યા હતા અને તે સર્વ મળીને ૧૮ હતા. આ સ્થળે વધ કરવાનાં પ્રાણીઓને અર્થાત્ પક્ષી, જલચર પ્રાણી અને ઉક્ત અશ્વ એ સર્વને રાખવામાં આવ્યાં હતાં.

મહારાજા દશરથના આ ઘોડાને કૌશલ્યાએ ત્રણ વાર યજ્ઞાગ્નિની પ્રદક્ષિણા કરાવી અને બ્રાહ્મણોનો મંત્રોચ્ચારણ થતાં આનંદના કોલાહલમાં તેનો વધ[1] કરવામાં આવ્યો.

મહારાજા અને મહારાણીને પ્રધાન ઋત્વિજે અશ્વની નિકટ બેસાર્યાં. તેઓ પક્ષીઓનું નિરીક્ષણ કરતાં આખી રાત બેસી રહ્યાં. પુરોહિત તે (પ્રાણીઓનાં) હૃદયને બહાર કાઢીને શાસ્ત્રાનુસાર પ્રસન્નતાપૂર્વક તેમને તૈયાર કરતો હતો. હોમેલાં હૃદયોનો નૃપતિએ સુગંધ લીધો અને તેમણે પોતાના કરેલા અપરાધોનો જે ક્રમથી તે કરવામાં આવ્યા હતા તે ક્રમથી સ્વીકાર કર્યો.

પછી યજ્ઞ કરાવનાર ૧૬ ઋત્વિજો (શાસ્ત્રાજ્ઞાનુસાર) ઘોડાનાં અંગોને અગ્નિમાં હોમવા લાગ્યા. સર્વ જીવોનો હવ્ય કાષ્ઠથી આપવામાં આવ્યો હતો, જ્યારે અશ્વનો હવ્ય નેતરથી આપવામાં આવ્યો હતો.

યજ્ઞ થઇ રહ્યા પછી ઋત્વિજો અને ભવિષ્યવેત્તાઓને ભૂમિદાન આપવામાં આવ્યું; પરંતુ પવિત્ર પુરુષો (બ્રાહ્મણો) સુવર્ણદાનનોજ સ્વીકાર કરતા હોવાથી તેમને એક કોટિ જાંબુનદ[2] (જાંબુ જેવા રંગના સુવર્ણના સિક્કા) આપવામાં આવ્યા."

---

દુઃખ દેતા હતા તે જોઇને ઘણી કરુણા આવી હતી. તેણે આંખમાં અશ્રુ લાવીને મને કહ્યું કેઃ—"જયપુરની આપત્તિઓનું કારણ એ છે કે ત્યાંના રાજા જગતસિંહે યજ્ઞસ્તંભોપરનાં સુવર્ણનાં પતરાં ઉખેડી નખાવી તેને પોતાના ખજાનામાં મોકલાવી દઇને મહાપાપ કર્યું છે." સોલોમન (સુલેમાન)ની તૈયાર કરાવેલી સુવર્ણની ઢાલોને મંદિરમાંથી દૂર કરી રેહોબોમે તેના સ્થાનપર પીત્તળની ઢાલો મૂકાવી હતી. તેના આ કુકર્મ કરતાં પણ ઉક્ત મહારાજનું કર્મ અધિક નીચ માનવામાં આવતું હતું. ઉક્ત સુવર્ણનાં પતરાંને ઢાળીને તેના સિક્કા બનાવવામાં આવ્યા અને તે સિક્કા મરાઠાઓની ઉપર યુદ્ધના વ્યયને માટે મોકલવામાં આવ્યા અથવા તેને તેથી પણ અધિક નીચ કાર્યમાં યોજવામાં આવ્યા અર્થાત્ તેને તેની રસકપુર નામની રખાતને આપવામાં આવ્યા. આ કાર્ય ઉક્ત રાજાનાં મૂર્ખતાભરેલાં ઇતર કાર્યોના જેવુંજ હતું. જયસિંહે ઉક્ત સ્તંભો સ્થાપિત કરી પોતાના દેશની પ્રતિષ્ઠા વધારી હતી. જયસિંહ જયપુરના રાજ્યનો દ્વિતીય સંસ્થાપક હતો અને તેના રાજત્વકાળમાં તેણે ઉન્નતિ પ્રાપ્ત કરી હતી; પરંતુ હવે તેની અવનતિ થઇ છે.

૧ નૌરોઝ અર્થાત્ નૂતન વર્ષના તહેવારપર મોગલપાદશાહ પોતાના હાથથી એક ઉંટ મારતો હતો અને તે પોતાના પ્રેમપાત્ર માણસોને વહેંચી આપતો હતો.

૨ આ જાંબુ નામના ફલના રંગ જેવા સુવર્ણનું નામ નથી, પણ જંબુ નામની નદીની રેતીમાંથી નીકળેલા સુવર્ણનું નામ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

---

શારંગધરે પણ ફીરોઝશાહના સ્તંભ નામના અશોકના સ્તંભને યજ્ઞસ્તંભ માન્યો હતો. આ સ્તંભ ફીરોઝશાહના સમયમાં દિલ્હીમાં આણવામાં આવ્યો હતો. ચૌહાણરાજા વિસલદેવ (વિગ્રહરાજ)ના વિ૦ સં૦ ૧૨૨૦ના ત્રીજા લેખના બન્ને શ્લોકો તેણે પોતાના પુસ્તક "શારંગધર પદ્ધતિ" માં જ્યાં ઉદ્ધૃત કર્યાં છે (પૃ. ૨૦૫-૨૦૬) ત્યાં જણાવ્યું છે કે તે તેના પાષાણના યજ્ઞસ્તંભની પ્રશસ્તિમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. (**एतौ नृग नृपति पाषाण यज्ञयूप प्रशस्तौ ।**) આને યજ્ઞસ્તંભ માનવાનું કારણ તેપર કોતરાયેલો અશોકનો લેખ વાંચી ન શકાયો તેજ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

મૂર્તિપૂજકોના સર્વથી પ્રાચીન અને અધિક પ્રભાવશાળી અશ્વમેધનું વિસ્તૃત વૃત્તાંત[1] આ પ્રકારે લખવામાં આવ્યું છે. (ઈશ્વરના) પસંદ કરેલા લોકોથી લઈને રોમના ઑરેસ્પેક્સ લોકોપર્યંતના ભિન્ન ભિન્ન જાતિના લોકોની આ અને આ પ્રકારની અન્ય રીતો અને કૅથોલિકધર્મની પાપ સ્વીકારવાની રીતની વચ્ચે સમાનતા બતાવવી અનાવશ્યક છે.

સંક્રાંતિ[2] વા શિવરાત્રિ[3] શીતકાલમાં આવે છે. આ પ્રસંગે સૂર્ય વા બલનાથને ઘોડાનું બલિદાન આપવામાં આવે છે.

સ્કૅન્ડિનેવિયનલોકો સૌથી લાંબી રાતને 'રાત્રિમાતા' કહેતા હતા અને તેજ રાતને જગતની ઉત્પત્તિની રાત માનતા હતા. આથીજ બેલ્ટાની અર્થાત્ બલ વા બેલીનસની જ્વાલા ઉત્તર પ્રદેશમાં વસતી જાતિઓનો હિ-ઉલ અને અશ્વમેધ વા સૂર્યની પૂજાના યજ્ઞકુંડના અગ્નિનું અસ્તિત્વ છે. સૂર્યની પૂજા સૂર્યવંશી લોકો ગંગાને કિનારે અને સીરિયન તથા સૅરોમેટી લોકો ભૂમધ્ય સમુદ્રના તટપર કરતા હતા.

ફિનિશિયાના હેલિઓપોલિસ, બાલ્બેક[4] વા ટાડમોર[5] લોકોની પવિત્ર વેદીઓ તેજ દેવતાને માટે રચવામાં આવતી હતી, કે જેને માટે સરયૂના તટપર અને સૌરાષ્ટ્રદેશાંતર્ગત બલપુરમાં[6] વેદીઓ બનાવવામાં આવતી હતી, જ્યાંના રાજાઓને વિજય કરવાને માટે લઈ જવાને "સૂર્યના અશ્વો તેના કુંડ ( સૂર્યકુંડ ) માંથી નીકળતા હતા."

કૅાલ્ટક ડ્રુઇડ લોકોના શિક્ષકો સીરિયામાંથી આવ્યા હતા. તેઓ મનુષ્યનું બલિદાન આપતા હતા અને તેમણે કૅમ્બ્રિયા તથા કૅલેડોનિયાના પહાડોપર બેલેનસના નામના સ્તંભો ઉભા કર્યા હતા.

"જ્યારે જુડાએ પરમેશ્વરની દૃષ્ટિમાં પાપ કર્યું, ત્યારે તેણે પ્રત્યેક ઉચ્ચ પહાડપર અને પ્રત્યેક વૃક્ષની નીચે ઉંચા ઉંચા ચબુતરા, મૂર્તિઓ અને બગીચા તૈયાર કરાવ્યા." આ વસ્તુઓ બલને નિમિત્તે તૈયાર કરવામાં આવી હતી અને સ્તંભ (લિંગ) તેનું ચિન્હ હતું. આ દેવતાની વેદીપર તેઓ ધૂપ કરતા હતા અને મહિનાની પંદરમી તિથિએ (હિંદુઓની પવિત્ર અમાવાસ્યાને દિવસે) વાછરડાનો બલિ આપતા હતા. દસ્રાયલનો વાછરડો એ બાલકેશ્વર વા ઇશ્વરનો સાંઢ ( નંદી) છે અને મિસર દેશના ઓસિરિસનો એપિસ છે.

---

૧ કર્નલ ટૉડે રાજા દશરથના અશ્વમેધયજ્ઞનું વર્ણન રામાયણમાંથી ઉદ્ધૃત કર્યું છે, તેમાં તેમણે કાંઇને બદલે કાંઈ લખી દીધું છે. અમે તેપર સ્થળે સ્થળે ટિપ્પણ આપવું ઉચિત ધાર્યું નથી. પાઠકોએ તેનું યથાર્થ વર્ણન જાણવાને માટે વાલ્મીકિરચિત રામાયણ અથવા તેના હિંદીઅનુવાદના બાલકાંડના સર્ગ ૧૩ અને ૧૪ જોવા. (ગૌ૦ હી૦ ઓઝા )

૨ નાના નાના કિનખાબના બટવામાં તલના દાણા અને તલના લાડુ રાખવામાં આવે છે અને રાજાઓ તે પોતાના મિત્રમંડળમાં વહેંચે છે; તથા ગ્રંથકર્તા જે સમયે આ લખે છે તે સમયે તેની સમક્ષ યુવાન મરાઠામહારાજા હોલકરે મોકલેલા એવા બે બટવા પડેલા છે.

૩ શિવરાત્રિ કદાચ પિતૃરાત્રિ હશે. શિવ-ઈશ્વર જગતનો પિતા છે.

૪ ફિરિસ્તા કે જેણે ભારતના શહેનશાહોનો ઇતિહાસ લખ્યો છે, તે આ શબ્દને ફારસી વા અરબી શબ્દોથી બનેલો દર્શાવે છે: બલ=સૂર્ય, અને બેક=મૂર્તિ.

૫ આ શબ્દ અપભ્રષ્ટ થઇને પાલ્માઇરા બની ગયો છે. એની ઉત્પત્તિ ક્યાંથી થઇ તે મારી માન્યતા પ્રમાણે અદ્યાપિ કદિ દર્શાવવામાં આવ્યું નથી; પણ એ ટાડમોરનુંજ રૂપાંતર છે. સંસ્કૃતમાં 'તાડ'ને 'તાલ' વા 'તાડ' કહે છે અને 'મોર' નો અર્થ 'મુખ્ય' છે. ભારતમાં એકથી અધિક નગરોનાં નામ "તાડનગર" (તાલપુર) છે અને સિંધ હૈદ્રાબાદમાં જે જાતિ શાસન કરે છે તે જે સ્થાનમાં પ્રથમ રહેતી હતી તે સ્થાનના કારણથી તાલપુરી કહેવાય છે.

૬ બલપુર-આ નામ કર્નલ ટૉડે 'વલ્લભીપુર' ના નામનો સૂર્યની સાથે સંબંધ બતાવવાની ઇચ્છાથી કલ્પી કાઢેલું હોવું જોઇએ. એ નગરને બદલે 'બલપુર' કોઇ પણ લેખકે લખ્યું નથી. 'બલ' નો અર્થ "સૂર્ય" અહીંની ભાષામાં કદિ પણ થતો નથી. ( ગૌ૦ હી૦ ઓઝા )

પશ્ચિમના દેશોમાં સૂર્યદેવતાના સંબંધમાં એશ (નામનું વૃક્ષ) પવિત્ર હતું. પૂર્વમાં જે પુસ્તકોને બલના સંબંધમાં પવિત્ર માનવામાં આવે છે, તેમાં અશ્વત્થ વા [1]પીપલને "વૃક્ષોમાં મુખ્ય" ગણવામાં આવ્યું છે અને જે કોઇ ધર્મદ્રોહી તેની પવિત્ર કુંજોને[2] કાપે તેનું એકાદ અંગ કાપી નાખવાની અથવા તેનો શિરચ્છેદ કરવાની તે આજ્ઞા ફરમાવે છે. આ વૃક્ષોની આગળ અશ્વત્થને નહિ કાપવાની આજ્ઞાસહિત એક સ્તંભ ઉભો કરવામાં આવે છે.

અત્રે અમે ઇન્ડોસિથિયન રાજપૂતો અને યૂરોપની પ્રાચીન જાતિઓવચ્ચેની સમાનતાનું વર્ણન સમાપ્ત કરીએ છીએ. બીજાં પણ અધિક સમાનતાનાં દૃષ્ટાંતો આપી શકાય એમ છે. જો સ્કેન્ડિને-

૧ પીપલ, એ ઇટાલી અને જર્મનીનું પોપલ ( પોપ્લર ) વૃક્ષ કે જેની એક જાતિ ઍસ્પન છે તેની સાથે સંપૂર્ણતઃ મળતું આવે છે. આ વૃક્ષ તેની સાથે એટલું બધું મળતું આવે છે કે કૅરોલિના-થી લાવવામાં આવેલી પીપલની એક જાત લૅગો મૅગિઓરના આઇસોલા બેલામાં પાપુલસ ઓગ્યુ-લાટા કહેવાય છે અને બીજી જાત ટૂલનનાં જોર્ડિન ડેસ પ્લૅન્ટીસ માં ફાઇકિસ પાપુલીફોલિયા ઑાન ફિગુઇર આ ફ્યુલીઝ ડી પ્યુપલિયર કહેવાય છે. ઍસ્પન વા ઍશનું વૃક્ષ કે જેને કેલ્ટજાતિના ધર્માચાર્યો પવિત્ર માનતા હતા તે પહાડી ઍશ કહેવાય છે.

'બલના વાછરડા'ને સાધારણ રીતે પીપલની નીચે રાખવામાં આવે છે અને હિંદુઓની કથાનુ-સાર તે વૃક્ષ કદિ પણ સૂકાય નહિ એવું પવિત્ર છે અને એમ કહેવાય છે કે સૌરાષ્ટ્રના સમુદ્રતટપર હિંદુઓનો ઍપોલો, હરિ ( સૂર્ય ) આજ વૃક્ષની નીચે જંગલી ભીલના હાથથી માર્યો ગયો હતો.

૨ રાજપૂતોના ધાર્મિક વિશ્વાસપર જો કે શતાવધિ વર્ષોથી મોગલો અને ગુલામપઠાણોનો આઘાત થતો રહ્યો છે તોપણ તેઓ તે વિશ્વાસ પ્રમાણે પવિત્ર પીપલ અને છાયાદાર વટપર કોઇને કુહાડી મારતાં જોઇ શકતા નથી. તેઓ તેને શાપ દે છે. આવા પ્રાચીન કાળના ધાર્મિક વિશ્વાસપર જે જાણી બુજીને આઘાત કરે તે માણસનું પૂરેપૂરૂં દુર્ભાગ્ય સમજવું; તોપણ આપણા દેશના લોકો (અંગ્રેજો) કે જેઓ પૂર્વીય દેશોમાં રહે છે તેઓ અન્ય દેશના સમસ્ત વિશ્વાસોને તુચ્છ ગણીને હિંદુસ્થાની માર્સનાં પવિત્ર પક્ષીઓપર ગોળીબાર ચલાવે છે,બલના વાછરડાને મારે છે અને પવિત્ર પીપલને દેશી-ઓની નજરસમક્ષ જરા પણ સંકોચવિના કાપી નાખે છે.

જે લોકો આવા વિશ્વાસોની સાથે મૂર્ખતાભરેલો વ્યવહાર કરે છે, તેઓ અજ્ઞાન અને બેવકૂફ છે. આ વિશ્વાસો બુદ્ધિની પહોંચની બહાર છે. જે માણસ આવા વિશ્વાસોનો આદર કરતો નથી તે અનુદાર છે અને જે માણસ આવા અપરાધો અટકાવવાને માટે પૂર્ણ યત્ન કરતો નથી તે બુદ્ધિશૂન્ય છે. આમ કરવાથી આપણા બળની વગોવણી થાય છે અને આપણે તેમની દુર્બલતાનો અનુદારતાપૂર્વક લાભ લઇએ છીએ એમ કહેવાય છે. આપણે સ્મરણમાં રાખવું જોઇએ કે બલનાં મંદિરો, તેનો પિપલ અને તેનાં પવિત્ર પક્ષી (મોર) એ સૌના રક્ષકો કોણ છે. સૂર્ય અને ચંદ્રના સંતાનો અને પ્રાચીનકાળના ઋષિઓના સંતાનો કે જેઓ આપણી સેનામાં ભરેલા છે અને જે આપણા સમસ્ત કામો ધ્યાનપૂર્વક ગૂપચૂપ જોઈ રહ્યા છે તેઓ તેમના રક્ષક છે. એ લોકો સમગ્ર મનુષ્યજાતિમાં આપણને સૌથી અધિક ચાહનાર, અત્યંત વફાદાર અને આજ્ઞાધારી છે. તેમના વિશ્વાસોનો આદર કરી,તેમના અભિમાનનું સંરક્ષણ કરી, તેમને તેમનાં કર્તવ્યો, આજ્ઞાપાલન અને આપણાપ્રત્યેની અનુરક્તિમાં દૃઢ રાખવા એ આપણી ફરજ છે. આ વાત પૂર્ણતઃ નિભાવવાપર આપણા લોકોના ભારતવર્ષપરના રાજ્યનો ટકવાનો આધાર છે; પરંતુ ગત પંદર વર્ષોમાં એ લોકોનો પ્રેમ આપણા તરફ બિલકુલ વધ્યો નથી.આપણે આ પ્રશ્ન વિચારવાન પુરુષોની સમક્ષ મૂકવો જોઇએ કે તેમણે આપણે માટે જેટલાં રાજ્યો જીત્યાં છે તેટકું તેમનું સુખ વૃદ્ધિંગત થયું છે વારૂ?અથવા તેમનું સુખ તેટલુંજ ઘટયું છે?શું તેમનું ભત્તુ અને તેમનું સુખ ઘટયું નથી? આજથી ૨૦ વર્ષપૂર્વે રૂપિયા અને જીવનની સુખદાયક વસ્તુઓની વચ્ચે જે સંબંધ હતો તેજ સંબંધ શું અદ્યાપિ કાયમ છે? જે પ્રકારે અર્ધા ભત્તાવાળા સિપાઈઓની છાવણી અને કર્તવ્યો વધ્યાં છે, તે પ્રકારે શું મુદ્રાનો ભાવ સેંકડે ૨૫ ટકા ઘટી ગયો નથી? શાસક અને સેવકના લાભાર્થે આપણે આ વાતોનું શોધન કરવું જોઇએ. હું પરમ સત્યતા સાથે

વિયાના પ્રાચીન રૂનિક, કેલ્ટિક અને ઓસિ વા ઇટ્રુસ્કન અક્ષરોનો રાજસ્થાન અને સૌરાષ્ટ્રની ગુફાઓમાં તથા પાંષાણોપર પ્રાપ્ત થતા અક્ષરોની સાથે મુકાબલો કરવામાં આવે તો બીજાં પણ પ્રારંભિક સમાનતાનાં ઉપયોગી પ્રમાણો મળી શકે એમ છે અને જર્મન લોકોનું નામ પણ[1] રાજપૂતોના વેર ( શત્રુતા ) અને વેરી ( શત્રુ ) એ શબ્દોમાંથી નીકળેલું પ્રતીત થાય છે.

જો આ સમાનતાઓ કેવલ સંયોગવશાત્ મળી ગઈ હોય તો તો અત્યારપૂર્વે પુષ્કળ કહેવાઈ ગયું છે; પરંતુ જો તેમ ન હોય તો અહીંઆં અન્ય લોકોની સહાયને માટે પ્રમાણો આપવામાં આવ્યાં છે અને કલ્પના કરવામાં આવી છે.



દૃઢતાપૂર્વક કહી શકું છું કે, હું આ સર્વ વાતો કેવળ સર્વ લોકોનું અંતઃકરણપૂર્વક કલ્યાણ ઇચ્છીને કહું છું. હું રાજ્યસેવાપ્રત્યે પ્રેમ રાખતો હતો અને દેશીસિપાઇઓની સાથે પણ પ્રીતિ રાખતો હતો. દેશીસિપાઇ જ્યારે પ્રસન્નતાપૂર્વક કાર્ય કરે છે, ત્યારે તે કેવું ઉત્તમ કાર્ય કરે છે તે મેં સિદ્ધ કરી બતાવ્યું છે. ઇ૦ સ૦ ૧૮૧૭ માં ૩૨ પથરકલાવાલા મારા ગાર્ડના સિપાઇઓએ ૧૫૦૦ શત્રુઓની છાવણીપર આક્રમણ કરી તેમને પરાસ્ત કરી છિન્નભિન્ન કરી નાખ્યા અને પોતાનાથી ત્રણગણા‡ સિપાઇઓને મારી નાખ્યા. હું સદાને માટે તે સ્થળ છોડયા પછી કાંઇ પણ આવેશવિના એક (સિપાઈ) ના કલ્યાણને માટે મારો મત રજુ કરૂં છું, કે જેની સાથે બીજા (અંગ્રેજ) ની દૃઢતા વા તેથી વિપરીત ઘટના બનવી નિર્ભર છે.

૧ ડી એન્વિલની આપેલી જર્મન શબ્દોની ઉત્પત્તિઃ વેર (યુદ્ધ) અને મેનસ (મનુષ્ય).

‡ કોરીગામ કે જે ભારતવર્ષનું થર્મોપિલી છે તે શું કહે છે? પાંચસેં પથરકલાવાલા સિપાઇઓ ૨૦ હજાર યોદ્ધાઓની સાથે લડયા! શું ઇતિહાસમાં નેપોલિયનનું આથી વિશેષ ચમત્કૃતિભરેલું કાર્ય લખ્યું છે? શું કોઇ પણ સ્તંભ આ સ્મરણીય દિવસને માટે યૂરોપીઅન વા દેશીયોદ્ધાઓનાં નામપર સ્થાપિત કરવામાં આવ્યો છે, કે જેથી ભવિષ્યમાં લોકો તેને જોઇને એવાં એવાં વીરતાભરેલાં કાર્યો કરવાને ઉદ્યત થાય? વીર ફિટ્ઝ્જીરાલ્ડની છાતીપર નાગપુરના મેદાનમાં વીરતા દર્શાવવાને માટે કયો ચાંદ ચમકી રહ્યો છે? કોઇ બીજા સ્થળપર અને બીજે સમયે "મારી જોખમદારીપર ગોળા છોડો" એ તેના શબ્દો તેના ટોપપર અંકિત કરવામાં આવે. આ વાતોપર સુધારણાને માટે ધ્યાન આપવાની આવશ્યકતા છે.

# परिशिष्ट २ जुं–अध्याय ७ मो

## છત્રીસ રાજવંશોની નામાવલી

રાજસ્થાનની વીરજાતિઓની પ્રાચીન વંશાવલીઓ અને તેમના ગુણ અને ધર્મના જે પ્રધાન અંશો પ્રારંભિકકાળની યૂરોપિયનજાતિઓના ગુણ અને ધર્મના મુખ્ય અંશોની સાથે સમાનતા ધરાવે છે, તેનું વર્ણન કર્યાં પછી હવે છત્રીસ રાજકુલોની નામાવલી તથા વૃત્તાંતનું સંક્ષેપમાં વર્ણન કરીએ છીએ.

એ છત્રીસ કુલનાં નામ નીચે પ્રમાણે છે. તેમાંનાં જે જે કુલની શાખાઓની જે જે સંખ્યા જણાઈ છે તે પણ તે તે કુલના નામની છેવટે આપેલી છે.[1]

૧–ઇક્ષ્વાકુ, કાકુત્સ્થ વા સૂર્ય; ૨–ઇન્દુ, સોમ વા ચંદ્રાન્વય; ૩–ગ્રહિલોત વા ગેહલોત, શાખા ૨૪; ૪–યદુ, શાખા ૪; ૫–તંવર, શાખા ૧૭; ૬–રાઠોડ, શાખા ૧૩; ૭–કુશવાહા વા કછવાહા; ૮–પરમાર, શાખા ૩૫; ૯–ચાહુમાન વા ચૌહાન, શાખા ૨૬; ૧૦–ચાલુક્ય વા સોલંકી, શાખા ૧૬; ૧૧–પડિહાર, શાખા ૧૨; ૧૨–ચાવડા, શાખા ૧; ૧૩–ટાક, ટાંક વા તક્ષક; ૧૪–જીટ વા જેટી (જાટ); ૧૫–હન વા હૂણ; ૧૬–કાઠી; ૧૭–બલ્લા; ૧૮–ઝાલા, શાખા ૨; ૧૯–જેઠવા વા કામરી; ૨૦–ગોહિલ; ૨૧–સર્વૈયા; ૨૨–સિલાર; ૨૩–ડાબી; ૨૪–ગૌડ, શાખા ૫; ૨૫–ડોડા વા ડોડ; ૨૬–ગેહરવાલ; ૨૭–બડગૂજર, શાખા ૩; ૨૮–સેંગર, શાખા ૧; ૨૯–સીકરવાલ, શાખા ૧; ૩૦ બૈસ, શાખા ૧; ૩૧–ડાહિયા; ૩૨–જોહિયા; ૩૩–મોહિલ; ૩૪–નિકુમ્પ; ૩૫–રાજપાલી; ૩૬–દાહિમા, શાખા ૧. આ સિવાય હૂલ અને ડાહિર્યાં નામનાં અન્ય પણ બે કુલ છે.[2]

ઉક્ત નામાવલીના ક્રમથીજ એ પ્રત્યેક વંશનું સંક્ષિપ્ત વૃત્તાંત આ અધ્યાયમાં આપવામાં આવશે. પ્રત્યેક વંશ (શાખા) નો જૂદો જૂદો ગોત્રોચ્ચાર[3] હોય છે, કે જે વંશાવલીસંબંધી વિષયને સંક્ષિપ્તરૂપે પ્રકટ કરે છે. તેમાં તે વંશસંબંધી ખાસ વાતો, ધર્મવિષયક સિદ્ધાંતો અને આદિનિવાસસ્થાનનું વર્ણન હોય છે. પ્રત્યેક રાજપૂતને આ ગોત્રોચ્ચાર કંઠસ્થ હોવો જોઇએ, જો કે હાલમાં તેને કેવળ કુલનો

---

૧ કર્નલ ટૉડ સાહેબે જૂદે જૂદે સ્થળેથી પ્રાપ્ત કરેલી રાજપૂતકુલોની પાંચ નામાવલીઓ અહીં ન આપતાં તેઓમાં પરસ્પરમાં કેટલોક ફેરફાર હોવાથી તે સર્વપરથી જે છઠ્ઠી નામાવલી તેમણે યોજી છે અને જે તેઓએ અધિક પૂર્ણતાવાળી જણાવી છે તેજ નામાવલી અત્રે આપી છે. મંત્રી સ૦ સા૦

૨ ટૉડ સાહેબે શુદ્ધ કરેલી આ નામાવલી અમે શુદ્ધ માની શકતા નથી; કેમકે તે અધિક પ્રાચીન નામાવલીઓના આધારથી યોજાયેલી નહિ હોવાથી તેમાં અન્ય અનેક રાજવંશોનાં નામો અપાયાં નથી. જેમકે શિશુનાગ, મૌર્ય, શુંગ, કણ્વ, આંધ્ર, ગુપ્ત, યૌધેય, મોખરી, લિચ્છવી, મૈત્રક, વાકાટક, ચંદેલ, કલચુરી (હૈહય), પાલ, સેન, ગંગાવંશી, કદંબ, પલ્લવ, સેન્દ્રક, સિંદ, બાણ, કાકતિય વગેરે. એમાંનાં કેટલાંક નામ તેમણે આપેલી અન્ય નામાવલીઓમાં હોવા છતાં પણ પોતે યોજેલી નામાવલીમાં તેને તેમણે સ્થાન આપ્યું નથી તેનું કારણ કદાચ રાજકુલોની છત્રીસનીજ સંખ્યા તેમણે માની લીધેલી હોવાનું હશે. મુસલમાનોની પૂર્વે આ દેશપર રાજ્ય કરનાર સમસ્ત રાજવંશોની સંખ્યા જો જોવામાં આવે તો તે છત્રીસથી વધુ થશે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ આ ગોત્રોચ્ચારના એક વા બે નમૂના ઉચિત સ્થાનપર આપવામાં આવ્યા છે.

પુરોહિત વા ભાટજ યાદ રાખે છે. ઘણા સરદારોને આ અવનતિના સમયમાં તેમનો ગોત્રોચ્ચાર પૂછવામાં આવે તો તેઓ ચકિત થાય છે અને પોતાના ભાટને તે પૂછવાની ભલામણ કરે છે. આ ગોત્રોચ્ચાર સગાઈની કસોટી અને પરસ્પર વિવાહ કરવાના નિયમનો સંરક્ષક છે. જે ગોત્રમાં વિવાહ કરવાની મના હોય તે ગોત્રમાં સંબંધ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં આ ગોત્રોચ્ચારદ્વારા ભૂલ પકડાઈ જાય છે, જો કે આવી બાબતમાં " અજ્ઞાનજ આનંદદાયક છે."[1]

આ વંશોમાંથી અનેક શાખાઓ[2] ઉત્પન્ન થઈ છે અને તે શાખા અસંખ્ય પ્રશાખાઓ (ગોત્રો)[3] માં વિભક્ત થઈ છે. તેમાંથી જે અધિક પ્રસિદ્ધ છે તે અત્રે આપવામાં આવશે.

---

૧ માલણ‡ જાતિ કે જે હાલમાં અજ્ઞાત છે, તે જાતિની એક રાજપૂતાણીની સાથે બૂંદીના એક રાજાએ વિવાહ કર્યો હતો; પરંતુ એક ભાટે તેનો ગોત્રોચ્ચાર જણાવ્યો ત્યારે વિદિત થયું કે તે જાતિ આઠ શતાબ્દી પૂર્વે ચૌહાણવંશની એક શાખા હતી, કે જે વંશના બૂંદીના હાડા (રાજપૂત) છે. આ ઘટનાનું પરિણામ એ આવ્યું કે મહા ખેદસહિત તે સ્ત્રીનો પરિત્યાગ કરવામાં આવ્યો અને તે રાજાને પ્રાયશ્ચિત્ત કરવું પડ્યું. આ રિવાજમાં અને અનેક પતિ કરવાના અપવિત્ર રિવાજમાં કેટલો બધો ભેદ છે! અનેક પતિ કરવાનો રિવાજ પાંડવો, સિથિયન જાતિઓ, સીરમોરના વર્તમાનકાળના નિવાસીઓ અને સીઝરના× સમયના બ્રિટનલોકોમાં પણ હતો એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ દ્વીપના નિવાસીઓનું વર્ણન કરતાં તે યથાર્થ લેખક કહે છે કેઃ-"દશ દશ બાર બાર પુરુષો એક પત્ની રાખતા હતા. વિશેષતઃ ભ્રાતાઓ અને પિતાપુત્રો એવું કર્મ કરતા હતા અને તે દ્વારા જે સંતાનો થતાં તે તેનાંજ સમજવામાં આવતાં કે જેની સાથે સ્ત્રી પ્રથમ પરણી હોય." આ વર્ણનમાં બહુ પતિ અને બહુ પત્ની કરવાના રિવાજનો અદ્દ્ભુત સમાવેશ છે.

૨ ગુહિલોતોની એક પ્રાચીન પ્રશસ્તિમાં ' **अपारं शाखं**૪ ' એ શબ્દો કોતરવામાં આવેલા છે, જેનો અર્થ 'અનંત શાખાવાળા' થાય છે.

૩ ગોત વા ખાંપનો અર્થ પ્રશાખા છે. ઉપશાખાઓના અંતમાં ' ઓત ' 'આવત' 'સોત' ઇત્યાદિ પિતૃસૂચક પ્રત્યયો આવે છે, જેનું કારણ ઉચ્ચારણની સગવડતા છે. જેમકે સક્તાવત અર્થાત્ સક્તાનાં સંતાનો, 'કર્મસોત' અર્થાત્ 'કર્માનાં સંતાનો' અને મેરાવત વા મેરોત અર્થાત્ પર્વતનિવાસી

---

‡ માલણ-ચાહાણોની અનેક શાખાઓપૈકી એક. કર્નલ ટૉડે પોતાના પુસ્તક રાજસ્થાનમાં ચૌહાણોની શાખાઓની જે નામાવલી આપી છે તેમાં માલણ (માલ્હણ) નામ નથી;પરંતુ મૂતા નેણસીની ખ્યાત કે જે વિં સં૦ ૧૭૦૫ અને ૧૭૨૫ (ઇ૦ સ૦ ૧૬૪૮ અને ૧૬૬૮) ની વચ્ચે સંગ્રહિત કરવામાં આવી હતી, તેમાં એ નામ પ્રાપ્ત થાય છે. (ગૌ૦ હી૦ ઓઝા)

× સીઝર ( જૂલિયસ સીઝર ) એ રોમના એક શ્રીમંતનો પુત્ર હતો. તેનો જન્મ ઇ૦ સ૦ પૂ૦ ૧૦૦ માં થયો હતો. ઇ૦ સ૦ પૂ૦ ૬૩ ની લગભગ તેણે રોમની રાજસભામાં પ્રવેશ કરી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી અને પ છળથી તેણે ફ્રાન્સ તથા ઈંગ્લાંડપર આક્રમણ કરી વિજય પ્રાપ્ત કર્યો, જેથી રોમના કેટલાક મોટા રાજ્યાધિકારીઓને તેનાપર ઈર્ષ્યા ઉત્પન્ન થઈ અને તેઓ તેના શત્રુ બની ગયા; પરંતુ તેણે પોતાના સૈન્યસહિત રોમમાં પ્રવેશ કરી તેમને ત્યાંથી નસાડી મૂકયા અને ત્યાંનો રાજ્યપ્રબંધ પોતાના હાથમાં લીધો. ઇ૦ સ૦ પૂ૦ ૪૪ માં તે રોમનગરમાં માર્યો ગયો હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ અપારં શાખં ( અપાર શાખં )-કર્નલ ટૉડ ગિહલોતોની જે પ્રાચીનપ્રશસ્તિમાં 'અપારંશાખ" લખેલું જણાવે છે તે, ચિતોડના કિલ્લામાં રાણા કુંભકરણના સ્થાપિત કરેલા પ્રસિદ્ધ કીર્તિસ્તંભની પાસેના સમાધીશ્વર (સમિદ્ધેશ્વર) ના મંદિરના એક પ્રાચીન દરવાજા સાથે જડવામાં આવેલી છે. તે મેવાડના રાવલ સમરસિંહના સમયની વિક્રમ સંવત ૧૩૩૧ ની છે. ( **प्रत्यर्थिवामनयनानयनांबुधारासंवर्द्धितः क्षितिभृतां शिरसि प्ररूढः । यः कुंठितारिकरवालकुठारधारस्तं ब्रूमहे गुहिलवंशमपारशाखम् ॥ ५ ॥** )

કેટલાક કુલોની શાખા નથી. તેને 'ઇક્કા' કહેવામાં આવે છે. રાજપૂતોનો કુ ભાગ ઇક્કા છે.

૮૪ વાણુક જાતિઓ કે જે વિશેષતઃ રાજપૂતોમાંથીજ નીકળી છે તેનો પણ અત્રે ઉલ્લેખ કરવામાં આવશે. આ શાખાઓને લીધેજ કેટલાક રાજપૂતવંશોનાં સ્મારક અદ્યાપિ રક્ષિત છે,નહિ તો તે લુપ્ત થઇ જાત. આદિ કાળની, કૃષિનો ધંધો કરનારી અને ગોવાળ જાતિઓની સૂચિઓ પણ આ વિષયને પૂર્ણ કરવાને માટે આપવામાં આવશે.

આરંભિક કાળમાં કેવળ સૂર્ય અને ચંદ્ર,એ બેજ વંશ હતા. પાછળથી તેમાં ચાર અગ્નિવંશ[1] સંયુક્ત થવાથી છ થયા. બીજા વંશો સૂર્ય અને ચંદ્રવંશની શાખાઓ છે અથવા ઇન્ડોસિથિયન જાતિમાંથી નીકળેલી શાખાઓ છે, કે જેમને મુસલમાનોના જમાનાની પૂર્વે રાજસ્થાનના ૩૬ રાજવંશોમાં સ્થાન (જોકે નિકૃષ્ટ પંક્તિનું) પ્રાપ્ત કરવાને કાંઈ કઠિનતા પડી નહોતી. સમયાનુસાર પહેલાંને ભારતની કેલ્ટિક અને બીજીને ગૅથિક ગણીશું તો અનુચિત થશે નહિ. સૂર્ય અને ચંદ્રવંશી શબ્દોના સંબંધમાં કાંઇ વિશેષ કહેવાની આવશ્યકતા નથી.

ગ્રહિલોત વા ગહલોત–ચિતોડના સ્વામી અને છત્રીસ કુલના ભૂષણ તથા સૂર્યવંશી રાજકુલના રાણાની વંશાવલી.[2]

સર્વ લોકોની સંમતિ તથા આ વંશના ગોત્રથી ઉક્ત વંશના રાજાને સૂર્યવંશી રામચંદ્રના ખરા વંશજ માનવામાં આવે છે. એમનો વંશ રામચંદ્રમાંથી નીકળ્યો છે અને પુરાણોમાં આપેલી વંશાવલીઓના અંતિમ રાજા સુમિત્રની સાથે એમને સંબંધ છે.

આ કુલની ઉત્પત્તિ અને તેની ઉન્નતિના ઇતિહાસનું સંપૂર્ણ વર્ણન મેવાડના ઇતિહાસમાં કરવામાં આવ્યું છે; માટે અત્રે અમે માત્ર તેજ પરિવર્તનોનું વર્ણન કરીશું કે જે ગોત્રનાં નામ અને કનકસેનના સમયમાં તેને આધીન રહેલા પ્રદેશોની સાથે સંબંધ ધરાવે છે. કનકસેને દ્વિતીય શતાબ્દીમાં[3] પોતાનું મૂળ રાજય કોશલ છોડીને સૌરાષ્ટ્રમાં સૂર્યવંશ સ્થાપિત કર્યો હતો.

વિરાટ દેશ કે જે પાંડવોના વનવાસના સમયમાં તેમના નિવાસનું પ્રધાનસ્થાન હતું તેમાં ઇક્ષ્વાકુના વંશજે પોતાનો વંશ સ્થાપિત કર્યો અને તેના ઉત્તરાધિકારી વિજયે થોડી પેઢીઓ પછી

---

વા પર્વતનાં સંતાનો.+ આવીજ યૂતાની શબ્દ મેનોત છે, જે મેના અર્થાત્ પર્વતપરથી નીકળ્યો છે.આ શબ્દ પ્રાચીન અલ્બેનિયન ભાષાનો છે, કે જે ભાષા પૂર્વીયભાષાઓમાંથી નીકળી છે.

૧ અગ્નિ ( પ્રશ્ન–ઇગનિસ=આગ ? ) વા વલ્કનનાં સંતાનો જેવાં કે સોલ (સૂર્ય) અને લૂના વા લૂનસ (ચંદ્ર) નાં બીજાં સંતાનો ઇંદુવંશના ઉત્પાદકની જાતિ પરિવર્તન કરીને બન્યાં છે.

૨ રાણાના પુસ્તકાલયના 'ખુમાણ રાસા'× નામના હસ્તલિખિત પુસ્તકપરથી.

૩ કર્નલ ટૉડ અહીંઆં બીજી શતાબ્દીમાં કનકસેને કોશલથી આવીને સૌરાષ્ટ્રમાં રાજ્ય સ્થાપિત કર્યું હતું એમ લખે છે અને વંશવૃક્ષ બીજામાં વિ૦ સં૦ ૨૦૦ વા ઇ૦ સ૦ ૧૪૪ માં તેણે સૌરાષ્ટ્ર જીતી લીધું હતું એમ તેમણે લખ્યું છે,પરંતુ ઉક્ત સમયમાં સૌરાષ્ટ્રદેશ તેમણે જીતી લીધો હોય એમ જણાતું નથી; પણ તેની વિરુદ્ધ સૌરાષ્ટ્રમાંથી પ્રાપ્ત થયેલા પ્રાચીન શીલાલેખો તથા સિક્કાઓદ્વારા સિદ્ધ થાય છે કે તે સમયે ત્યાં શકજાતિના ક્ષત્રપવંશી રાજાઓનું રાજ્ય હતું. તેઓ ઇ૦ સ૦ ૪૦૦ ની આસપાસસુધી ત્યાં રાજ્ય કરતા હતા. ત્યાર પછી ગુપ્તવંશના મહાપ્રતાપી રાજા ચંદ્રગુપ્ત ( બીજા ) કે જેની ઉપાધિ વિક્રમ વા વિક્રમાદિત્ય હતી તેણે આ દેશ પોતાને સ્વાધીન કર્યો હતો.

( ગૌ૦ હી૦ ઓઝા )

---

+ મેરાવત વા મેરોતનો અર્થ કર્નલ ટૉડ ' પર્વત નિવાસી ' વા 'પર્વતનાં સંતાનો' એવો કરે છે; પરંતુ તેનો વાસ્તવિક અર્થ મેરા નામના પુરુષના વંશજો એવો હોવો જોઇએ. (મેરુનો અર્થ પર્વત થાય છે, પરંતુ પર્વતનિવાસીઓને કોઇ પણ રાજપૂત મેરાવત વા મેરોત કહેતો નથી.)

( ગૌ૦ હી૦ ઓઝા )

× ખુમાણ રાસા–આ પુસ્તક વિ૦ સં૦ ૧૭૦૦ ની આસપાસ ઉદયપુરના એક જૈનસાધુએ રચ્યું હતું. તેમાં ખુમાણના ઇતિહાસસંબંધી જે વૃત્તાંત લખવામાં આવ્યું છે તે અધિકતર કલ્પિત છે.

(ગૌ૦ હી૦ ઓઝા)

વિજયપુરની સ્થાપના કરી.[1]

તેઓ વલ્લભીના સ્થાપક નહિ, પરંતુ ત્યાંના રાજા[2] અવશ્ય થયા.ત્યાં એક બીજો સંવત ચાલતો હતો, જેને વલ્લભીસંવત[3] કહેવામાં આવતો હતો. આ સંવતનો પ્રારંભ વિક્રમસંવત ૩૭૫ માં થયો હતો.તેઓ બલકરાય[4] વા વલ્લભીના રાજા કહેવાયા. આ ઉપાધિ ઉક્ત સમય પછી એક હજાર વર્ષ-પર્યંત સૌરાષ્ટ્રના રાજવંશોએ ક્રમશઃ ધારણ કરી હતી, જેનું સંતોષદાયક પ્રમાણ પ્રામાણિક ઇતિહાસ અને શિલાલેખોદ્વારા પ્રાપ્ત થાય છે.

ગઝની[5] વા ગયની તેમની બીજી રાજધાની હતી.છઠ્ઠી શતાબ્દીમાં પાર્થિયન[6] આક્રમણકારીઓએ ગઝનીના અંતિમ રાજા શિલાદિત્યનો વધ કરી તેના કુટુંબને ત્યાંથી હાંકી કાઢ્યું હતું.

શિલાદિત્યના મરણ પછી તેનો ગ્રહાદિત્ય નામનો પુત્ર જન્મ્યો. તેણે ઇડરનું નાનુંસરખું રાજ્ય પ્રાપ્ત કર્યું. આ પરિવર્તનના સ્મરણાર્થે તેનાજ નામપર તે વંશનું નામ પડ્યું અને રામનો સૂર્યવંશ ગુહિલોત-ગેહલોત કહેવાવા લાગ્યો તથા પાછળથી તેનો અપભ્રંશ થઇને તે ગહલોત કહેવાયો.

પરિવર્તન અને ઇડરનાં જંગલોમાંથી આહડમાં[7] જઇને વસવાના સમયથી ગહલોત નામ બદલાઇને

---

૧ વિજયપુર શબ્દ હમેશાં વિરાટની સાથે બોલવામાં આવતો હતો, જેમકે "વિજયપુર વિરાટગઢ".

૨ ઇ૦ સ૦ ૧૯૦૨ પર્યંત કર્નલ ટૉડના લેખાનુસાર અમે પણ એમ માનતા હતા કે મેવાડના રાજાઓની ઉત્પત્તિ વલ્લભીનાં રાજકુલમાંથી થઇ છે; પરંતુ ત્યારપછી શોધ કરવામાં આવતાં કેટલાંક પ્રમાણો એવાં પ્રાપ્ત થયાં છે કે જેપરથી પ્રતીત થાય છે કે મેવાડના રાજાઓને વલ્લભીના રાજાઓની સાથે કાંઇપણ સંબંધ નથી. મેવાડમાં ગોહિલવંશનું રાજ્ય સ્થાપન કરનાર ગુહિલ વા ગુહદત્ત ગુજરાતના આનંદપુર નામના નગરથી આવ્યો હતો, એવું પ્રમાણ મળે છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ વલ્લભીસંવતનું સવિસ્તર વૃત્તાંત પ્રાચીન લિપિમાલા પૃ૦ ૩૪ થી ૩૬ માં જુઓ. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ બલકરાય-વલ્લભીપુરના રાજાઓને માટે આ ઉપાધિ પણ કર્નલ ટૉડે ઉપજાવીજ કાઢેલી છે. કોઇપણ શિલાલેખ અથવા પ્રાચીન પુસ્તકમાં વલ્લભી અથવા સૌરાષ્ટ્રના રાજાઓને માટે આ ઉપાધિ પ્રાપ્ત થતી નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

૫ કર્નલ ટૉડ ગઝનીને વલ્લભીરાજ્યની બીજી રાજધાની જણાવે છે; પરંતુ વલ્લભીપુરસિવાય ત્યાંના રાજાઓની બીજી કોઇ પ્રસિદ્ધ રાજધાની હોય એમ જણાતું નથી. ગઝની નામનો કિલ્લો કે જે કાઠિયાવાડની ઉત્તર-પશ્ચિમે ખંભાતની નિકટ હતો તે વલ્લભીરાજ્યની અંતર્ગત હોય એવો સંભવ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૬ વલ્લભી વા વલ્લભીપુરનો નાશ ઇસ્વીસનની છઠ્ઠી શતાબ્દીમાં પાર્થિયન આક્રમણકારીઓદ્વારા નહિ, પણ ઇસ્વીસનની આઠમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં સિંધના આરબોદ્વારા થયો હતો. વલ્લભીના અંતિમ રાજા શિલાદિત્ય છઠ્ઠાનું એક દાનપત્ર વલ્લભી (ગુપ્ત) સંવત ૪૪૭ (ઇ૦ સ૦ ૭૬૬)નું પ્રાપ્ત થયું છે, જે પરથી પ્રતીત થાય છે કે, ઉક્ત સંવતપર્યંત તો વલ્લભીનું રાજ્ય સ્થાયી હતું, તેથી કેટલાક સમય પછી તેનો નાશ થયો હશે. એક જૈનલેખક વીર સંવત ૮૨૬ માં વલ્લભીનો નાશ થયેલો જણાવે છે; પરંતુ તેણે વિક્રમ સંવતને બદલે ભૂલથી વા ભ્રમથી વીર સંવત લખી દીધો હોય એમ જણાય છે. વિ૦ સં૦ ૮૨૬ ( ઇ૦ સ૦ ૭૬૯-૭૦) માં વલ્લભીનો નાશ થયો હોય એવો સંભવ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૭ આનંદપુર‡ આહડ વા 'આનંદનું સ્થાન આહડ' સમયના ફેરફારથી આ વંશને ભાગ્યવશ પોતાની અંતિમ રાજધાની આહડની નિકટ ઉદયપુરમાં સ્થાપન કરવી પડી.

---

‡ આનંદપુર-પ્રાચીન શિલાલેખો તથા પુસ્તકોમાં આહડને માટે આઘાટપુર લખેલું પ્રાપ્ત થાય છે. (એક લેખમાં આટપુર પણ લખ્યું છે, કે જે આઘાટપુરનોજ અપભ્રંશ જણાય છે.) ક્યાંય પણ આનંદપુર પ્રાપ્ત થતું નથી. આનંદપુર ગુજરાતના એક પ્રાચીન નગરનું નામ છે, જ્યાંથી મેવાડના રાજાઓ આ દેશમાં આવ્યા હતા એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.ગુજરાતમાં ઉક્ત નામનાં બે નગરોનું અસ્તિત્વ

અહાડિયા[1] થઈ ગયું. આ નામથી આ વંશ બારમી શતાબ્દીપર્યંત પ્રસિદ્ધ રહ્યો. આ સમયે જ્યેષ્ઠ ભ્રાતા રાહપે[2] પોતાના બાહુબળથી મોરીરાજાના હાથમાંથી ખુંચવી લીધેલી 'ચિતોડની ગાદી' પરનો પોતાનો હક્ક છોડી દઇને ડુંગરપુરમાં રાજ્ય સ્થાપન કર્યું, કે જે અદ્યાપિ તેમના વંશજોને આધીન છે અને અહાડિયાની ઉપાધિ પણ તેઓ અદ્યાપિ ધારણ કરે છે. તેના કનિષ્ઠ ભ્રાતા માહપે[3] પોતાની રાજધાની સિસોદામાં સ્થાપન કરી,જેથી અહાડિયા અને ગહલોત એ ઉભય નામો છૂટી જઈ તે વંશનું નામ સિસોદીઆ પડ્યું.

સિસોદીઆ એ હાલમાં આ વંશનું સાધારણ નામ છે; પરંતુ તે કેવળ એક ઉપશાખા હોવાથી કુળનામ ગહલોત લખવામાં આવે છે.

ગહલોતકુળ ૨૪ શાખાઓમાં[4] વિભક્ત છે, જેમાંની થોડીજ હાલ વિદ્યમાન છે.

| | |
|---|---|
| (૧) અહાડિયા ... ... ... ... ... ... ... | ડુંગરપુરમાં |
| (૨) માંગલિયા ... ... ... ... ... ... ... | મરુભૂમિમાં |
| (૩) સિસોદીઆ ... ... ... ... ... ... ... | મેવાડમાં |
| (૪) પીપાડા ... ... ... ... ... ... ... | મારવાડમાં |

૧ અહાડિયા-કર્નલ ટૉડની એવી માન્યતા છે કે ઇડરના જંગલમાંથી આહડમાં જઇ વસવાના સમયથી મેવાડના રાજવંશનું નામ ગહલોત બદલાઇ અહાડિયા થઇ ગયું છે; પરંતુ અમે તેમનો આ મત સ્વીકારી શકતા નથી, કારણ કે ઉક્ત નામ એટલા પ્રાચીનકાળથી પ્રચલિત હોવાનું કોઇ પ્રમાણ પ્રાપ્ત થતું નથી તેમજ અલ્લટની પૂર્વેના મેવાડના રાજાઓ આહડમાં રહેલા પણ જણાતા નથી. તેમની રાજધાની નાગદા હતી.અમારૂં એવું અનુમાન છે કે વિક્રમ સંવત ૧૦૦૮ (ઈ૦ સ૦ ૯૫૧) ની આસપાસના સમયથી અલ્લટે આહડમાં રહેવા માંડ્યું, તે સમયથી અહાડિયા નામની ઉત્પત્તિ થઇ હશે. (ગૌ૦હી૦ ઓઝા)

૨ રાહપ જ્યેષ્ઠભ્રાતા પણ નહોતો અને તેણે ચિતોડની ગાદીપરનો હક્ક ઉઠાવી દઇને ડુંગરપુરનું રાજ્ય સ્થાપન પણ કર્યું નહોતું. રાજા વિક્રમસિંહના ઉત્તરાધિકારી રણસિંહ કે જેમને કરણસિંહ પણ કહેતા હતા, તેમનામાંથી બે શાખાઓ ફૂટી, જેમાંની મોટી 'રાવલ' અને નાની 'રાણા' નામથી પ્રસિદ્ધ થઈ. રાવલશાખામાં ચિતોડનો અંતિમ રાજા રત્નસિંહ થયો, જે અલ્લાઉદ્દીન ખીલજી સાથેની લડાઈમાં વિક્રમ સંવત ૧૩૬૦ (ઇ૦ સ૦ ૧૩૦૩)માં મરણ પામ્યો અને ચિતોડપર મુસલમાનોનો અધિકાર થઇ ગયો; આથી રત્નસિંહના વંશજોએ ડુંગરપુરનું રાજ્ય સ્થાપન કર્યું અને પછી તેઓ ત્યાંજ નિવાસ કરી રહ્યા. રાણા નામની બીજી શાખાનો પ્રથમ પુરુષ રાહપ થયો, જેનો વંશજ લક્ષ્મણસિંહ (ગઢ લક્ષ્મણસિંહ) અલ્લાઉદ્દીનના આક્રમણપ્રસંગે રાવલ રત્નસિંહના પક્ષમાં રહી તેની સામે લડ્યો હતો અને તે તે સમયે પોતાના સાત પુત્રોસહિત રણક્ષેત્રમાં કપાઈ મુઓ હતો. તેના પૌત્ર હમીરે ચિતોડનો કિલ્લો હસ્તગત કરી ત્યાં પુનઃ પોતાના વંશનું રાજ્ય સ્થિર કર્યું, ત્યારથી રાણાશાખાવાળા મેવાડના સ્વામી થયા. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ માહપ-સિસોદા ગામમાં રાજધાની સ્થાપિત કરનાર માહપ નહિ, પણ ઉપર્યુક્ત રાણા શાખાનો પ્રથમ પુરુષ રાહપ વા તેનો કોઇ વંશજ હોવો જોઇએ. ઉક્ત સ્થાનના નામપરથીજ ગુહિલના વંશજો સિસોદીઆ કહેવાયા. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ ગુહિલોતોની ૨૪ શાખાઓનાં જે નામો કર્નલ ટૉડે પોતાના રાજસ્થાનમાં આપ્યાં છે તેમાં તથા મૂતા નેણસીની ખ્યાતમાં જે નામો છે તેમાં ફરક છે.આજ હાલ કર્નલ ટૉડના ગુરુ જ્ઞાનચંદ્ર યતિને ત્યાંથી પ્રાપ્ત થયેલી ગુહિલોતોની ૨૪ શાખાઓની નામાવલીનો પણ છે.× (ગૌ૦ હી૦ ઓઝા)
પ્રાપ્ત થાય છે. એક તો આણંદ (આનંદ જંકશન) અને બીજું વડનગર પણ આનંદપુર કહેવાતું હતું. (ગૌ૦ હી૦ ઓઝા)

× આ ચોવીસ શાખાઓ તેમજ અન્ય કુલો અને તેની શાખાઓ ઇ૦ વિષયમાં ટૉડ સાહેબની પછીથી પ્રાપ્ત થયેલી માહિતીઓના આધારે કેટલોક ફેરફાર સૂચવનાર અને કેટલીક વંશાવલીઓ તથા તેમનો વૃત્તાંત દર્શાવનાર અનેક વિસ્તૃત ટિપ્પણો ઇતિહાસના વિખ્યાત અભ્યાસી અને વર્તમાન-

(૫) કૈલાવા ... ... ... ... ...
(૬) ગહોર ... ... ... ... ...
(૭) ધારણીઆ ... ... ... ... ...
(૮) ગોધા ... ... ... ... ...
(૯) મગરોયા ... ... ... ... ...
(૧૦) ભીમલા ... ... ... ... ...
(૧૧) કંકોટક ... ... ... ... ...
(૧૨) કોટેચા ... ... ... ... ...
(૧૩) સોરા ... ... ... ... ...
(૧૪) ઉહડ ... ... ... ... ...
(૧૫) ઉસેબા ... ... ... ... ...

} આમાંની થોડી શાખા પ્રાપ્ત થાય છે અને તે બહુધા અજ્ઞાત છે.

(૧૬) નિરૂપ ... ... ... ... ...
(૧૭) નાહોડીઆ ... ... ... ... ...
(૧૮) નાધોતા ... ... ... ... ...
(૧૯) ભોજકરા ... ... ... ... ...
(૨૦) કુચેરા ... ... ... ... ...
(૨૧) દસોદ ... ... ... ... ...
(૨૨) ભટેવરા ... ... ... ... ...
(૨૩) પાહા ... ... ... ... ...
(૨૪) પૂરોત ... ... ... ... ...

} આ શાખાઓ પ્રાયઃ લુપ્ત થઈ ગઇ છે.

**યદુ (યાદવ)**—આ જાતિ હિંદની સમસ્ત જાતઓમાં સૌથી અધિક પ્રસિદ્ધ જાતિ હતી અને ચંદ્રવંશના ઉત્પાદક બુધનાં સંતાનોના કુળનું નામ પણ એજ પડયું.

---

૧ ગુહિલ વા ગુહદત્ત   ૨ ભોજ   ૩ મહેન્દ્ર   ૪ નાગ

૫ શીલ વા શીલાદિત્ય–આ રાજાનો એક શિલાલેખ વિ૦સંવત ૭૦૩ (ઈ૦ સ૦ ૬૪૬)નો પ્રાપ્ત થયો છે.

૬ અપરાજિત–એ વિ૦ સં૦ ૭૧૮ (ઈ૦ સ૦ ૬૬૧)માં વિદ્યમાન હતો એમ એક શિલાલેખ-પરથી પ્રતીત થાય છે.

૭ મહેન્દ્ર ( દ્વિતીય )

૮ કાલભોજ (બાપા) મેવાડનો પ્રસિદ્ધ રાજા બાપ્પા વા બાપ્પારાવલ આજ હોવો જોઇએ. એને ડુંગરપુર ઈલાકામાંથી પ્રાપ્ત થયેલા કેટલાક શિલાલેખોમાં ખુમ્માણનો પિતા લખ્યો છે અને મેવાડની ખ્યાતોમાં પણ તેવોજ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. રાણા રાયમલ્લના સમયના 'એકલિંગ માહાત્મ્ય'પરથી પ્રતીત થાય છે કે તેણે વિ૦ સં૦ ૮૧૦ ( ઈ૦ સ૦ ૭૫૩) માં રાજ્ય છોડયું હતું.

૯ ખુમ્માણ   ૧૦ મત્તટ   ૧૧ ભર્તૃભટ   ૧૨ સિંહ   ૧૩ ખુમ્માણ (દ્વિતીય)

૧૪ મહાયક   ૧૫ ખુમ્માણ (તૃતીય)

૧૬ ભર્તૃભટ (દ્વિતીય) એની રાણી મહાલક્ષ્મી રાઠોડવંશની હતી, જેને ઉદરે અલ્લટનો જન્મ થયો હતો.

---

માં અજમેરનિવાસી પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા એમણે 'ટૉડરાજસ્થાન ભાગ ૧ લો' નામના હિંદીગ્રંથમાં આપેલી છે, તે જોવા ખાસ અભ્યાસીને ભલામણ છે. એ ગ્રંથ 'ખડ્ગવિલાસ પ્રેસ' બાંકીપુર (પટના) એ સ્થળે રૂા. ૩–૮–૦ માં મળે છે.

એ પુસ્તકમાં ઉક્ત વિદ્વાને આપેલી, આજપર્યંતની શોધ અનુસાર શુદ્ધ કરેલી, ગુહિલથી લઇને રાણા હમીરસિંહ સુધીની મેવાડના રાજાઓની વંશાવલી ગુજરાતીવાચકોની જાણમાટે આ નીચે આપી છે.

મંત્રી સ૦ સા૦

શ્રીકૃષ્ણજીના અંતર્ધાન થયા પછી યદુવંશીઓ તેમજ પાંડવો દિલ્લી તેમજ દ્વારિકાંથી નીકળીને મુલ્તાન થઇને સિંધુનદીને પેલે પાર ચાલ્યા ગયા.

શ્રીકૃષ્ણના પુત્રોએ પાંચે નદીઓના આગલા દુઆબમાં[1] વિશ્રામ કરી અંતે સિંધુનદી ઉતરી

૧ જે સ્થાનપર તેમણે વિશ્રામ કર્યો હતો તે પહાડપર હતું, જેને અદ્યાપિ યદુના ડાંગ અર્થાત્ 'યદુનો પહાડ' કહેવામાં આવે છે.

૧૭ અલ્લટ-આ રાજાના સમયનો શિલાલેખ વિ૦ સં૦ ૧૦૧૦ (ઇ૦ સ૦ ૯૫૩) નો પ્રાપ્ત થયો છે. એની રાણી હરિયાદેવી હૂણરાજાની પુત્રી હતી.

૧૮ નરવાહન-એના સમયનો એક શિલાલેખ વિ૦ સં૦ ૧૦૨૮ (ઇ૦ સ૦ ૯૭૧) નો મળ્યો છે. એની રાણી ચૌહાણરાજા જેજયની પુત્રી હતી.

૧૯ શાલિવાહન

૨૦ શક્તિકુમાર-એના સમયનો એક શિલાલેખ વિ૦ સ૦ ૧૦૩૪ (ઇ૦ સં૦ ૯૭૭)નો મળ્યો છે.

૨૧ અંબાપ્રસાદ ૨૨ શુચિવર્મ્મા ૨૩ નરવર્મ્મા ૨૪ કીર્તિવર્મ્મા ૨૫ યોગરાજ.

૨૬ વૈરટ ૨૭ હંસપાલ ૨૮ વૈરિસિંહ

૨૯ વિજયસિંહ-આ રાજાનો વિવાહ માલવાના પ્રસિદ્ધ પરમારરાજા ઉદયાદિત્યની પુત્રી શ્યામલદેવીની સાથે થયો હતો, જેથી આલ્હણદેવી નામની કન્યા ઉત્પન્ન થઇ હતી, ને કન્યાનો વિવાહ ચેદીદેશના હૈહય (કલચુરિ)વંશી રાજા ગયકર્ણ દેવની સાથે થયો હતો. રાજા વિજયસિંહનો એક તામ્રપત્ર વિ૦ સં૦ ૧૧૬૪ (ઇ૦ સં૦ ૧૧૦૭) નો (?) પ્રાપ્ત થયો છે.

૩૦ અરિસિંહ ૩૧ ચૌડસિંહ ૩૨ વિક્રમસિંહ

૩૩ રણસિંહ વા કરણસિંહ-આ રાજામાંથી બે શાખાઓ ફૂટી.

| રાવલ શાખા | રાણા શાખા |
|---|---|
| ૩૪ ક્ષેમસિંહ | રાહપ |
| ૩૫ સામંતસિંહ | નરપતિ |
| ૩૬ કુમારસિંહ | દિનકર |
| ૩૭ મથનસિંહ | જશકરણ |
| ૩૮ પદ્મસિંહ | નાગપાલ |
| ૩૯ જૈત્રસિંહ[1] | પૂર્ણપાલ |
| ૪૦ તેજસિંહ[2] | પૃથ્વીપાલ |
| ૪૧ સમરસિંહ[3] | ભુવનસિંહ |
| ૪૨ રત્નસિંહ[4] | ભીમસિંહ |
| | જયસિંહ |
| | લક્ષ્મણસિંહ |

લક્ષ્મણસિંહ:

| | |
|---|---|
| અરિસિંહ | અજયસિંહ |
| ૪૩ હમીરસિંહ[5] | |

૧, ૨, ૩, ૪, ૫ આ છેલ્લા રાજાઓનું વૃત્તાંત પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા નીચે પ્રમાણે આપે છે. મંત્રી, સ૦ સા૦

જાબુલિસ્તાનમાં પ્રવેશ કર્યો અને ત્યાં ગ્રઝનીનગરની સ્થાપના કરી. તેઓ સમરકંદસુધી ફેલાઈ ગયા હતા.

જેસલમીરનો ઇતિહાસ કે જેમાં તે યાદવોના મૂળપુરુષનો આ પ્રાચીન ઇતિહાસ લખ્યો છે, તેમાં તેમને ભારતવર્ષમાં શામાટે પાછા હાંકી કાઢવામાં આવ્યા તે વિષે ઘણો ગોટાળો[1] કરવામાં આવ્યો છે. આથી સિકંદરની પછી એક શતાબ્દીપર્યંત યૂનાની પાદશાહો તે સર્વ દેશોનું શાસન કરતા હતા તેમને લીધે કિંવા મુસલમાનોના ઉદયને લીધે તેમને ભારતવર્ષમાં પાછા આવવું પડ્યું, તે કહેવું અશક્ય છે.

જ્યારે તેમને સિંધુને કિનારે હાંકી કાઢવામાં આવ્યા, ત્યારે તેમણે પંજાબપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો અને સલભનપુરની સ્થાપના કરી. ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યા પછી તેઓ સતલજ અને ગારહનદી ઉલ્લંઘી ભારતની મરુભૂમિમાં ચાલ્યા ગયા અને ત્યાંથી લંઘા, જોહિયા તથા મોહિલ વગેરે લોકોને હાંકી કાઢીને તેમણે ક્રમશઃ તન્નોટ, દેરાવલ અને સંવત ૧૨૧૨ (ઇ૦ સ૦ ૧૧૫૭) માં જેસલમીરની[2] સ્થાપના કરી. જેસલમીર એ કૃષ્ણના વંશજ ભટ્ટી (ભાટી)લોકોની વર્તમાન રાજધાની છે.

જેમ રાજપૂતજાતિઓમાં કોઈ મહત્ત્વની ઐતિહાસિકઘટનાથી તેમના વંશનું નામ બદલાઇ જાય છે, તેમ ભટ્ટીલોકોને જાબુલિસ્તાનમાંથી હાંકી કાઢવામાં આવ્યા પછી, તેમણે પોતાના વંશના અધિ પ્રાચીન 'યદુ' નામને દૂર કર્યું અને 'ભાટી' નામ કાયમ કરી દીધું. ભટ્ટીલોકોએ ગારહ નદીની દક્ષિણના સર્વ પ્રદેશો પોતાને આધીન કરી લીધા હતા; પરંતુ રાઠોડોનું આગમન થયા પછી તેમનો અધિકાર અતિ ન્યૂન થઈ ગયો હતો. તેમના ઇતિહાસમાં તેમનું સવિસ્તર પ્રાચીન વૃત્તાંત લખવામાં આવશે.

---

૧ આ ઘટનાનો સમય ઇસ્વીસનથી ઘણો પૂર્વેનો ઠરાવવામાં આવ્યો છે, કે જે યૂનાનીઓના લેખની સાથે મળતો આવે છે; પરંતુ નામ અને રીતરિવાજો મુસલમાનોના જેવા છે.

૨ લોદરવાપટ્ટન કે જ્યાંથી તેમણે એક પ્રાચીન જાતિને હાંકી કાઢી હતી તે, જેસલમીરની સ્થાપના કર્યા પૂર્વે તેમની રાજધાની હતું. આ પ્રદેશોના વિષયમાં હજી આપણને ઘણું જાણવાનું છે.

---

રાવલ જૈત્રસિંહ ( નં૦ ૩૯ ) ના સમયના બે શિલાલેખ મળ્યા છે.આ શિલાલેખો વિ૦સં૦ ૧૨૭૦ અને ૧૨૭૯ (ઇ૦ સ૦ ૧૨૧૩ અને ૧૨૨૨) ના છે અને તેના સમયમાં લખાયલાં તાડપત્રનાં પુસ્તકોપરથી તે વિ૦ સં૦ ૧૩૦૯ (ઇ૦સ૦ ૧૨૫૨) પર્યંત વિદ્યમાન હતો એવો પત્તો લાગે છે.તેણે નાડોલની પાયમાલી કરી હતી અને મુસલમાનોને પરાસ્ત કર્યા હતા. તે ( ગુજરાતના ) રાણા ત્રિભુવનપાળની સાથે લઢ્યો હતો.તેના રાજત્વકાળમાં મુસલમાનોના આક્રમણથી નાગદાશહેર કે જે તે સમયપર્યંત મેવાડની રાજધાની હતું તે તૂટી ગયું અને ચિતોડ રાજધાની થયું. મુસલમાનોનું આ આક્રમણ દિલ્લીના સુલ્તાન નાસિરૂદ્દીનમહમૂદનું હોવું જોઇએ; કારણ કે તવારિખ ફિરિસ્તાપરથી પ્રતીત થાય છે કે, સુલ્તાન મહમૂદે પોતાના ભ્રાતા જલાલુદ્દીનને હીઝરી સન ૬૪૬ (ઇ૦સ૦ ૧૨૪૭, વિ૦સં૦ ૧૩૦૪) માં કનોજથી દિલ્લી બોલાવ્યો; પરંતુ તેને પ્રાણહાનિનો ભય હોવાથી તે નાસીને ચિતોડના પહાડોમાં ચાલ્યો ગયો. સુલ્તાને ત્યાંસુધી તેની પૂંઠ પકડી, પરંતુ આઠ માસ પછી નિરાશ થઇ તે (સુલ્તાન)ને પાછા ફરવું પડ્યું. આ આક્રમણમાં નાગદા તૂટી ગયું હશે. તેજસિંહ (નં૦ ૪૦)ના સમયના લેખાદિ વિ૦ સં૦ ૧૩૧૭ થી ૧૩૨૪ (ઇ૦સ૦ ૧૨૬૦ થી૧૨૬૭) પર્યંતના મળ્યા છે. સમરસિંહ (નં૦ ૪૧) ના સમયના લેખ વિ૦ સં૦ ૧૩૩૦ થી૧૩૪૫ (ઇ૦સ૦ ૧૨૭૩ થી ૧૨૮૦) પર્યંતના પ્રાપ્ત થયા છે અને 'તીર્થકલ્પ' નામના જૈનપુસ્તકનો કર્તા કે જે ઉક્ત રાજાનો સમકાલીન હતો તે જણાવે છે કે વિ૦ સં૦ ૧૩૫૬ (ઇ૦સ૦ ૧૨૯૯) માં સુલ્તાન અલ્લાઉદ્દીન ખીલજીના ભ્રાતા ઉલ્લૂખાંએ ચિતોડના સ્વામી સમરસિંહના સમયમાં મેવાડપર આક્રમણ કર્યું હતું; પરંતુ તે સમયે સમરસિંહે મેવાડની રક્ષા કરી હતી. રત્નસિંહ (નં૦ ૪૨)ના રાજત્વકાળમાં વિ૦ સં૦ ૧૩૬૦ માં અલ્લાઉદ્દીનખીલજીએ ચિતોડપર આક્રમણ કર્યું, જેમાં રત્નસિંહ મરણ પામ્યો. આ આક્રમણમાં રાણાશાખાનો લક્ષ્મણસિંહ કે જેને મેવાડની ખ્યાતોમાં ખાસ કરીને ગઢલક્ષ્મણસિંહ લખ્યો છે તે પોતાના સાત પુત્રોસહિત લઢીને મરણ પામ્યો અને ચિતોડપર અલ્લાઉદ્દીનનો અધિકાર સ્થાપિત થઇ ગયો.લક્ષ્મણસિંહનો જ્યેષ્ઠ પુત્ર અરિસિંહ પણ આજ લડાઈમાં માર્યો ગયો હતો અને કનિષ્ઠ પુત્ર અજયસિંહ ઘાયલ થઇને બચી ગયો હતો. તેના દેહાંત પછી અરિસિંહના પુત્ર હમીરસિંહે ચિતોડનો કિલ્લો પુનઃ હસ્તગત કરી લીધો હતો.

ભટ્ટીજાતિથી બીજે નંબરે યદુવંશની જાડેજાજાતિ ઘણી પ્રસિદ્ધ છે. તેમનો ઇતિહાસ પણ તેવોજ છે. જાડેજાલોકો પણ શ્રીકૃષ્ણનાવંશજ છે અને તેઓ હરિકુલના શેષ માણસોની સાથે એકજ સમયમાં એક સ્થાન છોડી ઇતર સ્થાનમાં જઇ વસ્યા હતા તેપરથી નિશ્ચયપૂર્વક માની શકાય છે કે તેમની સંખ્યા મોટી (ભાટી) શાખા જેટલી નહોતી. તેઓ સિંધુનદીની ખીણમાં વસ્યા-ખાસ કરીને તેમણે તેના પશ્ચિમ તટપરના સેવિસ્થાન નામના પ્રદેશમાં નિવાસ કર્યો અને નામ તથા કુલચિન્હ-સંબંધે તો એટલુંજ કહેવું પૂરતું થઇ પડશે કે સિકંદરના સમયમાં પણ તેમનામાં તેમના પૂર્વજોનાં ચિન્હો વિદ્યમાન હતાં.

સંબસ કે જેનાપર યૂનાનીઓએ આક્રમણ કર્યું હતું તે હરિકુલની વ્યક્તિ હોય એમ લાગે છે અને સમાનગર (સમાનું નગર) તેની રાજધાની હતી, જેને યૂનાની ઇતિહાસવેત્તાઓએ 'મિન્નગર' લખ્યું છે.

કૃષ્ણ વા હરિનું અત્યંત પ્રચલિત નામ શ્યામ વા સામ તેના શ્યામવર્ણને લીધે હતું. આથી જાડેજાલોકો તેને પોતાના વંશના નામતરિકે ધારણ કરતા હતા અને તે સર્વ સામપુત્ર[1] કહેવાતા હતા. આપરથી આ જાતિના રાજાઓની ઉપાધિ ' સમ્મા ' પડી છે.

પ્રસ્તુત સમયના જાડેજાલોકો કેટલીક ઘટનાઓથી સિંધના મુસલમાનોની સાથે એટલા ભેળાઇ ગયા છે કે તેમણે પોતાના રક્ત (વંશ)ની શુદ્ધતાનું અભિમાન સર્વથૈવ ગુમાવી દીધું છે. તેઓ કેટલેક અંશે પોતાની અજ્ઞાનતાને લીધે અને કેટલેક અંશે પોતાની અપ્રતિષ્ઠા છુપાવવાને માટે કહે છે કે અમે શામ વા સિરિયાથી આવ્યા છીએ અને અમે ઇરાનના જમશેદના[2] કુળના છીએ. તેમણે સામને બદલીને જામ[3] શબ્દ બનાવી દીધો છે. આજ ઉપાધિથી જાડેજાલોકોનું એક નાનુંસરખું રાજ્ય જામરાજ્ય ( જામનગર કહેવાય છે.

આટલી શાખાઓ યદુવંશમાં સૌથી અધિક પ્રસિદ્ધ છે; પરંતુ કેટલીક એવી શાખાઓ પણ છે કે જે હજી પોતાની પ્રાચીન ઉપાધિ ધારણ કરી રહી છે, જેમાં મુખ્ય ચંબલનદીના તટપરના કરૌલીરાજ્યનો રાજા છે.

એમ પ્રતીત થાય છે કે યદુકુલની આ શાખા પોતાના પૂર્વજોના નિવાસસ્થાન સૂરસેનીની[4] પ્રાચીન સીમાઓથી કદિપણ આગળ ગઇ નહોતી. આ શાખાના માણસો પ્રસિદ્ધ બયાનાના અધિકારી હતા. તેમને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યા પછી તેમણે ચંબલની પશ્ચિમે કરૌલી અને પૂર્વે

---

૧ સામપુત્ર-આ શબ્દ પણ કર્નલ ટૉડે ઉપજાવી કાઢયો છે. જાડેજાલોકો પોતાને સામપુત્ર નહિ, પરંતુ સમ્મા ( તેમની શાખાનું પ્રસિદ્ધ નામ ) કહે છે. • ( ગૌ૦ હી૦ ઓઝા )

૨ જાડેજા ( જાડાના વંશજ; આજ પ્રમાણે સામેજા=સમ્માના વંશજ ) રાજપૂતો પોતાનું આગમન સિરિયાથી થયેલું માનતા નથી તેમજ તેઓ પોતાને ઇરાનના પાદશાહ જમશેદના વંશમાં ઉત્પન્ન થયેલા પણ માનતા નથી. તેઓ પોતાની ઉત્પત્તિનું વર્ણન આ પ્રમાણે આપે છેઃ—

" યદુવંશમાં શ્રીકૃષ્ણ થયા, તેમની જાંબુવંતી નામની રાણીના ગર્ભથી સામ્બ નામનો પુત્ર ઉત્પન્ન થયો.તેનો વિવાહ શોણિતપુરના રાજા બાણાસુરના મુખ્યમંત્રી કૌભાંડની પુત્રી સાથે થયો હતો. સામ્બને ઉષ્ણીક નામનો પુત્ર થયો, તે યાદવાસ્થલીપ્રસંગે પોતાને મોસાળ શોણિતપુરમાં હતો. બાણાસુરની પછી શોણિતપુરની રાજગાદીપર કૌભાંડ અધિષ્ઠિત થયો. તે નિઃસંતાન મરણ પામતાં ઉષ્ણીક ત્યાંનો રાજા થયો, જેના વંશમાં દેવેન્દ્ર થયો." જાડેજાની ઉત્પત્તિ આ દેવેન્દ્રમાંથી થઇ. અલબત્ત, તેઓ અજ્ઞાનથી શોણિતપુરને મિસરદેશની રાજધાની માને છે, પરંતુ તે તેમનો ભ્રમ છે. શોણિતપુર મિસરમાં નહિ, પણ હિંદુસ્તાનના હિમાલયપ્રદેશમાં કેદારનાથની નિકટ ઉખીમઠની પાસે છે,જ્યાંથી દેવેન્દ્રનો પુત્ર ગજપત પશ્ચિમ તરફ અફઘાનીસ્તાનમાં ગયો અને ત્યાં તેણે ગઝનીનગર સ્થાપિત કર્યું એમ પણ તેઓ માને છે. ( ગૌ૦ હી૦ ઓઝા )

૩ જામ-આ શબ્દની ઉત્પત્તિનો બરાબર પત્તો લાગતો નથી.જાડેજાઓના ઇતિહાસલેખકો એમ પણ જણાવે છે કે દેવેન્દ્રના પુત્ર ગજપતે અફઘાનીસ્તાનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો, ત્યારથી તેમણે ' જામ ' પદ ધારણ કર્યું છે. આ શબ્દ મહાન રાજાનો સૂચક છે. ( ગૌ૦ હી૦ ઓઝા )

૪ મથુરાંની આસપાસનો ત્રીસ માઇલપર્યંતનો વ્રજનો પ્રદેશ સૂરસેની કહેવાય છે.

સબલગઢની સ્થાપના કરી. સબલગઢના તાબાનો દેશ કે જે યદુવાટી કહેવાય છે, તેને સિંધિઆએ યદુવંશીઓની પાસેથી છીનવી લીધો હતો. શ્રીમથુરાં[1] એ કરૌલીરાજ્યની એક સ્વતંત્ર જાગીર છે, કે જે એક નાની શાખાને આધીન છે.

યદુવંશી કે જેને દેશી ભાષામાં જાદવ કહેવામાં આવે છે, તેઓ સમસ્ત ભારતવર્ષમાં ફેલાયેલા છે અને મોટા મોટા મરાઠાસરદારો આ વંશના છે.

યદુવંશની આઠ શાખાઓ છેઃ—

| | | |
|---|---|---|
| (૧) | યદુ | કરૌલીના રાજા |
| (૨) | ભાટી | જેસલમીરના રાજા |
| (૩) | જાડેજા | કચ્છભુજના રાજા |
| (૪) | સમૈચા | સિંધના મુસલમાન |
| (૫) | મુડેચા | અજ્ઞાત |
| (૬) | બિદમન | અજ્ઞાત |
| (૭) | બદ્દા | અજ્ઞાત |
| (૮) | સોહા | અજ્ઞાત |

તંવર—જો કે તંવરવંશને યદુવંશની એક શાખા માનવામાં આવે છે; તથાપિ સર્વોત્તમ વંશાવલીઓમાં તેને ૩૬ રાજકુલોમાં સ્થાન આપવામાં આવ્યું છે અને વાસ્તવમાં તે પોતાની પ્રસિદ્ધિને લીધે એ પદને યોગ્ય પણ છે.

પ્રાયઃ પ્રત્યેક પ્રસિદ્ધ જાતિના નામનું મૂળ આપણને જ્ઞાન છે; પરંતુ તંવરલોકોના નામનું મૂળ આપણને જ્ઞાત નથી અને એ બાબતમાં અમારે ચંદ બરદાયીનું કથન પ્રકટ કરવું પડે છે,કે જે આ જાતિની ઉત્પત્તિ પાંડવોમાંથી થયેલી જણાવે છે.

ભારતનો રાજરાજેશ્વર વિક્રમાદિત્ય કે જેનો સંવત ઇ૦ સ૦ પૂર્વે૦ ૫૬ વર્ષપર સ્થાપિત થયો હતો અને જે અદ્યાપિ હિંદુઓના કાલનિર્ણયમાં એક મહાન જ્યોતિનું કામ કરે છે, તે આજ વંશમાં ઉત્પન્ન થયો હતો અને કેવળ આટલીજ વાત તેમને સર્વોચ્ચ પદ આપી શકે એમ છે; છતાં આ વંશની પ્રતિષ્ઠાનાં બીજાં પણ કારણો છે. દિલ્હી કે જે યુધિષ્ઠિરનું સ્થાપન કરેલું પ્રાચીન ઇંદ્રપ્રસ્થ છે અને જે જનશ્રુતિઅનુસાર આઠ શતાબ્દીપર્યંત ઉજ્જડ પડી રહ્યું હતું, તેને અનંગપાલતંવરે સંવત ૮૪૮ (ઇ૦ સ૦ ૭૯૨)માં[2] પુનઃ નિર્માણ કરી વસાવ્યું હતું. ત્યારપછી તે વંશના ૨૦ રાજાઓ ત્યાંના સિંહાસનપર અધિષ્ઠિત થયા. એ વંશના અંતિમ રાજાનું નામ તેજ હતું કે જે તેના સંસ્થાપકનું હતું

૧ અહીંઆંના જાગીરદાર રાવ મનોહરસિંહને હું સારી રીતે ઓળખતો હતો અને હું કહી શકું છું કે તેઓ મારા મિત્ર હતા. ઘણાં વર્ષોસુધી અમારે પરસ્પર પત્રવ્યવહાર રહ્યો હતો અને તેમણે મારે માટે મહાભારતના એક અમૂલ્ય પુસ્તકની નકલ કરાવી હતી.

૨ દિલ્હીની સ્થાપનાના સમયના સંબંધમાં મતભેદ છે. ફિરિસ્તા હીઝરી સન ૩૦૭ (ઇ૦ સ૦ ૯૨૦, વિ૦ સં૦ ૯૭૭) માં અને અબુલફઝલ સંવત ૪૨૯ માં તેની સ્થાપના થયેલી માને છે; પરંતુ પ્રસિદ્ધ કુતુબમિનારની પાસેના લોહસ્તંભપર આ લેખ કોતરવામાં આવેલો છેઃ-" સંવત દિલ્હી ૧૧૦૯ અનંગપાલ બહી " અને તેજ મિનારની પાસેના અનંગપાલના બંધાવેલા મંદિરના એક સ્તંભપર તે-(અનંગપાલ) નું નામ કોતરવામાં આવેલું છે. એટલા માટે સંભવ છે કે (દ્વિતીય) અનંગપાલે વિ૦ સં૦ ૧૧૦૯ માં દિલ્હીની સ્થાપના કરી હશે અને તેજ સમયે તે પ્રસિદ્ધ લોહસ્તંભ કે જેની ઉપર ગુપ્તવંશના પ્રતાપી રાજા ચંદ્રગુપ્ત દ્વિતીયનો લેખ કોતરવામાં આવેલો છે તે ત્યાં સ્થાપિત કરવામાં આવ્યો હશે. (ગૌ૦ હી૦ ઓઝા)

(અર્થાત્ અનંગપાલ હતું). તેણે સંવત ૧૨૨૦ (ઇ૦સ૦ ૧૧૬૪) માં રાજપૂતોના સૅલિક[1] કાયદ વિરુદ્ધ પોતાના રાજ્યાસનપર (પોતાને પુત્ર નહિ હોવાથી) પોતાના દૌહિત્ર ચોહાણુ પૃથ્વીરાજને સિંહાસનારૂઢ કર્યો.[2]

તંવરલોકોએ હવે પોતાના પ્રાચીન યશપરજ સંતોષ ધારણુ કરવો જોઇએ; કારણુ કે હવે કોઇ પણુ સ્વતંત્ર રાજ્ય આ વંશને આધીન રહ્યું નથી, કે જેનો રાજા પોતાને પાંડવોમાંથી ઉત્પન્ન થયેલો જણાવે અને મહાન વિક્રમ તથા ભારતના અંતિમ હિંદુસમ્રાટ પૃથ્વીરાજ પોતાના વંશમાં થઇ ગયેલા હોવાનું અભિમાન ધરાવી શકે.

અનંગપાલતંવર ઇંદ્રપ્રસ્થના સંસ્થાપકનો વંશજ હતો અને યુધિષ્ઠિરની સ્થાપન કરેલી ગાદીપર તેનોજ વંશજ ૨૨૫૦ વર્ષ પછી બેઠો હતો, એ વાત જો આપણે વિશ્વાસ રાખવા યોગ્ય રીતે સિદ્ધ કરી શકીએ તો તે ઘટના સમસ્ત જગતના ઇતિહાસમાં અનુપમ ગણાશે. સર્વ સાધારણુ લોકો આ વાતનો સ્વીકાર કરે છે અને તે વાત પ્રાચીન કાળની એવી બીજી અનેક વાતોના જેટલીજ સિદ્ધ છે. તંવરલોકો તેનું જેવું દૃઢ પ્રમાણુ આપી શકે છે તેવું દૃઢ પ્રમાણુ યૂરોપનો કોઇ વંશ એથી ઓછા પ્રાચીનકાળનું પણુ આપી શકતો નથી.

હાલમાં તંવરોના અધિકારનાં બે મુખ્ય સ્થળો છે. એક તુંવરગઢનો ઇલાકો કે જે ચંબલ નદીના જમણા તટપર તેના અને યમુનાના સંગમની આગળ સ્થિત છે; અને બીજું જયપુરરાજ્યમાં પાટણુ તુંવરવાટીની નાનીસરખી જાગીર છે, ત્યાંનો જાગીરદાર પોતાને ઇંદ્રપ્રસ્થના પ્રાચીન સમ્રાટોના વંશજતરીકે ઓળખાવે છે.[4]

---

૧ સૅલિક કાનુન એ ફ્રાન્સ દેશનો એક પ્રાચીન કાનુન છે, જે દ્વારા સ્ત્રીજાતિ કોઇપણુ પ્રકારે વારસામાં જાગીર પ્રાપ્ત કરી શકતી નહોતી.રાજપૂતોના સૅલિક કાનૂનનું તાત્પર્ય એ છે કે દૌહિત્ર (પુત્રીનો પુત્ર) પોતાના માતામહના રાજ્યનો સ્વામી થઇ શકતો નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ પૃથ્વીરાજ અનંગપાલનો દૌહિત્ર હોવાની, 'પૃથ્વીરાજ રાસો' ને આધારે જણાવાયલી આ વાતને પંડિત ગૌરીશંકર ઓઝા 'પૃથ્વીરાજવિજય' અને 'હમીરમહાકાવ્ય' ને આધારે ભૂલભરેલી જણાવે છે. મંત્રી સ૦ સા૦

૩ કેટલાક મરાઠાસરદારો તંવરજાતિમાંથી પોતાની ઉત્પત્તિ થયેલી જણાવે છે; જેમકે રામરાવ ફલકિયા કે જે સિંધિઆના રાજ્યમાં અશ્વારોહીસેનાનો પરમ વીરનાયક હતો.

૪ **તંવરવંશ:**—તંવરને સંસ્કૃતલેખકો તોમર લખે છે. જાતિસૂચક તોમર શબ્દ ઘણા પ્રાચીન કાળથી પ્રાપ્ત થાય છે.તંવરોના પ્રાચીન શિલાલેખ,તામ્રપત્રાદિ પ્રાપ્ત થયા નથી,તેથી તેમની પ્રાચીન શુદ્ધ વંશાવલી તૈયાર કરવાનો યત્ન સફળ થઇ શકયો નહિ. પ્રાચીનકાળમાં તેમનું રાજ્ય દિલ્લીની આસપાસના પ્રદેશમાં હતું; પરંતુ તેઓ દીર્ઘકાળપર્યંત કનોજના પ્રતાપી પડિહાર રાજાઓને આધીન રહ્યા હતા એમ જણાય છે. દિલ્લીમાંથી તેમની રાજસત્તા નષ્ટ થયા પછી ઘણા કાળસુધી તેમનું રાજ્ય ગ્વાલિયરમાં રહ્યું હતું.દિલ્લીના તંવરોની જે વંશાવલી જનરલ કનિંગ્હામે પોતાનાં 'આર્કિયોલૉજિકલ સર્વે ઑફ્ ઇન્ડીઆ' નામના પુસ્તકના પ્રથમ વૉલ્યુમના પૃષ્ઠ ૧૪૯ માં આપી છે તેને અમે અત્રે ઉદ્ધૃત કરીએ છીએ:—

| નંબર | અબુલફ્ઝલ,સૈયદ અહમદ અને બિકાનેરનાં હસ્તલિખિત પુસ્તકોમાંથી | ગ્વાલિયરની ખ્યાતમાંથી | કમાઉગઢવાલની ખ્યાતોમાંથી | રાજ્યસમય વર્ષ,માસ,દિ. | રાજ્યાભિષેક ઇસ્વીસન |
|---|---|---|---|---|---|
| ૧ | અનંગપાલ | બીલનદે | ૦ | ૧૮ ૦ ૦ | ૭૩૬ |
| ૨ | બસુદેવ | ૦ | ૦ | ૧૯ ૧ ૧૮ | ૭૫૪ |
| ૩ | ગંગ્ય | ગંગેય | ૦ | ૨૧ ૩ ૨૮ | ૭૭૩ |

રાઠોડ—આ વાસ્તવિક પ્રસિદ્ધ જાતિની ઉત્પત્તિ સંદેહાત્મક છે. રાઠોડોની વંશાવલીઓ રામચંદ્રના બીજા પુત્ર કુશમાંથી તેમની ઉત્પત્તિ થયેલી જણાવે છે, તેથી તે સૂર્યવંશી હશે; પરંતુ આ જાતિના ભાટ લોકો તેમને એ પ્રતિષ્ઠા આપતા નથી અને તેમને કુશના વંશજતરિકે સ્વીકાર્યાં છતાં પણ તેમને

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | પૃથિવીમલ્લ | પ્રથમ | મહીપાલ | ૧૯ ૧ ૧૯ | ૭૯૪ |
| ૫ | જયદેવ | સહદેવ | જદ્દુપાલ | ૨૦ ૭ ૨૮ | ૮૧૪ |
| ૬ | નીરપાલ વા હીરપાલ | ઇંદ્રજિત | નયપાલ | ૧૪ ૪ ૯ | ૮૩૪ |
| ૭ | અધિરાજ વા અદેરેહ | નરપાલ | જયદેવ | ૨૬ ૭ ૧૧ | ૮૪૯ |
| ૮ | વિજય વા વચ | ઇંદ્રજિત | ચમરપાલ | ૨૧ ૨ ૧૩ | ૮૭૫ |
| ૯ | વિક્ષ વા અનેક | વચરાજ | વિવસપાલ | ૨૨ ૩ ૧૬ | ૮૯૭ |
| ૧૦ | રિક્ષપાલ | વીરપાલ | સુક્તપાલ | ૨૧ ૬ ૫ | ૯૧૯ |
| ૧૧ | સુખપાલ વા નેકપાલ | ગોપાલ | તેજપાલ | ૨૦ ૪ ૪ | ૯૪૦ |
| ૧૨ | ગોપાલ | તિલ્લનદે | મહીપાલ | ૧૮ ૩ ૧૫ | ૯૬૧ |
| ૧૩ | સલ્લક્ષણપાલ | સુવરિ | સૂરસેન | ૨૫ ૧૦ ૧૦ | ૯૭૯ |
| ૧૪ | જયપાલ | ઓસપાલ | જૈકપાલ | ૧૬ ૪ ૩ | ૧૦૦૫ |
| ૧૫ | કુંવરપાલ | કુમારપાલ | ૦ | ૨૯ ૯ ૧૮ | ૧૦૨૧ |
| ૧૬ | અનંગ (બીજો) વા અનેક | અનંગપાલ | અનેકપાલ | ૨૯ ૬ ૧૮ | ૧૦૫૧ |
| ૧૭ | વિજયપાલ | તેજપાલ | તેજપાલ | ૨૪ ૧ ૬ | ૧૦૮૧ |
| ૧૮ | મહત્સલ, મહીપાલ | મહીપાલ | જૂંણુપાલ | ૨૫ ૨ ૨૩ | ૧૧૦૫ |
| ૧૯ | અર્કપાલ, અક્ષલ | મુકુંદપાલ | અનેપાલ | ૨૧ ૨ ૧૫ | ૧૧૩૦ |
| ૨૦ | પૃથિવીરાજ | પૃથિવીરાજ | ૦ | ૨૨ ૨ ૧૬ દિલ્લી અન્યના અધિકારમાં ગઇ | ૧૧૫૧ |

ઉપર જે વંશાવલીઓ સાદર કરવામાં આવી છે, તે સર્વ ભાટોની ખ્યાતમાંથી ઉધ્ધૃત કરવામાં આવી છે. અબુલફઝલે પણ રાજવંશોની જે વંશાવલીઓ પોતાના પુસ્તક (આઇન-ઇ-અકબરી)-માં સંગ્રહિત કરી છે તે પણ ભાટોનાં પુસ્તકોમાંથી લેવામાં આવી છે. ભાટોની ખ્યાતો ઇતિહાસને માટે કેટલી પ્રમાણિક છે તે ઉપર આપેલી વંશાવલીઓની પરસ્પર તુલના કરવાથી સ્પષ્ટ થશે. એક વંશાવલીનાં નામ બીજીનાં નામોની સાથે બરાબર નહિ મળવાથી અમે તેમને વિશ્વાસ-પાત્ર માની શકતા નથી, તોપણ તેમાંનાં કેટલાંક નામો ખરાં છે. મિરાતિ મસઉદીમાં એવો ઉલ્લેખ છે કે સાલાર મસઉદે દિલ્લીપર આક્રમણ કર્યું (ઇ૦ સ૦ ૧૦૨૭ અને ઇ૦ સ૦ ૧૦૩૦ ની વચ્ચે) તે સમયે ત્યાં મહીપાલ રાજા હતો, જેની પાસે પ્રચંડ સેના અને પુષ્કળ હાથી હતા. મહીપાલનો પુત્ર ગોપાલ તેની સાથેની લડાઇમાં માર્યો ગયો હતો. દિલ્લીની સ્થાપના કરનાર અનંગપાલ (બીજા) ના તાંબાના સિક્કા પ્રાપ્ત થયા છે. અનંગપાલ દ્વિતીયની પછી પૃથ્વીરાજ ચૌહાણનું રાજ્ય દિલ્લીપર થયું હતું, એમ "પૃથ્વીરાજરાસામાં" લખવામાં આવ્યું છે; પરંતુ મેવાડદેશનાં બીજોલ્યાં નામના સ્થાનમાં એક પાષાણની ઉપર ચૌહાણરાજા સોમેશ્વરના સમયનો વિ૦ સં૦ ૧૨૨૬ (ઇ૦ સ૦ ૧૧૭૦) નો લેખ પ્રાપ્ત થાય છે; તેમાં સોમેશ્વરના જ્યેષ્ઠ ભ્રાતા બીસલદેવે દિલ્લી જીતી લીધું હતું એવો ઉલ્લેખ છે. ચૌહાણોએ દત્તક-સ્વરૂપે જઇને દિલ્લીનું રાજ્ય પ્રાપ્ત કર્યું નહોતું, પણ વિ૦ સં૦ ૧૨૨૦ માં પોતાના બાહુબળથી તે ખુંચવી લીધું હતું.

કુરુક્ષેત્રમાં સરસ્વતી નદીની નિકટ આવેલાં પ્રથુદક (પિહોઆ) ગામમાંથી એક શિલાલેખ પ્રાપ્ત થયો છે તેમાં એવો ઉલ્લેખ છે કે તોમર (તંવર) વંશમાં રાજા જાઉલ થયો અને તેનો એક વંશજ વજ્રટ થયો, જેની સ્ત્રી મંગલદેવીથી જજ્જુક નામનો પુત્ર થયો. તેને ત્રણ પુત્રો-ગોગ્ગ, પૂર્ણરાજ અને

સૂર્યવંશી કશ્યપના, દૈત્ય (¹ટિટન)કન્યાથી ઉત્પન્ન થયેલા પુત્રોતરિકે જણાવે છે. આ રીતે હિરણ્ય-કશ્યપનાં સંતાનોને દૈત્યમાંથી ઉત્પન્ન થયાનું કલંક લગાડવામાં આવે છે.

તેઓ અજમીઢના વંશજ અને કનોજના સંસ્થાપક ચંદ્રવંશી કુશનાભની ગાદીના અધિકારી થયા એ આશ્ચર્યની વાત છે. વાસ્તવમાં કેટલાક વંશાવલીલેખકો રાઠોડોને કુશિકવંશી² માને છે.

રાઠોડોનું પ્રાચીન સ્થાન ગાધિપુર અર્થાત્ કનોજ છે, જ્યાં તેઓ પાંચમી શતાબ્દીથી રાજ્ય કરતા હતા અને જો કે તેઓ તે પૂર્વે પોતાના વંશને કોશલ વા અયોધ્યાના રાજાઓની સાથે મેળવે છે, પરંતુ એ કથનમાત્ર છે.

પાંચમી શતાબ્દી³ પછી તેમનો ઇતિહાસ યુગોના અંધારામાંથી બહાર નીકળે છે. આ શતાબ્દી-પૂર્વે એ વંશ અંધકારમાં લિપ્ત હતો. તાતારલોકોએ ભારતવર્ષ જીતી લીધું તેથી થોડા સમયપૂર્વે આ લોકો ભારતના રાજાઓમાં ઉચ્ચપદ પ્રાપ્ત કરવાને માટે દિલ્હીના અંતિમ તંવર અને ચૌહાણરાજાઓ તથા અણહિલવાડાના બલિકરાયોની⁴ સાથે યુદ્ધ કરી રહ્યા હતા.

આ લોકો માયિક પ્રતિષ્ઠાને માટે લડતા લડતા સર્વ નષ્ટ થઇ ગયા. અંતઃકલહથી દુર્બળ થઇ દિલ્હી-નો ચૌહાણ માર્યો ગયો અને તેના મૃત્યુથી ઉત્તર-પશ્ચિમ સીમાનું દ્વાર ખુલ્લું થઇ ગયું. ત્યારપછી કનોજ-નો નાશ થયો અને ત્યાંનો અંતિમ રાજા જયચંદ ડૂબીને મરણ પામ્યો એટલે તેના પુત્રે મરુસ્થલી અર્થાત્ મારવાડમાં આશ્રય ગ્રહણ કર્યો.

આ પુત્રનુંનામ શિયોજી હતું. તેમણે મંદોરના પડિહારોનો નાશ થયા પછી મારવાડમાં રાઠોડ-વંશ સ્થાપિત કર્યો. આ સ્થળે તેઓ પોતાનું પ્રાચીન વીરત્વ પોતાની સાથે લઇ આવ્યા હતા અને જેવા વીરપુરુષો શિયોજીના સંતાનોમાં પ્રાપ્ત થાય છે, તેથી ઉત્તમ વીરો બીજે કયાંય પણ પ્રાપ્ત થતા નથી.

---

દેવરાજ થયા. આ ત્રણે બંધુઓએ મળી મહેન્દ્રપાલના રાજ્યસમયમાં વિષ્ણુનું મંદિર બંધાવી ત્રણ ગામો તેને ભેટ કર્યાં હતાં. મહેંદ્રપાલ કનોજનો પડિહાર રાજા હતો, જે વિ૦ સં૦ ૯૬૪ (ઇ૦ સ૦ ૯૦૭) પર્યંત તો વિદ્યમાન હતો, માટે તે મંદિર ઉક્ત સમયની લગભગ બંધાવવામાં આવ્યું હશે.× (ગૌ૦ હી૦ ઓઝા)

૧ ટિટન-પુરાણી કથાઓઅનુસાર મહાકાય પુરુષ (રાક્ષસ) (ગૌ૦ હી૦ ઓઝા)

૨ કુશિક-વિશ્વામિત્રનો દાદો. (રાઠોડો પોતાને રામચંદ્રના જ્યેષ્ઠ પુત્ર કુશના વંશજો માને છે. તેઓ પોતાને કુશિકના વંશજો માનતા નથી.) (ગૌ૦ હી૦ ઓઝા)

૩ રાઠોડોએ ઇસ્વીસનની પાંચમી શતાબ્દીમાં કનોજમાં રાજ્ય કર્યું હોય એવું કાંઇ પ્રમાણ પ્રાપ્ત થતું નથી. અગીઆરમી શતાબ્દીમાં તેમનું રાજ્ય કનોજમાં થયું હતું. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ બલિકરાય—કર્નલ ટૉડ અહીંઆં બલિકરાય નામ (ખિતાબ)નો પ્રયોગ અણહિલપુરના સોલંકીઓને માટે કરે છે; પરંતુ ત્યાંના સોલંકીઓએ કદિપણ એ નામ ધારણ કર્યું નહોતું. કર્નલ ટૉડે વલ્લભીપુર (કાઠીઆવાડ) ના રાજાઓને માટે પણ એ શબ્દનો પ્રયોગ કર્યો છે અને તેમની પછી ત્યાં જેનું જેનું રાજ્ય રહ્યું તેમને પણ બલિકરાય લખી દીધા છે; પરંતુ આ વાત સત્ય માનવાને માટે કાંઈ પ્રમાણ નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

૫ કનોજના અંતિમ રાજા જયચંદના પુત્રનું નામ કેટલીક ખ્યાતોમાં બરદાઇસેન અને કેટલીકમાં સિયા પ્રાપ્ત થાય છે;પરંતુ જયચંદના તામ્રપત્રોમાં તેનું નામ હરિશ્ચંદ્ર પ્રાપ્ત થાય છે. કર્નલ ટૉડ અહીંઆં તો સિયાને જયચંદનો પુત્ર લખે છે, પણ અન્ય સ્થળે તેમણે તેને પૌત્ર માન્યો છે. (ગૌ૦ હી૦ ઓઝા)

---

× આ પછી ગ્વાલિયરના તંવરો કે જેઓ દિલ્હીના તંવરોના વંશજોજ છે, તેઓ દિલ્હીનું રાજ્ય ચૌહાણોના હાથમાં ગયા પછી ગ્વાલિયરના ઇલાકામાં જઇ રહ્યા હોય એવો સંભવ દર્શાવી પંડિત ગૌરીશંકરજીએ તે રાજાઓની વંશાવળી તેમના વૃત્તાંતસહિત સ્વસંપાદિત 'ટૉડ રાજસ્થાન' ના પ્રથમ (હિંદી) ગ્રંથમાં આપી છે, જેથી તે જોવા ઇચ્છનારે તેમાં જોવું. મંત્રી સ૦ સા૦

મોગલસમ્રાટોએ પોતાના વિજયોનો અર્ધ ભાગ 'લાખ તલવાર રાઠોડાન' અર્થાત્ એક લાખ રાઠોડો-ની સહાયથી પ્રાપ્ત કર્યો હતો. શિયોજીના રક્તના ૫૦૦૦૦ પુરુષો યુદ્ધને માટે એકદમ એકત્રિત થતા હતા એમાં તો કિંચિત્ શક નથી. અત્રે કુલીન રાઠોડોના સંબંધમાં આટલુંજ કહેવું પૂરતું છે.[1]

રાઠોડોની ચોવીસ શાખાઓ છેઃ—ધાંધલ, ભડેલ, ચકિત, ધૂહડિયા, ખોખરા, બદૂરા, છાજીડા, રામદેવા, કબરિયા, હટૂંડિયા, માલાવંત, સુણ્ડુ, કટેચા, મુહોલી, ગોગાદેવા, મહેચા, જયસિંહા, મુરસિયા, જોબસિયા, જોરા વગેરે વગેરે.

રાઠોડગોત્રોચ્ચાર—ગૌતમગોત્ર,[2] માધ્યન્દિની શાખા, શુક્રાચાર્ય ગુરુ, ગાર્હપત્ય અગ્નિ, પંખિનીદેવી ( કુલદેવી ).

**કુશવાહા**[3]—કુશવાહાવંશના લોકો રામચંદ્રના દ્વિતીય પુત્ર કુશનાં સંતાનો છે, તેઓ ભારતવર્ષના કુશવંશી[4] છે અને મેવાડના રાજપૂતો લવવંશી[5] છે. કુશવાહાના અપભ્રંશતરીકે ' કછવાહા ' બોલાય છે અને લખાય છે.

એ શાખા કોશલ દેશથી નીકળી, જેમાંની એકે સોન નદીને કિનારે રોહતાસ સ્થાપિત કર્યું અને બીજી લાહરની[6] પાસે કોહારીની ખીણમાં જઇ વસી.

કેટલોક કાળ વ્યતીત થયા પછી નિરવર વા નરવરનો[7] પ્રસિદ્ધ દુર્ગ બંધાયો. આ

---

૧ રાઠોડવંશ—સંસ્કૃત શિલાલેખો, તામ્રપત્રો અને પુસ્તકોમાં રાઠોડોને માટે બહુધા રાષ્ટ્રકૂટ શબ્દ પ્રાપ્ત થાય છે અને કોઇક સ્થળે રટ્ટ વા રાષ્ટ્રૌડ શબ્દ મળે છે. એમ જણાય છે કે રાઠોડો પ્રથમ ઉત્તરમાંથી દક્ષિણમાં ગયા હતા અને પુનઃ ત્યાંથી ઉત્તરમાં આવ્યા હતા.વળી રાઠોડો પણ તેમજ કહે છે. દક્ષિણના રાઠોડોના કેટલાક તામ્રપત્રોમાં તેમને યાદવવંશી જણાવવામાં આવ્યા છે અને હલાયુધ પંડિત પોતાના 'કવિરહસ્ય' નામના પુસ્તકમાં પણ તેમને યાદવવંશીજ જણાવે છે.કનોજના અંતિમ અને પ્રસિદ્ધ રાજા જયચંદના પૂર્વજોના તામ્રપત્રોમાં તેમને સૂર્યવંશી જણાવ્યા છે, પરંતુ તેમાં તેમના વંશનું નામ રાષ્ટ્રકૂટ (રાઠોડ) નહિ, કિંતુ ગાહડવાલ (ગહરવાલ) લખ્યું છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ આ ગોત્રને લીધે હું રાઠોડોને એક એવી જાતિ (સંભવતઃશક) નાં સંતાનો જણાવવા માગું છું કે જે બૌદ્ધધર્મ માનતી હતી અને જેનો અંતિમ મહાન આચાર્ય ગૌતમ× સંવત ૪૭૭ (ઇ૦ સ૦ ૫૩૩) માં અંતિમ બુદ્ધ મહાવીરનો શિષ્ય હતો.

૩ કુશવાહા—આ નામ પણ કર્નલ ટૉડે ઉપજાવી કાઢ્યું છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ અયોધ્યાના કુશાઇટ રમેશ અને મિસરના રમેસેસની વચ્ચે દૃઢ સમાનતા છે. પ્રત્યેકની સાથે સેટાયર અનુબિસ અને સિનો સિફેલસની સેના હતી, જેમાંનું અંતિમ યુનાની ભાષાનું કલ્પિત નામ છે; કારણ કે એ નામનું જાનવર સીમિયન કુલનું છે. આ વાત ઇટાલીમાં આવેલાં તુરિનનાં સંગ્રહસ્થાન-માંની તેની મૂર્તિ જોવાથી સ્પષ્ટ થાય છે અને તે રામના ભક્ત હનુમાનના ભ્રાતા છે. સિંધુનદી (કે જે નીલ-આબ અર્થાત્ નીલ પાણી કહેવાય છે) અને મિસરની નીલનદીના પ્રદેશોના દેવતાઓની પરસ્પર તુલના કરવી એ, વિવેચનને યોગ્ય વિષય છે.

૫ મેવાડના રાજા પોતાને લવવંશી નહિ, પણ કુશના વંશજ માને છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૬ સંભવતઃ આ નામ તેમના વંશની મોટી શાખા લવના સન્માનાર્થે છે.

૭ નરવર એ મધ્ય હિંદુસ્તાનમાં આવેલું છે. એનું નામ નલપુર લખેલું પ્રાપ્ત થાય છે. એનું પ્રાચીન નામ પદ્માવતી હતું અને મહાકવિ ભવભૂતિના માલતીમાધવ નાટકમાં એની સુંદરતાનું વર્ણન પ્રાપ્ત થાય છે. નલપુર નામ પાછળથી પ્રસિદ્ધ થયેલું હોવું જોઇએ. કછવાહાઓની ખ્યાતોમાં કછવાહા

---

× કર્નલ ટૉડ ગૌતમ ગોત્રપરથી રાઠોડોને શકોનાં સંતાન કલ્પે છે, પરંતુ આ તેમનો ભ્રમ છે; કારણ કે ક્ષત્રિયોનું ઋષિ ગોત્ર તેજ માનવામાં આવે છે કે જે તેમના બ્રાહ્મણ પુરોહિતનું હોય છે, માટે રાઠોડોના ગૌતમ ગોત્રનો અર્થ એજ છે કે તેમનો પુરોહિત ગૌતમ ઋષિ (બ્રાહ્મણ) નો વંશજ હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

પ્રસિદ્ધ[1] રાજા નળનું નિવાસસ્થાન હતું.તેનાં સંતાનો,તાતારો અને મોગલોના રાજત્વના સમસ્ત પરિવર્તન-કાળમાં તેને પોતાના અધિકારમાં રાખી રહ્યા હતા. ત્યારપછી તેમની પાસેથી તે પ્રદેશ મરાઠાઓએ છીનવી લીધો અને હાલમાં નળનું તે નિવાસસ્થાન સિંધિઆને આધીન છે.

દશમી[2] શતાબ્દીમાં એક શાખાએ ત્યાંથી નીકળી આદિનિવાસી મીનાલોકોને અધિકારથી ચ્યુત કરી તથા રાજોર અને તેની આસપાસના વિસ્તૃત પ્રદેશોના સ્વામી બડગૂજરરાજપૂતોની પાસેથી થોડી ભૂમિ લઇ અંબર સ્થાપન કર્યું; પરંતુ બારમી શતાબ્દીમાં પણ કુશવાહાલોકો દિલ્હીના ચાહાણ-રાજાના મુખ્ય સામંતજ હતા અને તેમની ઉન્નતિનો સમય તેજ છે કે જે રાજસ્થાનનાં અન્ય કુલોની ( વિશેષતઃ મેવાડના રાણાઓની ) અવનતિનો છે; અર્થાત્ તૈમૂરના વંશજોએ દિલ્હીનું સિંહાસન હસ્તગત કર્યું ત્યાર પછી કુશવાહાલોકોનો ઉદય થયો છે.

કુશવાહાલોકોના વિભાગોમાં ગોટાળો થયો છે; પરંતુ વર્તમાનકાળના વિભાગો, જેમને કોટડી કહેવામાં આવે છે અને જેમની સંખ્યા ૧૨ છે, તે તેમના ઇતિહાસમાં આપવામા આવશે.[3]

**અગ્નિકુલ**—ચાર કુલો એવાં છે કે જેની ઉત્પત્તિ હિંદુવંશાવલીના લેખકો અગ્નિમાંથી થયેલી જણાવે છે; માટે અગ્નિકુલના લોકો વલ્કનનાં સંતાનો છે અને ઇતર કુલના લોકો

---

લક્ષ્મણના દાદા અને ઢોલાના પિતા નલે તે સ્થળે કિલ્લો બંધાવ્યો હતો એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. નલપુર પદ્માવતીનોજ પર્યાય હોય એવું પણ અનુમાન થઈ શકે છે; કારણ કે નલ અને પદ્મ એ ઉભય કમલનાં સૂચક છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૧ નલકછવાહાઓની ખ્યાતોઅનુસાર લક્ષ્મણનો દાદો અને ઢોલાનો પિતા. એનો સમય ઇસ્વી-સનની દશમી શતાબ્દીનો કલ્પી શકાય છે, કારણ કે લક્ષ્મણના પુત્ર વજ્રદામાનો એક લેખ વિ૦ સં૦ ૧૦૩૪ (ઇ૦ સ૦ ૯૭૭)નો પ્રાપ્ત થયો છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ કછવાહાઓએ નરવરથી નહિ, પરંતુ ગ્વાલિયરથી આવીને રાજપૂતાનામાં પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો અને તે પણ ઇસ્વીસનની દશમી શતાબ્દીમાં નહિ, પણ અગીઆરમી શતાબ્દીમાં. અંબર કદાચિત્ કછવાહાઓ રાજપૂતાનામાં આવ્યા તે પૂર્વે વિદ્યમાન હશે; કારણ કે ત્યાંના એક મંદિરમાં સંવત ૧૦૧૧ ભાદ્રપદ વદી ૧૧ નો લેખ પ્રાપ્ત થયો છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ કછવાહાવંશ—આ વંશનું નામ લોકોમાં કછવાહા, કછવા કે કછાવા પ્રસિદ્ધ છે અને સંસ્કૃત લેખોમાં કચ્છપઘાત વા કચ્છપારિ લખેલું પ્રાપ્ત થાય છે. કચ્છપઘાતનો અર્થ કાચબાને મારવો અને કચ્છપારિનો અર્થ કાચબાનો શત્રુ છે. કાચબાને મારવો એ રાજપૂતજાતિને માટે કાંઈ ગૌરવ-ભરેલી વાત નથી. અમારૂં એવું અનુમાન છે કે, ઉક્ત વંશના કોઈ પુરુષનું નામ કછવાહ વા કછવાહા હશે ( જે પરથી એ વંશનું નામ પડયું હશે ) અને સંસ્કૃતમાં તેને દાખલ કરવાને માટે પંડિતોએ કચ્છપઘાત કરી દીધો હશે. જેમકે મુસલમાની સમયમાં તેમણે અમીરનો હમીર અને સુલ્તાનનો સુસ્રાણ બનાવી દીધો હતો. કર્નલ ટૉડે તેનું શુદ્ધ રૂપ કુશવાહા માન્યું છે, પરંતુ કછવાહાઓના પ્રાચીન લેખોમાં કયાંય પણ તેનો પ્રયોગ પ્રાપ્ત થતો નથી.

ઉક્ત વંશના રાજાઓના વિશેષ પ્રાચીન શિલાલેખો વા તામ્રપત્રો પ્રાપ્ત થતા નથી, તેમજ તેમનું નામ વિશેષ પ્રાચીન લેખોમાં પણ મળતું નથી. પ્રાચીન કાળમાં તેમનું કોઇ પ્રતાપી રાજ્ય હોય એમ પ્રતીત થતું નથી. કછવાહાઓની ખ્યાતોમાં એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કેઃ–" ઉક્ત વંશના રાજા નળે નરવરનો કિલ્લો બંધાવ્યો. તેને ઢોલા નામનો પુત્ર થયો અને તેનો પુત્ર લક્ષ્મણ થયો. લક્ષ્મણના પુત્ર વજ્રદામાએ ગ્વાલિયરનો કિલ્લો બંધાવ્યો." રાજા નલની પૂર્વેના પુષ્કળ રાજાઓનાં નામો ભાટોની ખ્યાતોમાં પ્રાપ્ત થાય છે; પરંતુ તે વિશ્વાસયોગ્ય નથી. ખ્યાતોમાં વજ્રદામાએ ગ્વાલિયરનો કિલ્લો બંધાવ્યો હતો એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, પરંતુ તે પણ વિશ્વાસ યોગ્ય નથી, કારણ કે તે કિલ્લો પહેલાંથીજ બંધાઇ ગયેલો હતો અને તે કનોજના પડિહારોને આધીન હતો, જેની પાસેથી વજ્રદામાએ તે ખુંચવી લીધો હતો. કછવાહા પૂર્વે કનોજના પડિહારોને આધીન હતા, જેમનું રાજ્ય નિર્બળ થતાં તેઓ

સોલ[1] ( સૂર્ય ), મર્ક્યૂરિયસ ( બુધ ) અને ટેરા ( પૃથ્વી ) નાં સંતાનો છે.

પરમાર, પડિહાર, ચાલુક્ય વા સોલંકી અને ચૌહાણ અગ્નિવંશી[2] છે.

તેમના રૂપકમય ઇતિહાસની સ્પષ્ટ વ્યાખ્યા કરવાથી પ્રતીત થાય છે કે, બ્રાહ્મણોએ પોતાના તરફથી યુદ્ધ કરવાને માટે આ અગ્નિકુલની જાતિઓનો સંસ્કારમાત્ર કરીને પરિવર્તન કર્યું હતું. તેમના સૌથી પ્રાચીન શિલાલેખો પણ પાલીલિપિમાં છે. જ્યાં જ્યાં બુદ્ધધર્મનો બાધક પ્રચાર હતો, ત્યાં ત્યાં આ લેખો મળ્યા છે. ત્યાં તેમને તુષ્ટા[3] વા તક્ષક (આલંકારિક અર્થ નાગ) વંશના જણાવ્યા છે; માટે જે જાતિએ પ્રાયઃ ઇ૦ સ૦ પૂર્વે બે શતાબ્દીપર ભારતપર આક્રમણ કર્યું હતું તેજ જાતિમાંથી અગ્નિકુલની ઉત્પત્તિ થઇ છે એવા અમારા મતને પુષ્ટિ મળે છે. પ્રાયઃ આજ સમયમાં ૨૩ મા બુદ્ધ[4] પાર્શ્વ ભારતમાં

---

સ્વતંત્ર થઇ ગયા હોય એમ પ્રતીત થાય છે. શિલાલેખોમાં લક્ષ્મણથી તેમની વંશાવલી પ્રાપ્ત થાય છે.*
(ગૌ. હી. ઓઝા)

૧ યૂનાન અને રોમની દેવવંશાવલીઓમાં મનોહર લાવણ્યતા પ્રાપ્ત થાય છે કે જે હિંદુઓની દેવવંશાવલીઓમાં પ્રાપ્ત થતી નથી. જો કે સુયોગ્ય વિદ્વાન સર વિલિયમ જોન્સ સંસ્કૃત સાહિત્યને પણ મનોરંજક બનાવી શકત; અને આ વિષય રાજસ્થાનના સરદારોને પ્રિય હોવાથી અમે અનુમાન કરી શકીએ છીએ કે, એ વાસ્તવિક ઉદ્યોગને પાત્ર છે. હિંદુઓના દેવોની વંશાવલી યૂનાન અને રોમના દેવતાઓની વંશાવલીને બરાબર મળતી આવે છે, એ દર્શાવવાને માટે અમારે કેવલ નામોનો અનુવાદ કરવાની આવશ્યકતા છે. ઉદાહરણાર્થઃ—

| સૂર્યવંશી | ચંદ્રવંશી |
|---|---|
| મરીચિ (લકસ×) | અત્રિ. |
| કશ્યપ(યુરેનસ‡) | સમુદ્ર(ઑશિયેનસ) |
| વિવસ્વત વા સૂર્ય(સોલ) | સોમ વા ઇંદુ(લૂના) |
| વૈવસ્વત મનુ(ક્લિયિસ સોલિસ. સૂર્યપુત્ર) | બૃહસ્પતિ(જ્યુપીટર) |
| ઇલા (ટેરા–પૃથ્વી) | બુધ(મર્ક્યુરિયસ) |

૨ પરમાર, પડિહાર, સોલંકી અને ચૌહાણ એ ચારે વંશોને હાલમાં અગ્નિવંશી માનવામાં આવે છે; પરંતુ ઇ૦ સ૦ ની પંદરમી શતાબ્દીપૂર્વે પડિહાર, સોલંકી અને ચૌહાણો પોતાને અગ્નિવંશી માનતા નહોતા. પહેલાં સોલંકી અને ચૌહાણો પોતાને ચંદ્રવંશી તથા પડિહારો પોતાને રઘુવંશી વા બ્રાહ્મણ હરિશ્ચંદ્રના વંશજ માનતા હતા. કેવળ પરમારો મૂળથીજ પોતાના મૂળપુરુષને આબુપર વસિષ્ઠ ઋષિદ્વારા અગ્નિકુંડમાંથી પેદા થયેલો માનતા ચાલ્યા આવે છે. (ગૌ. હી. ઓઝા)

૩ તુષ્ટા (ત્વષ્ટા) શબ્દથી તક્ષક માનવા એ કર્નલ ટૉડનો ભ્રમ છે. એનો અર્થ તક્ષક નહિ, પણ વિશ્વકર્મા છે. પરમાર, પડિહાર, સોલંકી અને ચૌહાણોના પ્રાચીન લેખોમાં તેમને ક્યાંય પણ તક્ષકવંશી લખવામાં આવ્યા નથી. કેવળ ચિતોડની પાસેના માનસરોવરના લેખમાં કર્નલ ટૉડ ત્વષ્ટા શબ્દનું હોવું બતાવે છે; પરંતુ એ લેખને ચાર વંશોની સાથે કાંઈ સંબંધ પણ નથી ( એ લેખ મોરીઓનો છે) તેમજ તે કર્નલ ટૉડના ગુરુથી બરાબર વાંચી શકાયો પણ નથી. (ગૌ. હી. ઓઝા)

૪ મને એમ જણાય છે કે ભારતમાં એકેશ્વરવાદના[૪] શિક્ષક ચાર પ્રસિદ્ધ બુધ વા બુદ્ધિમાન પુરુષો થઇ ગયા છે. આ પુરુષો પોતાનો આ મત તેના વિજ્ઞાન તથા તીર વા ખીલાના જેવાં મથાળાંવાળા

---

* આ વંશાવલી ગૌ. હી. ઓઝાએ સ્વસંપાદિત 'ટૉડ રાજસ્થાન' હિંદીના પ્રથમ પુસ્તકમાં કેટલાક ઇતિહાસસાથે આપી છે. મંત્રી સ૦ સા૦

× લકસ-યૂનાનીઓની પૌરાણિક કથાઓઅનુસાર એક દેવાંશી પુરુષ (ગૌ. હી. ઓઝા)

‡ યૂરેનસ-યુનાનીઓની પૌરાણિક કથાનુસાર આકાશ (વા સ્વર્ગ) નો અધિષ્ઠાતા દેવતા, જેને કદિ સૂર્ય અને કદિ પૃથ્વીનો પતિ માનવામાં આવતો હતો. (ગૌ. હી. ઓઝા)

૪ એકેશ્વરવાદ-કર્નલ ટૉડ, બૌદ્ધ (જૈન) મતના પ્રચારકોને એકેશ્વરવાદી માને છે; પરંતુ

પ્રકટ થયા; તેમનું ચિન્હ સર્પ હતું.

તક્ષક નાગ, પ્રસિદ્ધ ગ્રંથ પિંગલને લઈને નાસી ગયો હતો અને કૃષ્ણનો ગરુડ તેને પાછો લઇ આવ્યો હતો. એ કથા સ્પષ્ટતઃ રૂપકમય છે અને તેમાં પાર્શ્વ તથા કૃષ્ણના અનુયાયીઓની વચ્ચે થયેલા ઝઘડાનું વર્ણન છે, જેમાં પાર્શ્વના અનુયાયીઓનો બોધ તેના ચિન્હ સર્પથી અને કૃષ્ણના અનુયાયીઓનો બોધ તેના ચિન્હ ગરુડથી કરાવવામાં આવ્યો છે.

સૂર્યના ઉપાસકોએ ચંદ્રકુલ સાથેના સર્વનાશકારી અંતઃકલહ પછી પોતાનું બળ પુનઃ પ્રગટ કર્યું. દૈત્યો વા નાસ્તિકોથી બલ વા ઇશ્વરની વેદીઓની રક્ષા કરવાને માટેજ અગ્નિકુલની ઉત્પત્તિ કરવામાં આવી હતી એવો સ્પષ્ટ ઉલ્લેખ છે.

પ્રસિદ્ધ આબુ વા અર્બુદગિરિ કે જે રાજસ્થાનનો ઓલિમ્પસ છે, તેપર સૂર્યના ઉપાસકો અને દૈત્યોની વચ્ચે યુદ્ધ[1] થયા કરતું હતું અને કલ્પનાની સહાયથી તેનું વર્ણન પશ્ચિમ ( યૂરોપ ) ના પ્રાચીન કવિઓએ કરેલા ટિટૅનિકયુદ્ધના વર્ણનસમાન મનોરંજક થઇ શકે એમ છે.

બૌદ્ધ લોકો આબુને પોતાના પ્રથમ બુદ્ધ આદિનાથના સ્થાનતરિકે ઓળખાવે છે અને બ્રાહ્મણો તેને ઇશ્વર વા અચલેશના સ્થાનતરિકે જણાવે છે. ત્યાંની સ્થાનિક મૂર્તિ અચલેશના નામથી પ્રસિદ્ધ છે.

આબુના શિખરપર તે અગ્નિકુંડ અદ્યાપિ દષ્ટિગોચર થાય છે કે જેમાંથી બ્રાહ્મણોએ અચલેશ અને અનેકેશ્વરવાદને માટે એકેશ્વરવાદી બુદ્ધો કે જેમને સર્પો અને તક્ષકોસ્વરૂપે પ્રદર્શિત કરવામાં આવ્યા છે, તેમની સાથે યુદ્ધ કરવાને માટે આ ચાર વંશોને ઉત્પન્ન કર્યા હતા.

આ પરિવર્તનનો સંભાવિત સમય લખવામાં આવ્યો છે; પરંતુ અગ્નિવંશીઓપૈકી ઘણા મુસલમાનોના આક્રમણના સમયપર્યંત પણ બૌદ્ધ વા જૈનધર્મ માનતા હતા.

પરમારો તેમના નામપરથી વિદિત થાય છે તેમ મુખ્ય યુદ્ધ કરનાર નહોતા; તથાપિ અગ્નિવંશીઓમાં સર્વથી અધિક પ્રભાવશાળી હતા. તેમાંથી ૩૫ શાખાઓ નીકળી, જેમાંની કેટલોકના અધિકારમાં વિસ્તૃત રાજ્યો રહ્યાં હતાં. 'પૃથ્વી પરમારોની છે' એ એક પ્રાચીન કહેવત છે, જે પરથી

---

અક્ષરોસહિત મધ્યએશિઆમાંથી+ લાવ્યા અને તેઓ જ્યાં જ્યાં રહ્યા ત્યાં ત્યાં એ અક્ષરો મને પ્રાપ્ત થયા છે, અર્થાત્ જેસલમીરની મરુભૂમિમાં, રાજસ્થાનના મધ્યમાં અને સૌરાષ્ટ્રના સમુદ્ર-તટપર આ અક્ષરો મળ્યા છે. ઉક્ત સ્થાનો તેમના નિર્વાહનાં સ્થાનો હતાં.

પ્રથમ બુધ ચંદ્રવંશના મૂળ પુરુષ છે. ઇ૦ સ૦પૂ૦ ૨૫૫૦
દ્વિતીય નેમીનાથ (જૈનોના ૨૨ મા તીર્થંકર)ઇ૦ સ૦ પૂ૦ ૧૧૨૦
તૃતીય પાર્શ્વનાથ(જૈનોના ૨૩ મા તીર્થંકર) ઇ૦ સ૦ પૂ૦ ૬૫૦
ચતુર્થ મહાવીર×( જૈનોના ૨૪ મા તીર્થંકર ) ઇ૦ સ૦ પૂ૦ ૫૨૩

૧ કર્નલ ટૉડ આબુપર્વતને સૂર્યપૂજકો તથા દૈત્યો વા નાસ્તિકો વચ્ચેના યુદ્ધનું સ્થાન માને છે, જે માત્ર એક કલ્પનાજ છે. તેને માટે તેઓ કાંઇ પ્રમાણ આપતા નથી, તેમજ કાંઈ પ્રમાણ પ્રાપ્ત પણ થતું નથી. (ગૌ. હી. ઓઝા)

---

બૌદ્ધ અને જૈન એ ઉભય મતો નિરીશ્વરવાદી છે. તેઓ ઇશ્વરને સૃષ્ટિનો કર્તાહર્તા માનતા નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

+કર્નલ ટૉડ બૌદ્ધમત મધ્ય એશિયામાંથી આ દેશમાં આવ્યો હતો એમ માને છે, પરંતુ એ પણ તેમનો ભ્રમ છે. હિંદુસ્થાનમાંથીજ ઉક્ત ધર્મનો પ્રચાર મધ્યએશિયામાં થયો હતો. ગૌ. હી ઓઝા.

× કર્નલ ટૉડ જૈન અને બૌદ્ધમતમાં કાંઇ ભેદ ગણતા નથી. તેઓ એ ઉભય ધર્મોને માટે બુદ્ધ શબ્દનોજ પ્રયોગ કરે છે અને તેમને જ્યાં બુદ્ધ શબ્દ મળ્યો ત્યાં તેમણે તેને બૌદ્ધધર્મનો પ્રચારક માની લીધો છે. તેમણે ચંદ્રવંશના મૂળપુરુષ બુધનેજ બૌદ્ધધર્મનો પ્રચારક માની લીધો છે; પરંતુ તેમની આ માન્યતા કેવળ ભ્રમમૂલક છે. (ગૌ૦ હી૦ ઓઝા )

પ્રતીત થાય છે કે તેમનો અધિકાર ઘણો ફેલાયો હતો; અને "નવકોટ મરુસ્થલી" (નવકોટી મારવાડ) પરથી એવો બોધ થાય છે કે સતલજથી સમુદ્રપર્યંતનો દેશ આ લોકોમાં વહેંચાઈ ગયો હતો.

માહેશ્વર, ધાર, માંડૂ, ઉજ્જન, ચંદ્રભાગા, ચિતોડ, આબુ, ચંદ્રાવતી, મઉમેદાના, પરમાવતી, ઉમરકોટ, બેખર, લોદ્રવા અને પાટણ એ આ લોકોની સ્થાપન કરેલી વા જીતેલી રાજધાનીઓમાં અત્યંત પ્રસિદ્ધ છે.

જો કે પરમારવંશ દ્રવ્યની બાબતમાં અણહિલપુરના પ્રસિદ્ધ સોલંકીરાજાઓની બરાબરી કદિ પણ કરી શકતો નહોતો અને ચૌહાણોસમાન તેનો પ્રતાપ પણ કદિ ઝળકયો નહોતો; છતાં તેનો અધિકાર ઉક્ત ઉભય કુલો કરતાં અધિક દૂરસુધી ફેલાયો હતો અને તેણે પોતાનું રાજ્ય દૃઢ કરવામાં સર્વથી પ્રથમ [1]સફળતા પ્રાપ્ત કરી હતી અને અગ્નિવંશીઓમાંનાં અંતિમ અને અલ્પ એવા પડિહારો કરતાં તો તે સર્વ બાબતમાં શ્રેષ્ઠ[2] હતો તથા તેણે પડિહારોને દીર્ઘકાળપર્યંત પોતાના માંડલિક બનાવી રાખ્યા હતા.

એમ જણાય છે કે હય( હૈહય )વંશના રાજાઓની પ્રાચીન રાજધાની માહેશ્વર પરમારોની પ્રથમ રાજધાની હતી. પાછળથી તેમણે વિંધ્યપર્વતના શિખરપર ધારાનગર અને માંડૂની સ્થાપના કરી અને ઉજ્જન કે જે હિંદુઓનાં પ્રથમ યામ્યોત્તરવૃત્તનું સ્થાન અને વિક્રમની રાજધાની હતી, તેની સ્થાપના પણ પરમારોએજ કરેલી માનવામાં આવે છે.

આ વંશના એવા પુષ્કળ લેખો છે કે જેદ્વારા તેમના આધુનિક ઐતિહાસિક સમયોનો નિશ્ચય થઇ શકે છે અને એવી આશા રાખવામાં આવે છે કે, જે શિલાલેખો અત્યારસુધી ઉકલી શકાયા નથી તેનો અર્થ પ્રકટ થતાં આ લોકોનો પત્તો સાતમી શતાબ્દીની પૂર્વેસુધી લાગશે.

મુંજના પુત્ર ભોજનો[3] સમય[4] સારી રીતે નિર્ણીત કરવામાં આવ્યો છે અને એક ખીલા જેવા આકારવાળા અક્ષરોનો શિલાલેખ[5] તે વંશને વધુ પ્રાચીન સમય ( ઈ૦ સ૦ ૭૧૪ ) માં લઇ જાય છે; અર્થાત્ તેપરથી ચિતોડના અંતિમ પરમારરાજાનો અને તેની પછી ગહિલોતોના ત્યાંના રાજ-સિંહાસનપર આરૂઢ થવાનો સમય જાણી શકાય છે.

પરમારોના અધિકારની સીમા નર્મદાજ નહોતી. પૂર્વોક્ત શિલાલેખના સમયના અરસામાંજ રામ પરમાર તિલંગાનામાં રાજ્ય કરતો હતો અને ચૌહાણોનો ભાટ ચંદ તેને ભારતના સમ્રાટનું પ્રતિષ્ઠિત પદ આપે છે તથા તેને બલવાન સામંતસમૂહનો[6] સ્વામી જણાવે છે. તેના મૃત્યુ પછી તેના

---

૧ નવમી શતાબ્દીપૂર્વે પરમારોનું કોઇ મોટું રાજ્ય હોય એમ જણાતું નથી; પરંતુ સોલંકીઓનું પ્રબળ રાજ્ય છઠ્ઠી શતાબ્દીના પ્રારંભમાં દક્ષિણમાં કાયમ થઇ ચૂકયું હતું. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ કર્નલ ટૉડે પરમારોને સર્વ પ્રકારે પડિહારોથી શ્રેષ્ઠ માન્યા છે; પરંતુ જો કનોજના પડિહારો-નો પ્રતાપ તેમને વિદિત હોત તો તેઓ એ પ્રમાણે કદિપણ લખત નહિ. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ ભોજ, મુંજનો પુત્ર નહિ; પણ તેના કનિષ્ઠ ભ્રાતા સિંધુરાજનો પુત્ર હતો. તે વિ૦ સં૦ ૧૦૭૮ (ઈ૦ સ૦ ૧૦૨૧) ની પૂર્વે રાજ્યસિંહાસનપર બેસી ગયો હતો અને વિ૦ સં૦ ૧૧૧૨ (ઇ૦ સ૦૧૦૫૫) ની પૂર્વે તેનો દેહાંત થયો હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ જુઓ રૉયલ એશિયાટિક સોસાયટીની કાર્યવાહી પુસ્તક ૧, પૃષ્ઠ ૨૨૭.

૫ જે શિલાલેખનો કર્નલ ટૉડે અત્રે ઉલ્લેખ કર્યો છે તે ચિતોડની નિકટના માનસરોવરનો લેખ છે. તે પરમારોનો નહિ, પણ મોરીરાજા માનનો છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૬ જ્યારે તૈલંગના પરમારે હરનું શરણ ગ્રહણ કર્યું, તે સમયે તેણે ૩૬ રાજકુલોને પૃથ્વી દાનમાં આપી. કેહરને તેણે કટેર અર્પણ કર્યું,રાયપુહરને સિંધનો તટ અને શંખના વીરોને જંગલની ભૂમિ આપી. તૈલંગનો રામ પરમાર કે જે ઉજ્જયિનીનો ચક્રવર્તી રાજા હતો, તેણે આ ભૂમિદાન કર્યું હતું.× તેણે દિલ્હી તંવરોને પ્રદાન કરી, પાટણ ચાવડાઓને, સાંભર ચૌહાણોને,કનોજ કમધ્વજને, મરુદેશ પડિહા-રોને, સોરઠ યદુવંશીઓને, દક્ષિણ જાવલા (ઝાલા)ઓને અને કચ્છદેશ ચારણોને આપ્યો. (ચંદનું કાવ્ય)

---

× રામ પરમારે તંવરોને દિલ્હી, ચાવડાઓને પાટણ, ચૌહાણોને સાંભર તથા રાઠોડોને કનોજ

સામંતો સ્વતંત્ર થઈ ગયા. ઉક્ત ભાટ આ ઘટનાને પરમારોની ઇચ્છાથી થયેલી જણાવે છે; પરંતુ ગહિલોતોએ ચિતોડ ખુંચવી લીધું તે ઘટનાની સાથે એની તુલના કરી જોવાથી અમે ધારી શકીએ છીએ કે, રામના ઉત્તરાધિકારીઓ પોતાનું આધિપત્ય સ્થાયી રાખવાની યોગ્યતા ધરાવતા નહોતા.

જ્યાંસુધી હિંદુસાહિત્ય સ્થાયી રહેશે ત્યાંસુધી ભોજપરમાર અને તેમની સભાનાં "નવ રત્નો"-નું નામ લુપ્ત થઇ શકનાર નથી; જો કે ભોજ નામના[1] ત્રણ રાજાઓ[2] પૈકી ઉક્ત ભોજ કયા હતા તે કહેવું કઠિન છે; કારણ કે તે સર્વ વિજ્ઞાનના ઉત્તેજક થયેલા જણાય છે.

ચંદ્રગુપ્ત કે જેને સિકંદરનો પ્રતિદ્વંદી માનવામાં આવે છે, તે મોરીવંશનો હતો અને પૌરાણિક વંશાવલીઓમાં તેને તક્ષક[3] વંશનો લખવામાં આવ્યો છે. પરમારોના પ્રાચીન શિલાલેખોમાં તેમની મુખ્ય શાખા મોરી[4]કુલને તુષ્ટા વા તક્ષક લખવામાં આવ્યું છે અને તેમની રાજધાની ચિતોડના શિલાલેખમાં પણ તેજ પ્રકારનો ઉલ્લેખ છે. આ શિલાલેખ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે.

વિક્રમાદિત્યનો વિજેતા શાલિવાહન[5] તક્ષકકુલનો હતો અને તેના શકે દક્ષિણમાં તંવરલોકોના સંવતને ઉખેડી નાખ્યો હતો.

પરમારોનું મહત્ત્વ દર્શાવવાને માટે તેમની સ્વતંત્રતાનો કોઇ પણ અંશ વિદ્યમાન નથી. માત્ર ખંડિયેરોજ તેમનું પ્રભુત્વ દર્શાવનારા લેખ છે. ભારતની મરુભૂમિમાં આવેલા ધાટનો[6] રાજા આ વંશના રાજત્વની અંતિમ છાયારૂપ છે. હુમાયૂને જ્યારે તૈમૂરના સિંહાસનપરથી પદભ્રષ્ટ કરવામાં આવ્યો તે

૧ શિલાલેખમાં તૃતીય ભોજનો સમય સંવત ૧૧૦૦ (ઇ૦ સ૦ ૧૦૪૪) આપ્યો છે. રાજાઓની એક સંવતવાર પ્રાચીનસૂચિમાં આ રાજાને માટે જે સંવત નિશ્ચિત કરવામાં આવ્યો છે, તેની સાથે ઉપર્યુક્ત સંવત મળે છે. તેમાં ભોજ નામના સર્વ રાજાઓનો સમય આપવામાં આવ્યો છે અને તેથી તે પ્રામાણિક માની શકાય છે. આ પ્રામાણિક સૂચિમાં પ્રથમ અને દ્વિતીય ભોજને માટે અનુક્રમે સંવત ૬૩૧ અને ૭૨૧× (ઇ૦ સ૦ ૫૭૫ અને ૬૬૫) આપ્યા છે.

૨ ભોજ નામના અનેક રાજાઓ હિંદુસ્તાનમાં થયા છે; પરંતુ માળવાના પરમારોમાં તો ઉક્ત નામનો એકજ રાજા પ્રાપ્ત થાય છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ મૌર્ય (મોરી) વંશી ચંદ્રગુપ્તને પુરાણોમાં ક્યાંય પણ તક્ષકવંશી જણાવ્યો નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ પરમારોની મુખ્ય શાખા મોરી નથી; મોરી એ પરમારોથી ભિન્ન વંશ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૫ શાલિવાહન અને વિક્રમાદિત્ય એક સમયમાં થયા નથી, તે છતાં પણ પાછળના જૈનલેખકો-એ શાલિવાહને વિક્રમાદિત્યને જીતી લીધો હતો એમ લખ્યું છે; પરંતુ તેમણે વિક્રમથી ૧૧૦૦ વર્ષો કરતા અધિક સમય પછી એ પ્રમાણે લખ્યું છે અને તેની સત્યતાને માટે કોઇ અન્ય પ્રમાણ વિદ્યમાન નથી. તેજ પ્રમાણે શાલિવાહનને તક્ષકકુલનો માનવાને માટે પણ કોઇ આધાર નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

૬ આ રાજા સોઢાશાખાના પરમાર છે. સોઢા, એ પરમારકુલની એક મોટી શાખા છે. એ લોકો પ્રાચીનકાળમાં સમસ્ત મરુભૂમિના સ્વામી હતા. તેમની ઉમરા અને સૂમરા નામની ઉપશાખાઓ-ના નામપરથી ઉમરકોટ અને ઉમરાસૂમરાનાં નામ પડયાં છે. જેમાં દીપાકાર ખેખર સિંધુના કિનારાપર સ્થિત છે. એથીજ એલેક્ઝાંડર(સિકંદર)ના સમયના સોગડી લોકો એ સોઢા છે, એમ જ્યારે અમે કહીએ છીએ ત્યારે અમે શબ્દોપ્તત્તિનો દુરુપયોગ કરતા નથી.

વગેરે દેશો અર્પણ કર્યા હતા એવો જે ઉલ્લેખ છે તે સર્વથા નિર્મૂલ છે. રાઠોડ ચંદ્રદેવે ઇસ્વીસનની અગીઆરમી શતાબ્દીમાં પોતાના બાહુબળથી કનોજનું રાજ્ય જીતી લીધું હતું. ચૌહાણો આઠમી શ-તાબ્દીની આસપાસ સાંભરના રાજા હતા અને ચાવડાવંશના રાજા વનરાજે ઇસ્વીસનની આઠમી શતાબ્દીમાં પાટણ(અણહીલપુર)સ્થાપિત કરી, તેને પોતાનું પાટનગર બનાવ્યું હતું. (ગૌ૦ હી૦ ઓઝા)

× સંવત ૬૩૧ અને ૭૨૧ (ઇ૦ સ૦ ૫૭૫ અને ૬૬૫) માં ભોજ નામના જે રાજાઓનું અસ્તિત્વ કર્નલ ટૉડ જણાવે છે તે પરમાર નહિ, પણ અન્ય વંશના હોવા જોઇએ. (ગૌ૦ હી૦ ઓઝા)

સમયે તેને જેણે આશ્રય આપ્યો હતો અને જેની રાજધાની ઉમરકોટમાં પ્રતાપી અકબરનો જન્મ થયો હતો તે રાજાનો વંશજ આજે ભાગ્યની નિઃસરણીને તળીએ છે. તેનું સિંહાસન મરુભૂમિમાં અલુચીઓના પગતળે છે અને તેમની ઉદારતાપર તેના નિર્વાહનો આધાર છે.

પરમારકુલની ૩૫ શાખાઓમાં વિહિલ નામની શાખા અધિક વિખ્યાત હતી. આ શાખાના રાજાઓનું રાજ્ય ચંદ્રાવતીમાં હતું એમ જણાય છે. ચંદ્રાવતી અરવલ્લીપર્વતની તળેટીમાં છે.

બીજોલીનો રાવ કે જે રાણાના દરબારમાં ઉચ્ચ વર્ગના સોળ સરદારો પૈકી એક છે, તે પ્રાચીન ધારના પરમારોનો વંશજ છે અને કદાચ તે આ કુલનો સર્વશ્રેષ્ઠ પ્રતિનિધિ હશે.

## પરમારોની ૩૫ શાખા

**મોરી**—આ શાખામાં ચંદ્રગુપ્ત અને ગહિલોતોની પૂર્વેના ચિતોડના રાજા થયા હતા.

**સોઢા**—સિકંદરનઢા સમયના સોગડી અને મરુભૂમિમાં ધાટના રાજા

**સાંખલા**—પૂંગલના જાગીરદાર અને કેટલાક મારવાડમાં વસે છે.

**ખેર**—એમની રાજધાની ખેરાળુ છે.

**ઉમરા અને સૂમરા**—આ લોકો પ્રાચીનકાળમાં મરુભૂમિમાં હતા અને હાલમાં તેઓ મુસલમાન થઈ ગયા છે.

**વેહિલ વા બિહિલ**—ચંદ્રાવતીના રાજા

**ભૈપાવત**—મેવાડમાં આવેલા બીજોલીના વર્તમાન જાગીરદાર

**બુલહર**—મરુભૂમિના ઉત્તર ભાગમાં વસે છે.

**કાબા**—પ્રાચીન કાળમાં સૌરાષ્ટ્રદેશમાં આ લોકો પ્રસિદ્ધ હતા અને તેમાંના થોડાક હાલ પણ શિરોહીમાં છે.

**ઉમટ**—માળવામાં આવેલા ઉમટવાડાના રાજા. ત્યાં આ લોકો ૧૨ પેઢીથી વસે છે. પરમાર લોકોને આધીન જેટલા પ્રદેશો છે, તેમાં સૌથી મોટો ઉમટવાડાજ છે. ઈ૦ સ૦ ૧૮૧૭ ના યુદ્ધ પછી અંગ્રેજલોકોનો હસ્તક્ષેપ આ પ્રદેશમાં થયાથી તેને સ્વતંત્ર કહી શકાય નહિ.

**રેહવર**<br>**ડુંદા**<br>**સોરટિયા**<br>**હરેર** } માળવામાં આ લોકો નાના નાના ગરાસીઆ જાગીરદારો છે.

તે સિવાય બીજી શાખાઓ અપ્રસિદ્ધ છે. જેવી કે ચૌંદા, ખેચડ, સુગડા, બરકોટા, પૂના, સમ્પલ, ભીબા, કાલપુસર, કાલમોહ, કોહિલા, પૂપા, કહોરિયા, ધુંધ, દેવા, બરહર, જીપ્રા, પોસરા, ધૂંતા, રિકુમ્વા અને ટીકા. આમાંની અનેકે ઇસ્લામધર્મનો સ્વીકાર કરી લીધો છે અને કેટલીક સિંધુનદીને પેલે પાર વસે છે.

**ચાહુમાન વા ચૌહાણ**—આ જાતિના સંબંધમાં ઇતર સ્થળે એટલું બધું કહેવામાં આવ્યું છે કે અત્રે તેનું શીઘ્રતાથી સંક્ષિપ્ત વર્ણન કરવા ઉપરાંત કાંઈ પણ કહેવું વ્યર્થ થઇ પડશે.

આ વંશ અગ્નિકુલોમાં નહિ; પરંતુ સમસ્ત રાજપૂતજાતિમાં આ વંશના લોકો સર્વથી મહાન વીર છે. છત્રીસ કુલના અધિકાંશ રાજપૂતોનાં એવાં વીર કાર્યો લખી શકાય એમ છે કે જે ઇતિહાસનાં અસંખ્ય અને ભિન્ન ભિન્ન વીરતાની ઘટનાઓથી ભરેલાં પૃષ્ઠોમાં કોઇની પણ વીરતાથી ઉતરે એવાં નથી; અને જો કે "તલવાર રાઠોડાના' આ વાતપર વાંધો ઉઠાવવાને તૈયાર થશે, તોપણ તેમની પરસ્પર યોગ્યતાનો વિચાર કરી પક્ષપાતરહિત નિર્ણય કરવાથી ચૌહાણલોકોજ યુદ્ધવિષયક જીવનમાં સૌથી પ્રધાન જણાશે.

આ વંશની શાખાઓએ પોતાનું સંપૂર્ણ આદિપૌરુષ કાયમ રાખ્યું છે અને હાડા, ખીચી, દેવડા, સોનગઢા તથા ચોવીસ શાખામાંના બીજા પોતાનાં નામ ભાટનાં કાવ્યોમાં અમર કરી ગયા છે.

ચૌહાણ શબ્દની ઉત્પત્તિ તેના કલ્પિત જન્મની સમકાલીન છે; અર્થાત્ જ્યારે ચાર બાહુવાળા વીર (ચતુર્ભુજ, ચતુર્બાહુવીર) ને દૈત્યોની સાથે યુદ્ધ કરવાને મોકલવામાં આવ્યો ત્યારે ચૌહાણુસિવાય સર્વ હારી ગયા. ચૌહાણુને બ્રાહ્મણોએ નાસ્તિકોની વિરુદ્ધ યુદ્ધ કરવાને સૌથી પાછળ ઉત્પન્ન કર્યો હતો.

મૂળ ગ્રંથ (પૃથ્વીરાજરાસા) માંથી, આ ઑલિમ્પસ અર્થાત્ પવિત્ર આબુપર ભારતીય 'જેવ'ની ક્રિયાઓની રક્ષાર્થે જે ચૌહાણોને ઉત્પન્ન કરવામાં આવ્યા હતા, તેમની ઉત્પત્તિના સંબંધમાં થોડી હકીકત ઉધ્ધૃત કરવાથી તે મનોરંજક લાગશે. તેમાં લખ્યું છે કેઃ–"આ અર્બુદગિરિ કે જે સુમેરુ વા કૈલાસની પેઠે પહાડોનો ગુરુ છે તેને અચલેશે પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. તેના શિખરપર કેવળ એક દિવસ વ્રત કરો એટલે તમારાં સર્વ પાપોનો નાશ થશે. એક વર્ષસુધી તે પર નિવાસ કરો એટલે તમે મનુષ્યજાતિના ગુરુ બની જશો.

આબુગિરિ પવિત્ર છે. પોતાનો સમય ભક્તિમાર્ગમાં વ્યતીત કરનાર, લાલસારહિત તથા ગાયનું દૂધ, કંદ, મૂળ, ફળ તથા ફૂલથી પોતાનો નિર્વાહ કરનાર બ્રહ્મના ઉપાસક મુનિઓની તપસ્યા ભંગ કરવામાં કાંઈ લાભ નહિ હોવા છતાં પણ દૈત્યલોકોએ તેમના પરમાનંદની ઈર્ષ્યા કરી તેમના યજ્ઞોને ભ્રષ્ટ કર્યાં અને દેવતાઓનો (યજ્ઞ) ભાગ અટકાવ્યો.

બ્રાહ્મણોએ યજ્ઞાર્થે નૈઋત્યકોણમાં અગ્નિકુંડ ખોદ્યો; પરંતુ દૈત્યોએ વાવાઝોડાં કર્યાં તેથી સમસ્ત વાતાવરણ અંધકારમય બની ગયું અને વાદળ રેતીથી આચ્છાદિત થઇ ગયું તથા તેઓ તેમના યજ્ઞો-માં વિષ્ઠા, રક્ત, અસ્થિ, માંસ તથા નાનાપ્રકારની અન્ય ભ્રષ્ટ વસ્તુઓની વૃષ્ટિ કરવા લાગ્યા. આથી તેમનો યજ્ઞ કિંચિત્ પણ લાભદાયક થયો નહિ.

ફરીથી તેમણે પવિત્ર અગ્નિ પ્રજ્વલિત કર્યો અને હોતૃગણોએ અગ્નિકુંડની ચારે તરફ એક-ત્રિત થઈ સહાયતાર્થે મહાદેવની પ્રાર્થના કરી.

અગ્નિકુંડમાંથી એક પુરુષ નીકળ્યો, પરંતુ તેની આકૃતિ યોદ્ધાના જેવી નહોતી. બ્રાહ્મણોએ તેને દ્વારપાલ બનાવીને બેસાડી દીધો અને તેથીજ તેનું નામ પ્રથિહદ્વાર પડ્યું. ત્યારપછી બીજો પુરુષ નીકળ્યો અને તે હથેલી (ચુલ્લૂ) માં બન્યો હતો તેથી તેનું નામ ચાલુક્ય પડ્યું. ત્યાર પછી તૃતીય પુરુષ નીકળ્યો અને તેનું નામ પરમાર પાડવામાં આવ્યું. તેણે ઋષિઓનો આશીર્વાદ લીધો અને તે બીજા માણસોને પોતાની સાથે લઇને દૈત્યોની સાથે યુદ્ધ કરવાને માટે ગયો; પરંતુ તે તેને જીતી શક્યો નહિ.

પછી વસિષ્ઠઋષિ કમલપર બેસી મંત્રજાપ કરવા લાગ્યા. પુનઃ તેમણે દેવતાઓની સહાય માગી અને તેમણે આહુતિ આપી કે તરત (અગ્નિકુંડમાંથી) એક દીર્ઘકાય, ઉન્નતલલાટ પુરુષ નીકળ્યો. તેના બાલ કૃષ્ણવર્ણ, નેત્ર ફરતાં અને વક્ષઃસ્થળ વિસ્તીર્ણ હતું. તેણે ભયાનક આકૃતિનું કવચ પહેરેલું હતું, ભરેલું તરકસ બાંધ્યું હતું, એક હાથમાં ધનુષ્ય અને બીજા હાથમાં તલવાર ગ્રહણ કરી હતી. તેનાં ચતુરંગ ઉપરથી તેનું નામ ચૌહાણ પડ્યું.

જ્યારે ચૌહાણુને દૈત્યોની સામે લડવાને મોકલવામાં આવ્યો ત્યારે વસિષ્ઠે પ્રાર્થના કરી કેઃ–"હે દેવિ! આ યોદ્ધાની આશા પૂર્ણ[1] કરજે." આ વખતે સિંહારૂઢ થયેલી શક્તિદેવી પ્રકટ થઇ અને તેણે ચૌહાણને આશીર્વાદ આપ્યો અને તેજ પ્રમાણે આશાપૂર્ણા વા કાલિકારૂપે તેની પ્રાર્થના સાંભળવાની પ્રતિજ્ઞા લીધી. તે દૈત્યોની સામે યુદ્ધ કરવાને ગયો અને તેણે મુખ્ય મુખ્ય દૈત્યોને મારી નાખ્યા, શેષ નાસી ગયા અને રસાતલમાં જઇને શોભ્યા. અણહિલે[2] દૈત્યોનો નાશ કર્યો. બ્રાહ્મણો પ્રસન્ન થયા. એનાજ વંશમાં પૃથ્વીરાજ થયો."

ચૌહાણોનું વંશવૃક્ષ જોવાથી વિદિત થાય છે કે, આદ્યપુરુષ અણહિલથી લઇને ભારતના અંતિમ હિંદુસમ્રાટ પૃથ્વીરાજપર્યંત એ વંશમાં ૩૯ રાજાઓ થયા; પરંતુ આ વંશાવલી પૂર્ણ છે કે નહિ તે અમે કહી શકતા નથી. અનુમાનથી એ પૂર્ણ હોય એમજ લાગે છે; કારણ કે આ ઉત્પત્તિ વા પુનઃ–

૧ આથીજ ચૌહાણોની કુલદેવીનું નામ આશાપૂર્ણા પડ્યું.

૨ કર્નલ ટૅાડ ચૌહાણોના મૂળપુરુષનું નામ અણહિલ લખે છે; પરંતુ પૃથ્વીરાજવિજય તથા મહાકાવ્ય વગેરેમાં તેનું નામ ચાહમાન લખેલું પ્રાપ્ત થાય છે. (ગૌ૦ હી૦ ઓઝા)

સંસ્કાર વિક્રમાદિત્યથી સેંકડો વર્ષ પૂર્વે થયેલો માનવામાં આવે છે અને અમે કાંઈપણ સંકોચવિના કહી શકીએ છીએ કે, આ પુનઃસંસ્કાર પામેલા લોકો કે જે તક્ષકજાતિએ અતિ પ્રાચીનકાળમાં ભારતવર્ષપર આક્રમણ કર્યું હતું તેજ જાતિના હતા.

ચૌહાણોના ઇતિહાસમાં અજમેરનો દુર્ગ બંધાવનાર અજયપાલ પ્રસિદ્ધ છે. અજમેર એ ચૌહાણો-ની પ્રાચીન રાજધાનીઓપૈકી એક હતી.

સાંભર કે જે તેજ નામના, મીઠાના વિસ્તૃત સરોવરને કિનારે છે, તે અજમેર પહેલાં વસેલું હોય એમ લાગે છે અને તેણે આ વંશના રાજાઓને એક ઉપાધિ અર્પણ કરી તથા તેઓ સાંભરીરાવ કહે-વાવા લાગ્યા. પૃથ્વીરાજ દિલ્હીની ગાદીપર ગયા અને તેથી ત્યાંના અંતિમ સ્વતંત્ર રાજાપર નષ્ટ થતા દીપકની પ્રભા ચમકી ત્યાંસુધી અજમેર અને સાંભર ચૌહાણરાજ્યનાં મુખ્યસ્થાન રહ્યાં હતાં. આ વંશમાં કેટલાક રાજા એવા થયા હતા કે, જેમનાં વીરકાર્યોએ ચૌહાણોના ઇતિહાસને પ્રકાશિત કરી દીધો છે. એવા રાજાઓપૈકી એક માણિકરાય હતો, જેણે સૌથી પહેલાં મુસલમાનોની સેનાનો અવ-રોધ કર્યો હતો. વિજેતા મુસલમાનોના ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે, મહમૂદ ગઝનવીની સાથે અજમેરનો રાજા પરમ વીરતા અને આગ્રહસહિત લડયો હતો અને તેણે એ પ્રસિદ્ધ દુર્ગની નિકટ મહમૂદને પરાસ્ત કરીને, અપમાનસહિત સૌરાષ્ટ્રને હાનિ પહોંચાડતાં ખાળ્યો અને તેને પાછા હઠવાની ફરજ પાડી.

વલીદના સેનાપતિ કાસિમે માણિકરાયપર હીઝરી સનની પ્રથમ શતાબ્દીના અંતમાં આક્રમણ કર્યું હોય એમ પ્રતીત થાય છે. ચતુર્થ શતાબ્દીના અંતમાં બીજીવાર આક્રમણ થયું. ત્રીજું આક્રમણ વિસલ-દેવના રાજત્વકાળમાં થયું. વિસલદેવ પોતાના ધર્મના શત્રુઓની સાથે લડવાને માટે રાજપૂતરાજાઓના એક મોટા સમુદાયનો અગ્રેસર બન્યો હતો. પ્રસિદ્ધ ઉદયાદિત્યપરમારનું નામ આ પ્રસંગે ચોહાણરાજાના હાથનીચે કામ કરનાર રાજાઓની ગણનામાં આવ્યું છે. પ્રામાણિક લેખોપરથી તેનું મૃત્યુ વિ૦ સં૦ ૧૦૯૫ માં થયું હતું એવો નિશ્ચય કરવામાં આવ્યો છે, માટે મહમૂદની ચોથી પેઢીએ થયેલા મુસલમાન પાદશાહ મોદૂદની વિરુદ્ધ આ રાજપૂતરાજાઓ અવશ્ય લડયા હશે અને આજ વિજયનો ઉલ્લેખ દિલ્હીના પ્રાચીન સ્તંભપરના શિલાલેખમાં છે; પરંતુ આ આક્રમણો અંતિમ ચોહાણરાજા કેદ થયો તથા તેનું મૃત્યુ થયું ત્યાંસુધી થતાં રહ્યાં. પૃથ્વીરાજનો રાજત્વકાલ જાગીરદારી પદ્ધતિનો એક ઉત્તમ આદર્શ દર્શાવે છે.

ચોહાણોની ૨૪ શાખાઓ છે, જેમાં બૂંદી અને કોટાના વર્તમાન રાજવંશ સર્વથી અધિક પ્રસિદ્ધ છે. ઉક્ત ઉભય રાજ્યો હાડૌતીપ્રદેશમાં આવેલાં છે. તેમણે ચોહાણોની કીર્તિનું ઉત્તમ પ્રકારે રક્ષણ કર્યું છે. ૭ રાજવંશી બંધુઓએ વૃદ્ધ શાહજહાંની સહાયતાર્થે તેના વિદ્રોહી પુત્ર ઔરંગઝેબની સાથે લઢીને એકજ યુદ્ધક્ષેત્રમાં રક્તપાત કર્યો હતો અને તે છમાંથી કેવળ એકજ ઘાયલ થઇને બચ્યો હતો.

ગાગરોન અને રાઘોગઢના ખીચી, શિરોહીના દેવડા, ઝાલોરના સોનગઢા, સૂએબાહ અને સાંચોરના ચોહાણો તથા પાવાગઢના પાવેચા આ સર્વ લોકોએ પોતાનાં નામો પરમ વીરતા અને અલૌકિક સ્વામી-ભક્તિથી અમર કરી દીધાં છે. આ કુલોમાંથી ઘણાં અદ્યાપિ વર્તમાન છે અને તે વંશના લોકો પૃથ્વી-રાજના સમયમાં જેવા બહાદૂર હતા તેવાજ પરાક્રમી આજે પણ છે.

ચોહાણવંશના ઘણા સરદારોએ પોતાની ભૂમિની રક્ષાઅર્થે પોતાના ધર્મનો પરિત્યાગ કર્યો. તેમાં કાઇમિખાની, સુરવાની, લોવાની, કુરુરવાની અને વેદવાન લોકો કે જે વિશેષતઃ શેખાવાટીમાં નિવાસ કરે છે, તે અત્યંત પ્રસિદ્ધ છે. આ પ્રકારે ઓછામાં ઓછા બાર નાના નાના રાજાઓએ પોતાના ધર્મનો ત્યાગ કર્યો; પરંતુ આ કાર્ય રાજપૂતોના ધર્મવિશ્વાસથી વિરુદ્ધ નથી, કારણ કે મનુ એટલેસુધી કહે છે કે પોતાની ભૂમિની રક્ષાર્થે પોતાની સ્રીસુતાંનો ત્યાગ કરવો. પૃથ્વીરાજના ભત્રીજા ઇશ્વરદાસે સૌથી પહેલાં સ્વધર્મનો ત્યાગ કરી આ ઉદાહરણ દર્શાવ્યું હતું.

## [1]ચૌહાણોની ૨૪ શાખાઓ

ચૌહાણ, હાડા, ખીચી, સોનગઢા, દેવડા, પાબિયા, સંચોરા, ગાએલવાલ, ભદોરિયા, નિર્વાણ, માલાની, પૂર્બિયા, સૂરા, માદડેચા, સંકેચા, ભૂરેચા, બાલેચા, તસ્સેરા, ચાચેરા, રોસિયા, ચાંદ્ર, નકુમ્પ, ભાવર અને બંકટ.

**ચાલુક્ય વા સોલંકી**—જો કે અમે અગ્નિકુલની આ શાખાના ઇતિહાસનો પત્તો પરમાર અને ચૌહાણવંશના જેટલા પ્રાચીનકાળ[2]પર્યંત કાઢી શકતા નથી; તોપણ અમે એને પ્રસિદ્ધિની ન્યૂનતાને લીધે નહિ, પરંતુ (ઐતિહાસિક) સામગ્રીના અભાવથી આ વિષયમાં તેની બરાબરીમાં મૂકવાને અસમર્થ થયા છીએ. ભાટોની દંતકથા સોલંકીઓને, રાઠોડોએ કનોજ પ્રાપ્ત કર્યું તે પૂર્વે ગંગાકિનારે સોરૂંના રાજાતરિકે પ્રસિદ્ધ કરે છે. વંશાવલીવિષયક પ્રમાણો[3] જોવાથી પ્રતીત થાય છે કે, તેમનું નિવાસસ્થાન લોકોટ હતું, કે જેને લાહોરનું પ્રાચીન નામ માનવામાં આવે છે. આથી જે શાખા (માધ્યંદિની)ના ચૌહાણો છે તેજ શાખાના તેઓ ઠરે છે. આ વાત નિશ્ચિત છે કે, આઠમી શતાબ્દીમાં લંધા[4] અને તોગર લોકો મુલતાન અને તેની આસપાસના પ્રદેશમાં રહેતા હતા અને તેઓ ભાટીઓના પ્રધાન શત્રુ હતા. ભાટીઓ આ સમયે મરુભૂમિમાં રાજ્ય કરતા હતા. તેઓ કલ્યાણનગરના રાજા હતા. આ નગર જોવાથી આજે પણ તેના પ્રાચીન વૈભવનાં ચિન્હો દૃષ્ટિગોચર થાય છે. કલ્યાણથીજ સોલંકીવંશના એક રાજકુમારને લાવીને તેને અણહીલપુરપાટણના ચાવડારાજકુલનો ઉત્તરાધિકારી બનાવવામાં આવ્યો હતો.

સંવત ૯૮૭ (ઇ૦ સ૦ ૯૩૧) માં ચાવડાવંશનો અંતિમ રાજા ભોજરાજ અને ભારતનો સૈલિક કાયદો, એ ઉભયને સોલંકી યુવક મૂલરાજને[5] માટે દૂર કરવામાં આવ્યા. મૂલરાજે ૫૮ વર્ષપર્યંત અણ-

---

૧ **ચૌહાણ વંશ**—હાલમાં ચૌહાણો પોતાને અગ્નવંશી જણાવે છે અને તેમનો મૂળપુરુષ આબુપર વસિષ્ઠઋષિદ્વારા અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયો હતો એમ તેઓ માને છે; પરંતુ ૧૬ મી શતાબ્દીપૂર્વેના ચૌહાણોના શિલાલેખ તથા તામ્રપત્રો મળીને ૬૦ થી અધિક અમને પ્રાપ્ત થયા છે, તેમાં ક્યાંય પણ તેમને અગ્નિવંશી લખ્યા નથી તેમજ તેમનો વસિષ્ઠ સાથેનો કાંઈ પણ સંબંધ દર્શાવ્યો નથી. તેઓ પોતાના ગોત્રોચ્ચારમાં પણ પોતાને ચંદ્રવંશી અને વત્સગોત્રી (નહિ કે વસિષ્ઠ ગોત્રી) જણાવે છે.

(ગૌ૦ હી૦ ઓઝા)

૨ સોલંકીઓના ઇતિહાસનો પત્તો પરમાર તથા ચૌહાણોની અપેક્ષાએ અધિક પ્રાચીન સમયપર્યંત લાગી શકે છે. દક્ષિણના સોલંકીઓના પ્રતાપી મૂળપુરુષ જયસિંહનો રાજ્યાભિષેક વિ૦ સં૦ ૫૬૪ (ઇ૦ સ૦ ૫૦૭) ની આસપાસ થયેલો નિશ્ચિત થાય છે અને ત્યારથી બરાબર શૃંખલાબદ્ધ ઇતિહાસ પ્રાપ્ત થાય છે. (જુઓ ઐતિહાસિક ગ્રંથમાળાનું વોલ્યુમ પ્રથમ) આટલા પ્રાચીન સમયથી પરમારોનો શૃંખલાબદ્ધ ઇતિહાસ પણ પ્રાપ્ત થતો નથી અને ચૌહાણોનો પણ મળતો નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ સોલંકીકુલનો ગોત્રોચ્ચાર આ છેઃ—"માધ્યંદિની શાખા, ભારદ્વાજગોત્ર, ગઢલોકટથી નીકાસ, સરસ્વતી નદી, સામવેદ, કપિલેશ્વર દેવ, કર્દમાન ઋષીશ્વર, ત્રણ પ્રવર, ક્યોંજદેવી, ભૈપાલ પુત્ર.

૪ આ લોકો મલખાની કહેવાય છે; કારણ કે તેઓ મલખાનના પુત્રો છે. મલખાન પોતાનો ધર્મ છોડી પ્રથમ મુસલમાન થઇ ગયો. સોલંકીઓની આ શાખાને પોતાનો ધર્મ છોડવાની ફરજ પાડવામાં આવી કે તેમણે ખુશીથી પોતાના ધર્મનો ત્યાગ કર્યો હતો કે કેમ તે અમને વિદિત નથી.

૫ આ કલ્યાણથી બીજી જગ્યાએ જઇ વસનાર સોલંકીરાજકુમાર જયસિંહનો પુત્ર× હતો, કે જેણે (જયસિંહે) ભોજરાજની પુત્રી સાથે લગ્ન કર્યું હતું. આ હકીકત એક બહુમૂલ્ય નાનોસરખો ભૌગોલિક અને ઐતિહાસિક ગ્રંથ કે જે અપૂર્ણ અને નામવિનાનો છે તેમાંથી લેવામાં આવી છે.

---

× ચાવડાઓની પાસેથી અણહિલપુરનું રાજ્ય છીનવી લેનાર સોલંકી મૂલરાજ, દક્ષિણમાં સોલંકીઓનું રાજ્ય સ્થાપન કરનાર જયસિંહનો વંશજ હતો. મૂલરાજના તામ્રપત્રમાં તેના પિતાનું નામ રાજિ, પ્રબંધચિંતામણિમાં રાજ, રત્નમાળામાં રાજકુંવર અને કુમારપાલચરિતમાં રાજિ મળેલુ પ્રાપ્ત થાય છે. (ગૌ૦ હી૦ ઓઝા)

હિલપુરનું રાજ્ય ભોગવ્યું. તેના પુત્ર અને ઉત્તરાધિકારી ચામુંડરાયના શાસનકાળમાં મહમદગઝનવી પોતાની સર્વનાશકારી સેના લઇને અણુહિલપુરપર ચઢી આવ્યો. તેણે ત્યાંનું ધન લૂંટી પોતાના મહાન વિજયનાં કેટલાંક મહાન સ્મારકચિન્હો સ્થાપિત કર્યાં; જેમાંનો 'બિહિસ્તની કન્યા'નામનો મિનારો એવો હતો કે જે મનુષ્યનિર્મિત મૂર્ખતાના કોઇપણ સ્મારકની સાથે સ્પર્ધા કરી શકે. ભારતનો આ ધ્વંસક આ દેશમાંથી જે ધન લૂંટી ગયો અને જેનું વર્ણન વિજેતા મુસલમાનોના ઇતિહાસમાં પ્રાપ્ત થાય છે, તેનું પરિણામ જો કે વિશ્વાસયોગ્ય માની શકાતું નથી. તો પણ અણુહિલપુરના મહાન વ્યાપારનો વિચાર કરવાથી તેપર વિશ્વાસ બેસશે. યૂરોપમાં જેવું વેનિસ હતું, તેવુંજ. ભારતમાં અણુહિલપુર હતું; અર્થાત્ તે નગર પૂર્વીય અને પાશ્ચાત્ય ગોલાર્ધોમાં ઉત્પન્ન થતી વસ્તુઓનો ભંડાર હતું. મહમૂદ અને તેના ઉત્તરાધિકારીઓની અનિયમિત ચઢાઇઓદ્વારા અણુહિલપુરને જે નુકસાન પહોંચ્યું હતું તેની તેણે સારી રીતે પૂર્તિ કરી લીધી. સિદ્ધરાજ જયસિંહ[1] કે જે તે વંશના સંસ્થાપકની સાતમી પેઢીએ ઉત્પન્ન થયો હતો, તે એક એવા રાજ્યપર અધિકાર ભોગવતો હતો કે જે યુદ્ધમાં ઝાઝું પ્રબળ નહોતું;પરંતુ તે રાજ્ય સમસ્ત હિંદુસ્થાનમાં સૌથી અધિક સમૃદ્ધિશાળી હતું.કર્ણાટકથી લઇને હિમાલય પર્વતની તળેટીપર્યંતના સમસ્ત પ્રદેશો એકજ સમયે તેના છત્રનીચે હતા; પરંતુ તેના મૂર્ખ ઉત્તરાધિકારીએ પૃથ્વીરાજચૌહાણને પોતાનો શત્રુ બનાવ્યો. ચૌહાણકુલનો કુમારપાલ નામનો એક પુરુષ સોલંકીઓનો ઉત્તરાધિકારી થયો. બાલકરાયોના આ એકજ વંશે ભારતના સૅલિકકાયદાનો ભંગ કરનારાં બે ઉદાહરણ આપ્યાં, એ એક આશ્ચર્યની વાત છે.કુમારપાલને અણુહિલપુરના રાજસિંહાસનપર બેસાડવામાં આવ્યો એટલે તેણે પોતાના મસ્તકપર સોલંકીઓની પાઘડી બાંધી. જે કુલમાં તેને દત્તકતરિકે ગ્રહણ કરવામાં આવ્યો તેજ કુલનો તે થઈ ગયો. કુમારપાલ અને સિદ્ધરાજ એ ઉભય બૌદ્ધધર્મના ઉત્તેજક હતા અને તેમણે તથા તેમના ઉત્તરાધિકારીઓએ જે સ્મારકચિન્હો બંધાવ્યાં છે, તે પોતાની સુંદરતા અને શિલ્પચાતુર્યની પૂર્ણતાને માટે આપણી પ્રશંસાને પાત્ર બન્યાં છે. અણુહિલપુરના રાજત્વકાળમાં શિલ્પવિદ્યાની જેવી ઉન્નતિ થઈ હતી, તેવી બીજા કોઇ પણ કાળમાં થઈ નહોતી.

શાહબુદ્દીનના સુબેદારોએ કુમારપાલના શાસનકાળના અંતમાં તેના રાજ્યમાં ઉપદ્રવ મચાવ્યો અને તેનો વંશ તેના વંશજ બાલમૂળદેવની સાથે સંવત ૧૨૮૪ (ઇ० સ० ૧૨૨૮) માં સમાપ્ત થયો. તે સમયે વાઘેલા (સિદ્ધરાજનાં સંતાનો) નામનો એક નવીન વંશ વિસલદેવને આધીન રહી ઉક્ત રાજ્યનો સ્વામી થયો. ધર્મસંબંધી અત્યાચારથી જે ક્ષતિઓ થઇ હતી, તેની પૂર્તિ કરવામાં આવી. પ્રાચીનકાળનાં ડેલ્ફીસરૂપ સોમનાથનું જીર્ણશીર્ણ મંદિર પુનઃ બંધાવવામાં આવ્યું, અને બાલકરાયોનું આ રાજ્ય પુનઃ પોતાનું પ્રાચીન મહત્ત્વ પ્રાપ્ત કરી રહ્યું હતું એવામાં વાઘેલાવંશના ચતુર્થ રાજા કરણઘેલાના સમયમાં અલ્લાઉદ્દીનના રૂપમાં વિનાશકારી યમરાજ પ્રકટ થયો અને તેણે અણુહિલપુરનું રાજ્ય જડમૂળથી નષ્ટ કરી દીધું. દિલ્લીના અત્યાચારી તાતારપાદશાહોના સુબેદારોએ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં સમૃદ્ધિશાળી નગરો અને ફળદ્રૂપ પ્રદેશોમાં અમર્યાદ લોભ અને અસહિષ્ણુતા સંપૂર્ણ રીતે પ્રકટ કરી. પ્રજાના ધર્મને અપમાન કરવાને માટે એક મુસલમાનફકિરની દરગાહ સર્વ પવિત્ર પહાડો કરતાં જ્યાં અધિક યાત્રાળુઓ જાય છે તે 'શત્રુંજય'ના પહાડપર આવેલા આદિનાથનાં મંદિરની પાસે બંધાવવામાં આવી, બુદ્ધની મૂર્તિઓને ફેંકી દેવામાં આવી અને જે દશા ઍલેકઝાંડ્રિયાના પુસ્તકાલયની થઇ હતી તેજ ગતિ તેના ધર્મગ્રંથોની થઇ. અણુહિલપુરનો કોટ તોડી પાડવામાં આવ્યો, તે નગરને જડમૂળથી ખોદી નાખવામાં આવ્યું અને પછી તેને તેનાં પ્રાચીન મંદિરોના છિન્નભિન્ન અવશેષોથી પૂરવામાં આવ્યું.

સોલંકીવંશના બચેલા લોકો દેશમાં અહીંતહીં ફેલાઇ ગયા અને ભારતવર્ષનો તે ભાગ એક શતાબ્દીથી અધિક સમયપર્યંત કોઇપણ પ્રધાન સ્વામીવિનાનો રહ્યો. ત્યારપછી ઇશ્વરની આશ્ચર્યકારક લીલાથી જે જાતિમાંથી પ્રથમ ધર્માંતર કરીને અગ્નિકુલના લોકો થયા હતા, તેજ જાતિના એક

૧ એણે સંવત ૧૧૫૦થી ૧૨૦૧ પર્યંત રાજ્ય કર્યું. એલ ઇદ્રિસી કે જેને બહુધા ન્યૂબિયન ભૂગોલવેત્તા કહેવામાં આવે છે તે એનાજ દરબારમાં આવ્યો હતો. ઉક્ત ભૂગોલવેત્તા આ રાજાને બાલકરાય અને બૌદ્ધધર્મી લખે છે.

સાહસિક પુરુષદ્વારા તે પ્રદેશનો પ્રતાપ પુનઃ વૃદ્ધિગંત થયો અને તેનો પાયો પુનઃ ચણવામાં આવ્યો. જો કે આ સાહસિક પુરુષનું નામ સહારનટાંક હતું, તથાપિ તેણે નવીન નામ ઝફરખાં ધારણ કર્યું અને એ રીતે પોતાનું મૂળ નામ તથા જાતિ છુપાવી દીધી. તે મુજફ્ફર નામથી ગુજરાતની ગાદીપર બેઠો અને અંતે તે તેને પોતાના પુત્રને માટે મૂકી ગયો. આ પુત્રનું નામ અહમદ હતું અને તેણે અહમદાબાદ (અમદાવાદ) નગર વસાવ્યું. આ નગરની પરમ સુંદર ઇમારતો તેની આસપાસનાં પ્રાચીન નગરોનાં ખંડિયેરોદ્વારા બંધાવવામાં આવી હતી.

જો કે સોલંકીવંશ આ પ્રકારે ત્યાંથી ઉખડી ગયો, તોપણ તેણે ઉખડતાં પહેલાં પોતાના સ્વદેશી વટવૃક્ષની પેઠે ઇતર પ્રદેશોમાં પોતાની શાખાઓ દૃઢ કરી દીધી હતી. આ શાખાઓમાંની સર્વથી અધિક પ્રખ્યાત શાખા વાઘેલાવંશ છે, જેના નામપરથી ભારતના એક આખા ભાગનું નામ પડયું અને તે વાઘેલખંડપર આજે અનેક શતાબ્દીઓથી સિદ્ધરાજના સંતાનો શાસન કરે છે.

બાંધોગઢસિવાય વાઘેલાવંશમાં નાનાં નાનાં સ્થાનો અદ્યાપિ ગુજરાતમાં છે; તેમાં પેથાપુર અને થરાદ અધિક પ્રસિદ્ધ છે. મેવાડમાં દ્વિતીય પંક્તિનો એક સરદાર સોલંકી છે. તે પોતાનો વંશ ખાસ સિદ્ધરાજમાંથી નીકળેલો જણાવે છે. તે રૂપનગરનો[1] જાગીરદાર છે. એનો દુર્ગ મારવાડ તરફ જતાં પહાડીમાર્ગપર આવેલો છે અને તેના કુલના ઇતિહાસમાં સીમાસંબંધી લડાઇઝઘડાની દશાનું એક ઉત્તમ ચિત્ર પ્રાપ્ત થાય છે. અત્યારસુધીમાં ત્યાંના થોડાજ જાગીરદારો સ્વાભાવિક મૃત્યુથી મુઆ છે.

**સોલંકી[2]વંશ સોળ શાખાઓમાં વિભક્ત છેઃ—**

૧ **વાઘેલા**-વાઘેલખંડનો રાજા ( રાજધાની બાંધોગઢ ), પેથાપુર, થરાદ અને અદલજ ઇત્યાદિ સ્થળોના રાવો

૨ **વીરપુરા**—લૂણાવાડાના રાવ

૩ **બેહિલ**—મેવાડમાં આવેલા કલ્યાણપુરના જાગીરદાર કે જે રાવકહેવાય છે; પરંતુ સલુંબરના સામંતની નોકરી કરે છે.

૪ **ભૂરતા**—
૫ **કાલેચા**— } [3]જેસલમીરમાં આવેલાં બારૂ, ટેકરા અને ચાહિરમાં વસે છે.

૬ **લંઘા**—મુલ્તાનની નિકટ રહેનારા મુસલમાનો

૭ **તોગરૂ**—પંચનદ પ્રદેશમાં રહેતા મુસલમાનો

૮ **બિકૂ**— " " " "

૯ **સોલ્કે**—દક્ષિણમાં વસે છે.

૧૦ **સિરવરિયા**—[4]સૌરાષ્ટ્રદેશમાં ગરનારપર રહે છે.

૧૧ **રાવકા**—જયપુરમાં ટોડા પ્રાંતમાં રહે છે.

---

૧ હું આ જાગીરદારથી સારી રીતે પરિચિત હતો. તે પોતાની જાતિનો ઉત્તમ આદર્શ છે. તેની પાસે જયસિંહનો યુદ્ધપ્રસંગે વગાડવાનો પ્રસિદ્ધ શંખ× વંશપરંપરાથી રહેલો છે.

૨ **સોલંકીવંશ**—હાલમાં સોલંકીઓ પોતાને અગ્નિવંશીતરિકે ઓળખાવે છે અને પોતાના મૂળપુરુષ ચૌલક્ય વા ચૌલુક્યની ઉત્પત્તિ વસિષ્ઠઋષિદ્વારા આબુપર્વતપર અગ્નિકુંડમાંથી થયેલી માને છે; પરંતુ તેમનાજ પૂર્વજોના અનેક પ્રાચીન શિલાલેખો, તામ્રપત્રો અને ઐતિહાસિક પુસ્તકોમાં ક્યાંય તેમને અગ્નિવંશી જણાવ્યા નથી, પણ તેમને બહુધા ચંદ્રવંશી અને કોઇ કોઇ જગ્યાએ બ્રહ્માના ચલુકદ્વારા ઉત્પન્ન થયેલા લખ્યા છે. (જુઓ ઐતિહાસિક ગ્રંથમાળા પુસ્તક ૧ લું, પૃષ્ઠ ૩૧૭) સોલંકીઓનાં લેખો ઇત્યાદિ ઉપરથી તેમનું રાજ્ય પ્રથમ અયોધ્યામાં, તે પછી ત્યાંથી દક્ષિણમાં અને દક્ષિણમાંથી ગુજરાત વગેરે સ્થાનોએ ફેલાયાનું જણાય છે. દક્ષિણના સોલંકીઓનો શૃંખલાબદ્ધ ઇતિહાસ જયસિંહથી મળે છે. દક્ષિણમાં તેમની પહેલી રાજધાની 'બાદામી' હતી. (ગૌ० હી० ઓઝા)

૩ આ લોકો મરુભૂમિના પ્રસિદ્ધ લૂંટારા છે અને તેઓ માલદૂત કહેવાય છે.

૪ ઐતિહાસિક જનશ્રુતિઓમાં આ લોકો પ્રસિદ્ધ છે.

---

× આ શંખ રૂપનગર (મેવાડમાં) ના ઠાકોરને ત્યાં પૂજામાં છે. (ગૌ० હી० ઓઝા)

૧૨ રાણુકરા—મેવાડમાં આવેલા દેસૂરીમાં રહે છે.

૧૩ ખરૂરા—માળવાદેશમાં આલોટ અને જાવરાના નિવાસી છે.

૧૪ તાંતિયા—[1]ચંદભડ સકુનબરીમાં રહે છે.

૧૫ અલમેથા—ભૂમિહીન

૧૬ કલામોર—ગુજરાતમાં વસે છે.

**પ્રતિહાર વા પડિહાર**—અગ્નિકુલના આ અંતિમ અને નાના વંશના સંબંધમાં અમને ઘણી થોડી હકીકત પ્રાપ્ત થઇ છે. પડિહારોએ કદિપણ રાજસ્થાનના ઇતિહાસમાં કોઈ નામાંકિત[2] કાર્યકર્યું નથી. તેઓ સદૈવ પરાધીન અવસ્થામાં જણાયા છે. તેઓ દિલ્હીના તંવરો વા અજમેરના ચૌહાણોના જાગીરદાર બનીને કાર્ય કરતા હતા.તેમના ઇતિહાસમાં સૌથી ઉજ્જ્વલ વૃત્તાંત નાહડરાવનું છે. તેણે પોતાની સ્વાધીનતાને માટે પૃથ્વીરાજની સાથે યુદ્ધ કર્યું હતું; પરંતુ તે નિષ્ફળ થયો હતો. જો કે તે આ કાર્યમાં સફળ થયો નહોતો, તોપણ તેવડે તેનું નામ અમર થઈ ગયું છે અને અરવલ્લીના જે ઘાટમાં તે લડાઇ થઈ હતી તેને ઉચિત પ્રસિદ્ધ પ્રાપ્ત થઈ છે.

[3]મંડોવર ( કે જેને સંસ્કૃતમાં મંદોદ્રી કહે છે ) પડિહારોની રાજધાની હતી. તે મારવાડનું મુખ્ય નગર હતું. આ નગરમાં રાઠોડોનાં આક્રમણ અને નિવાસપૂર્વે પડિહારોનો અધિકાર હતો. વર્તમાન જોધપુરની ઉત્તર તરફ પાંચ માઇલપર તે સ્થિત છે અને તેમાં પ્રાચીન પાલી અક્ષરોના કેટલાક નમૂના અને શિલ્પકાર્ય તથા મંદિરોનાં શેષ ચિન્હો વિદ્યમાન છે.

કનોજના રાઠોડરાજવંશીઓ ત્યાંથી નાસીને પડિહારોને શરણે આવ્યા. તેનો બદલો તેમણે વિશ્વાસઘાતથી વાળ્યો અને ચૂડા નામના એક પ્રસિદ્ધ રાઠોડે પડિહારકુળના અંતિમ રાજાના હાથમાંથી તેનું રાજ્ય ખુંચવી[4] લીધું તથા મંડોવર દુર્ગપર રાઠોડોનો ઝુંડો ખડો કરી દીધો.

પડિહારોનું બલ પૂર્વેથીજ મેવાડના રાજાઓએ પુષ્કળ ઘટાડી દીધું હતું.તેમણે તેમના રાજ્યનો ઘણો

---

૧ આ લોકો નિડર ડાકૂઓ છે.તેમનું સ્થાન ઇ૦ સ૦ ૧૮૦૭ માં મેં ગોળાથી ભગ્ન થતું જોયું હતું, કે જે સમયે પ્રસિદ્ધ પિંઢારા કરીમને સિંધિઆએ કેદ કર્યો હતો. ત્યારપછી ઇ૦ સ૦ ૧૮૧૭ માં કેટલાક અંગ્રેજ યોદ્ધાઓ પણ અહીંઆં મરણ પામ્યા હતા.

૨ કર્નલ ટૉડ લખે છે કે, પડિહારોએ રાજસ્થાનના ઇતિહાસમાં કદિપણ કોઇ નામાંકિત કાર્ય કર્યું નથી; પરંતુ જો તેઓ કનોજના ઇતિહાસથી પરિચિત હોત તો એમ કદિ પણ લખત નહિ. પડિહારોની નામના એટલાપરથીજ પ્રાપ્ત થાય છે કે તેમનું રાજ્ય કનોજથી ૧૬૦ માઇલ ઉત્તરપૂર્વ દિશામાં શ્રાવસ્તીથી લઇને કાઠિયાવાડના દક્ષિણભાગપર્યંત અને કુરુક્ષેત્રથી લઇને બનારસની પૂર્વ તરફના પ્રદેશોપર્યંત હતું અને મોટા મોટા રાજાઓ તેમના ચરણમાં શિર ઝુકાવતા હતા. આ વાત તેમના તામ્રપત્રાદિપરથી પ્રતીત થાય છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ જો કે આ કિલ્લો હાલમાં નષ્ટ થઇ ગયો છે, તોપણ તેની દિવાલો જોવાથી તેની પ્રાચીનત્તાનું પ્રમાણ ઉપલબ્ધ થાય છે. ત્યાંનું શિલ્પકામ એવું છે કે જે અવનતિના સમયમાં કરી શકાય નહિ. તેનાં ખંડિયેરો જોવાથી વોલ્ટેરા, કોર્ટોનાં અને ટસ્કનીનાં ઇતર પ્રાચીન નગરોનાં ખંડિયેરોનું સ્મરણ થાય છે. અહીંઆં મોટા મોટા ચોરસ પાષાણો કોઇ પણ પ્રકારના કોલઢવિના જોડેલો દૃષ્ટિગોચર થાય છે.

૪ મંડોવરનો કિલ્લો પડિહારોએ રાઠોડરાવ ચૂડાને પહેરામણીમાં આપ્યો હતો, જેના સંબંધમાં આ દોહરો પ્રસિદ્ધ છે:—

इन्दाँरो उपकार, कमधज-कदे न वीसरे;
चूंडो चंवरी चाड, दियो मंडोवर दायजे.

( ઇંદા=પડિહાર, કમધજ=રાઠોડ ) (ગૌ૦ હી૦ ઓઝા)

ભાગ છીનવી લીધો; એટલુંજ નહિ પરંતુ તેમની "રાણા[૧]"ની ઉપાધિ સુદ્ધાં તેમણે પોતે ધારણકરીલીધી.

પડિહારવંશના લોકો સમસ્ત રાજસ્થાનમાં ફેલાયેલા છે; પરંતુ તેમાં તેમનું કોઇ સ્વતંત્ર સંસ્થાન હોય એમ મને જ્ઞાત નથી. કોહારી, સિંધુ અને ચંબલ, એ નદીઓના સંગમપર આ વંશના કેટલાક માણસો વસે છે, તેથી આ નદીની વચ્ચેની ખીણોમાં આવેલાં નાનાં નાનાં ગામોસિવાય ૨૪ મોટાં ગામોના સમૂહનું નામ આજ વંશના નામપરથી પડ્યું છે. તેઓ નામમાત્ર સિંધિઆની પ્રજા હતા; પરંતુ ચંબલના કિનારાપરના દેશની રક્ષાને અર્થે તે સ્થાન અંગ્રેજસરકારની હદમાં લઇ લેવાનું આવશ્યક ધારવામાં આવ્યું, આથી તે સ્થાન બ્રિટિશ હદમાં આવતાં અંગ્રેજસરકારને ઠગોના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલા મહા બદમાશ ચોરોના સમુદાયની સાથે કામ પડ્યું.

પડિહારોની[૨] બાર શાખા હતી, જેમાં મુખ્ય ઇંદા અને સિંધલ હતી. આ ઉભય શાખાઓના થોડા

---

૧ આ ઘટના તેરમી શતાબ્દીમાં બની, જે સમયે ચિતોડના રાવલે મંડોવર જીતી લઈ ત્યાંના રાજાને મારી નાખ્યો.×

૨ **પડિહાર વંશ**–પડિહાર વા પ્રતિહાર લોકો હાલમાં પોતાને અગ્નિવંશી જણાવે છે;પરંતુ તેમના પ્રાચીન શિલાલેખોમાં તેમને કયાંય પણ અગ્નિવંશી જણાવ્યા નથી, પણ વિ૰ સં૰ ૯૦૦ની આસપાસના ગ્વાલિયરના કિલ્લામાંથી મળેલા પડિહારરાજા ભોજદેવના સમયના શિલાલેખમાં પડિહારોને પ્રસિદ્ધ સૂર્યવંશી રામચંદ્રના કનિષ્ઠ ભ્રાતા લક્ષ્મણના વંશના જણાવ્યા છે તથા ઓસિયા (મારવાડ)થી પ્રાપ્ત થયેલા એક શિલાલેખમાં પણ એવોજ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે અને કનોજના પ્રતાપી પડિહારરાજા મહેંદ્રપાલનો ગુરુ પ્રસિદ્ધ કવિ રાજશેખર કે જે વિક્રમ સંવતની દશમી શતાબ્દીમાં થયો હતો તે પણ તેમને રઘુવંશી જણાવે છે. જોધપુરરાજ્યમાંથી પ્રાપ્ત થયેલા વિક્રમસંવતની નવમી અને દશમી શતાબ્દીના બે અન્ય શિલાલેખોમાં પડિહારોની ઉત્પત્તિના સંબંધમાં એવો ઉલ્લેખ છે કેઃ–" વિપ્ર હરિશ્ચંદ્રની બે સ્ત્રીઓ હતી, જેમાંની એક વિપ્રવર્ણની અને બીજી જે ભદ્રા નામની ક્ષત્રિયવર્ણની હતી તેનાથી જે પુત્રો થયા તે પ્રતિહાર કહેવાયા." પડિહારોની ઉત્પત્તિના વિષયમાં આ પ્રકારનાં પ્રાચીન લિખિત પ્રમાણો પ્રાપ્ત થાય છે; પરંતુ તેમને ' પૃથ્વીરાજ રાસા ' સિવાય કોઇ પણ ગ્રંથ વા લેખમાં અગ્નિવંશી જણાવ્યા નથી. પડિહારોનું રાજ્ય પ્રથમ મારવાડમાં હતું, જ્યાંથી તેમણે પોતાના બાહુ-બળથી કનોજનું રાજ્ય છીનવી લઇને એક મહા પ્રબળ રાજ્ય સ્થાપિત કર્યું હતું.(ગૌ૰ હી૰ ઓઝા)

---

× રાણાની ઉપાધિ મેવાડવાળાઓએ મંડોવરના પડિહાર રાણા મોકલની પાસેથી લીધી હતી, એવી વાત પ્રસિદ્ધ છે અને ભાટલોકોનું એવું કથન છે કેઃ–રાવલ રત્નસિંહ (કે જે અલ્લાઉદ્દીન ખિલજીની સાથે લડયો હતો ) ના ઉત્તરાધિકારી રાવલ કર્ણસિંહના બે પુત્રો માહપ અને રાહપ હતા, જેમાંના જ્યેષ્ઠ પુત્ર માહપને ઉક્ત રાવલે આજ્ઞા કરી કે, મંડોવરનો પડિહારરાણો મોકલ, મેવાડમાં લૂંટફાટ કરે છે, માટે તેને પકડી લાવો. પરંતુ માહપથી તે કાર્ય સિદ્ધ થયું નહિ, ત્યારે તેનો કનિષ્ઠ ભ્રાતા રાહપ મંડોવર ગયો અને મોકલને કેદ કરી પોતાના પિતાની પાસે લઇ આવ્યો. રાહપની આ વીરતાથી પ્રસન્ન થઇ રાવલ કર્ણસિંહે તેને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો અને પડિહાર મોકલની પાસેથી રાણાનો ખિતાબ છીનવી લઈને તે ( રાહપ ) ને અર્પણ કરી દીધો. તે સમયથી મેવાડના અધિપતિ રાણા કહેવાવા લાગ્યા. " પરંતુ અમે આ કથન સ્વીકારી શકતા નથી; કારણ કે રાહપ અને હમીરની પૂર્વેના તેમના કુળના માણસો કદિ પણ મેવાડના સ્વામી થયા નહોતા. તેઓ તો સિસોદા ગામના માલિક હતા. અલ્લાઉદ્દીન ખિલજીના સમયમાં રાવલ રત્નસિંહની પાસેથી ચિતોડનો કિલ્લો છૂટી ગયો ત્યારપછી રત્નસિંહના વંશજો અર્થાત્ મુખ્ય શાખાના માણસો ડુંગરપુર તરફ ચાલ્યા ગયા, જેથી નાની શાખાના રાહપના વંશજ હમીરે સંધી સાધી થોડા સમય પછી ચિતોડનો કિલ્લો જીતી લીધો. આ સમયથી મેવાડપર રાણાઓનો અધિકાર થયો.રાણાની ઉપાધિ મેવાડવાળાઓએ પડિહારોની પાસેથી ગ્રહણ કરી હોય એમ પ્રતીત થતું નથી, પરંતુ તે સમયે નાની શાખાના માણસોની રાણાની ઉપાધિ ધારણ કરવાની પ્રથા હોય એમ પ્રતીત થાય છે; કારણ કે મેવાડના ગુહિલોતો, અણહિલપુરના સોલંકીઓ, મારવાડના પડિહારો તથા અન્ય વંશોની નાની શાખાઓનો 'રાણા' ખિતાબ પ્રાપ્ત થાય છે. (ગૌ૰ હી૰ ઓઝા)

લોકો લૂણીનદીની આસપાસના પ્રદેશોમાં પ્રાપ્ત થાય છે.

**ચાવડા વા ચાવરા**—આ વંશ એક સમયે ભારતના ઇતિહાસમાં પ્રસિદ્ધ હતો, જો કે હાલમાં તેનું નામ લોકો ઘણું ઓછું જાણે છે અથવા કેવળ ભાટના ઇતિહાસમાંજ તે નામ પ્રાપ્ત થાય છે. તેની ઉત્પત્તિનું વૃત્તાંત અમને જ્ઞાત નથી, તેમજ તે વંશ સૂર્ય અને ચંદ્રવંશની સાથે પણ સંબંધ રાખતો નથી; માટે અમે તેની ઉત્પત્તિ સિથિયનલોકોમાંથી થયેલી કલ્પી[1] શકીએ છીએ. આ નામ હિંદુસ્તાન ( ઉત્તર ભારતવર્ષ ) માં અજ્ઞાત છે અને સિંધુપાર ઉત્પન્ન થયેલી અનેક જાતિઓની પેઠે માત્ર સૌરાષ્ટ્રના દ્વીપકલ્પમાંજ તેનું નામ સાંભળવામાં આવે છે. જો આ લોકો હિંદુસ્તાનમાં બહારથી આવ્યા હોય તો તેઓ અતિ પ્રાચીનકાળમાં આવ્યા હોવા જોઇએ; કારણ કે આ લોકો આપણને જે સમયે તેઓ વલ્લભીપુરના સ્વામી હતા તે સમયે મેવાડના વર્તમાન સૂર્યવંશી રાજપૂતોની સાથે પરસ્પર વિવાહ કરતા જણાય છે.

ચાવડાઓની રાજધાની સૌરાષ્ટ્રના સમુદ્રતટની પાસેના દીવ નામના ટાપુમાં હતી અને સોમનાથનું પ્રસિદ્ધ મંદિર તથા આ સમુદ્રતટપરનાં બીજાં મંદિરો કે જે બલનાથ તથા સૂર્યનાં છે, તે આ સૌર અર્થાત્ સૂર્યોપાસક જાતિનાં બંધાવેલાં કહેવાય છે. આપરથીજ તે જાતિ અને આ દ્વીપકલ્પનું[2] નામ પડ્યું હોય એમ લાગે છે.

સ્વાભાવિક આપત્તિને લીધે અથવા મિથ્યા વિશ્વાસ કરનાર હિંદુઇતિહાસવેત્તાઓના કથનાનુસાર દીવના રાજાને તેના ચાંચીઆપણાને માટે દંડ આપવાને સમુદ્રે તેનાપર આક્રમણ કર્યું તેથી તેની રાજધાની નષ્ટ થઇ ગઇ. આવી ઘટના બનવી અસંભવિત તો નથી, કારણ કે એ સમસ્ત કિનારો આત નીચો છે; તોપણ ચાવડાઓને આરબોનાં આક્રમણથી દીવનો ત્યાગ કરવો પડ્યો હશે. આરબો આ સમયે આ પ્રદેશમાં વ્યાપાર કરતા હતા અને તેમનાં કેટલાંક જહાજો લૂંટી લેવાના કારણથીજ ચાવડાઓને આ સજા ભોગવવી પડી હશે. આ ઘટના કોઈ આવીજ રાજકીય આપત્તિથી બની હતી એમ શ્રદ્ધાપૂર્વક માનવાને માટે અમને બીજાં પણ કેટલાંક પ્રમાણો મેવાડના ઇતિહાસમાંથી પ્રાપ્ત થયાં છે. આ ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે, મેવાડના રાજાઓએ સૌરાષ્ટ્રદેશ અને દ્વીપકલ્પનાં સ્થાનો ચાવડાઓને પાછાં અપાવ્યાં હતાં.

દીવના રાજાએ સંવત ૮૦૨ ( ઈ૦ સ૦ ૭૪૬ ) માં અણહિલપુર પાટણની સ્થાપના કરી હતી[3] એ વાત તો નિશ્ચિતજ છે. આ સમયથી ઉક્ત નગર વલ્લભીપુરને બદલે ભારતના આ તરફના પ્રદેશનું મુખ્ય નગર બન્યું. વલ્લભીપુરથી ત્યાંના રાજાઓની ઉપાધિ બલિકરાય થઈ હતી. પ્રાચીનકાળના આરબ

---

૧ ચાવડાઓ પોતાને પરમારોની એક શાખા માને છે. નિમ્નલિખિત કવિતમાં પણ ચાવડાઓને પરમારવંશના જણાવ્યા છે.

પ્રથમ ચાલ ચડેશ, શબ્દગણ સેણ સુણાયો;
અરબુદ દીધી આણ, હેમ ઓતર દશ આયો;
પરવરિયો પરમાર વાસ, ભિન માલ બસાયો;
નવ કોટિ કર નેત્ર, ખેત્ર જાગણો ખસાયો;
ભોગવે ભોગ શત્રુ ભાણાં, રણાયતતણો રાખીઓ રંગ;
વણરાજ કુંવરે વાશિયો દશમો અણહલપુર દુરગ; (ગૌ૰ હી૦ ઓઝા)

૩ સૌરાષ્ટ્ર (સોરઠ) નામ ચાવડાઓને લીધે પડ્યું હોય એમ માનવાને માટે કોઇ પ્રમાણ નથી. ઉક્ત દેશનું પ્રાચીન નામ સંસ્કૃત શિલાલેખોમાં સુરાષ્ટ્ર તથા પ્રાકૃત લેખોમાં સુરઠ લખેલું પ્રાપ્ત થાય છે, અને ઉક્ત લેખો લખાયા પછી ચાવડાઓનો અધિકાર કાઠિયાવાડપર થયો હતો. (ગૌ૰હી૦ ઓઝા)

૧ પ્રબંધચિંતામણિમાં વનરાજ વિ૦ સં૦ ૮૦૨ (ઇ૦ સ૦ ૭૪૫) અણહિલપુર (પાટણ) માં રાજ્ય કરતો હતો એવો ઉલ્લેખ છે; પરંતુ તેજ ગ્રંથના કર્તાએ ત્યારપછી વિશેષ શોધ કરી 'વિચાર શ્રેણી' નામનો ગ્રંથ રચ્યો, જેમાં વનરાજના રાજ્યનો પ્રારંભ વિ૦ સં૦ ૮૨૧ (ઇ૦ સ૦ ૭૬૪) માં થયેલો જણાવ્યો છે, જે અધિક વિશ્વાસયોગ્ય છે. (ગૌ૰હી૦ ઓઝા)

યાત્રાળુઓએ તથા તેમનું અનુકરણ કરીને યૂરોપના ભૂગોળવેત્તાઓએ વલ્લભીપુરને બલ્લહરા લખ્યું છે.

વનરાજે અણુહિલપુરની સ્થાપના કરી અને તેના વંશજોએ એકસો ચોરાશી[1] વર્ષપર્યંત રાજ્ય કર્યું. ત્યારપછી સોલંકીજાતિના સંક્ષિપ્ત ઇતિહાસમાં જણાવ્યા પ્રમાણે આ વંશના સંસ્થાપકની સાતમી પેઢીએ ઉત્પન્ન થયેલા ભોજરાજને[2] તેના ભાણેજે પદભ્રષ્ટ કર્યો. આજ વંશના શાસનકાળમાં આરબ પરિવાજકો તેના દરબારમાં આવ્યા હતા, જેનું અસ્પષ્ટ વૃત્તાંત તેઓ મૂકી ગયા છે; તોપણ ચાવડાવંશના સંબંધમાં આપણે સંપૂર્ણતઃ અંધકારમાં નથી, કારણ કે 'ખુમાનરાસો' નામનો મેવાડનો એક ઐતિહાસિક ગ્રંથ છે તેમાં એવો ઉલ્લેખ છે કે, મુસલમાનોના પ્રથમ આક્રમણમાંથી ચિતોડનું સંરક્ષણ કરવાને ચતનસી નામનો એક ચાવડાસરદાર કેટલીક સેના સાથે સહાય કરવા આવ્યો હતો.

મહમૂદ ગઝનવીએ સૌરાષ્ટ્રપર આક્રમણ કરી તેની રાજધાની અણુહિલપુર હસ્તગત કર્યું અને ત્યાંના રાજાને પદભ્રષ્ટ કર્યો. ફિરિસ્તાના જણાવ્યા પ્રમાણે તેણે પૂર્વરાજવંશના એક રાજાને ત્યાંના સિંહાસનપર અધિષ્ઠિત કર્યો હતો. આ રાજા પોતાના પ્રાચીન રાજકુલ અને વંશની શુદ્ધતાને માટે પ્રસિદ્ધ હતો. તેનું નામ ડાબિશિલિમ જણાવવામાં આવ્યું છે. આ એક એવું નામ છે કે જેણે યૂરોપના સમસ્ત ટીકાકારોની બુદ્ધિ ચકડોળે ચઢાવી છે; પરંતુ ડાબિ એક પ્રસિદ્ધ જાતિ હતી, જેને કેટલાક લોકો ચાવડાવંશની એક શાખા કહે છે, માટે ડાબિશિલિમ શબ્દ ડાબિ અને ચાવડાના સમાસથી થયો હશે અથવા ચૂડાસમા કે જેને કેટલાક લોકો પ્રાચીન યદુકુલની એક શાખા જણાવે છે તેના સમાસથી થયો હશે.

સૂર્યવંશી રાજાઓ અને સૌરાષ્ટ્રના ચાવડાઓ વા સૌરોની વચ્ચેનો આ પ્રાચીન સંબંધ એક હજારથી અધિક વર્ષો વ્યતીત થયા છતાં અદ્યાપિ વર્તમાન છે. જો કે રાણાના કુલની સાથે સંબંધ હોવો એને એક હિંદુ રાજાનેમાટે મહાન પ્રતિષ્ઠા માનવામાં આવે છે, (કારણકે રાણાનું કુલ સર્વશ્રેષ્ઠ છે) તોપણ દીન ચાવડાવંશ કે જે અત્યંત પતિત દશામાં છે તેમાંની કન્યાને રામનો વંશ ચલાવવાનું માટે આતુરતાપૂર્વક ગ્રહણ કરવામાં આવે છે. રાજકુમાર જવાનસિંહ કે જે વર્તમાન મેવાડના યુવરાજ છે, તેઓ ગુજરાતના એક નાના સ્થાનના ચાવડાસરદારની કન્યાને ઉદરે જન્મ્યા છે.

ચાવડા[3] નામ ધારણ કરનારાં કુટુંબોની વર્તમાન દશાનું લેશપણ વર્ણન કરવું વ્યર્થ છે. તેમને પોતાના ગત કાળના યશપરજ નિર્ભર રહેવું પડે છે, માટે અમે અત્રેજ તેમનું વર્ણન સમાપ્ત કરીએ છીએ.

**ટાંક વા તક્ષક**—તક્ષક તે વંશનું નામ જણાય છે કે જેમાંથી પ્રાચીનકાળમાં ભારતપર આક્રમણ કરનાર ભિન્નભિન્ન સિથિયનજાતિઓ ઉત્પન્ન થઈ હતી. જેટી કે જેમાંથી અગણિત શાખાઓ નીકળી છે તેના કરતાં આ નામ અધિક પ્રાચીનકાળમાં વપરાતું હતું એમ પ્રતીત થાય છે. આ ઉભય નામોને એકબીજાથી પૃથક્ કરવાં એ ન્યાયસંગત ગણાશે નહિ, જો કે જે જાતિઓ પોતાના દેશ સકતાઇ,

---

૧ વનરાજના વંશજો અર્થાત્ ચાવડાઓએ અણુહિલપુરપર ૧૮૪ વર્ષ નહિ, પણ વિ૦ સં૦ ૮૨૧ (ઇ૦ સ૦ ૭૬૪)થી ૧૦૧૭ (ઇ૦ સ૦ ૯૬૦) પર્યંત અર્થાત્ ૧૯૬ વર્ષ રાજ્ય કર્યું હતું.
(ગૌ૦ હી૦ ઓઝા)

૨ કર્નલ ટૅાડ અણુહિલપુરના અંતિમ ચાવડારાજાનું નામ ભોજરાજ લખે છે; પરંતુ આ નામ ચાવડાઓના ઇતિહાસ લખનાર કોઇ સંસ્કૃત ગ્રંથકારે લખ્યું નથી. સુકૃતસંકીર્તનમાં એનું નામ ભૂભટ, વિચારશ્રેણીમાં ભૂઅડ, પ્રબંધ ચિંતામણિનાં હસ્તલિખિત પુસ્તકોમાં ક્યાંક ભૂયગડ અને ક્યાંક સામંતસિંહ તથ, રત્નમાલ, કુમારપાલપ્રબંધ (જિનમંડનોપાધ્યાયરચિત) માં અને પ્રવચનપરીક્ષામાં સામંતસિંહ લખેલું પ્રાપ્ત થાય છે. કર્નલ ટૅાડને ભોજરાજ નામ ક્યાંથી પ્રાપ્ત થયું તેનો કાંઇ પત્તો લાગતો નથી. કદાચ તેમણે ભૂયગઢથી( ભુઅડ )નેજ ભોજરાજ લખી દીધો હોય તો તેમાં કાંઈ આશ્ચર્ય નહિ.
(ગૌ૦ હી૦ ઓઝા)

૩ મેવાડના મહારાણા ભીમસિંહનો વિવાહ મહીકાંઠા પ્રદેશ (ગુજરાતમાં)માં આવેલા વરસોડાના ચાવડા ઠાકોર જગતસિંહની પુત્રી સાથે થયેલો, જેથી મહારાણા જવાનસિંહનો જન્મ થયોહતો. મહારાણા જવાનસિંહના સમયમાં જગતસિંહના બે પુત્રો કુબેરસિંહ અને જાલિમસિંહ ઉદયપુરમાં આવ્યા હતા, જેમને ઉક્ત મહારાણાએ આજ્યાં ગામ જાગીરમાં આપ્યું હતું. (ગૌ૦ હી૦ ઓઝા)

વા શાકદ્વીપ અર્થાત્ મહાન જેટીઓના દેશના નામપરથી સિથિક કહેવાવી હતી તેનું આદિનામ કેયું હતું તે કહેવું કલ્પનામાત્ર થશે.

અબુલગાંઝી[1] ટૅાનકને તુર્ક વા તર્ગેતાઇનો પુત્ર જણાવે છે કે જે પુરાણોનો તુરૂષ્ક, ચીના ઇતિહાસ-લેખકોની તકયુકસ અને સ્ટ્રૅબોલિખિત ભ્રમણકારી ટોચરીજાતિનો હોય એમ જણાય છે. આ જાતિએ બૅક્ટ્રિયાના યૂનાની રાજ્યનો નાશ કરવામાં સહાય આપી હતી અને તેના નામપરથી એશિયાના મોટા ભાગનું નામ ટોચરીસ્તાન વા તુર્કસ્તાન પડ્યું. અને પેલી આશ્ચર્યજનક તાજકજાતિ કે જે અદ્યાપિ આ પ્રદેશોમાં વિખરાયેલી પડી છે અને જેના સંબંધમાં કાંઇપણ ઐતિહાસિક વૃત્તાંત ઉપલબ્ધ થયું નથી તે તક્ષકવંશી હોવાનાં સર્વ લક્ષણો પ્રતીત થાય છે.

આ વાત પૂર્વે કહેવામાં આવી છે કે રાજસ્થાનના અનેક ભાગોમાં તુષ્ટા, તક્ષક અને ટાંક નામથી ઓળખાતી જાતિના (પાલી વા બૌદ્ધ અક્ષરોમાં ) પ્રાચીનશિલાલેખો પ્રાપ્ત થયા છે. આ શિલાલેખો મોરી, પરમાર અને તેમના વંશજોની સાથે સંબંધ ધરાવે છે. નાગ અને તક્ષક એ સંસ્કૃતમાં સર્પનાં નામો છે અને તક્ષક એ ભારતના પ્રાચીન વીરત્વપૂર્ણ ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલો નાગવંશ છે. મહાભારતમાં તેની સદાની રૂપકમય શૈલિમાં ઇંદ્રપ્રસ્થના પાંડુવંશીઓ અને ઉત્તરના તક્ષકલોકો વચ્ચેની લડાઇનું વર્ણન કરવામાં આવ્યું છે. પરીક્ષિતનું તક્ષકના હાથથી માર્યો જવું અને તેના પુત્ર તથા ઉત્તરાધિકારી જનમેજયનું,તે લોકોનો વિનાશ કરવાને માટે યુદ્ધ ચલાવવું અને અંતે તેમને પોતાના ખંડણી ભરતા સામંત બનાવવા, ઇ૦ જે કથા છે તેનું રૂપક[2] જો પૃથક્ કરવામાં આવે તો તે સ્પષ્ટ ઐતિહાસિક ઘટના-

---

૧ અબુલગાઝી જણાવે છે કે જ્યારે નૂહે નૌકાનો ત્યાગ કર્યો ત્યારે તેણે પોતાના ત્રણ પુત્રોને પૃથ્વી વહેંચી આપી. શામને ઇરાનની પ્રાપ્તિ થઈ અને જેફેટને "કુતુપ શૅમેક" દેશ મળ્યો કે જે કાસ્પિયન સમુદ્ર અને ભારતની વચ્ચેના દેશનું નામ છે. તે દેશમાં જેફેટ અઢી વર્ષપર્યંત જીવિત રહ્યો. તે પોતાની પાછળ આઠ પુત્રો છોડી ગયો, જેમાંનો તુર્ક મોટો અને કમરી સાતમો હતો. કમરી એ ખ્રિસ્તી ધર્મપુસ્તકોમાં લખેલો ગોમર માનવામાં આવે છે.

તુર્કને ચાર પુત્રો હતા, જેમાં સૌથી જ્યેષ્ઠ ટૅાનક હતો, જેની ચોથી પેઢીમાં મોગલ થયો. મોગલ શબ્દ મંગલનો અપભ્રંશ છે, જેનો અર્થ ઉદાસ છે. તેના ઉત્તરાધિકારીઓએ ઝક્ષરતીસની પાસેના દેશોને પોતાનું શીતકાળનું નિવાસસ્થાન બનાવ્યું. તેના શાસનકાળમાં સત્ય (મુસલમાનોના) ધર્મનું તો નામમાત્ર પણ રહ્યું નહિ. મૂર્તિપૂજા સર્વત્ર પ્રચલિત થઈ ગઇ, તેનો ઉત્તરાધિકારી ઓગઝખાં થયો.

પ્રાચીન કિમ્બ્રીલોકો કે જેઓ ઓડિનની જીટ, કટ્ટી અને સૂ નામની જાતિઓની સાથે પશ્ચિમમાં ગયા હતા તેઓ તુર્કના પુત્ર કમરીના વંશજો હોવાનો સંભવ છે.

૨ આ યુદ્ધ સર્પોની સાથે થયું હતું, એવો સ્પષ્ટ ઉલ્લેખ મહાભારતમાં છે. જનમેજયે વીસ હજાર સર્પોને એકજ સમયે પકડીને હોમી દીધા હતા. આશ્ચર્યની વાત છે કે હિંદુઓ આ વાત જે સ્વરૂપમાં લખેલી છે તેજ સ્વરૂપમાં તેનો સ્વીકાર કરે છે. એમ કહી શકાય છે કે, તેને કઠિન કાર્યોમાંથી એક પસંદ કરવાનું હતું. જેમ વીસ હજાર સર્પોને હોમવાને માટે એકત્રિત કરવા અસંભાવત છે, તેમ તેટલાંજ મનુષ્યોને પકડીને જંગલીરીતે તેમનું બલિદાન આપવું અશક્ય છે. જંગલીપણાથી કેવાં કેવાં નિષ્ઠુર કાર્યો થઇ શકે છે તેનું ગ્રંથકર્તાને જ્ઞાન હોવાથી તે કદાચ આટલાં બધાં મનુષ્યોનો હોમ નહિ કરી શકાયો હોય એમ માને, તોપણ તે આ વાતને સર્વથા અસંભવિત માનતો નથી. ઇ૦ સ૦૧૮૧૧ માં મારે સરકારી કામતરિકે ચંબલનદીની ખીણમાં ગૂજરગઢ નામના પ્રદેશની તપાસ કરવી પડી. અહીંઆં ગૂજરલોકો વસે છે; આ લોકો ઇસાઉના પુત્રોની પેઠે લડાઈ–ટંટાખોર અને સ્વતંત્ર સ્વભાવના છે અને સદાસર્વદા તેમનો હાથ અન્યોની ઉપર ઉગામેલો રહે છે અને અન્યોનો હાથ તેમની ઉપર ઉગામેલો રહે છે. તેમનો નામમાત્રનો રાજા સૂરજમલ કે જે ભરતપુરનો જાટરાજા હતો તેણે જનમેજયે તક્ષક લોકોના સંબંધમાં કર્યું હતું તેજ પ્રકારનું વર્તન આ પ્રદેશના નિવાસીઓપ્રત્યે કર્યું, અર્થાત્ તેણે રાત્રિના સમયે છાપો મારીને તેમને પકડી લીધા અને તેમને બાળવાના પદાર્થોની સાથે આડામાં નાંખીને તક્ષકોની પેઠે બાળી નાંખ્યા. આ ઘટના બન્યાને પોણી શતાબ્દી પણ થઈ નથી.

તરિકે પ્રતીત થાય છે.

જ્યારે સિકંદરે ભારતવર્ષપર આક્રમણ કર્યું ત્યારે તેણે પૅરિટાકી અર્થાત્ પહાડી ટાંક લોકોને પૅરોપૅમિસન પર્વતશ્રેણીપર વસેલા જોયા અને મેસેડોનિયા (મકદૂનિયા) ના પાદશાહનો સહાયક ટૅકસાઇલિસ ટાંક લોકોનો સરદાર (ઇશ) હોય એ ઘટના કોઇપણ પ્રકારે અસંભવિત નથી. જેસલમીરના ભાટી રાજાઓના પ્રાચીન ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે જ્યારે આ લોકોને જાબુલિસ્તાનમાંથી હાંકી કાઢવામાં આવ્યા ત્યારે તેમણે સિંધુનદીના કિનારાપરનો દેશ છીનવી લીધો અને ત્યાંજ તેમણે વસવાટ કર્યો. આ દેશની રાજધાની સલભનપુર હતી. આ ઘટનાનો સમય યુધિષ્ઠિરના સંવતનું ૩૦૦૮ મું વર્ષ જણાવવામાં આવ્યું છે, માટે તુંવરવંશી વિક્રમને જીતનાર શાલિવાહન વા સાલવાહન કે જે તક્ષકવંશી હતો, તે ઉક્ત જાતિનોજ હોય એ વાત અસંભવિત નથી. શાલિવાહનને ભાટીલોકોએ પદચ્યુત કરીને દક્ષિણમાં હાંકી કાઢયો હતો.

શેષનાગની આધીનતામાં રહીને તક્ષક વા નાગવંશે જે આક્રમણ કર્યું તેનો સમય ઇસ્વીસનથી પ્રાયઃ ૭ વા સાત શતાબ્દીપૂર્વેનો માનવામાં આવ્યો છે. આજ કાળમાં સિથિયન "અશ્વારોહી તોગરમાહના પુત્રો" (અશ્વ વા અસિ)એ મિસર અને સિરિયાદેશપર જે આક્રમણ કર્યું હતું તેનું વૃત્તાંત પેગંબર ઇઝ્રાકિલ અને ડાયાડોરસ, એ ઉભયે એકસરખી રીતે આપ્યું છે. 'આબુ મહાત્મ્ય' માં તક્ષકોને "હિમાચલના પુત્રો" જણાવ્યા છે. આ સર્વપરથી તેઓ સિથિયનલોકોના સંતાનોતરિકેજ પ્રમાણિત થાય છે અને ૨૩ મા બુદ્ધ પાર્શ્વનાથની, પોતાનો ધર્મ ભારતવર્ષમાં ચલાવવાની તથા પોતાનું નિવાસસ્થાન [1]સરનેતના પવિત્ર પહાડોમાં નિયત કરવાની ઘટના ભારતના ચંદ્રવંશનું આ પરિવર્તન થયું તેથી કેવલ આઠ પેઢીપૂર્વેજ બની હતી.

તક્ષક લોકોના પ્રાચીન ઇતિહાસના સંબંધમાં આટલું કહેવુંજ પૂરતું છે. હવે અમે તેમના વધુ પાછળના સમયનું વૃત્તાંત સંક્ષેપમાં લખીશું. અમે પૂર્વે જણાવીજ ચૂકયા છીએ કે તક્ષકમોરી ઘણા પ્રાચીન કાળથી ચિતોડના સ્વામી હતા અને ગહિલોતોએ મોરીઓને ત્યાંથી હાંકી કાઢયા ત્યારથી થોડીજ પેઢીઓ પછી હિંદુઓની સ્વતંત્રતાના આ રક્ષિત સ્થાનપર મુસલમાનોની સેનાએ આક્રમણ કર્યું. જે અગણિત લોકોએ ચિતોડની રક્ષા કરવી એને પોતાનું કર્તવ્ય માન્યું હતું, તેમાં આપણને "આસેરગઢ[2]ના ટાંક લોકો" પણ પ્રાપ્ત થાય છે. એમ જણાય છે કે આ વંશે આસેરપર પોતાનો અધિકાર ઓછામાં ઓછી બે શતાબ્દીપર્યંત રાખ્યો હતો, કારણ કે ત્યાંનો સરદાર પૃથ્વીરાજની સેનાનો એક પ્રસિદ્ધ સેનાપતિ હતો. ચંદના કાવ્યમાં તેને "ઝંડાબર્દાર આસેરનો ટાંક" કહ્યો છે.[3]

આ પ્રાચીન વંશ કે જે જનમેજયનો શત્રુ અને સિકંદરનો મિત્ર હતો, તેણે ઉજ્જવલ પ્રતાપસહિત પોતાની સમાપ્તિ કરી. વર્તમાન કાળના ટાંક લોકોની અપ્રસિદ્ધિની ક્ષતિ ગુજરાતના પાદશાહોની પ્રસિદ્ધિ પૂર્ણ કરશે, કે જેનો એક રાજવંશ મુજફ્ફરની અભિમાની પદવી સાથે શરૂ અને સમાપ્ત થયો. આ વંશમાં એક પછી એક ચૌદ પાદશાહો થયા હતા. પ્રથમ તુગલક (પાદશાહ)ના પુત્ર મહમૂદ (ઈ૦ સ૦ ૧૩૨૫ થી ૧૩૫૧)ના શાસનકાળમાં તેના ભત્રીજાના સંબંધમાં એક અકસ્માત બનવાથી ટાંકોનો ભાગ્યોદય થયો; પરંતુ નામ અને ધર્મનાં પરિવર્તનથીજ તેમનો આ ભાગ્યોદય થયો. આ વંશનો ધર્મપરિવર્તન કરનારો પ્રથમ પુરુષ સહારન નામનો ટાંક હતો. તેણે વજેહ-ઉલ્-મુલ્ક નામ ધારણ કરીને

---

૧ બિહારમાં રિપુંજયના ઉત્તરાધિકારી પ્રદ્યોતના શાસનકાળમાં પાર્શ્વનાથનું ચિન્હ સર્પ વા તક્ષક હતું. તેના સિદ્ધાંતો ભારતના દૂર દૂરના પ્રદેશોમાં ફેલાઈ ગયા અને વલ્લભીપુર, મંદોદ્રી તેમજ અણહિલવાડા, આ સર્વ સ્થાનોના રાજા બૌદ્ધ* ધર્માવલંબી થયા હતા.

૨ આ પ્રસિદ્ધ કિલ્લો ખાનદેશમાં છે, જે હાલમાં અંગ્રેજોના અધિકારમાં છે.

૩ કનોજના યુદ્ધમાં જખમી થયેલા યોદ્ધાઓની નામાવલીમાં તેનું નામ 'ચટ્ટો ટાંક' લખ્યું છે.

---

* વલ્લભીપુર, મંદોદરી (મંડોવર) અને અણહિલપુરના રાજા, કર્નલ ટૉડ માને છે તેમ બૌદ્ધ (જૈન) નહોતા. વલ્લભીપુરના રાજા શૈવ હતા. અણહિલપુરના સોલંકીરાજાઓમાં કેવલ એક કુમારપાલજ જૈન હતો અને મંડોવરના પડિહારો પૃથક્ પૃથક્ દેવતાઓના ઉપાસક હતા. (ગૌ૦ હી૦ ઓઝા)

પોતાની ઉત્પત્તિ અને જાતિ, એ ઉભયને છુપાવી દીધાં. તેમૂરે ભારતપર આક્રમણ કર્યું તે અરસામાં તેનો પુત્ર જફરખાં પોતાના પ્રતિપાલક ફીરોઝદ્વારા ગુજરાતના શાસકતરીકે નિયુક્ત થયો. જફરે પોતાના સ્વામીની નિર્બળતા અને તે સમયની અશાંતિનો લાભ લઈ ગુજરાતનું રાજસિંહાસન હસ્તગત કરી લીધું અને તે મુજફ્ફર બીજાના નામથીજ ગાદીપર બેઠો. તે પોતાના પુત્ર અહમદના હાથથી મારી ગયો. અહમદે પ્રાચીન રાજધાની અણહિલપુર બદલીને પોતાના સ્થાપન કરેલા અહમદાબાદ નગરને પોતાનું પાટનગર બનાવ્યું. આ નગર પૌર્વાત્યદેશોનાં નગરોમાં એક પરમ શોભાયમાન શહેર છે.

ટાંકલોકોએ ધર્મપરિવર્તન કર્યું તે સમયથી તેમનું નામ રાજસ્થાનની જાતિઓમાંથી ભુંસાઇ ગયું અને મારી તપાસમાં આ નામનો એક પણ મનુષ્ય મને પ્રાપ્ત થયો નથી.

**જીત (જાટ)**–ભારતનાં છત્રીસ રાજકુલોની સમસ્ત પ્રાચિન સૂચિઓમાં જીતને પણ સ્થાન પ્રાપ્ત થયું છે; પરંતુ તેમને કોઇ રાજપૂત જણાવતું નથી તેમજ હું કોઇપણ રાજપૂતને જીતની સાથે વૈવાહિક સંબંધ રાખતો જાણતો નથી. આ એક એવું નામ છે કે જેને ધારણ કરનારા સમસ્ત ભારતવર્ષમાં પ્રસરેલા છે. તેઓ વિશેષતઃ ખેતીવાડીનું કામ કરે છે તેથી અહીંઆંના લોકોમાં તેમનું ઉચ્ચ પદ રહ્યું નથી.

પંજાબમાં અદ્યાપિ તેઓ પોતાનું પ્રાચીન નામ (જીત) ધારણ કરીને રહેલા છે. ગંગા અને યમુનાના તટપર તેમને જાટ કહેવામાં આવે છે. જાટોમાં ભરતપુરનો રાજા પરમ પ્રસિદ્ધ છે. સિંધુ નદીના તટપર અને સૌરાષ્ટ્રમાં તેમને જટ કહેવામાં આવે છે. રાજસ્થાનમાં કૃષિકારોનો મોટો ભાગ જીત લોકોનો છે. સિંધુ નદીને પેલે પાર જે અગણિત જાતિઓ હાલના ઇસ્લામધર્મનું અવલંબન કરે છે, તે પોતાની ઉત્પત્તિ આ વર્ગના લોકોમાંથીજ થયેલી જણાવે છે.

આ જાતિના પ્રાચીન ઇતિહાસના સંબંધમાં પૂર્ણ રીતે પૂર્વે કહેવાઇ ચૂક્યું છે. હવે અમારે માત્ર એટલુંજ કહેવાનું છે કે જેટીલોકો કે જેમની રાજધાની ઝક્ષરતીસ (સેહુન) નદીપર હતી તેમણે પોતાના રાજ્યની અખંડતા અને પોતાનું નામ સાઇરસના સમયથી ૧૪ મી શતાબ્દી પર્યંત કાયમ રાખ્યું. આ સમયે જેટીલોકો મૂર્તિપૂજા છોડીને ઇસ્લામધર્મમાં દીક્ષિત થઈ ગયા. હિરોડૉટસ જણાવે છે કે જેટી લોકો ઇશ્વરવાદી હતા અને તેઓ આત્માની અમરતાના સિદ્ધાંતને માનતા હતા વળી ડિ ગિગનીઝ ચીના ગ્રંથકારોનું અનુકરણ કરીને જણાવે છે કે અતિ પ્રાચીનકાળમાં તે લોકોએ ફો વા બુદ્ધના ધર્મને ગ્રહણ કર્યો હતો.

જીતોની દંતકથાઓમાં તેમની જાતિનું આદિ નિવાસસ્થાન સિંધુનદીની પશ્ચિમતરફના દેશોમાં માનવામાં આવ્યું છે અને તેમને યદુવંશમાંથી ઉત્પન્ન થયેલા જણાવ્યા છે. આ પ્રકારે જે ગ્રંથોમાં યદુવંશીઓને જાબુલિસ્તાનમાંથી નીકળીને આવેલા જણાવવામાં આવ્યા છે, તે ગ્રંથોને તેઓ પુષ્ટિ આપે છે;અને તેથી;આ જાતિને કૃષ્ણમાંથી ઉત્પન્ન થયેલી ન માનતાં તેમને યૂચી, યુટી વા જીતલોકોનું મુખ્ય દલ કહેવાને અમને વિશેષ ઇચ્છા થાય છે. આ જાતિ પ્રથમ મધ્યએશિયામાંથી નીકળીને સિંધુ નદીના અંતસ્થ પ્રદેશોમાં ક્યારે આવી હતી તે પ્રદર્શિત કરનારો કોઇ લેખ અમારી પાસે નથી. આ ઘટના સાઇરસ વા તેના પૂર્વજોની લઢાઇઓને લીધે તક્ષકલોકોની સાથેજ બની હશે.

જીત અને તક્ષકલોકો ભારતપર આક્રમણ કરનારી ભિન્નભિન્ન સિથિક જાતિઓના ઉત્પાદક હોવાનો સમાન રીતે દાવો કરે છે, એ વાત પૂર્વે લખવામાં આવી છે; અને હાલમાં ગ્રંથકારની પાસે પાંચમી શતાબ્દીનો એક એવો શિલાલેખ મોજુદ છે કે જેમાં ઉભય નામો એકજ રાજાને માટે વાપરવામાં આવ્યાં છે અને તે રાજામાં સૂર્યની ઉપાસના કરવાનો સિથિયન ગુણ પણ વિદ્યમાન હતો એમ તેમાં જણાવવામાં આવ્યું છે;તેમજ તેમાં એવો પણ ઉલ્લેખ છે કે જીતવંશી રાજાની મા યદુકુલની હતી. આ પરથી તેનો છત્રીસ રાજકુલોમાં સ્થાન પ્રાપ્ત કર્યાનો અને પોતે યદુવંશી હોવાનો દાવો પુષ્ટ થાય છે.

ઇસ્વીસનની પંચમ શતાબ્દી કે જેની સાથે આ લેખ સંબંધ રાખે છે તે જીતોના ઇતિહાસમાં એક ઉપયોગી સમય છે. ડિ ગિગનીઝ પ્રાચીન ગ્રંથોનાં પ્રમાણથી જણાવે છે કે, યૂચી વા જીતલોકો પાંચમી અને છઠ્ઠી શતાબ્દીમાં પંજાબમાં વસ્યા હતા. ઉક્ત શિલાલેખ આ પ્રદેશમાં આવેલા સાલીન્દ-

પુરના રાજાનાં સંબંધમાં છે. આ નગર શાલિવાહનપુરજ હતું એમાં સંદેહ નથી. આ નગરમાંથી ટાંક લોકોને હાંકી કાઢીને ત્યાં યદુવંશી ભાટીઓએ પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો.

આથી કેટલા સમય પૂર્વે જીતલોકોએ રાજસ્થાનમાં પ્રવેશ કર્યો હતો તેનો નિર્ણય અધિક પ્રાચીન શિલાલેખોપર છોડવો જોઇએ: અત્રે માત્ર એટલુંજ કહેવું પૂરતું છે કે આપણે તેમને ઈ૦ સ૦ ૪૪૦ માં રાજ્ય કરતા જોઇએ છીએ.[1]

જ્યારે યાદવલોકોને શાલિવાહનપુરમાંથી હાંકી કાઢવામાં આવ્યા અને તેમને સતલજનદી ઉતરી ભારતનાં મરુસ્થલમાં દાહિયા અને જોહિયા રાજપૂતોની વચ્ચે આશ્રય લેવો પડયો ત્યારે તેમણે પોતાની પ્રથમ રાજધાની દેરાવલ સ્થાપિત કરી અને તેમાંના ઘણા લોકોએ અત્યાચારથી ડરી મુસલમાનીધર્મ ગ્રહણ કરી લીધો. આજ સમયે તેમણે જાટ નામ ધારણ કર્યું. આ જાટ લોકોની ઓછામાં ઓછી વીસ ભિન્નભિન્ન શાળાઓ યદુકુલના ઇતિહાસમાં ગણાવવામાં આવી છે.

જીતલોકો સિંધુ નદીના પૂર્વ તટપર અમારા શિલાલેખો અને તેમના ઇતિહાસમાં જે સમયનું વૃત્તાંત પ્રાપ્ત થાય છે તે સમયથી પૂરાં પાંચસેં વર્ષો વ્યતીત થયાં ત્યાંસુધી એક બળવાન જાતિના લોકો-તરિકે રહ્યા હતા. આપણને આ જાતિનું અત્યંત મનોરંજક વૃત્તાંત ભારતવર્ષના મહમૂદના ઇતિહાસમાં લખેલું પ્રાપ્ત થાય છે. મહમૂદના માર્ગનો અવરોધ આ લોકોએ એવી રીતે કર્યો હતો કે જેનું ઉદાહરણ યૂરોપનાં યુદ્ધોમાં પ્રાપ્ત થઇ શકતું નથી. હીજરી સન ૪૧૬ (ઇ૦ સ૦ ૧૦૨૬) માં મહમૂદે જીતોની સામે એક સેના રવાના કરી હતી; કારણ કે તેમણે તેને સૌરાષ્ટ્રપર કરેલા અંતિમ આક્રમણમાંથી પાછા ફરતી વખત માર્ગમાં ઘણો સતાવ્યો હતો અને તેનું અપમાન પણ કર્યું હતું. આ વૃત્તાંત રોંચક હોવાથી અમે તેને મૂળ ગ્રંથમાંથી અત્રે ઉધ્ધૃત કરીએ છીએ:—

"જીતલોકો મુલતાનની સીમાની નિકટના પ્રદેશમાં[2] જૌદના પહાડોની પાસે થઇ વહેતી નદીના કિનારાપર રહેતા હતા. જ્યારે મહમૂદ મુલતાનમાં પહોંચ્યો ત્યારે તેણે જીતલોકોનો દેશ મોટી મોટી નદીઓથી રક્ષિત જોઇ ૧૫૦૦ નાકાઓ[3] તયાર કરી. પ્રત્યેક નૌકાની સાથે લોઢાના ૭ ૭ ભાલા જડવામાં આવ્યા હતા. આ ભાલાને નૌકાના અગ્ર ભાગપર બહાર પડતા રાખવામાં આવ્યા હતા, કે જેથી આ પ્રકારના યુદ્ધમાં નિપુણ એવા શત્રુઓ ઉપર ચઢી આવે નહિ. તેણે પ્રત્યેક નૌકામાં વીસ વીસ ધનુર્ધારીઓ અને નફ્થાર્[4]ના જ્વાલાગ્રાહી ગોળા ફેંકનારા માણસોને જીતલોકોના નૌકાસમૂહને બાળી દેવાને માટે બેસાડયા હતા. પાદશાહ તે લોકોનો નાશ કરવાનો નિશ્ચય કરી મુલતાનમાં વિશ્રામ કરી પરિણામની પ્રતીક્ષા કરવા લાગ્યો; જીતલોકોએ પોતાની સ્ત્રીઓ, બાલકો અને સંપત્તિને સંધ

૧ આ સમયમાં (ઇ૦ સ૦ ૪૪૯ માં) બે જટ ભ્રાતાઓ કે જેમનાં નામો હેંગિસ્ટ×અને હોર્સા હતાં તેમણે પોતાની જાતિનું એક દલ જટલૅંડમાં લાવી કેન્ટનું રાજ્ય સ્થાપિત કર્યું. (પ્રશ્ન—શું આ સંસ્કૃત ભાષાનો કંઇ શબ્દ છે, કે જેનો અર્થ સમુદ્રતટ છે ? એના જેવોજ ગૉથિક શબ્દ કોંટા છે.) તેમણે ત્યાં જે ધારાઓ ચલાવ્યા અને વિશેષતઃ પૈતૃકભૂમિના વિભાગના વિષયમાં તેમનો જે ધારો અદ્યાપિ પ્રચલિત છે,કે જેને અનુસરીને નાના પુત્રને શેષ કરતાં બમણો ભાગ આપવામાં આવે છે અને તેના સિવાયના સર્વ પુત્રોને સરખે ભાગે સંપત્તિ વહેંચી આપવામાં આવે છે, તે સર્વ સ્પષ્ટ રીતે સિથિયનકાયદાઓ છે; અને તેને પ્રાચીન કાળના ગૅાથલોકો ઝક્ષરતીસ (સેહન) ના તટપરથી લાવ્યા હતા.

૨ જદુના ડાંગ વા યદુના પહાડને યાદવોના સંક્ષિપ્ત વર્ણનમાં એક એવું મધ્યસ્થ સ્થાન જણાવ્યું છે કે જ્યાં તે લોકોએ મહાભારતના યુદ્ધ પછી ભારતમાંથી નીકળીને વિશ્રામ કર્યો હતો.

૩ આજ સ્થાનની નિકટ સિકંદરે પોતાની નૌકાઓનો કાફલો તૈયાર કર્યો હતો.આ કાફલો ૧૩૦૦ વર્ષ પૂર્વે બેબિલનપર્યંત પહોંચ્યો હતો.

૪ નફ્થા—એ એક પ્રકારનો દ્રવ પદાર્થ હતો, જેનો ઉપયોગ પ્રાચીનકાળમાં આગ લગાડવાને માટે કરવામાં આવતો હતો (ગૌ૦ હી૦ ઓઝા)

× અલારિકની કારકીર્દિ સમાપ્ત થઈ ગઇ હતી અને થિઓડોરિક તથા જેન્સેરિક (રિકનો અર્થ સંસ્કૃતમાં રાજા છે) પોતાની સેના આફ્રિકામાં લઇ જતા હતા.

સાગરમાં[1] મોકલી દીધી અને ચાર હજાર અથવા બીજાઓના કહેવા પ્રમાણે આઠ હજાર સુસજ્જિત નાવો ગઝનવીઓની સાથે યુદ્ધ કરવાને માટે જલમાં છોડી. ત્યારપછી એક ભયાનક યુદ્ધ થયું; પરંતુ બહાર નીકળેલા ભાલાઓએ જીતલોકોની કેટલીક નૌકાને ડૂબાવી દીધી અને શેષમાં આગ લગાડવામાં આવી. માત્ર થોડાજ લોકો આ આપત્તિના સ્થળથી નાસીને બચ્યા અને જેઓ આ પ્રકારે બચ્યા તેમને કેદ થવાનું મહાદુર્ભાગ્ય ભોગવવું પડયું. ( ફિરિસ્તા પુસ્તક ૧ લું )

નિઃસંદેહ અનેક માણસો નાસીને બચ્યા હતા અને જીતલોકોનો પરાજય થયા પછી બિકાનેરનું રાજ્ય સ્થાપિત થયું હતું ત્યારે ત્યાં જે લોકો વસતા હતા, તેઓ આ યુદ્ધમાંથી બચેલા લોકોજ હોય એવો અધિક સંભવ છે.

આ ઘટનાથી થોડા દિવસ પછી જેટીલોકોનું મૂળ રાજ્ય પણ નાશ પામ્યું અને તે સમયે તે જાતિના નાસી છૂટેલા ઘણા લોકોએ ભારતમાં આવીને આશ્રય ગ્રહણ કર્યો. ઇ૦ સ૦ ૧૩૬૦ માં તોગલતાશ એ જેટીજાતિનો મુખ્ય ખાન હતો. આ જાતિ આ સમયપર્યંત મૂર્તિપૂજક હતી. તેણે ખોરાસાન જીતી લઇને ટ્રાન્સ ઑક્સિયાનાપર આક્રમણ કર્યું. ત્યાંનો રાજા નાસી ગયો, પરંતુ તેના ભત્રીજા અમીર તીમૂરે તે સ્થાનને પરાધીન થતું બચાવ્યું.તેણે તોગલતાશની સાથે મૈત્રી કરી અને તે જેટીજાતિના એક લાખ યોદ્ધાઓનો સેનાપતિ બની ગયો. ઇ૦ સ૦ ૧૩૬૯ માં જ્યારે જેટીઓનો ખાન મરણ પામ્યો, ત્યારે તીમૂરે પોતાની પ્રજાનાં મન એટલાં વશ કરી લીધાં હતાં કે 'કોરલટાઇ' અર્થાત્ સાર્વજનિક સભાએ મોટા ખાનની ઉપાધિ જેટીલોકોની પાસેથી લઇને ચગતાઇ તીમૂરને અર્પણ કરી. ઇ૦ સ૦ ૧૩૭૦ માં તેણે જેટીજાતિની એક રાજકન્યાની સાથે વિવાહ કર્યો અને પોતાના પૈતૃકરાજ્ય ટ્રાન્સઓકિસયાનામાં કોજેંડને પણ સંયોજી દીધું. જેટીલોકોએ પોતાની. સ્વતંત્રતા છોડી તે પૂર્વે રાજવિદ્રોહ અને કતલથી મનુષ્યજાતિનું આ પ્રથમ નિવાસસ્થાન પ્રાયઃ ઉજ્જડ થઇ ગયું અને તીમૂર પોતાને ઇ૦ સ૦ ૧૩૮૮ પર્યંત સુરક્ષિત સમજી શકયો નહિ.આ પૂર્વે તેણે જેટીલોકોનાં ૭ નગરોપર આક્રમણ કરીતેમને બાળીને ભસ્મીભૂત કર્યાં, તેમનાં દ્રવ્યને પોતાના દેશમાં લઇ આવ્યો અને તે જાતિને પ્રાયઃ વિનષ્ટ કરી દીધી.

તેણે યૂરોપના અધિકતર ભાગપર આક્રમણ કર્યા પછી. ભારતવર્ષપર આક્રમણ કર્યું. યૂરોપપર આક્રમણ કરી તેણે મોરકોનગર હસ્તગત કર્યું અને અસભ્ય ઉરુઝના સિપાઇઓને કતલ કર્યા હતા. તેણે ભારતવર્ષપર આક્રમણ કરી પોતાના પ્રાચીન શત્રુ " જેટીલોકો કે જે તોહીમનાં મેદાનોમાં વસતા હતા તેમાંના બે હજાર માણસોની પોતાની તલવારવતી કતલ કરી મરુસ્થલીપર્યંત તેમની પૂંઠ પકડી અને કગ્ગરની[2] નિકટ બીજા પણ અનેક માણસોની હત્યા કરી."

તે છતાં પણ જીતલોકો પંજાબમાં કાયમ રહ્યા અને હાલમાં ભારતમાં મહાપ્રતાપી તથા સ્વતંત્ર રાજા લાહોરનો જીતવંશી (રણજિતસિંહ)જ છે. પાંચમી શતાબ્દીમાં જ્યાં યૂચી લોકો વસ્યા હતા અને જ્યાં ગઝનીથી હાંકી કાઢવામાં આવ્યા પછી યદુવંશીઓએ ટાંકલોકોનો નાશ થતાં પોતાનો અધિકાર

---

૧ એને મહાશય 'ડો'ના અનુવાદમાં એક દ્વીપ લખવામાં આવ્યો છે.સિંધસાગર પંજાબના દોઆબો-પૈકી એક છે. મેં મહાશય 'ડો' કૃત તવારિખ ફિરિસ્તાના પ્રારંભિક ભાગનો અનુવાદ મુખ્ય ગ્રંથની સાથે મેળવ્યો છે અને તે લોકોના ધારવા કરતાં અધિક પ્રામાણિક છે. તેમણે અંક, તોલ અને માપના સંબંધમાં અધિક અશુદ્ધિઓ કરી છે અને તેજ કારણથી તેમણે ભારતમાંથી બળપૂર્વક લઇ જવામાં આવેલું ધન એટલું તો અધિક બતાવ્યું છે કે તેપર વિશ્વાસ મૂકી શકાતો નથી.

૨ અબુલગાઝીનું પુસ્તક (વૉલ્યુમ) ૧લું અધ્યાય ૧૬ માં લખ્યું છે કે દિલ્હીના સુલ્તાન મહમુદની સાથે યુદ્ધ કર્યા પછી તૈમૂરે તેના ઇતિહાસલેખકના લેખાનુસાર "એક લાખ કાફિર ગુલામોને કાપી નાખવાની આજ્ઞા આપી. મોટી મસ્જીદમાં આગ લગાડવામાં આવી અને કાફિરોના આત્મા નરકકુંડમાં મોકલી દેવામાં આવ્યા. તેમનાં મસ્તકોનો મિનારો ખડો કરવામાં આવ્યો અને તેમની લાસો હિંસક પશુપક્ષીઓના ભક્ષણાર્થે ફેંકી દેવામાં આવી. મેડતામાં કાફિર ગુબરીઓની જીવંત ચામડી ઉતારવામાં આવી." આ કાર્ય તૈમૂરલંગની આજ્ઞાથી કરવામાં આવ્યું, કે જે પુરુષમાં સર્વ મહાન અને ઉત્તમ ગુણો હતા એમ યૂરોપના નાટકમય ઇતિહાસના લેખકો જણાવે છે.

સ્થાપિત કર્યો હતો, તેજ પ્રદેશોમાં ઉક્ત જીતવંશી રાજાનો અધિકાર છે.[1] જીતજાતિના અશ્વારોહીઓમાં સિથિયન રીતભાતોનો કેટલોક અંશ પ્રાપ્ત થાય છે અને પ્રાચીનકાળમાં યદુવંશી કૃષ્ણ જે ચક્રનો ઉપયોગ કરતા હતા, તેનો ઉપયોગ અદ્યાપિ આ લોકો કરે છે.

**હુન વા હૂણ**—સિથિયનજાતિઓ પૈકી જેમને ૩૬ રાજકુળોમાં સ્થાન પ્રાપ્ત થયું છે, તેમાંની એક આ હૂણ પણ છે. આ જાતિ કે જે યૂરોપમાં પોતાના ઉપદ્રવો અને વસ્તીને લીધે અતિ પ્રસિદ્ધ છે, તેણે ભારતવર્ષપર ક્યારે આક્રમણ કર્યું તે આપણને જ્ઞાત નથી; પરંતુ ઇતર ઘણી જાતિઓની સાથે તેણે ભારતવર્ષપર આક્રમણ કર્યું હતું એમાં તો કિંચિત્ પણ શક નથી. આ જાતિઓ સૌરાષ્ટ્રના દ્વીપકલ્પમાં અદ્યાપિ વર્તમાન છે. જેવી કે કટ્ટી ( કાઠી ), બલ્લા (બાલા) અને મકવાણા વગેરે; તથાપિ આ જાતિઓનાં નામ માત્ર ઉક્ત દ્વીપકલ્પની વંશાવલીઓમાંજ પ્રાપ્ત થાય છે. જો કે આપણને હૂણોનું નામ ભારતના અતિ પ્રાચીન ઐતિહાસિક ગ્રંથો અને શિલાલેખોમાં પ્રાપ્ત થાય છે, તોપણ આ લોકો ઉત્તર તરફના ભાટોની યાદીમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યા નથી.

આ જાતિનું સર્વથી પ્રાચીન વૃત્તાંત એક એવા શિલાલેખમાં પ્રાપ્ત થાય છે કે જેમાં બિહારના એક રાજાના પરાક્રમનું વર્ણન છે. આ રાજાએ ઇતર વિજયો પ્રાપ્ત કર્યા ઉપરાંત "હૂણ લોકોનો ગર્વ પણ ઉતાર્યો હતો." મેવાડના પ્રાચીન રાજાઓના ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે, જ્યારે મુસલમાનોએ ભારતપર કરેલા પ્રથમ આક્રમણમાં ચિતોડપર હલ્લો કર્યો હતો, ત્યારે જે સમસ્ત રાજપૂતોએ મેવાડના રાજાને સહાય કરી તેનું સંરક્ષણ કરવું પોતાનું કર્તવ્ય માન્યું હતું તેમની યાદીમાં હૂણોના સરદાર અંગત્સીનો પણ નિર્દેશ છે. ડિ ગિગનીઝ હૂણ વા મોગલોના એક દલને અંગતતરિક ઓળખાવે છે અને અબુલગાઝી જણાવે છે કે જે તાતારજાતિ ચીનની મોટી દિવાલની રક્ષા કરતી હતી, તેનું નામ અંગની હતું અને તેનો એક સ્વતંત્ર રાજા હતો, જેનો મોટો પગાર અને મહાન પ્રતિષ્ઠા હતી. જે દેશોમાં હિયાંગનો અને ઓહુઓન અર્થાત્ તુર્ક અને મોગલ જાતિના લોકો વસતા હતા તે 'તાતાર' નામથી ઓળખાતા હતા અને આ નામ તાતાન દેશપરથી પડ્યું છે. આ દેશનો વિસ્તાર ઇર્તિશ નદીના તટથી અલ્તાઇ પહાડોની સાથે સાથે પીતસાગરના તટપર્યંત પહોંચ્યો હતો. આ દેશોનું વર્ણન હૂણ જાતનાં ઇતિહાસલેખકે વિસ્તારપૂર્વક કર્યું છે. આ હૂણજાતિના ઇતિહાસલેખકનું અનુકરણ કરીને તથા ઇતર સ્વતંત્ર સાધનોદ્વારા રોમના વિનાશના ઇતિહાસલેખકે ( ગિબને ) તેમનાં યૂરોપપરનાં આક્રમણનું વર્ણન અતિ રોચક બનાવી મૂક્યું છે; પરંતુ જે લોકોની ઇચ્છા આ લોકોના પૂર્વસમયના ઇતિહાસ અને રીતભાતની સાથે સંબંધ ધરાવતી સમસ્ત બાબતો જાણવાની હોય, તેમણે આલ્ટેયનની[3] ભૂગોળ નામનાં પાંડિત્ય અને અન્વેષણના સ્મારકને અવશ્ય જોવું જોઇએ.

ડિ એન્વિલ, કૉસ્મસ નામના પરિવ્રાજકના ગ્રંથના આધારપરથી જણાવે છે કે, શ્વેત હૂણલોકો ભારતના ઉત્તર ભાગપર અધિકાર ભોગવતા હતા અને આ લોકોનું એક દલ સૌરાષ્ટ્ર અને મેવાડમાં પણ વસ્યું હોય એવો ઘણો સંભવ છે.

દંતકથા હૂણોનું નિવાસસ્થાન ચંબલનદીના પૂર્વતટપર બાડોલી નામના પ્રાચીન સ્થાનમાં જણાવે છે અને તે સ્થળનાં પ્રસિદ્ધ મંદિરોમાંનું એક કે જેનું નામ સિંગારચોરી છે, તે ઉક્ત નદીના બીજા કિનારાપર જ્યાં વર્તમાન ભિંસરોર આવેલું છે તે પ્રદેશમાં પણ જેનો અધિકાર હતો એવા હૂણજાતિના રાજાનો વિવાહમંડપ[2] છે. હૂણોને ગુજરાતના ઇતિહાસમાં જે સ્થાન આપવામાં આવ્યું

૧ આ રાજ્ય રણજિતસિંહના મરણ પછી અંગ્રેજસરકારે ખાલસા કર્યું છે.

૨ હૂણોએ ભારતવર્ષપર ઇસ્વીસનની પાંચમી શતાબ્દીના મધ્યભાગમાં ગુપ્તવંશના રાજા કુમારગુપ્તના દેહાંતસમયે આક્રમણ કર્યું હોય એમ પ્રતીત થાય છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ મહાશય માલ્ટબ્રન હંગેરિયન અને સ્કેન્ડિનેવિયનલોકોની વચ્ચે ભાષાની સમાનતાને લીધે સંબંધ હોવાનું જણાવે છે. "આ પ્રાચીન સમયમાં હૂણ, ગૉથ, જટ અને એસિસ લોકો તથા બીજા ઘણા લોકો ઓડિનની પ્રાચીન વેદીની આસપાસ એકત્રિત થતા હતા." તેણે આપણને જે શબ્દો આપ્યા છે તે સંસ્કૃતમાંથી નીકળેલા છે. પુસ્તક છઠ્ઠું, પૃષ્ઠ ૩૭૦ જુઓ.

છે, તે સ્થાન પ્રાપ્ત કરવા જેટલો પ્રતાપ બારમી શતાબ્દીમાં અવશ્ય તેમનામાં હશેજ. આ જાતિ હજી નષ્ટ થઈ નથી. ભારતના મહાબુદ્ધિમાન જીવિત ભાટોમાંના એકે આ ગ્રંથકારને નિશ્ચયપૂર્વક જણાવ્યું કે આ જાતિ અદ્યાપિ વિદ્યમાન છે અને એક સમયે પ્રવાસમાં તે આ ગ્રંથકારની સાથે હતો ત્યારે તેણે મહી નદીને કિનારે કેટલાંક હૂણ[1] લોકોનાં નિવાસસ્થાન બતાવીને તેની ખાત્રી કરી આપી. જો કે

---

[1] હૂણવંશ—મધ્યએશિયામાં રહેનારી એક પ્રાચીન જાતિનું નામ હૂણ છે. આ જાતિના લોકો ઘણા પ્રબલ થયા અને તેમણે એશિયા તથા યૂરોપના કેટલાક દેશો જીતી લઇ તેપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો. ચીનાગ્રંથકારોએ તેમને 'યૂન્ યૂન્,' 'યેથિલેટો' વા 'યેથ' લખ્યા છે; ગ્રીક અર્થાત્ યૂનાની ઇતિહાસલેખકોએ તેમને 'ઉન્નોઇ' (હૂણ), 'લુકોઇ ઉન્નોઇ' (શ્વેતહૂણ) વા 'એફ્થલાઇટ' જણાવ્યા છે; આર્મીનિયન લેખકોએ 'હૂંક,' અને સંસ્કૃત ગ્રંથકારોએ તેમને 'હૂણ,' 'હૂન,' 'શ્વેત હૂણ' વા 'સિતહૂણ' લખ્યા છે. સંસ્કૃત ગ્રંથકારો તેમની ગણના આચારભ્રષ્ટ લોકો અર્થાત્ મ્લેચ્છોમાં કરે છે; પરંતુ તેમનો વિવાહસંબંધ રાજપૂતોની સાથે હોવાનાં ઉદાહરણો પ્રાચીન શિલાલેખો વગેરેમાંથી મળી આવે છે.

ઇ૦ સ૦ ૪૨૦ ની આસપાસ મધ્ય એશિયામાં ઑક્સસ નદીની નિકટ રહેતા હૂણોએ ઇરાનના સસાનિયનવંશી પાદશાહોની સાથે યુદ્ધ કરવાનો પ્રારંભ કર્યો અને યઝદેઝર્દ દ્વિતીય (ઇ૦ સ૦ ૪૩૮—૪૫૭) તથા ફીરોઝ (ઇ૦ સ૦ ૪૫૭—૪૮૪) ને પરાસ્ત કરી તેમનો કેટલોક મુલક તાબે કરી લીધો. પછી તેમણે હિંદુસ્તાનના સીમાંતપરનો પ્રદેશ તાબે કરી ક્રમશઃ આગળ ચાલવા માંડ્યું, ચીના યાત્રાળુ સંગયૂ કે જે પ્રાયઃ ઇ૦ સ૦ ૫૨૦ માં ગાંધારદેશમાં આવ્યો હતો, તે લખે છે કેઃ—"અહીંઆંનો રાજા યેથેલેટા (હૂણ) છે. તે અતિ લડાયક છે અને તેની સેનામાં ૭૦૦ હાથીઓ રહે છે. હૂણલોકોએ ગાંધારદેશ જીતી લઇ લેલિહને પોતાનો રાજા બનાવ્યો હતો. વર્તમાન રાજા તેનાથી ત્રીજો છે." ઇ૦ સ૦ ૫૨૦ માં ગાંધારદેશનો રાજા મિહિરકુલ હતો, એટલે લેલિહ તેનો પિતામહ હોવો જોઇએ.

કુમારગુપ્તના અંતિમ સમયમાં હૂણોએ ગુપ્તોના મહારાજ્યપર આક્રમણ કર્યું અને તે (કુમારગુપ્ત)ના પુત્ર સ્કંદગુપ્તે ઇ૦ સ૦ ૪૫૪ ની પૂર્વે હૂણોપર વિજય પ્રાપ્ત કર્યો. હૂણોનું આ આક્રમણ લેલિહના સમયમાં થએલું હોવું જોઇએ. સ્કંદગુપ્તના દેહાંત પછી તોરમાણ કે જે લેલિહનો પુત્ર વા ઉત્તરાધિકારી હોવો જોઇએ તેણે ભાનગુપ્તને પરાસ્ત કરી ગુપ્ત સંવત ૧૯૧ (વિ૦ સં૦ ૫૬૭, ઇ૦ સ૦ ૫૧૦) માં માળવા વગેરે દેશોપર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો. તોરમાણ એ હૂણોમાં પ્રતાપી રાજા થયો. તેને આધીન ગાંધાર, પંજાબ, કાશ્મીર, માળવા, રાજપૂતાના તથા સંયુક્ત પ્રદેશનો મોટો ભાગ હોવો જોઇએ. તેણે માળવા દેશ જીતી લીધો ત્યારપછી અલ્પસમયમાં તેનો દેહાંત થઈ ગયો અને તેનો પુત્ર મિહિરકુલ તેના રાજ્યનો સ્વામી બન્યો. ચીનાયાત્રાળુ હુએન્સંગના સફરનામામાં તથા કલ્હણકૃત રાજતરંગિણી અને કેટલાક શિલાલેખોમાં તે (મિહિરકુલ)નું વૃત્તાંત પ્રાપ્ત થાય છે, જેપરથી પ્રતીત થાય છે કે તેની રાજધાની શાકલ નગર હતું. એ મહા વીરરાજા હતો અને તેણે સિંધ વગેરે અનેક દેશો જીતી લીધા હતા. પ્રથમ એની આસ્થા બૌદ્ધધર્મપર હતી; પરંતુ પાછળથી બૌદ્ધોપ્રત્યે નારાજ થઇ તેણે તેમના ઉપદેશકોને સર્વત્ર મારવાની તથા બૌદ્ધધર્મને નિર્મૂલ કરવાની આજ્ઞા કરી. એણે ગાંધારદેશમાં બૌદ્ધોના ૧૬૦૦ સ્તૂપો તથા મઠો તોડાવી નખાવ્યા અને કેટલાક લાખ મનુષ્યોને મારી નખાવ્યા. તેનામાં દયાનો લેશ પણ અંશ નહોતો. માળવાના રાજા યશોધર્મ તથા મગધના ગુપ્તવંશી રાજા બાલાદિત્યે (નરસિંહ ગુપ્તે) તેને વિ૦ સં૦ ૫૮૯ (ઇ૦ સ૦ ૫૩૨) ના અરસામાં પરાસ્ત કર્યો, તે સમયથી મિહિરકુલના અધિકારમાંથી મધ્યહિંદુસ્તાનના માળવા વગેરે દેશો નીકળી ગયા હતા; પરંતુ કાશ્મીર, ગાંધાર વગેરે તરફના દેશોપર તેનો અધિકાર અધિક સમયપર્યંત રહ્યો હતો એમ પ્રતીત થાય છે. યશોધર્મદ્વારા પરાજિત થયા પછી હૂણલોકો પોતાનો અધિકાર સ્થાપિત કરવાને માટે લડતા રહ્યા હોય એમ પ્રતીત થાય છે. થાણેશ્વરના વૈશવંશી રાજા પ્રભાકરવર્ધન, રાજ્યવર્ધન તથા હર્ષવર્ધન હૂણોની સાથે લડ્યા હતા. તેજ પ્રકારે હૈહય (કલચુરી) વંશી રાજા કર્ણ, પરમારવંશી રાજા સિંધુરાજ અને રાઠોડ કક્કલ (કર્કરાજ દ્વિતીય) વગેરે પણ હૂણોની સાથે લડ્યા હતા.

આ લોકો ભ્રષ્ટ થયેલા અને અન્ય જાતઓમાં મિશ્રિત થયેલા જણાયા.[1]

અમે એવું અનુમાન કરી શકીએ છીએ કે મધ્યએશિયામાં કેટલાંક પરિવર્તન થવાથી મોટી જનસંખ્યાના આ લોકોને જીવનનિર્વાહનાં સાધનો ખોળવાને યૂરોપમાં જવું પડ્યું હતું. ભારતે આવી મનુષ્યોની વૃદ્ધિમાં ભાગ લીધો નહિ.આશ્ચર્યની વાત તો એ છે કે, આ લોકો હિંદુ શી રીતે કહેવાયા? આપણે તેમને અતિ નિકૃષ્ટ પંક્તિના શૂદ્ર તો કહી શકતાજ નથી; કારણ કે, જો કે કટ્ટી (કાઠી) અને બલ્લા (બાલા) લોકો રાજપૂત કહેવાતા વા ગણાતા નથી, તોપણ તેઓ શૂદ્રના દરજ્જાપ્રત્યે ઘૃણા ધરાવે છે.

કટ્ટી (કાઠી)—આ લોકોની પ્રાચીન અવસ્થાના સંબંધમાં પૂર્વે ઘણું કહેવાઇ ચૂક્યું છે અને રાજસ્થાન તથા સૌરાષ્ટ્ર એ ઉભય દેશોની સમસ્ત વંશાવલીઓના લેખકો તેમને ભારતનાં રાજકુલોમાં સ્થાન આપવાને માટે સહમત છે. આ જાતિ ભારતમાં આવેલા પશ્ચિમ દ્વીપકલ્પની અત્યંત પ્રસિદ્ધ જાતિઓમાંની એક છે અને તેણે સૌરાષ્ટ્રના નામને બદલીને કાઠિયાવાડ કરી દીધું છે.

અહીંઆં (કાઠિયાવાડ) ના નિવાસીઓમાં કટ્ટીજાતિએજ પોતાની પ્રાચીનતા અધિકતર સ્થાયી રાખી છે. તેનો ધર્મ, તેની રીતભાત અને તેની મુખમુદ્રા, એ સર્વ મૂર્તિમંત સિથિયન છે. સિકંદરના સમયમાં આ જાતિના લોકો પંજાબમાં પાંચે નદીઓના સંગમની નિકટના ખૂણાપર અધિકાર ભોગવતા હતા. આ લોકોની સાથે લડવાને માટે સિકંદર સ્વયં ગયો હતો. તેમની સાથે થયેલા યુદ્ધમાં સિકંદરનો પ્રાણ જતો જતો બચ્યો અને તે સ્થાનપર તેણે પોતાની વૈરવૃત્તિનું અપૂર્વ સ્મારકચિન્હ મૂક્યું. કટ્ટીલોકોનો પત્તો આ સ્થળેથી લઇને તેમના વર્તમાન નિવાસસ્થાનપર્યંત લાગી શકે છે. જેસલમીરના ઇતિહાસના આરંભિક ભાગમાં ત્યાંના લોકોની કટ્ટીલોકોની સાથે થયેલા યુદ્ધનું વર્ણન કરવામાં આવ્યું છે અને તેમની પોતાની દંતકથાઓ તેમને આઠમી શતાબ્દીના અરસામાં સિંધુનદીની ખીણના દક્ષિણપૂર્વ ભાગમાંથી આવીને આ દ્વીપકલ્પમાં વસેલા જણાવે છે.

બારમી શતાબ્દીમાં કટ્ટીલોકો પૃથ્વીરાજની સાથેનાં યુદ્ધોમાં પ્રસિદ્ધ હતા. આ જાતિના કેટલાક સરદારો તેની તથા તેના શત્રુ કનોજના રાજાની સેના સાથે સંબંધ ધરાવતા હતા. જો કે આ સમયે તેઓ કેટલેક અંશે અણહિલપુરના રાજાને આધીન રહી કાર્ય કરતા હતા, તોપણ એમ જણાય છે કે આ ઘટના કાંઈ પણ દબાણ કરતાં અધિકતર તેમની સ્વેચ્છાથીજ બની હતી.

કટ્ટીલોકો અદ્યાપિ સૂર્યની પૂજા કરે છે, શાંતિપ્રિય હુન્નરોપ્રત્યે ઘૃણા ધરાવે છે અને પોતાના પૂર્વકાળના લૂંટફાટના ઉદ્યમની અનિશ્ચિત કમાઈ કરતાં શાંતિપૂર્વક શ્રમ કરીને પોતાનો નિર્વાહ કરવા-

---

એમ તેમના લેખ વગેરેપરથી પ્રતીત થાય છે. હવે હૂણોનું કોઇ રાજ્ય રહ્યું નથી અને એ કોમ નષ્ટ થઇ ચૂકી છે.

હૂણોએ ઇસ્વીસનની પાંચમી શતાબ્દીમાં ઇરાનનો ખજાનો લૂંટ્યો અને તેઓ ત્યાંની દોલત હિંદુસ્તાનમાં લઈ આવ્યા,જેથી ઇરાનના અસાનિયન શૈલીના સિક્કાઓ કે જે સિક્કા કલદાર રૂપિયાની બરાબર પણ ઘણા પાતળા થતા હતા અને જેની એક બાજુપર રાજાની મુદ્રાલેખસહિત અને બીજી બાજુપર પ્રદીપ્ત અગ્નિનો ઉચ્ચ કુંડ હતો તથા કુંડની બે બાજુએ બે પુરુષો ઉભા હતા, તે હિંદુસ્તાનમાં આવ્યા અને હૂણોએ પણ આ દેશમાં તે સિક્કાને મળતા સિક્કા ચલાવ્યા. હૂણોનું રાજ્ય નષ્ટ થયા પછી પણ ઇસ્વીસનની અગીઆરમી શતાબ્દીની આસપાસપર્યંત તેજ શૈલીના (લેખવિનાના) સિક્કા પ્રચલિત રહ્યા; પરંતુ ક્રમશઃ તેનો આકાર ઘટવાની સાથે તે પર એટલે સુધી બેડોળપણું આવી ગયું કે તેની ઉપરનો રાજાનો ચહેરો ઓળખવો દુસ્તર થઇ પડ્યો. આથી લોકોએ રાજાના ચહેરાને ગર્ધવની ખરી ઠરાવી અને તે સિક્કા 'ગધિયા' વા 'ગાધિયા' ના નામથી પ્રસિદ્ધ થઇ ગયા; પરંતુ ગર્ધવ (ગધેડા) ની સાથે તેને કાંઇ પણ સંબંધ નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

૧ ઉક્ત ભાટ જણાવે છે કે વડોદરાથી ત્રણ કોશના અંતરપર ત્રિસોવી ગામમાં આ હૂણલોકોનાં ત્રણચાર ઘર છે અને ખીચીજાતિનો ભાટ મોગજી જણાવે છે કે, હૂણલોકોની દંતકથાઓપરથી પ્રતીત થાય છે કે એ જાતિના પુષ્કળ પરાક્રમશાળી રાજાઓ ભારતવર્ષમાં થઇ ગયા છે.

૨ સિકંદર પાદશાહ ઇ૦ સ૦ પૂ૦ ૩૨૬ માં પંજાબપર કરેલા આક્રમણપ્રસંગે ત્યાંના કાઠીઓની સાથે લડ્યો હતો. (ગૌ૦ હી૦ ઓઝા)

માં ઘણા અસંતુષ્ટ છે. તે લોકો પોતાના અશ્વપર આરૂઢ થઈ હાથમાં ભાલો લઈ શત્રુ અને મિત્રની પાસેથી પોતાનો 'બ્લેકમેલ' અર્થાત્ ઉપદ્રવોનો કર ઉઘરાવતા રહેવા સિવાય બીજા કોઇપણ ધંધાથી પ્રસન્ન થતા નથી.

કેપ્ટન મેકમર્ડોના આ જાતિની રીતભાતવિષેના લેખને અહીંઆં ઉદ્ધૃત કરી અમે આ સંક્ષિપ્ત વૃત્તાંત સમાપ્ત કરીશું. "કટ્ટીજાતિ કોઇ કોઇ બાબતમાં રાજપૂતજાતિથી ભિન્ન છે. તે સ્વભાવે અધિક નિર્દય છે; પરંતુ વીરતાના ગુણમાં તે રાજપૂત કરતાં ઘણી ચઢતી છે અને કટ્ટી કરતાં અધિક બળવાન મનુષ્ય કોઇ પણ નથી. તેનું કદ સાધારણ લોકો કરતાં ઘણું મોટું છે. તે જાતિના મનુષ્યો પ્રાયઃ છ ફીટથી અધિક ઉંચા થાય છે. ક્વચિત્ ક્વચિત્ તેઓ સુંવાળા વાળ અને નીલવર્ણ નેત્રવાળા પણ જણાય છે. તેમનું શરીર કસરતી અને મજબૂત હાડવાળું હોય છે; અને તે વિશેષતઃ તેમની જીવનપ્રણાલિને બરાબર અનુકૂળ હોય છે. તેમનું મુખ તેજસ્વી હોય છે, પરંતુ તે ખરાબ પ્રકારનું હોય છે; કારણ કે તે પર કઠોરતા પ્રકાશતી હોય છે અને બહુધા મૃદુતાનું એક પણ લક્ષણ દૃષ્ટિગોચર થતું નથી."[1]

**બહ્લા (બાલા)**—પ્રાચીન તથા આધુનિક સમસ્ત વંશાવલીલેખકો બહ્લાજાતિનું નામ રાજકુળોમાં અંતર્ભૂત કરે છે. ભાટલોકો તેમને આશીર્વાદ આપતાં " ઠઠ્ઠા મુલ્તાનના રાવ " કહે છે. તે પરથી પ્રતીત થાય છે કે તેમનું મૂળ નિવાસસ્થાન સિંધુનદીના તટપર હતું; પરંતુ તેઓ સૂર્યવંશી હોવાનો દાવો કરે છે અને કહે છે કે, અમારો આદ્યપુરુષ બહ્લા વા બપ્પા[2] રામચંદ્રના જ્યેષ્ઠ પુત્ર લવનો દીકરો હતો અને સૌરાષ્ટ્રમાં તેમની વસ્તી પ્રાચીન સ્થાન ટાંકમાં હતી, કે જે અધિક પ્રાચીનકાળમાં મેંગીપટ્ટણ કહેવાતું હતું અને તેની આસપાસના પ્રદેશને જીતી લઇને તેમણે તે દેશનું નામ બહ્લક્ષેત્ર (વલ્લભીપુર એની રાજધાની હતું) રાખ્યું અને બહ્લારાયની[3] ઉપાધિ ધારણ કરી. આ બાબતમાં તેઓ મેવાડના ગેહલોત (ગુહિલોત)વંશની સાથે સમાનતા રાખવાનો દાવો કરે છે; પણ તેઓ ગેહલોતવંશની એક શાખા હોય એ વાત અસંભવિત લાગતી નથી, કારણ કે એ વંશનો અધિકાર સૌરાષ્ટ્રદેશમાં દીર્ઘકાળપર્યંત રહ્યો હતો. ગેહલોતોએ મહાદેવની પૂજા ગ્રહણ કરી તે પૂર્વે, તેમની ઉપાસનાનો મુખ્ય દેવતા સૂર્ય હતો. તેમણે મહાદેવની ઉપાસના ગ્રહણ કરી તે સમય તેમના ઇતિહાસમાં આપવામાં આવ્યો છે. ગેહલોતલોકો સૂર્યોપાસક હતા તે પરથી બહ્લાલોકો પ્રત્યેક રીતે સિથિયન લોકોની સાથે જે સમાનતા રાખવાનો દાવો કરે છે, તે સમાનતા ગેહલોતો પણ સિથિયન લોકોની સાથે રાખતા પ્રતીત થાય છે.

આથી જૂદી રીતે સૌરાષ્ટ્રના બહ્લાલોકો પોતાને ઇંદુવંશના જણાવે છે. તેઓ કહે છે કે, અમે

૧ આ લોકોની મુખમુદ્રા તથા તેમનાં નીલવર્ણનાં નેત્રો કે જેથી તેઓ ગૉથિક વા જેટીવંશના પ્રતીત થાય છે, તે વિષે વિશેષતઃ મારા સ્વવૃત્તાંતમાં જણાવીશ.+

૨ મેવાડના ગુહિલોતો ( સિસોદીઆઓ )ના પ્રસિદ્ધ પૂર્વજ બપ્પા વા બાપ્પા રાવલને બલ્લા ( બાલા ) ની સાથે કાંઇપણ સંબંધ નહોતો. વાલ વા બહ્લાજાતિના રાજપૂતો પણ છે અને કાઠીઓ પણ છે. આથી કેટલાક લોકોનું એવું અનુમાન છે કે, બલ (બહ્લા) રાજપૂતો અને વાલ ( વાલા ) કાઠીઓ એકજ જાતિના હોવા જોઇએ; પરંતુ વાલરાજપૂતો વાલકાઠીઓથી ઘણા કાળપૂર્વે અર્થાત્ ગુપ્તોનું મહારાજ્ય નષ્ટ થયું તે સમયે આવ્યા હતા, જેથી તેઓ રાજપૂતોની સાથે મળી ગયા; પરંતુ વાલ (વાલા) કાઠીઓ (કે જેઓ કાઠીઓના અગ્રણી મનાતા હતા) ઘણા સમય પછી આવ્યા, જેથી તેઓ રાજપૂતોમાં સામિલ થવા પામ્યા નહિ. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ બહ્લારાયની ઉપાધિ એ કેવળ કર્નલ ટૉડની કલ્પના છે; એનું લિખિત પ્રમાણ ક્યાંયપણ પ્રાપ્ત થતું નથી. વલ્લભીપુર (કાઠીઆવાડમાં)ની દક્ષિણે આવેલા બલક્ષેત્રના નામપરથીજ કર્નલ ટૉડે વલ્લભીની આસપાસના પ્રદેશપર રાજ્ય કરનાર સમસ્ત રાજાઓને આ ઉપાધિ લાગુ પાડી છે. (ગૌ૦ હી૦ ઓઝા)

+કાઠી લોકો હાલમાં વિશેષતઃ કાઠિયાવાડમાં આબાદ છે અને ત્યાંજ તેમનું રાજ્ય છે. તેમનામાં મુખ્ય ત્રણ જાતિઓ છે. ખુમાણ, ખાચર અને વાલા; જેમાંથી વાલા પોતાની ઉત્પત્તિ રાજપૂત પિતા અને કાઠી જાતિની માતાથી થયેલી બતાવે છે. રાજપૂતો કાઠીઓની સાથે વિવાહાદિ સંબંધ રાખતા નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

બલિકપુત્રો છીએ. આ બલિકપુત્રો સિંધુ નદીના કિનારાપર આરોરના પ્રાચીન રાજા હતા. તેમના આ દાવાનો નિર્ણય કરવો એ અનુચિત સાહસ થઈ પડશે; પરંતુ હું એવું અનુમાન કરવાનું સાહસ કરૂં છું કે, તેઓ આરોરના સંસ્થાપક સેહલ (શલ) નાં સંતાનો હશે. આ શલ મહાભારતના રાજાઓપૈકી એક હતો.

કટ્ટીલોકો બલ્લાલોકોમાંથી ઉત્પન્ન થયાનો દાવો કરે છે, કે જે તેમનું મૂળ નિવાસસ્થાન ઉત્તરમાં હોવાનું એક વધુ પ્રમાણ છે, અને તેથી "મુલ્તાન તથા ઠઠ્ઠાના રાવ" એવો ભાટોનો આશીર્વાદ સત્ય ઠરે છે. તેરમી શતાબ્દીમાં બલ્લાલોકો મેવાડપર આક્રમણ કરવાને માટે સંપૂર્ણરીતે બળવાન હતા અને ચોટિલાના બલ્લાસરદારને મારવો, એ પ્રસિદ્ધ રાણા હમીરનું પ્રથમ સાહસીકર્મ હતું. ટાંકનો વર્તમાન રાજા બલ્લા છે ને આ જાતિની પ્રતિષ્ઠા અદ્યાપિ તે દ્વીપકલ્પમાં સ્થાયી છે.

**ઝાલા મકવાણા**—આ જાતિ પણ સૌરાષ્ટ્રના દ્વીપકલ્પમાં વસેલી છે. તે રાજપૂત કહેવાય છે, પણ તે સૂર્યવંશી[1] ચંદ્રવંશી કિંવા અગ્નિવંશી ગણાતી નથી અને અમો તેને ઉત્તર તરફના દેશોમાંથી આવેલી જણાવીએ છીએ; જો કે આ વાત અમે યથાર્થ રીતે સિદ્ધ કરી શકતા નથી. આ જાતિના લોકો હિંદુસ્તાન વા રાજસ્થાનમાં પણ ઘણા ઓછા પ્રસિદ્ધ છે. રાજસ્થાનમાં આ લોકો સર્વપ્રકારે સૌરાષ્ટ્રના પ્રાચીન રાજા અર્થાત્ મેવાડના વર્તમાન રાજકુલને આશ્રયેજ પ્રવિષ્ટ થયા હતા. આ રાજકુલની મંજુરીથી સર્વદોષો ઢંકાઈ જાય છે. મહારાણા પ્રતાપસિંહ જ્યારે અકબરના સંપૂર્ણ સૈન્યબળના બોજાહેઠળ દબાઈ ગયા હતા, તે સમયે ઝાલાસરદારે સ્વામીભક્તિનું એક દીપ્તિમાન કાર્ય કર્યું તેથી તેમને ઉક્ત મહારાણા તરફથી કૃતજ્ઞતા-સિવાય તેમનાથી આપી શકાય એવું સર્વોત્તમ આદરસન્માન પ્રાપ્ત થયું; અર્થાત્ રાણાએ તેની સાથે પોતાની કન્યા પરણાવી અને તેને પોતાના જમણા હાથપર આસન આપ્યું. તે સરદારને આ પ્રતિષ્ઠા તેના કાર્યથી પ્રાપ્ત થઈ હતી; તે કાંઇ છત્રીસ રાજકુલોમાં તેનો દરજ્જો ઉચ્ચ મનાવાનાં કારણથી પ્રાપ્ત થઇ નહોતી. આ વાતનું સ્પષ્ટ પ્રમાણ આપણને પાછલા સમયમાં પ્રાપ્ત થયું, કે જ્યારે વર્તમાન રાણા-(ભીમસિંહ) નું, પોતાના વંશની એક દૂરની શાખાની કન્યાને કોટાના ઝાલારાજાની સાથે પરણાવવાની અનુમતિ[2] આપવાનું કામ અતિ મહાન કૃપાનું ચિન્હ માનવામાં આવ્યું હતું.

આ જાતિના નામપરથી સૌરાષ્ટ્રના સૌથી મોટા ભાગોપૈકી એકનું નામ ઝાલાવાડ પડ્યું છે. ઝાલાવાડમાં કેટલાંક મોટાં મોટાં નગરો આવેલાં છે, તેમાં વાંકાનેર, હળવદ અને ધ્રાંગધ્રા મુખ્ય છે.

ઝાલા લોકો ત્યાં ક્યારે વસ્યા અને તેમનો પ્રાચીન ઇતિહાસ કેવો છે તે વિષે દંતકથાદ્વારા કાંઇ હકીકત પ્રાપ્ત થઈ શકતી નથી; પરંતુ મુસલમાનોના પ્રથમ આક્રમણના સમયમાં રાણાને આ જાતિની તરફથી સૈનિક સહાયતા મળી હતી અને પૃથ્વીરાજના વીરતામય ઇતિહાસમાં આપણને વારંવાર ઝાલા-જાતિના સરદારોનું વર્ણન પ્રાપ્ત થાય છે. આ સરદારોએ તેમની અને તેમના શત્રુઓની આધીનતામાં રહી નામના પ્રાપ્ત કરી હતી; અને ચંદબારોટે જણાવેલા ઝાલાસરદારોપૈકી એકનું નામ મેં પવિત્ર ગિરનારપર ગ્રેનાઇટના પાષાણપર કોતરેલું જોયું છે. આ ગિરનારની નિકટ અતિ પ્રાચીનકાળથી આ લોકો નિવાસ કરતા હતા. અત્રે અમે તેમનું વૃત્તાંત સમાપ્ત કરીએ છીએ.

ઝાલા[3] જાતિની અનેક શાખાઓ છે, જેમાંની મકવાણાશાખા મુખ્ય છે.

---

૧ કર્નલ ટૉડ લખે છે કે ઝાલાજાતિ સૂર્યવંશી, ચંદ્રવંશી કિંવા અગ્નિવંશી ગણાતી નથી; પરંતુ ઇસ્વીસનની પંદરમી શતાબ્દીમાં ગાંધારકવિએ મંડલિક કાવ્ય રચ્યું તેના છઠ્ઠા સર્ગમાં તેણે ઝાલાઓને ચંદ્રવંશી જણાવ્યા છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ એનો પુત્ર માધવસિંહ કે જે વર્તમાન પ્રધાન છે, તે પ્રસિદ્ધ જાલિમસિંહ અને એક રાણાવત-સરદારની પુત્રીનું સંતાન છે, જેથી તે (માધવસિંહ) ની સંતતિનો વિવાહ પોતાના (જાતીય) દરજ્જાથી અતિ ઉચ્ચ કુલમાં કરવાનો અધિકાર તેને પ્રાપ્ત થયો છે. રાજપૂતોને સમસ્ત સાંસારિક વિચારો કરતાં કુલની ઉચ્ચતાનો ખ્યાલ એટલો અધિક રહે છે કે જો કે જાલિમસિંહના હાથમાં રાજસ્થાનના સૌથી અધિક વૈભવસંપન્ન અને ઉત્તમ પ્રબંધયુક્ત રાજ્યનું તંત્ર હતું, તોપણ તેણે કછવાહાકુલના એક નાના જાગીરદારની કન્યાને પોતાના પૌત્રની વધૂતરિકે લાવવામાંજ પોતાના કુલનું ગૌરવ માન્યું હતું.

૩ હાલમાં ઝાલાઓને આધીન ધ્રાંગધ્રા, લીંબડી, વઢવાણ, વાંકાનેર વગેરે કાઠીઆવાડનાં રાજ્યો

**જેઠવા, જેટવા વા કમરી**—આ એક પ્રાચીન જાતિ છે અને સમસ્ત ઇતિહાસલેખકોએ તેને રાજપૂતતરીકે ઓળખાવી છે. જો કે ઝાલા લોકોની પેઠે આ લોકો પણ સૌરાષ્ટ્રની બહાર ઓછા પ્રસિદ્ધ છે, તોપણ તેના એક વિભાગનું નામ આ જાતિના નામપરથી જેઠવાડ પડયું છે. આ જાતિના અધિકારનું વર્તમાન સ્થાન સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારાપર છે. આ જાતિનો રાજા રાણા કહેવાય છે અને તેનું નિવાસસ્થાન પોરબંદર છે.

પ્રાચીનકાળમાં તેમની રાજધાની ઘૂમલી હતી. આ નગરીનાં ખંડિયેરો તેમના મહાન પ્રતાપનાં પ્રમાણો આપે છે અને ત્યાંનું શિલ્પકાર્ય યૂરોપની સેક્ષન નામની શિલ્પપ્રણાલીની સાથે અપૂર્વ સમાનતા ધરાવે છે. જેઠવાઓના ભાટો ગાદીનશીન ૧૩૦ રાજાઓની નામાવલી બતાવે છે અને તેમણે આઠમી શતાબ્દીમાં પોતાના રાજાનો વિવાહ દિલ્હીની પુનઃ પ્રતિષ્ઠા કરનાર તંવરરાજાને ત્યાં થયેલો લખ્યો છે. તે સમયે જેઠવાવંશનું નામ કમર[1] હતું અને એમ કહેવાય છે કે જે રાજાને ૧૨ મી શતાબ્દીમાં ઉત્તર તરફથી આક્રમણ કરનારાઓએ ઘૂમલીમાંથી હાંકી કાઢયો હતો તેનું નામ સેહલ કમર હતું. આ પરિવર્તનની સાથેજ કમર નામનો લોપ થઇ ગયો અને જેઠવા નામ પડયું અને આજ કારણથી ગ્રંથકારે તેમને કમરી લખ્યા છે. આ લોકો આ દ્વીપકલ્પના અન્ય નિવાસીઓની પેઠે સંપૂર્ણરીતે સિથિયનલોકોના સંતાનો જણાય છે અને તેઓ ભારતની પ્રાચીન જાતિઓની સાથે પોતાનો સંબંધ દર્શાવવાને માટે કાંઇ દાવો કરતા નથી; તેથી એમ જણાય છે કે, તેઓ ઉચ્ચતર એશિયાની પ્રસિદ્ધ જાતિ કિમેરી તથા યૂરોપની કિમ્બ્રીજાતિની એક શાખાના હશે.

તેમનું આખ્યાન જેવું વિચિત્ર છે તેવુંજ કલ્પિત પણ છે. તેઓ પોતાને વાનરદેવ હનુમાનના સંતાનોતરિકે ઓળખાવે છે અને આ વાતને પોતાના રાજાઓના બરડાની કરોડને લાંબી જણાવી પુષ્ટ કરે છે. આ રાજાઓની ઉપાધિ પૂછડીયા વા લાંબી પૂછડીવાળા સૌરાષ્ટ્રના રાણા છે. આ જાતિની રીતભાત અને દંતકથાઓનું અધિક વર્ણન ગ્રંથકારની તે લોકોના મધ્યમાં કરેલી યાત્રાના વર્ણનમાં આવશે.[2]

**ગોહિલ**—આ એક નામાંકિત વંશ હતો. આ લોકો સૂર્યવંશી હોવાનો દાવો કાંઇક આડંબરની સાથે કરે છે. ગોહિલોનું પ્રથમ નિવાસસ્થાન મારવાડમાં લૂણીનદીના વાંક (વક્રતા) ની નિકટ જૂના ખેડગઢ હતું. આ લોકો કેટલા સમયથી ત્યાં અધિકાર કરતા હતા તે અમને જ્ઞાત નથી. તેમણે આ સ્થાન ખેરવા નામના આદિનિવાસી ભીલસરદારની પાસેથી લીધું હતું અને તેના અધિકારમાં તે વીસ પેઢીપર્યંત રહ્યા પછી બારમી શતાબ્દીના અંતમાં રાઠોડોએ તે ખુંચવી લીધું અને તેમને ત્યાંથી હાંકી કાઢયા. તેમણે ત્યાંથી સૌરાષ્ટ્ર તરફ જઇ પીરમગઢમાં વિશ્રામ કર્યો. જ્યારે તે નગર પણ નષ્ટ થઇ ગયું ત્યારે એક શાખા 'બગવા'માં જઈ વસી અને તેના સરદારે નંદનનગર વા નાંદોદના રાજાની કન્યા સાથે વિવાહ કરી પોતાના શ્વશુરનું રાજ્ય બલપૂર્વક છીનવી લીધું વા પ્રાપ્ત કર્યું. સોમપાલથી લઇને નાંદોદના વર્તમાન રાજા નારસિંહપર્યંત ૨૭ પેઢી થઇ છે. બીજી શાખા શિહોરમાં જઇ વસી અને તેણે ભાવનગર તથા ઘોઘા એ નગરો સ્થાપન કર્યાં. પ્રથમ શહેર ભાવનગર મહી નદીની ખાડીપર ગોહિલ લોકોનું નિવાસસ્થાન છે, જેથી સૌરાષ્ટ્રના દ્વીપકલ્પનો પૂર્વભાગ ગોહિલવાડ કહેવાય છે.

ત્યાંનો વર્તમાન રાજા વાણિજ્ય કરે છે અને તેનાં જહાજો સોફાલાના (દક્ષિણ આફ્રિકાના પૂર્વ તટપરનો એક દેશ ) સ્વર્ણકિનારા[3] ની સાથે વ્યવહાર કરે છે.

---

અને રાજપૂતાનામાં ઝાલાવાડનું રાજ્ય તથા મેવાડમા સાદરી, દેલવાડા, ગોગૂંદા વગેરે સ્થાનો તથા કોટારાજ્યમાં કોનાડીનું સ્થાન છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૧ કમર—ભાટોની ખ્યાતોમાં કમર ( કુમાર=કુંવર ) શબ્દ જોઇને કર્નલ ટૉડે જેઠવાઓને કિમેરી વા યૂરોપની કિમ્બ્રીજાતિના ગણી લીધા છે, જે સર્વથા અસ્વીકારયોગ્ય છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ કર્નલ ટૉડે જેઠવાઓનું વિશેષ વૃત્તાંત " ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા " નામના પુસ્તકમાં કાઠીઆવાડના પ્રસંગમાં આપ્યું છે. ( ગૌ૦ હી૦ ઓઝા )

૩ ગોહિલવંશ—કાઠીઆવાડના ગોહિલો પોતાને ચંદ્રવંશી અને શાલિવાહનના વંશજ માને છે; પરંતુ મંડલીકકાવ્યમાં તેમને સ્પષ્ટરીતે સૂર્યવંશી જણાવ્યા છે અને તેથી કાઠીઆવાડના ગોહિલો કે

**સર્વૈયા વા સરિઅસ્પ**—આ વંશના સંબંધમાં દંતકથાઓદ્વારા માત્ર એટલીજ હકિકત પ્રાપ્ત થાય છે કે તે કોઇ એક સમયમાં પ્રસિદ્ધ હતો; કારણકે જો કે ભાટોની વંશાવલીઓમાં તેને ક્ષાત્રય જાતિનો સાર " **सर्वैया क्षत्रिय तन सार** " જણાવ્યો છે, તોપણ તેની વર્તમાન અવનતિના સંબંધમાં અમને કેવળ થોડી વાતોજ પ્રાપ્ત થઈ છે. તેનું નામ અને ભાટની આપેલી આ ઉપાધિ એવો વિશ્વાસ ઉત્પન્ન કરાવે છે કે તે અશ્વ[1] લોકોનીજ એક શાખા છે અને તેના નામમાં 'સાર' ઉપસર્ગ સત વા આદ્યતાનો દ્યોતક છે; પરંતુ માત્ર નામપરથીજ કલ્પના કરવી વ્યર્થ છે.

**સિલાર વા સુલાર**—પૂર્વોક્ત જાતિની પેઠે અહીંઆં પણ અમને માત્ર નામનીજ છાયા પ્રાપ્ત થઇ છે. આ નામ એવું છે કે જેમાંથી લારિક[2] નામ નીકળવાનો સંપૂર્ણ સંભવ છે. ઉક્ત નામથી સૌરાષ્ટ્રનો દ્વીપકલ્પ ટૉલેમી અને પ્રાચીન યૂરોપના ભૂગોળવેત્તાઓને જ્ઞાત હતો. લાર-જાતિ એક સમયે સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ હતી અને અણહિલપુરના ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે સિદ્ધરાજ જયસિંહે પોતાના સમગ્ર રાજ્યમાંથી તે જાતિને નિર્મૂલ કરી દીધી હતી, માટે સલાર વા સિલાર સ્પષ્ટ રીતે લારજ હશે. નિઃસંદેહ, કુમારપાલચરિત્રના કર્તાએ એને રાજતિલક અર્થાત્ રાજકુમાર લખી છે; પરંતુ જે વણિકજાતિઓ બૌદ્ધધર્મ પાળે છે, તે જાતિઓમાંજ માત્ર આ નામ હાલમાં પ્રાપ્ત થાય છે. ઉક્ત ૮૪ વણિક જાતિઓમાંની એક જાતિ લાર કહેવાય છે.[3] આ ૮૪ જાતિઓનો અધિકાંશ રાજપૂતોમાંથી નીકળ્યો છે.[4]

**ડાભી**—આ જાતિના સંબંધમાં એટલુંજ કહી શકાય છે કે એક સમયે તે સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ હતી. કેટલાક લોકો તેને યદુવંશની એક શાખા કહે છે; જો કે સમસ્ત વંશાવલીલેખકો તેને એક પૃથક્ પ્રસિદ્ધ જાતિ માને છે. હવે આ જાતિનું ન તો રાજ્ય છે કે ન તો પ્રજા છે.[5]

**ગાડ**—ગૌડજાતિની કોઇક સમયમાં રાજસ્થાનમાં પ્રતિષ્ઠા હતી, જો કે ત્યાં તેનો કદિપણ ઝાઝો વિસ્તાર થયો નહોતો. બંગાળાના પ્રાચીન રાજાઓ[6] આજ જાતિના હતા અને તેના નામ-

---

જેઓ રાજપૂતાના (મારવાડ) ના ખેડઇલાકામાંથી ત્યાં ગયા છે, તેઓ મેવાડના ગુહિલોતોની શાખાના હોય એવું અનુમાન કરી શકાય છે. જે શાલિવાહનના વંશજતરિકે તેઓ પોતાને ઓળખાવે છે તે દક્ષિણનો આંધ્ર ભૃત્યવંશી (શૂદ્ર) શાલિવાહન (સાત વાહન) નહિ પણ મેવાડના રાજા નરવાહનનો ઉત્તરાધિકારી શાલિવાહન હોવો જોઇએ. રાજપૂતોનો પ્રાચીન ઇતિહાસ નહિ હોવાથી ભાટોએ તેમના ઇતિહાસમાં અનેક નિરાધાર વાતો લખી દીધી છે, તેમાંની આ પણ એક છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૧ સર્વૈયા રાજપૂતોને કર્નલ ટૉડ અશ્વલોકોની શાખાના જણાવે છે; પરંતુ તેઓ પોતાને યાદવોની શાખાના માને છે અને હાલમાં તેઓ માત્ર કાઠીઆવાડમાંજ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ લૅરિક (લારિક)—ટૉલેમી વગેરે પ્રાચીન ભૂગોળવેત્તાઓએ લૅરિક ( લારિક ) શબ્દનો પ્રયોગ ગુજરાતના લાટ નામના પ્રદેશને માટે કર્યો છે, નહિ કે કર્નલ ટૉડના અનુમાન પ્રમાણે સૌરાષ્ટ્ર (કાઠીઆવાડ)-ના દ્વીપકલ્પને માટે. (લાટને માટે જુઓ ઐતિહાસિક-ગ્રંથમાળા વૉલ્યુમ પ્રથમ, પૃષ્ઠ ૨૯) (ગૌ૦ હી૦ ઓઝા)

૩ લાટ દેશમાંથી નીકળેલી વણિકજાતિઓમાં લાડ વાણીઆ છે, જેઓ પોતાના પ્રાચીન નિવાસ-સ્થાનપરથીજ લાડ કહેવાયા છે. ('ટ' ના સ્થાનપર 'ડ' થઇ જાય છે.) (ગૌ૦ હી૦ ઓઝા)

૪ સિલાર (શિલાર) વંશ—આ વંશના રાજાઓના લેખોમા તેમને વિદ્યાધર (દેવયોનિ) જીમૂતકેતુ-(જેણે શંખચૂડ નામના નાગને બચાવવાને, તેને બદલે પોતાનું શરીર ગરુડને અર્પણ કર્યું હતું) ના પુત્ર જીમૂતવાહનના વંશજ જણાવ્યા છે. તેમનો ખિતાબ 'તગરપુર વરાધીશ્વર' પ્રાપ્ત થાય છે, જેપરથી અનુમાન કરી શકાય છે કે તેમની પ્રથમ રાજધાની 'તગરપુર' હશે. શિલારવંશીઓની ત્રણ ભિન્ન ભિન્ન શાખાઓનો પત્તો લાગે છે. તેઓ બહુધા સામંતોની સ્થિતિમાં રહ્યા હતા. (ગૌ૦ હી૦ ઓઝા)

૫ રાજપૂતાનામાં અદ્યાપિ ક્યાંક ક્યાંક ડાભીજાતિના રાજપૂતો મળે છે, પરંતુ તેમની સંખ્યા અતિ અલ્પ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૬ બંગાળામાં ગુપ્તોની પછી પાલ અને સેનવંશીઓનું રાજ્ય થયું હતું એમ પ્રતીત થાય છે,

પરથીજ તેની રાજધાની લખનૌતીનું નામ પડયું હતું.

પાછળથી જે દેશ ચૌહાણોએ લઈ લીધો તે ભૂમિપર આ લોકોનો અધિકાર હતો એમ વિશ્વાસપૂર્વક માનવાને માટે અમારી પાસે અનેક સાધનો છે. તેમને સમસ્ત પ્રાચીન ઐતિહાસિક ગ્રંથોમાં અજમેરના 'ગૌડ' લખ્યા છે. પૃથ્વીરાજની લડાઇઓના સંબંધમાં વારંવાર તેમના મોટા મોટા પ્રસિદ્ધ સરદારોનું વર્ણન આવ્યું છે, જેમાના એકે ભારતવર્ષના મધ્ય ભાગમાં એક નાનુંસરખું રાજ્ય સ્થાપન કર્યું હતું. આ રાજ્ય મુસલમાનોના સાતસેં વર્ષના શાસનકાળમાં કાયમ રહ્યું અને ત્યાર પછી અંતે અંગ્રેજોએ મરાઠાઓપર અનેકવાર વિજય પ્રાપ્ત કર્યો તેથી પરોક્ષ રીતે તેનો નાશ થયો; અર્થાત્ સિંધિઆએ ઈ૦ સ૦ ૧૮૦૯ માં ગૌડવંશનો અધિકાર નષ્ટ કરી[1] તેની રાજધાની શોપુરપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. અત્યંત લોભી અને લૂંટારા સિંધિઆએ તેમના વાર્ષિક બાર લાખ રૂપિયાની ઉપજવાળા દેશમાંથી તેમને માટે પ્રાય: ૫૦૦૦૦ની ઉપજનો માત્ર એક નાનોસરખો પ્રદેશ રહેવા દીધો છે. ગૌડજાતિની પાંચ શાખાઓ છે. તેનાં નામો આ પ્રમાણે છે:—અંતહિર, સિલ્હાલા, તૂર, કુસેના અને બોડાના.

**ડોડ વા ડોડા**—આ વંશના સંબંધમાં અમારે ઘણુંજ થોડું કહેવાનું છે. તેમને સમસ્ત વંશાવળીઓમાં સ્થાન મળ્યું છે તે છતાં પણ તેમના પ્રાચીન ઇતિહાસનું વૃત્તાંત સમયના પ્રભાવથી નષ્ટ થઇ ગયું છે. તેમના ઉપર વિજય મેળવવો એ પૃથ્વીરાજને શિલાલેખમાં કોતરવા યોગ્ય લાગ્યો હતો.[2]

**ગેહરવાલ**-ગેહરવાલરાજપૂતોને રાજસ્થાનમાં તેમના બંધુઓ ભાગ્યેજ ઓળખે છે. તેઓ તેમના-અશુદ્ધ[3] રક્તને પોતાનામાં મેળવવા માગતા નથી, જો કે તેઓ વીર યોદ્ધા હોવાથી તેમના સાથી થવાને યોગ્ય છે. ગેહરવાલ લોકોનો મૂળ દેશ પ્રાચીન કાશી છે. તેમનો મહાન પૂર્વજ ખોરતજદેવ[4] હતો. તેની સાતમી પેઢીએ ઉત્પન્ન થયેલા જેસદે[5] વિંધ્યવાસિની દેવીના સ્થાનકપર એક મોટો યજ્ઞ કર્યો

---

પરંતુ તેમાંથી કોઇએ પણ પોતાને ગૌડ લખ્યા નથી. અજમેરની આસપાસના પ્રદેશપર આધિપત્ય ધરાવનાર ગૌડરાજપૂતોના સંબંધમાં એવી વાત પ્રચલિત છે કે, ગૌડ દેશના કેટલાક રાજપૂતો પુષ્કરની યાત્રા કરવાને આવ્યા હતા, જેમને અજમેરના ચૌહાણરાજાએ જાગીર આપીને પોતાના સામંત બનાવ્યા અને ત્યાંજ રાખ્યા.આ ઉપરથી આ ગૌડો બંગાળના સેનવંશી હોય એવો અધિક સંભવ છે.(ગૌ૦હી૦ઓઝા)

૧ ઈ૦ સ૦ ૧૮૦૭ માં ગ્રંથકાર આ પ્રદેશો કે જે આ સમયે અજ્ઞાત હતા તેમનું અન્વેષણ કરવાને માટે એ દેશોમાં ભ્રમણ કરવા લાગ્યો; અને જો કે તે એક નવયુવાન નાનો અમલદાર હતો, તોપણ તેનું સ્વાગત તથા આતિથ્ય વડોદરા તથા શોપુર એ ઉભય સ્થાનોમાં સભ્યતાપૂર્વક કરવામાં આવ્યું. ઇ૦ સ૦ ૧૮૦૯ માં તેણે અત્યંત ભિન્ન અવસ્થામાં આ દેશમાં પ્રવેશ કર્યો અર્થાત્ સિંધિઆના દરબારમાં રહેતા એલચીના સહચરતરિકે આ દેશમાં તે આવ્યો અને તેને શોપુરની વિરુદ્ધ કાર્ય તથા તેનું પતન જોઇ અત્યંત શોક ઉત્પન્ન થયો; કારણ કે તે પોતાના મિત્રોને સહાય કરવાને સમર્થ નહોતો.

આ સમયના ગૌડરાજાએ વીરતાના ગુણને તિલાંજલિ આપી હતી. તે વિષ્ણુની ઉપાસનામાં અત્યંત અનુરક્ત થઇ ગયો, તેણે માંસભક્ષણનો પરિત્યાગ કર્યો અને તે નિરંતર તે દેવતાની પ્રતિમાની આગળ નૃત્ય કરવા લાગ્યો. તે ભાટોનાં વીરરસાત્મક કાવ્યોની અપેક્ષાએ કૃષ્ણ અને રાધાનાં ગોપ્યભજનોમાં વિશેષ નિપુણ હતો. તેનું નામ રાધિકાદાસ હતું અને તેની અંગત બાબતવિષે બોલતાં તે પોતાના વંશનો અંતિમ રાજા હતો, એ કહેવાની કંઇ જરૂર નથી.

૨ જુઓ રાયલ એશિયાટિક સોસાયટીની કાર્યવાહી-પુસ્તક ૧ લું, પૃ૦-૧૧૩.

૩ કર્નલ ટૉડ લખે છે કે:-"રાજપૂતાનાના રાજપૂતો ગહરવાલ (ગહરવાર)નું અશુદ્ધ રક્ત પોતાનામાં મેળવવા માગતા નથી." આ પ્રમાણે લખવું ભૂલભરેલું છે; કારણ કે ગહરવાલ ઉચ્ચકુલના રાજપૂતો છે અને કનોજનો પ્રસિદ્ધ રાજા જયચંદ પણ ગહરવાર હતો, જેના વંશજ હોવાનો દાવો જોધપુર, બિકાનેર,કિશનગઢ,ઇડર, સીતામઉ, રતલામ, સેલાના, ઝાબુઆ વગેરે સ્થાનના રાજાઓ કરે છે. ગહરવારોને રાઠોડોની એક શાખા માનવામાં આવે છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૪ ખોરતજદેવનું નામ અદ્યાપિ કોઇ પણ શિલાલેખાદિમાં પ્રાપ્ત થયું નથી. (ગૌ૦ હી૦ ઓઝા)

૫ જેસંદ-આ શબ્દ કદાચ કનોજના પ્રસિદ્ધ રાજા જયચંદ ગહરવાર (રાઠોડ) નો સૂચક હશે.

તેથી તેની સંતતિને બુંદેલાની ઉપાધિ પ્રાપ્ત થઈ. બુંદેલાએ હાલમાં ગેહરવાલનું નામ ભૂસી નાખ્યું છે અને તેમની અનેક શાખાઓ બુંદેલખંડમાં ચંદેલાઓના જે વિનષ્ટ સ્થાનપર વસે છે તે વિસ્તૃત પ્રદેશનું નામ બુંદેલા પડયું છે. આ પ્રદેશનાં મુખ્ય નગરો કાલિંજર, મોહિની અને મહોબાપર તેમણે પોતાનો અધિકાર સ્થાપિત કર્યો છે.

ચંદેલાલોકો કે જેમની ગણના કેટલાક વંશાવલીલેખકોએ ૩૬ રાજકુલોમાં કરી છે, તેઓ બારમી શતાબ્દીમાં પરાક્રમશાળી હતા. યમુના અને નર્મદાની વચ્ચેનો સમસ્ત દેશ તેમના અધિકારમાં હતો. આ દેશમાં હાલ બુંદેલા અને વાઘેલાલોકોનું પ્રાબલ્ય છે. પૃથ્વીરાજ સાથેનાં તેમનાં યુદ્ધો કે જે તેમનાં વીર-કાર્યોમાં સૌથી અધિક મનોરંજક છે તેનું પરિણામ એ આવ્યું કે ચંદેલાલોકોને નીચું જોવું પડયું અને તેમનાપર ગેહરવાલલોકોનો વિજય મેળવવાનો માર્ગ સુગમ થઇ ગયો. બુંદેલા માનવીરનો આધિપત્ય-કાળ પ્રાય: ઇ૦ સ૦ ૧૨૦૦ નો હતો. તેની તેરમી પેઢીએ મધુકરશાહે બેટવા નદીને કિનારે ઓર્છા નગર સ્થાપન કર્યું. તેના પુત્ર બરસિંહદેવે મહાન અધિકાર પ્રાપ્ત કર્યો. ઓર્છા અનેક બુંદેલારાજ્યોમાં મુખ્ય થઈ પડયું; પરંતુ તેના સંસ્થાપકે બુદ્ધિમાન અબુલફઝલનો વધ કરીને પોતાના મસ્તકપર ચિરસ્થાયી અપકીર્તિ વહોરી લીધી. આ અબુલફઝલ મહાત્મા અકબરનો મિત્ર અને ઇતિહાસવેત્તા તથા હિંદુજાતિનો પ્રશંસક અને પક્ષપાતી હતો.

અકબરના સમયથી મોગલોના રાજ્યના અંતપર્યંત બુંદેલાઓએ સમસ્ત મોટાં મોટાં યુદ્ધોમાં નામના પ્રાપ્ત કરી હતી. રાજસ્થાનના બહાદૂર રાજાઓપૈકી કોઈએ પણ ઓર્છા અને દતિયાના રાજાઓ કરતાં અધિકતર વીરતા અને સ્વામીભક્તિસહિત સેવા કરી નહોતી. ઓર્છાનો રાજા ભગવાનસિંહ શાહજહાંની સેનાની હરોલ (અગ્ર ભાગ )નો સરદાર હતો. તેનો પુત્ર શુભકરણ દક્ષિણમાં ઔરંગઝેબનો અત્યંત પ્રસિદ્ધ સેનાપતિ હતો અને બીજો પુત્ર દલપતસિંહ જાજવના મેદાનમાં રાજ્ય પ્રાપ્ત કરવાને માટે જે યુદ્ધ થયું હતું તેમાં માર્યો ગયો હતો. તેનાં સંતાનો પણ બળહીન થયાં નથી અને પાશ્ચાત્યદેશોના વીરતામય ઇતિહાસમાં કોઇ પણ વાત વર્તમાન બુંદેલારાજાના પિતાના ગૌરવસંપન્ન તથા વીરકાર્ય કરતાં અધિક ઉત્તમ પ્રાપ્ત થતી નથી.[1]

હાલમાં બુંદેલાવંશના લોકો અગણિત છે અને તેમનું પ્રાચીન " ગેહરવાલ " નામ તો તેમના મૂળ નિવાસસ્થાનોમાંજ રહી ગયું છે.

બડગૂજર—આ લોકો સૂર્યવંશી છે અને ગહિલોતોસિવાય માત્ર આજ એક વંશ એવો છે, કે જે પોતાને રામચંદ્રના જ્યેષ્ઠ પુત્ર લવદ્વારા ઉત્પન્ન થયેલો જણાવે છે. બડગૂજર લોકોના મોટા મોટા ઇલાકા ઢુંઢાડમાં[2] હતા અને માચેડીના રાજ્યમાં રાજોરનો [3]પહાડીકિલ્લો તેમની રાજધાની હતી.

---

ઇતિહાસના અભાવની દશામાં ભાટોએ કાઇને બદલે કાંઇ લખી દીધું હશે. (ગૌ૦ હી૦ ઓઝા)

૧ માધોજી સિંધિઆના મૃત્યુ પછી તેના કુટંબની સ્ત્રીઓએ તેના ઉત્તરાધિકારી દોલતરાવના ભયથી દતિયાના રાજાનું શરણ ગ્રહણ કર્યું. દોલતરાવે સેના મોકલી તેમને પાછી સોંપી દેવાને કહેવરાવ્યું અને આ કહેણના અસ્વીકારનું પરિણામ એ આવ્યું કે યુદ્ધની સૂચના આપવામાં આવી. આ વીરપુરુષે પોતાની ઉપર આક્રમણ થવાની વાટ પણ જોઇ નહિ; પરંતુ બરછીવાળા ૩૦૦ સ્વામીભક્ત ઘોડેસ્વારોની સેના લઇ શત્રુઓ ઉપર તૂટી પડી તેમનો સંહાર કરવા માંડયો. તેણે પ્રાણદાન આપ્યું પણ નહિ, તેમ લીધું પણ નહિ; અને આ પ્રકારે તે શરણાગતની રક્ષા અને સન્માનના નિયમોનું પાલન કરતો યુદ્ધમાં પડયો. જે સમયે તે ભયંકર રીતે ઘાયલ થઇ ગયો હતો, તે સમયે પણ તેણે સહાયતાનો સ્વીકાર કર્યો નહિ, તેણે રણક્ષેત્ર છોડીને જવાની સ્પષ્ટ ના પાડી અને સુલેહની સમસ્ત વાતોપ્રત્યે ઘૃણા પ્રદર્શિત કરી મૃત્યુની પ્રતીક્ષા કરવા માંડી. જે સ્થાનપર આ વીરકર્મ થયું તે સ્થાનપર ગ્રંથકારે વિશ્રામ કર્યો હતો અને તેના પુત્ર વર્તમાનરાજાની તરફથી તેને તેના કુલની ખ્યાત પ્રાપ્ત થઇ હતી.

૨ અંબર વા જયપુર અને માચેડી પણ ઢુંઢાડમાં અંતર્ભૂત હતું. ઢુંઢાડ એ પ્રાચીન ભૌગોલિક નામ છે.

૩ રાજોરનું ખંડિયેર રાજગઢથી પ્રાય: ૧૫ માઇલ પશ્ચિમે છે. ગ્રંથકર્તાએ એક મનુષ્યને ત્યાં મોકલ્યો હતો, જેણે નીલકંઠ મહાદેવના મંદિરમાં શિલાલેખો હોવાની સૂચના આપી હતી.

રાજગઢ અને અલવા એ પણ તેમના ઇલાકા હતા. બડગૂજરલોકોને કછવાહાઓએ તેમના આ નિવાસસ્થાનોમાંથી હાંકી કાઢ્યા. આ વંશના એક દલે ગંગાકિનારે જઇ આશ્રય ગ્રહણ કર્યો અને ત્યાંજ પોતાનું નવું નિવાસસ્થાન અનૂપ શહેર સ્થાપિત કર્યું.

**સેંગર**—આ વંશના સંબંધમાં થોડુંજ વૃત્તાંત જણાયું છે અને તેણે કદિપણ મહાન નામના પ્રાપ્ત કરી હોય એમ જણાતું નથી. સેંગરલોકોનું એકજ રાજ્ય જગમોહનપુર યમુનાના તટપર છે.

**સીકરવાલ**—એમ જણાય છે કે આ વંશ પણ ઉપર્યુક્ત વંશની પેઠે રાજસ્થાનના રાજપૂતોમાં કદિ મહાન નામાંકિત થયો નથી; અને હાલમાં આ જાતિનો એક પણ સ્વતંત્ર રાજા અવશેષ નથી, તોપણ એક નાનો સરખો ઇલાકો ચમ્બલનદીના જમણા કિનારાપર યદુવાટીની સાથે જોડાએલો તેમનાં નામપરથી સીકરવાડ કહેવાય છે અને તે પણ હાલમાં યદુવાટીની પેઠે સિંધિઆના રાજ્યમાં અર્થાત્ ગ્વાલિયર પ્રદેશમાં સંયોજાઇ ગયો છે.

તેમનું આ નામ સિકરીનગર (ફતેહપુર)પરથી પડયું છે. પૂર્વકાળમાં આ એક સ્વતંત્ર રાજ્ય હતું.

**બૈસ**—બૈસલોકોને છત્રીસ રાજકુલોમાં સ્થાન પ્રાપ્ત થયું છે, જો કે ગ્રંથકાર આ વંશને સૂર્યવંશની કેવળ એક શાખા માને છે; કેમકે આ જાતિનું નામ ચંદની સૂચિમાં પણ મળતું નથી અને કુમારપાલચરિત્રની સૂચિમાં પણ પ્રાપ્ત થતું નથી. આ વંશમાં હાલમાં અસંખ્ય મનુષ્યો છે. તેમના નામપરથી એક પ્રદેશ બૈસવાડા કહેવાય છે. આ દેશ દોઆબ અર્થાત ગંગાયમુનાની વચ્ચેના પ્રદેશમાં છે.

**દાહિયા**—આ એક પ્રાચીન જાતિ છે. એનું નિવાસસ્થાન સિંધુનદીના તટપર સતલજના સંગમની નિકટ હતું અને જો કે એને છત્રીસ રાજકુલોમાં સ્થાન પ્રાપ્ત થયું છે તોપણ એમાંનો એક પણ મનુષ્ય હાલમાં કયાંય પણ વિદ્યમાન હોય એમ અમે જાણતા નથી. જેસલમીરના ભાટીઓના ઇતિહાસમાં એમને વિષે ઉલ્લેખ છે, અને તેમના નામ તથા નિવાસસ્થાનપરથી અમે અનુમાન કરી શકીએ છીએ કે તેઓ કદાચિત્ સિકંદરના સમયના 'દાહી' લોકો હશે.

**જોહિયા**—આ લોકો પણ તે સ્થાનોમાં રહેતા હતા કે જ્યાં દાહિયાલોકોનો નિવાસ હતો અને તેમનું નામ સદા તેમની સાથે મળે છે; પરંતુ આ લોકો ગારહનદીની બીજી તરફ ભારતની ઉત્તર મરુસ્થલીમાં પ્રસરી ગયા અને પ્રાચીન ઇતિહાસમાં તેમને "જંગલ દેશના સ્વામી" ની ઉપાધિ પ્રાપ્ત થઇ કે જે દેશમાં હરિયાણા, ભટનેર અને નાગોર આવેલાં હતાં. આ જાતિના સંબંધમાં ગ્રંથકર્તાની પાસે એક ગ્રંથ વિદ્યમાન છે. આ જાતિ પણ દાહિયાની પેઠે નષ્ટ થઇ ગઇ છે.

**મોહિલ**—વંશાવળીલેખકોએ જે હક્કના આધારથી આ વંશને ઇતિહાસમાં સ્થાન આપ્યું છે, તે વિષે નિર્ણય કરવાનું કોઇ સાધન અમારી પાસે નથી. આ જાતિના ગત ઇતિહાસના વિષયમાં જે કાંઇ આપણે જાણી શકીએ છીએ તે માત્ર એટલુંજ કે બીકાનેરનું વર્તમાન રાજ્ય સ્થાપિત થયું ત્યાંસુધી આ લોક એક મોટા પ્રદેશમાં વસતા હતા અને ઉક્ત રાજ્યની સ્થાપના કરનારા રાઠોડોએ મોહિલોનો જો કે સર્વનાશ નહિ કર્યો તોપણ તેમને ત્યાંથી હાંકી કાઢ્યા. માલણ,માલાણી અને મલ્લિયાજાતિ કે જે હાલમાં નષ્ટ થઇ ગઇ છે તેની પેઠે મોહિલ જાતિ પણ સિકંદરના શત્રુ પ્રાચીન મલ્લીલોકોનાં સંતાન હોવાના માનનો દાવો કરી શકે છે. મલ્લીજાતિનું નિવાસસ્થાન મુલ્તાન ( પ્રશ્ન-મોહિલથાન ? )હતું.

**નિકુંપ**—આ વંશની પ્રસિદ્ધિ સમસ્ત વંશાવળીઓમાં છે; પરંતુ તેના સંબંધમાં આપણને માત્ર એટલુંજ જ્ઞાન છે કે ગહિલોતોની પૂર્વે તેઓ માંડલગઢ જીલ્લાના સ્વામી હતા.

**રાજપાલી**—આ વંશના વિષયમાં કાંઇ પણ હકીકત પ્રાપ્ત કરવી કઠિન છે. સમસ્ત વંશાવળીલેખકોએ તેને રાજપાલિક વા કેવળ પાલ નામથી ઓળખાવ્યા છે. વિશેષતઃ સૌરાષ્ટ્રના લોકોએ તેમને ઉક્ત નામથી ઓળખાવ્યા છે અને સંપૂર્ણતઃ સંભવ છે કે તેઓ તેજ દેશમાં રહેતા હતા. આથી આ વંશની ઉત્પત્તિ સિથિયનલોકોમાંથીજ થયેલી જણાય છે. આ વાતની પુષ્ટતા તેમના નામની ઉત્પત્તિથી પણ થાય છે. તેમના નામનો અર્થ 'રાજવંશી ભરવાડ[૧] (ગોવાળ) ' થાય છે. આ જાતિ સંભવતઃ

---

૧ કર્નલ ટૉડે રાજપાલીનો અર્થ ભરવાડ કર્યો છે, જે યથાર્થ નથી. કયાંક પાલિક વા પૂલી શબ્દ પણ પ્રાપ્ત થાય છે, જે કદાચ બંગાળાના પાલવંશીઓના સૂચક હશે. (ગૌ૦ હી૦ ઓઝા)

પ્રાચીન પાલીજાતિની એક શાખા હોવી જોઇએ.

**દાહિરિયા**—કેવળ કુમારપાલચરિત્રના આધારથીજ અમે આ જાતિની છત્રીસ રાજકુલોમાં ગણના કરીએ છીએ. તેના ઇતિહાસનાસંબંધમાં અમે કાંઈ પણ જાણતા નથી. જ્યારે ઇસ્લામીસેનાએ પ્રથમ વાર ચિતોડ પર આક્રમણ કર્યું ત્યારે તેની રક્ષાને અર્થે જે રાજાઓ આવ્યા હતા તેમાં "દેબિલનો રાજા દાહિર[1] દેશપતિ"[2] પણ હતો. ગહિલોતોના ઇતિહાસની નકલ કરનારાઓની ભૂલથી દેબિલના સ્થાનપર દિલ્લી લખવામાં આવ્યું છે; પરંતુ અમે તંવરવંશના સમસ્ત રાજાઓનાં નામ જાણીએ છીએ, એટલુંજ નહિ પરંતુ તે સમયે દિલ્લીનગર વિદ્યમાન પણ નહોતું એ વાત પણ જાણીએ છીએ. ચિતોડના ઇતિહાસમાં આ રાજાનો અણુમાત્ર ઉલ્લેખ હોવા છતાં તે બહુમૂલ્ય છે, કારણકે એથી તે લોકોની પ્રાચીનતાનું પ્રમાણ મળે છે. ઉક્ત દાહિર વાસ્તવમાં સિંધનો દેશપતિ હતો અને અબુલફઝલે તેની રાજધાની દેબિલમાં થયેલા તેના શોચનીય મૃત્યુનું વર્ણન કર્યું છે. હીઝરી સનના ૯૯મા વર્ષમાં બગદાદના ખલીફાના સેનાપતિ કાસિમે તેની ઉપર આક્રમણ કર્યું હતું અને તેની સાથે અતિ નિર્દયતાભરેલું વર્તન ચલાવ્યું હતું. દાહિર[3] એ આ રાજાનું નામ હતું કે તેની જાતિનું નામ હતું તેનો નિર્ણય કરવાનું કામ અનુમાનપર છોડવામાં આવે છે.

**દાહિમા**—દાહિમા વંશે પોતાની મહાન નામનાની બરબાદીમાત્ર શેષ રાખી છે. સાત શતાબ્દીઓ વ્યતીત થઈ ગયાથી એક એવી જાતિનું સ્મરણ લુપ્ત થઈ ગયું છે કે જેણે એક સમયે ચંદબારોટને કાવ્યને માટે મહાન અભિમાનપૂરિત વિષય પૂરો પાડયો હતો. દાહિમા એ બયાનાનો સ્વામી અને ચૌહાણ સમ્રાટ્ પૃથ્વીરાજના મહા પ્રબળ સામંતો પૈકી એક હતો. આ વંશના ત્રણ બંધુઓ ઉક્ત સમ્રાટ્નેઆધીન સૌથી મોટા હોદ્દાપર હતા અને જે સમયે તેમાંનો જ્યેષ્ઠબંધુ કૈમાસ પૃથ્વીરાજનો મંત્રી હતો તે સમય પૃથ્વીરાજના ઇતિહાસમાં પરમ ઉજ્જ્વલ હતો; પરંતુ તે એક અંધ ઇર્ષ્યાનો ભોગ થઈ પડયો. દ્વિતીયબંધુ પુંડીર લાહોરમાં સીમાનો એક સૈનિક અધિકારી હતો. તૃતીય ચામુંડરાય, જે અંતિમ યુદ્ધમાં પૃથ્વીરાજ પોતાના સમસ્ત વીરોસહિત કગ્ગરનદીના તટપર માર્યો ગયો તેમાં પ્રધાન સેનાનાયક હતો. શાહબુદ્દીનના ઇતિહાસલેખકોએ પણ વીર દાહિમા ચામુડંરાયનું નામ ચિરંજીવ રાખ્યું છે. તેને તેમણે ખાંડેરાય લખ્યો છે અને તેઓ જણાવે છે કે તેની વીરતાથી સ્વયં શાહબુદ્દીન પ્રાયઃ મરણકિનારે આવી પડયો હતો. ચૌહાણની સાથેજ આ વંશનો ક્ષય થઇ ગયો હોય એમ જણાય છે. પૃથ્વીરાજનો એકનો એક પુત્ર રેણસી[4] ચામુંડરાયની ભગિનીના ગર્ભથી ઉત્પન્ન થયો હતો; પરંતુ તે દિલ્લીપર મુસલમાનોનો અધિકાર થયો ત્યાંસુધી જીવિત રહ્યો નહિ. ચંદબારોટે ઉક્ત વિવાહનું વર્ણન પોતાના મહાકાવ્યના એક સંપૂર્ણ પર્વમાં કર્યું છે અને જેટલી વાક્પટુતા તેણે[5] દાહિમાની પ્રશંસા કરવામાં વાપરી છે,તેથી અધિક તેણે કદિપણ વાપરી નથી.

---

૧ દાહિર—સિંધના ઇતિહાસ 'ચાચ નામા' પરથી પ્રતીત થાય છે કે દાહિર સિંધના રાજા શ્રીહર્ષ (સિહરસ)ના બ્રાહ્મણ મંત્રી ચાચનો પુત્ર હતો. ચાચ આ રાજાના મરણ પછી રાજ્યનો સ્વામી બની બેઠો હતો. ખલીફા અબ્દુલ મલિકના સેનાપતિ મુહમ્મદ બીન કાસિમે દાહિરનો વધ કર્યો ત્યારથી સિંધપર મુસલમાનોનો અધિકાર થયો. (ગૌ૰ હી૰ ઓઝા)

૨ "એકદેશનો સરદાર વા સ્વામી"; દેશક પતિ. (પ્રશ્ન-શું આ ડેસ્પોટ્સ શબ્દ છે?)

૩ દાહિર—એ ઉપર્યુક્ત રાજાનું નામ હતું, જાતિનું નામ નહિ. (ગૌ૰ હી૰ ઓઝા)

૪ પૃથ્વીરાજરાસામાં પૃથ્વીરાજના પુત્રનું નામ રેણસી આપ્યું છે, જે વિશ્વાસયોગ્ય નથી; કારણ કે હમીર મહાકાવ્ય તથા અન્ય નામાવલીઓમાં તેનું નામ ગોવિંદરાજ પ્રાપ્ત થાય છે, જે અધિક વિશ્વાસયોગ્ય છે. (ગૌ૰ હી૰ ઓઝા)

૫ ચંદ બારોટ બયાના દુર્ગનું અને દાહિમીની સાથે થયેલા પૃથ્વીરાજના વિવાહનું વર્ણન આ પ્રમાણે કરે છેઃ—"ઉદહાર પર્વત કે જેના ભારથી શેષનાગના મસ્તકને શ્રમ પડતો હતો તેના શિખરપર કૈલાસ સમાન બયાનાનો દુર્ગ આવેલો હતો. દાહિમાને ત્રણ પુત્રો અને બે સુંદર કન્યા હતી. તેનું નામ આ કલિકાળમાં ચિરસ્થાયી થાઓ. એક કન્યા મેવાતના સ્વામી સાથે પરણી હતી અને બીજી ચૌહાણની

### જંગલી જાતિઓ

વાઘરી, મેર, કાબા, મીના, ભીલ, સેરિયા, થોરી, ખાંગર, ગોંડ, ભડ, જંવર અને સરૂદ.

### કૃષિકાર અને ગોવાળ જાતિઓ

અભીર વા અહીર, ગોવાળા, કુર્મી વા કુલબી, ગૂજર અને ભાટ.

### કોઈ પણ શાખા જણાવવામાં આવી નહિ હોય એવી રાજપૂતજાતિઓ

જાલિયા, પેશાની, સોહાગની, ચહિર, રાન, સિંમાલા, બોટીલા,ગોચર, માલણુ, ઓહિર, હુલ, બાચક, બટુર, કેડચ, કોટક, બૂસા અને બિરગોતા.

### વાણિજ્ય કરનારી ચોરાસી જાતિએ

શ્રી શ્રીમાલ, શ્રીમાલ, ઓસવાલ, બગેરવાલ,ડીડું, પુષ્કરવાલ, મેરતાવાલ, હર્સોરૂહ, સુરૂરવાલ, પલ્લીવાલ, ભમ્બૂ, ખંડેલવાલ, દોહિલવાલ,કેદરવાલ, ડેસાવાલ, ગૂજરવાલ, સોહરવાલ, અગ્ગરવાલ, જાઇલવાલ, માનતવાલ, કજોટીવાલ, કોર્ટવાલ, ચેત્રવાલ, સોની, સોજતવાલ, નાગર, મોડ, જલ્હેરા, લાડ, કપોલ,ખરેતા, બરૂઠી, દસોરા, બંબરવાલ, નાગદ્રા, કરએરા, ભટેવરા, મેવાડા, નરસિંહપુરા, ખતેરવાલ, પંચમવાલ, હુનરવાલ, સરકેરા, વૈશ્ય, સ્તુખી, કંબોવાલ, જીરણુવાલ, ભગેલવાલ, ઓરચિતવાલ, બામણુવાલ, શ્રીગૌડ, ઠાકુરવાલ, બાલમીવાલ, ટિપોરા, ટિલોતા, અતબર્ગી, લાદિસકા, બદનોરા, ખીચા, ગુસોરા, બાઓહર, જાઇમા, પદમોરા, મેહેરિયા, ઢાકરવાલ, મંગોરા, ગોયલવાલ, મોહરવાલ, ચીતોડા, કાકલિયા, ભારેજા, અંદોરા, સાચોરા, ભૂંગરવાલ, મંદહુલૂ, બ્રામણિયા, બાગડિયા, ડીંડોરિયા, બોરવાલ, સોરબિયા, ઓરવાલ, નફાગ અને નાગોરા. (એક નામ મળ્યું નથી તેથી ઓછું છે. )



---

સાથે પરણી હતી. તેની પહેરામણીમાં તેણે ૮ સુંદર કુમારિકાઓ, ૬૩ દાસીઓ, ૧૦૦ ચુંટી કાઢેલા ઇરાકી ઘોડાઓ, બે હાથી અને દશ ઢાલો, કન્યાને માટે ચાંદીનો એક પલંગ, ૧૦૦ કાષ્ઠની પુતળીઓ, ૧૦૦ રથ અને ૧૦૦૦ સુવર્ણમુદ્રા આપી હતી. " ઉક્ત ભાટ પોતાનું વર્ણન સમાપ્ત કરતાં કહે છે કેઃ— " દાહિમાએ પોતાના સુવર્ણનો વ્યય કરી દીધો અને પોતાનો કોષ મનુષ્યની કરેલી પ્રશંસાથી ભરી દીધો. દાહિમાથી એક અમૂલ્ય રત્ન રાજકુમાર રેણુસી ઉત્પન્ન થયો."

# राजस्थाननी भूगोळ

“રાજસ્થાન” એ ભારતના તે ભાગનું સમુદાય-સૂચક અને શુદ્ધ નામ છે કે જે (રાજપૂત) રાજાઓનું નિવાસસ્થાન છે. ત્યાંની પ્રચલિત ભાષામાં તેને “રાજવાડા” કહેવામાં આવે છે; પરંતુ જે લોકો વિશેષ સભ્ય છે તેઓ તેને “ રાજસ્થાન ” કહે છે. “ રાજપૂતાના ” એ તેનો અપભ્રંશ છે અને એજ સાધારણ નામ અંગ્રેજોમાં એ સ્થળને માટે પ્રસિદ્ધ છે.

મુસલ્લમાન વિજેતા શાહબુદ્દીનની પૂર્વે રાજસ્થાન નામના દેશનો વિસ્તાર કેટલો હતો તે નક્કીપણે જાણી શકાતું નથી; પરંતુ તે સમયે તે ગંગા અને યમુનાની પેલી મેર હિમાલયની તળેટીપર્યંત પહોંચ્યો હોય એવો સંભવ છે. હજી પણ તેની અંતર્ગત એક વિશાળ પ્રદેશ છે અને તેમાં ભિન્ન ભિન્ન જાતિઓ નિવાસ કરે છે, જેમનો વૃત્તાન્ત જાણવાયોગ્ય છે.

ધાર અને અણહિલપુરપટ્ટણનો નાશ થઇ માંડૂ અને અહમદાબાદ (અમદાવાદ) ની નાની નાની પાદશાહતો સ્થાપિત થયા પૂર્વે ‘રાજસ્થાન’ ના નામથી જે વિસ્તૃત પ્રદેશ ઓળખાતો હતો, તેની સીમા આ પુસ્તકના પ્રારંભમાં આપેલા નકશામાં[1] આપેલી છે; અર્થાત્ પશ્ચિમમાં સિંધુનદીની ખીણ, પૂર્વમાં બુંદેલખંડ,[2] ઉત્તરમાં (સતલજનદીની દક્ષિણે આવેલી) મરુભૂમિ કે જેને જંગલ દેશ કહેવામાં આવે છે તે અને દક્ષિણે વિંધ્યાચળપર્વત.

આ પ્રદેશમાં પ્રાય: આઠ અક્ષાંશ[3] અને નવ રેખાંશ આવે છે; અર્થાત્ તે ૨૨° થી ૩૨° ઉત્તર અક્ષાંશ અને ૬૯° થી ૭૮° પૂર્વ દેશાંતરપર્યંત ફેલાયેલો છે અને તેનું ક્ષેત્રફળ ૩૫૦૦૦૦ વર્ગમૈલ છે.

જો કે આ વિસ્તૃત દેશમાં આવેલાં સર્વ રાજ્યોનો ઇતિહાસ તેની ગત અને વર્તમાન દશાસહિત લખવાનો વિચાર કરવામાં આવ્યો છે, તથાપિ મધ્યભાગનાં રાજ્યોપર વિશેષ લક્ષ્ય આપવામાં આવશે; તેમાં પણ મેવાડપર અધિક ધ્યાન આપવામાં આવશે. ત્યાંનો ઇતિહાસ રાજપૂતાનાનાં સર્વ રાજ્યોમાં આદર્શરૂપ હોવાથી તેના વિસ્તૃત વર્ણન પછી અન્ય રાજ્યોનું તેવું વર્ણન કરવાની આવશ્યકતા રહેશે નહિ.

આ રાજ્યોનું વર્ણન નીચે દર્શાવેલા ક્રમથી કરવામાં આવ્યું છે:—

| | |
|---|---|
| (૧) મેવાડ વા ઉદયપુર | (૬) અંબર વા જયપુર |
| (૨) મારવાડ વા જોધપુર | (૭) જેસલમીર |
| (૩) બીકાનેર અને કૃષ્ણગઢ | (૮) મરુસ્થલ (રણ) કે જે સિંધુનદીની ખીણસુધી પ્રસર્યું છે. |
| (૪) કોટા } વા હાડૌતી<br>(૫) બૂંદી } | |

આ ગ્રંથનો મુખ્ય હેતુ તો ઉક્ત દેશની ભૂગોળ સાદર કરવાનોજ છે અને ઐતિહાસિક તથા

---

૧ આ નકશો વિલાયતમાં છપાયેલી આવૃત્તિમાં હતો. હિંદુસ્તાનમાં છપાયેલી કોઇ આવૃત્તિમાં નથી.

૨ આશ્ચર્યની વાત છે કે નાની સિંધુનદી આ પ્રદેશની પૂર્વે અને મોટી સિંધુ પશ્ચિમે છે. નાની સિંધુની પૂર્વતરફના હિંદુ રાજાઓ શુદ્ધ વંશના નથી અને તેમના રાજ્યની ગણના રાજસ્થાન વા રાજવાડામાં થતી નથી.

૩ ભૂમધ્યરેખાથી ઉત્તર વા દક્ષિણના અંતરને અક્ષાંશ કહેવામાં આવે છે અને કોઈ પણ નિયત યામ્યોત્તરવૃત્તની પૂર્વ વા પશ્ચિમના અંતરને રેખાંશ વા દેશાંતર કહે છે. (ગો૰ હી૰ ઓઝા)

દેશાવસ્થાવિષેનું વૃત્તાંત પ્રસંગવશાત પાછળથી આપવામાં આવ્યું છે. વાસ્તવમાં પ્રારંભમાં એવી ઇચ્છા હતી કે આ ગ્રંથ ભૂગોળ-વિષયક બનાવવો; પરંતુ કેટલાંક કારણો એવાં ઉપસ્થિત થયાં કે જેથી ઇચ્છિત વૃત્તાંત લખવું અસંભવિત થઇ પડ્યું. જે બૃહત્ સામગ્રી ગ્રંથકારને પ્રાપ્ત હતી તે દ્વારા તે જેવો સારો નકશો[1] બનાવી શકત, તેવો પણ તે બનાવી શક્યો નહિ. આથી ગ્રંથકારનેજ શોક થાય છે, સાધારણ પાઠકને તેટલો શોક કરવાનું કાંઇ પ્રયોજન નથી; કારણ કે તેને તો ભોગોલિકવૃત્તાંત-પછી તે ગમે તેવું ઉપયોગી હો-પ્રાયઃ શુષ્ક અને નીરસજ લાગે છે.

આ નકશો અને પુરાણો તથા હિંદુઓના અન્ય પ્રામાણિકગ્રંથોમાંથી ચુંટી શકાય એવાં પ્રાચીન ભૂગોળનાં બચેલાં વૃત્તાંતો, એ ઉભયની તુલના કરવાનો પણ વિચાર હતો; પરંતુ એ કાર્ય ભવિષ્યપર છોડવામાં આવે છે. જો ગ્રંથકર્તાને પુનઃ પોતાના શ્રમનો આરંભ કરવાનો અવસર મળશે, તો હાલની શીઘ્રતાપૂર્વક અને સાધારણ રીતે આલેખેલી રૂપરેખામાં જે ત્રુટિ રહી ગઈ છે તે તે સમયે પૂરી કેવામાં આવશે.

મરાઠાઓની સાથેના યુદ્ધની સમાપ્તિ થયા પછી ઇ૦ સ૦ ૧૮૦૬માં જે રાજદૂતને સિંધિઆની દરબારમાં મોકલવામાં આવ્યો હતો તેની સાથે ગ્રંથકર્તાને નિયુક્ત કરવામાં આવ્યો હતો. આ સમયથી આ પરિશ્રમી શોધનો પ્રારંભ થયો અને તેજ અરસામાં આ સામગ્રી એકત્ર કરવામાં આવી. તે સરદાર (સિંધિઆ)ની સેના તે સમયે મેવાડમાં હતી. આ દેશ તે સમયે (યૂરોપિયનલોકોને) એટલો બધો અજ્ઞાત હતો કે તેની ઉદયપુર અને ચિતોડ, એ ઉભય રાજધાની સારામાં સારા નકશામાં પણ બરાબર વિપરીત સ્થાને આપવામાં આવી હતી! અર્થાત્ ચિતોડને ઉદયપુરના પૂર્વ અને ઇશાન કોણની વચ્ચે મૂકવાને બદલે અગ્નિ કોણમાં મૂકવામાં આવ્યું હતું! આ પરથી સિદ્ધ થાય છે કે તે સમયે રાજપૂતાનાની ભૂગોળનું તેમને ઘણું થોડું જ્ઞાન હતું અને બીજી વાતોના સંબંધમાં તો પ્રાયઃ કાંઈ પણ લખવામાં આવ્યું નહોતું. ઇ૦ સ૦ ૧૮૦૬ પૂર્વે બનેલા નકશામાં રાજસ્થાનનાં પ્રાયઃ તમામ પશ્ચિમ અનેમધ્યભાગમાં આવેલાં રાજ્યો પ્રાપ્ત થશે નહિ. થોડાજ સમય પૂર્વે લોકો એમ માનતા હતા કે રાજસ્થાનની સમસ્ત નદીઓ દક્ષિણ તરફ વહી નર્મદામાં જઈ મળે છે. આ ભ્રમ હિંદુસ્તાનની ભૂગોળના પ્રથમ સંશોધક પ્રસિદ્ધ રેનલે શુદ્ધ કર્યો હતો.

ગ્રંથકર્તાએ આ અપૂર્ણતાની પૂર્તિ કરી અને ઇ૦ સ૦ ૧૮૧૫માં સૌથી પ્રથમ રાજસ્થાનની ભૂગોળનો નકશો તૈયાર કરી પિંઢારાઓની સાથેનાં યુદ્ધનો પ્રારંભ થયો તેની થોડા સમયપૂર્વેજ તે માર્કિવસ ઑફ હેસ્ટિંગ્સને ભેટ કર્યો. આ નકશો ઉક્ત પ્રસિદ્ધ સેનાપતિની યુદ્ધ સંબંધી યોજનાને થોડે ઘણે અંશે આધારભૂત થવાથી મારો દશ વર્ષનો પરિશ્રમ સંપૂર્ણરીતે સફળ થયો. ગ્રંથકર્તા અત્રે એ પણ લખવું પોતાનું કર્તવ્ય સમજે છે કે તે સમય પછીના જેટલા નકશા તૈયાર થયા છે, તે સર્વમાં ભારતના મધ્ય અને પશ્ચિમ ભાગના પ્રદેશો અંકિત કરવાનો આધાર આજ પરિશ્રમપર નિર્ભર છે.[2]

---

૧ આ નકશો પ્રસિદ્ધ કારીગર મહાશય વૉકર કે જેઓ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની સેવામાં હતા તેમણે ચિતર્યો હતો. મને વિશ્વાસ છે કે ભવિષ્યમાં તેઓ મારા સંગ્રહનો પૂર્ણ ઉપયોગ કરી શકશે.

૨ ઇ૦ સ૦ ૧૮૧૭નું યુદ્ધ જ્યારે શરૂ થયું ત્યારે મારા નકશાની નાના સ્વરૂપમાં તૈયાર કરેલી પ્રતિઓ યુદ્ધક્ષેત્રના સમસ્ત સૈનિકવિભાગોપર મોકલવામાં આવી અને તે ઘણા સૈનિકકર્મચારીઓને પણ મળી. આ નકશાની નકલો કરવામા આવી અને તે યૂરોપમાં મોકલવામાં આવી અને તે અનુસાર હિંદુસ્તાનના પ્રત્યેક નવીન નકશામાં ભૂમિભાગો નિર્દિષ્ટ કરવામાં આવ્યા. વાસ્તવમાં જગતને એક એવા પ્રકારનો નકશો આપવામાં આવ્યો કે જેનો બનાવનાર તેની સામગ્રી એકત્રિત કરનાર પણ હતો. આથી માર્કિવસ ઑફ હેસ્ટીંગ્સ કે જેમણે આવી ચીજો કોઇ માણસની સ્વસંપત્તિતરીકે રહે એ વાત અસંભવિત ધારીને એવી ભવિષ્યવાણી ભાખી હતી કે," અન્ય લોકો એના સ્વામી બની બેસે એવો ભય છે." તે ભવિષ્યવાણી સત્ય ઠરી અને એનો કર્તા પોતાના પરિશ્રમનો પૂર્ણ લાભ લે એટલા માટે તેમણે એવો મત પ્રદર્શિત કર્યો હતો કે સરકારની તરફથી પ્રતિફલ મેળવવાનો એનો દાવો ભવિષ્યને માટે મુલતવી રાખવો નહિ.

ઉક્ત દૂતદલનો માર્ગ આગ્રાથી જયપુરની દક્ષિણ સીમામાં થઈ ઉદયપુર તરફ જતો હતો. આ માર્ગનો કેટલોક અંશ ડૉકટર ડબ્લ્યુ. હંટરે માપ્યો હતો અને તેમણે ખગોલનિરીક્ષાથી જે ચિન્હો નિયત કર્યાં હતાં તેનેજ મેં મારી તપાસમાં આધારરૂપ ગણ્યાં. સિંધિઆના દરબારમાં મોકલેલા રેસિડેંટ[1] રાજદૂતની પાસે ડૉકટર હંટરનો બનાવેલો તે માર્ગનો એક ઉપયોગી નકશો પ્રસ્તુત હતો, કે જે માર્ગે થઇને ઇ૦ સ૦ ૧૭૯૧ માં રાજદૂત કર્નલ પામર ગયો હતો. આ નકશો ઉત્તમ અને ખરો હતો તેથી મેં મારી પાછલી તપાસ તેને આધારે કરી. તેમાં મધ્ય ભારતનાં સમસ્ત સીમાંત સ્થાનો અંકિત હતાં, અર્થાત્ આગ્રા, નર્વર, દતિયા, ઝાંસી, ભોપાલ, સારંગપુર અને ઉજ્જન કે જે હિંદુઓનું પ્રથમ યામ્યોત્તરવૃત્ત[2] છે, તે સર્વ નગરો તે નકશામાં અંકિત હતાં. ત્યાંથી પાછા ફરતાં કોટા, બૂંદી, રામપુરા ( ટોંક) અને બયાનાથી આગ્રાપર્યંતનાં સ્થાનો તેમાં અંકિત હતાં. આ સર્વ સ્થાનો ખગોળ નિરીક્ષાદ્વારા યથાવકાશ ન્યૂનાધિક શુદ્ધતાસહિત નિયત કરવામાં આવ્યાં છે.

રામપુરાપર્યંતજ હંટરનો નકશો મારો પથદર્શક બન્યો અને તે સ્થાનથી ઉદયપુરપર્યંત નવી તપાસ શરૂ થઇ. ઉદયપુરમાં અમે ઇ૦ સ૦ ૧૮૦૬ ના જૂન માસમાં પહોંચ્યા. તે સમયે જે ઉદયપુરનું સ્થાન અત્યંત અપૂર્ણ યંત્રોદ્વારા નિયત કરવામાં આવ્યું હતું તેના રેખાંશમાં કેવળ એક કળાનું પરિવર્તન થયું હતું, જો કે તેના અક્ષાંશમાં પ્રાયઃ પાંચ કળાનો અંતર પડયો હતો.

પછી ઉદયપુરની તે સેના કે જેની સાથે હું હતો તે પ્રસિદ્ધ ચિતોડની પાસે થઈ માળવાના મધ્ય ભાગમાંથી ચાલી વિંધ્યાચલમાંથી નીકળેલી મોટી મોટી નદીઓ ઉલ્લંઘી બુંદેલ ખંડની સીમાપર ખીમલાસામાં પહોંચી. આ સ્થળે અમે કેટલાક સમયપર્યંત વિશ્રામ કર્યો. આ સાતસેં માઇલની યાત્રામાં મારે પૂર્વ રાજદૂતનો માર્ગ બે વાર ઉલ્લંઘવો પડયો અને મેં પૂર્વે જે સ્થાનો નયત કર્યાં હતાં તેમને હંટરનાં નિયત કરેલાં સ્થાનોની સાથે મળતાં જોઇ હું પરમ પ્રસન્ન થયો.

ઇ૦ સ૦ ૧૮૦૭માં જ્યારે આ સેનાએ રાહતગઢપર ઘેરો નાખ્યો ત્યારે મેં મરાઠાઓ આ કાર્યમાં જે સમય ગુમાવતા હતા તેનો લાભ લેવાનો અને મારા અભિષ્ટ કાર્યમાં પ્રવૃત્ત થવાનો વિચાર કર્યો. મેં મારી રક્ષાને માટે થોડાક સૈનિકો મારી સાથે લઇ એવો ઇરાદો કર્યો કે બેટવાને કિનારે કિનારે અજ્ઞાત સ્થળોમાં થઈ ચંદેરીપર્યંત પહોંચી જાઉં અને તેજ રેખામાં કોટા તરફ પશ્ચિમમાં જઇ એકવાર પુનઃ દક્ષિણ તરફથી વહેતી સર્વ નદીઓનો માર્ગ શોધી કાઢું અને તેમાંની મોટી તથા મુખ્ય નદીઓ (કાલી-સિંધ,પાર્વતી તથા બનાસ) નાં ચંબલની સાથેનાં સંગમસ્થાનોનો પત્તો કાઢું; અને એ કામ પૂર્ણ કરીને આગ્રા તરફ જાઉં. આ કાર્ય મેં એક એવા સમયમાં પૂર્ણ કર્યું કે જે સમય વર્તમાનસમયથી અતિ ભિન્ન હતો. મારે બહુધા મધરાતના સમયે મારા તંબુ ઉપાડી કૂચ કરવી પડતી અને કેટલીક વાર તો હું લૂંટારાઓના હાથમાં પણ સપડાઇ ગયો હતો.[3] આ માર્ગમાં મુખ્ય મુખ્ય સ્થાનો ખીમ-

---

આ પરથી એમ સમજશો નહિ કે તેમની ઉક્ત ટીકાથી ગ્રંથકર્તાને આશ્ચર્ય પેદા થયું. તે પોતાને માટે પ્રથમ શોધક હોવાનો દાવો કરે છે અને વિદ્યોન્નતિમાં બાધા ચાહનારમાં તે અંતિમ પુરુષ છે.

" કારણ કે સ્પર્દ્ધાનું દ્વાર સહસ્રાવધિ માણસોને માટે ખુલ્લું થયેલું છે."

૧ મારા માનનીય મિત્ર ( મેવીસએંક નિવાસી) મહાશય ગ્રીમ મર્સર કે જેમણે સહાનુભૂતિ દર્શાવીને મારા ઉદ્યોગને ઉત્તેજિત કર્યો હતો.

૨ ઉત્તર તથા દક્ષિણ ધ્રુવપર થઇને જતાં વૃત્તોને યામ્યોત્તરવૃત્ત કહેવામાં આવે છે. જેમ અંગ્રેજ લોકો ગ્રીનિચ સ્થાન ( લંડન નગરની નિકટ ) પર થઇને જતા વૃત્તને પ્રથમ યામ્યોત્તરવૃત્ત માને છે, તેજ પ્રમાણે પ્રાચીનકાળમાં ભારતવાસીઓ ઉજ્જયિનીપર થઇને જતા વૃત્તને અહીંઆંનું પ્રથમ યામ્યોત્તરવૃત્ત માનતા હતા; પરંતુ વર્તમાનકાળમાં આ દેશના જેટલા નકશાઓ છપાયા છે સર્વમાં રેખાંશના અંક ગ્રીનચના યામ્યોત્તરવૃતનેજ મુખ્ય માનીને આપ્યા છે. (ગૌ. હી. ઓઝા)

૩ આ પ્રવાસમાં કેટલીક ઘટનાઓ એવી બની હતી કે જે અદ્દભુત કહાણીઓનું સ્મરણ કરાવે:

લાસા, રજવાડા, બેટવાના કિનારાપરનું કોટડા, ખનિયાદાના,[1] બડોદનગર,[2] શાહાબાદ, બારા,[3] પલાચતા,[4] બડોદા, શિવપુર, પાલી,[5] રણથંભોર, કરૌલી, શ્રીમથુરા અને આગ્રા હતાં.

જ્યારે હું પાછો ફરીને મરાઠાઓના લશ્કરમાં આવ્યો ત્યારે મેં પુનઃ મારી શોધનો વિસ્તાર વધારવાનો ઇરાદો કર્યો અને હું પશ્ચિમ તરફ ભરતપુર, કંકુંમર તથા સેંત્રીમાં થઇ જયપુર, ટોંક, ઇંદ્રગઢ, ગૂગલ, છપરા, રાઘોગઢ, આરોન, કુર્વાઇ અને ભીંસરોરને રસ્તે સાગરમાં જઇ પહોંચ્યો. આ યાત્રા એક હજાર કરતાં પણ અધિક માઇલની હતી. મને મરાઠાલશ્કર પ્રાયઃ તેજ સ્થાનપર પ્રાપ્ત થયું કે જ્યાં હું તેને છોડી ગયો હતો.

હું આ ભ્રમણ કરનાર સિંધિઆના દરબારની સાથે રહી ઇ૦ સ૦ ૧૮૧૨ પર્યંત આ પ્રદેશમાં સ્થળે સ્થળે ફરીને સતત તપાસ કરતો રહ્યો. ઉક્ત વર્ષમાં સિંધિઆની સેનાએ એક સ્થાનમાં વિશ્રામ કર્યો. આ સમયથી જે દેશમાં હું સ્વયં જઇ શક્યો નહોતો તે દેશોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની મેં તજવીજ કરી.

ઇ૦ સ૦ ૧૮૧૦–૧૧માં મેં તપાસ કરનારૂં એક દળ સિંધુની તરફ અને બીજું સતલજની દક્ષિણે મરુસ્થલ તરફ રવાના કર્યું. પ્રથમ દલ શેખ અબુલ બરકતની આધીનતામાં પશ્ચિમ તરફ રવાના થયું. આ દળ ઉદયપુરને રસ્તેથી ગુજરાત, સારાષ્ટ્ર, કચ્છ, લખપત અને હૈદ્રાબાદ (સિંધ સરકારની રાજધાની) માં થઇ સિંધુનદી ઉતરી ઠઠ્ઠાપર્યંત પહોંચ્યું. પછી તે ઉક્ત નદીને જમણે કિનારે કિનારે સેવાનપર્યંત ગયું. ત્યાંથી સિંધુનદી પાછા ઉતરી તેને ડાબે કિનારે કિનારે તે ખૈરપુરપર્યંત ચાલ્યું ગયું. ખૈરપુર એ સિંધના ત્રણ સુબેદારોપૈકી એકનું નિવાસસ્થાન છે. ત્યારપછી બકખર[6] (કે જે સિકંદરના સમયમાં સોગડી લોકોની રાજધાની હતી) પહોંચ્યા બાદ ઉમર સુમરાનાં રેગિસ્તાનના માર્ગદ્વારા પાછા ફરી જેસલમીર, મારવાડ અને જયપુરમાં થઇ તે નર્વર મુકામે મને આવી મળ્યું. આ એક જાતના જોખમનો વ્યવસાય હતો; પરંતુ શેખ સાહસિક અને નિડર મનુષ્ય હતો, તદુપરાંત તે કાંઇક ભણેલો પણ હતો. તેનાં દિનચર્યાનાં પુસ્તકમાં ભૂગોળવિષયક આગામી શોધ, દેશાવસ્થા તથા જે ભિન્ન ભિન્ન જાતિઓમધ્યે થઇને તેણે યાત્રા કરી હતી, તેના આચારસંબંધી ઘણા સંકેતો અને નિર્દેશો હતા.

બીજું દળ એક પરમ યોગ્ય પુરુષ મદારીલાલની આધીનતામાં રવાના થયું હતું. આ માણસ ભૂગોળવિષયક અનુસંધાનના ઉદ્યોગ તથા તેદ્વારા પ્રાપ્ત થતા જ્ઞાનમાં પરમ નિપુણ થઇ ગયો હતો. જે પ્રદેશનું વર્ણન અત્રે કરવામાં આવે છે, તે વિસ્તીર્ણ પ્રદેશમાં કોઇ પણ કારણથી પ્રસિદ્ધ થયેલો કોઇ પણ ભાગ એવો નથી કે જ્યાં આ સાહસિક પુરુષ નહિ પહોંચ્યો હોય. આવી કઠિન અને જોખમભરેલી યાત્રાને માટે તેના કરતાં વિશેષ યોગ્યતાવાળો માણસ કદિપણ પ્રાપ્ત થશે નહિ. તે પરમ ઉત્સાહી, ઉદ્યોગી, ચિત્તાકર્ષી અને સાધારણ રીતે સારો વિદ્વાન હતો. આથી તે જ્યાં ત્યાં પોતાનો માર્ગ કાઢી લેતો હતો. જો તે સમયે બીજા માણસો હોત તો તે મરણ પામત.[7]

આ દૂર દૂરના પ્રદેશોમાંથી સારા સારા વિદ્વાન દેશી લોકો સમજાવટ તથા પારિતોષિકને લીધે મારી પાસે આવતા જતા હતા; અને હું ગ્વાલિયરમાં મરાઠાઓના લશ્કરમાં ઇ૦ સ૦ ૧૮૧૨થી ઇ૦ સ૦ ૧૮૧૭-

---

છે, પરંતુ અત્રે તેમને માટે સ્થાન નથી.

૧ પૂર્વીય ઉચ્ચ સમભૂમિપર ૨ સિંધુનદીપર ૩ પાર્વતી નદીપર ૪ કાલીસિંધપર ૫ ચંબલનદીના પ્રવાહ અને પાર નદીના સંગમપર.

૬ શેખ નમુનાતરીકે સિલિસિયસ જાતિના પાષાણના ટુકડા અને સેવાનના અતિ પ્રાચીન કિલ્લાની ઇંટનો એક ટુકડો તથા ત્યાંના ખાડાઓમાંથી કેટલુંક બળેલું અનાજ લાવ્યો હતો. આ અનાજના સંબંધમાં એવી દંતકથા પ્રચલિત છે કે, તે (અનાજ) વિક્રમાદિત્યના ભ્રાતા રાજા ભર્તૃહરિના સમયનું રાખેલું છે. આ વાત અસંભવિત નથી કે સિકંદરના ભયાનક આક્રમણને લીધે તે અનાજ ત્યાં રાખવામાં આવ્યું હોય અને અગ્નિ મૂકીને બાળી દેવામાં આવ્યું હોય. કૅપ્ટન પૉટિંજરનું એવું અનુમાન છે કે કદાચ સેવાન મુસીકેનસની રાજધાની હશે.

૭ અંતે તેનું સ્વાસ્થ્ય બગડી ગયું અને તે હિંમત હારીને એકાએક મરણ પામ્યો. હું ખાત્રીપૂર્વક માનું છું કે તેને ઝેર આપવામાં આવ્યું હતું. મદારીલાલની પેઠે ઉત્સાહી ફત્તા પણ એજ કામમાં મરણ પામ્યો. પૂર્વીય દેશોમાં જે લોકોએ ઉત્સાહપૂર્વક ભૂગોળની શોધ કરી છે તે સર્વ આજ પ્રકારે મરણ પામ્યા છે.

પર્યંત રહ્યો, ત્યાંસુધી સિંધુની ખીણુ, ધાટવા, ઉમરસુમરાનાં રણુ અથવા રાજસ્થાનના કોઇપણુ રાજ્યના નિવાસીઓને હરવખત મારી પાસે બોલાવ્યા કરતો હતો.

કાસિદો અને ઇતર સાર્વજનિક ચીઠ્ઠી પહોંચાડનારા લોકો ટપાલ જ્યાં થોડી ચાલતી હોય તે દેશોમાં કોઇ લાંબા માર્ગનાં મુખ્ય મુખ્ય સ્થાનો અને તેનાં યથાર્થ અંતરનું સવિસ્તર વર્ણન જે શુદ્ધતા સાથે કરી શકે છે, તે યૂરોપિયનો તો માનશે પણુ નહિ.

મને એમ કહેતાં જરાપણુ સંકોચ થતો નથી કે જો એક દેશના માપેલા ગાઉ (કોશ)નો યથાથ અંદાજ વિદિત થઈ જાય તો ઘણીજ શુદ્ધતા સાથે તેની રેખા સમતલભૂમિપર ખેંચી શકાય છે. મેં એવી વાત સાંભળી છે કે, પ્રાચીન હિંદુરાજ્યોમાં એક નગરથી બીજા નગરસુધીની સડકનું માપ લેવામાં આવતું હતું[1] અને આણુમાહાત્મ્ય[2] નામના ગ્રંથમાં એક એવા યંત્રનો ઉલ્લેખ આવ્યો છે કે જેનો આ કાર્યમાં ઉપયોગ કરવામાં આવતો હતો. વાસ્તવમાં માર્ગમાપકયંત્રથી માપેલી રેખાઓ અને દેશીઓનું અનુમાન કરેલું અંતર એ ઉભય પરસ્પર સારીરીતે મળે છે એ આ વાતનું ઉત્તમ પ્રમાણુ છે. દેશીઓનું અનુમાન કરેલું અંતર પણુ કોઈ નિશ્ચિત નિયમદ્વારાજ ઉત્પન્ન થયું છે, એ કેવળ અંદાજથી ઉત્પન્ન થયું નથી.

હું કેવળ મદારીલાલનાં દળસિવાય મારાં દળોપૈકી કોઇપણુ એક દળની તપાસથી સંતુષ્ટ થતો નહોતો, પણુ સદૈવ એકનાં જ્ઞાનને બીજાના શિક્ષણુનો પાયો બનાવતો હતો અને આ પ્રકારે પ્રાપ્ત કરેલું વિશેષ જ્ઞાન તથા ઉપયોગી વિગતો અને પ્રત્યેક દળ પોતાની સાથે જે દેશીઓને લાવતું હતું તેમની સહાયથી પૂરેપૂરી તપાસ કરીને સંતુષ્ટ થતો હતો.

આ પ્રકારે થોડાં વર્ષોમાં મેં આ પ્રદેશની અંદરના રસ્તાઓથી કેટલાંક પુસ્તકો ભરી દીધાં અને અનેક સીમાંતો તથા મધ્યસ્થ સ્થાનો કે જેમની સ્થિતિ નિશ્ચિત થઇ ચૂકી હતી તેનો નિર્દેશ કરીને તે દ્વારા એક સાધારણુ નકશો તૈયાર કર્યો,જેમાં સઘળી પ્રાપ્ત વિગતો સમાવિષ્ટ કરવામાં આવી.હું વિશેષતઃ પશ્ચિમ તરફનાં રાજ્યોવિષે બોલું છું, કારણુ કે મધ્ય દેશ વા પશ્ચિમમાં ઉચ્ચ અરવલ્લીમાંથી અથવા દક્ષિણુમાં વિંધ્યાચલથી નીકળેલી ચંબલ અને તેની સહાયક નદીઓથી સિંચાતા દેશની તપાસ અને માપ મેં સ્વયં એવી યથાર્થ શુદ્ધતાસહિત કર્યું છે કે, જ્યાંસુધી ત્રિકોણુમિતિને અનુસરીને મોટી માપણી દ્વીપકલ્પ (દક્ષિણુ)થી લઇને સમસ્ત હિંદુસ્તાનભરમાં નહિ કરવામાં આવે ત્યાંસુધી તે પ્રત્યેક રાજનૈતિક અથવા સૈનિકકાર્યને માટે ઉપયુક્ત થશે. આ દેશોમાં સતલજપર્યંત ઉત્તરમાં અને સિંધુનદીપર્યંત પશ્ચિમમાં વિસ્તૃત સમતલભૂમિ છે. જ્યાં વચમાં પહાડીભૂમિ આવી ગઈ છે તે દેશોના કરતાં આ સમતલભૂમિમાં ભૌગોલિક વિષયોનો એકસાથે સમાવેશ કરવો વિશેષ સરળ છે.

આ ભિન્ન ભિન્ન રેખાઓનો ઉપર્યુક્ત નકશામાં નિર્દેશ કરી મેં તેની શુદ્ધતાને નવી પદ્ધતિની તપાસથી અર્થાત્ ત્રિકોણુમિતિથી તપાસીને તેને યથાર્થ કરવાનો સંકલ્પ કર્યો.

જે સ્થાનોથી હવે મારા કર્મચારીઓ સારીરીતે પરિચિત થઇ ગયા હતા, તે સ્થાનોમાં પુનઃ પોતાનું કામ જારી કરવાને માટે તેમને મોકલવામાં આવ્યા. જે સ્થાનોની સ્થિતિ નિશ્ચિત કરી દેવામાં આવી હતી (અને મારા અનુભવે મને એવાં અનેક સ્થાનો તેમને બતાવવાને લાયક કર્યો હતો) તે સ્થાનોથી તેમણે કાર્યારંભ કર્યો અને તેમાંનાં પ્રત્યેકને તેમણે કેન્દ્ર માનીને ૨૦ માઇલના અંતરસુધીના પ્રત્યેક નગરમાં જનારા માર્ગોને નિર્દિષ્ટ કરી દીધા. જે સ્થાનો પસંદ કરવામાં આવ્યાં તે પ્રાયઃ એવાં હતાં કે જે લગભગ સમત્રિબાહુ ત્રિકોણુ બનાવતાં હતાં અને જો કે આ વિગતોને ક્રમપૂર્વક ગોઠવવાનું કામ અત્યંત કઠિન થયું, તોપણુ જે પદ્ધતિથી કામ કરવામાં આવ્યું તે એવી હતી કે અકસ્માત જોનારને પણુ તે પોતાની

૧ પાટલીપુત્ર ( પટના )ના મૌર્યવંશી (મોરી) રાજા ચંદ્રગુપ્તના દરબારમાં સિરિયાના રાજા સેલ્યુકસનો એલચી મૅગેસ્થિનીસ ઇ૦ સ૦ પૂ૦ ૩૦૬માં આવ્યો હતો. તે લખે છે કે, ભારતવર્ષમાં દશ દશ સ્ટેડિયમ (એક સ્ટેડિયમ ૬૦૬ ફીટ ૯ ઈંચનો થાય છે)ના અંતરપર કોશના પાષાણુ સ્થાપિત કરવામાંઆવ્યા છે,જેની ઉપરના લેખદ્વારા સરાઇ અને મુકામોનાં અંતરનો પત્તો લાગે છે.(ગૌ૦ હી૦ ઓઝા)

૨ આ એક ઉત્તમ અને પ્રાચીન ગ્રંથ છે, જે મેં રૉયલ એશિયાટિક સોસાયટીને ભેટ કર્યો છે.

અશુદ્ધતા પોતેજ બતાવી દે; કારણ કે એ રેખાઓ પ્રત્યેક દિશામાં એકબીજીને કાપતી અને શુદ્ધ કરતી હતી. આવાં સાધનોથી મેં એ અજ્ઞાત દેશમાં મારૂં કામ કર્યું અને તેના પરિણામનો કેટલોક અંશ પાઠકોની સમક્ષ ઉપસ્થિત છે. હું કેટલોક અંશ એટલાજ માટે કહું છું કે મારૂં સ્વાસ્થ્ય મને મારી ઇચ્છાવિરુદ્ધ જે દશ પુસ્તકો મેં એ દેશોમાં સર્વત્ર યાત્રા કરતી વખત તૈયાર કર્યાં હતાં તેમાંનો ઘણો ભાગ કે જે સાદર કરી શકાત તે છોડી દેવાની ફરજ પાડે છે.

ઇ૦ સ૦ ૧૮૧૫ માં મેં ઉપર જણાવ્યા પ્રમાણે એક નકશાની રૂપરેખા કાઢી, જેમાં આ પ્રકારે પ્રાપ્ત કરવામાં આવેલી સમસ્ત વિગતો નિર્દિષ્ટ કરવામાં આવી અને તે નકશો મેં હિંદના ગવર્નર જનરલને ભેટ કર્યો, જે થોડા સમય પછી લડાઇપ્રસંગે ઘણોજ ઉપયોગી થઇ પડયો. પુનઃ યુદ્ધારંભ થયો તેથી થોડાજ સમયપૂર્વે મેં એક બીજો નકશો માળવાના મોટા ભાગનો બનાવી ભેટ કર્યો, જે અનુસાર પિંઢારાઓના યુદ્ધમાં સૈનિકકાર્ય કરવું ઉપયુક્ત ગણવામાં આવ્યું. આ નાનાસરખા નકશામાં મુખ્ય મુખ્ય વિષયો વિંધ્યાચલનું સાધારણ સ્થાન, તેમાંથી નીકળનારી પ્રત્યેક નદીનું મૂળ અને માર્ગ તથા પર્વતશ્રેણીઓના ઘાટો હતા, જેનું જ્ઞાન અત્યંત આવશ્યક હતું. તે ઉપરાંત તેમાં તે વિભાગના કેટલાક દેશોની સીમા પણ બતાવવામાં આવી હતી તેથી તે નકશો પાછળથી પેશ્વાનું રાજ્યછત્ર છિન્નભિન્ન કરવા વિશેષ લાભદાયક થયો.

આ નકશો તૈયાર કરવામાં મારે ડૉકટર હંટરનાં અને મારાં, ઉભયનાં નિયત કરેલા અનેક સ્થાનોથી કામ લેવું પડયું અને એ જોઇને મને સંતોષ થાય છે કે, જો કે ઉક્ત સ્થાનોમાં તે સમયથી અત્યારપર્યંત અનેકવાર તપાસ થઇને અનેક રેખાઓ નિર્દિષ્ટ કરવામાં આવી છે, તોપણ કેવળ સાધારણજ નહિ; પરંતુ વિશેષતઃ મારી નિશ્ચિત કરેલી વાતો પાછળથી તૈયાર કરેલા નકશાઓમાં કાયમ રાખવામાં આવી છે. આ વિભાગની તપાસ કરીને કેટલીક નવી રેખાઓ વધારવામાં આવી છે અને એક ઉત્સાહીપુરુષે કેટલાંક નવીન સ્થાનો નિયત કર્યાં છે, તેથી હું ખુશીથી ભૂગોળની આ નવીન સુધારણાનો કેટલોક અંશ આની સાથે આપવામાં આવેલા નકશામાં સાદર કરૂં છું.

ઇ૦ સ૦ ૧૮૧૭થી ઇ૦ સ૦ ૧૮૨૨પર્યંત તપાસ કરીને મેં કેટલીક રેખાઓ બનાવી અને હું અત્રે મારા આપ્તનો આધાર માનું છું કે, કેવલ તેમનીજ સહાયતાથી મારા ભૂગોળવિષયક પરિશ્રમના આ ભાગમાં સુધારણા થઈ છે. આ અમલદારે વૃત્તાકારમાં ભ્રમણ કરીને તપાસ કરી છે, જેમાં મેવાડનાં પ્રાયઃ સીમાંતસ્થાનો આવી ગયાં છે, અર્થાત્ રાજધાનીથી લઇને ચિતોડ, માંડલગઢ, જિહાજપુર, રાજમહલ અને પાછા ફરતી વખત ભીનાય, બેદનોર તથા દેવગઢથી લઇને નીકળવાના સ્થાનપર્યંત તેમણે તપાસ કરી હતી. આ સીમાંતસ્થાનોના આધારથી તેઓ અનેક મધ્યસ્થ સ્થાનો પણ નિશ્ચિત કરી શક્યા, જે કાર્યને માટે મેવાડ પોતાના પૃથક્ પૃથક્ પહાડોને લીધે ઘણું અનુકૂળ સ્થાન છે.

ઇ૦ સ૦ ૧૮૨૦ માં મેં અરવલ્લીનું ઉલ્લંઘન કરી એક મહત્ત્વનો પ્રવાસ કર્યો જેમાં કુમ્ભલમેર અને પાલી આગળ થઈ હું મારવાડની રાજધાની જોધપુરમાં પહોંચ્યો અને ત્યાંથી મેડતા થઈ લૂણી નદીના માર્ગની શોધ કરતો હતો તેના મૂળસુધી અર્થાત્ અજમેરસુધી પહોંચ્યો અને ચૌહાણરાજાઓ તથા મોગલપાદશાહોના આ પ્રસિદ્ધ નિવાસસ્થાનથી નીકળી ભીનાય અને વનેડાને માર્ગે મેવાડના મધ્યભાગમાં થઇ રાજધાની (ઉદયપુર)માં પાછો આવ્યો.

મને એ જાણીને પરમ સંતોષ થયો કે, મારૂં નિશ્ચિત કરેલું જોધપુરનું સ્થાન, કે જેનો પશ્ચિમ અને ઉત્તર તરફનાં ભૌગોલિક સ્થળો નિયત કરવામાં મુખ્યસ્થાનતરિકે ઉપયોગ કરવામાં આવ્યો હતો, તેમાં કેવળ ૩ કલાનો અંતર અક્ષાંશમાં અને એથી સહેજ અધિક અંતર રેખાંશમાં પડયો, જેથી બિકાનેરનું જે સ્થાન મેં નિશ્ચિત કર્યું હતું તે મહાશય એલ્ફિન્સ્ટનના નિયત કરેલા સ્થાનની સાથે બરાબર મળી રહ્યું, કે જે તેમણે પોતાના કાબુલમાં એલચીતરિકે જવાના વૃત્તાંતમાં નિર્દિષ્ટ કર્યું છે.

ઉદયપુર, જોધપુર અને અજમેર વગેરે શહેરો કે જેમનાં સ્થાન મેં નિરીક્ષણદ્વારા નિયત કર્યાં હતાં તેનો, મહાશય હંટરનાં કાયમ સ્થાનોનો તથા ઉત્સાહી પરિવ્રાજિકનાં નિર્દિષ્ટ કરેલાં થોડાં સ્થાનોનો પણ મેં ઉપયોગ કર્યો છે, કે જેણે 'ખુરાસાનની યાત્રા' એ નામનો ગ્રંથ નિર્માણ કર્યો છે

અને જે દિલ્હીથી નાગપુર અને જોધપુર થઈ ઉદયપુરમાં ગયો હતો.

ગુજરાત[1] સૌરાષ્ટ્ર દ્વીપકલ્પ અને કચ્છદેશનું સ્થૂલરૂપ કે જે વિશેષતઃ સંબંધ દર્શાવવાને માટેજ નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે, તે સંપૂર્ણતઃ પ્રસિદ્ધ ભૂગોળવેત્તા સ્વર્ગસ્થ જનરલ રેનોલ્ડસના શોધ-વિષયક પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે. અમે ઉભયે એકજ ભૂખંડના મોટા ભાગની શોધ કરી હતી; અને જે દેશોમાં તેઓ સ્વયં કદિપણ ગયા નહોતા તે દેશોની શોધની ઉત્તમતાના વિષયમાં મારી સાક્ષી યુક્ત છે અને એથી ઉદ્યોગ તથા ઉપર્યુક્ત સામગ્રીનો પ્રયોગ કરવાથી શું શું બની શકે છે તે સિદ્ધ થાય છે.

હું આ પ્રદેશોની આકૃતિનું વર્ણન શીઘ્રતાથી કરીને આ નિબંધ સમાપ્ત કરીશ. એનું સૂક્ષ્મ અને સ્થાનિક વૃત્તાંત પ્રત્યેક દેશના પૃથક્ પૃથક્ ઐતિહાસિક ભાગોમાં ઉચિત પ્રકારે લખવામાં આવશે.

રાજસ્થાનની આકૃતિ અતિ ભિન્નભિન્ન પ્રકારની છે. જો હું મારા પાઠકને અલિપ્ત ઉભા રહેલા આબુપહાડના સર્વોચ્ચ શિખર કે જેને 'ગુરુશિખર'[2] કહેવામાં આવે છે તેપર બેસાડું અને પશ્ચિમમાં સિંધુનદીના નીલવર્ણ જળથી લઇને પૂર્વમાં નેતરથી આવૃત થયેલી બેટવા[3] નદીપર્યંતના વિસ્તૃત પ્રદેશપર તેની પાસે દૃષ્ટિ ફેંકાવું તો હિંદુસ્તાનમાં સૌથી ઉંચું એવું એ સ્થાન કે જેનાથી અરવલ્લીની શ્રેણી ૧૫૦૦ ફીટ નીચી છે, તેપરથી તેની દૃષ્ટિ મેદપાટ[4] (મેવાડનું સંસ્કૃત નામ) નાં મેદાનોપર પડશે, જેની મુખ્ય નદીઓ અરવલ્લીની તળેટીમાંથી નીકળીને બેડચ અને બનાસમાં જઈ મળે છે અને પઠાર[5] વા મધ્યહિંદની ઉચ્ચ સમભૂમિ તેમને ચંબલની સાથે મળતાં રોકે છે.

પ્રસિદ્ધ ચિતોડની નિકટ આ ઉચ્ચ સમભૂમિપર ચઢીને સીધી પૂર્વીયરેખાથી દૃષ્ટિ કાંઇક હઠાવ્યા પછી રતનગઢ અને સીંગોલી થઇને કોટા તરફ જતા એકલા સીધા માર્ગપર નજર ફેંકવામાં આવે તો જોનારને તે (ઉચ્ચભૂમિ) માં ક્રમશઃ ત્રણ મેદાનો દૃષ્ટિગોચર થશે, કે જે જાણે રશિયનતાર્તરીના મેદાનોના નાના નાના નમૂના ન હોય તેવાં દેખાય છે અને જ્યારે તે અહીંથી ચંબલની આરપાર એક

---

૧ મારો અંતિમ પ્રવાસ ઉદયપુરથી સિંધુનદી તરફના આ પ્રદેશોમાં ઇ૦ સ૦ ૧૮૨૨-૨૩માં થયો; પરંતુ તેમાં ભૌગોલિકશોધની અપેક્ષાએ ઐતિહાસિક અને પુરાવૃત્તસંબંધી શોધની તરફ વિશેષ લક્ષ આપવામાં આવ્યું હતું. આ પ્રવાસ મારા સમસ્ત પ્રવાસો કરતાં અધિક લાભકારી થયો.

૨ એ રાજપૂતાનામાં સૌથી ઉચ્ચ પર્વતશિખર છે, જેની ઉંચાઇ સમુદ્રની તળેટીથી ૫૬૫૦ ફીટની છે. એની ઉપર ગુરુદત્તાત્રયની ચરણપાદુકાનું તીર્થસ્થાન હોવાથી એ 'ગુરુશિખર'ના નામથી પ્રસિદ્ધ છે. (ગૌ૦ હી૦ ઓઝા)

૩ એનું સંસ્કૃત નામ 'વેત્રવતી' છે. સંસ્કૃતમાં 'વેત્ર' સાધારણ નેતરને કહે છે. મહાશય વિલ્ફર્ડ જણાવે છે કે, વેલ્શભાષામાં નેતરને માટે એજ શબ્દ છે.

૪ એનો શબ્દાર્થ આ પ્રમાણે છેઃ-મધ્ય=વચ્ચે, પાટ=પહોળાઈ.×

૫ પટ=મંચ, અર=પહાડ. જોકે 'અર'નો અર્થ કોઇ સંસ્કૃત કોષમાં 'પહાડ' પ્રાપ્ત થતો નથી, તથાપિ તે આરંભિક ધાતુ પ્રતીત થાય છે, જેનો અર્થ આ પ્રમાણે છેઃ-અર્બુદ=બુદ્ધનો પહાડ, અર્વલી (અર્બલી)=બલનો પહાડ. હિબ્રુભાષામાં પણ 'અર'નો અર્થ પહાડ છે, જેમકે અરારાટ. આજ શબ્દ યૂનાની ભાષામાં 'ઓરોસ' છે. સંસ્કૃતમાં પહાડને માટે જે સાધારણ શબ્દ 'ગિરિ' છે, તે હિબ્રુભાષામાં પણ એજ અર્થનો બોધક છે.

---

× કર્નલ ટૉડે 'મેદપાટ' (મેવાડ) નું શુદ્ધરૂપ મધ્યપાટ ધારી તેનો અર્થ મધ્યની સમાન ભૂમિ એવો કર્યો છે; પરંતુ તેમનું આ અનુમાન કલ્પિત છે, કારણકે પ્રાચીન શિલાલેખો તથા સંસ્કૃત પુસ્તકોમા આ દેશનું નામ 'મેદપાટ'જ લખ્યું છે,જેનો અર્થ મેદ વા મેવ લોકોનું રાજ્ય છે. આ લોકોનો પ્રાચીનકાળમાં આ દેશપર અધિકાર હતો. (જુઓ બૉમ્બે ગૅઝેટિયર-પુસ્તક ૧, ભાગ ૧, પૃષ્ઠ ૩૩) (ગૌ૦ હી૦ ઓઝા)

દૃષ્ટિ નાખીને હાડૌતીને તેની શાહબાદના કિલ્લાથી રક્ષિત થયેલી પૂર્વસીમાપર્યંત જોશે અને ત્યારપછી સહસા આ ઉચ્ચ સપાટભૂમિપરથી નીચે ઉતરીને સિંધુનદી (નાની સિંધુ)ની નિકટના પ્રદેશપર્યંત દૃષ્ટિ ફેંકશે તથા પુનઃ પૂર્વતરફ વધુ અને વધુ આગળ દૃષ્ટિ ફેલાવતો જશે તો અંતે તેની નજર મંચાકૃતિ પહાડ કે જે બુંદેલખંડની પશ્ચિમસીમા છે ત્યાંસુધી જઇને રોકાઇ જશે.

આ વાતને અધિક સ્પષ્ટ કરવાને માટે હું આબુથી લઇને[1] બેટવાપરના કોટડાસુધીના ઉપર વર્ણવેલા દેશની ઉંચાઈનીચાઇનું એક ચિત્ર સાદર કરૂં છું. આ ચિત્ર આબુથી ચંબલપર્યંત વાતમાપકયંત્રદ્વારા કરેલી તપાસનું અને ચંબલથી બેટવાસુધી કરેલી મારી સાધારણ નિરીક્ષાનું[2] ફળ છે. એનું પરિણામ એ આવ્યું છે કે કોટડા સ્થાન આગળ બેટવા, સમુદ્રના તળથી એક હજાર ફીટ ઉંચી અને ઉદયપુરનગર તથા તેની પર્વતાંતર્ગત સમાનભૂમિથી એક હજાર ફીટ નીચી છે. ઉદયપુરની ઉંચાઈ આબુની તળેટીની ઉંચાઇની સમાન અર્થાત્ સમુદ્રના તલથી બે હજાર ફીટ છે. આ રેષા કે જેની સાધારણ દિશા ઉષ્ણકટિબંધથી થોડેજ દૂર છે, તે લંબાઇમાં પ્રાયઃ છ ભૌગોલિક અંશ છે; તથાપિ આ નાનોસરખો દેશ પોતાના નિવાસીઓ તેમજ પાર્થિવ ગુપ્ત વા પ્રકટ ઉપજ (ખનીજપદાર્થ અને વનસ્પતિ) એ ઉભયના નાનાપ્રકારોથી પરિપૂર્ણ છે.

હવે આપણે આપણા ઉચ્ચ સ્થાનપરથી (જેની રૂખ અદ્યાપિ પૂર્વ તરફનીજ છે) ઉપર્યુક્ત રેખાની દક્ષિણ અને ઉત્તર એ ઉભય દિશા તરફ દૃષ્ટિ ફેંકવી જોઇએ. આ રેષા મધ્યદેશ[3] અર્થાત્ રાજસ્થાનની મધ્યભૂમિને પ્રાયઃ બે સમાન ભાગમાં વિભક્ત કરે છે. મધ્યદેશનો અર્થ તે દેશ કરવો જોઇએ કે જે ચંબલ અને તેની સહાયક નદીઓના માર્ગદ્વારા તેના યમુનાના સંગમપર્યંત સર્વોત્તમ પ્રકારે સીમાબદ્ધ થયો છે અને એજ પ્રકારે ઉચ્ચ[4] અરવલ્લીની પશ્ચિમ તરફના પ્રદેશને પશ્ચિમરાજસ્થાન કહેવો ઘણો યુક્ત છે

જો દક્ષિણતરફ જોઇએ તો વિંધ્યાચલના દૂરસુધી ફેલાયેલી શ્રેણીપર જઇને દૃષ્ટિ રોકાઈ જશે. વિંધ્યાચલ એ હિંદુસ્થાન અને દક્ષિણની સ્વાભાવિક સ્પષ્ટ સીમા છે. જો કે આબુના 'ગુરુશિખર' ના ઉચ્ચ સ્થાનપર ઉભા રહીને જોવાથી વિંધ્યાચલ આપણને એક અલ્પ ઉંચાઈવાળી પર્વતશ્રેણી જેવો દેખાય છે, જેનું કારણ એ છે કે આપણું એ સ્થાન તેનું મહત્ત્વ જોવાને માટે કિંચિત્ પણ યોગ્ય નથી, પરંતુ જો દક્ષિણ તરફથી જોવામાં આવે તો તે સ્પષ્ટ દેખાશે; જો કે આ ઢોળાવમાં કેટલીક ઉંચાઇઓ એવી દૃષ્ટિગોચર થશે કે જે સીધા ઢોળાવનાં એવાં વિષમ સ્થળોથી સેંકડો ફીટ ઉંચી છે.

ખાસ અરવલ્લીના સંબંધમાં એમ કહી શકાય છે કે તે વિંધ્યાચલની સાથે મળેલો છે અને તેનું મળવાનું સ્થાન ચાંપાનેરની તરફ છે તથા તેજ પ્રકારે એમ કહેવું પણ યથાર્થ છે કે અરવલ્લી ત્યાંથીજ વિંધ્યાચલમાંથી નીકળીને ફેલાયો છે. જો કે તેની ઉંચાઈ ઉત્તરની અપેક્ષાએ અહીંઆં આગળ ઘણી થોડી છે, પરંતુ તે દક્ષિણના સમસ્ત ભાગમાં લૂણાવાડા, ડુંગરપુર અને ઇડરથી લઇને અંબાભવાની અને ઉદયપુરપર્યંત વિશાળ સ્વરૂપ ધારણ કરે છે.

આબુથી માળવાની ઉચ્ચ સમભૂમિપર દૃષ્ટિ ફેંકવાથી આપણને તેનાં કાળી માટીનાં મેદાનો (માલ) વિંધ્યાચલનાં સર્વોચ્ચ શિખરોથી નીકળી ઉત્તર તરફ વહેતી અનેક ધારાઓથી કપાયેલાં દૃષ્ટિગોચર થાય છે. એમાંની કેટલીક ધારા તો ઝાંક ખાઇ ઘાટીઓમાં જતી વા ઉચ્ચ પાષાણસમૂહપરથી

---

૧ જે મંચાકાર ભૂમિનો હમણાંજ નિર્દેશ કરવામાં આવ્યો તેની નીચે પૂર્વ તરફ બેટવા નદી વહે છે.

૨ હું આ દેશોથી સારીરીતે પરિચિત છું અને ખાત્રીપૂર્વક કહી શકું છું કે જ્યારે આવીજ તપાસ બેટવાથી કોટાપર્યંત કરવામાં આવશે ત્યારે આ પરિણામમાં ઘણીજ થોડી અશુદ્ધતા નીકળશે અને તે અશુદ્ધતા આ બાબતમાં નીકળશે કે કોટાનો થોડો ભાગ અધિક ઉચ્ચ અને બેટવાના પ્રવાહન ભૂમિ કાંઇક અધિક નીચી નિર્દિષ્ટ કરેલી જણાશે.

૩ 'માર્કિવસ ઑાફ હેસ્ટિંગ્સ'ને મેં 'મધ્ય અને પશ્ચિમભારત'નો જે નકશો ઇ૦ સ૦ ૧૮૧૫માં ભેટ કર્યો હતો તેનું નામ મેં 'મધ્યભારત' રાખ્યું હતું અને ત્યારથી એ નામ પ્રચલિત થઇ ગયું.

૪ સ્મરણમાં રાખવાનું છે કે જોકે અંતપર્યંત અરવલ્લીનો મંચાકાર રહેતો નથી, તથાપિ તેની શાખા ઉત્તરમાં દિલ્લીપર્યંત ચાલી જાય છે.

नीचे पडती दृष्टिगोचर थाय छे; अने बीजा सर्व अवरोधो तोडी मध्यनी उच्च समभूमिमां बळ-पूर्वक पोतानो मार्ग करी चंबलमां जई मळे छे.

आ प्रकारे दक्षिणतरफ जोया पछी आपणे ए रेखानी उत्तरतरफ दृष्टि फेंकवी जोइए अने उच्च अरवल्लीपर केटलीक वारसुधी दृष्टि फेरववी जोइए. पछी आपणा आबुपरना स्थाननी रेखामां आवेली राजधानी उदयपुरथी लइने ओगणा, पांडवा तथा मेरपुरथी शिरोहीनी पासेना पश्चिमढोळावपर्यंत जोवुं जोइए, के जे प्रायः ६० माइलपर्यंत सीधी रेखामां चाल्यो गयो छे अने ज्यां उदयपुरनी तरफना चढावथी लइने मारवाडना ढोळावपर्यंत पहाडोपर पहाडो अने पर्वत-पर पर्वतो उठेला दृष्टिगोचर थाय छे. शिरोहीनी सीमापर्यंतना आ समस्त प्रदेशमां आ देशनी खास प्राचीनजातिओना लोको ( भील वगेरे ) वसेला छे, जेओ पोतानी प्रारंभिक अने प्रायः जंगली-ओना जेवी स्वतंत्र दशामां रहे छे. न तो तेओ कोइ राजामहाराजाने आधीन छे, न कांई कर आपे छे; परंतु तेओ प्रजातंत्रप्रणालीनी सादी दशामां रहे छे अने तेमना नेता के जेमनी उपाधि 'रावत' छे तेओ परंपराथी एकज वंशना छे. ओगणाना रावत पांच हजार धनुषधारीओने एकत्र करी शके छे अने काम पडतां बीजापण केटलाक माणसो एकठा करी शके छे. खीणोमां चरण वा [1]बचावनां स्थानोनी निकट तेमनां घर नानां नानां जंगली गामोमां विखरायेलां होय छे.

हवे पाठके कमलमेरना किल्लाना शिखरपर पहोंची त्यांथी उत्तर तरफ अजमेरपर्यंत चाली गयेली पर्वतश्रेणी जोवी जोइए. अजमेरथी थोडे दूर तेनो मंचाकार लुप्त थई जाय छे अने उंचा उंचा टेकरा बनी तेनी अनेक शाखाओ शेखावाटीसंस्थान अने अलवरमां चाली गई छे. अलवर-थी आ श्रेणी उंचाईमां न्यून थती थती दिल्हीनी पासे समाप्त थई जाय छे.

कमलमेरथी अजमेरपर्यंतनो समस्त प्रदेश मेरवाडा कहेवाय छे अने त्यां मेर नामनी पहाडी जाति वसे छे. आ अद्भुत जातिनी रीतभात अने इतिहास आगळ लखवामां आवशे. आ पर्वत-श्रेणीनी सरासरी पहोळाई ६ थी १५ माइलपर्यंत छे अने तेनी खीणो तथा टेकरीओपर दोढसो-थी अधिक नानां मोटां गामो पृथक् पृथक् वसेलां छे. अहींआं जळ अने चारो पुष्कळ होय छे अने तेमनी समस्त आंतरिक आवश्यकताओने माटे कृषिकार्य पण यथेष्ट करवामां आवे छे; जो के स्विट्झर्लांड अने ह्राइन नदीना प्रदेशपर थती द्राक्षनी खेतीनी पेठे अहींआं उच्च स्थानोपर असंत श्रमथी खेती थाय छे.

आ संमिलित पर्वतश्रेणीनी आरपार कोईपण गाडीना मार्गनां चिन्हो दृष्टिगोचर थतां नथी, एटला माटे एनुं 'आडा' अर्थात् 'अवरोधक' नाम घणुं सार्थक छे; कारण के वर्तमानकाळनी युद्ध-कळाना सौथी प्रबळ अंग तोपखानाने पण पश्चिम तरफना असाध्य ढोळावथी बचाववाने माटे आ श्रेणीनी उत्तर तरफथी फेरवीने लइ जवुं पडे छे.

जो आ पर्वतश्रेणीपर नजर दोडाववामां आवे तो एनां शिखरोपर किल्ला उभय बाजुनी

---

१ आ लोकोनां अद्भुत स्थानोमां थइने जवानी मारी इच्छा हती अने ए विषे में आ जंगल-ना स्वामीओनी साथे वातचीत करी, तो तेमणे सत्कारपूर्वक सहाय करवानुं मने वचन आप्युं. मने तेमना वचनपर किंचित् पण संदेह आव्यो नहि; कारणके जंगली लोकोमां सभ्यजातिओनी अपेक्षाए पोताना वचननुं प्रतिपालन करवानो अने आतिथ्य करवानो गुण अधिक होय छे. केटलांक वर्षोपूर्वे मारा दलना एक आदमी (मदारीलाल)ने आ प्रदेशमां थइने जवानी आज्ञा प्राप्त थइ हती. आ लांबी खीणोना एक घाटमां पहाडनो एक स्वामी मरण पाम्यो हतो. सर्व आदमीओ बहार नीकळी गया हता अने तेनी विधवास्त्री एकली झुंपडामां हती. मदारीलाले पोतानुं वृत्तांत तेने कही संभळाव्युं अने रस्तामां पोतानी रक्षाने माटे प्रबंध करवानी मागणी करी, जेथी उक्त भीलडीए पोताना मृतपतिना भाथामांथी एक तीर काढीने तेने आप्युं, जेने हाथमां लइने ते चाल्यो अने आ तीरे यूरोपखंडमां मुद्राछापवाळो लांबो पहोळो परवानो मुसाफरोनी जे सेवा बजावे छे तेज सेवा बजावी.

ઘાટીઓની રક્ષા કરતા દૃષ્ટિગોચર થાય છે અને પુષ્કળ નાળાંઓ, ઝઝુમી રહેલાં પર્વતશૃંગોમાંથી પોતાનો વક્રમાર્ગ કાઢી નીચે ઉતરે છે. બેડચ, કોટેસરી, ખારી, ડાઇ એ સર્વ નદીઓ પૂર્વમાં બનાસ નદીમાં જઇ મળે છે અને પશ્ચિમમાં ગોડવાડની કિંમતી ભૂમિને ફળદ્રૂપ બનાવનારી આથી પણ અધિક નદીઓ ખારાં જળવાળી લૂણી નદીને મળીને મરુભૂમિની વાસ્તવિક સીમા બાંધી દે છે. તેમાંની મુખ્ય નદીઓ સુકડી અને બાંડી છે; અને અન્ય નદીઓ કે જે આખું વરસ બરાબર વહેતી નથી, તે પોતાના જલપ્રવાહને માટે વર્ષાપર આધાર રાખે છે. આ જલપ્રવાહને રેલ અથવા શીઘ્રગામી પહાડીપ્રવાહ કહે છે;અને તે નીચેની પથરાવાળી ભૂમિને ફળદ્રુપ બનાવવાને પોતાની સાથે પુષ્કળ ખાતરવાળી માટી ઘસડી જાય છે.

કમલમેરની આ ઉંચાઇપરથી ખડકના આ અવ્યવસ્થિત સમૂહનું દૃશ્ય ગમે તેવું ભવ્ય લાગે; પરંતુ તેનું પૂર્ણ મહત્ત્વ તો મારવાડનાં મેદાનોથીજ અધિક સ્પષ્ટ દેખાય છે.જ્યાં ત્યાં તેનાં ભિન્ન ભિન્ન શિખરો અનેક રૂપમાં એકબીજાના પર ઉભેલાં વા સઘનવનથી આચ્છાદિત અને વિષમ ઢોળાવવાળાં અંધકારમય ઉંચાંનીચાં એકાંત સ્થાનોને ક્રોધિતદૃષ્ટિથી ઘુરકતાં દૃષ્ટિગોચર થાય છે.

વિચાર કરતાં મને એવું મન થઇ જાય છે કે જાણે અરવલ્લીને હિંદુસ્તાનના એપીનાઇન અર્થાત્ દ્વીપકલ્પના મલબારકિનારાના ઘાટોની સાથે સંબંધ ધરાવનારતરિકે જાહેર કરૂં. નર્મદા વા [1]તાપીના માર્ગ એના સંકીર્ણ મધ્યભાગમાં હોવાથી તે આ કલ્પનાને વ્યર્થ કરતા નથી, ઉલટપક્ષે તેમની અંતરંગ દશા અને રચનાની તુલના કરવાથી આ કલ્પના વિશેષ દૃઢ થાય છે.

અરવલ્લીનું સામાન્યરૂપ એ તેની પ્રારંભિક રચના છે. ગ્રેનાઇટપાષાણો ભારે, મજબૂત અને ઘેરા નીલવર્ણના સ્લેટપથ્થરપર પડીને નાના પ્રકારના કોણ બનાવે છે. (જેનો સાધારણ ઢાળ પૂર્વની તરફ છે.) આ સ્લેટપાષાણ ઉપર આવેલા ગ્રેનાઇટ, પથ્થરની સપાટી વા મૂળથી ક્વચિતજ ઉંચે જણાય છે. અંતરસ્થ ઘાટોમાં કેટલાક પ્રકારના ક્વૉર્ટ્ઝ અને પ્રત્યેક રંગના શિસ્ટસ જાતિના સ્લેટપાષાણો પુષ્કળ છે. જે ઘરો અને મંદિરોમાં આ પાષાણ વપરાય છે તેમનાપર જ્યારે સૂર્યનાં કિરણો પડે છે, ત્યારે તે અતિ અદ્ભુત દૃશ્ય પ્રકટ કરે છે. વચ્ચે વચ્ચે નીસ અને સાઇનાઇટ જાતિના પાષાણો પણ દૃષ્ટિગોચર થાય છે અને અજમેરની પશ્ચિમ તરફ અનેક દિશાઓમાં ફેલાયેલી પર્વતશ્રેણીઓનાં શિખરો ગુલાબી રંગના કાચસમાન ક્વૉર્ટ્ઝ જાતિના પાષાણોના મોટા મોટા સમૂહોથી નેત્રોને આંજી નાખે છે.

અરવલ્લી અને તેની સાથે સંબંધ ધરાવતા પહાડોમાં ખનિજ અને ધાતુના પદાર્થો પુષ્કળ છે; અને મેવાડના ઇતિહાસમાં જણાવ્યા પ્રમાણે કેવળ ધાતુઓની ઉપજથીજ તે દેશના રાણા દીર્ઘકાળપર્યંત પોતાનાથી અધિક શક્તિમાન પાદશાહોની સામે થઇ શક્યા હતા અને તેની ઉપજથી તેમણે એવી મોટી ઇમારતો બંધાવી હતી કે તેવી ઇમારતો બંધાવવામાં પશ્ચિમનાં સૌથી પ્રબળ રાજ્યો પણ ગૌરવ માને છે.

આ ખાણોપર રાજાઓનો અધિકાર રહે છે, અર્થાત્ તેની ઉપજ તેમની અંગતપેદાશમાં વૃદ્ધિ કરે છે. 'આણ–દાણ–ખાણ' આ ત્રણ શબ્દો મળીને બનેલી એક અલંકારિક કહેવત છે, જેમાં રાજસ્થાનના રાજાઓના મુખ્ય હક્ક અર્થાત્ પ્રજાની ઉત્કટ રાજભક્ત, વ્યાપારસંબંધી કર અને ખાણોની ઉપજ, એ સંયુક્ત રીતે પ્રકટ થાય છે. મેવાડમાં કોઇ સમયે કલાઇની ખાણોમાંથી પુષ્કળ પેદાશ થતી હતી અને એમ કહેવાય છે કે તેમાંથી ઘણી ચાંદી નીકળતી હતી; પરંતુ ખાણ ખોદનારાઓની જાતિ નષ્ટ થવાથી તથા મોગલોના શાસનકાળમાં રાજકીયકારણોથી ધનનાં આ પ્રકારનાં દ્વાર બંધ થઇ ગયાં. આજપ્રકારે અત્યુત્તમ પ્રકારનું ત્રાંબું પણ પુષ્કળ નીકળે છે અને તેનાજ પૈસા બનાવ-

---

૧ કર્નલ ટૉડે મૂળ પુસ્તકમાં એને 'ટાપ્ટી' લખી છે અને અંગ્રેજલોકો તેનું તેજ નામ લખે છે. આથી હિંદનાં ભૌગોલિકપુસ્તકોમાં પણ ટાપ્ટીજ લખાવા માંડયું છે;પરંતુ એનો શુદ્ધ ઉચ્ચાર 'તાપી'. છે અને એજ નામથી એ સંસ્કૃતભાષામાં તથા ગુજરાતદેશમાં (કે જ્યાં તે વહે છે) પ્રસિદ્ધ છે. આજ પ્રકારે હિંદીલેખકો 'મલબાર' ને અંગ્રેજીપુસ્તકોના આધારે 'મલાબાર' લખવા લાગ્યા છે; પરંતુ તેનું શુદ્ધ ઉચ્ચારણ 'મલબાર' છે. (ગૌ૦ હી૦ ઓઝા)

વામાં આવે છે; અને સલુંબરનો સામંત પણ પોતાની જાગીરની ખાણોમાંથી ત્રાંબું કઢાવી રાજ્યની આજ્ઞાથી પૈસા તૈયાર કરાવે છે. સુરમા નામની ધાતુ પશ્ચિમસીમાપર પ્રાપ્ત થાય છે. લાલ, નીલમણિ, બિલોર, લસણીઆ હીરા અને હલકી જાતિના પન્ના પણ મેવાડમાં પ્રાપ્ત થાય છે; અને જો કે મેં તેનો કોઇ બહુમૂલ્ય નમૂનો જોયો નથી તોપણ મહારાણાએ મને વારંવાર કહ્યું હતું કે, 'જનશ્રુતિપરથી વિદિત થાય છે કે અમારા દેશના પહાડોમાં સર્વ પ્રકારનાં ખનિજદ્રવ્યો છે.'

હવે આપણે અરવલ્લીપરનું ઉચ્ચ સ્થાન છોડીને પઠાર વા મધ્યહિંદની ઉચ્ચ સમભૂમિમાં ટહેલીશું. આ પ્રદેશ આ મનોહર ઇલાકાનો કાંઇ ઓછો ઉપયોગી ભાગ નથી. એની રચના સર્વથા નિશ્ચિત પ્રકારની છે અને એ દક્ષિણ તરફ વિધ્યાચલથી તથા પશ્ચિમ તરફ અરવલ્લીથી ભિન્ન છે, અર્થાત્ એમાં બરાબર સીધા પડપર પડવાળા ટ્રેપજાતિના પાષાણો છે.

આ ઉચ્ચ સમભૂમિનો પરિધ નકશામાં ઉત્તમ પ્રકારે દર્શાવવામાં આવ્યો છે;જો કે તેનું ધરાતલ અત્યંત અસમાન રીતે વર્ણિત છે અને તે પોતાનો આકાર મંચાકૃતિ તથા સમુદાયક પર્વત-શ્રેણીમાં બદલતું ચાલ્યું ગયું છે.

આપણે માંડલગઢથી પ્રવાસ શરૂ કરીને દક્ષિણતરફ જવું જોઇએ અને ચિતોડ ( કે જે ઉચ્ચ સમભૂમિથી પૃથક્ જૂદાજૂદા પાષાણોપર સ્થિત છે ) ને એક બાજુએ છોડી દઇને જાવદ, દાંતોલી, રામપુરા, ભાણપુરા અને સુકંદરાના ઘાટપર થઇને ગાગરોન (જ્યાંથી કાલીસિંધુ પોતાની સામે આવેલા મંચાકાર પર્વતમાંથી બલપૂર્વક માર્ગ કાઢીને ઇકલેરા જાય છે) અને મિરગવાસપર્યંત (જ્યાં આગળ પાર્વતીનદી કમી ઉંચાઇનો લાભ લઈ માળવાથી હાડૌતીમાં જાય છે) તથા ત્યાંથી રાઘોગઢ, શાહાબાદ, ગાઝીગઢ તથા ગસવાની થઇ જાદૂવાટીપર્યંત જવું જોઇએ, કે જ્યાં આ ઉચ્ચ સમભૂમિ પૂર્વમાં ચંબલ આગળ સમાપ્ત થાય છે. પછી જો પ્રવાસના તેજ પ્રારંભિકસ્થાન માંડલગઢથી ચાલીએ તો થોડીવારમાં તેનો ઘણો મંચાકાર લુપ્ત થઇ જાય છે અને તેની મોટી મોટી હારો કે જે કેટલેક સ્થળે પુનઃ પોતાના પૂર્વસ્વરૂપમાં દષ્ટિગોચર થાય છે, જેમ કે બૂંદીના કિલ્લામાં ત્યાંથી તે ડબલાના, ઇંદ્રગઢ અને લાખેડી આગળ થઈ રણથંભોર અને કરોલીપર્યંત ચાલી જઇને ધોળપુર બાડીની નિકટ સમાપ્ત થઈ જાય છે.

આ ઉચ્ચ સમભૂમિની ઉંચાઇ અને વિષમતા પશ્ચિમથી પૂર્વતરફ અર્થાત્ મેદાનોથી ચંબલનદીપર્યંત ચાલી જવાથી ઘણી સારીરીતે જણાય છે. અહીંઆં આગળ આ મોટી નદી કોટા અને પાલીની વચ્ચેની સમભૂમિને છોડી અવરોધક પાષાણોમાં થઈ જોસબંધ વહેતી દષ્ટિગોચર થાય છે.

રણથંભોરની પાસે આ ઉચ્ચ સમભૂમિ ઉંચી ઉંચી હારોના રૂપમાં પરિવર્તિત થઈ જાય છે; અને તેનાં શ્વેત શિખરો સૂર્યપ્રકાશમાં ઝળકાટ મારે છે. એની આકૃતિ વિષમ, પરંતુ અણીદાર શિખર-સહિત છે; અને જો કે એ પર્વતસમૂહથી અલિપ્ત છે, તોપણ પહાડની સ્વાભાવિક રચના તેમાં આવી રહેલી છે. અહીંઆં પૃથક્ પૃથક્ શ્રેણીઓ સાત ( સાતપડા ) થી ઓછી નથી, જે સર્વમાં થઇને બનાસ નદી ચંબલને મળવાને જાય છે. રણથંભોરની પેલી તરફ અને કરોલીથી નદીપર્યંતનો સંપૂર્ણ માર્ગ એક વિષમ મંચાકારભૂમિ છે; જેના સર્વોચ્ચ ભાગપર ઉતગિર, મંડરેલ અને થૂણનો અધિક પ્રસિદ્ધ કિલ્લો છે; પરંતુ પૂર્વ તરફ એક બીજું ઢોળાવદાર મેદાન છે. જેનો પ્રારંભ લાટોતી સ્થાન આગળ સિંધુના પ્રવાહની પાસેથી થાય છે અને જે ચંદેરી, ખનિયાદાના, નરવર તથા ગ્વાલિયર આગળ થઇને દેવગઢ-ની નિકટ જઇ ગોહદના મેદાનમાં સમાપ્ત થઇ જાય છે. આ બીજા મેદાનનો ઢોળાવ બુંદેલખંડ અને બેટવાની ખીણમાં ચાલ્યો ગયો છે.

આ ઉચ્ચપ્રદેશ મધ્યહિંદના ધરાતલમાં પ્રસિદ્ધ છે અને તેનું શિખર વિંધ્યાચલનાં શિખરની સામાન્ય ઉંચાઈથી સહેજ ઉંચું અને ઉદયપુરની ખીણ તથા અરવલ્લીની તળેટીની સમાન છે. આથી ઉક્ત ઉભય પર્વતોનો ઉક્ત ઉચ્ચ સમભૂમિની સીમાપર્યંતનો ઉતાર અથવા ઢોળાવ વિસ્તૃત અને વિષમ છે, જેનું અતિ સ્પષ્ટ અને સાધારણ પ્રમાણ આ નદીઓના માર્ગ છે. પૃથ્વીપર એવા થોડાજ

આવો હશે કે જ્યાં પ્રત્યેક પ્રતિરોધને તોડી નાખનાર જળના પ્રવાહનો વેગ આ કઠોરપર્વતના ખડકોમાં થઇને વહેતી નદીઓના માર્ગની અપેક્ષાએ અધિક પ્રબળ દેખાતો હોય. અહીંઆં ચાર નદીઓ બળપૂર્વક વહે છે, જેમાંની એક અર્થાત્ ચંબલ, રહાઇન વા રહોનનદીની બરાબર છે. આ ચારે નદીઓએ પહાડોને જળની સપાટીથી ત્રણસેંથી છસેં ફીટની સીધી ઉંચાઇનાં શિખરોપર્યંત કાપી નાખ્યા છે, જેથી પાષાણ એવા દેખાય છે કે જાણે તેમને મનુષ્યના હાથથી કોતરી કાઢવામાં આવ્યા ન હોય ! અહીંઆં ભૂસ્તરવિદ્યાના અભ્યાસીઓ પ્રકૃતિનાં પુસ્તકો સ્પષ્ટ રીતે વાંચી શકે છે. તેનેત થા પુરાતત્ત્વવેત્તાઓને અને પ્રકૃતિને અત્યંત વિષમ અવસ્થામાં જોનાર તેના પ્રેમીઓને આ સ્થાનસિવાય થોડાંજ વિશેષ મનોહર સ્થાન ( રામપુરાથી કોટાપર્યંત ) પ્રાપ્ત થશે.

આ વિસ્તૃત ઉચ્ચ સમભૂમિનું ધરાતલ ભિન્ન ભિન્ન પ્રકારનું છે. કોટાની પાસે આગળ નીકળેલી પાષાણમય ભૂમિપર કેટલાંક સ્થાનોમાં તો વનસ્પતિનું ચિન્હ પણ જણાતું નથી; પરંતુ જ્યાં તે વક્રકોણ બનાવી પારનદીના તટપર્યંત પહોંચે છે, ત્યાં તે ભારતવર્ષની સૌથી અધિક ફળદ્રૂપ અને સર્વોત્તમ ભૂમિમાંની એક બને છે; અને તેમાં બ્રિટિશહિંદુસ્તાનના કોઇપણ ભાગ કરતાં ઉત્તમ ખેતી થાય છે. તેના ખાંચાવાળા ભાગોમાં અત્યંત વિચિત્ર ખીણો ( જેમકે હિંગળાજની નિકટ નાગરાજનું ઝરણું ) અને ઉંડી ઉંડી બખોલો છે, જેમાંથી નાની નાની નદીઓ નીકળે છે અને જ્યાં[1] કારીગરીનો પુષ્કળ સંગ્રહ પ્રાચીનમંદિરો તથા મકાનોમાં અદ્યાપિ વિદ્યમાન છે અને તેથી પ્રવાસીનો શ્રમ સફળ થાય છે.

આગળ વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે મધ્યસ્થ ઉચ્ચભાગ પાછલી રચનાનો છે, જેને ટ્રૅપ કહેવામાં આવે છે. જ્યાં આ ભાગને ચંબલે નગ્ન કરી દીધો છે, ત્યાં તેનો રંગ સર્વત્ર દૂધ-સમાન શ્વેત છે. આ ભાગ અતિ કઠિન અને સૂક્ષ્મ દાણાદાર છે અને જો કે એની કઠિનતાને લીધે એનાપર ટાંકણું ઘણી મુશ્કેલીથી ચાલી શકે છે, તોપણ પ્રસિદ્ધ બાડોલીનું કોતરકામ શિલ્પકાર-ને માટે તેની ઉપયોગિતા સિદ્ધ કરે છે. પશ્ચિમ તરફ પણ તેનો રંગ સર્વત્ર શ્વેત છે. કોટાની નિકટ પ્રાયઃ શ્વેત અને બેજની રંગ મિશ્રિત થયેલા છે; અને શાહાબાદની આસપાસ લાલ અને ભૂરો એ રંગો મિશ્રિત થયેલા છે. જ્યારે તેના પૂર્વીયઢોળાવપર વાતાવરણની અસર થાય છે, ત્યારે તેનું છિન્નભિન્ન થઇ ગયેલું અને ખરબચડું ધરાતલ કાંકરાવાળી ભૂમિનો ભ્રમ કરાવે છે.

આ રચના ખનિજધાતુઓને માટે અનુકૂળ નથી. અહીંઆં સીસું અને લોહ પણ પ્રાપ્ત થાય છે; પરંતુ તેનો ઘણો ભાગ કાચી અવસ્થામાં મળે છે. કાચું લોહ વિશેષ પ્રાપ્ત થાય છે. એમ કહેવાય છે કે ગ્વાલિયરપ્રાંતમાં કાળા સુરમાની બહુ મૂલ્ય ખાણો છે, જેમાંથી મેં નમૂના મંગાવ્યા હતા; પરંતુ આ ખાણો પણ બંધ છે. દેશીલોકો પોતાનું ખનિજદ્રવ્ય કાઢતાં પણ ડરે છે; અને જો કે તેમની પાસે પુષ્કળ સીસું, કલાઈ અને ત્રાંબુ છે, તોપણ તેઓ પોતાની રસોઇનાં વાસણની સામગ્રી સુદ્ધાંને માટે પ્રાયઃ સંપૂર્ણરીતે યૂરોપના ઉપર આધાર રાખે છે.

નાની નાની પર્વતશ્રેણીઓનું વર્ણન કરવાનું છોડી દઇને હવે હું પાઠકોનું ધ્યાન કેવળ રાજ-પૂતાનાનાં ધરાતલનાં નિરીક્ષણમાંથી નીકળતા સારાંશપ્રતિ ખેંચીશ.

મધ્યહિંદમાં સ્પષ્ટરીતે દેખાતા બે ઢોળાવ છે. તેમાંનો મુખ્ય એ છે કે, જે પૂર્વથી પશ્ચિમ તરફ અર્થાત્ મહાન કોટરૂપી અરવલ્લી ( કે જે રેતીના પ્રવાહને મધ્યસ્થ મેદાનોમાં જતાં રોકે છે અને જે ચંબલ તથા તેની સેં શાખાઓથી કપાઇ ગયેલ છે ) થી બેટવાપર્યંત ચાલ્યો ગયો છે; અને બીજો ઢોળાવ દક્ષિણથી ઉત્તર અર્થાત્ મધ્યહિંદના દક્ષિણ તરફના પુસ્તારૂપ વિંધ્યાચલથી યમુનાપર્યંત ચાલ્યો ગયો છે.

અમે અમારી વ્યાખ્યાને વધારી એમ પણ કહી શકીએ છીએ કે,યમુનાના પ્રવાહનો માર્ગ તે મોટા ભૂ-ભાગની મધ્યસ્થ ખીણને દર્શાવે છે કે જેનો ઉત્તરીયઢોળાવ હિમાલયની તળેટી સાથે અને દક્ષિણતરફનો ઢોળાવ વિંધ્યાચલની તળેટીસાથે લાગેલો છે. જો કે મારી પાસે પુષ્કળ સાધનો છે, તોપણ વિસ્તીર્ણ નર્મદાના નાનું રૂપ ધારણ કરનાર માર્ગનું વર્ણન કરવાની મારી ઇચ્છા નથી; કારણ કે જે સમયે આપણે ઉષ્ણતા-પ્રધાન વિંધ્યાચલનાં શિખરપર નર્મદાની ખીણમાં ઉતરવાને માટે ચઢીએ છીએ, તે સમયે આપણો

---

૧ આમાંની થોડી વસ્તુઓ મેં મારા દેશવાસીઓને ભેટ કરવાને રાખી છે.

રાજસ્થાન અને રાજપૂતો સાથેનો સંબંધ છૂટી જાય છે અને આપણે આ દેશની પ્રાચીનજાતિઓને જઇ મળીએ છીએ કે જે લોકો આ ભૂમિના મૂળ સ્વામી છે. તેનું વર્ણન હું અન્યોને માટે છોડીને મારાં વૃત્તાંતનો ચંબલથી આરંભ કરી મધ્યહિંદની સૌથી પ્રધાન નદી આગળ તેની સમાપ્તિ કરૂં છું.

ચંબલના સ્રોત વિંધ્યાચલના એક અતિ ઉચ્ચ સ્થાનપર પહાડોના સમુદાયની વચ્ચે છે, જેનું સ્થાનિક નામ 'જનપાવા' છે. આ પહાડીસમુદાયમાંથી એકસરખા ત્રણ સ્રોત અર્થાત્ ચંબલ, ચંબેલા અને ગંભીર નીકળે છે તથા ઓછામાં ઓછી બીજી નવ નદીઓ તેની દક્ષિણ બાજુએથી નીકળે છે. આ નદીઓ પોતાનું જળ નર્મદામાં લઈ જાય છે.

સિપરા (ક્ષિપ્રા) નદી પીપલોદાથી, નાનીસિંધુ[1] દેવાસથી અને બીજી નાની નાની નદીઓ ઉજ્જનની પાસે થઇને, એ સર્વ નદીઓ, ચંબલનદી આ ઉચ્ચ સમભૂમિમાં પ્રવેશ કરે તે પૂર્વે ભિન્ન ભિન્ન સ્થાનોપર જઇને તેને મળે છે.

કાલીસિંધુ બાગડીથી અને તેની નાની શાખા સોડવિયા રાઘોગઢથી, નેવજ (વા જામનીરી) મોરસૂકડી અને માગડદાથી તથા પાર્વતી આમલખેડાના ઘાટથી નીકળે છે. પાર્વતીની વિશેષ પૂર્વ તરફની શાખા દોલતપુરથી નીકળીને ફરહર સ્થાનપર તેની સાથે મળે છે. આ સર્વનાં મૂળ વિંધ્યાચલનાં શિખર-પરથી નીકળે છે, જ્યાંથી તે આ ઉચ્ચ સમભૂમિમાં પોતાનો માર્ગ કાઢી ઉચ્ચ સ્થાનો[2]પરથી નીચે પડી અંતે નૂનેરા અને પાલીના ઘાટોપર જઇ ચંબલમાં સમાવિષ્ટ થઈ જાય છે.

ડાબી બાજુથી બનાસનદી તે (ચંબલ)નું જળ વૃદ્ધિંગત કરે છે. આ નદી અરવલ્લીમાંથી નીકળેલી બારે માસ વહેનારી નાની નાની નદીઓનું તેમજ ઉદયપુરના સરોવરોમાંથી નીકળેલી બેડચ નદીનું જળ ગ્રહણ કરીને ચંબલમાં આવી મળે છે. આ (બનાસ) નદી મેવાડ, જયપુરની દક્ષિણ સીમા અને કરોલીની ઉચ્ચભૂમિને જલસિંચન કરીને રામેશ્વરના પવિત્ર સંગમપર ચંબલને મળવાને માટે દક્ષિણ તરફ વળે છે. કેટલીક નાની નાની નદીઓ ચંબલમાં પડે છે (જેનું પૃથક્ પૃથક્ વર્ણન કરવાની આવશ્યકતા નથી) અને સહસ્રાવધિ ચક્કરો ખાધા પછી તે ઇટાવા અને કાલ્પીની વચ્ચે પવિત્ર ત્રિવેણી-સંગમપર યમુનાને જઈ મળે છે.

નાના નાના સર્પાકાર વાંકઝોંક છોડી દઇને ચંબલનદીના માર્ગની લંબાઇ માપવામાં આવે તો તે પાંચસેં માઇલ કરતાં અધિક થાય છે અને તેના તટપર હિંદુસ્તાનમાં હાલમાં વસનારી પ્રાયઃ પ્રત્યેક જાતિના નમુના પ્રાપ્ત થઈ શકે છે. સોંધિયા, ચંદ્રાવત, સિસોદીયા, હાડા, ગૌડ, જાદવ, સીકરવાલ, ગૂજર, જાટ, તંવર, ચૌહાણ, ભદોરિયા, કછવાહા, સેંગર, બુંદેલા આ સર્વ લોકો ન્યૂનાધિક પ્રમાણમાં મોટા રાજાથી લઇને નાના નાના સ્વતંત્ર જાગીરદારોપર્યંત ચંબલ અને કુંવારીનદીની વચ્ચે વસેલા છે.

આ પ્રકારે રાજસ્થાનના મધ્યભાગ વા અરવલ્લીની પૂર્વ તરફના ભાગનું ચિત્ર આલેખ્યા પછી હું

---

૧ આ ભારતની ચોથી સિંધુ છે. પહેલી તો સિંધમાં વહેતી સિંધુ, બીજી રાજસ્થાનમાં વહેતી કાલીસિંધુ, ત્રીજી સિરોંજની ઉપર અને પશ્ચિમે ઉચ્ચ સમભૂમિપર આવેલાં લાટોતીની નિકટથી નીકળતી સિંધુ અને ચોથી આ નાનીસિંધુ.

'સીન' શબ્દ નદી માટે વપરાતો એક સિથિયન શબ્દ છે (જે હાલમાં પ્રચલિત નથી), એજ અર્થમાં હિંદુઓએ પણ એ શબ્દનો પ્રયોગ કર્યો છે.+

૨ ગાગરોનની પાસેના પાષાણોમાં કાલીસિંધુનો અને છપરા (ગૂગલ)ની પાસે પાર્વતીનો જલ-પ્રપાત ઘણો દર્શનીય છે. છપરામાં મેં બે વાર વિશ્રામ કર્યો હતો તે છતાં પણ પાર્વતીનો જલપ્રપાત મેં જોયો નહિ. અહીંઆંથી તે પાંચ માઇલના અંતરપર આવેલો કહેવાય છે.

---

+ સિથિયનલોકો (શકલોકો)ની ભાષામાં કદાચ નદીને માટે 'સીન' શબ્દ હશે; પરંતુ સંસ્કૃતમાં એ શબ્દ ઉક્ત અર્થમાં ક્યાંય વપરાતો નથી, પણ 'સિંધુ' શબ્દ વપરાય છે જે 'સીન'થી ભિન્ન છે. કદાચિત્ કર્નલ ટૉડે 'સીન' અને 'સિંધુ' નામો મળતાં આવતાં જોઇને આવું અનુમાન કરી લીધું હશે. (ગૌ૦ હી૦ ઓઝા)

મારા પાઠકોને મરુભૂમિના રેતાળ ઉચ્ચભાગપર લઈ જઇ સામાન્ય રીતે[1] સિંધુની ખીણપર્યંતના તે (અરવલ્લી)ના પશ્ચિમવિભાગનું વર્ણન કરીશ.

પાઠકને પુનઃ આબુપરજ ઉભું રહેવું જોઇએ, કે જેથી તેને થલની[2] કઠિન યાત્રા કરવી પડે નહિ. આ શુષ્ક મરુસ્થલમાં પરમ મનોહર વસ્તુ ખારાં જળવાળી લૂણી નદી છે, જે પોતાની અનેક શાખાઓ-સહિત જોધપુરરાજ્યના સર્વોત્તમ ભાગને ફળદ્રૂપ બનાવવાને માટે અરવલ્લીમાંથી નીકળે છે અને સદા પોતાનું સ્થાન બદલનાર તે રેતીનાં વિશાળ મેદાનની સીમા સ્પષ્ટરીતે અંકિત કરે છે, કે જેને હિંદુઓની ભૂગોળમાં મરુસ્થલી કહે છે અને જેનો અપભ્રંશ મારવાડ છે.

લૂણી નદીના માર્ગની, તેના ઉત્પત્તિસ્થાન પુષ્કર અને અજમેરનાં પવિત્ર સરોવરોથી તથા પર્વત-સરમાંથી નીકળતી તેની અધિક દૂરવર્તી શાખાથી તેના પશ્ચિમતરફની વિસ્તીર્ણ કાદવવાળી ભૂમિમાં આવેલા મુખપર્યંતની લંબાઈ ૩૦૦ માઇલથી અધિક છે.

સિકંદરના ઇતિહાસલેખકોએ જે 'ઍરિનસ' શબ્દ લખ્યો છે તે અમને 'રણ' વા 'રિણ'[3] નો અપભ્રંશ પ્રતીત થાય છે. તેનો પ્રયોગ અદ્યાપિ તે વિસ્તીર્ણ કાદવવાળી ભૂમિને માટે કરવામાં આવે છે કે જે લૂણી નદી તથા ધાટની દક્ષિણ તરફના મરુસ્થલમાંથી વહીને આવનારી ખારાં જળથી ભરેલી નદીઓના પ્રવાહની માટી વગેરેથી બની છે.

આ રણ દોઢસો માઇલ લાંબું છે અને તેની અધિકમાં અધિક પહોળાઈ ભુજથી બલિયારીપર્યંત પ્રાયઃ સિત્તેર માઇલની છે. આજ માર્ગથી મુસાફર તેમાંથી પસાર થાય છે, કારણકે ત્યાં આ ખારા ભૂમધ્ય કાદવમાં તેમના વિશ્રામને માટે એક અલિપ્ત રમ્યભૂમિ છે. ઉષ્ણકાળમાં આ રણની ભ્રમોત્પાદક સપાટી કે જે ભયાનક દગાખોર રેતીથી પરિપૂરિત છે, તેપર લવણના એક વિસ્તીર્ણ ઉજ્જ્વલ પડસિવાય કાંઇ પણ દૃષ્ટિગોચર થતું નથી, અને વર્ષાઋતુમાં ત્યાં મલિન અને ખારો કાદવ થઇ જાય છે જે અનેક સ્થળે ઉંટની છાતી સુધી ઉંડો હોય છે. 'ખારી કાબા' નામના રમ્યસ્થાનમાં આ ઉપયોગી જાનવર (ઉંટ)ને ચારો અને પ્રત્યેક તટ તરફ મુસાફરી કરનાર પ્રવાસીને વિશ્રામ મળે છે.

આ વિસ્તીર્ણ ખારા કાદવના શુષ્ક કિનારાઓ[4] પર મરીચિકા નામનું ભ્રમાત્મક દૃશ્ય પોતાના વિલક્ષણ સ્વરૂપમાં દૃષ્ટિગોચર થાય છે, જે પરિશ્રમિત પ્રવાસીસિવાય સર્વ માણસોને માટે મનોરંજક છે; કારણ કે તે પંક્તબદ્ધ બુરજો, શાંતિમય વસ્તી વા સઘનકુંજમાં વિશ્રાંતિનું સ્વર્ગસમાન સ્થાન જોઇને વારંવાર તેની તરફ વ્યર્થ દોડે છે; પરંતુ જેમ જેમ તે આગળ જાય છે, તેમ તેમ તે (દૃશ્ય) પાછળ હઠતું જાય છે અને સૂર્ય પોતાના પ્રકાશથી આ મેઘાચ્છન્ન બુરજોને નષ્ટ કરી દઇને તેની દોડાદોડીની નિષ્ફળતા પ્રકટ કરી દે છે.

આવાં અદ્‌ભુત દૃશ્યો મરુસ્થલમાં વારંવાર દૃષ્ટિગોચર થાય છે. જ્યાં લવણનાં વિસ્તૃત પડો જામી રહેલાં હોય છે ત્યાં આ દૃશ્યો વિશેષતઃ દૃષ્ટિગોચર થાય છે; પરંતુ કેટલાંક કારણોથી તે ભિન્ન ભિન્ન પ્રકારનાં થાય છે. ઘણા દાખલામાં આ આકૃતિ વધારનારી અને પ્રતિબિંબ પાડનારી વસ્તુ એક લંબાકાર પડના જેવી થાય છે. પહેલવહેલાં એ ગાઢી અને અપારદર્શક થાય છે, પરંતુ જેમ જેમ

---

૧ હું ભિન્નભિન્ન રાજ્યોના વિભાગ દર્શાવનાર નગરોનાં નામ અહીંઆં બીજી વાર લખતો નથી, કારણકે તેમને પ્રત્યેક રાજ્યની સીમાની રેખાપર સ્પષ્ટરીતે નિર્દિષ્ટ કરવામાં આવ્યાં છે.

૨ મરુસ્થળના રેતાળ ટીંબાઓને માટે 'થલ' એ એક સાધારણ નામ છે.

૩ પ્રાયઃ સંભવ છે કે એ 'અરણ્ય' વા મરુસ્થળનો અપભ્રંશ છે, માટે વર્તમાન લેખનપ્રણાલી કરતાં જૂનાની લેખનપ્રણાલી અધિક યથાર્થ છે.

૪ અહીંઆં જંગલી ગધેડાઓ ભ્રમણ કરે છે. આરબલોકોના પૂર્વજ ઉઝના સમયમાં તેઓ જેવા જંગલી હતા તેવાજ જંગલી હમણાં પણ છે. "તેમનાં ઘર જંગલમાં અને ઉજ્જડ સ્થાનોમાં (અથવા હિબ્રુલોકોનાં કથનાનુસાર ખારી ભૂમિમાં) હોય છે. તેઓ નગરની ગીરદીપ્રત્યે ઘૃણા ધરાવે છે અને હાંકનારના પોકારપર કાંઈ પણ ધ્યાન આપતા નથી." જૉબ, પુસ્તક ૩૪, ૬, ૭.

ઉષ્ણતા વધતી જાય છે તેમ તેમ એ પાતળી થતી જાય છે અને અત્યંત ઉષ્ણતા કે જેને તે સહન કરી શકતી નથી તે તેને અત્યંત સૂક્ષ્મ વરાળ બનાવીને ઉડાડી દે છે. આ દષ્ટિભ્રમ કે જેનાથી રાજપૂતલોકો સારી રીતે પરિચિત હોય છે તે 'સીકોટ' અર્થાત્ શીતકાલનો દુર્ગ કહેવાય છે; કારણ કે તે વિશેષતઃ શીતકાલમાંજ દષ્ટિગોચર થાય છે. સંભવ છે કે "શાટો આં એસ્પાની" નામનું જે દશ્ય પશ્ચિમમાં પ્રસિદ્ધ છે, તે શબ્દની ઉત્પત્તિ કદાચ આમાંથીજ થઈ હશે.[1]

દક્ષિણમાં લૂણીનદીના ઉત્તરીયતટથી અને પૂર્વમાં શેખાવાટીની સીમાથી રેતાળપ્રદેશનો આરંભ થાય છે. બિકાનેર, જોધપુર, જેસલમીર આ સર્વ સ્થળોની સમીપે રેતીનાં રણો છે અને જેમ જેમ તમે પશ્ચિમતરફ આગળ જતા જાઓ છો તેમ તેમ તે પરિમાણમાં અધિક વધતાં જાય છે. આ સમસ્ત પ્રદેશ રેતાળ પાષાણનો બનેલો છે. જોધપુરથી અજમેરપર્યંત જેટલા નવીન કૂવા ખોદવામાં આવ્યા છે તે સર્વમાં એકજ પ્રકારની રેતી, મરડીઆ, કાંકરા અને ખડી નીકળ્યાં છે.

જેસલમીર ચોતરફ મરુસ્થલથી ઘેરાયેલું છે અને રાજધાનીની ચોતરફના જે ભાગમાં ઘઉં, જવ, અને ચોખા પણ નીપજે છે, તેને મરુસ્થલની મધ્યની ફળદ્રૂપ ભૂમિ કહેવામાં આવે તો તે અનુચિત ગણાશે નહિ. અહીંઆંનો કિલ્લો એક પર્વતશ્રેણીની કોરપર કેટલાક સો ફીટની ઉંચાઈપર સ્થિત છે. આ પર્વતશ્રેણી જેસલમીરની દક્ષિણસીમાની પેલી તરફ પ્રાચીન ચોહટણનાં ખંડિયેરોપર્યંત ફેલાયલી છે. ચોહટણ આ પર્વતપરજ આવેલું છે અને તેના સંબંધમાં એવી જનશ્રુતિ પ્રચલિત છે કે તે કોઇ હાયા નામની જાતિ વા રાજાની રાજધાની હતું. આ નગરીનું બીજું કોઇ પણ ચિન્હ હાલમાં પ્રાપ્ત થતું નથી. કદાચિત્ આ શ્રેણી ઝાલોરના ફળદ્રૂપ પ્રાંતમાં આવેલા પહાડની સાથે મળેલી હોય તો તે અસંભવિત નથી; આથી તે આબુના મૂળમાંથી નીકળનારી એક શાખા હશે.

જો કે આ સમસ્ત પ્રદેશોના સમુદાયનું નામ મરુસ્થલી વા મરુ દેશ છે (કે જે રેતાળ મેદાનને માટે એક પ્રભાવશાળી અને લાક્ષણિક નામ છે), તોપણ એ નામનો કેવળ તેજ ભાગને માટે પ્રયોગ કરવામાં આવે છે કે જે રાઠોડજાતિના અધિકારમાં છે.

લૂણી નદીપરના બાલોતરા સ્થાનથી લઇને સમસ્ત ધાટ અને ઉમરસુમરા, જેસલમીરનો પશ્ચિમ ભાગ અને દાઉદપોત્રા તથા બીકાનેરની દક્ષિણસીમાઓની વચ્ચેની પહોળી પટીમાં સર્વત્ર બિલકુલ સુનસાન અને ઉજ્જડતા પ્રસરી રહેલી છે; પરંતુ સતલજ નદીથી લઇને રણસુધીની પાંચસેં માઇલની લંબાઇ અને પચાસથી સો માઇલપર્યંતની ભિન્ન ભિન્ન પહોળાઇવાળા પ્રદેશમાં અનેક ફળદ્રૂપ ભૂમિભાગ પ્રાપ્ત થાય છે, જ્યાં સિંધુનદીની ખીણમાંથી અને થલમાંથી ભરવાડલોકો આવીને પોતાનાં ઢોર ચરાવે છે. આ સ્થાનોમાં જળનાં ઝરણાંઓનાં તીર, પાર, રાર અને દર એવાં ભિન્ન ભિન્ન નામો છે, કે જે સર્વ જળનાં વાચક છે. આ જળાશયોની આસપાસ મરુસ્થળના નિવાસી રાજડ, સોડા, માંગલિયા અને સહરાઇલોકો એકત્રિત થાય છે.

હું લવણસરોવર તથા સાજીખારનાં ક્ષેત્રો અને મરુસ્થલની અન્ય નીપજ અર્થાત્ વનસ્પતિ વા ખનિજપદાર્થોનું વર્ણન કરીશ નહિ. તેવું વર્ણન તો શીઘ્ર કરી શકાય એમ છે; કારણ કે જેસલ-

૧ મેં આ દશ્ય હિસારના કિલ્લાનાં ખંડિયેરોનાં શિખરપરથી જોયું છે. અહીંઆંથી દૂર દૂરસુધી દષ્ટિ પહોંચતી હતી અને તેનો પ્રતિરોધ કરવાને માટે જંગલો સિવાય કાંઇ પણ આડ નહોતી. ક્ષિતિજનાં સંપૂર્ણ વૃત્તમાં મહાલયો, બુરજો અને હવાઇ સ્વર્ગીય સ્તંભોની, ધ્યાનમાં પણ આવવી કઠિન થઇ પડે એવી શ્રેણીઓ વારંવાર પોતાનું ક્ષણિક અસ્તિત્વ સમાપ્ત કરતી હતી; પરંતુ ધાટ અને ઉમરસુમરાનાં મેદાનો કે જ્યાં ભરવાડો પોતાનાં મેંઢાં ચરાવે છે અને વિશેષતઃ જ્યાં ક્ષારવાળા છોડ ઉગે છે, ત્યાં પડોની સ્થિતિ અધિક સમસૂત્રમાં હોવાથી ઝાંઝવાનું દશ્ય વિશેષ ઉત્પન્ન થાય છે, કે જેના સંબંધમાં પેલો ઇશ્વરભક્ત લેખક લખે છે કેઃ–"રણમાંનું ઝાંઝવાનું નીર સત્યજલ થઇ જશે." મરુસ્થલનિવાસીઓ આ દશ્યને ચિત્રામ કહે છે, જેનો શબ્દાર્થ ચિત્ર છે અને એ નામ પણ અનુચિત નથી. (શાટો આં એસ્પાની=મનઃકલ્પિત મહદ્ વિચારો, મનમોહક.)

મીરની નિકટ કેવળ પીળા પાષાણનો એકજ સમુદાય છે. આ પાષાણ આગ્રાની પેલી ઉત્તમોત્તમ ઇમારત અર્થાત્ શાહજહાંની બેગમ (તાજબીબી)ના રોજાની અરબસ્તાનનાં મકાનોના જેવી સુંદર બાંધણીમાં પુષ્કળ વપરાયો છે.

હું ન તો સિંધુ નદીની ખીણનું વર્ણન કરીશ અને ન તો એ નદીના પૂર્વીય વિભાગનું, કે જે મરુસ્થલના રેતીના ટેકરાઓની અંતિમ સીમા છે; પણ હું કેવળ એટલુંજ કહીશ કે બદખરના ટાપુથી ઉત્તરે સાત માઇલના અંતરપર આવેલા દરાની નિકટ[1] સિંધુમાંથી ફાટીને જે નાની સરખી નદી લખપતની સમીપના સમુદ્રમાં પડે છે, તે ખીણના તે પૂર્વીયભાગની પહોળાઈ પ્રકટ કરે છે કે જે ભાગ મરુસ્થલની પશ્ચિમ સીમા બનાવે છે. જો કોઇ પ્રવાસી ખીચી અર્થાત્ સિંધની સપાટભૂમિથી પૂર્વ તરફ ચાલે તો તે મરુસ્થલની સીમા તેના ઉંચા ઉંચા રેતીના ટેકરાસહિત સ્પષ્ટરીતે જોઈ શકશે, કે જે ટેકરાની નીચે નીચે થઇને સાકડા નદી વહે છે. આ નદી સામયિક રેલો સિવાય પ્રાયઃ શુષ્ક રહે છે. આ રેતીના ટીંબા (ટેકરા) બહુ ઉંચા હોય છે અને તેને મીઠી નદી અર્થાત્ [2]'મીઠા મહેરાણ' ની રેલની સીમા કહી શકાય છે. 'મીઠા મહેરાણ' એ નદીનું સિથિયન વા તાતારી નામ છે અને એ નામથીજ સિંધુનદી પંચનદથી લઈને સમુદ્રપર્યંત ઓળખાય છે.



૧ કગ્ગર નદીની એક ધારાનું નામ સાકડા વા હાકડા હતું, જે પહેલાં પંજાબ તરફથી બિકાનેર અને જોધપુરનાં રાજ્યોમાં થઇ સિંધદેશમાં જઇ સિંધુ નદીમાં પડતી હતી; પરંતુ દીર્ઘકાળથી તેનો તે પ્રવાહ બંધ પડી ગયો છે. તેના સંબંધમાં કેટલીક દંતકથાઓ પ્રચલિત છે; પરંતુ તેનું બંધ થવાનું મુખ્ય કારણ એ છે કે આ તરફનો કિનારો ઉંચો થઈ જવાથી પાણી ઓછું આવવા લાગ્યું અને એમ કરતાં કરતાં સર્વથા બંધ થઇ ગયું. અદ્યાપિ થોડું થોડું પાણી બિકાનેરરાજ્યના હનુમાનગઢ જીલ્લામાં આવે છે, જેનાથી ત્યાં ઘઉં વગેરે પાકે છે. ત્યાંના લોકો તેને કગ્ગર નદી કહે છે. મારવાડમાં હાકડા નદી વહેતી હતી એ વાતનું પ્રમાણ એ છે કે જોધપુર તથા માલાનીના પ્રગણામાં કેટલાંક ગામોની સીમામાં શેરડી પીલવાના પથ્થરના સાંચા પડેલા મળી આવે છે. આ નદીનો પ્રવાહ અહીંઆં હોવાથી તેના તટપર શેરડીનો પાક થતો હતો અને તેને ઉક્ત સાંચામાં પીલીને તેનો ગોળ બનાવવામાં આવતો હતો. જો એ નદીનો પ્રવાહ ત્યાં નહિ હોત તો આ રેતાળ પ્રદેશમાં આવા સાંચા પ્રાપ્ત થવાનો લેશ પણ સંભવ નહોતો. (ગૌ૦ હી૦ ઓઝા)

૨ 'મીઠા મહેરાણ' સિંધુનદીને કહે છે. કર્નલ ટૉડ એને સિથિયનભાષાનો નદીવાચક શબ્દ જણાવે છે, જેનો અમે સ્વીકાર કરી શકતા નથી; કારણ કે 'મહેરાણ' એ સિથિયન નહિ, પણ મરુભાષાનો શબ્દ છે. જે સંસ્કૃત 'મહાર્ણવ' ( મહા=મોટો, અર્ણવ=જલસમુદ્ર, મોટો સમુદ્ર ) શબ્દનો અપભ્રંશ છે. સમુદ્રનું જળ ખારૂં અને સિંધુનું મીઠું હોવાથી તેને 'મીઠો મહેરાણ' અર્થાત્ મીઠા જળનો સમુદ્ર કહે છે. (ગૌ૦ હી૦ ઓઝા)

## વર્તમાન મહારાણા ફત્તેસિંહના સમયના મુખ્ય સરદારોની યાદી

| નંબર | જાગીરનું નામ | ઉપાધિ | સરદારનું નામ | ગોત્ર | કુળ | ગામની સંખ્યા | ગામોનું વસૂલ રૂપિયા | કર રૂપિયા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બડીસાદડી | રાજા | રાયસિંહ | ઝાલા | ઝાલા | ૮૪ | ૪૦૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | બેદલા | રાવ× | તખ્તસિંહ | પૂર્વિયા | ચવ્હાણ | ૬૧ | ૫૦૦૦૦ | ૪૫૦૦ |
| ૩ | કોઠારિયા | રાવત | જવાનસિંહ | ,, | ,, | ૬૦ | ૨૫૦૦૦ | ૧૫૦૦ |
| ૪ | સલુંબર | ,, | જોધસિંહ | ચંદાવત | સિસોદિયા | ૧૦૮ | ૧૧૦૦૦૦ | માફ |
| ૫ | બિજોલિયા | રાવસવાઈ | ગોવિંદસિંહ | પવાર | પવાર | ૭૬ | ૫૦૦૦૦ | ૩૫૦૦ |
| ૬ | દેવગઢ | રાવત | કૃષ્ણસિંહ | સાંગાવત | સિસોદિયા | ૮૧ | ૧૫૦૦૦૦ | ૭૦૦૦ |
| ૭ | બેગૂ | રાવતસવાઈ | મેઘસિંહ | મેઘાવત | સિસોદિયા | ૧૬૨ | ૫૦૦૦૦ | ૬૪૦૦ |
| ૮ | દેલવાડા | રાજ× | ફતેસિંહ | ઝાલા | ઝાલા | ૧૪૭ | ૬૦૦૦૦ | ૬૦૦૦ |
| ૯ | મેજા | રાવત | અમરસિંહ | જગાવત | સિસોદિયા | ૬ | ૨.૦૦૦૦ | નથી |
| ૧૦ | આમેટ | ,, | શિવનાથસિંહ | ,, | સિસોદિયા | ૫૦ | ૪૦૦૦૦ | ૪૪૦૦ |
| ૧૧ | બોગુંડા | રાજ | માનસિંહ | ઝાલા | ઝાલા | ૧૦૩ | ૪૦૦૦૦ | ૨૫૦૦ |
| ૧૨ | કાનોડ | રાવત | નહારસિંહ | સારંગદેવોત | સિસોદિયા | ૮૩ | ૪૫૦૦૦ | ૩૧૦૦ |
| ૧૩ | ભિંદર | મહારાજ | કેસરીસિંહ | શક્તાવત | સિસોદિયા | ૯૯ | ૬૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૪ | બદનોર | ઠાકૂર | પ્રતાપસિંહ | મેડતિયા | રાઠોડ | ૬૦ | ૬૦૦૦૦ | ૪૦૦૦ |
| ૧૫ | ભસરૌડ | રાવત | પ્રતાપસિંહ | કૃષ્ણાવત | સિસોદિયા | ૧૨૧ | ૯૦૦૦૦ | ૭૫૦૦ |
| ૧૬ | બાનસી | ,, | માનસિંહ | શક્તાવત | સિસોદિયા | ૫૫ | ૨૦૦૦૦ | ૬૦૦ |
| ૧૭ | કુરાવડ | ,, | જૈતસિંહ | કૃષ્ણાવત | સિસોદિયા | ૫૩ | ૩૦૦૦૦ | માફ |
| ૧૮ | પારસોલી | રાવ | રત્નસિંહ | પૂર્વિયા | ચવ્હાણ | ૪૧ | ૨૦૦૦૦ | ૬૦૦ |
| ૧૯ | આસિંદ | રાવત | અર્જુનસિંહ | સિસોદિયા | સિસોદિયા | ૩૮ | ૬૦૦૦૦ | ૧૩૦૦ |

## વર્તમાન મહારાણા ફત્તેસિંહના નિકટના સંબંધીઓ

| નંબર | જાગીરનું નામ | ઉપાધિ | સરદારનું નામ | ગોત્રકુળ | ગામસંખ્યા | ગામોનું વસૂલ રૂ. | કર રૂપિયા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાગૌર | મહારાજ | શક્તિસિંહ | સિસોદિયા | ૩૫ | ૪૫૦૦૦ | ૧૫૦૦ |
| ૨ | કરજાલી | ,, | સુરતસિંહ | ,, | ૧૧ | ૧૮૦૦૦ | ૨૫૦ |
| ૩ | શિવરતી | ,, | ગજસિંહ | ,, | ૨૦ | ૨૫૦૦૦ | નથી |

## વર્તમાન મહારાણા ફત્તેસિંહના સિંહાસનસમીપે બેસનારા સરદારો

| નંબર | જાગીરનું નામ | ઉપાધિ | સરદારનું નામ | ગોત્ર | ગામસંખ્યા | ગામોનું વસૂલ રૂ. | કર રૂપિયા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બનેડા | રાજા | ગોવિંદસિંહ | સિસોદિયા | ૭૪ | ૬૦૦૦૦ | ૬૦૦૦ |
| ૨ | શાહપુરા | રાજાધિરાજ | નહારસિંહ | ,, | ૬૫ | ૪૦૦૦૦ | ૩૨૦૦ |
| ૩ | સરદારગઢ | ઠાકુર | મનોહરસિંહ | ડોડિયારજપૂત | ૧૬ | ૨૫૦૦૦ | ૧૨૫૦ |

× આવાં ચિન્હવાળા સરદારોને અંગ્રેજસરકાર તરફથી રા૦ બ૦ ની વિશેષ ઉપાધિ મળેલી છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | જમાદાર | જમાદાર | સુલતાન-મહમદ | સિંધી | ૪ | ૬૦૦૦ |
| ૫ | પુરોહિતરાજ | પુરોહિત | ઓંકારનાથ | બ્રાહ્મણ | ૬ | ૧૫૦૦૦ |
| ૬ | કવિરાજ | કવિરાજ | શામલદાસ× | દધિવાડિયો ચારણ | ૩ | ૩૫૦૦ |



× કવિ શામલદાસ મહારાજ પૃથ્વીરાજના સમયથી ચારણલોકોની ઉત્પત્તિ થઇ છે. રાજપૂતો તેમને ગુરુવત્ સમજીને પુષ્કળ દાન આપે છે. તેઓ તેમને જમીન, ધન અને ગામ દાનતરિકે આપે છે. આ ચારણજાતિમાંજ કવિરાજ શામલદાસનો જન્મ ઈ૦ સ૦ ૧૮૩૭માં થયો હતો. એઓ મહારાણા સ્વરૂપસિંહના સમયમાં મેવાડના દરબારમાં આવ્યા હતા. શામલદાસના પિતા જ્યારે સ્વર્ગવાસી થયા હતા ત્યારે સ્વરૂપસિંહના ચિરંજીવ શંભુસિંહે તેમને ઘેર જઇને આશ્વાસન આપ્યું હતું. રાણાજીએ તેમને રહેવાને માટે એક ઘર પણ બંધાવી આપ્યું હતું. દરબારમાં તેમને ઉચ્ચ આસન પ્રાપ્ત થયું હતું. ઈ૦ સ૦ ૧૮૭૭માં મહારાણા સજ્જનસિંહે કવિરાજને ઘેર જઇ તેમને સન્માન આપ્યું હતું તથા ચાંદીની છડી આપી હતી. પાછળથી તેમણે તેમને પગમાં પહેરવાને માટે એક સુવર્ણનું સાંકળું આપ્યું હતું. ત્યારપછી તેમને 'કવિરાજ'ની ઉપાધિથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. ઈ૦ સ૦ ૧૮૮૪માં ઉદયપુરના મહારાણા સજ્જનસિંહ, જોધપુરના મહારાજા યશવંતસિંહ તથા કૃષ્ણગઢના મહારાજા શાર્દૂલસિંહને શામલદાસના શામલબાગમાં આમંત્રણ કરવાથી તેઓ ત્યાં પધાર્યાં હતા. ઈ૦ સ૦ ૧૮૮૮માં અંગ્રેજસરકારે કવિરાજ શામલદાસને "મહામહોપાધ્યાય"ની ઉપાધિ આપી હતી તથા કલકત્તાની એશિયાટિક સોસાયટીએ તેમને પોતાના સભાસદ બનાવ્યા હતા. તેઓ ઉદયપુરમાં નેક સલાહકાર, મુસાહિબ અદાલત તથા ઇજલાસખાસના સભાસદ થયા છે. કવિરાજ મહોદયે અનેક ગ્રંથો રચ્યા છે. પોતાના ભત્રીજા ગોપાલદાસના પુત્ર યશકર્ણને તેમણે દત્તક લીધો છે.

# राजस्थाननो इतिहास

**ग्रंथ पहेलो-समाप्त**